# શારદા રત્ન

• પ્રવચનકાર •

પૂજ્ય બા.બ્ર. વિદુષી શારદાબાઈ મહાસતીજી



શ્રી મહાવીરાય નમઃ

**સ્વ. આચાર્ય, ગચ્છાધિપતિ બા. બ્ર. પૂ. રત્નચંદ્રજી**

**ગુરૂદેવાય નમઃ**

卐

**શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર–નમિરાજર્ષિનો અધિકાર તથા**

**સાગરદત્ત ચરિત્ર**

# શારદા રત્ન

(સંવત ૨૦૩૭ના અમદાવાદ (નગરશેઠનો વંડો) ચાતુર્માસના વ્યાખ્યાનો

卐

**—: પ્રવચનકાર :—**

ખંભાત સંપ્રદાયના શાસન શિરોમણી, ચારિત્ર ચુડામણી, સિદ્ધાંત મહોદધિ,

ગચ્છાધિપતિ સ્વ. બા. બ્ર. પૂ. ગુરૂદેવ શ્રી **રત્નચંદ્રજી** મહારાજ

સાહેબના સુશિષ્યા શાસન રત્ના, પ્રખર વ્યાખ્યાતા, વિદુષી

**બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજી**

卐

: સંપાદક :

**બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજીના સુશિષ્યાઓ**

**બા. બ્ર. પૂ. સંગીતાબાઈ મહાસતીજી તથા**

**બા. બ્ર. પૂ. સાધનાબાઈ મહાસતીજી**

卐

પ્રકાશક :

**શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘ**

ઘીકાંટા નગરશેઠનો વંડો,

અમદાવાદ–૧ ટે. નં. ૨૦૬૭૬

卐

વેચાણ કિંમત રૂા. ૧૦=૦૦

પુસ્તક :

સંવત ૨૦૩૮ ઈ. સ. ૧૯૮૨

**શારદા રત્ન : પ્રત ૬૦૦૦ (છ હજાર)**

પ્રવચનકાર :

પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. વિદુષી

**પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજી**

સંપાદક :

બા. બ્ર. પૂ. સંગીતાબાઈ મહાસતીજી

બા. બ્ર. પૂ. સાધનાબાઈ મહાસતીજી

પ્રકાશક :

જાદવજી મોહનલાલ શાહ, મંત્રી
શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘ
ઘીકાંટા, નગર શેઠનો વંડો
**અમદાવાદ-૧. ટે. નં. ૨૦૬૭૬**

મુદ્રક :

જયંતિલાલ મણીલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ.
ઘીકાંટા રોડ, **અમદાવાદ-૧**
**ટે. નં. ૨૦૦૧૯**

# "શ્રી શારદારત્ન" પુસ્તકમાં સહાય આપનાર દાતાઓની નામાવલી

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૦,૦૦૧ | શ્રી પુરણભાઈ ગણપતરાજ શાહ |
| ૬૦૦૧ | ,, ચુનીભાઈ ઘેરીભાઈ પટેલ (પાર્શ્વનાથ કોર્પોરેશનવાળા) |
| ૪૦૦૧ | ,, કાંતીલાલ જીવણલાલ શાહ |
| ૨૦૦૧ | ,, એમ. પ્રતાપરાયની કું. (હ. નગીનદાસ પીતાંબરદાસ) |
| ૨૦૦૧ | ,, મહાસુખલાલ ભાઈલાલ સખીદાસ |
| ૨૦૦૧ | ,, ખીમચંદ છગનલાલ દોશી |
| ૨૦૦૧ | ,, જાદવજી મોહનલાલ શાહ |
| ૨૦૦૧ | ,, દલપતભાઈ પાનાચંદભાઇ લાડીયા |
| ૨૦૦૧ | ,, કાંતીલાલ પ્રેમચંદ મગફળીવાળા |
| ૨૦૦૧ | ,, જયંતિલાલ આણંદજી તલસાણીયા |
| ૨૦૦૧ | ,, શીવલાલ પદમશીભાઈ તલસાણીયા હ. નગીનભાઈ તથા રમેશભાઈ |
| ૨૦૦૧ | ,, પ્રેમચંદ ગુલાબચંદ શાહ તથા જાદવજી ગુલાબચંદ ટોકરાળાવાળા |
| ૨૦૦૧ | ,, જયંતીલાલ મનસુખલાલ લોખંડવાળા હ નવીનભાઈ |
| ૨૦૦૧ | ,, ખુશાલદાસ હઠીસીંગભાઇ સખીદાસ |
| ૨૦૦૧ | ,, પ્રીતમલાલ કાનજીભાઈ શાહ |
| ૨૦૦૧ | ,, મણીલાલ ઓઘડભાઈ શાહ |
| ૨૦૦૧ | ,, અમૃતલાલ ટી. અજમેરા |
| ૨૦૦૧ | ,, ચંદ્રકાંત વાડીલાલ ડેલીવાળા મુંબઈ |
| ૨૦૦૧ | ,, શાંતિલાલ અમૃતલાલ વોરા |
| ૨૦૦૧ | ,, રમણલાલ કેશવલાલ મહાદેવીયા |
| ૨૦૦૧ | ,, શાંતિલાલ ટી. અજમેરા |
| ૨૦૦૧ | ,, ઉમેદચંદ ઠાકરસીભાઈ ગોપાણી |
| ૨૦૦૧ | શ્રીમતી ડૉ સરસ્વતીબેન શેઠ |
| ૨૦૦૧ | શ્રી જીવણલાલ ચુનીલાલ સંઘવી ડેરીવાળા |
| ૨૦૦૧ | ,, ઈશ્વરલાલ શામળદાસ તથા કાન્તાબેન ઈશ્વરલાલ હ. લાલભાઈ કાચવાળા |
| ૨૦૦૧ | ,, જીવણલાલ પદમશીભાઇ સંઘવી સુરેન્દ્રનગર |
| ૨૦૦૧ | ,, ધીરજલાલ તલકચંદ શાહ મલાડ-મુંબઈ |
| ૨૦૦૧ | શ્રીમતી સુભદ્રાબેન રસીકલાલ ઝવેરી પાલનપુરવાળા મુંબઈ |

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૦૦૧ | શ્રી ચીમનલાલ હીરાચંદ શાહ સાણંદ |
| ૨૦૦૧ | ,, બાબુલાલ પી. ગાંધી સુરત |
| ૨૦૦૧ | ,, રસીકલાલ વાડીલાલ મહેતા ડીસાવાળા |
| ૨૦૦૧ | ,, ચીમનલાલ હરજીવનદાસ મોદી |
| ૨૦૦૧ | ,, મહાસુખભાઈ ડોસાભાઈ પટેલ |
| ૨૦૦૧ | ,, બળદેવભાઈ ડોસાભાઈ પટેલ |
| ૨૦૦૧ | ,, ચીમનભાઇ ડોસાભાઇ પટેલ |
| ૨૦૦૧ | ,, અરવીંદભાઇ પોપટલાલ શાહ |
| ૨૦૦૧ | ,, વનરાવનદાસ વલ્લભદાસ મહેતા |
| ૨૦૦૧ | ,, કિશોરચંદ્ર ન્યાલચંદ દોશી |
| ૨૦૦૧ | ,, છોટાલાલ જેઠાલાલ શાહ |
| ૨૦૦૧ | ,, કિશોરભાઈ લાલચંદ શાહ |
| ૨૦૦૧ | ,, મણીલાલ પુરૂષોત્તમદાસ સખીદાસ |
| ૨૦૦૧ | ,, લીલાધર પોપટલાલ શાહ |
| ૨૦૦૧ | ,, રજનીકાન્ત કસ્તુરચંદ શાહ |
| ૨૦૦૧ | ,, ન્યાલચંદ પોપટલાલ માથકીયા |
| ૨૦૦૧ | ,, પ્રવીણચંદ્ર નરસિંહદાસ બોડેલી |
| ૨૦૦૧ | ,, રતીલાલ દુર્લભજીભાઈ કામદાર |
| ૨૦૦૧ | ,, મોહનલાલ ગુલાબચંદ શાહ |
| ૨૦૦૧ | ,, પ્રફુલ્લ ચોપડા ભંડાર |
| ૨૦૦૧ | ,, વિનુભાઈ જગજીવનદાસ વોરા |
| ૨૦૦૧ | ,, ચુનીલાલ વૃજલાલ બેનાણી |
| ૨૦૦૧ | ,, ચંદુલાલ પ્રાણલાલ ઘડીયાળી |
| ૨૦૦૧ | ,, જગજીવનદાસ ડામરશી વકીલ સુરેન્દ્રનગર |
| ૨૦૦૧ | ,, ચીમનલાલ તુલસીદાસ ઉદાણી |
| ૨૦૦૧ | ,, પોચાલાલ પીતામ્બરદાસ શાહ |
| ૨૦૦૧ | ,, મણીલાલ શામજી વિરાણી મુંબઈ |
| ૨૦૦૧ | શ્રીમતી દયાબેન ગીરજાશંકર ખીમચંદભાઈ શેઠ. મુંબઈ |
| ૨૦૦૧ | શ્રી છગનલાલ શામજી વિરાણી મુંબઈ |
| ૨૦૦૧ | ,, ચુનીભાઈ મૂળજીભાઈ મોટાણી મુંબઈ |
| ૨૦૦૧ | ,, રમેશભાઈ પી. દફતરી મુંબઈ |
| ૨૦૦૧ | ,, અમૃતલાલ ડી. કોઠારી મુંબઈ |

૨૦૦૧ શ્રી ઉપેન્દ્રકુમાર ધીરજલાલ મોતીલાલ
૨૦૦૧ ,, ડો. ધીરજલાલ હરીલાલ ગોસળીયા
૨૦૦૧ ,, નેમચંદભાઈ એન. શાહ મુંબઈ નવસારીવાળા
૧૦૦૧ ,, હરીચંદ જગજીવનદાસ
૧૦૦૧ ,, શાંતીલાલ એચ. કામદાર
૧૦૦૧ ,, રતીલાલ વિઠ્ઠલદાસ શાહ બાબરાવાળા
૧૦૦૧ ,, કેશવલાલ હીમચંદ સલોત
૧૦૦૧ ,, પન્નાલાલ જીવરાજભાઈ જાંબુવાળા
૧૦૦૧ ,, મૂળચંદ પ્રેમચંદ ઘીવાળા બારેજા
૧૦૦૧ ,, કીર્તિકાન્ત અમુલખભાઈ
૧૦૦૧ ,, હિંમતલાલ હીરાચંદ મેઘાણી
૧૦૦૧ ,, રમણલાલ નાગરદાસ શાહ નાયકાવાળા
૧૦૦૧ ,, તારાચંદ દીપચંદ અવલાણી મુંબઈ સાયન
૧૦૦૧ ,, લાલભાઇ બાલાભાઈ શાહ હ. કાન્તાબેન
૧૦૦૧ ,, અનંતરાય ચુનીલાલ શાહ
૧૦૦૧ ,, ગીરધરલાલ પરસોત્તમદાસ શાહ
૧૦૦૧ ,, અમૃતલાલ જગજીવનદાસ દોશી
૧૦૦૧ ગં. સ્વ અજવાળીબેન રતીલાલ સખીદાસ
૧૦૦૧ શ્રી વિનયચંદ હેમચંદભાઈ વોરા
૧૦૦૧ ,, પ્રભુદાસ લલ્લુભાઈ કોઠારી
૧૦૦૧ ,, ભાઈલાલ અમૃતલાલ દેશાઈ
૧૦૦૧ ,, વસંતલાલ કેશવલાલ પટેલ ખંભાત
૧૦૦૧ અ. સૌ. લતાબેન પ્રવીણભાઈ પટેલ
૧૦૦૧ અ. સૌ દીપકબેન જયંતીલાલ પટેલ
૧૦૦૧ શ્રી પ્રવીણચંદ્ર કસ્તુરચંદ શાહ લોખંડવાળા
૧૦૦૧ ,, ચંબકલાલ તારાચંદ શાહ
૧૦૦૧ ,, હિંમતલાલ વાડીલાલ કચરાભાઈ સંઘવી
૧૦૦૧ ,, નાથાલાલ લાલચંદ શાહ
૧૦૦૧ ,, મણીલાલ શીવલાલ અજમેરા
૧૦૦૧ ,, ચંદુલાલ ત્રીભોવનદાસ લીંબડીવાળા
૧૦૦૧ ,, જશરાજભાઇ હરગોવનદાસ શાહ
૧૦૦૧ ,, મફતલાલ અમૃતલાલ દેશાઈ બાપોદરાવાળા
૧૦૦૧ ,, ગુલાબચંદ છોટાલાલ શાહ
૧૦૦૧ ,, વાડીલાલ અમૃતલાલ
૧૦૦૧ ,, *નટવરલાલ તલકચંદ શાહ મલાડ મુંબઈ*
૧૦૦૧ ,, ખોડીદાસ કસ્તુરચંદ વસાણી

૧૦૦૧ શ્રી સુમનભાઈ જેમ[illegible] સુમનભાઈ [illegible]
૧૦૦૧ ,, ચંપકલાલ છોટાલાલ શાહ [illegible]
૧૦૦૧ શ્રીમતી નીલાબેન વિનયચંદ [illegible] દેશાઈ ચીંચપોકલી
૧૦-૧ શ્રી ચંદુલાલ શીવલાલ સંઘવી [illegible]
૧૦૦૧ ,, જગજીવનદાસ રતનશી બગડી[illegible]
૧૦૦૧ ,, ભવાનજીભાઈ હાથીભાઈ ગો[illegible]
૧૦૦૧ ,, કાન્તીલાલ પ્રેમચંદભાઈ હ. [illegible]
૧૦૦૧ ,, અનુભાઈ શીવલાલ તલસાણીઆ લોખંડવા[illegible]
૧૦૦૧ ,, કાન્તીલાલ પોપટલાલ ઘીવાળા
૧૦૦૧ ,, ભાનુચંદ્ર કેશવલાલ પાલનપુરવાળા
૧૦૦૧ શ્રીમતી સુશીલાબેન રમણીકલાલ ,,
૧૦૦૧ શ્રી જગજીવનદાસ મણીલાલ
૧૦૦૧ ,, રમેશભાઈ વાડીલાલ શાહ વીલેપાર્લા
૧૦૦૧ ,, ચીમનલાલ છોટાલાલ કાપડીયા ખંભાતવાળા
૧૦૦૧ શ્રીમતી સુશીલાબેન રસીકલાલ ચૌધરી
૧૦૦૧ શ્રી ભારત ક્લીપ મેન્યુ ફેક્ચરીંગ કું[illegible]
૧૦૦૧ ,, ગીરધરલાલ મંછાચંદ ધાનેરાવાળા
૧૦૦૧ ,, ભોગીલાલ કકલભાઈ શાહ ધાનેરાવ[illegible]
*૧૦૦૧ શ્રીમતી આનંદીબેન ભાઇચંદભાઇ* વજેચંદભાઈ ખં[illegible]
૧૦૦૧ શ્રી રસીકલાલ ચીમનલાલ પાલનપુર[illegible]
૧૦૦૧ શ્રીમતી કમળાબેન બાલચંદ સકરચં[illegible] સાણંદવાળા
૧૦૦૧ શ્રી બંસીલાલ શીવલાલ કાપડીયા ખંભાતવાળા
૫૦૧ ,, ચંદુભાઈ ભીખાભાઈ સતીયા
૨૫૧ ,, નરોત્તમદાસ કેશવલાલ
૨૫૧ ,, ચંદ્રકાંતભાઈ નરોત્તમદાસ
૨૫૧ ,, મનુભાઈ છોટાલાલ
૨૫૧ ,, કાન્તીલાલ છોટાલાલ શાહ
૨૫૧ ,, ભવાનજીભાઈ મેઘજીભાઈ મુંબઈ
*૧૫૧ શ્રીમતી લક્ષ્મીબાઈ માવજી ખીમજી*
૧૦૧ શ્રી રમણલાલ નાગરદાસ કલોલ

# પ્રકાશકોનું નિવેદન

શ્રી ખંભાત સંપ્રદાયના પ્રખર વ્યાખ્યાતા, જૈન શાસનના ઝળહળતા સિતારા બા. બ્ર. વિદુષી પૂ. શ્રી **શારદાબાઈ મહાસતીજી**નું સંવત્ ૨૦૨૮ નું ચાતુર્માસ શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘના ઉપાશ્રયમાં થયું હતું અને ત્યાર બાદ પૂ. મહાસતીજી મુંબઈ પધારતા તેમનું બીજું ચાતુર્માસ નવ વર્ષ બાદ મેળવવા આપણો શ્રી સંઘ મહાન ભાગ્યશાળી બન્યો. બીજી વખત ચાતુર્માસ મળ્યાની મૂક સંમતિ મળતા શ્રી સંઘમાં ભારે ઉત્સાહ અને આનંદનું મોજું ફરી વળ્યું. સંવત ૨૦૨૮ ના ચાતુર્માસમાં પૂ. મહાસતીજીની સરળતા, ઉદારતા અને વ્યાખ્યાન આપવાની સુંદર સાદી શૈલીના મધુર સ્મરણો સૌ કોઈના આત્મ-મંદિરમાં જાગૃત હતા. તેમાં પૂ. મહાસતીજી તથા સતીવૃંદ ચાતુર્માસ પધારતા શ્રી સંઘે ઉત્સાહપૂર્વક તપ ત્યાગ દ્વારા ભવ્ય સ્વાગત કર્યું. વીતરાગ વાણીનું મૂળ ત્યાગ અને તપની દિવ્યતા અને પરાકાષ્ટા ઉપર અવસ્થિત છે. અધિકારરૂપે પ્રરૂપેલા વ્યાખ્યાનોનું અર્થ-ગાંભીર્ય સમુદ્રની માફક અતાગ અને અપાર છે. પૂ. મહાસતીજીની તેજસ્વી, ઓજસ્વી અને પ્રેરણાદાયક વાણી આત્માની રસગંગાનું પયપાન કરાવે છે. પૂ. શ્રી ની વ્યાખ્યાનશૈલી સાદી, હૃદયસ્પર્શી, આધ્યાત્મ-ભાવોથી ભરેલી અને સમજણ પડે તેવી હોઈ વીતરાગવાણી પરત્વે અવિચળ શ્રદ્ધા અને અપ્રતિમ ભક્તિ ઉદ્ભવ્યા વગર રહે નહિ.

પૂ. શ્રીના ચાતુર્માસના મંગલ પ્રવેશથી જ સતીવૃંદમાં માસખમણની ઉગ્ર તપશ્ચર્યા શરૂ થઈ, અને જે લગભગ ચાતુર્માસ પૂર્ણ થતાં સુધી ચાલુ રહી. ચાતુર્માસ પ્રવેશના મંગલ દિવસે બા. બ્ર. પૂ. **સુજાતાબાઈ** મહાસતીજીએ માસખમણ શરૂ કર્યું, ત્યાર બાદ બા. બ્ર. પૂ. **હર્ષિદાબાઈ** મહાસતીજી તથા બા. બ્ર. પૂ. **ઉર્વીશાબાઈ** મહાસતીજીએ માસખમણ કર્યા અને ત્યાર બાદ બા. બ્ર. પૂ. **ભાવના-બાઈ** મહાસતીજીએ અને પછી બા. બ્ર. પૂ. **ચંદનબાઈ** મહાસતીજીએ માસખમણ કર્યા. એવી રીતે શ્રી સંઘના ભાઈ-બહેનોએ વિપુલ સંખ્યામાં ધાર્મિક અનુષ્ઠાનો, તપ, જપ શરૂ કર્યા. પૂ. શ્રીની પ્રભાવ-શાળી વાણી સાંભળવા જૈન જૈનેતરોનો માનવ મહેરામણ ઉમટતો હતો. સૂત્રજ્ઞાનથી ઝળહળતી અનેક સૈદ્ધાંતિક તેમજ માનવજીવન ઉપયોગી દૃષ્ટાંતોથી જાજ્વલ્યમાન વાણી હૃદય સોંસરી ઉતરી જાય તેવો તેમનો પરમ પ્રભાવ છે. તેમની વાણી તેજસ્વી અને પ્રભાવશાળી હોઈ શ્રોતાઓ ઉપર ધારી અસર કરે છે. વળી જૈનેતર શાસ્ત્રોના અવતરણો પણ પોતાના વ્યાખ્યાનમાં ઉતારી તેઓ ઉપદેશની સ્યાદ્વાદ-પદ્ધતિનો આદર કરે છે. જેઓએ મહાસતીજીની વાણી દ્વારા ઉપદેશામૃતનું પાન કર્યું હોય છે, તેઓ તેનું પુનઃ પુનઃ મનન કરવાને ઉત્સુક હોય છે, અને તે શુભ ભાવનાથી પ્રેરાઈને શ્રી સંઘે ચાતુર્માસ દરમ્યાન અપાતા આત્મ ઉપયોગી વ્યાખ્યાનો પુસ્તક દ્વારા બહાર પાડવા માટેની વિનંતી પૂ. શ્રીને કરી, પણ પૂ. શ્રી તથા સતીજીઓએ કહ્યું કે વ્યાખ્યાન સંગ્રહો ઘણાં બહાર પડી ચૂકયા છે, એટલે હવે છપાવવા નથી. આ રીતે તેમણે પોતાની અનિચ્છા દર્શાવી પણ, શ્રી સંઘે તેની વિનંતી ચાલુ રાખી અને સૌના સાથ અને સહકારથી, મીઠી હુંફથી "**શારદા રત્ન**" પુસ્તક પ્રગટ કરવાનું સૌભાગ્ય શ્રી સંઘને સાંપડયું, તે માટે શ્રી સંઘ ધન્યતા અનુભવે છે. ઘણાં ક્ષેત્રો સાધુ-સાધ્વીના લાભથી, વીરવાણી સાંભળવાથી વંચિત રહે છે, તેમના સૌના માટે વ્યાખ્યાનોનું વાંચન, મનન આશીર્વાદરૂપ બની રહે છે.

આ વ્યાખ્યાન સંગ્રહ "**શારદા રત્ન**" માં પૂ. શ્રી એ ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયન "**નમિ રાજર્ષિ**"નો અધિકાર અને સૌને આત્મિક રસપાન કરાવતું "**સાગરદત્ત**" ચરિત્ર ફરમાવેલ છે. આ અધિકાર ખૂબ વૈરાગ્યભાવોથી સભર, તત્ત્વજ્ઞાન અને તેના અનેક પાસા સાથે ગૂંથીને વિશિષ્ટ

શૈલીમાં વર્ણવામાં આવેલ છે. કર્મની ભેખડો તોડવા, આત્માની સાચી પીછાણ કરવા કેવો પ્રચંડ પુરુષાર્થ કરવો જોઈએ અને તે પણ મનુષ્યભવમાં થઈ શકે છે તેની સચોટ પ્રતીતિ "શારદા રત્ન" માં જોવા જાણવા મળશે. પૂ. શ્રીના વ્યાખ્યાનો ખૂબ રસપ્રદ, બોધદાયક અને વૈરાગ્ય સભર ભાવોથી ભરેલા હોય છે.

ચાતુર્માસ દરમ્યાન જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, દાન, શિયળ, ભાવ ઉપરના મનનીય, ચિંતનીય, પ્રભાવશાળી વ્યાખ્યાનોથી પ્રેરાઈને શ્રી સંઘમાં તપ. ત્યાગ, ધાર્મિક અનુષ્ઠાનો તથા દાનના પૂર ઉમટયા. શ્રી સંઘના ભાઈ બહેનોએ ઘણી મોટી સંખ્યામાં તપશ્ચર્યા કરી શ્રી સંઘના નામને રોશન કર્યું છે. આ ચાતુર્માસ અમારા શ્રી સંઘના ઇતિહાસમાં હંમેશને માટે યાદગાર અને યશસ્વી બની રહેશે. શ્રી સંઘે તપસ્વીઓનો ભવ્ય વરઘોડો કાઢયો હતો અને સારું બહુમાન પણ કર્યું હતું. પૂ. શ્રીના દર્શનાર્થે બહારગામના સંઘોના ભાવિક ભાઈ બહેનો ઘણી મોટી સંખ્યામાં પધાર્યા હતા. પૂ. શ્રીના દર્શનનો તથા વ્યાખ્યાન વાણીનો સુંદર લાભ લીધો હતો.

આવા સુંદર યાદગાર ચાતુર્માસની વિનંતીને માન્ય રાખવા માટે અમારો શ્રી સંઘ પૂ. શ્રી સરળ સ્વભાવી કાંતિઋષિજી મહારાજ સાહેબનો તથા ખંભાત શ્રી સંઘનો તથા બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજીનો ખૂબ આભાર માને છે. શ્રી સંઘે પૂ. શ્રીના વ્યાખ્યાનો 'શારદા રત્ન' પ્રસિદ્ધ થવાની જાહેરાત કરતાની સાથે ભાવિક ભાઈ બહેનોએ શ્રી સંઘના નિર્ણયને ખૂબ ઉત્સાહભેર આવકારી નાની મોટી રકમથી સુંદર આર્થિક સહયોગ આપ્યો તે બદલ અમે તે સૌનો હાર્દિક આભાર માનીએ છીએ અને તે સૌની તન-મન-ધનની અર્પણતાથી આ પુસ્તકની કિંમત પડતર કરતા ચોથા ભાગની રાખવામાં આવેલ છે. શ્રી સંઘે પુસ્તક નોંધવાનું કાર્ય શરૂ કરતાની સાથે તમામ પ્રતો લખાઈ ગઈ. એ પૂ. શ્રીના વ્યાખ્યાનોની લોકપ્રિયતા તથા આવા ઉચ્ચ સંસ્કાર રોપતા વાંચન પ્રત્યેની સમાજની અભિરૂચિ દર્શાવે છે. વ્યાખ્યાનના સંપાદન કાર્યમાં પ્રચંડ પુરૂષાર્થ કરનાર આત્માના સંગીતની વીણા વગાડતા પૂ. બા. બ્ર. **સંગીતાબાઇ** મહાસતીજીનો તથા આત્માની સાધનામાં મસ્તી માણતા પૂ. બા. બ્ર. **સાધનાબાઇ** મહાસતીજીનો કે જેમણે પૂ. મહાસતીજીના વ્યાખ્યાનો શબ્દશઃ લખવામાં જે જહેમત ઉઠાવી છે તે માટે તેમનો તથા શરદમંડળનો શ્રી સંઘ ખૂબ ખૂબ આભાર માને છે.

શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘે પચ્ચીસ વર્ષના ગાળામાં સારી પ્રવૃત્તિઓ અને પ્રગતિ કરી છે. શ્રી સંઘે શહેરની મધ્યમાં વિશાળ ભવ્ય વાડી, ઉપાશ્રય બનાવ્યો છે. શ્રી વિનોદચંદ્ર વિરાણી કાયમી આયંબીલ ગૃહ, પૌષધશાળા, સિદ્ધાંતશાળા, જૈનશાળા, શીવણવર્ગ, પૂ. શ્રી ગુલાબવીર પુસ્તકાલય તથા શ્રી કાંતીલાલ જીવણલાલ તથા રતીલાલ જીવણલાલ કાયમી અનાજ રાહતખાતું તથા શ્રી કિશોરચંદ ન્યાલચંદ દોશી જૈન તબીબી રાહતખાતું સૌના સાથ અને સહકારથી સુંદર રીતે ચાલે છે.

ચાતુર્માસ દરમ્યાન બહારગામથી દર્શનાર્થે પધારતા આત્માર્થી ભાઈ બહેનોની સાધર્મિક ભક્તિ તન-મન-ધનથી કરવા બદલ શ્રી મહાસુખભાઈ ભાઈલાલભાઇ સખીદાસ તથા તેમના કુટુંબીજનોનો આભાર. આ પુસ્તક તૈયાર કરવામાં સાથ અને સહકાર આપનાર નારણપુરા સ્થા. જૈન સંઘના મંત્રી, શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘના કારોબારી કમિટીના સભ્ય તથા અમદાવાદ સમસ્ત સ્થા, જૈન સમાજના અગ્રગણ્ય સેવાભાવી કાર્યકર શ્રી જયંતિલાલ ચંદુલાલ સંઘવીનો આ તકે ખૂબ આભાર માનીએ છીએ આ પુસ્તકના પ્રુફો તપાસવાનું કાર્ય સ્થા. જૈન પેપરના ઉત્સાહી તંત્રી શ્રી જીવણલાલ છ. સંઘવીએ તથા વાંચનના કાર્યમાં તેમને સહકાર આપનાર કુ. પ્રવીણાબેન સી. શાહે ખૂબ ઉત્સાહથી કર્યું છે, તે માટે તેમનો આભાર. નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસના માલિક શ્રી જયંતીલાલ મણીલાલ છગનલાલે આ પુસ્તક સમયસર સુંદર રીતે છાપી આપ્યું તે માટે આભાર.

આપણા સંઘના મૂકસેવક, સેવાભાવી, પાયાના પથ્થર સમાન, સંઘના નામને રોશન કરનાર, શ્રી સંઘને ઉન્નતિના શિખરે પહોંચાડનાર, સતત સેવા આપનાર સંઘના મંત્રી શ્રી અમૃતલાલ મગનલાલ ગાંધીના તા. ૬–૬–૮૧ ના રોજ થયેલ દુઃખદ અવસાનની નોંધ લેતા અમો અનહદ દુઃખ અનુભવીએ છીએ. (સ્વ.) ગાંધીના અવસાનથી શ્રી સંઘને ન પૂરાય તેવી ખોટ પડી છે. મર્હુમના આત્માને ચિર શાંતિ મળે તેવી અંતરની પ્રાર્થના.

આ પ્રકાશન પહેલા અમારા શ્રીસંઘે બા. બ્ર. વિદુષી પૂ. લીલાવતીબાઈ મહાસતીજીના, પ્રખર વકતા પૂ. વિનયચંદ્રજી મહા. સાહેબના, પૂ. સુમતિકુંવરજીના, પૂ. જયાબાઈ મહાસતીજીના, પૂ. વસુબાઈ મહાસતીજી ના તથા બા. બ્ર. પૂ. શારદાબાઈ મહાસતીજીના વ્યાખ્યાનો પુસ્તક રૂપે પ્રગટ કરેલ, જેને ઘણો સારો આવકાર મળેલ છે.

શ્રી સંઘના નામી, અનામી, પ્રત્યક્ષ કે પરોક્ષ સંઘની દરેક પ્રવૃત્તિમાં સહકાર આપનાર તમામ સભ્ય ભાઈ બહેનોનો આભાર. પૂ. શ્રીના વ્યાખ્યાનો હંમેશાં સૂત્ર સિદ્ધાંતને અનુસરીને થતાં હોય છે તેમ છતાં આ પુસ્તકમાં કોઈ ક્ષતિ દેખાય તો એ શ્રવણ દોષ કે દૃષ્ટિદોષ સમજી વાચકો ક્ષમા કરે એ જ પ્રાર્થના.

પૂ. શ્રીના શારદા સુધા, શારદા સંજીવની, શારદા માધુરી, શારદા પરિમલ, શારદા સૌરભ, શારદા સરિતા, શારદા જ્યોત, શારદા સાગર, શારદા શિખર, શારદા દર્શન, શારદા સુવાસ, શારદા–સિદ્ધિ, આદિ પુસ્તકોનું પ્રકાશન થએલ છે જે દેશ વિદેશમાં ખ્યાતિ પામેલ છે.

પૂ. શ્રીના પરમ ઉપકારી ખંભાત સં.ના આત્મ જ્ઞાનના દિવ્ય જ્યોતિર્ધર, શાસન શિરોમણિ, ગચ્છાધિપતિ, આચાર્ય સ્વ. બા. બ્ર. પૂ. શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબના યત્કિંચિત ઋણમાંથી મુક્ત બનવા આ પુસ્તકનું નામ "**શારદા રત્ન**" રાખવામાં આવેલ છે. આ શારદા રત્નની સુવાસ સર્વત્ર પ્રસરી રહો અને સૌ કોઈને સન્માર્ગે વળવામાં સહાયભૂત થાઓ એવી પરમ ભાવના સાથે વિરમીએ છીએ.

લી. સંઘસેવકો

**હસમુખલાલ જીવણલાલ શાહ**–પ્રમુખ
**ખીમચંદ છગનલાલ દોશી**–ઉપપ્રમુખ
**જાદવજી મોહનલાલ શાહ**–મંત્રી
**પ્રીતમલાલ કાનજીભાઈ શાહ**–સહમંત્રી

શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘ
નગર શેઠનો વંડો
**અમદાવાદ**
તા. ૧૦–૨–૮૨

# પુસ્તક વાંચતા પહેલાં

ખંભાત સંપ્રદાયના જ્ઞાન દિવાકર, આગમ જવાહર સ્વ. આચાર્ય બા. બ્ર. પૂ. **રત્નચંદ્રજી મહારાજ** સાહેબના સુશિષ્યા ચારિત્ર ચુડામણી, શાસન શિરોમણી, સિદ્ધાંત મહોદધિ, પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. વિદુષી પૂ. **શારદાબાઈ** મહાસતીજી કે જેમના જીવનનો ઝળહળતો પ્રકાશ, ચારિત્રની મઘમઘતી સુવાસ, વ્યાખ્યાનનો મીઠો રણકાર દેશોદેશના ખૂણે ખૂણે ગાજી રહ્યો છે, જેમના વ્યાખ્યાનના પુસ્તકો ભારતમાં ને વિદેશમાં ખ્યાતિ પામ્યા છે. જે પુસ્તકોએ જૈનોના તો શું જૈનેતરોના પણ જીવનના વ્હેણ બદલાવી નાંખ્યા છે. વિશેષતા તો એ છે કે પૂ. મહાસતીજીના વ્યાખ્યાનના પુસ્તકોની પાંચ સાત હજાર નહિ પણ દશ દશ હજાર પ્રતો પ્રકાશન થવા છતાં આજે એક પણ નકલ જોવા મળતી નથી. આ ઉપરથી વાચકો સમજી શકશે કે પૂ. મહાસતીજીના વ્યાખ્યાનના પુસ્તકોની કેટલી માંગ છે અને કેટલા અમૂલ્ય ને અલભ્ય છે. શ્રાવક શ્રાવિકાઓ, સાધુ સાધ્વીઓ ને જૈનેતરો કે જેમણે પૂ. મહાસતીજીને કદી નજરે નિહાળ્યા પણ નથી તે લોકો પુસ્તક વાંચીને પૂછતા આવે છે કે જેમના પ્રવચનો આટલાં પ્રભાવશાળી છે તે મહાન વિભૂતિ કોણ છે? એ કેવા હશે! એમના દર્શન કરીને તો પાવન બનીએ! અને પુસ્તકો મેળવવા માટે તલસે છે. આ પુસ્તકોએ તો કમાલ કરી છે. જૈનો તો શું જૈનેતરો પણ આ પુસ્તકો વાંચીને કહે છે કે આ પુસ્તકોએ તો અમારા જીવનમાં ઘણો લાભ કરાવ્યો છે. અમારા અંધકારમય જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથર્યો છે.

અરે, વધુ શું લખું! આ પુસ્તકોના વાંચનથી કંઈક જીવોના હૃદય પલ્ટા થયા છે. ઘણાં હળુકર્મી આત્માઓએ જીવનપર્યંત સામાયિક, પ્રતિક્રમણ, ચૌવિહાર તથા બ્રહ્મચર્ય આદિ કઠોર વ્રત અંગીકાર કર્યા. કંઈક જીવો વૈરાગ્યના પંથે વળ્યા. આ પુસ્તકો દ્વારા પરદેશમાં જૈન ભાઈ-બહેનો તેનું વાંચન કરી પર્યુષણ પર્વ ઉજવે છે. નાના ગામડામાં તો આ પુસ્તકો પરોક્ષ રીતે સંતોનું કામ કરે છે. આ પુસ્તકોનું વાંચન દુઃખી જીવનમાં શાંતિના ઝરણાં વહાવે છે, ગરમીથી આકુળ વ્યાકૂળ થયેલ માનવ વડલાની શીતળ છાયા મળતાં જેમ શાંતિ પામે છે તેમ સંસારના આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી જીવો બળી ઝળી રહ્યા છે, તેવા જીવો આ પુસ્તકોનું વાંચન, મનન કરી જીવનમાં સુખ અને શાંતિનો અનુભવ કરે છે. અરે! વધુ શું કહું? આ પુસ્તકો વાંચીને કંઈક જીવોના હૃદયપલ્ટા થયા. પોતાની માતાને, બેનને, ભાઈને બોલાવતા ન હતા એવા કંઈક જીવોના વેરના વિસર્જન થયા ને સ્નેહ અને ક્ષમાના ઝરણા વહ્યા છે. આવો અદ્‌ભૂત અને અનોખો જાદુ પૂ. મહાસતીજીની વાણીમાં છે. દેશના તથા પરદેશના ઘણાં લોકો પૂ. મહાસતીજીના વ્યાખ્યાનો ટેપ કરવાની માંગણી કરે છે અને કહે છે કે અમે ટેપ દ્વારા દૂર રહ્યા રહ્યા પણ આપનો પ્રત્યક્ષ સ્વર સાંભળી શકીએ, પણ પૂ. મહાસતીજીએ ચોખ્ખી ના પાડી દીધી કે સાધુ જીવનમાં એ અકલ્પનીય છે. આ રીતે પૂ. મહાસતીજીના પુસ્તકોનો પ્રભાવ અને કેટલાય જીવોના થયેલા હૃદયપલ્ટાના અનુભવો કલમથી લખી શકાય નહિ તેટલા છે.

પૂ. મહાસતીજીની પુસ્તક છપાવવાની બિલકુલ ઈચ્છા ન હોવા છતાં પણ જનતાના તથા શ્રી સંઘોના અત્યંત આગ્રહને વશ થઈને અનિચ્છાએ મૂક સંમતિ આપવી પડે છે. જિનેશ્વરદેવની વાણીના વચનામૃતોથી ગૂંથાયેલું આ પુસ્તક આપની આત્મલક્ષ્મીને ઉર્ધ્વગામી બનાવી પરમગતિને પ્રાપ્ત કરવામાં ખૂબ ખૂબ ઉપયોગી નીવડે એવી અંતરની અભિલાષા.

卐

પ્રખર વ્યાખ્યાતા, બાલ બ્રહ્મચારી, વિદુષી

# "પૂ. શારદાબાઈ મહાસતીજીની જીવનરેખા"

## "પ્રેરણાદાયી વૈરાગ્યમય જીવન"

પવિત્ર ભારતભૂમિ એ અનેક વીરરત્નોની ખાણ છે. જે ભૂમિમાં અનેક તીર્થંકરો, કેવળી ભગવંતો અને શાસનના વીરલા અને હીરલા જેવા અનેક તેજસ્વી રત્નો થયા છે, તેવા શાસન રત્નોથી આજે પણ આ ભૂમિ ઝળહળી રહી છે. તે રત્નોમાં એક છે જૈન શાસનમાં એક સાધ્વી તરીકે રહી જેમણે જૈન શાસનનો ડંકો દેશો દેશમાં વગાડી, જ્ઞાનની પરમ તેજસ્વી પ્રભા પ્રગટાવી અનેક સુષુપ્ત આત્માઓની ચેતના જાગૃત કરી અધ્યાત્મ માર્ગે વાળ્યા છે, જેમણે દિવ્ય જીવન જીવવાની કળાનો અપૂર્વ બોધપાઠ જગતને આપ્યો છે, જેમના નામથી આજે કોઈ પણ વ્યક્તિ અજાણ નહિ હોય, એવા છે ખંભાત સંપ્રદાયના પ્રખર વ્યાખ્યાતા, શાસન રત્ના, મહાન વિદુષી બા. બ્ર. પૂ. શ્રી **શારદાબાઈ મહાસતીજી.**

સંત પુરુષોને જન્મ આપનાર માતા પણ અમર બની જાય છે. તારાઓના સમૂહ રૂપ હજારો બાળકોને જન્મ આપનાર અનેક માતાઓ હોય છે, પણ સૂર્ય સમાન મહાન તેજસ્વી, યશસ્વી શાસન રત્નોને જન્મ આપનાર માતાઓ વિરલ હોય છે. આદર્શ માતા જ જૈન શાસનમાં ધર્મધુરંધર બની શકનાર આત્માઓને જન્મ આપી શકે છે, અને પોતાના સંતાનોને વીરતાના, ધૈર્યતાના પાઠો પઢાવી, સદ્‌ગુણોના શણગારથી શણગારી સંતાનોની મહામૂલ્ય ભેટ જૈન શાસનને અર્પણ કરી શકે છે, તેથી આવા શાસન રત્ના સતીજીના જીવનની રૂપરેખા આલેખતા પહેલા તેમના જન્મદાતા માતા-પિતાનું આલેખન કરવાનું મન થઈ જાય છે.

શાસનપ્રેમી ધર્મરસિક પિતા વાડીભાઈ તથા સદ્‌ગુણોથી શોભતા માતા શકરીબહેને જૈન શાસનને ઉજ્જવળ કરનાર અને સંપ્રદાયની શાન વધારનાર, જીવન ઉદ્ધારક, પ્રતિભાશાળી, મહાન સતી રત્ન બા. બ્ર. પૂ. શારદાબાઈ મહાસતીજીને સંવત ૧૯૮૧ ના માગશર સુદ ૧૧ ના પવિત્ર દિવસે મધ્યરાત્રિએ સાણંદ શહેરમાં જન્મ આપ્યો. ખરેખર કોને ખબર હતી કે આ નાનકડી બાળા ભવિષ્યમાં વીર પ્રભુના મહાન ત્યાગ માર્ગે પ્રયાણ કરી પોતાના સદ્‌ગુણ-સુમનની સૌરભ સારી દુનિયામાં પ્રસરાવી, અમૃતવાણીના સિંચનથી ભવ્ય જીવોને બળતા દાવાનળમાંથી ત્યાગની શીતળ તપોવન ભૂમિમાં લાવી માતા-પિતાના નામને દુનિયામાં રોશન કરશે. આ ભાગ્યશાળી માતા શકરીબહેનને પાંચ દીકરીઓ અને બે દીકરા હતા. જેમાં અત્યારે ચાર દીકરીઓ અને બે દીકરા છે. આપણે તો મુખ્ય વાત જૈન શાસનને જયવંત રાખનાર શાસન દીપિકા બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજીના જીવનની રૂપરેખા લખવી છે, તેથી તેમના જીવનના પ્રસંગો વિચારીએ.

શિશુવયને વટાવી બાલ્યવયના પ્રાંગણમાં પગ મૂકતા શારદાબહેનને તેમના ઉપકારી માતા પિતાએ સાણંદની ગુજરાતી શાળામાં અભ્યાસ અર્થે મોકલ્યા. જીવનમાં સુસંસ્કાર

અને સદ્ગુણ રૂપી નેગેટીવ અને પોઝેટીવ વાયરના તારો જ્યાં કામ કરી રહ્યા હોય ત્યાં જીવનમાં ઝળહળતા પ્રકાશની રોશની પ્રગટે તેમાં શું આશ્ચર્ય ! તેમ આપણા શારદાબહેનને એક તરફ સુસંસ્કારી આદર્શ માતાપિતાના સંસ્કારનું સિંચન મળ્યું અને બીજી તરફ તેમના પૂર્વના સંસ્કારોના કિરણો પુરુષાર્થ દ્વારા પ્રકાશ પામતા ગયા. તે અનુસાર સ્કૂલમાં છ ગુજરાતી સુધીનો અભ્યાસ કર્યો અને સાથોસાથ જૈનશાળામાં જઈ ધાર્મિક અભ્યાસ કરવા લાગ્યા.

શારદાબહેન બાલપણમાં સ્કૂલમાં જાય છે, છતાં વિરક્ત ભાવમાં રહે છે. તેમની બાલસખીઓ શાળામાં રમતી હોય, ગરબા ગાતી હોય છતાં આ બાળા ક્યાંય રસ લેતી નથી. તેનું મન ક્યાંય ચોંટતું નથી. જૈનશાળામાં આ બાળા ધાર્મિક અભ્યાસ માટે જાય છે. મહાન વીર પુરુષોની, સતીઓની કથાઓ સાંભળી તેનું મન કોઈ અગમ્ય પ્રદેશમાં વિચરવા લાગે છે. ચંદનબાળા, નેમ રાજુલ, મલ્લીકુંવરી, મૃગાવતી, પદ્માવતી વિગેરે સતીઓની કથાઓ સાંભળી જૈનશાળામાં ભણતી બાળાઓને કહે કે સખી ! ચાલો, આપણે દીક્ષા લઈએ. આ સંસારમાં કંઈ નથી. આવા મનોભાવ બાલ્યાવસ્થામાં કુમારી શારદાબહેનને આવે છે. તેમાં પોતાની બહેન વિમળાબહેનના પ્રસૂતિના પ્રસંગે થયેલ મૃત્યુએ ચૌદ વર્ષની બહેન શારદા ઉપર સંસારની અસારતાની સચોટ અસર કરી. ખરેખર, માનવીની જિંદગીનો શો ભરોસો ! ! મૃત્યુ કઈ ક્ષણે આવશે તેની કોઈને ખબર નથી. આજની ક્ષણ સુધારવી એમાં માનવ જીવનની મહત્તા છે. આવા વિચારોથી આ બાળાનું મન દીક્ષા પ્રત્યે દૃઢ થતું હતું. માતાપિતાએ જાણ્યું કે બહેન શારદાનું મન સંસારભાવથી વિરક્ત બન્યું છે. તે સંસારના સ્વરૂપને લાવારસ સમાન માની આત્મ–કલ્યાણની કોલેજમાં દાખલ થવા માટે વિનય, નમ્રતાના કિંમતી અલંકારોથી સજ્જ બનવા મહાન ભાગવતી દીક્ષા અંગીકાર કરવાની આશાઓ સેવી રહી છે. માતાપિતાનું વાત્સલ્યભર્યું હૈયું પોતાની લાડીલી વહાલસોયી દીકરીને ખાંડાની ધાર સમાન સંયમ-માર્ગે પ્રયાણ કરવા આજ્ઞા આપી શકતું નથી.

**"શાસન શિરોમણી, આધ્યાત્મ યોગી પૂ. રત્નચંદ્રજી ગુરુદેવનો સમાગમ"** :–સંવત ૧૯૯૫ માં ખંભાત સંપ્રદાયના ગચ્છાધિપતિ, જિનશાસનના નભોમણી, ચારિત્ર ચુડામણી આચાર્ય બા. બ્ર. પૂ. શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબનું ચાતુર્માસ સાણંદમાં થયું. પૂ. ગુરૂદેવના ઉપદેશથી શારદાબહેનનો વૈરાગ્ય વધુ દૃઢ બન્યો. પૂ. ગુરૂદેવને ખબર પડી કે વાડીલાલભાઈ શ્રાવકનું કન્યારત્ન દીક્ષા લેવાના ભાવ રાખે છે, તેથી તેમણે શારદાબહેનની કસોટી કરી. હે બહેન ! સંયમ માર્ગ એ ખાંડાની ધાર છે. એ માર્ગે વિચરવું કઠીન છે. સંસારના સુખો અને રંગરાગ છોડવા સહેલા નથી. બાવીસ પરિષહ સહન કરવા મુશ્કેલ છે. બહેન ! તારી ઉંમર સાવ છોટી છે. આત્મોન્નતિનો માર્ગ ઘણી સાધના માંગે છે. તમે આ બધું કરી શકશો ? માતા–પિતાની શીતળ છાયા છોડી શકશો ? માતાપિતા રજા આપશે ? જુઓ, હવે વૈરાગી શારદાબહેનનો જવાબ પણ કેવો વૈરાગ્ય ભર્યો છે ! તેમણે કહ્યું–ગુરૂદેવ ! મારી સંપૂર્ણ તૈયારી છે. ( અંતરના ઉંડાણનો અંતરંગ વૈરાગ્યનો આ રણકાર હતો. જેને મન સંસાર અનર્થની ખાણ છે

અને જેને છોડવું છે તેને કોણ રોકનાર છે? ક્ષણિક જીવનમાંથી આત્મકલ્યાણ લેવાની મારી અહોનિશ ભાવના છે.)

હજુ બાલ્યવયના પ્રાંગણમાં રમતી બાળાની સંયમ પંથે પ્રયાણ કરવાની કેટલી તીવ્ર ઉત્કંઠા છે! સંયમી જીવનની મોજ માણવા તેનું અંતર ઝંખી રહ્યું છે, જેથી હવે સંસારમાં વ્યતીત થતી ક્ષણો તેને યુગો જેવી વસમી લાગે છે. પૂ. ગુરૂદેવને ખાત્રી થઈ કે આ કન્યારત્ન દીક્ષા લઈને જૈન શાસનને અજવાળશે, સંપ્રદાયની શાન વધારશે અને ખંભાત સંપ્રદાયમાં ભવિષ્યમાં એવો પ્રસંગ આવશે કે સંપ્રદાયનું સુકાન તે ચલાવશે અને શાસનને રોશન કરશે. એ ચાતુર્માસમાં વૈરાગી શારદાબહેને પૂ. ગુરૂદેવની સાનિધ્યમાં ટૂંક સમયમાં દશવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર અને થોકડા કંઠસ્થ કર્યા. તેમણે માત્ર ૧૫ વર્ષની ઉંમરમાં ટ્રેઈનની મુસાફરી ન કરવી અને બસમાં અમદાવાદથી આગળ ન જવું તેવી મનથી દૃઢ પ્રતિજ્ઞા કરી. આ બતાવી આપે છે કે શારદાબહેનનો વૈરાગ્ય કેટલી ઉચ્ચ કોટીનો હશે!

**"દૃઢ વૈરાગી શારદાબહેનની કસોટી"** :– શારદાબેનના માતાપિતાએ તેમના ભાઈજી હીરાચંદભાઈ, સકરચંદભાઈ, ન્યાલચંદભાઈ, ખીમચંદભાઇ, ચીમનભાઇ, તેમના મામા નરસિંહભાઇ સંઘવી તેમજ કેશવલાલભાઈ આદિ બધાએ બહેન શારદાને સમજાવવાના ઘણા પ્રયત્નો કર્યા ને ઘણી આકરી કસોટી કરી, છતાં શારદાબેન પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા. તે એકના બે ન થયા, તેથી માતા પિતાને ઘણું દુઃખ થયું ને કહ્યું કે અમે અન્નજળનો ત્યાગ કરીશું. જેની રગેરગમાં વૈરાગ્યનો સ્રોત વહી રહ્યો છે, જેના ચિત્તડામાં ચારિત્રની ચટપટી લાગી છે અને સંસાર રૂપી જ્વાળામુખીથી સુરક્ષિત રહેવા માટે જેમણે મેરૂ પર્વત જેવી અડોલ, અડગ, દૃઢ શ્રદ્ધાને ધારણ કરી છે તે શું વૈરાગ્ય ભાવથી ચલિત થાય ખરા? વિવિધ પ્રકારની આકરી કસોટી કર્યા બાદ તેમને ભાવનામાં અડગ, નિષ્કંપન જોઈને માતાપિતાએ કહ્યું કે અત્યારે સોળ વર્ષની ઉંમરે નહિ પણ ૨૧ વર્ષની ઉંમરે દીક્ષા લેવા માટે રજા આપીશું, પણ શારદાબહેન તો ૧૬ વર્ષની ઉંમરે દીક્ષા લેવામાં મક્કમ હતા. તેમણે કહ્યું કે સત્તર વર્ષના વિમળાબહેનના મૃત્યુને કોઈ રોકી શક્યું નહિ, તો મારી જિંદગીનો શો ભરોસો? મારું મન વૈરાગ્યના રંગે રંગાયેલું છે, તેમાં પીછેહઠ થનાર નથી. અંતે શારદાબહેનનો વિજય થયો ને માતાપિતાએ રાજીખુશીથી દીક્ષાની આજ્ઞા આપી.

**શારદાબહેનનો ભાગવતી દીક્ષા મહોત્સવ** :– સંવત ૧૯૯૬ ના વૈશાખ સુદ છઠ્ઠ તા. ૧૩–૫–૧૯૪૦ ને સોમવારે સાણંદમાં તેમના માતાપિતાના ઘેરથી ભવ્ય રીતે ખૂબ ધામધૂમથી શારદાબહેનનો દીક્ષા મહોત્સવ ઉજવાયો. સાણંદ શહેરમાં બહેનોમાં સૌ પ્રથમ દીક્ષા શારદાબહેનની થઇ, તેથી આખું ગામ હર્ષના હિલોળે ચઢ્યું. દીક્ષા વિધિ પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબે કરાવી. ગુરૂદેવ પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબ અને ગુરૂણીદેવ પૂ. પાર્વતીબાઇ મહાસતીજીના શિષ્યા બન્યા. તેમની સાથે સાણંદના બીજા બહેન જીવીબહેન પણ દીક્ષિત થયા હતા અને તે પણ પૂ. પાર્વતીબાઈ મહાસતીજીના શિષ્યા બન્યા. જીવીબહેનનું નામ પૂ. જશુબાઈ મહાસતીજી અને શારદાબહેનનું નામ બા. બ્ર. પૂ. શારદાબાઈ મહાસતીજી રાખવામાં આવ્યું. આ રીતે વૈરાગી વિજેતા બન્યા.

તેમના પૂ. પિતાશ્રી વાડીભાઈ અને માતુશ્રી શકરીબહેન, ભાઇશ્રી નટવરભાઈ તથા પ્રાણુલાલભાઇ, ભાભી અ. સૌ. નારંગીબહેન, અ. સૌ. ઈન્દીરાબહેન, બહેનો અ. સૌ. ગંગાબહેન, અ. સૌ. શાન્તાબહેન, અ. સૌ. હસુમતીબહેન બધા ધર્મપ્રેમી છે અને સંસ્કારી કુટુંબ છે. સાણંદમાં તેમને કાપડનો સારો વહેપાર છે. પૂ. શારદાબાઈ મહાસતીજીના સંસારી પિતાશ્રી શ્રીયુત વાડીલાલ છગનલાલ શાહ સંવત ૨૦૨૧ ના વૈશાખ સુદ ૪ ને મંગળવારે તા. ૪-૫-૬૫ ના રોજ સાણંદ મુકામે પહેલી વખતના હાર્ટફેલના હુમલાથી અવસાન પામ્યા છે. મૃત્યુની અંતિમ ઘડી સુધી વિશુદ્ધ ભાવો અને મન ધર્મધ્યાનમાં રહ્યું હતું. તેઓશ્રી અને તેમના ધર્મપત્ની તથા પુત્રો, પુત્રવધૂઓ અને પુત્રીઓ બધા પૂ. મહાસતીજીની સાનિધ્યમાં જેટલા દિવસ રહે તેટલા દિવસ ધર્મધ્યાનમાં વ્યતીત કરતા અને જ્યારે પૂ. મહાસતીજીના દર્શન કરવા આવે ત્યારે શુભ ખાતામાં સારી રકમ ભેટ આપતા.

**"આદર્શ માતાનું સમાધિમય મૃત્યુ"** :– પૂ. શારદાબાઈ મહાસતીજી મુંબઈથી વિહાર કરી સંવત ૨૦૨૩ માં દેશમાં પધાર્યા ત્યારે વિહાર કરતા કરતા સંવત ૨૦૨૫ માં સાણંદ પધાર્યા. તે વખતે તેમના સંસારી માતુશ્રી શકરીબહેનની તબિયત હાર્ટની ટ્રબલ અને ડાયાબીટીશના કારણે નરમ હતી. અસહ્ય દર્દમાં પણ તેમની સમતા અજબ હતી. શકરીબહેનના પુત્રો, પુત્રવધૂઓ તથા પુત્રીઓએ પ્રેમથી અને લાગણીથી તેમની જે સેવા કરી છે તે આજના સંતાનો ભાગ્યે જ કરી શકે. પૂ. મહાસતીજી જ્યારે સાણંદથી વિહાર કરવાના હતા ત્યારે શકરીબેને કહ્યું મહાસતીજી! આપ ભાવનગર ચાતુર્માસ પધારશો પછી હું આપના દર્શન નહિ કરી શકું. મારા માટે આપના આ છેલ્લા દર્શન છે, ત્યારે મહાસતીજીએ કહ્યું કે તમે આમ કેમ બોલો છો? ત્યારે તેમણે કહ્યું–આ નશ્વર દેહનો ભરોસો નથી, માટે મને ધર્મારાધના કરાવો. પૂ. મહાસતીજી પાસે એક મહિના સુધી સતત શાસ્ત્રવાંચન સાંભળ્યું. ઘણાં વ્રત–પચ્ચખાણ લીધા અને પોતાની આત્મસાધનામાં જોડાવા લાગ્યા. પછી પૂ. મહાસતીજીએ ભાવનગર તરફ વિહાર કર્યો. શકરીબહેનની તબિયત વધુ બગડતા વી. એસ. હોસ્પિતાલમાં દાખલ કર્યા. ૧૦ દિવસ બાદ અષાઢ સુદ ૧૧ ના તબિયત વધુ બગડતા સાંજના પાંચ વાગે તેમણે કહ્યું કે, મને સંથારો કરાવો. હવે મારી જીવનયાત્રા પૂર્ણ થાય છે, આથી તેમનો પરિવાર વિચારમાં પડી ગયો ને બાજુના રૂમમાં દાખલ થયેલા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સાધ્વીજીને બોલાવ્યા. તેમણે તરત સાગારી સંથારો કરાવ્યો. બધા વ્રત પચ્ચખાણ લીધા અને અડધા કલાક બાદ સમાધિપૂર્વક નશ્વર દેહનો ત્યાગ કર્યો. ખરેખર જે માતાએ જૈન શાસનને આવું અણમોલું રત્ન અર્પણ કર્યું હોય તે માતાના જીવનમાં ધર્મ ઓતપ્રોત હોય એ સહજ છે, તે તેમની અંતિમ ભાવના ઉપરથી જણાઇ આવે છે.

આ વિરાટ સંસાર સાગરમાં જીવનનૈયાના કુશળ સુકાની માત્ર ગુરૂદેવ છે, તે પ્રમાણે પૂ. શારદાબાઈ મહાસતીજીએ પોતાની જીવનનૈયાને પૂ. પાર્વતીબાઇ મહાસતીજીના શરણે હંમેશને માટે તરતી મૂકી અને પોતાનું જીવન તેમની આજ્ઞામાં અર્પણ કરી દીધું.

પૂ. ગુરૂદેવ અને પૂ. ગુરૂણીદેવ પાસે સંયમી જીવનની બધી કળા શીખી લીધી. છોટી ઉંમરમાં દીક્ષા લેવા છતાં સંયમ લઈને પૂ. ગુરૂદેવ અને પૂ. ગુરૂણીદેવની આજ્ઞામાં એવા સમાઈ ગયા કે પોતાના જીવનકાળ દરમ્યાન ક્યારે પણ ગુરૂ આજ્ઞાનું ઉલ્લંઘન તો શું પણ તેમની સામે દલીલ કે અપીલ પણ કરી નથી. ખરેખર મુક્તિનગરના પથિક બનનાર આત્માના ઉપવનમાં જ્યારે ગુરૂદેવની આજ્ઞા રૂપ સર્ચલાઈટ પ્રકાશે છે ત્યારે તેમનું જીવન હજારો ટયુબલાઈટના પ્રકાશ કરતાં પણ વધુ પ્રકાશિત બને છે, તે આજે પણ આપ પ્રત્યક્ષ નિહાળી રહ્યા છો. આ રીતે પૂ. ગુરૂદેવ અને પૂ. ગુરૂણીજીની શીતળ છત્રછાયા મેળવ્યા પછી પૂ. મહાસતીજીના ધાર્મિક અભ્યાસનો પુરૂષાર્થ પ્રબળ બન્યો અને ઘણું આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું. શાસ્ત્રોનું વાંચન કર્યું. સંસ્કૃત, પ્રાકૃત ભાષાનું જ્ઞાન મેળવ્યું. આ જ્ઞાનનો લાભ બીજાને આપતા અલ્પ સમયમાં પ્રતિભાશાળી અને પ્રખર વ્યાખ્યાતા તથા વિદુષી તરીકે પૂ. શારદાબાઈ મહાસતીજી ખ્યાતિ પામ્યા. ખરેખર ખંભાત સંપ્રદાયનું આ શાસનરત્ન પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની મઘમઘતી સુવાસથી સારાયે જૈન શાસનનું કોહીનુર રત્ન બનીને પ્રકાશી રહ્યું છે.

પૂ. મહાસતીજી જ્યારે વ્યાખ્યાન આપે છે ત્યારે માત્ર વિદ્વતા જ નહિ પણ આત્માના ચૈતન્યની વિશુદ્ધિનો રણકાર તેમના અંતરના ઉંડાણમાંથી આવે છે. ધર્મ-તત્ત્વના શબ્દાર્થ, ભાવાર્થ, ગૂઢાર્થને એવી ગંભીર અને પ્રભાવક શૈલીમાં વિવિધ ન્યાય, દૃષ્ટાંત આપીને સમજાવે છે કે શ્રોતાવૃંદ તેમાં તન્મય-ચિન્મય બની જાય છે, અને અપૂર્વ શાંતિથી શારદા સુધાનું રસપાન કરે છે. તેમની વાણીમાં આત્માનો અંતર્ધ્વનિ આવે છે અને તે ધ્વનિએ અનેક જીવોને પ્રતિબોધ પમાડયા છે. સુષુપ્ત આત્માઓને ઢંઢોળીને સંયમ માર્ગે દોર્યા છે. તેમાં પૂ. મહાસતીજીના પ્રવચનોના પુસ્તકોએ તો લોકોમાં એવું જાદુ કર્યું છે કે જે પુસ્તકોનું વાંચન કરી લુહાણા જેવા ભાઈઓએ આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું છે. કંઈક જીવોએ વ્યસનોનો ત્યાગ કર્યો, નાસ્તિકમાંથી આસ્તિક બન્યા. પાપીમાંથી પુનિત બન્યા ને ભોગીમાંથી ત્યાગી બન્યા. આવા તો કંઈક દાખલા છે, પણ અત્યારે લખવા માટે જગ્યા નથી. અરે, વધુ શું લખું ? આ પુસ્તકો મીસાના કાયદામાં પકડાયેલા જૈન ભાઈઓ પાસે ગયા. તે પુસ્તકોનું વાંચન કરતા તેઓ આર્તધ્યાન છોડીને ધર્મધ્યાનમાં જોડાવા લાગ્યા, અને કર્મની ફિલોસોફી સમજતા શીખ્યા. પૂ. મહાસતીજીની અંતર વાણીનો નાદ તેમના દિલ સુધી પહોંચતા એક વખતની જેલ ધર્મસ્થાનક જેવી બની ગઈ અને ત્યાં રહેલા ભાઈઓએ તપ ત્યાગની અને ધર્મારાધનાની મંગલ શરૂઆત કરી. ઘણાં ભાઈઓ મીસામાંથી મુક્ત થયા પછી પૂ. મહાસતીજીની પાસે આવીને રડી પડયા ને કહેવા લાગ્યા કે હે મહાસતીજી ! આપના વ્યાખ્યાનો જે પુસ્તક રૂપે પ્રગટ થયા છે તે વાણીએ અમારા બળતા દિલમાં શીતળ જળ છાંટયું છે, પછી તેમણે ઘણાં વ્રત નિયમો અંગીકાર કર્યા. ટૂંકમાં પૂ. મહાસતીજીના બહાર પડેલા વ્યાખ્યાનોના પુસ્તકોએ જીવોનો કેટલો જીવનપલ્ટો કર્યો છે તે આ ઉપરથી વાચકો વિચારી શકશો.

પૂ. મહાસતીજીમાં માત્ર વિદ્વતા જ છે એમ નથી. સાથે તેમના જીવનમાં અનેક

અજોડ મહાન ગુણો રહેલા છે. જે ગુણોનું વર્ણન કરવા કોઈની શક્તિ નથી, છતાં તેમના જીવનમાં મુખ્ય ગુણો ગુરૂભક્તિ, સરળતા, નિરાભિમાનતા, નમ્રતા, લઘુતા, અપૂર્વ ક્ષમા, સહનશીલતા, બીજા પ્રત્યે અનન્ય લાગણી, ગુણાનુરાગ, કરૂણા એ ગુણો તેમના જીવનમાં ઓતપ્રોત વણાઈ ગયા છે. તે ગુણોના પ્રભાવે જેમ ભ્રમર પુષ્પની સુગંધથી આકર્ષાય છે તેમ જગતના જીવો તેમના ગુણો તથા વાણી તરફ આકર્ષાઈને ધર્મના માર્ગે વળે છે. તેમજ પૂ. મહાસતીજીના દિલમાં સતત એક મીઠું સંગીત ગુંજતું હોય છે કે **"સર્વ જીવો શાસન રસી કેમ બને"** વીતરાગ મહાવીરના શાસનને પામેલા મારા વીરના સંતાનો વીરના માર્ગને પામ્યા વિના ન રહેવા જોઈએ. પૂ. મહાસતીજીની તબિયત ગમે તેવી નાદુરસ્ત હોય છતાં તેઓ પ્રવચનની પ્રભાવના કરવાનું કયારે પણ ચૂકતા નથી. અત્યાર સુધીના ૪૨ વર્ષના સંયમી જીવનમાં પૂ. મહાસતીજીનો વિહાર ગુજરાત, સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાં થયો છે. તેમના ઉપદેશથી ઘણા આત્માઓએ આજીવન બ્રહ્મચર્ય વ્રત તેમજ વ્રત–પચ્ચખાણ અંગીકાર કરેલ છે.

પૂ. મહાસતીના પ્રતિબોધથી ૨૩ બહેનો વૈરાગ્ય પામીને તેમની પાસે દીક્ષા અંગીકાર કરીને તેમના સુશિષ્યાઓ થયેલ છે, અને જૈન શાસનની અભિવૃદ્ધિ કરી રહેલ છે. જૈન શાસનમાં પૂ. મહાસતીજીએ એક જૈન સાધ્વી તરીકે રહીને તેમણે પૂ. ગુરૂદેવ શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબ અને પૂ. શ્રી ગુલાબચંદ્રજી મહારાજ સાહેબના કાળધર્મ બાદ ખંભાત સંપ્રદાયનું સુકાન ચલાવેલ છે, જે જૈન શાસનમાં વિરલ છે, એટલું જ નહિ પણ ખંભાત સંપ્રદાયના સંઘપતિ શ્રી કાંતિભાઈની દીક્ષા પણ પૂ. મહાસતીજીના હસ્તક થઈ છે. જે આજે મહાન વૈરાગી પૂ. કાંતિઋષિજી મહારાજસાહેબ તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. આજે ખંભાત સંપ્રદાયમાં પૂ. કાંતિઋષિજી મહારાજ સાહેબ ઠાણા ૧૩ વિદ્યમાન છે. તેમાં પહેલા પાંચ સંતોને દીક્ષાની પ્રેરણા આપનાર વિદુષી પૂ. મહાસતીજીની અદ્ભૂત વાણી છે. ખંભાત સંપ્રદાયમાં રત્નો સમાન ૧૩ સંતો જૈનશાસનને શોભાવી રહ્યા છે.

પૂ. મહાસતીજીએ આજથી ૨૦ વર્ષ પહેલા કાંદાવાડી સંઘની ચૌદ ચૌદ વર્ષની વિનંતીને માન આપી સંવત ૨૦૧૮નું ચાતુર્માસ કાંદાવાડીમાં કર્યું હતું ત્યારે પૂ. મહાસતીજીની તેજસ્વી પ્રભાવશાળી વાણીએ અને ખાસ કરીને બ્રહ્મચર્ય પરના સચોટ વ્યાખ્યાનોએ જનતામાં અલૌકિક અસર કરી અને પરિણામે કાંદાવાડીમાં તેમના સાનિધ્યમાં શ્રી સંઘના મંત્રી શ્રી રમણીકભાઈ કોઠારી સહિત ૫૧ ભાઈ બહેનોએ એક સાથે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી. મોહમયી મુંબઈ નગરી માટે આ અભૂતપૂર્વ બનાવ હતો. કાંદાવાડીના ચાતુર્માસ પછી અનુક્રમે પૂ. મહાસતીજીએ માટુંગા, દાદર, વિલેપાર્લા અને ઘાટકોપર ચાતુર્માસ કર્યા. આ ચાતુર્માસોમાં તપશ્ચર્યાના પૂર આવ્યા હતા. આ ચાતુર્માસોમાં તેમજ શેષકાળમાં પૂ. મહાસતીજી પાસે કુલ ૧૦૮ હાથજોડ થઈ હતી. આ રીતે પૂ. મહાસતીજીએ મુંબઈમાં ખંભાત સંપ્રદાયનું નામ રોશન કરી ગુજરાત તરફ વિહાર કર્યો. ગુજરાતમાં ખંભાત, અમદાવાદ, ભાવનગર, રાજકોટ, ધ્રાંગધ્રા અને અમદાવાદ ( નગરશેઠનો વંડો ) ચાતુર્માસ કર્યા. આ ચાતુર્માસોમાં પૂ. મહાસતીજીની પ્રભાવશાળી વાણીથી તપ–ત્યાગની ભરતી આવી હતી.

પૂ. મહાસતીજી એક વખત તો મુંબઈ નગરીને પાવન કરી ચૂકયા હતા, પણ પૂ. મહાસતીજીની વાણી મુંબઈની જનતામાં એવું આકર્ષણ પેદા કરી ગઈ હતી કે પૂ. મહાસતીજી દેશમાં પધારવા છતાં મુંબઈની જનતા તેમના ચાતુર્માસ માટે ઝંખી રહી હતી, એટલે કાંદાવાડી, માટુંગા આદિ સંઘોની વિનંતી અવારનવાર ચાલુ હતી. તેથી મુંબઈ સંઘની આગ્રહભરી વિનંતિને માન આપી છ વર્ષમાં પૂ. મહાસતીજીને ફરી વાર મુંબઈમાં જવાનું બન્યું ને જનતાના દિલ આનંદથી છલકાઈ ગયા. વાચકો! આપ આ ઉપરથી સમજી શકશો કે પૂ. શારદાબાઈ મહાસતીજીએ મુંબઇ નગરીની જનતાના દિલનો પ્રેમ કેટલો સંપાદન કર્યો હશે!

સંવત ૨૦૨૯માં કાંદાવાડી સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી પૂ.મહાસતીજીએ કાંદાવાડીમાં ચાતુર્માસ કર્યું. તે ચાતુર્માસમાં પૂ. મહાસતીએ માત્ર બૃહદ મુંબઇમાં નહિ પણ સારાયે ભારતમાં દાન, શીલ અને તપમાં અજોડ અને અભૂતપૂર્વ વિક્રમ સ્થાપ્યો. ખંભાત-સંપ્રદાયનો, ભગવાન મહાવીરનો અને જૈન શાસનનો જય જયકાર કર્યો. પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન દાનમાં જુદી જુદી જનકલ્યાણની, માનવતાની અને સ્વધર્મી-વાત્સલ્યની પ્રવૃત્તિઓ માટે રૂ. ૧૦ લાખ ભેગા થયા. તપશ્ચર્યા-છઠ્ઠાઈથી લઈ ને ૪૫ ઉપવાસ સુધીની સંખ્યા પાંચસો (૫૦૦) ઉપર પહોંચી. આ રીતે સતીજીના સત્‌ના પ્રભાવે કાંદાવાડીનું ચાતુર્માસ અભૂતપૂર્વ બની ગયું. કાંદાવાડીના ચાતુર્માસ પછી અનુક્રમે પૂ. મહાસતીજીએ માટુંગા, વાલકેશ્વર, ઘાટકોપર, બોરીવલી અને મલાડ ચાતુર્માસ કર્યા. આ ચાતુર્માસમાં પૂ. મહાસતીજીના પ્રભાવશાળી પ્રવચનોથી શ્રી સંઘમાં અજોડ તપશ્ચર્યા તેમજ આજીવન બ્રહ્મચર્ય વ્રતની પ્રતિજ્ઞાઓ થઇ છે.

આ રીતે પૂ. મહાસતીજીએ બૃહદ મુંબઈના ક્ષેત્રોમાં જૈન શાસનને ને ખંભાત સંપ્રદાયને ઉજ્જવળ બનાવી સુરત શ્રી સંઘની ૨૨-૨૨ વર્ષોની જોરદાર વિનંતીને માન આપી સુરત ચાતુર્માસ પધાર્યા. તે ચાતુર્માસ પૂ. મહાસતીજીના પ્રભાવથી તપ-ત્યાગથી ખૂબ ગાજતું બન્યું. ત્યારબાદ સાણંદ શહેર કે જે પવિત્ર ભૂમિમાં પૂ. મહાસતીજી જેવા અણમોલ રત્ન પાકયા છે એવા સાણંદ શ્રી સંઘની ૨૪-૨૪ વર્ષોથી આગ્રહભરી વિનંતી હોવાથી પૂ. મહાસતીજીએ સંવત ૨૦૩૬નું ચાતુર્માસ સાણંદ કર્યું. ૨૪-૨૪ પૂ. મહાસતીજીનું મંગલ ચાતુર્માસ થતા નાનામોટા સૌના દિલમાં આનંદનો સાગર લહેરાવા લાગ્યો. રામચંદ્રજી ૧૪-૧૪ વર્ષ વનવાસ ભોગવ્યા પછી અયોધ્યામાં પધાર્યા ત્યારે ગામની જનતાના હૈયા હર્ષના હિલોળે ચઢયા હતા તેમ પૂ. મહાસતીજીની પવિત્ર જન્મભૂમિમાં ચાતુર્માસ માટે ૨૪ વર્ષે પુનિત પદાર્પણ થતા સૌના હૈયા થનગની ઉઠયા. બધાના મુખમાં એક અવાજ હતો કે વિરલ-વિભૂતિ આપણા પૂ. શારદાબાઇ મહાસતીજી પધાર્યા છે. જોરશોરથી તપશ્ચર્યા, ધર્મધ્યાન કરી લઈએ. આવો અણમોલો લ્હાવો ફરીફરીને નહિ મળે. તેઓશ્રીના પુનિત પગલાથી સાણંદની શુષ્ક ભૂમિ હરિયાળી બની ગઈ. તેમની અદ્‌ભૂત વાણીના પ્રભાવે માત્ર જૈનો નહિ પણ જૈનેતરો ખૂબ લાભ લેતા, તેથી સાણંદનો મોટો ઉપાશ્રય પણ ચિક્કાર ભરાઇ જતો. પૂ. મહાસતીજીના વ્યાખ્યાનોનો પ્રભાવ જનતા ઉપર એવો અલૌકિક ને અદ્‌ભૂત પડયો કે સાણંદમાં

૧૦૦ ઘર છે પણ ખુલ્લા ૭૫ ઘરોમાં ૧૯–૧૯ તો માસખમણ અને ૨૨ સોળ ભથ્થા થયા. અઠ્ઠાઇ, નવાઇને તો પાર ન હતો. તેમજ જૈન તથા જૈનેતર ભાઇ બહેનોએ આજીવન બ્રહ્મચર્ય વ્રતની પ્રતિજ્ઞાઓ કરી. આવું શાનદાર, ભવ્ય ચાતુર્માસ સાણંદના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયું.

**"અમદાવાદમાં ચાતુર્માસ માટે પૂ. મહાસતીજીનું આગમન"** :–સંવત ૨૦૩૭ માં અમદાવાદ સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘની આગ્રહ ભરી વિનંતીને માન આપી શ્રી સંઘના મહાન ભાગ્યોદયે પૂ. મહાસતીજી ઠાણા–૧૪ મંગલ ચાતુર્માસ પધાર્યા. પૂ. મહાસતીજીનું મંગલ આગમન થતા નાના મોટા સૌના હૈયામાં ઉત્સાહની ઉર્મીઓ ઉછળવા લાગી. પૂ. મહાસતીજીની પ્રભાવશાળી, તેજસ્વી, હૃદયસ્પર્શી જોશીલી વાણીએ જનતાના દિલમાં એવું અનોખું આકર્ષણ પેદા કર્યું કે ઉપાશ્રયે નહિ આવનારા કંઈક યુવાન ભાઈબહેનો દરરોજ વ્યાખ્યાનમાં આવતા થઇ ગયા, તેથી વિશાળ વાડી પણ ચિક્કાર ભરાઈ જતી હતી. પૂ. મહાસતીજીનો ચાતુર્માસ મંગલ પ્રવેશ થયો ત્યારથી મહાસતીજીઓએ તપની મંગલ શરૂઆત કરી. તે તપનો પ્રવાહ ચાતુર્માસ પૂર્ણ થયું ત્યાં સુધી અસ્ખલિતપણે વહ્યા કર્યો. પાંચ પાંચ મહાસતીજીઓએ આત્મલક્ષે કર્મનિર્જરાના અર્થે માસખમણની ઉગ્ર તપશ્ચર્યા કરી. તે ઉપરાંત પૂ. મહાસતીજીના તપ પરના સચોટ પ્રવચનોના પ્રભાવે શ્રી સંઘમાં કયારે પણ નહિ થયેલ ૪૫ અને ૪૨ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યાઓ થઈ. જે સૌરાષ્ટ્ર સંઘના ઇતિહાસમાં અજોડ ને અદ્‌ભૂત છે. માસખમણ ...ત થયા અને છકાઈથી લઇને માસખમણ સુધીની તપશ્ચર્યાઓ ૧૪૫ થઇ. પૂ. મહાસતીજીના ...ભાવે ચાતુર્માસમાં દાન-શીલ–તપ અને ભાવનામાં ભરતી આવી હતી. પૂ. મહાસતીજી પધાર્યા ત્યારથી નાની મોટી તપશ્ચર્યા, નવકારમંત્રના જાપ, સામાયિકની પચરંગી, દશ તિથિના પૌષધ, આદિ ધર્મધ્યાનથી ઉપાશ્રય ગાજતો ને ગુંજતો રહ્યો છે.

વિશેષ આનંદની વાત તો એ છે કે આજ સુધીમાં પૂ. મહાસતીજીના વ્યાખ્યાનના પુસ્તકો ઘણા બહાર પડયા છે. આઠ હજાર અને દશ દશ હજાર કોપીઓ બહાર પડવા છતાં એક પણ પુસ્તક આજે મળતા નથી. આ ઉપરથી વાચકોને ખ્યાલ આવતો હશે કે પૂ. મહાસતીજીના વ્યાખ્યાનોનું કેટલું આકર્ષણ છે! જે પુસ્તકો ખલાસ થઈ ગયા છે તેની એટલી બધી માંગણી છે કે કદાચ ફરીને બહાર પાડવા પડશે. પૂ. મહાસતીજીના સંવત ૨૦૩૭ ના અમદાવાદ (નગરશેઠનો વંડો) ચાતુર્માસના વ્યાખ્યાનો "શારદા રત્ન" (ભાગ ૧–૨–૩) નામથી ૬૦૦૦ (છ હજાર) નકલો પ્રકાશિત થતાં તેઓશ્રીના વ્યાખ્યાનના પુસ્તકોમાં એક વધુ વ્યાખ્યાન સંગ્રહનો ઉમેરો થાય છે. એ આપણા સમાજ માટે સદ્‌ભાગ્યનો વિષય છે.

આ બધો પ્રભાવ પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજીનો છે. સંવત ૨૦૩૮ ના વૈશાખ સુદ છઠ્ઠના પવિત્ર દિવસે પૂ. મહાસતીજીના સંયમી જીવનના ૪૨ વર્ષ પૂરા થાય છે. બા. બ્ર. પૂ. મહાસતીજીની સંયમ યાત્રાની આ રજત જયંતિ આપણને સૌને આધ્યાત્મિક માર્ગે જવા દીવાદાંડી રૂપ બની રહો. પૂ. મહાસતીજીના ચરણકમળમાં અમારા કોટી કોટી વંદન હો!!


સ્વર્ગસ્થ પૂજ્ય માતુશ્રી ગૌરીદેવી ગણપતરામ શાહના સ્મરણાર્થે પ્રકાશનમાં
લી. આપનો ભવો ભવનો ઋણી પરિવાર

શ્રી મહાવીરાય નમઃ

ખંભાત સંપ્રદાયના સ્વ. આચાર્ય, ગચ્છાધિપતિ બા. બ્ર. પૂ.
ગુરૂદેવશ્રી રત્નચંદ્ર ગુરૂદેવાય નમઃ
પ્રખર વ્યાખ્યાતા, મહાન વિદુષી
બા. બ્ર. પૂ. શારદાબાઇ મહાસતીજીને મારા વંદન

# શ્રી નવકાર મંત્ર એ સર્વ ધર્મનો સાર




—એક સદ્ગૃહસ્થ તરફથી—

# સ્વ. પૂ. પિતાશ્રી શામજી વેલજી વિરાણી



"વહેતા જળ નિર્મળ ભલા અને ધન દોલત દેતા ભલા" એ સંસ્કાર આપે અમોને ગળથુથીમાં પાયા. સંપત્તિ અને સમૃદ્ધિ, સંપ અને સદાચાર એ તો પુણ્યની પ્રસાદી છે. એટલે મળેલી લક્ષ્મી સમાજ કલ્યાણના જનતા જનાર્દનના સ્વધર્મી વાત્સલ્યતાના કાર્યોમાં વાપરી, પુણ્ય ઉપાર્જન કરવા આપે અમારું જે ચારિત્ર ઘડતર કર્યું તે માટે અમો સમસ્ત વિરાણી પરિવાર આપના જન્મોજન્મના ઋણી છીએ.

લી૦

**મણિલાલ શામજીભાઈ વિરાણી**
**અને પરિવાર**

## સ્વ. છગનલાલ શામજીભાઈ વિરાણી



જેમના દાન વડે જૈન તથા જૈનેત્તર સમાજની જનકલ્યાણની અને માનવતાની અનેકવિધ પ્રવૃત્તિઓને નવજીવન મળ્યું છે. તેઓશ્રી રાજકોટની અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી તથા ટ્રેઝરર હતા. તેમણે સૌરાષ્ટ્રમાં ઘણા સ્થળોએ ઉપાશ્રય, વિરાણી હાઇસ્કુલ, વિરાણી કન્યા વિદ્યાલય, બહેરા–મુંગાની શાળા જેવી અનેક સંસ્થાઓમાં મોટું દાન આપ્યું છે. પોતે ઘણા દયાળુ ધાર્મિકવૃત્તિવાળા અને પ્રેમાળ હતા.

લી. આપનો પરિવાર

# ચુનીલાલ મુલજી મોટાણી–મુંબઈ



માનવ જીવન એ કમાણીનું કેન્દ્ર સ્થાન છે. તે સ્થાનેથી જ શાશ્વત સુખ મળે છે અને જન્મ-મરણનું પૂર્ણવિરામ થઈ શકે છે. 'દુલ્લહે ખલુ માણુસે ભવે' એ વીતરાગના વચનોને શ્રદ્ધા સાથ હૃદયગત્ કરનાર સુજ્ઞ શ્રાવક શ્રી ચુનીભાઇ મોટાણીનું જીવન સમાજ માટે પ્રેરણા રૂપ છે.

તેઓએ જીવનમાં ધર્મબીજનું બીજારોપણ કરી જીવન વૃક્ષને ખૂબ જ વિકસીત ને સુવાસિત બનાવ્યું છે. તેઓશ્રી ખૂબ જ સાત્વિક સ્વભાવના અને ધર્મપ્રિય છે, અને દેવ ગુરૂ ને ધર્મ પ્રત્યે તેઓને ઘણો જ પૂજ્યભાવ છે. તેઓમાં ઉદારતા ને નિખાલસતા ભારોભાર ભરી છે. સાધર્મિક અને કૌટુંબિક પ્રત્યે તેઓનો સ્વભાવ ઘણો જ દયાદ્ર છે.

તેઓ દશા શ્રીમાળી સેવા સંઘના ટ્રસ્ટી છે અને ભોજનાલયના ઉપપ્રમુખ અને ટ્રસ્ટી છે. તેઓ જૈન સમાજમાં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. તેમનું જીવન સરળ અને સાદગીમયું છે, અને તેઓ પુન્યરાશીએ પ્રાપ્ત થયેલ સંપત્તિનો સુંદર સદુપયોગ કરી રહ્યા છે.

卐

ખંભાત સંપ્રદાયના જૈન શાસનના સિતારા બા. બ્ર. પૂ. શ્રી **શારદાબાઈ** મહાસતીજીના
સંસારી પિતાશ્રી

## સ્વ. વાડીલાલ છગનલાલ શાહ (સાણંદ)



[જન્મ : તા. ૧૬-૧૦-૧૮૯૬] [સ્વ. : સં. ૨૦૨૧ વૈશાખ સુદ-૩ તા. ૪-૫-૧૯૬૫]

પરમ ઉપકારી પૂ. પિતાશ્રી! આપ તો ચાલ્યા ગયા પણ આપના સદ્‌ગુણોનું સ્મરણ ક્ષણે ક્ષણે યાદ આવે છે. આપે કુટુંબના સુકાની બની અમારા જીવનમાં સંસ્કાર, સદાચાર, તપ, ત્યાગ, દાન, દયા તથા ધર્મભાવના આદિ સદ્‌ગુણોનું સિંચન કર્યું છે, આપનું જીવન સરળતા, ક્ષમા, નમ્રતા, સંતો પ્રત્યેની અપૂર્વ લાગણી, ધર્મ પ્રત્યેની દૃઢ શ્રદ્ધા, નિખાલસતા અને પ્રમાણિકતા આદિ સદ્‌ગુણોથી સુશોભિત હતું. આપનો અમારા પર તો અનંત (૨) ઉપકાર છે, પણ શાસનને આપનું કન્યા રત્ન અર્પણ કરી મહાન ઉપકાર કર્યો છે. જેના નામથી કોઈપણ વ્યક્તિ અજાણ નહિ હોય એવા છે વ્યાખ્યાન વાચસ્પતિ બા. બ્ર. પૂ. શ્રી **શારદાબાઈ મહાસતીજી.**

લિ. આપના ભવોભવના ઋણી,

| **સુપુત્રો** | | **સુપુત્રીઓ** |
|---|---|---|
| **નટવરભાઈ** | *** અ.સૌ. નારંગીબેન** | **અ.સૌ. ગંગાબેન પરસોતમદાસ શાહ** |
| **પ્રાણલાલભાઈ** | *** અ.સૌ ઈન્દીરાબેન** | **અ.સૌ. શાન્તાબેન કાંતીલાલ સંઘવી** |
| | | **અ.સૌ. હસુમતીબેન વિનયચંદ્ર સંઘવી** |

## સ્વ. કાંતીલાલ જીવણલાલ શાહ



સ્વર્ગવાસ : ૮-૧૧-૧૯૭૧

જૈન સમાજના અગ્રગણ્ય તેમજ સૌરાષ્ટ્ર સંઘના હિરલા અને વિરલા સમ પ્રમુખના ઉચ્ચ હોદ્દા ઉપર વર્ષો સુધી રહી સૌરાષ્ટ્ર સંઘના નામને ઉચ્ચ આદર્શો દ્વારા, ઉજ્જવળ બનાવ્યું છે. દાન, દયા, નિખાલસતા, સંતો પ્રત્યેની અપૂર્વ ભક્તિ ભાવના આદિ ગુણોની સુવાસ ચોમેર મઘમઘી રહી છે. દશાશ્રીમાળી જ્ઞાતી–બંધારણમાં વર્ષો સુધી મેનેજીંગ કમીટીમાં રહી સેવા આપેલ છે. સૌરાષ્ટ્ર સંઘમાં દરેક કાર્યમાં તન, મન, ધનનો ભોગ આપી સંપથી, સ્નેહથી કામ કરી પ્રમુખસ્થાનને દીપાવ્યું હતું. આપના લઘુબંધુ શ્રી હસમુખભાઈ, શ્રી ચંદુભાઈ તથા ભત્રીજા બીપીનભાઈ ગીરીશભાઈ તરફથી માનવ રાહત ખાતામાં મોટી રકમનું દાન આપી મધ્યમ વર્ગના અનેક સ્વધર્મી ભાઈ–બ્હેનોના આશીર્વાદ મેળવી રહ્યા છે.

**ગીરીશ, અતુલ, નયન તથા પરિવાર**

## સ્વ. રતીલાલ જીવણલાલ શાહ



જન્મ : સં. ૧૯૭૬ આસો સુદ–૨

સ્વર્ગવાસ : સં. ૨૦૨૫ પ્રથમ અષાઢ વદ–૧૪

શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘ અમદાવાદના પ્રમુખ શ્રી હસમુખલાલ જીવણલાલના મોટાભાઈ રતીભાઇ ખૂબ જ ધાર્મિકવૃતિના અને જૈન ધર્મના ભારે અનુરાગી હતા.

તેમના જીવનમાં સહાનુભૂતિ, સત્યતા, સમતા અને અનુકંપાના સુસંસ્કારોની સુવાસ પ્રસરી હતી. સાધુસાધ્વીજીઓ પ્રત્યેની અપાર લાગણી તથા સામાજીક અને માનવતાના ક્ષેત્રે તેમનું જીવન પ્રેરણારૂપ છે. સંવત ૨૦૦૮માં ચંદુલાલ જીવણલાલ નામથી પેઢીની સ્થાપના કરી તેમાં આપની પ્રમાણીકતા, સ્નેહ અને કાર્યદક્ષતાએ ખૂબ જ વિકાસ સાધ્યો છે. સ્થા. જૈન સંઘ (નારણપુરા)ના તેઓ મૂક સેવક હતા.

**બીપીન, નૂતન, અનીલ તથા પરિવાર**

## માતૃદેવો ભવઃ
### સ્વ. ચંચળબેન જીવણલાલ



### વિજયાબેન



આપ મનુષ્ય જન્મ પામી દેવ, ગુરૂ અને ધર્મ પ્રત્યે અથાગ શ્રદ્ધા રાખી નાની ઉંમરમાં માનવ ભવને સાર્થક કરી ગયા.

**" ફુલ ગયું ફોરમ રહી ગઈ "**

આપની ધાર્મિક ભાવના, કુટુંબ-વાત્સલ્ય પ્રેમ વગેરે સુવાસ કદી ભૂલી શકાશે નહિ. આપના અચાનક અવસાનનો એ ક્રૂર દિવસ વિસરી શકાતો નથી.

**આપના સુપુત્રો.**

જન્મ : સંવત ૧૯૪૯

સ્વર્ગવાસ : સંવત ૨૦૧૨

અમારામાં ધાર્મિક સંસ્કારોનું આપે જે સિંચન કર્યું એનાથી અમારા જીવનને સન્માર્ગે લઇ જવામાં અને સદાચારી સંસ્કારિતાના સુપંથે વિચરવામાં અમે સફળ બન્યા તે માટે અમો આપના ભવો-ભવના ઋણી છીએ.

લી. આપના સુપુત્રો,

**સ્વ. શ્રી કાંતીલાલ જીવણલાલ**
**સ્વ. શ્રી રતીલાલ જીવણલાલ**
**શ્રી હસમુખલાલ જીવણલાલ**
**શ્રી ચંદુલાલ જીવણલાલ**

## સ્વ. રસીકલાલ હરીલાલ ઝવેરી (પાલનપુરવાળા)



જન્મ તા. : ૭-૪-૧૯૨૧] [સ્વર્ગવાસ : તા. ૨૭-૯-૧૯૭૮ સં. ૨૦૩૪ ભાદરવા વદ-૧૧ બુધવાર

મનોરમ્ય લીલાછમ ઉદ્યાનમાં ખીલેલા ગુલાબના ફૂલ સારાયે ઉદ્યાનને સુગંધથી મઘમઘાયમાન બનાવી દે છે. તેમ આપે ઝવેરી કુટુંબ રૂપી ઉદ્યાનમાં જન્મીને આખા કુટુંબમાં દાન, દયા, ક્ષમા, સરળતા, નમ્રતા, માતૃભક્તિ, ગુરૂભક્તિ, સત્ય, નીતિ સદાચાર, વિનય, વિવેક, સંપ અને સમર્પણતા આદિ અનેક ગુણરૂપ પુષ્પોની પરિમલ પ્રસરાવી છે, તેમજ માયાળુ સ્વભાવ, કુટુંબ અને ધર્મ પ્રત્યેની લાગણી આ બધા સંસ્કારોથી કુટુંબને અમૂલ્ય વારસો મળ્યો છે. ભલે આજે અમારા ઝવેરી કુટુંબમાં આપ દેહરૂપે અમારી સમક્ષ નથી પણ આપના ગુણોની સુવાસ તો અમારા જીવનમાં મ્હેંકી રહી છે. આપે ઝવેરી કુટુંબના સુકાની બની અમારા જીવનબાગના માળી બનીને અમારામાં સંસ્કાર, સદાચાર, તપ, ત્યાગ અને દાન-દયાના સુમનો ખીલવીને અમારા જીવનબાગને સદ્‌ગુણરૂપી સૌરભથી મઘમઘતા બનાવ્યો છે. આપે નિષ્કામ અને નિઃસ્વાર્થભાવે અમને ધર્મકાર્ય-સત્કાર્યો કરવાની પ્રેરણા આપી ધાર્મિક ક્ષેત્ર, સામાજિક ક્ષેત્રે તેમજ વહેપારના ક્ષેત્રે ખૂબ આગળ વધારી અમારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. આપે આપેલા આ સંસ્કારના અમૂલ્ય વારસા બદલ અમે આપના ઋણી છીએ. એ ગુણોને અમારા જીવનમાં તાણા-વાણાની જેમ વણીને યત્કિંચિત ઋણમાંથી મુક્ત થઈએ એજ અંતરની આરઝૂ.

એજ લી. આપના ભવોભવના ઋણી, **શ્રીમતી સુભદ્રા રસીકલાલ ઝવેરી**
**પુત્રો, પુત્રવધુઓ-નરેન્દ્ર, ચન્દ્રા, સતેન્દ્ર, ઈલા. મુકેશ. મીના, રાજેન, વિભા**
**દિકરીઓ-માયા. બેલા.**

## સ્વ. શ્રી પાનાચંદભાઈ પરસોતમદાસ લાઠીયા

## સ્વ. શ્રી વસનજીભાઈ પરસોતમભાઈ લાઠીયા





જન્મ : તા. ૧૩-૮-૧૮૯૩
સ્વર્ગવાસ : તા. ૧૧-૯-૧૯૬૮

જન્મ : તા. ૧૭-[illegible]-૧૮[illegible]૬
સ્વર્ગવાસ : તા. ૬-૧૦-૧૯૫૬

'વહેતા જળ નિર્મળા ભલા, અને ધન દોલત દેતા ભલા' એ સંસ્કાર આપે અમોને પાયા, સંપત્તિ અને સમૃદ્ધિ, સંપ અને સદાચાર એ તો પુન્યની પ્રસાદી છે.

આપનો વિનમ્ર તથા દયાળુ સ્વભાવ, સદ્‌વિચાર તથા ધર્મ પ્રત્યેનો અનન્ય ભાવ, દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યેનો અથાગ પ્રેમ, તથા સંત સેવાંએ આપના આદર્શો અમને કાયમ જાગૃત બનાવી આપના સદ્‌ગુણોનો વારસો અમારો શાશ્વત શ્વાસ બની રહો એ પ્રાર્થના. તેઓશ્રી અમને કહેતા...કે

ન્યાય, નીતિ નૌકા નિજ તનકી, આ ભવસાગર સૌ તારજો,
કંઈ દીનજનોનાં દુઃખ હરજો, ધ્યાન વીરનું ધરજો.

(સ્વ.) મોહનલાલ ગુલાબચંદ શાહ



અવસાન : તા. ૧૫-૧-૫૭
સૌરાષ્ટ્ર સંઘ તેમજ ઝા. દશા. જ્ઞાતિના આદ્ય સ્થાપક હતા.

સ્વ. નરોત્તમદાસ મોહનલાલ શાહ



અવસાન : તા. ૧૨-૩-૭૨
સૌ. સંઘમાં ટ્રેઝરર તરીકે તેમજ જ્ઞાતિના મંત્રી તરીકે મૂક સેવા આપી હતી.

સ્વ. શાંતીલાલ મોહનલાલ શાહ



અવસાન : ૬-૯-૭૯
શાંત સ્વભાવી, નિખાલસ, મળતાવડો સ્વભાવ તેમના ગુણો હતા.

હરિલાલ મોહનલાલ શાહ



જન્મ : તા. ૨૬-૯-૧૯૧૩
વ્યવહાર શુદ્ધિ અને છેવટ સ્વ-સ્વરૂપનું ભાન રહે તે માટે સતત્ જાગૃત રહે છે.

## સ્વ. મણીબેન થોભણભાઈ અજમેરા



સ્વર્ગવાસ : સંવત ૨૦૧૩ ચૈત્ર સુદી–૨

આપે મારામાં દાન–દયા અને અનુકમ્પાના સંસ્કાર રેડી મારૂં અને મારા પરિવારનું જીવન ખુશ્બોથી મહેંકતું કર્યું અને અમને સુખી જીવન જીવવાનો મંત્ર આપ્યો કે દાન વગર સંપત્તિ શોભતી નથી.

લી.

**અમૃતલાલ થોભણભાઈ અજમેરા**
**તથા સહપરિવાર**

ટે. નં ૨૩૩૩૦
૬, જય મહાવીર સોસાયટી, બોમ્બે ગેરેજ પાછળ, શાહીબાગ, અમદાવાદ–૩૮૦ ૦૦૧.

## સ્વ. કંચનબેન અમૃતલાલ અજમેરા



સ્વર્ગવાસ : સંવત ૨૦૨૬ના કારતક સુદી–૧

### * ફુલ ગયું ફોરમ રહી ગઈ *

અમારી બધાની હાજરી વચ્ચે જોતજોતામાં સ્વપ્ના માફક આંખના પલકારામાં તમો અમોને છોડીને ચાલ્યા ગયા પરંતુ તમારા મીઠા સ્મરણો તમારી ઉચ્ચ ભાવના, તમારો શાંત અને હર–હંમેશ હસમુખો પ્રેમાળ સ્વભાવ હજુ ભુલી શકાતા નથી. આપના અમૂલ્ય સંસ્કારોનો વારસો મુકતા ગયા જેથી બધા ક્ષેત્રોમાં જે કાંઈ પ્રગતિ કરી છે તે આપને આભારી છે.

લી૦

**અમૃતલાલ ટી. અજમેરા**
**અને સહપરિવાર**

**રાજેન્દ્ર...અ.સૌ. ભાવના અજમેરા**
**દિનેશ...અ.સૌ. દેવીકા અજમેરા**
**રોહિત...અ.સૌ. રેખા અજમેરા**
**અશોક, જ્યોત્સના, વિણા વિગેરે**

સ્વ. કોકિલાબેન પનાલાલ
જંબુવાલા



સ્વર્ગવાસ : ૧૬ જાન્યુઆરી ૧૯૭૯

## 'આ પુસ્તકને અમારા અભિનંદન...શ્રદ્ધાંજલિ'

આપણા મહેંકતા જીવન મધુવનમાંથી તારૂં આમ ઓચિંતું ખરી જવું...દીકરી, બહુ જ વસમું લાગે છે. જ્યાં કોકિલા નથી ત્યાં વસંત નથી, તારી વસમી વિદાય અમારાથી ભુલી શકાતી નથી. પ્રભુ તારા પુનિત આત્માને ચિરઃશાંતિ આપે તેવી અમારા સૌની અંતઃકરણ પૂર્વક પ્રાર્થના છે.

લી.

**પનાલાલ જીવરાજભાઈ જંબુવાલા**
**નિર્મળાબેન પનાલાલ જંબુવાલા**
**પિયુષભાઈ પનાલાલ જંબુવાલા**
**ડૉ. દેવીના પનાલાલ જંબુવાલા**
**શ્રેણીક પનાલાલ જંબુવાલા**
**વર્ષા શ્રેણીકભાઈ જંબુવાલા**

---

**સ્વ. અમુલખભાઈ મુળજીભાઈ શાહ** **સ્વ. જીતુબેન અમુલખભાઈ શાહ**





સ્વર્ગવાસ : તા. ૧-૫-૧૯૭૫

સ્વર્ગવાસ : તા. ૩૧-૧-૧૯૮૨


વૈભવ

ફોન : ૩૮૬૬૩૭
જરી બનારસી તથા ભરતકામના
અદ્યતન કલાત્મક સાડી કેન્દ્ર.
૨૬૫૫/૪, રતનપોળનાકા,
રીલીફ રોડ, અમદાવાદ.


લી.

**કીરતીકાંત અમુલખભાઈ**
**કુસુમબેન કીરતીકાંત**
**હીરેન્દ્રકુમાર કીરતીકાંત**

**શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ** **અ.સૌ. રૂક્ષ્મણીબેન બળદેવભાઈ પટેલ**





સાણંદ નિવાસી શ્રી બળદેવભાઈ ડોસાભાઈ એક જાણીતા મૂક સેવાભાવી કાર્યકર છે. ગુજરાત વહેપારી મહામંડળના પ્રમુખ છે. તેમજ કાલુપુર કમરશીયલ બેન્કના ચેરમેન છે. શ્રી બળદેવભાઈ ડોસાભાઈ બી. ડી. પટેલ કોટન કું. પેઢીના મુખ્ય સુત્રધાર છે. દિલમાં અમીરતા અને માધુર્યના સુમેળવાળા ધર્મપ્રિય, ધર્મશ્રેષ્ઠી, સંત–સતિઓની વૈયાવચ્ચ અને સંતસમાગમ દ્વારા સતસમજણ મેળવવા તેઓ ખૂબ જ ઉત્સાહી છે. સાદાઈ, સદાચાર, નાની ઉંમરમાં બ્રહ્મચર્યવ્રત અને દરરોજ વહેલી સવારથી સામાયિક ધ્યાન વગેરે ધાર્મિક નિત્યક્રમ તેમના જીવનનો મંત્ર બની ગયો છે. શાસ્ત્રોધાર સમીતી અને આગમ અનુયોગ વગેરે ધાર્મિક સંસ્થાના પ્રમુખ છે.

તેઓના જીવનમાં સાદાઈ, સચ્ચાઈ, સરળતા–નાનામાં નાના માનવીની વાત સાંભળી તેને સંતોષ આપવાનો ગુણ અવર્ણનીય છે.

તેઓના આત્મ મંદિરમાં એક ધુન લગની છે.

સેવે સદ્‌ગુરૂ ચરણને, ત્યાગી દઈ નીજ પક્ષ,
પાળે તે પરમાર્થને, નિજ પદનો લે લક્ષ.

અમારામાં ધાર્મિક સંસ્કારોનું આપ જે સિંચન કરી રહ્યા છો એનાથી અમારા જીવનને નવી પ્રેરણા અને સુસંસ્કાર મળી રહ્યા છે. આપના અસીમ ઉપકારને ભૂલી શકાય તેમ નથી. આપ અમોને દયા, દાન, સત્ય, નીતિના સુસંસ્કાર આપી રહ્યા છો. વંદન હો. અંતરના. આપના અમો ભવોભવ ઋણી છીએ.

લી. આપના સુપુત્રો,

**બચુભાઈ બળદેવભાઈ પટેલ**
**બકાભાઈ બળદેવભાઈ પટેલ**

**સ્વ. શાહ ચુનીલાલ પ્રેમચંદ ઘીવાળા**
**(બરવાળા ઘેલાશા) હાલ બારેજા**

**સ્વ. શાહ મુલચંદ પ્રેમચંદ ઘીવાળા**
**(બરવાળા ઘેલાશા) હાલ બારેજા**

જન્મ સંવત : ૧૯૬૫

સ્વર્ગવાસ સંવત : ૨૦૩૪





જન્મ સંવત : ૧૯૪૨

સ્વર્ગવાસ સંવત : ૨૦૧૫

આપના સદ્વ્યવહારના ગુણો જીવનમાં મળતાં સમભાવ અમોએ મેળવ્યો છે. આપે આપેલ સંસ્કારોથી અમારી પ્રગતિ થઈ છે. અમે આપનું ઋણ કદાપિ અદા કરી શકીશું નહીં.

આપના સુપુત્રો, **શાહ નગીનદાસ મુલચંદ** તથા **શાહ ચંદુલાલ ચુનીલાલ**
અને **ઘીવાળા પરિવાર બારેજા**

---

**પૂજ્ય પિતાશ્રી ભોગીલાલ કકલભાઈ શાહ**
**પૂજ્ય માતુશ્રી તારાબહેન ભોગીલાલ શાહ**
**(ધાનેરાવાળા)**



આપે અમારા જીવનમાં દાન, દયા, ધર્મના સંસ્કાર આપ્યા છે. આપ સંત સતીઓના દર્શન કરી સત્સંગનો લાભ લઈ રહ્યા છો. અમોને પણ તે જ માર્ગે જવા પ્રેરણા આપો છો.

લિ. આપના સુપુત્રો, **જયંતિભાઈ, ગિરધરભાઈ, પ્રવિણભાઈ તથા પરિવાર**

## સ્વ. ખીમચંદ ત્રીભોવન શેઠ (ઉપલેટા (સૌરાષ્ટ્ર)



જેમણે પોતાના વતનમાં પૂ. સંત–સતીઓની ધાર્મિક સેવા કરી છે ઉપલેટા પાંજરાપોળ સાર્વજનિક અંગ્રેજી સ્કુલ, જૈન ધાર્મિકશાળા, જીવદયા ખાતુ વગેરે સંસ્થાઓમાં તન–મન–ધનથી સેવા આપી છે. શેઠ કુટુંબન સદાવ્રત વર્ષોથી ચલાવ્યું છે અને પોતાનું જીવત અત્યંત સાદાઈ ધર્મભાવનામાં વીતાવેલ છે. આપે કુટુંબમાં જે સંસ્કારોનું સીંચન કર્યું તે હરવખત યાદ કરનાર આપનો ગુણાનુરાગી.

ગીરજાશંકર ખીમચંદ

ખીમચંદ છગનલાલ દોશી



સ્વ. મંગળાબેન ખીમચંદ દોશી



સ્વર્ગવાસ. તા. ૧૮-૭-૭૩

સમાજનાં સંનિસ્ઠ કાર્યકર છે સામાજીક અને ધાર્મિકક્ષેત્રે ઉત્કર્ષાર્થે તન-મન-ધનથી પ્રયત્નશીલ છે. શ્રી ઝાલાવાડ વીસા શ્રીમાળી સ્થાનકવાસી જૈન જ્ઞાતી મંડળ અમદાવાદના ત્રીસ વર્ષથી કારોબારી સભ્ય છે. અને પંદર વર્ષ સુધી પ્રમુખ સ્થાને રહ્યા છે. હાલમાં શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘના ઉપપ્રમુખ છે. વહેપાર ક્ષેત્રે પણ અગ્રણ્ય છે.

અમારામાં સુસંસ્કારોનું સિંચન કરી, અમારૂં જીવન ઘડતર કર્યું, આપના અસીમ ઉપકારને ભુલી શકાય તેમ નથી. આપે અમારા પૂ. પિતા શ્રીને હંમેશા ધર્મસેવા કરવા માટે પ્રેરણા આપી છે તે પ્રેરણા આજે પણ તેઓશ્રી યથાર્થ કરી રહ્યા છે.

લિ. આપના આજ્ઞાકિત પુત્રો,

**મુગટલાલ, ભૂપેન્દ્ર, નરેશ તથા પરિવાર.**

## શ્રી ચીમનલાલ હીરાચંદ શાહ
સાણંદ



શ્રી ચીમનલાલ જેમણે સાણંદના સ્થા. જૈન સંઘનું વર્ષો સુધી સંચાલન કરેલ છે. તેઓ ગમે ત્યાં દીક્ષા હોય ત્યાં તેઓની અચુક હાજરી હોયજ તેઓ સ્વભાવે ભોળા, સરળ, ઉદાર અને ધર્મની ઘણી શ્રધ્ધા વાળા છે. તેઓ કચ્છ, ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સ્થા. જૈન સમાજના જાણીતા આગેવાન છે. તેઓ સાણંદ અર્બન કો. બેંકમાં વર્ષોથી ઠેઠ ૧૯૯૯ ની સાલથી કમીટી મેમ્બર તેમજ છેલ્લા કેટલાય વર્ષથી મેનેજીંગ ડીરેકટર છે. આ રીતે સાણંદ કલોથ મરચન્ટ એસોસીએસના પ્રેસીડન્ટ છે. શાસ્ત્રોધ્ધાર સમિતિની સ્થાપના થઇ ત્યારથી તેઓ તેમાં કમીટી મેમ્બર છે. આ સિવાય પણ ઘણી બધી સંસ્થા સાથે સંકળાયેલ છે. તેઓ પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજીના સંસાર પક્ષે ભઈજીના દીકરા ભાઈ છે.

## શ્રીમતી તારાબેન ચીમનલાલ શાહ
સાણંદ



શ્રી તારાબેન શાહ ચીમનલાલ હીરાચંદના ધર્મ-પત્ની છે. જેમણે નાની ઉંમરમાં બે વખત માસ-ખમણ તપ કરેલ છે. તેઓ ધાર્મિક સંસ્કારોથી રંગાયેલા છે.

**પરમ પૂજ્ય માતુશ્રી**
**સ્વ. સુરજબેન તારાચંદભાઈ શાહ**



**મહા વિદુષી બા. બ્ર. પ્રખર વક્તા**
**પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજીના**
**વ્યાખ્યાન સંગ્રહ — "શારદારત્ન"**
**પુસ્તકને અમારા અભિનંદન......**

**શ્રદ્ધાંજલિ**

આપની પ્રેરણા. ધર્મભાવના, સરળ પ્રેમાળ સ્વભાવ અને કાર્યશીલતા અમારા જીવનમાં આપની હંમેશ યાદીનું પ્રતિક બન્યુ છે. જે અનુસરવા પ્રભુ અમોને સર્વ શક્તિ આપે એજ અભ્યર્થના આપના પુનિત આત્માને ચિરઃશાંતિ થઓ એવી અમારા સૌની ઉંડા અતઃકરણથી પ્રગટતી પ્રાર્થના.

એજ લી. આપના.

**ત્રંબકલાલ તારાચંદ શાહ**
**અ.સૌ. હીરાબહેન ત્રંબકલાલ શાહ**
**તથા પરિવાર**
**રમેશચંદ્ર, મધુકર, નિરંજન**
**અ.સૌ. ઉર્મિલા. નલીની, મીના**

---

પૂ. બા ! આપનો તથા મારા પિતાશ્રીનો મારા ઉપર અનહદ ઉપકાર છે. કારણ કે સંસ્કારનું સિંચન કરનાર અને જીવનનું ઘડતર કરનાર પાયામાં માતા-પિતા હોય છે. માટે આપના ઉપકારમાંથી યતકિંચિત મુક્ત થવા માટે મને જે તક મળી છે તે તકને વધાવી ફૂલ નહી ને ફૂલની પાંખડી રૂપે શારદા રત્ન પુસ્તકમાં આપવા પ્રેરાયો છું તેમજ આ તકે બા. બ્ર. મહાન વિદુષી પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજીનો જેટલો ઉપકાર માનુ તેટલો ઓછો છે. ધર્મની પ્રેરણા આપનાર અને જીવન જીવવાની કળા શીખવાડનાર બા.બ્ર.પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજી છે,

લિ. આપનો પુત્ર
**રમેશભાઈ વાડીલાલ શાહ**
**મંજુલાબેન રમેશભાઈ શાહ**

**અ સૌ. કાન્તાબેન વાડીલાલ શાહ**
**(હારીજવાળા)**



સ્વ. ગુલાબચંદ ત્રીભોવનદાસ ટોકરાળાવાળા

સ્વ. કાશીબેન ગુલાબચંદ ટોકરાળાવાળા



આપે અમારામાં દયા, દાન, તપ અને ત્યાગના સંસ્કારોનું સિંચન કર્યું છે, તમારા જીવનના આદર્શોને અમારી સન્મુખ રાખી નિષ્કામ અને નિઃસ્વાર્થ ભાવે યથાશક્તિ અમે સત્કર્મો કરી શકીએ છીએ. અમને ધર્માભિમુખ બનાવ્યા તેનું ઋણ વાળવાના આકાંક્ષી.

લિ. આપના સુપુત્રો,
**પ્રેમચંદ, જાદવજી, હિંમત, મણીલાલ, શાંતિલાલ, મનસુખ, ચીમન અને અમીચંદ ટોકરાળાવાળા.**

## સ્વ. શ્રી ચંદ્રાબેન શાંતીલાલ ટી. અજમેરા



: જન્મ :
તા ૨૮-૮-૧૯૮૮

: સ્વર્ગવાસ :
તા. ૧-૪-૧૯૭૮
સંવત ૨૦૩૪
ફાગણવદ-૮

વિશાળ વડલાને છાયા સમાન પ્રેમના પરાગને સીંચીને જીવન ઉન્નત બનાવનાર, આપનો માયાળુ અને પ્રેમાળ સ્વભાવ, સદાય હસમુખો ચહેરો, કુટુંબ પ્રત્યેનું વાત્સલ્ય, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા તથા સહનશીલતા વગેરે આપના ગુણોએ અમારામાં, સત્ય, નીતિ અને સદાચારનું સિંચન કર્યું છે, તે કદી વીસરી શકાય તેમ નથી.

લિ.
**શાંતિલાલ ટી. અજમેરા**
**તથા પરિવારના સભ્યો**
**કિરીટ, પંકજ, હર્ષા, હંસા, ભારતી, દક્ષા**
**નિરાલી, કાર્તિક, મીહીરના અંતરના વંદન...**

## સ્વ. જયંતીલાલ મનસુખલાલ ગોસલીયા (લોખંડવાળા)



"વહેતા જળ નિર્મળ ભલા અને ધન દોલત દેતા ભલા" એ સંસ્કાર આપે અમોને ગળથૂથીમાં પાયા, સંપત્તિ અને સમૃદ્ધિ સંપ અને સદાચાર એ તો પુન્યની પ્રસાદી છે. એટલે મળેલી લક્ષ્મી સમાજકલ્યાણના, જનતા જનાર્દનના, સ્વધર્મી વાત્સલ્યતાના કાર્યોમાં વાપરી. પુન્યાનુબંધી પૂન્ય ઉપાર્જન કરવા માટે આપે અમારું જે ચારિત્ર ઘડતર કર્યું તે માટે અમો આપના જન્મોજન્મના ઋણી છીએ.

લી૰
**શ્રીમતી કાન્તાબેન જયંતીલાલ**
**પુત્રો : શ્રી નવીનભાઈ જયંતીલાલ**
**દિલીપ જયંતીલાલ**
**અને પરિવાર**

| | |
|---|---|
| સ્વ. પૂજ્ય માતુશ્રી **અંબાબેન હરજીવનદાસ મોદી તુરખીયા** | સ્વ. પૂજ્ય માતુશ્રી **કંચનબેન ચીમનલાલ મોદી તુરખીયા** |
|  |  |
| સ્વર્ગવાસ તા. ૬-૧-૧૯૭૦ | સ્વર્ગવાસ તા. ૧૬-૧૧-૧૯૭૪ |

**શ્રી ચીમનલાલ હરજીવનદાસ મોદી**
**અને પરિવાર**

વઢવાણ સીટીવાળા હાલ, **અમદાવાદ.**

જન્મ તા. ૨૬-૬-૧૯૨૫ સ્વર્ગવાસ તા. ૧૬-૧૧-૧૯૭૪ તું કેવી હતીને કેવી નહી માં, મને સાંભરે નહીં. તારા સ્નેહના અમૃત બિન્દુઓનું પાન કર્યું ન કર્યું ત્યાં તો પ્રભુચરણને પ્યારૂ ગણ્યુ અને અમે તારા લાડકોડથી વંચીત રહ્યા. યથા શક્તિ સતકર્મો કરી શકીએ તેવી પ્રેરણા મળે એવી અભિલાષા સાથે

લી. આપના પુત્રો

**સુધીર ચીમનલાલ મોદી**
**દીપક ચીમનલાલ મોદી**

વઢવાણ સીટી વાળા હાલ, **અમદાવાદ.**

સંઘવી ચુનીલાલ હીરાચંદ



સંઘવી ઘેલીબેન ચુનીલાલ



પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરવા માટે તમોએ અમારામાં સંસ્કાર – સદાચાર અને ચારિત્રનુ ઘડતર કરી અમોને નિષ્કામ અને નિસ્વાર્થ ભાવે યથા શક્તિ ધર્મકાર્ય – સહકાર્ય કરવાની જે પ્રેરણા આપી છે તેથી અમો સેવાના ક્ષેત્રે કે માનવતાના ક્ષેત્રે જે કાંઈ કરી શકીએ છીએ તે માટે અમો સૌ આપના જન્મોજન્મના ઋણી છીએ.

લી.

પોપટલાલ ચુનીલાલ સંઘવી<br>
જીવણલાલ ચુનીલાલ સંઘવી<br>
જગજીવન ચુનીલાલ સંઘવી<br>
ચંદુલાલ ચુનીલાલ સંઘવી

કુ. નલીનીબેન (M. A.)

: પિતાશ્રી :

મણીલાલ ઓઘડભાઈ





: માતુશ્રી :

(સ્વ) સવીતાબેન મણીલાલ શાહ



ભૌતીકવાદ, પશ્ચિમની સંસ્કૃતી ચોમેર વિકૃતી ફેલાવી રહેલ છે. ત્યારે આપે બાળપણમાંજ અભ્યાસની સાથે ધાર્મિક અભ્યાસ શરૂ કર્યો, ઉપાશ્રયમાં અવારનવાર જતા ગુરુણી પૂ. નાથીબાઈનું સાનિધ્ય મળ્યું "સયંમ રૂડો છે" "સંસાર ભૂંડો છે"

**મંથન થકી દર્શન મળે, ખીલે જીવનનો બાગ.**
**ચિંતનભરી પગથારથી, પામે ત્યાગ વિરાગ,**

બાલ્યાવસ્થા, સદગુરુ સમાગમ, વૈરાગ્ય માર્ગનું ચિંતન, વૈરાગ્યની પરીક્ષા, ગુણાનુરાગ, "આત્માની ખોજ, મુક્તિની મોજ" અભય ભાવના સંયમની તમન્ના, ગુરુ સેવા પ્રાણમંત્ર, જ્ઞાનગ્રહણ પ્રાપ્તતા, વિયોગમાં વિકાસ (પૂ. નાથીબાઈ સ્વામીના કાળધર્મ બાદ વિશેષ વૈરાગ્ય માર્ગની મક્કમતા) સ્વાધ્યાયમાં સજાગતા, નિખાલસતા, વગેરે ગુણોનું જતન કરતાં (અલ્પ ભવ) પરિતસંસારી બની મોક્ષ માર્ગને સિદ્ધ કરો એજ શુભ ભાવના.

**લિ. આપના લઘુ બંધુ તથા ભાભી, નરેન્દ્ર. નિતિન, ભારતી, અંજના**

# ચુડાનિવાસી

# સ્વ. પૂ. કાકાશ્રી પ્રેમચંદ ઓઘડદાસ ગોસલીયા

# તથા કાકીશ્રી કંકુબેન પ્રેમચંદ ગોસલીયાના

# ચરણકમળમાં....

સ્વ. શ્રી પ્રેમચંદ ઓઘડદાસ ગોસલીયાનો જન્મ ચુડામાં થયેલો અને તેઓનો અભ્યાસ અમદાવાદમાં B. Sc. સુધી થયેલો. B. Sc. થયા પછી તરતજ ભાવનગરમાં તેઓની નિમણુંક સનાતન ધર્મ હાઈસ્કુલમા સાયન્સ ટીચર તરીકે થયેલ અને તેજ સ્કુલમાં હેડમાસ્તર તરીકે રીટાયર થયા. તેઓ પ્રમાણિક શિક્ષક તરીકે જાણીતા હતા અને શિસ્તમાં કડક હતા. તેઓ તેમના વીલમાં તેમના અવસાન પછી કુલ રકમ સાર્વજનિક કામોમા વાપરવા માટે લખી ગયા છે અને તે પ્રમાણે તેનો ઉપયોગ થઈ રહ્યો છે. ચુડામાં કન્યાશાળા બાંધવા માટે રૂા. દોઢ લાખ આપવાનું નકકી થયું છે. તે ઉપરાંત નવરંગપુરા સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં "શ્રી પ્રેમચંદ ઓઘડદાસ ગોસલીયા સભાગૃહ" માટે રૂા. ૩૫૦૦૦નું દાન આપેલ છે અને તે સિવાય બીજા ઘણાં નાના મોટા સાર્વજનિક કામોમાં નાની મોટી રકમ આપેલ છે. પ્રભુ તેમના બંનેના આત્માને શાંતિ આપે.

લી. આપનો ઋણી પરિવાર

ડો. ધીરજલાલ હરીલાલ ગોસલીયા
શ્રી ભાઈલાલ હરીલાલ ગોસલીયા
શ્રી ભરતકુમાર ધીરજલાલ ગોસલીયા
શ્રી જયેશકુમાર ધીરજલાલ ગોસલીયા
શ્રી પ્રણવ ભાઈલાલ ગોસલીયા

## સ્વ. ધીરજલાલ મોતીચંદ



[ જન્મ : તા. ૨૯-૫-૧૯૦૭ ગુરૂવાર સવારના ૪-૫૬ ]
[ દેહવિલય : તા. ૨૩-૧-૮૧ શુક્રવાર સવારના ૪-૩૦ ]

ધર્મ પરાયણ, સેવાભાવી, સત્યના ઉપાસક, સરળ, સંતોષી, ન્યાયી, પ્રમાણીક ને નિડર એવા મોક્ષગામી આત્માને અમો પૂજ્ય ભાવે વંદન કરીએ છીએ ને તેમના આત્માને ચિર: શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના સાથે....

સરસ્વતીબેન, ડો. વિનુભાઈ
ઉપેન્દ્ર, સુરેશ, જશુભાઇ તથા
પરીવારના સભ્યો.

## સ્વ. નરેશ જીવણલાલ સંઘવી (સુરેન્દ્રનગર)
## (નરેશ મેડીકલ સ્ટોરવાળા)

: જન્મ :
તા. ૧૧–૨–૫૪



: સ્વર્ગવાસ :
સંવત ૨૦૩૭ના
કારતક સુદ–૫
તા. ૧૩–૧૧–૮૦

### "ફુલ ગયુ અને ફોરમ રહી ગઈ"

ભરયુવાન વયમાં તું એકાએક અમોને છોડીને ચાલ્યો ગયો પણ તારા મીઠા સ્મરણો, ઉચ્ચ–ભાવના, માતા–પિતા પ્રત્યેનો મીઠો પ્રેમ અને ભાઈ ભગિની પ્રત્યેનો મધુરો સ્નેહ હરહંમેશ અમોને તારી યાદ અપાવે છે. તારો નિર્દોષ હસતો ચહેરો અને તારી મીઠી મધુરી યાદને અમો કોઈ આજે પણ ભૂલી શકતા નથી.

તારો ધાર્મિક માયાળુ સ્વભાવ અને ઉમદા ગુણોને યાદ કરીને અમો સર્વે અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલી અર્પીએ છીએ અને પરમ કૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે તારા પુનિત આત્માને ચિરઃ અને શાશ્વત શાંતિ આપે.

લિ૦

**પિતા :– જીવણલાલ પદમશીભાઈ સંઘવી**
**માતા :– અ. સૌ. લીલાવંતીબેન જીવણલાલ સંઘવી**
**ભાઇઓ :– રમેશ, દિલીપ, મુકેશ, બહેન અલ્કા**
**ભાભીઓ :– હંસા, નયના.**

## સ્વ. શ્રી લલ્લુભાઈ ગીગાભાઈ કોઠારી



સદ્દગત શ્રી લલ્લુભાઈ ગીગાભાઈ કોઠારી સૌરાષ્ટ્રમાં અમરેલી જીલ્લામાં જાત્રોડા ગામે જન્મેલા ત્યાંજ પ્રાથમિક શિક્ષણ મેળવી અનાજના જથ્થાબંધ ધંધામાં જોડાયા હતા. તેઓશ્રીના પુત્ર શ્રી પ્રભુદાસભાઈ કોઠારી અમદાવાદમાં જથ્થાબંધ કાપડનો ધંધો કરતા હોવાથી પાછલી વયે તેઓ અમદાવાદ રહેતા હતા. સદ્દગત સ્વભાવે શાંત, નિરાભિમાની અને ધર્મપરાયણ હતા.

**( પ્રભુદાસ લલ્લુભાઈ કોઠારી તરફથી )**

---

## શ્રી મણીલાલ શીવલાલ અજમેરા
( રંગપુરા ઝાંઝરકા ) હાલ અમદાવાદ



[ ઉંમર : વર્ષ ૭૧ ]

જેમણે પોતાના વતનમાં પૂ. સંત–સતીજીઓની ધાર્મિક સેવા કરી છે. ધંધુકા ધર્મ સ્થાનક આંબેલ શાળા, રંગપુર ધર્મ સ્થાનક, ગુંજાર ધર્મ સ્થાનક, લોલીયા ધર્મ સ્થાનક, ઝાંઝરકા ગામની સાર્વજનીક સ્કુલ જીવદયા માનવ ધર્મ વિગેરે સંસ્થાઓમાં તનમન ધનથી સેવા આપી છે. તેમજ ઝાંઝરકા ગામના સરપંચ તરીકે ઘણા વર્ષો રહી લોકોની સારી સેવા કરી છે અને હાલ પોતાવું જીવન અમદાવાદમાં અત્યંત સાદાઈથી ધર્મ ભાવનામાં વીતાવે છે.

લી.
**અજમેરા બ્રધર્સ**
દરીયાપુર, અમદાવાદ.

## સ્વ. શેઠ શ્રી જેસીંગભાઈ પોચાભાઈ
## અમદાવાદ.



આપનું જીવન એક આદર્શ નમુના રૂપ હતું. આપે અમદાવાદ શ્રી સંઘના પ્રમુખ પદે રહીને ચતુર્વિધ સંઘની તથા સંત–સતીજીઓની તન, મન, ધનથી જે સેવા બજાવી છે તે વારસો આપ અમોને આપતા ગયા છો. આપે અમારા જીવનમાં દાન, દયા, સરળતા, ગુરૂભક્તિ, સત્ય, નીતિ, સદાચાર આદિ ગુણોના સુમનો ખીલવીને અમારા જીવનબાગને સદ્ગુણ રૂપી સૌરભથી મઘમઘતા બનાવ્યો છે. તેમજ અમારા જીવનને ધર્મના પવિત્ર પંથે વાળવા પ્રેરણાનું સિંચન કર્યું છે.

લી૦

ભવોભવનો ઋણી આપનો પરિવાર

**હિંમતભાઈ * સૌ. પદ્માબેન**
**અરવિંદભાઈ * સૌ. શાન્તાબેન**
**નવીનભાઈ * સૌ કોકીલાબેન**
**ચંદ્રકાન્તભાઈ * સૌ. પન્નાબેન**

## શેઠ શ્રી મણીભાઈ પોચાભાઈ
## અમદાવાદ.



અહો પરમ ઉપકારી પિતાશ્રી! આપે અમારા જીવનમાં બાલપણુથી સુંદર સંસ્કારોનું ઘડતર કર્યું. દાન, શીલ, તપ, અને ત્યાગના સંસ્કારોનું સિંચન કરીને અમારામાં ધર્મ પ્રત્યેની શ્રદ્ધા દૃઢ બનાવી છે. આપ આજે પણ શ્રી છોટી સારંગપુર સંઘના પ્રમુખપણે રહીને સ્વધર્મી વાત્સલ્યના કાર્યોમાં લક્ષ્મી વાપરીને પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરી રહ્યા છો. આપે તે સંસ્કાર અમારા જીવનમાં આપ્યા છે તેથી ફૂલ નહિ ને ફૂલની પાંખડી રૂપે અર્પણ કરીને અમારા જીવનને ધન્ય બનાવીએ છીએ,

લી૦

ભવોભવનો ઋણી આપનો પરિવાર

**પ્રવિણભાઈ * સૌ. સુશીલાબેન**
**કીરિટભાઈ * સૌ. ઉર્મિલાબેન**
**મહેન્દ્રભાઈ * સૌ. પ્રજ્ઞાબેન**
**મધુરભાઈ * સૌ. જ્યોત્સનાબેન**

સ્વ. જીવીબેન મોહનલાલ શાહ



આપે અમારામાં બાળપણથી સત્ય, સમતા, અનુકંપા અને ધર્મના સંસ્કારોની સુવાસ અર્પી તથા ચારિત્રનું ઘડતર કરીને માનવતાનું સિંચન કર્યું છે અને અમોને તપ, ત્યાગ અને ધર્મનો મર્મ સમજાવી ધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધા દૃઢ કરાવી છે. આપના અમારા પર અનંત અનંત ઉપકાર છે. આપનામાં જે ગુણો હતા તે અમારામાં ઉતરે તેવી શકિત પ્રભુ અમો સૌને આપે એજ અભ્યર્થના.

સ્વ. રાયચંદ મોહનલાલ શાહ



આપે અમારા કુટુંબનાસુકાની બની, અમારા કુટુંબમાં સત્ય, નીતિ, અને સદાચારનું સિંચન કરી અમોને નિષ્કામ અને નિઃસ્વાર્થભાવે યથાશકિત ધર્મકાર્ય—સત્કાર્ય કરવાની પ્રેરણા આપી. આપના ધર્મમય જીવનથી અમારામાં ધર્મ પ્રત્યેની ધગશ અને અનેરી શ્રધ્ધા પ્રગટી છે. આપની પ્રેરણા અમે મૂર્તિમંત બનાવીએ એજ અંતરની આરઝુ. પ્રભૂ ! તમારા આત્માને જ્યાં હોય ત્યાં અપૂર્વ શાંતિ આપે.

લી. આપનો આજ્ઞાંકીત પરિવાર

જાદવજી, ચંપાબેન, બિપિન, હસમુખ, સુરેશ, પુનિત, ચિરાગ, રસેશ, દિપક

ગુણવંતી, પ્રભાવતી, હસુમતી, પુષ્પા, ભાવના, ત્રિણા, પ્રણાલી, રોશની, અલ્પા.

શ્રી રમણલાલ કેશવલાલ મહાદેવીયા



જન્મ : તા. ૫-૧૦-૧૯૧૦

આપનો સરળ, ઉદાર અને સેવાભાવી સ્વભાવ, નીતિમય અને પ્રમાણિક જીવન, સમાજ પ્રત્યેની સેવાઓ, ઈશ્વર પ્રત્યેની અખૂટ શ્રદ્ધા, ગરીબો પ્રત્યેની કાયમી હમદર્દી. સાધુ સંતોનો સમાગમ અને સેવા, આ બધાય આપના સદ્‌ગુણોને અમે અનુસરીએ એજ ઈશ્વર પ્રત્યે પ્રાર્થના. આપનું અમારા ઉપરનું ઋણ અમો કદીએ વિસરી શકીએ તેમ નથી. આપનું માર્ગદર્શન અમોને મળતુ રહે એજ અભ્યર્થના.

સ્વ. કાંતાબેન રમણલાલ મહાદેવીયા



જન્મ : તા. ૧૬-૧-૧૯૧૪
સ્વર્ગવાસ : તા. ૯-૧૦-૧૯૭૪

આપે અમારા જીવનમાં સદ્‌ગુણો અને સંસ્કારનું સિંચન કર્યું તે બદલ અમે આપના ઋણી છીએ. આપનો સદાય હસમુખો ચહેરો, સર્વેને પોતાના કરીને તેમનામાં ઓતપ્રોત થઇ જવાનો માયાળુ અને પ્રેમાળ સ્વભાવ, ગરીબો પ્રત્યેની સહૃદયતા અને ધર્મ પ્રત્યેની ઉંડી ભાવના વિ. અવિસ્મરણીય છે. અમોને આપના સંતાન હોવાનું ખૂબ ખૂબ ગૌરવ છે.

લી. નરેન્દ્ર, અરૂણ, શૈલેષ અને બીજો પરિવાર

## સ્વ. શ્રી મહાસુખભાઈ ભાઈલાલભાઈ સખીદાસ



[ જન્મ : તા. ૧૫-૧-૨૨ ]    [ સ્વર્ગવાસ : તા. ૪-૧૧-૮૧ ]

" વહેતા જળ નિર્મળા ભલા, અને ધન–દોલત દેત ભલા "

આ ઉક્તિ મુજબ આપ દેવ, ગુરૂ; ધર્મમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી માનવ જન્મને સાર્થક કરી રહ્યા છો. આપને મળેલી લક્ષ્મીનો સદુપયોગ કરી રહ્યા છો. આપ ધંધાના ક્ષેત્રે પણ આગવું સ્થાન ધરાવો છો. એ જૈન સમાજ માટે ગૌરવરૂપ છે.

**આપના સુપુત્રો અને પુત્રવધુઓ**
**નરેન્દ્ર જીતેન્દ્ર, અશ્વીન, મીના, કોકીલા.**

**માથકીયા પોપટલાલ મોહનલાલ**    **અ.સૌ. ચંપાબ્હેન પોપટલાલ શાહ**





જન્મ : ૨૭ મે ૧૯૦૧
ઉંમર વર્ષ ૮૧

ઉંમર વર્ષ ૮૦

શ્રી જૈન શાસનના શણગાર અનંત ગુણી પ. પૂ. બાળ બ્રહ્મચારી શ્રી શારદાબાઇ મહાસતીજીના સચોટ ઉપદેશથી ઘણા મુમુક્ષ આત્માઓ આરાધના કરી રહ્યા છે, અને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના તેજની મસ્તી માણી રહ્યા છે.

લી૦
માથકીયા પોપટલાલ મોહનલાલ
અ.સૌ. ચંપાબ્હેન પોપટલાલ
હ. ન્યાલચંદ પોપટલાલ શાહ

## સુશીલાબેન ખુશાલદાસ સખીદાસ



### * મારૂં પ્રિય ગીત *

માનવતાનો દીવો તારો જો જે ઝાંખો થાય ના,
સાધનાનો પંથ જો જે ચુકી જવાય ના.
મમતાના વાદળને કાઢો અંતરથી,
પાપો જલાવી દેજો નવકાર મંત્રથી.
મહાવીરના આદર્શો જો જે ભૂલાય ના.
સાધનાનો પંથ જો જે ચુકી જવાય ના.
સમય મલ્યો છે તો ધર્મ કરી લે,
દુષ્કર ભવસાગર સુખે તરી જા.
અહિંસા સત્યને જો જે ભૂલાય ના,
સાધનાનો પંથ જો જે ચુકી જવાય ના.
સંત — સમાગમ સ્નેહે કરી લે,
ધર્મ આરાધના ઉમંગે કરી લે.
સોનેરી અ ાસર જો જે ચાલ્યો જાય ના,
સાધનાનો પંથ જો જે ચુકી જવાય ના.
માનવતાનો દીવો તારો જો જે ઝાંખો થાય ના,
સાધનાનો પંથ જો જે ચુકી જવાય ના.

લી. **સુશીલાબેન ખુશાલદાસ સખીદાસ**



સ્વ. ભાઇચંદભાઇ વજેચંદ શાહના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની ગં. સ્વ. આનંદીબેન અને તેમના પુત્રો મૂળચંદભાઈ, મહેન્દ્રભાઇ તથા વિનોદભાઇ તરફથી.

---

સ્વ. કસ્તુરચંદ હરીચંદ વસાણી
( બોટાદવાળા )



આપનો માયાળુ અને પ્રેમાળ સ્વભાવ, અને ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા અમોને પ્રેરણા રૂપ છે.

આપની પ્રેરણા અમોને સતત જીવન પથ બતાવે એજ અભ્યર્થના..

આપનો પુત્ર,
ખોડીદાસ અને કુટુંબીજનો

## પૂજ્ય માતુશ્રી સ્વ. કેસરબેન પુનમચંદ ગાંધી



[ સ્વર્ગસ્થ : તા. ૧૫-૧૨-૭૧ ]

ભૂલશો નહિ કદી મા-બાપને રે, એનાં અનંત છે, ઉપકાર.
અડસઠ તીરથ ઘરના આંગણે રે, સેવા કરજો સદા અમાપ.

માતૃપ્રેમ એ સ્નેહની સરવાણી અને વાત્સલ્યનું વહેણ છે. જગતમાં બધુ મળશે પણ જનનીની જોડ મળવી મુશ્કેલ છે. એવા હે માતુશ્રી ! આપે અમારા જીવનમાં પરોપકારતા, કરુણા, અનુકંપા માનવતા આદિ મહાન સદ્ગુણોના સંસ્કાર રેડીને આપે સારા કુટુંબને ગુણોની પરિમલથી મ્હેકતું કર્યું છે. સાધુ સંતોની સેવા એ તો આપના જીવનનો પ્રાણ હતો. આપની સહનશક્તિ તથા ક્ષમા અજોડ હતી. આપ અમને નાની ઉંમરમાં મૂકીને ચાલ્યા ગયા. પણ સંસ્કારનો અમૂલ્ય વારસો અમને આપતા ગયા. આજે ધાર્મિક ક્ષેત્રમાં જે કંઈ પ્રગતિ કરી રહ્યા છે, તે આપને આભારી છે, તે માટે અમે આપના ભવોભવના ઋણી છીએ.

લી. આપનો પરિવાર,

**પુત્રી : મંજુલાબેન, સુશીલાબેન. રમીલાબેન. પુત્ર : બાબુલાલ. ચંપકભાઈ. અશ્વીનભાઇ. પુત્રવધુ સૌ નિર્મળાબેન. સૌ પ્રવીણાબેન. સૌ. જયોત્સનાબેન. તૃપ્તી, પીયુષ. રાકેશ. મીતુલ. પાયલ. અમીત.**

## સ્વ. જગજીવનદાસ રતનશીભાઈ બગડીયા
## દામનગર



૭૫, વર્ષની ઉંમરે ખૂબ સમાધિ ભાવે પૂજ્ય સતીજીઓના સાનિધ્યમાં તા.૪–૨–૭૯ ના રોજ પ્રસન્નચિત્તે વિદાય લીધાનું દ્રશ્ય આજે પણ અમારી આંખો સમક્ષ તરે છે. રોગના આગમનથી અંતિમ સમય વચ્ચેનો બે માસનો ગાળો અણુપ્રેક્ષા કરવાની સુંદર તક આપી ગયો જેથી એમના વીરલ અને સાધક આત્માની આજીવન ધર્મકરણીનો સરવાળો પ્રત્યક્ષ જોવા અમે ભાગ્યશાળી થયા છીએ.

લી. આપનો,
**સમસ્ત પરીવારના વંદન**

---

## વસંતલાલ કેશવલાલ પટેલ ખંભાત



આપે અમારા જીવનમાં સત્ય, નીતી, સદાચાર અને ધર્મના સંસ્કારોનું સિંચન કરી સત્ પ્રેરણા આપી જીવનના દરેક કાર્યમાં યોગ્ય માર્ગદર્શન આપી રહ્યા છો. તેમજ જીવનને ઉજ્જવલ બનાવવા હરહંમેશ પ્રયત્નશીલ રહ્યા છો. આપના અમારા પર અનંત (૨) ઉપકાર છે, તે ઉપકારમાંથી યતકિંચિત મુક્ત થઈએ એજ ભાવના.

**લી. આપનો પરિવાર**

**સ્વ. લાલભાઈ બાલાભાઈ શાહ**



**કાન્તાબેન લાલભાઈ શાહ**



[ અવસાન : તા. ૩૦–૪–૮૧ ]

આપ સ્વભાવે આનંદી, મોજીલા, ઉદાર અને સાધુ–સંતોની સેવા કરવામાં તત્પર રહ્યા છો. ધર્મની ભાવના આપની રગેરગમાં વસેલી હતી. તપસ્વી કાન્તાબેને એકાંતર વર્ષીતપ ત્રણ, છઠ્ઠ અને અઠ્ઠમનો એક એમ કુલ પાંચ વર્ષીતપ કરી ચૂક્યા છે. આ ઉપરાંત ધર્મચક્ર, સિદ્ધચક્ર, સિદ્ધતપ, માસ-ખમણ, ૧૬ ઉપવાસ તથા નાની મોટી ઘણી તપશ્ચર્યાઓ કરી પોતાના જીવનને કર્તવ્યશીલ બનાવેલ છે. એમાં આપનો પૂરો સાથ અને સહકાર હતો. ૩૫ વર્ષની નાની વયમાં બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરેલ છે.

લી. **આપનો પરિવાર.**

---

**સ્વ. વાડીલાલ કચરાભાઈ સંઘવી (સાણંદવાળા)**



**સ્વ મણીબેન વાડીલાલ સંઘવી (સાણંદવાળા)**



## મા-બાપને ભૂલશો નહિ.

માતા–પિતા અમૃત છાયા, એનું અવનીમાં મૂલ્ય નથી, સંતાન ભૂલે સેવા કરવી, એના જેવી કોઈ ભૂલ નથી, અડસઠ તીરથ ઘર આંગણીએ, તો તીરથ કરવા ક્યાં જઈએ, એ ચરણોના ચરણા-મૃતથી, ગંગાજળના કાંઈ મૂલ્ય નથી.

**સંઘવી હિંમતલાલ વાડીલાલ**
**સંઘવી રસીકલાલ વાડીલાલ**
**તથા તેમના સપરિવાર સહીતના**
**લાખ લાખ વંદન.**

## પૂ. માતુશ્રી મણીબેન કામદાર



ધોરાજી નિવાસી હાલ મુંબઇ સ્વ. કામદાર હિંમતલાલ પોપટભાઇના ધર્મપત્નિ અને શ્રી શાંતિલાલ એચ. કામદાર અમદાવાદ, અને ભાઇઓનાં પૂજ્ય માતુશ્રી મણીબેન હિંમતલાલ કામદાર.

લી૦
**શાંતિલાલ એચ. કામદાર**

ઉંમર વર્ષ ૮૬

---

## શ્રી વિનયચંદ્ર મોહનલાલ દેસાઈ * શ્રીમતી નિલાબેન વિનયચંદ્ર
## (વવાણીયા-મોરબી)



કર્મે શુરા અને ધર્મે શુરા એ મુજબ કર્મની જેમજ આપે ધર્મને પણ જીવનમાં સેવ્યાં. સાધુ-સધ્વીજીઓ પ્રત્યેની આપની અપાર લાગણી તથા સામાજીક ક્ષેત્રે આપનું પ્રદાન અમને પ્રેરણા રૂપ છે. પ્રમાણિકતા, તપ, દાન, કરકસર, સંયમ અને સચ્ચાઈના આ ઉચ્ચ સંસ્કાર અમારામાં રેડયા તેના માટે અમે આપનું ઋણ કદી નહી ચુકવી શકીએ. આ ગુણોનું જતન અમે જીવનભર કરી આપવાનું ઋણ યતકિંચિત પણ અદા કરવાની કોશીશ કરીશું. આપના દાખવેલ રાહ ઉપરથી અમે કદી ચલિત ન થઈએ એવી વીર પ્રભુને પ્રાર્થના.

આપના આજ્ઞાંકિત પરિવાર,
**મિલન, મયુરી, વિપુલ, રાજુલ. (ચીંચપોકલી-મુંબઈ)**

# શ્રદ્ધાંજલી



**સ્વ. શેઠશ્રી શાહ વૃજલાલ ગોગજીભાઈ (પ્રફુલ્લ ચોપડા ભંડારવાળા)**

આજે અમો જે કાંઈ છીએ તે આપનાં જ સિંચેલા ધર્મશ્રદ્ધા, માનવસેવા અને કુટુંબ વાત્સલ્ય ભાવનાના સુસંસ્કારોનું જ પરિણામ છે. આપની સરળતા, નિખાલસતા, પ્રેમાળ સ્વભાવ, અને અમી દૃષ્ટિ અમોને હંમેશા પ્રેરણા આપતા રહ્યા છે.

"વહેતા જળ નિર્મળા ભલા અને ધનદૌલત દેતા ભલા" એ સંસ્કાર આપે અમોને પાયામાંથી જ આપેલ છે. સંપત્તિ અને સમૃદ્ધિ, સંપ અને સદાચાર, એ તો પૂન્યની પ્રસાદી છે. આપનો વિનમ્ર તથા દયાળુ સ્વભાવ; સદ્‌વિચાર તથા ધર્મ પ્રત્યેનો અનન્ય ભાવ, દેવ-ગુરૂ ધર્મ પ્રત્યેનો અથાગ પ્રેમ તથા સંત સેવાએ આપના આદર્શો અમને કાયમ જાગૃત બનાવી આપના સદ્‌ગુણોનો વારસો અમારો શાશ્વવત શ્વાસ બની રહો એ પ્રાર્થના.

આપના પુનિત આત્માને ચિર શાંતિ પ્રાપ્ત થાઓ એવી અમારી સૌના ઊંડા અંતઃકરણમાંથી પ્રગટતી પ્રાર્થના.

આપના પરિવાર વતી,

**ગં. સ્વ. સુભદ્રાબેન વૃજલાલ શાહ, પ્રફુલ્લચંદ્ર વૃજલાલ શાહ, પારૂલ પ્રફુલ્લચંદ્ર શાહ**

---

**પ્રફુલ્લ ચોપડા ભંડાર** કોટન હોલ બીલ્ડીંગ, માણેકચોક, અમદાવાદ.

સ્વ. ચંપકલાલ છોટાલાલ શાહ
(ખંભાત)



સ્વ. તારાબેન ચંપકલાલ શાહ



આપે અમારામાં બાલપણથી સત્યતા, સમતા, અનુકંપા અને ધર્મના સંસ્કારોની સુવાસ તથા ચારિત્રનું ઘડતર કરીને માનવતાની મ્હેંક સીંચી છે, અને અમોને તપ--ત્યાગ તથા ધર્મનો મર્મ સમજાવી ધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધા દઢ કરાવી છે. આપના અમારા ઉપર અનંત અનંત ઉપકાર છે. તમારામાં જે ગુણો હતા તે અમારામાં ઉતરે તેવી શક્તિ પ્રભુ અમોને આપે.

લી. આપનો આજ્ઞાંકિત
**સુકેશ, સુધા, હંસા, દિપીકા.**

---

## સ્વ. શ્રી અમૃતલાલ મગનલાલ ગાંધી



જન્મ તા. ૫-૬-૧૯૦૮
સ્વર્ગવાસ તા. ૬-૬-૧૯૮૧

જેઓએ શ્રી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈનસંઘ અમદાવાદના માનદ મંત્રી તરીકે છેલ્લાં ૨૫ વરસ સુધી રહી શ્રી સંઘની તન, મન અને ધનથી સેવા કરી છે અને શ્રીસંઘના પાયાના પત્થર બની સંઘની જાહોજલાલી વધારવામાં તેઓને મુખ્ય હિસ્સો હતો.

શ્રી ચીમનલાલ ડોસાભાઈ પટેલ
( સાણંદ )



શ્રી કાન્તાબેન ચીમનલાલ પટેલ



આપનામાં રહેલ સરળતા, દેવ – ગુરૂ – ધર્મ પ્રત્યેની શ્રધ્ધા, માનવભવને સાર્થક કરવાની ઉચ્ચ ભાવના તેમજ અમારા દાદા પૂ. ડોસાભાઇ ની ધર્મક્રિયા પ્રત્યેની અડગ શ્રધ્ધા આપ આપના જીવનમાં ઉતારી અમારામાં સુસંસ્કારોનું સિંચન કરી રહ્યા છો, તે બદલ અમે આપના ઋણી છીએ.

લિ. આપના પુત્રો,
નવાનતભાઈ સપરિવારના
કોટી કોટી વંદન

## શ્રી પ્રવિણચંદ્ર નરસીદાસ શાહ અ. સૌ. કમળાબેન પ્રવિણચંદ્ર શાહ
## (બોડેલી)



### પૂ. પિતાજી.

આજે અમે જે કાંઈ છીએ "તે આપનાજ સિંચેલા ધર્મ શ્રદ્ધા, માનવ સેવા અને કુટુંબ વાત્સલ્ય ભાવનાના સુસંસ્કારોનું જ ફળ છે. આપની સરળતા, નિખાલસતા, પ્રેમળ સ્વભાવ અને અમિદ્દષ્ટિ અમને હમેશા પ્રેરણા આપી રહ્યા છે. બાળપણમાં તોફાની ભણવામાં સાધારણ પરતું માદરેવતન સાણંદમાંથી બોડેલી પૂ. મામા સંઘવી રાયચંદ ધરમશીથીની નિશ્રામાં રહેવાનું થયું. બાળપણથીજ સાહસીક અને નિડરતાના ગુણોને કારણે આજે આપ રૂ ના વેપાર ક્ષેત્રે આગવું સ્થાન ધરાવો છો બોડેલી શ્રી સ્થા. જૈન સંઘના પ્રમુખ તથા સાર્વજનીક હોસ્પીટલના પ્રમુખ તેમજ અનેક નાની મોટી અનેક સંસ્થાઓ સાથે આપ જોડાયેલા છો "વહેતા જળ નિર્મળાભલા" અને ધન દોલત દેતા ભલા આ ઉકિત મુજબ આપ દેવ, ગુરુ ધર્મમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી માનવ જન્મને સાર્થક કરી રહ્યા છો બોડેલીમાં પધારતાં સંત-સતીજીઓના પરિચયમાં આપ આવતાં સંતોનો ખૂબજ ધાર્મિક પ્રેમ મેળવ્યો છે.

### પૂ. બા.

આપે અમારામાં દાન, ધર્મ અને અનુકંપાના સુસંસ્કાર રેડી અમારૂ તથા સમગ્ર પરિવારનું જીવન સદાચાર રૂચી ખુશ્બોથી મહેંકતું બનાવી રહ્યા છો આપનો જીવન મંત્ર બની રહ્યો છે. ઓછુ બોલવું તે આપના સાદાઇ, સરળતાના ગુણો જોઈ અમને નવી પ્રેરણા મળે છે. આપનું સ્વાસ્થય સારૂ રહે તેજ અંતરની શુભ ભાવના

---

આપના સુપુત્રો તથા પુત્ર વધુ
**જીતેન્દ્ર-ઝનક**
**અ. સૌ. ધર્મિષ્ઠા જીતેન્દ્રકુમાર**
**સુપુત્રી :-સ્નેહલ-ઉષા-હંસા-નલીની**

**સ્વ. તુલસીદાસ કલ્યાણજી ઉદાણી** **સ્વ. ચીમનલાલ તુલસીદાસ ઉદાણી**



મુળ વતન શીયાણી (સૌરાષ્ટ્ર) સ્વ. તા. ૧૪-૪-૮૧
ચૈત્ર સુદી-૧૧ને મંગળવાર

આપનાં જીવનમાં સહાનુભૂતિ 'સત્યતા' સમતા અને અનુકંપાના સુસંસ્કારોની સુવાસ અમારા હૈયામાં પ્રસરી છે આપના ધર્મમય જીવનથી અમારામાં ધર્મ પ્રત્યેની ધગશ અને અનેરી શ્રધ્ધા પ્રગટી છે.

આજે અમો જે કંઇ છીએ તે આપને જ આભારી છે આપની પ્રેરણાઓ અમે મૂર્તિમંત બનાવીએ એજ અંતરની મહેચ્છા. પરમકૃપાળુ પરમાત્મા આપને પરમ શાન્તી આપે તેવી પ્રાર્થના

લિ. આપનો ઉદાણી પરિવાર.

અ. સૌ. પ્રભાવતીબેન કિશોરચંદ શાહ શ્રી કિશોરચંદ લાલચંદ શાહ



દયા, દાન, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ અને વૈરાગ્યના જ્યાં જ્યાં લક્ષણ જોવામાં આવે ત્યાં ત્યાં ધર્મ રહ્યો છે. અન્યથા ધર્મ નથી. જીવન પથને અજવાળી શકે નહીં તે ધર્મ નથી, પણ અધર્મ છે.





**સ્વ. શ્રી મણિલાલ પુરૂષોત્તમદાસ સખીદાસ**
**જન્મ તા. ૨૦-૯-૧૯૦૩ સ્વ. તા. ૨૪-૩-૧૯૭૬**

વજ્રથી પણ કઠણ છતાં ફુલથી પણ કોમળ હૃદયવાળા આપશ્રીએ નાની વયથી જ સમગ્ર કુટુંબની જવાબદારી વહન કરતા સમાજમાં મોભાનું સ્થાન મેળવીને સુઝ, સમજ અને હિંમતનો જે પ્રત્યક્ષ પરિચય અમોને આપ્યો છે તે આપના પરિવારના અમો સૌ સભ્યો માટે પ્રેરણારૂપ છે. જવાબદારી વહન કરવામાં આવતી મુશ્કેલીઓ હસતા મુખે સહજ ભાવે પાર કરવાની આપની શક્તિ અમો પણ મેળવી શકીએ અને આપના ચીંધેલા સમાજોપયોગી કાર્યોની પરંપરા ચાલુ રાખી શકીએ એજ અભ્યર્થના.

લી. આપના સુપુત્રો,
**કાન્તિલાલ, નરેશચંદ્ર, પ્રફુલચંદ્ર**
તથા સપરિવાર.

**સ્વ. શ્રીમતિ ચંચળબ્હેન મણિલાલ સખીદાસ**
**સ્વર્ગવાસ તા. ૨૩-૪-૧૯૭૩**

પોતાની જીવનચર્યા દ્વારા આદર્શ જીવનનો સંદેશ કુટુંબના સર્વે સભ્યોને પાઠવીને આપે અમારા ઉપર જે મહાન ઉપકાર કર્યો છે તેના યત્કિંચિત ઋણરૂપે આપને અંજલી અર્પતા અમો સૌ આપની સ્મૃતિ અમારા દીલમાં કાયમ કરી રહ્યા છીએ.

સહનશીલતા ધર્મ પ્રત્યેની ઊંડી શ્રદ્ધા અને સગા-સ્નેહીઓ પ્રત્યે અથાગ પ્રેમનો વારસો અમો સૌ નિભાવી શકીએ એજ અભિલાષા.

લી. આપની પુત્રવધુઓ,
**અ.સૌ. લીલાવતીબ્હેન, અ.સૌ. સુભદ્રાબ્હેન**
**અ. સૌ. ઈન્દીરાબ્હેન**
તથા સપરિવાર.

સ્વ. આણંદજી વલમજી તલસાણીયા ગં.સ્વ. કસ્તુરબેન આણંદજીભાઇ તલસાણીયા



અમારા જીવનમાં આપે ધર્મના સંસ્કારોનું સીંચન કરી, ધર્મ કાર્યો અને સત્કાર્યો કરવાની પ્રેરણા આપી દરેક કાર્યમાં યોગ્ય માર્ગદર્શન આપી જીવનને ઉજ્જવળ બનાવવા બદલ આપના અમો ઋણી છીએ.

આપના સુપુત્રો,

**જયંતિલાલ આણંદજી તલસાણીયા**

**હરિશચંદ્ર આણંદજી તલસાણીયા**



## શ્રી લીલાધરભાઈ પોપટલાલ શાહ (ગુજરવદી)

જન્મ : તા. ૧૦-૧-૧૯૧૧ ] [ સ્વર્ગવાસ : ૧૪-૬-૮૧

વૃક્ષની જેમ સંસારનો તાપ તમે સહન કર્યો અને અમારા માટે તો શીળી છાંય આપી છે. તમે આપેલા ધર્મના સંસ્કાર અમોને માર્ગ બતાવનાર દીવાદાંડી રૂપ નીવડયા છે. તમે દર્શાવેલા પંથ ઉપર અમે સમાજને કાંઈક ઉપયોગી થઈ શકીએ તો અમે પણ કૃતાર્થ થઈશું.

પ્રભુ તમારા આત્માને શાંતી આપે એજ અમારી પ્રાર્થના.

**પી. લીલાધર એન્ડ કું.**
**શાહ લાઈટ કોરપોરેશન**
**ફાલ્ગુન સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ**

એજ લી.
**પ્રવિણ લીલાધર શાહ**
**તથા પરિવાર**

## સ્વ. સુમંતલાલ જે. શેઠ (માદુંગા)



[ સ્વ. તા. ૧૬-૭-૭૯ ]

આપના જીવનમાં સાદાઈ, સૌમ્યતા, સભ્યતા અને સદાચાર મહામંત્રો હતા. તેમજ બા. બ્ર. પૂ. શારદાબાઈ મહાસતીજીના પરિચયમાં આવ્યા પછી આપે ઘણાં વ્રત નિયમો લીધા અને આધ્યાત્મિક ક્ષેત્રે સારો આત્મવિકાસ સાધ્યો અને સમાજનાં તથા ધર્મના દરેક ક્ષેત્રે મને આપે સંપૂર્ણ સાથ અને સહકાર આપ્યો છે.

લી. આપની ભવોભવની ઋણી,
**લલિતા સુમંતલાલ શેઠ**

---

## શ્રીયુત તારાચંદ દીપચંદ અવલાણી
## મુંબઈ. (સાયન)

આપનું જીવન ન્યાય સંપન્ન, સત્ય, નીતિ અને સદાચારની સૌરભથી સુવાસિત છે. આપ ધર્મના અનુરાગી તો હતા. તેમાં મહાવિદુષી બા. બ્ર. પૂ. શારદાબાઈ મહાસતીજીનો સમાગમ થતાં આપના જીવનમાં ધર્મના તેજ અનેરા પ્રકાશ પાથરી રહ્યા છે. આપના જીવનમાં સાદાઈ, સૌમ્યતા, સભ્યતા અને સદાચાર તે તો આપના જીવનમંત્રો છે.

લી. ભવોભવનો ઋણી આપનો પરિવાર.



**સ્વ. રમણીકલાલ નારણદાસ શાહ**
**( ખાંડીયાવાળા )**



આપનો માયાળુ સ્વભાવ,
સંતો પ્રત્યેની સદ્ભાવના અને
કુટુંબ વાત્સલ્યતા, અમોને
હર હંમેશા યાદ રહેશે.

**ભારત ક્લીપ મેન્યુફેકચરીંગ કું.**
**મુંબઈ-૪૦૦ ૦૦૨.**

---

**હાથીછાપ ગોળવાળા**
**અ. સૌ.**
**કેસરબેન ભવાનજીભાઈ**
**(કચ્છવાળા)**



[ સ્વ. ૨૯-૯-૭૦ ]

વિશાળ વડલાની છાયા સમાન પ્રેમના પરાગને સીંચીને જીવન ઉન્નત બનાવનાર આપનો માયાળુ અને પ્રેમાળ સ્વભાવ, સદાય હસમુખો ચહેરો, કુટુંબ પ્રત્યેનું વાત્સલ્ય, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા, સહનશીલતા અને સાધુ સંતોની સેવા કરવાની તમન્ના વિગેરે આપના ગુણોએ અમારામાં સત્ય નીતિ સદાચારનું સિંચન કર્યું છે તે કદી વિસરી શકાય તેમ નથી.

લી.
**આપનો પરિવાર**
**હાલ-અમદાવાદ.**

સ્વ. કાનજીભાઈ ચત્રભુજ શાહ



: જન્મ :
તા. ૩-૯-૧૮૯૩ સં. ૧૯૪૯ શ્રાવણ વદ-૮

: અવસાન :
તા. ૧૮-૮-૧૯૭૩ સં. ૨૦૨૯ શ્રાવણ વદ-૫

સ્વ. વિજયાબેન કાનજીભાઈ શાહ



[ અવસાન : તા. ૩૦-૧૧-૧૯૬૫ ]

**પૂજ્ય બાપુજી,**

આપે આપના જીવનમાં ધંધા સાથે રાષ્ટ્રીય, સામાજીક તથા ધાર્મિક-ક્ષેત્રે અનેક સંસ્થાઓમાં સેવા આપી છે તેમજ જીવનના અંત સુધી સંત, સતીજીની સેવા કરી છે. આપના આશીર્વાદથી આજે અમે પણ એ કાર્યો કરી રહ્યા છીએ.

**આપનો પુત્ર, પ્રીતમ, જયા, ભારતી, ગીરા તથા**
**આપના પરીવારના સભ્યોના વંદન.**

જેમની સુવાસ સારાયે જૈન સમાજમાં સદાય મઘમઘતી રહેશે એવા પ. પૂ. પિતાશ્રી

**સ્વ. વકીલ**
**જગજીવનદાસ ડામરસીભાઈ શાહ**

શતઃ જીવમ્ શરદઃ —પ. પૂ. માતુશ્રી

**ગં. લલીતાબેન જગજીવનદાસ શાહ**





જન્મ : તા. ૨૧-૮-૧૯૦૭ ધાંધલપુર (સૌરાષ્ટ્ર)
સ્વર્ગવાસ : તા. ૯-૪-૧૯૮૧ સુરેન્દ્રનગર.

નાનપણથી વકીલાતના ધંધામાં ઝૂકાવી લખતર સ્ટેટના મર્હુમ રાજવી નામદાર ઈન્દ્રસિંહજીનું માન મેળવ્યું તથા તેના ચાહક રહ્યા સમસ્ત ઝાલાવાડ જીલ્લામાં ધંધાકીય ક્ષેત્રે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું તેઓની સમજ અને કુશાગ્ર બુદ્ધિથી અનેક મિત્રો અને સંસ્થાના રાહબર બન્યા. સુરેન્દ્રનગર સ્થાનકવાસી જૈન સંઘ, ઝાલાવાડ જૈન સભા, સુરેન્દ્રનગર શાખા, સ્થાનકવાસી જૈન બોડીંગ, વિ. અનેક સંસ્થાઓમાં પ્રમુખ હતા. તેમજ સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટી, તબીબી રાહત મંડળ જૈન છાત્રાલય વિ. અનેક સંસ્થાઓમાં સક્રિય કારોબારીમાં છેલ્લા ૨૫ વર્ષથી હતા. આવી રીતે સામાજીક ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે તથા ધાર્મિક ક્ષેત્રે છેવટના શ્વાસ સુધી કુશળ કામગીરી બજાવી અને લોકોના દીલ જીતી લીધા અને જીવન ધન્ય બનાવ્યું એવા પરમ ઉપકારી પૂ. પિતાશ્રીના ચરણ કમળમાં મસ્તક નમાવી કોટી કોટી વંદન કરીએ છીએ.

જેઓ નિરંતર શુભાશીર્વાદ અમારા ઉપર વરસાવી રહ્યા છે તેવા અનહદ ઉપકારી અમારા પૂ. માતુશ્રીના ચરણોમાં લાખ લાખ વંદન કરીએ છીએ.

અમો છીએ તેમના પરીવાર,

**શ્રી ધીરજલાલ જગજીવનદાસ શાહ**
**શ્રી રમેશચંદ્ર જગજીવનદાસ શાહ**
**વકીલ નરેન્દ્ર જગજીવનદાસ શાહ**
**શ્રી પ્રવિણચંદ્ર જગજીવનદાસ શાહ**
**શ્રી ડૉ. હસમુખ જગજીવનદાસ શાહ**
**શ્રી બીપીનચંદ્ર જગજીવનદાસ શાહ**

**અ.સૌ. નિલાબેન ધીરજલાલ શાહ**
**અ.સૌ. અરૂણાબેન રમેશચંદ્ર શાહ**
**અ.સૌ. હંસાબેન નરેન્દ્ર શાહ**
**અ.સૌ. ચારૂલતાબેન પ્રવિણચંદ્ર શાહ**
**અ.સૌ. આશાબેન હસમુખભાઈ શાહ**
**અ.સૌ. પ્રફુલ્લાબેન બીપીનચંદ્ર શાહ**

**કાંતીલાલ પ્રેમચંદ શાહ**
**કા. પ્રે. (મગફળીવાળા)**



[ જન્મ : તા. ૧૫-૯-૧૯૨૭ ]

જેમનામાં ધર્મના સંસ્કારો સાથે સ્વભાવની સરળતા અને નિખાલસતાનો સુંદર સુમેળ થયો છે. આપના હૈયામાં દયા અને દાન સહજ છે. સમાજ સેવાના કાર્યોમાં સદાય ઉત્સાહી અને તત્પર. જીવન સાદગી ભર્યું છે અને પુણ્ય યોગે પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો સુંદર સદ્ઉપયોગ કરો છો અને અમને પ્રેરણા આપો છો. ધંધાના ક્ષેત્રે પ્રમાણીકતાના સંસ્કાર રેડયા છે.

**મેનેજીંગ કમિટિમાં સભ્ય :**
**સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘ**
**ઝાલા. દશાશ્રીમાળી જ્ઞાતિ મંડળ**
**સ્થા. જૈન સંઘ (નારણપુરા)**
**સૌરાષ્ટ્ર સ્થા. જૈન યુવક મંડળ**

આ સિવાય અનેક નાની-મોટી સંસ્થાઓમાં મૂકસેવા આપી રહ્યા છો.

**અ. સૌ. મુક્તાબેન કાંતીલાલ શાહ**



[ જન્મ : તા. ૨૫-૫-૧૯૩૧ ]

"મુદ્રામાં રત્ન કણીકા" જેમ શોભે તેમ અમારા પૂ. માતુશ્રી અ. સૌ. મુક્તાબેન આપની દરેક શુભ પ્રવૃતિઓમાં ઓતપ્રોત બની ઉત્સાર પ્રેરણા આપી આદર્શ ગૃહીણી તરીકે આપની પ્રતિભાને વધુ ઉજ્જવળતા અર્પી રહ્યા છે. અમો આપના ઋણી છીએ-આપ દીર્ઘાયુ બની અમને સત્કાર્યની પ્રેરણા આપતા રહો એજ અભ્યર્થના.

આપના પુત્રો તથા આપની પુત્રી, પુત્રવધુ.
**ગિરીશ, જયેશ, કલ્પેશ, બીના, નંદા.**

**શ્રી રસિકલાલ વાડીલાલ મહેતા**
**(ડીસાવાળા)**

**સ્વ. કાંતાબેન રસીકલાલ મહેતા**
**(ડીસાવાળા)**





[ જન્મ : સંવત ૧૯૮૫ના આસો સુદ-૯ ]

પૂ. પિતાશ્રી આપે દાન, દયા અને ધર્મ તથા સદાચારના સંસ્કારોનું અમારામાં સિંચન કરી, વ્યવસાયમાં નીતીનો આદર સેવી જીવનને સદાચારી અને ધાર્મિક બનાવવાની અમને જે પ્રેરણા આપો છો. તે અમારા જીવનને સદા ઉન્નત અને પવિત્ર બનાવે તેવી ભાવના અમે સેવીએ છીએ.

સ્વર્ગવાસ :
સંવત ૧૯૩૩ના બીજા શ્રાવણની ૭મીને શુક્રવાર

દેવ, ગુરૂ અને ધર્મ પ્રત્યેની આપની શ્રદ્ધા, મહાસતિજી પ.પૂ. તારાબાઈ, પ્રભાવતીબાઈ અને હીરાબાઈ પ્રત્યેનો આપનો ભક્તિભાવ, ચોથા અણુવ્રતનો આપે કરેલો અંગીકાર તથા સાધુ-સાધ્વીઓની સેવા કરવાની આપની ભાવના અમારામાં ઉતરે અને અમારા જીવનને ધર્મમય બનાવે એવી ભાવના અમે સેવીએ છીએ.

આપનો પરિવાર :

**પુત્રો : કિરીટ, પીયુષ અને અતુલ. પુત્રીઓ : અનિલા, આશા, શિલ્પા અને સંગીતા પુત્રવધુઓ : જ્યોત્સના અને નયના. પૌત્ર : હીરેન. પૌત્રી કરિશ્મા. દૌહિત્ર : બન્ટી. દૌહિત્રીઓ : પીન્કુ, અમી અને રૂપા.**

## અ.સૌ. કાન્તાબહેન ચીમનલાલ કાપડીયા
## ( ખંભાત )



વિશાળ વડલાને છાયા સમાન, પ્રેમના પરાગ સીંચીને જીવન ઉન્નત બનાવનાર આપનો પ્રેમાળ-માયાળુ સ્વભાવ, સદાય હસમુખો ચહેરો, કુટુંબ પ્રત્યેનું વાત્સલ્ય, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા તથા સંતો પ્રત્યેની લાગણી વગેરે આપના ગુણો અમારામાં સત્ય, નીતિ અને સદાચારનું સિંચન કરી રહ્યા છે તે આપનો અમારા પર મહાન ઉપકાર છે.

લી. આપનો પરિવાર,

---

## અ.સૌ કમળાબહેન બાલચંદભાઈ
## ( સાણંદવાળા )



આપે નાનપણથી અમને સર્વેને ધાર્મિક સંસ્કારોનો વારસો આપ્યો છે. આવા ભૌતિક યુગમાં પણ જે સંસ્કાર વારસો અમારા જીવનને શાંતિ આપી રહ્યા છે. તેમજ આપની હાજરી અને સલાહ દરેક કાર્યોમાં ઉપયોગી થઈ રહ્યા છે. આપના ઉપકારોનું ઋણ ચૂકવવા અમે સમર્થ નથી છતાં ફુલ નહિને ફુલની પાંખડી રૂપે આ જ્ઞાન પ્રચારમાં ફાળો આપી કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

લી. આપનો પરિવાર,

**નરેન્દ્ર, યોગેશ, જયેશ.**

અ.સૌ. સ્વ. નાનીબહેન

સ્વ. ડૉ. કસ્તુરચંદભાઈ બાલાભાઈ શાહ | ડૉ. કસ્તુરચંદભાઈ બાલાભાઈ શાહના ધર્મપત્નિ





જન્મ - ભાદરવા વદ-૧૦ સંવત ૧૯૪૬
તારીખ ૮-૯-૧૮૯૧
અવસાન - પોષ વદ-૮ સંવત ૧૯૯૧
તારીખ ૨૭-૧-૧૯૩૫

જન્મ - સંવત ૧૯૫૦. સને ૧૮૯૩
અવસાન - માગસર વદ-૦)) સંવત ૧૯૯૦
તારીખ ૧૭-૧૨-૧૯૩૩

આજે અમે "જે કાંઇ છીએ" તે આપના જ સિંચેલા ધર્મ શ્રદ્ધા, માનવ સેવા, અને કુટુંબ વાત્સલ્ય ભાવનાના સુસંસ્કારોનું જ ફળ છે. આપની સરળતા નિખાલસતા, પ્રેમાળ સ્વભાવ અને અમિદૃષ્ટિ અમને હંમેશાં પ્રેરણા આપતા રહ્યા છે અમો આપના ખૂબ જ ઋણી છીએ.

લી. આપના,

રજનીકાન્ત કસ્તુરચંદ
પરિવાર

હસમુખભાઈ કસ્તુરચંદ
પરિવાર

શાંતીલાલ અમૃતલાલ વોરા



[ જન્મ : તા. ૬-૯-૧૯૧૨ ]

આપનું જીવન દાન, દયા, નિખાલસતા, સંતો પ્રત્યેની અપૂર્વ ભક્તિભાવ આદિ ગુણોની સુવાસથી મઘમઘી રહ્યું છે. જીંદગીની લીલી સુકી જોયા પછી સંપતી મળવા છતાંય સંપતિના મોહમાં નહી ફસાતા તેનો ધાર્મિક ક્ષેત્રોમાં સ્વધર્મી વાત્સલ્યતાના કાર્યોમાં સદ્ઉપયોગ કરી રહ્યા છો.

વહેતા જળ નિર્મળ ભલા,
સાધુ વિચરતા ભલા,
ધન દોલત દેતા ભલા.

શ્રીમતી અજવાળીબેન શાંતીલાલ વોરા



માતૃ સ્નેહ, વાત્સલ્ય અને પ્રેમનું ઝરણું છે, કડવું પીને અમૃત વહાવનાર છે. સાનુકુળ અથવા પ્રતિકુળ સંયોગોમાં ધૈર્ય રાખી અમારામાં સુસંસ્કારના બીજ આપ રોપી રહ્યા છો આપને અમારા હાર્દિક કોટી કોટી વંદન.

લી૦

આપના સુપુત્રો તથા સુપુત્રી કુ. નિત્યાબેન

## સ્વ. શીવલાલભાઇ પદમશીભાઈ તલસાણીયા



જન્મ : તારીખ ૨-૯-૧૯૦૩

સ્વ. : તારીખ ૨૮-૫-૧૯૬૯

**" જનાર તો જતા રહ્યા સદ્ગુણ એના સજીવ "**

જેમણે અમારા જીવનમાં સદાચારી સંસ્કારનું સિંચન કર્યું છે. તો તેનુ આજે અમે ધર્મક્ષેત્રે ઉપયોગ કરીને અમારા આત્માને કૃત્યર્થ માનીએ છીએ.

લિ. **નગીનદાસ શીવલાલ તલસાણીયા** ( લોખંડવાળા )
**અનુભાઈ શીવલાલ** " "
**રમેશભાઇ શીવલાલ** " "
મહેસાણાવાળા તથા પરિવાર.

## સ્વ. શ્રી કિશોરચંદ ન્યાલચંદ દોશી



જન્મ તા. : ૮-૧-૧૨ સ્વર્ગવાસ તા. ૨૦-૨-૭૭
મનુષ્ય જન્મ મહા મૂલ્યવાન છે, મનુષ્યત્વ પામીને તેને આર્થિક કરવું એજ મનુષ્યજન્મ પામ્યાનો સાચો અને મૂળભૂત સિદ્ધાન્ત છે. આપે સોરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન સંઘ તથા અનેક નાની મોટી સંસ્થાંઓમાં મૂક સેવક બનીને સેવાઓ આપી છે. આપના ગુણો ભૂલી શકાય તેમ નથી આપના અમે ઋણી છીએ.

## સ્વ. શ્રી કમળાબેન કિશોરભાઈ દોશી



અમારામાં ધાર્મિક સંસ્કારોનું આપે જે સિંચન કર્યું, સુસંસ્કારોના બીજ રોપ્યાં તે માટે અમે આપના ભવોભવના ઋણી છે.

લિ.

ભારતીબેન મહેશભાઈ સખીદાસ
રંજનબેન રમેશભાઇ પરીખ
નીરૂબેન પ્રદીપભાઈ શાહ

શ્રી રમણલાલ નાગરદાસ શાહ
(નાયકાવાળા)



"વહેતા જળ નિર્મળ ભલા, અને ધનદોલત દેતા ભલા" આ ઉક્તિ મુજબ આપ દેવ, ગુરૂ, ધર્મમાં સંપુર્ણ શ્રધ્ધા રાખી માનવ જન્મને સાર્થક કરી રહ્યા છો. આપને મળેલી લક્ષ્મીનો સદ્ઉપયોગ કરી રહ્યા છો. આપ ધંધાના ક્ષેત્રે પણ આગવું સ્થાન ધરાવો છો. આ જૈન સમાજ માટે ગૌરવરૂપ છે

લિ. આંપના સુપુત્રો
અરવિંદ, મહેન્દ્ર, કીરીટ, ડૉ. રજની
જીતેન્દ્રના અન્તરના વંદન.

---

ગં. સ્વ. શ્રીમતી નર્મદાબેન જગજીવનદાસ દોશી
(રબોલ-લીંબડી)



જેમની સતત ધર્મ તથા તપની વર્ષા પરિવારને સિંચન કરતી રહી છે.

લિ. અમૃતલાલ જ. દોશી

શ્રી મહાસુખભાઈ ડોસાભાઈ પટેલ



અ. સૌ. શાંતાબેન મહાસુખભાઇ પટેલ



અમારાં જીવનમાં આપે ધર્મરૂપી બીજ વાવ્યું અને સંસ્કારરૂપી જળનું સિંચન કર્યું. આપે પૂજ્ય દાદાના પુનિત પગલે ચાલી, અમને ધર્મસંસ્કારો આપી અમારા જીવનને ઉન્નત બનાવવામાં પ્રેરણા આપી રહ્યા છો, તે બદલ અમે આપના ઋણી છીએ. આપનું સ્વાસ્થ્ય સારૂં રહે તે જ અંતરની ભાવના.

લિ. આપના સુપુત્રોના અંતરના વંદન

**ડાહ્યાભાઈ મહાસુખભાઈ પટેલ**
**નંદુભાઈ મહાસુખભાઈ પટેલ**
**બંસીભાઇ મહાસુખભાઈ પટેલ**
**બાબુભાઇ મહાસુખભાઈ પટેલ**

શ્રીમતી સુશીલાબેન બંસીલાલ
કાપડીયા



પ. પૂ. બા. બ્ર. શ્રી શારદાબાઈ મહાસતીજી તથા અન્ય સતીવૃંદની પ્રેરણાથી તથા પ. પૂ. (સાસુ) ભૂરીબાના આર્શિવાદથી મારી ઘણા લાંબા સમયની વર્ષીતપ કરવાની ભાવના સફળ થઈ છે, તે સૌને મારા કોટી કોટી વંદન.

**સુશીલા બંસીલાલ કાપડીયા**

---

સ્વ. વીરચંદભાઈ મેઘજીભાઈ મેઘાણી
ગામ લાખેણી (હાલ અમદાવાદ)



"માનવ સેવા એજ મહાન ધર્મ છે."

એવા સંસ્કારોનું અમારામાં નાનપણથી સીંચન કરી અમારા જીવનને સદાચારના સન્માર્ગે લઈ જવામાં પ્રેરણા આપી તે બદલ અમો આપના ભવોભવના ઋણી છીએ.

લિ. આપના પુત્રો,
**હિંમતલાલ વીરચંદ મેઘાણી**
**અરવિંદકુમાર વીરચંદ મેઘાણી**
**તથા પરિવાર**

પૂજ્ય પિતાશ્રી
સ્વ. શેઠ સુખલાલ ડાહ્યાભાઈ
(એડવોકેટ) બી.એ.એલ.એલ.બી.

પૂજ્ય માતુશ્રી
સ્વ. ડાહીબેન સુખલાલ શેઠ





[ જન્મ : સંવત ૧૮૮૦ (વઢવાણ શહેર ]
[ અવસાન : ૩-૧૨-૬૧ - અમદાવાદ ]

[ જન્મ : સંવત ૧૮૯૦ - ધ્રાંગધ્રાં ]
અવસાન : તા. ૨૭-૧૦-૭૯ - અમદાવાદ ]

અમોને આપે કેળવણી આપી તથા સુસંસ્કાર જીવનમાં રેડી, સમાજમાં માનભર્યું જીવન બક્ષ્યું છે તે સદાય યાદ રહેશે.

આપે બાહોશ ધારાશાસ્ત્રી તરીકે કીર્તિ મેળવી અને જૈન ધર્મનો ઊંડો અભ્યાસ કર્યો તથા સમાજને સેવા આપી શાંતિથી સ્વર્ગે સિધાવ્યા તે જીવન અમોને સદાય પ્રેરણા આપશે.

લિ. આપના,

પુન્યદેવ સુખલાલ શેઠ
એડવોકેટ
અમદાવાદ

ડૉ. સરસ્વતી સુખલાલ શેઠ
એમ.બી.બી.એસ.
અમદાવાદ

સ્વ. શ્રી ઈશ્વરલાલ શામળદાસ મોદી પાલડીવાળા

સ્વ. શ્રી કાન્તાબેન ઈશ્વરલાલ મોદી પાલડીવાળા



જેમના મુખ પર સદાયે પ્રસન્નતા પ્રસરી રહેતી, ગરીબો પ્રત્યે જેમના દિલમાં અથાગ કરુણા ભરી હતી. માનવ ધર્મ એજ મહાન ધર્મ છે આપે માનવ જન્મ પામી ખરેખર તેને સાર્થક કર્યો છે. આપે આપની હયાતીમાં લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કર્યો અને હયાતિબાદ સંપતિનું ટ્રસ્ટ બનાવ્યું. ટ્રસ્ટમાંથી નાના—મોટા દાન અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટના કાર્યકર શ્રી લાલભાઈ કાચવાલા, નવીનભાઇ અને શ્રી કાંતીભાઇ વગેરેએ કર્યો છે. ધ ન્યવાદ....

આપનું જીવન દાન, દયા, નિખાલસતા, સંતો પ્રત્યેની અપૂર્વ ભક્તિભાવના આદિ ગુણોની સુવાસથી મઘમઘતું હતું. સંપત્તિ મળવા છતાંય સંપત્તિના મોહમાં નહી ફસાતા, તેનો ધાર્મિક ક્ષેત્રોમાં સ્વધર્મી વાત્સલ્યતાના કાર્યોમાં સદ્‌ઉપયોગ કરી આપે મોદી કુટુંબના નામને ઉજ્જવળ બનાવ્યું છે. ધન્ય છે. આપને સ્વ. ઇશ્વરલાલ મોદી ને અને નીચે મુજબના ટ્રસ્ટીઓને

લી. આપના ગુણાનુરાગી

લાલભાઇ. કાચવાળા. નવીનચંદ્ર. કાંતીલાલ રજનીભાઈ અને જયંતીભાઈ

પૂજ્ય માતુશ્રી શકરીબહેન વાડીલાલ ડેલીવાળા.



અમારામાં સુસંસ્કારોનું સિંચન કરી, અમારું જીવન ઘડતર કર્યું. અમોને પ્રેરણા આપી અમારા જીવનને ઉજ્જવળ બનાવવામાં આપનો અમૂલ્ય ફાળો છે તે માટે અમે આપના ભવોભવના ઋણી છીએ.

લિ. ચન્દ્રકાન્ત વી. ડેલીવાળા
હાલ અંધેરી

# શ્રીયુત ચુનીભાઈ ધોરીભાઈ પટેલ



જન્મ સંવત ૧૯૬૯ ભાદરવા વદ ૨ બુધવાર તા. ૧૭–૯–૧૯૧૩

શ્રી નવનીતભાઇના પ. પૂજ્ય પિતાશ્રી

## માતૃદેવ ભવ
## અ. સૌ. સૂરજબેન ચુનીલાલ ધોરીભાઈ પટેલ (સુણાવવાળા)



આપશ્રી અમારામાં જે ધાર્મિક સંસ્કારોનું સિંચન કરી રહ્યા છો અને અમારા જીવનને સન્માર્ગે લઈ જવામાં જે પ્રેરણા આપી રહ્યા છો તે માટે અમો આપશ્રીના ભવોભવના ઋણી છીએ. શિશુવયમાંથી આપે અમારા જીવનમાં ધાર્મિક સંસ્કારોનાં બીજ વાવ્યાં છે જેને કારણે સત્ય, નીતિ અને સંતસેવાના સુમનો અમારામાં સહજ રીતે ખીલ્યા તે ઉપકારનો બદલો વાળવા અમે સમર્થ નથી, તે ઉપકારના ઋણથી મુકત થવા 'ફુલ નહિ તો ફુલની પાંખડી'રૂપ ધર્મક્ષેત્રે કંઈક અર્પણ કરીને અમે કૃતકૃત્ય થયાનો સંતોષ અનુભવીએ છીએ.

લિ. આપના ગુણાનુરાગી
**નવનીતલાલ ચુનીલાલ પટેલ**
**પ્રવીણચંદ્ર ચુનીલાલ પટેલ**
**જયંતીલાલ ચુનીલાલ પટેલ**
**(પાર્શ્વનાથ કોર્પોરેશનવાળા)**

નીશીથ જયંતીભાઈ પટેલ



ઋષભ નવનીતભાઈ પટેલ



ભાવિક જયંતીભાઈ પટેલ



રાજીવ પ્રવીણભાઈ પટેલ



ફુલ ગયું અને ફોરમ રહી ગઈ એવા



**સ્વ. નાથાલાલ લાલચંદ શાહ**
**જન્મ : ૩૦-૧૨-૧૯૧૫ સ્વર્ગવાસ : ૧૭-૨-૭૬**

---

**સ્વ. પિતાશ્રી હેમચંદ કેશવજી વોરા**  **ગં. સ્વ. માતુશ્રી મણીબેન હેમચંદ વોરા**

જીવન ઘડતરનો પાયો માતા-પિતા છે. આપે અમારા જીવન ઘડતરમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું તેમજ અમોને એજ સંસ્કારોએ ધર્મ કાર્યો તેમજ સત્-કાર્યો કરવાની પ્રેરણા આપેલ છે.

આપના જીવનમાં સહાનુભૂતિ, સત્યતા, સમતા અને અનુકંપાના સુસંસ્કારોંની સુવાસ અમારા હૈયામાં પ્રસરી છે. આપના ધર્મમય જીવનથી અમારામાં ધર્મ પ્રત્યેની ધગશ અને અનેરી શ્રદ્ધા પ્રગટી છે.



**લિ. આપના પુત્રો**
**વિનયચંદ્ર વોરા - પ્રવિણભાઈ વોરા**
**અં. સૌ. સરલાબેન વિ. વોરાના વંદન**



ગં' સ્વ. શાન્તાબેન વાડીલાલ દેસાઈ
( બાપોદરાવાળા )

દેસાઈ કુટુંબના વડલો માતુશ્રી આપની છત્રછાયા નીચે ધાર્મિક સંસ્કારો મેળવી સચ્ચાઈથી આપની સેવા કરવા અમો ઇશ્વર પાસે પ્રાર્થનાં કરીએ છીએ.

લિ. પુત્ર નવિનચંદ્ર વાડીલાલ દેસાઈ
( જયશ્રી સ્ટેશનરી માર્ટવાળા )

---

સ્વ. કેશવલાલ હીમચંદ સલોત
નાગલપુરવાળા



જન્મ : સને ૧૮૮૫
સ્વ. સને ૧૯૬૩

સ્વ. પાર્વતીબેન કેશવલાલ સલોત
નાગલપુરવાળા



જન્મ : સને ૧૮૮૯
સ્વ. સને ૧૯૫૫

આપે મનુષ્ય જન્મ પામીને તેને સાર્થક કર્યું. આપે અમારા જીવનમાં જે સંસ્કારોનું સિંચન કર્યું છે. તેને આચરણમાં મૂકી શકીએ એજ અભ્યર્થના

લિ. આપનો પરિવાર

સ્વ. ફાલ્ગુની ચંદ્રકાન્ત બોટાદરા
ઉંમર વર્ષ–૯

સ્વ. જમકબેન ચુનીલાલ બોટાદરા

: જન્મ :
તા. ૫–૩–૭૨

: સ્વર્ગવાસ :
તા. ૧૬–૫–૮૧





: સ્વર્ગવાસ :
તા. ૯–૯–૬૪

પુષ્પ ખીલ્યાની સાથે જ કરમાઈ ગયું અમારા મનમંદિરમાં તારૂં સ્મરણ રાત–દિવસ રહ્યા કરે છે. ભગવાન તારા આત્માને શાંતિ આપે.

લી૦

**ચંદ્રકાન્ત ચુનીલાલ બોટાદરા–પિતા**
**ઈન્દીરા ચંદ્રકાંત બોટાદરા–માતા**
**તથા સહપરિવાર**

માતાના પ્રેમથી જગતમાં કાંઈ વિશેષ નથી. આપે અમારા માટે ઘણું કર્યું છે, પણ ઋણ ચૂકવવાની તક આપ્યા વિના આપે વિદાય લીધી. પ્રભુ આપના આત્માને શાન્તી આપે.

આપના પુત્રો તથા સહપરિવાર,

**અનંતરાય, રમણીકલાલ, ચંદ્રકાન્ત**
**તથા પુત્રવધુઓ**
**સરલા, મધુકાન્તા અને ઈન્દીરા**

---

## અજવાળીબેન રતીલાલ સખીદા



વહેતા જળ નિર્મળ ભલા, અને ધન–દોલત દેતા ભલા.

એ યુક્તિ મુજબ આપના ધર્મપ્રેમી પ. ભ. શ્રી રતીભાઇ તથા આપે મળેલ લક્ષ્મીનો દાન–ધર્મમાં સદ-ઉપયોગ કરી અનેક સંસ્થામાં નાના–મોટા દાન કર્યા છે. સૌરાષ્ટ્ર સંઘ વાડી. ગાંધીનગર ઉપાશ્રય, લીંબડા પૌષધશાળા ધ્રાંગધ્રા ઉપાશ્રયમાં તેમજ નાની–મોટી અનેક સંસ્થાઓમાં ઉદાર હાથે આપે લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરી માનવજીવનને સાર્થક બનાવ્યું છે. તથા કેળવણી ક્ષેત્રે લીંબડીમાં મોટું દાન આપી શ્રી રતીલાલ શીવલાલ સખીદા આર્ટસ કોલેજ શરૂ કરી છે, તે માટે અંતરના વંદન ....

સ્વ. છોટાલાલ ચુનીલાલ બેનાણી

# શ્રદ્ધાંજલિ



સ્વર્ગવાસ ૧૮-૧૨-૧૯૮૦

જેમણે સભ્યતા, સૌમ્યતા, સાદાઈ, સદાચાર અને સત્યના પંથે કુટુંબીજનોની પ્રગતિ માટે ઉચ્ચ સંસ્કાર તથા માનવ સેવાની ઉચ્ચ વૃત્તિ વારસામાં આપી તેવા પ્રાતઃ સ્મરણીયને વંદન.

ચુનીલાલ વૃજલાલ બેનાણી અને કુટુંબીજનો.

## ગં.સ્વ. દીવાળીબેન વિઠ્ઠલદાસ શાહ
## (બાબરાવાળા-હાલ અમદાવાદ)



રાખીને દિલ સાફ નિરંતર
તમે પ્રેમથી પ્રભુ ભક્તિ કરી
અળગી કરી આશા પરાઈ
અરિહંતની તમે એક આશા કરી
એ ધર્મ પ્રેમી વાત્સલ્ય મૂર્તિમાં
નમ્રતા તમારી તો વશી કહું ?
"વસુધૈવ કુટુંબ કમ" જીવીરહ્યા તમે
વારંવાર પ્રણમીયે તમને અમે.

આપનો પરિવાર.

---

## ગં. સ્વ. માતુશ્રી
## મણીબેન તલકચંદ શાહ



આપે અમારામાં બાળપણથી જ સુસંસ્કારોનું સિંચન કર્યું. આપે સંતોનો સમાગમ કરી જીવનમાં તપ અને દયા ધર્મને આચરણમાં મુકયો છે. નાની મોટી અનેક તપસ્યાઓ આપે જીવનમાં કરી છે અને આ ઉંમરે પણ આપ તપસ્યા અને દાન દયા ધર્મમાં જીવન વિતાવી રહ્યા છો. આપ આપણા કુળને ઉજમાળ બનાવી રહ્યા છો. આપના તપ–ત્યાગ–દાન સત્ય ધર્મના સંસ્કારો અમારા જીવનમાં ઉતરે એજ અભ્યર્થના.

**આપના સુપુત્રો, પુત્રવધુઓ તથા**
**સમસ્ત પરીવાર.**

## સ્વર્ગસ્થ છોટાલાલ જેઠાલાલ શાહ (વિસલપુરવાળા)



[ નિર્વાણ દિન : તા. ૨૩-૯-૭૫ ]

પ્રભુ તમારા આત્માને શાંતી અર્પે તેવી પ્રાર્થના.

હ. જયંતીલાલ છોટાલાલ કાચવાળા તથા નવિનચંદ્ર છોટાલાલ કાચવાળા
સરોજ, વીણા, રાજેશ, પન્ના, શશીન, મનીષ, કેતન.

# સ્વ.: શ્રી તલકચંદ સાંકળચંદ શાહ



જન્મ સ્થળ : રાજચરાડી. (ધાંગધ્રા)

**પૂજ્ય પીતાશ્રી,**

વહેતા જળ નિર્મળા ભલા અને ધન દોલત દેતા-ભલા એ સંસ્કાર આપે અમોને પાયા, સંપત્તિ અને સ્મૃદ્ધિ, સંપ અને સદાચાર એ તો પુન્યની પ્રસાદી છે.

આપનો વિનમ્ર તથા દયાળુ સ્વભાવ, સદવિચાર તથા ધર્મ પ્રત્યેનો અનન્યભાવ, દેવ ગુરૂ ધર્મ પ્રત્યેનો અથાગ પ્રેમ, તથા સંત સેવાએ આપના આદર્શો અમને કાયમ જાગ્રત બનાવી આપના સદગુણોનો વારસો અમારા શાશ્વત શ્વાસ બની રહો એજ પ્રાર્થના.

'ન્યાય નીતિ નૌકા નિજ તનકી, આ ભવસાગર સૌ તરજો,
કંઈ દીનજનોનાં દુખ હરજો, ધ્યાન વીરનું ધરજો'.

લિ. આપના

**ધર્મપત્ની, પુત્રો, પુત્રીઓ તથા સમસ્ત પરિવાર**



સ્વ. પીતાંબર ગુલાબચંદ સંઘવી



સ્વ. દેવકુંવરબેન પીતાંબર સંઘવી

આપે અમારામાં જે ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું હતું અને અમારા જીવનને સન્માર્ગે લઇ જવામાં જે પ્રેરણા આપી હતી. તે માટે અમો આપના ભવોભવનાઋણી છીએ.

આપનો ઋણી સમગ્ર પરિવાર.

## સ્વ. અમૃતલાલ કોઠારીની પુણ્ય સ્મૃતિમાં
## ધ્રાંગધ્રા નિવાસી હાલ માટુંગા



જન્મ : તા. ૩૦-૭-૧૯૧૮ ]     [ સ્વર્ગવાસ : તા. ૨૭-૧૨-૮૦ માગશર વદ-૬ સં. ૨૦૩૭

જીંદગીની દેણગી, દીધી ઇશ્વરે પ્રેમથી !
પાળવી-પોષવી-પંપાળવી, બહુ જતનથી !
લીધી દીક્ષા શિક્ષણ તણી, પૂર્વના હો પુણ્યથી,
ના રાખી અપેક્ષા ફળ તણી, કાર્યો શુભ કરતાં રહી.
સ્વજન સંગે પરજનની, સેવા કરી બહુ ખંતથી;
સેવા એજ ધર્મ છે, સમજાવીયું સ્વકર્મથી,
વિતાવી જીંદગી આનંદથી સુખદુ:ખમાં સમતોલથી,
ના લેશ ગર્વ ઉરે ધરી, વિદાય લીધી હસતાં રહી.

લી. **કાંતાબેન અમૃતલાલ કોઠારી તથા કોઠારી પરિવાર.**

## અ. સૌ મધુકાન્તાબેન સેવંતીલાલ શાહ



શ્રી કાંતીલાલ પોપટલાલ શાહ (રાજસીતાપુર-વાળા) ઘીવાળાના સુપુત્ર સેવંતીલાલ કાંતીલાલના ધર્મપત્ની મધુકાન્તાબેને પર્યુષણપર્વ નીમીત્તે નવ ઉપવાસની તપસ્યા કરી તે પ્રસંગે.

## સ્વર્ગસ્થ સુરજબેન પરસોતમદાસ શાહ



જન્મ :
સને ૧૯૦૨

[અવસાન :
સને ૧૯૭૩

તેઓ ઉદાર અને સરળ સ્વભાવી હતા અને વર્ષીતપની તપશ્ચર્યા કરી હતી.

**હ. ગીરધરલાલ પરસોતમદાસ શાહ**

## શ્રી ગીરધરલાલ મંછાચંદ શાહ



શ્રી ધાનેરા સમાજના એક પ્રતિષ્ઠિત અને સમાજસેવી અગ્રગણ્ય વ્યક્તિ છે. શ્રી ધાનેરા શ્વે. સ્થાનકવાસી જૈન સંઘના તેઓશ્રી પ્રમુખ છે. મુંબઈમાં જાતમહેનત અને પોતાના સ્વબળે ઝવેરાતનો ધંધો વિકસાવી આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે, એટલું જ નહીં પણ સામાજિક-ધાર્મિક શિક્ષણ અને તબીબી ક્ષેત્રે તેમની કારકીર્દિ ઉજ્જવળ છે. ધાનેરાની કેટલીક સંસ્થાઓના તેઓશ્રી પ્રાણ સમાન છે. શ્રી ધાનેરા આરોગ્ય સમિતિ-શ્રી ધાનેરા કેળવણી મંડળ શ્રી પારસ સેવા સમિતિ સંચાલિત ભોજનાલય આદિ સંસ્થાઓના પ્રમુખ છે. ધાનેરા પાંજરાપોળના માનનીય ટ્રસ્ટી છે. દુષ્કાળ સમયે ધાનેરા પાંજરાપોળને પૂર્ણ સહયોગ આપી જીવદયાના કાર્યમાં મોટો ફાળો એકત્ર કરવામાં તેઓશ્રી મોખરે રહ્યા છે. જીવનમાં સાદાઈ-સરળતા અને વતન પ્રત્યેનો પ્રેમ હોવાથી આજે પણ ૭૫ વરસની બુઝર્ગવયે પરમાર્થના સર્વાંગી ક્ષેત્રે તન-મન અને ધનથી સેવા આપી લક્ષ્મીનો સદુપયોગ કરી રહ્યા છે. એમનું જીવન આજની યુવા પેઢીને ખૂબ જ પ્રેરણાદાયી છે. પ્રભુ તેમને દીર્ઘાયુ બક્ષે !

---

## જસરાજભાઈ હરગોવિંદદાસ શાહ



એચ. રજનીકાન્ત એન્ડ કાં.

પ્રો. :- જસરાજભાઈ હરગોવિંદદાસ શાહ

૩૦ વર્ષ સુધી લોખંડ હાર્ડવેરમાં કામ કરી ૧૯૭૫ની સાલમાં દુકાનમાં મુખ્યત્વે મારા છોકરાઓજ મારી સાથે કામ કરતા હતા તે અમેરીકા જતાં સદરહુ પેઢી બંધ કરી હાલ તદ્દન નિવૃત છું. સં. ૨૦૩૮ કારતક માસ.

પૂજ્ય પિતાશ્રી
દુર્લભજીભાઈ રાઘવજીભાઈ કામદાર



સ્વર્ગવાસ : સંવત ૨૦૦૧ વૈ. સુદ-૮
તા. ૧૯-૫-૧૯૪૫

પૂજ્ય માતુશ્રી
મણીબેન દુર્લભજીભાઈ કામદાર



સ્વર્ગવાસ : સંવત ૨૦૨૬ વૈ. વદ-૧૪
તા. ૩-૬-૧૯૭૦

પવિત્રતાના ઉચ્ચ ગુણોવાળા, સુનીતિવાળા, સુસંસ્કારી, સંયમી, ક્ષમાવંત, ધર્મપરાયણ અને વાત્સલ્ય ભાવથી અમારૂં જીવન સુખી કરવા આપે જે શ્રમ સેવ્યો તે આપના અનેક શુભ ગુણોના સ્મરણાર્થે

આપના ઋણી
રતીલાલ દુર્લભજીભાઈ કામદાર
અ. સૌ. સરયુબાળા રતીલાલ કામદાર
તથા
આપના પરિવારના
અંતઃકરણપૂર્વક કોટી કોટી વંદન

: પિતાશ્રી :
સ્વ. પોપટલાલ જગજીવનદાસ શાહ



સ્વર્ગવાસ : તા. ૬-૧-૧૯૫૭

: માતુશ્રી :
સ્વ. ચંચળબેન પોપટલાલ શાહ



સ્વર્ગવાસ : સંવત ૧૯૯૬ પોષ સુદ ત્રીજ

"વહેતા જળ નિર્મળ ભલા અને ધન દૌલત દેતા ભલા" એ સંસ્કાર આપે અમોને ગળથૂથીમાં પાયા. સંપત્તિ અને સ્મૃદ્ધિ, સંપ અને સદાચાર એ તો પુણ્યની પ્રસાદી છે એટલે મળેલી લક્ષ્મી સમાજકલ્યાણના જનતા જનાર્દનના, સ્વધર્મી વાત્સલ્યતાના કાર્યોમાં વાપરી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરવા માટે આપે અમારૂં જે ચારિત્ર ઘડતર કર્યું છે તે માટે અમો આપના જન્મો–જન્મના ઋણી છીએ.

લિ૦
અરવિંદભાઈ પોપટલાલ શાહ
મધુબેન અરવિંદભાઈ શાહ
તથા કુટુંબીજનો.

સ્વ. ભાઈલાલ અમૃતલાલ દેસાઈ



માનવ જીવન વારંવાર મળતું નથી." માટે જીવનમાં જે કાંઈ પળ મળી છે તેનો યથાર્થ સદ્ઉપયોગ કરવાનો સુમાર્ગ, ગુરૂદેવો પાસેથી જાણી, આપે આપનું જીવન સેવામાં સમર્પણ કર્યું. આપે શ્રી સૌ. સ્થા. જૈન સંઘ તેમજ શ્રી ઝા. દશા. શ્રીમાળી જ્ઞાતિબંધારણના દરેક કાર્યોમાં આપેલ અગ્રગણ્ય ફાળો હંમેશને માટે યાદ રહેશે.

લિ. આપના પુત્રો,
**દીનેશભાઈ, અનિલભાઈ, સુરેશભાઈ**
તથા પરિવાર

સ્વર્ગવાસ : તા. ૧૪-૨-૧૯૭૪

---

શ્રી ચંદુલાલ ત્રીભોવનદાસ પરીખ. (લીંબડીવાળા)

અ. સૌ. કસુંબાબેન ચંદુલાલ પરીખ.





જન્મથી માણસ થવાતું નથી, જાગૃતિથી માણસ થવાય છે.
માણસની માફક જન્મવું એ એકવાત છે. અને માણસ બનવું તે તદ્દન જુદી વાત છે.





સ્વ. કસ્તુરચંદ ચત્રભુજ શાહ ચંચળબેન કસ્તુરચંદ શાહ
તુરખાવાળા

આપે આપેલા ધર્મસંસ્કારો અમારા જીવનને ઉન્નત બનાવે એવી અંતરની ભાવના

પ્રવિણચંદ્ર કસ્તુરચંદ શાહ
ભાઇલાલ કસ્તુરચંદ શાહ
રમેશચંદ્ર કસ્તુરચંદ શાહ
જશવંતલાલ કસ્તુરચંદ શાહ
(લોખંડવાલા)

---

સ્વ. મંગળાબેન શીવલાલ તલસાણીયા



માતૃપ્રેમ એ સ્નેહની સરવાણી અને વાત્સલ્યનું વહેતુ ઝરણું છે. જગતમાં બધું મળશે પણ જનનીની જોડ મળતી નથી. એવા હે માતાજી આપે અમારા જીવનમાં માનવતા, દયા, કરૂણા, અનુકંપા અને પરોપકારરૂપી મહાન સદ્‌ગુણોથી સંસ્કારોના અમૃત પાયા છે. તે બદલ અમો આપના ભવોભવના ઋણી છીએ.

આપનો પુત્ર,
અનુભાઈ શીવલાલ શાહ તથા પરિવાર
(મહેસાણાવાળા)

## સ્વ. વૃંદાવનદાસ વલ્લભદાસ મહેતા



**જન્મસ્થળ : રાજકોટ. * સ્વર્ગવાસ અમદાવાદ તા. ૨૩-૧૨-૧૯૯૦**

સદ્દગત શ્રી વૃંદાવનદાસભાઈએ ગરીબીમાં જન્મ લીધેલ પ્રાથમિક શિક્ષણ રાજકોટમાં લઈને વ્યવસાયે બર્મા ગયેલાં ત્યાં સારી પ્રગતી કરી. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન સ્વદેશ પાછા આવી અમદાવાદમાં સ્થીર થઈ કાપડનો વેપાર શરૂ કરેલ અને તેમાં તેમની કુનેહ અને ખંતથી સારો વેપાર અને આબરૂ મેળવી હતી તેઓશ્રીએ સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી મિત્રમંડળના પ્રમુખસ્થાને ૧૪ વર્ષ રહીને સમાજની ઘણી સુંદર સેવા કરી છે શ્રી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન સંઘના કાર્યવાહક સમીતીના સભ્ય હતા ચીતોડગઢ જીલ્લામાં હિન્દુ કસાઈને જૈન (વીરવાલ જૈન) બનાવવામાં તેઓએ ઘણો રસ લીધેલો હતો.

સ્વભાવે ઘણા જ માયાળુ હસમુખા ધર્મપરાયણ અને દયાળુ હતા.

સદ્દગતના ધર્મપત્ની **વસંતબેન તથા પુત્રો શ્રી દેવેન્દ્રભાઈ અને શ્રી વીરાજભાઈ**
યથાયોગ્ય સમાજ-સેવામાં ફાળો આપી રહ્યા છે.

## (સ્વ.) ચંદુલાલ શીવલાલ સંઘવી (સ્વ.) કંચનબેન ચંદુલાલ સંઘવી





વિશાલ વડલાની છાયા સમાન પ્રેમના પરાગને સીંચીને જીવન ઉન્નત બનાવનાર આપનો માયાળુ અને પ્રેમાળ સ્વભાવ, સદાય હસમુખો ચહેરો, કુટુંબ પ્રત્યેનું વાત્સલ્ય, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા તથા સહનશીલતા વગેરે આપના ગુણોએ અમારામાં સત્ય, નીતિ અને સદાચારનું સિંચન કર્યું છે તે કદી વિસરી શકાય તેમ નથી અમો આપના ભવભવના ઋણી છીએ.

અમો છીએ આપના,

સુપુત્રો :- **જયંતી, રમેશ, ભરત, અનીલ, રજની**
પુત્ર વધુ :- **ઇન્દુ, સુરેખા, ઉષા, રીટા, રેણુકા.**
પુત્રીઓ :- **કૈલાસ ત્રંબકલાલ શાહ તથા ધર્મિષ્ઠા રજનીકાન્ત ગોપાણી**

---

**સ્વ. કાંતીલાલ પ્રેમચંદ સંઘવી.**
**( લીંબડીવાળા )**



**— અણમોલ મોક્ષ :—**

**"ફુલ તો ખરી ગયું પણ ફોરમ તેની રહી ગઇ"**

તેમ આપ તો ચાલ્યા ગયા, પણ આપના સદગુણો ખુબ સાંભરે છે. આપે અનેક કષ્ટ સહન કરીને અમને પ્રગતિના પંથે મૂકી દીધા. પણ એ પ્રગતિ જોવા આપ ન રહ્યા. તેનું અમોને ખુબ દુઃખ છે. પૈસા કરતા સંસ્કારને આપે વધુ મહત્વ આપ્યું. આપે અમારા જીવન ઘડતરમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું. આપનો માયાળુ અને પ્રેમાળ સ્વભાવ, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા, સહનશીલતા અને સાધુ–સંતોની સેવા કરવાની તમન્ના વિગેરે આપના ગુણોએ અમારામાં સત્ય, નીતિ, સદાચારનું સિંચન કર્યું છે. અમારા જીવનને સન્માર્ગે લઈ જવામાં જે પ્રેરણા આપી હતી તે માટે અમો આપના ભવોભવના ઋણી છીએ. આપના ગુણોનો વારસો અમારા જીવનમાં આવે અને તે અમારા જીવનને ઉજ્જવળ બનાવે.

આપને હરઘડી યાદ કરનાર,

લિ. આપના ધર્મપત્નિ :-

**સવિતાબેન કાંતીલાલ સંઘવી તથા આપનો**
**ચિ. પુત્ર :- કિરીટકુમાર કાંતીલાલ સંઘવી**

**સ્વ. ગોપાણી ઠાકરસીભાઈ ડાહ્યાભાઈ**



પિતાશ્રી

અમારામાં ધાર્મિક સંસ્કારોનું આપે જે સિંચન કર્યું. આપની સાદાઈ, સરળતા, ધર્મ-પ્રત્યેની ધગશ, અમારા જીવનને સન્માર્ગે લઈ જવામાં આપની મીઠી હુંફ હમેશ યાદ રહેશે. અમારા જીવનને સન્માર્ગે લઈ જવામાં અને સદાચારી સંસ્કારિતાના સુપંથે વિચરવામાં અમે સફળ બન્યા તે માટે આપના ભવોભવના ઋણી છીએ.

**લી. આપના સુપુત્રો.**
**દ. ઉમેદચંદભાઈ ગોપાણી**

**અ. સૌ. કંચનબેન ઉમેદચંદ ગોપાણી**



(સૌરાષ્ટ સ્થા. જૈન સંઘ મેનેજીગ કમીટીના સભ્ય **શ્રી ઉમેદચંદભાઈ ઠા. ગોપાણી**ના ધર્મપત્ની)

આપે અમારામાં બાળપણથી જ ધર્મના સંસ્કારોનું સિંચન કર્યું. આપ કુટુંબની અવર્ણનીય સેવા કરી રહયા છો—એટલુંજ નહી પરતું સંત-સતીજીની વૈયાવચ્ચ તેમજ સૌરાષ્ટ્ર સંઘમાં મુકસેવક બની મલ્લી ભગવતી મહિલા મંડળના નામને ઉજજવળ બનાવી રહયા છો— આપની નાદુરસ્ત તબિયતમાં પણ આપની ધાર્મિકવૃતી સમાજ સેવા, ખુબજ પ્રસસનીય છે. સ્વભાવે મિલનસાર આપના ઋણી છીએ પૂ. કાકા (**શ્રી ઉમેદચંદ ગોપાણી**) અમારા કુટુંબના પરમ ઉપકારક છે.

**લી. આપના સુપુત્રો.**
**જયસુખ, ભરત. અજીત, સુકેતુ**
**ના વંદન.**

**કમળાબેન ચંદુલાલ દોશી** **સ્વ. ચંદુલાલ પ્રાણલાલ દોશી (ઘડીયાળી)**





## સ્વર્ગવાસ : ૧૨-૬-'૭૧

બાવન વર્ષના ભર્યા ભર્યા આયુષ્ય દરમ્યાન અનેક ઉતાર—ચડાવ જોયા. ગરીબાઇ...અભાવ...ઉલાપ...વંચીતતાથી માંડી—સુખ...સમૃદ્ધિ...સમભાવ...અને સ્વાર્પણ સુધીના જીવનના જુદા જુદા તબકકાઓમાંથી પસાર થઇ ૧૨-૬-'૭૧ ના દિવસે જ્યારે આ ભૌતિક જગતને છેલ્લા પ્રણામ કરી તેમણે આંખો મીંચી દીધી ત્યારે...તેમના ચહેરા ઉપર સૂર્યના અંતીમ કિરણો જેવો શીતળ પ્રકાશ પથરાયેલો હતો. સમગ્ર જીવન તેમણે સંઘર્ષ અને સાદગીમાં વિતાવ્યું હતું. ધર્મ અને કર્મનો સમજદારીપૂર્વક સમન્વય કરી...તેમણે જીવનનો યથાતથ સ્વરૂપે સ્વીકાર કર્યો હતો...એટલે જ વિશાળ પરિવાર અને સ્વજનો–મિત્રોમાં તેમના પ્રાણનો અંશ...સ્મૃતિ બની આજે પણ સુગંધ ફેલાવી રહ્યો છે. આ બધુ છતાં...**સ્વ. ચંદુલાલ પ્રાણલાલ દોશી** એ મહાન સિધ્ધિઓ હાંસલ કરી ન હતી...

પરંતુ સચ્ચાઇ...સદ્‌ગુણ અને સૌજન્ય પૂર્વક જીંદગીને નીકટતાથી સ્પર્શવાનો–સમજવાનો તેમણે આ જીવન પ્રયત્ન કર્યો હતો. ૧૯૨૯માં તેમણે **"ન્યુ ભારત વૉચ કંપની"** ની સ્થાપના કરી. ૧૯૫૫માં તેમણે **"જયહિંદ વૉચ કંપની"** શરૂ કરી અને ચાર સંતાનો તથા પ્રેમાળ અને ધર્મપારાયણ પત્ની **કમળાબેન** ને... પોતાની જીવનયાત્રાનો શેષ–ભાગ સોંપી ૧૯૭૧ માં તેમણે ભૌતીક જીવન સમાપ્ત કર્યું. આજે પણ **શ્રી કમળાબેન** તથા તેમના ચાર પુત્રો...તેમની પત્નીઓ...પરીવાર બધા જ સાથે રહી **સ્વ. ચંદુલાલ પ્રાણલાલ દોશી**ના સંવાદી અને સંતૃપ્ત જીવનને શોભાવી રહ્યા છે.

સ્વ. આચાર્ય ગચ્છાધિપતિ બા. બ્ર. પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી ગુરવે નમઃ

# સંવત ૨૦૩૭ ના સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘના ઉપાશ્રયે ચાતુર્માસમાં આપેલા પ્રવચનો

# અધિકારઃ નમિરાજર્ષિ તથા સાગરદત્ત ચરિત્ર

## વ્યાખ્યાન નં.-૧

અષાડ સુદ પુનમ ને ગુરૂવાર તા. ૧૬-૭-૮૧

### ચાતુર્માસનો મહિમા

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો! આજના મંગલ દિવસના ચાતુર્માસના મંગલ પ્રાંગણમાં જીવે શું આરાધના કરવાની છે તેનો વિચાર કરવાનો છે. આજના મંગલ પ્રભાતથી જૈન શ્રમણોના મંગલ ચાતુર્માસનો પ્રારંભ થાય છે. વીતરાગ ભગવાનની આજ્ઞામાં વિચરતા જૈન સંતો અને સતીજીઓ આ ચાતુર્માસના ચાર મહિનામાં જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરતા એક સ્થાનમાં સ્થિર થાય છે. પાણીથી ભરેલા ઘનઘોર વાદળાઓ એક જ જગ્યાએ વરસતા નથી પણ અનેક જુદા જુદા સ્થળોમાં વરસે છે, ભ્રમર એક જ પુષ્પનો રસાસ્વાદ લેતો નથી પણ અનેક પુષ્પોનો રસ ચૂસીને ખૂબ આનંદથી ફરે છે, તેવી રીતે જૈન સંતો પોતાના જ્ઞાનનો લાભ એક જ સ્થાને બેસીને આપતા નથી. આઠ મહિના ગ્રામાનુગ્રામ વિચરે છે અને ચાતુર્માસમાં એક સ્થાનમાં રહીને તેમની જ્ઞાનગંગાનો પ્રવાહ વહાવે છે. ભાગ્યશાળી આત્માઓ આ વીરવાણીનો રસાસ્વાદ માણી શકે છે.

**"ચાતુર્માસમાં શું કરશો?"** વર્ષાઋતુમાં મેઘરાજાનું આગમન થતાં મયૂરોના હૈયા થનગન નાચી ઉઠે છે તેમ સંત-સતીજીઓ મંગલ ચાતુર્માસ પધારે ત્યારે ભવ્ય જીવોના હૈયા મોરની માફક નાચી ઉઠે છે. સંતો ચાર માસ એક સ્થાનમાં રહે છે. તેનું શું કારણ? જૈન ધર્મ અહિંસા-પ્રધાન ધર્મ છે. જૈન દર્શનમાં અહિંસાનું ખૂબ ઊંડું નિરૂપણ કર્યું છે. સંતોને ચાતુર્માસના ચાર મહિના એક સ્થળે રહેવાની ભગવાને આજ્ઞા કરેલી છે. ચોમાસામાં વરસાદના કારણે વનસ્પતિ તથા નાના મોટા અનેક જીવોની ઉત્પત્તિ થાય છે. વિહારમાં વિચરતા છદ્મસ્થ આત્માથી જોઈએ તેવી જીવોની જતના થતી નથી. ચાતુર્માસમાં એક જ સ્થાને રહેવાની પ્રભુની આજ્ઞા પાછળ **"જીવો અને જીવવા દો"**ની પરમ પવિત્ર અહિંસાની સદ્ભાવના રમી રહી છે. બીજું કારણ ચાતુર્માસમાં ગૃહસ્થોને આઠ મહિના કરતા થોડી નિવૃત્તિ હોય છે. નિવૃત્તિ હોય તો એ સારી રીતે સંતોના વ્યાખ્યાનનો તથા ધર્મધ્યાનનો લાભ લઈ શકે. ત્રીજી વાત જ્ઞાનીઓ કહે છે કે આઠ મહિના ખૂબ વિચરણ કર્યું પણ આ ચાર મહિના હવે તારા આત્મામાં વિચરણ કર, સ્વભાવમાં સ્થિર થઈને આત્માને બોધ આપ.

ચાતુર્માસમાં શ્રાવકોએ પણ શું કરવું છે તેનો ઉદ્દેશ નક્કી કરવાનો છે. વ્યવહારમાં જોશો તો માનવ કોઈ પણ કાર્ય કરતો હોય તો તેનો ઉદ્દેશ તેમાં સમાયેલો હોય છે. માનો કે તમે નવા બંગલાની જગ્યા લીધી પણ પછી બંગલો કેવો બનાવવો, તેના બારીબારણાં કેવી રીતે બનાવવા? બધો ઉદ્દેશ પહેલા નક્કી કરો છો ને? વહેપારી વહેપાર કરે તો તેમાં પણ તેનો કમાવાનો ઉદ્દેશ છે. બાળકો ભણે, કોલેજમાં જાય, મોટી મોટી ડીગ્રીઓ મેળવે તેમાં પણ તેનો ઉદ્દેશ કમાવાનો, ધન મેળવવાનો હોય છે. મંગલ ચાતુર્માસનો આજે પ્રારંભ થાય છે તો આપણે પણ ઉદ્દેશને સમજીને ચાતુર્માસમાં શું કરવાનું છે? મનમાં નિર્ણય કરો કે રોજ એક કલાક વીતરાગ વાણીનો લાભ લઈશ. મારો આત્મા અનંતકાળથી ઘણા ભોગો ભોગવતો આવ્યો છે તો હવે તેનો ત્યાગ કરી બ્રહ્મચર્યનું પાલન કરીશ. ચાર ગતિની રખડપટ્ટીથી આત્મા થાકી ગયો છે તો હવે સંતોના શરણમાં જઈ મારા ભવોભવનો થાક ઉતારીશ. ઇન્દ્રિઓના વિષયોમાં શક્તિ નાશ પામે છે તેને કેન્દ્રિત કરી સંતોના શરણમાં જઈ તેમનું સાનિધ્ય સ્વીકારીશ. સંતોના વિચારોનું આંદોલન પવિત્ર હોય છે તેથી ત્યાં જઈશ તો આત્માને પરમ શાંતિ મળશે ને જીવન પવિત્ર બનશે. દિવસના તાપથી આકુળ વ્યાકુળ બનેલો માનવી ચંદ્રની શીતળ ચાંદનીમાં જાય તો તેનો ઉકળાટ શમી જાય ને શાંતિ થાય છે. દાહજવરના રોગીને ચંદનનું વિલેપન કરવામાં આવે તો તેને શીતળતા લાગે છે. ચાંદની અને ચંદન કરતા પણ સંતોનું સાનિધ્ય વધુ શીતળ છે. આ સંસારમાં જીવે આકુળતા વ્યાકુળતા ખૂબ અનુભવી, તેમાંથી શાંતિ જોઈતી હોય તો સંતના ચરણમાં ને વીરવાણીના શરણમાં જવાથી પરમ શાંતિ મળે છે.

**સંતના સમાગમે ભાવિ ઉજજવળ થાય,**
**એ ચરણોની રજ લેતા, જન્મ-મરણ ટળી જાય."**

સંતના સમાગમથી જીવન ઉજ્જવળ બને છે, અને જન્મ-મરણના ફેરા ટળી જાય છે. ચોમાસામાં રોજ એક કલાક અવશ્ય સંતોના ચરણમાં જઈશ, તેમની પવિત્ર વાણી સાંભળીશ. જો આટલું જીવનમાં થશે તો પણ જીવન આધ્યાત્મિક ઉન્નતિના શિખરે પહોંચી શકશે.

વર્ષાઋતુ આવતા વરસાદનાં આગમન પહેલા ખેડૂતો ખેતરમાંથી બધો કચરો કાઢીને ખેતરને સ્વચ્છ બનાવે છે અને વર્ષાનું આગમન થાય ત્યારે તે ભૂમિમાં બીજ વાવે છે. સમય જતાં તે કણમાંથી મણના મણ અનાજ પ્રાપ્ત કરે છે, તેવી રીતે ભવ્ય જીવો, ધર્મરસીક આત્માઓ સંતોના મુખમાંથી વહેતી વીતરાગ વાણીના શ્રવણથી અને સંત-સમાગમથી સમ્યકૃત્વ રૂપ બોધિબીજ પોતાના આત્મ પ્રદેશમાં વાવે છે. આ સમ્યકૃત્વ બીજમાંથી તેનો વિકાસ વધતા અંતે શાશ્વતા મોક્ષના સુખને પ્રાપ્ત કરે છે.

એક વર્ષના મહિના બાર અને ઋતુ ત્રણ-શિયાળો, ઉનાળો અને ચોમાસુ. દેશના આર્થિક વિકાસ માટે ચોમાસુ જેટલું અનિવાર્ય છે તેનાથી વધુ અનિવાર્ય આત્મશુદ્ધિ અને આત્મસાધના માટે છે. ચાતુર્માસના આ ચાર મહિના આત્માને સંસ્કારવા અને

અજવાળવા માટે ઘણી અનુકૂળતાઓ પૂરી પાડે છે. ભગવાન બોલ્યા છે–માનવ જીવનની એકેક પળ મૂલ્યવાન છે. જે પળ ગઇ તે કદી પાછી મળતી નથી, માટે પળે પળે અપ્રમત્ત રહેવું જોઇએ અને ધર્મ સાધનામાં અપ્રમત્ત રહેવું જોઈએ. પળેપળ અપ્રમત્ત ધર્મસાધના થઈ શકે તો તે ઉત્તમોત્તમ છે. એમ ન બની શકે તો શું વર્ષના ચાર મહિના પણ આપણે ઉત્સાહથી ને આત્મલગનીથી ધર્મસાધના ન કરી શકીએ ? જો ધારીએ તો કરી શકીએ. એ કરવાનો નિર્ણય કરવો જોઇએ. આ ચાર મહિનામાં પ્રકૃતિ શીતળ અને શાંત હોય છે, વાતાવરણ ખુશનુમા રહે છે. આવા વાતાવરણની તન અને મન પર સાનુકૂળ અસર પડે છે. બીજી ઋતુઓની અપેક્ષાએ ચોમાસામાં વ્રત–તપ, ધર્મારાધના વધુ સ્વસ્થ, શાંત અને પ્રસન્ન ચિત્તે થાય છે.

**"વિકારના વમન માટે તપને આરાધો"**: જ્ઞાનીનો સંદેશો છે કે હે સાધક! ચોમાસાના ચાર માસમાં બાહ્ય અને આભ્યંતર તપથી વિકારોનું વમન કરજે. સવાર–સાંજ પ્રતિક્રમણ, ચૌવિહાર કરજે, રાત્રી ભોજનનો ત્યાગ કરજે. મનમાં ચિંતવણા કરજે કે હું કોણ છું ? મારું સ્વરૂપ શું છે? મારું કર્તવ્ય શું છે? મારે અહીંથી ક્યાં જવાનું છે? આ વિચારથી આત્મ સ્વરૂપનું ભાન થશે. ગુરુભક્તિમાં પ્રમાદ કરીશ નહિ. વીતરાગ વાણીના શ્રવણથી તારા આત્મારૂપી બલ્બમાં પ્રકાશ પ્રગટાવજે. અનાથ, અપંગો, દુઃખીઓ, ગરીબો પ્રત્યે કરૂણા કરજે. પ્રમાદથી પાપ ન થઈ જાય અને આત્મા કર્મથી મલીન ન બને તે માટે સતત સાવધાન રહેજે.

આજે ચોમાસાના પ્રારંભનો મંગલદિન છે. આજથી નક્કી કરજો કે મારે મારા જીવન રૂપી ખેતરમાં સમકિતનું બીજ રોપવું છે. એને વ્રત–નિયમ, તપ, વિનય–વિવેક, આચાર અને ક્રિયાથી સિંચન કરવું છે. જ્ઞાન–દયા–ત્યાગથી જીવન રૂપી ખેતરને નંદનવન બનાવવું છે. આત્માને ધર્મરૂપી વર્ષાથી ગુલાબના ફુલ જેવો સુવાસિત અને સાધનાથી સૌંદર્યવાન બનાવીશું તો જીવન રૂપી બગીચો મ્હેંકતો થઈ જશે.

**"એક ક્ષણ પણ સાધના વિનાની ન જાય તો સમજવું કે મારું જીવન હવે ધન્ય બન્યું છે."**

મનુષ્ય જીવનની જે ક્ષણો જાય છે તે મહાકિંમતી છે. એક ક્ષણ પણ ધર્મ વિનાની ન જાય અને જીવનમાં ધર્મ તાણાવાણાની જેમ વણાઈ જાય ત્યારે આ જીવનની સાચી સફળતા છે. દેવ ભવના પલ્યોપમના અને સાગરોપમના આયુષ્ય કરતા માનવ ભવના એક ક્ષણના આયુષ્યને મહાકિંમતી કહ્યું છે, કારણ કે મનુષ્ય ધારે તો ક્ષણમાં જે સાધના સાધી શકે તે સાધના દેવો સાગરોપમ અને પલ્યોપમના સમયમાં સાધી શકતા નથી. તમે એક સામાયિક કરો તેનો કાળ કેટલો ? (શ્રોતામાંથી અવાજ : માત્ર ૪૮ મિનિટનો) એટલો સમય જીવ જો બરાબર શુભ ભાવમાં રહ્યો હોય તો ૯૨૫૯૨૫૯૨૫ (૯૨ ક્રોડ ૫૯ લાખ ૨૫ હજાર ૯૨૫) પલ્યોપમથી અધિક દેવભવનું આયુષ્ય બંધાય છે. હવે વિચાર કરો કે મનુષ્ય ભવની એકેક મિનિટ કેટલી કિંમતી છે? દેવ ભવના બે ક્રોડ પલ્યોપમ

કરતા મનુષ્યના ભવની એકેક મિનિટની કિંમત વધુ છે. ચોથા આરાનો કાળ હોય તો એક અંતર્મુહુર્તના કાળમાં ઘાતી કર્મોની ઘટાને વિખેરવાની તાકાત મનુષ્યમાં રહેલી છે. ભલે તેવા દેવો હોય, અરે! સમકિતી દેવો નય–નિક્ષેપા અને છ દ્રવ્યના ચિંતનમાં સમય પસાર કરતા હોય તો પણ ચોથા ગુણસ્થાનકથી આગળ જઈ શકતા નથી, ત્યારે મનુષ્યો તો ક્રમે ક્રમે ગુણસ્થાનની શ્રેણીએ ચઢતા મોક્ષ પદને મેળવી લે છે. તમને કોઈ પૂછે કે ચૌદ ગુણસ્થાનકમાં અમર ગુણસ્થાનક કેટલા? તો ત્રીજું, બારમું અને તેરમું, આ ત્રણ ગુણસ્થાનકે જીવ મરતો નથી તેથી ત્રણ ગુણસ્થાનક અમર છે, બાકીના ૧૧ ગુણસ્થાનકે વર્તતો જીવ મૃત્યુ પામી શકે છે, પહેલા બીજા અને ચોથા ગુણસ્થાન સિવાયના કોઇ પણ ગુણસ્થાનકો ભવાંતરમાં જીવની સાથે જતા નથી. ફકત મિથ્યાત્વ, સાસ્વાદાન અને અવિરતિ સમ્યક્દષ્ટિ એ ત્રણ ગુણસ્થાનકો ભવાંતરમાં જીવની સાથે જાય છે.

**"આત્મ વિકાસની ચરમ સીમાએ પહોંચવાની તાકાત માત્ર મનુષ્યમાં છે. વિકાસની ચરમ સીમાને મનુષ્ય પાર કરી શકે છે."**

મનુષ્ય સિવાયના દેવલોકમાં વસનારા દેવો અને નારકીઓ ચોથા ગુણસ્થાન સુધી પહોંચી શકે છે, અને તિર્યંચો પાંચમા ગુણસ્થાનક સુધી પહોંચી શકે છે. તિર્યંચોમાં સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોની અપેક્ષાએ પાંચમા ગુણઠાણાની ભૂમિકા કહી છે. બાકી ગુણઠાણાની ચરમ સીમાએ મનુષ્ય ભવમાં આવેલા આત્માઓ પહોંચી શકે છે. આત્મ વિકાસનું મૂળ પગથિયું સમ્યક્ત્વ છે. એક શ્લોકમાં કહ્યું છે કે,

> तम्हा कम्माणीअं जे उ मणो दंसणम्मि पजइज्जा ।
> दंसणवओ हि सफलाणि, हुंति तव नाण चरणाइं ॥

કર્મ રૂપી સેનાને જીતવાની ઇચ્છા રાખનારે સમ્યક્દર્શનમાં પ્રયત્ન કરવો જોઇએ, કારણ કે સમ્યક્દર્શન વિના કર્મોનો ક્ષય થઈ શકતો નથી. સમ્યક્ત્વી આત્માએ કરેલા તપ, જ્ઞાન, ચારિત્ર સફળ થાય છે, માટે સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ.

**"સાધનાની કિંમત ક્યારે?"** સમ્યક્ત્વનો અર્થ છે નિર્મળ દૃષ્ટિ, સાચી શ્રદ્ધા અને સાચું લક્ષ્ય. સમ્યક્ત્વ એ મુક્તિમહેલનું પ્રથમ સોપાન છે. જેવી રીતે એકડા વગરના મીંડાઓની ગમે તેટલી લાઇન કરો તો વ્યર્થ છે, તેનાથી કોઇ સંખ્યા બનતી નથી, તે રીતે સમ્યક્ત્વના એકડા વિના જ્ઞાન અને ચારિત્રનો કોઈ ઉપયોગ નથી. જો સમ્યક્ત્વ રૂપી એકડો આગળ આવી જાય તો જેમ એકડો આવવાથી મીંડાની કિંમત અનેક ગણી વધી જાય છે તેમ જ્ઞાન અને ચારિત્રની કિંમત વધી જાય છે. સમ્યક્ત્વ એ આત્માનો સ્વાભાવિક ધર્મ છે, પણ અનાદિ કાળથી દર્શન મોહનીય કર્મના કારણે આત્માનો આ ગુણ ઢંકાઇ ગયો છે. જેમ વાદળા દૂર થવાથી સૂર્યનો પ્રકાશ નીકળે છે તેમ દર્શન મોહનીય કર્મ દૂર થવાથી સમ્યક્ત્વનો ગુણ પ્રગટ થાય છે. સમકિતની પ્રાપ્તિ બે રીતથી થાય છે. નિસર્ગથી અને અધિગમથી. જે ગુરૂ આદિના ઉપદેશ વગર સ્વયં થાય છે તે નિસર્ગ સમકિત અને ગુરૂ આદિના ઉપદેશ દ્વારા થાય છે તે અધિગમ સમકિત કહેવાય છે.

બંધુઓ ! આ સંસાર મોહ રૂપી રાજાનું કારાગાર છે. મોટા ભાગના જીવો આ કારાગારમાં બંધાઈને ઘણા કષ્ટો ભોગવી રહ્યા છે. આ કારાગારનો પહેરેગીર અજ્ઞાન છે. તે કારાગારને રાગ-દ્વેષ રૂપી બે મજબૂત બારણા છે. તેને મિથ્યાત્વ રૂપી તાળું માર્યું છે. એમાંથી સમ્યકત્વ રૂપી રત્નને કાઢવું એ ઘણું અઘરું કામ છે, પણ જેમણે આ કઠીન કામ-સમ્યકત્વ રત્ન પ્રાપ્ત કર્યું છે તેમના પુણ્યની કોઈ સીમા નથી. આ સમ્યકત્વ રત્નને પ્રાપ્ત કરીને પછી જો આત્મા ગુમાવી દેશે તો ચૌરાશીના ચક્કરમાં પડી જશે.

આચારાંગ સૂત્રમાં એક ન્યાય આપ્યો છે. એક વિશાળ સરોવર છે. તેમાં ઘણાં કચ્છ, મચ્છ રહેતા હતા. સરોવરમાં બધે ઠેકાણે શેવાળ છવાઇ ગઇ હતી, તેથી કોઈ જળચર જીવ દા. ત. કાચબા પાણીની બહારની કોઇ પણ વસ્તુનું દર્શન કરી શકતા નહોતા. એકવાર શરદપૂર્ણિમાનો દિવસ આવ્યો. તે દિવસે અચાનક જોરદાર આંધી આવવાથી એક જગ્યાએ શેવાળનું પડ થોડું ખસી ગયું. તેમાંથી કાચબાએ પોતાની ગરદન બહાર કાઢી. બહાર નજર કરી તો તેને શરદ ઋતુના ચન્દ્રમાની ચાંદનીથી ક્ષીર સાગરના પ્રવાહ સમાન સુશોભિત, તારાઓના સમૂહથી ઝગઝગાયમાન આકાશનું દર્શન થયું. આવું સુંદર દૃશ્ય જોઈને તેને ખૂબ આનંદ થયો. તેનું મન પ્રફુલ્લિત થઇ ગયું. તેના મનમાં થયું કે મેં અગર મારા સહચારીઓએ કોઇ દિવસ આવું અનુપમ દૃશ્ય જોયું નથી, તો હું તેમને બોલાવીને સ્વર્ગના સમાન સુખ આપનાર આ દૃશ્ય તેમને બતાવું તો કેવું સારું ! આપણે બધાએ ચન્દ્ર જોયો છે. તેથી આપણને એના પ્રત્યે કાચબા જેવું આકર્ષણ થતું નથી પણ જેણે પહેલીવાર ચન્દ્ર જોયો હોય તેને કેટલું આનંદદાયક, મનોહર અને સુંદર લાગે ! અહીં કાચબાએ આ દૃશ્ય જોયા પછી તે પોતાના મિત્રો અને પરિવારને બોલાવવા ગયો. જઈને બધાને કહ્યું : તમે બધા મારી સાથે ચાલો, હું તમને આજે એક દૃશ્ય બતાવું. કાચબો પોતાના સ્વજનો તથા મિત્રોને લઈને તે જગ્યાએ આવ્યો, પણ તે છિદ્ર પવનના ઝપાટાથી ઢંકાઈ ગયું હતું, એટલે એ દૃશ્ય કયાંય દેખાયું નહિ. તેના કુટુંબીઓ પૂછે છે કયાં છે તમારું અપૂર્વ દૃશ્ય ? જુઠું બોલીને અમને અહીં લઈ આવ્યો ? કાચબો તે છિદ્ર શોધવા માટે સરોવરમાં ખૂબ ફર્યો પણ કયાંય છિદ્ર મળ્યું નહિ.

આ ન્યાય આપણે આત્મા ઉપર ઘટાવવો છે. આ સંસાર એક વિશાળ જળાશય છે. તેમાં જીવ રૂપી કાચબો છે. સંસારરૂપી જળાશય કર્મોરૂપી શેવાળથી છવાઇ ગયું છે. ભવિતવ્યતાના યોગથી કર્મરૂપી શેવાળમાં એક છિદ્ર પડી ગયું, તેથી મનુષ્ય ક્ષેત્ર, ઉત્તમ કુળ અને તેથી અધિક સમ્યકત્વ રત્નરૂપી સુંદર નભસ્તલનું દર્શન થયું. ચન્દ્રમા સમાન સમ્યકત્વનો પ્રકાશ છે. સમ્યકત્વ એ આત્માને ચન્દ્ર સમાન શીતળતા આપે છે. અજ્ઞાન-અંધકારને દૂર કરે છે ને આત્મામાં અપૂર્વ આનંદ ઉત્પન્ન કરે છે. સમ્યકત્વ રૂપી ચન્દ્રમાનો શીતળ પ્રકાશ પ્રાપ્ત થવા છતાં જીવ પોતાના જ્ઞાતિજનો અથવા વિષયોપભોગ પ્રત્યેના મોહથી ઘેરાઇને તે સમ્યકત્વનો આનંદ ન લેતાં ફરીથી કર્મરૂપી શેવાળથી આચ્છાદિત થઇ જાય છે. જેવી રીતે કાચબો આકાશના સુંદર દર્શનનો સુયોગ મળવા

છતાં જ્ઞાતિજનોમાં આસકત થઈને તેનો લાભ ન લઈ શકયો તેવી રીતે આ આત્મા સમ્યકૃત્વ રૂપી ચંદ્રનો અનુપમ પ્રકાશ મળવા છતાં મોહના ઉદયથી પદાર્થોના અથવા સંબંધીઓના મોહમાં પડીને સમ્યકૃત્વનો આનંદ લઈ શકતો નથી અને પ્રાપ્ત થયેલા અવસરને ગુમાવી દે છે.

બંધુઓ! સમ્યકૃત્વની લહેજત કોઇ ઓર છે. શાસ્ત્રોમાં ત્યાં સુધી બતાવ્યું છે કે **"સમ્યકૃત્વ સહિત જીવ નરકમાં પડયો હોય તો તે પ્રશંસનીય છે અને સમ્યકૃત્વ રહિત જીવ કદાચ સ્વર્ગમાં હોય તો પણ તે પ્રશંસનીય નથી."** આ વાત ખૂબ સમજીને વિચારજો. એ વાત છે. આમ તો સમકિત પામ્યા પછી જીવ નરકગતિનો બંધ પાડે નહિ એટલે નરકમાં જાય નહિ, પણ જો સમકિત પામ્યા પહેલા નરકગતિનો બંધ પડી ગયો હોય તો જીવને નરક ગતિમાં જવું પડે. સમકિત પામ્યા પછી જીવ સાત બોલમાં આયુષ્યનો બંધ પાડે નહિ. તે સાત બોલ કયા? બોલો, આવડે છે? ૧] નરકગતિ, ૨] તિર્યંચગતિ, ૩] ભવનપતિ, ૪] વાણવ્યંતર, ૫] જ્યોતિષી, ૬] સ્ત્રીવેદ, ૭] નપુંસકવેદ. આ સાત બોલમાં સમકિતી જાય નહિ. દેવમાં જાય તો વૈમાનિકમાં જાય, પણ સમકિત પામ્યા પહેલા આયુષ્યનો બંધ પડી ગયો હોય ને પછી સમકિત પામે તો નરકાદિ સાત બોલમાં જઈ શકે. જેમ કે શ્રેણીક મહારાજા. સમકિતી જીવ નરકનું ભયંકર વેદન વેદે. ત્યાં કંઈ એવું નથી કે સમકિતીને ઓછું દુઃખ અને મિથ્યાત્વીને વધુ દુઃખ. દુઃખ તો બંનેને સમાન છે પણ સમકિતી આત્મા એ દુઃખો ભોગવતા શું વિચાર કરે? મેં જે કર્મો કર્યા છે તે મારે ભોગવવાના છે. મેં કર્મો બાંધતા પાછું વાળીને જોયું નથી તો એ કર્મોના ફળ મારે ભોગવવા પડે એમાં શી નવાઈ! ભયંકર દુઃખના વેદનમાં પણ એની સજાગ દશા છે, તેથી એ બીજા ચીકણા કર્મો બાંધતા નથી ને જુના કર્મોને ખપાવે છે.

**"જ્ઞાની કહે છે કર્મો બાંધતા વિચાર નહિ કરો તો તેના કડવા ફળ ભોગવતા આંખે અંધારા આવી જવાના."** ચિંતામણી સમાન ધર્મનો ત્યાગ કરી જીવો પાપ કર્મો કરી કાચના ટુકડા સમાન ભૌતિક સુખોની મનમાં આશાઓ રાખતા હોય છે. ચિંતામણી આગળ કાચના ટુકડાની શી કિંમત? ધર્મના પ્રભાવે જીવની ઉન્નતિ થાય છે, અને પરંપરાએ શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે. કોઈને પગમાં કાચ વાગ્યો હોય તો કયારેક છ મહિનાનો ખાટલો આવે ત્યારે પાપકર્મો રૂપી કાચના ટુકડા વાગ્યા હોય તો ઘણાં લાંબા કાળ સુધી અતિ દારૂણ દુઃખો ભોગવવાનો સમય આવે છે. પાપ બાંધતા કે કરતાં જીવને ખબર ન પડે, પણ જ્યારે પાપ ભોગવવાનો ટાઇમ થાય છે ત્યારે ખબર પડે છે કે પાપ શી વસ્તુ છે? તેના ફળ કેવા કડવા છે? તેમાં પણ જો તીવ્રરસથી બાંધેલા હોય તો ભોગવવાના સમયે આંખે અંધારા આવી જાય છે. પ્રદેશોદયથી કર્મો ભોગવાઇ જાય તેમાં ખબર ન પડે પણ જ્યારે વિપાકોદયથી ભોગવવાનો સમય આવે ત્યારે બરાબર ખબર પડી જાય છે, માટે જ્ઞાની કહે છે પાપ કર્મો રૂપી કાચના ટુકડા સંગ્રહ કરવા જેવા

નથી. હું તમને પૂછું, કોઈ માણુસ અગણિત કાચના ટુકડા ભેગા કરે તો શું તેની ગરીબાઈ મટે ખરી? (શ્રોતામાંથી અવાજ–ક્યારેય પણ ન મટે). જ્યારે ધર્મરૂપી ચિંતામણીનો એવો અમૂલ્ય પ્રભાવ છે કે તે ગરીબાઈ કે દુઃખને તો દૂર કરે પણ સાથે કર્મરૂપી કાચના ટુકડાને ફેંકી દઈ જીવને શાશ્વત સુખના ધામમાં પહોંચાડી દે છે.

આપણી વાત એ છે કે સમકિતી જીવ નરકમાં હોય છતાં પ્રશંસનીય છે. સમકિતી જીવ કર્મના ઉદયે ભવસમુદ્રમાં રહ્યો હોય પણ તેમાં તે રમતો ન હોય. ગમે તેવા ભૌતિક સુખો તેની પાસે હોય છતાં સમકિતીને તેમાં તીવ્ર આસક્તિ ન થાય. બધા સમકિતી જીવો દીક્ષા લે એવું નથી, કારણ કે જ્યાં સમકિત છે ત્યાં ચારિત્રની ભજના પણ જ્યાં સમ્યક્ ચારિત્ર છે ત્યાં સમકિતની નિયમા. સમકિતીને સંસારમાં રહેવું પડે તો રહે ખરો પણ તે તેમાં રમે નહીં. રહેવું ને રમવું તેમાં આકાશ પાતાળ જેટલું અંતર છે. રહેવું એ ચારિત્ર મોહનીયના ઉદયે અને રમવું એ મિથ્યાત્વ મોહનીયના ઉદયે છે, માટે જીવ સંસારમાં રહે તો પણ રમતો ન હોય. તે જીવ પાપ ઘણાં અલ્પ બાંધે. જેમ કોઈ સમકિતી આત્મા જમવા બેઠો. કદાચ મિષ્ટાન્ન પીરસાય પણ તેમાં રસ ન હોય. ખાતા ખાતા તે કર્મો ખપાવે. આથી કહ્યું છે કે સમકિતી જીવ નરકમાં હોય છતાં પ્રશંસનીય છે, અને સમકિત રહિત જીવ સ્વર્ગમાં હોય તો પણ તે પ્રશંસનીય નથી.

મિથ્યાત્વી જીવ અકામ નિર્જરાના કારણે સ્વર્ગમાં જાય છે, પણ ત્યાં ઈર્ષા, મમતા, માયા આદિના કારણે દુઃખી છે. ખરેખર સમકિત એ અમૃત સમાન છે. અને મિથ્યાત્વ એ મહા વિષ સમાન છે. દેવસભામાં ઈન્દ્ર મહારાજ મૃત્યુલોકના માનવીની પ્રશંસા કરે તો ઈર્ષ્યાળુ દેવ તે સહન કરી શકે નહીં. તેમના પર તેને દ્વેષ આવે.

**સંગમે આપેલ ઉપસર્ગ :** એક વાર દેવસભામાં ભગવાન મહાવીરની પ્રશંસા થઈ કે મૃત્યુલોકમાં વર્ધમાનકુમાર સારા સંસારનો ત્યાગ કરી સંયમ લઈને કર્મો સામે કેસરીયા કરવા નીકળ્યા છે. એમણે તપ–ધ્યાનની કેવી લગની લગાવી છે! એ કેવા મહાન સાધક છે! આ વાત સાંભળી સમકિતી દેવો બધાં આનંદ પામ્યા. તેમના મુખમાંથી શબ્દો સરી પડયાં. ધન્ય છે ધન્ય છે એ મહાન સાધકને! તેમને અમારા કોટી કોટી વંદન! પણ મિથ્યાત્વી સંગમ દેવને આ વાત ન ગમી. ઈન્દ્ર મહારાજ અમારા કોઈની પ્રશંસા નથી કરતા ને મૃત્યુલોકના માનવીની પ્રશંસા કરે છે? લાવ તો જઈને જોઉં કે તેમની તપ સાધના કેવી છે! અડગતા કેવી છે! સંગમ દેવ ત્યાંથી ઉઠયો ને આવ્યો ભગવાન મહાવીર પાસે. સંગમે છ મહિના સુધી ભગવાનને ઉપસર્ગો આપવામાં બાકી ન રાખ્યા. અરે! ભગવાન ગૌચરી જાય ત્યારે રસ્તામાં ઢીંચણ સમી રેતી બનાવી દે. વિહારમાં ચાલતાં થોડી રેતી આવી જાય તો પણ પગ ઉપડતા નથી, તો આટલી રેતીમાં ભગવાન કેવી રીતે ચાલે? સારો સંગ દુર્જનને સજ્જન બનાવી દે છે પણ ઘણીવાર સારો સંગ મળવા છતાં દુર્જન દુર્જન રહે છે. સંગમે ભગવાનને છ મહિના સુધી ભયંકર ઉપસર્ગો આપ્યા, છતાં આપણા ક્ષમાસાગર

પ્રભુએ તો તેના પર કરૂણાનો જ ધોધ વહાવ્યો છે. એમણે મોક્ષ મેળવવા માટે કેટલી તપ સાધના કરી, પરિષહ ઉપસર્ગોને વેઠયા ત્યારે મોક્ષ મળ્યો. આપણે દરેકને મોક્ષ જોઈ એ છે પણ ખાતા પીતા મોક્ષ મળે તો લેવો છે. તો શું એમ મોક્ષ મળે? ના.

ભગવાન શાસ્ત્રમાં બોલ્યા છે કે "देहं दमं महाफलं" સાથે બીજી વાત પણ બોલ્યા કે "देहं दमं महापापं" ઈન્દ્રિયોનું દમન કરવામાં આવે, અગ્ર તપ, સંયમ દ્વારા જો દેહનું દમન કરવામાં આવે તો મહા ફળને મેળવે છે અને કષાયો દ્વારા દેહનું દમન થાય તો મહાપાપનું કારણ બને છે, માટે જ્ઞાની બોલ્યા છે કે—

**अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।**
**अप्पा दन्तो सुही होइ, अस्सिं लोए परत्थ य ॥**

ઉ. સૂ. અ. ૧. ગા. ૧૫

દુર્દમ્ય એવા આત્માનું નિશ્ચયથી દમન કરવું જોઈ એ. માત્ર પરલોકના સુખની વાત નથી, પણ આ લોક અને પરલોકમાં સુખ કોણ મેળવી શકે? આત્મદમન કરે તે. આત્માનું દમન કેવી રીતે થાય? આત્મા તો અરૂપી છે. આત્માને કાનેથી સાંભળી શકાય નહીં, આંખેથી જોઈ શકાય નહીં, નાકેથી સુંઘી શકાય નહીં, જીભેથી ચાખી શકાય નહીં ને આત્માને સ્પર્શી શકાય નહીં. તો પ્રશ્ન થશે કે આત્માનું દમન કેવી રીતે થાય? તમે સામાયિક લો ત્યારે ચોથા પાઠમાં છેલ્લે શું બોલો છો? **"તાવ કાયં, ઠાણેણં, મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ."** હું મારા આત્માને વોસરાવું છું. જો આત્માને વોસરાવશો તો સામાયિક કોણ કરશે? ભગવતી સૂત્રમાં આત્માના આઠ પ્રકાર બતાવ્યા છે. દ્રવ્ય આત્મા, કષાય આત્મા, યોગ આત્મા, ઉપયોગ આત્મા, જ્ઞાન આત્મા, દર્શન આત્મા, ચારિત્ર આત્મા, અને વીર્ય આત્મા. આત્મા એક છે પણ તેના પ્રકાર આઠ છે. જેમ કોઈ વ્યક્તિ કાપડનો ધંધો કરે તો કાપડીયો કહેવાય, ઝવેરાતનો ધંધો કરે તો ઝવેરી કહેવાય, ઘડીયાળનો ધંધો કરે તે ઘડીયાળી કહેવાય, તેમ જો આત્મા જ્ઞાનમાં રમણતા કરે તો જ્ઞાન–આત્મા કહેવાય. કષાયમાં જોડાયેલો હોય તો કષાય આત્મા. જે રીતે કાર્ય કરતો હોય તે રીતે ઓળખવામાં આવે છે. સામાયિક કરો ત્યારે કષાય આત્માને વોસરાવો છો. આઠ આત્મામાંથી કષાય આત્માનું દમન કરવાનું છે. કષાયની ચોકડીમાં ફસાયેલો આત્મા ઉર્ધ્વગમન કરી શકતો નથી, ને સુખનો અનુભવ કરી શકતો નથી. જેણે ઉપશમ શ્રેણી કરી છે તે આઠમા ગુણસ્થાનકથી ચડતો નવમે, દશમે થઇને અગીયારમા ગુણસ્થાનકે જાય. અગીયારમા ગુણસ્થાનકે કષાયોનો નાશ નથી થયો પણ ઉપશાંત છે, તેથી તે ઉપશાંત મોહ ગુણસ્થાનક કહેવાય છે. ત્યાંથી કાળ કરે તો જીવ અનુત્તર વિમાનમાં જાય, પછી મનુષ્ય થઇ મોક્ષે જાય. અગીયારમા ગુણ.ની સ્થિતિ પૂરી થતાં દશમે આવે. ત્યાં પહેલા જ સમયે સુક્ષ્મ લોભનો ઉદય થાય. દશમેથી પડે તો પહેલા ગુણઠાણા સુધી પણ જાય. પણ અગ્યારમેથી ચઢવું તો નથી, પણ જેણે ક્ષપક શ્રેણી કરી છે તે ૧૧ મું ગુણ. છોડીને એટલે દસમેથી સીધો બારમે જાય, ને કષાયોનો સર્વથા ક્ષય કરે છે, પછી તેનું ક્યારેય પતન થવાનું નથી.

વીતરાગી બનવા માટે પહેલા અવેદી બનવું પડશે, પછી અકષાયી બને. અવેદી બનવા માટે પાંચ ઇન્દ્રિયોના વિષયો અને વિકારો દૂર કરવા પડે, પછી કષાય આત્માને દમવો જોઈએ. "अप्पा हु खलु दुद्दमो" આત્માને દમવો દુષ્કર છે, કઠીન છે. તો શું એ ન થઈ શકે? થઈ શકે. હિંમત હારવાની જરૂર નથી. પુરૂષાર્થ કરીએ તો કંઈ કઠીન નથી, અશકય નથી, પણ ક્ષણે ક્ષણે જીવે જાગૃત રહેવાની જરૂર છે, કે રખે ને મને વિષય કષાય સ્પર્શી ન જાય.

જેમ વોટરપ્રુફ–પાણી પ્રવેશી ન શકે એવી મજબૂત તિજોરીમાં ડબલ લોકમાં રૂપિયા એક લાખ હોય તો કંઈ ચિંતા ખરી? ના, પણ તે જ પૈસા દીકરાને બેંકમાં ભરવા મોકલો ત્યારે કેટલી ભલામણ કરો છો? ખૂબ સાચવીને જજે. ટેક્ષીમાં જજે. બસમાં જઈશ નહીં. બસમાં લૂંટાવાનો ભય. બસ, આ જ રીતે જે આત્મા વોટરપ્રુફ તિજોરીની માફક વિષય કષાયથી સર્વથા રહિત બની ગયા તેને કોઈ ફિકર નહિ પણ જે આત્મા અનાદિ અનંત કાળથી વિષય કષાયથી ભટકી રહ્યો છે તેને પિતા સમાન ગુરૂ ભગવંતો હિત શિખામણ આપે છે કે તમે વિષય કષાયના ભોક્તા ન બનશો. સમયે સમયે આત્માના માલનું જતન કરજો. આત્મા વિષય–કષાયમાં જોડાય છે ત્યારે આત્મા પર કર્મોની ભેખડો ખડકાય છે, પણ ક્ષણે ક્ષણે જાગૃતિ હોય તો લૂંટાવાનો ભય નહીં. જો વિષય–કષાયના ભોગી ન બનીએ તો ચારિત્ર આદિનો ખજાનો લૂંટાઇ જતો નથી, માટે જ્ઞાનીનો સંદેશો છે કે વિષયોનું વમન કરી જ્ઞાનીના વચનો હૈયામાં કોતરાવો. કષાયોનું શમન કરી આત્માનું દમન કરો. આત્માનું દમન કરનારને શું લાભ થાય છે? તો ગાથામાં બતાવ્યું છે કે આત્માનું દમન કરતો જીવ આ લોક અને પરલોકમાં સુખી થાય છે. દરેક જીવો લાભને ઇચ્છે છે. ધર્મધ્યાન આદિ ક્રિયાઓ કરવાથી જીવ જૂનાં કર્મો ખપાવે છે ને નીચગતિમાં જવાનાં કર્મો બાંધતો નથી. આત્મદમન કરવાથી જીવ ઘાતી કર્મોને ખપાવી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. તેથી તે આ લોકમાં સુખી અને પરલોકમાં મોક્ષના શાશ્વતા સુખને મેળવે છે. કદાચ કોઈ ક્રોધના આવેશમાં આવીને આત્મહત્યા કરે તો પરલોકમાં શું તેને સુખ મળવાનું છે? ના, આપઘાત કરવાથી અનંતા જન્મ મરણો વધે છે, માટે કષાય આત્માનું ૧૭ પ્રકારના સંયમ અને ૧૨ પ્રકારના તપથી દમન કરવું જોઇએ. જે સંયમ અને તપથી આત્માને નથી દમતો તેને વધ અને બંધનથી દમાવું પડે છે, માટે વધ અને બંધનથી દમાવા કરતાં સંયમ અને તપ દ્વારા આત્માનું દમન કરી પરમ શાંતિને મેળવો.

આપણા ભગવાને સંયમ, તપ દ્વારા આત્માનું દમન કર્યું. ભયંકર ઉપસર્ગોના ઉલ્કાપાત મચ્યા છતાં ઉપસર્ગ દેનાર પ્રત્યે જરા પણ ક્રોધ કર્યો નહિ. આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે विगिंच कोहं अविकंपमाणे इमं निरुद्धाउयं संपेहाए दुक्खं च जाण अदु आगमेस्सं, पुढो फासाइं च फासे! હે સાધકો! મનુષ્યભવને અલ્પાયુ જાણીને, અધીર ન થઇને ક્રોધનો ત્યાગ કરો. ક્રોધના કારણથી થવાવાળા શારીરિક દુઃખોને અને આગામી ભવમાં થવાવાળા નરકાદિ દુઃખોને જાણો. ક્રોધના કારણે નરકાદિ ગતિમાં જીવ વિવિધ પ્રકારના દુઃખોનો અનુભવ કરે છે.

ક્રોધ વિવેકરૂપી દીપકને માટે વાયુ સમાન છે. પવન દીપકને બુઝાવી નાખે છે તેમ ક્રોધરૂપી પવન વિવેક રૂપી દીપકને બુઝાવી નાખે છે. વિવેક રૂપી દીપક વિના મનુષ્ય આંધળો થઈ જાય છે. ક્રોધ વિવેકનો શત્રુ છે. ક્રોધી મનુષ્યને હિતાહિત અને કર્તવ્યા–કર્તવ્યનું ભાન નથી રહેતું. ક્રોધ અગ્નિના સમાન છે. તે જલે ને બીજાને જલાવે.

**ભવોભવમાં તપશ્ચર્યા કરીને જે કરમ બાળ્યા,**
**ઘડીભર ક્રોધ કરવાથી, ફરી પાછા વધી જશે...કરો ના ક્રોધ...**

ઉગ્ર તપ કરીને પૂર્વ સંચિત કર્મોને બાળી નાખ્યા હતા પણ જીવનમાં જો ઘડી-ભરનો ક્રોધ આવી જાય તો પાછા બીજા કર્મો નવા વધી જશે, માટે કોઈ ક્રોધ કરશો નહીં.

**અનુભવ** :–સંત સતીજીઓ ઘરઘરમાં ગૌચરી જાય એટલે એમને ઘણાં અનુભવો થાય. એક ઘરની સીડીનું પગથિયું ચઢતાં મને એક બેનની ચીસ સંભળાઇ. હાય બાપા ! મારા મનમાં થયું કે શું થયું ? જોયું તો પાંચ લીટર ઉનું દૂધનું તપેલું હાથમાંથી છટકી ગયું ને બધું દૂધ ઢોળાઇ ગયું તેથી તેનાથી ચીસ પડી ગઈ. વિચાર થયો કે હમણાં સાસુ ધમધમતા આવશે, પણ ધાર્યા કરતા જુદું જ જોવા મળ્યું. સાસુ ઓરડામાંથી બહાર આવ્યા ને મીઠા શબ્દોમાં બોલ્યાઃ વહુ બેટા ! શું થયું ? સાસુના મુખમાંથી વહુ બેટા શબ્દ સાંભળતા વહુનો શ્વાસ નીચે બેઠો. બા ! દૂધ ઢોળાઈ ગયું, પણ તું દાઝી નથી ને ? તપેલું વાગ્યું નથી ને ? ના બા, મને કંઇ થયું નથી. તો તું રડે છે કેમ ? આજે આપણા મહાન પુણ્યોદય કે તું બચી ગઇ. આ શબ્દો સાંભળતા વહુના મુખમાંથી શબ્દો સરી પડયા બા ! મને પિયરમાં આવી મા પણ મળી નથી. હવે કોઇ દિવસ આ વહુ સાસુના ઉપકારને ભૂલે ખરી કે તેને સાચવવામાં બાકી રાખે ? ના. જો સાસુ કૌશલ્યા બને તો વહુ સીતા બન્યા વગર રહેશે નહીં.

હવે બીજો અનુભવ કહું. વહુ કાચના કપ રકાબી લઇને ટેબલ પર મૂકવા આવતી હતી. જરા ઠેબું વાગતાં કપ રકાબી હાથમાંથી પડી ગયા ને ચાર પાંચ કપ રકાબી ફૂટી ગયા. ત્યાં રૂમમાંથી માળા ગણતાં સાસુજી દોડતા આવ્યા ને બોલવા લાગ્યા કે જ્યારથી આ શંખણી ઘરમાં આવી ત્યારથી નુકશાન–નુકશાન ને નુકશાન જ કર્યા કરે છે. આ પાપણી કયાંથી ઘરમાં આવી ? પણ વહુ વીસમી સદીની હતી. સાંભળીને બેસી રહે તેવી ન હતી. તેણે કહ્યું બા ! તમે બેસી રહોને, કમાય છે તો મારો ધણીને, તમારું શું જાય છે ? બસ હવે સાસુજી શું બોલે ? આ કરતાં મીઠી ભાષામાં કહ્યું હોત તો વહુના આવા શબ્દો ન સાંભળવા પડત ને ! આ જીભ મળી છે તો મીઠું મધુરું બોલજો પણ કટુવાણી બોલીને કોઇના દિલડા દુભાવશો નહીં. પૂર્વના પુણ્યોદયે જીભ મળી છે. જીવ એકેન્દ્રિયમાં ગયો ત્યાં જીભ મળી હતી ? ના. મહાન પુણ્યોદયે જીભ, આંખ, કાન મળ્યા છે.

વ્યવહારમાં તમને કોઇ પૂછે કે આંખ સારી કે કાન ? (શ્રોતામાંથી અવાજ :– આંખ સારી) પણ જ્ઞાની ભગવંત કહે છે કે કાન સારા. કેમ ? તો જીવ ચૌરેન્દ્રિયમાં

ગયો ત્યાં આંખ મળી પણ કાન નહોતા મળ્યા. જીવ જ્યારે પંચેન્દ્રિયપણાને પામે છે ત્યારે આંખ સાથે તેને કાન મળે છે. કાનથી જીવ શ્રુતવાણીનું શ્રવણ કરી શકે. શ્રુતવાણી સાંભળતાં જીવ સમ્યક્ત્વ પામી શકે છે. સમકિતી જીવને કોઇ પૂછે કે તમે આનંદમાં છો ને ? તો તે એમ નહીં કહે કે હું આનંદમાં છું. એ તો કહેશે કે હું સંસારરૂપી કારાગૃહમાં પાપના પિંજરામાં પડયો છું. એમાંથી મારો ક્યારે છૂટકારો થશે ? સંસાર એ એક જેલ છે. એ બંધનમાંથી ક્યારે છૂટીશ ? અજ્ઞાની જીવ ધર્મસ્થાનકમાં આવે તોપણ એ સંસારને ભૂલતો નથી. જ્યારે સમકિતી સંસારમાં રહે પણ તેમાં આસક્ત ન બને. સંતો અનંતકાળથી સંસાર રૂપી પિંજરામાં પૂરાયેલા જીવને ઉડવાનું કહે છે, પણ હજુ તમોને સમજાતું નથી. કેમ બરાબરને ?

એક પિંજારાનો દીકરો મુંબઇ રહેતો. પુણ્યોદયે સુખી થયો. તેના મનમાં થયું કે મારા બાપુજી પિંજારાનો ધંધો કરે છે. ને આટલી જિંદગી પિંજ્યા કર્યું છે. તો હવે તેમને મુંબઇ બોલાવી લઉં. એમ વિચાર કરી દીકરાએ પિતા પિંજારાને મુંબઈ બોલાવ્યો. મુંબઇમાં ગયા પછી દીકરાએ તેના બાપને એરોડ્રામ, પાલવા બંદર આદિ જોવા લાયક સ્થળો બધા બતાવ્યાં. એક વાર ફરતા ફરતા રસ્તામાં પિંજારાની દુકાન આવી. તેની દુકાનમાં રૂ નો ઘણો મોટો ઢગલો પડયો છે. પિંજારાની નજર તે દુકાનમાં રૂ ના ઢગલા પર પડી. આટલું બધું રૂ જોઈને તેના મનમાં થયું કે હાય ! આટલું બધું રૂ ક્યારે પીંજાશે ? તેમાં તેનું મગજ ચસકી ગયું. દીકરાએ બાપને સુખ માટે બોલાવ્યો પણ આ તો દુઃખ થયું. તે તો બોલ્યા કરે છે હાય...હાય... આટલું બધું ક્યારે પીંજાશે ? (૨) પણ પુત્ર હોંશિયાર હતો. થોડા દિવસ બાદ દુકાનમાં રૂ ના ઢગલા ખાલી થઇ ગયા ત્યારે ત્યાં પિતાને લઇ ગયો. બધું રૂ પૂરું થયેલું જોયું તેથી તેમનું મગજ ઠેકાણે આવી ગયું. આપ પણ સંસારનો રાગ છોડો. ચાર મહિના સંતોના મુખેથી એક ધારું શ્રુતવાણીનું શ્રવણ કરો. શ્રુતવાણીના શ્રવણથી જીવને મહાન લાભ થાય છે. સમકિતનું બીજ વાવવા માટે શ્રુતવાણીનું શ્રવણ અતિ ઉપયોગી નીવડે છે. લાખેણી પળને ઓળખી લો.

વર્ષની ઋતુઓ ત્રણ છે. શિયાળો, ઉનાળો અને ચોમાસું, તેમ આપણી પણ ત્રણ અવસ્થા છે. બાળપણ ખેલકૂદમાં રમતગમતમાં ગૂમાવ્યું, ઘડપણમાં ઇંદ્રિયો શિથિલ થઇ જાય, એટલે તે અવસ્થામાં, પણ કંઇ થઈ શકે નહીં, રહી માત્ર યુવાની. યુવાનીનો ઉપયોગ સવળો થાય, એટલે ધર્મ આરાધના સારી થાય તો યુવાની સફળ બને અને જો ભોગોપભોગમાં પડયા તો યુવાની દિવાની બને.

કૂવા કાંઠે એક સંન્યાસી બેઠો હતો. તે માળા ગણતો અને બોલતો **" અગલી ભી અચ્છી, પિછલી ભી અચ્છી, બિચલીકો જુત્તોકા માર "** આમ બોલ્યા કરતો હતો. તે સમયે ત્યાં ત્રણ બેનો પાણી ભરવા આવી. આ ત્રણમાં સૌથી આગળ વાણીયાની દીકરી છે. વચ્ચે ક્ષત્રિયાણી છે ને પાછળ બ્રાહ્મણની દીકરી છે. સંન્યાસી તો તેમની ધૂનમાં મસ્ત હતા અને બોલતા હતા " અગલી ભી અચ્છી, પિછલી ભી અચ્છી. બિચલી

કે। જૂત્તેકા માર" આમ બોલ્યા કરતા હતા. સંન્યાસીનું આ વાકય આ ત્રણે બેનોએ સાંભળ્યું અને બંધબેસતી પાઘડી પહેરી લીધી. આ જોગીડો શું બોલી રહ્યો છે? ત્રણે બેનોને એના ઉપર ગુસ્સો આવ્યો, પણ એ તો પાણી ભરીને ચાલી ગઈ. ત્રણમાં વચ્ચે ક્ષત્રિયાણી હતી. તેને "બિચલીકો જૂત્તેકા માર" આ શબ્દો સાંભળતા ખૂબ ક્રોધ આવી ગયો. તેણે તો ઘેર જઈને ઓટલા પર માટીનું બેડું પછાડયું, તેનો પતિ પૂછે છે કે પણ છે શું? આટલો બધો ગુસ્સો શા માટે કરે છે? તને શું થયું? અરે! તમારા ક્ષત્રિયપણામાં ને પુરુષપણામાં ધૂળ પડી, પણ જે બન્યું હોય તે વાત કર.

અમે ત્રણે બેનપણીઓ કુવે પાણી ભરવા ગઈ હતી. ત્યાં કુવા કાંઠે એક સંન્યાસી બેઠો હતો તે બોલતો હતો કે "અગલી ભી અચ્છી, પિછલી ભી અચ્છી, બિચલીકો જૂત્તેકા માર" આ શબ્દો સાંભળીને ક્ષત્રિયનું લોહી ઉછળ્યું. તેનું શૂરાતન ઝળકી ઊઠયું. તેણે પત્નીને કહ્યું, તું ગભરાઈશ નહીં. હું ત્યાં જાઉં છું. સંન્યાસીને મારીને તેનું માથું લઈને આવીશ. આ ક્ષત્રિય તો ગયો. ત્યારે પણ સંન્યાસી તો એ જ બોલ્યા કરતો હતો. ક્ષત્રિય યુવાને ચારે બાજુ નજર કરી પણ એટલામાં કોઈ દેખાયું નહિ. ત્યારે તે સંન્યાસી પાસે જઈને પૂછે છે. તમે આ પ્રમાણે કેમ બોલ્યા કરો છો? સંન્યાસી કહે હું કોઈને કંઈ કહેતો નથી. મારા આત્માને ઉપદેશ આપું છું. "અગલી ભી અચ્છી" એટલે બાળપણ સારું. કારણ કે બાળક સાવ નિર્દોષ હોય છે. તેનામાં માયાકપટ હોતું નથી, તેથી બાળપણ સારું. ઘડપણમાં જોમ-શક્તિ હોતી નથી, તેથી તે પણ સારૂં, પણ યુવાનીમાં ઇન્દ્રિયોના ઘોડા બેફામ દોડે છે તેના પર જો બ્રેક નહી લગાવીએ તો યુવાની નરકમાં લઇ જાય, માટે હું કહું છું કે "બિચલીકો જુત્તેકા માર" આ શબ્દો સાંભળીને ક્ષત્રિય બચ્ચાનો ક્રોધ શાંત થઈ ગયો. તેણે સંન્યાસી પાસે સત્ય વાત રજુ કરી અને પોતે તેનું માથું ઉડાવવાના ભાવથી આવ્યો હતો તે બદલ તેમની માફી માંગીને ઘેર ગયો. તેના મનમાં પશ્ચાતાપ થયો કે જો મેં એક સ્ત્રીના કહેવાથી સંન્યાસી મહાત્માનું શીર ઉડાડયું હોત તો હું કેવા પાપ બાંધત? મારી શી ગતિ થાત? ટુંકમાં આત્માની કમાણી કરવા માટે પણ યુવાની એ જ સાચી મોસમ છે.

આજે ચાતુર્માસના પ્રારંભનો દિન છે. વીતરાગની આજ્ઞામાં વિચરતા જૈન સંતો જેને જ્યાં ચાતુર્માસ જવાનું હશે તે સ્થળે આજે બધા સ્થિર થઈ જશે. મોડામાં મોડા આજે તો ચાતુર્માસના સ્થળે પહોંચી જશે. તો આ મંગલ દિવસોમાં શું કરવું છે તેનો નિર્ણય કરી લેજો. આ ચાર મહિના રાત્રિભોજન ન કરવું, કંદમૂળનો ત્યાગ, બ્રહ્મચર્યનું પાલન, વીતરાગ વાણીનું શ્રવણ, રોજ એક સામાયિક કરવી ને જેમ બને તેમ પાપથી પાછા વળવું. વધુ અવસરે.

ૐ શાંતિ

## વ્યાખ્યાન નં.—૨

**અષાડ વદ એકમ ને શુક્રવાર** તા. ૧૭-૭-૮૧

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! વિશ્વવંદનીય, ત્રૈલોકય પ્રકાશક, શાસનપતિ ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આધિ, વ્યાધિ અને ઉપાધિના સંતાપથી સંતપ્ત બનેલા વિશ્વના જીવોને શાશ્વત શાંતિ આપવાને માટે કરૂણાથી પ્રેરિત થઈને દિવ્ય દેશનાની નિર્મળ ગંગા વહાવી. તેની શીતલધારામાં સ્નાન કરીને ભૂતકાળમાં અનંતા જીવોએ ત્રિવિધ તાપથી મુક્તિ પ્રાપ્ત કરી છે. વર્તમાનમાં સંખ્યાતા જીવો મુક્તિ પામે છે અને ભવિષ્યકાળમાં અનંતા જીવો મુક્તિ પ્રાપ્ત કરશે. ભગવાનની દિવ્ય દેશનાનો ઉદ્દેશ બતાવતાં પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં કહ્યું છે કે–

**જીવનમાં શાસ્ત્ર કેવા આધારભૂત છે:**—"**सव्व जगजीव रक्खण दयट्टयाए पावयणं भगवया सुकहिअं**" સંસારના સર્વ જીવોની રક્ષા રૂપ દયાને માટે ભગવાને ધર્મદેશનાનું દિવ્ય દાન આપ્યું છે. આ પંચમ આરામાં જીવોને ભગવાનના શાસ્ત્રો આલંબન રૂપ છે. જેમ ભૂખથી પીડિત જીવોને અન્નનો આધાર છે, તરસ્યા માણસને પાણીનો આધાર છે. કોઈ માણસ મુસાફરીએ નીકળ્યો ને અવળે રસ્તે ચઢી ગયો. માર્ગ ભૂલી જવાથી સાચી દિશા જડતી નથી, તેથી ભયંકર અટવીમાં આથડી રહ્યો છે. આવા માર્ગ ભૂલેલા જીવને કોઈ માર્ગનો જાણકાર ભોમીયો મળી જાય તો તે તેનો કેટલો ઉપકાર માને? તે જીવનમાં તેને કયારે પણ ભૂલે ખરો? ન ભૂલે. અટવીમાં ભૂલા પડેલા જીવોને ભોમીયો આધાર છે. કોઈ માણસ સમુદ્રની મુસાફરીએ નીકળ્યો. ઘણે દૂર જવું છે, પણ રસ્તામાં ભયંકર તોફાન શરૂ થયું અને એ તોફાનમાં તેમની નૌકા પાણીમાં ડૂબી ગઈ અને માણસો બધાં પાણીમાં તણાવા લાગ્યા. પાણીમાં ડૂબતા જીવો શું ઈચ્છે? "મને બીજી કોઈ નૌકાનો અગર લાકડાના પાટીયાનો સહારો મળી જાય તો હું તરતો તરતો સામે કિનારે પહોંચી શકું." સમુદ્રમાં ડૂબતા જીવોને નૌકા અથવા લાકડાના પાટીયા આધારભૂત લાગે છે. કોઈ માણસ મહાભયંકર રોગથી પીડાતો હોય ને કોઈ હિસાબે દર્દ શાંત થતું ન હોય ત્યારે તેને કોઈ સારા વૈદ કે ડોકટર મળી જાય ને તેના રોગની ચિકિત્સા કરીને દવા આપે. જો તેનો શાતાવેદનીયનો ઉદય હોય તો તે દવાથી તેનો રોગ શાંત થઈ જાય. રોગી માનવને ઔષધનો આધાર છે. કોઈ આંધળો માણસ હોય, બિચારો આંખેથી કંઈ જોઈ શકતો ન હોય, તેને એક સ્થાનથી બીજે સ્થાને જવું હોય તો તે લાકડીના આધારે જઈ શકે છે. આંધળા માણસને લાકડીનો આધાર છે, માટે સમજો. પરભવ જતાં જીવને કોઈ આધાર હોય તો શુભાશુભ કર્મો છે, તેમ ભવ્ય જીવોને સૂત્રનો આધાર છે. આ કાળમાં આપણી પાસે તરવા માટે શાસ્ત્ર સિવાય બીજા કોનો સહારો છે? જો શાસ્ત્રો છે તો તેનું વાંચન, મનન કરીને જાણી શકીએ કે જીવ કર્મો કેવી રીતે બાંધે છે ને કેવી રીતે છોડે છે? આ મનુષ્ય જન્મ પામીને જીવે શું કરવા જેવું છે ને શું છોડવા જેવું છે? જો શાસ્ત્રો આપણી પાસે ન હોત તો આપણને આ

માર્ગદર્શન કોણ કરાવત? માટે કહ્યું છે કે જેમ ભૂખ્યાને અન્નનો, તરસ્યાને પાણીનો, અટવીમાં ભોમીયાનો, સમુદ્રમાં નાવનો, રોગીને ઔષધીનો, આંધળાને લાકડીનો, પરભવ જતા જીવોને પુણ્ય પાપનો (શુભાશુભ કર્મોનો) આધાર છે તેમ ભવી જીવોને સંસાર સાગર તરવા માટે શાસ્ત્રનો આધાર છે.

**શાસ્ત્ર એ પ્રકાશ છે:**– મોહના અંધકારથી ઘેરાયેલા જીવ માટે આ જગતમાં શાસ્ત્ર એક (આલોક) પ્રકાશ છે, એટલું જ નહિ પણ પાપરૂપી રોગનું ઔષધ પણ શાસ્ત્ર છે. શાસ્ત્ર એ સર્વત્ર પ્રસાર પામતી ચક્ષુ છે. સંસાર સમુદ્રમાં અથડાતા જીવોને માટે શાસ્ત્ર એ દીવાદાંડી સમાન છે. તે આપણને સમજાવે છે કે સંસારના માર્ગે મોટી ખીણો છે. એ માર્ગ જીવને અધોગતિ તરફ લઈ જાય છે, અને સંયમનો માર્ગ એ રાજમાર્ગ છે. દેખાવમાં કદાચ કાંટાળો લાગતો હોય, પણ એ માર્ગ જીવને ઉર્ધ્વગતિ તરફ લઈ જાય છે. જન્મ મરણની કેદમાંથી મુક્ત કરી શાશ્વત મોક્ષના રાજ્યને અપાવે છે. જેમને શાસ્ત્ર પ્રત્યે પ્રેમ નથી, શ્રદ્ધા નથી, તેઓની ધર્મક્રિયા નિર્જરાના કારણરૂપ બનતી નથી, અહંકારનો ત્યાગ કરીને અને ગુણાનુરાગી થઈને જે આત્મા શાસ્ત્રના ભાવોને શ્રદ્ધાપૂર્વક માને છે તેમની ધર્મક્રિયા કર્મનિર્જરાનું કારણ બને છે. જેમ પાણી મેલા કપડાની શુદ્ધિ કરે છે તેમ શાસ્ત્રો એ આત્માની શુદ્ધિ કરાવનાર નિર્મળ પાણી સમાન છે. તીર્થંકર ભગવંતોએ આપણા ઉપર મહાન કરૂણા કરી શાસ્ત્રોની અનુપમ ભેટ આપણને આપી છે. શાસ્ત્રોમાં અજબગજબની શક્તિ છે. શાસ્ત્રોમાં શબ્દે શબ્દે અક્ષય શાંતિ ભરેલી છે. કર્મના બંધનમાંથી છૂટવાના ઉપાયો પણ તેમાં બતાવ્યા છે.

**બંધન ખટકે તો બંધન તૂટે:**–અનાદિ અનંત કાળથી જીવો કર્મોના બંધનથી બંધાયેલા છે, તેથી ચારે ગતિમાં ભમી રહ્યા છે. મોહનીય આદિ કર્મોના મહા બંધનોથી બંધાયેલો જીવ આ બંધનને બંધન માનતો નથી, તેથી બંધનથી મુક્ત થવાની ભાવના પણ થતી નથી. જો બંધનને બંધન માને તો મુક્ત થવાની ભાવના થાય ને! કર્મના બંધન જો જીવને બંધનરૂપ લાગી જાય તો તેને તોડવા માટે એક નાની શક્તિ છે. તે શક્તિ કઈ? શુભ ધ્યાન. શુભધ્યાન કયા? ચાર પ્રકારના ધ્યાન છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાન. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન બે અશુભ ધ્યાન છે. તેનાથી જીવ નરક તિર્યંચ જેવી ગતિમાં જાય છે. ધર્મધ્યાન અને શુકલધ્યાન એ બે શુભ ધ્યાન છે. એ ધ્યાનથી જીવ દેવલોક કે મોક્ષને મેળવે છે. સૌથી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ધ્યાન શુકલધ્યાન છે. ધર્મધ્યાન છઠ્ઠા અને સાતમા એ બે ગુણસ્થાને હોય છે. આઠમા ગુણઠાણાથી ૧૪ મા ગુણ. સુધી શુકલધ્યાન છે. એ શુભ ધ્યાનમાં એકાગ્ર થયેલા મહાપાપી જીવો પણ કર્મબંધનને તોડી શાશ્વત સુખના સ્વામી બન્યા છે. બંધનથી મુક્તિ કેવી રીતે થાય તે માટે અહીં મને એક રૂપક યાદ આવે છે.

પદ્મ નામનું એક વિશાળ મનોહર વન હતું. તે વનમાં હાથી, સિંહ જેવા ઘણાં જંગલી પ્રાણીઓ તથા બીજા જીવો પણ વસતા હતા. આ બધા પશુઓમાં એક વિશાળ

કાયવાળો મહાન હાથી હતો. તે હાથી સાતસો હાથણીઓનો સ્વામી હતો. આ વનમાં એક ઉંદર રહેતો હતો. એક વખત તે ઉંદર હાથી પાસે આવ્યો ને તેમના ચરણમાં પડીને કહે છે હે ગજરાજ! આપ મારી એક વાત સાંભળશો? હાથી કહે, તારી શી વાત છે? ખુશીથી કહે. ઉંદર કહે, તમને ગમે તો હું તમારી મારાથી બનતી સેવા કરું. આ વાત સાંભળતા હાથીને હસવું આવ્યું, તમને પણ હસવું આવ્યું. હાથી હસીને કહે છે હે ઉંદર! તું મારાથી ઘણો મોટો! તું મારી સેવા કરે તો જ શત્રુઓથી મારું રક્ષણ થશે! આપણને મનમાં થાય કે નાના શું કરી શકશે? પણ ઘણી વાર મોટાથી જે ન થાય તે નાનાથી થાય છે.

**બંધનમાંથી મુક્ત થવાની યુક્તિ** :—હાથીની મશ્કરીભરી વાણી સાંભળીને ઉંદરે કહ્યું હે ગજરાજ! કોઈવાર હલકી જાતિનો નાના શરીરવાળો પણ મોટા શરીરવાળાને સહાય કરનાર બને છે. ઉંદરની વાત સાંભળીને હાથી વધુ ને વધુ હસવા લાગ્યો. ઉંદરના કહેવાથી છેવટે હાથી કહે છે. જો તું મને એકવાર આપત્તિથી, સંકટમાંથી બચાવશે તો હું તને મહાન માનીશ. એક વખત પ્રસંગ એવો બન્યો કે તે હાથી શિકારીઓએ ગોઠવેલ ફાંસામાં ફસાઈ ગયો. ફાંસામાં ફસાવાથી તે અતિ દુઃખને ભોગવી રહ્યો છે, બંધનમાંથી બહાર નીકળવાની યુક્તિ શોધી રહ્યો છે, પણ નીકળી શકાતું નથી. ચારે બાજુ દૃષ્ટિ કરે છે. કોઈ આવે ને મને ફાંસામાંથી છોડાવે. કોઈની સહાય મળી જાય તો હું આ બંધનમાંથી છૂટી શકું. બરાબર આ સમયે પેલો ઉંદર ત્યાં આવ્યો. હાથીની આ બંધનયુક્ત દશા જોઈને તે બોલ્યો. હે ગજરાજ! મેં તમને મારા સ્વામી માન્યા છે. જેથી જો તમને ગમે તો હું તમને બંધનમાંથી મુક્ત કરું. હાથી કહે તું મને આ ફાંસામાંથી કેવી રીતે છોડાવીશ? ઉંદર કહે, આપ મારું પરાક્રમ જોજો. હું એવો પ્રયત્ન કરીશ કે તમે આ બંધનમાંથી છૂટા થઈ શકશો. ઉંદર વનમાં ગયો અને બધા ઉંદરોને બોલાવી લાવ્યો. હાથીને જે વાધરનો ફાંસો બંધાઈ ગયો હતો ત્યાં બધા ઉંદરો કામે લાગી ગયા. વાધરને દાંતવડે તે તોડવા લાગ્યા. હાથી તો આ ઉંદરોનું પરાક્રમ જોઈ જ રહ્યો. પહેલા હાથી ઉંદરની વાત પર હસતો હતો પણ ઉંદરોએ તેમનું બરાબર બતાવ્યું. થોડી વારમાં તો હાથીના બંધન તુટી ગયા. હાથી બંધનથી છૂટો થઈ ગયો. તેના આનંદનો પાર ન હતો. બધા ઉંદરો પર તેણે પ્રેમ વરસાવ્યો અને કહ્યું, કયારેક નાના પણ મોટાને કામ લાગે છે. કપડું સીવવા તલવાર કે કાતર નહીં પણ સોય જ કામ લાગે છે. આ તો એક રૂપક છે પણ તેમાંથી ઘણું જાણવાનું મળે છે.

બસ, આ ન્યાય આત્મા ઉપર ઘટાવવો છે. હાથી જેમ બંધનમાં બંધાયો હતો તેમ જીવ પણ કર્મ બંધનથી બંધાયેલો છે. તે બંધનમાંથી મુક્ત થવા માટે શુભ ધ્યાન આલંબન છે. અહીં જીવ હાથી છે. કર્મો એ બંધન સમાન છે, અને શુભ ધ્યાન ઉંદર સમાન છે. શુભ ધ્યાનની પરંપરા જો સતત પ્રયત્નપૂર્વક ચાલુ રહે, તો આત્મા કર્મના ફાંસામાંથી મુક્ત થઇને મુક્તિ સુખનો ભોક્તા બને. મુક્તિ સુખના ઈચ્છુક આત્માએ દાન–

શીલ-તપ ભાવરૂપ ધર્મનું શુભ ધ્યાન ભાવપૂર્વક સેવવું જોઈએ. આવું શુભ ધ્યાન પુણ્યાનુબંધી પુણ્ય હોય તો કરી શકાય છે. પુણ્યની લીલા કોઈ ઓર છે. દુનિયામાં પુણ્યવાન જીવોની બોલબાલા છે. જ્યારે તેનાથી વિપરીત પાપ તો તણખલા કરતા તુચ્છ છે. પાપના પડછાયા જીવને સુખી થવા દેતા નથી. ગમે તેટલી મહેનત કરીને મેળવે પણ પાપનો ઉદય હોય તો કોઈપણ કારણોસર મેળવેલી તે લક્ષ્મી પણ ચાલી જાય છે અને તે દુઃખી ને દુઃખી રહે છે. અહીં મને એક વાત યાદ આવે છે.

મથુરા નગરીમાં કેશવ નામનો બ્રાહ્મણ હતો. તેને કુરૂપા, કુટિલ સ્વભાવવાળી, જેની વાણીમાં સદા ક્રોધાગ્નિ સળગી રહ્યો છે એવી કલહપ્રિય કપિલા નામે પત્ની હતી. એક વખત તે ગર્ભવતી થઈ ત્યારે તેણે તેના પતિને કહ્યું, સ્વામી ! આજ સુધી આપણે બે હતા, હવે ત્રણ થઈશું. છ પગવાળા થઈશું, માટે આપ પરદેશ જઈ થોડી કમાણી કરી આવોને ! આમ આળસુની માફક ક્યાં સુધી પડયા રહેશો ? આપણી જુની કહેવત છે કે **"વસુ વિના નર પશુ"** ધન વિનાના માનવીની કોઈ કિંમત નથી. સંસારમાં ડગલે ને પગલે ધનની જરૂર પડે છે. આપ આમ બેકાર ક્યાં સુધી ફરશો ? આપ કમાવા જાવ.

પત્નીના વચન સાંભળી કેશવે કહ્યું કે મારા જીવનમાં ધન કેવી રીતે કમાવું તે હું શીખ્યો નથી. કોની પાસે જવું ? કોની પાસે ધનની માંગણી કરું ? મારા માતા-પિતા બાલપણમાં ગુજરી ગયા. મારા સ્વજનોએ મને ઉછેરીને મોટો કર્યો. ઘરમાં જે થોડી ઘણી મૂડી હતી તેનાથી તારી સાથે લગ્ન કર્યા. હવે મારી પાસે કાંઈ નથી. હું ક્યાં જાઉં ? બ્રાહ્મણની આવી વાત સાંભળીને કપિલા તાડૂકી ઉઠી અને કહેવા લાગી, જો ધન કેવી રીતે મેળવવું તે જ્ઞાન ન હતું તો શા માટે ઘોડે ચઢીને મને પરણવા આવ્યા હતા ? ત્યારે વિચાર કરવો હતો ને ? અહીંથી થોડે દૂર સુવર્ણભૂમિ નામે નગરી છે. આપ ત્યાં જાવ ને ત્યાંથી ધન લઈ આવો. જો ધન નહીં લાવો તો આ ઘરમાં પગ મૂકવાનો તમારો અધિકાર નથી. છેવટે પત્નીની વાતનો સ્વીકાર કરીને કેશવ ઘરેથી ધન કમાવા નીકળ્યો. વિકટ રસ્તાઓ પસાર કરતો, ભૂખ તરસના દુઃખને વેઠતો વેઠતો, કેશવ સુવર્ણભૂમિમાં પહોંચી ગયો. મહામહેનત કરીને એક હજાર સોના મહોરો મેળવી, પછી તે પોતાના ગામ જવા નીકળ્યો.

**માયાની જાળ :** કેશવ રસ્તામાં ચાલ્યો જાય છે. હજાર સોનામહોરો મળી તેથી મનમાં આનંદ છે. અનેક અરમાનો ઘડતો ચાલી રહ્યો છે. રસ્તામાં તેને એક ઈન્દ્રજાલિકનો ભેટો થયો. ઈન્દ્રજાલિકે પૂછયું, આપ ક્યાંથી આવ્યા છો ? ક્યાં જઈ રહ્યા છો ? આ ભોળા કેશવે બધી સત્ય વાત કહી દીધી. કેશવ સાવ ભોળો છે ને ઈન્દ્રજાલિક કપટકળામાં મહા કુશળ છે.-તેના મનમાં એમ થયું કે અત્યારે બરાબર દાવ હાથમાં આવ્યો છે. ગમે તેમ કરીને તેની હજારે હજાર સોનામહોરો પડાવી લઉં. ઈંદ્રજાલિકે તેની વિદ્યાના બળથી નવ-યુવાન, રૂપસુંદરીના અવતાર સમી દેવકન્યા સમાન દીકરી અને તેના મા-બાપ ત્રણ જણને ત્યાં હાજર કર્યા. રૂપકન્યાને જોતાં ભ્રમરની જેમ કેશવ તેનામાં મુગ્ધ બન્યો, એટલેથી ને

અટકયું. તેણે કહ્યું મને આ કન્યા આપો. કામવાસનામાં આસક્ત બનેલા કેશવે એટલો વિચાર ન કર્યો કે મારે ઘેર તો એક પત્ની છે. અમારા બંનેનો જીવન-નિર્વાહ માંડ-માંડ થઈ શકે છે ત્યાં આ ત્રીજીને લઈ જઈને શું કરીશ? વિષય લોલુપી જીવ ભાનસાન ગુમાવી દે છે.

**વિષયમાં અંધ બનતા કેવી દશા**:–કેશવે આ રૂપકન્યાની માંગણી કરી, ત્યારે ઈન્દ્રજાલિકે શું કહ્યું? તું મને હજાર સોનામહોરો આપ તો હું મારી કન્યા તને આપું. મહામહેનતે જે હજાર સોનામહોરો મેળવી હતી તે પણ આપી દેવા તૈયાર થયો. વિષય-લોલુપી જીવ શું નથી કરતો? હું સોનામહોરો આપી દઈશ ને પછી ઘેર ખાલી હાથે પાછો જઈશ તો મારી પત્ની મને શું કહેશે? તે વિચાર પણ ન કર્યો. કામાંધ બનેલા કેશવે ઈન્દ્રજાલિકને હજાર સોનામહોરો આપી દીધી. રે કામાંધતા! તારી સત્તા સંસારમાં અજબગજબની છે. તારી સત્તામાં આવેલો માનવી પોતાનું કુળ, જાતિ, ધર્મ બધાને ભૂલી જાય છે.

ઈન્દ્રજાલિકને હજાર સોનામહોરો મળી ગઈ. પોતાનો દાવ બરાબર સફળ થયો એમ માનીને તેણે બધી માયાજાળને સંહરી લીધી ને ઈન્દ્રજાલિક પોતાનો સ્વાર્થ સરી ગયો જાણીને ત્યાંથી ચાલ્યો ગયો. વિષયાંધ બનેલો કેશવ હવે ત્યાં એકલો જ રહ્યો. તે ચારે બાજુ નજર કરે છે તો કોઈ દેખાતું નથી. નથી ઈન્દ્રજાલિક કે નથી રૂપકન્યા! કોઈ ન મળે. અરેરે....તે રૂપકન્યા કયાં ગઈ? ચારે બાજુ શોધવા લાગ્યો પણ કયાંય ન દેખાઈ. મહામહેનતે મેળવેલી હજાર સોનામહોરો ગઈ ને રૂપકન્યા પણ ગઈ, આથી ખૂબ નિરાશ થઈ ગયો, પણ હવે શું થાય? છેવટે પોતાના ગામ તરફ ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં થાકી ગયો, તેથી વિસામો ખાવા એક ઝાડ નીચે જઈને સૂઈ ગયો. ખૂબ થાકયો હતો તેથી ઘસઘસાટ ઉંઘી ગયો. ઉંઘમાં તેણે એક સ્વપ્ન જોયું. તે સ્વપ્ન શું હતું? હું મારા ગામમાં પહોંચી ગયો. મારા ઘરની નીચે ખોદતા મને રત્નોથી ભરેલો ચરૂ મળ્યો. તે રત્નોથી મેં મારા કુટુંબીજનોને-સ્વજનોને જમાડયા. નગરજનોએ અને રાજાએ મારા ખૂબ સત્કાર-સન્માન કર્યા. આ સ્વપ્ન ચાલતું હતું ત્યાં ગધેડાનો ભૂંકવાનો અવાજ આવતા તે જાગી ગયો ને સ્વપ્ન પૂરું થયું.

**આશા બાંધી રહેલી પત્ની**:–કેશવ સ્વપ્નને સાચું માનતો વિચાર કરવા લાગ્યો કે હવે મારે બીજે કોઈ સ્થળે જવાની જરૂર નથી. અહીંથી સીધો ઘેર જઈ રત્નોને બહાર કાઢીશ ને મારું દારિદ્ર મટાડીશ, પણ આ મૂર્ખાને ભાન નથી કે શું સ્વપ્ન સાચા જ પડે છે? ના....ના...પણ કેશવે તો સાવ સાચું માન્યું કે કંઈ પણ કમાયા વિના મનમાં હરખાતો પોતાના ગામમાં પહોંચી ગયો. પોતે જાણે કેટલી કમાણી કરીને ન આવ્યો હોય એવો ખુશખુશાલ બનતો હસતો હસતો આનંદભેર ઘરમાં પ્રવેશ કર્યો. પોતાના પતિને ખુશખુશાલ અને હસતા હસતા આવતા જોઈને કપિલા સમજી ગઈ કે મારા પતિ ઘણું ધન કમાઈને આવ્યા લાગે છે, નહીં તો આટલા આનંદમાં ન હોય

તેથી તે હર્ષભેર ઉઠી અને તેમની સામે જઈને તેમનું સ્વાગત કર્યું. પછી મીઠું ભોજન કરાવ્યું ને પૂછ્યું–આપે ધન કયાં રાખ્યું છે? મને જલ્દી બતાવો. મારું મન તે જોવા ખૂબ તલસી રહ્યું છે. કેશવે કહ્યું કે પહેલાં તું ઘી ગોળ ઉધાર લઈ આવ. કાલે આપણા સ્વજનોને જમાડીને પછી તેમની હાજરીમાં હું તને ધન બતાવીશ. કપિલાએ કેશવની વાત બધી સાચી માનીને તેના કહ્યા પ્રમાણે બધું કર્યું. રસોઈ વગેરે તૈયાર થઈ ગયા પછી સ્વજનોને બોલાવીને જમાડયા. જમવાનું બધું પતી ગયા બાદ કપિલા કેશવને કહે છે, હવે તો મને બતાવો કે ધન કયાં છે? અત્યારે સ્વજનો બધા હાજર છે.

**સ્વપ્ન ઉપર આધાર રાખતો અજ્ઞાન જીવ**:–મૂર્ખનો સરદાર કેશવ કોદાળી લઈને મકાનની નીચે ખોદવા લાગ્યો. બધા સ્વજનો પૂછે છે કે તું શું કરે છે? તેણે કહ્યું, મકાનની નીચે રત્નોનો ચરૂ દાટેલો છે તેને બહાર કાઢું છું. તને કોણે કહ્યું કે મકાનની નીચે ચરૂ દાટેલો છે, તે તું ખોદે છે? કોઈએ તારા માટે થાપણ મૂકી છે કે તને એમ મળી જાય. એના જવાબમાં કેશવે કહ્યું, મને કાંઈ ખબર નથી. તો તું ખોદે છે શા માટે? બુદ્ધિહીન કેશવે કહ્યું કે અમુક ગામમાં હું વડના ઝાડ નીચે સૂતો હતો. ત્યાં નિદ્રામાં મને સ્વપ્ન આવ્યું કે તારા ઘરની નીચે રત્નોનો ભરેલો ચરૂ દાટેલો છે. એટલે હું કાઢવા ઉઠયો. ત્યાં ગધેડાનો ભૂંકવાનો અવાજ આવ્યો એટલે જાગી ગયો. એ સ્વપ્નને યાદ કરતો કરતો હું જલ્દી જલ્દી આવ્યો છું અને આ પ્રમાણે રત્નો મેળવવા પ્રયત્ન કરી રહ્યો છું. (હસાહસ)

ભેગા થયેલા બધા સ્વજનો તથા માણસોએ તાળીઓના ગડગડાટ સાથે ખૂબ હાંસી–મશ્કરી કરી. બધા તેની ઠેકડી ઉડાવવા લાગ્યા કે કેશવને રત્નોનો કિંમતી ચરૂ મળી ગયો. આ બધું જોઈને કપિલાને તો ગુસ્સાનો પાર ન રહ્યો. એણે તો કાદવની મુઠ્ઠી ભરીને કેશવના મસ્તક ઉપર નાંખીને હજારો ધિક્કારોની વર્ષા વરસાવી. તેનો ખૂબ તિરસ્કાર કર્યો. આટલું કરવા છતાં કેશવ પોતાના કાર્યને બંધ કરતો નથી. તેનું કાર્ય તો ચાલુ જ છે. ત્યાં મકાનની એક તરફની ભીંત તૂટી પડી ને તેના પર પડતાં તેની કમ્મર તૂટી ગઈ અને તે દુઃખી થઈ ગયો.

બંધુઓ! આ દૃષ્ટાંતથી શું સમજવાનું છે? પુણ્ય, પાપની લીલા અજબ છે. પુણ્યનો ઉદય હોય ત્યારે ઓછી મહેનતે ઘણું મળી જાય છે અને પાપનો ઉદય હોય ત્યારે મહામહેનતે મેળવેલી લક્ષ્મી પણ કોઈ લૂંટી જાય છે. ધન ધાન્યના ભર્યા નગરમાં ભૂખે મરવું પડે છે, તેથી પુણ્યાનુબંધી પુણ્ય જોઈતું હોય તો ધર્મના શરણે આવો. મંગલ ચાતુર્માસનો પ્રારંભ થઈ ચૂકયો છે માટે હવે ધર્મ આરાધનામાં તત્પર થઈ જાઓ.

ચાતુર્માસમાં આપણે ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયનમાં નમિરાજના અધિકારનું વાંચન કરવું છે. ઉત્તરાધ્યયન સૂત્ર એ ભગવાનની અંતિમ દેશના છે. ભગવાન મોક્ષે જવાના હતા ત્યારે પાવાપુરીમાં સોળ પ્રહર સુધી અખંડ દેશનાનો ધોધ વહાવ્યો. તેમાં ઉત્તરાધ્યયન સૂત્ર અંતિમ વાણી છે. ઉત્તરાધ્યયન સૂત્ર એ આગમ–શાસ્ત્રનું એક બહુ

મૂલ્યવાન રત્ન છે. વૈષ્ણવમાં જેમ ગીતાનું સ્થાન મુખ્ય છે તેમ જૈન દર્શનના ધાર્મિક ગ્રંથોમાં ઉત્તરાધ્યયન સૂત્રનું સ્થાન અનોખું છે. ઉત્તર એટલે પ્રધાન. આગમ સાહિત્યમાં ઉત્તરાધ્યયન સૂત્ર પોતાની વિષય, વસ્તુ, શૈલી તથા આધ્યાત્મ સૌષ્ઠવને કારણે તેને શ્રેષ્ઠ તેમજ પ્રધાન માનવામાં આવ્યું છે. ઉત્તરાધ્યયન સૂત્ર એ મૂળ સૂત્ર છે. ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, નંદી અને અનુયોગ આ ચાર મૂળ સૂત્ર છે. તેને મૂળ સૂત્ર શા માટે કહેવામાં આવ્યા છે? કોઈ ગ્રંથકાર એમ કહે છે કે તેમાં ભગવાન મહાવીર સ્વામીના પોતાના શબ્દોની ગૂંથણી થયેલી છે, પણ જો આવું કહેશે તો બીજા ત્રણ સૂત્રોને આ વાત લાગુ નહિ પડે, તેથી મૂળ સૂત્રનો અર્થ એ છે કે તે સૂત્રોમાં સાધુ જીવનની શરૂઆતમાં જે વ્રતનિયમો તથા આચારોની આવશ્યકતા છે તેનો આ ગ્રંથોમાં ઉપદેશ હોવાથી આ ગ્રંથોને મૂળ સૂત્રો કહેવામાં આવ્યા છે. કોઈ એમ કહે છે કે આ ગ્રંથ અગ્ર ગ્રંથોની અપેક્ષાએ પાછળથી રચાયેલો હોવાથી એને ઉત્તર એટલે પાછળનો ગ્રંથ કહે છે. ભગવાન મહાવીર સ્વામીએ તેમના છેલ્લા ચોમાસામાં આ છેલ્લી અંતિમ વાણી વહાવી છે, તેથી ઉત્તર શબ્દનો અર્થ બરાબર ઘટી શકે છે.

**સિદ્ધાંત શી પ્રેરણા આપે છે :**–વર્તમાનમાં ઉપલબ્ધ સૂત્રોના બે ભાગ પડે છે. (૧) અંગ પ્રવિષ્ટ (૨) અંગ બાહ્ય. એ સૂત્રોનું ગુંથન ગણધરોએ કર્યું છે. ઉત્તરાધ્યયન સૂત્રનો સમાવેશ અંગ બાહ્યમાં થાય છે. આચારંગાદિ ૧૧ સૂત્રો એ અંગ પ્રવિષ્ટ કહેવાય છે, ને બાકીના બધા સૂત્રોનો સમાવેશ અંગ બાહ્યમાં થાય છે. આ સૂત્રમાં ચારે અનુયોગનો સમાવેશ થાય છે. (૧) દ્રવ્યાનુયોગ (૨) ચરણકરણાનુયોગ (૩) ગણિતાનુયોગ (૪) ધર્મકથાનુયોગ. આપણે જે અધ્યયનનું વાંચન કરવું છે તેમાં ધર્મકથાનુયોગની વાત આવે છે. ધર્મકથાનુયોગની દૃષ્ટિએ વિચાર કરીએ તો જૈન ધર્મકથાઓની સમાનતામાં બીજી કોઈ કથા નહિ આવી શકે. કથા કોને કહેવાય? જે કથા અંતરના થાક અને વ્યથાને દૂર કરી અંતરને સ્વચ્છ બનાવે. નાનો નિર્દોષ બાળક જેનામાં હજુ સમજણનું કિરણ પણ ફૂટયું નથી તે પોતાની દાદી અથવા મમ્મી પાસે જઈને પોતાની જિજ્ઞાસા સંતોષવા એક જ માંગણી કરે–મમ્મી...મમ્મી...મને એક વાર્તા કહેને!

કથા અથવા વાર્તા એ એક એવી આકર્ષક છતાં યે ગમ્મતની સાથે જ્ઞાન આપનારી ચીજ છે કે જેમાં મનના મનોરંજનની સાથે એક એવો ઉત્તમ આદર્શ શ્રોતાઓની સામે રજુ કરે છે કે જેમાંથી વ્યવહારિક જીવન જીવવાની કલા સાથે વિકાસના પંથે પણ તેને દોરી જાય છે. ધર્મકથા માત્ર બાળકો માટે છે એવું નથી પણ જેમની પાસે વિશિષ્ટ બુદ્ધિ નથી. જેઓનો ક્ષયોપશમ તીવ્ર નથી તેવા જીવો પણ ધર્મથી વિમુખ ન રહી જાય, કદાચ તત્ત્વ પકડવાની શક્તિ ન હોય તેને પણ ધર્મકથા દ્વારા આગમના અમૃતનું પાન મળી રહે તે રીતે ધર્મકથા વિભાગ પણ મહત્વનું સ્થાન ધરાવે છે. આ રીતે ધર્મકથાનું મૂલ્ય જેવું તેવું નથી. કથાની કિંમત ક્યારે? માનવ જે સ્ટેઈજ પર હોય ત્યાંથી ઉઠાડીને ધર્મની સન્મુખ લઈ જાય તેવી ધર્મકથા હોય તો તેની કિંમત છે. ભૌતિકતામાં

ગળાડૂબ ખૂંચેલા જીવોને ધર્મકથા આધ્યાત્મિક દુનિયાનું દર્શન કરાવીને આદર્શરૂપ દર્પણમાં પોતાનું પ્રતિબિંબ દેખાડે છે. આ રીતે ધર્મકથા અમૂલ્ય છે.

આજના જીવનમાં તો નોવેલોના વાંચનથી જીવનનું ઉત્થાન થવાને બદલે માનવી પતનની ગર્તામાં ખૂંચી જાય છે. આ રીતે માનવી પોતાના કિંમતી જીવનને કામના તથા વાસનાના ઘેરા અંધકારમાં ઝબોળીને પોતાનું જીવન ખતમ કરી નાંખે છે. જ્યારે ધર્મ-કથાની એ વિશેષતા છે કે તે સહેલી સરળ ભાષામાં મનને ખુશ કરી આત્માને અવનવી પ્રેરણા પીરસી જાય છે. જેનાથી જીવનના વર્તનનું પરિવર્તન પણ થઇ શકે છે. આવા દૃષ્ટાંતો ઇતિહાસમાં તથા આગમમાં અનેક છે. જૈન આગમોમાં "જ્ઞાતા ધર્મકથા" એક ધર્મકથાનુયોગ દ્વારા ધર્મનું જ્ઞાન આપનાર અલૌકિક આગમ છે.

આ રીતે ધર્મકથા એટલે દૂધમાંથી પ્રક્રિયા કરીને પીરસાતું, પુષ્ટિ આપતું નવનીત. ધર્મકથા એટલે શારીરિક માનસિક તથા ભવના થાક ઉતારનાર તથા તન, મન અને જીવનને હળવું ફૂલ બનાવીને ઉચ્ચ આદર્શો દ્વારા ઉત્તમ જીવન જીવવાંની પ્રેરણા આપતું બળ. આ રીતે ધર્મકથા એટલે ધર્મનો જીવનમાં યોગ કરાવનાર કથા. ધર્મકથાનું મહત્ત્વ સમજીને જીવનને ઉજ્જવળ બનાવીને ધર્મનો પ્રકાશ અંતર ગોખે ભરી અંતરરૂપી આંગણુને ચાંદનીની જેમ અજવાળીએ. ધર્મકથાનું વાંચન જીવન જીવવાની કલા શીખવીને જીવનને સુખમય, સૌરભમય અને સમૃદ્ધિમય બનાવવાની પ્રેરણા આપે છે.

આ સૂત્રમાં ૩૬ અધ્યયનો છે. આ સૂત્રમાં શિખામણના રૂપમાં સૂત્રાત્મક શિક્ષાઓ, સંતોને મોક્ષમાર્ગ તરફ દોરનાર પ્રેરણાશીલ ભાવ ભર્યા કથનો, ધર્મશિક્ષા, શ્રદ્ધા તથા સંયમરૂપ ચતુષ્ઠયનો મોક્ષ પ્રાપ્તિમાં ઉપયોગ વગેરે વિવિધ વિવિધ વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તે સિવાય વિષયને સરળ કરવા માટે તેને અનુરૂપ નાના પણ સુંદર દાખલાઓ ઠેકાણે ઠેકાણે જોવા મળે છે. ચોરનો દાખલો, ગાડું હાંકનારનો દાખલો, ત્રણ વેપારીનો દાખલો, આમ્રફળનો દાખલો વિગેરે નાના દાખલાઓ તો કુંદનમાં (સોનામાં) ગોઠવેલા હીરાની માફક ઝળકી ઉઠે છે.

આ સૂત્રના પ્રથમ અધ્યયનનું નામ છે "વિનય શ્રુત" આ અધ્યયનમાં વિનય અને અવિનયની વ્યાખ્યા કરી છે. વિનય ધર્મવૃક્ષનું મૂળ છે. વિનય એ જીવનમાં જડીબુટ્ટીનું કામ કરે છે. વિનય એ વૈરીને વશ કરવાનો વશીકરણ મંત્ર છે. વિનયીનું ચિત્ત અહંકાર રહિત હોય છે. તે સરળ, નિર્દોષ, વિનમ્ર અને અનાગ્રહી હોય છે, તેથી તેને પરમજ્ઞાનની પ્રાપ્તિ સહજ થાય છે. અવિનયી તેનાથી વિપરીત અને અભિમાની હોય છે, તેથી અવિનીત પોતાના જીવનનું નિર્માણ સાચી દિશામાં કરી શકતો નથી. વિનય એ ગુરૂ-શિષ્યની વચ્ચે એક સેતુનું કામ કરે છે. વિનય કોને કહેવાય? ચાર ગતિઓમાં ભ્રમણ કરાવનાર કલેશને ઉત્પન્ન કરાવનાર જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોને જે દૂર કરે છે તેને વિનય કહે છે. ભગવાન દશવૈકાલિક સૂત્રના વિનય-સમાધિ નામના અધ્યયનમાં વિનયનું સ્વરૂપ સમજાવતા બોલ્યા છે :—

**"વિનય ધર્મનું મૂળ, ક્રમથી મોક્ષને ફળે,**
**કીર્તિ જ્ઞાન પ્રશંસા ને કલ્યાણ પ્રાપ્તિ તે થકી"**

ગુરૂજન આવતા ઉભા થઈ જવું, વંદણા કરવી, તેમની આજ્ઞાનું પાલન કરવું તથા તેમની ઇચ્છાને અનુકૂળ આચરણ કરવું, એનું નામ વિનય. ધર્મનું મૂળ વિનય છે. વિનયનું સર્વોત્કૃષ્ટ ફળ મોક્ષ છે. વિનયથી સંતો તથા સતીજીઓને કીર્તિ તથા સમસ્ત દ્વાદશાંગની સમ્યક્ પ્રાપ્તિ થાય છે. વિનયની વૃક્ષની સાથે સરખામણી કરવામાં આવી છે. જેમ વૃક્ષનું મૂળ હોય છે, તેમ ધર્મરૂપી વૃક્ષનું મૂળ વિનય છે. વૃક્ષના મૂળથી સ્કન્ધ થાય છે તેમ પ્રશસ્ત ભાવથી મહાવ્રત આવે છે, મહાવ્રતથી પ્રશાખાઓની જેમ સમિતિ-ગુપ્તિ છે. સમિતિ-ગુપ્તિથી પાંદડાની સમાન કીર્તિના કારણરૂપ ઇન્દ્રિય-નિગ્રહ થાય છે, તેનાથી પુષ્પોના સમાન પાંચ પ્રકારના સ્વાધ્યાય તથા સ્વાધ્યાયથી ઉત્પન્ન થતાં ક્ષમા, ધ્યાન અને તપની પ્રાપ્તિ થાય છે. તેનાથી વૃક્ષના ફળ સમાન સર્વકર્મોના ક્ષયરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. મોક્ષ પ્રાપ્ત થવાથી ફળના રસ સમાન અનંત અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થાય છે.

જેવી રીતે હાથી અથવા ઘોડા વિનીત અર્થાત્ આજ્ઞા પ્રમાણે ચાલવાવાળા હોવાથી મહાન યશ પામે છે. તે અનેક પ્રકારના આભૂષણોથી ઇચ્છિત અનુકૂળ ખોરાક ખાઇને સુખી જોવામાં આવે છે તેવી રીતે ગુરૂ મહારાજની આજ્ઞાને અનુકૂળ રહીને ચાલવાવાળા સુવિનીત સાધુ ચતુર્વિધ સંઘમાં કીર્તિ પ્રાપ્ત કરે છે, તથા જ્ઞાનાદિ રત્નોરૂપ સમૃદ્ધિથી સમૃદ્ધ બનીને મોક્ષના સુખનો અનુભવ કરે છે. વિનીત શિષ્ય ગુરૂને પુત્ર જેવો વહાલો લાગે છે, અને અવિનીત સડેલી કૂતરીની જેમ તિરસ્કારને પાત્ર બને છે. આ રીતે પ્રથમ અધ્યયનમાં વિનીત અને અવિનીતનું સુંદર વર્ણન કર્યું છે. હવે બીજા અધ્યયનમાં ભગવાને કયા ભાવ સમજાવ્યા છે તેના ભાવ અવસરે.

## વ્યાખ્યાન નં.-૩

**અષાડ વદ બીજ ને શનિવાર** **તા. ૧૮-૭-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંત જ્ઞાની ભગવંતો ભવ્ય જીવોને ઉપદેશ આપતા ફરમાવે છે કે,

**સમ્યગ્ દર્શન શુદ્ધં યો જ્ઞાનં વિરતિ મેવાપ્નોતિ ।**
**દુઃખ નિમિત્તમપિદં તેન સુલબ્ધં ભવતિ જન્મ ॥**

દુઃખના નિમિત્તભૂત એવા જન્મને સફળ કરવો હોય તો તમે સમ્યગ્ દર્શન દ્વારા શુદ્ધ બનેલ એવા જ્ઞાન અને વિરતીની સાધના કરો. સમ્યગ્ દર્શનની કેટલી મહત્તા છે ! સમ્યગ્ દર્શન વિનાનું સાડા નવ પૂર્વોનું જ્ઞાન પણ આત્મ શુદ્ધિ કરાવી શકતું નથી, અને સમ્યગ્ દર્શન વિનાનો ઉગ્ર સંયમ પણ સિદ્ધિનો સાધક બનતો નથી. સર્વ સદ્ગુણોનું મૂળ સમ્યગ્ દર્શન છે. જેમ કોઈ મેલા કપડાને ગટરના ગંધાતા પાણીથી ધોવે તો તે શું સ્વચ્છ અને શુદ્ધ બને ખરા ? ના, તે રીતે સમ્યગ્ દર્શન વિના ગમે તેટલું જ્ઞાન

ભણે અને ઉગ્ર સંયમ પાળે પણ કર્મથી મલીન બનેલો આત્મા શુદ્ધ બનતો નથી, માટે સૌથી પ્રથમ સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત કરવાની જરૂર છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે શ્રી જિનેશ્વર ભગવાનના વચન પર પૂર્ણ પ્રેમ રાખવો પડશે, જિનેશ્વર ભગવાનના વચન પર જો પ્રેમ નથી તો આ મનુષ્ય જન્મ એ દુઃખનું નિમિત્ત બનશે. આ વાત હૈયામાં બેસવી એ સહેલી નથી.

**મરણ પછી જન્મ ન લેવા શું કરશો?** :–સમસ્ત દુઃખોનો જન્મ જન્મમાંથી થાય છે. જેમણે અજન્મ દશા પ્રાપ્ત કરી છે તેમને ક્યારેય પણ કંઈ દુઃખ નથી. જન્મ પાછળ દુઃખોની લાંબી હારમાળા ચાલી આવે છે; માટે હવે ફરી જન્મ ન લેવા પડે એવા પ્રયત્ન કરવા જોઈએ. જન્મ્યા પછી ન મરવું એ આપણા હાથની વાત નથી, કારણ કે જન્મ છે તેનું મૃત્યુ તો નિશ્ચિત છે, પણ ફરીને જન્મ લેવો કે ન લેવો એ આપણાં હાથની વાત છે. આ જન્મમાં એવી સાધના કરીએ અને કર્મો તોડવા જબ્બર પુરુષાર્થ ઉપાડીએ તો ઘાતી–અઘાતીના બંધનમાંથી મુક્ત થઈને મોક્ષના સુખોને પામી શકીએ. આ કાળમાં ભલે સીધા મોક્ષમાં ન જવાય, પણ એકાવતારી તો બની શકાય છે. સિદ્ધ ભગવંતો જે સિદ્ધક્ષેત્રમાં બિરાજી રહ્યા છે તેમને હવે ફરીને જન્મ લેવાનો નથી. તેમણે આઠે કર્મોનો ક્ષય કર્યો તેથી ત્યાં જન્મ મરણનું દુઃખ નથી. શાસ્ત્રકારો પોકારી પોકારીને કહે છે. दुल्लहे खलु माणुसे भवे । મનુષ્ય ભવ મળવો બહુ દુર્લભ છે તે એટલા માટે કે આ મનુષ્ય જન્મથી અજન્મ દશા પ્રાપ્ત કરી શકાય છે. સમકિતી આત્માને જન્મનો ભય છે. ને મિથ્યાત્વીને મરણનો ભય હોય છે. સમ્યક્ દર્શન પ્રાપ્ત કરવાથી જીવને કયા ગુણની પ્રાપ્તિ થાય છે? ગૌતમ સ્વામીના પ્રશ્નના જવાબમાં ભગવાન બોલ્યા હે ગૌતમ! **दंसणसंपन्नयाए णं भवमिच्छत छेयणं करेइ । परं न विज्झायइ । परं अविज्झाएमाणे अणुत्तरेणं नाण दंसणेणं अप्पाणं संजोएमाणे सम्मंभावेमाणे विहरइ ।** ઉત્ત. અ. ૨૯

દર્શન સંપન્ન–ક્ષાયોપશમિક સમ્યક્ત્વથી યુક્ત જીવ ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાથી જીવ સંસારના હેતુભૂત જન્મ મરણ પરંપરાને કારણભૂત મિથ્યાત્વનો સર્વથા નાશ કરે છે, પછી ભવિષ્યમાં પણ તેના દર્શનનો પ્રકાશ બુઝાતો નથી એટલે કે તે સમ્યક્ત્વ આવ્યા પછી જતું નથી. જો સમ્યક્ત્વ જાય અને મિથ્યાત્વ આવે તો સમ્યક્ત્વનો પ્રકાશ બુઝાઈ જાય પણ ક્ષાયિક સમકિત તો આવ્યા પછી જતું નથી. તે સમ્યક્ત્વના પ્રકાશથી યુક્ત જીવ અનુત્તર જ્ઞાન દર્શનથી આત્માને જોડે છે તથા સમ્યક્ પ્રકારથી ભાવિત કરતો થકો વિચરે છે. ક્ષાયિક સમ્યક્ત્વના પ્રકાશવાળો જીવ તે ભવમાં મોક્ષે જાય છે અને તે ભવમાં મોક્ષે ન જાય તો વધુમાં વધુ ત્રીજા ભવમાં તો અવશ્ય કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે અને ભવસ્થ કેવળી થઈ વિચરે છે. ફરી ફરીને જન્મ ન લેવો પડે તે માટે સમકિતી આત્મા શુદ્ધ સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રને ઝંખે છે. તે માને છે કે આ માનવ જીવન સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રની સાધના માટે છે. તેને મન આ રત્નત્રયીની કિંમત ખૂબ હોય છે. તે આ રત્નત્રયીના ભોગે કોઈ દુન્યવી વસ્તુને મેળવવા ઈચ્છતો નથી.

સમકિતીને મન જીવનનું સર્વસ્વ કહો, પ્રાણ કહો તો આ રત્નત્રયી છે. રત્નત્રયી એ માનવ જીવનનો સાચો શણગાર છે, એ જ માનવ જીવનનો સાર છે. સકલ શાસ્ત્રોનું રહસ્ય પણ રત્નત્રયી છે. આ રત્નત્રયી મેળવવાનું સ્થાન હોય તો આ માનવભવ રૂપી રત્નદ્વીપ છે. જેમ ભૌતિક રત્નો મેળવવા માટે માણસો રત્નદ્વીપમાં જાય છે, ત્યાં જઈને રત્નો મેળવીને તે પાછો આવે છે ને પોતાનું દારિદ્ર મટાડે છે તેમ આ માનવભવ એ રત્નદ્વીપ સમાન છે. આ રત્નદ્વીપમાં તમારા ભૌતિક રત્નો નથી મળતા પણ આધ્યાત્મિક સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી રત્નો મળે છે. તમારા રત્નો તો એક ભવનું દારિદ્ર મટાડશે, પણ આ રત્નો તો ભવોભવનું દારિદ્ર મટાડે છે. તમારા રત્નો તો નાશવંત છે, જ્યારે આ રત્નો શાશ્વત છે. માનવભવ રૂપી રત્નદ્વીપમાં આવીને જો જીવ પ્રમાદમાં પડચો રહેશે તો તેનું ભવોભવનું દારિદ્ર ટળશે નહીં, માટે આ ભવમાં તો આ ત્રણ રત્નો મેળવવાનું લક્ષ હોવું જોઈએ. કારણ કે રત્નત્રયી એ સાચો મોક્ષમાર્ગ છે. તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે, "सम्यग् दर्शन, ज्ञान, चारित्राणि मोक्षमार्गः।" સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે. અનંતકાળના ચક્રાવામાંથી છૂટવું હોય ને આત્માને ભવ–ભ્રમણમાંથી બહાર કાઢવો હોય તો આ રત્નત્રયીની આરાધના કરો. રત્નત્રયી એ આત્માનું સ્વરૂપ છે. રત્નત્રયી એ શિવ સુખદાયી છે. આ રત્નત્રયીના કારણે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ પંચ પરમેષ્ટી વિશ્વમાં વંદનીય બન્યા છે. પંચ પરમેષ્ટીને વંદન કરીને મેળવવાની છે રત્નત્રયી. છેવટે આત્માએ રત્નત્રયીરૂપી માતાની ગોદમાં કાયમ સમાઈ જવાનું છે, માટે દેવોને પણ દુર્લભ એવો માનવ જન્મ પામીને પુરુષાર્થ કરો તો રત્ન-ત્રયીને મેળવવાનો કરજો. કંચન, કામિની અને કુટુંબ રૂપી ત્રિપુટીની સાધના અનંતી વાર કરી ને અનંતો સંસાર વધાર્યો. હવે આ સમ્યગ્ દર્શનાદિ રત્નત્રયીની સાધના કરો ને અનંતા મોક્ષના સુખોને મેળવો.

**મનયોગ શક્તિનો પ્રભાવ :**–જેમણે રત્નત્રયીની આરાધના દ્વારા અને શુક્લ ધ્યાન રૂપ અગ્નિથી કર્મો રૂપી લાકડાને બાળી નાખ્યા છે, એવા ભગવાનને આપણે યોગેશ્વર અને યોગીશ્વર કહીએ છીએ. યોગેશ્વર શા માટે કહીએ છીએ. યોગ + ઈશ્વર. યોગ ત્રણ છે. મન, વચન અને કાયા. જેમના મન, વચન અને કાયાના જોગ ખૂબ નિર્મળ હોય છે, જેમના મન, વચન, કાયાના યોગમાં અજોડ શક્તિ, અજોડ બળ અને અજબ તાકાત હોય છે. જિનેશ્વર ભગવાનના મનોયોગની તાકાત કેટલી હોય છે? અનુત્તર વિમાનવાસી દેવો ભગવાનને મનથી પ્રશ્ન કરે અને પરમાત્મા કેવળજ્ઞાનથી જાણીને દ્રવ્ય મનયોગથી એમના પ્રશ્નો જવાબ આપે છે, અને એમના પ્રશ્નનું સમાધાન કરે છે. દેવો પ્રશ્ન પૂછે અને કેવળી ભગવાન તેનો જવાબ આપે તેમાં કેટલો સમય લાગે? તો કહે છે કે ભગવાનની દેશના ચાલતી હોય અને તે સમયે બોલતા ક અને ખ વચ્ચેનું અંતર પૂરાય એ પહેલા દેવોએ પોતાના સ્થાનથી પૂછેલા પ્રશ્નોનો જવાબ ભગવાન તેમને આપી દે છે. આ છે ભગવાનના મનોયોગની તાકાત અને શક્તિ.

**વચનયોગ શક્તિનો પ્રભાવ :** હવે વચનયોગની તાકાત કેટલી હોય છે? ભગવાનનો વચનયોગ ઉત્તમ કોટિનો છે. જે તીર્થંકર નામકર્મ બાંધીને આવ્યા હોય એવા તીર્થંકર ભગવાન તો અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપે છે, પણ તેમના વચનાતિશયના કારણે સૌ સૌની ભાષામાં સમજી જાય છે. ભગવાનની દેશના સાંભળવા દેવ-દેવીઓ, મનુષ્ય–મનુષ્યાણી, તિર્યંચ, તિર્યંચાણીઓ આદિ ૧૨ પ્રકારની પર્ષદા આવે છે. દેવ–દેવીઓની ભાષા જુદી હોય. મનુષ્યમાં કોઈ હિન્દી બોલનાર હોય, કોઈ ગુજરાતી બોલનાર હોય આદિ જુદી જુદી ભાષા બોલનારા હોય, તિર્યંચોની ભાષા પણ જુદી હોય છે, પણ ભગવાનના વચનયોગની એવી તાકાત હોય છે કે ભગવાન ભલે અર્ધમાગધીમાં બોલે પણ સૌ સૌની ભાષામાં સમજી જાય. તેમના એક શબ્દથી અનેક જીવોના સંશયો નાશ પામે છે. ભગવાનના વચનયોગનો એવો પ્રભાવ હોય છે કે કદાચ ભગવાન કાયમ દેશના આપે તો પણ સાંભળનાર કદી થાકે નહીં કે જરાય કંટાળો પણ ન આવે. એવી એમની ઓજસ ભરેલી વાણી હોય છે. ભગવાનના વચનયોગની તાકાત અલૌકિક અને અજોડ હોય છે.

**કાયયોગ શકિતનો પ્રભાવ :** જિનેશ્વર ભગવાનના કાયયોગની શક્તિ પણ અજબ–ગજબની છે. દેવલોકમાં સૂર્ય–ચંદ્ર નથી પણ ત્યાં દેવોના શરીર પ્રકાશિત હોય છે. તેમના મુગટમાં રહેલો મણીનો પ્રકાશ તો એટલો બધો છે કે સૂર્ય–ચંદ્રની જરૂર ન રહે, પણ પ્રભુની દિવ્ય કાન્તિ આગળ દેવોના એ રૂપ પણ ઝાંખા પડી જાય છે. ભક્તામર સ્તોત્રની પ્રથમ ગાથામાં માનતુંગ આચાર્ય ભગવાનની સ્તુતિ કરતાં બોલ્યા છે કે,

**ભક્તામર પ્રણત મૌલિ મણિ પ્રભાણા**
**મુદ્યોતકં દલિત પાપ તમો વિતાનમ્ ।**
**સમ્યક્ પ્રણમ્ય જિન પાદ યુગં યુગાદા**
**વાલંબનં ભવ જલે પતતાં જનાનામ્ ॥૧॥**

હે પ્રભુ! ભક્તિને વશ થયેલા દેવો આપને નમસ્કાર કરે છે. તેમના મસ્તક પર મુગટ હોય છે, અને તે મુગટમાં જડેલા મણીઓ ખૂબ ચમકી રહ્યા હોય છે. જ્યારે દેવો પ્રભુના ચરણોમાં તેમનું મસ્તક નમાવે છે ત્યારે ભગવાનના ચરણોના નખની કાંતિ તે મણીઓ પર પડે છે. ભગવાનના નખોની કાંતિ એટલી બધી છે કે તેનાથી દેવોના મુગટના મણીઓનો પ્રકાશ પણ વધુ ચમકી ઉઠે છે. આ રીતે ભગવાનના ચરણયુગલ પોતાની અપૂર્વ કાન્તિથી દેવના મુગટના મણીઓને પણ વધુ પ્રકાશિત કરે છે. ભગવાનના ચરણોની કાંતિ દ્રવ્ય પ્રકાશમય તો છે જ પણ તેમનામાં ભાવ પ્રકાશ પણ છે. પ્રભુના પવિત્ર ચરણોમાં પાપરૂપી અંધકારને પણ નષ્ટ કરવાની શક્તિ છે. સૂર્ય, દીપક આદિના પ્રકાશથી તો બાહ્ય અંધકારનો નાશ થાય છે, પરંતુ જિનેન્દ્રદેવના ચરણોમાં તો ભાવ-અંધકારનો પણ અંત કરવાની અનંત શકિત છે. ભગવાનના ચરણ સંસારરૂપી અસીમ સાગરમાં પડેલા જીવોને માટે આલંબન રૂપ છે. એક નૌકા સમાન છે. સમુદ્રમાં પડેલો

માણસ તરવામાં ગમે તેવો કુશળ હોય પણ તેને કિનારે પહોંચવા માટે કોઈ પણ આલંબન તો જોઈએ છે, પછી ભલે નૌકા હોય કે લાકડાનું પાટીયું હોય, પણ આલંબન વિના તે કિનારે પહોંચી શકતો નથી. આ રીતે જન્મ મરણ રૂપ સંસારના કિનારે પહોંચવાને માટે જિનેન્દ્ર ભગવાનના ચરણોનો આશ્રય અતિ આવશ્યક છે. તેમના આશ્રય વિના ભવસાગરને પાર પહોંચવું અશક્ય છે. તેમના શરણમાં અને ચરણમાં જે જાય છે તેનો ઉદ્ધાર થાય છે. ભગવાનના કાયયોગની શક્તિ કેટલી અલૌકિક છે! કહ્યું છે કે ૨૦૦૦ સિંહનું બળ એક અષ્ટાપદ પક્ષીમાં, દસ લાખ અષ્ટાપદનું બળ એક બળદેવમાં, બે બળદેવનું બળ એક વાસુદેવમાં, બે વાસુદેવનું બળ એક ચક્રવર્તીમાં, દસ લાખ ચક્રવર્તીનું બળ એક દેવતામાં, દસ લાખ દેવતાનું બળ એક ઈન્દ્રમાં એવા અનેક ઈન્દ્રો મળીને પણ અરિહંત ભગવંતની ટચલી આંગળીને પણ હલાવી ન શકે. આવા ભગવાનની ભક્તિમાં, ધ્યાનમાં એકતાર બની જઈએ તો કલ્યાણ થયા વિના ન રહે. આ વાત થઈ કે ભગવાનને આપણે યોગેશ્વર (મન, વચન, કાયાના યોગમાં અજોડ શક્તિશાળી) કહીએ છીએ તે.

હવે યોગીશ્વર શા માટે કહીએ છીએ? યોગીશ્વર એટલે ધર્મધ્યાન અને શુક્લધ્યાનના સ્વામી જે સાધુ મહાત્માઓ છે તેમને યોગી કહેવાય છે. એ યોગીઓના ઈશ્વર પરમાત્મા હોવાથી ભગવાનને યોગીશ્વર કહ્યા છે. ધ્યાનાવસ્થામાં પ્રભુના સ્વરૂપનું, પ્રભુની શક્તિનું ચિંતન મનન કરીએ તો આપણા પાપો પલાયન થઈ જાય. ભગવાને ધ્યાન ચાર પ્રકારના કહ્યા છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન, આર્તધ્યાન, રૌદ્રધ્યાનથી જીવ નરક તિર્યંચ ગતિમાં જાય છે. ધર્મધ્યાનથી દેવગતિમાં જાય છે અને શુક્લધ્યાનથી મોક્ષમાં જાય છે. તમારે કયું ધ્યાન જોઈએ છે? (શ્રોતામાંથી અવાજ–શુક્લધ્યાન) પ્રતિક્રમણમાં રોજ બોલો છો ને કે આર્તધ્યાન, રૌદ્રધ્યાન કર્યું હોય ને ધર્મધ્યાન, શુક્લધ્યાન ન કર્યું હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. જે નથી કરવા જેવું તે ધ્યાન મારા આત્માએ કર્યું હોય ને કરવા જેવું ધ્યાન કર્યું ન હોય, તે પાપ દોષ લાગ્યો હોય તો મિચ્છામિ દુક્કડં. અનાદિ કાળથી આત્મા ઉંધો ચાલ્યો છે. જે આત્માને હિતકારી, કલ્યાણકારી માર્ગ છે તે પંથે નથી ચાલતો ને જે આત્માને અહિતકારી, દુર્ગતિમાં લઈ જનાર છે તેવા માર્ગમાં આગેકુચ કરી છે. હવે દિશા બદલવાની જરૂર છે.

**ભટકવું ક્યાં લગી તારે, પ્રવાસી પંથ બદલી લે,**
**પહોંચવા મુક્તિના દ્વારે, પ્રવાસી પંથ બદલી લે.**

હે આત્મા! જો તારે ભવકટી કરવી હોય અને મુક્તિના દ્વારે પહોંચવું હોય તો પંથ બદલી નાખ. બધાને જોઈએ છે મોક્ષ. જોઈએ છે શુક્લધ્યાન અને રાત દિવસ કરો છો આર્તધ્યાન અને રૌદ્રધ્યાન, પછી મોક્ષ ક્યાંથી મળે?

શુક્લધ્યાન એટલે શું? એક અર્થ એ છે કે શુક્લ એટલે શ્વેત–ઉજ્જવળ ધ્યાન કે જે ધ્યાનથી આત્મા કષાયના મેલથી દૂર થઈ જાય ને સ્ફટિક જેવો ઉજ્જવળ અને શ્વેત બની જાય. બીજો અર્થ શુક્લ એટલે શુ + ક્લ, જેના સુકાઈ ગયા છે ક્લેશો–સંતાપો

જેના સુકાઈ ગયા છે રાગ અને દ્વેષો એનું નામ શુકલ ધ્યાન. અર્થાત્ જે શોકનો સર્વથા નાશ કરે તેનું નામ શુકલ, જેનાથી ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત થાય તેનું નામ ધ્યાન. જો શુભધ્યાનમાં આત્માને પરોવવો હોય તો ચિત્તની ચંચળતા રોકવી પડે ને તેમાં એકાકાર થઈ જવું પડે. સોયમાં દોરો પરોવવો હોય તો પણ એકતાર જોઈએ છે, તો જ્યારે આત્માને મોક્ષમાં પરોવવો હોય તો કેટલો એકતાર જોઈશે ! જેના ચાલી ગયા છે કલેશો, સંતાપો, રાગદ્વેષો, મોહ મમતા અને જે શુકલધ્યાનમાં એકતાર બની ગયા છે એવા આત્માઓ ઘાતી કર્મો ખપાવીને કેવળજ્ઞાન અને કેવળદર્શનની જ્યોત પ્રગટાવે છે. જેમના મન, વચન અને કાયાના યોગ ખૂબ નિર્મળ, પવિત્ર અને શુભ છે, જેમની કાયા પણ અનેક જીવોને શાતા પમાડે છે એવા ધ્યાની મુનિઓ કદાચ મૌન બેઠા હશે તો પણ તેમના દર્શન માત્ર કરવાથી આપણા પાપ ધોવાઈ જાય છે, માટે પ્રભુને આપણે યોગેશ્વર કહીએ છીએ. એવા ભગવાનની વાણી તેનું નામ આગમ.

આગમમાં હાલ ૩૨ સિદ્ધાંતો ઉપલબ્ધ છે. આપણે ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયનનું વાંચન કરવું છે. ઉત્તરાધ્યયન સૂત્ર એ ભગવાનનો અંતિમ સંદેશો છે. અંતિમ સંદેશાનું ખૂબ મહત્ત્વ હોય છે. જ્યારે પિતા પરલોક પ્રયાણ કરતા હોય ત્યારે દીકરાને જે હિત શિખામણના બે શબ્દો કહે છે તે અંતિમ શબ્દો દીકરાના હૈયામાં કોતરાઈ જાય છે. દીકરો તે શબ્દોને ભૂલતો નથી. ભીષ્મ પિતામહ જ્યારે મૃત્યુની અંતિમ શય્યામાં સૂતા છે ત્યારે પાંડવોને વિચાર થયો કે આપણે દાદા પાસે જઈને તેમના અંતિમ ઉદ્ગારો સાંભળીએ. જે ઉદ્ગારો આપણને જીવનમાં ઉપયોગી બને. ભીષ્મ પિતામહ નામ કેમ પડયું ? તે જાણો છો ? તેમનું નામ તો ગાંગેય હતું. આજે કંઈક જગ્યાએ જોવા મળે છે કે, પિતા પોતાના સંતાનો માટે સુખનો ત્યાગ કરે છે. પત્ની ગુજરી જાય તો પિતાના મનમાં થાય કે હું બીજી પત્ની લાવું અને તે કર્કશ સ્વભાવવાળી હોય તો સંતાનો દુઃખી થાય એ દૃષ્ટિથી પિતા ત્યાગ કરે છે, પણ અહીં તો દીકરો પિતાને ખાતર સુખનો ત્યાગ કરે છે. જે કન્યા દીકરો પરણવાનો હતો તે કન્યા ગાંગેયના બાપને પરણવી હતી પણ કન્યાનો બાપ કહે—મારી દીકરી તમને પરણાવું ને પછી જે દીકરો થાય તેને રાજ્ય તો ન જ મળે. રાજ્યનો વારસદાર તો મોટો દીકરો જ થાય ને. ત્યારે ગાંગેય કહે છે હું પ્રતિજ્ઞા લઉં છું કે હું રાજગાદી નહીં લઉં. કન્યાનો બાપ ઘણો હોંશિયાર, તે કહે તમે રાજગાદીએ ન બેસો એ કબૂલ પણ ભવિષ્યમાં તમારે પુત્ર થાય ને એ પુત્ર ખૂબ પરાક્રમી નીકળે તો મારી દીકરીના પુત્રને ક્યાંય બેસાડીને રાજ્ય લઈ લે તો ? માતા-પિતા દીકરીનું કેટલું સુખ ચાહતા હોય છે ? જો દીકરી સુખી તો મા-બાપ સુખી અને દીકરી દુઃખી તો મા-બાપ દુઃખી. જ્યારે કન્યાના બાપે આ વાત કરી ત્યારે ગાંગેયે ત્યાં પ્રતિજ્ઞા કરી કે હું સૂર્યની સામે પ્રતિજ્ઞા લઉં છું કે હું લગ્ન કરીશ નહીં ને જાવજીવ સુધી અખંડ બ્રહ્મચર્યનું પાલન કરીશ. આવી ભીષ્મ પ્રતિજ્ઞા લીધી તેથી તેમને બધા ભીષ્મ પિતામહ કહેતા. પિતા માટે કેટલું છોડયું ?

એવા ભીષ્મ પિતામહ પાસે પાંડવો ગયા, ત્યારે તેમણે કહ્યું હે પાંડવો! તમે મારા મુખ સામે દૃષ્ટિ કરો. હું મુખ ખોલું છું તેમાં તમને શું શું દેખાય છે? તે કહો. પાંડવો કહે, આપના મુખમાં જીભ દેખાય છે. શું દાંત દેખાતા નથી? ના, જુઓ, આ જ આપણને સંદેશો આપે છે કે દાંત જીભની પછી આવ્યા હતા છતાં દાંતની અક્કડાઈના કારણે તેને પહેલાં જવું પડ્યું, માટે આપ ક્યારે પણ અભિમાન ન લાવશો. ભીષ્મ પિતાની અંતિમ શિખામણ પાંડવોએ હૈયામાં કોતરી દીધી.

આપણે નમિ રાજર્ષિનો અધિકાર વાંચવો છે. કોઈ માણસને મકાનમાં ઉપર જવું હોય તો સીધું ન જવાય. ઉપર જવા માટે પહેલા પગથીયા ચઢે પછી જવાય. વિદ્યાર્થીને સાયન્સ કે કોમર્સ લાઈનમાં જવું છે તો સીધું કોલેજમાં જવાય? ના, તે માટે પહેલા પ્રાયમરી સ્કૂલમાં ભણવું પડે, પછી કોલેજમાં દાખલ થવાય. આપણે નવમું અધ્યયન લેવું છે. તે પહેલાં તેની પૂર્વ ભૂમિકા તો જાણવી જોઈએ. પ્રથમ અધ્યયનમાં ભગવાને વિનયનું સુંદર સ્વરૂપ સમજાવ્યું હતું. વિનય કોને કહેવાય? વિનયથી જીવને શો લાભ થાય? તે વાત આપણે ગઈ કાલે કરી હતી. વિનય પછી બીજું અધ્યયન પરિષહનું છે. આત્મામાં વિનયનો ગુણ આવે તો તે સાધુમાર્ગમાં આવતા પરિષહોને સમભાવથી સહન કરી શકે. ભગવાને ૨૨ પરિષહ બતાવ્યા છે. ક્ષુધાનો, તૃષાનો, ઠંડીનો, ગરમીનો આદિ ૨૨ પરિષહ છે. ૨૨ પરિષહ એ સાધુ જીવનને પારખવાની કસોટી છે. એને સહન કરવામાં મુનિ-જીવનની ખરી મૌલિકતા છે, માટે વીતરાગ પ્રભુએ બતાવેલ ત્યાગ પ્રધાન સંયમ માર્ગ પર ચાલવાવાળા સાધકે આ ૨૨ પરિષહો પર વિજય પ્રાપ્ત કરીને સંયમને વધુ દૃઢ અને વિશુદ્ધ બનાવવો જોઈએ. પરિષહ એટલે શું? "परीत्ति सर्वं प्रकारेण सह्यते इति परिषह।" જે સર્વ પ્રકારથી સહન કરાય તેને પરિષહ કહે છે. પરિષહ ૨૨ છે. પ્રથમ ક્ષુધા પરિષહ. ઘણીવાર ક્ષુધાના પરિષહથી, તૃષાના પરિષહથી સાધકને દેહ છોડવાનો પ્રસંગ આવી જાય છે. અરે, ઘણીવાર ગરમી સખત પડી હોય ને તૃષા ખૂબ લાગી હોય, કંઠ રૂંધાતો હોય તો ગરમીથી પણ પ્રાણ ચાલ્યા જાય છે, શીત પરિષહ પણ એવો છે. આપને કદાચ એમ થાય કે ભૂખથી, તરસથી, ગરમીથી તો પ્રાણ ચાલ્યા જાય પણ શીત એટલે ઠંડીના પરિષહથી એવું બને?

चरंतं विरयं लूहं, सीयं फुसइ एगया
नाइवेलं मुणी गच्छे, सोच्चाणं जिणसासणं ॥ ઉત્ત. અ. ૨ ગાથા ૬

સાવદ્ય પ્રવૃત્તિના ત્યાગી અને રૂક્ષ વૃત્તિવાળા સાધકને ગ્રામાનુગ્રામ વિચરતા ક્યારેક શીતનો પરિષહ આવી જાય તો તે સ્વાધ્યાયના સમયનું ઉલ્લંઘન કરીને સ્થાનકમાં કે જ્યાં જવાથી ઠંડીનો પરિષહ ન લાગે તેવા સ્થાનમાં જવાનો પ્રયત્ન ન કરે પણ વીતરાગ ભગવાનની શિખામણ-આજ્ઞા માનીને શીત પરિષહ સહન કરે. ઠંડીમાં મારી પાસે ઠંડીથી રક્ષણ કરવાનું કોઈ સ્થાન નથી, અને ઠંડીથી બચવા વસ્ત્ર આદિ સાધન પણ નથી, તો હું "अहं तु अग्गिं सेवामि" હું અગ્નિનું સેવન કરું એવો વિચાર સરખો પણ કરે નહીં.

ભગવાનની જે આજ્ઞા છે તે પ્રમાણે વિચરતા સંતો કદાચ શીત પરિષહ આવી જાય, દેહ છોડવાનો પ્રસંગ આવે તો દેહ છોડે પણ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન ક્યારે પણ ન કરે. અહીં મને એક વાત યાદ આવે છે.

**શીત પરિષહ સહનથી સિદ્ધિ :** રાજગૃહી નગરી કે જે નગરીમાં ભગવાને ચૌદ ચૌદ ચાતુર્માસ કર્યા એવી પવિત્ર નગરીમાં સોમ, કમાલ, ભીમ અને ધન નામના ચાર વણિકો વસતા હતા. એક વખત ભદ્રબાહુસૂરીજી ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા રાજગૃહી નગરીમાં પધાર્યા. આ ચારે વણિકો આચાર્ય પધાર્યાના સમાચાર મળતાં તેમના દર્શને ગયા. તેમની પાસેથી ધર્મોપદેશ સાંભળ્યો. ગુરૂદેવનો ઉપદેશ ચારે વણિકના હૈયામાં ઉતરી ગયો. સંસાર અસાર લાગતા ચારે જણાએ આચાર્ય પાસે દીક્ષા લીધી. ગુરૂદેવની સાનિધ્યમાં તેમની આજ્ઞામાં રહી ખૂબ અભ્યાસ કર્યો. "ગુરૂ આજ્ઞા જ જેમનું સર્વસ્વ છે" એવા શિષ્યો ગુરૂ આજ્ઞામાં રહેતા બહુશ્રુત બન્યા. કાલે જ કહ્યું હતું કે જે ગુરૂઆજ્ઞામાં ઓતપ્રોત છે એવા વિનીત શિષ્યોને જ્ઞાનની, કીર્તિની પ્રાપ્તિ થાય છે.

**સંયમ માટે પ્રાણનું બલિદાન :** થોડો સમય જતાં ગુરૂદેવની આજ્ઞાથી તેઓ બીજા ક્ષેત્રોને લાભ આપવા જુદા વિચરતા હતા. ગુરૂ આજ્ઞાનું પાલન કરતાં વિચરી રહ્યા છે. સવાર–સાંજ વિહાર કરે છે. સાંજે સૂર્યાસ્ત થાય એટલે જે સ્થાને હોય ત્યાં જ રાત રહી જાય છે. એક વાર વિહાર કરતા કરતા તેઓ વૈભારગિરી પાસે આવ્યા ને સૂર્યાસ્ત થઈ ગયો. રસ્તામાં એક મુનિ વૈભારગિરીની ગુફા પાસે રહ્યા, બીજા મુનિ ઉદ્યાનમાં રહ્યા, ત્રીજા મુનિ ઉદ્યાનની નજીક રહ્યા અને ચોથા મુનિ રાજગૃહી નગરી પાસે રહ્યા. રાત્રે એકદમ સખત ઠંડી પડી. હિમ પડ્યું હોય એવી ઘણી જ ઠંડી, પાણી પણ બરફ થઈ જાય. આ મુનિઓ તો ધ્યાન ધરીને ઉભા છે. તે તો પોતાના ધ્યાનમાં મસ્ત છે. આટલી ભયંકર ઠંડી પડવા છતાં ભગવાનની આજ્ઞા જ જેમના જીવનનો પ્રાણ છે એવા મુનિઓએ શીત–પરિષહથી બચવા માટે સ્થાનાંતર પણ ન કર્યું. બીજા સ્થાનમાં ન ગયા, પણ તેઓ તો ત્યાં જ ધ્યાનમાં મસ્ત રહ્યા.

બંધુઓ ! જ્યારે હિમ જેવી ઠંડી પડે કે હીમ પડે ત્યારે ઉપાશ્રયમાં બેઠા હોય તો પણ કાયા થરથર ધ્રુજે છે, જ્યારે આ તો વનવગડામાં, ખુલ્લી જગ્યામાં ઉભા છે, તો કલ્પના કરો કે કેવી ઠંડી લાગતી હશે ! અતિ ઠંડીના કારણે ગિરી ગુફા પાસે જે મુનિ ઉભા હતા તે પહેલા પ્રહરે મૃત્યુ પામ્યા. ભગવાનની આજ્ઞાને કેટલા વફાદાર સંતો ! શીત પરિષહ સહન કર્યો પણ ન તો સ્થાનાંતર કર્યું કે ન તો પોતાના ધ્યાનથી ચલિત થયા. સૂર્યાસ્ત પછી બીજે જવાય નહીં. એ ભગવાનની આજ્ઞામાં રહી સંતોએ પ્રાણ છોડયા પણ દઢતા ન છોડી. જ્યારે આવી વાતો સાંભળીએ ત્યારે મનમાં થાય કે કેવા એ મુનિવરો ! ધન્ય છે ધન્ય છે એ મુનિવરોને. તેમના ચરણકમળમાં કોટી કોટી વંદન ! ચારે મુનિવરો કાળ કરીને દેવલોકમાં ગયા. આ શીત પરિષહની વાત કરી. આ જ રીતે

વીતરાગી સંતો ૨૨ પરિષહો સહન કરે. પરિષહ સહનમાં આત્માની સિદ્ધિ સમાયેલી છે. બીજા અધ્યયનમાં ભગવાને ૨૨ પરિષહનું સુંદર વર્ણન કર્યું છે.

**દુર્લભ શું છે તે વિચારો :** પરિષહોને સહન કરવામાં મનુષ્ય ભવ સાધન છે. પરંતુ મનુષ્યના ચાર અંગોની પ્રાપ્તિ થવી અતિ કઠીન છે; તેથી ત્રીજા અધ્યયનમાં દુર્લભ એવા ચાર અંગોનું નિરૂપણ કર્યું છે. આ ચાર અંગોના નિરૂપણના કારણથી આ અધ્યયનને ચાતુરંગીય અધ્યયન કહે છે. તે ચાર અંગો કયા? (૧) મનુષ્યત્વ (૨) શ્રુત-વાણીનું સાંભળવું (૩) તેના પર શ્રદ્ધા થવી (૪) સંયમમાં પુરૂષાર્થ. આ ચાર અંગોની પ્રાપ્તિ થવી ઘણી કઠીન છે. સંસાર ચક્રમાં ભ્રમણ કરતા જીવે અનેકવાર મનુષ્યભવ તો પ્રાપ્ત કર્યો છે, પણ તેમાં મનુષ્યત્વનું પ્રાપ્ત થવું એ ઘણું કઠીન છે. મનુષ્યત્વ કોને કહેવાય? મનુષ્યોચિત કર્તવ્યપારાયણતાનો બોધ અને આચરણ હોય તેને મનુષ્યત્વ કહેવાય છે. એ પ્રાપ્ત થવું ઘણું મુશ્કેલ છે. કદાચ પુણ્યયોગે મનુષ્યત્વ પ્રાપ્ત થઈ જાય પણ તેમાં શ્રુતવાણી સાંભળવાનો સંયોગ મળવો વિશેષ કઠીન છે. કદાચિત્ શ્રુતિની પ્રાપ્તિ થાય પણ તેના પર શ્રદ્ધા થવી એ તો અધિક કઠીનતર છે. શ્રદ્ધા વિના સાંભળેલું શ્રુતવાણીનું શ્રવણ ઉખર ભૂમિમાં વાવેલા બીજની માફક નિરર્થક છે. આ ત્રણે અંગો મળી ગયા પણ જો ધર્મમાં પુરુષાર્થ ન હોય તો કલ્યાણ થઈ શકતું નથી. આ રીતે ત્રીજા અધ્યયનમાં ચાર અંગોની દુર્લભતાનું વર્ણન કર્યું છે.

**જીવન કેવું છે? :** ચોથા અધ્યયનનું નામ છે "અસંખયં" પુણ્યોદયે જીવને ચાર અંગોની પ્રાપ્તિ થઈ જાય તો તેના માટે એ યોગ્ય છે કે તે ધર્મના આચરણમાં કયારે પણ પ્રમાદ ન કરે. આ ચોથા અધ્યયનમાં પ્રમાદનો ત્યાગ અને અપ્રમાદના સેવનનો સુંદર ઉપદેશ કર્યો છે. જીવન અસંસ્કૃત છે. સંસારમાં આવેલો પ્રમાદી જીવ માને છે કે મારા સ્વજનો, ધન, બંધુ મને સહાયક થશે, પણ પરલોકમાં જતાં જીવને કોઈ ત્રાણભૂત–શરણભૂત થતું નથી.

**वित्तेण ताणं न लभे पमत्ते, इमम्मि लोए अदुवा परत्था ।**
**दीवप्पणट्ठेव अणंत मोहे, नेयाउयं दट्ठुमदट्ठुमेव ॥ ५ ॥**

પ્રમાદી પુરુષને આલોક તથા પરલોકમાં પાપના ફળ ભોગવતી વખતે ધન તેની રક્ષા નથી કરી શકતું. તે પ્રમાદી પુરુષ દીપકના અભાવથી અંધકારને કારણે માર્ગને ન જોવાવાળા પુરુષની જેમ અનંત મોહ, અજ્ઞાનના કારણે ન્યાયોચિત માર્ગને જોતો થકો પણ દેખતો નથી.

ભગવાન કહે છે કે પ્રમાદી જીવ મહેનત કરીને પુણ્યોદયે અઢળક ધન મેળવે છે, અને તે માને છે કે તે ધન મને શરણ આપશે અથવા મૃત્યુના મુખમાંથી બચાવી શકશે પણ તે ધન તેની રક્ષા કરી શકતું નથી. બીજા પદમાં એ બતાવ્યું છે કે સમ્યગ્દર્શન આદિને પ્રાપ્ત કરીને પણ અનંત મોહવાળો જીવ ન્યાયયુક્ત માર્ગથી વંચિત રહે છે. કેવી

રીતે ? તે ન્યાય આપીને સમજાવું. કોઈ એક વિશાળ પર્વત ઉપર કેટલાક પુરુષો રહેતા હતા. તેઓ એક દિવસ સળગતો દીવો લઈને તેમની ગુફામાં ગયા. ગુફામાં કેટલેક દૂર અંદર ગયા ત્યાં પવનના ઝપાટાના કારણે દીવો બુઝાઈ ગયો. હવે શું કરે ? દીપક બુઝાવાથી ચારે તરફ અંદર અંધકાર છવાઈ ગયો. હાથની હથેળી પણ જોઈ શકાતી ન હતી. ગુફામાંથી બહાર નીકળવાનો માર્ગ શોધવા ઘણાં ફાંફાં માર્યા પણ તેમને બહાર જવાનો માર્ગ ન જડયો, આથી તે બધા મુંઝાઈ ગયા. એટલામાં એક ભયંકર ઝેરી સર્પે આવીને તેમને ડંખ દીધો. સર્પના ઝેરથી આકુળવ્યાકુળ બની તે એક ખાડામાં પડયા અને ત્યાં જ મરી ગયા. આ દૃષ્ટાંતનો સાર એ છે કે પર્વતના લોકો એ દીવો લઈને ગુફામાં દાખલ થયા ત્યારે માર્ગ તો જોઈ લીધો હતો પણ પવનના ઝપાટાથી (પ્રમાદથી) દીવો બુઝાઈ ગયો ને તેમને એ માર્ગ ફરીને ન મળી શકયો અને મહા અંધકારમાં ફસાઈને મૂઢ જેવા બની ગયા, અને સર્પ ડંસથી ખાડામાં પડી ગયા ને ત્યાં જ મૃત્યુ પામ્યા.

બસ, આ જ દશા અજ્ઞાનગ્રસ્ત પ્રમાદી જીવની છે. પુણ્યોદયે કયારેય ગુરૂદેવના સંગથી જીવના હૃદયમાં સમ્યક્ત્વનો પ્રકાશ થાય છે અને તેથી તે ન્યાયમાર્ગને જાણે છે પણ મોહ રૂપ પ્રબળ વાયુના ઝપાટાથી તેનો તે સમ્યગ્ દર્શન રૂપી દીપક બૂઝાઈ જાય છે ત્યારે તે મિથ્યાત્વના અંધકારથી ઘેરાઈ જવાથી ન્યાયયુક્ત માર્ગથી ભ્રષ્ટ થઈ ને કુમાર્ગમાં ભટકતો દુઃખને મેળવે છે માટે સમ્યક્ત્વ રૂપ દીપક બુઝાઈ ન જાય તે માટે સાવધાન રહેવું જોઈએ. તે માટે પ્રમાદ છોડીને અપ્રમાદી બનવાની જરૂર છે. આપણું જીવન ક્ષણભંગુર છે, માટે જીવનની ક્ષણિકતાને સમજીને આત્માએ ન્યાયમાર્ગમાં પ્રવૃત્તિ કરવી એ જ આ અધ્યયનનો સાર છે. પાંચમા અધ્યયનમાં ભગવાને શું ભાવ પ્રરૂપ્યા છે તેના ભાવ અવસરે.

આજે સ્વ. મહાન વૈરાગી પૂજ્ય તારાબાઈ મહાસતીજીની નીમેલી પુણ્યતીથિ છે. પુણ્યતીથિ કોની ઉજવાય ? જેને જીવન જીવતાં આવડયું છે, જેણે જીવન જીવીને એક મહાન આદર્શ જગત સામે રજુ કર્યો છે તેવા આત્માની પુણ્યતીથિ ઉજવાય છે.

**સ્વ. મહાન વૈરાગી પૂ. તારાબાઈ મહાસતીજીનું ઝગમગતું જીવન :** આકાશમાં તારા ચમકે છે તેમ તારાબાઈ મહાસતીજી મારા શિષ્યા–પરિવારમાં એક ચમકતા તારા હતા. તેમનો જન્મ અમદાવાદ શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ ઉગરચંદભાઈ અને માતાનું નામ સમરતબેન હતું. તેમના લગ્ન પણ થયેલા. આ સંસાર સંયોગ–વિયોગના દુઃખોથી ભરેલો છે. તદનુસાર તેમાં ૨૪ વર્ષે દુઃખનો પહાડ તૂટી પડે તેમ તેમનાં પતિનું અચાનક દુઃખદ અવસાન થયું. પછી એક વર્ષમાં અમારો (બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજીનો) પરિચય થતાં તેઓ ધાર્મિક પ્રવૃત્તિમાં જોડાયા. અને વૈરાગ્યના રંગે રંગાઈ ગયા. મારી દીક્ષા પછી આ બધા શિષ્યાઓમાં તેઓ સૌથી પ્રથમ વૈરાગ્ય પામેલા હતા, પણ ચાર ચાર નાના પુત્રોની જવાબદારી હતી, એટલે ન છૂટકે અનાસક્ત ભાવે સંસારમાં રહી તપ–ત્યાગ અને જ્ઞાન–ધ્યાનમાં મસ્ત રહેતા હતા.

સમય જતાં મોટા પુત્રનાં લગ્ન કરી પુત્રને જવાબદારી સોંપી સંસારની રિદ્ધિ–સિદ્ધિ અને મહાન સુખો તથા પુત્રોના મોહ છોડી સંવત ૨૦૧૪ માં અષાઢ સુદ બીજના દિવસે દીક્ષા અંગીકાર કરી. આજે દીક્ષા તો ઘણા લે છે પણ બાળકોનો મોહ છોડી દીક્ષા લેવી એ મહાન કઠીન છે. તેઓ જ્ઞાન–ધ્યાન અને ચારિત્રમાં ખૂબ દૃઢ હતા. દીક્ષાએ તેઓ નાના છતાં મોટા જેવી ફરજ બજાવતા. સંવત ૨૦૧૮ માં મુંબઈ–કાંદાવાડી ચાતુર્માસ જવાનું થયું. અનુક્રમે કાંદાવાડી, માટુંગા, દાદર અને ૨૦૨૧માં પાર્લા ચાતુર્માસ કર્યું. ત્યાં તેમને કેન્સર થયું. ટ્રીટમેન્ટથી સારું થયું. અને ૨૦૨૨ ના ઘાટકોપરના ચાતુર્માસ પછી મહા સુદ બીજના દિવસે તારાબાઈ મહાસતીજીને માથામાં ચસકા ઉપડયા. દર્દના નિદાન માટે મોટા મોટા સર્જનોને બોલાવ્યા. પોતે ખૂબ સમતાભાવે દર્દ સહન કરતા હતા. તેમના મુખ પર જ્યારે જુઓ ત્યારે પ્રસન્નતા.

પોતાના કાળધર્મને પામવાના સમય અગાઉ ત્રણ દિવસ પહેલાંથી તેમણે મને બધા સંકેત કર્યા હતા. મને પાસે બેસાડીને કહ્યું. મહાસતીજી! આ જીવન ક્ષણભંગુર છે. હું અઢી દિવસ છું. હું એમના ગૂઢ અર્થને સમજી ન શકી. તેમણે કહ્યું મને અંતિમ આલોચના કરાવો. તા. ૨૪–૨–૬૭ ને શુક્રવાર ૧૦–૧૦ મિનિટે **"દેહ મરે છે હું નથી મરતી, અજર અમર પદ મારું"** આ પ્રમાણે ધૂન શરૂ કરી. તા. ૨૫ મી ને શનિવારે સવારે મને કહે છે મહાસતીજી! આજે જે ગૌચરી લાવ્યા હોય તે બધું પતાવી દેજો કંઈ રાખશો નહિ. આ દેહ વહેલો કે મોડો છોડવાનો છે, માટે એની મમતા બહુ ન રાખવી. મને ગોળગોળમાં બધું સમજાવી દીધું. આગલા દિવસે મને કહ્યું હતું કે હું કેવી ભાગ્યશાળી છું કે મારે ગુરૂણીના ખોળામાં માથું મૂકીને મારા ગુરુદેવ પૂ. રત્નચંદ્રજી મહારાજ પાસે જઈશ. વ્યાખ્યાનનો સમય થયો એટલે હું વ્યાખ્યાનમાં જવા સીડી ઉતરવાગઈ ત્યાં અવાજ આવ્યો કે જા મા, હું અઢી દિવસ છું એમ કહ્યું તો છે, તું કયાં જાય છે? બે ત્રણ વખત અવાજ આવ્યો એટલે વ્યાખ્યાનમાં ન જતાં પાછી આવી. તેમના માથા આગળ બેઠી. તેમણે મારા ખોળામાં માથું મૂકયું. એમની આત્મરમણતા તો ચાલુ હતી. મને કહે છે મહાસતીજી! હું નથી મરતી, મારો દેહ મરે છે. તમે કંઈ જોયું નથી માટે હિંમત રાખજો. એમ કહી પોતાની જાતે હાથ જોડીને ત્રણ વખત બોલ્યા કે હે આદેશ્વર દાદા! મને ભવોભવ તમારું શરણું હોજો, એટલે મને એમ થઈ ગયું કે મારા તારાબાઈ ચાલ્યા. છેલ્લે મેં એમને ૯–૪૫ મિનિટે સંથારો કરાવ્યો. સંથારાના પચ્ચખ્ખાણ લેતાં એમના મુખ ઉપર એટલો બધો હર્ષ થયો કે બસ હવે મારી ભાવના પૂર્ણ થઈ. વ્યાખ્યાન પૂરું થયેલ. આખો સંઘ હાજર હતો. સંઘ તથા અમે બધાં એમને નવકાર મંત્રના શરણા દેતાં હતા, પણ પોતે તો છેલ્લા શ્વાસ સુધી "દેહ મરે છે હું નથી મરતી, અજરઅમર પદ મારું" એ ધૂન ચાલુ રાખી અને તા. ૨૫–૨–૬૭ ના ૧૦–૧૦ મિનિટે ધૂન બોલતા બોલતા ૪૮ વર્ષની ઉંમરે, સાડાઆઠ વર્ષની દીક્ષાપર્યાય પાળી સમાધિપૂર્વક આ નશ્વર દેહનો ત્યાગ કર્યો. પૂ. તારાબાઈ મહા-

સતીજી ખૂબ સરળ, ભદ્રિક, વિનયવાન અને ગુણીયલ હતા. તેઓ સાતમા શિષ્યા હોવા છતાં સંપૂર્ણ જવાબદારી સંભાળતા હતા. તારાબાઈ મહાસતીજીના ગુણરત્નોથી ભરપૂર જીવનમાંથી અલ્પ ગુણોનું વર્ણન કર્યું છે. તેમના જીવનમાં રહેલા ગુણરત્નોની માળામાંથી એકાદ ગુણરત્ન લઇને આપણું જીવન કલ્યાણની કેડી પર રહી જીવીએ તો આપણે તેમને સાચી શ્રદ્ધાંજલી અર્પણ કરી કહેવાય.

**ઉજજવલ જીવન જીવી જનારા, વાત્સલ્ય વહેણોની વહાવતા ધારા,**
**નયનોના તારા ને હૈયાના હારા, ગૂંથી મેં ગુણપુષ્પોની સુવાસિત માળા.**

તેમની પુણ્યતિથી નિમિત્તે ૪૦ અખંડ અઠ્ઠમ થયા છે. ૭૫ પૌષધ, સામાયિકની પચરંગી ૧૦૦ થઈ છે. શ્રી સંઘે પૂ. તારાબાઈ મહાસતીજીને અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલી અર્પી હતી. સમય થઈ ગયો છે, વધુ ભાવ અવસરે.

ૐ શાંતિ

## વ્યાખ્યાન-નં. ૪

**અષાઢ વદ ૩ રવિવાર    જીવનની પળને ઓળખો    તા. ૧૯-૭-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! કેટલાય ભવોની સાધના અને પુણ્યાઈ હોય ત્યારે જીવ તીર્થંકર બની શકે છે. તીર્થંકર ભગવાન ઘાતી કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પામે, પછી તીર્થંકર નામકર્મનું પુણ્ય ઉદયમાં આવે છે. તેઓ આઠ પ્રતિહાર્યથી શોભી રહ્યા છે. તેમના અતિશયોનો એ પ્રભાવ છે કે અષ્ટ પ્રતિહાર્યની શોભાની જેમ પ્રભુને છએ ઋતુ અનુકૂળ થાય છે. આઠ પ્રતિહાર્ય કયા છે તે આપ જાણો છો?

**अशोकवृक्षः सुरपुष्पवृष्टि–र्दिव्यध्वनिश्चामरमासनं च ।**
**भामण्डलं दुन्दुभिरातपत्रं, अष्ट प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥**

(૧) અશોકવૃક્ષ (૨) પુષ્પવૃષ્ટિ (૩) દિવ્યધ્વનિ (૪) ચામર (૫) સિંહાસન (૬) ભામંડલ (૭) દુંદુભી (૮) ત્રણ છત્ર .. (૧) અશોકવૃક્ષ ભગવાન ઉપર છાયા કરી રહે છે. જ્યારે ભગવાન ચાલે છે ત્યારે આકાશમાં રહીને અશોકવૃક્ષ છાયા કરે છે, અને જ્યારે બેસે, દેશના દે છે ત્યારે જમીન પર સ્થિત થઈને છાયા કરે છે (૨) દેવો મંદાર, સુશોભિત, નમેરૂ, સરસ, પારિજાત, સંતાનક ઈત્યાદિ વૃક્ષોના અચેત ફુલોની વૃષ્ટિ કરે છે. (૩) અમૃત રસ સમી, કાનને અતિ પ્રિય લાગે, સાંભળવા માટે તમામ કાર્યો છોડી દઈ ત્યાં આવી પહોંચે એવી સર્વ પ્રાણીઓને આનંદ દેનારી ભગવાનની વાણી દિવ્ય હોય છે. (૪) અત્યંત મનોહર દેદીપ્યમાન કિરણોના સમૂહની જેમ, રત્નોમાંથી નીકળતા કિરણો હોય તેવા સુવર્ણના દંડવાળા ચામરો પ્રભુની ઉપર દેવો ઢોળે છે. (૫) દેદીપ્યમાન મેરૂ પર્વતના શિખર જેવા ઉંચા સિંહાસનને દેવો વિકુર્વે છે. (૬) અખંડ કિરણોવાળા સૂર્યમંડળ જેવા અને આંખોને પણ આંજી નાખનારા તથા સ્વભાવથી જ અતિ દેદીપ્યમાન

એવા તીર્થંકર પ્રભુના રૂપને આચ્છાદિત કરીને મસ્તકની પાછળ ગોળ આકારના ભામંડળને દેવો વિકુર્વે છે. (૭) ભગવાન જ્યાં જ્યાં વિચરે છે ત્યાં દેવતાઓ આકાશમાં દુંદુભી નાદ કરતા રહે છે. તે દુંદુભી નાદ ભગવાનના આગમનની સુચના આપે છે. ભગવાનની વાણી પણ દુંદુભીના નાદ જેવી ગંભીર હોય છે. ભગવાનની વાણી જાણે પાપને નષ્ટ કરવાની દુંદુભી હોય છે (૮) ત્રણે ભુવનોના પરમેશ્વરપણાને સુચવનારા, શરદઋતુના ચંદ્રની જેમ, મોતીઓની માળાઓથી મનોહર થયેલાં એવા ત્રણ છત્રોને પ્રભુના મસ્તક પર દેવો ધારણ કરે છે. આ આઠ પ્રતિહાર્યના ધારણહાર છે, અને ૩૪ અતિશયે સહિત છે. તેમાં ચાર અતિશય તો જન્મથી હોય છે. તીર્થંકરના કેશ, નખ ન વધે, સુશોભિત રહે. શરીર નિરોગી રહે. લોહી માંસ ગોક્ષીર જેવા હોય, શ્વાસોશ્વાસ પદ્મકમળ જેવા સુગંધી હોય છે. આ ચાર તો જન્મથી જ હોય છે. ૧૧ અતિશય કેવળજ્ઞાન થયા પછી પ્રગટે. આહાર, નિહાર અદૃશ્ય, આકાશમાં ધર્મચક્ર ચાલે. આકાશમાં ત્રણ છત્ર ધરાય. બે ચામર વિંઝાય. અશોકવૃક્ષ રહે. ભામંડળ હોય, કાંટા ઉંધા થઈ જાય. છયે ઋતુ અનુકૂળ થાય, આદિ કેવળજ્ઞાન થયા પછી પ્રગટે.

પ્રભુ જ્યાં સુધી કેવળજ્ઞાન ન પામ્યા ત્યાં સુધી અઘોર તપશ્ચર્યા કરી. એ સાધના–કાળમાં છએ ઋતુ અનુકૂળ ન હોય તેથી કડકડતી ઠંડી લાગે અને ભીષણ ગરમી પણ લાગે., એટલે ઠંડી અને ગરમીનો પરિષહ સહન કરવો પડે. પણ સાધનાકાળ પૂરો થાય અને કેવળજ્ઞાન પામી તીર્થંકર બન્યા પછી છએ ઋતુ અનુકૂળ થઈ જાય. છએ ઋતુઓ અનુકૂળ વર્તે. શિયાળાની કડકડતી ઠંડી હોય કે ઉનાળાની ધમધોખ ગરમી હોય, એ તેમને જરા પણ દુઃખરૂપ ન બને. તેમને તેની અસર ન થાય. સખત ઠંડી અને ગરમી જગતના જીવોને પ્રતિકૂળ બને, પણ તીર્થંકર ભગવાનને પ્રતિકૂળ ન બને. એ તેમના અતિશયનો પ્રભાવ છે. પરંતુ વીતરાગતા પ્રાપ્ત કરવા માટે પહેલા તો ભારે પ્રતિકૂળતા આવે, અને તેને સહન કરવી પડે. તીર્થંકર પ્રભુને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટે કષ્ટ વેઠવા પડે છે તો આપણા જેવા થોડા પુણ્યવાળા જીવો માટે તો વાત જ શી કરવાની ?

આવા ચરમશરીરી ભાવિના ભગવાન પણ ભૌતિક સુખોથી છલકતા સંસારનો ત્યાગ કરી પ્રવજ્યાના પંથે નીકળી કષ્ટની કેડીએ ચાલ્યા, તો આપણે કેટલી સાધના કરવી પડશે, માટે જ્ઞાની પુરૂષો જીવોને સમજાવતા કહે છે કે હવે તમને સંસાર છોડવાનું મન થાય છે ? સંસાર પરિભ્રમણથી કંટાળો આવ્યો છે ? "પુનરપિ જન્મં પુનરપિ મરણં" વારંવાર જન્મ લેવો અને મરવું, જન્મ મરણના ત્રાસ સહન કરવા. કર્મની ભારે પરાધીનતાને કારણે જીવ સંસાર બેડીમાં જકડાઈ રહ્યો છે તો હવે એનાથી છૂટુ ? એવો કંટાળો આવ્યો છે ? ભવ પ્રત્યે ખેદ થયો છે ? અને ભવપરંપરાથી છૂટવાની અને મોક્ષપદને મેળવવાની તાલાવેલી લાગી છે ? કોઈ પણ કાર્ય કરવાની જો તાલાવેલી લાગે, તો એ કામ જલ્દી સિદ્ધ થાય છે. એકવાર તાલાવેલી લાગવી જોઈએ, જો ભવબંધનમાંથી છૂટવાની તાલાવેલી લાગી હોય તો સૌ પ્રથમ સમ્યક્ દર્શન પ્રાપ્ત કરો, પછી એથી આગળ વધીને વ્રત, નિયમ, તપશ્ચર્યાની સાથે ભૂખ, તરસ, ટાઢ, તાપ, અપમાન, નિંદા આદિ પ્રતિ-

કૂળતાઓ વેઠવાની, તે પણ સમભાવે, એ વેઠતાં જરા પણ અરૂચિ નહી. ખેદ કે દ્વેષ નહીં, ગ્લાનિ નહીં, હાય .. હાય! આ કયાં સુધી સહન કરવાનું, એવા ભાવ પણ મનમાં નહિ લાવવાના પણ આનંદ આનંદ ને આનંદ, એ આનંદ કેવો? મને કેવો સોનેરી અવસર આવ્યો કે મારા કર્મો ક્ષય થાય છે. હાશ! હવે હું આ બંધનમાંથી છૂટીશ. પરિષહોની પીડાઓ તો કર્મ-ગૂમડાના નસ્તરની પીડા છે. એને તો હસતા મુખડે વધાવવાની હોય ને? જો હસતા મુખડે વધાવીશ તો અનંતાકાળથી જે કર્મોરૂપી ગૂમડાં થયા છે તે નાશ થઈ જશે. આ રીતે ભૂખ, તરસ, ટાઢ, તાપ, અપમાન વિગેરે પ્રતિકૂળ બાબતો સહર્ષ સમભાવે વેઠવી એ પણ મહાન સાધના છે. આ સાધનાથી કર્મગૂમડા કપાવાનો અનુપમ લાભ મળે છે. અને તેનું પ્રયાણ સિદ્ધિ તરફ થાય છે. તીર્થંકર દેવો માટે પણ એજ કાયદો તો આપણે માટે પણ એ જ હોય ને? તીર્થંકર દેવોને આપણી નજર સમક્ષ રાખીને સાધના કરીએ તો આપણો માર્ગ સરળ બને.

**ક્ષણભંગુર જીવનમાં જાગૃતિ લાવો :**—આત્મસાધના કરવાની આ ઘડી-પળ આવી છે. આપણી જીવન કિતાબને, જીવનના ઇતિહાસને વહેલી પળે તપાસો. રોજ સવારમાં ઉઠીને પહેલા પેપર વાંચો, અને પછી પ્રભુનું નામ લો છો. પહેલા પેપર અને પછી પ્રભુ સાથે પ્રીતિ! જેને પસ્તી સાથે પ્રીતિ નથી, અને પ્રભુ સાથે પ્રીતિ છે તેવા જીવો તો પ્રાર્થનામાં આવે છે. આજે મોટા ભાગના જીવોને પેપર સાથે પ્રીતિ છે, તેટલી હજુ પ્રભુ સાથે નથી. જ્ઞાની કહે છે તારી જીવન ડાયરી તપાસ. આપણા આયુષ્યનો વિશ્વાસ નથી. આજે પેપરમાં પહેલી લીટીમાં વાંચ્યું કે દિલ્હીથી અમદાવાદ આવતી ટ્રેઇન કલોલ-મહેસાણા નજીક આવતા તેમાંથી ૧૮ થી ૨૦ ડબ્બા ઉથલી પડ્યા ને એક હજાર જેટલા જીવો મૃત્યુ પામ્યા, કલોલ એટલે અમદાવાદની તદ્દન નજીક. દિલ્હીની અપેક્ષાએ તો તે સાવ અમદાવાદના કિનારે આવી ગય કહેવાય ને! ગાડીમાં બેસનારા જીવો શું જાણતા હશે કે અમે ઘેર પાછા નહિ જઈએ! તેમનો કેટલો સામાન હશે, જોખમ હશે! કોઈ આખું કુટુંબ હશે! બધાનો કચ્ચરઘાણ વળી ગયો, માટે જ્ઞાની કહે છે કે "संबुज्झह किं न बुज्झह संबोही खलु पेच्च दुल्लहा।" હે જીવો! જાગો, બોધ પામો. કેમ સમજતા નથી ને બોધ પામતા નથી? તારી પળ, તક સોનેરી જાય છે. વર્ષાકાળની સીઝનમાં જો ખેડૂતો પ્રમાદ કરીને બેસી રહે ને વાવણી ન કરે તો પાછળથી પસ્તાવા સિવાય બીજું છે શું? ચાતુર્માસ એ આત્મકમાણીની મોસમ છે. આ મોસમમાં હૃદયરૂપી ખેતરમાં સમકિત રૂપી બીજની વાવણી કરવાની છે. લાખો મણ રૂને બાળવા માટે લાખો મણ અગ્નિની જરૂર નથી. તેના માટે તો એક ચિનગારી બસ છે. અગ્નિની એક ચિનગારી લાખો મણ રૂને બાળીને સાફ કરી નાંખે છે, તેમ સમ્યક્ત્વની એક ચિનગારી પ્રગટાવવાની છે. તેમાં જો ક્ષાયિક સમ્યક્ત્વ આવ્યું તો તો આપણો બેડો પાર થઈ જશે, માટે જ્ઞાની કહે છે કે બોધ પામો. પરલોકને વિષે સમ્યક્ત્વની પ્રાપ્તિ થવી દુર્લભ છે. જે સમય જાય છે તે ફરીને પાછો આવતો નથી. જીવનનો ભરોસો નથી. દિલ્હીના મેઈલમાં એક હજાર માણસોનો કચ્ચરઘાણ વળી ગયો. મારો નંબર પણ

આવી રીતે તો નહીં આવી જાય ને ? જયપુરમાં ૫૦ માણુસોની બસ પાણીમાં તણાઈ ગઈ ને માણુસો માર્યા ગયા. આ બધા કિસ્સા પણુ આપણુને બોધ આપે છે કે આ જીવનનો જરા પણુ વિશ્વાસ ન રાખશો.

**જીવનની આગબોટ ક્યારે ઉપડશે ?** :–કાઠિયાવાડ, કચ્છ, ગોવા વગેરે સ્થળે જવાની આગબોટો મુંબઈના બંદરેથી ઉપડે છે. તેમાં આગબોટોને ઉપડવાનો ટાઈમ ચોક્કસ થયેલો હોય છે, છતાં માણુસો પોતાનો સરસામાન લઈને કિનારે આગબોટ ઉપડવાની વાટ જોતા બેસી રહે છે. કારણુ કે જો એ પ્રમાણે અગાઉથી તૈયારી રાખે નહિ, તો આગબોટ ઉપડી જાય. અને પોતે રહી જાય તેથી ધારેલા સ્થળે અને સમયે પહોંચી શકે નહીં. જો તે સમયસર ન પહોંચે તો એમાં આગબોટવાળાને કાંઈ નુકશાન થાય ખરું ? ના. જેને તેમાં જવું હોય તેને નુકશાન થાય. એવી નુકશાનીમાં ન ઉતરવું પડે, માટે ડાહ્યા માણુસો અગાઉથી જ બંદર ઉપર જઈને બેસે છે. તે રીતે મહાપુરુષો આપણુને સમજાવે છે કે આ દેહ ક્યારે પડશે ને જીવન ક્યારે પુરું થઈ જશે તેની કાંઈ ખબર નથી. એ આગબોટ ક્યારે ઉપડશે તેનો ચોક્કસ ટાઈમ આપણે જાણુતા નથી. પણુ થોડા સમયમાં ઉપડવાની છે એ તો આપણુને ખબર છે. અત્યારે આપણું આયુષ્ય કેટલું ? આ કાળમાં વધુમાં વધુ આયુષ્ય પોણા બસો વર્ષ હેશે ઉણું છે. માટે આ આગબોટમાં બેસી પરલોક માટે બનતી બધી તૈયારીઓ કરી લેવી જોઈએ એવી તૈયારીઓ કરવાનો અત્યારે સમય છે, માટે પ્રમાદમાં રહી જવાય ને આગબોટ ઉપડી જાય એમ ન થાય તે ખાસ ધ્યાન રાખજો. ધર્મધ્યાન, પરમાર્થ, પરોપકાર ભાવના, અહિંસા, બ્રહ્મચર્ય પાલન, ક્ષમા, સંયમ આદિ જે કરવા જેવું છે તે કર્યા વિના ચાલ્યા ન જવાય એ ખાસ ધ્યાન રાખવાનું છે.

**જીવને જતાં કયું ધન જોઈશે ?** :–હવે બીજી વાત કરું, તમને ખબર છે કે જે દેશમાં તમારે જવું હોય તે દેશના સિક્કા જો તમારી પાસે ન હોય તો તે દેશમાં જતાં ઘણી મુશ્કેલીઓ પડે છે. કારણુકે જુદા જુદા દેશમાં જુદા જુદા સિક્કાઓ ચાલતા હોય છે. તે રીતે આ સંસારમાં જીવન વ્યવહાર ચલાવવા માટે જે ધન કામ લાગે છે તે ધન જુદું છે. અને મોક્ષમાર્ગમાં જવા માટે જે ધન કામ લાગે છે તે પણુ જુદું છે. સંસારમાં રોકડા રૂપિયા, પચાસ પૈસા, પચ્ચીસ પૈસા વિગેરે જે સિક્કાઓ અને હીરા, માણેક, મોતી આદિ પૃથ્વીકાય ધાતુઓ અને પથ્થરોનું ધન સંસારમાં કામ લાગે છે. જ્યારે આત્માને મોક્ષમાર્ગમાં જવું છે ત્યાં તો ધર્મનું ધન કામ લાગે છે. તે માર્ગમાં તમારું ધન કામ આવતું નથી. તમારું ધન નાશવંત અને અનિત્ય છે. અને ધર્મરૂપી ધન શાશ્વત છે. જો જીવને મોક્ષ ધામમાં જવું છે તો ત્યાં ચાલી શકે એવું ધન મેળવી લેવું જોઈએ, કારણુ કે ત્યાં રૂપિયા, નોટો, ગીની, દસ્તાવેજો, ખતપત્ર તથા જમીન જાગીરનું ધન કામ લાગશે નહીં. તે માટે તો ધન જોઈશે, સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, ચારિત્ર, ક્ષમા, નિર્લોભતા, આદિ આત્મિક ધન. ત્યાં જવા માટે કાંઈ સોના ચાંદીનું ધન, નોટોના કાગળીયાનું ધન કામ લાગશે નહિ. માટે હવે મોક્ષ ધામમાં જવા માટે આત્મિક ધન મેળવી લેજો.

**ગતિ કેવી કરશો ?** :–વિચારો. મોક્ષમાં જવું એટલે આપણા સાચા ઘરમાં જવું. ઘોડો કે બળદ બહુ થાકી ગયા હોય તો પણ જ્યારે તેઓ પોતાના ઘર તરફ વળે છે ત્યારે ખૂબ જોરમાં વેગથી ચાલે છે તેમ આપણે પણ મોક્ષમાં જવું છે તો ધર્મના માર્ગે ખૂબ ઝડપથી ચાલવું પડશે. આ સંસારમાં તો કોઈ ૨૫–૫૦ કે સો વર્ષ માટે આવ્યા છે પછી અહીંથી જવાનું છે, પણ જ્યાં ગયા પછી ત્યાંથી પાછું આવવાનું નથી ને અનંતકાળ સુધી આત્માના અનંતા સુખમાં રહેવાનું છે એવા ઘર તરફ જવા માટે પુરૂષાર્થ કરો. ઘોડાઓ અને બળદો જેવા જનાવરો ખૂબ થાકી ગયેલા હોય છતાં પણ પોતાના ઘર તરફ જવા માટે ઉતાવળ કરે છે. ત્યારે એ પશુઓ કરતાં તો માનવો વધુ સમજુ છે, જ્ઞાની છે, અનુભવી છે માટે તેણે તો ખૂબ ઝડપથી મોક્ષમાર્ગ તરફ ચાલવું જોઈએ.

જો માણસને લાંબી મુસાફરીએ જવું હોય તો પોતાને જરૂરીયાતની વસ્તુઓની અગાઉથી તૈયારી કરી રાખે છે, કારણ કે જો અગાઉથી તૈયારી ન કરી રાખે તો લાંબી મુસાફરીમાં ઘણી જાતના દુઃખો ભોગવવા પડે છે. જે ડાહ્યા માણસો હોય છે તેઓ તો બધી તૈયારીઓ અગાઉથી કરી લે છે. તેમ હે આત્માઓ ! આ જીવને પણ પરલોકની લાંબી મુસાફરીએ જવાનું છે. માત્ર એક જ દિવસની મુસાફરી કરવી હોય તો પણ ખાવા પીવાના સાધનો કપડાં વિગેરે રાખવા પડે છે. તો આ જીવને તો લાંબી મુસાફરીએ જવાનું છે. પોતાના મોક્ષરૂપી ઘરમાં જવું છે કે જ્યાં અનંતકાળ સુધી રહેવાનું છે, પાછું આવવાનું નથી, તો એ માટે કેટલી બધી તૈયારીઓ જોઈશે ? માટે હવે પ્રમાદમાં ન રહેતા. આત્મસાધનામાં લાગી જાવ. ભલે આ કાળમાં સીધા મોક્ષમાં ન જવાય પણ એકાવતારી તો થઈ શકાય છે. એ માટે આત્માએ ખૂબ તૈયારી કરવાની છે. પ્રમાદમાં પોઢેલા આત્માને હવે જાગૃત કરવાનો છે. આજ સુધી અજ્ઞાન દશાએ જીવ દેહનો પૂજારી બન્યો પણ હવે આત્માના પૂજારી બનવાની જરૂર છે. કહે છે કે **દેહદષ્ટિએ કર્મો દળાય નહીં ને દેહ વિના મુક્તિ સધાય નહીં.** જ્યાં સુધી શરીર તરફ દૃષ્ટિ છે, શરીર પ્રત્યે રાગ છે ત્યાં સુધી કર્મો દળાવાના નથી. દૃષ્ટિ બધાની અલગ અલગ હોય છે, દરિયાને કિનારે અનેક મનુષ્યો ઉભા હોય પણ બધાની દૃષ્ટિ જુદી હોય છે. કોઈ દરિયાના મોજાને જુએ, તો કોઈ ભરતી–ઓટને દેખે, માછીમારો માછલા દેખે. અને કોઈ દરિયાની મધ્યમાં રહેલા રત્નાકરને દેખે છે. બધા ઉભા છે દરિયાના કિનારે પણ દૃષ્ટિ સૌની અલગ અલગ છે.

સંસારમાં વસેલા જીવોએ સંસારમાં સુખદુઃખના અનેક તરંગો જોયા. અનેક જીવો સાથે સંબંધો બાંધ્યા પણ હવે એ બધામાંથી મુક્ત બની મોક્ષનું મોતી મેળવવું છે ? મોક્ષનું મોતી મેળવવા માટે આ ઔદારિક શરીર એ અમૂલ્ય સાધન છે. મોક્ષે જવા માટે વૈક્રિય શરીર કે આહારક શરીર કામ નથી આવતું, પણ એ માટે તો ઔદારિક શરીર જોઈશે.

સર્વાર્થસિદ્ધ વિમાનથી સિદ્ધક્ષેત્ર કેટલું નજીક છે ? છતાં દેવો વૈક્રિય શરીરથી ત્યાંથી

સીધા મોક્ષમાં જઈ શકતા નથી. એ માટે તો તેમને આ મનુષ્યભવમાં આવવું જ પડે, ઔદારિક શરીર ધારણ કરવું પડે ને સાધના કરે ત્યારે મોક્ષ મળે. માટે કહ્યું છે કે **"દેહ વિના મુકિત સધાય નહીં."** ઔદારિક શરીર વિના મુક્તિ મળે નહીં. સાથે બીજી વાત એ કરી કે **"દેહ દૃષ્ટિએ કર્મ દળાય નહીં."** ઔદારિક શરીર એ મોક્ષે જવા માટે સાધન છે. તે શરીર દ્વારા તપ સંયમ દ્વારા કર્મબંધનો તોડીને મોક્ષ મેળવાય છે પણ જો આ શરીર પ્રત્યે રાગ ભાવ આવ્યો, તેના પ્રત્યે મમતા રાખી અને મમતાના કારણે મારું શરીર સુકાઈ જશે, એ ભાવથી કાંઈ વ્રતનિયમ, તપ ત્યાગ કે ધર્મ સાધના કરી નહીં, તો પછી કર્મો દળાય કેવી રીતે? જેની દેહ પ્રત્યેની મમતા ઉઠી ગઈ છે એવા જીવો જ તપ સંયમનું પાલન કરી શકે છે. ને તેના દ્વારા કર્મોને ભસ્મીભૂત બનાવી શકે છે. માટે કહ્યું છે કે "દેહ દૃષ્ટિએ કર્મો દળાય નહીં."

દેહ પ્રત્યેનો રાગ છૂટે એ જીવો તપશ્ચર્યા કરી શકે. આત્મ સાધનાના મંગલદિવસો ચાલી રહ્યા છે. આત્માએ શું સાધના કરવી છે તે નક્કી કરી લેજો. આત્મા તો અનંત શક્તિનો ધણી છે. પણ કાયરના સંગમાં રહીને નબળો બની જાય છે. સિંહનું બચ્ચું ઘેટાના ટોળા ભેગું રહે તો તે એના જેવું બની જાય છે. સિંહની શક્તિ ઘણી હોવા છતાં કાયર એવા ઘેટાના સંગમાં રહેવાથી તે ઘેટા જેવું બની ગયું. એક વાર સિંહની ગર્જના સાંભળી ઘેટાનું ટોળું ભાગી ગયું. ત્યારે તેના મનમાં થયું કે એવું કયું પ્રાણી હશે કે જેની એક હાકે આખું ટોળું ભાગી જાય. સિંહના બચ્ચાએ એક વાર પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું હતું તેથી સિંહને જોઈને થયું કે અહો! આ તો મારા જેવું પ્રાણી છે. ત્યાં તેણે એક ગર્જના કરી કે ઘેટાનું ટોળું ત્યાંથી ભાગી ગયું. તે રીતે અનંત શક્તિનો સ્વામી આત્મા મોહમાં પડી જઈ પોતાની શક્તિને ભૂલી ગયો છે. સિદ્ધાંતનો સહારો લઈને સંતો જગાડવા આવ્યા છે. હે આત્મા! જાગ અને બોધિબીજને પ્રાપ્ત કર. કષાયોનો ત્યાગ કર. બ્રહ્મચર્યનું પાલન કરો. જ્યારે આત્મા જાગે ત્યારે શું બોલશે?

હે પ્રભુજી! મારે ચંદન જેવું બનવું છે. ચંદનના લાકડાને કોઈ કરવતથી કાપી નાખે, કોઈ ઘસે કે કોઈ બાળે તો પણ તે બીજાને સુગંધ આપે છે. તેમ હું પણ મારું જીવન ચંદન જેવું સુગંધીમય બનાવું. તેમ કરતાં મને કષ્ટો પડશે તો વેઠી લઈશ પણ મારા જીવનને તો સુગંધમય બનાવીશ. ફૂલમાં સુગંધ નથી તો તે ફૂલની કિંમત નથી. ભોજનમાં મીઠું નથી તો તે ભોજનની કિંમત નથી. મુખમાં દાંત નથી તો મુખની શોભા નથી, તેમ જેના જીવનમાં માનવતા નથી, પરદુઃખ ભંજનની ભાવના નથી, તેનું જીવન કલેવર જેવું છે. માટે જીવનમાં કરૂણા લાવો. દુઃખીઓના બેલી બનો. બીજાના દુઃખ મટાડો તો તે જીવન સુગંધમય બની જશે.

ગઈ કાલે આપણે ચાર અધ્યયનની વાત કરી. હવે પાંચમા અધ્યયનમાં સકામ મરણ અને અકામમરણ, પંડિત મરણ અને બાલ મરણની વાત સમજાવવામાં આવી છે. સકામ

મરણુ અથવા પંડિત મરણુ કોને કહેવાય? પંડિત જ્ઞાની જીવોનું મરણુ એ સકામ મરણુ છે. અને બાલજીવોનું મરણુ અકામ મરણુ છે. જે મૃત્યુમાં ભય, ખેદ અને કષ્ટ છે, અને આત્મજ્ઞાન નથી, તેવા મૃત્યુને બાલજીવોનું તથા અજ્ઞાનીઓનું અકામ મરણુ કહ્યું છે. અકામ મરણુ અસંયમ તથા અજ્ઞાનથી થાય છે. સાધક હંમેશા સકામ મરણુ ઈચ્છે છે. બાલજીવોના અકામ મરણુ વારંવાર થાય છે પણ પંડિતોના સકામ મરણુ કેવળજ્ઞાનીની ઉત્કૃષ્ટ ભૂમિકાની દષ્ટિએ એક જ વાર થાય છે. બાલમરણે મરનારો જીવ સંસારમાં રઝળે છે, પંડિત મરણે મરનાર જીવ ભવસમુદ્રને તરી જાય છે. બાલ એટલે અજ્ઞાની જીવ માને છે કે "આ લોક મીઠો તો પરલોક કોણે દીઠો? પ્રત્યક્ષ જે કામભોગો હાથમાં આવ્યા છે તે ભોગવી લેવા દો. કોણુ જાણે પરલોક છે કે નહીં? આ પ્રમાણે માનતો જીવ હિંસા કરે છે. ચોરી કરે છે. કામભોગમાં આસક્ત થઈ અસત્ય કર્મોને આચરે છે ને ઘણા ક્રૂર કૃત્યો કરે છે. પછી એની દશા કેવી થાય છે?

जहा सागडिओ जाणं समं हिच्चा महापहं ।
विसमं मग्ग मोइण्णो, अक्खे भग्गम्मि सोयई ॥१४॥
एवं धम्मं विउक्कम्म, अहम्मं पडिवज्जिया ।
बाले मच्चुमुहं पत्ते, अक्खे भग्गे व सोयई ॥ १५ ॥

જેમ ગાડીવાન જાણવા છતાં સારા ધોરી રસ્તાને છોડી દઈને વિષમ માર્ગમાં જતાં ગાડીની ધૂંસરી ભાંગી જાય ત્યારે શોક કરે છે. તે રીતે ધર્મને છોડીને અધર્મ અંગીકાર કરીને મૃત્યુના મુખમાં ગયેલો પાપી (બાલ) જીવ જીવનધુંસરી ભાંગી ગઈ હોય તેમ શોક કરે છે આવા બાલ જીવો અકામ મરણે મરે છે, અને સંસારથી નિવૃત્ત થયેલો એટલે સંયમનું સારી રીતે પાલન કરનારો શ્રમણ હોય છે તે સર્વ દુઃખોનો નાશ કરીને મુક્ત થાય છે. અથવા મહાન ઋદ્ધિવાળો દેવ થાય છે.

જીવ જ્યારે બીજી ગતિમાં જાય છે ત્યારે આયુષ્યનો બંધ પડયા પછી જ જાય છે. ગૌતમ સ્વામી ભગવાનને પૂછે છે કે હે ભંતે! જીવ એક આયુષ્યને વેદે છે ને કોઈ જીવ બે આયુષ્યને વેદે છે તે કેવી રીતે? ભગવંત કહે છે કે આયુષ્યનો બંધ આયુષ્યના ત્રીજા ભાગે પડે છે. જો ત્રીજા ભાગે ન પડે તો નવમા, સત્યાવીસમા, એકાસીમાં ને ૨૪૩ મા ભાગે પડે છે. એટલા સમયમાં પણ જો ન પડે તો આયુષ્ય પુરું થવાનું અંતર્મુહુર્ત બાકી રહે ત્યારે પરભવના આયુષ્યનો બંધ પડે છે. જીવ જ્યારે પરલોકમાં જાય ત્યારે છ બોલ બાંધીને જાય છે. ગતિ, સ્થિતિ, જાતિ, અવગાહના, આયુષ્ય અને અનુભાગ. જે જીવને પરભવના આયુષ્યનો બંધ પડી ગયો હોય તેવા જીવોને પરભવનું આયુષ્ય પ્રદેશોદયથી તો ચાલુ થઈ ગયું. તેથી તે જીવો ચાલુ ભવનું આયુષ્ય વેદે છે. ને પરભવનું આયુષ્ય પણ વેદે છે, અને જે જીવોને આયુષ્યનો બંધ નથી પડયો તેવા જીવો માત્ર આ ભવનું આયુષ્ય વેદે છે. માટે કહ્યું છે કે કોઇ જીવ એક આયુષ્યને વેદે છે ને કોઈ જીવ બે આયુષ્યને વેદે છે. જીવ જે ગતિમાં જવાનો હોય તે ગતિની લેશ્યા જીવને આવે છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૩૪ મા અધ્યયનમાં લેશ્યાની ઘણી સુંદર વાતો સમજાવી છે. જીવને પોતાને કઈ ગતિમાં જવાનું છે, એનું થર્મોમીટર પોતાનો આત્મા મૂકી શકે છે. જીવને જેવી લેશ્યા, જેવા પરિણામ વર્તતા હોય એ પરથી આત્મા સમજી જાય કે મારે કઈ ગતિમાં જવાનું છે. જો નરક અને તિર્યંચ ગતિમાં ન જવું હોય તો આરંભ પરિગ્રહના કામો છોડી દો, માયા કપટનો ત્યાગ કરો, અને જીવનમાં જે દુર્ગુણોની દુર્ગંધ ભરાઈ ગઈ હોય એને દૂર કરી સદ્દગુણોની ખુશબો એમાં ભરી દો. જ્યારે આત્માની જાગૃતિ થાય ત્યારે "ભવે ખેદ અંતર દયા" તે સંસારમાં વસ્યો હોય છતાં એને ભવ પ્રત્યે ખેદ થાય છે, અને જ્યારે આત્મા રંગરાગમાં, રમણીના પ્રેમમાં પડે છે ત્યારે સંસાર દુઃખરૂપ બની જાય છે, માટે તેમાં લપટાવા જેવું નથી. સંસારમાં જાતજાતની અનેક પ્રકારની કહાનીઓ જોવા મળે છે. કોઇ ઘરમાં સાસુ જમાદાર હોય, તો કોઇ ઘરમાં વહુ જમાદાર હોય. કોઇ ઘરમાં બાપ જમાદાર હોય, તો કોઈ ઘરમાં દીકરો જમાદાર હોય છે. સંસારમાં નજર કરીએ તો કંઇક નવી કહાનીઓ જોવા મળે છે. આ સંસારમાં પડવા જેવું કે રહેવા જેવું નથી. કર્મો જીવને કેવા નાચ નચાવે છે, કર્મોથી જીવ કેવું દુઃખ ભોગવે છે તે સાંભળો.

**સંસાર કેવો:**–ગરીબ માતાપિતાને એક દીકરો હતો. દીકરો બાર તેર વર્ષનો થયો ને પિતા તો મૃત્યુ પામ્યા. દીકરાની તમામ જવાબદારી માતાના માથે આવી પડી. માતાએ પેટે પાટા બાંધીને, કાળી મજુરી કરીને ભણાવ્યો–ગણાવ્યો. માતા દીકરાને મોટો કરે, ભણાવે ત્યારે એના મનમાં તો મોટી આશાઓ હોય છે. ભલે હું દુઃખ ભોગવું પણ તેને ભણાવું તો એ ભવિષ્યમાં સુખી થાય. તેને અમારા જેવા ગરીબાઈના દુઃખો ભોગવવા ન પડે. એ સુખી થાય તો હું સુખી. પણ ઘણીવાર માતાના આ અરમાનો જમીનદોસ્ત થઇ જતાં દેખાય છે. આ દૃષ્ટાંતથી હું તો તમને સંસારની અનિત્યતા સમજાવવા માગું છું. દીકરો ભણી ગણીને તૈયાર થયો એટલે માતાને વહુ લાવવાના કોડ જાગ્યા. એક સારી સુખી ઘરની કન્યા સાથે દીકરાના લગ્ન થયા. વહુ ઘરમાં આવી.

આ માતાને પોતાના પતિનો વિયોગ ખૂબ સાલતો હતો. ઘણીવાર તેમના વિયોગમાં આ માજી રડતા હતા. તેમના મનમાં એમ થાય કે મારો દીકરો સુખી થયો. હવે સુખના દિવસો આવ્યા. પણ તે તો જોવા ન રહ્યાને ? આ રીતે ઘણીવાર પાર્વતીમા રડતા. આ ડોશીમા રડે તે પણ વહુને ગમતું નહિ. વહુ વીસમી સદીની ખાધેલા જમાનાની આવી હતી. તે ઘણી વાર કહી દેતી કે આવા સુખી ઘરમાં વારંવાર રડવું એ બરાબર નથી. રમેશે પણ કહ્યું કે બા ! મૃત્યુ પામેલા બદલ શોક કરીને જીવતા માણસોના સુખમાં શા માટે વિઘ્ન નાખો છે ?

**દુઃખને ટાળવા જાય કથામાં :**–દીકરા વહુએ આમ કહ્યું ત્યારથી પાર્વતીમા ક્યારે પણ ઘરમાં રડતા નહીં. માતા પોતાના દુઃખને ભૂલવા ગામમાં જ્યાં કથા થતી હોય ત્યાં સાંભળવા જાય ને પોતાનું દુઃખ હળવું કરે. એક દિવસ શાસ્ત્રીજીએ કથામાં

કૌશલ્યાનો વિલાપ વાંચ્યો. આ વિલાપ સાંભળતા તેમને પતિની યાદ આવતાં આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. ચાર પાંચ વર્ષ પહેલાં રમેશના પિતા ટાઈફોઈડની બિમારીમાં સપડાયા હતા. ત્રણ વખત ઉથલો માર્યો હતો. છેલ્લે લાગ્યું કે હું બચીશ નહિ ત્યારે પાર્વતીમાને કહ્યું હતું કે મને મરવાની બીક નથી. પણ મારા મૃત્યુ પછી તારું શું થશે? તેનો મને વિચાર આવે છે. આટલું બોલતા તે સ્વર્ગવાસ થઈ ગયા. આ બધું પાર્વતીમાને યાદ આવી ગયું ને તેથી રડવા લાગ્યા. છેવટે થોડી વારે શાંત થયા ને ઘેર આવ્યા. પત્નીને મન પતિ સર્વસ્વ છે.

ડોશીમા ઘેર આવ્યા. રમેશની વહુ તો નિરાંતે હિંડોળાખાટે ઝુલે છે. પાર્વતીમા પૂછે છે બેટા! મને ભૂખ લાગી છે. આજે હજુ રસોઈ નથી કરી? આ શબ્દો સાંભળતા વહુ તો તાડૂક્યા, મેં તો મારે ઘેર કંઈ કામ કર્યું નથી. માટે હું કાંઈ નહિ કરું. બધું કામ તમે કરજો. બેટા! આ તો સાસરું કહેવાય, તું વહુ કહેવાય. અહીં તો કામ કરવું પડે ને? તારા બાપે મારું ઘર જોઈને જ દીધી છે કે ઘર બહુ સુખી નથી. માટે કામ તો કરવું પડે ને? ડોશીમા બિચારા માનતા હતા કે વહુ આવશે એટલે નિરાંતે પ્રભુ ભજન કરીશ પણ કર્મના ખેલ કોઈ ઓર છે. જીવે જેવા કર્મો બાંધ્યા હોય તેવા ભોગવવા પડે છે. જો પાર્વતીના નસીબમાં સુખ હોત તો પતિ શા માટે મરી જાત?

ઘણે ઠેકાણે સાસુ વહુના પ્રેમ એવા જોવા મળે છે કે આપણા ઉકળાટ શાંત થઈ જાય. જો સાસુ વહુને દીકરી સમાન ગણે અને વહુ સાસુને માતા તરીકે માને તો સંસાર સ્વર્ગ જેવો બની જાય છે. જેને ત્યાં પુણ્યનો ઉદય ત્યાં આવા સંપ, પ્રેમ અને એકતા જોવા મળે છે. જેમના ઘરમાં સંપ છે, પ્રેમ છે તેમનો સંસાર સ્વર્ગ જેવો લાગે છે. જેના ઘરમાં એકતા નથી, પ્રેમ નથી. પણ રાત દિવસ કલેશ કલેશ હોય છે તેમનો સંસાર દાવાનળ જેવો લાગે છે. રમેશની વહુ સુખી ઘરની દીકરી છે, તેથી કરિયાવર ખૂબ લાવી છે પણ તેનામાં સંસ્કાર નથી. જીવન જીવવાની કળા નથી. તેથી આ સ્થિતિ સર્જાણી. પહેલાના જમાનામાં માણસો કન્યાના રૂપને કે કરિયાવરને જોતા ન્હોતા, પણ સંસ્કારને જોતા હતા. આજે તો મોટા ભાગે લોકો ધનને અને રૂપને દેખે છે, પણ કન્યા સંસ્કારી છે કે નહીં તે કોઈ જોતા નથી. જો સંસ્કારી વહુ ઘરમાં આવે તો સંસાર સ્વર્ગ જેવો અને બિનસંસ્કારી વહુ આવે તો સંસાર દાવાનળ જેવો બની જાય છે, માટે રૂપને કે લક્ષ્મીને નહિ જોતા સંસ્કાર જોતા શીખો. કેવો કૌશલ્યા સીતાનો પ્રેમ! એ આદર્શ જો જીવન સામે રાખો તો પણ જીવન આદર્શ બને.

**પતિને આપેલી દમદાટી :—** એક દિવસ ડોશીમા કથા સાંભળવા ગયા છે. ઘેર દીકરો વહુ ઉપરના ઓરડામાં બેઠા છે. પત્ની રમેશને કહે છે, હવે મારે આ ઘરમાં રહેવું નથી. તને શું દુઃખ છે તે રહેવું નથી? રમેશ ઘણું પૂછે છે, પણ ઉધ્ધતાઈથી જવાબ આપે છે. રમેશ તેને કાલાવાલા કરે છે, પણ બરાબર જવાબ આપતી નથી, અને રડતા રડતા બોલે જાય છે. આ સમયે બરાબર ડોશીમા કથામાંથી ઘેર આવ્યા. ઉપર તો

ધમધમ થઈ રહ્યું છે. ડોશીમા નીચે ઉભા ઉભા બધું સાંભળે છે કે છે શું ? સાંભળતા શબ્દો સાંભળ્યા કે એમ કંટાળી શું જાય છે ? ઉઠ.... મારા માટે તો ઉઠ...એ ડોશી ખાતર નહિ પણ નાના છોકરાઓ માટે તો ઉઠ....છોકરાઓ ભૂખ્યા છે તેમને તો જમાડી લે. ખબરદાર ! મારી સાથે બોલ્યા છો તો ? તમારા મીઠા શબ્દોથી હું છેતરાવાની નથી. તમારી મા છે એમ સમજીને આજ સુધી ઘણું સહન કર્યું. કંઈ બોલી નહીં, પણ હવે મારાથી સહન થતું નથી. તો હું શું કરું ? હું મરી જાઉં ? અરે ! મરવાં કરતાં સહેલી વાત તો એ છે કે હું તમને કેટલાય દિવસથી કહું છું પણ કરતા નથી. આ ડોસલીને ઘરની બહાર કાઢો, જો એને નહિ કાઢો તો હું પિયર ચાલી જઇશ.

**ડોશીમાનો નિર્ણય :** ઉપરની બધી ધમાધમ પાર્વતીમાએ સાંભળી. તે સમજી ગયા કે નક્કી મને ઘરમાંથી કાઢવાની વાત થાય છે. જે ઘરમાં મારા નિમિત્તે કલેશ થતો હોય, કર્મો બંધાતા હોય અને વહુ છોકરાને સતાવતી હોય તો આવા ઘરમાં રહેવા કરતા મારે મારો રસ્તો પકડવો સારો છે. આ બધું સાંભળતા ડોશીની આંખમાં ચોધાર આંસુ વહેવા લાગ્યા, પછી બાથરૂમમાં જઈને આંખો ધોઇને બહાર આવ્યા. જો આંખ રડેલી જુવે તો પણ તમતું આવી બને. પાર્વતીમા બાથરૂમમાંથી બહાર નીકળ્યા તે સમયે વહુ નીચે આવી. સાસુને જોતાં મનમાં થયું કે આ અમારો બંનેનો સંવાદ સાંભળી તો નહિ ગયા હોયને ? એટલે પૂછ્યું-આપ કયારે આવ્યા ? હમણાં જ આવી. ડોશીમાએ રસોઈ કરી બધાને જમાડયા, પછી રમેશને કહે છે બેટા ! હું રાજકોટ ચંપામાસીના ઘેર જાઉં છું. ચંપામાસીનો કાગળ આવ્યો છે કે તેમની તબિયત સારી નથી, માટે ત્યાં જઇશ. તેમની સેવા કરીશ અને ધર્મધ્યાન કરીશ. રમેશ કહે-જેવી તમારી મરજી. આપ કહો તો હું બસ સુધી મુકી જાઉં, તારે ઓફીસમાં રજા લેવી પડે ને ? એ તો એક દોઢ કલાકની રજા પડશે. ના દીકરા ! એવું કંઈ કરવું નથી. હું તો એકલી જઈશ. ભાડા જેટલા પૈસા મારી પાસે છે. માટે હું જઈશ. ડોશીમાના આ શબ્દો સાંભળતા દીકરા વહુ મનમાં મલકે છે કે ટાઢા પાણીએ ખસ ગઈ.

બીજે દિવસે ડોશીમા પોતાના કપડાની થેલી ભરીને રવાના થાય છે. ત્યાં વહુના બે દીકરા યાદ આવ્યા. બે છોકરા પર ડોશીમાને ખૂબ વહાલ અને પ્રેમ છે. તેમને છોડીને જતાં આંખમાં આંસુ આવ્યા. છેલ્લે જતાં જતાં છોકરાઓને ઊંચકીને વહાલ કર્યું અને કથામાંથી બે પેંડા લાવ્યા હતા તે બંને છોકરાઓને એકેક આપી દીધો. બાળકોની યાદી માટે એક ઢીંગલી અને બે રમકડા પોટલીમાં બાંધી દીધા. બંને બાળકો તેમને વળગી પડયા કે આપ કયારે આવશો ? નાના બાળકો તો બિચારા સાવ નિર્દોષ છે. એમને શું ખ્યાલ હોય ?

**પ્રોફેસરની રમેશને ધમકી :** પાર્વતીમા તો ઉપડયા, બસમાં બેઠા, ચંપાબેન કોણ છે તે પણ ઓળખતા નથી. કયાં જવું ? મનમાં રામ નામનું રટણ કરતા રાજકોટ પહોંચ્યા. ડોશીમાએ એક સારું સુખી ઘર શોધી કાઢયું અને તેમને ત્યાં રસોઈ કરનાર બાઈ તરીકે

તે રહ્યા. તે ઘરના માણસો આ ડોશીમાને પોતાની જનેતા માતાને સાચવે તેમ તેને સાચવે છે. ઘરના જે જમે તે તેને જમાડે છે ને મહિને ૩૦ રૂા. પગાર આપે છે. આથી પાર્વતીબેનને ખૂબ સંતોષ થયો. એક દિવસ પાર્વતીમાના ઓળખીતા પ્રોફેસર તે શેઠને ત્યાં જમવા આવ્યા. પ્રોફેસર જમવા બેઠા છે. પાર્વતીબેન પીરસવા આવે છે. તેમને પીરસતા જોઇને પ્રોફેસર ઓળખી ગયા. અહો ! આ તો મારા મિત્ર રમેશની માતા છે. તે અહીં ક્યાંથી આવ્યા હશે ? ઘરની આજુબાજુના માણસોને પૂછીને ડોશીમાનો બધો ઇતિહાસ જાણી લીધો. તેમના મનમાં થયું કે આ બેન તો કેવા ગુણીયલ, ગંભીર અને ડાહ્યા છે. આ માતાએ કઈ સ્થિતિમાં રમેશને મોટો કર્યો ને ભણાવ્યો છે ? એ માતાના ઉપકારનો બદલો વાળવો તો દૂર રહ્યો પણ એની આ દશા ! એક રસોઈ કરનાર બાઈ તરીકે તેને રહેવું પડયું ! ધિક્કાર છે આવા પુત્રને. ખરેખર રમેશે પોતાની આબરૂ પર પાણી ફેરવ્યું છે. પ્રોફેસરે તો રમેશ પર ધમધમતો પત્ર લખ્યો કે ભાઈ રમેશ ! તારી માતા રાજકોટમાં ફલાણા સાહેબને ત્યાં રસોઈ કરનાર બાઈ તરીકે નોકરી કરે છે. તારી માતાએ પેટે પાટા બાંધીને તને ભણાવ્યો, પરણાવ્યો તેની તેં આ દશા કરી ! તેમણે તો પત્રમાં ખૂબ ધમકી આપી. રમેશ કાગળ વાંચીને ધૂવાપૂંવા થઈ ગયો. તેણે પત્નીને વાત કરી. માતાએ તો આપણું નાક કાપ્યું. શું તમારી અવળચંડી મા ! આ સાસુજી તો માથાના લાગે છે. રમેશ કહે – હવે માતાની વિરૂદ્ધ બોલી મને ગુસ્સે ન કરતી. હવે માજીની સ્થિતિ શું છે તેની તપાસ કરવા હું રાજકોટ જાઉં છું.

**માની પાસે જતો રમેશ :–** રમેશ રાજકોટ ગયો. ને માજી જ્યાં રહે છે તે શેઠને ત્યાં પહોંચી ગયો. મા–દીકરો મળે છે પણ દીકરાને તો ક્રોધનો પાર નથી. આવેશમાં આવીને કહે છે હે મા ! તેં આ શું કર્યું ? તેં અમારી આબરૂ ઘટાડી છે. દીકરા ! આમાં આબરૂ ઘટાડવાનો કયાં પ્રસંગ છે ? મેં તારી આબરૂના કાંકરા નથી કર્યા. તમારા ઘરમાં મારી જરૂર ન હતી તેથી હું અહીં આવી છું. ઘેર ઘેર માંગીને ખાવું એના કરતાં મહેનત કરીને ખાવું શું ખોટું ? મા ! હવે તું પાછી ઘેર ચાલ. દીકરા ! તને જોઇને મને આનંદ થાય છે. પણ ત્યાં આવવાથી કલેશ થાય. લોહી ઉકળાટ થાય તે કરતાં મારે અહીં શું ખોટુ છે ? અહીંયા બધા મને જનેતા કરતાં અધિક સાચવે છે. તે જે ખાય પીવે તે મને ખવડાવે છે. પહેરવા વસ્ત્રો આપે છે ને મહિને ૩૦ રૂા. પગાર આપે છે. મને તારા દીકરા દીકરી ખૂબ વહાલા હતા તેવા જ અહીં મળ્યા છે. તેમને હું વહાલ કરું છું. રમાડું છું. છોકરાઓની ચાદી માટે રમકડા લાવી છું. બેટા ! હવે મારે ઘેર નથી આવવું. મેં રાંધવાની નોકરી લીધી, તેમાં શરમાવા જેવું શું છે ? મેં તો જન્મ ધરીને રાંધવાનું જ કામ કર્યું છે. સાસરામાં તો રસોઈ કરવાની હોય જ. તારા લગ્ન થયા ને વહુ આવી તોપણ તમને રાંધી ખવડાવવાનું કામ તો હું જ કરતી હતી. અહીં પણ રસોઈ કરું છું. મા ! ગમે તેમ તો ય એ ઘર તે ઘર. શું એ ઘર મારું છે ? હા મા, તેથી હું તને તેડવા આવ્યો છું.

**મા દીકરાના સવાલ જવાબ :–** રમેશ ! તું મને લઈ જવાની વાત છોડી દે. આપ બંનેની વાતો મેં રાત્રે સાંભળી હતી કે તમને બંનેને હું નડું છું. આપ મને ઘરની બહાર કાઢવાના હતા. તો જે ઘરમાં હું ભારરૂપ હોઉં તે ઘરમાં રહેવાનો શું અર્થ ? પોતાની ગુપ્ત વાત પ્રગટ થયેલી જાણી, તેથી રમેશનું મુખ ફિક્કું પડી ગયું. હવે માને ઘેર લઈ જવાનો આગ્રહ શી રીતે કરવો ? રમેશ કહે, જો મા, આ તો આપણા કુટુંબની આબરૂનો સવાલ છે, માટે તું ભૂતકાળ બધો ભૂલી જા. મારા પિતાએ સ્વમાન–પૂર્વક જીવન વીતાવ્યું હતું. તેમના જેવા ખાનદાન ગૃહસ્થની પત્ની આવી નોકરી કરે એ ઠીક નથી. મારા પિતાના નામને જરાપણ ઝાંખપ લાગે તેવું આપણે ન કરવું જોઇએ. બસ કર. રમેશ ! તેમની વાતો તું કયા મોઢે કરે છે ? પિતાએ કેટલી કરકસર કરીને પૈસા બચાવ્યા. અને તેઓ તો ચાલ્યા ગયા. મેં કાળી મજૂરી કરી તને ભણાવ્યો, પરણાવ્યો. એ ત્યાગી પ્રેમાળ પિતાની પાછળ તું એવો કૃતઘ્ન પાકયો કે તને તારી અનાથ વિધવા વૃદ્ધ માતા પણ ભારરૂપ લાગવા માંડી. વૃદ્ધ માતાને ઘરમાંથી જાકારો આપનાર પુત્ર કુટુંબની આબરૂ વધારે છે કે ઘટાડે છે ?

**મા દીકરાનું રૂદન :–** આટલું બોલતા માતાનો કંઠ રૂંધાઈ ગયો. તેની આંખમાં આંસુ આવી ગયા. માતાની બધી વાત સાંભળીને રમેશનું હૃદય પણ પલટાઈ ગયું. તે રડતો રડતો બોલ્યો – મા ! મા ! તેં મારી આંખો ઉઘાડી છે. હું તારો મહાન અપરાધી છું. વહુની વાતો સાંભળીને હું ચઢી ગયો. હું મારી ફરજ ચૂકયો છું. ને માતૃસ્નેહ ભૂલ્યો છું. મેં તારી અવગણના કરી. માતા ! મને માફ કર. આ દીકરાના ગૂનાને માફ કર. એમ કહી રમેશ માતાના ચરણમાં પડી ગયો. માતાએ રમેશને બેઠો કરી બાથમાં લઇને કહ્યું બેટા ! તું હવે નાનો નથી. મા ! નાનપણમાં હું ભૂલ કરતો ત્યારે તું મને મારતી પણ બીજી જ ક્ષણે મને છાતીસરસો ચાંપીને મારા આંસુ લુછતી. આજે મેં તારો ભયંકર અપરાધ કર્યો છે, એટલે તું ગુસ્સે થઈ છે. મેં મારી ભૂલ કબૂલ કરી છે. હવે તારો ગુસ્સો શાંત કર. આ પારકું ઘર છે. તને અહીંથી લઈને જ જવાનો છું.

**મા, તને નહીં જવા દઈએ :—**ઓસરીમાં નાના બાળકો રમતા હતા. તેમણે રમેશના આ શબ્દો સાંભળ્યા કે હું તને લઈને જ જવાનો છું. એટલે તરત માજી પાસે આવ્યા, અને પૂછવા લાગ્યાઃ માજી ! આ કોણ છે ? અમે તમને નહિ જવા દઈએ, પણ માજીને થયું કે જો અત્યારે ઘેર નહિ જાઉં તો દીકરાને દુઃખ થાય ને તેની ઈજ્જત જાય માટે જવું જોઈએ. બાકી સંસાર સળગતી સગડી છે, દુઃખનો દરિયો છે. એમાં રાચવા જેવું નથી. માજી દીકરાની સાથે ઘેર ગયા. હવે તેને સાચું સમજાઈ ગયું છે. તેની પત્નીને કહે છે. આ મારી માતાને સ્હેજપણ દુઃખ થાય તેવો એક શબ્દ પણ તારે કહેવાનો નહીં. માજીને રાખનારા ઘણા છે માટે હવે તેમની સાથે પ્રેમથી રહેજે.

આવા તો કંઈક દાખલાઓ સંતોને જોવા મળે છે. હવે કુટુંબમાં સાસુ–વહુ અને દીકરો બધા પ્રેમથી રહેવા લાગ્યા. તેમનું ઘર સ્વર્ગ જેવું બની ગયું. આ પરથી

સમજવાનું એ છે કે કર્મો જીવને કેવા નાચ નચાવે છે! કર્મો રૂઠે ત્યારે મા-દીકરાના સંબંધ પણ રહેતા નથી. માતા એ માતા નહિ પણ શત્રુ દેખાય છે. કર્મબંધન તોડવાના પવિત્ર દિવસો આવી રહ્યાં છે. દિલ્હીના મેઈલની હોનારતનો કિસ્સો સાંભળીને આત્માને જગાડજો. કાલની કોઈને ખબર નથી. માટે તપની જ્યોત જગાવો. કામભોગનો ત્યાગ કરો. તપ ત્યાગની સાધનાથી આપણો સંઘ ગુંજતો ને ગાજતો થઈ જાય એવો રંગ જમાવો. આજે બા. બ્ર. સુજાતાબાઈ મહાસતીને ૧૩ મો ઉપવાસ છે. અમે અહીં ચાતુર્માસ પધાર્યા ત્યારથી તેમની મંગલ આરાધના શરૂ થઈ છે. તેમનો તપ જોઈને પણ આત્માને જગાડો. વિશેષ ભાવ અવસરે.

## વ્યાખ્યાન નં.-૫

**અષાડ વદ ૪ ને શનિવાર** **તા. ૨૦-૭-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની ભગવંતોએ જગતના જીવો સમક્ષ જડ અને ચેતનનું સ્વરૂપ સમજાવ્યું. આ વિશ્વમાં જડ અને ચેતન એ બેની બોલબાલા છે. ભગવાને નવતત્ત્વ બતાવ્યા. તેમાં મુખ્ય બે તત્ત્વ બતાવ્યા. જીવ અને અજીવ. જીવ એટલે ચૈતન્ય અને અજીવ એટલે જડ. દુનિયામાં જીવ સિવાયના જેટલા પદાર્થો દેખાય છે તે બધા જડ. અનાદી કાળથી આત્માએ જડ સાથે પ્રીતિ કરી છે. **"જડ માટે ઝઝૂમી મરે, કોહીનુરની કદર ના કરે"** ચૈતન્ય એવો આત્મા અજ્ઞાનના કારણે જડ પદાર્થો જે પોતાના થયા નથી, થતા નથી અને થશે નહીં, એવા પદાર્થોને મેળવવા તેની પાછળ ઝઝૂમી રહ્યો છે, અને કોહીનુર સમાન ચેતન આત્માને ભૂલી ગયો છે. જડ પદાર્થો બધા નાશવંત અનિત્ય અને અશાશ્વત છે. જ્યારે આત્મા નિત્ય, શાશ્વત અને ધ્રુવ છે. જીવ નાશવંત, અનિત્ય સુખો મેળવવા ખાતર નિત્ય એવા આત્માને ભૂલી ગયો છે. એવા અજ્ઞાની જીવોની આંખે જડવાદના એવા ચશ્મા ચઢી ગયા છે કે જેથી તેને તે પોતાના માને છે. જે પોતાનું નથી તેને પોતાના માનવા એ તો કેટલી મોટી ભૂલ, માટે જ્ઞાની કહે છે આપની આંખો પરથી જડવાદના ચશ્મા દૂર કરો. આ જડવાદે જીવોને પરાશ્રયી અને ગુલામ બનાવ્યા છે. આ જડવાદ જો દૂર થશે તો ચૈતન્યના દર્શન થશે. જ્યારે આપણને ચૈતન્ય શક્તિનું ભાન થશે ત્યારે ગમે તેવા અઢળક ધનવૈભવ, ભોગવિલાસ જીવને પોતાના તરફ આકર્ષિત નહીં કરી શકે. આખરે તો આ ધન, વૈભવવિલાસ દગો દઈને ચાલ્યા જવાના છે. આ પર પદાર્થો પ્રત્યે જરા પણ વિશ્વાસ ન રાખશો. જેટલો વિશ્વાસ બાહ્ય પદાર્થોમાં રાખો છો એટલો વિશ્વાસ ચેતન એવા આત્મા પર રાખો તો તે ક્યારે પણ દગો નહિ દે. પર પદાર્થો (જડ) પ્રત્યે જો વિશ્વાસ રાખવાની ભૂલ કરશો તો જરૂરથી દગાના ભોગ બની જશો. એ પદાર્થો સ્વેચ્છાએ કે અનિચ્છાએ પણ છોડવા તો પડશે.

રાગના બંધનમાં પડીને મનુષ્ય એમ સમજે છે કે માતા મારી, પિતા મારા, પત્ની, પુત્ર, બહેન, કાકા, મામા આ બધા મારા છે ને હું તેનો છું. હાથી, ઘોડા મારા,

મહેલ બંગલા મારા, દોલત મારી, વસ્ત્રો મારા-આ રીતે જીવ બધામાં મારાપણું માનીને બેસી ગયો છે. એથી અધિક આ શરીર મારું. આ બધામાં મારાપણું માનીને જીવ તેમાં ગુમાન કરે છે એ પોતાના વૈભવનો ગર્વ કરે છે. પોતાની સત્તામાં મોટાઈ દેખે છે, અને કંચન જેવી કાયાનું અભિમાન કરે છે. સનત્ કુમાર ચક્રવર્તીને પોતાની કાયાનું અભિમાન આવ્યું. એનું પરિણામ શું આવ્યું ? જે કાયા આજે રૂડી રૂપાળી ખૂબ સુશોભિત લાગતી હતી તે બીજે દિવસે મહાભયંકર મોટા સોળ રોગોનું ઘર બની ગઈ, માટે કોઈ વસ્તુનું અભિમાન કરવા જેવું નથી. અનેક દેશોનો ધણી મહાન વિજયી સમ્રાટ સિકંદરે મૃત્યુ સમયે પોતાની સામે પોતાની વિપુલ સંપત્તિનો ઢગલો કરાવ્યો અને તેને જોઈને આંખમાંથી આંસુ સારતો તે બોલ્યો કે જે સંપત્તિને માટે મેં સેંકડો લડાઈ કરી, હજારો સૈનિકોના પ્રાણ ગુમાવ્યા. બીજા અસંખ્ય જીવો મરાયા. આ ભારત ભૂમિ પર લોહીની નદીઓ વહાવી. સેનાને લઈને દૂર દૂર દેશો સુધી ફર્યો પણ આટલી અપરિમિત સંપત્તિમાંથી એક તાર પણ મારી સાથે નહીં આવે ? કેવી ધનની અશરણતા ! ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯ મા અધ્યયનમાં મૃગાપુત્ર માતાને સમજાવતા બોલ્યા છે કે હે માતા !

**खेत्तं वत्थुं हिरण्णं च, पुत्त दारं च बंधवा ।**
**चइत्ताणं इमं देहं, गन्तव्वमवसस्स मे ॥** ગાથા-૧૬

ક્ષેત્ર-જંગલની ભૂમિ, વાસ્તુ-ઘર, સોનું, પુત્ર, પત્ની, ભાઈ અને આ અતિ વહાલું શરીર છોડીને અવશ્ય એક દિવસ મારે જવાનું છે. આ બધું અહીંનું અહીં રહી જવાનું છે. એક ક્ષણમાં એ બધું, હું પણ અને મારાપણું છૂટી જવાનું છે. સર્વ પ્રિય, અપ્રિય પદાર્થોને છોડીને આ જીવ એકલો ચાલ્યો જાય છે, એને સાથ આપનાર શુભાશુભ કર્મો સિવાય બીજું કોઈ નથી, માટે જ્ઞાની કહે છે ધનવૈભવ અને વિલાસના દાસ ન બનો. જો દાસત્વથી મુક્ત બનવા ચાહતા હો તો ધર્મનું શરણું સ્વીકારો. આ મનુષ્ય જન્મમાં દાસત્વથી મુક્ત થવાનો અવસર પ્રાપ્ત થયો છે. આ સ્વતંત્રતાના અવસરને તમારી બેકાળજીના કારણે પરતંત્રતાના રૂપમાં ફેરવી ન નાંખશો. થોડા સમય માટે આ સુઅવસર પ્રાપ્ત થયો છે, તેથી એની દરેક ક્ષણ મહામૂલ્યવાન છે. આચારંગ સૂત્ર બોલે છે. "अप्पं च खलु, आउयं इहमेगेसिं माणवाणं ।" આ સંસારમાં મનુષ્યનું આયુષ્ય બહુ થોડું છે. તેની એકેક ક્ષણ અણમોલી છે. જે વસ્તુ અલ્પ હોય છે, તેનું મૂલ્ય અધિક હોય છે. એ રીતે મનુષ્યનું આયુષ્ય અલ્પ હોવાથી માનવ જીવનની ક્ષણે ક્ષણ અણમોલી છે, પરંતુ વિષયાસક્ત પ્રાણી આ દુર્લભ જીવનના મહત્ત્વને સમજતો નથી, ને તેનો ઉપયોગ વિષયભોગમાં કરે છે તેવો મનુષ્ય ચિંતામણી રત્નને કાગડાને ઉડાડવામાં ફેંકી દે છે. શાસ્ત્રકારે મનુષ્યની સ્થિતિ જ. અંતર્મુહુર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની કહી છે. તેમાં પણ અત્યારે તો મનુષ્યનું આયુષ્ય કેટલું અલ્પ છે. તેમાં પણ સામાન્ય મનુષ્યોનું આયુષ્ય સોપક્રમ ( કારણથી વચ્ચે તૂટવાવાળું ) હોય છે. આયુષ્ય બાંધવાના સમયનો અંતર્મુહુર્ત પ્રમાણકાળ નિરૂપક્રમ આયુષ્ય હોય છે. બાકી બધું આયુષ્ય નિમિત્ત કારણોથી

વચ્ચે તૂટી જાય છે. દંડ, ચાબુક, શસ્ત્ર, દોરડું અગ્નિ, પાણીમાં ડૂબવું, વિષ, સર્પ, ઠંડી, ગરમી, ભૂખ, તરસ, વ્યાધિ આદિ આયુષ્યને વચ્ચેથી તોડનાર ઉપક્રમ છે. તેમજ આ જીવનની ચારેબાજુ આપત્તિઓનો પાર નથી. ખબર નથી કે ક્યારે આ જીવનનો અંત આવી જશે.

**ક્યારે જાગશો :** આવા કિંમતી જીવનનો ઘણો ભાગ તો પસાર થઈ ગયો, પરંતુ **"ગઈ સો ગઈ અબ રાખ રહી હો"** એ સૂત્ર પ્રમાણે જે સમય બાકી રહ્યો છે એનો લાભ ઉઠાવવા માટે તત્પર થઈ જવું જોઈએ. જે વહાણો દરિયામાં સપાટાબંધ ચાલ્યા જતા હોય તેને પણ જ્યારે બંદર આવે ત્યારે ફેરવવા પડે છે અને તેની દિશા બદલવી પડે છે. એ માટે ખલાસીઓ હલેસાં મારી વહાણને બીજી દિશામાં બદલે છે, તેમ જ્ઞાની પણ આપણને એ સમજાવે છે કે હે જીવો ! જલ્દીથી ચેતો. જલ્દીથી જાગૃત બનો, કારણ કે જિંદગીના વહાણને ફેરવવાનો સમય હવે બહુ નજીક આવી ગયો છે. આજ સુધી જિંદગીનું વહાણ સંસારના માર્ગ તરફ સડસડાટ ચાલી રહ્યું હતું. હવે તે માર્ગ તરફથી ફેરવીને ધર્મના માર્ગ તરફ લાવવાનું છે. કિનારો પાસે છે, અને લંગર નાખવાની તૈયારી થઈ રહી છે. છતાં પવનનું જોર જુદી દિશાનું છે, તેથી વહાણ ઉંધા રસ્તે ચાલ્યા જાય છે. એ કાંઈ સહેલાઈથી સીધા રસ્તે આવે તેમ નથી, માટે તમારે વહાણના શઢ ઉતારી નાખવા જોઈએ અને થોડું જોર કરી વહાણની દિશા બદલી નાખવી જોઈએ, એટલે કે અત્યાર-સુધી સંસાર ભણી ચાલ્યા છો તેના બદલે ધર્મ તરફ વળી જવું જોઈએ. ધર્મ એ ઉત્તમ શાંતિનો માર્ગ છે.

**સંસારની આશા જાળમાં ફસાતો અજ્ઞાની :** કંઈક જીવો એમ કહે છે કે અમારું આ કામ થઈ જાય પછી ધર્મ કરીશું. તો એ તેની બહુ મોટી ભૂલ છે. કારણ કે આ જગતમાં જે સાંસારિક કાર્યો છે તે કાર્યો ધાર્યા થતાં નથી. એટલું જ નહીં પણ એક કામ પાર પડે ત્યારે બીજા કામની ઈચ્છા થાય, અને બીજું કામ પાર પડે ત્યારે ત્રીજા કામની ઈચ્છા થાય. આ રીતે જેમ કામો પાર પડતા જાય તેમ તેમ વધારે આશાઓ, તૃષ્ણાઓ વધતી જાય છે અને તેમાં વચમાં કોઈ એવો મોટો ઘા વાગી જાય છે કે તે રૂઝાતા બહુ વખત ચાલ્યો જાય છે. આ રીતે સાચા ખોટા બનાવો બન્યા કરવા એવો આ સંસારનો પ્રવાહ છે. એટલે જો એવા બહાના નીચે પડયા રહેશો તો ધર્મ કરી શકશો નહિ અને મૃત્યુ આવી જશે. ધર્મના કામો કરવાના રહી જશે ને ખાલી હાથે જીવને જવું પડશે. કવિએ કહ્યું છે કે :

**બાંધકર મુઠ્ઠી તેરા દુનિયામાં જબ આના હુઆ,**
**જાનકર ફિર મોહકે ફંદેમેં ફંસ જાના હુઆ;**
**ધર્મ સંચય નહીં કીયા, નહીં ઈશ ગુણ ગાતા હુઆ,**
**નર જન્મ પુંજી હાર, ખાલી હાથ ફિર જાના હુઆ.**

બાલપણ ખેલકૂદમાં પસાર થયું. યુવાની યુવતીઓ સાથેના રંગરાગમાં વ્યતીત થઈ, પ્રૌઢ અવસ્થા ધન ભેગું કરવામાં ચાલી ગઈ, વૃદ્ધાવસ્થામાં શક્તિ ન રહી અને છેવટે કાળ-રાજાએ આવીને તેને ઘેરી લીધો. આવ્યો ત્યારે જીવ મુઠ્ઠી બાંધીને આવ્યો હતો. અને આવીને મોહના ફંદામાં ફસાઈ ગયો પણ ધર્મરૂપ કમાણીનો સંચય કર્યો નહીં કે પ્રભુના ગુણ પણ ગાયા નહીં. તેથી મનુષ્ય જન્મ રૂપી પુંજીને ગુમાવીને માનવી ખાલી હાથે અહીંથી વિદાય થાય છે. આવી અવસ્થામાં દેવને પણ દુર્લભ એવો માનવ જન્મ મળ્યો તો ય શું અને ન મળ્યો તો ય શું ?

**માનવ જીવનની સાર્થકતા શેમાં ? :** અજ્ઞાની જીવ આ માનવ જીવન કામભોગો ભોગવીને પુરું કરે છે, જ્યારે જ્ઞાની આત્મા આ જીવન દ્વારા ચરમ લક્ષ્ય-મોક્ષને પ્રાપ્ત કરે છે. અજ્ઞાની માણસ સાગરને નિમકની ખાણ માને છે અને જ્ઞાની તેને રત્નોની ખાણ માને છે. મનુષ્ય પોતાની સ્વાર્થમય સંકુચિત સ્થિતિમાંથી ઉપર આવીને વિશ્વના કલ્યાણ માટે પોતાની જાતને સમર્પી દે તેમાં આ દુર્લભ માનવ જીવનની સાર્થકતા રહેલી છે. સમસ્ત વિશ્વને એક જ કુટુંબ સમજીને એના દુઃખો દૂર કરવાના પુરુષાર્થમાં જો આપણા જીવનનો ઉપયોગ થાય તો સમજવું કે આ મનુષ્ય જીવન સાર્થક થયું છે. "વસુધૈવ કુટુંબકમ્" નો ઉદાર વિશાળ સિદ્ધાંત જેટલો આપણા જીવનમાં ઉતરશે તેટલું આપણું જીવન સફળ થશે. જેણે આ માનવ જીવનને ઓળખી લીધું છે તે આ વૈભવ વિલાસ અને વિષય વાસનાઓને અત્યંત હલકા અને દુઃખદાયક ગણીને ઠોકર મારે છે. જેને રત્નો મળી જાય, તે કાચના ટુકડાઓની ઇચ્છા કરે ? તેમ જેને વૈભવ વિલાસને ઠોકર મારી રત્નત્રય સમાન સંયમ માર્ગની પ્રાપ્તિ થઈ જાય તે પછી કાચના ટુકડા સમાન સંસારના સુખને કોણ ઇચ્છે ? કોઈ નહીં. જે રત્નત્રયીની આરાધના કરે છે તેનું માનવ જીવન સફળ બને છે, અને તે આત્મા પરમ-પદ મોક્ષને મેળવે છે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રનો અધિકાર ચાલે છે. આપણા પરમપિતા ભગવાન મહાવીર સ્વામીનો એ અંતિમ સંદેશો છે. આપણા હૃદયના દ્વાર ખોલાવવા અને આત્માના શાશ્વત સુખના ઝવેરાત મેળવવા માટેની તેમાં ૩૬ ચાવીઓ બતાવી છે. અમારી બેનો ચાવીના ઝુડા કેડે ખોસીને ફરે છે પણ તે ચાવીઓ મોહનું કારણ હોવાથી ડુબાડનાર છે, જ્યારે ભગવાન મહાવીરની આ ચાવીઓ આપણા જીવનને તારનારી છે. આ ચાવીના ઝુડાથી જો કળ ખોલવાની આવડી જાય તો તેનો બેડોપાર થઈ જાય. ૩૬ અધ્યયનમાં પાંચ અધ્યયનની વાત કરી. પાંચમા અધ્યયનમાં એ વાત બતાવી છે કે અનંતકાળથી જીવ બાલ મરણે અકામ મરણે મરતો આવ્યો છે. હજુ સકામ પંડિત મરણે જીવ મર્યો નથી. પંડિત મરણ જીવનમાં એક વાર એવું આવે કે જીવને મોક્ષમાં લઈ જાય. જ્ઞાની આત્માઓને મરણનો ડર હોતો નથી. એમને તો જન્મનો ડર હોય છે. જન્મ છે તેનું મૃત્યુ તો છે પણ હવે એવા મરણે મરું કે મારે ફરીને જન્મ લેવો ન પડે. જ્ઞાની મરણને મહોત્સવ માને છે. અજ્ઞાનીને મરણનો ડર હોય છે, જન્મની વેદના કાંઈ જેવી તેવી નથી,

અનંતી વેદના જન્મની કહી છે. જેમ આંબા પર કેરી લટકે છે તેમ જીવ માતાના ગર્ભમાં ઉંધા મસ્તકે લટકે છે. ત્યારે તો તે ભગવાનને પોકાર કરતો હોય છે કે હે ભગવાન ! મને આ દુઃખમાંથી છોડાવ, પણ જ્યાં જીવ બહાર આવ્યો ત્યાં તું હી...તું હી એમ રડે છે. હવે ભગવાન તું ત્યાં અને હું અહીં. ભગવાનને ભૂલી જાય છે. આ જન્મમાં એવી સાધના કરવાની છે કે વારંવાર માતાના ગર્ભમાં આવવું ન પડે. તે માટે શું કરવાનું છે ?

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,**
**ભવે ખેદ અંતર દયા, કહીએ તે જિજ્ઞાસ.**

જિજ્ઞાસુ કોને કહીએ ? જે ખૂબ ભણ્યો હોય તેને ? ટીલાટપકાં કરતો હોય તેને ? પાંચ-દશ માળા ફેરવતો હોય તેને ? ના. "કષાયની ઉપશાંતતા" કોને ઉપશમ કરવાનો છે ? કોને શાંત પાડવાની છે ? કષાયોને, એથી આગળ વધીને તો કષાયનો સર્વથા ક્ષય કરવાનો છે. જ્યારે કષાયો સર્વથા નાશ પામશે ત્યારે જીવ કેવળજ્ઞાની બનીને મોક્ષમાં જશે. જીવને જિજ્ઞાસા કે તમન્ના કોઈ હોય તો તે માત્ર એક જ હોવી જોઈએ કે કષાય–વિજેતા બનવાની. જેને આ જિજ્ઞાસા છે તેની પાસે ગમે તેવી સંપત્તિ આવે; વૈભવની છોળો ઉડે, કે સંસાર સુખના સાધનો મળે તો એમાં રાચે નહીં. એ તો એમ જ ઇચ્છે કે હજુ સુધી પામ્યો નથી. એવો અપૂર્વ અવસર કયારે પામીશ ? એટલે કે સંયમ લઇને મોક્ષને કયારે મેળવીશ ? સંસારી જીવો અપૂર્વ અવસર કોને માને છે ? દીકરા–દીકરી પરણાવે તેને, પેઢી કે દુકાનનું ઉદ્‌ઘાટન કરે તેને, સાત માળની હવેલીનું ઉદ્‌ઘાટન કરે તેને માને છે પણ આ અવસરમાં તો જીવ કર્મોના ગંજ એકઠા કરે છે, પછી એ કર્મો ભોગવવાનો વખત આવશે ત્યારે રડતા પણ પુરા નહિ થાય.

ઢંઢણ મુનિનું નામ તો સાંભળ્યું છે ને ? એ કોના દીકરા ! ખબર છે ? ત્રિખંડ અધિપતિ કૃષ્ણ વાસુદેવના પુત્ર. તેમના અનેક કન્યાઓ સાથે લગ્ન થયા હતા. એક વાર ભગવાન નેમનાથ પ્રભુ દ્વારકા નગરીમાં પધાર્યા. બધા ભગવાનની વાણી સાંભળવા ગયા. આ તો તીર્થંકર પ્રભુની વાણી ! "જાણે બારે મેહ વરસ્યા" ભગવાનની વાણીમાં તો અલૌકિક શક્તિ હોય છે. કદાચ આપણને આખો દિવસ સાંભળવા મળે તો ઉઠવાનું મન પણ ન થાય. ભગવાનની વાણીની વર્ષાનો ધોધ વહી રહ્યો છે. ઢંઢણકુમારે ભગવાનની વાણી સાંભળી. તેમના રૂંવાડા ખડા થઈ ગયા. હળુકર્મી, સુલભ બોધી જીવને એક ઉપદેશ બસ છે. કાળી ભૂમિમાં બે ઇંચ પાણી પડે તો પણ વરસાદ પડ્યો છે એમ દેખાઈ આવે અને પથ્થર પર પડે તો થોડી વાર પછી કંઈ જ ન દેખાય. ઢંઢણકુમારનું હૃદય કાળી ભૂમિ જેવું હતું. તેમાં એક ઉપદેશની વર્ષા પડી કે તેઓ વૈરાગ્ય રંગથી ભીંજાઈ ગયા. નેમનાથ ભગવાન પાસે જઇને દીક્ષા લીધી. ઢંઢણ મુનિની એવી અંતરાય હતી કે તેઓ ભગવાનના શિષ્યો સાથે ગૌચરી જાય, તો ગૌચરી મળતી નથી. જ્યાં જાય ત્યાં અસુઝતું થઈ જાય અગર કોઇને વહોરાવવાના ભાવ ન થાય. જે સંતોની સાથે ઢંઢણમુનિ જાય તે સાધુને પણ ગૌચરી ન મળે. તેમને એકલા મોકલો તો પણ ગૌચરી ન મળે, છતાં મનમાં જરા પણ ગ્લાનિ કે ખેદ નહીં.

**ઢંઢણ મુનિને પૂર્વભવ કહેતા ભગવાન :** આ રીતે થવાથી એક વાર ઢંઢણ મુનિ નેમનાથ ભગવાનને વંદન નમસ્કાર કરીને પૂછે છે. હે મારા તારણહાર, મોક્ષ માર્ગના બતાવનાર, પરમ ઉપકારી પ્રભુ! મેં એવા કેવા ચીકણાં કર્મો બાંધ્યા છે કે મને જ્યાં જાઉં ત્યાં ગૌચરી ન મળે? બીજા સંતોની સાથે જાઉં તો મારા કારણે એમને પણ ગૌચરી ન મળે? મારા કયા કર્મનો ઉદય છે તે આપ કૃપા કરીને ફરમાવો. ભગવાને કહ્યું કે હે ઢંઢણ મુનિ! ઘણાં ભવ પહેલાં બાંધેલું કર્મ આ ભવમાં ઉદયમાં આવ્યું છે. પૂર્વ ભવોમાં તું પારાશર નામે ખેડૂત હતો. એ ભવમાં મજુરો પાસે, બળદો પાસે ખૂબ કામ કરાવતો અને ઘણો ત્રાસ આપતો હતો. જો તેઓ કામ ન કરે તો તેમને ચાબુકના માર મારતો, દમદાટી આપતો. બળદોને પૂરતું ખાવા પીવા આપતો નહીં અને નોકરોને પણ જમવાનું આપતો નહીં, આથી તેમના અંતર બળતા હતા. આ પાપી પેટને ભરવા માટે કાળી મજુરી કરીએ છીએ છતાં આપણો માલિક કેવો નિષ્ઠુર છે કે આખો દિવસ કામ કરીએ છતાં રોટલો આપતો નથી. આ રીતે ખૂબ જુલમ ગુજારતો હતો. જ્યાં જાય ત્યાં ત્રાસ વર્તાવતો હતો. આજે ઘણાં માણસોની પ્રકૃતિ એવી હોય છે કે એ બહાર જાય ત્યારે ઘરના બધાને લીલાલહેર અને એ ઘરમાં આવે એટલે બધા ફફડે. ભય કોનો હોય? માનવનો કે રાક્ષસનો? જો આપણાથી બધા ભય પામતા હોય તો સમજવું કે હું માનવ નહિ પણ રાક્ષસ છું. સૂર્ય કેટલો તપે છે? પણ કોઈને બાળતો નથી. એ રીતે તમારો ઘરમાં તાપ હોવો જોઈએ કે જેથી સંતાનો ખોટા રસ્તે ચઢી ન જાય, પણ જેનાથી ઘરના માણસો ત્રાસ પામતા હોય એવો માનવ ભલે આકૃતિથી માનવ હોય પણ પ્રકૃતિથી રાક્ષસ છે.

નેમનાથ ભગવાન ઢંઢણમુનિને તેમનો પૂર્વભવ કહી રહ્યા છે. તેં ખેડૂતના ભવમાં નોકરોને, બળદોને, ભયંકર ત્રસ આપ્યા અને એ પાપકર્મોને કારણે તું ત્યાંથી મરીને નરકમાં ગયો. નરક ગતિમાં અસહ્ય દુઃખોને વેઠયા. ત્યાંની ભવસ્થિતિ પૂર્ણ કરીને તિર્યંચમાં ગયો. તિર્યંચમાંથી નીકળીને અનેક ભવો કર્યા. જીવ કર્મો હસી હસીને બાંધે છે પણ ભોગવવાનો વખત આવે છે ત્યારે રડતા પણ પૂરા થતા નથી. તિર્યંચના ભવોમાં અકામ નિર્જરા કરતા કરતા બાંધેલા કર્મોને ખપાવતો ખપાવતો લેપ જેટલું કર્મ બાકી રહી ગયું તે તને ઉદયમાં આવ્યું છે. આ વાતમાંથી આપણને એ સમજવા મળે છે કે અજ્ઞાની જીવો સંસારના રંગરાગમાં પડી માયાજાળમાં ફસાઈને કર્મો બાંધે છે, પણ પછી શી દશા થશે! ઉત્તરાધ્યયન સૂત્રના છઠ્ઠા અધ્યયનનું નામ છે "**ક્ષુલ્લક નિર્ગ્રંથ-પણું**" નિર્ગ્રંથ શબ્દ જૈન આગમોમાં મહત્ત્વપૂર્ણ શબ્દ છે. શાસ્ત્રોમાં ભગવાન મહાવીર સ્વામીને પણ "નિર્ગ્રંથ" "જ્ઞાતપુત્ર" નામથી અનેક જગ્યાએ સંબોધન કરેલ છે. ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણ પછી પણ સેંકડો વર્ષો સુધી પ્રભુ મહાવીરના ધર્મને નિર્ગ્રંથ-ધર્મ કહેવામાં આવ્યો છે.

સૂયગડાંયંગ સૂત્રના સોળમા અધ્યયનમાં નિર્ગ્રંથ કોને કહેવાય તેની સુંદર રજુઆત કરી છે. एत्थवि णिग्गंथे एगे एगविऊ बुद्धे संछिन्नसोए, सुसंजते, सुसमिते, सुसामाइए, आयवायपत्ते, विऊ दुहओ वि सोयपलिच्छिन्ने णो पुया सक्कार लाभट्ठी धम्मट्ठी धम्मविऊ, णियाग पडिवन्ने समियंचरे दंते दविए वोसट्ठकाए निग्गंथेत्ति वच्चे ॥ જે સાધક પ્રાણાતિપાત આદિ ૧૮ પ્રકારના પાપથી રહિત હોય, સમિતિ યુક્ત, જ્ઞાનાદિયુક્ત, અક્રોધી, અમાની, રાગદ્વેષ આદિ જે જે કર્મબંધના હેતુઓ છે તે તે દોષોથી રહિત, અપ્રતિબદ્ધ વિહારી, નિયાણા રહિત, સદા દમિતેન્દ્રિય, છોડવા યોગ્ય દોષોનો ત્યાગ કરે, ને ગ્રહણ કરવા યોગ્ય ગુણોને ગ્રહણ કરે, પરિષહ ઉપસર્ગોને સમભાવે સહન કરનાર, નિર્દોષ આહારને ભોગવનાર, શુદ્ધ નિર્મળ ચારિત્રવાન, મોક્ષમાર્ગમાં સ્થિત, પદાર્થોના સ્વભાવને જાણનાર, આશ્રવ દ્વારોને રોકનાર, પ્રયોજન વિના શરીરની ક્રિયા નહિ કરનાર, ઇન્દ્રિયો તથા મનને વશ રાખનાર, પાંચ સમિતિથી યુક્ત, શત્રુમિત્રમાં સમભાવ રાખનાર, આત્મસ્વરૂપના જાણનાર, સમસ્ત પદાર્થોને સસ્વરૂપ જાણનાર, વિદ્વાન, સંસારમાં ઉતરવાના માર્ગનું દ્રવ્ય તથા ભાવથી બંને પ્રકારથી છેદન કરનાર, પૂજા તથા સત્કારના લાભની ઇચ્છાથી રહિત, ધર્મની ભાવનાવાળા, ધર્મના તત્ત્વને જાણનાર, મોક્ષમાર્ગ સન્મુખ સમભાવે વિચરનાર, જિતેન્દ્રિય, મુક્તિગમનને યોગ્ય, શરીર પ્રત્યે મમત્વ રહિત આવા ગુણોથી યુક્ત સાધુને નિર્ગ્રન્થ કહેવાય. રાગદ્વેષના બંધનને ગ્રંથિ કહે છે. તે ગ્રન્થિને તોડનાર સાધકને નિર્ગ્રન્થ કહે છે.

આ અધ્યયનમાં દુઃખનું કારણ શું છે? તે બતાવતા પ્રથમ ગાથામાં ભગવાન બોલ્યા છે કે—

**जावन्तऽ विज्जापुरिसा, सव्वे ते दुक्ख संभवा ।**
**लुप्पन्ति बहुसो मूढा, संसारम्मि अणंतए ॥** ઉ. અ. ૬ ગા. ૧

જેટલા અણસમજુ અજ્ઞાની જીવો છે તે બધા દુઃખની સંભાવનાવાળા છે. તે મૂઢ પુરુષો ઘણી વાર અનંત એવા સંસારમાં નષ્ટ થાય છે. (દુઃખ પામે છે.) ભગવાન આચારાંગમાં પણ બોલ્યા છે કે "लोयंसि जाण अहियाय दुक्खं" સંસારમાં દુઃખનું કારણ અજ્ઞાન અથવા મોહ છે. તે આત્માનું અહિત કરનાર છે. વાસ્તવિક સ્વરૂપથી અજ્ઞાન એ જ દુઃખ છે. જ્યાં સુધી જીવને આત્મ સ્વરૂપનું તથા વસ્તુ સ્વરૂપનું પૂરેપૂરું સાચું જ્ઞાન નથી થતું ત્યાં સુધી તે સુખનો અનુભવ કરી શકતો નથી. અજ્ઞાનથી દુઃખોનો જન્મ થાય છે. અજ્ઞાન અંધકાર છે, ને જ્ઞાન એ પ્રકાશ છે. છઠ્ઠા અધ્યયનની પ્રથમ ગાથામાં એ બતાવ્યું કે જીવ કયા કર્મોથી સંસારમાં રખડે છે? કર્મ કેવી રીતે બાંધે છે ને એના ફળ કેવા ભોગવવા પડે છે.

ઢંઢણમુનિનો આત્મા પાપને ખપાવતો ખપાવતો માત્ર લેપ જેટલું કર્મ રહી ગયું હશે તે સાધુપણામાં ઉદયમાં આવ્યું. બધાને પહોંચી શકશો પણ કર્મના કાયદાને કોઈ પહોંચી શકતું નથી.

છે કાયદો કર્મરાજનો, હિસાબ છે પાઈ પાઈનો,—
વોરંટ વગડે આવશે, રાજ નથી પોપાબાઈનું.

તું પાતાળમાં જઈશ કે પહાડ પર જઈશ, જંગલમાં જઈશ કે ગુફામાં જઈશ, ગમે ત્યાં જઈશ, પણ કર્મરાજાનું વોરંટ તો પાછળ આવવાનું છે, તેમાંથી બચવા મંગલકારી દિવસો આવી રહ્યા છે. તપ કરો, કરાવો અને અનુમોદન આપો.

ઢંઢણમુનિનો જીવ અશુભ કર્મોને ખપાવતો ખપાવતો મનુષ્ય ભવમાં આવ્યો. ભગવાન નેમનાથ પ્રભુ તેમને કહી રહ્યા છે હે ઢંઢણ! ઘણાં ભવ પછી તું અહીં કૃષ્ણવાસુદેવને ઘેર પુત્રપણે ઉત્પન્ન થયો. પારાશરના ભવમાં અજ્ઞાનપણે તેં આવા કર્મો બાંધ્યા. જ્યાં સુધી જીવ અજ્ઞાન હોય છે ત્યાં સુધી તેને ખ્યાલ નથી હોતો કે હું જે કર્મો કરી રહ્યો છું તેના ફળ અવશ્ય મારે ભોગવવા પડશે. અજ્ઞાન એ દુઃખ છે ને જ્ઞાન એ સુખ છે, તેથી ભગવાન બોલ્યા છે કે અજ્ઞાની જીવો દુઃખની સંભાવનાવાળા છે. તેવા મૂઢ જીવો સંસારમાં અનંતકાળ સુધી રખડે છે, માટે કર્મ કરતા પાછા વળો. ભગવાન કહે છે હે ઢંઢણ! તેં અજ્ઞાનપણામાં જીવોને ત્રાસ આપ્યો, તેના પર જુલમ કરવામાં બાકી ન રાખ્યો, તારા દિલમાં માનવો કે પશુઓ પ્રત્યે અનુકંપા નહોતી તેથી કાળી મજુરી કરાવતો, ને પુરતું ખાવા આપતો નહીં. તેં ખાવાપીવાની અંતરાય પાડીને ચીકણાં કર્મો બાંધ્યા તે તું આજે ભોગવી રહ્યો છું.

सव्वे पुव्व कयाण कम्माणं पावए फल विवागे ।
अवराहेसु गुणेसु य, निमित्तमित्तं परो होइ ॥

બધાને પોતાના કર્મના ફળ પ્રાપ્ત થાય છે. અર્થાત્ ભોગવવા પડે છે. અપરાધ અથવા ગુણોના વિષયમાં બીજા તો નિમિત્ત માત્ર છે. સુખદુઃખને આપવાવાળા બીજા કોઈ નથી. બીજા મને સુખ દુઃખ આપે છે, એમ માનવું એ આપણી દુર્બુદ્ધિ છે. બધું હું જ કરું છું. આ મનુષ્યનું ખોટું અભિમાન છે. કારણ કે સંસારના દરેક જીવો પોતપોતાના કર્મો રૂપી દોરથી બંધાયેલા છે. આત્મા પોતાના કરેલાં કર્મોથી બંધનમાં પડે છે. કરેલાં કર્મોને ભોગવ્યા વિના મુક્તિ નથી. જીવ જેવા કર્મો કરે છે તેવા તેને ભોગવવા પડે છે. સારા કર્મોના ફળ સારા મળે છે ને અશુભ કર્મોના ફળ અશુભ મળે છે. ટ્રેઈનના પ્લેટફોર્મ પર અનેક મુસાફરો ઉભા હોય છે. બધા એક સ્થળે જનારા હોતા નથી. જુદી જુદી દિશામાં જનાર હોય છે પણ જેણે જેવી ટિકિટ લીધી હોય તેવા કલાસમાં બેસવાનું મળે છે. ફર્સ્ટ કલાસની ટિકિટ લીધી હોય તો ફર્સ્ટ કલાસમાં બેસવાનું, સેકંડ કલાસની ટિકિટ લીધી હોય તો સેકંડ કલાસમાં પણ થર્ડ કલાસની લઈને ફર્સ્ટમાં બેસવા જાય તો શી દશા થાય? ડબલ પૈસા ગાર્ડને ચૂકવવા પડે છે. તે છતાં ક્યારેક ગાર્ડ તેને અધવચ ઉતારી પણ દે. તે રીતે જીવે અશુભ કર્મો કરીને દુર્ગતિની ટિકિટ ખરીદી હોય તો પછી તેને મોક્ષગતિ સમાન ફર્સ્ટ કલાસમાં બેસવાનું ક્યાંથી મળે?

**કર્મો ખપાવવા કરેલી તૈયારી :** ભગવાન પાસેથી પોતાનો પૂર્વભવ સાંભળીને ઢંઢણમુનિએ પૂર્વકૃત કર્મોને ખપાવવા ભગવાન પાસે અભિગ્રહ કર્યો કે મને મારી લબ્ધિથી પ્રાપ્ત થયેલ ભિક્ષા વાપરવી પણ બીજાની લબ્ધિથી પ્રાપ્ત થયેલ ગૌચરી મારે વાપરવી નહિ. ઢંઢણ મુનિ રોજ ગૌચરી જાય છે પણ કોઈ આહાર વહોરાવતું નથી. કોઈ તેમનો તિરસ્કાર કરે, નિંદા કરે, પણ તેમનો આત્મા તો બધું સમભાવે સહન કરે છે. કોઈ પ્રત્યે રાગ કે દ્વેષ કરતા નથી. તે કોઈને દોષ દેતા નથી. પોતાના કર્મોને દોષ આપે છે. હે જીવ! તેં હસી હસીને કર્મો બાંધ્યા છે તો હવે ભોગવતા પણ શા માટે રડવું જોઈએ? ખૂબ હર્ષથી અને પ્રેમથી સમભાવે કર્મોને ભોગવે છે. ગૌચરી નથી મળતી તો પણ મનમાં ખેદ નથી કે લોકો પ્રત્યે દ્વેષભાવ નથી. આમ કરતાં છ મહિના જેટલો સમય થઈ ગયો.

**કૃષ્ણજીએ ભગવાનને કરેલા પ્રશ્ન :** એકવાર ત્રિખંડ અધિપતિ કૃષ્ણ વાસુદેવ નેમનાથ ભગવાનને વંદન કરવા ગયા. ઉત્કૃષ્ટભાવે વંદન કર્યા પછી પૂછે છે, હે મારા ત્રિલોકીનાથ ભગવાન! આપના અઢાર હજાર સંતો છે તેમાં કસોટીવાળું મહાદુષ્કર ચારિત્ર પાળનાર કોણ ભાગ્યશાળી સંત છે? ભગવાને કહ્યું–કૃષ્ણ–વાસુદેવ! મારા અઢાર હજાર સંતોમાં દુષ્કર ચારિત્ર પાળનાર મારો શિષ્ય અને સંસાર પક્ષે તમારો વહાલસોયો દીકરો ઢંઢણ મુનિ છે. ભગવાન! આપના બધા સંતો મોક્ષના મોતી સમાન છે. બધા ચારિત્રની સુંદર આરાધના કરે છે, છતાં આપ શાથી કહો છો કે ઢંઢણ મુનિ દુષ્કર સંયમના પાળનાર છે? ત્યારે ભગવાને કહ્યું કે સાંભળો. આ ઢંઢણ મુનિ ગૌચરી માટે ગામમાં ફરે છે ત્યારે તેમના આગમન માત્રથી લોકોને તેમના પ્રત્યે નફરત થાય છે. કોઈ ગૌચરી પાણી તો વહોરાવતું નથી પણ તેના બદલે કટુ શબ્દોના પ્રહાર પડે છે. તે ગૌચરી જાય ત્યારે જેવાં ઘરમાં દાખલ થાય કે લોકો બોલે છે. બહાર નીકળો...અહીં શા માટે આવ્યા છો? ઓ ગંદા વસ્ત્રધારી! ઓ મુંડીયા! તેં તો મને અપશુકન કર્યા વગેરે અનેક તર્જનાભર્યા વાક્યો સંભળાવે છે. આક્રોશ વચનના પરિષહને સમતા ભાવે સહન કરે છે. તે સમભાવમાં રમણતા કરે છે, પણ કોઈ પ્રત્યે ક્રોધ કરતા નથી. આવા કઠોર વાક્યો તેમને કોમળ લાગે છે. કર્ણમાં અમૃતપાન સમા લાગે છે. જાણે કોઈ તેમને મીઠા શબ્દોથી આવકારતા હોય તેવા લાગે છે. આથી કહું છું કે ઢંઢણમુનિ મહાન દુષ્કર ચારિત્રની સાધના કરનાર છે,

ભગવાન પાસેથી આ વાત સાંભળીને કૃષ્ણવાસુદેવને ખૂબ આનંદ થયો. ધન્ય છે ધન્ય છે એ મુનિવરને! તેમને મારા કોટી કોટી વંદન. હું તેમની પાસે જઈ વંદન નમસ્કાર કરી સુખશાતા પૂછું, પણ ખબર પડી કે તેઓ તો ગૌચરી ગયા છે, એટલે ભગવાન પાસેથી ઉઠીને કૃષ્ણવાસુદેવ મુનિને શોધવા નીકળ્યા. રસ્તામાં તેમને મુનિ મળી ગયા. મુનિને જોતા જ તેમના સાડા ત્રણ ક્રોડ રોમરાય ખડા થઈ ગયા. તે હાથીની અંબાડી ઉપરથી નીચે ઉતરી ગયા ને મુનિના ચરણમાં પડી ઉત્કૃષ્ટભાવે વંદન કર્યા. આ દૃશ્ય નજીકમાં રહેતા ડોશીમાએ જોયું. તેના મનમાં થયું કે અહો! જેના ચરણોમાં કૃષ્ણવાસુદેવ નમે છે, માટે એ કોઈ

મહાત્મા હોવા જોઇએ. આમ વિચારીને તેણે ઢંઢણમુનિને ગૌચરી માટે બોલાવ્યા. પ્રભુ ! આપ પધારો ને મારી ઝુંપડી પાવન કરો. મુનિ ડોશીને ઘેર ગૌચરી ગયા. ડોશીમાએ તેમના ઘરમાં લાડવા હતા તે મુનિને વહોરાવી દીધા. કેટલા લાંબા સમયે ગૌચરી મળી છતાં મનમાં હર્ષ નહીં; કારણ કે લાભમાં અલાભમાં જેણે સમભાવ કેળવ્યો છે એવા મુનિને મળે તો હર્ષ નથી. ન મળે તો ખેદ નથી.

**ભગવાનને પૃચ્છા કરતાં ઢંઢણમુનિઃ**—ઢંઢણમુનિ ગૌચરી લઈને આવ્યા. ભગવાનને વંદન નમસ્કાર કરીને કહે છે મારા તારણહાર પ્રભુ! આજે મને મારી લબ્ધિનો આહાર મળ્યો છે? શું ઘણા દિવસોથી ચાલતા મારા લાભાંતરાય કર્મનો ક્ષય થયો? અહીં તો ગુરૂ મહાન અને શિષ્ય પણ મહાન. આજે આવા સંત મળવા દુર્લભ છે. ભગવાન બોલ્યા–હે ઢંઢણ! આ આહાર તારી લબ્ધિનો નથી, પણ કૃષ્ણ વાસુદેવની લબ્ધિનો છે, માટે આ આહાર તમને કલ્પતો નથી. આ આહાર તમે નિર્જીવ જગ્યા જોઈને ત્યાં પરઠવી દો. મનમાં વિચાર પણ નથી આવતો કે આટલા સમયે મને આહાર મળ્યો. છતાં આમ કહે છે! ભગવાનની આજ્ઞાને તહત્ કરી ઢંઢણમુનિ નિર્જીવ ભૂમિમાં લાડવા પરઠવવા ગયા. હળુકર્મી મોક્ષગામી જીવ છે, પરઠવવા માટે લાડવાને ચોળે છે દ્રવ્યથી લાડવા ચોળે છે પણ આત્માનું મંથન જુદું જ છે. અહો! મારા જીવે કેવાં ચીકણાં કર્મો બાંધ્યાં છે! પોતાના પાપનો પશ્ચાતાપ કરે છે. પશ્ચાતાપ કરતાં આત્મા વિચાર ધારાએ ચઢતાં આઠમા ગુણઠાણે જઈ ક્ષપકશ્રેણી માંડી અને ત્યાંથી નવમે, દશમે અને બારમાનો છેલ્લો સમય અને તેરમા ગુણઠાણાના પહેલા સમયે ઘાતી કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન અને કેવળ દર્શન પામી ગયા. લાડવાનો ચૂરો કરતાં કર્મનો ચૂરો કરી નાખ્યો. ધન્ય છે આવા મુનિને! તેમને આપણા કોટી કોટી વંદન!

તપ સાધનાના દિવસો નજીક આવી રહયા છે. તપની મોરલી વાગી રહી છે, મોરલીના સૂરે આત્માને જગાડજો. આરાધના કરવા એલાન વાગી રહયું છે. તપોધની આત્માઓ જાગજો. તપ કરવા શૂરવીર થજો. વધુ ભાવ અવસરે

---

## વ્યાખ્યાન નં.–૬

**અષાડ વદ ૫ ને મંગળવાર** **તા. ૨૧–૭–૮૧**

અનંત ઉપકારી સર્વજ્ઞ ભગવાન ભવ્ય જીવોને સમજાવતાં કહે છે કે કષાયો અને ઇન્દ્રિયોથી જીતાયેલો એવો આ આત્મા સંસારી છે, અને એ જ આત્મા જ્યારે કષાયો અને ઇન્દ્રિયોનો વિજેતા બને છે ત્યારે મોક્ષ સ્વરૂપને પામે છે. એવો આત્મા સિદ્ધ છે. જે જે આત્માઓ મોક્ષપદને પામ્યા છે તે બધા આત્માઓ કષાયો અને ઈન્દ્રિયોના વિજેતા બનીને મોક્ષ પામ્યા છે. અત્યાર સુધીમાં અનંત આત્માઓએ પોતાના મોક્ષ સ્વરૂપને

પ્રગટ કર્યું છે. આત્માનું પોતાનું શુદ્ધ સ્વરૂપ એ મોક્ષ સ્વરૂપ છે. કષાયો અને ઈન્દ્રિયોના વિજેતા બન્યા વગર આત્મા મોક્ષ સ્વરૂપને પ્રાપ્ત કરી શકતો નથી. જેને મોક્ષ મેળવવો છે એને કષાયો અને ઇન્દ્રિયોના વિજેતા બનવું જોઇએ. જે આત્માઓએ કષાયો અને ઈન્દ્રિયોના વિજેતા બનીને મોક્ષની પ્રાપ્તિ કરી છે તેઓ તો સિદ્ધ સ્થાનમાં બિરાજી ગયા છે. સિદ્ધ સ્થાનમાં બિરાજતા અનંત સિદ્ધ ભગવંતોને આપણે રોજ નમો સિદ્ધાણું પદ દ્વારા નમસ્કાર કરીએ છીએ અને દિવસમાં અનેક વાર શ્રી સિદ્ધ ભગવાનને નમસ્કાર કરતા હોય તેવા જીવોને સંસાર શું છે અને મોક્ષ શું છે તે મારે સમજાવવું પડે? એટલું તો સમજતા હોય. સિદ્ધ ભગવાનને રોજ ભાવથી નમસ્કાર કરનારાઓને સંસારના સ્વરૂપનો અને મોક્ષના સ્વરૂપનો થોડો પણ ખ્યાલ ન હોય એ કેમ બને?

નવકાર મંત્રમાં અરિહંત ભગવંતોને, સિદ્ધ ભગવંતોને, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ સાધ્વીને નમસ્કાર કરાય છે. નવકારમંત્ર બોલતા કોઈ દિવસ એવો વિચાર આવે છે કે અરિહંત ભગવાન આદિને રોજ કેટલીય વાર નમસ્કાર કરીએ છીએ તો એમનામાં એવું શું છે કે જેથી બધા નમસ્કાર કરે છે? નમો અરિહંતાણું એટલે જેમણે કર્મો રૂપી શત્રુઓને હણી નાખ્યા છે ને કેવળજ્ઞાનની જ્યોત જગાવી છે એવા અરિહંત ભગવાનને મારા નમસ્કાર હો. સંસારમાં જે આપણી વિરૂદ્ધ બોલતા હોય, જેના પ્રત્યે દ્વેષભાવ હોય તેને શત્રુ કહીએ છીએ, પણ તે શત્રુ તો આ ભવ પુરતા છે. તે શત્રુ આપણું નુકશાન કરશે તો આ ભવ પુરતું પણ ભવોભવ નહિ બગાડે, છતાં તેવા શત્રુ પર જીવ વિજય મેળવવા ઇચ્છે છે. જ્યારે અરિહંત ભગવાનને તો સંસારમાં કોઈ શત્રુ કે મિત્ર નથી. સર્વ પ્રત્યે તેમનો સમભાવ છે, પણ જે આત્માના ગુણોનો નાશ કરે છે એવા કર્મો રૂપી શત્રુઓનો જેણે નાશ કર્યો છે એવા હે અરિહંત ભગવાન! આપે કષાયોને જીતી લીધી છે ને હું કષાયોથી જીતાઈ ગયો છું. આપ સમતારસના દરિયા છો, જ્યારે હું મમતાથી ભરેલો છું. આવા વિચાર આવે છે ખરા?

નમો સિદ્ધાણું બોલતા અનંત સુખમાં બિરાજતા સિદ્ધ ભગવંતો કેવા ને હું કેવો? એવો વિચાર આવે છે? સિદ્ધ એટલે તે આત્માઓ કે જે આત્માઓએ, કષાયોના અને ઈન્દ્રિયોના વિજેતા બની અષ્ટકર્મનો ક્ષય કરી મોક્ષપદને પામ્યા છે. અહીં બેઠેલા દરેક આત્માઓ મોક્ષને તો ઝંખે છે, પણ જેની રગેરગમાં મોક્ષની લગની છે અને પ્રયત્ન પણ તેવો છે. તેવા આત્માને કોઈ કહે કે તારે મોક્ષ જોઇએ છે? તું શા માટે મોક્ષને ઇચ્છે છે? તો એ કહેશે કે હું સંસારથી કંટાળી ગયો છું. એનાથી હવે ભયભીત બન્યો છું. તો એને ફરી પૂછે કે તું શા માટે સંસારથી કંટાળી ગયો છું? તો એ કહેશે કે આ સંસારમાં કાંઈ સુખ કે સાર નથી. સંસારના સુખની ઇચ્છા પણ દુઃખનું કારણ છે, માટે આવા દુઃખના દરિયા સમાન સંસારથી છૂટકારો મેળવી મારે મોક્ષને મેળવવો છે કે જ્યાં સુખ, સુખ ને સુખ–દુઃખનું નામનિશાન નહિ.

ત્રીજું આચાર્ય પદ "આચાર" એટલે આચરવા યોગ્ય, આચરવા યોગ્ય વર્તન એ જ હોય કે જેનાથી સુખની પ્રાપ્તિ થઈ શકે. સુખ-પ્રાપ્તિના કારણભૂત પાંચ પદાર્થ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય. આ પાંચ આચારનું જેઓ સમ્યક્ પ્રકારે આચરણ કરે છે તે આચાર્ય કહેવાય છે. આચાર્યજી ૫ મહાવ્રત, ૫ આચાર, ૫ સમિતિ. ૩ ગુપ્તિ, ૫ ઇન્દ્રિય વશ કરે, ૯ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળે અને ૪ કષાયને ત્યાગે એ ૩૬ ગુણોથી યુક્ત હોય છે, તેવા આચાર્ય ભગવંતને નમસ્કાર.

ચોથું ઉપાધ્યાય પદ. જેઓ ગુરુ વગેરે ગીતાર્થ મહાત્માઓની પાસે હંમેશા રહી વિનયભક્તિ કરી, વિચક્ષણતાપૂર્વક તેઓને પ્રસન્ન રાખી તેમની આજ્ઞામાં રહી સંપૂર્ણ શાસ્ત્રોનો અભ્યાસ કરી પારંગત થયા છે. જેઓ ઘણા સાધુ તથા ગૃહસ્થોને યથાયોગ્ય જ્ઞાનનો અભ્યાસ કરાવે તેવા સાધુઓને ઉપાધ્યાય કહે છે. પાંચમું પદ સાધુ-સાધ્વી જેઓ અનેક ઉપસર્ગો પૂર્ણ દૃઢતાથી સહન કરી આત્માની સિદ્ધિ કરવા એટલે એકાંત મોક્ષના હેતુ માટે જ આત્મ સાધના કરે છે તેને સાધુ કહેવાય છે.

આવા મંગલકારી, આત્માને શ્રેયકારી, નવકાર મંત્રનું સ્મરણ કરો ત્યારે વિચાર કરો કે આ પાંચ-પદમાં મારો નંબર ક્યારે લાગશે ? અને નથી લાગ્યો તો કેમ નથી લાગ્યો ?

અનંતકાળથી જીવ સંસારમાં રખડી રહ્યો છે, ભમી રહ્યો છે. જીવને સંસારમાં ભમવાનું કોઈ કારણ હોય તો મિથ્યાત્વ છે. મિથ્યાત્વ ગયું નથી ને સમકિત આવ્યું નથી ત્યાં સુધી આત્માને સાચી દિશા સુઝતી નથી. મિથ્યાત્વ એ ભયંકર પાપ છે. હિંસાદિક પાપોથી તો અભવ્યો અને દુર્ભવ્યો પાછા હઠી શકે છે. અભવ્યો કે દુર્ભવ્યોને માટે દ્રવ્ય ચારિત્રનો નિષેધ નથી. એ સર્વવિરતી દીક્ષાને ગ્રહણ કરે અને એનું પાલન પણ એવી રીતે કરે કે બીજાઓને કદાચ એમ પણ થાય કે આ લોકો ગજબનું કડક ચારિત્ર પાળે છે. ઘોર સંયમ અને ઘોર તપ એ અભવ્યો કે દુર્ભવ્યોને માટે અશક્ય નથી. પણ આ મિથ્યાત્વ નામના પાપનો ત્યાગ તો માત્ર ભવ્ય આત્માઓ કરી શકે છે. એટલે નથી તો અભવ્યો મિથ્યાત્વ નામના પાપને તજી શકતા, નથી તો દુર્ભવ્યો તજી શકતા. માત્ર ભવ્યાત્માઓ મિથ્યાત્વ નામના પાપને તજીને સમ્યક્ દર્શન રૂપ ધર્મને પામી શકે છે.

મિથ્યાત્વ મૂઢતાને પેદા કરનારું છે. જ્યારે સમ્યક્ત્વ ધર્મના રસને પેદા કરનારું છે. સમકિતી આત્મા જે કાંઈ થોડા કે વધુ પ્રમાણમાં ધર્મને આચરે છે, તે ધર્મ તેના મોક્ષમાં કારણભૂત બને છે. પાપનો સર્વથા ત્યાગ કર્યા વિના સાચા ધર્મમય જીવનને પામી શકાય નહિ. જ્યાં સુધી ધર્મમય જીવન પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી મુક્તિની પ્રાપ્તિ અશક્ય છે. છતાં પણ પાપોને તજવાને અસમર્થ એવા માણસે મિથ્યાત્વને છોડવાનો પ્રયત્ન તો અવશ્ય કરવો જોઈએ. જેમનું મિથ્યાત્વ ગયું છે ને સમકિત પ્રાપ્ત થયું છે એવા આત્માઓ કદાચ હિંસાદિ પાપોના સર્વથા ત્યાગી ન હોય, તો પણ તે આત્માઓ અર્ધપુદ્ગલ

પરાવર્તન કાળથી પણ ઓછાં કાળમાં અવશ્ય મુક્તિને પામે છે. એકવાર સમ્યક્ત્વ આવ્યા પછી ચાલ્યું જાય ને મિથ્યાત્વનો ઉદય થાય તો પણ એ આત્મા અર્ધપુદ્‌ગલ પરાવર્તન કાળથી ઓછા કાળમાં મુક્તિ પામ્યા વિના રહે નહિ.

બધા સમકિતી દીક્ષા લેતા નથી. તે સંસારમાં રહે અને મિથ્યાત્વી સંસારમાં રહે–પણ બંનેમાં આકાશ–પાતાળ જેટલું અંતર છે. સમકિતી સંસારમાં કેવી રીતે રહે? એક પાણીથી ભરેલ ડોલ હોય તેમાં તેલના બે ચાર ટીપા નાખ્યા તો એ ટીપા પાણીમાં તરે છે કે ડૂબી જાય છે? તરે છે પણ ડૂબી જતા નથી. તેમ સમકિતી આત્મા પાણીથી ભરેલી ડોલ સમાન સંસારમાં રહે છતાં તેમાં ડૂબતા નથી. તે સંસારમાં ઉદાસીન ભાવે રહે છે. જેમ કોઈ માતાનો વીસ વર્ષનો યુવાન દીકરો ગુજરી જાય તો તેની પાછળ માતાથી કંઈ જીવનનો અંત લાવી શકાતો નથી. સંસારમાં રહે છે, ખાય છે, પીવે છે પણ તે બધું ઉદાસીન ભાવે કરે છે. તે રીતે સમકિતી આત્મા સંસારમાં રહેવું પડે તો રહે પણ ઉદાસીનભાવે રહે છે.

**આપણું ઘર કયું?**:–બીજી વાત કરું. કોઈ માણસ ભાડૂતી મકાનમાં રહે છે. તે માણસ તે ભાડૂતી મકાનને સાચવે કે નહિ? સાચવે છે. થોડું રંગરોગાન કરાવે છે ને જરૂરિયાત જેટલી સગવડ પણ કરાવે, કારણ કે એને એમાં રહેવાનું છે, પણ એના મનમાં શું હોય? આ મકાનમાં બહુ પૈસા નંખાય નહી. કારણ કે આ ઘર આપણું નથી. ભાડૂતી છે. કયારે આ ઘર ખાલી કરવું પડશે એની ખબર નથી. કદાચ દીકરો કહે બાપુજી! ઘરમાં આ સગવડ કરાવો, આ ફર્નીચર કરાવો, તો એ પિતા શું કહેશે? દીકરા, આ ઘર આપણું નથી. ગમે ત્યારે ખાલી કરવું પડશે. ભાડાના ઘરમાં રહેનારને મનમાં એમ તો થાય ને કે મારે મારું ઘર હોય તો સારૂં! મારું ઘર હોય તો ખાલી કરવાની ચિંતા તો નહિ ને! કયારે ઘરધણીની નોટીશ આવશે એ ખબર નથી એટલે ભાડૂત પણ પોતાનું ઘર કરવા ઇચ્છે છે. કદાચ પોતાની પાસે પૈસા ન હોય તો કોઈ મિત્ર–સ્વજનની પાસેથી લઈ આવે, સરકારની લોન લે, એ રીતે કદાચ પૈસા ન મળે તો દાગીના ગીરે મૂકીને પણ પોતાનું ઘર કરવા તૈયાર થાય છે. પોતાનું કરેલું ઘર પણ અંતે તો છોડીને જવાનું છે, છતાં એ ઘર માટે જીવને કેટલી ચિંતા છે? જ્ઞાની કહે છે, આ તારૂં માનેલું ઘર પણ તારૂં નથી. અંતે એક દિવસ તો છોડીને જવાનું છે. તું હવે એવું ઘર શોધ કે જે ઘરમાં ગયા પછી કયારેય જાકારો ન મળે. એ ઘર કયું? ખબર છે? મોક્ષ એ આપણું શાશ્વતું ઘર છે, પણ જેટલી ચિંતા નશ્વર ઘરની છે તેટલી ચિંતા હજુ આત્માએ પોતાના ઘરની નથી કરી. સમકિતી આત્મા સમજે છે કે આ ઘર મારૂં નથી. મારૂં ઘર તો મોક્ષ છે. ભાડૂતી ઘરવાળાને એ ચિંતા છે કે કયારે ઘરધણીની નોટીસ આવે ને ઘર ખાલી કરવું પડે. તેમ આ દેહરૂપી ભાડૂતી ઘરને કાળરાજાની કયારે નોટીસ આવશે ને આ ઘર ખાલી કરવું પડશે તે ખબર નથી.

**મૃત્યુ માટે તૈયારી કરી છે ને?:** જેનો જન્મ છે તેનું મૃત્યુ તો નિશ્ચિત છે. આપણે અહીંથી જવાનું એ કર્માધીનપણે અને અહીંથી જઈને કયાં ઉત્પન્ન થવાનું એ વાત પણ કર્માધીન છે. કર્મના કર્તા તો આપણે જ છીએ ને? જીવ પોતે કર્મ બાંધે છે ને પોતાને જ ભોગવવા પડે છે. જેવા કર્મ હોય તેવી ગતિ થાય. કર્મના સ્વરૂપને સમજનાર આત્મા વિચાર કરશે કે મારે અહીંથી કઈ ગતિમાં જવાનું? સવારે ઉઠો, ખાવો, પીવો, કામકાજ કરો, રાત્રે સૂઈ જાવ છો પણ મારે અહીંથી જવાનું છે એ તો નક્કી છે. મારે કયાં જવાનું છે તે હું નક્કી કરી શકું તેમ છું. માનવી પોતાના કર્તવ્યો પ્રમાણે નક્કી કરી શકે કે મારે આ ગતિમાં જવાનું છે. જ્યાં જવાનો વિચાર હોય ત્યાં જવાની તૈયારી પણ કરવી પડે ને? હું તમને પૂછું છું કે ચાર ગતિઓમાંથી તમને કઈ ગતિમાં જવું ગમે? નરક કે તિર્યંચ ગતિને તો કોઈ ન ઇચ્છે. આમ તો જવાની ગતિ પાંચ છે, પણ અત્યારે અહીંથી સીધા મોક્ષમાં જવાતું નથી. માટે બાકી રહી ચાર ગતિ-- નરક અને તિર્યંચને દુર્ગતિ કહી છે. મનુષ્ય ને દેવગતિ એ બે ગતિને સુગતિ કહી છે. જો સુગતિમાં જવું ગમે છે તો તે ગતિમાં જવાય તેવાં કાર્યો જીવ કરે છે? અને જો દુર્ગતિમાં જવું ગમતું નથી તો તે ગતિઓમાં મને લઈ જાય એવા કાર્યોથી હું ચેતતો રહું છું કે નહિ? આવા વિચાર કયારે પણ આવે છે ખરા? હું અમુક સ્થાને જ જઈશ એવું આપણને જ્ઞાન નથી, પણ સારી ગતિમાં જવું છે તો સારી ગતિમાં જવાને માટે અમુક અમુક કરવું જોઈએ એટલો તો ખ્યાલ છે ને?

રેલ્વેની મુસાફરી કરવી છે તો તે માટે ટિકિટ લેવી પડશે, ને રીઝર્વેશન કરાવવું પડશે. ગાડીમાં ફર્સ્ટ કલાસ, સેકંડ કલાસ ને થર્ડ કલાસ હોય છે. બધા કલાસમાં સગવડ અને સુગમતામાં ફેર છે. જેવા કલાસ એવા નાણાં આપવા પડે છે. તેમ જો પાંચમી ગતિ મોક્ષની ટિકિટ મેળવવી છે તો જ્ઞાની કહે છે કે ઘર, બંગલા, પુત્ર, પત્ની, પરિવાર, ધન બધાનો મોહ છોડી દો. **"એક ધક્કા ઓર દો, સંસાર કો છોડ દો" (હસાહસ)** જો મોક્ષ મેળવવો છે તો સંસારને છોડી દો. અહીંથી જવાનું છે એની ખબર છે, તો કયાં જવું છે ને જ્યાં જવું છે ત્યાં કેવી રીતે જવાય તેનો વિચાર કરીને અગાઉથી તૈયારી કરી લો. જેણે અગાઉથી તૈયારી કરી છે એવા આત્માને ગમે ત્યારે અને ગમે ત્યાં મરણ આવે તો પણ એને મુંઝવણ નહીં થાય. એ તો એમ જ વિચારે છે કે હું જન્મ્યો છું એટલે મરવાનો છું અને હજુ કર્મો ખપાવ્યા નથી એટલે કયાંક ઉત્પન્ન પણ થવાનો છું. પણ મેં મારું જીવન એવી રીતે વ્યતીત કર્યું છે કે અહીંથી મરીને હું જ્યાં જઈશ તે સ્થાન આ સ્થાન કરતાં પણ સારું હશે.

બંધુઓ! તમે આટલી બધી ધર્મક્રિયાઓ કરો છો તો તમને એટલી તો ખાત્રી છે ને કે અમે દુર્ગતિમાં નહિ જઈએ. તમે જે ધર્મ કરો છો તે રૂચિપૂર્વક કરો છો ને? ઘેર ગયા વિના ચાલે નહિ, માટે ઘેર જાઓ છો, પણ કરવા લાયક તો ધર્મ છે એવો

તમારા મનમાં નિર્ણય છે ને ? જો હૈયામાં ધર્મની રૂચી હશે તો ઘેર જશો તો પણ ગૃહવાસ સારો છે એમ નહિ લાગે. ભલે આખો દિવસ ધર્મક્રિયા કરી ન શકો પણ ધર્મની રૂચી તો ચોવીસે કલાક રહી શકે ને ? અહીં આવીને ધર્મક્રિયા કરતા હો પણ જો હૈયામાં ધર્મ પ્રત્યેની રૂચી ન હોય તો વિચારો પણ ખરાબ આવી જાય. એવા સમયે જો આયુષ્યનો બંધ પડી જાય તો સુગતિમાં જવાનો નિર્ણય ધૂળમાં મળી જાય ને દુર્ગતિનો બંધ પડી જાય. આયુષ્યનો બંધ જીવનમાં એક વાર પડે છે, માટે સમયે સમયે જાગૃત રહેવાની જરૂર છે. આવું સુંદર જીવન પામીને પણ જો જીવ જાગૃત ન બને અને વિષય કષાયમાં, સંસારના રંગરાગમાં પોતાનો અમૂલ્ય સમય વેડફી નાંખે તો પછી આ જીવન ફરીને મળવું બહુ દુર્લભ છે.

એક વખતના પ્રસંગમાં રાજા રાજમહેલમાં જઈ રહ્યા હતા. રસ્તામાં રઘો કુંભાર સામો મળ્યો. રાજાના મનમાં થયું કે આજે રઘો કુંભાર સામો મળ્યો છે, તો હું જોઉં કે એના શુકન કેવા છે ? રાજા મહેલમાં ગયા અને અડધા કલાકે વધામણી આવી કે રાણીએ પુત્રને જન્મ આપ્યો છે. આ વધામણી સાંભળતાં રાજાનું હૈયું નાચી ઉઠયું. તેના મનમાં થયું કે મારે ત્યાં સંતાનની ખોટ હતી. આજે રઘાકુંભારના શુકન ફળ્યા કે રાજ્યમાં પુત્રનો જન્મ થયો. જે જે માણસો રાજાને પુત્રની વધામણી દેવા આવ્યા તે બધાને સારી ભેટ આપીને સંતોષ્યા. રઘાકુંભારને આ વાતની ખબર નથી, પણ તેના શુકનથી પુત્રની વધામણી મળી છે, તેથી રાજાએ સિપાઈઓને રઘાકુંભારને કંઈક ભેટ આપવા બોલાવવા મોકલ્યા. રાજાના સિપાઈ એ રઘાકુંભારને ઘેર ગયા. પોલીસોને જોતા રઘાના પેટમાં તો જાણે તેલ રેડાયું. તેને થયું કે આજે મારું આવી બન્યું, પણ વાત જુદી જ હતી.

રઘો કુંભાર તો થડકતા હૈયે સિપાઈઓની સાથે રાજમહેલમાં આવ્યો. શું થશે ? રાજા મને શું કરશે ? એ વિચારોથી ગમગીન બનેલો રઘો ત્યાં ઉભો રહ્યો. બાપુ ! જે કામ હોય તે ફરમાવો. મેં તમારો કંઈ ગુનો કર્યો હોય કે ભૂલ કરી હોય તો મને માફ કરજો. મને અભયદાન આપજો. રાજા કહે રઘા ! તારો કંઈ વાંક ગુનો નથી. આજે રાજમહેલમાં રાણીએ પુત્રને જન્મ આપ્યો છે, તેના આનંદમાં હું તને ન્યાલ કરવા માગું છું. રાજા ઇનામમાં શું આપે ? રાજમહેલમાં તો સોના–ચાંદીનો તોટો જ ન હોય. રાજાએ રઘા કુંભારને એક સુંદર સોનાનું તાંસળું ઈનામમાં આપ્યું. ગરીબ બિચારા રઘાએ તો સ્વપ્નમાં પણ સોનાના દર્શન કર્યા નથી. તેને સોનાની ઓળખાણ નથી. તેના મનમાં થયું કે વાડામાં જે ગધેડા રાખ્યા છે ત્યાં ગધેડાની લાદ એકઠી કરવા જે માટીનું વાસણ રાખ્યું છે તે ઘડીએ ઘડીએ ફૂટી જાય છે. તેની જગ્યાએ આ વાસણ મજબૂત છે તો સારું કામ આવશે ને ટકશે પણ વધારે. આ વાત સાંભળીને તમને હસવું આવ્યું પણ હમણાં તમારો નંબર લાગશે ( હસાહસ ).

રઘોકુંભાર આ તાંસળું લઈને ઘેર ગયો. ગધેડાની લાદ એમાં ભરે ને કચરાપેટીમાં લાદ નાખી આવે. દિવસો પર દિવસો જતાં ૧ વર્ષ પુરૂં થયું. રાજકુમારનો જન્મદિવસ આવ્યો. રાજાના મનમાં થયું કે આ વખતે પણ પહેલાની જેમ બધાને બોલાવી ઈનામ આપીશું અને બધાને પૂછશું કે ગયા વર્ષે આપેલી ઇનામની વસ્તુઓનો દરેકે કઇ રીતે ઉપયોગ કર્યો ? જેટલા વધામણી દેવા આવ્યા હતા તે બધાને બોલાવ્યાં. રઘાકુંભારને પણ બોલાવ્યો. રાજાએ બધાને પૂછયું. મેં તમને ઇનામ આપ્યું હતું તેનો તમે શો ઉપયોગ કર્યો ? બધા પાકા વાણીયા હતા. કોઈ દશા, કોઈ વીશા ને તમે તો તીસા (હસાહસ) બધાએ બરાબર ગોઠવીને જવાબ આપ્યો. પછી રઘાનો નંબર આવ્યો, રઘાને પૂછ્યું, મેં તને સોનાનું તાંસળું આપ્યું છે તેનો તેં શું ઉપયોગ કર્યો ? રઘો બિચારો સાવ ભોળો હતો. તે વાણીયા જેવો પાકો ન હતો, એટલે એણે કહ્યું, મહારાજા ! આપે મને જે વાસણ આપ્યું. તેનાથી તો મને ખૂબ શાંતિ થઈ છે. ગધેડાની લાદ તથા કચરો તેમાં ભરીને ઉકરડામાં નાખી આવું છું. મારે નવા નવા માટીના ઠીબ લાવવા મટયા છે. રઘાની આ વાત સાંભળી બધા તેની મૂર્ખાઈ પર હસવા લાગ્યા. તમને પણ હસવું આવ્યું. હું તમને પૂછું છું કે આ માનવ જન્મરૂપી સોનાનું સુંદર તાંસળું તમને મળ્યું છે એમાં તમે રાગ, દ્વેષ, વિષય, કષાય અને બૂરી વાસનાના કચરા તો નથી ભરતા ને ? રઘાની વાત સાંભળી રાજાને ગુસ્સાનો પાર ન રહ્યો. એમની ભ્રુકુટી ચઢી ગઈ. મેં તને પુત્ર જન્મની ખુશાલીમાં સોનાનું તાંસળું આપ્યું. તેનો તેં આવો દુરૂપયોગ કર્યો ? પ્રધાન કહે, રાજા સાહેબ ! આ રીતે રઘાએ આપના ઈનામનું નહીં પણ ખુદ આપનું જ અપમાન કર્યું છે. એને તો ફાંસીની શિક્ષા બરાબર છે. રાજાએ હજુરીયાઓને બોલાવ્યા અને કહ્યું કે આ રઘાને ફાંસીએ ચઢાવી દો.

એક વાર રાજા રીઝયા તો સોનાનું તાંસળું દઈ દીધું ને આજે ખીજ્યા તો ફાંસીની શિક્ષા. ફાંસીની શિક્ષાથી રઘો જરાય ગભરાયો નહીં. આ રઘો સામાન્ય માનવી ન હતો. એ ઈશ્વરનો શ્રદ્ધાવાન ભક્ત હતો. કાયાની અને માયાની મમતા તેને વળગી ન હતી. ફાંસીનો હુકમ સાંભળી તે રડવાને બદલે ખડખડાટ હસવા લાગ્યો. રઘાને હસતો જોઈને બધાને આશ્ચર્ય થયું. એને એટલી તો ખબર હશે ને કે ફાંસીથી મરી જવાય. રાજા પૂછે છે રઘા ! ફાંસી એટલે શું એ તો તને ખબર છે ને ? હા, મહારાજા. ફાંસી એટલે મૃત્યુ. તો તું આટલો બધો હસે છે શા માટે ? ફાંસીનું નામ પડે ત્યાં લોકો ધ્રુજી ઉઠે છે ને રડવા લાગે છે ને તું આટલા બધા આનંદમાં કેમ ? કુંભારને દેહનો રાગ ન હતો. તેને તો આત્માનો રાગ હતો. તેણે કહ્યું મહારાજા ! મને અંદરથી અવાજ આવે છે. શો અવાજ આવે છે ? આપને કહેવાય નહિ, આપને સવળું પડે તો ઠીક ને અવળું પડે તો ફાંસી આપો. એક વખતની ફાંસી તો આપેલી છે. હવે તમે શી આજ્ઞા ફરમાવો તે તો ભગવાન જાણે. રાજા કહે જા, તને અભયદાન, પણ તું કહે તો ખરો કે શો અવાજ આવે છે ?

રઘાએ કહ્યું—મહારાજા ! આપે મને સોનાનું તાંસળું આપ્યું પણ મને તેની કિંમતની ખબર ન હતી. તેની ઓળખાણ ન હતી એટલે મેં એમાં લાદ ભરી, તેથી આપ મને ફાંસી દેવા તૈયાર થયા. એ તાંસળું મારા જેવા ગરીબના કંઈક કામમાં આવ્યું. એ ખોવાઈ જાય તો બીજું પણ લવાય. જ્યારે આપણને આ મનુષ્ય શરીરરૂપી જે ભાજન મળ્યું છે જેને સોના, ચાંદી, હીરા, માણેક જેવી કિંમતી વસ્તુઓથી પણ ખરીદી શકાતું નથી. એવા અમૂલ્ય માનવ જીવનમાં રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, વિષયવાસનાનો કચરો ભરી રહ્યા છો. તેમજ તમે રાજા છો. તમે કોઈને ફાંસીની શિક્ષા આપો, વધ કરાવો વિગેરે પાપકર્મો કરીને કેવા ચીકણા કર્મો બાંધી રહ્યા છો ? આ કર્મોને ભોગવવાનો સમય આવશે ત્યારે રડતા પણ પૂરા નહિ થાય. કુંભારની વાત સાંભળી રાજા કહે—રઘા ! તેં તો માટીના ઘડાના ઘડતરની સાથે તારા આત્માનું પણ ઘડતર કર્યું છે. તારી વાત સાચી છે. આ મનુષ્યનું શરીર એ ભાજન છે, તેમાં ક્ષમા, સંતોષ, સદાચાર, સમતા, નિર્લોભતા આદિ સદ્‌ગુણો ભરવાને બદલે કષાય, રાગ, દ્વેષનો કચરો ભરતા હોય તો એના જેવું મૂર્ખ કોણ ? રઘાની એક ટકોરે રાજાનો આત્મા જાગી ગયો. તેમણે પોતાનો ઝાઝો સમય પ્રભુ ભજન આદિ ધર્મધ્યાનમાં વીતાવવા માંડયો.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયનનો અધિકાર વાંચવો છે. તેની પૂર્વભૂમિકામાં આપણે છ અધ્યયન સુધી જોઈ ગયા. સાતમા અધ્યયનનું નામ છે “એલક” એલક એટલે બોકડો. આ અધ્યયનમાં ભગવાન બોલ્યા છે કે જ્યાં આસક્તિ છે ત્યાં મોત છે ને જ્યાં અનાસકિત છે ત્યાં સુખ છે. આસકિત જીવને કયાં લઈ જાય છે ? ઠાણાંગ સૂત્રમાં ભગવાને ચોથે ઠાણે શ્રાવકને ચાર પ્રકારની માખીની ઉપમા આપી છે. એક માખી મધ પર બેસે તો તેમાં ચોંટી જાય છે. બીજી માખી બળખામાં બેઠી હોય તો ત્યાં ગુંગળાઈને મરી જાય છે. ત્રીજી માખી સાકર પર બેઠી છે. તે સાકરનો સ્વાદ લે ને ઉડી પણ જાય છે. ચોથી માખી પથ્થર પર બેસે છે તે ઉડી શકે છે પણ સ્વાદ લઈ શકતી નથી. આ રીતે ચાર પ્રકારના શ્રાવક છે. પહેલી માખી સમાન શ્રાવક લૌતિક સુખોનો સ્વાદ લે છે પણ ઈચ્છે ત્યારે છોડી શકતા નથી, પણ તેમાં ચોંટી જાય છે, તે મધની માખીની જેમ. બીજા પ્રકારના શ્રાવક સુખોનો સ્વાદ પણ લેતા નથી અને છોડી શકતા પણ નથી તે બળખાની માખીની સમાન. ત્રીજા પ્રકારના શ્રાવકો સુખોનો સ્વાદ પણ લે છે અને ઈચ્છે ત્યારે ત્યાગ પણ કરી દે છે. તે સાકરની માખીની સમાન, અને ચોથા પ્રકારનાં શ્રાવકો સુખોનો અનુભવ કરતા નથી પણ જ્યારે ઈચ્છે ત્યારે ત્યાગ કરી શકે છે. તે પથ્થરની માખી સમાન. આ રીતે ચાર પ્રકારના શ્રાવકો છે. તેમાં તમારો નંબર કયાં આવે છે ? તમારે કોના જેવું બનવું છે ? ( શ્રોતામાંથી અવાજ—સાકરની માખી જેવા )

જો તમારે સાકરની માખી જેવા શ્રાવક બનવું હોય તો શું કરવું જોઈશે ? તે માટે સંસારમાં રહેવા છતાં અનાસકત ભાવ કેળવો. ઈન્દ્રિયોના વિષયોમાં આસકત બનવાથી

જીવને કેવાં કડવાં ફળ ભોગવવા પડે છે, માટે સાધકે એવા વિષયોથી સદા ચેતતા રહેવું જોઈએ. આ અધ્યયનમાં ભગવાને જીવોને વિશેષ સમજાવવા માટે ચાર દૃષ્ટાંતો આપ્યા છે. (૧) બોકડાનું (૨) આંબાની કેરીનું (૩) ત્રણ વણિકનું (૪) ભિખારીનું.

એક માણસે ઘરના ચોકમાં એક બાજુ ગાય અને વાછડીને બાંધી હતી, અને બીજી બાજુ બોકડો બાંધ્યો હતો. આ ઢોરનો માલિક બોકડાને રોજ તાજો, લીલો ચારો ખવડાવતો હતો. તેથી બોકડો હૃષ્ટપુષ્ટ થયો હતો. ગાયને તે સુકું ઘાસ ખવડાવતો. ગાય આ બધું જોયા કરતી પણ સમજતી હતી, જ્યારે વાછડું નાનું હોવાથી તેની માને કહે, આપણને માલીક લીલો ચારો કેમ નથી આપતો ? જેમ નાનું બાળક કોઈ છોકરાને પેંડા સાકર ખાતા જુએ, નવું કપડું પહેરતા જુએ તો ઘેર આવીને તેની માતા પાસે માંગણી કરે છે. તેને ખબર નથી કે મારી માની સ્થિતિ કેવી છે ? એટલે તે વસ્તુ લેવા માટે કજીયા કરે છે. તેમ અહીં વાછડું ગાયને કહે છે હે મા ! આપણે માલિકને દૂધ આપીએ, માલિક તેમાંથી પૈસા પેદા કરે, દૂધમાંથી દહીં જમાવે ને દહીંમાંથી ઘી કરી પૈસા મેળવે, છતાં તને ખાવા માટે સૂકું ઘાસ આપે છે અને મને તો કચરાવાળું ઘાસ આપે છે. પેલો બોકડો તો માલિકને દૂધ આપતો નથી છતાં એને કેવું સરસ ખાવાનું મળે છે ? માલિક આવો અન્યાય કેમ કરે છે ?

ગાયે વાછડાને કહ્યું, બેટા ! એ સારુ ખાવામાં મઝા નથી. એને સારું સારું ખવડાવીને હૃષ્ટપુષ્ટ કરે છે પણ એ સારું ભોજન એના મૃત્યુને નોતરનાર છે. આપણું ખાણું ભલે સુકું હોય, પણ મોતને નોતરનાર નથી. એના સારા ખાણાનું પરિણામ એવું આવશે કે એની ડોક પર તલવાર ફરશે. માતાની વાત સાચી માની વાછડું શાંત થયું. પંદર દિવસ વીત્યા ત્યાં માલિકને ઘેર પરોણો આવ્યો. આ માલિક કસાઈ હતો. સારું ખવડાવીને હૃષ્ટપુષ્ટ કરેલા બોકડા પાસે માલિક ગયો. અને પરોણાના સ્વાગત માટે તેની ડોક પર છરો ફેરવ્યો. આ દૃશ્ય જોઈને વાછડું ગભરાઈ ગયું. શું આપણને પણ મારી નાખશે ? ગાય કહે ના, બેટા ! આપણે સૂકું ઘાસ ખાઈએ છીએ. જે સૂકા ઘાસ પર જીવે છે તેને આવું દુઃખ વેઠવું પડતું નથી. પણ જે સારા સારા ભોજન જમે છે તેને એક દિવસ કપાઈ જવાનું છે. અમારું સુખ સૂકા ઘાસ જેવું છે. ભલે અમારી પાસે ગાડી મોટર નથી. વિહાર કરીએ ને કષ્ટો વેઠીએ, ને તમારી પાસે ગાડી મોટર હોય, અરે ! સંસારનું બધું સુખ હોય પણ અંતે દુઃખને નોતરનાર છે. જ્યારે અમારું કષ્ટ સુખને આપનાર છે. આ દૃષ્ટાંતથી મહાપુરૂષો આપણને એ સમજાવે છે કે સારા સ્વાદો પ્રત્યેની આસક્તિ જીવને દુઃખદાયક છે ? ઉત્તરાધ્યયન સૂત્રના ૩૨ મા અધ્યયનમાં ભગવાને એ જ વાત બતાવી છે.

**रसा पगामं न निसेवियव्वा, पायं रसा दित्तिकरा नराणं ।**
**दित्तं च कामा समभिद्दवन्ति, दुमं जहा साउफलं व पक्खी ॥१०॥**

જેમ ફળ વિનાના વૃક્ષને કોઈ પક્ષીઓ કોચતા નથી, પણ જે વૃક્ષ પર નારંગી મોસંબી જેવા સ્વાદિષ્ટ ફળો હોય છે. ત્યાં પક્ષીઓ આવીને તેને કોચે છે, ને હેરાન કરે છે, તેમ જે સારા રસવાળા સ્વાદિષ્ટ ભોજન જમે છે તેને કામવાસનારૂપી પક્ષીઓ આવીને કિલામના ઉપજાવે છે. માટે રસોનો વધુ ઉપયોગ ન કરવો જોઈએ. રસો પ્રાયઃ ઉન્માદ વધારનાર છે. સારા ભોજન જમવાથી વિકારો વધે છે. પહેલાના માણસો બધું કામ હાથે કરતા તેથી ખાધેલું પચતું હતું. આજે કામ કરવાના ગયા એટલે ખોરાક પચે નહિ આજે જ્યાં જોઈએ ત્યાં ખાટલા–પાટલાં અને બાટલા વધી ગયા છે. આ બોકડાના ન્યાયથી એ સમજવાનું છે કે જ્યાં આસક્તિ છે ત્યાં દુઃખ છે, ત્યાં મૃત્યુ છે, અને જ્યાં અનાસક્તિ છે ત્યાં સુખ છે. હવે આઠમા અધ્યયનમાં શું વાત ચાલશે તે અવસરે વિચારીશું. આજથી આપણે વ્યાખ્યાનની પાછળ એક બોધદાયક ચરિત્રનો પ્રારંભ કરવાનો છે.

**ચરિત્ર** :–નાના બાળકો તેમજ ઘણા યુવાન અને વૃદ્ધ ભાઈ–બહેનોને ચરિત્ર સાંભળવામાં ઘણો રસ આવે છે. આ ચરિત્ર જીવોને ખૂબ લાભદાયી બને છે. કંઈક જીવો એમાંથી બોધ મેળવી એમનું જીવન ધર્મના માર્ગે દોરે છે.

આ ચરિત્ર ખૂબ રસીક અને આત્માની ચેતનાને જગાડે એવું છે. જેમ મકાન બનાવવું છે તો પહેલા પાયો ખોદ્યો એમાં મકાનની શોભા ન દેખાય. જ્યારે ઘાણુ ભરાય ને થોડું તૈયાર થાય ત્યારે થોડી શોભા દેખાય, અને મકાન સંપૂર્ણ તૈયાર થઈ જાય ત્યારે એની શોભા બરાબર દેખાય. અહીં આજે ચરિત્રનો પ્રારંભ કરીએ છીએ તેથી મકાનના પાયા સમાન ચરિત્રના રચનાર કોણ છે, ચરિત્રના નાયક કોણ છે, ક્ષેત્ર, નગર કયું છે તે વાત પહેલા જાણવી જોઈએ.

ચરિત્રના રચનાર ચરિત્રની શરૂઆત કરતા પહેલાં શાસનપતિ ભગવાન મહાવીર સ્વામીનું, પંચ પરમેષ્ઠી ભગવંતોનું અને ગુરૂદેવોનું સ્મરણ કરી, વંદન નમસ્કાર કરી તેમનું શરણું લઈ ચરિત્રની શરૂઆત કરે છે. મહાન પુરૂષોનું શરણું લેવાથી આપણું કાર્ય દેદીપ્યમાન બને છે. આ ચરિત્રનું નામ છે **"સાગરદત્ત ચરિત્ર."** સાગરદત્ત જેવું નામ છે તેવા તે સાગર જેવા ગંભીર છે. શ્રાવકના વ્રતોમાં કેટલા દૃઢ છે, ધર્મ માટે કેટલું કષ્ટ વેઠે છે તે આપ સાંભળશો ત્યારે ખ્યાલ આવશે. તમે પ્રતિક્રમણમાં ખામણામાં બોલો છો ને કે શ્રાવકો કેવા હોય ? દૃઢધર્મી અને પ્રિયધર્મી એ બંનેમાં શો ફેર ? તમે જેટલા અહીં બેઠા છો તે બધા પ્રિયધર્મી તો છો. તમને ધર્મ પ્રિય છે. માટે આવો છો. કંઈક જીવો હશે કે હજુ પથારીમાં પોઢેલા હશે. ન્યુઝ પેપર વાંચવામાં સમય પસાર કરે પણ ઉપાશ્રયમાં આવવાનું મન ન થાય. આજે પ્રિયધર્મી તો ઘણાં જોવા મળશે પણ દૃઢધર્મી બહુ ઓછા જોવા મળશે. ધર્મ કરતાં કષ્ટ આવે, વિઘ્નો આવે, ઉપસર્ગો આવે, છતાં ધર્મની શ્રદ્ધા છોડે નહીં તેનું નામ દૃઢધર્મી. આવા દૃઢધર્મી

શ્રાવકની વાત આપણે ચાલવાની છે. પણ તે પહેલા શેઠની નગરી કઈ હતી? એ ગામના રાજનરેશ કોણ છે? એ વાત પહેલા આવશે.

**જંબુદ્વિપકા ભરત ક્ષેત્રમેં, વસંતપુર ગુણધામ,**
**છત્રપતિ રાજેન્દ્ર વહાં પર, વિજયસેન શુભ નામ હો...**
**શ્રોતા તુમ સુનજો સાગરદત્તકા ચરિત્ર સુહાવના...(૨)**

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં વસંતપુર નામનું નગર છે. નગર કોને કહેવાય? જે નગરમાં કરવેરા ન હોય, ટેકસ ન હોય, ચોર ડાકૂનો ભય ન હોય. જેમાં બાગબગીચા, ઉદ્યાનો હોય, ધર્મશાળાઓ, સ્કુલો તેમજ દરેક ધર્મના ધર્મસ્થાનકો હોય તેને નગર કહેવાય. આ નગરની શોભા જાણે દેવપુરીને પણ ઝાંખી કરી દે તેવી હતી. આ નગરી ખૂબ રમણીય અને સુશોભિત હતી. બાગ, બગીચા, મહેલ, મહેલાતો, ગઢ ને કાંગરાથી અત્યંત શોભાયમાન છે. અનેક જાતના ધીકતા ધંધા અને ભરપુર બજારો છે. ત્યાં ૩૬ જાતિની કોમ વસે છે. જ્યાં ધનના ભંડાર ભરપુર છે ને અન્નના ભંડાર પણ ભરપુર ભર્યા છે. પ્રજાને કોઈ જાતનું દુઃખ નથી. આ રીતે આ વસંતપુર નગરી એટલે જાણે અલકાપુરી!

આ નગરીમાં બધા રાજાઓમાં ઈન્દ્ર સમાન એવા વિજયસેન નામે રાજા રાજ્ય કરે છે. ભૂતકાળની ભવ્યતા સંસ્કૃતિના ભવ્ય આયોજન પર અવલંબે છે. સંસ્કૃતિનો સાદરભાવ આત્માને અને શરીરને સમર્થ બનાવે છે. પછી તે રાજ્ય શાસન હોય કે ધર્મશાસન, રાજ્યશાસન અને ધર્મશાસનને સમૃદ્ધ બનાવનાર આત્મામાં સ્વ-પરના કલ્યાણની ભાવના હોય છે. ઈતિહાસના પાને કોના નામ સુવર્ણાક્ષરે લખાયા છે? જે રાજ્ય સત્તા પર આવ્યા પછી જેણે સત્તાનું કે રાજ્યનું અભિમાન રાખ્યું નથી પણ અહંભાવને દૂર કર્યો છે તેવા આત્માઓથી ઈતિહાસના પાના ચમકતા આવ્યા છે. જે સત્તાના પ્રલોભનમાં પડયા તેવા સમ્રાટો ધૂળમાં રોળાઈ ગયા.

વસંતપુર નગરના રાજા વિજયસેનના મનમાં રાત-દિવસ આ વાત રમ્યા કરતી હતી. આર્ય સંસ્કૃતિ અને ધર્મ સંસ્કૃતિ તેમને મન પ્રાણ જેવી પ્રિય હતી. રાજા વિજયસેનની રાજ્યધૂરા ખૂબ ન્યાય, નીતિ, પ્રમાણિકતાથી ચાલતી હતી, તેથી પ્રજા પણ ખૂબ સંસ્કારી અને રાજા પ્રત્યે સન્માનની દૃષ્ટિથી જોનારી હતી. પ્રજાને ગમે તે ધંધો કરવાની રાજ્ય તરફથી છૂટ હતી. પ્રજાની વ્યાપાર કુશળતાથી વસંતપુર નગરની જાહોજહાલી દશે દિશાએ ઝળકતી હતી. રાજા સુખી અને પ્રજા પણ સુખી તેથી જાણે એમ લાગે કે રાજા અને પ્રજાની સમૃદ્ધિ એક બીજા સાથે હોડ કરતી ન હોય! તે નગ- રીમાં કોણ શેઠ રહે છે?

**લક્ષાધિપતિ શેઠ બસે કંઈ કરે શુદ્ધ વ્યાપાર**
**સત પીઢિયા સાહૂકાર જહાં પર સાગરદત્ત સુખકાર**

તે નગરમાં સાગરદત્ત નામે લક્ષાધિપતિ શેઠ વસે છે. તેઓ પણ ખૂબ પ્રમાણિકતાથી, નીતિથી વ્યાપાર કરી રહ્યા છે. આ શેઠને ત્યાં ધન વૈભવનો પાર નથી. અઢળક પૈસો છે. ધનની સાથે ધર્મનું સ્થાન પણ શેઠના જીવનમાં મોખરે હતું. આવા ધર્મપરાયણ શેઠ વિજયસેન રાજાને પોતાના સગાભાઈ કરતાં પણ અધિક પ્રિય હતા. રાજદરબારમાં તેમનું ખૂબ માન હતું. રાજા સમજતા હતા કે સંસારમાં બીજા સાથ આપનારા ઘણાં મળે પણ ધર્મનો સાથ આપનારા ઓછા મળે. સાગરદત્ત શેઠ રાજાને ધર્મનો સાથ આપનારા હતા. રાજાનો શેઠ પ્રત્યે ખૂબ આદરભાવ હોવા છતાં શેઠ ક્યારે પણ છલકાતા નહિ કે અભિમાન લાવતા નહિ, પણ ગંભીરભાવને ધારણ કરી રાજાને માર્ગદર્શન આપતા. કાર્યદક્ષતા અને હૃદયની એકતા બતાવતા. શેઠની રાજા સાથેની સુદૃઢ પ્રીતિમાં મુખ્ય કારણ ધર્મ સંસ્કૃતિથી રંગાયેલ સદાચારની ભાવના હતી.

આ શેઠને મન તો માન–અપમાન બંને સરખા હતા. સત્ય વાત કહેતા રાજાથી પણ ડરતા નહિ, અને ધર્મ માટે પ્રાણ દેતા અચકાતા નહિ. સાગરદત્ત શેઠ રાજ્યની એક ગૌરવશાળી વ્યક્તિ ગણાતી. શેઠ કીર્તિમાં જેવા આબાદ હતા તેવી તેમની સંપત્તિ હતી. સાગરદત્ત શેઠને તારામતી નામે શેઠાણી હતા. તે સ્વભાવે ખૂબ સરળ હતા. "યથા નામ તથા ગુણ" જેવા નામ તેવા તેમનામાં ગુણો હતા. તારામતીના જીવનમાં જેમ આકાશમાં તારા શોભે તેમ સદ્‌ગુણો રૂપી તારા શોભી રહ્યા હતા અને ગુણ, શીલ અને સૌંદર્યના સંગમથી મનોહર એવી તારામતી તે શ્રેષ્ઠીના ગૃહસંસારને શોભાવી રહી હતી. આટલું હોવા છતાં તેના જીવનમાં ગર્વ તો હતો જ નહિ. અખૂટ સંપત્તિ અને સૌંદર્ય મળ્યા હતા. છતાં જીવનમાં ઉદ્ધતાઈ ન હતી. અવિવેક અને અસભ્યતાએ તો ક્યારે ય પણ તેના જીવનમાં સ્થાન લીધું ન હતું. તેની સાહેલીઓ સાથે ધર્મચર્ચા કરતી પણ ક્યારે ય મશ્કરી કે નિંદા કરતી ન હતી. પતિના પગલે પગલે ચાલતી. તેમને જરાયે દુઃખ થાય તેવું વર્તન કરતી ન હતી. આવી અનુપમ પતિવ્રતા આદર્શ પત્નીને જોઈને સાગરદત્ત શેઠનો આનંદ સમાતો ન હતો. તે ક્યારેક હસીને કહેતા, દેવી! સંસારમાં તારા જેવું સ્ત્રી રત્ન પ્રાપ્ત થવું એ પણ એક પૂર્વ પુણ્યની બલીહારી છે, ત્યારે તારામતી કહેતી, સ્વામી! આપના જેવા ઉદાર, ગંભીર અને ધર્મનિષ્ઠ નરરત્નને મેળવવા બદલ મારા જન્મને હું કૃતાર્થ માનું છું.

સાગરદત્તે કહ્યું–દેવી! સંસારને કૃતાર્થ બનાવવો એ કંઈ અઘરું કામ નથી. જો માનવીનું જીવન સંસ્કાર અને આચારથી ભરપૂર હોય અને અમૃત સરખી જિનવાણીથી હૈયાની ધરતી ભીંજાણી હોય તો દાંપત્ય જીવનમાં સફળતા મળવાની છે. સ્વામી! આપ આવી રીતે સમયે સમયે ધર્મરંગથી રંગાને આપના સુંદર વિચારોની ધારા વહાવશો તો અંતરમાં રહેલ અંધકારનો નાશ થશે ને જીવનની જ્યોત ઝળહળતી રહી મારા જીવનમાં દીવાદાંડી રૂપ બની માર્ગદર્શક બનશે. શેઠ કહે–તારા ધર્મતત્ત્વ તરફની જિજ્ઞાસાને પૂર્ણ કરવા હું તત્પર રહીશ. ધર્મસાધના એ સાચી સાધના છે. તેમાં સમજણ અને શ્રદ્ધાપૂર્વકનો ધર્મ, સંસારમાં નંદનવન ઉભું કરી દે છે.

સંસારની તમામ સામગ્રીઓની સાનુકૂળતા, યુવાની અને સૌંદર્યની અનુપમ બક્ષીસ હોવા છતાં બંનેના જીવનમાં મર્યાદા અને સંતોષ ખૂબ હતા. વૈભવમાં દિવસો પસાર કરવા છતાં જીવનના પાથેય રૂપ ધર્મને કદી ભૂલતા ન હતા. પાપોનું પ્રક્ષાલન કરવા હંમેશા પ્રતિક્રમણ તથા ચૌવિહાર કરતા. સામાયિક કર્યા સિવાય સંસારનું એક પણ કામ કરતા નહિ. સાધર્મિક ભક્તિ, પરોપકાર અને સંતસેવા એ તેમના મુખ્ય ગુણો હતા. આંગણે આવેલા અતિથિને કોઈ દિવસ પાછા મોકલતા નહિ. આ રીતે સાગરદત્ત શેઠ અને તારામતી શેઠાણી આનંદથી દિવસો પસાર કરી રહ્યા છે. હવે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે.

## વ્યાખ્યાન નં-૭

**અષાડ વદ ૬ ને બુધવાર** **તા-૨૨-૭-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! વાત્સલ્ય વારિધિ, પ્રેમના પયોદધિ, ગુણનીધિ સર્વજ્ઞ ભગવંતોએ આપણા જેવા બાલજીવો માટે આગમ વાણીની પ્રરૂપણા કરી. પ્રાચીન ભારતીય વાણીમાં જૈન આગમ સાહિત્યનું ખૂબ વિશિષ્ટ અને મહત્ત્વપૂર્ણ સ્થાન છે. જૈન આગમ સાહિત્ય માત્ર કલ્પનાનું ઉડ્ડયન નથી. કેવળ ભૌતિક વિલાસ નથી, મત-મતાંતરોના ખંડન મંડનની તર્કજાળ નથી પણ તે છે જ્ઞાન સાગરના મંથનથી ઉત્પન્ન થયેલ જીવનસ્પર્શી અમૃતરસ. એમાં ત્યાગ વૈરાગ્યનું અખંડ તેજ ચમકે છે. આત્મસાધનાનો અમર સ્વર ગૂંજે છે. અને માનવીય સદ્ગુણોના પ્રતિષ્ઠાનની મોહક સુગંધ મ્હેકે છે. આગમ માત્ર દર્શન શાસ્ત્ર નથી, પણ સાધના શાસ્ત્ર છે. જૈન આગમોના પુરસ્કર્તા માત્ર દાર્શનિક નથી. તેઓ સાધક પણ હતા. તેમણે પોતાના જીવનનો ઘણો ભાગ સાધનામાં વ્યતીત કર્યો છે. આગમમાં જેટલી ઉંચાઈથી (મહત્તા) સાધનાનો વિચારપક્ષ બતાવ્યો છે તેટલી મહત્તા પર તેનો આચારપક્ષ પણ ઉપસ્થિત કર્યો છે. આગમમાં બતાવ્યું છે કે સાધક કેવી રીતે ચાલે? ઉભો રહે, બેસે, ખાય, બોલે, કેવી રીતે જીવનની દિનચર્યા કરે, જેથી આત્મા પાપથી લેપાય નહી ને ભવભ્રમણમાં ભટકે નહિ. આ વાત બીજા દર્શનોમાં મળવી દુર્લભ છે, માટે આગમનું જ્ઞાન મેળવો. જેમ જેમ જીવ જ્ઞાન ભણતો જાય તેમ તેમ તે પાપથી અટકતો જાય. જ્ઞાન તો અંધકારમય જીવનમાં પ્રકાશનું કામ કરે છે. મહાપુરૂષો કહે છે કે "अज्ञानमेव महाकष्टम्।" અજ્ઞાન એ મહાકષ્ટ છે. અજ્ઞાનના જેવું બીજું કષ્ટ નથી. જ્ઞાન જેવું બીજું સુખ નથી.

આજે નવતત્ત્વાદિના વિષયમાં જીવ અજાણ હોય તો એ અજ્ઞાન ખટકતું નથી. વ્યવહારિક જ્ઞાન મેળવવાની જેટલી લગની છે તેટલી ધાર્મિક જ્ઞાન મેળવવાની નથી. અરે! અભણ મા-બાપ પણ છોકરાઓની શક્તિની ઉપરવટ થઈને તેમને ભણાવવા મથે છે. પોતાના સંતાન થોડા મોટા થાય એટલે એ અજ્ઞાન ન રહે તેની કેટલી કાળજી રાખો છો? તેટલી ધાર્મિક જ્ઞાન માટે રાખો છો? વ્યવહારમાં જીવને અજ્ઞાન કેટલું ડંખે છે? તાર આવે અને એ વાંચતા ન આવડે તો દુઃખ થાય ને? ધર્મની બાબતમાં એવું થાય છે? ના.

મિથ્યાત્વને દૂર કરવા માટે જીવાદિ તત્ત્વોના સ્વરૂપના જ્ઞાતા બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. અભણુ માબાપને જયારે સમજાય કે આપણે અભણુ રહ્યા તે મોટી ભૂલ કરી છે તેથી છોકરાને ભણુાવવાની ચિંતા કરે છે. ઇંગ્લીશ નહિ ભણેલો બાપ છોકરાને ઇંગ્લીશ ભણાવે છે. જો છોકરો બરાબર ભણતો ન હોય તો બાપ શું કહે? હું ઈંગ્લીશ ભણ્યો નહિ તેથી પેઢીનો વ્યવહાર બીજા પાસે કરાવવો પડે છે. કાંઈ લખવા વાંચવાનું હોય તો બીજાની રાહ જોવી પડે છે, અને ત્રીજા પાસે પેઢીની ખાનગી વાત ખુલ્લી થઇ જાય છે. માટે કહું છું કે તમે ધ્યાન દઈને ભણો કે-જેથી તમારે એવો વખત ન આવે. અમને તો ભણાવનાર ન મળ્યા તેથી અભણુ રહ્યા પણ તમને આટલી સગવડ છે, છતાં આટલા બધા બેદરકાર કેમ રહો છો? તત્વજ્ઞાનના વિષયમાં તમને આવું થાય છે ખરું? ના, પિતાથી અંગ્રેજી ભણાયું નહિ તેનું જેટલું દુઃખ છે તેટલું દુઃખ ધાર્મિક જ્ઞાન નથી મળ્યું એનું છે? ઇંગ્લીશના ભણતરની જેટલી જરૂર લાગે છે તેટલી જરૂર તત્વજ્ઞાનની લાગે છે? જો ખરેખર ધર્મનો રંગ લાગ્યો હોત તો તત્વજ્ઞાન મેળવવાની મહેનત કરી હોત, પણ હજુ ધર્મનો રંગ લાગ્યો નથી. સંતાનો તત્ત્વજ્ઞાનથી રહિત રહે છે એમાં દોષ માબાપનો છે. હજુ પણ માબાપને એ દોષ બહુ દોષરૂપ લાગતો નથી, કારણ કે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની તાલાવેલી જેવી જાગવી જોઇએ તેવી તાલાવેલી જાગી નથી. હવે તત્ત્વજ્ઞાન પર રૂચિ જગાડો, પ્રેમ જગાડો, તો તત્ત્વજ્ઞાનના અમૃત ઘૂંટડા પી શકશો.

તત્ત્વજ્ઞાનના અમૃત પીણા પાનાર એવા શાસનપતિ ભગવાને પોતાના અંતિમ સમયે જ્ઞાનના મીઠા મધુરા ઝરણાં વહાવ્યાં. ભવ્ય જીવોએ તે અમૃત ઘુંટડાનું આસ્વાદન કર્યું, આપણે ઉત્તરાધ્યયન સૂત્રના સાતમા અધ્યયનની વાત કરી. જ્યાં આસક્તિ છે ત્યાં દુઃખ છે. ને અનાસક્તિ છે ત્યાં સુખ છે. બોકડો મીઠા ખાણામાં આસક્ત બન્યો તો મૃત્યુના શરણે થયો. માટે અનાસક્ત ભાવ કેળવો. શાસ્ત્રમાં માટીના બે ગોળા આપીને સમજાવ્યું છે. એક ભીની માટીનો ગોળો ને બીજો સૂકી માટીનો ગોળો. ભીની માટીનો ગોળો ભીંત પર ફેંકયો તો તે ચોંટી ગયો અને સૂકી માટીનો ગોળો ફેંકયો તો ભીંતે અથડાઇને પાછો આવ્યો. તમારે કોના જેવું બનવું છે? સૂકી માટીના ગોળા જેવું કે ભીની માટીના ગોળા જેવું?

एवं लग्गन्ति दुम्मेहा, जे नरा कामलालसा।
विरत्ता उ न लग्गन्ति, जहा सुक्के उ गोलए ॥

ઉ. અ. ૨૫ ગા. ૪૩

જે મનુષ્ય દુર્બુદ્ધિ અને કામભોગમાં આસક્ત છે તે વિષયોમાં ચોંટી જાય છે, અને કામભોગથી વિરક્ત આત્મા સૂકા ગોળાની જેમ ચોંટતો નથી. જ્યાં આસક્તિ છે ત્યાં સંસાર છે ~~સમવાપણું~~ છે. કહ્યું છે કે—

પહેલા બીજા દેવલોકમાં રહેલા દેવો પૃથ્વી, પાણી, વનસ્પતિ, મનુષ્ય ને તિર્યંચ એ પાંચ દંડકમાં જાય છે. મનુષ્ય તિર્યંચમાં આવે તો ઠીક પણ પૃથ્વી, પાણી, વનસ્પતિમાં શા

માટે આવે છે? દેવલોકમાં રહેલા હીરા, માણેક, રત્નો તથા વાવડીમાં ને સારી વનસ્પતિમાં આસક્તિ રહી જાય છે તેથી દેવપર્યાયને છોડીને પૃથ્વી પાણી વનસ્પતિમાં આવવું પડે છે. આસક્તિ છોડો ને અનાસક્ત ભાવ લાવો. બોકડો ખાવામાં આસક્ત બન્યો તો તેના ગળા પર છરો ફર્યો, તેમ જે જીવો રંગભોગમાં, વિષયોમાં આસકત બનશે તેને કર્મના ઘા વેઠવા પડશે; માટે કર્મથી બીઓ, પાપનો ડર રાખો. એક ન્યાય આપું.

રાજાના રજવાડામાં એક રકાબી હતી. એ રકાબી એવી કે રાજા જમવા બેસે ત્યારે પહેલા વારાફરતી બધું રકાબીમાં મૂકવાનું. જો રકાબી ખખડવા મંડે તો રાજા સમજી જાય કે આ વસ્તુમાં ઝેર છે અને જો ન ખખડે તો સમજે કે આ નિર્વિષ છે. રાજાઓને બીક ઘણી હોય. રાજા પ્રત્યે કોઈ ઈર્ષાના કારણે ને રાજસત્તાના લોભે તેમનું મૃત્યુ કયારે થાય તે ઇચ્છતા હોય છે તેથી પોતાની મુરાદ પાર પાડવા કપડામાં, ખાવામાં વિષ નાંખી દે. જેથી કંઈક રાજાઓના મૃત્યુ થયા છે.

રાજાને બે રીતે ભય છે. ખોરાકમાં દુશ્મન કયારે વિષ આપી દે અને કયારે કોઈ ઘા કરે. તેથી ચોકીયાતો સાથે જ હોય. ભગવાન કહે છે કે રાજા રાજપાટ છોડે નહી તો રાજેશ્રી તે નરકેશ્રી, એને નરકના દુઃખો ભોગવવા જવું પડે, એટલે રાજાને આલોકમાં બીક અને પરલોકમાં પણ બીક. રકાબી ખખડે તો રાજા સમજી જાય કે આ આહારમાં વિષ છે. રકાબી ઝેરથી ખખડે તેમ આત્માર્થી, મોક્ષાર્થી જીવો પાપથી ખખડે. જ્યાં પાપની ક્રિયા હોય, પાપમય વર્તન હોય ત્યાં મોક્ષગામી જીવો ખખડી ઉઠે. આ કાર્ય મારાથી નહિ બને. પાપ દેખે ને ધ્રુજે. તે આત્મા તો કહે છે કે મને ગમે તે શિક્ષા કરશો તો વેઠીશ, અરે, સાપના રાફડા પર સૂવાનું કહેશો તો સૂઈ જઈશ પણ હું પાપ તો નહીં જ કરું. આનું નામ ભવભીરૂ, માટે પાપથી પીછે હઠ કરો ને કર્મો બાંધતાં ખૂબ વિચાર કરો.

હવે આઠમા અધ્યયનમાં કપિલ કેવળીની વાત આવે છે. કપિલ બ્રાહ્મણનો દીકરો છે, પણ પછી કેવળી બન્યા તેથી કપિલ કેવળી કહેવાયા. પાપી કયારે પુનિત બને છે તે ખબર નથી પડતી. આ અધ્યયનની પ્રથમ ગાથામાં ભગવાને સંસારનું વર્ણન કર્યું કે આ સંસાર કેવો?

"अधुवे असासयम्मि, संसारम्मि दुःखपउराए ॥"

હે જીવો! આ સંસાર અધ્રુવ છે પણ ધ્રુવ નથી. અશાશ્વત છે, પણ શાશ્વત નથી અને દુઃખનો દરિયો છે. આવા અધ્રુવ સંસારમાં જીવન પણ ધ્રુવ નથી અને તેના કાર્યો પણ ધ્રુવ નથી. સંસારને દુઃખનો દરિયો અથવા દુઃખ રૂપ શાથી માનીએ છીએ? તેનું કારણ એ છે કે તે સાંસારિક વિષયોને સંસાર કહ્યો છે અને સાંસારિક સુખોપભોગ આ માને ભયંકર દુઃખો ઉત્પન્ન કરાવનાર છે. વિષય ભોગોનો આધાર સંસાર છે અને વિષયભોગો આધેય છે. વિષયભોગોની ભયંકરતાથી સંસાર પણ ભયંકર મનાય છે. જેવી રીતે ચોરોની પલ્લી પોતે ભયંકર નથી હોતી, પણ ચોરોના કારણથી તે ભયંકર મનાય

છે. તે રીતે વિષયોના કારણોથી સંસાર ભયંકર મનાય છે. કવિઓએ આ સંસારને રાક્ષસની ઉપમા આપી છે.

अविद्यायां रात्रौ चरति वहने मूर्ध्नि विषमं ।
कषाय व्यालौघं क्षिपति विषयास्थीनि च गले ॥
महादोषान् दन्तान् प्रकटयति वक्र स्मर मुखो ।
न विश्वासोर्होऽयं भवति भव नक्तंचर इति ॥

આ સંસાર નક્તંચર-રાત્રિચર એટલે રાત્રિને વિષે ફરનાર રાક્ષસ છે, કારણ કે તે રંકથી રાજા સુધી સર્વનું ભક્ષણ કરનાર છે. તેથી તે વિશ્વાસ રાખવા યોગ્ય નથી. વળી તે રાક્ષસ અજ્ઞાનદશારૂપી રાત્રીમાં સ્વેચ્છાએ ફરે છે તથા તે રાક્ષસ મસ્તક પર ભયંકર એટલે જેનો વિષ વેગ ઉતરી ન શકે તેવા ક્રોધાદિક કષાયો રૂપી સર્પોનાં સમૂહને ધારણ કરે છે. કષાયવાળાને સંસાર દુઃખપ્રદ થાય છે તથા વિષયો રૂપી અસ્થિની માળાને તે ગળામાં ધારણ કરે છે. વિષયી પુરુષોને સંસાર ગળે લાગેલો છે. તે જીવહિંસા, મોટા આરંભો, પરસ્ત્રીગમન આદિ નરકને આપનારા મહાદોષો રૂપી દાંતોને પ્રગટ કરે છે. એટલે કે વિકરાળ રૂપ દેખાડવા માટે મુખ ઉઘાડીને બતાવે છે. તે વક્ર એટલે વિષમ સ્વભાવને કારણે વિકરાળ કામદેવ રૂપી મુખને ધારણ કરે છે. આવા પ્રકારનો સંસાર રૂપી રાક્ષસ વિશ્વાસ કરવા યોગ્ય નથી. આવા સંસારમાં રાચવા જેવું નથી.

કપિલનો બાપ પુરોહિત હતો તે રાજાનો માનનીય હતો. જે ભણેલો ગણેલો હોય તે બધે પૂજાય છે. "स्वदेशे पूज्यते राजा, विद्वान् सर्वत्र पूज्यते ।" રાજા પોતાના દેશમાં પૂજાય છે. જ્યારે વિદ્વાન બધે પૂજાય છે. ભોજરાજાના દરબારમાં કાલીદાસ પંડિત હતા. ૫૦૦ પંડિતોમાં તે મુખ્ય હતા. કોઈ તેમને હરાવી શકે નહિ. એવા ડાહ્યા બુદ્ધિશાળી પંડિત પાસે એક દુઃખી પંડિત આવ્યો. આ જ્ઞાનથી પંડિત ન હતો. પણ તેની અટક પંડિત હતી. નામ મઝાનું હીરાલાલ, મોતીલાલ હોય પણ હીરા-મોતીના તો દર્શન પણ કર્યા ન હોય. તેવા નામની શી વિશેષતા? અહીં આ પંડિતજી ભણેલા ન હતા. પણ અટકથી પંડિતજી કહેવાતા, પણ પોતાના દુઃખને દૂર કરવા આવ્યા હતા. તે કાલીદાસ પંડિતજી પાસે થોડું ભણ્યા, પણ સભાજનોને રીઝવવાનો સમય આવ્યો ત્યારે જ્ઞાનતંતુ નબળા પડી ગયા. આજીવિકા ચલાવવાનું સાધન રહ્યું નહિ. ઘેર ગયા ત્યારે પત્ની કહે છે, કમાવવાની ત્રેવડ નહોતી તો ઘોડે ચઢીને આવ્યા હતા શું કરવા? પૂર્વના પુણ્યોદય હોય તો ગુણવાન પત્ની મળે અને પાપનો ઉદય હોય તો કર્કશા પત્ની મળે.

કપિલના પિતા મરણ પામ્યા, અને કપિલ ભણ્યો નહી. કપિલના પિતાના સ્થાને બીજો પુરોહિત આવ્યો. એક વાર તે પુરોહિત ઘોડે બેસીને જઈ રહ્યો છે. તેને જોઈને કપિલની માતાની આંખમાં આંસુ આવી ગયા. કપિલ પૂછે છે, માતા! આંખમાં આંસુ કેમ છે? બેટા, પેલો પુરોહિત ઘોડે બેસીને જાય છે. જો તું ભણ્યો હોત

તો એ પુરોહિતનું પદ તને મળત ને? તું અભણ રહ્યો ત્યારે મારે આંસુ પાડવાનો સમય આવ્યો ને? દીકરાની આંખ ઉઘડી ગઈ.

પિતના મિત્ર પંડિત ઈન્દ્રદત્તે કહેવડાવ્યું કે તમે કપિલને ભણવા મોકલો, પણ જમવાની વ્યવસ્થા કેવી રીતે કરવી? એક શેઠને ત્યાં જમવા જવાનું નક્કી કર્યું. કપિલ ભણવા ગયો. શેઠને ઘેર જમવા જતો. તેમના ઘરની એક દાસી જે કપિલને રોજ જમાડતી હતી તેની સાથે કપિલને ગાઢ સંબંધ બંધાયો. ભગવાને કહ્યું છે કે એકાંત સ્થાન બહુ ખરાબ છે. સો વર્ષની ઘરડી ડોશી હોય, જેના હાથ, નાક, કાન કપાઈ ગયા હોય એવી સ્ત્રીનો પણ એકાંતમાં સંગ ન કરવો. કારણ કે બ્રહ્મચારી આત્માને સદા સ્ત્રીના સંસર્ગનો ભય હોય છે.

**જેમ કુકંટ બચ્ચાને, બિલાડીનો સદા ભય;**
**તેમ છે બ્રહ્મચારીને, સ્ત્રીના સંસર્ગનો ભય.**

જેમ કુકડાના બચ્ચાને બિલાડીનો સદા ભય હોય છે તેમ બ્રહ્મચારી આત્માને સ્ત્રીના સંસર્ગનો ભય હોય છે.

અહીં કપિલને દાસી સાથે ખૂબ સંબંધ થયો. તે વિદ્યાર્થી જીવન વીસરી ગયો અને વિષયમય જીવન જીવવા તૈયાર થયો. કેટલાક સમય બાદ તે દાસીએ કપિલને કહ્યું કે હે સ્વામી! હવે તો હું તમારી પત્ની છું. મારું ભરણપોષણ તમારે કરવું પડશે. આ વાત સાંભળીને કપિલને ખૂબ ચિંતા થઈ. દાસીએ કહ્યું કે અહીંના રાજાને સવારમાં પ્રથમ જે બ્રાહ્મણ આશીર્વાદ આપે છે તેને રાજા બે માસા સોનું આપે છે. તમે સવારમાં વહેલા ત્યાં પહોંચી જાવ તો આપને મળશે. બીજે દિવસે તેની પહેલા બીજા પહોંચી જાય છે. તેથી ત્રીજે દિવસે ચિંતામાં ઉંઘ આવતી નથી. આટલી ચિંતા આત્મા માટે થાય છે? આટલો અજંપો જીવને મોક્ષ માટે છે? હું મોક્ષમાં કયારે જઈશ? બંધનથી મુક્તિ કયારે થાય? વ્યાખ્યાનમાં જલ્દી કયારે પહોંચું? ગાડી કેટલા વાગે ઉપડે છે તે જાણો છો છતાં ત્યાં પહોંચવા માટે કેટલો અજંપો છે? આ જીવન રૂપી ગાડી તો કયારે ઉપડશે તેની ખબર નથી. છતાં જીવ ત્યાં શાંતિથી બેઠો છે. જે ઘડી, પળ જાય છે, તે ફરીને પાછી આવતી નથી. જીવન દીપક કયારે બુઝાઈ જશે તેની ખબર નથી. આજે પેપરમાં શું વાંચ્યું? રાજસ્થાનમાં નદીએ માઝા મૂકી અને ૫૦૦ ગામ ડૂબ્યા. એક ગામ તો સાવ સાફ થઈ ગયું. આ વાંચીએ ત્યારે વિચાર થાય કે આ બધાના જીવ કેવા પાણીમાં ગૂંગળાઈ ગયા હશે? આવા સમયે જીવના પરિણામ કેવા રહે? હોનારતના કિસ્સાઓ પણ આત્માને બોધ આપે છે. હે આત્મા! તું જાગ. તું મનમાં આશાની મોટી મોટી ઈમારતો ચણીને બેઠો છું પણ એ ઈમારતો કયારે જમીનદોસ્ત થઈ જશે, એની ખબર નથી. ભરત મહારાજાએ પોતાના આત્માને જગાડવા માટે એક પગારદાર માણસ રાખ્યો હતો કે જ્યારે હું સિંહાસને બેસું ત્યારે તું બોલજે "ચેત ચેત હે ભરફે રાયા, કાળ ચપેટા દેતા હૈ."

કપિલ અજંપામાં રાત્રે ઉઠયો. કેટલા વાગ્યા છે ખબર નથી. આજે બધા કરતા વહેલો પહોંચી જાઉં. તે તો મધરાતે નીકળ્યો. રાત્રે રાજદરબારમાં પ્રવેશ કરવા જાય છે. પોલીસોએ તેને ચોર માનીને પકડી લીધો. બીજે દિવસે સવારે તેને રાજા પાસે હાજર કર્યો. રાજા પૂછે છે ભાઈ! તારે શા માટે રાત્રે આવવું પડયું? કપિલ થોડી વાર બોલી શકયો નહિ. પછી રાજા પાસે પોતાની બધી સત્ય વાત પ્રગટ કરી દીધી. રાજાના મનમાં થયું કે કપિલે ભૂલ કરી છે, પણ ભૂલને નહિ છૂપાવતા સત્ય વાત કહી દીધી છે તેથી કહ્યું હું તારા પર પ્રસન્ન છું. તારી જે ઇચ્છા હોય તે માંગી લે. તું સત્ય બોલ્યો છે માટે તારો ગુનો માફ. માંગ માંગ. કપિલે કહ્યું થોડો વિચાર કરીને આવું છું. એમ કહી તે બાજુના બગીચામાં જઇને બેઠો. ઘણીવાર સુધી વિચાર કર્યો કે હું શું માંગું? ચાર સોનામહોર માંગુ? ના....ના.... એટલામાં શું થાય? દશ, બાર...ના... વધતાં વધતાં કરોડ સુધી પહોંચી ગયો. બે માસા સોનાને બદલે કરોડો સોનામહોરો માંગવા છતાં સંતોષ ન થયો. મનમાં થયું કે સોનામહોરને બદલે અડધું રાજ્ય માંગુ? અરે! અડધામાંથી આખું રાજ્ય લઈ લેવું, એટલે સુધી પહોંચી ગયો. લોભ સંજ્ઞાનું પ્રબળ જોર કેવું છે?

**जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ ।**
**दो मासकयं कज्जं, कोडिए वि न निट्ठियं ॥१७॥ ઉ. અ. ૮**

જેમ જેમ લાભ વધતો જાય છે તેમ તેમ લોભ વધતો જાય છે. કપિલ બે માસા સોનું લેવા જતાં કરોડો સુવર્ણ મુદ્રિકાથી પણ સંતોષ ન પામ્યા. જ્ઞાનીઓ કહે છે કે જેના હૃદયમાં લોભરૂપી પિશાચે પ્રવેશ કર્યો છે તે શું નથી કરતો? અરે! પોતાના માતા–પિતાની હત્યા કરે, પોતાના પુત્ર અને મિત્રની ઘાત કરે, પોતાના સહોદર ભાઇના પણ પ્રાણ લેતા અટકતો નથી. અરે! લોભના માહાત્મ્યનું વર્ણન કયાં સુધી કરાય? લોભને વશીભૂત બનેલા બાદશાહે પોતાના પુત્રોની આંખો ફોડી નાખી ને હાથ કાપી નાખ્યા. કેટલાક પુત્રોએ રાજ્યના લોભમાં પોતાના જન્મદાતા પિતાને કેદ કરી કારાગારમાં રાખ્યા ને છેવટે તેમના પ્રાણ લીધા. આપ કંસ અને ઉગ્રસેનની વાત જાણો છો ને? કંસે લોભના કારણે પોતાના પિતા ઉગ્રસેનને કેદમાં પૂરી દીધા. પોતાના ભાઇઓને ઝેર આપીને મારી નાખ્યાની ઘટનાઓ પણ બનેલી છે. લોભના કારણે મુનીમ અને નોકરે પોતાના શેઠને મારી નાખ્યા. લોભ બધા પાપોનો સરદાર છે. સુભૂમ ચક્રવર્તી લોભના કારણે સમુદ્રમાં ડૂબી ગયા ને? તૃષ્ણાનો કોઈ પાર નથી. જેમ જેમ મનુષ્યનું જીવન ઢળતું જાય છે તેમ તેમ તૃષ્ણા હરીભરી થતી જાય છે. લોકો ધન ઉપાર્જન કરીને ધનની તૃષ્ણા શાંત કરવાને ઇચ્છે પણ જ્ઞાની પુરુષો કહે છે કે તૃષ્ણાને શાંત કરવા માટે આ ઉપાય બરાબર નથી. જેમ અગ્નિને શાંત કરવા અગ્નિની જરૂર નથી. એ રીતે ધનની તૃષ્ણા ધનથી શાંત થતી નથી. જેમ અગ્નિમાં લાકડા નાંખવાથી અગ્નિ વધુ પ્રજ્વલિત થાય છે, એવી રીતે ધનની પ્રાપ્તિથી ધનની તૃષ્ણા વધે છે.

निःस्वो व्यक्तिः शतं शती दशशतं लक्षं सहस्राधिपो ।
लक्षेशः क्षितिराजतां क्षितिपतिश्चक्रेशतां वांछति ।
चक्रेशः सुर राजतां सुरपति–ब्रह्मा स्पदं वांछति ॥
ब्रह्मा विष्णुपदं हरिः शिवपदं तृष्णावधिं को गतः १ ॥

કંગાલ માણુસ સો રૂપિયાની ઈચ્છા કરે છે. સો રૂપિયાવાળા હજારની ઇચ્છા કરે છે. હજારવાળા લખપતિ બનવાની કામના કરે છે. લખપતિ રાજા બનવાની ઈચ્છા કરે છે. રાજાને રાજ્યથી સંતોષ નથી થતો, તે ચક્રવર્તી બનવાની કામના રાખે છે. ચક્રવર્તીને ઇન્દ્રની પદવી મેળવવાની ઇચ્છા હોય છે અને ઇન્દ્ર તેનાથી પણ મોટા બનવાની ભાવના રાખે છે. કહેવાનો આશય એ છે કે લોભનો ક્યાંય પાર નથી. લોભી માણસને ઉચિત–અનુચિત વાતોનો વિચાર કરવાની શક્તિ નષ્ટ થઈ જાય છે. તે કોઈ રોગીને ઘેર શાતા પૂછવા જાય, તો ત્યાંથી પણ ચોરી કરીને લઈ આવે છે. એક ભાઈ બીજા ભાઈને ઘેર શાતા પૂછવા ગયા. રોગી તો બેભાન અવસ્થામાં હતો. પછી કહેવાનું શું ? ભાઈસાહેબે સમય જોઈને તે રોગીના બંને કાનમાંથી પહેરવાના સોનાના કુંડલ ઉતારીને લઈ આવ્યો. લોભી માણસના પતનની કોઈ સીમા નથી. ધન ધાન્યથી ભરપૂર ભરેલો એવો આ સમગ્ર લોક લોભી માણસને આપી દેવામાં આવે તો પણ તેને સંતોષ થતો નથી. પૃથ્વી પરના તમામ પ્રદેશો, ચોખા, જવ, સોનું તથા પશુઓ પણ એક લોભી મનુષ્યની ઈચ્છા માટે પૂરા પડવાના નથી. અરે, સોના અને ચાંદીના કૈલાસ પર્વત જેટલા અસંખ્ય પર્વતો હોય તો પણ લોભી મનુષ્યને તૃપ્તિ થતી નથી, કારણ કે ઇચ્છાઓ આકાશની જેમ અનંત છે.

જ્ઞાનીપુરૂષો કહે છે કે લોભી માણસ ગમે તેટલા પાપો, અધર્મ કરીને અઢળક લક્ષ્મી ભેગી કરે પણ મરણ સમયે શું તે તેની સાથે જવાની છે? તેને મૃત્યુના મુખમાંથી બચાવી શકવાની છે? ના... ના.... ત્યારે તો જીવ એકલો જાય છે. સોનું તિજોરીઓમાં રહી જશે. ઝવેરાત ડબ્બાઓમાં ભરેલું રહી જશે. ચાર જણા ઉપાડીને લઈ જશે ત્યારે માત્ર એક ચાદર જ ઉપર નાખશે. શરીર પરથી વસ્ત્રાભૂષણ ઉતારી લેશે. સાથે જનાર હોય તો માત્ર શુભાશુભ કર્મો. માટે લોભ ઉપર વિજય મેળવવાની જરૂર છે. ૧૧ મા ગુણસ્થાનક સુધી ચઢેલા આત્માને પણ પછાડનાર હોય તો લોભ છે, માટે લોભનો ત્યાગ કરી સંતોષના ઘરમાં આવો. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાં ગૌતમ સ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો હે પ્રભુ! લોભ विजएणं भन्ते जीवे किं जणयइ ? લોભ પર વિજય મેળવવાથી જીવને શું લાભ થાય છે? ભગવાને કહ્યું લોભ विजएणं संतोसं जणयइ, લોભवेयणिज्जं कम्मं न बन्धइ, पूव्वबध्धं च निज्जरेइ। લોભ ઉપર વિજય મેળવવાથી જીવને સંતોષની પ્રાપ્તિ થાય છે. લોભ ઉપર જે વિજય મેળવે છે તે વેદનીયકર્મનો બંધ કરતો નથી, અને પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરા કરે છે.

આપણે વાત ચાલે છે કપિલની. કપિલ બે માસા સોનું લેવા ગયો. પણ તેનો લોભ વધતાં વધતાં ક્યાં સુધી વધ્યો? રાજાનું સારું રાજ્ય માંગી લઉં. જો હું રાજા બનું તો બ્રાહ્મણીને રાણી બનાવી શકું ને? રાજાએ મને વચન આપેલું છે, તેથી તેઓ વચનથી ફરી શકવાના નથી. તો પછી શા માટે રાજ્ય ન માંગું? છતાં તેને સંતોષ ન થયો. છેવટે કપિલની વિચારધારાએ પ્રવાહ બદલ્યો. લોભને બદલે નિર્લોભ વૃત્તિ તરફ વળ્યો. અરરર... રાજાએ પ્રસન્ન થઈને મને માંગવાનું કહ્યું ત્યારે મારી લોભવૃત્તિ ઉત્તરોત્તર કેટલી આગળ વધતી ગઈ. રાજાનું રાજ પણ લેવા તૈયાર થઈ ગયો. ધિક્કાર છે મને! દુનિયામાં ગમે તેટલું માનવ મેળવે પણ જ્યાં સુધી તે સંતોષના ઘરમાં નથી આવ્યો ત્યાં સુધી તે અતૃપ્ત છે. સંતોષ એ આત્માનો ગુણ છે. તે પ્રાપ્ત થઈ જાય પછી બીજા પદાર્થોની શી આવશ્યકતા છે? કપિલે તૃષ્ણાની દિશા બદલી. રાજાને કહે છે, મારે કાંઇ જ લેવાની ઇચ્છા નથી. મારે કાંઈ જોઈતું નથી. કપિલકુમાર નિર્ગ્રંથ બનીને જંગલમાં વિચરતા પાંચસો ચોરોની ટોળી મળી. ચોરોએ ઘેરી લીધા. ત્યાં કપિલમુનિએ તેમને ઉપદેશ આપ્યો. તમારો ચોરીનો ધંધો તમને દુર્ગતિમાં લઈ જશે. દુર્ગતિમાં જતા બચવું હોય તો ત્યાગ-સંયમ અને વિવેકની જરૂર છે. કામભોગ અને પરિગ્રહનો ત્યાગ તમને મુક્તિ અપાવશે, અધ્રુવ, અશાશ્વત અને દુઃખથી ભરપુર એવા આ સંસારથી મુક્તિ મેળવવી હોય તો સંયમ માર્ગ એ શ્રેષ્ઠ માર્ગ છે. તમે ચોરી કરીને ગમે તેટલું ધન મેળવશો તો તે ધન તમારું દુર્ગતિથી રક્ષણ નહિ કરી શકે, માટે કર્મબંધનના હેતુરૂપ બધા પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરો. આવી વૈરાગ્યભરી વાણીથી બધા ચોરોનું હૃદય પરિવર્તન થયું, અને સંસાર ત્યાગી સાધુ બની ગયા. આઠમા અધ્યયનમાં ભગવાને આ ભાવ બતાવ્યા છે. હવે આપણે જેનો અધિકાર લેવો છે એવા નમિરાજનો અધિકાર આવતી કાલથી શરૂ થશે. થોડી વાર ચરિત્ર લઇએ.

**ચરિત્ર:– સોનાના બાજોઠે સ્નાન કરનાર પુણ્યવંતા શેઠ**:–સાગરદત્ત શેઠને ઘેર વૈભવનો કોઈ પાર નથી. ધનની સાથે ધર્મનું પણ જેમના જીવનમાં સ્થાન છે. સંસારી સુખમાં તો કોઈ કમીના નથી. આ શેઠને ત્યાં સાતપેઢીથી અઢળક લક્ષ્મી ચાલી આવી છે. પુણ્યાનુબંધી પુણ્ય હોય ત્યાં સાત પેઢી સુધી લક્ષ્મી ટકી શકે. બાકી એક પેઢી સુધી પણ સ્થિર રહેતી નથી. સાગરદત્ત શેઠ લીલાલ્હેર કરી રહ્યા છે. તેમને ત્યાં લક્ષ્મી કેવી હતી?

**સોનારી સિલ્લા પર નહાતા, સોના રા બાજોઠ,**
**સોના રા સબ બર્તન ઘરમેં, નહીં કાગજ રા નોટ.**

સ્નાન કરવા માટે સોનાની શીલા હતી. તેના પર બેસી શેઠ સ્નાન કરતા હતા. તેમને બેસવાનો બાજોઠ પણ સોનાનો હતો. મકાનના બારી બારણા સોનાના અને ઘરમાં વાસણ પણ સોનાના હતા. અત્યારના જેવી કાગળની નોટો ન હતી. પાકું ચલણી નાણું હતું. સોના ચાંદીના સિક્કાનો તો પાર નહીં. જેમને ત્યાં ૫૦૦ તો સોનાના મોટા થાળ

હતા. આપ કલ્પના કરો કે જેને ત્યાં ઘરમાં વાસણ સોનાના હોય, બારીબારણા સોનાના હોય તેને ઘેર સંપત્તિ કેટલી હશે? ગમે તેટલું ધન હોય પણ પોતાની જાતે વાપર્યું હોય એ હું જ પોતાનું. હુકમીચંદ નામે એક અબજપતિ શેઠ હતા. તેમને કોઈ સંતે પૂછ્યું-તમારી સંપત્તિ કેટલી? શેઠે કહ્યું ૨૫ લાખ. શેઠ! આપ તો અબજોપતિ છો ને કહો છો મારી મિલકત ૨૫ લાખની. મિલકત ગમે તેટલી હોય પણ જેટલી આપણા હાથે વાપરશું તે આપણી સાથે આવવાની છે. માટે મારી મિલ્કત ૨૫ લાખની. શેઠજી! તમારે દીકરા કેટલા? એક. તમારે ચાર દીકરા છે ને એક જ એમ કેમ કહો છો? સંતો પાસે અસત્ય બોલાય નહીં, માટે સત્ય બોલજો. મારા ચાર દીકરામાં મારો ધર્મનો વારસો સાચવે એવો એક જ દીકરો છે. બીજા ત્રણ દીકરા તો ધર્મને માનતા નથી, તેથી કહું છું કે મારે એક જ દીકરો છે. મહાપુરૂષો કહે છે કે વાપરે તે ધન અને ધર્મ સાચવે તે દીકરા.

સાગદત્ત શેઠને ત્યાં વૈભવનો પાર નથી. સોનાની શિલા પર બેસીને સ્નાન કરે છે. તેમની પત્ની તારામતી પણ ખૂબ ગુણીયલ અને ડાહી છે. બધા સુખો છે પણ એ બધા સુખોને ઝાંખા પાડે તેવી એક ચિંતા તેમને કોરી ખાય છે. તેમને એકેય સંતાન નથી. દીકરો કે દીકરી કાંઈ નથી. સંતાનની અપેક્ષા એટલા માટે નથી રાખતા કે મારો પુત્ર ગાદીનો વારસદાર થાય, પણ જો સંતાન હોય તો મારો ધર્મનો વારસો સાચવે, મારા ઘરના દ્વાર ખુલ્લા રહે કે જેથી સંત-સતીજીના પગલા થાય. જો દીકરો ન હોય તો મારા ઘરના દ્વાર બંધ થઈ જાય, પછી સંતો મારે આંગણે ક્યાંથી આવે? સંતાન વિનાનો સંસાર શૂન્ય લાગતા તારામતીનું હૃદય ક્યારેક દર્દ અનુભવતું, પણ ધર્મને સમજેલા હોવાથી કર્મની ગતિ વિષમ છે એમ માની તે સંતોષ અનુભવતા. છતાં ખળખળ વહેતા સંસારના વહેણમાં ઝંઝાવાતોના કારણે તે ક્યારેક તણાઈ જતા. ક્યારેક વિચાર વંટોળમાં એવા વ્યાકુળ બની જતા કે સ્ત્રીપણાની ગૌરવતા શું માતૃત્વમાં છે કે જે મને આટલી સતાવી રહી છે? એક બાળક વિના આટલું દુઃખ શા માટે? દુનિયામાં સંતાન વિનાનું જીવન શૂન્ય છે. વંધ્યત્વ એ સ્ત્રીપણાનું કલંક છે. એ ક્યારે ઉતરશે? બાળક વિનાની સઘળી આશા, સંપત્તિ નહિવત્ ગણાય.

**શેઠાણીને આશ્વાસન આપતા શેઠ :** આમ વિચારોમાં સમય પસાર કરી રહ્યા છે. પોતાની વ્યાકુળતા, વ્યથા શેઠના મનમાં ખ્યાલ ન આવે તેવી રીતે તારામતી રહેતી. છતાં ક્યારેક સાગરદત્ત શેઠ તેની વ્યથાને સમજી જતા અને ધર્મના મીઠા મધુરા શબ્દો કહીને સાંત્વન આપતા. દેવી! તું આટલી બધી અધીરી શા માટે બને છે? ધૈર્યના આલંબને અને ધર્મ શ્રદ્ધાના તેજે તારા મનોરથો પૂર્ણ થશે. શેઠના વચનથી તારામતી નિરાશાને ખંખેરી ધર્મમાં વધુ લીન બનતી. છતાં ક્યારેક તેનું અંતર રડી ઉઠતું, ત્યારે સાગરદત્ત શેઠ કહેતા-જીવનમાં રૂપ, આરોગ્ય, પરિવાર, સત્તા વિગેરે સાનુકૂળ સામગ્રી મળવી એ

પૂર્વના પુણ્યની નિશાની છે અને જે નથી મળ્યું તે આપણા પૂર્વકૃત અશુભ કર્મનો ઉદય છે. જીવનમાં જે નથી મળ્યું તે માટે રાત-દિવસ અફસોસ કરવો તે આર્તધ્યાન કહેવાય. આર્તધ્યાનથી જીવ દુર્ગતિમાં જાય છે. ધર્મધ્યાનથી મનવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે. જો સંતાન સંસ્કારી અને ધર્મનિષ્ઠ નીવડે તો સંતાન મળ્યાની સાર્થકતા. એવા સંતાનો માતા-પિતાના કૂળને ઉજાળે છે, અને જો સંતાન સંસ્કારી કે ધર્મિષ્ઠ ન નીવડે તો પોતાનું જીવન બગાડે છે અને માતા-પિતાના નામને, કૂળને લજવે છે. માટે પુત્રના વિયોગથી રાત-દિવસ દુઃખી થવું એ આપણને છાજે નહીં. વળી તું તો ધર્મના સંસ્કાર-વાળી છે. માટે આર્તધ્યાન છોડી ધર્મધ્યાનમાં જોડાઈ જા. ધર્મ પ્રત્યે શ્રદ્ધા છે તો એ શ્રદ્ધા તારી આશા જરૂર પૂરી કરશે. ખરેખર એમ જ બન્યું. શ્રદ્ધાના સહારે જેનો જીવન-રથ આગળ ધપી રહ્યો છે તેનું કાર્ય, તેની આશા જરૂર સફળ થાય છે. તારામતી મધ્યરાત્રે સૂતા છે. પાછલી રાત્રે કંઈક ઉંઘતા ને જાગતા તેમણે એક સ્વપ્ન જોયું. હવે શું સ્વપ્ન જોયું તેના ભાવ અવસરે.

## વ્યાખ્યાન નં.-૮

**અષાડ વદ ૭ ને ગુરુવારે** **તા. ૨૩-૭-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંત ઉપકારી જિનેશ્વર ભગવંતે અનંત ઉપકારની ભાવનાથી પ્રવચન દ્વારા સુષુપ્ત આત્માને જાગૃત કરી જીવનની ઝાંખી કરાવી. જ્ઞાની પુરુષોએ આ જીવનને તાનપુર તંબુરાની ઉપમા આપી છે. તે સ્વર પ્રાપ્તિને માટે અપૂર્વ સાધન છે. તેમાંથી અનુપમ સંગીત પ્રગટ થાય છે. તેમાં પણ ત્રણ તાર હોય છે. જેના સુમેળથી મધુર સંગીત નીકળે છે. તેવી રીતે જીવનના ત્રણ તાર છે. સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર. જીવનમાં આ ત્રણનો સુમેળ થઈ જાય તો તેમાંથી નીકળતું સંગીત પરમ આનંદ આપશે. તે સંગીતની સાધના દ્વારા જીવન પૂર્ણ અને પવિત્ર બનશે, અને શ્રદ્ધાની સરગમથી જીવન સુંદર, મધુર અને પરંપરાથી મોક્ષને આપનાર બનશે. તે ઘણાને પ્રેરણા આપે છે. તે જીવન સદાચારી ગ્રંથ અને પ્રેરણાનું સ્તોત્ર બને છે. તેનું જીવન પાવરહાઉસ જેવું બને છે. જેનાથી પોતાને, પરને અને સર્વને પ્રકાશની પ્રાપ્તિ થાય છે. તેનો પ્રકાશ મળવાથી તેની પ્રવૃત્તિ અને વ્યવહાર પણ આદર્શરૂપ બને છે.

અનુભવીઓએ માનવ જીવનને ઝવેરાતનો ખજાનો કહ્યો છે. આ સાંભળીને તમને વિચાર થશે કે માનવ જીવનને ઝવેરાતનો ખજાનો શા માટે કહ્યો હશે? આ જીવનમાં એવું તે શું છે? હું આપને સમજાવું. તમે બજારમાં તો ઘણીવાર ગયા હશો. જ્યાં કાપડ વેચાતું હોય, કાપડની દુકાનો હોય એને કાપડ બજાર કહેવાય. ઝવેરીની દુકાનો હોય તેને ઝવેરી બજાર કહેવાય. કરિયાણાની દુકાનો હોય તો કરિયાણા બજાર ને જ્યાં વાસણની દુકાનો હોય એને કંસારા બજાર કહેવાય છે. તમે ઝવેરીની દુકાને જઈ દૃષ્ટિ કરશો તો શોકેશમાં સોના, ચાંદી, હીરા અને મોતીના દાગીના સુંદર રીતે ગોઠવેલા હોય છે કે

એને લેવાનું મન થઈ જાય. અમારી બેનો નવી ડીઝાઈનની સાડીઓ જુએ, દાગીના દેખે તો લેવાનું મન થાય. ખાવાપીવાની નવી વસ્તુ અથવા શોકેશમાં રાખવાના નવા રમકડા દેખે તો એ લેવાનું મન થાય છે તો આ ભગવાનની પેઢીએ આવો ત્યારે કંઈ લેવાનું મન થાય છે? જેમ દુકાનોમાં જાત જાતની વિવિધ વસ્તુઓ હોય છે તેમ આ માનવ–જીવનમાં અનેક જાતજાતની વસ્તુઓ મળે છે. આ જીવનમાં સૌથી મોંઘામાં મોંઘા પાંચ મહાવ્રત રૂપી રત્નો છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપી સોનાના દાગીના છે. બાર વ્રત રૂપી મોતીના દાગીના છે, અને સત્ય સદાચાર, નીતિ, પરોપકાર ભાવના, ક્ષમા, દયા, નિર્લોભતા રૂપી ઓછી કિંમતના રત્નો છે. આ રીતે આ માનવજીવનમાં જાત જાતના કિંમતી માલ ભરેલા છે. તેથી તેને ઝવેરાતનો ખજાનો કહ્યો છે. તમારા રત્નો, મોતી, દાગીના નાશવંત છે. એના પ્રત્યેની મૂર્છા જીવને દુર્ગતિમાં લઈ જાય છે. જ્યારે માનવ–જીવનમાં રત્નોનો જે ખજાનો ભરેલો છે તે શાશ્વત છે એ શાશ્વતની સાધના કરવાથી જીવ શાશ્વત સુખને મેળવી શકે છે. આ ખજાનામાં સૌથી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સંયમ છે. સંયમની સાધના વિના સિદ્ધિ નથી. ત્રણ કાળમાં પણ સંયમ વિના શાશ્વત સુખ મળવાનું નથી.

આ માનવ જીવનમાં જો કંઈ પણ સાધના થશે નહિ તો પાછળથી પસ્તાવાનો પાર નહીં રહે. ઝવેરી દુકાનનું ધ્યાન રાખે નહિ અને બેદરકાર રહે, તો કયારેક તેનો કિંમતી માલ પણ લૂંટાઈ જવાનો પ્રસંગ આવે છે, તેમ આ જીવનમાં પણ જીવાત્મા સાધના કરવામાં બેદરકાર રહે, તો તેનો ખજાનો પણ કષાયો રૂપી ડાકુઓ દ્વારા લૂંટાઈ જવાનો ભય રહે છે. એક વખત બાદશાહ વજીરના કાર્યોથી તેના પર ખૂબ પ્રસન્ન થયા અને પ્રસન્ન થઇને કિંમતી દુશાલો આપ્યો. વજીરે તે દુશાલાનો ઉપયોગ શું કર્યો? તેનાથી તેણે નાક સાફ કર્યું. કોઈકને આ વાતની ખબર પડી ગઈ. તેણે જઇને રાજાને આ વાતની ફરીયાદ કરી. આ સાંભળી બાદશાહ તો તેના પર ખૂબ ગુસ્સે થયા અને વજીરને નોકરી-માંથી કાઢી મૂકયો. આ ન્યાય આપણા પર ઘટાવવો છે. વાત તો સાવ નાની છે પણ સમજવા જેવી છે. મહાન પુણ્યના ઉદયે આ મનુષ્ય જન્મ રૂપ દુશાલો મળ્યો છે. તેનાથી આપણે વજીરના જેવું તો નથી કરતાને? જો આ જન્મમાં પાપનું, અધર્મનું આચરણ કરવામાં આવે તો કર્મો પણ આ મનુષ્ય જન્મમાંથી બરબાદ કરી દેશે ને નરક–તિર્યંચ ગતિમાં મૂકી દેશે.

જન્મની સાર્થકતા શેમાં છે? એ વાત આપણે બરાબર જાણી લેવી જોઇએ, કારણ કે એ જાણવાથી આપણને રસ્તો સમજાઈ જાય છે. જિંદગીની સાર્થકતા શેમાં છે તે સમ-જાવવા માટે જગતના મહાપુરુષો, તીર્થંકર ભગવંતો અને ધર્મશાસ્ત્રો કહે છે કે મનુષ્યે પોતાની પૂર્ણતાએ પહોંચવું, આત્માનો પૂરો વિકાસ થવા દેવો તથા તેને કર્મબંધનમાંથી મુક્ત કરવો એમાં સાચી સાર્થકતા સમાયેલી છે. ધર્મના સ્વરૂપને જાણ્યા વિના ગાડરીયા પ્રવાહથી જેમ સંસારમાં ચાલ્યા કરવું તેનું નામ જિંદગીની સાર્થકતા નથી પણ, જીવનને

પવિત્ર બનાવવું, કિંમતી બનાવવું, નિઃસ્પૃહ જીવન જીવવું, જ્ઞાન, દર્શન, ચારિત્રના શણગારથી શણગારવું અને પોતાના સ્વ સ્વરૂપમાં ઠરવું એ જ જીવનની સાચી સાર્થકતા છે.

આત્મ સ્વરૂપને નહિ જાણનારા, તત્ત્વને નહિ પિછાણનારા એવા અજ્ઞાની જીવો એમ માને છે કે હું કરોડપતિ બની જાઉં, મોટા બંગલા બંધાવી લઉં, સંસારી સુખના સાધનો વસાવી લઉં, એટલું મળે તો મારું જીવન સફળ. આ નાશવંતા સુખો મેળવવા મથતો જીવ કેટલા કષ્ટો વેઠે છે, પણ એને ખબર નથી કે હું જે સુખની પાછળ દોડી રહ્યો છું, ભટકી રહ્યો છું તે સુખ સાચું નથી.

મહાપુરૂષો આપણી ચેતનાને જગાડવા કહે છે હે જીવ! જે સુખ તું જગમાં શોધી રહ્યો છું, એ તો સુખ નથી, પણ સુખનો આભાસ છે. સાચું સુખ તો તારા આત્મામાં છે. કોઈ બેનની સોય ઓરડામાં ખોવાઈ ગઈ હોય અને તે રોડ પર શોધે તો શું તેને તે સોય મળે ખરી? ન મળે. આચારંગ સૂત્રમાં ભગવાન બોલ્યા છે કે આત્મા અનંત શક્તિ સંપન્ન છે. અક્ષય સુખ તારી અંદર ભર્યું છે. તું જે સુખ માટે ફાંફા મારી રહ્યો છું તે સુખ તારામાં છે. જેવી રીતે કસ્તુરીયો મૃગ પોતાની નાભીમાં રહેલી સુગંધથી આકર્ષાઈને તેને મેળવવા માટે છલાંગો મારતો કૂદે છે. સારા વનમાં ઘૂમે છે પરંતુ સુગંધનું પ્રાપ્તિસ્થાન તેને મળતું નથી. પાણીથી તરફડતો પણ સુગંધને શોધે છે, પણ તે અજ્ઞાન મૃગ એ જાણતો નથી કે જે સુગંધ માટે હું આટલી મહેનત કરું છું, દોડા દોડ કરું છું, તે સુગંધ તો મારામાં છે. એ સુગંધનું ઉદ્ગમ સ્થાન હું જ છું. મારી સુગંધથી જ સારું વન મહેંકી રહ્યું છે. તે લેવા હું બહાર શોધું છું. તો મને કેવી રીતે મળે? જે ચીજ અંદર છે તે બહારથી કેવી રીતે મળે? એ રીતે આત્મા રૂપી મૃગલો પોતાના સુખમય સ્વરૂપને ભૂલી ગયો છે અને બહારથી સુખ મેળવવાની આશા રાખે છે, પણ જે આત્માની વસ્તુ છે તે બહારથી કેવી રીતે મળી શકે? જીવ પોતાના અનંત સુખમય સ્વરૂપને ભૂલીને જેમ જેમ બાહ્ય પદાર્થોનું શરણ લે છે તેમ તેમ તે વાસનામાં ફસાતો જાય છે અને પોતાના સ્વરૂપથી દૂર થતો જાય છે. નશ્વર પદાર્થોમાં અને દુઃખરૂપ વિષયોમાં સુખ શોધવું એ અજ્ઞાન છે. એટલા માટે શાસ્ત્રકારે આત્મ શક્તિનું ભાન કરાવવાને માટે સાધકને કહ્યું છે.

**पुरिसा! तुम मेव तुमं मित्तं, किं बहिया मित्त मिच्छसि?**

તું જ તારો મિત્ર છે. તું બહારના મિત્રોની ઈચ્છા શા માટે કરે છે? તારી શક્તિનું આત્મદર્શન કર. તારામાં તને અનંત શક્તિનો સાગર લહેરાતો દેખાશે. આત્મા પોતાનો મિત્ર છે. આ કથનનો આશય એ છે કે આત્માની શુભ પરિણતિ મિત્રનું કામ કરે છે. અશુભ પરિણતિ શત્રુનું કામ કરે છે. શુભ પરિણતિ શુભ કર્મોનું બંધન કરે છે. તે કર્મોનો ઉદય સુખરૂપ હોવાથી મિત્ર છે. અને અશુભ પરિણતિ અશુભ કર્મોનું બંધન કરે છે. તે કર્મોનો ઉદય દુઃખરૂપ હોવાથી તે શત્રુ છે, આત્મ પરિણતિને અહીં આત્મા કહેવાય છે. ગીતામાં પણ કહ્યું છે કે,

उद्धरेयात्मनाऽऽत्मानं नात्मानमवसा दयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥

ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું હે અર્જુન ! તમે તમારા ઉદ્ધારક છો, મનુષ્યે એ વિચારવું જોઈએ કે પોતાનો ઉદ્ધાર તે પોતે જ કરે ને પોતાની અવનતિ પણ પોતે કરે. કારણ કે દરેક મનુષ્ય સ્વયં પોતે પોતાનો બંધુ છે, અને સ્વયં પોતાનો શત્રુ છે. માટે બહારથી સુખની આશા રાખવી વ્યર્થ છે. માતા-પિતા, પુત્ર, પત્ની, ભગિની, ગાડી, વાડી, ધનમાં સુખ માને છે. પણ તેમાંથી તેને કયારે ય સુખ મળવાનું નથી. છતાં સુખ મેળવવા માટે "अहो य राओ य परितप्प माणे काला काल समुट्ठाइ" રાતદિવસ ચિંતા કરતા થકા, કાળ અકાળની પરવાહ નહિ કરતા કુટુંબ અને ધનાદિમાં લુબ્ધ બનીને વિષયોમાં ચિત્ત જોડીને, કર્તવ્ય અને અકર્તવ્યનો વિચાર કર્યા વગર નિર્ભયતાથી સંસારના કાર્યો કરે છે. ધન પ્રાપ્ત કરવા પોતાના શરીરની પણ પરવાહ નથી કરતા. કાલ-અકાલનો પણ વિચાર નથી કરતા. ધન મેળવવાની તમન્નામાં ઠંડી, ગરમી, વરસાદ, ભૂખ, તરસ બધું સહન કરે છે, મુશળધાર વરસાદ વરસતો હોય, પ્રભાત હોય કે સાયંકાલ હોય, મધ્ય રાત્રીનો ભયંકર અંધકાર હોય, જીવ કોઈની પરવાહ નથી કરતો. સંસારમાં સુખ નહીં હોવા છતાં જે સુખ માને છે તે મૂર્ખ નહીં પણ મહામૂર્ખ છે.

ઉત્તરાધ્યયન સૂત્રના આઠમા અધ્યયનમાં કપિલ કેવળીની વાત આપણે કરી હતી. નશ્વર રાજ્ય લેવા જતાં શાશ્વત રાજ્ય લઈ લીધું. દ્રવ્ય લક્ષ્મી મેળવવા જતાં આત્માની શાશ્વત લક્ષ્મી મેળવી લીધી. હવે નવમું અધ્યયન છે નમિ રાજર્ષિનું. નમિરાજને સંસારમાં હોવા છતાં પણ નમિરાજર્ષિ કહ્યા છે. ઋષિ કોને કહેવાય. જે સંયમ લઈને તપ કરે તેને ઋષિ કહેવાય. અહીં નમિરાજ તો સંસારમાં છે, છતાં તેમને નમિરાજર્ષિ શા માટે કહ્યા તે વાત આગળ આવશે. આ અધિકાર સાંભળવા જેવો છે. નમિરાજર્ષિ પ્રત્યેક બુદ્ધ થયા છે. આ ચોવીસીમાં ચાર પ્રત્યેક બુદ્ધ થયા છે.

करकण्डु कलिंगेसु, पंचालेसु य दुम्मुहो ।
नमी राया विदेहेसु, गन्धारेसु य नग्गई ॥ અ. ૧૮ ગા. ૪૬

કલિંગ દેશમાં કરકંડુ, પાંચાલ દેશમાં દ્વિમુખ, વિદેહ દેશમાં નમિરાજા, અને ગંધાર દેશમાં નગ્ગતિ નામના રાજા થયા. આ ચાર પ્રત્યેક બુદ્ધ થયા. કંઈ નિમિત્ત દેખીને જાતિ-સ્મરણ જ્ઞાન થાય ને પછી વૈરાગ્ય પામી દીક્ષા લે તેને પ્રત્યેક બુદ્ધ કહેવાય. પહેલાના જીવો સામાન્ય નિમિત્ત મળે ને વૈરાગ્ય પામે.

એક વખત રાજા વસંતોત્સવ ઉજવતા હતા. તે ઉત્સવમાં એક થાંભલાને નાડાછડી, મીંઢળ બાંધી તેનું પૂજન કર્યું. બધા તેનું પૂજન કરતા હતા. તમે પરણ્યા ત્યારે પણ માણેકસ્તંભ રોપ્યો હતો. તેને પણ નાડાછડી, મીંઢળ વિગેરે બાંધીને પૂજન કર્યું હતું ને ? ત્યારે તેની કિંમત કેટલી ? અને લગ્ન પતી ગયા, ચાર પાંચ દિવસ પછી તે કયાં

પડી છે તે કોઈ જોવા જાય છે? ના, અહીં ઉત્સવ પત્યા પછી એ થાંભલી પડી છે તેના પર લોકો બધા એંઠવાડ નાખે છે, નાના બાળકો સંડાસ જાય છે. આ જોઈને રાજાના મનમાં વિચાર થયો કે બે દિવસ પહેલા આ થાંભલીનું કેટલું સન્માન હતું. હજારો રૂપિયાના ધૂમાડા જેને માટે કર્યા હતા તે થાંભલીની આ દશા! મારી દશા પણ એના જેવી થવાની ને? શરીરમાં આત્મા બેઠો છે ત્યાં સુધી એની ખમા ખમા થાય છે, પણ જ્યાં દેહમાંથી હંસલો ઉડી ગયો ત્યાં કહેશે–પલંગથી નીચે ઉતારી નાખો. આંગળીમાંથી વીંટી ન નીકળે તો આંગળી કાપી નાખે. આ સગાઈ ક્યાં સુધી? રાજાને સમજાઈ ગયું. પિંજરમાં હંસલો છે ત્યાં સુધી કિંમત છે. જ્યાં હંસલો ઉડી ગયો કે શરીરને બાળી નાખશે. માટે વિચારો. પ્રાણ છે ત્યાં સુધી સગપણ છે.

જ્ઞાનીઓ કહે છે આ સંસાર સ્વપ્ન સમાન છે. સ્વપ્ન બે પ્રકારના છે. એક સ્વપ્ન એવું છે કે આંખ બંધ થાય એટલે સત્તા ચાલી જાય. અને બીજું સ્વપ્ન એવું છે કે આંખ ખુલે એટલે સુખ જાય.

**સ્વપ્નની દુનિયામાં તું મ્હાલે આંખ ખુલે તારું કાંઈ નથી.**
**આ દુનિયા પણ ખતમ માનીલે, આંખ મીંચે તારું કાંઈ નથી.**
**મુક્તિ પંથે વરવાને કાજે, પ્રભુ સ્મરણ વિના કાંઈ નથી.**

રાત્રીની નિંદમાં જે સ્વપ્નામાં સુખ દેખાય છે તે આંખ બંધ છે ત્યાં સુધી. આંખ ખુલી એટલે સુખ ગયું, કેમ બરાબર ને? અત્યારે લાડી, વાડી, ગાડી, બંગલા બધું છે તે આંખ ખુલ્લી છે ત્યાં સુધી છે. યાદ રાખજો કે આંખ મીંચાશે ત્યારે તારું કોઈ નથી, માટે ઘડીને ઓળખી લો, જાણી લો, મૃત્યુ આવ્યું નથી ત્યાં સુધી કાર્ય કરી લો મૃત્યુનો ડર કોને હોય? "મૃત્યુની ભીતિ દિલમાં કોને લાગે, જીવનભર અંધારાને જે ના ત્યાગે.."

વરસાદ આવ્યો, પાણી ભરાઈ ગયા, બહાર જવાતું નથી, પણ જેના ઘરમાં અનાજના કોઠારો ભર્યા છે તેને ભૂખ્યા રહેવાનો પ્રસંગ ન આવે, પણ જે બિચારો રોજનું લાવીને રોજ ખાતો હોય તેને ભૂખ્યા રહેવાનું થાય. તેમ જેણે સાધના કરી લીધી છે, શુભ કરણીના કોઠારો ભર્યા છે તેને મરણ આવે તો પણ ડર નથી. જેણે ધર્મનું, સત્કાર્યનું ભાથું બાંધી લીધું છે તેને ગભરાવાની ચિંતા નથી. માટે મૃત્યુ આવતા પહેલાં અગાઉથી તૈયારી કરી લેવી જોઈએ. પાર્ટીમાં કે વરઘોડામાં જવું હોય તો એક કલાક અગાઉથી તૈયારી કરો છો. કોઇને ત્યાં લગ્નપ્રસંગ હોય ત્યારે પંદર દિવસથી તૈયારીઓ થાય છે, રાજા મહારાજા ગામમાં આવવાના હોય તો અગાઉથી ગામમાં ધ્વજાપતાકાઓ બાંધે છે. રસ્તાઓ અને બંગલાઓ સાફસૂફ કરાવે છે. આ રીતે બધામાં અગાઉથી તૈયારીઓ થાય છે. પણ મૃત્યુ આવતા પહેલાં અગાઉથી તૈયારીઓ કરી છે? કદાચ કોઇ કહે કે ઉપરના પ્રસંગોની પહેલેથી ખબર હોય છે, પણ મૃત્યુ

ક્યારે આવશે તેની ખબર નથી. અરે ભલા, કાળની ખબર તો આપણે જન્મ્યા ત્યારથી મળેલી છે. શાસ્ત્રો કહે છે જેનો જન્મ છે તેનું મૃત્યુ તો નિશ્ચિત છે. કાળ કોઈને છોડતો નથી. છતાં જીવ તેની દરકાર કરતો નથી. જો દરકાર કરતા હો તો સમજ્યા ત્યાંથી સવાર ગણીને ધર્મારાધનામાં લાગી જાવ. સંસારના કાર્યની તૈયારીઓ અગાઉથી કદાચ નહીં કરી હોય તો બહુ નુકશાન નહિ થાય. પણ જો મૃત્યુ માટે અગાઉથી તૈયારીઓ નહિ કરી હોય, ધર્મ રૂપી ભાથું નહિ બાંધ્યું હોય તો નરક તિર્યંચ ગતિમાં જવું પડશે. કાળ ક્યારે આવશે તેની ખબર નથી. માટે પળે પળે જાગૃત રહો અને આત્મ સાધનામાં જોડાઈ જાવ. જેણે સત્કર્મોનું, તપ ત્યાગનું ભાથું બાંધ્યું છે તેને ગભરાવાની ચિંતા નથી.

આપણે નમિરાજર્ષિના અધિકારનું વાંચન કરવું છે. પણ તે પહેલા નમિરાજ કોણ હતા? તેમનો દેશ કયો? તેમના માતાપિતા કોણ? તે નમિરાજર્ષિ કેમ કહેવાયા? વિગેરે પૂર્વભૂમિકા તપાસવી જોઈએ.

માળવા દેશમાં સુદર્શનપુર નામનું એક નગર હતું. માળવા દેશ ભારતની મધ્યમાં આવેલો છે. જે મધ્યમાં હોય છે તેનું મહત્વ ઘણું માનવામાં આવે છે. શરીરમાં નાભિનું સ્થાન મહત્વનું મનાય છે. આ પ્રમાણે માળવા દેશ ભારતની મધ્યમાં હોવાથી તેનું પણ ઘણું મહત્વ છે. માળવા દેશની ભૂમિ એવી પવિત્ર છે કે ત્યાં દુષ્કાળ પડતો નથી. અને કદાચ પડે તો એવો ભયંકર નથી પડતો કે જેથી ત્યાંના લોકોને ભીખ માંગવી પડે. આ માળવા દેશમાં સુદર્શનપુર નામનું એક નગર હતું. ત્યાં મણિરથ નામના રાજા રાજ્ય કરતા હતા. તે ખૂબ ન્યાયનીતિવાળા અને રાજ્યની નીતિના જાણકાર હતા. તેમના લઘુભાઈનું નામ યુગબાહુ હતું. યુગબાહુ ખરેખર યુગબાહુ જ હતા. બાહુ તો બધાને હોય છે પણ યુગબાહુના બાહુ કોઈ જુદા પ્રકારના હતા. હાથ મૂર્ખને પણ હોય છે, પણ તે હાથનો કાંઈ સદુપયોગ કરતા નથી. હાથ સમજદારને હોય છે તે તેનાથી કલ્યાણ કરે છે. યુગબાહુના હાથમાં વીરતા અને શક્તિ ભરેલી હતી. તેમના મોટાભાઈ મણિરથ રાજા ખૂબ પવિત્ર અને ખાનદાન છે. તે દુઃખીઓના દુઃખ જોઈ શકતા ન હતા. તે પવિત્ર, નિર્મળ અને પ્રમાણિક છે. મણિરથ અને યુગબાહુ બંને ભાઈઓમાં ખૂબ પ્રેમ છે. કંઈક જગ્યાએ જોવા મળે છે કે સગા ભાઈઓ હોવા છતાં એક બીજા વચ્ચે વેર હોય છે. કોઈ ઠેકાણે પહેલા ભાઈઓમાં પ્રેમ હોય છે, ને લગ્ન થયા પછી સ્ત્રીઓના કારણે પ્રેમ તૂટી જાય છે. આ બંને ભાઈ વચ્ચે ગાઢ પ્રેમ હતો. જાણે રામ, લક્ષ્મણની જોડી. રામ, લક્ષ્મણને બધા શા માટે યાદ કરે છે? વનવાસ રામને મળ્યો હતો. લક્ષ્મણને મળ્યો ન હતો, પણ લક્ષ્મણ શું કહે–મારો ભાઈ વનવાસ જાય, વનના દુઃખો વેઠે તો હું અહીં તેના વગર કેવી રીતે રહી શકું? રામ વિના રાજ્યના સુખ અંગારા જેવા છે. રામે ઘણું સમજાવ્યા છતાં ન માન્યા. ભાઈના પ્રેમ ખાતર રાજપાટના સુખો છોડ્યા ને વનવાસના દુઃખો

વેઠયા. વહાલા માબાપ છોડયા. પોતાની પ્યારી પત્ની ઉર્મિલાને છોડી. અને ભાઈની સાથે વનવાસની વસમી વાટ પકડી લીધી. રામ વનવાસ જાય છે. પાછળ ભરત આવે છે. ખબર પડી કે મારા માટે ભાઈ વનવાસ જાય છે. તે રામની પાછળ ગયા. ભાઈ ! આપ પાછા પધારો. હું રાજ્ય નહિ લઉં. આપના વિના રાજ્ય મને દાહજ્વર લાગે છે.

ભરતને રાજ્ય મળે તે માટે કૈકેયી માતાએ રામને વનવાસ અપાવ્યો, પણ ભરતને રામ વિના રાજ્યના સુખ આંખમાં કોઈ ભાલા મારે ને વેદના થાય એવા દુઃખરૂપ લાગે છે. પોતાની માતા કૈકેયીના સ્વાર્થમય પુત્ર મોહની દુર્ગંધ સહન થતી નથી. ભાઈ પાસે ગદ્દગદ્દ કંઠે કહે છે, મારા પાપ ન હોત તો પૂજ્ય જનેતાને આવું કેમ સુઝત ? પરમ બંધુ ! કૃપા કરો, મારા અગણિત પાપોથી બળી-જળી રહેલા દિલને શાંત કરો, ક્ષમા કરો, પુનઃ અયોધ્યા પધારો. આવા ભ્રાતૃપ્રેમ અને ભક્તિથી તરબોળ થયેલા ભરતને શ્રીરામ કહે છે. ભાઈ ! જે ભક્તિથી તું મને આમંત્રી રહ્યો છે તે જ ભાવનાથી અનાસકત ભાવે અયોધ્યાની રાજગાદી સંભાળ. એ મારી હૃદયની ઇચ્છા છે.

મોટાભાઈ ! આપને વનવાસ અને મારું રાજગાદી પર અધિષ્ઠાન એ બંને દ્રશ્ય મને કંપાવે છે. છેવટે રામ ભરતના વાર્યા ન વળ્યા ત્યારે ભરત કહે છે, ભાઈ ! આપની પાવડી (પાદુકા) આપો. એને સિંહાસન પર મૂકીને હું રાજ્ય ચલાવીશ પણ રાજસિંહાસને તો તો નહિ બેસું. આ હતા ભાઈ-ભાઈઓના પ્રેમ ! આવી જોડી મળવી મુશ્કેલ છે, છતાં રત્ન વસુંધરા છે. પુણ્યવાનના ઘરમાં હશે આવી ભાઈ-ભાઈની જોડી. મણિરથ અને યુગબાહુ બંને ભાઈઓનો પ્રેમ અજોડ હતો.

**યુગબાહુની ઉદારતા :** મણિરથ રાજાના મનમાં થયું કે યુગબાહુ મારો નાનો-ભાઈ છે. તે ખૂબ વિચક્ષણ અને બુદ્ધિશાળી છે. માટે તેને યુવરાજની પદવી આપવી જોઇએ. યુગબાહુ ખૂબ વિનીત હતો તે હંમેશા મોટાભાઇને વંદન કરવા આવતો. એક દિવસ યુગબાહુ આવ્યા ત્યારે મણિરથ ખૂબ આનંદમાં હતા. યુગબાહુએ કહ્યું મોટાભાઈ ! આજે આપ આટલા બધા આનંદમાં કેમ છો ? મણિરથે કહ્યું ભાઈ ! તારા જેવા ભાઇને જોઇને હું આનંદિત ન બનું તો કયારે આનંદ અનુભવીશ ? ભાઈ ! મારા મહાન ભાગ્યે તારા જેવો ભાઈ મળ્યો. મણિરથે કહ્યું ભાઈ ! આજે આનંદનો દિવસ છે. મારી એવી ભાવના છે કે હું તને યુવરાજ પદવી આપું. મણિરથના આ વચન સાંભળીને યુગબાહુ એકદમ શાંત બની ગયો. મણિરથે યુગબાહુને શાંત જોઇને પૂછ્યું-ભાઈ ! મેં તો આનંદની વાત કરી અને તારા મુખ પર એકદમ ગ્લાનિ કેમ છવાઈ ગઈ ! તારો આનંદ કયાં ઓસરી ગયો ! ભાઈ ! એક તો તમે મારા પિતા સમાન મોટાભાઈ છો. બીજું મારા પ્રાણરક્ષક છો. આજે તમારી વાત સાંભળી મને એવો વિચાર આવ્યો કે આપને મારા ઉપર શું અવિશ્વાસ છે ? મણિરથે કહ્યું ભાઈ ! શું તું મારી વાતનો ઉલ્ટો અર્થ સમજ્યો ? જો મને તારા

ઉપર વિશ્વાસ ન હોત તો તને હું યુવરાજ બનાવવાનો નિર્ણય શા માટે કરત? યુગબાહુ કહે–ભાઈ! એમ કરવાથી મારી તુચ્છતા ગણાશે કે યુગબાહુ રાજ્યના લોભથી આપની સેવા કરે છે. વળી હું જે કંઈ કરું છું તે સેવા માટે કરું છું. આપ મને યુવરાજ પદવી આપો એ તો સેવાનો બદલો આપ્યો કહેવાય. ભાઈ! તારા વચનો પ્રશંસનીય છે. હું તને સેવાના બદલાથી નથી આપતો પણ તારા ઉપર પ્રસન્ન થઈને આપું છું. તારી શોભા માટે નહિ પણ દેશની શોભા માટે, તારા હિત માટે નહિ પણ દેશના હિત ખાતર આ પદવી આપું છું. યુગબાહુએ કહ્યું, એ તો ઠીક પણ ભાઈનું કામ યુવરાજની પદવી લીધા વગર ન કરાય? મને તો એ સારું લાગે છે.

**મણિરથે યુગબાહુને આપેલો જવાબ :–** મણિરથે કહ્યું–ભાઈ! તારી વાત ઠીક છે પણ તું એટલો વિચાર કર કે તું યુવરાજ બને જેથી હું અને તું બંને થઈ ચાર હાથે પ્રજાની રક્ષા કરવા લાગીએ તો પ્રજાની કેટલી બધી રક્ષા થાય? અને એ કારણે જ હું તને યુવરાજ બનાવી રહ્યો છું. ભાઈ! આપની વાત ઠીક છે. આપ મને સહાયતાને માટે યુવરાજ બનાવી રહ્યા છો, પણ યુવરાજની પદવી લઈને હું આપની સેવા કરું તો એનો અર્થ એ થાય કે હું કોઈપણ પદ લઈને આપની સેવા કરી શકું છું. નહિ તો કરી શકતો નથી. મણિરથે જોયું કે યુગબાહુ યુવરાજપદ લેવાની આનાકાની કરે છે પણ જો હું આવા યોગ્ય બુદ્ધિશાળી ભાઈને મારો યુવરાજ નહિ બનાવું તો પછી કોને બનાવીશ? તેથી કહ્યું ભાઈ! ભ્રાતૃપ્રેમને તોડવાને માટે તને આ પદ આપતો નથી, પણ રાજ્યની રક્ષા બરાબર થાય માટે આપું છું. કોઈની પાસે મહામૂલ્યવાન કિંમતી હીરો છે. તે હીરાને બરાબર સચવાય તે માટે કયાં મૂકો? તિજોરીમાં કે બહાર? (શ્રોતામાંથી અવાજ- તિજોરીમાં) તિજોરી તે હીરાને શું સુરક્ષિત નહિ રાખે? શું તે એમ કહેશે કે હું હીરાને રાખવા ઈચ્છતી નથી. તે તિજોરી હીરાને પોતાની પેટીમાં રાખીને કાંઈ લઈ લેતી નથી, પણ તેની રક્ષા કરે છે. તે પ્રમાણે મારી પાસે આ રાજ્યરૂપી હીરો છે. આ રાજ્ય રૂપી હીરાને સાચવવા માટે ભાઈરૂપી તિજોરીને સોંપવા ઈચ્છું છું. તિજોરીની માફક આ રાજ્યની રક્ષા કરવાની તું ના પાડી શકે નહિ. માટે ભાઈ! તું મારું કહ્યું માનીને યુવરાજ-પદનો સ્વીકાર કર. તેથી કાંઈ ભ્રાતૃપ્રેમ નાશ થવાનો નથી.

**મણિરથની ઉદાર ભાવના :–** મણિરથની વાત સાંભળી યુગબાહુ મુંઝવણમાં પડયો કે એક બાજુ મોટાભાઈ યુવરાજ પદ લેવાનું કહેછે; ને બીજી બાજુ મારું હૃદય યુવરાજ પદ લેવાની ના પાડે છે. મારે શું કરવું? મણિરથે કહ્યું ભાઈ! આ માટે કંઈ બહુ વિચાર કરવાની જરૂર નથી. તું મારી વાતને માની જા ને યુવરાજ પદનો સ્વીકાર કર. કાલે કદાચ મારે ત્યાં પુત્રનો જન્મ થાય તો લોકો એમ કહે કે તેને રાજ્ય આપો. તો આ સ્થિતિમાં મારો ભાઈ પદથી વંચિત રહી જાય, માટે હું પહેલેથી તને યુવરાજ-પદ આપવા ઈચ્છું છું.

બંધુઓ ! અહીં સમજવા જેવી વાત છે કે ઘણીવાર એક માતાના બે પુત્ર થોડા ધન માટે, ઘર માટે લડતા હોય છે, તેમની લડતમાં વચ્ચે બીજાને પડવું પડે છે. અરે! કોર્ટ સુધી જાય છે. તે સમયે કયાં જાય છે ભાઈ ભાઈની સગાઇ ? અરે ! કોઇક વાર તો એક બીજાના ખૂન કરવા સુધી પહોંચી જાય છે. જ્યારે અહીં તો મોટોભાઈ નાનાભાઇને યુવરાજની પદવી લેવા માટે કેટલા કાલાવાલા કરે છે, છતાં લેવા તૈયાર નથી.

**કલ્યાણમિત્ર રૂપ પત્ની :** મણિરથની આ વાત સાંભળી યુગબાહુ મૌન થઈ ગયો. મૌનમાં જાણે તેણે અડધી સંમતિ આપી હોય તેમ ભાઈને નમસ્કાર કરી પોતાના મહેલમાં ગયો. યુગબાહુ રસ્તામાં ચાલ્યો જાય છે, પણ હજુ તેના મનમાં તો એ જ વિચાર છે કે મોટાભાઇ મને શા માટે રાજ્ય સોંપે છે ? અત્યારે હું કોને પૂછવા જાઉં ? કોની સલાહ લઉં ? મુશ્કેલીના સમયે પોતાના પ્રિય મિત્રની સલાહ લેવાય છે. મારા માટે તો મારી પત્ની સાચા મિત્રના સ્થાને છે. માટે તેની સલાહ લેવી યોગ્ય છે. પતિની મુશ્કેલીની વાત સાંભળવાને માટે યોગ્ય ગુણવાન પત્ની છે. અને પત્નીને મુશ્કેલીનો સમય આવે ત્યારે તેની વાત સાંભળવા માટે તેનો પતિ છે. આમ વિચાર કરતો યુગબાહુ પોતાના મહેલમાં આવ્યો. તેની પત્નીનું નામ મયણરેહા છે. મયણરેહા ખૂબ ડાહી, ગંભીર, પવિત્ર અને શીલવાન છે. તે ઘરનો સાચો શણગાર છે. તેને કોઇ મયણરેહા કહે છે અને કોઈ મદનરેખા પણ કહે છે. તે બધા ગુણોની ખાણ અને પતિવ્રતા સતી હતી. તે પતિની રાહ જોઈને બેઠી હતી. યુગબાહુને ઉદાસ ગમગીન જોઈને સમજી ગઈ કે તેમને કોઈ પ્રકારની ચિંતા આવી છે. યુગબાહુને આસન પર બેસાડીને પૂછ્યું–આજે તમારું મુખ આટલું ઉદાસ ને ગમગીન કેમ છે ? શું મારા તરફથી કાંઈ મન દુઃખ થયું છે ? મેં મારા માટે ઘણા વિચાર કર્યા પણ મારી સમજમાં કોઇ એવી વાત આવતી નથી કે જેથી તમને મારા તરફથી ચિંતા થતી હોય. ઘણા માબાપને સંતાનો હોય છે પણ એ એવા ઉદ્ધત નીકળે અને વ્યસનોમાં ફસાઇ જાય કે તેમની ચિંતા રાતદિવસ મા–બાપને કોરી ખાતી હોય છે, પણ આપણે ત્યાં તો પુત્ર સુસંસ્કારી છે. આજ્ઞામાં રહેનાર છે. મનને આનંદ આપનાર અને તમારી ચિંતા દૂર કરનાર છે. તે વિનીત અને પિતૃભક્ત છે. કયારેક સહોદર ભાઈ હોવા છતાં એક બીજા વચ્ચે પ્રેમ ન હોય, થોડીસી લક્ષ્મી માટે ઝઘડતા હોય પણ તમારે તો બંને ભાઈ વચ્ચે એવો પ્રેમ છે કે જાણે શરીર જુદા અને બંનેનો આત્મા એક ન હોય ! એવો ક્ષીરનીર જેવો સંબંધ છે. તો હવે તમને કઈ વાતની ચિંતા છે ? મેં ખૂબ વિચાર કર્યો પણ મને તો આપની ચિંતાનું કોઈ કારણ દેખાતું નથી. માટે આપ જ કહો કે આપને કઈ ચિંતા છે, જેના કારણે આપ આજે આટલા બધા ઉદાસ છો ?

મયણરેહાની વાત સાંભળી યુગબાહુએ કહ્યું, મારા મનમાં જે ચિંતા છે તેનું નિરાકરણ કરવા અત્યારે તારી સલાહ લેવા આવ્યો છું. આજે મને એક મોટી ચિંતા થઈ છે. મયણરેહા કહે, મોટા માણસોને મોટી ચિંતા હોય છે, પણ તે ચિંતા કઈ ?

યુગબાહુએ કહ્યું–તે ચિંતા બીજી કોઈ નથી પણ મોટાભાઈ મને યુવરાજ પદ આપવા ઇચ્છે છે. મેં યુવરાજ પદ લેવાની ઘણી ના પાડી, ઘણા સમજાવ્યા, પણ તેઓ માનતા નથી. તેમણે કહ્યું કે હું તને ભાઈ ભાઈના સંબંધ તોડાવવા રાજ્ય નથી આપતો, પણ ચાર હાથથી રાજ્યની રક્ષા સારી રીતે થાય માટે તને યુવરાજ પદ આપું છું. મેં કહ્યું ભાઈ ! હું યુવરાજ પદ લીધા વિના આપને રાજ્યની રક્ષા કરવામાં સહાયક થઈશ. ત્યારે તેમણે મને કહ્યું કે જેમ કિંમતી હીરાને તિજોરીમાં રાખવાથી તિજોરી કાંઈ લઈ લેતી નથી, પણ તેની રક્ષા કરે છે. તેમ આ રાજ્ય રૂપી હીરાને સાચવવા તિજોરી સમાન આપને સોંપવા ઇચ્છું છું. હું તેમની આ વાતનો ઇન્કાર પણ કરી શકતો નથી. હવે મારે શું કરવું ? મારી આ મોટી ચિંતા છે. આ બાબતમાં તારી શી સલાહ છે ? તે જાણવા આવ્યો છું. હવે મયણરેહા યુગબાહુને શો જવાબ આપશે તે સાંભળવા જેવો છે. મયણરેહા એ કાંઈ સામાન્ય સ્ત્રી ન હતી. પતિવ્રતા ધર્મને બરાબર સમજનારી હતી. પતિ દુઃખી તો હું દુઃખી અને પતિ સુખી તો હું સુખી એમ તે માનતી હતી. યુગબાહુને યુવરાજ પદ મળવાનું છે. જો એને યુવરાજ પદ મળે તો મયણરેહા યુવરાજ-રાણી બને એવો પ્રસંગ ઉપસ્થિત થયો છે, પણ મયણરેહા યુવરાજરાણી બનવાના કોડમાં ફસાય તેવી નથી. યુવરાજરાણીના સુખો સામે આવીને ઉભા છે, છતાં એ સુખને દુઃખ માનનારી, ભૌતિક રાજ્યનાં મોહમાં નહીં ફસાનારી મયણરેહા યુગબાહુને શો જવાબ આપશે તે અવસરે વિચારીશું.

**ચરિત્ર :** સાગરદત્ત શેઠની ધર્મની ભાવના અલૌકિક છે. તેમનો બધો વહેપાર ન્યાય નીતિથી ચાલતો હતો. દેશ–પરદેશમાં તેમની પેઢીઓ ચાલતી હતી. ચારે બાજુ તેમની કીર્તિ ખૂબ ફેલાયેલી હતી. તેમના ગુણોથી રાજાએ તેમને નગરશેઠની પદવી આપી હતી. આખા નગરના લોકો તેમને ખૂબ ચાહતા હતા. તેમની ધન દોલતની તો ગણત્રી ન થાય તેટલી લક્ષ્મી હતી. ન્યાયથી મેળવેલું ધન ટકે છે. અન્યાય–અનીતિથી મેળવેલું ધન વધુમાં વધુ ૧૦ વર્ષ સુધી ટકે છે. પછી ચાલ્યું જાય છે. અઢળક લક્ષ્મી હોવા છતાં શેઠ તેના દાસ બન્યા ન હતા. પણ લક્ષ્મીને દાસી બનાવી હતી. એટલે કે તે ધનમાં આસકત બન્યા ન હતા. રોજ સામાયિક, પ્રતિક્રમણ, ચૌવિહાર કરતા. તારામતી શેઠાણી પણ એવા ધર્મિષ્ઠ હતા, પણ તેમને સંતાનની ખોટ સાલતી હતી. ધર્મ પ્રતાપે તે ખોટ પૂરાવાનો દિવસ પણ આવી ગયો.

તારામતી શેઠાણીએ રાત્રે કંઈક સૂતા અને કંઈક જાગૃત અવસ્થામાં એક સુંદર સ્વપ્ન જોયું. ઝળહળતા દિવ્ય રત્નોની રાશિ તેના ખોળાને શોભાવી રહી છે. આ સ્વપ્ન જોતા નિદ્રામાંથી જાગૃત બન્યા. ધર્મસાધના કરી સારું સ્વપ્ન જોયા પછી સૂવાય નહિ. તેમ શેઠાણી પણ સારું સ્વપ્ન જોયા પછી ધર્મ આરાધનામાં મસ્ત બન્યા. સવારે શેઠાણીએ શેઠને સ્વપ્નની વાત કરી. શેઠે કહ્યું દેવી ! આ તમારું સ્વપ્ન ઉત્તમ પુત્રરત્નની આગાહી

બતાવે છે. સ્વપ્નનું ફળ સાંભળીને તારામતીના રોમેરોમમાં આનંદ થયો. પુણ્યનો ઉદય હોય ત્યારે સંતાન પણ સારા મળે છે. તારામતી તો હવે ધર્મપ્રવૃત્તિમાં વિશેષ જોડાઈ ગઈ. સમય પરિપકવ થતાં શેઠાણીએ પુત્રરત્નને જન્મ આપ્યો. તારામતીને મન આજે તો શરદ્પૂર્ણિમાની ચાંદની હતી. શેઠે પુત્રનો જન્મ-મહોત્સવ ઉજવ્યો. અને તેનું નામ ગુણદત્ત પાડયું.

**સંસ્કાર આપતી તારામતી** :- ઘરમાં સંપત્તિ અને દાસદાસી હોવા છતાં પુત્રનું લાલનપાલન તારામતી પોતે જ કરતા હતા. તે જાણતા હતા કે **"સો શિક્ષકની શિક્ષા અને એક માતાના સંસ્કાર."** તેમાં જન્મથી સીંચાતા સંસ્કાર બાળકના જીવનમાં જ્યારે આલેખાઈ પરિપકવ બને છે ત્યારે ગુણોનું આરોપણ સારું થાય છે. સદ્ગુણોથી ઘડાયેલ જીવનમાં પ્રકાશ મળતાં એ દીપી ઉઠે છે. કારણ કે સદ્ગુણો એ જીવનનું પરમઃતત્ત્વ છે. પુત્રના જીવનમાં સદ્ગુણોનું વાવેતર કરવા માટે શેઠ શેઠાણી બંને ખૂબ કાળજી રાખે છે. બાલપણથી ગુણદત્તને સારી સારી શૌર્યવાળી સાહસ વાળી ઉત્તમ પુરૂષોની કથાઓ કહે છે. ધર્મસ્થાનોમાં સાથે લઇ જાય છે. ધાર્મિક જ્ઞાન પણ પોતે આપે છે. આ રીતે થોડા વર્ષો વ્યતીત થયા બાદ તારામતીએ શુભ લક્ષણ યુક્ત બીજા પુત્રને જન્મ આપ્યો. તેનું નામ ગુણચંદ્ર પાડયું. સાગરદત્ત શેઠનું ઘર બાળકના ગુંજનથી ગુંજી રહ્યું છે. જાણે જીવનમાં વસંતનું આગમન થયું ન હોય !

**શેઠના બારણાં ગરીબ માટે સદા ખુલ્લાં** :- સાગરદત્ત શેઠ વૈભવના હિંચોળે હિંચી રહ્યા છે. તેમને ત્યાં ૫૦૦ સોનાના થાળ હતા. સાત સાત પેઢીથી જેને ત્યાં સંપત્તિ ચાલી આવી છે, દોલત ગણી ગણાય તેમ નથી. આટલી લખલૂટ લક્ષ્મી હતી છતાં તેઓ લક્ષ્મીના દાસ બન્યા ન હતા. પણ લક્ષ્મીને દાસી બનાવી હતી. તે સમજતા હતા કે આ તો પુણ્ય-પાપના ખેલ છે. જ્યાં સુધી પુણ્યનો ઉદય હશે ત્યાં સુધી લક્ષ્મી રહેશે ને પાપનો ઉદય થશે ત્યાં જતા વાર નહિ લાગે, આ પ્રમાણે વિચાર કરી ધર્મમાં વધુ દૃઢ શ્રદ્ધાવાન બનતા ગયા. લક્ષ્મીના મોહમાં ખૂંચી ગયા ન હતા. રોજ દાનશાળા ચાલતી. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી હજારો ગરીબો દાનશાળામાં આવતા. દાન લેતા ને શેઠને આશીર્વાદ આપતા. આટલું દાન દેવા છતાં એ સમજતા હતા કે આ દાન મારું નથી. વડીલોના પુણ્યે મળ્યું છે. બધા લઈ જાવ. તેમની દાનશાળામાં કેટલાય અપંગ, અનાથ, નિરાધાર બધાને રક્ષણ મળતું હતું. તે લક્ષ્મીના માલિક બનીને રહેતા નહિ પણ ટ્રસ્ટી બનીને રહેતા. તેમને ત્યાં દૈવિક સંપત્તિ આવેલી છે. એટલે તેમના જીવનમાં આસુરીવૃત્તિ કયારેય આવી નથી. આ સાગરદત્ત શેઠની કીર્તિ, તેમનો યશ ચારે દિશામાં ફેલાયેલો હતો. તેમની પ્રશંસા માત્ર મૃત્યુલોકમાં જ નહિ પણ દેવલોકમાં થવા લાગી. આ રીતે શેઠ ધનનો સદ્વ્યય કરતા આનંદથી દિવસો પસાર કરે છે. હવે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે.

*

## વ્યાખ્યાન નં. – ૯

**અષાડ વદ ૮ ને શુક્રવાર વિષય : બંધનને જાણો. તા. ૨૪–૭–૮૧**

બંધુઓ ! અનંતજ્ઞાની ભગવંતે જગતના જીવો રાગની આગમાંથી કેમ મુક્ત થાય, સંસાર બંધનમાંથી કેવી રીતે છૂટકારો મેળવે ને ભવમાં ભમવાનું કેમ અટકી જાય એ માટે ત્યાગનો માર્ગ બતાવ્યો. કોઈના ઘેર આગ લાગે ને મ્યુનિસિપાલિટીમાં ખબર આપે તો તરત બંબાવાળા આવશે ને આગને કાબૂમાં લાવી શકશે. આ આગમાં કદાચ માલસામાન ઘરવખરી બધું બળી ગયું હશે પણ જો પુણ્યનો ઉદય હશે તો તે ફરીવાર બધું ઉભું કરી શકશે પણ રાગની આગ ભયંકર છે. આ જગત રાગદ્વેષ રૂપી અગ્નિથી જલી રહ્યું છે. તે અગ્નિમાં પડેલા જીવો સમ્યક્ બોધને પ્રાપ્ત કરી શકતા નથી. ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪ મા અધ્યયનમાં ન્યાય આપ્યો છે કે જેવી રીતે વનમાં ભયંકર દાવાનળ લાગવાથી અનેક જીવો તેમાં બળીને ભસ્મીભૂત થઈ જાય છે પણ તે વનની બહાર રહેલા જીવો તે બળતા જીવોને જોઈને રાગ–દ્વેષના કારણે આનંદ માને છે ને પંખીઓ પ્રત્યેના દ્વેષના કારણે તેમના હૃદયમાં એવા ભાવ થાય છે કે આ અમારા પરમ શત્રુ હતા. સારું થયું કે તે બળી ગયા. અમે આ વનમાં હવે સુખપૂર્વક નિવાસ કરશું તે રીતે

**एवमेव वयं मूढा कामभोगेसु मुच्छिया ।**
**डज्झमाणं न बुज्झामो, रागद्दोसग्गिणा जगं ॥४३॥**

જેમ વનમાં લાગેલ દાવાનળમાં જંતુઓ ભડથું થઈ જાય ત્યારે રાગદ્વેષના કારણે બીજા જીવો ખુશ થાય છે. एवमेव वयं मूढा, તેવી જ રીતે કામભોગમાં મૂર્ચ્છિત જીવો રાગદ્વેષની અગ્નિમાં બળતા જગતને સમજતા નથી, બોધ પ્રાપ્ત કરી શકતા નથી, કારણ કે રાગદ્વેષ રૂપી અગ્નિથી આ જગત બળી રહ્યું છે. રાગદ્વેષ રૂપી આગમાં આત્માના ગુણો બળી જાય છે. કર્મને બાંધવાના મૂળ પાયા રાગ અને દ્વેષ "रागो य दोसो वि य कम्मबीयं" કર્મના બીજ રાગ અને દ્વેષ. જે વૃક્ષનું બીજ સજીવન હોય છે તે વૃક્ષ ફળફૂલથી હર્યુંભર્યું બને છે, અને જે વૃક્ષનું બીજ સૂકાઈ ગયું છે તે વૃક્ષ નવપલ્લવિત બનતું નથી. તેમ જેના રાગદ્વેષ રૂપી બીજ સજીવન છે ત્યાં સુધી સંસાર ફુલ્યો ફાલ્યો રહેશે, પણ જ્યારે કર્મરૂપી બીજ સૂકાઈ જશે ત્યારે સંસાર સુકાઈ જશે. એટલે તેનો સંસાર અટકી જશે. જીવને સંસારમાં જકડાવનાર હોય તો રાગ–દ્વેષ એ બે બંધન છે. બંધન કોને કહેવાય ? જીવ કયા બંધનથી બંધાયો છે ? શું કરવાથી એ બંધન તૂટે ? સૂયગડાંયંગ સૂત્રના પ્રથમ અધ્યયનમાં ભગવાન બોલ્યા છે કે,

**बुज्झिज्जत्ति तिउट्टिज्जा बंधणं परिजाणिया ।**
**किमाह बंधणं वीरो, किं वा जाणं तिउट्टइ ? ॥१॥**

બુજ્ઝિજ્જતિ એટલે બોધ પ્રાપ્ત કરવો જોઈએ. તો એ જાણવું જોઈએ કે બોધ કયા જીવો પ્રાપ્ત કરી શકે ? મનુષ્ય જન્મ પામતા પહેલા જીવ કેટલું રખડયો છે ? સૌ પ્રથમ

જીવ નિગોદ તથા એકેન્દ્રિય (પાંચ સ્થાવર) ના ભવમાં હતો. ત્યાં તો જીવ બોધ પામી શકે નહિ, કારણ કે એકેન્દ્રિય જીવોની ચેતના અત્યંત સુષુપ્ત છે. એકેન્દ્રિયમાં અકામ નિર્જરા કરતા પુણ્યની રાશી વધતાં અનુક્રમે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, અને ચૌરેન્દ્રિય સુધી પહોંચ્યો. આ વિગલેન્દ્રિયના ભવમાં એકેન્દ્રિય કરતા થોડો વિકાસ વધ્યો. એકેન્દ્રિયમાં માત્ર કાયા હતી. જ્યારે અહીં જીભ, નાક અને આંખ મળ્યા, છતાં આત્મ સ્વરૂપનો બોધ પામવો દુર્લભ હતો, તેથી ત્યાં પણ બોધ પામી શક્યો નહિ, તેથી આગળ વધતા અસંજ્ઞી પંચેન્દ્રિયમાં ગયો ત્યાં પણ બોધ પામવો દુઃશક્ય હતો, કારણ કે આ બધા જીવોને મન નહિ હોવાથી તે સ્પષ્ટ વિચાર કરી શકતા નથી. અસંજ્ઞી પંચેન્દ્રિયમાંથી સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય બન્યો. સંજ્ઞી તિર્યંચમાં કોઈ કોઈ જીવ પૂર્વજન્મ કૃત જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી બોધ પામી શકે છે. દા. ત. નંદમણીયારનો જીવ મરીને દેડકામાં ઉત્પન્ન થયો. ત્યાં પૂર્વજન્મના સ્મરણથી તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. જાતિસ્મરણ જ્ઞાન થતાં પોતાનો પૂર્વભવ જોયો ને ત્યાં બોધ પામી ગયો ને શ્રાવકના વ્રત ગ્રહણ કર્યા. ત્યાં ભગવાન પધાર્યાના સમાચાર પનીહારીઓના મુખેથી સાંભળ્યા. એટલે કૂદતો કૂદતો ભગવાનના દર્શન કરવા નીકળ્યો. આ રીતે કેટલાક હાથી, બળદ, ઘોડા આદિ પશુઓને જાતિસ્મરણ જ્ઞાનથી ક્યારે ક્યારે કથંચિત્ બોધની પ્રાપ્તિ થાય છે, પણ તે બહુ અલ્પ તિર્યંચોને થાય છે.

સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાંથી આગળ વધતાં અસીમ પુણ્યનો પુંજ એકત્ર થયો ત્યારે મનુષ્ય જન્મ મળ્યો. આ જન્મમાં પણ જો અનાર્યદેશ અને અનાર્યકુળ મળ્યું તો ત્યાં બોધ પામવો બહુ દુર્લભ થાય છે. તે જીવોને એટલું ભાન નથી હોતું કે હું કોણ છું ? મારો આ જન્મ શા માટે છે ? મારે કયા કાર્યો કરવા જોઈએ ? મારા આત્માના વિકાસને માટે કયા કયા તત્ત્વો છે ને આત્માને બાધક કયા તત્ત્વો છે ? આ બધા જ્ઞાનથી અજાણ હોવાને કારણે ત્યાં બોધ પામવો અશક્ય હોય છે, માટે ભગવાન કહે છે કે જીવે બોધ પ્રાપ્ત કરવો જોઈએ, કારણ કે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી અને મનુષ્ય જન્મ સુધી કેટલા જન્મો થઈ ગયા. જેમાં બોધનું એક બુંદ પણ મલ્યું ? ના. હવે મનુષ્ય જન્મ, ઉત્તમ શરીર, આર્યક્ષેત્ર, આર્યકુળ, પાંચ ઇન્દ્રિયો અને દીર્ઘ આયુષ્ય મળ્યું છે. તો એમાં સર્વશ્રેષ્ઠ, સૌથી દુર્લભ, મહત્ત્વપૂર્ણ વસ્તુ આત્મબોધ છે. તેને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરો.

હવે એ પ્રશ્ન થાય કે બોધ શું છે ? એને પ્રાપ્ત કરવાનો ભગવાનનો શો ઉપદેશ છે ? તથા બોધ કોણે પ્રાપ્ત કરવો જોઈએ ? આ પ્રશ્નોના જવાબમાં ભગવાને આ ગાથામાં બંધનનો બોધ પ્રાપ્ત કરવાની વાત કહી છે. જ્ઞાનીઓનો સર્વ પ્રથમ આશય તો આત્મબોધ કરવાનો છે. જો આ દુર્લભ માનવજન્મ પામીને આત્મબોધ પ્રાપ્ત નહીં કરીએ તો ફરી ફરીને આવો અવસર નહીં મળે, છતાં કંઈક અજ્ઞાની જીવો એમ વિચારે છે કે અત્યારે વિષયભોગનો આનંદ લૂંટી લઈએ ને પછીના જન્મમાં બોધ પ્રાપ્ત કરીશું, હમણાં શી ઉતાવળ છે ? તો

ભગવંત કહે છે જીવન ક્ષણભંગુર છે, પછીનાં જીવનમાં બોધ પ્રાપ્ત કરી શકશું એવી કોઈ ગેરન્ટી નથી માટે આ જન્મમાં અત્યારે બોધ પામવાનો પુરૂષાર્થ કરો.

કદાચ કોઈને પ્રશ્ન થાય કે એકેન્દ્રિયમાં તો ચેતના શક્તિ સુષુપ્ત છે પણ ત્રણ વિગલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં ભૂખ તરસ, ઠંડી ગરમીનું જ્ઞાન થાય છે તો બોધ ન કહેવાય? અહીંયા જ્ઞાનીએ એ બોધની વાત નથી કરી, પણ આત્મા સંબંધી બોધની વાત કરી છે. अत्थि मे आया उववाइए। મારો આત્મા પુનર્જન્મ કરવાવાળો છે. મારો આત્મા પરલોકમાં જવાવાળો છે કે નહીં? ભૂતકાળમાં હું કોણ હતો? મારો આત્મા કઈ દિશામાંથી આવ્યો છે? ને કઈ દિશામાં જવાનો છે? જ્ઞાનીઓએ સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન યુક્ત બોધને બોધ કહ્યો છે. આ બોધ ઘણો દુર્લભ અને મોંઘો છે. અનાદિ અનંતકાળથી મોહનીય આદિ કર્મોના બંધનોમાં ફસાયેલા જીવને આ બોધ પ્રાપ્ત થવો મહાદુર્લભ છે.

જ્યારે આત્માને એ બોધની પ્રાપ્તિ થશે કે હું શુદ્ધ નિરંજન અવિનાશી સમ્યક્-દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય સંપન્ન આત્મા છું ત્યારે એને પ્રશ્ન થશે કે તો આત્માનો આ શરીરની સાથે સંબંધ શા માટે થયો? વિચાર કરતાં સમજાશે કે શુભાશુભ કર્મોના કારણે મનુષ્ય આદિ શરીરના બંધનમાં બંધાયો છું. નિશ્ચયનયની દૃષ્ટિએ તો આત્મા સ્વતંત્ર છે. પણ કર્મોના કારણે તે બંધનમાં પડ્યો છે, માટે ભગવાન બોલ્યા છે કે "बन्धणं परिजाणिया तिउट्टिज्जा" પહેલા બંધનને જાણો, સમજો અને પછી તોડો. બંધનના સ્વરૂપને જાણે પછી તેને તોડવાનો પુરૂષાર્થ કરી શકે. આત્માનું વાસ્તવિક સ્વરૂપ બંધનમય નથી, પણ કર્મને વશ થઈને બંધનમાં પડ્યો છે. આત્મા ધારે તો બંધનને તોડી શકે છે.

**બંધન ખટકે તે છટકે:**—સર્વ પ્રથમ બંધનને ઓળખવાની જરૂર છે. બંધન ખટકશે. તો જ છટકવા પ્રયત્ન કરશે. જો બંધન તોડવાની પૂર્ણ તૈયારી નહીં હોય તો તેનો સામનો નહિ કરી શકો. વ્યવહારમાં જોઈએ છીએ કે કોઈ પણ શત્રુને પરાજિત કરવો હોય તો તેની પાસે કયા કયા શસ્ત્રો છે? કોણ કોણ તેના સહાયક છે? તેની કેટલી તૈયારી છે? તેનું સાહસ અને ઉત્સાહ કેટલો છે? તે શત્રુ પર કેવી રીતે આક્રમણ કરે છે તેની પહેલા બરાબર તપાસ કરે છે. તે રીતે બંધન પણ આત્માના શત્રુ છે. તેનો પરાજય કરવા માટે બરાબર બળ લગાડવું પડશે. અને સાથે એ જાણવું પડશે કે બંધનરૂપી શત્રુ કયા રૂપમાં કેવી રીતે આત્મા પર આક્રમણ કરે છે? તેના સહાયક મિત્રો કોણ છે? તેની પાસે શસ્ત્રો કયા છે? આટલી વાતોને જાણ્યા વિના જો બંધન રૂપ શત્રુની સાથે ઝઝુમશું તો ક્યારેક હાર ખાવાનો પ્રસંગ આવશે. અથવા બંધન રૂપી પ્રલોભનમાં ફસાઈને આત્મા પોતે તેનો ગુલામ બની જશે, માટે ભગવાનનો સંદેશો છે કે પહેલા બંધનનું જ્ઞાન કરો, પછી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો ત્યાગ કરો.

**બંધનને તોડવાની કળા** :—આત્મા પોતે પૂર્વ તૈયારી સારી રીતે કરીને અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ શસ્ત્રોથી સુસજ્જિત થઈને ક્ષમા, દયા, સેવા, વિનય, વિવેક આદિ મિત્રોની સહાય લઈને શ્રદ્ધા, ઉત્સાહ, સાહસ અને બળ વીર્યથી બંધનને તોડી શકશે. બંધનથી અકળાયેલો આત્મા શું બોલે છે?

**અકળાયેલો આતમ કહે છે મને મુક્તભૂમિમાં ભમવા દો,**
**ના રાગ રહે ના દ્વેષ રહે એવી કક્ષામાં મને રમવા દો;**
**મિત્રાચારી આ તનડાની (૨) બે ચાર ઘડીનો ચમકારો... બંધન....**

જ્યારે આત્માને બંધન ખટકે છે ત્યારે એ બંધનથી છૂટવા પ્રયત્ન કરે છે. બંધનથી અકળાયેલો આત્મા શું બોલે છે હે પ્રભુ! હું બંધનથી અકળાઈ ગયો છું. હવે મારે બંધનથી મુક્તિ મેળવી મુક્તભૂમિમાં ફરવું છે. જ્યાં નથી રાગ, નથી દ્વેષ એવી કક્ષાએ પહોંચવું છે. એ કક્ષાએ પહોંચવા માટે જે બંધનોએ આત્માને પરવશ બનાવ્યો છે તે બંધનોને દૂર કરો. તે બંધન આત્માને વારંવાર હેરાન કરે છે. વિવિધ યોનીઓ અને ગતિઓમાં પરિભ્રમણ કરાવે છે. બંધન અથવા બંધ કોને કહેવાય? આત્મ-પ્રદેશોનું કર્મપુદ્ગલોની સાથે ક્ષીરનીરવત્ એકરૂપ થઈ જવું તેનું નામ બંધ, કર્મોના બંધથી વિવિધ ગતિઓમાં જન્મ લેવો પડે છે. જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના કર્મો આત્માને બંધનરૂપ છે. રાગદ્વેષથી યુકત આત્મા સારા ખોટા કાર્યમાં પ્રવૃત્ત થાય છે, ત્યારે કર્મ રૂપી રજ જ્ઞાનાવરણીયાદિ રૂપથી તેમાં પ્રવેશ કરે છે. બંધ ચાર પ્રકારના છે. પ્રકૃતિ બંધ, સ્થિતિ બંધ, પ્રદેશ બંધ અને અનુભાગ બંધ. જીવ પાંચ પ્રકારથી કર્મોના બંધ કરે છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભ યોગ. મિથ્યાત્વાદિ પાંચ અથવા જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના કર્મો તે બંધન છે, બંધનને સારી રીતે જાણીને તપ, સંયમ, વ્રત, પચ્ચક્ખાણ આદિ અનુષ્ઠાનોથી તોડવા જોઈએ.

જેને રાગ અને દ્વેષ એ બંધન રૂપ લાગ્યા નથી. એવા જીવો રાગ દ્વેષની આગમાં રીબાયા કરે છે. ને અનંતો સંસાર રખડે છે. રાગના કારણે માતા, પિતા, પુત્ર, પરિવાર પત્ની, બધાને મારા માને છે પણ જ્ઞાની કહે છે જેના પ્રત્યે તને રાગ છે. એ કોઈ તને રાગમાંથી કે મૃત્યુમાંથી બચાવી શકવાના નથી. એ ત્રાણ-શરણ રૂપ થવાના નથી. માટે જીવનની ઘડીઓ તપાસો.

**વીરવાણીનો બેલ**:– સ્કુલમાં ભણતો વિદ્યાર્થી સ્કુલમાં જાય અને જેવો બેલ વાગે તેવો તે પોતાના કલાસમાં દાખલ થઈ જાય છે. રમવા, ખેલવા, કૂદવાનું બધું છોડી દે છે. તે રીતે સંતો તમારી પાસે વીતરાગવાણીનો બેલ વગાડે છે ને કહે છે, અનાદિ અનંતકાળથી સંસારમાં રમ્યા, ખેલ્યા, કૂદ્યા, હવે આ બેલનો અવાજ સાંભળીને જાગૃત બનો.

**જાગો રે....જાગો રે....ઓ મારા ચેતન રાજા, અંતરના પટ ખોલોને....જાગો.**
**બહાર ભટકયો સુખને માટે, ક્ષણિક સુખો પામ્યો,**

**તૃપ્તિ મળી ના ચેતન તરસ્યો, સદ્‌ગુરૂ શરણે આવ્યો,**
**આવો રે...આવો રે....ઓ મારા ભાઈબેનો, વાણી સુણવા આવો રે...**

સંતો તમને સાદ કરીને બોલાવે છે હે દેવાનુપ્રિયો ! તમે વીતરાગ વાણી સુણવા આવો. ને તમારા ચેતનરાજાને જગાડો. સુખ મેળવવા બહાર ઘણા ફાંફા માર્યા છતાં સુખ ન મળ્યું અને મળ્યું તો ક્ષણિક સુખ મળ્યું. હવે સદ્‌ગુરૂના શરણે આવો ને તમારી તરસ છીપાવો. અંતરના દરવાજા ખોલો. તિજોરીમાં નાણાં પડયા છે પણ તિજોરીના દ્વાર ખોલો નહિ તો નાણા કયાંથી મળે ? તેમ અંતરમાં જ્ઞાન, દર્શન રૂપી રત્નો પડયા છે, પણ અંતરના દ્વાર ખોલો તો મળે ને ? આ ભગવાન મહાવીર સ્વામીની વિદ્યાપીઠ છે. તમે બધા વિદ્યાર્થી બનીને દોડી આવો તો તમારા અજ્ઞાન અંધારા જશે. રાગદ્વેષની આગ ઓલવવા માટે વીતરાગની વાણી એ પાણીનું કામ કરે છે. ચાતુર્માસમાં સંતો ચાર માસ એક ધારો વાણીનો પ્રવાહ વહાવે છે હે જીવો ! આવતા કર્મોને રોકવા માટે વ્રત, પચ્ચખ્ખાણ સંયમની જરૂર છે. પુરાણા કર્મોને બાળવા માટે તપની જરૂર છે. મેલા કપડાને સાબુના પાણીમાં પલાળીને એને ભઠ્ઠાપર બાફે છે ત્યારે એમાં પરપોટા વળે છે. ને અવાજ જેવું લાગે છે તે કહે છે કે મારામાં મેલાશ અને ચીકાશ હતી તો ભઠ્ઠામાં બફાવું પડયું. તેમ તમારે ચાર ગતિના ભઠ્ઠામાં બફાવું ન હોય તો રાગદ્વેષની ચીકાશ ન રાખશો. તપની જ્યોતિ જગાવો તો પૂરાણાં કર્મો તેમાં બળીને સાફ થઈ જશે. બા. બ્ર. સુજાતાબાઈને આજે ૧૮ મો ઉપવાસ છે. જેણે દૃઢ નિર્ણય કર્યો છે તેની સાધના પાર પડે છે. હવે આપ બધા ચેતન-રાજાને જગાડો. જેની જેટલી શક્તિ હોય તેટલી ભક્તિ કરવા તૈયાર થાવ. જે સમય, જે ઘડી જાય છે તે પાછી આવતી નથી.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયનની વાત ચાલે છે. અધિકારના નાયકનું નામ છે નમિરાજ. પણ તે વાત ચાલતા પહેલાં તેની પૂર્વભૂમિકા બતાવવામાં આવે છે. નમિરાજ કોના પુત્ર છે ? આજે તો દીકરાને બાપનું નામ ગમતું નથી. પોતાને અટકથી ઓળખાવે છે. જ્યારથી મધર કહેતા થયા ત્યારથી માતાને અદ્ધર ઉડાડતા થયા ને ફાધર કહેતા થયા ત્યારથી જુદા થયા. એક વાત યાદ આવે છે.

મા-બાપને એકનો એક દીકરો હતો. મહેનત મજુરી કરીને ભણાવ્યો. દીકરો ભણીને તૈયાર થયો. ઓફીસનો હેડ મેનેજર બન્યો. પછી તો મા-બાપને પત્ર પણ નથી લખતો ને મળવા પણ જતો નથી. દીકરો યાદ કરે કે ન કરે પણ મા-બાપ તો ન ભૂલે. મા-બાપને ખબર પડી કે મારો દીકરો ઓફીસનો હેડ બન્યો છે તો લાવ તેને મળવા જાઉં. મહામહેનતે પિતા મુંબઈ પહોંચ્યા. શોધતા શોધતા દીકરાની ઓફીસ શોધી કાઢી. ઓફીસે પહોંચ્યો ત્યાં દૂરથી પોતાના દીકરાને ખુરશીમાં બેઠેલો જોયો. પુત્ર સુખી છે તેથી બાપને સંતોષ થયો. દીકરાની પણ બાપ તરફ નજર પડી. પણ બાપના દેદાર સારા નથી. એટલે તે તરફ ધ્યાન ન આપ્યું ને પોતાના કામમાં લાગી ગયો. તેના મનમાં થયું કે આવાને

બાપ કોણ કહે ? માટે મારે એમને બોલાવવા નથી. માતાના ગર્ભમાં નવ મહિના રહ્યા ત્યાં શરમ ન આવી. અને અહીં બાપને બાપ કહેતા શરમ આવે છે ! સંસારમાં જીવ આવું નજરે દેખે છે, જાણે છે, છતાં તેના રંગરાગ મોહમમતા છૂટતા નથી.

**સંસાર કેવો ? :** બાપ ઓફીસે પહોંચ્યો ને નોકરને કહ્યું પેલી ખુરશી પર જે હેડસાહેબ બેઠા છે તેને બોલાવો. તે મારો દીકરો છે. મારે તેમને મળવું છે. નોકરે જઇને સાહેબને કહ્યું, તમારા પિતા તમને મળવા આવ્યા છે, માટે બહાર આવો. સાહેબ કહે છે. એ મારો બાપ નથી પણ મારા બાપનો Servant સર્વન્ટ ( નોકર ) છે. આ સાંભળતા બાપા આવ્યા ને કહે છે કે હું નોકર નથી પણ તેની માનો Husband ( હસબન્ડ ) પતિ છું. કહેવાનો આશય એ કે સંસાર કેટલો સ્વાર્થી છે ? એમાં જરા પણ રાચવા જેવું નથી. માટે સમજીને સરકી જાવ. સમજીને સરકે તે જ ડાહ્યો છે.

નમિરાજના માતા પિતાની વાત ચાલે છે. સારા સંતાનો માતા પિતાનું કૂળ ઉજ્જવળ કરે છે. ચેડારાજા એક વાર કહે છે ભગવાન ! મારે સાત દીકરીઓ છે. દીકરો નથી. ભગવાન બોલ્યા હે રાજન્ ! તારી સાતે દીકરીઓ સતી છે. કહેવત છે ને કે દીકરીએ દીવો છે, એ સાતે દીકરીઓ પોતાનું કલ્યાણ કરશે ને કરાવશે. પ્રભાતમાં બધા રોજ સાતે સતીના નામ બોલશે. એના ગુણ ગાશે. તું ભાગ્યવાન છે. જ્યારે કંઈક જગ્યાએ એવું પણ જોવા મળે છે કે દીકરો હોય છતાં માબાપને સાચવતો ન હોય તો છતે દીકરે માતા દુઃખી છે. તમે તમારા જીવનમાં કોઈના નિસાસા લેશો નહિ. બીજાને સુખી કરવા જતાં કદાચ પોતાને દુઃખ ભોગવવું પડે તો દુઃખ વેઠજો પણ બીજાને સુખી કરજો.

અમેરિકાની રાજધાનીનું શહેર ન્યૂયોર્ક છે. જે શહેર ખૂબ સુખી સમૃદ્ધ છે. દુનિયામાં ૧૦૮ માળનું મકાન માત્ર ન્યૂયોર્કમાં છે. એ શહેરમાં એક બહેન ઝવેરીની દુકાને ખરીદી કરવા ગઈ. તેણે નોકરને કહ્યું : મને ખોટા મોતીની એક માળા આપો. નોકરે આપી. ભાઇ ! માળાની કિંમત કેટલી છે ? ત્રણ રૂપિયા. બાઇ સાધારણ હોવાથી મનને રાજી કરવા માળા લીધી. આ માળા પહેરી સંતોષ અનુભવતી.

**માળાના મૂલ્યથી આશ્ચર્ય :** એમ કરતાં પાંચ વર્ષો વીતી ગયા. એક દિવસ એ માળા તૂટી ગઈ. ને મોતી બધા વેરાઈ ગયા. બહેને બધા મોતી વીણી લીધા. મોતી ભેગા કરતાં ખબર પડી કે એક મોતી ખૂટયું છે. આ બહેન જે દુકાનેથી માળા લાવી હતી, તે દુકાને ગઈ. તે પહેલા જ્યારે માળા લાવી ત્યારે દુકાનમાં નોકર બેઠો હતો ને અત્યારે ગઈ ત્યારે શેઠ બેઠા હતા. બહેને દુકાને જઇને શેઠને કહ્યું, આ મારી માળા તૂટી ગઈ છે. આપ તેને ફરી બાંધી આપો. એક મોતી ખૂટે છે, તેના અને બાંધવાના કેટલા પૈસા થાય તે લેજો. તે માને છે કે આખી માળાની કિંમત માત્ર ત્રણ રૂપિયાની છે, તો એક મોતી ઉમેરવાના અને તેને બાંધવાના કેટલા પૈસા થશે ? શેઠ

માળા હાથમાં લીધી ને સમજી ગયા કે આ માળા મારી દુકાનની છે. આ માળા ખોટી નથી પણ સાચી છે. તેણે કહ્યું-બહેન! આ માળામાં એક મોતી નાખીશ અને તેને બાંધીશ તેની કિંમત રૂા. ૩૦૦ થશે. બહેન તો આ શબ્દો સાંભળીને ચમકી ગઈ. તે આશ્ચર્યથી બોલી ઉઠી-શું કહ્યું? ત્રણસો રૂપિયા આ માળા મેં આપની દુકાનેથી ખરીદેલી છે. તે વખતે મેં આખી માળાના માત્ર ત્રણ રૂપિયા આપ્યા હતા અને હવે ફક્ત એક જ મોતી ઉમેરવા માટે આટલી મોટી રકમ આપવી પડશે? શેઠજી! લૂંટો....લૂંટો...તો કેટલું? બધું જ લૂંટી લો છો?

**માળાએ કરેલો અંજામ :** શેઠ કહે બહેન! સાંભળો, વાત એમ છે કે પાંચ વર્ષ પહેલા આ તારીખે અને આ વારે આપ આ દુકાને આવ્યા હતા. તે વખતે ગાદી પર નોકર બેઠો હતો. આપે ખોટા મોતીની માળા માગી પણ નોકરનું લક્ષ ચૂકાઈ જવાથી તેણે સાચા મોતીની માળા આપને ત્રણ રૂપિયામાં આપી. આપની વાત સત્ય છે. પણ બહેન! માળા લઈને આપ થોડે દૂર ગયા ત્યાં હું આવ્યો ને ખબર પડી કે નોકરે મોટી ભૂલ કરી છે. આ માળા સામાન્ય કિંમતની નથી. પણ રૂપિયા દસહજારની છે. આપનું નામ-ઠામ કાંઈ લખ્યું ન હતું. આટલા મોટા ન્યૂયોર્ક જેવા શહેરમાં આપનું ઘર કયાં હોય કે તપાસ કરીએ. મારે નોકર સાથે ખૂબ ઝઘડો થયો. આવેશમાં આવીને ત્રણ તમાચા માર્યા. તેને કહ્યું કે આજથી તને નોકરીમાંથી છૂટો કરવામાં આવે છે. નોકર મારા પગમાં પડ્યો ને ખૂબ રડ્યો. મેં તેની બોચી પકડીને બહાર કાઢયો; ને કહ્યું કે તને ડીસમીસ કરવામાં આવે છે. તને ભાન છે કે તેં શું કર્યું? રૂા. ૧૦૦૦૦ ની માળા માત્ર ૩ રૂપિયામાં આપી દીધી. કેટલી નુકશાની કરી!

બહેન! તમે માળા બંધાવા આવ્યા ત્યારથી માળા જોઈને હું સમજી ગયો કે આ માળા મારી લાગે છે. જો પાછી લઈ લઉં તો આબરૂ, ઈજ્જત જાય ને મને કલંક લાગે. તેમજ તમે આપો પણ નહીં. વાત સાંભળીને પેલી બહેને કહ્યું ભાઈ! એવું તે કાંઈ થતું હશે? ખરી રીતે એ માળા મારી ન કહેવાય. બોલો હવે શું કરવું? (શ્રોતામાંથી અવાજ-માળા પાછી દઈ દેવાની) સમજીને સાચું બોલજો. આ બહેને વિચાર કર્યો કે મારી એક માળા માટે નોકરને કેટલા દુઃખ વેઠવા પડયા? અપમાન, તિરસ્કાર સહન કરવા પડયા અને નોકરીમાંથી છૂટું થવું પડયું. ખરેખર મેં માળા નથી પહેરી પણ આગની વરમાળા પહેરી છે. ગરીબોના આંસુ પહેર્યા છે. ધિક્કાર છે મને! ધન્ય છે શેઠને, શેઠ જાણે છે કે આ માળા મારી છે છતાં માંગતા નથી. કેટલી ખાનદાની! કેટલી અમીરી! શેઠ તો મને સત્ય વાત કરત નહિ પણ મેં પૂછયું ત્યારે સત્ય વાત કહી. શેઠજી, મારી એક શરત કબુલ કરશો? હું તમને આ માળા પાછી આપી દઉં છું. પણ પેલા નોકરની ભૂલ માફ કરીને એને પાછો નોકરીમાં રાખી લો.

**બહેનના પગમાં પડતો નોકર :**-શેઠે બહેનની શરત કબૂલ કરી. ને નોકરને

બોલાવવા મોકલ્યો. બીતો માણસ બીતો ફરે. તેમ નોકરને ભય લાગ્યો કે મને નોકરીમાંથી તો કાઢી મૂકયો છે હવે મારા પર શું હુકમનામું લાવવું હશે? શું દશ હજાર રૂપિયા લેવા હશે? ખરેખર ગરીબી તો તણખલા કરતા તુચ્છ છે. ઘાસના પૂળાની કિંમત છે, તેટલી ગરીબની કિંમત નથી. મોટરની, સાયકલની કિંમત છે. અરે! મોટરના સ્પેર પાર્ટસની કિંમત છે પણ માનવીની કિંમત નથી. આખા જગતને ઉગારવા જઈ શકવાના નથી પણ તમારા ઘરમાં દુઃખી હોય તેને ઉગારો. એથી આગળ વધીને પાડોશીને ઉગારો. એથી આગળ કુટુંબ, પછી જ્ઞાતિ, ગામ ને પછી રાષ્ટ્રને ઉગારો. પેલો નોકર તો બિચારો ધ્રુજતો ધ્રુજતો આવ્યો. શેઠ મને માફ કરો. આપના દશ હજાર રૂપિયા ગયા છે તે હું મજુરી કરીને બચશે તેમાંથી આપીશ. શેઠ કહે સબૂર કર. તારો ભય ગયો. આજથી તું મારે ત્યાં નોકરી પર ચાલુ થઈ જાય છે. બંધુઓ! આશીર્વાદ માંગે નહિ મળે. અરે, ભીખ માંગો તો પણ નહિ મળે, પણ ગરીબોના આંસુ લુછો. દુઃખીઓના બેલી બનો. જીવન પ્રમાણિક બનાવો તો આશીર્વાદ મળશે ને કલ્યાણ થઈ જશે. શેઠે નોકરને કહ્યું ભાઈ! આ દયાળુ બેન આવી. તેણે દસ હજારની માળા એક પણ પૈસો લીધા વિના મને પાછી આપી. તે તને નોકરીએ રાખવાની શરતે. નોકર બહેનના પગમાં પડયો. આંખના આંસુથી બેનના પગ ભીંજવી દીધા. બહેને કહ્યું દીકરા! દીર્ઘાયુષ બન. હું એટલા પૈસાવાળી નથી. જો સુખી હોત તો તારા પાંચ વર્ષના પગારના જેટલા રૂપિયા ગુમાવ્યા છે તે તને આપી દેત. મારી માળાએ તારી આ દશા કરીને? આ બહેનને સંસ્કૃતિ વરી ચૂકી હતી. નીતિ, સદાચાર, પ્રમાણિકતા, કરૂણા વિગેરે સદ્ગુણોની જ્યોત જલતી હતી. માનવતાનો દીવડો ઝળહળી રહ્યો હતો.

અહીં મણિરથ રાજા બન્યા છે. ને નાનાભાઈ યુગબાહુને યુવરાજ પદવી લેવા માટે સમજાવી રહ્યા છે. પણ યુગબાહુને જોઈતી નથી. એનામાં કેટલા ગુણો છે. રાજ્યમાં રહેવા છતાં રાજ્યમાં લેપાતા નથી. યુગબાહુ ઘેર ગયા. તેમની પત્ની મયણરેહા પૂછે છે, આજે આપ ઉદાસ કેમ છો? મને મારા મોટાભાઈએ બંધનમાં નાખ્યો છે. યુવરાજની પદવી આપી છે. મયણરેહા કહે, આપણે પદવી જોઈતી નથી. આપ લેશો નહિ. રાજ્યમાં વસવા છતાં પદવીનો મોહ નથી. તેમને મન તો પદવી એટલે પતન. એવી પદવી જોઈતી નથી.

જ્યારે આત્મામાં સમ્યગ્દૃષ્ટિ આવે છે ત્યારે યુવરાજની પદવી પણ તેને બંધનરૂપ લાગે છે. મિથ્યાદૃષ્ટિ આત્મા દુઃખ આવે ત્યારે ગભરાઈ જાય છે. ને સુખ આવે ત્યારે ફૂલાઈ જાય છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ આત્મા સુખમાં ફૂલાતો નથી. ને દુઃખમાં ગભરાતો નથી. એવો અનંત જ્યોતિમય આત્મા પોતાની દિવ્યતાને પ્રાપ્ત કરીને ધન્ય બની જાય છે. કૃતકૃત્ય બની ~~જાય છે~~. જે કાંઈ મેળવવાનું હતું તે મેળવી લીધું. તેને હવે મેળવવાનું કંઈ બાકી રહેતું નથી. એક માણસે કઠીન તપની સાધના કરી ને દેવ પ્રસન્ન થયા. દેવ બોલ્યા બોલ, તારી શી ઈચ્છા છે? તારી શી અભિલાષા છે? તું જે માંગીશ તે હું તને આપીશ.

માણસ વિચાર કરે છે કે મારા ઘણા અહોભાગ્ય છે કે વર્ષોની સાધના પછી દેવ મારા પર પ્રસન્ન થયા. અને તે પોતે જ મને વરદાન માંગવાનું કહે છે. આ કિંમતી ક્ષણથી વધીને મારા જીવનમાં બીજી કઈ ક્ષણ આવશે? ખરેખર હું ભાગ્યશાળી છું કે દેવ મારા પર પ્રસન્ન થયા છે. તે માણસે હાથ જોડીને મીઠી વાણીથી કહ્યું તમે મારા પર પ્રસન્ન થઈને વરદાન માગવાનું કહો છો તો હું એ માગું છું કે આ અસીમ ધરતી પર જ્યાં જ્યાં મારા પગની ઠોકર વાગે ત્યાં ખજાનો નીકળે.

જે માણસને દેવનું વરદાન મળી જાય પછી એને ખીસ્સામાં પૈસા રાખવાની શી જરૂર? તેને બેંકમાં ચેક રાખવાની શી જરૂર? જેને ડગલે ડગલે ખજાનો છે તેને દુનિયાની કોઈ પણ ચીજની જરૂર રહેતી નથી. આ તો એક ન્યાય છે. તેમાંથી આપણે શું સમજવું છે? આ માણસની જેમ સંસારમાં પ્રત્યેક સાધક સાધના કરે છે. તે સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે કરે છે. અધ્યાત્મભાવની સાધના કરતા કરતા તે સ્વયં પોતાના આત્માને પ્રસન્ન કરે છે ત્યારે તેને સમ્યગ્દર્શનનો અક્ષય નીધિ મળી જાય છે. જેને આ અક્ષય નીધિ મળી ગયો તેને બધું મળી ગયું. તેણે બધું પ્રાપ્ત કરી લીધું. અનંત જ્યોતિનો ખજાનો મેળવીને કોનું જીવન જ્યોતિર્મય નથી બનતું? બધાનું બને છે. તે અનંત જ્યોતિના પ્રકાશમાં જીવનના કોઈ પણ ખૂણામાં મિથ્યાત્વ અજ્ઞાનનો અંધકાર રહી શકતો નથી. સમ્યગ્દર્શનનો અનંતરાશી જેને પ્રાપ્ત થઈ જાય તેના જીવનમાં દરિદ્રતા કેવી રીતે ટકી શકે? ન ટકી શકે.

એ ભક્ત પ્રભુને પ્રાર્થના કરતા કહે છે કે હે પ્રભુ! હું આપની પ્રાર્થના એટલા માટે કરું છું કે મારે ધન વૈભવ નથી જોઈતા. પત્ની નથી જોઈતી. એ બધા તો સંસારના તુચ્છ ફળ છે. એ માંગવાની ઈચ્છા નથી. હું તો આપની પાસે એ જ ઈચ્છું છું કે એક વાર મને તમે તમારું રહેવાનું ધામ બતાવો. લોગસ્સમાં આપણે બોલીએ છીએ કે હે પ્રભુ' **"સમાહિવરમુત્તમં દિન્તુ" "સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ"** ઉત્તમ પ્રકારની સમાધિ આપો. અક્ષય દર્શન આપો. સિદ્ધ પદ મને આપો. મારે બીજું કાંઈ નથી જોઈતું. ભકતે આ પ્રાર્થનામાં શું માંગ્યું? બધું માંગી લીધું. તેણે પોતાના જીવનનો મહાપ્રસાદ અને મોક્ષ માર્ગનું પ્રથમ સોપાન એવું સમ્યગ્દર્શન માંગી લીધું અને અંતિમ શિખર મોક્ષ પણ માંગી લીધો. હવે કંઈ માંગવાનું બાકી રહ્યું? ના. આ તો કવિની કલ્પના છે. ખરી રીતે સમ્યક્ત્વ એ કોઇને દેવાની કે લેવાની ચીજ નથી. જેણે સમ્યક્દર્શન મેળવી લીધું તેણે બધું મેળવી લીધું.

કોઈ પણ ભવ્ય આત્મા સમ્યક્દર્શનના શાંત સુંદર સરોવરમાં એક વાર પણ ડૂબકી મારે છે ત્યારે એ વાત નિશ્ચિત છે કે તેના જીવનના દુઃખો અને કલેશોનો અંત જલ્દી આવે છે. સર્વ ગુણોમાં કોઈ શ્રેષ્ઠ હોય તો સમ્યગ્દર્શન છે. જીવનનો મૂળ આધાર પણ સમ્યગ્દર્શન છે. સમ્યક્ત્વના સદ્ભાવમાં જ્ઞાન સમ્યગ્જ્ઞાન થઈ જાય છે અને

ચારિત્ર સમ્યક્ ચારિત્ર થઈ જાય છે. જેના જીવનમાં સમ્યગ્દર્શન છે તો બધું છે અને સમ્યગ્દર્શન નથી તો કાંઈ નથી. સમ્યક્ત્વને ચિંતામણી રત્નની ઉપમા આપવામાં આવી છે. ચિંતામણી રત્નને અર્થ એ છે કે માનવી જે કાંઈ સંકલ્પો, ઇચ્છાઓ કરે તે પૂર્ણ થાય. ચિંતામણી રત્ન તો ભૌતિક પદાર્થ છે. તે આજે છે ને કાલે નથી. પણ સમ્યગ્દર્શન તો એવું આધ્યાત્મિક ચિંતામણી રત્ન છે કે જો એકવાર પરિપૂર્ણ શુદ્ધ રૂપથી પ્રાપ્ત થઈ જાય તો એ ફરીને કયારે પાછું જાય નહિ. આ છે ક્ષાયિક સમ્યક્ત્વ રત્ન. આ એક એવી શક્તિ છે કે જે મેળવ્યા પછી સંસારના બીજા કોઈ પણ પદાર્થની આશા રહેતી નથી. તેને આત્મામાં આનંદ આનંદ હોય છે.

એક જન્માંધ માણસને પુણ્યોદયથી નેત્ર જ્યોતિ પ્રાપ્ત થઈ જાય તો તેને કેટલો હર્ષ થશે ? તેને કેટલી પ્રસન્નતા અને કેટલો આનંદ થશે ? તેના આનંદને પાર નહીં હોય. જન્માંધ માણસને નેત્રજ્યોતિ મળવાથી જેટલો આનંદ થાય છે તેનાથી કેટલાય ગણો અધિક આનંદ જેણે પોતાનું અનંત જીવન મિથ્યાત્વના ઘોર અંધકારમાં પસાર કર્યા પછી સમ્યગ્દર્શનની નિર્મળ જ્યોતિ પ્રાપ્ત કરી છે તેને થાય છે. માટે આ જન્મમાં પ્રાપ્ત કરવા જેવું જો કંઈ હોય તો સમ્યક્ત્વ છે. ચાતુર્માસના મંગલ દિવસો ચાલી રહ્યા છે. આ દિવસોમાં વિશેષ ન કરી શકો તો પાંચ બોલનું પાલન કરો.

**(૧) સંતદર્શન :** દિવસમાં જ્યારે ટાઈમ મળે ત્યારે ઉપાશ્રયે આવવું ને સંતદર્શન કરવા. સંતના દર્શનથી મહાન લાભ થાય છે. કહેવાય છે કે ગુરુ વિના જ્ઞાન નહિ. જ્ઞાન વિના સ્થાન નહીં. સ્થાન વિના લાભ નહિ ને લાભ વિના કર્મ નાશ નહિ. કર્મનાશ વિના મુક્તિ નહિ. સંતના દર્શનથી જીવ અંધારી રાત જેવો હોય તો અજવાળી રાત જેવો બની જાય છે. કાળા અડદ સરખો હોય તે છડીદાળ જેવો થઈ જાય છે. ઉત્કૃષ્ટ ભાવે વંદન કરતા જીવ નીચગોત્ર કર્મને ખપાવે છે ને ઉચ્ચગોત્ર કર્મ બાંધે છે. માટે સંતદર્શન તો અવશ્ય કરવા જોઇએ.

**(૨) પ્રાર્થના :** પ્રાર્થના એટલે આત્માને પરમાત્મા બનાવનાર સાચું અને ઉત્તમ રસાયણ અથવા સાચું માનવજીવન જીવાડનારી સંજીવની છે. સંસારમાં ખુંચેલાને હાથ પકડી બહાર કાઢનાર અનુપમ કાવ્ય છે. જ્ઞાની પુરુષો પ્રાર્થનાને મોક્ષની નીસરણી કહે છે. પ્રાર્થના એટલે ઇશ્વરના ગુણોનું સ્મરણ. જો સ્મરણ કરતા ઉત્કૃષ્ટ રસ આવે તો ઇશ્વર બની જવાય. વાસનાના વિષમ વાવાઝોડા દૂર થાય ને સાત્ત્વિક ભાવ અંતરમાં સંચરે એનું નામ પ્રાર્થના. ઇશ્વર સાથે સંયોગ પ્રાપ્ત કરવાને મનુષ્યને પ્રયાસ એટલે પ્રાર્થના. આળસ અને પ્રમાદને ત્યાગ થાય તો પ્રાર્થના કરવાનું મન થાય.

**(૩) સામાયિક :** આખા દિવસમાં ઓછામાં ઓછી એક સામાયિક તો અવશ્ય કરવી જોઇએ. સામાયિક એટલે શું ? જેમ ઘરને તાળું માર્યું હોય તો ચોર અંદર દાખલ થઈ શકે નહીં. જો મકાન ખુલ્લું હોય તો ચોર બધું લૂંટી જાય, તેમ સામાયિક

એટલે પાપ રૂપી ચોરોને દાખલ થતા અટકાવનાર જબ્બર પહેરેગીર. શુદ્ધ ભાવે એક સામાયિક કરવાથી જીવ મહાન લાભ મેળવે છે. પન્નવણા સૂત્રમાં ગૌતમ સ્વામીએ ભગવાનને પૂછયું ભગવાન ! એક મુહુર્ત શુદ્ધ સમકિત સહિત સામાયિક કરે તો તેને શું લાભ થાય ? ભગવાને કહ્યું હે ગૌતમ ! ૯૨ ક્રોડ પલ્યોપમ, ૫૯ લાખ પલ્યોપમ, ૨૫ હજાર પલ્યોપમ, ૯૨૫ પલ્યોપમ અને એક પલ્યોપમના સાત ભાગ કરીએ તેમાંથી ત્રણ ભાગ ઝાઝેરા શુભ દેવતાનું આયુષ્ય બાંધે. આવો મહાન લાભ થાય છે. માટે રોજ અવશ્ય સામાયિક કરવી જોઇએ.

(૪) **પ્રતિક્રમણ** : ચોમાસામાં બને તો અવશ્ય પ્રતિક્રમણ કરવું જોઇએ. પ્રતિક્રમણ એટલે પાપનો એકરાર કરવાની કોર્ટ, દિવસભર જે અતિચાર લાગ્યા હોય તે દોષોને દૂર કરનાર સાવરણી. પાપના મેલથી મલીન થયેલા આત્માને સ્વચ્છ બનાવવાનું સ્પેશીયલ સરોવર. જેમ સવારે ઉઠી અરિસામાં મુખ જુવો છો કે કોઈ ખરાબ ડાઘ તો નથી ને ? તેમ જ્યારે પ્રતિક્રમણ કરતા હોય ત્યારે આખા દિવસમાં મેં કયા કયા પાપ કર્યા છે તેની ખબર પડે છે. માટે પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઈ એ.

(૫) **તપશ્ચર્યા** : પુરાણા કર્મોને સાફ કરવા માટે તપ એ અમોઘ જડીબુટ્ટી છે. કોટી ભવોના સંચિત કર્મો તપથી નાશ થાય છે. માટે જેટલી શક્તિ હોય તેટલો તપ કરવો જરૂરી છે. આ પાંચ બોલની જો ચાતુર્માસમાં આરાધના કરશો તો ચાતુર્માસ સફળ બનશે ને જીવન ઉજ્જવળ બનશે. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં.-૧૦

**અષાડ વદ ૯ ને શનીવાર** **તા. ૨૫-૭-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અહિંસાના અવતારી, સત્યના પૂજારી, અલખના અણુગારી શાસનપતિએ જગતના જીવોના કલ્યાણ માટે આગમની પ્રરૂપણા કરી. આગમ એ આપણી અમૂલ્ય મૂડી છે. બાપ દીકરા માટે મૂડી મૂકીને જાય પણ દીકરો સારો નીકળે, લક્ષ્મીનો સદ્વ્યય કરે તો ન્યાલ થઈ જાય પણ જો દીકરો ઉડાઉ નીકળે તો બધી મૂડી ફના કરી નાંખે. આપણને ભવસાગરથી તરવા માટે આગમ રૂપી અમૂલ્ય ખજાનો મળ્યો છે. એ ખજાનાની જીવને કિંમત છે ? ઓળખાણ છે ? જીવને જેટલી દ્રવ્ય ખજાનાની કિંમત છે એટલી હજુ આગમ રૂપી ખજાનાની કિંમત નથી. તમારો ખજાનો તો આ લોક પૂરતો છે. પણ આગમ રૂપ ખજાનો તો આત્માની સાથે આ લોકમાં રહે છે ને પરલોકમાં પણ સાથે જાય છે. માટે તેની ઓળખાણ કરો.

આગમની ઓળખાણ-એટલે સમજણ માનવભવમાં થઈ શકે છે. માનવ જન્મને જ્ઞાનીઓએ મોક્ષનો દરવાજો કહ્યો છે. જો શહેરમાં પ્રવેશ કરવો છે તો પહેલા દરવાજામાં

થઈને પછી શહેરની અંદર જઈ શકાય છે, તેમ મોક્ષ રૂપી નગરમાં પ્રવેશ કરવા માટે માનવ જન્મ એ ભવ્ય દ્વાર છે. ૮૪ લાખ જીવાયોનીમાં આવજા કરતો, વિષયો રૂપી કીચડમાં અત્યંત લપટાયો છે. પણ અથાગ પુણ્યના પ્રભાવે શ્રેષ્ઠ એવો મનુષ્ય જન્મ મલ્યો છે, જે દેવોને પણ દુર્લભ છે. દેવો પણ મનુષ્ય જન્મને ઝંખે છે. આવો અમૂલ્ય જન્મ આપણે એળે ગુમાવી દઈએ તો તેના જેવી મૂર્ખતા બીજી કઈ હોઈ શકે ? આ વાત ખાસ યાદ રાખવી જોઈએ કે મનુષ્ય જન્મ ભવપરંપરા કાપવા માટે મળેલો છે. પણ ભવપરંપરા વધારવા માટે નહિ માટે સ્વમાં ઠરી જવું એ અતિ આવશ્યક છે. જો આપણે સ્વસ્વરૂપ તરફ દૃષ્ટિ નહી દોડાવીએ અને વિભાવદશામાં આળોટ્યા કરીએ તો તેમાં દોષ કોનો ? આ જન્મમાં આપણે મોક્ષમાટેનો પુરૂષાર્થ કરીએ નહિ અને શ્રેષ્ઠ એવા માનવ-ભવને એળે ગુમાવી દઈએ તો પછી મોક્ષની પ્રાપ્તિ માટે કયા ભવમાં અને ક્યારે પુરૂષાર્થ કરીશું ? જે મનુષ્ય જન્મને વ્યર્થ ગુમાવી દે છે તેને શાસ્ત્રોએ આત્મઘાતી કહ્યો છે. વિષય લાલસાઓમાં લુબ્ધ બની ગાડી, વાડી, લાડી, બાગબગીચા, બંગલા, પુત્ર પરિવાર, કુટુંબીજનો, આપ્તજનો, લક્ષ્મી આદિ વૈભવોમાં તેમજ અહંતા, મમતા રૂપ દૃઢ પાશથી બંધાઈને અજ્ઞાનની દૃષ્ટિથી આ અસાર એવા સંસારમાં જે મોહ પામી રહ્યો છે તેથી તે જન્મ મરણ રૂપી વિષચક્રથી છૂટી શકતો નથી. આચારંગ સૂત્રમાં ભગવાન બોલ્યા છે.

" एएसुचेव विप्परामुसंति, गुरु से कामा, तओ से मारंते,
जओ से मारंते, तओ से दूरे, नेव से अंतो नेव दूरे " ॥

અતત્ત્વદર્શી જીવોને માટે વિષય ભોગો છોડવા અતિ કઠીન છે. એટલે તે જન્મ-મરણની પરંપરાથી છૂટી શકતો નથી, અને તેથી તે મોક્ષના સુખથી દૂર રહે છે. ભાન ભૂલેલો આત્મા શબ્દાદિ વિષયોમાં સુખ શોધવાનો પ્રયત્ન કરે છે. પણ તેને સુખ મળવાને બદલે દુઃખ મળે છે. કામભોગોમાં આસક્ત રહેવાથી જીવ સંસાર રૂપી સમુદ્રમાં ગોથા ખાય છે. આ સંસાર ચક્રમાં નિરંતર પરિભ્રમણ કરતો રહે છે. તેથી તે મોક્ષના સુખથી વેગળા રહે છે. સંસારમાં કોઈ પણ જીવ બાહ્યદૃષ્ટિથી સુખી હોય પણ તે રોગ-શોકથી મુક્ત નથી. માટે શાસ્ત્રોમાં જે ધાર્મિક અનુષ્ઠાનો બતાવ્યા છે તે એટલા માટે કે તેમાં પ્રવૃત્તિ કરાવી અંતે નિવૃત્તિમાં લઈ જઈ પોતાનું મૂળ સ્વરૂપ સમજાવી ભવ-ભ્રમણથી મુક્ત કરે છે.

આત્મા રૂપી નદીમાં ડૂબકી મારવાથી અજ્ઞાનરૂપી મેલ દૂર થાય છે. કારણ કે આત્માનો શુદ્ધ જ્ઞાન છે. આત્મા રૂપી નદીને બે કિનારા છે. એક જ્ઞાન અને બીજો વિરાગ. તે નદીમાં સુખ, આનંદ છલોછલ ભરેલું છે. આ નદીમાં સ્નાન કરવું તે જીવનનો અવર્ણનીય લ્હાવો છે, અને તેમાં રમણતા કરતા છેવટે નિર્વિકલ્પ દશા પ્રાપ્ત કરે છે. વ્યવહારમાં પુરૂષાર્થ કરવાથી અથવા તો નહીં કરવાથી પણ પ્રારબ્ધ પ્રમાણે યથાકાળે

જે જે સુખ-દુઃખનું ફળ મળવાનું નિર્માણ થયું હોય છે, તે તો મળ્યા કરે છે. આપણે નજરે જોઈએ છીએ, ઘણીવાર કંઈક બિચારા આખો દિવસ કાળી મજુરી કરતા હોય છે, છતાં બહુ અલ્પ મળે છે, અને શ્રીમંત માણસો અલ્પ મહેનતે ઘણું મેળવે છે. સાંસારિક સુખો તો યત્ન કરો કે ન કરો. જે મળવાના હશે તે મળશે, પણ આત્મ-સાક્ષાત્કાર માટે તો વિવેક, વૈરાગ્ય, શમ, દમાદિ, સાધન સંપત્તિ મેળવવા સતત પુરૂષાર્થ કરવાની જરૂર છે. વિનય, વિવેક, સમતા, વૈરાગ્ય આદિ સાધન સંપત્તિથી મનુષ્ય ભવ કટી કરી શકે છે. ભવ ઓછા થાય તો આ જન્મની સાર્થકતા થઈ કહેવાય.

પથ્થર જ્યારે ખાણમાંથી નીકળે છે ત્યારે તે ખરબચડો હોય છે. તે સ્થિતિમાં તે પથ્થરનો ખાસ ઉપયોગ થતો નથી, પણ જ્યારે તે કડિયાના હાથમાં આવે છે ત્યારે તે પોતાના ઓજારો વડે તેને મકાનના બાંધકામમાં ઉપયોગી થાય તેવો બનાવે છે. કોઈ કલાકારના હાથમાં આવે તો તે તેમાંથી સુંદર આકૃતિ બનાવે છે, અને તે કિંમતી બની જાય છે. આવું જ માનવ જીવનનું છે. માનવ જીવન પણ પથ્થરની જેમ ખરબચડું છે. વિષયકષાયથી ભરેલું છે, છતાં પ્રયત્ન વડે તેને દેવ જેવું બનાવી શકાય છે. સમ્યક્ દિશામાં પ્રયત્ન કરવામાં આવે તો તે દેવ જેવું બને છે અને ઉલ્ટી દિશામાં જીવનને વાળવામાં આવે તો તે દાનવ જેવું બની જાય છે. માનવના પ્રયત્ન પર તે નિર્ભર છે. તમારે દેવ બનવું છે કે દાનવ? વિચાર કરો. જો દેવ જેવા બનવું હોય તો સમ્યક્ દિશામાં પ્રયત્ન કરો. આત્માને ક્ષણે ક્ષણે જાગૃત રહેવાની જરૂર છે. "જાગૃતિ એ જ જીવન છે. પ્રમાદ ત્યાં પતન છે." નાની ડાયરીમાં એટલું નોંધી લો કે મૃત્યુનો વિશ્વાસ કરવા જેવો નથી, મોડા કે વહેલા એક દિવસ તો મૃત્યુના મહેમાન બનવાનું છે. યમરાજાનું ઓચિંતુ આમંત્રણ આવી જશે ત્યારે આદરેલાં કાર્યો અધૂરાં મૂકીને જવું પડશે.

**એક દિન આવશે એવો, લઈ જશે કાળ લૂંટારો**
**સહુને તે રસ્તે કરવું પ્રયાણ રે... ...**
**પૂરા થઈ શકયા જે કામો પૂરા, અધુરા હશે તે રહેશે અધુરા**
**કાળની ઘંટડી વાગશે જ્યારે, ક્ષણ એક ઘરમાં નહિ રાખે ત્યારે**
**એક ભવની સગાઈ, કરો આત્માની કમાઈ....સહુને....**

કાળરૂપી લૂંટારો આવશે ત્યારે જીવને પકડીને લઈ જશે. જીવ જશે ત્યારે સાથે કંઈ લઈ જશે નહિ. આજ સુધી કોઈ લઈ ગયું નથી ને લઈ જવાનું નથી, માટે મોહ છોડો. વિચાર કરો કે આ મિલ્કત, આ માયા મારી નથી. હું મિલ્કતનો નથી. પુત્ર, પત્ની પરિવાર બધું પર છે. અંતે તો બધાને છોડીને જવાનું છે. જે જન્મ્યા તે મરવાના છે. જીવ માતાના ગર્ભમાં આવ્યો ત્યારથી મૃત્યુ તેની સાથે આવ્યું છે, પણ તે ક્યારે આવશે તેની ખબર નથી. જેમ સિંહ મૃગલાને પકડે છે ત્યારે સામું મૃગલાનું ટોળું ઉભું હોય છતાં કોઈ તેને બચાવવા જઈ શકતું નથી, તેમ કાળરૂપી સિંહ જીવને પકડીને

લઈ જાય છે ત્યારે માતા પિતા પરિવાર કોઈ તેને બચાવી શકતું નથી, માટે જ્યાં સુધી કાળ રાજાના તેડા નથી આવ્યા ત્યાં સુધી સાધના કરી લે.

બીજી વાત એ છે કે અત્યારે શરીર સારું છે. કાયા નિરોગી છે. માટે સાધના કરી લો. આજે ઘણીવાર ભાઈ–બેનોને કહીએ ભાઈ! ધર્મ કરી લો ત્યારે એ બધા શું બોલે છે No Time, અમને ફુરસદ નથી. અમે પાછલી અવસ્થામાં ધર્મ કરીશું. આવું બોલનારા પર જ્યારે મૃત્યુનું આક્રમણ થશે ત્યારે તેને શું કાયમને માટે ફુરસદ મળી જશે ને? દુર્ગતિના મહેમાન બનવું પડશે. જ્યારે કાળરાજાનું ઓચિંતુ વોરંટ આવશે ત્યારે આ કંચનવર્ણી કાયા રાખમાં રોળાઈ જશે. જીવતાં જે શરીરની કિંમત લાખની હતી તે કોડીની થઈ જશે. મનના મનોરથો મનમાં રહી જશે. બધું અભિમાન આકાશમાં ઉડી જશે, અને તમારી ગર્વિષ્ઠ આંખોના દ્વાર સદાને માટે બંધ થઈ જશે, માટે હજુ પણ ચેતી જાઓ. આ મનુષ્ય ભવ ફરી ફરીને નહિ મળે, જો આ ભવ ગુમાવી દેશું તો પછી શું થશે?

ત્રીજી વાત એ યાદ રાખો કે અન્યાય, અનીતિ અને પ્રપંચથી મેળવેલી ધનસંપત્તિ જીવને દુર્ગતિમાં ખેંચી જશે. કરેલા પાપકર્મોના ફળ ભોગવવા પડશે ત્યારે પવનથી પાંદડા ધ્રુજે તેમ જીવ ધ્રુજી ઉઠશે. ગાત્રો ઢીલા થઈ જશે, પણ કરેલાં કર્મો ભોગવ્યા સિવાય કોઈનો છૂટકારો થયો નથી. મમ્મણ શેઠે કેટલી સંપત્તિ મેળવી હતી. તેની પાસે કરોડોનું ધન હતું સમુદ્રોની બહાર દ્વિપોમાં તથા દેશવિદેશમાં તેનો મોટો વહેપાર ચાલતો હતો. તેની યુવાની વીતી ગઈ હતી. છતાં ધન મેળવવામાં તેને એટલું મમત્વ હતું કે સાત રાત્રી દિવસ મૂશળધાર વરસાદમાં નદીના પૂરમાં તણાઈને આવતા લાકડા લેવા જતો હતો. ઘણાં પાપો કરીને મેળવેલી લક્ષ્મી તેને ક્યાં લઈ ગઈ? નરકના દ્વારે. નરકના દુઃખો ભોગવતા આ લક્ષ્મી શું તેને બચાવી શકશે? ના....છતાં જીવનું મમત્વ કેટલું છે? કહ્યું છે કે—

> कृतकर्म क्षयो नाऽस्ति, कल्प कोटि शतैरपि ।
> अवश्यमेव भोक्तव्यं, कृतंकर्म शुभाशुभं ॥

કરેલાં કર્મો ક્રોડો ઉપાય કરવા છતાં નાશ થતા નથી. શુભાશુભ કર્મો જીવને અવશ્ય ભોગવવા પડે છે, માટે અત્યારથી ચેતી જાવ. તમને કોઈ ઓળખે કે ન ઓળખે, માન અને મોટાઈના આડંબરમાં મસ્ત બનેલા તમારી મશ્કરી કરતા હોય પણ એનાથી જરાય હતાશ ન થતાં સત્કાર્યો કરવાના ચાલુ રાખજો. જો તમારું જીવન પવિત્ર અને નિષ્પાપ હશે તો અંતે આત્માનો વિજય થવાનો છે. તમારો આત્મા સદ્‌ગતિનો મહેમાન થશે ને આગામી ભવ આ ભવ કરતાં પણ સારો હશે, માટે મૃત્યુલોકમાં આવ્યા છો તો આત્માની કમાણી કરી લો. આત્માને ઓળખી લો, જાણી લો. જીવે બધું જાણ્યું છે પણ હજુ જાણનારાને જાણ્યો નથી. જેને ઓળખવા જેવો છે તેને ભૂલી ગયા છો. આજે કંઈક માણસોને

ઘેર બેઠા બહારની પંચાતો કરવાની ટેવ હોય છે. બહારની વાતો કરે છે. પણ આત્માની વાતો કયારે ય કરી છે ખરી ?

શ્રાવકના ૧૨ વ્રત છે. તેમાં આઠમા વ્રતનું નામ અનર્થાદંડ. અનર્થદંડ એટલે ? અર્થ વિના દંડાવાનું. જેમાં પૈસા જેટલો પણ લાભ થતો નથી, છતાં જીવ વિના કારણે અનર્થા દંડે દંડાયા કરે છે. ગાંડા માણસો હોય એ બધા ઠીંકરા વીણીને ભેગા કરે એમાં એને શું બે પૈસા પણ મળવાના છે ? ફૂટેલા કાંઠલાને ડોકમાં પહેરે અને કચરો ભેગો કરે એમાં કંઈ મળવાનું છે ? ના. એ તો ગાંડો છે તેથી બીન જરૂરનું ભેગું કરે છે, પણ તમે તો ? (શ્રોતામાંથી અવાજ-ગાંડાના ગાંડા) જ્યાં કંઈ સ્વાર્થ નથી, કમાણી નથી, કલ્યાણ થવાનું નથી ત્યાં અનર્થાદંડે દંડાઈને શા માટે કર્મો બાંધો છો ? આત્મા કેટલા પ્રકારે દંડાય છે ? ખબર છે ? પ્રતિક્રમણમાં રોજ બોલો છો ને **મન દંડેણું, વય દંડેણું, કાય દંડેણું.** આ ત્રણ પ્રકારે મારો આત્મા દંડાયો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. આપણને પાંચ ઈન્દ્રિયો મળી છે, તેમાં કોઈની આંખના તેજ ચાલ્યા ગયા હોય એને બીજી ચક્ષુ નાંખે તો એ દેખતા થઈ જાય છે, પણ બધા દેખતા થતા નથી. જેના સ્નાયુ કામ કરે છે, નસો સૂકાઈ ગઈ નથી, એવા દેખતા થાય છે. અંધને જોતા દિલમાં કરૂણા આવી જાય કે જીવે કેવા કર્મો કર્યા હશે કે અંધાપાના દુઃખ વેઠવાના આવ્યા ? આવા દુઃખો વેઠવા ન હોય તો જ્ઞાની કહે છે, **"બંધ સમયે ચેતીએ, ઉદયે શા ઉચાટ ?"** કર્મ બાંધતા પહેલા ખૂબ ચેતવાની જરૂર છે. બીજી આરાધના ન કરી શકતા હો તો એટલું તો કરો કે મારે કોઈ જીવને દુઃખ દેવું નથી. તેનું ખરાબ ચિંતવવું નહિ ને ખરાબ કટુવચન બોલીને મન દુભાવવું નહિ. એકેન્દ્રિથી પંચેન્દ્રિય સુધીના જીવોને દુઃખ થાય તેવું વર્તન કરીશ નહિ. તમને એમ થાય કે એકેન્દ્રિયના જીવોને દુઃખ થાય ? હા, આચારંગ સૂત્રમાં ભગવાને વનસ્પતિની સરખામણી મનુષ્યની સાથે કરી છે.

**इमंपि जाइ धम्मयं एयं पि जाइ धम्मयं, इमंपि वुड्ढि धम्मयं एयं पि वुड्ढिधम्मयं, इमंपि चित्तमंतयं एयंपि चित्तमंतयं इमंपि छिन्न मिलाति एयंपि छिन्न मिलाति, इमंपि आहारगं, एयंपि आहारगं, इमंपि अणिच्चयं एयंपि अणिच्चयं, इमंपि असासयं, एयंपि असासयं, इमंपि चओवचइयं एयंपि चओवचइयं, इमंपि विपरिणाम धम्मयं, एयंपि विपरिणाम धम्मयं ।**

અ. ૧. ઉ. ૫

જેવી રીતે માનવ શરીર ઉત્પન્ન થવાના સ્વભાવવાળું છે તેવી રીતે વનસ્પતિ પણ ઉત્પન્ન થવાના સ્વભાવવાળી છે. આપણું શરીર વધે છે તેમ એ પણ વધે છે. આપણા શરીરમાં ચેતન છે તેમ એનામાં પણ ચેતન છે. શરીરને કાપવાથી, છેદવાથી દુઃખ થાય છે તેમ વનસ્પતિને પણ છેદવાથી દુઃખ થાય છે. જેમ શરીરને આહારની જરૂર છે તેમ વનસ્પતિને પણ આહારની જરૂર છે. આપણું શરીર અનિત્ય, અશાશ્વત છે તેવી રીતે તે

પણ અનિત્ય, અશાશ્વત છે. આપણું શરીર વધે છે-ઘટે છે, તેવી રીતે એનામાં પણ હાનિ-વૃદ્ધિ થાય છે. માનવના શરીરમાં વિકાર હોય છે તેવી રીતે એનામાં પણ વિકાર હોય છે, તેથી આપણી જેમ વનસ્પતિ પણ સચેતન છે. કદાચ તમને પ્રશ્ન થાય કે પૃથ્વીકાયાદિ જીવોને આંખ, કાન, નાક, જીભ, વાણી અને મન નથી તો તેમને દુઃખનો અનુભવ કેવી રીતે થાય ? આ પ્રશ્નનો જવાબ સમજાવવા ભગવાને ન્યાય આપીને સમજાવ્યું. જેમ કોઈ માણસ જન્મથી અંધ હોય, બહેરો હોય, મૂંગો હોય, લંગડો હોય એવા માણસને કોઈ ભાલાથી હાથ પગ કાપી નાખે, કાન, નાક આદિ અવયવો છેદે તો તે માણસને વેદના થાય છે, પણ તે વાણી દ્વારા વ્યક્ત કરી શકતો નથી. એવી રીતે પૃથ્વીકાય આદિ જીવોને અવ્યક્ત વેદના થાય છે, માટે કોઈ જીવોને દુઃખ થાય તેવું વર્તન કરવું નહિ, અને તેવા જીવોની દયા પાળવી. "યાદશી ભાવના તાદશી ફલ." જેવી ભાવના હોય તેવું ફળ મળે છે, માટે ભાવના ઉંચી રાખો. વનસ્પતિ પર પણ ભાવનાના વેગની કેવી અસર થાય છે. જેવા વિચારો તેવી અસર થાય છે.

રૂપક :- બે રાજાઓ નજીક નજીક રાજ્યમાં રાજ કરતા હતા. એક રાજાનું રાજ્ય ખૂબ સુંદર રીતે ચાલે છે. પ્રજા સુખી છે. સાથેના ગામમાં રાજા ગાદીએ આવે ને ૧૦ વર્ષ થાય એટલે મરી જાય. દરેક રાજાને આવું જ બને છે. તે રાજ્યનો પ્રધાન, સુખી રાજ્ય ચાલે છે તે રાજા પાસે આવ્યો, ને વાત કરી કે અમારા ગામમાં ગમે તે રાજા ગાદીએ આવે તે ૧૦ વર્ષ થાય એટલે મૃત્યુ પામે છે, આમ કેમ ? રાજા કહે પ્રધાન ! સામે લીલોછમ ગંભીર મોટો વિશાળ વડલો છે. એ વડલાના પાન સુકાઇ જાય, ખરી પડે ને ઝાડ સાવ ઠુંઠું બની જાય ત્યારે મારી પાસે આવજો. પછી જવાબ આપીશ. પ્રધાનને તો નિસાસો પડયો. આટલો મોટો વડલો કયારે સૂકાય ? મને કયારે જવાબ મળે ? દરરોજ સવારથી સાંજ સુધી પ્રધાનની શી ભાવના હોય ? આ વડલો ઝટ સૂકાઈ જાય. પાન ખરી જાય, એમ કરતાં છ મહિને વડલો સૂકાઇ ગયો. ને ઝાડ સાવ ઠુંઠું બની ગયું.

પ્રધાન ગયો રાજા પાસે. મહારાજા ! વડલો સુકાઈ ગયો, પાન ખરી ગયા, ઝાડ ઠુંઠું થઇ ગયું. હવે તો જવાબ આપશો ને ? રાજા કહે ! આપ વડલા પાસે જાવ તે જેવો હતો તેવો લીલોછમ થઇ જાય, પછી જવાબ મળશે. ગરજ સાકર કરતાં પણ મીઠી છે. પ્રધાનને ગરજ છે એટલે રાજા કહે તેમ બધું કરવું પડે છે. પ્રધાનજી વડલા નીચે ગયા. ત્યાં બેઠા, ને કહેવા લાગ્યા હે વડલા ! હતો તેવો લીલોછમ બની જા. સવારથી સાંજ સુધી આ ભાવના. સમય જતાં છ મહિને લીલોછમ પાંદડાથી ડાળીઓથી શોભતો વિશાળ વડલો બન્યો. પછી પ્રધાન રાજા પાસે ગયા ને વાત કરી. મહારાજા ! સુકાયેલો વડલો લીલોછમ બની ગયો. મારા પ્રશ્નનો જવાબ આપો. રાજા કહે પ્રધાનજી ! તમારા પ્રશ્નનો જવાબ મળી ગયો. કેવી રીતે ? જેવી ભાવના તેવું ફળ.

બસ, તારા રાજા માટે આવું છે. તારા રાજ્યમાં રાજા ૧૦ વર્ષથી વધુ રાજ્ય કરી

શકતા નથી ને મૃત્યુ પામે છે. તેનું કારણુ એ છે કે તારા રાજા પ્રજા પર ટેકસ કરવેરા ખૂબ નાંખે છે. પ્રજાને લૂંટી લે છે. પ્રજાના લોહી ચૂસે છે. ને પ્રજામાં ત્રાસ ત્રાસ વર્તાવે છે. પ્રજા દુઃખી થઈ જાય છે. તેથી શું બોલે ? આવા રાજા રાજ્ય પરથી જલ્દી જાય તો સારું. આટલો ત્રાસ આપતા હોય તેને દીર્ઘાયુષી કોણુ ઈચ્છે ? એટલે રાજા મૃત્યુ પામે છે. જ્યારે મારા રાજ્યમાં પ્રજા પર કોઈ જાતના કરવેરા નહિ. રાજા પ્રજાના સુખે સુખી, અને દુઃખે દુઃખી છે. તેથી પ્રજા રાજાને એ જ આશીર્વાદ આપે ને કે અમારા રાજા દીર્ઘાયુષ બનો. આ રીતે રાજાએ પ્રધાનના કહેવાથી પ્રધાને પોતાના રાજ્યમાં જઈ બધા ટેકસ બંધ કરી દીધા. પ્રજા રાજાની છે અને રાજા પ્રજાનો છે એમ પ્રેમથી, સ્નેહથી રહે છે. છ મહિનામાં તો આખા રાજ્યની રોનક બદલાઈ ગઈ. લોકો કહેવા લાગ્યા કે અમારા રાજા ઘણું જીવો. સૌ મરજો, પણુ સૌના પાલનહાર રાજા ન મરશો. દશ વર્ષ પૂરા થયા. રાજા જીવી ગયા. પ્રજાને સુખી કરી. આ તો એક રૂપક છે. પ્રજાની અશુભ ભાવનાથી કંઈ રાજાનું આયુષ્ય તૂટવાનું નથી ને શુભ ભાવનાથી વધવાનું નથી. આયુષ્ય જેટલું હોય તેટલું ભોગવવાનું છે પણુ આ રૂપક પરથી એ સમજવાનું કે ભાવનાની અસર કેટલી થાય છે ? માટે કોઈના નિસાસા ન લેશો. થાય તો કોઈનું ભલું કરવું, પણુ કોઈનું બૂરું તો મારે નથી કરવું.

**યદિ ભલા કિસીકા કર ન સકે તો બૂરા કિસીકા મત કરના,**
**યદિ ઘર ન કિસીકા બાંધ સકે તો ઝોંપડીયા ન જલા દેના,**
**યદિ મરહમપટ્ટી કર ન સકે તો ખાર નમક ન લગા દેના....**

મહાપુરૂષો કહે છે કે કોઈનું ભલું થાય તો કરજો પણુ કોઈનું ખરાબ તો ન જ કરશો. જો તમને બુદ્ધિ મળી છે તો કોઈ ને સાચી સલાહ આપજો પણુ ખોટી સલાહ તો ન આપશો. બુદ્ધિને દેવી બનાવજો પણુ વેશ્યા ન બનાવશો. કોઈ નો મહેલ ન બનાવી શકો તો ખેર પણુ દુઃખી માણસની ઝુંપડી બાળવા ન જશો. કોઈ ને ગુમડું થયું હોય તો સાફ કરીને પટ્ટી લગાડજો પણુ તેના પર ખાર કે મીઠું નાખવા ન જશો.

સૌનું સદાય હિત ઈચ્છતા એવા બાંધવ બેલડી મણીરથ અને યુગબાહુની વાત ચાલી રહી છે. મણીરથ રાજા યુગબાહુને યુવરાજપદ આપવા માટે વિનવે છે. યુગબાહુ મયણુરેહાની સલાહ લેવા ગયો છે. મયણુરેહા સાધારણુ સ્ત્રી ન હતી. તે ખાનપાનમાં તથા મોજમઝામાં રહેનારી ન હતી. તે સ્વાર્થી ન હતી. પણુ પતિની સહાયિકા અને સહધર્મિણી હતી. તે ગુણીયલ ડાહી હતી. મયણુરેહાએ કહ્યું–નાથ ! પદવીનો મોહ કરવા જેવો નથી. પદવી પતન રૂપ છે. અભિમાન લાવે છે. માટે હું યુવરાજ પદવી લેવાની ના પાડું છું, પણુ મોટાભાઈને ખોટું લાગતું હોય તો આપ પદવીનો સ્વીકાર કરો એ યોગ્ય છે. ભાઈ નો ખૂબ આગ્રહ હોવા છતાં જો પદવી સ્વીકારશો નહિ, તો ભાઈ–ભાઈના પ્રેમ ઓછા થઈ જશે. તમારામાં જો મોટાભાઈ પ્રત્યે અંતરનો પ્રેમ હોય તો પદ સ્વીકાર્યા પછી

પણ તે પ્રેમને જીવતો રાખજો. ભ્રાતૃપ્રેમને ભૂલી ન જશો અને પદવી સ્વીકાર્યા પછી અભિમાન આવી ન જાય તે ખાસ ધ્યાન રાખવાનું. મયણરેહાની વાત સાંભળી યુગબાહુએ કહ્યું દેવી ! તું તો સાક્ષાત્ દેવી છે. સતી કહે છે જો આપ દેવ છો તો હું દેવી છું. નહિ તો હું દેવી કેવી રીતે હોઈ શકું ? યુગબાહુ મયણરેહાને દેવી કહે છે. હું તમને પૂછું છું કે તમે દેવી કહો છો ને ?

મણિરથ રાજાએ ઉમંગ–ઉત્સાહપૂર્વક મહોત્સવ કરી યુગબાહુને યુવરાજ પદ આપ્યું. આ સમયે લોકો કહેતા કે ભાઈ હો તો આવો જ હો. લોકો બે જાતની વાતો કરતા હતા. કોઈ મણિરથના ગુણ ગાય તો કોઈ યુગબાહુના ગુણ ગાય.. કોઈ મણિરથ માટે એમ કહેતા કે તેમને પુત્ર થાય ત્યારે ભાઈનો અધિકાર ચાલ્યો ન જાય, તેથી એમણે અત્યારથી યુગબાહુને પદવી આપી. કોઈ કહેતા કે યુગબાહુ કેટલો નિઃસ્વાર્થી અને નિરભિમાની છે. તેને યુવરાજ પદ લેવાનું મન નહીં હોવા છતાં ભાઈની આજ્ઞા શિરોમાન્ય કરી પદવીનો સ્વીકાર કર્યો. રાજ્ય શાસન મળવા છતાં કેવો ગંભીર અને નમ્ર બની ગયો છે. કે જાણે તેના માથે કોઈ પ્રકારનો ભાર પડ્યો ન હોય ! આંબાનું ઝાડ કેરીઓ આવે ત્યારે નીચે નમી જાય છે અને એરંડો તો અક્કડ રહે છે. પછી ભલે તે તૂટી જાય, પણ નમતો નથી, તેથી એરંડાની કદર થતી નથી અને આંબાને મહત્ત્વ આપવામાં આવે છે. અહીં યુગબાહુ પદવી મળવા છતાં કેટલો નમ્ર બની ગયો છે. શેરડીનો સાંઠો ખેતરમાં પણ મીઠો રહે છે અને રસ કાઢવા માટે યંત્રમાં પીલવામાં આવે ત્યારે પણ મીઠો રહે છે. સોનું વીંટીમાં હોય કે ખાણમાં હોય પણ તે સોનું જ રહે છે. તેમ, ધર્માત્મા સુખમાં રહે કે દુઃખમાં રહે પણ તે બધે ઠેકાણે ધર્માત્મા રહે છે.

મયણરેહાને એક પુત્ર થયેલો છે. પુત્ર થયો ત્યારે તેણે સ્વપ્નમાં ચંદ્ર જોયો હતો. તેથી તેનું નામ ચંદ્રયશ પાડયું હતું. તે ચંદ્ર સમાન શીતળ અને સૌમ્ય હતો. થોડા સમય બાદ એક રાત્રે મયણરેહા જ્યારે સૂતી હતી તે વખતે તેણે સ્વપ્ન જોયું ને સ્વપ્નમાં કલ્પવૃક્ષ જોયું. તે કલ્પવૃક્ષ મુખ દ્વારા પેટમાં ઉતર્યું. આ સ્વપ્ન જોયા પછી તે જાગૃત થઈ. સારું સ્વપ્ન આવે પછી સૂવાય નહિ. તે રીતે મયણરેહા સૂતી નહિ. ધર્મજાગ્રિકામાં પોતાનો સમય પસાર કર્યો. સારું સ્વપ્ન આવ્યું હોય તો જેવા તેવા માણસની પાસે કહેવાથી તેનું ફળ ચાલ્યું જાય, માટે સારું સ્વપ્ન ઉત્તમ પુરુષને, ગામમાં સંતસતીજીઓ હોય તો તેમને કહેવું. સંતો ન હોય તો સારા માણસને કહેવું.

એક બહેનને સ્વપ્ન આવ્યું કે હું દરિયો પી ગઈ. તેણે સારું સ્વપ્ન માનીને ધર્મધ્યાન કર્યું પણ સૂતી નહિ. ગામમાં સંત બિરાજે છે, તેથી સવાર થતાં તે ઉપાશ્રયે જવા નીકળી, ઉતાવળી ઉતાવળી જાય છે. રસ્તામાં સામી બટક બોલી મળી. જેની જીભ તલવારની ધાર જેવી છે. ખાતા આવડે છે પણ બોલતા નથી આવડતું, એવી સ્ત્રીનો ભેટો થયો. તે કહે અલી ! અત્યારમાં ઉતાવળી ઉતાવળી ક્યાં જાય છે ? આ કપટી છે

અને પેલી ભોળી છે. ભોળીએ કહ્યું, હું ઉપાશ્રયે જાઉં છું. અત્યારમાં શા માટે ઉપાશ્રયે જાય છે? મને સ્વપ્ન આવ્યું તે સંતને કહેવા. તને શું સ્વપ્ન આવ્યું છે? બિચારીએ સાચે સાચું કહ્યું કે હું દરિયો પી ગઈ. એવું મને સ્વપ્ન આવ્યું છે. જેના શબ્દો ઝેર જેવા અને તીક્ષ્ણ કાંટા જેવા છે, એવી કપટી બાઈએ કહ્યું. તું દરિયો પી ગઈ તો તારું પેટ ફાટી ન ગયું? આવા કુપાત્રનો સંગ ન કરવો કે તેની પાસે વાત પણ ન કરવી.

પેલી બાઈ તો ગઈ મુનિ પાસે. મુનિના મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન નિર્મળ હતા. તેમણે જાણ્યું કે આ બાઇ હવે ૪૮ મિનિટ જીવવાની છે. તેને સ્વપ્ન સારું આવ્યું પણ કુપાત્રને કહ્યું, તેથી અનર્થ થઈ જવાનો. બહેને મુનિ પાસે સ્વપ્નની વાત કરી. સમય જોઈને સંતે કહ્યું બેન! સ્વપ્નનું ફળ મેળવવા તું ઘેર જઈને સામાયિક લઈને બેસી જા. તેમાં ગમે તેવું કષ્ટ પડે તો તેમાં સમાધિ રાખજે, અને એક કલાકના બધા પચ્ચખ્ખાણ લઇને જા. સંતના કહેવા પ્રમાણે તે બહેન ઘેર જઇને સામાયિક લઇને બેસી ગઇ. થોડી વાર થઇ ત્યાં પેટમાં ખૂબ પીડા થવા લાગી. ત્યાં ને ત્યાં તે ઢળી પડી ને તેનું પ્રાણપંખેરું ઉડી ગયું. તે તો સમાધિ મરણે મરીને દેવમાં ઉત્પન્ન થઈ.

અહીં મયણરેહાએ સ્વપ્નમાં કલ્પવૃક્ષ જોયું. તે સ્વપ્નનું ફળ પૂછવા યુગબાહુ પાસે જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :- શેઠની દૃઢ શ્રદ્ધા :-** સાગરદત્ત શેઠની ઉદારતા અને ધર્મ ભાવનાના યશોગાન ખૂબ ગવાવા લાગ્યા. દેવલોકમાં ઇન્દ્રની સભામાં તેમના વખાણ થવા લાગ્યા કે સાગરદત્ત શેઠ કેટલા સજ્જન અને ખાનદાન છે! તેમની ધર્મશ્રદ્ધા તો એટલી દૃઢ છે કે દેવો તેને ડોલાવવા જાય, તેને ઉપસર્ગો આપે તો પણ શ્રદ્ધાથી ચલિત થાય નહિ. આટલી ભરપૂર લક્ષ્મી હોવા છતાં તેમાં લલચાતા નથી. દેવ, ગુરૂ, ધર્મની શ્રદ્ધા તો તેના અણુ અણુમાં છે. સંતો ગૌચરી કરીને ન જાય ત્યાં સુધી તે ખાતા નથી. સામાયિક કર્યા પહેલા દૂધ પીતા નથી. કુબેરનો ખજાનો હોવા છતાં તેના દાસ ન બનતાં લક્ષ્મીને દાસી બનાવી છે. ગરીબોના બેલી છે. તેમને આંગણે ગરીબોના સત્કાર સન્માન થાય છે. લખલૂટ લક્ષ્મી હોવા છતાં અભિમાન નથી. અરે દેવો! તમારી પાસે આટલી સમૃદ્ધિ છે છતાં છોડવાનું મન થતું નથી, પણ સાગરદત્ત તો ગરીબોને દીધા કરે છે. આવતી કાલની ચિંતા કરતા નથી પરિગ્રહનો મોહ છોડવો સહેલો નથી. દેવસભામાં આ શેઠની આટલી પ્રશંસા થઇ. ત્યાં બધા દેવો સમકિતી નથી હોતા. ને બધા મિથ્યાત્વી નથી હોતા. સમકિતી દેવો તો આવા ધર્મિષ્ઠ ગુણીયલ આત્માઓને જોઈને આનંદ અનુભવે છે, પણ મિથ્યાત્વી અને ઈર્ષાળુ હોય છે તે બીજાની પ્રશંસા સાંભળી શકતા નથી.

**ઈર્ષાના કારણે મૃત્યુલોકમાં આવેલ દેવ :-** અહીં પણ ઘણી વાર જોવામાં આવે છે કે કોઈ ગુણીયલ માણસના ગુણ ગવાતા હોય તો ઈર્ષાળુ માનવ તે સહન કરી શકતો નથી. દેવલોકમાં પણ એક દેવને ઈર્ષા આવી. આ વાણીયો શું ધર્મ રાખવાનો છે?

પ્રસંગો આવે કંઈક મોટા આત્માઓ પણ ડગી ગયા છે, ત્યારે આ તો જાતનો વાણીયો ને! એ શું ધર્મ રાખવાનો છે? ક્ષત્રીય ધર્મ રાખે. એ તો કર્મમાં પણ શૂરા ને ધર્મમાં પણ શૂરા. હું જઈને તેની પરીક્ષા કરું, કે શેઠ તેમના ધર્મમાં કેટલા અડગ શ્રધ્ધાવાન છે? એમ વિચાર કરી દેવ દેવલોકમાંથી ઉતરી સીધો મૃત્યુ લોકમાં આવ્યો. શેઠ જ્યાં સોનાની શીલા પર સ્નાન કરી રહ્યા હતા ત્યાં આવીને કહે છે શેઠ! ઉભા થઈ જાવ. હે પાખંડી! હે ઢોંગી! ધર્મના નામે પેટ ભરીને ખાનારા! ખોટા ખોટા ધર્મના નામે ઢોંગ કરે છે? ખોટા ધતીંગ કરી લોકોને લલચાવે છે? હે ઢોંગીયા! કપટી! દંભી! ધર્મના બહાને ભોળા માણસોને ભમાવનારો જો તું તારા પ્રાણુની રક્ષા ઇચ્છતો હોય તો કહી દે કે મારો જૈનધર્મ ખોટો છે. તું મારી વાત માની જા. જો તું મારી વાતનો સ્વીકાર નહીં કરે તો સમજી લેજે કે આજથી તારા અન્નજળ ઉઠી ગયા છે. જો તું કહે કે મારો ધર્મ ખોટો છે તો તારા પ્રાણુ બચી જશે, નહિતર તારા અન્નજળ ચાલ્યા જશે ને પ્રાણુ પણ ચાલ્યા જશે. સાગરદત્ત શેઠ બધું સાંભળી રહ્યા છે. દેવે તેમને દમદાટી આપવામાં બાકી ન રાખી, છતાં ધર્મ શ્રધ્ધાથી જરા પણ ચલિત ન થયા. કાયાથી તો ચલિત ન થયા. વચનથી પણ મારો ધર્મ ખોટો છે એમ ન કહ્યું, ને મનમાં એટલો વિચાર પણ નથી આવ્યો કે હું ધર્મને ખોટો કહી દઉં, નહિ તો હું ખેદાનમેદાન થઈ જઈશ. મન, વચન, કાયાથી જેની શ્રધ્ધા દૃઢ છે તેને કોણ ચળાવી શકે? હજુ દેવો તેમને ધર્મશ્રધ્ધાથી ચળાવવા માટે કેવા કેવા કષ્ટોમાં નાખશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૧૧

**અષાડ વદ ૧૦ રવિવાર** **તા. ૨૬-૭-૮૧**

રાગદ્વેષના વિજેતા, જગતના જીવોના તારણહાર, મોક્ષના પ્રદાતા, અનંત જ્ઞાની ભગવંતોની વાણી રૂપી આગમનો અખૂટ નિધિ આપણુને મળ્યો છે. જગતમાં જો સૂર્ય ન હોય તો શું થાય? તેની કલ્પના કરવી અશક્ય છે, છતાં માની લઈએ કે, સૂર્ય ન હોય તો જગતમાં અંધકાર સિવાય શું રહે? સાધકના જીવનરૂપી આકાશમાં જો આગમનો સૂર્ય પ્રકાશ્યો ન હોય તો ભાવિજીવનમાં અજ્ઞાન અંધારાના ઓળા ઉતરી પડે, પણ આપણે મહાભાગ્યશાળી છીએ કે, કેવલી ભગવંતના શાસ્ત્રનો પ્રકાશ આપણુને મળ્યો છે. પ્રકાશ તો મળી ગયો પણ જો તેનો ઉપયોગ ન થાય તો પ્રકાશ મળ્યો તો ય શું ને ન મળ્યો તો ય શું?

આગમમાં કરૂણાસાગરે ભવ્ય જીવોને આત્મકલ્યાણનો દિવ્ય સંદેશો આપતાં કહ્યું, હે જીવો! જન્મ પછી મરણ, અને મરણ પછી જન્મ. આ ક્રમથી જીવ અનાદિ અનંત કાળથી આ સંસારમાં રેંટની જેમ પરિભ્રમણ કરી રહ્યો છે. અનંતા દુઃખો ભોગવતા ભોગવતા તે દુઃખોમાંથી થોડી રાહત મળે, થોડો વિશ્રામ મળે, એવા સ્થાનરૂપ આ મનુષ્ય ભવમાં આવ્યો

છે. આ ભવમાં માનેલું થોડું સુખ મળી જાય એટલે જીવ માની લે છે કે બસ, સુખ તો અહીં જ છે; અને એ બહારથી રૂડારૂપાળા ભભકાબંધ દેખાતા સુખમાં આસક્ત બની જાય છે. તેને એ ભાન નથી કે આ ક્ષણિક સુખની પાછળ દુઃખનો સાગર છલોછલ ભરેલો પડ્યો છે. તેથી એના પરિણામે ફરીને એવા દુઃખના સાગરમાં ફેંકાઈ જઈશ. અહીંના અલ્પ સુખ પાછળ ઘણાં કાળનું દુઃખ ઉભું છે. "खणमित्त सुक्खा बहु काल दुक्खा" ક્ષણ માત્રનું સુખ ભોગવતા લાંબા કાળ સુધી દુઃખ ભોગવવાનો પ્રસંગ આવે છે. ૧૨ ચક્રવર્તીઓમાં ૧૦ (દસ) ચક્રવર્તિઓએ તો આ સંસારના સુખ છોડ્યા, તો મહાન સુખને પામી ગયા. પણ સુભૂમ ચક્રવર્તિ અને બ્રહ્મદત્ત ચક્રવર્તિ એ બંનેએ ચક્રવર્તિપણાના સુખો ન છોડયા. તે મરીને નરકે ગયા. બ્રહ્મદત્ત ચક્રવર્તિનું આયુષ્ય કેટલું? ૭૦૦ વર્ષનું. તેમના શ્વાસોશ્વાસ કેટલા? ૨૮૫૨,૩૮,૮૦,૦૦૦ (અઠ્ઠાવીસસે બાવન ક્રોડ, આડત્રીસ લાખ, એંસી હજાર) થયા. એટલા શ્વાસોશ્વાસ પૂરા કરીને સાતમી નરકે અપઈઠાણ નરકાવાસે ૩૩ સાગરોપમની સ્થિતિએ ગયા. મનુષ્યના ભવમાં બ્રહ્મદત્ત ચક્રીએ જે શ્વાસોશ્વાસ લીધા તે એકેક શ્વાસોશ્વાસ ઉપર નરકમાં તેમને કેવું દુઃખ ભોગવવું પડે છે તે બતાવતાં, કહ્યું છે કે ૧૧ લાખ ૫૬ હજાર ૯૫૦ પલ્યોપમ અને એક પલ્યોપમનો ત્રીજો ભાગ ઝાઝેરો નરકમાં દુઃખ ભોગવે છે. વિચારો કરો, કયાં ૭૦૦ વરસના સુખ અને કયાં ૩૩ સાગરોપમના ભયંકર દુઃખ!

અનાદિ કાળથી આત્મા સંસાર-સુખના પ્રલોભનોમાં ભૂલો પડી ગયો છે. પોતાના સ્વરૂપનું એને ભાન નથી. તેથી અજ્ઞાન ચેષ્ટાઓ કરીને પોતે દુઃખનો સર્જક બને છે. માત્ર થોડો સમય પણ રાગની જાળમાં ફસાયેલો આત્મા લાંબા કાળ માટેના દુઃખોનું સર્જન કરે છે. એક પછી એક ઉપાધિ ચાલુ હોય છે. એક દુઃખનો નાશ ન થાય, એટલામાં બીજું દુઃખ આવી પડે છે. જન્મ પછી મરણ એ સંસારનો અનાદિકાળનો નિયમ છે. આજ સુધી કોઇ પણ જીવ આ મૃત્યુના શિકારમાંથી બચી શકયો નથી. મૃત્યુ અવશ્યંભાવી છે. એટલું જ નહિ પણ એ અનિશ્ચિત છે. આચારંગ સૂત્ર બોલે છે. "नत्थि कालस्स णागमो" મૃત્યુનું આગમન નથી, એવું નથી. એટલે કે મૃત્યુ આવવાનું છે એ નિશ્ચિત છે, પણ એ કયારે આવશે એ નિશ્ચિત નથી. સોપક્રમ આયુષ્યવાળા જીવોની એવી કોઈ અવસ્થા નથી. કે જેમાં મૃત્યુ ન આવે. જેવી રીતે લાખના ગોળાને અગ્નિમાં નાખવામાં આવે તો એ વિલીન થઈ જાય છે, તેવી રીતે કાળ રૂપી અગ્નિમાં પડેલો જીવ મૃત્યુનો ગ્રાસ બની જાય છે. મૃત્યુ એવો વિચાર નથી કરતું કે, આ બાળક છે, યુવાન છે, આ વૃદ્ધ છે, આ કઠોર છે, આ કોમળ છે, આ પંડિત છે કે મૂર્ખ છે, ધીર છે કે અધીર છે, ગુણવાન છે કે દોષિત છે, સંયતિ છે કે અસંયતિ છે, જંગલમાં છે કે શહેરમાં છે, પ્રકાશમાં છે કે અંધકારમાં છે, કાંઇપણ વિચાર કર્યા વિના કોઈપણ સ્થિતિમાં મૃત્યુ અનિશ્ચિત સમયે આવે છે.

જ્ઞાનીઓ કહે છે કે જન્મની સાથે આપણા મૃત્યુનો પ્રારંભ થઇ ચૂકયો છે. દાર્શનિક ભાષામાં જન્મ અને મરણની ગૂંથાયેલી કડીનું નામ સંસાર છે. આ સંસારમાં રોજ કેટલા જન્મે છે, ને મરે છે. જયાં જન્મ થાય છે, ત્યાં આનંદની છોળો ઉછળે છે અને મૃત્યુ

થાય છે ત્યાં શોકના કારણે અશ્રુધારાઓ વહે છે, પૂર્વે બાંધેલા આયુષ્યકર્મના કારણે આપણે આ જીવન ભોગવીએ છીએ. આ ભવનું આયુષ્ય પૂરું થાય એટલે ઈચ્છા હોય કે ન હોય છતાં જવું પડે છે.

**બહુ લક્ષ્મીને મેળવી, ઘણો નારી પરિવાર,**
**ઘણાં બનાવ્યા બંગલા, પણ ચોક્કસ મરનાર.**

ગમે તેટલી અઢળક લક્ષ્મી ભેગી કરી હોય, પરિવાર ઘણો વિશાળ હોય, દેશમાં–પરદેશમાં મોટા બંગલા બંધાવ્યા હોય, પણ આયુષ્યરૂપી દીપક બુઝાય એટલે એને ચોક્કસ મરવું પડે છે. શાસનપતિ ભગવાને સંસારી જીવોને જન્મ મરણની ભયંકર પીડામાંથી મુક્ત કરવા માટે ધર્મતીર્થની સ્થાપના કરી છે. જ્યાંસુધી આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત ન કરે એટલે મોક્ષ પદને ન મેળવે ત્યાં સુધી જન્મ મરણની આ પરંપરાનો અંત કયારે પણ આવવાનો નથી. આત્માના શુદ્ધ સ્વરૂપને પામેલા સર્વજ્ઞ, સર્વદર્શી, તીર્થંકર ભગવંતો જન્મ મરણની કેદમાં જકડાયેલા જીવોને મુક્ત કરવા સાચો માર્ગ બતાવે છે. જે જીવો તીર્થંકરોએ બતાવેલા રાહે ચાલે છે તે જીવો અવશ્ય અલ્પકાળમાં અલ્પ ભવોમાં મોક્ષના સુખો પામે છે. અને જે જીવો પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તેમના બતાવેલા માર્ગે ચાલતા નથી તે જીવો સંસાર ચક્રમાં ભ્રમણ કરે છે. વીતરાગ ભગવાનની આજ્ઞાનું પાલન એ આત્માના ઉદ્ધારનો માર્ગ છે, અને તેમની આજ્ઞાનું વિરાધન કરવું એ આત્માના પતનનો માર્ગ છે.

ભગવાનની આજ્ઞા શું છે? તેમનો માર્ગ કયો છે? એ આપણે સમજવું જોઈએ. તે બતાવતા કહે છે કે.

**आकालमियमाज्ञा ते, हेयोपादेय गोचरा ।**
**आश्रवः सर्वथा हेय, उपादेयश्च संवरः ॥**

હંમેશને માટે પ્રભુની આજ્ઞા એ જ છે કે આશ્રવ સર્વથા ત્યાગવા યોગ્ય છે. અને સંવર ગ્રહણ કરવા યોગ્ય છે. આશ્રવ એટલે? આશ્રવ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે. "आस्रवन्ति आगच्छन्ति पापानि यस्मात्स आस्रवः ।" જે થકી પાપકર્મ આવે તેનું નામ આશ્રવ. આશ્રવ એટલે કર્મને આવવાનો માર્ગ. આશ્રવ એટલે એવી પ્રવૃત્તિ કે જેનાથી આત્મા અશુભ કર્મને ગ્રહણ કરે. અવ્રત અને અપચ્ચખાણે કરી, વિષય કષાયને સેવવે કરી આત્મારૂપ તળાવને વિષે ઈન્દ્રિયાદિક ગરનાળે છિદ્રે કરી કર્મ પાપરૂપ જળનો પ્રવાહ આવે તેને આશ્રવ કહેવાય. સંવર એટલે આવતા કર્મને રોકવાનો માર્ગ, અશુભ પાપ પ્રવૃત્તિથી નિવૃત્તિ અથવા જીવરૂપ તળાવને વિષે કર્મરૂપ જળ આવતા વ્રત પચ્ચખાણ આદિ દ્વારથી રોકીએ તેને સંવર કહેવાય. પ્રભુની આજ્ઞાનો સાર એ છે કે જે ક્રિયાથી આત્મા મલીન થાય એનો સર્વથા ત્યાગ કરવો, અને જે ક્રિયાદ્વારા આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે, એને ગ્રહણ કરે. જન્મ મરણની પરંપરા તોડવા માટે આ સીધો, સરળ અને સહેલો ઉપાય છે. ચારગતિના જીવોમાં એક માત્ર માનવભવ એવો છે કે ભગવાનની આજ્ઞાનું ઉત્કૃષ્ટ આરાધન કરી શકે છે. બીજા ભવો કરતાં માનવ-

ભવ ચઢીયાતો અને શ્રેષ્ઠ છે, કારણ કે એની પાસે પાંચ ઇન્દ્રિયો અને મન છે. એનામાં વિચાર કરવાની શક્તિ છે. બુદ્ધિ છે. એ પોતાના હિતાહિતનો વિચાર કરી શકે છે. આત્મ કલ્યાણની ઉત્કૃષ્ટ સાધના માનવભવ સિવાય બીજે કયાંય શકય નથી, માટે મહાપુરૂષોએ આ ચતુર્ગતિના ભવચક્રમાં માનવ જીવનની પ્રાપ્તિ અતિ મુશ્કેલ કહી છે. જન્મ મરણની અનંત પરંપરા તોડવાની તાકાત મનુષ્યમાં છે, પણ એ તાકાત કયારે આવે? જીવનમાં સમાધિ અને પ્રશમભાવ પ્રગટે ત્યારે.

ભગવાને જીવનમાં સમાધિની ઘણી કિંમત આંકી છે. જીવનમાં સાધના હોય તો મરણ વખતે સમાધિ ટકી શકે, અને મરણ સમાધિ સહિત હોય તો ભવની પરંપરાનો નાશ થઈ શકે. સમાધિ એટલે સમ+આધિ. જે આધિ, વ્યાધિ અને ઉપાધિને શાંત કરે એનું નામ સમાધિ. આત્મસ્વભાવની જાગૃત અવસ્થા તેનું નામ સમાધિ. સ્વભાવને ભૂલી પરપદાર્થમાં આત્મબુદ્ધિ કરીએ તો તે અસમાધિ કહેવાય. હું કોણ છું? મારું સ્વરૂપ શું છે? આ જીવનમાં કરવા જેવું શું છે? કયાંથી આવ્યો છું ને કયાં જવાનો છું? આ બાબતોનો વિચાર કરવો અને સ્વભાવ દશાથી વિચલિત ન થવું એ સમાધિ અવસ્થા છે. રાગ કરવાના સમયે વસ્તુ પર રાગ ન કરે, અને વિચાર કરે કે આત્મા સિવાયના બધા પદાર્થો નાશવંત અને નશ્વર છે. શાશ્વત એક મારો આત્મા છે. જગતની તમામ વસ્તુઓ અનિત્ય અને ક્ષણભંગુર છે. ક્ષણે ક્ષણે વસ્તુમાં પરિવર્તન થયા કરે છે. આવા પરિવર્તનશીલ પદાર્થો પ્રત્યે રાગ કરવો એ ઠીક નથી. કોઈ પ્રત્યે દ્વેષનો પ્રસંગ ઉભો થાય તો એ વિચાર કરે કે કોઈ પણ જીવ પ્રત્યે દ્વેષ કરવો જોઈએ નહિ. જગતના દરેક જીવો મારા મિત્ર છે. કોઈ મારો શત્રુ નથી. કોઈ ક્રોધ કરે તો વિચારે કે આ બિચારો ક્રોધને વશ થઈ ફરી નવા નવા કર્મો બાંધી રહ્યો છે. એ તો માત્ર દયાપાત્ર છે. ક્રોધ આવે ત્યારે ક્ષમા રાખવી. કોઈ માન-સન્માન આપે તો વિચાર કરે કે આ સન્માનને યોગ્ય તો અરિહંત ભગવાન છે, કારણ કે તેમણે ઘાતી કર્મોને ખપાવી દીધા અને પૂર્ણ જ્ઞાની બન્યા છે. હું તો હજુ અપૂર્ણ છું. પ્રભુ ગુણ સાગર છે અને હું તો દોષનો દરિયો છું. આ રીતે જીવનમાં દરેક પ્રસંગમાં આત્મસ્વભાવને પ્રગટ કરવાનો, આત્મ સ્વરૂપને પામવાનો પ્રયત્ન કરવો જોઈએ. અનાદિ કાળથી જીવનો અભ્યાસ વિભાવ દશાને પામવાનો છે તેથી પ્રશમ ભાવ કે સમાધિભાવ એકદમ આવી જાય એ અશકય છે, પણ દરરોજ આત્મનિરીક્ષણ કરવાથી અને પોતાની ભૂલોનો સ્વીકાર કરવાથી એ અશકય શકય બની શકે છે.

આત્મસ્વરૂપને પામવા માટે સ્થિરતા કેળવવી પડશે. દહીં કેવી રીતે બને છે? દૂધમાં સ્થિરતા આવવાથી દહીં બને છે. દૂધમાં દહીંનું મેળવણ નાંખી એક જગ્યાએ મૂકી રાખે તો દહીં બની શકે છે, પણ કોઇ બેન વારે ઘડીએ જોયા કરે કે દહીં મળ્યું કે નહિ, તો દહીં મળે ખરું? ના. દહીં મેળવવા માટે સ્થિરતા રાખવી પડશે, તેમ આત્માનું દર્શન કરવું છે, સ્વભાવ દશાને પ્રગટ કરવી છે, તો આત્માને સ્વભાવમાં

સ્થિર થવું પડશે. સંકલ્પ વિકલ્પોના વંટોળને ફગાવી દો, તો આત્મામાં સ્થિરતા આવશે. નિર્ણય કરો કે આત્મા છે. આત્મા છે તો કર્મોનો કર્તા અને ભોકતા પણ છે. કર્મબંધન કરનાર આત્મા છે ને બંધનને તોડનાર પણ આત્મા છે. જીવ કેવી રીતે બંધને બંધાય છે તે સમજાવતા ભગવાને કહ્યું છે કે....

**रागो य दोसो वि य कम्मबीयं, कम्मं च मोहप्पभवं वयन्ति ।**
**कम्मं च जाइ मरणस्स मूलं, दुक्खं च जाइ मरणं वयन्ति ॥ ઉત્ત. ૩૨–૭**

કર્મના બીજ રાગદ્વેષ છે. કર્મ મોહથી પેદા થાય છે. તે કર્મ જન્મ મરણનું મૂળ છે. અને જન્મ–મરણ તે જ દુઃખ છે.

દાખલા તરીકે બીજ હોય તો વાવણી થાય. બાજરાનું બીજ હોય તો બાજરાની વાવણી થાય છે. કપાસનું બીજ હોય તો કપાસની વાવણી થાય. બીજ વગર ફળની પ્રાપ્તિ થતી નથી, તેમ આ સંસારમાં રઝળવાપણું, રખડવાપણું, શાથી થાય છે? રાગ અને દ્વેષ એ કર્મના બીજ છે. કર્મના કારણે જીવ ચૌગતિના ચક્કરમાં રખડી રહ્યો છે. રાગ દ્વેષ રૂપી બીજના કારણે સંસાર નવપલ્લવિત રહે છે. તે રાગ પછી સંસારનો હોય, કુટુંબ પરિવારનો હોય કે ધનનો હોય પણ રાગ જીવને કર્મબંધ કરાવે છે. રાગ–દ્વેષ એ કર્મના બીજ છે. કર્મ મોહથી પેદા થાય છે. મોહનીય કર્મ આઠ કર્મોમાં પ્રધાન છે. સેનાધિપતિ છે. જેનો સેનાધિપતિ પકડાઈ જાય તેનું લશ્કર તો પકડાઈ જવાનું છે. મોહનીય કર્મની મૂળ પ્રકૃતિ ૨૮ છે. તેમાં ૨૫ ચારિત્ર મોહનીયની અને ત્રણ દર્શન મોહનીયની છે. ૧૬ કષાય અને નવ નોકષાય એ ૨૫ ચારિત્ર મોહનીયની ને ત્રણ દર્શન મોહનીયની, આ ૨૮ પ્રકૃતિ જીવને સંસારમાં રખડાવે છે. તે જીવને સત્ય વસ્તુનું ભાન થવા દેતી નથી. મોહના વાતાવરણમાં પણ જીવ સમજે તો તેને ઉપદેશ–બોધ મળે તેમ છે.

તમે પરણવા ગયા ત્યારે ચોરી બાંધી હતી. ચોરીના ચાર છોડ હોય છે. એકેક છોડે નાની મોટી કેટલી માટલી હોય તે તો ખબર છે ને? (શ્રોતામાંથી અવાજ–સાત) એક છોડ પર સાત એટલે ચાર છોડે કેટલી થઈ? ૨૮, આમાં તમે કંઈ સમજ્યા? ચાર છોડ સમાન ચાર ગતિ અને ૨૮ માટલી સમાન મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ. આ તમને બોધ આપે છે કે પરણવા આવ્યા છો તો આ ૨૮ પ્રકૃતિ તમને ચાર ગતિના ચક્કરમાં રખડાવશે, માટે રાગ, દ્વેષ અને મોહને છોડવાની જરૂર છે. એક શ્લોકમાં કહ્યું છે કે :

**एते राग द्वेष मोहा उद्यन्तमपि देहिना ।**
**मूलाद्र मे निकृन्तन्ति, मूषका इव पादपम् ॥**

જેવી રીતે ઉંદરો વૃક્ષને કાપી નાંખે છે તેવી રીતે પ્રાણીઓના વૃદ્ધિ પામેલા ધર્મને વૈરાગ્યને આ રાગ–દ્વેષ તથા મોહ જડમૂળથી છેદી નાંખે છે. રાગ–દ્વેષ તથા મોહની ત્રિપુટી જીવોને પાયમાલ કરે છે. રાગ–દ્વેષ જ્યાં હોય ત્યાં મોહ હોય, જ્યાં મોહ છે ત્યાં રાગ–દ્વેષ પણ છે. જ્યાં આ ત્રિપુટી એકત્ર મળે છે ત્યાં ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિ

આદિ કે જે ત્રિપુટીના નોકરો છે તેઓ પણ મળે છે. તે બધા એકત્ર થઈ બિચારા જીવના બૂરા હાલ કરી ધર્મવૃક્ષના સુંદર ફળ તેને ખાવા આપતા નથી, અને વિષયો રૂપી વિષ–વૃક્ષના કટુ ફળો ખાવાનું તેને શીખવાડે છે. આથી જીવ મૂર્છિત થઈ હેય, જ્ઞેય, ઉપાદેયની પીછાણ કરી શકતો નથી, દેવ–ગુરુ–ધર્મને જાણતો નથી. પાંચ ઇન્દ્રિયોના વિષયો વડે તે શરીરનું પોષણ કરે છે. મનને ચંચલવૃત્તિથી ચારે બાજુ દોડાવે છે. મુનિઓ રખેને મને ઉપદેશથી, દાક્ષિણ્યથી અથવા બળાત્કારથી નિયમ કરાવે અથવા પૈસાનો ખર્ચ કરાવે એ શંકાથી મુનિઓના દર્શન કરવા જતા પણ ડરે છે. પછી ઉપદેશ સાંભળવાની તો વાત જ કયાં કરવી! આવા જીવોને કોઈ દાન કરવાનું કહે, સત્કાર્યોમાં વાપરવાનું કહે તો પણ તેને ધનનો મોહ છૂટતો નથી, તે દાન દઈ શકતો નથી.

એક શેઠ હતા. ઘણી મહેનત કરી સંપત્તિ ભેગી કરી, પણ લોભી ખૂબ હતા. એમના હૈયાની અને હાથની મુઠ્ઠી એવી વાળી રાખતા કે દાનમાં કોઈને એક કોડી પણ આપે નહિ અર્થાત્ દાન આપવા માટે એમના દિલના દ્વાર બંધ હતા. આથી કોઈપણ એમના ઘેર જતું નહિ. કહેવત છે ને કે "ચમડી તૂટે પણ દમડી ન છૂટે" એવા અતિલોભીયા. તેને ઘેર કોઈ સાત વાર જાય પૈસા લેવા તો પણ આપે એ બીજા. જનારા પગ ઘસતા પાછા આવે.

એક વખત કોઈ સંસ્થાએ રાહત ફંડ શરૂ કર્યું. બધા કાર્યકર્તાઓ ભેગા થયા કે કેવી રીતે ફંડ ભેગું કરવું? કાર્યકર્તાઓને એ આવડત હોય કે સામાને ઘેર જઈને પૈસા કેવી રીતે લેવા? બધા બુદ્ધિશાળી હતા. તેઓ કહે, આપણે પેલા કંજુસ શેઠને ત્યાં જઈએ. ભલા, જઈશું તો આપણને ધક્કો મારશે. એ તો પૂરો મખ્ખી ચૂસ છે. આજે ઘણા માણસો પૈસા લખાવી જાય પણ બાર બાર મહિના સુધી ભરપાઈ કરે નહિ. આવા માણસો જોવા મળે છે ને કંઈક એવા પણ હોય છે કે જે રકમ સંસ્થામાં લખાવી હોય એ જેટલા સમય સુધી ભરપાઈ ન કરે એટલા દિવસનું વ્યાજ ગણીને વ્યાજ સહિત મૂડી આપી જાય. એવા પ્રમાણિક પણ જોવા મળે છે.

આ સંસ્થાના કાર્યકર્તાઓએ એક યુક્તિ શોધી કાઢી, કિમિયો રચ્યો કે આપણે શેઠને ઘેર જઈ મીઠાશથી વાત કરવી ને કહેવું કે આપ અમને દશ હજાર રૂા.નો ચેક લખી આપો. અમે સાંજે ચેક પાછો આપી જઈશું. ચોપડીમાં આપનું નામ પહેલું આવે તો બધા પૈસા લખાવશે. આમ વિચાર કરીને શેઠની દુકાને ગયા. સંસ્થાના કાર્યકર્તાઓએ કહ્યું–શેઠજી! અમે રાહત ફંડ શરૂ કર્યું છે. તે તો આપને ખબર છે ને! શેઠના મનમાં થયું કે આજે હું દુકાને ન આવ્યો હોત તો સારું થાત. આ વાત સાંભળતા શેઠના શરીરે પરસેવા છૂટવા લાગ્યા, આ અણધારી આફત કયાં આવી? શેઠ કહે આપની વાત સાચી પણ હું તો એક પૈસો પણ આપી શકું તેમ નથી, શેઠ! આપ ન દઈ શકો તો પણ અમારે દાતાર બનાવવા છે. આપ પૈસા ન આપો તો ખેર, પણ એટલી સહાય કરો કે દશ હજાર રૂપિયાનો એક ચેક લખી આપો. અમે સાંજે આપને પાછો આપી જઈશું.

આપની મંગલ શરૂઆતથી અમારું બધું કામ સફળ થશે. ચોપડીના પ્રથમ પાને બધા આપનું નામ વાંચશે તો બીજા પણ અમને જલ્દી પૈસા આપશે. કાર્યકર્તાઓ પર વિશ્વાસ રાખી શરમાશરમે શેઠે દશ હજાર રૂપિયાનો ચેક લખી આપ્યો. બધા ત્યાંથી વિદાય થયા.

કાર્યકર્તાઓ જ્યાં જ્યાં જાય ત્યાં આ શેઠનું નામ બતાવે, ત્યાં બધાને થાય કે દેવ તુઠયા કે આ શું ? કોઈ દિવસ રાતી પાઈ પણ કોઇને આપે નહિ એવા લોભીયા શેઠે જો દશ હજાર રૂપિયા લખાવ્યા તો આપણે તો લખાવવા જ જોઇએ ને ! એમ માની બધાએ સારી રકમો લખાવી. સાંજ પડતા તો રૂપિયા એક લાખ ભેગા થઈ ગયા. તેમનું કામ સફળ બની ગયું. આ બાજુ શેઠ વિચાર કરે છે કે આ તો પૈસાનો મામલો છે. કદાચ બેંકમાં જઇને દશ હજારનો ચેક વટાવી આવે તો ? એમ વિચારી શેઠ બેંકમાં ગયા. બેંકમાંથી નવ હજાર નવસો રૂપિયા રાખી વધારાની રકમ શેઠે ઉપાડી લીધી. ચેક કદાચ ગેરવલ્લે જાય તો પણ એના નાણાં ન મળે. એવો પાકો બંદોબસ્ત કર્યો, ને શેઠ દુકાને પાછા આવ્યા. લોભનું કેટલું સામ્રાજ્ય ! કાર્યકર્તાઓને તો ફરતા ફરતા રાત્રે બે લાખ રૂપિયા ભેગા થઈ ગયા. જેટલા પૈસાની જરૂર હતી તેથી અધિક મળી ગયા. સાંજે ચેક લઇને પાછા આવ્યા. શેઠ તો બધાને જોઇને સજ્જડ થઈ ગયા. મનમાં થયું કે આ તો મારો ચેક મને પાછો દેવા આવ્યા પણ ચોર હું નીકળ્યો કે બેંકના ખાતામાંથી બધું ઉપાડી લીધું. આવનાર ભાઇઓ કહે છે શેઠ ! તમારા એક શુભ નામે તો કેટલું કામ કર્યું ? આપનો ચેક શુકનવંતો નીકળ્યો. બીજાઓ પર ખૂબ સારી અસર થઇ. જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં ધાર્યા કરતા સારી રકમ મળી. બધાને મનમાં એમ થયું કે પેલા શેઠે આટલી બધી ઉદારતા કરી તો આપણી ફરજ છે કે શકય હોય તેટલો ફાળો આપવો જોઈએ. ગામમાં બધે તમારા યશોગાન ગવાવા લાગ્યા. કાલે બધા તમારું સન્માન–સત્કાર કરશે.

આ વાતો સાંભળી શેઠના દિલમાં ચમત્કારિક રીતે પરિવર્તન થયું. તમે શાહુકાર અને હું ચોર ! તમારો ચેક ખોટો પડે તે માટે મેં રસ્તો શોધ્યો હતો. પોતાનું પાપ પ્રકાશન કર્યું. પાપ કરનારા તો ઘણા છે પણ પાપને પ્રકાશનારા બહુ ઓછા જોવા મળે છે. શેઠે સત્ય વાત કહી દીધી. અને થોડા ટાઇમ પૂરતો આપેલો ચેક કાર્યકરોના હાથમાં પ્રેમથી પાછો આપ્યો. ને કહ્યું, આજ સુધી હું દાન દેતા શીખ્યો ન હતો કે દાનનો મહિમા સમજ્યો ન હતો. આજ મારું અંતર અને આંખ ખુલી ગયા. હૈયું, હાથ અને હોઠ ઉઘડી ગયા. લોકોએ મારી પ્રશંસા કરી. ગુણો ગાયા. આ બધો દાનનો જ પ્રભાવ છે. આપ આ રાહત ફંડમાંથી દુઃખી લોકોને રાહત આપશો ત્યારે એમને કેટલી શાંતિ મળશે ! એ વિચારથી મને ખૂબ આનંદ થાય છે. આપ આવતી કાલે જ મારો ચેક વટાવી લેજો. સંપત્તિનો સદુપયોગ માનવ જીવનનો સાચો આનંદ છે, જ્યાં પુણ્યાનુબંધી પુણ્ય હોય ત્યાં બધાને લક્ષ્મી વાપરવાનું મન થાય. દુઃખીના આંસુ લૂછવાનું મન થાય. ધન વધે તેમ ધર્મની ભાવના વધતી જાય. પણ કંઇક ઘર એવા જોવા મળે છે કે, અઢળક

લક્ષ્મી હોય છતાં મા-બાપ ચોધાર આંસુએ રડતા હોય છે. તેમને ખાવાનો પણ અધિકાર નથી હોતો. કર્મની કિતાબ ઓર છે. મોહમાં પડીને જીવ બધું મારું મારું કરે છે, પણ કર્મનો ઉદય થાય ત્યારે મારાપણું દૂર થઈ જાય છે. ધરતીનો ધ્રુજાવનારો કર્મના ઉદયે રાંક બની જાય છે.

શેઠ શેઠાણી હતા. પરણ્યા પછી થોડા વર્ષે શેઠાણીએ દીકરાને જન્મ આપ્યો, પણ છોકરાના પાપનો ઉદય કે હજુ તે બે મહિનાનો થયો ત્યાં તો શેઠાણી મૃત્યુની શય્યામાં પોઢી ગયા. બે મહિનાના દીકરાને ઉછેરવો એ શેઠ માટે કેટલું કપરું કામ કહેવાય! કુટુંબના અને જ્ઞાતિના લોકો તેમને વારંવાર કહેતા કે આપ હાથે કરીને શા માટે દુઃખી થાવ છો? આપની ઉંમર તો હજુ ૩૦ વર્ષની છે. ફરીને લગ્ન કરો. શેઠ કહેતા, મારે ફરીવાર લગ્ન નથી કરવા. હું ફરીવાર લગ્ન કરું ને આવનાર સ્ત્રી મારા બાળકને ન સાચવે તો આ મારો ફૂલ જેવો વહાલસોયો બાલુડો કરમાઈ જાય. નાના બાળકના સુખ માટે શેઠે પોતાનું સુખ જતું કર્યું. દીકરાને ખુબ લાડકોડથી ઉછેર્યો, ભણાવ્યો ને કમાતો કર્યો. સારા ઘરની દીકરી સાથે દીકરાના લગ્ન કર્યા. શેઠ માને છે કે હવે મારે સુખની ઘડી આવશે. મનમાં આશાના મનોરથો સેવી રહ્યા છે.

**પિતાના ઉપકારને ભૂલતો પુત્ર :** દીકરાના લગ્ન પછી થોડા દિવસ તો શેઠને બરાબર સાચવ્યા, પણ પછી સાચવવામાં ઓટ આવવા લાગી. બાપે છ મહિના પણ સુખ જોયું નહિ, માનવી મનસૂબાના મિનારા ચણતો હોય છે, પણ એ મિનારા તેના ભાંગીને ભૂક્કો થતાં વાર લાગતી નથી. શેઠના જીવનમાં પણ એમ જ બન્યું. આ વહુ પોતાના સસરાને અનુકૂળ રસોઈ પણ બનાવી આપતી નથી. રોટલો તો ખૂબ કડક કરે ત્યારે શેઠ કહે વહુ બેટા! આ રોટલો ખૂબ કડક બનાવ્યો છે, મારા દાંત પણ ભાંગી જાય. બીજે દિવસે સાવ કાચો રોટલો આપ્યો. વહુ બેટા! સાવ કાચો રોટલો છે, શી રીતે ખાઉં? વહુ કહે, તમારો તો કકળાટ મટતો જ નથી, કડક રોટલો બનાવું તો કઠણ લાગે છે ને કુણો બનાવું તો કાચો લાગે છે. પત્નીનો અવાજ સાંભળી છોકરો ત્યાં આવ્યો ને પોતાના બાપને કહે છે, હવે તમને મૂંગા બેસી રહેતા શું થાય છે? તમારો સ્વભાવ બગડી ગયો છે. "સાઠે બુદ્ધિ નાઠી." દૂધ બગડી જાય તો ઉકરડે ફેંકી દેવાય. ત્યાં બાપ બોલ્યા કે, શું તું મને ઉકરડે ફેંકવા માગે છે. અરેરે ...દીકરા? તારે મને બહાર કાઢવો છે ને? હું તો કાંઈ બોલતો નથી. તે દિવસે રોટલો તદ્દન કાચો લોચા જેવો રહી ગયો હતો, તેથી મેં ખાધો નહિ, ભૂખ્યો રહ્યો અને ચાર દિવસથી એટલો કડક રોટલો બનાવે છે કે દાંતથી ભંગાતો નથી પણ તેં એટલું ન કહ્યું, કે બાપાને અનુકૂળ હોય તેમ બનાવજે. તેથી મારે કહેવું પડયું, તું કહે છે કે, તમારો સ્વભાવ બગડી ગયો છે. બેટા! તને નાનપણથી કેટલું કષ્ટ વેઠીને ઉછેર્યો, ભણાવ્યો તેનો બદલો આ જ લેવો છે? દીકરો ભાન ભૂલી ગયો છે કે, મારે માટે મારા બાપે કેવા કષ્ટો વેઠ્યા છે? આમ કરતાં કરતાં ૧૦ વર્ષો દુઃખમાં રોઈ રોઈને કાઢ્યા.

**દુઃખમાંથી મુક્તિ મેળવવાની યુક્તિઃ**—એક વખત પિતા દીકરાને પાસે બોલાવીને કહે છે બેટા! સામે ખુણામાં એક લોઢાની ડબ્બી પડી છે. વીસ વીસ વર્ષથી સાચવી રાખેલી એ વસ્તુને આજે તારા આગળ ખોલવાની છે. દીકરો ડબ્બી લેવા ગયો. એના મનમાં થયું કે, આ ડબ્બીમાં કિંમતી રત્નો મૂકયા હશે, તેથી એ બાંધેલી ડબ્બીને છોડતા નહિ હોય. દીકરો વહુ માને છે કે આમાં કંઈક હશે. એ જોવા માટે અધીરા બન્યા છે. છેવટે પિતાએ ડબ્બી ખોલી, ઉઘાડીને જોયું તો કાંકરા છે. પિતાએ પુત્રને કહ્યુ, દીકરા, આ ગણ. દીકરો તાડૂક્યો. આ તો કાંકરા છે, રૂપિયા હોય તો ગણાય. કાંકરાને શું ગણવા છે? તમને રમત સૂઝી દેખાય છે? બેટા! એની પાછળ એક નાનકડી વાર્તા સમાયેલી છે. માટે કહું છું કે એને ગણી બતાવ. દીકરાએ કાંકરા ગણ્યા. બરાબર ૩૦ થયા કાંકરા ગણીને પાછા ડબ્બીમાં મૂકી દીધા. ને શેઠને હાથમાં આપીને કહ્યુ, લો, સંભાળો, આ તમારી મૂડીને અને હવે જે કહેવું હોય તે કહો.

**કાંકરાની કહાની કહેતા પિતા**:—પિતાએ પોતાની વાત રજુ કરતાં કહ્યું. બેટા, તું માત્ર બે મહિનાનો હતો, ને તારી માતા મૃત્યુ પામી ત્યારે મારી ઉંમર માત્ર ૩૦ વર્ષની હતી. બધાએ મને ઘણું કહ્યું-આપ ફરીને લગ્ન કરો. મેં કહ્યું મારે ફરીને લગ્ન નથી કરવા. આવનાર કન્યા મારા ફૂલ જેવા બાળકને ન સાચવી શકે તો દુઃખી થઈ જાય. માટે મારે લગ્ન નથી કરવા. તારા સુખ ખાતર મેં મારું સુખ જતું કર્યું. તને ઉછેરતા મને કેટલું કષ્ટ પડયું હશે! સમય જતાં તું બે વર્ષનો થયો. તું બોલતા શીખ્યો. ગામડામાં રમવાના રમકડા કયાંથી હોય? તું ચોકમાં કાંકરાઓનો ઢગલો કરીને રમતો હતો. એટલામાં બરાબર તારી સામે ઝાડ પર કાગડો આવીને બેઠો. પુત્રને હવે વાત સાંભળવાનો રસ જાગ્યો. તેથી પિતાને કહે છે પછી શું થયું? બેટા! તેં મારી સામે એક કાંકરો ફેંકીને તારી કાલીઘેલી ભાષામાં મને પૂછયું-બાપા! આ શું? બેટા! એ કાગડો છે. હજુ એક મિનિટ થઈ હશે ત્યાં તેં ફરીને કાંકરો નાખ્યો. બાપા! આ શું? એ કાગડો છે. તું તારી રમતમાં જોડાઈ જતો ને મારું કહેવું ભૂલી જતો ને વારંવાર કાંકરો નાંખીને મને પૂછયા કરતો, બાપા! આ કોણ છે? બેટા! એ કાગડો કહેવાય.

તારા કાંકરા મને માથામાં, છાતીમાં વાગતા હતા છતાં એ બધું હું હસતા મુખે સહન કરતો હતો. તું એકનો એક પુત્ર અને બાળક તો નિર્દોષ હોય એમ માનીને કાંકરાના ઘા વેઠતો હતો. આવું કરતાં કરતાં તેં મને જેટલા કાંકરા માર્યા તે બધા ભેગા કરીને મૂકી રાખ્યા. તારા કાંકરા વાગવા છતાં મને થતું કે કાંકરા નથી વાગતા. તું મને આટલો વહાલો હતો. તારા કાંકરાએ મને ૩૦ વાર માર ખવડાવ્યો. છતાં મને તારા ઉપર જરાય રોષ કે ગુસ્સો ન આવ્યો. એ કાંકરાઓને મેં આજ સુધી ડબ્બીમાં સાચવીને મૂકી રાખ્યા છે, કારણ કે આ કાંકરા તારા પ્રત્યેના પ્રેમના, વહાલના સાક્ષીભૂત છે. એમાં મારું હાર્ટ-હૃદય સમાયેલું છે. અરેરે...દુઃખ વેઠીને મોટો કરેલો દીકરો જ એમ કહે છે કે દૂધ ફાટયું છે તો ઘરમાં ન રખાય. એને તો ઉકરડે નંખાય. તેમ મને પણ ઘરની બહાર કાઢવા માંગે છે?

**કાંકરાની કહાનીથી જીવન પલટો :** પિતાના શબ્દોએ કમાલ કરી. માણસ ગમે તેવી ભૂલ કરે પણ જો તેનામાં લજ્જા છે, માનવતા છે, તો તે જરૂર ઠેકાણે આવશે. છોકરામાં લજ્જા હતી. સંસ્કારનું બીજ પડયું હતું તો ભૂલનો પસ્તાવો કર્યો. દીકરો અને વહુ પિતાના પગમાં પડયા. આંસુઓથી બાપાના પગ ભીંજવી દીધા. બાપુજી ! અમને માફ કરો. હું અધમ પાપી છું. મારો ઉદ્ધાર કરો. તેના જીવનનું પરિવર્તન થયું. બધા આનંદથી જીવન પસાર કરે છે. શેઠને સમજાઈ ગયું કે આ સંસાર એટલે સુખ દુઃખનો અખાડો, સ્વાર્થનું સમરાંગણ, આધિ, વ્યાધિ અને ઉપાધિનો ઉકરડો. એમાં રાચવા જેવું નથી. એનો રાગ કરવા જેવો નથી.

માટે ભગવાને કહ્યું કે રાગ અને દ્વેષના બીજથી સંસાર લીલોછમ રહે છે. **સારો સંસાર નભે છે રાગના પાયા પર, સંસાર જીવતો છે રાગના શ્વાસોશ્વાસથી, સંસાર રચાય છે સ્નેહના તંતુઓથી, સંસાર વૃક્ષની સલામતી પણ આ રાગના પાણીથી.** જો રાગ છૂટી જાય, સ્નેહના બંધન તૂટી જાય અને મોહનો નાશ થાય તો સંસારની સમાપ્તિ તરત થઈ જાય, માટે રાગ દ્વેષને છોડવાની જરૂર છે.

આપણા અધિકારમાં યુગબાહુને એક પુત્ર ચંદ્રયશ છે. તે બધાને ખૂબ પ્રિય છે. સમય જતાં મયણરેહાએ સ્વપ્નામાં કલ્પવૃક્ષ જોયું. પછી રાત્રે ધર્મજાગ્રિકા કરી. સવાર થતાં મયણરેહા પતિની પાસે જઈ જય વિજય શબ્દોથી યુગબાહુને વધાવ્યા અને પછી કહેવા લાગી હે સ્વામી ! મને આજે રાત્રે એવું સ્વપ્ન આવ્યું છે કે જાણે કલ્પવૃક્ષ મારા મુખ દ્વારા પેટમાં ઉતરી ગયું. આ સાંભળીને યુગબાહુ ખૂબ હર્ષિત થઈને કહે છે, તમારું સ્વપ્ન શ્રેષ્ઠ છે. ભાગ્યશાળી માતાને આવા સ્વપ્નો આવે છે. જેમ કલ્પવૃક્ષની નીચે બેસવાથી છાયા મળે છે ને મનમાં જે વસ્તુની ચિંતવણા કરે તે મળે છે, તેમ આ સ્વપ્નનું ફળ એ બતાવે છે કે તમને રાજ્યલાભ, ધનલાભ અને પુત્રલાભ થશે, અને જે પુત્ર થશે તે કુળદીપક બનશે.

**સતીની ભાવના પૂર્ણ કરતો યુગબાહુ :**—મયણરેહા પતિના મુખેથી સ્વપ્નાનું ફળ જાણીને ખૂબ આનંદિત થઈ. ગર્ભના પ્રભાવથી સતીને સારાસારા દોહદ ઉત્પન્ન થવા લાગ્યા. યુગબાહુ તેના બધા દોહદ પૂરા કરે છે. તે કહેવા લાગ્યો, સતી ! લોકો કહે છે કે પુત્રના લક્ષણ પારણામાંથી પરખાય છે પણ મને તો પુત્રના લક્ષણો ગર્ભમાંથી પરખાય છે. આ ગર્ભના પ્રભાવથી જ તમને સારા સારા દોહદ થાય છે. તમારી કાંતિ પણ તેજસ્વી દેખાય છે. મયણરેહા ઉચ્ચ વિચાર કરતી, ધર્મનું વાંચન કરતી, આદર્શ જીવન જીવતી ગર્ભનું પ્રતિપાલન કરી રહી છે. હવે શું બને છે ?

એક દિવસ મયણરેહા પોતાની સખીઓ સાથે મહેલની ગેલેરીમાં આનંદ–કિલ્લોલ કરી રહી છે. પોતાની સખીઓ સાથે મસ્ત રીતે વાતો કરે છે. કોઈ સખી કહે છે, પહેલો પુત્ર ચંદ્રયશ તેજસ્વી અને ગુણવાન છે, તેવો બીજો મહાન આત્મા તારા ગર્ભમાં આવ્યો છે. મયણરેહા કહે, સખીઓ ! આ બધો પ્રભાવ ધર્મનો છે. ધર્મના પ્રભાવથી જ આનંદ

વર્તાઈ રહ્યો છે. આ રીતે વાર્તાલાપ કરી રહ્યા છે, પણ તેને ખ્યાલ ન રહ્યો કે સામે જ મારા જેઠ મણિરથ રાજાનો બંગલો છે. બરાબર આ સમયે મણિરથ પણ પોતાના મહેલની ગેલેરીમાં ઉભો હતો. ચારે બાજુ દૃષ્ટિ કરતાં મણિરથની દૃષ્ટિ આનંદ-પ્રમોદ કરતી મયણરેહા પર પડી.

**મણિરથની કુદૃષ્ટિ** :—મયણરેહાને જોતાં મણિરથના મનમાં થયું કે આ તો સાક્ષાત્ દેવાંગના જ જોઈ લો. શું એનું રૂપ છે! શું એની કાંતિ છે! મયણરેહાનું રૂપ હતું પણ સાથે ચારિત્ર છે, એટલે રૂપ ખૂબ ખીલેલું દેખાતું હતું. રૂપ હોય પણ ચારિત્ર ન હોય તો રૂપ સાવ ફિક્કું લાગે છે. મણિરથની સાથે તેના બીજા માણસો હતા. તેઓ સમજી ગયા કે રાજાની દૃષ્ટિમાં વિષ આવ્યું છે. તેમની આંખડી મયણરેહા તરફ દોડી રહી છે. તેથી નોકરોએ કહ્યું રાજન્! એ મહેલ આપના નાના ભાઈ યુગબાહુનો છે. અત્યારે એ ગેલેરીમાં તેની પત્ની સખીઓની સાથે આનંદ કરી રહી છે, માટે હવે આપ એ તરફ દૃષ્ટિ ન કરતાં આપની આંખડીને ત્યાંથી પાછી વાળો. નોકરની વાત સાંભળીને મણિરથને ગુસ્સો આવ્યો, ને કહ્યું શું તમે મને સાવ અજ્ઞાની માનો છો? શું હું એટલું પણ નથી જાણતો કે એ મહેલ યુગબાહુનો છે. એ મહેલ મેં જ બંધાવીને આપ્યો છે. શું મને એ ખબર નહીં હોય કે તે મહેલની ગેલેરીમાં યુગબાહુની પત્ની બેઠી છે! શું તમે મને લુચ્ચો લફંગો માનો છો? હું જાણું છું કે તે યુગબાહુની પત્ની છે. તેની સગાઈ કરીને લાવનારો તો હું જ છું ને?

**દૃષ્ટિમાં વિકારે જમાવેલી સત્તા** :—ઘણી વાર હિતસ્વીઓ સાચી સલાહ આપે તો પણ દુષ્ટમતિવાળાને એ ગમતી નથી, પણ ઉલ્ટી પરિણમે છે. સર્પને દૂધ પીવરાવવાથી દૂધ ઝેર બને છે, તેમ મણિરથ રાજાને સાચી શિખામણ પણ વિષના રૂપમાં પરિણમી. કારણ કે તેની દૃષ્ટિમાં વિષ ભર્યું હતું. એક યુવાન ગેલેરીમાં આંટા મારતો મારતો વાંચી રહ્યો હતો. તે સમયે સામેના ઘરમાં એક બહેન સ્નાન કરીને ઉઠી. તે યુવાનની દૃષ્ટિ તેના પર ગઈ. પેલી બહેનને કાંઈ ખબર નથી. બેનોએ કપડાં બદલતાં ખૂબ મર્યાદા રાખવી જોઈએ. તે સમયે બારી બારણાં બંધ કરી દેવા, જેથી તેની મર્યાદા જળવાઈ રહે. આ યુવાન પોતાની દૃષ્ટિને ત્યાંથી પાછી ખેંચે છે, પણ તેની આંખ ત્યાં વારંવાર જાય છે. જ્યાં ન જોવાનું હોય ત્યાં આંખડી વહેલી દોડે છે, આંખ કામણગારી છે. આ યુવાને પોતાની દૃષ્ટિ સુધારવા શું કર્યું? ઘરમાં જઈને પીસેલા લાલ મરચા લઈ આવ્યો. ને બંને આંખમાં આંજી દીધા. કેવી બળતરા થાય! એ તો વેદે તે જાણે. યુવાન કહે છે—હે આંખ! તારા ગુનાનું ફળ તું ભોગવ, નહિ તો નરકમાં આંખમાં ભાલાઓ વાગશે. તારી ભૂલ સુધારી લે. આ યુવાન બીજો કોઈ નહિ, પણ એ હતા સ્વામી વિવેકાનંદ. જેણે પરદેશમાં ભારતની ખ્યાતિ વધારી છે, અને પોતાનું નામ ઉજ્જવળ કર્યું છે.

**સતીના રૂપમાં મુગ્ધ બનેલો મણિરથ** :—મણિરથ રાજા મયણરેહા તરફ દૃષ્ટિ ફેંકીને તાકીને જોવા લાગ્યો. મયણરેહાને આ વાતની કાંઈ ખબર નથી. મયણરેહાને જોઈને પોતાના મનમાં કહેવા લાગ્યો, આ કેવી સુંદરી છે! અપ્સરાને પણ શરમાવે એવું એનું રૂપ

છે. આવું સ્ત્રીરત્ન તો મારા અંતેઉરમાં શોભે. હું તેને મારા અંતેઉરની પટ્ટરાણી બનાવું. આ રૂપસુંદરી જાણે મારા માટે ન હોય ! જેમ પતંગીયું દીપકમાં મોહિત થાય છે, તેમ મણિરથ મયણરેહાના રૂપમાં મુગ્ધ બન્યા. વિષમ સ્થળે પગ ખસતા જો કોઈ પોતાની જાતને સંભાળી લે તો તે બચી જાય છે નહિ તો તે નીચે પડી જાય છે. મણિરથ રાજા મયણરેહાનું સૌંદર્ય જોઈને લપસી પડયા. અગ્નિની એક ચિનગારી પડતાં રૂ બળીને ખાખ થઈ જાય છે. તે પ્રમાણે કામાગ્નિથી મણિરથના હૃદયનો ભ્રાતૃસ્નેહ પણ બળીને ખાખ થઈ ગયો. સર્પના ઝેર ઉતરે છે, પણ વિષયોના વિષ ઉતરવા બહુ મુશ્કેલ છે. મણિરથ રાજાને વિષયોના વિષ ચઢ્યા છે તેથી તે કોઈની વાત સાંભળતા નથી. મણિરથને મયણરેહા તરફ તાકી તાકીને જોતા જોઇને તેના હિતસ્વી નોકરોએ વિચાર કર્યો કે રાજા સમજતા નથી. તેમની દૃષ્ટિમાં ઝેર ભર્યું છે. રાજાને હવે કડક શબ્દોથી પણ સાવધાન કરવા જોઇએ. હિતસ્વી નોકરો આ પ્રમાણે વિચારી રહ્યા છે, પણ મણિરથ તો જુદું જ વિચારી રહ્યા છે. નોકરો હવે રાજાને કેવી રીતે સમજાવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

આજે અમારા પરમ ઉપકારી, આચાર્ય, ગચ્છાધિપતિ પૂ. છગનલાલજી મહારાજ સાહેબની પુણ્યતીથિનો પવિત્ર દિવસ છે. આવી પુણ્યતીથિના દિવસે આપણે ગુરૂ ગુણગ્રામ કરીએ છીએ. તો તેમના મહાન જીવનની થોડી ઝાંખી કહીશ.

છગનભાઈ જ્ઞાતિએ રજપૂત-ગરાસીયા હતા. તેમના પિતા અવલસંગ અને માતા રેવાબાઈ હતા. આ બાળક નાનપણથી જ ખૂબ તેજસ્વી અને પ્રજ્ઞાવશાળી હતો. સ્કૂલે ભણતાં બે વણિક મિત્રની દોસ્તી થઈ. આ બાળક બધાને અતિ પ્રિય લાગતો. સમય જતાં તેઓને જૈન સાધુનો સમાગમ થતાં તેમનો આત્મા ઝળકી ઉઠયો. છગનભાઈ જ્ઞાનમાં રસ ધરાવતા ખૂબ જ આગળ વધ્યા.

**ધર્મ શિક્ષક બન્યા :** છગનભાઈની વાણીમાં ઘણી જ મીઠાશ હતી. બાળકો તેમને ખૂબ જ ચાહતા. તે તેમની પાસે ધાર્મિક જ્ઞાન લેવા લાગ્યા. ઘણાં જ બાળકો જૈનશાળામાં આવતા થયા. તેમજ તેમણે શ્રાવિકા શાળા, યુવક મંડળ વિગેરેની સ્થાપના કરી. અનેક જીવોને કેળવી સંસ્કાર આપ્યા. આમ કરતાં પોતાને જ વૈરાગ્ય આવ્યો ને તેમણે નક્કી કર્યું કે મારે દીક્ષા લેવી છે.

તેઓને બે મિત્ર હતા. તેમાં એક મિત્ર ધંધામાં જોડાઈ ગયા, પણ બીજા મિત્ર સુંદરલાલ અને પોતે દીક્ષા લેવાનું નક્કી કર્યું. કાકા-કાકીને ચિંતા થઈ કે છગન ઉપાશ્રયનું બારણું મૂકતો નથી. ઉપવાસ, વ્રત નિયમ વિગેરે કરે છે. કદાચ સાધુ થઈ જશે તો ! તે ભયથી તેમને ઉપાશ્રયે જતા ઘણાં જ રોકવા લાગ્યા. પણ છગનભાઈ કયાં રોકાય તેવા હતા ! છેવટે વણિક મિત્ર અને પોતે એમ બંને જણા નાસી છૂટયા. ઘરના બધાએ શોધ કરી. છેવટે અમદાવાદ તેઓના સગાએ ઝડપી લીધા અને ઘેર લઈ ગયા. ઘણું જ સમજાવ્યા સુંદરભાઈ તો ઢીલા પડયા પણ આપણા નાયક છગનભાઈ દૃઢ વૈરાગી સ્હેજ પણ વૈરાગ્યથી ઢીલા ન પડયા. તેમણે તો કાકાને કહી દીધું કે મને જલ્દી આજ્ઞા આપો,

હવે ઘડીભર હું રોકાવાનો નથી. તમારા કુળમાં એક વ્યક્તિ આત્માનું કલ્યાણ કરે છે. તેનું તમે ગૌરવ લો. શા માટે મને રોકો છો? શું તમે મૃત્યુને રોકી શકવાના છો? "ના" તો મને ન રોકો. આ રીતે તેમને ઘણી જ વૈરાગ્યભરી વાતોથી કુટુંબને સમજાવ્યું. આખરે વૈરાગીની જીત થઈ ને આજ્ઞા મળી.

**દીક્ષા મહોત્સવ :** સંવત ૧૯૪૪ની સાલ પોષ સુદ દશમના દિવસે આચાર્ય પૂ. હર્ષચંદ્રજી મહારાજ સાહેબ સુરત બિરાજતા હતા ત્યાં પહોંચી ગયા. તેમનો વૈરાગ્ય, જ્ઞાન અને પ્રભાવશાળી આત્માને જોતા ગુરૂદેવને પણ ઘણો જ હર્ષ થયો ને ભાગવતી દીક્ષા નક્કી થતાં અનેક ગામના શ્રીસંઘો આવ્યા અને ભાઈશ્રી છગનભાઈની ધામધૂમથી દીક્ષા ઉજવાણી ને છગનભાઈમાંથી છગનલાલજી મહારાજ બન્યા. ધન્ય છે એમના જીવનને! દીક્ષા લઈ ગુરૂની સાનિધ્યમાં ખૂબ જ જ્ઞાન પ્રાપ્ત કર્યું. સારા વિખ્યાત પ્રવચનકાર થયા. જેમની વાણીમાં ત્યાગ વૈરાગ્યની અમી ઝરતી. હજારો લોકો તેમની વાણી સાંભળવા આવતા. મહાન પ્રખર વક્તા બન્યા.

પાંચ વર્ષે તેમના ગુરૂદેવ કાળધર્મ પામતા તેઓશ્રી ભાણજી સ્વામીની સેવામાં રહ્યા. ૧૯૮૩માં આચાર્ય ભાણજી સ્વામી કાળધર્મ પામતા આચાર્ય પદવી છગનલાલજી મહારાજશ્રીને આપવામાં આવી. આચાર્ય પદવી પર રહીને શાસનને રોશન બનાવ્યું. અનેક જીવોને વૈરાગ્ય પમાડયો, અને શાસ્ત્રોનો ખૂબ શોખ હોવાથી કંઈક સૂત્રોના અર્થ, વિવરણ સહિત ડો. જીવરાજ ઘેલાભાઈ મારફત બહાર પડાવ્યા. આવા શાસનરત્ન પૂ. ગુરૂદેવે શાસન ઉપર ઘણાંજ ઉપકારો કર્યા છે. તેઓ સંવત ૧૯૭૫માં મુંબઈ પધાર્યા. મુંબઈમાં ઘણો સારો ઉપકાર કર્યો. તે વખતે મુંબઈમાં આજનું કાંદાવાડી ધર્મસ્થાનક ન હતું. પરંતુ ગુર્જર કચ્છી દશાશ્રીમાળી વાડીમાં મહારાજશ્રી ચાતુર્માસ રહ્યા હતા. આ વખતે પૂજ્યશ્રીના એક શિષ્ય શ્રી આત્મારામજી મહારાજ કાળ ધર્મ પામ્યા. તે વખતે મુંબઈ સંઘમાં ફાળામાં ૨૨૦૦૦ રૂા. થયા હતા. તે રૂપિયા અનાથાશ્રમ, જીવદયામાં વાપરતાં બાકી રહ્યા તે જૈનશાળા વગેરેમાં વાપરવાનું નક્કી થયું હતું. આ વખતે પૂજ્યશ્રીએ બરાબર સમય જોઈ વ્યાખ્યાન આપ્યું કે તમે હજારો રૂપિયાનો વેપાર કરો છો, તમારા મોજશોખ પાછળ સેંકડો રૂપિયા ખર્ચી શકો છો, તો પછી તમારી મુંબઈ નગરીમાં સાધુ સાધ્વીને જતાં આવતાં ઉતરવા માટે સ્થાનક ન મળે. તેમ સ્વધર્મી શ્રાવકોને ધર્મક્રિયા કરવા માટે સંઘને પોતાનું મકાન પણ ન હોય એ કેટલું ખેદજનક કહેવાય! અરે તમારા માટે લજ્જાસ્પદ કહેવાય. આ સાંભળી તરતજ દાનવીર શેઠ મેઘજીભાઈ થોભણ, શેઠ લખમશીભાઈ નપ્પુ, શેઠ તુલસીદાસ મોનજી વગેરેએ પાંચ પાંચ હજાર ઉપર રૂપિયા સ્થાનક ફાળામાં આપવાની જાહેરાત કરી. પછી અન્ય સાધન સંપન્ન ભાઈઓ પણ ફાળો નોંધાવવામાં એવા તો ઉત્સાહી બન્યા કે તે ફંડ વધીને આશરે દોઢ લાખ થયું. આ રીતે પૂ. ગુરૂદેવની ટકોરથી મુંબઈ કાંદાવાડીના ધર્મસ્થાનકનું નિર્માણ થયું.

ત્યારબાદ ૧૯૮૯માં અજમેરમાં બૃહદ્ સાધુ સંમેલન ભરાયું, ત્યાં પૂ. ગુરૂદેવ પોતાના

શિષ્યરત્ન રત્નચંદ્રજી મ. આદિ શિષ્યો સહિત પધાર્યા હતા. પૂ. શ્રી ના રત્નચંદ્રજી મ. પૂ. છોટાલાલજી મ. પૂ. ખોડાજી મ. પૂ. ફૂલચંદજી મ. આદિ શિષ્યો અને પૂ. જડાવબાઈ મ. પૂ. પાર્વતીબાઈ મ. પૂ. પરસનબાઈ મ. આદિ શિષ્યા વર્ગ હતો. પૂજ્યશ્રીની વાણી જાણે સિંહ ગર્જના ગાજે તેવી જોરદાર હતી. તેમનું ક્ષત્રિયબળ અજોડ હતું. તેઓ જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં સેંકડો લોકો તેમની હૃદયસ્પર્શી વાણી સાંભળવા આવતા. તેમનું જીવન ચરિત્ર તો એવું પ્રભાવશાળી છે કે તે વર્ણન આ ચર્મજીભથી થઈ શકે નહિ. દિવસોના દિવસો પણ ઓછા પડે. હવે સમય થઈ ગયો છે માટે વધુ નહિ કહેતા આવા પ્રભાવશાળી આત્માને પોતાની અંતિમ ઘડી સુઝી આવી. સંવત ૧૯૯૫ ના વૈશાખ વદ દશમના દિવસે સવારથી કહ્યું કે હું ઉપર જાઉં છું. વ્યાખ્યાન દશ વાગે પૂર્ણ કરશો. તેમજ ગોચરી પાણી કાંઈ રાખશો નહિ. બધું જ પતાવી દો. આ રીતે ઘણા સંકેત કર્યા હતા. આત્મસાધનામાં જોડાઈ સંથારો કરી દશ વાગે ખંભાત સંપ્રદાયનો ઝળહળતો દીપક બુઝાઇ ગયો. પૂ. ગુરૂદેવ માટે જેટલું કહું તેટલું ઓછું છે. પૂજ્યશ્રીના દેહને ચંદનાદિ કાષ્ટ વડે અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો.

તેજસ્વી રત્ન ગૂમ થયું. જૈન સમાજનું જવાહિર અદૃશ્ય થયું. છતાં તેમના સ્મરણો તાજાં જ રહ્યા છે. અને રહેશે. સંપ્રદાય-સમ્રાટ ના ગુણો આપણે ગ્રહણ કરીએ અને આજ સારા સારા વ્રત નિયમ લઈને ઉપકારી ગુરૂદેવના ઋણમાંથી યતકિંચિત મુક્ત થઈએ એજ ભાવના.

ૐ શાંતિ.

---

## વ્યાખ્યાન નં.-૧૨

**અષાડ વદ ૧૧ ને સોમવાર** **તા. ૨૭-૭-૮૧**

અનંત ઉપકારી જિનેશ્વર ભગવંતોએ સર્વ જીવોને અહિંસાનો ઉપદેશ આપ્યો. ભગવાને સ્થાપેલો ધર્મ સંપૂર્ણ અહિંસામય છે. દુનિયામાં બીજા ધર્મો પણ તેમણે સ્વીકારેલ અહિંસાના સ્વરૂપમાં ભિન્નતા અને અધૂરાપણું હોવા છતાં પ્રધાનતા તો અહિંસાને આપે છે. અહિંસા એ સઘળા ધર્મોની માતા છે. અહિંસા વિનાનો ધર્મ એ વાસ્તવિક ધર્મ નથી. પ્રગતિના પંથે આગળ વધવાની જેની ભાવના છે, તેના માટે અહિંસક વૃત્તિનો વિકાસ સર્વ પ્રથમ આવશ્યક છે. અહિંસક ભાવનાથી ઉત્થાન છે ને હિંસાની ભાવનાથી પતન છે. અહિંસા સુખનો રાજમાર્ગ છે અને હિંસા, દુઃખ અને અશાંતિનો માર્ગ છે. સંસારના દરેક જીવો સુખના અભિલાષી હોવા છતાં દુઃખની આગમાં જલી રહ્યા છે. ચારે બાજુ હાહાકાર, અશાંતિ, કરૂણ રૂદન અને વ્યાકુળતાનું સામ્રાજ્ય છે. મોટા મોટા યુદ્ધો ખેલાય છે. પૂંજીવાદ અને સામ્યવાદ વચ્ચેનું સંઘર્ષ, સંહારકશસ્ત્ર શક્તિનો પ્રયોગ આ બધા હિંસાના ફળ છે. હિંસા સંસારને નરક સમાન બનાવી દે છે. દુનિયામાં ક્યાંય

શાંતિનું નામ નિશાન જોવામાં આવતું નથી. આ અશાંતિથી બચવાને માટે ભગવાને અહિંસાનો ઉપદેશ આપ્યો છે. અહિંસા એવી સંજીવની છે કે દુઃખથી બેભાન બનેલા જીવોને નવજીવન આપે છે. અહિંસા એવી રામબાણ ઔષધિ છે કે જેનું સેવન કરવાથી અશાંતિ રૂપી રોગ નષ્ટ થાય છે. અહિંસા અમૃત છે ને હિંસા વિષ છે. હિંસાના વિષથી દૂર રહી અહિંસાનું અમૃત પાન કરવાથી જીવાત્મા નરકગતિ જેવા ભયંકર દુઃખોથી બચી શકે છે.

**इमस्स चेव जीवियस्स परिवंदण माणण पूयणाए, जाइ मरण मोयणाए दुक्ख पडिग्घाय हेउं ॥ આચારાંગ અ. ૧. ઉ. ૧**

અજ્ઞાની જીવ નશ્વર, વિજળી સમાન ચંચળ અને નિસ્સાર જીવનને લાંબા કાળ સુધી ટકાવી રાખવાની ભાવનાથી પાપમય ક્રિયાઓ કરે છે. મારું શરીર નિરોગી રહે તો હું વધુ જીવી શકું ને વધું જીવું તો સાંસારિક સુખોને ભોગવું. આવી આકાંક્ષાથી તે શરીરને પુષ્ટ બનાવવા માટે અભક્ષ આહાર કરે છે ને પાપકર્મોને બાંધે છે. પરિવંદણ એટલે પ્રશંસાને માટે પણ જીવ સાવદ્ય હિંસા કરે છે. હું અમુક અભક્ષ વસ્તુને ખાઈશ તો હું હૃષ્ટપુષ્ટ તેજસ્વી દેવકુમાર જેવો બની જઈશ, એથી દુનિયા મારા વખાણ કરશે. પ્રશંસાના પ્રલોભનમાં પડીને પણ જીવ હિંસા કરે છે. માન-સત્કાર પ્રાપ્ત કરવાને માટે પણ જીવ હિંસામય પ્રવૃત્તિ કરે છે. હું આવું તો બધા ઉભા થઈને મારો સત્કાર કરે, મને ઉંચા આસને બેસાડે, મને નમન કરે, આ રીતે માન સન્માન મેળવવા માટે જીવ સાવદ્ય હિંસાકારી કાર્યો કરે છે, જન્મ-મરણથી મુક્ત થવા માટે બાલ જીવો વિવેકને ભૂલીને, ધર્મના રહસ્યને નહીં સમજતા ધર્મના નામે પણ હિંસા કરે છે, અને તે હિંસાને જીવ કલ્યાણકારી સમજે છે. પણ ભગવાને સ્પષ્ટ કહ્યું કે ધર્મના નામ પર કરાયેલી હિંસા પણ હિંસા જ છે. તે અહિંસા ન કહેવાય. જીવ જન્મ પ્રસંગ, મરણ પ્રસંગમાં પણ હિંસા કરે છે. પુત્રનો જન્મ થાય ત્યારે આનંદ મનાવવાને માટે બધા સ્વજનોને જમાડે છે તેથી આરંભ સમારંભ થાય છે. આ રીતે મરણ પ્રસંગમાં પણ પિતૃઓને પિંડદાન આપવાના બહાને સાવદ્ય ક્રિયાઓ કરે છે. શત્રુનું વૈર લેવા માટે પણ જીવ હિંસા કરે છે. અમુક માણસે મારું તથા સ્વજનોનું અનિષ્ટ-અહિત કર્યું છે તેનો બદલો લેવો જોઈએ, એમ વિચારીને તે તેનું અહિત કરવા તૈયાર થઈ જાય છે. આ રીતે અજ્ઞાની જીવો હિંસા કરે છે અને પાપના ભાથા બાંધે છે.

**से बेमि जे अईया, जे य पडुपन्ना, जे य आगमिस्सा ।**

ભૂતકાળમાં જેટલા તીર્થંકર ભગવાન થઈ ગયા, વર્તમાનકાળમાં થાય છે અને ભવિષ્યકાળમાં થશે તે બધાનો એક જ ઉપદેશ છે કે સર્વ પ્રાણીને " न हंतव्वा, न अज्जावेयव्वा, न परिघित्तव्वा, न परियावेयव्वा, न उद्दवेयव्वा ।" લાકડીથી મારવા ન જોઈએ, તેમના પર આજ્ઞા ચલાવવી ન જોઈએ, તેમને દાસની જેમ રાખવા ન જોઈએ, તેમને શારીરિક, માનસિક સંતાપ નહીં આપવા જોઈએ, અને તેમને પ્રાણથી રહિત ન કરવા જોઈએ.

સર્વ તીર્થંકરોના ઉપદેશનો સાર એ છે કે जं न हिंसइ किंचणं । કોઈ પણ જીવની જરા પણ હિંસા ન કરવી જોઈએ. અહિંસા પરમો ધર્મઃ એ અગાધ શ્રુત સાગરના મંથનનો સાર છે. આ નાના વાકયમાં બધા તીર્થંકરોનો ઉપદેશ અને સર્વ શાસ્ત્રોનો સાર છૂપાયેલો છે. શ્રી સુધર્મા સ્વામીએ અહિંસાની ગાગરમાં સમસ્ત શ્રુત સાગરને ભરીને અહિંસાની મહત્તા બતાવી છે, ભગવતી અહિંસાની નિર્મળ આરાધનામાં સમસ્ત તીર્થંકરોની આજ્ઞાનું પાલન રહેલું છે. જૈન ધર્મનો પ્રાણ અહિંસા છે. જૈનેન્દ્ર પ્રવચન અહિંસામય છે. અહિંસાની આધાર શિલા પર જૈન ધર્મનો મહેલ ઉભો છે. વિશ્વ શાંતિનું મૂળ અહિંસા છે. અહિંસાથી સર્વ જીવો સુરક્ષિત અને નિર્ભય રહી શકે છે. અહિંસા સંસારના સુખ અને કલ્યાણની માતા છે. અહિંસાની નિર્મળ છાયા નીચે જીવો શાંતિ અનુભવે છે. જે ધર્મમાં આવી અહિંસા બતાવી છે તે સત્ય અને સનાતન છે. અહિંસામય ધર્મ નિત્ય-શાશ્વત અને શુદ્ધ છે. અનંત તીર્થંકરોએ અહિંસામય ધર્મ કહ્યો છે, કહે છે અને કહેશે. જેવી રીતે કાળની આદિ અને અંત નથી. તેવી રીતે અહિંસા ધર્મ અનાદિ અનંત છે. આ અહિંસા ધર્મ મોક્ષનું કારણ હોવાથી શાશ્વત છે. આ ધર્મ આત્માને પવિત્ર બનાવનાર અને કર્મમેલથી રહિત કરનાર છે, તેથી શુદ્ધ છે. જૈન ધર્મે અહિંસાની ખૂબ વ્યાપક વ્યાખ્યા કરી છે. દશ વૈકાલિક સૂત્રમાં ભગવાન બોલ્યા કે "धम्मो मंगल मुक्किट्ठं अहिंसा संजमो तवो।" અહિંસા, સંયમ અને તપ રૂપ ધર્મને ઉત્કૃષ્ટ મંગલ કહ્યું છે. અહીં અહિંસાને પ્રથમ સ્થાન આપ્યું છે. અહિંસા ધર્મની વાતો જે જીવો મોક્ષના અર્થી બને તેને યથાર્થ સ્વરૂપમાં રૂચે છે.

**માનવ ભવની કિંમત કયારે?:—** આજના વર્તમાન યુગમાં ગમે તે કારણ હોય પણ ધર્મની બાબતમાં વિષમતા ઘણી આવી ગઈ છે. મોક્ષની વાતો આજે મોટા ભાગે ભૂંસાઈ ગઈ છે. પરિણામે મનુષ્ય જેવો મનુષ્ય ઘણી બાબતોમાં પશુ કરતાં પણ નીચી કક્ષાએ ઉતરી ગયો છે, એમ કહીએ તો ચાલે. જે આત્મા માત્ર મોક્ષનો અર્થી બને તેને માટે આ મનુષ્ય જન્મ ઉંચામાં ઊંચો છે. જેને મોક્ષ પ્રત્યે અણગમો છે, મોક્ષની વાતો રૂચતી નથી તેને માટે તો આવો કિંમતી માનવ જન્મ પણ નિરર્થક છે. આ જન્મ પામીને જીવ જો મોક્ષનો અર્થી ન બને અને અર્થ–કામનો અર્થી બને તો આ જન્મ કદાચ નરકમાં લઈ જનાર પણ બને. આજે દુનિયામાં જોઈએ છીએ કે જેટલા પાપ તિર્યંચો–પશુપક્ષીઓ નથી કરતા તેથી અધિક ગણા પાપ મનુષ્યો કરે છે અને તે પણ આનંદથી હર્ષથી કરે છે. આજે મનુષ્યો માટે દુનિયામાં ઢગલાબંધ કારખાના, પોલીસોના કાફલા અને લશ્કરની ટુકડીઓ કરોડો રૂપિયાના ખર્ચે નિભાવવામાં આવે છે. જનાવરો માટે નહિ.

અહિંસા પ્રધાન ભારત દેશ આજે હિંસા પ્રધાન બની ગયો છે, એમ કહીએ તો ચાલે. આ ભારત દેશ કદી આટલો હિંસક હોય? કદી આટલો જુઠ્ઠો કે ચોર હોય? આજે ઘણા માણસો એમ કહે છે કે અમે ચોર કે જૂઠા નથી. ખોટું લખતા નથી કે ખોટું બોલતા પણ નથી. તો પછી ભારત દેશ આટલી નીચી કક્ષાએ કેમ ઉતરી ગયો? પૈસો

અને પૈસાથી મળતું સુખ યેનકેન રીતે મેળવવું છે. એવી મનોવૃત્તિ આજની સઘળી અવનતિનું મૂળ છે. સમાજમાં સુખી શ્રીમંત ગણાતા લોકો થોડા પૈસા સારા કાર્યોમાં ખર્ચે છે, પણ તેમાં કીર્તિ અને નામનાની લાલચ વધારે હોય છે. ધર્મબુદ્ધિથી ખર્ચનારા બહુ અલ્પ છે. કંઇક શ્રીમંતો શાળા અને કોલેજોમાં પૈસા આપે છે પણ હું તો કહું છું કે જે શાળા કોલેજોમાં સુસંસ્કારો મળતા હોય, જ્યાં માનવતાનો વિકાસ થતો હોય ને જેમાં ધર્મનું સ્થાન હોય એવી શાળાઓમાં ભલે પૈસા અપાય, પણ જે શાળા માણસને હેવાન બનાવે, જ્યાં માનવતાની જ્યોત બુઝાતી હોય અને જે તદ્દન નાસ્તિકતાના સંસ્કારો આપતી હોય તેમાં પૈસા આપવા યોગ્ય નથી. આજની શાળાઓ કોલેજો છોકરાઓને માંસાહાર તરફ વાળી રહી છે, ઈંડાં ખાતાં શીખવાડે છે. આવી શાળાઓ તો છોકરાઓને સંસ્કાર આપવાને બદલે કુસંસ્કાર આપી રહી છે. આવી શાળાઓ છોકરાઓને પતનને માર્ગે લઈ જાય છે. ને ધર્મથી દૂર રાખે છે. તમે મા-બાપ બન્યા છો તો તમારા છોકરા શું ભણે છે? જે પુસ્તકો તેમને ભણાવવામાં આવે છે તેમાં શું આવે છે? એની કંઈ ખબર રાખો છો? કંઈક સંસ્થાઓમાં જ્ઞાનના નામે આવા પાઠ્ય પુસ્તકો અલ્પ કિંમતે આપે છે ને તેમાં ગૌરવ અનુભવે છે, પણ યાદ રાખજો કે, એ શિક્ષણના કારણે એક દિવસ એવો આવશે કે તમારા સંતાનો તમારી પાસે બેસીને માંસ અને ઈંડાં ખાશે. તે વખતે તમે કંઈ કહી શકવાના નથી, તમે કહેશો તો તે માનવાના પણ નથી,

અહિંસા ધર્મને જેણે જીવનમંત્ર બનાવ્યો છે તેવા મરજીવાઓ કદી કોઇને ડરાવતા નથી કે કદી કોઈથી ડરતા નથી. એટલું જ નહિ, પણ તેઓ હંમેશા નબળાઓનું રક્ષણ કરતા હોય છે. તેઓ મૃત્યુથી ડરતા નથી, પણ મૃત્યુ તેમનાથી ડરતું હોય છે. આવા જીવો પોતાનું નામ દુનિયામાં અમર બનાવીને જાય છે. જો જગત શાંતિને ઈચ્છતું હોય તો તેણે અહિંસાને અપનાવવી પડશે. દરેક દેશના સૂત્રધારોએ પોતાની રાજનીતિમાં અહિંસાને મુખ્ય સ્થાન આપવું જોઈએ. સામ્યવાદ હોય કે સમાજવાદ હોય, ગમે તે વાદ હોય, પણ તેમણે પોતાના સિદ્ધાંતોનું ચણતર અહિંસા અને પ્રેમના પાયા પર કરવું જોઈએ. સૂક્ષ્મ અને સ્થૂલ યુદ્ધો નાબૂદ કરવાનો આ ઉપાય છે. ભાવિ વિનાશમાંથી દુનિયાને ઉગારવી હોય તો અહિંસા અપનાવે જ છૂટકો છે. અહિંસા એ નિર્બળોનું હથિયાર નથી પણ વીરોનું હથિયાર છે. હિંસાનો ઉપયોગ કરવામાં ભીરૂતા છે. જ્યારે અહિંસા અપનાવવામાં નીડરતા હોય છે. કોઈ માણસ મારવા આવે ત્યારે જ તેની સામે હથિયાર ઉગામે છે તે ભયની લાગણી અનુભવે છે, તેથી પોતાની જાતને બચાવવા હથિયાર ઉપાડે છે. અહિંસાનો ઉપાસક તેમ નથી કરતો, કારણ કે તેનામાં નીડરતા છે. તે તો નીડરતાથી જેમનો તેમ ઊભો રહે છે, અને જરા પણ ભયની લાગણી અનુભવતો નથી. અહિંસાના ઉપાસકમાં જ્યારે આત્મબળ વધે છે ત્યારે શત્રુ પોતાની શત્રુતા ભૂલી જાય છે ને મિત્ર બની જાય છે. ગમે તેવો હિંસક મનુષ્ય પણ અહિંસાના પૂજારી પાસે નમ્ર બની જાય છે.

ભગવાન મહાવીર સ્વામીના સમોસરણમાં સિંહ અને ગાય, વાઘ અને બકરી, ઉંદર અને બિલાડી સાથે બેસતા. એક બીજાને મારવાનો સ્વભાવ ભૂલી જતા. ગાયને સિંહની બીક ન લાગતી. આ બધાનું કારણ અહિંસામાંથી પ્રગટતા પ્રેમનો દિવ્ય પ્રભાવ છે. ચંડકૌશિક નાગ પોતાની વિષમય ફેણાવડે અનેક જીવોના પ્રાણ હરતો હતો. તેણે ભગવાન મહાવીર સ્વામીના અહિંસાના પ્રભાવથી અંજાઇને ડંખવાનું છોડી દીધું. સ્વામી રામતીર્થની આંખોમાં એટલું બધું તેજ હતું કે સિંહ અને વાઘ તેમની ઝુંપડી પાસે બેસતા પણ કોઇને હેરાન કરતા નહિ. આ છે અહિંસાનો પ્રભાવ. અંગુલીમાલ લૂંટારો જે જંગલમાંથી પસાર થતા તે દરેક માણસના હાથના કાંડા કાપીને તેમની આંગળીઓની માળા બનાવીને પહેરતો હતો. તે ગૌતમબુદ્ધના અહિંસાના પ્રભાવથી શાંત થઈ ગયો. જેને કોઈ પકડી શકતું ન હતું તેવો લૂંટારો તેમનો શિષ્ય બની ગયો. આ બધો છે અહિંસાનો અદ્દભૂત પ્રભાવ. અહિંસાથી સર્વત્ર પ્રેમનું વાતાવરણ પ્રસરે છે. હિંસાથી ભયનું વાતાવરણ પ્રસરે છે. આવી કલ્યાણકારી અહિંસા અપનાવવાથી વિશ્વ, શાંતિનો શ્વાસ લઈ શકશે. જો દરેક દેશો પોતાની રાજનીતિમાં અહિંસા અપનાવે અને હિંસક બળ વધારવાનું છોડી દે તો ભાવિ વિનાશમાંથી વિશ્વ બચી શકે. જો કોઈપણ દેશ પોતે જીવવા ઇચ્છતો હોય તો તેમણે બીજાને જીવવા દેવા પડશે. જે દેશ શાંતિનો શ્વાસ લેવા ઈચ્છતો હશે તેણે સર્વત્ર શાંતિ ફેલાય તેવું વાતાવરણ સર્જવું પડશે. બીજાની શાંતિમાં ખલેલ પહોંચાડીને તે શાંતિનો શ્વાસ લઈ શકશે નહિ. ભગવાન મહાવીરે આ જ વાત કહી છે "જીવો અને જીવવા દો." જો તમે બીજાને હણશો, છેદશો તો તમારે હણાવું પડશે, છેદાવું પડશે. શાંતિથી જીવવાનો આ જ રાજમાર્ગ છે.

આપણા ચાલુ અધિકારમાં અહિંસાના અવતારી એવા મણિરથ અને યુગબાહુ વચ્ચે ક્ષીરનીર જેવો પ્રેમ છે. બંને વચ્ચે સ્નેહની સરવાણી વહી રહી હતી. તેથી મણિરથ રાજાએ યુગબાહુને યુવરાજની પદવી આપી. યુવરાજની પત્ની મયણરેહા ખૂબ રૂપવંતી, સૌંદર્યવાન છે. ઘણાં માણસોમાં રૂપ હોય પણ વર્ણ ન હોય તો તે શોભતા નથી. શ્રેણીકરાજાએ મંડીકુક્ષ બાગમાં અનાથી મુનિને જોયા. જોતાં તેમના મુખમાંથી શબ્દો સરી પડયા. अहो ! वण्णो, अहो ! रूवं, શું તમારો વર્ણ છે ! શું તમારું રૂપ છે ! આમ શ્રેણીકરાજાએ અનાથી મુનિનું રૂપ જોઇને પ્રશંસા કરી તેમ યુગબાહુની પત્ની મયણરેહાનું રૂપ અને વર્ણ એવા છે કે ચંદ્ર સૂર્ય ભેગા થાય, ને પ્રકાશ થાય એવું પ્રકાશિત છે. આટલું બધું પ્રકાશિત થવાનું કારણ ? રૂપની સાથે નિર્મળ શીલનો પ્રકાશ ભળ્યો છે. ઘણી વાર માણસ શ્યામ હોય છે, પણ ચારિત્રના બળથી તેનું તેજ લલાટે ઝળકતું દેખાય છે.

આવી મયણરેહા પોતાની સખીઓની સાથે આનંદ ક્રીડા કરી રહી છે. તેને ખબર નથી કે સામે મહેલની અટારીમાં તેના જેઠ ઉભા છે. મણીરથ મયણરેહાનું રૂપ જોઇને તેમાં મુગ્ધ બન્યા છે. તેમની દૃષ્ટિ મયણરેહાના પુદ્દગલ તરફ હતી. આત્માથી

જીવો આત્માને જુવે છે ને પુદ્ગલના રાગી પુદ્ગલ તરફ જુવે છે; જેમ ચમારની દૃષ્ટિ ચામડા તરફ હોય છે તેમ દેહના રાગી દેહને–ચામડાને જુવે છે.

જનકવિદેહી મહારાજાની સભામાં સેંકડો પંડિતો આવે ને જાય, પણ હજુ સુધી અષ્ટાવક્રજી પંડિતજી આવ્યા નથી. રાજાને થયું કે હું અષ્ટાવક્રજીને મારી સભામાં બોલાવું. પંડિતોની સભા ભરાઈ છે. જનક વિદેહી રાજાએ અષ્ટાવક્રજીને આમંત્રણ મોકલ્યું કે અમારી આપને નમ્ર વિનંતી છે કે આપ અમારી સભામાં પધારો, અને આપના જ્ઞાનનો ધોધ વહાવો. લોકો કહે છે કે "ગંગા પાપં શશી તાપં" ગંગા નદીમાં સ્નાન કરવાથી પાપ ધોવાય છે, જો ગંગા નદીમાં સ્નાન કરવા માત્રથી પાપ ધોવાઈ જતા હોત તો પાણીમાં કેટલાય મગરો અને માછલા હોય છે તે બધાના પાપ ધોવાઈ જાત, ને તેમનો મોક્ષ થાત, પણ એવું બનતું નથી. ગંગા નદી કહે છે કે, મારૂં પાણી નિર્મળ અને પવિત્ર છે, તેમ આપનું હૃદય નિર્મળ અને પવિત્ર બનાવશો, તો તમારા પાપ ધોવાઈ જશે. ચંદ્ર તાપને દૂર કરી શીતળતા આપે છે, તેમ મહાન પુરૂષોનો સંગ, જીવનને પવિત્ર બનાવે છે.

જનકવિદેહીના આગ્રહથી અષ્ટાવક્રજી પંડિતોની સભામાં આવ્યા. અષ્ટાવક્રજીના આઠ અંગો વાંકા હતા. તેથી તેમને અષ્ટાવક્રજી કહેતા. અષ્ટાવક્રજી પાછળના દરવાજેથી દાખલ થયા. સભાએ તેમને આવતા જોયા. લોકો હસવા લાગ્યા. જનક રાજા પૂછે છે, સભાજનો! તમે બધા કેમ હસો છો? લોકોને હસતા જોઈને અષ્ટાવક્રજી પાછા વળી ગયા. આ સભામાં જવા જેવું નથી. જનક રાજાને ખબર પડી કે, અષ્ટાવક્રજી પાછા ગયા એટલે તે તેમની પાછળ ગયા ને કહે પધારો....પધારો....ગુરૂદેવ, પધારો. મારી ભૂલ થઈ ગઈ. આપ સભામાં પધારો. પંડિતોની સભા ભરાણી છે. રાજન્! તારી સભા પંડિતોની નથી, પણ ચમારની સભા છે. હું ચમારની સભામાં શું આવું? તારી સભા મારૂં શરીર જોઈને હસવા લાગી, તેણે મારા દેહને જોયો, પણ મારા જ્ઞાનને, ત્યાગને કે મારા આત્માને ન જોયો. જેની દૃષ્ટિ ચામડા પર છે, પણ ગુણ તરફ નથી, તે પોતાના આત્માને ઓળખી શકતો નથી.

**કામનાના રાગે જલી રહેલ મણીરથ** :—સતી મયણરેહા શીલવાન, ગુણવાન અને સૌંદર્યવાન છે. મણિરથ રાજા તેના દેહના રાગમાં આકર્ષાયો. મયણરેહાના રૂપને જોતો મનમાં વિચારે છે કે આના જેવું રૂપ ત્રણે લોકમાં કોઈનું નહિ હોય. આવું રૂપ આજ સુધી જોવામાં આવ્યું નથી. મારા સદ્ભાગ્યે આજે મને જોવા મળ્યું છે. અપ્સરાને પણ શરમાવી દે, એવું એનું રૂપ છે. કોઈ પણ વસ્તુનો રાગ જીવને સંસારમાં રખડાવે છે. મણિરથને મયણરેહાના દેહ પર અતિ રાગ થયો. તેથી શું બોલે છે? હે સૌંદર્યવાન! હે મૃગાક્ષી! શું તારી આંખ છે! શું તારૂં તેજસ્વી મુખડું છે! તારા જેવી સ્ત્રી તો મારા અંતેઉરમાં શોભે. એક વાર નોકરોએ મણિરથને આ બાજુ દૃષ્ટિ કરતાં અટકાવ્યા છતાં ન માન્યા, ત્યારે ફરીવાર હિતસ્વી નોકરોએ કહ્યું. મહારાજા! નાનાભાઈની સ્ત્રી તરફ આ પ્રમાણે

દૃષ્ટિ કરવી એ બરાબર નથી. તમારે મર્યાદાની રક્ષા કરવી જ જોઈએ. જો રક્ષક જ ભક્ષક થાય તો કોને કહેવું ? તમે આ મર્યાદાને ભૂલી જશો તો પછી કોઈ મર્યાદાનું પાલન કરશે નહિ. માટે મર્યાદાનું પાલન કરવું એ આપનો ધર્મ છે. નોકરોના આ પ્રમાણેના વચન સાંભળી મણિરથ વિચારવા લાગ્યા કે આ લોકોને હવે શું કહેવું અને તેમને કેવી રીતે ચૂપ કરવા ! આ પ્રમાણે વિચાર કરીને તે મહેલથી નીચે ઉતરી ગયો. પોતાના રૂમમાં ગયો પણ તેને ચેન પડતું નથી. તેની શય્યા તેને અંગારા જેવી લાગે છે. ભોજન ઝેર જેવા લાગે છે, ને રાજ્ય શ્મશાન જેવું લાગે છે. તેના મનમાં તો હવે માત્ર મયણરેહા સિવાય બીજું કોઈ નથી.

**વાસનાની પૂર્તિ માટે કેવો અધમ વિચાર :**–તે મયણરેહાને પોતાના પંજામાં સપડાવવા માટે વિચાર કરવા લાગ્યો. ઘુવડ દિવસે અંધ છે, કાગડો રાત્રે અંધ છે, પણ કામી પુરૂષો તો દિવસે ને રાત્રે અંધ છે. નાનાભાઈની વહુ પોતાની દીકરી સમાન ગણાય તેને બદલે તેના પ્રત્યે જ અંધ બન્યો. સિંહણના દૂધ મેળવવા સોનાનું પાત્ર જોઈએ તેમ સતી સ્ત્રીઓને પોતાને આધીન બનાવવી એ ઘણું કઠીન કાર્ય છે. મણિરથ તો એ જ વિચારી રહ્યો છે કે હું કઈ યુક્તિ કરું કે જેથી મયણરેહા મને મળે. વિચાર કરતા કરતા તેને એક કીમીયો હાથમાં આવ્યો કે જ્યાં સુધી તે મયણરેહાનો પતિ અહીં છે, ત્યાં સુધી તે મારા હાથમાં આવી શકશે નહિ, માટે કોઈ પણ ઉપાયે મારા ભાઈને અહીંથી દૂર કરવો જોઈએ. તે દૂર જશે પછી તેને સપડાવવાનો અવસર મળશે. બંધુઓ ! મણિરથ અને યુગબાહુ વચ્ચે કેવો ભ્રાતૃપ્રેમ હતો, પણ મયણરેહા ઉપરના મોહભાવે મણિરથના હૃદયનો ભ્રાતૃપ્રેમ નષ્ટ કરી નાખ્યો. મણિરથને યુગબાહુ હવે આડખીલ રૂપ લાગ્યો. બુદ્ધિ દ્વારા કયું કામ થઈ શકતું નથી ? બુદ્ધિથી સારું કામ પણ થાય છે ને ખરાબ કામ પણ થાય છે. મણિરથે પોતાની બુદ્ધિથી યુગબાહુને દૂર કરવાનો ઉપાય વિચારી લીધો. તેણે એ વિચાર કર્યો કે હું સભામાં બધા સરદારોને જઈને કહું કે રાજ્યના સીમાડે શત્રુઓ આવ્યા છે. તેમણે વિદ્રોહ મચાવી દીધો છે ને બધાને હેરાન કરે છે. શાંત થતા નથી. તેમને કાબૂમાં લાવવા માટે તેમની સામે લડાઈ કરી તેમને હરાવવા જોઈએ, માટે આપ સેના તૈયાર કરો.

બંધુઓ ! આપણો આત્મા અનાદિ અનંત કાળથી સંસારમાં ભટકી રહ્યો છે. રઝળી રહ્યો છે. આઠ કર્મો રૂપી શત્રુઓ જીવને શાંતિ પામવા દેતા નથી. તો આ શત્રુઓ સામે આપણે લડાઈ કરવા જવું છે. ભેરીનાદ વાગે ને રણશીંગા ફૂંકાય ત્યારે શૂરવીર સૈનિકોનું લોહી ઉછળવા લાગે. અહીં વીર ભગવાનની ભેરી વાગી રહી છે, અને તપના રણશીંગા ફૂંકાય છે. જે આત્મા કર્મોને તોડવામાં શૂરવીર છે, તેવા સાધકોનું લોહી ઉછળવા લાગશે ને કર્મમેદાનમાં ઝૂકી પડશે. તેને થશે કે હું સાધના કરી લઉં. ચાતુર્માસના દિવસોમાં તપ ત્યાગ કરવાના જે ભાવ થાય છે તે બીજા દિવસોમાં નથી થતા. ભગવાનની વાણીના રણશીંગા ફૂંકાઈ રહ્યા છે. માટે જાગો.... બંસરી વાગી રહી છે. કાલની રાહ ન જોશો. કાળ ક્યારે આવશે તે ખબર નથી. કહે છે ને કે " ન જાણ્યું જાનકીનાથે, કાલે સવારે શું થવાનું

છે ? જાનકીનાથ (રામચંદ્રજી) જાણતા હતા કે મારે રાજગાદીને બદલે વનવાસ આવશે ? ધાર્યું હતું શું અને બન્યું શું ? માટે જ્ઞાની કહેછે સાબદા બને. તપશ્ચર્યામાં ઝૂકી જાવ. જે જે આત્માઓ તપ કરે છે તે દેહપરનો રાગ છોડે તો જ તપ કરી શકે. "દેહ રાગ ગયા વિના મોક્ષ સધાય નહીં." જ્યાં સુધી દેહ દ્રષ્ટિ છે એટલે દેહ પર રાગ છે કે હું તપ કરું તો મારી કાયા દુબળી પડી જાય, તો ત્યાં સુધી તપ થાય નહિ. તપ થાય નહિ તો કર્મો દળાય કયાંથી ? દેહ પ્રત્યેનો રાગ છે ત્યાં સુધી મોક્ષ મળવાનો નથી. ગજસુકુમાલે એક રાત્રીમાં સાધના સાધી લીધી. તેમની દેહ દ્રષ્ટિ છૂટી ગઈ. માથે અંગારા ખદખદવા લાગ્યા. ત્યારે આત્માને શું કહે છે હે, ચેતનરાજા ! જોજો, દેહ તરફ દ્રષ્ટિ ન કરતા. તારી ઝુંપડી બળે છે પણ તેનો માલિક એવો આત્મા તો અજર-અમર છે. તારે સિદ્ધિના સોપાનને વરવું છે તો દેહ પ્રત્યે રાગભાવ લાવીશ નહિ. દેહ અને આત્મા ભિન્ન છે. તેં જે કર્મો બાંધ્યા છે તે તારે ભોગવવાના છે. ગજસુકુમાલને કેટલું કષ્ટ પડયું, પણ દેહના રાગમાં રંગાયા નહિ ને દેહ તરફ દ્રષ્ટિ કરી નહિ, તો તેમના બધા કર્મો ક્ષમા-સમતારૂપી ઘંટીમાં દળાઈ ગયા ને આત્મા મોક્ષના સુખને પામી ગયો, માટે આ વીરવાણીના ભેરી નાદે આત્માને જગાડો ને કર્મસંગ્રામમાં કેશરીયા કરવા તૈયાર થાવ.

**મણિરથની માયાજાળ** :—મણિરથને થયું કે હું શત્રુઓ સામે લડવા જવાનું કહીશ, એટલે યુગબાહુ મારી વાત સાંભળી લડવા જવાની પોતાની ઇચ્છા પ્રગટ કરશે, અને મને લડવા જવા દેશે નહિ. કારણ કે તેને મારા પ્રત્યે સદ્‌ભાવ છે, અને શ્રદ્ધાભાવ છે, તેથી તે ગયા વગર નહિ રહે. હું તેની શ્રદ્ધાનો લાભ લઈ શકીશ ને મારી ઇચ્છા પણ પાર પડશે. જ્યારે યુગબાહુ લડવા જશે ત્યારે મયણરેહા એકલી રહી જશે એટલે તેને પ્રલોભન દ્વારા મારા વશમાં કરી લઇશ. જો તે એક વાર મને વશ થઇ જશે પછી યુગબાહુ આવી જાય તો પણ કંઇ વાંધો નહિ. મણિરથે આ પ્રમાણે વિચારી યુગબાહુને દૂર કરવાનો નિશ્ચય કરી લીધો. બીજા દિવસે સવારે સભામાં જઇને સભાજનો સમક્ષ કહેવા લાગ્યો કે આપણા રાજ્યની સીમા ઉપર શત્રુઓએ વિદ્રોહ મચાવ્યો છે. તે બધાને હેરાન કરે છે. હે સરદારો ! આપ લશ્કર તૈયાર કરો. શત્રુઓ સામે આણ વર્તાવવી એ મારું કર્તવ્ય છે. હવે કાં તો આણ છે, કાં તો પ્રાણ છે. હું આપની સાથે લડાઈમાં લડવા આવીશ. કાં તો એ શત્રુઓ ઉપર આણ વર્તાવીશ અને કાં તો પ્રાણ આપીને આવીશ. રાજાની વાત સાંભળી બધા સભાજનો તૈયાર થયા.

**યુગબાહુનો વિવેક** :—યુગબાહુ સામે જ બેઠો છે. આ બધું દ્રશ્ય જોઈ તે વિચાર કરવા લાગ્યો કે મોટાભાઈ યુદ્ધ કરવા લડાઈમાં જાય અને હું ઘરમાં બેસી રહું એ મારા માટે યોગ્ય નથી. મોટાભાઈને બદલે મારે જ યુદ્ધમાં જવું જોઈએ, અને યુવરાજ તરીકે યુદ્ધમાં જવું એ મારું કર્તવ્ય છે. યુગબાહુ ખૂબ વિનયી-વિવેકી છે. તે હાથ જોડીને કહેવા લાગ્યો મોટાભાઈ ! આપ લડાઈમાં જાવ અને હું અહીં બેસી

રહું એ કેમ બને ? જો હું એમ કરું તો માતાને કલંકિત કરવા સમાન છે. માટે આપ મને યુદ્ધમાં જવાની આજ્ઞા આપો. હું યુદ્ધમાં જઇ શત્રુઓને હરાવી તેમના ઉપર આણ વર્તાવીને આવીશ. યુગબાહુની વાત સાંભળી મણિરથ મનમાં પ્રસન્ન થતો વિચારવા લાગ્યો કે, મારો પાસો આખરે સીધો પડ્યો. હવે મારું કાર્ય અવશ્ય સફળ થશે. મનમાં તો આ પ્રમાણે વિચારતો હતો, છતાં ઉપરથી કહેવા લાગ્યો, કે ભાઈ! શત્રુઓની વચ્ચે લડાઈમાં તને મોકલવા માટે મારું મન માનતું નથી. વળી તું યુદ્ધમાં જાય તો તારો વિરહ મારાથી સહન નહિ થાય, માટે તું અહીં રહે. હું યુદ્ધમાં જઈને શત્રુઓનું દમન કરી આવીશ. યુગબાહુ કહે ભાઈ! તમને મારી આટલી બધી ચિંતા છે! શું હું ક્ષત્રિયપુત્ર નથી? હું શત્રુઓ સામે લડી શકીશ નહિ ? આપ મારા માટે એમ માનતા હો કે હું શત્રુઓ સાથે લડી શકીશ નહિં, તો એ મારા માટે એક કલંકની વાત છે, માટે હું જ યુદ્ધમાં જઇશ અને મારા પરાક્રમનો પરચો બતાવીશ. ભાઈ પ્રત્યેનું કેટલું બહુમાન છે?

મોટાભાઇએ યુગબાહુને જવાની ના પાડી પણ અંદરથી એ ભાવના છે કે એ જાય તો ટાઢા પાણીએ ખસ જાય ને મને મયણરેહા મળે. ઉપરથી મીઠો છે પણ અંદર વિષ ભર્યું છે. ઠાણાંગ સૂત્રના ચોથે ઠાણે ચાર પ્રકારના ઘડા બતાવ્યા છે. (૧) અમૃતનો ઘડો ને અમૃતનું ઢાંકણું. (૨) અમૃતનો ઘડો ને વિષનું ઢાંકણું (૩) વિષનો ઘડો ને અમૃતનું ઢાંકણું. (૪) વિષનો ઘડો ને વિષનું ઢાંકણું. આ ચારમાં કયો ઘડો સારો ? અમૃતનો ઘડો ને અમૃતનું ઢાંકણું. અહીં મણીરથ તો વિષનો ઘડો ને અમૃતનું ઢાંકણું એના જેવો છે. અંદર ભાવનામાં ભારોભાર વિષ ભર્યું છે, પણ ઉપરથી અમૃતનું ઢાંકણુ ઢાંકયું હોય એવા ઘડા જેવો બની ગયો છે. તેના પેટમાં તો પાપ હતું પણ ઉપરથી કહેવા લાગ્યો કે ભાઈ ! હું માનું છું કે તું સાચો વીર છે. હું તો મુંઝવણમાં પડયો છું કે શું કરું તેની મને સુઝ પડતી નથી. તું યુદ્ધમાં જા એમ મારા મુખે કેવી રીતે કહી શકું ? અને યુદ્ધમાં જવાનો તારો અત્યાગ્રહ છે તેને પણ કેવી રીતે રોકી શકું ? મોઢે બોલવામાં કેટલી મીઠાશ છે, પણ પેટમાં તો પાપ ભર્યું છે. આ વિષનો ઘડો ને અમૃતનું ઢાંકણું. જ્યારે યુગબાહુ પ્રથમ નંબરના ઘડા સમાન છે. અમૃતનો ઘડો ને અમૃતનું ઢાંકણું છે. તેની ભાવના શુદ્ધ અને વચન પણ શુદ્ધ છે. તે મણિરથના જેવો કપટી ન હતો. તે સરળ હૃદયી વીર હતો, એટલે મણિરથની દુષ્ટ ભાવનાને તે સમજી શકયો નહી. યુદ્ધમાં જવાની રજા મેળવીને મણિરથને પ્રણામ કરી સીધો પત્નીના મહેલે ગયો. હવે તે લડાઈમાં જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :**–સાગરદત્ત શેઠ સોનાની શીલા પર બેસીને સ્નાન કરતા હતા. તે સમયે મિથ્યાત્વી ઈર્ષાળુ દેવ તેમની પરીક્ષા કરવા મૃત્યુ લોકમાં આવ્યા છે. આવીને કહ્યું કે તું એક વાર કહે કે મારો ધર્મ ખોટો છે. જો તું નહીં માને તો તારે ખાવા રોટલા પણ નહીં રહે. કેટલી દમદાટી આપી, પણ આ શેઠ તો દૃઢધર્મી છે. શિર જાય તો ભલે જાય

પણ મારો ધર્મ તો નહીં જ જાય. જેની પ્રશંસા, ધર્મ પ્રત્યેની દઢતાના વખાણ દેવલોકમાં ઈન્દ્રની સભામાં થયા. તો વિચાર કરો કે તેણે કેટલી દઢતા કેળવી હશે!

**શેઠની આકરી કસોટી** :- સાગરદત્ત શેઠને ત્યાં લક્ષ્મી ઘણી છે, પણ અભિમાન જરાય નથી. જેને મન ધન કરતાં ધર્મ વહાલો છે, પૈસા કરતાં પરમેશ્વર અને સંતાનો કરતાં સંતો વહાલા છે, એવા શેઠની પરીક્ષા કરતા દેવ દમદાટી આપે છે. આક્રોશ વચનોનો વરસાદ વરસાવે છે. તીર જેવા શબ્દો કહે છે. તમને રખડતા, રઝળતા કરીશ, દુઃખી દુઃખી કરીશ. આવા પથ્થરના પ્રહાર જેવા વચનો કહે છે ત્યારે શેઠ કહે છે દેવ! તમે શા માટે દબાવો છો? તમે મને ડરાવવા આવ્યા છો, પણ હું તમારાથી જરા પણ ડરું તેમ નથી. તમે કાન ખુલ્લાં મૂકીને બરાબર સાંભળી લેજો કે નિશ્ચયથી મારો ધર્મ સાચો છે. ધર્મને ખોટો તો કયારે પણ નહિ કહું. તમારી આવી કસોટી આવે તો તમે શું કરશો? (પાકા વાણીયા બોલે જ નહિ. તમે સમજો છો કે જો બોલશું તો બંધાઈ જશું માટે બોલો નહિં.) ધર્મિષ્ઠ જીવો સમજે છે કે દુઃખ આવે, કસોટી આવે તો સારા માટે. દુઃખ આવે તો કર્મો ખપાવવાનો મોકો મળશે.

**દેવ સામે શેઠનો પડકાર**:–શેઠ કહે છે ધર્મ તો મારો પ્રાણ છે. ધર્મ મારો શ્વાસ છે. ધર્મ રહેતા બધું રહેશે તો રાખવું છે પણ ધર્મને ગુમાવીને મારે કંઈ જોઈતું નથી. દેવ કહે, હજુ તને એક વાર કહું છું, તું કાન ખોલીને સાંભળજે. તને એક વાર મોકો આપું છું. તું કહી દે ધર્મ ખોટો છે, પછી તું સુખેથી રહેજે અને જો નહીં કહે તો મારી શક્તિનો પરચો જોઈ લેજે. દેવે શામ, દામ અને દંડથી શેઠને ખૂબ સમજાવ્યા, પણ શેઠનો એક જ જવાબ છે. મારો ધર્મ સાચો....સાચો....સાચો. જ્યારે શેઠ ન માન્યા ત્યારે દેવ તેના પર ગુસ્સે થઈ ગયા. તારી બધી સંપત્તિ, માલમિલ્કત લઈ જઈશ ને તને સાવ બેહાલ બનાવી દઈશ. આટલું કહીને દેવ પોતાના સ્થાને ચાલ્યા ગયા. શેઠને આટલી ધમકી આપી છતાં શેઠ તો પ્રસન્ન ચિત્તે આનંદથી રહે છે. હવે દેવે શું કર્યું?

**શિલા સે જ્યૂં હી હટે ઉડ ગઈ શિલા અદ્ધર**
**લોટા બાલ્ટી સ્વર્ણકો આવે નહીં નજર હો....**

દેવના ગયા પછી શેઠ સોનાની શિલા પરથી સ્નાન કરીને જેવા ઉઠયા કે તરત જ સોનાની શિલા આકાશમાં અદ્ધર ઉડી. સોનાનો લોટો, બાલ્ટી બધું અદૃશ્ય થઈ ગયું. શેઠ સમજી ગયા કે હવે મારું પુણ્ય ઘટવા લાગ્યું છે. મારો પાપનો ઉદય જાગ્યો છે, તેથી લક્ષ્મી જવા લાગી છે. તો હવે મારા માટે એ શ્રેષ્ઠ છે કે જ્યાં સુધી લક્ષ્મી છે ત્યાં સુધી હું મારું બધું કામ કરી લઉં. શેઠ પેઢી પર ગયા ને તેમની પેઢી પર જેની જેની મિલ્કત જમા હતી તે બધાને સમાચાર મોકલાવ્યા કે આપ બધાં જેની જેની મિલ્કત છે તે લઈ જાવ. ૨૪ કલાકમાં બધા આવી જાવ. જ્યાં સુધી પેઢી ધમધોકાર ચાલતી હોય ત્યાં સુધી બધા કહે, તમારા ઘરમાં છે એ મારા જ ઘરમાં છે ને! પણ જ્યાં એક ઈંટ ખસતી દેખાય ત્યાં બધા કરો પાડવા તૈયાર થઈ જાય. શેઠે જેની જેની રકમ હતી

તે બધાને બોલાવીને આપી દીધી. આ શેઠનો એક મિત્ર હતો. તેના દશ હજાર રૂપિયા શેઠની પેઢીમાં જમા હતા. તેને આપવા માટે ઘણા કાલાવાલા કર્યા પણ તેણે કોઈ હિસાબે પૈસા લીધા નહિ. તે કહે મારે જરૂર નથી. શેઠે ઘણું સમજાવ્યો પણ તે માન્યો નહીં. હવે શેઠની લક્ષ્મી કેવી રીતે જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

બા. બ્ર. સુજાતાબાઈ મહાસતીજીને આજે ૨૦ મો ઉપવાસ આવી ગયો. બીજા ત્રણ ચાર ભાઈ બહેનોએ તપની સાધના શરૂ કરી છે. આપ બધા પણ હવે તપમાં વધુ જોડાવ અને આત્માને ઉજ્જવળ બનાવો એ જ ભાવના સહિત વિરમું છું.

## વ્યાખ્યાન નં-૧૩

**અષાડ વદ ૧૨ મંગળવાર** **તા. ૨૮-૭-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! તીર્થંકર પ્રભુના મુખકમળમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. સિદ્ધાંતને અનુભવીઓએ સાગરની ઉપમા આપી છે. સમુદ્રના કાંઠે ઉભેલો માનવ વિશાળ અગાધ જળવાળા સાગરનું દર્શન કરે છે, ત્યારે તેના મુખમાંથી શબ્દો સરી પડે છે. અહો ! કેવો છે વિશાળ ઉદધિ ! કેટલીય નદીઓના નીર સાચવીને બેઠો છે જલનીધિ ! ભલે તેનું પાણી ખારું હોય પણ મોતીને પકાવનાર તો આ જ સાગર છે ને ! સાગરમાં રહેલા સાચા મોતીની કિંમત કેટલી ? અમૂલ્ય. તેથી સમુદ્રમાં માત્ર ખારું પાણી ભર્યું છે તેમ કહીને સાગરની અવગણના કે ઉપેક્ષા ન કરાય. દૃષ્ટિ હંમેશા ગુણો તરફ કરો પણ અવગુણ તરફ ન કરો.

આ જ રીતે આપણી પાસે સિદ્ધાંત રૂપ વિશાળ, અનુપમ સાગર છે. જેના પ્રત્યેક અક્ષર સાચા મોતી સમાન છે. સિદ્ધાંતો ગહન છે. ગૂઢ અર્થવાળા છે. આપણી અલ્પ-બુદ્ધિથી તે આપણને ન સમજાય એમ કહીને શાસ્ત્રના પાના બંધ રાખવા ને ખોલવા નહિ, તેમજ સિદ્ધાંતની ઉપેક્ષા કરવી વીરના વારસદારને ન શોભે. ગમે તે સિદ્ધાંતની ગમે તે ગાથા લો. તેમાં ભરેલા છે ભવ્ય ભાવો. તેના પદે (૨) છે પરમ નિધાન, અક્ષરે અક્ષરે છે આત્મજ્ઞાન, શબ્દે શબ્દમાં ભરી છે શક્તિ સર્વજ્ઞતા પ્રગટ કરવાની. ભગવાનની વાણી સંસારભાવમાં ઢળતા વિચારોને વિલીન કરી તેનામાં ધીરતા, વીરતા અને શૂરવીરતા પ્રગટ કરાવે છે.

તીર્થંકર ભગવંતોની વાણી હંમેશને માટે પ્રમાણભૂત હોય છે, તેથી તીર્થંકર દેવોએ કહેલા કથન-વચનો સિદ્ધાંતો અને આગમો ત્રણે કાળમાં અબાધિત રીતે અવિચ્છિન્ન-પણે પ્રમાણ રૂપે ચાલ્યા આવે છે-કારણ કે કોઈપણ સર્વજ્ઞ કેવળી તીર્થંકર ભગવાન હોય કે સામાન્ય કેવળી ભગવાન હોય પણ બંનેનું જ્ઞાન પૂર્ણ હોય છે, અને એકસરખું હોય છે. કોઈના કથનમાં લેશ માત્ર ફરક પડતો નથી. કેવળજ્ઞાનીનું જ્ઞાન ક્યારે ઓછું વધતું થતું નથી. આ વાતને જો બધા બરાબર સમજે તો અનેક તર્ક-વિતર્કો અને શંકા-કુશંકાઓ સ્હેજે શાંત થઈ જાય, દા. ત. બે ને બે ચાર, આ વાત ગમે ત્યારે

ગમે તેને પૂછશો તો સૌ કોઈ ૨+૨=૪ કહેશે. ભૂતકાળમાં કરોડો, અબજો વર્ષો પહેલા બે ને બે ચાર હતા. વર્તમાનકાળમાં પણ બે ને બે ચાર છે. ભવિષ્યકાળમાં પણ બે ને બે ચાર રહેશે. આ સત્યમાં અંશ માત્ર ફરક પડતો નથી. ફરક કયાં પડે? જ્યાં અસત્ય છે ને અપૂર્ણતા છે ત્યાં.

આ વાતને વિશેષ સ્પષ્ટ સમજવા માટે બીજો ન્યાય આપું. એક ઇજનેરે કોઈ એક મોટું મકાન જોયું. મકાનમાં કેટલા બારીબારણા છે. હોલ કેટલો લાંબો પહોળો છે, બધું ઝીણવટપૂર્વક જોઈને તે ઇજનેરે તેનું માપ કાઢયું. પછી બીજા દેશથી બીજો ઇજનેર આવ્યો. તેણે બધું માપ લીધું. તેણે પણ બધી નોંધ કરી લીધી. થોડા દિવસે ત્રીજો ઇજનેર આવ્યો તેણે માપ લીધું. એમ જુદાજુદા ઠેકાણેથી આવેલા અનેક કુશળ ઇજનેરોએ સુક્ષ્મ રીતે ચોકસાઈ પૂર્વક માપ લીધું અને તેની નોંધ કરી લીધી. આ બધા ઇજનેરો એક બીજાને મળ્યા નથી. એક બીજા સાથે વાતચીત પણ થઈ નથી. તે બધાનું મકાન બારીબારણા વગેરેનું માપ છાપામાં પ્રગટ કર્યું. અને બધાએ વાંચ્યું તો બધાનું માપ એક સરખું છે. જો તે મકાન છે તેમ જ રહે ને થોડા વર્ષ પછી જો માપ લેવામાં આવે તો તે પણ એક સરખું જ આવશે. તેમાં જરાય ફરક નહિ પડે. કારણ કે તે સત્ય છે, સત્યમાં કદી ફેરફાર હોતો નથી. જો કોઇ ઇજનેરે ભૂલ કરી હોત તો જરૂર તે બધાથી જુદો પડત. એવા અજાણ અથવા ભૂલ કરનારા માણસોનું કથન એક સરખું હોતું નથી, અને સત્ય કથન કરનારમાં કોઈ દિવસ ફરક પડતો નથી. દરેક તીર્થંકરો અને કેવળી ભગવંતો પૂર્ણ જ્ઞાની હોય છે. તે ત્રિકાળજ્ઞાની હોય છે. એટલે એમના વચનમાં લેશ માત્ર ફરક પડતો નથી.

ભૂતકાળમાં આપણો આત્મા કયાં હતો, કેવા કેવા ભવ કર્યા અને ભવિષ્યકાળમાં કયાં હોઇશું, આ વાત કોઈ પણ તીર્થંકર ભગવંતોને, મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વીસ તીર્થંકરોને પૂછવામાં આવે તો પણ બધાનો જવાબ એક સરખો આવશે. તેવી રીતે જંબુદ્વીપ, લવણસમુદ્ર અથવા અસંખ્યાત યોજન દૂર બીજા કોઈ પણ સમુદ્રના માપ, દેવોના વિમાનનું માપ, નદીઓનું માપ, ચારે ગતિનું સ્વરૂપ, નવતત્ત્વ અને ષટ્દ્રવ્યનું સ્વરૂપ કોઈ પણ ક્ષેત્રમાં રહેલા, ગમે તે કાળે થયેલા, અને થનારા તીર્થંકરદેવને પૂછવામાં આવશે તો સૌનો જવાબ એક સરખો હશે. કોઇપણ તીર્થંકરની પ્રરૂપણામાં તલમાત્ર ફેર પડતો નથી, કારણ કે બધાનું જ્ઞાન પૂર્ણ છે, માટે તીર્થંકર ભગવંતોના વચનોપર શ્રદ્ધા કરો. શ્રદ્ધા કરવાથી મહાલાભ થાય છે. જિનેશ્વર ભગવાનના વચન ઉપર જેટલો વધારે વિશ્વાસ તેટલી શ્રદ્ધા દૃઢ બને, અને તેથી ધર્મની આરાધના સુંદર થાય, માટે શ્રદ્ધાને ખૂબ દૃઢ બનાવવાની જરૂર છે. કારણ કે દૃઢ શ્રદ્ધાથી કરેલી આરાધના મહાન ફળ આપે છે. અને અંતે આત્માને અજર અમર પદની પ્રાપ્તિ કરાવે છે. અજર અમર પદની પ્રાપ્તિ માટે સુંદર આરાધના આરાધવાનો આ સુંદર માનવદેહ મળ્યો છે. તો તેની ઘડી અને પળ ઓળખો. કારણકે આ જીવન પણ નાશવંત છે. જીવનના રાત–દિવસ

રૂપી એકેક તણખલા વિખૂટા થતાં તારો આયુષ્યનો માળો તૂટી જશે ને જીવને પરલોકમાં પ્રયાણ કરવું પડશે. જીવ આ બધું જાણે છે, છતાં તેની બળતરાનો પાર નથી. હાય પૈસા ! હાય પૈસા કરે છે, પણ સમજો. ધનની કિંમત સંગ્રહ કરવાથી નહિ પણ તેનો સદ્‌વ્યય કરવાથી છે. ધૂપસળીને માત્ર સાચવી રાખવાથી એની સુગંધ મળતી નથી, પણ એને સળગાવવામાં આવે તો એની સુગંધ મળે છે.

રાજાને એક પુત્ર હતો. અચાનક રાજાનું મૃત્યુ થયું, તેથી રાજકુમારને રાજતિલક કરીને ગાદીએ બેસાડ્યો. રાજકુમાર ન્યાય, નીતિ ને પ્રમાણિકતાથી રાજ્ય ચલાવે છે. તેથી તેની ખ્યાતિ દેશોદેશમાં ફેલાઈ. રાજાને આશીર્વાદ આપવા એક સંન્યાસી પધાર્યા. સંતે રાજાને આશીર્વાદ આપતા કહ્યું–**રાજન્ ! ધુપને સાચવી રાખવાથી એની સુગંધ નથી મળતી પણ એને બાળવાથી મળે છે.** સંતના આ ગૂઢ શબ્દો યુવાન રાજાના હૃદયમાં કોતરાઈ ગયા ને શબ્દોનું રહસ્ય સમજી ગયો.

**ટકોરે ચકોર બનેલો રાજકુમાર** :–રાજકુમારના પિતાના ભંડારમાં સોના, ચાંદી, ઝવેરાતના ભંડારો ભર્યા હતા. પિતાએ કોઈ દિવસ ધનને તિજોરીની બહાર કાઢ્યું ન હતું. લખલૂટ લક્ષ્મી હોવા છતાં લોભનો પાર ન હતો. યેનકેન પ્રકારે પ્રજા પાસેથી સંપત્તિ મેળવીને ભંડારો ભર્યા પણ કોઈ દિવસ ગરીબ, અનાથ, અપંગોની સંભાળ લીધી ન હતી. દુઃખી પ્રજાના આંસુ લૂછ્યા ન હતા. ગમે તેટલું મેળવ્યું પણ અંતે તો બધું અહીં મૂકીને જવું પડ્યું. આ રાજકુમાર સંતની ગૂઢ વાત સમજી ગયો કે ધૂપસળીને કોઈ માણસ વર્ષો સુધી ઘરમાં રાખી મૂકે છતાં એની સુગંધ મળતી નથી, પણ એને બાળવાથી એની સુગંધ મળે છે, તેમ લક્ષ્મીના ભંડારો ઘરમાં સાચવી રાખવાથી જીવનમાં પરોપકાર-ભાવના, તૃપ્તિ, સંતોષ આદિ સદ્‌ગુણોની સુગંધ મળતી નથી. એ લક્ષ્મી જો પરદુઃખ-ભંજનના કાર્યોમાં વપરાય, દુઃખીઓની રાહતમાં વપરાય, સત્કાર્યોમાં એનો સદુપયોગ થાય તો જીવન સદ્‌ગુણોની સુગંધથી મ્હેંકી ઉઠે છે.

સંતની વાતનું રહસ્ય સમજાતાં રાજકુમારે શું કર્યું ? તેણે મહેલમાં તપાસ કરી તો એના પિતા ધનના મોટા મોટા ભંડારો મૂકીને ગયા છે. એ ભંડારોમાંથી લક્ષ્મી કાઢીને રાજકુમારે છૂટે હાથે ગરીબોને, અનાથ, અપંગોને અને નિરાધાર લોકોને વહેંચવા માંડી. કરવેરા, ટેક્સ બધું માફ કર્યું. સિપાઈઓના, નોકરોના બધાના પગાર બમણા કરી દીધા. રાજકુમારનું આ વર્તન એક વજીરને ન ગમ્યું. તેણે કહ્યું–મહારાજા ! ધન વહેંચવું હોય તો વહેંચો પણ એ દાન વ્યવસ્થિત રીતે કરો. રાજા કહે–તમે કેવી રીતે ધન વહેંચવાનું કહો છો ? વજીર કહે–રાજવીની રીત તો એવી છે કે આપણે રૈયતને ચોખાનો એકેક દાણો આપીએ અને તેના બદલામાં તેમની પાસેથી સોનાનો એકેક દાણો લઈએ તો ધન વહેંચ્યું કહેવાય. ખજાનો ખાલી ન થાય.

કહેવત છે ને કે "રાજા દાન દે ને ભંડારી પેટ કુટે." રાજા કહે–તમે કહો છો એ રાજવીની રીત નથી. વજીરે કહ્યું–દુનિયામાં જે મોટા ચક્રવર્તી રાજાઓ, મહારાજાઓ

થઈ ગયા તે બધા આ જ રીતે સુખી, સમૃદ્ધ બન્યા છે. રાજાએ કહ્યું–મને એ રીત પસંદ નથી. રાજન્ ! તમારી રીતે જો તમે લક્ષ્મીનો સદુપયોગ કરતા રહેશો તો સાત પેઢીના સંગ્રહ કરેલા ધન ભંડારો પણ સાફ થઈ જશે. રાજા કહે વજીર ! એ રીતે ભંડારો સાફ નહિ થાય. માત્ર એનું સ્થાન બદલાશે એટલું જ. રાજાની વાત વજીર સમજી શક્યો નહીં, એટલે પૂછ્યું કે તમારો કહેવાનો આશય શું છે ? રાજા કહે સાંભળો. મારા ધન-ભંડારો મારા મહેલમાં નહિ, લોકોના ઘરોમાં હશે. આજે જેમ હું મારા ભંડાર લોકોને માટે ખુલ્લા મૂકું છું તેમ કાલે લોકો મારા માટે એમના ભંડાર ખુલ્લા મૂકશે. તમે ચોખાના દાણાને સોનાનો દાણો કરવાનું કહ્યું તેવી જ આ રીત છે. ખરેખર ચોખાના દાણા સોનાના બની ગયા.

રાજાની આ ઉદાર નીતિથી એની પ્રજા ખૂબ સુખી થઈ ગઈ. ઘર ઘરમાં એના યશોગાન ગવાવા લાગ્યા. રાજાએ પ્રજાના હૃદય સિંહાસન પર સ્થાન જમાવ્યું. ચારે બાજુ રાજાની પ્રશંસા થવા લાગી. એક રાજાએ આ રાજાની પ્રશંસા સાંભળી. તે તેનાથી સહન ન થઈ. તેને રાજા પ્રત્યે ઈર્ષા જાગી. આથી દુષ્ટ ભાવનાવાળા રાજાએ રાજ્ય લઈ લેવા માટે રાજ્ય પર ચઢાઈ કરી. પ્રજાને ખબર પડી કે અમારા રાજા કષ્ટમાં છે, ત્યાં તો અખૂટ ધન રાજભંડારમાં આવી ગયું. સૈનિકો શત્રુઓ સામે બરાબર ઝઝૂમ્યા. પરિણામે શત્રુ રાજા હારીને નાઠો ગયો. રાજાના વિજયડંકા વાગ્યા. રાજાનો વિજય એ રૈયતનો વિજય છે. એમ માની રાજાનો વિજય–મહોત્સવ ઉજવ્યો. રાજાએ કહ્યું- જો હું માત્ર મારો ખજાનો સાચવીને બેસી રહ્યો હોત તો આજે એ ખજાનો લૂંટાઈ જાત અને હું રસ્તે રખડતો થઈ જાત. હું રાજા બન્યો છું તે ખજાનાની ચોકી કરવા નહિ પણ ખજાનાનો, લોકોના ભલા માટે ઉપયોગ કરવા. વજીરની આંખ ઉઘડી ગઈ. તેણે કહ્યું-હે રાજન્ ! આપની વાત સાચી છે. ધૂપને સાચવી રાખવાથી નહિ, બાળવાથી સુગંધ મળે છે.

આપણે વાત ચાલે છે મણિરથ અને યુવરાજની. તમને થશે કે યુગબાહુની પત્નીનું નામ મયણરેહા છે તે જાણ્યું, પણ મણિરથની પત્નીનું નામ શું છે ? તેનું નામ આવતું નથી. તો જે પાત્ર જીવનમાં ઉજ્જવળતા કરે છે, જેના નામ પર વાત ચાલવાની છે, જે માતા ભાગ્યવાન પુત્રને જન્મ આપવાની છે, તેની વાત ચાલે, પણ જેણે જીવનમાં કંઈ ઉજ્જવળતાના કાર્યો નથી કર્યા તેનું નામ બોલાતું નથી. આપણા શાસનનાયક વર્ધમાનકુમાર અને નંદીવર્ધન એ બે ભાઈ હતા, પણ ભગવાન મહાવીર સ્વામીએ કેટલા કષ્ટો વેઠ્યા ને કેવળજ્ઞાન પામ્યા, પછી કેટલાય જીવોને ધર્મના માર્ગે વાળ્યા, તેથી તેમની વિશેષ વાત આવે છે, પણ નંદીવર્ધનની ખાસ વાત આવતી નથી. રામાયણમાં પણ રામસીતાનું પાત્ર મોખરે ગણાય છે. કારણ કે એક વાત તો એ કે રામચંદ્રજીએ પિતાની આજ્ઞાનો સ્વીકાર કરી રાજગાદીને બદલે વનવાસ વેઠ્યો. રામ તો ગયા, પણ સીતાજી સાથે ગયા. સીતાજી પતિવ્રતા નારી હતી. વનના ભયંકર દુઃખો વેઠ્યા. રાવણ સીતાજીને ઉપાડી ગયો ને છ મહિના અશોક વાટિકામાં રાખી પણ રામને ઝંખતી ઝંખતી તેણે છ મહિના વીતાવ્યા. આવા કષ્ટો વેઠ્યા, પણ ચારિત્ર

ન છોડ્યું, ત્યારે તેમનું નામ આજે સૌ કોઈ યાદ કરે છે. મયણરેહાનું નામ વારંવાર આવવાનું કારણ એ છે કે, સમય આવે, કષ્ટ આવે ત્યારે પ્રાણ દેશે પણ ચારિત્ર નહિ છોડે. મણિરથને યુદ્ધમાં નહિ જવા દેતા યુગબાહુ પોતે જવા તૈયાર થયો. પહેલાના સમયમાં નાનો ભાઈ મોટાભાઈ નો કેવો આદર કરતો હતો ? કેવો વિનય–વિવેક જાળવતો હતો તે યુગબાહુના પાત્ર ઉપરથી સમજાય છે. યુગબાહુને મન તો મોટાભાઇ એટલે તીર્થનું ધામ. તે સમજે છે કે તેમની મારા પ્રત્યે કેટલી લાગણી ને પ્રેમ છે. તેથી મને યુદ્ધમાં જવાની હા પાડતા નથી. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. યુગબાહુની દૃષ્ટિ પવિત્ર છે, એટલે તેને મણિરથ પણ પવિત્ર લાગે છે. છેવટે યુગબાહુ મોટાભાઇ પાસેથી યુદ્ધમાં જવાની રજા લઈ તેમને પ્રણામ કરી મયણરેહાના મહેલે ગયો.

આ બાજુ મણિરથને ખૂબ આનંદ થયો ને મનમાં વિચારે છે કે હાશ! કાંટો દૂર થયો, પણ ઉપરથી બીજાને સારું લાગે તે માટે પોતાના સભાસદોને કહેવા લાગ્યો. મારો લઘુ બંધવ યુદ્ધમાં જાય એ બહુ ચિંતાનો વિષય છે. હું તેનો વિરહ કેવી રીતે સહન કરી શકીશ? તેણે આ પ્રમાણે સભાજનો સમક્ષ ખેદ વ્યક્ત કર્યો પણ મનમાં તો પ્રસન્નતાનો પાર નથી.

**યુગબાહુની ગુણ ગ્રાહકતા** :—યુગબાહુ પોતાના મહેલે આવ્યા એટલે મયણરેહાએ તેમને યોગ્ય આદર સત્કાર કરીને બેસાડયા. મારા યોગ્ય સેવા ફરમાવો. કૃપા કરીને કાંઈ લાભ આપો. આજની સ્ત્રીઓ પતિની સાથે આ પ્રમાણે બોલે ખરી ? મયણરેહાના મીઠા વચન સાંભળી યુગબાહુ વિચારવા લાગ્યો કે આ પત્ની તો સાક્ષાત્ દેવી છે. તેં તો મારા જેવા લોઢાને સોના જેવો બનાવી દીધો છે. આજે મારામાં વિનય, નમ્રતા, શીલ આદિ જે સદ્‌ગુણો છે, તે તારા પ્રતાપે છે. મયણરેહાએ કહ્યું, મારા યોગ્ય સેવા, આપ ફરમાવો ! યુગબાહુએ કહ્યું કે આજે સભામાં મોટાભાઇએ રાજદ્રોહીઓ કે જેઓ રાજ્યની સીમા ઉપર ઉપદ્રવ કરી રહ્યા છે તેમને કાબૂમાં લેવાની વાત કહી અને રાજદ્રોહીઓને કાબૂમાં લેવાનો ભાર મેં માથે ઉપાડયો પણ એ ભારને મારે વહન કરવો જોઈએ. એ મારું કર્તવ્ય છે એમ માની મેં તે ભાર મારા માથે ઉપાડયો છે, અને એ સમાચાર તને આપવા માટે હું આવ્યો છું. મયણરેહાએ કહ્યું, તમે એ ભાર તમારા માથે ઉપાડયો એ ઠીક કર્યું. મોટાભાઇ યુદ્ધ કરવા જાય અને તમે ઘેર બેસી રહો એ બરાબર ન કહેવાય. યુગબાહુએ કહ્યું મને પણ તારા જેવો જ વિચાર આવ્યો હતો. આવો ઉંચો વિચાર આવવાનું કારણ પણ તું જ છે. જ્યાંસુધી મારા લગ્ન થયા ન હતા ત્યાં સુધી હું મોજશોખમાં ડૂબેલો હતો, પણ, તેં આવીને મને કર્તવ્યનું ભાન કરાવ્યું છે. આ કર્તવ્યભાન થવાના કારણે હું મોટાભાઈને એમ કહી શકયો કે હું તમારે બદલે લડાઈમાં જઈશ. પણ મોટાભાઇનો મારા પ્રત્યે ખૂબ સ્નેહભાવ તેથી મને આનાકાનીથી છેવટે હા પાડી. બાકી તો મને જવા દેતા પણ ન હતા.

**યુદ્ધમાં જતા પતિને મયણરેહાના આશીર્વાદ** :–હે નાથ, હું આપના કાર્યમાં વિઘ્ન

નહીં કરું, આપ પ્રસન્નતાપૂર્વક યુદ્ધમાં પધારો અને વિજય પ્રાપ્ત કરી જલદી પાછા ફરો. હું આપને એટલું કહું છું કે, તમારી પાસે બીજી સામગ્રી રહે, કે ન રહે. પણ આપ ધર્મને અને પ્રભુને ભૂલશો નહિ. પ્રભુને અને ધર્મને હંમેશા યાદ રાખજો. યુદ્ધના સમયે સેના ઘણીવાર નિરપરાધીઓને મારી નાખે છે, ને પ્રજાને લૂંટી લે છે. જો તમે સેના ઉપર બરાબર ધ્યાન ન રાખો તો લોકો ઉપર અત્યાચાર થાય છે, તો આપ ખાસ ધ્યાન રાખશો કે અહિંસા જ મારું જીવન છે. હિંસા પાપ છે, યુદ્ધના સમયે મરણનો ડર રાખશો નહિ, ને પ્રભુને ભૂલશો નહિ. મયણરેહા યુગબાહુને કહી રહી છે. હું પણ આપને કહું છું કે જીવનમાં કયારે પણ ધર્મને કે પ્રભુને ભૂલશો નહીં. મૃત્યુ ગમે તે સમયે આવે પણ પ્રભુને સદા યાદ રાખજો. છેવટે હિંમતથી મયણરેહાએ યુગબાહુને વિદાય આપી. યુગબાહુ ચાલ્યા, સાથે સેના લીધી ને સાથે ધર્મને પણ રાખ્યો છે.

**યુગબાહુનો પડેલો પ્રભાવ** :—તેના મનમાં તો એવા પવિત્ર વિચારો છે કે હું રાજાઓનું દમન કરવા ચાહતો નથી, પણ તેમનામાં જે અન્યાય, અનીતિ વિગેરે છે તેમનું દમન કરીને ન્યાય નીતિના માર્ગે ચઢાવવા ઈચ્છું છું. આ બાજુ જે લોકોએ ઉપદ્રવ મચાવ્યો હતો અને જેઓ મણિરથની આણ માનતા ન હતા, તેમણે તથા તેમની પ્રજાએ સાંભળ્યું. કે યુવરાજ યુગબાહુ સેના લઈને આવી રહ્યા છે. અને તેમણે તેની સેનાને એવી આજ્ઞા આપી છે કે તમારે કોઈની હાનિ કરવી નહિ. અને કોઈ ઉપર અન્યાય કે અત્યાચાર ગુજારવો નહિ. આ પ્રમાણે સાંભળીને શત્રુઓ વિચારવા લાગ્યા કે યુવરાજ આવા નીતિનિપૂણ અને ધર્મિષ્ઠ છે પણ આપણે આપણી મૂર્ખતાથી તેમની વિરુદ્ધ ચાલીને વિદ્રોહ કર્યા કરીએ છીએ. જે થયું તે થયું, પણ હવે ખોટો માર્ગ છોડીને સન્માર્ગે આવવું જોઇએ. આ પ્રમાણે વિચાર કરીને વિદ્રોહીઓ યુવરાજની સામે આવ્યા, યુવરાજે વિદ્રોહીઓને કહ્યું કે તમે પ્રજાના રક્ષક છો અને અમે તમારા રક્ષક છીએ, પણ અમે તમારું રક્ષણ ત્યારે કરીએ કે જયારે તમે આ પ્રજાની રક્ષા કરો.

યુગબાહુએ આ પ્રમાણે વિદ્રોહીઓને સમજાવીને તેમની સાથે સ્નેહ-પ્રેમ સંબંધ જોડી દીધો. આ પ્રમાણે તેણે યુદ્ધને બદલે પ્રેમથી જીતી લીધા. યુગબાહુએ કટ્ટર શત્રુઓને પણ પ્રેમથી જીતી લીધા. જે પોતે વિનીત હોય છે તે બીજાને પણ વિનીત બનાવે છે, અને જે અવિનીત હોય છે તે બીજાને અવિનીત બનાવે છે.

**મણિરથની કુબુદ્ધિમાં સાથ આપતી દાસી** :—આ બાજુ અવિનીત મણિરથ પોતે ચારિત્રથી ભ્રષ્ટ થઈ રહ્યો છે, ને બીજાને પણ ભ્રષ્ટ કરવાના પ્રયત્નો કરી રહ્યો છે. યુગબાહુ લડાઈમાં નીકળ્યો ત્યારે મણિરથ મનમાં વિચારવા લાગ્યો કે હું કેવો બુદ્ધિમાન અને ભાગ્યશાળી છું. મેં જે કરવા ધાર્યું હતું તે કર્યું આખરે મારી ધારણા સફળ થઈ. યુગબાહુ યુદ્ધમાં ગયો છે. હવે મયણરેહાને કાબૂમાં લેવી મુશ્કેલ નથી. મણિરથે પોતાની દાસીને કહ્યું કે તું જાણે છે ને કે મેં શા માટે યુગબાહુને યુદ્ધમાં મોકલ્યા છે? દાસીએ કહ્યું, કાંઈ રહસ્ય હોવું જોઈએ. પણ શું છે તે આપ કહો. મણિરથે પોતાની દાસીને કહ્યું, તેં મયણરેહાને જોઈ છે ને? હા. તે તો અપ્સરાને પણ શરમાવે એવી રૂપસુંદરી છે. દાસી! એ જ રૂપસુંદરીનું મારે કામ છે. શું મારું તે કામ તું પાર પાડી શકીશ? દાસીએ

કહ્યું: મહારાજા ! હું ધારું તો આકાશમાંથી તારાને પણ લાવી શકું છું. તો આ તો સાધારણ કામ છે. આ કામ કરવું એ તો મારા ડાબા હાથની વાત છે. તમારી આશાને જરૂર પૂરી કરી શકીશ. માણસ એક તો ખરાબ કાર્ય કરવા તૈયાર થાય, ને પછી તેમાં હરખાય છે; પણ તેને ક્યાં ખબર છે કે કર્મો ભોગવવાના આવશે ત્યારે બાપલીયા બોલી જશે. દાસીના શબ્દો સાંભળીને રાજા પૂછે છે, આ કાર્ય કરવા માટે તારે કઈ કઈ વસ્તુઓની જરૂર છે ? મહારાજા ! સ્ત્રીઓને વસ્ત્રાભૂષણો પર જેટલો પ્રેમ હોય છે તેટલો બીજા કોઈ પર હોતો નથી. માટે આપ તે વસ્તુઓની સગવડ કરાવી આપો, પછી જુઓ કે મયણરેહાને હું કેવી રીતે આપની બનાવી આપું છું.

**ઇચ્છાની પૂર્તિ કરવા મણિરથની યુક્તિ** :–કામમાં અંધ બનેલા મણિરથ રાજાએ ખજાનામાંથી સુંદર વસ્ત્રાભૂષણો કાઢી આપ્યા, અને પકવાન પણ મંગાવી આપ્યા. દાસી કહે બસ, હવે કાંઈ ખામી નથી. આ સામગ્રીથી મયણરેહાને તો શું અરે દેવાંગનાને પણ વશ કરી શકાય. મણિરથ માને છે કે હવે મારું કામ થઈ જશે. દાસી વસ્ત્રાભૂષણના બે થાળ અને એક પકવાનનો એમ ત્રણ થાળ ભરેલા લઈને મયણરેહાના મહેલમાં આવી અને તેને કહ્યું કે આ તમારા જેઠે તમને ભેટ મોકલી છે. તમે આ દાગીના, વસ્ત્રો પહેરો અને મીઠાઈઓ ખાઓ, તો મારી મહેનત અને તમારા જેઠની ઇચ્છા સફળ થાય. મયણરેહા વિચાર કરે છે, શા માટે રાજાએ ત્રણ થાળ મને મોકલ્યા હશે ? અત્યાર સુધી મારા જેઠે કોઈ દિવસ આવી ભેટ મોકલી નથી તો આજે શા માટે મોકલી હશે ? મારા જેઠ એટલે અમારા પિતા સમાન. એમની ભાઈ પ્રત્યે અનન્ય લાગણી છે તેથી એમ થયું હોય કે નાનો ભાઈ યુદ્ધમાં ગયો છે એ પાછો ન આવે ત્યાં સુધી મયણરેહાને કોઈ વસ્તુની જરૂર પડે તો શું કરે ! એ માટે તેને ઓછું ન આવે. વળી તે ગર્ભવતી છે માટે તેના મનસૂબા પૂરા કરવા જોઈએ, માટે આ મોકલ્યું હશે એમ સમજીને સ્વીકાર કર્યો, અને દાસીને કહ્યું–તું જેઠને મારા વંદન કહેજે અને કહેજે કે આપે મારા માટે જે પ્રસાદ મોકલ્યો છે તે આપે મારા પર કૃપા કરી છે. આપે મોકલેલ સામગ્રીને પ્રસાદ માની સ્વીકાર કરું છું.

મયણરેહાએ આ વસ્તુનો સ્વીકાર કર્યો ત્યારે તેને એવી કલ્પના પણ ન હતી કે જેઠની દુષ્ટ બુદ્ધિ થઈ છે કે તેના મનમાં કોઈ પ્રકારનું પાપ છે ! મયણરેહાએ વસ્તુનો સ્વીકાર કર્યો. દાસીએ જઈને વાત કરી. રાજાના મનમાં થયું કે ઠીક, ખીલી તો વાગી. તેમણે દાસીને પૂછ્યું કે મયણરેહાએ કયા ભાવે તે ભેટ સામગ્રીનો સ્વીકાર કર્યો ? શું તેં મારી વાત તેને જણાવી હતી ? મહારાજા ! આવી વાત શું સ્પષ્ટ કહેવાય ખરી ? તમારી ભેટનો સ્વીકાર કર્યો તેથી એમ લાગે છે કે તે આપને ચાહે છે. મણિરથે દાસીને કહ્યું. આ પ્રમાણે સમજી લેવું એ બરાબર નથી. રાજા કહે દાસી ! ફરી વાર થાળ લઈને જા. હવે ફરી વાર જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર** :—સાગરદત્ત શેઠ ધર્મમાં કેટલા દૃઢ છે ! ધર્મસંકટ આવ્યું છે છતાં જરાપણ ગભરાતા કે મુંઝાતા નથી. તેમનું ચરિત્ર સાંભળીને આપણે પણ આપણા

જીવનમાં દઢતા લાવવાની છે. તેમને ધર્મથી ચલિત કરવા મિથ્યાત્વી દેવ આવ્યો ને કસોટી કરવા લાગ્યો. પોતે તો પોતાના સ્થાને ચાલ્યો ગયો. અહીં શેઠની સોનાની શીલા, ડોલ, લોટો ઉડવા લાગ્યા. અંદર ગયા તો ઘરની બધી ઘરવખરી ઉડીને રવાના થતી જોઈ. શેઠ સમજી ગયા કે હવે મારી લક્ષ્મી જશે. તેથી પોતાના લેણીયાતોને બોલાવીને બધું આપી દીધું, પણ એક મિત્ર ન માન્યો.

**ચારે બાજુથી આવેલી શેઠને વિટંબણા :**—સાગરદત્ત શેઠ તેમની પેઢી પર બેઠા છે, ત્યાં પોસ્ટમેન તાર, ટપાલ લઈને આવ્યો. શેઠે તાર વાંચ્યો. શેઠે વાંચ્યું કે કરોડોની સંપત્તિ ભરેલા પોતાના વહાણ આવી રહ્યા હતા, પણ અચાનક તોફાન થવાથી બધા વહાણ માલસહિત પાણીમાં ડૂબી ગયા છે. આપ પાંચ કરોડ રૂપિયા મોકલો. બીજો કાગળ વાંચ્યો તો તેમાં લખ્યું છે કે પેઢીના જ માણસોએ બધું ધન ઉડાડી દીધું છે, અને બધી મિલ્કત ફના થઇ ગઇ છે, ને પેઢી ડૂલ થઇ છે. મનમાં થયું કે આ કેવી અદ્ભૂત માયા છે! પુણ્ય પાપના ખેલ છે. શેઠ બધી વાત જાણીને આભા બની ગયા. પાંચ કરોડ મોકલવા કેવી રીતે? હવે બધી બાજુથી લાવો....લાવો....લાવોની બૂમો આવવા લાગી. નોકરો, માણસો બધા પલ્ટાઈ ગયા. પાપનો ઉદય થાય ત્યારે કોઇ સગું થતું નથી. સાગરદત્ત શેઠ પેઢી પર બેઠા છે ત્યાં બૂમ આવી· ગામમાં જે બીજી પેઢી છે તેમાં આગ લાગી. બધું બળીને સાફ થઈ ગયું. શેઠ વિચાર કરે છે, ઘેર જાઉં. જે ઓરડામાં ૫૦૦ સોનાના થાળ મૂકયા છે તે ઓરડો બંધ છે માટે એ સહીસલામત હશે. લાવ જલ્દી ઘેર જાઉં. એ થાળને વેચી નાખું ને પૈસા ભરપાઈ કરું. એમ વિચાર કરી શેઠ ઘેર આવ્યા, ત્યાં શું બન્યું.

**કોઠામેં પાંચસો થાળ સુવર્ણકા, કોઠા ખુલતા હી ઉડી થાલિયા,**
**મહારાજ પકડવા હાથ લંબાવે, કોર તુટકર રહે હાથમેં સબ ઉડા.**

બધું ગયું પણ શેઠને એટલો વિશ્વાસ હતો કે હજુ ઓરડામાં ૫૦૦ સોનાના થાળ છે. શેઠ આ થાળ લેવા ઓરડામાં ગયા તો જેમ માણસો દોડતા હોય તેમ સોનાના થાળ પણ દોડવા લાગ્યા. જ્યારે પુણ્ય પરવારે છે ત્યારે લક્ષ્મી પગ કરીને ચાલી જાય છે, માટે જ્યાં સુધી પુણ્યનો ઉદય છે ત્યાં સુધી જેટલા શુભ કાર્યો કરવા હોય તેટલા કરી લેજો. ધન ચાલ્યું જશે ત્યારે ગમે તેવી ઈચ્છા હશે તોપણ દાન કરી શકશો નહિ. ગરીબાઈમાં ચારે બાજુથી દુઃખો વીંધી નાખતા હોય ત્યાં ધર્મ કરવાનું મન પણ કેવી રીતે થાય? માટે પુણ્યના ઉદયમાં ચેતીને ધર્મ–દાન–તપ કરવાની જરૂર છે. શેઠે પાંચસો સોનાના થાળ ઉડતા જોયા. ઘડીભર મનમાં થયું કે આ શું? છતાં મનમાં એટલો વિચાર પણ નથી આવતો કે દેવે મને કહ્યું હતું કે તું ધર્મ ખોટો છે એમ નહીં કહે તો ત્રણ દિવસમાં ભીખારી થઈ જઈશ. આ બધું દેવે કર્યું હશે. તે સમયે મેં ધર્મ ખોટો છે એમ કહ્યું હોત તો સારૂં હતું. ના...હોં, એટલી કલ્પના પણ નથી આવતી. ધર્મમાં કેટલી અડગતા! થાળીઓ રવાના થતી હતી તેમાં એકને પકડવા ગયા તો ફક્ત હાથમાં કાંઠો રહ્યો. આ

રીતે શેઠ તો સાવ ખાલી થયાની ખબર પડી. આ સમયે તેમનો મિત્ર કે જેને શેઠે, દશ હજાર રૂપિયા આપવા માટે કેટલા કાલાવાલા કર્યા હતા, તે આવ્યો ને કહે, મને દશ હજાર રૂપિયા આપો. મિત્રની વાત સાંભળીને શેઠને તો આંખ કરતાં આંસુ મોટા. મિત્ર ! મારી પાસે હતા ત્યારે મેં તને લેવા કેટલું મનાવ્યો, છતાં તું માન્યો નહિ, ને આજે મારી પાસે કંઈ રહ્યું નથી ત્યારે તું લેવા આવ્યો છું. તને કેવી રીતે આપું ? કર્મની દશા વિચિત્ર છે. આજે પેપરમાં વાંચ્યું ને કે જયપુર રાજસ્થાન કેટલું પરેશાન થઈ ગયું છે. મેઘરાજાએ કાળો કેર વર્તાવ્યો છે, માટે કર્મના વિપાકોને સમજી પાપ કરતાં અટકો. હવે શેઠને કેવા કર્મનો ઉદય થશે ને શું બનશે, તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં.-૧૪

**અષાડ વદ ૧૩ ને બુધવાર** **તા. ૨૯-૭-૮૧**

અનંતજ્ઞાની મહાપુરુષો કહે છે કે જગતના દરેક જીવો હંમેશા પોતાનું મંગલ થાય એવું ઇચ્છે છે, પણ આ આખો સંસાર અમંગલથી ભરેલો છે. એક સેકંડનું પણ અમંગલ આપણા જીવનને અસ્તવ્યસ્ત કરી નાખે છે. એક સેકંડમાં રેલ્વેનો એકસીડન્ટ થઈ જાય છે ને હજારો માનવીના જીવન ખોવાઈ જાય છે. થોડા દિવસ પહેલા દિલ્હીથી અમદાવાદ આવતી ટ્રેઈનના ૧૮ ડબ્બા ઉથલી પડયા ને હજારો માણસો મૃત્યુને ભેટી ગયા. જયપુરમાં બસ પાણીમાં તણાઈ ગઇ ને કેટલાય માણસો મરી ગયા. આ આખું જગત આકસ્મિક બનાવોથી ભરેલું છે. કયારેક અચાનક આગ ફાટી નીકળે ને તેમાં કેટલાય માણસો અગ્નિની જ્વાળામાં ભરખાઈ જાય છે. ગોડાઉનમાં આગ ફાટી નીકળે તો લાખોનો માલ સ્વાહા થઈ જાય છે. કયા સમયે શું થઈ જાય તે કહી શકાતું નથી. માણસો લાખોની યોજના કરે પણ અચાનક એવું કાંઈ પરિવર્તન આવી જાય કે એની યોજના માત્ર કાગળ પર આલેખેલી રહી જાય. અમંગલની એક સેકન્ડ લખપતિને ભિખારી બનાવી દે છે. આ રીતે અનેકાનેક ભયોથી ભરેલા એવા અનિશ્ચિત સંસારમાં પ્રભુએ જગતના જીવો માટે એક એવું મહામંગલ બતાવ્યું છે કે જે બધા અમંગલોને દૂર કરે. જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલો ધર્મ એ મહામંગલ છે. ધર્મ સિવાય આ જગતનો કોઈ પણ પદાર્થ જીવને આ લોક અને પરલોકમાં સમાધિ આપવાને સમર્થ બની શકતો નથી.

કોઈ ધનવાન શ્રીમંત માણસને જોઇને એમ થાય કે આ માણસ ઘણો સુખી હશે પણ આ કલ્પના ઘણીવાર ખોટી નીકળે છે. કારણ કે એ પૈસા દ્વારા એ માણસ અનેક પ્રકારની ભૌતિક સામગ્રી પ્રાપ્ત કરી શકશે પણ એ સામગ્રીને ભોગવવાની તાકાત પૈસા દ્વારા પ્રાપ્ત થઈ શકતી નથી. ધન, પરિવાર કે સત્તા આ લોક કે પરલોકમાં સુખો આપવામાં સમર્થ બની શકતા નથી, માટે આ અનિશ્ચિત, અનિત્ય અને અશાશ્વત એવા સંસારમાં મંગલને માટે ધર્મનું આચરણ કરવાનું કહ્યું છે. ધર્મ એ પરમ અને ઉત્કૃષ્ટ મંગલ છે. માટે ભગવાન બોલ્યા છે કે "धम्मो मंगलमुक्किट्ठं" ધર્મ એ જ સૌથી ઉત્કૃષ્ટ મંગલ છે.

સંસારી જીવો મંગલ કોને માને છે? પોતાને ત્યાં પુત્રનો જન્મ થાય, નવા મકાનનું વાસ્તુ કરે, દીકરાના લગ્ન થાય અને ધનની પ્રાપ્તિ થાય તેને મંગલ માને છે, પણ આ મંગલ શાશ્વત નથી. મંગલ કોને કહેવાય? મંગલ શબ્દનો અર્થ કરતાં મહાપુરુષો કહે છે કે મંગલ મહાન વસ્તુ છે. જે જીવને સુખ અને શાંતિ અર્પે છે. મંગલ શબ્દના ત્રણ અક્ષરો મહા અર્થથી ભરેલા છે. મં એટલે મજ્નાતિ વિઘ્નમ્" જે વિઘ્નોનો નાશ કરે તે મંગલ કહેવાય. દુઃખમાં પડેલા માનવીની મોટામાં મોટી ઇચ્છા પોતાના દુઃખને દૂર કરવાની હોય છે. કોઈ માણસ ભયંકર રોગથી પીડાતો હોય તો તેને ખાવાપીવાની કે બીજી કોઈ ખાસ ઇચ્છા હોતી નથી. તેની તો માત્ર એક જ ઇચ્છા હોય છે કે ક્યારે હું આ રોગમાંથી મુક્ત થાઉં? આ રીતે જગતના દરેક જીવોની ઇચ્છા સુખ મેળવવાની ને દુઃખ ટાળવાની હોય છે. મંગલનો બીજો અક્ષર છે "ગ"–ગમયતિ સુખમ્ એટલે કે જે અનેક પ્રકારની સુખસામગ્રીને પ્રાપ્ત કરાવે. દુઃખ નાશ થયા પછી માનવીની ઇચ્છા એ હોય છે કે મને સુખ મળે. આ રીતે મંગલ દુઃખનું નિવારણ કરે છે ને સુખને પ્રાપ્ત કરાવે છે. મંગલનો ત્રીજો અક્ષર છે "લ" "લાલયતિ સુખમ્" એટલે જે સુખનું લાલનપાલન કરે. સુખ આવ્યા પછી એ કદી જાય નહિ એ માનવીની મોટામાં મોટી ઇચ્છા હોય છે અને એની પૂર્તિ આ મહામંગલ રૂપ ધર્મથી થાય છે. દુઃખનો નાશ, સુખની પ્રાપ્તિ અને સ્થિરિકરણ એ ત્રણ ઇચ્છાઓને સંતોષવા માટે ભાવમંગલ રૂપ ધર્મ સમર્થ થાય છે કે જે સુખ આવ્યા પછી જાય નહિ અને સદા ટકી રહે. આવું સુખ મોક્ષ સિવાય આ સંસારમાં બીજે ક્યાંય મળવું અસંભવ છે. આ રીતે ધર્મનું મહત્ત્વ જાણીને એના વાસ્તવિક સ્વરૂપને ઓળખવું પડશે.

ધર્મ તો મહાન વસ્તુ છે. સાચા ધર્મીના તો રોમેરોમમાં ધર્મ વ્યાપ્ત હોય. ભલે તે વહેપાર કરવા બેઠો હોય, લગ્નના પ્રસંગમાં હાજર હોય, કે દુન્યવી કાર્યો કરતો હોય, પણ બધામાં તે ધર્મને આગળ રાખે. કોઈ પણ સ્થિતિમાં એ ધર્મને ન ભૂલે. એ તો ધર્મની રક્ષા ખાતર પ્રાણ દેવા પડે તો પ્રાણ દેવા તૈયાર હોય. આવા ધર્મની મહાન પુરુષોએ ઠેર ઠેર પ્રશંસા કરી છે. આ ધર્મ મહામંગલનું કારણ બને છે. આ ધર્મ જેની પાસે હોય એના જીવનમાં સુખ અને શાંતિ હોય છે. આવો ધર્મ આત્માને મોક્ષમાં પહોંચાડે છે.

આપણા અધિકારમાં મણિરથે કપટ કરીને યુગબાહુને યુદ્ધમાં મોકલ્યો. તેના અંતરમાં મેલ ભર્યો છે. મયણરેહાના મોહમાં મુગ્ધ બનેલો મણિરથ પાપના વિચારો કરી રહ્યો છે. દુનિયામાં વિષમમાં વિષમ પાપ હોય તો પરસ્ત્રીગમન છે. દેવાનુપ્રિયો! બ્રહ્મચર્ય વ્રત લેવાય તો સારી વાત છે. પણ ન લઈ શકતા હો તો સ્વદારા સંતોષીએ એટલું તો રાખજો. મયણરેહાના રૂપમાં પાગલ બનેલા મણિરથને કામનો કીડો સતાવી રહ્યો છે. તેથી તેણે દાસી મારફત વસ્ત્રોના, દાગીનાના અને પકવાનોના એ ત્રણ થાળ મોકલ્યા. મણિરથને પિતા ગણીને મયણરેહાએ તે વસ્તુનો સ્વીકાર કર્યો, પણ મણિરથે તો જુદો અર્થ ઘટાવ્યો. આઠ કર્મોમાં મોહનીય કર્મ પ્રધાન છે. આ જીવ ત્રીસ પ્રકારે મહામોહનીય કર્મ બાંધે છે. આઠ કર્મોમાં સૌથી વધુ સ્થિતિ મોહનીય કર્મની છે. મયણરેહાના રૂપમાં, મોહમાં

અંધ બનેલો દાસીને કહે છે, તું ફરીવાર બધી ભેટ સામગ્રી લઈને જા. જ્ઞાની કહે છે, દુઃખ ક્યાંથી આવે છે? કેવી રીતે ઉત્પન્ન થાય છે? ને કેવી રીતે નાશ પામે છે એ બતાવતા ભગવાન બોલ્યા છે કે....

**दुक्खं हयं जस्स न होइ मोहो, मोहो हओ जस्स न होइ तण्हा ।**
**तण्हा हया जस्स न होइ लोहो, लोहो हओ जस्स न किंचणाइ ॥८॥**

જેને મોહ નથી, તેણે દુઃખનો નાશ કર્યો છે. જેને તૃષ્ણા નથી તેણે મોહનો અંત કર્યો છે. જેણે લોભનો ત્યાગ કર્યો, તેણે તૃષ્ણાનો નાશ કરી દીધો છે. અને જે અકિંચન છે તેણે લોભનો નાશ કર્યો છે.

આ જગતમાં આત્મા દુઃખથી બચવા ઈચ્છે છે પણ દુઃખના કારણથી બચવા ઈચ્છતો નથી. "दुक्खं हयं जस्स न होइ मोहो" આ સોનેરી સૂત્રને હૃદયમાં કોતરી રાખજો. દુઃખનું બીજ મોહ છે. તમારી માન્યતા પ્રમાણે વિયોગની ક્ષણો દુઃખનું કારણ બને છે. એ વિયોગ પછી સ્વજનોનો હોય કે સંપત્તિનો હોય, પણ તે માનવના મનને દ્રવિત કરી દે છે. તેમાંયે વળી પુત્ર વિયોગની વાત બધા કરતા કરૂણ હોય છે. જો મૃત્યુ દુઃખનું કારણ હોત તો દુનિયામાં પ્રતિક્ષણ મૃત્યુ પામતા હજારો માનવીઓનું તમને દુઃખ કેમ નથી થતું? બીજી રીતે વિચારીએ. જો મૃત્યુ દુઃખ આપતું નથી, તો કોઈ પ્રિય વ્યક્તિ જ્યારે આ સંસારમાંથી વિદાય લે છે. ત્યારે શા માટે કલાકોના કલાકો અરે! દિવસોના દિવસો સુધી આંસુ વહાવ્યા કરો છો? ટૂંકમાં જ્યાં મોહ છે, મારાપણું છે ત્યાં દુઃખ છે. એક કલ્પના કરીએ.

કોઈ માણુસે લાખ રૂપિયાનો ભવ્ય બંગલો બાંધ્યો. પછી સ્થિતિ બદલાતાં તે બંગલો વેચી દેવો પડયો. એના એને સવા લાખ રૂપિયા મળ્યા. થોડા દિવસ પછી સમાચાર મળ્યા કે એ બંગલાની પાસે આગ લાગી અને એ ભવ્ય બંગલાને સ્થાને અડધી બળેલી દિવાલોના ખંડેરો ઉભા છે. આ સમાચારથી એ માણુસને શું દુઃખ થાય ખરું? નહિ થાય. શા માટે? પહેલા તે બંગલાને કંઇપણ નુકશાન થાય તો પણ દુઃખ થતું હતું ને હવે એ બંગલો રાખનો ઢગલો બની ગયો છતાં ય દુઃખ નહિ. એનું કારણ સમજ્યા? પહેલા પોતાનો હતો, માટે દુઃખ થતું હતું. હવે એ બીજાની માલિકીનો છે, તેથી દુઃખ થતું નથી. મારાપણું હતું, ત્યાં દુઃખ થયું ને મારાપણું ગયું ત્યાં દુઃખ ગયું. મોહમાં મૂઢ બનેલો આ સત્ય વાતનો સ્વીકાર કરતો નથી. ભગવાન બોલ્યા છે...

"इणमेव नाव बुज्झंति जे जणा मोह पाउडा" આચારંગસૂત્ર અ. ૨. ઉ. ૪

મોહની આંધીમાં અંધ બનેલો જીવ સત્ય અને સરળ વાતને પણ સમજતો નથી. મોહથી ઘેરાયેલો આત્મા સત્યનો પ્રકાશ મેળવી શકતો નથી. મોહની આંધી જ્યારે હૃદયમાં પ્રચંડ રૂપે પ્રવેશે છે ત્યારે વિવેકનો દીપક બુઝાઈ જાય છે. વિવેક પોતે પ્રકાશ છે. પણ મોહ અંધકાર ફેલાવે છે. સીતાજી સોનાના મૃગ ઉપર મોહિત થયા તેથી થનાર યુદ્ધના મૂળમાં મોહ છૂપાયેલો છે. સુવર્ણ મૃગનો મોહ પણ યુદ્ધની એક ચિનગારી બની ગયો. રાવણનો સીતા પ્રત્યેનો મોહ. દરેક

યુદ્ધના મૂળમાં ઉંડા ઉતરશો તો એમાં મોહ જ દેખાશે, પછી એ રૂપનો મોહ હોય, સત્તા, સંપત્તિ કે સુંદરીનો હોય, પણ મોહના કારણે મોટા મોટા યુદ્ધો થયા છે. જ્યાં મોહ છે ત્યાં દુઃખ છે. જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી સંઘર્ષોની પરંપરા સમાપ્ત થશે નહિ. લોઢામાં જ્યાં સુધી અગ્નિ રહે ત્યાં સુધી એને પ્રહાર કરવા પડશે. તેવી રીતે આત્મામાં જ્યાં સુધી મોહની જ્વાળા છે ત્યાં સુધી એ એને બાળતી રહેશે.

**મોહ અને પ્રેમની પર્યાય :**—મોહ અને પ્રેમ દેખાવમાં કદાચ સમાન ગણાય પણ તે બંને વચ્ચે ઘણું અંતર છે. હીરા અને કાચમાં કેટલું અંતર છે, તેમ પ્રેમ અને મોહમાં અંતર છે. પ્રેમ અંતરંગ છે. તો મોહ બહિરંગ છે, પ્રેમ આત્મધર્મ છે ને મોહ દેહ ધર્મ છે, મોહશીલ આત્માઓ પોતાના સુખને જુએ છે. જ્યારે પ્રેમશીલ માનવ સૌના સુખમાં પોતાનું સુખ માને છે. પ્રેમ દિલમાં વસે છે, તો મોહ આંખોમાં વસે છે. મોહ વિકારશીલ છે તો પ્રેમ વિચારશીલ છે, પ્રેમ ત્યાગ ચાહે છે, જ્યારે મોહ રાગ અને ભોગોનો ભિખારી છે, પ્રેમ નિત્ય છે, તો મોહ અનિત્ય છે, પ્રેમ અસલી છે તો મોહ નકલી છે. પ્રેમને રૂપની અપેક્ષા રહેતી નથી. જ્યારે મોહ તો રૂપનો તરસ્યો છે. રૂપના જવાથી મોહ પણ ચાલ્યો જશે. પ્રેમમાં પ્રતિદિન વૃદ્ધિ થાય છે, તો મોહ સમય જતા ઘટતો જાય છે. સૂરિકંતા રાણી પોતાના પતિ પરદેશી રાજાને ઝેર દેવા માટે તૈયાર થઈ ગઈ તે મોહના કારણે ને? જે પ્રેમમાં વાસનાના વિષ છે તે પ્રેમ નથી. પ્રેમ તો મીણબત્તીની જેમ સ્વયં બળીને બીજાને પ્રકાશ આપે છે. જ્યારે મોહ કાંઈક જુદું ચિત્ર બતાવે છે. મોહ સ્વાર્થી છે ને પ્રેમ પરાર્થી છે. મોહમાં સાચા ખોટાનો, ન્યાય અન્યાયનો, પણ વિવેક રહેતો નથી, જ્યારે પ્રેમ વડે તો વિવેકરૂપી દીપક ઝગમગતો રહે છે. જ્યાં આત્મિક ગુણો પ્રત્યે આકર્ષણ છે ત્યાં પ્રેમનું આકર્ષણ છે. જ્યાં શારીરિક સૌંદર્ય તરફ આકર્ષણ છે ત્યાં મોહનું આકર્ષણ છે. જેના પ્રત્યે આપણને પ્રેમ હોય છે, તેના માટે સેવા, ઉત્કર્ષ તથા ત્યાગના વિચારો જાગે છે, પણ મોહમાં કોઈની સેવા કરવાની નહિ પણ કોઈની સેવા લેવાની ભાવના રહે છે. પ્રેમ પ્રગતિના પંથે લઈ જાય છે, અને મોહ પતનના રસ્તે લઈ જાય છે.

અહીં મણિરથને મયણરેહા પ્રત્યે મોહ જાગ્યો છે. જેનું મોહનીય કર્મ બળી ગયું તેમને બીજા કોઈ કર્મો સતાવી શકતા નથી. જેને મોહ નથી તેને કંઈ દુઃખ નથી. જેમ લશ્કરનો મુખ્ય સેનાધિપતિ પકડાઈ જાય પછી કોઈને પકડવાનું રહેતું નથી, તેમ જેને મોહ નથી તેને દુઃખ નથી. જેને તૃષ્ણા નથી તેને મોહ નથી. તૃષ્ણા મોહમાંથી ઉત્પન્ન થાય છે. જેમ કોઈએ બંગલા પાસે વેલ ઉગાડી હોય તો તે નીચેથી વધતી વધતી ઉપર સુધી પહોંચી જાય છે તેમ તૃષ્ણા પણ ઉંચી ને ઉંચી વધતી જાય છે. તેનો પાર આવવાનો નથી. સાચું સુખ સંતોષમાં છે. ગમે તેવો મોટો લખપતિ કે કરોડપતિ હોય પણ તેના જીવનમાં સંતોષ નથી તો તે દુઃખી છે, અને સામાન્ય માનવી હોય પણ જીવનમાં સંતોષ છે, તો તે સુખી છે. પુણીયો શ્રાવક–એની પાસે શું હતું? છતાં જીવનમાં સંતોષ કેટલો હતો? ઠાણાંગ સૂત્રના ચોથે ઠાણે ચાર પ્રકારના ખાડા બતાવ્યા છે. પહેલો ખાડો છે દરિયો. દરિયામાં ગમે તેટલી

નદીઓ આવે ને દરિયામાં પાણી નાંખે છતાં દરિયો કયારે પણ નથી કહેતો કે હવે જરૂર નથી. બીજો ખાડો છે સ્મશાનનો. સ્મશાનમાં બાલ ગયા, યુવાન ગયા ને વૃદ્ધ ગયા. બધાની ત્યાં રાખ થઈ ગઈ, છતાં સ્મશાનનો ખાડો ખાલી થતો નથી. ત્રીજો ખાડો પેટનો. અહીં બેઠેલા બધા સવારમાં ચા-નાસ્તો બધું ખાઈને આવ્યા. જે આત્માઓએ તપની સાધના કરી છે તે તો મહાન છે. બાકી બધા શું કરીને આવ્યા? બોલો, અનુભવીઓ કહે છે પહેલે પહોરે ચા-પાણી, બીજા પ્રહરે માલપાણી, ત્રીજે પ્રહરે સોડ તાણી અને જેના દિવસના ત્રણ પ્રહર આ રીતે જતા હોય ને આત્મસાધના કંઈ કરતા ન હોય તો ચોથા પ્રહરે એનું જીવન ધૂળધાણી.

ચોથો ખાડો છે તૃષ્ણાનો. અમારી બેનો પાસે કેટલીય સાડીઓ કબાટમાં ભરી હોય, દાગીનાના કેટલા સેટ હોય છતાં જ્યાં નવી સાડી દેખે કે દાગીનાનો નવો સેટ દેખે ત્યાં એને લેવાનું મન થઈ જાય. તૃષ્ણાનો ખાડો પૂરવો મુશ્કેલ છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૩ મા અધ્યયનમાં કેશી સ્વામી ગૌતમ સ્વામીને પૂછે છે કે હૃદયની અંદર ઉત્પન્ન થયેલી લત્તા જેનું ફળ વિષનાં સમાન છે, આપે તે લત્તાને કેવી રીતે ઉખાડીને ફેંકી દીધી? ગૌતમસ્વામીએ કહ્યું કે મેં તે લત્તાને મૂળમાંથી ઉખેડીને ફેંકી દીધી છે તેથી હું ન્યાયપૂર્વક વિચરું છું અને તે વિષ રૂપ ફળના ભક્ષણથી મુક્ત થઈ ગયો છું. કેશી સ્વામીએ ફરીને ગૌતમસ્વામીને પૂછ્યું કે તે લત્તા કઈ છે?

भवतण्हा लया वुत्ता, भीमा भीमफलोदया ।
तमुच्छित्तु जहा नायं, विहरामि महामुनी ॥४८॥

હે મહામુનિ! આ સંસારમાં તૃષ્ણા રૂપ લત્તા છે. જો કે તે ઘણી ભયંકર છે અને ભયંકર ફળને આપનારી છે. તેને ન્યાયપૂર્વક છેદીને હું વિચરું છું. આ સંસારમાં તૃષ્ણા રૂપી વિષ લત્તા છે, તેને જિન પ્રવચન દ્વારા મારા હૃદયમાંથી ઉખાડીને ફેંકી દીધી છે. તેથી હું આનંદપૂર્વક વિચરું છું. સંસારના સર્વ દુઃખોનું મૂળ તૃષ્ણા છે. જેણે તૃષ્ણાને જીતી છે તેને મોહ નડતો નથી. જેને લોભ નથી તેને તૃષ્ણા નથી. જેને પરિગ્રહ નથી, જે અકિંચન છે તેને લોભ નથી.

**મયણરેહાને ફસાવવાના પ્રયત્નો :** મણિરથે મયણરેહાને પોતાની બનાવવા દાસીને બીજી વાર મોકલી ને કહ્યું તું કોઈ પણ રૂપમાં મારો ભાવ તેની સામે રજુ કરજે, અને જ્યારે તે મારો ભાવ જાણ્યા પછી ભેટ સામગ્રીનો સ્વીકાર કરે અને મને બોલાવવાનો વિચાર પ્રગટ કરે ત્યારે તું મને કહેજે. રાજાના કહેવાથી દાસી ફરીવાર મયણરેહાના મહેલે આવી, અને લાવેલી વસ્તુઓ આપતા કહ્યું. આપના જેઠે ફરીવાર મોકલી છે. મયણરેહા સમજી ગઈ કે આ ભેટ મોકલવામાં કાંઇ ભેદ જણાય છે. પહેલા જે ભેટ મોકલી છે તે એટલી બધી છે કે તે હજુ પૂરી થઈ નથી, ત્યાં આ બીજી સામગ્રી શામાટે મોકલી હશે? એટલે દાસીને પૂછે છે તું થોડા દિવસ પહેલા ભેટ સામગ્રી લાવી હતી ને આજે થોડા દિવસમાં ફરી વાર કેમ લાવી? તને ખબર નથી કે મારો પતિ પરદેશ ગયો છે. પતિવ્રતા પત્નીઓ પતિ પરદેશ ગયા હોય ત્યારે સ્વાંગ સજે નહિ.

કોઈ જાતના વિલેપન કરે નહિ. સ્વાદિષ્ટ ભોજનો જમે નહિ, ને ગાદલામાં સૂવે નહિ ને આયંબીલ જેવા લૂખા સૂકા ભોજન જમે, તેથી મને તો આ ભેટ સામગ્રી ગમતી નથી. પહેલા જે મોકલી છે તે એમ જ પડી છે, જેનો મેં ઉપભોગ કર્યો જ નથી. ને ફરીવાર શા માટે લાવી? દાસીએ કહ્યું બેન! તમે મણિરથ રાજાને કેટલા પ્રિય-વહાલા છો. તેમનો તમારા ઉપર પ્રેમ છે. તેથી તમારો સત્કાર કરવા માટે આ સામગ્રી મોકલી છે. દાસી! આ મારો સત્કાર કરી રહ્યા છે કે મને ધિક્કાર આપી રહ્યા છે. દાસીએ કહ્યું, જો તમને ભેટ સામગ્રી ગમતી ન હતી તો પહેલા આપેલી સામગ્રીનો સ્વીકાર શા માટે કર્યો? મયણરેહાએ કહ્યું તે સામગ્રી મેં એટલા માટે સ્વીકારી હતી કે જો હું તેનો સ્વીકાર નહિ કરું તો જેઠને ખરાબ લાગશે. બાકી બીજી કોઈ ઇચ્છાથી મેં એ સામગ્રીનો સ્વીકાર કર્યો ન હતો. દાસી કહે કે આપનું એ સદ્ભાગ્ય છે કે તમારા જેઠ તમને ચાહે છે. જ્યારે તમે મણિરથને આદરથી-પ્રેમથી બોલાવશો ત્યારે તમારું ભાગ્ય એકદમ ઝળકી ઉઠશે. તમે કહો છો કે તેઓ પરદેશ ગયા છે એટલે મને ભોગો ગમતા નથી, પણ તે યુગબાહુ મણિરથની આગળ તુચ્છ છે. જો મણિરથ ચાહે તો યુગબાહુને એક ક્ષણમાં રાજ્યબહાર કાઢી શકે છે. અને તમારી બધી ભોગ સામગ્રી ઝુંટવી શકે છે. જ્યાં સુધી મણિરથની કૃપા છે ત્યાં સુધી તમે ભોગોનો ઉપભોગ કરી શકો છો, નહિ તો એક ક્ષણવારમાં તમને આપત્તિમાં નાંખી શકે છે, પરંતુ હવે તો મહારાજા પોતે તમને ચાહે છે. અને એવા ચાહે છે કે તેઓ તમારી આજ્ઞામાં રહેવા તથા પટરાણી બનાવવા પણ તૈયાર છે, તમારું કેવું સદ્ભાગ્ય છે કે તમને આવો શુભ અવસર મળી ગયો છે. મહારાજા તમને પટરાણી બનાવશે, એ તમારા દાસ થઈને રહેશે. ગુલામ બનીને રહેશે.

**ધમધમી ઉઠેલી સતી મયણરેહા** :— દાસીના આ શબ્દો સાંભળતા મયણરેહાને તો આંખમાં મરચું નાખે તેવી બળતરા થઈ. કોઈએ પેટમાં ભાલો ભોંકયો હોય તેવી વેદના થઈ. દાસીના વચનો તો તેને બાણ જેવા લાગ્યા. કોઈ બાણ મારે તો સહન કરવા તૈયાર છું, પણ આ દુષ્ટ કટુ વચનો સાંભળવા તૈયાર નથી. સતી સ્ત્રીઓ બહાર જાય ત્યારે ઝેરની ગોળી સાથે લઈને જાય. શા માટે? કપરા પ્રસંગો ઉભા થાય અને વિષમ વાતાવરણ સર્જાય ત્યારે સામા પુરૂષને સમજાવવા પ્રયત્ન કરે, છતાં ન સમજે તો ઝેરની ગોળી ખાઈને મરી જાય, પણ જીવતા કોઈ પર પુરૂષની પોતાના શરીરને આંગળી અડવા દે નહિ. ચારિત્રના રક્ષણ ખાતર પોતે પ્રાણ છોડે તો તે આપઘાત ન કહેવાય.

તળાવની પાળે માટીના ટોપલા ઉપાડી કાળી મજુરી કરનારી જશમા ઓડણ આજે જેના ગરબા ગવાય છે, એવી જશમા ઓડણ કાળી મજૂરી કરીને પેટ ભરતી હતી. તેનું રૂપ અને સૌંદર્ય ઘણું હતું. તેના રૂપ પર સિદ્ધરાજ મોહિત થયો. તેણે કહ્યું હે રૂપવંતી! આ સિદ્ધરાજ તારા રૂપમાં મુગ્ધ બન્યો છે. તું આ માટીના ટોપલા છોડીને મારા રાજમહેલમાં ચાલ. હું તને મારી રાણી બનાવીશ. તારે આવા દુઃખો વેઠવા નહિ

પડે. જશમા ઓડણ કંઈ જેવી તેવી સ્ત્રી ન હતી. એ તો સતી હતી. સિદ્ધરાજના આ શબ્દો સાંભળીને એણે તો હૃદય તોડી નાખે એવા શબ્દોમાં કહ્યું-હે રાજન્ ! આપને આ શબ્દો શું શોભે છે ? તું ગમે તેમ કરીશ તો પણ હું તારી વાતને સ્વીકારવા જરાપણ તૈયાર નથી. તારે જે કરવું હોય તે કરી લે. તારી તાકાત નથી કે તું મારા શરીરને અડકી શકે ! સિદ્ધરાજે ધમકી આપી, કે જો તું મારી વાતનો સ્વીકાર નહિ કરે તો તું જોઈ લેજે કે, તેનું પરિણામ કેવું આવે છે ? તેણે જશમાના દેખતા તેની નજર સમક્ષ તેના વહાલસોયા પુત્રને મારી નાખ્યો. આવા દુઃખો વેઠયા પણ ચારિત્ર લૂંટાવા દીધું નહિ. આવા સેંકડો દાખલાઓ ઇતિહાસના પાને છે. અહીં મયણુરેહા દાસીના વચનો સાંભળી શું કરે છે ?

**સતીએ બતાવેલ શક્તિનો પરચો** :-દાસીના વચનો સાંભળીને મયણુરેહાએ કહ્યું-હે દાસી ! તેં મને છાતીમાં ગોળી મારી હોત તો હું સહન કરત, પણ તારા દુષ્ટ વચનો મારાથી સહન થતા નથી. દાસીની વાત સાંભળી મયણુરેહા તેની બધી માયાજાળ સમજી ગઈ. આ માયાજાળને તોડી નાખવા માટે સૌથી પ્રથમ આ માયાજાળ પાથરનાર દાસીને ભય બતાવી દૂર કરવી જોઈએ કે જેથી તે ફરી આવવાની હિંમત ન કરે. આ પ્રમાણે વિચાર કરીને મયણુરેહાએ દાસી પાસે તલવાર મંગાવી. આવનાર દાસીએ પૂછ્યું-આપ તલવાર શા માટે મંગાવો છો ? મયણુરેહાએ કહ્યું-મેં તલવાર શા માટે મંગાવી છે તે હમણાં બતાવું છું. તું પહેલા તારું માથું સંભાળી લે. આ પ્રમાણે કહેતી મયણુરેહાએ મ્યાનમાંથી તલવાર કાઢી અને દાસી ઉપર ઉપાડી, અને એકદમ આવેશમાં આવી બોલી કે તું મને ઓળખતી નથી કે હું કોણ છું ? આ તલવાર દ્વારા તારું માથું ઉડાવી દઈશ. જો તને તારા પ્રાણ વહાલા હોય તો અહીંથી ભાગી જા, હવે ફરી કોઈ દિવસ પાછી આવતી નહિ. તું મારા પવિત્ર જેઠને દૂષિત બનાવવા ઇચ્છે છે ? હું ક્ષત્રિયાણી છું. આ પ્રકારની વાત હું કયારે પણ સહી શકીશ નહિ. મયણુરેહાનું એકદમ ભયંકર સ્વરૂપ જોઈ દાસી તો ત્યાંથી જીવ લઇને ભાગી. મયણુરેહાના મનમાં થયું કે એક ખોળામાં આળોટેલા મારા પતિ આટલા પવિત્ર હોય તો મારા જેઠ શું આવા હોય ? આ દાસી બધા કામ કરતી લાગે છે. દાસી તો મયણુરેહાનો ક્રોધ જોઇને ધ્રુજતી ધ્રુજતી મણિરથના મહેલે ગઈ. દાસીને ધ્રુજતી જોઇને મણિરથ રાજા પૂછે છે કે શું છે ? દાસી કહે-તે વાત મને પૂછશો નહિ, હું જીવ લઇને નાસી આવી છું. મયણુરેહા મારું માથું ઉડાવી દેત, પણ હું એકદમ ભાગી ગઈ. માટે આ સતીને સંતાપવા જેવી નથી, તે તો સાક્ષાત્ દેવી છે, માટે હું તમોને કહું છું કે આપ એનું ધ્યાન છોડી દો. તમને કોઈ પ્રકારની ખામી નથી. તમે જો ચાહો તો બીજી રાણી પણ પરણી શકો છો; પણ મયણુરેહા ત્રણ કાળમાં તમારા હાથમાં આવી શકે તેમ નથી. દાસીએ મણિરથને આ પ્રમાણે કહ્યું છતાં મણિરથને કાંઈ અસર ન થઈ. ઉલ્ટો તે વધુ ઉત્તેજિત થયો ને કહેવા લાગ્યો કે હું ક્ષત્રિય છું. વાસ્તવિક વાત શી છે તે તું જાણતી નથી, પણ હું જાણું છું. ઠીક, તું જા,

અને તારું કામ કર. હું મારું સંભાળી લઈશ. હવે મણિરથ શું વિચાર કરશે ને શું બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :**—સાગરદત્ત શેઠના જીવનમાંથી ઘણું જાણવાનું મળે છે. ધર્મ ખાતર કેવું કષ્ટ વેઠે છે? શેઠને ધર્મ એ જ પ્રાણ, અને ધર્મ એ જ શ્વાસ છે. દેવે કેટલી ધમકી આપી. અરે સાવ બેહાલ દશામાં મૂકી દીધા. ખાનપાનના પણ સાંસા પડયા. આ સમયે તેમનો બાલમિત્ર શેઠની પાસે આવ્યો ને કહે શેઠ! મારા દશ હજાર રૂપિયા આપો. શેઠે મિત્રને ઘણું સમજાવ્યો. ભાઈ, મારી પાસે હવે કાંઈ નથી. ફક્ત રહું છું તે ઘર છે. તે હું તને તારા દશ હજાર રૂપિયા બદલ લખી આપી દઉં. ઘર હતું તો મહેનત મજુરી કરીને ઘરના ખુણામાં બેસત. હવે શેઠ ઘર વગરના થઈ જતાં કયાં જઈને ઉભા રહેવું?

**ઘર-નગર છોડયા સાગરદત્તે :**—શેઠ-શેઠાણી અને બંને બાલુડા ચારે જણા ઘરની બહાર નીકળી ગયા. વિચાર કરે છે, અહીં રહીને શું કરશું! આપણે બીજા ગામે ચાલ્યા જઈએ. એમ વિચાર કરી ચારે જણાએ પોતાનું ગામ છોડી દીધું. પાસે રાતી પાઈ નથી ને ભાતું પણ નથી. થોડું ચાલ્યા ત્યાં બંને બાળકો થાકી ગયા. ભૂખ્યા થયા. નાના બાળકો બિચારા શું સમજે? અમારે આ જોઈએ ને અમારે તે જોઈએ. તે બિચારાને કયાં ખબર છે કે અમારે રહેવા ઘર નથી. અમારી સ્થિતિ શું છે! દૂધ લાવી આપવું કયાંથી? છતાં બાળકોને સમજાવવા માટે બે ઈંટનો ચુલો બનાવી લાકડા સળગાવી તેના પર એક તપેલી મૂકે ને પછી કહે બેટા! રડશો નહિ. જો મેં ખીચડી તૈયાર થવા મૂકી છે. હમણાં થઈ જશે. તમે સૂઈ જાઓ. બાળકો રડતા રડતા થાકે એટલે અંતે સૂઈ જાય, પછી ઉઠે એટલે અઘડો કરે. કયારેક વનફળ મળે તો લાવીને ખવડાવે એ-રીતે દિવસો પસાર કરે છે. જેના આંગણે હજારો ગરીબો પોષાતા હતા એવા લાખોના પાલનહારની કર્મે કેવી દશા કરી? કાલનો કરોડપતિ આજે રોડપતિ બની ગયો. માટે ધનનો મોહ કરવા જેવો નથી કે તેનો વિશ્વાસ કરવા જેવો નથી. શેઠ-શેઠાણી અને બંને બાળકો નિરાધાર અવસ્થામાં ચાલ્યા જાય છે. ચાલતા ચાલતા બરાબર એક મહિને તેઓ પાટણપુર આવે છે. ત્યાં તેમનું શું થયું એ વાત પછી આવશે પણ સાગરદત્ત શેઠને ત્યાંથી અબજોની મિલકત બધી ઉડીને કયાં ગઈ? સોના, ચાંદીના ગ્લાસ, વાસણો, સોનાના થાળ બધું ઉડીને કયાં ગયું તે જોઈએ.

**શુભ કર્મોકા યોગ ઉદયમેં આવે, અનાયાસે લક્ષ્મી પાવે,**
**પાટણપુરમેં એક શેઠ રહતે, નામ ઉદયચંદ્ર ભારી હો...**

જયારે પુણ્યનો જોરદાર ઉદય થાય છે ત્યારે લક્ષ્મી સામેથી આવીને ઉભી રહે છે. પાટણપુર નગરમાં ઉદયચંદ્ર નામના શેઠ રહે છે. જેનું નામ છે ઉદય અને જેના પુણ્યનો ઉદય પણ જોરદાર થવાનો છે એવા ઉદયચંદ્ર શેઠને ત્યાં એકની એક દીકરી હતી, તે રૂપ રૂપના અંબાર સમી સોળ વર્ષની દીકરીની સગાઈ કરી છે. હવે લગ્નની તૈયારીઓ થઈ રહી છે. આ શેઠને ત્યાં પૈસાની કમીના નથી.

**પુણ્યની બલીહારી :—**સાગરદત્ત શેઠની બધી લક્ષ્મી ઉદયચંદ્ર–શેઠને ત્યાં આકાશમાંથી ઉતરીને કબાટમાં, તિજોરીમાં ભરાવા લાગી. સોના ચાંદીના વાસણો બધા આકાશમાંથી ઉતરી ઘરમાં દાખલ થયા. આ શેઠ લઇને રાજી થાય તેવા ન હતા. તેઓ વિચાર કરે છે કે આ બધી લક્ષ્મી કોની હશે? સોનાના ૫૦૦ થાળ પણ ઉડીને આવી ગયા. શેઠ વિચાર કરે છે કે દીકરીના પુણ્યથી આ બધી લક્ષ્મી આવી છે, માટે તેના લગ્ન ખૂબ ધામધૂમથી કરવા છે. શેઠે તો આખું ગામ શણગાર્યું. નગરની સારી જનતાને આનંદ છે. શેઠે નગરની પ્રજાને જમવાનું આમંત્રણ આપ્યું છે. નોકરોને કહ્યું કે આપણા ગામમાં કોઇ પણ ગરીબ, દુઃખી માણસ જમ્યા વગર ન રહેવો જોઈએ. અને આપણી ધર્મશાળામાં પણ જે મુસાફરો હોય તે બધાને જમવા આમંત્રણ આપી આવ. આ રીતે બધાને ખૂબ પ્રેમથી જમાડયા. ખૂબ ઉત્સાહપૂર્વક દીકરીના લગ્ન પતી ગયા.

સાગરદત્ત શેઠ અને તેમનું કુટુંબ પણ આ જ નગરીના પાદરમાં આવીને બેઠું છે. તેઓ ગામમાં નથી ગયા. તેમના બંને બાળકોને ભૂખ સખત લાગી છે. એક દીકરો કહે, બા દૂધ આપ. તો બીજો કહે મારે પેંડા ખાવા છે. દૂધ પીતા સૂવે ને દૂધ પીતા ઉઠે તે બાળકોને શી ખબર પડે કે અત્યારે દૂધના સાંસા છે! તો પેંડા તો લાવવા જ કયાંથી? બંને બાલુડા રડે છે. શેઠ કહે- અરે કર્મ રાજા! તારી તો બલિહારી છે! હજુ હું જીવતો બેઠો છું અને છોકરાઓને આવા દુઃખ વેઠવાના આવ્યા? આમ મનમાં કર્મનો દોષ દેતા બેઠા છે. બાળકો ખાવાનું માંગે છે. હવે શું બનશે તે અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૧૫

**અષાડ વદ અમાસ ગુરૂવાર** **તા. ૩૦-૭-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંત જ્ઞાની ભગવંતોએ માનવ–જીવનને સર્વશ્રેષ્ઠ અને સર્વજ્યેષ્ઠ કહ્યું છે. અહીં પ્રશ્ન થશે કે મનુષ્યજીવનને જ શા માટે? સત્તા, સંપત્તિ અને મહત્તા આ ભૌતિક સાધનોથી શું મનુષ્ય જીવનનો મહિમા વર્ણવાયો છે? ના. જો એમ હોત તો સંસારના ઇતિહાસમાં રાવણ, કંસ અને દુર્યોધન મનુષ્યોની પંક્તિમાં તો મોટા ગણાતા હતા, પણ દુનિયા તેને મનુષ્ય ન કહેતા રાક્ષસ અને પિશાચ તરીકે ઓળખતી હતી. તે યુગના તે સમ્રાટો પાસે સત્તા, સંપત્તિ અને મહત્તાની શી કમીના હતી! ધન અને વૈભવ તો તેમની પાસે અઢળક હતા, છતાં પણ સાચા અર્થમાં તેઓ મનુષ્ય ન હતા. એથી તેમનું જીવન મનુષ્ય જીવનની શ્રેષ્ઠતા અને જ્યેષ્ઠતાની શ્રેણીમાં આવી શકતું નથી.

મનુષ્ય જન્મની શ્રેષ્ઠતા અને જ્યેષ્ઠતાનો મૂળ આધાર છે ત્યાગ, વૈરાગ્ય અને તપશ્ચર્યા. જો જીવનમાં ત્યાગની ચમક, તપશ્ચર્યાની દમક, અને વૈરાગ્યની ઉજ્જવળતા હોય તો તે જીવન એક તેજસ્વી જીવન છે. દરેક મનુષ્યે આત્મા તરફ દૃષ્ટિ કરીને જોવું જોઇએ કે તેના હૃદયમાં સહિષ્ણુતા કેટલી છે? ઉદારતા અને સંતોષ કેટલો છે? જો

આ સદ્‌ગુણ તેનામાં હોય તો સમજવું જોઈએ કે તે સાચો માનવ છે. સ્નેહ, સદ્‌ભાવ અને સમતાનો મધુરો પ્રવાહ જેના અંતર રૂપી પર્વતથી કલકલ કરતો વહે છે તેનાથી આગળ વધીને સંસારમાં બીજો કોણ મનુષ્ય હશે? શાસ્ત્રકારે મનુષ્ય જીવનની શ્રેષ્ઠતા એટલા માટે કહી છે કે મનુષ્ય પોતાના જીવનને જેવું ઈચ્છે તેવું બનાવી શકે છે. પોતાના જીવનનો નવો વિકાસ અને નિર્માણ કરી શકે છે. આત્મામાં સૂતેલી ઈશ્વરી ભાવનાને સાધના દ્વારા જાગૃત કરી શકે છે. કામ, ક્રોધ, અને મોહ તથા વિકારોને દૂર કરી શકે છે. માનવ જીવનની મહત્તા–શ્રેષ્ઠતા ત્યાગ, વૈરાગ્ય અને સ્નેહ સદ્‌ભાવમાં છે. ત્યાગ અને વૈરાગ્યથી તે પોતાના આત્માને મજબૂત–દૃઢ બનાવી શકે છે, અને સ્નેહ તથા સદ્‌ભાવથી તે પરિવાર, જ્ઞાતિ, સમાજમાં પ્રશંસનીય બને છે. જેટલા અંશમાં મનુષ્યની ચેતના વ્યાપક અને વિરાટ બને છે, તેટલા અંશોમાં મનુષ્ય પોતાના વિરાટ સ્વરૂપની તરફ અગ્રેસર થાય છે.

જ્ઞાનીપુરૂષો કહે છે કે તારું આ પવિત્ર જીવન જેને દેવો પણ વખાણે છે, એવું જીવન પતનના ખાડામાં સડવા માટે નથી મળ્યું, પણ ઉત્થાન કરવા માટે મળ્યું છે. ભગવાન મહાવીરની વિરાટ ચેતના માત્ર જીવન પૂરતી જ અટકીને રહી ગઈ નથી પણ તે માણસના જીવનના અણુ અણુ સુધી પહોંચે છે. ભારતના મહાપુરૂષો તો કહે છે કે મનુષ્ય દેવ છે, મનુષ્ય ભગવાન છે. જો તે સીધા રસ્તા પર ચાલે છે તો તે દેવ અને ભગવાન છે, અને જો ઉલ્ટા રસ્તા પર ચાલે તો તે શેતાન, રાક્ષસ અને પિશાચ રૂપ છે. નરકમાં જવું, સ્વર્ગમાં જવું કે મોક્ષમાં જવું એ મનુષ્યના પોતાના હાથમાં છે. જો તેના આત્મામાં સૂતેલું દેવત્વ જાગૃત થઈ જાય તો તેના અંતરમાં અહિંસા, પ્રેમ, કરૂણા અને સદ્‌ભાવના આદિ ગુણો ખીલે છે, ત્યારે તેની ચેતના પણ વિરાટ થઈ જાય છે. અને જો તેના આત્મામાં દ્વેષ ક્રોધાદિ ચાર કષાય, ઘૃણા અને વિષમતા આદિ દુર્ગુણોનું સ્થાન હોય છે તો તેના સંસારમાં અશાંતિ અને તોફાનો ખડા થઈ જાય છે.

જૈનદર્શન કહે છે કે મનુષ્ય જીવન દ્વારા ભવ્યાત્મા પરમાત્મા બની શકે છે. ભક્ત ભગવાન બની શકે છે અને નરમાંથી નારાયણ બની શકે છે. માટે માનવ જીવન અમૂલ્ય છે. માનવી સંસાર–સાગરમાં અનેક પ્રલોભનો અને લાલચો વચ્ચે રહીને જીવતો હોય છે. ભૌતિક ચીજ વસ્તુઓના બંધનમાં બંધાવાથી માનવને સાચી આધ્યાત્મિક શાંતિ પ્રાપ્ત થતી નથી. આથી આવો અમૂલ્ય ભવ પણ અશાંતિ, દગા, પ્રપંચ, અને મોહ- માયાના આવરણમાં લપેટાઇ જાય છે, અને માનવને મુક્તિના માર્ગનો ભવ્ય પ્રકાશ મળતો નથી. શ્લોકમાં કહ્યું છે કે....

किं दुर्लभ ? नृ जन्म, प्राप्येदं भवति किं च कर्तव्यम् ।
आत्महितमाहितसंगत्यागो, रागश्च गुरुवचने ॥

દુર્લભમાં દુર્લભ કઈ ચીજ છે? મનુષ્યજન્મ. આ જન્મ મેળવીને શું કરવું જોઈએ? આત્મહિત, કુસંગનો ત્યાગ અને સદ્‌ગુરૂની વાણી પ્રત્યે પ્રેમ, આ જીવનની

સફળતા માટે આત્મદૃષ્ટિ પ્રગટાવ.

એક વેપારીને અવારનવાર ટ્રેઈનની મુસાફરી કરવી પડતી. એક દિવસ વહેલી સવારે ટ્રેઈન પકડવા વહેલો ઉઠી સ્ટેશને જતો હતો. રસ્તામાં સો રૂપિયાની નોટ પડેલી જોઈ. તરત ખીસ્સામાં મૂકી દીધી ને હૃદય હર્ષથી થનગનવા લાગ્યું. સ્ટેશને ગયો. ટિકિટ લઈ ગાડીમાં ચઢવા જાય છે, ત્યાં ભીડના કારણે સોના નોટ કોઈ કાઢી ગયું. ગાડીમાં બેઠો, પછી કંઈક લેવા ખીસ્સામાં હાથ નાંખ્યો. ત્યાં નોટ નહીં, આથી તે ખૂબ જ ઉદાસ થયો. તે જાણી બાજુમાં બેઠેલ જૈન ભાઈએ પૂછ્યું કે શું થયું ? કેમ એકદમ ઉદાસ બની ગયા ? ત્યારે બધી વાત કરી, તો શ્રાવક કહે કે ભાઈ ? હતું શું ને ગયું શું ? જે વસ્તુ તમારી હતી નહિ એના માટે શું કામ નિરાશ થવું ? જો તમે તમારા આત્માને આ વિવેકની નવી દિશા આપશો તો નિરાશ થવાનું કે દુઃખી થવાનું કોઈ કારણ નહિ રહે. જૈનભાઈની સમજણપૂર્વકની સુંદર વાત સાંભળી વેપારીના હૃદયમાં નવી જ્યોત પ્રગટી, અને નિરાશાને બદલે નવા પ્રકાશની જ્યોતમાં તેનું હૃદય ખીલી ઉઠ્યું.

આ ન્યાયથી મહાપુરુષો આપણને એ સમજાવે છે કે, મનુષ્યે આત્મદૃષ્ટિ ખોલીને જીવન જીવવું જોઈએ. જેની આત્મદૃષ્ટિ ખુલી છે એવી મયણરેહા સાવધાનીથી જીવન જીવી રહી છે, કષ્ટની કપરી કસોટીએ ચઢી છે. તેના રૂપને જોતાં જેમ પતંગીયું આગને જોઈને તેમાં ઝંપલાવે છે, મોરલી વાગે ને નાગ ગાંડો થાય, તેમ મણિરથ રાજા સતીના રૂપમાં મુગ્ધ બન્યા છે. પોતાની વિષય વાસના પૂરી કરવા માટે સતીને પ્રલોભનો મોકલ્યા. તેને લલચાવવાના પ્રયત્નો કર્યા, પણ સતીને મન તો ચારિત્ર એ જ સર્વસ્વ, બીજું બધું ધૂળ સમાન છે, શીર જાય તો જવા દે, પણ ચારિત્રને ન છોડે. કહ્યું છે ને કે...

**મેરૂ ડગે ધરતી ધ્રુજે, સૂર્ય કરે અંધકાર,**
**તો પણ સતી સ્ત્રીઓ, ચારિત્ર ચૂકે ન તલભાર.**

મેરૂ પર્વત ક્યારે પણ ડોલે નહિ, છતાં એ ડગે, ધરતી ધ્રુજવા લાગે અને સૂર્ય હોવા છતાં કદાચ અંધકાર થાય, પણ કોઈની તાકાત નથી કે સતી સ્ત્રીઓને ચારિત્રથી ચલિત કરી શકે.

**મણિરથે દાસીની વાતને અવળા રૂપમાં લીધી** :—દાસીએ રાજાને સ્પષ્ટ કહી દીધું કે હે મહારાજા ! તમે ઈચ્છો તો નવી રાણી પરણીને લાવી શકો, પણ મયણરેહા ત્રણ કાળમાં તમારા હાથમાં આવી શકે એમ નથી. દાસીએ આ પ્રમાણે કહ્યું, છતાં રાજાના મન પર જરા પણ અસર ન થઈ. તે વિચારવા લાગ્યો કે મયણરેહા સુંદરી છે, ને સાથે ક્ષત્રિય વીરાંગના પણ છે, તેથી તેણીએ દાસીને ડરાવી છે. મયણરેહાએ પહેલી વાર મારી વસ્તુઓનો સ્વીકાર કર્યો હતો, તેથી લાગે છે કે, તે મને ચાહે છે, પણ વચમાં દાસીની આ પ્રકારની દલાલી તેને ગમતી ન હોય, તેથી તેણે તલવારની બીક બતાવીને નસાડી મૂકી છે. જો આ કાર્ય સુધારવું છે તો મારે જાતે જ તેની પાસે જવું જોઇએ. ખરેખર, કામ વિકાર મોટા મોટા શૂરવીરો તથા વિદ્વાનોને પણ કાયર અને બુદ્ધિહીન બનાવી દે છે. હાથીને

વશ કરવો, કે બીજા કોઈને જીતવા હજુ સરળ છે, પણ કામવિકારને જીતવા એ બહુ મુશ્કેલ છે. **कन्दर्पदर्पदलने विरलाः समर्थाः ।** કામવિકારોને કોઇ વીરલા જ જીતી શકે છે. કામ વિકારની સાથે લડતાં મણિરથ હારી ગયો. એમ તો તે વીર અને બળવાન હતો, પણ કામના સામે તેની વીરતા ચાલી શકી નહિ. કામવિકારથી હારી જવાના કારણે તેણે પોતાના વહાલા, પ્રિય લઘુબંધવા યુગબાહુને દૂર કરવા લડાઈમાં મોકલ્યો. હવે પોતે મયણરેહાને ત્યાં જવા તૈયાર થયો.

**મયણરેહાના બંગલે મણિરથઃ**—મયણરેહા કયાં સૂવે છે, તે વાતની જાણ મણિરથે દાસી મારફત કરી લીધી. મયણરેહાનો શયન રૂમ કયાં છે તે બધી વાત જાણી લીધી. હવે તેના મહેલમાં જવાનો દૃઢ નિશ્ચય કરી મણિરથ અડધી રાત્રે ઉઠ્યો, અને રાજમહેલના માર્ગે ચાલી મયણરેહાના મહેલમાં પહોંચી ગયો. કામી આત્માઓ કેટલી પાપની જાળમાં પડ્યા છે! તેમને એ વિચાર પણ નથી આવતો કે રાત્રે મને કોઈ જોઇ જશે તો મારી આબરૂ અને ઈજ્જત શી રહેશે? કોઈ મારી વાત કરશે તો? સમાજમાં મારી કિંમત શી રહેશે? કામાંધ મનુષ્યને આબરૂ કે ઈજ્જતની પડી નથી હોતી, જો તેનામાં લજ્જા હોય તો સુધરે, પણ જેણે લજ્જાને નેવે મૂકી છે એને કોણ સુધારી શકે? કહ્યું છે કે....

**તેજીને ટકોરો ને ગધેડાને ડફણા, રોજ ખાય ને રોજ ભૂલી રે જાય,**
**દુર્જન મીઠું ખાય, મીઠું ના બોલતો રે....જેવી જેની...**

જેવી જાત હોય તેવી ભાત પડે છે. દિવાલ સ્વચ્છ ને પોલીસ કરેલી હોય તો ચિત્ર સારું દોરી શકાય છે. તેજીને એક ટકોરો બસ છે, તેને ડફણા મારવા ન પડે. જે સજ્જન આત્માઓ છે તેને એક ટકોરો બસ છે, ખરેખર હું ભૂલ્યો, મને આ ન શોભે. જેનામાં લજ્જા હોય તેને ભૂલનો પસ્તાવો થાય, ને તે ઠેકાણે આવી જાય. સજ્જન ખાનદાન માણસો જાન જતો કરે, પણ ઈજ્જતને ન ગૂમાવે. મણિરથ રાજાને તેના નોકરોએ સમજાવવામાં બાકી ન રાખ્યું. "મહારાજા! ભાઈની પત્ની તરફ દૃષ્ટિ કરવી એ આપને શોભતું નથી. જે પરસ્ત્રી સામું જુએ છે તેને નરકમાં જવું પડે છે. નરકમાં પરમાધામી દેવો, તે જીવને ધગધગતી પુતળી સાથે આલીંગન કરાવે છે." આવા શબ્દો રાજાને કહેવા એ સહેલું કામ નથી, છતાં મૃત્યુને માથે લઇને મહારાજાને સુધારવા પ્રયત્નો કર્યા, પણ રાજા ન સુધર્યા. અને અંતે રાતના મયણરેહાના મહેલમાં આવ્યા. મયણરેહાના શયનરૂમ પાસે જઈ બારીએથી કહેવા લાગ્યો કે, હે મૃગનયની! હે મયણરેહા! દરવાજો ખોલ,

**મધ્યરાત્રીએ મહેલ સુધી પહોંચનાર કોણ**:—મયણરેહા તે વખતે સૂતી હતી. ઉત્તમ આત્માઓની ઊંઘ ગર્દભ જેવી ન હોય. જરા પગનો અવાજ થાય કે, તરત જાગી જાય. દુષ્ટ બુદ્ધિવાળો મણિરથ પલંગ પાસે બારી હતી, ત્યાં આવીને કહેવા લાગ્યો કે હે કમલાક્ષી! હે પ્યારી! તું દરવાજો ખોલ. આ શબ્દો સાંભળતાં મયણરેહા એકદમ જાગી ગઈ કે, અત્યારે મધરાતે મને કોણ બોલાવે છે? તે પથારીમાં બેઠી થઇ, તો પુરૂષને ઉભેલો જોયો. આવી ઘનઘોર અંધારી રાત્રે મારા મહેલ સુધી આવવાની હિંમત કોણે કરી?

કઈ માનો પુત્ર છે કે, અત્યારે મારા મહેલે આવ્યો! સતી સ્ત્રીઓ પાપ કરવામાં, કોઈનું અહિત કરવામાં નબળી હોય પણ ચારિત્રનું રક્ષણ કરવું હોય. કોઈનું ભલું કરવું હોય, દુઃખીઓના દુઃખ મટાડવા હોય ત્યારે સબળી, શૂરવીર ને ધીર હોય. સ્ત્રીઓને તમે તુચ્છ ન માનશો. તીર્થંકર ભગવાન તથા મહાન આત્માઓને જન્મ આપનારી સ્ત્રી છે. અરે! ધનતેરસના દિવસે તમે કોનું પૂજન કરો છો? (શ્રોતામાંથી અવાજ–લક્ષ્મી દેવીનું) તો લક્ષ્મી પણ સ્ત્રી છે ને? માટે તેને તુચ્છ ન ગણતા સાથીદાર માનો. મયણરેહાને ઉઠેલી જોઈ મણિરથ પ્રસન્ન થયો અને વિચારવા લાગ્યો કે મયણરેહા ઉઠી છે તો હમણાં તે બારણું ખોલી મને અંદર બોલાવશે. મણિરથે ફરીવાર કહ્યું કે હે પ્રિયા! બારણું ખોલ. હું બીજો કોઈ નથી પણ તને રાજરાણી બનાવનાર, તારો ગુલામ થઈને રહેનાર મણિરથ છું. "એક રાજા થઈને કામાંધ બનીને અત્યારે ગુલામ થવા આવ્યા છો? તમે તો મારા બાપ સમાન છો. શું આવું બોલવું તમને શોભે છે? તમને યોગ્ય લાગે છે?" સતીએ સમજાવટ કરી, પણ ના માન્યા ત્યારે તેને ફિટકારવામાં બાકી ન રાખી. જે બોલો તે વિચારીને બોલો, તમારા બંને ભાઈના પ્રેમ કેટલા હતા તે પ્રેમમાં આજે વિષ નાખવા ઉઠ્યા છો? આજે પણ જોઈએ છીએ કે નાનપણમાં ભાઈ ભાઈના પ્રેમ એટલા હોય છે કે, જાણે રામ–લક્ષ્મણની જોડી. પણ કર્મનો ઉદય થાય છે, ત્યારે પ્રેમ ઝેર રૂપ બની જાય છે.

એક ગામમાં પતિ–પત્નિ અને તેમના બે બાળકો એમ ચાર માણસોનું કુટુંબ હતું. મોટાભાઈ અને નાનાભાઈ વચ્ચે દશ વર્ષનું અંતર હતું. ગામડામાં તેમની બે–ત્રણ વીઘા જમીન હતી. તેમાં ખેતી કરીને પોતાનું જીવન નભાવતા હતા. માતપિતાએ દીકરો મોટો થતાં કષ્ટો વેઠીને ભણાવ્યો. મા-બાપની સંતાનો પ્રત્યે એવી ભલી લાગણી હોય છે કે અમે કષ્ટ વેઠી લઈશું પણ દીકરો ભણશે, તો સુખી થશે. મા-બાપે દીકરાને મુંબઈ ભણવા મોકલ્યો. તેને ભણવા માટે પૈસા અવારનવાર મોકલે છે, છોકરો ભણે છે, ખૂબ ડાહ્યો છે, તે સમજે છે કે મારા મા–બાપે મને કેવી રીતે ભણાવ્યો? હું તેમના ઋણમાંથી ક્યારે મુક્ત થઈશ? મોટો દીકરો ભણીગણીને તૈયાર થયો, તેને મુંબઈમાં સારી નોકરી મળી ગઈ. સારી સંસ્કારી સુશીલ કન્યા સાથે તેના લગ્ન થયા. મુંબઈમાં નોકરી છે, એટલે રહેવા માટે ત્યાં મકાન પણ લઈ લીધું.

**વિનય કરતો પુત્ર** :—લગ્ન કર્યા પછી દીકરો–વહુ મા–બાપને પગે લાગે છે ને કહે છે બાપુજી! તમે આટલી જિંદગી સુધી ઘણી મજૂરી કરી. આપ અમારા તીર્થરૂપ છો, આપ હવે અમારી સાથે શહેરમાં ચાલો. હવે અહીં ગામડામાં રહેવું નથી. આપે મને આટલી ઊંચી કક્ષાએ પહોંચાડ્યો તેનો બદલો હું કેવી રીતે વાળીશ, આપના ઋણમાંથી હું ક્યારે મુક્ત થઈશ? માતા–પિતા કહે બેટા! અમને ગામડાના જીવનમાં ખૂબ આનંદ આવે છે. મુંબઈ જેવા મોટા શહેરમાં ધર્મસ્થાનકો દૂર હોય, તેથી ત્યાં ધર્મધ્યાન બરાબર ન થાય. માટે અમે અહીં રહીશું, ધર્મ–ધ્યાન કરીશું, અને જ્યારે હાથ–પગ નહીં ચાલે ત્યારે મુંબઈ આવીશું. જો તારે ઋણમાંથી મુક્ત થવું હોય તો આ તારો ભાઈ કીર્તિ ૧૦ વર્ષનો છે તેને તારી સાથે લઈ જા. તેને સારી રીતે સાચવજે.

તું મોટો ભાઈ છે, એને દીકરા સમાન ગણજે, એને ક્યારે પણ હુંકારો કરીશ નહિ. તારી પત્નીને કહેજે કે કીર્તિને પુત્રની જેમ સાચવે, ક્યારેય એનો તિરસ્કાર ન કરે. અહો પિતાજી! ભાઈને ભણાવવો અને સાચવવો એ તો મારી ફરજ છે. તમે મને ભણાવ્યો, હું તેને ભણાવીશ.

કીર્તિને લઈને મોટોભાઈ મુંબઈ જાય છે. મોટાભાઈ તેની પત્નીને કહે છે કીર્તિ ક્યારેક ભૂલ કરે તો તું એનો તિરસ્કાર કે અપમાન ન કરીશ, પણ તેને સમજાવીને શિખામણ દેજે. તું એમ માનજે કે, મારો નાનો ભાઈ છે, તારો ભાઈ એ મારો ભાઈ અને મારો ભાઈ એ તારો ભાઈ છે. સંસાર સ્વર્ગ જેવો ક્યારે બને? સાસુ વહુને દીકરી સમાન ગણે અને વહુ સાસુને મા સમાન ગણે, સસરાને બાપ સમાન, દિયરને ભાઈ સમાન ગણે ત્યારે. માતા પોતાની દીકરીને સાસરે સુખી જોવા ઈચ્છે છે તો તારી વહુ એ સામાની દીકરી ખરી ને? જો તું વહુને સારી રીતે રાખીશ તો તારી દીકરી પણ સુખી થશે. જો વહુને સારી રીતે નહિં રાખો તો વહુના નિસાસા પડવાના છે. આ સંસાર જ એવો છે. તમારી દીકરીને બીજાને ઘેર દઈ આવો ને બીજાની દીકરી તમે લઈ આવો. મેં એક ઘર જોયું. ઘરમાં કેટલી વિશાળતા! તાળું તો ક્યાંય મારવાનું નહિ. દેરાણી જેઠાણી એક બીજાના સાડલા પહેરે. તેમાં મારું તારું નહિ. સાસુની પવિત્રતા જોઈ મેં કહ્યું, ધન્ય છે. બેન તમને! મહાસતીજી! મારી દીકરીને સુખી કરવી હોય તો સામાની દીકરીને આપણે સુખી કરવી જોઈએ. ખરેખર છે પણ એવું જ.

મોટાભાઈ, ભાભી, દીયર બધા આનંદથી રહે છે. ભાભી દીયરને ખૂબ જ સાચવે છે. જાણે માતાનું હેત આપતી ન હોય! પણ ભાભીની બાજુમાં જે પાડોશણ છે તેને આ લોકોનો આનંદ સહન થતો નથી. એક દિવસ કહે છે બેન! ચાલોને આપણે પિકચર જોવા જઈએ. ભાભી કહે છે મારા દિયર કોલેજથી આવ્યા નથી ને જમ્યા નથી, માટે હું નહીં આવું. પાડોશણ કહે છે હવે તારો દિયર કંઈ થોડો નાનો ગગો છે કે તું એની રાહ જુએ છે! આ બધું તને બંધન નથી લાગતું? દિયર આવશે એટલે જમી લેશે. એક બે દિવસ પાડોશણે આ રીતે કહ્યું, છતાં ભાભીએ ગણકાર્યું નહિ. કહેવત છે ને "ફેરવ્યા પથ્થર પણ ફરે." ખોટાનો સંગ કરવાથી સારા પણ ખરાબ થઈ જાય છે. તેમ ભાભીને થયું કે વાત સાચી છે, હવે મારા દિયર મોટા થઈ ગયા છે. ક્યાં સુધી સાચવવા? એ ડોકટર થશે, ત્યારે મને કેવું રળીને આપશે એ તો ભગવાન જાણે. જ્ઞાની કહે છે તું કોઇનું સારૂં ન કરી શકે તો ખેર, પણ કોઈનું ખરાબ તો ન કરીશ. હું તો બેનોને કહું છું કે તમે ઘર છોડી પૌષધ કરવા આવો તો કર્મ ખપાવજો, પણ પરકથા ન કરો. ભાભી પાડોશણની ચઢવણીથી ચઢી ગઈ, કીર્તિ જમવા આવ્યો ત્યારે કહે છે ભાભી! જમવા આપો. ભાભીએ ગુસ્સાથી કહ્યું, હવે નાના છો? તમે જાતે લઈને ખાઈ લો, કીર્તિ વિચાર કરે છે કે મારા ભાભી મારી માને ભૂલવાડે એવા છે. શું આ શબ્દો મારા ભાભી બોલે? તેણે કહ્યું ભાભી, હું ખાઈ લઈશ. દિવસે દિવસે ભાભીને દિયર પર અભાવ થવા લાગ્યો. વાતેવાતે તેને ધમકાવવા લાગી. એક દિવસ કોલેજમાં પ્રેકટીકલની પરીક્ષા હોવાથી તેને આવતાં થોડું મોડું

થયું. વરસાદ ધોધમાર વરસતો હતો, તેથી તેના બધાં કપડાં ભીંજાઈ ગયા, તે ખૂબ થાકી ગયો હતો એટલે આવીને સોફા પર બેસી ગયો.

**"ભાભીના કડવાં વેણુ":**—કીર્તિને સોફા ઉપર બેસતો જોઈને જેમ વાઘણુ તાડૂકે તેમ ભાભી તાડૂકયા. કોઈપણુ હિસાબે હવે દીયરને અહીંથી કાઢવો છે, તે માટે ભાભી રસ્તો શોધી રહી છે. અત્યારે બરાબર દાવ હાથમાં આવ્યો એમ સમજીને તરત ભાભી બોલ્યા. દિયરીયા! તમને કાંઈ વિચાર થાય છે? તમને ભીના કપડે સોફા ઉપર બેસતાં શરમ આવે છે! તમારે તો ઠીક છે, પણુ તમારા ભાઈની પાંસળીઓ તૂટી જાય અને લોહીના ટીપાં પડે ત્યારે પૈસા આવે છે. તમારે ખાઇપીને એશઆરામ કરવો છે, ને મોજ મજા ઉડાવવી છે. જુઓ, સોફો બગાડી નાંખ્યો, ભાભીએ તો જેમ આવે તેમ બોલવા માંડયું. ક્રોધ કરીને ઘણાં એલફેલ શબ્દો કહ્યા. કવિઓ કહે છે. "**લુલીને વશ રાખો ભાઈ લુલીને વશ રાખો.**" આ લૂલીને બહુ વશમાં રાખવા જેવી છે. આ લૂલી તો કંઇક વાર સત્યાનાશ વાળી નાંખે છે. દ્રૌપદી માત્ર બે શબ્દો બોલી "અંધે જાયા અંધ હુઆ" આટલા શબ્દોએ આખું મહાભારત ઊભું કરી દીધું. યુદ્ધમાં લોહીની નદી વહી ને લાખો માણસો મરી ગયા. માટે આ લૂલી પર તાળું મારવાની જરૂર છે. જીભલડીને બે હોઠરૂપી કોટ અને ૩૨ દાંત રૂપી પહેરેગીરો છે, છતાં લબકારા મારી જાય છે.

**જીભલડી તારો ઝપાટો ભારી ઠોકર ખાય ખાય ખાય,**
**જે કોઈ તારે ઝપાટે ચડે તેનું નખ્ખોદ જાય જાય જાય."**

આ જીભ જો સવળી ન રહે તો કેટલા કર્મો બંધાવે છે, માટે જીભને ખૂબ કાબૂમાં રાખવી. અહીં ભાભીએ દિયરને ન કહેવાના શબ્દો કહ્યા, ત્યારે કીર્તિ કહે છે ભાભી! મને માફ કરો, આપની વાત સાચી છે. હું ભીના કપડે સોફા ઉપર બેસી ગયો, ને સોફો બગડ્યો. મારી ભૂલ થઈ ગઈ. ભાભી દિયરના શબ્દો સાંભળતા નથી, કીર્તિ ડોકટરી લાઇનમાં ગયેલો હોંશિયાર અને ડાહ્યો છોકરો છે. તે ભાભીને માના રૂપમાં દેખતો હતો. આ ભાભી બગડી હોય તો કુસંગનું પરિણામ છે. દૂધ ઘણું સારું હતું, પણુ પાડોશીનો કુસંગ મળ્યો એટલે દૂધ ફાટી ગયું.

**ભાભીના કટુ વેણુથી કીર્તિએ છોડેલું ઘર:**—ભાભી જ્યારે ખૂબ બોલવા લાગી ત્યારે કીર્તિ ત્યાંથી ઉભો થઇ ગયો. હાથમાં થેલી લઈને કહે છે ભાભી! હું હવે જાઉં છું, તમે મને ઘણાં વેણુ કહ્યા છે, પણુ હું તમને એક દિવસ બતાવી દઈશ, આટલું કહીને તે રવાના થઇ ગયો. મિત્રને ઘેર ગયો. તે ચાર પાંચ ટયુશન કરતો હતો, તેથી તેમાં રૂા. ૭૦૦ ની આવક થતી. તેણે એક મકાન ભાડે લઇ લીધું. ત્યાં બધો વસવાટ કરી લીધો. તેનો મોટોભાઇ ત્રણ ચાર દિવસથી બહારગામ ગયો હતો. તે ઘેર આવ્યો. ઘરમાં ભાઈને ન જોયો, એટલે પૂછે છે, ભાઈ કયાં ગયો? તો કહે બહાર ગયા હશે, સાંજ પડી, પણુ કીર્તિ ન આવ્યો. એટલે ફરીને પૂછે છે, કીર્તિ કયારે આવશે? તે કયાં ગયો છે! ત્યારે પત્ની કહે છે, ભાઇ ભાઇ શું કરો છો? એ તો સાવ ઉદ્ધત થઇ ગયો છે!

મારા સામું પણ બોલે છે, તે આપણને હલકા પાડવાની વાતો કરે છે, તમે તેને બહુ મોઢે ચઢાવ્યો છે. એમ સાચું જુઠું કહીને પતિને ખૂબ ભંભેર્યો. ભાઈ પત્નીનું કહેવું સત્ય માની ગયો. આજ સુધી બધા આનંદથી રહેતા હતા પણ હવે જુઓ કર્મનો કેવો ઉદય થાય છે! ભાઈએ બે પાસા તપાસવાની જરૂર હતી, ભાઈને બોલાવીને વાત પૂછવી હતી, પણ કર્મનો ઉદય થવાનો છે, એટલે પત્નીની બધી વાત સાચી માની લીધી.

રજાના દિવસોમાં કીર્તિ માતા-પિતા પાસે જતો, ત્યારે એની મા પૂછે છે કે બેટા! તું આનંદમાં છે ને! તારા ભાભી તને કેવું રાખે છે? ત્યારે કીર્તિ કહે છે બા! મારા ભાભીનો મારા પ્રત્યે અથાગ પ્રેમ છે. એકવાર તને પણ ભૂલી જાઉં, એવું મને સાચવે છે. તું જરા પણ ચિંતા ન કરીશ, પણ પોતે ભાઈથી જુદો રહે છે, તથા આવું બધું બન્યું છે, તેવો એક શબ્દ પણ બોલતો નથી તની માને ગંધ પણ આવવા દેતો નથી કે, બે ભાઈ જુદા થયા છે, પણ એમ સમજે છે કે, ભાભીએ મને આટલા વર્ષો તો સાચવ્યો ને! કીર્તિ ભણી-ગણીને ડોકટર થયો, તેના માટે ઘણી છોકરીઓના કહેણ આવવા લાગ્યા. કીર્તિના સારી સંસ્કારી કન્યા સાથે લગ્ન થયા. તે ખુબ આનંદથી રહે છે. ગરીબ દર્દીઓ ઉપર ખુબ કરૂણા રાખી સેવા કરે છે, તેની પ્રેકટીશ વધતાં વધતાં ઘણો આગળ આવી ગયો. સારાયે ગામમાં કીર્તિ ફેલાઇ ગઇ. લોકોને મન ડોકટર શું બોલ્યા ને શું બોલશે?

**મોટાભાઈનો જાગેલો પાપનો ઉદય** :—આ બાજુ મોટાભાઇના પાપનો ઉદય થયો. માણુસ સુખમાં મલકાય છે, પણ પાપકર્મનો ઉદય થતાં ચારે બાજુથી તેના માથે વિપત્તિના વાદળો ઘેરાઇ જાય છે. મોટાભાઇની નોકરી તૂટી ગઈ ને આવક બંધ થઇ ગઇ. તેની ચિંતામાં મોટોભાઈ બિમાર પડયો. હવે શું કરીશું? કયાં જઇશું? એક તો બિમારી અને બીજી આજીવિકાની ચિંતા, જે કંઇ થોડા પૈસા હતા તે બિમારીમાં સાફ થઇ ગયા, હવે તો ખાવાના સાંસા પડ્યા. આવી કફોડી સ્થિતિ થઈ ગઈ. થોડા દિવસે કીર્તિને ખબર પડી કે, મારા મોટાભાઈની આ સ્થિતિ થઈ છે. રોટલાના પણ સાંસા પડ્યા છે. આ વાત સાંભળીને કીર્તિના મનમાં ખૂબ આઘાત લાગ્યો, એક લોહીની સગાઈ છે. કીર્તિ દોડતો મોટાભાઇને ઘેર આવ્યો. મોટાભાઇએ તો મકાન પણ વેચી નાખ્યું છે. એક નાની ઝૂંપડીમાં રહે છે.

**અપકાર પર ઉપકાર કરતો કીર્તિ** : કીર્તિએ એવો વિચાર ન કર્યો કે ભાભીએ મને આવા કડવા વેણ કહ્યા છે, માટે હું ત્યાં શા માટે જાઉં? તે તો આવ્યો, ભાઈના ચરણમાં પડીને કહે છે, મોટાભાઈ! તમારો મારા ઉપર મહાન ઉપકાર છે. તમે તો મારા મા-બાપ સમાન છો. તમે આટલા બિમાર છો એ મને ખબર ન હતી. પણ તમે મને ખબર કેમ ન આપી? બસ, હવે તમે, મારા ભાભી અને બાબો બધા મારે ઘેર ચાલો. ભાઈ-ભાભી ચોધાર આંસુએ રડે છે. ભાઈ રડશો નહિ, મારું ઘર એ તમારું ઘર છે. માટે તમે આપણું ઘર સમજી ઘેર ચાલો. ભાઈ-ભાભી જવાની ના પાડે છે, પણ ખૂબ આગ્રહ કરીને તે બધાને પોતાને ઘેર લઈ આવ્યો. ભાઈના મનમાં થાય છે કે હું

પત્નીનો ચઢાવ્યો ચઢી ગયો ને ભાઈને કંઈ પૂછયું નહિ ત્યારે આ સ્થિતિ આવી ને! કીર્તિ અને તેની પત્ની ભાઈ–ભાભીને ખૂબ પ્રેમથી સાચવે છે. ભાઈની સેવા કરી એટલે તેમને સારું થઈ ગયું. બધા આનંદથી રહે છે, પણ ભાભીના મનમાં એક કાંટો ખટકે છે કે મારા દિયર બોલ્યા હતા કે ભાભી! હું તમને બતાવી દઈશ, તો મને એ શું બતાવશે?

કીર્તિના પ્રેમ આગળ બધું દુઃખ ભૂલી ગયા પણ મને શું બતાવશે એ ખટકારો ભાભીના દિલમાંથી જતો નથી. એક દિવસ મોટાભાઈનો બાબો બાલમંદિરેથી રમતો રમતો આવતો હતો. રસ્તામાં વરસાદના હિસાબે કાદવ ખૂબ થયેલો. બાબાના કપડાં કાદવવાળા ખૂબ હતા, એવા કપડે બાબો સોફા પર બેઠો. આ જોઈને ભાભીને પોતાનો ભૂતકાળ યાદ આવી ગયો. તેથી બાબાને ઉંચકીને સોફા પરથી ભોંય પછાડયો ને ખૂબ માર્યો ને કહ્યું–તને ભાન નથી! કાકાનો સરસ સોફો તેં બગાડી નાખ્યો. ત્યાં કીર્તિ આવી ચઢયો. ભાભી! શા માટે બાબાને મારો છો? જુઓને, સોફો કેવો બગાડયો! ભાભી સોફાની કિંમત વધારે કે બાબાની કિંમત વધારે? તમે એને ટપલી પણ મારશો નહિ. આ સોફો મારા ભત્રીજા કરતાં વધારે નથી. નવો લઈ આવીશ. લાડકા દિયરીયા! તમે ભીનાં કપડે સોફા પર બેઠા તો મેં તમને કેવા શબ્દો કહ્યા હતા! ભાભી, ગઈ વાતને ભૂલી જાવ. એને યાદ કરશો નહિ. કાદવ ઉલેચે કાદવ મળે, પણ અમૃત ન મળે. માટે પૂર્વની કોઈ વાત યાદ કરશો નહિ. લાડકા દિયરીયા! હું બધું ભૂલીશ પણ એક વાત નથી ભૂલાતી. આપે જતાં જતાં કહ્યું હતું કે ભાભી! હું તમને બતાવી દઈશ તો મને શું કરશો? ભાભી! મારે કંઈ બતાવવાનું નથી. કુદરતે તમને બતાવી દીધું. આપની લક્ષ્મી ગઈ, બંગલા ગયા, અને અત્યારે હું આપને મા–બાપ સમાન માનું છું, છતાં રાંક બનીને રહો છો. આપને એટલું કહું છું કે આપ કયારે પણ અભિમાન ન કરશો. રાજા કયારે રંક બની જાય છે તેની ખબર નથી. ખોટા માણસનો સંગ કદી કરશો નહિ. ભાભીને પોતાની ભૂલનો પસ્તાવો થયો. નાનાભાઈને થયું કે ભાઈને બંગલો લઈ આપું, ને ધંધો કરવા પૈસા આપું. બોલો આવા આત્માના ગુણ ગાવા જવું પડે? ગુણવાન આત્માના ગુણ બધે ગવાય છે. પોતાના ભાઈને ન્યાલ કરી દીધો.

મણિરથ મયણરેહાના મહેલે આવ્યો છે. મયણરેહાએ જાગીને જોયું તો મણિરથ સામે ઉભો છે. મયણરેહા પોતાના મનમાં કહેવા લાગી કે હું તો એમ સમજતી હતી કે આ દાસી ખરાબ છે, અને તે મારા જેઠને બગાડવા ઇચ્છે છે, પણ હવે મને સમજાય છે કે મારા જેઠની બુદ્ધિ બગડી છે. મયણરેહા એક સાચી વીરાંગના છે, તે જેઠના શબ્દોથી ડરી જાય તેવી નથી, પણ સાચી ક્ષત્રિયાણી છે. મણિરથે જ્યારે કહ્યું હે મયણરેહા! તું જલ્દી બારણું ખોલ. હું તને રાજરાણી બનાવીશ. ત્યારે સતી કહે છે હે દુષ્ટ! તું આવો સમર્થ શક્તિધારી! તને આવા કાલાવાલા કરવા શોભે છે? સજ્જન માણસો અધમતા ન સેવે, પાગલતા ન બતાવે, પણ શૂરવીર ને ધીર હોય. તું કયાં પાપ કરવા

આવ્યો છે? મયણુરેહામાં સતીત્વનું ઝનૂન ઉછળી રહ્યું છે. હજુ તે મણિરથને કેવા કેવા શબ્દો કહેશે ને શું બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર:**—સાગરદત્ત શેઠ, શેઠાણી અને બંને બાલુડા બેઠા છે. શેઠ કહે છે હું કેવો કમભાગી! મારા જીવતાં મારી પત્નીને અને બાળકોને દુઃખના દિવસો આવ્યા! એમ કહી શેઠ ખૂબ રડે છે. શેઠાણી કહે, તમે રડશો નહિ. જે કર્મો ઉદયમાં આવ્યા છે તે હસતાં ભોગવી લેવાના. આપણે એમ કરીએ. અહીંથી ગામ બહુ દૂર નથી દેખાતું. કૂતરા ભસે છે, માટે ગામ નજીક હશે. આપ અહીં બેસો. બંને બાલુડાને સાચવજો. હું ગામમાં જઉં છું. ત્યાં જઈને કોઈને ત્યાં બે ચાર કલાક કામ કરીશ. અને તે જે રોટલા આપશે તે હું લઈને આવીશ. શેઠાણી! આપણને ગામમાં કોણ ઓળખે? કોણ કામ આપશે? ત્યારે પ્રભુને ઓળંભો દેતા કહે છે પ્રભુ! **દુનિયા રૂઠે તો ભલે રૂઠે પણ તું ન રૂઠીશ મારા નાથ** રે....આખી દુનિયા રૂઠે તો ભલે રૂઠે, પણ પ્રભુ તું ન રૂઠીશ. તારું સ્થાન અમારા દિલમાં પ્રતિપળે રહેલું છે. શેઠ કહે, શેઠાણી, તને ગામમાં એકલા મોકલતા મારું મન માનતું નથી. તારું રૂપ અથાગ છે. તને ગામમાં મોકલું ને કંઈ સંકટ આવી પડે તો? અને જો હું અહીં મૂકીને જાઉં તો અહીં તો વગડો છે. આવા વગડામાં અનેક જાતના ભય વચ્ચે અહીં મૂકીને જતાં પણ મારૂં મન માનતું નથી. છેવટે બંનેએ વિચાર કર્યો કે આપણે અહીંથી જઈએ ને વગડો પસાર કરી દઈએ. એમ વિચાર કરી બધા ઉઠયા. ચાલતા ચાલતા ક્ષિપ્રા નદીના કાંઠે આવ્યા. જેણે કોઈ દિવસ ધરતી પર પગ મૂકયો નહોતો એવા પુણ્યશાળી આત્માઓને પાપનો ઉદય થતાં વનવગડે વિચરવાનો પ્રસંગ આવ્યો. રસ્તામાં કાંટા વાગે, કાંકરા વાગે તેથી બધાના પગમાં ચાંદા પડી ગયા છે અને લોહીની ધારા વહે છે. કરોડપતિ શેઠ આજે રોડપતિ બની ગયા.! લાખો જીવોના પાલનહાર, દુઃખીઓના બેલી! અનાથના નાથ! આજે કોઈ તેમને પૂછનાર નથી. છતાં કર્મની ફિલોસોફીને સમજેલા છે. વિચારે છે કે જે કર્મો ઉદયમાં આવ્યા છે તે હસતાં હસતાં ભોગવી લેવા.

**દુઃખ આવે મનવા જ્યારે ત્યારે રોવું શા માટે?**
**જે વાવ્યું તે ઉગે છે એનો શોક શા માટે?**

જો બાવળીયા વાવ્યા છે તો કાંટા ઉગવાના છે. બાવળીયા વાવીને આંબાની આશા રાખે તો મળે? ન મળે. અહીં શેઠ–શેઠાણી કહે છે, પૂર્વ ભવમાં જે કર્મો બાંધ્યા હશે તે ઉદયમાં આવ્યા છે. સમભાવે ભોગવશું તો કર્મો ખપશે. બધા ક્ષિપ્રા નદીના કાંઠે પહોંચ્યા. ત્યાં એક ધર્મશાળા છે. તેમાં બે રૂમમાં તો મુસાફરો ઉતરેલા છે એટલે તેઓ ઓટલા પર બેઠા. શેઠાણી સમજે છે કે મારા પતિના પગ ભાંગી ગયા છે. આ સ્થિતિમાં તેમને ગામમાં જવા દેવા એ યોગ્ય નથી. આ સમયે મારે જવું જોઈએ, એ મારી ફરજ છે. શેઠાણી ગામમાં ગયા. ગામમાં કોને ઘેર જવું! હવે શું બનશે તે અવસરે.

## વ્યાખ્યાન નં. ૧૬

**શ્રાવણ સુદ ૧ ને શુક્રવાર** તા. ૩૧-૭-૮૧

અનંત કરૂણાનીધિ, પરમ ઉપકારી શાસ્ત્રકાર ભગવંતોએ જગતના જીવોને આત્મ-કલ્યાણના રાહે ચઢાવવા માટે આગમ રૂપ ધર્મદેશના વહાવી. અરિહંત પ્રભુ ભવ્ય પ્રાણીઓના હિતને માટે સામાન્ય રીતે એક પ્રહર સુધી દેશના દે છે. આ દેશના સાત નય, ચાર નિક્ષેપા, સપ્તભંગી તથા સ્યાદવાદ શૈલીથી યુક્ત હોય છે. દેશના એટલે ઉપદેશ. ઉપદેશ દુનિયામાં બે પ્રકારનો જોવામાં આવે છે. (૧) સ્વાર્થોપદેશ (૨) પરમાર્થોપદેશ રાગી જીવોનો ઉપદેશ સ્વાર્થોપદેશ કહેવાય છે, અને વીતરાગ પ્રભુનો ઉપદેશ પરમાર્થોપદેશ કહેવાય છે.

ધન, યશ, કીર્તિ અથવા પુણ્યના લોભથી જે ઉપદેશ થાય છે, તેનું નામ સ્વાર્થોપદેશ છે, પણ જે ઉપદેશ ધન, કીર્તિ યશ કે કોઈ જાતના સુખની અપેક્ષા વિના માત્ર આત્મ-કલ્યાણ માટે અપાય છે તે ધર્મોપદેશ કહેવાય છે. તેનું નામ પરમાર્થોપદેશ. તીર્થંકર પ્રભુને ધન, યશ કે પુણ્યની બિલકુલ અપેક્ષા નથી. દીક્ષા લેતા પહેલા એક વર્ષ સુધી તીર્થંકરો વરસીદાન આપે છે. તેની સંખ્યા ૩ અબજ, ૮૮ કરોડ ને ૮૦ લાખ સોના-મહોર પ્રમાણની છે. આટલું બધું દાન દેનાર દાનવીર કદાપિ ધનની આશા રાખે ખરા? કદાપિ નહિ. જેમના યશોગાન તો ત્રણે લોકમાં ગવાય છે. તેમના જન્મથી લઈ ને નિર્વાણ સુધી ૬૪ ઈન્દ્રો તથા દેવો તેમના યશોગાન કરતા હોય છે. તેવા તીર્થંકર પ્રભુ શું લૌકિક યશની ચાહના રાખે ખરા? તથા અતુલ અનંત અનંત પુણ્યના પ્રભાવે જેમણે તીર્થંકર નામ કર્મ બાંધ્યું છે તેને ખપાવવા માટે આહાર, વિહાર, ધર્મોપદેશ આદિ કાર્યો કરવામાં જેમની પ્રવૃત્તિ છે તેવા આત્મા શું પુણ્યની આકાંક્ષા રાખે ખરા? ના. કેટલાક સરાગી જીવો ધનને માટે ઉપદેશ કરતાં જોવામાં આવે છે, કેટલાક દુનિયામાં પોતાનો યશ ફેલાય તે માટે ઉપદેશ કરે છે. જ્યારે ભગવાનની આજ્ઞામાં વિચરતા નિઃસ્પૃહી અને ત્યાગી વૈરાગી મુનિવરો ભવ્ય જીવોને તેમના કલ્યાણ માટે ધર્મનો ઉપદેશ આપે છે. જૈન કુળનો સાચો વારસો માત્ર ધન-માલ મિલ્કત નથી પણ ધર્મ એ સાચો વારસો છે. ધનમાલ ઉપાર્જન કરવાનો મુખ્ય ઉદ્દેશ જો કોઈ હોય તો તે પોતાનો જીવન-નિર્વાહ સારી રીતે ચલાવી શકાય, જીવનની અનિવાર્ય આવશ્યકતાને પહોંચી વળાય, અને વ્યવહારની અમુક સગવડોને સાચવી શકાય, પરંતુ ધન મેળવ્યા પછી આ ઉદ્દેશ મોટા ભાગે ભૂલાઈ જાય છે અને એનું સ્થાન ધનનો સંગ્રહ કરવાનો હલકો ઉદ્દેશ લે છે. પછી પિતા વિચારે છે કે આટલું ધન મેળવી લઉં, એટલે સંતાનોને પણ વારસો આપતો જાઉં. આ જ હકીકત મકાન બંગલા માટે બને છે.

શરૂઆતમાં ટાઢ-તડકો અને વરસાદથી બચવાના ઉપાય માટે મકાન બાંધવાની ભાવના થાય છે, પણ પાછળથી અનેક મકાનો બંધાવે છે, અને તે મકાનો ભાડે આપીને

ભાડાનો વેપાર કરે છે. હવે હું તમને એક વાત કરું કે ધન મેળવવા માટે આટલા પ્રયત્નો કરે ને પુણ્યોદયે ધન મેળવે, પણ જો રાજ્ય તરફથી એવો કાયદો થાય કે માણસ પોતાના હાથે જેટલું વાપરે અને ખર્ચે એટલું ધન એનું, બાકી બીજા કોઈ પણ ધનનો તે કે તેના સંતાન માલિક નહીં પણ રાજ્યમાલિક. તો ધનનો સંગ્રહ કરવાની કોઈની ભાવના રહે ખરી ? ( શ્રોતામાંથી અવાજ....ન રહે ) રાજા એવો કાયદો ન કરે તો પણ ધર્મિષ્ઠ જીવોએ તો એવી રીતે જ વર્તવું જોઈએ.

બંધુઓ ! હું આપને કહું છું કે તમે તમારા સંતાનોને ધનનો વારસો આપતા પહેલા સાથે ધર્મભાવનાનો કે આત્મભાવનાનો વારસો આપો. ધનનો વારસો કદાચ નહીં આપ્યો હોય તો એનો પુણ્યોદય હશે તો મેળવશે પણ જો ધાર્મિક વારસો નહીં આપ્યો હોય તો એના આત્માનું કલ્યાણ કેવી રીતે થશે ? એને પોતાનું ભાવિ સુધારવાનો પાઠ ક્યાં મળે ? એક સાચા હિન્દુનો બાળક ગમે તેટલો ભૂખ્યો હોય પણ માંસ ખાવાનો વિચાર સરખો પણ નહિ કરે. ગમે તેટલો તરસ્યો થશે તો દારૂ પીવાનો વિચાર પણ નહિ કરે, તેમ વીતરાગ ભગવાનનો સાચો શ્રાવક પેટમાં ભૂખ લાગે તો જેમાં અનંતા જીવો છે એવા કંદમૂળ ખાવાનો વિચાર સરખો પણ ન કરે. જો સંતાનોમાં આટલા સંસ્કાર આવે તો સમજવું કે એ સાચો ધાર્મિક વારસો મલ્યો છે.

વીતરાગ ભગવાનના શાસનમાં દરેક જીવોને જીવવાનો સરખો હક્ક છે. પોતાની ઈન્દ્રિયતૃપ્તિ માટે બીજા જીવોનો નિરર્થક સંહાર કરવાની કોઈને છૂટ નથી. ધર્મના તત્ત્વને પામેલો, જીવન નિર્વાહ માટે કદાચ હિંસા કરવી પડે તો ય બળતા હૈયે કરે તે પણ એટલી જ કરે કે જે અનિવાર્ય અને ઓછામાં ઓછી હોય. અનંતકાયમાં ભગવાને અનંત જીવો કહ્યા છે તે ક્યાં દેખાય છે ? એવા તર્કવિતર્ક ન કરે. તર્ક વિતર્ક કરનારાઓને પૂછ્યું કે તારા શરીરમાં જીવ ક્યાં દેખાય છે ? તો એ શું કહેશે ? આંધળો માણસ શું એમ કહી શકે કે અહીં કોઈ નથી ? ના ન કહી શકે, એમ કહેવામાં આંધળો માણસ જેમ ભીંત ભૂલે છે, તેમ અનંતકાયમાં જીવો નથી એમ કહેનાર પણ એવી ભૂલ કરે છે. એક સોયના અગ્ર ભાગ પર એક લાખ દીવાનો પ્રકાશ રહી શકે કે નહિ ? (શ્રોતામાંથી અવાજ–રહી શકે) પ્રકાશ મૂર્ત છે કે અમૂર્ત પ્રકાશ મૂર્ત છે. જો મૂર્ત પ્રકાશ રહી શકે તો અમૂર્ત એવા જીવો તેટલા સ્થાનમાં રહી શકે તેમાં આશ્ચર્ય શું ? જેઓ જીભના સ્વાદ માટે અનંતકાયનું ભક્ષણ કરે છે તેવા જીવોને એમાં પાપ રહેલું છે, એ વાત ગમતી નથી. પણ એટલું યાદ રાખજો કે એક વસ્તુ રૂચે કે ન રૂચે તેથી વસ્તુ સ્થિતિમાં તલમાત્ર પણ પરિવર્તન નથી થતું. અજ્ઞાન અને વિષયાસક્ત જીવો ન માને તેથી કંઈ અનંતકાય ભક્ષણનું પાપ નથી લાગતું એમ નથી, પણ લાગે જ છે. જે જીભ ઉપર સંયમ રાખી શકે છે તે બીજી અનેક વસ્તુઓ ઉપર જરૂર સંયમ મેળવી શકે છે. અને જેને જીભ ઉપર સંયમ નથી તે બીજા કોઈ પણ ઉંચા પ્રકારના આત્મિક સંયમ માટે યોગ્ય બની શકતો નથી.

પોતાના સંતાનોને આ જાતનો ધાર્મિક વારસો આપવા પ્રયત્ન કરવો એ સમ્યક્‌-દૃષ્ટિ માતા–પિતાઓનું સાચું કર્તવ્ય છે. આ વારસો આપવાથી પોતાના સંતાનોનું આત્મિક ભવિષ્ય સુધરે છે. માત્ર ધનનો વારસો આપી જવાથી સંતાનો ભવિષ્યમાં સુખી થશે એમ માનવું એ તેમની ખોટી માન્યતા છે. જેના જીવનમાં ધર્મ આવે છે, એવા જીવોને પુણ્ય પાપનું ભાન થાય છે. જો હું સારા કર્મો કરીશ તો સારા ફળ મળશે, ને અશુભ કર્મો કરીશ તો અશુભ ફળ મળશે. એવા જીવોને કર્મ ઉદયમાં આવે ત્યારે એ હસતા મુખે સમભાવે ભોગવી લે છે. ખંધકમુનિએ પૂર્વજન્મમાં કોઠીંબડાની ખાલ ઉતારીને હસતા હસતા જે કર્મ બાંધ્યું, તે ખંધકમુનિના ભવમાં ઉદયમાં આવ્યું. કાયા સારી મળી, રૂપ મળ્યું અને સંસાર છોડી સાધુપણું લીધું તો પણ કર્મ ઉદયમાં આવ્યું અને જીવતા તેમના શરીરની ખાલ ઉતારવામાં આવી. છતાં કર્મ ભોગવતા કેટલો સમભાવ! આવો સમભાવ આપણને રહેવો મુશ્કેલ છે. જો જીવ સમભાવ ન રાખે ને સામી વ્યક્તિ ઉપર વૈર રાખે તો એ વૈરની પરંપરા વધતી જાય. એક વ્યક્તિ ક્ષમા રાખે તો વૈરની પરંપરા અટકી જાય, પણ જો બંને સામસામા કષાય કરે ને મનમાં વૈર રાખે તો એ વૈર ભવોભવ વધતું જાય. ભગવાન દશવૈકાલિક સૂત્રમાં બોલ્યા છે કે **वेराणुबंधाणि महब्भयाणि** ॥ કર્મોના કારણે જન્મોજન્મ મહાભયંકર વેરાનુબંધી વેર ભોગવવા પડે છે.

એક માતાને બે દીકરા હતા. દીકરાઓ મોટા થયા. તેમના લગ્ન થયા ને વહુઓ ઘરમાં આવી. પણ સમય જતાં ભાઈ ભાઈ વચ્ચે ઝઘડા થવા લાગ્યા. પરિણામે બે ભાઈ જુદા થયા. નાનાભાઈની પત્ની શાંત સ્વભાવની હતી. તે ઘણીવાર પોતાના પતિને કહે કે આપણે અહીંથી જશું ત્યારે શું બાંધી જવાના છીએ? શા માટે આપ વૈર રાખો છો? એ વેર જીવને ભવોભવમાં ભોગવવા પડશે. આપ આપના ભાઈની પાસે જાવ. તેમના ચરણોમાં પડો અને કહી દો કે મારી ભૂલ થઈ ગઈ છે. આપ મને માફ કરો. ક્ષમા આપો. જો ક્ષમા નહીં માંગો તો વૈરની પરંપરા ભવોભવ સુધી ઉભી રહેશે. પત્ની રોજ શિખામણ આપે, રોજ સારું સિંચન કરે, તેથી પતિના હૃદયમાં સારી અસર થઈ.

કુદરતે બન્યું એવું કે મોટોભાઈ બિમાર પડયો. કેટલાય લોકો તેની ખબર કાઢવા આવે. નાનાભાઈની પત્ની સરલા કહે, ભાઈ બિમાર પડયા છે, આપણે તેમની ખબર કાઢવા જઈએ. મૃત્યુ કયારે આવશે તેની ખબર નથી. ઘણીવાર સૂતેલો માણસ સૂતો રહી જાય છે.

**જિંદગીના દીપને બુઝાતા વાર નહીં, રૂપના ગુલાબને કરમાતા વાર નહિ.**

યુવાની ખૂબ રંગબહારમાં ખીલી હોય. ૧૦–૧૫ વર્ષે જોઈશું તો તેનું સ્વરૂપ બદલાઈ ગયેલું દેખાશે અથવા યુવાન હોય પણ રોગમાં ઘેરાયો હોય તો પણ રૂપ બદલાઈ જાય છે. સંધ્યા સમયે અજવાળું લાગે છે પણ એ અજવાળું થોડીવારમાં વિલીન થઈ જાય છે. વાદળામાં લાલપીળા એવા રંગબેરંગી રંગ દેખાય છે કે આપણને એમ થાય કે એમાં કોણ રંગ પૂરવા ગયું હશે? પણ થોડીવારમાં તો એ રંગો વિખરાઈ જાય છે. તે રીતે આ જિંદગી રૂપી દિપકને બુઝાતા વાર નહિ લાગે. તો આ જીવનમાં ધૂળસળી

જેવા થઈને જવું છે કે આકડાના ફૂલ જેવી જિંદગી જીવીને જવું છે? ભલે ઓછી જિંદગી જીવાય પણ જીવનની સુવાસ રહી જાય એવું જીવન જીવો. ગુલાબનું ફૂલ પોતે સુગંધ લે છે અને બીજાને સુગંધ આપે છે. ધૂપસળી બળીને બીજાને સુગંધ આપે છે. આપણે આપણું જીવન ગુલાબના ફૂલ જેવું અને ધૂપસળી જેવું મહેકતું બનાવીને જવું છે.

**મોટાભાઈની ક્રૂરતા** :–અહીં મોટોભાઈ બિમાર પડયો છે. નાનોભાઈ અને તેની પત્ની સરલા ભાઈની ખબર કાઢવા જાય છે. બંનેના દિલમાં પવિત્રતા છે ભાઈના મકાનના બારણામાં દાખલ થાય છે. મોટાભાઈનો ખાટલો બારણાની સામે હતો. તેણે નાનાભાઈ અને તેની પત્નીને સામેથી આવતા જોયા. આમ તો તે માંડ બોલી શકતો હતો, પણ નાનાભાઈ અને વહુને આવતા જોઈને તે બોલ્યો, તેમને ન આવવા દેશો. ન આવવા દેશો. મોટાભાઈની પત્ની કહે છે તમારે શું બાંધી જવાનું છે? પણ કષાય શું કરે છે? કષાય એટલે કષ + આય–જેનાથી સંસારનો લાભ થાય તેનું નામ કષાય. મોટાભાઈની કેટલી તીવ્રતમ કષાય! નાનોભાઈ સામેથી ખબર લેવા આવ્યો ત્યારે કહે છે શા માટે આવ્યો? એને કાઢી મૂકો. એને આવવા દેશો નહિ. દૂર કરો. પત્ની કહે છે નાથ! કેટલી જિંદગી જીવવી છે? વાદળાને વીખરાતા વાર નથી. સંધ્યાના રંગોને વિલય થતા વાર નથી, તેમ આ જિંદગીના દિપકને બૂઝાતા વાર નહિ લાગે, માટે વૈર છોડી દો. મોટાભાઈ કહે તું શું સમજે? તું બોલીશ નહિ. દિકરાને કહ્યું તું જા અને તેમને કાઢી મૂક. દિકરો ગયો અને બારણા પાસે જઈને કહ્યું કે કાકા કાકી! તમે અહીં આવવાના અધિકારી નથી. તમે આવશો નહીં.

**નાનાભાઈની પવિત્રતા** :– નાનોભાઈ કહે, ભાઈ! મારે તારા ઘરનું પાણી પીવું નથી. એક કણ પણ ખાવો નથી. હું ધરતી પર બેસીશ પણ નહિ, પણ મારાથી કોઈ ભૂલ થઈ ગઈ હોય ને તેથી એમને મન દુઃખ થયું હોય તો એમની પાસે જઈ મારી ભૂલની મારે માફી માગવી છે. જો હું માફી માંગુ નહિ તો મારો ભાઈ કાયમનું વૈર લઈને જાય. માટે મારે તેમની પાસે ક્ષમા માગવી છે. કાકાના આ શબ્દો સાંભળીને ભત્રીજાનું હૃદય પીગળી ગયું. તેણે તેના પિતા પાસે જઈને કહ્યું. કાકાને આપની પાસે ક્ષમા માગવી છે. માટે ક્ષમા માંગવા આવવા દો. મોટાભાઈ કહે તું એમને કાકા કહીશ નહિ. તેમને અંદર આવવા દઈશ નહિ. અને હું મરી જાઉં ત્યારે મારી નનામીને હાથ પણ અડવા દઈશ નહિ. મારા મરણ પછી તારે સગપણ રાખવાનું નહિ. ને તારા બારણે બોલાવવાના નહિ એવું તું જળ મૂક. જુઓ. જીવ, કેવું ભાતું બાંધીને જાય છે? તેની પત્નીના મનમાં ઘણું દુઃખ થાય છે કે મારા પતિ શું કરી રહ્યા છે? તેમને સમજાવવા છતાં વૈર મૂકતા નથી.

**કષાયના કારણે દુર્ગતિ** :– નાનોભાઈ અને તેની પત્ની તો દૂરથી નમસ્તે કરીને

ચાલ્યા ગયા. છોકરાએ બાપની સમક્ષ પ્રતિજ્ઞા કરી. થોડી વારમાં તો મોટાભાઈનું પ્રાણ-પંખેરૂ ઉડી ગયું. જે કષાય અને વૈરભાવ સાથે લઈને જાય તેને ગતિ પણ તેવી જ મળે ને ? મોટોભાઇ મરીને દુર્ગતિમાં ચાલ્યો ગયો. નાનાભાઈને ખૂબ આઘાત લાગ્યો. તે માથા પછાડતો ભાઈને ઘેર આવ્યો, નનામી પાસે જવા જાય છે ત્યાં ભત્રીજાએ કહ્યું–કાકા ! નનામીને અડશો નહિ. તમે અહીંથી ચાલ્યા જાવ. નાનો ભાઈ તો ચાલ્યો ગયો. દેરાણી તો જેઠાણીની પાસે જઈને બેસી ગઈ. જેઠાણીને પોતાના પતિ મરી ગયાનો જેટલો આઘાત નથી તેટલો આઘાત તે વૈર લઈને ગયા તેનો છે. મારા દિયર-દેરાણી કેટલા સારા છે. જેઠાણી દેરાણીને કહે છે સરલા ! મારો છોકરો ભૂલ કરે, કદાચ અપમાન કરે તો તું તેને ગણકારીશ નહિ. તું મારી છે ને હું તારી છું. દેરાણીના મનમાં થયું કે આજે તો મને મારી મા મળી ગઈ, એવો અપૂર્વ અવસર–આનંદ થયો. દિયર તો દીકરાના કહેવાથી ઘેર ચાલ્યા ગયા પણ દેરાણી અહીં હતી.

**હિતસ્વી માની શિખામણ** :–બધી ક્રિયા પતી ગયા પછી જેઠાણી તેના દીકરાને કહે છે. તું મારા ખોળામાં આળોટયો. મારું દૂધ પીધું તે આજે લજવવા ઉઠયો છું ! આવા દીકરાની મા બનવા કરતાં વાંઝણી રહી હોત તો સારું હતું. બા, બાપુજીને આપેલું વચન પાળવું પડે ને ! દીકરા ! વચન સારા પાળવાના હોય, પણ કોઈનું ખૂન કરજે, કાકાની સાથે વૈર છોડીશ નહિ, આવા ખોટા પાપના વચન પાળવાના ન હોય. તારા પિતાની તો કુબુદ્ધિ થઈ પણ તારી બુદ્ધિ કયાં ગઈ છે ? મને તો એમ થાય છે કે ઝેર પીને મરી જાઉં, તારા બાપનું વચન સારું નથી. કોઈ હિત શિખામણ આપે તો માનવાની, પણ ખોટી શિખામણ તો છોડી દેવાની. જો કાકાની સાથે વૈર રાખીશ તો દુર્ગતિના નોતરા આવવાના. માતાની હિત શિખામણથી પુત્રની દૃષ્ટિ બદલાઈ ગઈ. તેણે કાકાની પાસે જઈને ક્ષમા માગી. પરિણામે વૈરના સ્થાને પ્રેમે સ્થાન જમાવ્યું. જો માતા પવિત્ર હતી તો વૈરનું વિસર્જન કરાવી સ્નેહનું સર્જન કરાવ્યું.

મણિરથ મયણરેહાના મહેલમાં આવ્યો છે ને કહે છે, તું બારણું ખોલ, હું તને રાજરાણી બનાવીશ. મણિરથને મયણરેહા પર રાગ થયો છે. તેને સતીના રૂપ પ્રત્યે રાગ જાગ્યો છે. જ્ઞાની સમજાવે છે કે સંસારના સુખનો રાગ માનવીને બેભાન બનાવે છે. ને પોતાના સ્વરૂપને ભૂલાવે છે. તે દારૂ કરતાં વધુ ભયંકર ને ખતરનાક છે. દારૂ તો આ ભવને બરબાદ કરે છે, પણ સંસારના સુખનો રાગ આ ભવ તથા પરભવને બરબાદ કરે છે. દારૂ પીધેલ માનવી સાનભાન ભૂલી જાય છે, તે પોતાની ચેતના શક્તિ ગુમાવે છે. તેના કરતાં વધુ નુકશાન સુખનો રાગ કરે છે. સુખમાં માનવી અધર્મ, અન્યાય, અનીતિ આચરે છે. આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રને ગૂમાવે છે. સંસારના સુખના રાગમાં લીન બનેલો આત્મા દારૂડીયાની માફક પત્નીને પરાયી માને છે. પરાયીને પત્ની માને છે. તેવાને માર પડે તો ય તે ભાન રહિત બનેલ ગમે ત્યાં આળોટે છે. તેવા સંસારના રાગીને સુખનો નશો ચઢે છે. નશાના કેફમાં તે આત્માને ભૂલી જાય છે. આત્માની બરબાદી કરે

છે. જે આત્મા ઉર્ધ્વગમન માટે સમર્થ છે તેને અધોગતિએ લઇ જાય છે. સુખના રાગ રોગ સમાન છે.

સંસારના સુખનો રાગ માનવીને ભ્રમ ઉત્પન્ન કરે છે. સંસાર સુખના રાગના અતિરેકથી ભય જન્મે છે. ભય માનવને ભવ ભ્રમણ કરાવે છે. વેપારીને ભાવતાલનો ભય હોય છે. માનવી સાત ભય વચ્ચે ભીંસાયેલો છે. કોઈ ને ભૌતિક ભય છે. કોઈ ને વૈચારિક ભય છે. આ બધા ભય કરતાં જો માનવીને પાપનો ભય લાગી જાય તો તેનો બેડો પાર થઈ જાય. પાપનો ભય લાગે તો તે પાપ કરતો અટકી જાય. પાપ કરતાં અટકે તો દુઃખનું આક્રમણ ઢીલું પડે ને સાચા સુખની ઝાંખી થાય. બળભદ્ર નિષ્પાપી હતા. તેઓ જૈનશાસનના અણગાર બન્યા, સંસારના સુખના રાગપ્રત્યે અભાવ થયો. તે અભાવે તેમને અભય બનાવ્યા. તેઓ જંગલમાં સિંહ, વાઘ વચ્ચે અભય રહી શકયા. એટલું જ નહિ પણ સર્વેને અભય બનાવી શકયા. અભય જીવન તે સાધુનું જીવન, તેમને જન્મ મરણનો ભય ન હોય. તેઓ જન્મને મહાભયંકર રોગ સમજી તેમાંથી મુક્ત બનવા સતત પ્રયાસ કરે છે.

સંસારી સુખના રાગનો અતિરેક માનવીને અધઃપતનની ગર્તામાં ફેંકી દે છે. વિષયોના રાગમાં તન, મન અને ધનનું સત્યાનાશ વાળી રહ્યો છે. ને આત્માનું નિકંદન કાઢી રહ્યો છે. ત્યાં વિષયકામનાઓ સ્થાન જમાવે છે. ને તેમાંથી અસંતોષની જ્વાળા ભભૂકે છે ને તેમાં પતંગીયાની જેમ અનેક માનવીઓ બળીને ભસ્મીભૂત બને છે. પોતાની ઇચ્છાઓ ન સંતોષાય તો આપઘાત કરે છે. ઇચ્છાઓ સંતોષાય તો તેને સંનિપાત થાય છે.

**રાગ એ ભયંકર ધરતીકંપ** :–ધરતીકંપ અનેક રીતે વિનાશક છે. ધરતીકંપ થાય ત્યારે પર્વત ત્યાં સમુદ્ર અને સમુદ્ર ત્યાં પર્વતો થઈ જાય છે. માનવીનું હજારો વર્ષોનું સર્જન ધરતીકંપ એક ક્ષણમાં વિસર્જન કરી નાંખે છે. આવા ભયંકર ધરતીકંપ કરતા અતિ ભયંકર, સમર્થ અને શક્તિમાન સંસારના સુખનો રાગ છે. આ રાગનો ધરતીકંપ આત્માની અનંત ભવની કમાણીનો નાશ કરે છે. આવા ધરતીકંપ ન થાય તે માટે સંસારના સુખો પ્રત્યે રાગ વધારશો નહિ. તેને શાંત કરવા માટે તેના પ્રત્યે અભાવ કેળવો. રાગનો અભાવ અભયને જન્મ આપશે. તેથી પાપનો ભય નાબૂદ થશે. પાપનું મૂળ આહાર સંજ્ઞા નાશ થતાં અનાહારી પદની ઝાંખી થશે. તેની ઝંખના જન્મમાંથી મુક્તિ અપાવશે. મહાન રોગ જન્મનું નિવારણ થાય તો આત્મા પરમ જ્યોતિ પરમ પદને પામીને જન્મના મહારોગમાંથી મુક્તિ મેળવશે. માટે જો મુક્તિપદને મેળવવું હોય તો સંસારના રાગનો ત્યાગ કરો.

સંસાર સુખ મેળવવાના રાગમાં પાગલ બનેલો મણિરથ મયણરેહાને મેળવવા મધ-રાતે સતીના મહેલે આવ્યો. સતી તેને ફિટકારી રહી છે. પરાક્રમી બળવાન રાજા વિષય-વાસનાને પોષવા માટે એક સ્ત્રી પાસે આટલું કરગરે ? સજ્જન માણસો કયારે પણ આવી અધમતા ન સેવે. તે શૂર, વીર, ધીર હોય છે. તેવા વીર પુરુષોના નામ ઇતિહાસના પાને અમર બન્યા છે.

શિવાજી જ્યારે રાજસિંહાસને બેસતા ત્યારે તેમની માતા જીજાબાઈ પડદાની પાછળ બેસતા, મારો દીકરો ઉગતી ઉંમરનો છે. એ કદાચ ભૂલ કરે તો તેની ભૂલ સુધારી શકાય, માટે તેનું ધ્યાન રાખવા તે પડદાની પાછળ બેસતા. કેવી પવિત્ર માતા. તે સમયે લશ્કરના માણસો એક કન્યાને લઈને ત્યાં આવ્યા. શિવાજીને કહે છે મહારાજા! અમે શત્રુ રાજા સાથે લડાઈ કરી તેમનું રાજ્ય જીતી લીધું છે, અને આ રૂપરૂપના અંબાર સમાન દેવકન્યા આપને માટે લઈને આવ્યા છીએ. જીજીબાઈ વિચારે છે કે હવે શિવાજી શું કહે છે તે સાંભળું. શિવાજી સિંહાસનેથી ઉભા થયા અને તે બાઈના પગમાં પડયા અને બોલ્યા–હે માતા! તારું રૂપ–સૌંદર્ય અથાગ છે. તારું જીવન આદર્શ છે. શિવાજી જ્યાં માતા શબ્દ બોલ્યા ત્યાં પડદામાં રહેલી જીજીબાઈનું હૈયું નાચી ઉઠયું. ધન્ય છે બેટા તને! આવા સુપાત્ર દીકરાને જન્મ આપી હું ધન્ય બની છું. મારો દીકરો મારું નામ દીપાવશે. આ શિવાજીનું નામ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થયું.

**મણિરથને ધિક્કાર આપતી મયણરેહા** :–મયણરેહાએ તેના જેઠને જોયા. તેના મનમાં ગુસ્સો આવ્યો. જરા પણ ડર રાખ્યા વગર તેમને કહે છે હે દુષ્ટ! તારું આ વર્તન તને સારું લાગે છે? તમે પિતા સમાન છો, અને રાતના તમારા નાનાભાઈના બંગલે આવતા તમને લજ્જા કે શરમ નથી આવતી? પતંગિયું રૂપમાં પાગલ બને છે તેમ તું મારા રૂપમાં પાગલ બન્યો છે. પણ હે અપયશના કામી! તને કોટી કોટી વાર ધિક્કાર છે! જેમ રાજેમતીએ રહનેમિને કહ્યું હતું કે–

**धिरत्थु तेऽजसोकामी, जो तं जीवियकारणा।**
**वन्तं इच्छसि आवेउं, सेयं ते मरणं भवे॥** દશ. અ. ૨. ગા–૭

હે અપયશના કામી! તને ધિક્કાર છે. જો તું અસંયમી જીવન જીવવાને ઇચ્છતો હોય અને વમેલાને ગ્રહણ કરવા તૈયાર થયો હોય તો તારા માટે મરણ વધુ શ્રેયસ્કર છે પણ જીવવું શ્રેષ્ઠ નથી. તેમ અહીં મણિરથને મયણરેહા કહી રહી છે. હે કામાંધ! જો તું તારી કામવાસનાને પોષવા મારા મહેલે આવ્યો છે તો હે અપયશના કામી! તને ધિક્કાર છે. કાગડા કૂતરા જેવા જીવન જીવનાર તને ધિક્કાર છે! વમેલાને ગ્રહણ કરવા તૈયાર થયો છે એવા તને ધિક્કાર છે! વમેલાને કોણ ખાય? કાગડા અને કૂતરા. તેમ તમારા લગ્ન થયા ત્યારે પંચની સાક્ષીએ તમે પ્રતિજ્ઞા કરી હતી કે આપ બધાની સમક્ષ હું જેની સાથે પરણ્યો છું તે મારી પત્ની, અને તે સિવાય જગતની તમામ સ્ત્રીઓ મારે માતા અને બેન સમાન છે, અને હવે તમે મને ઇચ્છો છો? તમને કાંઈ વિચાર નથી આવતો? જો તમે આવું જીવન જીવવા તૈયાર થયા હો તો તમારે માટે જીવન કરતાં મરણ વધુ શ્રેષ્ઠ છે. જેનામાં લજ્જા હોય તે આટલા શબ્દોથી ઠેકાણે આવી જાય, પણ લજ્જા ગઈ ત્યાં બધું ગયું.

મયણરેહા કહે છે તમે અહીંથી દૂર ચાલ્યા જાવ. નહીં તો શોરબકોર કરી લોકોને બોલાવી બધાની સમક્ષ ધિક્કાર આપી ફજેતી કરીશ. પણ આપ રાજા છો. આપના જ

કુળમાં આપના નાનાભાઈ સાથે હું પરણી છું. હું પોતે પણ કુલવંતી છું. જો હું બૂમ પાડી લોકોને ભેગા કરીશ તો તમારી ઇજ્જત જશે અને તમારી આબરૂ પર પાણી ફરી વળશે. મારા માટે શ્વાસ કહું, પ્રાણ કહું કે આધાર કહું, જે કહું તે માત્ર યુગબાહુ આપના નાનાભાઈ છે. બીજું કોઈ નહિ. સીતાને મન રામ તેમ મારે મન યુગબાહુ એક જ. બીજું કોઈ નહિ. મણિરથ વિચારવા લાગ્યો કે અત્યારે આ તો વાઘણની માફક બરાબર વિફરી છે. તે મારા હાથમાં નહિ આવે. ગમે તેમ થશે તો પણ હું તેને મેળવ્યા વગર જંપવાનો નથી, પણ જ્યાં સુધી યુગબાહુ જીવતો હશે ત્યાં સુધી એ મારા હાથમાં નહિ આવે.

**સતી પોતાના રૂપને ધિક્કારે છે** :–મયણરેહા મનમાં વિચારે કરે છે કે મારા જેઠની જો બુદ્ધિ બગડી હોય તો મારી ભ્રમર જેવી આંખ અને ગુલાબી રૂપ એમાં કારણભૂત છે. ધિક્કાર છે મારા રૂપને! સતી પોતાના રૂપને ધિક્કારે છે. રૂપમાં તો ભલભલા જોગીઓ પણ અંજાઈ જાય છે ને પતનના માર્ગે પડવાઇ થાય છે. એક જોગી જંગલમાં રહેતો હતો. તે રોજ ગામમાં ભિક્ષા લેવા માટે આવતો. એક દિવસ તે જે સ્ત્રીને ત્યાં ભિક્ષા લેવા ગયો તે સ્ત્રીની આંખો મૃગલા જેવી હતી, તેમાં તે અંજાઈ ગયો. અને એ કારણે તે વારંવાર ભિક્ષા લેવા માટે આવતો. જ્યારે આવે ત્યારે બોલે "મૈયા ભિક્ષા દો." ઉપરથી બોલે મૈયા પણ અંદરના ભાવ જુદા. આ યોગી ભિક્ષા લેવા રોજ આવવા લાગ્યો એટલે તે બાઈ સમજી ગઈ કે આ યોગી રોજ આવે છે તો કાંઈ કારણ હશે? એક દિવસ બાઈએ પૂછ્યું! અમારું શહેર આટલું મોટું છે. તમને ક્યાંય ભિક્ષા નથી મળતી કે મારે ત્યાં વારે વારે આવવું પડે છે?

**યોગીની દૃષ્ટિ ખોલાવનારી મહાન સતી** :–યોગીએ સત્ય વાત કહી દીધી. હું તારી ભ્રમર જેવી આંખમાં મુગ્ધ બન્યો છું. એટલે તારી આંખોને જોવા માટે હું વારેવારે આવું છું. યોગીની આ વાત સાંભળી તે બાઈએ કહ્યું ઠીક! તમે કાલે વહેલા આવજો, ત્યારે યોગીએ કહ્યું કે રોજ તો હું બોલાવ્યા વિના આવું છું. તો પછી હવે તમે મને બોલાવો તો શા માટે નહિ આવું! બીજા દિવસે તે બાઈએ યોગીના આવતા પહેલાં ધગધગતા સળીયા આંખમાં ભોંકીને પોતાની આંખો બહાર કાઢી દીધી. અને એક પાંદડા પર મૂકી. યોગી આવ્યો ત્યારે તે બાઈએ પોતાના રત્નો તેને આપ્યા ને કહ્યું, કે આપને જે પ્રિય હતું, આપ જેના પર મુગ્ધ થયા છો એવા મારી આંખના રત્ન તમને આપી દઉં છું. તે બાઇએ આંખો કાઢી નાંખી એટલે તેનું ખાલી સ્થાન અને નેત્રો પણ ભયંકર લાગતા હતા. જે વસ્તુ જે સ્થાનમાં હોય તે સ્થાનમાં તે શોભે છે, પણ સ્થાન બદલાઇ જાય તો તે રૂપ સાવ જુદું જ લાગે છે. આંખો કોડા જેવી અને રાક્ષસ જેવી લાગે છે. બાઈની આંખો જોઇ યોગી ધ્રુજી ઉઠ્યો. મને તારી દયા આવે છે. અત્યારે દયા આવી તો પહેલા શરમ ન આવી, કે ભ્રમર જેવી આંખોમાં મોહી ગયો. બાઈની વાતો સાંભળી તે યોગી કહેવા લાગ્યો કે તમે મારા આત્માને પવિત્ર બનાવ્યો છે. આજે

મારાથી મોટો અપરાધ થયો છે. તેમ કહીને તે જંગલમાં ચાલ્યો ગયો, અને નિર્ણય કર્યો કે આજથી કોઈ દિવસ ગામમાં ભિક્ષા લેવા આવીશ નહિ. જંગલમાં જો કોઇ દેનાર મળી જશે તો હું ખાઇ લઇશ, પણ ગામમાં તો જવું જ નથી.

આ રીતે મયણરેહા પણ પોતાની આંખને ધિક્કારે છે કે આ આંખોએ મારા જેઠને પતિત કર્યા છે. હજુ આ સતી સ્ત્રી છે. મણિરથને સમજાવવામાં બાકી નથી રાખી. હજુ શું સમજાવશે તે અવસરે.

**ચરિત્ર:**- શેઠાણી બંને બાલુડા માટે ખાવાનું લેવા ગામમાં ગયા છે. કોઈ ઓળખતું નથી. કોના ઘેર જાઉં ? તે ચાલી જાય છે. ચાલતા ચાલતા અનાજપીઠામાં જાય છે. ત્યાં એક શેઠ પોતાની દુકાનના ઓટલા ઉપર બેઠા છે. તેમણે આ શેઠાણીને જોયા. શેઠાણીનું મુખ જોઇને શેઠ સમજી ગયા કે આ બાઈ પવિત્ર છે. તેના કર્મોદયે તેને ઘેરી લીધી છે, તેથી ગરીબ બની ગઇ છે, પણ તે કોઈ મોટા ઉત્તમ કુળની સ્ત્રી લાગે છે. ભલે શેઠાણીએ દાગીના નથી પહેર્યા. વસ્ત્રો પણ સારા નથી, છતાં જે આત્માઓએ પૂર્વે પુણ્ય કર્યા હોય છે, તેમના તેજ છાના રહેતા નથી. ભલે શેઠની લક્ષ્મી ગઈ પણ તેમના જીવનમાંથી ધર્મ કે સદાચાર નથી ગયા, તેથી તેમનું લલાટ તેજસ્વી દેખાય છે. શેઠે શેઠાણીને બોલાવ્યા. બેન ! અહીં આવ. તું રસ્તામાં શા માટે ઉભી છે ? તારે શું કામ છે ?

બાપુ ! મારે મજુરી જોઈએ છે. અમે દુઃખી છીએ. મારા પતિ અને બે છોકરાઓને ક્ષિપ્રા નદીને કિનારે બેસાડીને આવી છું. અમે કરોડપતિ શ્રીમંત હતા. પાપનો ઉદય થતાં છત્રપતિ રાખપતિ અને કરોડપતિ રોડપતિ બની ગયા. પોતાની બધી વાત કરી. બાળકો બધા ત્યાં બેઠા છે. તેમને ભૂખ લાગી છે. બા ! મને ભૂખ લાગી છે. ખાવાનું આપને ! ખાવાનું આપને, એટલે તેમને માટે મજુરી કરીને જે થોડું ઘણું મળે તે હું લઇ જઇશ ને બાળકોને ખવડાવીશ. શેઠ કહે બેન ! તારા પતિને અને બાળકોને તું અહીંયા બોલાવી લાવ. હું તમને રહેવા માટે મકાન આપીશ. અત્યારે થોડા પૈસા અને અનાજ આપું છું, તે લઈ જા, પછી બધા મારે ત્યાં આવીને રહો. શેઠાણી કહે ના, એમ પૈસા નહિ લઉં. આપ મને કોઈ કામ આપો. હું કામ કરીશ. બેન ! તું શું કામ કરીશ ? વીરા ! વાસણ ઘસીશ, કપડા ધોઇશ. શેઠ વિચાર કરે છે કે બેનના જીવનમાં કેટલી પ્રમાણિકતા છે ! ખાનદાની છે ! વાદળમાં સૂર્ય છૂપો ન રહે તેમ સજ્જન આત્માઓ છૂપા ન રહે.

શેઠ કહે છે બેન ! હું તને જોઉં છું ત્યારે મને જાણે એમ થાય છે કે મારી બહેન ન હોય ! તને જોઈને મારું હૈયું હરખાઈ જાય છે. હું તને કામ નહિ કરવા દઉં.

**ભાઈ હોકર અપની બહેનસે કૈસે કામ કરાય,**
**મૈંને બહન કહા હે તુઝકો લેવો નાજ ઉઠાય ...**

બેન ! મેં તમને જોયા ત્યારે મારા મુખમાંથી બહેન શબ્દ નીકળી ગયો છે, અને ખરેખર મને તારા પ્રત્યે સગી બહેન જેટલું હેત આવે છે. હવે હું ભાઈ થઈને બહેન પાસે કેવી રીતે કામ કરાવું ? હું તને કામ તો નહીં જ કરવા દઉં. છેવટે શેઠના ખૂબ

આગ્રહથી શેઠે જે અનાજ આપ્યું તે લઇ લીધું, ને જ્યાં શેઠ બેઠા હતા ત્યાં આવ્યા. શેઠાણીને આવતા જોયા એટલે બંને બાલુડા તેને વળગી પડ્યા. બા...બા...તું અમારા માટે ખાવાનું લાવી? અમને બહુ ભૂખ લાગી છે. છોકરાઓની કાલીઘેલી ભાષા સાંભળીને માતાનું હૈયું રડી પડે છે! અરરર...કર્મરાજા તમારા ખેલ કોઇ ઓર છે. ગરીબાઇના દુઃખો વેઠે તેને ખબર પડે. **"જ્યાં શ્રીમંતોના હાસ્ય છે ત્યાં ગરીબોની હાય છે."** આજે કેટલો ભીષણ કાળ આવી રહ્યો છે. મોંઘવારીનો તો પાર નથી. બહેનો ગાય છે કે—

**મા પાવા તે ગઢથી ઉતર્યા મા કાળી રે...**

એ મા તો પાવાગઢથી ઉતર્યા છે પણ અત્યારે મોંઘવારી ક્યાંથી ઉતરી છે?

**મા દિલ્હી તે ગઢથી ઉતર્યા મોંઘવારી મા,**
**એ તો પરવર્યા ગુજરાત રે મોંઘવારી મા.**

દિલ્હીના દરબારમાંથી મોંઘવારી આવે છે. આજની રાક્ષસી મોંઘવારીમાં લોકો બિચારા પીસાઇ ગયા છે. શેઠાણીની આજે કફોડી સ્થિતિ આવી ગઇ છે. જેના આંગણે હજારો જીવો પોષાતા હતા તેમને આજે ઘરઘરમાં રોટલા માગવાનો પ્રસંગ આવ્યો. શેઠાણી અનાજ લઈને આવી. બે ઈંટોનો ચૂલો બનાવ્યો. એક માટીનું વાસણ લઈ આવી, લાવેલા અનાજનો પથ્થરથી વાટીને લોટ કર્યો ને થોડું બળતણ લઈ આવી ચૂલો સળગાવી ભડકું બનાવવા મૂક્યું. બાળકો કહે બા! ઝટ ખાવું છે. હા બેટા! હમણા થઈ જશે. બાળકોની સ્થિતિ જોઈને શેઠાણી રડે છે. હે ભગવાન! રોજ મેવા મિષ્ટાન્ન જમનારા, દૂધ પીતા સૂવે ને દૂધ પીતા ઉઠે એવા આ બાળકોને હું કેવી રીતે સાચવી શકીશ? અમે તો મોટા છીએ. દુઃખ વેઠશું, પણ આ બાળકોનું શું! શેઠાણી રડી રહ્યા છે. ચુલા પર ભડકું બની રહ્યું છે. બાળકો તેની સામે મીટ માંડીને બેઠા છે. હવે શું બનશે તે અવસરે.

---

## વ્યાખ્યાન નં.-૧૭

**શ્રાવણ સુદ ૨ ને શનિવાર** **તા. ૧-૮-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અપાર એવા સંસારમાં પરિભ્રમણ કરતાં આ જીવને મહામુસીબતે માનવભવ મળે છે. જ્ઞાની પુરુષોએ સંસારને અપાર કહ્યો છે. અપાર કોને કહેવાય? જે વસ્તુનો ઘણી મુશ્કેલીથી પાર પમાય તે અપાર કહેવાય. સરોવર એ અપાર નથી, કારણ કે સરોવરનો પાર સહેલાઈથી પામી શકાય છે. સરોવરની માફક કાંઈ સાગરનો પાર ન પમાય, તેથી અપાર કહેવામાં આવે છે, પણ સંસાર સાગરની સામે આ સાગર ગાગર જેવો છે. માનો કે તમારે અહીંથી અમેરીકા કે લંડન જવું છે તો સાગર તરવો પડે છે ને? પણ આજના સાધનોથી તે તરી જવાય છે. પણ અનંતકાળ ગયો છતાં હજુ આ સંસાર સાગર તરાયો નથી.

**પાર ન પાયા પર ભવદધિકા કરકે યત્ન અનેક પ્રકાર.**

અનેક પ્રયત્નો કરવા છતાં હજુ જીવ આ સંસારસાગરને પાર પામી શક્યો નથી. તેનું કારણ? પ્રયત્ન ઉલ્ટો કર્યો છે. સાગરની અને સંસાર સાગરની સરખામણી કરતાં જ્ઞાની પુરૂષો બતાવે છે કે સાગરમાં જેમ પાણી ભરેલું હોય છે, તેમ આ સંસાર રૂપી સાગરમાં પણ ચારે બાજુ એકલું દુઃખ રૂપી પાણી ભરેલું છે. સાગરનું પાણી ખારું હોય છે તો આ સંસાર રૂપી સાગરના દુઃખો પણ ક્યાં મીઠા મધુરા છે? સાગરમાં પાણીનો કિનારો દેખાતો નથી તેમ આ સંસાર સાગરમાં દુઃખનો કિનારો ક્યાં દેખાય છે? સાગરમાં પાણી અનંત છે, તેમ સંસાર સાગરમાં દુઃખો અનંત છે. જ્ઞાનીપુરૂષો બોલ્યા છે કે–

**जन्म दुःखं जरा दुखं मृत्यु दुखं च पुनः पुनः ।**
**संसार सागरे दुखं तस्मात् जागृत जागृत ॥**

જન્મના, જરાના અને મૃત્યુના દુઃખો જીવને સંસારમાં વારંવાર આવ્યા કરે છે. જન્મના દુઃખો હાલ યાદ ન હોય પણ અપાર દુઃખો છે. જરાની વેદના તો મારી સામે બેઠેલામાંથી ઘણા અનુભવી રહ્યા છો, અને સામે બેઠેલા બીજા યુવાન ભાઈઓ ભાવિમાં નહીં અનુભવે એવો કોઈ નિયમ નથી.

જરા એ તો મૃત્યુનો અરૂણોદય છે. અર્થાત્ મૃત્યુની આગાહી છે. મરણ ભયંકર છે તો જરા ભયંકર ન હોય? વાઘ ભયંકર છે તો વાઘ આવવાની આગાહી ધ્રુજાવે તો ખરીને? જન્મ–જરા અને મરણ એ સંસારના ભયંકર દુઃખો વારંવાર આવ્યા કરે છે. તત્ત્વદૃષ્ટિએ તો સંસાર ભયંકર અને દુઃખમય છે. એમાં આત્માને સુખ લાગે છે તે છીપને ચાંદી માનવા સમાન છે. છીપ એ વાસ્તવિકમાં ચાંદી ન હોવા છતાં દૂરથી જોનારને તેમાં ચાંદીની ભ્રાન્તિ થાય છે, તેમ સંસારમાં સુખ ન હોવા છતાં બાહ્યદૃષ્ટિથી જોનારને તેમાં ભ્રાન્તિ થાય છે. **ભ્રાન્તિ છે એમાં આત્માની કાંઈ ક્રાન્તિ નથી.**

જ્યાં ભય હોય ત્યાં સુખ કેવું? સંસારમાં તમારા માનેલા એકેક સુખની પાછળ ભય તો ઉભો છે. સંસારી જીવો ભોગમાં સુખ માને છે તો તેની પાછળ રોગના ભય ઉભા છે. જો ધનમાં સુખ માન્યું હોય તો તેની પાછળ ચોર, ડાકુ, રાજા, અગ્નિ વગેરેના ભય ઉભા છે. મને બતાવો તો ખરા કે તમારા માનેલા કયા સુખની પાછળ નિર્ભયતા છે? સર્પને જેમ નોળીયાનો ભય છે. ઉંદરને બિલાડીનો અને જંગલમાં ફરતા મૃગલાઓને શિકારીનો ભય છે, તેમ તમારા માનેલા પ્રત્યેક સુખની પાછળ એક એકનો ભય ઉભો છે. જ્ઞાની આપણને સમજાવે છે કે તમે એક વાત મનમાં નોંધી રાખજો કે વિનાશી વસ્તુ નિર્ભય હોય નહિ. કોઈ કોઈના હાથે એનો નાશ સર્જાયેલો છે. છેવટે કાળ દ્વારા તો સૌનો નાશ થવાનો છે. અવિનાશી એક પોતાનો આત્મા છે. આત્મા અત્યારે તો આ શરીરરૂપી કેદખાનામાં પૂરાયેલ છે, ત્યાં સુધી બધા ભય ઉભા છે. મોક્ષમાં ગયા પછી શરીર નથી, અને ભય પણ નથી. સંસારની ભયંકરતા સાંભળ્યા પછી તમને મનમાં થાય છે ખરું કે ભયંકર સાગર કેમ તરાય? યાદ રાખો. પથ્થરના સહારે નહીં તરાય, પણ

વહાણના સહારે તરાશે, તેમ પાપ એ પથ્થરના સ્થાને છે. અનાદિકાળથી જીવે પાપ રૂપી પથ્થરનો સહારો લીધો છે. એથી જ આ સંસાર રૂપી સાગર નથી તરાતો. તરવા માટે તો વહાણ, પાટીયા નિમિત્ત થઈ શકે. ધર્મ એ તુંબડી અને વહાણ સમાન છે. એનાથી સંસાર સાગર જરૂર તરી શકાય. આ સાગર તરવો હોય તો જીવનમાંથી મહાન પાપો ઓછા કરવા જોઈશે. રોગના જંતુઓથી શરીરને માઠી અસર થાય છે તેમ ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ વગેરે જંતુઓથી આ આત્મા ઉપર પણ માઠી અસર થાય છે. દુનિયામાં જીવો જેટલા રોગના જંતુઓથી બીવે છે તેટલા પાપના જંતુઓથી નથી બીતા, પણ એ પાપ જંતુઓની અસર પરિણામે અતિ ભયંકર હોય છે. સંસાર સાગર તરવો હોય તો આ બધા પાપોનો ત્યાગ કરવો જોઈએ. ધર્મ એ સંસાર સાગરમાં વહાણ સમાન છે, ત્યારે પાપ એ પથ્થર સમાન છે. વહાણથી તરાય છે ને પથ્થરથી ડૂબાય છે.

જેને પાપનો ખટકારો નથી એવો કામવાસનામાં અંધ બનેલો મણિરથ મયણરેહાના મહેલે આવ્યો. તેણે એટલો વિચાર ન કર્યો, કે જગતની દરેક સ્ત્રીઓ તો મારે માતા ને બેન સમાન છે, ને નાના ભાઈની વહુ એ તો મારી દીકરી સમાન છે, એની સામે હું શું બોલી રહ્યો છું? ખરેખર! કામવાસના પર વિજય મેળવવો બહુ મુશ્કેલ છે. એક શ્લોકમાં કહ્યું છે કે—

**जिप्पंति सुहेणंचिय, हरिकरिसप्पाइणो महाकुरा**
**इक्कुच्चिय दुज्जेओ, कामोकयसित्र सुह विरामो ॥**

જંગલી સિંહને પકડીને પિંજરે પૂરી દેવો સહેલ છે. મદાંધ હાથીને દોરડે બાંધી દેવાનું ય સહેલ છે. કાળોતરા નાગને મોરલી વગાડતા નાચવાની ફરજ પાડવી સહેલી છે. અરે! ચુનોનું મહામંત્રી પદ મેળવવું સહેલ છે. અમેરીકાનું પ્રમુખપદ કે ભારતનું વડા-પ્રધાન પદ મેળવવાનું હજુ સસ્તું છે, સેંકડો શિષ્યોનું ગુરૂપદ મેળવવું સહેલ છે. સેંકડો ગ્રંથોને કંઠસ્થ કરવા સહેલ છે. માસ-ખમણને પારણે માસ-ખમણ કરવા સહેલ છે. વકતૃત્વ કળાથી કે પ્રવચન શક્તિથી હજારો શ્રોતાઓના દિલ ડોલાવવાનું કામ સહેલ છે, પણ જેણે ત્યાગીઓના ત્યાગ લૂંટયા, તપસ્વીઓના ઉગ્ર તપને ધૂળમાં મેળવ્યા, જ્ઞાનીઓના જ્ઞાનને ધરતી પર ચત્તાપાટ પછાડયા, બ્રહ્મચારીઓના ઓજ અને તેજના વસ્ત્રાહરણ કર્યા, મોક્ષ માર્ગના યાત્રિકોના તન મનના આંતર વૈભવોને ધોળે દિવસે લૂંટી જતા, વિકરાળ લૂંટારું કામભોગને જીતી લેવો એ તો ભારે મર્દાનગીનું કામ છે. જગતને જીતી જનારા ભૂપો પણ આની સામે ભૂ પીતા થઈ ગયા. ખરેખર! કામભોગ ઉપર વિજય મેળવવો એ મહાન કઠીન છે.

**મયણરેહા મણિરથને શું કહે છે?** : મયણરેહાના રૂપમાં અંધ બનેલો મણિરથ સતીના મહેલે આવ્યો, અને પોતાની દુષ્ટ ભાવના વ્યક્ત કરી. સતીને વિચાર થયો કે હું શોરબકોર કરીને લોકોને જગાડું, પણ પાછો વિચાર આવ્યો, ના ના ...એમ તો નથી કરવું, એમ કરવાથી તો રાજાની ઇજ્જત જશે, પણ તેમને થોડી યોગ્ય શિક્ષા આપવી

જોઈએ. એમ વિચાર કરી મયણરેહા મનને શાંત કરીને મણિરથને કહે છે—ઠીક, તમે પધાર્યા છો. પિતાએ પુત્રીની ખબર લેવી જોઈએ. તમે પ્રજા માટે પિતા સમાન છો, અને આપ મારા જેઠ હોવાના કારણે મારા માટે પણ પિતા સમાન છો. એટલે મારી ખબર લેવી જોઇએ, પણ મધરાતે ખબર પૂછવા ક્યારે જવાય ? જ્યારે માથે કોઈ પણ પ્રકારનું સંકટ કે વિઘ્ન આવ્યું હોય ત્યારે; અત્યારે મારા માથે કોઈ સંકટ કે વિઘ્ન આવ્યું નથી, તો પછી આપને મધરાતે શા માટે આવવું પડ્યું ! હું તો આપની કૃપાથી આનંદમાં છું. તો પછી આપે આ સમયે આવવાની તકલીફ શા માટે લીધી ? કદાચ આપને એ યાદ ન રહ્યું હોય કે, આ સ્થાન કોનું છે, તો હું આપને એ વાત યાદ કરાવી આપું કે હું આપના નાના ભાઈની પત્ની છું, ને આપ મારા જેઠ છો. આ સિવાય મારા પતિ આપને પિતા માને છે. એટલા માટે આપ મારા સસરા પણ છો. આ મહેલમાં હું જ રહું છું.

મણિરથ બોલ્યો કે હું એટલા માટે આ સમયે આવ્યો છું કે, મેં તને પહેલી વાર જે ભેટ મોકલી હતી, તેનો તો તેં સ્વીકાર કર્યો હતો, અને બીજી વાર જ્યારે દાસી સાથે ભેટ મોકલી ત્યારે તેં દાસીને તલવાર બતાવી ડરાવી હતી. દાસી તો એમ સમજી કે મને તલવારથી મારી નાખશે, પણ તારા કાર્યનું મહત્ત્વ હું સમજી ગયો હતો, તારા કાર્યનો આશય એ છે કે તું મને ચાહે છે, પણ દાસીને વચમાં રાખવા ચાહતી નથી, તેથી હું પોતે તને મળવા આવ્યો છું, અને તારી પાસે ફક્ત પ્રેમની ભિક્ષા માગું છું.

મણિરથના આવા વચનો સાંભળતા મયણરેહા ક્રોધથી ભભૂકી ઉઠી, પણ ક્રોધ ઉપર વિજય મેળવીને ધીરેથી કહ્યું. જો રક્ષક જ ભક્ષક બને, વાડ ચિભડાં ગળે તો ફરિયાદ ક્યાં જઈને કરવી ! વિચાર કરો તમારું કર્તવ્ય શું છે ? હું આપને સ્પષ્ટ શબ્દોમાં કહી દઉં છું કે, આપ તો શું પણ કદાચ ઈન્દ્ર આવે તો પણ તેઓ મને શીલથી ડગાવી શકવાના નથી. હું એમને પણ મેલની માફક ઘૃણાસ્પદ અને ત્યાજ્ય માનું છું. માટે હવે તમે તમારા મહેલમાં ચાલ્યા જાવ.

**દાવ ન લાગતા પાછો ફરેલો મણિરથ** :—મયણરેહાના વચન સાંભળી મણિરથના મનમાં થયું કે અત્યારે તો આ કામ પાર પડે તેમ નથી, માટે હવે તો અહીંથી ચાલ્યા જવું એ શ્રેષ્ઠ છે. એમ વિચારી મણિરથ પોતાના મહેલમાં ચાલ્યો ગયો, પણ હૃદયમાં એ જ વિચાર છે કે, હું મયણરેહાને કેવી રીતે પ્રાપ્ત કરું ? કોઈ પણ હિસાબે મયણરેહાને મેળવવી સાચી, તો તેને મેળવવા માટે કયો રસ્તો લેવો ? જ્યાં સુધી યુગબાહુ જીવતો છે, ત્યાં સુધી મયણરેહા મારા હાથમાં નહિ આવે, માટે તેને મારી નાંખીને મયણરેહાને પ્રાપ્ત કરવી જોઈએ. યુગબાહુને દૂર કરવા માટે તો મેં તેને યુદ્ધમાં મોકલ્યો છે, પણ મારો તો ઉદ્દેશ પાર ન પડ્યો, અને જ્યાં સુધી તે જીવિત છે ત્યાં સુધી મારો ઉદ્દેશ પાર નહિ પડે, માટે ભાઈને જીવતો રહેવા દેવો ન જોઈએ.

**યુગબાહુના આગમનથી મણિરથના હૃદયમાં લાગેલી આગ** :—આ બાજુ યુગબાહુ લડાઇમાં ગયો હતો, તે વિજય ડંકા વગાડીને ગામ તરફ આવી રહ્યો છે. મણિરથે

સાંભળ્યું કે યુગબાહુ ઘેર આવી રહ્યો છે. તેથી તેના મનમાં થયું કે જેને ઘરમાંથી યુક્તિ કરીને બહાર કાઢ્યો હતો તે નાગ પાછો આવી રહ્યો છે. નગરની જનતાને ખબર પડી કે યુગબાહુ યુદ્ધમાં વિજય મેળવીને આવી રહ્યો છે તેથી આખું ગામ તેના સ્વાગત માટે ઉમટયું. જો પ્રજા યુગબાહુનું સ્વાગત કરવા જાય તો રાજાએ પણ જવું જોઈએ ને? મણિરથના મનમાં તો વિષ ભર્યું છે, પણ ઉપરથી બધું કરે છે. તેણે યુગબાહુનું ખૂબ વાજતે ગાજતે બહુમાન કર્યું. સત્કાર–સન્માન કર્યું. યુગબાહુને યુદ્ધમાં જતી વખતે મયણરેહાએ કહ્યું હતું, નાથ! આપ યુદ્ધમાં જાવ છો, પણ ધર્મને સાથે રાખશો. યુદ્ધમાં બને ત્યાં સુધી કોઈ જીવોની હિંસા કરશો નહિ, પણ તેને પ્રેમથી જીતશો. સતીના આ વચનને યુગબાહુએ બરાબર હૃદયંગમ કર્યા. તેમને પણ ધર્મ પ્રત્યે શ્રદ્ધા હતી તો તેમને લડાઈ કરવી પડી નહિ ને પ્રેમથી શત્રુઓ ઉપર વિજય મેળવી શકયા. જેને ધર્મ ઉપર શ્રદ્ધા હોય છે તેનો બેડો પાર થાય છે.

દરેક ધર્મોમાં સૌ સૌને પોતાના ભગવાન ઉપર શ્રદ્ધા હોય છે. જેના જીવનમાં શ્રદ્ધા નથી, જે નવતત્ત્વને, પુણ્ય, પાપ, મોક્ષને માનતા નથી તેવા જીવો શું બોલે છે? મોક્ષમાં જઈને શું કરવાનું? ત્યાં મુંબઈના હલવો, ખંભાતની હલવાસન, વડોદરાનો ચેવડો, સૂરતની ઘારી, ભીનમાલના ઘેબર, અમદાવાદનું ફરસાણ મળશે? મુંબઈની ચોપાટીની પાણીપૂરી, ભેળપૂરી ખાવા મળશે? આ બધું ન મળે તો મોક્ષમાં જઈને શું કરવાનું? ત્યાં વાતો નહિ કરવાની, હરવા ફરવાનું નહિ, લગ્ન નહીં, છોકરા નહિ, આલીશાન બિલ્ડીંગ નહિ, બંગલા નહિ. ફરવા માટે ફિયાટ કે ઈમ્પાલા ગાડી નહિ, મુંબઈના હેંગિંગ ગાર્ડન જેવા બાગ નહિ. એરકંડીશન ફલેટ નહિ, તો ત્યાં કરવાનું શું? આવા પાપમાં રક્ત અબૂઝ શ્રદ્ધાહીન જીવો આવું બોલે છે તેને કેવી રીતે સમજાવવા કે મોક્ષના સુખો આવા છે? उवमा न विज्जइ તે સુખોને કોઈ ઉપમા આપી શકાય તેમ નથી.

જ્ઞાની ભગવંતો કહે છે કે સંસારના સર્વ સુખો ભેગા કરીએ તો દેવોના સુખ આગળ એક પાણીના બિંદુ સમાન પણ ન આવે. અસંખ્ય દેવોનું સુખ ભેગું કરીએ તો મોક્ષની પાસે તે સુખ અનંતમા ભાગે પણ નહિ આવે. બીજી રીતે તમને સમજાવું.

ભૂખના દુઃખ વગર ખાવાનો આનંદ આવતો નથી, ગરમીના દુઃખ વગર પંખાનો આનંદ આવતો નથી. તૃષાના દુઃખ વગર પાણી પીવાનો આનંદ આવતો નથી, બહાર ફરવાના કંટાળા વગર ઘરમાં બેસવાનો આનંદ આવતો નથી, તેમ સંસારનું સુખ એ દુઃખનો પ્રતિકાર છે અણુસમજુ જીવો આ વાત સમજી શકતા નથી. આજનો આનંદ મહિનાઓ પછી ભૂલાઈ જવાય છે. સંસારનો આનંદ વાંદરાની જેમ અસ્થિર છે. અસ્થિર માનસવાળા મિત્રનો જેમ વિશ્વાસ ન થાય. અસ્થિર પેઢીનો જેમ વિશ્વાસ ન થાય, તેમ અસ્થિર એવા સંસારના સુખનો વિશ્વાસ કોણ કરે? ગામડામાં વગર ટેલીવિઝને મુંબઈ જોવા મળે તો ગામડામાં રહેનારને કેટલા ગણું સુખ થાય? ભારતમાં બેઠા બેઠા આખી પૃથ્વી ટેલિવિઝન વગર જોવા મળે તો અનહદ આનંદ થાય, તો પૃથ્વી પર બેઠા બેઠા દક્ષિણાવર્ત ભરતક્ષેત્ર, મહાવિદેહ ક્ષેત્ર, બત્રીસ વિજય, અસંખ્યાત દ્વિપો વગેરે જોવા મળે તો આનંદના સુખનો પાર રહે ખરો? વળી દેવલોક, પાંચ અનુત્તર વિમાન, પાંચ

ઇન્દ્રિયોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે તેમજ વર્તમાન કાળ, ભૂતકાળ, ભવિષ્યકાળના બધા પર્યાય-જાણવા મળે તો કેટલો આનંદ ? આના કરતાં લાખો, કરોડો, અબજોના અબજો ગણું સુખ મોક્ષમાં છે. બોલો, આવા મોક્ષના સુખ જોઇએ છે ? તો સૌ પ્રથમ શ્રદ્ધા કરો. શ્રદ્ધાથી માણસના દરેક કાર્ય સફળ થાય છે. શ્રદ્ધા પર વૈષ્ણવ ધર્મની એક વાત યાદ આવે છે.

એક ગામમાં ગરીબ માણસ હતો. પતિ-પત્નિ અને બે બાળકો એમ ચાર માણસનું કુટુંબ હતું. ગરીબાઈ હતી, પણ જીવનમાં ભગવાન પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિ ખૂબ હતી. તેનો એવો જોરદાર ગાઢ પાપકર્મનો ઉદય છે કે બિચારો મજુરી કરવા જાય તો તેને મજૂરી પણ ન મળે ક્યારેક એક ટંક જેટલું માંડ મળતું, પણ કર્મરાજાના ખેલ ઓર છે ! એક વખત એવું બન્યું કે બે દિવસ સુધી બીલકુલ મજૂરી મળી નહિ. હવે ખાય શું ? મા-બાપ તો જેમ તેમ નભાવી શકે, પણ નાના બાલુડા તો ભૂખથી તરફડવા લાગ્યા. બા ! ખાવું છે, ખાવું છે. અમને સખત ભૂખ લાગી છે, એવા પોકારો કરે છે. દીકરાઓના કરૂણ પોકાર સાંભળી મા-બાપનું હૈયું વલોવાઈ જાય છે. અરર....કેવા પાપનો ઉદય કે, આપણે બે બાલુડાને પણ કંઇ આપી શકતા નથી. તેમને આવા ભૂખના દુઃખ વેઠવા પડે છે. ભૂખના કારણે જાણે મરવા પડયા હોય તેવા થઇ ગયા છે.

પત્ની કહે છે નાથ ! તમે રોજ ભગવાનની ભક્તિ કરો છો, માળા ગણો છો. તો ભગવાન આપણને દુઃખમાં કેમ સહાય કરતા નથી ? પતિ કહે-પ્રભુ તો સહાય કરે છે, પણ આપણા પાપ કર્મો એવા છે કે તે ભોગવ્યા વિના છૂટકો નથી. નાથ ! ગમે તેમ કરો પણ શેર જાર તો લઈ આવો. આ ગરીબ માણસ તો પોતાના ગામથી નીકળ્યો. ચાલતા ચાલતા ૨૦ ગાઉ દૂર ગયો. એક મોટા ઝાડ નીચે આસન લગાવીને બેસી ગયો ને ભગવાનને પોકાર કરવા લાગ્યો. જેમ દીકરો બાપની પાસે પોકાર કરે તેમ ભગવાન પાસે કરૂણ સ્વરે પોકાર કરે છે. હે અનાથના નાથ ! ગરીબના બેલી ! અશરણના શરણ ! મારા પાપના ઉદયે ત્રણ-ત્રણ દિવસથી રોટલાના સાંસા પડયા છે. બાળકો ભૂખ્યા મરે છે, છતાં એની પરવા નથી, પણ હું તમને રાત-દિવસ ભજું છું, ભક્તિ કરૂં છું, તો મારી પત્નીની શ્રદ્ધા તૂટી જાય છે કે તમે આટલી પ્રભુભક્તિ કરો છતાં ભગવાન સહાય નથી કરતા ? માટે એની શ્રદ્ધા દૃઢ બનાવવા માટે વધુ નહિ પણ આપ મારી કોથળીમાં એક શેર જાર નાખી જાવ. એમ બોલતા બોલતા તે પ્રભુની ભક્તિમાં એક તાર બની ગયો. આંખ બંધ થઈ ગઇ. પ્રભુના ધ્યાનમાં તે જગતનું ભાન ભૂલી ગયો. ભક્તની પ્રાર્થના ભગવાને સાંભળી અને તેની ઝોળીમાં ચાર શેર જાર નાખી ગયા. આ તો વૈષ્ણવ ધર્મની વાત છે. આ માણસનું ધ્યાન પૂરૂં થયું, ને તેણે આંખ ખોલી, તો તેની ઝોળીમાં એક શેરને બદલે ચાર શેર જાર હતી. તેના મનમાં આનંદનો પાર ન રહ્યો.

**ગરીબીમાં અમીરી :** આ માણસ બિચારો જાર લઈને જાય છે. રસ્તામાં એક બ્રાહ્મણ મળ્યો. તે આ ભાઈને કહે ભાઈ ! મને કંઈક આપને. મારી પાસે કંઈ નથી,

મારે ચાર છોકરા છે. તે ભૂખ્યાં ટળવળે છે. ભાઈએ કહ્યું ભાઈ! હું તારા જેવો જ છું. મારે ઘેર બાળકો બબ્બે દિવસથી ભૂખ્યા સૂતા છે. મારી પાસે આટલી જાર છે. એ સિવાય બીજું કાંઇ નથી. આમાંથી હું તને શું આપું? બ્રાહ્મણ આ ભાઇના પગમાં પડીને રડી પડયો. રડતા રડતા કરગરતો કહે છે ભાઈ! તારા છોકરા બે દિવસથી ભૂખ્યા છે તો મારા છોકરા ત્રણ દિવસથી ભૂખ્યા છે. ભૂખ નહીં વેઠી શકવાથી બેભાન થઇ ગયા છે, માટે અમને થોડું આપ. આ ગરીબ માણસને બ્રાહ્મણની વાત સાંભળીને તેની ખૂબ દયા આવી, અને પોતાની પાસે હતી તેટલી બધી જાર આપી દીધી. હું તમને પૂછું છું કે તમારે આવું બને તો તમે શું કરો? બધું આપી દો કે થોડું રાખો? (શ્રોતામાંથી અવાજ—અમે તો આપીએ નહિ.) આ માણસને ગરીબની દયા આવવાથી છોકરાઓ ભૂખ્યા છે, એમનું શું થશે તે વિચાર સરખો પણ ન કર્યો.

ભાઇ સાહેબ તો ખભે ખાલી કોથળો નાંખીને ઘેર આવ્યા. પત્ની પૂછે છે, શું લાવ્યા? ઘણું લાવ્યો છું. સ્ત્રી વિચારે છે કે કાંઈ દેખાતું તો નથી. આજે આપણે ભૂખ્યા હોવા છતાં બીજાને શુદ્ધ ભાવે આપીને આવ્યો છું. બધી વાત કરી. ઘણી પુણ્ય-કમાણી કરીને આવ્યો છું. પત્ની કહે—આપની વાત સાચી, પણ આપના બાળકો સામું તો જુઓ. આપ્યું તો ભલે આપ્યું પણ બાળકો માટે અડધું તો રાખવું હતું ને, પતિ કહે—તું ચિંતા ન કરીશ. ભગવાન પ્રત્યે શ્રદ્ધા રાખ. વિશ્વાસ રાખ. રડીશ નહિ. દુઃખના દિવસો કાલે પૂરા થઈ જશે. આ રીતે વાતો કરે છે, ત્યાં એક સજ્જન માણસ નીકળ્યો. પત્નીને અને બાળકોને રડતા જોઈને પૂછે છે ભાઈ! આપ કેમ રડો છો? સ્ત્રીએ બધી વાત કરી. તે સજ્જન માણસ કહે, આપ રડશો નહિ. હું તારા પતિને મારે ત્યાં નોકરી રાખી લઉં છું. તે સજ્જન શેઠ તે ગરીબ માણસને પોતાની સાથે લઈ ગયા. આ કહે છે શેઠ! આજે મને નોકરી કરતાં આપ વધુ કામ સોંપજો. એ તો ચાર પાંચ કોથળા નાખી આવ્યો. તેમાંથી અડધો શેર અનાજ મળ્યું. બધાએ ભડકું બનાવીને ખાધું, પછી તો આ ભાઈ નોકરી કરે છે અને સુખપૂર્વક જીવનનિર્વાહ ચલાવે છે. જુઓ! તેના જીવનમાં શ્રદ્ધા હતી તો તેનું દુઃખ દૂર થયું. આ તો તમારા સંસારની વાત છે. તેમ અહીં જેને શ્રદ્ધા હોય છે, વિશ્વાસ હોય છે, તે અંતે મોક્ષના પદને પામી શકે છે. બા. બ્ર. પૂ. સુજાતાબાઈ મહાસતીજીને આજે ૨૭ મો ઉપવાસ છે. આપ બધા તપમાં ઝુકી જાવ એ જ ભાવના.

(આજે ખંભાત સંપ્રદાયના સ્વ. આચાર્ય સિદ્ધાંત મહોદધિ પૂ. શ્રી હરખચંદ્રજી મહારાજ સાહેબની પુણ્યતીથિ હોવાથી પૂ. મહાસતીજીએ પૂ. ગુરૂદેવના ઓજસ્વી, તેજસ્વી, પ્રભાવશાળી અને આત્માર્થી જીવન પર સુંદર પ્રકાશ પાડયો હતો.)

---

## વ્યાખ્યાન નં.-૧૮

**શ્રાવણ સુદ ૩ ને રવીવાર** તા. ૬-૮-૮૧

### "રાગના બંધન તોડો, મુક્તિને મેળવો"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! રાગદ્વેષના વિજેતા અનંતજ્ઞાની મહાપુરૂષો ફરમાવે છે કે આ જીવ યુગયુગથી ચોરાશીના ચક્કરમાં ફરતો સુખની કલ્પના કરીને સુખની ભ્રાન્તિના કારણે ભટકયા કરે છે. છતાં તેમાં તેને સાચું સુખ મળતું નથી, પણ પરિણામે દુઃખ અને બંધનરૂપ થનારા ઇન્દ્રિયોના સુખને તેઓ સાચું સુખ માની લે છે. અને પછી વારંવાર પસ્તાય છે. આ જીભને અવનવા સ્વાદો ગમે, આંખને સારા મનોહર રૂપ ગમે, કાનને મીઠા મધુરા સ્વર સાંભળવા ગમે, નાકને મીઠી સુગંધ ગમે અને ચામડીને મુલાયમ સ્પર્શ ગમે. આ રીતે પાંચે ઇન્દ્રિયોના વિષયો પાછળ આખી દુનિયા ગાંડી છે.

સુખની ઘેલછા અને ભ્રમણામાં લોકો રોગ, ચિંતા અને શોકને સામેથી નોતરે છે. તેમને ખબર નથી કે આ બધું ખાંડ ચોપડેલ ઝેર છે. તે સુખ મેળવતા આત્માનું અનંત સુખ ઢંકાઈ જાય છે, માટે ઇચ્છાઓ, કામનાઓ, આવશ્યકતાઓ વધારવાથી સુખ મળે છે, એ ભ્રાન્તિ ભાંગ્યે જ છૂટકો છે. આ જગતમાં નિત્ય શું અને અનિત્ય શું? સાર શું ને અસાર શું? સત્ય શું ને અસત્ય શું? એનો વિવેક જાગે તો ઇન્દ્રિયોની લોલુપતા અને મનની મોહ જાળ તરત તૂટી જાય અને જે પરમ દુઃખરૂપ છે તેને સુખરૂપ માની લેવાનું અજ્ઞાન આપોઆપ ટળી જાય. આ વિવેક દૃષ્ટિ તે આત્મજ્ઞાનની ચાવી છે. તેનાથી અજ્ઞાનનો ગમે તેવો અંધકાર પણ હટી જાય છે. આ વિવેકદૃષ્ટિ સમજવાની, ગ્રહણ કરવાની, ધારણ કરવાની, હૃદયગત કરવાની તીવ્ર તમન્ના જોઇએ. તીવ્રતા વગર કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ નથી. પરની પીંજણમાં આત્માએ પોતાનું જ્ઞાન ગુમાવી દીધું છે. ચોરાશીની ઘટમાળમાં પડી ભવ વધાર્યા છે. પરમાં સુખ બુદ્ધિ એ મોટામાં મોટું મિથ્યાત્વ છે. પરમાં સુખ એટલે દુઃખનું મૂળ અને આત્મામાં સુખ એટલે સાચું સુખ. એક શ્લોકમાં કહ્યું છે કે—

> **आशायां परमं दुःखं, नैराश्यं परम सुखम् ।**
> **सर्वं परवशं दुःखं, सर्वं आत्मवशं सुखम् ॥**

પરની આશા એટલે પરમ દુઃખ, આશા તૃષ્ણાનો નાશ એટલે સાચા સુખનો ઉદય. મનુષ્યના સુખનો આધાર જ્યાં સુધી પર વ્યક્તિ, પર વસ્તુ હોય ત્યાં સુધી એ પરવશ રહેવાનો અને પરવશને કદી સ્વ આત્માનો આનંદ પ્રાપ્ત ન થાય. જેટલું આત્મવશ સ્વાધીન એટલું સુખ. જે મનુષ્ય પોતાના આત્મામાં સ્થિત થાય છે, એ જ ખરી રીતે સ્વસ્થ એટલે કે સંપૂર્ણ તંદુરસ્ત છે. સ્વ તરફ દૃષ્ટિ કરતાં સ્વયંભૂ આનંદ પ્રગટે છે. એ આનંદ બીજી કોઈ ચીજ પર આધાર રાખતો નથી, એટલે એ અનંત અને અવિનાશી છે.

આત્મા અનંત સુખનો સાગર છે, છતાં આપણને તે સુખ કેમ દેખાતું નથી?

કારણ કે આત્મા તરફ આપણે દૃષ્ટિ કરી નથી. આ જગતના અનેક પદાર્થો પર ભમતી આંખને આપણે આત્મા તરફ વાળી નથી. આપણા પોતાના સ્વરૂપને આપણે જોયું નથી. પિછાણ્યું નથી. પારખ્યું નથી. શરીરને શણગાર્યું, એના મૂલ્યાંકન કર્યા પણ હજુ આત્માનું મૂલ્ય કર્યું નથી. હું તમને પૂછું કે ઝવેરીના મૂલ્ય વધારે કે હીરાના મૂલ્ય વધારે ? કહેશો કે હીરાના મૂલ્ય વધારે. ( શ્રોતામાંથી જવાબ-હા, હીરાના ) વિચારીને બોલો તો ખ્યાલ આવશે કે હીરો સામો પડયો છે પણ એને ઓળખાવનાર તો ઝવેરી છે. જો ઝવેરી ન હોય તો હીરાની ઓળખાણ કયાંથી થાય ? માટે હીરા કરતાં ઝવેરીના મૂલ્ય વધારે છે. આ વાતને આપણે આત્મા પર ઘટાવીએ. દેહના મૂલ્ય વધારે કે આત્માના મૂલ્ય વધારે ? (શ્રોતામાંથી અવાજ-આત્માના) શરીર પર ગમે તેટલો પ્રેમ હોય પણ દેહ રૂપી દેવળમાંથી આત્મા ઉડી જાય પછી આ શરીરને કોઈ ઘરમાં રાખે છે ? ના. માટે આત્માના મૂલ્ય વધારે. આત્મામાં કયા આત્માના મૂલ્ય વધારે ? જે આત્મા પોતાના સ્વભાવમાં રમણતા કરતા હોય. તેને સવારમાં ઉઠીને વિચાર આવે છે કે હું કોણ ? મારું સ્વરૂપ શું ? હું કયાંથી આવ્યો છું ને કયાં જવાનો છું ? આવા વિચાર તો કોઈક આત્માને આવતા હશે. બાકી તો સંસારના જીવોને પૈસા કેમ મેળવું ? કયા વેપારીને મળવું છે ? ઇત્યાદિ સંસારના વિચારો આવતા હોય છે.

**સ્વરૂપનું સરોવર ભૂલી વિભાવ વહેણે તણાયો.**

જીવ સ્વરૂપને ભૂલીને વિભાવના વહેણમાં તણાઈ ગયો ને પોતાના આત્માને ભૂલી ગયો છે. આ દુનિયામાં અનેક માણસોનો પરિચય કર્યો પણ જેનો પરિચય કરવો જોઇએ એવા આત્માનો પરિચય આપણે કર્યો નથી, પછી આત્માની મહત્તા પ્રગટે કયાંથી ? આપણી ગાડી ઉંધે પાટે ચઢી ગઈ છે. ક્ષણિક સુખના ભાંગેલા પુલ ઉપરથી પસાર થવા પૂરપાટ દોડી રહ્યા છીએ. પછી શાંતિનું સ્ટેશન આવે શી રીતે ? એ તો નીચે ઉંડી નદી કે સમુદ્રમાં જ પડવાનું આવે ને ? એક સાચી સમજણથી, સાચી તત્ત્વ જિજ્ઞાસાથી, સાચા સમકિતથી આત્માના સુખના દ્વાર ઉઘડી જાય, અને સમ્યકત્વ સાથે વિરતી ધર્મને પ્રાપ્ત કરે તો જરૂર મોક્ષના સુખ મેળવે. મારા આત્મામાં અનંત સુખનો સાગર છે. પરમાં મને કયારે પણ સુખ મળવાનું નથી. આ સત્યનું રટણ કરો તો સંસારનો અને દુઃખનો અંત આવશે. આત્માને આવી સમજણ મેળવવાની અને કર્મને ઓળખીને તેનાથી પાછા હઠવાની જિજ્ઞાસા જાગે તો સમજવું કે આત્માના પુણ્યનો ઉદય છે. અજ્ઞાન રૂપી અંધકારમાં ઘણાનો આત્મા રૂપી સૂર્ય ડુબી રહ્યો છે. પોતાના પ્રકાશને, પોતાની પરમ શક્તિને અને પોતાના પરમ આનંદને ન પિછાણે, પછી શું થાય ?

**જીવનની સાચી સાધના કયારે ?** :-મનુષ્ય જન્મની સાર્થકતા શું છે ? અજન્મ દશા પ્રાપ્ત કરવાની એટલે જન્મ મરણના ફેરામાંથી છૂટી જવામાં સાર્થકતા છે. જન્મ છે તેનું મરણ તો નિશ્ચિત છે, પણ મરણ બાદ જન્મને અટકાવી દેવો એ તો આપણા હાથની વાત છે. મરણ કયારે બાજ પક્ષીની જેમ તૂટી પડશે તે કોઈ કહી શકતું નથી,

માટે આ મળેલી અમૂલ્ય જિંદગીમાં ચેતી જઈને આત્મખોજને પંથે પગલા માંડવા જોઈએ. આત્મ ધર્મને ઓળખીશું તો જન્મ-મૃત્યુનો અંધકાર ટાળી દેતી આત્મપ્રભા ઝળહળી ઉઠશે. કહ્યું છે કે—

**ક્ષણભંગુર છે દેહ, વૈભવો નથી સર્વદા,**
**માથે મોત ખડું નિત્યે, તે જાણી ધર્મ આચરો.**

આ શરીર ક્ષણભંગુર છે. તે કાયમ સાથે રહી શકતું નથી, કારણ કે તે પર છે. આપણા પોતાના શરીરની જેમ સ્વજનોના શરીર પણ આંખના પલકારામાં માટીમાં મળી જતા હોય છે. પોતાના માનીને જેટલા વળગીશું એટલા વજાઘાત ખમવા પડશે. ધન-વૈભવ પણ આકડાના રૂની જેમ ઉડી જાય છે, માટે સ્વજન કે સંપત્તિના મિલનમાં હર્ષ પામવો અને વિયોગમાં શોક કરવો નકામો છે. પર પદાર્થમાં, પર વ્યક્તિમાં સુખબુદ્ધિ-આ ખોટી માન્યતાથી જીવ સંસારમાં ભ્રમણ કરી રહ્યો છે, તેથી અનંતા જન્મ-મરણ કરવા પડયા છે. તે ખોટી માન્યતા છોડવા માટે આ મનુષ્ય જન્મની મહત્તા છે. આ ચિંતામણી જેવો અમૂલ્ય માનવ જન્મ હું મિથ્યા સુખની આશામાં હવે ગુમાવી નહિ દઉં. અંતરમાં આવો સુદૃઢ સંકલ્પ કરવો જોઈએ અને આ સનાતન સૂત્ર યાદ રાખવું કે સુખ પરમાં નથી. પાંચ ઇન્દ્રિયોના ભોગવટામાં નથી. સગાવહાલા, સ્નેહી-મિત્રો, મોટાઈ કે સત્તામાં નથી. અજ્ઞાની જીવો એને સુખ માની ધૂમાડાના બાચકા ભરે છે. મૃગજળની પાછળ આંધળી દોટ મૂકે છે. મૃગજળથી કયારે પણ તૃષા છીપાવાની છે? ના. છતાં અજ્ઞાની જીવો પરમાંથી સુખ મેળવવા ફાંફા મારે છે, તેનું આખરે પરિણામ શું? અંતે થાકીને પાછા પડવાનું. મનના આ મૃગલાને ખબર નથી કે જે સુખની આશામાં ને આશામાં એ ફરે છે, પણ તે સુખ તો તેની અંદર છે.

શાસ્ત્રો પોકારીને કહે છે અરે! મૂર્ખ જીવ! અનંત સુખ તારા આત્મામાં છે. સુખની શોધમાં બહાર ભટકવું તું બંધ કર. તારી અંદર રહેલા સુખના ભંડારને તું મેળવ. એ ભંડાર કેવી રીતે મળે? ભેદ જ્ઞાનથી અજ્ઞાનને દૂર કર. ભેદજ્ઞાન એટલે શું? સ્વ અને પરની વહેંચણી. આત્માના ગુણો જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, સુખ, વીર્ય છે, અને પુદ્ગલના લક્ષણ વર્ણ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ છે. પુદ્ગલમાં સુખ નથી છતાં જીવ માને છે કે પુદ્ગલ એ સુખનું ધામ છે.

આ ખોટી માન્યતાથી જીવ સંસારમાં રખડે છે. એ વાત તો નિશ્ચિત છે કે અશુભ કર્મનો ઉદય હોય તો દુઃખ-અશાંતિ રહે પણ દુઃખના સમયમાં ધૈર્યતા, સમતા વગેરે જાળવી રાખીએ તો સમય પૂરો થતાં આ કર્મો ચાલ્યા જાય. કર્મને આપણા કર્યા ન માનીએ તો રાગદ્વેષ થાય અને કર્મબંધન વધુ થાય. કર્મબંધન વધતા સંસાર વધે. આ સનાતન સત્ય જો જીવને બરાબર સમજાઈ જાય તો કોઈ તરફથી સુખ મળતાં જીવને રાગ ન થાય, અને કોઈ તરફથી દુઃખ થાય તો તેના પ્રત્યે દ્વેષ ન થાય. આમ થવાથી રાગદ્વેષની સાંકળમાંથી તે મુક્ત થઈ જશે.

**આત્મચિંતન કરો** :-હંમેશા રાત્રે સૂતા પહેલાં આત્મવિચાર કરવો કે હું કોણ

છું ? બંધન શું છે ? કર્મબંધનથી સર્વથા મુક્ત થતા હું સિદ્ધ ભગવંત જેવો છું. હજુ આત્માની ઓળખ કરી નથી. એનો પરિચય સાધ્યો નથી. આત્મા તરફ દૃષ્ટિ કરી નથી. એટલે આત્માનું સુખ રિસાઈ ગયું છે. રાગ અને દ્વેષ એ બે બંધન છે. તે બંધનનું કારણ આત્માની અજ્ઞાન દશા અને અસત્ આચરણ છે. અજ્ઞાન જાય તો મિથ્યાત્વનું બંધન જાય, પછી અનુક્રમે અવિરતિ, કષાય અને યોગનું બંધન જાય. પરમાં સુખ માન્યું એ જ મોટું અજ્ઞાન છે. તેના કારણે આ સંસારનું વિષચક્ર ચાલુ થયું છે. આ જીવની દશા કેવી થઈ છે ? આ જીવે પર સાથેનો વેપાર વધાર્યો પણ આત્માના અવિનાશી સ્વરૂપનો ભાવ ન પૂછ્યો એટલે તો સુખનું દેવાળું કાઢી રડવાનો વખત આવ્યો. જ્ઞાની આત્માને કદીય સંસારના સંબંધો ચાલુ રાખવા પડે તો ય એનો રસ તો માત્ર આત્મામાં હોય છે. જે આત્માને ભૂલ્યો તે અધોગતિને પામ્યો. આત્માનું વિસ્મરણ એટલે ભાવમરણ. જે સમયે સમયે થાય છે, માટે હવે સંસારનું વિસ્મરણ કરો ને આત્માનું સ્મરણ કરો; પણ વિભાવના વંટોળે અથડાતો જીવ સંસારનું સ્મરણ કરે છે ને આત્માને ભૂલી જાય છે

ભગવાનના શ્રાવકો કેવા હોય ? હંસ જેવા. હંસ, ગમે તેટલો ભૂખ્યો હશે પણ એને તો મોતીનો ચારો મળે તો ચરે. બાકી મરી જાય કબૂલ પણ ગોબરમાં મોઢું નાંખવા ન જાય. સિંહ ત્રણ દિવસનો ભૂખ્યો હોય, કડકડતી ભૂખ લાગી હોય છતાં ઘાસમાં મોઢું નાખવા નહિ જાય, તેમ ભગવાનના શ્રાવકો કેવા હોય ? કસોટી આવે તો મૃત્યુને ભેટે પણ વીતરાગના માર્ગથી ચલિત ન થાય. શ્રાવકોનું જીવન કેવું હોવું જોઈએ ? જૈનકુળમાં જન્મ તો ઘણી વાર થયો પણ જૈનત્વની ઝાંખી થઈ છે ? તમારું જૈનત્વ પ્રકાશ્યું છે ? જેનામાં જૈનત્વની જ્યોતિ પ્રગટી છે એવા શ્રાવકની દૃઢતા કેટલી હોય ? દુનિયામાં એક દિવસ મોડું વહેલું સૌને જવાનું છે. મૃત્યુ આવે તો ભલે પણ મારા ધર્મને તો નહિ છોડું. મારા ભગવાનના શ્રાવકો દરરોજ સવારમાં ત્રણ મનોરથ ચિંતવે. અહીં બેઠેલામાંથી કેટલા ચિંતવો છો ? ત્રણ મનોરથમાં એક મનોરથ એવો પણ છે કે હું સર્વથા આરંભ પરિગ્રહનો ત્યાગ કરી પંચમહાવ્રતધારી સાધુ ક્યારે બનીશ ? યાદ રાખજો, ત્રણ કાળમાં સંયમ વિના સિદ્ધિ નથી. ચક્રવર્તીની રિદ્ધિનું વર્ણન શાસ્ત્રમાં આવે છે. ભગવાન પાસે પ્રશ્ન થયો કે ચક્રવર્તીપણું જીવને કેટલીવાર આવે ? આ પૃચ્છા પાંચ પચ્ચીસ ભવ આશ્રી નથી પણ આખા સંસારકાળ આશ્રી છે. એક જીવ આજે ચક્રી થયો પછી ફરી વખત પણ ચક્રી થઈ શકે છે, પણ તેમાં અમુક કાળ જવો જોઈએ, કેટલો કાળ જાય ? ઓછામાં ઓછા સાગરોપમથી થોડો વધારે અને વધારેમાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્તનકાળમાં થોડોક ઓછો કાળ. તમે પ્રશ્ન કરશો કે કેવી રીતે ? તો ભગવંત ફરમાવે છે કે કોઈ પણ ચક્રી સંસારમાં જ રહીને કાળધર્મ પામે, તો માનો કે તેઓ પહેલી નરકે ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ સાગરની સ્થિતિએ ઉત્પન્ન થયા. નરકની સ્થિતિ પૂરી કરીને તે જીવ ફરી બીજી વખત ચક્રી થઈ શકે છે. હવે અહીં એક સાગરથી થોડો વધારે કાળ કહેવાનું કારણ એ છે કે ચક્ર રત્નની પ્રાપ્તિ થયા પછી જ તે જીવ ચક્રી કહેવાય છે.

ચક્રની પ્રાપ્તિ થતાં થોડો ઓછો કાળ વ્યતીત થઈ જાય છે. તે કારણથી જઘન્ય અંતર-કાળ એક સાગરથી થોડો અધિક કહેલ છે. હવે ઉત્કૃષ્ટ કાળ જોઈએ. સમકિતી થયા પછી કોઈ પણ જીવ અર્ધપુદ્ગલ પરાવર્તનથી વધારે કાળ સંસારમાં રહે જ નહિ. તેથી થોડો દેશોનદેશ થોડા ઓછા કાળમાં તે જીવનો મોક્ષ થઈ જવો જ જોઈએ. જો કોઈ જીવ પોતાના છેલ્લા ભવમાં ફરી ચક્રી થઈ જાય તો એ વખતે પહેલી વખતના ચક્રીના ભવ અને આ ભવ વચ્ચે ઉત્કૃષ્ટ કાળનું અંતર પડી જાય. આખા સંસાર કાળમાં ચક્રવર્તીપણું વધુમાં વધુ બે વખત આવે તો પણ ચક્રવર્તી છ ખંડની સમૃદ્ધિને ઠોકર મારી સાધુપણું સ્વીકારે છે. તમને સંયમ લેવાનું કહીએ ત્યારે તમે કહો કે અમે એક પગલું ચાલ્યા નથી. વિહાર કેવી રીતે થાય? ચક્રવર્તી બહાર નીકળે ત્યારે તડકો હોય ત્યાં માથે છત્ર થઈ જાય. ગુફાના દરવાજા બંધ હોય તો ખુલી જાય. નદીમાં કે સમુદ્રમાં પાણી હોય તો ત્યાં વચ્ચે માર્ગ થઈ જાય. આટલું સુખ હોવા છતાં તેમને લાગ્યું કે—

**खणमित्तसोक्खा बहुकाल दुक्खा, पगाम दुक्खा अणिगाम सोक्खा।**
**संसार मोक्खस्स विपक्खभूया, खाणी अणत्थाण उ कामभोगा॥**

આ કામભોગ ક્ષણિક સુખ આપે છે, અને લાંબા કાળ સુધી દુઃખ આપે છે. વધુ દુઃખ અને થોડું સુખ આપે છે. સંસારથી મુક્ત થવામાં વિઘ્નરૂપ છે. અનર્થોની ખાણ છે.

આ સંસાર અનર્થની ખાણ છે, દુઃખનો ડુંગર છે, છતાં જીવો કેમ છોડી શકતા નથી. સંસાર પ્રત્યે રાગ છે. મહાપુરૂષો કહે છે કે રે રાગ! તારા પાપે! આત્માને માટે રાગ જેવું બીજું કોઈ ભયંકર પાપ નથી અને રાગ જેવું કોઈ દુઃખ નથી. દુઃખ આવે ત્યારે માણસ દુઃખી થાય છે. રાગની વસ્તુ સામે આવ્યા પછી તે વસ્તુની ઝંખના જાગે છે, અને ઝંખેલી વસ્તુ મળે નહિ તો માણસનું કાળજું ચિંતાથી શેકાઈ જાય છે. રાગની વસ્તુ મળ્યા પછી માણસ બાવરો બની જાય છે, અને તે સમયે આજુ-બાજુમાં શું થાય છે તે બાબતની વાત પણ ભૂલી જાય છે. રાગની વસ્તુ આવ્યા પછી તે ચાલી ન જાય અથવા તેનો વિયોગ ન થાય તે માટે માણસ સદા ચિંતાગ્રસ્ત રહે છે, અને તે વસ્તુના રક્ષણ માટે જરૂર પડે તો ડાઘિયા કૂતરા કે ચોકીદારો રાખીને જે પોતાના રાગની આડે આવે તેઓને ઠાર કરવાનું કે કૂતરા દ્વારા ઈજા પહોંચાડવાનું જાણે અજાણે તે ઈચ્છી રહ્યો છે. રાગ એ રામને ભૂલાવે છે. તુલસીદાસે કહ્યું છે કે—

**જહાં રામ તહાં કામ નહીં, જહાં કામ તહાં નહીં રામ.**

સંસારના સુખના રાગનો રાગ હોય ત્યાં રામ રહે નહિ. રાગ બહુ બૂરી ચીજ છે. અગ્નિની આગમાંથી બચી શકાય છે પણ રાગની આગમાંથી બચી શકાતું નથી. જૈન-દર્શનમાં તો રાગની ઘણી વાતો કરી છે, પણ અન્યદર્શનમાં પણ રાગની વાત બતાવી છે.

**કૃષ્ણ પ્રત્યેની ભક્તિ**:–એક ગામમાં એક ખેડૂત રહેતો હતો. તે ખેતર ખેડતો હતો. તેને કૃષ્ણની લગની ખૂબ હતી. તે ખાતા, પીતા, ખેતર ખેડતા પણ કૃષ્ણની ભક્તિ કર્યા કરતો. નવરાશનો સમય મળે ત્યારે તે ભજનકીર્તન કરવાનું ચૂકતો નહીં. "શ્રી

કૃષ્ણ શરણું મમ" હે કૃષ્ણ ભગવાન! મને તમારું શરણું હોજો. આ પદની ધૂનમાં ખૂબ એકાકાર થઈ જતો. દિવસે દિવસે તેની ભક્તિ વિશેષ ને વિશેષ વધતી જતી હતી. એક વાર એવું બન્યું કે ખેડૂતની ભક્તિની પ્રશંસા ઠેઠ વૈકુંઠમાં ભગવાન શ્રી કૃષ્ણ પાસે પહોંચી, તેથી કૃષ્ણજી ખૂબ પ્રસન્ન થયા, અને પોતાની નીચેના દેવને બોલાવીને કહ્યું. અમુક ગામમાં ખેડૂત મારો ભક્ત છે. તે ખેતર ખેડી રહ્યો છે. તે મારી ભક્તિ ખૂબ કરે છે. તે સંસારના ઘોર દુઃખો ભોગવી રહ્યો છે, માટે તેને તે દુઃખોમાંથી છોડાવી વૈકુંઠમાં લઈ આવો. દેવ કૃષ્ણની આજ્ઞાને આધીન થઈને જ્યાં ખેડૂત ખેતર ખેડી રહ્યો હતો ત્યાં મનુષ્યના રૂપમાં આવ્યો. ખેડૂત તો ખેતર ખેડતા ખેડતા પણ શ્રીકૃષ્ણની ભક્તિના ભજનો ગાઈ રહ્યો હતો. એટલે આવનાર દેવ સમજી ગયો કે આ ખેડૂત જ ભગવાનનો ભક્ત હશે. શી તેની ભક્તિ છે!

**ચાલો ચાલો વૈકુંઠમાં:**—દેવ કહે છે હે ભક્તરાજ! આપની શ્રીકૃષ્ણ પરની અખૂટ ભક્તિ જોઈને ભગવાને મને આપને વૈકુંઠમાં બોલાવવા મોકલ્યો છે, અમે શ્રીકૃષ્ણ ભગવાનના દેવ છીએ. આપને વૈકુંઠમાં બોલાવે છે. આપ અમારી સાથે ચાલો. ખેડૂત તો એની ભક્તિમાં એટલો મસ્ત છે કે આ દેવની વાત પણ સાંભળતો નથી. ત્યારે ફરી વાર કહે છે હે ભક્ત! તને વૈકુંઠમાં લઈ જવા આવ્યા છીએ, માટે જલ્દી ચાલ, તૈયાર થઇ જા. દેવે આ પ્રમાણે કહ્યું ત્યારે ખેડૂત કહે છે હે દેવ! મારા અહોભાગ્ય હશે કે શ્રીકૃષ્ણે આપને મને વૈકુંઠમાં બોલાવવા મોકલ્યા. આપની વાત સાચી છે. વૈકુંઠમાં આવવાની તો મને ખૂબ ઈચ્છા છે, આ સંસાર અસાર છે. તેમાં જીવવું થોડું ને જંજાળ ઝાઝી છે, પણ મારે એક કામ બાકી છે. મારો દીકરો નાનો છે અને છોકરીને પરણાવવાની બાકી છે, હું વૈકુંઠમાં આવું તો દીકરીને પરણાવે કોણ? મારો છોકરો મોટો થઈ જાય, અને દીકરી પરણી જાય આ બે કામ થઇ જાય, પછી વૈકુંઠમાં આવું. ત્યાં જઇને તું શ્રીકૃષ્ણને કહેજે કે તમારા ભક્તને તો વૈકુંઠ આવવાની ઇચ્છા છે, પણ પાંચ વર્ષ પછી મને બોલાવજો, એટલે ત્યાં સુધીમાં મારા આ કામ થઇ જાય. જુઓ! ખેડૂતની ભક્તિ કેટલી હતી, જે કૃષ્ણની ભક્તિમાં એક તાર થઇ જતો હતો, તેને વૈકુંઠમાંથી તેડવા આવ્યા છતાં ત્યાં જતા રોકયો કોણે? દીકરા–દીકરી પ્રત્યેના રાગે ને! આ સંસાર રાગની આગ છે. સંસારનો મોહ કેવો ભયંકર છે! આટલા એક તારથી પ્રભુને ભજે છે, છતાં સંસાર છૂટતો નથી. આ ભક્ત સાચો ભક્ત કહેવાય? ના.

**ભક્ત માટે ભગવાનનો ફરી સંદેશો:**—ભક્ત ખેડૂતે આ પ્રમાણે કહ્યું, એટલે દેવ વૈકુંઠમાં પાછા ગયા, અને જઈને ખેડૂતનો સંદેશો ભગવાનને જણાવ્યો. કૃષ્ણજીએ કહ્યું. ભલે. પાંચ વર્ષ પૂરા થયા પછી તેને વૈકુંઠમાં લાવશું. સમયને જતાં વાર લાગતી નથી. પાંચ વર્ષ પૂરા થયા, પછી અચાનક ભગવાનને યાદ આવ્યું. દેવને બોલાવ્યા, ને કહ્યું, આપ જાઓ ને મારા પ્યારા ભક્તને વૈકુંઠમાં લઈ આવો. ભગવાનની આજ્ઞા થતાં દેવ તરત જ મૃત્યુલોકમાં ભક્ત ખેડૂત પાસે આવ્યો, અને ભગવાનનો સંદેશો સાંભળતા ખેડૂતનું હૈયું

ભરાઈ આવ્યું. પ્રભુ પ્રભુ કરતા તેની આંખમાં આંસુ આવી ગયા. તેની આટલી ભક્તિ જોઈને દેવના મનમાં થયું કે આ વખતે તો ખેડૂત જરૂર વૈકુંઠમાં આવશે' પણ તેમની એ આશા નિષ્ફળ નીવડી. ખેડૂત કહે છે, સંસાર તો ખારો ઉસ જેવો છે. તેમાં જીવવાની મજા નથી. મારો દીકરો પરણી ગયો છે, પણ હમણાં તેના લગ્ન થયા છે, તેથી તેને સંસારના કાર્યોમાં બરાબર તૈયાર કરી દઉં. બીજું દરેકને મુડી કરતાં વ્યાજ વધારે વહાલું હોય છે તેમ પૌત્રનું મુખ જોવાની મારી ખૂબ ઈચ્છા છે. ખેડૂતની આ વાત સાંભળીને દેવ પાછો ફર્યો અને બનેલી બધી વાત ભગવાનને કહી ત્યારે ભગવાને કહ્યું કે ભલે, તમે બે ત્રણ વર્ષ પછી ફરીને જજો. જોતજોતામાં બે વર્ષો તો પસાર થઈ ગયા. અને દેવ તેને બોલવવા જાય છે.

**વૈકુંઠ જતાં રોકયો રાગે:**–દેવ બોલાવવા આવ્યો ને ખેડૂતનું મૃત્યુ થયું. જ્ઞાની ભગવંતો આપણને અહીં એ સમજાવે છે કે રાગ શું કરાવે છે? ખેડૂતની કૃષ્ણજી પ્રત્યેની અનન્ય ભકિત હોવા છતાં પોતાના સંતાનો પ્રત્યેના રાગના કારણે વૈકુંઠમાં જવાનું છોડયું પણ સંસારનો રાગ ન છોડયો. સંસારનો રાગ જીવને રડાવે છે. બીજું માનવ માને છે, આજ નહિ કાલે કરીશ. કાલ કાલ કરતાં રહી ગયા ને કાળરાજાના તેડા આવી ગયા, માટે ધર્મકાર્યમાં ક્ષણ માત્રનો પ્રમાદ કરવા જેવો નથી. આ ખેડૂત મરી ગયો પણ તેની મૂર્છા રહી ગઈ. સંતાનો પ્રત્યે રાગ રહી ગયો તો એની શી સ્થિતિ થઈ? આ તો ખેડૂતની વાત છે પણ સંસારમાં વસેલા જીવને કોઈને પૈસાનો રાગ, કોઈને પુત્ર–પરિવારનો રાગ તો કોઈને ધંધાનો રાગ હોય છે. જયાં રાગ છે ત્યાં રખડવાપણું છે. આ ખેડૂત સંતાનો પ્રત્યેના રાગના કારણે વૈકુંઠમાં જઈ શકયો નહિ.

**ખેડૂત રાગના કારણે બિલાડો બન્યો:**–આ ખેડૂત ત્યાંથી મરીને બિલાડો થયો. પોતાના છોકરા ઉપરના મોહના કારણે તેને બિલાડાનો અવતાર લેવો પડયો. અરે મોહ તારી ગતિ ગહન છે. જે ભક્ત હતો તે બિચારો બિલાડો થયો. ખેર! જેવા જેના કર્મ. હવે આ બિલાડો તેના ગત જન્મના છોકરાની દુકાનમાં રહેતો, અને દુકાનમાં જે ઉંદર આવે ને અનાજને ખાઈ જાય તે ઉંદરોનો નાશ કરવા લાગ્યો, અને ત્યાં ઘોર કર્મો બાંધતો હતો. કૃષ્ણજીના મનમાં થયું કે હજુ એને વૈકુંઠમાં આવવું હોય તો બોલાવું અને જો એ આવે તો એનો જન્મ સુધરે. એમ વિચારીને કૃષ્ણજીએ દેવને મોકલ્યો. દેવ આવ્યો ને વૈકુંઠમાં જવાની વાત કરી, ત્યારે બિલાડો શું કહે છે? હું આવું તો ખરો પણ હમણાં આ દુકાનમાં ઉંદરો બહુ આવે છે ને અનાજને નુકશાન કરે છે. જો ધ્યાન ન રાખું તો ઉંદરો બધું અનાજ ખાઈ જાય ને બૈરાં છોકરાં ભૂખે મરે. તેમને ભૂખે મરતાં જોઈ હું આવી શકીશ નહિ. કૃષ્ણજીને ઘણી દયા આવી કે બિલાડાનો ભવ સુધરે પણ મોહમાં મસ્ત બનેલા કયાંથી છોડી શકે? દેવ તો ખાલી હાથે પાછા ગયા.

થોડો સમય થયો ત્યાં બિલાડાનું આયુષ્ય પૂરું થયું. ત્યાંથી મરીને તેણે ભૂંડનો અવતાર લીધો. કૃષ્ણજીને હજુ દયા આવી કે આ ભૂંડ ચારે બાજુ ભટકે છે, તો લાવ તેની ગતિ સુધરે તેમ કરું, તેથી કૃષ્ણજીએ દેવને મોકલ્યો. દેવે ભૂંડ પાસે આવીને કહ્યું

કે કેમ ? હવે વૈકુંઠમાં આવવાની ઇચ્છા છે કે નહીં ? ત્યારે ભૂંડે કહ્યું, મારી ભૂંડણી, મારો આટલો મોટો પરિવાર એ બધાને ખાવા માટે અહીં મળતી વિષ્ટા ત્યાં તો ન મળે ને ? ભૂંડના આવા વચનો સાંભળી, તેનો સંસાર પ્રત્યેનો રાગ જોઈ દેવને નવાઈ લાગી. તે રાગે તેને બિલાડો બનાવ્યો, ભૂંડ બનાવ્યો અને અધોગતિની ખાઈમાં ફેંકી દીધો. ભવોભવના ચક્કરમાં નાખ્યો, રે બિચારો ! કેટલો પામર આત્મા ! તેના પર કરૂણા કરી તેને ઉગારવા કૃષ્ણજી કેટલી વાર તૈયાર થયા પણ રાગમાં અને મોહમાં પડી ત્યાં જઈ શકયો નહિ અને દુર્ગતિમાં ચાલ્યો ગયો, માટે રાગનું બંધન તોડવા જેવું છે. રાગ જીવને રખડાવે છે, માટે જ્ઞાનીઓ આપણને સમજાવે છે કે તમે સંસારમાં રહેવું પડે તો રહો પણ કેવી રીતે રહો ? जहा पोमं जले जायं, नोव लिप्पइ वारिणा । જેમ કમળ પાણી અને કાદવમાં જન્મે છે છતાં તે ઉંચે આવ્યા પછી લેપાતું નથી, તેમ સંસારમાં તમે પણ અલિપ્ત ભાવથી રહો. તેમાં ખુંચી ન જશો. જો ખુંચ્યા તો સમજજો કે ડુબ્યા.

અહીં મણિરથ મયણરેહાના રૂપમાં મુગ્ધ બન્યો છે. મણિરથને રૂપનો રાગ હતો. મયણરેહાનું રૂપ, સૌંદર્ય જોઈને તે તેમાં આકર્ષાયો. સતીના રૂપની પાછળ અંધ બની ગયો ને તેની દૃષ્ટિ બદલાઈ ગઈ. જેની દૃષ્ટિમાં વિકાર નથી તેની દૃષ્ટિ નિર્મળ હોય છે.

જ્યારે રાવણ સીતાજીને ઉપાડી ગયો ત્યારે સીતાજીએ નિશાની માટે રસ્તામાં કાનના કુંડળ અને પગની મોજડી નાંખી હતી. રામ-લક્ષ્મણ સીતાજીને શોધવા જાય છે, ત્યારે રસ્તામાં રામ લક્ષ્મણને પૂછે છે, લક્ષ્મણ વીરા ! આ કુંડળ પડયા છે તે તારા ભાભીના છે. લક્ષ્મણની પવિત્રતા અને દૃષ્ટિની નિર્મળતા કેટલી હતી ! તેમણે કહ્યું મોટાભાઈ ! હું કુંડળને ઓળખી શકતો નથી. લક્ષ્મણજી રોજ સીતાજીના દર્શન કરવા જતા હતા, તેમની ચરણરજ લેતા હતા, પણ કયારે ય સીતાજીના મુખ ઉપર દૃષ્ટિ કરી નથી, તેથી કુંડળને કેવી રીતે ઓળખી શકે ? જ્યારે સીતાજીના પગની મોજડી જોઈ એટલે તે ઓળખી ગયા કે આ મોજડી સીતાજીની લાગે છે. એવા સીતાજી છ મહિના રાવણ પાસે રહ્યા, પણ બ્રહ્મચર્યથી જરા પણ ડગ્યા નથી. તેમ અહીં મયણરેહાની અડગતા નિહાળજો.

મણિરથને થયું કે યુગબાહુના જીવતા મયણરેહા મારા હાથમાં આવશે નહિ, માટે તેને કોઈ પણ રીતે દૂર કરવો જોઈએ. મનમાં દુષ્ટ ભાવના છે, પણ પોતાના પાપોને છૂપાવવા માટે યુગબાહુ તરફ જોઈને કહે છે, આજનો દિવસ કેવો સરસ છે કે આજે ઘણા દિવસે ભાઈનું મુખ જોવા મળ્યું. ભાઈના ગયા પછી મને ખાવાનું પણ ભાવતું ન હતું. ઉંઘ પણ આવતી ન હતી, અને મનમાં એ જ વિચાર આવતો હતો કે મેં યુદ્ધમાં ભાઈને શા માટે જવા દીધો અને હું શા માટે યુદ્ધમાં ન ગયો ? પણ આજે મારી ચિંતા દૂર થઈ છે. મોરલો મીઠું બોલે ને આખો સાપ ગળી જાય તેમ અહિં મણિરથ મોઢે મીઠું બોલી રહ્યો છે. અંદરથી ભાઈને મારી નાખવાનો વિચાર નક્કી કર્યો છે. પણ વાચાળતા કેવી વાપરી રહ્યો છે ! દંભી માણસોની બોલવાની ચાવી આવી હોય છે. દંભી

માણસો એક પાપને ઢાંકવા અનેક પાપો કરે છે, પણ જ્યારે કર્મના વિપાક—ફળ ભોગવવા પડશે ત્યારે બચાવવા કોઇ નહિ આવે.

મણિરથ કહે—ભાઇ! તે યુદ્ધમાં વિજય કેવી રીતે પ્રાપ્ત કર્યો? હે સામંતો! ભાઇ તો પોતાના પરાક્રમની વાત નહિ કરે પણ તમે લોકો એ સંભળાવો કે ભાઇએ કેવું પરાક્રમ બતાવ્યું હતું? જેથી ભાઈનું પરાક્રમ સાંભળી મને આનંદ થાય. સામંતો કહે મહારાજા! એમના પ્રભાવની તો શી વાત કરવી? આપના કુળમાં એમના જેવો પુરૂષ કોઇક જ જન્મ્યો હશે! તેમનું પરાક્રમ અને બુદ્ધિબળ વિષે તો કહેવું જ શું? તેમનાં બુદ્ધિ-કૌશલ્યથી ક્યાંય યુદ્ધ થયું નથી. કોઈ ઠેકાણે લડાઇ કરી નથી. લોહીની નદીઓ વહાવી નથી. જ્યાં યુદ્ધ થવાની સંભાવના હતી ત્યાં પણ યુદ્ધ થયું નહિ. તેમના મુખમાં તો જાણે સરસ્વતી બેઠી હોય તેમ તેમના મીઠા પ્રેમભર્યા શબ્દો સાંભળી શત્રુઓ પણ નમ્ર બની જતા અને શરણે આવી જતા. આ વાત સાંભળીને મણિરથ યુગબાહુના મસ્તક ઉપર હાથ ફેરવતો કહેવા લાગ્યો કે મારા ભાઇને મેં યુવરાજ બનાવ્યો એ બરાબર યોગ્ય કર્યું છે. મારો આ ભાઇ અણમોલ છે. મણિરથના દિલમાં એ ભાવના હતી કે કદાચ મયણરેહા યુગબાહુને વાત કરે તો પણ ભાઇને મારા પ્રત્યે અવિશ્વાસ પેદા ન થાય પણ મારા ઉપર પૂર્ણ વિશ્વાસ રહે તે માટે હૃદયમાં કપટ રાખી તેણે આ પ્રકારનો દેખાવ કર્યો.

મયણરેહાને સમાચાર મળ્યા કે મારા પતિ યુદ્ધમાં વિજય ડંકા વગાડીને આવી ગયા છે. આ સમાચાર સાંભળતા તેના રોમેરોમમાં આનંદ થયો. આ તો તમારા અનુભવની વાત છે. જ્યારે કોઈ બહેનના પતિ પરદેશ ગયા હોય ને તે બે ચાર વર્ષે પાછા દેશમાં આવે છે ત્યારે તે બેનને કેવી પ્રસન્નતા, કેવો આનંદ થાય! એક બેનના પતિ ઘણા ગરીબ, નોકરી શોધવા જાય તો કોઈ નોકરી ન રાખે, પણ એના પુણ્યોદયે એના કાકામામાએ થોડો સાથ આપ્યો ને તે પરદેશ કમાવા જવા તૈયાર થયો. પત્ની કહે છે તમે મને સાથે લઈ જાવ ને! પતિ કહે, હું ત્યાં જાઉં, થોડું કમાઉં, ઘર વસાવું, પછી તને બોલાવીશ. ભલે આપ સમાચાર જરૂરથી આપજો. ભલે, એમ કહીને તે ભાઈ તો પરદેશ ગયા. છ મહિના થવા આવ્યા. પણ કોઈ ટપાલ કે સમાચાર નહીં. આ બાઈ રોજ કાગના ડોળે પત્રની રાહ જુવે છે, પણ ટપાલ આવતી નથી. પોતાની શેરીમાં જે ટપાલી આવે તેને આ બેન રોજ પૂછે ભાઈ વીરા! મારી ટપાલ છે? બેન! તમારું નામ શું? બધી વાત કહી, પછી કહે બેન! તમારી ટપાલ આવશે એટલે હું આપને જરૂર આપી જઈશ. આ ટપાલી રોજ આવે ને બેન રોજ પૂછે. મારી ટપાલ છે? ટપાલીને રોજ ના કહેતા શરમ આવવા લાગી. તેને થયું કે મારી આ શેરીમાંથી બદલી થઈ જાય તો સારું. બેન મને રોજ ટપાલનું પૂછે ને હું ના કહું એટલે નિસાસા નાંખે. આમ કરતા સમય પસાર થતાં થતાં ૧૨ વર્ષો વીત્યા. બાર વર્ષે ટપાલ આવી. ટપાલીના મનમાં પણ ખૂબ આનંદ છે કે આજે હું તે બેનને ટપાલ આપીશ તો તેને કેટલો આનંદ થશે? ટપાલી

આવ્યો. એને પૂછ્યું ભાઈ વીરા ! મારી ટપાલ લાવ્યો ? હા બેન ! આજે તમારી ટપાલ લાવ્યો છું. જે દરરોજ બાર વર્ષથી પત્રની રાહ જોતી હોય તેને બાર વર્ષે ટપાલ મળે તો કેટલો આનંદ થાય ! આ બેન ભણેલી નથી. સાવ અભણ છે. એને અક્ષર વાંચતાં કે લખતાં આવડતું ન હતું, તેથી એક ભાઇને બોલાવીને પત્ર વંચાવ્યો. પત્રમાં શબ્દે શબ્દે મોતી હોય તેમ આ પત્રમાં પદે પદે પ્રેમ નીતરી રહ્યો છે. શબ્દે શબ્દે સ્નેહ સરિતા વહી રહી છે. પત્રમાં લખ્યું છે કે અત્રે હું કુશળ છું. અહીં સારું કમાયો છું. તું ચિંતા ન કરીશ. હવે હું ત્યાં આવું છું. આ શબ્દો સાંભળતા તેના રોમરોમમાં આનંદ થયો.

આ તો એક ન્યાય છે. આ ન્યાય ઉપરથી એ સમજવું છે કે આપણે બધાએ કેટલી સાધના કરી હશે ત્યારે વીતરાગ પ્રભુનું શાસન મળ્યું. તેમનો આપણા ઉપર સંદેશો આવ્યો છે. સંદેશો એટલે આગમ. પેલી બેન જેમ અભણ હતી તેથી તેણે રસ્તામાં જતા ભાઈને બોલાવી ટપાલ વંચાવી, તેમ આગમ રૂપી પત્ર ગુરૂદેવો આપણને વાંચી બતાવે છે. તો તે પત્ર સાંભળતા આપણું હૈયું કેવું હરખાવું જોઈએ ! આ પત્ર વાંચતા જેનું હૈયું થનગને તે આત્મા ભવસાગર તરી જાય છે.

**સતીના મહેલમાં યુગબાહુનું આગમન** :–મયણરેહાએ યુગબાહુના આવ્યાના સમાચાર સાંભળ્યા, તેના સાડાત્રણ ક્રોડ રોમરાય ખડા થઈ ગયા. મયણરેહા યુગબાહુની રાહ જોતી મહેલની બારીએ ઉભી રહી છે. પતિવ્રતા સ્ત્રીને માટે તો પતિ એ જ પરમેશ્વર અને પતિ એ જ પ્રાણ હોય છે. તેમના માટે જાન દેવો પડે તો દઈ દેવા પણ તૈયાર હોય. મણિરથને પ્રણામ કરી યુગબાહુ મયણરેહાના મહેલમાં આવ્યો. મયણરેહાએ હૃદયના વાત્સલ્યથી, પ્રેમના સરોવરથી તેમનું સ્વાગત કર્યું. પતિને જોતા હર્ષઘેલી બની, અને ચરણમાં પડી નમસ્કાર કર્યા, અને કહેવા લાગી કે ધન્ય ઘડી, ધન્યભાગ્ય, આપ યુદ્ધમાં વિજયડંકા વગાડીને આવ્યા એ જ મારા સદ્‌ભાગ્યનું નિશાન છે. યુગબાહુ કહે–મને જે વિજય મળ્યો છે. તે તારો પ્રતાપ છે. હું ગયો ત્યારે તેં કહ્યું હતું કે આ ભૌતિક રાજ્ય મેળવવા માટે સેંકડો જીવોની હિંસા કરી લોહીની નદીઓ ન વહાવશો. મેં કોઈના પર તલવાર ચલાવી નથી, કોઈ જીવની હિંસા કરી નથી.

**મયણરેહાએ ગુપ્ત રાખેલી વાત**:–મયણરેહાએ પતિને બધી વાતો કરી પણ ... કહી નહિ. તેને એમ હતું કે જો આ ઘટના પતિને કહીશ તો તે ... બળ્યા વગર નહી રહે. પરિણામે તલવારો ઉડશે. સતી ... બધા આનંદથી રહે છે. મયણરેહાને ત્યાં દાસ ... પોતે કરતી હતી, અને ગર્ભનું પાલન કરતી. ... ઋતુ આવી. વસંતઋતુ આવવાથી ... નમાં થયું કે મારી પત્ની ... એ. યુગબાહુએ

કહ્યું, મયણરેહા ! વસંતઋતુ હોવાથી ઉપવન ખૂબ ખીલેલા છે. આવી સુંદરઋતુમાં બહાર ફરવા જવાની મારી ઈચ્છા છે, પણ જો તારી ઈચ્છા હોય તો. મયણરેહાએ કહ્યું સ્વામી! હું તો તમારી દાસી છું. આપની ઈચ્છાને આધીન રહેવું એ પતિવ્રતા સ્ત્રીઓનો ધર્મ છે. આપ મારા પતિ છો, મને પૂછવાનું જ ન હોય. આજ્ઞા કરવાની હોય. આપની ઈચ્છા વનમાં જવાની છે, તો મારે આવવામાં કોઈ મુશ્કેલી નથી. હું તો એ જ ઈચ્છું છું કે આપ જ્યાં રહો ત્યાં મને સાથે જ રાખો. પતિવ્રતા સ્ત્રીઓ હંમેશા પતિની સાથે રહે છે. રામ વનવાસ ગયા તો સીતાજી તેમની સાથે વનમાં ગયા. નળરાજાની સાથે દમયંતી પણ વનમાં ગઈ. દ્રૌપદી પાંડવોની સાથે વનમાં ગઈ. સુખ દુઃખમાં નગરમાં કે જંગલમાં પતિવ્રતા સ્ત્રીઓ સાથે હોય છે. યુગબાહુ અને મયણરેહા ઉદ્યાનમાં જવા તૈયાર થયા છે. હવે તેઓ ઉપવનમાં જશે ને ત્યાં કેવી કરૂણ ઘટના બનશે તેના ભાવ અવસરે.

ૐ શાંતિ

## વ્યાખ્યાન નં-૧૯

**શ્રાવણ સુદ ૪ સોમવાર** તા. ૩-૮-૮૧

મોક્ષમાર્ગના નેતા, રાગદ્વેષના વિજેતા, અનંત જ્ઞાની ભગવંત બોલ્યા છે ભવ્ય જીવો! આ સંસારના કલેશોથી કંટાળ્યા હો, જન્મ-જરા અને મરણના દુઃખોથી ઉદ્વિગ્ન થયા હો, આ ભવાટવીનો સંગ છોડી મુક્તિ મંદિરમાં જવાની જો ઈચ્છા હોય તો વિષયરૂપી વિષ-વૃક્ષની છાયા નીચે એક ક્ષણ વાર પણ વિશ્રામ કરશો નહિ. જેમ કોઈ યુવાન પુરૂષ પરદેશ જતો હોય ત્યારે તેને વૃદ્ધ માણસ શિખામણ આપે છે કે, તું અમુક સ્થળમાં જઈશ નહિ, અને કદાચ જઈ ચઢે તો સાવચેતી રાખજે. તે પ્રમાણે જ્ઞાનીપુરૂષોએ કલ્યાણની અભિલાષા-વાળા જીવોને હિતશિક્ષા આપેલી છે. વિષયરૂપી વૃક્ષની છાયા ત્રણે જગતની સીમા સુધી વિસ્તાર પામેલી છે. તે છાયાની જાળમાંથી કોઈ ભાગ્યે જ બચી શકે છે. તેણે નામધારી ત્યાગીઓને ભોગી બનાવી દીધા છે, અને ભોગીઓને તો સર્વથા પાયમાલ કરી મૂક્યા છે. આ વિષયરૂપી વિષ વૃક્ષની છાયામાંથી સર્વથા અલગ રહેવા માટે મહાપુરૂષોનો હિતોપદેશ પરંપરાથી ચાલ્યો આવેલો છે. જે જીવો મહાપુરૂષોના વચનો ઉપર વિશ્વાસ નથી રાખતા, શ્રદ્ધા નથી કરતા અને વિષયરૂપ વિષવૃક્ષની છાયા નીચે વિશ્રામ લેવા દોડી જાય છે, તેઓ આત્મસત્તાનો નાશ કરી મોહ મદિરાના પાનથી મૂર્છિત બની ખરાબ આચરણ કરવા લાગે છે. ખરું કહીએ તો વિષયો વિષ કરતાં વધુ બળવાન છે. કારણ કે વિષ તો જીવને આ ભવમાં મારે છે, પણ વિષયો તો ભવોભવમાં જીવને મારનાર બને છે.

ચોરાશી લાખ જીવાયોનિમાં સર્વથી ઉત્તમ યોનિ મનુષ્યની છે. આ જીવનથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. બીજી યોનિ દ્વારા દેવગતિ પામી શકાય છે, પણ મોક્ષ ગતિ પામી શકાતી નથી, તેથી મનુષ્ય યોનિની શ્રેષ્ઠતા કહી છે.

**निर्वाणादि सुखप्रदे नरभवे जैनेन्द्र धर्मान्विते ।**
**लब्धे स्वल्प म चारु कामज सुखं नो सेवितुं युज्यते ॥**

**वैडूर्यादि महो पलौ ध निचिते प्राप्ते ऽपि रत्नाकरे ।**
**ला तुं स्वल्प म दीप्तिका च शक्लं किं चोपितं सांप्रतम् ॥**

શ્રી જૈનેન્દ્રના ધર્મથી યુક્ત તેમજ નિર્વાણ તથા સ્વર્ગાદિ સુખને આપનાર એવા મનુષ્ય-જન્મને પામીને અમનોજ્ઞ તથા સ્વલ્પ એવા વૈષયિક સુખને સેવવું યોગ્ય નથી. કોઈ ને વૈડૂર્યાદિ મહારત્નરાશીથી પરિપૂર્ણ એવા રત્નાકરની પ્રાપ્તિ થવા છતાં થોડી કાન્તિવાળા કાચના ટુકડાને ગ્રહણ કરવો શું યોગ્ય છે? કદાપિ નહિ, તેમ હે ભવ્ય જીવો! થોડા માટે ઝાઝું ગુમાવવું યોગ્ય નથી. નિગોદમાંથી ચઢતા ચઢતા મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો. હવે માત્ર વિષયોનો સંગ છોડવો એ જ બાકી છે. જો તે પાપી વિષયોનો સંગ છોડશો નહિ તો કલ્યાણ તમારાથી સેંકડો ગાઉ દૂર ભાગતું રહેશે.

મહાપુણ્યનો રાશિ એકત્ર થયો, ત્યારે આ મનુષ્ય જન્મ રૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થયું છે. સત્ય, સંતોષ, પરોપકાર, ઇન્દ્રિય વિજય, દાન, શીલ, તપ, ભાવ, સમભાવ, વિવેક, વિનયાદિ આ મનુષ્ય જન્મ રૂપી કલ્પવૃક્ષના પુષ્પો છે. તેની રક્ષા કરો. જેનાથી સ્વર્ગ તથા મોક્ષની પ્રાપ્તિ થઈ શકશે, માટે આ મનુષ્ય જન્મમાં વિષય કષાયાદિ દુર્ગુણોમાં નહીં પડતા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને ગ્રહણ કરે છે તે આ લોકમાં અને પરલોકમાં સુખી થાય છે.

શ્રીપુર નગરમાં અરિમર્દન નામે રાજા હતો. તે ખૂબ ન્યાયી, નીતિવાન અને ધર્મિષ્ઠ હતો. એક વખત આ રાજાને હાથીઓ મેળવવાનું મન થયું, તેથી તેણે પોતાના રાજસેવકોને હુકમ કર્યો કે, આપણે વનમાં હાથીઓ મેળવવા છે. હાથીઓ કેવી રીતે મેળવવા? તે માટે તેમણે એક ઉપાય શોધી કાઢયો. રાજા તથા સેવકો બધા વનમાં ગયા. જ્યાં હાથીઓ બેસતા હતા, તે વન સૂકું હતું. ત્યાં પાણી પણ ન હતું. લીલો ઘાસચારો પણ ન હતો. આ રાજાના હુકમથી રાજસેવકોએ નહેર મારફત પાણી લાવીને સીંચ્યું. આખું વન લીલું થયું અને પાણી પણ વહેતું થયું. પાણીના સિંચનથી ત્યાં થોડા સમયમાં લીલું ઘાસ ઉગી નીકળ્યું. હાથીઓ જ્યારે આવ્યા, ત્યારે તેમણે આ લીલુંછમ વન જોયું. તેમણે યુથપતિને કહ્યું, ચાલો લીલુંછમ ઘાસ ઉગ્યું છે, આપણે ખાવા જઈએ. યૂથપતિ (હાથીઓમાં સૌથી મોટો હાથી) સાથે બધા હાથીઓ ત્યાં આવ્યા. યૂથપતિએ પાણી, લીલો ઘાસચારો બધું જોયું, અને કહ્યું, ઉનાળામાં આવું પાણી ન હોય. કદાચ કયાંક પાણી ભર્યું હોય તો આવું લીલુંછમ ઘાસ ન હોય માટે કોઈએ આપણને પકડવા માટે આ માયાજાળ રચી લાગે છે, માટે અહીં રહેવાય નહિ. અને આ ઘાસ ખવાય નહિ. આ ઘાસ ખાવામાં આપણને ભય છે, માટે અહીં રહેવું એ યોગ્ય નથી અહીંથી દૂર જવામાં શ્રેય છે. જે હાથીઓએ યૂથપતિની વાત માની અને ત્યાંથી ચાલ્યા ગયા, તે સુખી થયા અને જે હાથીઓ આ વાત ન માન્યા તે રાજાના બંધનમાં ફસાઈ ગયા, અને દુઃખી થયા. આ રીતે જે આત્માઓ જિનેશ્વર ભગવાનની, ગુરૂ ભગવંતોની કહેલી હિત શિખામણને હૃદયમાં અવધારણ કરે છે, અને તેમની આજ્ઞા પ્રમાણે ચાલે છે તે સુખી થાય છે, અને જે તીર્થંકર ભગવાનની શિખામણ માનતા નથી, અને વિપરીત માર્ગે ચાલે છે તે આત્માઓ દુઃખી થાય છે.

તીર્થંકર મહારાજાઓ આપણને શું સમજાવે છે? હે જીવો! તમો, તમને સમજો. આ જીવ અનાદિકાળથી બધું સમજતો આવ્યો છે. આખા જગતના પદાર્થોને સમજ્યો છે. વેપાર ધંધા કેમ કરાય તે સમજ્યો છે. ડોકટર કે એન્જીનીયર બનવું હોય તો કેવી લાઈન લેવાય, કેવો અભ્યાસ કરવો પડે એ બધું સમજ્યો છે. બાહ્ય પદાર્થોને સમજવામાં તો ખામી રાખી નથી, પણ પોતાને (આત્માને) માટે વિચાર કરવાનો પ્રસંગ આવ્યો નથી. આ જીવને શરીર, ધન, માલમિલ્કત, કુટુંબ કબીલાનો વિચાર કરવા મળ્યો છે, પણ પોતાનો વિચાર કરવો સૂઝયો નથી. બીજાના વિચાર માટે તેને શીખવવાની કોઈ જરૂર નથી. શરીર, ઇન્દ્રિયાદિને પોષવાના સાધનો તો જીવ આપોઆપ કરી લે છે. તેમાં ઉપદેશ કે શિખામણની જરૂર નથી. નાના બાળકોને દુઃખ થાય તો રડે અને સુખ મળે તો રાજી થાય, એ કોણ શીખવાડે છે? કોઈ નહિ. એ બધું તો અનાદિકાળથી વગર ઉપદેશે આવડે છે.

પોતાને (આત્માને) જાણવાની બાજી ગુરૂ ભગવંતો શીખવાડે તો પણ આવડતી નથી, તેથી તીર્થંકર ભગવંતો કહે છે કે પોતાના આત્માનું જ્ઞાન થવું એ મુશ્કેલ છે. દુનિયાદારીના પદાર્થો જાણવામાં મુશ્કેલી નથી, પણ આત્માને જાણવો તે જ્ઞાન કોઈ ભાગ્યશાળી આત્મા મેળવી શકે છે. કોઈ ભાગ્યશાળીને એવો વિચાર આવતો હશે કે હું કોણ છું? કયાંથી આવ્યો છું? કયાં જવાનો છું? તમને કદાચ કોઈ પૂછે કે તમે કોણ? તો ઝટ દઈને તમે તમારું નામ બોલી જશો. આ નામ તો પચાસ, સો વર્ષ જેટલું આયુષ્ય હશે ત્યાં સુધી રહેશે. આ નામ તો માત્ર ભાડૂતી લીધું છે. જેમ હવા પૂર્વથી નીકળી પશ્ચિમ તરફ જાય, ઉત્તરથી નીકળે અને દક્ષિણના છેડા સુધી જાય, એટલે જેમ હવા અપ્રતિબદ્ધપણે ચાલી જનાર છે, તેમ આ જીવ હવાની માફક કોઈ સ્થાનના સંબંધવાળો નથી. અહીં જીવને ઓળખાવવા માટે ઉત્પન્ન થવાનું સ્થાન કુટુંબકબીલા આદિ નિયત નથી પણ જે વખતે જે ભવમાં ઉત્પન્ન થયો તેટલા માત્રથી તે ભવનો ગણાય છે, માટે પ્રથમ આત્માને ઓળખવા માટે કહે છે, તું તને ઓળખ.

જેમ શેઠીયાનો છોકરો લાખોની મિલ્કતનો માલિક હોવા છતાં તેની માલિકીની ખબર ન હોય તો તેની કંઈ પણ વ્યવસ્થા ન કરી શકે, તેમ આ જીવ પંચભૂતમય માટીના પાંજરામાં રખડયા કરે છે. પછી ચાહે એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિયની જાતિમાં કે ચારે ગતિમાં રખડે, છતાં ત્યાં પોતે સમજે છે કે હું તેનો માલિક છું. જેમ પોપટ પાંજરામાં હળીમળી જાય એટલે પાંજરાને પોતાનું ઘર માને છે. તે પાંજરામાંથી બહાર નીકળે અને બિલાડી કે કોઈનો જરાય ભય લાગે કે તરત પાંજરામાં પેસી જાય. ખરેખર તો પાંજરું પોપટ માટે કેદ છે, છતાં તે તેની સાથે હળી ગયેલો હોવાથી પાંજરામાંથી બહાર નીકળવું તે તેને મૃત્યુ સમાન લાગે છે, તેમ આ જીવ શરીર રૂપી પાંજરા સાથે હળી જવાથી તેને બહાર નીકળવું ગમતું નથી. અરે! બહાર નીકળવું એ તેને મોત લાગે છે. આ જીવ રૂપી પોપટ શરીર રૂપી પાંજરામાં પૂરાયેલો છે, છતાં તેને કેદ ન માને અને ઉલ્ટો ઘર માને, અજ્ઞાન અવસ્થામાં જીવ આ બધું કરે, પણ હવે તેને કેદ રૂપ સમજાય

છે ખરું ? પાંજરાના આધારે પોપટ તેનું જીવન માને છે. તેમ અહીં આ શરીરના રંગઢંગે જીવ રંગાયેલો છે. ટુંકમાં તમે તમને (આત્માને) સમજો ને ઓળખો.

આપણા ચાલુ અધિકારમાં યુગબાહુ અને મણિરથની વાત ચાલે છે. યુગબાહુ લડાઈમાં વિજય ડંકા વગાડી મયણરેહાના મહેલે આવ્યો છે. મયણરેહા શાણી અને ડાહી સ્ત્રી છે. ભાઈ ભાઈ વચ્ચે વેરના વાવેતર કરવા એને ઈષ્ટ ન હતા. સમજુ માણસ આગળ-પાછળનો વિચાર કરીને બધી વાત કરે. જે વાત કરવાથી નવા સંઘર્ષો ઉભા થાય, ઝઘડા–વિખવાદ થાય તેવી વાત ન કરે. ડાહી અને સમજુ બેનો ઝઘડાનો અંત કેમ આવે તે રીતે વર્તન કરે. પણ કલેશને વધારવાના કામ ન કરે, તેથી મયણરેહા યુગબાહુને વાત કરતી નથી. ઉત્તમકુળમાં તો ઉત્તમ આત્માઓ હોય પણ ઘણી વાર હીનકુળમાં પણ અમીરી દેખાય એવા ઉત્તમ આત્માઓ હોય છે. જે પોતાના બલિદાને બીજા જીવોની રક્ષા કરે છે.

**પોતાના સ્વાર્થ માટે લોહીની નદીઓ વહાવનાર પાપી રાજા** :–ધારાનગરીમાં ચાહુરાવ રાજા હતા. શેરસિંહ નામનો એક યુવાન ધારાનગરીની જેલનો પહેરેગીર હતો. એક વખત ચાહુરાવ રાજાને કોઈ ભયંકર બિમારી આવી. અનેક વૈદો, હકીમો, ડોકટરોને બોલાવ્યા. ઘણાં ઘણાં ઉપચારો કર્યા છતાં તેમનો રોગ શાંત થયો નહિ. રાજા આ વેદનાથી ખૂબ ત્રાસી ગયો. જોરદાર અશાતા વેદનીય કર્મનો ઉદય થયો છે. કરેલાં કર્મો તો જીવને ભોગવવા પડે છે. એક વખત ઘોર પાપ કરાવનાર, પોતાના સ્વાર્થને સાધનાર વૈદ ભેટી ગયો. તેણે કહ્યું કે મહારાજા ! આપનો રોગ ક્યારે મટે ? ૯૦૦ નવદંપતિઓ પરણીને આવેલા મીંઢળબંધી હોય તેમનો વધ કરીને તેમના લોહીથી આપ સ્નાન કરો તો આપનો રોગ જડમૂળથી મટી જશે.

સંસારમાં ક્યારેક એવું જોવા મળે છે કે બીજાની રક્ષા માટે પોતાના પ્રાણનું બલિદાન દેનારા નરરત્નો હોય છે, પણ પોતાના પ્રાણોની રક્ષા માટે બીજાનું બલિદાન લેનારા સાવ નિર્દય, નિષ્ઠુર રાજા ચાહુરાવ આ શ્રેણીના માનવ હતા. માનવી પોતાના સ્વાર્થ ખાતર હિતાહિતનો વિવેક ભૂલી જાય છે. આ રાજાએ એટલો વિચાર પણ ન કર્યો કે આટલા નવદંપતીઓના લોહીમાં સ્નાન કરવાથી શું મારો રોગ મટશે ? તેમણે તો ૯૦૦ દંપતીઓના લોહીથી પોતાના પ્રાણની રક્ષા કરવાનો નિર્ણય કર્યો. તેમણે તો અમુક મહિનામાં જ ૯૦૦ દંપતીઓને પકડીને તેમને કારાગૃહમાં પૂરી દીધા. તેમના બલિદાનનો દિવસ નક્કી કરી લીધો.

**નવસો દંપતીઓ કારાગૃહમાં** :–૯૦૦ નવદંપતી બિચારા હજુ કોડ ભર્યા પરણીને આવ્યા છે. કંઈક બિચારાઓને એ ખબર નથી કે આપણને મારી નાંખવા માટે અહીં પૂર્યા છે. જે દિવસે મારી નાખવાનું નક્કી કર્યું છે તે દિવસ નજીક આવતા બિચારા રડે છે. ચીચીયારીઓ કરે છે. જેલનો પહેરેગીર શેરસિંહ આ દશ્ય જોતા કંપી ઉઠયો, તેનું હૃદય રડી ઉઠયું. એને ખબર નથી કે શા માટે પૂર્યા છે. તેણે એ કેદીઓને પૂછયું.

આપ બધાને શા માટે પકડયા છે? ભાઈ, આવતી કાલે બધાને મારી નાખવાના છે, અને તે લોહીમાં રાજા સ્નાન કરશે તો તેમનો રોગ મટશે. મૃત્યુનો ભય કોને ન હોય? કીડીથી લઈને કુંજર સુધીના દરેક જીવો જીવવાનું ઈચ્છે છે. કોઈ મૃત્યુને ઈચ્છતા નથી. શેરસિંહના મનમાં વિચાર થયો કે આ બધાએ શું ગુનો કર્યો છે? વગર કારણે ૯૦૦ નવદંપતીઓના જાન જશે! સિંહની જેમ ગર્જના કરનાર શેરસિંહને ખબર પડી કે કાલે રાતના ૧૮૦૦ જીવો રાત્રે સૂઈ ગયા હશે ત્યારે તેમનું કરપીણુ રીતે ખૂન કરવાનું છે. ત્યારે રાજ્યની સત્તા આગળ કોઈનું ચાલવાનું નથી. આ શેરસિંહ ભલે હલકા કુળમાં જન્મ્યો છે પણ તેના વિચારો કેવા ઉચ્ચ છે! તેણે વિચાર કર્યો કે જન્મ છે તેનું મરણ અવશ્ય છે. આજ નહીં તો કાલ બધાને એક દિવસ જવાનું છે તે તો નક્કી છે. તો હું મૃત્યુને એવું બનાવી દઉં કે મૃત્યુ મહોત્સવ રૂપ બની જાય. આ ૧૮૦૦ જીવોને અભયદાન દઈને તેમને બચાવીને હું એક જ મૃત્યુ વહોરી લઉં તો શું ખોટું? મારા મૃત્યુથી જો ૧૮૦૦ જીવોના જાન બચતા હોય તો એથી ઉત્તમ બીજું શું? હીનકુળમાં પણ કેટલી અમીરી જોવામાં આવે છે! તે કંઈ શાસ્ત્રો ભણ્યો ન હતો. બીજી કંઈ આરાધના પણ કરી ન હતી, પણ તેનામાં માનવતાનો દિપક પ્રગટી ઉઠયો હતો.

**પ્રાણુ સાથે બલિદાન દેનાર શેરસિંહ:** જે દિવસે તે ૧૮૦૦ નિર્દોષ જીવોની કત્લેઆમ થવાની છે તેના આગલા દિવસે શેરસિંહે રાત્રે એક વાગે જેલનું તાળું ખોલી નાંખ્યું, ને તે ૧૮૦૦ જીવોને બહાર કાઢયા અને તેમને કહ્યું કે આપ જલ્દી ભાગો. ધારાનગરીના કોઈ ખૂણામાં રહેશો નહિ. હું આપને ટૂંકો રસ્તો બતાવું છું તે રસ્તેથી આપ જલ્દી ભાગી જાઓ. માણસે કોઈ દિવસ ડગલું ભર્યું ન હોય પણ મોતનું નગારું માથે વાગતું હોય ત્યારે દોડવા જ માંડે. ૧૮૦૦ માણસો શેરસિંહના પગમાં આળોટી પડયા. ભાઈ! તારું ભવોભવ સારું થજો. શેરસિંહે તેમને ટુંકો રસ્તો બતાવ્યો ને બધાને વિદાય કર્યા. બીજા દિવસે રાજાએ કહેવડાવ્યું કે ૯૦૦ દંપતીઓને નાહી ધોઈ ને પવિત્ર બનાવો. શેરસિંહે પોતાના જીવનની ચિંતા ન કરી. તેને રાજા મૃત્યુની શિક્ષા કરશે તો પણ હવે ભય નથી. હવે રાજાને ખબર પડી કે શેરસિંહે ૯૦૦ દંપતીઓને જેલમાંથી છૂટા કરીને ભગાડી મૂકયા છે એટલે શેરસિંહને બોલાવીને કહ્યું, શેરસિંહ! તેં આ શું કર્યું? સાહેબ! તે બધાનું કરૂણ રૂદન, તેમની ચીચીયારીઓ મારાથી સંભળાતી નહોતી. તેમનું રૂદન સાંભળીને મારું હૈયું કરૂણાથી છલકાઈ ગયું. તેઓ મરણના ભયથી ધ્રુજતા હતા. એટલે મેં બારણું ખોલ્યું કે તરત બધા જીવ લઈને નાઠા. આજે મારા માટે આનંદનો દિવસ છે. મને જે શિક્ષા કરવી હોય તે કરો, મરણ આવશે તો પણ તે મારા માટે તો મહોત્સવ રૂપ છે. મારા એકના બલિદાને ૧૮૦૦ જીવોને અભયદાન મળ્યું એથી અધિક આનંદ કયો હોય?

આવી જ વાત જાપાનના રાજા મિકાડોના રાજ્યમાં બની હતી. આ રાજાને ફૂલદાનીઓનો ખૂબ શોખ. દરેક દેશની ફૂલદાનીઓ તેણે ભેગી કરી હતી. નોકરો કોઈ તે

રૂમમાં ઝાડૂ કાઢવા જાય તો બિચારો ખૂબ સાચવીને કચરો કાઢે કે ફૂલદાની ફૂટી ન જાય. બધા સાચવીને લે ને મૂકે. એક દિવસ ૩૨ વર્ષનો યુવાન ત્યાં કચરો કાઢતો હતો. ફૂલદાનીઓ સાચવીને ઉપાડીને મૂકે ને કચરો કાઢે. તેમાં એક ફૂલદાની ટેબલ પર મૂકવા જતાં તેના હાથમાંથી છટકી ગઈ ને તેના ટુકડે ટુકડા થઈ ગયા. બિચારો આ યુવાન થરથર ધ્રૂજવા લાગ્યો. કારણ કે જે ફૂલદાની ફોડે તેને મિક્ષડો રાજા ફાંસીની શિક્ષા આપતા હતા. આ વાતની વૃદ્ધ ડોસાને ખબર પડી. રાજાની કેટલી નિર્દયતા ! એક ફૂલદાની ખાતર ફાંસીની શિક્ષા ! ડોસાએ રાજાની પાસે આવીને કહ્યું મહારાજા ! જે ફૂલદાની તોડી નાખે તેને આપ ફાંસીની શિક્ષા કરો છો પણ હું આપની તૂટેલી ફૂલદાની એવી સરસ રીતે સાંધી દઉં કે આપને ખ્યાલ પણ ન આવે કે ફૂલદાની તૂટી ગઈ છે તો પછી તેને ફાંસીની શિક્ષા નહિ ને ? રાજા કહે જો આપ એવી રીતે સાંધી આપો તો તેને કોઇ શિક્ષા નહિ

**રાજાની આંખ ઉઘડાવી :** બીજે દિવસે આ વૃદ્ધ બાપા રાજાના મહેલમાં ગયા અને જે ફૂલદાનીઓ પડી હતી તે બધાયના ટુકડે ટુકડા કરી નાંખ્યા, રાજાને ખબર પડી, તેમને પકડયા અને કહ્યું કે તમે તો કહેતા હતા કે હું ફૂલદાની એવી સાંધી આપીશ કે કોઈને ખબર પણ ન પડે ને તેં આ શું કર્યું ? હે રાજન્ ! આપના મહેલમાં જેટલી ફૂલદાનીઓ હતી તે બધી ફૂટે તો તેટલા જીવોના પ્રાણ જાય. આપ તેટલા જીવોને ફાંસી દઈ દો, માટે મેં બધી ફૂલદાનીઓ ફોડી નાખી છે. મને જે શિક્ષા કરવી હોય તે આપ કરો મારો જીવ લેવો હોય તો લો પણ મારા મૃત્યુથી કેટલા જીવોના જાન બચી જશે. આપને જેટલી ફૂલદાનીની કિંમત છે તેટલી મનુષ્યની નથી. રાજા સમજી ગયા, સાચી વાત છે. એક મારા ક્ષણિક શોખ ખાતર કેટલા જીવોની હિંસા થાત ?

**જીવોને અભય આપતા પોતાને ફાંસી :** શેરસિંહને સામે મૃત્યુ દેખાય છે. છતાં મુખ પર આનંદ છે. તેણે કહ્યું મહારાજા ! મને ફાંસી દેવી હોય તો ખુશીથી દો. હું તૈયાર છું. શેરસિંહને ફાંસીની શિક્ષા જાહેર થઈ. શેરસિંહ ફાંસીએ ચઢવા જઈ રહ્યો છે, છતાં જાણે ભગવાનને ભેટવા ન જતો હોય તેવો દિલમાં આનંદ છે, કારણ કે પોતાના પ્રાણના ભોગે આજે ૧૮૦૦ જીવોને અભયદાન મળ્યું છે. કહેવાય છે કે જે પોતાના પ્રાણના બલિદાને બીજાને બચાવવા જાય તેને ફાંસી પણ કાંઈ કરી શકતી નથી. સુદર્શન શેઠને શૂળીએ ચઢાવ્યા પણ તેમના શીલના, નવકારમંત્રના પ્રભાવે શૂળી ફીટીને સિંહાસન બની ગયું.

**શેરસિંહનો વિજય :** શેરસિંહની શુદ્ધ ભાવનાથી ફાંસી પણ તેને કંઈ કરી શકી નહિ. રાજાના મનમાં વિચાર આવ્યો કે શેરસિંહને ફાંસી કેમ કંઈ ન કરી શકી ? ત્યારે શેરસિંહે સત્ય વાત સમજાવી. મહારાજા ! લોહીથી ખરડયું કપડું લોહીથી ધોવે તો સ્વચ્છ થાય ? ના. મહારાજા ! તેમ હજારો જીવોની હિંસા કરી તેમના લોહીમાં સ્નાન કરવાથી શું રોગ મટે ખરો ? કયારે પણ ન મટે. આપણને જીવવું ગમે છે તેમ સૌ કોઇ જીવવાને ઇચ્છે છે. રાજાને સત્ય વાત સમજાતાં રાજા સુધરી ગયા. "જીવો અને જીવવા દો" એ

જીવનમંત્ર તેમના હૃદયમાં કોતરાઈ ગયો. જીવ હત્યાનું પાપ જન્મ જન્માંતર સુધી અશુભ ફળ આપે છે. અઢાર પ્રકારના પાપમાં સર્વ પ્રથમ હિંસા ઘોર ભયંકર પાપ છે. જૈન-દર્શનમાં નરક ગતિમાં જવાના ચાર કારણો બતાવ્યા છે. તેમાં હિંસા મુખ્ય બતાવી છે. હિંસા દુર્ગતિનું દ્વાર છે અને અહિંસા સદ્દગતિનું દ્વાર છે. અહિંસાની શક્તિ અમાપ છે. તે વીર પુરૂષની શોભા અને તેમનું સર્વસ્વ છે.

જેની વૃત્તિમાં મલિનતા ભરી છે એવો મણિરથ મયણરેહાને મેળવવા માટે માયા-જાળ રચી રહ્યો છે કે હું કેવી રીતે મયણરેહાને મેળવું. તે તેના વિચારો ઘડી રહ્યો છે. બીજી બાજુ યુગબાહુએ રથ જોડાવ્યો અને પોતાના દાસ દાસીઓને સાથે લઈ મયણરેહા સહિત વનમાં આવ્યો અને ત્યાં પડાવ નાંખ્યો. વસંતોત્સવ ઉજવવા માટે રાજા તથા નગરજનો વગેરે જે લોકો આવ્યા હતા તે બધા ઉત્સવ ઉજવી પોતપોતાને ઘેર ગયા. યુગબાહુ કહે છે આજનો દિવસ આપણે બગીચામાં આનંદ કિલ્લોલ કરીએ. આ બગીચો કેવો સુંદર અને રમણીય છે! તું ગર્ભવતી છે; એટલે બહારની ખુલ્લી હવા ગર્ભને મળે તો ગર્ભના બાળક માટે પણ લાભપ્રદ બને, માટે આજે અહીંયા રહીએ. તેઓએ તંબુ તાણીને રહેવાનું નક્કી કર્યું. ચોકીદારો તંબુને ફરતા ખડા પગે ચોકી કરે છે. યુગબાહુ અને મયણરેહાએ સાંજે ધર્મચર્ચા કરી. મયણરેહા કાંઈ સાધારણ સ્ત્રી ન હતી. તેમજ તે વિષય કષાયના રંગથી રંગાયેલ પણ ન હતી, પણ ધર્મના રંગે રંગાયેલ હતી.

મયણરેહા અને યુગબાહુ વનમાં ધર્મચર્ચા કરી રહ્યા છે. બીજી બાજુ મણિરથ પોતાના મહેલમાં જુદું વિચારી રહ્યો છે. તે એમ વિચાર કરી રહ્યો છે કે યુગબાહુ વનમાં જઈને વસ્યો છે. એમાં મારૂં ભાગ્ય છે. હું વસંતોત્સવ ઉજવવા વનમાં ગયો હતો પણ મયણરેહા વિના મારું ચિત્ત કયાંય ચોંટયું નહિ. મયણરેહા વિના મને બધું સુનું લાગ્યું. આજે મયણરેહા યુગબાહુની સાથે વનમાં છે. હું ત્યાં જાઉં, એકલો યુગબાહુ મને શું કરી શકવાનો છે? હું સમજુ છું કે આજે મયણરેહાની પ્રાપ્તિ મારા ભાગ્યમાં લખી છે. કામ-વિકાર શું અનર્થ નથી કરાવતો? બીજાને જીતવો સરળ છે પણ કામ વિકારને જીતવો બહુ મુશ્કેલ છે. મણિરથ પોતાના મનમાં કહેવા લાગ્યો કે આજનો દિવસ મારા માટે સોનેરી દિવસ છે. જો હું આજે સાવધાન નહિ બનું તો હાથમાં આવેલી બાજીને ગૂમાવી દઈશ. કામી માણસોને રાત્રે ઉંઘ આવતી નથી. મણિરથ રાજા પથારીમાંથી ઉભો થયો. નોકર પાસે ઘોડો મંગાવ્યો. નોકર કહે, રાતના આપ કયાં પધારશો? મણિરથ કહે, રાજ્યચર્ચાને તું શું જાણે? રાજ્યના કામ માટે રાત્રે પણ બહાર જવું પડે. નોકર તો ત્યાંથી ચાલ્યો ગયો, પછી મણિરથ રાજાએ પોતાની તલવારની ધારને વિષનો પારો ચઢાવ્યો કે જેથી તલવારનો સ્પર્શ થતાં તેને વિષ ચઢે ને તે તરત ખત્મ થઈ જાય.

અહાહા....એક વખત ભાઈ ભાઈના પ્રેમ કેટલા હતા? અત્યારે એ જ ભાઈ તેને શત્રુ લાગે છે, તેથી તેને મારી નાખવા તૈયાર થયો છે. આ બનવાનું કારણ મણિરથને કામનું વિષ ચઢયું છે. મયણરેહાના રૂપમાં પાગલ બન્યો છે, તેથી તેને મેળવવા માટે

યુગબાહુનું નિકંદન કાઢવા માગે છે. મણિરથ પહેલાં સ્વચ્છ વિશુદ્ધ હૃદયનો હતો પણ કામવાસનાના કારણે તે અત્યારે આવો દુષ્ટ બની ગયો છે. એક શ્લોકમાં કહ્યું છે.

**हृदय तृणकुटीरे दीप्यमाने स्मराग्ना ।**
**दुचितमनुचितं वा वेत्तिकः पंडितोऽपि ॥**

હૃદય રૂપી ઘાસની ઝૂંપડીમાં કામાગ્નિ પ્રજ્વલિત થતાં પંડિત પુરૂષ પણ ઉચિત-અનુચિતનો વિચાર નથી કરતા.

ભગવાન આચારંગમાં બોલ્યા છે કે "**कामा दुरतिक्कमा**" વિષય વાસનાનો ત્યાગ કરવો તે અતિ વિકટ છે. કામી પુરૂષ કામભોગમાં અત્યંત આસક્ત થાય છે ત્યારે તે પોતાની મર્યાદા અને લજ્જાને પણ છોડી દે છે. દ્રવ્ય વિષને તો ઔષધિથી ઉતારી શકાય છે. મહાન વિષધર સાપનું વિષ પણ ઔષધ દ્વારા ઉતારી શકાય છે. પણ હૃદયમાં પરનારીનું જે વિષ ચઢે છે તે વિષ તો વિષનું પણ વિષ છે. આ વિષ સંસર્ગથી પણ ચઢે છે અને જોવાથી પણ ચઢે છે. મણિરથે મયણરેહા તરફ દૃષ્ટિ કરી ન હોત તો તેના પર કામનું જે વિષ ચઢયું છે તે વિષ કદાચ ન ચઢત. હૃદયમાં રહેલા ભ્રાતૃપ્રેમને આ કામવિષે ભસ્મ કરી નાખ્યો. અને મણિરથના હૃદયઘરમાં વિવેકનો દીપક ઓલવાઈ જવાથી અજ્ઞાન અંધકાર ફેલાયો હતો. દીપક ત્યાં સુધી બળતો રહે છે કે જ્યાં સુધી તેને પવનનો ઝપાટો લાગતો નથી. મયણરેહાના રૂપના મોહનો પવન લાગવાથી મણિરથના હૃદયનો વિવેકરૂપી દીપક બુઝાઈ ગયો અને તે કારણે પોતાના પ્રિય ભાઈને પણ શત્રુ માનવા લાગ્યો અને તેની હત્યા કરવા માટે તૈયાર થઈ ગયો. તેને એટલો વિચાર નથી આવતો કે મારા ભાઈની હત્યા કરી ઘોર પાપ બાંધી હું કયાં જઈશ ? મણિરથે યુગબાહુને મારવા માટે તલવાર ઉપર ભયંકર વિષ ચઢાવ્યું. હવે તે તલવાર લઈ યુગબાહુ અને મયણરેહા જે બગીચામાં છે ત્યાં જશે ને કેવું અધમ પાપ કરશે તે અવસરે.

**ચરિત્રઃ**-શેઠ શેઠાણી અને બંને બાળકો ચાર માણસનું કુટુંબ ક્ષિપ્રા નદીના કિનારે ધર્મશાળામાં રહે છે. બાળકો ખૂબ જ ભૂખ્યા હોવાથી શેઠાણી ગામમાં ગયા, ધનચંદ્ર શેઠે તેમને જોયા, અને બહેન કહીને સંબોધ્યા. ભાઈ, મને કંઈક કામ આપો. બેન ! હું તમને કામ નહિ કરવા દઉં, આપ થોડું અનાજ લઈ જાવ. શેઠના આગ્રહથી શેઠાણી થોડું અનાજ લઈ ઘેર આવ્યા. બે ઈંટો ને બળતણ લાવી ચૂલો સળગાવ્યો અને માટીના વાસણમાં ભડકું બનાવવા મૂકયું.

આ બાજુ ધનચંદ્ર શેઠ બહારગામ જતા હતા, રસ્તામાં ધર્મશાળા આવી. પોતાની માનેલી ધર્મની બેન, બનેવી બાળકોને જોયા. ધનચંદ્ર શેઠ સાગરદત્તને કહે છે, આપની મુખાકૃતિ જોતાં એમ લાગે છે કે આપ ખૂબ પુણ્યશાળી પવિત્ર આત્મા છો. ભલે અત્યારે આપની આ સ્થિતિ છે, પણ આપનું લલાટ બતાવી આપે છે કે આપ પહેલાં ખૂબ સુખી અને સમૃદ્ધ હશો. કર્મોદયના કારણે આપની આ સ્થિતિ સર્જાણી છે. ભલે જે હોય તે, આપ હવે મારા ઉપવનની હદમાં છો એટલે તમે મારા અતીથિ છો. આપને સંકોચ ન

હોય તો આપ આપની કથની મને જણાવો. ધનચંદ્ર શ્રેષ્ઠિનો અતિ આગ્રહ, દયાર્દ્ર હૈયું અને મીઠી ગંભીર વાણીના કારણે સાગરદત્તના દિલમાં સ્નેહના અંકુરા ફૂટયા. તેના દિલમાં શાતાની લહરીઓ લહેરાવા લાગી. શેઠની મીઠી વાણીથી જાણે તેમનું અડધું દુઃખ દૂર થયું, પછી સાગરદત્તે પોતાની કથની સંભળાવી.

શેઠની કરૂણ કહાની સાંભળીને ધનચંદ્ર શેઠના દિલમાં થયું કે ક્યાં પૂર્વકાલીન શેઠની જાહોજલાલી અને ક્યાં આજની આ કંગાલ દશા! તે આનંદ અને શોક વચ્ચે ઝોલા ખાવા લાગ્યા અને કહ્યું શેઠ! મારાથી બનતું હું બધું કરીશ. આપ મુંઝાશો નહિ. આપ મારે ત્યાં આવો. સાગરદત્ત કહે, અમે બધા ધર્મશાળામાં રહીશું. અમારે ગામમાં હમણાં આવવું નથી. ધનચંદ્ર શેઠની સહૃદયતા, તેમની લાગણી સાગરદત્તના દુઃખમાં સહાયક બની ગઈ. સુખની છાયાના આછા આછા રંગ જીવનની સંધ્યામાં ઝળકતા દેખાવા લાગ્યા. સાગરદત્તે કહ્યું, આપનો સંયોગ મને પંથમાં શંબલ સમાન છે, ત્યારે ધનચંદ્ર શેઠે કહ્યું, હે મહાનુભાવ! ભાગ્યનો પલટો સાનુકૂળતા અર્પે છે, તમારા પુણ્યબળે જ મને અહીં આકર્ષ્યો નહિ હોય ને! ભાવિની ભીતરમાં તેમ જ ભૂતના ઉંડા થરોમાં જે કાંઇ પ્રતાપ છે તેમાં સમય દશા બળવાન છે.

ધનચંદ્ર શેઠ સાગરદત્તને પોતાને ત્યાં લઈ જવા માટે ખૂબ આગ્રહ કરી રહ્યા છે. આપ મારા ઘેર પધારો. આપને રહેવા મકાન આપીશ. આપ શાંતિપૂર્વક ત્યાં રહેજો ને ધર્મધ્યાન કરજો. મારી બધી સંપત્તિ આપની છે, એમ માનજો. સાગરદત્ત કહે, શેઠ! આપ મારા દુઃખમાં ભાગીદાર થવા આવ્યા છો. આપનો આટલો ઉપકાર બસ છે. હું તમારે ત્યાં આવું પણ મને કાંઈક કામ સોંપજો. વીરા! આપણા કોઠાર સંપૂર્ણ ભરેલા છે. આપને કામ કરવાની કોઇ જરૂર નથી. સાગરદત્ત કહે શેઠજી! કામ વિના જીવનમાં દુર્ગુણો ભરાતા જાય છે. ઉત્તમ પ્રકારનું લોઢું પણ જો પડતર રહે, તો તેને કાટ લાગતાં વાર લાગતી નથી. એટલે મારે બને ત્યાં સુધી કોઈ પણ કામમાં જલ્દી જોડાઇ જવું, એવી મારી ઈચ્છા છે. આપ મારા પરમ ઉપકારી છો, મારે શું કરવું, તેનું માર્ગદર્શન આપજો. મારી પાસે થોડું પણ ધન નથી કે હું વ્યાપાર કરી શકું. તો બીજો કોઈ પણ ઉપાય બતાવજો કે જેથી હું મારા કુટુંબનું પોષણ કરી શકું. પરિશ્રમમાં જીવનના ફળની પરિપકવતા છૂપાયેલી છે. સાગરદત્ત અને ધનચંદ્ર શેઠ અંતરની વ્યથાને દૂર કરનારી અને જીવન ઉત્થાનને બતાવનારી કેટલીક વાતો કરી બંને છૂટાં પડયાં.

આ બાજુ ચૂલા પર ભડકું બનાવવા મૂકયું છે. બાળકો કહે, બા! ખાવાનું આપ ને. જો બેટા! ભડકું બનાવવા મૂકયું છે. હમણાં થઈ જશે. તમે રડશો નહિ. દરરોજ મેવા-મિષ્ટાન્ન જમનાર બાળકો આજ ભડકું ખાવા માટે તલસી રહ્યા છે. પુણ્યપાપની લીલા અજબ છે. સંસારના પટ ઉપર વહેતા સર્વ ભાવો નશ્વર છે. આજનો સત્તાધારી કાલે રસ્તાનો ભિખારી બને છે. સોનાની ટેકરી પર રમનારો કયારેક રંક પણ બની જાય છે. ખરેખર કર્મ બળવાન છે. સુખ પછી દુઃખ, દુઃખ પછી સુખ, એ સંસારના તડકાછાયા છે. સંસારી જીવન

અનેક આપત્તિઓથી ભરેલું છે. આ જ વાત સાગરદત્તના જીવનમાં બની છે. સોનાના હિંડોળે હિંચનારા અને સોનાના પારણે ઝુલનારા આ શેઠ શેઠાણી તથા બાળકોને ખાવાના પણ સાંસા પડ્યા છે. ભડકું તૈયાર થઈ રહ્યું છે, છોકરાઓ ખાવા માટે રાહ જોઇને બેઠા છે. હવે ત્યાં કોણ આવશે, ને શું બનશે, તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં.-૨૦

**શ્રાવણ સુદ ૫ ને મંગળવાર** **તા. ૪-૮-૮૧**

વિશ્વવંદનીય ત્રિલોકીનાથે જગતના જીવોને સમજાવ્યું કે જીવને કર્મોનું બંધન કેવી રીતે થાય છે? સિદ્ધાંતમાં ત્રણ પ્રકારના યોગ બતાવ્યા છે. મનયોગ, વચનયોગ, કાયયોગ. આ ત્રણ પ્રકારના યોગમાંથી કોઈ પણ યોગનો કષાયની સાથે સંબંધ થાય ત્યારે કર્મબંધન થાય છે. એકલી કષાયથી કર્મબંધન નથી થતું કે એકલા યોગથી પણ કર્મબંધન નથી થતું. જેમણે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું છે તેમને મન-વચન-કાયા આ ત્રણે યોગ હોવા છતાં કર્મબંધ નથી થતો. તમને થશે કે શા માટે? ત્રણ યોગ હોવા છતાં કર્મ કેમ બંધાતા નથી? આપને સમજાવું. તીર્થંકર ભગવંતોને ત્રણ યોગ છે, પણ કષાય નથી. જો કષાય હોય તો મોહનીય કર્મ પણ જીત્યું ન કહેવાય, અને મોહનીય કર્મ જીતાયું નથી તો તેમને કેવળજ્ઞાન પણ થઈ શકે નહિ. આઠ કર્મોમાં શિરોમણી મોહનીય કર્મ જીતાઈ ગયું એટલે બાકીના ત્રણ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મ પણ જીતાઈ જવાના. એ ચાર કર્મો પર વિજય મેળવ્યા પછી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય, અને આ કારણથી તેમને પાપ કર્મોનું બંધન થતું અટકી ગયું. ૧૩ મા ગુણસ્થાને જીવને ઇરિયાવહિયા ક્રિયા લાગે છે, પણ તે કર્મબંધ કેવો? પ્રથમ સમયે બાંધે, બીજે સમયે વેદે ને ત્રીજે સમયે ખપાવે, માટે આપણે કહીએ છીએ કે તીર્થંકર અને વિદેહી પુરૂષોને કર્મબંધ નથી થતો.

મહાપુરૂષોને માટે મોટે ભાગે વિદેહી શબ્દનો પ્રયોગ થતો જોવામાં આવે છે. જનકરાજાને લોકો જનકવિદેહી કહેતા હતા. મોટા મોટા યોગી પણ તેમની પાસે જ્ઞાન ભણવા જતા હતા. હિન્દુ ધર્મના ગ્રંથમાં વાત આવે છે કે શુકદેવ જે મહાજ્ઞાની હતા અને બાલપણથી વનમાં ગયા હતા, તે પણ જનક મહારાજાની પાસે બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ માટે આવ્યા હતા. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ઓગણીસમું જેમાં મૃગાપુત્રની વાત આવે છે તેમના માટે "जुवराया दमीसरे" શબ્દનો પ્રયોગ કર્યો છે. जुवराया એટલે યુવરાજ અને दमीसरे નો અર્થ છે ઇન્દ્રિયો તથા મનનું દમન કરવાવાળા. અહીંયા આ બંને શબ્દ વિરોધી દેખાય છે. ભવિષ્યમાં જે રાજા બનવાવાળા છે તે યુવરાજને દમીશ્વર કહ્યું. યુવરાજની પદવીની સાથે ઇન્દ્રિયદમન કેવી રીતે થઈ શકે? શું યુવરાજ અથવા રાજા પોતાની ઇન્દ્રિયોને વશમાં રાખી શકે? શું એક જ વ્યક્તિ રાજા અને યોગી બંનેનું યોગ્ય કર્તવ્ય કરી શકે છે? જો વિચાર કરશું તો સમજાશે કે બંનેના માર્ગ જુદા છે.

બંનેની દિશા જુદી છે. એકનો પ્રવૃત્તિ માર્ગ છે અને બીજાનો નિવૃત્તિ માર્ગ છે. પ્રવૃત્તિ સાંસારિક ગૂંચવણોમાં ફસાવે છે અને નિવૃત્તિ ત્યાગ માર્ગની તરફ આગળ વધારે છે. મૃગાપુત્રને માટે બંને શબ્દો સાથે રાખવામાં આવ્યા છે. ખૂબ ઝીણવટથી આ શબ્દોના રહસ્યને સમજશું તો તે વાત સમજાશે. વિદેહ વિશેષણ મહામાનવો માટે પણ વપરાય છે. જે સંસારમાં રહેવા છતાં પોતાના અંતરમાં સંસારને રાખતા નથી. પોતાની અંદર સંસારને ન રાખવો તેનો અર્થ એ છે કે સંસાર એટલે આત્મામાં રહેલા ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષ આદિનું મૂર્તમાન રૂપ, કષાયાદિના સંયોગથી મન, વચન અને કાયાના યોગોથી જન્મ-મરણની શૃંખલા વધે છે. જો હૃદયમાં કષાય અથવા રાગદ્વેષ ન હોય અગર હૃદય એ દોષોથી રહિત હોય તો બાહ્ય સંસાર સાથે કોઈ સંબંધ રહેતો નથી. એટલા માટે કહ્યું છે કે તમારી અંદર સંસાર ન રાખો. જે મહામાનવ છે તે એવું કરવામાં સમર્થ બને છે. અથવા સંસારને પોતાની અંદર નથી રાખતા. તે બાહ્ય સંસારમાં રહેવા છતાં પણ તેનાથી અલિપ્ત રહે છે, તેથી તેમને વિદેહી કહેવાય છે. સંસારમાં રહેવા છતાં પણ સંસારથી અલિપ્ત કેવી રીતે રહી શકાય? તે સમજાવવા માટે ન્યાય આપું.

**मिष्टान्ना वा स्वादे, जिह्वे च्याअगरी, मसक भरल्यावरी स्वादनेणे।**

મિષ્ટાન્ન તથા પકવાનોની મધુરતાનો સ્વાદ જીભના અગ્રભાગ પર રહે છે તેનાથી આગળ જતાં સ્વાદ સમાપ્ત થઈ જાય છે. એક કહેવત છે કે "ઉતરિયા ઘાટી હુઆ માટી" ગમે તેટલું સ્વાદિષ્ટ અને મધુર પકવાન કેમ ન હોય, તે ગળેથી નીચે ઉતરે એટલે માટીના સમાન સ્વાદ રહિત થઈ જાય છે. જીભ જાતજાતના રસમય પદાર્થો ખાવા છતાં પણ સદા કોરી ને કોરી સ્વાદ રહિત છે, તેવી રીતે વિદેહી આત્મા સંસારમાં રહેવા છતાં પણ સાંસારિક પદાર્થોમાં મમત્વ નથી રાખતા.

બીજો ન્યાય આપું. કમળ કીચડમાં જન્મ લે છે તથા પાણીથી પુષ્ટ થાય છે. છતાં તે પાણીથી પોતાને ભિન્ન માને છે. તે પાણીમાં ડૂબતું નથી અને કીચડમાં ફસાતું નથી. એ રીતે વિદેહી આત્મા આ સંસારમાં જન્મ લે છે. એમાં રહીને પોતાના શરીર, મન આદિ બધાને પુષ્ટ કરે છે, છતાં તે પોતાને એનાથી ભિન્ન માને છે. તે સંસારના બધા કાર્યો કરતા હોવા છતાં સંસારમાં આસક્તિ રાખતા નથી. અર્થાત્ તે બાહ્ય સંસારને બહાર રાખે છે, પણ પોતાની અંદર આવવા દેતા નથી, તેથી તેમને વિદેહી કહેવાય છે. જનકરાજા, ભરત મહારાજા અને યુવરાજ મૃગાપુત્ર, નમિ રાજર્ષિ જેવા અનેક મહાપુરૂષોના દાખલાઓ સિદ્ધાંતમાં તથા અન્ય ગ્રંથોમાં જોવા મળે છે. અસીમ ઐશ્વર્યના સ્વામી હોવા છતાં તેનો ઉપભોગ કમલની જેમ અલિપ્ત ભાવથી કરે છે. અધિક ધન અથવા પરિગ્રહ જેટલું પાપનું કારણ નથી તેના કરતાં અધિક પાપનું કારણ આસક્તિ છે. કહ્યું છે કે "मन एव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः। મન મનુષ્યોનું કર્મબંધન અને મોક્ષનું કારણ છે.

ચાલુ અધિકારમાં મયણરેહાના રૂપ, સૌન્દર્યને જોતાં મણિરથની દૃષ્ટિમાં વિષ આવ્યું. મયણરેહાએ તેને સમજાવવામાં બાકી ન રાખ્યું, છતાં કામી મણિરથની દૃષ્ટિ ન સુધરી.

પ્રજાને મન રાજા પિતા સમાન છે ને રાજાને મન પ્રજા પુત્ર સમાન છે. પ્રજા પોતાની કોઈ મુસીબતો હોય તો રાજા પાસે ફરિયાદ કરે પણ રક્ષક જ ભક્ષક બને તો ફરિયાદ કોની પાસે કરવાની ? અહીં રાજા જ જ્યાં દુષ્ટ બન્યો ત્યાં કહેવાનું કોને ? કામી માણસો કોઈના ખૂન કરતાં અચકાતા નથી. મણિરથ રાજા મયણરેહાના રૂપમાં આસકત બન્યા ને મયણરેહાને મેળવવા ઘણા પ્રલોભનો આપ્યા, છતાં મયણરેહા તેમાં લલચાણી નહિ. તેણે મણિરથને સુધારવા માટે ઘણા પ્રયત્નો કર્યા પણ તે સુધર્યા નહિ, ત્યારે મયણરેહા કહે છે ધિક્કાર છે મારા રૂપને ! આવી રીતે બોલે છે. મહાન આત્માઓ પોતાના જ દોષ જુવે છે.

**ભાઈના વિયોગથી બલભદ્રને વૈરાગ્ય** :–કૃષ્ણ અને બલભદ્ર બંને સગા ભાઈઓ હતા. કૃષ્ણજી જ્યારે મૃત્યુ પામ્યા ત્યારે બલભદ્ર તેમના શબને ખભે લઈને છ મહિના સુધી ફર્યા. વાસુદેવ અને બળદેવને એક બીજા પ્રત્યે એટલો રાગ હોય છે કે તે વાસુદેવ મૃત્યુ પામ્યા છે છતાં માનવા તૈયાર નથી. એટલે છ મહિના સુધી શબને લઈને ફરે છે. કેટલો મોહ ! મોહનીય કર્મ ડાહ્યાને ગાંડા બનાવે છે. છેવટે દેવ સમજાવવા આવે છે. ખેડૂતનું રૂપ લઈને પથ્થરની જમીન પર હળ ચલાવે છે. ત્યારે બળભદ્ર કહે છે ભાઈ ! કોઈ દિવસ પથ્થરની જમીન પર હળ ચલાવતા શું ખેતી થવાની છે ? ખેડૂતના રૂપમાં રહેલ દેવ કહે છે, પથ્થરની જમીન પર ખેતી ન થાય તો શું મડદા કદી જીવતા થાય ? આ શબ્દો તેને સાંભળવા ન ગમ્યા. બલભદ્ર આગળ જાય છે તો દેવ બીજું દૃશ્ય બતાવે છે. ઘાણીમાં કાંકરા નાંખીને તેને પીલી રહ્યા છે. આ જોઈને બલભદ્ર કહે છે અરે મૂર્ખ ! ઘાણીમાં કાંકરા પીલવાથી શું ક્યારે પણ તેલ મળે ખરૂં ? ભાઈ ! ઘાણીમાં કાંકરા પીલવાથી તેલ ન મળે તો મડદા શું જીવતા થાય ખરા ? આવા બે ત્રણ દાખલા આપીને સમજાવે છે, છેવટે છ મહિને બલભદ્રને ભાન થાય છે કે જન્મ છે તેનું મૃત્યુ છે. એમ સમજી અગ્નિસંસ્કાર કરે છે. તે વિચારે છે કે હું મોહદશામાં પડીને ભાન ભૂલ્યો. આ સંસાર સંયોગ અને વિયોગનો અખાડો છે. એ નિમિત્તે વૈરાગ્ય આવતા સંયમ લઈને સાધુ બની ગયા.

એક વાર આ બલભદ્ર મુનિ ગામમાં ગૌચરી માટે આવતા હતા. તેમનું રૂપ તો અથાગ હતું. તે સમયે કૂવા કાંઠે બે ચાર બેનો પાણી ભરવા આવી હતી. તેમાંથી એક બેનની દૃષ્ટિ મુનિના રૂપ પર પડી. મુનિના રૂપમાં અંજાઈ જતાં તેણે દોરડું ઘડામાં નાખવાને બદલે સાથે આવેલા બાળકના ડોકમાં નાખ્યું. એ દોરડું કૂવામાં નાંખ્યું. કૂવાના પાણીમાં ડુબતા ને દોરડાનો જબ્બર આંટો લાગતાં બાળક ત્યાં મરી ગયો. આ જોયું ત્યારે એ બોલી **"ધિક ધિક મુનિ તારા રૂપને, ધિક તારો અવતાર."** ધિક્કાર છે, મુનિ તારા રૂપને ! મુનિ ક્યાં તેના સામું જોવા ગયા હતા, પણ તેણે પોતાનો દોષ ન જોયો કે મેં મારી દૃષ્ટિ એ તરફ કરી ત્યારે આવું બન્યું ને ! પણ મુનિનો દોષ જોયો. જ્યાં સુધી માનવ પોતાનો દોષ નહિ જોવે ને બીજાના દોષ જોશે ત્યાં સુધી તેનું કલ્યાણ દૂર છે. આ વાતની મુનિને પણ જાણ થતાં તેમણે નિર્ણય કર્યો કે હું જીવું ત્યાં સુધી મારે ગામમાં ગૌચરી

આવવું નહિ. રૂપ ઘણી વાર મહાપુરૂષોને અનર્થનું કારણ બની જાય છે. જેવી રીતે રાવણને માટે સીતાનું રૂપ અને પદ્મનાભ રાજાને માટે દ્રૌપદીનું રૂપ વિષ સમાન નીવડયું હતું તે પ્રમાણે મણિરથને માટે મયણરેહાનું રૂપ વિષ સમાન નીવડયું.

**હે ચક્ષુ ! તમે ચંચળ, શું જોયું તમે સારૂં ?**
**નારી દેહનું દર્શન છે તમને હજુ પ્યારૂં !**
**આ ઘરડી બની કાયા થોડી તો શરમ રાખો... ફોગટની.**

કવિ અહીં ચક્ષુને કહે છે હે ચક્ષુ ! તમે આંખથી શું જોયું ? નારીના દેહનું દર્શન જ ને ! નારીનું રૂપ જ ને !

મયણરેહાએ મણિરથને ઘણું સમજાવ્યા છતાં મણિરથ કહે, હે મયણરેહા ! તું મારી પત્ની બને તો મને રાજ્ય ચલાવવામાં સહાયક બને. એ પૈડા સરખા હોય તો રાજ્યતંત્ર સારી રીતે ચલાવી શકું ને ! ગમે તેવા પ્રલોભનો આપે પણ સતી ડગે ખરી ? ના. નારી ભલે અબળા દેખાતી હોય પણ કટોકટીનો સમય આવે, શીલપર આફત આવે ત્યારે સબળા બનીને તેનું શૌર્ય બતાવી દે, તેમાં પાછી પાની ન કરે. આનું નામ જ સાચું શૂરાતન. શીલની ખુમારી જેના રોમરોમમાં વસી રહી છે એવી આર્યનારી પુરૂષોની પિશાચ-લીલાનો કદી ભોગ બનતી નથી. નારી ભણેલી હોય કે અભણ હોય એ બહુ મહત્વનું નથી. મહત્વની વાત છે શીલ રક્ષાની. શીલ રક્ષાનો સવાલ જ્યારે એની સામે આવીને ઉભો રહે ત્યારે નારી તલવાર ખેંચીને પણ જંગમાં ઝંપલાવી દે છે.

**નારી અબળા નહિ પણ સબળા :**—રાજસ્થાનમાં એક નાનકડું ધુનાડા નામનું ગામ છે. ગામમાં અનેક જાતિ વસે છે, ને ક્ષત્રિયો પણ વસે છે. એક ક્ષત્રિય યુવાનના એક ક્ષત્રિયાણી સાથે લગ્ન થયા છે, છોકરી પરણીને સાસરે આવી. દોઢ વર્ષ જેટલો સમય થયો. આ બાઇને પ્રસૂતિનો પ્રસંગ હોવાથી તે પિયર ગઈ. ત્યાં એને પુત્રનો જન્મ થયો. બાબો બે અઢી મહિનાનો થયો ત્યાં સમાચાર આવ્યા કે સાસુ બિમાર છે એટલે તેને મોકલો. પિયર ને સાસરું બંને ગામડું છે, પણ ઘર સ્ટેશનથી બે ત્રણ માઇલ દૂર છે. ક્ષત્રિયપુત્ર પોતાની પત્નીને અને બાળકને તેડવા સાસરે ગયો. તે ક્ષત્રિય હતો પણ એનામાં થોડું મીઠું ઓછું હતું. દાળ શાકમાં મીઠું ઓછું હોય તો ભાવતું નથી. આ ક્ષત્રિય પુત્રમાં થોડા મીઠાની ખામી હતી. પોતાની પત્ની અને વહાલસોયા બાળકને લઇને સાસરેથી નીકળ્યા. ટ્રેઈનમાં બેસી ધૂનાડા સ્ટેશને પહોંચ્યા. ગાડી થોડી મોડી હતી, એટલે સ્ટેશને ઉતર્યા, ત્યાં તો રાત પડી ગઈ.

ધૂનાડા સ્ટેશને તો ધોળા દિવસે પણ લૂંટારાનો, ચોર–ડાકુઓનો ભય, ગુંડાગીરી કરી સ્ત્રીઓને પણ ઉપાડી જાય. આજુબાજુમાં ગીચ ઝાડી. આવા ભયંકર જંગલમાં આ ક્ષત્રિય અને તેની પત્ની ઉતર્યા. ફૂલ જેવો ત્રણ મહિનાનો બાબો સાથે હતો. અંધારાના ઓળા અવની પર ઉતરી ગયા હતાં. ગામ દોઢ બે માઇલ દૂર છે. અશક્તિના કારણે ક્ષત્રિયાણી ચાલી શકે તેવી સ્થિતિમાં નથી. આજે ત્યાં કોઈ સાધન પણ નથી. ક્ષત્રિયાણી રૂપ રૂપનો

અંબાર છે. તે ખૂબ ચકોર અને હોંશિયાર છે. તેનામાં ક્ષત્રિયાણીનું શૂરાતન છે. તેણે પતિને કહ્યું-હું થોડીવાર અહીં બેઠી છું. આપ જલ્દી ગામમાં જાવ. અને ગાડું લઈ આવો. સાથે તલવાર પણ લેતા આવજો. ક્ષત્રિયપુત્ર તો ગાડું લેવા ગામમાં ગયો. જલ્દી પાછા આવવાની એને ધૂન હતી.

**ગુંડાઓનું મળવું** :—આ બાજુ ક્ષત્રિયાણી તેના બાળકને લઈને એકલી બેઠી છે. કાજળઘેરો અંધકાર આગળ વધી રહ્યો છે. એકાંત...અંધારીરાત અને એકલી ઓરત, ગુંડાઓ, ડાકુઓને માટે આવી રાત એટલે આનંદની રાત. ક્ષત્રિયાણીને આ નિરવ શાંતિ ડંખતી હતી. ત્યાં તેનો બાળક રડયો....બાળકના રડવાનો અવાજ સાંભળીને ત્રણ ગુંડાઓ ત્યાં આવ્યા. ક્ષત્રિયાણી રૂપ રૂપનો અંબાર છે. એને જોતાં ગુંડાઓના મનમાં થયું કે શું આનું રૂપ છે ! ચાંદના ટુકડા જેવું મુખ જોઈ ત્રણેના અંતરમાં વાસનાનો ભોરીંગ લબકારા મારવા લાગ્યો. ખરેખર રૂપ એ સતીઓ માટે દુઃખનું નિમિત્ત બને છે. રૂપના કારણે સતીઓની કસોટી થઈ છે. પેલા ગુંડાઓ બાઈને પૂછે છે. આવા અંધારા જંગલમાં તને એકલી મૂકીને જનાર કોણ મળ્યો ? કેમ એકલી છું ? ધોળા દિવસે અહીં કોઈ ન રહી શકે એવું ભયંકર આ જંગલ છે. કયાંથી આવો છો ? બાઈએ કહ્યું, હું પિયરથી આવી છું. અને ધૂનાડા જવું છે. મારા પતિ મારી સાથે જ હતા. એ ગામમાં ગાડું લેવા ગયા છે. હમણાં આવતા હશે.

**ગુંડાઓની ચાલબાજી** :—ગુંડાઓએ કહ્યું-આ અજાણી ભૂમિ છે. ધોળા દિવસે પુરૂષના પણ હાજા ગગડી જાય એવું આ સ્થાન છે. તો અંધારી રાતે એકલી સ્ત્રી અહીં કેવી રીતે બેસી શકે ? કંઇ વાંધો નહિ. તમે મુંઝાશો નહિ. અહીંથી થોડે દૂર અમારી ઓરડી છે. અમારી પત્ની પણ ત્યાં છે. આપ ત્યાં આવો, અને તમારા પતિ આવે ત્યાં સુધી આરામ કરો. આ બાઈએ વિચાર્યું કે અહીંની જમીન પણ જાણે ભય બતાવતી હોય તેમ લાગે છે. અહીં એકલા બેસવા કરતાં સ્ત્રીઓ હોય એવા સ્થાનમાં બેસવાથી મને શાંતિ મળશે. થડકારો ઓછો થશે. એમ વિચારી તે બાઈ ગુંડાઓ સાથે ચાલવા લાગી. બાઈને ખબર નથી કે આ છૂપાવેશમાં ગુંડાઓ છે. ચાલતાં ચાલતાં થોડે દૂર એક નાનકડી ઓરડી આવી. ત્રણે પુરૂષોના પંજામાં ફસાયેલી ભોળી પારેવડા જેવી અબળા ઓરડી પાસે પહોંચી. ઓરડીનું બારણું ખોલ્યું તો તેમાં કોઈ નથી. ગુંડાઓ કપટથી કહે તમે અહીં બેસો. મારી ઘરવાળી પિયર ગઈ છે. મારી મા પાણી ભરવા ગઈ છે, હમણાં આવશે. ત્રણેની આંખમાં રમતા વાસનાના સાપોલિયાને તેમજ એમના ઇશારાથી એ સમજી ગઈ કે હું તો પાપીના પંજામાં ફસાઇ ગઈ. શીયળ સાચવવું કઠીન છે. આજે મારી કસોટી છે. અણછાજતો પ્રસંગ બની જાય એ પહેલાં બુદ્ધિબળથી રસ્તો શોધવા તૈયાર થઈ.

**ગુંડાઓ સામે શુરાતન અને ચમત્કાર બતાવતી સતી** :—ત્રણે ગુંડાઓ ત્યાં રૂમમાં બેઠા હતા. બાબાને સુવાડયો હતો. ત્યાં બાઈ સંડાસનું બહાનું કાઢી હું હમણાં આવું છું એમ બોલીને ઘરની બહાર નીકળી. વાસનાના ભૂખ્યા વરૂઓને વિશ્વાસ હતો,

જાળમાં ફસાયેલી માછલી હવે ગમે તેટલા ધમપછાડા કરે તો પણ ક્યાંય જઈ શકે એમ નથી. ભયંકર રાત્રીમાં એ ક્યાં જવાની છે? ક્ષત્રિયાણી બહાર નીકળી, ઓરડીનું બારણું બહારથી બંધ કરી દીધું. બારણાને સાંકળો મારી દીધી. અંદરથી બહાર આવવા માટે બીજું બારણું નથી. માત્ર એક જાળી હતી. ધારેલી બાજી ધૂળમાં મળી ગઈ. ત્રણે ગુંડા છંછેડાયા. આ તો આપણા ત્રણની ચોટી પકડે એવી છે. એકલી અબળા ત્રણની સામે ટક્કર ઝીલી શકે છે, પણ એને અમારી તાકાતની ખબર નહિ હોય. પહેલા તો શામદામથી નારીને રીઝવવા મહેનત કરી. આ ચતુર સ્ત્રી કોઈ પણ રીતે હવે તેમના હાથમાં આવે તેમ ન હતી. બહારથી બારણું મજબૂત બંધ હતું. પ્રયત્નથી પણ ઉઘડે તેમ ન હતું. આ ગુંડાઓ કહે, તું બારણું ખોલ, નહિ તો હમણાં તારા બાળકને મારી નાખીશું. માતાને સંતાન કેટલા વહાલા હોય છે! પણ સતી સ્ત્રી શીલના રક્ષણ ખાતર છોકરાનો પણ ત્યાગ કરવા તૈયાર થઈ જાય છે! એવા કટોકટીના પ્રસંગમાં શીલ વહાલું કરે છે, પણ બાળક વહાલા કરતી નથી. આવો પ્રસંગ જસમા ઓડણના જીવનમાં બન્યો છે. તેના દેખતા પોતાના વહાલસોયા કપાઈ ગયા પણ શીલ ન છોડયું. જો શીલ છે તો બધું છે. અને શીલ ગયું તો બધું ગયું છે.

આ ક્ષત્રિયાણીને ગુંડાઓ કહે છે, તું બારણું ખોલ, નહિ તો તારા દીકરાનું ખુન થશે. એક તરફ પ્રાણપ્યારું બાળક અને બીજી તરફ જીવન ધન, ઝનુની નરપિશાચો એક જ વાત લલકારતા હતા કે બારણું ખોલ, નહિ તો તારું બાળક સદાને માટે તારી પાસેથી ઝુંટવાઈ જશે. હે દુષ્ટો! તમે અમારી સ્ત્રી જાતિને એટલી સસ્તી ધારતા હો તો એ મસ્તીનો મદ ઉતારી દેજો, હું બધું કુરબાન કરીશ, પણ મારા સતીત્વને તો અખંડ રાખીશ, તેના આ શબ્દોમાં જાણે અંગારા ઝરતા હતા. ગુંડાઓ કહે છે, ઘણીયે સ્ત્રીઓ અમારા સકંજામાં સપડાઈ ગઈ છે. તું વળી કોણ? સમજી જઈશ તો બધું સલામત, નહિ તો બધું બરબાદ. બધું બરબાદ થાય એની ચિંતા નહિ. મારું સતીત્વ સદા અખંડ રહે એ જ ઇચ્છું છું. દુષ્ટો! તમારાથી થાય તે કરી લો. મારામાં પ્રાણ છે ત્યાં સુધી આપ મને આંગળી અડાડી શકવાના નથી. ઓરડીમાં નાનું બાળક રડી રહ્યું હતું. માતાનું કાળજું કળીએ કપાતું હતું, પણ અત્યારે કોઈ ઉપાય નથી. ગમે તેટલી જબરી માતા હોય પણ સંતાન આગળ એ ઢીલી બની જાય છે. ત્રણ મહિનાના કોમળ બાળકના હાથ પર છરી મારીને હાથ કાપી નાંખ્યો, અને તે હાથ બહાર ક્ષત્રિયાણી ઉપર ફેંક્યો. જોઈ લે તારા બાળકની દશા! હજુ ય સમજી જા. બાળકનું રૂદન જોયું જતું નથી. આ માતા નીચું મોં રાખીને રડી રહી છે. પહેલા ખોળાનું પ્યારું બાળક છતાં માતા કંઈ કરી શકે તેમ ન હતી.

થોડી વાર થઈ, ત્યાં જેમ વેલડી ઉપરથી કાકડી કાપે એમ બીજો હાથ કાપીને બહાર ફેંક્યો. થોડી વારે ડોક ઉડાવી દઈને માથું બહાર ફેંક્યું. બાળકનો જીવનદીપ સદાને માટે બુઝાઈ ગયો. ક્ષત્રિયાણીના જીગરના ટુકડા થઈ રહ્યા હતા. તે ખૂબ રડી રહી છે. પોતાની નજર સમક્ષ બાળકને મારી નાંખ્યો, છતાં સતી શીયળ છોડતી નથી કે ક્યાંય

ભાગી જતી નથી. એનામાં કાયરતા નથી. આ ગુંડાઓ હજુ એને બારણું ખોલવા માટે સમજાવી રહ્યા છે. એટલામાં ક્ષત્રિય ગામડામાંથી ગાડું લઈને આવી ગયો. તે પોતાની પત્નીને શોધી રહ્યો છે. ચાલતાં ચાલતાં અહીંનો અવાજ તેના કાને અથડાયો, અને તે અહીં આવી ગયો. પત્નીએ બધી વાત કરી. સામે જ આ દુષ્ટો ઉભા છે. મારા કાળજાની કોર સમાન પ્રાણપ્રિય નાનકડા ફુલને તો મારી નાંખ્યો છે. એ ગીધડાઓ મારા દેહને ચૂંથવા તૈયાર થયા છે. હવે આપ ઉઠાવો આપની તલવાર અને એ બધાયને સદાયને માટે મૃત્યુના મુખમાં પહોંચાડી દો, ત્યારે ક્ષત્રિય કહે છે, એ ત્રણ છે ને હું એકલો છું. મારી તાકાત નથી. હવે અહીંથી જલ્દી રવાના થઈ જઈએ.

તમારું મરદાનગીપણું–ક્ષત્રિયનું શૂરાતન ક્યાં ગયું ? જો એક કન્યાનું પણ શીલ સાચવવાની તમારામાં તાકાત નથી, તો શા માટે પરણવા આવ્યા હતાં ? ક્ષત્રિયાણીએ પોતાનું બધું બળ એકઠું કરી હિંમત કરીને ક્ષત્રિયના હાથમાંથી તલવાર લઈ લીધી. આ સ્ત્રી હવે વિફરેલી વાઘણ જેવી બની હતી. એના અંગેઅંગમાં શૌર્યનું તેજ વહી રહ્યું હતું. હાથમાં તલવાર લઈને ઝનુને ચઢેલી ક્ષત્રિયાણી બારણા પાસે જઈ એકદમ બારણું ખોલીને કહે છે હે નરાધમો ! હે દુષ્ટો ! બહાર નીકળો. મારા બાળકનો જે માર્ગ તે જ તમારો માર્ગ. સ્ત્રી જાતિના જીવન તમે સસ્તા માનો છો પણ આજે બધો હિસાબ હું ચુકતે કરી દેવાની છું. જાણે સાક્ષાત્ રણચંડી ન હોય, એવી ક્ષત્રિયાણી ખુલ્લી તલવાર લઈને ઉભી છે. તે કહે છે હે પાપી ! હે અધમ નરપિશાચો ! તમારા પાપનો બદલો આજે તમને પૂરેપૂરો મળી જવાનો છે. આજે મારા હાથમાંથી એક પણ છટકી શકવાના નથી. બારણું ખોલતાં ત્રણે ત્યાંથી ભાગવા જાય છે, ત્યાં એકનું તો સીધું ડોકું ઉડાવી દીધું. બે ઉભી પૂંછડીએ નાઠા. આ ઝનુની ક્ષત્રિયાણી તેમની પાછળ પડી. એકને રસ્તામાં પાડી નાંખ્યો ને પેટમાં તલવાર ભોંકી દીધી અને ત્રીજો ભાગી ગયો. તેના અંતરમાં વિચારોનો ઉલ્કાપાત મચ્યો હતો. ક્ષત્રિયાણીએ પતિ પાસે જઈને કહ્યું, જે પુરૂષ પોતાની પત્નીના શીલની રક્ષા કરવામાં અસમર્થ છે એવા નમાલા, કાયર પતિના સહવાસમાં જીવવું એના કરતાં જીવનના પાંજરામાંથી સદાને માટે મુક્ત થવું એ શ્રેષ્ઠ છે. એમ કહી તલવાર પોતાના પેટમાં ખોસી દીધી ને અંતે મરણને શરણ થઈ. સતીઓ પોતાના પ્રાણ કુરબાન કરે પણ ચારિત્રને છોડે નહિ.

યુગબાહુની પત્ની મયણરેહા પણ ચારિત્ર માટે કેટલી દૃઢ છે ! ધીર, વીર ને કેટલી શૂરવીર છે. જેનો આત્મા શુદ્ધ છે તે આત્મા કોના જેવો છે ? સૂયગડાંગ સૂત્રમાં ભગવાન બોલ્યા છે.

**भावणा जोग सुद्धप्पा, जले णावा व आहिया ।**

**णावा व तीर संपन्ना, सव्वदुक्खा तिउट्टइ ॥** અ. ૧૫ ગા. ૫

૨૫ અથવા ૧૨ પ્રકારની ભાવનાઓથી જેમનો આત્મા શુદ્ધ–પવિત્ર થયો છે તે આત્મા પાણીમાં નૌકા સમાન સંસાર સમુદ્રને પાર કરવામાં સમર્થ કહેવાય છે. જેવી

રીતે કિનારે પહોંચીને નૌકા વિશ્રામ કરે છે તેવી રીતે ભાવના યુક્ત સાધક પણ સંસાર-સમુદ્રના કિનારે પહોંચીને બધા દુઃખોથી મુક્ત થઈ જાય છે.

ભગવાને ૧૨ પ્રકારની ભાવના બતાવી. તેમાં પહેલી અનિત્ય ભાવના ભાવતા જીવ શો વિચાર કરે? આ જગતમાં ધન, માલ મિલ્કત, ઘર, કુટુંબ કબીલા અને શરીર આ બધું અનિત્ય છે. અમારી બેનોની નવી સાડી હોય પણ તે સાડીને જો બેન પહેરે નહિ ને ૨૦ વર્ષ સુધી રાખે તો પણ સાડી સડી જાય છે. કોઠારમાં અનાજ ભર્યું હોય તે પણ પાંચ દશ વર્ષે સડી જાય છે. મકાનો મજબૂત બાંધ્યા હોય છતાં સો–દોઢસો વર્ષે તે પણ જીર્ણ થાય છે, પડી જાય છે, માટે આ જગતમાં કાંઈ નિત્ય નથી. નિત્ય એક એવો મારો આત્મા છે. ઉત્તમ ભાવનાના યોગથી જેનું અંતર સ્વચ્છ અને નિર્મળ થઈ ગયું છે, જેના અંતરમાં ક્રોધાદિ કષાય જરા પણ રહી નથી, જેના મનમાં ઈર્ષા, દ્વેષ, વૈર, વિરોધ, વિષય, તૃષ્ણા, લોકૈષણા, નિંદા, ચુગલી આદિનો જરા કણ પણ નથી, એવા પવિત્ર આત્મા સંસારિકતાના સ્વભાવને છોડીને પાણીમાં નાવની જેમ સંસાર-સાગરમાં રહેલા છે. છતાં પણ સંસાર સાગરની ઉપર તરતા રહે છે. જેવી રીતે નાવ પાણીમાં ડૂબતી નથી તેવી રીતે તે સંસાર સાગરમાં ડૂબતો નથી. જેવી રીતે ઉત્તમ નાવિકથી યુક્ત અને અનુકૂળ હવાથી પ્રેરિત નાવ સમસ્ત તોફાનોથી મુક્ત થઈને કિનારે પહોંચીને વિશ્રામ લે છે તેવી રીતે ઉત્તમ ચારિત્રવાન નાવિકથી યુક્ત જીવન રૂપી નૌકા તપ–સંયમ રૂપી પવનથી પ્રેરિત થઈને દુઃખરૂપ સંસારથી છૂટીને સમસ્ત દુઃખોના અભાવ રૂપ મોક્ષના કિનારે પહોંચી જાય છે.

ભગવાને સાધકને માટે ૨૫ ભાવના બતાવી છે. એક મહાવ્રતની પાંચ એટલે પાંચ મહાવ્રતની ૨૫ ભાવના. શ્રાવક બાર ભાવના ભાવે. સંતોને જોઈને એવી ભાવના થાય છે કે હું પંચ મહાવ્રતધારી સાધુ કયારે બનીશ? અમારી બેનો રતનપોળમાં જાય ત્યારે એને એમ થાય કે આ લઉં કે તે લઉં? પણ નાના મહાસતીજીઓને જોઈને એવો વિચાર થાય છે કે હું કયારે આવી મહાસતીજી બનીશ? તમારી ચેતના જાગૃત કરો. તપસ્વી નાના મહાસતીજીને જોઈને ભાવના કરો કે અમે પણ એવા તપ કરીએ. જેઓ ભાવનાથી શુદ્ધ છે, રાગદ્વેષ તથા કષાયોને જેણે દૂર કર્યા છે, અને જગતના સર્વ જીવો મારા આત્મા સમાન છે, મને સુખ ગમે છે તો બધાને સુખ ગમે છે, મને દુઃખ નથી ગમતું તો બીજાને દુઃખ કેમ ગમે? જેમની આવી ભાવના છે, એવા આત્માઓને જળમાં નાવ સમાન કહ્યા છે. એવા આત્માઓ પોતે તરે છે ને બીજાને તારે છે. પાણીમાં લાકડાનો કે તુંબડીનો સહારો મળી જાય તો તે તરી શકે છે, પણ જેણે લોખંડનો સહારો લીધો છે તે આત્મા તરતા નથી, પણ ડૂબવાના છે.

જેની ભાવના પવિત્ર છે એવી મયણરેહા અને યુગબાહુ રાત્રે ૧૧ વાગ્યા સુધી ધર્મચર્ચા કરીને કેલીવનમાં સૂતા છે. આ બાજુ જેની દૃષ્ટિમાં વિષ ભર્યું છે એવો કામાંધ મણિરથ પોતાની ધારદાર કટારી કમ્મરે ઝુલતી મૂકીને એ બગીચા તરફ આવવા લાગ્યો.

આપ સાંભળી ગયા ને કે કામી આત્મા ફૂલ જેવા બાળકને મારતા પાછા ન વળ્યા. એના દિલમાં દયા ન આવી. કામી અધમ પાપી છે. કોઈ પણ માણસ એક ભૂજાબળથી યુદ્ધમાં દશ હજાર સૈનિકોને જીતતો હોય પણ જેણે કામવાસના પર વિજય મેળવ્યો નથી તે જીતેલો નથી પણ જીતાયેલો છે. મણિરથ રાજા ભાઈને મારવાનો લાગ શોધે છે. ભાઇને મારવાના સ્વાર્થના અંધાપામાં લોહીના સંબંધ ભૂલાઈ ગયા. આવા સંસારમાં કયાં વિશ્વાસ રાખીને બેસી રહેવાય ! મણિરથ દેખાવ એવો કરે છે કે આટલી રાત્રે મારો ભાઈ બહાર રહ્યો છે એમાં જોખમ છે તેથી તેને બોલાવી લાવું. રાજા એકલા નીકળ્યા છે. રાજા કયારે પણ એકલા નીકળે નહિ. તેમની સાથે માણસો હોય પણ પાપ કરવું છે તેથી એકલા નીકળ્યા છે. પાપી માણસોને અંધારી રાત અજવાળી બની જાય. રાત્રે યુગબાહુ અને મયણરેહા જ્યાં કેલીવનમાં સૂતા છે ત્યાં મણિરથ આવે છે. દરવાજે યુવરાજના ચોકીયાતો ચોકી કરે છે. તે મણિરથને આવતા રોકે છે, ત્યારે મણિરથ કહે છે હું તમારો અને યુગબાહુનો સ્વામી છું. મને શા માટે રોકો છો ? ચોકીયાતો કહે– અમારા મહારાજા આવી અંધારી રાત્રે એકલા કયારેય ન આવે ? તેમની સાથે તો સામંતો તથા નોકરો ઘણા હોય. અમે તમને અંદર આવવા દઈ શકીએ નહિ. ચોકીયાતો સમજી ગયા કે રાજા અહીં એકલા રાત્રે આવ્યા છે માટે એમના આવવામાં જરૂર કપટ છે. માટે આપણે સાવધાન બનવાની જરૂર છે. હવે મણિરથ અંદર કેવી રીતે આવશે ને ત્યાં કેવી વિષમ ઘટના બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :** શેઠાણી બાળકો માટે ભડકું બનાવી રહ્યા છે. બાળકો ખાવા માટે તલસી રહ્યા છે ત્યાં શું બન્યું.

**ઈતને મેં હી ઉદયચંદ કે મુનિમ પહુંચે આય,**
**કૌન કહાં સે આયે હો તુમ, ઔર કયા બન રહે....**

તે ગામમાં રહેતા ઉદયચંદ શેઠનો મુનિમ ત્યાં આવ્યો અને પૂછે છે, આપ કોણ છો ? કયાંથી આવ્યા છો ? શું કરો છો ? શેઠ–શેઠાણી પોતાના દુઃખની કહાણી કહે છે. પહેલા અઢળક સુખ હતું અને અત્યારે કર્મના ઉદયે કેવી દશામાં છે તે બધી વાત કરે છે, ત્યારે મુનિમજી કહે ભાઈ ! આ નગરીમાં ઉદયચંદ નામના શેઠ રહે છે. તેમને એક જ દીકરી છે. તે દીકરીના લગ્ન લીધા છે, તેથી શેઠ આખું ગામ જમાડે છે. અમારા શેઠનું ફરમાન છે કે આજે ગામનો કે બહારગામનો કોઇ માણસ ભૂખ્યો ન રહેવો જોઈએ. આપ ધર્મશાળામાં બધે તપાસ કરો તેથી હું શોધતો શોધતો અહીં આવ્યો છું. આપ ત્યાં પધારો અને આપની ભૂખ શાંત કરો. શેઠ–શેઠાણી ના પાડે છે. અમારે જમવા આવવું નથી. બે બાળકોને લઈ જાવ. મુનિમજી ખૂબ આગ્રહ કરીને બધાને લઈ જાય છે, પણ શેઠ–શેઠાણીના પગ પાછા પડે છે. કયારેક કંઈક થવાનું હોય તો ભાવિના ભણકારા વાગે ખરા.

બંને બાળકોને તો આનંદનો પાર નથી. આજે આપણને સારું સારું ખાવાનું મળશે. ઉદયચંદ શેઠે સાગરદત્તને આવતા જોયા. ભલે તેમના કપડા સારા નથી, પણ તેમનું લલાટ ખૂબ તેજસ્વી દેખાય છે. ઉદયચંદ શેઠ સાગરદત્તનું લલાટ જોઈને સમજી ગયા કે આ કોઈ મોટો વહેપારી શેઠ હશે. આ પુણ્યશાળી આત્માઓ દેખાય છે. કર્મે તેમની દશા બદલાવી છે. ચાહે તો તેમને રસ્તામાં કોઈ ચોર ડાકૂઓએ લૂંટી લીધા હોય, અગર તેમના માલ ભરેલા વહાણ ડૂબી ગયા હોય, ગમે તે કારણસર શેઠ દુઃખી થઈ ગયા છે, અને ધર્મશાળામાં ઉતર્યા છે. આ છે કોઇ મોટા શ્રીમંત શેઠ. ઉદયચંદ શેઠ કહે-તમે આ આવનાર માણસોને ગરીબની પંક્તિમાં જમવા ન બેસાડશો, પણ જ્યાં મોટા શ્રીમંતો, શેઠ શાહુકારો જમવા બેઠા છે તે પંક્તિમાં બેસાડશો. તેઓ હાલ ગરીબ છે પણ ભાવનામાં અમીર છે. ત્યાં જમવા બેસાડયા. સોનાની થાળીઓ મૂકાવા માંડી. થાળીઓ જોઈને સાગરદત્તને વિચાર થયો કે શેઠ પણ મારા જેવા સુખી દેખાય છે. આવી જ થાળીઓ મારે ઘેર હતી, પણ કર્મે મારી ૫૦૦ સોનાની થાળીઓ ઉડીને ચાલી ગઈ, અને સોનાના પાટલા હતા તે પણ ઉડીને ગયા.

સાગરદત્તને પણ સોનાની થાળી આવી. આપને યાદ છે ને કે સાગરદત્તને ઘેરથી ૪૯૯ થાળીઓ ઉડીને ગઇ, ને છેલ્લી થાળી પકડવા શેઠ ગયા ત્યારે થાળીનો કાંઠો હાથમાં રહી ગયો ને થાળી ઉડી ગઈ. તે કાંઠા ફૂટલી થાળી શેઠને જ જમવા માટે આવી. આ થાળીના કારણે શેઠ કેવા સંકટમાં મૂકાશે ને શું બનશે તે અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૨૧

**શ્રાવણ સુદ ૬ ને બુધવાર   માસખમણનું ઘર   તા. ૫-૮-૮૧**

શાસ્ત્રકાર ભગવંત ફરમાવે છે કે માનવદેહ મળવો મહાદુર્લભ છે.

**अस्मिन्नपार संसार पारावारे शरीरिणाम् ।**
**महारत्नमिवानर्घं, मानुष्यमिह दुर्लभम् ॥**

અપાર સંસાર રૂપ સમુદ્રમાં જો જીવોનું મનુષ્ય-જન્મરૂપી અમૂલ્ય મહારત્ન ડૂબી ગયું તો પછી તે મળવું દુર્લભ છે. થોડા મૂલ્યવાળું રત્ન પણ જો મનુષ્યના હાથમાં આવે તો પણ તે તેનું કેટલું રક્ષણ કરે છે? માનો કે નૌકામાં બેઠેલો કોઇ પુરૂષ હાથમાં રત્નને લઈને જુએ છે તેટલામાં કોઈ પ્રમાદના કારણથી તે પાણીમાં પડી જાય તો તે રત્ન શું તેને મળે ખરું? ન મળે. કદાચ મળે તો કેટલી બધી મહેનત કરે ત્યારે મળે ને? જે રત્ન ગુમાવ્યું તે એવી વસ્તુ નથી કે જે આખા ભવમાં ફરીને ન મળે તેમ નથી. છતાં પુરૂષ તે રત્નને મેળવવા માટે હજારો પ્રયત્ન કરે છે. આ સંસાર સમુદ્ર અત્યંત ઉંડો તેમજ અનંતા યોજન લાંબો છે કે જેની અંદર અનંત જીવોના મનુષ્ય-જન્મરૂપી રત્નો ગૂમ થયેલા છે, અને વર્તમાન સમયમાં પણ જીવોનું મનુષ્ય-જન્મરૂપ

મહામૂલું અલભ્ય રત્ન પ્રમાદના કારણે ખોવાઈ જાય છે, છતાં તેનો જીવને જરા પણ શોક થતો નથી. તેમજ તે રત્નને મેળવવા પ્રયત્ન પણ નથી કરતો. પરિણામે તે જીવ ૮૪ લાખ જીવાયોનિમાં ભમ્યા કરે છે.

મહાપુરૂષોએ માનવજીવનને એક જંકશનની ઉપમા આપી છે. તે કેવી રીતે, સમજો. તમે રેલ્વે ગાડીમાં મુસાફરી કરો ત્યારે રસ્તામાં અનેક સ્ટેશન અને જંકશન આવે છે. તમે જંકશન કોને કહો ? ટ્રેઈનમાં ચઢવા-ઉતરવાનું અને ટિકિટ લેવા માટે બનાવેલું સ્થાન સ્ટેશન કહેવાય છે, અને જે વિશિષ્ટ સ્થાન પરથી અલગ અલગ દિશાઓમાં ટ્રેઈનો જાય છે તેને જંકશન કહેવાય છે. તે રીતે જીવને માટે જે ચોરાશી લાખ યોનિઓ છે તે તેના જન્મ મરણના સ્ટેશન છે. ત્યાંથી જીવ ચાર ગતિમાં આવજા કર્યા કરે છે. આ પૃથ્વી પર બનાવેલા સ્ટેશન પર મનુષ્ય એક ટ્રેઈનમાંથી ઉતરે છે ને બીજી ટ્રેઈનમાં ચઢે છે. આ રીતે ભિન્ન ભિન્ન યોનિરૂપ સ્ટેશન પર તે મરે છે અને પછી જન્મ લે છે. આ ૮૪ લાખ યોનિમાં માનવયોનિ જંકશન સમાન છે. રેલ્વે જંકશન પર પહોંચીને કોઇ પણ બીજી દિશા તરફ જવાવાળી ટ્રેઈનની ટિકિટ લઈને તેમાં બેસી શકાય છે, અર્થાત્ કોઇ પણ દિશામાં જઇ શકાય છે, એ રીતે આ માનવભવ પણ એક જંકશન છે. આ જંકશનથી આપને જે ગતિની ટિકિટ લેવી હોય તે ગતિની ટિકિટ લઇને ત્યાં જઇ શકાય છે.

કોઈ પણ સ્થળે જવું હોય તો જંકશન પરથી આપ ટિકિટ લો છો, પછી જે સ્થાને જવું હોય તે ટ્રેઈનમાં બેસી શકો છો. આ રીતે ઉત્તમ માનવ જન્મ રૂપી જંકશન પરથી આપ ઇચ્છો તે સ્થાને જઈ શકો છો પણ જરૂર છે ટિકિટ લેવાની. આ જંકશન પરથી જીવને નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ અને પાંચમી મોક્ષગતિની ટિકિટ મળી શકે છે. કોઈ પણ માણુસ નરક અને તિર્યંચ ગતિમાં જવાનું ઇચ્છે નહિ. બાકી ત્રણ ગતિઓ રહી. મનુષ્ય, દેવ અને મોક્ષગતિ. આ ત્રણમાં શ્રેષ્ઠતમ છે મોક્ષગતિ. એ ગતિમાં જવાની સૌ કોઈ ઇચ્છા રાખે છે, પણ માત્ર ઇચ્છા રાખવાથી ત્યાં જઈ શકાશે નહિ. તે ગતિમાં જવા માટે ટિકિટ લેવી પડશે. તે ટિકિટ ધન આપવાથી નહીં મળે. તે ગતિ મેળવવા માટે મહાન શ્રમ, પુરૂષાર્થ અને ત્યાગ કરવો પડશે. મોક્ષગતિની ટિકિટ પ્રાપ્ત કરવાની યોગ્યતા કોનામાં હોય છે ? જે આત્માએ સોળ કષાય અને નવ નોકષાય રૂપ મોહ વિકારને પૂર્ણ રૂપથી જીતી લીધા છે અને મોહનો જડમૂળથી નાશ કરી દીધો છે, તે આત્મા મોક્ષ પદને પ્રાપ્ત કરવાને યોગ્ય છે. મોક્ષ ગતિની ટિકિટ મેળવવી એ સહેલી વાત નથી.

જંકશન સમાન મનુષ્ય—પર્યાય આપણને પ્રાપ્ત થઈ ગઈ છે. ગાડી આ જંકશન છોડીને રવાના થવાની છે. જો અત્યારે નહિ જાગો તો ટિકિટ લેવાનો પ્રયત્ન ક્યારે કરશો ? એક એક પળ જતાં ઉંમર ઓછી થાય છે, અને મૃત્યુ નજીક આવે છે. છતાં જીવ પોતાનો માર્ગ ભૂલીને મોહની નિદ્રામાં હજુ સુધી સૂતો છે. મહાપુરૂષો વારંવાર ટકોર કરે છે, છતાં હજુ જીવ જાગતો નથી. મહાપુરૂષોના ઉપદેશને સાંભળીને તેનો અમલ

નથી કરતો, તેથી સંતો આપણને ચેતાવે છે કે હવે તો જાગ, અને પુણ્યોપાર્જન રૂપ ટિકિટ લેવાનો પ્રયત્ન કર.

સિદ્ધાંતમાં જીવના ૫૬૩ ભેદ બતાવ્યા છે. એમાંથી મનુષ્યના ૩૦૩ ભેદ છે. ૩૦૩ ભેદમાંથી ૧૫ કર્મભૂમિના મનુષ્ય મોક્ષના અધિકારી બની શકે છે. પોતાના શુભાશુભ કર્મો દ્વારા બધી ગતિમાં જઈ શકે છે. જે રીતે ગાડીમાં બેસતા પહેલા ટિકિટ લેવી પડે છે. ટિકિટ વિના ગાડીમાં મુસાફરી થઈ શકતી નથી. કદાચ કોઈ ટિકિટ વિના બેસે તો તેને દંડ ભરવો પડે છે. તે રીતે માનવ ભવ રૂપી જંકશનમાંથી શુભ ક્રિયાઓ દ્વારા ઉપાર્જિત પુણ્ય રૂપી ટિકિટ લેવી પડશે. ઘણી મુસીબતે આ મનુષ્ય ભવ રૂપી જંકશન તમને મળ્યું છે. એ જો ખોવાઈ ગયું તો પછી કયારે મળશે તેની ખબર નથી. એટલા માટે જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરવી જોઈએ. ભગવાન આચારાંગ સૂત્રમાં બોલ્યા છે :—

**" संधि विदित्ता इह मच्चिएहिं एस वीरे पसंसिए जे बध्धे पडिमोयए । "**

આ મનુષ્ય જીવન સરીખા સુવર્ણ અવસરને પ્રાપ્ત કરીને જે વિષયોથી દૂર રહે છે તે શૂરવીર છે. તે જ પ્રશંસાને પાત્ર છે, અને એવા પુરુષ સંસારના બંધનોમાં જકડાયેલા બીજા જીવોને પણ બાહ્ય અભ્યંતર બંધનોથી મુક્ત કરી શકે છે.

જ્ઞાની કહે છે કે હે મનુષ્યો! અસીમ પુણ્યોદયે તમને ચિંતામણી રત્ન સમાન આ માનવ જીવન પ્રાપ્ત થયું છે. આ જીવનમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રનો સંપૂર્ણ વિકાસ થઈ શકે છે. આ જીવન સર્વશ્રેષ્ઠ મોક્ષ પ્રાપ્તિનું સાધન છે. આ ભવમાંથી મોક્ષ મેળવી શકાય છે. બીજા ભવમાંથી નહિ. દેવો પણ જે માનવભવને પ્રાપ્ત કરવા માટે તલસી રહ્યા છે, એવું જીવન આપણને મળી ગયું છે. આ દુર્લભ સુવર્ણ અવસરને પ્રાપ્ત કરીને તેને વિષય કષાયોમાં વ્યતીત નહીં કરી દેવો જોઈએ. આ સુંદર સુયોગ વારંવાર મળવાનો નથી. સંસારની અસંખ્ય યોનીઓથી બચીને સર્વશ્રેષ્ઠ મનુષ્ય યોનિ મળી જવી એ કેટલો સુંદર સુયોગ કહેવાય? કેટલા અધિક સૌભાગ્યની નિશાની છે. આ સુવર્ણ સમય ગુમાવ્યા પછી ફરી તેની પ્રાપ્તિ કેટલી દુર્લભ છે તે માટે શાસ્ત્રકારોએ ન્યાય આપીને સમજાવ્યું.

સંપૂર્ણ ભરતક્ષેત્રના ઘઉં, જાર, મકાઈ, ચણા, ચોખા આદિ બધા ધાન્યોનો એક જગ્યાએ ઢગલો કર્યો. તે એકત્રિત કરેલા ઢગલામાં થોડા સરસવના દાણા નાંખવામાં આવે અને તેને ખૂબ સારી રીતે હલાવી નાંખે, પછી એક ઘરડી ડોશી કે જેના આંખના તેજ ઝાંખા થઈ ગયા છે એવી ડોશીને કહેવામાં આવે કે આ ઢગલામાંથી સરસવના દાણા વીણી વીણીને અલગ કરી દે. ઘરડી ડોશી આ પ્રમાણે કરવામાં સમર્થ બની શકતી નથી. છતાં કોઈ દિવ્ય શક્તિ દ્વારા તે એ પ્રમાણે કરી શકે પણ મનુષ્ય ભવ મેળવીને તેને જેમ તેમ ગૂમાવી દે છે તેને ફરીને મનુષ્યભવની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે. આ દૃષ્ટાંતથી આપ સમજી શકશો કે મનુષ્યભવનું કેટલું અણમોલ મૂલ્ય છે. એવા જીવનને જે જીવો

માત્ર વિષયભોગોમાં પૂરું કરી દે તે કેટલા અવિવેકી કહેવાય! માટે મળેલી મનુષ્ય જીવનની ક્ષણોને આત્મસાધના દ્વારા સફળ કરી લેવી જોઈએ.

આજના દિવસનું નામ છે માસખમણનું ધર. આ દિવસ આપણુને શું સૂચન કરે છે? આજથી બરાબર એક મહિને સંવત્સરી મહાપર્વ આવશે. તે પર્વ આવતા પહેલાં તું તારા આત્માને વિશુદ્ધ અને નિર્મળ બનાવી દે. આત્માને નિર્મળ બનાવવા માટે અને કર્મને બાળવા ભગવાને તપની જડીબુટ્ટી બતાવી છે. તપ આત્માના રોગો નાશ કરવા માટે સમર્થ છે, તે સાથે શરીરના રોગો પણ તપથી નાશ થાય છે. ખેડૂતને અનાજ મેળવવું હોય તો પહેલા બીજ વાવે છે, તો અનાજ મળતાં પહેલા ઘાસ ઓટોમેટિક ઉગી નીકળે છે, તેવી રીતે તપ એ આત્મા માટે કરવાનો છે, પણ તપ દ્વારા શરીરની સુખાકારી ઓટોમેટિક મળી જાય છે. જેમ ઘીના અને તેલના વહેપારીનું જે કપડું હોય છે તેમાં મેલ અને ચીકાસ બંને હોય છે તેથી તેને બાફવું પડે છે, તેમ આત્મા પર અનંતકાળથી કર્મવર્ગણાઓ ચોંટી છે. રાગ અને દ્વેષ દ્વારા જીવ ચીકણાં કર્મો બાંધે છે. એ ચીકાશને દૂર કરવા તપ રૂપી ભઠ્ઠો સળગાવવો પડશે. તપની જડીબુટ્ટી સ્વીકારવી પડશે. કરોડો ભવના સંચિત કરેલાં કર્મોનો નાશ કરવા માટે તપ એ મહાન જડીબુટ્ટી છે.

તપ ક્યારે કરી શકાય? આહાર સંજ્ઞા પર વિજય મેળવે ત્યારે. આહાર સંજ્ઞા ખૂબ ભયંકર વસ્તુ છે. આ આહાર સંજ્ઞામાંથી બધા સંકલેશો ઉભા થાય છે. બાળક જન્મે છે ત્યારે આહાર માટે રડતો હોય છે. આહારથી શરીર વધે છે. શરીર અનેક વિષય કષાય, સંકલેશોનું સ્થાન છે. આહારમાંથી જીવ અનેક અન્ય સંકલેશોમાં અટવાય છે, અથડાય છે ને પતન પામે છે. માતા બાળકનું આહાર આદિથી પોષણ કરે છે એટલે એ સૌ પ્રથમ માતાને ઓળખે છે. માતા તેનાથી થોડી દૂર જાય તો રોકકળ મચાવી દે છે, પછી એની માતાના જે સંબંધી એટલે ભાઈ, બેન, પિતા આદિની સાથે સંબંધો બંધાય છે. આહારસંજ્ઞા પર વિજય મેળવવો એ સહેલ નથી. જે આત્માઓ આહારસંજ્ઞાને જીતે છે તે આત્માઓ માસખમણ જેવી ઉગ્ર સાધના કરી શકે છે. તપ કરવાથી દેહ દૂબળો થાય છે. શરીર સૂકાય છે, પણ આત્માની શક્તિ ખીલી ઉઠે છે. દેહ દૂબળો હોય, માંદો હોય પણ આત્મા નક્કર (સબળો) છે તો તેની ગાડી સાધનાની પાટે સડસડાટ દોડી જાય છે, પણ જેનું શરીર સાજું હોય ને આત્મા માંદો પડ્યો હોય તો તેની ગાડી અટકી જાય છે. ગાંધીજીનું શરીર કેવું સુકલકડું હતું પણ તેમનું આત્મબળ મજબૂત હતું. આત્મા તો અનંત શક્તિનો ધણી છે. કર્મો સામે કેશરીયા કરવા અને બંધનથી મુક્ત થવા માટે તપ એ અમોઘ હથિયાર છે.

આજે મહિનાનું ધર સૂતેલા આત્માને સિગ્નલ આપીને જગાડે છે. જ્યાં સુધી સિગ્નલ અપાય નહિ ત્યાં સુધી ગાડી પાટા પરથી પાસ (પસાર) થતી નથી પણ સિગ્નલ અપાય પછી જ ગાડી પાસ થાય છે. મોક્ષમાં જવા માટે આ દિવસો આપણને સિગ્નલ આપીને સજાગ કરે છે. હે જીવો! તમારી જિંદગીમાંથી ક્ષણો ઓછી થતી જાય છે, માટે

કાલની રાહ ન જોતાં કર્મ સામે કેશરીયા કરવા ઉભા થઈ જાવ. તપ વિના આત્માની શુદ્ધિ નથી. તપ વિના કર્મક્ષય નથી, માટે તપની અવશ્ય જરૂર છે. જે જીવોએ તપની અંતરાય તોડી હોય તે માસખમણ ૪૫–૬૦ ઉપવાસ કરી શકે, પણ જે એક ઉપવાસ પણ કરી શકતા નથી તેણે કર્મોને કેવી રીતે દૂર કરવા? ભગવાને તપના બાર પ્રકાર બતાવ્યા. છ બાહ્ય અને છ આભ્યંતર.

**अणसण मुणोयरिया भिक्खायरिया य रसपरिच्चाओ ।**
**कायकिलेसो संलीणया य, बज्झो तवो होइ ।** ઉત્ત. ૩૦–૮

બાહ્ય તપ છ પ્રકારનો છે. અનશન, ઉણોદરી, ભિક્ષાચર્યા, રસપરિત્યાગ, કાયકલેશ, સંલીનતા.

**(૧) અનશન તપઃ**–જીવ અનાદિ અનંતકાળથી અનેક ભવમાં રખડયો, બધી જાતિ, ગતિમાં જઇ આવ્યો. બધી યોનિમાં ફરી આવ્યો પણ એ જ્યાં જ્યાં જન્મ્યો, ત્યાં ત્યાં પહેલું કામ એણે આહાર કરવાનું કર્યું. ચારે ગતિમાં અનંત કાળ રખડી રખડીને ખા ખા કરવાનો ધંધો કર્યો છે. આજ સુધી કેટલું ખાધું અને કેટલું પીધું? આજ સુધી પીધેલા માતાના દૂધનો હિસાબ કરીએ તો સાગરના સાગર ઉભરાય અને ખાધેલા અનાજનો હિસાબ કરીએ તો પર્વતો ખડકાય એટલું ખાધું–પીધું છે, તેથી જૈનદર્શનમાં બાર પ્રકારના તપની અંદર આહાર સંજ્ઞાને મારવા માટે પ્રથમ અનશન તપ કહ્યો છે. તેના બે પ્રકાર છે. ઈત્વરિક અને મરણકાળ. જ્યારે ઉપસર્ગનો પ્રસંગ આવી જાય ત્યારે એવી રીતે અનશન કરે કે જો હું આ ઉપસર્ગમાંથી બચું તો છૂટો અને મરણ આવે તો વોસિરે. આ નિર્ધારિત અનશન પછી ફરી ભોજનની ઈચ્છા થાય તે ઈત્વરિક અનશન અને મરણ કાળ સુધી જે અનશન કરાય છે તે મરણકાળ અનશન કહેવાય છે.

**(૨) ઉણોદરી તપઃ**–જે જેટલું ખાઈ શકે તેથી ઓછામાં ઓછું એક કણ તથા એક કોળિયો (ગ્રાસ) આદિ રૂપે ઓછું ખાવું તેનું નામ ઉણોદરી તપ છે.

**(૩) ભિક્ષાચર્યાઃ**–આઠ પ્રકારની ગૌચરી તથા સાત પ્રકારની એષણાઓ અને જે બીજા અનેક પ્રકારના અભિગ્રહ છે તે બધા ભિક્ષાચર્યામાં કહેવાય છે. અથવા તેને ભિક્ષાચર્યા તપ કહે છે. આધાકર્માદિ દોષથી રહિત ભિક્ષાચર્યાના આઠ ભેદ છે. (૧) પેટિકા–જે મહોલ્લા ચતુષ્કોણ પેટિકાના આકાર સમાન હોય તેમાં અભિગ્રહપૂર્વક ગૌચરી કરવી. (૨) અર્ધપેટિકાઃ–આ રીતે અર્ધપેટિકાના આકાર સમાન ઘરોમાં ભિક્ષાને માટે જવું તે અર્ધપેટિકા (૩) ગોમૂત્રિકાઃ–વાંકાચૂંકા આકારના ઘરોમાં જવાનો નિયમ કરવો તે ગોમૂત્રિકા (૪) પતંગવીથિકાઃ– જેવી રીતે પતંગ ઉડે છે તેવી રીતે આહાર લેવો અર્થાત્ પહેલા એક ઘેરથી આહાર લઈને પછી તેની નજીકના પાંચ છ ઘર છોડીને સાતમા ઘરથી આહાર લેવો તેને પતંગ વીથિકા કહે છે. (૫) શંબૂકાવર્તા અર્થાત્ શંખાવર્તની જેમ ફરીને (ઘૂમીને) આહાર લેવાની પ્રતિજ્ઞા કરવી. તેના બે પ્રકાર. એક આભ્યંતર અર્થાત્ ગલીની અંદર અને બીજા ગલીની બહાર (૬) ગલીની અંદર એની શરૂઆતથી છેડા સુધી સીધા ચાલ્યા જવું અને

પછી ત્યાંથી પાછા ફરતા ઘરોમાંથી આહાર કરવો એ છ ભેદ અને ઋજુગતિ અને વક્રગતિ એમ કુલ ૮ ભેદ ભિક્ષાચર્યાના છે તથા (૧) સંસૃષ્ટ (૨) અસંસૃષ્ટ (૩) ઉદ્ધૃત (૪) અલ્પલેપિકા (૫) ઉદ્ગૃહિતા (૬) પ્રગૃહિતા (૭) ઉજ્જિતધર્મા, એ સાત પ્રકારની એષણા છે. આ રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અભિગ્રહ ચાર પ્રકારનો છે. આ તપને ભિક્ષાચર્યા તપ કહે છે. તેનું બીજું નામ વૃત્તિસંક્ષેપ છે.

(૪) **રસપરિત્યાગઃ**–દૂધ, દહીં, ઘી અને પકવાન આદિ પૌષ્ટિક પદાર્થ તથા રસયુક્ત અન્નપાન આદિનો જે ત્યાગ છે તેને રસપરિત્યાગ કહે છે. કીડી આદિના ભવમાં જીવ રસનામાં ગાંડો હતો. કીડી જ્યાં સ્વાદ મળે કે તરત દોડી જાય છે. એટલે તેને રસના ઉપર કાબૂ હોતો નથી. જેમ જેમ જીવ ઉંચો આવે છે તેમ તેમ રસનાના નખરા વધે છે. ભાવતી વસ્તુ એક બે મળે તો પણ ચાલી શકે છે, પણ રસ વિનાની, મસાલા વગરની બાફેલી રસોઇ અનેક જાતની મળે તો પણ એનાથી ચાલતું નથી, પણ રસવાળી વસ્તુ ઓછી મળે તો પણ ચાલે છે, એટલે રસત્યાગનો તપ કઠીન છે.

માળવા દેશના રાજા ભર્તૃહરિ પીંગળાની પાછળ પાગલ હતા. પણ તેમને ખબર પડી કે હું જે પીંગળાને મારી માનું છું તે મારી નથી. તે તો બીજાના પ્રેમમાં પડી છે. આથી તેમને વૈરાગ્ય આવી ગયો. ભગવો વેશ પહેરીને પગપાળા ચાલી નીકળ્યા. ભર્તૃહરિ ચાલ્યા જાય છે. રસ્તામાં કંદોઇની દુકાને તાવડામાં ગરમ ગરમ શીરો શેકાતો જોયો. આખો સંસાર છોડી દીધો પણ હજુ વૃત્તિ જીતાણી ન હતી. ગરમ શીરો જોઇને ખાવાનું મન થઇ ગયું, પણ શીરો લાવવો કયાંથી? એ લેવા માટે પૈસા તો જોઈએ ને! પાસે પૈસા તો છે નહિ, જીભની રસના એટલું જોર કરે છે કે ગમે તે રીતે શીરો ખાવો સાચો, તે માટે જે કરવું પડે તે કરવા તૈયાર છું. પૈસા મેળવવા માટે ભર્તૃહરિએ કોથળા ઉપાડયા. મજુરી કરીને પૈસા મેળવ્યા. જુઓ, રાજા જેવા રાજા, જેણે કોઈ દિવસ કંઇ કામ કર્યું ન હોય તે રાજાએ એક જીભના સ્વાદ ખાતર મજુરી કરીને પૈસા મેળવ્યા ને કંદોઇની દુકાનેથી શીરો લીધો. શીરો ખાવા માટે જીભડી તો લબકારા મારી રહી છે, પણ ખાતા નથી. નદીકિનારે જઇને પછી ખાઇશ, શીરો લઈને ચાલ્યા જાય છે. રસ્તામાં ગાયોનું ધણ સામે મળ્યું તેનું છાણ પડ્યું હતું. છાણ જોઇને ભર્તૃહરિ કહે છે કે હે રસના રાણી! તને ઉનો ઉનો શીરો ખાવો ગમે છે, તો આ છાણ પણ શીરા જેવું ઢીલું છે, એ તને ખાવું કેમ ગમતું નથી?

**હે રસના તમે રાણી, લંપટ શીરાપર**
**ખાવાની હજુ તૃષ્ણા જે ખાધું છે જીવનભર**
**મુક્તિના મધુરસનું ટીપું તો કદી ચાખો......ફોગટની.**

જે શીરો ખાવા માટે કોથળા ઉપાડવાની મજુરી કરી હતી તે શીરો ખાવાનો છોડી દીધો ને છાણને આરોગી ગયા. કેટલો રસ વિજય!

(૫) **કાયકલેશઃ**–આત્માને સુહાવહ અર્થાત્ સુખકર વીરાસનાદિ ઉગ્ર આસનોનો અભ્યાસ એ કાયકલેશ તપ છે. જેમ જેમ જીવ ઉંચો આવે છે તેમ તેમ સુખશીલતામાં

ચકચૂર બને છે. ભાવતી વસ્તુ ખાવાથી પ્રમાદ આવે છે, એટલે એ પ્રમાદને મારવા માટે કાયકલેશ તપ કહ્યો છે. હજુ રસત્યાગ કરવો સહેલ છે. પરંતુ ધગધગતા ઉનાળામાં ચાલવું, ઉગ્રવિહાર કરવા, માથાનો લોચ કરવો એ બધું કઠીન છે.

(૬) **પ્રતિસંલીનતાઃ**-એકાંત અને જ્યાં કોઈ આવતા જતા ન હોય એવા સ્ત્રી, પશુ અને નપુંસકરહિત સ્થાનમાં શયન અને આસન કરવું તેને વિવિક્ત શય્યાસન અર્થાત્ પ્રતિસંલીનતા તપ કહે છે, બીજા શબ્દોમાં કહીએ તો પાંચ ઇન્દ્રિય, ચાર કષાય, અને ત્રણ યોગ એને પ્રમાણથી અધિક ધારણ ન કરવા એ પ્રતિસંલીનતા તપ છે. તેના ચાર ભેદ છે. (૧) ઇન્દ્રિય પ્રતિસંલીનતા (૨) કષાય પ્રતિસંલીનતા (૩) યોગ પ્રતિસંલીનતા (૪) વિવિક્ત શયનાસન પ્રતિસંલીનતા, હવે છ આભ્યંતર તપની વાત કરીએ.

**पायच्छितं विणओ वेयावच्चं तहेव सज्झाओ ।**
**झाणं च विउसग्गो, एसो अब्भिन्तरो तवो ॥ ३०-३०**

પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, અને વ્યુત્સર્ગ, આ છ આભ્યંતર તપ છે.

(૧) **પ્રાયશ્ચિતઃ**-પાપના પર્યાયનું છેદન કરે તે પ્રાયશ્ચિત તપ. ભિક્ષુ આલોચનાર્હ આદિ દશ પ્રકારના પ્રાયશ્ચિત સમ્યક્પ્રકારે પાલન કરે છે તેપ્ર ાયશ્ચિત તપ છે.

(૨) **વિનયઃ**-ઉભા થવું, હાથ જોડવા, આસન આપવું, ગુરૂજનોની ભક્તિ તથા ભાવપૂર્વક શુશ્રુષા કરવી તે વિનય તપ છે.

(૩) **વૈયાવચ્ચ :**-આચાર્ય આદિને લગતા ૧૦ પ્રકારના વૈયાવૃત્ય-સેવાનું યથાશક્તિ સેવન કરવું તે વૈયાવચ્ચ તપ કહેવાય છે.

(૪) **સ્વાધ્યાયઃ**-વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એ પાંચ પ્રકાર સ્વાધ્યાય તપના છે.

(૫) **ધ્યાનઃ**-આર્તધ્યાન, રૌદ્રધ્યાન સિવાય સુસમાહિત મુનિ જે ધર્મધ્યાન અને શુકલ ધ્યાન ધ્યાવે છે તેને ધ્યાન તપ કહે છે.

(૬) **વ્યુત્સર્ગ :**—સૂવા બેસવા તેમજ ઉભા રહેવામાં જે ભિક્ષુ શરીરની વ્યર્થ ચેષ્ટા નથી કરતો. આ શરીરનો વ્યુત્સર્ગ નામનો તપ છે.

ભગવાને આ બાર પ્રકારના તપ બતાવ્યા છે. તપથી આત્મા ઓજસ્વી બને છે. આ તપની સાધના માનવજીવનમાં થઇ શકે છે. બીજા ભવમાં તપ કરી શકાતો નથી, માટે આ અમૂલ્ય જીવનનો કિંમતી સમય ખાવાપીવામાં અને મોજમઝામાં ન ગૂમાવતા ધર્મધ્યાન અને તપદ્વારા ઉજ્જવળ બનાવજો.

એક શ્રીમંત શેઠને ઘેર એક દીકરો હતો. તેના ધર્મના સંસ્કારવાળી ગુણીયલ કન્યા સાથે લગ્ન થયા. શેઠને ત્યાં પૈસો ખૂબ છે, ને છોકરી ઘણો કરિયાવર લઈને આવી છે. તમારું સંસારનું કહેવાતું બધું સુખ ત્યાં છે, પણ વહુ દિવસે દિવસે સૂકાતી જાય છે. છ મહિના થયા. સસરાના મનમાં થયું કે ગમે તે હોય પણ વહુ સૂકાતી જાય છે. વહુ પરણીને આવી ત્યારે રૂપમાં રંભા સમાન દેખાતી હતી. આજે ફિક્કી દેખાય છે. સસરામાં

માનવતા હતી. તે સમજતા હતા કે વહુ એ મારી દીકરી છે. મારે તેનું ધ્યાન તો રાખવું જોઇએ. અમારે ત્યાં દુઃખ કોઇ નથી, છતાં તે કેમ સૂકાતી જાય છે? સસરા પોતાની પત્નીને કહે, આપણી વહુ કેમ સૂકાતી જાય છે? તું એને પૂછી જો ને! ત્યારે સાસુ કહે, એમાં શું પૂછવાનું હોય! સૂકાઈ ગઇ છે તો કાલે જાડી થશે. સાસુ અને સસરાના સ્વભાવમાં ઘણો ફરક છે. ઘરમાં બધાના સ્વભાવ સરખા નથી હોતા. એક માતાના બે દીકરા હોય તેમાં એક દીકરો સારો હોય છે ને એક વઢકણો હોય છે.

એક વાંસના બે ટોપલા હોય, એક ટોપલો ભંગીને ઘેર ગયો તો તેમાં વિષ્ટા ભરાય છે, અને બીજો ટોપલો માળીને ઘેર ગયો તો તેમાં સુગંધી ફૂલો ભરાય છે. કર્મના ખેલ ઓર છે. એક માતાના બે દીકરા હોય તેમાં એક દીકરો મીલમાલિક હોય છે. બીજો મીલમાં મજૂરી કરતો હોય છે. એક દીકરો ગાડીવાળો હોય છે, તો બીજો દીકરો ગાડીનો ડ્રાઇવર હોય છે. સસરા કહે, તું પૂછ તો ખરી કે વહુને કંઇ થયું છે? તું તો એની મા સમાન ગણાય. તારી તો પૂછવાની ફરજ છે. સાસુ તો એક જ કહે. શું પૂછવાનું હોય! કાલે જાડી થશે. ઠીક, જો તું વહુને આવી રીતે રાખીશ તો ઘડપણમાં એ પણ તને એવી રીતે રાખશે.

છેવટે સસરાએ પૂછ્યું—વહુ બેટા! તમે પરણીને આવ્યા પછી કેમ સૂકાતા જાવ છો? તમને શું દુઃખ છે? વહુ કહે, બાપુજી! દુઃખ ગણું તો દુઃખ છે ને સુખ ગણું તો સુખ છે. બેટા! આમ કેમ બોલો છો? તો શું કહું બાપુજી! આપના ઘરમાં પૈસાની કમીના નથી. ખાવાપીવાનું દુઃખ નથી. આપના દીકરા પણ સારા છે, પણ હું જ્યારથી આ ઘરમાં પરણીને આવી, ત્યારથી આજ સુધીમાં આપણે આંગણે કોઇ દિવસ સંત પધાર્યા નથી. સંતના પુનિત પગલાથી આપણું ઘર પાવન થયું નથી. તેમના દર્શન કરી આંખડી પવિત્ર બની નથી અને તેમને સુપાત્ર દાન દઈને કર પણ પવિત્ર થયા નથી. અરે! કોઈ દિવસ સંત શબ્દ પણ સાંભળ્યો નથી. ખરેખર જે ઘર આવું છે તે ઘર, ઘર નથી પણ સ્મશાન છે. ઘરમાં બધી વાતો થાય છે, પણ કોઈ કહેતું નથી કે આપણે ઉપાશ્રયે જઈએ, કોઇને માળા ગણતા પણ હું જોતી નથી. પૂર્વભવમાં પુણ્ય કરીને આવ્યા છો, તેના મીઠા ફળ અત્યારે ભોગવી રહ્યા છો, પણ પછી શું થશે? આ જન્મમાં જો કાંઇ નહીં કરો તો આવતા ભવમાં શું? મારા મનમાં આ દુઃખ ખટકી રહ્યું છે. વહુની મીઠાશભરી વાણી સાંભળીને સસરાએ કહ્યું બેટા! ખરેખર તું તો અમારી કૂળદીપિકા છે. આજ સુધી અમે ધર્મને જાણતા ન હતા. તેં અમારી આંખ ખોલાવી છે. આજે અમને સત્ય વસ્તુનું ભાન થયું છે. સદ્‌ગુણી વહુના પ્રભાવથી આખું ઘર ધર્મમય બની ગયું. આજે ઘણા મા-બાપ એવા જોવા મળે છે કે જો સંતાનો ધર્મ ન કરતા હોય, ઉપાશ્રયે ન જતા હોય તો તેમનું દિલ બળી જાય. કંઈક ઘરમાં તો બધા સાથે મળીને પ્રાર્થના કરે, પછી દૂધ પીવે, એટલો ધર્મનો રંગ હોય છે, માટે આ ભવમાં તન, મન અને ધનથી જેટલું ભાથું બંધાય તેટલું બાંધી લો. તપ કરવાની શક્તિ હોય, તો શક્તિને ગોપવશો નહિ. તપ કરવાથી કંઈકના રોગો મટી ગયા છે. અરે,

કેન્સર જેવા દર્દ પણ તપથી મટ્યા છે. તપ કરવાથી શરીરને લાભ અને આત્માને પણ લાભ થાય છે. આત્માના પૂર્વકૃત કર્મો ખપવાથી આત્મા ઉજ્જવળ બને છે, ને શરીર નિરોગી બને છે, માટે આજથી તપમાં ઝુકી જાવ.

આપણા અધિકારમાં યુગબાહુ અને મયણરેહા કેલીવનમાં રહ્યા છે. તે ખબર પડતાં મણિરથ મધરાતે ઘોડા પર બેસીને તલવાર લઈ તે વનમાં આવ્યો. ચોકીયાતોને કહે છે, દરવાજો ખોલો. ચોકીયાતો કહે, અમે યુગબાહુના ચોકીયાતો છીએ. અડધી રાત્રે આપને અંદર નહિ જવા દઈએ. આપ મોટા રાજા હો કે છત્રપતિ હો કે રાજ્યના માલિક હો, પણ અમારા કાયદા પ્રમાણે યુગબાહુ અને તેમના પત્ની અંદર સૂતા છે, માટે નહીં જવા દઈએ. મણિરથ કહે, મારે મારા ભાઈને મળવું છે. અત્યારે મળવાનું શું પ્રયોજન? યુવરાજને રાત્રિમાં ગામ બહાર એકલા રહેવા દેવા એ જીવનનું જોખમ કહેવાય. તેને રાત્રિના સમયે અહીં રહેવા દેવો એ યોગ્ય નથી. માટે હું મારા ભાઈને તેડવા આવ્યો છું.

મણિરથ અંદર જવા માટે ઘણું કહે છે, છતાં ચોકીયાતો એકના બે નથી થતા, ત્યારે મણિરથ કહે છે, તમે મને નહિ જવા દો, તો તમારું માથું ઉડાવી દઈશ. માથા લેવા હોય તો લઈ લો. અમે અમારા જીવનના ભોગે તેમની રક્ષા કરીશું, અમે તમારા ભાઈને જરા પણ આંચ આવવા નહિ દઈએ. આપ ચિંતા ન કરો ને સુખેથી પાછા સિધાવો. અમે આપને અંદર પેસવા દઈશું નહિ. મણિરથે મારી નાખવાની ધમકી આપી, છતાં ચોકીયાતો કાયદાને કેટલા વફાદાર રહ્યા! ભગવાન મહાવીરના શ્રાવકો તેમના નિયમમાં કેટલા વફાદાર હોય! માથા જાય તો ભલે પણ અમારા ધર્મમાં તો બરાબર વફાદાર રહીશું, અને જો શ્રાવકો આવા બને તો શેરીએ શેરીએ ને ગલીએ ગલીએ **"જૈનં જયતિ શાસનમ્"**ના ગુંજારવ થાય. બાળકોમાં સારા સંસ્કાર આવે.

મણિરથના મનમાં થયું કે, આ ચોકીયાતો પાસે કોઈ પણ ઉપાયથી કામ લેવું ઠીક છે. તેમણે ચોકીદારોને કહ્યું, તમે યુવરાજના નોકર છો ને? આટલી તકરાર કરવાને બદલે આપ યુવરાજને પૂછી આવો ને? જો તે હા પાડે તો મને જવા દેશો ને? એક ચોકિયાતને દરવાજે રાખીને બીજો ચોકિયાત યુગબાહુ જ્યાં સૂતો છે ત્યાં ગયો. ત્યાં જઈને સાંકળ ખખડાવી. અવાજ સાંભળીને મયણરેહા એકદમ બેબાકળી જાગી ગઈ. તેનું હૃદય થડકવા લાગ્યું. નક્કી આ વનમાં દુષ્ટ રાજા આવ્યો હશે. આ વિચારથી મયણરેહા કંપવા લાગી. આ તો જેને અનુભવ હોય તેને ખબર પડે. જે વેદે તે જાણે. (અહીં પૂ. મહાસતીજીએ પોતાને વીંછી કરડ્યો હતો તે અનુભવ કહ્યો હતો.) હવે મયણરેહાનું હૈયું થડકી રહ્યું છે, ત્યાં શું બનશે, તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૨૨

**શ્રાવણ સુદ ૭ ને ગુરૂવાર** તા. ૬-૮-૮૧

### "બા. બ્ર. પૂ. સુજાતાબાઈ મહાસતીજીના ૩૦ ઉપવાસના પારણાનો મંગલ પ્રસંગ"

અત્રે પધારેલા પૂ. મહાસતીજીઓ, બંધુઓ, માતાઓ ને બહેનો! આત્માની આરાધનાના મેદાનમાં જાગૃતિનો નાદ વગાડવાનો આજે મંગલ દિવસ છે. અંધકારમાં અથડાતા જીવોને આત્મજ્યોતિ પ્રગટાવવાનો અમૂલ્ય અવસર છે આત્માના અનંત અભ્યુદયના સાધક એવા જ્ઞાનીપુરૂષો ભવ્ય જીવોને ભવથી પાર ઉતારવા જીવનમાં જાગૃતિનો ઝણુકાર કરવા સમજાવે છે કે હે આત્મા! આ દુર્લભ માનવ જન્મ મળ્યો છે, જે જન્મના સિદ્ધાંતમાં ગુણલા ગવાયા છે, તો એ જન્મની દુર્લભતા શેમાં છે. ભગવાન કહે છે કે આ જન્મમાં તમે વાસનાથી વિરામ પામો. તેનાથી નિવૃત્તિ લો. વિષય વાસનાના કચરાને વાળી ઝૂડીને સાફ કરો. વિષયના વિરાગ વિના અને કષાયના ત્યાગ વિના કલ્યાણ નથી. વિષયનો વિરાગ એટલે વિષયો પ્રત્યે અણગમો, વિષયોમાં દોષનું દર્શન. વિષયનો વિરાગ એટલે વિષયો વિષ સમાન લાગે તેથી એ ભોગવવા જેવા નથી એવી બુદ્ધિ. આત્મા તો અનંત જ્ઞાન, દર્શન ગુણોનો ભોક્તા છે. એવા આત્માને આ વિષયોના ભોગ શા? વિષય ભોગો ગમે તેટલા દીર્ઘકાળ સુધી ભોગવવામાં આવે તો પણ જીવને કયાં તૃપ્તિ થવાની છે? જો જડ વિષયોમાં જીવને તૃપ્ત કરવાનો સ્વભાવ નથી તો એનાથી તૃપ્ત થવાના પ્રયત્નો કરવા એ વ્યર્થ છે. સમુદ્રમાં સેંકડો, હજારો નદીઓના નીર ઠલવાય, છતાં સાગર કયારેય પાણીથી ધરાય છે ખરો? ના. અગ્નિમાં હજારો મણ લાકડા નાંખો તો પણ અગ્નિ શું ધરાવાનો છે? ના. એમ જીવને ચક્રવર્તીના કે ઈન્દ્રના ભોગો એક વાર નહિ પણ અનેકવાર આપવામાં આવે તો પણ તે કદી ધરાવાનો નથી. અરે કદાચ એક જીવને આખા જગતનું અનાજ, જગતભરનું સોનું અને ઝવેરાત આપવામાં આવે તો પણ એ તેનાથી કદાપિ તૃપ્ત થાય એમ નથી. તૃષ્ણાઓનો કોઈ એવો વિચિત્ર સ્વભાવ છે કે જેમ જેમ મળતું જાય તેમ તેમ તેની ઈચ્છાઓ વધતી જાય છે. કહ્યું છે કે– **अपूर्णः पूर्णतामेति, पूर्णमाणस्तु हीयते ।** ભૌતિક સુખો અને સંપત્તિની બાબતમાં જે અપૂર્ણ રહેવા પ્રયત્ન કરે છે અર્થાત્ સંતોષી બની જાય છે, તો તે પૂર્ણતાને પ્રાપ્ત કરે છે, અને જે ભૌતિક બાબતોમાં જેમ જેમ પૂર્ણ થવા પ્રયત્ન કરતો જાય છે તેમ તેમ તે વધુ ને વધુ અપૂર્ણ બનતો જાય છે, માટે ભગવાન કહે છે કે વિષયોથી વિરાગ પામો. આજના મંગલ દિવસે ભગવાનનો દિવ્ય સંદેશો છે કે કામવાસનાઓ અને વિકારોના વિનાશ માટે તપની અવશ્ય જરૂર છે. તપ શબ્દને ફેરવી નાંખીએ તો પત થાય. પત એટલે પડવું પતન. જે જીવનમાં તપ નથી કરતો તેનું પતન થાય છે, તેથી તપશ્ચર્યાને જીવનમાં વણી લેવાનો પ્રયત્ન કરવો જોઈએ. તપ શું કામ કરે છે? તપની શક્તિ કેવી છે? તે બતાવતા ભગવાન કહે છે.

तव नाराय जुत्तेण, भेत्तुणं कम्मकंचुयं ।
मुणी विगयसंगामो, भवाओ परिमुच्चए ॥

હે આત્મા ! અનંત કર્મોના મેલને સાફ કરવો હોય, ભવાટવીમાં ભટકવાનું બંધ કરવું હોય અને ભવનો થાક ઉતારવો હોય તો તપ રૂપી બાણો સાથેના ધનુષ્યથી કર્મ રૂપી કવચને ભેદી નાખો. જેણે તપ રૂપી બાણથી કર્મ રૂપી કવચને ભેદીને અંતર યુદ્ધમાં વિજય પ્રાપ્ત કર્યો છે એવા મુનિ સંસારથી મુક્ત બન્યા છે.

સંસારથી મુક્ત થવાની જેને લગની લાગી હોય એવા જીવોને ભગવાનની વાણી સાંભળવા આવવાનું મન થાય. વાણી શ્રવણ કરતી વખતે કાન અને દૃષ્ટિ સંતોને દઈ દે તો તેના આત્મામાં રણકાર થયા વિના રહે નહિ. અહીં વ્યાખ્યાન સાંભળવા આવો ત્યારે કાન અને આંખ સંતોને દઇ દો. બહાર ગમે તેટલો અવાજ થાય તો પણ કાન તો અહીં જ રહેવા જોઇએ, અને આંખો સંતો તરફ હોય, પણ બહાર ફરતી ન હોય. વ્યાખ્યાન સાંભળતા એકતાર થઈ જવું જોઇએ. સોયમાં દોરો પરોવવો હોય તો દોરો પાતળો કરવો પડે છે ને તેમાં એકતાર બનવું પડે છે. જ્યારે આ તો મોક્ષના મોતીમાં આત્માને પરોવવો છે તો કષાયોને પાતળા પાડયા વિના પરોવાશે નહિ. હાય પૈસો ... હાય પૈસો કરે મુક્તિ મળશે ? ( શ્રોતામાંથી અવાજ–છાતી બેસી જશે ) માટે સાધનાના પગથિયે પગ મૂકો. મોહ છૂટતો ન હોય તો સંતો તરફ દૃષ્ટિ કરો. અહો ! તેમની પાસે શું ન હતું ? બધું હતું છતાં તેને લાત મારીને નીકળી ગયા ને હું કેમ બેસી રહ્યો ! કોઈ પ્રસંગે જમણવાર હોય, જમવાનું નોતરું ફરતું હોય, જો તમને નોતરું આપવાનું ભૂલી જાય તો વાંધો શોધો ને ? કોઇને નહીં ને મને જ ભૂલી ગયા ? સમય આવે બતાવી દઈશ. આવી બાબતમાં તો જીવની ખુમારી ઘણી હોય છે. (અહીંયા અભિમાન શું કરે છે એ ઉપર પૂ. મહાસતીજીએ એક શેઠનું ખૂબ બોધદાયક સુંદર દૃષ્ટાંત આપ્યું હતું.)

**શેરહોલ્ડર કોના બનશો** :–ભગવાનનો દિવ્ય સંદેશો છે કે વિષયોથી વિરાગ પામો. સંસારમાં જીવને પૈસા પ્રત્યે રાગ, પત્ની પ્રત્યે રાગ, પરિવારનો રાગ આદિ અનેક પ્રત્યે રાગ હોય છે. એ રાગને છોડીને જીવનમાં વિરાગ લાવવાનો છે. જેને પૈસા પ્રત્યે રાગ છે તેને મન નથી દેવની પડી, નથી ગુરુની પડી, કે નથી સંઘ કે શાસનની પડી. જેણે જીવનમાં પૈસાને પ્રાણ માન્યો છે એના જીવનમાં નથી પાપનો ડર, નથી પરલોકની ચિંતા કે નથી આત્માની ચિંતા, બસ એને તો સર્વત્ર પૈસો, પૈસો ને પૈસો દેખાય છે. પૈસા માટે ગમે તેવા પાપો કરવા પડે, દુષ્કૃત્યો કરવા પડે, ન્યાય નીતિને નેવે મૂકવી પડે તો પણ વાંધો નથી. આખી જિંદગી ધનોપાર્જન પાછળ પૂરી થઇ જાય તો પણ આજના માનવોને ચિંતા નથી **જેણે જીવનનું ધ્યેય ધર્મસાધના નહીં પણ ધનસાધના બનાવી દીધું હોય તેને દેવોને પણ દુર્લભ એવા માનવ જન્મની કિંમત શાની હોય ?** માનવ જીવનનો હેતુ શો છે ? એની પ્રાયઃ કરીને આજના માનવને ગમ નથી. બસ, પૈસો, પત્ની, પરિવાર, પદ, પ્રતિષ્ઠા આ "૫" કાર કંપની

મળી ગઈ એટલે કે જાણે બસ, પણ યાદ રાખો કે આ "૫" કાર કંપની અંતે દેવાળું કઢાવનારી છે. જ્યારે જૈન શાસને બતાવેલી "૫" કાર કંપની તમને માલદાર બનાવી દેનારી છે. તમે જાણો છો એ "૫" કાર કંપનીને ? ના, લો હું બતાવું. પ્રતિક્રમણ, પચ્ચખ્ખાણ, પૌષધ, પરોપકાર, પરમેષ્ટિસ્મરણ.

શેર હોલ્ડર બનો તો આ "૫" કાર કંપનીના બનજો. જો પેલી દેવાળીયા "૫" કાર કંપનીના શેર હોલ્ડર બન્યા તો અંતે ભીખ માંગવી પડશે. તમે જાણો છો ને કે ૧૨ ચક્રવર્તીમાંથી ૧૦ ચક્રવર્તી બીજી "૫" કાર કંપનીના શેર હોલ્ડર બન્યા તો એ ન્યાલ થઇ ગયા, અને સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવર્તી પહેલી "૫" કાર કંપનીના શેર હોલ્ડર બન્યા તો અંતે પરિણામ શું આવ્યું ? મરીને ગયા સાતમી નરકમાં, માટે જ્ઞાની પુરૂષો કહે છે કે પૈસાને પાપ માન્યા વિનાનું દાન એ દાન નથી. વિષય સુખને વિષ માન્યા વગરનું શીલ એ શીલ નથી. સારા ખાનપાનને ખરાબ માન્યા વગરનો તપ એ તપ નથી. ભોગ અને અવિરતિને અનર્થકારી માન્યા વગરનો ત્યાગ એ ત્યાગ નથી, વિરતી એ સાચી વિરતી નથી.

**ભગવાનની વાણીની અદ્દભૂત શક્તિ :** આપ જાણો છો કે કાકંદી નગરીના ધન્યકુમારનો વિષયનો વિરાગ કેવો હતો ? અનુત્તરોવવાઇ સૂત્રમાં તેનો સુંદર અધિકાર છે. એક વાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા કાકંદી નગરીના ઉદ્યાનમાં પધાર્યા. આ ધન્યકુમારને વધામણી મળી કે અધમ ઉદ્ધારણ, ત્રૈલોકય પ્રકાશક, કેવળજ્ઞાની, કેવળદર્શની ભગવાન મહાવીર સ્વામી ગામ બહાર ઉદ્યાનમાં પધાર્યા છે. દેવોએ સમોસરણ બનાવ્યું છે ને નગરની જનતા ભગવાનની દિવ્ય દેશના સાંભળવા જઈ રહી છે. ધન્યકુમાર આ મંગલ વધામણી મળતાં સંસારના રંગરાગ છોડીને સપરિવાર ઉપડી ગયા ભગવાનની દેશના સાંભળવા. ભગવાનની દેશના એટલે જાણે મીઠું મધુરું સંગીત, બસ સાંભળ્યા જ કરીએ. ભગવાનની દેશના સાંભળવા ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક ચારે જાતિના દેવો આવે છે. બાર પ્રકારની પર્ષદા આવે છે, તીર્થંકર ભગવાનની વાણીનો એવો પ્રભાવ છે કે, તેઓ કદાચ આખો દિવસ દેશના આપે તો પણ કોઇને કંટાળો ન આવે, થાક ન લાગે. બગાસા કે ઝોકા પણ ન આવે. પગ ઉંચા નીચા ન કરે.

**પ્રભુ પ્રતાપે જાગ્યો આતમ ધન્યકુમારનો :**—ભગવાને દેશનામાં સંસારની નિર્ગુણતા, વિષય ભોગોના કટુ વિપાકો, પૈસા, પત્ની, પરિવારના મોહમાં થતી જીવનની પાયમાલી આદિ વૈરાગ્યમય વાણી સંભળાવી. વિષયો પ્રત્યે વિરાગ લાવ્યા વિના કલ્યાણ નથી, વિષયોની વાસના છોડવા જેવી છે, આવી ભગવાનની એક જ દેશનાએ ધન્યકુમારનો આત્મા જાગી ગયો. તેને સંસાર અને સંસારના સુખોનો રાગ છૂટી ગયો. વૈભવોથી છલકાતો સંસાર હવે નજરકેદ જેવો અળખામણો લાગ્યો. પોતાની રૂપવતી ૩૨ કન્યાઓ તેને હાડકાના માળા જેવી દેખાઇ. ઘેર આવીને માતાના ચરણમાં પડીને કહે છે કે, વહાલસોયી

માતા! મેં વીર ભગવાનની વાણી સાંભળી. હવે મને સંસાર જેલ જેવો અકારો લાગ્યો છે. હવે મને ૩૨ ક્રોડ સોનૈયાનો મોહ નથી રહ્યો. નથી આ સાત માળની મોટી મહેલાતોનો મોહ કે નથી રહ્યો ૩૨ રૂપવતી પત્નીઓનો મોહ. આ બધા સંસારના સુખોમાં હવે મને વાસ આવે છે.

એક સંન્યાસી રાજાના મહેલમાં ગયા. રાજા સંન્યાસીને રોકવા માટે આગ્રહ કરે છે. ત્યારે સંન્યાસી કહે છે રાજન્! મને અહીંયા વાસ આવે છે. માટે મારે વધુ રોકાવું નથી. અરે મહાત્મા! મારા મહેલની ચારે બાજુ તો સુગંધીદાર પુષ્પો છે. તેમાંથી કેવી મીઠી મધુરી સુગંધ આવી રહી છે, ને આપ કહો છો મને વાસ આવે છે. આ વાત મારે ગળે ઉતરતી નથી. પહેલાના સંન્યાસીઓ વાસનાને વમી દેતા. ૧૫ ભેદે સિદ્ધ થાય તેમાં એક ભેદ એ છે કે અન્ય લિંગે પણ સિદ્ધ થાય. તેમનો વેશ સંન્યાસીનો હોય, પણ તેમની શ્રદ્ધા જૈન ધર્મની હોય. તેમની તે શ્રદ્ધાનો વેગ વધી જાય, અને જૈન દર્શનની અખુટ શ્રદ્ધા આવી જાય તો વેશ સંન્યાસીનો રહે ને કેવળ જ્ઞાન પામી મોક્ષમાં જાય. માટે ભગવાન કહે છે, સંસારની વાસના છોડો.

**રાજાને જગાડતા સંન્યાસી :** સંન્યાસી કહે રાજન્! મને અહીંયા વાસ આવે છે, પણ આ વાત રાજાને સાચી લાગતી નથી. તેથી રાજાને સત્ય વાત સમજાવવા, સંન્યાસી તેમની સાથે લઈ ગયા. ચાલતા ચાલતા તેઓ ચમારવાડે પહોંચ્યા. જ્યાં બધી ચમારોની દુકાન છે. ત્યાં ચામડા ધોવાય વિગેરે કામ થઈ રહ્યું છે. મહારાજા કહે મહાત્મા! મને તો અહીંયા બહુ વાસ આવે છે. આપ પાછા વળો. સંન્યાસી કહે, તમને વાસ આવે છે તો આ બધા રોજ કામ કરે છે તેમને વાસ નહીં આવતી હોય? રાજા કહે, એ તો બધા એમાં ટેવાઈ ગયા એટલે એમાં એમને વાસ ન આવે. બસ રાજા, આ જ વાત છે. મને તારા મહેલમાં સંસારની વાસ આવે છે. તમે એમાં ટેવાઈ ગયા એટલે તમને વાસ ન આવે, પણ અમને તો સંસારની વાસ આવે છે.

ધન્યકુમાર કહે છે હે માતા! મને સંસારની વાસ આવે છે. સંસારના બધા વિષયો વિષ જેવા લાગે છે. હવે એક ક્ષણ પણ મને ઘરમાં રહેવું ગમતું નથી. દીકરા! આ તારી ૩૨-૩૨ રમણીઓ છે તેમના સામું તો જો. હમણાં તેમની સાથે રહે ને પછી દીક્ષા લેજે, પણ આ વૈરાગી હવે એક મિનિટ પણ રોકાવા તૈયાર નથી. તેને રમણીઓ પ્રત્યેનો રાગ છૂટી ગયો છે. એને ઘેર ૩૨ હતી, છતાં છોડવા તૈયાર થયો. તમારે ઘેર કેટલી છે? શૂરવીર બનીને નીકળી જાઓ!

**પ્રભુના ચરણની ઉત્કટ લગન :**–તેઓ કહે છે હે માતા! હવે મને એક વિરતી રાણીનો મોહ લાગ્યો છે. મારે તો જલ્દી ભગવાન મહાવીર સ્વામી પાસે દીક્ષા લેવી છે. ચારિત્ર લઈ કર્મોરૂપી પર્વતોના ચૂરેચૂરા કરવા છે. અનંતકાળથી પીડતા રાગદ્વેષ અને મોહના વિકારોને બાળીને ખાખ કરવા છે. વિષય કષાયના અગ્નિને સંયમરૂપી પાણીથી શાંત કરવી છે. આ જન્મમાં ભગવાનના ચરણે જલ્દી જઈ અનંતકૃપાથી મોહની

વિરાટ સેનાને સાફ કરવી છે. હવે તો મોહરાજા સાથે લડીને એમના પર વિજય મેળવવો છે અને મારે મારા આત્માની અમર સંપત્તિને પ્રાપ્ત કરવી છે. જો હું તને વહાલો હોઉં અને મારા પ્રત્યે તને જો સાચો પ્રેમ હોય તો તું મને સુખી કરવા જલ્દી ચારિત્ર માટે આજ્ઞા આપ. દૃઢ વૈરાગી પુત્રના વચનો સાંભળી ઘડીભર તો માતાને આઘાત લાગ્યો. તેની સામે મોહના પક્ષની દલીલો કરી, પણ અંતે તો આર્ય દેશની સંસ્કારી માતા હતી ને! એટલે છેવટે આજ્ઞા આપી.

**માતાની માગણીથી રાજાએ આપેલ સાથ**:- ધન્યકુમાર માતાને એકનો એક લાડીલો દીકરો છે. માતા પોતાના લાડીલા દીકરાનો દીક્ષા મહોત્સવ ભવ્ય રીતે ઉજવવા માટે જિતશત્રુ રાજા પાસે જઈને નમ્રભાવે વિનંતી કરી કે મારો એકનો એક લાડીલો પુત્ર લાડકોડમાં ઉછરેલો ગુણવતી અને રૂપવતી ૩૨ સ્ત્રીઓનો ત્યાગ કરીને દીક્ષા લેવા તત્પર બન્યો છે, માટે હું આપની પાસે પાલખી, છત્ર, ચામર વિગેરે લેવા આવી છું. આ સાંભળીને રાજાને ખૂબ આનંદ થયો. તેમણે કહ્યું, મારા નગરનો શણગાર, મારા નગરની શોભા વધારનાર આ તારા પુત્રનો દીક્ષા મહોત્સવ તો હું જાતે જ ઉજવીશ. ખુદ રાજા દીક્ષા મહોત્સવ ઉજવે પછી શું કમીના રહે! રાજાએ હજારો માણસો ઉપાડી શકે એવી શિબિકામાં ધન્યકુમારને સુંદર રીતે શણગારીને બેસાડયા. દીક્ષાનો ભવ્ય વરઘોડો આખી કાકંદી નગરીમાં ફરીને ઉદ્યાનમાં આવી પહોંચ્યો. જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજે છે ત્યાં જાતે જ પાલખીમાંથી ઉતરીને પોતાની જાતે વસ્ત્રાલંકારો ઉતારી નાખ્યા. જાતે જ કેશનો લોચ કરી ભગવાન પાસે આવીને હાજર થયા.

**પુત્રને પ્રભુના પાયે**:- ભદ્રામાતા ઉભા થઇ બે હાથ જોડીને ભગવાનને વિનંતી કરે છે હે કરૂણાસાગર ભગવંત! હું મારા પુત્રની રાજીખુશીથી ભિક્ષા આપું છું. આપ કૃપા કરીને તેનો સ્વીકાર કરો. ભગવાને ધન્યકુમારને દીક્ષા આપી અને ધન્યકુમારમાંથી ધન્ના અણગાર બનાવ્યા. જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસે ધન્ના અણગાર ભગવાનને વંદન નમસ્કાર કરીને કહે છે કે હે ભગવાન! જો આપની આજ્ઞા હોય તો હું જીવનપર્યંત છઠ્ઠના પારણે છઠ્ઠ કરું અને પારણે આયંબીલ કરું. ઓછામાં ઓછું આટલું તો મારે કરવું. આયંબીલમાં પણ જે અન્નનો બધાએ ત્યાગ કરી દીધો છે, જે અન્નને કોઈ બ્રાહ્મણ, અતીથિ કે ભિખારી પણ ઈચ્છે નહિ એવો આહાર કરવો. ૩૨ ક્રોડ સોનૈયાનો સ્વામી હેમહિંડોળે હિંચનારો, મહાન સુખ વૈભવમાં ઉછરેલો છતાં કેવી કઠીન પ્રતિજ્ઞા! ક્યાં સંસારના સુખ અને ક્યાં ત્યાગના કષ્ટ! ૩૨ જાતના ભોજનના જમનાર આજે લૂખા સુકા આહાર કરવા તૈયાર થયા. આ રીતે અઘોર સાધના કરી રહ્યા છે. કયારેક આહાર મળે તો પાણી ન મળે, અને કયારેક પાણી મળે તો આહાર ન મળે, છતાં કયારે પણ જીવનમાં ખેદ કરતા નથી. મળે તો ભલે, ન મળે તો ભલે, બધામાં સમભાવથી રહે છે.

**ભગવાનને પ્રશ્ન કરતા રાજા શ્રેણિક**: એક દિવસ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ધન્ના અણગારની સાથે કાકંદી નગરીમાં પધાર્યા, ત્યારે સમોસરણમાં શ્રેણીક

રાજાએ ભગવાનને વંદન નમસ્કાર કરી પ્રશ્ન કર્યો કે હે મારા ભગવંત! આપના ચૌદ હજાર શ્રમણોમાં સૌથી વધારે ચઢતા પરિણામે નિત્ય તો શું પણ સેકન્ડે સેકન્ડે, મિનિટે મિનિટે, કલાકે કલાકે, દિવસે દિવસે વૈરાગ્યના પરિણામમાં ચઢતા મહામુનિ કોણ છે? આ સાંભળીને ભગવાને કહ્યું હે શ્રેણિક! "इमासिं इंदभूति पामोक्खाणं चौदसण्हं समण साहस्सीणं धन्ने अणगारे महादुक्कर कारए चेव महा णिज्जरतराए"। ઈન્દ્રભૂતિ પ્રમુખ ચૌદ હજાર શ્રમણોમાં ધન્ના અણગાર ઉગ્રતપ કરવાવાળા અને સૌથી વધુ નિર્જરા કરવાવાળા છે. બસ, આ નામ સાંભળતા શ્રેણિક રાજાના હૃદયમાં ધન્ના અણગારના દર્શન કરી પાપોનું પ્રક્ષાલન કરવાની ભાવના ઉલસી. જ્યાં ધન્ના અણગાર બેઠા હતા ત્યાં જઈ મુનિના દર્શન કરી પાવન બન્યા. તપ કરતાં ધન્ના અણગારનું શરીર કેવું થઈ ગયું હતું તે બતાવતાં કહ્યું છે કે તેમના પગ, સાથળ અને પેટ તો માંસ આદિના અભાવથી બિલકુલ સૂકાઈ ગયાં છે. તેમના હાથ તો એવા સૂકાઈ ગયા છે કે જેવી રીતે સૂકાયેલા પલાશના પાંદડા હોય તેવા દેખાય છે. આ રીતે તેમના દરેક અંગ સાવ સૂકાઈ ગયા છે. આઠ મહિનામાં તો ઘોર તપ તપીને આરામ હરામ કરીને અપ્રમત્તપણે સંયમની અને કાર્યોત્સર્ગ ધ્યાનની સાધનામાં હૃષ્ટપુષ્ટ કાયા સાવ લોહી-માંસ વગરની હાડપિંજર જેવી બની ગઈ, પણ તેમનો આત્મા તો બળવાન બન્યો છે. જેને શરીરને તપ અને વ્રતથી કૃશ કરતા આવડે છે એનો આત્મા જ્ઞાનાદિ ગુણોથી પુષ્ટ થાય છે. વિકારો બળીને ખાખ થઈ જાય છે. ઉત્તમ વિચારોના મોજા મનરૂપી મહાસાગરમાં ઉછળે છે. આ છે તપથી કૃશ કરેલી કાયાનો પ્રભાવ. છેવટે એક મહિનાનો સંથારો કરી નવ માસની દીક્ષા પર્યાયમાં કાળ કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા. ત્યાંથી આયુષ્ય પૂરું કરી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમ કુળમાં જન્મ લઈ સંયમ પાળીને કર્મોને ખપાવી મોક્ષમાં જશે.

આવા મહાપુરૂષોના તપ સાંભળીને આપ પણ લગની લગાડો કે મારે તપ કરવો છે. તપથી આત્મા શુદ્ધ-નિર્મળ બને છે. ગઈ કાલે મહિનાનું ઘર ગયું તે આપણને ચેલેન્જ ફેંકીને કહે છે કે આજથી એક મહિને સંવત્સરી મહા પર્વ આવશે. આપ અત્યારથી અંતરમાં વિષયકષાયના જે બાવાજાળા બાઝી ગયા હોય તેને દૂર કરી આત્માને સ્વચ્છ-વિશુદ્ધ બનાવો. હળુકર્મી જીવો તો તપના પ્રાંગણમાં આત્માને ઉજ્જવળ બનાવી રહ્યા છે. પૂરાણા કર્મોના મેલને સાફ કરવા તપ એ અમૂલ્ય ઔષધિ છે. ગઈકાલે કહ્યું હતું કે જીવ તપ ક્યારે કરી શકે? આહાર સંજ્ઞા ઉપર વિજય મેળવે ત્યારે. આહાર સંજ્ઞા ખૂબ ભયંકર વસ્તુ છે. આહાર સંજ્ઞામાંથી મૈથુન સંજ્ઞા ઉત્પન્ન થાય છે. આહાર દ્વારા શરીર પુષ્ટ બને છે અને પુષ્ટ થયેલું શરીર ન ઈચ્છવાનું ઈચ્છે છે. એ સ્ત્રીના સ્પર્શમાં ગાંડો બને છે. લગ્ન કરવાથી અનેક નવા સગાવહાલા, સંબંધો ઉભા થાય છે. તેના બંધનો વધે છે. એના દ્વારા અનેક રાગદ્વેષ ઉભા થાય છે અને અશુભ કર્મોનો બંધ થાય છે. આ બધાનું મૂળ કારણ આહાર સંજ્ઞા છે. એટલે જ્ઞાની ભગવંતે આહાર સંજ્ઞાને તોડવા માટે વારંવાર તપ કરવાનું કહ્યું છે.

આહાર સંજ્ઞામાંથી પરિગ્રહસંજ્ઞા પણ ઉત્પન્ન થાય છે. જીભને મનગમતું ખાવાનું આપવા માટે પૈસા મેળવવાની જરૂર પડે છે. બધી ઇન્દ્રિયોમાં જીભનું જોર વધારે છે. આંખ બે, કાન બે, નશકોરા બે, પણ બધાનું કાર્ય એક છે, પણ જીભ એક અને તેના કાર્ય બે છે. ખાવાનું અને બોલવાનું. આ જીભને ફરતા ૩૨ પહેરેગીરો છે. એક રૂપક છે. એક વાર પહેરેગીરોને જીભ પ્રત્યે અસંતોષ થતાં બળવો કરવાનું મન થયું. ત્યારે ૩૨ પહેરેગીરોએ ધમકી આપી કે તમે સીધા રહો, નહીંતર અમે બત્રીસે તમારો કચ્ચરઘાણ કાઢી નાખીશું. તમે એક તો સાવ પોચા, કોમળ છો અને માયકાંગલા છો. અમે ૩૨ લોખંડ જેવા અડીખમ છીએ. જીભે હસીને કહ્યું, અરે પહેરેગીરો! તમે મને કચરી નાખશો તે પહેલાં હું તમારી બત્રીસીને ભોંય ભેગી કરી દઈશ. કોઈ મસ્ત પહેલવાન એક સજ્જડ તમાચો મારશે તો તમારી બત્રીસી ધૂળ ચાટતી થઈ જશે. તમને તોડવાનું કામ મારે મન રમત જેવું છે. આમ જીભનું પ્રાબલ્ય ઘણું છે.

**હરામખોર દલાલ જીભ :–** મહાપુરૂષો સમજાવે છે કે પેટ એ ગોડાઉન છે, અને જીભ દલાલ છે. દલાલ દ્વારા ગોડાઉનમાં માલ ભરાય છે. ગોડાઉનમાં ગમે તેટલું ભરાય પણ આ જીભ રૂપી દલાલને તેમાં કંઈ સંબંધ નહિ. જીભ પોતે જાતજાતના સ્વાદો માણે છે અને દુઃખ આપે છે પેટને, સ્વાદના ચટકા જીભ કરે પણ તેથી શરીરના અંગોમાં વિકૃતિ આવે છે. માથું દુઃખે છે, પેટમાં દુઃખે છે, હાથપગમાં કળતર વિગેરે થયા કરે છે. જીભને મનગમતું ખાવાનું આપવા માટે પૈસા જોઇએ ને પૈસા મેળવવા માટે જૂઠ, પ્રપંચ, અન્યાય, અનીતિ કરવા પડે છે. એને માટે અનેક પ્રકારના ભોગ–વિલાસની સામગ્રી ખડકવી પડે છે. માટે જ્ઞાની ભગવંતોએ જીભ પર કાબૂ મેળવવા માટે તપનું વિધાન કર્યું છે.

આહારસંજ્ઞાથી મૈથુનસંજ્ઞા ઉત્પન્ન થાય છે. પરિગ્રહ સંજ્ઞા પણ આહારસંજ્ઞાથી ઉત્પન્ન થાય છે. જ્યાં પરિગ્રહ વધ્યો ત્યાં તેને સાચવવા માટે જીવને અનેક ભય ઉભા થાય છે. જ્યાં પરિગ્રહ છે ત્યાં ભય છે. અઢળક લક્ષ્મી કમાયા તો તેને સાચવવા ચોકીદાર રાખવા પડે છે. સાચા–ખોટા વહેપાર કર્યા હોય તો ઇન્કમટેક્ષવાળાનો ભય રહે છે. બ્લેકના બે નંબરના ચોપડા ગુમાસ્તા પાસે લખાવ્યા હોય તો ગુમાસ્તાનો ભય રહે છે. દીકરા ઉદ્ધત થાય ને પૈસાને વેડફી ન નાંખે એટલે છોકરાનો પણ ભય લાગે છે. પોતાની મિલ્કત પત્ની જાણી જાય અને તે કદાચ વાપરી નાંખે તો તે ભયથી પત્નીથી છાના પૈસા રાખવા પડે છે. મારી પાસે ઘણી મિલ્કત છે તે લોકો જાણી જશે તો વારંવાર મારી પાસે લેવા આવશે, તેથી લોકોનો, સગાવહાલાનો, મિત્રોનો ખૂબ ભય હોય છે. કયારેક ચોર ચોરી જવાનો ભય રહે છે. નદીના પૂરમાં તણાઈ જવાનો કે અગ્નિમાં બળી જવાનો પણ ભય રહે છે. આમ ચારે બાજુ ભયની ભૂતાવળ દેખાય છે. પણ તમારા બધામાં પૈસાની બોલબાલા દેખાય છે. કહેવાય છે કે "जिसके पास नहीं है पैसा, जग में उसका जीवन कैसा?" જેના પાસે પૈસા નથી તેમનું જીવન કેવું હોય છે? જગતમાં પૈસા વિનાના માનવની કોઈ કિંમત નથી.

तुलसी इस संसारमें, मतलबका व्यवहार ।
जब लग पैसा गांठमें, तब लग लाखो यार ॥

આ સંસાર મતલબનું મેદાન છે. સંસારમાં માણસની પાસે જ્યાં સુધી પૈસા હોય છે ત્યાં સુધી બધા લોકો પ્રેમથી બોલાવે છે અને જ્યાં પૈસા ચાલ્યા જાય ત્યાં કોઇ સગું થતું નથી. કહેવાય છે પૈસાદાર માણસની બકરી મરી જાય તો આખા ગામમાં વાત ફેલાઈ જાય અને ગરીબ માણસની છોકરી મરી જાય તો તેને કોઈ જાણતું નથી. ધન મળવું એ પણ શુભ કર્મને આધીન છે. શુભ કર્મના ઉદય વિના લક્ષ્મી આદિ સુખો મળતા નથી, અને થોડું ઘણું મળે પણ તેની આશા કેટલી મોટી હોય છે!

आशा नाम नदी मनोरथ जला, तृष्णा तरङ्गकुला ।
राग ग्राहवती वितर्क विहगा, धैर्य द्रुम ध्वंसिनो ॥
मोहावर्त सुदुस्तराति गहना, प्रोतुङ्ग चिन्ता तटाः ।
तस्याः पारगता विशुद्ध मनसो, नन्दन्ति योगीश्वराः ॥

કવિ કહે છે કે આશા નામની એક મોટી નદી છે. આ નદીમાં મનોરથ રૂપી જળ ભરેલું છે. પાણીમાં જેમ તરંગો ઉઠે છે તેમ આ આશા રૂપી નદીના મનોરથ રૂપી જળમાં તૃષ્ણા રૂપી અનેક તરંગો ઉઠે છે. તૃષ્ણાના તરંગો એવા ઉઠે છે કે તેનો પાર પામવો પણ મુશ્કેલ છે. નદીમાં જેમ મગરમચ્છો રહે છે તેમ આ આશા રૂપી નદીમાં રાગ-દ્વેષ રૂપી મગરમચ્છો રહે છે. જ્યાં તૃષ્ણા હોય ત્યાં રાગ-દ્વેષ પણ હોય છે. નદીના કાંઠે પક્ષીઓ રહે છે તેમ આ નદીના કાંઠે કપટ-વિતર્ક રૂપી બગલા-પક્ષીઓ રહે છે, આશા તૃષ્ણાને કારણે કૂડકપટ કરવામાં આવે છે. નદીમાં જ્યારે પુર આવે છે ત્યારે કાંઠે ઉભેલા વૃક્ષોને પણ ઉખેડી નાખે છે, તેમ તૃષ્ણાની અધિકતાથી ધૈર્ય રૂપી વૃક્ષ પણ ઉખડી જાય છે. તૃષ્ણા ધૈર્યનો નાશ કરે છે. તૃષ્ણાનો ઉચ્છેદ કર્યા વિના શાન્તિ મળવાની નથી. ઉંડા પાણીવાળી નદીઓમાં ભમરીઓ પડે છે, તે પ્રમાણે આશા નદીમાં મોહ રૂપી ભમરીઓ પડે છે. મોહ-ભમરીમાં ફસાયેલો આત્મા સહેલાઈથી બહાર નીકળી શકતો નથી. જ્યાં સુધી માણસ મોહાવસ્થામાં ફસાયેલો રહે છે ત્યાં સુધી આત્મોન્નતિ સાધી શકતો નથી. જે પ્રમાણે નદીને તટ હોય છે તે પ્રમાણે આશા નદીને ચિંતા રૂપી તટ છે. જ્યાં આશા-તૃષ્ણા હોય ત્યાં ચિંતા હોય એ સ્વાભાવિક છે. આવી દુસ્તરા આશા નદીને પાર કોણ જઈ શકે? જે વિશુદ્ધ ભાવના રૂપી નૌકામાં બેસે છે તે લોકો એ નૌકાની સહાયતા વડે દુસ્તર એવી આશા નદીને પાર જઈ શકે છે, અને જાય છે. આ આશા-નદીને પાર જવાને માટે અણગાર ધર્મનો સ્વીકાર કરવામાં આવે છે. જે અણગારપણાનો સ્વીકાર કરી વિશુદ્ધ ભાવના ભાવે છે તે અણગારો આશા નદીને પાર પામી જાય છે, અને એ રીતે શારીરિક તથા માનસિક દુઃખોથી મુક્ત થઈ અનંત આનંદ મેળવે છે. આજે પૂ. સુજાતાબાઈ મહાસતીજીના પારણે શાતા પૂછવા ઘણા મહાસતીજીઓ પધાર્યા છે. તેથી આનંદમાં વધારો થયો છે. તેમણે દરરોજ સ્વાધ્યાય-ધ્યાન સહિત આ તપ કર્યો છે. તેમની

ઉંમર નાની ને તપ મોટો છે. તેમણે ૧૭ ઉપવાસ, સોળ ભથ્થુ, અઠ્ઠાઇ વિગેરે તપ કરેલ છે. આપ બધા આ તપસ્વી મહાસતીજીનો તપ જોઈ તપમાં જોડાશો.જેનાથી બને તે ૩૦ દિવસના કોઈ ને કોઈ પ્રત્યાખ્યાન લેશો. તપનું ઘણું મહત્વ છે. જ્યાં સુધી દ્વારકા નગરીમાં એક પણ પ્રત્યાખ્યાન રહ્યું, ત્યાં સુધી દેવ તેને બાળી શકયો નહિ. તે ઉપર ખૂબ સુંદર વર્ણન કર્યું હતું. તપ જેવો કોઈ મંત્ર કે જડીબુટ્ટી નથી. તપ આત્માના ભવોભવના રોગને નાબૂદ કરે છે. વધુ ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં.-૨૩

**શ્રાવણ સુદ ૮ ને શુક્રવાર : પ્રકાશને ઓળખો : તા. ૭-૮-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! આ અવનીમાં છવાયેલા અંધકારને દૂર કરવા વિદ્યુતનો પ્રકાશ થોડો ઉપકારી બને. જ્યાં ઘોર તિમિર છવાયું હોય ત્યાં ટયુબ-લાઈટોની રોશની પ્રકાશ ફેલાવે, એ રોશની કદાચ આપણી આંખોને પણ આંજી દે, અંધકારના કારણે અકળાયેલા માનવીને તે લાઈટ ઘડીભર પ્રકાશનું દાન કરે, તે પ્રકાશમાં તેની સુષુપ્ત ચેતના ઝળહળી ઉઠે, પણ આ બધા પ્રકાશ અરે લાખો કરોડો મરકયુરી લેમ્પનો પ્રકાશ હોય પણ સૂર્યના પ્રકાશ આગળ તો તેઓ જાણે હરીફાઇ કરતા હોય એવું વાતાવરણ સર્જી દે, પણ અંતરમાં જે અનાદિકાળથી મિથ્યાત્વનો, અજ્ઞાનનો ઘોર અંધકાર છવાયો છે તેને ભેદવા શું તે પ્રકાશ સમર્થ છે? ના. બહારનો કોઈ પણ પ્રકાશ ભલે પછી તે સૂર્યનો પ્રકાશ હોય, પૂર્ણિમાના ચંદ્રનો પ્રકાશ હોય, કોઈ રત્ન કે મણિનો પ્રકાશ હોય પણ એ બધા પ્રકાશ અંતરના અંધકારને દૂર કરવા કામયાબ ન નીવડે.

તો પછી તમને કદાચ એમ પ્રશ્ન ઉઠશે કે અંતરના અંધકારને ભેદવા આ પૃથ્વી પર કોઈ સમર્થ, શક્તિશાળી માણસ કે કોઈ શક્તિનું અસ્તિત્વ છે કે નહિ? ખૂબ શાંતિથી દીર્ઘદૃષ્ટિથી વિચાર કરો. તમારી દૃષ્ટિને જરા લંબાવો, દોડતા હો તો સ્થિર થાઓ. વિક્ષિપ્ત મનને શાંત કરી વિચારો, તમારો અંતર આત્મા જ તમને આ પ્રશ્નનો જવાબ આપશે. પ્રશ્નનો જવાબ શું છે? જેણે પોતાના જીવનમાંથી સર્વથા અંધકારને વિદારીને પરમ અનુપમ પ્રકાશને પ્રાપ્ત કર્યો છે તેવા સર્વજ્ઞ વીતરાગી પ્રભુના મુખમાંથી વહેલી અમીરસસમી વીતરાગ વાણી, જે વર્તમાનકાળમ આગમરૂપે, સિદ્ધાંત રૂપે મોજુદ છે. આ પંચમ આરાના જીવો માટે જો કોઇ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉત્તમ અવલંબન હોય, અંતરના અંધકારને નાશ કરવાનું જો કોઈ પરમ નિમિત્ત હોય તો તે છે શાસ્ત્રની અમૃત વાણી. જ્યારે આગમના પાના ખોલીએ ને એના ભાવભર્યા રહસ્યોને વાંચીએ, સમજીએ ત્યારે એમ થાય કે કેવા હતા આપણા કરૂણા નિધિ ભગવાન વર્ધમાન **"અંતરમાંથી નીતરે કરૂણાની ધારા"** જેમન અંતરમાંથી છલકતી કરૂણાની સરિતા જગત જીવોના પરમ શ્રેયને માટે, કલ્યાણને માટે સતત વહ્યા કરી. જેનું એક બિંદુ પણ જો ચાતક પક્ષીની જેમ ઝીલવામાં આવે તો તૃપ્તિ થયા વિના રહે નહિ. સ્વાતિ નક્ષત્રમાં પડેલું વરસાદનું પાણી જો માછલીના પેટમાં જાય તો શંકા નથી કે

તે મોતી બન્યા વિના રહે ! આ જ રીતે સ્વાતિ નક્ષત્રના વરસાદ સમાન ભગવાનની વાણીનું પાણી તો મળી ગયું. હવે જરૂર છે બસ, મળેલાની મહત્તા સમજી તેને માણવાની આવશ્યકતા. મુખ સુધી આવેલા અમૃત ભોજનનો આસ્વાદ માણવાની, પછી બાકી રહે છે પરમ તત્ત્વને પામી જવાનું. એ કયારે પમાશે ? વીતરાગ ભગવાનના વચનોને અંતર્ગત કરી આત્મ પ્રદેશે વણી તન્મય જીવન જીવાશે ત્યારે મનની મહેચ્છા, અંતરની અભિલાષા સાકાર બનશે.

જે જીવો અનાદિની ઘોર અજ્ઞાનની નિદ્રામાં પોઢેલા છે, તેમને માટે આ બધું શકય નથી, પણ જે જીવો અજ્ઞાન ઉંઘમાંથી જરાક જાગૃત થયા હોય, આંખ ખોલીને જરા દૃષ્ટિ પ્રકાશ તરફ લંબાણી હોય એવા ભવ્ય જીવોને ભગવાન કહે છે :—

**खिप्पं न सक्केइ विवेगमेउं, तम्हा समुट्ठाय पहायकामे ।**
**समीच लोगं समया महेसी, अप्पाण रक्खी व चरे पमत्तो ॥** ઉ. ૪–૧૦

અલ્પકાળમાં વિવેક પ્રાપ્ત થતો નથી. તેથી ક્રમે ક્રમે વાસનાઓનો ત્યાગ કરતા કરતા સન્માર્ગમાં સ્થિર થવાય છે. માટે આત્મરક્ષક મહર્ષિ, લોકને જાણી સમત્વ દૃષ્ટિથી અપ્રમાદપણે વિચરે.

ગાથામાં જ્ઞાની ભગવંતો આપણને એ સમજાવે છે કે જીવનના છેલ્લાશ્વાસોચ્છ્વાસ લેવાતા હોય, અંતિમ ઘડીઓ ગણાતી હોય, મરણની અનંતી વેદના ભોગવતો જીવ દેહને છોડવાની તૈયારી કરતો હોય અને જેનું લક્ષ દેહ તરફનું હોય એવા જીવને પ્રિયમાં પ્રિય શરીર છોડવું પણ ગમતું ન હોય, અનિચ્છાએ મરણ સામે આવીને ઉભું હોય તે વખતે આખી જિંદગીમાં જેમણે ધર્મ કર્યો નથી, તત્ત્વજ્ઞાનની વાતો સમજતો નથી, એવા જીવને જલ્દીથી વિવેક કયાંથી પ્રગટ થાય ? વ્યવહારમાં જોઈશું તો પણ દેખાય છે કે આજનું વાવેલું બીજ તરત તો ફળ ન જ આપી શકે. તેને પરિપકવ થવા માટે સમય તો જોઈએ. તો પછી જેણે ધર્મનું બીજ જીવનમાં વાવ્યું નથી તેને તેના ફળ સ્વરૂપ વિવેકની પ્રાપ્તિ કયાંથી થાય ? માટે ભગવાન જીવોને પડકાર કરીને કહે છે. માનવ ! જાગ....જાગ....વહેલી તકે જાગી જા. આ કામભોગોને છોડી ધર્મકાર્યમાં ઉદ્યમવંત બન. જયાં સુધી દૃષ્ટિ ભોગ તરફ છે ત્યાં સુધી યોગની સાધના સંભવિત નથી. અનુભવીઓ પણ કહે છે :—

**જોજે ભોગ પડે ના કોઠે, તારો અંતર્યામી ના રૂઠે,**
**પરમાંથી દૃષ્ટિ જો ઉઠે, ચેતન પ્રભુ તો સ્હેજે તુઠે.**

જો જીવ ભોગમાં પડયો રહે તો અંતર્યામી એવો આત્મા કદાચ રૂઠી જાય, અને તેના પરથી જો દૃષ્ટિ ઉઠી જાય તો ચૈતન્ય દેવ રીઝી જાય.

ભોગની ભયંકરતા સમજ્યા વિના તેનો ત્યાગ કરવો સહેલો નથી. એક ઈન્દ્રિયના વિષયનો ભોગવટો પણ ભયંકર પરિણામ લાવે તો પછી જે પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં ઓતપ્રોત બને તેને માટે કઈ ગતિ ? પતંગિયું દિપકનો પ્રકાશ દેખી એમાં અંજાઈ ગયું

ને પ્રકાશનો ભોગવટો કરવા દિપકને ભેટી પડયું, પણ તેનું પરિણામ શું ? બળીને ખાખ થયું. તેનું શરીર....જીવ કાયા જુદા. શું આ વાત બધા નથી જાણતા ? બધી વસ્તુ જણાય છે, જોવાય છે, છતાંય જાણે આંખ આડા કાન કેમ થાય છે તે સમજાતું નથી.

આપણા કરૂણાસાગર ભગવાનની એ કરૂણા છે કે જીવોની આવી દયાજનક સ્થિતિ જાણે કે નિહાળી શકાતી ન હોય, તેથી અંતરમાંથી કરૂણા ઉભરાઈને બહાર આવે છે, અને જીવોને આત્મશ્રેયનો માર્ગ બતાવે છે કે હે જીવો ! જો ભોગની ભઠ્ઠીમાં શેકાવું ન હોય, બળીઝળીને સંતપ્ત દશા ન ભોગવવી હોય તો "पद्दाहकामे" કામભોગ છોડી દે.

આ લોકના સ્વરૂપનો વિચાર કર. તને દુનિયામાં શું દેખાય છે ? કેવું છે જગતનું કરૂણ ચિત્ર ! કોણ સુખી છે ? કોણ આનંદ અનુભવી શકે છે ? આનંદની મસ્તી માણનારા જીવોની પાછળ આક્રંદ તો ડોકિયું કરીને ઉભું હોય છે. હર્ષના આનંદમાં નાચનારું હૈયું ક્યારે શોકની છાયામાં ડૂબે તે કહેવાય નહિ. સળગતા આ સંસારનું સ્વરૂપ નિહાળીને સાધક શું કરે ? આ સળગતા સંસારથી બચવાનો એક ઉપાય છે. **अप्पाण रक्खी व चरे पमत्तो ।** સંસારના પ્રવાહમાં ન તણાતા સાધક સદા આત્માની રક્ષા કરતો અપ્રમત્ત બનીને વિચરે. ભગવાને શાસ્ત્રમાં મહત્ત્વની સૂચના કરી છે. "જો તારે આત્માની અખંડતા, અભેદતા તથા નિજાનંદનો ભોગવટો કરવો હોય તો આત્માની રક્ષા કર, અને પ્રમાદ છોડી અપ્રમત્ત દશાનું સેવન કર. ભગવાને એ જ વાત દશવૈકાલિક સૂત્રની ચૂલિકામાં બતાવી છે. "**अप्पा खलु सययं रक्खियव्वो**" આત્માનું સતત રક્ષણ કરવું તે જ સાધકની સાચી સાધના, તે જ છે આતમની આરાધના, તે જ પરમપદને પામવાની પરમગુટીકા. આત્માની રક્ષા કયારે થાય ? જ્યારે દૃષ્ટિને બહારમાંથી પાછી વાળી અંતર ભણી જવા દીધી હોય, આત્માના અખૂટ નિધિને જેણે જાણી લીધો હોય, પગલે પગલે પાપથી ડરતો હોય તે આત્મા પોતાના આત્માની રક્ષા કરતો થકો અપ્રમત્ત બનીને વિચરી શકે. તે આત્માનો એક દિવસ એવો સોનેરી ઉગે કે તે આત્માનું જતન કરતો પોતાના વતન–મોક્ષ સુધી પહોંચી જાય. કહ્યું છે કે :—

**આત્મ–તત્ત્વ અમૂલ્ય રતન, સદા કરજે તું તેનું જતન,**
**અપ્રમત્ત બની જા પ્યારા ચેતન, મળી જશે તને તારું વતન.**

આત્મા એ અમૂલ્ય રત્ન છે. એ રત્નનું તું બરાબર જતન કરજે. એને બરાબર સાચવજે. એ રત્નના તેજ પ્રગટાવવા તું અપ્રમત્ત બની જજે. જો અપ્રમત્ત બનીશ તો મોક્ષ રૂપી વતન તને મળી જશે.

જેણે અમૂલ્ય એવા આત્માની પીછાણ કરી નથી અને વિષયવાસનામાં ગૃદ્ધ બન્યા છે, એવા મણિરથ રાજાને કામવાસનાના ઝેર ચઢયા છે. તેથી તે મયણરેહાને મેળવવા પોતાના ભાઈનું ખૂન કરવા પણ તૈયાર થયો. કામ વિકાર આવે એટલે મોટો અનર્થ થયો સમજવો. કામથી માનવી અધમ કાર્યો કરવા તૈયાર થાય છે. મણિરથ રાજાને

કામવાસનાનું વિષ ચઢયું છે, તેથી પોતાના સગા લઘુ બંધવને મારવા તૈયાર થયો. જ્ઞાની ભગવંતો આપણને ટકોર કરતા કહે છે.

**कामेहि य संथवेहि गिद्धा, कम्मसहा कालेण जंतवो ।**
**ताले जह बंधणच्चुए, एवं आउक्खयम्मि तुट्टइ ॥ सूय. २-१-६**

વિષયભોગોની તૃષ્ણામાં તથા માતા, પિતા સ્ત્રી, પુત્ર આદિ પરિચિત જનોમાં આસક્ત રહેવાવાળા જીવ કર્મફળના ઉદયે પોતાના કર્મોના ફળ ભોગવતા આયુષ્ય સમાપ્ત થવા પર મરી જાય છે. જેવી રીતે બંધનથી છૂટેલું તાલફળ નીચે પડી જાય છે તેમ.

શાસ્ત્રકાર બતાવે છે કે કયા જીવો દુઃખી છે? ભવાટવીમાંથી બહાર નીકળવાની બારી કયા જીવોને નથી મળતી? જે આત્મા પાંચે ઇન્દ્રિયોના વિષયોના સંપર્કમાં જેમ જેમ આવે છે તેમ તેમ તેની આસક્તિ વધતી જાય છે. સૂયગડાંગ સૂત્રના પ્રથમ અધ્યયનમાં ભગવાન બોલ્યા છે કે—

**जस्सिं कुले समुप्पन्ने, जेहिं वा संवसे नरे ।**
**ममाइ लुप्पइ बाले, अण्णे अण्णेहिंमुच्छिए ॥ ४**

મનુષ્ય જે કુળમાં ઉત્પન્ન થાય છે અને જેની સાથે નિવાસ કરે છે તેમાં મમતા રાખતા થકા તે પીડિત થાય છે. તે મૂઢ બીજા પદાર્થોમાં આસક્ત બનતો રહે છે.

મનુષ્ય જે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ઉગ્રકુળ, ભોગકુળ આદિકુળમાં જન્મ લે છે તે કુળની સાથે તેની મમતા, મૂર્છા ગાઢ થતી જાય છે. જે કોમમાં, જાતિમાં મનુષ્ય ઉત્પન્ન થાય છે તેની સાથે તેનો સ્નેહ થઇ જાય છે. તે તે કુળ, જાતિ, દેશ, સંપ્રદાયને પોતાના માને છે. અને તેનાથી ભિન્ન કુળ આદિને પરાયા માને છે. તેથી એકના પ્રત્યે રાગ બંધન થાય છે, અને બીજા પ્રત્યે પ્રાયઃ ઈર્ષ્યા, દ્વેષ, વૈર, વિરોધ થઈ જાય છે. અવિવેકી અને મોહાંધ માણસ સ્વાર્થવશ પોતાના માનેલા કુળ આદિનો પક્ષ લે છે. તેમનાં સુખ, સુવિધાઓનું ધ્યાન રાખે છે. તેમની ભૌતિક ઉન્નતિને માટે પ્રયત્ન કરે છે. એવી કોઈ પણ વ્યક્તિના પરાજયની કે દુઃખની વાત સાંભળે છે તો તે મમત્વના કારણે દુઃખી થાય છે. કદાચ તેનું મૃત્યુ થાય તો શોક, વિલાપ, રૂદન કરે છે અને વિયોગમાં માથું પટકીને મરી જાય છે. આ રીતે માતા, પિતા, ભાઈ, બહેન આદિની સાથે નિવાસ કરે છે. તેના પ્રત્યે પણ તેનો મોહ અને રાગ થઈ જાય છે. બાળક જન્મે છે ત્યારે તેને માતા પ્રત્યે પ્રેમ થાય છે. થોડો મોટો થાય ત્યારે રમકડા પર પ્રેમ થાય છે. એથી આગળ વધતા બાપ, દાદા, દાદીનો પ્રેમ થાય છે. મોટો થતાં સ્કૂલમાં જાય ત્યાં વિદ્યાર્થી જીવનમાં મિત્રનો રાગ થાય છે, પછી યુવાન થતાં લગ્ન કર્યા એટલે પત્નીનો પ્રેમ, ધંધાનો પ્રેમ થાય છે. મોહના કારણે તે સમજે છે કે આ બધા મારા છે ને હું તેનો છું. અરે માતા આદિ ઈષ્ટજનો પર રાગ થાય છે, એટલું જ નહિ પણ પોતાના શરીર પર અને સોનું ચાંદી આદિ જડ પદાર્થો પર અને દ્વિપદ આદિ ચેતન પ્રત્યે પણ તે ગાઢ આસક્ત થાય છે. તે પદાર્થો તૂટવા-ફૂટવા પર તેના પ્રત્યેની મૂર્છાને કારણે તે રડે છે, ઝુરે છે, ખાવું

પીવું છોડી દે છે અને કયારેક તો આપઘાત કરી બેસે છે. આ બધા મમત્વના ખેલ છે. જીવ તુચ્છ વસ્તુઓના મોહપાશમાં બંધાઇને રાત દિવસ નવાનવા કર્મોનો બંધ કરે છે.

કામભોગમાં આસકત અને પરિવારમાં મૂર્છિત બનતો જીવ ઘણાં કર્મો બાંધે છે. કામભોગોનું સેવન કરીને તૃપ્તિની આકાંક્ષા કરે છે, પરંતુ તે તૃપ્તિ ક્ષણિક હોય છે. વાસ્તવમાં તો તે અતૃપ્ત રહી જાય છે. જેવી રીતે તરસ્યો માણુસ મૃગજળના પાણી તરફ દોડીને ત્યાં પહોંચવા છતાં પોતાની તૃષા શાંત કરી શકતો નથી. દિવસના અસ્ત સમયે પૂર્વદિશાની તરફ પોતાના પડછાયાને પકડવા માટે દોડનાર મનુષ્યને પોતાની છાયા હાથમાં આવતી નથી. તેવી રીતે કામભોગના સેવનથી કદી તૃપ્તિ થતી નથી. જેમ અગ્નિમાં ઘી નાખવાથી અગ્નિ વધુ પ્રજ્વલિત બને છે તેમ કામભોગોનું સેવન કરવાથી અને પરિચિત પરિજનો પ્રતિ ગાઢ આસકિત રાખવાથી કર્મબંધ થાય છે. "कम्मसङ्गा कालेण जन्तवो" પણ જ્યારે કર્મનો ઉદય થાય છે ત્યારે કર્મના ફળ જીવને પોતાને ભોગવવા પડે છે. પ્રભુ કહે છે કે હું મારો દાખલો આપીને કહું છું કે મેં જે પ્રકારે કર્મો બાંધ્યા હતા તે મારે ભોગવવા પડયા છે.

**કરમ છોડશે ના તને કોઈ કાળે, જનમ જ્યાં ધરે તું ત્યાં તને સંભાળે...કરમ**
**થશે આ મૂકીને અચાનક જવાનું, સ્વજન કોઈ સાથે નહીં આવવાનું,**
**જશે જીવ તારા કરમના સહારે, કર્યા જે પ્રમાણે ફળે તે પ્રકારે...કરમ**

કરેલાં કર્મો કોઇને છોડવાના નથી. જ્યારે જીવ અહીંથી પરલોકમાં જશે ત્યારે સ્વજન, પૈસા કોઇ સાથે નહીં આવે, ત્યારે જીવના શુભાશુભ કર્મો તેની સાથે જાય છે.

એક ભાઇને લાગ્યું કે હવે મૃત્યુ આવવાની થોડા દિવસની વાર છે. આથી તેણે પોતાના ત્રણ મિત્રોને બોલાવ્યા. આ ત્રણે મિત્રો તેના ગાઢ દોસ્તો હતા. તેમને સમાચાર મળ્યા કે ત્રણે તેના ઘેર પહોંચી ગયા. મરણ સમયે પોતાના અંગત મિત્રોને પોતાની પાસે જોઇને એને ખૂબ આનંદ થયો. મિત્રોએ આવીને તેને ખબર પૂછી–બિમાર મિત્રે કહ્યું. હું હવે ઝાઝા દિવસ રહી શકું તેમ નથી. આ સાંભળતા મિત્રોને આઘાત લાગ્યો. તેમના મુખ પર ઉદાસીનતા છવાઈ ગઈ.

આ જોઈ બિમાર મિત્રે પૂછ્યું ! મિત્રો, મારે એ જાણવું છે કે હું મરી જઈશ તે પછી મારા માટે શું કરશો ? પહેલા મિત્રે કહ્યું, હું શું કરી શકવાનો છું ! તું તો મારી સ્થિતિ જાણે છે. આ જ પ્રશ્ન બિમાર મિત્રે બીજા બે મિત્રોને પૂછ્યો. બીજા મિત્રે કહ્યું, તારા મરણ પછી હું તારી સાથે સ્મશાન સુધી આવીશ, અને તારી અંતિમ ક્રિયા કરાવીશ. ત્રીજા મિત્રે કહ્યું, મિત્ર ! તું જરાય મુંઝાઈશ નહિ. જીવનભર તને સાથ આપ્યો છે અને મૃત્યુ પછી પણ તારી સાથે રહીશ. બિમાર મિત્રને થયું કે ત્રીજો મિત્ર મારો સાચો મિત્ર છે. આ ન્યાય આપીને જ્ઞાની આપણને શું સમજાવે છે ? દરેક આત્માને ત્રણ મિત્રો હોય છે. ધન, કુટુંબ અને કર્મ. માણસ મૃત્યુ પામે છે ત્યારે ધન નકામું થઈ જાય છે. તે અહીં જ રહી જાય છે. કુટુંબના માણસો અંતિમ ક્રિયા કરવા સ્મશાન

સુધી આવે છે પણ ત્રીજો મિત્ર કર્મ છે, તે તેની સાથે રહે છે. કર્મની દોસ્તી–પોતે કરેલાં સારા ખરાબ કર્મો સદા સાથે રહે છે.

આ ન્યાય પરથી એ સમજવાનું છે કે જીવ જ્યારે જાય ત્યારે શુભાશુભ કર્મો તેની સાથે જાય છે. ગાથામાં એ જ બતાવ્યું કે કર્મનો ઉદય થશે ત્યારે કર્મના ફળ તેને પોતાને ભોગવવા પડે છે. ઘણીવાર નથી જોતા કે બાળક જન્મે ત્યારથી રોગ લઈને આવે છે. તેને ગ્લુકોઝના બાટલા ચઢાવવા પડે છે. ફૂલ જેવું બાળક આ વેદના કેવી રીતે વેઠી શકે? ઘણીવાર ૮–૧૦ દિવસનો બાળક થાય ને તેને કમળો થઈ જાય છે. મુંબઈમાં એક વાર હોસ્પિતાલમાં છ મહિનાનો બાળક જોયો. પૂછ્યું કે શું થયું છે? તેની આંખે મોતિયો આવે છે. આ ફૂલ જેવા બાળકને અહીં જન્મતાની સાથે કર્મ ઉદયમાં આવી ગયા. બધેથી છટકી શકશો પણ કર્મ તો કોઈનો કેડો મૂકવાનો નથી. કર્મોના ફળ ભોગવતા પછી જીવની શી દશા થાય છે? જેવી રીતે તાલવૃક્ષ ઉપરથી પડેલું ફળ અગર કોઈ પણ વૃક્ષ ઉપરથી છૂટું પડેલું ફળ ઉપર જઈ શકતું નથી. પછી તે ફળને ઝાડ સાથે કંઈ લાગતું વળગતું નથી. માથાના વાળ કેટલા વહાલા છે. વાળ ખરી જતાં હોય તો તે માટે સારા તેલ નાંખે અને વાળ કાળા ને કાળા રહે તે માટે પ્રયત્ન કરે છે. પણ તમે જમવા બેઠા અને જમતી વખતે ભાણામાં એક વાળ આવી ગયો તો વાળ રાખો કે ફેંકી દો? જે વાળને સાચવવા કિંમતી તેલ નાખતા હતા, પણ તે જ વાળ માથા ઉપરથી ખરી ગયો ને ભાણામાં આવ્યો તો તેને ફેંકી દો છો. માથા પરથી વાળ છૂટો પડયા પછી તેની કંઈ કિંમત નથી રહેતી. તાડના વૃક્ષ ઉપરથી ફળ છૂટું પડી ગયું પછી તે પાછું ઉપર જઈ શકતું નથી, તેમ આયુષ્ય પૂરું થતાં આ દેહરૂપી દેવળમાંથી હંસલો ઉડી ગયા પછી આ દેહની કોઈ કિંમત નથી. માટે દેહમાં પ્રાણ છે ત્યાં સુધી સાધના કરી લો. આત્માનું કામ કાઢી લો.

**મયણરેહાને અમંગલના થયેલા ભણકારા :** આપણા ચાલુ અધિકારમાં મણિરથના કહેવાથી ચોકીયાતે યુગબાહુ જ્યાં સુતો હતો ત્યાં જઈને સાંકળ ખખડાવી. મયણરેહા એકદમ જાગી ગઈ. તેનું હૃદય ધડકવા લાગ્યું, અને જાણે કોઈ અદૃશ્ય અમંગળ જોયું હોય તેમ તેને થવા લાગ્યું. યુગબાહુ જાગી ગયા પછી ચોકીયાત કહે હે પ્રભો! મહારાજા મણિરથ આટલી રાત્રે ઘોડા પર બેસીને હાથમાં તલવાર લઈને આવ્યા છે. તે આપને મળવા માટે ઈચ્છે છે. કોઈ પણ માનવને રાત્રે ગમે તેવા કારણસર પણ અંદર નહિ આવવા દેવાનો આપનો સખત હુકમ તેમને કહેવા છતાં તેઓ હઠ છોડતા નથી. એમણે સત્તાની બળજબરાઈથી કહ્યું, જો તમે મને અંદર આવવા દેશો નહિ તો હું તમને ફાંસીની શિક્ષા કરીશ. આટલું કહેવા છતાં અમે જેની નોકરી કરીએ છીએ તેમાં ખામી આવવા દીધી નથી. શીર જાય તો ભલે પણ અમારા માલિકનું રક્ષણ કરવું એ અમારો ધર્મ છે. તેમની સાથે અમે ઘણી આનાકાની કરી, તો પણ તેઓ હજુ પાછા વળતા

નથી. પોતાના ભાઈ મળવા આવ્યા છે તે સાંભળી યુગબાહુને ખૂબ આનંદ થયો. ભોળા અને ભદ્રિક માણસો આજુબાજુ જોઈ શકતા નથી.

ચોકીયાતની આ વાત સાંભળી મયણરેહા આશ્ચર્ય અને શંકાપૂર્વક વિચારવા લાગી અને પોતાના મનમાં કહેવા લાગી કે મણિરથ રાતના અકાળ સમયે આવ્યો છે, એટલે તેના હૃદયમાં જરૂર કપટ જણાય છે. માટે પહેલાની બધી વાતોથી મારે પતિને પરિચિત કરી દેવા જોઈએ. મારે સાવધાન થવું જોઈએ ને એમને સાવધાન કરવા જોઈએ. અત્યાર સુધી મણિરથને લગતી કોઈ વાત મેં પતિને કરી નથી પણ અત્યારે એ વાત કહેવાનો અવસર છે. તો બધી વાત કહી દેવી જોઈએ. યથા અવસરે કહેવાની વાત ન કહેવી એ હાનિકારક છે. યુગબાહુ ચોકીયાતને જવાબ આપે તે પહેલા મયણરેહાએ યુગબાહુને કહ્યું; નાથ! આપના મોટાભાઇ અત્યારે રાતના સમયે આવ્યા છે. માટે આવવામાં કાંઇ રાજ્ય પ્રપંચનું કારણ હોવું જોઈએ, માટે આપ અત્યારે તેમને મળો નહિ, તેમ અહીં બોલાવો પણ નહિ. વળી તે એકલા આવ્યા છે, સાથે નોકર ચાકર નથી અને તલવાર લઈને આવ્યા છે; માટે મને શંકા છે.

મયણરેહાની વાત સાંભળી યુગબાહુ કહેવા લાગ્યો કે આખરે તો સ્ત્રી તો સ્ત્રી જ રહી, ભલે ગમે તેવી હોય પણ આખરે સ્ત્રીની બુદ્ધિ તો પગની પાનીએ. તું એટલું પણ નથી વિચારતી કે અમે બંને ભાઈઓ એક માતાના ઉદરથી જન્મ્યા છીએ. સાથે રહ્યા છીએ. હું તેમને શિરછત્ર સમાન માનું છું. આજે તું ભાન ભૂલી ગઈ લાગે છે કે જેથી આ પ્રમાણે કહી રહી છે. તેઓ મને પુત્ર તરીકે માને છે. તેમનામાં કાંઇ પણ વહેમ રાખવો અસ્થાને છે. મયણરેહાએ કહ્યું, મેં આપને જે કાંઇ કહ્યું છે તે નિષ્કારણ નથી. તમારો ભાઈ-ભાઈ વચ્ચે પ્રેમ હતો પણ એ ભ્રાતૃપ્રેમમાં હું બાધક નીવડી છું. એટલા માટે ભાઇના હૃદયમાં હવે તે પ્રેમ રહ્યો નથી પણ ઉલ્ટા તમારા ભાઇ વૈરી બની ગયા છે. યુગબાહુએ કહ્યું, તું ભ્રાતૃપ્રેમમાં બાધક કેવી રીતે નીવડી છે? હું સારી રીતે જાણું છું કે તારું ચારિત્ર સારું છે. તો પછી તું ભાઈ-ભાઈના પ્રેમમાં બાધક શી રીતે નીવડી શકે?

**યુગબાહુ પાસે મયણરેહાએ ખુલ્લો કરેલો પડદો** :—મયણરેહાના મનમાં થયું કે, જો હું અત્યારે સાચી વાત નહીં કરું તો તે બરાબર નથી. માટે બધી વાત કરવા દે. તેથી તેણીએ યુગબાહુને કહ્યું. એક દિવસ કોઈ પણ રીતે તમારા ભાઈ મને જોઈ ગયા ને મારા રૂપમાં મુગ્ધ બન્યા. ધિક્કાર છે, મારા રૂપને! મારું રૂપ જોવાથી તેમનામાં કુમતિ થઈ, અને તમારા ભાઈનો પ્રેમ તે સમયે નષ્ટ થઈ ગયો. એટલું જ નહિ, પણ આપને મારાથી દૂર કરવા યુદ્ધમાં મોકલ્યા હતા. યુદ્ધમાં તેનું નિકંદન નીકળી જાય તો સારું એમ તેઓ ઇચ્છતા હતા, પણ તમારું પુણ્ય બળવાન હશે, એટલે તમે બચી ગયા, ને તમે વિજય પ્રાપ્ત કરીને પાછા આવી ગયા. તમારા ગયા બાદ મને પ્રલોભન આપવા ઝવેરાત, દાગીના અને વસ્ત્રોનો ભરેલો થાળ મોકલ્યો. જે ચીજો મને પરણ્યા આટલા વર્ષો થયા છતાં કોઇ દિવસ પહેલા જોવામાં પણ આવી ન હતી. મેં તેનો સ્પર્શ પણ કર્યો નથી, કબાટમાં મૂકી છે.

હું આપને મહેલમાં જઈને બતાવીશ, આ ચીજો મોકલવાનું કારણ પહેલાં હું સમજી શકી નહિ. મેં એમ માન્યું કે, એમના ભાઈ યુદ્ધમાં ગયા છે. મારા જેઠ પિતાના સ્થાને છે, તેથી મારા કોડ પૂરા કરવા મોકલ્યા હશે, એમ માનીને મેં એ ચીજો રાખી. થોડા દિવસ બાદ ફરી તેમણે દાસીની સાથે તેવી ચીજો મોકલી અને તેણે પાપની માયાજાળ પાથરી. તેમણે પોતાની ઈચ્છા પણ દાસી દ્વારા વ્યક્ત કરાવી. મેં તે દાસીને ખૂબ ધમકાવીને કાઢી મૂકી અને કહ્યું, ફરી જો તું અહીં આવીશ, તો તલવાર તારા માટે તૈયાર છે.

થોડા દિવસ બાદ ખુદ તમારા મોટાભાઈ રાતના સમયે મારા મહેલે આવ્યા. તે સમયે મેં તેમને કોમળ અને કઠોર વચનોથી ઘણું કહ્યું. એટલે તેઓ પાછા ચાલ્યા ગયા. આ પ્રમાણે આપના ભાઈના હૃદયમાં આપના પ્રત્યે પ્રેમભાવ રહ્યો નથી, પણ તે આપના શત્રુ બની ગયા છે. માટે હું આપને કહું છું કે આપ અત્યારે તેમને મળશો નહિ કે બોલાવશો નહિ. તેઓ રાત્રે એકલા આવ્યા છે ને હાથમાં તલવાર લઈને આવ્યા છે, માટે મને તો અનર્થની સંભાવના જણાય છે. એટલે તેમનો વિશ્વાસ કરવા જેવો નથી. તમે સરળ અને ભદ્રિક હોવાના કારણે માનો છો કે, મારા ભાઈ આવ્યા છે. પણ આપ એ ભૂલી ન જતા કે વિષયલોલુપી વ્યક્તિની દૃષ્ટિ જુદા પ્રકારની હોય છે. જો તમને મારી વાત ઉપર વિશ્વાસ ન હોય તો આપ અત્યારે કહેવડાવી જુઓ કે, આપ અત્યારે મહેલે પાછા પધારો. હું અત્યારે આપને મળી શકું તેમ નથી. આમ કરવાથી તેમના હૃદયના ભાવોનો ખ્યાલ આવી જશે. મયણરેહાએ આ પ્રમાણે યુગબાહુને ઘણું ઘણું કહ્યું પણ, કર્મનો ઉદય થવાનો હોય ત્યારે ભાવિ ભૂલવાડે છે.

**ભાઈનો અવિનય કેમ કરી શકું ?** યુગબાહુના મનમાં થયું કે સતીની વાત સાચી હોઈ શકે, પણ મોટાભાઈ મને ખાસ મળવા માટે આવ્યા છે, એવી સ્થિતિમાં હું તેમને મળવાની ના કેવી રીતે પાડી શકું ? જો આવું કરું તો મારાથી મોટાભાઈનો અવિનય થાય. તેમનું અપમાન કર્યું કહેવાય. મયણરેહા કહે. હજુ હું આપને કહું છું કે, એ મળવા આવશે એમાં સાર નહિ મળે. એ એવી માયાજાળમાં ફસાવી દેશે ને આપને મૃત્યુની શય્યામાં પોઢાડી દેશે પછી ચંદ્રયશનું શું ? હું ગર્ભવતી છું. મારો સમય પૂરો થવા આવ્યો છે. માટે હજુ કહું છું કે, આપ તેમને અહીં ન બોલાવશો. આ બધી વાત યુગબાહુને સાચી લાગી, પણ મોટાભાઈને ના કેમ પડાય ? હું ના પાડું તો મને દુનિયા શું કહે ? લજ્જાના કારણે ના કહી શકતો નથી. યુગબાહુ કહે સતી ! તારી વાતને ધ્યાનમાં રાખી હું ખૂબ સાવધાન રહીશ. અને તેમની દૃષ્ટિ કેવી છે તે જાણવાનો પ્રયત્ન કરીશ. નાથ ! તમે એમની વાતોમાં સપડાઈ જશો અને અત્યારે તમે સાવધાની રાખી શકશો નહિ. સતી ! તું વિશ્વાસ રાખ. એમ નહિ બને.

**મિલન વખતે બંનેના હૃદયમાં ભેદ** :—યુગબાહુએ માન્યું નહિ ત્યારે મયણરેહાના મનમાં થયું કે હવે તેમને વધુ કહેવું નકામું છે. આ પ્રમાણે વિચાર કરીને તે પડદા પાછળ ચાલી ગઈ. યુગબાહુએ ચોકીયાતને કહ્યું કે, તેમને આવવા દો. ચોકીયાતે જઈને કહ્યું કે,

યુવરાજે આજ્ઞા આપી છે કે, મહારાજાને આવવા દો. હવે આપ અંદર જઇ શકો છો. કર્તવ્યને વશ થઈ અમારાથી કોઈ અવિનય અપરાધ થયો હોય તો માફ કરશો. મણિરથે કહ્યું, આજ્ઞા વિના કોઈને અંદર ન જવા દેવા એ તમારું કર્તવ્ય હતું. મણિરથ અંદર આવ્યો. તેમને પલંગ પર બેસાડયો, અને યુગબાહુ સામે બેઠો. મયણરેહા પડદા પાછળ ચાલી ગઇ છે. બંને ભાઈ બેઠા છે, કોઈ કાંઈ બોલતા નથી. બંને એકબીજાના સામું જોઈ રહ્યા છે. બંનેના મનમાં જુદા જુદા વિચારો છે. યુગબાહુના મનમાં મયણરેહાએ જે વાત કરી હતી તે બધી તેની નજર સમક્ષ દેખાય છે. મને યુદ્ધમાં મોકલીને તેણે આવું કર્યું ? મને આવો દગો દીધો ? માયાવી માણસ મોઢે મીઠું બોલે, પણ અંદર તો જુદું જ હોય છે. મણિરથના મનમાં એવા વિચાર આવે છે કે, હું કેવી રીતે યુગબાહુને મારું ને મયણરેહાને કબજામાં લઉં. આ રીતે બંને ભાઈઓ બેઠા છે, વધુ અવસરે.

**ચરિત્ર** :—ઉદયચંદ શેઠના મુનીમના અત્યંત આગ્રહથી સાગરદત્ત શેઠ વગેરે બધા ત્યાં જમવા માટે ગયા. સાગરદત્તને મોટા માણસની પંક્તિમાં જમવા બેસાડયા. બધાને જમવા માટે સોનાની થાળી આપી. અને છેલ્લે સાગરદત્ત બાકી રહ્યા તેમને સોનાની કાના ફૂટલી થાળી આપી. આ જોઈને શેઠ સમજી ગયા કે નક્કી આ થાળીઓ મારા ઘેરથી ઉડીને આ શેઠના ઘેર આવી છે. આ થાળી મારી છે, એને ઓળખું કેવી રીતે ?

**શેઠ સાગરદત્ત બૈઠા જિમને, કોર ટુકડયોડા થાલ માંય,**
**સાથમેં લાયો હો ટુકડો, થાલ કે દેખ્યો લગાય...**

સાગરદત્ત શેઠ જમવા બેઠા છે. તેમના મનમાં થયું કે હું કેવી રીતે ઓળખી શકું કે આ મારી થાળી છે ? મારી પાસે થાળીનો કાંઠલો પડયો છે. એ કાંઠલો આ ફૂટલી થાળીને બેસાડી જોઉં, જો બરાબર ફીટ થાય તો સમજી લેવું કે આ મારી થાળી છે. જો ફીટ ન થાય તો સમજવું કે, આ થાળી મારી નથી. શેઠે એ કાંઠલો સોનાની થાળી પર મૂકી જોયો. તો તે બરાબર ફીટ થઇ ગયો, કોઇને ખબર પણ ન પડે કે આ કાના ફૂટલી થાળી છે. તેથી મનમાં થયું કે, આ મારી થાળી છે, પણ હે ચેતન ! તું એના પર મોહ કે રાગ ન કરીશ. એ થાળી તને મળવાની નથી. ભાગ્ય પરવાર્યા ત્યારે તારું બધું ધન એમની પાસે ગયું ને ? થાળીને ટુકડો ફીટ કરવા ગયા બાદ શેઠજી તે કાંઠલો કાઢવા જાય છે પણ તે એવો ફીટ બેસી ગયો છે કે, કોઇ પણ ઉપાયે હવે તે છૂટો પડતો નથી. બધા સામા જમવા બેઠા છે. તેમાં આ શેઠ કાંઠો કાઢવા જાય છે, તે બધા જોઇ ગયા, અને બોલવા લાગ્યા કે આ ચોર છે. આ રીતે બધાએ તેમના પર ખોટો આક્ષેપ મૂકયો, થાળી પીરસાણી ત્યારે કોઈની નજર ફૂટલી થાળી પર ન ગઇ. ને ઉપરથી બધાએ ચોરીનો આરોપ મૂકયો.

શેઠ તો જમીને તેમની ઝુંપડીએ ગયા, શેઠ કહે છે, અરે શેઠાણી ! કર્મ કરતાં પાછું વાળીને જોયું નથી, આપણી પાસે સોનાની થાળીનો કાંઠલો હતો, તે પણ હવે જતો રહ્યો. આમ કહેતાં શેઠની આંખમાં આંસુ આવી ગયા. શેઠાણી આશ્વાસન આપે છે. આપ રડશો નહિ. આવેલાં કર્મોને સમભાવે ભોગવી લેવા એમાં જ સાચો આનંદ છે. બંને બાલુડા કહે છે, બા, બાપુજી ! આજે તો સારું સારું ખાવાનું મળ્યું. અમને કાલે મળશે ને ? હા બેટા ! એમ કહીને રાજી કરે છે.

આ બાજુ ઉદયચંદ શેઠની દીકરીના લગ્ન પતી ગયા બાદ સોનાની થાળીઓ કબજે લેવા માંડયો. બધાએ થાળીઓ ભેગી કરી, પણ પેલી કાના કૂટલી થાળી દેખાતી નથી. બધા ઘરમાં શોધવા લાગ્યા. કયાં ગઈ એ થાળી? કોઈ કહે, આજે એક શેઠ જુનાં કપડાં પહેરીને મોટા શેઠિયાની પંક્તિમાં બેઠા હતા, તે શેઠ લઈ ગયા લાગે છે. સાગરદત્ત શેઠનું નામ આવ્યું. કર્મ ઉદયમાં આવે છે ત્યારે ભલભલા ડાહ્યા, વિદ્વાન પુરૂષો પણ ભાન ભૂલી જાય છે. કયાં શેઠને થાળીને કાંઠો ચોંટાડવાનું મન થવું ને કયાં તેમના પર આક્ષેપ આવવો! જે આપણા વૈરી ન કરે તેવું કર્મો કરે છે. જ્યારે કર્મ રૂઠે છે, ત્યારે સવળા પાસા પણ ઉલ્ટા પડી જાય છે.

**રામ ગયા રે વનવાસ, સ્વર્ણ મૃગામેં ભરમાય,**
**પીછે સું સીતા રાવણ લેગયો, કર્મોસી બુદ્ધિ બરલાય....**

વનવગડામાં સીતાજીને સોનાની કાંચળી પહેરવાનું મન થાય? ના, પણ કર્મની કિતાબ ઓર છે. વગડાના દુઃખો ભોગવતા કાંચળી પહેરવાનું મન થયું. સીતાજીએ હઠ લીધી. રામચંદ્રજી સોનાનો મૃગ શોધવા ગયા. લક્ષ્મણજી ચોકી કરે છે, ત્યાં કોઈકની કારમી ચીસ સંભળાણી, બચાવો...બચાવો. સીતા કહે દિયરજી! તમારા મોટાભાઈની ચીસ લાગે છે. તેમને કોઈ દુષ્ટ હેરાન કરતો હશે માટે બચાવો....બચાવો...ની બૂમ મારે છે. લક્ષ્મણજી કહે ભાભી! આપ શાંતિ રાખો. આ મારા ભાઈની ચીસ નથી. તે કયારેય પણ આવી રાડ ચીસ ન પાડે. જુઓ, કર્મનો ઉદય થવાનો છે ત્યારે શું બને છે? સીતાજી ખૂબ ડાહી, સમજુ અને શાણી સ્ત્રી છે. તે શું કહે છે. "જળ કાંઠે બગ ધ્યાન ધરે, મીન લેવાને કાજ' દરિયાકાંઠે બગલા ધ્યાન ધરતા હોય છે પણ એનું ધ્યાન માછલા લેવા માટેનું છે. તમારું ધ્યાન પણ એવું છે. તમે ભાભીની રક્ષા કરતા નથી પણ મને પકડવાના પ્રયત્નો કરો છો. આ શબ્દો લક્ષ્મણજીને ઝાળ ઝાળ લાગી આવ્યા, પણ ખાનદાની છે, અમીરી છે, ધીર-વીર છે. તે તો કાંઈ બોલ્યા વગર ત્યાંથી ઉઠયા અને ઝુંપડીને ફરતી સૂર્યની સાક્ષીએ આણ મારી કે મારી જિંદગીમાં મેં જો પરસ્ત્રીને માતા અને બેન સમાન ગણ્યા હોય તો આ ઝુંપડીમાં કોઈ દુષ્ટ પુરૂષ પગ મૂકી શકે નહિ. પાછળથી રાવણ આવે છે. મૈયા! મને આટો આપ. ઝુંપડીની અંદર પગ મૂકવા જાય છે પણ જ્યાં પગ મૂકયો ત્યાં ભડભડતી આગ જેવું લાગે છે, એટલે પગ પાછો લઈ લે છે. રાવણ કહે-હું અંદર આવી શકીશ નહિ. આ ભગવો વેશ પહેરીને આવ્યો છે પણ તેની ભાવના સારી નથી. સીતાજી ભોળવાઈ ગયા અને રાવણને આટો આપવા ગયા ને રાવણ તેમને ઉપાડી ગયો. છ મહિના ત્યાં રાખ્યા. અંતે રામ-રાવણ વચ્ચે લડાઈ થઈ. રાવણ મરાયો ને રામ સીતાજીને લઈને અયોધ્યામાં આવ્યા. કહેવાનો આશય એ છે કે કર્મનો ઉદય થવાનો હોય ત્યારે ભલભલા ડાહ્યા પુરૂષો પણ ભાન ભૂલી જાય છે. શેઠ, શેઠાણી બંને ઝુંપડીમાં બેઠા છે. તેમના માથે કેવા વિપત્તિના વાદળા ઉતરશે ને શું બનશે તેના ભાવ અવસરે.

## વ્યાખ્યાન નં.-૨૪

**શ્રાવણ સુદ ૯ ને શનિવાર** તા. ૮-૮-૮૧

બંધુઓ! આપણા આત્મા પર અનાદિકાળના કર્મના ઢગ જામ્યા છે. કોઇ શુભકર્મના ઉદયથી આપણે મનુષ્યનો જન્મ પામ્યા છીએ, પણ માનવતા વિના, નૈતિકતા વિના આધ્યાત્મિકતા વિના આપણે સાચા માનવ ન કહેવાઇએ. સાચા માનવ બનવા માટે ધર્મસાધનાની કસોટીએ ચઢવાની જરૂર છે. જ્યાં સુધી આપણો આત્મા પરિપક્વ, પુખ્ત અને પૂર્ણ નથી બન્યો ત્યાં સુધી સામાયિક, પ્રતિક્રમણ, તપ, જપ, ત્યાગ આદિ અનુષ્ઠાનોનું આલંબન સતત જાળવી રાખવું પડશે. આ સાથે તમારે રોજ પોતાને પ્રશ્નો પૂછીને તેના સાચા જવાબો મેળવવા પડશે. હું રોજ ગુરૂભગવંતોને વંદન કરું છું પણ એ નમસ્કારથી મારામાં કેટલી નમ્રતા આવી? હું રોજ સામાયિક કરુંછું, એ સામાયિકથી મારામાં કેટલો સમભાવ આવ્યો? સુખના પ્રસંગે હું હરખાયો તો નથી ને? દુઃખના પ્રસંગે હીબકે હીબકે રડયો નથી ને? મારી પોતાની સંપૂર્ણ યોગ્યતા અને અધિકાર હોવા છતાં અયોગ્ય અને બિન અધિકારીના સત્કાર અને સન્માન જોઇને મારામાં ઈર્ષા તો નથી જાગીને? હું રોજ વીતરાગ ભગવંતોની પ્રાર્થના કરુંછું. એ પ્રાર્થના કરવાથી મારામાં વીતરાગ ભગવંતના કયા ગુણો આવ્યા? મારામાં કયા ગુણોનો વિકાસ થયો? મારામાં દાન ભાવના કેટલી વિકસી? હું પરોપકારી બન્યો છું? મારું હૃદય વિશુદ્ધ અને વિમળ બન્યું છે? હું રોજ અને સવારે સાંજે પ્રતિક્રમણ કરું છું, કદાચ રોજ નહીં થતું હોય તો પર્વ તિથિએ તો અચૂક પ્રતિક્રમણ કરું છું. પ્રતિક્રમણ કરીને મેં કયા પાપમાંથી પીછે-હઠ કરી? મારી અશુભ વૃત્તિ અને વિકારોને મેં કેટલા દૂર કર્યા? મિચ્છામિ દુક્કડં બોલીને મેં અંતરથી પાપની આલોચના કરી છે કે બોલવા માત્ર બોલી ગયો છું? આ બધા અનુષ્ઠાનો, ધાર્મિક ક્રિયાઓ માત્ર અમુક સમય પૂરતા જ કરવા માટે નથી પણ જીવનના રોજેરોજના, પળેપળના વ્યવહારમાં ઉતારવાના છે. જીવનભર નમ્ર બનીને રહેવાનું છે. સુખદુઃખમાં માનસિક સ્થિરતા અને આત્મિક પ્રસન્નતા સતત જાળવી રાખવાની છે. પસાર થતી દરેક ક્ષણે પ્રતિક્રમણ કરવાનું છે. પાપના વિચારોને આવતા દેખાય કે તરત તેને મારીને દૂર હઠાવવાના છે. આ બધું કયારે બને? પોતે પોતાની જાતની રોજ-રોજની પરીક્ષા લે તો. ગઈ કાલ કરતાં આજ, સવાર કરતાં બપોર, બપોર કરતાં સાંજ અને સાંજ કરતાં રાત સુધીમાં જીવે કેટલો આત્મિક વિકાસ કર્યો તેની પરીક્ષા લેવી જોઈએ.

**આત્માની પરીક્ષા તે જ સાચી પરીક્ષા** :—શાળાની પરીક્ષાઓ તો આપ્યા પછી ભૂલી જવાય છે. વ્યવહારિક રીતે તેનું મહત્વ છે, તેની ના નહિ, પરંતુ આત્મિક વિકાસને માટે, આત્માની શુદ્ધિ અને પવિત્રતા માટે તો જીવના વિચારો, વિકારો, વૃત્તિઓ બધાની પરીક્ષા લેવી પડશે. મનનો સ્વભાવ રખડુ છોકરા જેવો છે. મન સતત ભમ્યા અને ભટકયા કરે છે. આ ભટકતા અને ભમતા મનને સ્થિર કરી સ્વ આત્મા સાથે જોડવાની જરૂર છે. જીવન, જીવનની વૃત્તિ અને પ્રવૃત્તિ આત્મલક્ષી અને આત્મમયી બની

રહે ત્યારે સમજવું કે આપણે આપણી પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છીએ. આ પરીક્ષા માટે કોઈ શાળા કે કોલેજમાં જવાની જરૂર નથી. તે માટે પાઠય પુસ્તકો કે ગાઇડો વસાવવાની જરૂર નથી. કંઈ ગોખવાનું પણ નથી. આ પરીક્ષામાં રાતના ઉજાગરા પણ કરવાના નથી. સરળ અને સાદી સીધી આ પરીક્ષા છે. આ પરીક્ષામાં માત્ર એટલું કરવાનું છે. કંઈ પણ કામ કરતા પહેલા પોતાના આત્માને પૂછવું કે હું જે કામ કરવા માગું છું તે કામથી મારા આત્માનો વિકાસ થવાનો છે કે નહિ? આ કામથી બીજા કોઈનું અહિત તો થતું નથી ને? એ કામ કરવા પાછળ મારો કોઈ સ્વાર્થ તો નથીને? વિચારોને પણ આ રીતે ચકાસવા. હું જેમના માટે જે વિચારું છું તે વિચારમાં કોઈ દુર્ભાવ તો નથીને? સામી વ્યક્તિના વિચાર અને વ્યવહારને હું મારા ટૂંકા ગજથી તો માપતો નથી ને!

**તમારે કેવી પરીક્ષા દેવી છે?** સ્કુલની પરીક્ષામાં વિદ્યાર્થીઓ ૧૮–૧૮ કલાક સુધી કઠોર પરિશ્રમ કરે, ચોપડીઓના પાનાના પાના ગોખે તેથી પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ એક ધોરણમાંથી બીજા ઉંચા ધોરણમાં આગળ જાય, પણ જો જીવનધોરણ ઉંચું લાવવું હોય, મળેલું માનવ જીવન યશસ્વી રીતે સફળ કરવું હોય તો પોતાના વિચાર, વર્તન અને વ્યવહારની સતત પરીક્ષા લેવાની જરૂર છે. પ્રશ્નો પૂછી તેના ઉત્તરો મેળવજો અને એ પ્રશ્નનો કોઇ ખોટો કે ઓદો જવાબ મળે તો ત્યાં અટકી જજો અને સમ્યક્ સાચો જવાબ મળે તો વિચાર અને વ્યવહારમાં આગળ વધજો. શાળાઓ, મહાશાળાઓ કે વિશ્વવિદ્યાલયો જે પરીક્ષા લે તે પરીક્ષા તો આપણે બધાએ આપી છે, પણ આપણે આપણી પોતાની પરીક્ષા હજુ આપી નથી. જીવનના વિકાસ માટે, આત્માના ઉર્ધ્વીકરણ માટે દરેક માણસે પોતાની પરીક્ષા લેવાની ટેવ પાડવી જરૂરી છે. શાળાની પરીક્ષાઓ તો વિદ્યાર્થીની યાદશક્તિની કસોટી છે. તેમાં જીવનના નૈતિક ઘડતર અને આધ્યાત્મિક ચણતરને કંઇ સ્થાન નથી, પણ આત્માની પરીક્ષામાં તો જીવનના નૈતિક ઘડતર સાથે આધ્યાત્મિક ચણતર પણ સારી રીતે થઇ શકે છે. આ પરીક્ષા માનવ આપી શકે છે. માટે તત્ત્વજ્ઞાની મહાપુરૂષોએ માનવજીવનનો ખૂબ મહિમા ગાયો છે.

માનવ જીવનનો સાચો આધાર જીવનની સદુપયોગિતા પર રહે છે. આ જીવનનો જો યથોચિત ઉપયોગ કરવામાં આવે તો એ પરમ અને ચરમ કલ્યાણ મોક્ષનું સાધન બની રહે છે. એ જ કારણસર માનવ જીવનને આટલું મહત્ત્વ આપવામાં આવ્યું છે. દેવોનું શરીર અત્યંત રમણીય, રોગરહિત અને સદા યૌવનથી ભરપૂર હોય છે. તેમજ દેવભવમાં મનુષ્યભવ કરતાં અનેક ઇન્દ્રિયજન્ય સુખોપભોગના સાધન હોય છે. આમ છતાં પણ માનવદેહ અને માનવભવ જેટલો મહિમા દેવભવનો ગાયો નથી. આનું કારણ એ છે કે માનવદેહ એ એક એવી અવસ્થા છે કે જેમાં પરમ પુરૂષાર્થ–મોક્ષની સાધના થઈ શકે છે. આથી આ જીવનને દેવ–દુર્લભ કહેવામાં આવ્યું છે. આ જીવનનું મહત્ત્વ ત્યારે સાર્થક થાય, જ્યારે એનો યોગ્ય ઉપયોગ થાય. આ જીવન દ્વારા જીવ જો ચરમ

લક્ષ્ય-મોક્ષ તરફ પ્રગતિ કરે તો જ એની સાર્થકતા છે, નહિ તો આ જીવનનું કોઈ મહત્ત્વ નથી.

આ માનવજીવન અમૃતનો સાગર છે, અને નરકનું દ્વાર પણ છે. કોઈ પણ વસ્તુ પોતાની મેળે સારી કે નરસી નથી બનતી, પરંતુ એનો સદુપયોગ કે દુરૂપયોગ એને સારી કે નરસી બનાવે છે. અરિસાભવન ભરત ચક્રવર્તી માટે કેવળજ્ઞાનનું કારણ બન્યું. એ જ અરીસાભવનમાં કદાચ કૂતરું ગયું હોત તો ભસી ભસીને મરણને શરણ થાત. તલવારને એની મુઠથી પકડવામાં આવે તો તે દુશ્મનનો નાશ કરનારી બને છે, પણ જો એને ધારથી પકડવામાં આવે તો તે પકડનારનો હાથ કાપી નાંખે છે. આ બધા ન્યાયથી એ સમજવાનું છે કે જો આ જીવનનો સદુપયોગ કરવામાં આવે તો અમૃત સમાન હિતકર બને છે, પણ એનો દુરૂપયોગ થયો તો એ નરક કરતાં પણ અધિક ભયંકર બને છે.

**સાપથી અધિક ભયંકર પાપ** :-આ દુનિયામાં સાપ, વાઘ, સિંહ આદિ હિંસક પ્રાણીઓએ જેટલું નુકશાન નથી કર્યું તેટલું નુકશાન પાપી મનુષ્યોએ કર્યું છે. સંસારનું વાતાવરણ હિંસક પશુઓએ નહિ પણ દુરાચારી મનુષ્યોએ કલુષિત બનાવ્યું છે. સર્પ, સિંહ, વાઘ જેવા પ્રાણીઓ દ્વારા જેટલી હત્યાઓ થાય છે, તેના કરતા હજારો નહિ પણ લાખો ગણી હત્યાઓ મનુષ્ય દ્વારા થાય છે. આજના જગતની પ્રવૃત્તિઓ પરથી એ સિદ્ધ થાય છે કે પશુઓ કરતાં વિકારી મનુષ્ય નિઃસંદેહ વધારે હિંસક અને ભયંકર છે. સેંકડો નહિ, હજારો નહિ, લાખો નહિ, પણ કરોડો જીવોનો સંહાર કરી નાખવાની શક્તિ ધરાવતા તથા ગામડાઓને અને નગરોને પળમાં ભસ્મીભૂત કરવાની તાકાતવાળા ઝેરી વાયુઓ અને અણુબોમ્બો ઉત્પન્ન કરનાર મનુષ્ય છે. આથી એ વાત સ્પષ્ટ દેખાય છે કે જેટલું પાપ ભયંકર છે, એટલો સાપ ભયંકર નથી, પણ આશ્ચર્ય છે કે દુનિયા સાપને દેખીને ભયભીત બને છે. એને જીવનાશક માને છે, પણ એ જ માનવી પાપ કરતાં પાછું વાળીને જોતા નથી. પાપનો એને ભય લાગતો નથી. દુનિયા જેટલી સાપથી ડરે છે, એટલી જો પાપથી ડરતી રહે તો શું દુનિયામાં ખૂન, ચોરી, કતલખાના અને વિશ્વાસઘાતના કાર્યો વધવાનો જરા પણ સંભવ રહે ખરો? આજે કતલખાના વધ્યા. કતલખાનામાં રોજ કેટલા જીવોની હિંસા થાય છે? જો માનવીને પાપનો ભય હોય તો કતલખાના ચાલે ખરા? અરે! કંઈક મનુષ્યોના જીવન તો એવા પાપમય બની ગયા છે કે ડગલે ને પગલે અસત્ય બોલવામાં, ચોરી કરવામાં કે છળકપટ કરવામાં એમને જરાપણ સંકોચ થતો નથી.

**પાપથી ડરશો કે કાંટાથી?** :-આજે મનુષ્ય નાનકડા કાંટાથી જેટલો ડરે છે એટલો પણ પાપથી નથી ડરતો. પગમાં કાંટો વાગી જાય તો તેની પીડા અસહ્ય બની જાય છે. એ જ કાંટાને તેના કરતા અધિક તીક્ષ્ણ સોય વડે કાઢવામાં આવે છે, અને કાંટાનો વિકાર જરાપણ અંદર ન રહી જાય એ હેતુથી જ્યાં કાંટો વાગ્યો હોય છે એ

જગ્યાએથી દબાવીને થોડું લોહી પણ કાઢવામાં આવે છે. કાંટો કાઢવા માટે જેટલું ધ્યાન આપવામાં આવે છે, એટલું ધ્યાન જો પાપ રૂપી કાંટાને કાઢવામાં આવે તો આત્મામાંથી પાપ દૂર થઈ શકે તેમ છે. કાંટો કાઢવામાં અને શરીરમાંથી રોગ દૂર કરવા માટે જેટલી સાવધાની રાખવામાં આવે છે, એટલી સાવધાની શું પાપને દૂર કરવા રાખવામાં આવે છે ? ના. જ્યાં સુધી પાપથી નહિ ડરો ત્યાં સુધી માનવજીવનનો કોઈ લાભ તમે નહિ ઉઠાવી શકો. જીવ મન, વચન અને કાયાથી પાપ બાંધે છે. ઘણી વાર વચન બોલાઈ જાય તો તેનો ખ્યાલ પણ ન હોય ને તે વચન હિંસાના પાપનું કારણ બની જાય છે.

**સંત સંસારમાં દષ્ટિ ન કરે** :–એક વખત એક બાઈ સંતના દર્શન કરવા આવી. દર્શન કર્યા પછી કહે છે કે મહારાજ ! મને આપના આશીર્વાદ ફળ્યા. સંતને તો આ સાંભળીને આશ્ચર્ય થયું કે આશીર્વાદ શું ને વાત શું ! પેલી બાઈ કહે, આપને યાદ નહીં હોય પણ હું એકવાર આપની પાસે રડતી રડતી આવી હતી. મારે સંતાન ન હતું, એટલે દીકરા માટે ઝૂરતી હતી. આપે મને પૂછ્યું બેન ! કેમ રડો છો ? મેં કહ્યું હું સંતાન માટે ઝૂરું છું, ત્યારે આપે કહ્યું હતું કે બેન ! શાંત થાવ, રડશો નહિ. ધીરજ રાખો. કુદરતી થોડા સમયમાં મારે ત્યાં દીકરાનો જન્મ થયો. સંત કહે બેન ! તારા સંતાનમાં અમને નિમિત્તભૂત ન બનાવ. અમને ઘોર પાપમાં ન નાંખ. મેં તો આપને રડતા હતા તેથી શાંત કરવા કહ્યું હશે. બાકી સાધુ આવા આશીર્વાદ ક્યારે પણ ન આપે, કારણ કે સંતાન થાય એ સંસાર વૃદ્ધિનું કારણ છે. આ સમયે જો કોઈ સાધુ હરખાય કે મારા કેવા ગુણ ગવાય છે. મારા વચનથી તેને પુત્ર થયો. આમ માને તો તેને બ્રહ્મચર્યવ્રત ખંડનનું પ્રાયશ્ચિત્ત આવે. સાચો સાધક તો એમજ કહે, કે આ પાપના પિંજરમાં અમારું નામ ન દઈશ. માટે ભગવાન કહે છે હે સાધક ! તું બધું જાણતો હોય પણ જે બોલવાથી પાપનું આગમન થતું હોય તેવી વાણી તું બોલીશ નહિ. સાધુ કદાચ જ્યોતિષ જાણતા હોય પણ તેનો ઉપયોગ ન કરે. કોઈને ઘેર ગૌચરી ગયા. ઘરમાં બધા માણસો સાજા સારા છે. સાધુને ખબર પડે કે આ ભાઈને ઘેર કાલે વિઘ્ન આવવાનું છે છતાં સાધુ બોલે નહિ.

એક વખત એક બાઈના પતિને રાજ્યના કામે પરદેશ જવાનું થયું. ગયા ત્યારે બાર મહિનામાં ઘેર પાછા આવવાની વાત હતી, પણ રાજ્યના એક પછી એક કામ નીકળતા બાર વર્ષ થયા. સ્ત્રી માટે તો પતિ તેનું સર્વસ્વ છે. વહુને સાસુનો ત્રાસ હોય તો સહન કરે, દેરાણી જેઠાણીમાં મેળ ન હોય તો તે સહન કરે, નણંદ આકરા હોય તો તે પણ સહન કરે. આ બધાના ત્રાસ હોય તો સહન કરે, પણ જો ધણીનો પ્રેમ હોય તો આ બધા દુઃખને તે ભૂલી જાય. પતિના સુખ આગળ બીજા દુઃખ દુઃખ રૂપે દેખાતા નથી અને ઘરમાં બધાનો પ્રેમ હોય પણ પતિનો પ્રેમ ન હોય તો ઘરના તેને ગમે તેટલી સારી રીતે સાચવે છતાં એનું હૃદય બળતું હોય છે. એ પતિની પાછળ ઝૂરતી હોય છે.

આ બાઈ દરરોજ પોતાના પતિની કાગડોળે રાહ જુએ. તેમનો પત્ર નથી કે કંઈ

સમાચાર નથી, તેથી ખૂબ ઝૂરે છે. તેમનું શું થયું હશે? શું એકસીડન્ટ તો નહીં થયો હોયને! ઘણી વાર વૈરી ન ચિંતવે એવું વહાલા ચિંતવે. આ બાઇ રોજ પતિની રાહ જુએ છે. આજ આવશે, કાલ આવશે, આશામાં ને આશામાં દિવસો પસાર કરે છે, પણ તેની આશા વ્યર્થ જાય છે. એકવાર તેને ઘેર સંત ગૌચરી માટે પધાર્યા. બાઈએ ઉત્કૃષ્ટ ભાવથી ગૌચરી વહોરાવી. પછી તેની આંખમાંથી અશ્રુ સરી પડ્યા. સંત પૂછે છે બેન! તને શું દુઃખ છે? કેમ રડે છે? ગુરૂદેવ! મારા પતિ પરદેશ ગયા છે, ૧૨-૧૨ વર્ષો થઈ ગયા, તેમના કંઇ સમાચાર નથી. આપ કહો કે મારા પતિ ક્યારે આવશે? સંત જ્યોતિષના જાણકાર હતા. તે મુનિએ સહજભાવે કહ્યું બેન! તારા પતિ કાલે સાંજે ચાર વાગે આવશે. આ સાંભળીને બાઇના રોમેરોમમાં આનંદ છવાઈ ગયો. બીજી બાજુ પતિના મનમાં થયું કે હું ૧૨ વર્ષથી મારી પત્નીને મૂકીને આવ્યો છું તો તે કેવી રહી છે તે જોવા માટે સમાચાર મોકલાવ્યા વગર અચાનક જાઉં તો મને ખબર પડે.

બાઇને મન તો પતિ આવવાના છે તેનો ખૂબ આનંદ છે. તેણે ઘરમાં બધી સાફસુફી કરીને ઘરને શણગાર્યું. તે ૧૨ વર્ષથી ઝૂરે છે પણ આજે તેનો પતિ આવવાનો છે એટલે તેનું મન પ્રફુલ્લિત, આનંદિત છે. બીજે દિવસે સાંજે તેના પતિ આવ્યા. બાઈ તો રાજીરાજી થઈ ગઈ. ઘરના રંગઢંગ અને પત્નીના મુખ પરનો આનંદ જોઇને પતિના મનમાં થયું કે જેને મૂકીને હું ૧૨ વર્ષથી ગયો છું તે પત્ની આટલા ઉત્સાહમાં ને આનંદમાં કેમ છે? તે તો પતિની પાછળ ઝૂરતી હોય. તેને કયાં ખબર છે કે ૧૨ વર્ષ ઝૂરી ઝૂરીને કાઢયા છે? તેના મનમાં આવા ખરાબ વિચાર આવ્યા. આ તો તમારી જાત, જો પુરૂષ સવળો પડે તો બેડો પાર ને અવળો પડે તો....આ પતિએ પત્નીના શરીર સામું ન જોયું. તેનું શરીર તો હાડપિંજર જેવું થઈ ગયું છે, તે તરફ લક્ષ ન કર્યું, પણ મનમાં બીજું જ વિચાર્યું. તેના મનમાં શંકા થઈ. જ્ઞાની કહે છે તને શંકા પડે તો તે વ્યક્તિ સાથે વાત કરી લેજે, પણ મનમાં કાંટો ન રાખીશ. તેની સાથે સમાધાન કરજે. ભગવાન આપણને કહે છે કે તું શંકા ન કર. "संकाए सम्मत्तं नासइ।" શંકા કરવાથી સમ્યકૃત્વનો નાશ થાય છે.

છદ્મસ્થ જીવો ભૂલને પાત્ર છે. ભૂલ થઇ જાય પણ પછી ભૂલ સુધારવા પ્રયત્ન કરવો જોઇએ.

૧૨ વર્ષે પતિ ઘેર આવ્યા. તેના આનંદમાં બાઇએ ભોજનમાં લાડવા બનાવ્યા. જે સંતે તેને કહ્યું હતું તેમની રાહ જોવે છે. તેવામાં તે મુનિ ફરતા ફરતા ત્યાં પધાર્યા. મુનિને જોઇને બાઈ તો હર્ષમાં ગાંડીઘેલી બની ગઈ, અને ખુશખુશ થતી ખૂબ ઉત્કૃષ્ટ ભાવથી મુનિને લાડવા વહોરાવ્યા, આથી તેના પતિને વહેમ પડયો કે જરૂર આ સાધુ સાથે મારી પત્નીને સંબંધ હશે. બાઈના મનમાં એ આનંદ હતો કે આ મુનિ મને કહી ગયા ને મારા પતિ આવ્યા. પતિ પત્નીને પૂછે છે. હું ૧૨ વર્ષે આવ્યો તેનો આનંદ નથી એટલો સાધુને જોઇને તને આનંદ થયો છે. તો આટલો બધો તારા મુખ પર હર્ષ

કેમ છે ? પત્ની કહે નાથ ! હું બાર બાર વર્ષથી આપની પાછળ ઝૂરતી હતી. રોજ પત્રની રાહ જોતી કે પત્ર દ્વારા કાંઈ સમાચાર આવે છે ? પણ આપના તરફથી કોઈ સમાચાર ન હતા. તેમાં આ મુનિ ગૌચરી પધાર્યા. મેં પૂછયું, મારા પતિ કયારે આવશે? તેમણે કહ્યું તે બરાબર સાચું પડયું. ને સ્હેજે અત્યારે ગૌચરી પધાર્યા તો મને થયું કે ગુરૂદેવનું વચન સફળ બન્યું. મેં તેમને આનંદભેર લાડવા વહોરાવ્યા. આ સિવાય બીજો કોઈ જાતનો મને હર્ષ નથી.

**શંકાની સાબિતી :—** પતિ કહે–મુનિએ કહ્યું એ સાચું છે એ માનું કેવી રીતે ? તે માનવા હું તૈયાર નથી. પત્ની કહે, મુનિ તો પવિત્ર આત્મા છે, છતાં આપને મારા પર શંકા હોય તો મને ધીજ આપો. ધીજ એટલે હાથમાં અગ્નિ આપે. જો અગ્નિથી હાથ બળે નહિ તો સમજવું કે આ સતી સ્ત્રી છે. બાઈ કહે છે ધીજ આપવાથી પણ જો આપને સંતોષ ન થતો હોય તો કડકડતા તેલનો તાવડો મારા પર નાંખો. મારે મન તો આપ જ મારું સર્વસ્વ છો. જગતના તમામ ભાઈઓ મારે ભાઈ અને બાપ સમાન છે. જો આપને આ કાંઈ ન કરવું હોય તો ગુરૂની પાસે જઈને તમે બીજી કોઈ વાત પૂછો. તેનો ઉત્તર આપે ને સાચું પડે તો માનશો ને ? ભાઈ તો ઉપડયા મુનિ પાસે મુનિ તો જ્યોતિષના જાણકાર છે. ભાઈએ પૂછયું મારી ઘોડી ગર્ભવંતી છે તે કેટલા બચ્ચાને જન્મ આપશે ? મુનિએ સહજ ભાવે કહ્યું, બે બચ્ચાને જન્મ આપશે. તેમાં એક બચ્ચાને જમણી સાઈડના પગમાં ચાઠા હશે. તું ધ્યાન રાખજે.

**અશ્રદ્ધાથી થયેલો અનર્થ :–** આ ભાઈને મુનિની વાત સત્ય ન લાગી. તેમણે કહ્યું તે સત્ય છે કે નહિ તેની તપાસ કરવા ઘેર આવીને ઘોડીના પેટમાં છરો ભોંકી દીધો. તેનું પેટ ચીરી નાંખ્યું. તો અંદરથી તરફડતા બે બચ્ચા નીકળ્યા. એક બચ્ચાને જમણી સાઈડના પગમાં ચાઠા છે. તેને થયું કે મુનિ સાચા છે, પણ કહેવાનું પરિણામ એ આવ્યું કે ઘોડી અને બે બચ્ચા ત્રણે જીવોની ઘાત થઈ. આ વાતની પત્નીને ખબર પડી. તેને ભયંકર આઘાત લાગ્યો. તેના મનમાં થયું કે મેં શંકા દૂર કરવા મુનિ પાસે મોકલ્યા ત્યારે આ સ્થિતિ સર્જાઈ ને ! ધિક્કાર છે મારા આત્માને ! ધિક્કાર છે મારા જીવનને ! પતિએ મારા પર કુશંકા કરી ત્યારે આ બધું બન્યું ને ? મારા કારણે ત્રણ ત્રણ જીવોની હત્યા થઈ ગઈ. એ ત્રણ જીવોના પ્રાણ ગયા. મારા પ્રાણ શા માટે રહ્યા છે ? એમ વિચારી તેણે ઉપર જઈને ફાંસો ખાધો ને પોતાના જીવનનો અંત આણ્યો. આ વાતની મુનિને ખબર પડી. અહો ! મેં તો બાઈને સહજ ભાવે કહ્યું હતું. મારા નિમિત્તે ચાર ચાર જીવોની હત્યા ! ખરેખર ! ભગવાને કહ્યું છે કે હે સાધક ! તું વાત જાણતો હોય તો પણ કહીશ નહિ. કહીશ તો મોટો અનર્થ થશે. મેં બાઈને એટલું કહ્યું ત્યારે આ પરિણામ આવ્યું ને ! તેમને ખૂબ પશ્ચાતાપ થયો. પ્રાયશ્ચિત્ત લઈને મુનિએ પણ આલોવી, પડિક્કમી, અનસન કરીને જીવનનો અંત આણ્યો. બાઈના પતિએ મુનિની વાત

સત્ય છે કે ખોટી તે જોવા ત્રણ ત્રણ જીવોની ઘાત કરી. તેના કારણે પત્ની પણ મરી ગઈ. જીવ કર્મ કરતા વિચાર નથી કરતો પણ ભોગવવાના આવશે ત્યારે બૂરી દશા થશે.

**કર્મના તમાસા :** સંસારમાં સુખદુઃખ, સારું-નરસું, શુભ-અશુભ વગેરે કર્મના તમાસા છે. કોઈને ત્રણ રોટલીની જરૂર હોય તો વગર માગ્યે ૧૩ રોટલી મળે છે અને બીજાને ત્રણ રોટલીની જરૂર હોય તો તેને ત્રણ સાંધતા તેર તૂટે જેવું થાય છે. એક ટુકડા ખાતર વલખા મારતો હોય, ભૂખની ભૂતાવળ દૂર કરવા રાડો પાડતો હોય, હાથ જોડી દીનતા બતાવતો હોય તો તેનું સાંભળવા કે તેના તરફ દૃષ્ટિ કરવા કોઈ તૈયાર નથી. જ્યારે બીજી બાજુ ખાવાની રૂચિ ન હોવા છતાં આગ્રહથી મોંમાં નાખનાર અનેક મળી આવે છે.

સંસારના સુખો નજીકની વસ્તુ છે. સંયમના સુખો સુક્ષ્મ હોવાથી દૂરની વસ્તુ છે. નજીકના સુખો જોવા માટે આંખની જરૂર છે. દૂરના સુખો જોવા માટે દુરબીનની જરૂર છે, પણ આજે માનવ નજીકની વસ્તુ જોવા માટે દુરબીનનો ઉપયોગ કરે છે; અને દૂરની વસ્તુ જોવા માટે આંખનો ઉપયોગ કરે છે, તેથી તે બંને ગુમાવે છે. નજીકના સુખો જોવાની જેની આંખ નથી તે દૂરનું શું જોઈ શકવાનો છે? સાચું સુખ આત્મિક રાજીપામાં છે. શુભ કર્મ કરો. શુભ પુણ્ય ઉપાર્જન કરો. તેનો ઉદય શુભ હશે ને તેથી પ્રાપ્ત થતું સુખ, શાંતિ આપશે. અશુભ કર્મનો ઉદય જીવને દુઃખો આપશે. ભગવાન સૂયગડાંગ સૂત્રમાં બોલ્યા છે—

**पुरिसोरम पावकम्मुणा, पलियंतं मणुयाण जीवियं**
**सन्ना इह काम मुच्छिया, मोहं जन्ति नरा असंवुडा । २–१–१०**

હે પુરૂષ ! (આત્મા) તું પાપકર્મથી લેપાયેલ છે, તેથી તેનાથી નિવૃત્ત થઈ જા. મનુષ્યોનું જીવન નાશવાન છે. આ સંસારમાં અથવા આ જન્મમાં જે મનુષ્ય આસકત છે તથા કામભોગોમાં મૂર્છિત છે તે હિંસા આદિ પાપોથી વિરકત નથી, તે મોહનીય કર્મના પંજામાં ફસાઈ જાય છે. અર્થાત્ મોહનીય કર્મનો સંચય કરે છે.

આ ગાથામાં ભગવાન એ સમજાવે છે કે હે વિવેકવાન આત્મા ! તું હજુ સુધી પાપકર્મોથી લેપાયેલો છું. સંસાર એટલે પાપકર્મોથી લેપાવાનું કેન્દ્રસ્થાન. તું પાપકર્મથી નિવૃત્ત થઈ જા. કારણ કે મનુષ્યનું જીવન નાશવંત છે, ક્ષણભંગુર છે, કયારે નાશ પામશે એ ખબર નથી. માટીના ઘડાને ફૂટતા વાર લાગશે એટલી વાર આ જીવનરૂપી ઘડાને ફૂટતા નહીં લાગે. માટે તું પાપથી લેપાઇશ નહિ. વાણીનો ખૂબ સંયમ રાખજે. पलियन्त આ શબ્દ દ્વારા એ બતાવ્યું છે કે મનુષ્યનું આયુષ્ય વધુમાં વધુ ત્રણ પલ્યોપમનું છે. તેમાં પણ સંયમી જીવન તો પૂર્વક્રોડમાં દેશે ઉણું છે. તાત્પર્ય એ છે કે મનુષ્યનું જીવન નાશવાન છે. એને અલ્પજીવી જાણીને જ્યાં સુધી સમાપ્ત નથી થયું ત્યાં સુધી કષાયોથી રહિત થઇને શુદ્ધ ધર્માનુષ્ઠાન કરીને જીવનને સફળ બનાવી દેવું જોઇએ. જે જીવો આ માનવજન્મને પામીને વિષયભોગોના કીચડમાં ફસાઈ જાય છે; તથા કામનાઓની

આસક્તિની જાળમાં ફસાઈ જાય છે, તે મહામોહિત થઈને પોતાના હિતાહિતનું ભાન કરી શકતા નથી. અર્થાત્ તે પુરૂષ મોહનીય કર્મનો સંચય કરે છે. જે આત્મા હિંસાદિ પાપોથી વિરકત નથી થયા અને ઈન્દ્રિયોના વિષયોમાં ગાઢ આસક્ત હોય છે. તે મોહનીય કર્મનો સંચય કરે છે. તેથી મોહનીય કર્મની પ્રબળતાથી બચવાને માટે પાપકર્મોથી નિવૃત થવાનો પ્રયત્ન કરવો જોઈએ.

મણિરથ રાજા ઘોર કર્મ કરવા તૈયાર થયા છે. મણિરથ અને યુગબાહુ સહોદર ભાઈ છે. એક લોહીની સગાઈ છે. છતાં ભાઈનું ખૂન કરવા તૈયાર થયો. તો બીજાનું તો શું બાકી રાખે? મયણરેહાએ કહ્યું નાથ! તમને અનુભવ નથી પણ મને અનુભવ છે. ઉપરથી ઉજળું દેખાય એટલું બધું દૂધ નથી હોતું. દૂધ ધોળું છે ને ચુનાનું પાણી પણ ધોળું છે. પણ ચુનાનું પાણી પીવે તો શું થાય? (શ્રોતામાંથી અવાજ–મરી જવાય) અરે દૂધ દૂધમાં પણ ફેર હોય છે. ગાય–ભેંસનું દૂધ પીવે તો શરીરને પુષ્ટિ મળે ને આકડાનું દૂધ પીવે તો મરી જાય. તે રાત્રે એકલા આવ્યા છે તે નક્કી તમને મારવા માટે. મને મારવાથી તો તેમની આશા પૂરી ન થાય. આ બધી વાત કરી પણ ભાઈ મળવા આવ્યો છે ને ના કહું તો અવિનય થાય તેથી બોલાવ્યો. બંને સામસામા બેઠા છે. થોડીવાર મૌન રહ્યા. પછી યુગબાહુએ કહ્યું, આપે અત્યારે અહીં આવવાનું કષ્ટ કેમ લીધું? ભાઈ! તું તો મારો દીકરો કહેવાય. તને રાજભવનમાં ન જોતાં મારો જીવ અધ્ધર થઈ ગયો. મારો પલંગ મને અગ્નિ જેવો લાગ્યો. હમણાં આવશે એમ માનતો, પણ તું ન આવ્યો. તેથી મારી ઉંઘ ઉડી ગઈ. પછી ખબર પડી કે તેઓ કેલીવનમાં રોકાયા છે. તું અહીં રહ્યો છે એ સાંભળી મારાથી ન રહેવાયું, અને હું એકલો હાથમાં તલવાર લઈને આવ્યો છું. મેં ખુલ્લી તલવાર એટલા માટે રાખી છે કે કદાચ આજ્ઞાધીન થયેલા રાજાઓ વૈરનો બદલો લેવા આક્રમણ કરી બેસે તો એ આક્રમણનો પ્રતિકાર કરવા માટે મેં ખુલ્લી તલવાર હાથમાં લીધી છે. વળી તમે વગડામાં રહ્યા છો, રાત્રે કોઈ દુષ્ટ આવે ને મારી નાંખે તો? માટે આપને રાજભવનમાં લઈ જવા આવ્યો છું. વળી રાજાઓનું નિવાસ-સ્થાન પ્રાયઃ કિલ્લામાં હોય છે. કિલ્લામાં રહેવાથી શત્રુઓથી રક્ષા થાય છે. માટે તું સુરક્ષિત સ્થાનનો ત્યાગ કરી અહીં રહે એ ઉચિત ન કહેવાય.

મણિરથ શું યુગબાહુનું રક્ષણ કરવા આવ્યો છે? જેનામાં કામના છે તે બીજાનું રક્ષણ કેવી રીતે ચાહી શકે? મણિરથની વાત સાંભળી યુગબાહુના મનમાં થયું કે મયણ-રેહાએ જે કંઈ કહ્યું છે તે સત્ય લાગે છે. તે મણિરથને કહે છે ભાઈ! તમે કહો છો કે આપણી રક્ષા કિલ્લામાં રહેવાથી થાય છે તો પછી આપે મને કિલ્લાની બહાર લડાઈમાં જવાની આજ્ઞા શા માટે આપી હતી? મને યુદ્ધમાં શું કરવા મોકલ્યો હતો? લડાઈમાં મારો ભાઈ ખપી જશે તો? ત્યારે ભાઈની દયા ન આવી? વળી તમે કહો છો કે કિલ્લાની બહાર રહેવું ઠીક નથી તો તમે શા માટે કિલ્લાનો ત્યાગ કરી રાતના સમયે એકલા અહીં આવ્યા? મણિરથે કહ્યું, હું કિલ્લાની બહાર તારા રક્ષણ માટે, મારા પ્રાણ સમાન પ્યારા બાંધવની

સલામતી માટે નીકળ્યો છું. મણિરથના શબ્દોથી ઉશ્કેરાયેલા તરૂણ ક્ષત્રિય યુગબાહુએ કહ્યું, તમે જેનું રક્ષણ ઈચ્છો છો, તે પણ તે જ વીર ક્ષત્રિયનો બંધુ વીર છે. એટલે ડરનું કોઈ પ્રયોજન ન હતું. તમે હૃદયમાં બીજી વાત રાખી બહારથી બીજી વાત ન કરો. કામવાસનાનું પોષણ કરવા આપ પ્રપંચ કરીને આવ્યા છો! મણિરથ સમજી ગયો કે મયણરેહાએ મારી બધી વાત કહી દીધી લાગે છે. મારી બધી વાત મારો ભાઈ જાણી ગયો.

**પ્રપંચથી પેટમાં તલવાર મારતો મણિરથ** :—યુગબાહુએ કહ્યું, હું પોતે મારી રક્ષા કરવા સમર્થ છું. તમારે આવવાની કોઈ જરૂર ન હતી, છેલ્લે મણિરથે કિમિયો કરી કહ્યું કે ભાઈ! મારાથી ભૂલ થઈ ગઈ, પણ મને પાણીની તરસ ખૂબ લાગી છે, માટે થોડું પાણી તો પીવા આપ, કે જેથી હું પાણી પીને ચાલ્યો જાઉં! યુગબાહુના મનમાં થયું કે મોટાભાઈ પાણી પીવા માંગે છે, તો પાણી તો આપવું જોઈએ. એમ વિચારી યુગબાહુ પાણી લેવા ઉઠયો, અને જેવો તે પાણી લેવા નમ્યો કે તરત જ મણિરથે પોતાની કમ્મરેથી તલવાર ખેંચી અને માડી જાયા નાનાભાઈના પેટમાં જોરથી ખોસી દીધી. તલવારની ધારને વિષ ચઢાવેલું હતું, એટલે તલવારનો ઘા પડતા યુગબાહુના શરીરમાં વિષ ફેલાઈ ગયું. જેવી તલવાર પેટમાં ભોંકી તેવી યુગબાહુએ કારમી ચીસ પાડી. હે પાપી! તું આવા કાળા કામ કરવા આવ્યો હતો! યુગબાહુની ચીસ તેમની પત્ની મયણરેહાએ સાંભળી. પટાવાળા, ચોકીયાતો બધાએ સાંભળી. બધા ત્યાં દોડી આવ્યા. આ દૃશ્ય જોઈને બધાના હૃદય કંપી ગયા. બધાના દિલ કકળી ઉઠયા. મણિરથનું ત્યાં શું થશે અને અહીં યુગબાહુ પડ્યો છે, તેમનું શું બનશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં-૨૫

**શ્રાવણ સુદ ૧૦ ને રવીવાર** **તા. ૯-૮-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! આગમના નેતા, મોક્ષના પ્રણેતા, અનંત જ્ઞાની, અનંત દર્શની વીતરાગ ભગવંતે ફરમાન કર્યું કે હે ભવ્ય જીવો! જાગૃત બનો. આ સંસાર સંયોગ-વિયોગનો અખાડો, દુઃખનો દરિયો અને ઉપાધિનો ઉકરડો છે. જીવ સંસારમાં સુખ માનીને મલકાય છે,પણ એ સુખ સાચું સુખ નથી. સુખાભાસ છે. સંસારના સુખ પિત્તળ પોલીશ જેવા છે. જેમ પિત્તળને પૉલીશ કરાવવામાં આવે ત્યારે સોનાની જેમ ઝગમગે છે, પણ યાદ રાખજો કે એ કંઈ સોનું નથી, પિત્તળ છે. તેમ આ સંસાર પિત્તળ છે. માટે જ્ઞાનીઓનો સંદેશો છે કે જાગો. આ લાખેણી ક્ષણ જાય છે. ભગવાન બોલ્યા છે કે :—

**सुत्तेसु यावि पडिबुद्धजीवी, न वीससे पंडिए आसुपन्ने ।**
**घोरा मुहुत्ता अबलं शरीरं, भारंडपक्खी व चरेऽप्पमत्ते ॥** ઉત્ત. અ. ૪ ગા. ૬.

સૂતેલા છતાં જાગતા અને જાગેલા જીવન વ્યતીત કરવાવાળા કુશાગ્ર બુદ્ધિવંત

પંડિત પુરૂષ પ્રમાદ અને પ્રમાદીજનોમાં ક્યારે પણ વિશ્વાસ ન કરે, અને, સમયની ભયંકરતા તથા શરીરની નિર્બળતાનો વિચાર કરતા થકા ભારંડ પક્ષીની જેમ સદા પ્રમાદ-રહિત થઈને વિચરણ કરે.

આ ગાથા જાગૃતિનો જ્વલંત સંદેશ આપી સાધકની સામે લાલબત્તી ધરે છે. આ એક જ ગાથા સંયમી જીવનને સભર બનાવી આત્માની અખંડતા પ્રાપ્ત કરવા માટે શું પૂર્ણ નથી ? એક જ ગાથાના ભાવોને જીવનમાં પરિણમાવે તો મઝધારે ડૂબેલો પણ શું મુક્તિ ન પામે ? પરમાત્મ પદને પ્રાપ્ત કરવા માટે આ જ ગાથાના ભાવોનું મનન કરી તેમાં તન્મય થવું એ શું સાધકને માટે પર્યાપ્ત નથી ? આ ગાથામાં સાધકને પ્રમાદી પુરૂષોથી સાવધાન રહેવા અને સ્વયં અપ્રમત્ત બનીને જીવન વ્યતીત કરવાનો આદેશ કર્યો છે. નિદ્રામાં પ્રમાદ અને જાગરણમાં અપ્રમત્તતા છે. બીજા શબ્દોમાં કહીએ તો નિદ્રા, મૃત્યુ અને જાગરણ જીવન છે. એટલા માટે દ્રવ્ય અને ભાવ નિદ્રામાં સૂતેલા સંસારી જીવોમાં દ્રવ્ય અને ભાવથી જાગવાવાળા સંયમી પુરૂષ વાસ્તવમાં અપ્રમાદી કહેવાય છે. જગત આખું ભરનિદ્રામાં સૂતું છે, અજ્ઞાન નિદ્રાથી વ્યાપ્ત છે, ત્યારે મુનિ સદા જાગતા છે. આત્મભાવે જાગૃતિ રાખતા સાધક સંયમમાં મસ્ત હોય છે. ભગવંતે આચારંગ સૂત્રમાં કહ્યું છે કે : **सुत्ता अमुणी सयामुणिणो जागरंति ।** અજ્ઞાની માણસ દ્રવ્યથી નિદ્રા રહિત હોય તો પણ તે સૂતેલા છે, અને જ્ઞાનીજન દ્રવ્યથી ઉંઘતા હોવા છતાં ભાવથી જાગૃત હોય છે. જે બુદ્ધિશાળી, પ્રજ્ઞાવંત આત્માને જાણવાની તમન્નાવાળા છે તે સૂતેલા છતાં જાગતાં છે, અને અજ્ઞાની દ્રવ્ય નિદ્રાથી જાગતા હોવા છતાં દર્શન મોહનીય રૂપ મહાનિદ્રાના ગાઢ અંધકારમાં સૂતેલા હોવાથી તે સદા ઉંઘતા છે. મિથ્યાત્વ-અજ્ઞાન રૂપ મહાનિદ્રામાં સૂતેલા જીવો સત્-અસત્ના વિવેકથી રહિત હોવાને કારણે તે ભાવનિદ્રાથી સૂતેલા છે.

**जागरह जरा णिच्चं जागरमाणस्स वड्ढए बुद्धि ।**
**जो सुअइ न सो धण्णो जो जग्गइ सो सया धन्नो ॥**

હે મનુષ્યો ! હંમેશા જાગૃત રહો. જે જાગૃત રહે છે તેની બુદ્ધિ વધે છે. જે સૂવે છે તે ધન્ય (સફળ) નથી થતો, અને જે જાગે છે તે સદા ધન્ય હોય છે, તેથી શાસ્ત્રકારોનો એ ઉપદેશ છે કે સૂતેલા પ્રમાદી જીવોમાં જાગવાવાળા અને જાગતા થકા જીવન વ્યતીત કરવાવાળા પ્રતિભા સંપન્ન સંયમી પુરૂષ ભૂલથી પણ પ્રમાદનું સેવન ન કરે અને પ્રમાદી પુરૂષોનો વિશ્વાસ ન કરે. તેમજ અસંસ્કૃત જીવન પર વિશ્વાસ ન કરે, કારણ કે આયુષ્ય ક્યારે પુરૂં થશે, તેની ખબર નથી. કાળનો વિશ્વાસ કેમ કરી શકાય ? અલ્પ જીવનમાં પણ જો પ્રમાદના પ્રલોભનમાં ડૂબી જવાયું ને નિદ્રાને આધીન બની બેભાન બની જવાયું તો જિંદગીનું સાફલ્ય હાથે કરીને હાથથી સરી જવાનું, કારણ કે જે રાત્રીઓ જાય છે તે ફરીને પાછી આવતી નથી. માટે સાધક પ્રતિબુદ્ધ હોય. તે વિચારે કે આ **દેહ મળ્યો છે દેહાતીત થવા, ભવ મળ્યો છે ભગવાન થવા, શરીર મળ્યું છે સર્વજ્ઞતા મેળવવા, જીવન મળ્યું છે, જગદીશ થઈ આત્માનું અખંડ જીવન**

**મેળવવા માટે,** જ્ઞાનીઓ આપણને પોકારી પોકારીને કહે છે કે **પતન છે પ્રમાદમાં, અને ઉત્થાન છે આત્માનંદમાં.** અનુભવીઓ પણ કહે છે કે :—

**આનંદ છે આત્મ મસ્તીમાં, મળે જાગૃતિની ક્ષણમાં,**
**સાધના સાવધાનીમાં, પતન પ્રમાદની પળમાં.**

સાચો આનંદ જાગૃતિની ક્ષણમાં જે આત્મમસ્તીમાં મળે છે તેમાં છે. આત્મા જેટલો પાપકર્મથી સાવધાન રહે છે તેટલી તે સાધના કરી શકે છે. જીવને ગંધાતી થાળીમાં જમવું ગમતું નથી, મેલી પથારીમાં સૂઈ જવું ગમતું નથી, મેલા- ગંધાતા કપડા પહેરવા ગમતા નથી, તો પછી પાપ રૂપી મેલવાળા કપડા પહેરવા કેમ ગમે? માટે પાપથી જેટલી સાવધાની તેટલી આત્માની ઉન્નતિ. જીવને સંસારમાં પાડનાર હોય તો તે પ્રમાદ છે. માટે પંડિત–પ્રજ્ઞાવાન પુરુષો પ્રમાદી જીવોનો કયારે પણ વિશ્વાસ કરે નહિ. જો આત્માનો આનંદ માણવો હોય તો પરભાવની પરતીને ફેંકી દો. પ્રમાદજન્ય સુસ્તીને ઉડાડી નાંખો અને જાગૃત બનો.

ભગવતી સૂત્રના ૧૨ મા શતકમાં જયંતિકા શ્રાવિકાજીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે હે પ્રભુ! જીવો જાગતા ભલા કે ઉંઘતા ભલા? ત્યારે ભગવાને કહ્યું, હે જયંતિકાજી! કંઈક જીવો જાગતા ભલા ને કંઈક જીવો ઉંઘતા ભલા. ભગવાન! આપ તો કેવળજ્ઞાની છો. મન મનની, સમય સમયની ને ઘટ ઘટની વાત જાણો છો. આ અજ્ઞાન શ્રાવિકા આપના જવાબને બરાબર સમજી શકતી નથી. આપ કૃપા કરીને કહો કે કયા જીવો જાગતા સારા અને કયા જીવો ઉંઘતા સારા? કરૂણાસાગર ભગવાને કહ્યું, જે જીવો ધર્મિષ્ઠ છે, સદાચારી છે, પ્રમાણિક છે, અને જે ૧૮ પ્રકારના પાપથી ભયભીત છે તેવા જીવો જાગતા ભલા અને જે જીવો અધર્મી છે, જેમને પાપનું ભાન નથી. ૧૮ પ્રકારના પાપનું સેવન કરે છે તેવા જીવો ઉંઘતા ભલા.

જે જીવો જાગતા છે તે આત્મમસ્તીમાં મસ્ત બનતા પ્રમાદ નથી કરતા. જ્ઞાની કહે છે **"घोरा मुहुत्ता अबलं सरीरं"** કાળ ભયંકર છે અને શરીર નિર્બળ છે. ગમે તેવા બળવાન શરીરવાળો હોય પણ કાળનો એક પુરવેગથી આવતો પંજો તેને નિર્બળ બનાવી ધરાશાયી કરતાં વાર નહિ લગાડે, માટે શરીરની નિર્બળતાને સમજી તેમજ શરીર અનેક રોગોનું ઘર છે, એમ સમજીને આત્માર્થી પુરૂષ પ્રમાદ કરતા નથી. આ શરીરની અસ્થિરતા બતાવતા એક શ્લોકમાં કહ્યું છે કે—

**यद्येकत्र दिने न भुक्तिरथवा निद्रा न रात्रौ भवेत् ।**
**विद्रात्यम्बुज पत्रवद्हनतो ऽभ्या शस्थिताद्यद् ध्रुवम् ।**
**अस्त्र व्याधि जलायितो ऽपि सहसायन्य क्षयंगच्छति ।**
**अतः काऽत्र शरीरके स्थिति–मतिर्नाशेऽस्यको विस्मयः ॥**

આ શરીરને જો એક દિવસ ભોજન નથી મળતું અથવા રાતના ઉંઘ નથી આવતી તો જેમ અગ્નિની પાસે રહેલું કમળનું પાંદડું કરમાઇ જાય છે એવું આ શરીર પણ

કરમાઈ જાય છે. તે સિવાય શસ્ત્રોથી, વ્યાધિઓથી, રોગોથી અને જલાદિકથી પણ આ શરીર જલ્દી નાશ પામે છે, એવા અસ્થિર શરીરમાં હે ચેતન ! સ્થિરતાની બુદ્ધિ કેવી ! એમાં સ્થિરતાની કોઈ વાત જ નથી, અને એ નાશ થાય એમાં કોઈ આશ્ચર્ય નથી. છતાં અજ્ઞાની મૂઢ જીવ શરીરને સ્થિર માની તે દુબળું પડી ન જાય તે માટે તપ કરતા અચકાય છે, પણ આ દેહનો વિશ્વાસ કરવા જેવો નથી. એ કયારે દગો દેશે તેની ખબર નથી માટે શરીરને રોગનું ઘર અને અસ્થિર સમજીને વહેલી તકે સાધના કરી લો. આવતી કાલની રાહ જોશો નહિ. જે જીવો આત્મમસ્તીમાં મસ્ત છે અને ક્ષણે ક્ષણે જાગૃત છે તેવા જીવો પ્રમાદ કરતા નથી. તે શરીરની નિર્બળતાનો વિચાર કરે છે.

**લાખેણી પળ તારી જાય, આવખું તારું ઓછું થાય,**
**મોંઘો દેહ માનવનો, તોય તું કાં ન ગભરાય.......**
**જાગો આતમ જાગો....નિંદરને ત્યાગો,**
**કાયા કેરી માયા પાછળ બુદ્ધિ તારી મુંઝાણી,**
**રોજ ઉઠીને તું નવરાવે, તો યે મેલી થાવાની (૨)....**
**હંસલો જ્યારે ઉડી જાય, કાયા તારી માટી થાય...મોંઘો દેહ**

કવિઓ પણ એલારામ વગાડીને કહે છે કે હે જીવો ! જાગો. તારી કાયા ઘસાતી જાય છે. રોજ સ્નાન કરાવવા છતાં આ કાયા મેલી થાય છે. આયુષ્ય રોજ ઓછું થતું જાય છે. શરીરને ગમેતેટલું સાચવશો તો પણ યુવાનીનું જે બળ-તાકાત છે તે ઘડપણમાં રહેવાના નથી. અને આયુષ્ય પૂરું થયે દેહરૂપી દેવળમાંથી હંસલો ઉડી જશે ત્યારે આ કાયા રાખમાં રોળાઈ જશે. માટે, જાગો. તપ કરવાના મંગલકારી દિવસો ચાલી રહ્યા છે. તપ રૂપી અગ્નિમાં કર્મરૂપી કાષ્ટને નાંખી આત્માને વિશુદ્ધ બનાવવા, આહાર સંજ્ઞાને તોડવા માટે તપ બતાવ્યો છે. મૈથુન સંજ્ઞાને તોડવા માટે બ્રહ્મચર્ય, પરિગ્રહ સંજ્ઞા તોડવા માટે દાન અને ભયસંજ્ઞાને તોડવા માટે શુદ્ધ ભાવ. ભય કોને હોય ? જેની પાસે જોખમ છે તેમને ભય છે. ગાડીમાં મુસાફરી કરતા હો પણ જો પાસે દાગીના કે રૂપિયાનું જોખમ નથી તો નિરાંતે બેસી શકશો પણ જેની પાસે જોખમ છે તેને ભય રહેશે. પહેલા તો પૈસા ખીસ્સામાં મૂકતા હતા પણ અત્યારે તો છાતી પર રાખે છે. પૈસા કેટલા વહાલા લાગ્યા છે.

એક કડિયો વાણિયાના મહોલ્લામાં કબૂતરોના ચોતરાની નીચે રહેતો હતો. મજુરી કરતો ને રોકડા રૂપિયા લાવતો. સાંજે ઘેર આવે ત્યારે કોઈ દાળ આપે, ભાત આપે, કોઈ રોટલી આપે, આમ તેનું ગુજરાન ચાલતું. દાળભાત ખાય ને રોટલી કોઠીમાં મુકી રાખે. એનો રોજ આપ્યા કરે ને લોભી કડિયો આ રીતે કર્યા કરે. સમય જતાં એકવાર કડિયો બિમાર પડયો. આડોશી પાડોશી, વાણિયા બધાને દયા આવતી એટલે તેની પાસે જુદી જુદી વસ્તુ બનાવીને લાવે પણ ખાતો નથી ને ચૂલા તરફ આંગળી કરે છે, છેવટે ચૂલો ખોદ્યો. રોકડા રૂપિયાનું વજનદાર માટલું નીકળ્યું. તે કહે છે મારી છાતી પર

મૂકો. જીવની કેટલી મમતા–મૂર્છા છે! બધા કહે, આ માટલું જો તેની છાતીપર મૂકશું તો વહેલો મરી જશે. માટે સ્હેજ અડાડીને લઈ લેવું.

બે દિવસ પહેલાં પેપરમાં વાચ્યું હતું કે ભીખ માંગતા ભિખારી પાસેથી નવલાખ રૂપિયા નીકળ્યા. માંગી માંગીને ભેગું કરે. કાલે એ મરી જશે તો એ પૈસા કોણ ભોગવશે? પોતે સુખે ખાધું નહિ ને ભેગું કર્યું, પછી એની દશા શી થાય? માખીઓ મધ ભેગું કરે, પોતે ખાય નહિ ને બીજાને ખાવા દે નહિ, છેવટે લૂંટારાઓ લઈ જાય છે. હું તમને કહું છું કે મધ ખાવામાં મહાપાપ છે. કોઇ મધ ખાશો નહિ. ડોકટર કે વૈદ તમને દવા મધમાં લેવાની આપે તો ગોળમાં લેજો પણ મધ કયારે પણ વાપરશો નહિ. એ અભક્ષ્ય ચીજ છે. મધની અંદર માખીઓના ઈંડા હોય છે તે એટલા બધા બારીક હોય છે કે આપણી આંખથી દેખાય નહિ. બિલોરી કાચથી જોઈ શકાય. સફેદ ઈંડા મધમાં મિકસ થઈ જાય છે, માટે કયારે પણ મધ ખાશો નહિ. રોગ આવે ને કદાચ ડોકટર કહે, તો એવો વિચાર કરજો કે વહેલા કે મોડા મારે જવાનું નક્કી છે. તો મધ ખાઈને શા માટે મારા પેટને જીવોનું કબ્રસ્તાન બનાવું? મધ વાપરવા છતાં જો અશાતા વેદનીય મંદ નહિ પડયા હોય તો રોગ નહિ મટે. મધનો ઉપયોગ કરતાં ઘોર હિંસા થાય છે. માટે આવા ઘોર પાપ છોડો. બહેનોએ કડિયાની છાતી પર માટલું અડાડીને લઈ લીધું, કડિયાને સંતોષ થયો. માટલાને છાતી પરથી લીધું ને થોડીવારે કડિયો મૃત્યુ પામ્યો. બધાએ અંતિમ ક્રિયા કરી. ને પછી માટલું ફોડયું તો ૨૦૦૧ રૂા. નીકળ્યા. ને કોઠીમાં સડેલી રોટલીઓ નીકળી. કેટલો લોભ! લોભ જીવને દુર્ગતિમાં લઇ જાય છે, માટે સંતોષના ઘરમાં આવો, અને આત્મસાધનામાં જોડાઇ જાવ. કાળ ભયંકર છે.

એક બાજુ છે કાળનું કારમું ગોઝારું સર્જન. બીજી બાજુ છે બિચારું નિર્બળ શરીર. આ બંને પરિસ્થિતિને જાણીને સાધક સાવધાન થઈને ભારંડ પક્ષીની માફક અપ્રમત્ત બનીને વિચરે. ભારંડ નામના પક્ષીનો બધો આકાર બીજા પક્ષીઓની જેમ હોય છે, પરંતુ તેને ગ્રીવા–ગર્દન બે પ્રકારની હોય છે. તે સદા એક જ મુખથી ખાય છે, અને જો કયારેક તે પ્રમાદ વશ થઈને ભૂલ કરે તો તે મરી જાય છે. એ રીતે પ્રમાદને વશીભૂત થયેલો સાધક પણ પોતાના સંયમથી પતિત થઈ જાય છે, તેથી પ્રમાદી જનોના સંસર્ગથી સાધુએ હંમેશા અલગ રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. ભારંડ પંખી ગગનમાં સ્વતંત્રતાથી વિચરે, છતાં ય કેટલી સાવધાની! તેમ હે આત્મા! તું પણ સદા જાગૃત જીવન જીવ. જ્યાં અપ્રમત્તભાવ છે ત્યાં સાધ્યની સિદ્ધિ છે. જ્યાં પ્રમાદ છે ત્યાં સંસાર છે, માટે જીવનની અનિત્યતા જાણીને નિત્યનું શરણુ લે, અને તેને જ શરણુ માન. સંસાર–સાગરથી તરવા, મોહભાવને દૂર કરવા, લક્ષ્યમાં વિહરવા માટે ને મુક્તિપદને વરવા માટે એક જ ઉપાય છે. જો સાધનામાં પ્રમાદ ભળે તો સંસાર વધે અને સાધનામાંથી પ્રમાદ જાય તો સિદ્ધિ મળે, માટે હે સાધક! તું આટલું તો જરૂર યાદ રાખજે.

**નિદ્રા પ્રમાદનો કરજે ત્યાગ, હૈયામાં જલતો રાખજે વિરાગ,**
**કદી ન કરજે કોઈનો રાગ, એક દિન બની જઈશ તું વીતરાગ,**

નિદ્રા અને પ્રમાદ એ બે જીવના દુશ્મનો છે. માટે એનો ત્યાગ કરી હૈયામાં વિરાગની જ્યોત જલતી રાખજે. કોઈના પ્રત્યે રાગ રાખીશ નહિં, તો એક દિવસ વીતરાગ બની જઈશ.

આધ્યાત્મિકતાના શિખરને સર કરવા સજ્જ થયેલો સાધક જ્યારે ભૌતિક દુન્યવી રંગોનું બનેલું પચરંગી વાતાવરણ દૂર કરીને દિલની દુનિયા તરફ દોટ મૂકીને નિજના વૈભવને મેળવવા સાધનાના પંથે કદમ ભરે છે, ત્યારે સારા યે જગતને પોતાનું ગુલામ બનાવનાર બે દિલોજાન દોસ્ત ભેગા મળીને પોતાને મળેલી સફળતા-નિષ્ફળતાના પાના પરસ્પર ખુલ્લા મૂકે છે, કોણ છે એ દિલોજાન મિત્ર? ખબર છે? નિંદ્રા અને પ્રમાદ.

આ એક રૂપક છે. નિંદ્રા અને પ્રમાદ વચ્ચે એક વાર સંવાદ થયો. તેમાં નિંદ્રા કહે છે, દોસ્ત! જો ને. આખાયે જગતને મેં વશ કરીને મારું બનાવ્યું છે, યા ને નિંદ્રાધીન કર્યું છે, છતાં જ્યારે સાધક પાસે ઉભી રહી, તો તેની સાધનાના ઉત્કર્ષ પાસે મને ઉભું રહેવું જોખમ ભરેલું લાગ્યું. વધુ હું શું કહું? સાધકનું વ્યક્તિત્વ એવું છે કે તેની પાસે આપણી સત્તા શી રીતે ચલાવાય? નિદ્રાએ આ પ્રમાણે કહ્યું ત્યારે પ્રમાદ બોલી ઉઠયો. તારા કરતાં હું ઘણો બળવાન છું. તને ફગાવીને સાધના કરવા બેઠેલા, કેટલાય સાધકોને મેં પછાડયા. સ્હેજ પગથિયું ચૂકયા, તો સંયમના શિખરેથી પતનની ખીણમાં ડૂબી ગયા. પણ મિત્ર! ત્યાં તો મારું પણ ન ચાલ્યું. કયાં આગળ? જાણવું છે તારે?

જે સાધકોની આંખો શાસ્ત્રના અમીરસથી ભરપૂર છે, જેમના તનમાં સાધનાનો તરવરાટ છે, જેમના મનમાં સર્વજ્ઞ ભાવોની સ્ફૂર્તિ રૂંવાડે રૂંવાડે પ્રશમરસ નીતરે છે, હૈયું જેનું સદા વીતરાગને ઝંખે છે, દિલ જેનું દેવાધિદેવ બનવા દોડી રહ્યું છે. અને આખું જીવન પ્રભુ ચરણે સમર્પિત કરી, પ્રભુ આજ્ઞાને શિરોમાન્ય બનાવી પોતાનું વૈરાગ્યવાસિત હૃદય, પોતાની જાતને સુવાસિત બનાવીને જલતા જગતને ઠારવાને માટે પોતાના શીતલ સુવચનોથી વૃષ્ટિ કરે છે. આ રૂપક તો ભલે નાનું છે પણ તેમાં ઘણાં ગહનભાવો ભરેલા છે. નિંદ્રા તથા પ્રમાદ સાધના ક્ષેત્રમાં વિકાસ અટકાવનાર, જાગતા કટ્ટર દુશ્મનો છે. સંસારી ભાવોથી પર થયેલા મહામૂલ્ય આત્મતત્ત્વને મેળવવા પ્રયાણ કરનાર સાધક સંસારી સંબંધને ફગાવીને ગુરૂ ચરણમાં સમર્પિત થાય છે. ત્યારે નિંદ્રા તથા પ્રમાદના સ્વરૂપને જાણવા માટે તે ગુરૂગમ તથા આગમનો સહારો લે છે.

નિંદ્રા તથા પ્રમાદ બંને જીવને સંસારમાં પાડનાર છે. જેઓ નિદ્રામાં જાગૃત બન્યા છે એવા સાધકો પોતાની ક્ષણોને પ્રમાદમાં ગૂમાવતા નથી. અરે! સંસારમાં પણ એવા ભાગ્યવાન પુણ્યશાળી જીવો છે કે જેમનું જીવન જાગૃતિમય છે. તેમના નામ ઇતિહાસના પાને અંકિત થાય છે.

એક વખત ન્યાયાધીશ પોતાની મોટરમાં બેસીને બહાર જઈ રહ્યા હતા, રસ્તામાં મોટર

અટકી ગઈ. ગાડી સાવ ઠંડી પડી ગઈ હતી, તેથી તે ચાલતી ન હતી. ડ્રાઈવરને લાગ્યું કે કોઈ પાછળથી મોટરને ધક્કો મારે તો કદાચ ચાલુ થાય. પણ કોઇને કહેવાની એની હિંમત ચાલતી ન હતી, તે સમયે એક યુવાન ત્યાંથી પસાર થયો, પૂછયું, ગાડી કેમ અટકી ગઈ છે? ડ્રાઇવર કહે ભાઈ! ગાડી ઠંડી પડી ગઈ છે. એને ચલાવવા પ્રયત્ન કરું છું. યુવાન કહે હું ધક્કો મારું છું. તમે સ્ટિયરિંગ સંભાળો. ડ્રાઈવરે કહ્યું ભાઈ! ગાડી વજનદાર છે. એક માણસનો ધક્કો એમાં ચાલે તેમ નથી. પણ મને ધક્કો તો મારવા દો. તેણે પોતાનું બધું બળ ભેગું કરીને ગાડીને એવો ધક્કો માર્યો, કે ગાડી ચાલુ થઈ ગઈ. આ યુવાન ખાનદાન કુટુંબનો દીકરો છે. તે સમજતો હતો કે માનવી માનવને કામ નહીં લાગે તો તેનું જીવન અફળ છે. પશુઓ પણ ખેતીએ જોડાય છે, તો પછી માનવી એટલું પણ નહિ કરી શકે?

આ છોકરાની ખંતથી કામ કરવાની ધગશ જોઇ ગાડીમાં બેઠેલા ન્યાયાધીશને પ્રસન્નતાનો પાર ન હતો. એમણે યુવકને બોલાવી ધન્યવાદ આપ્યા. આ યુવાનના મુખ ઉપર તેજસ્વીતા દેખાતી હતી. ન્યાયાધીશ કહે! તારી ભાવના પવિત્ર છે. તું કયાં જઈ રહ્યો છે? તું બેસી જા મારી ગાડીમાં, જ્યાં ઉતરવું હોય ત્યાં ઉતારી દઈશ. યુવકે કહ્યું, હું યુનિવર્સિટીનો વિદ્યાર્થી છું. ગામડાના ગરીબ માબાપનો દીકરો છું. એમ. એ. સુધી કાયમ પ્રથમ નંબર રાખીને સ્કોલરશીપ મેળવી આગળ વધી રહ્યો છું. વિદેશમાં ભણવા જવા માટે સરકારી શિષ્યવૃત્તિ મળવાની છે. ટુંક સમયમાં હું પરદેશના પ્રવાસે જઇશ. ન્યાયાધીશે પરાણે તે યુવકને ગાડીમાં બેસાડયો. રસ્તામાં ન્યાયાધીશનું ઘર આવ્યું. તેમણે યુવકને કહ્યું. આપ ચાલો મારા ઘેર, તમે મારા પરમ ઉપકારી છો, તમે મને રસ્તામાં ખૂબ સારી સહાય કરી છે.

ભાઈ! માનવ માનવને કામ નહિ આવે તો કોણ આવશે? બસ હું જાઉં છું, પણ ન્યાયાધીશ ઘણો આગ્રહ કરીને ઘેર લઈ જાય છે, પછી નાસ્તાપાણી કરાવ્યા. છોકરો વિચાર કરે છે કે આ ન્યાયાધીશ મને ઓળખતા નથી છતાં મારી કેટલી આગતા-સ્વાગતા કરે છે! થોડી વાર થઇ એટલે ન્યાયાધીશ અંદર ગયા. અંદર જઈને તેમની પત્ની અને દીકરીને કહ્યું. આપ, આ છોકરાને તો દેખો. આ નારાયણ છોકરો ખૂબ વિનય-વિવેકી અને સજ્જન છે. તેનામાં માનવતાની મ્હેંક મ્હેંકી રહી છે, સદાચારની સુવાસ તેના જીવનમાં પ્રસરી રહી છે. છોકરાના મા-બાપ તો ગામડામાં રહે છે ને તદ્દન ગરીબ છે, પણ તેનામાં અમીરાઈ ખૂબ છે.

હવે ન્યાયાધીશ આ છોકરાને કહે છે બેટા! તું તો મને દીકરા જેટલો વહાલો લાગે છે; મને તારા પર ખૂબ પ્રેમ આવે છે. માટે તું અઠવાડીયે આવતો રહેજે. છોકરાને શી ખબર કે ન્યાયાધીશ મને શામાટે બોલાવે છે? છોકરો અઠવાડિયે આવે, બેસે, પછી ચાલ્યો જાય. આમ કરતાં છ મહિના પસાર થઈ ગયા. પછી ન્યાયાધીશે કહ્યું, તારી સાથે મારી દીકરી લક્ષ્મીના લગ્ન કરવા છે. આપ શું બોલો છો? આપના જેવા સુખી ઘરની દીકરી મારે ત્યાં ઉભી નહીં રહી શકે. યુવાને ઘણી આનાકાની કરી પણ ન્યાયાધીશના મનમાં આ છોકરો વસી ગયો હતો. છેવટે છોકરાએ હા પાડી. સગાઇ કરી અને દીકરીના લગ્ન પણ ધામધૂમથી ઉત્સાહપૂર્વક કર્યા. પોતાની લાડકી દીકરીને આવો ભણેલો, ગણેલો, સોહામણો વર મળ્યો એથી માતાપિતા પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા. છોકરાના મનમાં

થયું કે જો હું ઘેર જઈશ તો માબાપ એમ કહેશે કે સુખી ઘરની દીકરી ક્યાંથી લઈ આવ્યો ?

**નારાયણે કરેલો વિચાર :**—લગ્ન થયા પછી નારાયણને વિદેશ જવાનું હતું, એટલે સાસુ સસરા કહે છે, આપ વિદેશ જતા પહેલા મા બાપને મળી આવો, તેમને પગે લાગી આવો. નારાયણ વિચાર કરે છે કે મારું ખંડિયેર જેવું ઘર છે. આ છોકરી મારું ઘર જોશે તો તેનું હૈયું તૂટી પડશે. માટે હમણાં મારું ઘર નથી બતાવવું, એમ વિચારીને તેણે તેના કાકા પર પત્ર લખ્યો. તેના કાકા શ્રીમંત હતા. એમનું કુટુંબ પણ મોટું હતું. ઘર ભર્યું ભર્યું લાગતું હતું. તેથી તેણે કાકાને ઘેર પત્ર લખ્યો; અને પોતાની બધી વાત લખી. આપ હમણાં લક્ષ્મીને તમારે ત્યાં રાખો. આપ એને ખૂબ સાચવજો. નારાયણ લક્ષ્મીને લઈને કાકાને ઘેર આવ્યો. પાંચ દિવસ સાથે રહ્યા પછી નારાયણ પરદેશ જવા ત્યાંથી રવાના થયો. લક્ષ્મીને ખબર નથી કે આ કાકાજીનું ઘર છે; તે તો કાકાકાકીને સાસુ-સસરા માને છે. અને તેમની સેવાભક્તિ કરે છે. થોડા દિવસમાં તો લક્ષ્મીના સ્નેહની, સદ્‌ગુણોની સુવાસ ચારે બાજુ પ્રસરી ગઈ. સાદો છતાં સુંદર પહેરવેશ, વાણીમાં મીઠાસ અને વિનમ્રતા આ બધું જોઈને લોકો આશ્ચર્ય પામી જતા.

**સખીએ ઉઘાડો કરેલો પડદો :**—એક દિવસ લક્ષ્મીની સખી કહે છે અલી ! તારો બાપ આંધળો હતો કે એણે ઘરબાર જોયા વિના તારા લગ્ન કરી દીધા. બહેન ! આ શું ઘર નથી ? લક્ષ્મી તો બિચારી કંઈ જાણતી ન હતી. એને મન તો આ મારું ઘર અને આ મારા સાસુસસરા હતા. એની સખીએ કહ્યું, અહીંથી થોડે દૂર તારું ઘર છે. તે બહુ નાનું છે. ત્યાં તારા સાસુ સસરા રહે છે. આ ઘર તો નારાયણના કાકાનું છે. એ તો વર્ષોથી જુદા રહે છે. ઠીક, તમે મને મારું ઘર બતાવ્યું એ માટે તમારો આભાર માનું છું. સખી ઘેર ગઈ, પછી લક્ષ્મી ઓરડીમાં આવી. એના મનમાં એણે નક્કી કર્યું કે ખંડિયેર ઝુંપડી હોય કે મહેલ હોય, પણ સાસુ સસરા સાથે જઈને રહેવું એ મારું કર્તવ્ય છે. તેણે જરૂરી સામાનની યાદી તૈયાર કરી. પછી પોતાના નોકરને બોલાવી પોતાની ઘરવખરી બધું ખંડેરમાં રવાના કરવા માંડયું. એના કાકાજીને આ વાતની ખબર પડી ગઈ. એમના આશ્ચર્યની સીમા ન રહી. બેટા ! તું આ શું કરે છે ? લોકો મને શું કહેશે ? બીજી ઘણી બહેનોએ એને સમજાવવા પ્રયત્નો કર્યા. લક્ષ્મીએ વિનયપૂર્વક કહ્યું, કાકાજી ! હું આપની ખૂબ ઋણી છું. હું અહીં પણ રહીશ ને ત્યાં પણ રહીશ. બંને ઘર મારા છે. આપ જરાય ઓછું ન લાવશો. આ યાદી અને રૂપિયા લો. એમાં લખેલી વસ્તુઓ મને લાવી આપવા કૃપા કરશો. કાકાજીએ બધી વસ્તુઓ મંગાવી દીધી. તે લઈને લક્ષ્મી પોતાના ઘરમાં આવી. સાસુ ઓટલે બેઠા બેઠા ઘઉં વીણતા હતા. લક્ષ્મીએ જઈને સાસુ સસરાના ચરણમાં વંદણા કરી. સાસુ સસરા તો એને જોઈને આશ્ચર્યમાં ડૂબી ગયા. એમને ખબર ન હતી કે નારાયણે લગ્ન કર્યા છે. લક્ષ્મીએ કહ્યું, બા બાપુજી ! હું આપની પુત્રવધૂ છું. હું આપની સાથે રહેવા આવી

છું. હું આપની સેવા કરીશ. લક્ષ્મીનો વિનય વિવેક જોઈને સાસુ સસરાને ખૂબ આનંદ થયો. બેટા લક્ષ્મી ! તું અમારા ઘરની ભાગ્યલક્ષ્મી બનીને આવી લાગે છે, પણ અહીં આ ખંડેરમાં તારાથી શી રીતે રહેવાશે? બા-બાપુજી! આપ મારી ચિંતા ન કરશો. પ્રભુની કૃપા હશે તો હું આ ખંડેરમાં પણ આપને સ્વર્ગનો અનુભવ કરાવીશ. તમારું ખંડેર મારે મન તો આલીશાન ભુવન છે.

લક્ષ્મી અંદર જઈ ખંડેરમાં ફરી વળી. બીજી એક નાની ઓરડી હતી ને તેની સામે એક ઓસરી હતી. નોકરે સામાન લાવી ત્યાં મૂકી દીધો. લક્ષ્મીએ છાણ, માટી ને પાણી મંગાવી, ઓરડી અને ઓસરી સાફ કરી લીંપણ કરવા માંડ્યું. અગાઉ તેણે બધો સામાન મોકલ્યો હતો તે અને પછી કાકાજી પાસે મંગાવ્યો હતો તે બધો સામાન આવી ગયો. લક્ષ્મીએ રસોઈ કરી, સાસુ–સસરાને જમાડયા. પછી પોતે પૈસા આપીને કાકાજીને કહ્યું, ત્રણેને સૂવા માટે ત્રણ ખાટલા અને કબાટ મંગાવી આપો. કાકાએ બધું મંગાવીને હાજર કર્યું.

**પિતાને લખેલ પત્ર** :–લક્ષ્મીને ખબર હતી કે મકાનની સામેની થોડી જગા અમારી છે, તેથી તેણે મા–બાપને પત્ર લખ્યો. બા–બાપુજી ! આપે આપેલું શિક્ષણ અહીં મને ઘણું કામ આવી ગયું છે. બધી બનેલી હકીકત લખીને સાથે લખ્યું કે મને સાસુ–સસરાની સેવા કરવાની ઉત્તમ તક મળી છે, સાથે આપને જણાવું છું કે અહીંયા અમારી થોડી જગ્યા છે તેના પર મકાન બાંધવું છે. તો બાંધકામ માટે જોઈતી બધી ચીજો આપ મોકલી આપો. આ સમાચાર પહોંચતા ન્યાયાધીશે બે મોટર લોરીઓ ભરીને બધો સામાન મોકલ્યો. સાથે કડિયા, મજુરો, કારીગરો પણ મોકલ્યા, સાથે લક્ષ્મીનો પત્ર આપ્યો હતો. એમાં લખ્યું હતું કે હે પુત્રી ! તેં તો બંને કુળને દીપાવ્યા છે.

**ઘરને સ્વર્ગ બનાવતી પુત્રવધૂ** :–ઘરનું બાંધકામ શરૂ થઈ ગયું. જોતજોતામાં એક મહિનામાં તો મકાન તૈયાર થઈ ગયું. એક રૂમ અને રસોડું બનાવ્યું. ઘર બરાબર તૈયાર થઈ ગયા પછી લક્ષ્મી પોતાના સાસુ–સસરાને ત્યાં લઈ ગઈ. સાસુ–સસરા આ જોઇને આશ્ચર્ય પામી ગયા. આ તો વહુ છે કે દેવી! નારાયણ પરદેશથી આવ્યો ત્યારે તેણે આ બધું જોયું. ઘરના રૂપરંગ બધું બદલાઈ ગયું. ખરેખર લક્ષ્મી તો લક્ષ્મી છે. એક શ્રીમંત સુખી ઘરની દીકરી હોવા છતાં કેટલી ડાહી અને ગુણીયલ છે. કેટલી વિનયી અને વિવેકી છે! ગરીબાઈમાં પણ એણે તો સુખ માન્યું ને ઘરને ઉજજવળ બનાવી દીધું.

આપણા ચાલુ અધિકારમાં પણ મયણરેહા એક આદર્શ સતીરત્ન છે.

**મણિરથ ઉપર તિરસ્કાર** :–મણિરથે યુગબાહુના પેટમાં તલવાર ભોંકી અને તેની કારમી ચીસ સાંભળતા મયણરેહા, પટાવાળા, ચોકીયાતો બધા દોડીને આવ્યા. પતિની આ સ્થિતિ જોતાં મયણરેહાના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઈ, અને ત્યાં બેભાન થઇને પડી. મણિરથ ત્યાંથી ભાગવા જાય છે, તેવો પહેરગીરોએ તેને પકડી લીધો. તેની પાસે લોહી ટપકતી તલવાર હતી તે પડાવી લીધી. બધા યુગબાહુને પડેલો જોઇને, ક્રોધથી

ધમધમી ઉઠ્યા અને મણિરથને કહેવા લાગ્યા, હે પાપી ! હે નરાધમ ! હે માયાવી ! ભાઈને મળવાના બહાને અંદર જઈને તેં તારા નાના ભાઈનું ખૂન કર્યું ! તને જરા પણ શરમ ન આવી ? ચોકીયાતો બધા તેના પર થૂંકવા લાગ્યા. ગડદાપાટુ મારવા લાગ્યા, અને અગ્નિ વરસાવતી આંખો ચઢાવીને લાંબો હાથ કરીને કહેવા લાગ્યા કે, અરે જુલ્મી રાજા ! આ અધમ કૃત્ય કરતાં તારું કાળજુ કંપ્યું નહિ ? ભાઈનો સંબંધ પણ તું ભૂલી ગયો ! અરે ! નીચ ! ગોત્ર–ગરદનના ઘાતકી ! દેશના એક માનીતા ફૂલનો અકાળે નાશ કરીને તું હવે જીવવાની આશા રાખે છે ? પણ આ તલવારથી તારું માથું ઉડાવી દઈશું. અમારા યુવરાજનું લુણ અમારા પેટમાં પડ્યું છે, તેને હલાલ કરવું છે, હરામ કરવું નથી. અમે આટલા બધા જાગતા ને તેં યુવરાજની આ દશા કરી ? હવે તને બરાબર બતાવી દઈશું. આ બધું બન્યું ત્યારે મયણરેહા બેભાન થઈને પડેલી હતી. ગરબડ વધી જવાથી અને ઠંડો પવન આવવાથી તેણી જાગૃત થઈ અને પહેરેગીરો બધાને કહેવા લાગી, ભાઈઓ ! વૈરનો બદલો વૈરથી નથી લેવો. અત્યારે આ અણીનો વખત ધમાલમાં ખોવાનો નથી. તમારા યુવરાજની છેલ્લી પળો જાય છે. જો તમે બધા આજ્ઞાંકિત અને હિતેચ્છુ હો તો તેમનું મરણ સુધારવા આપ બધા અહીં આવો. બાકી જીવે કરેલાં કર્મો તો કોઈને છોડતા નથી. એ વાક્ય પર શ્રદ્ધા કરીને આપ અપરાધીને જતો કરો.

કાળા પાણીએ રડતી, દિલમાં કારમો ઘા વેઠતી મયણરેહા બોલે છે; અહો ! યુવરાજ જીવતાં જો તેણે મને ફસાવવા આટલા પ્રયત્નો કર્યા તો હવે યુવરાજ નહિ હોય ત્યારે મારી શી સ્થિતિ થશે ? મારા ચંદ્રયશનું શું થશે ? અંતરમાં કરૂણ રૂદન ઘુંટાઈ રહ્યું હતું. આંખની પાંપણ પાછળ આંસુઓનો સાગર લહેરાઈ રહ્યો હતો. તે સમજી ગઈ કે આમ કેમ બન્યું ? હવે આની પાછળ પોતાના શીલનું અને જીવનનું શું ? પણ એ બધા વિચાર કરતા પહેલાં તો અત્યારે એ જુએ છે કે પતિ કઈ દશામાં છે ? યુગબાહુ તરફડીયા મારતો ધરતી પર ઢળી પડ્યો અને કહેવા લાગ્યો કે હાય ! આ દુષ્ટે મારી સાથે આવો વિશ્વાસઘાત કર્યો ? મયણરેહાએ મને પહેલેથી કહ્યું હતું કે એ દુષ્ટ છે, પણ મેં તેની વાત માની નહિ, તેનું આ કરુણ પરિણામ આવ્યું ! તે દુષ્ટે મને તો માર્યો છે પણ હવે મારી પત્નીનું અને ચંદ્રયશનું શું થશે ? તે આમ બોલી રહ્યો છે અને તેના હૈયામાં ભાઈ ઉપર ખૂબ ક્રોધ ચઢ્યો છે. મરવાની તૈયારી છે. મયણરેહા જુએ છે કે જો તેઓ ગુસ્સામાં મરશે તો નરકગતિમાં જશે, માટે હમણાં મારો વિચાર પડતો મૂકીને એમનું સુધારવા દે. સતી અજબ હિંમત કેળવીને પતિનું મરણ સુધારવા તૈયાર થઈ છે. હવે ત્યાં શું બનશે તે અવસરે.

## વ્યાખ્યાન નં.-૨૬

**શ્રાવણ સુદ ૧૧ ને સોમવાર** **તા. ૧૦-૮-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! સર્વજ્ઞ, સર્વદર્શીની વાણી ભવ્ય જીવોને તારનારી છે, પાપીને પુનિત કરનારી છે અને ભવાટવીમાં ભૂલા પડેલાને સાચો રાહ બતાવનારી છે. આજે વાણી તો દુનિયામાં ઘણા પ્રકારની છે. પણ વીતરાગ વાણીના તોલે કોઈ ન આવે. જ્ઞાની કહે છે વાણી તો ઘણાને મળી છે પણ વાણી રૂપી રત્નનો સાચો ઉપયોગ કરવાની કળા બધા જાણતા નથી. વાણીનો સદુપયોગ કરતા આવડે તો માનવી મોટામાં મોટા કાર્યો સહેલાઈથી કરી શકે છે, અને વાણીનો દુરુપયોગ કરે તો ભયંકર અનર્થ સર્જી શકે છે. મહાપુરૂષોએ વાણીનો સદુપયોગ કરીને આત્માની ઉન્નતિનો માર્ગ બતાવ્યો. એમણે વાણી રૂપી રથને સત્ય અને મધુરતા રૂપી બે પૈડા બનાવ્યા. જ્ઞાની કહે છે કે જો તમારી વાણીમાં સત્ય અને માધુર્ય નહિ હોય તો તે ઝેરનું કામ કરશે. ઘણાં માણસો સત્ય બોલે છે પણ અપ્રિય બોલે છે, અને તે સામા જીવને દુઃખનું કારણ બને છે. જેમ કોઈ બહેરાને બહેરો કહે, કાણાને કાણો કહે, તો તેને દુઃખ થાય કે નહિ ? થાય. વાત સત્ય છે પણ અપ્રિય છે. મહાપુરૂષોએ કહ્યું છે કે " सत्यं ब्रूयात् प्रियं ब्रुयात् मा ब्रुयात्ऽसत्यम् " સત્ય અને પ્રિય બોલો, પણ સત્ય છતાં અપ્રિય વાણી તમે કદી બોલશો નહિ, કારણકે કડવાશથી ભરેલું સત્ય પ્રભાવહીન બની જાય છે. બીજાને સત્ય-માર્ગનું દર્શન કરાવી શકાતું નથી. વિવેકરહિત કટુતાથી ભરેલું સત્ય ભાષણ કોઈને પ્રિય લાગતું નથી; પણ મધુરતાથી ભરેલી સત્ય વાણી સૌને પ્રિય લાગે છે. તેનાથી માનવી બીજા મનુષ્યોને પોતાની તરફ આકર્ષણ કરી શકે છે ને સાચા રાહ પર ચઢાવી શકે છે. ભગવાનની વાણી સત્ય અને મધુર છે. તેમાં અલૌકિક ઓજસ ભરેલું છે.

ભગવાન મહાવીર સ્વામીની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયનનો અધિકાર ચાલે છે. વિષયવાસનામાં અંધ બનેલો મણિરથ પોતાના સહોદર ભાઈનું ખૂન કરતાં પણ અચકાયો નહિ. જ્ઞાનીઓ અહીંયા સંસારનું સ્વરૂપ સમજાવે છે. સંસાર એ સ્વાર્થનું સમરાંગણ છે. સંસારના સગપણ કયાં સુધી ? જ્યાં સુધી સ્વાર્થ સરે ત્યાં સુધી સૌ સગાં અને સ્વાર્થ ન સરે ત્યારે બધા આઘા.

**કોના રે સગપણ કોની રે માયા, આ જીવ રહ્યો છે લોભાઈ,**
**કોના રે માતા, કોના તાત, જગતમાં કોના ભ્રાત ભોજાઈ.**

આ સંસારમાં કોણ માતા, કોણ પિતા ? કોણ પત્ની ? કોણ કોનું છે ? કોઈ કોઈનું નથી, છતાં સંસારી જીવ મધના ટીપાના સુખ જેવા સંસારમાં લટકી રહ્યો છે. સંસારમાં આસક્ત માનવીની શી દશા થાય છે ? જંગલમાં પસાર થતાં એક માનવીની પાછળ ગાંડો હાથી પડયો. તે માણસના મનમાં થયું કે આ હાથી મારી પાછળ પડયો છે, હમણાં મને ચગદી નાખશે, તેથી તે મરણના ભયથી ભયભીત થતો દોડતો

જાય છે. મરણનો ભય કોને નથી? દરેક જીવોને જીવવું ગમે છે, મરવું કોઈને ગમતું નથી. આ માણસ દોડયો જાય છે, ત્યાં એક કૂવા પર ઉંચે વડના ઝાડની વડવાઇ જોઈ તેને પકડીને લટકી ગયો. ત્યાં નીચે કૂવો છે. તે કૂવામાં ચાર ખુણામાં ચાર ભયંકર અજગરો તેને ગળી જવા મુખ ફાડીને ઉભા છે. હાથી વડની ડાળને મૂળમાંથી ઉખેડવા પ્રયત્ન કરી રહ્યો છે. તે જે વડની વડવાઇએ લટકયો છે, તે ડાળને કાળા અને ધોળા બે ઉંદર કાપી રહ્યા છે. વૃક્ષ ઉપર એક મધપુડો છે, તેમાંથી કોઇ વાર મધના ટીપા ટપકે છે. તે ટીપા પેલા માણસના મુખમાં પડે છે, તેનો તેને ખૂબ મધુર સ્વાદ લાગે છે. મધમાખી તેને કરડવાની ઈચ્છાથી ચારે બાજુ ઉડે છે. મૃત્યુની આવી દુઃખદ સ્થિતિમાં પડેલા માનવને જોઇને ત્યાંથી પસાર થતાં વિમાનમાં રહેલી વિદ્યાધરીને દયા આવે છે. વિદ્યાધરી વિદ્યાધરને કહે છે જુઓ ને! આ માણસ બિચારો કેવા દુઃખમાં છે? આપ વિમાન થોભાવીને તે પુરૂષને લઇ આવો. જેથી વડવાઇ તૂટયે તે કૂવામાં પડીને ભયંકર દુઃખને ન નોતરે.

વિદ્યાધર તે પુરૂષને વિમાનમાં લઇ જવા માટે આવે છે. મધના સ્વાદમાં લોભાઇને તે પુરૂષ વિદ્યાધરને કહે છે ભાઇ! એક મિનિટ થોભી જા. એક ટીપું પડે તે ચાખી લઉં. વિદ્યાધર આ પુરૂષના કહેવાથી થોભી જાય છે. એક ટીપું મળ્યું તો ખરૂં, પણ હવે વધુ સ્વાદ લેવાની ઇચ્છા જાગે છે, તેથી વધુ થોભવા કહે છે. વિદ્યાધર ત્રણ ચાર વાર તેની વિનંતી માન્ય રાખે છે, પણ પેલાને ટીપામાં જ મુગ્ધ થતો જોઈ અંતે તેના નસીબ પર છોડીને વિદ્યાધર ચાલ્યો જાય છે.

બસ, સંસારી જીવોનું સુખ પણ આવું છે. તે પુરૂષના સમાન સંસારી જીવ છે. જન્મ, જરા અને મરણથી યુક્ત સંસાર તે અટવી છે. ગાંડો હાથી પેલા પુરૂષની પાછળ પડયો હતો, તેમ મૃત્યુ દરેક જીવોની પાછળ પડયું છે. ચાર ગતિ સમાન કૂવો છે અને તે કૂવામાં ક્રોધ, માન, માયા, લોભરૂપી ચાર સર્પો છે. મધના ટીપા સમાન સંસારી જીવોનું ક્ષણિક સુખ છે. આયુષ્યરૂપી વડવાઈ છે, તેને રાત અને દિવસ રૂપી બે ઉંદરો કાપી રહ્યા છે. વિદ્યાધર સમાન સદ્ગુરૂઓ જીવોને સંસારમાંથી બચાવવા કહે છે, પણ રસેન્દ્રિય લોલુપ જીવ વિચારતો નથી કે હું કેવી સ્થિતિથી ઘેરાયેલો છું! મધના ટીપા સમાન સંસારના ક્ષણિક સુખોનો આસ્વાદ છોડી શકતો નથી. પરિણામે ચતુર્ગતિ રૂપ કૂવામાં જીવ ફેંકાઇ જાય છે. મૃત્યુ તો જીવ જન્મે ત્યારથી એનો પીછો પકડીને ફરે છે. માણસને કયા સમયે કઈ મિનિટે ઝડપી લેશે તે ખબર નથી. આવા અસ્થિર જીવનનો શું વિશ્વાસ રાખવા જેવો છે.?

એક વખત બે નાની બાલિકાઓ મેદાનમાંથી ગોળગોળ પાંચીકા લઇ આવી. અને રસ્તામાં બેસીને પાંચીકા ( કુકા ) રમવા લાગી. ઘણીવાર સુધી તો તે છોકરીઓ રમી. પછી એક છોકરીએ કહ્યું કે તારો દાવ ચાલ્યો ગયો છે. તારા પાંચીકા પૂરા થઈ ગયા. બીજી છોકરી કહે, જા....જા, તું ખોટું બોલે છે, આથી બંને ઝઘડવા લાગી. પેલી છોકરીએ બીજી છોકરીની પાસેથી બધા પાંચીકા ઝુંટવી લેવા પ્રયત્ન કર્યો પણ તેના હાથમાં બે જ પાંચીકા

આવ્યા. હવે પેલી છોકરી બે પાંચીકાથી રમી શકતી નથી, અને બીજી છોકરી બાકીના ત્રણ પાંચીકાથી પણ રમી શકતી નથી. પેલી છોકરીઓ અરસપરસ એકબીજાને ગાળો આપવા લાગી, બંનેનો ઝગડો વધતો ગયો, તેવામાં ઘરમાંથી તે બંનેની માતાઓએ બૂમ પાડી. ચાલો ઘેર, સ્કૂલનો ટાઈમ થઈ ગયો છે. જમવા બેસી જાઓ. બંને છોકરીઓએ પોતાની પાસે જે પાંચીકા હતા, તે મેદાનમાં ફેંકી દીધા અને પોતપોતાના ઘરમાં ચાલી ગઈ.

આ સંસારની દશા પણ આવી જ છે. સાથે કાંઈપણ લાવ્યા નથી, ને કંઈપણ લઈ જવાનું નથી. છોકરીઓ મેદાનમાંથી પાંચીકા લઈ આવી, તેમ મનુષ્ય કાળા ધોળા કરીને, મહેનત કરીને ધન એકઠું કરે છે, પછી તે ધન માટે છોકરીઓના પાંચીકાની જેમ લડાઈ–ઝઘડા ચાલે છે, ધનના ભાગ માટે કોર્ટે જાય છે, અને જ્યારે મૃત્યુ બોલાવે ( આવે ) છે ત્યારે જેમ છોકરીઓ પાંચીકા ફેંકીને જતી રહી તેમ ધન માલ મિલકત ઘર બધું અહીં છોડીને ચાલ્યા જાય છે. જેણે આખી જિંદગી મારું મારું કર્યું તે પણ બધું છોડીને ચાલ્યો જાય છે, માટે માનવ જીવનને સફળ બનાવવા ધર્મને આંગણે આવીને આત્માની અમરતાને જાણીને તે તરફની પગદંડીના પ્રવાસી બનવા આજથી ઉદ્યમવંત બનવા તત્પર બનો ! આવતી કાલની રાહ ન જોશો. પાપના કાર્યમાં વાયદા કરજો પણ ધર્મના કાર્યમાં વાયદા ન કરશો.

**પાપના કાર્યો કલી કલી પણ ધર્મના કાર્યો તો અભી અભી** કરી લો. તમને જે બુદ્ધિ મળી છે તે બુદ્ધિથી હેય–જ્ઞેયનો વિચાર કરજો. બીજાને સાચી સલાહ આપજો, પણ કોઈ ને ખોટા રસ્તે વાળશો નહિ. પાણીમાં તરાય પણ ખરું અને ડૂબાય પણ ખરું. બુદ્ધિના બેતાજ બનીને બીજાનો પરોપકાર કરાય પણ બુદ્ધિના બુધ્ધુ બની બીજાનું અહિત ન કરાય.

ચાર વણિક મિત્રો હતા, પણ તેમના પાપનો ઉદય એટલે ગમે તેટલી મહેનત કરે તો પણ સુખી ન થયા. ચારેની બુદ્ધિ ઘણી છે, પણ જ્યાં કર્મો આડા હોય ત્યાં શું ? ચાર મિત્રોમાંથી એક મિત્ર કહે–મિત્રો ! આ જગતમાં ધન વિનાની શું જિંદગી છે ? દુનિયામાં નિર્ધનની કિંમત કેટલી ? કંઈ નહિ. આપણે આ નગર છોડીને બીજે ગામ જઈએ, ત્યાં મહેનત કરીશું અને કિસ્મત અજમાવીશું. ઘણીવાર એવું બને છે કે માણસને ગામમાં ન મળે પણ પરદેશમાં તેનું પ્રારબ્ધ ખીલે છે. ચારે મિત્રોએ પરદેશ જવાનું નક્કી કર્યું. ચારે મિત્રોએ શુભ દિવસે પ્રયાણ કર્યું. પગપાળા ચાલ્યા જાય છે. રસ્તામાં ચાલતા ચાલતા તેમના પગ સાથે કંઈક અથડાયું. જોયું તો લાગ્યું કે ચરૂ અથડાયો છે. ખાડો ખોદીને ચરૂ કાઢયો. તો તેમાંથી ૫૦૦ સોનામહોરો નીકળી. આથી ચારે મિત્રો ખુશખુશ થઈ ગયા. કિસ્મત જ્યારે તુઠે છે ત્યારે છપ્પર ફાડીને આપે છે. જેને ત્યાં રોજના દશ–દશ હજાર રૂપિયા ખર્ચાતા હોય તેને મન ૫૦૦ સોનામહોર કંઈ ન કહેવાય, પણ જેણે સો રૂપિયા પણ જોયા ન હોય તેને તો આટલા મળે એટલે કેટલો આનંદ થાય ! પુણ્ય–પાપના ખેલ છે. પુણ્યોદયે પૈસા મળે પણ એમાં લલચાવા જેવું નથી.

આ મિત્રો એકબીજાને કહે છે, આપણે તો અહીંથી આગળ જવું છે. રસ્તામાં સાથે ૫૦૦ સોનામહોરો હોય તો જોખમ કહેવાય. રસ્તામાં કોઈ ચોર–ડાકુ મળે તો લૂંટી

જાય, માટે કોઈને ત્યાં થાપણ મૂકીને જઈએ, પાછા આવીશું ત્યારે લઈ લઈશું. અહીં મૂકવી કોને ત્યાં ? ચારે મુંઝાય છે. થોડું ચાલ્યા ત્યાં એક કૂવો આવ્યો. કૂવા કાંઠે ચાર સખીઓ સાથે પાણી ભરવા આવી. એમને જોઈને કોણ જાણે કેમ પેલા વણિકોને ઇચ્છા થઈ અને વિશ્વાસે પૂછ્યું, બેનો ! અમારી એક વાત સાંભળશો. અમારી પાસે ૫૦૦ સોનામહોરો છે. અમારે બહારગામ કમાવા માટે જવું છે. તો અમારી ૫૦૦ સોનામહોરો સાચવશો ? ચારે સખીઓએ હા પાડી, એટલે ચારે મિત્રોએ ચારે સખીઓને સરખે ભાગે ૧૨૫-૧૨૫ સોનામહોર સાચવવા આપી દીધી. ચારે સખીઓ થાપણ લઇને ઘેર જવા તૈયાર થઈ. ત્યાં એક મિત્રે કહ્યું, બેનો ! અમો આપને ઓળખતા નથી. આપના વિશ્વાસે તમને સોંપી પણ તમે કયાં રહો છો ? તે તો કહેતા જાવ, જેથી અમને જરૂર પડે ત્યારે શોધવામાં મુશ્કેલી ન પડે.

પહેલી સખી કહે, મારું ઠેકાણું "હાથમાં ઘર" છે. મિત્રો મૂંઝાયા. આ તે કંઈ ઠેકાણું કહેવાય ! અમે કેવી રીતે આપનું ઘર પૂછતાં આવીએ. બીજી સખીને પૂછ્યું, તમારું ઠેકાણું કયાં ? તેણે કહ્યું, "ઘરમાં ઘર" છે. ત્રીજીને પૂછ્યું, તે કહે, મારું ઠેકાણું "આંખમાં ઘર" અને ચોથીએ કહ્યું, "પર ઘર વાસ" છે, ત્યાં રહીએ છીએ. આમ બોલીને ચારે સખીઓ ચાલી ગઈ. ચારે મિત્રો મૂંઝાયા. આપણે બહુ ઉતાવળા બનીને કાર્ય કર્યું. કહેવત છે ને **"ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર."** કોઈ પણ કામમાં ખૂબ ઉતાવળ કરીએ તો પાછળથી પસ્તાવાનો સમય આવે છે, માટે કોઈ પણ કાર્ય કરતાં પાંચ મિનિટ ધીરજ ખમી જવી, તો કંઈ નવો રસ્તો નીકળે. એક મિત્ર કહે, વગર વિચાર્યું કામ થયું. થાપણ આપી દીધી, ધન વિના ધંધો નહિ, ધંધા વિના ધાન્ય નહિ ને ધાન્ય વિના કાર્ય નહિ. હવે શું કરવું ? બીજો મિત્ર કહે-હવે ડહાપણનો દરિયો ડહોળવાથી શું ? આટલું બધું ડહાપણ હતું તો કાર્ય કરતા પહેલાં કહેવું હતું ને ! પછી કહ્યું, એમાં ગુનો તો નથી કર્યો ને ? તમારી થાપણ ભલે રહી. હું મારી લઈ આવીશ, અને પછી બહારગામ જઈશ.

મિત્ર ! એમ નથી કરવું. વાટે ને ઘાટે ભાત છોડીએ પણ સાથ ન છોડીએ. તું જેમ કરશે તેમ અમે પણ કરીશું. બસ, તો ચારે સખીઓના જ્યાં ઘર છે ત્યાં તપાસ કરો અને થાપણ મેળવો, પછી કમાવા જઈશું. ચારે મિત્રો તપાસ કરવા લાગ્યા, પણ સંકેત પ્રમાણે રહેઠાણની જગ્યા મળતી નથી. ચારે સખીઓ ભારે બુદ્ધિશાળી. બુદ્ધિ તો સૌની સ્વતંત્ર છે. કોઈની દીધી દેવાતી નથી. ચારે સખીઓ ગજબની નીકળી. આપણને શીશામાં ઉતાર્યા. ચારેના મુખ ઉદાસ થઈ ગયા. જે ધન માટે ગામ છોડયું, ઘર છોડયું, સ્નેહીઓ છોડયા, તે ધન ક્ષણમાં હાથતાળી આપીને ચાલ્યું જાય તો કેવું થાય ? એક હિંમતવાન મિત્રે કહ્યું. આપત્તિના સમયમાં હિંમત રાખીને કોઈ માર્ગ તો કાઢવો જ પડશે ને ! ચાલો આપણે રાજા પાસે ફરિયાદ કરીએ. પ્રજાના સુખ-દુઃખના સાથી રાજા છે. મિત્રોએ રાજાને વાત કરી. રાજાએ કહ્યું, તમારું દુઃખ એ મારું દુઃખ છે. હું હમણાં

તપાસ કરાવું છું. રાજાએ બધે તપાસ કરાવી પણ કાંઈ સમાચાર ન મળ્યા. સંકેત ભાષામાં જણાવેલા ઠેકાણા બુદ્ધિપૂર્વક આપ્યા હતા, તેથી કયાંથી મળે ? બુદ્ધિપૂર્વકના કાર્યનો ઉકેલ બુદ્ધિથી આવે છે. શરીર, સત્તા કે સંપત્તિથી નથી આવતો. રાજાને થયું કે આ કામ પ્રધાનનું છે, એટલે એ કામ મંત્રીને સોપ્યું. મંત્રી કહે ભલે, હું આ કાર્ય કરીશ.

બુદ્ધિનો ખજાનો પ્રધાનમાં હોય છે. જો પ્રધાન બુદ્ધિશાળી હોય તો જ રાજ્ય સારી રીતે ચાલી શકે. પ્રધાને બુદ્ધિથી નિશાની મુજબ સખીઓને ત્યાં પોતાના અંગત ચતુર માણુસને મોકલ્યો. ચારે સખીઓએ બીજી નવી વાત કરી. તેમણે કહ્યું, તમે જે માટે અત્યારે આવ્યા છો તે અત્યારે નહિ થાય પણ "રાજા મરે ને પ્રધાન ગાદીએ બેસે ત્યારે." બીજી કહે "દીકરીએ ફૂલ ઉગે ત્યારે." ત્રીજીએ કહ્યું, "લોખંડનો ઘોડો લાકડે ચઢે ત્યારે" અને ચોથીએ કહ્યું, "પથરો દાણા ચાવે ત્યારે." આવીને તમારી થાપણો લઈ જજો. કેવી વાતો કરી ? બુદ્ધિહીન તો સમજી શકે જ નહિ. બુદ્ધિ કોઈના બાપની છે ! સ્ત્રીમાં પણ કેવી અજબગજબની શક્તિ ! આ ગૂઢ વાતમાં કેવો સંકેત ભર્યો છે, એનો ઉકેલ બુદ્ધિવિહીન તો લાવી શકે જ નહિ.

પ્રધાને તો ચારે મિત્રોને કહી દીધું. તમારી થાપણ કાલે સવારે મળી જશે. આપ આવીને લઈ જજો. અમારા જેવા ગરીબની મજાક શા માટે કરો છો ? અમે તો ધનથી ગયા ને પાછા હાંસીને પાત્ર બન્યા ! મંત્રી કહે–આ મજાક નથી. તમે વિશ્વાસ રાખીને સવારે આવજો. ભલે, શ્રદ્ધાથી અમે જઈએ છીએ એમ કહી ચારે મિત્રો ગયા. બીજે દિવસે પ્રભાતે આવ્યા તો થાપણુ તૈયાર હતી. રાજાએ તો રાજસભા ભરી છે. ચારે મિત્રો પણ આનંદભર્યા હૈયે આવી ગયા છે. અત્યારે કોઈ બહાદુરીની કિંમત આંકવાની નથી. અહીં તો બુદ્ધિના બગીચામાં જ્ઞાનના પુષ્પો ફાલ્યાફુલ્યા છે. એ ફૂલોને ઉગાડનારની કિંમત આંકવાની છે. રાજાએ કહ્યું પ્રધાનજી ! આપ જરા વિસ્તારથી કહો કે તે સંકેતભાષાને તમો કેવી રીતે સમજ્યા ? પ્રધાન ઉભા થયા અને પ્રિય વાણીથી બોલ્યા. ગૂઢભાષામાં જે સંકેત હતો તેનો અર્થ મેં આ પ્રમાણે કર્યો. "હાથમાં ઘર" એટલે શીલવતી સ્ત્રીઓ હાથમાં મેંદી લગાડે છે એટલે મેંદીનું ઝાડ જે ઘરના આંગણામાં છે ત્યાં તપાસ કરાવી, તો તેણે કહ્યું, રાજા મરે અને પ્રધાન ગાદીએ બેસે ત્યારે આવજો. એનો અર્થ એ થયો કે સૂર્યરૂપી રાજા અસ્ત થાય અને ચંદ્રરૂપી પ્રધાન ગાદીએ બેસે ત્યારે થાપણુ લઈ જવી. રાત્રે થાપણુ લેવા માણુસને મોકલવાથી "થાપણુ" આવી ગઈ. શું એક નારીની બુદ્ધિ ! રાજા કહે મારી પ્રજાના પ્રાણુમાં અગમ્ય બુદ્ધિની તેજસ્વીતા છે, તેથી મને ખૂબ આનંદ થયો છે. બધાને હવે બીજા કોયડાનો ઉકેલ શું હશે ? એ જાણુવાની ચટપટી લાગી.

મંત્રીજીએ બીજા કોયડાનો ઉકેલ કરતા કહ્યું-બીજી સ્ત્રીએ કહ્યું હતું "ઘરમાં ઘર છે". એટલે મેં નક્કી કર્યું કે નાળીયેરમાં કાચલું અને અંદર કોપરું હોય છે. તેથી નાળીયેરનું ઝાડ જેના ઘરના આંગણામાં હોય ત્યાં તપાસ કરવા માણુસને મોકલ્યો, ત્યારે તેણે કહ્યું, દીકરીએ ફૂલ ઉગે ત્યારે આવજો, એટલે કોડિયામાં દીવા થાય ત્યારે થાપણુ

લઈ જજો. એ સમયે માણસને મોકલવાથી થાપણ આવી ગઈ છે. બુદ્ધિના ચમકારા સાંભળતા પ્રજાના મુખમાંથી "વાહ વાહ"ના પોકારો થવા લાગ્યા. બુદ્ધિના સદ્ગુણાકાર તે આનું નામ. ત્રીજી સ્ત્રીએ "આંખમાં ઘર" છે. એમ કહ્યું હતું, તેથી મારા મનમાં થયું કે ચણોઠીને કાળું ધાબું છે, એટલે ચણોઠીનું ઝાડ જેના ઘરના આંગણામાં હોય ત્યાં તપાસ કરવી. ત્યાં માણસને મોકલ્યો ત્યારે તેણે કહ્યું–"લોખંડનો ઘોડો લાકડે ચઢે ત્યારે આવજો, એટલે લાકડાના બારણે આંગળીયો દેવાય ત્યારે આવજો. તે પ્રમાણે માણસને મોકલતાં થાપણ પાછી આવી ગઈ.

ચોથી સ્ત્રીએ કહ્યું હતું કે મારું સરનામું "પરઘર વાસ" છે. તેથી મેં વિચાર કર્યો કે પરઘર વાસ કરનાર કેવડો હોય છે, એટલે કેવડો જેના આંગણામાં ઉગે તેના પાડોશીને સુગંધ મળે છે. આથી મેં ત્યાં તપાસ કરવા માણસને મોકલ્યો ત્યારે તેણે કહ્યું "પથરો હાથા ચાવે ત્યારે આવજો." એટલે એનો અર્થ એ થાય કે પ્રાતઃકાળે ઘંટી દળવાનું કાર્ય કરે ત્યારે આવજો. એ પ્રમાણે સવારમાં થાપણ આવી ગઈ. ચાર સ્ત્રીઓના કોયડા અને પ્રધાનના બુદ્ધિભર્યા જવાબ સાંભળી સૌ અવાક્ બની ગયા. સમજણ અને અને સૂઝ વચ્ચે જામેલ આ સરવાળો સાંભળી બધાને થયું કે આપણા નગરમા નારી–રત્નો આવા બુદ્ધિશાળી છે. રાજાએ આ બુદ્ધિ રત્નોનું સન્માન કર્યું. બધા વિદાય થયા.

આવી નારીરત્ન મયણરેહાને પોતાનો પ્રાણપ્રિય પતિ યુગબાહુ મરણ પથારીએ પડયો છે, તેથી દિલમાં ખૂબ આઘાત છે; પણ સતીએ એકજ વિચાર કર્યો કે અત્યારે મારું કર્તવ્ય એ છે કે તેમનું મૃત્યુ સુધારવું. તે જુએ છે કે પતિ ગુસ્સામાં છે. તેમને મરણાન્ત ઘા લાગ્યો છે. બચવાનો કોઈ ઉપાય નથી. મૃત્યુની તૈયારી છે. જો ગુસ્સો લઈને મરશે તો બિચારાની ભયંકર દુર્ગતિ થશે, માટે હમણાં મારો વિચાર પડતો મૂકી એમનું મરણ સુધારવા દે. જો ક્રોધમાં મરે તો નરકાદિ દુર્ગતિના ત્રાસ! અને પાછો ધર્મ કોઈ આપનાર નહિ, એટલે ત્યાંથી મરીને પણ આગળ દુઃખમય ભવોની પરંપરા! કેવી ભીષણ કટોકટી! એ દુર્ગતિની હડફેટે ચઢી જાય તો એમનું શું?

મયણરેહા અસાધારણ સન્નારી હતી. તેનું હૈયું પવિત્ર અને વિશુદ્ધ હતું. તેણે પોતાના પતિનું આત્મહિત વિચાર્યું. જે થવાનું હતું તે થઈ ગયું. થયેલું હવે ફરનાર નથી. હવે તે બચનાર નથી. ત્યારે તેમનું મન પ્રશાંત થવું જોઈએ. તેમનો પરલોક ન બગડવો જોઈએ. તેમની કષાયની આગ શાંત કરી સમતા અને સમાધિ સાથે કેમ સદ્ગતિ થાય તે રીતે વાતચીત કરે છે. આ છે મયણરેહાની સ્વજન–મૈત્રી. ઉપકારી મૈત્રી અને આત્મમૈત્રી. પોતાના દુઃખનો વિચાર નહિ. સૌભાગ્ય કે વૈધવ્યનો કોઈ વિચાર નહિ. પતિના હત્યારા મણિરથ પ્રત્યે પણ એ સમયે કોઈ વેર–વિરોધ નહિ! આવી ભયંકર દુર્ઘટનામાં મગજનું સંતુલન રાખવું શું સામાન્ય સ્ત્રી માટે સંભવિત છે ખરું? સામાન્ય અને સાધારણ સ્ત્રીનું કામ નહિ.

**અંતિમ સમયે પતિને બોધ આપતી સતી :** મયણરેહાએ વજ્રની છાતી કરી પતિનું માથું ખોળામાં લીધું, અને ગદ્ગદ્ કંઠે કહેવા લાગી, હે મહાયશ! તમે એક

શત્રુ પણ મનમાં ખેદ કરશો નહિ. તલવાર મારનાર બીજું કોઈ નથી પણ મારા કારણે તમારી ઉપર તલવારનો ઘા પડયો છે. જે બન્યું છે તે પોતાના કર્મનું પરિણામ છે. સ્વકર્મનો વાંક છે. એમાં બીજા કોઈનો વાંક નથી. તમારો ભાઈ તમારો શત્રુ કે વૈરી નથી, પણ કર્મો આપણા શત્રુ છે. માટે આપ કોઈનો દોષ ન જોશો. ભાઈ પ્રત્યે શત્રુતા કે દુશ્મનતા ન રાખશો. તમે પૂર્વભવમાં એમને માર્યા હશે તો આ ભવમાં તેમણે તમને માર્યા છે. અત્યારે તેમના પર દ્વેષભાવ રાખશો નહિ. આપ પ્રાણી માત્ર ઉપર મૈત્રીભાવના ધારણ કરો. તમારાથી રાજકાર્ય કરતાં બીજાની હાનિ પણ થઈ હશે. તમે જેમનો અપરાધ કર્યો છે તેમની પાસે ક્ષમા માંગો અને જેમણે તમારો અપરાધ કર્યો છે તે લોકોને ક્ષમા આપો. આપ ધૈર્ય રાખો. ક્રોધ કરી નવું વૈર બાંધશો નહિ.

**સતીના બોધથી આત્મ જાગૃતિનો રણકાર :** મયણરેહાની આ વાતો સાંભળી યુગબાહુના મનમાં થયું કે અહો ! આ સતી મને કેવી સારી શિક્ષા આપી રહી છે. મને તો મોટાભાઈ પ્રત્યે ક્રોધ આવ્યો હતો, અને આ પત્ની અને પુત્રની ચિંતા કરતો હતો, પણ મારા આત્માની ચિંતા કરતો નહોતો. મારા આત્માનું શું થશે તેનો વિચાર પણ કર્યો ન હતો, પણ મારી ધર્મપત્ની મને આત્માનું કલ્યાણ કરવા માટે ઘણી ઉત્તમ શિખામણ આપે છે. ખરેખર મયણરેહા એ માત્ર પત્ની જ નહિ પણ મારી સાચી ધર્મપત્ની છે. મયણરેહા કહે છે નાથ ! આપ માનો છો કે મારું મૃત્યુ નજીક આવ્યું છે, પણ આપ વિચાર તો કરો કે વાસ્તવમાં મૃત્યુ કોનું થવાનું છે ? શરીરનું મૃત્યુ થવાનું છે કે આત્માનું ? આત્મા તો અજર અમર છે અને દેહ નશ્વર છે. આત્મા અવિનાશી છે અને શરીર વિનાશી છે. આવા ભાવ કેળવો. આપ મૃત્યુ માનો છો પણ હું તો કહું છું કે આ મૃત્યુ નહિ પણ મહોત્સવ છે. જ્ઞાની આત્માઓ મૃત્યુને મહોત્સવ માને છે. ઘાસની ઝુંપડીમાં રહેનારને કોઈ રાજા એમ કહે કે મારા મહેલમાં આવીને રહે તો શું તેને ઘાસની ઝુંપડીનો ત્યાગ કરતા દુઃખ થાય ખરું ? તે માણસ તો હસતો હસતો ઘાસની ઝુંપડીને છોડશે પણ ઝુંપડી છોડતા રડશે નહિ, માટે તમે મૃત્યુને દુઃખરૂપ ન માનો. તમારા માટે વિશેષ પ્રસન્નતાની વાત તો એ છે કે તમારા ભાઈએ તમારી ઉપર તલવારનો ઘા એવો ન કર્યો કે જેથી ધડથી શરીર જુદું થઇ જાય, પણ એવી રીતે ઘા કર્યો કે આપને આટલો સમય મળી ગયો કે જે સમયમાં તમે પરલોકનું ભાતુ બાંધી શકો. જો તમારા ભાઈએ તલવારના એક ઝાટકેથી શિરચ્છેદ કર્યો હોત તો પરલોકનું ભાતુ બાંધવાનો વખત તમને કયાં મળત ? માટે જે અમૂલ્ય સમય અત્યારે હાથમાં છે તેનો સદુપયોગ કરવા મારી વાત ઉપર ધ્યાન આપો. આપ મારી કે ચંદ્રયશની ચિંતા કરશો નહિ. હજાર હાથવાળો પ્રભુ અમારા રક્ષણ માટે બેઠો છે.

**મૃત્યુ એટલે કલ્પવૃક્ષ :** મયણરેહાનો આ વૈરાગ્ય ભર્યો ઉપદેશ આપણે બધાએ ગ્રહણ કરવા જેવો છે. કલ્યાણ મિત્ર બનેલી મયણરેહાના બોલ કેવા ભવ્ય અને ભાવવાહી છે ! તે કહે છે હે મહાયશ ! આપ મૃત્યુને કલ્પવૃક્ષ માનો. ભાવ સારા રહેશે તો તમને

અવશ્ય સારું ફળ મળશે. વીરપુરૂષો મૃત્યુ સાથે સંગ્રામ ખેલે છે. તમે તો શૂરવીર છો, માટે તમારે મૃત્યુ સાથે સંગ્રામ ખેલતા ભય ન રાખવો જોઈએ. કાચા ઘડાને અગ્નિમાં પકાવ્યા બાદ તેમાં પાણી રહી શકે છે, તે રીતે મૃત્યુનો તાપ સહ્યા પછી આત્મા સુખ પામી શકે છે. હે નાથ! તમે ભાઈ ઉપર દ્વેષ કે મારા ઉપર રાગ ન રાખો, પણ રાગ, દ્વેષ અને અઢાર પાપોનો અંત સમય સુધી ત્યાગ કરી દો. રાગ દ્વેષનો ત્યાગ કરવાથી તમારો આત્મા પવિત્ર બનશે. જે પોતાના સ્નેહી હોય છે તે પ્રવાસના સમયે માર્ગમાં ખાવા માટે ભાતુ બાંધી આપે છે તે પ્રમાણે હું પણ આપને આ પરલોકની યાત્રા કરતી વખતે આ લોકોત્તર ભાતુ બાંધી આપું છું. તમે મારા આ કથનોને પ્રવાસ માર્ગમાં ખાવાનું ભાતુ સમજજો. બસ, આપ સર્વ મમત્વને છેદી નાખો. હવે તો કાયા પણ પડવાની તૈયારીમાં છે, માટે શરીર પરથી પણ મમત્વ ઉઠાવી લો. એનું જે થવું હોય તે થવા દો. મમત્વ હવે માત્ર પોતાના આત્માનું કરો કે હવે મારા આત્માને કષાયથી કાળો હરગીજ નહિ કરું. અનંતજ્ઞાન સંપન્ન શ્રી સિદ્ધ ભગવાન તથા અરિહંત ભગવાન બધાની સાક્ષીએ જીવનના સર્વ દુષ્કૃત્યોની ખૂબ નિંદા કરો. મનમાં એજ ચિંતવો કે વીતરાગ અરિહંત પરમાત્મા એ સાચા દેવ છે. પંચમહાવ્રતધારી, સંસાર ત્યાગી મહાત્માઓ એ સાચા ગુરૂ છે અને સર્વજ્ઞ ભગવંતોએ કહેલો ધર્મ એ પ્રમાણભૂત છે. હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહાદિ પાપોનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરો. એ પાપો હવે જીવનભર મન, વચન, કાયાથી કરીશ નહિ, કરાવીશ નહિ અને કરતાને અનુમોદન આપીશ નહિ, એવા પચ્ચખ્ખાણ કરો. મનમાં નવકારમંત્રનું સ્મરણ કરો. જેના દશપ્રાણ નવકારમંત્રના સ્મરણ સાથે જાય છે તે કદાચ મોક્ષમાં ન જાય તો વૈમાનિક દેવ અવશ્ય થાય છે. માટે રટણા કરો નવકારમંત્રની, અંતિમ સમયે ધર્મની રટણા વિના બીજું કામે ય શું લાગે? માતપિતા, પુત્ર-પત્ની એ બધા તો મૃત્યુ સમયે છૂટી જાય છે. એક માત્ર ધર્મ જ પરલોક જતાં સાથે સહાયમાં રહે છે, માટે હે મહાનુભાવ! આપ આપના આત્માને નવકારમંત્રના ધ્યાનમાં જોડી દો. ક્યાંય મમત્વ કરશો નહિ.

**સદ્દગતિ-દુર્ગતિનો આધાર મૃત્યુ:** મયણરેહાના મૈત્રી પૂર્ણ અને મધુર શબ્દો યુગબાહુના અંતરાત્માને સ્પર્શી રહ્યા છે. અંતરાત્મામાંથી અશુદ્ધ ભાવોને દૂર કરીને શુદ્ધ ભાવો સ્થાપિત કરવા તે કંઈ મામુલી ઓપરેશન નથી. તે એક ગંભીર અને મોટું ઓપરેશન છે. જેમ માણસનું હૃદય બદલવાનું ઓપરેશન ગંભીર હોય છે તેમ હૃદયગત ભાવોનું પરિવર્તન કરવાનું ઓપરેશન પણ ગંભીર હોય છે. શરીરની અંદરના ખરાબ અવયવ દૂર કરીને સારા અવયવ મૂકનાર ડોકટરનું લક્ષ્ય દરદીને જીવતો રાખવાનું હોય છે તેમ મનના અશુદ્ધ વિચારો દૂર કરીને પવિત્ર-વિશુદ્ધ વિચારોને સ્થાપિત કરનારનું લક્ષ્ય જીવાત્માની ભવપરંપરા સુધારવાનું હોય છે. મયણરેહા અત્યારે યુગબાહુના પરલોકના હિતનો જ વિચાર કરે છે. એ જાણે છે, સમજે છે કે મૃત્યુ સમયે માણસના જેવા મનોભાવ હોય છે, જેવા અધ્યવસાય હોય છે, જેવી લેશ્યા હોય છે તે અનુસાર માણસની

સદ્‌ગતિ કે દુર્ગતિ થાય છે. હજુ મયણરેહા તેના પતિ યુગબાહુને કેવા મીઠાં વચનોથી સદ્‌બોધ આપશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર** :—સાગરદત્ત શેઠ અને શેઠાણી ઉદયચંદ્ર શેઠને ત્યાં જમવા જવાની ના પાડતા હતા, પણ આગ્રહ કરીને લઈ ગયા, પણ કર્મનો ઉદય શું કરે છે. કાના ફૂટલી થાળીની શોધ કરે છે, પણ કોઈને બુદ્ધિ સુઝતી નથી કે થાળીઓ ગણી તો જોઈએ. કોઈ થાળી ગણતા નથી. કાના ફૂટલી થાળી ક્યાં ગઈ, ક્યાં ગઈ કરે છે ત્યારે કેટલાક કહે છે કે એક પરદેશી માણસ ફાટલા તૂટલા કપડાં પહેરીને આવ્યો હતો, જેમને શેઠે બધા શેઠ–શાહુકારની પંક્તિમાં જમવા બેસાડયો હતો, તે થાળીના કાનાને કંઈક કરતો હતો. અમને તો ત્યારે લાગ્યું હતું કે આ ચોર તો નહિ હોયને? તે થાળીનો કાનો કાઢવા પ્રયત્ન કરતો હતો, માટે લાગે છે કે તે જ થાળી લઈ ગયો હશે. આ સાંભળીને ઉદયચંદ્ર શેઠ કહે છે, આપ બધા તેમની તપાસ કરો. તેમને પકડીને લઈ આવો, અથવા ત્યાં જઈને શામ-દામ અને દંડથી તેને ધમકી આપીને થાળી લઈ આવો. જો તે ન સમજે તો મારકૂટ કરજો પણ થાળી લઈને આવજો.

**શેઠના માથે આવેલું કલંક** :—આ બાજુ સાગરદત્ત શેઠ અને તારામતી શેઠાણી બંને ઝુંપડીમાં બેઠા બેઠા સુખદુઃખની વાતો કરે છે. શેઠ કહે છે, શેઠાણી! આપણી પાસે સોનાના પાંચસો થાળ હતા તે તો ગયા પણ કાનાફૂટલી થાળીને હું કાનો મૂકીને જોવા ગયો, ત્યાં તો કાનો ફીટ થઈ ગયો. પછી નીકળ્યો નહિ. આપણી પાસે એટલી મૂડી હતી તે પણ જતી રહી. શેઠને ઘેર જે ૫૦૦ થાળ છે તે મને તો લાગે છે કે આપણા જ થાળ પાછા અહીં આવ્યા ન હોય! આપણા પુણ્ય પરવાર્યા ને આ શેઠના પુણ્યનો ઉદય થયો. એમાં કાંઈ નવાઈ નથી. આ રીતે બંને વાતો કરી રહ્યા છે. એટલામાં ઉદયચંદ્ર શેઠનો મુનિમ આ શેઠને શોધતો શોધતો અહીં આવ્યો. આવીને કહે છે તમે અમારા શેઠની સોનાની થાળી ચોરીને લઈ આવ્યા છો તે આપો. શેઠ કહે–થાળી શું ને વાત શું? મુનિમજી તો ગુસ્સામાં આવીને કહે છે, એક તો તમોને જમવા બોલાવ્યા, બધું જમાડયું, અને જેનું ખાધું તેના ઘેરથી જ ચોરી કરીને સોનાની થાળી લઈ આવ્યા? શેઠ તો બિચારા તદ્દન નિર્દોષ છે. એ તો કંઈ વાત જાણતા ન હતા.

**શેઠ કહે મૈં થાલ ન લાયો, મુનિમ કર વિશ્વાસ,**
**મુનિમ કહે જો ઇજજત ચાહો, ઝટપટ દેવો રે પ્રકાશ.**

શેઠ કહે ભાઈ! હું થાળી લાવ્યો નથી. આપ મારા પર વિશ્વાસ રાખો. અમે કેટલા કષ્ટો ભોગવીએ છીએ, છતાં ચોરી આદિ પાપ તો કોઈ દિવસ કરતા નથી. મુનિમ કહે, આપે જ લીધી છે. આપ અમને થાળી નહીં આપો તો અમે અહીં બેસી રહીશું, પણ થાળી લઈને જઈશું. જો આપને આપની ઇજ્જત–આબરૂ વહાલી હોય તો આપ અમને બતાવો કે થાળ ક્યાં મૂક્યો છે? મુનિમજીએ શામ, દામ, દંડથી સમજાવ્યું. શેઠ તો એક જ વાત કરે છે કે આપ ગમે તેટલા ઉપાય કરો, પણ મેં થાળી લીધી જ નથી,

તો પછી થાળી લીધી છે એમ કેવી રીતે કહું ? ત્યારે મુનિમજી, પોલીસો બધા ભેગા થઈને હંટરથી શેઠને ખૂબ માર મારવા લાગ્યા. કોઈએ ડાંગ માથામાં મારી, કોઈ ગડદા-પાટૂ કરવા લાગ્યા. શેઠાણીથી આ બધું જોઈ શકાતું નથી. તે કહે, ન મારશો...ન મારશો. અમે થાળી લીધી નથી. બાળકો પણ ખૂબ રડે છે. તેઓ કહે છે, મારા બાપુજીને ના મારશો....ના મારશો. આમ બધા શેઠને માર મારી રહ્યા છે. હવે શું બનશે તે અવસરે.

---

## વ્યાખ્યાન નં.-૨૭

**શ્રાવણ સુદ ૧૨ ને મંગળવાર** **તા. ૧૧-૮-૮૧**

અનંતજ્ઞાની ભગવંતોએ ફરમાવ્યું છે કે આ જગત અનાદિકાળથી વિદ્યમાન છે, અને અનંતકાળે પણ આ જગતનું અસ્તિત્વ મટી જવાનું નથી. કોઈ કાળ આજ સુધીમાં એવો ન હતો કે જ્યારે જગતનું અસ્તિત્વ ન હોય અને ભવિષ્યમાં ક્યારેય એવો કાળ આવવાનો નથી કે જગતનું અસ્તિત્વ નહિ હોય, એટલે જગત ત્રણે કાળે છે એટલે એ વાત નિશ્ચિત થાય છે કે સંસારનું અસ્તિત્વ પણ અનાદિ અનંત છે. સંસારના અસ્તિત્વની જેમ મોક્ષનું અસ્તિત્વ પણ અનાદિ અનંત છે. જેમ સંસાર કદી પણ નહોતો એવું બન્યું નથી, અને કદીપણ નહિ હોય એવું બનવાનું નથી, તેમ મોક્ષ પણ કદી નહોતો એવું બન્યું નથી, અને મોક્ષ કદી પણ નહિ હોય એવું બનવાનું નથી. સંસારનું અસ્તિત્વ તેમજ મોક્ષનું અસ્તિત્વ અનાદિ અનંત છે. તો સાથે એ વાત પણ સ્વીકારવી પડશે કે સંસારનો માર્ગ અને મોક્ષનો માર્ગ એ બંને માર્ગો અનાદિકાળથી વિદ્યમાન છે, અને અનંતકાળે પણ એ બંને માર્ગો વિદ્યમાન રહેવાના છે. જગતમાં ક્યારે પણ આ બંને માર્ગો વિદ્યમાન ન હોય અથવા તો આ બંનેમાંનો કોઈ એક માર્ગ વિદ્યમાન ન હોય એવું બન્યું નથી અને બનવાનું પણ નથી. હા, એવું બને કે કોઈ ક્ષેત્રમાં કોઈ કાળે સંસારનો જ માર્ગ વિદ્યમાન હોય, ત્યાં મોક્ષની કે મોક્ષ માર્ગની વાત હોતી નથી. અમુક ક્ષેત્રો એવા છે કે જ્યાં સદાકાળને માટે સંસારની અને મોક્ષની તેમજ સંસારમાર્ગની અને મોક્ષમાર્ગની વાત ચાલુ રહે છે. કર્મભૂમિના પંદર ક્ષેત્રોમાં પાંચ મહાવિદેહ ક્ષેત્રોમાં તો જેમ સંસાર અને સંસારનો માર્ગ અનાદિ છે, તેમ મોક્ષ અને મોક્ષનો માર્ગ પણ અનાદિથી છે. સદાકાળને માટે મોક્ષની અને મોક્ષમાર્ગની વાત ચાલુ રહેવાની હોય એવા ક્ષેત્રો તો પાંચ મહાવિદેહના છે. અમુક ક્ષેત્રો એવા પણ છે કે જે ક્ષેત્રોમાં સદાને માટે સંસારની તથા સંસારના માર્ગની વાત ચાલુ હોય છે. આપણે અત્યારે જે ક્ષેત્રમાં છીએ તે આ ભરતક્ષેત્ર એવું છે કે જ્યાં અમુક કાળે માત્ર સંસારની અને સંસારમાર્ગની વાત ચાલુ હોય. જ્યારે અમુક કાળે સંસારની, મોક્ષની તેમજ સંસારમાર્ગની અને મોક્ષમાર્ગની વાત પણ ચાલુ હોય. ભગવાન ઋષભદેવે શાસન પ્રવર્તાવ્યું તે પહેલાના કાળમાં મોક્ષની કે મોક્ષમાર્ગની વાત નહોતી. ભગવાન ઋષભદેવના શાસનથી આ કાળમાં મોક્ષની અને મોક્ષમાર્ગની શરૂઆત થઈ, અત્યારે ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનું

શાસન ચાલે છે. અત્યારે આ ક્ષેત્રમાં ચોથા આરામાં અને પાંચમા આરામાં સંસારની તથા સંસારમાર્ગની અને મોક્ષની તેમજ મોક્ષના માર્ગની વાત ચાલુ છે.

આ સંસારમાં અનંતાનંત જેટલો કાળ વીતાવ્યો છતાં હજુ આપણે મોક્ષને પામ્યા નથી. તેનું શું કારણુ ? મોટા ભાગે તો મોક્ષની અને શુદ્ધ એવા મોક્ષમાર્ગની વાત આપણુને સાંભળવા મળી નહિ હોય. કદાચ સાંભળવા મળી હશે તો તેને બરાબર સાંભળી નહિ હોય, અને કદાચ સાંભળી હશે તો એ વાત આપણુને રૂચી નહીં હોય. કદાચ કોઈ કોઈ જીવોને રૂચી હશે તો એ રૂચીને ટકાવી શકયા નહિ હોય. આ બધી વાતો પર વિચાર કરશું તો જરૂર એમ થશે કે આપણુા પુણ્યે આપણુને આપણુા નિસ્તારની બધી સામગ્રીનો ભેટો કરાવી દીધો છે, તેથી આપણું પુણ્ય અસાધારણુ કોટિનું છે. આર્ય દેશ મળ્યો, મનુષ્ય જન્મ મળ્યો અને મનુષ્ય જન્મ એવી જાતિમાં અને કુળમાં મળ્યો કે જ્યાં વારસાગત જૈનધર્મના સંસ્કાર હોય. શુદ્ધ એવા મોક્ષમાર્ગના અનુષ્ઠાનો થોડા ઘણાં અંશે આચરવાની તક મળે. સદ્ગુરૂઓ પાસેથી મોક્ષમાર્ગની વાત પણુ સાંભળવા મળી જાય, એટલું જ નહિ પણુ જો આપણે ધારીએ તો મોક્ષમાર્ગનું અમુક અંશે આરાધન કરી શકીએ. આવી સારી સામગ્રી જેને તેને મળે નહિ. મહાભાગ્યવાનોને આવી ઉત્તમ સામગ્રીનો ભેટો થઈ જાય. આ સામગ્રીની કિંમત જેને સમજાઈ જાય તે કદાચ ગરીબમાં ગરીબ હોય તો પણુ એને એમ થાય કે મારું પુણ્ય ઘણું ચઢિયાતું છે.

મહાન પુણ્યોદયે બધી સામગ્રીનો યોગ મળી ગયો, પણુ એ યોગને આપણે જાતે જ સફળ બનાવવાનો છે. દિવસો જતા જાય છે અને આ માનવભવનું આયુષ્ય ઘટતું જાય છે. અહીંથી કોઈ પણુ બીજા ભવમાં જવાનું છે એ નક્કી છે. અહીં જો મળેલી સામગ્રીને સફળ કરવાનું બને નહિ, તો પછી આવી સામગ્રી ફરીને કયારે મળશે એ તો જ્ઞાની જાણે, માટે આપણી તો એ જ ઇચ્છા હોવી જોઈએ કે હું જલ્દી મોક્ષને કેમ મેળવું ? મારા મહાન પુણ્યોદયે આવી દુર્લભ સામગ્રીઓ મને મળી ગઈ છે તો આ બધાનો હું એવો સદુપયોગ કરી લઉં કે માત્ર થોડાક ભવોમાં હું સંસારથી છૂટી જાઉં અને મોક્ષને પામી જાઉં. સંસાર તો અનાદિકાળથી છે. અનંતાનંત કાળે પણુ સંસારનો અંત આવવાનો નથી, પણુ આપણે પોતે વિવેકી બનીને પ્રયત્નશીલ બનીએ તો સંસાર અનાદિકાલીન હોવા છતાં આપણુા સંસારનો અંત જરૂર આવી જાય. સમગ્ર સંસારનો અંત નથી આવવાનો. એથી કાંઈ ગભરાવાની જરૂર નથી, કારણુ કે આપણુામાં એ તાકાત છે કે આપણે આપણુા પોતાના સંસારનો અંત જરૂર લાવી શકીએ. સંસાર તો ચાલુ રહે અને આપણે મોક્ષને પામી શકીએ.

મોક્ષને પામવા માટે મોક્ષના માર્ગ પર યથાર્થ શ્રદ્ધા કરવી પડશે. કહેવત છે કે, **" આસતા સુખ સાસતા "** આસ્થા (શ્રદ્ધા) થી શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. ભૂતકાળ તરફ નજર કરીશું તો દેખાશે કે અર્હન્નકજી, કામદેવજી, મંડુક શ્રાવક, કૃષ્ણુ–વાસુદેવ આદિ સમ્યક્ દૃષ્ટિ શ્રાવકો કેટલી બધી દૃઢ શ્રદ્ધાના ધારક હતા. મંડુક શ્રાવકની

વાત ભગવતી સૂત્રમાં આવે છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી રાજગૃહી નગરીના ગુણશીલ ઉદ્યાનમાં પધાર્યા. પર્ષદા ભગવાનની દેશના સાંભળવા ગઈ. ભગવાને દેશનામાં પંચાસ્તિકાય વિષે સુંદર પ્રવચન ફરમાવ્યું. પંચાસ્તિકાય એટલે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય. આ પાંચ અસ્તિકાયમાં પુદ્ગલાસ્તિકાય રૂપી છે અને બાકીના ચાર અરૂપી છે. ધર્માસ્તિકાયનો સ્વભાવ ચલન સહાય છે, અધર્માસ્તિકાયનો સ્વભાવ સ્થિર સહાય, આકાશાસ્તિકાયનો સ્વભાવ અવકાશ આપવાનો, પુદ્ગલનો સ્વભાવ સડન, પડન, વિધ્વંસન છે અને જીવનો સ્વભાવ ચૈતન્ય લક્ષણ, સદા સઉપયોગી છે.

આ પ્રમાણે ભગવાને પંચાસ્તિકાયનું સુંદર સ્વરૂપ સમજાવ્યું. કાલિયાદિ અન્ય-તીર્થિઓને તેની સમજ ન પડવાથી તેઓ સમવસરણની બહાર નીકળીને મશ્કરી કરવા લાગ્યા. એટલામાં મંડૂક શ્રાવક ત્યાંથી નીકળ્યો. તેને જોઈને કહે છે, હે મંડૂક! તારા ભગવાન મહાવીર તો ગપ્પા મારે છે. આજે વ્યાખ્યાનમાં કહ્યું હતું કે ધર્માસ્તિકાયનો સ્વભાવ ચલન સહાય છે. તે આપણને ચાલવામાં મદદ કરે છે, પણ અમે તો તેને જોઈ શકતા નથી, માટે તારા ભગવાનની વાત ખોટી છે. મંડૂક શ્રાવક એટલા બધા વિશેષજ્ઞ હતા કે ઉત્પાતિકી બુદ્ધિથી તરત જવાબ આપ્યો કે હે દેવાનુપ્રિય! તમારા કથનનો અર્થ તો એ થયો કે જે વસ્તુ જોઈ શકાય તે માનવી અને જે જોઈ ન શકાય તે ન માનવી. હું તમને પૂછું છું કે પવન, ગંધ અને શબ્દને તમે આંખો દ્વારા જોઈ શકો છો? આ વૃક્ષના પાંદડા કોણ હલાવે છે? તેમણે કહ્યું પવન. મંડૂકજીએ કહ્યું, તમે પવનને જોઈ શકો છો? તેઓ કહે છે ના. તો પછી પવનનું નામ શા માટે લો છો? પાંદડા હાલતા જોઈને. પવન રૂપી છે, છતાં જોઈ શકતા નથી, તો ધર્માસ્તિકાય તો અરૂપી છે. તમે દરિયાના એક કિનારે ઉભા છો તો સામા કિનારાને જોઈ શકો છો? ના. જો રૂપી પદાર્થ પણ જોઈ શકતા નથી તો અરૂપીને કયાંથી જોઈ શકો? જેમ પવન પાંદડા હલાવવામાં સહાયક છે તેમ ધર્માસ્તિકાય ચલન શક્તિમાં સહાયક છે. ઈત્યાદિ જડબાતોડ જવાબ આપીને પ્રતિપક્ષીને નિરૂત્તર બનાવી દીધા. ભગવાનના શ્રાવકો સિદ્ધાંતના જાણકાર હોય. તેની સામે કોઈ પાખંડી આવે તો તેનાથી પાછા ન હઠે, પણ તેને હરાવી દે. આજે તો શાસ્ત્રોનું જ્ઞાન-જાણપણું ઘટતું જાય છે. બહારનું જ્ઞાન વધી ગયું છે. તમારું વિજ્ઞાન આજે આગળ વધ્યું ને તેમના કહેવા પ્રમાણે ચંદ્રલોક સુધી પહોંચી આવ્યા. દરિયામાં સબમરીન દ્વારા દરિયો તરાય પણ ઉપરથી દેખાય નહિ ને તરતા જાય. આ બધું જ્ઞાન મેળવ્યું, જાણ્યું પણ જાણવાનું નથી જાણ્યું અને મેળવવાનું નથી મેળવ્યું. મંડૂક શ્રાવકે આપેલા પ્રશ્નોના જવાબથી પ્રતિપક્ષી સ્તબ્ધ થઈ ગયા, અને કહ્યું ખરેખર, તારા ગુરૂ મહાન છે. જો તું આટલો સમર્થ છે તો તારા ગુરૂ તો વધુ સમર્થ હોય જ ને! અમે અજ્ઞાનના કારણે સમજી શકયા નહિ મંડૂકજી ત્યાંથી નીકળીને ભગવાન પાસે આવ્યા. ભગવાનને વંદન-નમસ્કાર કરીને બેઠા, પછી ભગવાને કહ્યું-હે મંડૂક! તને રસ્તામાં જે અન્યતીર્થિકો મળ્યા,

તેમણે તને જે પ્રશ્નો પૂછયા અને તેં જે જવાબ આપ્યા છે તે સત્ય આપ્યા છે. તું ઘણું સારું જાણે છે. ભગવાને તેમની પ્રશંસા કરી. કેટલા શ્રદ્ધાવાન શ્રાવક! પાખંડીથી પરાજય પામે નહિ, પણ તેનો પરાજય કરે. આવી શ્રદ્ધાવાન મયણુરેહા છે.

**આત્માના સાચા તત્વને પામેલી મયણુરેહા :** મયણુરેહાએ એ જ વિચાર્યું કે અત્યારે પત્ની તરીકેની મારી શી ફરજ છે? જો હું મારું કર્તવ્ય નહિ સમજું ને તેમને ધર્મના માર્ગે નહિ વાળું તો તેમની ગતિ બગડી જશે. સતી કહે છે નાથ! જુઓ, આકાશમાં દેવો તમને આમંત્રણ આપે છે. હસતા મુખથી લાંબા હાથ કરીને બોલાવે છે ને કહે છે હે યુગબાહુ! તમને અત્યારે તો એક રાજ્ય મળ્યું હતું પણ આ રાજ્ય છોડશો તો તમને ઘણું મોટું રાજ્ય મળશે. તમારા અહીંના સુખો કરતાં હજારો-ગણા વધારે સુખની સામગ્રીઓ અમે તૈયાર કરી રાખી છે. હજારો અનુચરો તમારા હુકમની રાહ જોઈને બેઠા છે. તમને ત્યાં લઈ જનાર તમારા સત્કાર્યો અને સદ્ભાવના સિવાય બીજું કોઈ નથી. મયણુરેહા પોતે રૂપમાં રંભા સમાન છે, પોતે ગર્ભવતી છે. છતાં મારું શું થશે? એ ન જોતાં પોતાના પતિનું પરલોકમાં બગડી ન જાય તે માટે પોતે સજાગ બની ને પતિને સજાગ બનાવ્યા. એ આજની પત્નીઓ જેવી ન હતી. આજે તો પતિ મરવા પડે ત્યારે કંઈક સ્ત્રીઓ એમ કહે કે તમે મારું કરતા જાવ. જ્યાં આવી ભાવના હોય ત્યાં નવકારમંત્ર તો દે જ કયાંથી? પણ મયણુરેહા તો મરતાને મારવાને બદલે તેનો ઉદ્ધાર કરવા કલ્યાણમિત્રની ફરજ બજાવી રહી છે. સ્નેહીઓના મૂલ્ય અહીં અંકાય છે. પતિ મર્યા પછી મારું જે થવાનું હોય તે થાય. મારા ભાગ્યમાં હશે તે મિથ્યા થનાર નથી, પણ મારા પતિનું આ માનવભવનું ભાગ્ય અહીં પૂરું થઈ રહ્યું છે. એ હમણાં જ પરલોક ઉપડી જવાના છે, તો એમનો વિચાર કરવા દે. એમનું સુધારી લેવા દે. આવો નિર્મળ વિવેક તેને જિનશાસનમાંથી સ્ફુર્યો છે, તેથી તેના વચનોમાં જૈન-શાસનનો પ્રકાશ ઝળહળી રહ્યો છે. ભયંકર દુઃખીને પણ શાંતિની ભારે શીતલતા આપે એવો ચંદનરસ નીતરી રહ્યો છે. આત્માના સાચા તત્ત્વને વિકસિત કરી ગળાવાઢ દુશ્મન ઉપર ક્ષમાનો ધોધ વહેવડાવી દે એવો સમર્થ પ્રેરણાનો ક્ષીરસાગર ઉછળી રહ્યો છે. તે સમજે છે કે મારી પત્ની તરીકેની ફરજ શી છે? આજે સંસારમાં પણ કંઈક ઘરમાં એવું જોવા મળે છે કે પવિત્ર સ્ત્રીઓ પોતાની ફરજ બજાવવા માટે કષ્ટ પડે તો વેઠવા તૈયાર થાય છે પણ ફરજ નથી ચૂકતી.

એક બહેનનું નામ સુશીલા. નામ તેવા ગુણ છે. સુશીલા અને તેના પતિ રાત્રે બેઠા છે. ત્યાં અચાનક બાર વાગે તેનો નાનો દિયર દિપક અને નણંદ દીપિકા આવ્યા ને જોરથી બૂમ પાડી. ભાભી, ઓ ભાભી! સુશીલા કહે આવો દિપકભાઈ! આવો દીપિકાબેન! આપ અત્યારે ૧૨ વાગે અચાનક કેમ? ભાભી! બા માંદા થઈ ગયા છે. તે બેભાન થઇ ગયા છે. બોલતા પણ નથી. બાને એકાએક શું થઈ ગયું? અમે સાંજે જમ્યા ત્યાં સુધી કાંઈ ન હતું. જમ્યા પછી બા વાસણ ઘસતી હતી. સાથે દીપિકા પણ

બેઠી હતી. હું અંદર રૂમમાં મારું લેશન કરતો હતો. બાપુજી જમીને બહાર ગયા હતા. ત્યાં તો દીપિકાએ બૂમ પાડી, હું ગયો ત્યારે બા ચોકડીમાં ઉંધા માથે પડી હતી. દીપિકાએ પાડોશમાંથી બેનોને બોલાવી, બધાએ ભેગા થઈને બાને ખાટલામાં સૂવાડી. બાને અમે ઘણીવાર બોલાવી પણ બોલતી નથી. ભાભી ! આપ જલ્દી આવોને. દિપકભાઈ, હું આવું છું. સુશીલાના પતિનું નામ મહેશ હતું. મહેશ કહે સુશીલા ! તું કયાં જાય છે ? સબૂર કર. આપણે ત્યાં નથી જવું. બા ભલે બેભાન પડી. તેને જોવા જવું નથી. તેણે તને ઘણું દુઃખ આપ્યું છે. સુશીલા કહે અત્યારે આપ એક શબ્દ પણ બોલશો નહિ. બા બેભાન પડી હોય ને હું શું અહીં બેસી રહું ! હું તો જાઉં છું. આપ ઘર બંધ કરજો ને પછી આવજો. ડોકટરને બોલાવવા પડશે. માટે આપ તરત આવજો. એમ કહીને સુશીલા તો પોતાના બાળકોને લઈ ને ત્યાંથી ચાલી ગઈ.

**અપકારને ભૂલી જઈ સેવા કરતી સુશીલા :** સુશીલાએ ઘરમાં દાખલ થતાંની સાથે ખાટલામાં સૂતેલી સાસુ જમનામાના માથે હાથ મૂકયો, અરરર......આટલો બધો તાવ ! ડોકટરને બોલાવી લાવો. મહેશ તરત ડોકટરને બોલાવી લાવ્યો. સુશીલા પૂછે છે ડોકટર સાહેબ ! બા કેમ બેભાન થઈ ગયા છે ? ડોકટર કહે, એમને ૬ ડીગ્રી તાવ છે તેથી મગજ પર ગરમી ચઢી ગઈ છે, એટલે બેભાન થયા છે. આપ બરફના પોતા મૂકો. હું દવા આપું છું. તાવ ઉતરી જશે. સુશીલા તો બરાબર સાસુની સેવામાં લાગી ગઈ. મહેશ કહે છે સુશીલા ! તું આટલું બધું શા માટે કરે છે ? તને દુઃખ દેવામાં બાકી નથી રાખ્યું. જવા દે ને એને સ્વર્ગમાં. સુશીલા કહે, માણસ માત્ર ભૂલને પાત્ર છે. આપણાથી એવું ન કરાય. પવિત્ર માબાપની સેવા કરવી એ સંતાનોની ફરજ છે. સુશીલાએ સાસુને દવા આપી, પણ તાવ જરા પણ ઉતરતો નથી. ત્રણ દિવસ થયા છતાં તાવ ઉતરતો નથી, ત્યારે ડોકટરે કહ્યું કે ટાઇફોઇડ છે. સુશીલા રાતદિવસ ખડે પગે તન-મનથી સેવા કરે છે. મહેશ કહે છે સુશીલા ! તું બાની આટલી બધી સેવા કરે છે, પણ તેમના પૂર્વના વર્તનને યાદ કર. તારે કષ્ટ વેઠવામાં શું બાકી રહ્યું છે ! સુશીલા ત્યારે પતિને સમજાવતી. આપ આ શું બોલ બોલ કરો છો ? આવા સમયે પૂર્વની વાત યાદ ન કરાય. સુશીલા રાત્રે બધાને સૂવાડી દે. પોતે એકલી જાગે છે. એક કલાક પણ સૂતી નથી. સસરાને પણ કહે છે, આપ સૂઈ જાવ. આપ ઉજાગરા કરશો તો તમારી તબિયત બગડશે. હું જાગું છું. રોજ પોતે રાત્રે જાગે છે. દિવસે બધું કામ કરે છે અને રાત્રે જાગે છે. ચૌદ દિવસ થયા છતાં તાવ ઉતરતો નથી. મહેશ કોઈ વાર અકળાઈ જતો પણ સુશીલા તો જરાય અકળાતી નહિ, કે હિંમત હારતી નહિ.

**સુશીલાની પ્રસરતી ખ્યાતિ :** સુશીલાની સેવા જોઈને આડોશી પાડોશી બધા બોલતા કે શું સુશીલા છે ! જમનામાએ આ વહુને કેટલું કષ્ટ આપ્યું છે, છતાં વહુ એ ભૂલી જઇ રાતદિવસ કેવી સેવા કરે છે ! ખરેખર આ તો વહુ નથી પણ ઘરની દેવી છે દેવી. દવાના ઉપચારથી જમનામાનો તાવ થોડો નોર્મલ થયો. એક દિવસ બપોરના

સમયે સસરાજી ટપાલ લઈને આવ્યા. તેમનું મોં પડી ગયેલું હતું. સુશીલા કહે છે બાપુજી! આપનું મુખ કેમ આજે પડી ગયું છે? કંઈ થયું તો નથી ને! ના બેટા! તારા પિયરથી પત્ર આવ્યો છે. તમારા બાની ગંભીર સ્થિતિ છે. તમને ત્યાં તેડાવે છે. સુશીલા તેના માબાપને એક જ દીકરી છે. ચાર ચાર ભાઈની લાડીલી બેન છે. સુશીલાના સસરા કહે છે વહુ બેટા! તમે પિયર જઈ આવો. તેનું મન વિચારોમાં અટવાવા લાગ્યું. અહીં માંદગીના બિછાને પડેલા આ મારા સાસુને રેઢા મૂકીને જાઉં પણ કેવી રીતે? હું જાઉં તો અહીં ચાકરી કોણ કરે? નાના છોકરાઓની સંભાળ કોણ લે?

**માતાની હિત શિખામણ :** બાપુજી! હું પરણીને સાસરે આવી ત્યારે મારી માતાએ મને શિખામણ આપી હતી કે બેટા! તું પરણીને સાસરે જાય છે. હવે તારું સાસરું એ તારું ઘર છે. ત્યાં સુખ મળે, દુઃખ મળે, જે મળે એને તારા હૈયામાં સમાવી લેજે. તારા પતિના સગા એ હવે તારા સગા બન્યા છે. તારી સાસુ એ હવે તારી મા છે. તેમને મા કરતાં પણ અધિક માનજે. એમની સેવા કરવામાં પાછું વાળીને જોઈશ નહિ. તારા સસરા એ હવે તારા પિતા છે. તારા દિયર એ તારા ભાઈ છે. તારી નણંદ એ તારી બેન છે. આ રીતે બધાની સાથે રહેજે. સસરાજીએ કહ્યું બેટા! એ વાત સાચી પણ તારા સાસુને હવે ઠીક છે. એમની તબિયત ગંભીર નથી. બે દિવસ અમે ચલાવી લઈશું. તું ત્યાં જઈશ તો તને તારી બા નું મુખ જોવા મળશે.

મહેશ કહે, સાસુને પડી રહેવા દે, એના કર્યા એ ભોગવશે. એમણે તને ઓછું દુઃખ આપ્યું છે? સુશીલાના મનમાં જરા પણ આવા ભાવ નથી આવતા. તે વિચારે છે, અત્યારે મારું કર્તવ્ય શું? મારા સાસુની સેવા કરવી એ મારું પહેલું કર્તવ્ય છે. એમ માનીને તે પિયર ન ગઈ. ત્રણ દિવસ થયા ત્યાં સમાચાર આવ્યા કે એની બા ગુજરી ગયા છે. આ સમાચારથી સુશીલાને ખૂબ આઘાત લાગ્યો. છતાં સાસુની સેવામાં ખામી આવવા દીધી નહિ. બધા લોકો બોલે છે, શું સુશીલા છે! આવી ગુણીયલ વહુ મળવી મુશ્કેલ છે. વહુ મળો તો આવી મળજો. તેણે જનેતા માતા કરતાં પણ ડોશીમાને સવાયા સાચવ્યા છે. શું તેમની ખંતથી સેવા કરે છે! બધા સુશીલાના ખૂબ વખાણ કરવા લાગ્યા. સાસુએ વહુ પર જુલ્મ ગુજારવામાં બાકી નથી રાખી, અને અતિ કલેશથી કંટાળીને મહેશ અને સુશીલા જુદા મકાનમાં રહેવા ગયા, ત્યારે આ સાસુએ રસોઈ કરવા એક વાસણ પણ નથી આપ્યું કે પહેરવા બીજા એક જોડી કપડા પણ આપ્યા નથી. સુશીલા જુદી રહી તો પણ દિવસમાં બે વાર સાસુના ઘેર આવતી. ભલે, સાસુને બોલવું હોય તો બોલે. એના દિયર અને નણંદ તો ભાભીની સાથે એવા હળીમળી ગયા હતા કે ભાભી વિના એમને ગમતું નહિ. દિવસે પાંચ છ વાર ભાભીને ઘેર આવતા. સુશીલા કોઈ કોઈ વાર પિયર જતી, પણ પોતાના દુઃખ બાબતનો એક શબ્દ પણ ઉચ્ચારતી ન હતી.

**સાસુનું પરિવર્તન :** સુશીલાની રાત-દિવસની સેવા ફળી. જમનામાને દિવસે દિવસે સારું થતું ગયું. જમનામા હવે પોતે જુએ છે કે અત્યારે મારી પાસે રાત-દિવસ

સુશીલા બેસી રહી છે. રાતોની રાતો મારા માટે જાગે છે. પછી તેમને ખબર પડી કે તેની બા સીરીયસ હોવા છતાં ન ગઈ અને તેની બા મૃત્યુ પામ્યા. આ બધા સમાચાર જાણીને સાસુનું હૃદય પલ્ટાઈ ગયું. તેનામાં માનવતાનો દીવડો પ્રગટ્યો. ઉઠીને સુશીલાના ચરણમાં પડી. ધન્ય છે સુશીલા! ધન્ય છે તને! મને માફ કર, માફ કર. મેં તારા પર જુલ્મ ગુજારવામાં બાકી નથી રાખ્યો, છતાં તે એ બધા દુઃખોને ભૂલી જઈ મારી જે સેવા કરી છે તે અજોડ છે. તારી સેવાથી મને નવજીવન પ્રાપ્ત થયું છે. મારા ખાતર તારી બાની સ્થિતિ ગંભીર હોવા છતાં તું મળવા પણ ન ગઈ. વહુ બેટા! મારા ગુનાને માફ કર. તેમની આંખોમાંથી પશ્ચાતાપના આંસુ વહેવા લાગ્યા. સુશીલા કહે બા! બા! એવું ન બોલો. હું તમને માફ કરનારી કોણ? તમારે માફી માંગવાની હોય જ નહિ. જે બન્યું છે તે બધામાં કર્મ નિમિત્ત છે. તમે સાજા થયા એટલે મને ઘણો આનંદ છે. આમ કહેતાં સાસુ વહુ એકબીજાને ભેટી પડયા. ખરેખર તું તો અમારા ઘરની કુળ દીપિકા છે! બેટા! હવે હું તને અહીં જ રાખીશ, જુદી નહિ રહેવા દઉં. બધા ભેગા આનંદથી રહેવા લાગ્યા. જેમ સુશીલાને સાસુએ ગમે તેટલું દુઃખ આપ્યું, પણ તેણે ફરજ અદા કરી તેમ અહીંયા મયણરેહા પણ પોતાની ફરજ સમજીને પતિનું મરણ સુધારવા છાતી પર શીલા મૂકીને તેમનો આત્મા કંઈક પામી જાય ને તેમની સદ્ગતિ થાય તે માટે ઉપદેશ યુક્ત વચનો કહી રહી છે.

નાથ! આપ બધું ભૂલી જજો. આત્માનો કોઈ દોસ્ત નથી, કોઈ દુશ્મન નથી. દોસ્ત કે દુશ્મન પોતાનો આત્મા છે. આ કટારી ભાઈએ નથી મારી, પણ કર્મરાજે હુલાવી છે. હવે કોઈ પર દ્વેષ ન કરતા, વેરનું વિસર્જન કરતા કરતા આ મૃત્યુ-ઘડીને મહોત્સવમય બનાવી જજો. આંખ સામે અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મને રાખીને એનું શરણુ સ્વીકારજો. હવે આપ આપના આત્મઘરમાં મહામંગલમય અને પતિતપાવનકારી નવકારમંત્રને વસાવો. નવકારમંત્રનું ધ્યાન અલૌકિક લાભ આપે છે. મહાઉન્નતિ સર્જે છે. સદ્ગતિમાં જવાને માટે આત્માને હલકો ફુલ બનાવે છે. આ જીવનમાં નવકાર એ જ સાર છે. ધર્મ એ જ સાર છે. કષાયો તો મહારોગ છે. એની પકડ ન રાખશો. આ જીવન પામ્યાની વડાઈ, લાડી, વાડી, ગાડીના લ્હાવા લેવામાં નથી. ચિત્તને વિષયોના આનંદથી ભરી દેવામાં નથી. એ તો ઝેર છે. જીવનની વડાઈ તો ચિત્તમાં સમભાવ અને સમાધિ સ્થાપિત કરવામાં છે. ક્ષણવાર પણ ચિત્તમાં જો સમભાવ સ્પર્શી જાય તો એ પારસમણીની જેમ તુચ્છ લોઢા જેવા ચિત્તને કિંમતી સુવર્ણ જેવું કરી દે છે. સતીની એક જ વાત છે કે ભાઈએ ગમે તે કર્યું પણ આપણે આપણું ન ચૂકવું જોઈએ.

**સતીના વચનોની પતિ પર સુંદર અસર** :–પતિની કલ્યાણમિત્ર બનેલી મહાસતી મયણરેહાના ચંદનરસ સમાન શીતલ વચનામૃતો સાંભળી પતિના દિલના ક્રોધના ભડકા શાંત થઈ ગયા. એ ઠંડાગાર ઉપશમજલના સરોવરમાં સ્નાન કરવા લાગ્યા. પત્નીએ કહેલું બધું મસ્તકે ચઢાવી અંજલી જોડી સ્વીકારી લીધું. અંતરના સત્ત્વ ખીલ્યા. હવે તો પ્રતિ

સમય સંવેગરસની પરિણુતી વધતી ચાલી. અસાર સંસાર, કર્મના વિચિત્ર ખેલ, મોહના ઘેરા નશા, પાપના ગાંડપણુ એ બધા પર ભારે નફરત છૂટી. એ વિટંબણામાંથી છોડાવનાર ધર્મ ઉપર અદ્દભુત શ્રદ્ધા અને રાગ પ્રગટયા. મોક્ષ ઉપર અથાગ પ્રીતિ જાગી. હવે એકલી ભાવના ભાવીને બેસી શું રહેવું! જવું છે તો પાપ મૂકીને જવું. છકાય જીવોના સમારંભ, ૧૮ પ્રકારના પાપ તથા વિષયભોગના પાપને વોસરાવ્યા. એના ત્યાગની મહાન પ્રતિજ્ઞા રૂપી ભાવચારિત્ર અંગીકાર કરી લીધું. સર્વ જીવો સાથે મોટાભાઇને ખમાવ્યા. પોતાના અપરાધની ક્ષમા માગી લીધી, અને પોતે ક્ષમા આપી દીધી. નવકારમંત્રના ધ્યાનમાં એકતાર બન્યા, અને તરત કાળ કરી જ્યાં હજારો અનુચરો અને સુખો તેની રાહ જોતા હતા તેવા પાંચમા બ્રહ્મ દેવલોકમાં મહાસમૃદ્ધિ અને મહાતેજવાળા દેવ થયા.

**ધર્મપત્ની એટલે શું** :–ખરેખર મયણુરેહાએ સાચી ધર્મપત્ની બનીને પતિનું મૃત્યુ સુધારી દીધું. આ ધર્મપત્ની કયાં લઈ ગઈ? ઘોર નરકદાયી ગુસ્સાના પાતાળ કૂવામાંથી ઉંચકી ભવ્ય ક્ષમાના ગિરીશૃંગે લઈ ગઈ. વિરાધનાના સમુદ્રપતનમાંથી બચાવી આરાધનાના ભવ્ય જહાજમાં પતિને બેસાડી દીધો. ધર્મપત્ની એટલે? પાપની આગ બુઝાવી નિર્મળ, આત્મકલ્યાણકારી, ધર્મ સિંચનારી પત્ની તે જ ખરી કલ્યાણમિત્ર પત્ની. પાપની ઝાળો વધારી ધર્મથી દૂર રાખનારી સ્ત્રી એ ધર્મપત્ની નહિ, એ કલ્યાણમિત્રનું કાર્ય કરનારી નહિ, એ તો હિતશત્રુનો ભાવ ભજવનારી સ્ત્રી કહેવાય.

**ચંદ્રયશનો કાળો કલ્પાંત** :–આ બાજુ યુગબાહુના પુત્ર ચંદ્રયશને ખબર પડી કે મારા પિતા મણિરથના હાથે મરાયા છે. આ સાંભળીને એનું મગજ ચક્કર ચક્કર ભમવા માંડયું. એ દોડયો રાજવૈદ્યોને બોલાવવા. રાજવૈદ્યોને સાથે લઇને પૂર ઝડપે ઉદ્યાનની લત્તાકુંજમાં આવી પહોંચ્યો. આ બધાની વ્યગ્રતાનો લાભ લઇને મણિરથ ત્યાંથી નાસી છૂટયો. રાજવૈદ્યોએ ઘા જોયો ને એમની આંખે અંધારા આવી ગયા. વૈદ્યોનું મોઢું જોતાં ચંદ્રયશ બધું સમજી ગયો. એણે જોરથી પોક મૂકી. આખું ઉપવન રડી ઉઠયું. ચંદ્રયશની પોકે તો વૃક્ષના પાન રડી ઉઠયા.

**રૂપને ધિક્કારતી મયણુરેહા** :–યુગબાહુના મરણ બાદ મયણુરેહા વિચારવા લાગી કે હવે મારે શું કરવું જોઇએ. અરે દુઃખીયા પ્રાણ! અત્યાર સુધી હું તમને સુખદાયક સમજતી હતી, પણ આજે તમે મારા માટે દુઃખદાયક થઈ પડયા છો. જો તમે પતિના પ્રાણોની માફક ચાલ્યા ગયા હોત તો તેમાં કાંઈ વાંધો ન હતો. અત્યારે તમારી રક્ષા કરવી મારા માટે મુશ્કેલ કામ થઈ પડયું છે. અરે! દ્રોહી સૌંદર્ય! તને કયાં છૂપાવું? જેને રીઝવવા આ સૌંદર્ય જાળવતી હતી, અને જે તેનો પોષક તથા રક્ષક હતો તેનો જ આ સૌંદર્યે ભક્ષ કર્યો. ધિક્ આ સૌંદર્ય પર! ધિક્ ધિક્ રૂપરંગની આ પ્યાલી પર! જેણે ભાઈ–ભાઈના લોહી સંબંધો ભૂલાવ્યા. એક ઈન્સાનને જેણે શયતાન બનાવ્યો! આ પતિના મૃત્યુનું કારણ તો હું જ બનીને! રે સુંદરતા! તું કેવી નઠારી નીકળી! તારા કારણે મારા જેઠની દાનત બગડી, અને પરિણામે મારા પતિદેવની હત્યા થઈ, માટે હે

સુંદરતા ! તું સુંદર નહિ પણ પાપી છે. જે મણિરથે પોતાની વાસના ખાતર પોતાના ભાઈને માર્યો. એ હવે મારી ખાતર શું નહિ કરે ? બળાત્કાર ? અત્યાચાર ? ના....ના... એ તો આથી ય વધુ ઉગ્ર પગલા લેતા હવે અચકાશે નહિ. હવે મારા શીલની શાન જાળવવા શું કરવું ? જો સ્વતંત્ર હોત તો પતિદેવની સાથે જ સંથારો કરી લેત, પણ ગર્ભવતી છું, માટે હું કાંઈ પણ કરવાને સમર્થ નથી. શીલરક્ષણ માટે આપઘાત કરું ! ના....ના...આપઘાત કરવાથી બે જીવોની ઘાત થાય, માટે અત્યારે હું કાંઈ પણ કરી શકતી નથી. અત્યારે એ ચિંતા છે કે જો ગર્ભની રક્ષાને માટે અહીં રહું છું, અને પ્રાણને બચાવું છું તો મારું શીલ જાય છે, અને જો શીલને બચાવવા પ્રાણ નાશ કરું છું, તો ગર્ભ નાશ પામે છે. આ સ્થિતિમાં મારે શું કરવું જોઈએ ? જંગલમાં નાસી જાઉં તો શરીરની રક્ષા ભયમાં મૂકાય એમ છે. ના...ના...શરીર કરતાં શીલ વધુ મહાન છે. અહીં રહેવામાં હવે જોખમ, જીવલેણ જોખમ છે. જંગલમાં ભટકીને, રાન રાનમાં રખડીને પણ શીલની રક્ષા કરીશ, પણ અહીં તો નથી જ રહેવું. સતી આ પ્રમાણે વિચારી રહી છે. શીલ રક્ષા માટે તે શું ઉપાય લેશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :** જેમ કુંભાર માટી ખુંદે છે, ધોબી કપડાને ઝીક મારે છે તેમ શેઠને બધા પછાડે છે, મારે છે, ત્યારે શેઠ કરગરીને કહે છે કે અમે ખોટું નથી બોલતા. અમે તમારું કાંઈ લીધું નથી. એમને થઈ ગયું કે **અરે પૈસા તારા પાપે ને !** આટલો બધો માર પરિગ્રહના પાપેને ! પૈસો ભાઈ ભાઈમાં, બાપ દીકરામાં, મા દીકરામાં ઝઘડા કરાવે છે. સારાયે સંસારનું મૂળ પરિગ્રહ છે. શનિની સાડીસાતી પનોતીમાંથી મુક્ત થઇ શકાય છે, પણ પરિગ્રહની પનોતીની પકડમાંથી મનુષ્ય ભવોભવ સુધી મુક્ત થઈ શકતો નથી.

દુનિયામાં દરેક ખેડૂતને પોતાની માલિકીની થોડી જમીનની ઝંખના જાગે છે. ઝંખનાનો અર્થ શું ? ઝંખ + ના. મને ઝંખીશ નહિ. તેમ છતાંય તેની ઝંખના જતી નથી. જ્યારે ખેડૂતને થોડી જમીન મળી જાય ત્યારે મધ્યમ કક્ષાના ખેડૂત થવાની તમન્ના જાગે છે. તે પછી તેને મોટા શ્રીમંત-જાગીરદાર થવાની ભાવના થાય છે. એક વખત ખેડૂતોને વિશાળ પડતર જમીન ખેતી કરવા માટે આપવાની ઓફર કરવામાં આવી કે જે કોઈ ખેડૂત સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી જેટલું ચાલે તેટલી જમીન તે ખેડૂતને વિના મૂલ્યે મળે.

આ વાત સાંભળી એક ખેડૂતે વધુમાં વધુ જમીન મેળવવાના લોભે સૂર્યોદય થતાની સાથે દોડવાનું ચાલુ કર્યું. એ મનમાં માનતો હતો કે આજ આટલો શ્રમ વેઠીશ પણ પછી કાયમની નિરાંત થશે ને ! પણ એને ક્યાં ખબર છે કે કાયમની નિરાંત કેવા પ્રકારની હશે ? એ તો એમ સમજતો હતો કે તક મળી છે તો તકદીર અજમાવી દઉં, એક મિનિટ પણ ફોગટ શા માટે જવા દેવી ? એ તો આંખ મીંચીને દોડવા લાગ્યો.

આખા દિવસમાં એટલું બધું દોડયો કે કાયમનું દોડવાનું બંધ થઈ ગયું. સૂર્ય આથમતાની સાથે એનો દેહ પણ જમીન પર પટકાઈ ગયો, અને પ્રાણ પંખેરું ઉડી ગયું.

**"ફક્ત એ જે, અંતિમ જમીન શય્યા પર સૂઈ ગયો, એટલી જમીન એની થઈ."**

આખર માણસને કેટલી જમીન જોઈએ ? છેવટે જમીને જણ બનીને એનો જાન લીધો, માટે પરિગ્રહ પોકારી પોકારીને કહે છે, મારી પકડમાંથી કોઈ છટકી શકતો નથી.

અહીં પણ **"રે પરિગ્રહ તારા પાપે"** જ શેઠને આટલો માર ખાવો પડયો ને ? ખૂબ માર મારવાથી શેઠ બેભાન થઈ ગયા. આથી શેઠાણી ખૂબ ગભરાયા. શેઠાણીએ પવન નાંખ્યો પછી થોડી વારે શેઠ ભાનમાં આવ્યા ત્યારે શેઠ કહે છે, તમે મને આટલો બધો મારો છો પણ હું આપને કહું છું કે—

**ગિનતી કિની યા નહીં, હા કિતરા થાલ ઘરમાંય,**
**થાલ પાંચસૌ હા મ્હા કે, પણ વાપિસ ગિણિયા નાય.**

આપે થાળીઓ ગણી છે કે નહિ ? મુનિમ કહે છે અમારા ઘરમાં ૫૦૦ થાળ છે, પણ અત્યારે કોઈએ ગણતરી કરી નથી, અમે તો બધી થાળીઓ ભેગી કરી પણ તેમાં આપને જમવા માટે જે કાનાફૂટલી થાળી આપી હતી, તે થાળી દેખાતી નથી. ઘણી શોધ કરી છતાં મળી નહિ, એટલે બધાએ માન્યું કે આપ એ થાળી લઈ ગયા છો. સાગરદત્ત શેઠના કહેવાથી મુનિમ શેઠને ઘેર ગયા. બધાએ ભેગા થઈને સોનાની થાળીઓ ગણી તો બરાબર પાંચસો પૂરી થઈ ગઈ.

કર્મની લીલા તો જુઓ ! પરદેશમાં પોતે ચોરી કરી નથી છતાં ચોરીનો આક્ષેપ આવ્યો ને ઢોર માર ખાવો પડયો. મુનિમજી બધાએ ભેગા થઈને થાળીઓ ગણી તો બરાબર પાંચસો થઈ ગઈ. આથી બધાને ખૂબ આશ્ચર્ય થયું. મુનિમજીએ જઈને શેઠને વાત કરી. સાહેબ ! આપણા ઘરમાં સોનાની થાળીઓ પાંચસો પૂરી છે, પણ જેમાં પરદેશીને જમવા બેસાડયો હતો તે કાનાફૂટલી થાળી આખી થઈ ગઈ છે. આ સાંભળીને ઉદયચંદ્ર શેઠને ખૂબ પસ્તાવો થયો. આ શેઠ પોતે તો ધર્મિષ્ઠ હતા. તેમને થયું કે મેં ખોટું કર્યું. શેઠ નિર્દોષ હોવા છતાં ચોરીનો આક્ષેપ મૂકયો ને ઉપરથી માર મરાવ્યો. મુનિમો કહે-શેઠજી ! અમે તો તેમને માટી ખુંદે તેમ ખુંદી નાખ્યા છે. એટલો તો માર માર્યો કે તે બેભાન થઇ ગયા. છેવટે તેમણે કહ્યું કે તમે થાળીઓ ગણી છે કે નહિ ? અમે કહ્યું ના, પછી ગણી તો ૫૦૦ થઈ. બધાને ખૂબ પસ્તાવો થયો. તે શેઠ તો પુણ્યવાન છે. હું તેમની પાસે જાઉં ને મારી ભૂલની માફી માંગું. હવે ઉદયચંદ્ર શેઠ સાગરદત્તને ત્યાં જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

## વ્યાખ્યાન નં. ૨૮

**શ્રાવણ સુદ ૧૩ ને બુધવાર** તા. ૧૨-૮-૮૧

સુજ્ઞ બંધુઓ ! ધર્મનું સ્વરૂપ બતાવનારા તીર્થંકર ભગવંતા છે. તેથી તેમને પરમેશ્વર કહીએ છીએ. ભગવાનના પ્રથમ સંદેશા એ છે કે તમે તમારા આત્માને ઓળખા. તું પરમાં સાવધાન ઘણા બન્યા, હવે આત્મસ્વરૂપમાં સાવધાન બન. અનંતકાળથી આત્મા રખડી રહ્યો છે. તે આત્માને જાગૃતિના નાદ વગાડતા કહે છે—

**जहा गेहे पलितम्मि, तस्स गेहस्स जो पहू ।**
**सार भण्डाणि नीणेइ, असारं अवउज्झइ ॥** ઉત્ત. ૧૯-૨૨

જ્યારે ઘર બળતું હોય ત્યારે તે ઘરના ધણી અસાર વસ્તુઓને છોડી પહેલા બહુ-મૂલ્યવાળી વસ્તુઓને કાઢી લે છે.

સમુદ્રમાં નૌકા ખીણો સાથે, ભેખડો સાથે અથડાઈ ન જાય તે માટે સમુદ્રમાં દીવાદાંડી રાખવામાં આવે છે. તેમ આ ગાથા સંસાર સમુદ્રમાં અથડાતા પ્રાણીઓને માટે દીવાદાંડી સમાન છે. આ ગાથા કોણ બોલ્યું છે? આધ્યાત્મની અટારીએ ઉભા રહી સમગ્ર વિશ્વનું પરાર્થ રીતે દર્શન કરી રહેલા પરમ ચૈતન્ય સાધક મૃગાપુત્ર પોતાની મમતામૂર્તિ માતાને કહે છે હે મૈયા ! તમે મને સુંવાળા સંસાર સુખના ભોગવટા માટે સંસારમાં રહેવા અભિનવ મમતાના રંગ ભર્યા ભાવો રજુ કરી રહ્યા છો, પણ હે મંગલમૂર્તિ મૈયા ! આપ સંસાર સામું જરા દૃષ્ટિ તો કરો, ત્યાં કઈ ક્ષણે અને કયા સ્થળે શાંતિનું દર્શન થાય છે?

અસ્ખલિત વહેતા એવા વિશ્વમાં સાર શું છે? અસાર શું છે? તેનો વિવેક આગમના આ મહા વાકયો કરાવે છે. મોહની મસ્તીના નશામાં પાગલ બનીને બાહ્ય વૈભવમાં નાચતા જીવોની પાસે વિવેક તો છે, પણ તેની પરિસીમા માત્ર બહારના ક્ષેત્ર પુરતી છે; તથા ભૌતિક ક્ષેત્રમાં મર્યાદિત છે. જો તે વિવેક આધ્યાત્મિક ક્ષેત્રમાં વપરાય તો આંતર જગતમાં અવનવી શોધ કરી અલૌકિક આનંદનો અનુભવ કરે. જેમ કોઈ ઘરમાં આગ લાગી હોય તે સમયે ઘરના માણસો તેમાંથી બચવાના પ્રયત્ન શોધે છે, અને જે સાર વસ્તુ હોય, જેના મૂલ્ય ઘણાં ને વજન ઓછું તેવી કિંમતી વસ્તુ લઈ લે પણ રેડીયો, ટી. વી. લોખંડી તિજોરી, સોફાસેટ, ફ્રીજ ફર્નીચર લેવાની મહેનત કરે? હરગીજ નહિ. માલિકની અંદર રહેલો વિવેક તેને માર્ગ બતાવે છે. સમયને અનુસાર સાવધાન માનવી ભડકે જલતા ઘરનું દર્શન કરી ઘરમાં રહેલી અગણિત ચીજોમાંથી સાર-ભૂત વસ્તુ લઈ મુઠીવાળી બહાર કૂદી પડે છે, પણ નિઃસાર પદાર્થો પ્રત્યે તે મીટ માંડવા થોભતો નથી. ભૌતિક જગતમાં પણ આ રીતે માનવ કિંમતી વસ્તુનું રક્ષણ કરે તો આધ્યાત્મિક ક્ષેત્રે સાર-અસારનો નિર્ણય વિવેક જ કરાવે ને? આધ્યાત્મિક ક્ષેત્રમાં સાર શું અને અસાર શું?

**एवं लोए पलितम्मि, जराए मरणेण य ।**
**अप्पाणं तारइस्सामि, तुब्भेहिं अणु मन्निओ ॥ २३ ॥**

આ આખો લોક જરા અને મૃત્યુથી બળી રહ્યો છે. તેમાંથી તુચ્છ એવા કામભોગોને તજીને સાધક માત્ર આત્મસત્ત્વને ઉગારી લે.

આ લોક જરા અને મૃત્યુથી પ્રજળી રહ્યો છે. સારો ય સંસાર સળગે છે. તેમાં રક્ષણ કરવા જેવું તત્ત્વ છે એક તે **"આત્મ તત્વ."** આત્મા સિવાયની બધી વસ્તુ અસાર છે. હે મૈયા! જેને આ સંસાર સળગતો સીમાડો દેખાય તે શું કરે? જડ પુદ્દગલના વૈભવોને અસાર તુચ્છ સમજી ક્ષણમાત્ર થોભ્યા વિના સર્વસારનો પણ સાર એવા ચૈતન્ય સ્વરૂપના ભાવોને સાંભળીને સત્વર નીકળી જાય છે. જેને અવિનાશીની અમૂલ્યતા સમજાણી, જેને શાશ્વતની સિદ્ધિ સ્પર્શાણી તેને પછી મૈયા...વિનાશીનો વ્હાલ હોય! તેને પુદ્દગલનો પ્યાર હોય! હરગીઝ ન હોય. તેને માત્ર અજર અમર સચ્ચિદાનંદ સ્વરૂપની ધૂન હોય, માટે હે મૈયા! હું આ સંસારમાં લોભાઈશ નહિ પણ પ્રવજ્યા-પંથે પ્રસ્થાન કરીશ. આગ તો દેખાણી મૃગાપુત્રને, તમને આગ લાગી દેખાય છે? અગ્નિથી દાઝવાનો અનુભવ થાય છે કે પછી આગમાં પણ એરકંડીશનની શીતલતાનો જ ભાસ થાય છે?

આગ દેખાણી મૃગાપુત્રને, તેથી માતાને કહે છે હે માતા! "अप्पाणं तारइस्सामि" મારા આત્માને હું આ સળગતા સંસારમાંથી બચાવવા માંગુ છું. ભૌતિક સમૃદ્ધિથી ભરચક દુનિયામાં પણ દાવાનળ દેખાયો. પેલા સુખ શય્યામાં પોઢેલા શાલિભદ્ર અસારનો ત્યાગ કરી સારની શોધમાં સંત બન્યા. **"ભેખ લીધો ભગવાન થવાને, વેશ લીધો વીતરાગી બનવાને! સાજ સજ્યા સંયમના સર્વજ્ઞ બનવાને."** જ્ઞાની આપણને એ સમજાવે છે કે તમે ચર્મચક્ષુ નહિ પણ અંતરચક્ષુ ખોલો, તો ચારે ય બાજુ જ્વાળાના દર્શન થશે. તેમાંથી ઉગારી લો તમારા આતમને ઘરના માલિકની જેમ–

કેવી છે પરાર્થદર્શી પ્રજ્ઞા મૃગાપુત્રની! ધન્ય છે તેમની સતદર્શી દ્રષ્ટિને! આજનો વિલાસી સમાજ ક્ષણમાત્ર ઉપરોક્ત દર્શાવેલા ભાવોને વિચારે તો વિલાસમાં વૈરાગ્ય જાગ્યા વિના ન રહે અને જડગુલામીને વૈતરું માની વિરામ પામ્યા વિના ન રહે. જરૂર છે પરાર્થદર્શી બની વિશ્વદર્શન કરવાની. અનુભવીઓ કહે છે–

**"અસારને અળગું કરી, કરે સારની શોધ,**
**તેણે સાચો ઝીલ્યો, જિનવાણીનો બોધ."**

જિનવાણી સાંભળ્યાનો સાર શું? અસારને દૂર કરે અને સારની શોધ કરે. અસાર શું? પૌદ્દગલિક જેટલી વસ્તુઓ છે તે બધી અસાર છે. માત્ર આત્મા એક સારભૂત છે. "एगो मे सासओ अप्पा, नाणदंसण संजुओ" જ્ઞાન દર્શનથી યુકત એક શાશ્વત મારો આત્મા છે, આપણો આત્મા ખમીરવંતો છે. જ્ઞાન–દર્શન એ આત્માનું ધન છે. જ્ઞાન–દર્શન, ચારિત્ર, તપ, બળવીર્ય અને ઉપયોગ આત્માના લક્ષણો છે. તમે બીજા ખામણામાં બોલો છો ને હે સિદ્ધ ભગવંત! આપના જ્ઞાન, દર્શનની વિરાધના થઈ હોય તો હું આપને ખમાવું

છું. સિદ્ધ ભગવંતોને કેવળજ્ઞાન અને કેવળદર્શન બે ઉપયોગ છે. ત્યાં ચારિત્ર નથી. ચારિત્ર આ ભવ પુરતું છે. જયાં શરીર છે ત્યાં ચારિત્ર છે. જીવ અશરીરી બને છે, ત્યારે ચારિત્ર નથી હોતું. જ્યારે સંયમ લઈએ ત્યારે બધા પચ્ચખ્ખાણ જાવજીવ સુધીના કરાવાય છે, એટલે જીવે ત્યાં સુધી. શરીર છૂટે એટલે ચારિત્ર પણ છૂટી જાય છે. જ્ઞાન, દર્શન આત્માના સહભાવી ગુણ છે. જયારે આત્મા પોતાના સ્વરૂપમાં ઠરે છે, અને આત્મઘરમાં શોધ કરે છે, ત્યારે એના આ ગુણો સ્વયં પ્રગટી જાય છે.

આપણું જીવન જન્મ મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યું છે, માટે જરા અને મૃત્યુથી સળગતા આ સંસારમાંથી આત્મસાધના કરીલો. આ ગાથા આપણા આત્માને જગાડે છે કે જીવો ! જાગો....જાગો...જાગો. આ જાગવાનો, ચેતવાનો સમય છે. જે ઘડી અને પળ જાય છે તે કરોડો રૂપિયા દેતા પણ પાછી મળતી નથી. આ કાળમાં આયુષ્ય કેટલું ? મુઠ્ઠી દાણા જેટલું. કોઈ માણસ યાચકને મુઠ્ઠી ભરીને દાણા આપે તો તેનું પેટ ભરાય ખરું ? ના, તેમ આપણી જિંદગી મુઠ્ઠી જેટલી છે; અને કર્મના ગંજ મેરૂ જેટલા છે. સામાન્ય પુરૂષાર્થથી એ કર્મો નહિ તૂટે પણ એ માટે તો ઘણો પુરૂષાર્થ જોઈશે. આત્માનું બળ; પુરૂષાર્થ અને શકિતને ભોગવિલાસમાં ન વેડફી દેતાં આત્મા તરફ વાળવામાં આવે તો કર્મના ગંજ પણ સાફ થઈ જાય. આત્માની સાધના કરવા માટે મંગલકારી દિવસો ચાલી રહ્યા છે. આપ તપ કરીને પૂરાણાં કર્મો બાળી આત્માની જ્યોત જગાવો.

આપણા ચાલુ અધિકારમાં મયણરેહાએ પોતાના પતિ યુગબાહુ દુર્ગતિના મહેમાન ન બને અને તેમની સદ્‌ગતિ થાય તે માટે એક કલ્યાણ મિત્ર બનીને બોધ સમજાવ્યો. તે સમજે છે કે મારા પતિના જીવતાં મારા જેઠે મને પજવવામાં બાકી નથી રાખ્યું, તો આ મારા પતિ નહિ હોય ત્યારે મારું શું કરશે ? છતાં છાતીને વજ્ર બનાવી પ્રતિબોધ આપ્યો. મયણરેહાએ યુગબાહુને કહ્યું નાથ ! તમે તમારા ભાઈ પર વૈર ન રાખશો જો આપ તેના પ્રત્યે વૈર રાખશો તો વૈરની વણઝાર ભવોભવ સુધી ચાલુ રહેશે, માટે આપ અંતરથી તેમને ખમાવી દેજો. વૈર મહાભયંકર છે. વૈર જીવનું કેટલું નુકશાન કરે છે ?

ભરતક્ષેત્રમાં શ્રાવસ્તી નગરીમાં ત્રિવિક્રમ રાજા રાજ્ય કરતા હતા. એક વખત રાજા ફરતા ફરતા ઉદ્યાનમાં વૃક્ષ નીચે આરામ કરવા સૂતા. મંદ મંદ શીતળ પવન આવતો હતો; તેથી રાજાને ઉંઘ આવી ગઈ. તે સમયે ઝાડ પર એક પક્ષીએ કર્કશ અવાજ કર્યો. આ અવાજ સાંભળીને રાજા એકદમ જાગી ગયા. પોતાની નિદ્રામાં ખલેલ પડવાથી રાજા આવેશમાં આવી ગયા. સંતાપ અને પરિતાપનો અગ્નિ રાજાના અંતરમાં ભભૂકવા લાગ્યો. તેં મારી ઉંઘ બગાડી છે. હવે તને હું બતાવી દઈશ. સત્તાના મદમાં અને ક્રોધના આવેશમાં એણે તો પક્ષીને બાણથી વીંધી નાખ્યું, અને ઉપરથી કહે છે લે જો. બીજાની જિંદગીની વહેતી શાંતિમય પળોને સ્ખલના કરતાં કેવું કષ્ટ વેઠવું પડે છે ! જિંદગીને મૃત્યુની હોડમાં મૂકવા કરતાં જરાક સાવધાન બની કર્કશ અવાજ ન કર્યો હોત તો ? બાણ વાગતાં પક્ષી નીચે ઢળી પડયું, અને તરફડતું તરફડતું મરી ગયું. પક્ષી મરીને ભીલકુળમાં ઉત્પન્ન થયું.

**અંતરનો પશ્ચાતાપ કરતા રાજા:**—સમય જતાં ભીલપુત્ર મોટો થાય છે, અને બીજી બાજુ થોડા સમય પછી રાજાને એક મુનિનો ભેટો થયો. રાજાએ મુનિપાસે જઇને કહ્યું. ગુરૂદેવ ! મારા હાથે મોટું પાપ થઈ ગયું છે. હું સૂતો હતો ત્યારે ઝાડ પર બેઠેલા પંખીએ કર્કશ અવાજ કર્યો. તેથી મારી ઉંઘ ઉડી ગઈ. એ પંખી બિચારું શું સમજે કે રાજા સૂતા છે, માટે અવાજ ન કરું. મેં મારી સત્તાના મદમાં આવીને બાણથી પંખીને વીંધી નાખ્યું. મેં ઘોર પાપ કર્યું છે. મારું શું થશે ? આપ મને પ્રાયશ્ચિત આપો. આ પ્રાયશ્ચિતમાં તું સંયમ લઈ લે. સંસાર તો સ્વાર્થની જંજાળ છે ! એમાં ભ્રમણાના આંસુ ભર્યા છે ! આ રાજા ત્યાં સાધુ બની ગયા. સંયમ લઇને જ્ઞાનાનંદમાં પૂર્ણાનંદ મેળવવા નિજાનંદમાં મસ્ત બન્યા. વિધવિધ તપશ્ચર્યાનો યજ્ઞ આરંભ્યો. તપના મહાન પ્રભાવે મુનિને કેટલીક લબ્ધિઓ પ્રાપ્ત થઈ.

**વૈર વાળવા તૈયાર થયેલ ભીલ:**—મુનિ ફરતા ફરતા એક જંગલમાં વૃક્ષ નીચે ધ્યાનમાં બેઠા છે. તે સમયે પેલો ભીલનો છોકરો ફરતો ફરતો ત્યાં આવી પહોંચ્યો. જોજો, હવે પૂર્વનું વૈર શું કામ કરે છે ? ભીલે મુનિને જોયા. મુનિને જોતાં તેમના દર્શનની પવિત્ર ભાવના આવવી જોઇએ તે ન આવી પણ તેના અંતરમાં વૈરની જ્વાળા ભભૂકી. એક તો જંગલ, એકાંત, વળી મુનિનું અહીં કોણ ? તેણે તો મુનિની કદર્થના કરવા માંડી, છૂટા પથ્થરના ઘા કરવા માંડયા. મુનિ સમભાવે સહન કરે છે, પણ છેવટે પથ્થર દાઢી સુધી આવ્યો. મુનિ લોહી લુહાણ થઇ ગયા. હદ થઇ ગઈ. કસોટીની સોટી મુનિની કાયા પર વીંઝાવા લાગી. શાંતરસમાં ઝીલતા મુનિનો ક્રોધ કાબૂમાં ન રહ્યો. મેં આટલું બધું સહન કર્યું છતાં હજુ છોડતો નથી ! એમ કહીને તેના ઉપર તેજુલેશ્યા મૂકી. હાય....ક્રોધ અંગારા ! આગમાંથી ભડકો અને ભડકામાંથી ભસ્મ....ભીલની કાયા પણ ભસ્મીભૂત થઈ ગઈ. એ સળગી રહ્યો. વૈરનો સંસાર વધતો ગયો. ભીલ મરીને તે જ વનમાં કેશરીસિંહ થયો. મુનિ ફરતા ફરતા આ ઉદ્યાનમાં આવી પહોંચ્યા. મુનિને જોતાં સિંહને પૂર્વનું વૈર યાદ આવતા ધડુકા કરતો મુનિ પાસે ગયો. મુનિ કહે, દૂર રહે.... દૂર રહે, પણ સિંહ ખસતો નથી. પૂર્વનું વૈર છે ને. સિંહે મુનિ પાસે આવીને નખોરિયા માર્યા. એ માર સહન ન થવાથી મુનિ મુનિપણાનું ભાન ભૂલ્યા અને તેના પર તેજુ-લેશ્યા મૂકી. સિંહ મરી ગયો. અરર....જીવ ક્રોધના કારણે કેવા કર્મો ઉપાર્જન કરે છે ? એ કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી. સિંહ મરીને દીપડો થયો. ત્યાં પણ મુનિને જોતાં દીપડાને વૈર યાદ આવતા મુનિ પર ત્રાટકવા ગયો. મુનિએ તેના પર પણ તેજુલેશ્યા મૂકી. મુનિ તો એકેક પગથીયા નીચે ઉતરતા રહ્યા. ક્રોધના કારણે પોતાનો વિનાશ નોતરતા ગયા. તેમને એ પણ ભાન ન રહ્યું કે મારાથી કેટલા પંચેન્દ્રિય જીવોથી હત્યા થાય છે ! દીપડો મરીને સાંઢ થયો. મુનિ ફરતા ફરતા ત્યાં આવ્યા. મુનિને જોતાં જ સાંઢ તેમને મારવા ધસ્યો. ધસમસતા આવતા સાંઢને જોઈને તેના પર તેજુલેશ્યા છોડી. તેને માર્યો. હજુ આટલેથી સર્યું નહિ. કર્મના ખેલ અજબગજબ છે ! સાંઢ મરીને મહાઝેરી નાગ

થયો, સમય જતાં સાધુ ત્યાં આવે છે. મુનિને જોતાં પૂર્વનું વૈર યાદ આવતા મુનિને ડંખ દેવા ગયો. મુનિએ તેને દૂર કરવા પ્રયત્નો કર્યા પણ નાગ દૂર ન ગયો. ત્યાં પણ સર્પના ઝેર કરતા વૈરના મહાઝેરે મુનિએ તેજુલેશ્યાથી ક્ષણવારમાં હતો ન હતો કરી દીધો. કેટલા જીવોની ઘાત! પાંચ પાંચ જીવોની ઘાત થઈ. મુનિનો હજુ તે જ ભવ છે. પણ પક્ષીના ભવ બદલાયા કરે છે. ભગવાનના સાધક મુનિ એક કીડીને ન દુભવે અને છકાય-જીવોની રક્ષા કરે તે મુનિએ તેજુલેશ્યાના કારણે પાંચ પાંચ જીવોને મારી નાખ્યા. હજુ પણ આટલેથી વૈરની વણઝાર અટકતી નથી.

નાગ મરીને ગરીબ બ્રાહ્મણને ત્યાં પુત્ર રૂપે થયો. અરેરે.... મહા તપસ્વી મુનિના હસ્તે કેટલી અગનજાળને છોડતી ભસ્મરેખા છૂટી! વૈરનો ખાડો ઊંડો ને ઊંડો ખોદાતો ગયો. કેટલોક સમય વ્યતીત થયા બાદ ત્રિવિક્રમ મુનિ ફરતા ફરતા તે જ ગામમાં આવ્યા. પૂર્વથી વૈરનો પવન ફુંકાતો હતો. યોગાનુયોગ બ્રાહ્મણ પુત્રે મુનિને જોયા. મુનિને જોવાથી નયનોમાંથી નેહ નીતરવો જોઈએ. તેને બદલે લાકડીઓ અને પથ્થરોથી મુનિને મારવા લાગ્યો. કારણ વિના ક્રૂરતા દેખી મુનિનું હૈયું કંપી ઉઠયું. આંતર વૈભવ આડે વાદળું ઘેરાયું અને એ ઘેરાયેલા વાદળામાંથી તણખા ઝર્યા ને ફટ કરતી તેજુલેશ્યા છોડી. ત્યારે એ બ્રાહ્મણપુત્રના મનમાં એ વિચાર આવ્યો કે અરર...મુનિ તો બિચારા સાવ નિર્દોષ છે. મેં તેમને પહેલા લાકડી ને પથ્થરના પ્રહાર કર્યા ત્યારે મુનિને આવું કરવું પડયું ને! દોષ મારો છે. મુનિનો નથી. આ ભાવનામાં મરી ગયો. ત્યાંથી મરીને વારાણસી નગરીમાં મહાબાહુ નામે રાજા થયા. આટલા પાપની પાછળ પણ પુણ્યનો અંશ છૂપાયેલ હશે જેથી પશુમાંથી માનવ, અને માનવમાંથી રાજા બન્યો.

એક વખત મહેલના ગોખે બાહ્ય સૃષ્ટિનું અવલોકન કરતા એક પવિત્ર સંતના દર્શન થયા. મુનિને જોતાં તેમના મનમાં થયું કે મેં "આવું કંઈક" જોયું છે. જેમ મૃગાપુત્ર મહેલના ઝરૂખે બેઠા હતા ને રસ્તામાં પસાર થતાં મુનિને જોયા. મુનિને જોતાં તેમની આંખડી તેમના પર ઠરી ગઈ ને મનમાં થયું કે મેં આવું કયાંક જોયું છે. જોતાં શુદ્ધ વિચારધારાએ ચઢતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. તેમ અહીં પણ રાજકુમારે મુનિને જોયા. અગમ્યની ગહનતામાં ઊંડા ઉતરી ગયા ને ત્યાં જાતિસ્મરણ જ્ઞાન થયું. જ્ઞાનમાં પૂર્વે ત્રિવિક્રમ મુનિના કોપથી મરણ પામેલા સાત સાત ભવોનું દૃશ્ય જોયું. અહો! આ મુનિને પાપ કરાવવામાં નિમિત્તભૂત હું છું. સંતનો દોષ નથી. દોષ મારો છે. આ ભવમાં દૃષ્ટિ બદલાણી. સ્વદોષ જોયો. જ્યારે આપણે સ્વદોષ જોઈશું ત્યારે સમજવું કે હવે આપણું કલ્યાણ દૂર નથી. આ રાજકુમારે મુનિને શોધવા માટે અડધો શ્લોક બનાવ્યો.

**विहगः शबरः सिंहो, द्विपी पशुः फणा द्विजः ।**

આ શ્લોક લખીને મંત્રીને આપ્યો ને કહ્યું, જે આ શ્લોક પૂરો કરી આપશે તેને હું એક લાખ સોનામહોર આપીશ. ગામના બધા લોકો શ્લોક પૂરો કરવા પ્રયત્ન કરે છે, કારણ કે લાખ સોનામહોર મળવાની છે. આ શ્લોક આખા નગરમાં ગુંજતો થઈ

ગયો. જ્યાં જુઓ ત્યાં અને જ્યાં કાન માંડો ત્યાં આ શ્લોકના સૂર સંભળાતા બાર બાર મહિના થયા પણ કોઈ શ્લોકને પૂરો કરી શકતા નથી.

**વૈરની વણઝારની વિદાય અને આત્માનો રણકાર:**–કેટલાક સમય બાદ જેની કાયામાં અનેકના કલ્યાણની કામના છે અને સ્વ સાથે પરના કલ્યાણની કદમે કદમે ભાવના છે એવા ત્રિવિક્રમ મુનિ વિચરતા વિચરતા મહાબાહુના રાજ્યમાં આવ્યા. એક ગરીબ માણસના મુખેથી તેમણે આ શ્લોક સાંભળ્યો. શ્લોકનું પદ સાંભળતા મુનિનું મન વિચારના ચગડોળે ચઢયું. અહો ! આ શ્લોક કોણે બનાવ્યો હશે ! શુદ્ધ વિચારધારાએ ચઢતા જાતિસ્મરણ જ્ઞાન થયું. જ્ઞાનમાં પૂર્વે બનેલી હકીકત જોઈ, તેથી શ્લોકનું પદ પૂરું કર્યું. દેનામી નિહતા કોપાત્સકથં ભવિતા ઇહા। જેણે આ બધાને કોપથી મારી નાખ્યા છે, અહાહા....તેનું શું થશે ? કર્કશ અવાજના કારણે ઉંઘમાં સ્ખલના પડતા બંધાયેલું વૈર મનોભૂમિમાંથી બહાર નીકળ્યું, અને વૈરનું સર્જન પરંપરા સુધી ચાલ્યું. એક જીવનો એક જ ભવ ત્યારે બીજા જીવના કેટલા ભવ ! પરિણામમાં પાપના વિપાક સિવાય કાંઇ ન દેખાતા મુનિનું મન પશ્ચાતાપના સાગરમાં ડૂબકી મારવા લાગ્યું. એની આહમાં ઉની ઉની નિઃશ્વાસભરી હવા હતી. મેરૂ જેવા મનને ક્રોધ દ્વારા વધુ કલુષિત બનાવ્યું હતું. હવે શુદ્ધતાના એરણ પર ચઢાવવા તૈયાર હતા. પોતે જે અનિષ્ટ–અધમ, અકૃત્યો કર્યા છે તેની પાછળ હવે તેઓને આંચકા પર આંચકા આવતા હતા.

પેલા ગરીબ માણસને મુનિએ શ્લોક પૂરો કરી દીધો. તે લઈને તે રાજા પાસે આવ્યો. રાજાએ પૂછયું આ શ્લોક કોણે પૂરો કર્યો ? ત્યારે તે માણસે કહ્યું, આપણા ગામમાં મુનિ પધાર્યા છે, તેમણે તે પૂરો કર્યો છે. શું મુનિએ આ શ્લોકને પૂરો કર્યો છે ? હા મહારાજા ! ચાલો હમણાં જ આપણે તેમના દર્શન કરવા જઈએ. એમ વિચારી રાજા તરત મુનિના દર્શન કરવા ગયા.

**પાપનો પશ્ચાતાપ:**–મુનિ પોતાનાથી થઈ ગયેલા પાપોનો અંતરથી પશ્ચાતાપ કરી રહ્યા છે ત્યાં રાજા પહોંચી ગયા. ગુરૂદેવના ચરણમાં પડીને કહે છે, ગુરૂદેવ ! મને માફ કરો. આ પાપીના નિમિત્તથી આપને ક્રોધરૂપી ચંડાળના ભોગ બનવું પડયું ? છ છ ભવમાં આપને જોતાં વૈર યાદ આવતું અને આપને મારવા આવતો. આપ મને થોડીવાર તો શાંત રાખવા પ્રયત્ન કરતા છતાં હું શાંત થતો નહિ ને પરિણામે આપને ક્રોધની જ્વાળામાં ઝંપલાવવું પડતું. મારા નિમિત્તે તમારે ઘોર પાપ કરવું પડયું છે. ધિક્કાર છે મને ! મેં આપ જેવા મહામુનિની કદર્થના કરી. મારા અક્ષમ્ય અપરાધને આપ ક્ષમા આપો. પોતાની ભૂલનો અંતરથી પશ્ચાતાપ કરવા લાગ્યા. લોખંડને ગમે તેટલો કાટ ચઢયો હોય પણ તેને અગ્નિમાં નાખવામાં આવે તો કાટ ગયા વિના રહે નહિ, તેમ જે પાપો કર્યા છે તે પશ્ચાતાપપૂર્વક આલોચના કરવાથી સાફ થઈ જાય છે. આજે દુનિયામાં પાપ કરનાર માણસોનો તો પાર નથી. પણ પાપનો પોકાર કરનારા બહુ વિરલ છે. ગોશાલક ભગવાન પાસેથી તેજુલેશ્યા શીખ્યા, અને તે જ તેજુલેશ્યાનો પ્રયોગ ખુદ ભગવાન પર

કર્યો પણ ભગવાને તો સામી શીત લેશ્યા મૂકી. એ ગોશાલકે ભગવાનના બે સાધુને બાળી નાખ્યા. આ કર્મ કરીને ઘોર પાપ બાંધ્યું પણ અંતિમ સમયે મરણની વિચાર-ધારાએ પલ્ટો લીધો. પોતાના પાપનો પોતાના શ્રાવકોની સમક્ષ પોકાર કર્યો, અને એ અંતરના પાપોની આલોચના કરવાથી મરણની બે ઘડી બાકી રહી ત્યારે સમકિત પામ્યા ને બારમા દેવલોકે ગયા. અહીંયા મહારાજા અંતરની આગને પશ્ચાતાપના વારિથી સીંચી હળવાફૂલ જેવા બની ગયા.

**રાજા અને મુનિની નિર્મળ બનેલી દષ્ટિઃ–** મુનિ કહે છે હે રાજન્! તું પાપી નહિ, હું મહાપાપી છું. સમગ્ર સંસારને દુઃખનો દાવાનળ સમજી મોહને લાત મારી રાગ-દ્વેષની જાળને તોડવા હું સંયમી બન્યો, છતાં ભાન ભૂલી, ભવાટવીમાં ભટકાવે એવી ભૂલો કરી. સંસારની સાંકળોને મજબૂત કરી અધઃપતનની ખાઈ ખોદી. એક ભવ નહિ પણ સાત સાત ભવ સુધી તને મારવાવાળો થયો. હાય... હું મારા કુકર્મના કારણે રૂડો સંયમ હારી ગયો. અરરર....આ હતભાગીનો તો આ જીવનમાં ઉદ્ધાર થાય એવું નથી. આ રીતે મુનિ પોતાની કસોટીમય આત્મકથાના પાના પર ભવ પરિભ્રમણના અંકિત અક્ષરોને આંસુથી પ્રક્ષાલન કરતા હતા.

મહાબાહુ રાજા પણ વિચાર કરી રહ્યા છે. આ મહામુનિને મારે શું કહેવું? શું ન કહેવું, શું આશ્વાસન આપવું! કારણ કે આ મુનિના કાર્ય પાછળ પોતે નિમિત્ત હતા. તેમનું અંતર અને આંખ રડી રહ્યા હતા. મુનિ અને મહારાજા બંનેના પશ્ચાતાપના આંસુથી રાગ-દ્વેષના કાદવ ધોવાતા ગયા. ખરેખર એમ લાગે કે ભવોભવના રૂદનને દૂર કરવા જાણે આ છેલ્લું-અંતિમ રૂદન ન હોય! હવે કર્મની ગુલામીમાંથી સ્વતંત્ર બનવા અંતર પોકારી રહ્યું હતું. એટલામાં બંનેના મહાન ભાગ્યોદયે ત્યાં કેવળી ભગવાનનું આગમન થયું. મુનિ અને રાજા બંને ત્યાં ગયા. કેવળી ભગવાને બંનેના ભાવોને જાણીને વ્યાખ્યાન ફરમાવ્યું. જે જીવ અજ્ઞાનથી થયેલા અવિવેકને આધીન બની સંત જેવા સંતને પીડા ઉપજાવે છે, ત્રાસ આપે છે, તેનાથી વિશેષ બીજું કોઇ પાપ નથી. તેમજ કઠોર ઉગ્ર તપસ્વી મુનિ પણ જો વિભાવદશામાં પડીને ક્રોધને આધીન બને તો ચારિત્ર રૂપી વૃક્ષને બાળી નાંખે છે.

**કેવળી ભગવાન પાસે પ્રાયશ્ચિત :–** કેવળી ભગવાનની દેશના પૂરી થયા પછી બંને કેવળી ભગવંતના ચરણમાં પડી પોતાના પાપનું પ્રાયશ્ચિત કરે છે. મુનિ કહે છે ભગવાન! મેં ઘણા ઘોર કર્મો કર્યા છે. સંયમ લઈને સાત સાત જીવોની હત્યા કરી છે. આ ઘોર પાપમાંથી કયારે છૂટીશ? સાધુપણામાં ન છાજે તેવા મેં કર્મો કર્યા છે. ભગવાન મને બચાવો....બચાવો. અંતરમાં પશ્ચાતાપનો જોરદાર ભઠ્ઠો સળગ્યો. તેમાં મુનિના પાપ ખત્મ થઈ ગયા. રાજા કહે છે ભગવાન! આ મુનિને પાપ બાંધવામાં નિમિત્ત-ભૂત હું છું, આ પાપથી છૂટકારો મેળવવા આપ કહો તે કરવા તૈયાર છું, પણ હવે આ પાપ મારે ન જોઈએ. કેવળી ભગવાન કહે, જો તારે પાપથી છૂટકારો લેવો છે, તો આ સંસારનો

ત્યાગ કરી સાધુ બની જા. રાજાને પાપનો ખટકારો થયો છે, એટલે સંસારથી છૂટકારો લેવાનું મન થયું. પાપ ખટકે તો આત્મા પાપભીરૂ બની શકે છે. રાજાએ ત્યાં ભગવાન પાસે સંયમ-માર્ગ ગ્રહણ કર્યો, અને પોતે જ્ઞાન-ધ્યાન-તપથી આત્માને ઉજ્જવળ બનાવ્યો. બંધુઓ ! સાંભળ્યું ને ! વૈર જીવને કેટલો અનર્થ કરાવે છે, માટે કોઈ સાથે વૈર રાખશો નહિ.

મયણરેહા, ચંદ્રયશ, સારું ગામ યુગબાહુના મૃત્યુથી પોકે પોકે રડે છે. હાહાકાર મચી ગયો છે, છતાં સતી વિચાર કરે છે કે અત્યારે જો હું રડવામાં રહી જઈશ તો પછી છૂટી શકાશે નહિ. શીલની રક્ષા માટે વનવાસ શ્રેષ્ઠ છે. મહેલને ધિક્કાર છે કે ત્યાં રહેતા જેઠની દાનત બગડી, અને પરિણામે પતિની ઘાત થઈ. મહેલનું વાતાવરણ કલુષિત છે. સ્વચ્છ અને પવિત્ર વાતાવરણ તો વનનું છે, માટે વનમાં જવું એ જ યોગ્ય છે, પણ વનમાં જવું કેવી રીતે ? દરવાજા ઉપર પહેરેગીરો છે. હું જો અહીં રહું ને સવાર પડવા દઉં તો જોખમ છે, માટે અત્યારે જ નગર છોડી વનમાં ભાગી નીકળું. આ તો ભાગવાનું પણ કેવી રીતે? કોઈને કહેવાનું નહિ. કોઈને સાથે લેવાનું નહિ. જરા વાત ફુટે ને રાજા જાણી જાય તો મોટી આપત્તિ ઉભી થાય. એ તો એકલા અટૂલા ચાલી નીકળવાનું. ભલે, જંગલમાં થવું હોય તે થાય. મારું ભાગ્ય સાથે છે. સુખ મળે કે દુઃખ મળે, ચિંતા શી ?

આ પ્રમાણે વિચાર કરી બીજા બધા રડવા કૂટવામાં તથા અંતિમ ક્રિયા કરવામાં રોકાયેલા હતા, તે સમયે મયણરેહા પોતાના શરીર ઉપરથી આભૂષણો ઉતારી નાખી સાદા વસ્ત્રો પહેરી વનમાં જવા તૈયાર થઈ. જાણે મીરાબાઈ ન હોય ! તેની સાથે તેની રક્ષા કરવા માટે કોઈ સહાયક ન હતો. તેમજ પાસે ખાવાનું ભાતું પણ ન હતું. શરીરની થોડી પણ તમન્ના કે પરવા કર્યા વગર શીલની રક્ષા કાજે એ મહાસતી વનની વાટે નીકળી. મયણરેહા ધર્મની જાણકાર હતી એટલા માટે તે રોવા-કૂટવાનું છોડી દઈ વીરતાને ધારણ કરી એકલી અટૂલી જવા તૈયાર થઈ. બહાર નીકળતા તેના મનમાં પ્રશ્ન થયો કે હું કયાં જાઉં ? આ પ્રશ્ન થતાં તેણે પ્રભુનું સ્મરણ કર્યું. આત્મા કયારેક વિપત્તિમાં ઘેરાઈ જાય અને કોઈ દિશા ન સુઝે ત્યારે એક ચિત્તે પ્રભુનું સ્મરણ કરવાથી તેનો અંતરાત્મા એને જવાબ આપે છે. આ રીતે મયણરેહાને પણ અંતરાત્મામાંથી જાણે જવાબ મળ્યો કે તારે માટે પૂર્વ દિશામાં જવું સારું છે. તેમજ કોઈ પણ કાર્ય પૂર્વદિશા તથા ઉત્તર દિશા સમક્ષ મુખ રાખીને કરવામાં આવે તો તે કાર્ય સફળ બને છે, અને વિઘ્નો દૂર થાય છે. દક્ષિણ દિશામાં યમનો વાસ છે. આ રીતે વિચાર કરી સતી પૂર્વ દિશા તરફ ચાલવા લાગી. ચાલતાં ચાલતાં એક મોટા વનમાં પહોંચી. ઉંડા ખરબચડા ટેકરા અને પાતાળ-ગુફાઓમાં થઈને રસ્તો કાપતા કાપતા કાંટા-કાંકરા આદિનો ઉપદ્રવ તેણે કેટલો સહન કર્યો હશે ! એની ગણના તો થઈ શકે તેમ નથી. કારણકે સહન કરનાર ખુદ સતીને પણ તે દુઃખોનું ભાન ન હતું. તેને તો વિઘ્નમૂર્તિ મણિરથથી પોતાનું શરીર અને શીયળ સાચવવા માટે જેટલે દૂર નાસી જવાય તેટલું દૂર નાસવાનું જ ભાન હતું. એ ભાનમાં કાંટા કાંકરા આદિના દુઃખો તો દબાઈ ગયા હતા. સત્ય છે કે " मनस्वी

कार्यार्थी न गवायति दुखं न च सुखं ।" મનસ્વી અને કાર્યાર્થી માણસો સુખ કે દુઃખની ગણના કરતા નથી.

ચાલતાં ચાલતાં મયણરેહા એક મહા અટવીમાં પહોંચી. રાત પ્રભુના ધ્યાનમાં પસાર કરી. સતી ઘોર જંગલમાં પોતાની જાતને સ્વસ્થ માને છે. બસ, હવે અહીં રાજા તરફથી શીલપર આક્રમણ નહિ આવે. એમ માની આશ્વાસન લે છે. જીવનમાં પવિત્રતાનો અથાગ રાગ જુદા જ હિસાબ મંડાવે છે. સવાર પડી તોય રક્ષણની બુદ્ધિથી અટવીમાં આગળ ને આગળ ચાલી જાય છે. ત્યાં તેણે સિંહગર્જના સાંભળી, પણ તે ગર્જના સાંભળીને ભય ન લાગ્યો. તે કહેવા લાગી કે સિંહ! તને ક્રૂર કહેવામાં આવે છે પણ જો હું તારી અને નગરના લોકોની તુલના કરું તો તારા કરતા નગરજનો વધારે ક્રૂર નીકળશે. તું તો આ સ્થૂલ શરીરને ખાઈ જાય છે, પણ નગરના લોકો તો સત્ય શીલ આદિ આત્માના ગુણોને ખાઈ જાય છે. મયણરેહા સિંહની ગર્જના જે બાજુથી આવી હતી તે બાજુ ચાલવા માંડી. કહ્યું છે કે, "अहिंसा प्रतिष्ठायां तत्सन्निधौ वैर त्यागः ।" જેનામાં અહિંસા હોય છે તેની આગળ વૈરભાવ તો ટકી શકતો નથી. મયણરેહા ચાલી રહી છે. રસ્તામાં તેને સિંહ મળશે ને શું બનશે તે અવસરે.

**ચરિત્ર** :–સાગરદત્ત શેઠનો કેવો ઘોરકર્મનો ઉદય થયો છે કે એક સોનાની થાળી માટે તેમના પર ચોરીનો આક્ષેપ મૂકાયો. પોલીસોના હંટરથી માર ખાધા. ગડદાપાટુથી પછાડયા. શેઠ બેભાન થઈ ગયા. માર મારીને લોહી નીકળ્યા. અંતે સાચી વાત પ્રગટ થતાં ઉદયચંદ્ર શેઠ શરમાઈ ગયા. તે પણ સાગરદત્ત જ્યાં ઝુંપડીમાં રહે છે ત્યાં આવ્યા, આવીને સાગરદત્ત શેઠના ચરણમાં પડીને કહે છે, શેઠજી! મેં આપને વગરવાંકે નિર્દોષ હોવા છતાં ખૂબ દુઃખ–ત્રાસ આપ્યા. અમે થાળીઓ પહેલા ગણી હોત તો આ દશા ન થાત. એક થાળીના કારણે કેટલું કષ્ટ આપ્યું! મારી ભૂલ થઈ છે. મને ક્ષમા કરો.

સાગરદત્ત કહે છે, ભાગ્યમાં જે બનવાનું છે તેમાં કોણ મેખ મારી શકે? એમાં તમારો દોષ નથી. દોષ મારા કર્મનો છે. મને આપના પર જરાય રોષ નથી.

**ઉદયચંદ્ર કહે મારી એક અરજી, માનો તો આવે સંતોષ;**
**ઘરે પધારો મ્હાણે પાવણાં, જાણે મૈં જાણંલા થારો પ્રેમ.**

મારી એક વિનંતી સ્વીકારો તો મને સંતોષ થશે. આપ મારા ઘેર પધારો. સાગરદત્ત કહે, હું આપને ઘેર નહીં આવું! ઉદયચંદ્ર કહે–હું આપને બાજુમાં ઘર છે તે રહેવા માટે આપીશ. શેઠ, આપની કૃપા–અમીદૃષ્ટિ છે તો બસ છે. ઉદયચંદ્ર શેઠ ઘણું કરગરે છે, કાલાવાલા કરે છે. હું આપને લીધા વિના જવાનો નથી. શેઠના અતિ આગ્રહથી સાગરદત્તે હા પાડી. સાગરદત્ત સાગર જેવા ગંભીર હતા. પોતાને ત્રાસ આપ્યો તે બધી વાતને પોતાનામાં સમાવીને તેમના ઘેર જવા તૈયાર થયા. તારામતીને કહે, ચાલો આપણે ઉદયચંદ્ર શેઠને ઘેર જવાનું છે. ઉદયચંદ્રે તેમનું સારી સારી સ્વાદિષ્ટ મીઠાઈઓથી સ્વાગત કર્યું. સોનાની થાળીમાં જમવા બેસાડયા. સોનાની થાળી જોઈને ક્ષણભર મનમાં થયું કે

આ થાળીઓ મારી છે, પણ બીજી જ ક્ષણે આત્માને કહે છે, તું એના તરફ દૃષ્ટિ ન કરીશ, એ થાળીએ તો તને માર મરાવ્યો. જો તારા ભાગ્યમાં હોત તો શા માટે જતી રહેત? એમાં મારાપણું ન કર. ઉદયચંદ્ર શેઠે તેમને પ્રેમપૂર્વક જમાડયા, પછી શેઠ જવાની રજા માંગે છે. ઉદયચંદ્ર શેઠ જવાની ના પાડે છે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે.

## વ્યાખ્યાન નં.-૨૯

**શ્રાવણ સુદ ૧૪ ને ગુરૂવાર** **તા. ૧૩-૮-૮૧**

અનંતજ્ઞાની ભગવાને છ દ્રવ્યોનું સ્વરૂપ સમજાવ્યું છે. ધર્માસ્તિકાય; અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ. આ છ દ્રવ્યોમાં મુખ્ય બે દ્રવ્ય છે. જીવ અને પુદ્ગલ. લોકમાં જીવો અનંતાનંત છે અને એ અનંત અનંત કાળથી જન્મ મરણ કરી રહ્યા છે. જે જીવો શરીર, કર્મ અને મોહના સકંજામાંથી સર્વથા મુક્ત થયા છે, એ સિદ્ધના જીવોને જન્મ-મરણ નથી. બાકીના બધા જીવો જન્મ-મરણના સકંજામાં ફસાયા છે. જન્મ મરણ એ જીવની શાબાશી નથી પણ નાલેશી છે. જન્મ તો અજ્ઞાન જીવો માટે પાપી જીવનની શરૂઆત કરી આપે છે. એ જીવનભરના પાપમય વિચાર, વાણી અને વર્તનના ફળ ભોગવવા સંસારના દુઃખદ ભવો કરવા પડે છે. જે જન્મની પાછળ મૃત્યુની ફાંસી અને જે જન્મ લીધાથી જીવનભર દુઃખદ પાપો તથા ભવના ફેરા વધે એ જન્મ શાબાશી ગણાય ખરો? જન્મ છે માટે મોતની ફાંસી છે. તો જન્મ એ ગુનો છે. કેવા ગુનાની સજા ફાંસી થાય? બહુ મોટા ગુનાની ને! તો જન્મ એ મોટો ગુનો છે, પણ મનુષ્ય જન્મ મળ્યા પછી જો એવું ઉચ્ચ અહિંસા, સંયમ અને તપમય જીવન જીવાય કે જેથી અહીંનું મૃત્યુ એ છેલ્લું મૃત્યુ બને, પછી જન્મ પણ નહિ ને મૃત્યુ પણ નહિ, બસ સીધો મોક્ષ.

આપણો આત્મા પણ અનંતાનંત જીવોની જેમ જન્મ મરણના પંજામાં ફસાયેલો છે. આત્મા એ સ્વતંત્ર દ્રવ્ય છે અને નવાનવા જન્મે નવી નવી કાયામાં કેદ પૂરાય છે. આપ આટલું યાદ રાખો કે **"કર્મ વિના જન્મ નહિ."** જો જીવ આઠ કર્મોને ખપાવીને મોક્ષમાં જાય તો ત્યાંથી જન્મ લેવો પડતો નથી. કર્મ છે તો જન્મ લેવો પડશે. આત્માને કર્મ બંધાવાના પાંચ કારણ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદ, મિથ્યાત્વ સેવો એટલે કર્મ બંધાય. અવિરતિમાં પડયા રહો એટલે કર્મ બંધાય. કષાય કરો એટલે કર્મ બંધાય. અને યોગ અર્થાત્ હિંસા-જુઠ-ચોરી વગેરેના વિચાર કરો, બોલો કે વર્તાવ કરો એટલે કર્મ બંધાય, કર્મથી જન્મ, જન્મથી શરીર, શરીરથી પાછા મિથ્યાત્વાદિનું સેવન, એટલે નવા કર્મ બંધાય. કર્મથી પાછો જન્મ, જન્મથી શરીર, અને શરીરથી પાછા પાપો. આ બધું કયાં સુધી ચલાવવું છે? જે જ્ઞાની છે, પંડિત છે તેને આ બધું ખૂંચે, અજ્ઞાનીને તો આ કંઈ વિચાર નહિ. કર્મ બાંધવાના પાંચ કારણ છે. તેમાં પહેલું મિથ્યાત્વ છે.

*મિથ્યાત્વ એટલે જ્ઞાનીના વચન પર શ્રદ્ધા નહિ અથવા શંકા-કુશંકા કરે એ* મિથ્યાત્વ. અરિહંત ભગવાન જન્મથી અવધિજ્ઞાની હોય છે. તેમને ગર્ભમાંથી ત્રણ જ્ઞાન

હોય છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન. આ જ્ઞાનથી કેટલુંય દૂર દૂરનું ને ભૂતકાળનું સ્પષ્ટ દેખે, છતાં જ્યાં સુધી અનંતજ્ઞાન–કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી તે ઉપદેશ ન કરે, કારણ કે એમને કોઈની કહેલી વાત કહેવાની નથી પણ સ્વયં સંપૂર્ણ ત્રિકાળનો, લોકાલોક દેખીને સ્વતંત્રપણે ધર્મશાસન સ્થાપવું છે. એટલે લોકાલોકનું અને ભૂત ભાવી અનંતાનંત કાળનું સાક્ષાત્ દેખે, પછી જ ઉપદેશ આપે. પછી એમને અસત્ય બોલવાનાં કારણો રાગ નથી, દ્વેષ નથી, અજ્ઞાન નથી માટે જે કહે તે સત્ય કહે. તેથી તેમના સર્વ વચન પર શ્રદ્ધા તે સમકિત. એ ન હોય તે મિથ્યાત્વ. આ મિથ્યાત્વ કાઢવું હોય તો કુદેવ–કુગુરૂ અને કુધર્મની પ્રશંસા ન કરવી, તો મિથ્યાત્વ જશે ને સમકિત આવશે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાંથી ઘણી ઘણી વાતો જાણવા અને સમજવા મળે છે. આપણા અધિકારના નાયક નમિરાજ છે, પણ નમિરાજ કોના પુત્ર છે? આવા પવિત્ર પુત્રને જન્મ દેનારી માતા કોણ છે? તે વાત ચાલે છે. જે માતાપિતા પવિત્ર હોય તે પવિત્ર સંતાનોને જન્મ આપી શકે છે. આદર્શ નારી જે સંતાનોને જન્મ આપે તે સંતાનો સુસંસ્કારી અને સુવિચારવાળા હોય છે, માટે સંસારમાં રહેવા છતાં ગૃહસ્થ જીવન કેમ જીવવું તે ખાસ વિચારવાની જરૂર છે. જીવનની કિંમત ચારિત્રથી છે. જેમ સુગંધ વિનાના પુષ્પની કોઈ કિંમત નથી, અગ્નિમાં ઉષ્ણતા ન હોય, પાણીમાં શીતળતા ન હોય, તો તે અગ્નિ કે પાણીની કિંમત નથી. તેમ જેના જીવનમાં સંયમની સુવાસ નથી, ચારિત્રની મ્હેંક નથી, શીલની સૌરભ નથી તેની કંઈ કિંમત નથી. એક કહેવત છે કે જેણે ધન ગુમાવ્યું તેણે કાંઇ જ નથી ગુમાવ્યું, જેણે સ્વાસ્થ્ય ગુમાવ્યું તેણે કાંઇક ગુમાવ્યું છે પણ જેણે ચારિત્ર ગુમાવ્યું તેણે બધું જ ગુમાવ્યું છે. જેણે ચારિત્ર ગુમાવ્યું છે તેવા આત્મા જ્ઞાનીની દૃષ્ટિએ જીવતા છતાં મરેલા સમાન છે.

જેની રગેરગમાં, અણુઅણુમાં શીલની સૌરભ મ્હેંકી રહી છે એવી સતી મયણરેહાના પતિના મૃત્યુથી એનું હૃદય વીંધાઈ ગયું છે, એને જીવન જીવવું પણ અકારું લાગ્યું છે એવી સતી પોતાના શીલનું સૌંદર્ય ઝળહળતું રાખવા રાજવૈભવના સુખોને છોડીને વનની વાટે ચાલી નીકળી. એક યુવરાજ્ઞી જેણે વૈભવમાં જ જીવન વીતાવ્યું છે. કોઈ દિવસ દુઃખ જોયું નથી. એવી સતીને માટે આ જંગલ! આ એકલવાયી જાત! કાળી કાળી બિહામણી મધરાત! આ બધું નવું હતું, પણ એણે આ બધાનો સ્વેચ્છાએ સ્વીકાર કર્યો હતો, કારણ કે શીલ રક્ષાનું ખમીર એના ખૂનમાં ખળભળી રહ્યું હતું. યુવરાજ્ઞી મયણરેહાની આંખ આગળ શું પોતાનો એ વહાલસોયો ચન્દ્રયશ નહિ તરવર્યો હોય? પોતાના પ્રીતમનો અને સુદર્શન નગરનો ત્યાગ કરતા એને કેટકેટલા સ્નેહ તાંતણા તોડવા પડયા હશે? પણ શીલ સાચવવા મયણરેહાએ બધું જ કર્યું. પુત્રને એ વિસરી ગઈ. પ્રેમના બંધનો એણે તોડી નાખ્યા ને એકલી અટૂલી નાસી છૂટી.

**મયણરેહા વનની વાટે:**–મયણરેહા વનવગડામાં એકલી ચાલી જાય છે. તે સમજે

છે કે અત્યારે તો નવકારમંત્ર સિવાય બીજો કોઈ મારો બેલી નથી. કહેવત છે કે "**વનવગડામાં ઝાડ પણ એકલું ન હોશો.** ત્યારે અહીં તો સ્ત્રી સાવ એકલી છે. વગડાની વાટ છે. ભયંકર રાત્રી છે. પોતાના પતિનું ખૂન થયેલું જોઇને આવી છે. લોહીથી નીતરતું શરીર પડયું હતું. આવા દૃશ્યો જોઈને આવી છે, પણ આવા સમયે અબળા અબળા નથી રહેતી, તેનું શૌર્ય પ્રગટ થાય છે. આત્મશક્તિ ખીલે છે, ત્યારે અબળા પ્રબળા બની જાય છે. હજાર પુરૂષોને એક બાજુમાં મૂકી દે એવી સમર્થ બની જાય છે. કામી પુરૂષ તેની સામે આવે તો તેને સુધારવા પ્રયત્ન કરે, છતાં તે સમજે નહિ તો પોતાનું બલિદાન દઈ દે છે, પણ પોતાનું શીયળ લૂંટાવા દેતી નથી. અબળા એટલે બળ વગરની ભલે કહેવાતી હોય પણ એ અબળા જ્યારે પ્રબલા બને છે ત્યારે એટમ બોંબની ગરજ સારે છે. અબલામાં શક્તિ રહેલી છે. પોતાની શક્તિથી તે સમગ્ર જગતને પણ ઝૂકાવી શકે છે.

શોરકોટ નામનું જંકશન છે. તેની નજીકમાં જંગલ હોવાથી તે જંકશન દિવસે જેટલું રળીયામણું લાગતું, એટલું જ રાત્રે બિહામણું ભયંકર લાગતું હતું. તે સ્ટેશને છેલ્લી ટ્રેઈન ગઈ. એક બહેન પોતાના પિયરથી પાંચ મહિનાના બાબાને લઈને જીયાણું લઇને સાસરે જઈ રહી હતી. ખૂબ સુખી ઘરની છોકરી હતી. એ પિયરથી નીકળવાની હતી તે અગાઉ ત્યાંથી દીકરીના સાસરે પત્ર લખ્યો હતો કે અમારી દીકરી અમુક ટ્રેઇનમાં આવશે, આપ સ્ટેશને સામા આવજો, પણ કાગળ પહોંચ્યો નહિ, તેથી કોઇ લેવા આવ્યું નથી. આ બહેન રાહ જોવા રહી કે હમણાં કોઈક આવશે. ત્યાં તો બધા વાહનો ગામમાં જતા રહ્યા. હવે એક ઘોડાગાડીવાળો ઉભો હતો. સ્ટેશનથી ગામ દૂર હતું, એટલે હવે બીજો કોઈ ઉપાય હતો નહિ. બહેને ગાડીવાળાને કહ્યું, ભાઇ! તું મને ગામમાં લઇ જઈશ? હા બહેન, ગાડીનું ભાડું નક્કી કરીને બહેન ઘોડાગાડીમાં બેઠી. અંધારામાં પણ ચાંદ જેવું ચમકતું રૂપ, દાગીનાથી ઝળહળતું શરીર, અંધારી રાત અને યોગીઓને પણ ભૂલાવે તેવું એકાંત, બેનનું હૃદય થરથર કંપતું હતું. તે મનમાં પ્રભુને પ્રાર્થના કરી રહી હતી કે પ્રભુ! મને સુખશાંતિથી ઘેર પહોંચાડી દેજે.

**રૂપ પાછળ પાગલ બનેલો ગાડીવાળો:**-બહેનનું રૂપ, દાગીના બધું જોઈને ગાડીવાળાનું ભ્રમર જેવું મન ચલાયમાન થયું. તેણે ગાડી થોડી વાર સીધા રસ્તે ચલાવી પછી તેણે રસ્તો બદલ્યો. બહેને કહ્યું-ભાઈ! આ રસ્તો ગામનો નથી. આપ બીજે રસ્તે કયાં જઈ રહ્યા છો? ગાડીવાળો કહે-મેં જે રસ્તો લીધો છે તે બરાબર છે. સીધા રસ્તે નાળા તૈયાર થાય છે તેથી બધું ખોદેલું છે ને પથ્થરો પડયા છે એટલે એ રસ્તે જવાય તેવું નથી. આ રીતે કહ્યું, એટલે બેને સાચું માન્યું. થોડે દૂર ગયા એટલે તેણે અઘોર જંગલમાં ઘોડાગાડી ઉભી રાખી. અને બહેનને કહે છે તમે નીચે ઉતરી જાઓ. ગામ તો હજુ ઘણું દૂર છે ને અહીં કેમ ઉતારે છે? તને ભાન નથી? બહેન હજુ કંઈક વિચારે તે પહેલાં નાનકડા ફુલ જેવા બાળકને ખોળામાંથી ઝુંટવી લીધો, પછી કહે છે, તારે

દાગીના બધા મને દઈ દેવા પડશે અને તારું જીવન પણ મને અર્પણ કરવું પડશે. તેણે ખિસ્સામાંથી ધારદાર ચપ્પુ કાઢયું, અને કહ્યું જો તારે તારા બાબાને જીવતો જોવો હોય તો બધા દાગીના અને તારું શરીર મને અર્પણ કરી દે. નહિતર તારા બાળકનું ખૂન કરી નાંખીશ.

માતાને પોતાનું સંતાન અત્યંત વહાલું હોય છે. દીકરા-દીકરી માટે માતા બધું દેવું પડે તો દઇ દેવા તૈયાર હોય છે ગાડીવાળો એ સમજતો હતો એટલે જ તેણે આ યુક્તિ કરી હતી. માણસને તો પોતાના સંતાન વહાલા હોય છે, પણ તિર્યંચોમાં જોઈશું તો થશે કે તેમને પણ બચ્ચા કેટલા વહાલા હોય છે! માતાપિતા પોતાના દીકરાને આટલું સાચવે, છતાં કંઇક ઠેકાણે ઘડપણમાં એ માબાપને લાત મારે છે. કંઈક ઠેકાણે તીર્થની જેમ માબાપને પૂજતા હોય છે.

**માતાપિતાએ મોટો કીધો, સેવા કરશે મારી (૨)**
**તને ભણાવ્યો પણ બદલાયો, ઘરમાં આવી નારી (૨)**
**તું તો કુલદીપક કહેવાય,**
**માતાપિતાને કેમ ભૂલાય... મોંઘો દેહ (૨)**

માબાપ જાણે ઘડપણમાં દીકરા મારી સેવા કરશે પણ જ્યાં પરણ્યો ને વહુ આવી એટલે માતપિતાને ભૂલી જાય છે.

**સ્ત્રીએ વાપરેલી ચાલાકી:**-બાળકને ગાડીવાળાએ ઝુંટવીને લઇ લીધો, એટલે તે રડવા લાગ્યો. બાળકને પણ સંજ્ઞા છે, એટલે એના સ્પર્શની, એના ભાવની અસર પડતા બાળક રડે છે. બકરી કસાઇના હાથમાં જાય ત્યારે એનું મુખ જોજો. એને ખબર પડે છે કે મને મારવા માટે લઈ જાય છે, તેથી તેની આંખમાં આંસુ અને મોઢું દયામણું દેખાય છે. બેનને મન ઘરેણાની કોઇ કિંમત ન હતી. એને તો જીવનના સાચા શણગાર સમા શીલધનની કિંમત છે. હિંમતથી કામ લીધા વિના ચાલે તેમ ન હતું. બીજી સ્ત્રી હોય તો આવા સમયે રડવા લાગે પણ આ અભણ બહેન તો ખડખડાટ હસવા લાગી, એથી ગાડીવાળો ખસિયાણો પડી ગયો ને કહે, કેમ મારી માંગણી તો કબૂલ છે ને! અરે કબૂલ– શા માટે ચિંતા કરો છો? આપ ઉતાવળા ન થાવ. ધીરજ રાખો. પહેલા મારા ફૂલને ભોંય મૂકો. હું સાચવીને સૂવાડી દઉં. પછી ઘરેણાં અને........પછી ગાડીવાળો સમજી ગયો કે આ હવે મારી વાત માનશે તેથી તેણે બાળકને ભોંય પર મૂકી દીધો. સાથે હથિયાર, ઘોડાગાડી ચલાવવાની ચાબુક, ચપ્પુ બધું નીચે મૂકી દીધું. આટલી સહેલાઈથી આ સ્ત્રી મને આધીન થશે, એવી તો કલ્પના ન હતી. એ તો સુખદ પળોની કલ્પનામાં રાચી રહ્યો હતો. અજાણી નારીના દેહની ઉજાણી કરવા એનું મન નાચી રહ્યું હતું. આ બહેને તો મીઠા મીઠા શબ્દોથી એને રાજી કરી દીધો હતો. તેણે કહ્યું, હું તમારી વાતનો સ્વીકાર કરવા તૈયાર છું, તે પહેલા આપ બાળકને સૂવાડવા માટે ગાડીમાંથી ગાદી લઇ આવો.

ગાડીવાળો ગાદી લઈ આવ્યો ને જ્યાં નીચે મૂકવા જાય છે, ત્યાં ચપ્પુ અને ચાબુક હાથમાં લઇને ચતુર નારી સડસડાટ ગાડીવાળાને ફટકારવા લાગી. તે તો બરાબર રંગમાં આવી ગઈ. જાણે રણચંડી ન હોય ! એ અધમ ! અજાણી સ્ત્રીને અડકવા જતાં તારા દેહની આરપાર આ ચપ્પુ ઉતરી જશે. એની તને ખબર નહિ હોય ? શીલ રક્ષા ખાતર નારી જ્યારે પોતાના પ્રાણ ઉપર આવે છે, ઝનૂન કેળવે છે ત્યારે નરપિશાચો એની સામે ટક્કર ઝીલી શકતા નથી. ચાબૂકના ફટકા અને ચપ્પુની અણી તેથી ગાડીવાળો તો હતપ્રભ બની ગયો, પણ અંદરનો કામશત્રુ તેને પજવે છે. તે કહે છે ફટ ભૂંડા ! તેં નારી આગળ હાર કબૂલી. તારી બધી આશાઓ ઉપર આ નારીએ પાણી ફેરવી દીધું. ઉઠ ઊભો થા. તું મરદ છે. સામે પથ્થરોનો ઢગલો પડયો છે. જા પથ્થરો ઉપાડ અને બાઈને મારવા માંડ.

**પથ્થર લેવા જતાં નાગે દીધેલો ભરડો** :–ગાડીવાળો ઉઠ્યો અને પથ્થર લેવા ગયો. જ્યાં પથ્થર ઉપાડવા જાય છે, ત્યાં વચ્ચેથી ભોરીંગ નાગ નીકળ્યો અને તેના બે પગે વીંટળાઈ ગયો. ફેણ માંડીને તેની સામે જોયા કરે છે. આ બિચારાના તો મોતિયા મરી ગયા. જુઓ શીયળનો પ્રભાવ ! તેના મનમાં થયું કે મેં સતીની અવહેલના કરી, તેને સતાવી તેનું મને ફળ મળ્યું છે. ચારિત્રનો પ્રભાવ ખૂબ છે. સુદર્શન શેઠના શીલના પ્રભાવે શૂળી ફીટી સિંહાસન બન્યું. જે મન, વચન, કાયાથી શુદ્ધ-નિર્મળ બ્રહ્મચર્ય પાળે છે તેવા બ્રહ્મચારી આત્મા ભગવાન સમાન ગણાય છે. કામભોગ ચારે ગતિમાં છે. નરક ગતિમાં કામભોગ નથી પણ ઇચ્છા તો છે, માટે બ્રહ્મચર્યમાં આવો. ભગવાને ૧૨ વ્રતમાં ૧૧ વ્રતને નદીની ઉપમા આપી છે અને ચોથા વ્રતને સાગરની ઉપમા આપી છે. શાસ્ત્રકાર પણ બોલ્યા છે.

देव दानव गंधव्वा, जक्ख रक्खस किन्नरा ।
बंभयारी नमंसंति, दुक्करं जे करन्ति ते ॥

દુષ્કર એવા બ્રહ્મચર્ય વ્રતને જે અંગીકાર કરે છે તેને દેવો, દાનવો, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, કિન્નર બધા તેમના ચરણોમાં નમસ્કાર કરે છે. નિશ્ચયનયની દૃષ્ટિએ તો આત્મા શુદ્ધાત્મા નિર્વિકાર છે. સ્વરૂપમાં રમણતા કરનારો છે. જ્યારે આત્મા સ્વરૂપમાં ઠરતો નથી અને પરભાવમાં જાય છે, ત્યારે તે પોતાનું ભાન ભૂલી જાય છે. ગાડીવાળો ભાન ભૂલ્યો ત્યારે સતી સામે કુદૃષ્ટિ કરવાનું મન થયું ને ? ગાડીવાળો મારવા પથ્થર લેવા ગયો ત્યાં ભોંરીંગ નાગ એના પગે વીંટળાઈ ગયો. સતીના શીલના પ્રભાવે રક્ષણ કરનાર આવી ગયા. હવે શું કરે ? આ બાજુ આ સતીને તો કાંઇ ખબર નથી કે શું થઈ રહ્યું છે ? એ તો પોતાના શીલની રક્ષા કરવા માટે પ્રભુને મૂંગે મોઢે પ્રાર્થના કરી રહી છે.

**"શરીરના બાહ્ય શણગાર ભલે ચાલ્યા જાય, પણ અંતરના શીલરૂપ શણગાર સદા સાબૂત રહેજો."**

ગાડીવાળો નાગના પંજામાંથી છટકી શકે તેમ ન હતો, તે આ સતીને કાલૂદી

ભરી પ્રાર્થના કરી રહ્યો હતો, ત્યાં પ્રભાતનો સમય થયો અને એક અમલદાર ગાડી લઈને નીકળ્યો. તે સમયે બાળક રડવા લાગ્યો. તેનો રડવાનો અવાજ સાંભળી અમલદાર અહીં આવ્યા. આ બહેનને બેઠેલી જોઈને કહ્યું; કેમ બેન ! તું સાવ એકલી બેઠી છે ? સતીએ બધી હકીકત કહી. આ વાત સાંભળતા અમલદારનો પિત્તો ગયો. તેને ગુસ્સો આવ્યો. હતભાગી ! તું આવા કામ કરે છે ? ગાડીવાળો અમલદારને જોઈને ધ્રુજવા લાગ્યો. તે કહે છે મને આ નાગપાશમાંથી છોડાવો. હું ફરીને હવે આવી ભૂલ નહિ કરું, સતી ત્યાં આવે છે. એને કયાં કોઈની સાથે વૈરભાવ રાખવા છે ? સતીએ કહ્યું, નાગદેવ ! આપ આપના સ્થાને ચાલ્યા જાવ. સતી એટલું બોલી કે નાગ ત્યાંથી ચાલ્યો ગયો.

અમલદાર કહે-તને તો બરાબર શિક્ષા આપું. ત્યાં તેને ચાબૂકના માર માર્યા અને અમલદાર પોતે સતીને અને બાળકને લઈને ગામમાં આવ્યા. તેણે લોકોની સમક્ષ સતીના સાહસની વાત રજુ કરી ને તેની પ્રશંસા કરી. ભારત દેશની દરેક નારી જો આવી સાહસશીલ બને તો એમની સામે કોઈ પાગલ પુરૂષ આંખ ઉંચી કરી શકે નહિ. અબલાએ પ્રબલા બનવાની ખાસ જરૂર છે. તેમ કહી ગાડીવાળાને સખ્ત શિક્ષા કરવાનું કહ્યું, ગાડીવાળો કહે, માબાપ ગરીબ છું. મારી પાછળ આખું કુટુંબ છે, મને માફ કરો. સતી દયાળુ હતી. તે કહે એને છોડી દો, પણ એટલો નિયમ લે કે જીવનમાં કયારે પણ પરસ્ત્રી સામું જોઈશ નહિ. ભલે, હું હવે ભૂલ નહિ કરું. ગાડીવાળાએ ત્યાં પ્રતિજ્ઞા કરી, એટલે તેને છોડી મૂકયો.

આ દૃષ્ટાંતમાંથી આપણને એ જાણવા મળે છે કે નારીએ નાજુક ફૂલ જેવા નહિ પણ અવસરે તીક્ષ્ણ તલવારની ધાર જેવા પણ બનવાની જરૂર છે. આ સતીએ શીલને ખાતર આટલું કષ્ટ વેઠયું પણ એની ચારિત્રની ચૂંદડીને ડાઘ પડવા દીધો નહિ. સતી સ્ત્રીઓ શીલની સૌરભથી સમગ્ર જગતને સુવાસિત બનાવે છે. આવી મયણરેહા સતી શીલના રક્ષણ માટે રાજવૈભવના સુખો છોડી એકલી વનની વાટે નીકળી ગઈ.

**શીલના પ્રભાવે સિંહ નિર્વિષ બન્યો :** ચાલતાં ચાલતાં રસ્તામાં સિંહની ગર્જના સંભળાઈ, પણ તેથી ડરી નહિ. તે તો એમ વિચાર કરવા લાગી કે સિંહ મારશે તો આ સ્થૂલ શરીરને, પણ આત્માના ગુણોનો નાશ કરી શકશે નહિ. જો મને સિંહ પ્રત્યે વૈરભાવ નથી, તો તે મારા સ્થૂલ શરીરને પણ મારી શકશે નહિ, કારણ કે મને જો તેના પ્રત્યે વૈરભાવ નથી તો પછી તેનામાં મારા પ્રત્યે વૈરભાવ કયાંથી હોય ! ગઈકાલે કહ્યું હતું કે જેનામાં અહિંસા છે તેની આગળ વૈરભાવ ટકી શકતો નથી. સતીએ સિંહને જોયો પણ સિંહથી ડરી નહિ. સિંહને જોઈને મયણરેહાએ સાગારી સંથારો કર્યો, અને બધા જીવો પ્રત્યે મૈત્રીભાવ ધારણ કર્યો. તેના મનમાં નથી ભય કે નથી ક્રોધ, તેના હૃદયમાં સિંહ પ્રત્યે પણ પોતાના વહાલા પુત્ર ચંદ્રયશ જેવો પ્રેમભાવ હતો, પણ વૈરભાવ ન હતો, તેથી તે સિંહ પણ ત્યાંથી ચાલ્યો ગયો. તે મનમાં કહેવા લાગી, અરે સિંહરાજ ! તમે નિર્વિષ બની ગયા પણ મારા જેઠ નિર્વિષ ન બન્યા તે ન બન્યા. બીજું નિર્વૈર થઈ

જવાથી સિંહ પણ નિર્વૈર બની જાય છે. મારા પ્રત્યે સિંહ તો નિર્વૈર થઈ ગયો, પણ હું મારા જેઠને નિર્વૈર ન બનાવી શકી.

સિંહના ઉપસર્ગમાંથી નીકળીને સતીએ સંથારો પાળ્યો. ચાલતા ચાલતા બરાબર મધ્યાહ્ન સમયે મયણરેહા સરોવરની પાસે આવી. તૃષા લાગી હતી. ભૂખનું દુઃખ પણ વધી રહ્યું હતું ને થાક તો એકદમ લાગ્યો હતો. મયણરેહા સરોવરની પાળે આરામ કરવા બેઠી. પંચ પરમેષ્ઠિને નમન કર્યા, પછી આજુબાજુના વનખંડોમાં ઘૂમીને ફળો એકઠા કર્યા ને ભોજન કર્યું. સરોવરમાંથી પાણી લાવીને તૃષા શાંત કરી. ચાલી ચાલીને ખૂબ થાકી ગઈ છે હવે ચાલવાની શક્તિ રહી ન હતી, તેથી કદલીવનમાં સૂઈ ગઈ. ઉંઘમાં ઉપદ્રવ કદાચ આવે તો સાગારી સંથારો કરીને પંચ નવકારમંત્રનું અને ચાર માંગલિકનું શરણુ સ્વીકારી નિર્ભયતાપૂર્વક સૂઈ જાય છે. રાત પડી જાય છે. એક બાજુ રાત્રીનો ઘનઘોર ભયંકર અંધકાર અને બીજીબાજુ રાતના રાજા જંગલી શિકારી સિંહ, વાઘ, વરૂ વગેરેની વગડામાં કલેજા ધ્રુજી ઉઠે એવી કારમી ભયંકર ચીસો પડે છે. મહાસતી એકદમ સફાળી જાગી ઉઠી, ચીસો સાંભળીને ત્રાસ પામે છે. ઉંચે આભ ને નીચે ધરતી છે. પ્રકાશ પણ નથી કે ખબર પડે કે આ દિશામાંથી વાઘ આવી રહ્યો છે તો આ બાજુ નીકળી જઈએ. કોઈ શરણુ નથી, કાયા કંપે છે પણ ખોટી હાયવોય નથી કરતી. બસ એ તો નવકારમંત્રના સ્મરણમાં લીન બની ગઈ. અહો! અનંતા સિદ્ધ ભગવંતો, કેવળી ભગવંતો, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુ-સાધ્વીઓ આ બધાનું શરણુ મારી પાસે છે, પછી મને શું દુઃખ છે?

**જંગલમાં પુત્રનો જન્મ** :–બરાબર મધરાત થઈ. ત્યાં મયણરેહાને પ્રસૂતિની ભયંકર વેદના ઉપડી. અત્યારે તેની પાસે કોઈ સહાયક નથી. નથી દાસ દાસી કે નથી નોકર ચાકર. અત્યારે તો તેના સગા ઝાડપાન અને વનચર પ્રાણીઓ છે. એક યુવરાણી જેના એક રોમમાં પણ રોગ જાગે તો વૈદ્યોની દોડાદોડી મચી જાય, એ આજે ભયંકર જંગલમાં સાવ નોંધારી હતી, ને પ્રસૂતિની વેદના એને કોરી રહી હતી. પ્રસૂતિના સમયે સાધારણ રીતે કદાચ તેની પાસે કોઈ ન હોય તો આડોશી-પાડોશી પણ તેની સેવા કરે છે. પણ મયણરેહાની પાસે અત્યારે કોઈ નથી. છતાં તે ગભરાઈ નહિ. પણ પોતાના આત્માને ઉપદેશ આપે છે. હે આત્મા! જે કર્મો ઉદયમાં આવ્યા છે તે સમભાવે ભોગવી લે. તું પાડોશી બનીને જોયા કર, પણ હાયવોય કરીશ નહિ. વેદનાને સમભાવે ભોગવતા તેણે એક સુંદર પુત્રનો જન્મ આપ્યો. ઓહ સંસાર! તારા કેવા વિચિત્ર ખેલ! કોણે કલ્પ્યું હતું કે એક રાજપુત્ર આ રીતે જંગલમાં જન્મશે! યુવરાણીએ પુત્ર જન્મનાં કેવા કેવા મનોરથો ઘડયા હશે. પણ આફત આવતા એ બધી બાજીઓએ અણધાર્યો પલટો લીધો. જેની સેવામાં પ્રસૂતિ સમયે હજાર હજાર દાસીઓ ખડે પગે ખડી હોત, એ યુવરાણી આજે એકલી હતી ને એ પણ ભર જંગલમાં કાળી કાળી મધરાતે!

સતીએ કંઈક શાંતિ અનુભવી. પોતે શીલરક્ષાની ખાતર આમ નાસી છૂટી અને પુત્રનો

જન્મ થયો, એનું દુઃખ એણે ન અનુભવ્યું, પણ ધર્મરક્ષાનું કર્તવ્ય અદા થયું એનો એને આનંદ હતો. જે પ્રમાણે પૂર્વદિશા સૂર્યને જન્મ આપે છે અને સૂર્ય અંધકારનો નાશ કરે છે તે રીતે તે પુત્ર મયણરેહાના ચિંતારૂપી અંધકારનો દૂર કરનારો થયો. મયણરેહા પુત્રને જોઈને પોતાના મનમાં કહેવા લાગી હે પુત્ર! તું કયાં જન્મ્યો છે! જો તું રાજમહેલમાં જન્મ્યો હોત તો તારા જન્મ-મહોત્સવ નિમિત્તે કેદીઓ જેલમુક્ત થાત અને ગરીબોને દાન આપવામાં આવત, પણ તું તો જંગલમાં જન્મ્યો છે. પુત્રના જન્મ પછી વેદનાને કારણે મયણરેહા બેભાન બની ગઈ. સરોવરના જળમાંથી જન્મેલી પવન લહરી સિવાય તેને શુદ્ધિમાં લાવનાર બીજી કોઈ સખી કે દાસી પાસે ન હતું. ઝાડ પરના પક્ષીઓ સિવાય પુત્ર જન્મની વધામણીનો આનંદ કરનાર બીજા કોઈ સ્વજન ત્યાં હતા નહિ. અત્યારે કુદરતી વસ્તુઓ હવા-સૂર્ય સિવાય બીજું કોઈ તેની પાસે ન હતું. કુદરતની વસ્તુઓ પણ સહાય કરે છે. સૂર્ય કોઇ જાતના ભેદભાવ વગર જગતને પ્રકાશ આપે છે. છતાં તે તમારી પાસે તેનું બીલ માંગે છે ખરો ? ના.

**તપે સૂરજ યુગોના યુગોથી એની ગરમી જગતને જીવાડે**
**શિતળ કિરણો શશી જ્યાં પ્રસારે, મીઠી નીંદરમાં જગને સુવાડે**
**જેમ બંને પ્રકાશે કંટાળ્યા વગર, એમ રાત્રી કે દિવસને જાણ્યા વગર**
**મારી શક્તિ વપરાજો પરમાર્થમાં......હું જો કંઈ.**

ભક્ત ભગવાન પાસે પ્રાર્થના કરતાં એ માંગે છે કે હે પ્રભુ! હું તારી પાસે બીજું કંઇ માંગતો નથી. માત્ર એટલું માગું છું કે મારી શક્તિ દુઃખીઓના દુઃખ દૂર કરવામાં, ગરીબોના બેલી બનવામાં ને બીજાને સહાય કરવામાં વપરાજો.

પવન આવવાથી સતી ભાનમાં આવી. અરરર...દીકરા, તું રાજમહેલમાં હોત તો તારી બધી આશાઓ પૂરી થાત. આજ તારા જન્મની વધામણી દેવા કોણ જાય ? સતીને મનમાં ઓછું આવી ગયું તેથી રડે છે, પણ ધર્મિષ્ઠ છે, એટલે મનને વાળીદે છે, સ્વભાવમાં ઠરી જાય છે. સતી અને પુત્ર બંને સૂતા છે. ત્યાં શું બનશે તે અવસરે.

**ચરિત્રઃ—શેઠે કરેલું બહુમાનઃ**—ઉદયચંદ્ર શેઠે સાગરદત્ત શેઠને તથા બધાને સ્વાદિષ્ટ રસવંતા ભોજન ખૂબ ભાવથી આગ્રહપૂર્વક જમાડયા, પછી શેઠ જવાની રજા માંગે છે; શેઠ કહે, તમને નહિ જવા દઉં. મારો બાજુનો બંગલો ખાલી છે. આપ તેમાં રહો. આપને નોકરી કરવી નથી. આપ મારે ત્યાં રોજ જમી જજો. તારામતી શેઠાણી હોવા છતાં શેઠના ઘરના કામકાજમાં જોડાઇ ગઇ. એકબીજા વચ્ચે ખૂબ પ્રેમ જામી ગયો. શેઠ કહે છે, આપ જેવા પુણ્યવંતના પગલા મારે ત્યાં કયાંથી હોય! આપને નહિ જવા દઉં. સાગરદત્ત કહે, હું ફરીને આવીશ, પણ અત્યારે જવા દો. વળી આમ બેઠા બેઠા ખાવું એ માનવનું કર્તવ્ય નથી. હું તો મહેનત મજુરી કરીને જમીશ. શેઠ કહે. આપ મારે ત્યાં થોડા દિવસ રહો. હું આપને નોકરી કે ધંધાનું ઠેકાણું પાડી દઇશ. જેથી આપના દુઃખના દિવસો ચાલ્યા જાય. મેં આપને દુઃખ આપીને જે પાપ કર્યા છે તે પાપ ધોવાનો આ

અમૂલ્ય અવસર છે. સાગરદત્તશેઠ કહે, આપે મારા પર કરૂણાની વર્ષા વરસાવી છે. આપની કૃપા છે, એટલે બસ છે. આપ સદાય કૃપાદૃષ્ટિ રાખતાં રહેશે, આપ અમને ગમે તેટલું સુખ આપશે, છતાં અમારા ભાગ્યમાં નહિ સર્જાયેલું હોય તો તે બધું ચાલ્યું જશે, અને દુઃખના ડુંગરો ખડકાશે.

ઉદયચંદ્ર શેઠ સાગરદત્તને પોતાને ત્યાં રહેવા ઘણું સમજાવે છે. કાલાવાલા કરે છે, પણ શેઠ સમજતા નથી, ત્યારે ઉદયચંદ્ર શેઠ કહે, હું આપને થોડું ધન સાથે ભાતામાં આપું તે લઈ જાવ, એમ કહી કિંમતી રત્નોના વાડકા ભરીને લઈ આવ્યા. શેઠ! આપની ભાવના શ્રેષ્ઠ છે. આપ મને ભાઈ કરતાં અધિક માનો છો પણ જ્યારે ભાગ્ય રૂઠે છે ત્યારે એ ધન બધું લૂંટાઈ જાય છે, અથવા કોઈ ચોર ડાકૂ ચોરી જાય છે, ત્યારે પાસે કંઈ રહેતું નથી. તેના કરતાં ન લેવું શું ખોટું? કર્મનો ઉદય થાય છે ત્યારે ગમે તેટલું પાસે હોય તો પણ તે ચેનકેન પ્રકારે ચાલ્યું જાય છે, અને સાવ નિર્ધન અવસ્થા આવી જાય છે. આવા સમયે કોઈ વીરલા–દયાળુને તેના પ્રત્યે દયા આવે ને તેને બનતી મદદ કરી તેને શાતા પહોંચાડે.

મેઘરથ રાજાએ એક પારેવાની દયા પાળવા માટે પોતાનું આખું જીવન આપી દીધું. આજે સમાજમાં કેટલાય અસહાય, નિર્ધન અને દુઃખી માણસો છે, પણ એવા માણસોને ગુપ્તદાન દેનારા ઓછા મળે છે. મોટાભાગે લોકોને દાન આપીને પોતાની નામના કેમ થાય તેવી ઇચ્છા હોય છે, પણ ગુપ્તદાન મહાલાભકારી છે.

અહીં ઉદયચંદ્ર શેઠે સાગરદત્તને રત્નો આપવા માંડયા પણ શેઠે ના પાડી. ગરીબી છે છતાં અમીરી છે. ઉદયચંદ્ર શેઠના મનમાં થયું કે આ શેઠ ખૂબ ખાનદાન અને કુળવાન છે, માટે તેમને આ રીતે ધન આપીશ તો તે લેશે નહિ. તેમને આપવા માટે બીજો કોઈ માર્ગ શોધવો પડશે. ઉદયચંદ્ર શેઠના દિલમાં એ ભાવના છે કે કોઈ પણ રીતે મારે તેમને સુખી કરવા છે. તેમની ગરીબી મટાડવી છે, ભલે અત્યારે તેઓ કર્મના ઉદયે ગરીબ બન્યા છે, પણ તેમનું લલાટ જોતાં એમ દેખાય છે કે તે પુન્યવાન છે. હવે તેમને મારે કેવી રીતે આપવું? રત્નો કે ધન આપીએ તો લેતા નથી. ગરીબી છે, છતાં મફત ખાવાની ભાવના નથી, પણ સ્વાવલંબી બનીને જીવન જીવવાની ભાવના છે. તો હવે મારે શું કરવું?

**મોદકકા લાડુ બનવાયા, સોલહ સરસ અપાર;**
**ચાર લાડુ મેં ચાર રતન, રખ ઝટપટ કિયા તૈયાર.**

એમ વિચારી શેઠે સ્વાદથી ભરપુર સોળ લાડવા બનાવડાવ્યા. સોળ લાડવામાંથી ચાર લાડવામાં એક એક લાખ રૂપિયાનું એક રત્ન એમ ચાર રત્નો નાંખ્યા. ચાર લાડવામાં શેઠ ન જાણે તે રીતે રત્નો નાંખીને તૈયાર કર્યા. તેમના દિલમાં શેઠને સુખી કરવાની ભાવના છે એટલે તેમનાથી ગુપ્ત રીતે લાડવા તૈયાર કરી રત્નો નાખી દીધા, પછી સાગરદત્તને કહે છે, આપ મારું બીજું કંઈ લેતા નથી, તો માત્ર લાડવા બનાવ્યા છે તે આપ લઈ જાવ. આપને રસ્તામાં કામ આવશે. સાગરદત્ત કહે, મારે નથી લેવા.

શેઠ ઘણું કરગરે છે, છતાં હા પાડતા નથી. સાગરદત્ત પાસે પાશેર ભાતું કે સવા રૂપિયો નથી, પણ મનનો સંતોષ છે. સામેથી મળવા છતાં લેવાની ઈચ્છા કરતા નથી. આજે દુનિયામાં અસંતોષની આગ ભભૂકી રહી છે. ગમે તેટલું મળવા છતાં જીવનમાં સંતોષ નથી.

ઉદયચંદ શેઠ કહે, આપના બાળકો નાના છે તેમના માટે તો આ લઈ જાવ. ઘણું કરગરવા છતાં સાગરદત્ત ના પાડે છે, ત્યારે ઉદયચંદ શેઠ છેલ્લે કહે છે કે જો આપ મારા લાડવા લઈ જશો તો હું માનીશ કે આપનો મારા પ્રત્યે સાચો પ્રેમ છે. તમે મારી ભૂલને બરાબર માફ કરી છે, હવે શું કરે? શેઠની પ્રબળ ભાવના જોઈ ઈચ્છા નહીં હોવા છતાં લાચારીથી લાડવા લેવાની હા પાડી. શેઠે કોથળીમાં ૮ લાડવા મૂકીને કોથળી તૈયાર કરી હતી તે આપી દીધી. શેઠ લાડવા લઈને જશે, હજુ કર્મ કેવા ખેલ ભજવશે ને શું બનશે તે વાત અવસરે.

---

## વ્યાખ્યાન નં-૩૦

**શ્રાવણ સુદ ૧૫ શુક્રવાર** **તા. ૧૪-૮-૮૧**

અનંતજ્ઞાની મહાપુરૂષો જગતના જીવોને આત્મ કલ્યાણનો માર્ગ બતાવતાં સમજાવે છે કે હે જીવો! મોક્ષપદને મેળવવા માટે જીવનમાં સમ્યક્ત્વ રૂપી પાયો નાંખવાની જરૂર છે. અનાદિ અનંતકાળથી જીવ સ્વઘર છોડીને પરભાવમાં રમ્યો છે, તેથી જ ચતુર્ગતિ સંસારમાં રખડી રહ્યો છે. સમકિત એ આત્માનું સ્વઘર છે, અને મિથ્યાત્વ એ પરઘર છે. મિથ્યાત્વના કારણે જીવને દેવ-ગુરૂ-ધર્મની સાચી શ્રદ્ધા થતી નથી. મિથ્યાત્વ એ આત્માનો કટ્ટો શત્રુ છે. સોળ મોટા રોગ કરતાં ભયંકર મહારોગ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ જાય અને સમકિત આવે ત્યારે જીવની રોનક બદલાઈ જાય છે. સમ્યક્ત્વનો ગુણ એ મહાન ક્રાન્તિકારી ગુણ છે. તે ગુણ જીવનમાં આવે એટલે ભૂતકાલીન આત્માની આખી વિચારસરણી બદલાઈ જાય છે. જીવનના આદર્શોમાં એકદમ પલ્ટો આવે છે. જેમ કતકવૃક્ષના ફળના ચૂર્ણથી મેલું પાણી સ્વચ્છ બની જાય છે તેમ સમ્યક્ત્વ રૂપી કતકવૃક્ષના ફળના ચૂર્ણથી આત્માની મેલી વિચારસરણી પણ સ્વચ્છ બની જાય છે, તેથી તેને હવે અર્થ અને કામ ભારે અનર્થકારી દેખાય છે. વિષયો વિષતુલ્ય લાગે છે. પૈસા અને સ્ત્રી બંધન રૂપ લાગે છે. રાગ, દ્વેષ, મોહ અને કષાયો એ એને સાચા શત્રુઓ લાગે છે. હવે તેને આ સંસારમાં રહેવામાં રસ નથી રહેતો. તે ભવસાગર તરી જવાના અને શીવ મંદિરમાં જલ્દીમાં જલ્દી પહોંચી જવાના પાકા વિચાર ઉપર આવી જાય છે. વૈષયિક સુખો હવે તેને રીઝવી શકતા નથી. ધનના ઢગલા તેને દુઃખના ઢગલા દેખાય છે. સ્ત્રી મોક્ષમાર્ગના પ્રવાસમાં બંધન રૂપ લાગે છે. અજ્ઞાની સંસારી જીવો કહે તે સાચું નહિ પણ સર્વજ્ઞના શાસ્ત્રો કહે તે સાચું એમ દૃઢપણે માને છે. વૈરાગ્ય પોષક વસ્તુઓ જોવાનું, સાંભળવાનું, વાંચવાનું તેને બહુ ગમે છે. હવે તેને મકાન અને મોટરની વાતો કરતાં, મહાવીર અને મોક્ષની વાતોમાં બહુ

આનંદ આવે છે. વધુ શું કહું ! સમકિતી આત્મા જગતનો મટી જિન અને જિનશાસનનો બની જાય છે. સમકિત દૃષ્ટિનો સંસાર એટલે જેનું ખાવાનું એનું ખોદવાનું અને તેના પ્રત્યે રીસ કરવાની. દા. ત. પુણ્યોદયે સમકિતી આત્મા સંસારના સુખ ભોગવતો હોય પણ એ સુખની અને સંસારની પ્રશંસા કરવાને બદલે તેની ઝાટકણી કાઢતો હોય છે, અને તેના પ્રત્યે ઉદ્વિગ્ન રહેતો હોય છે. સમકિતી જીવને જહાજની ઉપમા આપી છે. જેમ જહાજ (વહાણ) પાણીમાં તરે છે, પણ ડૂબતું નથી તેમ સમકિતી આત્મા સંસારમાં તરે છે, તેમાં ડૂબતો નથી. તે આત્મા સંસારને જેલ સમજે છે પણ રાજમહેલ નથી માનતો. તે પોતાને ઘરનો માલિક નથી માનતો પણ મેનેજર માને છે. કહ્યું છે કે—'' पात्रं चारित्र वित्तस्य सम्यक्त्वं श्लाध्यते नकैः ચારિત્ર રૂપી ધન રાખવાને માટે સમ્યક્ત્વ એક પાત્ર છે. તેની પ્રશંસા કોણ ન કરે ? બધા કરે, માટે આવા સમ્યક્ત્વ રૂપી રત્નને પ્રાપ્ત કરવાની જરૂર છે.

મહાન પુણ્યોદયે જૈનધર્મ અને વીતરાગ ભગવાનનું વિરાટ શાસન મળ્યું છે. વારસાગત જૈનકુળમાં જન્મ અને ધર્મ મળ્યો છતાં કંઈક જીવો એવા છે કે ઉપાશ્રયે આવવાનું મન થતું નથી. હું તો કહું છું કે તમે સંતાનોને વારસામાં લાખોની મૂડી આપો કે ન આપો પણ જો તેને વારસામાં ધર્મના સંસ્કાર આપ્યા હશે તો તેનું ભાવિ જીવન ઉજ્જવળ બનશે. તેના જીવનમાં કરૂણા, અનુકંપા અને દક્ષતાના ગુણો આવશે. શ્રાવકના ૨૧ ગુણ છે, તેમાં આઠમો ગુણ છે સુદાક્ષિણ્યપણું. શ્રાવક કેવા હોય ? શ્રાવક એટલે દક્ષ, નિપુણ, તીવ્ર બુદ્ધિવાળો, સમયસૂચક, ચતુર, નજર નાખતાં સર્વ પરિસ્થિતિ પારખી જનાર, કુશળ અને તેજસ્વી માનવી. સુદાક્ષિણ્યપણું એટલે કળામય જીવન. બોલવું એ પણ એક કળા છે, સાંભળવાની પણ કળા છે, પહેરવામાં, ખાવામાં પણ કળા જોઈએ છે. શ્રાવકમાં આ જાતની કળા વિકસીત થયેલી હોય શ્રાવક બોલવામાં દક્ષ હોય. કડવી વાત હોય તો પણ તે મીઠાસથી કહી શકે. તેની ભાષામાં તોછડાઈ ન હોય. મધુરતાથી ભરપુર તેની ભાષા હોય. તેમજ તેને દંભ ન હોય, પણ સત્ય અને સરળ ભાષા હોય. કંઈક માણસોને સાંભળતા નથી આવડતું. જ્ઞાનીપુરૂષોનો સમાગમ મળવા છતાં કંઈ લાભ લઈ શકે નહિ. સામી વ્યક્તિ જ્યારે કંઈ કહેતી હોય ત્યારે કંઈ પણ બોલ્યા વિના મૌનપણે શાંતિથી સાંભળવામાં પણ કળા જોઈએ છે. પહેરવામાં પણ કળા જોઈએ. શ્રાવકો જેમ તેમ કપડાં ન પહેરે, પણ કાળજીપૂર્વક કપડાં પહેરે. શ્રાવકના કપડાં સ્વચ્છ અને મર્યાદાવાળા હોય.

શ્રાવક–શ્રાવિકા દક્ષ હોય. કોઈની ભ્રમણા ભરી વાતોમાં ફસાય નહિ. વાતમાં શું તથ્ય છે તે પોતાની દક્ષતાથી તરત સમજી જાય. ધર્મ માટે કોઈ ભિન્ન ભિન્ન વાતો કરે તો પણ દક્ષ શ્રાવક તેમાં ગૂંચવાઈ જતો નથી. તે તો અહિંસા અને સત્યની કસોટીએ દરેક ધર્મને કસી જુએ છે; અને જે ધર્મ પૂર્ણ અહિંસા અને સત્યના પાયા પર રચાયેલો હોય તેને જ ધર્મ તરીકે માને છે અને સ્વીકારે છે. દક્ષતા બીજા પર થતા અન્યાયને

અટકાવવામાં પણ સહાયભૂત થાય છે. બુદ્ધિની દક્ષતા પણ પરોપકારનું કાર્ય કરી શકે છે. ગરીબ દુઃખી જીવોના દુઃખ જોઇને તેમનું દિલ દ્રવી જાય છે.

"પાઓ બેનચીન" નામના એક ન્યાયાધીશ હતા. તે પોતાની દક્ષતા અને કુશળતાને લીધે ચીનના એક સાચા ન્યાયાધીશ બન્યા હતા. જનતા તેમના ડહાપણ, દક્ષતા અને ન્યાયપ્રિયતાની ખૂબ પ્રશંસા કરતી. એક દિવસ તેઓ બહાર જઈ રહ્યા હતા. ત્યાં તેમણે ઝાડ નીચે એક બાળકનો રડતો જોયો. તે ધ્રુસકે ધ્રુસકે રડતો હતો. પોતે મોટા ન્યાયાધીશ હોવા છતાં છોકરાનું રૂદન જોઈ તેમના દિલમાં દયા આવી. આજે તો રૂદન સાંભળવાના કાન નથી રહ્યા. પહેલા તો કોઈની આંખમાં આંસુ જુએ તો તરત તેની પાસે દોડી જાય અને પૂછે, તને શું દુઃખ છે? આંસુના બે ટીપા તો કેટલું કામ કરે છે? નાના બાળકની માતા કામ કરતી હોય પણ જો બાળકના રડવાનો અવાજ સાંભળશે તો કામ પડતું મૂકીને તેને હાથમાં લેશે. બે આંસુના ટીપાએ તો ઘણાના જીવન બદલાવી નાખ્યા છે. ગોશાલકે ભગવાન ઉપર તેજુલેશ્યા છોડી અને તેમના બે સાધુને બાળ્યા તેથી ઘોર પાપ બાંધ્યું પણ મૃત્યુની છેલ્લી ઘડીએ મતિ સુધરી ને પશ્ચાત્તાપના આંસુના ટીપા પડયા. હે મારા ઉદ્ધારક ભગવાન! મેં તમને ઓળખ્યા નહિ. મેં તમારા પર તેજુલેશ્યા છોડી આપની ઘોર આશાતના કરી, પણ આપે શીતલેશ્યા છોડીને મારા પર દયા કરી મને બચાવ્યો. મારા માટે તો સાત નરક પણ ઓછી છે. આ રીતે ખૂબ પશ્ચાતાપ કર્યો, અને તે પશ્ચાતાપના આંસુએ નરકમાં જનાર આત્મા દેવલોકમાં ગયો. પશ્ચાતાપના બે ટીપાએ કેટલું કામ કર્યું?

અહીંયા ન્યાયાધીશે છોકરાને રડતો જોયો તેથી તેમના દિલમાં અનુકંપા આવી. તેમણે છોકરા પાસે જઈને પૂછ્યું. બેટા! તું શા માટે રડે છે? છોકરાએ કહ્યું, બાપુ! અમે સાવ ગરીબ છીએ. હું પૂરી વેચવાનો ધંધો કરું છું. એક આનામાં ચાર પૂરી આપું છું, તેથી ઓછી આપતો નથી. બધા મારી પૂરી લઈ જાય છે. હમણાં જ પૂરી વેચીને આવ્યો છું. હું થાકી ગયો હતો તેથી અહીં ઝાડ નીચે આરામ લેવા બેઠો. પૂરીના જે પૈસા આવ્યા હતા તે મેં આ ટોપલીમાં મૂકયા ને પછી ટોપલી આ પથ્થર પર મૂકી. આરામ લઈને હું ઘેર જવા તૈયાર થયો તો ટોપલીમાં પૈસા ન મળે. મારા પૈસાની ચોરી થઈ. મેં ટોપલી આ પથ્થર પર મૂકી હતી, તેથી આ પથ્થર મારા પૈસા ચોરી ગયો લાગે છે. મારી મહેનતની બધી કમાણી આ રીતે ચોરાઇ જતાં હું રડી રહ્યો છું. નવ વર્ષના બાળકને શી ખબર પડે કે પથ્થર પૈસા ચોરે ખરો? તેણે પૈસા લઈને જતા કોઇ ચોરને જોયો નથી. તેથી તેણે માન્યું કે પથ્થરે મારા પૈસાની ચોરી કરી છે.

નિર્દોષ બાળકની વાત સાંભળીને ન્યાયાધીશને હસવું આવ્યું. તેમણે બાળકને આશ્વાસન આપતાં કહ્યું. બેટા! રડીશ નહિ. તારા ગયેલા બધા પૈસા પાછાં મેળવી આપીશ. પથ્થરે તારા પૈસાની ચોરી કરી છે ને? પથ્થરને અદાલતમાં લઇ જઈશ ને ત્યાં તેની સામે કેસ લડીશ. તું અત્યારે ઘેર જા, અને આવતી કાલે અદાલતમાં હાજર થજે. તને તારા પૈસા મળી જશે. બાળકે ન્યાયાધીશની વાત સાચી માની. તેને કયાં ખબર છે કે પથ્થર

સામે તે કંઈ કેસ લડાવાનો હોય! ન્યાયાધીશના મીઠા વચનોથી તેને શાંતિ મળી અને તે ઘેર ગયો. ગામમાં વાત જાહેર થઈ કે છોકરાના પૈસા પથ્થરે ચોર્યા છે ને તેથી તેની સામે કાલે અદાલતમાં કેસનો ચૂકાદો લેવાનો છે. બધાને આશ્ચર્ય થયું કે પથ્થર સામે કેવી રીતે લડશે? આવું જોવાનું હોય ત્યાં કોઈને આમંત્રણ આપવા જવું પડે ખરું?

(શ્રોતામાંથી અવાજ–ના. અરે! ત્યાં તો ભીડાભીડ થઈ જાય!) ન્યાયાધીશે સિપાઈઓને તે પથ્થરને ગીરફતાર કરવાનો હુકમ કર્યો. સિપાઈઓ તે પથ્થરને ગીરફતાર કરી અદાલતમાં લઈ આવ્યા. રાજાએ જાહેરાત કરાવી કે અદાલતમાં આ ચૂકાદો સાંભળવા જે આવે તેમણે બધાએ એક એક આનો સાથે લઈને આવવું, છૂટા પૈસા નહિ લાવવાના કે બે આના પણ નહિં લાવવાના, પણ એક જ આનો લાવવાનો.

બીજે દિવસે અદાલતમાં તો લોકોની ઠઠ જામી પડી. અદાલતની બહાર ડોલમાં પાણી ભરાવ્યું છે. ન્યાયાધીશે છોકરાને પૂછ્યું, તેં તારી ટોપલી આ પથ્થર ઉપર મૂકી હતી ને! હા સાહેબ! ન્યાયાધીશે માણસોને હુકમ કર્યો કે એ પથ્થરને ચાબૂકના ૧૦૦ ફટકા લગાવો. ન્યાયાધીશની આજ્ઞાથી સિપાઈઓએ પથ્થર પર ફટાફટ ફટકા મારવા માંડયા. આ જોઈને બધાને ખૂબ હસવું આવ્યું. પથ્થરને ગમે તેટલું મારે તો પણ એ કાંઇ શું રડવાનો છે? ના, એ તો જડ છે. બધા ખૂબ હસ્યા એટલે ન્યાયાધીશે એક બીજી વાત રજુ કરી કે અદાલતમાં મારા ફરમાનને હસી કાઢીને જે લોકોએ અદાલતનો તિરસ્કાર કર્યો છે તે બધાને એકેક આનો દંડ કરવામાં આવે છે. અદાલતના બારણા પાસે પાણીની ડોલ ભરેલી છે તેમાં બધાં એકેક આનો નાંખતા જજો. ન્યાયાધીશે બે હોંશિયાર માણસોને ડોલ આગળ ઉભા રાખ્યા છે. તેમને અગાઉથી કહ્યું હતું કે આ ડોલમાં બધા પૈસા નાંખે ત્યારે આપ ખાસ ધ્યાન રાખજો કે આનીઓ પુરીની ટોપલીમાં હતી એટલે તેલવાળી હશે, તે પાણીમાં પડશે એટલે પાણીમાં તેલના પરપોટા દેખાશે. જે માણસની આની પાણીમાં પડે ને આવું બને તો સમજજો કે તે તેના પૈસાનો ચોર છે. પછી તેને પકડી લેજો.

પથ્થરને ૧૦૦ ફટકા મારી દીધા પછી લોકો અદાલતમાંથી બહાર જવા નીકળ્યા. બધાએ પાણી ભરેલી ડોલમાં એકેક આનો નાખ્યો. સૌથી છેલ્લા માણસે એક આનો નાંખ્યો કે તરત પાણીમાં પરપોટા વળવા લાગ્યા. રાજાના માણસોએ તેને પકડયો. ન્યાયાધીશે પૂછ્યું–સાચું બોલ, તેં આ છોકરાના પૈસા ચોર્યા છે ને? હા, સાહેબ! જા આ છોકરાના જેટલા પૈસા હોય તેટલા બધા પાછા આપી દે. લોકો વિચારમાં પડી ગયા કે આ માણસ ચોર છે એવી ન્યાયાધીશને કેવી રીતે ખબર પડી? ત્યારે ન્યાયાધીશે બધાની શંકાનું સમાધાન કરતાં કહ્યું કે આ માણસે જ્યારે ડોલમાં આનો નાંખ્યો ત્યારે પાણીમાં તેલના પરપોટા ઉપર આવતા દેખાયા એટલે એ આનો પેલી પૂરીવાળી ટોપલીમાંનો હોવો જોઈએ અને તેથી પેલા ગરીબ છોકરાના પૈસા ચોરનાર પણ તે માણસ હોવો જોઈએ. તે માણસે પોતાની ચોરી કબૂલી એટલે તેની પાસેથી બધા પૈસા લઈ લીધા અને પેલા ગરીબ–છોકરાને આપ્યા. આ રીતે પોતાની બુદ્ધિની દક્ષતાથી તે ન્યાયાધીશે ઘણાં ગરીબોને સાચો ન્યાય આપી પરોપકાર કર્યો છે.

આ રીતે આપ બધા પણ ગરીબોની સંભાળ લેતા શીખો. ખાધા પહેલાં ગરીબોને યાદ કરો. અહો ! મેં તો બરાબર દાબો દીધો છે પણ મારા નોકર ચાકરો, મારા કુટુંબનો દીકરો કોઈ ભૂખ્યો તો નથી ને ? સ્વધર્મીને યાદ કરો. આજની ભીષણ મોંઘવારીમાં ભૂખના કારણે કંઈક જીવો પાપના રસ્તે ચઢી ગયા છે, માટે ભૂખ્યાની સંભાળ લો. એની આંતરડી ઠારો. આશીર્વાદ માંગ્યા નહીં મળે. પેલો છોકરો કેટલો ખુશ થયો હશે ! તેના મુખમાંથી સહજ ઉદ્દગાર સરી પડશે, બાપુ ! "તમારું ભલું થજો." તેમણે તેનું દુઃખ મટાડ્યું. આપ બધા આવી પરોપકારની ભાવના કેળવજો.

આપણા ચાલુ અધિકારમાં મયણરેહા પોતાના પતિનું જીવન સુધારી વનવગડાની વાટે ચાલી નીકળી. એકલી અટૂલી ચાલી જાય છે. ઘરમાં લાઈટ જતી રહે ને અંધારું થઈ જાય તે સમયે ત્યાં કોઈ ન હોય તો અંધારા ઘરમાં ગમતું નથી. સાવ ભેંકાર લાગે છે. જ્યારે આ તો વનવગડો છે. ત્યાં તેનું કોણ ? મયણરેહાએ વનવગડામાં ચંદ્રપ્રકાશ જેવા પુત્રરત્નને જન્મ આપ્યો. જાણે દેવનો અવતાર જ જોઇ લો ! એવું એનું રૂપ છે. કોણ દાયાણી ? કોણ એની સેવામાં ? કેવા કર્મોનો ઉદય ! જેની સેવામાં હજારો નોકર ચાકરો ખડા પગે હોય તેને બદલે અત્યારે કોઈ નથી. પુત્ર જન્મની વધામણીનો આનંદ માણનાર ઝાડ પરના પક્ષીઓ સિવાય કોઈ નથી. આ ભાગ્યશાળી પુત્રના જન્મને ઉજવવા અત્યારે કોઈ હાજર હોય તો તે માત્ર સૂર્ય હતો. જેણે અંધકારનો નાશ કરી તમામ પૃથ્વીને સોનેરી ઢોળ ચઢાવી જળમાં પોતાના કિરણોને નચાવી ઉત્સવ કર્યો હતો.

મયણરેહા વેદનાને કારણે થોડીવાર બેભાન બની. મંદ મંદ પવન આવતા થોડી વારે ભાનમાં આવી. શીતલ મંદ સુગંધ યુક્ત પવન અત્યારે કેવો આનંદ આપી રહ્યો છે ! રાજ્યમાં મનુષ્યો સહાય કરનારા હોય છે, પણ અહીં તો કોણ સહાય કરે ? પવન. સવાર પડી ગઈ. પક્ષીઓ કિલકિલાટ કરવા લાગ્યા. મયણરેહા કહેવા લાગી કે હે પુત્ર ! તારા જન્મ સમયે જો ગાયકો ગીત ગાત તો તેમનું ગીત કૃત્રિમ હોત, પણ પક્ષીઓનું ગીત કેવું અકૃત્રિમ અને મનોહર છે ! આ ગીતની સરખામણી કૃત્રિમ ગીત કોઈ પણ રીતે કરી શકે નહિ. પક્ષીઓ અત્યારે બંદીજનોનું કામ કરી રહ્યા છે અને સૂર્ય લાલ રંગ ફેલાવી તારા જન્મનો ઉત્સવ ઉજવી રહ્યો છે. સાથે પોતે પણ આત્માને કહેતી હતી કે આ વનમાં તારું કોઈ સહાયક નથી એમ માનીને ઉદાસ ન થઇશ. સૂર્ય પણ અહીં તારી સહાયતા માટે હાજર છે.

પછી મયણરેહાએ વિચાર કર્યો કે મારે આ પ્રમાણે અશુચિમાં પડી રહેવું ન જોઈએ. એમ વિચાર કરી પોતાના પુત્રને હાથમાં લઇ નજીકના સરોવરના પાણીથી સ્વચ્છ કર્યો. અત્યારે એક નાની ગાદી સરખી પણ નથી કે જેના ઉપર પુત્રને સૂવાડી શકે. અત્યારે સ્થિતિ કેવી વિષમ છે ! મયણરેહાને દીર્ઘપ્રવાસ અને પ્રસૂતિની મહાઅશક્તિ છતાં સેવામાં કોણ ? વિસામો ક્યાં ! મહા કપરી સ્થિતિ છે. હૈયું ધ્રુજી ઉઠે, કલેજું કમકમી જાય, આંખમાંથી પાણી વહે એવી પારાવાર મુશ્કેલી છે. સતીએ ઘણી હિંમત રાખી છે

પણ અત્યારે પુત્રને જોતાં તેના મનમાં ઘણું ઓછું આવ્યું ! હે પુત્ર ! જો તારો જન્મ રાજ્યમાં થયો હોત તો જન્મની વધામણી દેવા જનાર પણ ન્યાલ થઈ જાત. સતી રડતી રડતી બોલે છે, હે મારા વહાલસોયા પુત્ર ! તને સૂવાડવા પારણું પણ નથી. તને ઓઢાડવા એક કપડું પણ મારી પાસે નથી, અને ગળથૂથી મૂકવા માટે પણ નથી. તું રાજ્યમાં હોત તો તારો જન્મ મહોત્સવ કેવો ઉજવાત ! અહીં હું શું કરું ! થોડી વાર પછી સાવધાન બને છે. અરર...તું અહીં એકલી કયાં છે ? સિંહ જેવો સિંહ પણ તને જોઈને નિર્વિષ બની ગયો. આ બધા વનચર પ્રાણીઓ તારા સહાયક છે. તું શા માટે રડે છે ?

મયણરેહાએ પોતાના પુત્રને પોતાના હાથે યુગબાહુના નામની વીંટી હતી તે કપડાંથી વીંટાળી, નાની બનાવીને તેની આંગળીમાં પહેરાવી દીધી. યુગબાહુએ પ્રેમના પ્રતીક તરીકે તે વીંટી આપી હતી. વીંટીને જોઈને સતી પોતાના પતિનું સ્મરણ ભૂલતી ન હતી. તે વીંટી પુત્રને પહેરાવી, પછી પોતાની અડધી સાડી ફાડી તેની ઝોળી બનાવી બાળકને વૃક્ષ ઉપર ઝોળી બાંધી સૂવાડી દીધો કે જેથી કોઈ હિંસક જાનવર તેને ઈજા ન કરી શકે, પછી ઝોળીને હીંચકો મારીને કહેવા લાગી.

**ઓ વનદેવી ! સાંભળજો અરજી, સોંપું છું હું મારા બાળકને,**
**સંભાળ લેજો રક્ષણ કરજો, ના આંચ આવે મુજ લાલને,**
**પિતા ગયા તેના પરલોકે, આ અબળા જંગલમાં રઝળે,**
**શિયળ ખાતર ઘર છોડીને, આવી છું હું તારા શરણે.**

હે વનદેવ અને હે વનદેવી ! આપ મારી આજ એક અરજી સાંભળજો. હું નદીમાં અશુચી દૂર કરવા જાઉં છું. કપડાં ધોઈશ, સૂકવીશ અને પહેરીશ એટલે મને વાર લાગશે, ત્યાં સુધી આપ આ મારા બાળની રક્ષા કરજો, એને સાચવજો, આપ ઉંઘી ન જશો કે અહીંથી આઘાપાછા ન થશો. હું ન્હાવા જાઉં છું. આપ મારા બાલુડાનું રક્ષણ કરજો. ભલે આપ મને નજરે દેખાતા નથી, પણ ખબર છે કે વનમાં દેવ-દેવીઓ હોય છે, માટે હું આપને ચરણે સોંપીને જાઉં છું. આ બાળક પુણ્યાત્મા અને પ્રભાવશાળી છે, માટે આપ તેની રક્ષા કરજો. મેં મારી શક્તિ અનુસાર તેની રક્ષા કરવાનો પ્રયત્ન કર્યો છે. હવે તમે તેને સાચવજો. સંતાનો માતાને કેટલા વહાલા હોય ! પણ સંતાનો મોટા થતાં મા-બાપને લાત મારે છે ત્યારે એ મા બાપની આંતરડી કેટલી બળે છે !

કોણિકે શું કર્યું ? તેના પિતા શ્રેણિક રાજાને જેલમાં પૂરી ચાબખાના માર મરાવ્યા. અભયકુમાર દીક્ષા લઈને નીકળ્યા ત્યારે તેમણે કાલીયાદિક દશે રાણીના દશે દીકરાઓને બોલાવીને કહ્યું હતું કે હે મારા વડીલ બંધુઓ ! હું તો દીક્ષા લઉં છું પણ આપણા પિતાને કયારે પણ દુઃખ ન થાય તેનું ખાસ ધ્યાન રાખજો. કયારે પણ તેમનું દિલડું દુભાવું ન જોઈએ. અભયકુમાર ચાર બુદ્ધિના ધણી હતા. વળી પ્રધાન હતા, એટલે તેમની રાજ્યમાં થોડી બીક હતી, પણ હવે તો અભયકુમાર દીક્ષા લઈને સાધુ બની ગયા એટલે બીક ચાલી ગઈ. પાછળથી કોણિકે દશે ભાઈઓને ફોડયા. બધા ભાઈઓએ રાજ્યના

પ્રલોભન ખાતર શ્રેણીક રાજાની જડતી લીધી, અને શ્રેણીક રાજાને જેલમાં બેસાડયા. સમકિતી અને મિથ્યાત્વીમાં કેટલું અંતર ? સમકિતી આત્મા દુઃખ ભોગવે છતાં બીજાના દોષ ન દેખે પણ સ્વદોષ દેખે. જ્યારે મિથ્યાત્વી આત્મા બીજાના દોષ દેખે. અહીં શ્રેણીક રાજાને દીકરાઓએ જેલમાં પૂર્યા છતાં દીકરાઓનો દોષ જોતાં નથી. તે તો પૂર્વકૃત કર્મોનું ફળ છે એમ માનીને સમભાવે રહે છે.

કોણિકે પિતાને જેલમાં પૂર્યા એટલેથી પત્યું નહિ ને ઉપરથી ૫૦૦ ચાબૂકના માર મારવાનું કહ્યું. તે પણ લંગડા પગે ઉભા રાખીને ! કેવો કર્મનો ઉદય ! સિંહાસનને બદલે જેલ અને જેલમાં પણ રોજ ૫૦૦ ચાબૂકના માર. કર્મોદય વખતે સગાના સગપણ પણ ચાલ્યા જાય છે. માર મારનાર કાઠી જેવો માણસ શ્રેણિક રાજા પાસે આવ્યો ને કહ્યું, મને કોણિક રાજાની આજ્ઞા છે. આપને ૫૦૦ ચાબૂકના માર મારવાના. આ સમયે શ્રેણિક રાજા પૂછતા પણ નથી કે મને શા માટે આટલો બધો માર ? તે તો તેને પૂછે છે ભાઇ ! હું કપડાં રાખું કે ઉતારી નાખું ? કપડાં બધા ઉતારી નાખો. માત્ર લંગોટ પહેરવાની. મારનાર માણસની આજ્ઞા થતાં લંગોટ રાખી બધા કપડા ઉતારી નાખ્યા, પછી પૂછે છે કે હું ઉભો રહું કે બેસું ? અરે, બેસવાની તો વાત જ કયાં ? પણ છોકરાઓ લંગડીની રમત રમે છે એવા લંગડી પગે ઉભા રહેવાનું. આ રીતે ઉભા રાખીને ચાબૂકના માર મારવાનું શરૂ કર્યું. ૧૦૦ ચાબૂક માર્યા, છતાં શ્રેણિક રાજાની આંખમાં આંસુનું એક ટીપું પણ નથી આવતું. એ જોઇને એ કાઠી પૂછે છે, હું તમને આટલું મારું છું તે વાગતું નથી ? કે આપ ઉંકારો સરખો પણ કરતા નથી. ભાઈ ! મેં શિકાર કરીને કેટલા નિર્દોષ જીવોને વીંધી નાંખ્યા છે ને અઘોર પાપ કર્યા છે, તો એ પાપ મારે ભોગવવા પડે. મેં બીજા જીવોને માર્યા તો આજે તમે મને મારો છો. જે કંઈ વાગે છે તે મારા શરીરનાં ચામડાને વાગે છે. આત્માને વાગતું નથી. શરીર અને આત્મા બંને ભિન્ન છે. મારે શરીરની સાથે કાંઈ લાગતું વળગતું નથી. હું તટસ્થ રહીને જોયા કરું છું. મારનાર માણસ વિચારમાં પડી ગયો કે આને તો કેવો કહેવો ?

પછી બીજો માણસ આવ્યો. તે કહે કે તું તો ધીમે ધીમે મારતો લાગે છે, માટે રડતા નથી. તું જા અહીંથી. એને કાઢી મૂકયો ને બીજા માણસે હેન્ડલ લઇને મારવા માંડયું. શરીરમાંથી લોહીની પીચકારીઓ ઉડવા લાગી. તે પીચકારી તેના કપડા પર ઉડી છતાં પણ રાજા એના એ જ ભાવમાં. નહીં ગુસ્સો કે નહીં આંખનો ખૂણો લાલ કે નહીં રડવાનું. કેટલી સમતા ! અહાહા....ક્ષમા તે કેટલી ક્ષમા ! બીજો માણસ પૂછે છે તમને આટલું મારું છું, લોહીની સેરો ઉડે છે, છતાં રડતા કેમ નથી ? ભાઈ ! એમાં રડવા જેવું છે શું ? આ શરીરે કર્મો કર્યા છે તો તેને ભોગવવા પડે. કરેલા કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી. ભગવાન મહાવીરનો સંદેશો છે કે "अप्पा कत्ता विकत्ता य" કર્મોનો કરવાવાળો આત્મા છે ને ભોગવવાવાળો પણ આત્મા છે. મેં હસી-હસીને કર્મો બાંધ્યા છે તો હસીહસીને ભોગવું છું. આટલો જુલ્મ માર પડવા છતાં મુખની રેખા પણ બદલાઈ નહીં. આનું

નામ સમકિત. આપણે બધા સમકિત-સમકિતની વાતો કરીએ છીએ પણ સમકિત શું ગાંધીની દુકાનનું ધાણાજીરું છે? રમવાનું રમકડું છે? તે એમ મળી જાય. સમકિત તો આત્માનો ગુણ છે.

ત્રીજી વાર ૧૦૦ ચાબૂકના માર, એમ કરતા એક સાથે ૫૦૦ ચાબૂકના માર ખુલ્લા બરડે પડ્યા છતાં હસતા હસતા સહ્યા. કોઈનો દોષ ન જોયો કે કોઈના પર રોષ ન કર્યો, પણ સમભાવે સહન કર્યું. મારનારના હાથ થાકયા. તેમના હાથ સુઝી ગયા પણ શ્રેણિક રાજાના મુખની રેખા પણ ન બદલાઈ. એ તો એકજ વિચાર કરે છે કે કરેલા કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી. કેટલાય દિવસો સુધી રોજ આવો ભયંકર માર હસતા મુખે સહન કર્યો પણ અંતિમ સમયે માઠી લેશ્યા આવીને ઉભી રહી. જીવને જે ગતિમાં જવાનું હોય, જે ગતિનો બંધ પડચો હોય તે ગતિની લેશ્યા અંતિમ સમયે આવીને ઉભી રહે, માટે જ્ઞાની કહે છે **"બંધ સમયે ચિત્ત ચેતીએ, ઉદયે શા ઉચાટ."** મને કે તમને ખબર નથી કે આપણો બંધ પડચો છે કે નહિ? બંધ કયારે પડશે તે પણ ખબર નથી. આયુષ્યના ત્રીજા ભાગે આયુષ્યનો બંધ પડે છે. ત્રીજા ભાગે ન પડે તો નવમા, સત્યાવીસમા અને એટલા સમયમાં જો બંધ ન પડચો હોય તો છેલ્લે અંતર્મુહુર્ત બાકી રહે ત્યારે પડે છે, માટે બંધ કયારે પડશે તેની ખબર નથી. એટલે જ કહ્યું છે કે જેમ બને તેમ કષાયના પરિણામમાં ઓછું જોડાવું. જીવ કષાયમાં વર્તતો હોય અને તે સમયે બંધ પડે તો માઠી ગતિનો બંધ પડી જાય. શ્રેણીક રાજાએ ગર્ભવતી હરણીને વીંધી નાખી ને પછી જીવ માનમાં જોડાયો કે મેં એક સાથે કેવા બે જીવોની ઘાત કરી! તેમાં નરકગતિનો બંધ પડી ગયો. શ્રેણિક રાજાને જેલમાં પૂરાવવામાં નિમિત્તભૂત પદ્માવતી છે. તેણે ઘોર કર્મો કર્યા. કોણિકને ચઢાવ્યો ને શ્રેણિકને જેલમાં પૂરાવ્યો. તેને એટલો વિચાર ન થયો કે હું મારા સસરાને જેલમાં પૂરાવું છું પણ પછી તે કર્મો મારે કેવા ભોગવવા પડશે! આ સંસારમાં સ્ત્રી સતી કહેવાય છે, માતા કહેવાય છે, પણ કયારેક એ સતીને નાગણની ઉપમા આપી છે. એ નાગણ જેવી બની જાય છે.

શ્રેણિક રાજાને કર્મનો ઉદય પૂરો થવાનો હશે તેથી નિમિત્ત કેવું બન્યું, કે એક વાર કોણિક રાજા જમવા બેઠા હતા ત્યારે એના નાના બાબાએ ભાણામાં લઘુનીતિ કરી, ત્યારે કોણિક કહે છે, હે માતા! મને કેમ ક્રોધ નથી આવતો? મારો પુત્ર છે તેથી. ચેલણાએ સમય જોઈને સોગઠી મારી. દરેક બાપને દીકરા આટલા જ વહાલા હોય છે. તું ગર્ભમાં આવ્યો ત્યારે મને રાજાનું કાળજું ખાવાની ઈચ્છા થઈ, તેથી હું સમજી ગઈ હતી કે આ જીવ એના બાપને મારનાર થશે; તેથી મેં ગર્ભપાત કરાવવા કેટલા પ્રયત્નો કર્યા પણ તું મર્યો નહિ. છેવટે જન્મ થયો ત્યારે મેં તો તને ઉકરડામાં ફેંકી દીધો હતો, પણ તારા પિતાએ તને બચાવ્યો છે. આ જ બાપને તેં જેલમાં પૂરાવ્યો ને ઉપરથી ખુલ્લા શરીરે રોજ ૫૦૦ ચાબૂકના માર મરાવે છે, તને શું કહેવું? આ એક ટકોરથી

કોણિકને પોતાની ભૂલનું ભાન થયું ને પિતાના બંધન તોડવા કુહાડી લઈને ઉપડયો. આજ સુધી ૫૦૦ ચાબૂકના માર પડવા છતાં હસતા મુખે સહન કર્યા પણ અશુભ ગતિનો બંધ પડયો છે તેથી કોણિકને જોતાં એવા ભાવ આવ્યા કે એણે મને આટલું કષ્ટ આપ્યું એટલેથી પત્યું નહિ તો હજુ કુહાડો લઈને મારવા આવે છે? એ મને મારી નાખે એના કરતાં હું જાતે મરી જાઉં એ શું ખોટું? એમ વિચાર કરી વીંટીમાનું ઝેર ચુસીને પ્રાણ ગુમાવ્યા. નરક ગતિનો બંધ પડેલો હતો. એટલે છેલ્લા સમયે અશુભ લેશ્યા આવીને ઉભી રહી. આપણે તો વાત એ હતી કે મા-બાપ પોતાના સંતાનોને કેવા સાચવે છે પણ સંતાનો મોટા થતાં એ માતા પિતાને કેવા દુઃખમાં નાંખે છે? મયણરેહા પોતાના પુત્રને જોઈને રડે છે. અરેરે...મખમલની ગાદીમાં સુનારને આજે સુવાની શય્યા પણ નથી. સોનાના પારણીયે પોઢનારને આજે પારણું પણ નથી. આમ ઝુરી રહી છે. ત્યાં સતીનું શું બનશે તે અવસરે.

**ચરિત્ર :** ઉદયચંદ્ર શેઠે સાગરદત્ત ન જાણે તેમ ચાર લાડવામાં કિંમતી રત્ન નાંખીને આઠ લાડવા પરાણે આપ્યા. હવે સાગરદત્ત જ્યારે વિદાય લે છે ત્યારે બાપ-દીકરા જુદા પડે અને જે આઘાત લાગે તેવો આઘાત ઉદયચંદ્રને લાગે છે. ખૂબ રડે છે, અને કહે છે કે આપ જલ્દી જલ્દી મને પાવન કરવા પધારજો. છેલ્લે બંને શેઠ પરસ્પર એકબીજાને ભેટીને વિખૂટા પડ્યા.

સાગરદત્ત શેઠ વિચાર કરે છે, હવે અમારે આ ગામમાં રહેવું નથી, પણ જે કર્મો ઉદયમાં આવ્યા છે તે ગામ નગર ફરીને ખપાવવા છે અને આત્માને વિશુદ્ધ બનાવવો છે. સોના પર મેલ હોય છે તો તેને શુદ્ધ થવા અગ્નિમાં પડવું પડે છે તેમ આત્માને કર્મના મેલથી શુદ્ધ બનવા કસોટીએ ચઢવું પડે છે. શેઠ આ પાટણપુર શહેર છોડીને વગડાની વાટે ચાલ્યા. જેમણે કોઈ દિવસ ધરતી પર પગ મૂક્યો નથી, અરે! જેને ઘેર સ્નાન કરવા સોનાના પાટલા હતા, એવા સુખી હેમના હિંડોળે હીંચનારા શેઠ, શેઠાણી, બંને બાળકો ચાલ્યા જાય છે. પગમાં કાંટા કાંકરા વાગે છે. લોહીની ધાર થાય છે, પણ શું કરે? થોડું ચાલ્યા એટલે બાળકો કહે છે બાપુજી! અમને ખૂબ થાક લાગ્યો છે, હવે ચલાતું નથી. આવ બેટા! બેસી જા મારા ખભે. બીજો દીકરો કહે મને ખૂબ થાક લાગ્યો છે. શેઠાણીએ તેને કેડમાં લીધો. થોડી વાર પછી મા થાકી ગઈ. આ કામ મારું નહિ, આ કામ તો ભીમનું, જ્યારે ધર્મરાજા જુગારમાં હારી ગયા અને પાંચ પાંડવો, કુંતામાતા અને દ્રૌપદી જંગલમાં ગયા. ચાલતા ચાલતા બધા ખૂબ થાકી ગયા, અને ચાલવાની હિંમત રહી નહિ ત્યારે ભીમ કહે-આપ બધા શા માટે ચિંતા કરો છો? હું તમને બધાને ઉંચકીને ચાલીશ. ભીમે જમણા ખંભે કુંતા માતાને બેસાડ્યા. ડાબા ખંભે દ્રૌપદીને બેસાડી. સહદેવ અને નકુળને બે બાજુ પીઠ ઉપર બેસાડયા અને બે ભુજાઓ ઉપર ધર્મરાજા અને અર્જુનને બેસાડ્યા. આમ છ જણાને ઉંચકીને મહાન બળવાન ભીમ ચાલ્યો. વિચાર કરો. આપણે

ખાલી ચાલવું હોય તો પણ થાક લાગે છે, તો આટલા માણસોને ઉંચકીને ભીમ કેવી રીતે ચાલતો હશે? કેટલો ભ્રાતૃપ્રેમ અને વડીલો પ્રત્યેની ભક્તિ! આ રીતે બધાને ઉંચકીને ચાર પ્રહર એટલે આખી રાત–અંધારી રાત્રીમાં ચાલ્યો.

શેઠ કહે દીકરા! આવ; તું મારા બીજા ખંભે બેસી જા. શેઠ બંને પુત્રોને લઈને જાય છે. થોડું જંગલ કાપ્યું ત્યાં દીકરાઓ કહે છે બાપુજી! બાપુજી! અમને ભૂખ લાગી છે. બેટા! આપણે આટલું વન ઓળંગી જઈએ. જો વગડામાં રાત પડી જાય તો મુશ્કેલી થાય, માટે જંગલ ઓળંગીને આપણે બધા ખાવા બેસીએ. શેઠ ચાલ્યા જાય છે. ત્યાં રસ્તામાં કાળો કાળો હબસી જેવો હાથમાં ડંગોરો લઈને ઉભેલા ભીલને જોયો. શેઠને બધાને આવતા જોઈને ભીલ સામે આવ્યો. ભીલ માટે ભીલડી ખાવાનું લેવા ગઈ છે પણ હજુ આવી નથી. તે ભૂખ્યો ડાંસ જેવો થયો છે. તેમાં બધાને આવતા જોયા, ભીલ કહે તમારે જીવવું છે કે મરી જવું છે? જીવવું હોય તો બધું મૂકી દો, નહિ તો હું તમને ત્રાસ આપીશ. શેઠ કહે ભાઈ! મારી પાસે એક રાતી પાઈ પણ નથી.

**શેઠ કહે નહિ પાસમેં, કૌડી એક છ દામ,**
**બચ્ચોંકે હિત ભાત હૈ, આવે તો લે લો કામ.**

શેઠ ભીલને કહે છે, મારી પાસે ફૂટી બદામ પણ નથી, પણ આ નાના બાળકો માટે થોડું ભાતું લાવ્યા છીએ તે અમારી પાસે છે. બીજું કાંઈ નથી. માત્ર આઠ લાડવા છે. તેમાંથી ચાર લાડવા બાળકો માટે રાખ. બાકીના લઈ જા, પણ ભીલ ન માન્યો. તેથી બધા દઈ દીધા. નાના બાલુડા કહે બાપુજી! એક લાડવો તો રાખો. અમને બહુ ભૂખ લાગી છે. અમારે ખાવા તો રાખો. બેટા! તમને તો કાલે મળશે પણ એને બિચારાને કોણ આપશે? શેઠ પાસે મુડીમાં જે ગણો તે માત્ર આઠ લાડવા હતા, તે આપી દીધા. હવે તેમની પાસે બીજું કાંઈ હતું નહિ. જુઓ કર્મના ખેલ! શેઠે ખાવા લાડવા આપ્યા પણ ભાગ્ય હોય તો ખવાય ને! શેઠ પાસેથી લાડવા તો ગયા પણ સાથે ૪ લાખની મિલ્કત પણ ગઈ. લાડવા સાથે રત્નો પણ ગયા. હવે બંને બાળકો કહે છે, ભૂખ લાગી છે. શેઠ શું કરશે ને પેલા લાડવાનું શું થશે તે અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૩૧

**શ્રાવણ વદ એકમ શનિવાર રક્ષાબંધન તા. ૧૫–૮–૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની વીતરાગ ભગવંતે જગતના જીવોના કલ્યાણ માટે મહાન મંગલકારી વાણી પ્રકાશી. ભગવાનની વાણી સર્વ જીવોને દુઃખથી મુક્ત કરાવનારી અને શાશ્વત સુખને આપનારી છે. ભગવાન જગતના જીવોને તરવાનો રસ્તો બતાવતા કહે છે કે હે જીવો! તમે આગળ પાછળ જોતાં શીખો. આગળ પાછળનો અર્થ શું? કોની આગળ પાછળ જોતાં શીખવાનું છે? શરીરની

આગળ પાછળ નહિ, મકાનની કે ધંધાની આગળ પાછળ નહિ પણ તમારા આ મનુષ્ય-ભવની આગળ પાછળ જુઓ, તો તમે સન્માર્ગે આવી શકશો. જો નહિ જુઓ તો સન્માર્ગ મળવો મુશ્કેલ છે. આ મનુષ્ય ભવની આગળ પાછળ જોશો તો ખ્યાલ આવશે કે હું આ ચતુર્ગતિના ચક્કરમાંથી આવ્યો છું, અને હજુ ચતુર્ગતિના ચક્કરમાં ફરવાનો છું. હવે મારે આ ચક્કરમાં ફરવું ન હોય તો આ જીવનમાં સાધના કરી લેવી જોઇએ.

આજનો મંગલ દિવસ બે પર્વ લઇને આવ્યો છે. દિવસ એક છે પણ પર્વ બે છે. એક છે સ્વાતંત્ર્ય દિન અને બીજું પર્વ છે રક્ષાબંધન. આજના દિવસને બધા સ્વતંત્ર દિન તરીકે માને છે. નાના નાના બાળકો પણ ખુમારીથી બોલે છે કે આજે અમારો સ્વતંત્ર દિન છે. સારાયે ભારતમાં આજના દિવસને આઝાદીના દિન તરીકે માનવામાં આવે છે. સ્વતંત્રતા અંતરને આનંદ આપનારો કેવો મનોહર શબ્દ છે! સ્વતંત્રતા મળી ને મુક્તિનાં ગીતો ગવાયા. સ્વતંત્રતાનો સૂર્યોદય પ્રગટયો ને સ્વદેશીઓ આઝાદીનો આનંદ મનાવવા લાગ્યા, પણ ખરેખર આજે આઝાદી જીવનમાં આબાદી લાવી કે બરબાદી? સ્વતંત્રતા લાવી કે સ્વચ્છંદતા? દુર્ગુણોની દુર્વાસના જ્યારે દિલમાંથી દૂર થશે અને જીવનમાં દયા ને દિવ્યતાનો દીપક ઝળહળી ઉઠશે ત્યારે આંગણે આવકાર નહિ આપવા છતાં યે આઝાદી આબાદી-અમર બનીને તમને વિજયમાળા પહેરાવશે. ચેતન આત્મા જ્યારે દેહથી વિમુક્ત બની સત્ ચિદાનંદી બનશે ત્યારે સ્વતંત્રતાનો સાચો સૂર્યોદય પ્રકાશી ઉઠશે. એ સ્વતંત્રતા જીવન-મૃત્યુની સાંકળને ભેદી નાખશે ત્યારે સ્વતંત્રતાનો સાચો સ્વાદ અને આનંદ અનુભવાશે.

આજના દિવસે ભારત અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત બન્યું છે. પરતંત્રતામાંથી સ્વતંત્ર બન્યું છે, એટલે ભારતવાસીઓ આનંદ ને ખુશી મનાવે છે. આજે સ્કૂલોમાં, હાઇસ્કૂલોમાં, કચેરીઓમાં, કોર્ટોમાં બધા ધ્વજવંદન કરીને આનંદ મનાવશે. જેણે પરતંત્રતાનો અનુભવ કર્યો હોય તે સ્વતંત્રતાની કિંમત આંકી શકે છે.

આજથી ૩૪ વર્ષ પહેલા દોઢસો વર્ષ સુધી અંગ્રેજોએ આ ભારતની પવિત્ર ભૂમિ ઉપર રાજ્ય કર્યું. અંગ્રેજોની એ ગુલામીમાંથી મુક્ત થવા ભારતની જનતાએ ઝુંબેશ ઉપાડી. એ ઝુંબેશમાં મોખરે મહાત્મા ગાંધીજી હતા. ગાંધીજી કેટલા પવિત્ર પુરૂષ હતા! એમનું જીવન એટલે સાદાઇનો શણગાર. તે ધારત તો મહાન સુખ વૈભવમાં રહી શકત, પણ એમણે જીવનમાં સાદાઈ અપનાવી. સારાયે ભારતની જનતા તેમને ઝુકી પડતી. સ્વતંત્રતાની ચળવળમાં કંઇક નિર્દોષ માણસો માર્યા ગયા. કંઇક કલૈયાકુંવર જેવા યુવાનોના લોહી રેડાયા. કંઇક યુવાનો યુવાનીના આંગણે પગ મૂકતા તેમાં ખપી ગયા. કેટલાયને જેલના સળીયા ગણવા પડયા. બ્રિટીશ સરકારની ગુલામીમાંથી મુક્ત થવું હતું તો આટલા કષ્ટો વેઠવા પડયા, તો આપણો આત્મા કેટલા કાળથી કર્મોની ગુલામીમાં પડયો છે! અનંતા અનંત કાળથી કર્મો રૂપી બ્રિટીશ સરકાર આપણા આત્મા ઉપર રાજ્ય કરી રહી છે, અને આત્માને હેરાન પરેશાન કરી રહી છે તેની સામે ઝુંબેશ ઉઠાવવાનું મન થાય છે? અંગ્રેજોએ તો માત્ર દોઢસો વર્ષ ભારતની પ્રજાને ત્રાસ આપ્યો, પણ કર્મ

રૂપી બ્રિટીશોએ તો અનંતકાળથી આત્માને ચતુર્ગતિ સંસારમાં રખડાવીને હેરાન પરેશાન કર્યો છે.

આઠ કર્મોમાં મોહનીય કર્મ બધાનો નાયક છે. મોહની રાજધાનીમાં વસવાટ કરતાં આજ સુધીમાં આપણે અનંતો કાળ ગુમાવ્યો. એ દુષ્ટ મોહના રાજ્યમાં આજ સુધી જે મહાન દુઃખો સહન કર્યા છે, અને કરી રહ્યા છે, તેમાંથી કેવી રીતે છૂટાય તે માટે આજે હું આપને સ્વતંત્રતા ઉપર થોડું કહીશ. તમારી દેશની સ્વતંત્રતા, પરતંત્રતામાં પલટાઈ જનારી સ્વતંત્રતા છે. એ સાચી સ્વતંત્રતા નથી, સાચી સ્વતંત્રતા એટલે આત્માનું સામ્રાજ્ય. મોહના સામ્રાજ્યથી દૂર રહેવું. જગતવર્તી જીવ જેમ કાળથી બચી શકયો નથી, તેમ મોહથી બચી શકયો નથી. સાચી સ્વતંત્રતા મેળવવામાં આત્માને ચાર કનડગતો છે. તે ચાર કઈ? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય. જ્ઞાનાવરણીય આત્માના અનંતજ્ઞાનને અટકાવે છે. દર્શનાવરણીય તો એનાથી જબરું છે. જે સામાન્ય ઝાંખી પણ ન થવા દે. મોહનીય કર્મ આત્માને મુંઝવે એટલે આત્મા અનંત આનંદનો અનુભવ ન કરી શકે. અંતરાય કર્મ અનંત દાન, અનંત લાભ તથા અનંત ભોગમાં અટકાયત કરે છે. આ ચાર કર્મોમાં પણ વધુ અટકાયત કરનાર મોહનીય કર્મ છે.

આઠ કર્મોમાં મોહનીય કર્મને રાજા તરીકેનું સ્થાન અપાયું છે. મોહનીય કર્મને અધિરાજ કહેવાય છે. એક મોહના નાશમાં બધા કર્મોનો નાશ છે અને આ એકના રાજ્યમાં બધા કર્મોનું રાજ્ય છે. બારમા ગુણઠાણે જ્યાં મોહનો નાશ થાય છે, ત્યાં બીજા ત્રણ ઘાતી કર્મોનો તો બે ઘડીમાં આપોઆપ નાશ થઈ જાય છે અને ચાર ઘાતી કર્મોનો ક્ષય થયા પછી બીજા ચાર અઘાતી બાકી રહે છે, પણ તે આત્મા ઉપર કોઈ જાતની અસર કરતા નથી, એટલે એ તદ્દન પાવર વગરના થઈ જાય છે. સર્પ ત્યાં સુધી જોર કરે છે કે જ્યાં સુધી એના મુખમાં ઝેરની કોથળી હોય. ઘાતી કર્મો ઝેરની કોથળીથી યુક્ત વિષધર જેવા છે. તેમાં પણ ખરો ઝેરીલો નાગ તો મોહ છે. એના ડંશથી જગતના જીવો ચેતના વગરના થઈ ગયા છે. એના ઝેરની સીધી અસર આત્મા ઉપર થાય છે. એ અસર એટલી બધી જોરદાર થાય છે કે આત્મામાં આત્મત્વ રહેતું નથી. આત્માના જે અનંત જ્ઞાનાદિ ગુણો છે તે ગુણોનો જે અત્યારે ઉઘાડ નથી એનું કારણ આ મોહનીય કર્મ છે. જેમ ઝેર ચઢવાથી દેહની શુદ્ધતા, બુદ્ધતા રહેતી નથી તેમ આ મોહના નશાથી આત્મા પણ મૂર્છિત જેવો બની ગયો છે. માણસ ગમે એવો જ્ઞાની હોય પણ જો મદિરાનો નશો ચડેલો હોય તો તે અજ્ઞાની જેવો લાગે છે. એનું જ્ઞાન એના માટે તે વખતે કાંઈ પણ ઉપયોગી થતું નથી. જે ચેષ્ટાઓ પાગલ માણસને પણ ન છાજે તે ચેષ્ટાઓ તે તાલીઓ પાડી પાડીને કરતો હોય છે. આ તો સામાન્ય દાખલો છે, પણ એ આત્મા ઉપર ઘટાવવો છે. આત્મામાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્યાદિ એવા અનંતગુણો ભરેલા છે, પણ મોહનો એવો નશો ચઢયો છે કે એ અનંતગુણો કાંઈ પણ ઉપયોગના નથી. સત્તામાં અનંત ગુણસંપત્તિ

હોવા છતાં વર્તમાનમાં તો આત્મા રંક-ભિખારી જેવો છે. તેમાં પણ વળી કર્મસંયોગે નિગોદ જેવા ભયંકર સ્થળે જન્મ લે છે, ત્યારે તો જ્ઞાનનો અનંતમો ભાગ ઉઘાડો રહે છે, અને તે સ્થિતિમાં આત્માને અનંતકાળ જીવવું પડે છે. આ બધી વિટંબણાનો જો અંત લાવવો હોય તો આત્મા માટે એક જ ઉપાય છે અને તે ઉપાય એ છે કે મોહની સામે મારો ચલાવવો. મારો ચલાવ્યા સિવાય એ મોહ કોઈ રીતે મરે એમ નથી.

જિનેશ્વર ભગવંતોએ મોહને મારવાના અનેક ઉપાયો બતાવ્યા છે, પણ પહેલાં આપણે એ સમજવું જોઈશે કે આ મોહના મૂળને સિંચન શાથી મળે છે? જીવનમાં એ પ્રતિદિન વિકાસ શાથી પામે છે? આ પ્રશ્નના જવાબમાં ભગવાન સમજાવે છે કે અહં અને મમના રટણથી આ મોહ વૃદ્ધિને પામે છે. જ્ઞાનસારમાં પણ કહ્યું છે કે, "**अहं ममेति मंत्रोऽयं मोहस्य जगदान्ध्यकृत।**" હું એનો ને એ મારું, આ મોહરાજાના મંત્રે આખા જગતને અંધ બનાવી દીધું છે. આ પદમાં એ બતાવ્યું કે મોહ શેનાથી વૃદ્ધિ પામે છે. જ્યાં સુધી મોહના મૂળ સુકાવાને બદલે સિંચાયા કરશે ત્યાં સુધી "હું" અને "મારો" આ મંત્રના જાપમાંથી ભલભલાઓ મુક્ત થઈ શકશે નહિ. જીવ જન્મે છે ત્યારથી મરે છે ત્યાં સુધી એ મંત્રનો જાપ એક સરખો ચાલુ રહે છે. ખરેખર મોહથી એ પ્રાણી એટલો બધો અંધ બન્યો છે કે એને પોતાની વસ્તુ જ દેખાતી નથી. એ આખી જિંદગી પારકી વસ્તુઓની પંચાતમાં પૂરી કરે છે. હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? મારે ક્યાં જવાનું છે? આવા પવિત્ર વિચારો તો એ જીવને સ્વપ્નમાં પણ આવતા નથી. આ રીતે મોહ મહીપતિએ આખા જગતને મૂંઝવી નાંખ્યું છે. આખા જગતને મૂંઝવનાર મોહમહીપતિની શક્તિ અજબ છે. આવા સમર્થ મોહમહીપતિને કઈ રીતે હંફાવવો? એને હંફાવવા માટે જેવા તેવા શસ્ત્રો કામ નહિ આવે. જેવા તેવા મંત્રોથી પણ એ મોહ મરે તેમ નથી. મોહને મારવા માટે એક મંત્ર છે. "**હું કોઇનો નથી ને મારું કોઈ નથી.**" હું એટલે શુદ્ધાત્મ દ્રવ્ય અને મારા જ્ઞાનાદિ ગુણ, એ સિવાય હું બીજો કોઈ નથી, અને આ જગતમાં મારું પણ કોઈ નથી. આ પ્રકારના અંતરના શુદ્ધ પરિણામ મોહમહીપતિના શિરચ્છેદ માટે સુદર્શન ચક્રના સમાન છે. હું કોઇનો નથી ને મારું કોઈ નથી. આ મંત્ર કર્માધિરાજને મૂંઝવવા મંત્રાધિરાજ સમાન છે.

આપણે વાત ચાલતી હતી કે આત્માને ચાર કનડગતો છે. આ ચાર કનડગતો એટલે ચાર ઘાતી કર્મો જાય ત્યારે સાચી સ્વતંત્રતા આવે. ઘાતીકર્મો કનડગત કરનારા છે, પણ અઘાતી કર્મો વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર કનડગત કરનારા નથી. જીવ જ્યારે ૧૨ મા ગુણસ્થાને પહોંચે ત્યારે ઘાતીકર્મો ઉડી જાય છે અને ૧૨ મા ગુણસ્થાનના છેલ્લા સમયે અને તેરમા ગુણસ્થાનના પહેલા સમયે જીવ કેવળજ્ઞાન પામે છે, ત્યારે આત્માની સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરે છે. અઘાતી ચાર કર્મો કનડગત કરનારા નથી. નામકર્મ તથા આયુષ્યકર્મથી નુકશાન શું છે? આવી દશાને પામેલા કેવળી ભગવંતોનું આયુષ્ય લાંબુ હોય તો લાખો જીવોના કલ્યાણમાં નિમિત્તભૂત બને. જીવ ચૌદમા

ગુણસ્થાનકે જાય એટલે શાશ્વત મુક્તિ મળે. ચૌદમા ગુણસ્થાનકની સ્થિતિ કેટલી? પાંચ હ્રસ્વ અક્ષર અ, ઈ, ઉ, ઋ, લૃ, એટલું બોલીએ એટલી વારમાં તો જીવ મોક્ષમાં બિરાજી જાય. એટલે શાશ્વત મુક્તિ મળે. સાચી અને શાશ્વત સ્વતંત્રતા આ છે. આ સ્વતંત્રતા કહી ન જાય તેવી છે, પછી જન્મ જરા–મરણ કંઈ નથી. કર્મોરૂપી બ્રિટીશ સરકારની ગુલામીમાંથી મુક્તિ એ જ સાચી સ્વતંત્રતા છે.

આજના દિવસે બીજું પર્વ છે તે રક્ષાબંધન. રક્ષાબંધનનો દિવસ બહેનોને અતિપ્રિય લાગે છે. આપણો ભારતદેશ પર્વપ્રધાન દેશ છે. સંસારના સમસ્ત દેશોની અપેક્ષાએ અહીંયા અધિક પર્વ, અધિક તહેવાર મનાવવામાં આવે છે. રક્ષાબંધનનો દિન પણ એમાંનું એક પર્વ છે. આજના દિવસે કંઈક બહેનોના હૈયાં હરખાય છે ને કંઈક બહેનો ઘરમાં બેસીને રડે છે. કારણ કે જેને ભાઇ છે તે બહેન હસતી ને રમતી ભાઇના હાથે રાખડી બાંધવા જાય છે. કોઇ સુતરની રાખડી બાંધે, કોઈ મોતીની બાંધે કોઇ ચાંદીની બાંધે. ભાઇ રાખડી બંધાવીને પોતાની શક્તિ પ્રમાણે સાડી, પાંચ પચ્ચીસ કે પચાસ રૂપિયા આપે છે, પણ જેને ભાઇ નથી એવી બહેનો આંખમાંથી આંસુડા સારે છે, કે જો મારે ભાઇ હોત તો હું પણ આજે આ બધી બેનોની માફક રાખડી બાંધવા જાત ને? તેના સંતાનો પણ એમ કહે છે કે બા! બધા છોકરાઓ મામાને ઘેર જાય છે ને આપણે નહિ જવાનું! ત્યારે એ માતા છોકરાઓને સમજાવે છે બેટા! તારે મામા નથી. કયાં જઇએ? એટલું બોલતા એનું હૈયું ભરાઇ જાય છે. જે બહેનને ભાઇ નથી તેને તો આટલું દુઃખ થાય પણ ઘણી બેનો એવી છે કે જેને ભાઈ હોવા છતાં એ બહેનને પોતાને ઘેર બોલાવતો નથી. આવી બહેનો છતે ભાઇએ ભાઈ વિનાની છે. એના દિલમાં આજે આઘાત લાગે છે. એની તો કરૂણદશા બને છે.

રક્ષાબંધનના પવિત્ર દિવસે ભગિનીના હૃદયની ઉર્મિઓ ભાઈ પ્રત્યે ઉછળી રહી હોય છે. જગતના સર્વ સંબંધોની વચ્ચે નિઃસ્વાર્થ અને પવિત્ર સંબંધ હોય તો ભાઇબહેનના નિર્મળ પ્રેમનો. ભાઇબહેનની પ્રીતડી એટલે જાણે ખારા સમુદ્રમાં પણ એક નાની મીઠી વીરડી. બહેન માટે ભાઈ અને ભાઈ માટે બહેન એ સ્નેહનું સરોવર છે. બહેનની રાખડીમાં રહેલું રેશમનું ફુમતું અને તેની સાથે રહેલો દોરો એનું નામ જ રક્ષા નથી પણ એની પાછળ બહેનની ભાઈ પ્રત્યેની ભવ્ય ભાવના અને બહેનના રક્ષણની મહાન જવાબદારી રહેલી છે. નાનકડી રાખડી વેરઝેરના રવાડે ચઢી ગયેલા અને એક બીજાની સામે દાંત કચકચાવી રહેલા હૃદયો વચ્ચે સદ્ભાવનાનો મજબૂત પૂલ બની શકે છે. આ દિવસની એ મહત્તા છે કે બહેની જ્યારે હર્ષઘેલી બની ભાઇના હાથે રક્ષા બાંધે છે ત્યારે જીવનનો અમૂલ્ય લ્હાવો માણે છે. તે માત્ર રક્ષાબંધનથી સમાપ્તિ નથી કરતી, પણ ભાઇના કાનમાં સંદેશો પાઠવી જાય છે. હે વીરા! આ રક્ષાના પ્રત્યેક તંતુમાં બહેનના હૃદયનો નિર્વ્યાજ અખૂટ પ્રેમ ભરેલો છે. જેના પ્રત્યેક તારમાં બહેનના દિલની લાગણી તથા આત્માના પ્રત્યેક સ્પંદનો જોડાયેલા છે. રક્ષા માત્ર સુતરનો દોરો

નથી પણ તે તો શીલ તથા સ્નેહનું રક્ષણ કરવાની તારી પવિત્ર ફરજોની યાદી અપાવતું પવિત્ર બંધન છે. આજે રક્ષા બાંધીને ભગિનીનું હૃદય બોલી ઉઠે છે. **"ખમ્મા મારા વીરને, જુગજુગ જીવો મારા વીર! બનજે તું ધીર, રક્ષા કરજે ભગિનીની બનીને ધર્મવીર, ખોતો ના કદીયે ખાનદાનીનું ખમીર."**

આજના પવિત્ર દિવસે જે ભાઈ બહેનને ન બોલાવતો હોય તે વેરઝેર છોડી દઈ દિલને પવિત્ર બનાવે, કારણ કે આ દિવસે ભાઈ હોવા છતાં ન બોલાવે ત્યારે બેનનું હૈયું કેટલું તૂટી પડે? ઘણાં વીરા તો ધર્મના ભાઈ બની રક્ષા કરે છે. એક વાત યાદ આવે છે.

એક વિધવા માતા હતી. તેનું નામ ભલી બહેન. તેને ત્રણ દીકરીઓ હતી. સાવ ઝુંપડી જેવા મકાનમાં આ મા દીકરીઓ રહેતા હતા. પાસે કાંઈ મૂડી ન હતી. આજીવિકા કેવી રીતે ચલાવવી? મોટી દીકરી પરણીને સાસરે ગઈ હતી. તે ઘર સુખી હતું. આ માતા રોડ પર નાની હાટડી માંડીને બેસે. ચણા-મમરા, સીંગદાણા, પાટી, પેન એવું સસ્તું સસ્તું લઈને વેચે. આ બેન દુઃખી હતી પણ ખાનદાન ઘણી, તેથી ગામના સુખી માણસોએ તેની હાટડીની બાજુમાં પરબ બેસાડી. તેની થોડી ઘણી જે રકમ આવે તે આ બહેનને આપી દેતા. આ રીતે આ બહેન પોતાનું જીવન નભાવતી હતી.

એક વખત ધોમધખતા ઉનાળાના બળબળતા બપોરે એક વણઝારો તેની પોઠો લઈને આવતો હતો. તાપના કારણે તરસથી આકુળવ્યાકુળ થયેલો, તે પાણીની શોધ કરતો વડલાના ઝાડ નીચે બેઠો હતો. આ ભલીબહેનની નાની દીકરી સરલાએ મુસાફરને દૂરથી જોયો. તેણે કહ્યું, બા! દૂરથી કોઈ મુસાફર આવે છે તે બિચારો પોતાની તરસ છીપાવવા આવતો હશે. હું ત્યાં જઈ પાણી આપી આવું. ભલીબહેને તે તરફ નજર કરી તો વણઝારાને બેઠેલો જોયો. તે તરત પાણીની નાની ગાગરડી લઈને ઉભી થઈ. દીકરી! હું જ એ મુસાફર પાસે જાઉં ને તેને પાણી પીવડાવું. આપણા ગરીબથી બીજું પરોપકારનું કામ શું થવાનું છે? તું હજુ નાની છોકરી છે. અજાણ્યા માણસ પાસે તારાથી ન જવાય. ભલીબેન પાણીની ગાગરડી લઈ વણઝારા પાસે પહોંચી ગઈ. ભલીબેનમાં નામ તેવા ગુણ હતા. ભલાઈના કામ કરતા હતા. વણઝારાને તો સામે પગલે આ રીતે પાણી પીવડાવવા આવતી બેન જાણે કોઈ પરોપકારી પરી ન હોય તેવી લાગી. વણઝારાને તો ભલીબેનને જોતા પોતાની મા જણી બેન ન હોય! તેવો પ્રેમ આવ્યો. એણે તો એ જ દિવસે ભલીબેનને પોતાની ધર્મની બેન કરી. પછી ભલીબેન વણઝારાને પોતાના ઘેર જમવા લઈ ગઈ. તેને આગ્રહ કરીને એક દિવસ રોકયો. પછી અવારનવાર તે બેનને મળવા આવતો.

એક દિવસ વાતવાતમાં ભલીબેને વણઝારાને કહ્યું-ભાઈ! મારી આ સરલાએ જ આપને વડના ઝાડ નીચે જોયા હતા. તેણે જ મને આપના માટે પાણીની માટલી લઈને

મોકલી હતી. આથી વણઝારાને સરલા પર પોતાની ભાણી જેવો પ્રેમ થયો. તેણે ભલીબેનને કહી દીધું બેન ! મારે કોઈ સગી બેન નથી. માટે મારે તારી આ સરલાનું મોસાળું કરવાનો લ્હાવો લેવો છે. જ્યારે તારી ગગીના લગ્ન લે ત્યારે તારા આ ભાઈને તું યાદ કરજે. સમય જતાં સરલા મોટી થઈ. તેના લગ્ન લેવાયા. ભલીબેને તેના ધર્મના ભાઈ વણઝારાને કંકોત્રી મોકલી. વણઝારો બરાબર મોસાળું કરવાના સમયે આવી પહોંચ્યો. ભલીબેનને કેશુભાઈ નામે એક ભાઈ હતો. તે ખૂબ ગરીબ હતો. તેને ખબર પડી કે પેલો રણછોડ વણઝારો સરલાનું મોસાળું કરવાનો છે, તેથી તે રિસાઈ ગયો ને કહે હું લગ્નમાં નહિ આવું. હું ગરીબ માણસ, હું કંઈ ન કરું તો મારી લાજ જાય ને !

વણઝારાને આ વાતની ખબર પડતાં તેના ઘેર ગયો અને તેમને પ્રેમપૂર્વક કરગરીને કહ્યું–આપ ભલીબેનના સગાભાઈ તમે પહેલા ! હું ધર્મનો ભાઈ પછી ! આપણે બંને ભાઈઓએ ભેગા થઈને મોસાળું કરવાનું છે. વણઝારાના દિલમાં કેટલી સહાનુભૂતિ જાગી છે. વણઝારાની પણ ભાવના કેટલી પવિત્ર છે ! ભલીબેનના ભાઈએ વણઝારાની વાત સ્વીકારી. આ રણછોડ વણઝારાએ પોતાની સરલા "ભાણી" માટે પંદરેક તોલા સોનાના દાગીના કરાવ્યા હતા. તેમાં અડધા તોલા જેવું કેશુભાઈનું હતું અને એક હજાર રૂપિયાના કપડા લાવ્યો હતો. કાપડમાં તો કેશુભાઈએ કાંઈ આપવાનું નહોતું, છતાં મોસાળું જાણે કેશુભાઈ કરતા હોય તેવો દેખાવ કર્યો. વણઝારાએ બધામાં કેશુભાઈને આગળ કર્યા. ધન્ય છે આવા ધર્મના ભાઈને કે જેણે ધર્મના ભાઈ બનીને બહેનની રક્ષા કરી, અને લગ્ન વખતે મોસાળું પણ કર્યું. ધન્ય છે આવા ભાઈને !

મારા બંધુઓ ! આજે સંસારમાં ખુણે બેસીને હું ઘણી બેનોને રડતી જોઉં છું. તો મારે તમને બીજું કાંઈ કહેવું નથી. ફક્ત આજે રક્ષાબંધનના દિવસે જો તમારી રક્ષા કરવી હોય તો પહેલા તમારી બેનની રક્ષા કરો. કોઈને અણબોલા હોય તો તે તોડીને આજથી સ્નેહની સરવાણી વરસાવી સાચા વીર બનો. અહિં એક બનેલી કહાની યાદ આવે છે.

એક સુખી માતા–પિતાને એક દીકરો હતો. ખૂબ લાડકોડથી ઉછેરે છે, પણ બિચારા છોકરાનો પાપનો ઉદય કે હજુ ત્રણ ચાર વર્ષનો થયો ત્યાં માતા માંદગીના બિછાને પડી. તેને પુત્રની ચિંતા સતાવ્યા કરે છે, પણ કાળ આગળ કોનું ચાલે ? તે તો બધાને છોડી ચાલી ગઈ. સંસારમાં સંતાનો માટે માતા એ સર્વસ્વ છે. નાનપણમાં જેની માતા ચાલી જાય એને માટે તો પછી દુઃખનું પૂછવાનું જ શું ? પિતાની ઉંમર નાની હતી. તેથી બધાના કહેવાથી શેઠે ફરીવાર લગ્ન કર્યા. નવા શેઠાણી ઘરમાં આવ્યા. શેઠાણી આ દીકરાને ખૂબ સાચવે છે. તેને માતાની મીઠી યાદ પણ આવતી નથી. સમય જતાં આ શેઠાણીને પણ ચાર દીકરા અને એક દીકરી થયાં, દીકરી સૌથી મોટી છે. ભાઈઓ નાના છે. ધીમે ધીમે છોકરી મોટી થઈ. તેનું નામ છે ગુણવંતી. તેનામાં નામ પ્રમાણે ગુણ છે. ગુણ ગુણનો ભંડાર છે. ખૂબ ડાહી સમજણી અને સદ્‌ગુણી છે. તે મોટી થઈ એટલે એક સંસ્કારી ધર્મિષ્ઠ છોકરા સાથે એના લગ્ન કર્યા.

પાંચ ભાઈઓની લાડકી એક બહેન હવે શ્વસુર ગૃહે વિદાય થઈ રહી છે. તેથી માબાપને તથા ભાઈઓને ખૂબ આઘાત લાગ્યો, તેમની આંખમાં શ્રાવણ ભાદરવો વહેવા લાગ્યો. આપણી લાડકી બેનડી શું હવે આપણને છોડીને સાસરે જશે! ભાઈઓનો બહેન પ્રત્યે ખૂબ પ્રેમ. મા બાપે અને ભાઈઓએ આંખના છેલ્લા અશ્રુને કિંમતી ચીજની જેમ ધીમે ધીમે લૂછી નાંખ્યા. બહેન હવે આ ઘર છોડીને હંમેશ માટે જતી હતી તેથી આંસુ વારંવાર બધાની આંખોને ભીની કરી દેતા. ટપકતા પ્રત્યેક આંસુ કહેતા હતા–એનું સૌભાગ્ય અખંડ રહો! એના હૈયાના હેત કદી ન સૂકાય! એના હાથના કામણ એના શ્વસુરગૃહને સદા લીલાછમ રાખે. છેલ્લે વિદાય આપતા માતા કહે છે બેટા! તું આ ઘર છોડીને પરઘેર જાય છે, તારા સાસરે તારા ગુણોની સુવાસ સદા મહેંકતી રાખજે, તારા ગુણોથી, કાર્યોથી બધાના દિલ જીતી લેજે ને કુળની આબરૂ વધારજે. બેટા! તારું સૌભાગ્ય અખંડ રહે!

મા બાપની લાડકવાયી દીકરી પાંડવો સમાન પાંચ ભાઈઓની વહાલસોયી બેન સૌને છોડી એક તદ્દન અજાણ્યા ઘરમાં દાખલ થઈ. તેનું રૂપ તો અથાગ હતું અને તેમાં સદ્દગુણોની સુગંધ ભળેલી હતી, તેથી તેણે જેવા શ્વસુરગૃહમાં પુનિત પગલાં માંડ્યા ત્યારે ઘરના બધાને એમ થયું કે જાણે સૌંદર્યના સોળે શણગાર સજીને સાક્ષાત્ લક્ષ્મીદેવી પધાર્યા. આ ઘરની દીકરીએ પેલા ઘરની વહુ. જિંદગીના બે તદ્દન ભિન્ન પાસા. પિયરમાં લાડપાન મળ્યા, અને સાસરે પણ લાડપાન મળ્યા, પણ તે લાડપાનમાં વિશિષ્ટ ભિન્નતા હોય છે. પિયરમાં બધાએ તેની સુખ સગવડો સાચવી. અહીં સૌ તેની પાસેથી સેવા અને સુખ સગવડ સાચવવાની આશા રાખતા. ગુણવંતી પોતાની જાતને ભૂલી ગઈ, અને પતિને તથા સાસુ સસરાને યાદ રાખ્યા. એણે ઘરના બધાની ખૂબ સેવા ચાકરી કરી. ઘરના કામકાજ કરી તેના ગુણની સુવાસ ફેલાવી, અને સાસરિયા બધા તેને કુળદેવી સમાન માનવા લાગ્યા.

સંસાર વાડીમાં વેલી સરખી સ્ત્રી આધારને ઝંખે એ વાત તો સાચી, પણ એથીય અધિક સાચી વાત એ છે કે વૃક્ષો પણ વેલીને આધાર આપીને વેલીનો આધાર પામતા હોય છે. ગૃહસ્થરૂપી બાગમાં સ્ત્રી સ્વરૂપી વેલના પ્રેમ, આત્મત્યાગ, સેવાના પુષ્પોથી દૃઢતા અને મજબૂતાઈથી સીંચાતા રહે છે. ઘરની લક્ષ્મી બનીને બે ત્રણ વર્ષ અગાઉ આવેલી આ કન્યાએ પણ આ પ્રકારનું દૃષ્ટાંત પૂરું પાડ્યું, પણ ભાગ્યને એ ગમ્યું નહિં હોય.

ગુણવંતીના પતિને તાવ આવ્યો અને તાવની ટૂંકી માંદગીમાં એના પતિનું અવસાન થયું. આ સમયે ગુણવંતીને છ મહિનાનો એક બાબો હતો. પતિના મૃત્યુથી ગુણવંતીને ખૂબ આઘાત લાગ્યો. ભાલની સૌભાગ્ય ટીલડી, ચૂંદડી સાથેનો એનો સંબંધ સદાને માટે તૂટીગયો. અહા! પાંચ પાંચ ભાઈની લાડીલી બેનડી લાડ કોડમાં ઉછરેલી, જેણે કોઈ દિવસ દુઃખ જોયું નહીં

એવી ગુણવંતીના માથે જાણે આભ તૂટી પડયો ! સંસારમાં પત્ની માટે પતિ એ જ સર્વસ્વ છે. પતિ ચાલ્યો જાય ત્યારે એના જીવનમાં પછી કંઈ આનંદ રહેતો નથી. રણકાર, ગીત કે ઝણકાર. સૌએ તેની સામેથી મુખ ફેરવી લીધા. ગુણવંતી ખૂબ રડે છે. ઝૂરે છે. કાળો કલ્પાંત કરે છે. સાસુ તેને ખૂબ આશ્વાસન આપે છે, બેટા ! રડીશ નહિ. શાંત થા. હિંમત રાખ. આપણા પાપનો ઉદય કે યુવાનીને આંગણે પગ મૂકતા જ દીકરો ચાલ્યો ગયો ! સાસુ એક માતાની જેમ ગુણવંતીને રાખે છે, એને ઓછું આવવા દેતા નથી, પણ પાપનો ઉદય જાગે ત્યારે ચારે બાજુથી દુઃખ આવી પડે. ગુણવંતીને માટે અત્યારે સાસુ એક આધારભૂત હતાં. તે સાસુ-સસરા પણ ટૂંકી માંદગીમાં ચાલ્યા ગયા. નણંદ પરણીને સાસરે ગઈ. દિયર-જેઠ કોઈ છે નહિ. એટલે તે સાવ એકલી બની ગઇ. ભર્યા કુટુંબમાં લાડકોડથી ઉછરેલી દીકરીને માટે આજે કોઈ ન રહ્યું. હવે તેને પતિનો વિયોગ વધુ સાલવા લાગ્યો. હું શું કરું ? જીવન કેવી રીતે જીવવું ? શું આપઘાત કરીને મરી જાઉં ? ના...ના. એવું તો નથી કરવું.

આવા ભયંકર દુઃખમાં એના હાથમાં એનું એક ખીલેલું પુષ્પ હતું તે હજુ બાર મહિનાનું હતું. તે જાણે કહી રહ્યું હતું કે હે માતા ! તું જીવન તારા માટે ન જીવ તો મારા માટે જીવી જા. ઘોગરદમ ફેલાયેલા અંધકારની વચ્ચે હું તારા માટે જીવનજ્યોત છું. આ નાનું ખીલેલું પુષ્પ ગુણવંતીના આંસુની રેલને અટકાવતું હતું. તેના માતા-પિતા અને ભાઈઓને ખબર પડી કે અમારી બેનના સાસુ સસરા તો ગુજરી ગયા છે. તે હવે સાવ એકલી નિરાધાર બની ગઇ છે તો હવે અમારી ફરજ છે કે તેને અમારે ઘેર લઈ આવવી જોઈએ. ભાઈઓ બેનના ઘેર આવ્યા. બેને ઘણી ના પાડી પણ સમજાવીને લઇ આવ્યા. મા બાપ એને આશ્વાસન અને વાત્સલ્યની અમૃતધારાએ સ્નાન કરાવતા રહ્યા. આ ગુણવંતી બિચારી ઘરના બધા કામ કરે છે. ઘરમાં ચાર ભાઇ અને ભાભીઓનું કુટુંબ છે. શરૂઆતમાં તો બધાનો પ્રેમ ખૂબ મળતો પણ પછી એ પ્રેમમાં ઓટ આવવા લાગી.

માતા સ્વર્ગવાસી થઈ. આ દુઃખના વિરાટ સાગરમાં માતા પિતાની શીળી છાંયડી કલ્પવૃક્ષ સમાન હતી. તે ડાળ પણ તૂટી ગઈ. ભાઈ ભાભીનો પ્રેમ ઘટવા લાગ્યો. ભાભીઓ ભાઈને ચઢાવવા લાગી. ભાઈઓ સારા હતા. પણ સંગ એવો રંગ. રોજ ભાભીઓ ચઢાવે કે તમારી બેન તો આવી છે ને તેવી છે. ઘરમાં રહેવું છે પણ કાંઇ કામ કરવું ગમતું નથી. મફતના રોટલા ખાવા છે ને કામ કરવું નથી. આ શબ્દો બહેનીના કાને અથડાવા લાગ્યા. અરરર...ક્રૂર વિધાતા ! મારા નસીબ રૂઠયા ત્યારે મારે ભાઈ-ભાભીના શરણે રહેવું પડયું ને ? મારા ભાઈઓ પણ સામું જોતા નથી. આ ઘરમાં હું કેવી રીતે રહી શકીશ ? બિચારી આખો દિવસ કામ કરે છતાં મેણાટોણા સાંભળવા મળે છે. જેમ સમય જતો ગયો તેમ તેના દુઃખમાં વધારો થતો ગયો. પછી તો ભાભી ખોટા આળ ચઢાવવા લાગી. તેમના છોકરાઓ અને ગુણવંતીના બાબા વચ્ચે રહેજ

તકરાર થાય તો બધી ભાભીઓ તેની સાથે ખૂબ બાઝે પણ બેન હવે કરે શું ? જે બેનને ભાઈઓએ કેવી ખમ્મા ખમ્મામાં ઉછેરી હતી તે બેનને માથે આજે દુઃખના વાદળો ઉતરી પડયા. રક્ષાબંધન જેવા પવિત્ર દિવસે પણ ભાઈઓ બેનની સ્નેહભરી રાખડી પણ બાંધે નહિ, આથી ગુણવંતીના મનમાં ખૂબ ઓછું આવી ગયું. અરરર... પ્રભુ ! મેં એવા શા પાપ કર્યા કે આ ભાઈઓને રક્ષા બાંધવા જેટલો પણ પ્રેમ નથી રહ્યો.

પિતાના મનમાં ઘણી ઈચ્છા હતી કે મારે એકની એક દીકરી છે. તે આવી દુઃખી છે તો એને માટે કાયમની કાંઈ વ્યવસ્થા થાય અને સગવડ મળી રહે તેવું કંઈ કરવું, પણ પુત્રોની બીકે પિતા બોલી શકતા ન હતા. તેમને બીક લાગતી કે કદાચ કોઈ એમ કહેનાર નીકળે કે એને આખી જિંદગી સહારો આપ્યો એના છોકરાને ભણાવ્યો. એ શું કાંઈ ઓછું છે ? તો પછી બહેને બધાની જે સેવા ચાકરી કરી કામની પાછળ જાત ઘસી નાંખી તે પ્રેમભરી સેવાનો બદલો શું ? આ વાત જો બેન સાંભળે તો એનું દિલ તૂટી જાય ને ? એને કેવો આઘાત લાગે ? સૌથી મોટોભાઈ જે સગો ભાઈ ન હતો પણ તેની લાગણી સગાભાઈના પ્રેમને ભૂલાવી દે તેવી હતી. તેના મનમાં પણ પિતા જેવા વિચારો આવતા. નાજુક વેલી સમાન બેન માત્ર જમીન પર પડી ન રહે પણ જે રીતે ધરતીને ફળફૂલથી શોભાવે છે તે રીતે વૃક્ષ પર જઈને વૃક્ષને શોભાવે, હુંફ આપે તે રીતે બહેની માટે કંઈક કરવું જોઈએ. તે તો બહેનની સેવાની ભાવનાથી ને કામકાજથી પાણી પાણી થઈ જતો.

જ્યારે તેને ખબર પડી કે મારી બેનની આ સ્થિતિ થઈ છે ત્યારે તેની આંખમાં આંસુ આવી ગયા ! અહાહા ! રક્ષાબંધન દર વર્ષે બેનની પાસે બંધાવીએ છીએ તો અમારી શું ફરજ નથી કે તેની રક્ષા કરવાની ! રક્ષા કરવાને બદલે બેન બધાના ત્રાસે રડી રહી છે. ખરેખર અમે તેના સગા ભાઈ નથી. સાચા ભાઈ હોય તે શું બેનના આંસુ જોઈ શકે ? બેન તો કેટલી ભલી ભોળી સદ્‌ગુણી છે. પોતાના પિયરમાં એણે પોતાની જાતને કામકાજથી ઘસી નાંખી છતાં આ દશા ! એમ કરતાં રક્ષાબંધનનો દિવસ આવ્યો. આ ભાઈના મનમાં થયું કે પાંચ ભાઈની એક બેનડી ! તેની પાસે રાખડી બંધાવીએ. તેણી કેટલા હૈયાના હેતથી રાખડી બાંધે છે તો આ રાખડી પાછળ અમારી શું ફરજ છે ? બહેનનો પુત્ર ભલે મોટો થયો હોય, એનો આધારભૂત હોય છતાં પ્રસંગ ઉભો થાય ને બહેનને ઘરમાંથી જવું પડે તો પણ આટલી મોટી હવેલીમાંથી બહેન તો ખોબલે આંસુએ રડતી નીકળે ને ? એનું દિલ ભલે આશીષ આપતું હોય તો પણ એને રહેવા માટે તો ભાડાની ઓરડી જ મળે ને ? ત્યાં એનું કોણ ? આ રક્ષાબંધનના દિવસે મોટાભાઈ પિતાની પાસે આવ્યા ને બધા ભાઈઓને બોલાવ્યા, ને કહ્યું, બહેને ઘરમાં નોકરડીની જેમ કામ કર્યું. બધાની સેવામાં પોતાની જાત સામું જોયું નથી, છતાં બેનને આવા દુઃખ ! આજના પવિત્ર દિવસે આપણી

બહેનને એ ભેટ આપવી છે કે આપણા આટલા મોટા ઘરનો એક તરફનો જે સ્વતંત્ર ભાગ–મકાન જેવો છે તે બહેનના નામ પર ચઢાવી દઈએ, અને તેને માટે અમુક રકમ વ્યાજે મૂકી દઈએ જેથી બહેન કાયમને માટે સુખી થાય, તો જ એની સેવાનું ઋણ આપણે અદા કર્યું કહેવાય. આ પુત્રની વાત સાંભળી પિતાની આંખમાં આંસુ આવી ગયા. ખરેખર મારા મનની વાત હું જે કરી શકતો ન હતો તે આજે સાકાર બનાવી. બધાએ મોટાભાઈની વાતને પ્રેમથી વધાવી લીધી ને રક્ષાબંધનના પવિત્ર દિવસે રાખડી બાંધીને બહેનના જીવનની સાચી રક્ષા કરી. દુઃખીયારી બેનનો સાચો મોટો ભાઈ બન્યો.

સતીઓ પણ ધર્મની બેનો છે. તમારા અંધકાર ભરેલા જીવનમાં સ્નેહનો નિર્મળ પ્રકાશ લઈને તમને રક્ષા બાંધવા આવી છે. તમારી રાખડી તૂટી જશે પણ આ અમર રાખડી તો જીવનમાં ક્યારેય તૂટશે નહિ. અમારી પાસે સોના, ચાંદી કે સુતરની રાખડી નથી પણ બ્રહ્મચર્ય, સત્ય, ન્યાય, નીતિ, સદાચારની અનુપમ રાખડીઓ છે. તમારી રાખડીમાં એક ભવના આશીર્વાદ છે, જ્યારે ધર્મની અમર રાખડી તમને ભવોભવના આશીર્વાદ રૂપ બનશે. સૌથી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અને મોંઘામાં મોંઘી રાખડી બ્રહ્મચર્યની છે. આપ રાખડી બાંધીને ધર્મના સાચા વીર બનજો. છેલ્લે આટલું તો જરૂરથી યાદ રાખજો.

**"રહેજે તું અંધના લોચન બનીને, જીવન વિતાવજે સજ્જન બનીને,**
**જગત ને જિંદગી છે ચાર દિનની, ન રહેજે કોઈનો દુશ્મન બનીને"**

ૐ શાંતિ

---

## વ્યાખ્યાન નં. ૩૨

**શ્રાવણ વદ બીજ રવીવાર** **તા. ૧૬–૮–૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! આ સંસારમાં જીવોને સુખ આપનાર જો કોઈ હોય તો ધર્મ છે, પણ ધર્મને તમે જાદુ ન સમજતા હોં. ધર્મ એ કોઈ જંતરમંતર નથી. કદાચ તમે માનતા હો કે ધર્મ પાસે પ્રાર્થના કરવાથી તેની પાસે જે માંગીએ તે મળી જાય છે. તો તે માન્યતા ખોટી છે. તમે કહેશો કે મારે લાખ રૂપિયા જોઈએ છે, મને આપો. મારે સ્વર્ગમાં જવું છે તો મને ત્યાં લઈ જાવ. મારે મોક્ષ જોઈએ છે તો મને મોક્ષ આપો. ધર્મ પાસે આવી પ્રાર્થનાઓ કરવાથી કે માંગણીઓ કરવાથી કંઈ મળશે નહિ. ધર્મ આપે છે જરૂર, પણ તમારા માત્ર માંગવાથી કે પ્રાર્થના કરવાથી કંઈ નહિ આપે. ધર્મનું આચરણ કરો. તમને ન્યાય આપું.

એક વખત જટાશંકર બિમાર પડ્યો. તેના ઘરમાં તેની પત્ની, પુત્રો કોઈ હતું નહિ. તે એકલો હતો. બિમારીમાં તેની સેવા ચાકરી કોણ કરે ? કોણ તેને દવા લાવી આપે ?

કોણ તેની ખબર પૂછે ? એક ફકીર ભિક્ષા લેવા માટે જટાશંકરને ઘેર આવ્યો. જટાશંકરને બિમાર જોઈને ફકીરે કહ્યું. તમને દવાથી સારું થઈ જશે. જટાશંકરે વિચાર કર્યો કે ફકીર કહે છે કે દવાથી સારું થઈ જશે, તો હવે મારે દવા પાસે જવું જોઈએ. જટાશંકર પથારીમાંથી ઉઠીને દવાની દુકાને ગયો. દુકાનમાં તો બધી જાતની દવાઓ હોય. તે દવાઓની સામે બે હાથ જોડીને બોલ્યો. હે દવાદેવી ! તમારા પ્રભાવથી બિમારીઓ ચાલી જાય છે તો તમે મારી બિમારી દૂર કરો. હવે હું તમને પૂછું છું કે દવા પાસે પ્રાર્થના કરવાથી શું તેની બિમારી મટશે ખરી ? (શ્રોતામાંથી અવાજ-કયારે પણ ન મટે.) બસ. આ જ વાત ધર્મ માટે સમજવાની છે. ધર્મના વિષયમાં આવી મૂર્ખામી ન કરશો. ધર્મથી બધા પ્રકારના સુખો મળે છે, પણ તે માત્ર વાતો કરવાથી નહીં મળે. તમને ભૂખ લાગી છે તે માટે તમારા શ્રીમતિજીએ તમારા માટે જમવાની થાળી તૈયાર કરીને મૂકી. હવે થાળી સામે જોયા કરો ને કહો, હે થાળીના ભોજન ! તમે મારી ભૂખ મટાડો. તો બોલો, તમારી ભૂખ મટશે ખરી ? તે માટે તો ભોજન જમો તો જ ભૂખ મટે. તેમ અહીં માત્ર ધર્મની વાતો કરવાથી સુખ નહિ મળે. આજે માનવધર્મની વાતો ઘણી કરે છે, પણ ધર્મનું આચરણ બહુ ઓછું થઈ ગયું છે. ધર્મની ક્રિયાઓ થાય છે, પણ ધર્મના વિચાર નથી થતા. વિચાર થાય છે પાપના અને ક્રિયા થાય છે ધર્મની.

તમે ઘણી વાર સાંભળ્યું છે કે ધર્મથી ધન મળે છે, પણ આ સાંભળીને તમે વિચાર શું કર્યો ? સવારે ઉઠીને પ્રભુની ભક્તિ-પ્રાર્થના કરવી ને પછી બપોરના બજારમાં જાઓ ત્યારે રૂપિયા મળી જાય. આવું જ માનો છો ને ? સવારે દાન આપ્યું અને સાંજે જ તેનું ડબલ મળી જાય એમ જ ને ? આજે ઉપવાસ કર્યો, આયંબિલ કર્યું અને આજે જ મનગમતી કન્યા સાથે સગપણ થઈ જાય. આવું જ ને ? આજે અણુવ્રત કે બારવ્રત લીધા અને આજે જ દેવલોક મળી જાય એમ જ ને ? આજે સંયમ માર્ગ સ્વીકાર્યો અને આજે જ મોક્ષ મળી જાય એમ જ ને ? તમે આવું જ માનો છો ને ? તમારું મગજ ઠેકાણે તો છે ને ? ધર્મથી મોક્ષ મળે છે, "ધર્મથી સ્વર્ગ મળે છે" આ વાક્યનું રહસ્ય સમજો છો ખરા ? જ્ઞાનીઓના વચનમાં ઘણાં ગહન ભાવો ભરેલા હોય છે. તેમના વચનોના માત્ર શબ્દોને પકડવાથી તેનું રહસ્ય નહિ સમજાય. એ શબ્દોના રહસ્યને સમજવા માટે શબ્દોનું સૂક્ષ્મતાથી સમગ્રતાથી અને ગંભીરપણે મનન-ચિંતન કરવું પડશે.

તમને બધાને સુખ મેળવવાની ઉતાવળ છે ને ? જલ્દી જલ્દી સુખ મેળવવું છે ને ? તાત્કાલિક અરે અબ ઘડી સુખ મળી જાય એવો ઉપાય તમારે જોઈએ છે ને ? માનો કે તમને કોઈ બિમારી આવી તો કેવા ડોકટર પસંદ કરો છો ? ડોકટર પાસે જઈને શું કહો છો ? આપ એવી દવા આપો કે મારો રોગ જલ્દી દૂર થઈ જાય. પછી ભલે એ દવાનું ગમે તે રીએકશન આવે ! તમને લાગે છે કે સાચું બોલવાથી સુખ નહિ

મળે, જૂઠું બોલીશું તો મળશે. તો તમે શું બોલશો? સાચું કે ખોટું? (શ્રોતામાંથી અવાજ–ખોટું જ બોલીએ.) વધુ કહું તો તમને એમ લાગે છે કે પ્રમાણિકતાથી–નીતિથી આ ધંધામાં વધુ નફો નહિ મળે. નીતિથી ધંધો કરતા લખપતિ નહિ બનાય, પણ અનીતિથી લખપતિ બનાશે. બોલો તમે શું કરશો? (શ્રોતામાંથી અવાજ – તો તે અનીતિથી ધંધો કરવાના) મોટા ભાગે બધા એમ જ કરે છે, કારણ કે બધાને જલ્દીથી શ્રીમંત–ધનવાન બની જવું છે! આજે ને આજે જ અઢળક ધન જોઈએ છે. જો તમે માનતા હો કે અસત્ય બોલવાથી સુખ મળે છે. અનીતિથી ધંધો કરતાં લક્ષાધિપતિ થવાય છે, તો આ માન્યતા તમારી ખોટી છે. આ સંસારના સુખ જલ્દીમાં જલ્દી મેળવવાની તાલાવેલી છે, પણ હું તમને પૂછું છું કે તમને એમ થાય છે કે મારે મોક્ષ અબઘડી જોઈએ છે? ના...ના...એવી તાલાવેલી નહીં થતી હોય! કેમ બરાબર છે ને! વાત સાચી છે ને!

ધર્મ આ બધા સુખ આપે છે, પણ તમારી ઉતાવળ તેમાં કામ નહિ લાગે. સુખ આપવાની ધર્મની એક લાંબી પ્રોસીજર–પ્રક્રિયા છે. સુખ મેળવવા માટે એ પ્રક્રિયામાંથી પસાર થવું પડે. આજે જે કંઈ સુખ છે તે બધું ધર્મથી મળ્યું છે. એક લાંબી પ્રક્રિયામાંથી આપણે પસાર થયા છીએ. જન્મ–જન્માંતરોની વાતો આપણને યાદ નથી, પણ આપણે અનેક જન્મોમાં ધર્મની એ પ્રક્રિયામાંથી પસાર થયા છીએ. ત્યારે આજે આપણને આટલું ને આવું સુખ મળ્યું છે. સુખના સાધનો મળ્યાં છે. સુખનો અનુભવ થાય છે. આજે પણ આ જીવનમાં ફરી ધર્મની એ પ્રક્રિયામાંથી પસાર થઈશું તો બીજા જીવનમાં પણ સુખ જરૂર મળશે.

ધર્મની બે પ્રક્રિયા છે. એક પ્રક્રિયા છે પુણ્યકર્મના બંધની અને બીજી પ્રક્રિયા છે પાપકર્મોના ક્ષયની. પુણ્યકર્મના બંધથી ભૌતિક સુખ મળે છે, અને પાપકર્મોના ક્ષયથી આત્મિક સુખ મળે છે. ધર્મથી તાત્કાલિક પાપકર્મોનો ક્ષય થઈ શકે છે. આથી આત્મિક સુખ તરત મળે છે, પરંતુ ધર્મથી જે પુણ્યકર્મ બંધાય છે તે તો ઉદયમાં આવે ત્યારે ભૌતિક સુખ મળે. પુણ્યકર્મ કરવાથી આજે જે પુણ્ય બંધાયું તે પુણ્ય તાત્કાલિક ઉદયમાં નથી આવતું. અમુક સમય પછી તે બાંધેલું પુણ્યકર્મ ઉદયમાં આવે છે. કર્મસત્તાનો આ એક નિયમ છે. જ્યાં સુધી પુણ્યકર્મનો ઉદય ન થાય ત્યાં સુધી ધીરજ રાખવી પડે. અધીરા બનવાથી કામ ન ચાલે. એવું પણ બને કે આ જીવનમાં તે પુણ્યકર્મ ઉદયમાં ન આવે તો બીજા ભવમાં તે ઉદયમાં આવશે અને ત્યારે તે તેના શુભ ફળ ચોક્કસ આપશે. એવું પણ નથી કે બીજા ભવમાં જ તે ઉદયમાં આવે. આ ભવમાં બાંધેલું કર્મ વીસ, પચ્ચીસ, પચાસ ભવો પછી પણ ઉદયમાં આવે.

આ વાતનો અર્થ સમજ્યા ખરા? ધર્મથી જે સુખ મળે છે. ધર્મ જે સુખ આપે છે તે ડાયરેકટ–સીધું નથી આપતો, પણ પુણ્યકર્મના માધ્યમથી આપે છે. આગ, સગડી ચૂલો કે ગેસથી ભોજન બને છે પણ તે ભોજન સીધેસીધું–ડાયરેકટ સગડી વગેરેથી

નહી બનતું. માનો કે તમારે ભાત કરવો છે તો તમે ચોખા સગડીમાં નાંખો તો ભાત બનશે ખરો ? ( શ્રોતામાંથી અવાજ–ન બને, ઉલ્ટા ચોખા બળી જાય ) આ માટે એક વાસણમાં ચોખા નાંખીને તેને સગડી, ગેસ વગેરે પર મૂકવા પડશે ત્યારે ભાત બનશે. તે પણ સગડી પર ચોખા મૂકયા કે તરત તૈયાર ! એમ નહિ બને, તે માટે થોડો સમય લાગશે. એ પ્રમાણે ધર્મ સુખ આપે છે પણ પુણ્યકર્મ દ્વારા આપે છે. આ ભૌતિક સુખની વાત કહું છું. આધ્યાત્મિક સુખ તો પાપકર્મોના નાશથી એટલે ક્ષયથી મળે છે. તમારે જો માનસિક અને આધ્યાત્મિક સુખ તાત્કાલિક જોઈતું હોય તો તે ધર્મ તમને તરત આપશે, પણ પાપકર્મોના ક્ષયની પણ એક પ્રક્રિયા છે. એ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. ( શ્રોતામાંથી અવાજ–અમારે તો તાત્કાલિક ભૌતિક સુખ જોઈએ છે. ) જો આત્મા જન્માંતરથી પુણ્યકર્મ લઈને આવ્યો હશે તો તાત્કાલિક ભૌતિક સુખ મળશે, પણ આત્મા પાસે એવું પુણ્યકર્મ નહીં હોય તો લાખ ઉપાયથી પણ સુખ નહિ મળે. મકાનની ટાંકીમાં પાણી ન હોય તો નળને ગમે તેટલો ફેરવવામાં કે મરડવામાં આવે તો પણ નળમાંથી પાણી નહિ નીકળે, પણ હાથ છોલાઈ જશે. તેમાંથી લોહી નીકળશે, પણ નળમાંથી એક બુંદ પણ નહિ ટપકે.

ભૌતિક સુખ માણસની ઈચ્છા પ્રમાણે નથી મળતા. આધ્યાત્મિક સુખ મળી શકે છે. તે તાત્કાલિક મળી શકે છે. આધ્યાત્મિક સુખ એટલે આત્મિક શાંતિ. ધર્મથી માનસિક પ્રસન્નતાનું–આત્મિક શાંતિનું સુખ મળી શકે છે.

જેની રગેરગમાં ધર્મનું સ્થાન છે, એવી સતી મયણરેહાએ વનની વાટમાં દેવરૂપ જેવા પુત્રને જન્મ આપ્યો. જેના રક્ષણ માટે કેટલીયે ધાવમાતાઓ હોય, દાસ દાસીઓ હોય તેના બદલે આજે તેને કોઈ લેનાર નથી. નથી કોઈ તેની વધામણી દેનાર કે નથી કોઈ જન્મ મહોત્સવ ઉજવનાર છતાં દુઃખને દુઃખ નહિ માનતા, કર્મના સ્વરૂપને સમજનારી સતીએ પુત્રને સ્વચ્છ કરીને યુગબાહુના નામની વીંટી તેને પહેરાવી, પોતાની અડધી સાડીની ઝોળી બનાવી, તેમાં સુવાડી વૃક્ષની ડાળે બાંધી દીધી કે જેથી કોઈ હિંસક જાનવર તેને કાંઈ ઈજા ન કરી શકે, પછી વનદેવ અને વનદેવીઓને ભલામણ કરે છે. હે વનદેવ ! હે વનદેવીઓ ! આપ મારા વહાલસોયા ફૂલને સાચવજો. હિંસક પશુ–પક્ષીઓથી તેનું રક્ષણ કરજો. હું સરોવરમાં શરીર શુદ્ધિ અને વસ્ત્ર શુદ્ધિ માટે જાઉં છું. આપ એને સાચવજો.

**આફત પર આફત અને ફટકા પર ફટકાઃ**–મયણરેહા વનના દેવ–દેવીઓને ભલામણ કરીને સ્નાન શુદ્ધિ માટે સરોવર તરફ ચાલી. ભાગ્યના ભરોસે તાજું ખીલેલું એ કમળ પડયું હતું. સતી સ્નાન માટે ગઈ તો ખરી, પણ એનો મન ભ્રમર એ કમળ તરફ આકર્ષિત હતો. તે જતાં જતાં બાળકની તરફ દૃષ્ટિ ફેંકતી અને એમ કહેતી જતી હતી, કે હું આ બાળકની રક્ષા ચાહું છું, છતાં મારે કર્તવ્યવશ સરોવર ઉપર જવું પડે છે. હે પ્રભુ ! સંભાળજે મારા વ્હાલા બાળને, આ પ્રમાણે કહેતી તે જલ્દી

સરોવર ઉપર ગઈ. તે જલ્દી જલ્દી સ્નાન કરી પોતાના વસ્ત્રોને ધોઈ રહી હતી એટલામાં જ એક દુર્ઘટના એવી બની કે તે જ સરોવર ઉપર એક જળ હાથી બરાડતો બરાડતો ત્યાં આવી પહોંચ્યો. હવે જુઓ, પાછી પૂર્વકૃત કર્મની વિટંબણા! " **આફત પર આફત! ફટકા પર ફટકા!** એ જળહસ્તી ભયાનક હતો. એના મોમાંથી નીકળતાં લાંબા લાંબા દંતશૂળ ખૂબ ધારદાર હતા. એનું શરીર ખૂબ ભરાવદાર ને કાળું-શ્યામ હતું. એક તો તે હાથી હતો. બીજું તે જંગલી અને મસ્ત હતો અને ત્રીજું તે હાથીએ સરોવર ઉપર કોઈ માનવ પ્રાણીને જોયું હશે, એટલે તે હાથી મયણ-રેહાને જોતાં જ ક્રોધિત થયો, અને કાળ સ્વરૂપ ધારણ કરી સતી તરફ દોડ્યો. મયણરેહા જળહસ્તીને જોતાં જ ધ્રુજી ઉઠી. એને થયું, આ વળી નવી આફત ક્યાં? પોતાનો નવજાતબાળ-હૈયાનો એક ટુકડો ઝાડની ડાળે પોઢી રહ્યો હતો. પોતે એનાથી વિખૂટી હતી ને મૃત્યુ આંખ સામે દેખાતું હતું. મયણરેહાની ધીરજ ખૂટી પડી. એક નારી હૈયું આવા સમયે પોતાના આંસુ અને આક્રન્દને ક્યાંથી રોકી શકે? એ રડી પડી, એની આંખમાંથી ઉની ઉની આંસુધાર વહી. તેને મૃત્યુનો ભય નથી પણ પોતાના કોમળ ફૂલનું શું થશે? એની ચિંતા એને કોરી ખાવા લાગી.

સતીએ હાથીને પોતાની તરફ દોડતો આવતો જોયો એટલે તે સાવધાન થઈ ગઈ. તેણીએ વિચાર્યું કે આ હાથીની સામેથી કોઈ પણ ઉપાયે હઠી જવું એ જ શ્રેયસ્કર છે. અત્યારે રડવાથી કંઈ વળવાનું નથી. અત્યારે તો હિંમત ધારણ કરી પોતાની રક્ષા કરવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. એમ વિચાર કરીને તે ત્યાંથી ભાગી. તે હાથી પણ તેની પાછળ દોડ્યો. મયણરેહા આગળ આગળ દોડતી જતી હતી અને પાછળ પાછળ તે હાથી પણ જે પ્રમાણે પુરૂષની પાછળ છાયા દોડે છે તે પ્રમાણે દોડતો જતો હતો. આવા સમયે દિલમાં કેટલો ફફડાટ થાય. એ તો જેને અનુભવ થાય તેને ખબર પડે.

સંવત ૨૦૧૬ ની સાલમાં અમે વિહાર કરીને ગોધરા બાજુ જતા હતા. ગોધરા જતા વચ્ચે ડાકોર ગામ આવે. ડાકોરમાં ફાગણ સુદ પૂનમનો મેળો ભરાય, તેથી આગલા દિવસે બધા હાથીઓ ત્યાં જઈ રહ્યા હતા. તે દિવસે અમે બધા સવારે વિહારમાં હતા. આગળ પાછળ નાના મહાસતીજીઓ અને હું વચ્ચે હતી, એટલે આગળ પાછળનું ધ્યાન રહે. ફાગણ સુદ ૧૪નો દિવસ. હાથીઓ બધા ડાકોર જઈ રહ્યા હતા. એમાં એક હાથી ગાંડો બન્યો. તે મારી પાછળ આવવા લાગ્યો. હું તેનાથી જેમ જેમ દૂર ખસતી જઉં તેમ તેમ તે પણ મારી પાછળ આવે. મને તો હાથીનો ભય લાગ્યો. હું તો સડકેથી ઉતરી ખેતરમાં ગઇ, તો હાથી પણ ત્યાં આવ્યો. હું ખેતરમાંથી રોડ પર આવી તો હાથી ત્યાં આવ્યો. હાથીનો મહાવત તેને અંકુશમાં રાખવા ઘણાં પ્રયત્ન કરે પણ કોની તાકાત છે કે તેને અંકુશમાં રાખી શકે! મહાવત બિચારો બૂમો પાડે મહારાજ દૂર રહો-દૂર જાવ પણ ભાગી ભાગીને ખેતર અને રોડ સિવાય

જઉં ક્યાં! ખેતરમાં તો કાંટા પણ ઘણાં વાગી ગયા પણ સૌને મરણનો ડર છે. મનમાં થાય કે હાથી મારી પાસે આવશે ને હમણાં મને છુંદી નાંખશે. એ મરણના ભયથી ભાગાભાગ કરતી હતી પણ કોઇ હિસાબે હાથી અંકુશમાં આવતો ન હતો.

છેવટે મારા આત્માએ વિચાર કર્યો કે અત્યારે હું હાથીના પંજામાંથી છૂટી શકું તેવું દેખાતું નથી. તેણે મારો પીછો પકડ્યો છે તે છોડતો નથી. મહાવતે ઘણાં અંકુશ માર્યા. મેં કહ્યું ભાઈ! તેને મારીશ નહિ. મેં તો નિશ્ચય કર્યો કે અત્યારે જિંદગી જોખમમાં છે. તો હવે હું સાગારી સંથારો કરી લઉં. એમ વિચાર કરી ખેતરમાં જઈ ભૂમિનું પ્રતિલેખન કરી સાગારી સંથારો કર્યો. "જો હું આ ઉપદ્રવમાંથી બચું તો મારે છૂટી, નહીં તો કાળ આવે જાવજીવ."

**આહાર શરીર ને ઉપધિ, પચ્ચખ્ખું પાપ અઢાર**
**મરણ આવે તો વોસિરે, જીવું તો આગાર.**

સમસ્ત પાપની આલોચના કરી સાગારી સંથારો કર્યો, પણ હૈયામાં થડકા[illegible] બેસતો ન હતો. મનમાં નવકારમંત્રનું સ્મરણ કર્યું. હે શાસનદેવ! તમે રક્ષા કરજો. મારું જીવન હવે આપને સોંપ્યું છે. નવકારમંત્ર ગણ્યા પણ મન તો હાથી શું કરશે એ વિચારમાં દોડી રહ્યું હતું. આંખ ખોલીને જોયું કે હાથી શું કરે છે? હાથી ઠંડો પડી ગયો. ને ધીમે ધીમે મારી તરફ આવતો હતો. મનમાં થયું કે હવે ઠંડો પડ્યો છે. એટલે મને મારશે નહિ. થોડી હિંમત આવી પણ પછી તો હાથી એકદમ મારા પગ સુધી આવ્યો. મારા પગથી દૂર રહી હાથી પોતાની સૂંઢને ત્રણ વાર મારા પગ સુધી લાવ્યો ને પછી સૂંઢને લઇ જઈને મસ્તક પર ચઢાવી. આમ ત્રણ વાર કરી હાથી પોતાના સ્થાને ચાલ્યો ગયો. ત્યારે મનમાં થયું કે અરે જીવડા! તું હાથીથી ભાગતો ફરતો હતો. એ ક્યાં તને મારવા આવ્યો હતો! છતાં ભયથી ભાગતી હતી. મહાવત કહે અરે મહારાજ! આજ તો મને એટલો બધો ભય હતો કે આ ગાંડો થયેલો હાથી મહારાજને શું કરી બેસશે, પણ આપણને શી ખબર કે એ વંદન કરવા માટે આવતો હશે! પૂર્વ જન્મના સંસ્કાર હોય તો તેને સંતને જોતા દર્શન કરવાનું મન થાય. છેવટે હાથી તો સીધો પોતાના રસ્તે ચાલ્યો ગયો, ને મેં સંથારો પાળ્યો. અમે ત્યાંથી વિહાર કરીને ડાકોર પધાર્યા. મારો કહેવાનો આશય એ છે કે હાથી જ્યારે પાછળ પડે ત્યારે દિલમાં કેટલો ગભરાટ પેદા થાય છે. ક્યાં જાઉં ને શું કરું એ જ વિચાર રમ્યા કરે છે.

અહીંયા પણ સતી મયણરેહા આગળ દોડે તો હાથી તેની પાછળ પાછળ દોડે છે. મયણરેહા વિચારવા લાગી કે હવે આ પ્રમાણે હું ક્યાં સુધી ભાગીશ? આ હાથી તો કાળની માફક પાછળ દોડતો આવી રહ્યો છે. મને તો એમ લાગે છે કે જો કાળ છોડે તો આ હાથી મને છોડે. કાળ તો અનાદિકાળથી મારી પાછળ પડ્યો છે. મારા પતિને પણ કાળ લઈ ગયો છે, અને હવે સંભવ છે કે તે કાળ મને લઇ જવા માટે આ રૂપમાં આવ્યો હોય. હવે બચવાનો કોઈ ઉપાય નજરે દેખાતો નથી. મયણરેહાએ

આ પ્રમાણે વિચાર કરી ધર્મની શરણાગતિ સ્વીકારી. નવકારમંત્રનું સ્મરણ કર્યું. અરિહંતોની આરાધના કરી. સિદ્ધોની એને સ્મૃતિ થઈ આવી. એણે એ ઇચ્છયું કે મેં જે ધર્મ આરાધ્યો છે એના પુણ્યે મારો નવજાત બાળ કુશળ રહે. સતીને નથી મરણની ચિંતા, નથી શરીરની ચિંતા, ચિંતા છે એક માત્ર પોતાના ખીલેલા પુષ્પની. અરેરે... મારા બાળનું શું થશે? આ ભયંકર અટવીમાં તેનું કોણ? માતાને પોતાના સંતાનો કેટલા વહાલા હોય છે, પણ એ સંતાનો મોટા થતાં માતાપિતાના ઉપકારને ભૂલી જાય છે.

**ભૂલો ભલે બીજુ બધું, માબાપને ભૂલશો નહિ,**
**અગણિત છે ઉપકાર એના, એહ કદી વિસરશો નહિ;**
**લાખો લડાવ્યા લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા,**
**એ કોડના પૂરનારના, કોડ પૂરવા ભૂલશો નહિ.**

બીજું બધું ભલે ભૂલી જજો, પણ આ ઉપકારી માબાપને ભૂલશો નહિ. કેટલા લાડ લડાવી મોટા કર્યા એ માતાપિતાને કેમ ભૂલાય? (માતૃસ્નેહ શું છે તે પર સુંદર દૃષ્ટાંત આપ્યું હતું.) હવે મયણરેહાની પાછળ હાથી પડયો છે, સતીને માથે કેવા કષ્ટ આવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :** સતી મયણરેહાની માફક સાગરદત્ત શેઠ પર પણ એક પછી એક આપત્તિ આવતી જાય છે. સાગરદત્ત શેઠને કર્મનો જોરદાર ઉદય થયો છે. છતાં તે તો સ્વદોષ જુએ છે. ઉદયચંદ્ર શેઠે સાગરદત્તને ભાતા માટે આઠ લાડવા આપ્યા હતા તે પણ ગયા.

**ખાવાનું હાથથી ગયું, રત્નો ગયા લૂંટાઈ,**
**લાડવા જોઈને ભીલ હર્ષિત થયો, રડે છે બાળકો ત્યાંય.**

ખાવાનું ભાતું પાસે હતું તે ગયું અને રત્નો પણ ગયા. લાડવાને આપતા જોઈને બંને બાળકો ખાવા માટે ખૂબ રડે છે. અને લાડવા જોઈને ભીલને ખૂબ આનંદ થયો. ભીલની ન્યાતમાં ઝટ લાડવા થાય નહિ. એટલે તેને ખૂબ વહાલા હોય. એક વાર ભીલે જૈન મુનિ પાસે પ્રતિજ્ઞા લીધી કે લાડવા ખાવા નહિ. કારણ કે બાર વર્ષે પણ લાડવા ખાવા ન મળે. એક વાર તેમની ન્યાત થઈને તેમાં લાડવા બનાવ્યા. પેલા ભીલને તો પ્રતિજ્ઞા હતી. કેવી રીતે લાડવા ખવાય? ત્યારે એક જણાએ કહ્યું કે તું આવી રીતે બોલ, "બાધા રે બાધા, તું મોરી મા, લાડવા ઉપરથી ઉઠીને ભાત ઉપર જા." આમ કહીને પેલા ભીલે તો લાડવા ખાઈ લીધા પછી ભાત ખાવાનો આવ્યો. ત્યારે કહે "બાધા રે બાધા, તું મોરી મા, ભાત ઉપરથી ઉઠીને લાડવા ઉપર જા." એમ કહીને ભાત પણ ખાઇ લીધો. આવી બાધાથી શું? અહીં તો એ વાત છે કે ભીલને લાડવા ખૂબ પ્રિય હોય.

આ ભીલ લાડવા જોઇને ખૂબ હરખાઈ ગયો. હાશ! રોજ રોટલા ખાઇએ છીએ, આજે લાડવા ખાઇશું. ત્યાં તો ભીલની પત્ની ભીલ માટે જમવાનું લઈને આવી. ભીલે

કહ્યું, જો, આજે તો આપણને લાડવા મળ્યા છે. ભીલડી કહે–લાડવાનું ભોજન આપણે ન ખવાય. આપણે તો રોટલા ને દાળ ખાવાના. ભીલે ભીલડીના કહેવાથી રોટલા ખાધા ને લાડવા મૂકી રાખ્યા. હવે ભીલડી કહે છે આપણે આ લાડવાને વેચી દઈશું તો પૈસા આવશે, તેમાંથી ચાર દિવસના રોટલા નીકળશે. આપ ગામમાં જાવ ને આ લાડવા વેચી આવો. ભીલડીના કહેવાથી ભીલે લાડવાની પોટલી બાંધી અને પાટણપુર નગરમાં લાડવા વેચવા ગયો. ગામમાં એક કંદોઈની દુકાને તેણે લાડવા વેચ્યા, અને લાડવાના જે મૂલ્ય હતા તે લીધા. ભીલ તો પૈસા લઈને રવાના થયો. લાડવા કંદોઈને ત્યાં આવ્યા. કંદોઈએ એ લાડવાને થાળમાં બરાબર ગોઠવીને બહાર મૂકયા. મીઠાઈઓના થાળ ભરેલા હતા. એની સાથે થાળને ગોઠવ્યો. કંદોઈની દુકાને મીઠાઈ લેવા ગ્રાહકોની ભીડ જામે છે, હવે શું બન્યું?

**ઇધર ઉદયચંદ્ર શેઠકે, આયા કુછ મહેમાન,**
**મુનિમને ઝટ ભેજિયો, લ્યાઓ શેર પકવાન.**

આ બાજુ ઉદયચંદ્ર શેઠને ત્યાં અચાનક મહેમાન આવ્યા, એટલે જલ્દી રસોઈ શું થાય? તેથી શેઠ મુનિમને કહે છે, આપ કંદોઇને ત્યાં જાવ ને સારી મીઠાઈ લઈ આવો. શેઠની આજ્ઞા થતાં મુનિમ મીઠાઈ લેવા ગયો. તેમાં આ જ કંદોઈની દુકાને જઈ ચઢ્યો. આ કંદોઈની દુકાન ગામમાં ખૂબ પ્રખ્યાત હતી. મુનિમે બધી મીઠાઈઓ જોઈ પણ લાડવા ગમી ગયા. તેથી ચાર લાડવા લીધા. બે મહેમાન છે એટલે થઈ રહેશે. તેમ માની ચાર લાડવા લીધા. મુનિમ જલ્દી લાડવા લઈને ઘેર આવ્યો. આવીને શેઠને બતાવ્યા. શેઠ લાડવા જોઇને ઓળખી ગયા, કે આ લાડવા મારા લાગે છે. તમારી કોઈ વસ્તુ હોય તો ઓળખી જાવ ને! તેમ આ શેઠ ઓળખી ગયા, પણ લાડવા જોતા શેઠના હોશકોશ ઉડી ગયા. અરરર...મેં તો આ લાડવા સાગરદત્ત શેઠને આપ્યા હતા ને અહીં ક્યાંથી આવ્યા? છતાં ચોક્કસ ખાત્રી કરવા શેઠે લાડવા ભાંગ્યા, તો બે લાડવામાંથી બે રત્નો નીકળ્યા. એટલે ચોક્કસ ખાત્રી થઈ કે આ લાડવા મારા છે. સાગરદત્ત શેઠ કોઈ હિસાબે લેતા ન હતા. તો પણ પરાણે આવી રીતે લાડવામાં રત્ન મૂકીને આપ્યા કે જેથી દુઃખી ન થાય, પણ તેમના નસીબમાં આ ભોગવવાનું નહિ હોય.

બે લાડવામાંથી રત્નો નીકળ્યા એટલે શેઠે મુનિમને જલ્દી બોલાવ્યો ને કહ્યું, તમે જે કંદોઈની દુકાનેથી લાડવા લાવ્યા હોય તેમને ત્યાં બીજા જેટલા હોય તે બધા લઈ આવો. જરાપણ વાર કરશો નહિ, જલ્દી જાવ. મુનિમજી ગયા ને કહ્યું, અમારે મહેમાનને પીરસવા માટે લાડવા ઓછા પડ્યા છે માટે જેટલા લાડવા હોય તેટલા તોળી આપો. મુનિમજી બધા લાડવા લઈને ઘેર આવ્યા. શેઠને બતાવ્યા. લાડવા ભાંગીને જોયા તો પોતાના રત્નો બધા પોતાને ત્યાં આવ્યા. શેઠના ભાગ્યમાં ન હોય તો ક્યાંથી ભોગવાય?

ઉદયચંદ્ર શેઠ મનમાં વિચાર કરે છે કે ભાગ્ય વિના ભાગ્યશાળી ન થવાય. જ્યારે પાપ ઉદયમાં આવે છે ત્યારે કોઈ પ્રેમથી વસ્તુ આપે તો પણ તે કામમાં આવતી નથી.

મેં શેઠની દયા કરી લાડવા આપ્યા ને તેમને સુખી કરવા રત્નો નાંખ્યા પણ ભાગ્યમાં ભોગવવાનું ન હોય તો ક્યાંથી ભોગવાય? આપેલા પાછા આવ્યા. અરરર... તેમના બાળકો કેવા ભૂખ્યા થયા હશે? તેમનું શું થયું હશે? આ ઉદયચંદ્ર શેઠ લાડવા અને રત્ન પોતાને ત્યાં પાછા આવ્યા તેથી હરખાયા નહિ, પણ એમના મનમાં તો એમ થયું કે તેમનું શું થયું હશે? તપાસ કરાવું, તેથી શેઠે મુનિમજીને બોલાવ્યા ને કહ્યું, આપ કંદોઇની દુકાને જઈને તપાસ કરો કે આ લાડવા કેવી રીતે બન્યા છે? હવે મુનિમજી કંદોઈની દુકાને જશે તે વાત અવસરે.

ॐ શાન્તિ

---

## વ્યાખ્યાન નં-૩૩

**શ્રાવણ વદ ત્રીજ સોમવાર** **તા. ૧૭-૮-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! નિર્વાણ માર્ગના નેતા, પરમ પંથના પ્રણેતા, રાગદ્વેષના વિજેતા અનંતજ્ઞાનીએ જબ્બર પુરૂષાર્થ ઉપાડી ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કર્યા પછી આગમ રૂપ અણમોલ રત્નો રજૂ કર્યા. આ કાળની અંદર ભવસાગરથી બહાર કાઢનાર, સાચો રાહ બતાવનાર ગુરૂ ભગવંતો છે. એવા ગુરૂદેવો આપણને આગમના અનુપમ રત્નોની પીછાણ કરાવે છે. આગમના સહારે તેઓ આપણને આત્મશ્રેય કરવાનો પડકાર કરે છે અને માર્ગ બતાવી રહ્યા છે, પણ કયા રસ્તે જવું તે લક્ષ આપણે નક્કી કરવાનું છે. માર્ગ બતાવનાર ભોમીયા તો માર્ગ બતાવીને ચાલ્યા જશે પણ સાચો પંથ બતાવવા છતાં જો અવળા માર્ગે ચાલીશું તો રખડપટ્ટી સિવાય બીજું શું? તેમ અજ્ઞાન અંધકારમાં આથડતાં, ભવમાં ભટકતાં, મોહમાં મૂંઝાતાં, રાગની રીબામણમાં રીબાતા જીવોને મહાન પુણ્યોદયે ગુરૂ ભગવંતોનો ભેટો થયો. તે મહાન જ્ઞાની ગુરૂદેવો આત્માને જગાડવા ભવવનમાં ભૂલા પડેલા જીવોને સાચો રાહ બતાવવા કહે છે, હે પરમ પંથના પથિકો!

**ज्ञान दर्शन चारित्र रत्नत्रितय भाजने ।**
**मनुष्यत्वे पापकम्म स्वर्ण भाण्डे सुरोपमम् ॥**

તમને જે મહાન, મોઘું માનવજીવન પ્રાપ્ત થયું છે, એના તો મૂલ્ય આંક્યા અંકાય તેમ નથી. બંધુઓ! કદાચ તમને એમ થશે કે મનુષ્ય જીવન આટલું બધું કિંમતી કેવી રીતે? તો હું આપને સમજાવું. તિર્યંચ ગતિમાં તેમની પરાધીનતાનો પાર નથી. નરક ગતિમાં જીવોને દુઃખોનો પાર નથી. ત્યાં જીવો ક્ષણે ક્ષણે અપાર દુઃખો ભોગવી રહ્યા છે. એક ક્ષણની પણ શાંતિ નથી. દેવલોકમાં દેવોને ભૌતિક ઋદ્ધિનો કોઇ પાર નથી, પણ દેવોની ઇર્ષ્યા, અતૃપ્તિ અને અસંતોષની ભયંકર આગ એમના સુખોને ખાઈ રહી છે. હવે રહી ચાર ગતિમાં માત્ર માનવગતિ. જે ગતિમાં નથી તિર્યંચો જેવી પરાધીનતા, નથી નરકગતિ જેવા આગઝાળ દુઃખ કે નથી દેવો જેવી ઇર્ષ્યા, અતૃપ્તિની હોળી.

આવા સુંદર માનવજીવનમાં તો કરવા જેવી છે માત્ર સમ્યક્ જ્ઞાન દર્શન ચારિત્રની સુંદર આરાધના. આ માનવ જીવનને જ્ઞાનીપુરૂષોએ સોનાના ભાજનની ઉપમા આપી છે. તો આવા સુવર્ણના ભાજનમાં શું શોભે? રત્નત્રયની આરાધના કે ભોગવિલાસની અને પાપકર્મની ગંદી બદબો? માનવની દુનિયા તરફ નજર નાંખતા અફસોસ થાય છે કે કેટલાય બિચારા માનવો આવા માનવ જીવનને પામીને રત્નત્રયની આરાધનાને બદલે પાપકર્મો કરી રહ્યા છે. અરરર... આ તો સોનાના પાત્રમાં ગંધાઈ ઉઠેલો દારૂ પડયો! સોનાનું ભાજન દારૂથી ખરડાયું. અરે! ભરાઈ ગયું ને ગંધાઈ ઉઠયું! માટે જ્ઞાની પુરૂષો કહે છે કે તમે કોઈ જીવનમાં પાપ કરશો નહિ ને મન, વચન, કાયાથી પાપ કરીને કર્મની વર્ગણાઓ ભેગી કરશો નહિ.

આ વિશ્વમાં કોઇ જગ્યા એવી નથી કે જ્યાં કર્મવર્ગણા ઠાંસી ઠાંસીને ભરી ન હોય. તે અતિશય સુક્ષ્મ છે, તેથી આપણી ચર્મચક્ષુથી તે જોઈ શકાતી નથી. અગોચર છે. આ કર્મવર્ગણાઓ જીવને એમ જ નથી ચોંટતી, પણ જ્યારે જીવ કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે રાગ, દ્વેષ અને મોહ કરે, તે પછી જાણતાં કે અજાણતા કરે, પણ પેલી કર્મવર્ગણા તો આત્માને ચોંટી જાય છે. આત્માને ચોંટતી આ વર્ગણા–તેનું નામ છે કર્મ. અનાદિકાળથી કર્મના સંગે જીવની સઘળી ખાનાખરાબી થઈ છે. ભલે પછી એ શુભકર્મોનો સંગ હોય કે અશુભકર્મોનો સંગ હોય. વસ્તુતઃ એ બધાય સંગ કુસંગ છે. આત્માને પરમાત્મા, જીવ ને શીવ, જન ને જનાર્દન, નર ને નારાયણ ન બનવા દેનાર કર્મનો સંગ છે.

મુખ્યત્વે ક્રોધાદિ ભાવો અને શ્રોતેન્દ્રિયાદિ પાંચે ઇન્દ્રિયોના વિષયો કર્મવર્ગણાની રજકણોના ઢગલે ઢગલા આત્મા પર ઉતારનાર છે. અરે, એકેક ઇન્દ્રિયોના વિષયો પણ ખતરનાક છે. એ ધારે તો આત્માના જ્ઞાનાદિ ગુણોનું નિકંદન કાઢી નાખે. મૃત્યુના મુખમાં ધકેલી દેવાનું કામ તો એના માટે જાણે ડાબા હાથની રમત જેવું. ઉત્તરાધ્યયન સૂત્રના ૩૨ મા અધ્યયનમાં એકેક ઇન્દ્રિયના વિષયમાં જે આસક્ત બને છે તેની કેવી ખરાબ દશા થાય છે તે સમજાવ્યું છે. પતંગીયું ચક્ષુઇન્દ્રિયના પાપે અગ્નિના રૂપરંગમાં આકર્ષાતા એમાં પડીને મરી જાય છે ને? ભ્રમર કમળની સુગંધમાં આસક્ત બનતાં એમાં કમળ બીડાતા મરી જાય છે ને? રસના ભોગી માછલા આમિષના લોભમાં લોખંડના કાંટાથી ભેદાઈ જાય છે. આ તો નાના પ્રાણીની વાત કરી, પણ અલમસ્ત મદોન્મત્ત હાથીની વાત કરું. હાથિણીના ચિત્રને સાચી હાથિણી સમજીને એનું સ્પર્શ સુખ મેળવવાના લોભમાં ખાડામાં પડી બેભાન બની જાય છે ને મૃત્યુના શરણે થાય છે. હરણીયું શિકારીની બંસરીના સ્વરોમાં તલ્લીન બનતા, સંગીતના રાગમાં આસક્ત બનતા, અકાળ મૃત્યુને પામે છે. સમજાણું ને કે એકેકી ઇન્દ્રિયના વિષયોમાં ફસાતા જીવોની શી દશા થઇ? કેટલા કર્મોના આક્રમણ કરાવ્યા? આત્માના સ્વરૂપને કેવું ઢાંકી દીધું? એકેક ઇન્દ્રિયના વિષયોમાં આસક્ત બનનારની જો આવી ખરાબ દશા થાય છે,

તો જે પાંચે ઇન્દ્રિયોના ભોગમાં આસક્ત બને એની ખરાબી થવામાં શું બાકી રહે ? માટે મળેલા જીવનમાં કર્મોના આગમન રૂપ જે આશ્રવ છે તેને દૂર કરી સંવરના ઘરમાં આવવું એ જ માનવ જીવનનું સાચું કર્તવ્ય છે. જ્ઞાનીઓ આપણને સમજાવતાં કહે છે કે–

**असंखयं जीवियं मा पमायए, जरोवणीयस्स हु नत्थि ताणं ।**

આ જીવન અસંસ્કૃત છે. તેને વધારવું શક્ય નથી. તેમજ તૂટેલું આયુષ્ય સાંધી શકાતું નથી, માટે જીવનમાં પ્રમાદ ન કરવો જોઈએ. વૃદ્ધાવસ્થાથી મરણની સમીપ પહોંચેલા જીવનું કોઈ શરણ નથી. અથવા એવો કોઈ સમર્થ નથી કે જે પોતાના કર્મો દ્વારા ઘડપણને આરે પહોંચેલા જીવને એ વૃદ્ધાવસ્થાથી બચાવી શકે. આ અસંસ્કૃત જીવનમાં વિઘ્નો પણ ઘણા છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪ મા અધ્યયનમાં ભગવાન બોલ્યા છે असासयं दट्ठुं इमं विहारं बहु अंतरायं न य दीहमाउ । આ મનુષ્ય જીવન અશાશ્વત છે તથા પ્રચુર આધિ અને વ્યાધિરૂપ વિઘ્નોથી ભરેલું છે. વળી આયુષ્ય પણ પલ્યોપમ જેટલું લાંબું નથી, પણ અલ્પ છે. ચોથા આરામાં ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય ભગવાન ઋષભદેવનું હતું. બીજા તીર્થંકરોનું થોડું થોડું ઘટતું ગયું. ક્રમે ક્રમે ઘટતા ઘટતાં આ પાંચમા આરામાં તો પોણા બસો વર્ષમાં દેશે ઉણું આયુષ્ય છે. ૮૪ લાખ પૂર્વના આયુષ્યની અપેક્ષાએ આપણું આયુષ્ય કેટલું અલ્પ કહેવાય ? આ જીવન પણ જેમ તેમ અને જેવી તેવી સામગ્રીથી નથી મળ્યું. મહાન પુણ્યની રાશી એકઠી થઈ હશે ત્યારે આ સુંદર જીવન મળ્યું છે.

વિચાર કરો. તૂટેલું આયુષ્ય સંધાશે નહિ. વૃક્ષ ઉપરથી ખરી પડેલું પાન સંધાતું નથી તેમ આયુષ્ય તૂટયા પછી સંધાતું નથી, છતાં આત્માની ઓળખાણ કરવાનું મન થાય છે ? બે ડીગ્રી તાવ હોય તો દુકાને જવાય, પણ ઉપાશ્રયે ન અવાય. જેટલી ધન પ્રત્યે મમતા છે તેટલી ધર્મ પ્રત્યે નથી. સંસારમાં વસેલો કયો માનવી ૧૮ પાપસ્થાનકથી છૂટી શકે છે ? વીતરાગ ભગવાનનો અચલ કાયદો છે કે જે કર્મો કરશે તે ભોગવશે. તમે વકીલના, બેરીસ્ટરના કાયદાને કદાચ પૈસાથી ફેરવી શકશો પણ કર્મના કાયદાને નહીં ફેરવી શકો, માટે અસંસ્કૃત જીવનમાં પાપકર્મો કરતાં ખૂબ વિચાર કરો. જ્ઞાની કહે છે કે જીવન ક્ષણભંગુર છે, છતાં કંઈક અજ્ઞાની જીવો તેના પર વિશ્વાસ રાખીને બેસી ગયા છે ને બોલે છે, આ કાર્ય પછી કરીશું. કાલે કરીશું, પણ કંઈક એવા જોયા કે કાલ કાલ કરતા તેનો કાળ આવી ગયો. તેની મનની આશાઓ મનમાં રહી ગઈ. વાયદામાં ક્યારે ફાયદા ન હોય. વેપાર ધંધામાં, બજારમાં, પાપના કાર્યોમાં વાયદા કરજો પણ ધર્મના કાર્યોમાં ક્યારે વાયદા ન કરશો. કાલનું કાર્ય આજે કરો ને આજનું કાર્ય અત્યારે કરો. જીવનમાં ક્ષણનો પણ ભરોસો નથી, ત્યાં કેમ નિશ્ચિત થઈને બેઠા છો ?

**जरोवणीयस्स हु नत्थि ताणं** । વૃદ્ધાવસ્થાથી મરણની સમીપ પહોંચેલા જીવનું કોઈ શરણ નથી. આચારંગ સૂત્રમાં ભગવાન બોલ્યા છે કે આ સંસારમાં પ્રાયઃ કંઈક જીવોને ધન ભેગું કરવાની ભાવના હોય છે. ભવિષ્યકાળમાં–ઘડપણમાં પોતાને તથા પોતાના

પુત્રાદિ સ્વજનોને ઉપયોગમાં આવશે, આવી ભાવનાથી તે શરીરની પણ દરકાર ન કરતા ભૂખ, તરસ, ઠંડી, ગરમી આદિ દુઃખોને સહન કરી ધન મેળવવા માટે રાતદિન તનતોડ મહેનત કરે છે. કાળી મજૂરી કરે છે. ધર્મને ભૂલી જાય છે. તેનું લક્ષ માત્ર ધન મેળવવાનું હોય છે. આવી રીતે ધન પ્રાપ્ત કરવામાં તલ્લીન બનેલાને एगया समुप्पाया समुप्पज्जंति ! કદાચિત રોગનો ઉપદ્રવ થાય અને પોતે મેળવેલા અઢળક ધનનો ભોગવટો કર્યા સિવાય ધનાદિ તથા સ્વજનો વગેરેને છોડી ખાલી હાથે પરલોકમાં જવું પડે છે. તે સમયે તેને ઘણો પશ્ચાતાપ થાય છે. ધન મેળવવા કરેલા પાપો તો પોતાને ભોગવવા પડે છે. કોઇ ત્રાણ-શરણ થતા નથી. સંસારના દરેક સંબંધો સ્વાર્થી છે. સંસારના સર્વ સ્વજનો સ્વાર્થના સગા છે. એક શ્લોકમાં કહ્યું છે કે–

पिता माता भ्राताऽप्य भिलषित सिद्धा व भिमतो ।
गुणग्राम ज्ञाता न खलु धन याता च धनवान् ॥
जनाः स्वार्थ स्फाता व निशमवयाता शय भृतः ।
प्रमाता कः ख्यातावित्र भवसुखस्यास्तु रसिकः ॥

સંસારના સુખનું વર્ણન કરવામાં કયો રસિક પુરૂષ પણ પ્રમાતા ( માપ કરનાર ) છે ? કોઈ જ નથી, કારણ કે સંસારનું સુખ અનિયત સ્વભાવે તેનું માપ થઈ શકે તેવું નથી. કારણ કે પિતા, માતા, ભાઇ પણ પોતાને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય તો જ માન્ય થાય છે. તથા તેમના પર કરેલા ઉપકાર આદિ ગુણોને જાણવા છતાં અને ધનવાન હોવા છતાં પણ તેમને ધન આપતો નથી. કારણ કે સર્વ જીવો પોતાના સ્વાર્થની સિદ્ધિ કરવામાં જ નિરંતર–રાત્રિ દિવસ અત્યંત ગાઢ પરિણામવાળા રહે છે. એટલે સ્વાર્થની સિદ્ધિમાં વધતા પરિણામવાળા રહે છે, પણ ઉપકારીને થોડું પણ આપીને ઉપકાર કરનારા થતા નથી. જ્યારે વૃદ્ધાવસ્થા આવે ત્યારે બધી ઇન્દ્રિયો શિથિલ થઈ જાય. શરીર કામ આપે નહિ. અને કુષ્ટ અગર ક્ષયાદિ ચેપી રોગો ઉત્પન્ન થાય ત્યારે તે દુઃખી થાય છે. તે સમયે તેના સ્વજનો વૃદ્ધોના ચેપીરોગનો કુટુંબમાં ચેપ લાગશે એ ભયથી અગર તેમની સેવા–ચાકરી કરવી પડશે, પૈસા ખર્ચવા પડશે વગેરે કારણોથી વૃદ્ધજનોને છોડી દે છે. જેની પર મોટી આશાઓ બાંધી પુત્રોને મોટા કર્યા એવા પુત્રો પણ તેને સમય આવે છોડી દે છે. આવા પ્રકારનો સાંસારિક સ્વાર્થમય સંબંધ રહેલો છે, એટલે મૃત્યુ સમયે કે રોગાદિ સમયે અરસપરસ કોઇ કોઈને ત્રાણ–શરણ રૂપ થતા નથી. વૃદ્ધાવસ્થામાં ઇન્દ્રિયો શિથિલ થવાથી ધર્મઆરાધના પણ કરી શકે એટલી શક્તિ રહેતી નથી, માટે ભગવાન કહે છે, જ્યાં સુધી ઇન્દ્રિયો શિથિલ થઇ નથી, રોગાદિનો ઉપદ્રવ થયો નથી, ને વૃદ્ધાવસ્થા આવી નથી, ત્યાં સુધી "ताव धम्मं समायरे" ધર્મનું આચરણ કરી લો. માટે સમયને ઓળખી ચેતી જાવ. આ સંસારમાં મારું કોઇ નથી. "एगो मे सासओ अप्पा" એક શાશ્વત મારો આત્મા છે. હું એકલો આવ્યો છું ને એકલો જવાનો છું.

ઠાણાંગ સૂત્રના પહેલે ઠાણે ભગવાન બોલ્યા છે કે एगे आया, एगे नाणे, एगे दंसणे, एगे चरित्ते, एगे मोक्खे, આત્મા એક છે. આત્મા કોને કહેવાય ? अतति सततं गच्छति प्राप्नोति स्वकीयान् पर्यायान् इत्यात्मा । જે પોતાની પર્યાયોને નિરંતર પ્રાપ્ત કરતો રહે છે તેનું નામ આત્મા. આ વ્યાખ્યા સંસારી આત્માઓની અપેક્ષાએ કહી છે. કારણ કે સંસારી આત્માઓ નિરંતર ચતુર્ગતિરૂપ સંસારમાં ગમન કર્યા કરે છે. મુક્ત જીવમાં પણ ભૂતપૂર્વ નયની અપેક્ષાએ આ અર્થ ઘટાવી શકે છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ આ આત્મા એક અખંડ દ્રવ્ય રૂપ છે, અને જ્યારે પ્રદેશાર્થતાની અપેક્ષાએ આત્માનો વિચાર કરવામાં આવે ત્યારે તે અસંખ્યાત પ્રદેશાત્મક હોવાથી અનેકરૂપ પણ છે. જૈન દર્શનમાં દરેક વસ્તુનો વિચાર દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક આ બંનેના આધારે કર્યો છે. આ રીતે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આત્મા એક છે.

હવે " एगे नाणे " । જ્ઞાન એક છે. જ્ઞાન કોને કહેવાય ? પદાર્થના યથાર્થ સ્વરૂપને જેના દ્વારા જાણી શકાય છે તે જ્ઞાન છે. જ્ઞાનાવરણીયનો ક્ષય અથવા ક્ષયોપશમ રૂપ જ્ઞાન છે. અથવા જ્ઞાતિ-જાણવા રૂપ ક્રિયાને જ્ઞાન કહે છે. જ્ઞાનના પાંચ પ્રકાર છે. મતિ-જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવ જ્ઞાન, કેવળજ્ઞાન. આ રીતે જ્ઞાન અનેક પ્રકારનું છે. પણ જીવમાં એક સમયે એક જ ઉપયોગનો સદ્ભાવ હોય છે. તે દૃષ્ટિએ વિચારતાં જ્ઞાનમાં એકતા દેખાય છે. જો કે લબ્ધિના પ્રભાવથી એક સમયે એક જીવમાં અનેક જ્ઞાનનો સદ્ભાવ હોઈ શકે છે. ગૌતમ સ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે હે નાથ ! એક સાથે જીવને કેટલા જ્ઞાન હોઈ શકે ? ભગવાને કહ્યું, જીવને એક સાથે બે જ્ઞાન, ત્રણ જ્ઞાન, ચાર જ્ઞાન હોય છે, પણ પાંચ ન હોય. જ્યારે જીવને બે જ્ઞાન હોય ત્યારે મતિ અને શ્રુત, ત્રણ હોય ત્યારે મતિ, શ્રુત અને અવધિ, અથવા મતિ, શ્રુત અને મનઃપર્યવ. અને ચાર હોય ત્યારે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાન અને એક હોય ત્યારે કેવળજ્ઞાન હોય. આ રીતે જીવમાં અનેક જ્ઞાનનો સદ્ભાવ હોઇ શકે છે, પણ ઉપયોગની અપેક્ષાએ તો એક જીવમાં એક સમયે એક જ્ઞાન હોય છે. કારણ કે જીવ એક સમયે એક જ ઉપયોગવાળો હોય છે.

एगे दंसणे : દર્શન એક છે. દર્શન કોને કહેવાય ? જેના દ્વારા સમ્યક્ શ્રદ્ધા થાય તેનું નામ દર્શન. જો કે શ્રદ્ધારૂપ પરિણામના અનેક ભેદ કહ્યા પણ જીવને એક સમયમાં એક જ શ્રદ્ધા થતી હોય છે, તેથી एगे दंसणे દર્શન એક છે.

एगे चरित्ते : ચારિત્ર કોને કહેવાય ? મોક્ષાભિલાષી જીવો દ્વારા જેનું સેવન કરવામાં આવે છે, તેનું નામ ચારિત્ર છે, અથવા જેના દ્વારા મુક્તિમાં જવાય છે તેનું નામ ચારિત્ર, અથવા આઠ પ્રકારના કર્મોના સમૂહને જેના દ્વારા આત્મા પરથી દૂર કરવામાં આવે છે તેનું નામ ચારિત્ર છે. ચારિત્ર મોહનીયના ક્ષયથી અથવા ક્ષયોપશમથી આ ચારિત્ર ઉત્પન્ન થાય છે. તેથી તે આત્માનું એક વિરતિ રૂપ પરિણામ વિશેષ છે. જો કે

ચારિત્રના પાંચ ભેદ છે. સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધ, સુક્ષ્મસંપરાય અને યથાખ્યાત. ઋષભદેવ પ્રભુ અને ભગવાન મહાવીર સ્વામીના સમયમાં પાંચે ચારિત્ર લાભે. અને વચલા ૨૨ તીર્થંકરના વારામાં ત્રણ ચારિત્ર તે સામાયિક, સુક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચારિત્ર અને મહાવિદેહમાં પણ આ ત્રણ ચારિત્ર લાભે. પરિહાર વિશુદ્ધ ચારિત્ર ભરત અને ઇરવત ક્ષેત્રમાં હોય. મહાવિદેહમાં ન હોય. ભરત-ઈરવત ક્ષેત્રમાં પણ પહેલા અને છેલ્લા તીર્થંકરના વારામાં હોય. વચલા ૨૨ તીર્થંકરના વારામાં ન હોય. કારણ કે વચલા ૨૨ તીર્થંકરોના પરિવાર ઋજુ અને સરળ હોય છે. પરિહાર વિશુદ્ધ ચારિત્ર જેને લેવું હોય તે તીર્થંકર પાસે લઇ શકે. પ્રથમવાર આ ચારિત્ર બીજા કોઈ પાસે ન લઈ શકે. અને તે લેનાર પોતે એક પેઢીને આપે પણ તેઓ લીધા પછી બીજાને આપી ન શકે, તેથી આ ચારિત્ર બે પેઢી સુધી જ ટકી શકે. આ ચારિત્રનો કાળ ૧૮ માસ છે. માટે પાંચમા આરામાં પરિહાર વિશુદ્ધ ચારિત્ર ન હોય. તેઓ ઉત્કૃષ્ટ તપ અને સારી રીતે ચારિત્રનું પાલન કરવા છતાં કાળ કરીને જઘન્ય પહેલા દેવલોકે ઉત્કૃષ્ટ આઠમા દેવલોક સુધી જાય. પછી આગળના દેવલોકે જતા નથી. કારણ કે તેઓ અહંભાવથી ચારિત્ર પાળે છે. આ રીતે ચારિત્રના સામાયિક આદિ અનેક ભેદ છે, છતાં પણ વિરતી સામાન્યની અપેક્ષાએ એક સમયમાં તો એક જ હોય છે. તેથી एगेचरित्ते ચારિત્ર એક કહ્યું છે. માટે જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે આવા દુર્લભ માનવ જીવનમાં જ્યાં સુધી કેવળજ્ઞાન, કેવળદર્શન અને યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જીવાત્માને અજંપો રહેવો જોઈએ, માટે જીવનમાં અપ્રમત્તભાવ કેળવવો જોઇએ. વ્યવહારમાં પણ જોઈએ છીએ કે જે પ્રમાદ કરે છે તેને કેટલું નુકશાન થાય છે. હું દાખલો આપીને સમજાવું.

એક વેપારીની સ્ટીમર ચિકાગોથી નીકળી. જેમાં સોનું, ચાંદી, હીરા, માણેક આદિ ઘણી કિંમતી વસ્તુઓ ભરેલી હતી. રસ્તામાં સમુદ્રમાં થતા તોફાનોને દૂર કરતી પુણ્યોદયે સામા કિનારે સહીસલામત પહોંચી. તેના કપ્તાને શેઠના ઘેર જઈને ખબર આપી કે આપની સ્ટીમર બંદરમાં આવી છે, તેથી આપ સામાન ઉતરાવવાને માટે ત્યાં પધારો. આ સમાચાર સાંભળતા શેઠના આનંદનો પાર ન રહ્યો. હૈયામાં હર્ષની હેલી ચઢી. અનાદિકાળથી જીવને જેટલો ભૌતિકનો રસ-આનંદ છે, તેનો અંશ રસ હજુ આત્મકલ્યાણ માટે નથી જાગ્યો. કપ્તાને વધામણી આપી તે સમયે શેઠ પોતાના મિત્રોની સાથે સોગઠાબાજીની રમત રમી રહ્યા હતા, તેથી તેઓ ઉઠયા પણ નહિ ને મુનિમને હુકમ પણ ન કર્યો. શેઠના મનમાં એમ કે આ બાજી પુરી કરી હમણાં ઉઠું છું, પણ રમતમાં રસીક બનેલા શેઠને સમય કયાં પસાર થઈ ગયો તેની ખબર ન રહી, અને થોડીવારમાં સૂર્યાસ્તનો સમય થઈ ગયો. ગામમાં ને ઘરમાં લાઈટોનો પ્રકાશ પથરાઈ ગયો.

શેઠે વિચાર કર્યો, અત્યારે તો રાત્રીનો સમય થઈ ગયો, રાત્રે જવું નથી. પ્રાતઃકાળ થતાં હું જલ્દી બંદરે પહોંચી જઈશ ને માલ ઉતરાવવાનું કામ કરીશ. એમ વિચારી થોડી વાર

મિત્રોની સાથે અલકમલકની વાતો કરી. શેઠજી સૂવા માટે પોતાની રૂમમાં પધાર્યા. થોડી-વારમાં તો રાત્રીના દશ વાગે આંધી આવી. વીજળી ઝબૂકવા લાગી. ભયંકર મેઘગર્જનાઓ થવા લાગી. જોરદાર પવન ફૂંકાવા લાગ્યો. આ તોફાનને કારણે કેટલાય મકાનો જમીનદોસ્ત થયા. સમુદ્રમાં નાવ તથા સ્ટીમરો હીંચકાની માફક ઝુલવા લાગી અને બાંધેલા બંધનથી છૂટી થઇ બંદરની બહાર નીકળી ગઇ. પેલા શેઠની સ્ટીમર પણ તેમાં ભરેલા કિંમતી માલ સહિત ક્રીડા કરવા લાગી, જાણે એ એમ ન કહેતી હોય કે મારા શેઠ રમે છે તો હું પણ કેમ ન રમું ? આ તોફાનથી શેઠની નિદ્રા ઉડી ગઈ. તે વિચારના વમળમાં અટવાઇ ગયા કે આ ભયંકર તોફાનમાં મારી સ્ટીમર બચશે કેવી રીતે ? તોફાન ભયંકર છે. એમાંથી મારી સ્ટીમર બચવી મુશ્કેલ છે, છતાં જો બચશે તો એક લાખ રૂપિયા ગરીબ, અપંગ, અનાથો, નિરાધારોને દાન માટે વાપરીશ. એક લાખ રૂપિયા ધર્મક્ષેત્રોમાં, એક લાખ જ્ઞાનખાતામાં, એક લાખ ગરીબ વિદ્યાર્થીઓની સહાયતામાં, એક લાખ સ્વધર્મીને રાહતમાં, આ રીતે વાપરીશ, પછી પ્રાર્થના કરતા કહે છે હે શાસનદેવ! કોઇ પણ રીતે મારી સ્ટીમર સહીસલામત રહે એવું કરજો.

આ પ્રમાણે પોકાર કરે છે, ત્યાં સ્ટીમરના કપ્તાન તથા તેના રક્ષકો બરાબર બાર વાગે શેઠ પાસે આવ્યા ને સમાચાર આપ્યા કે શેઠ! સ્ટીમર બારામાંથી બહાર નીકળી ગઈ. અમે મરણને માથે રાખી દોઢ કલાક સુધી તેનો પત્તો મેળવવા ઘણી મહેનત કરી, પણ કયાંય પત્તો પડયો નહિ. આ પ્રમાણે કહી તે માણસો પોતાના ઘેર ગયા અને પેલી સ્ટીમર તો પાણીમાં ડૂબી ગઈ. સવાર થતાં શેઠ સમુદ્ર કિનારે જઈ તેની તપાસ કરે છે પણ તેની નામનિશાની મળી નહિ. શેઠના દિલમાં ખૂબ આઘાત લાગ્યો. આંખેથી અશ્રુ વહાવતા શેઠ ઘેર પાછા ગયા. તેમના મનમાં પોતે કરેલી ભૂલનો ખૂબ પશ્ચાતાપ થવા લાગ્યો.

બંધુઓ! જેના વીમા ઉતરી ગયા. નૌકા સહીસલામત બંદર પર આવી ગઈ. પણ માલ ઉતારવાના સમયે થોડો પ્રમાદ કર્યો તો કેટલું મોટું નુકશાન થયું! લોકોને આ વાતની ખબર પડતાં લેણદારો શેઠના ઘેર ઉમટી પડયા. આખરે દેવાળુ કાઢવાનો પ્રસંગ આવ્યો. તેમની લાખની આબરુ કોડીની થઇ ગઈ. આ દૃષ્ટાંત સાંભળતા આપ બધાને એમ થશે કે શેઠ કેવા મૂર્ખા ગણાય, પરંતુ જો ખૂબ ધ્યાનથી વિચારશું તો એમ લાગશે કે શેઠ કરતાં અજ્ઞાની જીવો વધારે મૂર્ખ છે. આ ન્યાય આત્મા પર ઘટાવીએ.

સંસારી જીવોની સ્ટીમર નિગોદ રૂપ ચીકાગોથી નીકળી છે. જ્યાં તે અનંત કાળ સુધી પડી હતી. ત્યાંથી નીકળીને પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય અને પ્રત્યેક વનસ્પતિ રૂપ મહાસાગરમાં અસંખ્યાત કાળ રહી, ત્યાંથી નીકળી બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌઇન્દ્રિય રૂપ પાણીમાં સંખ્યાતો કાળ વીતાવ્યો. ત્યાં અકામ નિર્જરા કરતા પુણ્યરૂપ પવનના જોરથી સ્ટીમર આગળ વધી અને પંચેન્દ્રિયમાં આવી. પંચેન્દ્રિયના અનેક ભેદ છતાં મુખ્યત્વે ચાર ભેદ—નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવતા રૂપ બરફના પહાડોમાં અથડાતી અથડાતી આ મનુષ્ય લોક રૂપ ૪૫ લાખ યોજન વિસ્તારવાળા મહાસમુદ્રમાં

આવી પહોંચી. મનુષ્યમાં પણ અનાર્ય દેશ રૂપ સમુદ્રોને ઓળંગી આર્યદેશરૂપ શાંત સમુદ્રમાં પહોંચી. અને ઉત્તમ કુળરૂપ સમુદ્રના કિનારે આવી છે. મનુષ્ય જન્મમાં આવ્યા પછી બાલપણુમાં ઓરી, શીળી, આદિ તોફાનોમાં સ્ટીમર ગોથા મારે છે, ત્યાંથી આગળ વધી યુવાનીમાં તો સહીસલામત પહોંચી, ત્યાં કર્મયોગે અશાતા વેદનીયના પ્રબળ જોરથી ૧૬ મહારોગ તથા પ્રમેહાદિ ૫ કરોડ ૬૮ લાખ ૯૯ હજાર ૫૮૪ રોગ કે જે ઔદારિક શરીરમાં સત્તા રૂપે રહ્યા છે તે વિઘ્ન કરે. તેમાં પણ પુણ્યનો ઉદય હોય તો તે વિઘ્નોથી દૂર સ્ટીમર બંદરમાં આવીને ઉભી રહે. હવે માલ ઉતારવાનો સમય આવ્યો. માલ કયો ? પાંચ મહાવ્રત, ૧૨ વ્રત તેમજ દાન, શીયળ, તપ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, પરોપકાર આદિ કિંમતી માલ છે. તે માલ ઉતારવાનો સમય આવ્યો ત્યારે પાંચ પ્રમાદ, તેર કાઠીયા, જે અશુભ કર્મ રૂપ છે તે આ રત્નોને ઉતારવાની વાત તો બાજુમાં રહી પણ તેના દર્શન પણ કરવા દેતા નથી. સંતો રૂપી ખલાસીઓ તમને પડકાર કરીને બોલાવે છે, અને કહે છે કે હે મહાનુભાવો ! તમારી આ માનવ જન્મ રૂપી સ્ટીમર ઘણા દુઃખો વેઠીને કિનારે આવી છે. તેમાં અમૂલ્ય કિંમતી માલ કે જે જીવને મોક્ષ અપાવે એવો માલ ભર્યો છે તે ઉતારો. તે માલથી ભવોભવનું દારિદ્ર ટળી જશે. કયારે પણ દુઃખ નહિ રહે, પણ મોહમાં મૂઢ બનેલા, અજ્ઞાનમાં અંધ બનેલા જીવો એ ખલાસી સમાન સંતોના હિતકારી, કલ્યાણકારી, પથ્યકારી વચનોને એક કાનેથી સાંભળી બીજા કાનેથી કાઢી નાંખે છે. અથવા તે સંતોને એમ કહે છે, આટલી બાજી પૂરી કરીને પછી ઉતારીશ, પણ તેમ કરતા તો પેલા શેઠની જેમ સૂર્યાસ્ત થઈ જાય ને રાત્રી પડી જાય છે, ને પછી સંસારના તોફાનોમાં પાયમાલ થઈ જાય છે.

અહીંયા જ્ઞાની સમજાવે છે કે સ્ટીમર સમાન મનુષ્ય જન્મ છે. ખલાસી સમાન સંતો છે. જીવ સંસાર રૂપ બાજીમાં રાગ દ્વેષ રૂપી પાસા અને સોળ કષાય રૂપ સોગઠાથી બાજી રમી રહ્યો છે. સૂર્યાસ્ત થતાં અંધકાર છવાઈ જાય તેમ મિથ્યાત્વ રૂપી ગાઢ અંધકાર છવાયેલ છે અને જે એકાએક તોફાન થયું તેમ મરણ એકાએક કયારે આવશે તેની ખબર નથી. છતાં જો જીવ સમજે નહિ, તો આ કિનારે આવેલી સ્ટીમર ચતુર્ગતિ રૂપ સંસાર સાગરમાં ડૂબી જશે. પછી તેનો પત્તો પડવો મહામુશ્કેલ થઈ જશે. માત્ર લાભ એ થયો કે જ્યાં સુધી પ્રથમ સ્ટીમર ચાલી ન હતી ત્યારે અવ્યવહાર રાશિવાળો ગણાતો હતો. જ્યારે હવે તે સ્ટીમર ચાલી એટલે તે વ્યવહાર રાશિમાં દાખલ થયો. હજુ જો જીવ સમજે નહિ ને પ્રમાદમાં પડયો રહે તો તે પાછો અનંતો કાળ રખડવાનો. માટે મહાપુરૂષો જીવોને વારંવાર આવા ન્યાયો આપીને સમજાવે છે કે હે જીવો ! તમે પ્રમાદ કરશો નહિ. જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ રત્નત્રયની આરાધના કરો. આ સમય ફરી ફરીને મળશે નહિ. પ્રમાદી જીવ પાપનું આચરણ કરે છે, હિંસા કરે છે, અને પાપના કટુ ફળ ભોગવતા તેને કોઈ શરણ આપનાર નથી. માટે ક્ષણભંગુર જીવનમાં પ્રમાદ છોડી આત્મ સાધનામાં લીન બની જાવ તો કલ્યાણ થશે. વિશેષ ભાવ અવસરે.

## વ્યાખ્યાન નં. ૩૪

**શ્રાવણ વદ ૪ મંગળવાર** તા. ૧૮-૮-૮૧

અનંત કરૂણાસાગર, ત્રૈલોકય પ્રકાશક એવા ભગવાન ભવ્ય જીવોના આત્મકલ્યાણનો ઉપદેશ આપતા સમજાવે છે કે હે જીવો!

**कर्ममय संसारः संसार निमित्त्कं पुनर्दुःखम् ।**
**तस्माद् रागद्वेषाद् यस्तु भवसन्ततेर्मूलम् ॥**

કર્મનો વિકાર સંસાર છે. સંસારના કારણે દુઃખ છે, માટે રાગ દ્વેષ વગેરે ભવ-પરંપરાનું મૂળ છે.

અસંખ્ય યોજનના વિસ્તારમાં અને ચાર ગતિઓના વિભાગમાં રહેલો આ સંસાર શું છે? આ નારકીપણું, તિર્યંચપણું, મનુષ્યપણું અને દેવપણું શું છે? સમગ્ર સંસાર કર્મોનો વિકાર છે. આત્માની વિભાવદશા પણ કર્મોને આભારી છે ને! કર્મોએ આત્માની સ્વભાવદશાને આવૃત્ત કરેલી છે. દેવપણું હો કે મનુષ્યપણું, તિર્યંચપણું હો કે નારકપણું, આ બધી આત્માની વિભાવદશા-અવસ્થાઓ છે. આત્મા સાથે સંલગ્ન કર્મોમાંથી ઉદ્ભવેલી વિકારીદશા છે. સમગ્ર સંસાર કર્મમય છે, કારણ કે સમગ્ર સંસાર જીવમય છે. સંસારની એવી એક ઇંચ જેટલી...એક દોરા જેટલી પણ જગ્યા ખાલી નથી કે જ્યાં જીવ ન હોય. ભગવાને બે પ્રકારના જીવો બતાવ્યા. સિદ્ધના જીવો અને સંસારી જીવો. સિદ્ધ ભગવાન સિવાયના તમામ જીવો સાધુ-સાધ્વી બધાનો સંસારી જીવોમાં સમાવેશ થઈ જાય છે, કારણ કે હજુ કર્મો તો તેમને પણ લાગેલા છે. સંસારની ચાર ગતિમાં રહેલા સર્વ જીવોને કર્મો ચોંટેલા છે. માટે સંસાર કર્મમય છે.

આવો સંસાર સર્વ દુઃખોનું કારણ છે. ભગવાન બોલ્યા છે, "अहो दुःखो हु संसारो।" આશ્ચર્ય છે કે આ આખો સંસાર દુઃખમય છે. જેમાં સર્વ જીવો દુઃખ ભોગવી રહ્યા છે. પાપના કારણે જીવ નરકગતિમાં જાય છે, ત્યારે પરમાધામીઓ દ્વારા અને ત્યાંના ક્ષેત્રથી થતી ઘોર પીડાઓ અનુભવે છે. આપણે વર્તમાનમાં નરકમાં નથી માટે નરકની વેદનાઓ આપણને નથી. એવી રીતે જે જીવો પશુ-પક્ષીની તિર્યંચ યોનિમાં છે તે જીવો તિર્યંચયોનિની પીડાઓ તેમજ પરાધીનતાના દુઃખો ભોગવે છે. મનુષ્યને એ પીડાઓ કેમ નથી ભોગવવી પડતી? કારણ કે એ અત્યારે તિર્યંચગતિના સંસારમાં નથી. આપણે બધા મનુષ્યગતિમાં છીએ માટે મનુષ્ય જીવનના શારીરિક અને માનસિક દુઃખો અનુભવીએ છીએ. દેવલોકના દેવોને પણ માનસિક દુઃખો તો હોય. પછી ભલેને બધા કરતાં ઓછા હોય, પણ છે તો ખરા.

આ વાતો ઉપરથી આપણને એ સમજવા મળે છે કે તમે સંસારમાં જે સુખની શોધ કરી રહ્યા છો તે સુખની શોધ કરવી છોડી દો. સંસારમાં કયાંય શુદ્ધ અને શાશ્વત સુખ છે નહીં. જ્યાં સુધી જીવ સંસારની ચાર ગતિમાંથી ગમે તે ગતિમાં હોય પણ ત્યાં સુધી શારીરિક અને માનસિક દુઃખો રહેવાના. સંસારનાં દુઃખો સાથે જીવવાનું છે,

ક્યાંય સુખ છે નહિ. સંસાર ઝાંઝવાના નીર જેવો હોત તો પણ ઘણું સારું ! એમાં ભોળું હરણિયું આશામાં ને આશામાં પ્રાણ ગુમાવત, પણ મનનશીલ માનવ તો આ મોહિનીથી દૂર રહેતને ! સંસાર મૃગજળથી પણ કંઈક વધુ છે. એથી જ માનવ જાત અધઃપતનની ખીણમાં ફેંકાઇ રહી છે. સંસારના મૃગજળ એવા છે કે માનવીની થોડી પ્યાસ એ મિટાવે છે. મૃગજળની પાછળ આશા દોડ મૂકતો માનવ જ્યારે તૃષાતુર બનીને તરફડે છે ત્યારે એને ટીપું પાણી મળે છે, ને હતાશામાંથી પુનઃ આશા બેઠી થાય છે. ફરી દોડ, ફરી ટીપું. આમ અંતે માનવી કમોતે મરે છે, પણ સુખ મળતું નથી, માટે દુઃખોથી ગભરાઇને ગતિઓની ગલીઓમાં ભરાઈ જવા દોડધામ ન કરો. ચાર ગતિઓની ગલીઓમાં ક્યાંય દુઃખ રહિત સ્થાન નથી. જ્યાં જશો ત્યાં એક નહીં તો બીજું દુઃખ તૈયાર હોય છે. એક રૂપે નહિ તો બીજા રૂપે. ચાર ગતિઓમાં બદલાતા દુઃખોમાં થોડું આશ્વાસન લઇએ કે પેલા દુઃખ કરતાં આ દુઃખ સહેવું સારું. જેમકે નરકગતિના ભયંકર દુઃખ આગળ મનુષ્યનું દુઃખ ઓછું, એ વાત જુદી છે. ક્યાંક શરીરના દુઃખ વધારે તો ક્યાંક મનના દુઃખ ઝાઝા. સંસાર કર્મમય છે. કર્મમય સંસાર એ દુઃખોનું અસાધારણ કારણ છે.

સંસારની આ ચાર ગતિ, ચોવીસ દંડક, ચોર્યાસી લાખ જીવાયોનિમાં જીવો પરિભ્રમણ કરી રહ્યા છે, જન્મે છે, જીવે છે અને મરે છે. એક ગતિમાંથી બીજી ગતિમાં, એક જીવ મનુષ્ય રૂપે છે તે મરીને પશુ થાય છે. દેવરૂપે જન્મે છે. અને નારકરૂપે જન્મે છે, અને મનુષ્યપણે પણ જન્મે છે. જન્મ–જીવન અને મરણ, આ એકધારી હારમાળા ચાલે છે. તો આ ભવપરંપરાનું મૂળભૂત કારણ શું છે? જીવોને ચાર ગતિ રૂપ સંસારમાં કોણ ભટકાવી રહ્યું છે? આ પ્રશ્નોનો જવાબ છે. મિથ્યાત્વ અને અવિરતિ, રાગ અને દ્વેષ, મન, વચન, કાયાનો યોગ અને પ્રમાદ ! જીવાત્મા આ બધી ભૂલો શા માટે કરે છે કે જેથી તેને ભવાટવીમાં ભમવું પડે છે. એનું મૂળ કારણ એક અજ્ઞાન છે. આત્માને એ જ્ઞાન નથી, સમજણ નથી, કે રાગદ્વેષ કરવાથી આત્મા સાથે કર્મો બંધાય છે. ભગવાન ઉત્તરાધ્યયન-સૂત્રના ૩૧ મા અધ્યયનમાં બોલ્યા છે કે—

"राग दोसे य दो पावे, पावकम्म पवत्तणे।" ગા. ૩

રાગ અને દ્વેષ આ બે પાપકર્મનું પ્રવર્તન કરે છે, અને એ કર્મોના ઉદયથી સંસારની ચાર ગતિમાં વિવિધ દુઃખો ભોગવવા પડે છે. આત્મામાં ઘોર અજ્ઞાનતા છવાયેલી છે. જો આ અજ્ઞાનતાનું વાદળ ચીરાય અને જ્ઞાનની આછી પાતળી, તેજરેખાઓ બહાર નીકળે તો એ રાગ–દ્વેષ,–મિથ્યાત્વ વગેરેની ભયંકરતા સમજાય, અને એ દોષોને દૂર કરવાનો વિચાર આવે, તે માટે પુરૂષાર્થ થાય. એના મનમાં એ જિજ્ઞાસા થાય કે આ રાગ–દ્વેષ આદિ દોષોને કેવી રીતે દૂર કરાય? તે દોષોમાંથી વધતા સંસાર–પરિભ્રમણને કેવી રીતે અટકાવી શકાય? એ જાણ્યા પછી તે દોષોને દૂર કરવા પ્રયત્ન કરે.

આપણા ચાલુ અધિકારમાં સતી મયણરેહાના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પથરાયો છે.

તે પ્રકાશના કિરણોથી તે યુગબાહુને રાગ-દ્વેષથી દૂર રહેવા સમજાવી શકી, અને તેની ગતિ સુધારી શકી. એવી સતી પોતાના શીલને સાચવવા વગડાની વાટે ગઈ છે. એનું સતીત્વ-બળ ઝળકી રહ્યું છે. તેના જીવનમાં ચારિત્રનો ચમકાર છે. જેનામાં ચારિત્ર બળ છે એ બળ બીજા બધા બળો કરતાં ચઢી જાય છે. મહાપુરૂષો કહે છે કે તમારામાં સ્થૂલ બળ ભલે ઓછું હોય પણ સૂક્ષ્મ બળ વધારો. સ્થૂલ બળ ગમે તેટલું હશે પણ આત્માનું સૂક્ષ્મ બળ નહીં હોય તો તે આત્મા ગબડી જવાનો. મયણરેહાના જીવનમાં સૂક્ષ્મ બળની કેટલી તાકાત હશે! આત્માની શુદ્ધિરૂપ સૂક્ષ્મ બળની તાકાત વિના વ્યાખ્યાનકારો કે વિદ્વાન પ્રોફેસરો લોકોના જીવન ઉપર સાચો પ્રભાવ પાડી શકશે નહિ. સુક્ષ્મ બળ વગર સ્થૂલ બળ સ્વપર કલ્યાણ માટે નકામું છે. સ્થૂલ બળ કરતાં સૂક્ષ્મ બળની શક્તિ ઘણી ચઢીયાતી છે. એ તાકાતનો સહારો લીધા વિના ભોગરસિક આત્માઓનું કલ્યાણ થઈ શકે નહિ. શરીર જાડું પાતળું હોય તો તેની કોઈ મહત્તા નથી, પણ તેનું સૂક્ષ્મ બળ ખીલેલું હશે તો તે વિકારો પર વિજય મેળવી શકશે. જેની પાસે સૂક્ષ્મ બળ હોય છે એનો પ્રભાવ જગતના જીવો પર કેવો પડે છે, એનો હું તમને એક દાખલો આપું.

દશ હજાર માણસથી એક મોટી સભા ભરાઈ છે. તેમાં પ્રથમ વક્તા લેકચર કરવા આવે છે. વક્તા લેકચર કરવા આવ્યો, ત્યારે સભામાં અત્યંત કોલાહલ મચેલો હતો. વક્તા સ્ટેઈજ પર આવ્યો. લોકોને શાંત કરવા હાથ ઉંચો કર્યો. પણ અવાજ શાંત થયો નહિ, તેથી માઇકમાં બૂમો પાડીને કહે છે, આપ શાંત થાઓ, શાંત થાઓ, ઘણી બૂમોના અંતે અવાજ શાંત થયો. બીજો વક્તા આવ્યો, ત્યારે પણ સભામાં ખૂબ જ અવાજ થતો હતો તેને શાંત કરવા માટે માત્ર પોતાનો જમણો હાથ ઉંચો કર્યો, ત્યાં એકદમ સભામાં શાંતિ. હવે ત્રીજો વક્તા આવે છે, તે પહેલાં ખૂબ શોરબકોર હતો પણ ખબર પડી કે અમુક વક્તા હવે લેકચર આપવા આવવાના છે. હજુ આવ્યા નથી. તેમને જોયા કે સાંભળ્યા નથી. છતાં માત્ર તેમનું નામ સાંભળતા જ સભા શાંત થઇ ગઇ. જેવા એ આવીને સ્ટેઈજ ઉપર ભાષણ કરવા ઉભા થયા કે સભા એક ચિત્તે તેમને સાંભળવા લાગી. આ ઉપરથી આપ સમજી શકો છો કે, કયા વક્તાની વિશેષ શક્તિ. પ્રથમ વક્તા પાસે સ્થૂલ બળ હતું, પણ સૂક્ષ્મ બળ ન હતું. બીજા નંબર પાસે થોડું વધારે સૂક્ષ્મ બળ હતું, તેથી પ્રભાવ પડ્યો, અને ત્રીજા પાસે ઘણું સૂક્ષ્મ બળ હતું, તેનું નામ પડતા બધા શાંત થઇ ગયા.

મહાત્મા ગાંધીજીએ વગર લડાઈએ ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કર્યું. તો તેમની પાસે કયું બળ હતું? સૂક્ષ્મબળ. સ્થૂલબળ-શરીરબળ તો હતું નહિ, પણ આત્મબળ હતું. એ સૂક્ષ્મ બળના કારણે અંગ્રેજોને હરાવ્યા ને ભારતને સ્વતંત્રતા અપાવી અને ભારતની સારી જનતાના હૃદય સિંહાસન પર તેમણે સ્થાન જમાવ્યું. એમને કોઈને કહેવા જવું પડયું નહોતું કે કોઇને પગે લાગવા જવું પડયું નહોતું. આજે તો ચૂંટણીઓ થાય છે, ત્યારે મત મેળવવા માટે કેટલા રૂપિયા, કપડાં, દાગીના બધું આપવું પડે છે, જ્યારે મહાત્મા ગાંધીજીએ તો માત્ર સૂક્ષ્મ બળથી, આત્માના પ્રેમથી સૌના દિલ

જીતી લીધા. આ છે સૂક્ષ્મ બળનો પ્રભાવ. જેઓ યુવાનીમાંથી બ્રહ્મચર્યનું પાલન કરે છે, તેમના બળની શક્તિ અલૌકિક હોય છે. અરે! જેનું ચારિત્ર નિર્મળ છે એવા બ્રહ્મચારી આત્મા શુદ્ધ બ્રહ્મચર્યના બળથી દેવોના વિમાનને પણ અટકાવી શકે.

**સૂક્ષ્મ બળનો અનોખો પ્રભાવ :**—આપણા પરમ પિતા શાસનપતિ ભગવાન મહાવીર સ્વામીના જીવનમાં બધા પ્રસંગોને ક્યાંય ટપી જાય એવો પ્રસંગ જોવા મળે છે. તેમનું ચારિત્રનું બળ અલૌકિક હતું, તેથી એ ચારિત્રનો પ્રભાવ બીજા પર પડ્યા વગર રહે નહિ. પોતાની દૃષ્ટિના ઝેરથી અગણિત જીવોને મારી નાખનાર દૃષ્ટિવિષ સર્પ ચંડકૌશિકની સામે મહાવીર પ્રભુ એક જ નાનું વાક્ય બોલ્યા. બુઝ-બુઝ ચંડકૌશિક! આ શબ્દો સાંભળતા ચંડકૌશિકને જાતિ સ્મરણ જ્ઞાન થાય છે. અંતે સમતા ભાવનાની સાધના સાધતા એના જીવનનો ટર્નિંગ પોઈન્ટ આવે છે, અને ક્રોધની ભયંકર જ્વાળા શાંત થઈ જાય છે. છેવટે શાંત રસમાં મસ્ત બનીને એ કલ્યાણના માર્ગે વળી જાય છે. અર્જુનમાળી જે નરકમાં જવાની તૈયારીમાં હતો, તેને ભગવાને આત્મકલ્યાણના બે મીઠા શબ્દો કહ્યા. એ આત્મા ચારિત્રના માર્ગે વળી ગયો. ભગવાને તેનું ઉત્થાન કરાવ્યું. એક જ વચનના ઉચ્ચારણ માત્રમાં આવી અદ્ભૂત તાકાત બીજે આપણને જોવા નહિ મળે. સાચા ગુરૂ ભગવંતોના દર્શન માત્રથી કામી આત્માઓના કામવિકારો પલાયન થઈ જાય છે. લોભીઓના કારમા લોભ દૂર થાય છે. ક્રોધીઓના ક્રોધ શાંત થાય છે. અરે ધૂતારાઓનું ધૂતારાપણું ખતમ થઈ જાય છે. આ છે તેમના સૂક્ષ્મ બળનો-શુદ્ધ ચારિત્રનો પ્રભાવ!

એક સંત મહાત્મા ગૌચરી પધાર્યા છે. શેઠાણી મોદકનો થાળ લઈ લળી-લળીને ભાવના ભાવી રહ્યા છે. આ દૃશ્ય ઈલાચીકુમારે જોયું. સાથે સાથે તેને ઘણો અચંબો થયો. અરે! આ સાધુની વય યુવાન છે. ચહેરો તેજસ્વી છે. શેઠાણી પણ યુવાન છે. રૂપાળી તેમજ યૌવનશાળી છે. સ્થાન એકાંત છે. આમ છતાં તે કેવા નિર્વિકાર, નીચી દૃષ્ટિ રાખી ઉભેલા છે! ચહેરા પર કેટલી સૌમ્યતા છે! શેઠાણી પણ કેવા ભાવમાં ચઢ્યા છે! ઈલાચીના જીવન પરિવર્તન માટે આ દૃશ્ય બસ હતું. ઈલાચી વિચારે છે કે મારામાં અને આ મુનિશ્રીમાં આસમાન-પાતાળ જેટલું અંતર છે. અહાહાહા...કેટલી નિર્વિકાર દશા! કેવો ગજબનો ત્યાગ!

ખરેખર મને શતશઃ સહસ્રશઃ ધિક્કાર હો. સાચે જ આ મુનિરાજ કોટી કોટીવાર ધન્યવાદને પાત્ર છે. ક્યાં હું અને ક્યાં આ ત્યાગી અણગાર! મારામાં ને એમનામાં સરસવ ને મેરૂ જેટલું અંતર છે. હું કેવો અધમ છું! હું કેવો નિર્લજ છું! એક નટડીના ખાતર મેં ઘરબાર ત્યજ્યાં, માતાપિતાને દુઃખી કર્યા, કુળની લાજ-શરમ છોડી, અને જ્યાં ત્યાં ભમી રહ્યો છું. આમ છતાં ય મારી ઈચ્છા હજી પૂરી નથી થઈ. રાજા દાન આપતો નથી, અને દાન લીધા વગર નટ નટડી પરણાવવાનો નથી, પણ કદાચ આ નિરાધાર વાંસ ઉપર નાચતાં-નાચતાં જો જરાક ગબડ્યો-ચૂક્યો તો મારી શી દશા! હાડકાના ચૂરેચૂરા! નટડી એને ઠેકાણે રહી જાય અને પરલોકમાં આત્માની દુર્ગતિ થાય એ જુદી. આમ વિચારતો વારંવાર એ ત્યાગી મુનિની પ્રશંસા કરે છે. પોતાને

ધિક્કારે છે. પશ્ચાતાપ કરે છે. અનિત્ય ભાવનામાં ચઢે છે. તન્મય બની જાય છે. કયારે હું આ પવિત્ર ચારિત્ર માર્ગ અંગીકાર કરી મારા આત્માનું કલ્યાણ કરીશ ? એવી ભાવધારાની અભિવૃદ્ધિ થઈ રહી છે. નગરજનો નટનું નાટક નિહાળી આફ્રીન થઈ ગયા છે. રાજા સમજે છે કે હમણાં પડશે. નટડી સમજે છે, બસ હવે વાર નથી. મારા પ્રાણપ્રિય ભરથારની આશા ફળીભૂત થશે.

તેટલામાં તો બનાવ કંઈક ઓર બન્યો. વાતાવરણે જબ્બર પલટો આણ્યો. વાંસ ઉપર નાચતાં નાચતાં અનિત્ય ભાવના ભાવતા નટ ઇલાચીકુમાર ચાર ઘાતીકર્મનો ચૂરો કરી તત્ક્ષણ વાંસ ઉપર જ કેવળજ્ઞાન પામ્યા. આ છે મુનિના સુક્ષ્મ બળનો પ્રભાવ.

આવા તો કંઈક દાખલા સિદ્ધાંતમાં તથા ઇતિહાસમાં જોવા મળે છે. આ તો મુનિની વાત કરી, પણ સાધ્વી સમુદાયમાં પણ એવી મહાન સતીઓ થઈ ગઈ છે કે જેણે સુક્ષ્મબળની અથાગ શક્તિ કેળવી છે. એક વાર સાધ્વી સમુદાય વિચરતા વિચરતા એક ગામમાં જઇ પહોંચ્યો. ત્યાં એક મકાનમાં ઉતર્યા. દિવસે સાંકળ જોવી ભૂલી ગયા. રાત્રે યાદ આવ્યું. જોયું તો સાંકળ બંધ થાય છે પણ ઢીલી ઘણી છે. એટલે પવનનો ઝપાટો આવે અગર કોઇ ધક્કો મારે તો ઉઘડી જાય. ગુરૂણીએ કહ્યું, આપ એમાં કંઈ ભરાવવા જેવું લાકડું કે ખીલી કંઈક મળે તો ભરાવી દો. એક શિષ્યાએ કહ્યું–ગુરુણીદેવ ! આપ સુખે સુઇ જાવ. હું એ બધું સંભાળી લઈશ.

આ શિષ્યાએ મકાનમાં નજર કરી પણ કંઈ ભરાવવાનું મળ્યું નહિ તેથી તેમણે પોતાની આંગળી તેમાં ભરાવી દીધી. આ સહન કરવું સહેલું નથી. બોલીએ છીએ તો ઘણી વાર પણ જ્યારે પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે સમતા રાખવી ઘણી કઠીન છે. રાત્રે એકાએક વાવાઝોડું થયું એટલે પવનથી બારણું ખૂબ અથડાવા લાગ્યું. બારણું અથડાય એટલે આંગળી સાંકળ સાથે ઘસાવા લાગી, બહુ ઘસાવાથી તેમાંથી લોહી નીતરવા લાગ્યું. પરોઢિયું થતાં તો આંગળી જુદી થઈને નીચે પડી ગઇ. કેટલો વિનય ! કેટલી ગુરૂઆજ્ઞામાં સમર્પણતા ! પરોઢિયે ગુરૂણી સ્વાધ્યાય કરવા ઉઠયા એટલે આ શિષ્યા કહે ગુરૂણીદેવ ! આપ અહીં સ્વાધ્યાય નહીં કરતા, ઔદારિક અસજઝાય છે. ગુરૂણી પૂછે છે શું છે ? ત્યાં તો દૃષ્ટિ પડી. અરરર...આની તો આંગળી કપાઈને છૂટી પડી ગઈ છે ! મારી આ શિષ્યાએ કેટલું સહન કર્યું ! આંગળી કપાઈ ગઈ છતાં બોલતી નથી. બોલો, આવા વિનીત શિષ્યા માટે કલ્યાણ દૂર છે ? મોક્ષ દૂર છે ? આ શિષ્યાએ કેટલું સુક્ષ્મબળ કેળવ્યું હશે ! કે જેના પ્રભાવે આંગળી કપાઈને જુદી પડી, છતાં એ જ સ્થિતિમાં અડગ રહ્યા ! આવા આત્માઓ જલ્દી કલ્યાણ કરી શકે છે.

તપશ્ચર્યાના દિવસો ચાલી રહ્યા છે. સોળભથ્થાના દિવસો આવી રહ્યા છે. તપ કરવામાં એવો વિચાર ન કરશો કે મારું શરીર પાતળું છે. હું સુકાઈ જઈશ. એ બધું ભૂલી જજો. તપ કરવામાં સ્થૂલ બળની જરૂર નથી. આ શરીર તો સડનપડન અને નાશ થવાના સ્વભાવવાળું છે. આવા શરીર પ્રત્યે શું મમતા કરવા જેવી છે ! ભગવાન કહે

છે કે **"દેહ દષ્ટિએ કર્મ દળાય નહિ."** જ્યાં સુધી દેહ પ્રત્યે રાગ છે, મમતા છે ત્યાં સુધી તપ થઈ શકે નહિ. તપ થાય નહિ તો કર્મ દળાય નહિ, માટે તપ કરવામાં શરીર જાડુ-પાતળું ગમે તેવું હોય તેની વિશેષતા નથી, પણ સુક્ષ્મ બળની જરૂર છે.

સંસાર ત્યાગી મુનિ બનેલા સંતોએ સુક્ષ્મબળ ઉત્પન્ન કરવા માટે પોતાના જીવનની ભૌતિક વાસનાઓનું, કામનાઓનું બલિદાન આપ્યા વગર છૂટકો નથી. જો સંસાર ત્યાગી સાધકો પોતાની અનેક પ્રકારની ઈચ્છાઓનો-કામનાઓનો નાશ નહિ કરે તો તેઓ જગતનું કલ્યાણ કરી શકવામાં અસમર્થ છે.

સ્વામી વિવેકાનંદના એક શિષ્ય હતા. એમનું નામ હતું બિભૂતાનંદ. તે એક ગામમાં ચાતુર્માસ પધાર્યા. તેમના ઉપદેશનો સેંકડો જીવો લાભ લે છે. પણ એક સ્ત્રી તેમનો ઉપદેશ સાંભળવાના બહાને આવે છે પણ તેનું ચિત્ત મુનિમાં છે. શું મુનિ તમારું રૂપ છે! શું તમારી આંખડી છે! સંત તો પોતાના ભાવમાં મસ્ત છે, પણ બાઈની દષ્ટિ વિષમય છે. બાઈ તો બિભૂતાનંદના રૂપ અને આંખડીને જોયા કરે છે. ચાતુર્માસ પૂર્ણ થયું. બિભૂતાનંદે તો વિહાર કર્યો. બધા લોકો એમને ઘણે દૂર સુધી વળાવવા ગયા. લોકો વંદન નમસ્કાર કરી પાછા ફર્યા, પણ જેની દષ્ટિમાં અને આંખમાં કામનું વિષ ભર્યું છે તેવી તે સ્ત્રી પાછી ન ફરી. બિભૂતાનંદને તો કાંઈ ખબર નથી. એમણે પાછું વાળીને જોયું નથી. આ સંત પોતાના ઉતારે ગયા. વસ્ત્ર, પુસ્તકો બધું નીચે ઉતારે છે. ત્યાં આ સ્ત્રી અંદર જઈને મકાનના બધા બારણા બંધ કરવા લાગી. સંત કહે-આ બારણા કોણ બંધ કરે છે? ત્યાં તેમણે પેલી સ્ત્રીને જોઈ.

આ સંત સમજી ગયા કે અત્યારે ઉપસર્ગ આવ્યો છે. તે આત્માને કહે છે, હે આત્મા! રખે ને તું ગોથું ખાતો મા! આ તારી પરીક્ષા છે. બરાબર સાવધાન રહેજે. જો થોડી પણ સુંદર બ્રહ્મચર્યની તાકાત ન હોય તો આવા પ્રસંગમાં ટકવું મુશ્કેલ બની જાય છે. વિકારોની સામે ટક્કર ઝીલવી અને જીવનને અણિશુદ્ધ રાખવું એ સરળ કામ નથી. બિભૂતાનંદે જોયું કે આ સ્ત્રી નખથી માથા સુધી સળગી ઉઠી છેઃ તેઓ આ સ્ત્રી સામે વેધક દષ્ટિથી જોઈ રહ્યા. એમની આંખોમાંથી એવી તેજદાર તેજદષ્ટિ પડી કે પેલી સ્ત્રી ધ્રુજી ઉઠી. એ જ વખતે બિભૂતાનંદ બોલી ઉઠયા **"मा तेरेको कुछ लेके ही जाना पडेगा"** માતા! તારે કંઈક લઈને જવું પડશે. સંતના શબ્દોમાં એવી પ્રચંડ તાકાત હતી કે પેલી સ્ત્રીના વિકારો એકદમ શાંત થઈ ગયા. તે સંતના ચરણમાં પડીને ભૂલની માફી માંગી ને પોતાના ઘેર ચાલી ગઈ. જો સંસાર ત્યાગી સંતો પાસે સૂક્ષ્મ બળની પ્રચંડ શક્તિ ન હોય તો તેનું પતન થતાં વાર ન લાગે. જ્ઞાની પુરુષો કહે છે, આ કામભોગમાં ફસાવા જેવું નથી. જે એમાં ફસાયા તે દુર્ગતિના મહેમાન બન્યા.

**ફળો કિંપાકના મીઠા, પરિણામે ન સુંદર!**
**ભોગવ્યા ભોગનું તેમ, પરિણામ ન સુંદર.**

કિંપાક વૃક્ષના ફળ દેખાવમાં સુંદર, ખાવામાં સ્વાદિષ્ટ અને મધુરાં લાગતાં હોય, પણ તે ખાવાથી જીવ અને કાયા જુદા થાય છે, તેમ કામભોગ દેખાવમાં સુંદર–મનોહર લાગતા હોય પણ તેનું પરિણામ સારું નથી આવતું એટલે કે તે દુર્ગતિમાં લઈ જાય છે, માટે આવા કામભોગોનો ત્યાગ કરી ચારિત્ર બળ કેળવવાની જરૂર છે.

**મયણરેહા હાથીની સૂંઢમાં:**–જેનું ચારિત્ર નિર્મળ છે, જેણે ચારિત્ર માટે તો રાજમહેલ છોડીને વગડાની વાટ સ્વીકારી છે, એવી સતી મયણરેહા સ્નાન કરીને બહાર નીકળી, ત્યાં મોટો હાથી એની પાછળ પડ્યો. જેમ સતી ભાગે છે તેમ હાથી પાછળ જાય છે, છેવટે સતીએ નવકારમંત્રનું શરણું લીધું. ત્યાં તો ધસમસતો હાથી ત્યાં આવી પહોંચ્યો. પોતાની સૂંઢ એણે ખૂબ ઘૂમાવી, અને અંતે પોતાના પાશમાં–સૂંઢમાં મયણરેહાને ઝડપી લીધી. એક બાજુ નવ જાત બાળ રોતો ઝાડની ડાળે ઝોળીમાં છે, જે મયણરેહાનું જીવન હતું, પણ વિધિને એ મા–દીકરાનું મિલન જાણે નામંજુર હતું ! એણે એક જોરદાર ફટકો વીંઝ્યો ને તાજું જન્મેલું એ બાળક એક ઠેકાણે રહ્યું ને એની મા બીજી તરફ રહી ! વચમાં વિઘ્નોના અડીખમ પર્વતો ઊભા થઈ ગયા.

**હાથીની સૂંઢમાં પણ નમો અરિહંતાણં** : હાથીએ પોતાની સૂંઢની જબરી પકડમાં મયણરેહાને પકડી. એ સૂંઢને એણે ખૂબ ઘૂમાવી અને પછી મયણરેહાને આકાશમાં અદ્ધર ઉછાળી. પુત્રથી, સરોવરથી ને સ્નેહથી મયણરેહા દૂર ફેંકાઈ ગઈ. એક દડો જેમ ઉછળે તેમ મયણરેહા આકાશમાં ઉછળી. આવી રીતે હાથી બીજા કોઇને ઉછાળે તો શું થાય ? પોક પડી જાય ને ? જયારે આવી ચીસ પડે ત્યારે મારવાડમાં "ઓ મા" બોલે, ગુજરાતમાં "ઓ બાપ" બોલે ને દક્ષિણમાં "ઓ આઈ" બોલે. પણ મયણરેહા પાસે તો "નમો અરિહંતાણં." આવું બને તો ચીસ તો પડી જાય, પણ ચીસ ચીસમાં ફરક. ઓ બાપ, ઓ મા, ની ચીસ નિઃસત્વના ઘરની. "નમો અરિહંતાણ"ની ચીસ સત્ત્વના ઘરની. પેલી ચીસમાં તો પાપ ભોગવો ને પાછું પાપ લેવાનું, જ્યારે આ ચીસમાં પાપ ભોગવો પણ પુણ્ય લેવાનું. આવી ટેવ કયારે પાડશો ? આવી ટેવ પાડવી હોય તો માત્ર આવા પ્રસંગે નહિ. સામાન્ય પ્રસંગોમાં પણ "નમો અરિહંતાણં" યાદ કરો. સુખી થવાનો આ માર્ગ છે. બાકી તો સુખની આશા રાખવી વ્યર્થ છે.

સહરાના રણમાં પાણીની આશા રાખવી, ચોરપલ્લીમાં માનવું કે ઠગાઈ નહિ થાય, અગ્નિમાં હાથ નાંખીને માને કે નહિ બળું, એ પ્રમાણે ધર્મને ભૂલીને સુખ ઇચ્છવું નકામું છે. ભૂલશો નહિ. મન મારે છે ને મન જીવાડે છે. મનમાં વિચાર કરો કે "ઓ બાપ"ની પોક મૂકે કે હાયવોય કર્યે કંઈ નહિ વળે. મન મક્કમ કરી અરિહંતોને ભજ. એ જ સાચું શરણું છે. ત્રણ વર્ષના બાળક વજ્રકુમારને માતાએ ઘણું સમજાવ્યો, ફોસલાવ્યો. માતાએ પોક મૂકી. હાય ! પતિ ગયો ને છોકરો પણ પથ્થર છે ! એને કંઈ થતું નથી ! પણ વજ્રકુમાર એક જ વિચાર કરે છે. હું કઈ પરિસ્થિતિમાં છું ? માતાએ પંચ સમક્ષ મને વહોરાવ્યો છે. હવે જવું કયાં ? માતા પાસે જાઉં તો શું થાય ! માંડ છૂટેલો, પાછું

સંસારની ચક્કીમાં ફસાવાનું થાય. માતાની સાથે મારું પતન જોઇને બીજા કેટલાય ભ્રષ્ટ થઈ જાય ! સંઘની અને ધર્મની હેલના થાય. મારી અને કેટલાયની પરભવે પણ બોધિ હણાઈ જાય ! એ કરતાં અડગ રહું તો બધાનું ભલું થાય અને કદાચ માતા પણ એ માર્ગે ચઢી જાય. રાજા ભલા છે. જો હું મક્કમ છું તો તે મને કાયમી છોડાવશે. બસ મનને મક્કમ કરવાની વાત છે. મન મક્કમ કર્યું તો એ મહાન યુગ પ્રધાન દશ પૂર્વધર મહાપ્રભાવક મહર્ષિ બન્યા.

**મયણરેહાની વિચારણા :—** મયણરેહાએ મનને મક્કમ કર્યું. હાથીએ સૂંઢમાં ઉછાળી તો "નમો અરિહંતાણં"ની ચીસ પાડી, પછી કેવી ભવ્ય ભાવના ભાવે છે! શું હાથીની મારા પર કરૂણા છે! દયા છે! આ હાથી તો મને બીજી વાત શીખવાડે છે. તે મને કહે છે, તું ઉર્ધ્વગામી છે. આ વાત શીખવાડવા માટે જ જાણે આ હાથીએ મને ઉંચે ઉછાળી છે. હાથી મને આ પ્રકારની ઉર્ધ્વગામી થવાની શિક્ષા આપે છે ત્યારે મારાથી અધોગતિનો વિચાર કેમ કરાય? આયુષ્ય પૂરું થતાં જીવ પોતાના કર્માનુસાર ઉંચી સ્થિતિમાં જાય છે અને નીચી સ્થિતિમાં પણ જાય છે. મૃત્યુ બાદ જીવને સ્વર્ગ—નરક કે મોક્ષ મળી શકે છે. જ્યારે મારો સમય સારા કામમાં લાગી શકે છે, તો પછી હું તેને ખરાબ કામમાં શા માટે જોડું? આ પ્રમાણે વિચાર કરી નવકારમંત્રનું સ્મરણ કરે છે. જો કે મયણરેહાના હૃદયમાં દૃઢતા હતી, છતાં હાથીએ તેને જોરથી પકડી ઉછાળી હતી, એટલે થોડી વાર બેશુદ્ધ જેવી બની ગઇ હતી, પણ તેના મનમાં એ દૃઢ શ્રદ્ધા હતી કે હું નવકાર-મંત્રના રક્ષા રૂપી પિંજરમાં પૂરાઇ ગઇ છું, માટે હવે મને કોઇ પણ પ્રકારનો ભય નથી. આ રીતે મયણરેહા વિચારી રહી છે. હાથી તેને સૂંઢમાં લઇને ઉછાળી રહ્યો છે. હવે મયણરેહાનું શું થશે? તેના નવજાત ખીલેલા પુષ્પસમ બાળકનું શું બનશે? તે અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૩૫

**શ્રાવણ વદ ૫ બુધવાર** **તા. ૧૯–૮–૮૧**

સ્યાદ્વાદના સર્જક, ભવોભવના ભેદક, પરમ પંથના પ્રકાશક, જગત જીવોના ઉદ્ધારક, એવા ભગવંતે જગતના જીવોના ઉદ્ધાર માટે સિદ્ધાંતની પ્રરૂપણા કરી. ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયનના ભાવ ચાલે છે. સતી મયણરેહાને હાથીએ સૂંઢમાં ઉછાળી પણ ત્યારે સુખમાં નવકાર મંત્રનું સ્મરણ કરે છે. દુઃખમાં પણ સુખ શોધી રહી છે. હાથીએ મયણરેહાને એવી રીતે ઉંચે ઉછાળી હતી કે જેથી નીચે પડતા બચવું મુશ્કેલ હતું, પણ જો સતી એમ મરી જાય તો સતીનું સતીત્વ કેવી રીતે પ્રગટ થાય? એટલે તેને બચાવનાર કોઈ ને કોઈ મળી જાય. હાથીએ મયણરેહાને જોરથી ઉછાળી, બરાબર તે સમયે આકાશ માર્ગે એક વિદ્યાધર વિમાન લઈને જઈ રહ્યો હતો. તેણે મયણરેહાને ઉંચે ઉછળતી જોઇ તેના દિલમાં કરૂણા આવી, અને વિચાર કરવા લાગ્યો,

કે હું અત્યારે મુનિના દર્શન માટે જઈ રહ્યા છું. પણ આ ઉંચે ઉછળતી સ્ત્રીની મારે રક્ષા કરવી જોઈએ. આ પ્રમાણે વિચાર કરી તે વિદ્યાધરે પોતાનું વિમાન નીચું કરી મયણરેહાને પડતાં ઝીલી લીધી. વિદ્યાધરે સતીને ઝીલી ત્યારે તેના દિલમાં કરૂણા હતી, પવિત્ર ભાવ હતા. હમણાં આ અબળા નીચે પડશે તો મરી જશે, તેના ભુક્કા ઉડી જશે માટે તેને હું બચાવું, એવા રક્ષણ કરવાના પવિત્ર ભાવ હતા. વિદ્યાધરે મયણરેહાને નીચે પડતા ઝીલી તો લીધી પણ ઉંચેથી નીચે પડતા તેને મૂર્છા આવી ગઈ. પાણી વગેરેના શીતળ ઉપચારો કર્યા તેથી સતી ભાનમાં આવી.

મયણરેહા કહે છે મારા ભાઈ વીરા! તેં મને મરતા બચાવી છે. તારો ઉપકાર ક્યારે પણ નહિ ભૂલું. આ બધું ઘડીપળમાં બની ગયું, તેથી સતી સ્તબ્ધ બની ગઈ. તે મનમાં વિચારે છે કે ક્યાં પતિની અચાનક ભાઈ દ્વારા હત્યા! જંગલમાં મધરાતે પુત્રનો જન્મ! અને સવારે પોતાનું અપહરણ! શું બની રહ્યું છે આ બધું! તેને કંઈ સમજમાં ન આવ્યું. શીલરક્ષા માટે મહેલ છોડી જંગલમાં આવી. ઘરની દાઝી વનમાં આવી તો વનમાં પણ દવ લાગ્યો. જંગલમાં અપહરણ થયું. તેનું માતૃ હૈયું નવજાત શિશુના વિચારથી ચિંતાતુર બન્યું. જરા સ્વસ્થ બન્યા પછી તેણે વિદ્યાધરને કહ્યું. ભાઈ! તને ખબર નહીં હોય પણ મેં ગઈ કાલે રાતે જ પુત્રને જન્મ આપ્યો છે. મારો વ્હાલસોયો બાળ વૃક્ષની છાયા નીચે સૂતો છે એનું શું થશે? તે સાવ એકલો છે. આ તો જંગલ છે. જંગલના જાનવરો તેને ખાઈ જશે તો? કાગડા આવીને આંખો કોચશે તો? મારા વિના તેને દૂધ કોણ પીવડાવશે? દૂધ વિના તે તરફડીને મરી જશે તો? હે ભાઈ! મારા પર તું દયા કર. મને મારા બાળક પાસે પાછી મૂકી દે. નહિ તો મારા બાળકને અહીં લઈ આવ. આમ બોલતાં બોલતાં મયણરેહા ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

**માતા પિતાના અસીમ ઉપકાર** :–સતી મયણરેહાએ બાળકની કરૂણ સ્થિતિનો ખ્યાલ આપ્યો. એ શું સૂચવે છે? બાળક એટલી પરાધીન દશામાં છે કે માતા રક્ષણ કરે તો જ બચી શકે. આજે માતાપિતાના ઉપકારને ભૂલી જનારા સંતાનોને આ વિચાર ક્યાં છે? ભાન નથી પણ તું ગર્ભમાં આવ્યો ત્યારથી માતાએ કેવા તારા સંરક્ષણ કર્યા છે! ગર્ભનું જતન કરવા મનગમતા સુખવિલાસો પણ જતા કર્યા. જન્મ્યા પછી સત્તર કામમાં ગૂંથાયેલી માતા તને ન ભૂલી. તને તો ભૂખ્યો છતાં ખાવાનું લેવા કે માંગવાની ય ત્રેવડ ક્યાં હતી? કાગડા આંખ કોચી જાય કે બિલાડું ફેંદી નાખે તો ય તારી જાતનું રક્ષણ કરવાની તારામાં ક્યાં હોંશિયારી હતી! એ તો વર્ષોના વર્ષો સુધી માતાપિતાની સતત કાળજીએ તને આંચ ન આવવા દીધી. પાળ્યો, પોષ્યો, મોટો કર્યો, ભણાવ્યો. આજે એ બધું ભૂલી જઈ એ જ મા–બાપની સામે ડોળા કાઢવાની અને તેમની સાથે લડવાની કેવી ધૃષ્ટતા કરી રહ્યો છે! પત્નીના પ્રેમમાં પાગલ બની માતાપિતા પરની ભક્તિને ઠોકરે મારી રહ્યો છે! માતાએ તારા પર કેવા વહાલ કર્યા હતા તે કૃતઘ્ન બનેલા તારે ક્યાં જોવું છે? શિયાળાની કડકડતી ઠંડીમાં માતાની પથારીમાં તેં પેશાબ કરી પથારી ભીની કરી, છતાં

એ માએ તને તરછોડ્યો ન હતો. પોતે ઠંડા વેઠીને તને વહાલો કરી ગરમીની હુંફ આપી હતી. એ માતા-પિતાએ તને બધી વાતે હોંશિયાર કર્યો. પગભર કર્યો. એ ઉપકારી માતા-પિતાને કેમ ભૂલાય! યાદ રાખો મારા યુવક ભાઈઓ, માતા-પિતાના ઉપકારને!

મયણરેહા પોતાના બાળક માટે ચિંતા કરે છે. અરે! નવપ્રસુત શિશુ એકલો અટૂલો ભર જંગલમાં કેવો તરફડતો હશે! માતાના દૂધ માટેનું એનું રૂદન કેવું કરૂણ હશે! અરે! રાજમહેલમાં હોત તો ખમ્મા ખમ્મા થતી હોત, પણ આજે તારા સામું જોનાર કોઈ નથી! માતા-પિતા સદાય સંતાનોનું હિત ઈચ્છતા હોય છે. અરે! ઘણી આર્ય સન્નારીઓ તો પુત્રનું આ ભવમાં તો હિત ઈચ્છે પણ તેનું ભવોભવમાં કેમ હિત થાય તે માટે સામેથી સાધુપણું અપાવે છે.

ગોપીચંદ તે રાજા રાણીનો એકનો એક લાડીલો પુત્ર હતો. એનું રૂપ એટલે જાણે સાક્ષાત્ કામદેવ જોઈ લો. રૂપ સાથે સૌંદર્ય પણ ઘણું મળ્યું હતું. માતા પિતાનો એ વહાલસોયો હતો. પ્રજાને મન એ હૈયાનો હાર સમાન હતો. ખૂબ લાડકોડમાં ઉછરતાં યુવાનીના આંગણે પગ મૂકતા એના અનેક રૂપવતી કન્યાઓ સાથે લગ્ન કર્યા. લગ્ન કર્યા પછી રાજકન્યાઓ સાથે આનંદમાં દિવસો પસાર કરે છે. દેવોને પણ ઈર્ષા આવી જાય એવા વૈભવી સુખોને રાજકુમાર માણી રહ્યો છે. દિવસો, મહિનાઓ અને વર્ષો વીતવા લાગ્યા. વૈભવ વિલાસમાં ગળાબૂડ ડૂબેલા રાજકુમારની જિંદગી જલ્દી પસાર થવા લાગી. સંસારના સુખોની મસ્તી માણતા ગોપીચંદને કયારે પણ આત્માના સુખોની મસ્તી માણવાનું મન થતું નથી. કયારેય પ્રભુનું નામ લેવું પણ ગમતું નથી. જીવનમાં બધું હોય પણ જો ધર્મ નથી તો એ જીવન મીઠા વગરના ભોજન જેવું છે.

**પુત્ર માટે પરલોકની ચિંતા કરતી માતા:**-ગોપીચંદની માતા આજની માતા જેવી ન હતી, પણ ધર્મના સંસ્કારને પામેલી હતી. ગોપીચંદ જીવનમાં ધર્મ કે - પરોપકારના કાર્યો ન કરે તો માતાને ગમતું ન હતું. તેમને આ વાતનું મોટું દુઃખ હતું. મારો દીકરો આ રીતે રંગરાગમાં પોતાનું જીવન વ્યર્થ પૂરું કરી નાખશે! એના બધા પુણ્ય અહીં જ ભોગવાઈને ખતમ થશે! અરરર....તો બિચારાનું પરલોકમાં શું થશે! પૂર્વભવમાં કમાણી કરીને આવ્યો છે તે ખાય છે પણ આ ભવમાં કંઈ કમાણી કરતો નથી તો આવતો ભવ તેનો કેવો થશે? પુત્રની પરલોકની ચિંતા કરનારા માબાપ કેટલા? હા, આ ભવની ચિંતા કરનાર માબાપ તો ઘણા હોય છે, પણ પરલોકની ચિંતા કરનારા બહુ અલ્પ હશે.

**ધ્રુસ્કે રડતી ગોપીચંદની માતા:**-એક દિવસની વાત છે. ગોપીચંદની માતા મહેલના ઝરૂખામાં ઉભા હતા. નીચે પરસાળમાં ગોપીચંદ સ્નાન કરવા બેઠા છે. સ્નાન કરીને ઉભા થયા. શરીર લુછતા હતા ત્યાં બરડા પર ઉના ઉના પાણીના ટપકા પડ્યા. ગોપીચંદ પૂછે છે અરે! આ ઉનું ઉનું શું પડયું? ઉંચે નજર કરી તો માતા ઝરૂખે ઉભી છે, ને આંખમાંથી અશ્રુ વહાવી રહી છે. તે અશ્રુના ટપકા શરીર પર પડયા છે. માતા વિચારી રહી છે, જો મારો દીકરો સંસારનો કીડો બની, રંગ-રાગમાં મસ્ત બની

ભાગમય જીવન જીવશે તો એનું શું થશે ? માતાને પોતાના પુત્રનું આવું ભાગી જીવન જોવું પણ ગમતું નથી. છતાં માતા પોતે પોતાના સગા દીકરાને ચોખ્ખા શબ્દોમાં કહી શકતી પણ નથી, તેથી આંખમાંથી અશ્રુ સરી પડયા. એ આંસુના બૂંદ દીકરાની પીઠ પર પડયા. ગરમ ટીપાના સ્પર્શથી ચકિત બનેલા રાજકુમારે ઉંચે નજર કરી તો મા રડી રહી હતી. આંખના આંસુ દીકરાની પીઠ ઉપર પડી ગયા છે એ જાણી ગયેલી માતા તરત અંદરના ખંડમાં જઇને ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગી.

**પુત્રને સદ્‌બોધ આપતી માતા:**–માતાને રડતી જોઈને માતૃભક્ત ગોપીચંદ ભીના કપડે જ મા પાસે પહોંચ્યો. માતાની આંખમાં આંસુ જોયા, તેથી પૂરા કપડા પણ ન પહેર્યા અને એકે શણગાર પણ ન સજ્યા. ગોપીચંદ જઇને માતાના પગમાં પડયો. અને પૂછયું, ઓ મા ! તું આટલું બધું રડે છે શા માટે ? તારી આંખમાં આજે શા કારણે અનરાધાર આંસુ વહ્યા જાય છે ? માતા ભાવાવેશમાં આવી જઈને ઉભી થાય છે અને કહે છે દીકરા ! તારા ખાતર રડું છું. મા ! મારા ખાતર રડે છે ? શા માટે મારા માટે રડવું પડયું તારે ! મારા બેઠા તારી આંખમાં આંસુ ? બેટા ! આજ નહિ, રોજ રડું છું. તને તો આજે ખબર પડી. દીકરા ! તારા જીવનમાં કોઈ ત્યાગ નથી, તપ નથી, પ્રભુ નામનો જાપ નથી કે પ્રભુનું ધ્યાન નથી. તારા પુણ્યોદયે તારા પિતા રાજ્ય સંપત્તિ મૂકીને ગયા છે, પણ તને ખબર છે કે બેટા ! તારા બાપ પણ એક દિવસ મરી ગયા. તારા કરતાં ય તારા પિતા શરીરે વધુ પહેલવાન અને નિરોગી હતા, છતાં એક દિવસ સ્મશાનમાં જઈને સૂઈ ગયા અને એના દેહની ભસ્મ થઇ ગઈ. બેટા ! તારે પણ એક દિવસ જવું પડશે, અને તારા દેહની પણ રાખ થઈ જશે.

માતાના હૃદયભેદક વચનો સાંભળતા ગોપીચંદ ગદ્‌ગદ્ થઇને કહે છે. માતા ! તારી વાત સત્ય છે. તો મા હું શું કરું ? માતાએ રસ્તો બતાવ્યો. બેટા ! સંન્યાસ લે. તારા પરલોકને સુધાર. આ ભોગવિલાસ તને દુર્ગતિના દ્વારે લઈ જશે. આ રાજ્ય–પ્રતિષ્ઠા તને પતનની ખાઇમાં ધકેલી દેશે. સાચું સુખ ભોગમાં નથી પણ ત્યાગમાં છે. આજે આવો માર્ગ બતાવનારી આદર્શ માતાઓ કેટલી ! માતાની વાતો સાંભળી ગોપીચંદ સ્તબ્ધ થઈ ગયો. માતાની મીઠી ટકોરે આત્મા જાગી ઉઠયો. આદર્શ માતાના એ આદર્શ પુત્રે એ જ પળે સંસારનો ત્યાગ કર્યો. ભગવા વસ્ત્રો પહેર્યા અને વનની વાટે ચાલી નીકળ્યો. માતા પોતાના વહાલા દીકરાને ત્યાગ માર્ગે જતો જોઇ રહી. એની આંખમાંથી હર્ષના આંસુ પડવા લાગ્યા. એક વખત રમણીઓના રાગમાં મસ્ત બનેલો, રંગરાગની મસ્તી માણતો ગોપીચંદ ત્યાગની મસ્તી માણવા લાગ્યો. આ હતી આદર્શ માતા ! જેણે પોતાનો પુત્ર પરલોકમાં સુખી કેમ થાય તે માટે ત્યાગ માર્ગ બતાવ્યો.

મયણરેહા આવી આદર્શ નારી હતી. તે પોતાના બાળકની કરૂણ હાલતનો વિદ્યાધરને ખ્યાલ આપે છે, અને પોતાને ત્યાં લઈ જવા કરગરી રહી છે; પણ વિદ્યાધરે મયણરેહાની આંખો જોઈ ત્યારથી તેના પર મુગ્ધ બન્યો છે. તેના નયનો જોઈને તેનું મન ચલાયમાન થયું. ભગવાન બોલ્યા છે કે–

**જેમ કુર્કટ બચ્ચાને, બિલાડીનો સદા ભય,**
**તેમ છે બ્રહ્મચારીને, સ્ત્રીના સંસર્ગનો ભય.**

જેમ કુકડાના બચ્ચાને હંમેશા બિલાડીનો ભય રહે છે, તેમ બ્રહ્મચારી પુરૂષને સ્ત્રીનો અને બ્રહ્મચારી સ્ત્રીને પુરૂષનો ભય રહે છે. સતીનું રૂપ ઘણું છે. એકાંત સ્થાન છે. એટલે સતી મનમાં ફફડી રહી છે. અરે, કહ્યું છે કે ૮૦ વર્ષની ડોશી હોય, તેના કાન, નાક, હાથ, પગ કપાઈ ગયા હોય એવી સ્ત્રી હોય તો પણ એકાંતમાં તેની સાથે વાસ કરવો નહિ. સતી વિચાર કરે છે, એકાંત સ્થાન છે. યુવાન પુરૂષ છે, માટે મારે સાવધાન બનવું જરૂરી છે. અહીં એકાંતમાં પુરૂષની સાથે રહેવું સારું નથી, પણ જો સાથે રહેવું પડે તો જ્ઞાનભાવનાની સાથે રહેવું કે જેથી કોઈ પ્રકારનો ભય ન રહે, માટે મારે એને ભાઈ બનાવી લેવો જોઈએ, તેથી જ એણે વિદ્યાધરને ભાઈ કહીને સંબોધ્યો છે. સતી સ્ત્રીને તો જગતના બધા પુરૂષો ભાઈ ને બાપ સમાન છે. સતી કહે છે વીરા ! હાથીએ મને સૂંઢમાં ઉછાળી ત્યારે હું તો માનતી હતી કે તળાવમાં પડીને મરી જઈશ, પણ આપે મને ઝીલીને જીવતદાન આપ્યું છે. થોડું કપડું આપનારને પણ ભાઈ માનવામાં આવે છે તો તમે મને જીવતદાન આપ્યું છે, એ શું ભાઈના સંબંધ કરતા ઓછું છે !

**સતીનું સૌંદર્ય જોતાં અંગમાં ઉદ્ભવેલી આગઃ**–મયણરેહા વિદ્યાધરને ભાઈ કહે છે પણ ભાઈ થવું કોને ગમે ? જેણે નિર્વિકાર દશા કેળવી છે એવા પુરૂષો બીજી સ્ત્રીઓ માટે ભાઈ બાપ સમાન છે, પણ આ વિદ્યાધર તો મયણરેહાનું રૂપ જોઈ કામાંધ બની ગયો હતો. તેની આંખોમાં વાસનાના ભોરીંગ ફુંફાડા મારતા હતા. ભોગી ભ્રમર એના સૌંદર્યમાં આકર્ષાયો હતો. એવાને ભાઈ બનવું ક્યાંથી ગમે ? મયણરેહા જેવી સતી કોઈને પોતાનો ભાઈ બનાવે એ શું કાંઈ ઓછી વાત છે ! પણ પરસ્ત્રીની તૃષ્ણાના કારણે તેને મયણરેહાના ભાઈ બનવું ગમ્યું નહિ. વિદ્યાધર કહે છે–તું ભાઈ–ભાઈ કોને કહે છે ? મેં તને દયાને કારણે કે ભાઈ બનાવવા ઝીલી નથી પણ તને મારી સુંદરી બનાવવા ઝીલી છે. મેં તારી રક્ષા કરી છે. તું મારી રક્ષા કર. તારું સૌંદર્ય જોતાં મારા અંગેઅંગમાં આગ જાગી ઉઠી છે. મેં તને મારી પટરાણી બનાવવા બચાવી છે. હું કોણ છું તે તું જાણ અને ભાઈ–ભાઈ કહેવાનું છોડી દે. હું વૈતાઢ્ય પર્વતની બે શ્રેણીઓનો રાજા છું. મારા રાજ્યમાં ૧૧૦ નગરો છે. તે નગરો પણ ગંધર્વના નગરો છે. ગંધર્વોમાં સૌથી મોટો રાજા હું છું. તારા સદ્ભાગ્યે તને હું મળી ગયો છું. એટલા માટે તું બીજી વાતોને છોડી દે અને મારી પટરાણી બન. જેમ પતંગિયું દીપકના રૂપમાં આકર્ષાય છે તેમ આ વિદ્યાધર મયણરેહાના રૂપમાં આકર્ષાયો છે. એક સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે–

**गतिविभ्रमेङ्गिताकार हास्य लीला कटाक्ष विक्षिप्तः ।**
**रुपावेशित चक्षुः शलभ इव विपद्यते विवशः ॥**

સવિકાર ગતિ, સ્નિગ્ધ દૃષ્ટિ, મુખ–છાતી આદિ આકાર, સવિલાસ હાસ્ય અને

કટાક્ષથી વિક્ષિપ્ત સ્ત્રીના રૂપમાં જેણે પોતાની દૃષ્ટિ સ્થાપી છે અને જે વિવશ બન્યો છે, તે પતંગિયાની જેમ નાશ પામે છે.

તમે પાગલ પતંગિયાને તો જોયું છે ને ? વિજળીના દિવાઓના ઝગમગાટમાં કદાચ પતંગિયું ન જોયું હોય પણ કોઈ પણ ગામડામાં જાઓ ત્યારે રાત્રીના સમયે ઘીના કે તેલના દીવાઓ સળગેલા હોય તેની પાસે બેસજો. એ દીપકની આસપાસ કોઈ એક બે પતંગિયા આવીને ચક્કર મારવા લાગશે. એ દીપકની જ્યોતિમાં ભલે આપણને રૂપનું દર્શન થતું ન હોય પણ પતંગિયાએ તો એમાં અદ્‌ભૂત રૂપદર્શન કરેલું છે. એને એ દીપ જ્યોતિનું રૂપ ખૂબ ગમે છે. એ જ્યોતિની આસપાસ ઘૂમે છે ને એ પ્યારી દીપજ્યોતિને ભેટવા ત્યાં પહોંચી જાય છે. દીપજ્યોતિનું રૂપ એને આકર્ષે છે પણ જ્યાં એ દીપજ્યોતિને સ્પર્શે છે, ત્યાં દીપજ્યોતિ એને બાળીને ભસ્મ કરી દે છે. એ ભોળા પતંગિયાને ક્યાં ખબર છે કે દીપકનું રૂપ જેટલું આહ્‌લાદક છે એટલો એનો સ્પર્શ ખતરનાક છે. જેનું રૂપ સારું હોય એનો સ્પર્શ પણ સુખદાયી હોય એવો નિયમ નથી. અજ્ઞાની પતંગિયાને આ નિયમનું જ્ઞાન ન હોય પણ ચબરાક કહેવાતો માનવી પણ આ સિદ્ધાંતને ન સમજી શકે એ વાત કેવી રીતે માનવી ?

જ્યારે પુરૂષ કોઈ રૂપવતી નારીની લટકાળી ચાલ જુએ છે, ત્યારે એનું મન ચંચળ થઈ જાય છે. એ લાવણ્યમયી લલનાના લોચનમાં અંજાઈ જાય છે. એ ચંદ્ર જેવા મુખને જુએ છે, ત્યારે એનું હૃદય ખળભળી ઉઠે છે ને એનું મન એના તરફ આકર્ષાઈ જાય છે, પછી અનિમેષ નયને ટગરટગર એ કામી પુરૂષ એ કામિનીને જોયા કરે છે. જેનું રૂપ ગમ્યું એનો સ્પર્શ કરવાનું મન થવાનું. રૂપનો રાગ સ્પર્શની ઇચ્છા જગાડે. જેના રૂપનું દર્શન આનંદ આપે, એનો સ્પર્શ પણ આનંદ આપે એવો નિયમ નથી. સ્ત્રીના રૂપનું દર્શન કામી પુરૂષને કદાચ આનંદ આપે પણ એનો સ્પર્શ તો દઝાડે. અરે, સ્પર્શની વાત દૂર રહી, માત્ર સ્ત્રીના રૂપનું દર્શન પુરૂષના મનને દઝાડે છે, બાળે છે, અને સર્વનાશ કરે છે.

શ્રેષ્ઠિપુત્ર રૂપસેનની વાત સાંભળી છે ને ? એણે માત્ર સુનંદાનું રૂપ જોયું હતું ને ? સુનંદાના મીઠા શબ્દો સાંભળ્યા ન હતા કે તેનો સ્પર્શ પણ કર્યો ન હતો, છતાં રૂપસેનને દઝાડ્યો ને ? સુનંદાને જોતાં રૂપસેનના મનમાં રાગની આગ લાગી. રાજમહેલના ઝરૂખામાં બેઠેલા રૂપસેનની દૃષ્ટિ સુનંદાની દૃષ્ટિ સાથે મળી. રાજકુમારીનું રૂપ–લાવણ્ય–સૌંદર્ય તો અથાગ હતું. એણે ઈશારાથી રૂપસેનને આવવા માટે આમંત્રણ આપ્યું. રૂપસેન સુનંદા તરફ ખેંચાઈ ગયો ને એની પાસે જવા તૈયાર થયો, પણ એની પાસે જતાં માર્ગમાં હોનારત સર્જાઈ ગઈ. ભીંત તૂટી પડી અને રૂપસેન દટાઈ ગયો ને મૃત્યુ પામ્યો. આ છે રૂપ–દર્શનનો મોહ. જેવી રીતે સ્ત્રીના રૂપમાં મોહિત પુરૂષ પોતાનો નાશ નોતરે છે તેવી રીતે પુરૂષના રૂપમાં રસીક બનેલી નારી પણ પોતાનો નાશ નોતરે છે.

**ઉલમાંથી ચૂલમાં :—** મણિપ્રભ મયણરેહાના રૂપમાં પાગલ બન્યો છે, તેથી મયણરેહાને પટરાણી બનાવવાનું કહ્યું. સૌંદર્ય એક એવું શતપત્ર કમળ છે કે જેની

પાંખડી પર ભ્રમર આકર્ષાયા વિના રહે નહિ. ભલે પછી એ મહેલમાં હોય કે જંગલમાં હોય. મયણુરેહા તો વિદ્યાધરના શબ્દો સાંભળી ધ્રૂજી ઉઠી. અરે...શીલ રક્ષા કાજે વનવાસ સ્વીકાર્યો, મહેલ છોડ્યો, શીલની રક્ષા ખાતર ને! પ્યારા પુત્ર ચંદ્રયશને અળગો કર્યો, તે પણ શીલની રક્ષા માટે જ ને! એના પર જ પાછું આક્રમણ! મારા પતિદેવ ભાઈના હાથે મરાણા. હજુ તેમનું શબ પણ ઉપડયું ન હતું ને શીલ સાચવવા વનની વાટે નીકળી ગઈ. હું કેવી અભાગણ છું કે હું દુઃખ દાવાનળમાંથી બચીને ભાગી તો અહીં આવીને કૂવામાં પડી. હું દુઃખમાંથી બચવા બીજે જાઉં છું તો મારા માટે દુઃખ તૈયાર હોય છે. અત્યારે મારી દશા હરિણીના જેવી થઈ છે. હરિણી જાળમાંથી નીકળીને ભાગવા જાય છે ત્યાં તેની પાછળ પારધી પડચો છે. આ પ્રમાણે હું એક મણિરથના પંજામાંથી માંડમાંડ છૂટી ત્યાં તો આ મણિપ્રભ મને દુઃખ આપવા માટે તૈયાર ઉભો છે. મયણુરેહાને પોતાના સૌંદર્ય પર અને રૂપરંગ પર ફિટકાર છૂટચો. ધિક્કાર છે આ રૂપને! અરેરે...હે કર્મરાજા! જો તારે મારી આવી સ્થિતિ કરવી હતી તો મને શા માટે વિદ્યાધરને ઝીલવા દીધી! હે દરિયાના નીર! હે વહેતા ઝરણાં! જો આવું થવાનું હતું તો મને પાણીમાં શા માટે ન ડૂબાડી દીધી! આવા જીવને જીવવા કરતાં મરવું શ્રેષ્ઠ છે. શીલ સાચવીને જીવવું ગમે છે પણ શીલ ગુમાવીને જીવવું ગમતું નથી. હે વનચર વાઘ, સિંહ પ્રાણીઓ! તમે મને શા માટે ફાડી ન ખાધી! હું તો પતિ મરણ પામ્યા ત્યારે જ કટાર ખોસીને મરી જાત, પણ ગર્ભમાં બાળક હતું, તેથી બે જીવોની હિંસા થાય એટલે ન મરી. હવે તો તે પુત્રથી મારો છૂટકારો થઈ ગયો છે. હું એકલી જ છું. તમે બધાએ મને શા માટે જીવતી રાખી! રે દુઃખીયા પ્રાણ! તને ક્યાં લઈ જાઉં?

ખરેખર કામવાસના કેટલી ભયંકર છે! મણિપ્રભની કામવાસનાએ સતી મયણુરેહાને સંકટમાં મૂકી દીધી, પણ સતી સ્ત્રીઓ પ્રાણુના ભોગે પણ શીલ સાચવે છે. અરે કામવાસના! તને સહસ્રવાર ધિક્કાર છે. કંઈક વાર યોગીઓ પણ પતિત થઈ જાય છે. એકવાર શંકરજી પાર્વતીને કહે છે, મારું ધ્યાન એવું છે કે એક વાર મારી સામે દેવાંગના આવે તો પણ ચલિત ન થાઉં. પાર્વતીને પરીક્ષા કરવાનું મન થયું. શંકરજી જંગલમાં ગયા, અને એક આસને ધ્યાન લગાવીને બેસી ગયા. પાર્વતીજીએ ભીલડીનું રૂપ લીધું. ભીલડીનું રૂપ લઇને નાચવા લાગી. હાથમાં ઘૂઘરા બાંધ્યા હતા. પગમાં ઝાંઝર હતા. ઝાંઝરનો મીઠો અવાજ આવતો હતો અને ભીલડીના મીઠા મધૂરા સૂરની સૂરાવલી છૂટતી હતી. ભીલડીએ તો ઘણીવાર સુધી નાચ કર્યો. શંકરજીના કર્ણપટ પર આ મીઠો મધુર અવાજ અથડાયો, તેથી ધ્યાનથી ચલિત થયા. તે ધ્યાનમાં સ્થિર રહી ન શકચા. આંખ ખોલીને જોયું. સામે ભીલડીને નાચતી જોઈ. ભીલડીને જોઇને મનમાં થયું કે અહાહા...શું આનું રૂપ છે! શું આનું સૌંદર્ય છે! શું એની મૃગ જેવી આંખ છે! પ્રભુના ધ્યાનને બદલે ભીલડીના રૂપના ધ્યાને ચઢ્યા. શંકરજી ધ્યાનથી ચલિત થઈ ગયા. તેમની ગાડી પાટા પરથી ઉથલી પડી. તે ભીલડીના રૂપમાં મુગ્ધ બન્યા. ખરેખર! રૂપ–સૌંદર્યમાં એ શક્તિ છે કે ભલભલાને

પણ પોતાના તરફ આકર્ષે છે. શંકરજીએ તો ધ્યાન પાળીને ભીલડી પાસે માંગણી કરી. તું મારા ઘરમાં આવ. આપણે આનંદથી જીવન જીવીશું. ભીલડી કહે, તમારે ત્યાં આવીને શું કરું? તમારે ત્યાં પાર્વતીજી છે એ મને અંદર પણ પેસવા ન દે. હું પાર્વતીને પિયર વિદાય કરીશ ને તમને રાખીશ. કેટલા વર્ષોથી રાખેલી પાર્વતીને શંકરજી વિદાય કરવા તૈયાર થયા. આ તો ભીલડી પોતે પાર્વતીજી હતા. તેને તો શંકરજીનું પાણી જોવું હતું. કે તેમનામાં કેટલું શીલત્વપણું છે! તેથી ભીલડીનું રૂપ લઈને ચમત્કાર બતાવ્યો. છેવટે ભીલડીએ પોતાનું મૂળ રૂપ પ્રગટ કર્યું. શંકરજીને પોતાની ભૂલ સમજાણી. કહેવાનો આશય એ છે કે રૂપ ભલભલા યોગીઓને પણ પછાડે છે. સતી મયણરેહાનું રૂપ જોઈને મણિપ્રભ વિદ્યાધર પણ ભૂલો પડી ગયો.

સતી મયણરેહાને આફત પર આફત આવી રહી છે, તેથી દરિયાના નીર અને વનચર પશુઓ બધાને ઉપાલંભ આપી રહી છે. સતીને હવે પુત્રની ચિંતા કરતાં વિદ્યાધરની અયોગ્ય માંગણી ઉપર પોતાના શીલને કેમ જાળવવું એની ચિંતા થઈ પડી. એ દિગ્મૂઢ થઈ ગઈ કે આ શું? શું મેં ગત જન્મમાં બીજાને શીલમાં અંતરાય પાડી હશે? અથવા અરિહંતનું શરણું બરાબર લીધું નહિ હોય તેથી શીલ પર આક્રમણની પરિસ્થિતિ ઉભી થાય છે! અહાહા...જીવની કેટલી અજ્ઞાન દશા! જગતના દુઃખી જીવોના નાથ, અનાથના નાથ, જગત પર અનંત કરુણાનો ધોધ વહાવનાર, કલ્પવૃક્ષ સમા અરિહંત દેવનું શરણું મૂકીને બહાર જાવું છે? વિષયોના બાવળિયે વળગવું છે તો કાંટા ન વાગે તો શું થાય? કુદરતી અરણ્યના તૃણ મૂકી શિકારીના ગોઠવેલા મિષ્ટાન્નમાં લલચાય તો હરણિયા કેવી રીતે બચે? સરોવરના યથેચ્છ વિહરણ મૂકી માંસપેશીમાં લોભાયેલ માછલીની કેવી વિટંબણા! રોટલીના ટુકડાની લાલચે પાંજરે પૂરાયેલા ઉંદરની કઈ દશા! ટુકડો લેવા જાય એટલી જ વાર! આજના નિર્દય માણસના હાથમાં તો ઉંદરની દશા શી? દુનિયામાં બિલાડો ઉંદરનો વૈરી કહેવાય પણ તે યોજનાબદ્ધ નહિ. આજનો માનવ યોજનાબદ્ધ વૈરી! કેવો કલિકાળ! પ્રકૃતિએ સર્જેલી સૃષ્ટિમાં બધા ભાઈ ભાઈ કહેવાય. જાતે જીવીને બીજાને જીવાડવાનું હોય ત્યારે આજે બીજાને મારીને પોતે જીવવાનું કરે છે! દુર્ગતિના પાંજરામાં પૂરાવાની આ લત છે.

માનવ જીવનમાં આવ્યા એટલે તો બાજી જીતી ગયા સમાન છે, પણ મૂઢ જીવ તે ભૂલી જાય છે, અને બાજી હારી જવાની કરણી કરવા બેઠો છે. **"ધન કીધું ધુળધાણી, જીતી બાજી ગયો હારી રે."** ધનને ધૂળધાણી કરી નાખ્યું. કયું ધન? સુસંસ્કાર અને માનવભવ આદિનું પુણ્યધન વેડફી નાંખ્યું તો બાજી હારી ગયા, કારણ કે પહેલા નીચેથી ઉંચે આવ્યા હતા. હવે ઉંચે આવ્યા પછી જો જીવ અમૂલ્ય જીવનને કામભોગમાં વેડફી નાંખે તો ઉંચેથી નીચે પટકાવા સિવાય બીજું શું હોય! સતી આ પ્રમાણે પોતાના શીલને કેવી રીતે સાચવવું તેની ચિંતા કરી રહી છે. હજુ સતી પોતાના શીલના રક્ષણ માટે શું ઉપાય લેશે ને શીલને કેવી રીતે સાચવશે તે અવસરે.

**ચરિત્રઃ-સાગરત્ત શેઠની તપાસ માટે યુક્તિઃ-** ઉદયચંદ શેઠે સાગરદત્ત શેઠને જે લાડવા ભાતા માટે આપ્યા હતા તે જ લાડવા કંદોઈને ત્યાંથી આવ્યા એટલે શેઠને થયું કે સાગરદત્ત શેઠનું શું થયું તે હું તપાસ કરાવું. એમ વિચાર કરી શેઠે મુનિમજીને કહ્યું, આપ કંદોઈની દુકાને જઈને તપાસ કરો કે તે લાડવા તેમણે બનાવ્યા છે કે કોઈ આપી ગયું છે? મુનિમજી તો ગયા કંદોઈની દુકાને. મુનિમજીને જોઈને કંદોઈ કહે, આપ આવ્યા છો, પણ હવે મારી પાસે લાડવા નથી. તમને લાડવાનો જીભમાં સ્વાદ રહી ગયો લાગે છે? મુનિમજી કહે ભાઈ! હું લાડવા લેવા નથી આવ્યો. હવે અમારે લાડવાની જરૂર નથી, પણ શું તમારા લાડવા છે! એક વાર ખાય તો સ્વાદ રહી જાય! શું એનો સ્વાદ છે, શું એની મધુરતા છે! તમે અત્યાર સુધી આવા લાડવા બનાવીને કેમ વેચતા ન હતા! મુનિમજીને વાત જાણવી છે કે લાડવા તેની દુકાનના છે કે બહારના? પણ સીધું કેવી રીતે પૂછાય, તેથી આવી રીતે કહે છે. મુનિમજીએ તો લાડવાના ખૂબ વખાણ કર્યા. કંદોઇ કહે- ભાઇ! હું આવા લાડવા બનાવતો નથી. આ લાડવા તો આપણા ગામના પાદરમાં રૂપો ભીલ ફરે છે. તે મારે ત્યાં વેચી ગયો છે. મુનિમને વાત મળી ગઈ. ઘેર જઈને શેઠને વાત કરી. આ વાત સાંભળીને શેઠના મનમાં થયું કે રૂપો ભીલ ક્યાંથી લાડવા લાવ્યો હશે? કેવી રીતે લાવ્યો હશે? શું તેણે સાગરદત્ત શેઠને માર્યા તો નહિ હોય ને? તેથી ઉદયચંદ્ર શેઠે નોકરને કહ્યું. આપ ગામ બહાર રૂપો ભીલ ફરે છે તેને બોલાવી લાવો.

**નૌકરને પઢાયો લાવો રૂપા ભીલને જાકર મત દેર લગાઓ.**
**ભીલ રૂપો ઝટ આયો પૂછે શેઠ કહાંસે લાયો લાડુ!**

આપ જલ્દી જાવ ને રૂપા ભીલને બોલાવી લાવો. નોકર કહે-ક્યાં રૂપો ભીલ રહેતો હશે? અમે તેને ક્યાં શોધવા જઈએ? શેઠની આજ્ઞા થતાં નોકર રૂપા ભીલને બોલાવવા ગયો. રૂપો ભીલ મળી ગયો. નોકર કહે છે, અમારા શેઠ આપને બોલાવે છે. મને કેમ બોલાવે છે? શેઠની તારા પર મહેરબાની છે, પણ કોપ નથી માટે તું જલ્દી મારી સાથે ચાલ. રૂપો નોકરની સાથે શેઠને ઘેર આવ્યો. શેઠ વાત કરતાં કરતાં પૂછે છે, રૂપા! તું આ લાડવા ક્યાંથી લાવ્યો? અને લાડવા વેચી નાખ્યા શા માટે? રૂપો કહે શેઠ! હું ત્રણ દિવસનો ભૂખ્યો ભટકતો હતો. કહ્યું છે કે बुभुक्षितो किं न करोति पापम्। ભૂખ્યો માણસ જેટલા પાપ ન કરે એટલા ઓછા છે. હું ત્યાં ભટકતો હતો ત્યારે ત્યાં એક પથિક આવ્યો. એની સાથે એની પત્ની અને બે બાળકો હતા. મેં કહ્યું, આપની પાસે જેટલું હોય તેટલું બધું આપી દો નહિ તો હું આપને મારી નાખીશ. એ પથિક કહે ભાઈ! મારી પાસે નથી રૂપિયા કે નથી દાગીના કે નથી રત્નો. મારી પાસે ખાવા માટે માત્ર લાડવા છે. તે તારે જોઈતા હોય તો આપી દઉં. બાકી બીજું કંઇ મારી પાસે નથી. તેમણે બધા લાડવા આપી દીધા.

**ગરીબીમાં અમીરી**:–રૂપા ભીલ પાસેથી આ વાત સાંભળતા શેઠની આંખમાં અશ્રુની ધાર થઇ. અરરર... બિચારા છોકરાઓનું શું થશે? એ ભૂખ કેવી રીતે વેઠશે? કેટલી દયા! ગરીબીમાં પણ કેટલી અમીરી! શેઠ કહે, તે પથિકે છોકરાઓ માટે લાડવા રાખ્યા કે નહિ? અરે શેઠ, તે તો એટલા બધા દયાળુ હતા. તે કહે તું ત્રણ દિવસનો ભૂખ્યો છું. અમે તો આજનાં ભૂખ્યા છીએ. કાલે કોઈક હરીનો લાલ મળી જશે! આટલી ગરીબાઈમાં પણ કેટલી ઉદાર વિશાળ ભાવના! પછી શેઠ કહે રૂપા! તું સાચું કહેજે, તેં એમને માર્યા છે? તેં એમને સતાવ્યા છે? શેઠ સાહેબ! હું એમને મારત જરૂર પણ એમણે મને બધું દઈ દીધું, પછી શા માટે મારું? મેં એમને માર્યા નથી કે સતાવ્યા નથી. મને ભૂખ્યો જાણીને મારા પર દયા કરીને મને લાડવા આપી દીધા.

**ઉદયચંદ જ્ઞાન લગાયો, ધન ધન હૈ સાગરદત્તને,**
**કરૂણા લ્યાયો ભીલ પરે, કર્મ પણ પડયા લારે.**

શેઠ કહે ધન્ય છે ધન્ય છે સાગરદત્તને! પરોપકારની પ્રતિમા સમાન શેઠને ધન્ય છે. પોતાની પાસે નહીં હોવા છતાં બીજા પર કરૂણા કરી, હતું તે પણ આપી દીધું; પણ ખરેખર કર્મોએ તેમનો પીછો પકડયો છે. તો જ આપેલા લાડવા મારે ત્યાં પાછા આવ્યા. શેઠ કહે–રૂપા! તને લાડવા આપ્યા તો તેં વેચી કેમ દીધા? શેઠજી! હું લાડવા લઈને જમવા બેસતો હતો. મને તો લાડવા મળ્યા તેથી ખૂબ આનંદ હતો, પણ ભીલડી કહે–આવા લાડવા આપણે ન ખવાય. આ લાડવા તો સુખી શ્રીમંતો ખાય, માટે આપ આ લાડવા ગામમાં જઇને વેચી આવો તો આપણે ચાર–આઠ દિવસના રોટલા નીકળશે. ભીલડીના કહેવાથી મેં કંદોઇને ત્યાં લાડવા વેચ્યા ને તેના મૂલ્ય લીધા. શેઠ વિચાર કરે છે અહાહા....શેઠે લાડવા ન ખાધા. ભીલના હાથમાં ગયા. ભાણા પર જમવા બેઠો છતાં એ ખાઇ ન શકયો. શું કર્મ રાજા! તમારા ખેલ છે! હવે ભીલ ત્યાંથી ચાલ્યો ગયો. શેઠ ધર્મ-આરાધનામાં દિવસો પસાર કરે છે. હવે આ બાજુ સાગરદત્ત શેઠનું શું બન્યું?

**કર્મના કેવા વિચિત્ર નાચ!**:–સાગરદત્ત શેઠ તો ભીલને લાડવા આપીને આગળ ચાલ્યા જાય છે. જુઓ, કર્મો જીવને કેવા વિચિત્ર નાચ કરાવે છે. રાણા પ્રતાપને જંગલમાં કોઇએ જમવા માટે ભોજન આપ્યું પણ ત્યાં અચાનક બિલાડી આવી ને એ ભોજન ખાઈ ગઈ, ને રાણા પ્રતાપ ભૂખ્યા રહ્યા. એ રીતે અહીં ઉદયચંદ્ર શેઠે બાળકોને ખાવા માટે લાડવા આપ્યા હતા પણ તેમના ભાગ્યમાં ખાવાનું નહિ હોય તેથી ભીલે આવીને માંગણી કરી ને બધા લાડવા તેને આપી દીધા. ત્યાંથી ચારે જણાએ આગળ ચાલવા માંડયું. જેમણે પહેલા ધરતી પર પગ મૂકયો ન હતો તે આજે વગડાની વિકટ વાટે વિચરી રહ્યા છે. જેમને ત્યાં સ્નાન કરવા સોનાનો બાજોઠ, સોનાના હિંડોળા હતા, જે સોનાની ટેકરી પર બેઠા હતા, તેમને આજે કર્મરાજાએ પથ્થરની શીલા પર પછાડયા. આ કુટુંબ ચાલ્યું જાય છે. બાળકો ભૂખ્યા થયા છે. હવે ત્યાં શું બનશે તે અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૩૬

**શ્રાવણ વદ ૬ ને ગુરૂવાર** **તા. ૨૦-૮-૮૧**

અવનીના અણગાર, શાસનના શણગાર, દુનિયાના દિવાકર એવા ભગવાન જગતના જીવોને સમજાવતાં કહે છે, હે જીવો! કલ્યાણની કેડીએ કદમ ભરવા માટે આ મનુષ્ય-જન્મ મહાન આરાધનાનું ક્ષેત્ર છે. સંસ્કૃત સુભાષિતકાર બોલ્યા છે.

**भवकोटीभिरसुलभं मानुष्यं प्राप्य कः प्रमायो मे।**
**न च गतमायुभूयः प्रत्यर्.पि देवराजस्य ॥**

કરોડો ભવો (નરક, તિર્યંચ, દેવના) માં દુર્લભ મનુષ્યભવ મેળવીને આ મારો કેવો પ્રમાદ! ગયેલું આયુષ્ય ઈન્દ્રને પણ પાછું આવતું નથી, તો પછી મનુષ્યને તો પાછું આવે જ શાનું?

આ શ્લોકમાં શું સમજાવે છે? માનવજીવન કેટલું બધું દુર્લભ છે. અનંત અનંત જીવોની સૃષ્ટિમાં સૌથી થોડા મનુષ્યો, તિર્યંચ ગતિના જીવો અનંત તે નિગોદના જીવોની અપેક્ષાએ, દેવ ગતિના જીવો અસંખ્ય અને નરક ગતિના જીવો અસંખ્ય, મનુષ્યો ગણી શકાય તેટલા, તેમાં આપણો સમાવેશ થાય છે. આ મળેલા દુર્લભ જીવનનું ઉચ્ચ મૂલ્યાંકન કરવું જરૂરી છે. આજે દુનિયામાં જે વસ્તુ ઘણા પ્રયત્ને મળે તેને તમે દુર્લભ કહો છો. તે દુર્લભ વસ્તુના મૂલ્ય આંકો છો પણ એનો દુરુપયોગ કરતા નથી ને? જેને દુર્લભતા સમજાતી નથી તે તેને તુચ્છ ગણી તેનો દુરુપયોગ કરે છે.

એક ખેડૂતને ખેતી કરતા એક કળશ મળ્યો. કળશ ઉપર શ્રીફળ મૂકેલું હતું; અને રેશમી વસ્ત્ર બાંધેલું હતું. ખેડૂતે કળશ ખોલીને જોયું તો અંદર પથરા હતા. તેની કલ્પના ઉંધી પડી. તેના મનમાં એમ હતું કે અંદર સોના ચાંદીના સિક્કાઓ હશે. એણે તો એ પથરાઓનો ઉપયોગ પક્ષીઓને ઉડાડવામાં કર્યો. બપોરે એનો નાનો પુત્ર ભાત લઈને ખેતરે આવ્યો. તેણે કળશમાં એક પથ્થર જોયો. પથરો ચળકતો હતો. તેણે તે લઈને રમવા માંડયું. રમતો રમતો પોતાને ઘેર જતો હતો. તે પથરો ઉછાળતો ઉછાળતો જાય છે. બજારમાં દુકાને બેઠેલા ઝવેરીએ આ પથરો જોયો. તેણે છોકરાને બોલાવીને તે પથરો જોવા માગ્યો. ઝવેરીએ પથરો જોઈને રાખી લીધો, અને છોકરાને મીઠાઈ આપીને રાજી કરી દીધો. ઝવેરીએ પથરાની કિંમત સવા લાખ રૂપિયા આંકી. તેણે બીજા દિવસે ખેડૂતના ઘેર જઈને ખેડૂતને પૂછયું-તમારી પાસે આવા બીજા પથરા છે? ખેડૂતે કહ્યું, ઘણા હતા, પણ મેં પક્ષીઓને ઉડાડવામાં ફેંકી દીધા. જ્યારે ઝવેરીએ ખેડૂતને પચ્ચીસ હજાર રૂપિયા આપ્યા ત્યારે ખેડૂત હેબતાઈ ગયો. શું એક પથરાના આટલા બધા મૂલ્ય? હું કેવો મૂર્ખ! મેં પથરા ફેંકી દીધા. ખેડૂતે રત્નોને પથરા માન્યા. રત્નોનું મૂલ્ય ન સમજી શકયો, તેથી મળેલા રત્નોને ગુમાવી દીધા. આ વાત આપણે સમજવાની છે. જ્ઞાની ભગવંતે માનવ-જીવનને અમૂલ્ય રત્ન કહ્યું છે. જોજો, આ ખેડૂત જેવી ગંભીર ભૂલ ન કરતા. આ જીવનને વિષય કષાયોમાં ન ગુમાવતા, નહીંતર પસ્તાવાનો પાર નહિ રહે.

મહાન આત્માર્થી સાધકો આ સત્યને સમજતા હોય છે. તેઓ પોતાના જીવનના વીતી ગયેલા વર્ષો તરફ જુએ છે. તે જીવનમાં થયેલી ભૂલો, લાગેલા અતિચારો–પાપોને યાદ કરે છે ત્યારે તેમનું સાધના પ્રિય હૃદય અકળાઈ જાય છે. વર્તમાનકાળમાં પણ થઈ જતા સૂક્ષ્મ પ્રમાદો તેમને વ્યથિત કરે છે. મનમાં થાય છે, અરરર... આ મારો કેવો પ્રમાદ! તેમનું હૃદય કાળો કકળાટ કરે છે. અરે! મારો આટલો બધો સમય જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી રત્નત્રયીની આરાધના વિનાનો ગયો. જીવનમાં ઘણું મોટું નુકશાન... મોટી ખોટ ગઈ.

"जा जा वच्चइ रयणी न सा पडिनियत्तइ।" જે જે રાત્રી દિવસો જાય છે તે પાછા આવતા નથી. આ સનાતન સિદ્ધાંતને સમજેલા મહાપુરૂષો સમયના દુરૂપયોગને મોટું નુકશાન માનતા હોય છે. અપ્રમત્ત જીવનનો આદર્શ સામે રાખીને મોક્ષ માર્ગે ચાલનારા સાધકોને નાનકડો પ્રમાદ પણ શાનો પાલવે? નિદ્રા, વિકથા અને વિષય કષાયને કટ્ટર દુશ્મન માનનારા સાધકો એ દુશ્મનો સાથે ક્ષણ વાર પણ બેસવાનું શાને પસંદ કરે? ક્યારેક રસ્તામાં એ દુશ્મનો મળી જાય અને પૂર્વ જીવનની મૈત્રી યાદ આવી જાય તો ઘડી બે ઘડી તેની સાથે વાતો કરે પણ પછી તેને તરત ખ્યાલ આવી જાય કે આ મારા મિત્રો નથી પણ શત્રુ છે, એટલે તરત પોતાનો રસ્તો પકડી લે. પરભાવમાં ગયેલો આત્મા પોતાના આત્મભાવમાં પાછો ફરે. થઈ ગયેલી ભૂલ તેને ખટક્યા કરે. અરે... મારો કેવો પ્રમાદ!

એ સાચો જ્ઞાની છે, જે જાણે છે કે દેવલોકનો દેવેન્દ્ર કેમ ન હોય! એના પણ વીતેલા જીવનની પળો એને પાછી મળતી નથી. ગુમાવેલું રાજ્ય પાછું મળી શકે. ગયેલું આરોગ્ય પાછું મળી શકે, ગયેલી ઈજ્જત પણ પાછી મળી શકે, પણ ગયેલા જીવનની પળો પાછી મળતી નથી, માટે જે પળો એની પાસે હોય છે એ પળોનો સદુપયોગ કરવા તે જાગ્રત રહે છે. જીવનની એક એક પળનો એ સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં વિનિયોગ કરતો રહે છે. એ જ્ઞાનદૃષ્ટિવાળા સાધકો પણ એ જાણતા હોય છે કે ભૂતકાળ વીતી ગયો, ભવિષ્યકાળ આવવાનો છે. હાથમાં છે વર્તમાનકાળ. વર્તમાનકાળની પળને તેઓ મૂલ્યવાન સમજે છે, અને તે પળની આરાધના કરતા રહે છે. જે મનુષ્ય વર્તમાન પળનો આરાધક હોય છે તે માનવ જીવનની દુર્લભતા સમજનારો છે. માત્ર ભૂતકાળની ભૂલોને યાદ કરી રૂદન કરનારો અને ભવિષ્યની કલ્પનાઓમાં રાચનારો મનુષ્ય માનવ-જીવનનું મૂલ્ય સમજતો નથી. સદૈવ જાગ્રત આત્મા વર્તમાન પળમાં જીવતો હોય છે. એનું ભૂતકાળનું અવલોકન અને ભવિષ્યકાળનું અનુચિંતન પણ વર્તમાન પળને ચેતનવંતી બનાવવા માટે હોય છે.

આજના મંગલ દિવસનું નામ છે "પંદરનું ઘર." આજથી પંદરમા દિવસે ક્ષમાપનાનું એલાર્મ વગાડતું સંવત્સરી મહાપર્વ આવશે. તે પર્વ આવતા પહેલા આત્માને વિશુદ્ધ બનાવવાનો છે. વિશુદ્ધ બનેલો આત્મા ક્ષમાના ઝરણાં વહાવી શકશે. ઘર એટલે

પકડવું. આજથી સંવત્સરી પર્વનું લક્ષ રાખી આત્મા પર વૈરઝેરના-કષાયના જે બાવા-જાળા બાઝી ગયા હોય તેને દૂર કરી આત્માને પવિત્ર બનાવવાનો. દીવાળી આવે ત્યારે મકાનને સાફ કરી રંગરોગાન કરાવો છો અને ઘરને સુશોભિત બનાવો છો તેમ આત્મરૂપી ઘરમાં દુર્ગુણોનો જે કચરો ભરાઈ ગયો હોય તેને દૂર કરી જ્ઞાન-તપ-ત્યાગ-દયા આદિ સદ્‌ગુણોથી શણગારવાનો છે. ઇન્દ્રિયોનો નિગ્રહ કરવા માટે પણ તપની જરૂર છે. જેમ ઘોડાને લગામ હોય છે, સાયકલને, મોટરને બ્રેક રાખવી પડે છે. જો બ્રેક ગુમાવે તો તે જ સાધન તેના પ્રાણ લેનાર બને છે, તેમ ઈન્દ્રિયો પર તપ રૂપી બ્રેક લગાવવાની જરૂર છે. જો ઇન્દ્રિયો પર બ્રેક નહી રાખો તો એ જીવને ક્યાંય દુર્ગતિમાં ફેંકી દેશે. કર્મો હજુ ઉદયમાં આવ્યા નથી. સત્તામાં પડયા છે, તો સત્તામાં પડેલા એ કર્મોને તપ દ્વારા સત્તામાંથી દૂર કરી દો. જેથી એ કર્મો ત્યાંથી જ નાશ પામી જાય. જે નિકાચિત કર્મો છે તે તો અવશ્ય ભોગવવા પડે છે, પણ જે નિદ્ધત કર્મો છે તે તો તપ સંયમ દ્વારા દૂર કરી શકાય છે, માટે આત્મ-શક્તિને ખીલવવા પુરૂષાર્થ કરો. આત્મ-શક્તિ કેળવો. આત્માને ઓળખો અને આત્મસ્વરૂપને પામો. આત્માની શક્તિ અનંત છે.

જૈનદર્શન પ્રમાણે અંજના સતીએ છેલ્લે દીક્ષા લીધી છે, પણ વૈષ્ણવ દર્શનમાં અંજના માટે એમ કહે છે કે પોતાની પાછલી વયમાં વનમાં રહીને તપશ્ચર્યા કરતા હતા. ધ્યાન કરતા હતા. એક વખત ત્યાંથી રામચંદ્રજી વિમાનમાં જઇ રહ્યા હતા. વિમાનમાં હનુમાન, લક્ષ્મણ, નળ, વાનરાધિપ, સુગ્રીવ, ભરત વગેરે પણ હતા. પોતાની માતાની ગુફાની નજીકમાંથી વિમાન જવા લાગ્યું ત્યારે હનુમાનજી હાથ જોડી રામચંદ્રજીને કહે છે. આપ આટલે સુધી પધાર્યા છો, મારી માતા સંસારને લાત મારી, પવનજીના પ્રેમને છોડી અહીં આ ગુફામાં સાધના કરી રહ્યા છે, અને તપથી શરીરને તપાવી રહ્યા છે તો આપ વિમાનને નીચે ઉતારીને મારી માતાને દર્શન ન આપો ?

**અંજનાની ગુફામાં રામ લક્ષ્મણનું આગમનઃ**–હનુમાનની ભાવ ભરી ભાવનાને રામચંદ્રજીએ વધાવી લીધી, અને વિમાન તે ગુફા તરફ વાળ્યું. બધા વિમાનમાંથી નીચે ઉતર્યા અને ગુફા પાસે આવ્યા. હનુમાનજીએ સૌથી આગળ જઈને માતાને વધામણી આપી. ઓ પુણ્યવંતી માતા ! આપ બહાર આવો, જલ્દી બહાર પધારો, આપને આંગણે સાક્ષાત્ રામચંદ્રજી ભગવાન પધાર્યા છે. આ શબ્દો સાંભળતા અંજનાજી તરત ઉભા થયા, અને રામચંદ્રજીનો સત્કાર સન્માન કરવા ગુફાની બહાર આવીને ઉભા રહ્યા. રામચંદ્રજી બધા પધાર્યા એટલે તેણે ઉભા થઈને નમસ્કાર કર્યા અને ભાવભીનું સત્કાર-સન્માન કર્યું, પણ તેના મુખ ઉપર આનંદ કે હર્ષ નથી. મુખડું ઉદાસ છે. હનુમાનજીના મનમાં થયું કે મારી માતા આજે આટલી બધી ઉદાસ કેમ છે ? તેના મુખ ઉપર આનંદ કેમ નથી ? પહેલાં તો મને જોતી તો તે ગાંડી ઘેલી બની જતી ને કહેતી

**બેટા! હનુમાન! તું આવ્યો? કૃષ્ણજી દેવકીમાતાના દર્શને** જતાં કૃષ્ણજીને તો ઘણી **માતાઓ હતી એટલે** રોજ વારાફરતી બધાના દર્શન કરવા જતા, પણ જ્યારે દેવકીમાતાને **વંદન** કરવા જતા ત્યારે દેવકીજી કૃષ્ણજીને જોઈ ગાંડીઘેલી થઈ જતી. અહો! મારા કૃષ્ણ! તું આવ્યો? તેમ અહીં પણ અંજના પહેલા હનુમાનને જોઇને ગાંડીઘેલી થતી ને કહેતી બેટા! તું આવ્યો? પણ આજે ઉદાસ છે. શું તેને કંઈ દુઃખ કે આપત્તિ હશે? અરે કદાચ કંઈ દુઃખ હોય તો મને જોઈને ન હરખાય, પણ રામચંદ્રજી જેવા તેની ઝુંપડીએ પધારે ત્યારે તો ગાંડીઘેલી થઇ જાય અને આજે આમ કેમ?

હનુમાને લક્ષ્મણ તરફ આંગળી કરીને કહ્યું, માતાજી! આ રામચંદ્રજીના લઘુબંધુ **લક્ષ્મણજી છે.** માથા ઉપર પાંચ મણનો બોજો પડ્યો હોય એવી રીતે જાણે કે ભારે **મુશ્કેલીથી તપસ્વિનીએ** માથું ઉંચું કર્યું, અને **લક્ષ્મણજીને નમસ્કાર** કર્યા, પછી **માથું નીચું** નાખી દીધું. હનુમાનના મનમાં પ્રશ્ન થયો કે આજે માતાજીનું આવું વર્તન કેમ છે? તેના મુખ ઉપર ઉમળકો કેમ જણાતો નથી? રામચંદ્રજી પોતે પધાર્યા છે છતાં એમના મુખ ઉપર આનંદની ઉર્મિઓ ઉછાળા કેમ મારતી નથી! શું હશે મનમાં? પછી લક્ષ્મણજીએ ભરતની ઓળખાણ આપતા કહ્યું. માતાજી! આ ભરતજી અનાસક્ત યોગી જેવું જીવન ગાળતા રામચંદ્રજીના બીજા નાના ભાઈ. એ રીતે વાનરાધિપતિ સુગ્રીવ અને નળની ઓળખાણ આપી, પણ અંજનાજી તો કોઈના સામું જોતા નથી. એ તો ગમગીન મુખડે નીચું જોઈને બેસી રહ્યા છે.

**અંજનાને પ્રશ્ન પુછતા લક્ષ્મણજીઃ**–હવે તો હદ આવી ગઈ. લક્ષ્મણજીથી તો ન રહેવાયું. તે તો ઉભા થઈને અંજનાની પાસે ગયા, અને હાથ જોડીને કહ્યું, ક્ષમા કરજો. મહાસતી! આપને આંગણે રામચંદ્રજી પધાર્યા છતાં આપના મુખ ઉપર આનંદ કેમ નથી? હર્ષ કેમ નથી? આપનું ઉદાસ મુખ જોઈ અમારો આનંદ પણ ઉડી ગયો છે. આપ આવું કટાણું મુખ કરીને શા માટે જુઓ છો? આપના પુત્ર હનુમાનની આગ્રહભરી વિનંતીથી અમે અહીં આવ્યા છીએ, છતાં જે પ્રકારનો અતિથિ સત્કાર કરવો જોઈએ તે પ્રકારનો આપે કર્યો નથી, એટલે મારા મનને થોડો ખેદ થયો છે.

**અંજનાજીનો જડબાતોડ જવાબઃ**–લક્ષ્મણજીની બધી વાત સાંભળીને અંજનાજીએ કડક ભાષામાં કહ્યું–હું કેમ બેચેન અને ઉદાસ છું, એ આપને સાંભળવું છે ને? તો હું સંભળાવું, પણ એમાં કોઈ ખરાબ લગાડશો નહિ. મારું તો મને લાગ્યું છે; તેથી જ મારી વર્તણુંકમાં આપને ખામી દેખાઇ, બાકી આપ જેવા મહાનપુરૂષો અહીં પધાર્યા એથી તો મારી ગરીબની ઝુંપડી પાવન થઇ ગઇ. મારો જન્મ પવિત્ર બની ગયો. મારું જીવન ધન્ય બની ગયું, પણ મારી ઉદાસીનતાનું કારણ મારા પુત્ર હનુમાનની નિર્માલ્યતા છે. શું વાત કરો છો માતા! આપનો પુત્ર નિર્માલ્ય! અરે, રામચંદ્રજીને રાવણ સાથે યુદ્ધ થયું ત્યારે તે યુદ્ધમાં વિજય અપાવવામાં મુખ્ય તો આપનો પુત્ર હનુમાન છે. એમણે તો યુદ્ધમાં કેવું પરાક્રમ કર્યું છે! આપ એને નિર્માલ્ય કહો છો?

**ઐસા દૂધ મૈં તેરેકો પિલાયા :**–અંજના આવેશમાં આવીને કહે છે. મેં હનુમાનને કેવા સંસ્કાર આપ્યા છે! એણે કોનું દૂધ પીધું છે. જેવી તેવી માતાનું દૂધ પીધું નથી. આટલું બોલતા અંજનાના હૃદયમાં પુત્ર વાત્સલ્યની છોળો ઉછળવા લાગી. હોઠેથી કઠોર પણ હૈયાની કોમળ એવી અંજનાની કંચુકી ભેદીને દૂધની ધારા ઉડી. તે દૂધની ધારા સામે પડેલી પથ્થરની શિલા પર પડી. શિલાના બે ટુકડા થયા. અંજનાએ હનુમાનને કહ્યું. **એસા દુધ મૈં તેરેકો પીલાયા લેકિન હનુમાન! તેં મેરી કુખ લજાયે.**" જે દૂધથી શિલાના બે ટુકડા થયા એવું દૂધ મેં તને પીવડાવ્યું ને તને ઉછેર્યો, છતાં જ્યારે સીતાને રાવણે કબજે કરી ત્યારે તેને છોડાવવા આ રામચંદ્રજીને ઠેઠ લંકા સુધી શા માટે જવું પડયું? તારા એકલાથી આ કાર્ય નહોતું થતું તે રામચંદ્રજીને ત્યાં સુધી લઈ જવા પડયા! મારો હનુમાન ખરેખર જો પરાક્રમી હોત તો એકલો જ લંકા જઈને સીતાને ન છોડાવી શકત! આ ભગીરથ કાર્ય તેં એકલાએ શા માટે ન કર્યું? સેવક જ્યારે આવો નિર્માલ્ય પાકયો ત્યારે જ એના સ્વામીને લોહીના પાણી કરવા પડયા ને? ખરેખર તેં તો મારી કુખ લજાવી છે. અંજનાના શબ્દો સાંભળતા રામચંદ્રજીની આંખમાં આંસુ આવી ગયા. તેમના મુખમાંથી શબ્દો સરી પડયા. **"માતા મળો તો આવી મળજો. ધન્ય છે આ માતાને!"** આજે આવી માતાઓ મળે ખરી? કયાં એ માતાની ભાવના ને કયાં આજની માતાની ભાવના! આજની માતાઓ શું કહેશે? સૌ સૌનું કરી લેશે. આપણે કરવાની શી જરૂર!

આ પૃથ્વી પર માતાઓ તો ઘણી છે, પણ આવી પવિત્ર માતાઓ દેખાતી નથી. ગીતામાં લખ્યું છે કે જ્યારે પૃથ્વી પર ભાર વધશે ત્યારે કૃષ્ણજી અવતાર લેશે. અત્યારે તો પૃથ્વી પર ભાર વધી ગયો છે ત્યારે કૃષ્ણજીને કહ્યું કે આપ કહેતા હતા તો હવે આ પૃથ્વી પર અવતાર લો, ત્યારે કૃષ્ણજી શું કહે છે, હું પૃથ્વી પર અવતાર તો લઉં પણ પિતા વસુદેવ અને માતા દેવકી હોય તો અવતાર લઉં ને! જેવી તેવી માતાના ગર્ભમાં આવવું નથી.

આપણા અધિકારમાં સતી મયણરેહા આર્ય સન્નારી છે. મયણરેહાને યુવાન વિદ્યાધર રાજાએ પત્ની બનવાની કરેલી માંગણીએ કારમો ઘા કર્યો. એના મનમાં થયું કે જે મહામૂલ્યવંતા શીલની રક્ષા માટે રાજવી સુખ–સગવડો ત્યજીને ભયાનક જંગલમાં આવી, તો અહીં પણ શીલ-રક્ષણ માટે સંકટ આવ્યું! આપ સમજી શકો છો કે સતીને શીલધર્મ કેટલો દુર્લભ અને મોંઘેરો લાગ્યો છે? આટલી વિષમ પરિસ્થિતિમાં પણ એને એવા વિચાર નથી આવતા કે અરેરે...મારી સંપત્તિ લૂંટાઈ ગઈ! હાય! મારા સંસાર સુખ લૂંટાઈ ગયા. આવું કંઈ લાગતું નથી. જે લાગે છે તે એક જ કે અરે! મારા પ્રાણથી અધિક શીલનું રક્ષણ શી રીતે કરવું? શીલ પર આ કેવી ઉપરાઉપર આપત્તિ! માણસને જ્યારે ધર્મ, સદ્ગુણ અને સદાચાર રોમેરોમમાં વ્યાપી જાય છે, રગેરગમાં વહેતા થઈ જાય છે, હૈયું એના શ્વાસોશ્વાસ લે છે, ત્યારે એ ધર્મ, સદ્ગુણો અને સદાચારની રક્ષા

અને વિકાસમાં આત્માને અપૂર્વ પ્રમોદભાવ જાગે છે, અને એના નાશની આગાહીમાં જે ભારે ચિંતા થાય છે એવી ભૌતિક સંપત્તિની રક્ષામાં, વૃદ્ધિમાં કે નાશની આગાહીમાં થતી નથી. આત્મ–જાગૃતિની આ એક સચોટ પારાશીશી છે. જૈનદર્શનમાં તો આવી મહાન સતીઓ થઇ છે. અન્યદર્શનમાં પણ આવી સતીઓ થઈ છે. જેઓએ પ્રાણના ભોગે શીલ સાચવ્યા છે.

સતી સાવિત્રી, સતી અનસૂયા, સતી તારામતી વગેરે અનેક સતીઓ આ ભારત ભૂમિમાં થઈ છે, તેવી જ સતી સુકન્યાની હજારો વર્ષો પહેલાની વાત છે. શર્યાતિ નામે એક રાજા થઈ ગયા. તેમના રાજ્યની સરહદે એક મોટું જંગલ અને જંગલમાં એક પાણીનું સરોવર હતું. સરોવરની આસપાસ અનેક ઋષિમુનિઓના આશ્રમો અને ઝુંપડાઓ હતા. આવા એક ઝુંપડામાં એક વૃદ્ધ, ચ્યવનઋષિ રહેતા હતા. તેઓ તપ ખૂબ કરે, પ્રભુનું ધ્યાન ધરે અને ત્યાં રહે. એક વાર આ ચ્યવન ઋષિએ તપ આદર્યું. સમાધિ લગાવી. ધ્યાનમાં લીન બની ગયાં. ન હાલે કે ન ચાલે. એક પછી એક દિવસો અને મહિનાઓ વીતવા લાગ્યા. સરોવર કાંઠો એટલે ધૂળ ખૂબ ઉડે, તેથી તેમનું શરીર ધૂળથી ઢંકાઈ જાય અને તેમાં ઉપરથી વરસાદ પડે એટલે બધી ધૂળ તેમના શરીરે ચોંટી જાય, ને ધૂળના થર જામતા જાય. આથી તેઓનું આખું શરીર ધૂળથી ઢંકાઈ ગયું, તેથી જાણે મોટો ટેકરો થયો હોય તેવું લાગતું હતું. શરીરના કોઈ પણ અંગ દેખાતા નથી. માત્ર બે આંખો ચકચક થાય છે. તે તારાની જેમ ચમકયા કરે છે.

**સુકન્યાએ કરેલી ભૂલ :** આ પ્રદેશના રાજા શર્યાતિને એક જુઓ અને બીજી ભૂલો એવી રૂપરૂપના અંબાર સમી ઘણી કુંવરીઓ હતી. કુંવરીઓ જેવી રૂપાળી તેવી ગુણવાન, શીલ અને સદાચારની મૂર્તિઓ ! આ બધી કુંવરીઓમાં એક કુંવરી વધુ લાડકી હતી. એનું નામ હતું સુકન્યા. નામ એવા જ ગુણ. એક દિવસ પોતાની સરખી સાહેલીઓ સાથે સરોવરને તીરે વનવિહાર કરવા જવાનું નક્કી કરી પિતાજી પાસે રજા લેવા ગઈ. પિતાએ રાજીખુશીથી હા પાડી. સુકન્યા સાહેલીઓ સાથે ફરવા ગઈ. સુકન્યા ફરતા ફરતા પેલા ચ્યવન ઋષિના ટેકરા પાસે આવી ચઢી. આટલો મોટો માટીનો ટેકરો જોતાં તે આશ્ચર્ય મુગ્ધ બની ગઇ. ટેકરામાં બીજું કંઈ દેખાતું ન હતું. માત્ર પેલી બે આંખો ચમક ચમક ચમકી રહી છે. આગિયા હશે ! મોતી કે કાચ હશે ? લાવ, એ બંનેને બહાર ખેંચી કાઢું. સુકન્યા હજુ નાની છે, સમજ અનુભવ પણ નથી. તેને ખબર નથી કે અહીંયા મુનિ ધ્યાનમાં બેઠા છે. તે સૂકા લાકડાની બે તીક્ષ્ણ સળીઓ લઈ આવી અને ચળકતી દેખાતી ચીજ પર ખોસી દીધી, અને જ્યાં શૂળ બહાર ખેંચવા જાય છે. ત્યાં તો ઓય... ઓય...ચીસ સંભળાઈ અને લોહીની ધારાઓ છુટી. આ દૃશ્ય જોતાં તેના મુખમાંથી પણ ચીસ પડી ગઈ. અરરર...આ મોતી કે રત્નો નથી, પણ માનવની આંખો છે ! તે ગભરાઈ ગઈ.

**પાપને પ્રકાશિત કરતી સુકન્યા :** આ વખતે શર્યાતિ રાજા જંગલમાં દરબાર ભરીને બેઠાં હતા. બધા આનંદ કિલ્લોલ કરી રહ્યા હતાં, ત્યાં રાજાથી માંડીને સેવક સુધી બધાને આખા શરીરમાં ભયંકર વેદના ઉપડી, કાળી બળતરા થવા લાગી. બધા ત્યાં આળોટવા લાગ્યા. એવી પીડા ઉપડી કે હમણાં બધા મરી જશે. ચારેબાજુ રડારોળ થઈ

રહી. રાજા મનમાં મૂંઝાયા. શું કોઈ ઋષિનો પ્રકોપ હશે! લાવ, તપાસ કરું? એમ વિચાર કરી રાજા ઉઠયા ને તપાસ કરવા નીકળ્યા. રસ્તામાં સુકન્યા મળી ગઈ. પિતાજીના પગમાં પડીને કહે છે, બાપુજી! આજે મારાથી મોટું પાપ થઈ ગયું છે! અઘટિત બનાવ બન્યો છે. શું થયું છે બેટા! બાપુજી! સામી ટેકરી પર કંઈક બે ચમકતું દેખાતું હતું. મને એમ થયું કે લાવ હું તે લઈ આવું. તે મેળવવા મેં લાકડાની તીક્ષ્ણ સળીઓ ખોસી ત્યાં ઓયવોયની કરૂણ ચીસ સંભળાઈ. તેમાંથી લોહીની ધાર થઈ, તેથી મેં માન્યું કે આ તો કોઈ ઋષિમુનિની આંખો ફૂટી ગઈ છે!

પુત્રીનું રૂદન જોઈ રાજાએ તેને શાંત કરી, અને તેઓ પેલા ટેકરા પાસે આવ્યા. તપાસ કરી તો ચ્યવનઋષિ ટેકરામાં દટાયેલા અને બે આંખે અંધ થયેલા જોયા. રાજા ચરણમાં પડીને કહે છે મહર્ષિ! ક્ષમા કરો. હું શર્યાતિ રાજા છું. મારી દીકરીએ ચળકતી ચીજ માનીને છોકરમતમાં આપની આંખો ફોડી આપને અંધ બનાવ્યા છે. એની ભૂલ માફ કરો. તમે શ્રાપ આપ્યો હોય તો પાછો ખેંચી લો, અને બધાને વેદનામાંથી મુક્ત કરો. ગમે તેટલી સાધના કરે, પણ જો ક્રોધ–અગ્નિ ભભૂકી તો બધી સાધના બળીને ખાખ થઈ જાય છે.

कोहेण अप्पं डहति परं च, अत्थं च धम्मं च तहेवकामं ।
तिव्वं पि वेरं पि करेंति कोहा, अधरं गतिं वा वि उर्विति कोहा ॥

ક્રોધથી આત્મા પોતાને અને પરને બંનેને જલાવે છે. અર્થને, ધર્મને અને કામને જલાવે છે. તીવ્ર વૈર કરે છે અને નીચ ગતિને પ્રાપ્ત કરે છે.

ચ્યવન ઋષિએ વર્ષો સુધી સાધના કરી, પણ પ્રસંગ ઉભો થતાં ક્રોધ ભભૂકી ઉઠ્યો ને શ્રાપ આપ્યો. તેના કારણે રાજ્યમાં બધાંને ભયંકર વેદના ઉપડી. રાજા ખૂબ કરગરે છે. આપ માફ કરો. ઋષિ કહે, જેના જેવાં કૃત્યો તેવું ફળ ભોગવે. પરપીડિતનું પરિણામ તમે બધા ભોગવી રહ્યા છો. મારા જપ તપમાં ભંગ પાડ્યો ને મને નયનાંધ બનાવ્યો, તેનું પાપ આપને ભોગવવાનું રહ્યું. ગુરૂદેવ! આ પાપનું પ્રાયશ્ચિત આપો. ઋષિ કહે, આવી અંધ હાલતમાં મારી સેવા સુશ્રુષા માટે કોઈક તો જોઈશે ને? આપ કહો તો એક નહિ પણ એકસો એક સેવકો આપની સેવામાં મોકલી આપું. તું નહિ, તારા સેવકો નહીં, મારે તો ફક્ત તારી પુત્રી જોઈએ છે.

બંધુઓ! વર્ષોના વર્ષો સુધી સાધના કરે, ધ્યાન કરે, પણ જો નિર્વિકાર દશા જીવનમાં આવી નથી, તો બધી સાધના ધૂળ સમાન છે. ઋષિ કહે, જો તું છોકરી નહિ આપે તો બધા રસાતાળ થઈ જશો. રાજા કહે, ભલે જેવી આજ્ઞા. ન છૂટકે હા પાડવી પડી. રાજા જંગલમાંથી મહેલમાં આવ્યા ને પલંગમાં સૂતા છે. તેમનું ચિત્ત ચગડોળે ચઢયું છે. કયાં સુકોમળ કન્યા અને કયાં જરાજીર્ણ મહર્ષિ! કયાં કોમળ કળી અને કયાં ઘરડા ખાખ ઋષિ! કયાં સુનયના કન્યા અને કયાં નયનાંધ ચ્યવન! મારી લાડકીને એવા ડોસાના હાથમાં કેમ સોંપાય?

રાજા ચિંતા કરતા બેઠા છે, ત્યાં સુકન્યા આવી. પિતાજી! આપ આજે આટલા બધા વિહ્વળ કેમ છો? જે હોય તે મને કહો. બેટા! વાત કહેવામાં વાંધો નથી પણ વજ્રપાત જેવી વાત સાંભળીને કદાચ.......પિતાજી! વજ્રપાત સમી એ વાતનો આઘાત આપની આ પુત્રી હસતા મુખે સહન કરી લેશે. બેટા! ચ્યવન જેવા વૃદ્ધ ઋષિ સેવા માટે તારી માંગણી કરે છે. તારી સાથે....પિતાજી એનાથી રૂડું શું? સેવા અને તે પણ મહર્ષિની! ધન્ય છે તારા ડહાપણ અને સંસ્કારોને! પણ તારા જેવી સુંદર, સુકોમળ અને યૌવનને આરે ડગ ભરતી કન્યા બુઢાના હાથમાં મારાથી કેમ સોંપાય? કયાં એ ખર્યું પાન અને કયાં તું ખીલતું પુષ્પ! કયાં તું સુનયના અને કયાં તે અંધ! પિતાજી, રૂપ અને યૌવન નાશવંત છે. હું આપણા કુળદેવીની સાક્ષીએ પ્રતિજ્ઞા કરું છું કે પરણીશ તો ચ્યવન ઋષિને પણ હું અખંડ બ્રહ્મચર્ય પાળીશ. મારી પ્રતિજ્ઞા સાચી હોય તો રાજા અને પ્રજા બધાની પીડા દૂર થાઓ. સુકન્યાની પ્રતિજ્ઞા સાંભળતા બધાના દર્દ શાંત થઇ ગયા.

પછી શર્યાતિ રાજા મૂલ્યવાન ભેટો સાથે સુકન્યાને લઈને ચ્યવન ઋષિના આશ્રમે ગયા, અને બધું તેમને ચરણે ધરી દીધું. ઋષિ કહે, મારે સુકન્યા સિવાય કંઈ ન જોઇએ. સુકન્યા કહે પિતાજી! મારે તો આપના આશીર્વાદ જોઇએ. હવે મારે ઋષિ પત્નીને છાજે તેવો તાપસ વેશ જોઈએ. વસ્ત્રો–દાગીના કંઇ નથી જોઈતું. આપના દિલની દુઆ એ જ મારો સાચો દાયજો અને એમાં જ મારા આ મંગલ પ્રસંગની પૂર્ણાહુતિ. પિતાએ દીકરીને આશીર્વાદ આપી રડતી આંખે વિદાય દીધી. સુકન્યા ચ્યવન ઋષિની તન–મનથી સેવા કરે છે.

એક વાર તે સરોવરમાં સ્નાન કરીને બહાર નીકળી. ત્યાં બે વૈદો આવી ચઢયા. રૂપરૂપના અંબાર છે. સુકન્યાએ પૂછયું, આપ કોણ છો? અમે દેવોના વૈદ અશ્વિનીકુમારો છીએ. અમે બધા દર્દોને મટાડીએ છીએ, પણ તું કોણ છે? દેવલોકની દેવી કે મૃત્યુલોકની સુંદરી! હું આ વનમાં રહેતા વૃદ્ધ અને મહાન તપસ્વી ચ્યવન ઋષિની પત્ની છું. તેઓ બંને આંખે અંધ છે. આ સાંભળી તે વૈદો બોલ્યા. તમારા મા–બાપને આવા ઘરડા ડોસાને સોંપતા વિચાર ન થયો? અંધને દીકરી આપતા દિલમાં દયા ન આવી? આ તો બાપ કે ક્રૂર નિષ્ઠુર શાપ! તમારી યુવાનીને આ રીતે એળે જવા દેવા કરતાં અમારા બેમાંથી એકની સાથે પરણીને સુખી થા. એ વૃદ્ધને છોડી દે ને અમારી સાથે ચાલ. ઘણું કહેવા છતાં તે ચલિત ન થઈ ત્યારે તેમણે કહ્યું, અમે તો આપની કસોટી કરવા આવ્યા હતા. હવે અમે આપના પતિને નવી દૃષ્ટિ આપીશું, ને યુવાની પણ આપીશું. આ અશ્વિનીકુમારો સુકન્યાની સાથે આશ્રમે ગયા. ત્યાં ઋષિનો અંધાપો દૂર કર્યો, અને ગયેલી યુવાની પાછી આવી હોય તેવા બનાવી દીધા. સુકન્યાની સામે દેવો આવ્યા છતાં ચલિત ન થઈ, અને ચ્યવનઋષિ યુવાન બની ગયા છતાં પોતે અખંડ ચારિત્ર પાળ્યું ને પોતાના પતિને ઉપદેશ આપીને સમજાવ્યો કે ગમે તેટલી સાધના કરીએ પણ નિર્વિકાર દશા ન

આવે ત્યાં સુધી બધી સાધના ધૂળ છે. તેના ઉપદેશથી ઋષિ સાચા સંત બની ગયા. ખરેખર ! સુકન્યાની સામે દેવો આવ્યા અને છેવટે તેનો પતિ યુવાન બની ગયો, છતાં વિષયવાસનામાં ન ફસાતા અણીશુદ્ધ બ્રહ્મચર્ય પાળ્યું, અને ઋષિને પણ સુધાર્યા.

મણિપ્રભ વિદ્યાધરે મયણરેહાને પટરાણી બનાવવાનું કહ્યું. ખરેખર, કામાસક્ત જીવોની સ્થિતિ કેવી હોય છે તે બતાવતા શાસ્ત્રકાર કહે છે—

**परिव्वयन्ते अणियत्तकामे, अहो य राओ परितप्पमाणे।**
**अन्नप्पमत्ते धणमेसमाणे, पप्पोति मच्चुं पुरिसे जरं च॥** ઉત્ત. ૧૪. ગા. ૧૪

જે પુરૂષ કામભોગોથી નિવૃત્ત થતો નથી, તે ચારે દિશાઓમાં રાત-દિવસ પરિભ્રમણ કરતો થકો પરિતાપને પામે છે, તથા બીજાને માટે દૂષિત પ્રવૃત્તિ કરવાવાળો, ધનની ગવેષણા કરતો થકો જરા અને મૃત્યુને પ્રાપ્ત થઈ જાય છે.

મણિપ્રભ વિદ્યાધર મયણરેહાને પટરાણી બનાવવા ચાહતો હતો, પણ મયણરેહાએ કહ્યું, હું હજુ પ્રસૂતા છું. મારા પતિને મરી ગયા વધુ સમય થયો નથી અને મારો પુત્ર ઝોળીમાં ઝાડ પર લટકે છે. મારું હૈયું કહું કે બાળ કહું તે એકલો જંગલમાં પડયો છે. તાજા જન્મેલા એ લાડકવાયાની સંભાળ લેનાર ત્યાં કોણ હશે ? શું વનચર પશુઓ એને જીવતો ને જીવતો નહિ ચાવી જાયને ? એ બાળ પાસે આ માને લઈ જાવ, કાં તો એ બાળને મારી પાસે લઈ આવો, તો જ મારું જીવન બચાવ્યું કહેવાશે. આમ કહેતાં મયણરેહા પોકે પોકે રડી પડી. નિઃસહાય, નોંધારી આંસુ સારતી રૂપસુંદરીને જોઈને વિદ્યાધર કહે છે હે સુંદરી ! ચિંતા ન કર. તારી પાસે સૌંદર્ય છે. મારી પાસે સુવર્ણ છે. સૌન્દર્ય-સુવર્ણનો આ સંગમ આપણા સંસારને સ્વર્ગીય બનાવશે.

મયણરેહા પોતાના મનમાં કહે છે, પ્રાણ ભલે ચાલ્યા જાય, પણ હું શીલને જવા નહિ દઉં. આ વિદ્યાધરને ભાઈ કહું છું તે ગમતું નથી, માટે હવે તેમને ભાઈ ન કહેવા, જેથી તે શાંત થઈ જાય, અને મારી વાત સાંભળે. તે મણિપ્રભના વચનનો મર્મ બરાબર સમજી ગઈ હતી. તે મનમાં માનતી હતી કે **"ઘણા કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધાર."** તેણે વિદ્યાધરને ભાઈ ન કહેતા કહ્યું, મહારાજા ! આપ આ બાજુ કયાં જઈ રહ્યા હતા અને હવે પાછા શા માટે ફરી રહ્યા છો ? મયણરેહાના મુખેથી "રાજા" શબ્દ સાંભળીને વિદ્યાધર મનમાં પ્રસન્ન થવા લાગ્યો કે હવે આ મારા પ્રત્યે આકર્ષાઈ છે !' એટલે કહે છે, હે પ્યારી ! હું વિદ્યાધરોનો રાજા મણિચૂડનો પુત્ર છું. મારું નામ મણિપ્રભ છે. મારાપિતાએ સમસ્ત રાજસુખોને ઠોકર મારી સંયમ સ્વીકાર્યો છે. તેમને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું છે. મનઃપર્યવજ્ઞાન એટલે શું ? અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવને જાણે. અહીં બેઠેલા મારા અને તમારા મનમાં શું વિચાર છે તે મનપર્યવજ્ઞાની જાણી શકે. મણિપ્રભ કહે છે, તે મારા મુનિ બનેલા પિતા નંદીશ્વર દ્વીપમાં બિરાજે છે. એમને વંદન કરવા જઈ રહ્યો હતો, એટલામાં તું મને મળી ગઈ. નંદીશ્વરદ્વીપ આ જંબુદ્વીપથી આઠમો દ્વીપ છે. વચ્ચે સાત સાગરો છે, પછી નંદીશ્વરદ્વીપ આવે,

મણિપ્રભની આ વાત સાંભળી સતીના મનમાં થોડી શાંતિ થઇ. વિદ્યાધરના પિતાએ દીક્ષા લીધી છે તેથી તેમનું કૂળ ખાનદાન હશે! ભલે અત્યારે કર્મે તેને ઘેલો બનાવ્યો છે, પણ તે ઠેકાણે આવશે. જે કુળમાં, કુટુંબમાં દીક્ષા થઈ હોય તે કુળનો આત્મા ઉત્તમ હોય. જો તે તેમના પિતાના દર્શને જાય છે તો હું પણ તેમની સાથે જાઉં. તે મુનિવર તો ચાર જ્ઞાનના ધણી છે, એટલે તેઓ તેમના દીકરાના ભાવ જાણી જશે ને તેમને સુધારશે.

આમ વિચાર કરી મયણરેહા કહે છે મહારાજા! મારી એક ઇચ્છા પૂરી કરો. મણિપ્રભ કહે બોલ સુંદરી! તારી શી ઇચ્છા છે? મયણરેહાએ કહ્યું, આપ નંદીશ્વર દ્વીપે ગુરૂ ભગવંતના દર્શન કરવા જાવ છો તો આપ મને પહેલા દર્શન કરવા લઇ જાવ. પછી બધી વાત. બસ, આ આશા મળતાં હવે પૂછવાનું શું? મનમાં એ હર્ષિત થઈ ગયો. હવે તો એણે મનથી માની લીધું કે એ મારી પ્રાણપ્યારી બની ગઈ. પ્રાણપ્યારીની પાછળ તૂટી મરવામાં સંકોચ શો? અનંત ઉપકારી પ્રભુની પાછળ અને સદ્‌ગુરૂના બોલ પાછળ તુટી પડવાનું નહિ! પ્રાણપ્યારી ખાતર બધું જ! કેવી પાગલ દશા! માણસને એટલો વિચાર નથી આવતો કે જીવવું છે તો આત્મ-સાધના માટે, નહિ કે ભોગ માટે. મણિપ્રભ એમ વિચારે છે કે મારી પાસે વિમાન છે. હમણાં થોડીવારમાં મુનિના દર્શન કરાવીને મહેલમાં લઇ જઈશ અને તેને પટરાણી બનાવી તેની સાથે આનંદ કરીશ. મયણરેહા એમ વિચાર કરી રહી છે કે આ એક વાર મુનિ પાસે લઇ જાય તો તે સુધરી જશે. આ પ્રમાણે બંને વિચાર કરી રહ્યા છે, પણ બંનેની ભાવનામાં ફેર હોવાથી વિચારોમાં આકાશ પાતાળ જેટલું અંતર છે. મણિપ્રભ મયણરેહાને કહે છે. હું શા માટે તારી ઇચ્છા પૂર્ણ ન કરું? હમણાં જ આપણે દર્શન કરવા જઈએ છીએ. હવે મણિપ્રભ અને મયણરેહા મુનિના દર્શને જશે ને શું બનશે તે અવસરે.

**ચરિત્ર:**-સાગરદત્ત શેઠે ભીલને લાડવા આપી દીધા પછી ચારે જણાનું કુટુંબ ચાલ્યું જાય છે. જેમણે કોઈ દિવસ ધરતી પર પગ મૂકયો નથી એવા આ બધા વનવગડામાં ચાલ્યા જાય છે. પગમાં કાંટા ને કાંકરા વાગે છે. પગમાંથી તો લોહીની ધાર વહે છે. બંને બાળકો ભૂખ્યા છે. ચાલતા થાકી જાય છે. તો એકને શેઠ ખભે બેસાડે છે ને બીજાને શેઠાણી કમ્મરમાં તેડે છે. તેઓ પણ થોડી વાર લે ત્યાં થાકી જાય એટલે નીચે ઉતારે. તેમની કોમળ કાયા કરમાવા લાગી. કોમળ મુખડા મુરઝાવા લાગ્યા. બાળકોના કરમાયેલાં મુખ જોઇને શેઠાણીનું હૈયું ભરાઈ આવ્યું. ચાલતા ચાલતા ખૂબ થાકી ગયા, એટલે બધા એક વૃક્ષ નીચે બેઠા ને બાળકોને ખોળામાં સૂવાડ્યા. બાળકોને ખૂબ ભૂખ લાગી છે. બા! અમારે ખાવું છે. ભૂખ લાગી છે. અરે, જમવાનું ન આપ તો પાણી તો આપ. જંગલમાં પાણીના પણ સાંસા પડ્યા છે. શેઠાણી ખૂબ રડે છે. અરેરે...હું મારા બાળકોને પાણી પણ નથી આપી શકતી. શેઠ પણ રડે છે.

**શેઠ કહે મેરે કારણસે, દુઃખ પા રહે તુમ લોગ,**
**શેઠાની કહે યહ સબ, અપને કર્મોકા સંયોગ.**

શેઠ કહે–મારા કારણથી તમારે બધાને દુઃખ ભોગવવાનો સમય આવ્યો છે. શેઠાણી કહે–આપ એવું ન બોલો. જો તમારા કારણે દુઃખ હોત તો તમે એકલા ભોગવત પણ અમને ગમે ત્યાંથી સુખ મળી જાત, પણ આપણે સામુદાણી કર્મો સાથે બાંધ્યા હશે તે આજે ભોગવીએ છીએ. આપ રડશો નહિ ને મનમાં એ વાત ધરશો નહિ. બંને બાલુડા ભૂખ તરસથી પીડિત હોવાને કારણે બેભાન થઈ જાય છે. શેઠાણી હૈયાફાટ રડે છે. અરેરે....કર્મરાજા! મારા બાલુડા શું ચીર નિંદમાં તો નહિ પોઢી જાય ને! હું સંતાન વગરની તો નહિ બનું ને? એમ ઝુરી રહી છે. શેઠ–શેઠાણી એક બીજાને આશ્વાસન આપે છે. થોડી વારે ઠંડો પવન આવ્યો. બાળકો ભાનમાં આવ્યા. તેઓ કહે બા! તું રડીશ નહિ. અમે ખાવાનું કે પાણી કંઈ નહિ માંગીએ. આપણા પાપકર્મોના ફળ ભોગવીએ છીએ. બધા ત્યાં પંચપરમેષ્ઠિ ભગવાનને પ્રાર્થના કરે છે. અહો પ્રભુ! દુઃખના સમયમાં તારું શરણ સાચું છે. બધા એક સૂરથી મધુર કંઠે પ્રભુને પ્રાર્થના કરી રહ્યા છે. પ્રભુને પ્રાર્થનાથી જાણે ભૂખ તરસ પણ શાંત થઇ ગયા. જાણે અમીનો ઓડકાર ન આવ્યો હોય! છેવટે પ્રભુને પ્રાર્થના કરતા કહે છે હે અનાથના નાથ! ગરીબોના બેલી! અમને તું ચાલવામાં બળ આપજે. પગ થાકી ગયા છે. ચાલતા નથી, ને અહીં તો વનવગડો છે. કેવી રીતે રહેવાય? માટે આપ અમને એવું બળ આપજો કે અમે ચાલીને એક ગામમાં પહોંચી જઈએ. એમ પ્રાર્થના કરીને ઉઠયા, બધામાં ચાલવાની શક્તિ આવી. શ્રદ્ધા શું નથી કરતી! જો માણસને શ્રદ્ધા હોય તો તેનું કાર્ય સફળ થયા વિના રહેતું નથી. શેઠ, શેઠાણી અને બાળકોને ચાલવામાં જોમ આવ્યું. ચાલતા ચાલતા કંચનપુર નગરમાં આવ્યા.

આ ગામમાં એક દયાળુ શેઠ છે. તેમની દૃષ્ટિ આ શેઠ પર પડી. શેઠે જોયું કે આ દુઃખી માણસો છે. શેઠે તેમને બોલાવ્યા. તેમને લાગ્યું કે આ કુટુંબની કાંતિ કહી આપે છે કે તે કોઈ ઉત્તમ કુળના છે. ભવિતવ્યતાના યોગથી આવી કપરી દશાના ભોગ બન્યા લાગે છે. કોઈ પણ ગહન દુઃખના કારણે પરદેશમાં આવ્યા લાગે છે. દુઃખીને સહાય કરવી એ માનવતાનો મુખ્ય પાયો છે. કરૂણાથી આર્દ્ર બનેલા શેઠે સાગરદત્ત શેઠને બોલાવ્યા. આપ આવો, મારા ઘરમાં આવો. શેઠ! અમને ઉતરવા માટે ઓટલો આપશો તો બસ છે. બીજું કાંઈ નથી જોઇતું. આ શેઠ સાગરદત્ત શેઠને કહે, આપ મારા ઘરમાં આવો. આપનું લલાટ કહી આપે છે કે આપ કરોડપતિ હશો પણ કોઈ કર્મોએ ઠોકર મારી છે તેથી આ સ્થિતિ આવી છે ને આપને રોડ ઉપર ટળવળતા કરી દીધા છે. આપની દુઃખદ કથની કહેવામાં આપને સંકોચ થતો હોય તો ન કહેશો, પણ આપ પધારો તો ખરા. હું તમને મારા ભાઈ સમાન ગણું છું. તમારું દુઃખ તે મારું દુઃખ છે. તમારી રેખાઓ પરથી લાગે છે કે આપને ઘણું દુઃખ છે. આપના દુઃખમાં કંઈ મદદગાર થાઉં તો મારું અહોભાગ્ય!

ખરેખર કર્મસત્તા બળવાન છે. સોનાની ટેકરી પર રમનારો કયારેક દુઃખપંકમાં

સબડતો દેખાય છે. રસ્તે ચાલનાર પથિક કયારેક સમ્રાટ બની જાય છે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ એ સંસારમાં ચાલ્યા કરે છે. આપ હવે મારા અતિથિ છો. હવે મારે ત્યાં રહેજો. શેઠને પ્રેમથી જમાડયા અને પોતાને ત્યાં રહેવાનો આગ્રહ કર્યો. સાગરદત્ત કહે, ના. અમે એમ મફતનું ન ખાઈએ. આપ અમને કોઈ ધંધો બતાવો, કામ બતાવો. જેથી મહેનત કરીને આજીવિકા ચલાવીશું. શેઠને સ્વાવલંબી જીવન જીવવું છે. હવે આ શેઠ સાગરદત્ત શેઠને શું કામ બતાવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં.-૩૭

**શ્રાવણ વદ ૭ ને શુક્રવાર** **તા. ૨૧-૮-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની મહાપુરૂષો ભવ્ય જીવોને ઉપદેશ આપતાં સમજાવે છે કે આ સંસારનું મૂળ કોઈ હોય તો મોહ છે. રાગ-દ્વેષ પણ મોહમાંથી જન્મે છે, માટે જિનેશ્વર ભગવાનનું શાસન રાગ-દ્વેષ અને મોહને શત્રુ માનવાનો ઉપદેશ આપે છે. એ ત્રણ આત્માના સાધારણ શત્રુ નથી, પણ મહાશત્રુઓ છે. એ ત્રણ શત્રુઓ આત્માનું જે અહિત કરે છે, તેવું અહિત બીજું કોઈ કરતું નથી. આ ત્રણ શત્રુઓ ઉપર વિજય મેળવવા માટે શ્રી જિનેશ્વરદેવના શાસનની જગતમાં સ્થાપના થયેલી છે. સઘળા ય દોષો કે કષાયોનું મૂળ જો કોઈ હોય તો રાગ-દ્વેષ, મોહ અને મિથ્યાત્વ છે. મિથ્યાત્વ એટલે શું? **મિથ્યાત્વ એટલે પર પદાર્થમાં સ્વપણાની બુદ્ધિ.** પુદ્ગલાદિ પર પદાર્થો અને દેહાદિ જડ પદાર્થોમાં હું અને મારાપણું ન છૂટી શકે તેવા તીવ્ર અધ્યવસાય. એ આત્મા ઉપરનું એક પ્રકારનું ગાઢ આવરણ છે અને એનું નામ મિથ્યાત્વ છે. એ આવરણથી ઢંકાયેલો આત્મા રાગ-દ્વેષ અને મોહની અનેક પ્રકારની વિકૃતિઓનો અનુભવ કરે છે. જે જે ઉપર એની અહંત્વ અને મમત્વની વૃત્તિ હોય છે તે તે પદાર્થોમાં થનારા સઘળા પરિવર્તનો તેના આત્મામાં પણ પરિવર્તન કર્યા કરે છે. મિથ્યાત્વના ફંદામાં ફસાયેલ પ્રત્યેક પ્રાણીઓ આ જગતની રંગભૂમિ ઉપર પ્રતિક્ષણે નાચ નાચી રહ્યા છે.

પર પદાર્થોમાં હું અને મારાપણાની વૃત્તિ જો મિથ્યાત્વ છે તો ચોથા-પાંચમા આદિ ગુણસ્થાનકોએ રહેલા આત્માઓમાં પણ ઓછા વધતા અંશે તેવી વૃત્તિ હોય છે, તો તેમને મિથ્યાત્વી શા માટે ન માનવા? કદાચ કોઈને આવી શંકા થાય, પણ એ વાત યાદ રાખવી જોઈએ કે મિથ્યાત્વાદિ ગુણસ્થાનકોએ રહેલા આત્માઓ પરપદાર્થની જે પ્રકારની આસક્તિથી પીડાય છે તેના એક શતાંશ (એટલે સોમા) ભાગ જેટલી પણ આસક્તિ ચોથા તથા અન્ય ગુણસ્થાનકોને પામેલા આત્માઓમાં નથી હોતી, એટલે મિથ્યાત્વ સહિતની આસક્તિ અને મિથ્યાત્વ રહિતની આસક્તિ વચ્ચે મોટું અંતર છે.

આપણા અધિકારમાં મણિપ્રભ મયણરેહાના રૂપના રાગમાં પાગલ બન્યો, પણ સતીએ યુક્તિ કરીને કહ્યું, આપ જાવ છો ત્યાં પૂ. ગુરૂભગવંતના દર્શન કરવા મારે આવવું છે.

મણિપ્રભે કહ્યું, તારા અસ્વસ્થ શરીરના કારણે હું તને મહેલમાં મૂકીને મુનિના દર્શન કરવા જવા ચાહતો હતો પણ તારી તીવ્ર ઇચ્છા છે તો ભલે આપણે સાથે દર્શન કરવા જઇએ. ભૂખ્યાને ભોજન મળે, ખેતી સૂકાઈ જતી હોય તેવા સમયે વરસાદ વરસે તો ખેડૂતને અને ભૂખ્યા માણસને કેટલો આનંદ થાય? તેથી અધિક આનંદ મયણરેહાને મુનિદર્શન કરવા જતા થયો. મણિરથને પણ આનંદ હતો, પણ તેની ભાવના અશુભ હતી. બંનેની ભાવનામાં શુભ–અશુભ લેશ્યાનું અંતર હતું.

ખુશી ખુશી થઈ ગયેલા વિદ્યાધર રાજા વિમાનને નંદીશ્વર દ્વીપે લઇને ચાલ્યા. વિદ્યાના બળે પહોંચતા શી વાર? વિમાન માર માર કરતું દોડયું. મયણરેહા વિમાનમાં બેઠા બેઠા કર્મના કોરડાને વિચારી રહી છે. બે ત્રણ દિવસના ગાળામાં તો એણે ઘણું ઘણું જોઈ નાખ્યું. વિધિના જીવલેણ ફટકા! કર્મના તાતાં કોરડા અને સંજોગોની વૈચિત્ર્ય વિચિત્રતા! આ બધાની વચ્ચે પોતાની હાલત કેવી કરૂણ બની હતી! ધર્મરક્ષા કેટલી કઠણ વસ્તુ છે. એ મયણરેહાને રાજમહેલ છોડયા પછી અહીં જણાતું હતું, છતાં ય આ બધાની વચ્ચે એ અડોલ, અણનમ, અચલ અને નિર્ભય હતી. આફત પર આફત આવી હતી. પોતાનો નવજાત શિશુ ગુમાવ્યો હતો, છતાં નંદીશ્વર દ્વીપનું નામ સાંભળતા એણે આનંદ અનુભવ્યો, કારણ કે ત્યાં જ્ઞાનીની ધર્મદેશના સાંભળવાનું સૌભાગ્ય મળશે. દુઃખનું આફતનું આ ઉજળું પાસું વિચારતી વિચારતી મયણરેહા પોતાના દુઃખને ભૂલી ગઈ.

**મયણરેહા નંદીશ્વર દ્વીપમાં:**–વિમાન પહોંચી ગયું નંદીશ્વર દ્વીપમાં. વિમામાંથી ઉતરી મયણરેહાએ મુનિની સન્મુખ આવી વિધિપૂર્વક વંદણા કરી. દુઃખમાં પડેલી મયણરેહાને મુનિદર્શન થવાથી ઘણો જ આનંદ થયો. દુઃખ પછી સુખની વસ્તુ જે આનંદ આપે છે તેવો આનંદ તે વસ્તુ સુખના સમયે નથી આપતી. મુનિને વંદન કરતા મયણરેહાના બધા સંતાપો શાંત થઈ ગયા, અને મનમાં વિચારવા લાગી કે આજે જીવનની કેવી ધન્ય ઘડી! કેવી ધન્ય પળ! કેવો અજબ ભાગ્યોદય! આજે મને મુનિદર્શન થયા. હવે શું છે! હવે તો મારા બધા દુઃખો ચાલ્યા ગયા. આજે તો મને કલ્પવૃક્ષ મળી ગયું. આ કલ્પવૃક્ષ પાસે એ જ માંગું છું કે આ મારા ભાઈની ભાવના વિશુદ્ધ થઈ જાય. આટઆટલી કારમી આપત્તિઓ ઉપર જો આ મુનિદર્શન મળ્યા તો એણે તો આપત્તિઓને મહાસંપત્તિદાયી, સંપત્તિરૂપ બનાવી. મુનિ ભગવંતના દર્શન થતાં એનો આત્મા જાણે નવું જીવન, નવી ચેતના અરે સર્વસ્વ પામી હોય તેવો આનંદ થયો. મણિપ્રભે પણ મુનિને વંદણા કરી પણ તેના હૃદયમાં એવી ભાવના હતી કે હું અહીંથી જલ્દી જાઉં ને આ સ્ત્રીને મારી પત્ની બનાવું. બંનેના વિચારોમાં કેટલું અંતર છે!

**વિચારોનું બળઃ**–જ્ઞાની કહે છે કે કોઈ ખોટા, નકામા, ખરાબ વિચારનું બીજ આત્મભૂમિમાં પડી ન જાય તે માટે સાવધાન રહો. જાગૃત રહો. વિચારોનું બીજ આત્મભૂમિમાં પડતાં વાર નથી લાગતી. તમારે કેવો પાક જોઇએ છે? તમને કેવા વૃક્ષ પસંદ છે? બાવળના? લીમડાના કે આંબાના? પાક તો આંબાનો જોઇએ ને બીજ બાવળના

વાવીએ તો શું થાય ? (શ્રોતામાંથી અવાજ–બાવળ જ મળે.) તેમ જો શત્રુતાપૂર્ણ, ક્રૂરતાપૂર્ણ કે ઈર્ષ્યાપૂર્ણ વિચાર કર્યા તો સમજી લેજો કે નરક તમારા બારણે ટકોરા મારી રહી છે. તિર્યંચગતિ તમને તેડવા આવીને તમારા જીવન બારણે ઉભી છે. કોઈ પણ હોય, સંસારી હોય કે સાધુ હોય. વિચારોથી માણસ સંસારી છે. વિચારોથી સાધુ છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિએ સાતમી નરકમાં જવાના કર્મો કેવી રીતે ભેગા કર્યા ? વેષ તેમનો સાધુનો હતો પણ વિચાર તેમના ત્યારે નખશિખાન્ત સંસારીના હતા. ભરતચક્રવતી અરિસાભુવનમાં કેવળજ્ઞાન કેવી રીતે પામ્યા ? વેષ તેમનો પૂરેપૂરો સંસારીનો હતો પણ વિચારથી તે ત્યારે પરિપૂર્ણ સાધુ હતા. વિચારોએ ભરત ચક્રવર્તીને વીતરાગી બનાવી દીધા. સર્વજ્ઞ બનાવી દીધા. આત્મભૂમિમાં જેવા વિચાર–બીજ વાવીશું, તેવું જીવનવૃક્ષ એ વિચારબીજમાંથી વિકસિત થશે. વિચાર શક્તિનો અદ્ભૂત પ્રભાવ છે. જાગૃત રહીએ તો વિચાર શુદ્ધ રહી શકે છે. જાગૃતિ ચાલી ગઈ, ભાન ભૂલાયું અને ઝોકું ખાધું તો ગયા.

મણિપ્રભ ભાન ભૂલ્યો તો સતીના શીલ પર તરાપ મારવા ઉઠયો, તેથી તે તેવા વિચારો કરી રહ્યો છે. મુનિ તો ચાર જ્ઞાનના ધારક હતા. તેમણે પુત્રના મનોગત મલિન ભાવ જોયા. અહો ! આ તો મહાસતીને મહારાણી કરવી છે. એનું મન ઉન્માર્ગે ચઢી ગયું છે. તો એ ધર્મશિક્ષાને યોગ્ય છે. આ પ્રમાણે વિચાર કરી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઇને મુનિએ એવી દેશના શરૂ કરી કે જે મણિપ્રભના દિલમાં ખળભળાટ મચાવી મૂકે. શું સંભળાવ્યું હશે ! સંતો વ્યાખ્યાન કરે ત્યારે શ્રોતાઓને જોઇને કરે. તેમાં તમે ભણેલા હોય, આત્મજ્ઞાન મેળવ્યું હોય તો વક્તાને વ્યાખ્યાનમાં ઓર રંગ આવે. જે જાતના શ્રોતા હોય તે જોઈને સંતો ઉપદેશ આપે જેથી એ સમજી શકે કે મુનિએ શો ઉપદેશ આપ્યો ?

**મુનિની દેશના** :–આ જગતમાં વિષયોના કીડા બનેલા જીવની કેટલી દુર્દશા છે. તે ઉચ્ચ કર્તવ્યને ભૂલે છે. ઉંચા માનવભવ સુધી આવેલો ત્યાંથી ભ્રષ્ટ થઈ પાછો વિષયાસક્તિના ઘોર વારસા સાથે નીચા પશુ વગેરેના અવતાર પામે છે. વિષયોની ગંદી રમત, કષાયોના કારમા તોફાન મચાવે છે. એમાં ય અહીં માનવભવમાં જે પરસ્ત્રીલંપટ બને છે, તેની આ લોકમાં તો અપકીર્તિ થાય છે અને પરલોકમાં નરક જેવી ગતિમાં નરકની ભીષણ ભઠ્ઠીઓમાં ઉભા ઉભા સળગવાના વગેરે કારમા દુઃખો સહન કરવા પડે છે. ત્યાંના દુઃખોની તો ગણના શું કરવી ? ત્યાં ગરમી તો એટલી બધી હોય છે કે અહીં રેલ્વેગાડીના પથ્થરીયા કોલસા સળગીને લાલચોળ થઈ ગયા હોય તેવા કોલસા પર નરકના નારકીને લાવીને બેસાડવામાં આવે તો એ હાશ કરીને બેસે. આ પરથી આપ કલ્પના કરી શકો કે નરક ગતિમાં કેવા દુઃખ હશે ! અહીં જે પરસ્ત્રીગમન કરે છે તેને ત્યાં પરમાધામીઓ ધગધગતી પુતળી સાથે આલિંગન કરાવે છે. આવા મહાન દુઃખો જીવને ભોગવવા પડે છે, પણ વિષયાંધને આ કયાં વિચાર છે ! એને તો એક લત છે વિષયભોગની. પછી એ મહાસતીના પણ સૌંદર્ય લૂંટવા કેમ તૈયાર ન હોય ! એ નથી જોતો કૂળ, નથી જોતો ધર્મ કે નથી જોતો પરલોક. સામા જીવના વીંધાઇ જતા હૃદયને જોવા માટે

એને આંખ નથી. ક્રૂર વાઘ, સિંહ, નિર્દોષ હરણિયા પર ત્રાપ મારે એમ કામાંધો પવિત્ર સતી પર ત્રાપે છે પણ એ મૂઢને ખબર નથી કે એમ કરવા જતાં કાં પોતાનો વિનાશ થાય છે અથવા તો સતી પોતાનું શીલ સાચવવા આત્મઘાત કરતાં એનું માત્ર મડદું એના હાથમાં આવે છે!

**મણિપ્રભનો પશ્ચાતાપઃ**–મુનિનો ઉપદેશ મણિપ્રભે સાંભળ્યો. મહામુનિએ શું પીરસ્યું? એમણે ધર્મદેશનાનો જે ધોધ વહેવડાવ્યો એમાં મણિપ્રભ વિદ્યાધરના દિલની કુવાસનાના કચરા તણાઇને સાફ થઈ ગયા. કુબુદ્ધિના મેલ ધોવાઈ ગયા. પરસ્ત્રીને ભ્રષ્ટ કરવાની પિશાચી લીલા ખેલવા તૈયાર થયેલા પોતાના આત્મા પર ભારે જુગુપ્સા થઇ, અત્યંત તિરસ્કાર છૂટયો. એને થયું કે અરે! હું કેવો અધમાધમ! કેવો પાપી! કેવો નફ્ટ અને નિષ્ઠુર! કયાં કુળને અજવાળનારા આ કુળ દીપક મારા પિતા! અને કયાં એ જ કુળની શોભાને બાળી ભસ્મ કરવા તૈયાર થયેલો હું કુલાંગાર પુત્ર! કયાં એમનું નિર્મળ અને સર્વોત્તમ બ્રહ્મચર્ય! અને કયાં મારા વિષયભોગની પણ મર્યાદા વટાવી વિકસેલ દુરાચાર! પિતાએ રાજ્ય આપ્યું, કન્યાઓ પરણાવી, છતાં હું દુરાચારના ભોગનો ભુખારવો! નરકનો પ્રવાસી! ધિક્કાર છે આ કામવાસનાને!

બંધુઓ! જુઓ, સત્સંગનું બળ કેટલું છે! મણિપ્રભના જીવનનો કેટલો પલ્ટો! તમારી લાખોની મિલકતમાં છે એ શક્તિ કે જીવન પલ્ટાવી શકે! વિદ્યાધર રાજા ભાન ભૂલ્યા પણ મુનિની વાણી સાંભળતા પોતાની ભૂલ સમજાઈ ગઈ. આગળના માનવીના જીવનમાં કયારેક ભૂલ થતી, પણ પ્રસંગ આવે એ ભૂલના પ્રાયશ્ચિત માટે પ્રાણ દેવો પડે તો દઈ દેતા.

ઇતિહાસમાં એક વાત આવે છે. જહાંગીર નામના એક બાદશાહ થઈ ગયા. તે ખૂબ ન્યાયથી રાજ્ય કરતા હતા. તેમને નૂરજહાં નામની બેગમ હતી. તે ખૂબ ક્રૂર સ્વભાવની હતી. તેને શિકારનો ખૂબ શોખ હતો. રાત્રે ચાંદની ખીલી હોય તેવા સમયે તે રાત્રે શિકાર કરવા માટે જાય ને રાત્રે ઉડતા નિશાચર પંખીઓને વીંધીને ભોંય પાડતી ને આનંદ માનતી. જહાંગીર બાદશાહ એના મોહમાં પાગલ બનેલો હતો. એટલે એને આ કાર્યમાં પૂરો સાથ આપતો. નૂરજહાં પોતાના શોખ ખાતર નિર્દોષ પ્રાણીઓના પ્રાણ લેતી, અને ભયંકર હિંસા થતી. જો રાજા અહિંસક હોય તો હિંસા અટકાવી શકે પણ રાજા જ્યાં હિંસક હોય ત્યાં હિંસા કયાંથી અટકાવી શકે?

એક વખત અભયકુમાર મહેલની બારીએ બેઠા હતા. ત્યાં એક ટોળું નીકળ્યું. તે બધા માંસાહારી હતા. તેઓ વાતો કરતા હતા, કે હમણાં માંસ સસ્તું ને સોંઘું છે, માટે ખાવાનું ભૂલતા નહિ. આ શબ્દો અભયકુમારને લાગી આવ્યા. અહો! મારા દેશમાં આટલો માંસાહાર થઈ રહ્યો છે. મારા દેશની આ સ્થિતિ! તેમણે જીવોની રક્ષા માટે કિમિયો કર્યો અને જાહેર કર્યું કે મહારાજા ઘણા બિમાર પડયા છે. તેમને સારું કરવા માટે એક તોલા કાળજાના માંસની જરૂર છે. જે તોલો માંસ આપશે તેને બે લાખ રૂપિયા આપવામાં

આવશે. બધા શેઠીયાને બોલાવ્યા. કોઇએ હા ન પાડી. અરે, બે લાખ શું, ૧૭ લાખ આપો તો પણ કાળજાનું માંસ ન મળે. માણસ કાળજું કાઢીને આપે તો જીવે કેવી રીતે? કોઈ તોલો માંસ આપવા તૈયાર ન થયા, ત્યારે તે અભયકુમારે સભા ભરીને કહ્યું કે આપ બધા વાતો કરતા હતા કે હમણાં માંસ સસ્તું છે તો કોઇ એક તોલો કાળજાનું માંસ આપવા તૈયાર કેમ ન થયા? અભયકુમારે બધાને એવા ફટકાર્યા કે ત્યારથી રાજ્યમાં હિંસા થતી બંધ થઈ ગઈ.

રાણી રોજ રાત્રે શિકાર કરે ને બિચારા નિર્દોષ મૃગલાઓને મારી નાંખે. એક વખતની વાત છે. નૂરજહાં રાત્રે શિકાર ખેલવા નીકળી છે. એક ઝાડ નીચે માળી–માલણ પોતાના દીકરા–વહુના કલેશથી કંટાળીને આવીને બેઠા હતા ને સુખ દુઃખની વાત કરતા હતા, તે સમયે નૂરજહાંએ વૃક્ષો ઉપર બેઠેલા પક્ષીને વીંધવા માટે બાણ માર્યું. તે બાણ પક્ષીને નહીં વાગતાં સીધું નીચે ગયું. અને સનનન કરતું પેલા માળીની છાતીમાં પેસી ગયું. આથી માલણ ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગી. હવે મારું શું થશે? તેણે ધીમે રહીને બાણ ખેંચ્યું. ને પ્રભુનું નામ દીધું. જેથી માળીની સદ્ગતિ થાય. તે તરત ધરતી પર ઢળી પડયો, અને લોહીની ધાર છૂટી. માલણ તો કાળા પાણીએ રડે છે. અરે....રે ક્રૂર વિધાતા! તેં મારું સુખ છીનવી લીધું, તને જરા પણ દયા ન આવી?

બીજે દિવસે બાઈ જહાંગીરની સભામાં ફરીયાદ કરવા ગઈ. કોઈ છે ગરીબને સાંભળનાર! ગરીબને ન્યાય આપો. બાઈનું કરૂણ રૂદન જોઈ રાજા પૂછે છે હે બાઇ! તું શા માટે રડે છે? તારી શી ફરિયાદ છે? માલણે પોતાના હાથમાં રહેલું બાણ બાદશાહના હાથમાં આપ્યું ને કહ્યું: હે રાજન્! આજે હું નિરાધાર બની ગઈ. આ દુનિયામાં મારૂં કોઈ નથી. મારા પ્રાણ અને મારી શોભા આ બાણ ફેંકનારે છીનવી લીધા. બાદશાહે બાણ જોયું તો બાણ પર નૂરજહાંનું નામ હતું. જહાંગીર નૂરજહાંના પ્રેમમાં પાગલ હતો પણ ન્યાય દેવામાં પાછો પડે તેમ ન હતો. બાઈને કહે છે બહેન! હું તારું દુઃખ જોઈ શકતો નથી, પણ તું શાંતિ રાખ. હું હમણાં તેનો ન્યાય કરું છું.

બાદશાહ નોકરોને હુકમ કરે છે કે જાઓ, અત્યારે ને અત્યારે નૂરજહાંને અહીં બોલાવી લાવો, ત્યારે તેમના હજુરીયા કહે સાહેબ! એ નહિ બને. કોઈ દિવસ બેગમ સાહેબ ભરી સભામાં આવતા નથી. આજે અહીં બોલાવીને શું એની આબરૂનું લીલામ કરવું છે? એ કદી નહીં બને. બીજા હજુરીયાને કહ્યું, બધા મુસ્લીમ નોકરો એક થઇ ગયા ને કહેવા લાગ્યા કે નૂરજહાં બેગમ સાહેબ અહીં નહિ આવે. બાદશાહ કહે-- જહાંગીરનો ન્યાય એટલે ન્યાય, ત્રણ કાળમાં નહિ ફરે. મારી બેગમ હોય કે મારો પુત્ર હોય પણ મારી પ્રજાને ન્યાય તો બરાબર આપવો જોઇએ. ન્યાય આપતી વખતે મોહની ગુલામી ન હોવી જોઈએ. કોઈ હિસાબે હજુરીયા માન્યા નહિ ને બેગમને બોલાવવાની ના પાડી, ત્યારે જહાંગીર હાથમાં ખંજર લઇને માલણ પાસે આવીને કહે છે લે બેન! જેમ તને નૂરજહાંએ વિધવા બનાવી તેમ તું આ ખંજર મારા ગળા પર ફેરવી દે અને

નૂરજહાંને વિધવા બનાવી દે, એટલે એને ખબર પડે કે દુનિયામાં વિધવાપણાના દુઃખો કેમ વેઠાય છે! એના ગુન્હાની એને શિક્ષા મળી જશે. બાદશાહનો ન્યાય જોઈ માલણ રડી પડી ને બોલી ભાઈ! તમે મને બેન કહી, હવે મારાથી ભાઈને મરાય? ધન્ય છે તમારી ન્યાયપ્રિયતાને! રાજાએ કહ્યું બહેન! તું આજથી મારી બહેન છે. હું તારા દુઃખનો ભાગીદાર બનીશ. હવે તને દુઃખ નહિ પડવા દઉં! રાજાની પત્નીએ ભૂલ કરી પણ એ પત્નીની ભૂલ ખાતર સાચો ન્યાય આપવા રાજા પોતે પ્રાણ દેવા તૈયાર થયા.

અહીં મણિપ્રભ વિદ્યાધરે મુનિની દેશના સાંભળી. જેમ સૂર્યના કિરણોથી અંધકાર નાશ થઇ જાય છે, તેમ મુનિના ઉપદેશથી મણિપ્રભના હૃદયનું પાપ પણ સાફ થઇ ગયું. તે મનમાં વિચારવા લાગ્યો કે હું કેવો પતિત થઈ રહ્યો હતો! આ સતી ભૂચર છે, અને હું ખેચર છું, છતાં તેની સાથે ભ્રષ્ટ થવા ચાહતો હતો! મારામાં એટલી દૃઢતા ન રહી. સતી તો પોતાના વિચારમાં દૃઢ રહી. તે મને ભાઇ કહેતી હતી, પણ મને તેના ભાઇ બનવાનું ગમતું ન હતું. હું તેનો પતિ બનવા ચાહતો હતો. હું કેવા ઊંડા ખાડામાં પડી રહ્યો હતો, પણ આ સતીની કૃપાથી ખાડામાં પડતાં હું બચી ગયો.

મણિપ્રભનું હૃદય પીગળી ઉઠયું. પરલોકનો મહાન ભય એની નજર સામે તરવરી રહ્યો. વિટંબણામય સંસાર પ્રત્યે નફરત અને તારક ધર્મ પ્રત્યે પ્રીતિ ઉભરાણી. આત્મા પર ભૌતિક રૂપરંગે જે વર્ચસ્વ જમાવ્યા હતા તે ફગાવી દેવાયા અને અધ્યાત્મ સામ્રાજ્યના સન્માન કરાયા. આવો સંવેગ જાગ્યો પછી ઝાલ્યો રહે? ઉભો થઈ ગયો ને હાથ જોડીને મુનિને કહે છે હે પ્રભુ! મારા મનમાં જે દુર્ભાવના આવી તેને માટે પશ્ચાતાપ કરું છું. હવે આપ મને એવી પ્રતિજ્ઞા આપો કે,

**મારા માટે મારી પરિણિત સ્ત્રી સિવાય સંસારની બધી સ્ત્રીઓ માતા અને બહેન સમાન છે. પરસ્ત્રી સામે ક્યારે પણ દૃષ્ટિ કરવી નહિ.**

મુનિ પાસેથી આ પ્રતિજ્ઞા લઈ મણિપ્રભ મયણરેહાના પગમાં પડી કહેવા લાગ્યો, હે સતી! આપ મારો અપરાધ ક્ષમા કરો. મારા જેવો પાપી બીજો કોણ હશે અને તમારા જેવા બીજા ઉપકારી કોણ હશે? મારા જેવા પાપીને પણ તમે આ મહામુનિ પાસે લાવી સુધારી દીધો છે. આજથી તું મારી ધર્મની બહેન છે! મારા અયોગ્ય બોલને માફ કરજે. હું તારી ક્ષમા માગું છું. મયણરેહા તો ખરેખર મોટા મનવાળી છે. અધ્યાત્મના સામ્રાજ્યમાં વિહરતી એણે પતિઘાતક જેઠ ઉપર પણ ગુસ્સો નથી કર્યો, ત્યારે આ તો લજ્જા મૂકી ક્ષમા માગે છે ત્યાં રોષ શાનો આવે? ઉપરથી પ્રશંસા કરતા કહે છે તમારો મારા પર મહાન ઉપકાર છે. એક તો તમે મને પ્રાણદાન આપ્યું અને મને મહાન ત્યાગી મુનિના દર્શન કરાવ્યા. તેથી મને ખૂબ આનંદ થયો. વાસના હતી ત્યાં વાત્સલ્ય આવ્યું! મણિપ્રભ અને મયણરેહા સગા ભાઈ બેન બન્યા. હવે મયણરેહા મુનિને આગળ શું પ્રશ્ન પૂછશે ને શું બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્રઃ**–સાગરદત્ત શેઠને કર્મે કેવા ટળવળતા કરી દીધા છે. તેઓ કંચનપુર

નગરમાં એક શેઠને ત્યાં આવ્યા. શેઠે તેમનો ખૂબ આદર સત્કાર કર્યો અને કહ્યું, તમારો સંયોગ મને પંથમાં સંબલ સમાન છે. તેમને રહેવા ઘર આપ્યું ને કહ્યું, આપ શાંતિથી અહીં રહો ને ધર્મધ્યાન કરો. શેઠ કહે, વ્યવસાય વિના જીવનમાં દુર્ગુણ ભરાતા જાય છે. દેહ વિકૃત બને છે. વ્યવસાય એ તો મુક્ત આનંદ છે. ભાઈ! આપણા કોઠાર સંપૂર્ણ ભરેલા છે. વ્યવસાય કરવાની કોઇ જરૂર નથી. શેઠ! આપ મારા ઉપકારી છો, મારે શું કરવું તેનું માર્ગદર્શન આપો. મારી પાસે થોડું પણ ધન નથી કે હું વ્યાપાર કરી શકું. આપ બીજો કોઈ પણ ઉપાય બતાવો કે જેથી મારા કુટુંબનું ભરણપોષણ કરી શકું.

સાગરદત્ત શેઠની ભાવના જોઈ શેઠે કહ્યું, એક કામ તો એ છે કે ક્ષિપ્રાને કાંઠે સરોવર થાય છે, ત્યાં અનેક માણસો કામ કરે છે. ત્યાં તમારી રહેવાની ઈચ્છા હોય તો રાજાના આદેશથી ત્યાં નિમણુંક કરાવું. કામનો અમુક પગાર નક્કી કરી આપીશ અથવા નગરથી થોડે દૂર એક વન છે. ત્યાં ઘણા લાકડા છે. તો એ લાકડા કાપી ભારો બાંધી હમેશાં નગરમાં વેચી જવો ને આજીવિકા ચલાવવી. આ બે માર્ગમાં તમને જે યોગ્ય લાગે તે માર્ગ અપનાવો. શેઠે વિચાર કર્યો કે સમુદ્ર કિનારે માટી ખોદવા જવી એમાં અનેક કીડી, મકોડા, આદિ જીવો નીચે માટીમાં હોય ને ખોદતા એ જીવોની હિંસા થઈ જાય, તેના કરતાં વનમાં જઇ સૂકા લાકડા કાપવાને વેચવા એ શ્રેષ્ઠ છે. માટે એ કામ કરું.

સાગરદત્ત શેઠે કોઈ દિવસ કુહાડી હાથમાં ઝાલી નથી. એમને લાકડા કાપતા ક્યાંથી આવડે? શેઠે થોડા દિવસ તો એક કઠિયારાને કહી દીધું કે ભાઇ તારે આ ભાઇને લાકડા કાપી આપવા ને તેનો ભારો બાંધી દેવો. ભલે શેઠ! આ રીતે થોડા દિવસ તો લાકડા કાપનાર મળી ગયા, પણ પછી તો જાતે કાપવાનો વખત આવ્યો. કોઈ દિવસ કુહાડી હાથમાં પકડી નથી. થોડા લાકડા કાપે ત્યાં હાથ સૂઝી જાય છે, છતાં મનમાં દુઃખ નથી. લક્ષ્મીની સેજ પર રાત દિન રંગભર આળોટનાર શેઠને નિર્જન વગડાનાં પહાડો કે ખડકો ભય ઉપજાવતા નથી. વાયરા કંપાયમાન કરતા નથી.

દરરોજ વનમાં જઈ લાકડા કાપે અને ભારો વેચે ને તેમાંથી ગુજરાન ચલાવે. સમય મળે તો સામાયિક, પ્રતિક્રમણ આદિ કરે ને છોકરાઓને શીખવે અને ધર્મની ક્રિયાઓ કરે. કોઈ દિવસ પાશેર ભાર ઉપાડ્યો નથી, એવા શેઠ માથે લાકડાનો ભારો મૂકીને વેચવા જાય. તારામતી પણ બીજા કામો–કપડાં, વાસીદું, પીસવું વગેરે કામો કરી શેઠને મદદ કરતી. પેટ કરાવે વેઠ. એક પેટ માટે શેઠ–શેઠાણીને કેવાં કામો કરવા પડે છે!

શેઠ કોઈ વાર જલ્દી ભારો વેચાઈ જાય તો વહેલા પાછા આવે, નહિ તો સાંજે આવતા ઘરે પત્ની, બાળકો બધા ભૂખ્યા બેઠા હોય. સાંજે શેઠ આવે, પૈસા લાવે, એમાંથી થોડું ઘણું બનાવીને ખાઇલે. શેઠને પાપના ઉદય સાથે થોડો પુણ્યનો ઉદય છે. શેઠ ભારો વેચવા આવે ત્યારે શેઠના મુખની તેજસ્વીતા જોઇને સૌ પૂછે, આપની સ્થિતિ આમ કેમ છે? આપના મુખ ઉપરથી લાગે છે કે આપ પુણ્યવાન છો, છતાં આ

મજુરી કરવી પડે ? બધા કહે, શેઠ અમારે ત્યાં રહી જાવ. શેઠ કહે. આપ મને એવો કોઈ ધંધો આપો તો રહું, બાકી ન રહું. બધા લોકોને શેઠને જોતાં ખૂબ દયા આવે છે. તેથી કોઈ કોઈ તો શેઠ ભારો વેચવા જાય તો તે જે માંગે તે આપવા તૈયાર થાય છે, પણ શેઠ તો વધુ લેતા નથી. લાકડાની કિંમત ને ભારાની મજુરી જે થતી હોય તે લે છે. ગરીબીમાં પણ અમીરી છે. શેઠને જોઇને તેમની વાત પરથી બધાને લાગ્યું કે આ શેઠ ખૂબ ધર્મિષ્ઠ છે, જાણકાર છે, માટે આપણે કથા કહેવા બોલાવીએ.

**સાગરદત્ત દે ઉપદેશ સૌને, સૌ હૃદયપૂર્વક સુણે;**
**સૌ લોકો તેની ઉપર ખુશ ખુશ થઈ જાવે.**

બધા સાગરદત્તને કથા કહેવા બોલાવવા લાગ્યા. શેઠ ધર્મકથા કરે. ધર્મની વાતો કરે તે બધાને ખૂબ ગમે. બધાને તો ખૂબ રંગ લાગી ગયો. કંઈક સજ્જન પુરૂષો કહે છે, આપ લાકડાના ભારા ન વેચો. તમે અમારે ત્યાં આવી જાવ. અમે તમને કામ આપીશું પણ શેઠ તો રોજ લાકડા કાપવા જાય. આવીને ભારો વેચે ને તેમાંથી મળે તે ખાય. આ રીતે આનંદ, સંતોષ અને ધર્મપ્રવૃત્તિથી જીવન જીવે છે.

એક દિવસ મોટા છોકરાએ હઠ લીધી. રોજ તમે લાકડા કાપવા જાવ છો. આજે હું તમારી સાથે આવીશ. નાનો દીકરો કહે હું પણ આવીશ. શેઠ કહે-તમે હજુ નાના છો. મોટા થાવ ત્યારે આવજો. બેટા ! અત્યારે તો વનમાં જઇને લાકડા લાવી તેને વેચી તેમાંથી જે કંઇ મળે તેના પ્રતાપે આપણી નાની-સી દુનિયામાં અજવાળા પથરાય છે. બંને પુત્રો કહે, ના, અમે તો સાથે આવીશું જ. આ છોકરાઓના બબ્બે નામ છે. એક નામ હતું ગુણદત્ત અને બીજું રત્નચંદ્ર. બીજા છોકરાનું નામ ગુણચંદ્ર અને રત્નસાર. શેઠ કહે, તમે ઉતાવળા ન થાવ. વનનો રસ્તો કઠીન છે, તમે ચાલતા થાકી જશો. તેમજ વનમાં વનચર પ્રાણીઓથી ભય લાગશે. તમારી ફૂલ જેવી કાયાને ધોમધખતા તાપ અને પરિશ્રમના ભારથી ક્યાંય પછડાઇ જતા વાર નહિ લાગે. હજુ તો તમે બાળક છો. પિતાને શાંતિ આપવી એ અમારી ફરજ છે. પિતાજી ! સમયની દુર્દશાને સમજવા છતાં તમને મદદ ન કરીએ તો અમે શા કામના ? પુત્રોને ઘણું સમજાવ્યા છતાં ન માન્યા. છેવટે શેઠ બે દીકરાને લઈને ગયા. ૧૧ વાગે જંગલમાં પહોંચ્યા. સૂર્ય બરાબર તપ્યો છે. લાકડા કાપતા જીવ ગભરાય છે. ત્યાં શું ચમત્કાર થશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં.-૩૮

**શ્રાવણ વદ ૮ ને શનિવાર** **તા. ૨૨-૮-૮૧**

વાત્સલ્યના વહેણ વહાવનાર, મોક્ષ માર્ગના બતાવનાર, ભવ્ય જીવોના તારણહાર, અનંત ઉપકારી જિનેશ્વરદેવની વાણી તેનું નામ સિદ્ધાંત. જિનેશ્વરદેવની વાણી સર્વ દુઃખોનો નાશ કરે છે. અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે. આત્માને ઉત્થાન તરફ

ઠારી જાય છે. ભવોભવ સુખ અને સમૃદ્ધિ આપે છે. આત્મકલ્યાણનો સાચો માર્ગ ધર્મ-શ્રવણથી મળે છે. જીવનમાં ટર્નીંગ પોઈન્ટ (પરિવર્તન) લાવવા અવશ્ય ધર્મનું શ્રવણ કરવું જોઈએ. ભૂતકાળમાં ઘણા આત્માઓ ધર્મશ્રવણના પ્રભાવે મોક્ષગતિને પામ્યા છે. જંબુકુમારે એક જ વાર જિનવાણીનું શ્રવણ કર્યું અને નવ્વાણું ક્રોડની સંપત્તિને ઠોકર મારી પોતાની આઠ પત્નીઓને પણ વૈરાગી બનાવી. આ પણ ધર્મશ્રવણનો પ્રભાવ હતો.

માનવ જીવનના ઉત્થાન માટે અનેક ગુણોની આવશ્યકતા અનિવાર્ય છે, કારણ કે માનવને ખાલી જીવન જીવી જવાનું નથી, પણ જીવતાં જગતની સામે અનેક પ્રકારના ભવ્યતમ આદર્શો રજુ કરી જવાના છે. અસંસ્કારિત શાકભાજી કંઇકના પગ તળે છુંદાય છે તે જ શાકભાજી સંસ્કારિત દશામાં આવે છે ત્યારે સ્ટેનલેસ સ્ટીલની તપેલીમાં તેનું સ્થાન હોય છે. જેમ કોઈપણ ચીજ ઉંચ સ્થાન તરફ આગળ વધે છે તેમ તેની પૂર્વભૂમિકામાં સહન કરવાનું હોય છે. હીરાજડિત સુવર્ણ સિંહાસન કે સુવર્ણ મુગટ ક્યારે ઉંચુ સ્થાન ભોગવી શક્યા ? પૂર્વ સ્થિતિનું પરિવર્તન લાવવા અર્થે સહન કર્યું ત્યારે.

આજે લોકો વૃક્ષને ચાહે છે. વૃક્ષને જોઈને રાજી થાય છે, કારણ કે તે ટાઢ–તડકો તેમજ વરસાદની ઝડીઓ સહન કરી મીઠાં ફળ અને શીતળ છાયા આપીને પરોપકાર કરે છે તેથી. આ રીતે માનવને પણ સમજી લેવાની જરૂર છે. સુખની અવ્વલ ટોચ ઉપર પહોંચવું હશે તો વિશ્વાસપૂર્વક પરોપકારના માર્ગે આગળ વધવું પડશે, અને વચમાં આવતા ચઢાણ ઉતરાણની યાતના સહન કરવી પડશે. બીજાને પીડા ઉપજાવીને, બીજાના સુખ છીનવી લઈને, બીજા જીવોનું અસ્તિત્વ ભૂંસી નાંખીને સુખી થવાની મહેનત કદાપિ સુખ આપવામાં કારણ નહિ બને. કદાચ પૂર્વભવના પુણ્યબળથી સુખ મેળવી લેવાય પણ તે સુખ દ્વારા જીવનમાં શાંતિ નહિ હોય. અગ્નિ શીતલતા આપી શકતી નથી તેમ બીજાને દુઃખી કરીને મેળવેલું સુખ કદાપિ શાંતિથી જીવવા દેતું નથી.

આમ બરાબર સમજીને જો માનવ પરોપકારમાં લાગી જાય અને પરોપકાર કરતાં જે કંઈ સહન કરવું પડે તે સહન કરી લે, તો તે લોકોના હૃદય સિંહાસન પર સ્થાન મેળવી લે. પરોપકાર કરવા માટે લાખો કે કરોડો રૂપિયાની મૂડીની જરૂર છે તેમ નથી, પણ હૃદયના વિશુદ્ધ ભાવની અને પવિત્ર આંખોમાંથી પુનિત આંસુઓની જરૂર છે. સાથે સાથે કરુણાથી ભરેલા વિચારોની જરૂર છે. તમે સામાને શું આપો છો ? કેટલા આપો છો તે જોવાનું નથી, પણ હૃદયના ભાવો અને આપવાનો વ્યવહાર જોવાય છે. ક્યા ભાવથી દાન આપવાનો વ્યવહાર છે તેના ઉપરથી તમારા આપેલા દાનનું મૂલ્યાંકન થાય છે.

પરિગ્રહથી ધર્મ દીપતો નથી, પણ નિષ્પરિગ્રહી થવા માટે દાન પ્રવૃત્તિ આચરવાથી ધર્મ દીપે છે. દાનની પ્રવૃત્તિમાં સામાના ભાવ, દુઃખને દૂર કરવાની વૃત્તિ હોવી જોઈએ. કોઈ ધન આદિ આપે એ તો દ્રવ્ય દયા, પણ ભાવ દયા તો તેને કહેવાય કે ધર્મથી વિમુખ થયો હોય અને ધર્મને પામ્યો ન હોય તેવા જીવોને ધર્મની સન્મુખ કરવા. આ ભાવદયા કરવા માટે દ્રવ્ય દયા કરવાની છે. મહાન ઉપકારી તારક શ્રી જિનેશ્વર

ભગવંતે પ્રરૂપેલો ધર્મ બીજાને પમાડવો છે તો મારે તેવા પ્રકારનું દાન કરવું જોઈએ કે જેથી લોકો મારા દાન તરફ આકર્ષાય અને તેઓની યોગ્યતા પ્રમાણે પછી ધર્મ પમાડી શકાય. આ ભાવથી દાન આપવામાં આવે તો અભિમાનાદિ દુર્ગુણો પ્રવેશવા પામે નહિ. જ્યારે જ્યારે પરોપકાર કરતા હોઈએ ત્યારે ત્યારે એકજ ભાવ રમતો હોય કે હું જે પરોપકાર કરું છું તે મારા તારક શ્રી જિનેશ્વર પ્રભુની આજ્ઞા છે. હું જગત ઉપર ઉપકાર કરી રહ્યો નથી, પણ પરોપકાર દ્વારા મારા આત્માનો ઉદ્ધાર કરી રહ્યો છું. ખરેખર દાન લેનારાઓને ધન્યવાદ સાથે અભિનંદન છે કે મારા દાનનો સ્વીકાર કરી રહ્યા છે. આ ભાવનાથી આગળ વધતા રહેવાનું છે. અને પરોપકાર ગુણને ખીલવતા રહેવાનું છે. જેવી રીતે પ્રભાતના સૂર્યના કિરણ ગ્રહણ કરવા માટે કમળ પોતાનું હૃદય ઉઘાડે છે તેવી રીતે સઘળા દુઃખોનો અવાજ સાંભળવા માટે તારા કાન સદા ખુલ્લા રાખજે. મનુષ્યનું આંસુનું ટીપું તારા હૃદય ઉપર પડવા દેજે અને ત્યાં રહેવા દેજે, અને જે કારણથી તે આંસુ પડયું તે કારણ તું દુર ન કરી શકે ત્યાં સુધી તારા હૃદય પટ પર પડેલા તે આંસુને ખંખેરી નાખતો નહીં. આ આંસુના ઝરાથી શાશ્વત દયાનું ખેતર પોષાય છે.

આ વાત પરથી સમજાશે કે માનવ જીવનના ઉત્થાન માટે પરોપકાર અને દયાના ગુણ કેળવવા જરૂરી છે. મહાપુરૂષો કહે છે હે માનવ! તું વૈભવના મદમાં છકી જઈને બીજા દુઃખિત હૃદયી માનવીઓના આંસુઓની તું હાંસી ઉડાવતો નહીં અને તેની આશાઓ બાળીને ભસ્મ કરતો નહિ. નહીં તો તે ભસ્મ તારા હૃદયને દઝાડવા સમર્થ બનશે અને તારા ઉત્થાન માર્ગમાં અવરોધ ઉભો કરશે. એક વખત એવો આવશે કે તું કલ્પાંત કરતો રહીશ અને જગત તારા ગરમ ગરમ આંસુઓ જોઈ, મશ્કરી કરશે, માટે હે માનવ! તું જીવનનું ઉત્થાન ઈચ્છતો હોય અને મોક્ષના સુખ મેળવવા ઝંખતો હોય તો તું પરમાર્થ અને પરોપકારના પંથે આગળ વધતો જા. ક્રોધ, માન, માયા અને લોભ રૂપી કષાયના માર્ગથી દૂર થતો જા, અને ઈન્દ્રિય–વિષયજન્ય સુખમાંથી ઉત્પન્ન થતાં સ્વાર્થના સંબંધો તોડી નાખીને પ્રભુએ ચીંધેલા આદર્શ યુક્ત ઉત્તમ જીવન જીવવા કટી-બદ્ધ થા, તેથી તારો ઉત્થાનનો માર્ગ સુલભ બનશે.

એક વાત યાદ રાખો કે જ્યાં સુધી હૈયામાં શારીરિક, ભૌતિક અને ઈન્દ્રિય સુખોની કામના છે ત્યાં સુધી આત્માની કોઈ યાદ નથી. અને આત્માના વિસ્મરણમાં ધર્મ સમજાતો નથી. ધર્મના મર્મને સમજનાર જીવ શારીરિક અને ભૌતિક સુખોની પાછળ ભટકતો નથી. યોગદૃષ્ટિ ખૂલ્યા વિના જીવ ધર્મ તત્ત્વને સમજી શકતો નથી. બાહ્ય ક્રિયાઓ તો ભોગદૃષ્ટિવાળો પણ કરે છે. જીવરાજ શેઠની વાત યાદ આવે છે.

**"એક હતા જીવરાજ શેઠ, જેમને વહાલું હતું વૈકુંઠ."** ઘણાં સમય પહેલાંની વાત છે. એ સમયે ઈન્દોર આજના જેટલું મોટું વિકસેલું શહેર ન હતું, પણ નાનું સરખું ગામ હતું. ત્યારે ગામમાં પાણીના નળ ન હતા. ટ્યુબ લાઈટો ન હતી.

મોટા મોટા મકાન ન હતાં. આ ગામમાં એક જીવરાજ શેઠની દુકાન હતી. આ શેઠ ખૂબ ધનવાન હતા. સાત માળના બંગલામાં તે રહેતા હતા. આ શેઠ જેમ અર્થ માટે પુરૂષાર્થ કરતા ને સુખ ભોગવતાં તેમ સાથે ધર્મ પણ કરતા હતા. શેઠને ધર્મક્રિયા કરવાનો ખૂબ શોખ હતો. કપાળમાં આઠ દશ ટપકા કરીને શેઠ દુકાનની ગાદીએ બેસતા. કોઈ ઘરાક ન હોય ત્યારે રૂદ્રાક્ષની માળા ફેરવતા ને ભગવાનનું નામ લેતા.

એક દિવસની વાત છે. નારદજીનું વિમાન ઈન્દોર પરથી પસાર થતું હતું. નારદજીની ઈચ્છા ઈન્દોર જોવાની હતી. આથી તેમણે વિમાન મેદાનમાં ઉતરાવ્યું. વિમાનમાંથી ઉતરી નારદજી ઈન્દોર જોવા નીકળ્યા. મેદાનના એક ખુણે જીવરાજ શેઠની દુકાન હતી. દુકાન પર જીવરાજ શેઠ હાથમાં રૂદ્રાક્ષની માળા લઈ રામનામ જપી રહ્યા હતા. નારદજી તો શેઠને અહોભાવથી જોતાં જ રહી ગયા. અહાહા... કેવા ભક્ત છે! નારદજીએ શેઠના લલાટમાં ચંદનના આઠ-દશ તિલક જોયા. હાથમાં રૂદ્રાક્ષની માળા જોઈ. નારદજીએ શેઠને ભક્ત માની લીધા. તે તેમની દુકાને ગયા. શેઠે નારદજીને જોયા. તે ખૂબ ખુશ થયા. દુકાનમાંથી નીચે ઉતરી નારદજીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. નારદજીએ પોતાના બે હાથથી પકડીને તેમને ઉભા કર્યા. શેઠની આંખોમાં આનંદનો સાગર લહેરાવા લાગ્યો.

શેઠ ગદ્ગદ્ કંઠે કહેવા લાગ્યા હે દેવર્ષિ! આપ આજે મારે આંગણે પધાર્યા તેથી હું ધન્ય બની ગયો. હે મહાત્મા! મને તો લાગે છે કે આજે જાણે મારે આંગણે કલ્પવૃક્ષ આવ્યું. અહાહા...મને કામધેનુ, કામકુંભ મળી ગયો. પધારો...ગુરૂદેવ! પધારો... મારા ગરીબની ઝુંપડી પાવન કરો. નારદજી તો શેઠના વિનય અને ભક્તિથી પાણી પાણી થઈ ગયા. શેઠની દુકાનના પગથિયા ચઢી નારદજી ઉપર આવ્યા. શેઠે તેમને વિનયથી અને પ્રેમથી ગાલીચા પર બેસાડયા, અને બે હાથ જોડીને ઉભા રહ્યા. નારદજીએ કહ્યું શેઠ! આ સંસારમાં તમે કેવી રીતે રહી ગયા? તમારા જેવા ભક્તને તો વૈકુંઠમાં સ્થાન મળવું જોઈએ. શેઠે કહ્યું પ્રભુ! મારું એવું ભાગ્ય કયાંથી કે મને વૈકુંઠમાં સ્થાન મળે! ભગવાન! હું તો અભાગીયો છું. ના...શેઠજી!...ના. એમ બની શકે નહિ. ભગવાન તમારા જેવા ભક્તને વૈકુંઠમાં સ્થાન નહીં આપે તો કોને આપશે? હું વૈકુંઠમાં જઈને ભગવાનને કહું છું કે ઈન્દોરના પેલા ભક્તને તમે વૈકુંઠમાં જલ્દીમાં જલ્દી પ્રવેશ આપો. ભગવાન દયાળુ છે તે તરત તમને વૈકુંઠમાં જલ્દી પ્રવેશ આપશે. તો શેઠ ચાલવું છે ને વૈકુંઠમાં! નારદજીએ જીવરાજ શેઠ સામે જોયું ને કહ્યું. ભગવંત! તમને શું કહું? મારા તો રોમેરોમમાં રામનો નાદ ગૂંજી રહ્યો છે. આ સંસારમાં મને જરા ય ચેન નથી. મને જો વૈકુંઠ મળી જાય તો અહા પ્રભુ! મારા ભવોભવના ફેરા ટળી જાય.

શેઠની વાત સાંભળી નારદજી પ્રસન્ન થયા. પ્રસન્ન કેમ ન થાય? તમે એવી વાત કરો કે મહાસતીજી! મારે મોક્ષ સિવાય બીજું કાંઈ નથી જોઈતું, તો હું પણ પ્રસન્ન થઈ જાઉં. કેટલી સુંદર વાત કરી જીવરાજ શેઠે! કેટલો વિનય! કેટલો વિવેક! તમને

આવડે છે આવું કાંઇ? કોઇ સંતો તમારી દુકાન પાસેથી પસાર થાય તો તમે બેઠા રહો છો કે નીચે ઉતરી જાઓ છો? (શ્રોતામાંથી અવાજ–નીચે ઉતરતા નથી.) જો સંતોનો આટલો વિનય નથી કરતા તો બીજાનો તો વિનય કરો જ કેવી રીતે? જો આપણામાંથી આટલો વિનય પણ ચાલ્યો જાય તો સમજવું કે હજુ આપણે ધર્મના સ્વરૂપને સમજ્યા નથી. વિનય અને વિવેક વિના ધર્મ થઇ શકતો નથી. ભગવાન દશવૈકાલિક સૂત્રમાં બોલ્યા છે કે "विणओ मूलो धम्मो." વિનય ધર્મનું મૂળ છે. ધર્મનો પ્રારંભ વિનયથી થાય છે, તેથી ઉત્તરાધ્યયન સૂત્રમાં સૌથી પ્રથમ અધ્યયન વિનયનું બતાવ્યું છે. જો જીવનમાં વિનય હશે તો બીજા ગુણો સહજ રીતે આવે છે. મહાપુરૂષોનો, ગુરૂદેવોનો વિનય કરવો તો દૂર રહ્યો પણ શું તમે માતાપિતાનો વિનય કરો છો ખરા? વડીલોનો વિનય કરો છો? દિવસમાં ત્રણવાર માતાપિતાને પગે લાગો છો? (શ્રોતામાંથી અવાજ– અરે! એકવાર પણ નથી લાગતા, પગે લાગતા શરમ આવે છે.) ક્યારે પગે લાગી શકો? નમ્રતા વિના નમન થઈ શકતું નથી. આજે નમ્રતા ચાલી ગઈ છે. અભિમાન– મિથ્યાભિમાન ખૂબ વધી રહ્યું છે.

જો તમને માતાપિતાને નમન કરતાં શરમ આવે છે તો પછી તમારા બાળકો શું કરશે? જો તમને તમારા બાળકોએ તમારા મા–બાપને પગે લાગતા જોયા હોય તો બાળકો જરૂર તમને પગે લાગે, પણ તમે એવો આદર્શ આપ્યો નથી. બોલો, આપ્યો છે આવો આદર્શ? હા, આદર્શ આપ્યો છે ખરો, પણ કેવો આદર્શ આપ્યો છે? અપમાન કરવાનો, તિરસ્કાર કરવાનો, ગાળો દેવાનો. યાદ રાખજો તમે તમારા માબાપ સાથે જેવો વ્યવહાર રાખશો તેવો વ્યવહાર તમારા બાળકો તમારી સાથે રાખશે. તમારા બાળકોને કોન્વેન્ટ સ્કુલો અને કોલેજોમાં મોકલીને શું લાભ મેળવ્યો? એટલે જે થોડી ઘણી નમ્રતા હતી તે પણ ચાલી ગઈ, અને બની ગયા અભિમાનના પૂતળા! અભિમાનમાં ક્યારેય નમ્રતા જોઇ છે ખરી? નમ્રતા વિના વિનય ક્યાંથી આવે? વિનય વિના ધર્મ ક્યાંથી આવે? વિનયનું શિક્ષણ તો નાનપણથી આપવું જોઇએ.

માતા પિતાનો વિનય કરનાર બાળક સ્કૂલમાં શિક્ષકોનો પણ વિનય કરશે. સમાજમાં વડીલોનો વિનય કરશે. ઉપાશ્રયમાં સાધુસંતોનો વિનય કરશે. આ જીવરાજ શેઠે નારદજીનો કેવો વિનય કર્યો? કેટલો બધો વિવેક કર્યો? કહેવત છે કે વિનય વેરીને પણ વશ કરે છે. શત્રુને વશ કરવા માટે વિનય એ જડીબુટ્ટી છે. અહીં જીવરાજ શેઠના વિનયથી નારદજી પ્રસન્ન થઇ ગયા. તેમના પ્રત્યે શુભ ભાવ જાગ્યો, અને નારદજીએ વૈકુંઠમાં જવાનો વિચાર કર્યો. જીવરાજ શેઠને કોઈ પણ રીતે વૈકુંઠમાં લઈ જવા એવો નિર્ણય કરી નારદજી વિમાનમાં બેઠા. વિમાન વૈકુંઠ તરફ ઉપડ્યું. જીવરાજ શેઠ નારદજીને વિમાનમાં જતા જોઈ રહ્યા. નારદજી તો વૈકુંઠમાં પહોંચી ગયા. તે ભગવાનને મળ્યા. ભગવાને તેમને પૂછ્યું. નારદજી! મૃત્યુલોકના નવા જુના શું સમાચાર લાવ્યા છો? તે કહો. નારદજીનું

મોં સહેજ ભારમાં હતું. થોડીવાર મૌન રહીને બોલ્યા, ભગવાન! મને ખબર નહિ કે આપના રાજ્યમાં આટલું બધું અંધેર હશે?

આમ બોલીને નારદજીએ તો જોરદાર ધડાકો કર્યો. ભગવાન સાંભળીને ઘડીક સ્તબ્ધ થઈ ગયા, પણ પછી મુખ પર પ્રેમાળ સ્મિત લાવીને જરા હસતા મુખે કહ્યું, નારદજી! દેવર્ષિ! એવી તે શી વાત છે કે મારા રાજ્યમાં તમને અંધેર દેખાયું! અરે ભગવાન! આપ અંતર્યામી થઈને મને પૂછો છો? કંઈ વાંધો નહિ. તમે પૂછો છો એટલે કહું છું. હમણાં હું મૃત્યુલોકમાં ગયો હતો, ત્યાં ઈન્દોર જોયું. ઈન્દોરમાં વસતા જીવરાજ શેઠને મળ્યો. વાહ શું એ ભક્ત છે! દિવસ રાત સતત તમારા નામનો જાપ કરે છે. કપાળમાં આઠ દશ તિલક કરે છે. આપની ભક્તિ કરે છે. શું તેમનો વિનય વિવેક છે! વૈકુંઠમાં આવવાની તેમની તીવ્ર તમન્ના છે. તીવ્ર ઉત્કંઠા છે. તેને વૈકુંઠ સિવાય બીજું કંઈ જોઇતું નથી. પ્રભુ! આપને કહું છું, આપ મારા પર નારાજ ન થશો, પણ આપને આવા ભક્તની કાંઈ પડી જ નથી! આપ પાપીઓને પાવન કરો છો પણ આવા ભક્તને... એટલું બોલીને નારદજી અટકી ગયા. ભગવાન નારદજીની વાત સમજી ગયા. ભગવાને આંખો બંધ કરીને ઈન્દોર જોયું. ઈન્દોરમાં શેઠની દુકાન જોઈ અને જીવરાજ શેઠને પણ જોયા. ભગવાને શેઠને બહારથી જોયા અને અંદરથી પણ જોયા. પછી નારદજીને કહ્યું, હે મહર્ષિ! આ શેઠ વૈકુંઠમાં નહિ આવે. ભગવાન એ જરૂર આવશે. હું એને પૂછીને આવ્યો છું. નારદજી! ભલે આપ પૂછીને આવ્યા છો પણ હું કહું છું કે તે શેઠ વૈકુંઠમાં નહિ આવે. નારદજી ગુસ્સામાં બોલ્યા. ભગવાન! આપની વાત હું માની શકતો નથી. માફ કરજો. આપ સીધું એમ જ કહી દો કે એ શેઠ માટે વૈકુંઠમાં જગ્યા નથી. કોઈ રૂમ ખાલી નથી. ભગવાનને હસવું આવી ગયું. તેમણે કહ્યું-ભલે, તો તમે એ શેઠને લઈ આવો. ભગવાન! હું આપનું વિમાન લઇને ઈન્દોર જઈશ અને એ શેઠને લઈ આવીશ. ભગવાને કહ્યું, ભલે નારદજી! આપ લઇ જજો મારું વિમાન. નારદજી પ્રસન્ન થઇને પોતાના સ્થાને ચાલ્યા ગયા. ભગવાન નારદજીને જોતા રહી ગયા. માણસની બહારની ભક્તિ જોઈને ઘણી વાર માણસો મોહી જાય છે. ભગવાન જાણતા હતા કે એ શેઠની ભક્તિ ઉપર-ઉપરની છે, પણ નારદજીએ ખૂબ કહ્યું એટલે મનમાં થયું કે ભલે જાય નારદજી અને એ શેઠને લઈ આવે. તમારે પણ મોક્ષમાં જવું છે ને? મોક્ષમાં જવાની લગની લાગી છે ને? મોક્ષમાં લઈ જનાર ધર્મ છે; માટે મોક્ષ જોઈતો હોય તો ધર્મનું શરણું સ્વીકારો. નારદજી શેઠને વૈકુંઠમાં લઈ જવા માટે આવશે ત્યારે શેઠ શું કહેશે તે અવસરે વિચારીશું.

આપણા ચાલુ અધિકારમાં મુનિનો ઉપદેશ સાંભળી મણિપ્રભના કામવાસનાના વિષ ચાલ્યા ગયા. તેણે પ્રતિજ્ઞા કરી કે હવે હું પરસ્ત્રીને માતા અને બેન સમાન ગણીશ, પછી મયણરેહાના ચરણમાં પડીને કહેવા લાગ્યો બેન! કયાં હું અધમ પાપી! કયાં તું પવિત્ર! કયાં મારી દુષ્ટ ભાવના! કયાં તારી શુદ્ધ ભાવના! બેન! મને મારી ભૂલની

માફી આપ. હવે તું મારી બેન છે. મયણરેહા કહે ભાઈ! મારી ઈચ્છા સંયમ લેવાની છે. મેં સંસારને જોઈ લીધો. સંસારમાં કાંઈ સાર નથી. મને સાધ્વીનો યોગ મળે તો હું દીક્ષા લઈ લઈશ. બેન! ધન્ય છે તને! ધન્ય છે તારા જીવનને! એમ કહેતા મણિપ્રભની આંખમાંથી આંસુ સરી પડયા.

મયણરેહા સંયમ લેવાનું વિચારી રહી છે, પણ માતૃહૃદય છે ને! તેને પોતાનો પુત્ર યાદ આવ્યો. સતીના મનમાં થયું કે હું જંગલમાં મારા બાળને ઝોળીમાં સૂવાડીને આવી છું. તેનું શું થયું હશે? હું દીક્ષા લઈ લઉં ને મારી આ ઇચ્છા રહી જાય તો પાછળ પસ્તાવાનો વખત આવે. આ તો શીરસાટાના ખેલ છે માટે ઇચ્છાને મૂળમાંથી નાશ કરી પછી દીક્ષા લઉં. જો ઇચ્છા રહી જાય તો પછી સંયમ લેવા છતાં મન ચલિત થઈ જાય. રહનેમિએ રાજેમતીને ગુફામાં જોઈ અને તેનું મન ચલાયમાન થયું, તેમાં મૂળ કારણ વાસના, ઇચ્છા રહી ગઈ હતી. નેમકુમાર જ્યારે રાજુલને પરણ્યા વિના પાછા ફર્યા ત્યારે રહનેમિએ રાજેમતીને પરણવા માટે પહેલા થોડી વસ્તુઓ મોકલી ને પછી તે પોતે ગયા ને કહ્યું, હે રાજેમતી! તને છોડીને જનાર નેમ તો કાળા હતા ને હું તો તારા જેવો રૂપાળો છું, માટે તું રડીશ નહિ અને મારી સાથે લગ્ન કર. રાજેમતીએ કહ્યું, હું દુનિયામાં એક વાર તો તમારા ભાઈની પત્ની કહેવાઈ ગઈને! સગપણ થયું. લગ્ન કરવા આવેલા તોરણથી પાછા ફર્યા માટે હું નેમકુમારની પત્ની છું, એમ તો બધા જાણે છે. મેં તો મનથી જેને પતિ માન્યા હતા તે સિવાય હવે બીજા કોઈ મારે ન જોઈએ. તમારું કુળ કોણ? જાતિ કોણ? કંઈક તો વિચાર કરો! રાજેમતીએ ત્યારે રહનેમીને ખૂબ ફટકાર્યા હતા, તેથી રહનેમી પાછા ગયા, પણ મનમાંથી ઇચ્છા ગઈ ન હતી, તેથી ગુફામાં રાજેમતીને જોતાં જે અંકુરો રહી ગયો હતો તેનો ફણગો ફૂટયો ને રાજેમતી પાસે અધમ માંગણી કરી, ત્યારે રાજેમતીએ જે વચનો કહ્યા તે વચનોથી શાન ઠેકાણે આવી ગઈ ને ચારિત્રમાં બરાબર સ્થિર થયા. મૂળમાંથી વાસના (ઇચ્છા) નાબૂદ થઈ ગઈ.

આ સંસારમાં જે કોઈ જીવ ઇચ્છા કરવાનું સામર્થ્ય ધરાવે છે, તેની ઇચ્છાઓ કેટલી? એ ઇચ્છાઓનું કોઈ માપ નથી. એ ઇચ્છાઓની કોઈ ગણના કે સીમા નથી. એ માપ વિનાની, ગણના વિનાની, સીમા વિનાની ઇચ્છાઓ જગતના જીવોને સંતાપે છે. પોતાની ઇચ્છાઓને પૂર્ણ કરવા માટે જગતના જીવો આપત્તિઓની સામે ધસ્યે જાય છે. આપત્તિઓ વેઠવા છતાં ઇચ્છાઓ સફળ થતી નથી તો ભારે નિરાશા અનુભવે છે, અને ઇચ્છાઓ સફળ થાય છે, તો નવી ઇચ્છાઓ જન્મે છે. એટલે નવું દુઃખ ઉત્પન્ન થાય છે. આ સંસારમાં એક પણ જીવ એવો નથી કે જેની બધી ઇચ્છાઓ ફળી હોય. એવો પણ જીવ શોધ્યો નહિ જડે કે જેની અમુક ઇચ્છાઓ ફળ્યા પછી તે ઇચ્છા રહિત બન્યો હોય. વિશ્વના બધા જીવો પોતપોતાની ઇચ્છા સફળ બને તે માટે અવિરતપણે માનસિક, વાચિક અને કાયિક પ્રયત્નો કરી રહ્યા છે. છતાં જ્યાં જોઈએ ત્યાં ઇચ્છાનું તાંડવ અસ્ખલિતપણે ચાલી રહેલું દેખાય છે. જગતમાં વિદ્વાન અને બુદ્ધિમાન ગણાતા

માણસોના અંતરમાં પણ ઇચ્છાઓનું તાંડવ ચાલુ છે, અને અજ્ઞાન તથા મૂર્ખ ગણાતા મનુષ્યોના અંતરમાં પણ ઇચ્છાઓનું તાંડવ ચાલુ છે. આનું કારણ શું ? એના નિવારણનો ઉપાય કયો ?

આ પ્રશ્નોનો જે વિવેકપૂર્વક વિચાર કરતા નથી, તેઓ આ વિશ્વમાં ગમે તેવા વિદ્વાન અને બુદ્ધિમાન ગણાતા હોય પણ અબૂધ અને બુદ્ધિહીન છે. જન્મે ત્યાંથી આરંભીને મરે ત્યાં સુધી ઇચ્છા કર્યા કરવી પડે. કરેલી ઇચ્છાઓમાંની સેંકડો, હજારો કે લાખો અગર તેથી ય વધુ ઇચ્છાઓ વાંઝણી રહે. એક સમયે તીવ્ર ઇચ્છાથી પ્રાપ્ત કરેલી વસ્તુઓનો પણ બીજા સમયે વિયોગ પડે છે. જેમ જેમ ઇચ્છા ફળતી જાય તેમ તેમ ઇચ્છા ઘટવાને બદલે વધ્યે જાય, છતાં જે માણસ એનું કારણ શોધવાને પ્રયત્નશીલ નથી બનતો કે એવી દશાના નિવારણનો ઉપાય શોધતો નથી, તેને કોણ બુદ્ધિમાન કે વિદ્વાન કહે ?

મયણરેહાના મનમાં થયું કે હું દીક્ષા લઉં ને પછી મનમાં એમ ઇચ્છા થાય કે હું મારા પુત્રને જોવા ન પામી. માટે એક વાર મારા પુત્રનું મુખ જોઇ લઉં, પછી દીક્ષા લઇશ. મયણરેહા હાથમાં આવેલી આ તકને જવા દેવા માંગતી ન હતી. પોતાના ને પુત્રના જન્મ-જન્મ એને જાણવા હતા. સ્નેહતંતુના તાણાવાણા કંઈ ઓછા મજબૂત હોય છે ! તેથી મયણરેહાએ મુનિને કહ્યું-હે ગુરૂદેવ ! વનમાં મારા પુત્રને અડધી સાડીની ઝોળીમાં સૂવાડી વૃક્ષ ઉપર લટકાવ્યો હતો, તો મારા એ પુત્રનું શું થયું ? એ જીવ તો છે ને ? ત્યાં છે કે કોઈ લઈ ગયું છે ? અર્થાત્ મારા એ પુત્રે એવું તે કેવું કર્મ બાંધ્યું હશે કે જેથી જન્મ થતાંની સાથે જ એના ભાગ્યે માતાનો વિયોગ લખાયો ! મુનિએ કહ્યું-હે સતી ! આ જીવનમાં અસ્ત-ઉદય લાવનારી, આનંદ-આક્રંદની દેન કરનારી કર્મસત્તા છે. એ સત્તા કોઈના હાથ નીચે નથી. એ સત્તાએ આખા જગતને પોતાના હાથ નીચે દાબી રાખ્યું છે. મુનિ ચાર જ્ઞાનના ધણી હતા. તેમણે કહ્યું-તમે પુત્ર વિષે કાંઈ ચિંતા ન કરો. મુનિએ કહ્યું, બાળક જીવતો છે. એટલું સાંભળતા સતીના હૈયામાં ટંડક વળી ગઈ. હવે મુનિ તેનો (બાળકનો) પૂર્વભવ કહે છે.

મુનિ કહે છે કે હે બહેન ! તારા પુત્રનો અને પદ્મરથ રાજાનો સંબંધ આ ભવનો નથી, પણ ઘણા ભવથી ચાલ્યો આવે છે. પૂર્વકાળમાં જંબુદ્વીપના પૂર્વવિદેહમાં પુષ્પકલાવતીના મણિતોરણપુર નગરમાં અમીતયશ નામના ચક્રવર્તી રાજાને પુષ્પશિખર અને રત્નશિખર નામના બે પુત્રો હતા. આ બંને ભાઈઓને સંતોના ઉપદેશથી સંસાર પર તિરસ્કાર છૂટયો. ચક્રવર્તીના ઘરના વૈભવ-વિલાસ વિષ ભર્યા અન્નની માફક આકરા લાગ્યા. એમાં રાચવામાં અમૂલ્ય જીવનધન એળે જતું લાગ્યું. એમ વિચાર કરી ચક્રવર્તીના સુખોને ઠોકર મારી ચારિત્ર માર્ગ સ્વીકાર્યો. સોળ લાખ પૂર્વનો સંયમ પાળી સંયમની સુંદર સાધના કરી બારમા દેવલોકે ગયા. દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી ધાતકીખંડના ભરતક્ષેત્રમાં હરિષેણ રાજાની સમુદ્રદત્તા રાણીની કુક્ષીએ જોડકા રૂપે અવતર્યા. ત્યાં એકનું નામ સમુદ્રદત્ત

અને બીજાનું નામ સાગરદત્ત હતું. તેઓને જેમ પુણ્ય સમૃદ્ધિનો યોગ મળ્યો છે તેમ સદ્‌ગુરૂનો પણ યોગ મળ્યો. તેમની ધર્મદેશના સાંભળવા મળી. પુણ્યાનુબંધી પુણ્ય હોય ત્યાં આ સ્થિતિ પ્રાપ્ત થાય. નહિતર પાપાનુબંધી પુણ્યની લીલા ઝેર સમી નીવડે. જીવને ભૌતિક સમૃદ્ધિનો ગુલામ બનાવે, ભૌતિક સામ્રાજ્યનો સેવક બનાવે અને એવો તો મોહાન્ધ અને વિષયાંધ બનાવે કે એને ધર્મ સૂઝે નહિ, એને ગુરૂ કડવા લાગે. ધર્મના કાર્ય તરફ દુગંછા થાય, કંટાળો આવે, પણ આ પુત્રો તો ધર્મદેશના સાંભળીને વિચારે છે કે આપણે આ સંસાર રૂપી ચોરપલ્લીમાં ક્યાં ફસાયા! અહીં તો માલ મેવા ખાઈને લૂંટાવાનું! કુટુંબની બેડીઓમાં ફસાયા કરવાનું! હવે તો ઉઠો. રહ્યો સહ્યો પુણ્યનો અને પુરૂષાર્થનો માલ લઈને ભાગો. આ બંને બાળકો અધ્યાત્મ સામ્રાજ્ય સ્વીકારી જ્ઞાન, ધ્યાન વિગેરેમાં મસ્ત રહેવા સજ્જ થઈ ગયા. ચારિત્ર લીધું. એક દિવસ તેઓ વનમાં કાયોત્સર્ગ કરીને ઉભા હતા ત્યાં અચાનક વીજળી તૂટી પડી. બધાને ખમાવી આલોવી, પડિક્કમી, નિંદી, નિશલ્લ થઈને સંથારો કરી પંડિત મરણે કાળધર્મ પામી સાતમા દેવલોકે ગયા.

કેટલોક કાળ દેવતાઈ સુખ ભોગવ્યા પછી ગિરનાર પર્વત ઉપર નેમનાથ ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ થયું તેથી કેવળજ્ઞાન મહોત્સવ ઉજવવા ત્યાં ભગવાનની સેવામાં ઉપસ્થિત થયા, અને ભગવાનને વંદન કરી પ્રશ્ન પૂછ્યો કે હે ભગવાન! અમે ભવી છીએ કે અભવી? ચરમ શરીરી છીએ કે અચરમ શરીરી? ભગવાને કહ્યું, તમે ભવી છો, ચરમ શરીરી થશો. તમારામાંનો એક દેવ મિથિલા નગરીના જયસેન રાજાના પદ્મરથ નામે પાટવીકુંવર તરીકે જન્મશે, અને બીજો દેવ માલવદેશના સુદર્શન નગરના યુવરાજ યુગ-બાહુની પત્ની મયણરેહાની કુંખે જન્મશે, પણ તે પદ્મરથના પુત્ર તરીકે ઓળખાશે. પછી તે દેવ પોતાના સ્થાને ચાલ્યા ગયા. આ બંને દેવો આયુષ્ય પૂર્ણ કરી એક જણ મિથિલાપુરીમાં જયસેન રાજાના પુત્ર પદ્મરથ તરીકે જન્મ્યો. મોટો થતાં રાજ્ય સોંપી જયસેને ચારિત્ર લીધું. બીજો દેવ કાળ કરી તારા પુત્રપણે જંગલમાં જન્મ્યો. હવે સતી પોતાના બાળક માટે પ્રશ્ન કરશે ને શું બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્રઃ**– સાગરદત્ત શેઠના કર્મના ખેલ તો જુઓ. એક વખતના કરોડપતિ શેઠ આજે કઠિયારા બન્યા, છતાં જીવનમાં સંતોષ છે. રોજ લાકડા કાપે, ભારો વેચે ને જીવન ચલાવે. એક દિવસ બંને બાળકો પણ શેઠની સાથે લાકડા કાપવા ગયા. ચૈત્ર વૈશાખના તડકા છે. ધરતી તો બરાબર તપી છે. શેઠ બાળકોને કહે બેટા! આપ છાંયે બેસો. હું લાકડા કાપીને આવું છું. શેઠ લાકડા કાપે છે. ગરમી ખૂબ હોવાથી જીવ ગભરાય છે. શરીરે પરસેવો નીતરે છે. છોકરાઓ કહે બાપુજી! આપ ખૂબ થાકી ગયા લાગો છો. થોડી વાર વિસામો ખાઈએ. અમે લાકડા કાપી આવીશું. શેઠ કહે બેટા! હમણાં હું લાકડા કાપીશ. બપોર થઈ ગઈ છે. ઉની ઉની લૂ વરસી રહી છે. આપણે અત્યારે નગરમાં જવું નથી. સાંજ પડશે, જરા ઠંડક થશે એટલે ગામમાં જઈશું. શાંતિથી ઝાડ નીચે બેસીએ.

શેઠના તનના થાક કરતાં મનનો થાક વધુ છે. હેમહિંડોળે ઝુલનાર શેઠને આજે ઝુંપડાના સાંસા પડયાં. આ ભયંકર દુઃખોમાં મન ન થાકે તો બીજું થાય શું? છતાં કર્મના સ્વરૂપને સમજેલા છે. ધર્મને પામેલા છે, તેથી સંતોષથી રહે છે. આટલી ગરીબ સ્થિતિમાં પણ પ્રભુને કે ધર્મને ભૂલતા નથી. જે દુઃખમાં પ્રભુને ભૂલતા નથી તેનું દુઃખ ગયા વિના રહેતું નથી. પૂર્વના ગાઢ કર્મો હોય તેથી દુઃખ ભોગવવું પડે પણ કોઇ ને કોઈ રક્ષક મળી જાય છે.

આ શેઠ અને બાળકો ઝાડ નીચે બેઠા છે. શેઠ કહે ચાલો આપણે સ્વાધ્યાય કરીએ. પ્રભુની પ્રાર્થના કરીએ. પોતે ઘેરથી ભાતુ લાવ્યા હતા તે શેઠે બાળકોને ખવડાવ્યું, પછી એક ચિત્તે એક સૂરે પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા.

**धम्मो मंगल मुक्किट्ठं, अहिंसा संयमो तवो।**
**देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥**

શેઠે આ બાળકોને પણ આ ગાથા શીખવાડી હતી. શેઠ અંતરના ભાવપૂર્વક આ ગાથાઓ બોલી રહ્યા છે. ભાગ્યના વિપ્લવથી મ્લાન થયેલી દશામાં સુખની છાયાની નાની પગલીઓ હવે ચમકતી હતી. આજ સુધી વહેતા સંસારના પ્રવાહમાં તણાતા શ્રેષ્ઠીએ ધૈર્યતા અને ગંભીરતાપૂર્વક દુઃખની જ્વાળાને શમાવી રાખી. ન જાણે દુઃખની સ્પર્ધા કરવા સુખની છાયા શ્રેષ્ઠીના જીવનમાં પ્રતિબિંબ રૂપ બની ગઈ.

**પ્રાર્થનાના પડઘાએ જંગલ ગાજે, વિદ્યાધરનું મનડું નાચે,**
**ગતિવેગે જતું વિમાન સ્થંભે, વિચાર મંથનમાં દંપતિ દોડે.**

શેઠ સ્વાધ્યાય કરી રહ્યા છે ત્યાં જંગલમાં મંગલ થયું. તે સમયે એક વિદ્યાધર અને તેની પત્ની વિમાનમાં બેસીને તીવ્ર ગતિએ મહાવિદેહ ક્ષેત્રમાં પ્રભુના દર્શન કરવા જઈ રહ્યા હતા. જ્યાં આ શેઠ બેઠા હતાં ત્યાં આવતા તેમનું વિમાન સ્થંભી ગયું. વિમાન ચલાવવા ઘણાં પ્રયત્નો કરે છે, પણ વિમાન ત્યાંથી એક તસુ પણ ખસતું નથી. વિદ્યાધર કહે, હું પ્રભુના દર્શન કરવા જાઉં છું. પાપના કામ માટે તો જતો નથી, છતાં આ વિઘ્ન કેમ આવ્યું? ભગવાનની દેશના પૂરી થઈ જશે ને હું લાભ વિનાનો રહી જઈશ. વિદ્યાધરને ગુસ્સો આવી ગયો કે પ્રભુના દર્શન કરવા જતાં આ સ્ખલના પહોંચાડનાર કોણ છે? વિદ્યાધરી કહે આપ ગુસ્સો ન કરો. લાલ આંખ ન કરો. અહીં કોઈ અઘોર તપસ્વી સંત બેઠા હશે અથવા દૃઢધર્મી અને પ્રિયધર્મી શ્રાવક બેઠેલા હશે, નહીં તો આપણું વિમાન અટકે નહિ. ત્યાં કાન સ્થિર કર્યા તો મીઠા ધીમા સૂરે નવકારમંત્રનો અવાજ આવ્યો. સ્વાધ્યાયના સૂર તેમના કાને અથડાયા. નીચે નજર કરી તો ત્રણ આત્માઓ બેઠા છે. વિદ્યાધર કહે, અરે! આ લોકોના કારણે વિમાન સ્થંભ્યું છે. મને ભગવાનના દર્શને જતાં વિઘ્ન રૂપ બન્યા છે, એમને જીવતા ન રાખું. આપ ગરમ ન થાવ. આ ધર્મિષ્ઠ આત્મા શ્રાપ આપશે તો આપણે હતા ન હતા થઈ જઈશું. વિદ્યાધરી

સમજાવે છે પણ પુરૂષપણાનું અભિમાન છે એટલે વિદ્યાધર તેની વાત સાંભળતો નથી. તેની હાંસી ઉડાવે છે. છેવટે વિમાન નીચે ઉતાર્યું. તેમની ધર્મશ્રદ્ધાનો પ્રભાવ વિદ્યાધર ઉપર કેવો પડશે તે સાંભળજો. તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં.-૩૯

**શ્રાવણ વદ ૯ ને રવિવાર** **તા. ૨૩-૮-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંત ઉપકારી અનંત જ્ઞાન, દર્શનના ધારક જિનેશ્વર ભગવંતોની દેશના એટલે અનુપમ પ્રકારનું સુંદરમાં સુંદર સંગીત. તીર્થંકર ભગવાનની દેશનાનું તો પૂછવું જ શું? દેશના સાંભળનારા સૌને એમ લાગે કે ભગવાન મને કહી રહ્યા છે. સૌ પોતપોતાની ભાષામાં ભગવાનની વાણીને સમજી શકે ને બધાના સંદેહ એક સાથે છેદાયા કરે. આવો વાણીનો અતિશય જેને વરેલો છે તેવા તારક પ્રભુના મુખમાંથી ઝરેલી વાણી તેનું નામ સિદ્ધાંત.

ભગવાન આત્મ સ્વરૂપને પામવા માટે માર્ગ બતાવતા કહે છે કે હે આત્માઓ! તમે આત્માની શ્રદ્ધા કરો. વિશ્વાસ કરો. સંસારના દરેક કાર્યમાં જીવને શ્રદ્ધા છે પણ શ્રદ્ધા નથી માત્ર આત્માની. આત્મા એટલે કોણ? ત્રિકાલાબાધિત. હું ભૂતકાળમાં હતો, વર્તમાનકાળમાં છું અને ભવિષ્યકાળમાં પણ હોઈશ. આ શરીર સળગી જશે તો ય હું તો રહેવાનો. શરીર નાશવંત છે એટલે આ શરીરનો અને મારો વિયોગ નિશ્ચિત છે, પણ આ શરીર છૂટશે તો ય હું તો રહેવાનો છું. આવું લાગી જાય તો આજે જેમ આ શરીરની ચિંતા થાય છે તેમ આત્માની ચિંતા થશે. આત્માને નહીં ઓળખનારા અજ્ઞાની જીવો શરીર આદિની પ્રગતિ માટે મહેનત કરે છે પણ આત્માની પ્રગતિની મહેનત કરતા નથી. શરીરની બાલ, યુવાન, મધ્યમ, પ્રૌઢ અને વૃદ્ધ આદિ અવસ્થાઓની તમને ખબર છે પણ કોઈ પૂછે કે આત્માની અવસ્થાઓ કેટલી? તેની તમને ખબર છે? શરીરની બધી અવસ્થાઓ યાદ, એ અવસ્થાઓમાં કેમ વર્તવું એ બધી ખબર હોય અને આત્માની કંઈ જ ખબર નહિ એનું કારણ શું? માણસ ઉંમરમાં વધે તેમ વજનમાં પણ વધવો જોઈએ એમ તમે માનો છો ને? કાંટે ચઢતાં વજન ઘટયું છે એમ ખબર પડે તો ડોકટર કે વૈદ પાસે જાવ ને શરીરની ચિકિત્સા કરાવો. શરીરની કેટલી ચિન્તા? જો થોડું વજન વધ્યું હોય તો કેટલો આનંદ થાય! પણ આત્મા ઉપર કષાયનો, રાગ-દ્વેષના મેલનો બોજો વધ્યો છે કે ઘટયો છે એની ચિંતા કરનારા કેટલા? આત્માને માનનારાએ આત્માની અવસ્થાઓને જાણવી જોઈએ.

આત્માની ત્રણ અવસ્થાઓ છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. શરીરના પ્રેમીને જેમ શરીરની ચિંતા હોય છે અને શરીરનું વજન નક્કરપણે વધે તો આનંદ થાય છે, તેમ વાસ્તવિક કોટીના આસ્તિકને આત્માની ચિંતા હોય છે, અને પોતાના

આત્માને યોગ્ય પ્રયત્નો દ્વારા પરમાત્મ–અવસ્થાએ પહોંચાડવાની ભાવના હોય છે. આત્મા આત્મ સ્વરૂપે એક જ છે, પણ જેમ પાણી સ્વરૂપે એક છતાં જુદા જુદા રંગમાં મળેલું પાણી જુદા જુદા રૂપે દેખાય છે, પણ પાણીમાં કોઇ જાતનો ફરક નથી. ફરક ફક્ત જુદા જુદા રંગ મળ્યા તેનો છે. તેવી રીતે આત્મપણામાં ત્રણે પ્રકારના આત્મામાં કોઈ પણ જાતનો ફરક નથી. જેવો બહિરાત્મા તેવો અંતરાત્મા અને તેવો પરમાત્માનો આત્મા છે. ત્રણેમાં ફરક નથી. ફરક જોડેની ઉપાધિનો છે. પાણીમાં ભળેલા રંગમાં ફરક હોવાથી તે પાણી જુદા જુદા રૂપે દેખાય છે તેવી રીતે આ આત્મામાં સ્વરૂપથી કાંઇ ફરક નથી. ફરક ફક્ત ઉપાધિનો છે. ઉપાધિમાં ઉંધાચત્તા થનારા હોય એ બહિરાત્મા. નાટકમાં એકટર બને અને પોતાને બાદશાહ માને. રાજાનો વેશ ભજવે છે, અને પોતાને રાજા માને છે, તેવી રીતે આ જગતમાં કર્મ મેનેજરના હુકમ પ્રમાણે અનેક પ્રકારની ગતિમાં રખડીએ છીએ. એક ભવમાં અનેક સ્થિતિઓ ભોગવીએ છીએ. આપણી ઉપાધિને આત્માની મૂળ સ્થિતિમાં માની લઈએ તો આપણે બહિરાત્મા અને મિથ્યાત્વીઓ છીએ. સમ્યક્ત્વીઓને બહિરાત્મપણું ન હોય.

**અંતરાત્મા કોને કહેવાય:**–ગમે તેવા સંયોગો હોય પણ જેઓ પોતાના સ્વરૂપને છોડે નહિ. કર્મના હુકમ પ્રમાણે આ વેશ ભજવાય છે એવું જાણે અને એવા જે અંતરાત્મદૃષ્ટિવાળા હોય તેવા આત્માઓને અનુકૂળતામાં આનંદ અને પ્રતિકૂળતામાં અફસોસ હોતો નથી. કરેલાં કર્મોના ફળ ભોગવું છું, એવું માને તેવા આત્માઓને અંતરાત્મા કહેવાય. અંતરાત્મા એટલે સમ્યગ્દૃષ્ટિ અને પરમાત્મા એટલે જે ઘાતી કર્મો ઉપર ઘા કરીને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરે તે પરમાત્મા.

આજના પવિત્ર દિવસનું નામ છે જન્માષ્ટમી. આજના પવિત્ર દિવસે કૃષ્ણજીનો જન્મ થયો હતો. મહાપુરૂષોની જન્મજયંતી આપણા જીવનમાં નવીન પ્રેરણા આપે છે. જેમ કોલસા પર રાખ વળી ગઈ હોય તો તે ઉડાડવા માટે ભૂંગળીની જરૂર છે તેમ આપણા જીવન પર કષાયો તથા દુર્ગુણોની રાખ વળી ગઇ હોય તો મહાપુરૂષોની જન્મજયંતિ ભૂંગળીનું કામ કરે છે. ત્રણ પ્રકારના પુરૂષો બતાવ્યા છે. (૧) ધર્મપુરૂષ (૨) ભોગપુરૂષ (૩) કર્મપુરૂષ.

**(૧) ધર્મપુરૂષ:**–તીર્થંકર ભગવાનને ધર્મપુરૂષ કહેવાય છે. દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં ચોવીસ ચોવીસ તીર્થંકર મહાપુરૂષો થાય છે. તે સંસારના સમસ્ત વૈભવ વિલાસ, રિદ્ધિ સિદ્ધિને છોડી સંયમ લે છે. તીર્થંકરનો આત્મા ત્રણ જ્ઞાન તો માતાના ગર્ભમાંથી લઈને આવે છે અને દીક્ષા લે ત્યારે ચોથું મનઃપર્યવ જ્ઞાન થાય છે. તેઓ તીવ્ર તપશ્ચર્યા દ્વારા આત્મસાધના કરે છે અને પોતાના આત્માને ચરમ વિકાસની સીમા પર પહોંચાડે છે. તે પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રાપ્ત કરીને પરમાત્મ–દશા પ્રતિપન્ન થઈ જાય છે, પછી તે તીર્થની સ્થાપના કરે છે. સેંકડો જીવોને ધર્મ પમાડે છે. જગતના જીવોને સંસારમાંથી બહાર કાઢી સંયમ માર્ગનું પ્રદાન કરે છે. અધર્મના સ્થાન

પર ધર્મની પ્રતિષ્ઠા કરે છે. જાતિપૂજા, કુળપૂજાના સ્થાને ગુણપૂજાનું મહત્વ સ્થાપિત કરે છે, દયા, કરૂણા, સેવા આદિનો ઉપદેશ આપે છે. આવા તીર્થંકર મહાપુરૂષોને ધર્મપુરૂષ કહેવાય છે

(૨) **ભોગપુરૂષઃ**–ચક્રવર્તીને ભોગપુરૂષ કહેવાય છે. દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં બાર બાર ચક્રવર્તી થાય છે. તે પોતાના ભૂજાબળથી છ ખંડો પર પોતાની વિજયપતાકા લહરાવે છે, અને સર્વત્ર અખંડ શાસન સ્થાપિત કરે છે. પ્રજાને સુશાસન દ્વારા સુખી બનાવે છે. તેમને ૬૪ હજાર તો રાણીઓ હોય છે. તેમને ત્યાં ૧૪ રત્નો અને નવ નિધાન હોય છે. ૧૪ રત્નોની વાત તો આપે ઘણી વાર સાંભળી હશે, પણ નવ નિધાનમાં શું હોય છે તે જાણવા જેવું છે.

(૧) **નૈસર્પઃ**– નૈસર્પ નામના નિધાનમાં ગામ એટલે વાડથી વીંટાયેલું, આગર એટલે જ્યાં લવણાદિક ઉત્પન્ન થાય તે, નગર એટલે રાજધાની, પત્તન એટલે જળમાર્ગે તથા સ્થળમાર્ગે જ્યાં જવું આવવું થાય તે, દ્રોણમુખ એટલે જ્યાં જવાનો ફક્ત જળમાર્ગ હોય તે, મંડબ એટલે જેને ફરતા અઢી ગાઉ સુધીમાં કોઇ ગામ ન હોય તે, સ્કંધાવાર એટલે લશ્કરી છાવણી, ઘર એટલે મહેલ આદિ તથા દુકાન એટલે હાટોની શ્રેણી વગેરેની રચનાનું નકશા સહિત સ્વરૂપ લખેલું હોય છે.

(૨) **પાંડુક :** પાંડુક નામના નિધાનમાં સોનામહોરો તથા સોપારી આદિ ગણવાના પદાર્થો, ગાયનના સર્વ ભેદો, ધાન્ય આદિ માપવાના માપો, ખાંડ, ગોળ આદિ તોળવાના તોલા તથા ધાન્યોના બીજ વગેરેનું જ્ઞાન લખેલું હોય છે.

(૩) **પિંગલ :** પિંગલ નામના નિધાનમાં પુરૂષો, સ્ત્રીઓ, ઘોડા તથા હાથીઓને પહેરવાના વિવિધ પ્રકારના આભૂષણો સંબંધી જ્ઞાન લખેલું હોય છે.

(૪) **સર્વરત્ન :** સર્વરત્ન નામના મહા નિધાનમાં ચક્રવર્તીઓના ચક્ર આદિ સાત એકેન્દ્રિય રત્નો તથા સેનાપતિ આદિ સાત પંચેન્દ્રિય રત્નો એ રીતે ચૌદ રત્નોની ઉત્પત્તિ વર્ણવેલી છે. બીજા આચાર્યો એમ કહે છે કે આ નિધાનના પ્રભાવથી તે ચૌદ રત્નો મહાપ્રભાવવાળા હોય છે.

(૫) **મહાપદ્મ :** મહાપદ્મ નામના નિધાનમાં સર્વ પ્રકારના વસ્ત્રો, તે સંબંધી સર્વ પ્રકારની ભાતો, મજીઠ, કરમચી તથા કસુંબા આદિ સર્વ પ્રકારના રંગો તથા લોખંડ અને ત્રાંબા આદિ સર્વ પ્રકારની ધાતુઓ અને વસ્ત્રાદિક ધોવાની વિધિ વગેરે બાબતોનું વર્ણન લખેલું હોય છે.

(૬) **કાલ :** કાલ નામના નિધાનમાં સર્વ પ્રકારનું જ્યોતિષશાસ્ત્ર સંબંધી જ્ઞાન તથા તીર્થંકર, ચક્રવર્તી અને બળદેવ તથા વાસુદેવ સંબંધી ત્રણ વંશોની શુભ હકીકત, ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ સંબંધી સર્વ પ્રકારની શુભ , અશુભ હકીકત, સર્વ પ્રકારના શિલ્પશાસ્ત્ર સંબંધી જ્ઞાન તથા પ્રજાને હિતકારી એવા જઘન્ય, મધ્યમ તથા ઉત્કૃષ્ટ એ ત્રણ પ્રકારના ખેતી, વ્યાપાર આદિ કાર્યો–એ બધાનું વર્ણન લખેલું હોય છે.

(૭) **મહાકાલ :** મહાકાલ નામના નિધાનમાં વિવિધ પ્રકારના લોખંડ, રૂપું,

સોનું ચાંદી, મણિ, મોતી. સ્ફટીક તથા પરવાળા સંબંધી ખાણો વિગેરેની હકીકત લખેલી હોય છે.

(૮) **માણવક** : માણવક નામના નિધાનમાં શૂરવીર યોદ્ધાઓના ઢાલ આદિ બચાવના સાધનો, તલવાર આદિ લડવાના હથિયારો, સર્વ પ્રકારની વ્યૂહરચના આદિ યુદ્ધનીતિ તથા સામ આદિ ચાર પ્રકારની રાજનીતિ વગેરેનું વર્ણન લખેલું હોય છે.

(૯) **શંખ** : શંખ નામના મહા નિધાનમાં સર્વ પ્રકારના નૃત્યની હકીકત, સર્વ પ્રકારના નાટકોની સામગ્રી વગેરે તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સંબંધી ચાર પ્રકારના કાવ્યોની અથવા સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને સંકીર્ણ એમ ચાર પ્રકારની ભાષાના કાવ્યોની અથવા ગદ્ય. પદ્ય, ગેય અને ચૌર્ણ એમ ચાર પ્રકારના કાવ્યોની તથા સર્વ પ્રકારના વાજિંત્રોની હકીકત દર્શાવેલી હાય છે. કેટલાક આચાર્યો એમ કહે છે કે પૂર્વે કહેલા સર્વ પદાર્થો તે નવ નિધાનોમાંથી સાક્ષાત્ પ્રગટ થાય છે. આ નિધાનો આઠ યોજન ઉંચા, નવ યોજન પહોળા અને બાર યોજન લાંબા હોય છે. તેઓ હંમેશા ગંગા નદીના મુખ આગળ પાતાળમાં રહે છે, અને જ્યારે ચક્રવતી ભરતખંડને જીતી લે ત્યારે ચક્રવતીની સાથે તે સર્વે નિધાનો પાતાળ માર્ગે ચક્રવતીના નગરમાં જાય છે.

તે નિધાનોમાં તે નિધાનોના નામવાળા એક પલ્યોપમની આયુસ્થિતિવાળા દેવો રહે છે, અને તેઓનું તે અધિપતિપણું ભોગવે છે. તે નવે નિધાનો ઘણા રત્નોના સમૂહથી ભરેલા હોય છે. આવા નવ નિધાન અને ૧૪ રત્નો ચક્રવતીને હોય છે. તેમની રિદ્ધિ અઢળક છે. આવા મહાન સુખને ભોગવનાર ચક્રવતીઓ પણ તે સમસ્ત સુખોનો ત્યાગ કરી સાધુ બને છે. આ કાળમાં ૧૨ ચક્રવતીઓ થયા તેમાં ૧૦ ચક્રવતીઓ દીક્ષા લઈને સાધુ બની ગયા અને તેઓ કલ્યાણ કરી ગયા. સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવતી એમણે દીક્ષા ન લીધી તો તેઓ નરકમાં ચાલ્યા ગયા. ત્યાં નરકની રૌ રૌ વેદના ભોગવી રહ્યા છે. ત્યાં બૂમ પાડે કુરૂમતી !...મને બચાવ. તો શું એની કુરૂમતી એને બચાવવા જશે ખરી ? નહીં જાય.

(૩) **કર્મપુરૂષ** :–વાસુદેવને કર્મપુરૂષ કહેવાય છે. તે દરેક ઉત્સર્પિણી–અવસર્પિણીમાં નવ નવ હોય છે. તેઓ ત્રણ ખંડ પર પોતાનું શાસન ચલાવે છે, તેથી એમને અર્ધચક્રવતી પણ કહેવાય છે. તેમને ચક્ર, ખડ્ગ , ધનુષ્ય, મણિ, દેવોએ આપેલી કરમાય નહિ એવી પુષ્પમાળા, કૌમુદી નામની ગદા, પંચ જન્ય શંખ, એ સાત રત્નો સર્વ વાસુદેવને હોય છે. કૃષ્ણજી પણ વાસુદેવ હતા.

આજનો દિવસ પણ એક એવા કર્મવીર પુરૂષનો જન્મદિન છે. આજના દિવસે પાછલી રાત્રીએ કૃષ્ણ મહારાજનો જન્મ થયો હતો. જેમણે જગતમાં શાંતિ અને સુખની સ્થાપના કરી. તીર્થંકરની માતા અને ચક્રવતીની માતા ૧૪ સ્વપ્ના દેખે. તીર્થંકરની માતા સ્પષ્ટ સ્વપ્ના દેખે અને ચક્રવતીની માતા ઝાંખા દેખે. વાસુદેવની માતા સાત સ્વપ્ન દેખે. આ કૃષ્ણજી યદુવંશી મહારાજા વસુદેવને ઘેર દેવકી માતાની કુંખે જન્મ્યા હતા. માતા–પિતા મથુરામાં રહેતા

હતા. તે સમયે મથુરાના રાજા ઉગ્રસેન હતા અને સૌરીપુરમાં સમુદ્રવિજય નામે રાજા હતા. તેઓ નવ ભાઈ હતા. બધામાં મોટા ઉગ્રસેન રાજા હતા. સૌથી નાના વસુદેવ હતા. તે સૌરીપુરમાં પોતાના મોટાભાઈ પાસે રહેતા હતા. ક્યારેક મથુરામાં આવતા જતા. ઉગ્રસેનની દીકરી દેવકીને વસુદેવ સાથે પરણાવી હતી.

ઉગ્રસેન રાજાનો પુત્ર કંસ નાનપણથી અનીતિમાન અને અત્યાચારી હતો. સાધુ-સંતોનો કટ્ટર શત્રુ હતો. તે સમયે પ્રતિ વાસુદેવ જરાસંઘ હતો. કંસ મોટો થતાં મહાન બળવાન યોદ્ધો બન્યો. તેના બળ પરાક્રમની ખ્યાતિ સાંભળીને જરાસંઘે પોતાની દીકરી જીવયશાને તેની સાથે પરણાવી. લગ્ન સમયે જરાસંઘે પોતાના જમાઈ કંસને ખુશી કરવા માટે કહ્યું. હું આજે ત્રણ ખંડનો એક છત્રી રાજા છું. બળ અને પુરુષાર્થનો ધણી છું. સમસ્ત માંડલિક રાજાઓ મારા ઈશારા પર ચાલે છે, માટે આપ આજે જ દાયજામાં જે ઈચ્છા હોય તે માંગી લો. હું તમારી ઈચ્છા જરૂર પુરી કરીશ, ત્યારે કંસે કહ્યું, મારે બીજું કાંઈ જોઈતું નથી. મને એક ઈચ્છા છે કે હું મથુરાનો રાજા બનું. જરાસંઘે કહ્યું મથુરાનું રાજ્ય તો તમારા પિતાની પાસે છે. તમારા પિતાની સંપત્તિ એ તમારી છે. બીજી કોઈ વસ્તુ અથવા કોઈ મોટું રાજ્ય માંગો. આ સાંભળીને કંસને ગુસ્સો આવ્યો. તેણે કહ્યું, મથુરાનું રાજ્ય મારા પિતાના મૃત્યુ પછી તો મળશે પરંતુ હું તો અત્યારે મથુરાનો રાજા બનવા ઈચ્છું છું, માટે જો આપને કંઈક આપવું છે તો એ આપો અને તે માટે ઉપાય કરો. જરાસંઘને જમાઈ કંસને અપ્રસન્ન કરવા એ સારું ન લાગ્યું. તેણે કંસે કહ્યું હતું તે પ્રમાણે ફરમાન લખી દીધું. કંસ પોતાની પત્ની જીવયશાને લઈને મથુરા ગયો. કંસે મથુરા જઈને પોતાના પિતાની સાથે ખરાબ વર્તન કરવા માંડ્યું અને પરિણામે એક દિવસ તેમને રાજગાદી ઉપરથી ઉઠાડીને પોતે રાજા બની ગયો. એટલેથી અટક્યું નહિ, તેણે પોતાના પૂજનીય પિતાને પિંજરામાં પૂર્યા અને તે પિંજરું રાજમહેલના દરવાજે રખાવ્યું. કેટલો અન્યાય ! અત્યાચાર ! એક રાજ્યના લોભે પિતાની આ દશા કરી !

કંસે પોતાના પિતાની આવી દુર્દશા કરી છે એ જોઈને લોકો કંસના ઘોર અત્યાચાર અને પિતૃદ્રોહની નિંદા કરવા લાગ્યા, કંસનો અત્યાચાર ખૂબ વધવાથી કંઈક લોકો તો નગર છોડીને જવાનો વિચાર કરવા લાગ્યા. પણ કંસની બીક એટલી બધી કે કોઈ ખસી શકે તેમ ન હતું. બધા વિચાર કરવા લાગ્યા કે જે કંસ પોતાના બાપનો ન થયો તે કોનો સગો થશે ? જેણે પોતાના પિતા સાથે આવો નિંદનીય અને ક્રૂરતાપૂર્ણ વ્યવહાર કર્યો તે પોતાની પ્રજાની સાથે આવો નિર્દય વ્યવહાર કરે એમાં આશ્ચર્ય શું છે ! કંસના મનમાં અહંકારની માત્રા દિવસે દિવસે વધતી જતી હતી. એક તો પોતાના સસરાનું જબર્દસ્ત રાજ્ય, બળ અને પરાક્રમનો નશો હતો. તેમાં અવિવેક, યૌવન, પ્રભુતા અને ધનનો નશો વિશેષ ચઢી ગયો. સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે,

यौवन धन संपत्तिः प्रभुत्वमविवेकिता ।
एकैकमप्यनर्थाय, किमु यत्र चतुष्टयम् ॥

યૌવન, ધનસંપત્તિ, પ્રભુત્વ, અધિકાર અને અવિવેક એમાંથી એકેક દ્વારા પણ ઘોર અનર્થ થવાની સંભાવના રહે છે, તો જ્યાં ચારે ભેગા થાય ત્યાં તો કહેવાનું જ શું ?

કંસની પાસે આ ચારે વસ્તુ હતી. યુવાનીનો જોશ હતો, ધન હતું, રાજ્યનો સ્વામી હતો, અને અવિવેકની તો કમી ન હતી. આ રીતે ચંડાળ ચોકડીની ઉત્પત્તિમાં અનર્થની સંપૂર્ણ સામગ્રી વિદ્યમાન હતી. કોઈ વાતની કમીના ન હતી. તેના અત્યાચારોથી અને ક્રૂરતાપૂર્ણ વ્યવહારથી પ્રજા ત્રાસી ગઈ હતી. એક દિવસ કંસે જ્યોતિષીઓને બોલાવીને પૂછ્યું. શું આ સંસારમાં કોઈ એવો બળવાન છે કે મારો પરાજય કરીને મને હરાવે ? જ્યોતિષીઓ મનમાં ને મનમાં બોલવા લાગ્યા, અરેરે... કેટલું અભિમાન છે ? એને જરા પણ ભાન નથી કે આટલો અહંકાર કરું છું ? આ અભિમાન મને ભોંય પછાડી દેશે. આવા માણસોને ડાહ્યો માણસ હિતશિખામણ આપે તો પણ તેને રૂચે નહિ. નાગને દૂધ પીવડાવવાથી ઝેર બનવાનું છે તેમ આવા અભિમાનીને સારી શિખામણ દુઃખ રૂપ લાગે છે. કંસે પૂછ્યું ત્યારે જ્યોતિષીઓ થોડીવાર મૌન રહ્યા. કંસ કહે કેમ બોલતા નથી ? જ્યોતિષીઓને થયું, એનો અભિમાન ઉતારવા કહેવા દે, તેથી એક જ્યોતિષીએ કહ્યું– અત્યારે તે પુરૂષનો જન્મ થયો નથી પણ તે વીરપુરૂષ હવે જન્મવાનો છે. તે એવો ભડવીર થશે કે તમારા સસરાને હરાવી તેમનું રાજ્ય લઈ લેશે. તે યદુવંશનો ઉદ્ધારક થશે, અને આપનો વિનાશકર્તા થશે. કંસ પૂછે છે–તે કોને ત્યાં જન્મ લેશે ? તેના કંઈક ચિહ્ન તો બતાવો. જ્યોતિષી કહે–તે કાલીનાગનું માથું ઉડાડશે. બે મલ્લયુદ્ધોને ચપટીમાં ચોળી નાંખશે. શંખ ધનુષ્યને ચઢાવશે. ત્રણ ખંડો પર રાજ્ય કરશે, અને તમારો નાશ કરશે.

કંસ કહે પણ આપ એ તો કહો કે તે કોના ઘેર જન્મ લેશે ? જ્યોતિષીએ કહ્યું આપ હમણા એ વાત ન પૂછશો. તે મહાપુરૂષ અતિશય પુણ્યશાળી અને પ્રભાવશાળી થશે. તેમની સામે કોઇનું કાંઇ ચાલશે નહિ. અંતમાં તે જ તમારો વિનાશ કરશે. છેવટે વિચારીને જ્યોતિષીએ કહ્યું. તે મથુરામાં યદુવંશી વસુદેવને ઘેર દેવકી માતાને ત્યાં જન્મ લેશે. આ ભવિષ્યવાણી સાંભળીને કંસનું હૈયું કંપવા લાગ્યું. તેમણે જ્યોતિષીને વિદાય કર્યો અને પોતાની પ્રાણ રક્ષાનો ઉપાય શોધવા લાગ્યો.

કેટલોક સમય પસાર થયા બાદ કંસનો નાનો ભાઈ કંસના ત્રાસથી ત્રાસી ગયો. કંસ લોકોને સતાવે, મારે, કંઇક જીવોને મારી નાંખે અને ક્રૂર પાપકર્મો કરે, એ કંસના નાનાભાઇથી સહન ન થયું. મને આજ્ઞા કરે તો એ આજ્ઞાનું પાલન કરવા મારે પણ પાપ બાંધવા પડે ને ! આવો પાપમય સંસાર ન જોઈએ. તે સંસારથી વિરક્ત થઈ સાધુ બન્યા. ફરતાં ફરતાં કેટલાક સમયે તે મથુરા નગરીમાં આવ્યા. તે ગૌચરી લેવા નીકળ્યા છે. તે સમયે કંસની પત્ની જીવયશા દેવકીનું માથું ઓળી રહી હતી. તે ખૂબ ઘમંડી હતી. તેણે મુનિને કહ્યું–તમારા ભાઇ આવા રાજ્યના છત્રપતિ હોય, એક હાકે ધરતી ધ્રુજાવતા હોય ને તમે ભીખ માંગવા નીકળ્યા છો ? તમને શરમ નથી આવતી ? તમે અમારી આબરૂ ઘટાડી છે, માટે આ ભિખારીપણાને છોડી દો. સંતને કેવા શબ્દો

કહ્યા ! સંતને સંતાપે તો ઘોર પાપ બંધાય છે. નાગના મુખમાં હાથ નાખવા જતાં કદાચ બચી જશો પણ સંતની અશાતનામાંથી બચી શકશો નહિ. સંતને ગમે તેવા પ્રસંગ આવે તો પણ શ્રાપ દે નહિ. શ્રાપ દે એ સંત નહિ પણ અહીં જીવયશાએ મુનિને ન કહેવાના શબ્દો કહ્યા.

સંત જીવયશાને કહે છે તું ધીરજ રાખ. મેં તમારું નાક કાપ્યું નથી કે ઇજ્જત આબરૂ ઘટાડી નથી. અમે તો નિર્દોષ ગૌચરીની ગવેષણા કરવા નીકળ્યા છીએ. છતાં અભિમાનના માંચડે ચઢેલી જીવયશા ન બોલવાના શબ્દો બોલી ત્યારે સંતનું લોહી ઉકળી ઉઠયું અને બોલી ગયા, તારું અભિમાન ઓછું કર. તું જેનું માથું ઓળી રહી છે એનો સાતમો બાળક તારા વંશનો ઉચ્છેદ કરનારો બનશે. આટલું કહીને મુનિ તો ચાલ્યા ગયા, પણ કંસ ઘેર આવ્યો ત્યારે જીવયશાને ઉદાસ જોઇને પૂછે છે, કેમ ઉદાસ છે ? જીવયશા કહે, હવે આપણું પુણ્ય ખૂટયું, પણ છે શું ? તમારા ભાઇએ દીક્ષા લીધી છે તે આવ્યા હતા ને તે મને આ પ્રમાણે કહી ગયા છે. આ સાંભળી કંસના મનમાં થયું કે જ્યોતિષીની અને મુનિની બંને વાત સરખી આવે છે, માટે વાત સાચી પડશે.

સમય જતાં દેવકી મોટી થઈ અને તેના લગ્ન વસુદેવ સાથે થયા. કંસે વસુદેવની સાથે મિત્રાચારી બાંધી ને તેમને જુગાર રમવા બેસાડ્યા. તેમાં શરત એવી કરી કે જો વસુદેવ હારે તો દેવકીની સાત સુવાવડ મારે ત્યાં કરવાની. સાતમી સુવાવડ વખતે વસુદેવને હું રાખું તેમ રહેવાનું. વસુદેવે હા પાડી દીધી. વસુદેવ જુગાર રમવા બેઠા, તેમાં હારી ગયા ને શરતનો સ્વીકાર કરવો પડયો. દેવકીજીને શરત પ્રમાણે સુવાવડ સમયે પિયર મોકલી. તેના ગર્ભમાં તો છોકરો છે, પણ હરણગમૈષી દેવ બધા પવિત્ર આત્માઓને કંસના હાથે મરવા દેતા નથી. તે જ સમયે ભદ્દીલપુર નગરમાં નાગ ગાથાપતિને ઘેર સુલશાની કુક્ષીમાં દીકરીઓ મરેલી આવે છે, તેને અદલબદલ કરી લે છે.

આમ કરતાં સાતમી સુવાવડનો પ્રસંગ આવ્યો. દેવકીજીએ સાત સ્વપ્ન જોયા. તેથી દેવકીજીના મનમાં થયું કે આ બાળક ખૂબ તેજસ્વી, પરાક્રમી અને સાધુસંતોનો પ્રતિપાલક થશે. કોઈ પણ ઉપાયે તેની રક્ષા કરવી જોઇએ, આથી દેવકીજીએ વિચાર કર્યો કે ગોકુળમાં નંદની પત્ની યશોદા મારી સખી છે. તે પણ ગર્ભવતી છે, માટે પહેલેથી ગર્ભ બદલવાની વાત કરી લઉં. સમય જતાં છ માસ થયા ને કંસે વસુદેવને જેલમાં પૂર્યા. એક દિવસ દેવકીજીએ વસુદેવની તલવાર મ્યાનમાંથી બહાર કાઢી અને તે તલવાર લઇને ચાલવા લાગી. વસુદેવે તેને હાથ પકડીને રોકી રાખી અને કહ્યું-તલવાર લઇને ક્યાં જાવ છો ? ત્યારે દેવકીએ કહ્યું-કંસને મારવા જઈ રહી છું. આ ગર્ભમાં રહેલા બાળકનું બળ અને શક્તિ હતી. સમય જતાં દેવકીજીનો પ્રસૂતિનો સમય નજીક આવી ગયો. કંસે વસુદેવને અને દેવકીજીને નજર કેદમાં રાખ્યાં છે. તે રીતે મોહરાજાએ પણ બધાને કેદમાં પૂરી દીધા છે. બરાબર ચોકી પહેરો ગોઠવી દીધો છે, પણ મહાપુરૂષોનો પ્રભાવ તો જુઓ ! બરાબર મધ્યરાત્રી થઈ એટલે બધા ચોકીયાતો ઘસઘસાટ ઉંઘી ગયા.

વસુદેવના બંધન તૂટી ગયા. દેવકીજીએ આજના દિવસે કૃષ્ણજીને જન્મ આપ્યો. વસુદેવ બાળકને ટોપલામાં લઇને ગોકુળમાં ગયા. વચ્ચે નદી આવતી હતી તો માર્ગ થઈ ગયો. ગોકુળમાં જઇને જસોદાએ મરેલી પુત્રીને જન્મ આપ્યો છે તેને લઈ લીધી અને કૃષ્ણજીને ત્યાં મૂકયા. આ બધું કાર્ય થયું ત્યાં સુધી ચોકીયાતો જાગ્યા નહિ, પછી બધા જાગ્યા. કંસ પૂછે છે જલ્દી સમાચાર આપો કે દેવકીજીને શું આવ્યું છે? તો કહે દીકરી આવી છે. કંસ મનમાં હરખાવા લાગ્યો કે મુનિના વચન કેવા ખોટા પડયા? તેણે તો મરેલી દીકરીને પણ પથ્થરની શીલા સાથે પછાડીને માથું ફોડી નાંખ્યું. તેના મનમાં થયું કે બસ, હવે મારા કુળનો નાશ કરનાર કોઈ નથી.

કૃષ્ણજી ગોકુળમાં નંદને ત્યાં ઉછરે છે. ધીમે ધીમે મોટા થતા જાય છે. બહાર છોકરાઓ સાથે રમે પણ તેનું ક્ષત્રિય તેજ કાંઈ છાનું રહે ખરું! સૂર્યના પ્રકાશની સામે કોઈ છાબડી ઢાંકે તો એથી કંઈ પ્રકાશ ઝાંખો પડવાનો છે! એક દિવસ આ કૃષ્ણજીને દહીં ખાવાનું મન થયું, તેથી ઉપર ચઢીને લેવા જાય છે ત્યારે જશોદાથી બોલી જવાયું. દેવકીના જાયા! જરા સખણો રહે. તોફાન ન કર. દેવકીના જાયા, આ શબ્દ સાંભળ્યો એટલે પૂછે છે શું તમે મારા માતા–પિતા નથી? શું મારી માતા દેવકી છે? તેણે શબ્દ બરાબર પકડી રાખ્યો. કંસને ખબર પડી કે મારો શત્રુ ઉછરી રહ્યો છે, તેથી પરીક્ષા કરવા એ બળદને મોકલ્યા, તો બળદને શીંગડાથી પકડીને પછાડી મારી નાખ્યા. કાળીનાગ મોકલ્યો. તેનો પણ નાશ કર્યો. મલ્લયુદ્ધોને મોકલ્યા, તો કૃષ્ણજીએ એમનો પણ પરાજય કર્યો. આથી કંસના પેટમાં તેલ રેડાયું કે નક્કી હવે મારો દુશ્મન તૈયાર થઈ ગયો છે. કૃષ્ણજીએ મોટા થતાં કંસને માર્યો અને જરાસંઘ (પ્રતિ વાસુદેવ) ને હરાવ્યો, અને ત્રણ ખંડનું રાજય મેળવ્યું. પ્રતિવાસુદેવ લડાઈ કરીને બધું ભેગું કરે ને ભોગવે વાસુદેવ. આ રીતે કૃષ્ણજીએ ત્રણ ખંડ પર પોતાની સત્તા જમાવી. કૃષ્ણજી અવિરતિ સમ્યક્ દૃષ્ટિ હતા. તે દીક્ષા ન લઈ શકયા પણ ધર્મની દલાલી ખૂબ કરીને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. આવતી ચોવીશીમાં તીર્થંકર થશે. આવા મહાન પવિત્ર આત્માઓની જન્મજયંતી ઉજવીને આપણા આત્માને પવિત્ર બનાવવાનો છે. આ પવિત્ર આત્માઓનું જીવન ગુણ ગુલાબના પુષ્પોની સુગંધથી આજે પણ મ્હેંકી રહ્યું છે.

જેનું જીવન ગુલાબના પુષ્પની માફક મ્હેંકી રહ્યું છે એવા મનઃપર્યવજ્ઞાની ભગવંતને મયણરેહાએ પ્રશ્ન કર્યા ને ગુરૂભગવંતે તેના ઉત્તર આપ્યા. મયણરેહાને ખૂબ હર્ષ થયો, પછી તેણે મુનિને કહ્યું, આપે મારા બાળકનો પૂર્વભવ તો કહ્યો પણ અત્યારે હું તેને વૃક્ષની ડાળીએ ઝોળીમાં સુવાડીને આવી છું તો તે પુત્રનું શું થયું? તે આપ કૃપા કરીને મને કહો. મુનિએ કહ્યું હે સતી! તમે તે પુત્રની ચિંતા ન કરો. તમે વૃક્ષ ઉપર ઝોળી બાંધી તેમાં પુત્રને સૂવાડી સ્નાન કરવા ગયા હતા. તે વખતે મિથિલાના રાજા પદ્મરથ ઘોડા પર બેસીને ફરવા નીકળ્યા હતા. ઘોડો તોફાને ચઢયો. કાબૂમાં રહેતો ન હતો. રાજા ગભરાયા, ઘોડાની ગતિમાં ભંગાણ પાડવા ઘણી લગામો ખેંચી. લગામ જેમ ખેંચાતી

જતી તેમ અશ્વની ગતિ વધુ તેજ બનતી ને એ જોરથી દોટ મૂકતો. રાજાના મનમાં થયું કે શું થશે ? આ અશ્વ મને કયાં લઈ જશે ? રાજા અંતે થાકયા. એમણે લગામ છૂટી મૂકી દીધી.

દોડતો દોડતો અશ્વ જે વડની ડાળીએ ઝોળીમાં બાળકને સુવાડયો હતો ત્યાં આવી પહોંચ્યો. બોલો હવે ઘોડાને ગાંડો કહેવો કે ડાહ્યો ? પુણ્યશાળી આત્માઓને કોઇ ને કોઈ રક્ષણદાતા મળી જાય છે. નાનો બાળ માતાથી વિખૂટો પડયો છે તે ભૂખના કારણે રડે છે, તેનો ઝીણો અવાજ સંભળાયો. રાજાએ ઘોડા ઉપરથી નીચે ઉતરીને ઝાડ પાસે જઈને જોયું તો ઝોળીમાં નાનો બાળક સૂતેલો હતો. એ નવજાત બાળ લીલીછમ ધરતીને પારણીયે પોઢયો હતો. બાળકને જોતાં રાજાના મનમાં થયું કે આ બાળક અહીં છે, તો આટલામાં કયાંય તેની માતા હોવી જોઇએ. રાજાએ ચારે બાજુ તપાસ કરી પણ કયાંય તેની માતા દેખાઈ નહીં. જો તેની માતા હોય ને હું આ બાળકને લઈ જાઉં તો બાળક માતાથી વિખૂટું પડી જાય, અને મહાન પાપ બંધાય. આ ભવમાં કોઈ મા-દીકરાને વિખૂટા પાડીએ તો આવતા ભવમાં આપણા દીકરા પણ વિખૂટા પડે, માટે મારે એવા કર્મો બાંધવા નથી, પણ તપાસ કરતાં કોઇ ન મળ્યું ત્યારે મિથિલાપતિએ એ બાળને તેડી લીધો ને બોલ્યા-તું જ મારો લાડકવાયો, તું જ મારી પુષ્પમાલાનું પુષ્પ ! તું જ મારી મિથિલાનો પાટવી !

**બાળકને જોતાં થયેલો આનંદ :-** નવજાત બાળકને વનમાં છોડીને જનાર માતાને ઓલંભો આપતા રાજા મનમાં બોલે છે, ઓ નારી ! આ શિશુની ઓ જનેતા ! વિધાતાએ તને માતૃપદ આપવામાં ભારે થાપ ખાધી છે. આવા સુંદર બાળકને આવા ભયાનક વનમાં તરછોડી જતાં તને જરા પણ દયા ન આવી ! હાય ! વિધાતા પણ વિચિત્ર છે ! જેને માતૃપદ જોઇએ છે એને એ નથી આપતા અને જેને નથી જોઇતું એની કુંખમાં આવું લાખેણું મોતી મૂકે છે ! દેવકુમાર જેવા સુંદર બાળકને જોઇને રાજા ખૂબ પ્રસન્ન થયા. તે બાળક એક તો મયણરેહાનું હતું, બીજું તે ચરમ શરીરી હતું અને ત્રીજું ક્ષત્રિયકુમાર હતું, એટલે તે સ્વભાવિક રીતે સુંદર હતું. તેના શારીરિક લક્ષણો ઘણા સારા હતા. રાજા લક્ષણો જોઈને સમજી ગયા કે આ બાળક સુલક્ષણો છે. મારે કોઈ સંતાન નથી. સંતાન ન હોવાના કારણે મારું રાજ્ય સૂનું સૂનું લાગે છે. મારા સદ્ભાગ્યે આ બાળક મારા હાથમાં આવ્યું છે. આ ઘોડો મને અહીં સુધી ખેંચી લાવ્યો છે. પ્યારા અશ્વ ! શું તારો ઉપકાર ! તું આજે મને અહીં ખેંચી લાવ્યો ન હોત તો આવો સુંદર પુત્ર મને કયાંથી પ્રાપ્ત થાત ! આ બાળકની સાથે મારો કોઇ ગાઢ સંબંધ પણ અવશ્ય હોવો જોઈએ.

રાજા વિચારવા લાગ્યા કે આ બાળકને લઇ જઇને પટરાણીને સોંપું. રાજા બાળકને ખૂબ સાચવીને ઘોડા ઉપર બેસી રાજમહેલમાં આવ્યા. રાણી પુત્ર માટે ખૂબ ચિંતા કરતી હતી. ત્યાં રાજા જઇ ચઢયો ને કહે હે રાણી ! તારી વર્ષોની ભાવના પૂર્ણ કરનાર

પુત્ર રત્નને લાવ્યો છું. રાણી બાળકને જોઇને ખૂબ આનંદિત થઇ. આવા સુંદર બાળકને ક્યાંથી લાવ્યા ? હું સો ભવ સુધી તપ કરું છતાં આવા બાળકને પ્રાપ્ત કરી શકું કે કેમ એમાં મને સંદેહ છે. મારી કઈ બહેને આ બાળકનો જન્મ આપ્યો હશે ? આપ રાજા છો એટલે કોઇનું આ સુંદર બાળક ઝુંટવીને તો લઇ આવ્યા નથી ને ? હવે રાજા રાણીને શું જવાબ આપશે તે વાત અવસરે. પર્વાધિરાજ પર્યુષણપર્વ હવે આપણા અંતરના આંગણે આવી રહ્યા છે. તેના વધામણા કેવી રીતે કરશો ? તેને વધાવવા માટે ફૂલ, કંકુ, ચોખાની જરૂર નથી પણ તેના વધામણા દાન, શીયળ, તપ, ભાવથી કરવાના છે. તેના વધામણા કરવા તપ ત્યાગની રંગોળી પૂરી, ભવ્ય ભાવનાના પુષ્પો લઈ, શીલના શણગાર સજી તેને વધાવવાના છે. તપની ગાડી આગળ વધી રહી છે. આપ બધા સાધનામાં જોડાવા તૈયાર થજો. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૪૦

**શ્રાવણ વદ ૧૦ સોમવાર** **તા. ૨૪-૮-૮૧**

રાગ દ્વેષના વિજેતા ભગવાનને આપણે વીતરાગ કહીએ છીએ. विगतः यस्य रागः इति वीतरागः । એમ કહ્યું પણ विगतः यस्य द्वेषः એમ કેમ ન કહ્યું ? તેનું રહસ્ય સમજવું ખૂબ ગહન અને ઉંડું છે. જેમ રાજા રાજા વચ્ચે લડાઈ થાય અને એક રાજા માર્યો જાય તો રાજા મરાયાનો ઉલ્લેખ વાંચવા સાંભળવા મળે છે, પણ ક્યાંય તે લશ્કરમાં સૈનિકો મરાયા તેના નામનો ઉલ્લેખ થતો નથી. રાજા મરાયો તો પાછળ સૈનિકો તો મરાયા જ હોય એમ સમજવું જોઇએ. તમે જમવા ગયા. લાડવાનું જમણ હોય તો શું કહેશો ? લાડવાનું જમણ એમ બોલાય છે પણ દાળ ભાત હોવા છતાં દાળ ભાતનું જમણ બોલાતું નથી, કારણ કે લાડવા મુખ્ય છે, ને દાળ ભાત ગૌણ છે. જે મુખ્ય હોય તે નામ બોલાય છે, તેમ અહીંયા રાગ-દ્વેષમાં રાગ મુખ્ય છે. રાગ મર્યો તો તેની પાછળ દ્વેષ તો ગયો સમજવો.

રાગ એ ગુપ્ત કાંટા સમાન છે ત્યારે દ્વેષ એ દેખીતા કાંટા સમાન છે. રાગ એ ક્ષયનો ૯૯ ડીગ્રી તાવ છે, ત્યારે દ્વેષ એ મેલેરિયાનો ૧૦૨ ડીગ્રી તાવ છે, છતાં ભયંકર ક્ષયનો ૯૯ ડીગ્રી તાવ છે. કારણ કે ક્ષયનો તાવ કાયમી રહે છે. મેલેરીયાનો તાવ તરત ઉતરી જાય છે, તેમ દ્વેષ જલ્દી જાય છે પણ રાગ જલ્દી જતો નથી. રાગ એ ઉંદર છે. ઉંદર ફૂંકી ફૂંકીને કરડે ત્યારે દ્વેષ એ વીંછી છે. વીંછીનો ચટકો લાગે કે તરત ખ્યાલ આવે. રાગ એ ઉધઇ સમાન છે. ખબર ન પડે ને કપડા સાફ થઇ જાય. દ્વેષ એ વાંદા સમાન છે. રાગ એ ધુમ્મસ સમાન છે, ત્યારે દ્વેષ એ કાળા ભમ્મર વાદળા સમાન છે. રાગ એ કેન્સર સમાન છે, ત્યારે દ્વેષ એ રસોળી સમાન છે. આમ રાગ દ્વેષની સરખામણી કરીએ તો ખ્યાલ આવશે કે રાગ એ ભયંકર છે. રાગ એ બાપ છે, ને દ્વેષ એ દીકરો છે, રાગ એ શેઠ છે અને દ્વેષ એ નોકર છે.

જ્ઞાની ભગવંતો કહે છે કે રાગને વધારનાર સુખના સાધનો ન ગમવા જોઈએ, કારણ કે સર્પ ભયંકર નથી પણ સર્પનું ઝેર ભયંકર છે, તેવી રીતે સુખનો રાગ ભયંકર છે, માટે ગૃહસ્થાશ્રમ ભયંકર છે, સંસાર ભૂંડો છે, તેથી વીતરાગ બનતા પહેલાં તેમણે સંસાર છોડ્યો. સંસારના સુખો પ્રત્યેનો રાગ જીવને સંસારમાં રખડાવે છે, કારણ કે એ રાગથી જીવને પાપ બંધાય છે. પાપથી દુઃખ મળે છે. આત્માએ એ વિચાર કરવાની જરૂર છે કે આત્મામાં કેટલી જગ્યાએથી પાપનો પ્રવાહ આવી રહ્યો છે. એનો જીવને ભય છે? જો ભય હોય તો એ દ્વારોને સત્વર બંધ કરો. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને અશુભ જોગના દ્વારોમાંથી એ પ્રવાહ આવી રહ્યો છે. એ દ્વારોને સત્વરે બંધ કરવાના છે. એ બંધ કર્યા વિના કર્મોનો પ્રવાહ અટકવાનો નથી. એ પ્રવાહ અટક્યા વિના કર્મોનો ભરાવો ઓછો થવાનો નથી. મિથ્યાત્વ જીવને અનેક ઊંધી કલ્પનાઓમાં ખેંચી જાય છે. અવિરતિ કોઈ પણ પ્રકારના પાપનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરવા દેતી નથી. કષાય જીવને ક્રોધી, માની, માયાવી અને લોભી બનાવે છે. મન, વચન, કાયાના દુષ્ટ યોગો પાપમાં રમાડે છે. પ્રમાદ વિષયોમાં આકર્ષણ કરીને ધર્મસાધનાથી વિમુખ બનાવે છે, માટે આ પાપાશ્રવોના દ્વાર બંધ કરવા પડશે.

જો સુખ જોઈએ છે તો પાપોનો ત્યાગ કરવો પડશે. પાપ કરતા રહેવું અને સુખ મેળવવું એ તો ૩૬ ના આંક જેવી વાત છે. પાપનો ત્યાગ કરવો નથી, અને દુઃખમાંથી છૂટકારો જોઈએ છે તો એ કેવી રીતે બને? એ બંને સાથે સંભવિત નથી. ભૌતિક સુખો મેળવવા માટે પણ પાપોનો તો ત્યાગ કરવો પડશે. છે પાપનો ત્યાગ કરવાની તૈયારી? અઢાર પાપસ્થાનકથી દૂર રહેવા તૈયાર છો? (શ્રોતામાંથી અવાજ—સંસારમાં છીએ એટલે પાપ તો કરવા પડે છે). જ્ઞાની કહે છે કે ન્યાયથી ધંધો કરો તો પણ પાપ છે, તો અનીતિ કરીને ક્યાં જશો? આત્માને પૂછો હે આત્મા! તને પાપ પ્યારા તો નથી લાગતા ને? પાપ કરવા જેવા નથી એ વાત પ્રતિક્ષણે યાદ રહે છે ને? પાપ કરતાં દુઃખ થાય છે કે અરેરે...મેં કેટલા બધાં પાપ કર્યાં? ક્યારે ય આવું આત્માને પૂછો છો ખરા? ના, કારણ કે પાપ કરવામાં જીવને મજા આવે છે.

**"જ્યાં સુધી પાપ પ્રત્યે ઘૃણા નહીં જાગે, તેના પ્રત્યે તિરસ્કાર પેદા નહિ થાય ત્યાં સુધી ધર્મ પ્રત્યે પ્રેમ નહિ પ્રગટે, ત્યાં સુધી ધર્મમાં શ્રદ્ધા નહિ જાગે."**

ધર્મથી પુણ્ય બંધાય છે. એક પ્રકારના ધર્મથી પુણ્ય બંધાય છે, અને એક પ્રકારના ધર્મથી પાપ અને પુણ્ય બંનેનો નાશ થાય છે. જેમ પુણ્યના ઉદયથી ભૌતિક સુખ મળે છે તેમ કર્મોનો ક્ષય થવાથી આધ્યાત્મિક સુખ મળે છે. જેમ જેમ આત્મા પર લાગેલા કર્મોનો નાશ થતો જાય છે તેમ તેમ આત્માને પોતાનું સ્વાધીન સુખ પ્રાપ્ત થાય છે. પુણ્યના ઉદયથી સ્વર્ગ મળે છે, અને પુણ્યના, પાપના સર્વક્ષયથી મોક્ષ મળે છે. મોક્ષ તો અહીં બેઠેલા બધા જીવો ઝંખતા હશે, પણ માત્ર મોક્ષ—મોક્ષની વાતો કરવાથી મોક્ષ સુખ નહિ મળે. મોક્ષની વાતો તો કંઈક જીવો ઘરમાં કરતા હશે

પણ સાથે એ વાત કરી છે કે આ સંસાર છોડવા જેવો છે. કર્મોના બંધન તોડવા માટે ચારિત્ર ધર્મ સ્વીકારવો પડશે. માત્ર વાતો કરવાથી મોક્ષ નહિ મળે. આપણે પેલા જીવરાજ શેઠની વાત ચાલે છે તે યાદ છે ને!

જીવરાજ શેઠની ભક્તિથી પ્રસન્ન થઈને નારદજી ભગવાનનું વિમાન લઈને તેમને વૈકુંઠમાં તેડવા માટે આવ્યા. શેઠે નારદજીનું સ્વાગત કર્યું. નારદજીએ કહ્યું. ચાલો, શેઠ! તૈયાર થઈ જાવ વૈકુંઠમાં જવા માટે. ભગવાન સાથે ઝઘડો કરીને તમારા માટે વૈકુંઠમાં એક ઓરડો બુકીંગ કરાવ્યો છે, અને તમને લેવા માટે ભગવાનનું પોતાનું વિમાન લઈને આવ્યો છું, તો ચાલો. જીવરાજે કહ્યું, મહર્ષિ! આપ કેટલા બધા કરૂણાવંત છો! મારા જેવા અભાગી માટે આપે કેટલી તકલીફ લીધી! આપ દયાળુ છો. પરહિતકારી છો. આપનો ઉપકાર હું કયારે ય નહિ ભૂલું. શેઠે ગદ્દગદ્દ કંઠે નારદજીની પ્રશંસા કરી અને તેમને પ્રણામ કર્યા. નારદજી કહે શેઠ! મારો ઉપકાર પછી, હવે તમે મારી સાથે જલ્દી ચાલો. ભગવાન આપણી રાહ જોતા હશે. શેઠ કહે, વૈકુંઠમાં જવાની મારી તીવ્ર ઇચ્છા છે. સંસારમાં મને હવે કોઈ રસ નથી. કોઈ પ્રત્યે રાગ નથી. આસક્તિ નથી. ખરેખર! હવે તો મને વૈકુંઠના સ્વપ્ન આવી રહ્યા છે. નારદજીએ કહ્યું: જીવરાજ! તમે ભગવાનના ખરા ભક્ત છો. તમારી ભક્તિથી પ્રભાવિત થઈને હું તમને જાતે લેવા આવ્યો છું. તો ચાલો હવે આપણે જઈએ.

મહાત્મા! જ્યારે આપ પહેલાં પધાર્યા અને મને વૈકુંઠમાં લઈ જવાની વાત કરી ત્યારે મને ખૂબ આનંદ થયો હતો. ઘેર જઈને મેં તરત છોકરાની માને કહ્યું હતું કે હવે હું સંસારમાં નહિ રહું. મારે હવે વૈકુંઠમાં જવું છે. નારદજી મને લેવા આવવાના છે. મારી વાત સાંભળીને છોકરાની મા રડી પડી. રડતા રડતા તેણે કહ્યું. તમારે વૈકુંઠમાં જવું હોય તો ભલે જાવ, પણ જતા પહેલાં છોકરાના લગ્ન કરાવીને જાવ. હું તમને વૈકુંઠમાં જતા નહિ રોકું. હવે તમારી વૃદ્ધાવસ્થા છે ત્યારે તમને વૈકુંઠ જતાં હું કેવી રીતે રોકુ? પણ છોકરાના લગ્ન કરાવીને જાવ. હવે તો લગ્ન નજીક છે, માટે લગ્ન પતાવીને ભલે તમે સુખેથી વૈકુંઠ પધારજો. શેઠ! પછી તમે શું કહ્યું? મેં કહ્યું કે છોકરાને લગ્ન કરવા હશે તો એ કરશે. હવે મારું મન ક્ષણ વાર પણ સંસારમાં નથી લાગતું. મારી વાત સાંભળી છોકરાની મા ગુસ્સે થઈ ગઈ. આપને શું કહું! પ્રભુ! આપને પણ ગાળો દીધી ત્યારે મારાથી ન રહેવાયું. મેં કહ્યું બસ. તું નારદજીને ગાળો ન દે. હું છોકરાના લગ્ન પતાવીને પછી જઈશ. મેં આમ કહ્યું ત્યારે તે શાંત થઈ. ભગવાન! તમારી નિંદા મારાથી કેવી રીતે સહન થાય! હું તો હમણાં જ તમારી સાથે આવવા તૈયાર છું, પણ લોકો તમને ગાળો દે, તમારી નિંદા કરે, એટલે હું શું કરું? નારદજી કહે શેઠ: તમારે શું કરવું છે? પ્રભુ! આપ એક મહિના પછી પધારજો. ત્યારે હું આપની સાથે જરૂર આવીશ. મને તો સંસાર ખારો ઝેર જેવો લાગે છે. ભલે, તો હું જાઉં છું. એમ કહીને નારદજી ત્યાંથી રવાના થયા.

જીવરાજ શેઠને વૈકુંઠમાં જવું ન હતું પણ દુનિયાને બતાવવું હતું કે મને વૈકુંઠ

વહાલું છે. જેને વૈકુંઠ વહાલું હોય તેને દુનિયાના આદર સત્કારની કે નિંદાની પડી હોતી નથી. જીવરાજ શેઠને દુનિયાની નજરે ધર્માત્મા બનવું હતું. જીવરાજ શેઠની જેમ તમે પણ કહો છો ને કે અમારે મોક્ષ જોઈએ છે. અમારે મોક્ષમાં જવું છે. મહાવિદેહ ક્ષેત્રમાંથી કોઈ દેવ તમારી પાસે આવે અને કહે, ચાલો મહાવિદેહમાં સીમંધર સ્વામી ભગવાનની પાસે, તો તમે શું કરો ? એ દેવની સાથે પહેરેલા કપડે જશો કે ઘરના બધાને પૂછવા જશો ? તમે કંઇ નહીં બોલો પણ તમારી દશા આ શેઠના જેવી છે. જો મોક્ષ મેળવવો છે તો સંસાર છોડવો પડે. ચાહો છો સંસાર અને માંગો છો મોક્ષ, તો તે કેવી રીતે મળે ? મોક્ષ મેળવવા માટે સંસારને છોડવો પડે, અને આત્માએ પુરૂષાર્થ કરવો પડે. મહેનત વિના એકેય ચીજ મળતી નથી. દુનિયાની નજીવી વસ્તુના દર્શન પણ મહેનત વિના થતા નથી. તો પછી આપણે તો પરમપદને પામવું છે, તે માટે કેટલી મહેનત જોઈશે ! જે ચીજો નાશવંત છે, ક્ષણભંગુર છે, તે મેળવવા રાત–દિવસ મહેનત કરો છો પણ જે શાશ્વત સુખને આપનાર છે એવા મોક્ષ માટે મહેનત કરતા નથી. મોક્ષમાં શું છે ? મોક્ષમાં કેવું સુખ મળે છે ? વગેરે જાણો છો ? આત્માની અશરીરી, અમોહી, અદ્વેષી સ્થિતિ પ્રાપ્ત કરવાનું મન થાય છે ? પરમાનંદપૂર્ણ, સચ્ચિદાનંદમય આત્મસ્થિતિ પ્રાપ્ત કરવાના મનોરથો જાગે છે ? અમારે મોક્ષ મેળવવો છે એમ બોલવા માત્રથી મોક્ષ મળવાનો નથી. કોઈને તેવી રીતે મળ્યો નથી. થોડોક સમય જીવને હવા ન મળે તો કેવી બેચેની અને ગભરામણ થાય છે, એટલી બેચેની અને અકળામણ જીવને મોક્ષ નથી મળ્યો તેની થઈ છે ? ના. અશરીરી બનવાની મોટી મોટી વાતો કરીએ અને શરીર પર અપરંપાર મોહ કરીએ, અરાગી, અદ્વેષી બનવાની વાતો કરીએ અને રાગ દ્વેષની હોળીઓ ખેલીએ, અનંત જ્ઞાનમય આત્મસ્થિતિ પ્રાપ્ત કરવાની વાતો કરીએ અને આખું જીવન ઘોર અજ્ઞાનમાં વીતાવીએ તો પછી શું મોક્ષ મળે ખરો ?

શરીરથી મુક્ત બનવાની કયારે પણ કલ્પના કરી છે ખરી ? ના. સંસાર સુખમાં ડૂબ્યા રહેવું અને મોક્ષની વાતો કરવી એ કેવો વિસંવાદ અને વિરોધાભાસ છે ? હું શુદ્ધ આત્મ દ્રવ્ય છું, એવી સહજ શ્રદ્ધા થઈ હોય તો સમજજો કે મોક્ષ સાથે પ્રેમ થયો છે. મોક્ષ પ્રત્યે પ્રેમ થશે તો ધર્મના પ્રભાવનો અનુભવ થશે. ધર્મથી મોક્ષ મળશે, માટે મોક્ષદશાને જાણો, સમજો, તેની ચાહના કરો, પછી જુઓ, ધર્મનો પ્રભાવ કેવો છે ! હવે જીવરાજ શેઠને નારદજી ફરીવાર તેડવા આવશે તે પછી વિચારશું. મૂળ અધિકાર વિચારીએ.

પદ્મરથ રાજા બાળકને પોતાને ઘેર લઈ આવ્યા અને રાણીને સોંપ્યો, ત્યારે રાણીએ પૂછયું કે આ બાળક કોઇનો ઉપાડી લાવ્યા નથી ને ? કે ઝુંટવી લાવ્યા નથી ને ? રાજા કહે–રાણી ! હું આ પુત્ર કોઇની પાસેથી ઝુંટવીને લાવ્યો નથી, પણ આપણા ભાગ્યોદયે આપણને મળ્યો છે. હું આજે ઘોડા ઉપર બેસીને જંગલમાં ફરવા ગયો હતો, પણ ન જાણે કોઈની પ્રેરણાથી કે પોતાની મેળે મારો ઘોડો મને દૂર સુધી લઈ

ગયો. આ પ્રમાણે કહાને રાજાએ બાળકને જોયો ત્યાંથી લઇને બાળકને લઈને અહીં આવ્યા એ બધી વાત કહી, પછી કહ્યું–હે રાણી! મારા માટે તો તે વૃક્ષ કલ્પવૃક્ષ સમાન નીવડયું. આ બાળક તે કલ્પવૃક્ષનું સુંદર ફળ છે. તેના લક્ષણો જોતા લાગે છે કે તે મહાગુણવાન થશે. હે રાજન્! મને એ વાતનું ખૂબ આશ્ચર્ય થાય છે કે આ બાળકને કઈ ભાગ્યશાળી (સુભગા) સ્ત્રીએ જન્મ આપી વૃક્ષ ઉપર ઝોળી બાંધી તેમાં સૂવાડયો હશે? આપ આ બાળકને અહીં લાવ્યા તેથી મને તો ઘણો આનંદ થયો, પણ કયાંય તેની માતાને પોતાના બાળકને માટે દુઃખ તો નહિ થતું હોય ને? રાણી! મેં ચારે બાજુ તપાસ કરી કે તેની માતા કયાંય દેખાય છે પણ દેખાઈ નથી, પછી લાવ્યો છું. આ બાળક પૂર્ણ ભાગ્યશાળી છે તો જ તમને પ્રાપ્ત થયો છે. કારણ કે તેની માતા તો તેને જન્મ આપીને વૃક્ષ ઉપર ઝોળીમાં સૂવાડી કયાંક ચાલી ગઈ છે, તેથી એમ લાગે છે કે તેની માતા કોઈ મહાન સંકટમાં પડેલી હશે. જો એમ ન હોય તો તે પોતાના આવા કામદેવ જેવા બાળકને લેવા આવ્યા વગર ન રહે. રાણીએ કહ્યું: આ બાળક દ્વારા હું મારી સંતાન સંબંધી બધી હોંશ પૂરી કરીશ. હું આ બાળકને મારું પોતાનું માનીશ અને આત્માની માફક તેની સંભાળ કરીશ. રાજા કહે, મને પણ પુત્ર ન હોવાના કારણે રાજ્યના ભવિષ્ય માટે ચિંતા રહેતી હતી. હવે મારી તે ચિંતા પણ દૂર થઈ. આ પુત્ર મારા રાજ્યને માટે આધારભૂત છે. આ પુત્રના લક્ષણો ઉપરથી દેખાય છે કે આ બાળક આપણા માટે, પ્રજા માટે તેમજ રાજ્ય માટે કલ્યાણકારી બનશે. સાથે સાથે એ વાત પણ પ્રગટ થવા ન દેવી કે આ બાળક મારું નથી, બીજાનું છે. જો આ રીતે કહીએ તો આ બાળકના હૃદયમાં આપણા માટે એવી ભાવના પેદા થશે કે આ મારા જન્મદાતા માતા–પિતા નથી પણ રક્ષણકર્તા છે, માટે કોઈ પૂછે તો તેને એ જ કહેવું કે આ મારું બાળક છે. કદાચ કોઇને ખબર ન હોય ને કહે કે આપને ગર્ભ કયાં રહ્યો હતો? તો તેમને કહેવું કે રાજ્યચર્ચાને દૃષ્ટિમાં રાખીને મેં કોઇને ગર્ભ રહ્યાની જાણ થવા દીધી ન હતી, પણ હું ગર્ભવતી હતી. પછી મારે તેવો બધો દેખાવ કરવો જોઈએ. આને લગતી બધી વ્યવસ્થા કર્યા બાદ હું એમ કહી શકું કે આ બાળકને મેં જન્મ આપ્યો છે. આ રીતે રાણીએ પ્રસૂતિ સંબંધી બધી વ્યવસ્થા કરી દાસી દ્વારા એ સમાચાર આખા નગરમાં જાહેર કરાવી દીધા કે રાણીએ પુત્રને જન્મ આપ્યો છે. એ સમાચાર સાંભળી પ્રજાને ઘણો હર્ષ થયો. બધા શુભ વધામણી લઈને રાજાની પાસે આવવા લાગ્યા અને વધામણીની ભેટ તરીકે રાજાએ તેમને સન્માન પુરસ્કાર આપ્યો. પુત્ર જન્મથી સારી મિથિલા નગરીમાં આનંદ આનંદ છવાઈ ગયો છે.

પદ્મરથ રાજાને પુત્ર થયો છે, એ વાત પદ્મરથ રાજાના દુશ્મન રાજાઓને જાણવામાં આવશે કે જે રાજાઓ એમ માનતા હતા કે પદ્મરથને પુત્ર નથી માટે તેના મૃત્યુ બાદ તેનું રાજ્ય અમે લઈ લઈશું, તે વૈરી શત્રુ રાજાઓ પણ પદ્મરથને પુત્ર થયો છે, એ

સમાચાર સાંભળી પદ્મરથને નમન કરશે અને તે શત્રુ રાજાઓને નમન કરતા જોઈ પદ્મરથને એવો વિચાર થશે કે જે વૈરી રાજાઓ મારી આગળ મસ્તક નમાવતા ન હતા. તેઓ આજે પોતાની મેળે આવીને મને માથું નમાવે છે તે આ બાળકનો પ્રતાપ છે. આ પ્રમાણે પ્રસન્ન થતા રાજા-રાણીના મહેલમાં જશે. રાણી, રાજાને પ્રસન્ન થવાનું કારણ પૂછશે ત્યારે જવાબમાં રાજા કહેશે કે આ બાળકના કારણે બધે ઠેકાણે આનંદ વર્તી રહ્યો છે. તેમજ જે રાજાઓ મને કોઈ દિવસ નમતા ન હતા તે શત્રુ રાજાઓ પણ પુત્રજન્મના પ્રસંગે ભેટ લઈને આવ્યા છે અને વૈરને ભૂલી જઈ મને માથું નમાવી રહ્યા છે. આ બધો પ્રતાપ આ બાળકનો છે, તેમજ આ બાળકના લક્ષણ જોતા લાગે છે કે તે ભવિષ્યમાં ઇન્દ્રિયોને નમાવી ઇન્દ્રિય વિજેતા બનશે. રાજાની આ વાત સાંભળી રાણીને ખૂબ આનંદ થશે અને રાજાને કહેશે કે જો એમ જ છે તો આ બાળકનું નામ નમિકુંવર પાડવું જોઈએ. રાજા-રાણીની આ વાતનો સ્વીકાર કરશે અને તારા બાળકનું નામ નમિકુંવર પાડશે.

મુનિના મુખેથી આ બધી વાત સાંભળી મયણરેહાને ખૂબ આનંદ થયો. એક તો પોતાના પુત્રની વાત જાણવા મળી. બીજું પોતાના શીલની રક્ષા થઈ અને મનઃપર્યવ-જ્ઞાની ભગવંતના દર્શન થયા એટલે એથી અધિક આનંદ કયો હોઈ શકે ? મયણરેહાએ મુનિને કહ્યું-ભગવંત ! આપનો મારા ઉપર ઘણો ઘણો ઉપકાર છે. આપના જ્ઞાનના પ્રભાવથી હું મારા પુત્રનો ભૂતકાળ અને ભવિષ્યકાળ જાણી શકી છું. હવે મારું મન પણ આ સંસારનો ત્યાગ કરી સંયમમાર્ગે જવા તલસી રહ્યું છે. મારી આ ભાવના ક્યારે પૂર્ણ થશે ? મયણરેહાએ મુનિને આ પ્રમાણે કહ્યું. હવે ત્યાં નવીન ઘટના શું બનશે ? કોણ આવશે ? તે વાત અવસરે.

**ચરિત્ર** :—શેઠ અને તેમના બંને બાલુડા જંગલમાં લાકડા કાપવા ગયા. ખૂબ થાકી જવાથી ઝાડ નીચે બેઠા છે. દુઃખમાં પણ ધર્મની શ્રદ્ધા કેટલી અડગ છે ! જંગલમાં પણ સામાયિક કરી સ્વાધ્યાય અને પ્રાર્થના કરે છે. તેના સૂરથી વિદ્યાધરનું વિમાન સ્થંભી ગયું. વિદ્યાધર વિચાર કરે છે કે મારી પાસે આવી જબ્બર વિદ્યા હોવા છતાં વિમાનને સ્થંભાવનાર કોણ છે ? નજર કરીને જોયું તો જંગલમાં મંગલ સમાન અદ્ભૂત દૃશ્ય જોવા મળ્યું. વિદ્યાધરે વિદ્યાના બળે સાગરદત્તનું આખું જીવન જોયું. અહો ! જેને ત્યાં સુખનો ચાંદ સોળે કળાએ ખીલેલો હતો, સમૃદ્ધિના શિખરે પહોંચેલા હતા એવા શેઠને કર્મે કયાં પછાડી દીધા ! કર્મરાજાએ કેવો જોરદાર ફટકો માર્યો ! છતાં કેટલી દૃઢ શ્રદ્ધા છે. વિદ્યાધરે પોતાના જ્ઞાનથી વિદ્યાધરીને સાગરદત્તનું બધું પૂર્વ જીવન કહી સંભળાવ્યું. કર્મરાજાએ સુખની વિકસીત મહેલાતોનો પળવારમાં વિનાશ સર્જી દીધો. તેમની ધર્મ પ્રત્યેની અખૂટ શ્રદ્ધાથી બોલાતી સ્વાધ્યાય અને પ્રાર્થનાએ આપણને પ્રભુના દર્શને જતા રોકી રાખ્યા. વિદ્યાધરની પત્ની તો સાગરદત્ત શેઠની

કહાની સાંભળતા રડી પડી. સ્ત્રીઓનું હૃદય કોમળ હોય છે, કોઇનું દુઃખ જુએ તો તેના દિલમાં કરૂણા આવે છે.

વિદ્યાધરી કહે છે નાથ ! આ શેઠ કેવા દુઃખો ભોગવી રહ્યા છે ! આપ હવે તેના તારક બનો, તેના જીવન ઉદ્ધારક બનો. શેઠે ઘણું દુઃખ વેઠયું છે. હવે આપ તેનું દુઃખ દૂર કરો. આપ તેનું દુઃખ મટાડો. તે આપણો એક સ્વધર્મી ભાઈ છે. જૈનશાસનમાં સ્વધર્મીભક્તિનું ઘણું મહત્વ છે. વિદ્યાધર કહે–દેવી ! તમારી વાત સાચી છે. મને પણ તેમને જોઇને અનુકંપા આવે છે. કયાં મહાન રાજવૈભવ જેવા સુખ અને કયાં જંગલના ભયંકર દુઃખ. કર્મને કોઈની શરમ નથી આવતી. કર્મ રૂઠે ત્યારે પહેરેલું કપડું પણ સગું થતું નથી. ભાગ્ય વિના ભાગ્યશાળી બનાતું નથી. જો તેમના નસીબમાં સુખ નહિ હોય તો હું ગમે તેવું સુખ આપીશ પણ એ દુઃખમાં પલ્ટાઇ જશે. તેમના નસીબમાં હજુ દુઃખનું વાદળ ઘેરાયેલું છે. વિદ્યાધરીના ખૂબ કહેવાથી વિદ્યાધર કહે, ભલે; તો શેઠનું દુઃખ ટળે એવો રસ્તો કરું. એમ વિચાર કરીને વિદ્યાધરે સાગરદત્ત શેઠ જે વૃક્ષની નીચે બેઠા હતા તે વૃક્ષની નીચે ચમત્કારીક જડીબુટ્ટી મૂકી દીધી. એ જડીબુટ્ટીના શું ચમત્કાર છે તે વાત પછી આવશે.

આ શેઠ તો ગ્રીષ્મના લાવારસથી ભરેલાં તાપમાં અને ભયંકર વનમાં મીઠા મધુરા રસનું આસ્વાદન કરી રહ્યા છે. તેમની નસેનસમાં સામાયિકનો અમૃત રસ વહી રહ્યો છે. આ શેઠ જંગલમાં ગયા તો પણ સામાયિકના સાધનો સાથે લઇને ગયા છે. તમે બહારગામ જાવ ત્યારે બધું યાદ કરીને લો છો, પણ પથરણું, મુહપત્તિ, ગુચ્છો યાદ આવે છે ? અરે, ઉપાશ્રયે આવો તો પણ લઇને નથી આવતા. આપ એક કલાક બેસો છો પણ સામાયિક લઇને બેસતા શીખો. બે ઘડીની સામાયિક કરવાથી ચૌદ રાજલોકના પાપની ક્રિયા અટકી જાય છે. આશ્રવના દરવાજા બંધ થઈ જાય છે. શેઠે સામાયિક પાળી, બંને બાળકો જાગ્યા. હવે ઘેર પહોંચશું. ત્યાં જમવાનો ટાઇમ થશે. ભૂખ ખૂબ લાગી છે. આ રીતે પિતાને કહી રહ્યા છે, ત્યાં શું બન્યું ?

**વિદ્યાધરે આકાશવાણી કરી, તમારું પ્રારબ્ધ જાગ્યું શ્રેષ્ઠી,**
**તમે બેઠા છો તે વૃક્ષની મૂળની નજીક, બે ચમત્કારીક મૂળીકા હોય.**

વિદ્યાધરે આકાશવાણી કરી. હે શ્રેષ્ઠા ! તમારા પ્રારબ્ધના લોહચુંબકનું આકર્ષણ થયું છે. તમારી ધ્યેયનિષ્ઠાને ધન્ય છે. તમારી ધર્મની દૃઢ શ્રદ્ધાને ધન્ય છે ! તમે બેઠા છો એ ચંપકવૃક્ષના મૂળની નજીકમાં–બે ચમત્કારિક જડીબુટ્ટી છે. તે આપ ગ્રહણ કરો. તેનો પ્રભાવ અલૌકિક છે. કાળા અને ધોળા રંગની એમ બે પ્રકારની છે. હવે તે જડીબુટ્ટીનો શું પ્રભાવ છે તે વાત અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૪૧

**શ્રાવણ વદ ૧૧ મંગળવાર** **તા. ૨૫-૮-૮૧**

### અનર્થ કોણ કરાવે ?

અનંત કરૂણા સાગર, વાત્સલ્યના વહેણુ વહાવનાર, જ્ઞાન ગંગાનું પાન કરાવનાર એવા શાસનપતિ ભગવાન, આત્માને પ્રગતિનો માર્ગ બતાવતા કહે છે હે આત્મા ! ભવાટવીમાં ભમતા મુસાફરને સાચા રાહે લઈ જનાર આ મનુષ્ય જન્મરૂપી સુંદર અવસર મળ્યો છે, પણ આત્માએ હજુ અવસરને ઓળખ્યો નથી.

**આવ્યો પણ ઓળખ્યો નહીં, મનુષ્ય જન્મનો મર્મ,**
**બટકુ રોટલા માટે જીવ, બાંધે છે ક્રોડ ગણા કર્મ.**

આજનાં ભૌતિક યુગમાં પૌદ્ગલિક, દુન્યવી અને ઇન્દ્રિયજન્ય સુખો પાછળ પાગલ બનેલા માનવીને માટે આ કડી કેટલી બોધદાયક છે ! વર્તમાન યુગના માનવીનું જીવન અંધ અનુકરણ, આંધળી દોટ અને અનેકવિધ સાંસારિક પ્રવૃત્તિથી સભર છે. પરિણામે જીવનનું સાચું ઉડ્ડયન અને આત્માની પીછાણ વીસરાઈ ગઇ છે. તેના જીવનમાં વિનય, વિવેક અને કરૂણાને અવકાશ નથી. તે પાંચ "પ"કાર કંપની પૈસો, પત્ની, પરિવાર, પદવી અને પ્રતિષ્ઠા પાછળ પાગલ બન્યો છે. પોતે પરમ હોવા છતાં પામરતાને નમી રહ્યો છે. વીજળીના ચમકારા અને પાણીના રેલાની માફક જીવન વ્યતીત થઈ રહ્યું છે. દરેક માનવી જીવનમાં સુખની આકાંક્ષા રાખે છે, પણ સુખની પરાકાષ્ઠાનું સ્થાન માનવીની દૃષ્ટિથી દૂર છે.

સંસારમાં રીબાતા પ્રાણીના ઉદ્ધાર માટે અનંત ઉપકારી વીતરાગ ભગવંત માર્ગ બતાવે છે, અને કહે છે અહો ભવ્ય જીવ ! તું પામર નથી. તારી શક્તિ અગાધ છે. તને માનવભવ રૂપી મૂડી, સમજણ રૂપી સાધનો અને સમય રૂપી કિંમતી હીરો મળ્યો છે. આત્મામાં અનંત શકિત છે. તો હવે તું રત્નત્રયીના શણગારને છોડી સુવર્ણ-આભૂષણો પાછળ શા માટે દોટ મૂકે છે ? વીતરાગની વૈરાગ્યરૂપ વીણાના તારને છોડીને શા માટે વિષય વાંસળીના નાદે નાચે છે ! ત્યાગના તંબૂરને છોડી તૃષ્ણાના તરંગમાં કેમ લોભાય છે ! માટે હે ભાગ્યશાળી ! જો તારે સંસારના પિંજરમાંથી મુક્ત થવું હોય તો **સંસારની જનનીને છોડીને અષ્ટપ્રવચન માતાનું શરણું સ્વીકાર. લોભરૂપી પિતાને તિલાંજલી આપીને ઉપયોગ રૂપી પિતાના પગલે ચાલ. મોહ રૂપી ભ્રાતાને છોડીને ત્યાગ રૂપી ભ્રાતાના સ્નેહપાશમાં બંધાઈ જા. મમતા રૂપી ભગિનીને છોડીને સમતા રૂપી ભગિનીનો સાથ સ્વીકાર. માયા સાહેલીનો સાથ છોડી સદ્બુદ્ધિ સાહેલીનો સંગ કર.** તો આ ભ્રમમાં ભૂલેલું, મોહમાં મૂંઝાતું, પાપથી પીડાતું, કર્મોથી કચડાતું અને અજ્ઞાનથી અથડાતું આત્મા રૂપી પંખી સંસાર રૂપી પિંજરામાંથી મુક્ત થશે.

જ્ઞાની ભગવંત કહે છે, અમૂલ્ય એવા મનુષ્ય ભવના મર્મને સમજી તારા ઉધ્વયનની શકિત પ્રગટાવવા તારી શકિતને તું એમાં જોડી દે. એક અનુભવની સુખ–સૃષ્ટિ માટે પણ માનવી જીવન સાટોસટનું સાહસ કરે છે, તો પછી અવ્યાબાધ અક્ષય સુખની પ્રાપ્તિ માટે અનંત શકિતનો યાત્રી વીર્ય ન ફોરવી શકે! પુરૂષાર્થ અને પરિબળનો સમન્વય સાધી લે. ચિંતામણી રત્ન સમાન મનુષ્ય ભવ મળ્યો છે. દેવ, ગુરૂ અને ધર્મનું આલંબન મળ્યું છે. હવે તું શા માટે મૂંઝાય છે? મૂંઝવણના ધુમ્મસ પર ચેતનની જ્યોત જગાવતો જા અને પરમ પુરૂષાર્થની ધૂણી ધખાવે જા, તો જરૂર એક દિવસ આત્મા રૂપી પંખી સંસાર રૂપી પિંજરામાંથી મુક્ત થઈને મુક્તિનો દિવ્ય આનંદ માણી શકશે.

મુક્તિનો આનંદ માણવો હશે તો તે માત્ર વાતો કરવાથી નહિ મળે. મુખેથી મુક્તિ મુક્તિ કરતા હોય પણ અંદર સંસાર ભર્યો હોય તો મુક્તિ ક્યાંથી મળે? પેલા જીવરાજ શેઠને વૈકુંઠનું જ્ઞાન ન હતું. માત્ર જગતને દેખાવ કરવાની પ્રબળ ઈચ્છા હતી કે શેઠને વૈકુંઠમાં જવાની કેટલી લગની છે! નારદજી તેડવા આવ્યા પણ દીકરાના રાગના કારણે નારદજીને પાછા મોકલ્યા ને કહ્યું: આપ એક મહિના પછી આવજો. નારદજી તો વૈકુંઠમાં ભગવાન પાસે ગયા. ભગવાને પૂછયું, પેલા જીવરાજ શેઠ? ભગવાન, એ તો તેમના છોકરાના લગ્ન કરાવીને પછી આવશે. ભગવાન કહે નારદજી! એ શેઠ લગ્ન પછી પણ નહિ આવે. નારદજીએ શેઠનો પક્ષ લેતા કહ્યું, ભગવાન! સંસારી જીવોને પોતપોતાના વ્યવહાર તો સાચવવા પડે ને? શેઠના હૈયામાં તો આપનું નામ છે. એમને વૈકુંઠ સિવાય બીજું ગમતું નથી. એ તો અનાસક્ત ભાવે લગ્નનો વ્યવહાર કરશે.

**જીવરાજ શેઠનો બીજો વાયદો:** એક મહિના બાદ નારદજી ભગવાનનું વિમાન લઈને ફરી જીવરાજ શેઠને ઘેર ગયા. નારદજીને દૂરથી જોતાં શેઠ દુકાન ઉપરથી નીચે ઉતરી તેમની સામે ગયા. વિનય–વિવેકપૂર્વક તેમનું સ્વાગત–સત્કાર કર્યો. નારદજી કહે શેઠ! આપે કહ્યું હતું કે મહિના પછી આવજો, એટલે હું આપને વૈકુંઠમાં લઈ જવા માટે આવ્યો છું. શેઠે કહ્યું–અહો! પરમ ઉપકારી ઋષીશ્વર! આપની મારા પ્રત્યે કેટલી કરૂણા છે! આપ મારા વંદનીય, પૂજનીય છો. વૈકુંઠમાં આવવાની મારી પૂરી તૈયારી છે. સંસારમાં મને કોઈ રસ નથી. આ સંસાર સ્વપ્ના જેવો છે. નારદજી કહે, તમને સંસાર પ્રત્યે આટલો બધો અણગમો થયો છે તો હવે ઉઠો ને જલ્દી ચાલો મારી સાથે. મહર્ષિ! મારે તો ઘડીનો પણ વિલંબ કરવો નથી પણ મેં મારા ઘરમાં વાત કરી તો છોકરાની માએ કહ્યું–તમે તો મનથી વૈકુંઠમાં જ છો. તમારા માટે તો ઘર વૈકુંઠ જ છે, છતાં પણ જો આપને વૈકુંઠમાં જવું હોય તો છોકરાને ઘેર છોકરો થાય પછી ખુશીથી જજો. હમણાં જશો તો તમારા મનમાં એમ થશે કે અરેરે... મેં તો છોકરાના છોકરાનું મુખ પણ ન જોયું. આવી વાસના મનમાં

રહી જાય અને તમે વૈકુંઠ જાવ એ બરાબર નથી. વધુ નહિ, આપ એકાદ વર્ષ રોકાઈ જાવ. ઘરે છોકરાનું પારણું ઝૂલાવ્યા પછી જજો.

શેઠની વાત સાંભળી નારદજી તો વિચારમાં પડી ગયા, પછી પૂછ્યું, હવે શું નિર્ણય કરો છો? મારી સાથે વૈકુંઠમાં આવવું છે કે નહિ? શેઠ કહે! ઋષીશ્વર! જીવનભર જેની સાથે રહ્યો તેમની ઈચ્છા વિરૂદ્ધ થઈને વૈકુંઠમાં આવવું મને ઠીક લાગતું નથી. બાકી મને તો કોઈના પ્રત્યે રાગ નથી (હસાહસ). એક વર્ષ સંસારમાં રહી જઈશ તો તેમનું મન રાજી રહેશે. આપ કૃપા કરીને આવતા વર્ષે પધારજો. હું આપનો ઉપકાર ભવોભવ નહીં ભૂલું. નારદજીને ભગવાનનાં વચન યાદ આવ્યા. ખરેખર ભગવાન કહેતા હતા કે એ નહિ આવે પણ નારદજીએ હવે એકવાર ફરીથી પ્રયત્ન કરવાનો નિર્ણય કર્યો, કારણ કે હવે પ્રશ્ન પોતાની આબરૂનો હતો. નારદજીએ ભગવાનની વાતને ખોટી પાડીને શેઠને વૈકુંઠમાં લઈ જવાની પ્રતિજ્ઞા કરી હતી. જ્યારે આબરૂનો પ્રશ્ન બની જાય છે ત્યારે તેને ઉકેલવા માણસ અનેક પ્રયત્ન કરે છે. નારદજીના મનમાં થયું કે હું શેઠને વૈકુંઠમાં નહિ લઈ જઈ શકું તો મારી મશ્કરી થશે ને મારી આબરૂ જશે. જાતે વૈકુંઠમાં જવું સરળ છે પણ બીજાને વૈકુંઠમાં લઈ જવા એ દુષ્કર કામ છે.

ખરેખર નારદજી તો ફસાઈ ગયા અને તે પણ એવા માણસના હાથમાં ફસાયા કે જે દંભી હતો, માયાવી હતો. બહારથી ભક્ત હોવાનો દેખાવ કરતો હતો, પણ અંદરથી તો તેને સંસાર પ્રત્યે રાગ હતો. નારદજીએ શેઠના બહારના દેખાવને સાચો માની લીધો અને ફસાઈ ગયા. ખરેખર! માયાવી માણસની માયાજાળની આપણને ખબર પડતી નથી. આજે દુનિયામાં જે માણસો ફસાય છે તે બહારના દેખાવથી ફસાય છે. જો કે દુનિયામાં તો મોટા ભાગના લોકો સ્વાર્થવશ અને લોભને વશ થઈને ફસાય છે. નારદજીને અહીં એવો કોઈ સ્વાર્થ ન હતો. તેમની તો પરમાર્થ દૃષ્ટિ હતી. તેમને તો ભક્તને મુક્તિ અપાવવાના ભાવ હતા. નારદજીએ શેઠની એક વર્ષની મુદત માની લીધી અને સીધા વૈકુંઠ પહોંચી ગયા.

ભગવાને કહ્યું, નારદજી! આ શેઠને તમે હવે છોડી દો. હવે તે અહીં નહિ આવે, પણ નારદજી ન માન્યા. તેમણે શેઠને વૈકુંઠમાં લાવવાના પોતાના નિર્ણયની જાણ કરી. નારદજી ભગવાનની વાત માનવા તૈયાર ન થયા. જિદ એટલે હઠ. તે એવી વસ્તુ છે જેની અંદર અભિમાન બેઠો હોય છે. અભિમાન માણસને ગમે ત્યારે ગબડાવી દે છે. જમાલિમુનિને કોણે ગબડાવ્યા? ભગવાન મહાવીર સ્વામી સર્વજ્ઞ વીતરાગ હતા. તેમની વાત જમાલીએ ન માની. આપ આ વાત ઘણીવાર સાંભળી ગયા છો. જમાલિના અહંકારે ભગવાનની સર્વજ્ઞતાને અવગણી અને પરિણામે જમાલિમુનિ ભગવાનને છોડીને જુદા થઈ ગયા.

અભિમાનયુક્ત જિદના ભયંકર પરિણામ આવે છે. જ્ઞાનયુક્ત જિદ સારી પણ અભિમાનયુક્ત જિદ નહીં સારી. માણસમાં જ્ઞાનયુક્ત જિદ હોય છે તો જ્યારે તે

પોતાની ભૂલ સમજે છે, ત્યારે તે જિદને તરત છોડી દે છે, પણ અભિમાન હોય છે તે પોતાની ભૂલ સમજવા છતાં નથી છોડતો. રાવણ સીતાજીનું અપહરણ કરી ગયો ત્યારે વિભીષણે રાવણને ઘણું સમજાવ્યો કે હે રાવણ! તું રામને સીતા પાછી સોંપી દે, છતાં રાવણે પોતાની હઠ ન છોડી તો આખરે શું પરિણામ આવ્યું? સોનાની લંકા રાખમાં રોળાઈ ગઈ. પ્રિયદર્શના સાધ્વીજી જમાલિમુનિનો પક્ષ લઈ શ્રમણી સંઘથી અલગ થઇ ગયા હતા. તેમની પણ હઠ હતી, પણ પ્રજ્ઞાવંત શ્રાવકે જ્યારે પ્રયોગાત્મક ઢંગથી પ્રિયદર્શનાજીને "કડેમાણે કડે"નો સિદ્ધાંત સમજાવ્યો તો પ્રિય-દર્શનાજી સમજી ગયા અને પોતાની હઠ છોડી દીધી અને પાછા ભગવાનને ચરણે ગયા. સંસ્કૃત શ્લોકમાં પણ કહ્યું છે કે–

उत्सर्पयन् दोषशाखां गुणमूलान्यधो नयन् ।
उन्मूलनीयो मानद्रुस्तन्मार्दव सरित्पूरे : ॥

દોષ રૂપી શાખાઓનો વિસ્તાર કરનાર તેમજ ગુણરૂપ મૂળીયાઓને નીચે લઈ જનાર એવા માનરૂપી વૃક્ષને કોમળતા, નમ્રતા રૂપી નદીના પ્રવાહ વડે જડમૂળથી ઉખેડી નાંખવું જોઈએ. અભિમાનને મિથ્યાત્વનો બાપ કહીએ તો પણ ચાલે તેમ છે, કારણ કે તે ધર્મી પુરૂષના મનમંદિરમાં પેસી સુંદર ભાવના રૂપી સુગંધને હઠાવીને કદાગ્રહરૂપી દુર્ગંધની વૃદ્ધિ કરે છે. જ્યાં સુધી "હું" છું એવા ભાવ છે ત્યાં સુધી કલ્યાણ નથી.

નારદજીએ હઠ પકડી છે. શેઠને વૈકુંઠમાં લઈ આવવાની. મનમાં માન આવ્યું છે. કે હું જો શેઠને નહિ લઇ આવું તો મારી આબરૂ જશે, તેથી હઠ પકડીને બેઠા છે. આ બાજુ તો શેઠ વૈકુંઠમાં જવા માટે વાયદા કરતા રહ્યા ને કાળરાજાના તેડા આવી ગયા. આ દૃષ્ટાંતથી આપણે શું સમજવું છે? માત્ર મોક્ષ મોક્ષની વાતો કરવાથી મોક્ષ નહિ મળે. મોક્ષ તો બહુ દૂરની વાત છે, પણ તમે ઘર અને દુકાનથી મુક્ત થવા માટે ઈચ્છો છો? ધન, વૈભવ અને ભોગવિલાસથી મુક્ત થવાની ઈચ્છા થાય છે? જ્યાં સુધી અહીંના ભૌતિક-વૈષયિક સુખોથી મુક્તિ મેળવવાની ભાવના નથી થતી ત્યાં સુધી કર્મ-ક્ષયજન્ય મુક્તિની વાતો કરવી એ ખોટી બનાવટ છે. જો કોઈના લઇ જવાથી મોક્ષમાં જઈ શકાતું હોત તો તો બધા જ મોક્ષમાં જાત. દરેક તીર્થંકરોના દિલમાં એક જ ભાવના હોય છે કે એકેક જીવ મુક્ત બને. તેમની તો શક્તિ અપૂર્વ હોય છે. તો તે કેમ બધાને મોક્ષમાં ન લઈ ગયા! તીર્થંકર હોય કે કેવળી હોય, કોઈ પણ ગમે તેવી પૂર્ણ દિવ્ય વિભૂતિ હોય પણ તેઓ તો માર્ગ બતાવે છે, પણ કોઈ મોક્ષ અપાવી શકતા નથી. એ તો પોતાને જ મેળવવાનું છે. તે મેળવવા માટે જબ્બર સાધના અને પુરૂષાર્થ જોઈશે.

આપણા અધિકારમાં પણ મનઃપર્યવજ્ઞાની ભગવંતના મુખેથી પુત્રના પૂર્વભવ જાણ્યા પછી જેને જલ્દી મોક્ષ મેળવવાની ભાવના જાગી છે તેવી મયણરેહાને સંયમ લેવાની ભાવના થઇ, પણ મનમાં થયું કે જો હું અહીંયા દીક્ષા લઈશ તો કયારે પણ પુત્રનું

સુખ જોવા નહિ મળે, કારણ કે જંબુદ્વીપ અને નંદીશ્વરદ્વીપ વચ્ચે સાત સમુદ્રનું અંતર છે, માટે હું વિદ્યાધરની સાથે વિમાનમાં બેસી ત્યાં જઇને દીક્ષા લઇશ. આ પ્રમાણે વિચાર કરે છે, ત્યાં કેણુ આવશે એ વાત પછી લઇશું, પણ યુગબાહુના મૃત્યુ પછી ત્યાં શું થયું તે આપણે જોઈએ.

**મણિરથનો ભયંકર પશ્ચાતાપઃ**–યુગબાહુને મારી નાખીને નાસવા જતાં મણિરથ યુગબાહુના સૈનિકો દ્વારા પકડાઈ ગયો. તે સૈનિકો મણિરથને મારી નાંખત પણ આ સતીએ તેને બચાવ્યો, અને છોડી મૂક્યો. સતીની આ ઉદારતાનો પ્રભાવ મણિરથ ઉપર ઘણો પડયો. તે સૈનિકોના પંજામાંથી છૂટીને મહેલ તરફ જતાં પોતાના મનમાં કહેવા લાગ્યો કે મારા જેવા પાપીને કોણ છોડી દે, પણ આ સતીમાં કેવી ઉદારતા છે કે તેણે પોતાના પતિના ઘાતકને પણ છોડી મૂકયો. હાથ! સૈ સતી તો આવી ઉદાર છે અને હું કેવો અધમ છું! મેં કેવું ભયંકર દુષ્કૃત્ય કર્યું છે! મેં મારા વહાલા નાના ભાઇને પણ મારી નાંખ્યો, આથી વિશેષ બીજો ભયંકર અપરાધ શો હોઈ શકે! બીજાઓને તો સામાન્ય અપરાધનો પણ દંડ આપું છું અને મેં આવો ભયંકર અપરાધ કર્યો છે તો શું તે મારા અપરાધનો દંડ મને મળવો ન જોઈએ! ભલા ભગવાન, તેં મને દુર્બુદ્ધિ કાં સુઝાડી! એક આબાદ રાજ્યનો હું ધણી, હજારોનો માલિક! ગુન્હેગારોને શિક્ષા કરનારો! તને આવી ખૂનની બુદ્ધિ કેમ સુઝી! અને તે પણ ઘરમાં જ! અરે! પેટમાં ભોંકનાર મારી તલવારે મને જ કેમ કાપી ન નાંખ્યો? હે સતી! તેં મને અન્યાય કર્યો છે. તેં મને શા માટે જતો કર્યો! શા માટે તે સામંતોને મને મારતા અટકાવ્યો! હવે મારે નગર તરફ શું મોઢું લઈને જવું! પ્રજા પોતાના માનીતા યુવરાજના ખૂન માટે જવાબ માંગશે તેને હું શું જવાબ આપીશ? જે ધર્મપત્ની મારા તરફ પ્રેમથી જુએ છે તેનો હક્ક ડૂબાવી ગુપ્ત રીતે ચોરીથી બીજી સ્ત્રીને મેળવવા માટે યુગબાહુનું ખૂન કર્યું, તે જાણી તેણી મારા તરફ કેટલો ધિક્કાર વરસાવશે? આ મારી તલવાર અને મારા હાથને ધિક્કાર છે કે જે તલવાર અને હાથ દ્વારા મેં ભાઇનું ખૂન કર્યું છે! મારા આ દુષ્કૃત્યનો દંડ મારે આ તલવાર દ્વારા મારા પોતાના મસ્તકનો ઉચ્છેદ કરી ભોગવવો જોઈએ.

**મયણરેહાની શોધમાંઃ**–એક બાજુ મણિરથ આ પ્રમાણે પશ્ચાતાપ કરી રહ્યો છે, ત્યારે બીજી બાજુ યુગબાહુના મૃત્યુથી તેનો પુત્ર ચંદ્રયશ કાળા પાણીએ રડે છે. તેના રૂદનથી ઝાડે પંખીઓ પણ મુંઝી ઉઠયા. આ બધી રોકકળમાં મયણરેહા કયાં ગઇ તે કોઈને યાદ આવતું ન હતું. યુવરાજનું શબ રાત્રે જ રાજભવનમાં લઈ જવામાં આવ્યું હતું. વીરસિંહ નામનો સૈનિક એમ વિચારી રહ્યો છે કે આ બધું તો થયું પણ અત્યારે યુવરાણી મયણરેહા ઉપર મહાન સંકટ છે, માટે તેની પાસે જઈ ધૈર્ય આપું. આ પ્રમાણે વિચાર કરી મયણરેહા જ્યાં રહેતી હતી ત્યાં આવ્યો પણ મયણરેહાને ત્યાં જોઈ નહિ એટલે તે વિચારવા લાગ્યો કે આ શું! અહીં તો કોઈ નથી. યુવરાજના શબને રાજમહેલમાં લઈ ગયા પછી યુવરાણી રાજમહેલમાં

તો ચાલી ગઈ નહિ હોય ને! માટે રાજમહેલમાં જઈને જોઉં કે તે છે કે નહિ? જો તે ત્યાં હોય તો તેને ધૈર્ય આપું.

**મણિરથની મરવાની ભાવના સાંભળતો વીરસિંહઃ**–આ પ્રમાણે વિચાર કરી વીરસિંહ રાજમહેલ તરફ ચાલ્યો. યોગાનુયોગ મણિરથ જે રસ્તે ગયો છે તે જ રસ્તો આવ્યો. રસ્તામાં મણિરથ જાણે બોલી રહ્યો હતો કે આ તલવાર દ્વારા મરી જવું જોઈએ. મેં બહુ ભયંકર પાપ કર્યું છે. મણિરથનો આ અવાજ વીરસિંહે સાંભળ્યો. તેણે જોયું કે અત્યારે તેને બહુ પશ્ચાતાપ થઈ રહ્યો છે. તે અત્યારે આત્મહત્યાની તૈયારી કરી રહ્યો છે, માટે તેને અત્યારે સાંત્વન આપવું જોઈએ. એમ વિચાર કરી મણિરથને કહ્યું મહારાજા! આત્મહત્યા કરવાથી પાપ મટતું નથી. વીરસિંહનો અવાજ સાંભળી મણિરથે કહ્યું કે કોણ છે? હું વીરસિંહ છું. વીરસિંહ! મને તારી સાક્ષીએ મરવા દે, અને મારા પાપનું પ્રાયશ્ચિત કરવા દે. તું મને પાપનું પ્રાયશ્ચિત કરતાં અટકાવ નહિ. મહારાજા! આ પ્રમાણે આત્મહત્યા કરવાથી પાપ દૂર થઈ શકતું નથી. હું આપને પાપથી મુક્ત થવાનો અને તે માટે પ્રાયશ્ચિત કરવાનો બીજો માર્ગ બતાવું છું. આપ તે માર્ગને અપનાવો. તે માર્ગ કલ્યાણનો છે. યુગબાહુ તો મરી ગયો છે પણ તેનો પુત્ર ચંદ્રયશ છે. હવે તમે ચંદ્રયશના અપરાધી છો માટે તમે ચંદ્રયશની હૃદયપૂર્વક માફી માંગો. ક્ષમા માંગવાથી તમારૂ પાપ હળવું થશે. વીરસિંહ! હું ચંદ્રયશને આ પાપી, કલંકિત મુખ કેવી રીતે બતાવું? તેની સામે કેવી રીતે જાઉં! તે મારા કાળા મુખને જોશે પણ નહિ, માટે મને મરી જવા દે.

વીરસિંહે મણિરથના હાથમાંથી તલવાર ઝૂંટવી લીધી ને કહ્યું, આપ કોઈ પ્રકારની ચિંતા ન કરો. ચંદ્રયશ ઉદાર છે. તે એવો નથી કે તમે ક્ષમા માંગો અને તે સામી ક્ષમા ન આપે! તે તમને ઉદાર દિલે ક્ષમા આપશે એટલું જ નહિ પણ તમને પિતાની માફક સાચવશે. મણિરથ કહે, ચંદ્રયશ તો મને ક્ષમા આપે પણ હું તેની પાસે કેવી રીતે ક્ષમા માંગી શકું! મારે તો મારા અપરાધનો દંડ ભોગવવો જોઈએ. વીરસિંહે મણિરથને ખૂબ સમજાવ્યો પણ મણિરથે તેની એક પણ વાત માની નહિ, ત્યારે વીરસિંહે વિચાર્યું કે આ મારાથી સમજે એમ નથી. આ પ્રમાણે વિચાર કરી તેણે મણિરથને કહ્યું કે તમે ચંદ્રયશની પાસે જવા ઈચ્છતા ન હોય તો ચંદ્રયશ પોતે જ આવીને તમને ક્ષમા આપે. આ પ્રમાણે કહી વીરસિંહ ચંદ્રયશને બોલાવવા માટે મહેલ તરફ ગયો. મણિરથ મનમાં વિચાર કરવા લાગ્યો કે વીરસિંહ ચંદ્રયશને લઈને અહીં આવશે તો મારી શી દશા થશે? તેથી મણિરથ ત્યાંથી ભાગી જશે ને રસ્તામાં શું બનશે તે અવસરે.

**ચરિત્ર,:** શેઠની ધર્મનિષ્ઠા જોઈને વિદ્યાધર તેના પર પ્રસન્ન થયો ને કહ્યું–હું તમારી ધર્મભાવના જોઈને તમારા પર તુમાન થયો છું ને તમને હવે સુખી બનાવવા ચાહું છું, માટે મારી વાત સાંભળો. તમે જે ઝાડ નીચે બેઠા છો તે ઝાડની પાસે બે

જડીબુટ્ટી છે. એક કાળા રંગની અને એક ધોળા રંગની. તેનો શું પ્રભાવ છે તે આપ સાંભળજો.

**ધોલી કો ખાકર રોવે તો આંસુ મોતી બન જાય,**
**કાલી ખાકર સાત દિનોમેં, રાજાજી બન જાય.**

જે ધોળી જડીબુટ્ટીને ખાય અને પછી રડે અને જે આંસુ પડે તે આંસુ બધા સાચા મોતી બની જાય અને જે કાલી જડીબુટ્ટીને ખાય તેને મોડામાં મોડું સાત દિવસે રાજ્ય મળી જાય ને તે રાજા બને. આવો આ જડીબુટ્ટીનો મહાપ્રભાવ છે. આ ચમત્કારિક જડીબુટ્ટી છે. આપ એને જલ્દી ગ્રહણ કરો, નહીં તો કોઈ હતભાગી આવી જશે અને તે લેશે તો મોટો અનર્થ થશે. આટલું કહીને વિદ્યાધર તો પોતાના વિમાનમાં બેસીને ભગવાનની દેશના સાંભળવા રવાના થયા.

બંધુઓ ! ધર્મિષ્ઠ જીવોને કર્મોદયે દુઃખ આવે પણ દુઃખમાં એ ધર્મને છોડતા નથી. પોતાનું સર્વસ્વ જાય તો ભલે જાય પણ ધર્મને જવા દેતા નથી. એવા દૃઢ શ્રદ્ધાવાન રહે છે તો દેવો પણ એમના ચરણમાં ઝૂકે છે. સાગરદત્ત શેઠે આટલા બધા કષ્ટો શા માટે વેઠયા ? એક ધર્મના માટે જ ને ? આટલું દુઃખ વેઠવા છતાં મનમાં વિચાર સરખો પણ નથી આવતો કે ધર્મના કારણે આટલા દુઃખો વેઠું છું, માટે ધર્મ ખોટો છે. આટલી અડગ શ્રદ્ધા રહી તો વિદ્યાધરનું વિમાન પણ સ્થંભી ગયું અને તેમનું દારિદ્ર, ગરીબી મટાડવા બે જડીબુટ્ટી આપી. વિદ્યાધર તો જડીબુટ્ટીનો શો પ્રભાવ છે તે કહીને ચાલ્યા ગયા.

**શેઠની પ્રમાણિકતાઃ**-શેઠ ત્યાંથી ઉભા થયા. તે વિચાર પ્રદેશોમાં ઘૂમવા લાગ્યા મેં તો બાર વ્રત આદર્યા છે ત્રીજા વ્રતમાં અણદીધું લેવું નહિ તેવો મારે નિયમ છે. હું આ જડીબુટ્ટી કેવી રીતે લઈ શકું ? જો ગ્રહણ કરું તો મારી પ્રતિજ્ઞાનો ભંગ થાય છે અને નથી લેતો તો વિદ્યાધરના વચન જાય છે ને અમૂલ્ય વસ્તુ ગુમાવી દેવાની થાય છે. એક બાજુ સુખની ઉંચી દોરી અને બીજી બાજુ દુઃખની ઉંડી ગર્તા. વિચાર રૂપ ત્રાજવાના બંને પલ્લા ઊંચા નીચા થવા લાગ્યા. ત્યાં ન્યાયયુક્ત ધડાએ સમતુલા બતાવી દીધી. વિદ્યાધરે મને કહ્યું છે માટે આવી ચમત્કારિક વસ્તુ આ ભૂમિમાંથી લઇ લઉં. આ ભૂમિમાંથી પ્રાપ્ત થયેલ વસ્તુ ઉજ્જૈની નરેશની ગણાય માટે એ વસ્તુ લઈને પછી હું ઉજ્જૈની નરેશને આપી દઈશ, એમ વિચારી શેઠે વિદ્યાધરે જે જગ્યાએ જડીબુટ્ટી બતાવી હતી, ત્યાંથી લઈ લીધી. જેને મન વ્રત એ પ્રાણ છે, સર્વસ્વ છે, એવા વ્રતધારી સાગરદત્ત શેઠને પૌદ્ગલિક રિદ્ધિ લોભાવી શકી નહિ. જો એ જડીબુટ્ટી શેઠ પોતાના બે બાળકોને ખવડાવે તો રાજ્ય મળી જાય અને સાચા મોતી પણ મળે ને શેઠ મહાન શ્રીમંત બની જાય, પણ ના...ના...એ જડીબુટ્ટી રાજાની માલિકીની છે માટે મારાથી ન લેવાય. લઉં તો એમને આપવી જોઇએ. કેટલી શુદ્ધ ભાવના ! ગરીબાઇમાં પણ કેટલી અમીરી છે ! પોતાની તદ્દન ગરીબ સ્થિતિ હોવા છતાં પણ તેમાં લલચાયા નહિ. આવા વ્રતધારી

શ્રાવકોના ચરણમાં દેવો પણ નમે છે. શેઠે આ જડીબુટ્ટી લીધી. હવે શેઠ અને બંને બાળકો ઘેર જશે. શેઠને જતાં વાર થઇ તેથી ઘેર તારામતી ચિંતા કરે છે. હવે શેઠ ઘેર જશે ને આ જડીબુટ્ટીનું શું થશે તે વાત અવસરે.

---

## વ્યાખ્યાન નં-૪૨

**શ્રાવણ વદ ૧૨ બુધવાર** **તા. ૨૬-૮-૮૧**

અનંતજ્ઞાની મહાપુરૂષોએ ભવ્ય જીવોના આત્મ ઉદ્ધાર માટે શાસ્ત્રની પ્રરૂપણા કરી. આ શાસ્ત્રને રત્નાકર કહીએ તો કહી શકાય. જેમ રત્નાકરમાં અમૂલ્ય રત્નો રહેલા છે તેમ શાસ્ત્રમાં પણ અમૂલ્ય ભાવરત્નો છૂપાયેલા છે. શાસ્ત્રને તિજોરી પણ કહી શકાય. તિજોરીમાં કિંમતી દાગીના, હીરા, માણેક આદિનો ખજાનો રહેલો હોય છે; તેમ શાસ્ત્રમાં સર્વજ્ઞએ બતાવેલા ભવ્ય ભાવોનો અગણિત ખજાનો છે. શાસ્ત્રને કિંમતી રસાયણ કહીએ તો પણ કહી શકાય, કારણ કે તેમાં અનેક ભવરોગોને દૂર કરવાની ઔષધિઓ રહેલી છે. શાસ્ત્રને આરસીની ઉપમા આપવા પાછળ પણ કારણ છે. જે માનવ પોતાનું જીવન સમાજની વચ્ચે રહીને જીવે છે તેની પ્રકૃતિ તથા પ્રવૃત્તિનું દર્શન અરિસામાં સ્પષ્ટ થાય છે. તેનું પ્રતિબિંબ જાણે શાસ્ત્રમાં ન હોય! કેમ કે જીવન જીવવાની કલા પણ શાસ્ત્રમાં બતાવેલી છે. શાસ્ત્ર એટલે જ્વલંત તથા જીવંત જીવન! ભાવોથી ઉભરાતું અલૌકિક ચૈતન્ય! જેના શબ્દે શબ્દે તથા અક્ષરે અક્ષરે સર્વજ્ઞના ભાવો રૂપ અક્ષય નિધાન પડેલા છે.

એવા શાસ્ત્રના પ્રણેતા સર્વજ્ઞ ભગવાન ધર્મોપદેશ આપતા ફરમાવે છે કે ધર્મ કોઇ બાહ્ય ચીજ નથી. જગતની બાહ્ય ચીજો સારી ખોટી તપાસતા એક મિનિટની જરૂર પડે છે. રેશમ, સુતર કે ઉનને આંગળી અડાડો કે તરત ખબર પડે. સુગંધ છે કે દુર્ગંધ છે તે પણ શ્વાસ ખેંચો કે ખબર પડે. કાળું, ધોળું, પીળું, લાલ, લીલું, આંખથી જુઓ કે ખબર પડે. એ પ્રમાણે પાંચે ઇન્દ્રિયોના વિષયો સારા નરસા તપાસવા તેમાં સેકંડનું કામ છે પણ ધર્મ તેવો વિષય નથી. બાહ્ય વિષયોથી તેની સુંદરતા કે અસુંદરતા જાણી શકાતી નથી. જો બાહ્ય વિષયોથી ધર્મની સુંદરતા કે અસુંદરતા જાણી શકાતી હોત તો આટલા કાળમાં ધર્મની પરીક્ષા ક્યારનીએ થઇ ગઇ હોત અને અધર્મને કોઇએ ગ્રહણ કર્યો ન હોત. ધર્મ, અધર્મની પરીક્ષા બાહ્ય પદાર્થોની જેમ સહેજમાં થતી નથી. અધર્મને જ્યાં સુધી એના કાતીલ સ્વરૂપમાં ઓળખી ન લેવાય, એના પનારે પડવાથી ખેદાન મેદાન થઈ ગયેલા જીવનનો નકશો જ્યાં સુધી બરાબર નિહાળી ન લેવાય ત્યાં સુધી ધર્મમાં ચીવટ, કાળજી કે જાગૃતિ ક્યાંથી આવી શકે?

અનાદિકાળથી આત્મામાં અધર્મની ટેવ પડી ગયેલી છે. જેમ કોઈ માણસને અફીણની ટેવ પડી ગઇ હોય તો તેને પહેલાં પકવાન આપો કે દૂધપાક આપો તો તે કંઈ નહિ પણ પહેલાં તેને અફીણ જોઇએ, કારણ કે એ ટેવ પડી ગઈ છે તેમ આત્મામાં

અધર્મની ટેવ પડી ગઈ છે. અફીણના વ્યસનીને મીઠા પકવાન મળવા છતાં તેનું ધ્યાન અફીણ તરફ જાય છે તેવી રીતે જીવને આરંભ, પરિગ્રહ, વિષય, કષાયની કુટેવ પડી ગઈ છે. સમજણ હોય કે ન હોય પણ આરંભ, પરિગ્રહ, વિષય અને કષાય આ ચાર વસ્તુ ગળે વળગેલી છે. છકાયનું જ્ઞાન મેળવવું, પૃથ્વીકાયાદિને જીવ તરીકે માનવા અને દરેકનો બચાવ કરવો એવું જ્ઞાન જીવને ટકતું નથી. આરંભની બુદ્ધિને પાછી હઠાવવી અને છકાયના જીવોનું રક્ષણ કરવું એ બુદ્ધિ આવવી, જીવને ઘણી મુશ્કેલ છે.

પરિગ્રહ તો નાના બાળકને પણ કેટલો પ્રિય છે! એક વર્ષના બાળકે હાથમાં જે રૂપિયો પકડયો છે તે છોડાવવો મુશ્કેલ થઇ પડે છે. તેના હાથમાંથી લેવા જાવ તો રડે, લાતો મારે ને કાંઇક કરે પણ જો તેના હાથમાં રહેવા દીધો ને કલાક બે કલાક સુધી ઉંઘતો હોય તે સમયે કોઇ લઇ લો તો તેને એ ખબર પડતી નથી, અને ઉંઘમાંથી જાગે એટલે તે રૂપિયાને ભૂલી જાય છે. અરે! ઉંઘમાં પહેરેલા દાગીના કાઢી લો તો પણ તેને ખબર પડતી નથી, તેવી રીતે પરિગ્રહ સંજ્ઞામાં પડેલો જીવ હાથમાં આવેલી ચીજને છોડતો નથી, અને ઉંઘમાં ઉંઘતો હોય ત્યારે તેની વસ્તુ જાય તો ખબર પડતી નથી. તે વસ્તુનો કોણ ઉપયોગ કરે છે તેની તેને દરકાર હોતી નથી. આપણે બધા ગયા ભવમાં કંઈ ત્યાગી હતા એવું નથી, હતા તો સંસારી. તે ભવમાં બાપદાદાની મળેલી ચીજો કયાં મૂકી, કોણે લીધી? તેનો અત્યારે ખ્યાલ છે? ના. અનંતકાળથી જીવ રમા અને રામામાં રમણતા કરી રહ્યો છે તેથી આ મેળવું, તે મેળવું, આ બાચકા ભરવાનું છોડયું નથી, ત્યાં સુધી નિઃસ્પૃહ દશા આવતી નથી.

સ્પૃહાની દશા છે ત્યાં સુધી દરેકના મુખ સાચવવા પડે છે. એક રાજાને દિવાન હતો. તેને રાજાએ કહ્યું કે આજે રાજ્ય સંબંધી કામકાજ છે, માટે આપ રાત્રે આવજો. રાજાની આજ્ઞા પ્રમાણે રાત્રે નવ વાગે દિવાન આવ્યો. રાજા અને દિવાન બંને થોડીવાર ધ્યાનમાં બેઠા. અડધો કલાક થયો એટલે અંતેઉરમાં ખાસ કામ હોવાથી દાસી રાજાને બોલાવવા આવી. રાજાને ગયા સિવાય ચાલે તેમ ન હતું, એટલે દિવાનને કહ્યું, આપ થોડીવાર બેસો. હું આવું છું. રાજા ગયા. ત્યાં રાણીઓની ભાંજગડ ચાલતી હતી. તે ભાંજગડ ખૂબ લાંબી ચાલી. એટલામાં રાજાને ઉંઘ આવી. ત્યાં ને ત્યાં રાજા સૂઈ ગયા. રાણીઓ પોતપોતાને ઠેકાણે ગઈ. આ બાજુ મોડી રાત થવાથી દિવાનને પણ ઉંઘ આવવા લાગી, પણ તે રાજાની રાહ જોઇને બેઠા છે, બેઠા બેઠા ઝોકાં ખાય છે. એમ કરતાં રાત પૂરી થઈ. સવારના સાડાપાંચ થયા. રાજા જાગી ગયા. તેમને યાદ આવ્યું કે હું તો દિવાનને બેસાડીને આવ્યો છું. તે તો મારા ધ્યાનમાં ન રહ્યું. રાજા જઇને જુએ છે તો દિવાન બેઠેલા છે. રાજા કહે દિવાન! હજુ સુધી તમે બેસી રહ્યા છો? તમે મને બેસવાનું કહ્યું હતું એટલે બેસી રહ્યો છું, પછી રાજાએ જે વાત કરવાની હતી તે કરી. દિવાનજી ઘેર ગયા.

દિવાનજી મનમાં વિચાર કરે છે, કે શા માટે મારે આખી રાત બેસી રહેવું પડયું? આ રાજા મારા પર તુષ્માન થાય તો ધનમાં વધારો કરી આપે અને રૂઠે તો જે છે તે પણ

લઈ લે. પણ મારા ભાગ્યમાં વધારવાની કે ઘટાડવાની તેમની તાકાત નથી. રાજા રીઝે કે ખીજે તો ધનમાં વધારો કે ઘટાડો કરી શકે. કુટુંબીઓ બાહ્ય ચીજોમાં વધારો કે ઘટાડો કરી શકે છે. જે ચીજ હું લઈને આવ્યો નથી ને લઈને જવાનો નથી, એમાં વધારો કે ઘટાડો થાય એમાં આત્માને શું નિસ્બત? શા માટે મારે રાજાની પણ દરકાર કરવી જોઈએ? રાજા અંદર ગયા તો આખી રાત મારે બેસી રહેવું પડયું. આ બધું શા કારણે? ક્ષણિક લક્ષ્મીના વધારો કરવા માટે જ આ રામાયણ છે. આવી નાશવંત લક્ષ્મી માટે મારી જિંદગી શા માટે વ્યર્થ ગુમાવવી? મારી જિંદગીથી મને કંઈક મળે તે મેળવવું છે. એમ વિચારી પોતે સંસારમાંથી નીકળી ગયો ને સંન્યાસી બની ગયો.

કેટલોક સમય ગયા બાદ આ સંન્યાસી પોતાના ગામ બહાર ધર્મશાળામાં સૂતા છે. રાજાને ખબર પડી કે મારા ફલાણા દિવાન જે સંન્યાસી બન્યા છે તે ગામ બહાર ધર્મશાળામાં આવ્યા છે એટલે રાજા એકલા ઘોડા પર બેસી ત્યાં આવ્યા. સંન્યાસી સૂતેલા છે. રાજા નજીકમાં આવ્યા છતાં પેલા સંન્યાસી નથી બેઠા થતા કે નથી રાજાને સલામ ભરતા. રાજાના મનમાં થયું કે હું તેમના માથા તરફથી આવું છું, એટલે તેમની દૃષ્ટિ નથી, એટલે મને માન આપતા નથી કે સલામ ભરતા નથી, તેથી રાજા સન્મુખ આવે છે, છતાં પણ સંન્યાસી ઉભા થતા નથી એટલે રાજા પૂછે છે કે આ લાંબી સોડ વાળી ક્યારથી સૂતા છો? સંન્યાસીએ કહ્યું, **"જબસે સમેટયા હાથ"** જ્યાં સુધી અહીંથી લઉં લઉં કરતો હતો ત્યાં સુધી નિશ્ચિંત દશા ન હતી, પણ મને સમજાયું કે દુનિયામાં લેવા લાયક કાંઈ નથી. દુનિયાની ચીજ મારે પોતાને કંઈ પણ કામ લાગવાની નથી. એ બધું મેળવેલું બીજા ભોગવવાના છે, બીજાને કામ લાગવાનું છે તો શા માટે હાય બળતરા કરું? મમત્વ ભાવના કારણે દરેક જીવ બચપણથી જિંદગીના છેડા સુધી તેમાં ગૂંથાયેલો રહે છે. નિષ્પરિગ્રહપણામાં શું ફાયદો છે? શું લાભ છે? તેનો તેને ખ્યાલ આવતો નથી. આરંભ પરિગ્રહનો ખ્યાલ ન આવે તો વિષય અને કષાયનો તો ખ્યાલ આવે જ શાનો? આરંભ પરિગ્રહ એ છોકરાના લાકડાના ચુસણીયા છે. તે મીઠા માને છે. પણ તેમાં મીઠાશ હોતી નથી. વિષયો તો ગોળે વીંટેલા એળીયા જેવા છે. તેનું પરિણામ ભયંકર છે, માટે આરંભ, પરિગ્રહ, વિષય કષાયોને કર્મબંધનનું કારણ જાણી તેનો ત્યાગ કરવો આવશ્યક છે. આ વાતથી રાજાની દૃષ્ટિ ખુલી ગઈ.

વીરસિંહ મણિરથને ઘણું સમજાવે છે પણ મણિરથ કહે, મેં તેના પિતાનું ખૂન કર્યું છે એટલે મને જોતાં તેનું ખૂન ઉછળ્યા વગર નહિ રહે. હું મારું કાળું મોઢું શું લઈને તેની પાસે જાઉં? વીરસિંહ કહે, જો આપ ન જઈ શકો તો હું ચંદ્રયશને અહીં બોલાવી લાવું. વીરસિંહ ચંદ્રયશને બોલાવવા ગયો. ચંદ્રયશ તો પિતાના શબ પાસે બેસીને ઝાળો કલ્પાંત કરી રહ્યો છે. **માતૃદેવો ભવઃ પિતૃદેવો ભવઃ** જેઓ દેવસમાન માનતા હોય અને તીર્થ ગણીને જેમની પૂજા કરતા હોય તેમને માતાપિતાનો વિયોગ ખૂબ લાગે છે, તેવા સંતાનો માતાપિતા પાછળ ખૂબ ઝુરતા હોય છે, તેમાં વળી યુગબાહુનું મૃત્યુ આવી રીતે થયુ તેથી ચંદ્રયશને ખૂબ આઘાત છે,

વીરસિંહે ચંદ્રયશ પાસે આવીને ચંદ્રયશને આશ્વાસન આપી શાંત કર્યો, પછી કહે છે કે હે ચંદ્રયશ! મારી વાત સાંભળ. આપણા રાજા મરવા તૈયાર થયા છે, તેમને તું જીવતદાન આપ. કયા રાજા ? તારા મોટા કાકા. આપ મારી પાસે તેમનું નામ ન લેશો. જેણે મારા પિતાના જીવતા પ્રાણ લીધા એવા કાકાનું મુખ જોવા માંગતો નથી. મને તો એટલો બધો ક્રોધ આવે છે કે હું તેમને મારી નાંખું. ક્રોધ બહુ ભયંકર છે. નાગના રાફડામાંથી બચી શકાય છે પણ ક્રોધથી બચવું બહુ મુશ્કેલ છે. એવા ક્રોધમાં જો આયુષ્યનો બંધ પડે તો નરક ગતિનો બંધ પડે છે. ક્રોધ કેટલું નુકસાન કરે છે તે બતાવતા કહે છે કે-

हरत्येकदिनेनैव तेजः षण्णमासिकं ज्वरः ।
क्रोधः पुनः क्षणे नापि, पूर्वकोटयऽर्जितं तपः ॥

એક દિવસ તાવ આવવાથી છ માસની શરીરની શક્તિ હણાઇ જાય છે. જ્યારે ક્રોધ તો વળી એક ક્ષણવારમાં પૂર્વકોટી વર્ષ સુધી ઉપાર્જન થયેલ તપને બાળી નાંખે છે. જેમ સળગેલો દાવાનળ જલ્દી વનના વૃક્ષોને ભસ્મીભૂત કરી નાંખે છે, તેમ કષાયોને વશ થયેલ જીવ તપને નાશ કરી નાંખે છે.

**મણિરથની પાસે ચંદ્રયશનું આગમન** :-વીરસિંહની વાત સાંભળી ચંદ્રયશને ખૂબ ક્રોધ આવ્યો. મારા પિતાને મારનાર અધમપાપી મણિરથનું નામ મારે સાંભળવું નથી. વીરસિંહ કહે બેટા! ઓ ચંદ્રયશ! તું ક્રોધ ન કર. શાંત થા. તેમને મારીને બદલો લેવાથી તો વધારે વૈર બંધાશે, માટે શાંત થા. તેને સમજાવીને શાંત કર્યો. ક્રોધની જ્વાળા ભભૂકી હતી ત્યાં મીઠા વચનામૃતો રૂપી પાણી છાંટીને જરા શાંત કર્યો. ડાહ્યા સમજુ માણસો આગ લાગે ત્યારે પેટ્રોલનું કામ ન કરે, પણ પાણી સમાન બનીને આગને શાંત કરે. વીરસિંહ કહે ચંદ્રયશ! તું સમજ, સમજવા જેવી વાત છે. તું આજે મારી વાત નહિ માને તો તારે કાલે પસ્તાવું પડશે. મણિરથને હવે ખૂબ પસ્તાવો થયો છે. તે આપઘાત કરવા તૈયાર થયા છે. તું મારી સાથે તેનું મુખ જોવા ચાલ. તારા હિત માટે કહું છું. વીરસિંહના કહેવાથી ચંદ્રયશ ઉભો થયો અને જે સ્થાને મણિરથને મૂકીને આવ્યો હતો ત્યાં ગયો, તો ત્યાં મણિરથ ન મળ્યો, તેથી તેની શોધ કરવા ગયા.

**નાગના પાશમાં મણિરથ** :-આ બાજુ વીરસિંહના ગયા બાદ મણિરથ બીજા માર્ગે ચાલતો થયો. તે જેમ જેમ આગળ ચાલતો જતો હતો તેમ તેમ અંધકાર પણ વધતો જતો હતો. ભયંકર અંધકાર હતો છતાં નીચ મનુષ્યોના હૃદયની ગુફા જેટલો તો નહિ! જાણે મણિરથનું પાપ જ તેને માટે અંધકાર ફેલાવતું જતું ન હોય! મણિરથ તો પાપનો પસ્તાવો કરતો હતો. તે વખતે તેનામાં સારી ભાવના હતી, તેથી તે વિચારતો હતો કે મને જીવિત રહેવાનો અધિકાર નથી, માટે મારે મરી જવું જોઇએ, પણ હું મરી જાઉં કેવી રીતે ? અત્યારે મારી પાસે મરવાનું કોઇ સાધન નથી. મને કોઇ મરવાનું સાધન મળી જાય તો સારું! આ પ્રમાણે જાણે તે મૃત્યુને આમંત્રણ આપી રહ્યો હતો.

મણિરથ તે અંધારી રાત્રીએ ઠોકર ખાતો ખાતો જઈ રહ્યો હતો, એટલામાં ચાલતા ચાલતા તેનો એક પગ કાળા ભૂજંગ ઉપર પડ્યો; જેથી તે ભૂજંગે ક્રોધિત થઈને તેના શરીરે ડંખ માર્યા. સાપ તેના બંને પગે વીંટળાઈ ગયો. તેને ૫-૨૫ નહિ પણ ૪૦ થી ૫૦ જેટલા ડંખ દીધા. આ સમયે વીરસિંહ અને ચંદ્રયશ તેને શોધતા શોધતા અહીં આવી પહોંચ્યા. ત્યાં ઝીણો અવાજ આવે છે. સાપે ડંખ માર્યા પહેલાં મણિરથને પોતાના દુષ્કૃત્યો માટે પશ્ચાતાપ થઈ રહ્યો હતો, પણ સાપ કરડયા પછી તેની મતિ બદલાઈ ગઈ, કારણ કે તેનો મરણ કાળ નજીક આવ્યો છે ને દુર્ગતિમાં જવાનું હતું, પછી મતિ સારી કેવી રીતે રહી શકે? **"મતિ તેવી ગતિ."** તે દુર્ભાવનાને વશ થઈ એમ કહેવા લાગ્યો કે મેં ક્યાં ભૂલ કરી છે? યુગબાહુને મારી નાંખ્યો એમાં મારે પશ્ચાતાપ શા માટે કરવો જોઈએ? મેં તેને મારીને શું અનુચિત કર્યું છે? રૂપસુંદરી મયણરેહાને મેળવવામાં યુગબાહુ મને બાધક હતો તેથી મેં તેને મારી નાંખ્યો એ ઠીક કર્યું છે. યુગબાહુના મરણ બાદ મયણરેહાએ મને સૈનિકોના પંજામાંથી છોડાવ્યો. તેમજ મારા પર ક્રોધ પણ નથી કર્યો તેથી લાગે છે કે મયણરેહાને મારા પર પ્રેમ છે, તેથી મને બચાવ્યો છે. જો તેને મારા પ્રત્યે સ્નેહ ન હોત તો મને કાળના પંજામાંથી છોડાવે શા માટે? મને મરાવીને પોતાના પતિના મૃત્યુનો બદલો શા માટે લેત નહિ? પણ તે મને ચાહે છે, માટે તેણે મને બચાવ્યો છે. હે મયણરેહા! તું અત્યારે મને કેમ બચાવતી નથી? મણિરથે મયણરેહાની ભાવના કેવી ઉંધી રીતે ખતવી? મયણરેહાની તો શુદ્ધ ભાવના હતી. એના પર વૈર રાખવું ન હતું એટલે મણિરથને બચાવ્યો હતો, પણ મણિરથની દૃષ્ટિ પાપની હતી એટલે તે આ પ્રમાણે માની રહ્યો હતો.

**ચોથી નરકનો મહેમાન બનતો મણિરથઃ**—મણિરથ આ પ્રકારની દુર્ભાવના કરતો તીવ્ર કષાયના યોગે મૃત્યુ પામી ચોથી નરકમાં ઉત્પન્ન થયો. નરકનાં નામ તમને આવડે છે? ચોથી નરકનું નામ ધૂમપ્રભા છે. ત્યાં દશ સાગરોપમની સ્થિતિએ ઉત્પન્ન થયો. તેણે નવું ઘર ચોથા નરકાવાસમાં મેળવ્યું. સાગરોપમ કોને કહેવાય? તેના કેટલા વર્ષ થાય? આ પાટીપેનમાં લખે પૂરા થાય તેમ નથી. તેનું માપ ઘણું મોટું છે. ત્યાં એક સાગર નહિ પણ દશ સાગરોપમનું આયુષ્ય પામ્યો, અને નરકની ભયંકર વેદના શરૂ થઈ ગઈ. યુગબાહુને તીવ્ર કષાય આવી હતી પણ મયણરેહાએ તેના ગુરૂ બનીને તેને ઉપદેશ આપીને કષાય કાલિમાને દૂર કરાવી ક્ષમા સાગરમાં સ્નાન કરતા કરી દીધા. તેમનામાં ધીરજ, ગંભીરતા, ક્ષમા આવી ગઈ. કોઈ પ્રત્યે વૈર કે દ્વેષભાવ ન રહ્યો. એ શુદ્ધ ભાવનામાં મરીને પાંચમા દેવલોકે દશ સાગરનું આયુષ્ય પામ્યો. બંનેના મરણ વચ્ચે થોડા સમયનું અંતર હતું. એક મહાસુખમાં ગયા. જેના શ્વાસોશ્વાસમાં સુખ છે અને એક મહાદુઃખમાં ગયા. જેના શ્વાસેશ્વાસે દુઃખ મળ્યું. જ્યાં એક મિનિટ દુઃખ વગરની નહિ અને યુગબાહુના આત્માને એક મિનિટ સુખ વગરની નહિ. એક માબાપના બે દીકરા. એક મહાન સુખમાં

ગયા. ને એક મહાન દુઃખમાં ગયા. આ બતાવે છે કે જીવ જેવા કર્મો કરે છે તેવા તેને ફળ ભોગવવા પડે છે. કર્મ કોઈની શરમ કે લાગવગ ધરતા નથી.

વીરસિંહ અને ચંદ્રયશ મણિરથને શોધતા મણિરથ જ્યાં હતો ત્યાં આવી પહોંચ્યા. તેમના આવ્યા પછી જરા વારમાં તો મણિરથ મૃત્યુ પામ્યો. વીરસિંહ ચંદ્રયશને કહેવા લાગ્યો કે આપે તેના પ્રત્યે વૈરભાવ ન રાખ્યો ને અહીં આવ્યા એ સારું કર્યું. જો આપ ન આવ્યા હોત તો લોકોમાં આપની નિંદા થાત. કાલે તમને કહેનાર મળત કે મણિરથ તો દુષ્ટ બન્યો પણ ચંદ્રયશે સજ્જનતા શા માટે છોડી? જો આપ આવ્યા તો હવે કોઈને કંઈ બોલવાનું નહિ રહે. આપની કીર્તિ સવાઈ થશે. લોકો એમ કહેશે કે મણિરથે ચંદ્રયશના પિતાનું ખૂન કર્યું, તો પણ ચંદ્રયશે કેટલી વિશાળતા કેળવી! શત્રુ પ્રત્યે પણ વૈર ન રાખતા મૈત્રીભાવ કેળવ્યો. હવે આપણે મણિરથના શબને મહેલમાં લઈ જઈએ ને બંનેને સાથે અગ્નિસંસ્કાર કરીએ. આ સાંભળતા ચંદ્રયશને ક્રોધ આવ્યો. તેનું ખૂન ઉછળી આવ્યું. વીરસિંહ, તું શું બોલે છે? આ પાપીએ મારા પિતાની હત્યા કરી છે. ક્યાં એ પવિત્ર આત્મા અને ક્યાં આ પાપી! શું બંનેની સાથે સ્મશાનયાત્રા! ચંદ્રયશને ક્રોધ આવ્યો છે. ક્રોધ તો જીવને અધમ ગતિમાં લઈ જાય છે. ક્રોધ વૈરનું કારણ છે, વળી દુર્ગતિનો માર્ગ છે. શાંતિરૂપ સુખને બંધ કરવામાં અર્ગલા સમાન ક્રોધ છે. વૃદ્ધિ પામતો ક્રોધ રૂપી ધૂમાડો વિચિત્ર ગુણોને ધારણ કરવાવાળી ચારિત્રરૂપી ચિત્રની રચનાને અત્યંત શ્યામ બનાવે છે. જ્યારે પુરૂષ ક્રોધને વશ થાય છે, ત્યારે તેનામાં વિવેક રહેતો નથી. પરમોપકારી માતાપિતાદિકને મારવા પ્રયત્ન કરે છે. કોઈ વાર મારે છે પણ ખરો. કોઈવાર પોતાના આત્માને ક્રોધાવેશમાં મરણને શરણ પહોંચાડે છે. ધિક્કાર છે! આ ભવ તેમજ પરભવના નાશ માટે તેમજ પોતાના તથા બીજાના અર્થનો ઉચ્છેદ કરવાને માટે જીવો શરીરમાં ક્રોધને ધારણ કરે છે! દુનિયામાં એવો કોણ મૂર્ખ હશે કે જે ચીજ સર્વથા દુઃખ દેનાર તેમજ પરિણામે અતિ દારૂણ હોય તેને પોતાની પાસે રાખે? ખેદની વાત છે કે જાણવા છતાં જીવો ક્રોધનો ત્યાગ કરતા નથી. ક્રોધ સર્વ અનર્થનું મૂળ છે. યુગબાહુને મણિરથે તલવાર ભોંકી ત્યારે કેટલો ક્રોધ આવ્યો હતો! જે ક્રોધ તેમને નરકગતિ અપાવત, પણ મયણરેહા ધર્મગુરૂ બની અને ભડભડતી અગ્નિ પર મીઠા વચનામૃતોનું પાણી છાંટીને અગ્નિ બુઝાવી. પત્ની હો તો આવી હોજો. પતિ માર્ગ ભૂલે તો પત્ની ઠેકાણે લાવે અને પત્ની માર્ગ ભૂલે તો પતિ ઠેકાણે લાવે, એકબીજાને ધર્મની પ્રેરણા આપે અને ધર્મ પમાડે.

એક શેઠ શેઠાણી હતા. શેઠાણી ખૂબ ધર્મિષ્ઠ. દશ તીથિના ઉપવાસ, ચૌવિહાર, પ્રતિક્રમણ બધું કરે, પણ શેઠને કંઈ ગમે નહિ. શેઠાણીના મનમાં રાત–દિવસ એ ચિંતા રહ્યા કરે, કે મારા પતિના જીવનમાં ધર્મનું નામનિશાન નથી. એમનું શું થશે? એક વાર શેઠ દુકાનેથી ઘેર આવ્યા. શેઠાણીની આંખમાં આંસુ જોયા. શેઠ કહે. શેઠાણી, કેમ

રડો છો ? આપ હમણાં ઉદાસ ખૂબ રહો છો. શેઠાણી કહે, આપે મને હસતી જોવી હોય તો હું કહું તેમ કરો. મારે હીરાના કે સોનાના દાગીના નથી જોઈતા. આપ ધંધામાં અનીતિ, અન્યાય કરીને ધન પેદા કરી પાપ બાંધી આત્માનું શા માટે બગાડો છો ? આપ આપના આત્માનું સુધારો, કંઈક સમજો. હું તમારી બધી વાતો માનું છું. આપ એક દિવસ પૂરતી તો મારી વાત માનો. શેઠ કહે, હું તારી વાત માનીશ, પણ તું સિનેમા જોવા આવીશ ? મારી વાત માનશો તો હું આવીશ. શેઠ કહે ભલે.

શેઠ–શેઠાણી સાંજે પીકચર જોવા ગયા. શો પૂરો થયા પછી મોટી હોસ્પિતાલમાં લઈ ગઈ. જ્યાં અનેક જીવો ભયંકર વેદના ભોગવતા હોય છે. આ જોતાં શેઠના હૃદયમાં અનુકંપા આવી. બિચારા જીવો કેવી વેદના ભોગવી રહ્યા છે ! શેઠાણી કહે, હસીહસીને જીવ કર્મ બાંધે છે, પણ ભોગવવાનો સમય આવે છે ત્યારે રડે પૂરા થતા નથી. ત્યાંથી ઉપાશ્રયે લઇ ગઇ. અરેરે...તું મને અહીં કયાં લાવી ? શેઠાણી ગુરૂને કહે છે, થોડામાં ઝાઝો બોધ મળે તેવું આપ સમજાવજો. મુનિએ શરૂઆતમાં શેઠને ખૂબ મસ્કો લગાડયો. તેના ગાણાં ગાયા. આથી શેઠને થયું કે અહીં તો મારી પ્રશંસાના ગીતો ગવાય છે. કાલે વ્યાખ્યાનમાં આવું તો આ ગુરૂદેવ વ્યાખ્યાનમાં પણ મારા ગાણાં ગાય. પછી મુનિએ બરાબર ચાવી લગાડી. શેઠ ! આપને ત્યાં ઘણાં નાણું ધીરતા હશે. ઘણાંનું નાણું મૂકતા હશો, તો મારું થોડુંક નાણું આપને ત્યાં મૂકવાનું છે.

સંતની વાત સાંભળી શેઠ કહે, તમારું કેવું નાણું ? સંત કહે, અમારી પાસે પૈસા નથી પણ એક મારી પોથી છે તે આપ સ્વર્ગમાં જાવ ત્યારે સાથે લઇ જજો. મને ત્યાં કામ લાગે. અમારા ગુરૂદેવે તો અમને સમજાવ્યું છે કે સાથે કંઈ નહિ આવે, પણ આપ તો કરોડોની મિલ્કત સાથે લઇ જવાના છો માટે મારી પોથી પણ સાથે લઈ જજો. અરે... ગુરૂદેવ ! આ શું બોલ્યા ? અત્યાર સુધી રાતી પાઈ પણ કોઈ સાથે લઈ ગયું નથી, ને લઈ જશે પણ નહિ. તો પછી આટલું બધું કોના માટે કરો છો ?

**જવાના જવાના સૌએ જવાના....ભવની સફરમાં સાથે શું લઈ જવાના ?**
**ગાડી ને વાડી બંગલા મઝાના, મૂકીને જવાના.... માલ ને ખજાના....જવાના.**

કવિઓ પણ ટકોર કરે છે કે ભવની સફરે જશો ત્યારે સાથે શું લઈ જવાના છો ? બધું મૂકીને જવાનું છે. સંતે શેઠને સમજાવ્યા અને શેઠ ધર્મ પામી ગયા. જો પત્ની ધર્મને પામેલી હતી તો શેઠને ધર્મ પમાડ્યો અને તેમનું જીવન સુધરી ગયું.

ચંદ્રયશકુમારને મણિરથનું શબ જોઈને ખૂબ ક્રોધ આવ્યો છે. તે શબને મહેલમાં લઇ જવાની ના પાડે છે. વીરસિંહ તેને કેવી રીતે સમજાવશે તે અવસરે.

**ચરિત્ર :** વિદ્યાધરે શેઠને બે જડીબુટ્ટી બતાવી તે પ્રમાણે શેઠે લીધી, પછી ઘેર જવા તૈયાર થયા. સાંજ પડવા આવી છે. બંને બાલુડા ભૂખ્યા થયા છે. બંને બાળકોએ એકેક ભારો લીધો ને શેઠે એક ભારો લીધો. ભારો માથે લઇને પંથ કાપતા જાય છે. જેમ જેમ પંથ કપાતો ગયો તેમ તેમ માર્ગ વસ્તીથી ભરપુર બનવા લાગ્યો. સંસારના સૌંદર્યની ખરી

ચમક ભાગ્યવાનને જણાય છે. કમભાગીના દુર્ભાગ્યના પાંદડા કોઈ વાર ખસી જાય તો સોનલ ઘડી પ્રકાશી ઉઠે, પણ તે ક્ષણવાર માટે. ફરી પાછા એ જ અંધારના ઓછાડ. **"જીવનમાં પ્રકાશ અને અંધકાર એ તો સંસારનો પ્રવાહ છે."** આ રીતે વહી જતા સંસારની ગતિ કયારેય ક્ષોભ પામે! અહીં તો પ્રારબ્ધ અને પુરૂષાર્થનો અંજામ રચાયો છે. જેવો પુરૂષાર્થ તેવું પ્રારબ્ધ! પ્રારબ્ધ પુરૂષાર્થાધીન તો છે. આ ગહન ગતિશીલ કેડીને ખોળવી જોકે મુશ્કેલ તો નથી. સામે સંયોગોના વિષમ આક્રમણો મોઢું ફાડીને બેઠા હોય છે.

આ બાજુ સૂર્ય માથે ચઢ્યો છતાં શેઠ અને બાળકો ઘેર ન આવ્યા, તેથી તારામતીના હૃદયમાં ઉલ્કાપાત મચી ગયો. તેનું મન અનેક સંકલ્પ વિકલ્પોના ઘોડા પર સ્વાર થતું હતું. નેત્રો એટલા ચપળ બન્યા હતા કે, ફરીફરીને મન અને નયન સમીરના સૂસવાટે ઘરના બારણા પર ટકરાતા હતા. તે ઓશરી અને ઉંમરો કર્યા કરે છે. અરેરે...હજુ કેમ ન આવ્યા? રસવંતી રસોઇ ઠંડીગાર બની ગઇ. સાંજ પડવા આવી છતાં પોતે જમી નથી. શેઠ અને બાળકો આવશે પછી હું જમીશ. પોતાના સ્વજનોની પ્રતિક્ષામાં ભૂખ પણ ભૂલાઈ ગઈ. ધીમે ધીમે સંધ્યા સમય થવા આવ્યો પણ કોઈનાય પગરવ જણાતા નથી. શ્રદ્ધાથી મનને કહેવા લાગી, સાંસારિક જીવનનું માધુર્ય શ્રદ્ધાના પ્રાંગણમાં છે, સ્નેહના સરોવરમાં છે, સંતોષના સુમનમાં છે. સહનશીલતાની પરિમલમાં છે, ક્ષમાના સાગરમાં છે, ધીરતાના ઘુંટડામાં છે, પણ કલુષિતતાના વાતાવરણમાં નથી. અધીરાઈના દ્વારમાં નથી.

આ વિચારોથી તેના દેહમાં ચૈતન્ય જાગ્યું, અને પતિદેવના આગમનની તૈયારીઓ કરવા લાગી. ઠંડી પડેલી રસવંતી રસોઇને ગરમ બનાવી દીધી. થાકેલા શરીરનો થાક ઉતારવા સ્નાનની તૈયારી કરી. આરામ માટે પથારી પણ પાથરી દીધી. બસ, હવે તો હમણાં આવશે એ દૃઢ શ્રદ્ધા ધારણ કરીને બેઠી. ત્યાં દૂરથી આવતા પોતાના પતિને તથા બંને બાળકોને જોયા. તેના દિલમાં મચેલો ઉલ્કાપાત શાંત થયો. પતિને આવતા જોઈ તેમની સામે ગઈ. નાના બાળકોના માથેથી લાકડાનો ભારો લઈ લીધો. શેઠના માથે ભારો જોઇને શેઠાણીની આંખમાં આંસુ આવી ગયા અહાહા...કર્મરાજા! તમારા ખેલ વિચિત્ર છે. કયાં ખમ્મા ખમ્મા ને કયાં કઠિયારાના કામ! આ રીતે કર્મની દશાનો વિચાર કરતા આંખમાં આંસુ આવી ગયા. તારામતી કહે, આજે ઘણું મોડું થયું છે. આપ ખૂબ થાકીને આવ્યા છો માટે અત્યારે લાકડાનો ભારો વેચવા જવું નથી. કાલે જવાશે. શેઠ તથા બાળકો સ્નાન કરી સાથે જમવા બેઠા. બધા આનંદથી સાથે જમ્યા. બાળકો તો ખૂબ થાકી ગયા હતા તેથી માતાપિતાની મીઠી ગોદ અને મમતાની મસ્ત લહરી પછી બિછાનાની પણ શી જરૂર! માતાપિતાની મીઠી ગોદમાં બંને બાળકો પોઢી ગયા. હવે તારામતી શેઠને મોડું થવાનું કારણ પૂછશે. શેઠ બધી વાત કરશે. પેલી જડીબુટ્ટી રાજાને કેવી રીતે આપવી ને એ આપવા જતા કર્મની કહાની કેવી સર્જાશે, તેના ભાવ અવસરે.

આવતી કાલથી પર્યુષણ પર્વની મંગલ પધરામણી થશે. આપ બધા અઠ્ઠાઈ કરવા કટિબદ્ધ બનજો.

ૐ શાંતિ

## વ્યાખ્યાન નં. ૪૩

**શ્રાવણ વદ ૧૩ ને ગુરૂવાર** તા. ૨૭-૮-૮૧

### " અઠ્ઠાઈધર "

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! મહાન મંગલકારી પર્વાધિરાજ પર્યુષણ આજે આપણા અંતરના આંગણે આવી ગયા. આજનું મંગલ પ્રભાત લોકોને નવી દિશા તરફ લઈ જવા પ્રેરી રહ્યું છે. પર્વપતિ પર્યુષણના આગમન સમયે જૈનોના હૃદયમાં જે આનંદ અને ઉમંગની લહરીઓ ઉભરાય છે એ ખરેખર અવર્ણનીય અને અનુપમ હોય છે. મંગલમય પુણ્ય પનોતું પર્યુષણ પર્વ દર વર્ષે આવે છે ને જાય છે. આ પર્વ એ અનોખું તારક પર્વ છે. મોહનું મારક અને દુઃખનું વારક છે. તેની સુમંગલ આરાધનાથી આતમના અણુએ અણુ પર લાગેલી અનાદિની કર્મ દુર્ગંધની બદબો નષ્ટ થાય છે અને કર્મ નિર્જરા-રૂપ સુગંધની પરિમલ પ્રસરાય છે. મહામોંઘા, જગતમાં અજોડ, પરમ પુણ્ય પનોતા પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ પધાર્યા છે તો અંતરના કોડીએ તેમને પધરાવી અનાદિના વેરઝેરના વમળને દૂર કરી હૈયામાં ક્ષમાની મધુરતા મ્હેંકાવો ને ક્રોધની કટુતા મિટાવો.

પર્યુષણ પર્વ એટલે આધ્યાત્મિકતાની પૂર્વક્ષિતિજે ખીલેલું પ્રકાશમય પર્વ. એ પ્રકાશમય પર્વનો પરમ પ્રકાશ એટલે ક્ષમાનું ભવ્ય સર્જન. પર્યુષણ પર્વ કલ્પતરૂ પધાર્યા છે આપણા અંતરના પ્રાંગણે. તેમના સ્વાગત માટે ક્ષમાના આસોપાલવ બાંધીએ, હૈયાના ઉર ઉંબરીયે આરાધનાની વિવિધ રંગોળી પૂરીએ. અંતર કોડિયામાં તપ ત્યાગની દિવેટ મૂકીએ, જેથી અહિંસાના ઘૃતમાં ઝળહળતી જ્યોત આતમ ઓરડામાં પ્રકાશ ફેલાવે. સુગંધ વિનાનું પુષ્પ જેમ શોભાને પામતું નથી તેમ પર્યુષણપર્વની સુંદરતમ સાધના આરાધનાના ઉલ્લાસ કે તરવરાટ વિના કદી શોભાને પામતી નથી. સર્વપર્વોમાં શિરોમણી કોઈ પર્વ હોય તો તે પર્વાધિરાજ પર્યુષણ પર્વ છે. સર્વવસ્ત્રોમાં યુગલીયાના વસ્ત્રો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે, વનોમાં ચંદનવન મહા મૂલ્યવાન છે, રત્નોમાં વૈડૂર્ય રત્ન મહાકિંમતી છે, તપમાં શ્રેષ્ઠતપ બ્રહ્મચર્ય છે તેમ પર્વોમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પર્વ હોય તો પર્યુષણ પર્વ છે. આ પર્વ આપણને શો સંદેશો આપે છે ?

**જીવનમાં જ્ઞાન ગુણ બઢો, પરમાર્થનો પૈગામ પઢો,**
**આલોચના ઓઢણી ઓઢો, મન-મંદિરમાં મૈત્રીની મૂર્તિ મઢો.**

જીવનમાં જ્ઞાન ગુણને પ્રાપ્ત કરો, પરમાર્થના કાર્યો કરો, પાપની આલોચના કરો અને મૈત્રીભાવના ઝરણાં વહાવો. અજ્ઞાનના આવિષ્કારમાં આથડતી આલમનું એક ચિત્તે અવલોકન કરવામાં આવે તો સાધકો સિવાય સમગ્ર વિશ્વમાં અશાંતિનો વાયુ

વીંઝાઈ રહ્યો છે, સર્વત્ર ઉપાધિના ઓળા ઉતરી પડયા છે. આ વિશ્વમાંથી શાંતિના સૂરે સમાધિના સ્વરે, અને સુખના સમીરે તો જાણે વનવાસ ન લીધો હોય! અશાંતિની ઉદ્દગમ-ભૂમિ કઈ? ઇર્ષ્યા. ઇર્ષ્યા સંતને શેતાન બનાવે છે. માનવને દાનવ અને વંદનીકને નિંદનીક બનાવે છે. આવા ખતરનાક તત્વને દૂર કરવા પર્વાધિરાજનો પડહ વાગી રહ્યો છે. ઇર્ષ્યાની સામે વહાલની વર્ષા વરસાવો, વૈમનસ્ય સામે શમનસ્ય, શત્રુતા સામે મિત્રતા, દુશ્મનાવટ સામે દિલની દિવ્યતા અપનાવો. આવા ગુણોને પ્રગટ કરવા આલોચનાનો આહલેક જગાડતા પર્વાધિરાજ પર્વ પધાર્યા છે.

મંગલકારી પર્યુષણ પર્વની આરાધના જન્મ-મરણની પરંપરા તોડવા માટે છે, માટે આરાધનામાં એકાગ્ર બનો. કલેશ, કંકાશ, કકળાટ વગેરે કર્મના અણુ-પરમાણુઓની અતિ મલીનતા વિશ્વમાં ચોમેર સનાતન પડી છે, તે મલીન રજકણો ચારે બાજુ છવાઈ રહ્યા છે. જો આત્મા સાધના, આરાધનામાં એકાગ્ર બને તો તે મલીન રજકણોથી મુક્ત થાય છે. અને તે ઉચ્ચગતિને પામે છે. જો આ અનુપમ પર્વનો લ્હાવો લેવો છે તો સેવા કરો સ્વધર્મી બંધુની, આરાધના કરો દાન, શીલ, તપ અને ભાવની, પ્રતિક્રમણ કરો સંવત્સરીનું અને ક્ષમાપના કરો સર્વ જીવોની. પતિતપાવન વીતરાગ પ્રભુનું શાસન મળ્યું, શાસન શિરોમણી એવા ગુરૂ ભગવંતો મળ્યા, શાસનના મહા મોંઘેરા પર્વો મળ્યા. પર્વોમાં શિરતાજ પર્યુષણ પર્વની સોહામણી આત્મતારક આરાધના મળી, કેવો મહાન સુયોગ! કેવો મહાનપુણ્યોદય! તો હવે પ્રમાદના થરો દૂર કરી પુણ્યતમ પર્વને વધાવી લો, સત્કારી લો! ભાવના વિહોણી શ્રેયસ્કારી ઉત્તમોત્તમ તપની આરાધના નિરર્થક છે. કર્મ પરમાણુઓની મલિનતામાંથી બચવું હોય તો ભગવંતની આજ્ઞારૂપ વીતરાગ વાણીના જલનું સ્નાન કરી પવિત્રતમ પર્વની સુરભિમાં ગરકાવ બની જાવ. મનની મલીનતા દૂર થશે ને આત્મા સુગંધથી મ્હેંકી ઉઠશે. ધાર્યા કરતા પણ અચિંત્ય, અગણિત લાભ આપનાર પર્વાધિરાજ પર્યુષણ-પર્વની મહત્તા સમજીને પર્યુષણના પવિત્ર દિવસોમાં ઉઘાડી રાખેલી આરાધનાની દુકાનમાં સારામાં સારો વહેપાર કરી લો.

આ મહાન પર્વ આપણને દિવ્ય સંદેશો આપે છે કે હે આત્માઓ! આ જીવને સંસારમાં રખડાવનાર પાંચ કારણો છે. તેમાં પહેલું છે મિથ્યાત્વ. જ્યાં સુધી આત્મા પર મિથ્યાત્વનો ગાઢ અંધકાર છવાયેલો છે ત્યાં સુધી સમ્યક્ત્વ રૂપી સૂર્ય ઉદયમાન થતો નથી. જ્યારે જીવ સમકિત પામે છે ત્યારે તેને મોક્ષનું સર્ટીફિકેટ મળી જાય છે, માટે એક વાર સમ્યક્ત્વ પ્રાપ્ત કરી લો. સમ્યક્ત્વ એ પ્રકાશ છે અને મિથ્યાત્વ એ અંધકાર છે. મિથ્યાત્વ જીવને સંસારમાં ભમાવે છે ને સમ્યક્ત્વ સંસારને મર્યાદિત કરે છે.

(૨) **અવિરતિઃ**-સમ્યક્ત્વ આવે પણ સાથે અવિરતિ છે, તો તે ચોથા ગુણસ્થાનકથી આગળ વધી શકતા નથી. આ પનોતું પર્વ આપણને એ સમજાવે છે કે અવિરતિને દૂર કરી વિરતિમાં આવો. જીવ ચોથા ગુણઠાણે છે તો બારે બજાર ત્યાં ભરાયેલા છે. બાર બજાર તે બાર અવિરતિ છે. તે છકાય, પાંચ ઇન્દ્રિયોના વિષયો અને છઠ્ઠા મનથી જીવ

નિવર્ત્યો નથી. છ કાયમાંથી એકે કાયના બજારમાંથી નીકળ્યાં નથી. આત્માને પૂછો તો ખરા કે કયું બજાર બંધ છે? બાર અવિરતિવાળા કોણ? જે એકલા સમ્યક્ત્વવાળા હોય તે બારે બજારના બેઠકીયા. દેશવિરતિવાળાને એક બજાર બંધ થયું પણ અગીયાર પાપના બજાર ખુલ્લા છે. શ્રાવકોએ, એ ધ્યાન રાખવું કે, ફક્ત ત્રસકાયનું બજાર બંધ થયું, પણ અગીયાર બજારના પાપ સાથે લઈને બેઠો છું. બારમા ત્રસકાયના બજારની પણ બારીઓ અને જાળીઓ તો ખુલ્લી મૂકી છે. ગમે તેવો ધર્મ કરીએ પણ જ્યાં સુધી અગિયાર પાપસ્થાનકની કમિટીમાંથી રાજીનામું ન આપીએ ત્યાં સુધી અવિરતિના પાપથી છૂટી શકતા નથી. એક ભાગીદારીમાં દસ્તાવેજ રજીસ્ટર કરાવ્યો, પછી ઘરે બેસી રહો તો પણ પેઢીના નુકશાનના જોખમદાર ખરા કે નહિ? જ્યાં સુધી ફારગતિ ન કરો ત્યાં સુધી તેના જોખમદાર છો તેમ **"અવિરતિ કંપની સાથે ફારગતિ કરી રાજીનામું આપો તો જ પાપથી છૂટી શકો".**

એક વખત દસ્તાવેજ કરી ભાગીદારી નક્કી કરી છે. પછી ભલે મન-વચન-કાયાના યોગો ન હોય પણ જ્યારે તમે ફારગતિ કરી દો ત્યારે છૂટી શકો છો. હવે જે કરો તે તમારા જોખમે. મારે કંપનીમાં કોઈ જાતનો સંબંધ નથી. આવું ચોખ્ખી રીતે રાજીનામું ન આપો ત્યાં સુધી છૂટી શકશો નહિ. તમે અવિરતિ બજારની કમિટીમાં પાંચ ઈન્દ્રિય, છ કાય અને મનના બજારમાં મેમ્બરગીરી કરી છે અને રાજીનામું આપ્યા સિવાય ફરવા નીકળ્યા છો, એટલા માત્રથી તમે જવાબદારીમાંથી મુક્ત થઈ શકતા નથી. તમે પોલું રાજીનામું આપેલું છે. પોલું કેમ? મારી ઉપર બે દાવા થયેલા છે અને તેના હુકમનામા પણ થઈ ગયા છે. જો હું તમારી પેઢીમાં ભાગીદાર થાઉં તો તમારી મૂડી મારા ભાગીદાર વસૂલ કરી જશે, માટે રાજીનામું આપું છું. લેણ-દારને લૂંટવાનું રાજીનામું. આ રાજીનામું કેવું? જોવા જેવું. પોલંપોલ. તમે ત્રસકાયની હિંસામાં રાજીનામું કેવું આપ્યું છે? પોલું. ફક્ત જાણી જોઈને હિંસા કરતો હોઉં તો તેવો પ્રસંગ આવે તો બંધ કરું. કાર્ય કરતા ત્રસકાયની હિંસાનું રાજીનામું નહિ, તેમાં પણ પોઈન્ટ રાખ્યો છે. અપરાધ કર્યો હોય તેવા ત્રસ જીવને મારવા પડે તેમાં તમારું રાજીનામું નથી. એક બજારમાં રાજીનામું આપો છો તેમાં પણ કેટલી છૂટ રાખો છો?

સંસારના વફાદાર સેવકો કર્મનું બંધન લેવાને તૈયાર છે. સત્તરસો સંકટો વેઠીને પણ સંસારને એ બરાબર સંભાળી રાખે છે, પણ ધર્મના કાર્યમાં તકલીફ દેખાય એટલે કહે કે તકલીફનું કામ અમારું નહિ. તકલીફવાળો ધર્મ અમારાથી નહિ બને. વ્યાખ્યાન સાંભળવાનું કહેશો તો રવીવારે બે ટાઈમ હાજર થઈશું પણ તમે ત્યાગની વાત કરો છો, તિથિએ શાક ખાવાની બંધી કરાવો છો એટલે અમને તો જાણે ઘણું કષ્ટ લાગે છે, પછી બીજી મોટી તકલીફની તો વાત જ શી? આમ સુંવાળા

રહેવાથી મહામૂલી ધર્મસાધના આ ભવમાં પણ મોંઘી થઈ પડી છે. જે આત્માર્થી સાધકો છે તે તો પ્રાણ જાય તો ભલે જાય પણ પ્રતિજ્ઞામાં અડગ રહે છે.

એક વખત રાજા ચંદ્રાવતંસક પોતાની પાસે રહેલા દીપકને જોઇને પ્રતિજ્ઞા કરે છે કે "આ દીપક બળે ત્યાં સુધી મારે કાઉસ્સગ્ગમાં રહીને ધ્યાન ધરવું." પહેલાના રાજાઓ પણ ધર્મી હતા. તે હાલતા ચાલતા વ્રત-પચ્ચખાણ અને નિયમો કરતા, તેમજ ઉદારતા અને સહિષ્ણુતાનો ગુણ કેળવતા. ત્યાગી ગુરૂદેવો પાસેથી એવી પ્રેરણા મેળવતા કે રાજશાહી ઠાઠમાં પણ આત્મસાધના કરવાનું ચૂકતા નહિ. અઢાર દેશના માલિક પરમાર્હત કુમારપાળ રાજા ગુરૂદેવ શ્રી હેમચંદ્રસૂરિ ભગવંત પાસેથી પ્રેરણા મેળવીને અડગ વ્રતધારી બન્યા હતા ચોમાસામાં ગામ બહાર જવાનું નહિ, રોજ એકાસણું કરવું. વિગયોનો ત્યાગ અને સંપૂર્ણ બ્રહ્મચર્ય, મહારાજા હોવા છતાં આટલું કરતા હતા. દયા ખાતર દેવીનું ત્રિશૂળ ખાધું, બળી મરવા તૈયાર થયા. વારસાહકની કરોડોની આવક જતી કરી. મંકોડાને બચાવવા પોતાની ચામડી ઉખેડી નાંખી. સામાન્ય સ્થિતિવાળા માટે આવા દૃષ્ટાંત એક અદ્ભૂત આલંબન છે. આવા દૃષ્ટાંત સાંભળીએ ત્યારે એમ થાય છે કે એમની પાસે આટલી ઊંચી વૈભવ વિલાસની પુણ્યાઇ હતી, છતાં જો એ કષ્ટ વેઠીને ધર્મ કરે, આત્મગુણોને ખીલવે તો પછી અમારે તો મક્કમપણે દૃઢ ધર્મસાધક બનવું જોઇએ. એટલા રાજદ્વારી પ્રપંચોની વચ્ચે પણ જો એ પોતાના હૃદયને પવિત્ર રાખી શકતા અને તે દૃઢ તકેદારીપૂર્વક, તો અમારે એવી ખટપટ નથી, પછી અમારા હૃદયને પવિત્ર કેમ ન રાખી શકાય? ધર્મ સાધના અને હૃદયની નિર્મળતાનો એક એવો સરસ વહેપાર છે કે એ દુન્યવી મોટી મુડીવાળા રાજા પણ કરી શકે અને મુડી વિનાનો ગરીબ પણ કરી શકે, તેથી અહીં ભલે અસમાન એટલે એક શ્રીમંત અને એક ગરીબ હોય, પણ ભવિષ્ય માટે સમાન થઇ જાય. અરે, ક્યારેક એવું પણ બને કે રંક જીવ રાજા કરતાં પણ ચઢી જાય.

**"દાસીના યોગે કસોટી"**:–ચંદ્રાવતંસક રાજા જ્યાં કાઉસગ્ગ ધ્યાને રહ્યા છે ત્યાં દીપક બૂઝાઈ જવાની તૈયારીમાં છે. ત્યાં દાસી આવી વિચારે છે કે આ દીપક બૂઝાઇ જશે તો રાજાને અંધારામાં ખલેલ પડશે માટે લાવ, દીપકમાં તેલ પૂરું. એમ વિચારી દીપકમાં તેલ પૂરે છે. હવે વિચાર કરો કે રાજાનું શું થાય? રાજાની ધારણા તો એ હોય કે આ દીપક ક્યાં લાંબો ચાલવાનો છે? એકાદ ઘડી ચાલશે તો તેમાં કાંઈ વાંધો નહિ આવે અને અહીં તો દાસીએ એમાં તેલ પૂર્યું. તેથી કાઉસ્સગ્ગ લંબાવાથી કેડ દુઃખે, નસો તૂટે ત્યાં સમતા કેવી રીતે રહી શકે? કેટકેટલા કુવિકલ્પો ઉઠે! એ સમય કેવો રડી રડીને કઢાય? દાસી પર તો ગુસ્સાનો પાર ન રહે. અરે, એમ થાય કે બસ, ઊઠું ત્યારે એને ઝાટકી નાંખું! દોઢડાહી! જ્યાં ને ત્યાં ડહાપણ ડહોળવા આવે છે! અત્યારે દીપકમાં તેલ પૂરવાથી આવા વિચાર અને ગુસ્સો આવે પણ ઘનઘોર અંધારામાં અથડાતા હોય ત્યારે દાસીને શું કહેવાના? ગમાર! વગર

કહ્યું દીવો કરી રાખવાનું એટલું ય ડહાપણ તારામાં નથી? શા તમારા વિચારના ધોરણ! દાસી ડહાપણ ડહોળનારી ખરી અને ગમાર પણ ખરી?

**"પ્રભુના ધ્યાનથી ઉતરે કર્મના ભાર:**–અહીં ચંદ્રાવતંસક રાજાને તો કોઈ એવો વિકલ્પ નથી. એ તો ધ્યાનમાં વધુ મસ્ત બને છે. શા માટે? એ સમજે છે કે અનંતકાળથી કર્મને પરવશ પડેલા જીવને માથે પડતી એકલી સાંસારિક જળોજથાની, અર્થ, કામના વહેપારની કે રાજ્ય ખટપટની ભયંકર જંજાળના ભારમાંથી પાછું વાળી આપનાર આ જગતમાં બીજું છે કોણ? માત્ર પ્રભુનું ધ્યાન અને પ્રભુભક્તિ. સંત–સમાગમ, સાધુ સેવા, શીલ અને તપ, વિરતિ અને તત્ત્વજ્ઞાન, આ બધા આત્માને પેલી જંજાળના ભારમાંથી બચાવનાર છે. મને આ શ્રાવક વ્રતમાં આ મળ્યું છે. કેવો આ ઉત્તમ યોગ! આનાથી તો મારો આત્મા ઘણો લઘુકર્મી થશે. તનને તકલીફ પડશે પણ આત્માનું મહાન કલ્યાણ સધાશે, માટે હમણાં દીપક ન બૂઝાય ત્યાં સુધી મારે બધું વોસિરે, માત્ર પ્રભુનું ધ્યાન કરવાનું. રાજાની સુકોમળ કાયા એટલે કેડ ફાટવા માંડી, નસો તૂટવા લાગી, માથું ચક્કર ચક્કર ફરવા લાગ્યું, પગે કળતર થવા લાગ્યું, છતાં ગમે તે થાય પણ હાલવાની કે ધ્યાનમાંથી જરાય આઘા ખસવાની વાત નહિ. દાસી પર જરા પણ ગુસ્સો કરવાની વાત નહિ, થોડા સમયમાં ભવભ્રમણ કેવી રીતે ઘટે? દૃઢતા અને ક્ષમતા થોડી વાર ટકી જાય તો કલ્યાણ થઈ જાય.

પર્યુષણ પર્વ આત્મશુદ્ધિનો દિવ્ય સંદેશો લઈને આવ્યું છે. આ પર્વમાં વીર ભગવંતોએ વિશેષ કરીને દાન–શીલ–તપ અને ભાવ ધર્મની આરાધના કરવાનું ફરમાન કર્યું છે. ચાર બોલમાં સૌથી પ્રથમ છે દાન. જૈન શાસનમાં દાનનો મહિમા ખૂબ ગવાયો છે. દાન ક્યારે દેવાય? ધનપ્રત્યેની મૂર્છા ઘટે ત્યારે. આપણા તીર્થંકર ભગવંતો દીક્ષા લેવા નીકળ્યા તે પહેલાં એક વર્ષ દિન સુધી તેમણે દાનનો પ્રવાહ વહાવ્યો છે. દાન દેતાં તેમણે પાછું વાળીને જોયું નથી. જ્યાં સુધી ધન પ્રત્યે હેયતાની બુદ્ધિ ન થાય ત્યાં સુધી દાનનો ગુણ આત્મસાત્ કરવો બહુ મુશ્કેલ છે, અને આ ગુણ આત્મસાત્ ન થાય તો ક્યારેક આત્માને આ લોકમાં પણ ભયંકર કષાયો કરાવી દુર્ગતિમાં રવાના કરી દે છે.

એક શ્રીમંત શેઠ ૭૦ લાખ રૂપિયાના આસામી હતા. તેમને ત્યાં કોઈ કાઠીના એક હજાર રૂપિયા લેણા હતા. આ કાઠી ખૂબ ગરીબ હતો પણ મહેનત મજુરી કરતા એટલી રકમ થતાં તે શેઠને એક હજાર રૂપિયા પાછા દેવા આવ્યો ને કહ્યું. શેઠ! લો, આ હજાર રૂપિયા અને મારું ખાતું માંડી વાળો. શેઠે રૂપિયા લઈ કાઠીનું ખાતું માંડી વાળ્યું. ચાર પાંચ મહિના થયા અને આ કાઠીને ત્યાં એવો પ્રસંગ ઉભો થયો, તેથી તે શેઠને ત્યાં ગયો ને કહ્યું શેઠ! મારા નામે લખીને મને ૩૦૦ રૂપિયા આપો, ત્રણ ત્રણ વર્ષથી ભયંકર દુષ્કાળ ચાલે છે, આ વર્ષે સારા વરસાદની આગાહી છે. પાક સારો ઉતરશે તો તમારા પૈસા દૂધે ધોઈને પાછા આપી જઈશ. શેઠ! ઘરમાં તો

ખાવાના સાંસા છે. હળે જોડવા માટે બળદ નથી. હું અને મારી પત્ની હળે જોડાઇને ખેતી કરીશું ત્યારે માંડ ખેતી થશે. આપ મારા ઉપર કૃપા કરીને બિયારણ લાવવા માટે ૩૦૦ રૂપિયા આપો તો હું આપનો આભાર માનીશ.

ધનના નશામાં ચઢેલા શેઠ શું કહે છે? જા...જા...નાલાયક! તને પૈસા માંગતા શરમ નથી આવતી? પેલો કાઠી પછેડી પાથરી ખૂબ કરગરે છે. શેઠ! દયા કરીને આ વખતે પૈસા આપો. હું પછી નહિ માંગવા આવું. હરામખોર! તારા બાપે અહીંયા પૈસા દાટયા છે તે માંગવા આવ્યો છે? ઉઠ, દુકાનથી નીચે ઉતર. ખબરદાર! જો મારી દુકાને પગ મૂકયો છે તો? બંધુઓ! સંપત્તિનો નશો એવો છે, તે અભિમાન પેદા કરાવે. સંપત્તિ મળવી હજુ સહેલ છે પણ તેને પચાવવી કઠીન છે. આસુરી લક્ષ્મી ઘરમાં આવે ત્યારે તેને સત્કાર્યોમાં વાપરવાનું મન થતું નથી. શેઠની ગાળો સાંભળીને આ કાઠીનો તો પિત્તો ગયો, પૈસા ન આપવા હોય તો ન આપતા, પણ બોલવામાં તો થોડો વિવેક રાખો. નહિતર મારા જેવો ભૂંડો કોઇ નથી. ધનના ગુમાનમાં ચઢેલા શેઠ કહે છે જા...જા...તારાથી થાય તે કરી લે. આ શેઠ એટલો વિચાર નથી કરતા કે આ કાઠીની જાત છે, કંઈક નવા જુની કરી બેસશે તો! કાઠી દુકાનમાંથી નીચે ઉતરી ગયો. એક તો કારમી ગરીબી...ખાવાના સાંસા અને તેમાં પડતા પર પાટુ જેવી સાંભળેલી ગાળો, આ બધાએ તેને ઉશ્કેર્યો. પાસે રહેલા પૈસાથી બાજુની દુકાનમાંથી ઘાસતેલ ખરીદી લાવ્યો. બપોરના સમયે શેઠની દુકાને ગયો. શેઠ ગાદી પર બેઠા હતા. કાઠીએ પોતાના શરીર પર ઘાસતેલ છાંટી દિવાસળી લગાડી અને થોડું ઘાસતેલ શેઠ પર છાંટી શેઠને વળગી પડ્યો.

શેઠે કાઠીની ભીંસમાંથી છૂટવા ઘણી મહેનત કરી, પણ કાઠીની પકડ એવી મજબૂત હતી કે શેઠ જરાય ચસકી ન શકે. શેઠ બૂમાબૂમ કરી, રાડો પાડવા લાગ્યા. શેઠની બૂમો સાંભળી શેઠનો એકનો એક છોકરો દોડતો આવ્યો. જીવતા સળગી રહેલા બાપને બચાવવા છોકરો કાઠીને મારવા દોડયો. કાઠી કહે–ત્યાં ઉભો રહેજે. જો તું અહીં આવીશ તો તારા બાપની સાથે તને પણ લેતો જઈશ. મેં ફકત ૩૦૦ રૂપિયા માંગ્યા, ખૂબ કરગર્યો છતાં ન આપ્યા. છોકરો બિચારો રડતો ત્યાં ઉભો રહ્યો. બાપ અને કાઠી બંને બળીને ખાખ થઈ ગયા. એકનો એક દીકરો પણ બાપને ન બચાવી શકયો કે ન તો ૭૦ લાખ રૂપિયાની માતબર રકમ પણ શેઠને બચાવી શકી. આ કરૂણ મૃત્યુ થવાનું મૂળ કારણ તો પૈસા પ્રત્યેની મમતા ને? જેના જીવનમાં ધન એ સર્વસ્વ છે તેના જીવનમાં કયા પાપો ન પ્રવેશે? કઇ ક્રૂરતા ન આચરે તે પ્રશ્ન છે?

કષાય ભરપૂર મન, સતત સંકલેશવાળું ચિત્ત, ધનની સુરક્ષા ખાતર ગમે તેને ખતમ કરી નાંખવાની વૃત્તિ, દુઃખ અને પાપથી ભરપૂર દુર્ગતિઓની ભેટ, આ બધું ધનની કાતિલ લાલસાને આભારી છે, માટે શાસ્ત્રકાર ભગવંતોએ કામવાસના કરતાં પણ

અર્થવાસના વધુ ભયંકર અનર્થકારી બતાવી છે. કામવાસના અમુક સમય પૂરતી જાગે જ્યારે અર્થવાસના ચોવીસે કલાક જીવતી અને જાગતી છે. આનું ખપ્પર પૂરવા જે ગયો તે બિચારો અમૂલ્ય જિંદગી હારી ગયો. આવો ઉત્તમ ભવ અર્થ-પ્રાપ્તિ પાછળ ન ખર્ચાઈ જાય, જીવનમાં સઘળા પાપોને છૂટો દોર ન મળી જાય તે માટે જ્ઞાનીઓએ ધનપ્રાપ્તિની આગળ ન્યાયસંપન્નતા શબ્દ ગોઠવ્યો છે. જો ન્યાયસંપન્નતા આવી જાય તો લોભ વૃત્તિ પર જબરદસ્ત ફટકો પડી જાય અને લોભ વૃત્તિ પર નિયંત્રણ આવે એટલે પાપો પ્રત્યે પણ નિયંત્રણ આવે, કારણ કે શાસ્ત્રકારોએ સર્વ પાપોના બાપ તરીકે લોભને વર્ણવ્યો છે. જ્યારે જીવનમાંથી લોભ જાય અને સંતોષ આવે ત્યારે પર હિત કાજે પોતાની સંપત્તિનો છૂટા હાથે સદ્વ્યય કરે છે. તે સમજે છે કે હાથનું ઘરેણું કંકણ નથી પણ દાન છે. જગડુશા, ભામાશા, ખેમા દેદરાણી વગેરે અનેક દાનવીર મહાપુરૂષો થઈ ગયા છે કે જેમણે દુષ્કાળના સમયમાં પોતાના ભંડારો ખુલ્લા મૂકી દીધા હતા. જે પ્રેમથી ઉત્કૃષ્ટ ભાવે દે છે તેને શુભ કર્મનો બંધ થાય છે. તે બીજા ભવમાં પણ સુખ મેળવે છે. કરેલા કર્મો ચાહે શુભ હોય કે અશુભ હોય, પણ જીવને અવશ્ય ભોગવવા પડે છે.

એક માતાને બે સંતાન હતા. એક દીકરી અને એક દીકરો. દીકરીનું નામ વિનોદી અને દીકરાનું નામ વિનુ હતું. વિનોદી ભાઈ કરતાં બે ત્રણ વર્ષ મોટી છે. માતા ખૂબ સંસ્કારી અને ધર્મિષ્ઠ છે. પર્યુષણમાં દર વખતે એની અઠ્ઠાઈ તો હોય જ. વિનુ જ્યારે માતાના ગર્ભમાં આવ્યો ત્યારે માતાને છ મહિના થયા હતા ને પર્યુષણ આવ્યા. અઠ્ઠાઈ કેવી રીતે થાય? માતાની આંખમાં આંસુ આવી ગયા. આ વર્ષે હું અઠ્ઠાઈ નહિ કરી શકું? તેનો તેને ખૂબ અફસોસ હતો. ગર્ભના જીવે જાણે તેને પ્રેરણા ન કરી હોય કે તું અઠ્ઠાઈ કર. ગર્ભના જીવની શક્તિ ઘણી છે. તે વાત ભગવતી સૂત્રમાં ચાલી છે. આ માતાનો અફસોસ જાણી ગર્ભના જીવે તેને પ્રેરણા કરી કે તું અઠ્ઠાઈ કર. સંતો તેને આ સ્થિતિમાં કરવાની ના પાડે છે. સંતો બીજાને અઠ્ઠાઈના પચ્ચખાણ કરાવતા ત્યારે તેણે છાની રીતે પચ્ચખાણ લઈ લીધા ને અઠ્ઠાઈ કરી. ગર્ભનો જીવ સારો હોય તો માતાને ધર્મ કરવાનું મન થાય. સમય જતાં માતાએ દીકરાને જન્મ આપ્યો ને તેનું નામ વિનુ પાડયું. આ માતાએ ખૂબ સુંદર સંસ્કારોથી સંતાનોના જીવનનું ઘડતર કર્યું.

કર્મની દશા ઓર છે. આ બાળકો સાત વર્ષના અને પાંચ વર્ષના થયા ત્યાં અચાનક ભયંકર રોગે માતાને ઘેરી લીધી. તેનો હંસલો દેહરૂપી દેવળમાંથી છૂટવાની તૈયારી કરવા લાગ્યો. માતા પોતાના વહાલસોયા બે ફુલ સામે જુએ છે ને રડે છે. અરરર...આ 'મારા બાળકોનું શું થશે? મારા પતિની ઉંમર નાની છે એટલે એ નવી પત્ની જરૂર લાવશે ત્યારે નવી આવનારી મારા બાળકોને સાચવશે કે નહિ? દુનિયામાં બધું મળે છે પણ માતા પિતાનો પ્રેમ મળતો નથી.

**વરસાદો વરસે ઘણાં, અષાડ જેવા નો'ય,**
**સગા જગતમાં સેંકડો, જનની તુલ્ય ન કોય.**

**"માતાની મીઠી ભલામણ":**–વરસાદ ઘણાં વરસે છે પણ અષાડ માસના વરસાદની સમાન નહિ; તેમ જગતમાં સગા તો સેંકડો હોય પણ માતા તુલ્ય કોઈ નહિ. આ માતાને પોતાના બાળકોની ચિંતા થાય છે તેથી રડે છે. છેવટે બંનેને પાસે બોલાવીને કહે છે બેટા! હવે હું ભગવાનને ઘેર જાઉં છું. આપણા પર્યુષણ પર્વ શરૂ થયા છે. આઠ દિવસ લીલોતરી શાક નહિ ખાવાનું, રાત્રી ભોજન નહિ કરવાનું. તારો ભાઈ નાનો છે તેને તું સમજાવીને રાખજે. હું જાઉં છું. આટલું બોલતાં તેની આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા. ત્યાં તેના પતિ આવી ચઢ્યા. પૂછે છે કેમ રડે છે? નાથ! હવે હું આ કૂડાની દુનિયા છોડી સ્વધામમાં જાઉં છું. મને તો ત્યાં અહીં કરતા સવાયું સુખ મળશે, પણ...આપ મારા આ બંને ફુલને સાચવજો, તેમને પ્રેમ આપજો. કરમાવા દેશો નહિ. મારા મરણ પછી આપ નવી પત્ની લાવશો. આપ તેને જરૂર સુખ આપજો પણ તેને સુખ આપવામાં મારા બાળકો દુઃખી ન થાય તે ધ્યાન રાખજો. એટલું બોલતાં માતા આ દુનિયા છોડીને ચાલી ગઈ. વિનુ માતા પાસે જઈને કહે છે મમ્મી! તું હવે કેમ બોલતી નથી? મારા સામુ તો જો. શું તું મારાથી રિસાઈ ગઈ છે? બિચારા બાળકને શી ખબર પડે કે મારી માતા મરી ગઈ છે. બંને બાલુડા ખૂબ રડે છે. માતાની બધી ક્રિયા પતાવી. પતિને ખૂબ આઘાત છે. તે રડે છે, બાળકો રડે છે. પિતા બાળકોને ખૂબ સાચવે છે. બધા લોકો કહે છે કે શેઠ તો કાલે બીજી લાવશે પણ આ બિચારા ફુલ જેવા બાળકોનું શું? બિચારા નમાયા થઈ ગયા. હવે ચીમળાઈ ન જાય તો સારું!

**"નવી માતાએ વર્તાવેલો જુલ્મત્રાસઃ"** સગાં સ્નેહીઓએ મા વિહોણા બાળકો ઉપર જેટલા પ્રેમ, દયા, સહાનુભૂતિ વરસાવાય તેટલા વરસાવ્યા પણ એ કેટલા દિવસ સુધી? શેઠને ઘણાં કહેવા લાગ્યા કે બાળકો નાના છે, આપ બીજીવાર લગ્ન કરો, ત્યારે શેઠ કહેતા કે મારે લગ્ન કરવા નથી. હું લગ્ન કરું તો મારા બાળકો દુઃખી થાય. શેઠ સુખી છે એટલે ઘણી કન્યાઓના કહેણ આવવા લાગ્યા. છેવટે બધાના ખૂબ કહેવાથી શેઠે એક કન્યા સાથે લગ્ન કર્યા. નવી મા ઘરમાં આવી. શેઠે નવી પત્નીને કહી દીધું કે મારા ફુલ જેવા આ બે બાળકો છે, તેમને તું ખૂબ પ્રેમ આપજે. તેમને કરમાવા દઈશ નહિ કે તેમને દુઃખ આપીશ નહિ. ગમે તેટલું નુકશાન થાય તો ભલે પણ મારા બાળકો દુઃખી થવા ન જોઈએ. નવી માએ છ મહિના તો સારી રીતે સાચવ્યા. સગી માને ભૂલાવી દે એવો પ્રેમ આપ્યો. બધા કહેવા લાગ્યા કે નવી મા લાગે છે તો સારી, પણ છ મહિના ગયા ને તેનું વર્તન બદલાઈ ગયું. આ છોકરાઓ તેને પરાયા લાગવા માંડ્યા. પ્રેમનું સ્થાન દ્વેષે લઈ લીધું. જો માતાથી જરા વિરુદ્ધ થાય તો છોકરાઓને માર પડ્યો સમજો. વિનુના માથામાં તો કેટલીય ટપલીઓ પડતી, જાણે કે તેનું માથું ટપલીપ્રુફ ન હોય. ઘણીવાર વિનુને માર પડવાની તૈયારી હોય ત્યારે વિનોદ તેના

માથા પર પોતાના હાથ ઢાંકી દેતી, ત્યારે બેનને સોળ ઉઠે એવો મેથીપાક મળતો. ભાઈ બેનને તો ખૂબ દુઃખ પડવા લાગ્યા. ભાઇ બેન પાસે રડે ને બેન ભાઈ પાસે રડે. ઘણી વાર તો બાળકોની આંખો રડીને લાલ થઇ ગઇ હોય, છતાં પિતા કોઈ દિવસ પૂછતા નથી કે બેટા! તને શું થયું છે? તમને શું દુઃખ છે?

**"ભાઈના બદલે માર ખાતી બહેન"**: નવી માતામાં પરાયાપણું જલ્દી આવી જાય છે અને એનો ચેપ ધીરે ધીરે પતિને પણ લાગતો જાય છે, તેથી એ પણ જાણે સગા બાળકો માટે પારકો થતો જતો હોય છે. સમય જતાં પોતાના સંતાનોમાં દોષ દેખાય છે, નવી આવનારીના સંતાનો વધુ વહાલા લાગે છે. શું નવી માની સાથે પિતા પણ નવો બની જતો હશે? વિનોદીની મોટી હતી, એટલે વધુ સમજુ હતી. ઘણીવાર વિનુનો વાંક હોય છતાં જુઠું બોલીને પોતાનો ગુનો કબૂલ કરી ભાઇને મારમાંથી બચાવી લેતી. તેના બદલામાં પોતે બધો માર સહન કરતી. બંને ભાઈબહેન એકબીજાને કામમાં સહાયક થતા. એક દિવસ બહેન અંદરનો રૂમ સાફ કરતી હતી. વિનુ કહે-બેન, તું કચરા પોતા કર, હું સોફા ટેબલ સાફ કરું છું. દિલમાં ભય હોય ત્યારે ન કરવું હોય તો કંઈક નુકશાન થઈ જાય. વિનુ ટેબલ સાફ કરે છે. તેના પર કાચની ફુલદાની હતી. ભયના કારણે ફુલદાની હાથમાંથી છટકી ગઇ ને ફૂટી ગઈ. વિનુ તો ખૂબ રડવા લાગ્યો. આ મા મને શું કરશે? બેન કહે-ભાઈ! રડીશ નહિ. તું કહેજે કે વિનોદીએ ફોડી નાંખી છે. ફુલદાની પડી એટલે અવાજ સાંભળતા મા આવી પહોંચી. લાલચોળ આંખો કરીને પૂછે છે, આ કોના પરાક્રમ છે? વિનોદીની કહે બા! મારાથી સાફ કરતા હાથમાંથી છટકી ગઈ ને ફૂટી ગઈ. માતાએ તો આ દીકરીને વેલણના પ્રહાર કરવામાં બાકી ન રાખ્યું. એટલો ઢોર માર માર્યો કે સોળ ઉઠી આવ્યા. કોને કહે આ દુઃખ! બાપ પણ પોતાનો નથી.

વિનોદીને શ્રદ્ધા હતી કે વિનુ મોટો થશે ત્યારે તેને સુખનો દિવસ આવશે, પણ અત્યારે તો માત્ર આ કલ્પના હતી! ભાઇ બહેનની મમતા માટે આ પૃથ્વીનો પટ ટૂંકો છે. એક જ વૃક્ષના બંને ફળો! જગતમાં નિઃસ્વાર્થ પ્રેમની એક અજોડ જોડી! ગરીબ હોય કે તવંગર હોય, દરેક બહેનને પોતાના ભાઇ માટે અખૂટ પ્રેમ હોય છે. બહેનને ઠોકર વાગે તો કહેશે ખમ્મા મારા વીરને! બહેન દૂર હોય કે નજીક હોય પણ પોતાના ભાઈની સ્મૃતિ હંમેશને માટે હૃદયમાં કોતરી રાખે છે. ભાઇને પણ બહેન માટે એટલી મમતા હોય છે. એને દુઃખમાંથી ઉગારી લેવા એ સદાય તૈયાર હોય છે.

**"ભાઇને ભણાવવા માટે બહેનની તમન્ના"**: નવી માતાના રાજ્યમાં વિનોદીને તો ભણવાનું મળ્યું નથી. બિચારી ભણે ક્યાંથી? આખો દિવસ કામ, કામ ને કામ, છતાં એની કદર કોણ કરે? એને ઘણીવાર મનમાં થતું કે મારી બા હોત તો મને ભણાવ્યા વગર ન રહેત. ખેર, મને ન ભણાવી તો કાંઈ નહિ પણ હવે વિનુ આઠ વર્ષનો થવા આવ્યો છે, એને તો ભણાવવો જોઇએ. એક વાર તેની માતા સૂતી હતી ને

પિતા બેઠા હતા ત્યારે વિનોદી પિતા પાસે જઈને કહે છે, બાપુજી! મને ન ભણાવી તો ભલે પણ હવે વિનુને તો નિશાળે મૂકો. નહિતર એનું ભવિષ્ય કેવું થશે? એની ઉંમરના છોકરાઓ બબ્બે ચોપડી ભણી ગયા ને ત્રીજા ધોરણમાં આવ્યા. કોણ જાણે મા ક્યાંથી આ વાત સાંભળી ગઈ! એટલે આવીને તરત ભભૂકી ઉઠી, ભણવાના તો એકે લક્ષણ નથી. એને કંઈ આવડતું નથી. સાવ ડોબા જેવો છે. એને ભણાવીને શું કરવું છે? પિતાએ પણ આ વાત ઉપર ધ્યાન આપ્યું નહિ. શેઠના મિત્રને આ વાતની ખબર પડી કે શેઠે હજુ વિનુને ભણવા મૂક્યો નથી, એટલે ઘેર બોલાવીને કહે છે શેઠ! વિનુને હજુ ભણવા નથી મૂક્યો? તેની મા મરી ગઈ ત્યારે તેની આ દશા થઈ ને? તમારી પત્ની ગુજરી ગઈ પછી દીકરા દુઃખી થાય તેથી તમે લગ્ન કરવાની ના પાડતા હતા. બધાએ પરાણે લગ્ન કરાવ્યા ત્યારે તમે છોકરાઓની આ દશા કરી? વિનોદીને તો કામના પાપે ન ભણાવી ને હજુ વિનુને પણ ભણાવવો નથી. તેનું શું થશે ભવિષ્યમાં? મિત્રે ખૂબ ઠપકો આપ્યો. શેઠના ગળે વાત ઉતરી ને વિનુને સ્કુલમાં બેસાડવાનું નક્કી કર્યું.

બહેનના મનમાં થયું કે, અહો આજે મારી માતા હોત તો એને કેટલો આનંદ થાત! નાના બાળકોને પતાસા વહેંચીને રાજી કર્યા હોત. સગા સંબંધીઓમાં ગોળધાણા વહેંચ્યા હોત અને વિનુને કંસાર જમાડી નવા કપડા પહેરાવી પોતે જાતે નિશાળે મૂકવા ગઈ હોત. એમાંની એક વસ્તુ કરવાની સ્વતંત્રતા વિનોદીને નવી માના રાજ્યમાં ક્યાંથી હોય? વિનુ સ્કુલે જતા પહેલા માના ચરણે પડી આશીર્વાદ લેવા ગયો ત્યારે માએ કહ્યું, કક્કો ય આવડે એમ નથી, ઉલ્ટાનું વધારે તોફાન મસ્તી અને ભમરડા ફેરવવાનું શીખી લાવીશ. તારા પિતાએ ભણાવવાની હઠ લીધી છે તો હવે પૂરી કર. આ શબ્દો સાંભળતા બહેનની આંખમાંથી દડદડ આંસુ પડયા. આ તે આશીર્વાદ કે શ્રાપ? છેવટે બહેનને પગે લાગી બહેનના આશીર્વાદ લઈ વિનુ સ્કુલે ભણવા ગયો. બહેન ભાઈને કહેતી વીરા! આજે દુનિયામાં આપણું કોઈ નથી. નીચે ધરતી અને ઉપર આભ છે. આ મા-બાપ પણ આપણા નથી. જેની મા ચાલી જાય છે એને ચોદિશાના વાયરા વાય છે.

**આ બાલ્યવયમાં કોઈના માતાપિતા મરશો નહિ,**
**જેની ગઈ જન્મદાતા, એ બાપ પણ પોતાના થાતા નથી,**
**નવી માના પ્રેમમાં, બાપ સંતાનોને વીસરે.**

બહેન ભાઈને કહેતી! તું ખૂબ સારું ભણજે અને પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થજે. જો તું બરાબર નહિ ભણે તો તારું ભણવાનું બંધ થઈ જશે. બહેન! તું ચિંતા ન કરીશ. હું ભણીને ડોકટર થઈશ. ખરેખર વિનુ એ જ રીતે ભણે છે. ભણવામાં તેમજ રમતગમતમાં કાયમ પહેલો નંબર વિનુનો આવતો, તેથી તેને સ્કોલરશીપ મળતી. એ સ્કોલરશીપમાં પોતાના ભણતરનો ખર્ચો ઉપાડી લેતો, એટલે હવે કોઈ એને ભણતા અટકાવી શકે તેમ ન હતું. જોતજોતામાં તો એ મેટ્રીક પાસ થઈ ગયો, ત્યારે એને પણ

થયું કે હવે બેન માટે સુખના દિવસો નજીક છે. વિનોદીને ભણવા ન મળ્યું એનું દુઃખ એને ખૂબ સતાવી જતું પણ એથી વિશેષ તો બહેન આખોદિવસ ઘરનો ઢસરડો કરતી તેનું દુઃખ થતું અને કંઈક વાર તો બહેનની સાથે કામ કરવા પણ લાગી જાય ત્યારે બહેન એનો હાથ પકડીને કહેતી ભાઈ! આ તને નથી શોભતું. કંઈક વાર તો મજાકમાં કહેતી, તને મારી બહુ દયા આવતી હોય તો હવે પગભર થઈને મજાની સરસ ભાભી લઇ આવજે. પછી તો આપણે જુદા રહીશું. આ રીતે ભાઈ બહેને ભવિષ્યની છાની કલ્પનાની ઈમારતો ચણી લીધી.

**માંદગીના બિછાને પડેલી બહેનઃ**–માનવી ધારે છે કંઈ ને બને છે કંઈ. ભાઈ બહેનની આ વાતને ત્રણ ચાર દિવસ થયા હશે ત્યાં વિનોદી ભયંકર માંદગીમાં સપડાઈ ગઈ. ડોકટરી સારવાર કરવા છતાં કાંઈ સુધારો દેખાતો નથી. તેનું લોહી ઉડી ગયેલું મુખ જાણે કહી રહ્યું હતું કે હવે ફોગટ ફાંફા ન મારશો. એને પોતાનો કાળ વધુ નજીક આવ્યો હોય એમ લાગતું હતું. મૃત્યુને ભેટવાને એ શા માટે ઉતાવળી બની હશે? આટલા વર્ષો સુધી ઘરમાં કરેલા કામકાજના થાક ઉતારવા એને હંમેશને માટે પોઢી જવું હશે કે પછી પોતાની માતાની ગેરહાજરીમાં પોતે અને વિનુએ કેટલું સહન કર્યું તે કહેવા જાતે તેની મા પાસે જવું હશે કે હવે એને વિનુની બહુ ચિંતા ન હતી. એ એનું કરી લેશે એવી ખાત્રી થઈ હશે કે પછી નવી માની દુઃખની જાળમાંથી છૂટી જવું હશે? વિનુ બહેનની પથારી પાસે જઇને બેસે છે ને કહે છે બહેન! તને શું થયું છે? તારા વગર મારું શું થશે? હું તારા વગર કેવી રીતે રહી શકીશ? તેં મારા માટે ઘણું વેઠયું છે. તું એકવાર તો મારી સાથે બોલ. આટલું બોલતાં ભાઈ ધ્રુસકે રડવા લાગ્યો. અત્યારે તો આ સંસારમાં તેને માટે માતા–પિતા ગણો કે બહેન ગણો, જે ગણો તે આ બહેન હતી એટલે બહેનની માંદગી જોઈને ખૂબ રડે છે. ત્યાં તેના બાપુજી આવી ગયા. બેટા! કેમ રડે છે? વિનોદીના પલંગ પાસે બેઠા. બેટા? તને શું થયું છે? જન્મદાતા ચાલ્યા ગયા પછી બાપે કોઈ દિવસ બેટા કહ્યું નથી. આજે કેટલાય વર્ષે બેટા શબ્દ સાંભળ્યો.

"**વિનોદીના અંતિમ ઉદ્ગારોઃ**–વિનોદીની પાસે તેની નવી મા, સ્વજનો બધા ઉભા હતા પણ તેની આંખ પિતા તરફ હતી. એક વાર પિતા તરફ જોયું ને આંખો બંધ કરી દીધી, પણ જાણે પિતાને કંઈ કહેવાનું બાકી હોય તેમ ફરીવાર આંખ ખોલી! કેટલીય વાર તેમના સામું જોઈ રહી. પિતા ગભરાયા. વિનોદી આજે આ પ્રમાણે કેમ કરે છે? કેમ કંઈ બોલતી નથી? કંઈ પીતી નથી. એને શું થતું હશે? એમણે વિનોદીના માથે હાથ ફેરવ્યો ને પૂછ્યું–બેટા! શું થાય છે? પણ એની પાસે તો કંઈ જવાબ ન હતો. એણે ત્રીજી વાર આંખો ખોલી. એ દૃષ્ટિમાં એ કંઈક કહેવા માંગતી હતી. છેલ્લે એટલું બોલી, બાપુજી, આજ સુધી અમે ભાઈ બહેને ઘણું દુઃખ વેઠયું છે. દુઃખ પડવામાં બાકી રહ્યું નથી, છતાં અમે આપને એક શબ્દ પણ કહ્યો નથી કે કોઈ દિવસ આપે

અમને પૂછયું નથી કે અમારી સંભાળ લીધી નથી. હવે આપને એટલું જ કહું છું કે **"વિનુના ઉગતા જીવનને આથમવા ન દેશો. મારા લાડીલા ભાઈને ખૂબ સાચવજો, તેને દુઃખ પડવા દેશો નહિ."** બાપના મનમાં થયું કે મારી દીકરી આ શું બોલે છે? શું તે અહીંથી જવાની તૈયારીમાં છે? છેલ્લે **"ભાઈને સાચવજો, સાચવજો"** કહેતા બહેનનું પ્રાણ પંખેરુ ઉડી ગયું. અભિલાષા ભરી ઉગતી કળી ભરયુવાનીમાં ચીમળાઈ ગઈ. પોતે નવી માના રાજ્યમાં કચડાઈ જઈને વિનુને જીવવા માટેની ફોરમ પાછળ મૂકતી ગઈ. માનવીની આશા માનવને કયારે દગો આપે છે એ કોણ કહી શકે! વિધિ પણ કેટલી નિષ્ઠુર! એનાથી આ ભાઈ બહેનનું એકબીજા ઉપર અવલંબી રહેલું જીવન પણ ન જોઈ શકાયું.

બહેનના મૃત્યુથી વિનુને કેવો આઘાત લાગ્યો હશે એ તો કલ્પના કરવી મુશ્કેલ છે. વિનુ માટે તો આ બહેન પોતાનું સર્વસ્વ હતી. જો એને આશ્વાસનના બે મીઠા શબ્દો કહેનાર કોઈ ન હોત તો એ જરૂર પાગલ બની ગયો હોત પિતાને પણ ખૂબ આઘાત લાગ્યો. પોતાની ભૂલ સમજાતા પસ્તાવાનો પાર ન રહ્યો. બિચારીએ ઘણું સહન કર્યું, હું પણ આંધળો બની ગયો! મેં એ સંતાનોની કોઈ દિવસ સંભાળ ન લીધી. નવી માતાના નિષ્ઠુર હૃદયને તો આ આઘાતની કંઈ અસર ન થઇ. શ્મશાનમાં પડેલી વિનોદીની રાખને ભીંજવવા માટેના બે આંસુ પણ એની આંખમાં ન હતા. વિનુ છેવટે પોતાના કર્મના દોષ માની સાંત્વન મેળવે છે. મારા કરેલા કર્મો ઉદયમાં આવ્યા છે તો મારે ભોગવવાના છે એમ માનીને જીવન વીતાવે છે.

પર્યુષણ પર્વ આપણને એ જ સંદેશો આપે છે કે કર્મોને દૂર કરવા માટે આપ દાન–શીયળ–તપ ભાવની આરાધના કરો. આ ચાર બોલની આરાધના કરવાથી જીવ પોતાના પૂર્વકૃત કર્મોને ખપાવે છે. આપ બધા હવે આજથી અઠ્ઠાઈ તપની આરાધનામાં જોડાઈ જાવ, વધુ ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૪૪

**શ્રાવણ વદ ૧૪ ને શુક્રવાર** **તા. ૨૮–૮–૮૧**

### "મોક્ષમાં કોણ લઈ જાય?"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! આજે પર્વાધિરાજનો બીજો દિવસ તો આવી ગયો. પર્વાધિરાજ પાપીના પાપનો પ્રલય કરે છે, દુઃખીના દુઃખનો વિધ્વંસ કરે છે. પામરને પરમ બનાવવાની તાકાત ધરાવે છે. પરમની ઓળખ અનોખી રીતે કરાવી પુણ્યના ધોધ વહેતા કરે છે. મોહ રૂપી લૂંટારો ઘણો બળવાન છે. એની માયાજાળ ઘેરી અને વિસ્તૃત છે. પાટા વગર આંખે પાટા બાંધી દેવાની જાદુઈ કળા એણે સિદ્ધ કરેલી છે. પાસેની પવિત્ર વસ્તુ પણ એને નજરે ન પડવા દે. ખોટા તર્ક, ખોટી યુક્તિ કરાવે, ધાંધલ–ધમાલમાં રોકી દે, પોતાના આત્માના અસ્તિત્ત્વને ભૂલાવી દે અને સ્વરૂપનું ભાન તો થવા

દે જ નહિ. આવી અનાદિકાળની દીર્ઘ દુઃખકર આંધીને દૂર કરવાની તાકાત છે આઠ દિવસની અષ્ટકોણ જાદુઈ લાકડીમાં. આ જાદુઈ લાકડીથી મોહ બિચારો ગભરાય છે ને એના લાડકવાયા રાગ-દ્વેષ તો ભાગાભાગ કરે છે અને પેલા ચાર ચોરટા ક્રોધ માન, માયા, લોભ તો લંગડા બનીને પટકાઈ પડે છે.

પર્યુષણ પર્વ એટલે અજ્ઞાનરૂપ આભ્યંતર અંધકારના કાજળ ઘેરા સમૂહને નાશ કરનાર ઝળહળતો સૂર્યોદય. મનના સંતાપ, તનના તાપ અને ભવના પરિતાપથી તપેલા આતમને અલૌકિક અને આહ્લાદક શીતળતા અર્પનાર શીતળ ચંદ્ર. આ દિવસોમાં પર્વ-વાંસલડીના સૂરો સંભળાઈ રહ્યા છે. હે ભાગ્યવાનો ! પ્રમાદની ઘોર નિદ્રામાંથી જાગો. આપણે આંગણે પધાર્યા સુવર્ણ પર્વ અને હજી પ્રમાદ ! ખાવું-પીવું, મોજ મઝા, વૈભવ, વિલાસમાં રાચવું-માચવું ન શોભે. ઉઠો ! સાવધાન થઈ જાઓ અને સુવર્ણપર્વને દિલના દિમાગથી વધાવો. પર્વ ઉષાની લાલીમાથી અંતરને અજવાળો તો યુગયુગથી અંદર પ્રવેશી ગયેલા ઘોરાતિઘોર ઈર્ષ્યા, અસૂયા, મત્સર, ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષના અંધકાર દૂર દૂર ભાગી જશે. આતમને પોતાના ઘરમાં ન પ્રવેશવા દેનારા આ ભયંકર શત્રુઓ છે માટે જાગો ને અંતર પ્રાંગણમાં પ્રવેશેલા આંતરશત્રુને હટાવો. આ પર્યુષણ પર્વ રૂપ ચાંદનીની શીતલતાને આતમના અણુએ અણુમાં પ્રસરાવી દો. અનાદિની ક્રોધાગ્નિથી બળતો જીવ ભવભવમાં ભટકે છે છતાં પર્વ રૂપ ચાંદનીની શીતળતા હજુ પ્રાપ્ત થઈ નથી, તેથી જન્મ મરણની પરંપરા ચાલુ છે. ભવોભવમાં ભયંકર યાતનાઓ ભોગવી છતાં પોતાના સ્વરૂપનું ભાન થયું નથી. હવે ક્રોધાગ્નિથી ઠરવું હોય તો આ પર્વના ક્ષમાથી વધામણા કરો.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના દિવસો માનવ જીવનને પવિત્ર તથા ધન્ય બનાવનારા છે. આ મહા માંગલિક અવસરે આપણે ખૂબ જાગ્રત બનીને આરાધનાની સન્મુખ બનવું જોઈએ. માનવ જીવન એ સામાન્ય રીતે ધર્મને આરાધવા માટે મોસમ રૂપ ગણાય છે. મોસમમાં જેમ વહેપાર કરનાર વહેપારીને ધંધામાં સારો રસ રહે છે તેવી રીતે માનવ-દેહને પામેલાઓ આ દેહ દ્વારા ધર્મની આરાધના સર્વાંગ સુંદર રીતે સાધી શકે છે. સર્વશ્રેષ્ઠ તથા ઉન્નત વિચારો અને આચારો માટેની ઉમદા તક માનવ જીવનમાં છે. માનવતા એ માનવનો ધર્મ છે. આ પ્રકારનો ધર્મ માનવને જીવન જીવતાં શીખવાડે છે, મરતી વખતે સમાધિ આપે છે તથા ભવાંતરમાં શુભ ગતિનો કોલ આપે છે. ધર્મનો સંબંધ આ કારણે માત્ર આત્મા સાથે છે. દાન, શીલ, તપ, ભાવ, અહિંસા, સંયમ તથા તપ, જ્ઞાન, ક્રિયા આ બધા ધર્મની આરાધના માટેના શુભ તેમજ શુદ્ધ આલંબનો છે. જેમ જેમ આ બધા આલંબનોની આરાધના શુદ્ધ ભાવે એક ચિત્તે થતી રહે છે તેમ તેમ આત્મસ્વરૂપની પ્રાપ્તિ ભણી આત્મા પગલા ભરે છે.

માનવ જીવન પામ્યા પછી જેઓ હંમેશા ધર્મ કરવાનું સામર્થ્ય વરાવતા નથી, એવા આત્માઓ પર્વના દિવસોમાં ધર્મ કરવા સ્હેજે ઉત્સુક બને છે. આ દિવસોમાં ભાવનાની ભરતી આવે છે. આ દિવસોમાં વાતાવરણ, વાતચીત તથા હવા પણ ધર્મ કરવા

માટેના ઉત્સાહની પ્રેરક હોય છે. આ મંગલ દિવસોમાં સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રની આરાધના દ્વારા આત્મા પોતાના પાપ મેલને ધોઈ જીવનને નિર્મળ, નિષ્પાપ તથા ઉર્ધ્વગામી બનાવવા માટે પ્રયત્નશીલ રહે છે. આ પર્વાધિરાજ પર્યુષણ પર્વ એ શિરોમણી પર્વ છે. પર્વોનો મુકુટમણિ છે. બાર બાર મહિનાથી સંસારમાં વિષય, કષાય, પ્રમાદ, મોહ આદિ પાપોનો ભાર આત્મા પર પડતો રહ્યો છે. આ ભારથી આત્માને મુક્ત કરવામાં પર્યુષણ પર્વની આરાધના સહાયક બને છે. પર્વાધિરાજની આરાધના એ પવિત્રતા, શીતળતા તથા શુદ્ધિ માટેનું ગંગાસ્થાન છે. બાર બાર મહિનાના સઘળા પાપથી અથવા વૈર-વિદ્વેષ કે રાગ રીસના કાદવથી જે આત્મા ખરડાયો હોય તેમાંથી શુદ્ધ થવા પર્વાધિરાજની આરાધના અતિશય ઉપકારક છે.

ક્ષમાપના એ પર્વાધિરાજ પર્વનો પ્રાણ છે. જેની જેની સાથે બાર બાર મહિનામાં સ્વાર્થ કે રાગ-દ્વેષના યોગે બોલવા ચાલવામાં, લેવા મૂકવાના વ્યવહારમાં વૈરભાવ બંધાઈ ગયા હોય તેમની સાથે હૃદયની સરળતાપૂર્વક ક્ષમા માંગીને આત્માને હળવો બનાવવો જોઈએ. ક્ષમા માંગનાર મહાન છે અને અંતરના આમળાઓને દૂર કરી ક્ષમા આપનાર પણ મહાન છે. ક્ષમા દ્વારા તે બંને આ રીતે સંસાર સાગરને સહેલાઈથી તરી જવા સમર્થ બને છે. જીવનની ક્ષણભંગુરતા, સંપત્તિની ચંચળતા તથા સંસાર સંબંધોની અસારતાનું જેને સતત ભાન છે એવો જાગૃત આત્મા પર્વાધિરાજની આરાધના માટે જીવનમાં દરેક પ્રકારની તૈયારીઓ કરી રાખે છે. બાર માસની પુણ્ય-પાપ પ્રવૃત્તિઓનું સરવૈયું કાઢી માનવજીવનને ઉજ્જવળ બનાવનાર આરાધક ભાવ જેના હૈયામાં વર્ષ દરમ્યાન સતતપણે જીવંત રહ્યો છે એ આરાધક આત્મા પર્વાધિરાજને સન્માનવા સદા ઉત્સુક રહે છે. પર્વાધિરાજનો ચૈતન્ય સંદેશ જીવનમાં ઉતારવા તે હંમેશા તૈયાર રહે છે. આ પર્યુષણ પર્વનો માંગલિક અવસર જીવનમાં દિવ્ય ચૈતન્યની પ્રેરણા આપી માનવ જીવનને સફળ બનાવી જાય છે, માટે હે પુણ્યશાળી વીરો! જાગો! મહાપર્વની આરાધના માટે જીવનને તૈયાર કરો. આરાધક ભાવના અખંડ અક્ષતોથી વધાવીને પર્વાધિરાજનું સ્વાગત કરો.

આ મંગલકારી દિવસોમાં સંસારના જડ પદાર્થો, ભૌતિક સુખ તથા પાંચે ઇન્દ્રિયોના વિષયો તરફથી મન વૈરાગ્યમય બનશે. જેમ જેમ શરણાગતિનો ભાવ વધતો જશે તેમ તેમ સંસાર તરફ વૈરાગ્ય વધુ ને વધુ દઢ બનતો જશે. સંસાર પ્રત્યે વૈરાગ્ય આવશે તો મોક્ષના સુખની અભિલાષા જાગૃત થશે. એક સુખ પસંદ ન આવે તો બીજું સુખ પસંદ પડે. એક કાપડ પસંદ ન આવે તો બીજું કાપડ પસંદ આવે ને? એક મકાન ન ગમે તો બીજું મકાન ગમે ને? મકાન મળે કે ન મળે પણ ગમે જરૂર. સંસાર અસાર છે, એ વાત સમજાય તો મોક્ષ સરસ અને સારભૂત છે એમ લાગે. ક્ષણિક અશાશ્વત સુખ પ્રત્યે વૈરાગ્ય આવે તો શાશ્વત મોક્ષના સુખ પ્રત્યે રાગ જાગે. સંસાર સુખમાં અનાસક્ત બનો, તો મોક્ષના સુખમાં આસક્તિ જાગે, આત્મામાં સમ્યક્દર્શનનો ગુણ પ્રગટે, એટલે શ્રદ્ધા, વૈરાગ્ય અને સંવેગ પ્રગટ થાય, સાથે અનુકંપાનો ભાવ પણ વૃદ્ધિ પામે.

અનુકંપાનું બીજું નામ દયા. જ્યારે જીવને સંસારના સુખોની ઇચ્છા ન રહી, પછી આત્મામાં ક્રૂરતા કે નિષ્ઠુરતા રહે કયાંથી ? ક્રૂરતા જન્મે છે સંસારના સુખોની આકાંક્ષામાંથી. ઘરમાં કોઈ પણ ઠેકાણે દર હોય તો સંભવ છે કે સાપ નીકળે, પણ જો દર ન હોય તો સાપ નીકળે કયાંથી ? તે પ્રમાણે સંસારના સુખોની ઇચ્છા એ દર છે. જો દર છે તો સંભવ છે કે ક્રૂરતા રૂપી સાપ નીકળે. માનો કે તમને પૈસાનો રાગ છે, તમે કોઈની પાસે પૈસા માંગો છો. પૈસા એટલે સંસારના સુખોનું સાધન. તમારો સ્વાર્થ છે એટલે પૈસા માંગો છો છતાં સામી વ્યક્તિ નથી આપતી. તમારા પૈસા છે એટલે માંગવાનો અધિકાર તમારો છે. સામી વ્યક્તિ ન આપે એટલે તેમાંથી જન્મે છે ક્રૂરતા !

કોણિક શા માટે શ્રેણિક રાજા પ્રત્યે ક્રૂર બન્યો ? કોણિકને રાજ્યનો લોભ હતો, સ્વાર્થ હતો. શ્રેણિક રાજ્ય આપતા નથી, આથી કોણિકના હૃદયમાં ક્રૂરતા પ્રગટી. શ્રેણિકને જેલમાં નાંખ્યા એટલું જ નહિ પણ જેલમાં શું કર્યું ? શ્રેણિકના ઉઘાડા શરીરે કોરડાના માર મરાવ્યા. શ્રેણિક રાજા ભગવાન મહાવીર સ્વામીના અનન્ય પરમ ભક્ત હતા. ભગવાનને પોતાના હૃદયમાં બેસાડ્યા હતા. ભગવાનના શાસનને પણ હૃદયમાં બેસાડયું હતું. તેમને આવું અસહ્ય દુઃખ આવ્યું શાથી ? જો શ્રેણિક સમજી ગયા હોત ને કોણિકને રાજ્ય સોંપી દીધું હોત, તો આ પરિસ્થિતિ સર્જાણી ન હોત, પણ રાજ્ય સુખના રાગે રાજ્ય છોડવા ન દીધું, પરિણામે કોણિકના હૃદયમાં ક્રૂરતા આવી. જ્યાં સંસારના સુખોનો તીવ્ર રાગ હોય ત્યાં ક્રૂરતા આવ્યા વિના રહે કયાંથી ? સમકિતદૃષ્ટિ આત્મા સંસારના સ્વરૂપને સમજતા હોય છે. તે દુઃખ આવે તો માને છે કે આ મારા કર્મોનું ફળ છે, તેથી શ્રેણિક રાજા આવું ભયંકર દુઃખ પણ સમતાભાવથી સહન કરી શકયા. તેમણે એ વિચાર કર્યો કે મેં રાજગાદી ન છોડી, પુત્રને રાજગાદી ન આપી તો રાજ્યના રાગમાંથી ક્રૂરતા પેદા થઇ ને ? મેં જે કર્યું તેની સજા મારે ભોગવવી જોઈએ. સમકિતી આત્મા સ્વદોષ જુએ પણ બીજાના દોષ ન જુએ.

શ્રેણિક રાજાને કોણિક પ્રત્યે ક્રૂરતા ન આવી, દ્વેષ ન આવ્યો, પણ દયાનો ભાવ આવ્યો. અનુકંપા એટલે દુઃખી જીવો પ્રત્યે દયા. બીજાનું દુઃખ જોઈને આત્મા કંપી ઉઠે. અનુકંપાથી ભરેલા આત્મામાં સમતા ભાવ પ્રગટે છે. શ્રેણિકરાજાને આવો સમતાભાવ આવ્યો કયાંથી ? તમને વિચાર આવે છે ? રોજ ૫૦૦ ચાબૂકના માર મરાવનાર પ્રત્યે પણ સમભાવ. આ પાવર કયાંથી આવ્યો ? આપને ખબર છે ? શ્રેણિક રાજાએ ભગવાન મહાવીર પાસેથી સાચી સમજ–સમ્યક્જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું કે અપરાધી પ્રત્યે પણ કરૂણા રાખો. શ્રેણિકરાજાએ એ જ વિચાર્યું કે તીર્થંકર પ્રભુ પણ સંસારની ગતિને ન રોકી શકયા તો પછી હું કોણ ? "I am nothing" મારું શું વ્યક્તિત્વ છે ? હું કાંઇ નથી, અપરાધી જીવો પ્રત્યે પણ રોષ નહિ, ક્રોધ નહિ, અણગમો નહિ પણ ઉપશમ–પ્રશમભાવ. પ્રશમભાવ એ સમકિત દૃષ્ટિ આત્માનું લક્ષણ છે. એક કવિએ કહ્યું છે કે—

**ઉપશમ આણો, ઉપશમ આણો, ઉપશમ રસમાં નાણો રે,**
**વિણુ ઉપશમ જિન ધર્મ ન સોહે, જિમજગ નરવર કાણો રે.**

ઉપશમભાવ પ્રગટ કરો આત્મામાં, સ્નાન કરો ઉપશમ રસમાં, ઉપશમભાવ વિના જૈનધર્મ શોભતો નથી. જગતમાં રાજા કાણો હોય તો શોભે ખરો ? ના, તેમ જૈનધર્મ ઉપશમભાવ વિના શોભે ખરો ? શમ, ઉપશમ, પ્રશમ બધા સમાન શબ્દો છે. જિનેશ્વર ભગવાનના શાસનમાં આ પ્રશમભાવથી અનેક આત્માઓએ કેવળજ્ઞાન મેળવ્યાના દૃષ્ટાંતો નોંધાયેલા છે. સમ્યક્દર્શન ગુણ આત્મામાં પ્રગટયો છે કે કેમ ? એનો નિર્ણય એના સમ–સંવેગ આદિ લક્ષણોના આધારે કરી શકાય. આસ્થા, વૈરાગ્ય, સંવેગ, અનુકંપા અને પ્રશમભાવ આ પાંચ તત્ત્વો આંતરિક છે. તે આત્માના ભાવ છે. તેની ઓળખ જીવ પોતે કરી શકે અથવા વિશિષ્ટ જ્ઞાનીપુરૂષ કરી શકે. તમારામાં સમકિત છે કે નહિ તે હું કહી શકું નહિ, કારણ કે મારામાં એવું જ્ઞાન નથી.

એક ભિખારી બીજા ભિખારીને શું ન્યાલ કરી શકે ? એક ગરીબ બીજા ગરીબને શું શ્રીમંત બનાવી શકે ? ના, આપણી પાસે કોઈ વિશિષ્ટ જ્ઞાનનો વૈભવ નથી. શ્રુત–સાગરને જોયો છે ? શ્રુતસાગરનું એક બિન્દુ પણ આપણી પાસે છે ? અરે એટલું મતિજ્ઞાન પણ નથી કે સર્વજ્ઞોએ લખેલા સિદ્ધાંતોને સારી રીતે સમજી શકીએ. કયાં ચૌદ પૂર્વનું જ્ઞાન ! એક પૂર્વ તો નહિ, તેના અસંખ્યાતમા ભાગ જેટલું પણ જ્ઞાન આપણને નથી. ૩૨ સિદ્ધાંતોનું જ્ઞાન નથી, સૂત્રો યાદ નથી, અર્થની ખબર નથી, પછી અનુપ્રેક્ષા તો હોય જ કયાંથી ? ગુજરાતીમાં જુની કહેવત છે કે **"સૂંઠને ગાંગડે ગાંધી"** ! આવી સ્થિતિ આજે આપણી છે. કોઈ વિશિષ્ટ જ્ઞાન નથી છતાં માને કે હું જ્ઞાની. હું તો પ્રભુ પાસે એ જ પ્રાર્થના કરું છું કે મારે બીજું કંઈ નથી જોઈતું, માત્ર મારી જિંદગી આત્મ નિરીક્ષણ કરવામાં પૂરી થાય એટલું મને આપજે.

તમારામાં સમ્યગ્દર્શન છે કે કેમ ? તેનો નિર્ણય કરવા માટે જ્ઞાની પુરૂષોએ થર્મોમીટર આપ્યું છે, પણ જોતાં આવડવું જોઈએ. તમારા પરિણામ–અધ્યવસાય ઉપરથી આપ જાણી શકો. સમકિત પામ્યા પહેલાં આયુષ્યનો બંધ પડી ગયો હોય તો સમકિત દૃષ્ટિ આત્માને પણ કયારેક નરકમાં જવું પડે, તો ત્યાંપણ તે આત્મા ઉપશમ–ભાવનો અનુભવ કરે. તે આત્મા તો એ વિચારે કે મારા બાંધેલા કર્મોનું ફળ મારે ભોગવવું પડે, એમાં શી નવાઈ ! જે કાર્ય કારણ ભાવ સમજે છે તેનું દુઃખ અડધું ઓછું થઈ જાય છે. દુઃખનું કારણ જાણો છો ? દુઃખ શાથી આવે ? "पापात् दुःखम्" પાપથી દુઃખ આવે. આ કાર્ય કારણ ભાવનું જ્ઞાન છે ને ? જો આ જ્ઞાન છે તો દુઃખ આવે ત્યારે એમ જ વિચારો કે આ મારા પાપોનું ફળ છે, માટે મારે ભોગવવાનું, તે પણ સમતા ભાવથી. સમ્યક્દર્શનના પ્રકાશમાં આ જ્ઞાન થઈ જાય કે આ મારા બાંધેલા કર્મોથી હું દુઃખી છું, તો તેને વધુ દુઃખ નહિ લાગે ને આવેલાં દુઃખોને શાંતિથી સહન કરશે. અશાતા વેદનીય કર્મનો ઉદય હોય એટલે શારીરિક દુઃખ તો સહન કરવું પડે, પણ માનસિક દુઃખ ઓછું થાય.

આ ચોવીસીના ઓગણીસમા તીર્થંકર ભગવાન મલ્લિનાથના સમયમાં એક શ્રાવક હતા. પરમ શ્રદ્ધાળુ અને નિર્મળ સમ્યક્દર્શનવાળા, એમનું નામ હતું અર્હન્નક. અર્હન્નક શ્રાવકના હૃદયમાં દેવ–ગુરૂ–ધર્મ પ્રત્યે અપાર, અખૂટ શ્રદ્ધા. આ શ્રદ્ધા નવતત્ત્વની સાચી સમજમાંથી પ્રગટેલી હતી. નવ તત્ત્વ કયા? તમને ખબર છે? તમારા નવ તત્ત્વો જુદા છે ને? તે કયા? બતાવું તમને? "**પહેલું તત્ત્વ પૈસો, બીજું તત્ત્વ બંગલો, ત્રીજું તત્ત્વ તિજોરી**! (હસાહસ) હવે આગળ તમે ગણાવો. આ તત્ત્વો પાછળ પાગલ ને! નવ તત્ત્વોના નામ યાદ નથી ને? આટલા દિવસથી અરે વર્ષોથી વ્યાખ્યાનમાં આવો છો, છતાં નવતત્ત્વના નામ નથી આવડતા! સાંભળો. નવતત્ત્વના નામ. **(૧) જીવ (૨) અજીવ (૩) પુણ્ય (૪) પાપ (૫) આશ્રવ (૬) સંવર (૭) નિર્જરા (૮) બંધ (૯) મોક્ષતત્ત્વ**. આ નવ તત્ત્વનું જ્ઞાન જેને થાય તેનું સમ્યક્દર્શન એવું નિર્મળ, સુદૃઢ અને ઉચ્ચ કોટિનું હોય કે દેવલોકના દેવ પણ તેને શ્રદ્ધાથી ભ્રષ્ટ ન કરી શકે. આવું સમ્યક્દર્શન અર્હન્નક શ્રાવકમાં હતું.

**"દેવ સભામાં પ્રશંસા"** :—એક વખત આ શ્રાવકના સમ્યગ્દર્શનની પ્રશંસા દેવલોકમાં ઈન્દ્ર મહારાજાએ કરી. આ સાંભળી મિથ્યાત્વી દેવને થયું કે એક મનુષ્યમાં આટલી શ્રદ્ધા! દેવોની સમક્ષ એક મનુષ્યની આટલી પ્રશંસા! ઈન્દ્ર પણ કેવા છે કે બસ, પ્રશંસા કરવા બેઠા એટલે પ્રશંસા કર્યા કરે પણ દેવો સામે મનુષ્યની પ્રશંસા! દેવલોકના દેવ મનુષ્યને કેવી રીતે જુએ છે? દેવલોકની દૃષ્ટિએ મનુષ્યો ગંદકીમાં રખડતા ભૂંડ જેવા લાગે. મનુષ્ય લોકની ગંદકી એટલી ઉડે છે કે દેવલોકના દેવ અહીં આવવા રાજી ન હોય. મિથ્યાદૃષ્ટિ દેવ અર્હન્નક શ્રાવકની પ્રશંસા સહન કરી શકયો નહિ. તે તો આવ્યો મૃત્યુલોકમાં.

**"દેવે આપેલા પ્રલોભનો"** :—અર્હન્નક શ્રાવક વહેપાર અર્થે વહાણો લઈ ને સમુદ્ર માર્ગે મુસાફરી કરી રહ્યા હતા. પેલો દેવ અર્હન્નક શ્રાવકના વહાણમાં આવ્યો. તે વખતે અર્હન્નક પ્રભુના ધ્યાનમાં લીન હતા. પહેલા શ્રાવકો મુસાફરીએ જતા તો સાથે પથરણું, ગુચ્છો અને મુહપત્તિ લઈ જતા. અર્હન્નક શ્રાવક સામાયિક લઈને બેઠા છે. તે તો પ્રભુ ભકિતમાં મસ્ત છે. દેવે કહ્યું અરે, આ તું શું કરે છે? આરાધના, ભકિત કરવી હોયતો મારી કર. શામાટે વીતરાગની આરાધના કરે છે? તે કરવાથી તને શું મળવાનું છે? અર્હન્નકે કહ્યું–તું મને શું આપશે? દેવે કહ્યું, તું ઈચ્છીશ તે ધનસંપત્તિ વગેરે આપીશ. અર્હન્નકે કહ્યું–હું જે ઈચ્છું છું તે તું મને નહિ આપી શકે. દેવ કહે આપી શકીશ. મારે તો મોક્ષ જોઈએ છે મોક્ષ, તે તું મને આપી શકશે? ધન સંપત્તિની મને ઈચ્છા નથી. મારી પાસે જે ધન સંપત્તિ છે તે પણ હું છોડવાની ઈચ્છા રાખું છું. અર્હન્નકની વાત આપને સમજાય છે ને? સમ્યક્દૃષ્ટિ આત્મા 'હેય'ના ત્યાગની ભાવનામાં રમે. હેયને છોડવાની ઈચ્છા કરે. હવે વાત બરાબર સમજાઈ ને? તમારો નિર્ણય પણ તેમના જેવો થઈ ગયો ને? સમકિતી આત્મા સંસારને કયારે છોડું એવુંજ વિચારતા હોય. દેવે કહ્યું–આટલું સુંદર શરીર છે, યુવાની છે, ધન

છે, તે તું શું છોડવા માંગે છે? અરે, જોઈએ તો વધુ આપું. દેવલોકનું સુખ આપું. છોડી દે આ સામાયિક, ફેંકી દે ગુચ્છો, મુહપત્તિ દરિયામાં ને કહી દે જૈન ધર્મ ખોટો. દેવે શેઠને લલચાવવા ખૂબ પ્રયત્નો કર્યા પણ અર્હન્નક શ્રાવક જરા પણ ડગ્યા નહિ. દેવે જાણ્યું હશે કે આ વહેપારી છે. ધનની લાલચથી તે ડગી જશે, પણ ડગે તે શ્રાવક શાના! અર્હન્નક શ્રાવક લાલચ આગળ ઝૂકતા નથી. દેવે લલચાવવાનું છોડી દીધું ને ડરાવવાનું શરૂ કર્યું.

**"દેવે આપેલી ધમકી"** :—દેવે કહ્યું, તું મારી વાત માને છે કે નહિ! જો માનીશ તો ન્યાલ કરી દઈશ અને નહિ માને તો બરબાદ કરી દઈશ. અર્હન્નક જરા પણ ડર્યા નહિ. તેમણે દૃઢતાથી કહી દીધું–તારી વાત હું નહિ માની શકું. દેવ–ગુરૂ–ધર્મને નહિ છોડું. આ સાંભળી દેવ તો વિફર્યો–આ તારી જીદ છે! તને ખબર છે તેનું પરિણામ શું આવશે? તારું વહાણ તૂટી જશે, ડૂબી જશે, તું ડૂબી જઈશ, તારું કુટુંબ ડૂબી જશે. કોઈ કિનારે પહોંચી શકશો નહિ. તું ખતમ, તારું કુટુંબ ખતમ! અર્હન્નકે કહ્યું. અસાર માટે સારનો ત્યાગ હું નહિ કરી શકું. જે થવું હોય તે થાય. દેવે રૂઆબથી કહ્યું–તું કોની સામે જીદ કરે છે તે ખબર છે? અર્હન્નકે સ્પષ્ટ વાત કહી દીધી. તું મારું કાંઈ બગાડી શકતો નથી. હું મનુષ્ય લોકનો છું, તું દેવલોકનો છે. જો મારા પુણ્યનો ઉદય હશે તો તું મારો વાળ પણ વાંકો કરી શકશે નહિ, અને જો મારા પાપનો ઉદય હશે તો તું મને સુખી કરવા શક્તિમાન નથી. અર્હન્નકની આ સિંહ ગર્જના છે! સમ્યક્દૃષ્ટિ આત્માની વાણી સિંહ ગર્જના હોય. તે ચેં ચેં ચીં ચીં કરનાર ચકલા જેવા ન હોય. સમજ્યા! અર્હન્નકના સ્થાને તમે હો તો શું કરો? બોલો તો ખરા! (મૌન) દેવ કહે, છોડી દે દેવ ગુરૂને અને પકડી લે મારા પગને! ન્યાલ કરી દઉં. પુત્ર આપું, ધન, બંગલા આપું, આવું કહેનાર કોઈ દેવ પ્રસન્ન થાય તો તમે તેની શરત પાળો કે નહિ! તે કહે. ઉપાશ્રયે નહિ જવાનું, ગુરૂ પાસે નહિ જવાનું, સામાયિક નહિ કરવાની અને ધર્મ તદ્દન બંધ. બોલો, આ સમયે શું કરો? ધન માટે બધું ત્યાગો કે રાખો? આપ નહિ બોલો. સંસારના સુખો માટે વીતરાગ પરમાત્મા, નિર્ગ્રંથ સંતો અને કેવળી ભગવંતનો ધર્મ છોડવો પડે તો છોડી દો ને?

ક્યાં છે સમ્યગ્ દર્શન! સંસારના સુખો માટે દેવ–ગુરૂ–ધર્મને છોડી મિથ્યાદૃષ્ટિ દેવો પાસે ભટકનારા આ દુનિયામાં ક્યાં ઓછા છે? એવા કોઈ બાવા જોગી મળી જાય ને કહે, તું શું નવકારમંત્રની માળા ફેરવે છે? આ માળા છોડીને તું ભેરૂજીની માળા ફેરવ, તને દીકરો મળશે. ભાગ્યમાં દીકરો હોય અને દીકરો મળી જાય તો જિંદગીભર કોની માળા ફેરવો? હૃદયમાં શું ભર્યું છે? સંસારના સુખોની કામના છે. અરે, એ સુખો માટે દેવની સામે એક પગે ઉભા રહી માળા ફેરવે. ત્યાં થાક પણ ન લાગે. સમ્યકૃત્વી જીવ આવું ન કરે હોં! પૌદ્‌ગલિક સુખોની કામનાથી એ મિથ્યાદેવોને ન ભજે. પુણ્ય પાપના સિદ્ધાંત પર શ્રદ્ધા રાખનાર આત્માનું તેજ કેવું હોય!

અર્હન્નક શ્રાવકે દેવને સાફ સાફ સંભળાવી દીધું ને? દેવે કહ્યું. ભલે, તો હું જોઈ લઈશ. વહાણને ઊંચું કરીને નીચે પટકીશ. આંધી લાવીશ. પછી તું જોજે. અર્હન્નકે કહ્યુ. આપ દેવ છો. ધારો તે કરી શકો છો, પણ મારે તો અરિહંતાદિના શરણુ છે તે રહેશે. તેણે ચાર શરણા અંગીકાર કરી લીધા. **"અરિહંતે સરણું પવજ્જામિ, સિદ્ધે સરણું પવજ્જામિ, સાહુ સરણું પવજ્જામિ, કેવલી પન્નત્તં ધમ્મં સરણું પવજ્જામિ."** આ ચાર શરણાં અંગીકાર કરી લીધા, પછી સાગારી સંથારો કર્યો અને **"અપ્પાણું વોસિરામિ"** કહી કાયોત્સર્ગ ધ્યાન લગાવી દીધું.

હવે વહાણને સાત તાડ ઊંચું ઉછાળ્યું. ત્યાંથી નીચે પાડયું, પાછું ઉછાળ્યું, પાછું પટકયું પણ અર્હન્નકનું એક રૂંવાડું પણ ફરકતું નથી. તે દેવ વિભંગજ્ઞાનથી જુએ છે કે શ્રાવકના ભાવમાં કાંઈ પરિવર્તન છે કે નહિ? આ સમયે તમને મનમાં શું થાય? આવી જીદ ન રાખવી જોઈએ. સંસારમાં જીદ રાખે કેમ ચાલે? ધર્મની બાબતમાં છૂટછાટ ચાલે એમ જ ને? બટાટાવડા બહુ ટેસ્ટફુલ છે. કોઈ મફત ખવડાવે છે ને બહુ આગ્રહ કરે છે તો જીદ બહુ ન રાખવી. ખાઈ લેવા બટાટાવડા એમ જ ને! આવા ઢચુપચુ દિમાગવાળા અને કમજોર હૃદયવાળા હોય ત્યાં સમ્યગ્દર્શન કયાંથી ટકે? દેવ કયાંથી આવે, દૃઢ સમ્યગ્દર્શનવાળા અર્હન્નક શ્રાવક જેવા બનો તો દેવ આવે કસોટી કરવા. દેવે જોયું કે આ શ્રાવક શ્રદ્ધાથી જરા પણ વિચલિત થાય એમ નથી, તેથી તે અર્હન્નકના ચરણમાં ઝૂકી ગયો ને કાનના કુંડલ બક્ષિસ આપી પોતાના સ્થાને ચાલ્યો ગયો.

સમ્યગ્દર્શન એ મોક્ષનું બીજ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે કોઈ આત્મા ચારિત્રથી પડવાઈ થાય તો તે ફરીથી ચારિત્ર પ્રાપ્ત કરી શકે છે અને સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે, પણ જે આત્મા સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયો તેને અનંત કાળ સંસારમાં ભટકવાનું, માટે સૌથી પ્રથમ શ્રદ્ધાને નિર્મળ અને અવિચળ બનાવો. મોક્ષનો આધાર સમ્યગ્દર્શન છે. જ્ઞાન અને ચારિત્ર ઉત્તમ છે પણ જો સમ્યગ્દર્શન નથી તો નિર્વાણ નથી. સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર તો અભવી જીવને પણ હોય. અભવી એટલે કયારે પણ મોક્ષમાં નહિ જનારા. આવા અભવી જીવ સાડા નવ પૂર્વનું જ્ઞાન ભણી શકે. અને ચારિત્ર એવું પાળે કે માખીની પાંખ પણ ન દુભાવે. એટલું નિર્મળ અને સ્વચ્છ પાળે. એવું ચારિત્ર પાળીને દેવલોકમાં જાય. ત્યાં અસંખ્યાત વર્ષો સુધી સુખ ભોગવે. અભવી ચારિત્ર એટલા માટે પાળે કે ચારિત્રથી દેવલોકના સુખો મળે, પણ એ ચારિત્રથી મોક્ષના સુખો ન મળે. એક જિંદગી જેટલું થોડું કષ્ટ સહન કરીએ તો હજારો વર્ષોના દેવલોકના સુખો મળે. અભવીના ચારિત્રનું લક્ષ માત્ર સંસારનું સુખ! મોક્ષ નહિ. સમ્યગ્દર્શન વિના મોક્ષનું લક્ષ પ્રગટે નહિ.

કોઈ શેઠ કહે, વર્ષમાં એક મહિનો નોકરી કરવાની પણ ૧૮ કલાક કામ કરવાનું. વચ્ચે જમવા માટે થોડો સમય મળશે. મામૂલી આરામ કરવાનો. છૂટી નહિ, કામ એક

મહિનાનું ને પગાર બાર મહિનાનો આપવાનો. ૧૧ મહિના દુકાન પર નહિ આવવાનું. બોલો કેવી સરસ સર્વીસ છે! કોને કરવી છે? (શ્રોતામાંથી અવાજ: એક મહિનો તો મુશ્કેલી ખરી ને?) તમે એક મહિનાની તકલીફ સામે જુઓ છો પણ ૧૧ મહિનાના આરામ તરફ તો જુઓ. આવી સર્વીસ તમને અહીં કોઇ આપનાર નહિ મળે. આ ઓફર સારી નથી? હા કે ના તો બોલો. ૧૧ મહિના આરામ અને એક મહિનો નોકરી. અમે આવી નોકરી આપવા તૈયાર છીએ. એક માસની નોકરી સમાન અત્યારે અલ્પકાળ ચારિત્ર પાળવાનું છે. તમને ચારિત્રમાં કષ્ટ લાગે છે ને! ચારિત્રમાં કદાચ પરિષહો આવે તો વેઠવાના પણ એ અલ્પ દુઃખો ભોગવતા પરિણામે દેવલોકમાં અસંખ્યાત વર્ષો સુધી આરામ મળવાનો. આ કાળમાં મોક્ષ નથી, બાકી જો જીવનો પુરૂષાર્થ ઉપડે તો કર્મક્ષય કરી મોક્ષને મેળવે કે જ્યાં સદા આરામ આરામ ને આરામ. કદાચ તમને એમ લાગે કે સાધુ દુઃખી છે તો શું તમે સુખી છો? (શ્રોતામાંથી અવાજ: દુઃખી અમે, તમે તો સુખી) તમારે દુઃખી રહેવું છે? સુખી થવું નથી? તમારે ઝઘડો થયો હોય તો ઉપડો વકીલની પાસે, મકાનનો પ્લાન કરવો છે તો આર્કીટેકટને શોધો ને? ખાડો ખોદવો હોય તો મજુરને બોલાવો. લાઇટફીટીંગ કરવું હોય તો વાયરમેનને બોલાવો, પણ તમે સંસારમાં એવા ચોંટી ગયા છો કે ઉખડી શકતા નથી તો ઉખાડવા અમને બોલાવો ને! અમને આમંત્રણ આપો તો ઉખાડી દઈશું. તમારે સંસારમાંથી ઉખડવું છે કે ચોંટી રહેવું છે? જો તમે નથી બોલતા, તો એનો અર્થ એ થયો કે તમારે સંસારમાંથી નીકળવું નથી. સંસારમાં ચોંટી રહેવું છે. જેને પોતાના ઘરમાં લાઈટ ફીટીંગ કરાવવાનું ન હોય ત્યાં વાયરમેન જઈને ઉભો રહે તો તેને કાઢી મૂકો ને? માનો કે કોઈ રોગ થયો પણ તમારે ટ્રીટમેન્ટ કરાવવી નથી અને ડોકટર ટ્રીટમેન્ટ કરવા આવે તો શું કહેશો? ડોકટર સાહેબ! મગજ ઠેકાણે છે કે નહિ? એ રીતે અમે પૂછયા વગર આવી જઇએ તો તમે શું કહો? મહાસતીજી! ગૌચરી લેવી હોય તો લો. બીજી વાત ન કરો. એમ જ કહો કે બીજું કંઇ? (હસાહસ)

મોક્ષ માર્ગની આરાધના માટે સમ્યગ્દર્શન જરૂરી છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી અર્ધપુદ્ગલ પરાવર્તકાળથી વધુ નહિ ભટકવાનું, સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય એટલે જીવન-વ્યવહાર બદલાઈ જાય. એનો જીવન વ્યવહાર વિશુદ્ધ અને નિર્મળ બને. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે પર્યુષણપર્વ એ કોલેજ છે. પર્યુષણ પર્વના મંગલ દિવસોમાં આટલી મોટી વાડી, ગેલેરી બધું ચિક્કાર ભરાઈ જાય છે. આ પવિત્ર દિવસો આપણે દાન-શીલ-તપ-ભાવથી ઉજવીએ છીએ. આ દિવસો એવા પવિત્ર છે કે સ્હેજે દાન દેવાનું, તપ કરવાનું મન થાય. નાના નાના બાળકો પણ બોલે છે કે અમારે ઉપવાસ કરવો છે અને ઘણાં કરે છે પણ ખરા. પ્રતિક્રમણ, તપશ્ચર્યા આદિ ક્રિયાઓ કરીને પર્વની ઉજવણી કરીએ છીએ, પણ જ્યાં સુધી આત્માની ઓળખ રૂપ એકડો મંડાયો ન હોય ત્યાં સુધી એ અંધ અનુકરણરૂપ બને છે. એકડા વિનાના મીંડા ગમે તેટલા હોય પણ તેની કિંમત કંઇ નહિ. મીંડાનો

સરવાળો કરો, બાદબાકી કરો, ગુણાકાર કે ભાગાકાર કરો પણ મીંડું જ રહે. તેની આગળ એકડો મૂકવામાં આવે તો એકેક મીંડાની કિંમત દશ ગણી અંકાય. વીતરાગ ભગવંતે બતાવેલી એકેક નાની કે મોટી કોઈ પણ ક્રિયાની કે તપશ્ચર્યાની કિંમત મહામૂલી છે, પણ તે આત્માની ઓળખ વિનાની હોય તો એકડા વિનાના મીંડા બરાબર છે. તેનું જે ફળ મોક્ષપદ મળવું જોઈએ તે મળતું નથી, બલ્કે અંધ અનુકરણ રૂપ બની જાય છે. એ આત્માની ઓળખ કરવા આપણે આંગણે આવી રહેલા પર્યુષણ મહાપર્વને જાગ્યા ત્યારથી સવાર સમજી એકડો કરવા રૂપ બનાવીએ. અંધ અનુકરણથી ધર્મ કરનારના જીવન જુઓ. નથી તેમનામાં કોઈ ધર્મ ચેતનાનો આવિર્ભાવ કે નથી કોઈ ઉર્ધ્વમુખી જીવન પરિવર્તન.

**"આંધળું અનુકરણ"** :–એક ગામમાં એક સંત મુનિરાજ પધાર્યા. ગામમાં થોડા જૈનના ઘરો હતા. સંતના પુનિત પગલા થવાથી બધા લોકોને ખૂબ આનંદ થયો. બધાએ ઉપાશ્રયે જઈ મુનિને ભાવપૂર્વક વંદન કર્યા. ગૌચરી માટે પોતાને ઘેર લઈ ગયા. ખૂબ હર્ષપૂર્વક સંતને ગૌચરીપાણી વહોરાવ્યા. સંતે બધાને કહ્યું, આપ બધા સાંજે પ્રતિક્રમણ કરવા ઉપાશ્રયે આવજો. શ્રાવકો કહે ભલે, ગુરૂદેવ! અમે આવીશું જરૂર પણ અમને પ્રતિક્રમણ કરતા નથી આવડતું. સંતે કહ્યું ચિંતા ન કરો. હું જેમ કરું તેમ તમે કરજો. બધા શ્રાવકોએ તેમની વાતનો સ્વીકાર કર્યો. બધા સાંજે ઉપાશ્રયે ગયા. પ્રતિક્રમણનો ટાઈમ થયો એટલે સંતોએ પ્રતિક્રમણ શરૂ કર્યું. મુનિ જે પ્રમાણે ધર્મક્રિયા કરતા તેમ તેમને જોઈને ભક્તો પણ કરતા. તેઓ માત્ર ક્રિયા કરતા હતા, સમજતા કંઈ જ નહિ.

હવે બન્યું એવું કે મુનિને પ્રતિક્રમણ કરતા કરતા ફીટ આવી. તેમને ફીટનું દર્દ હતું. અવારનવાર ફીટ આવી જતી. પ્રતિક્રમણ કરતા કરતા ફીટ આવી એટલે તેઓ લાંબા થઈને પડી ગયા. હાથપગ પછાડવા લાગ્યા. મોંમાં ફીણ આવી ગયું. પ્રતિક્રમણ ચાલુ હતું. સંતે શ્રાવકોને કહ્યું હતું કે હું કરું તેમ કરજો. મુનિને તો ફીટ આવી તેથી સૂઈ ગયા એટલે ભક્તો પણ લાંબા થઈને સૂઈ ગયા. હાથપગ પછાડવા લાગ્યા. મોંમાં ફીણ લાવવા પ્રયત્નો કર્યા પણ મોંમાંથી ફીણ ન નીકળ્યું. થોડી વાર પછી મુનિને સારું થયું. પ્રતિક્રમણ પૂરું થયું, પછી ભક્તોને પૂછયું. કેમ બરાબર પ્રતિક્રમણ કર્યું ને! હું જેમ કરતો હતો તેમ બધું કર્યું ને? એક ભક્તે કહ્યું, ગુરૂદેવ! ક્રિયા તો બધી કરી પણ એક ક્રિયા અધૂરી રહી ગઈ. ગુરૂદેવ આપના મોંમાથી તો ફીણ નીકળ્યું હતું. અમે ઘણા પ્રયત્નો કર્યા પણ અમારા મોંમાંથી ફીણ ન નીકળ્યું. હા, અમે તમારી જેમ લાંબા થઈને સૂઈ ગયા હતા, હાથ પગ પછાડ્યા હતા, તમારી જેમ બધું કર્યું હતું પણ મોંમાંથી ફીણ ન નીકળ્યું. બસ, સાહેબ! આટલી ક્રિયા અધૂરી રહી ગઈ. દેખાદેખીથી ધર્મક્રિયા કરનારા જીવોએ તો ધર્મનું રૂપ કુરૂપ કરી નાંખ્યું છે, ભલે, એ ભક્તોએ સંતના કહેવાથી પ્રતિક્રમણની ધર્મક્રિયા કરી પણ એ લોકો પ્રતિક્રમણના અર્થને જાણતા ન હતા, તેથી સંતને જોઈને અનુકરણ કર્યું. જો તેમનામાં સમજણ હોત તો એવો વિચાર કરત કે પ્રતિક્રમણમાં

આવું કરવાનું ન હોય. સંતને આ રીતે થયું માટે એમાં કંઈક કારણ હશે. સંતે પછી બધું સમજાવ્યું.

આજે પણ દેખાદેખીથી ઘણાં પ્રતિક્રમણ કરે છે, પણ તેના અર્થને જાણતા નથી એટલે પાપો પ્રત્યે હજુ નફરત–ઘૃણા પેદા થઈ નથી. જીવનમાંથી પાપના આચરણ ઓછા થયા નથી. અરે, પાપ કરવા જેવું નથી એ વિચાર પણ દૃઢ થયો નથી. આ દૃષ્ટાંતમાંથી સાર એ લેવાનો છે કે આપણે કદાચ અનુકરણ કરતા હોઈએ તો પણ વિચાર કરવો જોઈએ કે અમે સારું અનુકરણ કરીએ છીએ ને ! આવું અંધ અનુકરણ નથી થઈ જતું ને ? પર્યુષણ પર્વ જેવું આધ્યાત્મિક દૃષ્ટિ ખોલવાનું મહાન પર્વ અંધ અનુકરણ ન બની જાય તેની કાળજીપૂર્વક આત્માની સાચી ઓળખપૂર્વક આરાધનામાં તન્મય બનીએ તો સફળ બનશે.

આપણો ચાલુ અધિકાર થોડીવાર વિચારીએ. વીરસિંહની વાત સાંભળતા ચંદ્રયશને ગુસ્સો આવી ગયો. મારા પિતાનો ઘાતક અને મારા પિતા શું બંનેની સ્મશાનયાત્રા સાથે કાઢવાની ? કયાં પવિત્ર મારા પિતા અને કયાં અધમ કાકા ! એ નહિ બને. વીરસિંહ કહે–મરેલા ઉપર વૈર રાખવું ન જોઈએ. વૈર જીવતા ઉપર રાખવામાં આવે છે. માટે મણિરથ ઉપર હવે વૈરભાવ ન રાખતા જે પ્રમાણે તમારા પિતાના શબની અન્ત્યેષ્ઠિ ક્રિયા કરવાના છો તે પ્રમાણે મણિરથના શબની પણ તમારે કરવી જોઈએ. જો તમે અંતિમ ક્રિયા નહિ કરો અને તેના શબને કાગડા, સમડી વગેરે પક્ષીઓ ફોલી ખાશે તો લોકો તમારા માટે શું બોલશે ? વીરસિંહના કહેવાથી ચંદ્રયશ માની ગયો, અને મણિરથના શબને ઉપડાવીને જયાં યુગબાહુનું શબ હતું ત્યાં લાવ્યા.

મણિરથને એનું પાપ નડયું. પોતાની વાસના સંતોષવા એણે સગા ભાઈનું ખૂન કર્યું પણ એનું પાપ જાણે સર્પના રૂપમાં આવીને એને મારી ગયું. સૈનિકો મણિરથના શબને રાજભવનમાં લઈ આવ્યા. બંને ભાઈની સ્મશાનયાત્રા સાથે નીકળી. યુગબાહુના મૃત્યુનું કાવત્રું ઉઘાડું પડી ગયું. મણિરથની પેલી દાસીએ કાવત્રાની ખૂટતી કડીઓ સાંધી આપી. આખા સુદર્શન નગરે પોતાના રાજવી ઉપર ફિટકારનો વરસાદ વરસાવ્યો. આખું નગર અને રાજભવન એટલું બધું વ્યગ્ર હતું કે કોઈને મયણરેહા સાંભરતી ન હતી. પિતાના મૃત્યુ દુઃખે ચન્દ્રયશને એટલો બધો આઘાત પહોંચાડ્યો હતો કે એને પોતાની માતાની યાદ પણ ન આવી.

અંતે બંને ભાઈઓની સ્મશાન યાત્રા શરૂ થઈ. યુવરાજ યુગબાહુ પર બધા આંસુઓની અંજલિ આપી રહ્યા હતા, તેમને ફૂલોથી વધાવતા હતા, જ્યારે મણિરથ પર બધી આંખો આગ વરસાવી રહી હતી. બંનેની અંતિમ ક્રિયા પતાવી સૌ ઘેર આવ્યા. મણિરથ ઉત્તમ મનુષ્ય જીવનમાં આવ્યો, પણ શું કમાઈ ગયો ? જુગારીને બાપનો લાખો–ક્રોડોનો વારસો ભલે મળ્યો પણ પરિણામ ? જુગારના અડ્ડામાં ફના ફાતિયા અને દેવામાં જેલ સિવાય બીજું શું ? તેમ માણસ પણ અસાર અને ગલીચ ભોગોમાં લુબ્ધ બને છે ત્યારે

જાણે એ જીવન ધનનો જુગાર ખેલે છે. ક્ષણિક સુખમાં દીર્ઘકાળના જંગી દુઃખોને નોતરે છે. અહીં પણ અપયશ અને પરલોકમાં દુર્ગતિના દુઃખોમાં ફસાય છે.

**મયણરેહાની શોધમાં**:–ચંદ્રયશ બંને ભાઈઓની અંતિમ ક્રિયા પતાવીને રાજમહેલમાં આવ્યો. પિતા વિના રાજમહેલ સૂનોસૂનો દેખાવા લાગ્યો. ચંદ્રયશ ખૂબ રડયો. મંત્રીઓ અને બધાએ તેને ખૂબ આશ્વાસન આપ્યું. પછી એ કંઈક સ્વસ્થ થયો ને એને કંઈક યાદ આવ્યું. રડતા રડતા પૂછયું. મારી માતા કયાં છે? એમ વિચારી માતાના મહેલે ગયો, પણ ત્યાં માતાને ન જોઈ. તપાસ કરવા છતાં પણ જ્યારે મયણરેહાનો પત્તો ન પડયો ત્યારે તેને ઘણું દુઃખ થયું. ઓહ! મયણરેહા કયાં અદૃશ્ય થઇ ગઈ? યુવરાજ્ઞી ગુપ્ત બની ગયા કે શું? આખા રાજભવનમાં શોકની છાયા ઘેરાઇ ગઈ, જ્યાં ને ત્યાં, જ્યારે ને ત્યારે આ વાત ચર્ચાવા લાગી. ખુદ મંત્રી સહિત માણસો મયણરેહાની શોધમાં નીકળી ગયા. વને વન ફેંદી વળ્યા, વનના પાંદડે પાંદડાને પૂછી જોયું કે હે વન દેવ! હે વનના પાંદડાઓ! આપ કહો તો ખરા કે મયણરેહા આ રસ્તે ગઈ છે? ઘણું ફર્યા પણ મયણરેહાનો પત્તો ન મળ્યો તે ન જ મળ્યો. સુદર્શન અને એની સીમાનો કોઇ ધરતી કણ એવો ન રહ્યો કે જ્યાં સૈનિકોનો પગ પડયો ન હોય. દિવસોના દિવસો સુધી એ શોધ ચાલું રહી પણ સુદર્શનની સન્નારી, ચન્દ્રયશની માતા, શીલ અને સૌંદર્યના જંગમ તીર્થ સમી મયણરેહા ન જડી તે ન જ જડી. કયાંથી જડે પણ એ? એ તો યુગબાહુના ખૂનની એ ગોઝારી રાત્રે ચાલી નીકળી હતી. ન કોઇને એણે જાણ કરી હતી કે ન કોઇને એણે સંદેશો પાઠવ્યો હતો.

શરીરની થોડી પણ તમન્ના, પરવા કે ચિંતા કર્યા વિના શીલની રક્ષા કાજે એ મહાસતી વનની વાટે જતી રહી હતી, પછી સુદર્શનમાં એની ભાળ કયાંથી મળે? રોજ રોજ જુદી જુદી દિશાએથી સૈનિકોની ટુકડી પાછી વળતી અને રાજભવનમાં નિરાશા પર નિરાશા ઠલવાયે જતી. પિતા ગયા, માતાનો પત્તો નથી તેથી ચંદ્રયશને ખૂબ આઘાત છે. અરેરે...પિતા તો ગયા પણ માતા! તું પણ મને મૂકીને ચાલી ગઈ! આ એકલો ચંદ્રયશ શું કરશે? એમ કલ્પાંત કરે છે. પિતૃછાયા અને માતૃછાયા બંને એકી સાથે ઝૂંટવાઈ જતાં એની દશા ખૂબ કરૂણ બની હતી. રે કેવો સંસાર! કયાં મણિરથ! કયાં યુગબાહુ! કયાં મયણરેહા! કેવી અણધારી રીતે આ બધા પંખીઓ એક ડાળીએ ને એક માળે ભેગા થયા હતા અને કેવી અણધારી રીતે પાછા જુદી જુદી દિશાએ ઉડી ગયા.

ચંદ્રયશને દુઃખી જોઈને સામંતોએ કહ્યું-મહારાજા! આ પ્રમાણે ગભરાઈ જવાનું કોઈ કારણ નથી. આપની માતા ધીર–વીર છે તથા ધર્મની જાણકાર છે, માટે તેમણે યોગ્ય માર્ગ લીધો હશે. આપ તેમના માટે કોઈ જાતની ચિંતા ન કરો, તમે એમ ન સમજો કે માતાની રક્ષા હું જ કરી શકું છું. જો તમે રક્ષક હોત તો પિતાનું રક્ષણ કેમ ન કરી શકયા? દરેક આત્મા પોતાનો રક્ષક છે, માટે આપ માતાની ચિંતા છોડી દો. આ બધી

વાત મનઃ પર્યવ જ્ઞાની સંત મયણરેહાને કહી રહ્યા છે. મયણરેહા ત્યાં બેઠી છે. હવે ત્યાં કોણ આવશે અને બધાને શું આશ્ચર્ય થશે ને કેવી ઘટના બનશે તે ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૪૫

**શ્રાવણ વદ અમાસ શનીવાર** **તા. ૨૯-૮-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! પર્વાધિરાજ પર્યુષણ પર્વના બે દિવસો તો ચાલ્યા ગયા. ને ત્રીજો દિવસ આવી ગયો. પર્યુષણ પર્વ એ કલ્યાણ માટે આપેલો મહાન વારસો છે. સંસારના ખારા નીરમાં અમૃતના ઘૂંટડાનું પાન છે. દુઃખ દાવાનળને શાંત કરનાર અમોઘ શસ્ત્ર છે. ચીર શાંતિનું વિશ્રામસ્થાન છે. આરંભની પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ આપનાર કેન્દ્ર છે. જીવન સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે અપૂર્વ પુરૂષાર્થ છે. એમાં રહેલા ક્ષમા, તપ, દાન, પુરુષાર્થ, સંયમ ભાવના પોકારી પોકારીને કહે છે કે તમે ભૌતિક સુંદરતાની મોહકતા છોડી તપ આદરો, જેથી દમન, સંવેગ, અને સમતા રસ પ્રાપ્ત થાય. વૈમનસ્ય, ક્રોધ, કષાય અને ઈર્ષ્યાગ્નિથી પ્રજવલતા ભવ અને દુઃખની જ્વાળા ન વધારતા પ્રતિક્રમણ કરો. પ્રાયશ્ચિત કરો. એના વળતરમાં ક્ષમા, ગંભીરતા, ઉદારતાના અમૃતથી જીવન રસીક બનશે.

પર્યુષણ શબ્દમાં બે શબ્દો છે. એક 'પરિ' અને બીજો 'ઉષણ' એ બંને શબ્દો ભેગા થઈ પર્યુષણ શબ્દ બન્યો છે. પરિ એટલે સર્વતઃ અને સર્વતઃ એટલે ચારે બાજુથી અને ઉષણ એટલે વસવું, સારી રીતે વસવું. ત્રુટી વગર વસવું. અખંડપણે વસવું, પણ ક્યાં વસવું ? આત્મભાવનામાં. બધાય સ્થાનોની ભાવના છોડી આત્મભાવમાં વસવું આનું નામ પર્યુષણ. આત્મજ્ઞાન ખરું-સાચું જ્ઞાન છે. તે આત્મજ્ઞાન આત્મભાવમાં વસીએ તો આવે. જગતની તમામ વિપત્તિઓ આત્મજ્ઞાનના અભાવે જન્મવા પામી છે. જીવની સાચી સંપત્તિ આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાનની સંપત્તિ ચોર આદિથી ચોરાતી નથી. અગ્નિથી અદાહ્ય છે. જળથી અનિમજ્જનીય એટલે પાણીમાં તણાઈ જતી નથી. સદૈવ સનાતન તે જ રૂપે આનંદધામમાં વસે છે. જેનામાં આ સંપત્તિ આવી હોય તે સાચો સંપત્તિવાન કહેવાય છે. આવી સંપત્તિની પ્રરૂપણા કરનાર સર્વજ્ઞ ભગવંતો છે. આ જ્ઞાનની પ્રાપ્તિનું પ્રેરક આપણું તારક શ્રી પર્યુષણ મહાપર્વ છે.

આત્મજ્ઞાનની પ્રાપ્તિ એક અજબ વિભૂતિ છે. એ વિભૂતિ આપણને વળગેલી સકલ કર્મની ભૂતિને ઉડાડી મૂકનાર છે. તે માટે લૌકિક સંપત્તિનો ત્યાગ કરી આત્મસંપત્તિની પ્રાપ્તિ માટે સજ્જ થઈ જવું જોઈએ. અજ્ઞાન, કષાય અને પર વસ્તુની આસક્તિથી નિવર્તવામાં આત્મભાવની સ્થિરતા છે. સ્વભાવને ભૂલી પરભાવમાં રમણતા કરવાથી દુઃખી થઈ રહેલા આત્માઓને દુઃખથી મુક્ત બનવા માટે તીર્થંકર પરમાત્માએ સાધન ધર્મ અને સાધ્ય ધર્મ એમ બે પ્રકારનો ધર્મ પ્રરૂપ્યો છે. તેને દ્રવ્યધર્મ અને ભાવધર્મ પણ કહેવાય છે. વ્રત, નિયમ, તપશ્ચર્યા, સામાયિક, પ્રતિક્રમણ આદિ બાહ્ય અનુષ્ઠાનો તે

દ્રવ્યધર્મ એટલે સાધનધર્મ છે અને વિષયાસક્તિથી વિરામ, કષાયો પર વિજય અને અશુદ્ધ ભાવ રૂપી વિકારોને જીતી સ્વભાવમાં રમણતા કરવી તે ભાવધર્મ એટલે સાધ્ય-ધર્મ છે. આ સાધનધર્મ અને સાધ્યધર્મની સાધનાની વિશેષતા પર્યુષણ પર્વમાં વિશેષ પ્રકારે થતી હોઈ પર્યુષણને મહાપર્વ કહેવાય છે.

ઉપશમના પાયા ઉપર પર્યુષણ જેવા ધર્મ પર્વનું મંડાણ છે. ઉપશમની પાછળ અન્ય ગુણોનો પ્રાદુર્ભાવ છે, માટે ઉપશમ એ પર્યુષણનો પ્રાણ છે. સુઝ-બૂઝ ભૂલેલા માનવીને આ મહાપર્વ પોતાની અસલતાનું ભાન કરાવે છે. તું ભૂલ્યો છે, કોઈકનો દોર્યો દોરવાઇ રહ્યો છે; અને દોરીને લઈ જનાર તારો મિત્ર નહિ પણ શત્રુ છે. એ વાત આ પર્વ કાનમાં કહી જાય છે. રાગ માનવને રીબાવે છે, દ્વેષ માનવને દબાવે છે; મોહ માનવને વાતવાતમાં મૂંઝવે છે. માયા તો પોતાના બાહુપાશમાં પકડી માનવને ક્યાંય પટકી દે છે. શ્રી મહાવીર દેવનું શાસન આક્રમકોનું છે. આક્રમણ કોની સામે કરવાનું છે? જન્મ જન્મથી પીડી રહેલા રાગ અને દ્રેષના ભયાનક પાપોની સામે. આ પર્વ વિષય કષાયના કલુષિત કાદવને ઉલેચીને જીવનના ક્ષેત્રમાં તપ, ત્યાગ અને સંયમના બીજનું વાવેતર કરે છે. જીવનને મંગલમય બનાવવા માટે નવચેતનાના નવા માર્ગે પગરણ માંડવા પ્રેરણા આપે છે. કષાયોની કલુષિતતાઓથી, મોહની માયાજાળથી અને કર્મની કઠીનાઇઓથી પીડાતો નાસ્તિક માનવ પણ આ દિવસો દરમ્યાન રાહતનો શ્વાસ લે છે અને તેના મનમાં ધર્મ પ્રત્યે અનુરાગવાળા વિચારોનું સિંચન થાય છે. ક્રોધ, રાગ, દ્વેષ વગેરે મલિન શત્રુઓનો નાશ થાય છે અને મૈત્રી ભાવનાના પવિત્ર ઝરણાને વહેતું રાખે છે અને તેનાથી માનવ જીવનની ધરતીને દયા, દાન, મૈત્રી અને કરૂણાના કોમળ છોડવાઓથી લીલીછમ બનાવી મૂકે છે. પ્રતિવર્ષ આવતું આ પર્વ માનવ જીવનની ઉજળી ચાદર પર લાગેલા ક્રોધના કાળા ડાઘને ધોઇને ફરી એને ઉજ્જવલ બનાવી મૈત્રીના અત્તર વડે સુગંધિત બનાવે છે.

પર્યુષણપર્વના દિવસો આઠ છે, અને આત્માને મલીન બનાવનારા કર્મો પણ આઠ છે. આ દિવસો આત્મા સાથે યુદ્ધ કરી રહેલા કર્મોનો સામનો કરી જ્વલંત વિજય પ્રાપ્ત કરાવી પંચમ ગતિના મહાન સુખોના ભોક્તા બનાવે છે. આ પર્વ અંતરમાં મૈત્રી અને અહિંસાનું પવિત્ર ઝરણું રેલાવે છે. આત્માના અલૌકિક ઉત્સાહમાં નવું બળ પ્રગટાવે છે અને મોહમાયાની પાછળ ભટકી રહેલા માનવને સત્યનું ભાન કરાવે છે. આ પર્વમાં જે જીવો તન, મન, ધનથી, અંતરના ઉલ્લાસથી આરાધના કરી પ્રભુ ભક્તિમાં લીન થાય છે, તેઓ સમસ્ત આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત બની જાય છે, માટે આ પર્વને મહાન પર્વ કહેવાય છે. સંસારના વાધા આધા કરવાનો પવિત્ર સંદેશો લઈને પર્યુષણ પર્વ આપણી પાસે આવી રહ્યા છે. આપણે આ પર્વને તપ ત્યાગના કુલડાથી પ્રેમે વધાવીએ, આ મહાપર્વના મંગળકારી આઠ દિવસો દરમ્યાન દાનની જે સરિતા વહે છે;

શીલની સુવાસ ફેલાય છે, તપના જે તેજ રેલાય છે અને ભાવની જે ભરતી આવે છે એવી વર્ષના બાકીના દિવસોમાં આપણે લાખ પ્રયત્ને પણ નિર્માણ કરી શકીએ તેમ નથી.

આ મહાન પર્વમાં જિનેશ્વર ભગવંતોએ દાન, શીલ, તપ અને ભાવરૂપ ધર્મની વિશેષ આરાધના કરવાની કહી છે. ચાર ગતિનું કારણ ચાર કષાયો છે. જ્ઞાનાદિ અને દાનાદિ ધર્મો વડે ચાર પ્રકારના કષાયોનો છેદ થાય છે. સૌથી પ્રથમ દાન ધર્મ છે. ધર્મનું આદિ પદ દાન છે, દાન આપવામાં આનંદ છે. લેવામાં લાચારી છે. દાન આપનારનો હાથ ઉંચો રહે છે. લેનારનો નીચે રહે છે. દાન આપવાથી મોકળાશ વધે છે. લેવાથી સંકડાશ વધે છે. દાન એટલે મોહનો ત્યાગ. આ મારી વસ્તુ છે. આ પર મારી સત્તા છે. આ વસ્તુ મેં એને અર્પણ કરી. એના પરથી મારી સત્તા છોડી દીધી. એ વસ્તુ પરથી મારી મમતાનો-મોહનો ત્યાગ કર્યો ત્યારે એનું દાન થયું. દાનના સંસ્કાર નહિ હોય તો દાન નહિ થાય. એ વસ્તુ પરનો મોહ નહિ છૂટે તો શરીર પરનો મોહ નહિ છૂટે. હીરા, માણેક, પૈસા, નોટોના થોકડા આ કાંઈજ સાથે લાવ્યો નથી. બધું અનિત્ય છે. કેવળ બાહ્ય વસ્તુ છે. લક્ષ્મી એક ભવમાં અનેક નાટક કરાવનારી છે. માટે 'પરિગ્રહ' પાપનું ઘર કહેવાય છે અને 'ત્યાગ' એ મુકિતનું દ્વાર કહેવાયું છે.

જેના જીવનમાં દાન નહિ તે નાદાન. લેવાનું બધેથી, આપવાનું કોઈને નહિ. આ તે કેવો ન્યાય! આ ન્યાય નથી પણ શાસનપતિ પ્રભુની આજ્ઞાના ભંગનું અન્યાયી કૃત્ય છે. સૂર્યનો પ્રકાશ, ચંદ્રની શીતળતા અને વ્યોમની વિશાળતા આ બધું મેળવવા માટે શું માનવી મૂલ્ય ખર્ચે છે? ના, સમાજમાંથી લેવું, શ્રી સંઘમાંથી લેવું, વિશ્વમાંથી લેવું, આ રીતે બધેથી લેવું તો આપવું પણ પડે ને? માટે "દાન" ઉપર ભાર મૂકયો છે. **"દાન એટલે સ્વાર્થ ઉપર કાપ અને પરમાર્થમાં આગેકૂચ."** પેથડશા, આભડશા, ઝાંઝણશા, ખેમાશા એ બધા નરરત્નોના નામ આજે ઝળહળી રહ્યા છે. તેના મૂળમાં પ્રતાપ તો દાનધર્મનો ને? દિલની દિલાવરીને ખોલવાની ચાવી દાન છે. દાન વગરનો દિવસ જેને ગોઝારો લાગે છે, તેને ધન્ય છે. યાચકને પોતાનો ઉપકારી સમજવામાં દાનધર્મની સાર્થકતા છે. નહિતર દાનનો અહંકાર દાતાના પતનનું કારણ બની જવાની શકયતા વધી જશે. દાનનો મહિમા ખૂબ સમજવા જેવો છે.

રૂપક : એક વાર બ્રહ્માજીએ બધા દેવોને જમવા માટે આમંત્રણ આપ્યું. આપ બધા મારે ત્યાં જમવા પધારજો. બ્રહ્માજીનું આમંત્રણ સ્વીકારી બધા દેવો જમવા માટે આવ્યા. બ્રહ્માજીએ બધાનો સત્કાર સન્માન કરી બેસાડયા. જમવા માટે બધા વ્યવસ્થિત ગોઠવાઈ ગયા. બધાના ભાણામાં પીરસાઈ ગયું, પણ બ્રહ્માજી કહે છે, હું જયાં સુધી તમને જમવાની આજ્ઞા ન આપું ત્યાં સુધી કોઈએ જમવાનું નહિ. બધાના મનમાં થાય છે કે જલ્દી આજ્ઞા આપે તો સારું. ભાણામાં બધું પીરસાઈ ગયું. પછી બ્રહ્માજી કહે છે, હે દેવો! આપ બધા મારા આમંત્રણનો સ્વીકાર કરી જમવા આવ્યા છો તેથી મને ખૂબ આનંદ અને હર્ષ છે, પણ મારી એક માંગણી છે કે આપ બધા પેટ ભરીને જમજો અને

ઘેર લઈ જવું હોય તો ઘેર લઈ જવાની છૂટ, પણ કોણીમાંથી હાથ વાંકો વાળવાનો નહિ ને જમવાનું. યાદ રાખજો. આ વાત તમારા માટે છે. કોણીમાંથી હાથ વાંકો વળે નહિ તો જમે કેવી રીતે ? જે ઉતાવળીયા, ગરમ સ્વભાવના, આસુરી પ્રકૃતિવાળા દેવો હતા તે મનમાં બબડવા લાગ્યા કે શું એમનો પાવર છે ? એ શું સમજે છે એમના મનમાં ! એમ વિચાર કરી રૂઆબ કરી ભરેલું ભાણું બ્રહ્માજીના માથા પર મારીને ઉઠી ગયા. જે ડાહ્યા, શાણા અને ધીરજવાળા હતા તે બધા બેસી રહ્યા. તેઓ કહેવા લાગ્યા કે બ્રહ્માજીએ જે શરત કરી છે તેમાં કાંઈ રહસ્ય હશે. તેમણે એકબીજાએ પાટલા સામસામા લઈ લીધા. એકબીજાના મોંમા કોળિયા મૂકવા માંડચા. એટલે કોણીમાંથી હાથ વાંકો વળ્યો નહિ ને બધાએ પેટભરી જમી લીધું. આ સુચવે છે કે પહેલા દો ને પછી ખાવ. આ તો એક રૂપક છે. આ વાત પરથી આપણે શું સમજવાનું છે ? પહેલા બીજાને આપો ને પછી તમે ખાવ. દેવાની ભાવના છે તે દેવ છે ને લેવાની ભાવના છે તે દાનવ છે. પુણ્યોદયે મળ્યું છે તો દેતા શીખો. જમતા પહેલા યાદ કરો કે મારા પરિવારમાં, કુટુંબમાં કોઈ દુઃખી નથી ને ? દુઃખીને યાદ કરી આંસુ લૂછતાં શીખો.

ધન શબ્દ ઉપર વિચાર કરીએ તો ધન ગુજરાતી શબ્દ છે. સંસ્કૃતમાં ધન માટે 'દ્રવ્ય' શબ્દ પણ વપરાય છે. દ્રવ્ય એટલે વહેવાના સ્વભાવવાળું, જે સતત વહેતું રહે એ દ્રવ્ય. દ્રવ્ય શબ્દનો અર્થ કહે છે કે ધન તો વહેતું રહેવું જોઈએ. કહેવત છે કે **"ધન તો બહતા ભલા, બાંધ્યા ગંદા હોય"** ધન જો પડયું રહે તો ગંધાય. પરિગ્રહનો પ્રવાહ પુણ્ય ક્ષેત્રોમાં વહેતો રહે તો એ સ્વયંની શુદ્ધિ જાળવવા સાથે અન્યને પણ શુદ્ધ બનાવી શકે. ધન જો બંધિયાર બની જાય તો એ લોભની બદબૂથી દૂષિત બની જાય. ધનની સરખામણી કચરા સાથે કરી શકાય. કચરાનો ઢગલો ખડકાય તો વાતાવરણ દુષિત બને અને રોગચાળો ફાટી નીકળે, પણ એ કચરાને જો ખાતર તરીકે ખેતરોમાં વેરી દેવામાં આવે તો મબલખ પાકના સર્જનમાં એ કચરો સહાયક થઇ શકે. એ રીતે ધનના ઢગલા જો ખડકાયે જાય તો એમાંથી મૂર્છાની મરકી ફાટી નીકળે, પણ જો ધર્મક્ષેત્રમાં એ ધન વેરી દેવામાં આવે તો પુણ્યનો પાક લચી ઉઠે.

જેના હૈયામાં અસીમ કરૂણા હોય છે તે પોતાના સુખ દુઃખનો વિચાર નથી કરતા. પોતાના સુખને જતું કરીને પણ તે બીજાના દુઃખને દૂર કરવાનો પ્રયત્ન કરશે. આ રીતે કરવામાં તે પ્રસન્નતા અનુભવશે. મારું સુખ જતું રહ્યું. નાહકનો સમય બગડયો. આવો અફસોસ તે નહિ કરે. કરૂણાવાન પુરૂષોને પોતાના સુખનો વિચાર નથી આવતો કે હું આ બધું દાનમાં દઈ દઈશ તો મારું શું થશે ? તે બીજાના દુઃખનો પહેલો વિચાર કરે છે, અને તેને દૂર કરવા માટે પોતાના સુખને જતું કરે છે.

સંસ્કૃત ભાષાના વિખ્યાત મુર્ધન્ય કવિ માઘ થઈ ગયા. તે ખૂબ વિદ્વાન અને પંડિત હતા. તેમણે પોતાની વિદ્વતાથી સેંકડો વાર રાજાને રીઝવ્યા હતા. રાજા પ્રસન્ન થઈને તેમને ઘણું ધન આપતા. એ રીતે માઘ કવિએ ઘણો પૈસો ભેગો કર્યો હતો, પણ

તેને સંઘરી રાખ્યો ન હતો. તે સમજતા હતા કે આ લક્ષ્મી મારી નથી અને હું લક્ષ્મીનો નથી. આમ કરતાં કરતાં બધું ધન ગરીબોને દાનમાં દઈ દીધું. છેવટે એવી સ્થિતિ આવી કે તે સાવ ગરીબ થઇ ગયા. ગરીબીમાં પણ અમીરી છોડી ન હતી. સાચો ગરીબ કોણ? સાચો અમીર કોણ? જેને ધન મળ્યું છે પણ તૃષ્ણાનો પાર નથી, તે ધનવાન હોવા છતાં ગરીબ છે. જે થોડું કમાય છે ને ખાય છે પણ ઉદારભાવે બીજાને આપે છે તે સાચો અમીર છે. માઘ કવિ ખૂબ દુઃખી થઈ ગયા. પાસે હતું તે બધું દઈ દીધું. ગરીબીએ મહા કવિની આકરી કસોટી કરી. માઘકવિ આદર્શવાદી હતાં. તે ક્યારે ય રાજાઓની ખુશામત કરતા નહિ. આથી તે વગર કામે રાજસભામાં જતા નહિ. તેમની પત્ની ગરીબીથી ચિંતાતુર રહેતી હતી.

**પત્નીના કહેવાથી માઘકવિ ભોજરાજાની સભામાં :**–એક દિવસ પત્ની કહે છે નાથ! આપણી સ્થિતિ સાવ ગરીબ થઈ ગઈ છે. હવે આપણાથી કામ બનતું નથી. આપ ભોજરાજાની સભામાં જાવ. એ આપણને ન્યાલ કરી દેશે. કવિ કહે મને રાજા પાસે જતા શરમ આવે છે. નાથ! આપ શરમ ન રાખો. પત્નીના કહેવાથી માઘકવિ ભોજરાજાની રાજસભામાં ગયા. રાજકવિને આવતા જોઈને રાજાને ખૂબ આનંદ થયો. પહેલાના રાજાઓ માણસની કિંમત કરતા હતા. રાજા કહે, સભાના કોહીનૂર રત્ન સમાન કવિરાજ પધારો. માઘકવિને આવતા જોયા કે રાજા સિંહાસનેથી ઉભા થઈ ગયા ને કહ્યું, પધારો કવિજી પધારો! રાજાએ મહાકવિનું ઉમળભર્યું સ્વાગત કર્યું. મહારાજા સિંહાસનેથી ઉભા થયા એટલે સભાજનોને પણ આશ્ચર્ય થયું કે કોણ મોટા પુરૂષ પધાર્યા છે કે રાજા ઉભા થયા ને તેમનો સત્કાર કરે છે. માઘકવિ રાજાને નમન કરી બેઠા. રાજાએ કહ્યું કવિરાજ! આપે અહીં પધારીને મારી સભા પાવન કરી છે, તો આપ મીઠા બે શબ્દો બોલો. માઘકવિએ પોતાની એક કાવ્યકૃતિ મધુર સ્વરમાં લલકારી. તેમની કાવ્ય પ્રતિભાથી રાજા પ્રસન્ન થયા. રાજા પ્રસન્ન થાય પછી શું બાકી રહે? કહેવાય છે કે રાજા રીઝે તો એક બે ગામ દઈ દે, ગામનો માલિક રીઝે તો વીઘા બે વીઘા જમીન આપી દે. ખેડૂત રીઝે તો પાલી બે પાલી અનાજ આપી દે, પણ વાણીયાભાઈ રીઝે તો? તાલી દો તાલી. (હસાહસ)

જો કે વાણીયા માટે કહેવત પડી ગઈ છે. બાકી વાણીયાઓએ દુષ્કાળના સમયમાં અઢળક ધન વાપરીને તેમના નામ ઉજ્જવળ કર્યા છે. દાન દેતા પાછું વાળીને જોયું નથી. આ પનોતા પર્વનો એ દિવ્ય સંદેશો છે કે આ મંગલ દિવસોમાં ધન પ્રત્યેની મમતા ઘટાડી દાનનો પ્રવાહ વહાવો. તમે વધુ દઈ ન શકો તો તમારા પાન બીડી તથા સિનેમા આદિના જે ખર્ચ હોય તે ઘટાડી માનવરાહતમાં, દુઃખીઓના આંસુ લૂછવામાં વાપરો. તો તે ધન ઉગી નીકળશે.

**બે હાથે દાન દેતા માઘકવિ :**–માઘકવિની કાવ્ય પ્રતિભાથી ખુશ થઈને રાજાએ મહાકવિને હાથી, ઘોડા, સોનામહોરો, અલંકારો, હીરા, માણેક, મોતી તથા ધાન્ય

વગેરેની ભેટ આપી. માઘકવિ વિચારે છે કે આટલું બધું શું કરવું છે? તમને મળે તો તૃષ્ણા પૂરી થતી નથી. ને કવિને મળે છે તો એ વિચારે છે કે આટલું બધું શું કરવું છે? માઘકવિ રાજસભામાંથી અલંકારો, હાથી, ઘોડા, સોનામહોરો બધું લઈને બહાર નીકળ્યા. રાજદ્વારની બહાર જોયું તો કેટલાય યાચકો બેઠેલા હતા. માઘકવિને બધું લઈને નીકળતા જોયા એટલે હાથજોડીને ઉભા ઉભા ઝોળી ધરીને બોલી રહ્યા હતા. અમને આપો. અમને આપો. ભિક્ષુકોની દરિદ્રતા જોઈને મહાકવિ માઘનું હૈયું કરૂણાથી છલકાઈ ગયું, અને જેને જેને જેની જરૂર હતી તે આપવા માંડયું. કોઈને હાથી, કોઈને ઘોડા, કોઈને સોનામહોરો, કોઈને હીરા, કોઈને અલંકારો તો કોઈને ધાન્ય આપતા રહ્યા. આપતા આપતા ઘર તરફ ચાલતા રહ્યા. ઘેર પહોંચતા બધું ખલાસ થઈ ગયું. ઘેર પહોંચ્યા ત્યારે તેમની પાસે એક ટંકના દાળ ચોખા સિવાય બીજું કંઈ રહ્યું ન હતું. યાચકોને કરૂણાભાવથી તેમણે બધું આપી દીધું. કેટલી ઉદારતા! કેટલી વિશાળ ભાવના! પોતાને ખાવા માટે પછી છે નહિ, છતાં વિચાર ન કર્યો કે હું બધું આપી દઉં છું, તો મારું શું થશે? એ તો એવો વિચાર કરે છે કે મારી પાસે હતું તો લેવા આવ્યા, ન હોત તો કયાં લેવા આવવાના હતા! ગરીબીમાં પણ દેવાની કેટલી સુંદર ભાવના!

**કવિનો આંતર વૈભવ :** મહાકવિ ઘેરથી નીકળ્યા ત્યારે ગરીબ હતા. રાજસભામાંથી બહાર નીકળ્યા ત્યારે ધનાઢ્ય હતા, અને પાછા ઘેર પહોંચ્યા ત્યારે દરિદ્રના દરિદ્ર જ રહ્યા. રાજાએ આપેલું બધું ગરીબોને આપી દીધું. કંઈ બચ્યું નહિં. ખાલીખમ થઈ ગયા. પરંતુ ભીતરથી તો ખૂબ ભરાઈ ગયા! તેમનો આંતરવૈભવ સમૃદ્ધ ને સભર બની ગયો. તેમના અંતરમાં આનંદની કોઈ સીમા ન હતી. ચહેરા પર પ્રસન્નતાની પરિમલ પ્રસરી રહી હતી. આંખોમાં કરૂણાનો સાગર ઘૂઘવતો હતો. સુખ, સંતોષ, ધૈર્યતા, કરૂણા અને અંતરનો આનંદ, આ આંતર વૈભવમાં લીન હતા.

ઘરના ઉંબરે કવિની ધર્મપત્ની મહાકવિની રાહ જોઈને ઉભી હતી. તેના મનમાં હતું કે કવિ રાજસભામાં ગયા છે માટે અઢળક ધનદોલત લઈને આવશે. અમારી ગરીબાઈ દૂર થઈ જશે ને હવે અમે સુખી થઈશું, પણ તેની આશા નિષ્ફળ નીવડી. કવિને તો ખાલી આવતા જોયા. હાથમાં કપડાની નાની પોટલી લઈને આવતા હતા. તેણે સામે જઈને પોટલી લઈ લીધી. પછી પૂછ્યું, શું લાવ્યા? મને એમ હતું કે રાજા આપને ઘણું આપશે. ને આપણું દારિદ્ર ટળી જશે. કવિએ પ્રસન્નતાથી હસતે મુખડે કહ્યું, દેવી! રાજાએ તો ઘણું આપ્યું હતું. શી વાત કરું? આજ તો જીવન ધન્ય બની ગયું. હું બધું લઈને બહાર નીકળ્યો તો નિરાધાર, ગરીબ માણસો કહે–અમને કંઈ આપો, એટલે બધાંને થોડું થોડું દેતો દેતો આવ્યો. મારી પાસે હતું તો બધા લેવા આવ્યા. બધાને દેતા દેતા મને ખૂબ આનંદ થયો. એ આનંદનું હું કયા શબ્દોમાં વર્ણન કરું? રાજાએ તો મને ઘણું આપ્યું, પણ બધાને દેતા દેતા ધન, અલંકાર, અનાજ બધું

વહેંચાઈ ગયું. અનાથ, ગરીબ, અપંગોને પ્રેમથી આપી દીધું. મને લાગ્યું કે મારા કરતા તેમને વધુ જરૂર હતી. તેમનું દુઃખ મારાથી જોયું જતું ન હતું.

પત્ની તો પતિની વાત અવાક્ બનીને સાંભળી રહી. તે પોતાના પતિને બરાબર ઓળખતી હતી. પતિના કરૂણાસભર હૈયાને તેણે કયારેય નિર્દયતાથી તોડયું ન હતું. પોતાની ગરીબાઈથી ચિંતાતુર હોવા છતાં ય તેણે સંયમ રાખ્યો. તેમના ઘરમાં હાંલ્લા કુસ્તી કરતા હતા, છતાં આ વાત સાંભળીને મનમાં જરા પણ દુઃખ ન થયું. તે પત્ની આજની પત્ની જેવી ન હતી. તેના સ્થાને જો આજની પત્ની હોત તો એમ કહી દેત કે તમારે દઈને નવરા થઈને બેસી જવું છે, પણ ચિંતા કોને? ઘરના છોકરા ઘંટી ચાટે ને દાન દેવા નીકળી પડયા છો! હવે આપણે શું કરીશું? જો દેવું હતું તો થોડું દેવું હતું ને થોડું તો આપણા માટે રાખવું હતું ને? પણ આ કવિની પત્ની એવી ન હતી. તેણે પ્રસન્ન ચિત્તે કહ્યું નાથ! આપે ઘણું ઉત્તમ કર્યું છે. આપનું હૃદય દયાળુ છે. આપ કરૂણાના સાગર છો! તમે દુઃખીના દુઃખને જોઈ શકતા નથી. હવે આપ આરામ કરો. હું ખીચડી બનાવું પછી આપણે જમીએ.

મહાકવિ જે દાળ ચોખા લાવ્યા હતા તેની પત્નીએ ખીચડી બનાવી. ત્રણ ત્રણ દિવસના ભૂખ્યા છે. માઘકવિ અને તેની પત્ની બંને જમવા બેઠા. શેર ખીચડી હતી તેમાંથી અડધી-અડધી લઈને જમવા બેઠા. ત્યાં કોઈકે બારણાની સાંકળ ખખડાવી. કવિ કહે, કોઈ આવ્યું લાગે છે, એટલે ઉભા થઈને સાંકળ ખોલી. કવિ બહાર ગયા ત્યારે એક ગરીબ માણસ રડતો રડતો કવિના પગમાં પડીને કહે છે મા-બાપ! હું ત્રણ દિવસનો ભૂખ્યો છું. મને થોડું આપોને! તમે થોડું આપશો તો તમને ઘણું મળશે. તમે દિલાવર દિલથી દેશો તો તમને હજારગણું મળવાનું છે, પણ એકવાર દિલથી છોડો તો ને! કંઈક જીવોને ઘણું મળ્યું છે, પણ લોભવૃત્તિ એટલી જોર કરતી હોય છે કે તે છોડી શકતો નથી. જ્ઞાની કહે છે વિચાર કરો. આવ્યા ત્યારે શું લઈને આવ્યા છો ને જશો ત્યારે શું લઈને જવાના છો. જે સંસાર નભાવો છો, તે માટે કેટલી બધી જરૂર માનો છો? આટલા વાસણ, આટલા ગાદલા, આટલી ખુરસી, આટલા સાધન અને અમુક લક્ષ્મી તો જોઈશે જ! પણ આત્મા માટે નક્કી કર્યું છે? બસ, હવે મને આટલી સંપત્તિ મળી ગઈ, હવે મારે વધારે નથી જોઈતી, હું સંતોષના ઘરમાં આવું. જ્યાં સુધી જીવનમાં સંતોષ નથી આવતો ત્યાં સુધી લોભરૂપી ખાડાને જેમ જેમ તે પૂરવા ધારે છે તેમ તેમ તે વધતો રહે છે. કહ્યું છે કે–

> अपि नामैष पूर्येत पयोभिः पयसां पतः।
> न तु त्रैलोक्य राज्येऽपि प्राप्ते लोभः प्रपूर्यते ॥

સમુદ્રમાં ગમે તેટલું પાણી જાય તો પણ તે પૂર્ણ થતો નથી. ધારો કે કદાચ તે પૂર્ણ થાય પણ ત્રણ લોકનું રાજ્ય મળવા છતાં પણ લોભરૂપી સમુદ્ર કદી પૂર્ણ થતો નથી. સમુદ્ર જેમ જળથી પૂર્ણ થાય નહિ તેમ લોભ-સમુદ્ર ગમે તેટલા દ્રવ્યાદિના લાભથી પણ પૂર્ણ થતો નથી. જેમ જેમ લાભ થતો જાય છે તેમ તેમ લોભ વૃદ્ધિ

પામતો જાય છે. લોભની હયાતિમાં સર્વ દુર્ગુણ આવી ખડા થાય છે. અને લોભનો નાશ થવાની સાથે સર્વ દુર્ગુણો પલાયન થઈ જાય છે.

માઘકવિના જીવનમાં સંતોષ હતો. અરે, પોતાના માટે રાખવા જેટલો પણ લોભ ન હતો. તેઓ જમવા બેઠા ત્યાં એક ગરીબ માણુસ લેવા આવ્યો. કવિની કેટલી ઉદાર દાનવૃત્તિ ! કેવી અજોડ ભાવના ! આજે તો માનવી દે થોડું અને ગાજે ઘણું, પણ આ કવિએ તો કેટલું દીધું છતાં અભિમાન નહિ. માન-પ્રશંસાની કામના નહિ. પોતે ત્રણ દિવસના ભૂખ્યા છતાં પત્નીને કહે છે દેવી ! મારી થાળી લઈ આવ, અને ગરીબને પ્રેમથી આપી દો. કવિપત્ની કંઈ પણ બોલ્યા વિના ઉભી થઈ અને ગરીબ માણુસને ખીચડી આપી દીધી. ગરીબ માણસ આશીર્વાદ આપીને ગયો. કવિપત્નીએ કહ્યું નાથ ! આજે હું એટલી બધી ખુશ થઈ છું કે મારી તો ભૂખ જ શાંત થઈ ગઈ છે. આ મારી થાળીની ખીચડી આપ જ જમી લો. પોતે ભૂખ્યા રહીને પણ બીજાને આપવાની કેટલી ભવ્ય ભાવના ! લેનાર માણુસ કેવા અંતરના આશીર્વાદ આપે ! તમારે તો લૂખા આશીર્વાદ લેવા છે. દેવું નથી ને આશીર્વાદ લેવા છે, તો કયાંથી મળે ? જેવી ભાવના હોય તેવું ફળ મળે. હું તો આ તપસ્વીઓને પણ કહું છું કે તમે આટલી ઉગ્ર સાધના કરો છો. ૪૫-૪૨-૩૦ ઉપવાસ કરો છો તેમાં આપની ભાવના એકાંત કર્મક્ષયની રાખજો. માન પ્રશંસા કે કીર્તિની ભાવના ન રાખશો. અગર હું તપ કરું તો પરલોકમાં મને સુખ મળે એવી કોઈ જાતની આકાંક્ષા નહિ રાખતા શુદ્ધ ભાવે કર્મનિર્જરાના હેતુથી તપ કરજો. તપની શક્તિ મહાન છે. તપ રોગનો દુશ્મન છે. તપથી કર્મો બળે છે. અપાર કર્મનિર્જરા થાય છે. તપ એ આત્માની બેંક છે. તપથી આત્મ-તેજ પ્રગટે છે. તપ રૂપી તિજોરીમાં આત્મ રત્ન સચવાય છે. કામવાસનાઓ અને વિકારોનો વિનાશ તપથી થાય છે. તપ શબ્દને ફેરવી નાંખીએ તો પત થાય. પત એટલે પડવું, પતન. જે જીવનમાં તપ કરતા નથી તેનું પતન થાય છે. તપથી ઘરમાં વિઘ્નો આવવાના હોય તો પણ અટકી જાય છે. દ્વીપાયન ઋષિ દ્વારકા નગરીને બાળવા માટે બે પાંચ વર્ષ નહિ પણ બારબાર વર્ષ ઝઝુમી રહ્યા, પણ જ્યાં સુધી દ્વારકા નગરીમાં એક પણ પચ્ચખ્ખાણ રહ્યું ત્યાં સુધી તેને બાળી શકયા નહિ. માટે તપ મહાન છે.

બંધુઓ ! આ મંગલકારી દિવસોમાં આપ તપ ન કરી શકો તો આટલા નિયમો તો લો. આઠ દિવસ મારે **હોટલના ખાણા ખાવા નહિ.** હોટલમાં ખાવાથી અભક્ષ્ય પદાર્થનું ખાનપાન થઈ જાય છે. મોટા ભાગે હોટલના લોટ ઘણા દિવસના અને ખોરા હોય છે. તેમાં ઈયળ, ધનેડા આદિ જીવજંતુઓનો ઉપદ્રવ થઈ જાય છે. ત્યાં પાણી અળગણ હોય, વસ્તુઓ બનાવતા જતના રાખે નહિ તેથી અનેક જીવોની ઘાત થઈ જાય છે, તથા બટાટા, ડુંગળી જેવી વસ્તુમાં અનંત કાય જીવોની હિંસા થાય છે. કેટલાકને ઘર કરતા હોટલનું ખાણું મીઠું લાગે છે, તેથી તેના પ્રત્યે રાગ બંધાય છે. હોટલનું ખાવાથી અનેક પ્રકારના રોગના ભોગ બનવું પડે છે. તેમજ અન્ય કોમના માણુસોના એંઠા-જુઠાના સંપર્કથી લોહીનું પરિવર્તન અને સ્વભાવમાં તામસપણું આવે છે.

**સિનેમાનો ત્યાગઃ**–સિનેમા જોવાથી આંખ બગડે છે. પૈસાનો વ્યય થાય છે. અનાદિકાળના વિષયના સંસ્કારો ખૂબ સતેજ બને છે. બુદ્ધિમાં વિકાર પેદા થાય છે, વિકાર જાગવાથી શરીર તથા આત્માના વીર્યની હાનિ થાય છે.

**અળગણ પાણીનો ત્યાગઃ**–અળગણ પાણીના ટીપામાં ઘણા ત્રસ જીવો હોય છે. એક પાણીના ટીપામાં અસંખ્ય જીવો જ્ઞાની ભગવંતે કહ્યા છે. તે ટીપા પાણીમાં ત્રસકાયના જીવો જુદા. વર્તમાન વૈજ્ઞાનિકો એક સોયના અગ્રભાગ ઉપર થેક્સેસ નામના હાલતા ચાલતા જીવો સૂક્ષ્મદર્શક યંત્રથી બતાવી શકે છે, એટલે તો જ્ઞાની ભગવંતે ગળેલું પાણી પણ ઘીની જેમ ન છૂટકે ઉપયોગ કરવાની જરૂર પડે તો પાપ માની તેમાં જયણા સાચવવાનું જણાવ્યું. અળગણ પાણી વાપરવામાં ખૂબ હિંસા થાય છે. જયણાનો ભાવ જીવતો રાખવા વારંવાર પાણી ગળવું અને સંખારાની જયણા સાચવવી. કાચા પાણીમાં સમયે સમયે અસંખ્યાત જીવો જન્મે છે ને મરે છે, માટે બને તો ઉકાળેલું પાણી વાપરવું.

**કંદમૂળનો ત્યાગઃ**–કંદમૂળમાં અનંતાનંત જીવો રહેલા છે. તે કંદમૂળની અંદર બટેટા, આદુ, સકરિયા, ગાજર વગેરે વિના જીવન જીવી શકાય છે. માટે કંદમૂળનો ત્યાગ કરવો. અનંતકાયના ભક્ષણમાં અનંત જીવોનો નાશ તથા નુકશાનીમાં આત્મા કઠોર, તામસી અને ભ્રષ્ટ વિચારવાળો બને છે.

**દરરોજ સામાયિક કરવી** : સમભાવમાં સ્થિર કરે એનું નામ સામાયિક. આપ રોજ સામાયિક કરી શકતા ન હો તો આ પર્વના દિવસોમાં તો રોજ સામાયિક કરવી. પ્રતિક્રમણ કરવું. સામાયિકથી મને મારા આત્માની બે ઘડીની મુલાકાત થશે તથા મૂળ ગુણ સમતાભાવ શીખવા મળશે ને ચારિત્રની પ્રેકટીસ થશે. આ ઉપરાંત આઠ દિવસ લીલોતરીનો ત્યાગ કરવો અને હંમેશા દશ તિથિએ લીલોતરી ન ખાવી, કારણ કે પર્વતિથિના દિવસે મોટાભાગે પરભવના આયુષ્યનો બંધ પડે છે.

માઘ કવિના જીવનમાં બધા વ્યસનોનો ત્યાગ છે. એ સાથે કરૂણા અને દાનની ભાવના અજોડ છે. એકવાર તો પોતાના ભાણાની ખીચડી ગરીબ માણસને આપી દીધી અને તેમની પત્નીએ કહ્યું, મારી ભૂખ શાંત થઈ ગઈ છે, માટે મારી થાળીની ખીચડી આપ જમી લો. પતિના વર્તનનો કોઈ કકળાટ નહિ, કોઈ બડબડ નહિ, કોઈ મેણાંટોણાં નહિ. વિચારો. કવિ પત્નીએ પોતાનો સ્વભાવ કેવો ઘડચો હશે! કેવી ઉચ્ચ વિચારધારા અને ઉમદા ભાવના હતી તે સન્નારીની! મહાન પુણ્યનો ઉદય હોય ત્યારે આવી ધર્મપત્ની મળે છે. મહાકવિ જ્યાં ફરી વાર જમવા બેઠા, હજુ થાળીમાંથી કોળિયો ભરવા જતા હતાં ત્યાં બારણા પર ફરીવાર અવાજ સંભળાયો. કવિએ જોયું તો એક ભિખારી કરગરે છે. અમને થોડું આપો ને! માઘકવિ તરત થાળી લઈને ઉભા થયા અને ભિખારીને બધી ખીચડી પ્રેમથી આપી દીધી. ભિખારી આશીર્વાદ દઈને ચાલ્યો ગયો.

મહાકવિ ઘરમાં આવીને પત્ની પાસે બેઠા. બંને ત્રણ ત્રણ દિવસના ભૂખ્યા હતા, છતાં પોતે ખાધું નહિ ને ગરીબોને આપી દીધું. ધન્ય છે તેમની ઉદાર ભાવનાને! હવે ઘરમાં તો અનાજનો એક કણ પણ રહ્યો નથી. માંગવા જવું નથી. બંને શાંતિથી બેઠા છે. બંનેના મનમાં પ્રસન્નતા છે. કરૂણામાંથી ચિત્ત પ્રસન્નતાનો જન્મ થાય છે, પણ કરૂણા કયારેક કરૂણાવાનને આકરી કસોટીમાં, દારૂણ વેદનામાં પણ ધકેલી દે છે! અહીં પણ એવું જ બન્યું. પતિ–પત્ની બંને બેઠા છે. ત્યાં બારણે અવાજ આવ્યો. અવાજ સાંભળતા મહાકવિના દિલમાં થયું કે અરેરે...હવે કોઈ લેવા આવ્યો હશે તો હું શું આપીશ? તેમનું હૈયું ખેદથી ભરાઈ ગયું. મારી પાસે છે શું? હવે કંઈ બચ્યું નથી. આ યાચકને આપવા માટે. શું તે મારા આંગણેથી ખાલી હાથે પાછો ફરશે? મહાકવિ આ રીતે વિચારતા ભારે પગે ઉભા થયા. તો બારણે યાચક ઉભો હતો. તે કહે મા–બાપ! મને બે રોટલી આપોને? આ સાંભળતા કવિની આંખમાં આંસુ આવી ગયા. તેમની આંખોમાં વેદનાના ઉનાં આંસુ હતા. તેમણે રડતી આંખે અને ગદ્ ગદ્ કંઠે કહ્યું, ભાઈ! માફ કરજે. તું આજ આવ્યો છે મારા આંગણે, પણ ભાઈ! મારી પાસે કાંઈ નથી. ઘરમાં પાશેર અનાજ કે નવટાંક લોટ પણ નથી કે તને આપુ. મારા દિલમાં દુઃખ થાય છે કે, તું આજે મારા આંગણેથી પાછો જઈશ? યાચક સમજી ગયો કે આ કવિની પાસે કંઈ જ નહીં હોય, નહિ તો કોઈ દિવસ કોઈને પાછો ના વાળે! યાચક તો ચાલ્યો ગયો. યાચકને ખાલી હાથે પાછો જતો જોઈને મહાકવિનું હૈયું વલોવાઈ ગયું. અરરર...હું ભૂખ્યાને આજે કંઈ ન આપી શકયો! મારા આંગણેથી ભૂખ્યો પાછો ગયો! અંતરમાં ખૂબ આઘાત લાગ્યો. એ આઘાતથી તે ભાંગી પડયા અને ચાલતા ચાલતા ગબડી પડયા. પડયા તેવા જ તેમના પ્રાણ ઉડી ગયા. યાચક પાછો ગયો, તેના આઘાતમાં કવિએ પ્રાણ ગુમાવ્યા. આવા દાનવીરના નામ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયા છે.

આ પર્વના દિવસો આપણને એ જ સૂચન કરે છે કે હે મુમુક્ષુ જીવો! આ દિવસોમાં દાન–શીયળ–તપ–ભાવનાના તોરણ બંધાવો. પરિગ્રહની મૂર્છા ઘટાડી યથાશક્તિ દાન કરો. બ્રહ્મચર્ય વ્રત પાળો. તપ કરો અને ભાવના ભાવો. દાન, શીયળ, તપ કરો, પણ તેમાં ભાવના શુદ્ધ રાખો. જેવી ભાવના હોય તેવું ફળ મળે છે.

એક ઝુંપડીમાં રાતના બાર વાગે કોઇએ સાદ પાડયો, બેન! હું પાણીથી ખૂબ ભીંજાઈ ગયો છું. મને થોડી જગ્યા આપો. દયાળુ બેને બારણું ખોલ્યું. પોતાની જગ્યા નાની છે છતાં ઘરની ખાટલીમાં બેસાડ્યા અને ભીના કપડાં બદલાવ્યા. ઘરમાં જે રોટલો હતો તે રોટલો આપ્યો. અતિથિ ના પાડે છે. બેન! તમે મને સુવા, બેસવાની જગ્યા આપી તેથી તમારો આભાર. બેન ગરીબ ઘણી જ હતી છતાં અમીરી ઘણી હતી. સવાર પડતા અતિથિ કહે બહેન! હું તારો ઉપકાર નહિ ભૂલું, તારી અમીરી અને મારા પ્રત્યેની લાગણી કેટલી છે! બેન! હું જાઉં. આવજો, સાથે એટલું બોલ્યા કે આપ જે કામ કરો છો તે સાંજ સુધી કરતા રહો. આટલું કહીને અતિથિ ચાલ્યા ગયા. આ

સમયે બેન પાંચ મીટર કાપડ માપવા લઇને બેઠી હતી. જેમ કાપડ માપે છે તેમ કાપડ વધતું જાય છે. પુરું થતું નથી. કાપડ માપતા માપતા તો ઢગલો થઈ ગયો, પણ હજુ પૂરું મપાતું નથી. સાંજ સુધી આ રીતે થયું.

ત્યાં બાજુમાં રહેતા શેઠાણી આવ્યા ને કહે છે, હજુ કામ કરવા કેમ નથી આવી? શેઠાણી બાઇને ધમકાવવા લાગી, ત્યારે બાઇએ બનેલી બધી વાત કરી. આથી શેઠાણીને થયું કે મારા ઘેર આવું થાય તો કેવું સારું! કુદરતને કરવું તે જ રાત્રે શેઠાણીની પરીક્ષા કરવા અતિથિ આવ્યો. શેઠાણીએ બારણું ખોલ્યું. મોટો બંગલો હોવા છતાં ઘાટીની રૂમમાં ભાંગલી ખાટલી સૂવા આપી. ફાટલા કપડાં બદલાવવા આપ્યા, ને ત્રણ દિવસનો સૂકો રોટલો અને છાશ ખાવા આપ્યા, પછી શેઠાણી કહે ભાઈ સૂઈ જાવ.

શેઠાણી હવે સવાર પડવાની રાહ જુએ છે. ક્યારે સવાર પડે ને આ અતિથિ મને આશીર્વાદ આપે! એ તો વહેલી વહેલી ઉઠી. ઘરમાં કચરો કાઢવા લાગી. ત્યાં પેલો અતિથિ જાગ્યો. તેના પહેરેલા કપડા પાછા દઈ દીધા અને કહે બહેન! હવે હું જાઉં છું. હાથમાં ઝાડૂ હતું ને પેલા અતિથિએ કહ્યું જે કામ કરો છો તે સૂર્યાસ્ત સુધી કરતા રહો. (હસાહસ) શેઠાણીના હાથમાં ઝાડું હતું, તે મૂકતી નથી. રાડો-બૂમો પાડતી જાય છે ને કચરો કાઢે છે. શેઠ કહે શેઠાણી! ઘરમાં સાત સાત નોકરો છે. આપ શા માટે ઝાડુ કાઢો છો? બધા છોડાવવા ઘણું કરે છે પણ ઝાડૂ છોડતા નથી ને બોલતા અટકતા નથી. બધા કહે શેઠાણી ગાંડા થઈ ગયા છો! એમ કરતાં સૂર્યાસ્તનો ટાઈમ થયો ત્યારે શેઠાણીએ ઝાડૂ નીચે મૂક્યું. કહેવાનો આશય એ છે કે જેવી ભાવના હોય તેવું ફળ મળે છે. પેલી ગરીબ બેને શુદ્ધ ભાવથી અતિથિનો સત્કાર કર્યો તો એને સારું ફળ મળ્યું ને શેઠાણીએ તો પોતાના ઘરમાં ઘણું હોવા છતાં ફાટ્યા તૂટ્યા કપડા ને સૂકો રોટલો આપ્યો તો એને એવું ફળ મળ્યું, માટે ભાવના શુદ્ધ રાખો. આ પર્વાધિરાજ પર્વનો એ દિવ્ય સંદેશો છે કે દાનનો પ્રવાહ વહાવો. શીયળ વ્રત લો. તપ કરો, શુદ્ધ ભાવના ભાવો. વધુ ભાવ અવસરે.

ૐ શાંતિ.

---

## વ્યાખ્યાન નં-૪૬

**ભાદરવા સુદ એકમ રવીવાર** **તા. ૩૦-૮-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! આ મંગલકારી દિવસો ભાવનામાં ભરતી લાવે છે, કર્મોનો ક્ષય કરાવે છે, માનવને સત્યનો રાહ ચીંધે છે, પતનની ખીણમાં પટકાતા માનવને ઉત્થાનની પગદંડી તરફ દોરી જાય છે. પર્યુષણ પર્વ એક દિવ્ય પ્રકાશ છે. જે મોક્ષ માર્ગે ગતિ કરવાને માટે માર્ગ બતાવે છે. જે પ્રકાશમાં આત્માના વૈભવનો પરિચય થાય છે. જે આત્માના અનંત સૌંદર્યને જાણવાનો એક અનુભવ પ્રદાન કરે છે. પર્યુષણ સ્વતઃ એક કલ્યાણમય પ્રેરણા છે. જો અપેક્ષાથી વિચાર કરવામાં આવે તો

પર્યુષણ આત્માની પૂર્ણતા પ્રદાન કરનાર એક પ્રકારનું કલ્પવૃક્ષ છે. જેવી રીતે ઘડિયાળ ઓઈલીંગ બાદ નિશ્ચિત સમય બતાવનાર બને છે, તેવી રીતે પ્રતિવર્ષ પર્યુષણ પર્વ આવીને ઓઈલીંગ કરીને આપણને નિશ્ચિત દશા બતાવનાર બને છે. આ પર્વ એક મિત્રની માફક પ્રતિવર્ષે આવીને આપણને જાગ્રત કરીને ચાલ્યું જાય છે. પર્યુષણ એટલે ભવ્યાત્માઓનો ભવ્ય મેળો, પાપરૂપી નાગને પકડવાનો સાણસો, પુણ્ય-પુંજ ખડકવાની અપૂર્વ તક.

પર્યુષણ મૈત્રીની મોસમ છે અને જીવનનું મૈત્રી ગાન છે. આ પર્વ કહે છે, મિત્ર બનો અને બીજાને બનાવો. હૈયેથી કષાયની કાળાશને ધોઈ નાંખો અને આત્માના સૌંદર્યને પ્રગટાવો. ક્ષમાનું આદાન-પ્રદાન આ પર્વનું હાર્ટ છે. પર્યુષણ મહાપર્વની સાધના સદાય માટે સર્વ જીવોને વૈરના અનુબંધના બંધનમાંથી મુક્તિ મેળવવાનો અમર સંદેશો પાઠવી રહી છે. અનાદિની કષાયોની ભયંકર જ્વાળાઓ પ્રાણી માત્રને પીડી રહી છે. પરેશાન કરી રહી છે. વૈરના ભયંકર વાવાઝોડાએ અનેકના જીવન ખતમ કરી નાંખ્યા છે. પશ્ચાતાપ અને મિચ્છામિ દુક્કડંના નિર્મળ જળ વડે સ્વ આત્માને ઉજ્જવળ બનાવવા ઉત્તમ જીવો આ પર્વારાધનામાં જોડાય છે. તપ, ત્યાગ અને આરાધના કરવાના આ પવિત્ર દિવસો સૌના હૃદયમાં શ્રદ્ધાના પુષ્પો બિછાવી જાય છે, જેના અંતરમાં આત્મિક આરાધના સ્પર્શી જાય છે, તેના હૈયામાં દીવડો પ્રગટી ઉઠે છે. અને તપ, ત્યાગ, જ્ઞાન, અહિંસા વગેરે શુભ તત્ત્વોના પ્રભાવે સમકિત દૃષ્ટિનું અતિ સુખદ અજવાળું પ્રસરવા માંડે છે.

આ સંસારમાં સતત ઊકળાટ, સતત અથડામણ અને સતત અપ્રસન્નતા જીવને ચારે બાજુથી કોરી ખાય છે. આંતરિક કલેશો એની આંખોને લાલચોળ રાખે છે. એના લોહીને ગરમ રાખે છે. એના આત્મગુણોને ખત્મ કરી પરભવમાં જ્યાં સતત સામસામા લડવાનું હોય એવા પાડા, બોકડા આદિના ભવમાં ધકેલી દે છે. આ મહાપર્વ એવા દુઃખીયારા માનવની વ્હારે આવે છે ને હાથે ઉભી કરેલી તમામ ઉલઝનોના ઉકેલરૂપે એના કાનમાં ક્ષમાનો સંદેશો પહોંચાડતા કહે છે કે ' क्रोधं मा कुरू क्षमा कुरु " હે ભવ્ય જીવો ! જો તમારે સુખી થવું હોય તો ક્રોધ ન કરો. ક્રોધ આત્માનો જન્મોજન્મનો દુશ્મન છે, માટે ક્ષમા અને મૈત્રીના ખોળામાં માથું મૂકી એનું શરણું લો. એ તમને ક્રોધ સાથે લડી લેવા બળ પૂરું પાડશે. ક્રોધને પરાજય આપી સ્વાધીન અને સ્વતંત્ર બનાવશે. મુક્ત જીવન જીવવાનું માર્ગદર્શન આપશે. આત્માનો ઉકળાટ, ઉચાટ, બધું શમી જશે, અકળામણ, અથડામણ બધું અટકી જશે, અપ્રસન્નતા પ્રસન્નતાનું રૂપ લઈ પમરાટ ફેલાવતી બહાર આવશે.

પર્યુષણ પર્વ એટલે દિલના દિવાનખાનામાંથી વેર-ઝેર અને ક્રોધાદિ કષાયોના કચરાને દૂર કરવાની સોનેરી તક છે. આ પર્વના પ્રત્યેક અનુષ્ઠાનનો સાર સમતા છે. સમતાને જોડવી અને મમતાને તોડવી એ આ પર્વનો અર્ક છે. સમતા આત્માનું ઘર છે, અને મમતા પર ઘર છે. પર ઘર ઉપર જો આપણે માલિકી કરીએ તો સરકાર

તરફથી આપણને સજા થાય છે, તેમ સંસારના માર્ગની મમતા એ પરઘર છે. તે ઘર પર જો માલિકી કરી તો કર્મરાજાના હન્ટર ખાવા પડશે. મમતાના પર–ઘરને છોડી સમતાના સ્વઘરમાં વસવું એ પર્યુષણ પર્વનો સાર છે. પૂર્વના પુણ્યોદયે પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વનો પ્રવાસ કરવાનો પવિત્ર પ્રસંગ પ્રાપ્ત થાય છે. પર્વાધિરાજનો પ્રવાસ એટલે વાસ્તવિક યથાર્થ આરાધના, ઉપાસના, સાધના. દુન્યવી ભૌતિક સમૃદ્ધિના શિખરો સર કરવા માટે યુગ યુગથી જીવડો જગતમાં પ્રવાસ ખેડી રહ્યો છે. આવા પ્રવાસની પાછળ પ્રયાસ કરવામાં કશી કમીના રાખી નથી. એટલું જ નહિ પણ એ પૌદ્‌ગલિક માયાની આશાને પહોંચી વળવા માટે પામર પ્રાણી કેટકેટલા તમાસા કરી રહ્યો હોય છે. કેટલો પ્રયાસ ! કાળી અને કડક મજુરી ! નિષ્ફળતાના નગારા વાગે તો ય હતાશા નહિ. પુનઃ પુનઃ પ્રવાસ અને પ્રયાસ ચાલુ ! જ્યારે પર્વાધિરાજના પ્રવાસની પાછળ કંઈ પ્રયાસ નહિ ! તો કર્મની ગાંઠ કેમ છૂટે ? પર્યુષણ પર્વનો પ્રવાસી–પંથી ક્રોધમાં કૂટાય નહિ, માનમાં મરડાય નહિ, લોભમાં લપટાય નહિ ને માયામાં મૂંઝાય નહિ.

પર્યુષણ પર્વ એટલે આત્માને ધર્મથી પુષ્ટ કરવાનો પુણ્ય અવસર. પાપોને પખાળવાની સુવર્ણ તક. આપણા આત્મા ઉપર અનંતકાળથી ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયો અને વિષયોનો જે કચરો ભર્યો છે તેને સમતાના નિર્મળ જળથી ધોઈને સાફ કરવો પડશે. શ્રદ્ધાનો દિપક પ્રગટાવી ભાવનાની ધૂપસળી વડે ગંદા વાતાવરણને શુદ્ધ બનાવવું પડશે. વિષય કષાય રૂપી ડાકુઓએ આપણા આત્માનું સામ્રાજ્ય છીનવી લીધું છે. મોહ મમતાના ગાઢ બંધનથી જીવ બંધાઈ ગયો છે અને રાગ દ્વેષના ગાઢ અંધકારમાં આથડયા કરે છે. આ બધાથી છૂટકારો મેળવવા માટે પર્યુષણ પર્વની આરાધના છે. આ પર્વ આપણને કહે છે કે ક્રોધની આગને ઠારી દેવા ક્ષમાનું મધુર ઝરણું પ્રગટાવજો. અભિમાનની અક્કડતા તોડવા નમ્રતાનું માલિશ કરજો. માયાની દુર્ગંધ ટાળવા સરળતાની સૌરભ પ્રસરાવવી પડશે અને લોભ–તૃષ્ણાની ભૂતાવળને ભગાડવા સંતોષનો મંત્ર પ્રયોગ સિદ્ધ કરજો. આ રીતે કરવાથી તમારા ભવરોગો દૂર થશે.

જ્ઞાની કહે છે કે માનવભવ એ ભવ્ય હોસ્પિતાલ છે. સંતો સર્જન ડોકટર બની ભવરોગનું નિદાન કરી રહ્યા છે. સંતો મેડીકલ ડોકટર બની અનંત કાળની અથડામણના ઓપરેશન કરી રહ્યા છે. એ ડોકટરોએ દિવ્યતાની ડોકટરી ટ્રેઈનીંગ લીધી છે. ડોકટરો જીભની પરીક્ષા કરી શરીરના રોગ શોધી કાઢે છે. તે રીતે સંતો પણ માણસની જીભ પરથી મન અને આત્માના રોગો સમજી શકે છે. આવા રોગનું નિદાન કરવા સંતોએ ચાતુર્માસમાં નિદાન કેમ્પ ખોલ્યો છે. સમજણની શરૂ ક્રિયા વડે કરૂણાના ક્લોરોફોર્મ સૂંઘાડી અનંતજ્ઞાનીની આજ્ઞાએ આરાધનાના શસ્ત્રો લઈ કષાય રૂપી કેન્સરને કેન્સલ કરે છે. મોહના મોતિયાને દૂર કરે છે. પૌદ્‌ગલિક સુખના પેરેલાઈઝીઝ દૂર કરે છે. અજ્ઞાનના અલ્સરને કાઢે છે. જડ ભાવના ઝામર દૂર કરે છે. જ્યાં દુન્યવી ભાવનાના ઘા પડયા હોય ત્યાં તત્ત્વનું ટીન્ચર લગાવી આત્માને ભવરોગથી મુક્ત કરે છે. દયાળુ ડોકટરો ફ્રી ઓફ ચાર્જ સેવા

આપી રહ્યા છે. તો અંતર આંગણીયે આત્મ–આરોગ્યના આસોપાલવ રોપવા ભવરોગનું નિદાન કરાવવા પધારો. સંતો રૂપી સર્જીકલ ડોકટરો પાસે વિષયોના વિષને કાઢવા આલોચના રૂપી અમૃત અંતરમાં ભરી શત્રુતાનો નાશ કરી સુલેહ સ્વીકારી લો. અનંત અનંત કાળથી આ આત્મા દિલ દેવળમાં બિરાજતા દેવાધિદેવને ઓળખી શક્યો નથી. તે પુદ્‌ગલ ભાવના પથારામાં મોહી ગયો છે. મોહરૂપી મેનેજરને દિલ દેવળનો ટ્રસ્ટી બનાવ્યો છે. આસક્તિની અગરબત્તી કરી કલ્પનાના કંકુ ઘોળ્યા ને ચેતન એવા આત્મદેવને તિલક કરવા ગયો ત્યારે ચૈતન્ય એવો આત્મા કહે છે, આઘો જા, થોભી જા, દૂર રહે, આસક્તિની આસડછેટથી મને અભડાવ નહિ.

સંતોનો સમાગમ પત્થરને પારસ બનાવે છે. કથીરને કંચન બનાવે, રેતીને રત્ન બનાવે, માનવને મહામાનવ બનાવે, હતાશ થયેલાને હેમ બનાવે, તો આવા સંતસમાગમે આપણા દિલ દેવળમાં બિરાજતા ચૈતન્યદેવને જાગૃતિની ઝાલરીએ જાગૃત બનાવી પરમાર્થના પુષ્પ ધરી, દયાનો દીપ જલાવી, ધ્યેયનો ધૂપ લઈ, આરાધનાની અગરબત્તી મૂકી ક્રાંતિના કંકુ ઘોળી, ત્યાગના તિલક કરીને અનાસકત ભાવની આરતી ઉતારી જીવનમંદિરને મહેંકાવીએ. પર્વોનો પડહ વાગી રહ્યો છે. હે શાસનવીરો! જાગો, કાયરતા ત્યાગો, વીર આજ્ઞા વધાવો! આત્માને ઓળખો.'

આ જીવે જગતમાં બધું ઓળખ્યું છે, પણ ઓળખનાર એવા આત્માને નથી ઓળખ્યો. એ માટે વિચારવું જોઈએ કે હું તે શરીર નહિ પણ આત્મા. આ નામઠામ વગેરે શરીરને અંગે છે. શરીર એ પણ બંધન છે. આપણે અશરીરી બનવું છે. શરીરમાં રહેવા છતાં એમ લાગવું જોઇએ કે હું રાજીથી રહ્યો નથી. કરાજીથી રહ્યા વિના છૂટકો નથી માટે રહ્યો છું. શરીરના યોગે ઉપાધિ કેટલી? શરીર ન હોય તો ન આધિ, ન વ્યાધિ, ન ઉપાધિ, જ્યાં શરીર આપણું નથી ત્યાં પૈસા ટકા આપણા ગણાય? ના, પણ તમે શું માનો છો? કોઈ પૂછે કે તમારૂં શું? એ વખતે ઝટ પેઢી આદિ યાદ આવે છે ને? આપણું શું? એ ગણાવતા આત્માના ગુણોને યાદ કરીએ ખરા? ઉલ્ટું મારે ચાર પેઢીઓ છે એમ બોલતા છાતી કુલાય. શું પેઢીઓ સાથે આવવાની? શરીર અહીં રહેવાનું અને પેઢીઓ? તો પછી જે આપણું નથી તેની આટલી બધી આળપંપાળ શી? હું કોણ અને મારું શું? એ નક્કી થઈ જવું જોઈએ. જૈનકુળમાં, જૈનશાસનમાં, આ નક્કી નહિ થાય તો ક્યાં થશે? આત્માની ઓળખાણ થાય એ માટે જેટલી સામગ્રી અહીં મળે છે તેટલી પ્રાયઃ અન્યત્ર મળી શકતી નથી. જૈનકુળના કુટુંબીઓ પરસ્પર આત્માની વિચારણા કરે છે ખરા? અત્યાર સુધી ન કરી તો હવે તો કરશો ને? આ સામગ્રીને પામવા છતાં આત્માને નહિ ઓળખો તો ક્યારે અને ક્યાં ઓળખશો? જેને આત્માની ઓળખાણ થઈ છે તે દુઃખથી ગભરાતો નથી અને મરણથી ડરતો નથી. જૈનશાસનને પામેલા આત્માઓ દુઃખથી લેશ પણ ગભરાયા વિના અને મરણથી લેશ પણ ડર્યા વિના એવી પ્રવૃત્તિઓમાં મશગૂલ બનવાનો પ્રયત્ન કરે કે જેથી જન્મ અટકી જાય. જન્મ અટક્યો એટલે દુઃખ કે મરણ સઘળું અનિષ્ટ સદાને માટે અટકેલું છે.

કુમારપાળ મહારાજા અન્ય કુળમાં જન્મ્યા હતા, પણ પાછળથી શ્રી વીતરાગ શાસનને પામ્યા હતા. એકવાર મહારાજા કુમારપાળને કોઈએ ઝેર આપી દીધું. એ વખતે એ વૃદ્ધાવસ્થા ભોગવતા હતા. રાજાને ઝેર ચઢવા માંડે છે. વિષપ્રયોગ થયો છે એમ ખબર પડી. મહારાજા ભંડારીને બોલાવીને કહે છે કે જડીબુટ્ટી લાવ. જડીબુટ્ટી તો ત્યાં જ હતી, પણ દુશ્મનોએ જડીબુટ્ટી દૂર કરી હતી, તેથી જડી નહિ. ભંડારી હતાશ થઈને કહે છે, મહારાજા, જડીબુટ્ટી નથી. મહારાજા કહે, એમાં મૂંઝાવાનું કારણ નથી. હતી તો ઉપયોગ કરવાનો વિચાર આવ્યો. નથી તો એની ચિંતા પણ શી? મરણનો ડર હોય તો અત્યારે સમાધિ રહે? વિષપ્રયોગ કરનાર અને જડીબુટ્ટી સંતાડનાર માટે ગુસ્સો આવ્યા વિના રહે? ના, પણ અહીં તો જરાય ગુસ્સો નહિ. એ તો કહે છે કે હું મરણને માટે પણ સજ્જ છું. જેને શ્રી વીતરાગ જેવા દેવ, અને હેમચંદ્ર મહારાજ જેવા ગુરૂ અને કેવલી પ્રરૂપિત ધર્મની પ્રાપ્તિ થઈ છે તેને મરણનો ડર હોય? શું નથી મળ્યું કે મરણથી ડરે? કુમારપાળ રાજામાં આ ભાવ ક્યાંથી આવ્યા? એ જૈનકુળમાં જન્મેલા નહોતા, પણ જૈનત્વ પામ્યા હતા. અજૈનપણે જન્મેલા તે જૈન બનીને મર્યા, તો આપણે તો જૈનકુળમાં જન્મેલા છીએ, છતાં આપણી દશા જુદી જ છે ને?

તમારા જીવનમાં એવો કોઈ પ્રસંગ આવી જાય તો મરણ વખતે સમાધિ રહે એમ લાગે છે? શ્રી વીતરાગના શાસનની શીળી છાંયડી મળી જાય પછી ગમે તેવા વિષમ પ્રસંગોએ પણ આત્મા સમાધિભાવને જાળવનારો બની શકે છે અને કલ્યાણને સાધી શકે છે. મહારાજા કુમારપાળ અજૈનકુળમાં જન્મેલા હતા છતાં જૈનપણું પામી શક્યા તે શાથી? એવી તેમની યોગ્યતા હતી અને એમને કલિકાલ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ જેવા ગુરૂ મળી ગયા. એ વિના કુમારપાળ રાજા જૈન બની શકત ખરા? એમની કુળ પરંપરા જુદા ધર્મની હતી અને સંયોગો વિષમ હતા. શ્રી હેમચંદ્રસૂરીજી મહારાજે યોજના કરીને તેમને જૈન બનાવ્યા હતા. તેમનું આયુષ્ય ૭૦ વર્ષનું હતું. ૫૪ વર્ષની ઉંમરે તો ગાદીએ આવ્યા. એ પછી કેટલાય વર્ષો પછી શ્રી વીતરાગના શાસનને પામ્યા, પણ થોડા વર્ષોમાં એમણે જેવી તેવી આરાધના કરી નથી. એ ઉંમરે પણ એમણે વ્રતો અંગીકાર કર્યા હતા.

એક વાર તેમણે સંઘ કાઢ્યો. કુમારપાળરાજા અઢાર દેશના માલિક છે. ઉંમર મોટી છે, છતાં ગુરૂની સાથે પગે ચાલે છે. એમને પગપાળા ચાલતા જોઈ ને ગુરૂદેવના મનમાં થયું કે રાજા આ રીતે ચાલીને યાત્રા નહિ કરી શકે, તેથી હેમચંદ્રસૂરિ આચાર્યે તેમને કહ્યું. એ વખતે મહારાજા કુમારપાળે શું જવાબ આપ્યો? એ ખબર છે? હું ક્યાં ઓછું રખડયો છું! મેં ઘણું ભ્રમણ કર્યું છે, છતાં તે નિષ્ફળ ગયું અને આ ભ્રમણ તો સાર્થક છે. આત્મા અનંતકાળથી ભટકતો આવ્યો છે. ભૂતકાળમાં તો ભટકયો છે પણ આ જીવનના ભૂતકાળમાં પણ એમ જ બન્યું છે ને? એમને એમ થયું કે ૫૦ વર્ષ પરિભ્રમણ કર્યું, તે તો નિરર્થક થયું છે, આ ભ્રમણ સાર્થક છે. પેલા ભ્રમણમાં ન કંટાળ્યો અને

આમાં કંટાળું? મારું એ સદ્ભાગ્ય છે કે મને આ જીવનમાં આવું ભ્રમણ કરવાની તક મળી. કેવી શુદ્ધ આત્મભાવના! અરે રસ્તામાં ઝાડ આદિને જોઈને પણ વિચાર કરે છે કે આ વૃક્ષોને પણ ધન્ય છે! એણે કેટલાય યાત્રાળુઓને છાયા આપી છે! એમને મન તો તે વૃક્ષો પણ પૂજનીય લાગ્યા. અરે! રસ્તાની ધૂળ લઈને ચૂમે છે. આનંદ પામે છે. કયા ભાવથી? આ ધૂળ પણ આત્માર્થી મહાન સંતોના ચરણ સ્પર્શથી તેમજ યાત્રાળુઓના પાદસ્પર્શથી પવિત્ર બની છે! કેટલી ગુણદૃષ્ટિ! ગુણાનુરાગી બધામાં ગુણ જુએ છે. તમે તો કોઈ આવું કરે તેને ગાંડો કે ઘેલો ગણોને? એ ગાંડપણ નથી પણ ભક્તિભાવ છે. તરવાના સાધનો પ્રત્યે આવો ભક્તિભાવ પ્રગટવો જોઈએ.

કુમારપાળ રાજા શરીર અને આત્માનો વિવેક ન કરી શક્યા હોત તો આટલી મોટી ઉંમરે પગે ચાલીને યાત્રા કરી શકત ખરા? એમને ત્યાં શું સામગ્રીની ખામી હતી? અઢાર દેશના માલિકને વાહન નહોતું મળતું? જોઈએ તેટલા અને જોઈએ તેવા વાહનો તેમને મળે તેમ હતા, પણ એમને તો પોતાના મલિન બનેલા આત્માને શુદ્ધ બનાવવો હતો. અન્ય કુળમાં જન્મેલા પણ શ્રી કુમારપાળ રાજા સદ્ગુરુના યોગે આવા બન્યા અને તમે? જૈનકુળ અને આટલી બધી ઉત્તમ સામગ્રી મળવા છતાં પણ તમે જો મારે આટલા બંગલા, આટલી પેઢીઓ, આટલા બગીચા એમ ગણ્યા કરો તો આ કુળનો અને આ સામગ્રીનો કયો સારો લાભ ઉઠાવ્યો? દુનિયાની ચીજો તો એવી છે કે વિવેકહીનને પાગલ બનાવે અને વિવેકશીલને વિરક્ત બનાવે. જ્યાં સુધી આત્માની ઓળખાણ ન થાય અને બાહ્ય વસ્તુઓને સુખના સાધન માનવાની અજ્ઞાનતા ન ટળે ત્યાં સુધી ધર્મના ઉપદેશની બહુ અસર ન થાય. જેમ મકાન મોટું ચણવાનું હોય તો તેનો પાયો પણ ઉંડો હોવો જોઈએ. તે રીતે જીવમાં જ ખોટા સંસ્કાર પડ્યા છે તે કાઢવા માટે અને સદ્વૃત્તિ ઉત્પન્ન કરવા ઉપદેશની જરૂર છે. તમે સાંભળવા આવો અને અમે તમારા હિતની વાત ન કહીએ તો તે કેમ ચાલે? તમારા સુખની સંતોને ઈર્ષા નથી, પણ તમે દુઃખમાં ડૂબી ન જાવ એ ચિંતા છે. તમારી અણસમજણથી તમને કડવું લાગે એવું પણ કહેવાય તો પણ તેમનો હેતુ હિત કરવાનો હોય.

તમારે બંગલામાં રહેવું પડતું હોય તો પણ એવી રીતે રહો કે જેથી તમને એ મૂંઝવે નહિ, પણ અવસરે સદ્વૃત્તિ ઉત્પન્ન કરે. તમારામાં વિવેકશીલતા આવી જાય તો જે વસ્તુઓ રાગનું કારણ ગણાય છે તે આત્માના વૈરાગ્યનું કારણ થાય. બંગલા પણ વૈરાગ્યનું કારણ બને. એને જોઈને એવો વિચાર આવે કે મારે માટે મેં આટલી મોટી જેલ બાંધી છે કે જેથી મને અહીંથી નીકળવાનું મન થતું નથી. મહેલ હોય, બંગલા હોય, તેના ઝરૂખામાં બેસીને પણ આત્માની વિચારણા કરે તો વૈરાગ્ય રૂપી સાગરમાં આત્મા ઝુલે. તેને એમ થાય કે આવા બંગલામાં કારાગારમાં જીવ તું લીન થઈ જાય છે પછી શું?

જૈનપણાને પામ્યો હોય તે બંગલાઓ ન બાંધે એમ નહિ, બાંધે પણ એનો આત્મા

એને શું કહે ? આ બંગલા તારા નથી. આ બંગલા આત્માના બંધનને ઘટાડનારા નથી પણ વધારનારા છે. શરીર અને આત્માનો સાચો વિવેક પેદા થઈ જાય તો આત્માને એમ જ લાગે કે આ બંગલો જેલ છે. તક મળી જતાં બંગલા અને સાહ્યબીને લાત મારી ચાલી નીકળે. છ ખંડના સ્વામીઓ શી રીતે ત્યાગી બની શકયા હશે ! એમને સાહ્યબી કેવી લાગી હશે ? ભલે તમે અત્યારે બંગલો ન છોડો પણ છોડવો પડે તો જરાય મુંઝવણ વિના છોડી શકો ખરા ? (શ્રોતામાંથી અવાજઃ–હજુ મન માનતું નથી.) બંગલો છોડવાનો આવે ત્યારે એમ થાય કે આવા મોટા બંગલાને છોડીને કેમ જવાય ? અમારા બંગલામાં તો ગરમીના દિવસોમાં ગરમી નહિ. ઠંડી વખતે ઠંડી નહિ, અને વરસાદ પણ નડે નહિ. મનમાં આવું થાય છે ને ? શા માટે મોહ રાખો છો ? બંગલો પણ શું કહેશે, એ તમને ખબર છે ? હું તારી સાથે નહિ આવું તેમ તને અહીંનો અહીં રહેવા પણ નહિ દઉં.

એક માણસ મરેલો બંગલામાં પડયો રહે તો બીજાઓ એ બંગલામાં રહી શકે ખરા ? બીજાને રહેવું હોય તો પહેલા મરેલાને કાઢવો પડે. જ્ઞાની કહે છે પહેલા પોતાની જાતને ઓળખો. ચેતો. આખો સંસાર એવો છે કે જે ન સમજે તેને પાગલ બનાવે છે ને સમજે તેને વિદ્વાન બનાવે છે. જેટલા રસથી સંસારના વ્યવહાર માટે ઉદ્યમ કરો છો એટલો રસ આત્માના મોક્ષ માટે પેદા થઈ જાય તો બેડો પાર. લક્ષ્મી માટે ઓછા જોખમ ખેડો છો ? ઓછા કષ્ટો સહન કરો છો ? અરે, રસ્તામાં ગુંડાનો ભય હોય તેવા સમયે પણ કહો કે બજારમાં ગયા વિના ચાલતું નથી. શા માટે ? પેટમાં નાંખવા નથી માટે ? માત્ર પેટની ચિંતા માટે બજારમાં જનાર કેટલાં ? તમારે તો પેટ નથી ભરવું પણ પટારા ભરવા છે. લક્ષ્મીનું આકર્ષણ તો જૂવો. ભયના સમયમાં પણ બજારમાં ખેંચી જાય છે. અનેક પાપ કરાવે છે. ઘરબાર છોડાવે છે. આવું આત્માના ઘરનું એટલે મોક્ષનું આકર્ષણ પેદા થઈ જાય તો કંઈ કમીના રહે ? ના.

પર્યુષણ પર્વ આપણને પોકાર કરીને એ જ કહે છે કે આ પર્વમાં ચાર બોલની આરાધના કરો. દાન, શીયળ, તપ અને ભાવ. આજે સંસારમાં કંઈક કુટુંબો એવા છે કે જેની પાસે કંઈ જ નથી, છતાં દેવાની ભાવના જોવા મળે છે. પ્રસંગ આવે પોતાની થોડીશી મૂડી પણ દઈ દેતાં અચકાતા નથી. અહીં મને એક પ્રસંગ યાદ આવે છે,

એક વખત આગ લાગી. આગ લાગ્યાના સમાચાર સાંભળતા ઘરડા અમથી મા લાકડી લઈને જઈ રહ્યા હતા. તેમની આંખોમાં આંસુ હતા. રસ્તામાં એક યુવાન પૂછે છે માડી ! તમે કેમ રડો છો ને કયાં જઈ રહ્યા છો ? ભાઈ, જીનમાં ભયંકર આગ લાગી છે. આગ...આગની લોકો બૂમો પાડે છે. યુવાને માજીની મશ્કરી કરતા કહ્યું કે તમે આગ જોવા જતા લાગો છો ? ભાઈ, આગમાં શું જોવાનું હોય ? તું મારી મશ્કરી ન કર. મારે આંધળાની આંખ સમાન એકનો એક દીકરો છે. કેટલા કષ્ટ વેઠીને ઉછેરીને મોટો કર્યો. ભણાવ્યો. એ દીકરો આ જીનમાં કામ કરે છે. જીનમાં આગ લાગી. એ સમાચાર સાંભળ્યા ત્યાં મને મારો દીકરો યાદ આવ્યો છે. મારા દીકરાનું શું થયું

હશે ? જો એ દીકરો આગમાં ભરખાઈ ગયો હશે તો હું શું કરીશ ? તારે મન હાંસી છે પણ મારે મન તો હાય છે. માડીની વાત સાંભળી યુવાનને ખુબ પસ્તાવો થયો. મેં માડીની મશ્કરી કરી એ ખોટું કર્યું છે. તે કહેવા લાગ્યો માજી ! ગભરાશો નહિ. ચાલો, હું તમારી સાથે આવું છું. ભગવાન તમારા ભોળા હૃદયની લાજ રાખશે.

યુવાન ભાઈ માજીનો હાથ પકડી તેમને જીન પાસે લઈ ગયા. આગ ખૂબ લાગી છે. બેટા ! મારો દીકરો બતાવ. મારા દીકરાનું નામ રમણ છે. તે યુવાને તથા ઘણા ભાઈઓએ તપાસ કરી પણ કયાંય રમણનો પત્તો પડતો નથી. જીનનો ભાઈ કહે કે આગમાં ઘણા દાઝી ગયા છે તેમને હોસ્પિતાલમાં લઈ ગયા છે, આપ ત્યાં તપાસ કરો. યુવાન ભાઈ અને માજી બંને દવાખાને ગયા. ત્યાં તો કદી ન જોયું હોય તેવું કરૂણ દૃશ્ય જોવા મળ્યું. દાઝી ગયેલા નાના મોટા ચીસો, ચિચિયારીઓ અને રડારોળ કરી રહ્યા હતા. કેટલાય બિચારા આગમાં સાવ ભરખાઈ ગયા હતા, તેથી તેના સ્વજનો પોક મૂકીને રડતા હતા. બધે તપાસ કરે છે પણ રમણ દેખાતો નથી. ડોશીમા ખૂબ રડે છે. શું તે આગમાં ભરખાઈ ગયો નહિ હોય ને ! આંધળાની લાકડી લૂંટાઇ ગઇ તો નહિ હોય ને ! દીકરા વગર શું કરીશ ? ભાઇ કહે મા- ! હિંમત રાખો. હમણાં હું આપનો દીકરો બતાવું છું. ભાઈ રૂમે-રૂમે ને ખાટલે-ખાટલે ફરી આવ્યો, તપાસ કરતાં છેલ્લે એક રૂમમાં રમણને જોયો. તે ખૂબ દાઝી ગયો છે. નર્સ તેની સેવા કરી રહી છે. ભાઈ માજીને ત્યાં લઇ આવ્યો. દીકરાને જોયો. નર્સને પૂછે છે બેન ! મારો દીકરો કયાં દાઝયો છે ? એટલું પૂછતાં ડોશીમા પછાડ ખાઇને પડયા. કાળો કલ્પાંત કરવા લાગ્યા. રમણ ખૂબ દાઝેલો હતો તેથી બેભાન અવસ્થામાં પડયો હતો. કમનસીબે તેની છાતીનો ભાગ દાઝી ગયો હતો. એટલું જ નહિ પણ એ નિર્દય અગ્નિ-જવાળા એની બંને આંખોને પણ ભરખી ગઈ હતી.

નર્સે વિચાર કર્યો કે જો હું એકદમ માજીને સત્ય વાત કહીશ કે આટલું બધું દાઝયો છે તો તે શું કરશે ? જે મા જોતાં જ પછાડ ખાઇને પડી તે આ સમાચાર સાંભળતા શું કરશે ? તેણે ધીરેથી મધુર અવાજે કહ્યું, માજી ! તમે રડશો નહિ. તમારા દીકરાને સારું થઇ જશે. તમારા દીકરાની છાતી બળી ગઈ છે ને બંને આંખોના પડદા અને કીકી બધું બળી ગયું છે, તેથી આંખો ચાલી ગઈ છે. આ સાંભળતા માતા પછાડ ખાઇને પડી. અરરર... મારો દીકરો આટલું બધું દાઝી ગયો ! માતાના વાત્સલ્યના વહેણ અલૌકિક હોય છે. ખરેખર માતાની તો સંતાનો પ્રત્યે અસીમ મમતા હોય છે. પછી માજી નર્સને કહે છે બહેન ! તું મારી દીકરી છે. આ દીકરો આ ગરીબ માતાનું એકનું એક રતન છે, એને કોઈ હિસાબે બચાવ. હું તારો ઉપકાર કયારે પણ નહિ ભૂલું. નર્સ કહે માજી ! તમારા દીકરાની આંખો તો ગઈ તે ગઇ પણ બીજું બધું સારું થઈ જશે પણ તેની છાતીની ચામડી ખલાસ થઈ ગઈ છે, માટે નવી ચામડી લગાડવી પડશે. દીકરી ! મારી ચામડી ઉતારી લે. મારો આ ઘરડો દેહ સાર્થક થશે. જુઓ માતાનું હેત ! દીકરા માટે કેટલું વેઠવા તૈયાર થાય છે ! પોતાના દેહની પણ દરકાર કરતી નથી.

નર્સ કહે માજી! તમારી ચામડી લેવા જતાં તમારે ઘડપણમાં કેટલી પીડા વેઠવી પડે! બીજા કોઇની મળે તો તપાસ કરું છું. માજી તો છરી લઈને પોતાની જાતે ચામડી ઉતારવા તૈયાર થયા. નર્સ કહે, અરે માજી! તમને સમજણ ન પડે. મને બધી સમજ છે. તમે નહિ ઉતારો તો હું ઉતારી આપું. નર્સના મનમાં થયું કે માજી જાતે ચામડી ઉતારશે તો આડું અવળું વાગી જશે. એમને રાજી રાખવા માટે નર્સે એમની કરચલીવાળી થોડી ચામડી ઉતારી ત્યાં ડોકટર આવી ગયા. માજીની ચામડી ઉતારતા જોઇને ગુસ્સામાં બોલ્યા, તું આ ઘરડી ડોશીને શું કરે છે? નર્સે કહ્યું, અત્યારે વાત કરવાનો ટાઇમ નથી. મેં તેમને ઘણું સમજાવ્યા પણ માતૃહૃદયને સમજવા માટે સ્ત્રી-હૃદય જોઈએ. એ તમારું કામ નહિ. નર્સના દિલમાં દયા હતી. લાગણી હતી. એ સમજતી હતી કે આ રમણ માજીનો એકનો એક દીકરો છે. તેની આંખો ગઈ એટલે તે કમાવાનો નથી છતાં માતાના મનમાં મીઠી આશ છે ને! તેણે તન મનથી ખૂબ સેવા કરી અને સારું થયું. પછી માજી નર્સને કહે છે બેન! જેમ છાતીએ ચામડી કામ લાગી તેમ આંખમાં એમ કરવાથી સારૂં ન થાય? નર્સ કહે–માજી! એવું ન થાય. આપ એમ કહો ને આ તમારું રતન સાજું સારું રહ્યું છે.

નર્સની સાચા દિલની સેવા અને માતાની પ્રેમભરી ચામડીએ થોડા દિવસમાં રમણને તદ્દન સારું થઈ ગયું. એમને ઘેર જવાની રજા મળી ગઇ. માજીના મનમાં થાય છે કે આ નર્સ બહેને બહુ સેવા કરી છે. એનો બદલો કઇ રીતે વાળવો? એક બાજુ બદલો વાળવાની તીવ્રભાવના અને બીજી બાજુ ભયંકર ગરીબી! રમણના ગયા મહિનાના પગાર-માંથી બચેલા માત્ર પાંચ રૂપિયા સિવાય બીજું કંઇ ન હતું. વળી એટલા રૂપિયા આપવા તે આ ગરીબ, પણ મનના મોઠા માજીને બહુ ઓછા લાગ્યા. માએ રમણને પૂછ્યું,–આ નર્સે તારી ખૂબ સેવા કરી છે. તેને શું આપીશું? માતા! અત્યારે તો મારી પાસે કંઈ નથી. તેમજ ઘેર પણ કંઈ ભેટ આપવા જેવી ચીજ નથી. નહિતર એ આપીએ. બહેનને કંઇક સંભારણું આપી જવું હતું. પણ પાસે પાંચ રૂપિયા સિવાય કંઈ નથી. ધનવાન લોકો મોજ માણતા હોય છે. તેમણે ગરીબોને કંઈ બંગલા કે ઘર દઈ દેવાના નથી, પણ માત્ર તમારા વ્યસનોના ખર્ચા બચાવી આવા ગરીબ જીવોને રાહત આપો. હું તો કહું છું કે વધુ ન વાપરો તો આપને જે નફો થાય તેમાંથી ૧૦૦ રૂપિયે ૧૦ પૈસા જેટલું આપતા શીખો તો પણ ગરીબોના દુઃખમાં સહાયક બની શકશો. આપ દિલને ઉદાર અને વિશાળ બનાવો.

આ માજીની સ્થિતિ ગરીબ છે પણ દિલ કેવું દિલાવર છે! ગરીબીમાં પણ અમીરી. છેવટે દવાખાનેથી વિદાય લેતી વખતે નર્સના હાથમાં પાંચ રૂપિયા આપ્યા ને કહ્યું! દીકરી! તેં જે મારા દીકરાની સેવા કરી એ તો અમૂલ્ય છે. એનો બદલો વાળવા મારી પાસે આ પાંચ રૂપિયા સિવાય કંઇ નથી. દાઝેલા માણસની સેવા કરવી એ જેવું તેવું કામ નથી. નર્સ રડી પડી, તેને માજી સાથે મા જેવી પ્રીતડી બંધાઈ ગઈ હતી. નર્સ

કહે–મેં કંઇ જ કર્યું નથી. માત્ર મારી ફરજ બજાવી છે. આ પાંચ રૂપિયા ન હોય. વળી આપે મને દીકરી કહી તો આ મારો ભાઈ થયો. બેન ભાઈની સેવા નહિ કરે તો કોની કરશે? મેં કંઈ ઉપકાર નથી કર્યો. એ તો અમારું જીવન છે. શું આવી ફરજની ભાનવાળા માણસો હશે ખરા? હોય કે ન હોય પણ અહીં તો આ એક બાઈ હતી. નર્સે પૈસા ન લીધા. તેનામાં પણ કેટલી ખાનદાની છે! નર્સ માજીને અને દીકરાને ઠેઠ ઘર સુધી મૂકવા ગઈ. નર્સના મનમાં થાય છે અરરર....દીકરાની આંખો ચાલી ગઈ. માજી ઘરડા છે. આ બંને માણસનું પોષણ કોણ કરશે? શું રાંધશે? શું દીકરાને ખવડાવશે? આ વિચારથી તેના દિલમાં ખૂબ દુઃખ થયું. છેવટે મા કહે–દીકરી! અવારનવાર આવતી રહેજે. મને ખૂબ આનંદ થશે. રમણ નાનો હતો ત્યારે માજી દળણા દળીને જીવન નિર્વાહ ચલાવતી. રમણ કમાતો થયો ત્યારે માજીએ ઘંટી છોડી દીધેલી, પણ વર્ષો પહેલાના એ ઘંટીના અવાજમાં યુવાનીનું જોમ હતું. આજે એ અવાજમાં વૃદ્ધાના વૈધવ્યનો થાક હતો, પણ તે સિવાય છૂટકો ન હતો. એક દિવસ ડોશીમાએ દળતાં દળતાં વિચાર કર્યો કે સારું થયું કે રમણના લગ્ન નથી કર્યા. નહિતર આવનાર કન્યાનું શું થાત! ડોશીમા પાસે માતૃહૃદય હતું. સાથે તેમને બીજાના હિતનો પણ ખ્યાલ હતો.

થોડો વિસામો ખાઈને ડોશીએ ઘંટી ફેરવવી શરૂ કરી, અને કોઈએ આવીને ઘંટીના હાથાને થોભાવ્યો. ડોશીમાને થયું કે આ તો પેલા નર્સ બહેન જેવા લાગે છે. એટલે બોલ્યા, દીકરી! અત્યારે અહીં ક્યાંથી? તેણે કહ્યું, હું કોઈ બહેન નથી. હું તો તમારા ઘરની વહુ....વહુ શબ્દ સાંભળતા માજી આશ્ચર્ય પામી ગયા. શું આ સ્વપ્ન તો નથી ને? ત્યાં તો નવી આવેલી વહુ સાસુના પગમાં પડી. થોડીવાર પહેલાં જેના હિતનો પોતે વિચાર કર્યો હતો તે સાક્ષાત્ અહીં શા માટે આવી હશે? એને કોણે કહ્યું હશે? શું એ સગાઈ તોડવાનું કહેવા આવી હશે? આવા અનેક વિચાર માજીના મનમાં આવવા લાગ્યા. છેવટે વહુએ કહ્યું. મને ખબર મળ્યા એટલે આવી. પણ અત્યારે એકલી તને કેવી રીતે આવવા દીધી? બા! હું કેવી રીતે આવી તેની પાછળ તો લાંબો દર્દભર્યો ઇતિહાસ છે. આ બનાવની વાત સાંભળી ત્યારે મારા પિતાએ મને ઘણું કહ્યું કે હવે તારી સગાઈ બીજે કરીએ. તે માટે ઘણું કર્યું. મેં એમને કહ્યું, નેમનાથ રાજેમતીને પરણવા તોરણે ગયા, હજુ પાંદડું તોડયું નથી ત્યાં પશુઓનો કરૂણ પોકાર સાંભળ્યો ને નેમનાથ તોરણે આવેલા પાછા ગયા. પછી રાજેમતી કાળો કલ્પાંત કરવા લાગી ત્યારે તેના પિતાએ કહ્યું, બેટા! નેમ પાછા ગયા તો ભલે ગયા, નેમ જેવા બીજા ઘણા મળશે, ત્યારે રાજેમતીએ શું કહ્યું, પિતાજી! એક વાર જેની સાથે મારી સગાઈ થઈ ગઈ તે જ મારા પતિ. તેમનો પંથ તે મારો પંથ. હવે મારે બીજો પતિ ન જોઈએ. હવે હું બીજાની ચૂંદડી નહિ ઓઢું.

**"તને વિનવું છું માડી તારા પગમાં પડી, હવે નહિ ઓઢું બીજાની ચુંદડી."**

*તેમ મારા પિતાજીએ મને ઘણું સમજાવી પણ મેં મનથી નિશ્ચય કર્યો કે જેની*

સાથે સગાઈ થઈ તે જ મારા પતિ. મેં કહ્યું, પિતાજી! જો તેઓ સાજા સારા હોત તો આપ મને ત્યાં ન પરણાવત? માટે હું તો ત્યાં જઈશ. એ રીતે પિતાની ઉપરવટ થઈને આવી છું. હવે આજથી હંમેશને માટે અહીં રહેવાની છું. માજી કહે બેટા! એવું ન હોય. તારી યુવાનીના સ્વપ્ના તું બીજે પૂરા કર. દીકરી! તારું નસીબ લઈ જાય ત્યાં તું જા. તું આવી ગઈ એટલું બસ છે. દીકરી! મારા આશીર્વાદ છે કે તને સુખી ઘર મળે.

એ વહુની આંખમાંથી ચોધાર આંસુ સરી પડ્યા. થોડીવાર પછી હિંમત એકઠી કરીને કહ્યું, મને મારું નસીબ અહીં લઈ આવ્યું છે. આ ઘર મને સુખી કરશે. આ મારું ખરું ઘર છે. આ ઘરમાં ઘણું ઘણું ભર્યું છે. તે મને ભોગવવા દો. મને અહીં રહીને સેવા કરવા દો. કોની સેવા? બા! આપ મને શા માટે શરમાવો છો? કોની સેવા? તમારી અને તમારા દીકરાની. દીકરી! એ વિચાર છોડી દે. તારા જેવી સમજુને એવી હઠ ન શોભે. તું અમારા બંનેની આશિષ લઈને જા. મારે આશિષ લઈને જતા રહેવું નથી. હું તો અહીં રહીને આપની આશિષ લેવાની છું. એની ખાત્રી કરવી હોય તો બહાર જઈને જુઓ.

ડોશીમાને થયું એવી તે શી ખાત્રી કરવાનું કહે છે? લાવ, જઈને જોઉં. ડોશીમા બહાર આવ્યા અને જોયું તો રમણ ઘસઘસાટ ઉંઘતો હતો. તેના ગળામાં વરમાળા હતી અને બીજી એક માળા તેમના હાથ આગળ પડેલી હતી. રમણ જાગ્યો ત્યારે માજીએ તેને બધી વાત કરી. એણે પણ એ જ કહ્યું, માતા! એવું ન હોય, મારે ખાતર બીજાનું જીવન બરબાદ થાય એ વિચાર મને મુંઝાવે છે. તું હમણાં જ જઈને મૂકી આવ. એમાં આપણી શોભા છે. ત્યાં સુધી મને ચેન નહિ પડે. ત્યાં તો આવેલી નવવધૂ અંદરથી બોલી હું ચેન પાડવા જ આવી છું. હું અહીંથી જવાની નથી. મેં વરમાળા એકવાર પહેરાવી દીધી છે. મારી પાસે એ એકજ માળા હતી. હવે બીજા કોઈ માટે નથી. તમારા હાથ પાસે પડી છે તે મને પહેરાવી દો, એટલે મારું અહીં રહેવાનું હવે નક્કી થઈ જાય ને બધાને ખાત્રી થાય. મેં તો મનથી ક્યારનું આ ઘર મારું કરી લીધું છે. મા દીકરાએ, પાડોશીઓએ, બીજા સ્નેહીઓએ બહુ સમજાવી પણ બધા નિષ્ફળ ગયા. તેના આત્મનિશ્ચય આગળ બધાએ હાર કબૂલી. આ તો કોઈ ખાનદાન કુળની દીકરી છે. એ કંઈ પતિને થયેલા અકસ્માતથી ખાનદાની ન છોડે!

પુત્રવધૂએ ઘરમાં બેઠા જાતજાતની પ્રવૃત્તિઓ કરીને ઘર ચલાવવું શરૂ કર્યું. સાસુની ઘંટી બંધ કરાવી દીધી. હસતે મુખડે તેણે પતિ અને સાસુના જીવનને ભર્યું-ભર્યું બનાવ્યું. તેના ગુણોથી વહુ રાંકનું રત્ન બની ગઈ. તેના માટે સમાજમાં પ્રશંસાના ગીતો ગવાવા લાગ્યા. એને માટે બધાને સદ્ભાવ થયો. એ મહોલ્લામાં બધા એને "લાડકી રાણી" નામથી બોલાવવા લાગ્યા. અલ્પ સમયમાં એ નાના મોટા સૌની માનીતી ને સૌને પ્રિય થઈ ગઈ. સાસુને તો ખૂબ સંતોષ છે, જાણે મારા ઘરમાં એ કુળદેવી છે.

થોડા દિવસો પછી જે જીનમાં આગ લાગી હતી. તે જીનના માલિક જેણે રમણની તનતોડ સેવા કરી હતી, તે નર્સને લઈને અહીં આવ્યા. જીનના શેઠ મીલમાં આગ લાગવાથી થોડા પાયમાલ થઈ ગયા હતા, પણ તેમનામાં માનવતાનો દીવડો બુઝાયો ન હતો. તેમણે દવાખાનામાંથી અપંગ થયેલાઓની યાદી મેળવેલી એટલું જ નહિ પણ એમને થોડી ઘણી મદદ પોતાના તરફથી મળતી રહે તેવી ગોઠવણ કરેલી. એટલા માટે તે આજે આ નર્સ સાથે અહીં આવ્યા હતા. શેઠ ઝુંપડીમાં આવ્યા. શરૂઆતમ તો રમણની આંખો ગઈ તે બદલ દુઃખ વ્યક્ત કર્યું, પછી કહ્યું-હું તમને થોડી ઘણી પૈસાની મદદ મળતી રહે તે માટે રૂપિયા દશ હજાર લઈને આવ્યો છું. તમારે આંખો નથી એટલે કેટલી મુશ્કેલી પડે તે હું સમજું છું. શેઠ હજુ આગળ બોલવા જાય તે પહેલા પુત્રવધૂએ કહ્યું, શેઠ ! એવું ન માનશો, એમને આંખો નથી પણ એમની આંખો સમાન તો હું છું. એટલે અમારે પૈસાની જરૂર નથી. અમારાથી વધારે દુઃખી હોય, અપંગ હોય, અને જેને કોઈ ન હોય એવા દુઃખીઓ માટે એ રકમ વાપરો. આપ યાદ કરીને આવ્યા તે માટે આપનો ઉપકાર છે. શેઠ તો આ સાંભળીને મૌન થઈ ગયા. હવે આગળ કંઈ બોલવાનું રહ્યું નથી. તેમનું મન ઊંડા વિચારસાગરમાં ઉતરી ગયું. શું ગરીબ ઝુંપડીમાં પણ આવા આત્માઓ વસતા હશે ! નર્સ પણ વિચારના વમળમાં અટવાઈ ગઈ કે આ બધામાં કોને શ્રેષ્ઠ ગણું ? માતાને કે આ યુવાનને ? કે હિંમતભરી પેલી પુત્રવધૂને ! આટલી ગરીબી છે, સામેથી દેવા આવે છે છતાં લેવાની ભાવના નહિ ! કેટલી સંતોષવૃત્તિ ! બીજા જીવો પ્રત્યે અનુકંપા, કરૂણા, વિશાળતા તે ગુણો જીવનને મહાન બનાવે છે.

આ દૃષ્ટાંત ઉપરથી આપણે એ સમજવું છે કે આજે કંઈકને સંપત્તિ મળી છે, છતાં દેવાની ભાવના થતી નથી અને આ ગરીબ કુટુંબમાં સામેથી લક્ષ્મી આપવા છતાં લેતા નથી. પર્વાધિરાજ એ આત્મજાગૃતિનું પર્વ છે. આસક્તિના ગુલાબોના આકર્ષણથી દૂર થવા માટે સહુને એ પોકારી પોકારીને કહે છે. મૂર્છાનો ત્યાગ કરો. આસક્તિની સુંવાળી શય્યામાંથી બેઠા થાઓ. ભવભ્રમણના બંધનોને તોડીને મુક્તિનો મલય સમીર માણવા આગળ આવો. પ્રમાદ દૂર કરો અને જીવનની પ્રત્યેક પળને જાગરણની તેજરેખા વચ્ચે ગૂંથી દો, તો પર્યુષણ પર્વની આરાધના સાર્થક થશે. આજે બા. બ્ર. હર્ષિદાબાઈ મહાસતીજી તથા બા. બ્ર. નવદીક્ષિતા ઉર્વીશાબાઈ મહાસતીજીને સોળમો ઉપવાસ છે. શાતા સારી છે. આગળ વધવાના ભાવ છે. આપ બધા તપમાં જોડાશો, સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૪૭

**ભાદરવા સુદ ૨ ને સોમવાર "મહાવીર જયંતી" તા. ૩૧-૮-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! પર્યુષણ પર્વની આરાધના એ જિંદગીનો

અમૂલ્ય લ્હાવો છે. પર્યુષણ પર્વના પાંચમા દિવસનું સુવર્ણ પ્રભાત ઉગ્યું છે. પર્યુષણ પર્વ એટલે શિવવધૂના મહેલનું અનુપમ દર્શન કરાવનાર દેદિપ્યમાન વિમાન. પરઘર ભટકતા અજ્ઞાન આત્માને સત્ય, સચોટ અને સોહામણું શિક્ષણ આપનારી સમ્યક્ કોલેજ. જીવનમાં છવાયેલા ઘોર અંધકાર અને કષાયોની ગીચ ઝાડી વચ્ચે પણ મોક્ષમાર્ગની પગદંડી બતાવી એના ઉપર ચઢાવવાની તાકાત આ તેજસ્વી પર્વમાં છે. પર્યુષણ પર્વના આ આઠ દિવસો **"આતમને કરે તાજા ને કર્મોને કરે સજા."** કર્મોને સજા કરે છે ને આતમને તાજો કરે એટલે કર્મોના કાટ ઉખાડીને તેજસ્વી બનાવે છે. આભની અટારીએ ટમટમતા તારાઓની સંખ્યાનો કોઈ પાર નથી. એ ટમટમતા તારલા પણ પૃથ્વી ઉપર પ્રકાશ તો પાથરે છે, છતાં એમના નામઠામ જાણવાની કોઈને જિજ્ઞાસા હોતી નથી, પણ એ આભની અટારીએ ઉગતો તેજસ્વી સૂર્ય છે તો આખું જગત એને જાણે છે. નાના બાળકથી લઈને વૃદ્ધ સુધીનો કોઈ માનવ એવો નહિ હોય કે જે એનું નામ જાણતો ન હોય, કારણ કે એના વિના જગતમાં સર્વત્ર અંધકાર ફેલાઈ જાય છે. હજાર કે લાખ પાવરના ગ્લોબ પણ સૂર્યના એક કિરણના પ્રકાશની આગળ સાવ ઝાંખા ને નિસ્તેજ બની જાય છે. જો માત્ર એક દિવસ સૂર્ય ન ઉગે તો દુનિયા કેવી અંધકારમય બની જાય તે કલ્પના કરવી પણ અશકય છે, તેથી સૂર્ય આકાશમાં પોતાનું એક છત્રી સામ્રાજ્ય જમાવી શકયો છે. આ રીતે પર્યુષણ મહાપર્વ પણ પર્વોના હજારો ટમટમતા તારાઓ વચ્ચે એક હથ્થુ સામ્રાજ્ય અને સત્તા ભોગવનારું પ્રકાશમય પનોતું પર્વ છે. આ મહાપર્વ આપણા જીવનના અંધકાર ઉલેચવા પ્રતિવર્ષે આપણી પાસે આવે છે ને જાય છે.

આ પર્વ સંસારના સમરાંગણમાં શૂરવીર બની વિજયની વરમાળ વરવા માટેનો શંખનાદ ફૂંકી રહ્યું છે. આ શંખનાદ સાંભળીને જાગૃત બનો અને કર્મના રસિક મટીને કલ્યાણના રસિક બનો. સૂર્ય તો ૩૬૦ દિવસ ઉગીને આથમે છે, છતાં એ અસ્ત થતાની સાથે એનો પ્રકાશ પણ એની સાથે ચાલ્યો જાય છે. એક રાત પણ એના પ્રકાશની અસર પૃથ્વી પર દેખાતી નથી. ત્યારે આ મહાપર્વ ૩૬૦ દિવસમાં માત્ર એક વાર આવે છે છતાં એની પ્રેરણા ઝીલનારને એનો પ્રકાશ ૩૬૦ દિવસ સુધી મળ્યા કરે છે. અહિંસા અને મૈત્રી એ આ પર્વની એક મહાનમાં મહાન ભેટ છે. "આત્મવત્ સર્વ ભૂતેષુ"નો મુદ્રાલેખ જીવનની દિવાલે કોતરી બીજાના સુખે સુખી અને બીજાના દુઃખે દુઃખી થઈ એના દુઃખ દૂર કરવાના પ્રયત્ન કરવાનું આ મહાપર્વનું એલાન છે.

આજે મહાવીર પ્રભુનો જન્મ વાંચવાનો મંગલકારી દિન છે. આત્મ-સ્વભાવની સ્મૃતિ કરાવવા માટે જ્ઞાનીઓએ આપણા માટે આઠ દિવસનો કાર્યક્રમ ઘડયો છે. આજના દિવસે પરમ તારક ચરમ તીર્થપતિ પરમાત્મા મહાવીર દેવ જેમનું પવિત્ર ચરિત્ર સાંગોપાંગ પર્યુષણ મહાપર્વમાં આપણે સાંભળીએ છીએ. આજે આપણે તેમનો જન્મદિન વાંચવાનો

છે. એ ભગવાને ભગવાન બનતા પહેલાં પૂર્વભવમાં કેવી આરાધના કરીને તીર્થંકર પદની પ્રાપ્તિ કરી તે આપણે જાણવું જોઈએ.

કળી ખીલીને કમળ બને છે તેમ આત્માની પૂર્ણતા ખીલતા પરમાત્મભાવ પ્રગટ થાય છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પરમાત્મા અને પૂર્ણ બન્યા. આ પૂર્ણતાનું બીજ નયસારના ભવમાં વવાયું. આગળ જતા એ બીજ પર વિકાસની તેજી મંદીએ આવતી ગઈ. નયસારના ભવથી સત્તાવીસમા ભવે એ બીજ વિકસીને વિરાટ વડલામાં પલટાઈ ગયું અને નયસાર શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બન્યા. આ અવસર્પિણીના આદ્ય ધર્મપિતા ભગવાન ઋષભદેવ સ્વામીથી પણ પહેલાના કાળ સાગરના કિનારે ઉભેલા નયસારના જીવનમાં આત્મવિકાસનું એક દ્વાર એવી અણધારી રીતે ખુલી ગયું કે એમના અંતરના ઓરડામાં સમ્યક્ દર્શનને પ્રવેશ મળી ગયો, અને મોહની ગ્રંથિ ભેદાઇ ગઈ. એ નયસાર કોણ હતો અને તેણે કેવી રીતે સમ્યગ્ દર્શન પ્રાપ્ત કર્યું તે આપણે વિચારીએ.

ભગવાન મહાવીર સ્વામીના જીવે મહાવિદેહ ક્ષેત્રમાં સુથાર કોમમાં જન્મ લીધો હતો. તેમનું નામ ત્યાં નયસાર હતું. નયસાર શત્રુમર્દન રાજાના રાજ્યનો ગ્રામમુખી હતો. તેમનામાં લાકડા પારખવાની શક્તિ અજબ હતી. જેમ ઝવેરી રત્નને જોઈને તરત તેની કિંમત કરી શકે તેમ નયસાર લાકડા પારખવામાં ખૂબ હોંશિયાર હતો. એક વખત રાજાએ નયસારને કહ્યું કે મારે એક ભવ્ય મહેલ બનાવવો છે. તે માટે ઉંચા પ્રકારના મજબૂત લાકડા લાવવા છે. એ જમાનામાં અત્યારની જેમ સીમેન્ટ અને કાંકરેટના બોકસીંગ ભરીને મકાન બનતા ન હતા. મકાનમાં લાકડું વધારે વપરાતું. નયસાર બધા સુથારોના નેતા હતા. ગાડાઓ આદિના વિશાળ કાફલા સાથે એ જંગલમાં લાકડા લેવા ગયા. યોગ્ય સ્થાન મળતાં તંબુઓ તણાયા અને સહુ પોતપોતાના કામે વળગ્યા. લાકડા ઘણાં કાપવાના હતા એટલે બધાને જમવા માટે રસોઈની સામગ્રી લઈને ગયા હતા. બપોરે જમવાનો સમય થયો એટલે નયસારે કહ્યું, હમણાં કામ બંધ કરો. ધરતી ઘણી તપી ગઈ છે માટે કામ બંધ કરી બધા જમવા માટે ચાલો. તેના દિલમાં દયા, કરૂણા હતી. કંઈક જગ્યાએ આજે જોવા મળે છે કે શેઠ ૧૨ વાગે જમી લે. પછી થોડીવાર આરામ કરે પણ નોકરને જમવા માટે છૂટો ન કરે. આ નયસાર એવો ન હતો. ૧૨ વાગ્યા એટલે બધાને કામ બંધ કરી જમવા બોલાવ્યા.

આ વખતે નયસારના હૈયામાં રમતા પરાર્થભાવે એને એક જુદી ભાવનાથી ભાવિત બનાવ્યો. અનંત નિદ્રામાંથી જાગવા કંઈ વર્ષો નથી જોઈતા. જાગૃતિનો એકાદ સાદ ઝીલાઇ જાય તો વળતી પળે, માણસ જાગી જઈને સન્માર્ગે ચાલતો થાય છે. નયસારના જીવનમાં એક પળ આવી ગઈ. ભૂખ કકડીને લાગી હતી. ભાણું ભરેલું પડ્યું હતું; ત્યારે આવા

ભરજંગલમાં એના હૈયામાં એક શુભ ભાવના જાગ્રત થઇ કે મને કોઇ સંત કે અતિથિ મળી જાય, એ ન મળે તો કોઇ સ્વધર્મી ભાઇ મળી જાય, તો એનો લાભ લઇને પછી ભોજન કરું. તો મારું અન્ન પવિત્ર થાય. તે જૈન ન હતો. પણ તેની ભાવના કેટલી પવિત્ર હતી! તમે આટલા બધા બેઠા છો, કેટલા શ્રાવકો ભાવના ભાવતા હશે કે સંત સતીજી પધારે તો વહોરાવવાનો લાભ લઈને જમું! આ તો સુથાર હતા છતાં અતિથિને જમાડવાની ભાવના જાગી. જ્યારે પોતાના ઉપાદાનની જાગ્રતિ થવાની હોય છે ત્યારે નિમિત્તના સંયોગો પણ કુદરતી મળી રહે છે.

**નયસાર અતિથિની શોધમાં:**–નયસાર ભાણા પરથી ઉભો થઇ ગયો. એણે દૂર–સુદૂર આશાભરી મીટ માંડી. જંગલમાં ચારે તરફ દૃષ્ટિ કરવા લાગ્યો. શોધતા શોધતા નયસાર એક ટેકરી પર ચઢયા, તો નીચે એક મુનિને જોયા, તેથી તેમને ખૂબ આનંદ થયો અને હર્ષભેર દોડતા મુનિ પાસે આવ્યા. મુનિ એકલા હતા. તે સાગારી સંથારો કરવા ઈરિયાવહી પડિક્કમે છે. આ મુનિ એકલા કેમ હતા? બન્યું એવું કે ઘણાં સંતો વિહાર કરતા કરતા જંગલમાંથી પસાર થઇ રહ્યા હતા. વિહાર કરતા આ સાધુ શારીરિક કારણે પાછળ રહી ગયા. જંગલમાં તો કેડીના ઘણા રસ્તા નીકળતા હોય. આ સંત કેડીના માર્ગે એકલા ચઢી જતાં ભૂલા પડી ગયા. વચમાં ઘણાં ડુંગરા ને ટેકરા આવ્યા. ચારે તરફ માર્ગ શોધવા લાગ્યા પણ સાચો માર્ગ જડતો નથી. ગરમી કહે મારું કામ. બરાબર ખરો બપોર થઇ ગયો. સંત ભૂખ તરસથી આકુળવ્યાકુળ થઇ ગયા છે. ગરમીમાં કંઠ સુકાવા લાગ્યો. આંખે અંધારા આવવા લાગ્યા. હવે ચાલવાની શક્તિ રહી નથી. એટલે મુનિએ વિચાર કર્યો કે ખરેખર હું ભૂલો પડયો છું. કોઈ માર્ગ બતાવનાર માણસ દેખાતો નથી. નજીકમાં કોઈ ગામ પણ દેખાતું નથી. તો હવે સાગારી સંથારો કરવો તે મારા માટે શ્રેષ્ઠ છે. ત્યાં નયસાર પહોંચી ગયો. અને વંદન કરીને કહ્યું, અહો ગુરૂદેવ! આપ આવા ભયંકર જંગલમાં એકલા ક્યાંથી આવી ચઢ્યા?

**જંગલમાં મંગલ:**–મુનિએ કહ્યું, દેવાનુપ્રિય! વિશાળ સાધુ સમુદાય સાથે વિહાર કરીને જતાં શારીરિક કારણે પાછળ રહી જવાથી હું માર્ગ ભૂલવાથી ચારે બાજુ ખૂબ ફર્યો પણ મારે જે ગામ જવું છે તે ગામ જવાનો માર્ગ ન મળ્યો, અને ફરતો ફરતો આ અટવીમાં આવી પહોંચ્યો છું. ભૂખ તરસથી આકુળ વ્યાકુળ થઇ ગયો છું, પણ મને એનું દુઃખ નથી, કારણ કે જૈન મુનિઓ આવા પરિષહ હસતા હસતા સહન કરે છે, પણ મારો સાધુ સમુદાય મારી ચિંતા કરતો હશે તેનું મને દુઃખ થાય છે. માટે ભાઈ! તું મને માર્ગ બતાવ. જેના દિલમાં સંતની સેવા કરવાનો અપૂર્વ આનંદ છે, તેવા નયસાર કહે છે ગુરૂદેવ! આપનું મુખ જોતાં એમ લાગે છે કે હવે આપનામાં ચાલવાની શક્તિ રહી નથી. મુખ કરમાઇ ગયું છે. ભૂખ તરસ આપને પીડી રહી છે. વળી અત્યારે તો ધરતી પર પગ મૂકાતો નથી, માટે આપ અમારા તંબુમાં પધારો. અમારો તંબુ નજીકમાં છે. અમારા માટે બનાવેલ ખાવાનું, નહાવા માટે કરેલ ગરમ

પાણી તૈયાર છે. બધું નિર્દોષ છે. આપ પધારો અને મને લાભ આપીને પાવન કરો. આ પળ અજબની હતી. નયસારની ઉચ્ચ ભાવના જોઈને મુનિ તેમની સાથે ગયા. દાનનું પાત્ર પવિત્ર હતું. નયસારે મુનિને નિર્દોષ આહાર પાણી વહોરાવ્યા. જંગલમાં મંગલ રચાઈ ગયું. નયસારનું મન પ્રસન્ન બનીને નાચી ઉઠ્યું. એની ભાવના સાચી હતી તો શ્રેષ્ઠ સુપાત્ર મળી ગયું.

આહાર પાણી કર્યા બાદ થોડીવાર વિસામો ખાઈને થાક ઉતાર્યો, પછી મુનિએ કહ્યું, ભાઈ! હવે હું જાઉં છું. નયસારે કહ્યું હું આપને માર્ગ બતાવવા માટે આવું છું. મુનિને ટૂંકા રસ્તેથી લઈ ગયા, સંત સમુદાયમાં ભેગા થયા. પછી નયસાર જ્યારે જવાની તૈયારી કરે છે ત્યારે સંતે એને મોક્ષનો ભાવમાર્ગ સંક્ષેપથી કહી સંભળાવ્યો. સંસારમાંથી કર્મમુક્ત થઈને સિદ્ધશિલા ભણી જવાના મોક્ષ માર્ગથી ભ્રષ્ટ થઇ ગયેલા આત્માના કેવા બે હાલ થાય છે? એ ક્યાં ક્યાં ભટકે છે? એ કઇ કઈ રીતે અથડાઈ, કુટાઇને લોહીલુહાણ બને છે! એને જન્મ-જરા-મરણના કેવા કારમા દુઃખો સહન કરવા પડે છે, અને આ બધાથી મુક્ત થઈને સર્વ દુઃખ રહિત સચ્ચિદાનંદ ઘન સ્વરૂપ પરમાત્મ પદ પામવાનો ઉપાય કયો છે? એ બધી વાત મુનિએ નયસારની આગળ રજુ કરી; નયસારે દ્રવ્ય માર્ગ બતાવ્યો તો મુનિએ એને ભાવમાર્ગ બતાવ્યો. નયસારે મુનિના મુખેથી ભાવભીની આંખે સદ્ધર્મ અને નવકારમંત્રનો સ્વીકાર કર્યો. સર્વ પાપનો અને સર્વ દુઃખનો નાશ કરીને સદ્‌ગતિ આપનારો ધર્મ એણે હૈયાના બહુમાનથી ગ્રહણ કર્યો.

**નયસારના આત્મામાં થયેલો પ્રકાશ :**–શાસ્ત્ર કહે છે કે કેવળજ્ઞાન પૂર્ણ પ્રકાશ છે. એનો આંશિક પ્રકાશ સમ્યગ્ દર્શનમાં છે. સંસાર પરના નિર્વેદભાવ અને મોક્ષ પરના સંવેગ ભાવના પ્રભાવે પરિણામની વિશુદ્ધિ થઈ. મિથ્યાત્વની ગ્રંથિ ભેદાઇ. ૬૯ કોડાકોડ સાગરોપમ ઝઝેરા કર્મો ક્ષય થયા અને સમ્યગ્દર્શનનો સૂર્ય ઉદયમાન થયો. સમ્યગ્દર્શનના સૂર્યોદયથી મિથ્યાત્વના અંધકારથી ભરેલા નયસારના જીવનમાં પ્રકાશ પથરાયો. ભગવાન શ્રી મહાવીર સ્વામી તરીકેના ભવમાં તીર્થંકરત્વના જે તેજ ઝળહળી ઉઠવાના હતા એની ઉષા નયસારના અંતરના આકાશે આમ અણધારી રીતે પ્રગટી ઉઠી. બસ હવે દર્શન સાચું મળી ગયું. દૃષ્ટિ હવે સમ્યક્ બની ગઇ. સ્વ-સંવેદનથી અને જડ ચેતનનું સ્વરૂપ સમજાતાં નયસારના આત્મામાં અપૂર્વ આનંદ થયો. બહિરાત્મ દશા ટળી ગઈ અને અંતરાત્મ દશા આવી ગઇ. બહિરાત્મા કાયાને આત્મા તરીકે માને, એટલે જે કાયાનું તે પોતાનું માને. કાયામાં અનાજ ગયું તો માને કે હું ધરાયો અને પુષ્ટ થયો. પછી ભલેને ધર્મ વિના આત્મા દુઃખી અને દુર્બળ હોય. કાયા મેલી તો પોતાને મેલો માને. કાયા માંદી તો પોતાને માંદો માને. કાયાના સગાવહાલા જો હયાત નહિ તો પોતાને એકલો અટૂલો માને. કાયાને સગવડ તો પોતાને સુખી માને, અને કાયાને અગવડ તો દુઃખી માને. આ બહિરાત્મ દશા છે તે પાપ રૂપ છે.

બહિરાત્માઓ જગતમાં જે મત અને વલણ કાયા માટે ધરાવે છે તેને ખસેડી આત્મા માટે ધરાવે તે અંતરાત્મા. અંતરાત્મ દશામાં આત્મા તો કાયાનો સાક્ષી માત્ર બને. આત્માના ક્ષમાદિ આંતરકુટુંબ રહિતપણામાં પણ પોતાને માંદો, મેલો, એકલો અટુલો અને દુઃખી માને પણ કાયાના મંદવાડ, મેલ વગેરેમાં નહિ. આંતરભાવ એટલે કાયાનો સાખીધર. સાખીધર એટલે કાયાના રંગમાત્ર જોયા કરવાના. કર્મને પલ્લે પડેલી અર્થાત્ કર્મના ઉદયને વશ પડેલી કાયાને કેવા રંગ કરવા પડે છે. તે ફક્ત આત્માએ નિહાળવાનું. તે એમ સમજે કે કાયા એ હું નહિ, કાયા તે ભાડૂતી અને આત્મા તે હું. શરીર માટે કરવું પડે તો માને કે આ ભાડૂતી કાયાના મોહથી મેં આ કાર્ય કર્યું. ખાવાની લગની નથી પણ કાયા (શરીર) ચાલતી નથી માટે ખાવાનું છે. એ રસપૂર્વક નહિ પણ સાક્ષી તરીકે. એમ કાયાની દરેક વાતમાં પોતે માત્ર સાક્ષી રાખે પણ એમાંનું કંઈ જ પોતાનું નહિ. તમે જતા હો અને સિપાઈ પરાણે તમને રસ્તે જતા કોઇની સાક્ષી માટે કોર્ટમાં લઇ જાય તો તમે શું કરો? અલિપ્ત સાક્ષી બની ઓછામાં ઓછી પંચાતે પતાવો ને? તેમ આપણે આપણી કુટિલતાથી કર્મસિપાઈના હાથમાં પકડાઈ ગયા છીએ. તો આપણે તો માત્ર સાક્ષી આપવાની, ટુંકમાં પતાવવાનું, પોતાનું નહિ કરવાનું, રસ નહિ લેવાનો, માણસ કાયાની ક્રિયા પોતાની માનીને કરે, એમાં રસ લે એટલે કર્મથી બંધાય, પણ પોતાની માનીને ન કરે, રસ ન લે, ટુંકે પતાવે, માત્ર સાક્ષી બને તો છૂટકારો પામે. રસ લે એટલે પરતંત્ર અને સાક્ષી બને એટલે સ્વતંત્ર. તમને શું પસંદ છે? પરતંત્ર અને બંધાવાનું કે સ્વતંત્ર અને છૂટવાનું? જો બંધાવાનું પસંદ ન હોય તો રસ લેવાનું છોડી ઉદાસીન બનો. પોતાનું-મારાપણું છોડી દઇ કાયાને પારકી માનો અને ટુંકે પતાવવાનું રાખો. બહિરાત્મા એ કાયાને આત્મા માને. એમાં ભરપુર રસ લે એટલે એને તો આત્માને સુંદર બનાવવાની વાત નહિ. તે તો જુએ છે કે કાયાનો મેલ ગયો ને? બસ થઈ ગયા સુંદર પણ એના કરતાં કંઈક ગણો મેલ ને ડાઘ આત્મા પર લાગેલા હોય એની ચિંતા જરાય ન કરે. બહિરાત્માઓ બાહ્ય પુદ્ગલની સુંદરતાના પ્રેમી અને અંતરાત્માઓ આત્માની સુંદરતાના પ્રેમી.

બહારની સુંદરતામાં ખર્ચ લાગે, મહેનત લાગે ને ઉપરથી બેવકુફ બનવાનું થાય. મેલું થયેલું કપડું સાફ કરવા બે રૂપિયાનો સાબુ જોઈએ, પાણી જોઈએ, બાહ્યની પાછળ કેટલી રામાયણ, કેટલો ખર્ચ અને સમયનો ભોગ. જાગ્રત આત્માને આ કામ કરવાનું પસંદ ન હોય પણ કર્મનો ઉદય હોય તો કરવું પડે છતાં એ કરે છે વેઠીયાની વેઠ જેવું. રસ લીધા વિના. સાક્ષી તરીકે, કર્તા તરીકે નહિ. સ્નાન કરવું પડે તો માને કે આ પારકી વેઠ કરવી પડી, શું કરીએ? આ દેહની ગુલામી લઇને બેઠા છીએ તો આ કરવું પડે છે, પણ હવે એને ગમે તેમ પતાવો, પણ બહિરાત્મા તો કર્તા બની બેસે છે અને કાયાને પોતાની માને તેથી સમજે છે કે હું કેવો ઉજળો અને સ્વચ્છ થયો! કેવું સરસ મેં સ્નાન કર્યું! અંતરાત્મા એમ વિચાર કરે કે કાયાના મોહમાં ફસાઈ કાયાને અનુકૂળ એવું કરવા પાછળ મેં મારા આત્માનો અને મહામૂલો માનવ જીવનનો સમય બધો ખુવાર કર્યો. એમાં ય કાયાનું સુધારવાનું તો પુરું થયું નહિ, અને આત્માનું એટલે કે મારું

પોતાનું સુધારવાનું ગુમાવ્યું ! બસ, હવે જે સમય બાકી છે એમાં બને તેટલું આત્માનું સારૂં કરી લઉં !

નયસારના આત્મામાં બહિરાત્મ દશા ટળી અને અંતરાત્મ દશા આવી. સમ્યક્ત્વનો સૂર્ય ઉદયમાન થયો. એના તેજમાં જીવનને દોરતા દોરતા નયસારે એક દિવસ મહામંત્ર શ્રી નવકારમંત્રના સ્મરણપૂર્વક દેહનો ત્યાગ કર્યો, અને સૌધર્મ દેવલોકમાં ગયો. નયસારના જીવનમાં આવી ગયેલી પ્રકાશની એક પળે એના જીવનને કોઈ નવો વળાંક આપ્યો, અને એ સૌધર્મ દેવલોકમાં દેવ થયા. દેવલોક પણ કયાં કોઈને કાયમ સંઘરી રાખે છે ? એક દિવસ દેવલોકનો દીર્ઘ આયુષ્યકાળ પૂર્ણ થયો અને એ દેવ વિશાળ વૈભવોથી છલકાતા ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત ચક્રવર્તીના ઘર આંગણે એમના પુત્ર રૂપે જન્મ પામ્યો. એનું નામ મરીચિ પાડયું. પિતાની રિદ્ધિ સિદ્ધિ ચક્રવર્તીની હતી, છતાં એક દિવસ જાગવાની એક પળને મરીચિએ આવકારી લીધી. ભગવાન ઋષભદેવ કેવળજ્ઞાન પામ્યા પછી ભરત મહારાજા પ્રભુના વંદને આવ્યા. મરીચિ પણ સાથે હતા. પ્રભુની મીઠી મધુરી ધર્મદેશના સાંભળતા એને સંયમની લગની લાગી. પિતા ભરત મહારાજાની અનુમતિ મેળવીને સંસારની દોમ દોમ ઋદ્ધિને ઠુકરાવી દઈને મરીચિએ ઋષભદેવ ભગવાન પાસે દીક્ષા લીધી.

ભગવાનના પગલે પગલું ઉઠાવતા મરીચિ મુનિ ચારિત્ર ધર્મની એક પછી એક આચારને પાવન કરતા આગળ વધવા માંડયા, પણ એક એવી પ્રમાદની પળ આવી ગઈ કે મુનિ મોહમાં મુંઝાયા. ઉનાળાના દિવસો હતા. ખુલ્લા પગે ચાલતા કાંટા-કાંકરા વાગે તે સહન ન થાય. ભગવાનનો મુનિધર્મ તો છત્રની છાયામાં માનતો ન હતો, પગમાં પગરખા પહેરવાની આજ્ઞા ન હતી. મરીચિથી જીવનભર સ્નાન કરાય નહિ અને લોચ કરવો એ કઠીન લાગ્યું. ભગવાનના મુનિધર્મને તો સ્નાન સાથે સ્નેહ ન હતો. વિલેપનની તો વાત જ શી ! મરીચિમુનિ આ પરિષહ સામે ટક્કર ઝીલી ન શકયા. ચારિત્રને આવરતી કર્મની ફોજ પ્રબળ બની અને મુનિએ નવો વેષ સજ્યો. દિલમાં રહેલી દાક્ષિણ્યતા ઘરભણી પીછે હઠનું પગલું ભરવા સાફ ના કહી રહી હતી, તેથી મરિચી મુનિએ ત્રિદંડી સંન્યાસીનો વેશ ધારણ કર્યો. માથે શિખા રાખી. હાથમાં દંડ ! થોડો પરિગ્રહ ! ભગવા કપડાં ! છાયા માટે છત્ર ! ચંદનના સુગંધી લેપ ! અલ્પ જળથી સ્નાન અને પગમાં પગરખા ! પ્રમાદની પળે મરિચિ મુનિને મુંઝવ્યા ને તેમણે આ રીતનો નવો વેષ સજ્યો, પણ એમની શ્રદ્ધા મજબૂત હતી તેથી તે કહેતા-ભગવાનનો માર્ગ સાચો છે, પણ હું આવું કઠણ સહન કરી શકતો નથી, તેથી ત્રિદંડીનો વેશ રાખીને ભગવાનની સાથે ફરતો, અને ભગવાન જ્યાં બિરાજે ત્યાં તે તેમના સમોસરણની બહાર બેસતો અને પોતાની પાસે જે કોઈ આવે તેને ધર્મનો ઉપદેશ આપી વૈરાગ્ય પમાડીને ભગવાનની પાસે મોકલતો.

ભગવાનથી જુદા થયેલા મરીચિ વિચારથી ભગવાન ઋષભ દેવના અનુયાયી રહ્યા હતા. એમનો નવો વેશ જોઈને લોકો એમને ધર્મ પૂછતા. સાચો સંયમ તો તેઓ

ભગવાન ઋષભદેવના મુનિસંઘમાં જણાવતા. પોતાની ત્રુટી કબૂલતા, એમની આંખમાં એક છૂપું આંસુ પણ સરી પડતું. અનેક માણસોને સદ્ધર્મ સમજાવીને પ્રભુના શ્રમણ-સંઘમાં સામેલ કરતા. વિહાર તેઓ ભગવાનની સાથે કરતા. થોડા વર્ષો આ રીતે ચાલ્યું. આચારથી અલગ થયેલા મુનિ હજુ વિચારથી વેગળા નહોતા થયા. કંઈક આત્માઓને એમણે પ્રભુનો સંયમ માર્ગ ચીંધ્યો.

વર્ષો વીત્યા. વિનીતા નગરીનું ઉદ્યાન પ્રભુની પધરામણીથી પ્રસન્ન બની ઉઠયું. મહારાજા ભરત, પ્રભુની ધર્મદેશના સાંભળવા આવ્યા. તીર્થંકર પ્રભુની વાણી એટલે જાણે વરસ્યા બારે મેહ ! સાંભળ્યા જ કરીએ. ઉઠવાનું મન ન થાય. ભગવાનની દેશના પૂરી થયા બાદ ભગવાનને વંદન કરીને ભરત મહારાજાએ પૂછ્યું, હે મારા ત્રિલોકીનાથ ભગવાન ! આ સમવસરણમાં કોઇ એવો જીવ છે ખરો કે જેના લલાટમાં તીર્થંકરત્વના લેખ લખાયા હોય ! ભગવાને મરીચિ તરફ આંગળી ચીંધતા કહ્યું કે હે ભરત ! આ સમવસરણની બહાર તારો પુત્ર મરીચિકુમાર અત્યારે જે ત્રિદંડીના વેશમાં છે તે આ ચોવીસીમાં ચરમ તીર્થંકર ચોવીસમા મહાવીર સ્વામીના નામે બનશે. પોતાના પુત્રનું આવું મહાન ભાવિ ! ભરત મહારાજાને ખૂબ આનંદ થયો. પ્રભુએ ફરીને કહ્યું ભરત ! મરીચિ મહાવીર થશે, એ પહેલા વચ્ચે વચ્ચે ઘણી મહાન ઋદ્ધિઓનું એ સ્વામીત્વ પામશે. પોતનપુરમાં ત્રિપૃષ્ઠ નામના પહેલા વાસુદેવ થશે, અને મહાવિદેહ ક્ષેત્રમાં મૂકા નગરીમાં પ્રિયમિત્ર નામના ચક્રવર્તી થવાના લેખ પણ મરીચિના લલાટે લખાયેલા છે. આ વાત સાંભળીને ભરત મહારાજાનું દિલ મરીચિમાં છૂપાયેલા ભવિષ્યના ચરમ તીર્થંકર મહાવીરને વંદન કરવા તલસી રહ્યું હતું. તેઓ મરીચિની પાસે આવીને વંદન કરતા બોલ્યા. મરીચિ ! તમે સંન્યાસી છો. ભગવો તમારો વેશ છે. ભરત ખંડના પ્રથમ ચક્રવર્તી પિતાના તમે સંન્યાસી સંતાન છો, એથી નહિ પણ તમે આ ચોવીસીમાં તીર્થપતિ ચરમ તીર્થંકર ચોવીસમા મહાવીર સ્વામી થવાના છો, માટે હું તમને વંદન કરું છું. ત્રિપૃષ્ઠ વાસુદેવ અને ચક્રવર્તીપણું તમારા ચરણમાં આળોટવાનું છે, માટે વંદન નથી કરતો પણ મારી વંદણા તો તમારામાં છૂપાયેલા મહાવીરને જ છે !

ભરત મહારાજા તો આમ કહીને વિદાય થઈ ગયા. મરિચી ભાવીની ઋદ્ધિના કલ્પના દર્શનને પણ પચાવી ન શકયા. એમના હૈયામાં ગર્વભર્યા બોલ ઘૂમરાવા માંડ્યા. હું વાસુદેવ ! હું ચકવર્તી ! હું તીર્થંકર ! મરીચિ ઉભો થઇ ગયો. આનંદની ચપટીઓ અને હર્ષને વ્યક્ત કરતું ગર્વ નૃત્ય કરતાં એ બોલ્યા. "आद्योऽहं वासुदेवानाम्" વાસુદેવોમાં હું પહેલો ! पिता मे चक्रवर्तीनाम्" ચક્રવર્તીઓમાં મારા પિતા પહેલા "पितामहो जिनेन्द्राणां" તીર્થંકરોમાં મારા દાદા ઋષભદેવ પહેલાં "ममाहो उत्तमं कुलम् ।" અહો મારું કુળ કેવું ઉત્તમ ! વળી હું ચકવર્તી થઈશ અને તીર્થંકર પણ થઈશ. આ નૃત્યમાં મરીચિ ભાન ભૂલ્યો. કુળનો મદ કરવાથી એમણે નીચગોત્ર નામ કર્મ બાંધ્યું. માનકષાય આવી ગઈ. બાહુબલીજીની કેટલી અઘોર સાધના ! અરે, તેમના શરીરે વેલડીઓ વીંટળાઈ

ગઈ. પંખીઓએ માળા નાંખ્યા. કેટલી જમ્બર સાધના! છતાં માનનો એક અંકુરો! હું ભગવાન પાસે જાઉં તો મારા ભાઈઓને મારે વંદન કરવા પડે ને! આટલી માન-કષાયે કેવળજ્ઞાન અટકી ગયું. જ્યાં માન ગયું કે તરત કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવી. મરીચિને માન આવી ગયું ને નીચગોત્રકર્મનો બંધ પાડયો. એ કર્મ આગળ જતાં મહાવીર સ્વામીના ભવમાં ઉદયમાં આવશે.

કેટલાંક વર્ષો વીત્યા. ભગવાન ઋષભદેવ નિર્વાણ પધાર્યા. હવે મરીચિ માટે સ્વતંત્ર વિચરણનો માર્ગ ખુલ્લો હતો, પણ એનામાં રહેલી વિચાર શ્રદ્ધાએ એને ભગવાનના સંત પરિવાર સાથે રહેવા દીધો પણ એક ક્ષણ એવી આવી કે જ્યારે મરીચિની વિચાર-જ્યોત આંધીમાં અટવાઈ. મરીચિ બિમાર પડયો. શિષ્ય તો તેમની સાથે હતો નહિ, સેવા કોણ કરે? નિર્ગ્રંથ સાધુઓની આચાર સંહિતા એમને અસંયમી મરીચિની સેવા કરતી રોકતી હતી. મરીચિના તનમાં વ્યાધિની એક આંધી આવી અને અત્યાર સુધી સ્થિર રહેલી એની વિચાર જ્યોત ડગમગી ઉઠી. તેના મનમાં થયું, આ મુનિઓ કેવા? આંખની શરમ પણ અભરાઈએ ચઢાવી! મેં કેટકેટલા કુમારોને પ્રતિબોધીને એમના સંઘમાં સામેલ કર્યા છે! આજે હું બિમાર પડ્યો છું છતાં મારી સામે કોઈ નજર પણ કરે છે! હવે કોઈ પણ આવે તો એને પ્રતિબોધીને મારો શિષ્ય બનાવવો!

એક વખત કપિલ નામનો એક ધર્મ–જિજ્ઞાસુ મરીચિ પાસે આવ્યો. પ્રથમ તો એણે એને ઋષભ સંઘમાં ધર્મ જણાવ્યો. ડગમગેલી વિચાર જ્યોત હજુ સાવ બુઝાઈ ગઈ ન હતી. કપિલે પૂછ્યું, શું ધર્મ ભગવાન ઋષભદેવના સાધુ–સંઘમાં છે! આપની પાસે નથી? મરીચિની આંખ આગળ પોતાની માંદગી તાજી થઈ અને ત્યારે મુનિઓએ કરેલી બેદરકારી તરવરી ઉઠી. કપિલમાં એને શિષ્યત્વની યોગ્યતા દેખાઈ. પતનની પળે સાવધાની ગુમાવીને મરીચિએ જવાબ આપ્યો-કપિલ! અહીં પણ ધર્મ છે ને ત્યાં પણ ધર્મ છે. કપિલને તો ધર્મની છાપ જોઈતી હતી. એણે સાચ જુઠની પરીક્ષા કર્યા વિના ભગવા વસ્ત્રો પહેર્યા. મરીચિનું દિલ સંતોષાયું. નાનકડા લોભે મિથ્યાત્વના ઉદયને જગાડીને આત્માને અંધકારમાં મૂકી દીધો. ધર્મ ત્યાં પણ છે ને અહીં પણ છે, માત્ર આટલા સત્ય માર્ગથી વિપરીત વચનથી મરીચિએ સંસારનું દીર્ઘ પરિભ્રમણ ઉભું કર્યું. જીવનની છેલ્લી પળ સુધી પણ મરીચિનું વિપરીત પ્રરૂપણનું આ પાપ અનાલોચિત રહ્યું. ત્યાંથી મરીને ચોથા ભવે પાંચમા બ્રહ્મ–દેવલોકમાં દેવ થયા.

**ઋષભદેવ** જેવા દાદા મળ્યા ને એમની પાસે દીક્ષા લીધી. ભરત જેવા પિતા મળ્યા અને અનુપમ સંયમ માર્ગ મળી ગયો. છતાં મરીચિનું ઉર્ધ્વપ્રયાણ બ્રહ્મ દેવલોક આગળ આવીને અટકી ગયું. આમાં આચાર વિચારની જ્યોત બૂઝાઈ ગઈ અને પાપ અનાલોચિત રહ્યું. એ કારણે કંઈ નાનો સૂનો ભાગ નહોતો ભજવ્યો. મરીચિના ભવમાં થઈ ગયેલી નાની ભૂલનો ગુણાકાર થતો ચાલ્યો અને મરીચિને હવે પછી કેટલાય ભવોમાં સમ્યગ્–દર્શન ન મળ્યું. દેવનો આયુષ્યકાળ પૂર્ણ થયે તે પાંચમા ભવે કોલ્લાક સંનિવેશમાં ૮૦

લાખ પૂર્વના આયુષ્યવાળા કૌશિક નામે બ્રાહ્મણ થયા. ત્યાં ત્રિદંડી વેશ ધારણ કર્યો. છઠ્ઠા ભવમાં થૂણા નગરીમાં પુષ્યમિત્ર નામે બ્રાહ્મણ થયા. ત્યાં ત્રિદંડી વેશ લીધો. ૭૨ લાખ પૂર્વનું આયુષ્ય હતું. મિથ્યા દર્શનની પુષ્ટિ અને ગુફાઓમાં રહીને અજ્ઞાન તપ કરતા આયુષ્ય પૂર્ણ કરી સાતમા ભવે સૌધર્મ દેવલોકમાં મધ્યમ સ્થિતિના દેવ થયા. આઠમા ભવે ૬૪ લાખ પૂર્વના આયુષ્યવાળા અગ્નિદ્યોત નામે બ્રાહ્મણ થયા. ત્યાં ત્રિદંડી વેશનો સ્વીકાર કર્યો. નવમા ભવે ઈશાન દેવલોકમાં મધ્યમ સ્થિતિના દેવ થયા. દશમા ભવે મંદર નામના સંનિવેશમાં ૫૬ લાખ પૂર્વના આયુષ્યવાળા અગ્નિભૂતિ નામે બ્રાહ્મણ થયા. ત્યાં ત્રિદંડી વેશ લીધો. અગીયારમા ભવે સનતકુમાર દેવલોકમાં મધ્યમ સ્થિતિના દેવ થયા. બારમા ભવે શ્વેતાંબિકા નગરીમાં ૪૪ લાખ પૂર્વના આયુષ્યવાળા ભારદ્વાજ નામે બ્રાહ્મણ થયા. ત્યાં ત્રિદંડી વેશ લીધો. તેરમા ભવે મહેન્દ્ર દેવલોકમાં દેવ થયા. ચૌદમા ભવે રાજગૃહ નગરીમાં ૩૪ લાખ પૂર્વના આયુષ્યવાળા સ્થાવર વિપ્ર નામે બ્રાહ્મણ થયા. ત્યાં ત્રિદંડી વેશ ધારણ કર્યો. પંદરમા ભવે બ્રહ્મ દેવલોકમાં દેવ થયા.

મરીચિના ભવમાં થયેલી ભૂલનો ગુણાકાર એવો તો ધરખમ આવ્યો કે મરીચિના ત્રીજા ભવથી સ્થાવર બ્રાહ્મણના ચૌદમા ભવ સુધી એ જીવને ક્રમશઃ બ્રાહ્મણ જન્મમાં ત્રિદંડી વેશ અને દેવલોક મળતો રહ્યો. આટલા કાળમાં તેને જૈનધર્મનું સાધુપણું દુર્લભ બની ગયું. કુળમદનું કર્મ કંઈક ક્ષીણ થયું અને ૧૬ મા ભવમાં રાજગૃહ નગરમાં, વિશ્વભૂતિ નામના રાજકુમાર તરીકે ઉત્પન્ન થયા. આ ભવમાં જૈનધર્મની દીક્ષા અંગીકાર કરી. અમુક પ્રસંગ ઉપસ્થિત થતાં તેમણે ત્યાં નિયાણું કર્યું કે મારા તપ-સંયમનું ફળ હોય તો હું અપૂર્વ બળનો ધણી થાઉં. ત્યાંથી કાળ કરીને સત્તરમા ભવે સાતમા દેવલોકે ગયા. અઢારમા ભવે પોતનપુરના પ્રજાપતિ નામે રાજાની પ્રભાવતી રાણીની કૂક્ષીએ ત્રિપૃષ્ઠકુમાર તરીકે જન્મ લીધો. વાસુદેવની માતા સાત સ્વપ્ના દેખે છે તે રીતે પ્રભાવતી રાણીએ સાત સ્વપ્ના જોયાં અને ત્રિપૃષ્ઠ વાસુદેવ બન્યા.

એક વખત સમાચાર આવ્યા કે એક યુવાન સિંહે સંહાર લીલા આદરી છે. ખેડૂતોએ ઘણા પ્રયાસ કર્યા પણ તેમાં તે ફાવ્યા નહિ. ખેતરોનું રક્ષણ ભયમાં હતું. આ વાત સાંભળી ત્રિપૃષ્ઠ વાસુદેવ રથમાં બેસીને જ્યાં સિંહ હતો ત્યાં આવ્યા. એમના રથના અવાજથી સિંહ એક વાર જાગ્યો. રથમાં બેઠેલા ત્રિપૃષ્ઠ વાસુદેવે સિંહની સામે યુદ્ધનો પડકાર ફેંક્યો. સિંહ સાબદો બનીને જાગી ઉઠ્યો. સિંહ સામે સીધો સંગ્રામ કરવાની આ પળને વાસુદેવ કેમ જતી કરે ! એમણે બાંયો ચઢાવી. સિંહ એકલો હતો. એના હાથમાં વળી શસ્ત્ર ક્યાંથી હોય ! વળી એ જમીન પર હતો. ત્રિપૃષ્ઠને પોતાની યુદ્ધ રીતિ અન્યાયી લાગી. એ તરત રથમાંથી નીચે ઉતરી ગયા. શસ્ત્રોને ફગાવી દઈને એ સિંહ તરફ ધસ્યા. આવી વીરતા, પરાક્રમ સિંહને જીંદગીમાં આ પહેલી વાર જોવા મળ્યાં. મારું નામ પડે ને લોકો ભાગી જાય એના બદલે આ વીરપુરુષ તો સામે આવ્યો. સિંહ સાબદો બની ગયો. એણે જોરદાર ત્રાડ પાડી. ત્રિપૃષ્ઠે સામી રાડ નાખી. હે વનરાજ ! બળાબળનો નિર્ણય કરવા મેદાનમાં ઝંપલાવ ! આ રીતે રાડો પાડવાથી શું વળવાનું છે ?

સિંહ ચાર પગે કૂદયો. ત્રિપૃષ્ઠે પણ ઝનૂની ફાળ ભરી. માનવ-પશુ વચ્ચેનો સંગ્રામ અજબનો હતો, પણ આ તો છે વાસુદેવનું બળ! વાસુદેવની આગળ કોણ જીતી શકે? વળતી પળોમાં ત્રિપૃષ્ઠના નખરાળ પંજામાં સિંહનું જડબું આવી ગયું, અને એ સિંહ ઉભો ઉભો ચીરાઈ ગયો.

સિંહના મનમાં થયું કે અરરર... હું એક સામાન્ય માનવીથી મરાયો? તેને મૃત્યુનું દુઃખ નથી તે કરતાં પોતે જેવા તેવાના હાથે મરાયો એનું મનમાં ઘણું દુઃખ હતું. માનવ પાસેથી મળેલી હારનું દુઃખ એને મૃત્યુથી વધુ પીડા આપી રહ્યું, વનનો રાજા સિંહ સિસકાર નાંખતો ધૂળમાં રગદોળાઈ રહ્યો. ત્રિપૃષ્ઠે હર્ષની ચિચિયારી નાખી. સિસકારની કરૂણતાથી રથનો સારથી પીગળી ગયો. એણે કહ્યું. સિંહ! તું જો વનનો રાજા છે. તો આ ત્રિપૃષ્ઠકુમાર ત્રણ ખંડના રાજા છે. તું ખેદ ન કર. તું સારા બળવાનના હાથે મરાયો છે પણ તારાથી હીન બળવાનના હાથે નથી મરાયો, માટે એનો ખેદ ન કર. એને નવકારમંત્ર સંભળાવ્યા. થોડીવારમાં તો સિંહે પ્રાણ છોડી દીધા.

ઓગણીસમા ભવે સાતમી નરકે ગયા. વીસમા ભવે સિંહ થયા. એકવીસમા ભવે ચોથી નરકે ગયા. બાવીસમા ભવે વિમલ નામે રાજા બન્યા. ત્રેવીસમા ભવે મહાવિદેહ ક્ષેત્રમાં મુકા નગરીમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થયા. ત્યાં ચક્રવર્તીના સુખો છોડી દીક્ષા લીધી. ચોવીસમા ભવે સાતમા દેવલોકે ગયા. પચીસમાં ભવે નંદ નામે રાજકુમાર થયા. એ ભવમાં તેમણે ૧૧ લાખ ૮૧ હજાર માસખમણ કર્યા અને એવી ભાવના ભાવવા લાગ્યા કે "**જો મુજ શક્તિ હોવે એસી તો સવિ જીવ કરૂં શાસનરસી**" આ ભાવકરૂણા ઉછાળા પર ઉછાળા મારી રહી હતી. આ ભાવના નંદમુનિએ એવી જોરદાર ભાવી કે એ ભાવના ભવનાશિની બનીને તીર્થંકર પદને અપાવનારી બની. એ ભવમાં ભગવાનના જીવે ૨૦ બોલનું આરાધન કરી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. સમાધિ-મરણે મરીને દશમા પ્રાણુત દેવલોકમાં પુષ્પોત્તરાવતંસક નામના વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થયા.

વિરાટ આયુષ્યકાળ પૂર્ણ થયો. તીર્થંકરપણાની ઋદ્ધિ હવે બારણે ઉભી હતી. મરીચિના ભવમાં કરેલો કુળમદ અને એનાથી બંધાયેલ નીચગોત્ર કર્મનું ખાતું કર્મરાજાના ચોપડે હજુ ચોખ્ખું થયું નહોતું. ભોગવી-ભોગવીને પ્રાયઃ ક્ષીણ થયેલાં આ કર્મે પાછો પીછો પકડયો અને તે પ્રભુનો જીવ માહણકુંડ ગામમાં ઋષભદત્ત બ્રાહ્મણને ઘેર દેવાનંદાની કુક્ષીમાં આવીને ઉત્પન્ન થયો. દેવાનંદાએ ચૌદ સ્વપ્ના જોયા. સવારમાં પતિને વાત કરી. ઋષભદત્ત બ્રાહ્મણે કહ્યું, દેવી! તું મહાપુણ્યવાન અને મહાભાગ્યવાન છે. તમે તીર્થંકર પ્રભુની માતા બનશો. આ સાંભળતા કઈ માતાને આનંદ ન થાય? પ્રેમથી-આનંદથી ગર્ભનું પાલન કરવા લાગી, પણ એને કયાં ખબર છે કે મારો આનંદ કયાં સુધી ટકવાનો છે!

ભગવાન ૮૨ાા રાત્રી દેવાનંદાના ગર્ભમાં રહ્યા. તીર્થંકર જેવા તીર્થંકર એક

બ્રાહ્મણ જાતિમાં અવતરે! કુદરતના કાનૂનને આ માન્ય ન હતું. આ કાનૂનની સામે બહારવટે ચઢેલા કર્મરાજની સામે પડવા જાણે એણે ઇન્દ્રરાજની મદદ યાચી અને ઇન્દ્રરાજનું સિંહાસન ચલાયમાન થયું. એમણે અવધિજ્ઞાનના અજવાળામાં જોયું તો એક મહાન અનર્થ સર્જવાના સંયોગો ઘડાઈ રહ્યા હતા. એમણે મનોમન એક સખેદાશ્ચર્ય અનુભવ્યું કે શું તીર્થંકર બ્રાહ્મણ કુળમાં જન્મે! એક હુંકાર થયો, અને હરિણગમેષી દેવ હાજર થયો. ગર્ભસંક્રમણનું ઉત્તરદાયિત્વ સ્વીકાર્યું. કર્મની પાસે અન્યાય નથી. તેમજ અનુકંપા પણ નથી. મરીચિના ભવમાં ઉપાર્જેલું કર્મ છેલ્લા ભવમાં ઉદયમાં આવ્યું. ત્રણ અનુપમ જ્ઞાનની સાથે ભગવાન આ દેવાનંદાની કુંખે આવ્યા! તીર્થંકર ભગવાન ભિક્ષુક કુળમાં ક્યારે પણ ઉત્પન્ન ન થાય અને થયા એ એક અચ્છેરું બન્યું છે. શક્રેન્દ્રે હરિણગમેષી દેવને કહ્યું, દેવાનંદા માતાની કુખમાંથી તીર્થંકર ભગવાનને ત્રિશલા રાણીની કુક્ષીમાં મૂકો. હરિણગમેષી દેવે દેવાનંદાને અવસ્વાપિની નિદ્રા મૂકીને તેના ગર્ભનું સાહારણ કરીને ભગવાનને ત્રિશલા રાણીના ગર્ભમાં મૂકયા ને ત્રિશલાના ગર્ભને દેવાનંદાના ગર્ભમાં મૂકયો. દેવાનંદાના મુખમાંથી સ્વપ્ના નીકળીને જવા લાગ્યા. આ જોઇને દેવાનંદા રડવા લાગી.

**એક દેવાનંદા દુઃખીયારી (૨) સુખના સ્વપ્ના ખૂબ નિહાળ્યા,**
**પામી ના કાંઈ બિચારી, એવી દેવાનંદા દુઃખીયારી.**
**ઈન્દ્ર જુવે સુરલોકથી એને અચરજ થાતું, ભિક્ષુકુળે પરમાત્મા કેમે સહ્યું ન જાતું,**
**કોઈ પૃથ્વી પર જલ્દી જાઓ (૨) દેવાનંદા પાસેથી કોઈ**
**પ્રભુજીને લઇ આવો, ત્રિશલાની કુખે પધરાવો... એક દેવાનંદા...**

પૂર્વે ચોરેલા ઘરેણાંના ડાભડાનું કર્મ ઉદયમાં આવ્યું. તે કર્મના ઉદયે દેવાનંદાના ગર્ભમાંથી રત્નો કરતાં પણ અધિક કિંમતી તીર્થંકર પ્રભુનો ગર્ભ ચોરાઈ ગયો. ત્રિશલા રાણીએ એક પછી એક ચૌદ સ્વપ્ના જોયા. ત્રિશલાદેવી જાગ્રત બન્યા. સવાર પડતાં ત્રિશલા રાણી સિદ્ધાર્થરાજા પાસે આવ્યા ને સ્વપ્નાની વાત કરી. સિદ્ધાર્થરાજાએ ત્રિશલા રાણીને કહ્યું-તમે મહાભાગ્યવાન છો. પુણ્યવાન છો. તમારા સ્વપ્નાના ફળરૂપે તમારી કુક્ષીમાં તીર્થંકર ભગવાન જન્મશે. આ સાંભળી માતાના આનંદનો પાર ન રહ્યો. સિદ્ધાર્થરાજાએ સ્વપ્ન પાઠકોને બોલાવીને સ્વપ્નાનું ફળ પૂછયું. તેમણે કહ્યું. મહારાજા! આપને ત્યાં ત્રણ જગતના ઉદ્ધારક તીર્થંકર પ્રભુનો જન્મ થશે. આ સાંભળનાં સૌના આનંદનો પાર ન રહ્યો. રાજાએ પંડિતોને ખૂબ દાન આપીને વિદાય કર્યા. રાજાને ત્યાં ઢોલ નગારા અને શરણાઇઓ વાગવા લાગ્યા. રાજાએ ખૂબ દાન દેવા માંડયું. જેમ જેમ દાન દેતા જાય તેમ તેમ ભંડારો ભરાતા જાય. ત્રિશલા માતાને પણ સારી સારી ધર્મ ભાવનાઓ થાય છે. માતા આનંદપૂર્વક ગર્ભનું પાલન કરી રહ્યા છે. પ્રભુએ માતાની કુશલતા માટે હલનચલન બંધ કર્યું પણ એની અસર વિપરીત થઇ. ત્રિશલાને પોતાના ગર્ભની કુશળતામાં સંદેહ ઉત્પન્ન થયો ને આખું રાજકુળ રડવા લાગ્યું. ઢોલ નગારા બંધ થઇ ગયા. પ્રભુએ

જ્ઞાનથી જોયું ને હલનચલન શરૂ કર્યું. પ્રભુએ જ્ઞાન દ્વારા જોયું કે મારું આયુષ્ય કેટલું છે ને માતાપિતાનું આયુષ્ય કેટલું છે? ત્યાં એમણે એક સંકલ્પ કર્યો કે મારા જન્મ પહેલાં જો મારા માતાપિતાને મારા પર આટલો બધો રાગ છે તો જન્મ પછી એ રાગની માત્રાનું પૂછવું જ શું! માટે એમની હયાતિમાં હું સંયમ ગ્રહણ નહિ કરું. આ રીતે બરાબર સવાનવ માસ પૂર્ણ થતાં ચૈત્ર સુદ તેરસની મધ્યરાત્રે સારા નક્ષત્ર અને શુભ યોગે ચરમ તીર્થંકર આપણા શાસનપતિ પ્રભુ મહાવીર સ્વામીનો જન્મ થયો.

પ્રભુના જન્મથી ત્રણે લોકમાં પ્રકાશ પ્રકાશ પથરાઈ ગયો. નરકમાં રહેલા નારકોએ બે ઘડી શાંતિનો અનુભવ કર્યો. ચોસઠ ઈન્દ્રો અને છપ્પન દિક્ કુમારીકાઓ બધા ભગવાનનો જન્મ મહોત્સવ ઉજવવા માટે આવ્યા અને ભગવાનને મેરૂ પર્વત પર સ્નાન કરાવવા માટે લઈ ગયા. ખૂબ ધામધૂમપૂર્વક દેવોએ અને સિદ્ધાર્થ રાજાએ ભવ્ય રીતે ભગવાનનો જન્મ મહોત્સવ ઉજવ્યો. અને પુત્ર ગર્ભમાં આવતા રાજ્યમાં ધનધાન્યની વૃદ્ધિ થઈ હતી તેથી તેમનું ગુણનિષ્પન્ન **"વર્ધમાનકુમાર"** નામ આપ્યું. આપણા ભગવાન બાલપણુથી કેવા પરાક્રમી હતા. જન્મ પછી કેવું જીવન જીવ્યા અને કેવા મહાન કાર્યો કર્યા, એ વિષયમાં તો ઘણું કહેવાનું બાકી છે. તેનું વર્ણન કરવા ઘણો સમય જોઈએ.

આવા શાસનપતિ ભગવાને તેમના માતાપિતાના સ્વર્ગવાસ પછી ભાઈના કહેવાથી બે વર્ષ સંસારમાં વધુ રહ્યા, તે પણ અલિપ્ત ભાવે. પછી પ્રવજ્યાના પંથે વિરાટ સાધનાના સ્વામી બન્યા. મોહરાજાની સરહદને દબાવી તેના ગુપ્તચરોની શોધ ચલાવી. કષાય ડાકુઓને શોધ્યા. મહાભિનિષ્ક્રમણની મહાસાધનાના પુરૂષાર્થ વડે તેને ખોખરા કર્યા. એકપણ કર્મ–પરમાણુ ઉંચું મસ્તક ન કરે તે માટે પ્રથમ સેનાપતિનું ગળું દાબ્યું. સૌને રસ વિહુણા કર્યા. નિઃસાર હતાશ બનાવ્યા અને આખરે અહિંસાના અણુબોંબના એક ધડાકે મોહરાજાએ પ્રભુની શરણાગતિ સ્વીકારી, પગમાં પડ્યો ને તે કર્મ–પરમાણુને વીરે છેલ્લી સહર્ષ વિદાય દીધી. મોહરાજા ઉભી પૂંછડીયે ભાગ્યો. તરત શેષ ત્રણ ઘાતીકર્મો પણ પલાયન થયા. ભગવંતે ચૈતન્ય સરહદમાં આવીને આત્માના અનંત સુખ રાજ્યને સર કરી કેવળજ્ઞાનની મુલાકાત લીધી. આત્માના અસંખ્ય પ્રદેશે ચૈતન્ય રોશની પ્રગટી ચૂકી. સર્વપ્રદેશે અનંત જ્ઞાન નિધાન પ્રગટયાનો ટંકારવ થયો. કેવળજ્ઞાન દીપ પ્રગટ્યો. કેવળજ્ઞાનની વધાઈ સર્વત્ર જયજયનાદથી ગાજી ઉઠી. ઇન્દ્રોએ પ્રભુનો કેવળજ્ઞાન–મહોત્સવ ઉજવ્યો.

પ્રભુએ કેવળજ્ઞાન પામ્યા પછી તેમના મુખેથી વાણીનો ધોધ વહાવ્યો. દુઃખમુક્તિ અને નિર્વાણનો ઉપાય છે અનેકાંતદૃષ્ટિ, અહિંસાવાદ અને અપરિગ્રહની ઉપાસના. આ ત્રિવેણી સંગમમાં સ્નાન કરનાર જન્મમરણ રહિત બનીને નિર્વાણ દીપને જલાવી શકે છે. આપણે આ નિર્વાણ પંથના અમરયાત્રી બનવું હોય તો વીર પ્રભુ જેવી સાધના સાધીએ. ભગવાન મહાવીરે આપેલો અહિંસાનો ઉપદેશ, સત્ય અને શાંતિનો સંદેશ અને મૈત્રીભાવનાનો પરમમંત્ર અનેક આત્માઓના જીવનમાં આજે પણ પ્રકાશ પાથરી રહ્યો છે. સત્ય, પ્રેમ, કરૂણા, સમતા અને સંયમના આચરણ દ્વારા પ્રચંડ પુરૂષાર્થ કરી

પ્રાણીમાત્રને પાવનકારી પંથે પહોંચવાની પ્રેરણા આપી. અરસપરસના વૈર શમાવ્યા. રાગદ્વેષના તોફાનો શાંત કર્યા. પ્રેમમૈત્રીની ભાવના પ્રગટાવી શાંતિનો સંદેશો સંભળાવ્યો. આપણે પણ તેમના જીવનમાંથી પ્રેરણા લઈને આપણું જીવન ઉજ્જવળ બનાવીએ. આજે ભગવાન મહાવીર સ્વામીના જીવન વિશે ઘણું કહેવાયું છે. સમય થઈ ગયો છે. વધુ અવસરે.

**"લાખ લાખ વંદન હો શાસનપતિ પ્રભુ મહાવીરને !"**

---

## વ્યાખ્યાન નં. ૪૮

**ભાદરવા સુદ ૩ મંગળવાર** તા. ૧-૯-૮૧

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! પર્વાધિરાજ પર્યુષણ પર્વનો છઠ્ઠો દિવસ તો આવી ગયો.

**पर्वाणि सन्ति प्रोक्तानि, बहूनि जिनागमे ।**
**पर्युषणा समं नान्यत् , कर्मणा मर्मभेदकृत ॥**

જિન આગમમાં પર્વો તો ઘણા બતાવ્યા છે પણ પર્યુષણ પર્વ સમાન કોઈ પર્વ નથી કે જે પર્વ કર્મના મર્મને ભેદી નાંખે છે.

નૂતન સૂર્ય નૂતન સંદેશ લઇને આવે છે, તેમ પર્વ દિવસો પણ નૂતન સંદેશ લઇને આવે છે, પણ આ કયારે સમજાય ? દિલમાં ભક્તિ હોય, હૈયું કંઇક સંવેદન અનુભવતું હોય, તો પર્વના દિવસોને સમજી શકાય. આવા મહાન પર્વ રૂપ પર્યુષણ પર્વ દિવ્ય સંદેશ લઇને આવી પહોંચ્યા છે. એ સંદેશ છે આત્મશુદ્ધિનો. આ મહાપર્વ દર વર્ષે આવે છે. એના ગુણગાન દર વર્ષે ગાઈએ છીએ, કારણ કે આપણે સૌ વાતોના વડા કરીએ છીએ. વિચારોની રમતોમાં રમીએ છીએ. કેવળ શબ્દના સાથીયાથી જીવન ચણતર સુંદર બનવાનું નથી. કેવળ કલ્પનાઓથી મહેલ ચણાઈ જવાનો નથી. એ માટે યોગ્ય સાધન સામગ્રી જોઈશે. એ જ રીતે આ મહાપર્વની ઉજવણી પણ ગતિ અને દૃષ્ટિ માંગે છે.

પર્યુષણ પર્વ જીવને આત્મનિરીક્ષણ તરફ દોરે છે, માટે આ દિવસોમાં આત્મનિરીક્ષણનો સંકલ્પ કરવાનો છે. દિવાળીમાં માનવી નફાતોટાનો હિસાબ કાઢે છે, તેમ આ દિવસો ગયા વર્ષથી આ વર્ષ દરમ્યાન ધર્મધન કેટલું મેળવ્યું કે ગુમાવ્યું તેનો હિસાબ કાઢવાનું સૂચવે છે. એ રીતે આ પર્વ દિવાળી જેવું છે. દરેક જીવોએ રોજના પાપનું રોજ પ્રાયશ્ચિત્ત કરી આત્મશુદ્ધિ કરવી જોઈએ. તે ન બને તો પંદર દિવસે એક વખત પાખી પ્રતિક્રમણની યોજના કરાઈ. તે ન કરનાર માટે ચાતુર્માસિક પ્રતિક્રમણ યોજાયું અને તેમાંથી પણ ચૂકી જનાર માટે આ સાંવત્સરિક પ્રતિક્રમણનું મહાપર્વ-પર્યુષણ પર્વ યોજાયું છે. આ પર્વ આત્મશુદ્ધિનું મહાપર્વ છે. દિવાળી આવે ને માણસો વાસણને સ્વચ્છ કરે, ઘરને વાળીઝુડી સ્વચ્છ બનાવે, વસ્ત્રો ધોઈને શુદ્ધ કરે તેમ આ પર્વ માનવીના તનને, મનને અને વચનને શુદ્ધ કરવાનું કહે છે. વસ્તુ જો શુદ્ધ ન હોય તો તેના ઉપયોગ કે

ઉપભોગમાં હર્ષ કે ઉલ્લાસ નથી આવતો, તેમ જીવનશુદ્ધિ વગર કાર્યમાં આનંદ કે સ્ફૂર્તિ ન આવે. આવા આત્મશુદ્ધિના અવસરો જીવનમાં વારે વારે નથી આવતા. ભાગ્યશાળી આત્માઓ આ અવસરનો યોગ્ય ઉપયોગ કરી આત્મશુદ્ધિ કરે છે. આપણે પણ જીવન આંગણીયે આવેલા આ આત્મશુદ્ધિના અવસરને ઉમંગથી અપનાવીને કલ્યાણ માટે કટિબદ્ધ બનીએ.

આત્મશુદ્ધિના સંકલ્પ સાથે આગમનું વાંચન અને સાથે સાથે પ્રાણી માત્ર પર દયાભાવના, સાધર્મિક વાત્સલ્ય, કષાયનો ત્યાગ, બાહ્ય અભ્યંતર તપ અને પાપનું પ્રાયશ્ચિત આદિ આત્મસાધનાના શુભ કર્તવ્યો કરવાના છે. દેહશુદ્ધિ કર્યા પછી વસ્ત્ર પરિધાન કરીએ છીએ, ધૂળકચરો દૂર કર્યા પછી ચટાઈ પાથરીએ છીએ તેમ મનની મલીનતા દૂર કર્યા પછી ધર્મસાધના કરવી જોઈએ. મનમાં કાટ ભર્યો હશે તો ધર્મસાધનાનો ઓપ નહિ આવે. કષાયોથી ગંધાતા દિલમાં ધર્મની સુવાસ સંભવશે નહિ, માટે સૌથી પહેલા મનની નિર્મળતા કેળવવાની છે. માનસિક શુદ્ધિ વડે ગઈકાલનો ખરાબમાં ખરાબ માણસ પણ સારામાં સારો બની જાય છે. એ કયાં આપણે નથી જાણતા ? જે મકાનમાં બહુ ધન હોય તે મકાનની તમે કેટલી તકેદારી રાખો ? કેવી ચોકી મૂકો ? મનના મકાનમાં ધનના ઢેર પડેલા છે. એ તમને ખબર છે ? એક એક સદ્વિચાર એક એક રત્ન છે. આપણે મનના મકાનની કેટલી તકેદારી રાખીએ છીએ ? કોઈ ચોકી મૂકી છે ? આપણે ખરેખર ભ્રમણામાં અટવાયા છીએ. તનના મકાનની આપણે તકેદારી અને ચોકી રાખીએ છીએ. જે તનમાં હાડકાં, માંસ અને લોહી સિવાય કંઈ નથી. જે ધૂળ સમાન છે, તે આપણને વાસ્તવિક સુખ કે શાંતિ આપવા સમર્થ નથી, માટે મનના મકાનની રક્ષા કરો. મનનું ધન કોઈ ચોરી ન જાય, સદ્વિચાર ચોરાઈ ન જાય તેની ખરેખર તકેદારી રાખો. ચોકીદાર બરાબર ગોઠવી દો. સાત્વિકભાવોને પોષનારા સિદ્ધાંતો, આંતરદૃષ્ટિને ઉઘાડી આપનારા સાધુપુરુષો આ બધા ચોકીદારો છે. મનને દ્વારે આ બધાને સ્થાન આપો, તો તમારું મનનું ધન સુરક્ષિત રહેશે અને એ ધન દ્વારા તમે અક્ષય અને અનંત સુખ મેળવશો, માટે મનની ભૂમિકાને વિશુદ્ધ બનાવીને આત્મસંવેદના અનુભવીશું તો પર્યુષણ પર્વની આરાધના સાર્થક બનવાની છે. બાકી પર્વના દિવસોમાં ધર્મપ્રવૃત્તિ કરીએ અને તે પછીના દિવસોમાં ધર્મનું નામનિશાન પણ રહેવા ન દઈએ એનો અર્થ શો ?

**ધર્મ મહેલનો પાયો :** ભોજન કર્યા બાદ જેમ તૃપ્તિનો ઓડકાર અનુભવાય છે, તે રીતે પર્યુષણ પર્વ ઉજવ્યા પછી ધર્મસાધનાની સુવાસ વડે જીવન મઘમઘી ઉઠવું જોઈએ, એટલે પર્યુષણ પર્વ દરમ્યાન આદરેલી ધર્મપ્રવૃત્તિ માત્ર આઠ દિવસની નહિ પણ જીવનભરની બની રહેવી જોઈએ. મકાનના ચણતરનો આધાર પાયા પર છે. પાયાનું ખર્ચ વધે તો પણ તે ખર્ચ કરી પાયો મજબૂત બનાવવો પડે છે. પાયા વિના મકાન ન બંધાય, તેમ ગુણ વિના જીવનનું ચણતર ન થાય. જીવનના ચણતરનો આધાર ધર્મસાધના પર છે, પણ ગુણસાધના વિના ધર્મસાધના અસંભવ છે. કોઈવાર મકાનનાં

ચણતર કરતા પાયામાં વધુ ખર્ચ લાગે તેથી તમે શું મકાન ન બંધાવો ? બંધાવીએ. ગુણો એ ધર્મમહેલનો પાયો છે. જેમ પાયા વિના મકાન ન બંધાવાય તેમ ગુણો વિના ધર્મ ન આચરી શકાય. કદાચ આચરો તો પણ તે પડી જતાં વાર ન લાગે. પાયા વિનાનું ઘર કેટલું ટકે ? આપણે મકાન ચણવું છે પણ પાયા વિનાનું ! ધર્મ કરવો છે પણ ગુણસાધના વિના ! આજે મોટાભાગે આપણી જિંદગી આવી પસાર થઈ રહી છે એવું મોટાભાગે નથી લાગતું ? ગુણો વિનાના ધર્મીઓએ ધર્મનું તેજ ઝાંખું પાડયું છે. ગુણો વિનાના ધર્માત્માઓએ નવા જીવોને, ઉગતી પેઢીને ધર્મસાધનાથી દૂર રાખેલ છે. ગુણો વિનાના ધર્મીઓનું જીવન ચણતર પાંગળું બન્યું છે, જેથી ધર્મનું તેજ ઝાંખું બનતું જાય છે.

ધર્મ એ મનની માની લેવાની ચીજ નથી પણ પાલન કરવાની ચીજ છે. ધર્મ પોતાના મનને વિરાટ ગુણોથી વિકસીત કરવા માટે છે. ધર્મથી જીવનને મૈત્રી, પ્રેમ, ઉદારતા અને આનંદના ભાવોથી સુગંધિત બનાવવાનું છે. આગળ વધવું, ઉન્નતિ કરવી તેમજ નૈતિક અને આધ્યાત્મિક ક્ષેત્રમાં વિકાસ સાધતા રહેવું એ જીવનનું ચણતર છે. આવું આધ્યાત્મિક ચણતર કરવા માટે ધર્મસાધના કરતા ગુણસાધના કરી મનઃશુદ્ધિની રક્ષા કરવાની છે. જ્યાં ધર્મ હોય ત્યાં પ્રેમ, નમ્રતા, વાત્સલ્યતા અને કરૂણતા વહેતી હોય, ત્યાં દ્વેષ-અકડાઇ, વૈર અને કઠોરતા ન સંભવે. આપણા જીવન ચણતરના પાયાની પ્રવૃત્તિનું કેન્દ્રસ્થાન મન છે. મન પવિત્ર તો બધું પવિત્ર. મન મેલું તો બધુંય અપવિત્ર. ધનના ઢગલા કે દેહના રૂપો ભલે મળ્યા. પણ મનની પવિત્રતા મળી કે નહીં ? મનને સુવાસિત કે સુંદર બનાવ્યું કે નહિ ! જીવનમાં આટલો વિચાર કરવાનો છે. ખરેખર ધૂળમાં મળી જનારા તનની, મકાનની અને ધનના ઢગલાની ચોકી રાખીએ છીએ પણ જીવનના ચણતરની જવાબદારી નથી રાખતા. જો મનનું ધન સુરક્ષિત રહેશે તો જીવનનું ચણતર કરી આત્મોન્નતિ કરી શકાશે. એ જીવન ચણતર માટે ગુણ સહિત ધર્મસાધનાની આવશ્યક્તા છે.

ધર્મસાધના કરવાથી જીવ શિવ બની શકે છે. જૈન જિન બની શકે છે. સંપૂર્ણ સુખ અને અનંત આનંદ પામી શકે છે. જ્ઞાનીઓની એજ ભાવના છે કે સર્વ જીવોને સંપૂર્ણ સુખ અને અનંત આનંદ મળે. આવી ભાવનાથી તેઓ જીવોને ઉપદેશ આપે છે કે ધર્મ કરો. ધર્મ કરવો જોઇએ. આ સાંભળીને કંઈક જીવો એમ કહે છે કે ધર્મ શા માટે કરવો જોઇએ ? ધર્મ કરવાથી કયું ફળ મળશે ? આ પ્રશ્નના જવાબમાં જ્ઞાની કહે છે કે તમારે ધર્મનું ફળ જાણવું છે ને ? તો તમે જ કહો કે તમારે શું જોઇએ છે ? ધન જોઇએ છે ? પાંચે ઇન્દ્રિયોના વિષયો જોઇએ છે ? અરે ! તમારે દેવલોકના દિવ્ય સુખો જોઇએ છે ? ધર્મથી દેવલોકના દેવ પણ બની શકાય છે. આ સુખો ન જોઈતા હોય ને મોક્ષના સુખ જોઈતા હોય તો ધર્મ મોક્ષનું સુખ પણ આપે છે. આપ યાદ રાખજો કે માત્ર ધર્મ

મોક્ષનું સુખ આપી શકે છે. ધર્મથી અર્થપ્રેમ અને કામપ્રેમને ખત્મ કરવાના છે. ધર્મ દ્વારા મોક્ષ સુખને મેળવવાનું છે.

**સુખની ફેક્ટરી કઈ?** અમારી વાત સાંભળીને આપ એમ ન સમજશો કે જીવોને આ લાલચ આપવામાં આવી છે. ધર્મ તરફ ખેંચવા માટે આ કોઈ પ્રલોભન નથી આપ્યું. આ તો ધર્મની શક્તિનો, ધર્મના પ્રભાવનો સાચો પરિચય આપ્યો છે. ધર્મ તમામ પ્રકારના સુખ આપી શકે છે. સંસારના કે સ્વર્ગના જેટલા સુખ છે તે તમામ સુખ ધર્મની નીપજ છે. અરે, મોક્ષનું સુખ પણ ધર્મસાધનાનું પરિણામ છે. સુખ એ ધર્મનું ઉત્પાદન છે. ધર્મની ફેક્ટરીમાં સુખનું ઉત્પાદન થાય છે. જેમ ફેક્ટરીમાં હલકા-ભારે બધા પ્રકારના માલનું ઉત્પાદન થાય છે, તેમ ધર્મની ફેક્ટરીમાંથી પણ હલકું, ભારે તમામ પ્રકારનું સુખ ઉત્પન્ન થાય છે. ઉત્પાદન કેવું કરવું, કેટલું કરવું તે તમારા પર નિર્ભર છે. ધર્મની ફેક્ટરીમાં માત્ર સુખ ઉત્પન્ન થાય છે, દુઃખ ઉત્પન્ન થવાનો ત્યાં કોઈ પ્રશ્ન નથી. દુઃખ ઉત્પન્ન થાય છે અધર્મની ફેક્ટરીમાં. પાપની ફેક્ટરી દુઃખ ઉત્પન્ન કરે છે. આ નગ્ન સત્ય વાત છે. જીવોને પ્રલોભનમાં પાડવા માટે જ્ઞાની ભગવંતે આ વાત કરી નથી કે અસત્ય કહ્યું નથી પણ સંપૂર્ણ સત્ય કહ્યું છે કે ધર્મ ધન આપે છે. સુખ આપે છે. સ્વર્ગ અને મોક્ષ આપે છે. માનવને જે ગમે છે તેની તે ચાહના કરે છે. તમે કાપડ બજારમાં જાવ તો કાપડની દુકાનમાં બધી કવોલીટીનું કાપડ હોય છે. ઉંચી જાતનું અને હલકી જાતનું હોય, ઓછી કિંમતનું હોય ને વધારે કિંમતનું હોય, સેલ્સમેન બધી જાતનું કાપડ બતાવશે. તે ઉંચી જાતનું અને મોંઘી કિંમતનું કાપડ ખરીદવા માટે આગ્રહ કરશે, પણ લેનાર તો પોતાને મનપસંદ કાપડ ખરીદશે. અહીં ધર્મથી મળતાં તમામ સુખો તમને બતાવ્યા છે. હલકું સુખ અને ઉંચું સુખ! અમે તો ઉત્તમ અને ઉંચું સુખ મેળવવાનો આગ્રહ રાખીશું પણ તમારી પસંદગી શી છે?

ધર્મનો પ્રભાવ ગજબનો છે. જગતમાં સારું બને તે બધું ધર્મથી બને છે. ધર્મ છે ત્યાં ઉચ્ચકુળ છે. ત્યાં દેવતાઈ સંપત્તિ છે. ત્યાં ધનના ઢગલા છે. સ્વર્ગીય આનંદ છે. ધર્મ એ અપૂર્વ મંગળ છે. સર્વ દુઃખોનું ઔષધ ધર્મ છે. અપૂર્વ બળ ધર્મથી મળે છે. જ્યાં દેવો હાથ જોડીને કહે છે કે તું જીત્યો ને હું હાર્યો! યાદ કરો દશાર્ણભદ્રને! ચારિત્ર ધર્મ પર ઇન્દ્ર નમી પડે છે. ધર્મ એ રક્ષણ છે. એ જ વિસામા માટે આશ્રય-સ્થાન છે. પૂર્વના ધર્મ વિના ધન ન મળે. મીલ કામદારો મીલમાં કામ કરે. પગાર ટુંકો ને ખર્ચ વધારે. જોઈતા પૈસા શાહુકાર પાસેથી લે. પગાર થાય ત્યારે પેલો શાહુકાર ત્યાં ચાદર પાથરી ઉભો રહે. દરવાજાની પાસે ત્યાં સિપાઈ પણ ઉભો હોય. દેવાદાર કામદારોને શેઠ પૈસા ચૂકવતા જાય. પૈસા ચાદરમાં નાંખતા જાય. એને જોઈને કોઈ રસ્તાનો જનાર કહે કે હુંય ચાદર પાથરું, મને અપાવોને! તો શું તે સિપાઈ અપાવે? એ શું કરે? એ મારો કાકો નથી ને તું મારો વેરી નથી, પણ આણે પહેલા દીધું છે માટે એને મળે છે. આ તો દેવાના સમયે દેવું નહિ ને પછી લેવા નીકળવું છે, કોણ આપે? ધન, કીર્તિ,

માન, સન્માન, સંસારની અનુકૂળતા બધું પૂર્વના પુણ્યથી મળે છે. છેવટે મુક્તિ પણ ધર્મ આપે છે. ભયંકર મરણકાળે ધન, દેહ, સ્વજનો તો બધા એમ ઉભા રહેવાના, પણ ધર્મ એક આશ્વાસન આપે છે. શરણુ આપે છે. બાદશાહી ગૌરવ હૃદયમાં રખાવે છે.

હવે આપને એટલી શ્રદ્ધા થઈ છે કે ધર્મથી સુખ મળે છે? આ વાતનો વિશ્વાસ તમારા મનમાં બરાબર થઈ જાય પછી હું આપને સમજાવું કે ધર્મથી કેવું સુખ અને કયું સુખ તમારે મેળવવું જોઈએ. મારી વાત ગમે તો એ સુખ મેળવજો અને ન ગમે તો જેવી તમારી ઈચ્છા. બીજી વાત એ છે કે સુખ માંગવાની જરૂર નથી. વગર માંગે જે સુખ મળી જતું હોય તે માંગવાની જરૂર શી? તમે ધર્મ કરતા રહો. સુખ તમને આપોઆપ મળતું રહેશે. જે માણસને ધન મેળવવાની પ્રબળ ઈચ્છા હશે, જે માણસના જીવનમાં ભયંકર ગરીબી હશે તે માણસ મોટા ભાગે ધર્મક્રિયાથી ધનની માંગણી કરવાનો, કારણ કે સંસારનો વ્યવહાર પૈસા વગર નથી ચાલતો, એ તેને ખ્યાલ હોય છે, પણ કર્મ સિદ્ધાંતનું તેને જ્ઞાન નથી હોતું, અને ભાગ્ય પર ભરોસો રાખી તે નિષ્ક્રીય રહી શકતો નથી.

વિલિયમ કોલગેટ અમેરિકન હતો. તે સાવ ગરીબ હતો. તેના માબાપ ઘરે સાબુ બનાવતા અને શહેરની શેરીઓમાં ફરીને તે વેચતા. આ કોલગેટનો સાબુ કિંમતમાં સસ્તો હતો. આથી ગરીબ લોકો તે જલ્દી ખરીદતા. એક દિવસ પિતાએ કોલગેટને કહ્યું–બેટા! તું ન્યુયોર્ક જા અને ત્યાં તારું ભાગ્ય અજમાવી જો. વિલિયમ પિતાનો આજ્ઞાંકિત વિનયી દીકરો હતો. પિતાની આજ્ઞા થવાથી વિલિયમે ઘર છોડયું. ચાલતા ચાલતા ગામના સીમાડે એક વૃદ્ધ બાપા મળ્યા. તેમણે વિલિયમને પૂછ્યું–બેટા! શીદ જાય છે? વિલિયમે કહ્યું, બાપા! હું ન્યુયોર્ક જાઉં છું. બેટા! શા માટે ન્યુયોર્ક જાય છે? બાપા! ત્યાં મારું ભાગ્ય અજમાવવા જાઉં છું. સરસ! ચાલ, મારે પણ ન્યુયોર્ક જવું છે. એ વૃદ્ધ અને વિલિયમ બંને ન્યુયોર્ક તરફ જવા આગળ વધ્યા. રસ્તામાં વૃદ્ધ બાપા કહે છે બેટા વિલિયમ! ધંધામાં કેટલીક બાબતોનું ધ્યાન રાખવું પડે છે. પહેલી બાબત છે પ્રમાણિકતાની. તું ધંધો કરે તો પ્રમાણિકતાથી કરજે. કયારે પણ પ્રમાણિકતા ભૂલીશ નહિ. બીજી બાબત એ છે કે વસ્તુમાં કયારે પણ બનાવટ–ભેળસેળ કદી ન કરતો. માલમાં ભેળસેળ કરવાથી ધંધો લાંબા સમય સુધી નહિ ચાલે. એનાથી ગ્રાહકોનો વિશ્વાસ કયારેક ને કયારેક તૂટી જવાનો, માટે ભેળસેળથી હંમેશાં દૂર રહેજે. ત્રીજી વાત એ છે કે ગ્રાહકોને માલ આપવામાં કયારે પણ કપટ ન કરવું. દેતી વખતે પાંચ શેર અને લેતી વખતે સવાપાંચ શેર એવી અનીતિ કરીશ નહિ. ગ્રાહકને જરા પણ ઓછું ન આપવું, અને છેલ્લી વાત હૈયામાં ખાસ કોતરી રાખજે કે માનવીને જે કાંઈ મળે છે તે પ્રારબ્ધથી મળે છે. પુણ્યના ઉદયથી મળે છે, આથી તને ધંધામાં જે કાંઈ નફો મળે તે નફામાંથી થોડોક ભાગ અલગ રાખીને એ ભાગની રકમ સારા કાર્યોમાં વાપરજે.

વાતો કરતા કરતા બંને એક ચર્ચ પાસે આવ્યા. વિલિયમે ચર્ચમાં જઈ ભગવાનને

પ્રાર્થના કરતા પ્રતિજ્ઞા કરી કે, હે પ્રભુ! હું ધંધો કરીશ અને ધંધામાં જ કમાઈશ. મને જે કંઈ નફો થશે તેમાંથી હું દશમો ભાગ સત્કાર્યોમાં ખર્ચીશ. વિલિયમે ન્યુયોર્કમાં જઈ સાબુ બનાવવાની ફેક્ટરી શરૂ કરી. પોતાની પાસે એવી ઝાઝી મૂડી હતી નહિ એટલે નાનું એવું સાબુનું કારખાનું શરૂ કર્યું. તેમાં તેને જે નફો થતો તેમાંથી દશમો ભાગ સારા કાર્યોમાં તે ખર્ચી નાંખતો. એ રીતે તે સંપત્તિનો સદ્વ્યય કરતો.

**રૂપકઃ**–સાગરે એક દિવસ વાદળને પૂછયું–વાદળ! મારું સ્થાન આટલું બધું નીચું કેમ છે? મને શું તારા જેવું ઉંચું સ્થાન ન મળે? વાદળે હસતા હસતા કહ્યું–ભાઈ! દુનિયા તેને જ ઊંચું સ્થાન આપે છે કે જે લોક કલ્યાણ કરે, લોકોના હૃદયની તરસ છીપાવે. જ્યારે તું તો ખારો છે. તારી પાસે પાણીની અગાધશક્તિ છે, પણ તે શા કામની? તેનાથી ફક્ત તું જ તૃપ્ત છે. બીજાને શો ફાયદો? જો હું વરસું છું તો માનવ-હૈયા હરખાઈ ઉઠે છે. પ્રકૃતિના બધા તત્ત્વો નાચી ઉઠે છે. બોલ, છે તારામાં આવી શક્તિ! આ તો એક રૂપક છે. આ રીતે દરેક મનુષ્યે પોતાના સુખનો વિચાર ન કરતાં બીજાના સુખનો પણ વિચાર કરવો જોઈએ. સંપત્તિ વહેંચવાથી, દીન દુઃખી અને ગરીબને આપવાથી ભલે તે સમયે ઓછી થાય પણ ઉત્કૃષ્ટ ભાવે દેવાથી તેને દેવા કરતાં દશગણું મળી જાય છે. દુઃખી, અપંગો, અનાથોને સંપત્તિ આપવાથી અનેકના હૃદય લીલાછમ થાય છે તે ભૂલવું ન જોઈએ, માટે સંપત્તિનો સદ્વ્યય કરતાં શીખો.

**ગૌરવભરી પદવી મળે છે દાનના દેનારને,**
**સ્થાન નીચું સાંપડે છે, સંગ્રહ કરનારને.**

આ વિલિયમ બહુ સુખી ન હતો, છતાં પોતાને જે નફો મળે તેમાંથી દશમો ભાગ સંપત્તિનો સદ્વ્યય કરતો. પ્રભુને પ્રાર્થના કરવી, સત્કાર્યોમાં પૈસા ખર્ચવા આ બધી એક પ્રકારની ધર્મક્રિયાઓ છે. આ ધર્મક્રિયાથી વિલિયમને અઢળક કમાણી થવા માંડી. તેણે સાબુનું નામ કોલગેટ રાખ્યું. દંતમંજન પણ તેણે બનાવ્યું. સારી દુનિયામાં "કોલગેટ" દંતમંજન અને સાબુ વિખ્યાત બની ગયા. વિલિયમ તેમાંથી કરોડ રૂપિયા કમાયો. જેવું કમાયો એવું તેણે લખલૂટ દાન પણ કર્યું.

ધન મળવું એક વાત છે અને સંસારના સુખ મળવા એ બીજી વાત છે. ધનવાન હોય તેને સંસારના સુખ મળે એવો નિયમ નથી. ધનવાન હોય પણ સદા બિમાર રહેતો હોય તો તે પાંચ ઇન્દ્રિયોના સુખો કેવી રીતે ભોગવી શકે? એવા ધનવાન શું તમે નથી જોયા કે જે આંધળા હોય, બહેરા હોય, પક્ષઘાતથી પીડાતા હોય, કેન્સરમાં કણસતા હોય, અપંગ હોય, આવા ધનવાનો પ્રિય સુખનો ઉપભોગ નથી કરી શકતા. શરીર નિરોગી હોવું, પાંચે ઇન્દ્રિયો અખંડ અને કાર્યક્ષમ હોવી એ ધર્મનું શુભ ફળ છે. ભવિષ્યમાં જે મળશે તે ધર્મનું ફળ હશે. શાલિભદ્રને સંસારના સુખ મળ્યાં તે શાના પ્રભાવે? દાન-ધર્મના પ્રભાવે ને!

ભગવાન મહાવીરના સમયમાં થઇ ગયો એ ભોગી ભ્રમર! રોજ તેમને દૈવી સંસાર-સુખના સાધન મળતા હતા. એક બે પાંચ પંદર નહિ પણ બત્રીસ સ્ત્રીઓના તે સ્વામી હતા. ભોગ સુખ ભોગવવામાં, પાંચ ઈન્દ્રિયોના વિષયોના ઉપભોગમાં તે એટલા ગળાબૂડ હતા કે મગધ સમ્રાટ શ્રેણિકના નામની પણ તેમને ખબર ન હતી. જેના રાજ્યમાં, નગરમાં રહેતા એ રાજાના નામથી પણ તે અજાણ હતા. આટલા બધા સુખ તેને કેવી રીતે મળ્યા? ધર્મના પ્રભાવથી. સુપાત્ર દાન ધર્મ કરવાથી તેમને સુખોની છાકમછોળ મળી.

પૂર્વભવમાં શાલિભદ્ર ગોવાળ પુત્ર હતા. તે સાવ ગરીબ હતા. એક દિવસ તેમને ખીર ખાવાની ઈચ્છા થઇ. માતાએ આડોશ પાડોશમાંથી દૂધ, ચોખા, ખાંડ માંગી લાવીને પુત્ર માટે ખીર બનાવી. થાળીમાં ખીર આપીને માતા પાણી ભરવા ગઈ. ત્યાં ભિક્ષા માટે એક માસ-ખમણના તપસ્વી સંત પધાર્યા. મુનિને જોઈ બાળકે તેમને પ્રેમથી આવકાર્યા અને એટલા પ્રેમથી ખીર મુનિને ભિક્ષામાં આપી દીધી. દાન નિર્દોષ છે ને ભાવ ઉત્કૃષ્ટ છે! યાદ છે ને જે ખીર ખાવા માટે બાળકે કજીયો કર્યો હતો, રડયો હતો, ને એ ખીર ખાવા તેણે માતા પાસે જીદ કરી હતી, રડી કકળીને તેણે મા પાસેથી મન ભાવતી ખીર મેળવી હતી. એ ખીર તેણે હસતા હસતા અંતરના શુદ્ધ પ્રેમથી અને આનંદથી મુનિને વહોરાવી દીધી. એ બાળકને ખીર ભાવતી હતી. પોતે ભૂખ્યો પણ હતો છતાં ખીર સંતને વહોરાવ્યા પછી તેને અફસોસ નથી થતો કે અરરર! ખીર તો બધી મેં પેલા સાધુને આપી દીધી, હવે હું શું ખાઈશ? ભલે તે ગરીબ હતો પણ ભાવથી અમીર હતો. એણે તો હોંશમાં બધી ખીર મુનિના પાત્રમાં ઠાલવી દીધી અને પછી પણ તે એ મુનિના જ વિચારો કરવા લાગ્યો. કેવી શાંત મુખમુદ્રા! કેવી કરૂણાભરી આંખો! મુનિ તો ભિક્ષા લઈને જતા રહ્યા, પણ તેના મનમાં તે વસી ગયા.

**દાન માત્ર ખીરનું ન હતું પણ પ્રેમનું દાન હતું** :-નાના બાળકનું એ દાન પ્રેમનું દાન હતું. તેમાં માત્ર કર્તવ્યપાલન ન હતું. એ બાળકે કોઈ ફરજ નહોતી બજાવી. મુનિ આપણા આંગણે આવ્યા છે તો તેમને બોલાવવા જોઈએ. તેમને બોલાવીને ભિક્ષામાં કંઈ આપવું જોઈએ. આવા વિચારથી તેમણે ખીર નહોતી વહોરાવી. આમ વિચાર કરીને કરવું તે કર્તવ્યપાલન થયું. કર્તવ્ય પાલનમાં પ્રેમની પરિમલ કે સ્નેહની સ્નિગ્ધતા નથી હોતી. ત્યાં માત્ર દાનધર્મ નહોતો. મુનિપ્રેમનો ધર્મ હતો. મુનિપ્રેમ, સાધુપ્રેમ, ત્યાગ પ્રેમ એ ઉત્તમ ભાવધર્મ છે. ઉત્તમ ભાવધર્મનું ફળ પણ ઉત્તમ મળે છે. યાદ રાખો, માત્ર ખીરનું દાન કરવાથી એ ગરીબ બાળક ધનકુબેર શાલિભદ્ર નહોતો બન્યો. ખીર દેવાથી શાલિભદ્ર બનાતું હોય તો તમે લોકો થાળી ભરીને નહિ પણ મોટા તપેલા ભરીને મુનિને ખીર વહોરાવી દો. મહાન દાનવીર બની જાઓ. એમ દાન આપવા માત્રથી શાલીભદ્ર નથી બનાતું. તેની માતા આવે છે. દીકરાને થાળી ચાટતો જોઈને મનમાં થાય છે કે આટલી વારમાં આટલી બધી ખીર નાનો છોકરો ખાઈ ગયો, છતાં ધરાયો નહિ કે થાળી ચાટયા કરે છે? એ પૂછે છે પણ ખરી કે બધી ખીર ખાઈ ગયો?

છોકરો તો મુનિને વહોરાવી દીધાના આનંદના અનુભવમાં મસ્ત છે. એના હૈયામાં એટલો બધો આનંદ ઉમટેલો છે કે એ માતાની સામું જોઈને હસ્યા કરે છે, પણ જવાબ કાંઈ દેતો નથી, કે આપણે આંગણે એક મહાત્મા પધારતા બધી ખીર વહોરાવી દીધી છે. કેટલી ગંભીરતા! સુકૃતને એ પચાવી શકયો છે ને! એ રાત્રે બાળકને શૂળરોગ ઉપડયો. તેની અસહ્ય પીડા થઈ પણ તે વેદનામાં તેની આંખ સામે તપસ્વી મુનિ દેખાતા હતા. પોતે આપેલી ભિક્ષાનો આનંદ તેના હૈયે ઉભરાતો હતો. મા તેની પાસે બેઠી હતી પણ તેનું મન તો પેલા મહાત્મામાં રમતું હતું. અસહ્ય વેદનાને સમતાભાવે સહન કરતાં કાળ ધર્મ પામ્યો. આપ કહો તો ખરા કે એ બાળકને એ મુનિ સાથે કેટલો પરિચય હતો? જરા પણ નહિ. પહેલા કયારે ય જોયા પણ ન હતા. પ્રથમ વાર દર્શન કર્યા હતા. માત્ર આંખની ઓળખ થઈ હતી. તે પણ ભિક્ષાના સમય પૂરતી, પણ આ અલ્પ સમયનું મુનિ દર્શન બાળક માટે મહાન ધર્મ બની ગયો. આ મહાન ધર્મે એ બાળકની ટ્રાન્સફર બદલી કરી ગોભદ્ર શેઠની હવેલીમાં! ભદ્રા શેઠાણીની કુક્ષીમાં! અહીં તેમને પ્રેમાળ પિતા અને વાત્સલ્યમયી માતા મળી, સ્નેહાળ ૩૨-૩૨ પત્નીઓ મળી. નિરોગી અને સર્વાંગ સુંદર દેહ મળ્યો. પરિપૂર્ણ અખંડ પાંચ ઈન્દ્રિયો મળી. આ બધું મળ્યું ત્યારે શાલિભદ્ર વિપુલ સુખ ભોગવી શકયા. આ બધું મળ્યું સુપાત્ર દાનના પ્રભાવથી. આ રીતે ધર્મ સંસારના સુખો આપે છે, એ વાત સમજાણી ને!

ધર્મ ચક્રવર્તીના સુખો આપી શકે છે. બળદેવ અને વાસુદેવના સુખ પણ આપી શકે છે. ભૂતકાળમાં આપ્યા છે, વર્તમાનકાળમાં આપે છે ને ભવિષ્યકાળમાં આપશે. સંસારમાં ધર્મ સિવાય બીજું કોઈ તત્વ નથી કે જે સંસાર સુખ આપી શકે. ધર્મ ધન અને સંસારના સુખ કેવી રીતે આપે છે એ વાત પૂછવાની જરૂર નથી. આપવાની પદ્ધતિ ધર્મની કોઈ અનોખી છે. એની મેથડ આપણે નહિ સમજી શકીએ. આ પદ્ધતિ સમજવા માટે તો અધ્યાત્મયોગી થવું પડશે. તે માટે વિશિષ્ટ જ્ઞાન મેળવવું પડશે. બાળકે ખીરનું દાન દીધું ત્યારે કોઈ કલ્પના પણ ન હતી કે હું ખીરનું દાન દઈશ તો શ્રેષ્ઠિપુત્ર બનીશ. અને લખલૂટ ધન અને અમાપ સંસારના સુખો મળશે, તેને આવી કોઇ ગણતરીનો ખ્યાલ ન હતો. ધર્મ કરવાથી શું ફળ મળે તેનું તેને કંઇ જ્ઞાન ન હતું, છતાંય તેને ધર્મનું ફળ મળ્યું. હા, એક વાત છે, જો તેને ફળનું જ્ઞાન હોત અને એ ફળ મેળવવા તેણે દાન કર્યું હોત તો તેને એ ફળ મળત પણ નહિ, પણ તેણે તો સહજ રૂપે ધર્મ કર્યો. નિષ્કામભાવ, નિઃસ્પૃહપણે તેણે સુપાત્ર દાન કર્યું, અને શ્રેષ્ઠ સંસારના સુખો મળ્યાં, તે પણ વગર માંગ્યે. ધર્મ કરીને જે ભીખ માંગે છે તેને તે મળે છે જરૂર, પણ જે ધર્મ પાસે ભીખ નથી માંગતો તેને ધર્મ ન્યાલ કરી દે છે.

ધર્મ વણમાંગ્યે બધું આપે છે. છતાં માનવી ભિખારી બની ગયો છે. માણસ જ્યાં જાય છે ત્યાં માંગે છે. કયારેક બોલીને માંગે છે. તો કયારેક મનથી માંગે છે, તો કયારેક કાયાથી પણ માંગે છે. બુદ્ધિશાળી માણસની ભીખપદ્ધતિ નિરાળી-જુદી હોય છે. તે ભીખ

માંગશે પણ ભિખારી નહીં દેખાય, એ પાપ કરશે પણ પાપી નહિ દેખાય, પણ આ બુદ્ધિમત્તા નથી પણ મૂર્ખતા છે. માણસ જન્મે છે ત્યારથી તે માંગવા માંડે છે. તે નાનો હોય છે, બોલતા નથી આવડતું તો એ રડીને માંગે છે. બાળક રડે એટલે માતા સમજી જાય કે બાળક ભૂખ્યું થયું છે. તે બોલતા શીખે છે તો બોલીને માંગે છે. માતા–પિતા–ભાઈ–બહેન આદિ બધા સંબંધીઓ પાસે માંગે છે. બસ એ માંગતો રહે છે. ગુરૂ પાસે પણ માંગે છે. જ્યાં સુધી ભિખારીપણું નહીં મટે ત્યાં સુધી ધર્મનું સર્વોચ્ચ ફળ, વાસ્તવિક ફળ નહિ મળે. હું તો આપને એટલું જ કહું છું કે બધી જગ્યાએ ભિખારી ન બનો. તેમાં ખાસ કરીને ગુરૂ પાસે ભિખારી બનીને ન ઉભા રહો. ધર્મસત્તાને ભિખારી પસંદ નથી. જે મનથી કંઈ પણ માંગતો નથી ને ધર્મ કરે છે, ધર્મનું શરણું સ્વીકારે છે તેને ધર્મ એવું અદ્દભૂત ફળ આપે છે કે જેની કલ્પના પણ એ ધર્મસાધક ન કરી શકે. ગોવાળપુત્રને કલ્પના ન હતી કે ધનસંપત્તિ મળે કે નહિ? ધર્મ બધું આપે છે. જેમ જેમ જીવની યોગ્યતાનો વિકાસ થતો જાય છે તેમ ધર્મતત્ત્વની નિકટતા વધતી જાય છે અને ઉત્તરોત્તર ઉચ્ચ, ઉચ્ચતર સુખોની પ્રાપ્તિ આપોઆપ થાય છે.

આ મંગલકારી પર્વના દિવસોની આરાધના જીવને મોક્ષના સુખ અપાવે છે. આ પર્વ આપણને સંદેશો આપે છે કે મૈત્રીનો માંડવો બાંધો. આપ મિત્ર બનો અને બીજાને તમારો મિત્ર બનાવો. હૈયાથી કષાયની કાળાશને ધોઈ નાંખો અને આત્માના સૌંદર્યને પ્રગટાવો. માત્ર માણસના મિત્ર નથી બનવાનું, પશુ–પંખીના મિત્ર બનવાનું છે. પર્યુષણમાં ક્ષમાનો મહિમા તો છે, પણ ક્ષમાનું રૂપાંતર મૈત્રીમાં ન થાય તો ક્ષમા તેટલી અધૂરી રહે છે. સાચી મૈત્રી એ છે કે મિત્રના જીવનમાં ઉપયોગી બને, અને તે પણ ઉપકારના કશા ભાર વિના. મિત્રના જીવનના સુખ–દુઃખમાં તે સહભાગી બને. પર્યુષણ આવા મિત્ર બનવાની કંકોત્રી લખે છે. કંકોત્રી આવી એટલે ચાંલ્લો તો કરવો પડે, નહિ તો સંબંધ ટકે નહિ. વ્યવહાર નભે નહિ. આપણા પ્રસંગે કોઈ આવે નહિ. પર્યુષણ પર્વે હજી ચાંલ્લો નહિ લેવાનો સુધારો કર્યો નથી. એ તો કહે છે કે મારા પ્રસંગે તમારે **મૈત્રી રૂપી ચાંલ્લો તો કરવો પડશે.** પર્યુષણ પર્વની ઉપાસનાથી મૈત્રી મેળવવાની છે.

જીવ માત્ર પ્રત્યે હૈયામાંથી વાળીઝુડીને વૈરભાવને સાફ કરી ત્યાં મત્રીનો માંડવો બાંધવાનો છે. હાથમાં કરૂણાની ગુલછડી લઈ પરિચિત, અપરિચિત, નાના કે મોટા સૌને સમાન ભાવે વધાવવાના છે. સાધકના જીવનમાં જો સાચા ગુરુ નથી મળ્યા તો તેના જેવો બીજો કોઈ કમનસીબ નથી તેમ સંસારીના જીવનમાં સાચો મિત્ર નથી મળ્યો તો તેના જેવો દુર્ભાગી બીજો કોઈ નથી. મૈત્રી તો જીવનની મહેલાત છે. મૈત્રી તો જિંદગીની મ્હેંક છે. પશુઓમાં પણ મૈત્રીભાવ હોય છે. કૂતરાઓ ઉપકારી પ્રત્યે અપકાર નહિ કરે, ઉપકારીનું અહિત નહિ કરે. અહીં મને એક વાંચેલી વાત યાદ આવે છે.

જંગલમાં એક યુવાન માણસ ચાલ્યો જતો હતો. તેણે જંગલમાં એક સિંહ જોયો.

સિંહની આંખમાંથી જાણે આંસુ ટપકતા હોય એવું લાગ્યું. તેના મુખ પરથી એમ લાગે છે કે તેને અસહ્ય પીડા થતી હશે. પીડાને કારણે તે ગભરાય છે અને ચાલે છે તો જરા લંગડો. તેની આંખોમાં અત્યારે ક્રૂરતા ન હતી પણ તીવ્ર વેદના હતી. આ માણસના મનમાં થયું કે સિંહ આમ કેમ કરતો હશે, તેને શું થતું હશે ? લાવ જઇને જોઉં તો ખરો. માણસને સિંહ પર દયા આવી તેથી તે જરા પણ ગભરાયા વિના તે સિંહની પાસે ગયો. તે જરા લંગડો ચાલતો હતો એટલે પહેલા તેનો પગ જોયો. તો પગમાં મોટી બાવળની શૂળ ભોંકાઈ ગઈ હતી તેથી તે ધરતી પર પગ મૂકી શકતો ન હતો. તેણે સાચવીને શૂળ ખેંચી કાઢી. સિંહ ખુશ થઈ ગયો. તેણે રાહતનો દમ લીધો. તે માણસને મારવા ન ગયો, પણ પ્રસન્નતાથી માણસનું શરીર સૂંઘ્યું. સિંહ ભલે ક્રૂર પ્રાણી છે પણ તેનામાં જ્ઞાન છે કે આણે મારું દુઃખ મટાડયું છે. તેથી તે મારો ઉપકારી છે. ઉપકારીને મરાય ખરો ? તે તો માણસને નમસ્તે કરી ચાલ્યો ગયો.

થોડા સમય બાદ એ મુસાફર કોઈ અપરાધ–ગૂના માટે પકડાઈ ગયો. રાજાએ તેને મોતની શિક્ષા ફટકારી. આ રાજાની મૃત્યુની સજા કરવાની પદ્ધતિ જુદી હતી. રાજમહેલની એક બાજુ તેમણે નાનકડું મેદાન બનાવ્યું હતું. ત્યાં ઉંચી ઉંચી દિવાલો બનાવી હતી. એક બાજુ રાજાએ સિંહનું પાંજરું રખાવ્યું હતું. તેમાં સિંહને રાખવામાં આવતો. આ રાજા અપરાધીને મેદાનમાં ઉભો રાખતો અને પાંજરામાંથી સિંહને બહાર કાઢતો. મેદાનમાં માત્ર સિંહ અને અપરાધી એ બે રહેતા. ભૂખ્યો સિંહ એ અપરાધીને ફાડી નાંખતો. રાજપરિવાર આ ક્રૂર અને કરૂણ દૃશ્ય જોવામાં મઝા માણતો. કોઈ કોઇને મારે, ટીપે તો એ મારપીટ જોવાની તમને મઝા આવે છે ને ? ટોળેટોળા વળીને એ બધું જુઓ છો ને ? તમારામાં દયા કયાં ગઈ ! ( શ્રોતામાંથી અવાજ–હવે આવું ગામમાં જોવા ઓછું મળે માટે તો સરકસ જોવા જઇએ છીએ ! ) આવા કરૂણ દૃશ્યો જોતાં તમારું હૈયું વલોવાઈ જતું નથીને ? મરતા જીવોને જોઇને તમારા દિલમાં કરૂણા, દયા, સહાનુભૂતિ જાગે છે કે પછી હૈયું નિર્દય, નિષ્ઠુર અને ભાવહીન બની જાય છે ? હિંસક દ્રશ્યો વારંવાર જોવાથી હૃદય કઠોર અને નઠોર બની જાય છે, એવા હિંસક પુસ્તકો વાંચવાથી પણ મન હિંસક બની જાય છે. આથી કહું છું કે મનને શુદ્ધ અને ધર્મનું પ્રભવસ્થાન બનાવવું હોય, મનને શાંતિ અને પ્રસન્નતાનો પાતાળકૂવો બનાવવો હોય તો નાટક, સિનેમા જોવાના બંધ કરી દો. આપ જ વિચાર કરો કે આ નાટક સિનેમા જોઇને તમારું મન કેટલું સડી ગયું છે. હજુ એ સડો દૂર નહિ કરો તો મન તમારું પૂરેપૂરું ખવાઈ જશે. બીજા જન્મમાં મન મળવું મુશ્કેલ બનશે.

મન જ્યારે શુદ્ધ થવા લાગે છે ત્યારે સર્વપ્રથમ દયાનો જન્મ થાય છે. તમારામાં દુઃખી જીવો પ્રત્યે દયા છે ને ! પેલા માણસને રાજાએ મૃત્યુની સજા કરી. તેને મૃત્યુના મેદાનમાં ઉભો કરવામાં આવ્યો, અને સામી બાજુથી પિંજરામાંથી સિંહને છોડયો. સિંહ ગર્જના કરતો બહાર આવ્યો અને પેલા માનવ તરફ આગળ વધ્યો. સિંહને

જોતાં મૃત્યુના ભયથી માણસની આંખો બંધ થઈ ગઈ. તે ધ્રુજવા લાગ્યો. નજીક આવતા સિંહ માણસને ઓળખી ગયો. અહો! આ તો મારો ઉપકારી છે. તેનો મારા પર ઉપકાર છે. હું તેના ઉપકારને કેમ ભૂલું? એટલે માણસ પાસે આવીને તેના પર ત્રાટકવાને બદલે તેને નમસ્તે કરી તેને સૂંઘીને પાછો પિંજરામાં ચાલ્યો ગયો.

મહેલના ઝરૂખામાં બેઠેલા રાજાને આ દશ્ય જોતાં ખૂબ આશ્ચર્ય થયું. તેમણે સૈનિકોને આજ્ઞા કરી કે ફરીવાર સિંહને બહાર કાઢો. સિંહ ફરીથી મેદાનમાં આવ્યો, અને ફરીવાર એ અપરાધીને સૂંઘીને પાછો પિંજરામાં જતો રહ્યો. રાજાનો તો શ્વાસ અદ્ધર થઈ ગયો. આ શું? આવું તો કયારેય બન્યું નથી. સિંહ શા માટે અપરાધીને ફાડી નથી ખાતો? રાજા ગુસ્સે થયા. તેમણે ત્રીજીવાર સિંહને ગુસ્સે કરી મેદાનમાં મોકલ્યો, તો પણ સિંહે અપરાધી પર પંજો સરખો પણ ન ઉગામ્યો, અપરાધીના શરીરને સુંઘીને પાછો વળી ગયો. આથી રાજાએ અપરાધીને પોતાની પાસે બોલાવ્યો ને પૂછયું-તારી પાસે શું કંઈ મંત્ર છે? તંત્ર છે? વિદ્યા છે? છે શું, કે સિંહ તારા પર હુમલો નથી કરતો?

અપરાધીએ કહ્યું-રાજન્! સિંહ હૈયાહીણું પ્રાણી નથી, તેને પણ હૈયું હોય છે. તેનું હૈયું પણ થોડું નિર્મળ હોય છે. તે માત્ર ક્રૂર જ નથી. તેના હૈયે પણ ઉપકારી પ્રત્યે કરૂણાભાવ હોય છે. સિંહ તેના ઉપકારી ઉપર કદી હુમલો નહિ કરે. હા તેને વગર કારણે છંછેડવો ન જોઈએ. રાજાએ. પૂછયું તો શું તેં આ સિંહ પર કોઈ ઉપકાર કર્યો છે? અપરાધીએ કહ્યું રાજન! થોડા સમય પહેલાં હું જંગલમાં ગયો. ત્યારે આ સિંહના મુખ ઉપરથી મને લાગ્યું કે તેને ખૂબ વેદના થતી હશે, તેથી હું તેની પાસે ગયો, તો તેના પગમાં મોટો કાંટો વાગેલો હતો તે મેં કાઢી નાંખ્યો હતો. આ સિંહ એ જ છે. તેણે મને ઓળખી લીધો. હવે તે મારા પર હુમલો કેવી રીતે કરે? ઉપકારી પર સ્વાર્થી માણસ હુમલો કરશે પણ સિંહ હુમલો નહિ કરે. સિંહ જેવા ક્રૂર પ્રાણી પણ ઉપકારીના ઉપકારને ભૂલતું નથી. રાજાને આથી ઘણું જ આશ્ચર્ય લાગ્યું અને તેને ગુનામાંથી માફી આપી. જે રીતે સિંહ ઉપકારીનો ઉપકાર ન ભૂલ્યો તેમ તમે પણ અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરો તેવું પવિત્ર જીવન બનાવો, એ જ અભ્યર્થના. સમય થઈ ગયો છે. વધુ અવસરે.

---

## વ્યાખ્યાન નં.-૪૯

**ભાદરવા સુદ ૫ ને ગુરૂવાર** તા. ૩-૯-૮૧

### સંવત્સરી મહાપર્વ "પર્વાધિરાજનો પ્રાણ ક્ષમા."

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! પર્વાધિપતિ પર્યુષણનો પ્રાણ છે ક્ષમાપના પર્વ. પર્યુષણ પર્વના આઠ દિવસ અને તેમાંય સર્વોત્કૃષ્ટ દિન છે ક્ષમાપનાનો દિન-સંવત્સરીનો દિન. ચાતુર્માસનો પ્રારંભ અષાડ સુદ પૂનમથી થાય છે. ચાતુર્માસમાં

પૂજ્ય સંત-સતીજીઓની પ્રવચન પીયૂષ સુધાઓ પ્રસરે છે. એ પ્રવચન ગંગાના પાણીમાં સ્નાન કરીને વિષય અને કષાયોના કાતિલ મળોથી લિપ્ત બનેલો આત્મા કંઈક સરળ અને પવિત્ર બને છે. તે પછી આવે છે પર્યુષણ પર્વના અનુપમ આઠ દિવસો. આ આઠ દિવસો દરમ્યાન વહેલી અનરાધાર અમોઘ જિનવાણી દ્વારા એ આતમ વધુ ને વધુ ભદ્ર પરિણામી અને ભવભીરૂ બન્યો હોય છે. અને આતમરામને સ્વયં પણ ક્રોધનો દાવાનળ શાંત કરવાનું દિલ થયું હોય છે. ક્ષમાનું શરબત પીવાનું મન જાગ્યું હોય છે. મનોભૂમિની આવી સુંદર સુયોગ્યતા પેદા થયા પછી સંવત્સરી મહાપર્વના પવિત્ર દિવસે ક્ષમાની સાધના કરવાનું ભવ્યાત્મા માટે ખૂબ આસાન બની જાય છે. ક્ષમાનો આદાતા-પ્રદાતા મુક્તિના મહાપંથનો મંગલયાત્રી બને છે.

સંવત્સરી પર્વ એટલે મૈત્રીનો મંત્ર લેવાનો પવિત્ર દિવસ. વૈરની આગ ઓલવનાર બંબો! આત્મશુદ્ધિ કરવા માટેની પવિત્ર ગંગા અને પાપોને ધોવાનો સ્પેશ્યલ સાબુ! વર્ષમાં એક વાર દર્શન દેતું વાત્સલ્યથી નીતરતું સાંવત્સરિક મહાપર્વ! હજારો તારાઓનો પ્રકાશ સૂર્યમાં સમાઈ જાય તેમ મહાપર્વનો પ્રકાશ બહારની રોશનીને ઝાંખી પાડીને અંતરના અંધકારનો નાશ કરી દર્શનની દિવ્ય જ્યોતિ પ્રગટાવે છે. આ પર્વનું આગમન થતાં લોકોના મનમાં નવું ચેતન, નવી જાગ્રતિ અને ભવ્ય ભાવનાનો ચમકારો થાય છે. સાત સાત દિવસ સુધી સાધના કર્યા બાદ આજે ક્ષમાના નીરમાં સ્નાન કરીને આત્માને પવિત્ર બનાંવવાનો છે. ભારતભરમાં અને ભારતની બહાર પણ પ્રશંસા પામેલ આ પર્વનું સ્વાગત કરવા કયો આત્મા તૈયાર ન હોય! કોઈ તપથી તેનું સ્વાગત કરે, તો કોઈ દાનથી કોઈ શીયળથી, તો કોઈ ભાવથી આ પર્વનું સ્વાગત કરે. જિંદગીની મોટી કમાણી કરવાના દિવસો હોય તો આ મહાપર્વના દિવસો છે. આ પર્વ આપણને પોકારી પોકારીને કહે છે કે, ભલે કરો મારું સ્વાગત. આ સ્વાગત મારૂં નથી પણ આમાં તો તમારું સ્વાગત સમાયેલું છે. એ સ્વાગતમાં તમારી સાધના છે, અને એ સાધનામાં તમારી સિદ્ધિ છે. આરાધનાના અમૃતમાંથી પ્રાપ્ત થતું પરમાત્મપદ એનું નામ જ સ્વાગત. હું સ્વાગતનો ઇચ્છુક નથી પણ આરાધનામાંથી ગુંજતા મૈત્રી યુક્ત પ્રેમભાવનો પૂજારી છું. સ્વાગતની મોટી મોટી વાતો કરનાર, વિવેકની મોટી મોટી હિમાયતો રચનાર પણ જો ક્રોધ, માન, માયા અને લોભની જાળમાં ફસાતા રહેશે તો એવા સ્વાગતથી શું? એવા સ્વાગતથી આત્માને શો લાભ? બાકી મારું સ્વાગત જો સાચી મિત્રતાથી, સાચા સ્નેહ સંતોષથી, સાચા તપથી, સાચા દાનથી, સાચી શાંતિથી, અપૂર્વ આરાધનાથી અને ઉપસર્ગો ને આપત્તિમાં ક્ષમા રાખીને કરશો તો મારું સ્વાગત સિદ્ધિના દ્વાર ખખડાવશે.

આજનો દિવસ આપણને ક્ષમાનો મહાન સંદેશ આપે છે. ક્ષમા મનુષ્યને શાંત અને સહનશીલ બનાવે છે. ક્ષમા આત્માની અનંત શક્તિને ઓળખાવવાનો સંદેશ આપે છે. અપકાર પર અપકાર કરવો, ગુન્હેગારને શિક્ષા કરીને નિર્બળ બનાવવો, એ તો દુર્જનનું કાર્ય છે, પણ અપકાર પર ઉપકાર કરવો, ગુન્હેગારને પ્રેમથી વશ કરવો, અને ક્ષમાથી

પાપીના હૃદયનું પરિવર્તન કરવું, એ ઉત્તમ પુરૂષોનું કાર્ય છે. માણસ ભૂલ કરે, પણ તેને હૃદયથી ક્ષમા આપવી એ દૈવી ગુણ છે. કોઇની સાથે ઝગડો થયો હોય કે વૈર બંધાયું હોય તેને હૃદયમાં સંઘરી રાખવું એ પાશવી વૃત્તિ છે, પણ દૈવી વૃત્તિ નથી. ગુનેગારના ગુનાને હૃદયમાંથી કાઢી નાંખીને તેની સાથે પ્રેમથી વર્તવું અને તેને ક્ષમા આપવી તે દૈવીવૃત્તિ છે. ક્ષમા જીવનમાં સત્યની સુવાસ પ્રસરાવે છે. જો તે સુવાસમાં સૌ આકર્ષાય તો તેમાં અનેરી તાકાત અને તાજગી ભરી છે. જ્યાં કલેશના કાંટા, કંકાસના કાંકરા, અને રાગ-દ્વેષના ઝાંખરા ઉગ્યા છે ત્યાં ક્ષમા નવો ઉજાશ, નવું જીવન અને નવો પ્રકાશ પાથરે છે. આ ક્ષમાપનાના પર્વે સંતોષનું ઝરણું વહાવી મીઠા મધુરા પાન કરાવ્યા છે. ક્રિયાના સથવારે, ક્ષમાની કળાએ જીવનના પડદા ઉપર પ્રતિબિંબ પાડ્યા છે.

આજના મહાન પર્વના દિવસે બે કાર્ય કરવાના. લેવાનું છે ને આપવાનું છે. આખા જગતનો તમામ વ્યવહાર લેવડદેવડથી ચાલે છે. મોટા વહેપારીઓ પાસેથી નાના વહેપારીઓ માલ ખરીદે છે, અને નાના વહેપારીઓ પાસેથી ગ્રાહકો માલ ખરીદે છે. મૂલ્ય અપાય છે ને માલ ખરીદાય છે. તમારી દીકરી સારા કુટુંબમાં પરણાવો છો ને સારા કુટુંબની દીકરી તમારે ઘેર લાવો છો. એવી રીતે આપણે જેની સાથે વેરઝેર થયા હોય તેમની પાસે અંતઃકરણપૂર્વક ક્ષમા માંગવાની છે, અને જે આપણી પાસે ક્ષમા લેવા આવે તેને પ્રેમથી ક્ષમા આપવાની છે. વૈરની સામે વૈર કરવાથી કદી પણ વૈરની જવાળા શાંત થવાની નથી. ભગવાન મહાવીરનો દિવ્ય સંદેશ છે કે **"અવેરે શમે વેર, શમે ના વેરથી વેર."** આ મંગલ સૂત્રને અનંતાનંત મહાપુરુષોએ અંતરથી આવકાર્યું છે. વિશ્વતાથી વધાવ્યું છે અને સંયમની અણમોલ સાધનાથી તેને સન્માન્યું છે. આ રત્નકર્ણિકા પરમપુરુષોનું જીવન-રસાયણ છે. અનુભવનું અમૃત છે. હૃદયની રસકુંપિકા છે, અમરતાનો અમૃતકુંભ છે અને અધ્યાત્મ સાધનાનું અજોડ નવનીત છે. આ વાક્યના શબ્દે શબ્દે જીવન સફળતાનું સુમધુર સંગીત રણકી રહ્યું છે. તેના પ્રત્યેક અક્ષર દેહમાંથી જાણે કે અંતર ઐકચતાનું આંદોલન જગાવતું, વાત્સલ્ય વેણુને વેરતું, પ્રેમના સેતુને સુદૃઢ કરતું ક્ષમાનું મોંઘેરું નૂર સાક્ષાત્ રીતે નીતરી રહ્યું છે. વેરની વસુલાત વેરથી નહિ પણ વાત્સલ્યથી થઈ શકે. પાશવતાથી નહિ પણ પવિત્રતાથી થઈ શકે. દૈત્યવૃત્તિથી નહિ પણ દિવ્યતાથી થઈ શકે. શત્રુતાથી નહિં પણ સ્નેહાળ હૃદયથી થઈ શકે, માટે વેરના અગ્નિને બુઝવવા અવેરની ઉપાસના કરો.

એક વખતનો આપણો ભારત દેશ એટલે પ્રેમનો પયોદધિ, મૈત્રીનો મહાસાગર, વાત્સલ્યનો વારીધિ અને ક્ષમાનો નીધિ ગણાતો હતો. ભારતની પવિત્ર ભૂમિ એટલે અવેરની ઉપવનભૂમિ, પ્રેમની પુનિત ગંગા, વાત્સલ્યની વસુધા અને ક્ષમાની સરિતા ગણાતી હતી. જ્યાં વાત્સલ્યની વસંત વનરાજીઓ ચારે બાજુ મ્હેંકતી હતી. જ્યાં વિશ્વમૈત્રીના રણશીંગા ફૂંકાતા હતા. જ્યાં વૈરીઓના વધામણા વાત્સલ્યથી થતા હતા. એ જ પવિત્ર ભૂમિ ઉપર આજે હિંસાની હિમાચતો હરિફાઈ કરી રહી છે. હિંસાના

ઘોર સંગ્રામમાં લાખો, કરોડો ને અબજો નિર્દોષ પ્રાણીઓની કતલ થઈ રહી છે. અવેરની ઉપવનભૂમિ આજે ઉજ્જડ બની શૂન્ય ભેંકાર અને ભયાનક વેરના વડવાનલે સળગી રહી છે. તે વેરની ધગધગતી ધરા ઉપર જો અવેરની અષાઢી મેઘધારા સિંચવામાં આવે તો તે ધરા ઠંડીગાર બની શકે. હજારો હૈયાને બદલાવવાની, લાખોના દિલના દાવાનળને ઓલવવાની અચિંત્ય શક્તિ આ સૂત્રમાં સંગ્રહાયેલી છે. જેમ સૂર્ય લાખો ટન તિમિરનો ક્ષય કરે છે, એક જ અણુબોંબ કરોડોનો સંહાર સર્જે છે, હિરાકણી કરોડોનું મૂલ્ય મેળવી શકે છે, તેના કરતાં અધિકતમ શક્તિ આ ગૌરવવંતી સુક્તિ ધરાવી શકે છે. અંતર આભમાં ચોમેર પથરાયેલા વેરના અને વિષાદના ઘટાટોપ વાદળોને ક્ષણવારમાં વિલીન કરી દે છે. ભીષણ કર્મોના પહાડોનું પળેપળમાં ચૂર્ણ કરે છે, ને આંખના પલકારામાં જે જે માનવો પછીના ભવમાં પરમાધામીઓના પરોણા બનવાના હતા, તેમને તે પરમાત્માના લાડીલા પાટવીકુંવરો બનાવી શકે છે. વેર અને વાત્સલ્યના સંઘર્ષણમાં આખરે વહાલનો વિજય થાય છે. ઇતિહાસના પાને જળ અને જ્વાળાના જેટલા સંગ્રામો નોંધાયા છે તેમાં જય જળને મળ્યો છે અને જ્વાળાને પરાજય મળ્યો છે. ક્ષમા એ જળ છે અને વૈર એ જ્વાળા છે. એકનું જીવન પ્રશાંત છે જ્યારે બીજાનું જીવન પ્રચંડ છે.

ક્યાં પરમાર્થમૂર્તિ ભગવાન પારસનાથ અને ક્યાં કાજળઘેરી ક્રૂરતાને વેરતો ક્રૂર કમઠ! ક્યાં ક્ષમામૂર્તિ ભગવાન મહાવીર અને ક્યાં તેજુલેશ્યાને છોડતો તેજોદ્વેષી અજ્ઞ ગોશાલક! ક્યાં કરૂણામૂર્તિ બુદ્ધ અને ક્યાં કૃતજ્ઞતાની સામે કૃતઘ્નતા છેડતો અધમ શિષ્ય! ક્યાં મંગલમૂર્તિ મહાત્મા ગાંધીજી અને ક્યાં રાષ્ટ્રપિતાની જીવન રોશનીને બુઝવતો ઘાતકી ગોડસે! ક્યાં ગુણમૂર્તિ ગુણસેન અને ક્યાં અગનઝાળને વેરતો અધમ અગ્નિશર્મા! નવ નવ ભવ સુધી પ્રચંડ વેરના પાસાને વિવિધ રીતે ખેલવા છતાં ને જીવન મરણને ઝુલણે ઝુલાવવા છતાં પરમ સામર્થ્યના ધારક હોવા છતાં આંખનો ચમકારો પણ વૈરી પ્રત્યે કર્યો નથી અને ઝેરીલા હૈયાના નખશીખ સુધી વ્યાપેલા પ્રચંડ ઝેરને જે ક્ષમામૂર્તિ અમૃતના ઘુંટડા સમજી હોંશે હોંશે પાન કરી ગટગટાવી ગયા ને સાથે વૈરીના વૈરના પવનને શાંતિભર્યા, અમીભર્યા નયને અમૃતનો શીતળ છંટકાવ કર્યો. ધન્ય છે ધન્ય છે તેમની ક્ષમતાને અને ક્ષમાની સાધનાને! એ પરમાર્થદર્શીઓ ધારે તો આંખના પલકારામાં એ પ્રતિસ્પર્ધીઓને પરાજય પમાડી શકત, છતાં મૌનના મહાસાગરમાં સહેલ કરતા રહ્યા, તેનું કારણ! "શમે ના વેરથી વેર." એ મંત્ર તેમના જીવનમાં જીવંત હતો, તેથી આખરે વેરનો વિરામ વેરથી નહિ, શસ્ત્રથી નહિ, સૈન્યથી નહિ, પણ ક્ષમાના મંગલ સંગીતથી તથા પ્રેમના પિયૂષપાનથી અને વહાલની વેણુના મીઠા નાદથી કરાવી શકયા અને વિશ્વના જીવોને કહેતા ગયા.

નહિ વેરેણ વેરાણી, સંમતીણ કદાચીન,
અવેરેણુ ચ સંમતી, એસ ધમ્મો સનાતન.

"વેરથી વેર શમે નહિ જગમાં, પ્રેમથી પ્રેમ વધે જીવનમાં." આ ઉક્તિ મુજબ વેરનો બદલો વેરથી વાળશો તો જીવનમાં વેરી વધશે, અને પ્રેમથી લેવા જશો તો જગતમાં તમારા પ્રેમી વધશે. પ્રેમ, પવિત્રતા, પરમાર્થતા એ ક્ષમાની ધરતી પર ઉગી નીકળેલા પુષ્પો છે. ક્ષમાની અગોચર ધરતીને ઢૂંઢવાનો કોઈ મહામંત્ર હોય તો તે મિચ્છામિ દુક્કડં છે. પ્રેમ, ક્ષમા અને વાત્સલ્યને એક મહેલ સાથે સરખાવીએ તો પ્રવેશદ્વાર મિચ્છામિ દુક્કડં છે. એમ પણ કહી શકાય કે મિચ્છામિ દુક્કડં ક્ષમાના પ્રયોગ-કેન્દ્રમાં પ્રવેશ કરવાનો પાસપોર્ટ છે. આ પાસપોર્ટ વગર કદાચ આપણે ભૂલથી ક્ષમાના મહેલમાં પ્રવેશ કરીશું તો કદાચ તરત ક્રોધ રૂપી દ્વારપાળ આપણને પાછા કાઢશે, પણ મિચ્છામિ દુક્કડંનો પાસપોર્ટ રાખ્યો હશે તો ક્રોધ આપણને હેરાન નહિ કરી શકે. મિચ્છામિ દુક્કડં આપણને એવો ઉપદેશ આપે છે કે ભૂલ ભર્યા ભૂતકાળને ભૂલી જાઓ અને પ્રેમભર્યો વર્તમાન કાળ ખડો કરો. શત્રુની શત્રુતા ભૂલી જાઓ ને એને મિત્ર માની પ્રેમથી વધાવી લો.

સાચી ક્ષમા તો તેને કહેવાય કે જે ક્રોધને વિલીન કરી દે. ક્રોધે તો ભલભલા તપસ્વીઓને કબ્જે કરી પોતાની કેદમાં પૂર્યા છે. જે એની કેદમાં પૂરાયા એણે એના જીવનના ઘાટ ઘડી નાંખ્યા છે. ન શેહ રાખી, ન શરમ રાખી. ક્રોધની અગનઝાળ જ્યાં જ્યાં ફેલાઈ ત્યાં મૈત્રી અને ક્ષમાની ચિત્તાઓ સળગી ઉઠી. આ જગતમાં એવા કેટલાય દુર્ભાગી માણસો તમને જડશે કે જેમને બે અક્ષરના આ નાનકડા શબ્દે પાયમાલ કરી નાખ્યા છે. જીવનમાં ક્યારેક આવી એકાદ ક્ષણ આવી જાય છે, જ્યારે માણસ આત્મસંયમને ભૂલી જાય છે. માત્ર આ એક જ ક્ષણ માટે એ ચૂપ રહ્યો હોત તો જિંદગી એના માટે ફૂલોનો બગીચો બની જાત. આ એક જ ક્ષણ એવી હતી કે જેણે એના જીવનની સ્વતંત્રતાને હણી નાંખી અને તેને આજીવન કેદી બનાવી દીધો. તમે ક્યારે ક્યારે ક્રોધ કર્યો છે, તેને જરા યાદ કરો. તેનાથી તમને કેટલું નુકશાન થયું છે એની પણ ગણતરી કરો. ઘણાં માણસો પોતાના સ્વભાવની સમતુલા ગુમાવવાથી મિત્રોનો પ્રેમ અને સ્વજનોની લાગણી ખોઈ બેઠા છે. માત્ર ક્ષણિક આવેગને ખાતર તેણે વર્ષોની મહેનત પછી મળતી સફળતા અને જિંદગીભર કમાયેલી કીર્તિ ધૂળમાં ફેંકી દીધી છે. તમને આવા ઘણા માણસો મળશે કે જેમણે આખા જીવનમાં જે મેળવ્યું હોય તે સર્વમાત્ર થોડી ક્ષણોમાં ગુમાવી બેઠા હોય! ક્રોધ કે ગુસ્સામાં ફસાયેલા લોકો પોતે માણસ છે એ વાત ભૂલી જાય છે ને રાક્ષસની જેમ વર્તે છે. એ ગુસ્સે થાય ત્યારે જે વસ્તુ હાથમાં આવે તેને પછાડીને ભાંગી નાંખે છે. તેને અટકાવવા કોઈ માણસ પ્રયત્ન કરે તો તેના પર હલકામાં હલકી ગાળોનો વરસાદ વરસાવે છે. તેના ઘરના માણસો પણ એનો ચહેરો જોઈને જાતને બચાવવા ભાગી જાય છે. એ વખતે એ સારાસારનો વિવેક ભૂલી જાય છે, કારણ કે એ ક્રોધ રૂપી રાક્ષસના પંજામાં ફસાયેલો હોય છે.

શાસ્ત્રકારોએ ક્રોધને દુર્ગતિનું દ્વાર, મોક્ષસુખને રોકનારી ભૂંગળ, વૈર વૃત્તિની જનેતા, ચારિત્ર ગુણનો ઘાત કરનાર, દુર્ગતિનો મહેમાન બનાવનાર એક ભારેમાં ભારે માનસિક દોષ કહ્યો છે. ક્રોધ માણસને પાગલ બનાવી દે છે. દરેક માણસની ભીતરમાં એક રાક્ષસ છૂપાઈને બેઠો હોય છે. જ્યારે તે સંયમ ગુમાવે છે ત્યારે તેનું સમગ્ર ચિત્તતંત્ર પેલા રાક્ષસના કબજામાં આવી જતું હોય છે. તે નિરંકુશપણે કામ કરે છે, જેને માટે તેને જિંદગીભર પસ્તાવાનું રહે છે. અત્યંત ક્રોધ કરવાથી માણસના તનને અને મનને ભયંકર હાનિ થાય છે. શરાબ કરતાં પણ વધારે હાનિકર્તા ક્રોધ છે. ક્રોધથી માણસ માત્ર દિવાનો નહિ પણ રાક્ષસ બની જાય છે. કીર્તિને કલંક લાગે છે, મન બેચેન બની જાય છે, પારાવાર આર્થિક નુકશાન થાય છે. ને ઘણી વાર તો ન કરવાના કાર્યો પણ થઈ જાય છે. ક્રોધ એક વિચિત્ર ઝેર છે. ઝેરી વૃક્ષનું ઝેર કદી એ વૃક્ષનો નાશ નથી કરતું. સર્પની દાઢમાં રહેલું ઝેર કદી સર્પનો નાશ નથી કરતું પણ ક્રોધ એવું હલાહલ ઝેર છે કે જે માનવીમાં એ પ્રગટે છે એ માનવીનો એ નાશ કરે છે. ક્રોધની સાથે અન્યાય, અવિવેક, અસત્ય, કઠોર વચન, ઈર્ષ્યા, નિષ્ઠુરતા, હિંસા વગેરે અનેક દોષોની ફોજ હોવાથી ક્રોધ અનેક દોષોની સેનાનો કેપ્ટન છે.

દિવાસળીથી શરીર સળગાવતા કરતાં પણ ક્રોધથી મનને સળગાવવું વધારે ભયંકર છે. ક્રોધમાં માણસ ધ્રુજે છે. એની આંખો બેડોળ બની જાય છે, એનો ચહેરો ક્રૂર અને પાશવી બની જાય છે. કંઈક વાતને કારણે ક્રોધ જાગ્રત થતાં માણસ આત્મહત્યા કરે છે, એક વાર ક્રોધ માણસનો કબજો લઈ લે, પછી તે જીવનનું મૂલ્ય પણ સમજી શકતો નથી, ને અકાળે કારણ વિના જીવનનો અંત આણી દે છે. આત્મહત્યા, ખૂન, મારામારી આ બધાં કૃત્યો પાછળ ક્રોધનો પ્રત્યક્ષ સંચાર હોય છે. ક્રોધયુક્ત મગજમાં ગરમ લોહી ઉછાળા મારે છે ત્યારે માણસની ભાવનાઓ અને તેના શબ્દોને અંકુશમાં રાખવા કઠિન થઈ પડે છે. આ બધું સૌ કોઈ જાણે છે છતાં માણસ ક્રોધનો દાસ બની જાય છે માટે મહાપુરૂષો કહે છે કે તમે તમારી વિવેક બુદ્ધિના સિંહાસન પરથી નીચે ઉતરીને પાશવવૃત્તિના હાથમાં કદીપણ સત્તા સોંપશો નહિ. ક્ષમાની પરીક્ષા ક્રોધના બજારમાં થાય છે. ઘણીવાર આપણે નાપાસ થઈએ છીએ. ક્રોધનું નિમિત્ત ન મળે ત્યાં સુધી તો ક્ષમા રહે છે, પણ નિમિત્ત મળતાં ક્ષમાની પરીક્ષામાં પાસ થવાનું બહુ કઠીન બને છે. ભલભલા તપસ્વી સંતો પણ નાપાસ થયા છે. વેશ સાધુનો રહે છે પણ ભાવમાં ક્રોધની અગન જ્વાળા ભભૂકી ઉઠે છે. પરિણામે દુર્ગતિના મહેમાન બની જાય છે.

એક નગરની બહાર વિરાટ જલવિહોણી નદીમાં આત્મલક્ષી બે મુનિવરો ખુલ્લા પગે તપસાધના સાધી રહ્યા છે. વૈશાખ અને જેઠ માસની અગનજ્વાળાઓ અવનીને તપાવી રહી છે. છતાં સંતોની સાધના અજબ છે. તેમની શુભ ભાવનાના ઝરણાંથી મહાન કઠીન કર્મોની સામે તેમણે દૃઢ મનથી સંગ્રામ ખેલવો શરૂ કર્યો છે. તેમના અંતરમાં એક જ ભાવ છે કે શું અમારા પર કર્મોનું સામ્રાજ્ય ! અમારે હવે એ સામ્રાજ્ય ન

જોઈએ. સામ્રાજ્ય તો અમારાં આત્માનું અમર રહે છે. હવે તો અમારે કર્મોનું નિકંદન કાઢી, જડમૂળથી ઉખાડીને આત્માનું સામ્રાજ્ય મેળવવું છે. તે સામ્રાજ્ય મેળવવા માટે તેઓ તપ-ત્યાગનું અભેદ્ય બખ્તર પહેરી જ્ઞાન, ધ્યાન, સમતાદિ બાણો ખભે લઈને પરાક્રમી સુભટની જેમ કર્મરાજાની સામે સમરાંગણમાં ઉતરવા કટિબદ્ધ બન્યા હતા.

વૈશાખ જેઠ મહિનાના પ્રચંડ તાપથી ધરતી તો ધમધમી ઉઠી હતી. નદીની રેતી ઉગ્રતાનું પ્રચંડ દર્શન કરાવતી હતી. જલાશયો, નદીનાળા જાણે નિર્ધન બની ચૂકયા હતા, છતાં બંને મુનિના મુખ પર દિવ્ય પ્રસન્નતા લહેરાઈ રહી હતી. તેઓ તો પોતાની સાધનામાં અડગ હતા. વૈશાખ પૂરો થયો, જેઠ પૂરો થયો ને અષાડ માસ પણ પૂરો થવા આવ્યો. અષાડ પૂરો થયો છતાં વરસાદનું ટીપું પણ પડતું નથી. કંઈક અજ્ઞાનીઓ એમ માનતા કે જૈનમુનિઓ વરસાદ થંભાવી દે છે, પણ આ તેમનું અજ્ઞાન છે. અહીં પણ આવું બન્યું. આતાપનામાં પણ દિવ્ય આનંદની અનુભૂતિ માણતાં બંને મુનિવરોને જોઈને દુષ્કાળની આશંકાથી સમાજમાં ભારે ઉકળાટ મચી ગયો. વરસાદના અભાવે લોકો નિરાશ બની ગયા હતા. એટલે આ બંને સંતોને જોઈને અજ્ઞાની લોકો બોલવા લાગ્યા કે આ સાધુડાઓ, આ મુંડકાઓએ વરસાદ બાંધી રાખ્યો લાગે છે. પોતે નદીમાં ઉભા છે ને વરસાદ આવે તો નદીમાં પાણી ભરાઈ જાય ને પોતે ડૂબી જાય, માટે વરસાદ બાંધ્યો લાગે છે. આ જૈન મુનિઓ આ નદીમાં ઉભા રહીને મંત્રતંત્ર કરી રહ્યા લાગે છે. મંત્રતંત્રથી આ સાધુઓએ વરસાદ થંભાવ્યો હશે. જ્યાં સુધી આ સાધુડા અહીં ઉભા રહેશે ત્યાં સુધી વરસાદ આવશે નહિ, માટે એમને સજા કરો. સજાની મઝા ચાખશે એટલે આપોઆપ અહીંથી વિદાય લઈને ચાલ્યા જશે.

**ધ્યાનસ્થ મુનિઃ**–આમ વિચારી યુવાન કિસાનો તથા બીજા ઘણા માણસો મુનિઓની વિવિધ રીતે કદર્થના કરવા લાગ્યા. તેમને ફીટકાર આપવા લાગ્યા, હે ધૂતારા! તમે વરસાદ બાંધ્યો હોય તો છોડી દો. અરે કાફરો! આ શા ધંધા કરો છો? અમારા બધાના જીવન છીનવી લેવાનો વિચાર કર્યો છે કે શું? ચાલ્યા જાઓ અહીંથી, આ શહેર છોડીને! નહિ તો તમારું મૃત્યુ નજીકમાં છે, એમ માની લેજો. શા માટે વરસાદને બાંધ્યો છે? છોડી દો અમારા પ્રાણસમા એ મેઘને! પણ મુનિઓ તો તેમની આત્મમસ્તીમાં મસ્ત છે! આ ક્ષમાસાગર મુનિઓ શું વિચારે છે? આ લોકો કદર્થના કરશે તો શરીરની ને! આત્માની નહિ કરી શકે. ક્ષમાના મહાસાગરમાં મુનિવરો સ્નાન કરી રહ્યા છે. મનમાં પણ તેમના પ્રત્યે જરા દ્વેષ નહિ, કે ગુસ્સો નહિ, તે તો ધ્યાનમાં અડગ છે.

મુનિને ધ્યાનમાં અડગ જોઈને કંઈક માણસો તેમની ઠેકડીઓ ઉડાવી રહ્યા હતા. એ લોકોએ તો ભારે રમખાણ મચાવી દીધી. તેઓ તો મુનિઓ પર લાકડીના પ્રહાર કરવા લાગ્યા. પથ્થરના છૂટા ઘા કરવા લાગ્યા. કાંકરા ફેંકવા લાગ્યા. શસ્ત્રોથી માર મારવા લાગ્યા. મુનિવરો પર ભયાનક સીતમ ગુજારવા માંડયો. પહેલી વાર તો ક્ષમા રાખી, પણ અતિ જુલ્મ થવાથી તેમનાથી એ સહન ન થયું. એ સહન કરવામાં અસમર્થ બન્યા. તેમનો ઉપયોગ ધ્યાનમાંથી છૂટી ગયો. એક અભાગી પળે બંને મુનિવરો ધ્યાનથી ચલિત

બની ગયા. ત્રણ–ત્રણ, ચાર–ચાર મહિનાની અઘોર સાધના ! કેટલું કષ્ટ વેઠયું ! કાયાને સૂક્કે ભૂક્કે કરી નાંખી. આ ઉપસર્ગ સહન કર્યા પણ ક્રોધને જીતવામાં અસમર્થ બન્યા. ક્ષમાની પરીક્ષામાં મુનિ નાપાસ થયા. અંદરના ક્રોધે બળવો પોકાર્યો. દયા વરસતી આંખોમાંથી ક્રોધની અગનજ્વાળા સળગી ઉઠી. અરે ! આ બેવફાઈ ! કેટલા વિફર્યા છે ! જેમ જેમ અમે ક્ષમાની સાધના કરતા ગયા તેમ તેમ લોકો વધારે ને વધારે ગુસ્સો કરવા લાગ્યા. ભગવાન કહે છે કે, મારો સાધક કેવો હોય !

**हम्ममाणो न कुप्पेज्जा, वुच्चमाणो न संजले ।**

**सुमणे अहियासिज्जा, ण य कोलाहल करे । સૂય. અ. ૯. ગા. ૩૧.**

કોઈ માણસ સાધુને લાઠી, મુઠ્ઠી આદિથી માર મારે, અથવા તો ગાળો આપે, વચનથી આક્રોશ કરે તો પણ સાધુ ક્રોધ ન કરે, મનથી પણ દ્વેષ ન કરે તથા વિપરીત વચનો ન કહે. સામનો ન કરે પણ પ્રસન્ન ચિત્તથી સમભાવ રાખી સહન કરે.

પણ આ મુનિ ભાન ભૂલ્યા. તેમના દિલમાં ક્રોધાગ્નિ ભભૂકી ઉઠ્યો. લો, વરસાદ જોઈએ છે ને ? કેટલો જોઈએ છે ? ક્રોધની એક ચિનગારી સમગ્ર જીવનને બેકાર બનાવી મૂકે છે. વેરનો સામનો પ્રેમથી નહિ પણ વૈરથી લેવા તૈયાર થયા. મુનિઓ પોતાની સાધના ભૂલ્યા, આત્મભાન ભૂલ્યા ને બોલ્યા, હે મેઘદેવ ! "वर्ष मेघ कुणालायां"। કુણાલામાં વરસો, "दिनानि दशपंच" સતત પંદર દિવસ સુધી, "मूशल प्रमाण धाराभि: यथा रात्रौ तथा दिवा"। જેમ દિવસે તેમ રાત્રે મૂશળ જેવી ધારાથી. મુનિઓને તપના પ્રભાવે લબ્ધિ–શક્તિ પેદા થાય, અગર દેવ બોલાવી શકે પણ તેનો ઉપયોગ ન કરે.

મુનિઓ આ પ્રમાણે બોલ્યા એટલે ખલાસ. તપત્યાગના તેજથી ભયાનક વર્ષાનું તાંડવ શરૂ થઈ ગયું. મૂશળધાર વરસાદ...વરસાદ વરસવા લાગ્યો. જાણે વરસાદ ગાંડો ન થયો હોય ! પંદર દિવસ અને પંદર રાત સુધી મેઘરાજા સતત વરસતા રહ્યા. નદીઓના પુલ તૂટી ગયા, કિનારા તૂટી ગયા, ગામમાં પાણી, પાણી ને પાણી. નગરના મકાનો, બજારો બધું તણાઈ જવા લાગ્યું, સેંકડો ઢોરો પાણીમાં તણાઈ ગયા, પંખીઓ મરી ગયા, મનુષ્યો તણાઈ ગયા ને ઘણાં મરણને શરણ થયા. આખું ગામ જાણે દરિયો જોઈલો ! રમણીય દેખાતી કુણાલાના આકાશમાં આજે એક પંખી પણ ઉડતું દેખાતું ન હતું. કષાયના કારણે ઘોર ભયંકર પાપ થઈ ગયું. જેઓએ મુનિને સતાવ્યા, ઠેકડી કરી, માર માર્યા તેમણે તો ઘોર કર્મો બાંધ્યાં પણ મુનિ ભાન ભૂલ્યા ને ક્રોધના આવેશમાં આવી ગયા અને આ ભયંકર ઉલ્કાપાત મચાવ્યો. તેમણે પણ મહાભયંકર કર્મો બાંધ્યા. જે મુનિની સાધના મહાન સુખને અપાવનારી હતી તે મહાન દુઃખમાં ધકેલી દે તેવી બની ગઈ.

બે મુનિઓ તો બોલીને ચાલ્યા ગયા. તેમણે પોતાના આ પાપની આલોચના ન કરી. પ્રાયશ્ચિત ન લીધું અને આયુષ્ય પૂર્ણ થતાં કાળ કરીને નરકના મહેમાન બની ગયા. જીવનભરની પ્રચંડ સાધનાને ક્રોધ ખત્મ કરી દીધી. વિકાસના સ્થાને વિનાશ સર્જાઈ

ગયો. ક્રોધથી બાંધેલા કર્મો ભોગવવા નરક ગતિમાં ચાલ્યા ગયા. કર્મો તો કોઈ ને નથી છોડતા. સાધુ હોય કે સંસારી હોય, રાજા હોય કે રંક હોય, પંડિત હોય કે મૂર્ખ હોય, બધાને કરેલાં કર્મો તો અવશ્ય ભોગવવા પડે છે. ત્યાં કોઈની સિફારસ ચાલતી નથી.

આજનું મહાપર્વ આપણને એ મંગલ સંદેશો આપે છે કે ક્રોધનો જીવનમાંથી ત્યાગ કરીને ક્ષમાને અપનાવો. ક્રોધથી જીવ અનેક પાપો કરે છે. આત્માની ઉજ્જવળ દશા પ્રગટાવનાર, કર્મના કલંકિત ભાવોથી આત્માને બચાવનાર તથા સમત્વ ગુણને ખીલવનાર એક અજબ રસાયણ છે, એનું નામ છે ક્ષમા. ક્ષમાની વહેતી સલીલામાં જેણે સ્નાન કર્યું તે પવિત્ર થયા. જેણે તેના માત્ર જળબિંદુનો સ્પર્શ કર્યો, તે પણ શીતળ બની ગયા. જેણે ક્ષમાનો સહારો લીધો તે ભવસમુદ્રને તરી ગયા. આ વાત માત્ર બોલવા પૂરતી નથી, પણ શાસ્ત્રમાં આ માટે ઘણાં દાખલા છે. **"ક્ષમાને જેણે ભજી તે સ્વરૂપમાં થીજી ગયા, અને તેના ચૈતન્યદેવ રીઝી ગયા."** ભગવાન સિદ્ધાંતમાં બોલ્યા છે : "खंति सेविज्ज पंडिए।" જે પંડિત હોય તે ક્ષમાનું સેવન કરે. બાહ્યજ્ઞાનથી પંડિત ગણાતો હોય, કદાચ પોતાની વકતૃત્વ કળાથી લાખો લોકોને રંજન કરતો હોય, પણ જો તે આત્મરંજન કરી શકતો ન હોય, પ્રસંગ આવે ક્ષમાને ભજી શકતો ન હોય, પાપથી જેના કદમ પીછેહઠ કરતા ન હોય તે પંડિત ન કહેવાય.

ક્ષમા રાખી સ્કંધક મુનિના ૫૦૦ શિષ્યોએ! આંખોની સામે મારણાંતિક ઉપસર્ગ આવી ગયો. અરે! પ્રાણનું બલિદાન દેવાનો પ્રસંગ આવ્યો, છતાં મુનિઓએ ક્ષમાની સાધના કરી અને દોષિત વ્યક્તિ તરફ નજર પણ ન કરી. સમજી લીધું કે આપણા કર્મનું ફળ છે. સંયમી જીવનની ખરી મઝા પંડિત મરણે મરી મરણને મારવાની છે. એક તરફ ઘાણીમાં દેહ પીલાય છે. લોહીની નદીઓ વહે છે. બીજી બાજુ આત્મા કર્મની ભેખડોને તોડી બંધનથી મુક્ત બની, ઘાતી અઘાતીનો ક્ષય કરી અનંત જ્યોતિમાં સમાઈ ગયા. કેવી હશે તેમની અજબગજબની ક્ષમા! મહાસાધ્વી મૃગાવતીજીએ ક્રોધની સામે કરડી નજર કરી, ક્ષમાની સાથે દોસ્તી બાંધી. ચંદનબાળા ગુરૂણીના કડવા વચન પ્રેમથી ખમી ખાધા એટલું જ નહિ પણ ઉપરથી પોતાની ભૂલ કબૂલ કરી, ગુરુચરણમાં મિચ્છામિ દુક્કડંના આર્તનાદ સાથે માથું મૂકી દીધું ને ગુરૂચરણો અશ્રુજળથી પખાળી દીધા, તો એ ક્ષણે એમના જીવનમાં અજ્ઞ મટી એ સર્વજ્ઞ બની ગયા. અલ્પદર્શી મટી એ સર્વદર્શી બની ગયા. કેવો આ ક્ષમામૈત્રીનો સાક્ષાત્ ચમત્કાર!!

ક્ષમા જડમૂળથી દ્વેષના અંશને કાઢી જીવનને નિર્મળ સ્ફટીક સમાન બનાવી દે છે, પણ કંઈક વાર દ્વેષની-ઈર્ષ્યાની એવી જ્વાળા ભભૂકી જાય છે કે સામી વ્યક્તિ ગમે તેટલી ક્ષમા રાખે છતાં એની જ્વાળા શાંત થવાને બદલે વધતી જાય છે. પૂર્વના એવા આઠ કર્મનો ઉદય હોય ત્યારે આવો પ્રસંગ બને છે.

અરિષ્ટપુર નામના નગરમાં માતા-પિતા-દીકરો-દીકરી ચાર માણસનું કુટુંબ વસતું હતું. ભાઈ-બેનને ઘણો પ્રેમ. જેવી ચંદ્ર અને ચકોરની પ્રીતિ તેવી ભાઈ બહેનની પ્રીતિ

અજોડ. ભલભલાને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દે તેવી હતી. ખૂબ પ્રેમ, સંપ અને એકતાથી બધા રહે છે. જ્યાં પ્રેમ છે ત્યાં સુખ છે, શાંતિ છે, આનંદ છે. કંઈક ઘર એવા પણ જોવા મળે કે જ્યાં સદાય કલેશ, કંકાશ સળગતો જ હોય! આ માતા-પિતા સંસ્કારી છે. તેમના ઘરમાં ધર્મના સંસ્કાર પણ સારા છે. સવારમાં પ્રાર્થના કર્યા પહેલા દૂધ પીવાનું નહિ. ગામમાં સંતસતીજી બિરાજતા હોય તો તેમના દર્શન કર્યા પહેલા ઘરનું કોઈ કામ કરવાનું નહિ. આવા સુંદર સંસ્કાર માતા-પિતાએ સંતાનોને આપ્યા છે. હું તો તમને કહું છું કે સંતાનોને ધનનો વારસો નહિ આપો તો ચાલશે, પણ સંસ્કારોનો સુંદર વારસો આપ્યો હશે તો એ સંતાનો દુઃખી નહિ થાય, અને ભવિષ્યમાં માતા-પિતાને પણ શાંતિ આપી શકશે.

આ કુટુંબ આનંદથી રહે છે, પણ તેમાં જાણે કાળરાજાનું આમંત્રણ ન આવ્યું હોય તેમ માતાપિતા બંને એકી સાથે ટૂંકી બિમારીમાં આ દુનિયામાંથી વિદાય લઈને ચાલ્યા ગયા. જગતમાં મૃત્યુ અનિવાર્ય છે. હજુ સુધી તેને રોકવા કોઈ સમર્થ થયું નથી. માતાપિતાના સ્વર્ગવાસથી ભાઈ બેનને ખૂબ આઘાત લાગ્યો. ઢગલો થઈને પડયા. અરરર...હવે આપણે શું કરીશું? હે વિધાતા! તેં અમારો આખો માળો તોડી નાંખ્યો! તને આ નાના ફૂલ જેવા ભાઈબેનની દયા ન આવી? તેં આ શું કર્યું? માતાપિતાના વહાલ હવે કયાં મળશે? હવે અમને ધર્મના સંસ્કાર કોણ આપશે? વાત્સલ્ય મૂર્તિ માતા-પિતા! અમને છોડીને ચાલ્યા ગયા? હવે આ દુનિયામાં અમારું કોણ? એમ બોલે છે ને કાળો કલ્પાંત કરે છે. ભાઈ બેનને આશ્વાસન આપે ને બેન ભાઈને આપે! ભાઈબેનનો પ્રેમ દૂધ સાકર જેવો છે. ધીમે ધીમે દિવસો જતાં શોક ઓછો થયો. આ ભાઈબેન સાથે સામાયિક કરે. પ્રાર્થના કરે. બધું સાથે કરે છે.

**ભાભીનો જુલમ :** સમય જતાં ભાઈ મોટો થયો. ભાઈના લગ્ન થયા. ભાભી સાસરે આવી. ભાઈ-બેનને ધર્મ ગમે છે, પણ ભાભીને ધર્મ ગમતો નથી. તેના મનમાં થયું કે આ ભાઈ-બેન બધી ધર્મક્રિયા સાથે કરે છે. આ ધર્મઢીંગલી બની ગઈ છે. તે સાસરે જાય તો તેનો ભાઈ નવરો પડે. ભાભીને તો નણંદ ગમતી નથી. એની પાસે બધા કામ કરાવે ને ઉપરથી મેણા-ટોણા સંભળાવે. એણે તો નણંદને દુઃખ દેવા માંડયા. ભાભી તો આ ભાઈબેનને ધર્મ કરતા રોકવા જાય છે પણ તેઓ કહે, અમારા દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી પ્રાર્થના, સામાયિક, સંતદર્શન ચૂકવાના નથી. આ ભાભીને તો સંતો પોતાના આંગણે ગૌચરી પધારે તે પણ ગમતું નથી. ભાઈ ઘણીવાર પત્નીને સમજાવે કે ધર્મથી આપણો સંસાર ઉજળો છે. તું પણ થોડો ધર્મ કર. નહિ તો તારી દુર્ગતિ થશે, પણ ધર્મની વાત ગમે કોને? ભાઈ સમજાવે ત્યારે ભાભી તો ઉપરથી વિફરે. નણંદને ન કહેવાના શબ્દો કહે. પતિ માટે જેમ તેમ બોલે. ભાઈના મનમાં થયું કે મારી બેનને એની ભાભી ખૂબ ત્રાસ આપે છે. બેનનું દુઃખ જોયું જતું નથી, માટે હવે એને સારું ઘર જોઈને પરણાવી દઉં તો એના જીવનમાં શાંતિ મળે.

શોધતા શોધતા એક સારા સુખી ઘરના છોકરા સાથે બેનનું સગપણ કર્યું. ખૂબ મોટા મહોત્સવથી પરણાવી. બેન સાસરે જતાં ખૂબ રડે છે. અહીંયા ભાઈ મને ધર્મના દરેક કાર્યમાં સાથ આપતો હતો. હવે મને કોણ સાથ આપશે ? ભાઈને પણ બેનને છૂટી પાડતા દિલમાં ઘણું દુઃખ છે, પણ દીકરી તો સાસરે શોભે. વળી ભાભીનો ત્રાસ. ભાઈએ ખૂબ સમજાવીને બેનને સાસરે મોકલી. બેને જોયું તો પોતાનો પતિ પણ નાસ્તિક છે. બેનના મનમાં થયું કે ભલે મને ગરીબ ઘર જોયું હોત તો ચાલત પણ જ્યાં ધર્મ હોય ત્યાં મળ્યું હોત તો સારું હતું. બેન દિવસે દિવસે સૂકાતી જાય છે. પતિ પૂછે છે અહીં બધું સુખ છે ને તું કેમ સૂકાતી જાય છે. બેનનું નામ છે સુશીલા. સુશીલા કહે, આપ મને ગમે તેવા સુખ આપો પણ જો જીવનમાં ધર્મ નથી તો કલ્યાણ નથી. સંતના દર્શન કરવાથી, સામાયિક કરવાથી આપણા પાપો ધોવાઈ જાય છે, ને આપણી સદ્‌ગતિ થાય છે. પતિ ભલે નાસ્તિક હતો પણ તેનામાં માનવતા હતી. સુશીલાની ટકોરથી તે ધર્મ પામી ગયો. હવે પતિ-પત્ની બંને ધર્મક્રિયાઓ સાથે કરવા લાગ્યા. હવે સુશીલાને ખૂબ આનંદ થયો, પણ એને કયાં ખબર છે કે આ મારો આનંદ ઝાઝો સમય ટકવાનો નથી.

**પતિનો આઘાત અને ભાઈનું આશ્વાસન** :–સુશીલાના લગ્ન થયા છ માસ થયા. જીવનમાં આનંદ અને સુખ આવ્યું પણ પૂર્વકૃત કર્મના યોગે તેના પતિને પેટમાં ભયંકર દુઃખાવો ઉપડયો ને ત્રણ દિવસની બિમારીમાં પતિ પણ સુશીલાને છોડીને ચાલ્યો ગયો. બેનના આઘાતનું તો પૂછવું જ શું ? આઘાતમાં બેભાન થઈને પડી. પત્ની માટે તો પતિ પોતાનું સર્વસ્વ હોય છે. સુશીલા કાળો કલ્પાંત કરે છે. માથા પછાડે છે પણ તેને કોણ આશ્વાસન આપે ? સાસુ-સસરા કોઈ નથી. ભાઇને ખબર પડતાં દોડતો આવી પહોંચ્યો. બનેવીની અંતિમ ક્રિયા થયા પછી કહ્યું બેન ! તું હવે એકલી થઈ ગઈ. તારું રૂપ ઘણું છે એટલે એકલા રહેવામાં જોખમ છે. તું ચાલ મારી સાથે. બેનને સમજાવીને ભાઈ પોતાને ઘેર લઈ ગયો. બેનના દિલમાંથી આઘાત જતો નથી. ભાઈ ઘણું સમજાવે છે. બહેન ! તું કલ્પાંત ન કરીશ. કોઈ પ્રકારનું દુઃખ ન ધરીશ. તું વિકલ્પોની હારમાળા છોડી દે. સંતાપને દૂર કર. હે વહાલી ભગિની ! મારાથી તારું દુઃખ જોઈ શકાતું નથી. તું હિંમત રાખ. ધીરજ ધર. આ ઘરમાં કોઈ પણ તારું પ્રતિકૂળ કરશે તો તે મારો શત્રુ બનશે માટે હે વહાલીબેન ! ચિંતા ન કર. મારા દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી તને દુઃખ નહિ પડવા દઉં ! આ પ્રમાણે ભાઈએ બેનને આશ્વાસન આપી શાંત કરી.

**નણંદને આળ ચઢાવતી ભાભી** :–બેન ભાભીના ઘરકામમાં બધે મદદ કરવા લાગી. ભાઈ-બહેનનો અપૂર્વ અજોડ સ્નેહ તે તેની ભાભીથી સહન ન થયું. ભાઈ-બેનના નિર્દોષ નિર્મળ ઝરણાં જેવાં પ્રેમને ઈર્ષ્યાની આગથી જોઈ રહી છે. ઈર્ષ્યાગ્નિની

ભડભડતી જ્વાળા તેના અંતરના અણુએ અણુને બાળી રહી છે. મનમાં તે બબડે છે કે હું જીવતી હોવા છતાં આ મારા ઘરની સ્વામિની કોણ? આને વળી કોણે ઘરનું રાજ્ય આપી દીધું! આખો દિવસ નણંદ પર ઈર્ષ્યા કરે. તેનું સુખ જોવું પણ ગમતું નથી. આંખમાં પડેલા તણખલાની જેમ ભાઇ-બેનનો સ્નેહ તેના હૈયામાં ખટકયા કરે છે, પણ તે સમજતી નથી કે પહેલેથી આ ભાઇ બહેનનો સ્ફટિક જેવો નિર્મળ સ્નેહ છે. તેમાં બેન લગ્ન પછી છ મહિનામાં વિધવા થઇ તેથી ભાઈનો પ્રેમ ચાર ગણો વધ્યો. આ દુખિયારી નણંદને ઓછું ન આવે તેમ રાખવી જોઈએ, પણ ઈર્ષ્યાગ્નિમાં ભડભડ બળતી ભાભી આવું કયાંથી વિચારે? તેને સદ્બુદ્ધિ, પ્રેમ કે કરૂણા આવે? કદાપિ નહિ. તે તો દિનપ્રતિદિન નણંદના છિદ્રો જોવા લાગી. અત્યાર-સુધી મનમાં બળતી હતી પણ હવે તો કર્કશ, કઠોર, ન સાંભળી શકાય તેવા વચનો સંભળાવે છે ને શેરીમાં તેને વગોવે છે. ખોટા આળ-કલંકની ઝડી વરસાવે છે અને કહે છે કે તમે બેન, બેન શું કરો છો? તમારી બેનના ચરિત્ર જાણો છો? એ તો મહાદુષ્ટા છે. ખરાબ ચારિત્રવાળી છે. કોઈની પાછળ પડેલી છે.

બંધુઓ! વિચારો. કર્મનું દુર્ભાગ્યપણું, વિચિત્રપણું! તદ્દન નિર્દોષ, શીલગુણસંપન્ન કદી મનથી પણ પર પુરૂષની ઇચ્છા કરી નથી, એવી ગુણવાન હોવા છતાં એક ઈર્ષ્યાના કારણે તેના પૂર્વકૃત કર્મોદયે ભાભી તેના પર ખોટા કલંકોની કાલિમા ચઢાવે છે. જીવ કર્મો હોંશે બાંધે છે પણ ભોગવવાનો સમય આવશે ત્યારે રોતા પૂરા નહિ થાય. કર્મ કરતી વખતે જીવ વિચાર નથી કરતો. બહેન પર આવા કલંકો ચઢાવતી ભાભીને તેના પતિએ ખૂબ ઠપકો આપ્યો ત્યારે તેણી કુટવા રડવા લાગી. બીજી તરફ બહેનનું દુઃખ જોઈ ભાઈ ચોધાર આંસુએ રડે છે. હે ભગવાન! મારી બેન સાસરે કેટલી સુખી હતી. તેના પતિએ તેને કોઇ દિવસ દુઃખ આપ્યું નથી પણ તેના પાપકર્મના ઉદયે કર્મરાજાએ તેનું સુખ ઝુંટવી લીધું. તેના ભાગ્યમાં સુખ નહિ હોય ત્યારે જ વિધવાપણું આવ્યું ને! એ દુઃખ તો છે ને વળી ભાભીના ખોટા કલંકો, ત્રાસથી કેટલું દુઃખ વેઠે છે! મારી બેન બધું સમભાવે ભોગવે છે. તેની જેટલી ક્ષમા તેટલી ભાભીની ઈર્ષ્યા અને ક્રોધ.

**બેનનું સંયમ પંથે પ્રયાણ :** કેટલાક સમય બાદ બેનને વિચાર આવ્યો કે હવે તો હદ થઈ ગઈ છે. ભાઇનો પ્રેમ નિર્મળ હોવા છતાં ભાભીની આવી વિચિત્ર પ્રકારની ઇર્ષ્યા છે. તો કોઈ પણ રીતે આ ઘરમાં રહેવું યોગ્ય નથી. ભાઈ નિષ્કપટી છે, સ્નેહનો સાગર છે, પણ ભાભી મર્યાદા વિનાની જેમ તેમ ભાષા બોલે છે, માટે હવે અહીં રહેવા જેવું નથી. મેં પૂર્વે એવા ગાઢ પાપકર્મો કર્યા હશે તો આવા દુઃખો ભોગવવા પડે છે. નાનપણમાં માતા-પિતા ગયા. પરણીને સાસરે ગઈ તો છ મહિનામાં પતિ ચાલ્યા ગયા. ભાઈ સુખ આપવા ઘેર લાવ્યો તો પણ દુઃખ દુઃખ ને દુઃખ. આ સંસાર જ જ્યાં દુઃખથી ભરેલો છે ત્યાં સુખ શોધવા જાઉં તો કયાંથી મળે? બસ હવે મારે ન જોઇએ આ સંસાર, હવે તો લેવી છે દીક્ષા. આ પ્રમાણે વિચાર કરી રહી છે,

ત્યાં સમાચાર મળ્યા કે ગામમાં સતીજી પધાર્યા છે. સુવ્રતા સાધ્વીના મુખેથી ઉપદેશ સાંભળ્યો. વૈરાગ્ય રંગે રંગાયેલી સુશીલાને સંયમના ભાવ દઢ થયા ને નિર્ણય કર્યો કે હવે તો જલ્દી દીક્ષા લઈને આત્મકલ્યાણ કરવું છે. બેને ઘેર આવીને ભાઈને વાત કરી. વીરા ! મારે દીક્ષા લઈને હવે મારું જીવન સુધારવું છે, માટે મને દીક્ષાની આજ્ઞા આપ. બેનની દીક્ષાની વાત સાંભળતા ભાઈને ખૂબ આઘાત લાગ્યો. શું મારી બેન સંસાર છોડીને ચાલી જશે ? ખરેખર ! મારી પત્નીના આવા પ્રકારના વર્તનથી બેનને સંસાર છોડવાની ભાવના થઈ છે. ભાઈ ના પાડે છે. બેન ! હું તને આજ્ઞા નહિ આપું. માતા–પિતાએ પણ મને છેલ્લી ભલામણ કરી હતી કે તારી નાની બેનને સાચવજે. હું તને કેવી રીતે આજ્ઞા આપું ? આ વાત સાંભળીને ભાભીને તો આનંદનો પાર નથી. હાશ ! હવે ટાઢા પાણીએ ખસ જશે. ભાઈ ઘણી ના પાડે છે, છતાં બેને ભાઈને સમજાવીને દીક્ષાની આજ્ઞા મેળવી. ખૂબ ધામધૂમથી ભાઈએ બેનનો દીક્ષા મહોત્સવ ઉજવ્યો.

સુશીલા દીક્ષા લઈને ગુરૂ ચરણમાં સારી રીતે સમર્પણ થઈ ગઈ. તેનો વિનય, વિવેક, સમતા, ક્ષમા, ગુરૂભક્તિ આદિ ગુણોથી સારા સાધ્વી પરિવારમાં તે પ્રેમપાત્ર બની ગયા. ખૂબ જ્ઞાન મેળવ્યું, સાથે તપ પણ કરે છે. એ રીતે ગુરૂ આજ્ઞામાં વિચરતા વિચરતા બાર વર્ષે તેમના ગામમાં પધાર્યા. ભાઈને ખૂબ આનંદ છે. અહો ! બાર વર્ષે મારા બેન ( મહાસતીજી ) ગામમાં પધાર્યા છે. આખા ગામમાં આનંદ છે, કારણ કે સુશીલાના સદ્‌ગુણોથી આખું ગામ તેને ચાહતું હતું. તેમની પ્રશંસા કરતું હતું. આખું ગામ તેમના સ્વાગત માટે ઉમટયું. ન ગઈ માત્ર તેની ભાભી ! ભાઈ તો પોતાના ભાગ્યને મહાન માનવા લાગ્યો, કે મારા બેન મહાસતીજીના પુનિત પગલાં અહીં ક્યાંથી ? બહેન ગૌચરી પધારશે તો મારૂં ઘર પવિત્ર થશે. તે તો તન, મન અને ધનથી તેમની સેવા કરવા લાગ્યો, પણ ભાભીનું મુખ કોલસા જેવું કાળું થઈ ગયું. નણંદ ગામમાં પધાર્યા તે તેને ન ગમ્યું. છતાં બહારથી ખોટા હાવભાવ, આગતા સ્વાગતા કરીને બોલે છે ગુરૂણીદેવ ! આપે પધારીને મારું નગર પાવન કર્યું છે. આપ મને લાભ આપશો. બહારથી મીઠું મીઠું બોલીને આનંદ વ્યક્ત કર્યો.

ભાઈ તો જે દિવસથી બહેને દીક્ષા લીધી ત્યારથી તે પણ વૈરાગ્ય ભાવમાં ઝૂલતો હતો. તેમાં બહેન પધાર્યાના સમાચાર મળતાં વિશેષ આનંદ થયો. તે તો એ જ ભાવના ભાવે છે કયારે એવો સોનાનો દિવસ ઉગે કે હું પણ બેનના માર્ગને પામું. બે દિવસ થયા છતાં હજુ ઘેર પગલાં થયા નથી, ગૌચરી આવ્યા નથી, તેથી ભાઈ ખૂબ રાહ જુએ છે. રોજ જમવા આવે ને પૂછે છે, મહાસતીજી પધાર્યા હતા ? પત્ની ના કહે, ત્યાં ભાઈને ખૂબ દુઃખ થતું. ત્રીજે દિવસે ફરતા (૨) મહાસતીજી તેને ઘેર ગૌચરી વહોરવા પધાર્યા. આ બાજુ તો ભાઈ ઘેર નહિં. નણંદે દીક્ષા લીધી તો ય હજુ ભાભીનું વેર શમતું નથી. તેણે સતીજીને ગૌચરી વહોરાવી. નણંદ પ્રત્યેનો દ્વેષ પણ હજુ ઓછો થયો નથી. તેણે પોતાની દીકરીને અગાઉથી સમજાવી રાખ્યું હતું કે મહાસતીજી પધારે

ત્યારે તું આ રીતે કરજે. તે રીતે સતીજી વાંકા વળીને ગૌચરી વહોરે છે ત્યારે પાછળથી તે છોકરીએ સોનાની બુટ્ટી અને વીંટી સાધ્વીજીની પછેડીના છેડે બાંધી દીધી. સતીજીને તો આ કાંઈ ખબર નથી. તે તો ગૌચરી વહોરીને ચાલ્યા ગયા. ભાઈને ખબર પડી એટલે જલ્દી ઘેર આવ્યો. ને પૂછયું, આપણા (બેન) મહાસતીજી આવી ગયા! પત્ની ધડૂકી. જોયા તમારા બેન મહાસતી? સાધુ સાધુ શું કરો છો એ તો ચોર છે ચોર. અરે! ઘરમાંથી અલંકાર ચોરી ગઈ છે. છે શરમ! છે લજ્જા! તમને બહેન પર પ્રેમ છે, પણ બહેનના ચરિત્ર જાણો છો? ભલે ને ત્યાગી થઈ. મોટી ભગતડી થઈને લૂંટવા આવી છે.

પત્નીના બેન માટે ભયંકર બાણુ મારે એવા વચન સાંભળીને ભાઈને ખૂબ દુઃખ થાય છે. અરે આ તો પત્ની કહેવી કે કુભાર્યા? બેને સંસાર ત્યાગ્યો છતાં તેનો પીછો છોડતી નથી. આ તે કેવી ઈર્ષ્યાગ્નિ! આ ભારે ભૂંડી જ્વાળા! ભલભલાના કાળજાને સળગાવી નાંખે છે. તેણે કહ્યું બેસ. આવું બોલતા શરમ નથી આવતી? ત્યાગીને પણ રંજાડે છે? સાધુને સંતાપે કોઈ દિવસ સુખી નહિ થવાય. ગુરૂ અશાતનામાંથી ક્યારેય પણ બચી શકાતું નથી. એક નિર્દોષ સાધ્વીના માટે આવું કલંક! ખૂબ ઠપકો આપ્યો ત્યારે તે બોલી, જાવ, મારું સાચું ન માનો તો પ્રત્યક્ષ જુઓ. મહાસતીજી શેરીમાં ગૌચરી કરતા હતા. ભાઈએ જઈને કહ્યું, સતીજી! પધારો! ભાઈ! હું આવી ગઈ છું. પણ મહાસતીજી! મારા હાથે મેં દાન દીધું નથી. આપ પધારો. દાન દઈને કર પવિત્ર કરું. ભાઈના આગ્રહથી સતીજી ગયા. ત્યારે પછેડીના છેડેથી પોતે બાંધેલી વીંટી અને બુટ્ટી કાઢીને ભાભીએ ભાઈને બતાવ્યા. સાધ્વીજી તો આ જોઈને હેબતાઈ ગયા. તે બિચારા કંઈ જાણતા નથી. આ શું? આ તે કેવો અજબગજબનો આશ્ચર્યકારી બનાવ!

ભાઈ સમજી ગયો કે આ બધા કારસ્તાન મારી પત્નીના લાગે છે. ઈર્ષ્યા કેટલી ખરાબ, ભયંકર અને કષ્ટમાં પાડનારી છે. ઈર્ષ્યા શું શું ઉલ્કાપાત ન કરે! સાધ્વીજી તો ઉદાસ વદને ઉપાશ્રયમાં આવ્યા ને પૂ. ગુરૂણીની પાસે ખૂબ રડવા લાગ્યા. ગુરૂને શિષ્ય દીકરા સમાન વહાલા હોય છે. ગુરૂણી પૂછે છે સાધ્વીજી! કેમ રડો છો? શું થયું તમને? સાધ્વીજીએ બધી વાત કરી. ગુરૂણીએ કહ્યું, તારા કોઈ ભારે પૂર્વકૃત કર્મનો ઉદય થયો લાગે છે. નહિતર આવું અઘટિત કેમ બને? રડીશ નહિ, શાંતિ રાખ. ધીરજ રાખ, પણ હવે તું વિશેષ ને વિશેષ તપ કર. ત્યારથી તે સાધ્વીજીએ જાવજીવ સુધી એક ધાન્યના આયંબીલ કરવાની પ્રતિજ્ઞા કરી. ભાઈને આ વાતની ખબર પડી ત્યારે તેણે પણ આયંબીલ શરૂ કરી દીધા. બેન માટે આવી અઘટિત ઘટના જોઈને વૈરાગ્ય પામી તેણે પણ દીક્ષા લીધી, ને આયંબીલ ચાલુ રાખ્યા. ભાઈ–બેન બંનેએ તપમાં કાયા શોષવી નાંખી. જ્યારે કાયા સાધના કરવામાં અસમર્થ બની ત્યારે પૂ. ગુરૂદેવની આજ્ઞા લઈ સર્વ જીવોને ખમાવી સંથારો કર્યો. બેન કાળધર્મ પામી ત્રીજા

દેવલોકે ગઈ અને ભાઈ પહેલા દેવલોકે ગયા. આ ભાઈ–બહેનની જોડલી દેવલોકમાંથી નીકળી મનુષ્ય થઈ વીતરાગ પ્રભુના પંથે પ્રયાણ કરી શિવસુંદરીની મંગળમાળા વરશે અને ભાભીએ નણંદ પ્રત્યે વેર ન છોડયું તો મરીને નરકે ગઈ.

આ દૃષ્ટાંતથી એ સમજવાનું છે કે ઈર્ષ્યા કેટલી બૂરી ચીજ છે? નણંદે દીક્ષા લીધી છતાં ઈર્ષ્યાના કારણે ભાભીએ વૈરભાવ ન છોડયો ને સાધુ જીવનપર પણ ખોટો આક્ષેપ મૂકયો તો એ મરીને દુર્ગતિમાં ગઈ. માટે આજના દિવસે તમારે જેની જેની સાથે વૈર હોય, અબોલા હોય તે બધાને ખમાવીને ક્ષમા લેજો ને આપજો. સામી વ્યક્તિ કદાચ ક્ષમા આપે કે ન આપે પણ આપણે તો વેરનું વિસર્જન કરવાનું છે ને સ્નેહનું સર્જન કરવાનું છે. સામી વ્યક્તિ કદાચ ક્ષમા ન આપે તો એનો આત્મા જાણે, પણ આપણે તો ક્ષમા માંગી લેવી. જૈનદર્શનના પાયામાં ક્ષમા છે, માટે આપ ખમજો ને ખમાવજો.

**લેજો દેજો ક્ષમા તમે હેતે કરી, એના ચરણે દેજો તમે શીશ ધરી,**
**ભલે જાય આંસુડાની ધાર વહી, તારા આતમને બીજું જોઈએ નહિ.**

---

## વ્યાખ્યાન નં.–૫૦

**ભાદરવા સુદ ૮ ને રવીવાર** તા. ૬–૯–૮૧

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! આગમના આખ્યાતા, વિશ્વમાં વિખ્યાતા, મોક્ષમાર્ગના પ્રણેતા એવા વીર ભગવાન જગતના જીવોને ઉપદેશ આપતા સમજાવે છે કે હે મોક્ષમાર્ગના પ્રવાસી! જરા ધ્યાન આપ. તને ખબર છે કે તું કયાંથી આવ્યો છે? આ તારો પ્રવાસ અનાદિકાળનો છે. અનાદિના સંસારના સતત પ્રવાસથી તું સાચે કંટાળ્યો હોય, તને થાક લાગ્યો હોય તો હવે સાવધાન બન. હે જીવાત્મા! અત્યાર સુધી ખૂબ ભટકયો, પૌદ્‌ગલિક સુખ માટે કેટલીય મુસાફરી ખેડી. કેટલીય ગતિમાં અટવાતો અત્યારે માનવભવ રૂપ નગરમાં આવ્યો છે. આ નગરમાં આવ્યા પછી રખેને તું પ્રમાદમાં પડતો. મોક્ષનગરમાં જવા માટે તું અપ્રમત્તપણે તૈયારીઓ કર. તારી સાથેના અનાદિ કાળના સહચારી મિથ્યાત્વને દૂર કર, અને સમ્યકૃત્વને સહાયક બનાવ. સમ્યકૃત્વ સાથી તારા પ્રવાસમાં ઠેઠ સુધી સાથે રહેશે.

મોક્ષનગરમાં જવા માટે પાથેય–ભાતું જોઈશે. સામાન્ય મુસાફરીમાં પણ તમે ભાતું સાથે રાખો છો તો આ તો મોક્ષનગરીની મુસાફરી ઘણી લાંબી છે, માટે ભાતું સાથે જોઈશે. મોક્ષ માર્ગનો પ્રવાસ ખેડતા કદાચ ક્રોધ દાવાનળ સળગે તો ક્ષમા, શમ–જળથી તેને શમાવી દેજો. આ માનવભવ રૂપ નગરમાં ધર્મ રૂપ ધંધો કરવાનો છે. તમારો ધંધો તમને આ ભવમાં સુખી બનાવશે, પણ ધર્મનો ધંધો કરવાથી જે કમાણી થશે તે મોક્ષનગરમાં લઈ જશે.

વેપાર–ધંધાનો વારસો તો માનવને ગળથુથીમાંથી મળતો હોય છે એમ કહીએ

તો કહી શકાય. પાપનો ઉદય હોય એને ધંધાનો વારસો ન મળે. તમને ધંધામાં વકરા અને નફા વચ્ચે શું અંતર છે એ સમજાવવાનું ન હોય. નફો વકરા દ્વારા થતો હોવા છતાં બંનેનું અસ્તિત્વ અલગ અલગ છે. નફો એ વકરો નથી, અને વકરો એ નફો નથી. જો વકરો અને નફો બંનેને એક માનવામાં આવે તો દેવાળું ફૂંકવાનો વખત આવે. રોજ મેળ મેળવતો વેપારી વકરાનો ગલ્લો છલોછલ ભરાઈ જાય એથી કાંઈ એ હરખાતો નથી. વેપારી પહેલા એ તપાસે છે કે વકરાના ગલ્લામાંથી નફાના ગલ્લામાં કેટલી રકમ જમા થઈ છે, કારણ કે વેપારનું ફળ વકરો નહિ પણ નફો છે. વેપારી કુશળ હોય તો ઓછા વકરામાંથી ઝાઝો નફો મેળવી શકે છે અને વેપાર કરતા ન આવડે તો ઝાઝો વકરો હોવા છતાં નફાના નામે એક પૈસો પણ ન ખતવાય એવું બને. વકરાની વૃદ્ધિ જોઈને રાજીનો રેડ થઈ જનારો તેમજ એની સરખામણીમાં નફાના ખાતે એટલી રકમ ન દેખાતા રડી પડનારો વેપારી સાચો વેપારી નથી, કારણ કે વકરાની વધારાની સરખામણીમાં નફાની વૃદ્ધિ તો લગભગ ઓછી રહેવાની. વકરો રૂપિયાનો થાય એથી કંઈ નફો રૂપિયાનો ન થાય. નફો ચાર આનાનો થાય તો ઠીક થયો કહેવાય. વકરા અને નફા વચ્ચેનું આ ગણિત વેપારી બરાબર સમજે છે. એથી એમનો ધંધો બરાબર ચાલતો હોય છે. વકરો વધવા છતાં જો નફો ન થતો હોય તો વેપારી પોતાની ભૂલ શોધવા મથે છે, અને જો વેપારમાં ખોટ દેખાય તો એ ધંધો છોડીને બીજો ધંધો પણ શરૂ કરતા હોય છે. આવી જાગૃતિ રાખનારને દુનિયા ડાહ્યો વેપારી ગણે છે. જે વેપારી વકરા-નફાનું આવું ગણિત ગણતાં ગોથું ખાઈ જાય છે એ કમાતો નથી એટલું જ નહિ પણ ઉપરથી એને નુકશાનના ખાડામાં ઉતરવું પડે છે. ધંધો કરનારા વકરા નફાના આવા ગણિત અંગે સતત સજાગ હોય એમાં કાંઈ નવાઈ નથી, કારણ કે આવી જાગૃતિ માટે માનવને કહેવું પડે એમ નથી. આવી જાગૃતિના સંસ્કાર એનામાં રૂઢ થઈ ગયા હોય છે. એને કોઈ ઉંઘવાનું કહે તો ય આ વિષયમાં એ જાગ્રત રહેવાનો.

મારે તો તમને તમારા ધંધાની વાત કહીને ધર્મ ધંધાની વાત કરવી છે. ધર્મની દુકાન માંડીને બેઠેલા ઘણાં ખરા ધર્મીઓ વકરા-નફાના ગણિત અંગે સજાગ નથી હોતા. નફા અને વકરા વચ્ચે રહેલી ભેદરેખાને જાણતા નથી, તેથી તેઓ વકરાને નફો માની રહ્યા હોય એમ લાગે છે. ધર્મક્ષેત્રની દુકાનમાં વકરો કયો ને નફો કયો ? એ પહેલાં જાણવું જોઈએ. ધર્મક્ષેત્રની દુકાનોમાં ધર્મક્રિયા એ વકરો છે અને નિર્જરા એ નફો છે. ધર્મની આ ધરતી પર વિધિઓ તેમજ ક્રિયાઓની દુકાનો તો અનેક ખુલ્લી જોવા મળવાની, પણ એ બધી દુકાનોને ચાર વિભાગમાં વહેંચી શકાય. દાન, શીયળ, તપ અને ભાવ. જૈન જગતમાં જેટલા ધર્મક્રિયાઓના પ્રકાર છે એ બધા પ્રકાર આ ચાર ભેદમાં સમાઈ જાય છે. ધર્મસ્થાનકો, ઉપાશ્રયો એ દુકાનો છે. ત્યાં થતી ક્રિયા એ વકરો છે. ઘણાં વેપારીઓ દાન, શીલ આદિ ક્રિયાઓ થઈ એટલે ધર્મ થઈ ગયો એમ માને છે પણ સાચો ધર્મ તો તે ક્રિયા દ્વારા પ્રાપ્ત થતી નિર્જરા છે. ક્રિયા કરનારની

જેટલી ભાવશુદ્ધિ–પરિણામ શુદ્ધિ તે પ્રમાણે ધર્મનું ધન મળે છે. કોઈ વેપારી કુશળતાથી થોડો વેપાર કરે તો વધુ નફો મેળવી શકે તેમ જેના પરિણામની શુદ્ધિ વધારે તેની નિર્જરા વધારે, ક્રિયાથી હૃદયશુદ્ધિ અને હૃદયશુદ્ધિથી ધર્મધનનો નફો.

અધ્યાત્મની દુકાનમાં નફા–નુકશાન માપવાના ગજ આવા છે. ચિત્તના ચોપડે જમા–ઉધારનું પાસું પાડતી વખતે આ ગણિત પદ્ધતિ અપનાવવી જરૂરી છે. આમાં જે ભૂલે છે તે જમા ઉધારના ખાતા એને પોતાને દગો દેનારા બની જાય છે. ક્રિયા એ વેપાર છે અને નિર્જરા એ નફો છે, પણ આ નફાને ઓળખવો કઈ રીતે ? પરિગ્રહ–સંજ્ઞાની દરિદ્રતા દૂર કરવા દાનની દુકાન ખોલીએ છીએ. મૈથુન સંજ્ઞાની દરિદ્રતા દૂર કરવા શીલની હાટડી માંડીએ છીએ. આહાર સંજ્ઞાની કારમી ગરીબીમાંથી છૂટવા તપની પેઢી શરૂ કરીએ છીએ અને ભયસંજ્ઞાના ભિખારીપણામાંથી મુક્ત થવા ભાવની દુકાનના દ્વાર ખોલીએ છીએ. આ ચાર જાતની દરિદ્રતા આપણને અનંતકાળથી ઘેરીને રહેલી છે. એને દૂર કરવા દાન કરીએ છીએ. શીયળ પાળીએ છીએ. તપ કરીએ છીએ, અને ભાવના ભાવીએ છીએ, એટલે વકરો કરીએ છીએ. હવે આ વકરો નફામાં કૃતાર્થ થાય છે કે નહિ ? એનું માપ કાઢવા માટે અંતરમાં અવલોકન કરવું પડશે.

જેમ જેમ દાન કરતા જાવ તેમ તેમ પરિગ્રહ અનર્થકારી લાગતો હોય તો સમજવું કે દાનની દુકાન સદ્ધર બની છે. દાનક્રિયા અપરિગ્રહ રૂપ નિર્જરાના નફા દ્વારા ધર્મ–ધન કમાવામાં સફળ બનતી રહી છે. શીલની શાલ ઓઢતા જઈએ તેમ આત્મા તરફ બહુમાનપૂર્વકની ભાવના સતેજ બનતી જાય અને ભોગ વિષમ લાગતા હોય તો સમજવું કે શીલ ક્રિયાનો વેપાર નિર્જરાનો નફો કરાવી રહ્યો છે. તપના તેજોમય કુંડમાં નહાતા જઇએ એમ અણાહારી પદ પામવાની લગની વધતી જાય અને આહાર એક જાતની લપ રૂપ ક્રિયા દેખાતી હોય તો સમજવું કે તપક્રિયા અણાહારી પદ રૂપ નિર્જરાનો નફો મેળવી આપવા પેઢીને પગભર બનાવી રહી છે. ભાવનાની ભવ્ય દુનિયામાં જેમ જેમ ઉંડા ઉતરતા જઈએ એમ એમ અભયદાન દ્વારા અભય બની જવાની તાલાવેલી વધતી જાય, અને સંસાર અસાર લાગે, દુઃખનો દરિયો લાગે, તો સમજવું કે ભાવક્રિયા અભયપદ રૂપ નિર્જરાનો નફો મેળવી આપવામાં સફળ બની છે. આમ દાન, શીયળ, તપ, ભાવરૂપ ચારે દુકાનો માત્ર વકરો કરે છે કે નફો મેળવી આપે છે તેનું માપયંત્ર હૃદયવિશુદ્ધિ છે. આ માપયંત્ર દ્વારા ધર્મપેઢીના ચોપડા તપાસીને સાધનાનું સરવૈયું કાઢી શકાય છે.

માનવનો ભવ મોસમની વેળા છે. ધર્મ કરી શકાય એવો ભવ એક આ જ હોવાથી એનું મુક્તિના મંગલ દ્વાર તરીકે માનભર્યું મહત્વ આંકવામાં આવ્યું છે, માટે આ મોસમના દિવસોમાં જેટલી બને તેટલી આત્મકમાણી કરી લેવી, એ જ સાચું જીવનનું ધ્યેય છે. જેમ સુવર્ણના અલંકારોમાં સુવર્ણ એ મુખ્ય કારણ છે તેમ અર્થપ્રાપ્તિમાં અને મોક્ષપ્રાપ્તિમાં ધર્મ એ મુખ્ય કારણ છે. સંસાર એટલે કર્મકૃત અવસ્થા. એને

ટાળવાનો ઉપાય તે ધર્મ. તે ધર્મનું સાધન માત્ર મનુષ્યભવમાં સમ્યક્ત્વની કે મંદ મિથ્યાત્વની હાજરીમાં થઈ શકે છે. કર્મરહિત અવસ્થા પણ આ જન્મ દ્વારા જીવ મેળવી શકે છે. કર્મરહિત અવસ્થા અથવા સિદ્ધ અવસ્થા જીવ પામે ક્યારે? સઘળા કર્મોનો સંસર્ગ છૂટે ત્યારે. સઘળા કર્મોનો સંસર્ગ છૂટે ક્યારે? સર્વકર્મ તોડવાની યોગ્ય સાધના થાય ત્યારે.

આજના માનવની દશા કેવી છે? **"સંસાર ભયંકર દુઃખ આપે, ચાર ગતિના ચક્કરમાં રખડાવે, ભયંકર અપમાન કરે છે, છતાં ફારગતિ નહિ."** પોતાનો સગો ભાઈ દુઃખ દેતો હોય, હેરાન કરતો હોય, તો ચાલ ફારગતિ! મા-બાપ નથી ગમતા તો ચાલો ફારગતિ! પણ આ સંસાર ઘોર દુઃખ દે છે છતાં ફારગતિ નહિ? અનંત અનંતવાર સંસાર તમને અગવડમાં મૂકે, ત્રાસ આપે, છતાં સ્વમાન નથી! શું એમ નથી થતું કે હવે સંસાર સાથે ફારગતિ કરું, અને અગવડ વેઠીને પણ ધર્મ કરું! સંસારમાં ગમે તેટલી તકલીફ કે અગવડ હોય તો શું કહેશો ખરા કે સંસાર નહિ પાલવે, મૂકી દઉં? જરા ઉંડા ઉતરી જુઓ તો ખબર પડે કે **સંસાર અને આત્માની ભાગીદારીમાં આત્માની બધી મૂડી સાફ થઈ જાય છે, છતાં દેખાવ માત્રનો નફો નહિ ને નુકશાનીનો પાર નહિ!** આવા ઘોર સંસારથી હવે ક્યારે ફારગતિ લેવી છે? તમારે તો સંસારમાં રહીને થાય એવો હોય તો ધર્મ કરવો છે. કેમ બરાબર ને?

જીવની ખૂબી એ છે કે અત્યાર સુધી ભૂતકાળનો સંસાર કેવો અને કેટલો ડહોળ્યો? શું કમાણી કરી અત્યારે કેવી પરિસ્થિતિ છે? પાપી છે કે ધર્મી? આરંભ-સમારંભવાળો છે કે આરંભ વિનાનો? આ કાંઈ આત્માને પૂછવાનું નહિ? આત્મ નિરીક્ષણ કરવાનું નહિ? આત્મ-નિરીક્ષણનો કેટલો અદ્ભૂત પ્રભાવ છે! શુદ્ધ આત્મ-નિરીક્ષણ કરતા જીવ શુભ વિચારની ધારાએ ગુણશ્રેણિએ ચઢવા માંડે, એટલે અનંતી અનંતી કર્મની નિર્જરા! અને એથી આગળ ચઢતાં શુભ ધ્યાનની ધારા વધતી જાય તો ઘાતી કર્મો ખપાવી કેવળજ્ઞાન! આપ સિદ્ધાંતમાં નજર કરો. દૃઢપ્રહારીનું જીવન કેવું! અર્જુનમાળીની સ્થિતિ કેવી! પાપમય છતાં શુભ વિચારણા અને શુભધ્યાનના બળે એ બન્યા કેવળજ્ઞાની.

ગુણસાગર ચોરીમાં બેઠા હતા. દેખાવમાં લોકમાં શું દેખાતું હતું? ઘણો ભાગ્યશાળી! આઠ આઠ કન્યાઓ પોતાનો હાથ એના હાથમાં આપી રહી છે. હાથમાં હાથ એકનો નહિ, આઠનો. ગુણસાગરના પિતાનું નામ રત્નસંચય. એ ખરેખર રત્નના સંચયવાળા અર્થાત્ મહાસમૃદ્ધિશાલી. એમનો સૌભાગી પુત્ર ગુણસાગર. ધામધૂમથી લગ્ન ઉત્સવ ઉજવાય છે. શું આ સ્થિતિ કેવળજ્ઞાન પામવા માટે યોગ્ય ગણાય? અરે, આ તો એકાંત આશ્રવનું સ્થાન! પણ ગુણસાગર માટે સંવરનું સ્થાન બન્યું. આચારંગ સૂત્ર બોલે છે. "जे आसवा ते परिसवा, जे परिसवा ते आसवा"। જ્યાં કર્મબંધનના હેતુરૂપ આશ્રવ છે ત્યાં કર્મની નિર્જરાના હેતુરૂપ સંવર પણ થઈ શકે છે, અને જે

કર્મની નિર્જરાના હેતુ છે તે કર્મબંધના હેતુ પણ બની જાય છે. સ્થુલિભદ્ર મુનિ કોશા વેશ્યાને ત્યાં કેટલો સમય રહ્યા. વેશ્યાનું વિલાસઘર કર્મબંધનનું સ્થાન કહેવાય, પણ સ્થુલિભદ્ર મુનિએ ત્યાં રહીને પોતાના અખંડ નિર્મળ ચારિત્રની છાપ વેશ્યા પર પાડી ને પોતે સંયમમાં દૃઢ રહ્યા ને કર્મબંધનોને તોડયા. આવો પ્રસંગ ગુણસાગરના જીવનમાં બન્યો છે. લગ્નની ચોરી એ આશ્રવનું ઘર છે, કર્મ બાંધવાનું સ્થાન છે, છતાં ગુણસાગરે આશ્રવની ભૂમિને સંવરમાં પલટાવી દીધી. ગુણસાગરે પહેલા જે ગુરૂને જોયા હતા તે ગુરૂ તો હજુ છઠ્ઠા, સાતમા ગુણસ્થાનકે ઝૂલતા હશે. છદ્મસ્થપણામાં હશે, ત્યારે ગુણસાગર કેવળજ્ઞાનની તૈયારી કરે છે. તેરમે ગુણઠાણે વીતરાગ સર્વજ્ઞ બનવાની તૈયારી કરે છે.

**ગુણશ્રેણિનો પ્રભાવ :—**અત્યારે ગુણસાગર પાણિગ્રહણ કરી રહ્યા છે. એક રૂપ-સુંદરી સાથે નહિ પણ આઠ આઠ સાથે. તમારી દૃષ્ટિએ આ વિષયતૃષ્ણા કેટલી ગણાય? સંપત્તિ અઢળક! પછી ઠાઠમાઠ કેવા! મોટા ઘરમાં આરંભ-સમારંભનું તો પૂછવું જ શું? આવી સ્થિતિમાં કેવળજ્ઞાન હોય? હા, હોય-ગુણશ્રેણિએ ચઢતાં આવડે તો ગૃહસ્થને પણ કેવળજ્ઞાન મળે. ન મળે એમ નહિ અને સાધુ હોય છતાં ગુણશ્રેણિએ ચઢતાં ન આવડે તો તેને કેવળજ્ઞાન ન મળે. જીવ ગમે તેવી સ્થિતિમાં બેઠો હોય, પણ ગુણઠાણાની શ્રેણીએ ચઢતા આવડે તો કર્મની અનંતી નિર્જરા. જો વજ્રઋષભનારાચ સંઘયણ હોય અને શ્રેણીએ ચઢતાં ક્ષપક શ્રેણી માંડે તો કેવળજ્ઞાન લઈને સ્થિર થાય.

**ગુણસાગરની અને લોકોની ભેદ દૃષ્ટિ :—**ગુણસાગર પરણવા બેઠા છે પણ લોકોની દૃષ્ટિ જુદી છે, અને ગુણસાગરની દૃષ્ટિ જુદી છે. ગુણસાગર એટલે ગુણનો સાગર. લોકો એમ વિચારે છે કે ગુણસાગરને આઠે પત્નીઓ સુખ આપનારી એકી સાથે કોલ આપે છે. આ આઠેને પરણ્યા પછી જોજો એનો વૈભવ અને વિલાસ! ગુણસાગર સમજે છે કે એક બે નહિ પણ આઠ આઠના બંધનમાં પડયો! આ લપમાંથી કયારે છૂટું ને કયારે ગુરૂદેવ પાસે જઈ ચારિત્ર લઉં. તેમને ત્યાં વિપુલ વૈભવ હતો પણ કોઈની ગુલામી કરે તેવો ન હતો. કુટુંબ ઘણું વિશાળ હતું છતાં ત્યાં કલેશ કે કંકાસ ન હતા. આવી મહાન સુખ સ્થિતિ છતાં ગુણસાગર વૈરાગ્યના આસમાનમાં ઉડતા હતા. તે કેમ બન્યું? તીર્થંકર ભગવાન પધાર્યા હોય તેવું પુણ્ય ન હતું, ત્યારે હતું શું? જાતિ સ્મરણજ્ઞાન. જાતિ સ્મરણમાં શું વિચાર્યું?

**ગુણસાગરની ધ્યાન ધારા :—**હું દેવ-ગુરૂનો સંયોગ પામ્યો ન હતો ત્યાં-સુધી મારી અજ્ઞાન દશાની ગુલામી હતી પણ દેવ-ગુરૂનો સંયોગ પામ્યો, પછી જ્ઞાનદશા પ્રગટી. હે સંજ્ઞાઓ! તમારું ધાર્યું ઘણું કર્યું. હવે તમારું ધાર્યું નહિ થાય. હવે તો મારું ધાર્યું થશે. જો ઇન્દ્રિયો સીધેસીધી ન માને તો બળાત્કારે પણ ઇન્દ્રિયોને વિષયોમાં જતી અટકાવવાની. દેવ-ગુરૂ-ધર્મ ન્હોતા મળ્યા ત્યાં સુધી આળસ અને પ્રમાદમાં હતો પણ હવે પુરૂષાર્થ કરવાનો. અજ્ઞાન અને મોહ દશામાં રઝળતો હતો તેથી વધુ પ્રમાણમાં

જ્ઞાનદશા અને નિર્મોહદશામાં રમવાનું! ગુણસાગર ચોરીમાં બેઠા એવી ભાવના કરે છે કે ગુરૂદેવ પાસે જઈ સંયમ લઈશ. તેમનો વિનય કરીશ, જ્ઞાન ભણીશ, ઉગ્ર તપ કરીશ. કષાયોને ભગાડી જીવન સુંદર બનાવીશ. સંયમી જીવનમાં સ્થિર થઈ સમભાવ કેળવી મોહશત્રુને ભગાડીશ.

**આઠ પત્નીની વિચાર ધારા** :—આ બાજુ આઠ પત્નીઓ વિચારે છે કે આપણા પતિ છે વિરાગી અને વળી આર્યપિતાના પુત્ર! બોલેલું વચન પાળવાના, એટલે લગ્ન પછી સંયમ લેવાના. તો અમારે પણ સંસારનું શું કામ છે? આવા ધર્મપતિ કયાં મળવાના હતા! અમે પણ પતિના પંથે પ્રયાણ કરીશું. આ રીતે આરાધનામાં જોશ લગાવતા ચઢ્યા ક્ષપક શ્રેણિએ. આ નવે આત્માઓ ફૂદકે ભૂસ્કે ગુણશ્રેણિએ ચઢી રહ્યા છે. સમભાવનું એટલું બધું ઓજસ આવી ગયું છે કે સામે લાવી કોઈ હીરાના ઢગલા કરે કે ઘરમાં પડેલા ઝવેરાતની માટી થઈ જાય તો ય બંને પ્રત્યે આનંદ કે શોક નહિ. તેઓ વિચારે છે કે મોહના જેટલા શત્રુ આવશે તેનો દશ પ્રકારના યતિધર્મ રૂપ શસ્ત્રોથી નાશ કરી નાંખીશું. એકવાર સંયમ યોગમાં સ્થિર થઈ મોહના સુભટોને ભગાડી મૂકવાના, પછી નિરાંત. એક બાજુ લગ્નના વાજાં વાગી રહ્યા છે. આનંદ મંગલ વર્તાઈ રહ્યો છે, ત્યારે આ વિરાગી આત્માના પરિણામની ધારા વધતી ગઈ.

**ગુણશ્રેણીનો ચમત્કાર** :—બધા ગુણશ્રેણીએ ચઢ્યા. લોકો જોતા રહી ગયા. ગોર મહારાજ મંત્ર ભણતા રહી ગયા. માબાપ ઓરતો કરતા રહી ગયા, અને ગુણસાગરે તો કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કર્યું. આ આઠ કન્યાઓ હાલીમવાલીના ઘરની ન હતી. એ પણ ઉચ્ચ ભાવનાના આસમાનમાં ઉડવા લાગી. શ્રીમંતના ઘરની કન્યાઓ, રૂપરૂપનો અંબાર! એમાં વળી લગ્ન પ્રસંગે શૃંગારમાં શી ખામી હોય? આ જોઈ માતાપિતાનું દિલ કેવું ઠરે? એ સ્થિતિમાં લોકોને રાગમાં રમતા મૂકી કન્યાઓ વીતરાગ ભાવમાં ચઢી. સંસારના ઉત્સવો જોઈને હૃદયમાં કકળાટ થાય તેવા વિરાગી આજે દુનિયામાં કેટલા જોવા મળે? આઠે કન્યાઓ પણ પતિની માફક ક્ષપકશ્રેણીએ ચઢી. ચોરીમાં હસ્તમેળાપની મોહની રમત વખતે ઘાતીકર્મોને ઉડાડીને કેવળજ્ઞાન પામી. આપણે અહીં તો ચોરી નથી, પણ ઉપાશ્રય છે કે જ્યાં મોહની રમત નથી, માત્ર જિનવાણીનું શ્રવણ છે. તો શ્રવણ કરતા કેટલા કર્મો ઉડાડી રહ્યા છો એનો વિચાર કરજો.

આપણો ચાલુ અધિકાર હમણાં મૂકાઈ ગયો છે. હવે એ વાત વિચારીએ. મયણરેહાએ મનઃપર્યવજ્ઞાની ભગવંતને પોતાના પુત્ર સંબંધી, પતિ સંબંધી, બધા પ્રશ્નો પૂછયા. મુનિ ભગવંતના મુખેથી બધા પ્રશ્નોના જવાબ સાંભળી મયણરેહાને ખૂબ આનંદ થયો. દેશના પૂરી થઈ. બધા બેઠા છે ત્યાં શું બન્યું? ત્યાં એક ચમત્કાર થયો.

ગગનમાંથી ઝણઝણ ગીતગાન સાથે દેવોથી ઘેરાયેલો એક તેજસ્વી દેવ, રત્નો અને મણિઓથી ઝળહળતા વિમાનમાંથી નીચે ઉતર્યો. શું એનું તેજ! એના અંગેઅંગ પર સૂર્ય પ્રભાને પણ ટપી જાય એવી ઝગમગ જ્યોતિ ઝળહળી રહી હતી. એની ઉપર પાછા

દિવ્ય વસ્ત્રો પરિધાન કરેલા હતા. માથે રત્નોનો મુગટ, ગળામાં દિવ્ય રત્નોનો હાર, આદિ અલંકારો ઝગમગ દીપી રહ્યા હતા. સેવકદેવો પોતાના માલિકદેવની બિરુદાવલિ ગાઈ રહ્યા હતા. વિમાન બાજુએ ઉતારી એમાંથી મુખ્ય દેવ જ્યાં બહાર આવ્યો ત્યાં બીજા દેવો દેવનો જયનાદ ગજાવતા એની પાછળ આવ્યાં.

**દેવે પહેલા કરેલું સતીને નમન :** તેજસ્વી દેવ આગળ આવીને પહેલા મહાસતી મયણરેહાને ત્રણ વાર પ્રદક્ષિણા કરી ચરણમાં પડી વંદન કરે છે અને પછી મહર્ષિને વંદન કરી ચરણરજ માથે ચઢાવી એમની સામે બેસે છે, પણ દેવે પહેલા સતીને વંદન કર્યા તેથી લોકો બધા મનમાં બોલવા લાગ્યા કે આ દેવ મુનિને પહેલા વંદન ન કરતા એક સ્ત્રીને વંદન કરી રહ્યો છે. કેટલો અવિવેક કહેવાય? મણિપ્રભ વિદ્યાધરથી આ અવિવેક ન ખમાયો એટલે તે બોલ્યો, કેવી ઉદ્ધતાઈ! કેવો અવિવેક! કેટલું બધું અજુગતું! ગુણોની દૃષ્ટિએ જે ઉંચા તે મહાન અને મહાનને પહેલો નમસ્કાર હોય. મહાનના પહેલા સ્વાગત-સન્માન હોય. એમાં વિવેક છે. એમાં આત્માના ગુણને અવકાશ છે. દેવે કરેલો નમસ્કાર-વ્યવહાર વિદ્યાધર સાંખી ન શક્યો તેથી કહે છે, અરે વિબુધ દેવ! અજ્ઞાની હજુ અવિવેક કરે તો ક્ષમ્ય ગણાય પણ તમારા જેવા દિવ્યજ્ઞાનને ધરનારા જ્ઞાની આવો અવિવેક કરે એ કેમ ચાલે? મહાસતી મયણરેહાને પણ આ પ્રશ્ન-આ અવિવેક મૂંઝવી રહ્યો હતો. 'મારા જેવી એક નારીને શા માટે પહેલા પ્રણામ!'

**જ્ઞાની ગુરૂનો ખુલાસો :** દેવ આનો કંઈ ઉત્તર આપવા જાય એટલામાં તો મહાજ્ઞાની ગુરૂભગવંત ખુલાસો કરે છે કે, હે દેવાનુપ્રિયો! સાંભળો. આ અવિવેકની પાછળ પણ વિવેક રહેલો છે. આ દેવે મયણરેહાને પહેલા નમન કર્યું, એ વાત ઉપર તમે લોકો આશ્ચર્ય અને ખોટા તર્કવિતર્કો કરી રહ્યા છો, પણ આ દેવ સતીના ગુણો અને પોતાની ઉપર કરેલા ઉપકારને કારણે આ સતીને નમન કરી રહ્યો છે. તું નથી ઓળખતો આ દેવને કે નથી ઓળખતો આ સ્ત્રીને, તેથી આ નમસ્કારનું રહસ્ય સમજ્યા વિના દેવને ઠપકો આપવા લાગી ગયો છે, પણ આપ દેવની અશાતના ન કરો. **"દેવાણું આસાયણાએ, દેવીણં આસાયણાએ."** દેવ-દેવીની અશાતના ન કરશો. એના અવર્ણવાદ ન બોલશો, આ ભાગ્યવાન દેવ ઠપકાને યોગ્ય નથી. તે પાંચમા બ્રહ્મદેવલોકમાં સામાનિક દેવોનો રાજા છે. આ દેવ બીજો કોઈ નથી પણ મોટાભાઈ વડે મરાયેલો યુગબાહુ છે. આ સતીનો પતિ છે. રાજા મણિરથ પોતાના નાનાભાઈ યુગબાહુની પત્ની મયણરેહાના રૂપમાં આસક્ત બન્યો. એને મહારાણી બનવા ખૂબ આગ્રહ કર્યો હતો, પણ મહાસતીએ એનો જોરદાર ઇન્કાર કર્યો, તેથી મણિરથે એને બળાત્કારે પોતાની રાણી બનાવવા યુગબાહુ પોતાનો ભાઈ હોવા છતાં, તેનું ખૂન કર્યું. યુગબાહુ મરણ સમયે અત્યંત ક્રોધમાં આવી ગયેલો. નરકાદિ ભયંકર દુર્ગતિમાં જવાની તૈયારીમાં હતો, ત્યારે મયણરેહા માત્ર પત્ની નહિ પણ ધર્મપત્ની કલ્યાણ મિત્ર બનીને પતિની શય્યા આગળ બેઠી. એણે પતિને નવી દિશા અને નવું દ્વાર બતાવ્યું. અતિ નિપુણ અને

મધુર વચનોથી કર્મ સિદ્ધાંત અને ક્ષમા, સમતાની હિત શિક્ષા આપી. આ જગતમાં કોઈ કોઈનો દુશ્મન નથી. આત્મા આત્માનો દોસ્ત છે ને એ જ એનો દુશ્મન છે, માટે ભાઈ પ્રત્યે વૈરભાવ ન રાખશો. જિનશાસનમાં બતાવેલ અંતિમ આલોચના કરાવી અને પંચ પરમેષ્ટિ નવકારમંત્રના સ્મરણમાં ઝીલતો કર્યો. સુંદર ધર્મારાધના કરાવી યુગબાહુને સમતા રસ પાયો કે જેના પ્રભાવે એ મહાભાગ યશસ્વી સમાધિ મરણ પામી પાંચમા બ્રહ્મદેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

મનુષ્ય તિર્યંચોને માતાના ગર્ભમાં ઉત્પન્ન થવું પડે પણ દેવોને ગર્ભજ જન્મ નથી. દેવલોકમાં શય્યા હોય. જેમ તાવડીમાં રોટલી નાંખે તો તેનું એક પડ ઉંચું થાય તેમ દેવ શય્યામાં ઉત્પન્ન થાય. તેમનું શરીર વૈક્રિય છે. તેમના શરીરમાં હાડ-માંસ કે લોહી હોતું નથી. તેમને જરા કે રોગ પણ નથી. તે સદા યુવાન રહે છે. તેમની રિદ્ધિ શાશ્વત હોય છે. દેવ શાશ્વત નથી પણ રિદ્ધિ શાશ્વત છે. જ્યારે યુગબાહુનો આત્મા દેવગતિમાં ઉત્પન્ન થયો ત્યારે સામાનિક દેવોએ તેની પાસે આવીને નમન કર્યું અને પછી પૂછ્યું કે આપે એવી શી કરણી કરી કે જેથી આપ અમારા સ્વામી થયા! ત્યારે અવધિજ્ઞાનના અજવાળે પોતાની પૂર્વ અવસ્થા જોઇ, અને કહ્યું કે મને મારી ધર્મપત્નીએ મૃત્યુ સમયે ધર્મ સહાયતા આપી, તેના પ્રતાપે હું અહીં જન્મ્યો છું. અવધિજ્ઞાનથી જોતાં મનમાં બોલી ઉઠયા, અરે! મારું ખૂન! છતાંય હું આ દેવલોકમાં ઇન્દ્ર! સામાનિક દેવોના સિંહાસનનો સ્વામી! રે દુષ્ટ મણિરથ! તેં તારા સગાભાઇને મારી નાંખતા જરા વિચાર પણ ન કર્યો? તારા પાપે સુદર્શન નગરના ઈતિહાસના પાને લોહીના લેખ લખાયા, પણ મયણરેહા કયાં? તે સતીની મારે સર્વપ્રથમ ખબર લેવી જોઈએ કે તે કોઈ સંકટમાં તો નથી પડીને? આખા સુદર્શનમાં એના પદ-ચિહ્નો પણ કેમ કયાંય જણાતા નથી? દેવશય્યામાં ઉત્પન્ન થયેલા એ દેવે મયણરેહાના પદચિહ્નને શોધવા વધુ ઉપયોગ મૂકચો. જોતાં એ બોલી ઉઠચો રે...રે...આફત પર આફત! શીલ પર પાછું આક્રમણ! અનેક કષ્ટો પડયા છતાં શીલને નષ્ટ થવા દીધું નથી. ઓહ! આ તો નંદીશ્વર દ્વીપ! મયણરેહા છેક અહીં આવી પહોંચી!

**સતીને પ્રથમ વંદન શા માટે?**:–ખરેખર તે મારી પરમ ઉપકારી છે. મરણ સમયે કયાં મારી નરક તરફની દોટ! અને કયાં એ પત્ની મયણરેહાએ મારી ધર્મગુરૂણી બની મારું બાવડું પકડાવીને સમતા-સમાધિ રૂપી સદ્દગતિની દિશા બતાવી. એણે તો મારી ઘોર દુર્ગતિની ઉપરાઉપર થનારી પરંપરાને અટકાવી, સદ્દગતિની હારમાળા ગોઠવી આપી! મારી એ માત્ર પત્ની નહિ પણ ખરેખર ધર્મગુરૂણી છે. ખીણમાંથી ઉગારીને મને શિખરે ચઢાવનાર, રૌરવ દુઃખ ભોગવવા નરકગતિ તરફ જનારી મારી જીવનનૈયાને દેવલોક ભણી દોરનાર આ સતી છે. તો લાવ, એ ઉચ્ચ આત્માને, એ મહાન ઉપકારીને નમસ્કાર કરી મારા આત્માને કૃતાર્થ કરું, પવિત્ર કરું. હવે નંદીશ્વર દ્વીપના પ્રવાસની તૈયારી માટે બીજા દેવોને આજ્ઞા કરી. વિમાન ઘડીપળમાં તૈયાર થઈ ગયું! નવા ઉત્પન્ન થયેલા

દેવ અને તેનો પરિવાર બધા વિમાનમાં બેઠા. તે દેવ આજે પરિવાર સહિત નંદીશ્વર દ્વીપમાં આવ્યો અને પોતાના નિકટના "ધર્મગુરૂ" સતીને ગણીને એને પહેલા વંદન કર્યા.

જ્ઞાની ગુરૂદેવે કહ્યું–મણિપ્રભ! હવે તું સમજી ગયો ને કે આ દેવે મયણરેહાને પ્રથમ પ્રણામ કેમ કર્યા? **જે માણસ જેના ઉપકારથી શુદ્ધ ધર્મ પ્રાપ્ત કરે છે તે તેના માટે ગુરૂ બને છે. આ દેવ મયણરેહાને પોતાના ધર્માચાર્ય, ધર્મગુરૂ માને છે.** આ મારી પૂર્વભવની પત્ની છે એ વિચારથી આ દેવ તેની પત્નીને મળવા નથી આવ્યો પણ આણે મને શુદ્ધ ધર્મ આપ્યો, મને દુર્ગતિમાં જતો બચાવ્યો અને દેવલોકમાં મોકલ્યો. મારા પર તેણે અસીમ અને અનંત ઉપકાર કર્યા છે. આવી ઉપકારની ભાવનાથી પ્રેરાઈને અને ઉપકારી પ્રત્યે પોતાનો આનંદ અભિવ્યકત કરવા તે આવ્યો છે. "સતીને વંદન કરવાના નિમિત્તે મને સમર્થ ચારિત્રસંપન્ન, મહાજ્ઞાની, ચાર જ્ઞાનના ધારક મુનિના દર્શન પણ થશે." આ પ્રમાણે વિચાર કરી આ દેવ, દેવલોકના સુખ છોડીને અહીં આવ્યો છે. આ બધી વાત જાણીને મણિપ્રભ વિદ્યાધરને ખૂબ આનંદ થયો. તેણે દેવ યુગબાહુની ક્ષમા માંગી અને તેની નિર્મળ ભાવનાની ખૂબ ખૂબ અનુમોદના કરી. મયણરેહા તો આ દેવ કોણ છે તે જાણતી ન હતી, પણ ગુરૂમુખેથી બધી વાત સાંભળી પોતાના પતિની દેવગતિ થઇ તે જાણીને તેને ખૂબ સંતોષ થયો.

યુગબાહુનો આત્મા પણ કેવો ઉત્તમ કહેવાય! તેના હૈયાની કેવી વિશાળતા! ઉપકારીના ઉપકારને દેવલોકમાં જઇને પણ ભૂલ્યો નહિ. દેવલોકમાં જનાર જીવો ત્યાં જઈને દેવલોકના દિવ્ય સુખોમાં એવા ડૂબી જાય છે કે મનુષ્ય ભવના પોતાના સ્નેહી સ્વજનોને તો ભૂલી જાય પણ પોતાના ઉપકારીને પણ ભૂલી જતા હોય છે. જેણે માનવજન્મમાં સારો પુરૂષાર્થ કર્યો હોય અને મૃત્યુ સમયે પણ સમતા સમાધિ રાખી હોય એવા જીવો પ્રાયઃ દેવલોકમાં જાય છે. યુગબાહુ દેવે પત્નીને કલ્યાણમિત્ર માની, તેથી, તેના દર્શને આવ્યો. આ જીવનમાં સંબંધ બાંધો તો આવા બાંધો. પત્ની માત્ર પતિની પત્ની જ ન બની રહે, પણ પતિની કલ્યાણ મિત્ર બને. પતિ માત્ર પત્નીનો પતિ બને તે પુરતું નથી પણ પત્નીનો તે હિતમિત્ર બને મયણરેહા સાથેની યુગબાહુની મૈત્રીને ઉપકારી મૈત્રી કહી શકાય. મારા ઉપકારીના ઉપકારનો બદલો ચૂકવું, તેનું ઋણ અદા કરું, આવો વિચાર મૈત્રીભાવનાનો પ્રકાશક છે. હવે આ દેવ મયણરેહાને શું કહેશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૫૧

**ભાદરવા સુદ ૯ સોમવાર** **તા. ૭–૯–૮૧**

કથીરમાંથી કંચન બનાવનાર, પામરમાંથી પરમ, જનમાંથી જિન, કલ્ચરમાંથી કોહીનૂર બનાવનાર એવા અનંત જ્ઞાની પ્રભુએ જીવોના શ્રેય માટે દ્વાદશાંગીની પ્રરૂપણા કરી. દ્વાદશાંગીમાં ૧૪ પૂર્વોનો સમાવેશ થાય છે. આ દ્વાદશાંગી અમાપ અને અગાધ

જ્ઞાનસાગર છે સમુદ્રમંથન બધા નથી કરી શકતા, પણ જે સાહસિક હોય છે તે સમુદ્રમાં ડૂબકી મારે છે, અને ઠેઠ તેના તળિયે પહોંચીને ત્યાંથી રત્નો લઈ આવે છે. જ્ઞાનનો વિશાળ સાગર છે. એ સાગર લવણ સમુદ્ર નહિ, અરેબિયન સાગર નહિ, પણ એ તો છે ક્ષીરસાગર! અમૃતનો સમંદર! દ્વાદશાંગી રૂપ જ્ઞાનની-ક્ષીર સાગરની જ્ઞાનમગ્ન આત્માને જે સુખાનુભૂતિ થાય છે તે શબ્દોમાં કહી શકાતી નથી. જ્ઞાનના અભાવે જીવો આ સંસારમાં ભટકી રહ્યા છે. જ્ઞાનના અભાવના કારણે સંસારમાં ત્રાસ અને અશાંતિ દેખાય છે. કર્મના બંધનોથી બંધાયેલા અનંતા જીવો આ અનાદિ સંસારની ચાર ગતિમાં ભટકી રહ્યા છે. કર્મોના કારણે જીવમાં મોહ, અજ્ઞાન, રાગ, દ્વેષ, શાતા, અશાતા, સુખ, દુઃખ વગેરે તત્ત્વો સદાય રહે છે તેમાં પણ નરક અને તિર્યંચ ગતિમાં તો મોહ અને અજ્ઞાન, રાગ અને દ્વેષ, પ્રગાઢપણે હોય છે. દુઃખના ઉકળતાં દરિયા સિવાય નરક અને તિર્યંચ ગતિમાં કાંઈ નથી હોતું. નરક ગતિમાં જે જીવોમાં સમ્યક્ત્વનો દીપક ઝળહળે છે ત્યાં જ્ઞાનનો થોડો પ્રકાશ છે, બાકી તો જ્ઞાનનો ઝાંખો આછો પ્રકાશ પણ નહિ. માત્ર અજ્ઞાનનો ઘનઘોર અંધકાર છે. તિર્યંચ ગતિમાં પણ એકેન્દ્રિયમાં અજ્ઞાનનો અંધકાર ઘનઘોર છે. બાકીના કોઈ કોઈ જીવોમાં અલ્પજ્ઞાનનો પ્રકાશ હોય પણ મોટા ભાગે તો અજ્ઞાન અંધકાર છવાયેલો છે. દેવગતિમાં સમ્યક્ત્વ હોય તો ઠીક, એ ન હોય ત્યાં પણ રાગ-દ્વેષનું ભયાનક તાંડવ નૃત્ય ચાલતું હોય છે. મોહ-અજ્ઞાનના ત્યાં બેફામ નાચ થતા હોય છે.

બાકી રહ્યું હવે માનવ જીવન! માનવ ભવમાં જન્મ થયા પછી જીવનો સંસ્કારી કુટુંબમાં જન્મ થયો હોય, સદ્‌ગુરૂનો સમાગમ થયો હોય તો તો જ્ઞાનનો પ્રકાશ મળી જાય. નહિતર સમ્યગ્‌જ્ઞાન વિનાનું માનવ જીવન પણ વ્યર્થ જાય. જીવનમાં સમ્યક સંસ્કાર ન હોય, ધર્મનું આચરણ ન હોય, હૈયે માનવતાની મ્હેંક ન હોય, તો સંસ્કાર હીન, ધર્મહીન એવા માનવ જીવનનું મૂલ્ય શું? આવા માનવો તો નરક અને તિર્યંચ ગતિમાં ચાલ્યા જાય છે. વિચાર કરીએ તો જણાશે કે સારો ય સંસાર દુઃખમય છે. ક્યારેક કોઈ ગતિમાં થોડું સુખ દેખાય છે તો અંતે તેનો સરવાળો દુઃખમાં આવે છે. એક સરખું અને શાશ્વત સુખ સંસારમાં છે જ નહિ, માટે સંસારમાં સુખની શોધ છોડી દેવી જોઈએ. દુઃખથી ભરપુર, વેદનાથી લદબદ અને ત્રાસના ડુંગરોથી લદાયેલા આ સંસારમાં પણ ઉત્તમ આત્માઓ જન્મે છે. આત્મા જેમ જેમ કર્મોના બંધનોથી મુક્ત થાય છે તેમ તેમ જ્ઞાનનો પ્રકાશ ખુલતો જાય છે. જ્ઞાનના પ્રકાશમાં આત્મા ખુદ પોતાને દેખે છે. કર્મોના બંધનમાં સર્જાયેલી પોતાની દુર્દશા જોઈ તેને અસહ્ય વેદના થાય છે અને કર્મબંધનોને ફગાવી દેવા તે જાગૃત બને છે. જ્ઞાનના પ્રકાશમાં આત્માને કર્મના બંધનોને તોડવાનો ઉપાય દેખાય છે. આપણા મહાન ભાગ્યોદય છે કે કર્મના બંધનો તોડવાનો ઉપાય બતાવનારા જ્ઞાની ગુરૂ ભગવંતો અને સિદ્ધાંતો મળ્યા છે. આવા જ્ઞાની મહાપુરૂષોને ઉપકારી માનો છો? તમે કહો તો ખરા કે તમે કોને કોને

ઉપકારી માનો છો? ધન દેનાર ઉપકારી કે ધર્મ દેનાર ઉપકારી? સમૃદ્ધિ દેનાર ઉપકારી કે સદ્‌બુદ્ધિ દેનાર ઉપકારી? માન આપનાર ઉપકારી કે જ્ઞાન દેનાર ઉપકારી? ધન, સમૃદ્ધિ અને માન આપનારને ભલે ઉપકારી માનો પણ સાથે ધર્મ, જ્ઞાન અને સદ્‌બુદ્ધિ દેનારને પણ ઉપકારી માનો. માનો છો ખરા? જ્ઞાન અને જ્ઞાની પુરૂષો પ્રત્યે તમને શ્રદ્ધા, પ્રેમ અને ભક્તિ છે?

અન્યદર્શનમાં પણ જ્ઞાનનું કેટલું બહુમાન છે! અરે! એવો પ્રસંગ આવે તો પ્રાણનું બલિદાન દે પણ જ્ઞાનના પુસ્તકોને સાચવે. એક ઐતિહાસિક નાની વાત છે. વાત નાની પણ સમજવાનું ઘણું છે. ચીનનો પ્રવાસી હુએનસંગ ભારતના પ્રવાસે આવ્યો હતો. નાલંદા વિદ્યાપીઠમાં તેણે બૌદ્ધ ધર્મનો સારો અભ્યાસ કર્યો. અભ્યાસ પૂર્ણ કરીને જ્યારે તે પોતાના દેશ તરફ પાછો ફર્યો ત્યારે પોતાની સાથે બૌદ્ધ ધર્મના કેટલાય હસ્તલિખિત ગ્રંથો લઈ ગયો. બંગાળના ઉપસાગરના માર્ગે તે ચીન જવાનો હતો. બૌદ્ધ ધર્મના બે વિદ્વાનો–જ્ઞાનગુપ્ત અને ત્યાગરાજ હુએનસંગને વિદાય આપવા તેની સાથે વહાણમાં જઈ રહ્યા હતા. વહાણ ધીમી ગતિએ આગળ જઈ રહ્યું હતું. ત્યાં અચાનક એકદમ આકાશ વાદળોથી ઘેરાઈ ગયું. એવી પ્રચંડ આંધી ઉઠી કે બધાના જીવન જોખમમાં મૂકાઈ ગયા. સૌ પોતપોતાના ભગવાનનું એકધ્યાને સ્મરણ કરવા લાગ્યા. આ ધ્યાન કેવું હોય! વહાણના કપ્તાને બધા ખલાસીઓને હુકમ કર્યો કે જો બધાને જીવવું હોય તો જેમની પાસે વજનદાર ભારે સામાન હોય તે સમુદ્રમાં ફેંકી દો.

આ હુએનસંગ પાસે બીજું વજન ન હતું પણ ભારતમાંથી જે બૌદ્ધ ધર્મગ્રંથો લીધા હતા તેનું વજન હતું તેને સમુદ્રમાં ફેંકી દેવા તે તૈયાર થયો. આવો પ્રસંગ આવે તો તમે શું કરો? પુસ્તકો જ સમુદ્રમાં ફેંકી દો ને? હુએનસંગને જ્ઞાનગુપ્ત અને ત્યાગરાજે કહ્યું, આ તો જ્ઞાનનો અમૂલ્ય ખજાનો છે. તેને તમે સમુદ્રમાં ફેંકી દેવા તૈયાર થયા? આપ એ ગ્રંથોને સમુદ્રમાં ન ફેંકશો, તેના બદલે અમે બંને સમુદ્રમાં કૂદી પડીએ છીએ, કારણ કે આ જીવન નશ્વર છે. જ્ઞાન શાશ્વત છે. આવા મહાન ધર્મ પુસ્તકોને ફેંકી ન દો, આ ગ્રંથોથી તો હજારો–લાખો–કરોડો લોકોને નિર્વાણનો માર્ગ મળશે, માટે તેને તમારી પાસે રહેવા દો. આમ કહીને એ બંને પંડિતોએ તોફાની સાગરમાં પોતાની કાયા ઝંપલાવી દીધી. જ્ઞાન પ્રત્યે કેટલો બધો પ્રેમ! પોતાના ધર્મગ્રંથો માટે કેવી અદ્દભૂત શ્રદ્ધા! કારણ કે તેમણે જ્ઞાનામૃતનો આસ્વાદ કર્યો હતો. તમે કદી જ્ઞાનામૃત ચાખ્યું છે ખરું? ઘોર અજ્ઞાન અને અધર્મના લીધે માણસ આત્માને ભૂલી ગયો છે. મહાત્માઓને પણ ભૂલી ગયો છે. પરમાત્મા તો તેને યાદ નથી આવતા. દિનપ્રતિદિન દુઃખ, ત્રાસ અને વિટંબણાઓની જાળમાં માનવ ફસાતો જાય છે. આવા માણસોને જોઈને કરૂણાવંત મહાપુરૂષોનું હૃદય વધુ કરૂણાર્દ્ર બની જાય છે અને તેમને દુઃખથી મુક્ત કરવા તે જ્ઞાનનો પ્રકાશ આપે છે.

**સતીનો મહાન ઉપકાર માનતો વિદ્યાધરઃ**–જેનામાં આત્મજ્ઞાનનો પ્રકાશ થયો

છે એવી સતી મયણરેહાને દેવે પ્રથમ વંદન કેમ કર્યા તે બધી વાત ગુરૂ ભગવંતના મુખેથી સાંભળી મણિપ્રભ વિદ્યાધરને ખૂબ આનંદ થયો. ધન્ય છે સતી તને! તે સતીના ચરણમાં પડીને કહે છે બહેન! હું તારો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. હું તને ઓળખી ન શક્યો. તું મને માફી આપ. સતી! તારા કહેવાથી હું અહીં જ્ઞાની ગુરૂ ભગવંતના દર્શને આવ્યો ન હોત તો તેને બળાત્કારે મારા ઘેર લઇ જાત, તું તો શીલ છોડવાની ન હતી પણ હું તારા પર બળાત્કાર કરવા આવત અને તે સમયે જો દેવ ત્યાં આવત તો મારા પર કેટલા ગુસ્સે થાત અને મારી શી સ્થિતિ થાત તે હું કલ્પી શકતો નથી, પણ હું આ તારા કથનને માની અહીં આવ્યો અને મુનિના ઉપદેશથી તને પોતાની માતા-બેન સમાન માનવા લાગ્યો તો હું પણ નિર્ભય થઇ ગયો. આ મુનિના દર્શન કરવા આવ્યો તો દેવના કોપથી બચી ગયો છું. હે માતા! હું તમારી પ્રશંસા કયા શબ્દોમાં કરું! જો હું વિષયાધીન બની ગયો હોત તો મારા માટે નરક સિવાય બીજી કઈ ગતિ હોય? મેં તમને ઘણાં પ્રલોભનો આપ્યા છતાં તમે શીલવ્રતથી ડગ્યા નહિ, ને દૃઢ રહ્યા તો તમે મને પણ બચાવી લીધો. હમણાં મુનિના મુખે સાંભળ્યું કે યુગબાહુએ મરતી વખતે સારી ભાવના કરી તો દેવ થયો અને મણિરથે ખરાબ ભાવના કરી એટલે તે નરકમાં ગયો છે. મારે પણ પાપભાવનાને કારણે નરકમાં જવું પડત. બંનેનું આયુષ્ય સરખું હોવા છતાં એક મહાન સુખ ભોગવે છે ને એક નરકના ભયંકર દુઃખો ભોગવે છે. તમે મને સદ્બોધ આપી મુનિની પાસે લઇ આવ્યા. મુનિના દર્શન અને ઉપદેશથી મારી વિષય વાસના શાંત થઇ ને હું નરકમાં જતાં બચી ગયો. તમે મને નરકમાં જતા ઉગારી લીધો છે. આ તમારા અનંત ઉપકારને કેવી રીતે ભૂલું? તમે મારી માતાની સમાન રક્ષા કરનારા છો. માતા તો બાળકને જન્મ આપે છે ને રક્ષા કરે છે પણ આપે તો મારા જેવા મોટાને બચાવ્યો છે, ને મારી રક્ષા કરી છે, માટે તમે મારા પરમ માતા છો. હવે મારું મન કોઇ પણ સમયે કોઈ પણ ખરાબ કાર્યમાં પ્રવૃત્ત ન થાય એ માટે હું આપની પાસે આશીર્વાદ માગું છું.

**વિદ્યાધરનો પશ્ચાતાપઃ**-વિદ્યાધરના મનમાં થયું કે આ મયણરેહાનો આત્મા કેટલો ઉંચો! કેવા ભયંકર કપરા સંયોગમાં પોતાની મહાવિકટ પરિસ્થિતિ અને સ્વાર્થ ભૂલીને એણે પતિને કેવી ભવ્ય ધર્મ-આરાધના કરાવી! અને કેવો એને સ્વર્ગમાં ચઢાવી દીધો! કયાં મારી મોહમૂઢ ઘેલછા અને કયાં એનો જ્ઞાનસમૃદ્ધ વૈરાગ્યમય વિવેક! કયાં મારી કામદેવની શરણાગતિ અને કયાં એનું અરિહંત પ્રભુને આત્મસમર્પણ! કયાં હું જડ ચામડાનો પૂજારી! કયાં એ પ્રકાશમય ચેતન આત્માની ઉપાસિકા! પશ્ચાતાપથી મણિપ્રભની આંખમાંથી દડદડ પાણી ટપકે છે. હૃદય તીવ્ર સંતાપથી બળી રહ્યું છે. કેટલો હું નરાધમ! ચરણ પૂજવાલાયક એવી આ મહાસતીને કુદૃષ્ટિથી જોનાર હું કૂતરા જેવો! આ રીતે ખૂબ પશ્ચાતાપ કરતો વિદ્યાધર સતીનો ઉપકાર માની રહ્યો છે, ત્યારે સતી તેનો ઉપકાર માની રહી છે. તે કહે છે જ્યારે હું હાથી દ્વારા ઉંચી ફેંકાયેલી હતી ત્યારે

જો તમે મને ઝીલી લીધી ન હોત તો મારા આ શરીરનો પત્તો પણ લાગત નહિ. મારી રક્ષા તમે કરી છે. અહીં મુનિના દર્શન કરાવવા માટે તમે મને લાવ્યા છો, આ રીતે તમે મારા સાચા ઉપકારી અને સાચા ભાઈ છો. આશીર્વાદ આપવાને યોગ્ય તમે છો, હું નથી. હું તમારી પાસે એ આશીર્વાદ માંગું છું કે મારામાં ધર્મ–ભાવના રહે, તમે ક્ષત્રિયરાજા છો, દઢ પ્રતિજ્ઞ અને શુભ ભાવનાશીલ છો, માટે તમારા આશીર્વાદ મારા માટે શ્રેષ્ઠ ફળદાયક સિદ્ધ થશે. મણિપ્રભે કહ્યું–માતા! આપ આ શું કહી રહ્યા છો? તમારી કૃપાથી આજે ધર્મના મર્મને સમજી શક્યો છું. આ સંસાર તમારા જેવી સતીઓના પ્રભાવે ચાલી રહ્યો છે. આ રીતે વિદ્યાધરે સતીનો ઉપકાર માની તેને વંદન કર્યું, અને પછી તે પોતાના સ્થાને જવા તૈયાર થયો. મયણરેહા અને હવે તે વિદ્યાધરને પ્રેમપૂર્વક વિદાય આપી. સતી પોતાના મનમાં વિચારવા લાગી કે આ વિદ્યાધરે જ્યારે મને નીચે પડતા ઝીલી લીધી હતી ત્યારે તેની કેવી ભાવના હતી અને અત્યારે કેવી ભાવના લઈને જઈ રહ્યો છે!

વિદ્યાધર ગયા પછી મહાસતીથી ઉપકૃત બનેલો દેવ પોતાની જાતને ઉપકારના એવા મેરૂ ભાર નીચે દબાયેલો માને છે કે હવે એને એ ભાર કંઈક નીચે ઉતારવાની તમન્ના છે. કૃતજ્ઞતા પ્રદર્શિત કરવા એનું મન તલસાટ અનુભવી રહ્યું છે. કલ્યાણમિત્ર બનેલાને તો કોઈ દુન્યવી લાભનો બદલો લેવાની લેશમાત્ર ભાવના હોતી નથી, તેથી એનો પ્રભાવ ઉપકૃત ઉપર અદ્ભૂત પડેલો હોય છે. દેવને એ પ્રભાવના અંજામણ એવા લાગ્યા છે કે જાણે હું મહાન સતીનું શું ભલું કરી દઉં! તેથી સતીને કહે છે કે મને જે કંઈ પ્રાપ્ત થયું છે તે બધું આપની કૃપાથી પ્રાપ્ત થયું છે. તારો મારા ઉપર અસીમ ઉપકાર છે માટે આપ મને કંઈક લાભ આપો તો મને સંતોષ થાય! તારા જેવા પર ઉપકાર કરવાનું તો મારું શું ગજું? છતાં તને જે ઈષ્ટ હોય તે માંગ. હું કંઈક કરીને કૃતાર્થ બનું.

દેવ ચરણમાં પડીને સતીને માંગવાનું કહે છે, છતાં જોજો, મયણરેહા શું માંગે છે? પોતે નિરાધાર બની ગઈ છે. એ માંગે તો મોટા સામ્રાજ્ય કે ચમત્કારિક વસ્તુ આપવા દેવ સમર્થ છે, પણ મહાસતી એમાંનું કંઈ માંગતી નથી. એણે તો ઘણાં ભવ–નાટકો જોઈ લીધા. એની આંખ સામે ધર્મના પ્રભાવ નાચતા હતા. એમાં ય જ્યારે પોતાનો પતિ દેવના સ્વાંગમાં દેખાયો ત્યારે તો એ ધર્મ પર વારી ગઈ. તેનું મન પોકારી ઉઠયું. 'આ સંસારથી સર્યું!' આ સૌંદર્યથી પણ સર્યું! જ્યાં ભાઈ ભાઈની હત્યા થાય, જેના પાપે શીલ પર આફત પર આફત આવે એવા સંસારને હવે સો ગજના નમસ્કાર! સતીનો જાગેલો આત્મા પ્રકાશ પંથ પર પગલીઓ ભરી રહ્યો હતો. એણે નિર્ણય કરી લીધો–ન જોઈએ હવે મારે સંગ. હવે હું નિઃસંગી બનીશ. મયણરેહાના હૈયામાં સંસાર પ્રત્યે ધિક્કાર છૂટયો હતો. તે ત્યાગમાર્ગની આરાધિકા બનવાની આશા સેવી રહી હતી. કોઈ સ્નેહ તાંતણા હવે એને જકડી શકે એમ ન હતા. વળી એ દેવને

કહે છે, આમાં મેં કાંઈ ઉપકાર કર્યો નથી. હું આપની પત્ની નહિ, ધર્મપત્ની હતી. આપના મૃત્યુને મહોત્સવમય બનાવી દેવું એ મારી ફરજ હતી. આ ઉપકાર તો ગુરૂદેવનો છે. એ ગુરૂદેવે મારામાં ધર્મસંસ્કાર રેડચા તો હું આપને ધર્મ પમાડી શકી, માટે ઉપકાર મારો નહિ પણ ગુરૂદેવનો છે. મેં સંસારના તમાસા જોઈ લીધા. હવે મારો મક્કમ નિરધાર છે કે મારે સંસાર છોડી સંયમ લેવો છે. પોતાની સામે દેવ આવ્યા છે. તેની પ્રશંસા કરે છે, છતાં જરાપણ અભિમાન નથી આવતું. સતીની નમ્રતા કેટલી છે! પોતાનો પતિ દેવરૂપ આવ્યો છે, છતાં એને એમ નથી થતું કે હું વાતો કરી લઉં! એમને રોકી લઉં! તેમને નહિ જવા દઉં! એવો વિચાર પણ નથી. આજની સ્ત્રીઓ હોય તો પગ પકડી લે ને કહે, હવે હું આપને નહિ જવા દઉં! પણ સતીએ તો મોહ છોડી દીધો છે. લોહીના અણુમાં પણ તેના પ્રત્યે રાગ નથી.

યુગબાહુ દેવ મયણરેહાને કહે છે, દેવી! તમારી હવે શી ઇચ્છા છે? તમને જે પ્રિય હોય તે કરવા હું તૈયાર છું. મયણરેહા કહે, મને તો માત્ર મોક્ષ પ્રિય છે. આ સંસાર સારો લાગતો નથી. આ સંસાર મને તારી શકે તેમ નથી, પણ સતીઓની સંગતિ મને તારી શકે ને મારો ઉદ્ધાર કરી શકે એમ છે, માટે આપ મને મિથિલામાં લઈ જાઓ કે જ્યાં મારો પુત્ર છે. એને જોઈને પછી સાધ્વીજી પાસે લઈ જાઓ કે તેમની પાસે સંયમ લઈ મારો ઉદ્ધાર કરું. માતાને પુત્ર પ્રત્યે કેટલું વાત્સલ્ય છે! છતાં ઘણાં પુત્રો મોટા થાય ને સંજોગો બદલાય છે ત્યારે એ પુત્રો મા-બાપના સામું જોતા નથી. માતા-દીકરો-ભાઈ-બેન બધાની સાથે લેણાદેણી હોય તેવો સંબંધ રહે છે. પુણ્ય પાપના ખેલ છે! પાપનો ઉદય થાય ત્યારે વહાલા વૈરી બની જાય છે. કર્મના ખેલ વિચિત્ર છે. ઘણી વાર જોવા મળે છે કે માબાપ પણ કોઈના સગા થતા નથી.

માબાપ, દીકરો અને દીકરી ચાર માણસનું કુટુંબ છે. દીકરો મોટો થયો એટલે મા બાપે તેને પરણાવ્યો. પુત્રવધૂ પરણીને ઘરમાં આવી. સાસુના મનમાં તો ઘણાં કોડ હતા કે વહુ આવશે તો મારા પગ દાબશે. રસોડું સંભાળશે. પછી મારે કાંઈ ચિંતા નહિ, પણ સાસુના કોડ મનમાં રહી ગયા. વહુ વીસમી સદીની આવી. તેનો સ્વભાવ ઘણો ક્રૂર અને ક્રોધી હતો. તે વિચિત્ર સ્વભાવની હતી. પોતાના બાપને ત્યાં રજવાડા જેવી દોમદોમ સાહ્યબીમાં ઉછરી છે. ત્યાં એનો એક હુકમ થતાં એકવીસ નોકરો ખડા થઈ જાય ને અહીં? સામાન્ય ઘર એટલે કામ તો કરવું પડે. તે વહુજીને ગમતું નહિ. કામ કરવું પડે એટલે જેમ તેમ બોલ્યા કરે. ઘર તો ભૂખડી બારસ જેવું ને કોઈને આંકડો નીચો નમાવવો નથી. હું કાંઈ તમારી નોકરડી નથી કે ઘરના વૈતરાં કરું! સ્વભાવ તો મણિધર નાગની ફેણ જેવો છે. દીકરીને માબાપે ખૂબ લાડકોડમાં ઉછેરી હતી, પણ વહુના પગલાં થયા ત્યારથી એ લાડ ધીમા પડી ગયા. નણંદ-ભોજાઈને પણ વારંવાર ઘર્ષણ થયા કરે.

દીકરી મોટી થતાં મા-બાપે એને પરણાવીને સાસરે વળાવી. ખૂબ લાડકોડમાં ઉછરી

છે. માતાએ કોઈ દિવસ કાંઈ કામ કરવા દીધું નથી, પણ આ તો સાસરી એટલે સાસરી. વહેલું ઉઠવું પડે, કામ કરવું પડે. આ છોકરી ખૂબ ગુણીયલ, સમજુ અને શાણી છે. તેણે તો એકજ વિચાર કર્યો કે જ્યાં જે રીતે રહેવાતું હોય તે રીતે બધાને અનુકૂળ થઈને રહીએ તો જીવનમાં મઝા રહે. એ રીતે તે ઘરના બધા માણસોને અનુકૂળ થઈને રહેવા લાગી. કામ બધું કરે છે. એનું આખું જીવન બદલાઈ ગયું. તેની સાસુ વસમી છે, પણ આ છોકરી તો સાવ રાંક બનીને રહે છે. ગમે તેવા વચનો કહે તો પણ સહન કરે છે. ભાગ્યોદયે તેનો પતિ સારો છે. રાત્રે તેના સુખદુઃખની વાત સાંભળે. સાસુ, સસરા, નણંદ બધા ગમે તેટલા વસમા હોય પણ છોકરીનો પતિ જો પોતાના પક્ષમાં હોય તો તેનું જીવન નભી શકે. મા-બાપને સુધારવા પ્રયત્ન કરે ને ન સુધરે તો જુદા થઈ જાય. આ છોકરીને પતિનું સંપૂર્ણ સુખ છે, પણ કર્મરાજા કયાં એ સુખને ભોગવવા દે છે!

બિચારી છોકરીના પાપનો ઉદય થયો. છ મહિનાની ટૂંકી માંદગીમાં તેનો પતિ દુનિયા છોડીને ચાલ્યો ગયો. છોકરીના દિલમાં કારમો આઘાત લાગ્યો. છાતીફાટ રડે છે. માથા પછાડે છે. આ ઘરમાં તેને માટે સુખદુઃખમાં ભાગીદાર કહો કે સર્વસ્વ કહો જે કહો તે તેના પતિ હતા. હવે તો સાસુના હાથમાં લગામ આવી ગઈ. તે તો પહેલેથી વહુને કાઢવા માટે પ્રયત્ન કરતી હતી, પણ છોકરો હતો ત્યાં સુધી પ્રયત્નો બધા નિષ્ફળ! હવે બાજી હાથમાં આવી ગઈ. તેને વહુ જોઈતી જ નથી તેથી આવા યુવાન દીકરાનું મૃત્યુ પણ તેને આઘાતરૂપ ન બન્યું. એ તો એમ માને છે કે છોકરો ગયો તો હવે વહુને અહીંથી કઢાશે. જુઓ તમારો સ્વાર્થી સંસાર!

જમાઈના મૃત્યુના સમાચાર મળતાં પિયરથી મા-દીકરો આવી પહોંચ્યા. માતાને અને ભાઈને જોતાં દીકરી પછાડ ખાઈને પડી. ભાઈએ સમજાવીને ઉભી કરી. બેન! આમ ન કર. તારા એવા ગાઢ કર્મો હશે કે નાની ઉંમરમાં વિધવાપણું આવ્યું. તું ચિંતા ન કરીશ. ચાલ મારી સાથે. ભાઈ! હું નહીં આવું. મારા ભાભીનો સ્વભાવ તું જાણે છે. ભાઈ કહે બેન! તારો ભાઈ જીવતો છે ત્યાં સુધી તને આંચ નહિ આવવા દે.

બેન પિયર આવી. જ્યાં ઘરમાં પગ મૂકે છે ત્યાં તો ભાભી વાઘણની માફક ઘડૂકી. ભાઈએ ઘણું સમજાવી. બેનને એક શબ્દ પણ કહીશ નહિ. તે બિચારી દુઃખી થઈ તો આપણે ઘેર આવી છે, માટે તેને એલફેલ શબ્દો કહીને તેના દુઃખમાં વધારો ન કરીશ. બેન આખો દિવસ ઘરનું કામકાજ કરે, છતાં ભાભીનો ત્રાસ, જુલ્મ અને ભાષામાં વક્રતા સિવાય કાંઈ નહિ. બેન ગમે તેટલું કામ કરે છતાં કહે. એ...મણ પેટમાં ભરવું ને કામ બરાબર ન કરવું એ ન બને. રાંડયા છો એ તો ખબર છે ને! બેન બિચારી આ ઝેરના ઘુંટડા પણ અમૃત ગણીને પી જાય છે. એક નોકરડી ન કરે એટલા કામ કરાવે છતાં આવો ત્રાસ! આક્ષેપો પણ કેટલા!

એક દિવસ બેનને ખૂબ તાવ આવ્યો તેથી સવારે ઉઠી ન શકી, એટલે ભાભીએ લાત મારીને ઉઠાડી, શું સૂતી છે? ભાભી! તાવ આવ્યો છે એટલે સૂતી છું. ભાભી

કહે–એ હરામજાદીને કામ કરતા કીડીઓ ચટકા ભરે છે, એટલે બહાના કાઢીને સૂઈ રહેવું છે. આ દૃશ્ય મા–દીકરાએ જોયું. બંને રડી પડ્યા. ધિક્કાર છે આપણને! આપણા જીવતાં આ છોકરીની આ દશા! પણ કોઈ કહી શકતું નથી. "ભૂંડાથી ભૂત નાસે." એને કહેવા જઈએ ને કંઈ નવાજુની કરે તો શું? ભાઈ સમજે છે મારી બેન સુખી નથી, પણ તેને ક્યાં મોકલું? શું કરું? બેન કોઈ વાર કહેતી ભાઈ! મને કોઈ સતીજીનો સમાગમ કરાવ. મને ઉપાશ્રય મોકલ તો હું દીક્ષા લઉં. આ સળગતા સંસારમાં છે શું? બેન! ધીરજ રાખ. બધું થશે.

એક વાર ભાઈ બહારગામ ગયો હશે ને નણંદ–ભોજાઈને બોલવાનું થયું. વાત સામાન્ય હતી, પણ રૂપાંતર એટલું મોટું થઈ ગયું કે ભાભી તો પિયર જવા તૈયાર થઈ. સાસુને કહે છે કે તમારો દીકરો આવે તો કહેજો કે કાં તો એને (બેનને) રાખો, કાં તો પત્નીને રાખો. આગળ કહે છે તમારા દીકરાને કહેજો કે મને તેડવા આવે ત્યારે ગોઝારણનું ટોયલી ભરીને લોહી લેતા આવે...નકર ઇમ આ બાયડી કૈં રેઢી પડી નથી. એટલું કહીને એ ચાલી ગઈ. એના પિયર ગયા પછી એમનો પાપનો ઉદય એવો જાગ્યો કે ધન ગયું. ઘરબાર ગયા. પેઢીઓ ડૂલી ગઈ ને ખાવાના સાંસા પડ્યા. કરેલાં કર્મો તો કોઈને ભોગવ્યા વિના છૂટકો થતો નથી. ભાભીને જાણે પોતાના કરેલાં પાપ ઉદયમાં ન આવ્યા હોય તેમ તે માંદા પડ્યા. સીરીયસ થઈ ગયા. ડોકટરોએ હાથ અંખેરી નાખ્યા. ભાઈને સમાચાર આવ્યા. આપ જલ્દી આવો. ભાઈ જવા તૈયાર થયો. બેન કહે ભાઈ! હું મારા ભાભીની ખબર કાઢવા આવું? બેન! તને આવવાનું કેમ મન થાય છે? તને ન કહેવાના વેણ કહ્યા છે. માથે આક્ષેપો મૂકયા છે. એ બધું મારાથી નથી ભૂલાતું, ને તું શું આવવા તૈયાર થાય છે? ભાઈ! મારે ભાભીનું મુખ જોવું છે. ભાઈ–બેન ગયા. ડોકટર કહે છે બેનને લોહીની જરૂર છે. ભાઈ કહે મારું લોહી લો, પણ કામ ન આવ્યું. એના માબાપનું લોહી પણ કામ ન આવ્યું. લોહી મળે તો કેસ બચે એમ છે. આ બેન કહે ડોકટર સાહેબ! મારું લોહી લો. બેન! તમારું શરીર તો સાવ સુકલું છે. લોહી આપ્યા પછી ઘણી વાર પથારી થઈ જાય છે. ભાઈ કહે–તું તારા ભાભીના શબ્દો ભૂલી ગઈ! હૃદય સળગી ઉઠે એવા કારમા વેણ કાઢનાર ભાભીને જીવતી કરવા લોહી આપવું છે? નણંદના મનમાં વિચારોની આંધી ઉઠી, પણ અંદરથી આત્માનો અવાજ આવતો હતો. ભૂલી જા એ બધું. ભાભીએ ભૂલ કરી છે એમ માની એને માફી આપ. સહન કરતાં શીખ. ઝેર પીતાં શીખ. કોઈ કાંટા પાથરે તો આપણે ફૂલ વેરીએ, ઝેરને બદલે ઝેર તો અધમ માણસો આપે, પણ ઝેરને બદલે અમૃત આપીએ એમાં આપણી શોભા છે. ભૂતકાળને ભૂલી જા. અણીનો સમય છે. દિલની વિશાળતા દેખાડવાનો ઉમદા સમય છે, જોજે પગથીયું ચૂકતી! આત્માના અવાજને અંતર્ગત કરી, ડોકટર પાસે જઈને કહ્યું–આપ મારું લોહી લઈ લો. મારા ભાભીને જલ્દી સારા કરો. બેનનું લોહી અપાયું ને ભાભીને સારું થતું ગયું. ડોકટરે

કહ્યું, જો તમારી નણંદે લોહી ન આપ્યું હોત તો તમે બચી શકત નહિ. ભાભીની આંખ ખુલી ગઈ. પોતાની ભૂલનો પસ્તાવો થવા લાગ્યો, ને નણંદને વળગી પડી. બેન! મેં તમને બહુ દુઃખ આપ્યું છતાં તમે લોહી આપ્યું! મારી ભૂલોને ભૂલી જઈ ક્ષમા આપો. તમે ન હોત તો હું ન બચત. નણંદે હસીને કહ્યું-એમાં શું ભાભી! તમે જ્યારે પિયર આવ્યા ત્યારે કહ્યું હતું ને કે આવો ત્યારે નણંદનું ટોયલી લોહી લેતા આવજો. તો તે પ્રમાણે મેં લોહી આપ્યું. હવે તમને સંતોષ થયો ને! ભાભી નણંદને ભેટી પડ્યા. બેન! મેં તમને બહુ દુભાવ્યા. તમારા માથે જુલ્મ ગુજારવામાં બાકી નથી રાખી, છતાં આપે બધું ભૂલી જઈને અપકાર પર ઉપકાર કર્યો છે. નણંદનું પવિત્ર લોહી તેનામાં ગયું તો છૂપાયેલી માનવતા પ્રગટી ઉઠી. તેમનુ ઘર સ્વર્ગ જેવું બની ગયું.

કહેવાનો આશય એ છે કે નજીકની સગાઇ હોય પણ લેણદેણ સારી હોય તો સ્નેહ રહે, નહિ તો સ્નેહને બદલે કલેશ ઉભા થાય. મયણરેહાનું માતૃહૃદય છે, એટલે યુગબાહુ દેવને કહ્યું મારે પુત્રનું મુખ જોવું છે ને પછી સાધ્વીજી પાસે જઈ દીક્ષા લેવી છે, માટે આપ મિથિલામાં લઇ જાવ. મયણરેહાનો જવાબ કેટલો બધો પ્રેરણાદાયી છે! તેનું આંતરમન મોક્ષની કામના કરે છે. બાહ્ય મન તેના પુત્રનું મુખ જોવા ચાહે છે, પણ તેના પ્રત્યે મોહ નથી. તેના પ્રેમમાં વિષ કે ઝેર નથી પણ માતૃસ્નેહ છે.

જે બાળકને હું વનમાં જન્મ આપી વૃક્ષ ઉપર ઝોળીમાં સૂવાડીને આવી હતી, જેને પદ્મરથ રાજા પોતાને ત્યાં લઈ ગયો છે, એ બાળકને કોઇ તકલીફ તો નથી ને? એક વાર મારી આંખે જોઇ લઉં. બસ પછી સમગ્ર જીવન સંયમ માર્ગમાં...આ ભાવનાથી તે મિથિલા જવા ચાહે છે. "**જ્ઞાન દષ્ટિ ખુલી ગયા પછી સંસાર પ્રિય લાગે નહિ. સંસારના સુખ પ્રિય લાગે નહિ, એવા આત્માની ઝંખના સતત મુક્તિની હોય.**" બંધનમાં રહેવા છતાં ઝંખના મુક્તિની રહે. સતી કેવી ચારિત્રશીલા કે જેણે દેવની પાસે સાંસારિક કોઇ પણ વસ્તુ માંગી નહિ, પણ મને કોઈ સુચારિત્રા સતીઓની પાસે લઇ જાવ; એવી માંગણી કરી. તમારી પાસે કદાચ દેવ આવે ને માંગવાનું કહે તો તમે કેવી ચીજ માંગો? મયણરેહાની વાત સાંભળી દેવ પણ આશ્ચર્યચકિત થઈને કહેવા લાગ્યા કે આ સતી કેવી છે કે તેણીએ મારી પાસે બીજું કંઇ માંગ્યું નહિ.

દેવોની દુનિયાની (નંદીશ્વર દ્વિપની) વિદાય લઈને હવે માનવોની ધરતી પર પાછું ફરવાનું હતું. મયણરેહાએ મહર્ષિ મણિચૂડ ગુરૂભગવંતને વંદન કર્યા. મુનિને વંદન કરી સતી દેવના વિમાનમાં બેઠી. આજે કંઇક જીવોને મોટર મળી જાય તો તેને એવું અભિમાન આવે છે કે હું મોટરમાં બેઠો છું. મારે ત્યાં મોટર છે, પણ અહીં સતી તો વૈમાનિક દેવના વિમાનમાં બેઠી છે, છતાં તેને કોઈ પ્રકારનું અભિમાન નથી. તેને દેવનું વિમાન કે તેમાં જડેલા મોતી વગેરે જોઈને કોઈ પ્રકારનો રાગ ન થયો. સતી વિમાનમાં બેઠી છે, પણ બોલતી નથી કે ઉંચું જોતી નથી. યુગબાહુ દેવ કહે છે,

હે સતી ! તું ઉંચું તો જો. હું નાનો હતો ને મૃત્યુલોકનો માનવી હતો ત્યારે સાધુ પાસેથી દેવની, દેવના વિમાનોની વાત સાંભળતો ત્યારે અમને બધું જોવાનું મન થઈ જતું હતું. જ્યારે તમે તો પ્રત્યક્ષ દેવના વિમાનમાં બેઠા છો, તો હે સતી ! તમે દેવના વિમાન તો જુઓ. આ વિમાનમાં મોતી રત્નો બધું જડેલું છે. મોતીના ઝુમ્મરો લટકાવેલા છે. તમને આવું બધું જોવાનું મન થતું નથી ? આ વિમાનમાં જડવામાં આવેલા મોતીઓ શું તમને સારા નથી લાગતા કે તમે આ પ્રમાણે મૌન થઈને બેઠા છો અને આ વિમાન તરફ પણ જોતા નથી ? સતી મયણરેહા દેવના આ પ્રશ્નનો કેવો સુંદર જવાબ આપશે તે વાત અવસરે.

**ચરિત્ર** :–સાગરદત્ત શેઠને વિદ્યાધરે બે જડીબુટ્ટી બતાવી, તે લઈને શેઠ ઘેર આવ્યા. એ બધી વાત તારામતીને કરી, કે કેવી રીતે જડીબુટ્ટી લાવ્યા. આપણી ગરીબી મટાડવા તે દેવે કહ્યું, ઝાડ નીચે બે જડીબુટ્ટી છે. તે જડીબુટ્ટી શેઠાણીને બતાવતા કહે છે, કદી નહિ જોયેલ, કદી નહિ સાંભળેલ, કદી નહિ અનુભવેલ એવો આનો પ્રભાવ છે. જે ધોળી જડીબુટ્ટી ખાય એના નયનમાંથી ઝરતા અશ્રુબિન્દુઓ ઝગમગાટ મોતીના રૂપને ધારણ કરશે અને જે કાળી જડીબુટ્ટી ખાય તેના પ્રભાવે તે સાત દિવસમાં રાજ્ય મેળવશે.

**ગરીબીમાં અમીરી** :—સ્ત્રી સ્વભાવ છે ને ! તરત તારામતી કહે–દેવે તમને આપી છે, માટે આપણે તેના માલિક. શેઠ કહે, દેવી ! નહીં....નહીં....નહીં. તારી ભૂલ થાય છે. જે ભૂમિ પર જેનું શાસન ચાલે છે તે ભૂમિમાં રહેલ ગમે તેવા અમૂલ્ય કે તુચ્છ દ્રવ્ય હોય તો તે દ્રવ્ય પર તેના શાસનકર્તાની માલિકી ગણાય. તેની આજ્ઞા વિના વસ્તુ લેવી મહાપાપ છે. અદત્તાદાન વિરમણ વ્રતનો કચ્ચરઘાણ છે. આપણે વ્રતના–ધર્મના રક્ષણ માટે તો સંસારના કેવા સુખો છોડ્યા. આટલા બધા દુઃખો વેઠ્યા છતાં વ્રતમાં–ધર્મમાં મક્કમ રહ્યા, તો હવે આપણે થોડા માટે શા માટે વ્રતભંગનો દોષ લગાડવો જોઈએ ? મોતી અને રાજ્ય મેળવવામાં આપણું નિર્બળ ભાગ્ય ક્યાંથી જોર કરે ? એનું મહાભાગ્ય તો ભૂમિપાળ નરેશના માથે છે. કાલે સવારે હું બંને જડીબુટ્ટી મહારાજાના ચરણે અર્પણ કરી દઈશ. તારામતી કહે–આપની વાત સાચી છે. હીન–દરિદ્ર અવસ્થામાં અલૌકિક જડીબુટ્ટી પ્રાપ્ત થયા પછી સુબુદ્ધિની જાગૃતિ રહેવી મહાદુષ્કર છે ! ગરીબીમાં પણ કેટલી અમીરી ! પોતાની ગરીબાઈ દૂર થઈ જાય એવી વસ્તુ હાથમાં આવી છે છતાં જરા પણ લલચાતા નથી. વ્રતમાં કેટલી અડગતા ! તારામતી કહે. આપની વાત સાચી છે. મારી ભૂલ થઈ છે. મારી ભૂલની ક્ષમા આપો, પણ આ જડીબુટ્ટી રાજાને એમજ આપવી એ શોભાસ્પદ નહિ લાગે. લાકડું માનીને રાજા ક્યાંય ફેંકી દેશે !

**ઔષધ રૂપ અર્પણ કરવી, તેમ મને યોગ્ય નવ લાગે,**
**ઔષધિનું ચૂર્ણ બનાવી, મોદક બનાવી ભેટણું ધરો.**

તારામતીએ કહ્યું, ઔષધિને ખાંડી વાટીને ચૂર્ણ બનાવી તેમાંથી સુંદર સુગંધથી મઘમઘતા લાડવા બનાવીએ, પછી એ લાડવા રાજાને ભેટ આપીએ. આપ બજારમાં જઈને લાડવામાં નાંખવા માટેની બધી ચીજો લઈ આવજો. તેમાં નાંખવા સુગંધી પદાર્થો લાવજો.

બીજે દિવસે શેઠ બજારમાં જઈને લાડવા માટે બધી સામગ્રી લઈ આવ્યા. તારામતીએ આ ઔષધિ ચૂર્ણ નાંખીને મોદકને વધુ ને વધુ સ્વાદિષ્ટ બનાવવા જાતજાતના મસાલા નાંખીને સુગંધથી મઘમઘતા લાડવા બનાવ્યા.

તારામતીએ ચાર લાડવા બનાવ્યા. તેને વિચાર થયો કે જો બાળકો મને લાડવા બનાવતા જોશે તો તેઓ ખાવા માટે માંગશે. તેમ વિચારી તેણે બંને બાળકો માટે બે લાડવા સાદા બનાવી તેને જુદા મૂક્યા, અને બીજા બે લાડવામાં જડીબુટ્ટી નાંખીને સુગંધથી મઘમઘતા લાડવા બનાવ્યા.

આજે રાજદરબારમાં જવાનું હોવાથી બાળકો વનમાંથી જલ્દી આવ્યા. શેઠ લાકડાનો ભારો વેચવા ગયા. આજે બાળકોને કકડીને ભૂખ અને તરસ લાગી છે. એક તો લાકડા કાપીને આવ્યા હતા તેથી થાકી ગયા હતા અને ભૂખ-તરસ ખૂબ લાગી હતી, તેથી કહે, બા! અમને ભૂખ લાગી છે, અમારે લાડવો ખાવો છે. માતાના મનમાં થયું કે મેં એમના ગયા પછી લાડવા બનાવ્યા છે ને એમના આવતાં પહેલાં તો બધું ગોઠવીને મૂકી દીધું છે, છતાં એમને ક્યાંથી ખબર પડી ગઈ! રાત્રે માતા-પિતા લાડવાની વાતચીત કરતા હતા ત્યારથી તેમને ખબર હતી કે કાલે લાડવા ખાવા મળશે. તેમનું મન મોદક ખાવા તલસી રહ્યું હતું. કેટલા સમયથી રોટલો અને છાશ સિવાય કંઈ જ મળ્યું નથી એટલે આજે લાડવો નામ સાંભળતા તેમનો મનમયૂર નાચી ઉઠયો છે. ભૂખ્યા બાળકોની ક્ષુધા જલ્દીથી છીપાવવા તેમના મુખમાંથી બોલાઈ ગયું, બેટા! રસોઈગૃહમાં શીકા ઉપર બે લાડવા છે તે આપ બંને વહેંચીને ખાઈ લો. હવે લાડવા ખાવા જતાં કેવી રીતે લાડવાની અદલીબદલી થઈ જશે ને શું બનશે તે અવસરે.

---

## વ્યાખ્યાન નં-પર

**ભાદરવા સુદ ૧૦ મંગળવાર** **તા. ૮-૯-૮૧**

શાસનપતિ ભગવાન મહાવીર સ્વામીએ મહાન બળવાન કર્મો સામે પણ અજોડ પુરૂષાર્થ ખેડીને કર્મોને જડમૂળમાંથી કાઢ્યા ત્યારે તેઓ મહા વીર કહેવાયા. સાચા વીર કોણ કહેવાય? આંતર શત્રુના વિજેતા એ સાચા વીર છે. આંતર શત્રુથી દબાયેલા હોય એ તો કાયર ગણાય. વીરના સંતાન શું કાયર હોય? વીરના સાચા સંતાન તો તે છે કે જે વીર બનવાની કોશિષમાં હોય. જેમ બે મલ્લ લડતા હોય ત્યાં એક મલ્લ બીજાને નીચો પાડવાનો કેવો પ્રયત્ન કરે? એક પડે કે બીજો એના ઉપર ચઢી બેસે છતાં પડેલો મલ્લ ઉઠવાની અને સામાને પાડવાની તૈયારીમાં હોય તેમ સંસારના જીવને અભિમાન, ક્રોધ, કામ, લોભ, રાગ, દ્વેષ વગેરે જેમ નીચે પાડવા આવે તેમ આપણે મહેનત કરી એને નીચે પાડવાના એટલે એ આંતર શત્રુને દબાવતા જવાનું. વીરના વારસદાર સંતાન બનવું હોય તો આંતરશત્રુને દબાવવા-ભગાડવા પુરૂષાર્થ કરવાનો.

**સંસાર એટલે પાપસ્થાનક સાથે અથડાવાનું ધામઃ**–દેવ–ગુરૂ-ધર્મ સિવાય સંસારની કોઈ ચીજ એવી નથી કે જે જીવને અઢાર પાપસ્થાનક પૈકીના કોઈને કોઈ પાપસ્થાનક સાથે ન અથડાવે. ગુરૂ એટલે અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય તે સાચા ગુરૂ. બાકી વેશધારી ગુરૂ પાસે જતાં જીવ પાપસ્થાનકથી અથડાઈ જાય.

**કષાયોથી બળતા દિલને ઠરવાનું ઠામ ગુરૂ છે** :–ત્યાં રાગ દ્વેષની બળતરા નિવારી સમતાની ઠંડક મળે. આવા ગુરૂ જીવને પાપસ્થાનકમાં અથડાવે નહિ. જો આત્માને જૈન શાસન પામ્યાની ખુમારી હોય ને તેની કિંમત સમજાઈ હોય તો આત્મામાં એવા શુભ ભાવનાના વેગ આવે કે જગતના સ્થાનો મને પછાડવા માંગે પણ હું તેને પછાડું. પાપસ્થાનક મને રોળવા માંગે તો હું પાપસ્થાનને હંફાવવા મથું! જગતની તુચ્છ ચીજ ખાતર કોઈના ઉપર તેં ચઢાઉતરી કરી પણ એમાં આત્માનું શું લીલું વળવાનું! આ રીતે જો આત્મા વિચાર કરે ને પુરૂષાર્થ કરે તો સંસાર પાપસ્થાનક સાથે અથડાવવાનું ધામ બદલાઈ જાય અને કર્મબંધન તોડવાનું ધામ બની જાય. મહાપુરૂષોએ સંસારને કર્મો તોડવાનું ધામ બનાવી દીધું, અને કર્મોને મૂળમાંથી હંફાવ્યા તો વીર કહેવાયા.

વીર પ્રભુને જિનોત્તમ પણ કહેવાય છે. જિન એટલે વીતરાગ. એમાં ઉત્તમ, અતિશયોએ કરીને ચઢીયાતા તે કોણ? તીર્થંકર પ્રભુ. એમના ચાર મહાન અતિશયમાં પહેલો અપાયાગમ અતિશય છે. પ્રભુએ દશમા ગુણસ્થાનકની પરાકાષ્ઠાએ [ અંતમાં ) દુશ્મનભૂત અપાયો–રાગ–દ્વેષાદિને જીતી લીધા, માટે શ્રી વીતરાગ પરમાત્મામાં અપાયાગમ નામનો અતિશય પ્રગટ થયો. અપાયના બે અર્થ છે. એક તો અપાય એટલે પ્રભુ જ્યાં વિચરતા હોય તેની આસપાસ ચારે બાજુ ૨૫–૨૫ યોજન સુધી મારી, મરકી વગેરે સર્વ ઉપદ્રવો તેનો અપગમ એટલે કે તે દૂર ભાગી જાય. મૃગાપુત્ર લોઢીયા જેવા કોઈક તીવ્ર નિકાચિત પાપકર્મના ઉદયે ઘોર રીતે પીડાતા હોય એ અપવાદ રૂપ. બીજો અર્થ રાગદ્વેષાદિ આંતર દુશ્મનો એને દૂર ભગાડી મૂકવા તે અપાયાપગમ. પ્રભુએ પહેલું કામ આ દુશ્નનોને દૂર કરવાનું કર્યું તે અપાયાપગમ અતિશય. એની સાથે બીજા ત્રણ અતિશયો પ્રગટ્યા. (૨) તેમાં કેવળજ્ઞાનથી સર્વજ્ઞતા–જ્ઞાનાતિશય પ્રગટ્યો (૩) પાંત્રીસ પ્રકારની અજોડ ગુણવાળી સત્યવચન વાણી બની તે વચનાતિશય (૪) ઇન્દ્રોથી લઈને ત્રણે જગતના જીવો દ્વારા જે પૂજનીય બન્યા તે પૂજાતિશય.

આવા તીર્થંકર પ્રભુમાં તો જ્ઞાનનો પાર નહિ. જ્ઞાનના જાણે અગાધ સાગર. વચન શક્તિ એટલે? પાંત્રીસ પ્રકારની સર્વજ્ઞતાપૂર્વકની વાણીથી વશીકરણ કરવાની શક્તિ અપરંપાર! કંઈકના મિથ્યાત્વ તોડે. સંશય ફેડે, સંસાર મૂકાવે, મહાજ્ઞાની બનાવે. એમનામાં દોષનું નામ નહિ એટલે ગુણનો પાર નહિ. પ્રભુનો પૂજાતિશય એટલે? પ્રભુને આગળ પગલું ક્યાં માંડવાનું એની ચિંતા કરીને દેવો સુવર્ણકમળ સ્થપાવે, તીર્થંકર નામ કર્મના પુણ્યની શક્તિ છે કે દેવો પણ તેમના સેવક બને. કેવળજ્ઞાન પામ્યા ત્યારથી મોક્ષ પામે ત્યાં સુધી કઠોર ધરતી પર પ્રભુને પગ મૂકવાનો નહિ. પગ તો માખણ

જેવા મૃદુ સુવર્ણ કમળ પર પડે. પ્રભુની આ સમૃદ્ધિ આગળ બીજી કઇ સમૃદ્ધિ જીવને ગૂંગળાવી ગુમાનને શિખરે ચઢાવી શકે? જ્યારે અભિમાન આવે ત્યારે એને દૂર કરવા પ્રભુની સમૃદ્ધિની, કીર્તિની અને જ્ઞાનની વિશેષતા વિચારો. તીર્થંકર પ્રભુની સમૃદ્ધિ કેવી! ઈન્દ્ર જેવા ચામર ઢાળે, માથે છત્ર ધરે, સમવસરણ ઝગમગ શોભતું હોય! પ્રભુની સમૃદ્ધિ આગળ આપણી સમૃદ્ધિ શી વિસાતમાં? મારા પ્રભુને અહંકાર નહિ ને હું અહીંયા કઈ વાત પર ગુમાન કરું? એ વિચાર આવે એટલે પોતાના અહંકારમાં શરમ આવે, પછી અહંકાર અને અહંભાવના કારણે કેટલાય મફતીયા પાપ કરતા હોય તે અટકી જાય. પ્રભુને દિલના શુદ્ધ ભાવે નમસ્કાર કરીએ તો એનું ફળ એ મળે કે એ આપણા અહંકારને એવો ધક્કો મારે કે એ ધક્કાની પાછળ અનેકાનેક દુર્ગુણો દૂર ખસવા લાગે અને ગુણોનું વેગબંધ હૃદયમાં આગમન થાય.

આપણા ચાલુ અધિકારમાં યુગબાહુ દેવ અને મયણરેહા વિમાનમાં બેસીને જાય છે. ત્યારે દેવ પૂછે છે સતી! તમે દેવનું વિમાન તો જુઓ. તમને વિમાન જોવાનું મન નથી થતું? સતીની કેટલી નિર્લેપ દશા કહેવાય કે દેવના વિમાનમાં બેસવા છતાં વિમાન જોવા દૃષ્ટિ કરતી નથી. મયણરેહાએ પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું કે હું વિમાન જોઉં કે વિમાન કેવી રીતે મળ્યું તે જોઉં? સેંકડો માણસો દુનિયામાં છે. બધાને કંઈ વિમાન મળતું નથી ને તમને દેવવિમાન મળ્યું તો વિચાર કરો કે આ મળ્યું કેવી રીતે? વિજળીનો પ્રકાશ ગ્લોબમાંથી આવે છે પણ તેની શક્તિ તો પાવરહાઉસમાંથી આવે છે. પાવરહાઉસ જો ન હોય તો શું ગ્લોબ પ્રકાશ આપી શકે છે? ના. આમ હોવા છતાં ગ્લોબ સારો લાગે અને પાવરહાઉસ સારું ન લાગે તો તે એક પ્રકારની ભૂલ જ કહેવાય ને? આ પ્રમાણે સતી પણ દેવને કહી રહી છે કે આપ આ વિમાનને સારું માનો છો પણ આ વિમાન આવ્યું કયાંથી? તમે તે દિવસને કેમ યાદ કરતા નથી, કે જે દિવસે તમારા શરીર ઉપર તલવારનો ઘા પડ્યો હતો અને તમે મોટાભાઈ ઉપર ક્રોધ કરી રહ્યા હતા. તે વખતે મેં જો તમને ઉપદેશ આપ્યો ન હોત, ધર્મ પમાડ્યો ન હોત અને તે ધર્મના પ્રતાપે વૈરનું વિસર્જન કરી સ્નેહનું સર્જન કર્યું ન હોત, તો શું આ વિમાન તમને મળી શકત? આપે કષાયની કાલિમા છોડી અને અલ્પ સમય માટે મારો પણ મોહ છોડ્યો, તો દેવના મહાન સુખો મળ્યા. તો જે ધર્મના પ્રભાવે આ વિમાન મળ્યું છે તે વિમાનના લોભમાં પડી જઇ ધર્મને ભૂલી જવો એ શું યોગ્ય છે? માટે હું આ વિમાન પર લલચાતી નથી, પણ જે શક્તિના કારણે આ વિમાન મળ્યું છે તેનો વિચાર કરી રહી છું. તમને જે ધર્મભાવનાથી આ વિમાન મળ્યું તે ધર્મભાવનાને જુઓ. તમે પ્રત્યક્ષ ધર્મ કરી શકતા નથી, માત્ર ધર્મભાવનાથી ધર્મ કરી શકો છો. એ ધર્મભાવનાને ભૂલી ન જાઓ.

યુગબાહુ દેવ તો સતીની ગૂઢ મર્મભરી વાત સાંભળી સજ્જડ થઈ ગયો. હે સતી! તારા હું શું ગુણ ગાઉં? ધન્ય છે તને. તારી સામે આવા સુખ હાજર થયા છતાં તું

લલચાતી નથી પણ ઉપરથી આત્માનો બોધ ગ્રહણ કરે છે! આ રીતે વાત કરતાં કરતાં વિમાન મિથિલાની નજીક પહોંચ્યું એટલે દેવે સતીને કહ્યું, આ મિથિલા નગરી કે જે નેમિનાથ પ્રભુ અને મલ્લિનાથ પ્રભુના જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણકોથી પવિત્ર થયેલી ભૂમિ છે. એ ભૂમિમાં તમારો દીકરો છે, અને સાધ્વીઓ પણ છે. એમાં પહેલા કોની પાસે જવું છે? સતી કહે કે મને અહીં સુધી પહોંચાડનાર ધર્મ છે. ધર્મના પ્રભાવે તમે નરકમાં જતા અટકી ગયા ને દેવલોકમાં ગયા. મારા જીવનમાં વિઘ્નો આવ્યા પણ વિઘ્નોમાંથી ઉગારનાર ધર્મ છે. પુત્ર મારા આત્માનું કલ્યાણ કરી શકે નહિ, પણ ધર્મ આત્માનું કલ્યાણ કરાવનાર છે, માટે પહેલા ઉપાશ્રયે સતીજીઓ પાસે લઈ જાવ. હવે હું તમને પૂછું છું કે સતીના સ્થાને તમે હો તો પહેલાં ક્યાં જાવ? તમે નહિ બોલો. દેવ સતીને ધન્યવાદ આપતા વિચારે છે કે સતીની ધર્મજાગૃતિ કેટલી છે! પુત્ર પ્રત્યે સ્નેહ હોવા છતાં સતીઓ પાસે જવાનું યોગ્ય માને છે. તેની કેટલી આત્મજાગૃતિ!

જ્યારે આત્મામાં એકાગ્રતા આવે, વિશ્વને–પરને ભૂલી જાય અને સ્વમાં ખોવાઈ જાય ત્યારે આત્મા પૂર્ણતાને પામી શકે છે. જેણે ઘણાં પાપ કર્યા હોય કે જે પાપ નરક ગતિમાં લઈ જવાની તૈયારીમાં હોય પણ જો આયુષ્યનો બંધ ન પડયો હોય તો કષાયોથી ભરપુર હોય છતાં આત્મજાગૃતિ પ્રગટી, આત્મસમજણ આવી, તો એ આત્મા પોતે મુક્તિના દ્વાર સુધી પહોંચી શકે છે. જે બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા, બાલહત્યા અને ગૌહત્યા કરી નરકનો અધિકારી બનવાનો હતો પણ હૃદયપલટાથી આત્મજાગૃતિના બળે આત્મજ્ઞાન પામી મુક્તિને પામનારો બન્યો, એવો હતો દૃઢપ્રહારી.

દૃઢપ્રહારી એક બ્રાહ્મણનો પુત્ર હતો. બાળપણથી ખૂબ તોફાની અને જબરો હતો. માબાપ તેનાથી કંટાળી ગયા. એક દિવસ બાપ દીકરાને લઈને જાય છે. રસ્તામાં ભયંકર વગડો આવ્યો. ત્યાં મૂકી દીધો ને કહ્યું, હવે તને ઘરે નથી લઈ જવો. પિતાજી! હવે હું તોફાન નહિ કરું. ઝઘડા નહિ કરું. આપ મને લઈ જાવ. બાપ કહે–હવે તું જોઈતો નથી. તેં બધાને હેરાન–પરેશાન કર્યા છે. બાપ તો દીકરાને વગડામાં મૂકીને રવાના થયો. છોકરો એકલો ઉભો ઉભો રડે છે. તેને ભાન થઈ ગયું કે મારા તોફાનનું ફળ મને મળ્યું છે. અરે! ખુદ મા–બાપ સગા ન થયા તો બીજાની તો વાત ક્યાં?

દૃઢ પ્રહારી ત્યાં ઉભો છે. ત્યાં ચોરના સરદાર પલ્લીપતિએ તેને જોયો. છોકરાનું મજબૂત બાંધાવાળું સશકત શરીર છે. પલ્લીપતિ પૂછે છે કેમ રડે છે? મારા બાપ મને મૂકીને ચાલ્યા ગયા છે. તો હવે તારું કોણ? ઉંચે આભ અને નીચે ધરતી! તારે આવવું છે મારી સાથે? હા, આવીશ. છોકરાને જો સારો સજ્જનનો સંગ મળ્યો હોત તો પાપી પુનિત બની જાત પણ આ તો કુસંગ મળ્યો. પલ્લિપતિને આવા નીડર અને સશકત માણસની જરૂર હતી. દૃઢ પ્રહારી પલ્લીપતિના સાથમાં રહીને લૂંટફાટ, ચોરી, માણસને મારવા, આ બધું શીખી ગયો. તેમને મન તો ચીભડા કાપવા ને માણસ મારવા એ સમાન છે. એનો ઘા કદીય નિષ્ફળ જતો નથી, એટલે લોકો એને દૃઢ પ્રહારી

કહેતા. દિવસો જતાં પલ્લીપતિ મૃત્યુ પામ્યો. આખી ટોળીનો નાયક દૃઢપ્રહારી બન્યો. ખરાબ સંગ મળ્યો તો ખરાબ કામમાં–ચોરી લૂંટફાટમાં પાવરધો બન્યો, માટે જ્ઞાની કહે છે સંગ કરો તો સજ્જનનો કરજો. સંગ ન મળે તો બેસી રહેજો પણ દુર્જનનો સંગ કયારે પણ કરશો નહિ. જીવ આ કુકર્મો કરે છે, પણ એને ખબર નથી કે આ કર્મોના કટુફળ જ્યારે ઉદયમાં આવશે ત્યારે ભોગવતા આંસુ પડશે તો પણ પૂરા નહિ થાય. અલ્પ જિંદગી માટે આટલા પાપ શા માટે? અહીંથી જઈશ ત્યારે બધું મૂકીને જવાનું છે. ભગવાન કહે છે;

**संपरायं णियच्छंति, अत्तदुक्कडकारिणो ।**

**राग दोसस्सिया बाला, पावं कुव्वंति ते बहुं ॥** સૂય. અ. ૮. ગા. ૮.

સ્વયં પાપ કરવાવાળા જીવો સાંપરાયિક કર્મ બાંધે છે, તથા રાગદ્વેષથી અજ્ઞાની બહુ પાપ કરે છે, અને તેના કડવા ફળ જીવને ભોગવવા પડે છે.

એક દિવસ એ પલ્લીપતિ ટોળી સાથે ગામમાં ચોરી કરવા ગયો, પણ ચોરીમાં કાંઈ માલ ન મળ્યો. મહેનત કરીને બધા થાકયા હતા. ભૂખ લાગી હતી. દૃઢપ્રહારીને પણ ભૂખ ખૂબ લાગી છે. પેટમાં કાળી બળતરા થાય છે. તેણે માણસોને કહ્યું, હું ભૂખ્યો રહી શકતો નથી માટે જલ્દી ખાવાનું લઈ આવો. બધા ખાવાનું શોધવા ગયા પણ આવતા વાર લાગી એટલે પોતે ઉભો થયો ને શોધતાં શોધતાં એક બ્રાહ્મણને ઘેર ગયો. આ બ્રાહ્મણ ખૂબ ગરીબ છે. જેમ તેમ માંગી લાવીને દિવસો વીતાવે. બાળકોએ ખૂબ હઠ લીધેલી કે બા! અમારે ખીર ખાવી છે. મા બિચારી ખીર કયાંથી ખવડાવે! બાળકો ખૂબ રડે છે. આડોશી પાડોશીને દયા આવી એટલે કોઈએ દૂધ, તો કોઈએ ખાંડ તો કોઈએ ચોખા આપ્યા ને આ માતા ખીર બનાવવા બેઠી. બાળકોને ખીર ખાવાનો તલસાટ છે. તે ખીર ખાવાની રાહ જોઈને બેઠા છે. બા! અમને ખીર આપને! બેટા! ગરમ ગરમ છે એટલે થાળીમાં ઠારીને આપું છું.

માતાએ ખીર ઠારવા થાળીમાં નાખી છે, ત્યાં આ દૃઢપ્રહારી પહોંચી ગયો ને થાળીની બધી ખીર પીવા લાગ્યો. આ જોઇ બાળકો રડારોડ કરવા લાગ્યા. બા... આ અમારી ખીર પી જાય છે. ઘરના કોઈને ખબર નથી કે આ તો મોટો ડાકૂ છે, ખૂની છે. છોકરાઓ રડવા લાગ્યા એટલે મા દોડતી આવી ને કરગરતી કહેવા લાગી, ભાઇ! મેં આ માંગીતાગીને છોકરાઓ માટે ખીર બનાવી છે. આપ ન પીશો. આ દૃઢપ્રહારી ચોર કહે, મારા માર્ગમાં વચ્ચે આવનાર તું કોણ? એમ કહીને બાઈના પેટમાં છરો ભોંકી દીધો. બાઈ ગર્ભવંતી હતી. પૂર્ણ માસ થયેલ. છરો વાગતાં બાઇ તમ્મર ખાઇને પડી ગઇ ને બાળક પણ નીચે પડયું. ગર્ભનું બાળક ખૂબ તરફડે છે. છોકરાઓ તો રડવા લાગ્યા ને બૂમો પાડવા લાગ્યા. દોડો...દોડો... આ મારી માને મારે છે. બ્રાહ્મણને ખબર પડી એટલે તે બહારથી દરવાજા પરનો લોખંડનો ભૂંગળ લઇને અંદર આવ્યો. દૃઢપ્રહારીએ તેને આવતો જોયો, મારો વિરોધ કરનાર આ કોણ? ક્રોધમાં એને તલવારનો

ઝાટકો માર્યો ને બ્રાહ્મણ ત્યાં મરી ગયો. ત્રણ ત્રણ જીવોની ઘાત થઈ ગઈ. ક્રોધ બહુ ભયંકર છે. ક્રોધના આવેશમાં માનવ ન કરવાનું કરી બેસે છે. ક્રોધ નાગ કરતા વધારે ભયંકર છે. કષાયોની વૃદ્ધિમાં દુઃખ છે અને કષાયોની હાનિમાં સુખ છે. જ્યાં દુઃખનો અનુભવ થાય ત્યાં સમજવું કે તેના મૂળમાં કોઈ પણ કષાય રહેલી છે. એ કષાયને દૂર કરશો તો દુઃખ રવાના થશે. દુઃખનું કારણ કષાયો છે. તે કષાયોને દાબવાનો પ્રયત્ન કરો. પછી આંતર શાંતિનો અનુભવ થશે.

આ દૃઢપ્રહારી ત્રણના ખૂન કરી બહાર નીકળ્યો તો આંગણામાં ગાય ઉભી હતી. તેની આંખમાં આંસુ હતા. તે સમજી ગઈ કે આ મારા માલિકને મારનાર છે. તે શીંગડા ઉછાળીને દૃઢપ્રહારીને મારવા દોડી તો દૃઢપ્રહારીએ તેને પણ તલવારથી મારી નાંખી. ક્રોધના આવેશમાં ચાર ચાર હત્યાઓ કરી. ક્રોધ આવે છે ત્યારે ભાનસાન રહેતું નથી. બુદ્ધિ બહેર મારી જાય છે. ન કરવાનાં કામો થાય છે. જ્ઞાનીઓ કહે છે, તું ક્રોધ કર પણ કોના ઉપર ? ક્રોધ ઉપર ક્રોધ કર. ગાયને મારીને પાછું વાળીને જોયું તો ગર્ભનું બાળક તરફડતું હતું ને નાના બાળકોનું કરૂણ રૂદન જોયું. આ જોઈને તે ધ્રુજવા લાગ્યો ને તેના હાથમાંથી તલવાર પડી ગઇ. ખૂબ પશ્ચાતાપ થવા લાગ્યો. હાય....હાય....મારાથી આ શું થઇ ગયું ! એમ વિચારતો ગામ બહાર ઝાડ નીચે જઈને બેઠો. હું આપઘાત કરીને મરી જાઉં, બાળકોનું રૂદન અને ગર્ભનું તરફડતું બાળક–તેમનું શું થયું હશે ?

ત્યાં એક વૃક્ષ નીચે મુનિને જોયા. મુનિના ચરણમાં પડી આંસુ વહાવતો કહે છે, પ્રભુ ! મને બચાવો. આ પાપીને ઉગારો. મેં ન કરવાના કામ કર્યા છે. મેં મહાપાપ કર્યું છે અને એનો પશ્ચાતાપ દિલને રડાવી રહ્યો છે. મને કૃપા કરીને તારો, કોઈ ઉદ્ધારનો રસ્તો બતાવો. પોતાની બધી કહાની કહી દીધી. મુનિએ જોયું કે પશ્ચાતાપનો અગ્નિ એને બાળી રહ્યો છે, એને પાપનો સાચો પશ્ચાતાપ છે. એટલે મુનિએ કહ્યું, જો તારે આ પાપમાંથી છૂટવું હોય તો સંયમ લઈ લે. પ્રાયશ્ચિત કર. તારું પાપ ધોવાઇ જશે, તારા કાળજામાં ઠંડક વળશે. દૃઢપ્રહારીએ ત્યાં દીક્ષા લીધી. ને પ્રતિજ્ઞા કરી કે જ્યાંસુધી મને મારી હત્યા યાદ રહે ત્યાં સુધી અન્નજળનો ત્યાગ, ચૌવિહારા ઉપવાસ, ઉપવાસમાં ગામ બહાર જઈ ધ્યાન લગાવીને ઉભા રહ્યા. ગામના લોકો એમને જોઇને બોલે છે, આ તો ખૂની છે. આ પાપી છે. આ ચોર છે. એમ ગાળો દે છે. કોઇ પથ્થર મારે, લાકડી મારે, એ બધું સહન કરે છે. એનામાં સામા ઘા કરવાની શક્તિ છે, પણ આત્માને શું કહે છે–તેં ઘા માર્યા તો તું ઘા સહી લે. તેં હસતાં હસતાં કર્મો બાંધ્યા છે તો હસતા હસતા ભોગવી લે. કર્મનું નિકંદન કાઢી લે. આ રીતે એમનો આત્મા અંતરદશામાં રમવા લાગ્યો. શરીર પર ઘા પડે છે પણ તેને આત્મ પ્રતીતિનો આનંદ છે ને એ આનંદમાં પત્થરના, લાકડીના ઘા વેઠતા ઘાતી કર્મો પર ઘા કરીને કેવળજ્ઞાનનો પ્રકાશ મેળવી લીધો. તેના કર્મો તો તેને નરક ગતિમાં લઇ જાત પણ આત્મ સમજણની ચિનગારી મળી ગઈ ને પશ્ચાતાપની ભઠ્ઠી સળગી તો નરકગતિ ગઇ, તીર્યંચ ગતિ ગઇ, અને મોક્ષ ગતિ મેળવી લીધી.

જ્યાં સુધી આત્મા જીવનમુક્ત ન બને ત્યાં સુધી જન્મ લેવો પડે છે, દેહ ધારણ કરવો પડે છે. આ બધું કર્મસત્તાને લીધે થયા કરે છે. એમ સમજે છે જેમ જેમ આત્માની સાચી જાગૃતિ આવતી જાય તેમ તેમ આત્માનો આનંદ, આત્માનું સુખ વધતું જાય છે. આત્મા શાંતિથી સમૃદ્ધ બનતો જાય છે, પછી એને કદાચ સંસારના દુઃખો આવે છતાં નડતા નથી. એ સમજે છે કે આત્માએ જે કર્મબંધન બાંધ્યા છે તે પૂર્વજન્મના હોય કે આ જન્મના હોય, એ કર્મને આધીન બધા બનાવો બને છે. દઢપ્રહારી જેવા નરકના અધિકારી, મહાપાપના આચરણ કરવા છતાં આત્માની સમજણ મળતા શુભ ભાવનાથી કેવું પરિવર્તન થઈ ગયું અને જીવન પૂર્ણ મુક્ત બની ગયું.

જેનામાં આત્માની સમજણ છે એવી સતીએ યુગબાહુ દેવને કહ્યું, મને પહેલા સાધ્વીજી પાસે લઈ જાવ, તેથી દેવ મયણરેહાને સુદર્શના નામની મહાન વિદ્વાન સાધ્વી પાસે લઈ ગયા. મયણરેહાએ સાધ્વીજીને વંદન કર્યા અને કહ્યું, આપ આપની જ્ઞાન પરબનું પાણી મને પીવડાવો. હું ખૂબ તૃષાતુર છું. સુદર્શના સાધ્વીજી મયણરેહાના નેણ અને વેણ પરથી સમજી ગયા કે આ પાત્ર કેવું છે? તેની જિજ્ઞાસા જોઈ ને સાધ્વીજીએ જ્ઞાનગંગાનો પ્રવાહ વહાવ્યો. એની આગળ ધર્મ માર્ગના અજવાળા પાથર્યા. સુદર્શના સાધ્વીમાં એવી કોઈ અદ્ભૂત શક્તિ હતી કે જેથી પુત્ર દર્શન માટે તલસતી અને નંદીશ્વર દ્વીપથી છેક મિથિલા આવેલી મયણરેહા ત્યાં સ્થિર બની ગઈ. તેનો આત્મા વધુ જાગ્રત બન્યો, અને કહેવા લાગી કે કર્મથી કુટાતી, મોહથી મુંઝાતી, અને આ એક ભવમાં અનેક ભવ અનુભવનારી આ નારીનો હાથ પકડશો ? આ જીવનમાં છેલ્લા દિવસોમાં મેં જે જોયું–જાણ્યું છે એ જોયા જાણ્યા પછી મારું મન સંસારમાંથી ઉઠી ગયું છે. હવે મારે સંયમનું શરણ સ્વીકારવું છે. મારું જીવન ધન્ય બનાવવું છે અને આત્મકલ્યાણ કરવું છે.

સંયમ સ્વીકારવાનો વિચાર કરી મયણરેહા એ નિશ્ચય ઉપર આવી કે મારે સર્વપ્રથમ સંયમમાં બાધક જે પુત્રપ્રેમ છે તેને દૂર કરવો જોઈએ. વળી જો હું પુત્રના મોહમાં પડી જઈ તેને જોવા જઈશ તો તેનું અહિત થશે ને મારું પણ અહિત થશે, કારણ કે જો હું પુત્રને જોવા જાઉં તો સ્વાભાવિક છે, કે મારું લોહી ઉછળ્યા વગર ન રહે, તેથી એ પુત્ર સ્નેહને જોઈ તેની હાલ જે માતા બની છે તેના હૃદયમાં પણ બીજો ભાવ આવી જાય એ સંભવિત છે. તેને ખબર પડી જાય તો પુત્રના પાલનપોષણમાં, લાડકોડમાં પણ ફરક પડી જાય, પછી પુત્રની સંભાળ બરાબર થાય નહિ. પુત્ર પ્રત્યેના મોહના કારણે મારા સંયમના ભાવ પણ કદાચ બદલાઈ જાય, માટે હવે પુત્રનું મુખ જોવા જવું નથી. આ જીવે અનંતીવાર સગપણ બાંધ્યા છે. કેટલીયે વાર માતા પુત્રના સંબંધ બાંધ્યા હશે !

**કોના રે સગપણ કોની રે માયા જુઠો આ સંસાર......**

કોઈ વ્યક્તિ એવી નહિ હોય કે જેની સાથે દરેક જીવે દરેક સંબંધો બાંધ્યા ન હોય. સર્યું એ સંતાનથી. હવે તો હું પ્રભુના પંથે પગલીઓ બઢાવીશ, જેની પાંખમાં

ત્રિભુવન-વિહારની વિરાટ શક્તિ છે. એ પંખીને હવે મારે પિંજરના બંધનમાં નથી રાખવું. હું હવે શ્રમણી બનીશ ને ત્યાગ માર્ગે આગળ વધીશ.

કમળ પત્રની એ કેદ પણ કોરાઈ ગઈ. મયણરેહાનો વિરાસ ખૂબ તીવ્ર બન્યો. જન્મ આપ્યા પછી તરત જેનો વિયોગ સહન કરવો પડયો હતો, એ પુત્ર નજીકમાં હતો પણ માતાએ મોહના પડળ હવે ભેદી નાંખ્યા હતા, ને જગત આખામાં એને પુત્રનું દર્શન થતું હતું. મયણરેહા પોતાના લાડકવાયાને એક વાર નિહાળી લેવા ન ગઈ. બસ, ત્યાગ કર્યો તો કરી જાણવો. સ્નેહના તાંતણા તોડયા તો તોડી જાણવા. જૈન સાધ્વીનો ભેટો થતાં વિરાગના એ વેગમાં ભરતી આવી અને મયણરેહાએ પોતાનો પુત્ર-પ્રેમ ફગાવી દીધો. સંયમ સ્વીકારવાનો નિશ્ચય કરી મયણરેહાએ દેવને કહ્યું કે તમે કહો છો અને મુનિએ પણ કહ્યું કે પુત્ર આનંદમાં છે, માટે હવે હું પુત્રને જોઈ મોહમાં પડવા માંગતી નથી. હવે તો હું આ સતી શિરોમણી પાસે સંયમ લેવા ઇચ્છું છું. અહીં મને કોઈ આજ્ઞા આપનાર નથી. તમે સુદર્શના સાધ્વીને કહો કે મને દીક્ષા આપે.

મયણરેહાની વાત સાંભળીને દેવ સતીને ધન્યવાદ આપતો કહેવા લાગ્યો કે દીક્ષા લેવી એ શ્રેષ્ઠ કાર્ય છે, પણ હૃદયમાં પુત્ર પ્રેમની ઝંખના ન રહેવી જોઈએ. જો કોઈ પણ વાસના રહી જાય તો પછી સંયમ માર્ગમાં પસ્તાવાનો પાર ન રહે! દેવની આ વાત સાંભળી મયણરેહાએ કહ્યું કે હવે મારા મનમાં કોઈ વાસના રહી નથી. પહેલા આપના ભાઈએ ફસાવવા જાળ પાથરી, છતાં હું ડગી નથી. જો મારામાં કોઈ પણ પ્રકારનો વિકાર હોત તો એ બે શ્રેણીનો વિદ્યાધર મને પટરાણી બનાવવા ચાહતો હતો તો હું એની સાથે ન જાત! મારામાં વિકાર પહેલેથી નષ્ટ થઈ ગયા છે. માત્ર પુત્ર સ્નેહ હતો. આ પુત્ર સ્નેહ પણ હવે સતીના સદુપદેશથી સુકાઈ ગયો છે. વળી પુત્રને જોવા જતાં તેનું અને મારા આત્માનું અહિત થશે, માટે હવે પુત્રમોહમાં ન પડતા આત્મકલ્યાણ માટે સંયમનો સ્વીકાર કરવા ઇચ્છું છું. સતી! ધન્ય છે તમને! તમારી આ ભાવનાને કારણે અમે દેવો પણ તમને નમસ્કાર કરીએ છીએ. છેવટે દેવે કહ્યું હે સાધ્વીજી! આપ આ સતીને દીક્ષા આપો. મયણરેહાએ પણ કહ્યું.

**વિનંતી કરું છું હું, મને ગુરૂણીદેવ સ્વીકારી લો.**
**મને દીક્ષા દઈને દાતા! મારા ભવને સુધારી લો.**
**હું કહું છું પ્રતિજ્ઞાથી, મારે કર્મોને ધોવા છે.**
**મુક્તિના મધુર દિવસો, મારે જલ્દીથી જોવા છે.**
**મારા આતુર આત્માને તમે સત્વર ઉગારી લો....**

આપ કૃપા કરીને મને દીક્ષા આપો, ને મારા ભવને સુધારી લો. મયણરેહાને આ સંસાર સોમલ જેવો લાગતો હતો. એ સોમલની વચ્ચે અમૃતની ઓથ સિવાય એક ક્ષણ કાઢવી એ પણ એને જીવલેણ લાગતી હતી, તેથી સુદર્શના સાધ્વીજીએ મયણરેહાને દીક્ષાની શિક્ષા આપી. દીક્ષા બાદ તેમનું નામ "સુવ્રતા" સાધ્વીજી રાખ્યું. મયણરેહાને

સાધુવેશમાં જોઈને દેવ ગળગળો થઇ ગયો. શું સતીનો ત્યાગ! કેટલી નિર્વિકારી ભાવના! પોતાનો પતિ દેવરૂપમાં સામે ખડો છે છતાં દૃષ્ટિ સરખી પણ નહિ. પછી દેવ સુવતા સાધ્વીજીને વંદન કરીને પોતાના સ્થાને જવા તૈયાર થયો. જતા જતા કહે છે સતી! તારી ધર્મભાવનાને ધન્ય છે! આપની ધર્મભાવનાએ મને નરકમાં જતાં બચાવ્યો છે. આ ધર્મભાવના આગળ મારી ઋદ્ધિ–વિમાન બધું તુચ્છ છે. સતીએ કહ્યું, આપ ધર્મભાવનાને ભૂલશો નહિ. દેવ કહે ભલે, હું આપની કૃપાથી ધર્મભાવના જીવનમાં અપનાવી શકીશ. એવો મને વિશ્વાસ છે. એટલું કહીને દેવ જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા ચાલ્યા ગયા.

સુવતા સાધ્વીજીને હવે ગૌચરીના બહાને જઈને પુત્રનું મુખ જોવું હોય તો જોઈ શકાય છે, પણ...ના...હવે તેને પુત્રનો રાગ સ્પર્શી શકતો નથી. તે પોતાના ગુરૂણી પાસે જ્ઞાન મેળવે છે ને ઉત્કૃષ્ટભાવે સંયમનું પાલન કરે છે. હવે ચન્દ્રયશનું અને બાળપુત્ર નમિનું શું થયું તે વાત અવસરે લઈશું.

**ચરિત્ર**–છોકરાઓએ કહ્યું બા! અમારે લાડવા ખાવા છે. પડોશીની સાથે વાતોમાં હતી તેથી બાળકોની ભૂખ મટાડવા સ્હેજ વચન નીકળી ગયું કે રસોઈઘરમાં શીકા ઉપર બે મોદક છે. આપ બંને વહેંચીને એકેક લઈ લેજો. ભલે, શીકું ઉંચું છે તેથી ટેબલ મૂકીને ઉપર ચઢીને લાડવા લીધા. લાડવા સહેજ નાના મોટા હતા. મોટા ભાઈએ મોટો લાડવો ખાધો ને નાના ભાઈએ નાનો લાડવો ખાધો.

**અણ ઉકેલ્યા ભાવિના પડદા, અણધાર્યા વિપાક ઉદયે આવે,**
**નાનીશી ભૂલ મહાન શૂલ બને, આપત્તિ શીરે આવે.**

અણ ઉકેલ્યા ભાવિના પડદામાં રહેલ ગૂઢ રહસ્યની કોને ખબર છે? અણધાર્યા વિપાકના અહેવાલો ચૂકવવા પડે ત્યારે સમજાય કે વિસ્મૃતિના પંથમાં કેટલા કાંટા છે. એક નાની શી ભૂલ મહાન આપત્તિમાં બદલાઈ જાય છે. ભાવિમાં બનવાનું હોય ત્યારે ડાહ્યા અને વિદ્વાન માણસો પણ ભાન ભૂલે છે. કર્મરાજાને આટલા દુઃખથી હજુ સંતોષ ન થયો. તેમના ભાગ્યમાં હજુ દુઃખ પડવાના છે તેથી તારામતીથી વચન બોલાઇ ગયું ને બંને બાળકોએ લાડવા ખાધા.

સાગરદત્ત શેઠ જમ્યા પછી રાજમહેલમાં જવા તૈયાર થયા. બદલવા કપડાં તો બીજા છે નહિ, તેથી એ જ કપડે એક થાળમાં બંને મોદક મૂકી તેના પર કપડું ઢાંકી રાજદરબારમાં જવા ઉપડ્યા. કલ્પનાના ભવ્ય સહચાર સાથે શેઠ રાજદરબારમાં જલ્દી જઇ રહ્યા છે, પણ કર્મરાજા કહે છે, તું દોડ મા. કર્મ તારી ઝપટમાં આવી રહ્યા છે. રાજદરબારે પહોંચી ગયા. દરવાજે પોળીયો ઉભો છે. તેને કહ્યું ભાઈ! મારે અંદર જવું છે? શા માટે? રાજાને મારી નાનીશી ભેટ આપવી છે. ફાટલા અને મલીન કપડાવાળાને પોળીયાએ અંદર જતો રોકયો, પણ શેઠની અમીભરી મીઠાશયુક્ત વાણી

સાંભળીને પોળીયો રાજાને કહેવા ગયો. વસ્ત્ર અને દેહ પરથી નિર્ધન દેખાતો એવો કોઇ માણસ આપને ભેટણું લઈને આપવા આવ્યો છે. રાજા કહે, ભલે આવવા દો.

રાજાની પાસે જવાની આજ્ઞા મળતાં શેઠના હૈયાના ગગનમાં આનંદની રેખાઓ પ્રકાશવા લાગી, પણ શેઠને કયાં ખબર હતી કે આનંદની રેખાઓ પણ કર્મરાજાના ઝપાટામાં વિષાદના ઘેરા તિમિરમાં કોઈ વાર વિલીન થઈ જાય છે. રાજા શેઠને આવતા જોઇને આશ્ચર્યમૂઢ બન્યા. ફાટયા તૂટયા કપડા જોઇને રાજાના મનમાં થયું કે ગરીબ બિચારો એની ભેટમાં સોગાદ શું હશે! ભલે દેખાવથી પામર દેખાય છે પણ તેના મુખ પર સત્ત્વની રેખાઓ ચમકતી દેખાય છે. શેઠે ધીમે પગલે રાજસિંહાસન સન્મુખ થાળ મૂકયો અને ત્રણવાર મસ્તક નમાવ્યું. વંદન કર્યું. સમાજનો આ શેઠને જોઇને હસવા લાગ્યા, મશ્કરી કરવા લાગ્યા કે આવો ગરીબ માણસ રાજાને શી ભેટ આપવા આવ્યો હશે? આવી તે કઈ અમૂલ્ય ભેટ હશે! રાજા વિચાર કરે છે. હવે રાજા થાળી ઉઘાડશે ને શું બનશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૫૩

**ભાદરવા સુદ ૧૧ બુધવાર** **તા. ૯-૯-૮૧**

અનંત ઉપકારી તીર્થંકર ભગવંતોએ વૈરાગ્ય રસથી સભર ભવ્ય જીવોને જાગૃત કરતો, આત્મ જાગૃતિનો જયનાદ કરાવતો ખૂબ ઉપયોગી અને પ્રેરણાદાયી ઉપદેશ આપ્યો છે કે હે મહાનુભાવો! અનંતકાળથી આ જીવો સંસારસાગરમાં ડૂબી રહ્યા હતા, ગોથા ખાઈ રહ્યા હતા. મહાન પુણ્યોદયે આ ઉંચો માનવજન્મ પામ્યા. ધર્મસામગ્રી પામ્યા એટલે એ ઘોર સંસાર સાગરની સપાટી પર આવી ગયા છે. ભગવાને ઉત્તરાધ્યયન સૂત્રમાં ફરમાવ્યું છે કે,

**तिण्णो हु सि अण्णवं महं, किं पुणचिट्ठसि तीरमागओ।**
**अभितुर पारं गमित्तए, समयं गोयम मा पमायए॥** અ. ૦ ગા ૩૪

હે ગૌતમ! તું અતિ વિસ્તૃત સંસાર સાગરને તરી ગયો છે. હવે કિનારે આવીને શા માટે ઉભો છે? સંસાર સાગરથી પાર જવાને માટે ઉતાવળ કર. આ વિષયમાં સમય માત્રનો પ્રમાદ ન કરીશ. તે રીતે વીતરાગ ભગવંતો આપણને કહે છે કે તમે સંસાર સાગરની સપાટી પર આવી ગયા છો, મુક્તિનો મિનારો સામે દેખાય છે, હવે ગફલત ન થાય, ફરી સંસાર સાગરમાં ડૂબી ન જવાય, પાછા એ સાગરના તળિયે પહોંચી ન જવાય તેની તકેદારી રાખો. અજ્ઞાની જીવો અજ્ઞાનના કારણે ઘોર પાપો કરીને સંસાર-સાગરમાં ડૂબે છે, ગોથા ખાય છે અને સંસાર સાગરની સપાટી પર આવેલા જ્ઞાની જીવો પણ જો પ્રમાદી બની ચારિત્રમાં પુરૂષાર્થ ન કરે તો એ પણ ડૂબે છે. એકલું જ્ઞાન, એકલી ક્રિયા કામ નથી લાગતી. આત્મા પર લાગેલા કુટીલ કર્મોને તથા કુસંસ્કારોના ઝેરને નાબૂદ કરવા ચારિત્રમય, ત્યાગમય અને વૈરાગ્યમય જીવન બનાવવું જોઈએ.

સૌથી પ્રથમ પ્રયત્ન જ્ઞાન મેળવવા માટે કરવો જોઈએ. જ્ઞાન મેળવવાનો ઉદ્દેશ દૃઢ સમ્યક્ત્વ પામવાનો અને ચારિત્રમય જીવન જીવવાનો હોવો જોઈએ. નહિ તો અધ્યાત્મ-શાસ્ત્રોનું જ્ઞાન પણ અભિમાન પેદા કરે છે. જ્ઞાન સાથે સમ્યક્ત્વ આવે તો સેનામાં સુગંધ ભળે અને સમ્યક્ ચારિત્ર આવે તો આત્મામાંથી દુર્ગુણો દૂર ભાગે. આત્મા સદ્ગુણથી ઉજ્જવળ બને. સમ્યક્ત્વ વિનાની કોઈ પણ પ્રવૃત્તિ કરીએ તો એનાથી આત્માની કોઈ વિશિષ્ટ પ્રગતિ ન થાય. ચારિત્રપાલન એ પાપોથી મુક્ત થવાની એક સુંદર પ્રક્રિયા છે. સમ્યક્જ્ઞાન અને સમ્યક્શ્રદ્ધાની જ્યોત જેના જીવનમાં ઝળહળે છે, એની સામે બહારના ગમે તેવા વિષમ પ્રસંગો આવીને ખડા થાય તો પણ તે તેના આત્માનું કંઈ ન બગાડી શકે, ન રાગમાં ખેંચી શકે, ન દ્વેષમાં ઘસડી શકે અને કદી દીનતા પણ ન આવે.

આત્માએ રોજ વિચાર કરવો જોઈએ કે હે આત્મા ! તું કયારે આ પંથે વિચરીશ ? તારામાં કયારે યોગ્યતા આવશે ? તું મારા સ્વરૂપને કયારે પામીશ ? એ ભાવના રોજ ભાવવી અને મોહનીય, અંતરાય કર્મની દિવાલો તોડવાનો પ્રયત્ન ચાલુ રાખવો. શરીરનો, વિષયોનો અને બાહ્ય પદાર્થોનો વિચાર એ બહિરાત્મભાવ છે. આ વિચાર તો જીવ યુગ-યુગાંતરથી કરી રહ્યો છે. એની સામે લાલ આંખ કરવાની જરૂર છે. એના પ્રત્યે નફરત જાગવી જોઈએ. જ્યારે એ વિચાર જોર કરે ત્યારે આત્માએ પોતાના આત્માને ઠપકો આપવો અને એ રીતે બહિરાત્મભાવના પાવરને ઓછો કરતા જવું. પછી વિચારવું કે આત્માને કયા બંધનો લાગેલા છે ? શું કરવાથી એ બંધનો તૂટી શકે ? મહાપુરૂષોએ એના માટે કરેલા પરાક્રમોનો વિચાર કરવો અને પોતાની આંખ સામે એ ભવ્ય ચિતાર ખડો કરવો એ અંતરાત્મભાવ કહેવાય.

રાગ, દ્વેષ અને મોહ ઘટાડવા શાસ્ત્રોનું વાંચન, મનન, પરિશીલન જોઈએ. આહારના રસોનો જેમ બને તેમ ત્યાગ કરવો જોઈએ. બાર પ્રકારની શુભ ભાવનાઓ ભાવવી જોઈએ. મહાપુરૂષો કહે છે, જિનવાણી સાંભળીએ કે વાંચીએ પણ ચિંતન, મનન વગર તેની ઉંડી અસર ન થાય. જિનવાણીનું શ્રવણ પાણી જેવું છે. પાણીથી થોડો સમય તૃષા શાંત થાય તેમ થોડો ટાઈમ વિષય-કષાયો ભૂલાય પણ એના સંસ્કાર પાછા તાજા થાય. વિષયોની તરસ લાગે અને બહાર ચોમેર પથરાયેલા, ખડકાયેલા વિષયો તરફ મન દોડે. સાંભળેલા ઉપર મનન કરવું એ દૂધ બરાબર છે. પાણી કરતા દૂધમાં થોડો લાંબો સમય ભૂખ, તરસ છીપાવવાની તાકાત છે એમ મનનપૂર્વક શ્રવણ કરતા વધુ સમય માટે વિષય કષાયોની આગ શાંત થાય અને ભગવાનની આજ્ઞાનો મર્મ સમજાય તો એ જ્ઞાન અમૃત સમાન બને છે. આ જ્ઞાનઅમૃતથી વિષયકષાયની તરસ લાગે નહિ અને સર્વત્ર સૌના હિતની ભાવના પ્રગટે છે. આપણું જ્ઞાન અમૃતસમાન બનાવવાનું છે. ભગવાનની આજ્ઞાનો, ભગવાનના કથનનો સાર લક્ષમાં આવ્યા પછી આત્મા સંસારથી અલિપ્ત રહી શકે છે. આત્મા સંસાર-મુક્ત બની શકે છે, પછી મોહ જાગવાનો કે અંધારપટ છવાઈ જવાનો પ્રશ્ન ન રહે. વૈષયિક સુખભોગના અનુભવ અકારા-અળખામણા લાગે. ભોગોપભોગ જેટલા ઓછા થશે એટલો

રાગ ઘટશે. રાગ ઘટશે એટલે મુક્તિમાર્ગ તરફ અસ્ખલિત પ્રયાણ થશે. મુક્તિમાર્ગ તરફ પ્રયાણ કરનારા મુનિઓ સદા સુખી છે. સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે,

सुखिनो विषया तृप्ता नेन्द्रोपेन्द्रादयोऽप्यहो ।
भिक्षुरेका सुखी लोके ज्ञान तृप्तो निरंजनः ॥

વિષયોથી નહિ તૃપ્ત થયેલા ઈન્દ્ર વગેરે પણ સુખી નથી. એ એક મહાન આશ્ચર્ય છે. જગતમાં જ્ઞાનથી તૃપ્ત થયેલો સાધુ એક સુખી છે.

આ જગતમાં કોઈ સુખી નથી. વિષયોના વિષ પ્યાલા પીનારો ઈન્દ્ર કે મહેન્દ્ર સુખી નથી. નિરંતર અતૃપ્તિની આગમાં સળગતા રાજા-મહારાજાઓ કે શેઠ-શાહુકારો કોઈ સુખી નથી. ભલેને બહારથી એ બધાને જોઈને માની લો કે કેવા સુખી છે. તમારી માન્યતા ભ્રમણા ભરેલી છે. એ તો તમે એવા કોઈ સુખી શેઠ શ્રીમંતને જઈને પૂછો અને તેમના હૃદયની વાણી સાંભળો ત્યારે સમજાય કે એ કેવા સુખી છે!

દુનિયાના વર્તમાનમાં વિશ્વનો સૌથી મોટો ગણાતો શ્રીમંત હેનરી ફોર્ડ કે જે અમેરિકાવાસી હતો. તેની પાછલી અવસ્થામાં એક પત્રકારે તેને પૂછયું, આપને બધી જાતનું સુખ છે છતાંય પણ એવી કોઈ વસ્તુ છે ખરી કે જે આપને હજુ મળી ન હોય! એમ આપ માનો છો? હેનરી ફોર્ડ જાણે અંતરથી બોલતો હોય એમ કહેવા લાગ્યો તમારી વાત સાચી છે. મારી પાસે ધન છે, કાર છે, લાડી, વાડી છે, કીર્તિ છે, પણ હજુ મને માનસિક શાંતિ મળી નથી. એવી શાંતિ આપનાર કોઈ મિત્ર હજુ મને મળ્યો નથી. દુનિયાના શ્રીમંતો, કરોડપતિઓ, રાજામહારાજાઓ, અને કીર્તિવંતોને જોઈ "તેઓ સુખી છે" એ વિચારને બહાર ફેંકી દો. ભૌતિક પદાર્થોના સંયોગમાં વાસ્તવિક સુખ-શાંતિ છે નહિ. ભલે ઈન્દ્રિયજન્ય સુખ હશે પણ માનસિક અશાંતિ એ સુખને ક્ષણ વારમાં દુઃખરૂપ બનાવી દે છે. તમે જ્યારે એમની આંતરિક અશાંતિનો કરૂણ કલ્પાંત સાંભળશો ત્યારે તમને એમના બંગલાઓ કરતાં તમારી ઝુંપડી વધારે સારી લાગશે. એમની શ્રીમંતાઈ કરતાં તમારી ગરીબાઈ તમને આશીર્વાદ રૂપ લાગશે. શ્રીમંતાઈ અને કીર્તિ ધિક્કારપાત્ર લાગશે.

તો તમને પ્રશ્ન થશે કે જગતમાં કોઈ જ સાચો સુખી નથી? છે, જરૂર છે. भिक्षुरेकः सुखी लोके "શાસ્ત્રની ભાષામાં કહીએ તો एगंत सुही मुणी वीतरागी." એક માત્ર ભિક્ષુ, અણગાર, વીતરાગી મુનિ આ વિશ્વમાં સાચા સુખી છે. શાથી એ સુખી છે? શું એમને કમાવું પડતું નથી માટે સુખી છે? ના, જે વિષય તૃષ્ણાને પોષવા તમારે કમાવું પડે છે એ વિષયતૃષ્ણા તેમને નથી, માટે સુખી છે.

निर्जित मदमदनानां वाक कायमनो विकार रहितानाम् ।
विनिवृत्त पराशाना मिहैव मोक्षः सुविहितानाम् ॥

જેણે પ્રચંડ મદ અને મદનને મહાત કરી દીધા છે, જેના મનમાં, વચનમાં કે કાયામાં વિકારનું વિષ નષ્ટ થઈ ગયું છે, જેમણે પર પુદ્ગલની આશાઓનો ત્યાગ કરી

દીધો છે તેવા મહાત્માઓને તો અહીં મોક્ષ છે. આવા મહાત્માઓ શબ્દાદિ વિષયોના ઉપભોગનું દારૂણ પરિણામ વિચારી તેની અનિત્યતા અને દુઃખદાયિતાને સમજી સંસારના રાગ દ્વેષમય ભયંકર દુઃખોનો ખ્યાલ કરી પોતાના શરીર પર રાગ કરતા નથી. શત્રુ પર રોષ કરતા નથી. રોગોથી વ્યથિત થતા નથી. વૃદ્ધાવસ્થાથી અકળાતા નથી, મૃત્યુથી જરાય ડરતા નથી. આવા મુનિઓ નિત્ય સુખી છે.

જેણે મુનિપણું અંગીકાર કર્યું છે એવા સુદર્શના સતીજી પાસે મયણરેહાએ ચારિત્ર અંગીકાર કર્યું. મયણરેહાનું દેશાંતર, વેશાંતર અને નામાંતર પણ થયું. મયણરેહાનું નામ "સુવ્રતા" સાધ્વીજી પડયું. મિથિલાનો માર્ગ એમના માટે જાણે મોક્ષનો માર્ગ બની ગયો. દીક્ષા લઈ ગ્રામાનુગ્રામ વિચરતા અહિંસા, સંયમ અને તપનું એવું સુંદર પાલન કરે છે કે એમાં એને અપૂર્વ જોમ અને જાગૃતિ સાથે વિશ્વ–વાત્સલ્યના પૂર ઉમટે છે. હવે આ બાજુ ચન્દ્રયશ અને નાના બાળ નમિનું શું થયું તે જોઈએ.

મયણરેહાએ પોતાના જે નવજાત પુત્રને ઝાડની ડાળીએ સાડલાની ઝોળી કરીને સૂવાડયો હતો તેને મિથિલા નગરીનો રાજા પદ્મરથ લઇ ગયો હતો. વનવગડામાં તરછોડાયેલું એ એક ફૂલ મિથિલાના રાજભવનમાં ખીલી રહ્યું હતું. બડભાગી એ ફૂલ હતું. જેથી એની પાંખડીઓ ખરી પડે એ પહેલાં એક મમતાળુ માળીએ એને સુરક્ષિત રાખ્યું. મિથિલાપતિ પદ્મરથ રાજા નિઃસંતાન હતા. વન નિકુંજમાંથી ભાગ્યયોગે મળેલા એ બાળને પોતાનો ગણીને ઉછેરે છે. આખી મિથિલા એને પદ્મરથ–પુષ્પમાળાના સંતાન તરીકે જાણતી થઈ. સચિત્ર સંસારના આ પણ એક વિચિત્ર ખેલ ગણાય ને? આ બાળના સાચા માતાપિતા કોણ? અને જગત એના માતાપિતા તરીકે પિછાણે કોને? ગમે તેમ તો ય એ બાળ પુણ્ય પનોતો હતો. મિથિલાના મહેલમાં એના પગલા પડયા ત્યારથી મિથિલા ઋદ્ધિ સિદ્ધિથી વૃદ્ધિ પામતી ગઈ. તેમજ પદ્મરથ રાજાના શત્રુઓએ મિથિલાપતિની શરણાગતિ સ્વીકારી. આ ચમત્કારી વાતની સ્મૃતિ સજીવ રાખવા એ બાળનું નામ "નમિકુમાર" રાખવામાં આવ્યું. જેના આગમન માત્રથી રાજાઓ નમી પડયા.

નમિકુમાર બીજના ચન્દ્રની જેમ વધે છે. તે રાજા–રાણીના પુત્ર સમાન પ્રેમપાત્ર બન્યો હતો. જે રત્ન હોય તે કોનું પ્રેમપાત્ર નથી બનતું? બધાનું પ્રેમપાત્ર બને છે. રાજાની સાથે નમિકુમારના પૂર્વના અનેક ભવોનો સંબંધ છે, ને પોતાનો જબરદસ્ત પુણ્યનો ઉદય છે તેથી રાજાનો પ્રેમ અપરંપાર છે. રાણીને મન પણ જાણે સાતખોટનો દીકરો! પ્રેમનું તો પૂછવું જ શું! એવા ઊંચા સુખમાં રાખી એને ઉછેરે છે કે જાણે સગા માતા–પિતા ન ઉછેરતા હોય! તેના પાલનપોષણ માટે પાંચ ધાવમાતાઓ રાખવામાં આવી હતી. એક ધાવમાતા દૂધ પીવડાવતી, બીજી રમકડા લઇને રમાડતી, ત્રીજી સ્નાન-મંજન કરાવતી, ચોથી શરીરે વિલેપન વિગેરે કરતી અને પાંચમી ખોળામાં રમાડતી. આ રીતે પાંચ ધાવમાતાઓ દ્વારા તેનું પાલનપોષણ થવા લાગ્યું. અલગ અલગ દેશની ધાવમાતાઓ એટલા માટે રાખવામાં આવતી કે બાળકને જુદી જુદી ભાષાનું જ્ઞાન થાય.

જે રીતે પર્વતની ગુફાઓમાં ચંપકની વેલ સ્વતંત્રતાપૂર્વક વધે છે તે પ્રમાણે નમિકુમાર વધવા લાગ્યો. હવે ત્યાં શું બનશે તે અવસરે વિચારીશું.

આજે અમારા તારણહાર, અનંતાનંત ઉપકારી, કથીરને કંચન કરાવનાર, કચ્ચરમાંથી કોહીનૂર બનાવનાર, જૈનશાસનના ઝળહળતા સિતારા, સ્વ. આચાર્ય ગચ્છાધિપતિ બા. બ્ર. પૂ. **શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબની ૩૩ મી પુણ્યતીથિનો પવિત્ર દિવસ છે.**

આજે એ મહાન ઉપકારી પૂ. ગુરૂદેવના જીવનમાં રહેલા ગુણોનું આપણે સ્મરણ કરવાનું છે. જ્ઞાનદાનના દેનાર, ભવકૂપમાંથી બહાર કાઢનાર, એ ગુરૂદેવનો અમારા પર મહાન ઉપકાર છે. તેમના જેટલા ગુણ ગાઈએ તેટલા ઓછા છે. તેમના ઉપકારનો બદલો કયારે પણ વાળી શકાય તેમ નથી. ઠાણાંગ સૂત્રના ત્રીજે ઠાણે ત્રણ પ્રકારના ઋણ બતાવ્યા છે. સૌથી પ્રથમ ઉપકારી માતા–પિતા છે. સંતાન માતા–પિતાની જીવનભર સેવા કરીને તેમને સંતોષ પમાડે ને તેમનો અંતિમ સમય સુધારે તો માતા–પિતાના ઋણમાંથી મુક્ત થઈ શકે. બીજા ઉપકારી શેઠ છે કે જેણે આપણો હાથ પકડયો હોય, જેના પ્રતાપે સુખી થયા હોઈએ, તે શેઠ કર્મોદયે ગરીબ થઈ જાય તે સમયે તેમને મદદ કરી તેમનું દુઃખ દૂર કરે, તો નોકર શેઠના ઋણમાંથી મુક્ત થઈ શકે, અને ત્રીજું ઋણ પૂ. ગુરૂદેવોનું છે. જેમણે આપણને પાંચ મહાવ્રત રૂપી અમૂલ્ય રત્નો આપ્યા છે તેવા ગુરૂદેવોના ઋણમાંથી કયારે પણ મુકત થઈ શકાતું નથી. માતા પિતા અને શેઠ તો માત્ર આ ભવપૂરતા ઉપકારી છે, જ્યારે પૂ. ગુરૂદેવો તો આપણો આલોક સુધારે ને પરલોક પણ સુધરાવે, તેથી તે મહાન ઉપકારી છે. તે ગુરૂદેવો કેવા હોય છે?

**णेया जहा अंधकारंसि राओ, मग्गं ण जाणाइ–अपस्समाणं ।**
**से सूरियस्स अब्भुग्गमेण, मग्गं वियाणाइ पगासियंसि ॥** સૂય. અ. ૧૪ ગા. ૧૨

જેમ માર્ગદર્શક પુરૂષ અંધારી રાત્રિમાં અંધકારના કારણે માર્ગ નહીં દેખાતો હોવાથી માર્ગને જાણી શકતો નથી, પણ સૂર્યોદય થતાં પ્રકાશ ફેલાતા માર્ગને જાણી લે છે, એવી રીતે વીતરાગદેવના ઉપદેશથી, જ્ઞાનથી જીવ સન્માર્ગને જાણી લે છે. અજ્ઞાન રૂપ અંધકારમાં ફસાયેલ આત્માઓ જિનમાર્ગને નહીં જાણનારા, ગુરૂદેવોના ઉપદેશથી સંસારના સ્વરૂપને જાણી સંસારભાવનો ત્યાગ કરી પ્રવજ્યા ગ્રહણ કર્યા બાદ ગુરૂદેવના સમાગમે અજ્ઞાન રૂપી અંધકારનો નાશ થતાં જ્ઞાન રૂપી દીપકના પ્રકાશને પ્રાપ્ત કરી મોક્ષમાર્ગને પ્રાપ્ત કરવાના જ્ઞાનને પ્રાપ્ત કરી લે છે. માટે સદ્ગુરૂના સત્સંગની જરૂર છે, ગુરૂદેવ આપણને અજ્ઞાનરૂપ અંધકારમાંથી બહાર કાઢી જ્ઞાનનો પ્રકાશ જીવનમાં પાથરે છે. અને સાચા માર્ગદર્શક બની ભવાટવીમાં ભૂલેલા જીવોને સાચા રાહે ચઢાવે છે. એવા પૂ. ઉપકારી ગુરૂદેવની ગુણગાથા ગાવાનો આજે પવિત્ર દિવસ છે.

અસંખ્ય વ્યક્તિઓ આ પૃથ્વી ઉપરથી વિદાય થઈ ગઈ. તેમના જન્મ મરણથી થોડા મનુષ્યોને ભલે હર્ષ કે શોકનો અનુભવ થતો હોય પણ પછી સમયના પ્રવાહમાં

એ સુખદુઃખના સંસ્મરણો ઓસરી જાય છે અને છેવટે તેમના નામો પણ હંમેશને માટે ભૂલાઈ જાય છે. આવા અગણિત જીવોમાં કોઈક વિરલા જ સાચા આદર્શ વિશિષ્ટ માનવ હોય છે, જેઓ મૃત્યુને જીતીને પોતાના કર્તવ્યોથી અમર બની ગયા હોય છે. જેમનું સ્મરણ અને અનુકરણ બધા મનુષ્યો વર્ષો સુધી કરે છે. આપણા વડવાઓ, બાપદાદાઓની જન્મતિથિઓ કે મૃત્યુતિથિઓને થોડો સમય જતાં આપણે ભૂલી જઈએ છીએ, પણ પ્રાતઃસ્મરણીય મહાપુરૂષોની જીવનરેખાઓ જિજ્ઞાસુ અનેક આત્માઓના જીવન-વિકાસ માટે જ્યોતિર્ધરની માફક માર્ગદર્શક નીવડે છે. તેઓ આપણા પ્રાણોમાં પ્રેરણાનો પ્રાણવાયુ ફૂંકે છે. આપણા જીવનમાં જ્ઞાનની જ્યોત જગાવે છે અને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે.

જ્યાં જૈનશાસન ત્યાં વિરલ વિભૂતિઓ! જ્યાં વિરલ વિભૂતિઓ ત્યાં જૈનશાસન! કેવું સરસ દ્વન્દ્વ છે આ બંનેનું! અહીં પણ હું એક વિરલ વિભૂતિના ગુણાનુવાદ કરી થોડાક શ્રદ્ધાંજલી પુષ્પો એ મહાપુરૂષના ચરણોમાં બીછાવું છું. પૂ. ગુરૂદેવની પવિત્ર જન્મભૂમિ સાબરમતી નદીના કિનારે ખંભાત તાલુકામાં આવેલું ગલીયાણા ગામ છે. એ ગામમાં મોટા ભાગની વસ્તી રાજપૂત ગરાશીયાની છે. આ ગામમાં વસતા જેતાભાઈ ક્ષત્રિયને ત્યાં રત્નકુક્ષી માતા જયાકુંવરબેનની કુક્ષીએ પૂ. ગુરૂદેવનો જન્મ થયો હતો. પવિત્ર માતાની રત્નકુક્ષીએ જન્મેલા રત્નની કિંમત અમૂલ્ય હોય છે. જે માતાની કુંખે પવિત્ર મહાપુરૂષો જન્મે છે તે જીવનમાં મહાન કાર્યો કરે છે. સંવત ૧૯૪૨ની સાલમાં કારતક સુદ ૧૧ ના પવિત્ર દિવસે પૂ. ગુરૂદેવનો જન્મ થયો હતો. "પુત્રના લક્ષણ પારણામાં" પુત્રના લક્ષણ પારણામાંથી જણાઈ આવે છે કે આ પુત્ર કેવો થશે? આ કહેવત અનુસાર બાળકના કપાળની રેખાઓ, તેનું તેજસ્વી લલાટ, ભવિષ્યની હોંશિયારી, પ્રતિભા, વિદ્વતા, સરળતા, નમ્રતા અને વીરતાની આગાહી આપતા હતા. તેમનું નામ રવાભાઈ પાડવામાં આવ્યું હતું. જેમ નાનકડા રવ જેટલા હીરામાં પણ તેજ હોય છે તેમ આ નાનકડા રવાભાઈના લલાટ ઉપર ક્ષત્રિયના તેજ ઝળકતા હતા. "યથા નામ તથા ગુણ" 'રવ' શબ્દનો અર્થ સંસ્કૃતમાં 'અવાજ' થાય છે. બાળપણથી તેમના આત્માનો એક અવાજ હતો કે સુખ ત્યાગમાં છે, ભોગમાં નથી. તેમજ બેનો જ્યારે વલોણું કરે ત્યારે વચ્ચે રવૈયો ફરતો હોય છે, તે જેમ દહીં અને પાણી જુદા પાડે છે તેમ જેમના જીવનમાં બાલપણથી સંસાર અને સંયમની ભેદરેખા સમજાવાની છે એવો પુત્ર બીજના ચંદ્રની માફક ઉંમરમાં, બુદ્ધિમાં અને ચાતુરીમાં આગળ વધવા લાગ્યો. જે ભૂમિમાં આવા રત્નો જન્મે છે તે ભૂમિ પણ પાવન બની જાય છે. તેઓ બે ભાઈ અને એક બેન હતા.

**વૈરાગ્યનું વાવેતર વટામણમાં :**–તેમને જમીનજાગીર સારી હતી. રવાભાઇ પાંચ વર્ષના થયા ત્યાં તેમના માતા પિતા ચાલ્યા ગયા. કાકા કાકીની શીળી છાંયડી નીચે રહીને મોટા થવા લાગ્યા. તેમનો ધર્મ સ્વામીનારાયણનો હતો. તમારી જેમ વારસાગત જૈનધર્મ મળ્યો ન હતો. પાણીમાં તો વહાણ સૌ કોઈ ચલાવે, તેની

વિશેષતા નથી પણ જે રેતીમાં વહાણ ચલાવે તેની વિશેષતા છે તેમ રવાભાઈને વારસાગત જૈન ધર્મ મળ્યો ન હતો, છતાં જીવનમાં કેવા કાર્યો કરે છે તે વાત આપ આગળ સાંભળશો. રવાભાઈનો મુખ્ય ધંધો ખેતીનો હતો. તે નાનપણથી કાકાની સાથે ખેતરમાં જવા લાગ્યા. રવાભાઈના જીવનમાં પહેલેથી વિનય, નમ્રતા, ગંભીરતા વગેરે ગુણો હતા. એ ગુણો દ્વારા તે દરેકને પ્રિય થઈ પડ્યા. વિનય એ વૈરીને વશ કરવાનો વશીકરણમંત્ર છે. તેઓ કાકા કાકીના દરેક કાર્યમાં સાથ અને સહકાર આપતા હતા. ખેતીના કાર્ય માટે રવાભાઈને ઘણી વાર વટામણ જવું પડતું. વૈરાગ્યનું પ્રથમ વાવેતર વટામણમાં થયું હતું. એક વાર તે કામ પ્રસંગે વટામણ ગયેલા. વટામણમાં જેમને ત્યાં ઉતર્યા હતા તેની બાજુમાં જૈન ઉપાશ્રય હતો. તે સમયે ત્યાં ખંભાત સંપ્રદાયના મહાસતીજી બિરાજમાન હતા. તેઓ ખૂબ વિદ્વાન હતા. પ્રતિક્રમણ પૂરું થયા પછી આધ્યાત્મિક ભાવથી ભરપુર મધુર કંઠે એક સ્તવન ગાયું. તેના સૂર રવાભાઈના કાને અથડાયા. સ્તવનના સૂરીલા સૂરે રવાભાઈના આત્મામાં શૌર્યતા પ્રગટી. તેણે પૂછયું કાકા! અત્યારે મધુર સ્વરે આવું મીઠું મધુરું ભાવવાહી ગીત કોણ ગાય છે? કાકાએ કહ્યું, આપણી બાજુમાં જૈન ઉપાશ્રય છે ત્યાં સાધ્વીજી બિરાજે છે. તેઓ આવા સુંદર ગીત ગાય છે. કાકા! આપણાથી ત્યાં ન જવાય? બેટા! સૂર્યાસ્ત પછી આપણાથી ત્યાં ન જવાય. સવારે સૂર્યોદય પછી ત્યાં જવાય. ભલે આપણે સવારે ત્યાં જઈશું.

**રવાભાઈને લાગેલી લગની :** રવાભાઈને તો સ્તવન સાંભળવાની લગની લાગી. ક્યારે સવાર પડે ને ઉપાશ્રયે જાઉં. આમ કરતાં રાત પૂરી થઈ ને પ્રભાત પ્રગટયું. ખરેખર રવાભાઈના જીવનમાં પણ અજ્ઞાનનો ગાઢ અંધકાર દૂર થવાનો હશે ને સત્ય-જ્ઞાનનું સોનેરી પ્રભાત પ્રગટવાનું હશે તેથી તેમને સ્તવન સાંભળવાનું મન થયું. સવાર થતાં રવાભાઈ ઉપાશ્રયમાં ગયા ને સતીજીને નમન કરીને કહ્યું, આપ રાત્રે જે સ્તવન બોલતા હતા તે મારે સાંભળવું છે. રવાભાઈની ભાવના જોઈને સાધ્વીજીએ ભજન ગાયું. સાંભળતા હૈયું નાચી ઉઠયું. તે સતીજીને કહે છે, મને આ ભજનના વિશેષભાવ સમજાવો. સતીજી વિચાર કરવા લાગ્યા કે આ બાલુડો જૈન નથી છતાં જાણવાની જિજ્ઞાસા કેટલી છે? તેમણે કહ્યું કે ભાઈ! આ સંસારમાં દરેક જીવોને સુખ ગમે છે. દરેકને જીવવું ગમે છે, મરવું કોઈને ગમતું નથી, માટે તારે કોઈ જીવોને મારવા નહિ. જૈન ધર્મ તો પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો અને વનસ્પતિમાં જીવ માને છે. લીલા ઝાડના પાંદડા, ફૂલ વિગેરે તોડવામાં ઘણું પાપ છે. મહાસતીનો ઉપદેશ તેર વર્ષના બાલુડાના દિલમાં કોતરાઈ ગયો. તેમના દિલમાં એક મંથન ચાલ્યું કે સાચો ધર્મ, સાચું સુખ અને સાચી શાંતિ આ ત્યાગી સંતોને છે. મારે પણ એવું સુખ મેળવવું છે. સંસારમાં તો ડગલે ને પગલે પાપ કરવું પડે છે. તેમનો આત્મા પાપભીરૂ બની ગયો.

**સતીજીના ઉપદેશે પ્રગટેલો વૈરાગ્યનો પ્રકાશ :** બીજે દિવસે તેઓ ઘેર આવ્યા, ને કાકા કાકીને કહે છે, મારે હવે આ પાપમય સંસારમાં રહેવું નથી. આ પાપના

બંધનમાંથી છૂટવા માટે તો જૈનની દીક્ષા લેવી છે, ત્યારે કાકા કાકી કહે, આપણો ધર્મ સ્વામીનારાયણનો છે. જો તારે દીક્ષા લેવી હોય તો સ્વામીનારાયણ ધર્મનો સાધુ બન અને તે માટે ગઢડા જા. રવાભાઈ તો ગઢડા ગયા. ત્યાં જઈને તેમના મુખ્ય મહંતને મળ્યા ને પગમાં પડીને કહે છે કે મારે તમારા જેવા મહંત બનવું છે. બે ત્રણ દિવસ ત્યાં રહ્યા. મહંતની દૃષ્ટિ તેના પર ઠરી ગઈ કે આ છોકરો તેજસ્વી છે, એટલે પાસે બોલાવીને પૂછ્યું કે તું કોણ છે? ક્યાંથી આવ્યો છે? ને શા માટે મહંત બનવું છે? તમારો ધંધો શેનો છે? મિલ્કત કેટલી છે? રવાભાઈએ પોતાની બધી વાત કરી ત્યારે મહંત કહે છે કે જો તારે અમારા જેવું થવું હોય તો તારા ભાગની જેટલી મિલ્કત હોય તે બધી અમારી ગાદીના ચરણે અર્પણ કરી દે, તો તને અમારા જેવા સાધુ બનાવીશું. જોજો, તેર વર્ષનો કિશોર શો વિચાર કરે છે?

**લક્ષ્મી હોય ત્યાં સંયમ ન કહેવાય, ગુરૂદેવના મનમાં વિચાર થાય,**
**સંસાર કાર્યમાં પાપ જ હોય, મારાથી પાપ નહિ જ થાય.**

જ્યાં પૈસાનો ત્યાગ હોય તેના બદલે અહીં તો પૈસાની મમતા છે. પરિગ્રહ ઘટાડવાને બદલે વધારવાની વાત છે ત્યાં આત્મકલ્યાણ ક્યાંથી થઈ શકે? જ્યાં પરિગ્રહ છે ત્યાં પાપ છે. આ ત્યાગ સાચો ત્યાગ નથી. પેલા સાધ્વીજી તો કહેતા હતા કે સાધુથી પૈસા રખાય નહિ, વાહનમાં બેસાય નહિ, અને આ સાધુઓ તો પૈસા રાખે છે, વાહનમાં બેસે છે, પગમાં પગરખા પહેરે છે. અહીં આત્માનું કલ્યાણ કેવી રીતે થાય? તેર વર્ષના બાલુડાનું કેટલું આત્મમંથન! ત્યાં તેમનું મન ઠર્યું નહિ, એટલે આવીને કાકા કાકીને કહે છે, મારે સ્વામીનારાયણના સાધુ બનવું નથી. મારે તો જૈન-ધર્મના સાધુ બનવું છે. એમ કહીને પોતે વટામણ આવ્યા ને મહાસતીજીને કહ્યું-મને તમારો શિષ્ય બનાવો. હવે એક ક્ષણ પણ મને સંસારમાં ગમતું નથી. મહાસતીજીએ કહ્યું-ભાઈ! અમે તો સાધ્વીજી છીએ. તમારે અમારી પાસે ન રહેવાય. જો તારે દીક્ષા લેવી છે તો અમારા ગુરૂદેવ પૂ. છગનલાલજી મહારાજ સાહેબ ખંભાત બિરાજે છે, ત્યાં જાવ. તેથી રવાભાઈ ખંભાત ગયા.

ગુરૂ ચરણે પહોંચીને તેઓ નમ્ર ભાવે વિનવવા લાગ્યા કે ગુરૂદેવ! મને આપનો ચરણ કિંકર બનાવો. મને પરમપાવની જૈન ભાગવતી દીક્ષા આપો. મારે પરમ શાંતિ જોઈએ છે. ગુરૂદેવે કહ્યું-દેવાનુપ્રિય! આત્મશાંતિ માટે આત્મશ્રદ્ધા જરૂરી છે. તારી પ્રબળ ભાવના હશે તો તે કોઇ વખત અવશ્ય સફળ થશે. ગુરૂદેવ! એ આત્મશ્રદ્ધા માટે હું આપને શરણે આવ્યો છું. સંસારમાં મને ક્યાંય શાંતિ દેખાતી નથી. એક ઘેરો અંધકાર મારા આત્માને ચારે બાજુથી ઘેરી રહ્યો છે. હું તે અંધકારને દૂર કરવા માટે પ્રકાશ ઝંખું છું. મને દૃઢ શ્રદ્ધા છે કે એ પ્રકાશ મને આપની પાસેથી મળશે. હે ભાગ્યવાન! એ પ્રકાશ મેળવવા માટેનો સંયમ માર્ગ અત્યંત દુષ્કર છે. દીક્ષા લેવી એ નાના બાળકના ખેલ નથી. દીક્ષા એ ખાંડાની ધાર પર ચાલવા જેવી દુષ્કર છે. એ માટે દૃઢ મનોબળ

જોઈશે, ત્યાગ વૈરાગ્ય સાથે પૂર્ણ અર્પણતા પણ જોઈશે. ગુરૂદેવ ! મારી પૂર્ણ તૈયારી છે. હવે એક ક્ષણ પણ આ સંસારમાં મને ગમતું નથી. હવે મારે આપના પાવન ચરણોમાં રહેવું છે. પૂ. ગુરૂદેવ ભાવિના છૂપા રત્નને પારખી ગયા કે આ જીવ હળુકર્મી છે, ને ભવિષ્યમાં મહાન બનશે. માનવીના નેણ અને વેણ પરથી તે પરખાઈ જાય છે કે આ આત્મા કેવો છે ? રવાભાઈ પૂ. ગુરૂદેવના સાનિધ્યમાં રહીને અભ્યાસ કરવા લાગ્યા. ટૂંકા દિવસમાં તો સામાયિક, પ્રતિક્રમણ શીખી લીધા. બીજો પણ ઘણો અભ્યાસ કર્યો. પૂ. ગુરૂદેવને વિનંતી કરી કે ગુરૂદેવ ! મને જલ્દી દીક્ષા આપો. તેમણે કાકા-કાકીની આજ્ઞા મેળવી લીધી અને સંવત ૧૯૫૬ ના મહા સુદ પાંચમના દિવસે ખંભાત શહેરમાં તેમનો દીક્ષા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. રવાભાઈના ગુણો જોઈને તેમનું સંયમી નામ **"બા. બ્ર. પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબ"** રાખવામાં આવ્યું.

ગુરૂદેવ પૂ. છગનલાલજી મહારાજ સાહેબ ક્ષત્રિય અને શિષ્ય પણ ક્ષત્રિય મળ્યા. બંને શૂરવીર ને ધીરપુરૂષો ભેગા થયા, પછી શું બાકી રહે ? દીક્ષા લીધા પછી પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબ, પૂ. ગુરૂદેવનો ખૂબ વિનય કરતા અને સેવા ભક્તિમાં ખડે પગે તત્પર રહેતા. પૂ. ગુરૂદેવની છત્રછાયામાં રહીને સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય, અને શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો. કેટલાક સૂત્રો પણ લખ્યા છે. વિનય અને ક્ષમાનો ગુણ તો તેમના જીવનમાં તાણાવાણાની જેમ વણાયેલો હતો. તેમજ ગુરૂઆજ્ઞામાં તો એટલા ઓતપ્રોત હતા કે ગુરૂઆજ્ઞા એ જ મારો પ્રાણ અને એ જ મારો શ્વાસ. ગુરૂ શિષ્ય વચ્ચે ક્ષીરનીર જેવો અથાગ પ્રેમ હતો.

સંવત ૧૯૯૫ ના વૈશાખ વદ દશમના દિવસે તેમના પૂ. ગુરૂદેવ છગનલાલજી મહારાજ સાહેબ કાળધર્મ પામ્યા, એટલે ગુરૂદેવને ખૂબ આઘાત લાગ્યો. ગુરૂવિયોગ બહુ કઠીન છે. પૂ. ગુરૂદેવના કાળધર્મ બાદ ખંભાત સંપ્રદાયનું સૂકાન પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબના હાથમાં આવ્યું. ખંભાત સંઘે જૈન શાસનના શિરતાજ, પ્રખર વ્યાખ્યાતા, બા. બ્ર. પૂ. **રત્નચંદ્રજી મહારાજ સાહેબને આચાર્ય પદવી પ્રદાન કરી.** એ વર્ષે પૂ. ગુરૂદેવ સાણંદ ચાતુર્માસ પધાર્યા.

**વૈરાગ્ય ભરી વાણીનો પ્રભાવ :** પૂ. ગુરૂદેવની ઓજસભરી, પ્રભાવશાળી, વાણી સાંભળી અનેક જીવોના દિલમાં તપ-ત્યાગની વીણાના તાર ઝણઝણી ઉઠયા. ખરેખર પૂ. ગુરૂદેવો દાનવતાની તરફ વહેતી માણસની શક્તિની ધારાને માનવતા તરફ વાળે છે, અને શિષ્યના જીવનમાં મોટું પરિવર્તન લાવે છે. જીવન જીવવાની કળા ગુરૂદેવ શીખવાડે છે. ગુરૂદેવ માટી કે પથ્થરના કલાકાર નથી પણ જીવનના સાચા કલાકાર છે. આ રીતે પૂ. ગુરૂદેવની વૈરાગ્યમય વાણી અને તેમના ચારિત્રની સુગંધે અમારા જીવનમાં વિરતીના ભાવોનું ગુંજન કર્યું. અંતરના તાર ઝણઝણી ઉઠયા. એવા તારણહાર પૂ. ગુરૂદેવનો મારા પર મહાન ઉપકાર છે. સત્ય દૃષ્ટા, અધ્યાત્મના કલ્પવૃક્ષ, જ્ઞાનદાતા, સંયમદાતા, પરમ ઉપકારી, ક્ષમાસાગર ગુરૂદેવ ! એમને માટે શું કહું ? જે અવ્યક્ત રહેલું છે તે વક્તવ્યમાં

ગમે તેટલું લાવું તે ઓછું છે, કારણ કે પૂ. ગુરૂદેવ એક ઉત્તમ કોટીના મહત્વશીલ કર્તવ્યધારી આત્મા હતા. તેઓ પરમ પુરૂષાર્થ વડે પ્રતિભા પ્રાપ્ત કરી અનેકોના પ્રેરણા-શીલ બન્યા હતા. મારા પર એમનો મહાન ઉપકાર છે. કષાયની કચરાપેટીમાં અજ્ઞાનના અંધારે અથડાતા આ કુસુમને તેમજ મારા ગુરૂબહેન પૂ. જસુબાઈ મહાસતીજીને ગુરૂજીએ સુંદર આરોપણ કરીને ખીલવ્યા. અને ત્યાગ રૂપ બગીચામાં પ્રફુલ્લિત બનાવી જ્ઞાન રૂપી પાણી સીંચી આત્મભાન કરાવી ૧૯૯૬ ના વૈશાખ સુદ ૬ ને સોમવારે આ અવધૂત યોગીએ સાચા જીવનની ઉષાનો પ્રકાશ આપી પાંચ મહાવ્રત રૂપી અમૂલ્ય રત્નો આપ્યા છે તે ઉપકારને કેવી રીતે ભૂલાય !

પૂ. ગુરૂદેવ અમને સંયમ આપીને અમારી જીવન નૈયાના સુકાની બન્યા. સંયમ લઈને કેવી રીતે જીવન જીવવું જોઈએ તે પૂર્ણ રીતે શીખવ્યું. પૂ. ગુરૂદેવ લગભગ મધ્યરાત્રીએ ધ્યાનમાં રહેતા. તેમના પ્રભાવશાળી પ્રવચનોથી જૈન, જૈનેતરો ધર્મ પામ્યા છે. અધર્મીઓ ધર્મી બન્યા છે. તેમના ચારિત્રના પ્રભાવથી, ક્રોધથી ધમધમતો આવેલો માનવી શીતળ પાણી જેવો બની જાય તેવા તે પ્રભાવશાળી હતા. પૂ. ગુરૂદેવ અજમેરના સાધુ સંમેલનમાં તેમના ગુરૂદેવ સાથે ગયા હતા, ને ત્યાં સારો ભાગ લીધો હતો. પૂ. ગુરૂદેવે મુંબઈમાં પણ ચાતુર્માસ કરી જનતાને લાભ આપ્યો છે.

**મૃત્યુ અગાઉના ગૂઢ સંકેતો :** સુરતમાં હર્ષદમુનિને દીક્ષા આપી ચાતુર્માસ કર્યું અને ત્યારબાદ સંવત ૨૦૦૪માં પૂ. ગુરૂદેવ ખંભાત આવતા હતા ત્યારે રસ્તામાં કોઈએ પૂછયું કે આપનું આ ચાતુર્માસ કયાં છે ? મારું આ છેલ્લું ચાતુર્માસ ખંભાતમાં છે. આવું તેઓ વિહારમાં બોલ્યા હતા. મને અમદાવાદ ચાતુર્માસની આજ્ઞા આપી ત્યારે કહ્યું કે હું છેલ્લી આજ્ઞા આપું છું. ગુરૂદેવને તો પોતાનું મૃત્યુ અગાઉથી સુઝી આવવાથી પોતાની બધી તૈયારીઓ કરી લીધી હતી. પ્રતિક્રમણ બાદ પૂ. ગુરૂદેવને રાતના નવ વાગે શરદીનું મોજું ફરી વળ્યું. હાર્ટ ઉપર અસર થવા લાગી. પૂ. ગુરૂદેવે સંઘને કહી દીધું કે મારા ચારિત્રમાં સ્હેજ પણ દોષ ન લાગવો જોઈએ તેનું ખાસ લક્ષ રાખજો, પછી પોતે તો સ્વરૂપ દશાની મોજને લૂંટતા સમાધિભાવમાં સ્થિર થયા. પોતાના શિષ્યોને કહ્યું, સ્વાધ્યાય, નવકારમંત્ર વિગેરે બોલો. પૂ. ગુરૂદેવે છેલ્લે સર્વ જીવોની સાથે ક્ષમાપના કરીને ચાર આંગળા ઊંચા કરીને સંકેત કર્યો કે આ નશ્વર દેહ ચાર વાગે છૂટવાનો છે. પૂ. ગુરૂદેવની તબિયત બગડી છે, એ સમાચાર મળતાં ખંભાતની જનતા રાત્રે પૂ. ગુરૂદેવના દર્શન કરવા ઉમટી. પૂ. ગુરૂદેવને જોતાં બધાની આંખોમાં આંસુની ધારા વહેવા લાગી. આત્મભાવના ઝુલણે ઝુલતા અમારા જીવન બાગના માળી પૂ. ગુરૂદેવ ભાદરવા સુદ ૧૧ ના પ્રભાતે ચાર વાગે નશ્વર દેહનો ત્યાગ કરી સૌને રડતા મૂકીને હસતામુખે આ ફાની દુનિયા છોડીને ચાલ્યા ગયા. ગોઝારી કાળમુખી ઘડી આવી ગઈ ને ત્રંબાવટીની તિજોરીમાં રહેલું રત્ન ગૂમ થયું. ખંભાતમાં હાહાકાર મચી ગયો. સવારના પ્રહરમાં આ કારમા દુઃખદાયી સમાચાર મળતા કાળજું ચીરાઈ ગયું. શું ગુરૂદેવ આમ ચાલ્યા ગયા ! દુનિયામાં બધું મળે છે, પણ

માતા-પિતા અને ગુરૂદેવો નથી મળતા. આવા મહાન ગુરૂદેવોની જૈનશાસનમાં તેમજ ખંભાત સંઘમાં ઘણી ખોટ પડી છે. પૂ. ગુરૂદેવના જીવનમાં તો ગુણો ઘણા હતા પણ તે વર્ણન કરવાની શક્તિ નથી. પૂ. ગુરૂદેવની પુણ્યતિથિ નિમિત્તે સૌ સારા સારા વ્રત પ્રત્યાખ્યાન કરશો તો જ સાચી શ્રદ્ધાંજલી આપી કહેવાય.

**"ફૂલ એક ગુલાબનું કરમાઈ ગયું બાગથી,**
**અર્પી ગયું ફોરમ જગતને, ત્યાગના અનુરાગથી.**

ગુરૂદેવના ચરણમાં કોટી કોટી વંદન હો.

---

## વ્યાખ્યાન નં-૫૪

**ભાદરવા સુદ ૧૨ ગુરૂવાર** **તા. ૧૦-૯-૮૧**

સુજ્ઞ બંધુઓ ! અનાદિ અનંત જગતમાં જ્યાં નજર કરીશું ત્યાં સર્વ જીવો સુખને માટે પ્રયત્ન કરી રહ્યા છે. માનવો એમ માનતા હોય છે કે સુખ ધનથી મળે છે. એટલે રાત્રિ-દિવસ ભૂખ, તરસ, થાક, ઠંડી, ગરમી બધું ભૂલી જઈ તે મેળવવા તનતોડ મહેનત કરે છે. અરે ! ધનની દોટ પાછળ એણે પોતાની માનવતા પણ વેચી દીધી છે. આજે મનુષ્યને મનુષ્ય કરતાં પૈસો વધુ પ્રિય છે. પણ યાદ રાખો, આ દુનિયામાં જેટલા પાપ પૈસો કરાવે છે તેટલા બીજા કોઈ નથી કરાવતું. પૈસો ભાઈ ભાઇને શત્રુ બનાવે છે. ઔરંગઝેબે પોતાના પિતા શાહજહાંને કારાગૃહમાં ધકેલ્યો, ભાઇઓની હત્યા કરી. એને કોઈ પૂછે કે આટલો બધો જુલ્મ શા માટે ? શું તેની પાસે ખાવાપીવાનું ઓછું હતું ? ના...ના...કદાચ એ હા કહે તો પણ કોઈ એની વાતનો સ્વીકાર ન કરે. એ તો શાહજાદો હતો. એને સમસ્ત રાજસુખો પ્રાપ્ત થયા હતા. ખાવાપીવાની કમીના ક્યાં હતી ! છતાં એની સ્વાર્થ બુદ્ધિએ વિરામ ન લીધો અને પિતાને કારાવાસમાં પૂર્યા. શૂઝા અને દારા જેવા ભાઇઓને દગો દઈને મરાવી નાંખ્યા. ખરેખર ! સ્વાર્થી માણસ પોતાના સ્વાર્થ માટે કયો અત્યાચાર નથી કરતો. એક કવિએ કહ્યું છે કે :

**हे स्वार्थ तेरी धृष्टताने बन्धुजन शत्रु किये।**
**है दुष्कर्म हैं वे कौनसे, जो ना किये तेरे लिये॥**
**तेरी परायनता सचराचर, विश्व में छा रही।**
**उपकार करना स्वार्थ बिन, यह बुद्धि तो जाती रही॥**

આ શ્લોકમાં કવિ સ્વાર્થને ઉપાલંભ આપતા કહે છે સ્વાર્થે-આપણા સ્નેહી-સંબંધીજનોમાં વેર અને વિદ્વેષની ખાઈ ઉભી કરી દીધી છે. પહેલા તો તેઓ એકબીજાને જોયા વિના જીવવું અસંભવિત માનતા. હવે તેઓ સ્વાર્થમાં ભંગ પડતા એકબીજાનું મોં જોવામાં પણ પાપ માને છે. આ સંસારના સંબંધો અને સગપણો સ્વાર્થની સાંકળ

વડે બંધાયેલા છે. જ્યાં સુધી માણસના સ્વાર્થને પોષણ મળતું રહેશે ત્યાં સુધી એ બીજાની સેવા પણ કરતો રહેશે અને પોતાના આરાધ્ય માની પૂજા પણ કરશે, પણ સ્વાર્થની સમાપ્તિની સાથે એક ક્ષણમાં એટલા દૂર જઈ પડશે કે જાણે કોઈ જાતની આપસમાં ઓળખાણ ન હોય. ગઈકાલે જે પૂજાતો હોય તે આજે ઠેબા ખાતો થઈ જાય છે. ઘરના થાંભલાને જોયો છે ને? પહેલાના જુના મકાનમાં થાંભલા હતા, જેના પર આખા મકાનનો ભાર ટકી શકતો, તેથી એ થાંભલાને સુરક્ષિત રાખવા, એની મજબૂતાઈ ટકાવવા માટે એની સાફ-સફાઈ કરે, એને જરા તડ પડે તો તરત વાર્નિસ લગાડે છે, સફેદો લગાડે છે, જેથી મજબૂતાઈ રહે, શા માટે એ થાંભલાને સાચવે છે? તેમાં સ્વાર્થ છે કે જ્યાં સુધી થાંભલો મજબૂત હશે ત્યાં સુધી મકાન સુરક્ષિત રહેવાનું, પણ જ્યારે એ થાંભલો તૂટી જશે, મકાનનો ભાર સહન કરી શકશે નહિ ત્યારે એની શી સ્થિતિ થાય છે? પછી એને કોણ તેલ કે વાર્નિસ લગાડે? તેલ, વાર્નિસના દિવસો તો ગયા પણ એના ટુકડા ટુકડા કરી બળતણમાં ઉપયોગમાં લે છે.

અગ્નિની જ્વાળામાં એનું અસ્તિત્વ ભૂંસાઈ જશે, કારણ કે એની પ્રીતિ પણ સ્વાર્થના દોરા વડે બંધાયેલી હતી. એક શ્લોકમાં પણ કહ્યું છે કે—

**संसारे निवसन् स्वार्थसज्ज कज्जल वश्मनि ।**
**लिप्यते निखिलो लोकः ज्ञान सिद्धो न लिप्यते ॥**

કાજળના ઘર જેવા સંસારમાં રહેતા સ્વાર્થમાં તત્પર જીવો કર્મથી લેપાય છે પણ જ્ઞાન વડે પરિપૂર્ણ લેપાતા નથી.

સંસાર એટલે કાજળની કોટડી. તેની ભીંતો કાજળથી લેપાયેલી છે. તેની છત કાજળથી ભરેલી અને તેનો ભૂમિ ભાગ પણ કાજળથી ખરડાયેલો. જ્યાં સ્પર્શ કરો ત્યાં કાજળ. પગ પણ કાળા થાય ને હાથ પણ કાળા થાય. જ્યાં સુધી એ કોટડીમાં રહો ત્યાં સુધી કાળા થવાનું. કદાચ કોઈ કહે કે કાજળની કોટડીમાં સાવધાનીથી રહે, તો કાળા ન થવાય ને? પણ અમે પૂછીએ છીએ કે કઈ સાવધાનીથી રહેશો? એ કાજળની કોટડીમાં રહેનારા સહુ જીવો પોતપોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે સાવધાન છે. સ્વાર્થની સાધનામાં તેને ભાન નથી કે તેઓ કાળાભૂત જેવા બની ગયા છે. સ્વાર્થી સદા સારા સાથે પ્રેમ કરતો નથી. એ તો સ્વાર્થને પ્રેમ કરે છે. સ્વાર્થની પ્રીતિ અલ્પ સમય માટે હોય છે.

આજનો માનવી આધ્યાત્મની ઊંચી છલાંગો મારે છે, પણ જ્યાં એના નાના શા સ્વાર્થને હાનિ પહોંચે કે એ બળી ઉઠે છે. પોતાના નાનકડા સ્વાર્થના રક્ષણ માટે બીજાના મોટામાં મોટા હિતને કચરી નાંખવા એ તૈયાર થઈ જાય છે. આ માનવ-જાતની ક્ષુદ્ર બુદ્ધિ છે કે જે એને દેહની દિવાલોથી ઉપર ઉઠવા દેતી નથી. પોતાને માટે હજારો રૂપિયા ખર્ચે છે, પણ બીજા માટે બે રૂપિયા ખર્ચ કરવા માટે એની દેહબુદ્ધિ હા પાડતી નથી, પણ યાદ રાખજો કે પોતાના સ્વાર્થ માટે ખર્ચેલા હજારો

રૂપિયા ધૂળ છે જ્યારે ગરીબોના દુઃખ દૂર કરવા માટે વાપરેલા બે રૂપિયા ખેતરમાં વાવેલા બીજ સમાન છે, જે તેને અનેક ગણું ફળ આપશે.

એક મોટર ડ્રાઈવર છે. મોટરના રક્ષણની જવાબદારી એની છે, પણ એ માત્ર મોટરના રક્ષણની ચિંતા કરે અને સડક પર ચાલનારા જીવોની ચિંતા ન કરે તો શું એની મોટર સુરક્ષિત રહેશે ખરી? કેટલા અકસ્માતો થશે? કેટલાના પ્રાણો ચાલ્યા જશે? એ રીતે આપણી જીવન રૂપી મોટરની સુરક્ષાની જવાબદારી આપણા ઉપર છે. જીવન મેળવ્યું છે તો એ નષ્ટ કરવા માટે નથી પણ સાથે એ જોવાની જવાબદારી આપણા પર રહે છે કે આપણી આ જીવન રૂપી મોટરના વેગમાં સ્વાર્થના પૈંડાઓ નીચે કોઈ કચરાઈ ન જાય. જે પોતાના હિતની ચિંતા કરે છે તે સ્વાર્થી છે. જે પોતાના હિતની સાથે બીજાના હિતનો કાંઈક ખ્યાલ રાખે છે તેને મધ્યમ પ્રકૃતિનો માણસ કહી શકાય, પણ બીજા માટે પોતાના હિતનું બલિદાન કરે તે તો મહાપુરૂષ છે.

આજે માણસ મોટામાં મોટી હિંસા સ્વાર્થથી પ્રેરાઈને કરે છે. માનવીની સ્વાર્થ-બુદ્ધિ જ્યારે એનો વિવેક દીપ ઓલવે છે ત્યારે તો એ હિંસા માટે પ્રેરિત થાય છે. સાંભળ્યું છે કે ચીના લોકો કર્મોરેટ નામનું પક્ષી પાળે છે. આ પંખી લગભગ બગલા જેવું હોય છે. એનો ઉપયોગ તેઓ માછલા પકડવા માટે કરે છે, પણ તે પોતે એક પણ માછલું ખાઈ ન જાય એ માટે એના ગળામાં એક ગોળી ફસાવી દે છે. જુઓ, માનવીની કેટલી સ્વાર્થબુદ્ધિ! તેની પાસેથી બીજો કોઈ કંઈ ન લઇ શકે તે માટે કેટલી સાવધાની રાખે છે! પોતાના સ્વાર્થ માટે માણસે હિંસાની પ્રક્રિયાને કેવું વિશાળ રૂપ આપ્યું છે! ચિકાગોમાં કસાઈખાનું છે. જ્યાં દરરોજ સવારથી લઇને સાંજ સુધી અવિરત પશુઓની કતલ થયા કરે છે. એ પશુઓની કતલથી લોહીની નદીઓ વહી રહી છે. આ એક જ કસાઈખાનામાં અઢારસો મજુરો રોજ કામ કરે છે. આ તો પરદેશની વાત કરી પણ ભારતમાં આજે શું થઈ રહ્યું છે? જે પવિત્ર ભૂમિમાં ભગવાન મહાવીર સ્વામી, મહાત્મા બુદ્ધ જેવા, અહિંસાના પયગંબરો થઈ ગયા. મહાત્મા ગાંધીજીએ પણ અહિંસાનો સંદેશો આપ્યો છે. જેણે અહિંસાથી ભારતને સ્વતંત્ર કર્યું, જે સરકાર આજે અહિંસાની ઉદ્દઘોષણા કરે છે તે જ ભારત સરકાર આજે મદ્રાસ, કલકત્તા, દિલ્હી જેવા મોટા શહેરોમાં કરોડો રૂપિયાના ખર્ચે વિશાળ કતલખાના નિર્માણ કરી રહી છે.

અહિંસાપ્રધાન ભારતદેશમાં મત્સ્ય ઉદ્યોગને પ્રોત્સાહન મળી રહ્યું છે. કતલખાના વધી રહ્યા છે. બાપડી અહિંસાદેવી ચૂપચાપ આંસુ વહાવી રહી છે. એના આંસુડા કોણ લૂછશે? આજે ફેશનેબલ વસ્તુઓ માટે પણ ઘણી હિંસા થાય છે. ચીકણા ચમકતા ચામડાના પટા અને બૂટ ઘણી હિંસાથી બને છે. ચામડાની જે વસ્તુ જેટલી વધુ મુલાયમ અને ચમકતી હશે એની બનાવટમાં વધુ હિંસા થઈ હોય છે. એક વાર પેપરમાં વાંચ્યું હતું કે લંડનમાં એકવાર એક વર્ષમાં છ લાખ પશુઓનું ચામડું વેચાયું હતું. એનો

શો ઉપયોગ થયો હતો ? ખબર છે? એના વડે ચામડાની બેગો, બૂટો, ચંપલો, વગેરે બનાવવામાં આવ્યા હતા. મનને આનંદ આપનારી વસ્તુઓ માટે છ લાખ પશુઓની ચિત્કારો કેટલી મર્મવેધી કરૂણ હશે ! પણ સ્વાર્થી મનુષ્યો પાસે એ કરૂણ ચિત્કારો સાંભળવા કાન નથી. મનોરંજન માટે થઈને અનેક પશુઓના પ્રાણ વીંધી દેવામાં આવે છે. ક્યારેક એની પૂંછડી કાપી નાંખવામાં આવે છે. અરે, કંઈક જીવોને કાપેલી પૂંછડી વાળા પશુ ગમે છે. એટલા માટે ગાય અથવા કૂતરાનું પૂછડું કાપી નાખવામાં આવે છે. પૂંછડું કાપતાની સાથે લોહીની ધારા વહે છે. એ સમયે એમનો આત્મા કેટલો તરફડતો હશે ! પણ એ મૂંગા પશુના તરફડાટને કોણ જુએ છે ? લોહીની ધારને બંધ કરવા માટે લોઢાનો ચીપીઓ ગરમ કરી એ સ્થળે ચોંટાડી દેવામાં આવે છે. એક તો ઘા અને ઉપરથી પાછો ગરમ ચીપીયો, લોહી તો બંધ થઈ જાય પણ એને કેટલી પીડા થતી હશે એની કલ્પના પણ કરી શકાતી નથી. પાછળથી કાપેલા પૂંછડાવાળા પ્રાણીને મચ્છર પણ ઘણો ત્રાસ આપે છે. કારણ કે પૂંછડાના અભાવે મચ્છરોને ઉડાડવામાં તેઓ અસમર્થ બની જાય છે. જીવ પોતાના સ્વાર્થના કારણે કેટલા પાપ કરે છે. એ પાપના ફળ ભોગવવા પડશે ત્યારે રડતા પણ પૂરા નહિ થાય, માટે પાપથી ડરો, પાપભીરૂ બનો.

પાપભીરૂ બનેલા એવા મયણરેહા તો દીક્ષા લઈને ઉગ્ર સાધના કરી રહ્યા છે. આ બાજુ નમિકુમાર પાંચ પાંચ ધાવમાતાઓથી ઉછરી રહ્યો છે. થોડી મોટી ઉંમરનો થતાં નમિકુમારને અઢાર દેશની દાસીઓના સંરક્ષણમાં મૂકવામાં આવ્યો કે જેથી તેને અઢાર દેશની ભાષાઓનું જ્ઞાન થઈ જાય. નમિકુમાર આઠ વર્ષના થયા ત્યારે તેને ભણવા માટે આચાર્યજી પાસે બેસાડવામાં આવ્યા. ભણવામાં ખૂબ હોંશિયાર છે. બુદ્ધિ તીવ્ર છે એટલે ગુરૂના ઈશારામાં બધું સમજી જાય. જાતિવંત ઘોડાને ચાબૂક મારવાનો ન હોય, બતાવવાનો હોય, તેમ મારા મહાવીરના સંતાનો કેવા હોય ? ચાબૂક બતાવવાનો હોય પણ મારવાનો ન હોય. અમે મહાવીરના સંતાન છીએ. એવું બોલતા તમારી છાતી ગજ ગજ ઉછળવી જોઈએ. નમિકુમાર ૭૨ કલાઓ શીખી ગયા. કલા શીખીને ઘેર આવ્યા. માતાપિતાનું વાત્સલ્ય-હેત અપાર છે. તેમને વિચાર પણ નથી આવતો કે આ પુત્ર મારો નથી. પૂર્વનો એવો ઋણાનુબંધ સંબંધ છે. નમિકુમાર હવે યૌવનને પગથારે આવી ઉભો. બુદ્ધિમાં એ અજોડ બન્યો. સૌંદર્ય એનું બિનહરીફ બન્યું. તેમના સમાન રૂપ, ગુણ, અને શીલ સંપન્ન ૧૦૦૮ સુંદર કન્યાઓની સાથે નમિકુમારના લગ્ન થયા. તે પોતાની રાણીઓ સાથે આનંદ પૂર્વક રહેવા લાગ્યા. ધીમે ધીમે રાજકાજમાં પણ હોંશિયાર થઈ ગયા.

પદ્મરથ રાજાએ જોયું કે નમિકુમાર હવે મિથિલાનો મુગટ પહેરી શકે એવો બડભાગી તૈયાર થઈ ગયો છે, તો હવે મારે મારા આત્મા પર રાજ્ય કરવું જોઈએ. યુદ્ધો તો ઘણાં ખેલ્યા, હવે કર્મોની સામે યુદ્ધ ખેલવું જોઈએ. આર્યાવર્તની એ સંસ્કૃતિ હતી કે રાજ્યભારને વહન કરવા પુત્ર સમર્થ બને, પછી પિતા સર્પ જેમ કાંચળીને

ત્યાગીને ચાલતો થાય એમ સંસાર ત્યાગી દે. પદ્મરથ રાજા વિચારવા લાગ્યા કે હું રાજ્ય વિષે જે ખામી માનતો હતો તે ખામી નમિરાજે પૂરી કરી દીધી. હવે જો મને કોઈ મુનિનો સુયોગ મળી જાય તો હું આત્માનું કલ્યાણ કરું. આ સંસારના બંધનમાંથી છૂટું. આ પ્રમાણે વિચાર કરી રહ્યા હતા ને મુનિના આગમનની રાહ જોઈ રહ્યા હતા. ત્યાં એમના સદ્‌ભાગ્યે આચાર્ય ભગવંત પધાર્યા. આ સમાચાર મળતાં તેમને ખૂબ આનંદ થયો. રાજા પરિવાર સહિત આચાર્ય ભગવંતના દર્શને ગયા. ગુરૂ ભગવંતે તેમની પાસે સુંદર વાણીનું પીરસણું મૂક્યું. રાજા મુનિનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામ્યા ને ગુરૂ ભગવંતને કહ્યું, હું આપની પાસે દીક્ષા લેવા ઈચ્છું છું. મુનિ કહે-"अहा सुयं देवाणुप्पिया मा पडिबंध करेह" ॥ દેવાનુપ્રિય, જેમ સુખ ઉપજે તેમ કરો. સારા કામમાં વિલંબ ન કરો.

પદ્મરથ રાજાએ ઘેર આવીને નમિકુમારને પાસે બોલાવીને કહ્યું-દીકરા ! હવે તમે રાજ્યનું સંચાલન કરો. હું દીક્ષા લેવા ચાહું છું. રાજાની આ વાત સાંભળીને નમિકુમાર રડી પડ્યો. પિતાજી ! આપ આ શું કહો છો ? હું તો હજી ખેલ ખેલતો બાળક છું. લાડકોડમાં ઉછર્યો છું. આપ મારા પર રાજ્યનો બોજો ક્યાં નાંખો છો ? હું રાજ્યનું સંચાલન કેવી રીતે કરી શકું ? હું તો અબુધ અજ્ઞાન છું. આપની કૃપાથી અત્યાર સુધી મોજમઝા માણવામાં રહ્યો છું, માટે આપને દીક્ષાની આજ્ઞા નહિ આપું. નમિકુમારે આ પ્રમાણે કહ્યું ત્યારે પદ્મરથ રાજાએ કહ્યું કે હવે તમે અબુધ નથી, પણ દરેક રીતે યોગ્ય છો, માટે રાજપાટનો કારભાર સંભાળી મને સંયમ લેવાની આજ્ઞા આપો. આ સંસારમાં સુખ છે જ નહિ. સાચું સુખ સંયમમાં છે.

**લક્ષ્મી તણો આવાસ એવી રાજગાદીને તજી,**
**ભાવે થકી ભિક્ષુક થઈ ભાગી ગયા કાં ભરતજી.,**
**બહુ આધિ, વ્યાધિ ઉપાધિનો, તાપ લાગે આકરો,**
**સુખ છે નહિ સંસારમાં, શાને વૃથા ચિંતા કરો.**

જો સંસારમાં સુખ હોત તો ચક્રવર્તીઓ એ સુખને છોડત નહિ. છ ખંડની ઋધ્ધિ હોવા છતાં ભાવ ચારિત્ર આવતાં કેવળજ્ઞાન પામ્યા, પછી પણ સંસારમાંથી ચાલી નીકળ્યા. નમિકુમાર પિતાને રોકવા માટે આગ્રહ કરે છે, હવે શું બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :**—સાગરદત્ત શેઠ રાજાને લાડવા ભેટ આપવા આવ્યા છે. રાજાના મનમાં થયું કે આ માણસ ભલે અત્યારે ગરીબ દેખાય છે પણ તેના લલાટની રેખાઓ ચમકી રહી છે તેથી લાગે છે કે તે પહેલા ગર્ભશ્રીમંત શેઠ હશે અને ભવિષ્યમાં ફરી શ્રીમંત થવાનો હશે. રાજા પૂછે છે, આપ શી ભેટ લાવ્યા છો ? થાળીમાં શું હશે તે જોવા માટે બધાં ઉંચા નીચા થઇ રહ્યા છે. ત્યાં શેઠે થાળ પરનું કપડું દૂર કર્યું, અને કહ્યું મહારાજા ! મારા ઉપર કૃપા કરો અને આ રંકની નાની શી ભેટનો સ્વીકાર કરો. થાળની મધ્યે મઘમઘતા બે લાડવા જોઇને રાજાનું મુખ મલકાઈ ગયું. તે બધાની જેમ હાંસી મશ્કરી કરતા ન હોતા, પણ ધીર,વીર અને ગંભીર હતા. તેમણે પૂછ્યું-મહાશય !

આવા લાડવા તો રોજ અમારે ત્યાં બને છે. તેમાં બે લાડવાની શી વિસાત! બે લાડુમાં કોણ જમે? મારું આટલું મોટું રજવાડું. હું લાડવા કોને આપું?

**રાજાના બટક બોલાએ, સાગરની મશ્કરી કરી,**
**લઇ જાઓ તમારા લાડુ, ભોજનમાંથી ઓછા થાશે.**

રાજાએ તો મીઠાશથી ધીમેથી વાત કરી પણ રાજાના બટકબોલા મશ્કરીયાઓ હતા તેમણે કહ્યું–લઈ જાવ...લઇ જાવ...તમારા લાડવા. તમારા જમવામાંથી ઓછા થશે. આખી સભા હસે છે, મશ્કરી કરે છે, છતાં શેઠના અંતરના ઓરડામાં નહીં ઉકળાટ કે નહિ ગુંગળાટ. એ શાંત સરોવર સમ નિર્મળ પવિત્ર રહ્યા. રાજા કહે–તમને તમારા ભાગ્યોદયે આ લાડવા મળ્યા હશે, માટે આપ લઈ જાવ.

શેઠ ધૈર્યતાપૂર્વક કહે છે, સાહેબ! હું રંક છું. ગરીબ છું, અને મારી ભેટ પણ સાવ રંક છે. છતાં તમારા રસોડામાં રોજ મણ મણ જે લાડુ થાય છે તે આ લાડવા જેવા નહિ. આ લાડવા ચૂરમાના છે પણ તે ચમત્કારિક છે. ફળનું આસ્વાદન થાય ત્યારે ફળની મધુરતાની ખબર પડે. દેખાવથી નહિ. શેઠે આ પ્રમાણે કહ્યું, એટલે રાજાના હૈયામાં શ્રદ્ધા થઈ કે ખરેખર આ લાડુ કોઈ કરામતવાળા છે. કહો ત્યારે તમારા લાડવા કેવા છે? તેમાં શું ચમત્કાર છે? મહારાજા!

**એક લાડુ ખાવાથી રાજ્યાધિકારી બને, બીજાના ગુણોને સુણો;**
**બીજો લાડુ ખાતા તેની, આંખના આંસુ મોતી બની જાય.**

આ લાડવામાં એવી શક્તિ છે કે આ બે લાડવામાંથી એક લાડવો ખાતા ખાનાર માણસને આજથી સાતમે દિવસે રાજ્ય મળશે. બીજો લાડવો ખાતા લાડવો ખાનાર જ્યારે કોઈ પ્રસંગે તેની આંખમાંથી આંસુ પડશે, ત્યારે તે સાચા મોતી બની જશે. આ સાંભળી કંઈક ટીખળીયાઓ બોલવા લાગ્યા કે લાડવા ખાવાથી રાજ્ય મળતું હોય ને મોતી મળતા હોય તો તું જ ખાઇ જા ને! તો તારી ગરીબાઈ ટળી જાય. રાજા તો ધીરજ ધરીને બેઠા છે. તે મનમાં વિચાર કરે છે કે આ બિચારો કેટલા પ્રેમથી અને હોંશથી દેવા આવ્યો છે, તો લાવ, જોઉં તો ખરો કે લાડવાનો કેવો પ્રભાવ છે. હવે શું બનશે તે અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૫૫

**ભાદરવા સુદ ૧૩ ને શુક્રવાર** **તા. ૧૧–૯–૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની ભગવંતો જીવોને સંસારનું સ્વરૂપ સમજાવતા કહે છે કે તમને સંસારનો પંથ લાગે છે સુંવાળો, પણ છે કાંટાળો. જ્યાં ચાલતા માત્ર પગ છોલાય એટલું જ નહિ પણ લોહીની ધારા વહે, ચાલવાની શક્તિ ખૂટે ને પંથ પથિકને લૂંટે. તમને લાગે છે આવું? જંગલની અટવીમાંથી કદાચ પસાર થવાનો સમય આવે ત્યારે ચાલતા ચાલતા કેટલી સાવધાની! પગલું મૂકતાં શંકાથી

ચાલે, રખેને સાપ આવીને મને ડંખ દે! રખે ને સિંહ આવીને મને કોળીયો બનાવે! રખે ને ભૂખ્યા વરૂ મને ભોજન બનાવે! ચાલે છે શંકાથી પણ સાવધાની રાખીને. પાસે શસ્ત્રો હોય, તલવાર હોય છતાં શંકાથી ચાલે. તે તો એ જ વિચારે કે મારે જાવું છે દૂર સુદૂર, અટવીમાં અટકી ન જાઉં તે માટે સાવધાની રાખે છે.

આ જ વાત સંસારની અટવીમાંથી પસાર થતા સાધકને સાવધાનીની સૂઝ આપતી, બોધ દ્વારા બુદ્ધ બનાવતી, જોખમમાંથી જાતને રક્ષતી સિદ્ધાંતની ગાથા સમજાવે છે કે—

**चरे पयाइं परिसंकमाणो जं किंचि पासं इह मन्नमाणो।**
**लाभंतरे जीवीय बूहइत्ता, पच्छा परिन्नाय मलावधंसी** ॥ ઉત્ત. અ. ૪. ગા. ૭

સાધક ચારિત્રમાં હંમેશા દોષોની તરફ શંકિત રહે. લોકનો થોડો પરિચય પણ બંધન માની વિહાર કરે, જ્ઞાનાદિનો લાભ હોય ત્યાં સુધી જીવનની અપેક્ષા કરે, પછી સજ્ઞાનપૂર્વક શરીરનો ત્યાગ કરે. સાધક પગલે પગલે શંકાતો ચાલે. અહીં કદાચ પ્રશ્ન થાય કે સાધકને વળી શંકા? જેને વીતરાગના માર્ગમાં અખંડ વિશ્વાસ, અતૂટ શ્રદ્ધા, અચલ પ્રતીતિ, અખૂટ ધર્મશ્રદ્ધાનો રંગ ભર્યો છે તેને વળી તે માર્ગ પર ચાલતા શંકા કેમ? શંકાતો શા માટે ચાલે? પણ આ વચન છે જ્ઞાનીના ગૂઢ રહસ્યોથી ભરેલા, ભાવથી નીતરતા, તથા અલૌકિક ભાવોને સમજાવતા.

જીવને સંસારમાં ત્યાં સુધી રહેવાનું, જ્યાં સુધી સિદ્ધ ન બનાય. ઇન્દ્રિયોના વિષયોથી રંગીન તથા ભૌતિક સમૃદ્ધિથી સંગીન આ સંસાર જેને જોતાં ઝેર ચઢે, જેમાં ચાલતા ચ્યૂત થતાં વાર ન લાગે, જેમાં ભળતા ભાવો મલિન બને, છતાં જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી સંસારમાં તો રહેવું પડે છે, તો સંસારમાં કેમ રહેવું? કેમ ચાલવું. ભગવાન કહે છે, સાધક સાવધાનીથી અને શંકાતો ચાલે. શેનાથી શંકાતો ચાલે? પાપથી. સૂયગડાંગ સૂત્રમાં પણ ભગવાન બોલ્યા છે—

**सीहं जहा खुड्डमिगा चरंता, दूरे चरन्ति परिसंकमाणा।**
**एवं तु मेहावी समिक्ख धम्मं, दूरेण पावं परिवज्जएज्जा** ॥ સૂ.અ. ૧૦. ગા. ૨૦

જેમ વનમાં વિચરતા નાના મૃગલાઓ મૃત્યુની આશંકાથી, સિંહથી દૂર દૂર વિચરે છે એવી રીતે બુદ્ધિમાન સાધક ધર્મનો વિચાર કરીને પાપથી શંકિત થઇને દૂરથી જ પાપને તિલાંજલી આપી દે.

સાધક પાપથી, પાપકર્મોથી, પાપક્રિયાથી અને પાપની અનુમોદનાથી પગલું ભરતા ભરતા અથવા જીવન જીવતા વિચાર કરે. અરે! મારું જીવન પાપથી મુક્ત થવા માટે છે. ચાલું છું તો રખે ને ધ્યાન બીજે જતાં ઈર્યાસમિતિમાં બેધ્યાન બનું ને વીતરાગ આજ્ઞાનો ભંગ થાય. દૃષ્ટિ બધે ફરે છે પણ તેમાં જો વિષયની આસક્તિ જાગે તો કર્મબંધ થાય. ભોજન લઉં છું, શરીરનો નિર્વાહ તથા સંયમની વૃદ્ધિ માટે પણ તેમાં રસાસ્વાદના ભાવો જાગે તો કર્મબંધ. સંયમી જીવન જીવું છું, નિષ્પાપ બનવા માટે અને સંસારથી મુક્ત બનવા માટે. પણ આ બધું બને ક્યારે? પાપભીરૂતા જાગે ત્યારે.

માટે ભગવાન કહે છે કે સાધક પોતાના માર્ગમાં તે રીતે ચાલે કે જેથી સંયમી જીવન જીવતાં પાપ ન લાગે. કર્મની આવક ન થાય અને આત્માનું અહિત ન થાય. જો પાપનો ભય ન જાગે તથા પાપમાં ઉપેક્ષાવૃત્તિ જન્મે તો તેના માટે પાશ તૈયાર છે **"પાશ"**, એટલે ભવબંધનની શૃંખલા જન્મ-મરણનું અવિરત ચક્ર. તેમાં ફસાવું ન હોય તો **"સાધક સાવધાનીથી ચાલે, સજાગતાથી જીવે, વિરાગ ભાવમાં વસે, પાપ તેને ડંખે અને તે માત્ર આત્મમુક્તિને ઝંખે"** મુક્તિ ક્યારે મળે ? દોષને પાશ રૂપ માનીને દોષમુક્ત થવાનો પ્રયત્ન કરે તો ! **નિર્દોષ બન્યા વિના સર્વજ્ઞ થવાતું નથી.** માટે કહ્યું છે કે—

**ઉઠ જાગ જીવડા જાગ, દફનાવ તારા દોષ, સદ્‌ગુણનો છે કોષ, જીવન તું જીવ નિર્દોષ.**

જે કાંઈ જીવન મળ્યું છે તે દોષને દફનાવવા, ગુણ પ્રગટાવવા, આત્મસંપત્તિને સર કરવા અને સંપૂર્ણ ગુણોની ખીલવટ કરવા માટે. આત્મકલ્યાણ માટે ભેખ લીધેલ સાધક જ્યાં સુધી આ પાર્થિવ શરીરદ્વારા જ્ઞાનાદિકની આરાધનાનો લાભ મળી શકે ત્યાં સુધી સંયમી જીવન જીવતો, સંયમની મસ્તી માણતો રહે અને ખબર પડે કે હવે આ શરીર વધારે વખત ટકે તેમ નથી તો તેમાંથી કસ કાઢીને આત્મગુણોની પુષ્ટિ માટે અનશન-તપની આરાધના આરાધે. આવા વીર સૈનિકો શરીરની મમતા છોડી આત્માર્થી બની વીર-આજ્ઞામાં જીવનને સમર્પણ કરી દે છે. તેવા સાધકને માટે સિદ્ધિ દૂર નથી. જ્ઞાની કહે છે-સિદ્ધ ગતિને મેળવવી છે તો,

**સિદ્ધિ ચાહતા હો તો કરો પાપ ત્યાગ, ચાહો ગુણાનુરાગ,**
**જલાવો જલતો વિરાગ, તમે ખુદ બનશો વીતરાગ.**

જેમને સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે પાપ ત્યાગની લગની લાગી છે, એવા પદ્મરથ રાજા દીક્ષા લેવા તૈયાર થયા. નમિરાજ કહે પિતાજી ! હું આજ્ઞા નહિ આપું. પણ ઉછળેલું ધાન્ય ક્યાં સુધી રહે ? જેને હવે સંસાર પ્રત્યે વૈરાગ્ય આવ્યો છે, તે કોઈના રોક્યા રોકાય ખરા ? જેને સંસાર વિષના કટોરા જેવો લાગ્યો તે હવે સંસારમાં રહે ખરા ? મૃગાપુત્રને વૈરાગ્ય આવ્યો ત્યારે તેમની માતા રોકે છે તો મૃગાપુત્રે શું કહ્યું ?" "विसएहिं अरज्जन्तो रज्जन्तो संजमम्मिय" હે માતા ! તું મને સંસારમાં રોકાવા માટે કહે છે, પણ મને આ વિષ ભરેલા સંસારમાં જરા પણ આનંદ આવતો નથી. મારો આનંદ ક્યાં છે ? મારો આનંદ, હર્ષ, ખુશી, જે કહો તે બધું સંયમમાં છે. તેમ અહીં પદ્મરથ રાજા કહે છે, મને આ સંસારમાં જરા પણ આનંદ કે હર્ષ નથી. સંયમમાર્ગમાં મને સાચો આનંદ દેખાય છે.

**મહાવીરના મારગમાં, સુખ શાંતિ અપરંપાર,**
**સંસાર ત્યાગવાથી, સંયમ સ્વીકારવાથી ભવ દુઃખ દૂર જાયે રે...**

પ્રભુના બતાવેલા સંયમ માર્ગમાં સુખ શાંતિ અપરંપાર છે. તેના જેવું સુખ બીજે ક્યાંય નથી. આ માર્ગમાં કોઈ જાતની ચિંતા નહિ. ચિંતા માત્ર આત્માની, જેણે

ચિંતાઓને ચકચૂર કરી છે અને ફીકરની ફાકી કરી છે એનું નામ સાચો સાધક. માટે મહાપુરૂષો કહે છે, હે સાધક! તું આત્મામાં રમણતા કર. સાચો આનંદ, સાચું સુખ કહો તો તે સંયમમાં છે. દીક્ષા લેતા પહેલાં સાધકે એ દૃઢ નિર્ણય કરવો જોઈએ કે દીક્ષા લીધા પછી ૨૨ પરિષહમાંથી કોઈપણ પરિષહ આવી જાય, અરે કદાચ વધનો પરિષહ આવી જાય તો પણ હું પીછેહઠ નહિ કરું, પણ કર્મો સામે કેશરીયા કરીશ. ખંધક મુનિ, મેતારજ મુનિ, બધાને વધના પરિષહ આવી ગયા, છતાં એની સામે અણનમ રહ્યા ને કર્મોને ખપાવી મોક્ષના દ્વારે પહોંચી ગયા. હજુ ઝેર પચાવવા સહેલા છે પણ કોઈનું સારું જોઇને ઈર્ષ્યા ન આવવા દેવી એ ઘણું કઠીન છે. ચાહે સાધુ હોય કે ગુરૂ હોય, તેમની ખ્યાતિ, તેમના ગુણ પણ સહન ન થાય અને તેમના પર પણ ઈર્ષ્યા કરતા જીવો પાછા વળતા નથી. એક વખત એવો હોય કે લોકો જેના બે મોઢે વખાણ કરતા હોય, બધા પ્રશંસાના પુષ્પો વેરતા હોય, પણ સમય જતાં વાતાવરણ પલ્ટાતાં જેની વાહ વાહ બોલાતી હોય એની હવા કાઢી નાંખતા પણ જગત વાર નહિ લગાડે.

મિણાલકુંડના રાજાને એક વેગવતી નામની કુંવરી હતી. તે વેગવતી ગુણવતી, શીલવતી, સદાચારી અને બુદ્ધિશાળી હતી. તેનામાં લાખો ગુણ હતા, પણ લાખો ગુણને ઢાંકનાર એક મોટો ઈર્ષ્યાનો અવગુણ હતો. તે બીજાના ઉત્કર્ષને સહન કરી શકતી ન હતી. કોઈની પ્રશંસા સાંભળે, કોઈનું સારું બોલાતું સાંભળે તો તે બળીને ખાખ થઈ જતી. પોતાનું ચાલે તો એ વ્યક્તિનો નાશ કરવા સુધી પણ પહોંચી જતી.

એક વખત નગરમાં મહાન જ્ઞાની મુનિ સપરિવાર પધાર્યા. તેમાં એક મુનિ ઉગ્ર તપસ્વી છે. તેમના પારણાની કોઇને ખબર ન પડે. ક્યારેક એક માસખમણ તો ક્યારેક બે માસખમણ કરી લેતા. આત્મસાધના મુનિનું પ્રથમ લક્ષ્ય છે. મહામુનિ આત્મસ્થિરતા માટે તપ, જપ વગેરેમાં જીવન વ્યતીત કરી રહ્યા છે. તપ સાથે એમના જીવનમાં ક્ષમાનો ગુણ પણ અજબ છે. કંઈક જીવો તપ કરે પણ ક્રોધનો વાવટો તો ફરકતો હોય. એવા જીવો તપ દ્વારા શરીરને કૃશ બનાવે છે, પણ કર્મને કૃશ બનાવી શકતા નથી, પણ આ મહામુનિએ તો તપ દ્વારા શરીરને કૃશ કર્યું છે ને સાથે કર્મોને પણ કૃશ કર્યા છે. આ મહામુનિની લોકો ચોરે ને ચૌટે પ્રશંસા કરી રહ્યા છે. આવા મુનિના વંદન માટે લાખો લોકો જઈ રહ્યા છે.

**વેગવતીએ સંતને ચઢાવેલો ખોટો આરોપ :**—વેગવતીએ આ મુનિની પ્રશંસા સાંભળી. તે આવા પવિત્ર મુનિ પર પણ ઈર્ષ્યા કરતા પાછી ન વળી. એની આંખ તથા અંતરમાંથી ઈર્ષ્યાના અંગારા વરસવા લાગ્યા. એનો એક જ નિયમ થઈ ગયો છે. કોઈની પણ પ્રશંસા થતી હોય તો બરાબર એને નીચે પાડવો. આ વેગવતી સંતો પર ઈર્ષ્યા કરતા પણ પાછી ન પડી. જે જીવો દુર્ગતિમાં જવાના હોય ને ઘોર કર્મો બાંધવાના હોય તેને મુનિ પ્રત્યે આવો ઈર્ષ્યા ભાવ પ્રગટે. વેગવતીએ પોતાની જાળ બિછાવવી શરૂ કરી દીધી. એણે તો વાત વહેતી મૂકી. તમે લોકો જે મુનિની પ્રશંસા કરી રહ્યા છો એ સાચો સાધુ નથી, પણ

સાધુના સ્વાંગમાં રહેલો શયતાન છે. એ ધર્મી નથી પણ ઢોંગી છે, કપટી છે, માયાવી છે. તમે એને પૂરી રીતે ઓળખતા નથી. દિવસે સાધુ હોવાનો દંભ કરે છે અને રાત્રે બહાર ભટકવા જાય છે. તેમજ વ્યભિચારી પણ છે. આ વાત વહેતી થઈ ગઈ. દુનિયા દોરંગી છે. સારાના તોલ કરનારા ઓછા હોય છે. ખોટાના તોલમાં બેસનારા ઝાઝા હોય છે. સાચી વાતની જાહેરાત કરવી હોય તો વાર લાગે. ખોટાની જાહેરાત જલ્દી થઈ જાય.

અહીં પણ એવું બન્યું. વેગવતીની વાતોમાં સૌ તણાઈ ગયા. હવામાન પલ્ટાઈ ગયું. જેવી પ્રશંસા થતી હતી એવી જ, અરે! એનાથી પણ વધુ નિંદા થવા લાગી. આ સંત સાધુ નહિ શયતાન, ધ્યાની નહિ પણ ઢોંગી, ત્યાગી નહિ પણ રાગી, યોગી નહિ પણ ભોગી છે. ગઈ કાલે જેના દર્શન કરવા સેંકડો લોકો ઉમટચા હતા તેમનો આજે લોકો તિરસ્કાર કરવા લાગ્યા, ને ગાળો દેવા લાગ્યા. આ વેગવતીએ કેટલા કર્મો બાંધ્યા! કર્મો બાંધતા જીવ વિચાર નથી કરતો પણ ભોગવવાનો સમય આવશે ત્યારે પૂરા નહિ થાય. અફવાનું બજાર એકદમ ગરમ લ્હાય થઈ ગયું. કાલે જેની બોલબાલા હતી એની આજે કેવી બદનામી થઈ. પોતાની 'કલંક' કથાના પ્રચારની વાત ઉડતી ઉડતી મુનિના કર્ણપટ પર આવી. તેમના મનમાં થયું કે એકાએક આટલું બધું પરિવર્તન! ખબર પડી કે વેગવતીએ આ બધું ઉભું કર્યું છે. ક્ષમામૂર્તિ મુનિ વિચારે છે કે વેગવતીનો દોષ નથી. દોષ મારા કર્મનો છે. મેં પૂર્વજન્મમાં કોઈને માથે આળ-આક્ષેપ ચઢાવ્યા હશે તેથી આજે મારા માથે કલંક ચઢયું છે. મને કોઈ માન, સન્માન આપે કે ન આપે, એની મને પડી નથી. હું તો આવેલા કર્મોને સમભાવે ભોગવી લઈશ, પણ મારા નિમિત્તે જૈનશાસનની ફજેતી થઈ રહી છે, મારો જૈન ધર્મ નિંદાય છે કે જૈનના સાધુ ઠગ હોય છે, વ્યભિચારી હોય છે, એમનો વિશ્વાસ કરવો નહિ. આ નિંદાને અટકાવવી જોઈએ. તે મુનિએ ત્યાં નિર્ણય કર્યો કે આવી કલંક કથા મારા કપાળમાંથી જ્યાં સુધી ભૂંસાય નહિ અને વેગવતી જાહેરમાં પોતાની ભૂલને કબૂલ ન કરે ત્યાં સુધી મારે અન્ન જળનો ત્યાગ, ચૌવિહારા ઉપવાસ કરવા. મુનિએ આકરા તપ શરૂ કરી દીધા.

**ઈર્ષ્યાનું ફળ:** મુનિ તો અઠ્ઠમ કરીને કાઉસગ્ગ ધ્યાનમાં બેસી ગયા. ત્રણ દિવસ પૂરા થયા ત્યાં દેવોના આસન ડોલ્યા. અવધિજ્ઞાનથી ઉપયોગ મૂકીને જોયું, અહો! ઉગ્ર તપસ્વી! સંયમની સાધનામાં મસ્ત, ચારિત્ર સંપન્ન, તદ્દન નિર્દોષ મુનિને માથે ખોટું આળ ચઢયું છે, તેથી જૈન શાસન નિંદાને પાત્ર બન્યું છે. આ તો શાસન પર આફત આવી છે; માટે અમારે જવું જોઈએ. શાસનદેવ હાજર થયા. વેગવતીને ભયંકર શિક્ષા કરી. એનું મુખ આખું ફેરવી દીધું, એટલે મોઢું પાછળ જતું રહ્યું. કેટલી પીડા થાય! તે રાડો પાડવા લાગી. પોકાર કરવા લાગી. રાજાએ વૈદો, હકીમો, ડોકટરો, બધાને બોલાવ્યા, પણ કોઈ રીતે સારું થતું નથી. વેગવતી મનમાં સમજે છે કે મારા કર્મો અહીં ને અહીં ઉદયમાં આવ્યા છે, પણ અભિમાન સાચી વાત સમજવા દેતું નથી,

કે પોતાની ભૂલ કબૂલ કરવા દેતું નથી. વેગવતી ખૂબ રડે છે, ત્યાં દેવોએ આકાશવાણી કરી કે વેગવતી જ્યાં સુધી બધાની સમક્ષ મુનિની માફી માંગશે નહિ અને પોતે કરેલા ખોટા પ્રચારને જગત સમક્ષ જાહેર નહિ કરે ત્યાં સુધી વેગવતીની સ્થિતિ સુધરશે નહિ. એને સારું થશે નહિ. બધાએ આકાશવાણી સાંભળી એટલે ખબર પડી કે વેગવતીએ મુનિ માટે આવી ખોટી વાતો કરી છે. રાજાને ખબર પડી એટલે વેગવતીને કહેવા લાગ્યા તેં મુનિની નિંદા કરીને ખોટા કલંક ચઢાવીને ઘોર કર્મો બાંધ્યા. તે આ ભવે તો ઉદયમાં આવ્યા પણ બીજા ભવમાં પણ તારે ભોગવવા પડશે.

વેગવતીની આંખ ખુલી ગઈ. તેની શારીરિક પીડા અસહ્ય હતી. ઈર્ષ્યાથી ન બોલવાનું બોલાઈ ગયું. હવે માફી માંગવા સિવાય બીજો કોઈ ઉપાય ન હતો. વેગવતી પોતાના પરિવાર સાથે મુનિ પાસે પહોંચી ગઈ. તેમના ચરણમાં પડી પોતાની ભૂલની માફી માંગી. ગુરૂદેવ! આપ તો તદ્દન નિર્દોષ, શુદ્ધ બ્રહ્મચારી ને નિર્મળ ચારિત્રશીલ છો, પણ આપની પ્રશંસા મારાથી સહન ન થઈ તેથી મેં આ ધતીંગ ઉભું કર્યું છે. મેં આપનો ભયંકર ગુનો કર્યો છે. આપ મારી ભૂલની માફી આપો. મુનિને તો તેના પ્રત્યે વૈર હતું નહિ. તેમણે તેને ક્ષમા આપી. મુનિ ઉપર આવેલું કલંક ઉતરી ગયું. વેગવતીનું મુખ હતું ત્યાં આવી ગયું. તેની શરીરની પીડા શાંત થઈ ગઈ ને જૈનશાસનનો જય જયકાર થયો.

ઈર્ષ્યાની આગે વેગવતી પાસે કેવું કાળું કામ કરાવ્યું! વેગવતીનો આત્મા બીજા ભવે રામચંદ્રજીની પત્ની સીતાજી બન્યા. વેગવતીના ભવમાં બંધાયેલ એ કર્મ સીતાજીના ભવમાં ઉદયમાં આવ્યું. સીતાજીને રાવણ ઉપાડી ગયો. છ છ મહિના અશોકવાટિકામાં રાખી. સીતાજીએ દૃષ્ટિ સરખી પણ કરી નથી. પોતે ચારિત્રમાં અડગ રહ્યા, છતાં જ્યારે અયોધ્યામાં આવ્યા ત્યારે લોકોએ વાત કરી કે સીતાજી છ મહિના રાવણને ત્યાં રહીને આવ્યા. કોણ જોવા ગયું છે કે એ ચોખ્ખા છે કે બગડેલા? આ વાતથી રામે સીતાજીને ફરી વાર જંગલમાં મોકલી દીધી. કરેલાં કર્મો ભોગવ્યા વિના છૂટકો થતો નથી, માટે પાપભીરૂ અને ભવભીરૂ બનો. પાપભીરૂ આત્મા પાપથી ડરે અને ભવભીરૂ આત્મા ભવથી ડરે કે મારા ભવ કેમ ઓછા થાય?

પાપભીરૂ બનેલા પદ્મરથ રાજા નમિકુમારને કહે છે, મારો આત્મા હવે પાપથી ભયભીત બની ગયો છે. સંસારના દુઃખથી ત્રાસી ગયો છે. આત્મદર્શનથી વિલુપ્ત એવા સંસારના જીવો વિલાસની વિમળતામાં, ભૌતિક સુખની ગર્તામાં, તૃષ્ણાના તરપાણમાં, કષાયના જ્વરમાં, વિષયોના વળગાડમાં, લાલસાના તરવરાટમાં, જાણે અજાણે ઘસડાયે જાય છે, પણ એમને હજુ થાક લાગ્યો નથી, પણ મારો આત્મા એ થાક ઉતારવા સંયમ માર્ગે પ્રયાણ કરવા ઇચ્છે છે. રાજાએ પોતાનો આ વિચાર પ્રજામાં વહેતો મૂક્યો. આખી મિથિલા એ સાંભળીને ગમગીન બની ગઈ. પોતાનો આધાર ચાલ્યો જવાનો હોય એવી લાગણી બધાના હૈયામાં ઉભરાઈ રહી.

**સંસાર છોડયો પદ્મરથ રાજાએ :** પદ્મરથ રાજાએ નમિકુમારને સમજાવીને દીક્ષાની હા પડાવી. મિથિલાપતિનો વિદાય દિન નજીક આવતો હતો ને લોકલાગણી વધુ ને વધુ ઘેરી બનતી જતી હતી. અંતે એ દિવસ આવી ગયો. નમિકુમારે પિતાનો દીક્ષા મહોત્સવ ધામધૂમથી ઉજવ્યો. સર્પ પોતાની કાંચળી છોડીને જાય તેમ રાજાએ સંસાર ભાવની કાંચળી ઉતારી દીધી ને એના પર નજર કર્યા વિના એ ચાલતા થયા. મિથિલાપતિ પદ્મરથ અણગાર બન્યા ને વનવગડાની વાટે એમણે કદમ ભર્યા. એ વિદાય પર સારી મિથિલાની જનતાએ આંસુ સાર્યા. નમિરાજ પણ ખૂબ રડયા. પોતાના પર છવાયેલી "પિતૃછાયા" અદ્રશ્ય થતાં એમના હૈયામાં ભારે આંચકો લાગ્યો.

**વીતરાગની વાટિકામાં વિચરતા મુનિ :** પદ્મરથ મુનિએ તો અમૃતના ભોજન શરૂ કર્યા. હવે કદાચ વચમાં કુસકાના ભોજન કરવાનો અવસર આવી જાય એટલે ઉપસર્ગો કે કષ્ટો આવી જાય તો પણ અમીના આસ્વાદ શે ભૂલાય? એ કુસકાના ભોજન ફગાવી દઈ અમૃત ભોજન પકડી લેતાં વાર શી? પદ્મરથે પૂર્વે ચક્રવર્તીના ઘરમાંથી નીકળી ચારિત્ર લીધેલું હતું. ગમે તેવા વૈભવ વિલાસ છતાં સમજ્યા હતા કે ભવની મુસાફરીમાં માનવ જીવન એ તો એક વાવટામથક છે. ત્યાં ચારિત્ર ભૂલી ભાવિ કાળ કાળો કરવાનું શા માટે કરવું? માટે ચારિત્ર લીધું હતું. ચારિત્ર એટલે ત્રસ સ્થાવર બંને પ્રકારના જીવોને અભયદાન દેનારું જીવન. ચારિત્ર એટલે આરંભ પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ આપનારું કેન્દ્ર. સાધુપણું એટલે આરંભ સમારંભના મૂળભૂત પરિગ્રહ અને એની પાછળ થતાં અનેક પ્રકારના રાગ દ્વેષાદિ દોષો અને દુષ્કૃત્યો વિનાનું જીવન. સ્ત્રી પુત્રાદિ અને એની સાથે ઉભા થતા કામ રાગ–સ્નેહ રાગના બંધન વિનાનું જીવન. આવા જીવનનો અભ્યાસ એટલે અમૃત ભોજનનો આસ્વાદ! નિર્મળ ચિત્તે અને શુદ્ધ હૃદયે એ આસ્વાદ કર્યા પછી તો એ સ્વાદ અંતરમાં લખાઈ ગયા! એની આગળ પછી મોટી ચક્રવર્તીની કે ઈન્દ્રની પણ ઠકુરાઈ અને ભોગલીલા બેસ્વાદ લાગે, કડવી કસાયેલી લાગે. રાજા પદ્મરથ અવસર આવતાં એ મૂકી દઈ ચારિત્ર જીવનમાં ઝુકી ગયા.

**રાજ્યધૂરા સંભાળતા નમિરાજ :** નમિરાજ હવે નમિરાજા થયા. પ્રજાએ આ નવા રાજાનું સ્વાગત કર્યું. મિથિલાનું રાજ્ય વિસ્તરતું જતું હતું. એનો ચાહક વર્ગ પણ દિવસે દિવસે બહોળો થતો જતો હતો. નમિરાજાએ રાજ્યનું સંચાલન એવી રીતે કર્યું, રાજ્ય એવી સુંદર રીતે ન્યાય નીતિથી ચલાવ્યું કે લોકો નમિરાજાની પ્રશંસા કરવા લાગ્યા. મિથિલાને પદ્મરથની ખોટ યાદ ન કરવી પડી. નમિરાજે આખી મિથિલાનો સ્નેહ સંપાદન કરી લીધો. લોકો કહેવા લાગ્યા કે આ મહારાજા તો પોતાના પિતા કરતા પણ સવાયા થયા.

આ બાજુ મણિરથ રાજાના મરણ પછી બધાએ ચંદ્રયશને કહ્યું, આપ હવે રાજગાદી સંભાળો. ત્યારે ચંદ્રયશે કહ્યું, હું એ રાજગાદી ઉપર કેવી રીતે બેસી શકું? જે રાજગાદી ઉપર બેસવાના કારણે મારા પિતાના મોટાભાઈ એટલે કાકા વિવેકહીન થઈ ગયા અને

પોતાના જ ભાઈને મારી નાંખ્યો. મને તો આ રાજ્યગાદી ઉપર બેસતાં પણ બીક લાગે છે. આ પ્રમાણે કહી ચંદ્રયશે રાજ્યગાદી ઉપર બેસવાની ના પાડી, ત્યારે સામંતોએ તેને સમજાવ્યો કે એમાં રાજ્યગાદીનો શો અપરાધ છે? ગાદી ઉપર બેસી જે પ્રમાણે ખરાબ ભાવના કરી શકાય છે તે રીતે સારી ભાવના પણ કરી શકાય છે. સત્તાનો જેમ દુરૂપયોગ કરી શકાય છે તેમ સદ્ઉપયોગ પણ કરી શકાય છે, માટે આપ રાજસિંહાસને બિરાજો. રાજા વિના એક દિવસ પણ કામ ચાલી શકતું નથી. દુષ્કાળ પડે તો પ્રજા જેમ તેમ કરીને એક વર્ષ કાઢી શકે છે, પણ જો રાજકીય વ્યવસ્થા એક દિવસને માટે પણ ન હોય તો ગજબ થઈ જાય. આપ વીરતાની વાતો તો મોટી મોટી કરતા હતા, પણ કર્તવ્ય બજાવવાના સમયે કાયરતા કેમ બતાવી રહ્યા છો? તમારે રાજ્યગાદી ઉપર બેસવું પડશે. ચંદ્રયશ બુદ્ધિમાન હતો પણ દુઃખના કારણે તે ગાદી ઉપર બેસવાની ના પાડતો હતો. સામંતોના સમજાવવાથી તેનું દુઃખ ઓછું થયું અને તે રાજ્યગાદી ઉપર બેઠો.

રાજા બન્યા પછી ચન્દ્રયશ વિચારવા લાગ્યો કે આ રાજમુગટ તો મારા માટે એક સંકટ સમાન છે. આ રાજમુગટના કારણે મારા માથા ઉપર એક મોટી જવાબદારી આવી પડી છે. આ રાજમુગટે પિતાની હત્યા કરાવી છે, માતાનો વિયોગ કરાવ્યો છે. આ રાજમુગટ મારા માટે એવો વિનાશકારક ન નીવડે તેની મારે સાવધાની રાખવી જોઈએ. પ્રજાને સુખ આપવું એ મારો ઉદ્દેશ હોવો જોઈએ. પ્રજા સુખી તો રાજા સુખી અને પ્રજા દુઃખી તો રાજા દુઃખી છે, એમ સમજવું જોઈએ. રાજ્યના ભંડારમાં જે ધન આવે છે તે ધનને રાજાએ પોતાનું ધન ન માનતા પ્રજાનું ધન છે એમ માનવું જોઈએ. તે ધન પ્રજાનું હોવાથી તે ધનનો ઉપયોગ પ્રજાના હિત માટે થવો જોઈએ. જો હું તે ધનને પ્રજાનું કલ્યાણ કરવામાં ન વાપરું અને મોજશોખમાં ઉડાવું તો એ મારી હરામખોરી ગણાય. હું રાજા છું. રાજમુગટ પહેરું છું, અને રાજસી વસ્ત્રો પહેરું છું. પણ જો હું પ્રજાની રક્ષા ન કરું તો મને એ અધિકાર કેમ છાજે? રાજ્યગાદીએ બેઠા પછી પહેલું મારું એ કર્તવ્ય છે કે મારે મારી માતાનો પત્તો મેળવવો જોઈએ. આ પ્રમાણે વિચાર કરી તેણે માતાની તપાસ કરવા માટે ચારે બાજુ માણસોને મોકલ્યા. માણસોએ મયણરેહાની ખૂબ તપાસ કરી પણ ક્યાંય પત્તો પડયો નહિ. માતાનો પત્તો ન પડવાથી ચંદ્રયશને ખૂબ દુઃખ થયું, ત્યારે બધાએ તેને સમજાવીને હિંમત આપી. ચંદ્રયશ ધૈર્ય ધારણ કરી ન્યાયનીતિપૂર્વક રાજ્ય ચલાવે છે. આ બાજુ નમિરાજ આનંદથી રાજ્ય ચલાવે છે. હવે ત્યાં કેવું નિમિત્ત મળશે ને શું થશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર** :—સાગરદત્ત શેઠના જીવનમાં ગરીબી હોવા છતાં અમીરી કેટલી છે! બે લાડવા પોતાના સંતાનોને ન ખવડાવતા રાજાને ભેટ ધરવા ગયા. રાજા પૂછે છે, આપ આ લાડવા ક્યાંથી લાવ્યા? આપના કહેવા પ્રમાણે લાડવામાં ચમત્કાર હશે પણ આપે એ કેવી રીતે પ્રાપ્ત કર્યા? મહારાજા! આ લાડુ કરવાની મહેનત અમારી છે, પણ લાડુમાં નાખેલી ઔષધિ આપની છે. રાજા કહે, ઔષધિ મારી કેવી રીતે કહેવાય? મને આ બાબતમાં

જરા પણ ખબર નથી. તો તમે જ ઔષધિ રાખી લીધી હોત તો ? ત્યારે શેઠે ઔષધિ કેવી રીતે મળી તે વાત કરી.

ગરીબાઈના કારણે જંગલમાં લાકડા કાપવા ગયા. ત્યાં થાક ખાવા ઝાડ નીચે બેઠા હતા. એક ચિત્તે પ્રભુ પ્રાર્થના કરતા હતા. ત્યાં અચાનક વિદ્યાધરનું વિમાન આવ્યું. તેણે કહ્યું, તમારી ધર્મશ્રદ્ધાના કારણે હું પ્રસન્ન થયો છું. તું માંગ...માંગ.... મેં બહુ ના પાડી ત્યારે તેમણે અમને સુખી કરવા કહ્યું. આ ઝાડ નીચે બે જડીબુટ્ટી છે. એક ખાવાથી સાતમા દિવસે રાજ્ય મળશે. ને બીજી ખાવાથી આંખના આંસુ મોતી બનશે. મને વિચાર થયો કે મારે તો અણદીધું લેવું નહિ એવી પ્રતિજ્ઞા છે, આ જમીન તો રાજાની માલિકીની ગણાય, તેથી મારાથી કેવી રીતે લેવાય ? આપ પૃથ્વીના પ્રતિપાળ છો. પૃથ્વીના પેટાળમાં કે સીમાડામાં જે કંઈ વસ્તુ–નિધાન રહેલ છે તે આપના હક્કના કહેવાય.

**એ દિવ્ય ઔષધિ આપની, આજ્ઞા વિના કેમ ગ્રહણ થાય,**
**ગ્રહણ ન કરું તો અમૂલ્ય વસ્તુ, હાથ કરી ચાલી જાય.**

એ દિવ્ય ઔષધિ આપની રજા વિના કેમ ગ્રહણ કરાય ? અને જો ન લઉં તો કોઈ દુષ્ટ માણસ આવીને લઈ જાય તો અનર્થ થાય. અગર પૃથ્વીના પેટાળમાં એનો નાશ થઈ જાય. ભાગ્યની સુપળો જીવનમાં ક્યારેક આવી મળે છે. કોઇ પણ કાળે માલિકની રજા વિના વસ્તુ ન લેવી એવો મારો નિયમ છે, માટે મેં તમને આપવા માટે એ ઔષધિ–જડીબુટ્ટી લીધી હતી. તે ઔષધિના ચૂર્ણવાળા અદ્‌ભૂત આ મોદકો છે. શેઠની વાત સાંભળીને રાજાના મનમાં થયું કે શું શેઠની પવિત્ર ભાવના છે ! આટલી ગરીબાઈમાં પણ પોતાના બાળકોને ન ખવડાવતા મને આપવા આવ્યા ! તેઓ હૃદયની શુદ્ધ ભાવનાથી આપવા આવ્યા છે તો મારે તેમની વાત પર વિચારવું જોઈએ. રાજા કહે ભાઈ ! આપ પ્રેમથી મને ભેટ આપવા આવ્યા છો તો હું તેનો સહર્ષ સ્વીકાર કરું છું. ગમે તેવા શ્રીમંત હો પણ બિચારા કોઈ ગરીબ માણસ તમને સામાન્ય ભેટ આપે તો અભિમાનમાં ચઢી તેનો તિરસ્કાર ન કરતાં પ્રેમથી વધાવી લેજો. રાજા કહે ભાઇ ! આ લાડવા મારા બાળકોને ખવડાવું ને તારા કહ્યા પ્રમાણે જો મને ફળ મળશે તો હું પછી તને ન્યાલ કરી દઇશ. આપ આપનું નામ, રહેઠાણ, પુરું ઠેકાણું આપતા જાવ. આમ કહી રાજાએ તેમને ધન્યવાદ આપ્યા ને કહ્યું, પછી હું આપને ઈનામ આપવા બોલાવીશ. મહારાજા ! મારે ઈનામની જરૂર નથી. આપે મારી ભેટ સ્વીકારી એટલે મને આનંદ છે. શેઠ તો રાજાને નમસ્તે કરી ત્યાંથી ચાલ્યા ગયા.

પછી રાજા ભૂપાલસિંહે પોતાના બંને કુમારોને બોલાવ્યા. મોટો લાડવો મોટા કુંવરને આપ્યો. ને નાનો નાનાને આપ્યો. કુંવરો કહે બાપુજી ! અમને ભૂખ નથી. અમારે નથી ખાવા. જેને રોજ લાડવા ખાવા મળતા હોય તેને લાડવાની કિંમત ન હોય. રાજા કહે બેટા ! આ તો રંક માણસની પ્રસાદી છે. **"રંકની સોગાદ મામૂલી દેખાયે, ગુણમાં અમૂલ્ય લાગે."** ગરીબ માણસની ભેટ છે, આપ તેને ખાઇ લો.

પિતાજીના કહેવાથી બંને કુમારો લાડવા ખાઈ ગયા. હવે રાજાના મનમાં ચટપટી લાગી છે. તેમનું મન અધીરું બન્યું છે. ક્યારે કુમાર રડે ને આંસુના મોતી બને? રાજ્ય તો સાત દિવસે મળવાનું પણ આંસુના મોતી ક્યારે બને? રડ્યા વિના આંસુ પડે નહિ ને આંસુ વિના મોતી બને નહિ. હવે તે માટે રાજા શું કરશે તે અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૫૬

**ભાદરવા સુદ ૧૪ ને શનિવાર** **તા. ૧૨-૯-૮૧**

અનંત કરૂણાસાગર, સમતાના સાધક, મમતાના મારક, એવા ભગવાને જીવોને કલ્યાણનો માર્ગ બતાવતા સમજાવ્યું કે જીવનના બે માર્ગ છે. એક સંસારી જીવન અને એક સંયમી જીવન. પુણ્યશાળી આત્માઓ સંયમી જીવન જીવી ધન્ય બની જાય છે. તેઓ આ સંસારની માયાજાળ કે કીચડમાં ફસાતા નથી, પણ તેનાથી અલિપ્ત રહે છે. કમળ કાદવમાં જન્મે છે. કાદવને કોઈ ઈચ્છતું નથી. તેની સામે કોઈ જોતું નથી. ત્યારે કમળને સૌ ઈચ્છે છે, કારણકે કાદવમાં જન્મ લેવા છતાં કમળે એવી કળા પ્રાપ્ત કરી લીધી છે કે એ કાદવથી અલિપ્ત રહી શકે છે.

કાદવમાં માત્ર કમળ નથી જન્મતું. કાદવ બેને જન્મ આપે છે. કમળને અને કીડાને. પણ કીડાઓની એ કમનસીબી હોય છે કે એ કાદવમાં ખદબદતા રહે છે. કમળની જેમ એ કાદવથી બહાર નીકળી શકતા નથી, બહાર નીકળવાની ઈચ્છા પણ એને થતી નથી, અને એથી કોઈ એને ઈચ્છતું નથી, ઉપરથી એના પ્રત્યે ઘૃણા કરે છે. આ સંસાર પણ ભોગવિલાસના કાદવથી ભરેલું એક ખાબોચિયું નહિ તો શું છે? કમળ અને કીડા બંનેનો જન્મ કાદવમાં થાય છે. એમ સાધુ અને સંસારી બંનેનો જન્મ સંસારમાં થાય છે, પણ એક સંસારના કાદવથી અલિપ્ત બની સાધુ બની જાય છે તો જગત પૂજ્ય બની જાય છે. એની ચરણરજ જગત પોતાના મસ્તકે ચઢાવે છે, એના પડ્યા બોલ ઝીલવા જગત તૈયાર રહે છે. ત્યારે સંસારમાં જન્મી જે સંસારમાં રહી જાણે છે, સંસારમાંથી બહાર નીકળવાના સ્વપ્ન પણ જેને જીવનમાં આવતા નથી. જન્મતાં સંસાર જેનું પારણું બને છે ને મરતા સંસાર જેની મૃત્યુ શય્યા બને છે એવા સંસારીઓ ન તો વિશ્વને પૂજનીક બની શકે, ન તો કોઈને પ્રિય બની શકે. સંસાર જેને કાદવ જેવો લાગે એ જ કાદવથી અલિપ્ત બની કમળ જેવું જીવન જીવવાની ઈચ્છા રાખે. સંસારના આકર્ષણ ન એને સ્પર્શી શકે કે ન આકર્ષી શકે! પણ સંસાર કાદવ જેવો હૈયામાં લાગવો એ ખૂબ કઠીન કામ છે. સંસારની બહાર પણ સંયમની મસ્તીથી ભરેલી નિર્ભય અને નિજાનંદમય એક દુનિયા છે. એટલી એની દૃષ્ટિ ખૂલે તો એ બહાર નીકળવાની ઈચ્છા કરે ને?

કાદવના કીડાને કાશ્મીરના ખિલખિલાટ હસતા ગુલાબી બગીચાઓનો સ્વપ્ને પણ ક્યાંથી ખ્યાલ હોય કે કાદવને છોડી એ ત્યાં જવાની ઈચ્છા કરે? કાદવમાં એ કાશ્મીરના બગીચાની કલ્પના કરી રમતો હોય, એને કોણ કાદવમાંથી ઉગારી શકે? સંસાર જે

દુઃખથી ભરેલો છે એમાં સુખની કલ્પના કરી બેઠેલાને આ સંસાર દુઃખમય છે, છોડવા જેવો છે એ વાત કોણ સમજાવી શકે? **"મેળવવા જેવો જેને મોક્ષ લાગે એને લેવા જેવો સંયમ લાગે અને લેવા જેવો સંયમ જેને લાગે એને છોડવા જેવો સંસાર લાગે."** એ સંસારમાં સુખે રહી ન શકે. સંસારની કેદના સળિયા તોડી બહાર આવવા માટે એના રાત દિવસ પ્રયત્નો હોય. જેને જીવનમાં મુક્તિની સાચી ઝંખના જાગી જાય અને એ માટે સંયમની તાલાવેલી લાગી જાય એ સંસારમાં ન સુખે ખાઈ શકે, ન સુખે સૂઈ શકે કે ન સુખે રહી શકે. કેદખાનાનો કેદી જેમ કેદમાંથી છૂટવાની બારી શોધતો હોય એમ એ પણ સંસારમાંથી છટકવાની બારી શોધતો હોય.

શાલિભદ્રનું નામ તો ઘણી વાર સાંભળ્યું છે. દોમ દોમ અખૂટ વૈભવની વચ્ચે બેઠેલા શાલિભદ્ર પાસે કયાં સંસારના સુખોની કમી હતી? અરે! આખા મગધમાં શોધ્યો ન જડે એવો એનો ભવ્ય મનોહર મહેલ હતો. બત્રીસ બત્રીસ નવયૌવનાઓ જેની પત્ની બનવામાં પોતાનું સૌભાગ્ય માની, પડયો બોલ ઝીલવા સદાય તત્પર રહેતી હતી, દેવલોકના દેવ જેની સેવામાં દિવસ ઉગે કે નિત નવા નવા વસ્ત્રાલંકારો અને આભૂષણોની ભરેલી નવ્વાણું પેટી હાજર કરતા હતા, એવા દેવલોક જેવા મહાન સુખમાં આનંદ પ્રમોદ કરતા શાલિભદ્રને પણ જે દિવસે છોડવા જેવો સંસાર, મેળવવા જેવો મોક્ષ અને લેવા જેવો સંયમ લાગ્યો એ દિવસે સંસારની કેદના સળિયા તોડી સંસારની બહાર નીકળી જતાં એમને જરા ય વાર ન લાગી. સાત સાત માળના મહેલના પડછાયા ન એમને પીગળાવી શકયા કે બત્રીસ બત્રીસ પત્નીઓની આંખમાંથી દડ દડ વહ્યો જતો અશ્રુ પ્રવાહ ન એમને રોકી શકયો કે સંસારમાં રાખી શકયો. કારણ? એ કાદવના કીડા નહિ પણ કમળ હતા. કમળ હતા માટે સંસારથી અલિપ્ત બની સંયમની મસ્તી માણવા વીરના માર્ગે ચાલી નીકળ્યા. તો એમના ચરણોમાં આપણા શીર ઝુકી પડે છે.

પદ્મરથ રાજા કમળ સમાન હતા. તેથી મોક્ષ મેળવવા માટે સંસારને તિલાંજલી આપી સંયમ માર્ગે ચાલી નીકળ્યા. નમિરાજા આનંદથી રાજ્ય ચલાવે છે. પોતાના સદ્ગુણોથી નમિરાજાએ પ્રજાના હૃદય સિંહાસન પર સ્થાન જમાવ્યું છે. મિથિલાના મિત્ર-રાજ્યો વધી રહ્યા હતા એમ એના શત્રુ રાજ્યો પણ હજુ હયાત હતા, એ રાજ્યો મિથિલાની વિરૂદ્ધમાં પોતાની શક્તિ વેડફી રહ્યા હતા. સુદર્શન નગરનો રાજા ચન્દ્રયશ મિથિલાપતિના તાબામાં રહેવા માંગતો ન હતો. ચંદ્રયશ નમિરાજની વિરૂદ્ધમાં હતો. નમિરાજ નથી જાણતો કે ચંદ્રયશ મારો સગો વડીલ ભાઈ છે તેમ ચંદ્રયશ પણ નથી જાણતો કે નમિરાજ એ મારો ભાઈ છે. દિવસો વીતતા જતા હતા. આ વિરોધ વધુ વેગવાન બનતો જતો હતો. સામસામા લડીને એકબીજાનું અસ્તિત્વ મીટાવી દેવા બંને રાજ્યો મથી રહ્યા હતા. યુદ્ધ એક ચીનગારીની રાહ જોઈ રહ્યું હતું. એક તણખો મળતાં યુદ્ધની મહાજ્વાળાઓ સળગી ઉઠે એમ હતું. બળમાં મિથિલા અજેય હતી. સુદર્શનનું બળ મિથિલાનો મુકાબલો કરી શકે એટલું સબળ ન હતું, પણ ઈર્ષ્યા કહી પોતાના

બળાબળનો વિચાર નથી કરતી. મિથિલા અને સુદર્શનના વિગ્રહનું ખરું મૂળ ઈર્ષ્યા હતું. નમિરાજ કહેતા કે આવા બળવાન રાજ્ય મિથિલાની ઝંડી નીચે સુદર્શન કેમ ન રહે! ગમે તેમ કરીને યુદ્ધ દ્વારા પણ ચન્દ્રયશને તો નમાવવો જોઈએ. ચન્દ્રયશ કહેતો, નમિરાજ બળવાન હોય ને મિથિલા મોટી હોય એમાં અમારે શું? મિથિલા ભલે નમિને બળવાન ગણે. એ એના ઘરનો બળવાન! એમાં સુદર્શનને શું લાગે વળગે! અમારે શા માટે એના હાથ નીચે દબાવું જોઈએ?

આમ અરસ પરસ યુદ્ધના સંઘર્ષના સંગ્રામના ભડકા ધુંધવાઈ રહ્યા હતા. એક ચિનગારી ચંપાય એટલી વાર હતી, પછી તો યુદ્ધના લબકારા મારતી જ્વાળાઓ ફાટી નીકળવાની હતી. નમિરાજા રાજ્ય કરતા હતા એટલામાં એક નવીન ઘટના બની ગઈ. જે કોઈ અનુકૂળ કે પ્રતિકૂળ ઘટના બને છે તે ઘટના પાછળ કોઇ ને કોઈ રહસ્ય રહેલું હોય છે. મિથિલાનો શ્વેત પટ્ટ હસ્તિ ગાંડો થયો. આમાં પણ કોઈ સંકેત હોય તેમ લાગે છે. કુદરતે પુલના બે છેડા જુદા પડી ગયા છે તે સંધાવા માટે જાણે આ નિમિત્ત ઉભું થયું ન હોય! આ પટ્ટ હસ્તિ પર રાજા સિવાય કોઈ બેસી શકે નહિ. જેટલા રાજાના માન તેટલા પટ્ટ હસ્તિના માન. માત્ર નમિરાજાને નહિ પણ આખી મિથિલાને એ શ્વેત પટ્ટ હસ્તિ પર ખૂબ પ્રેમ હતો. આ શ્વેત હાથી મનોરમ્ય હતો. ધવલવર્ણી એની કાયા હતી. બે લાંબી દંતશૂળો એની કોઇ અનોખી શોભા હતી. એની ચાલમાં ચાતુર્ય હતું. રાજમાર્ગ પરથી પસાર થતો ત્યારે સૌ એને પ્રેમભરી નજરે જોઇ રહેતા.

આ હાથી મદોન્મત્ત બની આલાન સ્તંભ તોડી નાંખીને ભાગ્યો. તેણે ગામમાં ખૂબ તોફાન મચાવ્યું. ભાગ્યો તે એવો ભાગ્યો કે કોઇના કબજામાં ન આવી શક્યો. મિથિલાના મહાવતો આ હાથીને અંકુશમાં લેવા ખૂબ મથ્યા. એમણે વિવિધ પ્રકારની યુક્તિઓ અજમાવી જોઇ, પણ એ ન પકડાયો તે ન જ પકડાયો. મિથિલાના રાજમાર્ગોના મધ્યમાં થઈને એ શ્વેત હસ્તીએ દોટ મૂકી હતી. એ દોડતો જ રહ્યો, દોડતો જ રહ્યો, એ હાથીની પાછળ નમિરાજે રાજ્યના ગુપ્તચરો નિયુક્ત કર્યા જેથી હાથી ક્યાં જાય છે ને કોણ એને અંકુશમાં લે છે એ જાણી શકાય. વિષય કષાયના ઉન્માદે ચઢેલો જીવ પણ આ રીતે સંસારની દુર્ગતિ રૂપી અટવી તરફ દોડી રહ્યો છે.

मनो धावति सर्वत्र मदोन्मत्त गजेन्द्रवत् ।
ज्ञानांकुशे समुत्पन्ने तस्य नो चलते मनः ॥

મદોન્મત્ત હાથીની જેમ મન અહીં તહીં જ્યાં ત્યાં દોડયા કરે છે. જ્ઞાન રૂપી અંકુશ દ્વારા એ મન રૂપી મદોન્મત્ત હાથી વશ થાય છે. જ્ઞાન રૂપી અંકુશવાળી વ્યક્તિનું મન કદાપિ ચલિત થતું નથી.

આ પટ્ટહસ્તિ તો દોડતો રહ્યો. મિથિલાની સીમાઓ ઓળંગાઇ ગઈ. કેટલાય વનવગડા આવ્યા ને ગયા. પર્વતો પગ નીચેથી પસાર થઇ ગયા પણ એ શ્વેત હસ્તી ન અટક્યો. ભૂખ લાગતી ત્યારે એકાદ વનનિકુંજનો એ કચ્ચરઘાણ વાળી દેતો. તરસ

લાગતી ત્યારે હિલોળા લેતા શાંત-પ્રશાંત પરિજાતોથી ભર્યા-ભાદર્યા સરોવરને એ ડહોળી નાંખતો. વિશ્રામની તો વાત જ ન હતી. મિથિલાની હદ તો કયારની ઓળંગાઈ હતી. વિંધ્ય પર્વતની હારમાળા હવે શરૂ થઈ. મિથિલાથી આ પ્રદેશ ખૂબ દૂર સુદૂર હતો. શ્વેત હાથીની કાયા હવે થાકી ગઇ હતી. વિંધ્યાચળથી સુદર્શન ખૂબ નજીક હતું. સુદર્શન એટલે કયું નગર ? ખબર છે ને આપને ? જ્યાં મણિરથ અને યુગબાહુ રાજ્ય કરતા હતા તે નગર. જ્યાં ચંદ્રયશ રાજા રાજ્ય કરે છે. મિથિલાથી આવેલો એ શ્વેત હસ્તિ, રત્ન વિંધ્યાચલમાં આવીને થંભી ગયો. એ ચદ્રયશના રાજ્યનો વિસ્તાર ગણાતો હતો. નમિરાજનો આ હાથી સુદર્શન નગરની સીમામાં પહોંચીને ઉત્પાત કરવા લાગ્યો.

**ચંદ્રયશ પાસે આવેલી ફરિયાદઃ**-હાથીના ઉત્પાતને કારણે સુદર્શનપુરની પ્રજા ઘણી ત્રાસ પામી ગઈ. ત્રાસથી મુક્ત થવા પ્રજા રાજા ચન્દ્રયશની પાસે ગઈ અને પોતાની દુઃખદ કહાની રાજાને કહી. પહેલાના રાજાઓ પ્રજાનો પોકાર સાંભળીને બેસી રહે તેવા ન હતા. તે સમજતા હતા કે પ્રજા સુખી તો હું સુખી ને પ્રજા દુઃખી તો હું દુઃખી. તે પ્રજાને પોતાના સંતાન સમાન માનતા અને પ્રજા રાજાને પિતા સમાન માનતી. આજે તો રાજા પ્રજાનાં શત્રુ અને પ્રજા રાજાના શત્રુ બની ગયા છે. રાજાએ પ્રજાનો પોકાર સાંભળ્યો. તે પ્રમાદ કરીને બેસી ન રહ્યા. કોઈને ઓર્ડર ન કર્યો. જાતે ઉભા થયા. મારી હાજરીમાં મારી પ્રજાને કોઈ પ્રકારનું દુઃખ થાય તો પછી હું રાજા જ શાનો? પ્રજાને કોઈ પ્રકારનું દુઃખ ન થાય એવી વ્યવસ્થા કરવી એ રાજા તરીકેનું મારું કર્તવ્ય છે. ચંદ્રયશ કોના પુત્ર છે એ ખબર છે ને ? યુગબાહુ પિતા અને મયણરેહા માતાના પુત્ર છે. જે માતા પિતા સંસ્કારી, સદાચારી, શીલવાન હોય તેના સંતાનો પણ પવિત્ર જ હોય ને ! અરે ! મયણરેહાએ તો શીલ સાચવવા કેટલા કષ્ટો વેઠ્યા પણ શીલ નથી છોડયું, એવી આદર્શ માતાનો દીકરો ચંદ્રયશ છે. ચંદ્રયશ રાજાએ કહ્યું, આપ જાવ. હમણાં તમારું દુઃખ દૂર કરું છું.

ચંદ્રયશે સૈનિકોને બોલાવ્યા ને કહ્યું કે મારી પ્રજા હાથીના ત્રાસથી દુઃખી થઈ રહી છે, માટે એ હાથીને જીતવા-વશ કરવા આપ સૈન્ય તૈયાર કરો. ચંદ્રયશ રાજા સૈન્ય લઈને જ્યાં હાથી છે ત્યાં જાય છે. હાથીએ દૂરથી ચંદ્રયશને જોયો કે તે ઠંડો પડી ગયો. તેનું તોફાન બંધ થઈ ગયું. બધાને ખૂબ આશ્ચર્ય થયું કે જે હાથીને વશ કરવા કેટલા અંકુશો માર્યા, તેને વશ કરવા સેંકડો ઉપાયો કર્યા, છતાં કાબૂમાં ન આવ્યો, તે આજે ચંદ્રયશ રાજાને જોઈને ઠંડો પડી ગયો ને સૂંઢ નમાવીને જાણે નમસ્તે કરતો હોય તેમ કરવા લાગ્યો. રાજાના મનમાં થયું કે આ હાથી ગાંડપણમાં મિથિલા નગરીને છોડીને છેક અહિં મારી નગરી સુધી આવ્યો માટે તેમાં જરૂર કાંઈ સંકેત હશે. ન બનવાનું બન્યું છે માટે ભાવિના ભણકારા એમાં છૂપાયેલા હશે. ચંદ્રયશ રાજા હાથી પર બેસીને તેને હાથીખાનામાં લઇ ગયા અને માણસોને કહી દીધું, આ હાથીને તકલીફ ન થાય તે રીતે સાચવજો. હાથી કાંઈ બોલતો નથી પણ તેનો સંકેત છે કે કેટલાય

વર્ષોથી છૂટા પડેલા ભાઈને ભેગા કરવા છે, પણ ચંદ્રયશ અને નમિરાજ એકબીજાને ઓળખતા નથી, તેથી પહેલા તો આ શ્વેત હસ્તિના કારણે ખૂનખાર સંગ્રામ ખેલવા તૈયાર થશે. પરિગ્રહના કારણે ભાઈ ભાઈ લડવા તૈયાર થશે. પરિગ્રહ શું અનર્થ નથી કરાવતો ? પરિગ્રહના કારણે રાજ્ય રાજ્ય લડે છે. ભાઈ ભાઈ લડે છે, બાપ દીકરા લડે છે–અરે, કંઈક વાર તો ખૂન કરતા પણ અચકાતા નથી. જેના ઘરમાં પુણ્યાનુબંધી પુણ્યની લક્ષ્મી આવી હોય છે ત્યાં સંપ હોય છે. તેને દાન દેવાનું મન થાય. ગરીબોના આંસુ લૂછવાનું મન થાય, દુઃખીને જોઈને તેના દિલમાં કરૂણાનો ધોધ વહે.

એક શહેરમાં એક મકાન પર લખેલું "શ્રીનિવાસ". શ્રી એટલે પૈસો અને નિવાસ એટલે રહેઠાણ. પૈસો જ્યાં રહે છે એ જગ્યા. એ મકાનમાં શેઠ વસે છે, એમનું નામ પણ શ્રીનિવાસ, નામ પ્રમાણે ગુણ છે. શેઠને ત્યાં લક્ષ્મી ઘણી છે. ધંધો સારો છે, શહેરના નામાંકિત ઝવેરી છે, હીરા, મોતી, પન્ના, નીલમ અને માણેક બધું વેચે છે. સાથે શાહુકાર પણ છે. ભારે વ્યાજ લઈને લોકોને પૈસા ધીરે છે. સંપત્તિ ઘણી પણ શેઠ કંજુસ ઘણા, ચમડી તૂટે પણ દમડી ન છૂટે એવા કંજુસીયા. એક વખત એક ગરીબ બ્રાહ્મણ જાણે ગરીબીનો સાક્ષાત્ અવતાર ! એવો બ્રાહ્મણ ઘેર ઘેર ભીખ માંગી રહ્યો છે. તેની સાથે એક બાળક છે. એને જનોઇ આપવી છે. જો કોઈ દાતાર મળી જાય ને ખર્ચની સગવડ કરી આપે તે માટે તે ફરતો ફરતો શ્રીનિવાસના બંગલે આવ્યો. તેના મનમાં છે કે આ શેઠ બહુ શ્રીમંત છે, તે મારી ટહેલ પૂરી કરશે. તેણે કહ્યું, ટહેલિયા ભગતની ટહેલ છે ને દાતારને મન સહેલ છે. હે દયામૂર્તિ ! અનાથના નાથ ! મારા પુત્રને જનોઇ આપવી છે. તો જનોઈનો ખર્ચ મને આપો ને !

શેઠ તો ભારે કંજુસીયા ! એમણે તો ગુસ્સે થઈને કહ્યું, મહારાજ ! આગળ ચાલતા થઈ જાવ, અહીં કંઇ નહિ મળે. બ્રાહ્મણ કહે–શેઠ ! ભગવાને તમને ઘણું આપ્યું છે તો અમારા જેવા ભિક્ષુકને કંઈક આપો. થોડું આપશો તો ભગવાન તમને ઘણું આપશે. શેઠ કહે–ભગવાને તમારા જેવા ભિખારા માટે ધન આપ્યું હશે કેમ ? આ ધન કંઇ મફત નથી મળ્યું. શરીરના પાણી ઉતર્યા છે પાણી ! મારે ધન કંઈ ઉડાવી દેવું નથી. બ્રાહ્મણ કહે–ગરીબને દાન દેવાથી તમને અનેક ગણું મળશે. દાન દેવાથી ધન ઘટશે નહિ પણ વધશે. શેઠને તો ભારે ગુસ્સો ચઢયો. નોકરને કહે છે, આ ભિખારાને અહીંથી દૂર કર, ન જાય તો લાકડી માર, એને ક્યાં ખબર છે કે મારી સાથે વાત કરવાના પણ પૈસા પડે છે ! નોકરે એને ત્યાંથી હઠાવવા પ્રયત્ન કર્યા પણ એ ભારે હઠીલો ! છેવટે લાકડીના માર મળ્યા, ત્યારે ત્યાંથી ખસ્યો. પણ થોડે દૂર જઇને ઉભો રહ્યો. આ શેઠ તો પોતાની દુકાને ગયા.

**શેઠાણીની ઉદારભાવનાઃ**–થોડી વાર થઈ એટલે પાછો બ્રાહ્મણ ત્યાં આવીને ઉભો રહ્યો. શેઠાણી ઓટલા પર બેઠા હતા. તેમના મનમાં થયું કે આ બિચારો ક્યારનો કરગરે છે પણ શેઠ તો મખ્ખીચુસ, પૈસા તો ન આપ્યા પણ માર મારીને કાઢી મૂકયો.

તેમના દિલમાં દયા આવી. બિચારાના પાપકર્મનો ઉદય હશે ત્યારે તેને ભીખ માંગવાનો વખત આવ્યો ને ! આપણી પાસે છે તો માંગે છે. તેને કંઈક આપવાનું મન થયું, પણ પાસે કંઈ હતું નહિ. આ શેઠ તો એવા ભારે લોભીયા કે કોઈ દિવસ શેઠાણીને વાપરવા બે પાંચ રૂપિયા પણ આપતા નથી. શેઠાણી વિચારે છે કે શું આપુ ? વિચારમાં ને વિચારમાં તેનો હાથ નાક પર ગયો ને નાકની નથણી હાથમાં આવી. શેઠાણીએ કાંઈ પણ વિચાર કર્યા વિના બ્રાહ્મણને નથણી દઈ દીધી. ભિક્ષુક કહે બેન ! તમારું ભવોભવ કલ્યાણ થજો. એમ આશીર્વાદ આપ્યા. કયાં શેઠની કૃપણ ભાવના ને કયાં શેઠાણીની ઉદાર ભાવના ! બ્રાહ્મણ વિચાર કરે છે, મને જલ્દી અહીંથી જવા દે, જો શેઠ આવી પહોંચશે તો આ આપેલું પણ પાછું લઈ લેશે. એમ વિચારીને તે ત્યાંથી રવાના થયો.

**નથણી જોતા શેઠને જાગેલો ક્રોધ** :-બ્રાહ્મણ વિચાર કરે છે મારે નથણીની જરૂર નથી. જરૂર છે પૈસાની, તો નથણી વેચીને પૈસા મેળવી લઉં. શહેરમાં તો ઝવેરીના ઘણી દુકાનો. કેટલીય દુકાનોમાં ફર્યો. કોઈએ સો રૂપિયા કહ્યા, કોઈએ બસો કહ્યા, તો કોઈએ પાંચસો કહ્યા. એક પ્રમાણિક વહેપારી હતો તેણે કહ્યું. આપ પેલી મોટી દુકાને જાઓ. આ તમારી વસ્તુ મૂલ્યવાન છે, હીરો ડાઘ વગરનો ચોખ્ખો છે, તમને હજાર બે હજાર રૂપિયા મળશે. બ્રાહ્મણ ફરતો ફરતો શહેરના મોટા નામાંકિત ઝવેરીની દુકાને આવ્યો. દુકાને મુનીમ બેઠો હતો. તે ઝવેરાત પારખવામાં હોંશિયાર હતો. જ્ઞાની કહે છે આ જીવ ગમે તેટલી ડીગ્રીઓ મેળવે, કિંમતી રત્નોને પારખવામાં હોંશિયાર થઈ જાય પણ જ્યાં સુધી તેણે આત્મા રૂપી રત્નને ઓળખ્યું નથી, તેની પિછાણ કરી નથી, ત્યાં સુધી તે સાચો ઝવેરી નથી. જો કંઈ પણ પ્રાપ્ત કરવા જેવું હોય તો તે તારો આત્મા છે. આત્માને પ્રાપ્ત કરવાના પુરૂષાર્થ સિવાય બીજો કોઈ પુરૂષાર્થ કરવા જેવો નથી. આત્મા સિવાય કંઈ પણ મેળવવા જેવું ન લાગે ત્યારે યોગના માર્ગે તારા પ્રયાણનો પ્રારંભ થશે. આત્માને મેળવવા માટેના પુરૂષાર્થમાં તું લાગી જઈશ ત્યારે તું યોગી બનીશ. યોગી બન્યા વિના આત્માની પ્રાપ્તિ નહિ થાય. આત્માની પ્રાપ્તિ એટલે કર્મમુક્ત અવસ્થાની પ્રાપ્તિ.

બ્રાહ્મણ ફરતો ફરતો શહેરના પ્રખ્યાત ઝવેરીની દુકાને ગયો. ગાદી પર મુનિમ બેઠો હતો. એણે નથણી જોઈને બે હજાર રૂપિયા કિંમત કરી. બ્રાહ્મણના મનમાં લોભ જાગ્યો કે હજુ મને નથણીના વધારે પૈસા મળશે. એટલે નથણી પાછી માંગી. મુનીમે શેઠને કહ્યું, આ નથણીના બે હજાર આપવાના કહું છું તો ય આ બ્રાહ્મણ માનતો નથી. શેઠે નથણી જોઈને બ્રાહ્મણને કહ્યું, મહારાજ ! લેવા હોય તો બે હજાર લો, નહિ તો ચાલતી પકડો. બ્રાહ્મણને થયું બસ, હવે કસ આવી ગયો લાગે છે. હવે વધારે નહિ મળે એટલે બે હજાર રૂપિયા લઈને રવાના થયો. નથણી જોઈને શેઠ વિચારમાં પડી ગયા કે આ નાકની નથણી મારી પત્નીની લાગે છે. શું તેણે આ નથણી આ બ્રાહ્મણને દાનમાં દઈ દીધી હશે ! તેમના પેટમાં તો તેલ રેડાયું. જે એક પૈસો ન છોડે તેના બદલે પત્નીએ નથણી દઈ દીધી ! લાવ ઘેર જઈને તપાસ કરું.

શ્રીનિવાસ શેઠ તો દુકાનેથી ઉઠ્યા ને ઉપડ્યા ઘર ભણી. ન તો પાઘડી બાંધી કે તો પગરખા પહેર્યા. ઘરમાં પેસતા શેઠાણીને કહ્યું કે તમારા નાકની નથણી આપો. નાકમાં નથણી કેમ નથી? એ ક્યાં ગઈ? જો પત્ની કહે કે મેં નથણી દાનમાં આપી દીધી છે. તો તો તેનું આવી જ બને. એટલે અસત્ય બોલ્યા કે નથણીનો હીરો ઢીલો પડ્યો છે માટે પેટીમાં મૂકી છે. શેઠ કહે જાઓ, અબ ઘડી લઈ આવો. શેઠાણી તો અંદર રૂમમાં ગયા પણ પેટી કેવી ને નથણી કેવી? એ જાણતી હતી કે નથણી તો ગરીબ બ્રાહ્મણને આપી દીધી છે. પણ હવે શું થાય? પોતે એક દાનધર્મ કરતાં બીજો અધર્મ થયો. શેઠ પાસે અસત્ય બોલવું પડ્યું. એક જુઠું સાત જુઠ્ઠાણાંને જન્મ આપશે. મારા પતિ જાણશે તો મને મારી નાંખશે. ધિક્કાર છે આ જીવતરને! આના કરતાં મરી જવું સારૂં. એના સસરા અફીણ પીતા હતા એ અફીણ બહાર કાઢ્યું. એક વાડકામાં ઘોળ્યું ને પીતા પહેલાં પ્રભુને પ્રાર્થના કરી. પ્રાર્થના પૂરી થઈને વાડકો લઈને પીવા જાય છે ત્યાં ટપક કરતું વાડકામાં કંઈક પડ્યું. શેઠાણીએ જોયું, અરે, આ તો નાકની નથણી! એ તો રાજી રાજી થઈ ગઈ. ભગવાને પોતાની લાજ રાખી. તે દોડીને પતિની પાસે ગઈ ને કહ્યું, લો નાકની નથણી! હીરો જરા ઢીલો પડ્યો છે. શ્રીનિવાસે નથણી હાથમાં લઈને જોઈ તો બરાબર પોતાની નથણી છે. તો ખિસ્સામાં પડી છે તે નથણી કોની? શેઠે ખિસ્સામાં હાથ નાંખ્યો. નથણી કાઢી બરાબર એક સરખી. શેઠાણીએ નથણી દાનમાં આપી હતી તે બધી વાત કરી. દાનના પ્રભાવે એ નથણી પાછી બીજી આવી પણ ગઈ. આ જોઈને શેઠની આંખ ખુલી ગઈ. એમણે પત્નીને કહ્યું. તું મારો ગુરૂ! તેં મને અંધને દેખતો કર્યો. હવે હું મને જે લક્ષ્મી મળી છે તેનો સદુપયોગ કરીશ. હવે તો શેઠે છૂટા હાથે દાન કરવા માંડ્યું. દાન કરતા જાય ને પ્રભુના ગીત ગાતા જાય. તેમને હવે દાનનો મહિમા સમજાઈ ગયો.

જ્ઞાની કહે, છે તમે ધનના દાસ ન બનો, પણ સ્વામી બનો. આજે માનવી ધનમાં સુખ માની એમાં મશગૂલ રહ્યો છે, અને જ્યારે ધન મળે છે ત્યારે ધન પર પોતાનો અધિકાર સ્થાપિત કરવાને બદલે એનો દાસ બની જાય છે. ધન એને આધીન નથી રહેતું, પણ એ ધનને આધીન બની જાય છે. એ સંસારના સુખો, વિલાસો અને આરામના ભોક્તા બનવા ચાહે છે, પણ ભોક્તા બનવાને બદલે એ ભોગ્ય બની રહે છે. ભોગો એને આધીન રહેતા નથી, પણ એ ખુદ ભોગોને આધીન બની જાય છે. માનવીની આ કેવી પરાધીનતા! એ પરાધીનતામાં પણ સુખનો આભાસ જોઇ રહ્યો છે. જો દાસને બદલે તમે સ્વામી બનવા માંગતા હો તો ધર્મનો આશ્રય લો. ધર્મનું સ્વરૂપ સમજીને એનો આશ્રય લો. તો તમે ધન અને વિલાસના દાસ નહિ બનો, પણ એના સ્વામી બની શકશો. ધર્મને ન સમજનારો પોતાના ધનનો સદુપયોગ નથી કરી શકતો. જે પોતાની ઈચ્છાનુસાર શુભ કાર્યોમાં એનો ઉપયોગ નથી કરી શકતો, એ માણસ ધનનો દાસ છે. એનાથી ઉલ્ટું જે ધર્મને સમજી લે છે તે પોતાના ધનને તુચ્છ સમજીને પોતાની ઈચ્છાનુસાર શુભ કાર્યોમાં વાપરી શકે છે, માટે એ ધનનો સ્વામી છે.

ચંદ્રયશ વિચારે છે કે હાથીને વશ કરવાથી પ્રજાનું દુઃખ દૂર થયું અને મને પણ હાથીનો લાભ થયો. આ હાથી તો જાણે મારે માટે ન આવ્યો હોય! આ બાજુ નમિરાજાના માણસોએ જઈને બધી વાત કરી. મહારાજા! આપનો પટ્ટહસ્તિ મદોન્મત્ત થઈને ભાગી ગયો હતો. અમે તેને વશ કરવા ઘણા પ્રયત્નો કર્યા, પણ તે કોઈનાથી વશ ન થયો, અમારા બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. તે જંગલમાં ભાગી ગયો. આખરે તે હાથી આપણી સીમાને ઓળંગી માલવપતિ ચંદ્રયશ રાજાના રાજ્યની હદમાં દાખલ થઈ ગયો. આપણો તે હાથી મિથિલા નગરીમાં ખૂબ ત્રાસ વર્તાવવા લાગ્યો. પ્રજાને રંજાડવા લાગ્યો. પ્રજાને હેરાન પરેશાન કરી દીધી. તેને વશ કરવા બધાએ ઘણા પ્રયત્નો કર્યા પણ તે વશ ન થયો. છેવટે ન બનવાનું બની ગયું. નમિરાજા કહે શું બન્યું? ચંદ્રયશ રાજા સૈન્ય લઈને હાથીને વશ કરવા આવ્યા. ન જાણે શું સૂઝયું કે તે હાથી અમને વશ ન થયો, પણ ચંદ્રયશ રાજાને દૂરથી આવતા જોયા કે તે ઠંડોગાર બની ગયો અને તેમને સહજ રીતે વશ થઈ ગયો. હાથીને વશ કરી માલવપતિ જ્યારે તે હાથી ઉપર બિરાજ્યા અને તેની ઉપર ચામર ઢોળાવવા લાગ્યા ત્યારે તે માલવપતિ એવા શોભતા હતા કે જાણે ઈન્દ્ર જોઈ લો. હાથીને તે રાજાના હાથમાં જતો જોઈ અમને બધાને ઘણું દુઃખ થયું પણ અમે ત્યારે શું કરી શકીએ? આખરે અમે વિવશ થઈને પાછા આવ્યા છીએ અને આપને બનેલી હકીકત કહી રહ્યા છીએ.

આ વાત સાંભળીને નમિરાજાને ખૂબ દુઃખ થયું. સૌને સૌનું સ્વમાન વહાલું હોય છે. મારો પટ્ટહસ્તિ કેમ જવા દેવાય? તેમના મનમાં ક્રોધ આવ્યો. આંખો લાલચોળ થઈ ગઈ. તે કહેવા લાગ્યા કે તમે લોકોએ અત્યાર સુધી મને એ સમાચાર કેમ ન આપ્યા? મહાવતે કહ્યું, અમને એવો વિશ્વાસ હતો કે અમે હાથીને વશ કરી લઈશું પણ અમારો એ વિશ્વાસ ખોટો નીકળ્યો, અને અમે હાથીને વશ કરી શક્યા નહિ. હવે નમિરાજા હાથીને પાછો મેળવવા માટે શું કરશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર–બાળકોને રડાવવા માટે ઉપાય શોધતા રાજા :** રાજાએ બંને લાડવા પોતાના બાળકોને ખવડાવ્યા. રાજાના હૃદયમાં બંને રાજકુમારોમાંથી કોણ રાજા બનશે અને કોના અશ્રુબિંદુ મોતી બનશે તે જોવા માટે અધીરાઈ આવી છે. આ બંને બાળકો પુણ્યવંતા છે. એમને રડવાની ખબર નથી. પુણ્યશાળી જીવોના કજીયા ન હોય, રડવાનું ન હોય, તેમજ ભૂખારવા ન હોય. તેમના પેટ ભરેલા હોય. હવે છોકરાઓને રડાવવા કેવી રીતે? રાજાને રાત્રે ઉંઘ પણ નથી આવતી. રાત્રીના ચાર પ્રહર ચાર વર્ષ જેવા થઈ પડયા. કયારે સવાર પડે ને એ અદ્‌ભૂત દૃશ્ય નિહાળું! મનમાં વિચારોના તરંગો ઉઠે છે. કદાચ આ રંકની સોગાદનો ચમત્કાર પ્રકાશ પામે તો એને કઈ રીતે સન્માનવો? અરે! રૂદન વિના આંસુના મોતી કઈ રીતે પ્રાપ્ત થાય? એ માટે કુમાર પાસે કેવો પ્રયોગ કરવો? શું એમને માર મારવો? ના...ના...આશા અને અરમાન ભર્યા લાડીલા કુમારોને ફૂલની માફક જાળવ્યા છે. એમને વિના કારણે તાડનનો અત્યાચાર કેમ થાય?

ફૂલની માળા પહાડનો ભાર કેમ સહી શકે ? શું ત્યારે કઠોર વચન કહેવા ? દુનિયામાં વચન પરિષહ દુર્લભ મનાય છે. વચનના તીક્ષ્ણ બાણો અંતરના મર્મસ્થાનોને ભેદી નાંખે છે. એ મર્મસ્થાન ભેદાતા નયન કિનારા આપોઆપ અંતરના આંસુથી ભીંજાયા વિના રહેતા નથી. બાળકો માટે રૂદન એ સ્વાભાવિક પ્રકૃતિ છે, પણ વગર વાંકે કઠોર શબ્દો કહેવાની પિતૃ હૃદયની હામ હતી નહિ. તો હવે કરવું શું ? એક બાજુ પિતૃહૃદય અને બીજી બાજુ આશ્ચર્યદર્શનની અતિ જિજ્ઞાસા. અંતે રાજાએ મનમાં એક નિશ્ચય કર્યો.

રાજા સવારમાં ઉઠયા. વાતાવરણ શાંત હતું, મંદ મંદ શીતળ હવા આવતી હતી, પણ રાજાના મનમાં શાંતિ નથી. તેમનું ચિત્ત આંસુમાંથી કયારે મોતી બને એમાં હતું. ત્યાં બારણે અવાજ આવ્યો. બારણું ખોલ્યું તો બંને કુમારોને જોયા કુમારોએ આવીને પિતાને વંદન કર્યા. રાજા મૌન બેસી રહ્યા. કુમારો વિચારમાં પડયા. દરરોજ પ્રેમથી મીઠી ભાષાથી બોલતા પિતાજી આજે કેમ બોલતા નથી, અને આપણને જોતાં આંખો કેમ બંધ કરી દીધી હશે ? રોજ આપણે દર્શન કરવા આવીએ તો આપણને બાથમાં લઈ લેતા ને આજે સામું પણ જોતા નથી. શું આપણાથી કાંઈ અપરાધ થયો હશે ? આપણી કોઇ ભૂલ થઈ ગઈ હશે ? બંને કુમારોના દિલ આકુળ વ્યાકુળ બની ગયા.

અણધાર્યા વિષમ પ્રસંગોનું અણધાર્યું આક્રમણ ભલભલા વીરોને પણ એક પળ વિચારમાં મૂકી દે છે, તો આ બિચારા નાના ફૂલડા, આ ઝંઝાવાતના ઝપાટાને કેવી રીતે સહન કરી શકે ? બંનેના શરીર ભયથી ધ્રુજવા લાગ્યા. લળી લળીને પગે લાગે છે. બાપુજી ! અમારો શો વાંક ગુનો છે કે આજ અમારા સામી મીઠી દૃષ્ટિ પણ કરતા નથી. હવે આપણું શું થશે ? બીકના માર્યા કુમારોએ ગઇકાલની આખી દિનચર્યા તપાસી. ક્યાંય પણ પિતાજીને ન ગમતું કે તેમની આજ્ઞા વિરૂધ્ધ કંઇ કર્યું નથી ને ? સમયના પાના ઉકેલીને ફરી ખૂબ ધ્યાનપૂર્વક તપાસ્યા છતાં કયાંય પણ રાજાના ગુસ્સાનું કારણ મળ્યું નહિ. તેઓ આશ્ચર્યમાં પડયા. શું હશે ? કયાંય અઘટિત તો કર્યું નથી, તેથી મનમાં શાંતિ થઈ. નાનોકુમાર કહે ભાઈ ! આપણે જલ્દી જલ્દી પિતાજીને નમન કરીને બહાર જતા રહીએ. પિતાજી તો આંખો ખોલતા નથી ને સામું જોતા નથી. મોટોભાઈ કહે– પિતાજીના અંતરના આશીર્વાદ ન મળે ત્યાં સુધી નમસ્કાર શા કામના ! તું થોડી ધીરજ રાખ. હમણાં પિતાજી આંખો ખોલશે.

**પાછળ ફરતાં હાથ લાગતા, ફૂલદાનીઓ ફૂટી ગઈ,**
**ક્રોધાતુર રાજા ખૂબ બન્યો, બંનેને લાફો માર્યો.**

આ પ્રમાણે બોલતા કુમાર જરા પાછળ દૃષ્ટિ કરવા ગયો ત્યાં નહીં જેવા હાથના ધક્કાથી ફૂલદાની ગબડીને નીચે પડી ગઇ ને ફૂટી ગઈ. પહેલાં તો રાજાને મન ફૂલદાનીની કિંમત ન હતી, પણ આજે તો ફૂલદાની તૂટતા રાજાને નિમિત્ત જોઇતું હતું તે મળી ગયું. નિમિત્ત મળતાં તણખાનો દાવાનળ બને છે, ફૂલદાની પડવાના અવાજથી રાજાએ આંખો ખોલી., પણ આંખમાં ખુન્નસ ઉભરાયું, મુખ ક્રોધથી લાલચોળ બની ગયું. રાજાએ

ગુસ્સામાં કુમારોને ન કહેવાના શબ્દો કહ્યા. મુખમાંથી વચનાગ્નિની વર્ષા વરસવા માંડી. આ સાંભળીને કુમારો તો સ્થિર બની ગયા ને વિચાર કરવા લાગ્યા કે આજ દિન સુધીમાં પિતાજીને ગુસ્સો કરતાં જોયા નથી. ને આજે આટલો બધો ગુસ્સો કેમ? રાજા કહે છે કેમ, આજે શું કરવા ધાર્યું છે? સમયને ઓળખતા નથી શીખ્યા? તમારે મન દરેક પ્રસંગો સરખા જ છે કેમ? ફૂલદાની તૂટી ગઈ તો ખેર! પણ મારા ધ્યાનમાં સ્ખલના કરનાર બદમાશો! નીકળી જાઓ ઘરની બહાર. હવે તમારું મુખ મને બતાવશો નહિ.

કોઈ દિવસ એક પણ શબ્દ ન ઉચ્ચારનાર પિતાજીના મુખમાંથી આજે આ શબ્દો નીકળ્યા. તેથી કુમારના મનમાં અનેકાનેક કલ્પનાના ઘેરાં વાદળો સડસડાટ ચાલી રહ્યાં. હૈયામાં થડકારો શરૂ થયો, છતાં હિંમત રાખી, રાજાના ચરણમાં મસ્તક નમાવી નમ્રતાથી બોલ્યા, પિતાજી! અપરાધની ક્ષમા યાચીએ છીએ. મહારાજાની આંખો તો કુંવરની આંખો સામે જોઈ રહી હતી. ક્યારે એ આંખોના પાણી મોતીની વર્ષા કરે? રાજાની ધીરતા ખૂટતી નથી. છેવટે કુમાર જ્યાં મસ્તક નમાવે છે ત્યાં ક્રોધનો પારો આસમાને ચઢયો. યુવરાજને જોરથી ત્રણ તમાચા લગાવી દીધા. યુવરાજની આંખમાં આંસુ આવી ગયા. જીવનમાં પહેલી જ વાર આવો માર પડવાથી કુમારોના નયનમાંથી શ્રાવણ–ભાદરવો વરસવા લાગ્યો. રાજાની આંખો વારાફરતી બંને કુમારોના નીકળતા આંસુઓ તરફ હતી કે હમણાં મોતીનો ઢગલો થશે. રાજાની જિજ્ઞાસા વધતી હતી, પણ મોતીના બદલે અશ્રુ ત અશ્રુ રહ્યા. હજુ રાજા મોતીની લાલસાથી કુમારોને ફરી વાર મારશે ને ત્યાં શું બનશે, તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૫૭

**ભાદરવા સુદ ૧૫ રવીવાર** **તા. ૧૩–૯–૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! શાસનના શણગાર, અવનીના અણગાર એવા અનંત જ્ઞાની ભગવંતોએ ભવ્ય જીવોના આત્મઉત્થાન માટે આગમની પ્રરૂપણા કરી. વર્તમાનકાળમાં પંચમ આરામાં આગમ એ આત્માની ઉન્નતિ કરાવનાર પથદીપક છે. એવા જિનાગમને મહાપુરૂષોએ ઘણી ઘણી ઉપમાઓ આપી છે. તેમાં મુખ્ય આઠ ઉપમાઓ છે.

**(૧) સૂર્ય** :—સૂર્ય જેમ પોતાના પ્રકાશ વડે બાહ્ય પદાર્થોને પ્રકાશિત કરે છે, તેમ જિનાગમ પણ તેનું અધ્યયન કરનારને લોકાલોકના ભાવને જણાવે છે.

**(૨) ચંદ્ર** :—ચંદ્ર જેમ પોતાની શીતળતા વડે જગતને આનંદ આપે છે, તેમ શ્રી જિનાગમ પણ જગતને નિજસ્વરૂપ (જ્ઞાન–દર્શન)માં રમણતા રૂપી આનંદને પમાડે છે.

**(૩) દિપક** :—દિપક જેમ અંધકારનો નાશ કરે છે, તેમ જિનાગમ પણ આંતર-તિમિર–મોહાંધકારનો નાશ કરે છે.

**(૪) દર્પણ** :—દર્પણ જેમ તેની અંદર જોનારને પોતાની આકૃતિ બતાવે છે, તેમ શ્રી જિનાગમ પણ તેનું અધ્યયન કરનારને પોતાનું આત્મસ્વરૂપ બતાવે છે.

(૫) **અગ્નિ** :—અગ્નિ જેમ ઈન્ધનને બાળે છે, તેમ જિનાગમ જ્ઞાન રૂપી અગ્નિ, કર્મરૂપી ઇન્ધનને બાળવાનું કામ કરે છે.

(૬) **ઔષધ** :—ઔષધ જેમ શરીરના રોગોને મટાડે છે, તેમ આગમરૂપી ઔષધ મિથ્યાત્વાદિ આત્માના ભવરોગોને મટાડે છે.

(૭) **આંખ** :—આંખ જેમ જોનારને માર્ગ અને ઉન્માર્ગ બતાવે છે, તેમ આગમ પણ તેના ભણનારને સન્માર્ગ–ઉન્માર્ગનું ભાન કરાવે છે.

(૮) **હાટ** :—હાટ જેમ અનેક કરિયાણાઓનું સંગ્રહસ્થાન હોય છે, તેમ શ્રી જિનાગમ પણ અનેક શાસ્ત્રો અને તેની વ્યાખ્યાઓનું સંગ્રહસ્થાન છે.

જિનવચન સાંભળવાથી શ્રમ દૂર થાય છે. આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપ શમે છે. જડતાનો ઉચ્છેદ થાય છે. સમતાભાવની વૃદ્ધિ થાય છે. તથા ઇન્દ્રિયો રૂપી અશ્વો અને મન રૂપી વાનર વશમાં આવે છે. જિનવચનને શાસ્ત્રમાં નોવેંલની પણ ઉપમા આપી છે. નોવેંલ એક જાતની વનસ્પતિ છે, કે જેને સુંઘવાથી નોળિયાને સર્પદંશથી ચડેલું ઝેર ઉતરી જાય છે, તેવી રીતે જીવોને મોહરૂપી ફણિધરના ડસવાથી ચઢેલું રાગરૂપી વિષ નિરંતર જિનવચનનું ભાવપૂર્વક શ્રવણ કરવાથી ઉતરી જાય છે. જિનવચનની મીઠાશ, અમૃત, દ્રાક્ષ, ખાંડ અને ઇક્ષુરસની મીઠાશ કરતાં પણ અનંત ગણી અધિક છે. જિનવચન ઉત્તમ મંત્ર સમાન અને અપૂર્વ રસાયણ સમાન છે. નિરંતર જિનવચનનું શ્રવણ કરનારને નિત્ય નવીન નવીન સંવેગ, વૈરાગ્ય, વિષય સુખો પ્રત્યે ઉદાસીનતા, મોક્ષાભિલાષા, આત્મરમણતા તથા રાગદ્વેષની મંદતા વગેરે ચઢિયાતા ગુણો પ્રાપ્ત થાય છે. અથવા જિનવચન રૂપી જહાજ જેને પ્રાપ્ત થાય છે તે જીવ આ સંસાર–સાગરને સહેલાઈથી તરી જાય છે. મહાપુરૂષો કહે છે કે જિનવચનરૂપી સૂત્રમાં પરોવાયેલ જીવરૂપી સોય આ ભવચક્રમાં કદી પણ ખોવાઈ જતી નથી. ભાવથી પ્રાપ્ત કરેલ જિનઆગમનું એક સૂત્ર પણ આ જીવને સંસાર સાગરથી તારવા માટે સમર્થ બને છે.

આવા જિનાગમના પ્રણેતા પરમાત્મા પ્રભુને આપણે સૌથી પ્રથમ નમસ્કાર કરીએ છીએ. પરમાત્માને પ્રણામ કરતા પહેલાં તેમને ઓળખવાની જરૂર છે. આત્મા બે પ્રકારના હોય છે. પરમ અને અપરમ. ઘાતી કર્મનો ક્ષય થઇ જવાથી કેવળજ્ઞાનના પ્રકાશમાં જેમણે સમગ્ર બ્રહ્માંડને, લોક અને અલોકને જોયો છે, એવા પ્રભુની વાણી સાંભળવાથી બધી શંકાઓ દૂર થઈ જાય છે. તે છે અરિહંત પરમાત્મા, તેમાં કેવળીનો પણ સમાવેશ થઇ જાય છે. તેમના સિવાયના બીજા બધા 'અપરમ' આત્મા છે. આપણે 'અપરમ' આત્મા છીએ. અપરમ આત્મા પરમ આત્માને પ્રણામ કરે, તેમની સ્તુતિ કરે, પ્રાર્થના કરે, તેમનું ધ્યાન ધરે, તેમણે બતાવેલ માર્ગ પર પોતાનું જીવન જીવે તો અપરમ પરમ બની જાય છે. આવા પરમાત્મા પ્રભુની વાણી સાંભળવાથી જીવને મહાન લાભ થાય છે. સૂત્રકાર કહે છે—

सवणे णाणे य विन्नाणे, पच्चक्खाणे य संजमे ।
अणण्हए तवो चेव, वोदाणे अकिरिया सिद्धि ॥

વીતરાગ વાણીના શ્રવણથી જીવને જ્ઞાન થાય. આ જગતમાં સાંભળવા લાયક શ્રી સર્વજ્ઞભાષિત વચન છે. તે સિવાય બીજું સાંભળવા લાયક નથી. સર્વજ્ઞભાષિત વચનો આત્માને વસ્તુ સ્વરૂપનો સાચો ખ્યાલ કરાવે છે, તેથી આત્માની ભ્રાન્તિ નાશ પામે છે. સંસારના અનંત દુઃખોને સુખ રૂપ માનવા અને સંસારથી છૂટકારા રૂપ મુક્તિના અનંત સુખોને દુઃખ રૂપ માનવા એ જીવની અનાદિકાળની મિથ્યા ભ્રાન્તિ છે. જિનભાષિત વચનોને વારંવાર સાંભળવાથી, વિચારવાથી, હૈયામાં જચાવવાથી ભ્રાન્તિ નાશ પામે છે, અને સત્યનું યથાર્થ દર્શન થાય છે. ભગવાન દશવૈકાલિક સૂત્રમાં બોલ્યા છે–

सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।
उभयं पि जाणइ सोच्चा, जं सेयं तं समायरे ॥ અ.૪. ગા. ૧૧

સત્ય શ્રવણથી આત્મા કલ્યાણનો માર્ગ કયો છે ને પાપનો માર્ગ કયો છે, તે ઓળખી શકે છે. શ્રવણથી વિકાસનો રાહ અને વિનાશનો રાહ જાણી શકાય છે. પ્રગતિનો અને પતનનો રાહ પિછાણી શકાય છે. સંસારનો અને સંયમનો, એક રાગનો અને એક ત્યાગનો માર્ગ જાણી શકાય છે. શ્રવણનું કાર્ય માર્ગ બતાવવાનું છે. કયા રસ્તે ચાલવું તેની પસંદગી આત્માએ જાતે કરવાની છે. એ તો માત્ર દૃષ્ટિ આપે છે. ચાલવાનું કામ પગનું છે, પણ એક વાત છે કે શ્રવણ ગાંઠ પડી ગયેલી ગૂંચને ઘણી ખૂબી પૂર્વક ઉકેલી આપે છે. જ્યાં મોટા મોટા રાજનીતિજ્ઞોની મતિ પણ મૂંઝાઈ જાય છે, ત્યાં એક સામાન્ય માનવીની સાધારણ વાત પણ તેની ગૂંચ ઉકેલવામાં સહાયભૂત નીવડે છે.

મૌર્ય વંશના ઇતિહાસની વાત છે. એક વખત સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્ય અને ચાણક્ય ફરવા નીકળ્યા. ચાણક્ય ઘણો મોટો કુશળ, નીતિ નિર્માતા હતો. હજુ નંદરાજાનું સામ્રાજ્ય વર્તી રહ્યું હતું. તે ફરતા ફરતા કોઈ મહત્વ ભરી યોજનાની વિચારણા કરી રહ્યા હતા.. ફરતાં ફરતાં તેઓ એક નાના ગામડામાં પહોંચ્યા. ત્યાં એક વૃદ્ધ માતાના ઘેર જઈ પહોંચ્યા. આ માતા કંઇ શ્રીમંત કે ધનવાન નથી પણ તેની હૃદયની સંપત્તિ વિશાળ હતી. અતિથિ માટે તેને પૂજ્યભાવ હતો, એટલે તેણે ચાણક્ય અને ચંદ્રગુપ્તનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું. ગામડામાં કેટલીક વખત એવા ભાવિક આત્માઓ મળી આવે છે કે અલ્પ સમયના પરિચયમાં તે આપણું મન હરી લે છે અને તેમની પાસે રોટલો છાશ જે કંઇ હોય તે પ્રેમથી આપે છે. તેના લૂખા સૂકા રોટલામાં સ્નેહની સ્નિગ્ધતા એટલી બધી હોય છે કે શુદ્ધ ઘીની ચીકાશ પણ તેની સામે કંઇ વિસાતમાં નથી.

આ વૃદ્ધ માતાનું ઘર તો નાનું હતું, પણ હૃદય ઘણું વિશાળ હતું. એટલા માટે તેણે પ્રેમપૂર્વક એ બંનેને પોતાના ઘરમાં રહેવા દીધા. આ માતાને એ ખબર પણ ન હતી કે આ બંને ભારતના ભવિષ્યના ભાગ્ય નિર્માતા છે. તે તો તેમને અતિથિ માનતી હતી. અને તેથી એ રીતે તેણે અતિથિ–સત્કાર કર્યો હતો. પોતાના ઘરમાં જે લૂખું-

સૂકું હતું તે તેણે તેમને પ્રેમથી જમાડયું. સાંજે તે માતાનો છોકરો ખેતરમાં મહેનત મજુરી કરીને આવ્યો. આખા દિવસના થાકથી તેના પગ થાકયા હતા અને ભૂખ કકડીને લાગી છે. જમવાની કેટલી વાર છે? માણસ અથાગ મહેનત કરે એટલે ભૂખ લાગે એ સ્વાભાવિક છે. આજે મોટા શહેરોમાં શારીરિક શ્રમનો અભાવ છે. ઘરનું કામકાજ નોકરો પાસે કરાવે એટલે મહેનત કરવાની બહુ ન રહી, તેથી ભૂખ ઓછી લાગે. તેવા જીવોને ભૂખ લાગવા માટે ચૂર્ણો અને દવાઓ લેવી પડે છે, છતાં કહે છે કે ભૂખ લાગતી નથી.

માતાએ દીકરાને પ્રેમથી કહ્યું, બેટા! કંઈ વાર નથી, ખીચડી તૈયાર છે. તું જમવા બેસી જા. હું તને પીરસું. છોકરો જમવા બેઠો અને માતાએ તેના ભાણામાં ખીચડી પીરસી. છોકરાને કકડીને ભૂખ લાગી હતી, એટલે તે જલ્દીથી વચ્ચેથી ખીચડી લઈ ખાવા માટે તેમાં હાથ નાંખ્યો. તરત તેણે એકદમ ચીસ પાડી, કારણ કે ગરમ ખીચડીને અડતા તેનો હાથ દાઝી ગયો. તેની માતાએ કહ્યું. તું પણ પેલા ચાણકય અને ચંદ્રગુપ્ત જેવો મૂર્ખ છે. આ શબ્દો ચાણકયના કાને અથડાયા. તે ચમકી ઉઠ્યો. એક વૃદ્ધ માતા ભારતના નિર્માતાઓને મૂર્ખ ઠરાવી રહી હતી, આનું કારણ જાણવા માટે તે બંને જણા વૃદ્ધ માતાની પાસે ગયા, અને પૂછ્યું, માતા! હમણાં તમારા પુત્ર પાસે ચાણકય અને ચંદ્રગુપ્તને મૂર્ખ ઠરાવી રહ્યા હતા, તો એ બંનેએ શી મૂર્ખાઈ કરી? આમ તો બંને ઘણા બુદ્ધિશાળી દેખાય છે. માતાએ કહ્યું બેટા! દરેક વસ્તુ ગ્રહણ કરવાની રીત હોય છે. તેને તેની રીતે પ્રાપ્ત કરવી જોઈએ. ચાણકય અને ચંદ્રગુપ્ત નંદ રાજાનું રાજ્ય કબજે કરવા માંગે છે, પણ તેમણે મોટી ભૂલ કરી છે. આસપાસની સીમાઓને કબજે કર્યા વિના તેમના સૈન્યને વચ્ચે ઉતાર્યું અને પાટલીપુત્ર ઉપર આક્રમણ કર્યું. પરિણામ એ આવ્યું કે ચારે બાજુથી ઘેરાઈ ગયા. આવી મૂર્ખતા મારો દીકરો કરી રહ્યો હતો. આજુબાજુથી ખીચડી લઈને ખાધી હોત તો હાથ દાઝત નહિ પણ તેણે તો એકદમ વચમાં હાથ નાંખ્યો, એટલે હાથે દાઝી ગયો. ચંદ્રગુપ્ત અને ચાણકય માતાની વાત સાંભળી એક બીજાની સામે જોવા લાગ્યા. ગામડાની એક ઘરડી માતાએ તેમને વિજયનું રહસ્ય સમજાવી દીધું. તેમની ગૂંચવાઈ ગયેલી સમસ્યાનો ઉકેલ વૃદ્ધ માતાની વાતમાંથી મળી ગયો. માનવના વિકાસમાં શ્રવણનું જેટલું મહત્ત્વ છે તેટલું આધ્યાત્મિક જીવનમાં પણ છે.

વીર વાણીના શ્રવણથી સમ્યક્જ્ઞાન થાય. હેય, જ્ઞેય અને ઉપાદેયનો વિવેક જાગે. શ્રવણથી આત્મજ્ઞાનના ક્ષેત્રમાં આગળ વધે છે. જ્ઞાનથી વિજ્ઞાનને માર્ગે આગળ વધે છે. વિજ્ઞાન એટલે તમારું વિજ્ઞાન ( સાયન્સ ) એ ન સમજશો. એ વિજ્ઞાને ભૌતિક ક્ષેત્રમાં વિકાસ કર્યો છે, પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં તો પીછે હઠ કરી છે. નિશ્ચિતાત્મક જ્ઞાન એ વિજ્ઞાન છે અથવા જે જ્ઞાન તત્ત્વ વિનિશ્ચયનો હેતુ હોય તે વિજ્ઞાન છે.

**જે ભણતરથી ભવ અંત ન થાયે, તે ભણતરને ભણવું શું?**
**જે વિજ્ઞાનથી વિકાર ન છૂટયા, તે વિજ્ઞાન વધ્યાથી શું?**

જે ભણુતરથી (જ્ઞાન) ભવનો અંત ન આવે તે સાચું ભણુતર નથી. જે વિજ્ઞાનથી વિકારો ન છૂટે એવું વિજ્ઞાન ગમે તેટલું આગળ વધે તો શું? એ વિજ્ઞાન વિનાશને નોતરે છે. તત્ત્વ નિશ્ચય પછી આત્મા ત્યાગાભિમુખ થાય છે, કારણ કે જડ અને ચેતન એ બેના ભેદનું વિજ્ઞાન થયા પછી જડ પ્રત્યે અનાસક્ત દશા પ્રાપ્ત થવી અનિવાર્ય છે. પ્રત્યાખ્યાન છે ત્યાં સંયમ છે. સંયમ અને તપ એ નિર્વાણનો હેતુ છે. આ પ્રમાણે સાધનાની ભૂમિકામાં ભગવાન મહાવીરે શ્રવણને મહત્ત્વ આપ્યું છે.

શ્રવણની સાથે મનન પણ હોવું જોઈએ. મનન વિના શ્રવણનો આનંદ ન આવે. સાંભળવા છતાં જો સમ્યક્જ્ઞાન ન આવે તો સમજવું કે સાચું શ્રવણ નથી કર્યું. દાળ, ભાત, રોટલી, શાક જમીએ, છતાં પેટ ન ભરાયું તો કોઈ કહેશે કે રોટલા ખાધા કે બીજું કંઈ ખાધું? રોટલા ખાઈએ તો પેટ ભરાવું જોઈએ તેમ શ્રવણની સાથે જ્ઞાન પણ મળવું જોઈએ. રોટલી ખાવા માત્રથી કામ ચાલતું નથી. તેનું એકરસ થઈ શરીરમાં પાચન થવું પણ જરૂરી છે. તેનો રસ બને અને શરીરના એક એક અણુએ અણુ સુધી પહોંચે ત્યારે તે ઉપયોગી થાય છે. એ રીતે શ્રવણની સાથે મનન કરો, ચિંતન કરો અને આચરણ કરો, ત્યારે તેનો રસ બની જીવનના અણુએ અણુમાં પહોંચશે અને ત્યારે તે શક્તિ આપશે.

તમારે બહાર જવું હોય તો પહેલા તમે વાળ ઓળીને તમારું મુખ દર્પણમાં જુઓ છો કે કોઈ ડાઘ તો નથી રહી ગયો ને? તેવી રીતે સત્ય શ્રવણ એ જીવનનું દર્પણ છે. તેમાં આત્માનું પ્રતિબિંબ પડે છે. તેમાં જુઓ કે ખરાબી ક્યાં છે? જીવનમાં કોઈ કાળો ડાઘ તો નથી ને? દર્પણનું કામ તો માત્ર ડાઘ બતાવવાનું છે. સફાઈ તો જાતે કરવાની છે. દર્પણ કાંઈ સફાઈ કરવા આવવાનું નથી. દર્પણે ડાઘ બતાવ્યો છતાં તેને સાફ ન કરો તો તેમાં દર્પણનું કાંઈ બગડવાનું નથી, પણ દર્પણમાં જોવાનો કોઈ અર્થ સરશે નહિ. આ રીતે સત્ય શ્રવણની વાત છે. સાંભળ્યું છતાં જીવનમાં પરિવર્તન ન આવ્યું, અસત્યમાંથી સત્ય તરફ ન આવ્યા, સ્વાર્થ અને દ્વેષના કાળા ડાઘ જો સાફ ન કર્યા, તો શ્રવણ નિષ્ફળ જશે. કાનને મીઠું લાગે તેવું નહિ પણ જે જીવનને માટે મીઠું હોય તે સાંભળો. સત્ય શ્રવણથી હૃદય વિવેક જ્યોતિને પામે છે.

શ્રવણ કરવાથી જ્ઞાન-વિજ્ઞાન થાય. જ્ઞાન-વિજ્ઞાનથી જાણપણું થાય પણ આવતા કર્મને રોકવા માટે પ્રત્યાખ્યાનની જરૂર છે, અને જુના પુરાણા કર્મોને બાળવા માટે તપની જરૂર છે. આપણે ત્યાં મહાસતીઓએ પુરાણા કર્મો રૂપી ઇંધનને સળગાવવા માટે તપ રૂપી મોટો ભઠ્ઠો સળગાવ્યો છે. તપ કરવો એ સહજ નથી. તપ શા માટે? અનાદિકાળના કર્મના ગંજ આત્મા પર પડ્યા છે તેને બાળવા માટે તપની જરૂર છે, પણ એટલું યાદ રાખવું કે તપની સાથે તાપ ન થવો જોઈએ. તપ આ લોક કે પરલોકમાં સુખ મળે એ માટે નથી કરવાનો, પણ એકાંત નિર્જરાના હેતુથી તપ કરવાનો છે. બા. બ્ર. હર્ષિદાબાઈ મહાસતીજી, બા. બ્ર. ઉર્વીશાબાઇ મહાસતીજી-આ બંને તપસ્વીઓ તપ કરીને કર્મની ભેખડો તોડી

રહ્યા છે. કર્મો સામે કેશરીયા કરવા તપયજ્ઞમાં જોડાયા છે. આપણા શાસનપતિ ભગવાન મહાવીર સ્વામી નિયમા મોક્ષે જવાના હતા, છતાં તેમણે કેટલા ઉગ્ર તપ કર્યા. સામાન્ય તપ નથી કર્યા પણ ચોમાસી, છમાસી તપ કર્યા. પાંચ મહિના ને પચ્ચીસ દિવસના પણ તપ કર્યા. તેમાં તો ભગવાનને અભિગ્રહ હતો. ભગવાન રોજ ગૌચરી માટે ફરી રહ્યા છે પણ અભિગ્રહ પૂરો થતો નથી. તે અભિગ્રહ ચંદનબાળાના હાથે પૂરો થયો એ વાત તો ઘણી વાર સાંભળી ગયા છો.

ચંદનબાળાનું નામ તો વસુમતી હતું. તેના પિતા દધિવાહન રાજા લડાઈમાં માર્યા ગયા તેથી વસુમતી અને તેની માતા ધારિણી દેવી ત્યાંથી રથમાં બેસીને ભાગી છૂટયા. રસ્તામાં સારથીની દૃષ્ટિ બગડી તેથી ત્યાં ધારિણી દેવીએ જીભ ખેંચીને પ્રાણ છોડયા, પણ શીલ ન છોડયું, પછી સારથીએ ચંદનબાળાને વેચવા માટે બજારમાં ઉભી રાખી. કયાં એક વખતની રાજકુમારી ને કયાં ચૌટે વેચાવાનું આવ્યું ? ત્યાં એક વેશ્યા એને ખરીદવા આવી, જેના જીવનમાં ધર્મ છે, શીલનું ખમીર છે, એવી ચંદના પૂછે છે બેન ! આવું તો ખરી, પણ તમારે ત્યાં આચાર વિચાર શું છે એ કહો. ગણિકા કહે–રોજ નવાં સ્વાંગ સજવાના ને નવા પુરૂષ રીઝવવાના. ચંદનાને ચિંતા થઈ કે આ ઘરમાં હું મારું શીલ કેવી રીતે સાચવીશ ! દેહ કુરબાન કરીશ પણ ચારિત્ર તો નહિ છોડું. તેણે શાસનના દેવોને પોકાર કર્યો. હે શાસનદેવ ! આપ મારું રક્ષણ કરજો. જો આપ મારી વહારે નહિ આવો તો લાજ તમારી જશે. તેને ટેલીફોન જોડવો ન પડયો કે નંબર લગાડવો ન પડયો. તેના અંતરની ભક્તિનો ટેલીફોન દેવલોકમાં પહોંચી ગયો. દેવોનું આસન ડોલ્યું, ઉપયોગ મૂકીને જોયું તો સતીને કષ્ટમાં જોઇ. દેવો વાંદરાનું રૂપ લઈને આવ્યા ને ગણિકાને ચારે બાજુથી હેરાન હેરાન કરી. ગણિકા કહે, આને મારે નથી લઇ જવી. તે ગણિકાના પંજામાંથી છૂટી.

ત્યાં એક શેઠ આવ્યા. ચંદનાના ચારિત્રના તેજથી ચમકતું મુખડું જોયું ને સમજી ગયા કે આ કોઈ પવિત્ર સતી છે. કર્મોદયે તેને ભર બજારમાં વેચાવાનો વખત આવ્યો છે. શેઠને દયા આવી. તેમને સંતાન હતું નહિ. એટલે ચંદનાને પોતાને ઘેર લઇ ગયા. તેને દીકરીની જેમ સાચવે છે, પણ શેઠાણીને ચંદના પ્રત્યે ઈર્ષ્યા આવી. ઈર્ષ્યા ઘણું મોટું પાપ છે. ઇર્ષ્યાથી ઘણાં પાપ પેદા થાય છે, અને તેનાથી માણસનું જીવન બરબાદ થઈ જાય છે. ઇર્ષ્યા પ્રેમનું ઝેર છે. ઇર્ષ્યાથી પ્રેમનું મોત થાય છે. ઇર્ષ્યાનો દોષ ખૂબ ખત્તરનાક છે. ઇર્ષ્યાને લીધે માણસ પોતાની ચિત્ત શાંતિ અને ચિત્ત પ્રસન્નતા ગુમાવી બેસે છે. ઇર્ષ્યા રોષને જન્મ આપે છે. બીજા જીવોનું સુખ જોઇને, બીજાની આબાદી ને ઉન્નતિ જોઇને જો આનંદ ન થાય, મન ખુશ ન થાય તો સમજવું કે હૈયામાં ઇર્ષ્યા ભરેલી છે. ઇર્ષ્યાથી ભરેલું મન અશાંત અને ઉદાસી રહે છે. આવા મનની તન પર પણ ખરાબ અસર પડે છે. હૈયામાં ઇર્ષ્યા હોય અને ગમે તેટલી ધર્મક્રિયાઓ કરવામાં આવે તો એ ક્રિયાઓમાંથી ધર્મની સુગંધ નહિ આવે. ઇર્ષ્યાથી તો માણસનું પતન થાય છે, પછી તે ગૃહસ્થ હોય કે સાધુ હોય, બાળક હોય કે વૃદ્ધ હોય ! ઇર્ષ્યાથી માણસનું પતન થવાનું. ઇર્ષ્યા શું નથી કરતી ! અહીં મને એક દૃષ્ટાંત યાદ આવે છે.

માતાને એકનો એક દીકરો હતો. માતાને ખૂબ વહાલો. છોકરો પણ એટલો વિનયી, વિવેકી હતો. માતાની લાગણી ખૂબ. તેની આજ્ઞામાં ઓતપ્રોત. કયારે પણ માતાની આજ્ઞા ઉલંઘી નથી. માતાના પગ ધોઇને પીવે. છોકરો યુવાન થયો, એટલે સારી, સુશીલ કન્યા સાથે માતાએ તેને ધામધૂમ અને ઉમંગથી પરણાવ્યો. વહુ પરણીને ઘેર આવી. માતાને પુત્ર પ્રત્યે પ્રેમ ઘણો, પણ સાથોસાથ મનમાં એવા ભાવ હતા કે પુત્ર મારો બનીને રહેવો જોઇએ, પત્નીનો નહિ. છોકરો મા નો વિનય-વિવેક સાચવે. સારી રીતે બોલાવે પણ જેને પરણીને લાવ્યા એનું પણ સાંભળવું તો જોઇએ ને! છોકરો બંનેને સાચવે ને બંનેનું સાંભળે. છોકરો પત્ની સાથે વાતચીત કરે, તેને લઇને ફરવા જાય, તે માતાને ગમતું નથી. માતાથી આ બધું સહન થતું નથી. છોકરો પત્નીને બોલાવે નહિ, વાતચીત કરે નહિ તો તેને પરણીને લાવવાનો શું અર્થ?

છેવટે માતાએ રમત રમવાનું નક્કી કર્યું. જોજો, ઇર્ષ્યા શું કરે છે? પોતાના દીકરા વહુ છે છતાં તેમનો આનંદ પણ સહન કરી શકતી નથી, ને મનમાં ઇર્ષ્યાગ્નિની જ્વાળામાં બળવા લાગી. તેણે એક બનાવટી પત્ર લખીને વહુની સાડલાની થપ્પીમાં વચ્ચે મૂકી દીધો. બીજે દિવસે ફરવા જવું હતું, એટલે વહુ સાડલો લેવા ગઇ. તેમાંથી આ કાગળ નીચે પડી ગયો. વહુ તો બિચારી કંઇ જાણતી ન હતી. તદ્દન નિર્દોષ છે. જેવો કાગળ પડ્યો તેવો પત્ની એ કાગળ લેવા જાય તે પહેલાં પતિએ પત્ર લઇ લીધો અને વાંચ્યો. પત્ર વાંચતા વાંચતા તેના ચહેરાની રેખાઓ બદલાવા લાગી, કારણ કે કાગળમાં સાસુએ કેટલાય ખોટા આક્ષેપો તેના પર મૂકયા છે, કલંક ચઢાવ્યા છે. જીવ કર્મ બાંધતા વિચાર નથી કરતો કે આ નિર્દોષ વહુ ઉપર ખોટા કલંક-આક્ષેપો મૂકીશ તો મારી શી દશા થશે? પુત્રે કાગળ સાચો માની લીધો. પત્નીને ન સંભળાવવાના શબ્દો સંભળાવ્યા ને કહ્યું, તું આ ઘરમાં ન જોઇએ. પણ છે શું? મારો શું વાંક છે? મને તારી બધી ખબર પડી ગઇ છે. પત્ની પગમાં પડે છે પણ કાંઇ વાંક ગુનો કહેતો નથી. પત્ની સગર્ભા હતી પણ પેલા પત્રે એને એવો ભડકાવ્યો હતો કે પત્નીની કોઇ વાત તેની શંકાને દૂર ન કરી શકી. તેણે પત્નીનો કંઇ વાંક ગુનો બતાવ્યો નહિ ને પિયર કાઢી મૂકી.

પત્નીને પિયર મોકલી, આથી મા ખુશ થઇ ગઇ. તેને થયું કે પુત્ર હવે મારું કહ્યું માનશે. મારો બનીને રહેશે. પત્નીને પિયર ગયા પછી ખબર પડી કે મારા સાસુએ મારા પર ખોટા કલંક ચઢાવીને એ કાગળ મૂકયો હતો. તે વાંચતા પતિ પલટાઇ ગયો ને મને પિયર કાઢી મૂકી. પત્ની ડાહી ને સમજણી હતી. તે વિચાર કરે છે એમાં સાસુનો શો દોષ? મેં પૂર્વ ભવમાં એમના પર કલંક ચઢાવ્યા હશે તો આ ભવમાં તેમણે મારા પર કલંક ચઢાવ્યા. તું હવે તેમની સાથે વૈર ન રાખીશ. દુઃખમાં સમતા રાખ. મનમાં દુઃખ ધરીશ નહિ. આ રીતે કર્મનો ઉદય સમજતી એ પિયરમાં રહે છે. સમય જતાં તેણે પુત્રને જન્મ આપ્યો. તેના સમાચાર મોકલ્યા, છતાં પતિ ન ગયો. પત્નીનું કે પુત્રનું

સુખ પણ ન જોયું. આ રીતે માતાએ ઇર્ષ્યાથી પુત્રની અને પુત્રવધૂની જિંદગી બરબાદ કરી. પોતાના દીકરા વહુનું સુખ મા જોઇ ન શકી અને તેમનું સુખ છીનવી લેવાનો અધમ માર્ગ અપનાવ્યો. આથી વધુ ભયંકર ઇર્ષ્યાનું બીજું કામ શું હોઇ શકે ? પુત્ર-પરિવારના સુખની ઇર્ષ્યા કરનારા બીજાના સુખની તો ન જાણે કેટલી ઇર્ષ્યા કરતા હશે ? સુખી બનવું હોય તો બીજાના સુખની ઇર્ષ્યા કરવાનું છોડી દો.

અહીં મૂળા શેઠાણીને ચંદના પ્રત્યે ઇર્ષ્યા આવી. તેના મનમાં થયું કે ભવિષ્યમાં આ જ ઘરની શેઠાણી થઈને રહેશે. તેણે ચંદના પર આક્ષેપ મૂકયો, તેને વિચાર ન થયો કે કેવી પવિત્ર નિર્મળ ચંદના ! હું તેના પર આક્ષેપ મૂકું છું. સ્ત્રીઓની દૃષ્ટિ બહુ તુચ્છ અને ટૂંકી હોય છે. શેઠને મન તો ચંદના પોતાની દીકરી હતી. શેઠાણીના વર્તનથી તેમને ખૂબ દુઃખ થયું, પણ ઘણી વાર ભાઇઓનું તેમના શ્રીમતીજી પાસે કાંઇ ચાલે નહિ. (હસાહસ) એક વાર શેઠને બહારગામ જવાનું થયું. શેઠાણીને બરાબર લાગ મળી ગયો. તેણે ચંદનાના માથેથી વાળ ઉતરાવી નાંખ્યા ને માથે મુંડન કરાવ્યું. છતાં ચંદના એક શબ્દ પણ બોલતી નથી. હાથ પગમાં બેડી નાંખીને ભોંયરામાં પૂરી, છતાં ઉંકાર સરખો કર્યો નહિ. આપણને એમ થાય કે સતીએ આ કેવી રીતે સહન કર્યું હશે ! સતી ભોંયરામાં "નમો મહાવીરાય" નો એક ચિત્તે જાપ કરતી હતી. મનમાં શેઠાણી પ્રત્યે રોષ નથી, દ્વેષ નથી. એ તો કર્મનો દોષ જુએ છે. શેઠાણી તો સતીને ભોંયરામાં પૂરીને પિયર ભેગી થઇ ગઇ.

શેઠ બહારગામથી આવી ગયા. ઘરમાં ચારે બાજુ જુએ છે. ચંદના....ચંદનાના પોકારો કરે છે પણ ચંદના કયાંથી મળે ? એ તો ભોંયરામાં ભગવાનની ભક્તિમાં લીન છે. ભોંયરામાંથી "નમો મહાવીરાય" નો ઝીણો મધુર સ્વર આવે છે. શેઠના મનમાં થયું કે આવા મીઠા અવાજે કોણ બોલે છે ? શેઠ ભોંયરામાં ગયા તો ચંદનાને જોઇ.

અરે....બેટા ! તારી આ સ્થિતિ કોણે કરી ? ચંદનાની આ દશા જોતાં શેઠની આંખમાં આંસુ વહેવા લાગ્યા. જોજો, ચંદના અવળામાંથી સવળું શોધે છે. દુઃખમાં પણ સુખ માને છે. આજે તો માનવી સુખમાં પણ સુખ માનીને રહી શકતો નથી. સ્હેજ ઓછું પડે તો તરત ઓછું આવી જાય છે. શેઠ પૂછે છે બેટા ચંદના ! તારો ચાબૂક જેવો ચોટલો કયાં ગયો ? બાપુજી, હું 'નમો મહાવીરાય'નો જાપ કરું છું. જો માથે વાળ હોય તો એને ચોળવામાં ને ઓળવામાં મારો ટાઇમ બગડે. એટલો સમય પ્રભુના ભજન વગરનો જાય ને ? હું સારી રીતે પ્રભુ ભક્તિ કરી શકું એ માટે માતાએ મારા વાળ ઉતરાવી નાંખ્યા. તેનો કેટલો ઉપકાર માનું ! કયાં મૂળા શેઠાણીની મલીન ભાવના ને કયાં ચંદનાની ચંદન જેવી મ્હેંકતી ભાવના ! બેટા ! તારા હાથ પગમાં બેડી કોણે નાંખી ? પિતાજી ! જો મારા હાથ પગ છૂટા હોય તો એને દોડવાનું, બહાર ફરવાનું કે જોવાનું મન થાય. આ તો એકજ સ્થાને બેસીને પ્રભુનો જાપ થાય. મારી માતાનો કેટલો ઉપકાર માનું ! તેણે મારા હાથ પગમાં બેડી નથી નાંખી પણ કર્મની

બેડીમાંથી મુક્ત થવા પ્રભુના જાપ કરવાની સગવડ કરી આપી છે. શેઠ પૂછે છે દીકરી! તેં ખાધું પણ નહિ હોય, તું ભૂખી હોઈશ! પિતાજી! જો ખાવા પીવાની ઝંઝટમાં પડી જાઉં તો પ્રભુના ધ્યાનમાં એક ચિત્ત ન થાય, માટે હું અહોનિશ પ્રભુના ધ્યાનમાં એકાકાર બની શકું તે માટે માતાએ મને આ અનુકૂળતા કરી આપી છે. આ રીતે ચંદનાએ દુઃખમાં પણ સુખ શોધવાની કળા શીખી લીધી. શેઠાણીના દોષ ન જોયા, પણ તેમને ઉપકારી માન્યા. મોક્ષ મેળવવાની આ અનુપમ ચાવી છે.

ચંદનબાળાની વાતો સાંભળી શેઠની આંખમાં આંસુ આવી ગયા. અરરર...ક્યાં પવિત્ર ચંદના ને ક્યાં મૂળા શેઠાણીની દુષ્ટ ભાવના! આ તે દીકરી છે કે દેવી? શેઠને થયું કે લાવ, ઘરમાં કંઈક હોયતો એને ખાવા માટે આપું, પણ ઘરમાં બધે તાળા છે. માત્ર બાકળા બાફેલા પડ્યા હતા. તે શેઠે લીધા અને ચંદનાને સૂપડામાં આપ્યા. બેટા! આ ખાજે, હું બેડી તોડવા લુહારને બોલાવવા જાઉં છું. શેઠ લુહારને બોલાવવા ગયા. ચંદનાના હાથ પગમાં બેડી છે, એટલે તે એક પગ ઉંબરામાં ને એક પગ ઉંબરાની બહાર રાખીને બેઠી છે. ચંદના ત્રણ ત્રણ દિનની ઉપવાસી છે, પણ એ ભાવના ભાવે છે કે જો કોઇ યોગી પધારે તો દાન દઈને હું પારણું કરું.

ચંદનાના ભાગ્ય ઉઘડી ગયા. પ્રભુ મહાવીરસ્વામી પાંચ માસ ને પચ્ચીસ દિનથી ભિક્ષા કાજે ફરી રહ્યા છે, પણ અભિગ્રહ પૂરો થતો નથી. આકાશમાં દેવો પણ દોડાદોડ કરે છે. તેમને ચિંતા થઈ, અહો! આપણા શાસનપતિ ભગવાનના પારણાનો લાભ કયા પુણ્યશાળીને મળશે? ભગવાન ફરતા ફરતા ચંદનાના આંગણે આવી ગયા. ભગવાને જોયું. બધા બોલ પૂરા છે, માત્ર એક બોલ અધૂરો છે કે ચંદનાની આંખમાં આંસુ નથી, એટલે ભગવાન પાછા વળી ગયા. આટલા દુઃખ પડ્યા છતાં ચંદના ક્યારેય રડી નથી પણ ભગવાન પાછા ફર્યા ત્યારે તેનો અશ્રુનો બંધ તૂટી ગયો. હે પ્રભુ! મારા અંતરના આંગણેથી કેમ પાછા જાવ છો? ચંદનબાળાથી ત્યારે એવી કારમી ચીસ પડાઈ ગઈ કે પ્રભુજી!

**પ્રભુજી રે....આંગણે આવીને આમ પાછા ન જવાય,**
**ચંદના તો વિનવે પ્રભુજીને આજ...(૨)**
**આંસુડા જોઈ નયનોમાં, પ્રભુજી પાછા વળે રે (૨)**
**ઘેલી બની ચંદના ત્યાં બાકુળા વહોરાવે રે (૨) વરસે રે**
**વરસે રે આકાશમાંથી ફુલડાં અપાર....ચંદના તો**

ચંદના મા-બાપ વગરની થઈ, માથે આવા કષ્ટો પડયાં, છતાં એક ઉંકાર પણ નથી કર્યો ને દુઃખ નથી લાગ્યું પણ એને દુઃખ ક્યાં લાગ્યું? ભગવાન મારા આંગણે આવીને પાછા જાય! ખલાસ થઈ ગયું, ત્યાં કારમી ચીસ નીકળી ગઈ. તે પ્રભુના અંતર સુધી પહોંચી ગઈ. પ્રભુજીએ પાછું વળીને જોયું તો ચંદનાની આંખમાં આંસુ જોયા. પ્રભુજીને પાછું ફરવું પડયું. એની ભાવનાનું આંદોલન એવું ઉપડયું કે પ્રભુજી પાછા વળ્યા. સતી ચંદના દાન દેવા ઉભી થઈ, ત્યાં તેના હાથ પગની બેડીઓ તૂટી ગઈ. હાથમાં કંકણ ને

પગમાં ઝાંઝર થઈ ગયા, માથે સુંદર વાળ થયા. જુઓ ભગવાનનાં અતિશયનો ને ચારિત્ર-નો પ્રભાવ! સતીની બેડી તૂટી ગઈ. બંધનમાંથી મુક્તિ મેળવી. સતીએ ભગવાનને બાકળા વહોરાવ્યા. ત્યાં સાડાબાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ થઈ અને દેવોએ ચંદનબાળાનો જયજયકાર બોલાવ્યો. ગામમાં બધાને ખબર પડી. રાજા-રાણીને ખબર મળતાં તેઓ ત્યાં આવી પહોંચ્યા. અને કહ્યું-દીકરી! અમારા ગામમાં તારે આવા કષ્ટો વેઠવા પડયાં, તું ત્યાં આવી હોત તો! મૂળા શેઠાણીને ખબર પડતાં તે આવી પહોંચી ને સોનામહોરો ભેગી કરવા જાય છે, ત્યાં દેવ કહે છે સબૂર કર. આને તારે હાથ અડાડવાનો પણ અધિકાર નથી. આમાં તારી માલિકી નથી, આ બધું ધન ચંદના દીક્ષા લેશે ત્યારે વપરાશે. તારા ઘરમાં નથી લઈ જવાનું. તેના માસી કહે ચાલ ઘેર. તો ચંદના કહે, હવે મારે સંસારમાં રહેવું નથી. ભગવાનના ચરણે જવું છે. ચંદનબાળાએ ભગવાન પાસે દીક્ષા લીધી. ભગવાનના પ્રથમ શિષ્યા અને ૩૬૦૦૦ સાધ્વીઓના વડેરા બન્યા.

આપણે ત્યાં ઉગ્ર તપસ્વી બા. બ્ર. હર્ષિદાબાઈ મહાસતીજીને તથા નવદીક્ષિતા ઉગ્ર તપસ્વી બા. બ્ર. ઉર્વિશાબાઈ મહાસતીજીને આજે તેમની તપ-સાધનાનો છેલ્લો દિવસ છે. શાસનદેવની સહાયથી અને ગુરૂદેવની કૃપાથી તેમની ભાવના પરિપૂર્ણ થઈ. ઉગ્ર તપસ્વી બા. બ્ર. ભાવનાબાઈ મહાસતીજીને આજે ૨૩ મો ઉપવાસ છે ને શાતા સારી છે. આગળ વધવાના ભાવ છે.

હવે થોડી વાર ચાલુ અધિકાર વિચારીએ. નમિરાજાને મહાવતે સમાચાર આપ્યા કે આપણો પટ્ટહસ્તિ ચંદ્રયશ રાજાથી વશ થયો છે ને હવે તેમના દરબારમાં છે. આ વાત સાંભળીને નમિરાજાને થોડો ગુસ્સો આવ્યો પણ પછી મનમાં થયું કે કંઈ નહિ. હાથીનો પત્તો તો પડયો છે ને? તે સુદર્શન નગરમાં છે. ત્યાંના રાજા ચંદ્રયશ મારું નામ સાંભળીને હાથી પાછો આપી દેશે. માટે કોઈ ચતુર દૂતને સુદર્શન નગરમાં મોકલવો ઠીક છે. આ પ્રમાણે વિચાર કરી નમિરાજે એક બળવાન અને ચતુર દૂતને બોલાવીને કહ્યું, તમે સુદર્શનપુર જાઓ અને ત્યાંના રાજા ચંદ્રયશને કહો કે આ હાથી અમારો છે. માટે અમને પાછો સોંપી દો. હાથીને પાછો સોંપવાથી તમારો અને અમારો પ્રેમ વધશે. જો તમે આ હાથી નહીં સોંપો તો નમિરાજાનો કોપ સહેવો મુશ્કેલ થઈ જશે.

બંધુઓ! હાથી પરના મારાપણાના ભાવના કારણે ચંદ્રયશ એ હાથી પાછો ન આપે તો લડાઈ કરવી પણ હાથી મેળવવો સાચો. આ દુનિયામાં 'અહં' અને 'મમ'નું સામ્રાજ્ય વ્યાપેલું છે. અહં ઓગળે નહિ ને મમ મરે નહિ, તો મોક્ષ મળે નહિ. એક શ્લોકમાં પણ કહ્યું છે.

अहं ममेति मंत्रोऽयं, मोहस्य जगदांध्यकृत ।
अयमेत्रहि नय पूर्वो, प्रति मंत्रोऽपि मोहजित् ॥

આ વિશ્વમાં બે તત્ત્વો એવા પ્રકારના છે કે જેણે પોતાનું વર્ચસ્વ સમસ્ત જગતમાં જમાવ્યું છે. માણસ છતી આંખે આંધળો બની જાય છે. એનું કારણ બે તત્ત્વો છે. એ છે 'અહં' અને 'મમ' અથવા હું અને મારું. માનવી સમજે છે કે જે છે તે હું છું,

બસ, મારું ચાલે તો સમસ્ત જગતને મારી આજ્ઞાના બંધને બાંધું. હું એટલે સર્વસ્વ. મારી આગળ જગત તુચ્છ છે. સામાન્ય છે. ભલભલા મારી સલાહ લે છે. હું બધાને નચાવી શકું છું. ભલભલાને ભોંય ભેગા કરી શકું છું. મારી શક્તિ, બળ અને સામર્થ્ય આગળ સૌ તણખલા સમાન છે. હું આમ કરી શકું છું, તેમ કરી શકું છું. મારા વડે બધું છે. હું બધાનો સંચાલક છું. ભલભલા માણસો મને સલામ ભરે છે. મને જોતાં જ નમી પડે છે. જ્યાં જાઉં ત્યાં મારી બોલબાલા છે.

જ્ઞાની કહે છે, આટલી બધી મમતા અને અભિમાન શા માટે? ઘડીના છઠ્ઠા ભાગમાં તારું અભિમાન ગળી જશે અને આ કાયા માટીમાં મળી જશે. રાજા રાવણનું અભિમાન ગળી ગયું, તો પછી તું વળી કોણ? અભિમાનને ઝુલે ઝુલી અમૂલ્ય માનવ જીવનને સાર્થક કરવાની તકને શા માટે ગૂમાવી દે છે? અહીં નમિરાજ માને છે કે હાથી મારો અને ચંદ્રયશ માને છે કે હાલીચાલીને આવ્યો છે, મેં એને વશ કર્યો છે, માટે હવે એ હાથી મારો છે. નમિરાજા ચંદ્રયશને હાથી પાછો સોંપવા કહેવડાવશે, પણ ચંદ્રયશ હાથી પાછો નહિ આપે. તેનું પરિણામ કેવું ભયંકર આવશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૫૮

**ભાદરવા વદ ૧ ને સોમવાર** **તા. ૧૪-૯-૮૧**

### બા. બ્ર. ઉગ્ર તપસ્વી પૂ. હર્ષિદાબાઇ મહાસતીજી તથા બા. બ્ર. ઉગ્ર તપસ્વી પૂ. ઉર્વીશાબાઈ મહાસતીજીના માસખમણના પારણાનો પ્રસંગ.

**પૂ. કમળાબાઈ મહાસતીજીએ આપેલ પ્રવચનઃ**—આજનો દિવસ અતિ ભવ્ય અને મંગલકારી છે. તે એટલા માટે કે તપસ્વીઓના મનના મનોરથ પરિપૂર્ણ થયા છે. આ પ્રસંગે પૂ. ગુરૂણીમૈયાની આજ્ઞા થવાથી બે શબ્દ બોલું છું.

ભગવાને ચાર માર્ગ બતાવ્યા છે. સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ. આ ચાર માર્ગ અપનાવવા જેવા છે. એકે માર્ગ છોડવા જેવો નથી. આ દરેક માર્ગ પાપને હરનાર છે. સૌથી પ્રથમ જ્ઞાન છે. જ્ઞાનથી વસ્તુના સ્વરૂપને જાણી શકાય છે. જ્ઞાનથી સાચું શું છે અને ખોટું શું છે તે ખબર પડે છે. જડ અને ચેતનનું સ્વરૂપ જણાવનાર હોય તો જ્ઞાન છે. જ્ઞાન એ પ્રકાશ છે ને અજ્ઞાન એ અંધકાર છે. જ્ઞાન વિનાનું જીવન વેરાન વન જેવું છે. જીવનને સુંદર અને હરિયાળું બનાવવા માટે જ્ઞાન મેળવવું જોઈએ. જ્ઞાનથી દેવ-ગુરૂ-ધર્મની પિછાણ થાય છે. દર્શનથી એના પર શ્રદ્ધા થાય છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્ દર્શનમ્! જીવ અજીવાદિ ઉપર યથાર્થ શ્રદ્ધા થવી તેનું નામ સમ્યગ્ દર્શન છે. પછી નંબર આવે ચારિત્રનો. જ્ઞાનથી જાણે, દર્શનથી શ્રદ્ધા કરે, પણ તે સફળ ક્યારે બને? સમ્યગ્ ચારિત્ર આવે ત્યારે. ચારિત્ર એટલે આચરણ. ભગવાને જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે કર્મ ખપાવવા આચરણ કરવાનું. ભોજનનો થાળ ભરેલો હોય, થાળમાં જાતજાતના પકવાન હોય, ફરસાણ હોય, દાળ, ભાત વગેરેથી થાળ ભરેલો હોય, પણ તેના માત્ર નામ

ગણુવાથી કે જોવાથી ભૂખ ભાંગતી નથી, પણ મુખ દ્વારા ખાવામાં આવે, એને ચાવીને ગળામાં ઉતારવામાં આવે તો ભૂખ ભાંગે, તેમ જ્ઞાન મેળવી લીધું, શ્રદ્ધા પણ કરી, પણ આચરણ નહીં હોય તો કર્મો ખપવાના નથી. સમ્યક્‌જ્ઞાન, દર્શન, ચારિત્ર પછી ચોથો નંબર આવે તપનો. ચારિત્ર લીધા પછી તપમાં વિચરણ કરવાનું છે. આવતા કર્મોને રોકવા માટે ચારિત્ર અને પુરાણાં કર્મોને બાળવા માટે તપ છે.

સિદ્ધાંતમાં વાત આવે છે ભગવાન તથા ગુરૂભગવંતો ગ્રામાનુગ્રામ વિહાર કરતા કરતા અમૂક ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં છેલ્લે શબ્દ એ આવે છે કે **संजमेण तवसा अप्पाणं भावेमाणे विहरइ ।** સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા થકા વિચરે છે. સંયમ લીધા પછી જેટલો બને તેટલો વિશેષ પ્રકારે તપ કરવાનો છે. તપ દ્વારા કર્મની નિર્જરા થાય છે. આપને ત્યાં પર્યુષણ અગાઉ સુજાતાબાઈનો તપ મહોત્સવ ઉજવાયો. તે પછી પર્યુષણમાં ઘણા ભાઈબેનોએ ઉગ્ર તપ સાધના કરી, તે મહોત્સવ ઉજવાયો. ને આજે ત્રીજી વાર આ મંગલ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. બા. બ્ર. પૂ. હર્ષિદાબાઈ મહાસતીજી, બા. બ્ર. પૂ. નવદીક્ષિતા ઉર્વીશાબાઇ મહાસતીજી—આ બંને મહાસતીજીની ૩૦ ઉપવાસની તપ —સાધના નિર્વિઘ્નપણે પૂર્ણ થઈ, ને આજે પારણાનો દિવસ આવી ગયો. તેમના મનમાં એ ભાવના છે કે સંયમથી આવતા કર્મો રોકાણાં પણ પુરાણાં આકરાં કર્મોને ખોખરા કરવા માટે તપની અવશ્ય જરૂર છે, તેથી આ મહાન ઉગ્ર તપ–સાધના કરી રહ્યા છે. તપનો મહિમા ખૂબ છે. અન્ય દર્શનોમાં પણ સાધકો વિદ્યા સિદ્ધ કરવા માટે જંગલમાં જઈ તપ કરતા હોય છે. રાવણે વિદ્યા સિદ્ધ કરવા માટે કેટલા વર્ષો સુધી તપ સાધના કરી ત્યારે સિદ્ધિઓ પ્રાપ્ત કરી, પણ તે તો સંસારનાં સુખ આપનારી, શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરવાની લૌકિક સાધના હતી. ઘણી વાર સત્યાગ્રહ માટે પણ ઉપવાસ ઉપર ઉતરે છે, પણ આ તપ દ્વારા કર્મની નિર્જરા થતી નથી. પણ આત્મલક્ષે કરેલી સાધના જ કર્મોને બાળે છે.

તપ રૂપી દાવાનળથી કર્મો બળીને ભસ્મીભૂત થઇ જાય અને આત્મા નિર્મળ, પવિત્ર બને છે. પૂ. ગુરૂદેવની પુણ્યતીથિ નિમિત્તે રત્નગુરૂ દશાંગી તપની આરાધના ચાલી રહી છે. મહાન તપસ્વી બા. બ્ર. હર્ષિદાબાઈ મહાસતીજીને આ દશમું માસખમણ છે. બા. બ્ર. મહાન તપસ્વી ભાવનાબાઇ મહાસતીને આઠમું માસખમણ છે. બા. બ્ર. મહાન તપસ્વી ઉર્વીશાબાઇ મહાસતીજીને બીજું માસખમણ છે. આ તપસ્વીઓના તપ નિર્વિઘ્નપણે સુખ સમાધિપૂર્વક પરિપૂર્ણ થયા છે, તેમાં મુખ્યત્વે તો અમારા પૂ. ગુરૂણીમૈયાની અસીમ કૃપા છે. તપસ્વીના તપનું એક કિરણ પણ આપણા અંતરમાં પડે તો આત્મા પવિત્ર અને ઉજ્જવળ બને. ધન્ય છે આ તપસ્વીઓને!!

**તપસ્વીઓને તપનો છે રાગ, તપ તેજે ઝળકી ઉઠયો છે આતમબાગ,**
**એમાં ન મળે કોઈને ભાગ, જો ચાહે મુક્તિ તો તપસ્યા કરવા લાગ.**

આવા તપસ્વીના જેટલા ગુણ ગાઈએ તેટલા ઓછા છે. અંતમાં આ તપ સાધકો તેમના જીવનમાં હજુ વિશિષ્ટ તપ કરે, કર્મોને ખપાવે, કર્મ કચરાને સાફ કરી આત્માને દિવ્ય તેજસ્વી બનાવે ને શાશ્વતા સુખને પ્રાપ્ત કરે એ જ અંતરની અભિલાષા સહિત વિરમું છું.

**બા. બ્ર. પૂ. કાન્તાબાઈ મહાસતીજી** :–આજે મહાન મહોત્સવનો દિવસ છે. દુનિયામાં ઘણા પ્રસંગો આવે છે ને જાય છે, પણ જે પ્રસંગો જીવનમાં કંઈક નવીન પ્રેરણા આપી જાય તે સાચા પ્રસંગો છે. આજે રવીવાર નથી, છતાં સૌના મનમાં એ આનંદ છે કે આજે જવું છે વંડે, શા માટે ? અહીં કોઈ મોટો જમણવાર નથી. હા, પૂ. મહાસતીજીના મુખેથી વહેતો વીતરાગ વાણીનો જમણવાર છે. સૌના દિલમાં ગુંજારવ થઈ રહ્યો છે. એનું કારણ તપ મહોત્સવનો આનંદ. તપ એ સાચી સંજીવની જડીબુટ્ટી છે. તે આપણા ભવના રોગો નાશ કરે છે. મહાભાગ્યશાળી આત્માઓ ઉગ્ર તપની સાધના કરી રહ્યા છે. તેમની માસખમણની ભાવના પરિપૂર્ણ થઈ, ને આજે પારણાનો પ્રસંગ આવી ગયો. કોઈ વાર તપમાં વચ્ચે વિઘ્ન આવી જાય ને સાધના અધૂરી રહી જાય, પણ ગુરૂદેવની કૃપાએ આ બંને તપસ્વીઓનો તપ નિર્વિઘ્નપણે પરિપૂર્ણ થયો છે. બા. બ્ર. ઉગ્ર તપસ્વી હર્ષિદાબાઈ મહાસતીજી, બા. બ્ર. ઉગ્રતપસ્વી ઉર્વીશાબાઈ મહાસતીજી જેમના દિલમાં ખટકારો થયો કે આવતા કર્મોને રોકવા સંયમની સાધના તો કરી, પણ પુરાણાં કર્મોને બાળવા માટે તપની જરૂર છે.

સિદ્ધાંતમાં કેટલાય મહાન પુરૂષોના દાખલા આવે છે. જેમણે કર્મો સામે કેસરીયા કરવા તપના હથિયાર લીધા અને કર્મો ઉપર વિજય મેળવ્યો. શ્રેણીક રાજા ભગવાન મહાવીર સ્વામીને વંદન કરવા ગયા. વંદન કરીને ભગવાનને પ્રશ્ન કર્યો કે અહો મારા ત્રિલોકીનાથ ! આપના શાસનમાં બધા સંતો મોતીની માળા સમાન છે, પણ કર્મની મહાન નિર્જરા કરનાર કોણ સંત છે ? ભગવાને કહ્યું, મારા બધા સંતો મહાન છે, પણ આપ પૂછો છો એટલે કહું છું કે કર્મની મહાન નિર્જરા કરનાર ધન્ના અણગાર છે. તે છઠ્ઠના પારણે આયંબીલ કરે છે. જેણે અનાસક્ત ભાવ કેળવ્યો છે, વૃત્તિઓ ઉપર વિજય મેળવ્યો છે. વસ્તુનો ત્યાગ કરવો સહેલ છે, પણ તેના પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરવો મુશ્કેલ છે. ધન્ના અણગારે જીવનમાં મહાન તપ સાધના કરી જીવનને ઉજ્જવળ બનાવ્યું. તેમના જીવનમાં એ ખટકારો હતો કે મારા મલીન બનેલા આત્માને પવિત્ર બનાવવો છે. આત્મા પર લાગેલી કાળાશને દૂર કરવી છે. જ્યારે આપણને કાળાશ દૂર કરવાની લગની લાગશે ત્યારે આત્મા જાગૃત બનશે.

બહેનો ફાનસ સળગાવે ત્યારે ચીમની પરની કાળાશને દૂર કરે ત્યારે તેનો પ્રકાશ કાંઈ અપૂર્વ લાગે છે. ચીમની કાળી હોય તો પ્રકાશ ઢંકાઇ જાય છે, તેમ કષાયની કાળાશ હોય તો અંતરમાં પ્રકાશ ટકી શકવાનો નથી, પણ જેમ ચીમનીની કાળાશ દૂર થતાં અલૌકિક પ્રકાશ પ્રાપ્ત થાય છે તેમ કષાયોની કાળાશ દૂર થાય ત્યારે આત્મામાં

નવીન પ્રકાશ પ્રાપ્ત થાય છે. ભગવાને મોક્ષ જવાના અનેક દરવાજા બતાવ્યા છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, દાન, શીયલ, તપ, ભાવ. સંચિત કરેલાં કર્મોને ખપાવવા માટે તપ એ અમોઘ હથિયાર છે. નાની ઉંમરમાં આ મહાસતીજીઓએ આવી ઉગ્ર સાધના કરી. ધન્ય છે તેમના જીવનને! આપણા કોટી કોટી ધન્યવાદ! તેઓ તેમના જીવનમાં ફરી ફરીને આવી ઉગ્ર સાધના કરી કર્મોને ખપાવે. જીવન ઉજ્જવળ બનાવે એજ મનની મનીષા. તેમના જેવા તપ કરવાનું શાસનદેવ અમોને બળ આપે, શકિત આપે એ જ ભાવના સહિત વિરમું છું. હવે પૂ. મહાસતીજી વ્યાખ્યાન ફરમાવશે.

**બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજી.**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની મહાપુરૂષો ફરમાવે છે કે

**बिभेषि यदि संसारात् मोक्षप्राप्ति च कांक्षसि ।**
**तदेन्द्रिय जयं कर्तुं, स्फोरय स्फोरय पौरुषम् ॥**

હે ચેતન! આ સંસારથી તને ભય લાગ્યો હોય અને તેનાથી તું મુક્ત થવા માંગતો હોય તો તું તારી ઈન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કર. અને તે માટે અવિરત પુરૂષાર્થ કર. જન્મ, જરા અને મૃત્યુની ચક્કીમાં અનાદિકાળથી આપણો આત્મા પીસાઇ રહ્યો છે, દુઃખી–દુઃખી થઈ રહ્યો છે અને ત્રાહિતોબા પોકારી રહ્યો છે. આ બધાનું મૂળ અને મુખ્ય કારણ આપણો આત્મા જન્મોજન્મથી ઈન્દ્રિયોનો ગુલામ બન્યો છે. વાસનાને વશ થયો છે, તેથી તેની આ દુર્દશા થઇ રહી છે. હવે જો આત્માને આ ઘોર દુઃખોથી બચાવવો હોય, સાચો સુખી અને શાંત બનાવવો હોય, તો તેણે વાસના ઉપર વિજય મેળવવો પડશે, ઇન્દ્રિયોને વશ કરવી પડશે. લાલસાઓ ઉપર કાબૂ મેળવવો પડશે. એકેક ઈન્દ્રિયને વશ બનેલા હાથી પતંગીયું, ભ્રમર, માછલી અને હરણ પોતાના પ્રાણ ગુમાવી દે છે, તો પાંચે ઇન્દ્રિયોમાં આસક્ત બનેલા અને વાસનાના ગુલામ બનેલા માનવીની શી દશા?

બંધુઓ! વિચાર કરો. જે રૂપ પાછળ જીવ ગાંડો ઘેલો બને છે, અરે, એમાં મુગ્ધ અને મશગૂલ બની સર્વસ્વ ન્યોછાવર કરવા તૈયાર થાય છે પણ આ રૂપ પાછળ જીવ દૃષ્ટિ કરે, તો તેને જણાશે કે આ કાયા તો મળમૂત્ર અને વિષ્ટાદિ સાત ધાતુથી ભરેલી કોથળી છે. જેમ કોઈ માણસ તમને એક સુંદર અને સોહામણી કોથળી આપવા તૈયાર થાય, પછી ભલે તે મખમલની મુલાયમ અને મોહક કોથળી હોય, ચારે બાજુ કસબનું કામ કર્યું હોય, વચ્ચે મોતી અને નંગ જડેલા હોય, સ્પર્શમાં ખૂબ કોમળ, દેખાવમાં અત્યંત આકર્ષક આનંદદાયક હોય, આંખ અને હાથને ગમે તેવી મનોરમ્ય હોય, પણ ખબર પડે કે એ કોથળી તો વિષ્ટાથી ભરેલી છે, તો કોઈ એનો સ્પર્શ કરે ખરા? ના ...ના....આ જ રીતે માનવી તું જરા વિચાર કર કે જે રૂપમાં તું મુગ્ધ બન્યો છે તે કાયા દેખાવમાં ગમે તેટલી ખૂબસુરત હોય, ભલે રૂપમાં રૂપાળી હોય, ઉપરથી સોહામણી લાગતી હોય, તેથી કંઈ રાજી થવાનું નથી, કારણ કે આ ઉપરથી રૂપાળી દેખાતી કાયા

મળ, મૂત્ર, વિષ્ટા, પરુ. લોહી, ચરબી, હાડ, ચામ અને માંસ વગેરે સાત ધાતુઓથી ભરેલી છે, દુર્ગંધથી ભરેલી આ કાયા પાછળ શાને ગાંડોઘેલો બને છે?

મહાપુરૂષો આ કાયાને ગંદકીના ગાડવા તરીકે ઓળખાવે છે. ખરેખર, આ કાયા ગંદકીના ગાડવા રૂપ છે. અરે આ રૂપના મોહમાં જીવ ચારિત્રને નષ્ટ ભ્રષ્ટ કરી નાંખે છે. મહામૂલા શીલનો ભંગ કરે છે. કાયાને અપવિત્ર બનાવે છે. ઇજ્જત-આબરૂને લીલામ કરે છે. પોતાના હાથે દુર્ગતિની મહેમાનગીરી સ્વીકારી લે છે. અને દુઃખની ભયંકર ગર્તામાં આત્માને ધકેલે છે, જ્યાં એક ક્ષણ પણ ભયંકર દુઃખકર છે, એવા નરક-નિગોદના સ્થાનમાં હજાર બે હજાર નહિ. કરોડો-અબજો વર્ષો નહિ, પણ અસંખ્યાત વર્ષો સુધીના ઘોર દુઃખોને વહોરી લે છે.

આ કાયાની કોથળી કેવી છે? ગમે તેવા સ્વાદિષ્ટ, સુંદર અને સુગંધીદાર માલમિષ્ટાન્ન પણ આ કાયાની કોથળીમાં પડતાની સાથે મલિન અને દુર્ગંધમય બની જાય છે. જે વસ્તુને તમે પ્રેમથી જમો છો તે પણ આ કાયાનો સંગ થતા તેના કેવા હાલ થાય છે એ ક્યાં કોઈથી અજાણ્યું છે! રૂપની પાછળ પાગલ બનેલા પતંગીયા દીપકમાં યાહોમ કરીને ઝંપલાવે છે. અંતે પોતાના પ્રાણ એમાં હોમી દે છે. જ્ઞાની તો કહે છે કે જે તનને તું પ્રેમથી પંપાળે છે, સ્નેહથી સ્નાન કરાવે છે અને સાબુ, સ્નો, પાવડર લગાવી ઉજળું બનાવે છે એ તનમાંથી અનેક દ્વારો દ્વારા સતત દુર્ગંધમય, ઘૃણાજનક અનેક પદાર્થો વહી રહ્યા છે. એ કાયાને સ્પર્શીને તું શાને રાજી થાય છે? એમાં આનંદ નથી, આનંદ તો આત્મામાં છે. પુદ્‌ગલમાંથી જે આનંદ પ્રાપ્ત થાય છે તે તો કાલ્પનિક, ક્ષણિક અને પરિણામે દુઃખદાયી છે. એમાં સુખ અને આનંદ માનવો એ માન્યતા ભૂલભરેલી છે, માટે હે આત્મા! તારા આત્માને રૂપમાં આસક્ત બની અપવિત્ર ન બનાવ. તારી કાયાને અને તારા વિચારોને તું મલીન ન બનાવ, ત્રણ ખંડનો માલિક રાજા રાવણ પણ રૂપમાં મુગ્ધ બનતાં પોતાનું સર્વસ્વ ગુમાવી બેઠો અને દુર્ગતિનો મહેમાન બન્યો. માટે બાહ્ય રૂપમાં મસ્ત ન બનતા તારા સ્વરૂપને નિહાળ.

મીઠા, મધુરા, મોહક અને કર્ણપ્રિય શબ્દો સાંભળતા તું નાચી ઉઠે છે, એમાં એકતાર બને છે, પણ ખબર છે ને કે મધુર શબ્દોની પાછળ હરણીયા મૃત્યુના મુખમાં ધકેલાઈ જાય છે, માટે તું પણ મીઠા, મધુરા, કોમળ શબ્દોમાં ફસાઈશ નહિ. નહિ તો તારી આ દશા થશે. મીઠા, મધુરા, સ્વાદિષ્ટ, રસવંતા ભોજનો જમતા જીવને કેવી મઝા અને ટેસ્ટ આવે છે! પણ એ રસના લોલુપી માનવને ખબર નથી કે આ સ્વાદ ક્યાં સુધી? ચાર આંગળની જીભ પર રહે ત્યાં સુધી. એક ક્ષણ પછી તો જેમ કીચડમાં કીચડ મળી જાય તેમ પેટમાં મળી જાય છે. તે વિષ્ટારૂપ અને દુર્ગંધમય બની જાય છે. એના માટે માણસ અભક્ષ્યનું ભક્ષણ કરવા તૈયાર થાય છે. જીભના પાપે કેટકેટલા પાપ કરે છે! રાતના બાર વાગે પણ ખાવા તૈયાર થાય છે. હજારો સુક્ષ્મ જીવોની હિંસા થતાં એને અરેરાટી થતી નથી. ભાન ભૂલેલા માણસને ક્યાં ખબર છે કે રાત્રી ભોજન કરવાથી કેટકેટલા સુક્ષ્મ જીવોની હિંસા થાય છે. સર્ચલાઈટના પ્રકાશમાં પણ ન જોઈ શકાય તેવા અગણિત સુક્ષ્મ બારીક જીવો બિચારા સ્વાહા થઈ જાય છે, જરા જીભના સ્વાદ

ખાતર, સ્વલ્પ આનંદ માટે કેટકેટલા નિર્દોષ જીવોની હિંસા થઈ જાય છે!

જે કાયા એક દિવસ રાખનો ઢગલો થઇ જવાની છે. માટીમાં માટી મળી જવાની છે. જે કાયાની કોટડીને અહીં મૂકીને રવાના થવાનું છે. જે ભાડાની કોટડી કરતાં ય ભૂંડી છે તેને માટે અભક્ષ્ય આહાર–પીણાં પ્રેમથી આરોગે છે. જ્ઞાની કહે છે તું સમજ. આ કાયા એટલે જીવતી ગટર...એના માટે આંખ મીંચીને પાપ કરવા તૈયાર થાય છે. પાપ કરતાં પાછું વાળીને જોતો નથી. સ્વાદમાં લોલુપ બની જ્ઞાની ભગવંતોની વાતોની ઠેકડી ઉડાવે છે ને બોલે છે, કયાં છે બટાટામાં જીવ! એમ કહી તું ચીકણાં કર્મ ઉપાર્જન કરે છે. માટે વાસના પર વિજય મેળવ. ઇન્દ્રિયો પર કાબૂ રાખ, નહિતર એ પાપના પરિણામે કટુ ફળો તારે ભોગવવા પડશે.

વાસના પર વિજય મેળવવા માટે અને ઇન્દ્રિયો પર કાબૂ રાખવા માટે જીવનમાં તપની જરૂર છે. આજનો મહાન મંગલકારી દિવસ આપણને તપનો સંદેશો આપે છે. તપ કોણ કરી શકે? જેણે દેહ પ્રત્યેનો રાગ અને મૂર્છા ઘટાડી હોય તે. આપણે બોલીએ છીએ ને—

**દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;**
**તે જ્ઞાનીના ચરણમાં, વંદન હો અગણિત.**

આપણે વંદન કોને કરીએ છીએ? કોઈ વેશ ધારીને, સત્તાધારીને કે મોટા શ્રીમંતોને વંદન નથી કરતા પણ જેને દેહ અને આત્માનું ભેદજ્ઞાન થઈ ગયું છે, દેહમાં રહેવા છતાં વિદેહી દશા કેળવી છે. જનકરાજા સંસારમાં રહેવા છતાં બધા તેમને જનક વિદેહી કહેતા હતા, શા માટે? જડ ચેતનનું ભેદજ્ઞાન થઈ ગયું છે. દેહમાં રહેવા છતાં દેહ પ્રત્યે મમત્વ નથી, રાગ નથી, તેથી તેમને જનકવિદેહી કહેતા હતા. શરીર છે ત્યાં બધી ઉપાધિ છે. સિદ્ધ ભગવંતોને શરીર નથી તો કોઈ ઉપાધિ નથી, માટે અશરીરી બનવા માટે આ જન્મમાં તાલીમ લેવાની છે. ૩૨ સિદ્ધાંતમાં એક અંતગડ સૂત્ર છે. અંતગડ એટલે જેઓએ આયુષ્યના અંતિમ સમયે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ધર્મદેશના આપ્યા વિના મુક્તિ પ્રાપ્ત કરી છે એવા મહાપુરૂષોના જીવનનું વર્ણન જે સૂત્રમાં આવે છે તેનું નામ અંતગડ સૂત્ર છે. એ આગમ સમજાવે છે કે દેહ હોવા છતાં જેની દશા દેહાતીત હતી એવા ગજસુકુમાલની વાત તેમાં આવે છે.

**માતાની ચિંતા દૂર કરતાં કૃષ્ણજી :** ગજસુકુમાલ એક રાજકુમાર હતા. ત્રિખંડ અધિપતિ કૃષ્ણ વાસુદેવનો લાડીલો બંધવો હતો. એટલું જ નહિ પણ દેવની પાસે માંગીને લીધેલો પુત્ર હતો. બન્યું છે એવું કે કૃષ્ણજી દેવકી માતાને વંદન કરવા મહેલે ગયા ત્યારે માતા રડતી હતી. કૃષ્ણજી પૂછે છે હે મારી વહાલી માતા! આજે તારી આંખમાં આંસુ કેમ છે? તું ચિંતાતુર કેમ છે? બેટા! કંઇ નથી. દેવકી માતા ઉપરથી ઘણું હાસ્ય લાવ્યા ને ઉદાસીનતા દબાવવા પ્રયત્ન કર્યો. પણ કૃષ્ણજી ઉદાસીનતા જોઇ ગયા. કૃષ્ણજી વિનયપૂર્વક કહે છે, માતા! તને શું ચિંતા છે? તારું દુઃખ હું જોઇ

શકતો નથી. ખૂબ કહ્યું ત્યારે દેવકીમાતા કહે છે દીકરા! તું મારો સાતમો દીકરો છે, સાત સાત દીકરા થયા છતાં મેં એકે દીકરાને ખોળામાં ખેલાવ્યો નથી કે રમાડચો નથી, તેનું મનમાં દુઃખ થાય છે. માતાપિતાના પ્રેમ અલૌકિક હોય છે દુનિયામાં બધું વેચાતું મળશે પણ માતાપિતાનો પ્રેમ નહિ મળે. કહેવત છે કે "મા વિના સુના વા" માતા-પિતાનો સંતાનો પ્રત્યે કેટલો પ્રેમ અને લાગણી હોય છે! દેવકીજી કહે છે મારા બધા કોડ મનમાં રહી ગયા. કૃષ્ણજી તો વાસુદેવ હતા. એમની શક્તિથી નાના બાળકનું રૂપ લઈને માતાના ખોળામાં સૂઈ ગયા, પણ કૃત્રિમ રૂપથી કંઈ કોડ પૂરા થાય! માતાને સંતોષ ન થયો. માતાની ચિંતા દૂર કરવા ને તેના કોડ પૂરા કરવા કૃષ્ણજી ત્યાંથી સીધા પૌષધશાળામાં ગયા ને અઠ્ઠમ લગાવીને બેસી ગયા. અને દેવને બોલાવ્યો. દેવ આવ્યો. કૃષ્ણજી સમકિતી છે. તે કહે છે કે હે દેવ! મારી માતાના ભાગ્યમાં હવે સંતાન છે કે નહિ? એક દીકરો છે, પણ એ બાલ્યવયમાં દીક્ષા લઈ લેશે. ભલે દીક્ષા લે, પણ મારી માતાના કોડ તો પૂરા થશે ને! પછી એ ગજસુકુમાલનો જન્મ થયો.

**દેશનાના દિવ્ય ધ્વનિએ થયેલો વૈરાગ્યનો રણકાર :** આ રીતે માંગીને લીધેલો દીકરો ગજસુકુમાલ છે. જેણે એક વાર ભગવાન નેમનાથની વાણી સાંભળીને વૈરાગ્ય આવી ગયો. તમે કેટલા મહારાજ-મહાસતીજીને સાંભળી લીધા! છતાં વૈરાગ્ય નથી આવતો. કૃષ્ણજીને ગજસુકુમાલ કેટલા વહાલા હતા. ભગવાનના દર્શન કરવા જતા રસ્તામાં સોનાના ગેડીદડે રમતી કન્યાને જોઈ. મનમાં થયું કે આ મારા લઘુબંધવા માટે બરાબર જોડી છે. આ દીકરી કોની છે તે તપાસ કરાવીને ત્યાં ને ત્યાં સગપણ નક્કી કરી લીધું, પણ એ ગજસુકુમાલે તો ભગવાનની એક વાર દેશના સાંભળી વૈરાગ્ય પામી દીક્ષા લઈ લીધી. દીક્ષા લીધા પછી ભગવાનને શું કહે છે? સાંભળજો તેમના શબ્દો, ખૂબ વિચારવા જેવા છે. તેમનામાં કેટલો વિનય છે! નમ્રતા છે! ભગવાનને વંદન, નમસ્કાર કરીને કહે છે હે મારા ત્રિલોકીનાથ, પ્રભુ! "तुब्भेहीं अब्भणुनाय समाणे"। તમારી આજ્ઞા થયે બારમી પડિમા વહન કરવાની મારી ઈચ્છા છે. કેટલી ગુરૂઆજ્ઞામાં અર્પણતા! ગુરૂઆજ્ઞાથી એક ઉપવાસ કરનાર તરી જાય અને ગુરૂઆજ્ઞા વિના માસખમણ કરનાર રહી જાય.

શાસ્ત્રમાં મુનિની વાત આવે છે. કોઈ બે મુનિ માસખમણને પારણે માસખમણ કરે છે અને કુરગડુ મુનિ એક ઉપવાસ પણ કરી શકતા નથી. કુરગડુમુનિને સવારમાં દરરોજ એક ઘડો ચોખા ખાવા જોઈએ. તેથી તેનું નામ કુરગડુ પડયું છે. કુર એટલે ચોખા અને ગડુ એટલે ઘડો. બીજું કંઈ ન ખાય, તેમના દિલમાં ખૂબ પશ્ચાતાપ થાય છે કે ધન્ય છે આ તપસ્વીઓને! હું એક ઉપવાસ પણ કરી શકતો નથી. મારી કેવી ગાઢ અંતરાય હશે! એટલે એ મુનિ ખાતા ખાતા પણ કર્મ તોડે છે.

સંવત્સરી મહાન પર્વનો દિવસ આવ્યો. એ દિવસે પણ જેનાથી ઉપવાસ થતો નથી, તેથી ચોખા લઈ આવ્યા. લાવીને પોતાના વડીલ તપસ્વી સંતોને બતાવે છે. પેલા

તપસ્વી તપ કરે છે પણ તપની સાથે અહંભાવ આવી ગયો છે. તે કહે છે ભૂખારવા! આજે પણ તારાથી ઉપવાસ ન થયો! કોઈ જાનવરના ભવમાંથી આવેલો છે કે ક્ષુધા વેઠી શકતો નથી. તપસ્વી સંતે એમ વિચારવું જોઈએ કે એનો વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમ નથી, તેથી બિચારો સંવત્સરી જેવા દિવસે પણ ઉપવાસ કરી શકતો નથી. મોટા તપસ્વી સાધુ પાતરામાં થૂંક્યા. કુરગડુએ થૂંક જોઈને વિચાર્યું કે મેં પરઠવવા યોગ્ય સાધન ન રાખ્યું તેથી આમાં થૂંક્યા ને! અરે તે તપસ્વીઓનું થૂંક પણ મારા ભાગ્યમાં ક્યાંથી? તેમના મનમાં એમ નથી થતું કે આ તપસ્વીઓ આવો ઉગ્ર તપ કરે છે તો તપ તપીને શું ઉકાળશે? સંવત્સરીના દિવસે હું આવી રીતે તપના ઉલ્લાસમાં નથી આવતો! ગળીયો બળદ ચાબખા ખાય તો કંઈક ચાલે. મારા પાતરામાં થૂંક્યા છતાં આ આત્મા ગળીયા બળદ કરતાં ભૂંડો છે એટલે હજુ તપમાં વીર્યોલ્લાસવાળો થતો નથી.

**ક્ષમાનો પ્રભાવ** :—કુરગડુ મુનિ ચોખા હલાવીને સમભાવે ખાવા બેસે છે, ત્યાં તપસ્વી આવીને હાથ પકડે છે ને ઉભો કરે છે, ત્યારે શું વિચારે છે? મારો આત્મા કેવો નફ્ફટ છે. મને તપશ્ચર્યાના રસ્તે જોડવા માટે આટલી બધી મહેનત કરે છે, છતાં જોડાતો નથી. ઈશારાથી સમજે તે માણસ, ધોકે સમજે તે ઢોર પણ ધોકાથી ય ન સમજે તે ઢોર કરતાં પણ ગયો. હું ઇશારાથી ન સમજ્યો તો થૂંક નાખીને સમજાવ્યો, છતાં ન સમજ્યો તો મારા કલ્યાણ માટે એમને હાથ પકડવાની જરૂર પડી. ખાતા ખાતા પોતાના પાપનો પશ્ચાતાપ કરે છે. ખાય છે ભાત અને ધોવે છે પાપ. તે પોતાના આત્માની નિંદા કરે છે, અને આત્મભાવમાં આગળ વધતા વધતા ભાત પૂરો થયો ને કેવળજ્ઞાન પામી ગયા. કેવળજ્ઞાન શરીરથી નહીં મળે. લાગવગથી કે વાચાળતાથી નહીં મળે, પણ આત્માના ગુણથી મળે છે. દેવો કેવળજ્ઞાની કુરગડુ મુનિને વંદન કરવા આવ્યા ત્યારે પેલા તપસ્વી સંતો કહે છે, તપસ્વીઓ અહીં બેઠા છે. અમને વંદન કરો. ઘોર તપ તો અમે કરીએ છીએ દેવ કહે છે, તમે તપ કરો છો પણ જીવનમાં તપની સાથે તાપ થઇ ગયો છે. તમે આ કુરગડુ મુનિની નિંદા કરો છો પણ એના જીવનમાં ક્ષમા કેટલી છે! એ ક્ષમાના પ્રભાવે એમને તો કેવળજ્ઞાન થઈ ગયું, તેથી અમે તેમને પહેલા વંદન કર્યા. પછી તે તપસ્વી મુનિઓએ તેમની ક્ષમા માગી અને આત્મકલ્યાણ કર્યું. કહેવાનો આશય એ છે કે કુરગડુ મુનિથી એક ઉપવાસ થતો ન હતો, પણ જીવનમાં ક્ષમા હતી અને ગુરૂઆજ્ઞામાં ઓતપ્રોત હતા તો કલ્યાણ કરી ગયા.

**ભયંકર ઉપસર્ગમાં પણ સમભાવઃ**–ગુરૂઆજ્ઞામાં જેમણે જીવન ઝુકાવ્યું છે, એવા ગજસુકુમાલ મુનિ નેમનાથ ભગવાનને વંદન કરીને કહે છે, હે મારા તારણહાર પ્રભુ! આપની આજ્ઞા હોય તો બારમી પડિમા વહન કરવાની ઇચ્છા રાખું છું. નેમનાથ ભગવાન તો બધું જાણે છે કે આ પડિમા વહન કરતા તેમને કેવો ઉપસર્ગ આવશે. તેમના પરિણામ કેવા રહેશે, બધું જાણે છે, તેથી ભગવાને કહ્યું–अहासुयं देवाणुप्पिया

मा पडिबंधं करेह । હે દેવાનુપ્રિય ! તમને જેમ સુખ ઉપજે તેમ કરો. સારા કાર્યમાં વિલંબ કરશો નહિ. ભગવાનની આજ્ઞા લઈને નવદીક્ષિત ગજસુકુમાર મુનિ સ્મશાનમાં બારમી પડિમા વહન કરવા ગયા. સ્મશાનમાં કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા છે. ત્યાં સોમિલ બ્રાહ્મણે આવીને મુનિના માથે માટીની પાળ બાંધી, સળગતા અંગારા લાવીને મૂકયા. દીક્ષા લીધી એ જ દિવસે આવો ભયંકર ઉપસર્ગ, છતાં સમભાવ. સોમલ પ્રત્યે દ્વેષ નહિ. સમજે છે કે દેહમાં વસવા છતાં હું દેહથી ભિન્ન છું. વિદેહી દશા કેળવી છે. જડ–ચેતનનું ભેદજ્ઞાન થયું છે, એવા મુનિ તો એક જ વિચાર કરે છે. દેહ બળે છે, આત્મા નથી બળતો. આત્મા તો અજર અમર છે. આ ભાવનાની ધારાએ ચઢતાં ક્ષપક શ્રેણીએ ચઢી કર્મો ખપાવી કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવી મોક્ષમાં ગયા. આ કાળમાં તો સાધકને આવા પરિષહ નથી આવતા. કોઈ કટુ વચન કહે ને સમભાવે સહન કરે તો એના કર્મો ખપી જાય.

આજે આપણે ત્યાં કોઇ અનેરો આનંદ ને ઉત્સાહ દેખાય છે, તેનું કારણ સતીજીઓના તપની ઉગ્ર સાધના પરિપૂર્ણ થઈને આજે પારણાનો દિવસ છે. બા. બ્ર. હર્ષિદાબાઈ મહાસતીજીને આ દશમું માસખમણ છે. આટલી નાની ઉંમરમાં દશ દશ માસખમણ કરવા એ કંઈ સહેલ વાત નથી. બા. બ્ર. ઉર્વીશાબાઇ મહાસતીજીને બીજું માસખમણ છે. બંને મહાસતીજીઓના તપ સમજણ પૂર્વકના છે. સ્વાધ્યાય–ધ્યાન–વાંચન બધું તેમજ પોતાની ક્રિયા પણ જાતે કરે છે. શાસનદેવ અને ગુરૂદેવની કૃપાએ તેમના માસખમણની સાધના નિર્વિઘ્નપણે પરિપૂર્ણ થઇ. બા. બ્ર. ભાવનાબાઇ મહાસતીજીને આજે ૨૪ મો ઉપવાસ છે. તેમને માસખમણના ભાવ છે. બા. બ્ર. ચંદનબાઇ મહાસતીજીને નવમો ઉપવાસ છે. બધા તપસ્વીઓને આપણા કોટી કોટી ધન્યવાદ. આવા માસખમણ જેવા તપ કરવા એ સહેલ વાત નથી. તેઓએ તો તપ કરીને કર્મની ભેખડો તોડી છે. તેમનો તપ એકાંત નિર્જરાના હેતુથી થયેલ છે. તપથી મહાન લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. કર્મોના ગંજને બાળવા માટે તપ એ અગ્નિ સમાન છે.

જૈન શાસનમાં આરાધનાના અનેક પ્રકારો બતાવવામાં આવ્યા છે. તપ એ આરાધનાનું એક વિશિષ્ટ અંગ છે. શાસ્ત્રકાર મહર્ષિઓએ તપને મહા મંગલકારી કહ્યું છે, કારણ કે બાહ્ય અને આભ્યંતર ઋદ્ધિ સિદ્ધિ તપ વડે પેદા થાય છે. આ લોક અને પરલોકમાં તપના પ્રભાવથી અનેકવિધ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે. ભવરોગ અને ભાવરોગ રૂપ કર્મનો જડમૂળથી નાશ કરવામાં તપ એ અપૂર્વ ઔષધરૂપ છે. અસાધ્યમાં અસાધ્ય રોગો પણ તપ વડે નાશ થાય છે. તપના તેજ નિરાળા છે. તપની તાકાત અનેરી છે. તપનો મહિમા અચિંત્ય છે. કહ્યું છે કે—

अथिरं पि थिरं, वंकंपि, उज्जुअं दुल्लहं वि तह सुलहं ।
दुरीज्झंपि सुरुज्झं, तवेण संपज्जए कज्जं ॥

તપના પ્રભાવથી અસ્થિર પણ સ્થિર થાય છે. વક્ર પણ સરળ બને છે. દુર્લભ હોય તે સુલભ થાય છે અને જે ઘણા પ્રયત્ને સાધી શકાય તેવું હોય તે સરળતાથી સાધી શકાય છે. આ રીતે તપ વડે સર્વ પ્રકારના કાર્યો સિદ્ધ થાય છે. પ્રાચીન ઈતિહાસમાં પાનાં ઉકેલતાં તથા સિદ્ધાંતોમાં અગણિત તપસ્વી મહાત્માઓના ચરિત્રો આપણી નજરે પડે છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના આત્માએ તેમના પચીસમા નંદનમુનિના ભવમાં ૧૧ લાખ ૮૦ હજાર ૬૪૫ માસખમણ કર્યા અને તીર્થંકર નામકર્મ બાંધ્યું. તીર્થંકર દેવો તપશ્ચર્યાપૂર્વક દીક્ષા અંગીકાર કરે છે અને નિર્વાણ સમયે પણ તપશ્ચર્યા થાય છે. તીર્થંકર દેવોને દીક્ષા અંગીકાર કરતાંની સાથે ચોથા મનપર્યવજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જન્મથી જ જેઓ, સુરો, અસુરો અને દેવેન્દ્રોથી પૂજાય છે અને અવશ્ય એ જ ભવમાં મોક્ષે જવાના હોય છે. છતાં કર્મનું નિકંદન કાઢવામાટે તપશ્ચર્યા આદરે છે અને જગતને એ દ્વારા સુંદર બોધપાઠ આપે છે કે મુક્તિ ત્યાગમાં છે, તપમાં છે, ઇન્દ્રિય દમનમાં છે, પણ ખાવા પીવામાં કે એશઆરામમાં નથી. જે ખાવાપીવામાં મોક્ષ માને છે તે ખરેખર મૂર્ખાઓના સરદારમાં ખપે છે.

અનાદિકાળથી આ આત્માએ ઘણું ખાધું, પીધું છતાં તેને તૃપ્તિ નથી થઈ. ગતભવોમાં આપણે જેટલું ખાધું પીધું એનું જો માપ કાઢવામાં આવે અને એકત્રિત કરવામાં આવે તો આ જંબુદ્વિપમાં સમાય નહિ. ખાઈ ખાઈને ડૂચો નીકળી ગયો. ચૂસેલાને ફરી ચૂસ્યું, છતાં ય તૃપ્તિ થઇ નથી માટે હવે ત્યાગ અને તપશ્ચર્યા દ્વારા ઈન્દ્રિયોનું દમન કરો. સંયમ દ્વારા આત્મકલ્યાણ સાધો. કારણ કે આ કોઠી કદી ય પૂરાવાની નથી. એ કાણી છે. કાણી કોઠીમાં ગમે તેટલું નાંખો તો ય કદી ભરાશે નહિ.

એક શરીરને છોડી બીજા શરીરને ધારણ કરતા જીવ જ્યારે વિગ્રહ ગતિએ જાય છે ત્યારે તે ફક્ત અણાહારી રહે છે. આપણે અનંતીવાર એવા અણાહારી રહ્યા પણ તેથી કલ્યાણ થયું નહિ, પણ સાચું અણાહારી પદ મેળવવા માટે ઇન્દ્રિયોનું દમન, ઇચ્છા-નિરોધ, વાસનાનો વિજય, લાલસાનો ત્યાગ, રસેન્દ્રિય પરનો કાબૂ અને વિષયોનો વિરાગ કેળવીશું તો તેમાં જરૂર સફળતા મળશે. મહાપુરૂષો આ વાતને સારી રીતે સમજતા હતા, તેથી જ ઘોર તપશ્ચર્યા કરીને કાયાને સૂકવી નાખતા હતા. હાડકા ખખડવા લાગે છતાં ઉત્કૃષ્ટ તપની આરાધનામાં તત્પર રહેતા. દેહનું મમત્વ દૂર કરી, આત્માની અમરતાને પિછાણી આત્મ-સાધનામાં અહર્નિશ જાગૃત રહેતા. તપ રૂપી અગ્નિથી કર્મ રૂપી કાષ્ટોને જલાવી નાખી કૈવલ્ય-જ્યોતિને પ્રગટ કરતા. જૂઓ ઢંઢણ અણગાર કે જેમણે છ મહિનાના ઉપવાસના પારણામાં મળેલ આહાર પરઠવતા પરઠવતા કેવળજ્ઞાન મેળવ્યું. તપના પ્રભાવે મહાન લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. એવા તપસ્વીઓના શરીરના મળ, મૂત્ર વગેરે મહાન ઔષધિની ગરજ સારતા હતા. એમના મળ, મૂત્ર, પરૂ વગેરે જો રોગીના શરીરને ચોપડવામાં આવે તો તેની કાયા રોગરહિત બની કંચનવર્ણી બની જાય. એમના દેહને સ્પર્શેલો પવન બીજા આત્માઓને સ્પર્શે તો તેમના રોગો દૂર થઈ જાય.

**मलं स्वर्णगतं वह्नि, हंस क्षीर गतं जलम् ।**
**यथा पृथक्क रोत्ये व, जन्तोः कर्म मलं तपः ॥**

જેમ સુવર્ણમાં રહેલ મેલને અગ્નિ દૂર કરે છે, જુદો–પાડે છે અથવા દૂધમાં રહેલ પાણીને હંસ જુદું પાડે છે. તેમ તપ જીવોના કર્મરૂપી મેલને જુદો પાડે છે. ભવોના સંચિત કરેલાં કર્મો તપ વડે નાશ થાય છે. તપ એ કલ્પવૃક્ષ સમાન છે, સુરનર વર સંપત્તિ તેનું ફૂલ છે અને મોક્ષ સુખ એ તેનું ફળ છે.

સર્વ મંગલમાં પહેલા મંગલ તરીકે તપને ગણવામાં આવ્યું છે. અર્જુનમાળી, દઢ પ્રહારી જેવા મહાહિંસક ક્રૂર આત્માઓએ પણ તે જન્મમાં મુક્તિ મેળવી છે. એ પ્રભાવ તપનો છે. નારકીની અંદર નારક જીવ ક્રોડ વર્ષ સુધી દુઃખો સહીને જે પાપકર્મને ખપાવે છે તેટલા પાપકર્મોની નિર્જરા સમ્યક્દ્રષ્ટિ આત્મા એક અઠ્ઠમ તપ કરીને કરે છે. ભગવાનના પટ્ટશિષ્ય ગૌતમસ્વામી દીક્ષા લીધા પછી યાવતજીવન છઠ્ઠના પારણે છઠ્ઠની તપશ્ચર્યા કરતા હતા. તપ દ્વારા દેહની શુદ્ધિ થાય છે. દેહશુદ્ધિ થતાં મનશુદ્ધિ થાય છે અને મનશુદ્ધિ થતાં વાસનાઓ દૂર થાય છે. મહાન વૈજ્ઞાનિકોએ પણ અખતરા દ્વારા એ સિદ્ધ કરી બતાવ્યું છે કે તપ એ શરીરના મળવિકાર તેમજ અનેક દોષો દૂર કરે છે. તપથી આત્મશુદ્ધિ અને આત્મવિકાસ થઇ શકે છે, અનેક સિદ્ધિઓ, શક્તિઓ અને લબ્ધિઓ પ્રાપ્ત કરી અંતે અજર અમર બની શકાય છે.

તપની આવી મહાન શક્તિ રહેલી છે. બા. બ્ર. પૂ. હર્ષિદાબાઇ મહાસતીજી અને બા. બ્ર. પૂ. ઉર્વીશાબાઈ મહાસતીજીએ આવા ઉગ્ર તપ કરીને આત્માને ઉજ્જવળ બનાવ્યો છે. આજે તેમના પારણાનો મંગલ દિવસ છે. આપણે તેમને અંતરના એ જ અભિનંદન આપીએ કે આપ તપશ્ચર્યામાં દિનપ્રતિદિન વિશેષ આગળ વધો. અનંત ભવરાશીનો ક્ષય કરી અનંતા શાશ્વતા સુખને પામો. ધન્ય છે મહાન તપસ્વીઓને, બંને મહાસતીજીઓને માસખમણની ઉગ્ર સાધના છે. આપ બધા તેમને શાતા પૂછવા આવ્યા છો, તો ૩૦–૩૦ દિવસના બ્રહ્મચર્યવ્રત, ઉપવાસ, આયંબીલ, એકાસણા, રાત્રીભોજન–ત્યાગ આદિ પચ્ચખ્ખાણ લેશો તો સાચી શાતા પૂછી કહેવાય. ટાઇમ થઇ ગયો છે. વધુ ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૫૯

**ભાદરવા વદ ૨ મંગળવાર** **તા. ૧૫–૯–૮૧**

સ્યાદ્વાદના સર્જક, ભવોભવના ભેદક, પરમપંથના પ્રકાશક ભગવાન કહે છે કે આ જગતના સર્વ જીવો સુખને ચાહે છે અને દુઃખથી ડરે છે તેમજ દુઃખથી છૂટવાનો ઉપાય કરે છે, પણ તે ઉપાય અજ્ઞાનને કારણે વિપરીત હોવાથી સુખ મળવાને બદલે દુઃખની પરંપરાને વધારનાર બને છે. સાચા અને શાશ્વત સુખની સમજના અભાવે જીવો દુઃખી થાય છે. સુખ બે પ્રકારનું છે (૧) સ્વાભાવિક (૨) સંયોગિક. પુણ્યકર્મના

નિમિત્તથી જે સુખ મળે તે સંયોગિક સુખ છે અને સ્વ–પરના વિવેક વડે પરભાવને રોકી આત્મસ્વરૂપની રમણતામાં મસ્ત બની રહેવું તે આત્માનું સ્વાભાવિક સુખ છે. શરીર, ઘરબાર, કુટુંબ, લક્ષ્મી, ઇન્દ્રિય સુખ અને તેને અનુકૂળ વિષયોની પ્રાપ્તિ, યશ, માન, પ્રતિષ્ઠા વગેરે દેખાતું બાહ્ય સુખ તે સંયોગિક સુખ કહેવાય. જે વસ્તુનો સંયોગ છે તે વસ્તુનો વિયોગ અવશ્ય હોવાથી તે સંયોગિક સુખ સ્વાધીન નથી પણ પરાધીન છે. માંગીને લાવેલી વસ્તુ જેવું છે. તે આત્માની પોતાની ચીજ નથી. કંચન, કામિની, કુટુંબ અને કાયા એ સર્વ સંયોગિક એટલે માંગેલી ચીજ જેવા છે. પૂર્વકૃત કંઈક પુણ્યના યોગે તે સર્વ બાહ્ય વસ્તુઓનો સંયોગ થાય છે પણ તે સંયોગ કાયમ ટકી રહેનાર નથી. પુણ્ય ખલાસ થઈ જાય એટલે તે સર્વ સંયોગોનો વિયોગ આપો આપ થઈ જાય છે. પછી તે સંયોગોને ક્ષણમાત્ર ટકાવી રાખવાની વિશ્વના કોઈપણ જીવની શકિત નથી. અજ્ઞાની માણસ પોતાની હોંશિયારીથી કે શૂરવીરતાથી આવી મળેલી વસ્તુનું અભિમાન ભલે રાખે પણ તે દીર્ઘદૃષ્ટિથી વિચારશે તો તેને સમજાશે કે હોંશિયારી અને શૂરવીરતામાં લેશ માત્ર ઘટાડો ન થાય છતાં પુણ્ય ખલાસ થાય એટલે તે સંયોગોને કોઈ કાયમી ટકાવી શક્યું નથી.

ક્યારેક અમુક ટાઈમ ટકી રહેનારી આનંદજનક લાગતી વસ્તુ આપત્તિના સમયમાં સંતાપજનક લાગે છે. મનુષ્ય જ્યારે નિરોગી હોય, ભૂખથી પીડાતો ન હોય ત્યારે તેને સંસારના સુખ ગમે છે, પણ કોઈ અતિપ્રિય વસ્તુના વિયોગે શોકગ્રસ્ત હોય અથવા પેટમાં જ્યારે અસહ્ય ભૂખ લાગી હોય ત્યારે તે સુખ તેને ગમતા નથી. ક્ષણમાત્ર શાંતિ આપનાર બાહ્ય સામગ્રીના સંયોગમાં તે સામગ્રીના રક્ષણ માટેનો અને છેવટે વિયોગનો ભય તો સદાને માટે રહે છે, તેથી તેની પ્રાપ્તિનું સુખ તે ભયની ચિંતામાં ગૌણ બની જાય છે. આવી રીતે અનુકૂળ માની લીધેલી વસ્તુ ક્યારેક પ્રતિકૂળ લાગે. અને અનુકૂળતાના ટાઈમમાં પણ તેના વિયોગનો ભય જીવને સતત પીડયા કરે છે. તેવી વસ્તુને સુખદાયી માનવી તેમાં શું જીવની અજ્ઞાનતા નથી? પહેલું દુઃખ ભોગવવા કરતાં સુખ પામીને પછી ભોગવવાનું દુઃખ મુશ્કેલ લાગે છે. એ તો સૌને અનુભવ સિદ્ધ વાત છે.

જે સુખની પ્રાપ્તિમાં પહેલું કે પછી પણ દુઃખ હોય તેને સુખ માની શકાય નહિ. જેથી પુણ્યજનક સુખ સામગ્રી કે પાપજન્ય દુઃખ સામગ્રી એ બંને ખરી રીતે તો સુખ કહેવાય નહિ, માટે ઇન્દ્રિયજન્ય સુખ કે દુઃખમાં કંઈ ભિન્નતા નથી, કારણ કે સુખ ભોગવતા દુઃખ આવી પડે છે. અથવા સુખના કારણે ઇન્દ્રિયોના અનુકૂળ વિષયો ભોગવતાં પાછું દુઃખરૂપ કર્મ બંધાતું હોવાથી જ્ઞાનીઓએ તો સુખદુઃખમાં ભેદ ગણ્યો નથી. સમભાવ સ્વરૂપ આત્માનું સ્વાભાવિક સુખ એ વાસ્તવિક સુખ છે.

જેને આત્માનું સ્વાભાવિક સુખ પ્રાપ્ત કરવાની લગની લાગી છે એવી સતી મયણરેહા તો સંયમ લઇને આત્માની મસ્તીમાં ઝૂલી રહ્યા છે. આ બાજુ નમિરાજા અને ચંદ્રયશ ખૂબ ન્યાય, નીતિથી રાજ્ય ચલાવી રહ્યા છે. તેમના ગુણોની ગુણગાથા બધે

ગવાઈ રહી છે. તેમની પવિત્રતાની પરિમલ ચારે બાજુ પ્રસરી રહી છે. સદ્‌ગુણોની સુવાસ મ્હેંકી ઉઠી છે. રાજવીના રાજ્યો જો ટકયા હોય તો એમની પવિત્રતાની પરિમલના પીઠબળે અને સતના સહારે. સત્ અને પવિત્રતાને દેશવટો દઈ ને તલવારની અણીએ મુસ્તાક રહેનારા બળવાન રાષ્ટ્રો ધૂળ ભેગા થઇ ગયા. રાજાશાહીનો પાયો તો હતો પવિત્રતા ! કયારેક રાજા ભાન ભૂલે પણ તેનામાં પવિત્રતાના અંશ પડ્યા હોય તો તે ભાન ભૂલેલો આત્મા પણ ઠેકાણે આવી જાય છે.

પવિત્રતાને વરેલા એક પુણ્ય પુરૂષ રાજવી હતા. ભોગી હોવા છતાં જેમને યોગી જેવું જીવન જીવવાના કોડ હતા. માનવીનું અંતર તો આકાશ જેવું હોય છે. આકાશમાં કયારેક પૂર્ણિમાનો અનુપમ પ્રકાશ હોય છે તો કયારેક અમાસના અંધારા પણ હોય છે, તે રીતે પૂર્ણિમાના પ્રકાશ જેવા તેજસ્વી, નિર્મળ, ઉજ્જવળ અંતરના આકાશમાં એક વખત વાસનાભર્યા મલીન વિચારની કાળી વાદળી ઘેરાઈ ગઈ.

**પવિત્રતા ગુમાવી બેઠેલા રાજા :** પ્રસંગ એવો બન્યો કે રાજા ઘોડે બેસીને ફરવા નીકળ્યા હતા. રસ્તામાં એક રૂપવંતી સ્ત્રી કંઇક કારણસર પોતાના મકાનમાંથી બહાર નીકળતી હતી. રાજાની દૃષ્ટિ એના પર પડી. રાજાના અંતઃપુરમાં તો ઘણી રાણીઓ હતી, છતાં આ રૂપવંતી સ્ત્રીને જોતાં રાજાની બુદ્ધિ બગડી. રાજા તેના રૂપમાં મુગ્ધ બન્યા. એ સ્ત્રીના દર્શનથી રાજા પોતાની પવિત્રતા ગુમાવી બેઠા. મનમાં થયું કે અહો ! મારા અંતેઉરમાં આટલી બધી રાણીઓ છે, પણ આની તોલે કોઈ નહિ. આ સ્ત્રી તો મારા અંતેઉરમાં શોભે. આ રૂપવંતી મને મળે તો મારો જન્મ સફળ થાય. રાજાનો ફરવાનો આનંદ ઉડી ગયો. સહેલગાહનો શોખ મરી ગયો. એમનો આનંદ, શોખ, જે કહો તે બધું હવે પેલી રૂપવંતીમાં દેખાવા લાગ્યું. રાજાએ એ સ્ત્રીનું ઘર બરાબર યાદ રાખી લીધું. રાજા ફરવા જવાનું છોડી દઇને મહેલમાં આવ્યા. હવે રાજાને કયાંય ચેન પડતું નથી. એની દૃષ્ટિમાં તો પેલી રૂપવંતી સ્ત્રી સિવાય બીજું કોઇ દેખાતું નથી.

**અપવિત્ર આજ્ઞા પાલન માટે સેવકનો પશ્ચાતાપ :** રાજાએ પોતાના એક અંગત સેવકને બોલાવ્યો અને તે સ્ત્રીના ઘરનું નિશાન આપીને કહ્યું કે એ સ્ત્રીને તું ગમે તેમ કરીને મારા મહેલે લઈ આવ. હું એના વિના જીવી શકું તેમ નથી. સેવક તો બિચારો ચિઠ્ઠિનો ચાકર. એ વધુ તો શું બોલે ? નાના મોઢે મોટી વાતો કરવાનું ગજુ નહિ. રાજાનો હુકમ સાંભળતા એનું મગજ ભમી ગયું. એનાં હૈયામાં થડકારો થવા લાગ્યો. તે મનમાં વિચાર કરવા લાગ્યો. હે પ્રભુ ! આ પાપી પેટને માટે મારે રાજાની આવી અપવિત્ર, અધમ આજ્ઞાઓ માથે ચઢાવવાની ! જે અપવિત્ર આજ્ઞા નીચે પગ પણ ન મૂકાય એવી અધમ આજ્ઞાનું મારે પાલન કરવાનું ! જગતમાં પોતાની પત્ની સિવાય જેટલી સ્ત્રીઓ છે તે બધી મારે માતા અને બહેન સમાન ગણવી જોઈએ. તેના બદલે તેના શીલનો ભંગ કરાવવા મારે તેને અહીં લાવવાની ! અહો પ્રભુ ! મેં પૂર્વે કેવા પાપ કર્મો કર્યા હશે કે મારે આવા અધમ કાર્યો કરવા પડે છે ! ધિક્કાર છે મારા જીવનને !

ધિક્કાર છે આ રાજાને ! આટલી બધી રાણીઓ હોવા છતાં એક રૂપના પૂતળામાં પાગલ બન્યા ! અંતરમાં પશ્ચાતાપ કરતો નોકર રાજાએ બતાવેલા સ્થાને ગયો. જઈને રાજાએ કહેલી વાત સંભળાવી. રૂપવંતી સમજી ગઇ કે આ ભોગી ભ્રમર મારા રૂપમાં અંજાયો છે. એ કોઇ પણ રીતે મને મેળવવા માંગે છે. તે સ્ત્રીએ કહ્યું ભલે, રાજાને કહેજો કે હું રાત્રે ખુશીથી તેમના મહેલમાં આવીશ. સ્ત્રીની વાત સાંભળીને સેવક તો આશ્ચર્ય પામી ગયો. અરે .. જો ઢાલ જ તલવારનું કામ કરશે તો પછી બચાવશે કોણ ?

**શીલ સાચવવાની યુક્તિ** :–આ રૂપવંતીની વાત સાંભળીને તમને કદાચ એમ થાય કે તેણે રાજાના મહેલે જવાની હા પાડી તેથી એ સ્ત્રી શું દુષ્ટા હશે ! આપ ધીરજથી સાંભળો. હમણાં ઉતાવળા થઈ એના માટે ખરાબ વિચાર કરી તમે પાપ ન બાંધશો. આ તો સતીની શીલ સાચવવાની યુક્તિ છે. સેવકે આવીને રાજાને વાત કરી એટલે રાજાના આનંદનો તો પાર ન રહ્યો. એણે પોતાના મહેલને ખૂબ શણગાર્યો. રાત પડતાં રાજા કાગડોળે એ સુંદરીની રાહ જોવા લાગ્યો. આપેલા સમય પ્રમાણે એ સૌન્દર્યમૂર્તિએ રૂમઝુમ ઝાંઝરના ઝણકાર સાથે મહેલમાં પગ મૂકયો. એના ઝાંઝરના ઝણકારે રાજાનું મન નાચી ઉઠયું. એણે જોયું તો પોતાના હૈયામાં વસેલી સુંદરી જ તેમની સામે ઉભી હતી. એને ભેટવા માટે રાજાએ પોતાના બે હાથ લંબાવ્યા. એટલે સુંદરીએ નીડરતાથી કહ્યું મહારાજા ! આપ ધીરજ રાખો. એકદમ ઉતાવળા ન થાવ. હું આપને એક પ્રશ્ન પૂછું તેનો જવાબ આપો. રાજા કહે ભલે, જે પ્રશ્ન પૂછવો હોય તે જલ્દી પૂછી લે. રૂપસુંદરીએ મીઠી મધુરી ભાષામાં કહ્યું, મહારાજા ! કમળ જો કાદવથી ખરડાશે તો બીજા ફૂલો કેવી રીતે પવિત્ર રહી શકશે ?

**કમળ હવે કાદવથી નહિ ખરડાય** :—બંધુઓ ! આ રાજા ભાન ભૂલ્યા હતા પણ પોતે હતા તો પવિત્ર. તેમના જીવનમાં પવિત્રતાની પરિમલ પ્રસરી રહી હતી. તે ખૂબ વિચક્ષણ, પ્રજ્ઞાવંત હતા. સુંદરીનો પ્રશ્ન સાંભળીને સમજી ગયા કે આ સ્ત્રી શું કહેવા માંગે છે ? તેમને એક ટકોર બસ હતી. આ તો તેજીવંત ઘોડા હતા. તેમને ચાબૂક મારવાની ન હોય, માત્ર બતાવવાની હોય. રાજાને પોતાની ભૂલ સમજાઇ ગઈ. હું કયાં ભાન ભૂલ્યો ! રક્ષક જ ભક્ષક બન્યો ! વાડ ચીભડાં ગળે તો બીજાને શું કહેવું ? રાજા વિચાર કરવા લાગ્યા. ઓહ ! આ કમળ તે હું જ ! કામવાસનાના કાદવથી હું કાળો બનીશ તો મારું કમળ સમાન શીલવ્રત ખંડિત થશે. કમળ કાદવમાં જન્મે છે પણ એ કાદવમાં ન લેપાતા તેમાંથી ઉગરી જઇને ઉપર આવે છે. તેમ કાદવ વચ્ચે રહેવા છતાં નિર્મળ રહેવું એમાં જીવનની ધન્યતા છે. સુંદરીના આ પ્રશ્ને ચારિત્રના પ્રાંગણમાં ભૂલેલા રાજા ઠેકાણે આવી ગયા. તેમને પોતાની ભૂલનું ભાન થઈ ગયું, પછી ખૂબ ગંભીરતાથી વિચાર કરીને કહ્યું બહેન ! આ કમળ હવે કાદવથી નહિ ખરડાય. તું મારી શાન ઠેકાણે લાવી છું. અને એક રાજા તરીકેની નહિ પણ એક સામાન્ય માનવ તરીકેની મારી ફરજ તેં મને યાદ કરાવી છે. તે બદલ હું તારો જેટલો ઉપકાર

માનું તેટલો ઓછો છે. હું કયારે પણ તમારો ઉપકાર નહિ ભૂલું. એમ કહીને રાજા સુંદરીના પગમાં પડી ગયા અને પોતાની ભૂલની માફી માંગી, પછી કહ્યું બેન! આપ કોણ છો? મને તમારી ઓળખાણ આપશો? મહારાજા! મારી ઓળખાણ શી આપું? હું એક આપની દાસી છું. તમે મારા દાસી કેવી રીતે? મહારાજા! આપે જેમને મને બોલાવી લાવવાની આજ્ઞા કરી હતી, એ મારા પતિદેવ થાય. એમની જો હું દાસી ગણાતી હોઉં તો આપની પણ દાસી કેમ નહિ? આપના દાસની જે દાસી એ આપની પણ દાસી ન કહેવાય! રાજાએ તેને પ્રેમથી વિદાય આપી.

સુંદરી આવી ત્યારે રાજાના મનમાં વિકાર વાસના ભરેલી હતી પણ હવે એમની આંખમાં વિકારને બદલે ભાઇ તરીકેનું વાત્સલ્ય નીતરતું હતું. પેલો સેવક પણ કેટલો ગંભીર કહેવાય કે જે સ્ત્રીને રાજા ચાહતા હતા તે પોતાની જ પત્ની છે એમ ન કહ્યું. એ સેવક પોતાની સ્ત્રી મહેલમાં આવી ત્યારે રાજાની સાથે કેવા ખેલ ખેલે છે તે ગુપ્ત રીતે જોતો હતો પણ એની પત્નીએ તો કમાલ કરી. ભાન ભૂલેલા રાજાની શાન ઠેકાણે લાવી. આથી તેના પતિના દિલમાં તો આનંદ સમાતો ન હતો. તેની છાતી ગજગજ ફૂલવા લાગી. તેના મુખમાંથી શબ્દો સરી પડયા. ધન્ય છે સતી તને ધન્ય છે!

**પાપનો પશ્ચાતાપ કરતા રાજા** :—પેલી રૂપવંતી તો ચાલી ગઈ, પણ રાજાને પશ્ચાતાપનો પાર નથી. ભૂલ કરતા થઈ ગઈ પણ હવે તેમનું અંતર રડી રહ્યું છે. અહો! મેં પાપીએ આ શું કર્યું? મને આવી મતિ કયાં સુઝી? રાજ્યની બધી સ્ત્રીઓ મારે માતા અને બહેન સમાન હોય. તેના બદલે મેં તેમને માટે આવો અધમ વિચાર કર્યો? રાજાના અંતરમાંથી વાસનાના વાદળો વિખરાઈ ગયા ને ત્યાં પુનઃ પ્રકાશ પથરાઈ ગયો. પણ પોતે જે પાપ કર્યું તેનો મનમાંથી ખટકારો જતો નથી. હું કેવો અધમ! હું કેવો દુષ્ટ પાપી! માતા અને બહેન સમાન સ્ત્રી તરફ કુદૃષ્ટિ કરી, તેને ભેટવા માટે હાથ લંબાવ્યા! આ હાથ હયાત હતા તો અડકવા ગયા ને! બસ, આ પાપી હાથને તો કડક શિક્ષા થવી જોઈએ, પણ સહુને સજા કરનારા રાજાને સજા કરતા કોનો હાથ ચાલે? એક હાથ તો પોતાની જાતે કાપે પણ બીજો હાથ કોણ કાપે? અંતે જાતે જ ન્યાયાધીશ અને પોતે જ અપરાધી બની સજા ભોગવવા તૈયાર થયા.

**હાથ હોય તો શું ને ન હોય તો શું?** અપરાધની સજા ભોગવવા પોતે ચોરનો સ્વાંગ સજીને મહેલની બહાર નીકળ્યા. પહેરગીરો ચોકી કરતા હતા. એવા સમયે ચોરના વાઘા સજેલા રાજાએ પોતાના બંને હાથ રાજમહેલની બારી ખોલવા લંબાવ્યા. અંદર ઉભેલો પહેરેગીર સાવધાન બની ગયો. રાજા જ્યાં અંદર જવા જાય ત્યાં પહેરેગીરે ગુસ્સાના આવેશમાં દાંત પીસીને કહ્યું, રાજમહેલમાં ચોરી કરવા આવ્યો છે ને? જોઈ લે! તારા આ પાપી પગલાનો અંજામ કેવો આવે છે? એમ કહી ચકચકતી તલવારનો એવો ઘા કર્યો કે રાજાના બંને હાથ ધડ દઈને કપાઈ ગયા. એટલે લોહીનો ફુવારો ઉડવા માંડયો. રાજા ત્યાંથી પાછા હઠી ગયા. મનમાં વિચાર કરવા લાગ્યા કે

જે હાથ એક પરાયી સ્ત્રીને ભેટવા લંબાય એનો સાથ હોય તો શું ને ન હોય તો શું ?

રાજા પોતાની ભૂલનો પશ્ચાતાપ કરતા મહેલના એક ખુણામાં જઈને ધ્યાનમાં લીન બની ગયા. સવારે ખબર પડી કે રાત્રે ચોર આવ્યો હતો. બધા માણુસો ભેગા થઈ ગયા, પણ મહારાજા નથી દેખાતા. રાજાની શોધ માટે દોડાદોડ મચી ગઈ. તપાસ કરતા મહેલની બારીમાં રાજાના કપાયેલા હાથ જોયા પણ એમ માન્યું કે આ હાથ ચોરના હશે! ઘણી શોધને અંતે મહારાજાને એક ખુણામાં ધ્યાનમાં બેઠેલા જોયા. શરીરમાંથી લોહી વહી રહ્યું હતું. પ્રધાનો બધા પૂછે છે, આપ અહીં કેમ? આપના હાથની હત્યા? કોણ છે એ હત્યારો? રાજા કહે, બધા ઉતાવળા ન થાવ. મારા હાથનો હત્યારો હું પોતે જ છું. બીજો કોઇ નહિ. વાસનાથી ખરડાયેલો હાથ હોય કે નહોય, બંને-બરાબર છે. રાજાએ બધાની વચ્ચે પોતાનું પાપ પ્રગટ કર્યું અને કહ્યું કે પવિત્રતાની પરિમલને જગતમાં પ્રસરાવવાની જેની ફરજ છે એ રાજા જો પોતાની ભૂલનું આવું કડક પ્રાયશ્ચિત નહિ કરે તો જગતમાં પવિત્રતા કેવી રીતે ટકી શકશે? રાજાની પવિત્રતા અને પશ્ચાતાપથી દેવો તેમના પર પ્રસન્ન થયા ને ફરી નવા હાથ બનાવી દીધા. પણ હવે રાજાનું મન સંસાર ઉપરથી ઉઠી ગયું ને આત્મ સાધના કરવા સંન્યાસી બની ગયા. માણુસ ભાન ભૂલે છે પણ જ્યારે ભૂલનું ભાન થાય છે ત્યારે તેની દશા જુદી હોય છે.

નમિરાજા અને ચંદ્રયશ રાજા બંને આવા પવિત્ર રાજા હતા. નમિરાજાનો પટ્ટહસ્તિ ચંદ્રયશ રાજાના દરબારમાં પહોંચી ગયો. નમિરાજાએ દૂતને બોલાવીને કહ્યું-આપ ચંદ્રયશ રાજા પાસે જઈને કહો કે આ હાથી અમારો છે, માટે અમને સોંપી દો, તો એકબીજાનો પ્રેમ વધશે અને નહિ આપો તો મોટો સંગ્રામ થવાનો પ્રસંગ આવશે, માટે કાં મને હાથી સોંપી દો. કાં યુદ્ધની તારાજી વહોરવા તૈયાર રહો! જો ચંદ્રયશ રાજનીતિનો જાણુકાર હશે તો હાથી પાછો આપી દેશે, અને જો નહિ આપે તો તેનું ફળ તેને ભોગવવું પડશે.

નમિરાજાના કહેવાથી દૂત સુદર્શન ભણી રવાના થયો. રાજ્યો, સીમાઓ ને દેશોને વટાવતો વટાવતો દૂત સુદર્શન નગરમાં પહોંચી ગયો. સુદર્શનના રાજદરબારમાં મિથિલાનું ગજરત્ન ઝૂલી રહ્યું હતું. એની ઉપર એક ઉડતી નજર કરીને રાજદૂત સભામાં દાખલ થયો ને રાજા ચંદ્રયશને વધાવ્યા. ચંદ્રયશે આ દૂતનો સત્કાર સન્માન કરી નમિરાજાના કુશળ સમાચાર પૂછ્યા. દૂતે કહ્યું, નમિરાજા એમ તો પ્રસન્ન છે, પણ તેમને બેસવાનો પ્રધાન હાથી ચાલ્યો જવાને કારણે તેમની પ્રસન્નતામાં થોડી ચિંતા આવી ગઈ છે. એ ચિંતાને દૂર કરવા માટે હું આપની પાસે આવ્યો છું. ચંદ્રયશે કહ્યું કે તમે જે કારણુસર અહીં આવ્યા છો તે કારણ પ્રગટ કરો. દૂતે કહ્યું-મિથિલાપતિ નમિરાજે આપને સંદેશો આપતાં કહ્યું છે કે સુદર્શન નરેશ ચંદ્રયશ! આપ જે શ્વેત હસ્તી પકડીને લાવ્યા છો તે મિથિલાનો છે, એટલું જ નહિ પણ એ હાથી મિથિલાપતિ નમિરાજનો પ્રિયાતિપ્રિય અને પટ્ટહસ્તી પણ છે, માટે મિથિલાને એ હાથી આપે માનભેર પાછો સુપ્રત કરી દેવો

જોઈએ. એ પણ સારું થયું કે તે હાથી તમારે ત્યાં આવ્યો. નહિ તો જંગલમાં કોઈ સિંહ કે વાઘનો શિકાર થઈ જાત. આપના રાજ્યમાં હાથી ભાગીને આવ્યો છે એ તો ઘેર જ આવ્યો છે એટલું જ નહિ પણ આ હાથી અહીં આવીને તમારી અને નમિરાજાની વચ્ચે પ્રેમવૃદ્ધિ કરવામાં કારણભૂત બન્યો છે. તમે આ હાથીને નમિરાજને પાછો સોંપી દેશો તો તમારા બંને વચ્ચે મૈત્રી બંધાશે. પ્રેમ સંબંધ બંધાશે. નમિરાજા જેવા મહારાજાની સાથે પ્રીતિસંબંધ બાંધવો એ કાંઈ જેવી તેવી વાત નથી, માટે તેમનો હાથી તેમને પાછો સોંપી દો અને એ રીતે તેમનો પ્રેમ સંપાદન કરો.

દૂતની વાત સાંભળી ચંદ્રયશે કહ્યું, હું આ હાથી નમિરાજને ત્યાંથી કાંઈ ચોરી કરીને કે જબરદસ્તીથી લાવ્યો નથી, પણ મારા બળથી એ હાથીને મેં વશ કર્યો છે. આ હાથીએ મારા રાજ્યમાં ઘણું નુકશાન કર્યું છે. આવી દશામાં હું આ હાથીને પાછો કેમ આપી શકું ? આ સિવાય આ હાથી પણ મારી એવી આજ્ઞા માને છે કે જાણે તે મારે ત્યાં આવવા માટે જ ન આવ્યો હોય ? આ હાથી પણ મારો પ્રતાપ જાણે છે તો શું તમારો રાજા મારો પ્રતાપ નથી જાણતો ? તમે તમારા રાજ્યની પ્રશંસા કરો છો પણ હું કાયર નથી, એ વાત તમે ભૂલી ન જતા. ક્ષત્રિયો યુદ્ધમાં કાળથી પણ ડરતા નથી, માટે તમે પાછા જઈને તમારા રાજાને એમ કહો કે હવે હાથીની આશા ન રાખો. જો હાથીની આશા નહિ છોડો અને હાથીને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરશો તો તમારી દશા હાથીના જેવી થશે. સુદર્શન નરેશના કાંડામાં બળ છે. મિથિલાનો મુકાબલો કરવાની શક્તિ સુદર્શન નરેશની ટચલી આંગળીમાં છે. હા, આપ બીજું આટલું સાંભળતા જાવ. રત્નો પર કોઈના નામ અંકિત હોતા નથી, જેથી એ જ એની ઈજારદારીનો દાવો કરે. આ વસુધાને ભોગવવાનો પટ્ટો કોઈ જન્મથી લઈને નથી આવતું. એ તો વીર ભોગ્યા વસુંધરા ! જેના બાહુમાં બળ એ જ એ રત્નોનો સ્વામી અને એ જ પૃથ્વીનો પતિ. હાથી પાછો નહિ મળે, એકવાર નહિ હજારવાર કહું છું કે એ હાથી નહિ મળે. યુદ્ધ ખેલવા સુદર્શન નરેશ તૈયાર છે.

નમિરાજના દૂતે ચંદ્રયશને કહ્યું કે આપ ભૂલ કરી રહ્યા છો. એક હાથીના કારણે નમિરાજ જેવા બળવાન રાજા સાથે યુદ્ધ કરવું એ યોગ્ય નથી. નમિરાજા સાધારણ રાજા નથી, પણ બળવાન અને પ્રતાપી રાજા છે, માટે તમે એવો બીજો રસ્તો શોધી કાઢો કે જેથી તમારા અને નમિરાજા વચ્ચે યુદ્ધ થાય નહિ. ચંદ્રયશ કહે, તમે જે રાજાની આટલી બધી પ્રશંસા કરો છો તે રાજાનું માન આ હાથીએ ભંગ કરી નાંખ્યું છે. તમારા રાજાનો પ્રતાપ કેવો છે, એ વાત આ હાથીને વશ ન કરવાથી પ્રગટ થઈ જાય છે, માટે તમે પાછા જાઓ અને તમારા રાજાને કહો કે હાથી મળવાનો નથી. એટલે તમારે જે કરવું હોય તે કરી શકો છો. વીલે મોઢે રાજદૂતે ચલતી પકડી. મિથિલાનું અસહ્ય અપમાન એને ખૂંચી રહ્યું હતું. આ અપમાનનો બદલો યુદ્ધ દ્વારા લેવા એ થનગની રહ્યો. નમિરાજા દૂતની રાહ જોઈને બેઠા હતા, ત્યાં દૂત આવી ગયો.

દૂત નમિરાજાને બધા સમાચાર આપશે. નમિરાજા ક્રોધમાં આવીને લડાઈ કરવા તૈયાર થશે ને શું બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર** : રાજાના મનમાં ચટપટી લાગી છે કે કુમાર રડે ને આંખમાંથી પડતાં આંસુ મોતી બને. તે માટે રાજાએ ફૂલ જેવા બાળકોને બે-ત્રણ તમાચા ચઢાવી દીધા. એટલે બંને બાળકો રડયા પણ આંસુ મોતી ન બન્યા. એટલે ફરી વાર રાજાએ કુમારોને માર માર્યો, છતાં પરિણામમાં આંસુ જ રહ્યા. મોતી ન બન્યા. કુમારો તો ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યા. રડી રડીને આંખો લાલચોળ થઈ ગઈ. હવે તો રડવા જેટલી શક્તિ રહી નથી. દયાજનક બની ગયા છતાં રાજાના દિલમાં કરૂણા ન આવી. રાજાની જિજ્ઞાસા હતાશામાં વિલીન બની ગઈ. પોતે નજરે દેખે છે કે આંસુમાંથી મોતી ન બન્યું છતાં મન માનતું ન હતું. ભેટ દેનાર માનવીના વાણી-વર્તનમાં કૃત્રિમતા જણાઈ ન હતી. તો આમ શા માટે બન્યું? વળી એનો કયો સ્વાર્થ હોય? રાજાની શ્રદ્ધાના ખંડેરો હવે તૂટતા જતા હતા. રાજાએ કુમારોની પાસે જઇને જોયું તો મોતીની સેરને બદલે ખારા ઉસ જેવા ચમકતા અશ્રુબિન્દુઓ! ખરેખર! આંસુ તે આંસુ રહ્યા, મોતી ન બન્યા.

રાજાના દિલમાં બાળકો પ્રત્યે વાત્સલ્યની વર્ષા વરસવા લાગી. તેમનું કરૂણાભીનું હૈયું પશ્ચાતાપના તાપથી દાઝવા લાગ્યું! હું કેવો મૂર્ખ! મારે નિધાનમાં શાની ખોટ છે? મારે ત્યાં શું લક્ષ્મીની કમીના છે! તે હું એક અજાણ્યા માનવીના વચન પર વિશ્વાસુ બની મોતીના દર્શનમાં લોભાયો! ખરેખર, આંસુના કોઈ દિવસ મોતી બને ખરા! દુનિયામાં કયારે પણ આંસુના મોતી બન્યા હોય એવું સાંભળ્યું નથી. આંસુ તે આંસુ જ રહેવાના. હું દિવાનો બન્યો અને અનર્થ કર્યો. મેં તો આભના તારલાને હાથમાં લેવા જેવી વાત કરી. માનવના સ્વભાવને ઓળખ્યા વિના, તેના પરિચય વિના તેના વચન પર શ્રદ્ધા અને જિજ્ઞાસા કેમ રખાય? બાળકો કેવા દયામણા અને મ્લાન થઈ ગયા છે! થોડીવારે શાંત થયા પછી બંને કુમારો પૂછે છે. પિતાજી!

**પિતા કદી આપ મારો નહિ, આજે કેમ માર્યા;**
**અહો પુત્રો મારી વાત સુનો, ભેટણું માનવી લાવ્યા.**

આપે અત્યાર સુધીમાં કોઈ દિવસ અમને માર્યા નથી ને આજે શા માટે માર્યા? અમારો શો અપરાધ છે? રાજાનું દિલ વાત્સલ્ય અને પશ્ચાતાપના બંને રાહે રમતું હતું. એકરાર માગતા બાળકોના નિર્દોષ વચનોએ હૈયાની અટવીમાં રહેલી વ્યથાને સાચો રાહ બતાવ્યો. બેટા! તમે બંને મારી આશાના સ્થંભ છો. તમારા પ્રાણમાં અમારા પ્રાણ રેડયા છે તે શું તમને હેરાન કરવા? નહીં...નહીં...પણ માનવ ચમત્કાર પ્રત્યે જલ્દી નમે છે. આજે હું પણ ચમત્કારની ચુંગાલમાં ફસાયો અને તમને માર મારી તમારી આ હાલત કરી. તમે રડવાથી શક્તિહીન બની ગયા છતાં પરિણામ તો શૂન્ય આવ્યું, મોતી ન બન્યા. આટલું બોલતા રાજાની આંખમાંથી અશ્રુઓ વહેવા લાગ્યા. રાજાએ સર્વ હકીકત કહી સંભળાવી.

રાજાના મનમાં શંકા થઈ કે આ માણુસે આવું શા માટે કર્યું હશે? તેના વાણી વર્તન પરથી નિસ્પૃહ અને સત્યવાદી લાગતો હતો, છતાં આ કપટલીલાનો નટ બન્યો. ખરેખર! રાજસત્તા માટે ક્યારે સંગ્રામ નથી ખેલાયા? રાજ્યની મહેચ્છાએ કોને કોને નથી લોભાવ્યા? તેણે રાજ્યના લોભે કૃત્રિમતાનો સ્વાંગ ધારણ કર્યો હોય તો પણ નવાઈ નથી. અગર કોઈ શત્રુ રાજ્યનો જાસૂસી માણુસ તો નહીં હોયને! તેણે એ શત્રુ રાજાના વેરનો બદલો વાળવા તો આ કામ નહિ કર્યું હોય ને? અગર કદાચ કુમારોને મારવા માટે તો આ પેંતરા રચ્યા નહિ હોય ને? કદાચ લાડવામાં વિષ નહિ નાંખ્યું હોય ને! જડીબુટ્ટીના બહાનાથી વિષમિશ્રિત લાડુ ભેટ તરીકે આપ્યા હોવા જોઈએ. બહારથી ધર્મિષ્ઠ અને પ્રમાણિક તેમજ વાણી વર્તનમાં ચતુર દેખાતો માનવી બધાની આંખોમાં ધૂળ નાંખી ગયો લાગે છે. નક્કી એ કોઈ ઠગ આવ્યો હશે! હવે અત્યારે તેની તપાસ કરાવું. રખેને ક્યાંય નાસી ન જાય. અરે નાદાન! તેં મારા દાક્ષિણ્ય ગુણનો લાભ લઈને મને ઠગ્યો! સર્પના રાફડામાં હાથ નાંખવાની તારી સાહસવૃત્તિ ગજબ છે! રાજાની નસેનસમાં ક્રોધ વ્યાપી ગયો. તેમણે સેવકોને કહ્યું, કાલે અહીં લાડવા આપવા આવેલ માણસને ઘેર હમણાં ને હમણાં જાઓ. લાડુની ભેટ ધરનાર ખરેખર માયાવી છે. તેણે જાણી જોઈને મારા મુખમાં હાથ નાંખ્યો છે, તો જુઓ હવે તેની ચાલબાજીનું ભયાનક પરિણામ! તેમજ બંને લાડીલાઓને લાડવાની કોઈ ખરાબ અસર થઈ છે કે નહિ, તે જોવા માટે વૈદરાજને બોલાવો. સેવકો વૈદરાજને બોલાવવા જશે ને બીજી બાજુ સેવકો સાગરદત્ત શેઠને ઘેર જશે. શેઠની ભાવના તો શુદ્ધ હતી ને શુદ્ધ ભાવે લાડવા આપ્યા છે. પણ હવે તેનું પરિણામ કેવું વિપરીત આવશે ને શેઠને માથે વિપત્તિના વાદળાં ઉતરી પડશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં.-૬૦

**ભાદરવા વદ ૪ ને ગુરૂવાર** **તા. ૧૭-૯-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! આપણા મહાન પુણ્યોદયે આપણો જિનશાસનમાં જન્મ થયો. જિનશાસન એ જેવું તેવું શાસન નથી પણ વિરાટ અને વિશાળ શાસન છે. કેવું પરમ કલ્યાણકારી અને મહાન મંગલકારી જિનશાસન છે! વિવિધ વિટંબણાઓમાં ગુંગળાઈ રહેલા, અકળાઈ રહેલા, મનુષ્યોને પરમ આશ્વાસનભૂત પરમ આધારભૂત અને પરમ વિશ્રામરૂપ હોય તો એક જ આ જિનશાસન છે. જિનશાસન એટલે? એ કોઈ પંથનું નામ નથી. એ કોઈ સંપ્રદાયનું નામ નથી. કોઈ ગચ્છનું કે સમુદાયનું નામ નથી, પણ જિનશાસન એટલે દ્વાદશાંગી! જિનશાસન એટલે શ્રુતજ્ઞાનની પરમ પાવની ભાગીરથી! જિનશાસન એટલે સમ્યક્ જ્ઞાનનો મહાસાગર. જિનશાસનને એક જ વાતનો રસ છે કે સર્વ જીવોના આશ્રવના દ્વાર બંધ કરી દેવા; કારણ કે એ વિના આંતર સુખનો અનુભવ સંભવિત નથી. કરોડ વર્ષનું આયુષ્ય હોય

અને મુખમાં હજાર જીભ હોય છતાં સમસ્ત જિનશાસનનું વર્ણન કરવું તે શકય નથી. એવું ગહન, ગંભીર અને અનંત જિનશાસન છે.

**જગતમાં ન મળે એવું જિનશાસનમાં મળે:**—જગતમાં સુક્ષ્મ અને વિસ્તૃત કર્મસાહિત્યની, ષડ્દ્રવ્યની, ભેદાભેદની, નિત્યાનિત્યની, સત્ અસત્‌ની, રૂપી ને અરૂપીની, સ્યાદ્‌વાદની, સપ્તભંગી અને સપ્તનયની, ચૌદ ગુણસ્થાનકની, ચૌદપૂર્વની, ચૌદ રાજલોકની આ બધી વાતો જગતમાં જોવા ન મળે. સુક્ષ્મ મહાવ્રતોની સુક્ષ્મ વાતોમાં જગતની દૃષ્ટિ ન પહોંચે, સમિતિ અને ગુપ્તિની વાતો જગતને જોવા ન મળે. આ બધી મિલકત જૈનશાસન માટે રિઝર્વડ છે. હીરા માણેકના ઢગલા તો અનાર્યોને મળી શકે પણ જિનશાસન ન મળે. આ બધું જેને મળ્યું છે, એવા જૈનોની સંખ્યા કેટલી? વીસ પચ્ચીસ લાખની, એમાં તમારો નંબર લાગ્યો, જગતમાં મહાકિંમતી મિલકતને પ્રાપ્ત કરી લેવા ભાગ્યવાનમાં તમારો નંબર નોંધાયો.

જિનશાસન એટલે સર્વજ્ઞ શાસન, સર્વજ્ઞ શાસન એટલે એક સમૃદ્ધનગર. મહાવૈભવશાળી-સંપત્તિશાળીનગર. એનો વૈભવ કોઇ સામાન્ય સોના ચાંદીનો કે તમારા માનેલા રત્નોનો કે હીરાઓનો નથી. હા, જરૂર તેમાં રત્નો છે ખરા પણ એ કયા? જોવા છે એ રત્નો? ઓળખવા છે એ રત્નો? એ રત્નોના નામ છે ગમ, પર્યાય, અર્થ, હેતુ, નય અને શબ્દ આ છ તો એની જાતો છે. બાકીની સંખ્યા તો છે અનંત. જિનશાસનનું આ નગર અનંત અનંત રત્નોથી ખીચોખીચ ભરેલું છે. અત્યંત ગહન છે. આવા નગરમાં પ્રવેશ મળવો એ ખરેખર મહાદુર્લભ છે. અલ્પજ્ઞ મનુષ્ય એ અનંત રત્નોને કેવી રીતે જાણી શકે? આપણી પાસે તે જ્ઞાનનો ક્ષયોપશમ નથી. આપણી પાસે સુક્ષ્મ બુદ્ધિ નથી. તો કેવી રીતે જિનાગમો ભણી શકીએ? આમ નિરાશ થઈને જ્ઞાન મેળવવાના પુરૂષાર્થને છોડવાની જરૂર નથી. અનાજ બજારમાં વેરાયેલા દાણાઓને ભેગા કરતા ભિખારીઓને નથી જોયા? એ રીતે જીવનનિર્વાહ ચલાવતા નથી જોયા? અરે, જમીન પર વેરાયેલા અન્નના કણોને વીણી વીણીને ખાતા પક્ષીઓ નથી જોયા? તેમ આપણે પણ જિનાગમના વેરાયેલા તત્ત્વોને વીણી વીણીને ભેગા કરીએ તો? જેમની પાસે શ્રુતવૈભવ છે, બુદ્ધિ-વૈભવ છે તેમના ઘરના આંગણે થોડા ઘણા શ્રુતજ્ઞાનના દાણા વેરાયેલા પડયા હોય, તેને નીડરતાથી વીણી લો. તે વૈભવશાળીઓ મહાદયાળુ અને કરૂણા સાગર છે. તે આપણને વીણવા દેશે. સર્વજ્ઞના શાસનને સમજવું, દ્વાદશાંગીના ગહન અર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરવું, એ અતિ કઠીન છે.

આપણા ચાલુ અધિકારમાં નમિરાજે પોતાના માનનીય દૂતને ચંદ્રયશના રાજ્યમાં મોકલ્યો. દૂતે જઈને ચંદ્રયશ રાજાને વિનય વિવેકપૂર્વક વંદન નમસ્કાર કર્યા. વિનયનો ગુણ એ મહાન ગુણ છે. વિનય વૈરીને વશ કરે છે, દુશ્મનને દોસ્ત બનાવે છે ને શત્રુને મિત્ર બનાવે છે. વિનય વિવેકી આત્મા વેરીના મકાનમાં જશે તો પણ આદરમાન પામશે. વિનયથી શું ફળ મળે છે?

**विनयफलं सुषा गुरुसुश्रूषां फलं श्रुतज्ञानम् ।**
**ज्ञानस्य फलं विरति विरतिफलं चाश्रव निरोधः ॥**

વિનયનું ફળ શ્રવણ, શ્રવણનું ફળ આગમજ્ઞાન, આગમજ્ઞાનનું ફળ વિરતિ અને વિરતિનું ફળ સંવર.

વિનયનું ફળ શ્રવણ. શ્રવણમાં શું સાંભળવું છે? પરનિંદાના પારાયણો જીવે ઘણાં સાંભળ્યા, હવે એનાથી કંટાળો આવ્યો છે? સ્વ પ્રશંસાની ઘણી પ્રશસ્તિઓ સાંભળી, પ્રશંસા સાંભળતા હવે ધરાઈ ગયા છો. પરપુદ્ગલો, પર પદાર્થો અને પરભાવોની ઘણી ઘણી કથા વાર્તાઓ સાંભળી, હવે તૃપ્ત થયા છો ને? આ બધું સાંભળતા જીવે કેવા કુકર્મોના પોટલા બાંધ્યા એનો કદી વિચાર કર્યો છે ખરો? એ કર્મોના ફળ કેવા ભોગવવા પડશે એનું ચિંતન કર્યું છે? જો હવે કુકર્મોના ગંજ એકઠા કરવા ન હોય તો હવે એ બધું સાંભળવાનું બંધ કરો. હવે તો એ શ્રવણ કરો કે આત્મા તત્ત્વ પ્રકાશથી પ્રકાશિત થાય. અંતરાત્મ દશા પ્રગટે ને અનંત કર્મોની નિર્જરા થાય. આવું તત્ત્વ શ્રવણ કરવું હોય તો વિનય વિવેકથી ગુરૂદેવને રીઝવવા પડશે. પછી એવા ગુરૂદેવના મુખેથી જ્ઞાન-ગંગાનો પ્રવાહ વહેવા માંડશે. એ જ્ઞાનગંગા દ્વારા ગોચર, અગોચરની વાતો સાંભળવા મળશે. સાકર અને શેરડીથી પણ મીઠી એવી ગુરૂદેવની વાણી આપણા હૃદયના વિષય કષાયની કડવાશને દૂર કરશે. વિનયપૂર્વક ગુરૂદેવ પાસેથી જ્ઞાન લેવાથી અનેક શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત થશે. એક ચિત્તે જિજ્ઞાસાપૂર્વક દિલના ઉમળકાથી વિનયપૂર્વક જ્ઞાન લેવાથી માત્ર શાસ્ત્રોના શબ્દાર્થનું જ્ઞાન થશે, એટલું નહિ પણ એ આગમના રહસ્યોને પણ જાણી શકાશે. વિનયથી પ્રસન્ન કરેલા ગુરૂના મુખમાંથી એવી અવનવી, ગંભીર અને રહસ્યભૂત વાતો સાંભળવા મળશે કે જે સાંભળતાં આપણું હૈયું નાચી ઉઠશે.

અવિનીત શિષ્યની સમક્ષ ગુરૂનું હૃદય ખુલતું નથી. શાસ્ત્રની રહસ્યભૂત વાતો હૃદયમાંથી નીકળતી નથી. માત્ર કર્તવ્યનું પાલન કરવા ગુરૂ જ્ઞાન આપે, ગુરૂ પાસેથી મેળવેલું જ્ઞાન આપણી સુષુપ્ત ચેતનાને ઢંઢોળે છે. માત્ર પોથામાંથી સીધું જ્ઞાન માથામાં આવતું નથી, પણ હૃદયની કોમળ ભૂમિમાં એ જ્ઞાન રૂપ પાણી પહોંચે છે, પછી એ ભૂમિમાં પચી જાય છે. શાસ્ત્રજ્ઞાન ત્યાગ કરવા યોગ્ય ત્યાગ કરવાની માત્ર ભાવનાથી અટકતું નથી પણ ત્યાગ કરાવીને અટકે છે. સ્વીકાર્યનો સ્વીકાર કરવાની ભાવના, ભાવના રૂપે નથી રહેતી, એ ભાવના કાર્ય રૂપે પરિણત થઈ જાય છે. આત્માનું સંકલ્પ બળ જાગૃત થાય છે. પાપોનો ત્યાગ કરવાનો સંકલ્પ કરે છે. પ્રતિજ્ઞા કરે છે. આશ્રવોના દ્વાર બંધ કરે છે.

પાપોથી વિરામ પામવું તેનું નામ વિરતિ. પાપમાં કોઈ આનંદ નહિ. ખુશી નહિ. હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મસેવન અને પરિગ્રહ આ પાંચ મહાપાપોનો મન, વચન, કાયાથી ત્યાગ કરે છે. આ વિરતિધર્મનું ફળ છે. આશ્રવનો નિરોધ—જો કે વિરતિનું સ્વરૂપ આશ્રવોના નિરોધ રૂપ છે, પણ અહીં વિરતિના ફળ રૂપે આશ્રવોનો

નિરોધ બતાવ્યો છે. વિરતિ ધર્મ સ્વીકાર્યો એટલે અવિરતિના આશ્રવને રોકયો. અવિરતિના આશ્રવ દ્વારા થતો કર્મબંધ અટકી ગયો.

આશ્રવના દ્વારોમાંથી કર્મો આત્મામાં આવે છે. કર્મોને આત્મામાં પ્રવેશવાના માર્ગો આશ્રવ છે. આશ્રવ એક નથી અનેક છે, પણ મુખ્ય આશ્રવો પાંચ છે. મિથ્યાત્વ. અવિરિતી, પ્રમાદ, કષાય અને યોગ. સમ્યક્‌ત્વની હાજરીમાં મિથ્યાત્વ રહી શકતું નથી. વિરતિ ધર્મનો સ્વીકાર કર્યો એટલે અવિરતિનો દરવાજો બંધ થઈ ગયો. વિરતિ ધર્મનો પ્રભાવ કષાયોને ક્ષીણ કરે છે. મન, વચન, કાયાની પ્રવૃત્તિ શુભ બને છે. અને પ્રમાદનો ઉન્માદ ઓગળવા માંડે છે. આ રીતે આશ્રવોના દ્વાર બંધ થયા અને સંવર થયો એટલે નવાં કર્મોનું આગમન નહિવત્ બની ગયું. આ બધાનો મૂળ પાયો વિનય છે. વિનય હશે તો આ બધા ગુણો આવશે. વિનયના કસોટી પથ્થર ઉપર જેમનું જ્ઞાન અને ચારિત્ર શુદ્ધ કરે છે એવા સુવિનીત આત્માઓની દિવ્ય શોભા આગળ મૂલ્યવાન વસ્ત્રો અને આભૂષણોથી અલંકૃત માનવ ફિક્કો લાગે છે. શોભાવિહીન લાગે છે. ભલે મનુષ્ય રોજ નવી નવી ફેશનના કપડાં પહેરીને, નવી ડીઝાઈનના અલંકારો સજીને સુંદર દેખાવા પ્રયત્ન કરે, પણ જો તેનામાં વિનય નથી તો એ શોભતો નથી. જ્યારે સાદા અને સ્વચ્છ કપડાં પહેરનારે ભલે એકે દાગીનો ન પહેર્યો હોય પણ જો તેનામાં વિનય છે તો તે શોભે છે. સુંદર વસ્ત્રાલંકારો લોકોની આંખોને આકર્ષી શકશે, પણ લોકોના મનને તો વિનયાદિ ગુણો આકર્ષી શકશે. વિનીત આત્મા દુઃખમાં પણ સુખનો અનુભવ કરી શકે છે.

એક માતાના બે સંતાન હતા. મોટાનું નામ મહેશ અને નાનાનું નામ ગણેશ હતું. બંને ભાઈ માતાપિતાના લાડકોડમાં મોટા થયા, પણ એક બુદ્ધિશાળી અને બીજો અભણ હતો. સમય જતાં બંને છોકરા મોટા થયા. માબાપે તેમને પરણાવ્યા ને વહુઓ ઘરમાં આવી. થોડા સમયમાં માતા પિતા મૃત્યુ પામ્યા. બંને ભાઇ સાથે રહે છે. ગણેશ કમાતો નથી તેમજ તેની વહુ બહુ કામ કરતી નથી. તેથી મોટાભાઇને તેની પત્નીએ ભંભેર્યા. ને કહ્યું. એમને જુદા કરો. પહેલા મોટાભાઈએ ના પાડી, પણ છેવટમાં જુદા થયા. બંને માણસ હાથે પગે બહાર નીકળ્યા. જુદા પડતી વખતે ગણેશ જેમ બાપના ખોળામાં પડે તેમ ભાઈના ખોળામાં પડ્યો. ને બાળક રડે તેમ રડવા લાગ્યો. ભાઈ, આપ તો મારા બાપ સમાન છો. મારામાં કમાવાની શક્તિ નથી. હું શું કરીશ? અમે અમારું જીવન કેવી રીતે ચલાવીશું? તેનું કરૂણ રૂદન કલ્પાંત અને ઝૂરાપો એવો હતો કે દુશ્મન દોસ્ત બની જાય પણ આ ભાઈના એવાં કર્મો ઉદય આવ્યાં કે દુશ્મન દોસ્ત બને પણ ભાઈ દોસ્ત ન બન્યો. તેણે તો એક જ વાત કરી કે તમે અમારા ઘરમાં ન જોઈએ. ઘરની પાછળ એક રૂમની નાની ઓરડી હતી તે રહેવા આપી. ચાર પાંચ થાળી વાટકા, તપેલી વિગેરે થોડું આપ્યું ને ચાર પાંચ દિવસ ચાલે એટલું અનાજ આપ્યું. બંને ઓરડીમાં જઇને પોક મૂકીને રડયા. હવે આપણે શું કરીશું? ખૂબ ઝૂરે છે. હવે આ દુનિયામાં ઉપર આભ ને નીચે ધરતી સિવાય આપણું કોઈ નથી.

ગણેશની પત્ની કહે નાથ ! રડશો નહિ. આપણે એમ કરીએ. વગડામાં જઈને લાકડા કાપીએ ને તેના ભારા વેચીએ. તેમાંથી જે મળશે તેનાથી જીવન ચલાવીશું. વાણીયાના દીકરા છે. કોઈ દિવસ હાથમાં કુહાડી પકડી નથી પણ કર્મના ખેલ વિચિત્ર છે. બંને માણસો જંગલમાં જાય, લાકડા કાપે ને ભારા વેચે છે. દુનિયા જુએ છે અહો ! કેવા લાડકોડમાં ઉછરેલા ! આજે આ સ્થિતિ ! એક દિવસ ગણેશ તેની પત્નીને કહે છે, હવે મને લાકડા કાપતા આવડી ગયા છે, માટે તું જંગલમાં ન આવીશ. પત્ની ઘરમાં રહી લોકોના કામ કરે છે ને એ રીતે આજીવિકા ચલાવે છે. હવે પત્નીને પસ્તાવો થાય છે કે મેં સમજીને ભાભીને ઘેર બે કામ વધુ કર્યા હોત અને ભાભીને મોટા તરીકે ગણીને તેમનું માન સાચવ્યું હોત તો આ સ્થિતિ ન આવતને ! વૈદ રોગીની તપાસ કરે ત્યારે નાડી પર ત્રણ આંગળી મૂકે છે તેથી તેને ખબર પડે છે. વાયુ, પીત્ત અને કફ તેમાં વધારે શું છે? એ રીતે મોટા માણસો ત્રણ રીતે પરખાય છે. ધન, ધર્મ, ઠાઠમાઠ. તેની નાડી પરખીને તે રીતે રહે, તો લીલાલ્હેર.

આ બંને માણસો આવી રીતે જીવન નભાવે છે ને રોજ પ્રભુને પ્રાર્થના કરે છે, હે પ્રભુ ! અમે ક્યારે પણ કોઇનું બૂરું ન કરીએ એવી અમારી ભાવના રાખજે. ભલું થાય તો કરવું પણ કયારે ય કોઈનું ખરાબ નથી કરવું. પત્ની કહે છે, નાથ ! આપણે બંનેએ પૂર્વભવમાં ધર્મારાધના કરી નથી તેથી આ ભવમાં દુઃખી છીએ. તમે બધા કહો છો ને કે "ધર્મીને ઘેર ધાડ." ધર્મી જીવ દુઃખી ન હોય, પણ ગત જન્મમાં કર્મો કર્યા હોય તે ઉદયમાં આવે એટલે ભોગવવા પડે. આ જીવ અનેક ભવમાં રઝળતો રઝળતો અજ્ઞાનતાને કારણે કર્મ બાંધતો આવ્યો છે, એ કર્મો ઉદયમાં આવે ત્યારે ભોગવ્યા વિના છૂટકારો થતો નથી. આ પત્ની કહે છે, ગત જન્મમાં આપણે ધર્મ કર્યો નથી, તેથી અત્યારે દુઃખ ભોગવીએ છીએ. એમ વિચારી બંને, ધર્મમાં મસ્ત રહેવા લાગ્યા. તેઓ વિચારે છે કે આપણા દુષ્કર્મો આપણે ભોગવીએ છીએ. આ ભવમાં જો સાધના કરીશું તો કર્મો ઉભા નહિ રહે.

**ધર્મશ્રદ્ધાનો ચમત્કાર** : ગણેશે એક વાર લાકડા કાપવા કુહાડી મારી, ત્યાં તેને અવાજ આવ્યો, તું લાકડા કાપીશ નહિ. ગણેશ પૂછે છે તમે કોણ છો ? શા માટે મને લાકડા કાપવાની ના પાડો છો ? એમ કહીને ફરી કુહાડી મારવા જાય છે ત્યાં કુહાડી હાથમાંથી ભોંય પડી ગઈ. ગણેશ કહે-આપ ના કહો છો તો હું લાકડા નહિ કાપું, પણ આપ કોણ છો તે મારી દૃષ્ટિગોચર થાવ. તમે મને શા માટે રોકો છો ? હું લાકડા નહિ કાપું તો અમે ખાઈશું શું ? ખાવા તો જોઇને ને ? બોલ, તારે શું ખાવું છે ? અમારે રોટલી ને દાળ ખાવી છે. મેવા મિષ્ટાન્ન ખાવા નથી. તું ઘેર જા. તને મળી જશે. ગણેશ શ્રદ્ધાથી ઘેર ગયો. પત્ની કહે, કેમ પાછા આવ્યા ? રોટલી દાળ તૈયાર છે. ક્યાં છે ? ઘરમાં તો દેખાતા નથી. ગણેશે બધી વાત કરી. પછી કહ્યું, તું એક તપેલી પર ઢાંકણું ઢાંકીને મૂક અને રોટલીનો લોટ જે કથરોટમાં બાંધે છે તેના પર એક કપડું

ઢાંકી દે. થોડી વારે જોયું તો તપેલી આખી દાળની ભરેલી હતી અને કથરોટમાં રોટલીઓ હતી. રોટલી લૂખી હતી. બંનેએ પેટ ભરીને ખાધું. લાકડા કાપવા જવાની ના પાડી છે એટલે ગણેશ જતો નથી. આ બંનેને તો હવે લીલાલહેર થઈ ગઈ! બંને માણસો ખાય કેટલું? એટલે જે વધે તે ગરીબોને–ભિખારીને બધાને આપે. પછી તો તેમણે દાળનું મોટું તપેલું કર્યું. તેમાંથી સાવ સસ્તાભાવે લોજ ચલાવવાની શરૂ કરી, તેથી પૈસાની આવક થવા લાગી. થોડી મૂડી થતાં એક ઘર લીધું.

**ઈર્ષ્યાના કટુ ફળ :** ઈર્ષ્યા બહુ ભયંકર છે. જેઠાણીના મનમાં થયું કે મારા દિયર તો કમાતા નથી ને આ બધું શું? પાંચ વર્ષમાં ભૂખ્યા, તરસ્યા દિયર છે કે શું છે તેની ખબર તો લીધી નથી, પણ હવે દિયરની થોડી સારી સ્થિતિ જોઈને ઈર્ષ્યા આવી. દિયરને ઘેર જઈને દેરાણીને પૂછે છે, મારા દિયર તો કમાતા નથી તો તમે લોજ કેવી રીતે ચલાવો છો? ભોળી દેરાણીએ બધી સત્ય વાત કહી દીધી. જેઠાણી ઘેર આવીને પતિને કહે છે, તમે લાકડા કાપવા જાવ. મહેશ કહે મારે કયાં પૈસાનો તૂટો છે તે હું લાકડા કાપવા જાઉં! પત્નીએ તો ધમધમાટી બોલાવી દીધી. છેવટે પતિ તેની વાત માનીને લાકડા કાપવા જાય છે. બધા લોકો જુએ અને બોલે, કે આ કેમ જતો હશે! એને કયાં પૈસાની કમીના છે! કયા જંગલમાં અને કયાં આગળ તે બધું પત્ની પૂછી લાવી છે, એટલે તે પ્રમાણે મહેશ ત્યાં ગયો. મહેશ જયાં કુહાડીથી લાકડા પર ઘા કરવા ગયો ત્યાં તેના બંને હાથ ચોંટી ગયા. પ્રયત્ન કરે છે છતાં ઉખડતા નથી. જેમ ઉખાડવા મહેનત કરે તેમ વધુ ખેંચાતો જાય છે. તેની નસો ખેંચાવા લાગી. બિચારો પોકાર કરે છે, મને કોઈ છોડાવો. ત્યાં અવાજ આવ્યો. તું નહીં છૂટી શકે. તેં તારા ભાઈને દગો દીધો છે, તેના ભાગની મિલ્કત તેં પચાવી પાડી છે અને કંઈ પણ આપ્યા વગર એમને રડતા કકળતા ઘરની બહાર કાઢયા છે. હવે એ થોડું કમાયા, લૂખી રોટલી ને દાળ ખાય છે. તેમાં તારી પત્નીને ઈર્ષ્યા આવી કે તને લાકડા કાપવા મોકલ્યો. મહેશ કહે, આપ જે હો તે મને માફ કરો ને એમાંથી છોડાવો. તું વચન આપ કે અડધી મિલ્કત ગણેશને આપીશ અને રોટલી ઘી ચોપડીને ખવડાવીશ તો તને છોડું. ભાઈને દેવાની ઈચ્છા ન હોય છતાં અહીં તો હવે સીધા દોર. ભાઈ સાહેબને વચન આપવું પડયું, પછી ત્યાંથી હાથ ઉખડયા.

**ચમત્કારથી નમસ્કાર :** ભાઈ તો ગયા ઘેર. પત્ની પૂછે છે વચન લઈ આવ્યા? અરે! વચન લેવા જતાં ત્યાં પૂરો થઈ જાત. મહામુશીબતે છૂટીને આવ્યો છું. વચન લેવાને બદલે વચન દઈને આવ્યો છું, બધી વાત કરી. હવે જો ભાઈ કે તેની પત્ની ન આપે તો ફરીને ચોંટી જવાનો ભય એટલે બીજે દિવસે તો જેઠાણી ઘીનો લોટો લઈને ઉપડયા દેરાણીને ઘેર. દેરાણી પૂછે છે એકાએક ઘીનો લોટો લઈને કેમ આવ્યા? જેઠાણી કહે, મારા મનમાં થયું કે મારા દીકરા સમાન એકના એક લાડકા દિયર અને દેરાણી લૂખી રોટલી ખાય ને હું ચોપડેલી ખાઉં! આપે આટલા વર્ષમાં તો કોઈ દિવસ યાદ કર્યો નથી પણ આંજે કંઈક ચમત્કાર થયો લાગે છે. ત્યાં મોટોભાઈ પણ નાનાભાઈના

ભાગની અડધી મિલકત લઇને આપવા આવ્યો. ગણેશ કહે ભાઈ! મારે નથી જોઈતી. તારો પ્રેમ છે તો બસ છે, પણ ભાઇએ આગ્રહ કરીને તેના ભાગની મૂડી આપી દીધી. અમારા કહેવાથી સીધા ન હાલો. અમે કહીએ કે કંદમૂળમાં ઘણું પાપ છે ન ખાશો, તો અમારું ન સાંભળો પણ એવો રોગ આવ્યો ને ડોકટર ના પાડે તો સહજ રીતે છોડી દો. કહેવાનો આશય એ છે કે સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવ્યા કરે છે, પણ જેનામાં વિનય-વિવેક છે તે દુઃખમાં પણ ધૈર્ય રાખી શકે છે. દુઃખમાં ગભરાતા નથી.

ચંદ્રયશ રાજાએ ગર્વમાં આવીને દૂતની સાથે સમાચાર મોકલાવી દીધા કે આપને જે કરવું હોય તે કરીલો. હાથી પાછો નહિ આપું. આ બાજુ નમિરાજા દૂતની રાહ જોઇને બેઠા હતા, ત્યાં દૂત આવ્યો. નમિરાજે દૂતને પૂછ્યું, શું થયું? હાથી પાછો આપ્યો? દૂતે કહ્યું, મહારાજા! એમના જવાબ તો એવા જડબાતોડ છે કે એ છાતીમાં કોતરાઈ જાય. એ તમને કાયર માને છે. એણે તો કહ્યું કે, તારા રાજામાં હૈવત હોય તો આવી જાય મારી સામે. જે એક હાથીને વશ ન કરી શક્યો તે મને શું જીતી શકવાનો છે? મેં હાથીને મારા બળથી વશ કર્યો છે. જો તારા રાજામાં બળ હોય તો તે હાથીને પાછો લઈ જઈ શકે છે, પણ હાથીને પાછો લેવા આવતા પહેલા એ વાતનો તેણે વિચાર કરી લેવો જોઇએ કે તેની પોતાની દશા પણ આ હાથીના જેવી થઈ ન જાય! નમિરાજા આ સમાચાર સાંભળીને ધમધમી ઉઠયા. એમના રોમેરોમમાં આગ ભભૂકી ઉઠી. એ ત્રાડૂકી ઉઠયા. નમિરાજે તાત્કાલિક મંત્રીઓની સભા બોલાવી અને તેઓને ચંદ્રયશના બધા સમાચાર આપ્યા. ચંદ્રયશ મને કાયર માની રહ્યો છે, તો મારે તેને બતાવી આપવું જોઇએ કે હું કાયર નહિ પણ વીર છું. હું કાયર બનીને જીવવા ચાહતો નથી. તેમજ હું કોઈનું અપમાન સહેવા પણ તૈયાર નથી, માટે યુદ્ધ કરવા સેનાને સજ્જ કરો. રણભેરી ફૂંકો ને રણઝાલરી બજાવો. સજાવો સેના અને સાબદી કરો સમશેરો! કરો સુદર્શનની સામે યુદ્ધ. એને પણ ખબર પડી જાય કે હાથી લેવો એ કંઈ સહેલી ચીજ નથી. આખી મિથિલા યુદ્ધની તૈયારી કરવામાં મશગૂલ બની. કોણ સમજાવે નમિરાજાને કે તું આ યુદ્ધ કોની સામે લડવા તૈયાર થયો છે? હવે રાજા સલાહકારોને બોલાવશે ને કેવી રીતે યુદ્ધ કરવા જશે એ વાત અવસરે.

**ચરિત્ર :** રાજાના બંને કુમારોએ લાડવા ખાધા પણ કોઈની આંખના આંસુ મોતી ન બન્યા, તેથી રાજાના મનમાં થયું કે આ કોઈ દુશ્મન રાજાનો માણસ લાડવામાં વિષ નાંખીને તો નહીં લાવ્યો હોય ને! માટે વૈદરાજને બોલાવીને બાળકોની તપાસ કરાવીએ કે લાડવાની કોઈ ખરાબ અસર તો નથી થઇને? તેથી વૈદરાજને બોલાવ્યા. વૈદરાજ ખૂબ નીતિમાન ને પ્રમાણિક હતા. રાજાએ કહ્યું-વૈદરાજ! આપ બંને કુમારોને બરાબર તપાસી લો કે એ શત્રુરાજાની માયાનો ભોગ તો નથી બન્યા ને? વૈદરાજે બંને બાળકોને નખથી શીખ સુધી તપાસી લીધા ને પછી બંને કુમારોને પૂછ્યું-તમને કંઈ

થાય છે? ના...અમને કંઈ નથી થતું. અમને કોઈ જાતની તકલીફ કે બેચેની નથી. કુમારોએ ના પાડી છતાં વધુ ચિકિત્સા કરવા એક કિંમતી દવા બંને કુમારોને પીવડાવી દીધી, પછી રાજાને કહ્યું, હે રાજન્! આ ઉપાય જલદ છે. હમણાં થોડી વારે ઉલ્ટી થશે, જો ઉલ્ટી કાળી કે લીલી થાય તો સમજજો કે ઝેરી વિષની અસર છે, અને જો સફેદ ઉલ્ટી થાય તો સમજજો કે કંઈ નથી. માત્ર મનનો વહેમ છે. ઉલ્ટી થતાં બંને કુમારોના હાથપગ ઠંડા પડી જશે પણ આપ ગભરાશો નહિ.

વૈદરાજ આ પ્રમાણે કહીને ગયા, ત્યાં તો બંનેને ઉલ્ટી શરૂ થઈ ગઈ. વારંવાર ઉલ્ટી થવાથી છોકરાઓ બેભાન જેવા બની ગયા. આંખો તરવાઈ ગઈ ને સૌ ચિંતામાં મૂકાઈ ગયા. તરત વૈદરાજને પાછા બોલાવ્યા. વૈદ તેનું વારણ કરવાની દવા આપી. બાળકોને ઉલ્ટી થતી જોઈને વૈદરાજે કહ્યું, ઉલ્ટી તદ્દન સફેદ છે, માટે કોઈ ઝેરી પ્રયોગ થયો નથી. આપ ફિકર ચિંતા કરશો નહિ ને મનમાં કાંઈ વહેમ રાખશો નહિ, છતાં રાજા માનતા નથી, ઉલ્ટું તેમના મનમાં થયું કે લાડુ દેવા આવનાર પાકો ઠગ છે. હવે તેને બરાબર બતાવી દઉં.

**સાગરનું મન કામમાં ન લાગે, ડાબા નેત્રનું સ્ફુરણ થાયે,**
**આપત્તિની આગાહી લાગતી, હૈયે ધ્રાસ્કો પડયો.**

આ બાજુ સાગરદત્તનું ચિત્ત કયાંય ચોંટતું નથી. લાકડા કાપવા જવાનું મન થતું નથી. દિલમાં અવનવી આપત્તિની આગાહીઓની ભ્રાંતિ થતી હતી, ત્યાં શેઠનું ડાબું અંગ ફરકયું તેથી હૈયામાં એકદમ ધ્રાસ્કો પડયો. મુખ પર ઉદાસીનતા છવાઈ ગઈ. પતિને ઉદાસ જોઈને તારામતી પૂછે છે નાથ! આજે લાકડા લેવા જવાને માટે વાર કરો છો, તેમજ આપના મુખ પર પણ ઉદાસીનતા જણાય છે તો તેનું શું કારણ છે? સતી! આજે મારું ડાબું અંગ ફરકે છે અને આપણા પર દુઃખના વાદળ ઉતરવાના હોય તેવો મને ભાસ થાય છે. કામ કરવા જવાનું મન થતું નથી. શેઠ આટલું કહે છે ત્યાં તારામતીનું જમણું અંગ ફરકયું. નક્કી આપણા પર કોઈ આપત્તિ આવવાના દેખાય છે. બંનેના દિલમાં ધ્રાસ્કો પડયો. હજુ નસીબમાં શું દુઃખ બાકી હશે?

આ પ્રમાણે વિચાર કરે છે ત્યાં દૂરથી ચાર ઘોડેસ્વારોને પોતાના ઘર તરફ આવતા જોયા. તેઓ સાગરદત્ત શેઠનું ઘર પૂછતાં પૂછતાં આ બાજુ આવી રહ્યા હતા. તારામતી તો આ જોઈને આભી બની ગઈ. તેના દિલમાં ધ્રાસ્કો પડયો. અહો! રાજાની અહેશાની કે કોપ! હે વિધાતા! આટલા દુઃખ ભોગવ્યા છતાં હજુ દુઃખ આપવામાં બાકી છે? ત્યાં તો ઘોડેસ્વારો સાગરદત્ત શેઠના ઘેર પહોંચી ગયા, કેડે તલવાર ખોસેલી છે. હાથમાં શસ્ત્રો છે. આ જોઈને શેઠાણી તો ધ્રુજી ઉઠયા, નક્કી રાજાનો કોપ લાગે છે. ઘોડેસ્વારોએ કહ્યું, હે સાગરદત્ત! તું કાન ખુલ્લા કરીને સાંભળજે. અમે રાજપુરુષો છીએ. રાજાનું ફરમાન છે કે તારા પુત્રોને ઘરની બહાર કાઢ. દીકરાનો શું વાંક ગુનો? વાંક ગુનો કંઈ પૂછશો નહિ. તારા બંને લાડીલા પુત્રોને આજે ફાંસીએ ચઢાવવાનો રાજહુકમ છે.

તારા બંને પુત્રો કયાં છે ? જલ્દી બહાર કાઢો. આ સાંભળતા સાગરદત્ત અને તારામતી પર તો જાણે વીજળી તૂટી પડી ! શેઠ તો બેભાન થઈને પડી ગયા. શેઠાણી પણ ભાન ગૂમાવી બેઠા. જરા વારે ભાન આવ્યું. હૈયાફાટ રડે છે. આ અણધારી આફત કયાંથી ? અરે પ્રભુ ! રે...કર્મ...કર્મ.

**રાજદૂતનો પડકાર :** જોયો...જોયો...ધર્મકર્મને માનનારો ધૂર્ત ! અમારા બંને કુમારોની અવદશા ઇચ્છનાર ! બંનેને મારી નાંખવા તૈયાર થયેલ તારી કર્તવ્ય દશાને બરાબર જોઈલે, જેથી જિંદગીમાં બીજીવાર આવી ચાલબાજી કરવી ભૂલી જાય. આવા અન્યાયી અને દગાખોરોને તો ઉગતા જ દબાવવા જોઈએ. ચાલબાજી માટે તારી નજરમાં રાજકુંવરો આવ્યા. બીજું કોઈ ન દેખાયું, તો સોંપ તારા પુત્રોને ! કયાં છે એ બંને તારા લાડીલા ! બંને કુમારોને બહાર બોલાવ્યા. વાત જાણતા બંને ધ્રુજવા લાગ્યા. અમને કયાં લઈ જશે ? શું કરશે ? મા-બાપ રડે છે તે કહે, અમને લઈ જાવ. આ ફૂલ જેવા નિર્દોષ બાળકોને ન લઈ જાવ. અમને ફાંસીએ ચઢાવો પણ તેમને બચાવો. અમારો શો વાંક ગુનો ! એ અમને ખબર નથી પણ તમે રાજાને દગો દીધો છે, માટે બાળકોને ફાંસીએ ચઢાવવાનો હુકમ થયો છે. અરેરે...કર્મરાજા ! શું તારા ખેલ છે ! હું તો રાજાને સારા માટે લાડવા આપવા ગયો હતો, પણ સારું ખોટામાં પરિણમ્યું. સવળું અવળું પડી ગયું. બિચારા નિર્દોષ બાળકોનો વાંક, ગુનો નથી, છતાં ફાંસી ! મા બાપ બંને રડે છે. બાળકો હિંમતથી ઉભા છે. આ ઘોડેસ્વારો કુમારોને લઈ જશે, ત્યાં શું અઘટિત બનશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૬૧

**ભાદરવા વદ ૬ શનિવાર** **તા. ૧૯-૯-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની મહાપુરૂષો ફરમાવે છે કે આંખના પલકારાની જેમ પરિવર્તન પામતું આ પરિવર્તનશીલ જગત જેમાં એક સરખા ભાવ કદી રહેતા નથી. એક સરખા પરિણામ આપનારા પદાર્થો પણ રહેતા નથી. વિવિધતા જેમાં છે તેનું નામ વિશ્વ. કદી કોઈ જગ્યાએ દુઃખનો સાગર છલકાય તો કોઈ જગ્યાએ માનેલો સુખનો સિંધુ લહેરાય, કોઈ જગ્યાએ હર્ષના હિલોળા તો વળી કોઈ જગ્યાએ શોકની ઘેરી છાયા, કયાંક ભરતી તો કયાંક ઓટ ! આવા અજબગજબના દ્વન્દ્વોથી ભરેલું જગત ! તો પછી આ દુનિયામાં શરણ કોનું ? કોના શરણે જવું ? આજે જેને શરણ માન્યું તે કાલે અશરણ બનવાના આજે જેને તારનારા માન્યા તે કાલે ડૂબાડી દેનારા બનશે, કારણ કે સ્વાર્થી આ જગત અને સંબંધો પણ સ્વાર્થી ! હાથ ઝાલીને તને ઉપર ચડાવનારા કયારે નીચે પછાડી દેશે તેની કોને ખબર છે ! આ સનાતન સત્યને કોઈ નકારી શકે તેમ નથી. કારણ કે અંતે બધું છોડીને જવાનું. બધું અહીં પડયું રહેશે ને પોતે ખલાસ !

ત્રણે કાળે શરણ રૂપ ન બનતાં જગતના પદાર્થોને શરણરૂપ માની બેઠેલા અજ્ઞાની માનવને જ્ઞાનનો પ્રકાશ આપતા ભગવાન બોલ્યા છે કે "नेव ताणाय तं तव"। તે તને શરણ–રક્ષણ રૂપ નહિ બને. આ જગતમાં આત્માને માટે અંતે શું અશરણ અને શું શરણ રૂપ છે? કોણ જીવનું રક્ષણ કરી શકે તેમ છે? તેમજ કોણ તને ત્રાણ રૂપ નથી તે સમજવું જરૂરી છે. સૂયગડાંગ સૂત્ર બોલે છે.

**वित्तं पसवो य नाइओ, तं बाले सरणं ति मन्नइ ।**

**एए मम तेसुवी अहं, नो ताणं सरणं न विज्जइ ॥** અ. ૨ ઉ. ૩ ગા. ૧૬

અજ્ઞાની જીવો ધન, પશુઓ તથા સ્વજનવર્ગ એ સર્વેને પોતાના રક્ષક માને છે અને દુઃખથી બચાવનાર સમજે છે. એ બધા મારા છે, હું એનો સ્વામી છું, એમ સમજે છે, પણ વાસ્તવમાં એ બધા તેને માટે ન ત્રાણરૂપ છે, ન શરણરૂપ છે. જે શરીરને માટે ધનોપાર્જનની ઇચ્છા કરાય છે તે શરીર પણ વિનાશી છે. તેમજ સંપત્તિનો સ્વભાવ અતિ ચંચળ છે. આ શરીર રોગ અને જરાનું સ્થાન છે. સ્વજનો અને ધન મારા છે, આવા પ્રકારના મમત્વથી રહેતા થકા પણ મૃત્યુ સમયે કે રોગ સમયે કોઇ ત્રાણ–શરણ રૂપ થવા સમર્થ થતા નથી તથા નરક તિર્યંચ આદિ ગતિમાં જતાં કોઈ સ્વજનો રક્ષા કરવા સમર્થ થતા નથી.

પરિગ્રહની જાળમાં ફસાયેલા, ધનથી મૂર્છિત બનેલા માનવીને પ્રભુના આ સોનેરી વાક્યો લાલ ઝંડી બતાવીને કહે છે ઓ માનવ! તારા હૃદયમાં જે લોભનો લાવારસ ઝરી રહ્યો છે, તૃષ્ણાની આગ પ્રજ્જ્વલિત બની છે. લાવો–લાવોની માત્ર લેવાની ભાવના પ્રકૃષ્ટ થતી જાય છે, પણ યાદ રાખો.

**વસ્તુ મર્યાદિત છે જગમાંહી, પણ ઇચ્છાનો અંત નાહી,**
**સમજી ઇચ્છાને વશ બને ના, તે સાચો વીતરાગનો રાહી.**

જ્ઞાની કહે છે, કદાચ લોભી માનવીને માટે આખું જગત તેનું બનાવી દેવામાં આવે, અરે જગતમાં જેટલું ધન છે તે બધું તેને ચરણે ધરવામાં આવે, તો પણ તેને માટે તે અપર્યાપ્ત છે. ધન કે નાશવંત કોઈ ચીજો જીવને ત્રાણ–શરણરૂપ નહિં બને, છતાં જીવો ધન મેળવવા માટે રાતદિવસ દોડધામ કરે છે. એક લેખકે કહ્યું છે કે અરે, ધનના અભાવમાં જીવ એટલા તો આંસુ સારે છે કે જેની સામે એક એક મહાસાગર પણ શરમાઈ જાય. આ અશ્રુપ્રવાહમાં જીવ અનેક વાર તણાઈ ગયો પણ અમૂલ્ય માનવજીવન માટે આંખોમાંથી આંસુનું એક બુંદ પણ પડ્યું નહિ. લાખ રૂપિયાની સંપત્તિનો માલિક જો એના હિસાબમાં એક પાઇ ઘટશે તો એને સહન નહિ કરી શકે. એક પાઇનો વિચાર કરવામાં ખૂબ સમય વ્યતીત કરશે પણ પોતાના માનવજીવનના કર્તવ્ય પર વિચાર કરવામાં એને ફુરસદ નહિ મળે. શું માનવજીવનનું મહત્વ એક પાઇ જેટલું પણ નથી? ખરેખર આજની ધન લોલુપતાએ માનવજીવનના કર્તવ્યની કિંમત એક કોડી કરતાં પણ ઓછી કરી નાંખી છે. પણ વિશ્વના અપાર કોટી ધનરાશી કરતાં પણ અધિક મૂલ્યવાન પોતાના જીવનની એક ક્ષણનો પણ સદુપયોગ કરવાનો વિચાર કરવાની એને ઇચ્છા થતી

નથી. ધન કમાવું, એશઆરામ કરવો, બસ એ જ વર્તમાન માનવીનું ધ્યેય બની ગયું છે, પણ એ શું નથી જાણતો કે આ ધન મને ત્રાણ-શરણ રૂપ નહિ બને! અહીં એ પ્રશ્ન થશે કે અધ્રુવ, અશાશ્વત, દુઃખપ્રચુર સંસારમાં જીવતા જીવોને માટે શરણભૂત તથા આધાર આપનાર કોણુ? પર્વત સમા ઉછળતા મોહના તરંગોને જન્મ આપનાર વિશાલકાય ભવોદધિમાં ડૂબતા જીવોને પણ તારનાર અને ડૂબેલાને હાથ ઝાલીને બહાર કાઢનાર એક સત્તા ત્રણેકાળે જીવંત છે, તે શક્તિવંતી મહાસત્તાનું નામ ધર્મસત્તા, જેનો સહારો, જેનું શરણ, અંતરની શ્રદ્ધા તથા આત્મ સમર્પણ ભાવથી સ્વીકારવામાં આવે તો તાકાત નથી આ જગતમાં કોઈ વ્યક્તિની કે કોઈ વિશિષ્ટ શક્તિની, કે જે આત્માના જન્મમરણ વધારી શકે? પણ ભયંકર ભૂલ જીવની છે કે અશરણને શરણ માન્યું. સ્વયં અનાથને નાથ બનાવ્યા! જાતથી નિરાધારનો આધાર લીધો! ડૂબતા માણસનો હાથ ઝાલવા ગયો અને તણખલા જેવા સર્વભાવોને તરણતારણ માન્યા અને તેનાથી જાત બચાવવા માટે વ્યર્થ પ્રયત્ન કર્યો. પરિણામે ન આત્મરક્ષા થઈ કે ન સંસાર ઘટયો. ભગવાન સિદ્ધાંતના નીર છાંટીને જલતા જીવોને બચાવવાનો પ્રયત્ન કરે છે.

**ઉગારવી હોય જો તારી જાત, શાસ્ત્રો કહે છે ખુલ્લી વાત.**

જો તારે ડૂબતા આત્માને ઉગારવો છે તો શાસ્ત્રો કહે છે, આ એક દૃશ્ય તારી સામે સદા રમતું કર "जहेव सीहो व मियं गहाय" એક નિર્દોષ ભોળું ખેલતું કૂદતું હરણીયું બીજા મૃગના ટોળા સાથે ભળી જઇ આનંદ લૂંટવા ગયું. જ્યાં વિહરતું હતું ત્યાં તેને એકલાપણું લાગ્યું, એટલે બીજા ટોળામાં ભળ્યું. બધાથી આગળ ચાલે છે. વનમાં ફરતા કુદરતનો આનંદ લૂંટે પણ તે આનંદ કયાં સુધીનો? બિચારા એ નિર્દોષ મૃગને કયાં ખબર હોય કે ઘડી બે ઘડીમાં મારો આનંદ આક્રંદમાં ફેરવાઈ જશે, હર્ષના હિલોળા હાહાકાર સર્જી દેશે અને મનગમતી મોજ મૃત્યુમાં ભળી જશે.

ફરતો ફરતો એક ભૂખ્યો સિંહ શિકાર શોધવા નીકળ્યો. દૃષ્ટિ પડી મૃગના ટોળા પર અને દોડીને ઝડપી લીધું પેલા આગળ ચાલતા નિર્દોષ નાના મૃગને, સીધું મોઢામાં લઈ લીધું. ક્રૂર પ્રાણીના તીક્ષ્ણ દાંતોમાં ચવાઈ ગયું. થઈ ગયા જીવ અને કાયા જુદા! મૃત્યુને શરણ બની ગયું. જેનો સાથે સહારો હતો તેવા સાથીદારોમાંથી એક પણ મૃગે તેને જરા જેટલો પણ બચાવવાનો પ્રયત્ન ન કર્યો. અરે! તેની કરૂણ દશાને નિહાળવાની કે દિલાસો દેવાની ભાવના પણ અંતરમાં ન જાગી, તેથી યે વધારે સ્વાર્થ તો ત્યાં દેખાય કે પોતાના માનેલા બધા તેને છોડીને દૂર સુદૂર સુધી ચાલ્યા ગયા. જે આ દૃશ્ય નજરે જુએ તેના મુખમાંથી સહજ રીતે ઉદ્‌ગારો સરી જાય 'કોણુ કોનું?' કોનું શરણુ? તે રીતે "मच्चु नरं नेइ हु अन्तकाले" જીવ રૂપી મૃગ મૃત્યુના મુખમાં પડે ત્યારે તેના કહેવાતા "न तस्स माया व पिया व भाया कालम्मि तम्मं सहरा भवन्ति" માતા-પિતા, ભાઈ, સ્વજન, આપ્તજન કોણ તેને બચાવે છે? કોણ તેનું શરણ બને છે? કાળમાંથી કોણ ઉગારે? કોઈ જ નહિં. કર્મની કારમી થપાટમાંથી બચાવનાર

જગતમાં એક શરણભૂત ધર્મતત્ત્વ છે. તેનું શરણું સ્વીકારો. ધર્મ એટલે વાસ્તવિકતાનું જ્ઞાન કરાવે, સાત્ત્વિકતાનું દર્શન કરાવે, તાત્ત્વિકતાનું ભાન કરાવે, નાસ્તિકતાનું નિઃરસન કરાવે, મોહકતાનું મારણ કરાવે, કષાયોનું કાસળ કાઢે, વિષયતાનું વિખરણ કરે.

જેમના જીવનમાં ધર્મ છે એવા નમિરાજા કે જેમના પાલક પિતાએ દીક્ષા લીધી છે, અને સાચી માતા મયણરેહાએ પણ દીક્ષા લીધી. આવા ધર્મિષ્ઠ માતાપિતાના સંતાનમાં ધર્મ હોય એ સ્વાભાવિક છે, પણ અત્યારે ચંદ્રયશે નમિરાજાનો પટ્ટહસ્તિ લઈ લીધો છે, તેને મેળવવા નમિરાજ સંગ્રામ ખેલવા તૈયાર થયા છે. સંસારમાં માનવીનું મનધાર્યું ન થાય ત્યારે તેને સામી વ્યક્તિ પ્રત્યે ક્રોધ આવે. નમિરાજાના મનમાં થયું કે એ ચંદ્રયશ શું સમજે છે? જો એને અભિમાન છે તો હવે બતાવી દઉં! તેથી સામંતોને બોલાવી યુદ્ધની તૈયારી કરી, પછી સલાહકારોને બોલાવ્યા. જો સલાહકાર સારા હોય તો સારી સલાહ આપે અને ખોટા હોય તો ખોટી સલાહ આપે. આ સલાહકારો ખૂબ ગંભીર અને ધીરવીર હતા. નમિરાજે સલાહકારોને કહ્યું—ચંદ્રયશ આપણો પટ્ટહસ્તિ પાછો દેવા તૈયાર નથી. તે માટે તે યુદ્ધ કરવા તૈયાર છે, તો આપણે શું કરીશું? સલાહકારો કહે છે, તમે યુદ્ધની બધી તૈયારી કરી લીધી છે, યુદ્ધના રણશીંગા ફુંકાય છે. ભેરી વાગી રહી છે, હવે અમારી શી સલાહ લેવા આવ્યા છો? આપ આ સંબંધમાં પહેલાં તો અમારી કાંઈ સલાહ લીધી નથી અને હવે અમારી સલાહ પૂછો છો? યુદ્ધની બધી તૈયારી થઈ ગઈ છે, હવે અમે શી સલાહ આપી શકીએ? ઘણાંને એવી ટેવ હોય છે કે અમે આમ કરીએ? ભલા, બધી તૈયારી થઈ ગઈ છે, હવે પૂછવાનો શો અર્થ!

સલાહકારો કહે છે ખેર, જો આપ સલાહ લેવા આવ્યા છો તો એટલું કહીએ છીએ કે આપ રણશીંગા ફૂંકાવાના બંધ કરી દો. ભેરી વાગતી બંધ કરો. યુદ્ધની જાહેરાત કરશો નહિ અને છાનામાના લડાઈ લઈને જજો. રાત્રે સુદર્શનપુરને ઘેરી લેજો. નમિરાજાને આ સલાહકારોની સલાહ સાચી લાગી અને સેનાને સજ્જ કરી સુદર્શનપુર ઉપર ચઢાઈ કરી. નમિરાજે એવી ચઢાઈ કરી કે તેની સેના કયાં જઈ રહી છે તેની ખબર પણ પડવા ન દીધી. નમિરાજે સૈનિકોને કહ્યું કે આપણે હાથી જેવી સામાન્ય ચીજ લેવા જઈએ છીએ, પણ નાની ચીજ લાવતા આપણું મોટું વિશાળ રાજ્ય ગુમાવવું ન પડે તેનું ધ્યાન રાખજો, અને આપણો વિજય થાય એ રીતે યુદ્ધ કરજો. નમિરાજાએ સલાહકારોની સુચના પ્રમાણે રાતોરાત સુદર્શનપુરને ઘેરી લીધું. આમ કરવાથી સુદર્શનપુરના રાજાને બહારની સહાયતા મળે નહિ અને કિલ્લામાં જે સામગ્રી હશે તેના આધારે તે લડે અને સામગ્રી પૂરી થતાં તેઓ કિલ્લાની બહાર જોવા નીકળે તેવા નમિરાજાના સૈનિકો તેમના ઉપર હલ્લો કરી શકે. નમિરાજાને આવી મતિ કેમ સુઝી? ચંદ્રયશ પ્રત્યે શત્રુતા કોણે પેદા કરી? અભિમાને. ચંદ્રયશે પોતાને કાયર કહ્યો છે, પોતાનું અપમાન કર્યું તો હવે તેને બતાવી દઉં કે હું કાયર છું કે વીર?

અભિમાનના શિખરે ચઢેલા જીવો ક્યાંય તળેટીમાં ફેંકાઈ ગયા છે. માન એક

મહાન પર્વત છે. આ પર્વત–આરોહણની એક વિચિત્રતા છે કે જે ચઢે છે તે પર્વતની વજ્રમય શિલાઓ સાથે અફળાઇ પડે છે. અને અફળાતા એ જીવમાં અજબગજબ પરિવર્તન થઇ જાય છે. તે પોતાનું આત્મભાન ભૂલી જાય છે. પોતાના ગુણો જુએ છે ને બીજાના દોષો જુએ છે. બીજાના ચંદ્રની ધવલ ચાંદની જેવા ગુણો પણ તે જોતો નથી. ડગલે ને પગલે મહાન આપત્તિઓમાં સપડાય છે. સર્વ સંપત્તિઓ લૂંટાઇ જાય છે, વિહ્વળ બનેલો એ માનના પર્વત પરથી ગબડે છે. નરકની ઘોર અંધારી ખાઈમાં પટકાઈ પડે છે, ત્યાંથી હલકા ભવોમાં ભટકતો થઇ જાય છે. માન કેટલું નુકશાન કરે છે.

श्रुतशील विनयसंदूषणस्य, धर्मार्थकाम विघ्नस्य।
मानस्य कोऽवकाशं, मुहुर्तमपि पण्डितो दद्यात् ॥

શ્રુત, શીલ અને વિનયને દૂષિત કરનાર, ધર્મ, અર્થ અને કામ પુરૂષાર્થમાં વિઘ્ન કરનાર એવા માનને કોણ વિદ્વાન પુરૂષ એક ક્ષણ પણ પોતાના આત્મામાં સ્થાન આપે?

જ્ઞાની હોય પણ ગર્વ આવે તો એવા જ્ઞાની જ્ઞાનને કલંકિત કરે છે. સ્વયં કલંકિત થાય છે. જ્ઞાનનું મહત્વ ઘટી જાય છે. જ્ઞાનનું જે ફળ મળવું જોઈએ તે મળતું ન દેખાય એટલે જ્ઞાનનું મૂલ્યાંકન ઘટી જાય. અભિમાનમાંથી જન્મતો અવિનય શીલને દૂષિત કરે છે. અભિમાની મનુષ્યમાં વિનય હોય નહિ, વિનયરહિત મનુષ્ય સમાજમાં આદર પામી શકતો નથી. તેના જીવનમાં ગર્વની ગરમી સિવાય બીજું કંઈ નથી હોતું. તેનામાં અકડાઇ આવી જાય છે. તેની જ્ઞાનદૃષ્ટિ બીડાઈ જાય છે, પોતે રંક જેવો મહામૂર્ખ હોવા છતાં રાજેન્દ્રને પણ રાંકડો ગણે છે. માટે અભિમાન ત્યજી દો. ચાહે સન્માન મળે કે અપમાન મળે પણ, અભિમાનને આત્મમંદિરમાં પ્રવેશવા ન દો. જેનાથી કોઇ લાભ નહિ, હિત નહિ, ફાયદો નહિ, તેનો સહારો શા માટે લેવો જોઇએ? અરે, અભિમાને તો જીવને કેવળજ્ઞાન પામતા અટકાવ્યા છે. માન આવે એટલે ક્રોધ આવે.

નમિરાજાના જીવનમાં અત્યારે માનરૂપી શત્રુ દાખલ થયો છે. તેથી એક હાથી માટે લડાઈ કરવા તૈયાર થયા. ભલે તેઓ જાણતા નથી કે અમે બંને સગાભાઇ છીએ, પણ એટલું વિચાર્યું હોત કે કંઈ નહિ. હાથી એ ભોગવે તો ભલે ને હું રાખું તો પણ ભલે, જો એટલો વિવેક જાગ્યો હોત તો આ સંગ્રામ ખેલવા તૈયાર ન થાત. નમિરાજાએ અંધારી રાતમાં સુદર્શનપુરને ઘેરી લીધું છે, એ વાતની ચંદ્રયશ અને તેની પ્રજાને જાણ થઈ ગઈ. કોઈ લોકો એમ કહેવા લાગ્યા કે રાજાએ હાથી પાછો આપી દીધો હોત તો આ યુદ્ધ થવાનો પ્રસંગ આવત? રાજાએ જાણીજોઈને યુદ્ધને નોતર્યું છે. આ તો જગત છે. જેમ ફાવે તેમ બોલે. જો રાજાને હાથી દઇ દીધો હોત તો એમ કહેત કે આપણા રાજામાં કયાં શૂરાતનપણું હતું કે હાથી એમ જ પાછો દઈ દીધો! આ તો જગત જેની ચાલી ગઈ છે મતિ એવું જગત. એવો સંસાર. આજે સારું બોલશે તો કાલે ખરાબ બોલશે. આવા સંસારમાં કયાં સુખ માનીને બેસી ગયા છો? તમારું સુખ ક્ષણિક છે ને મોક્ષનું સુખ શાશ્વત છે. જો મોક્ષનું અવ્યાબાધ અનંતુ સુખ

જોઈતું હોય તો સંસારનું સુખ છોડવું પડશે. તમે થોડું સુખ છોડશો તો મહાન સુખ મેળવશો. આ માટે જ્ઞાનીએ ન્યાય આપીને સમજાવ્યું.

એક રાજા મહાન સંપત્તિશાળી, સાથે દાનની ભાવના પણ એટલી મહાન. એક દિવસ તેમના મનમાં થયું કે મારી પાસે આટલી બધી સંપત્તિ છે તો હું આખું ગામ જમાડું અને મારા જીવનમાં અપૂર્વ આનંદ પ્રાપ્ત કરું. રાજાએ ગામમાં જાહેરાત કરાવી કે બધા રાજદરબારમાં જમવા આવજો. ગામના બધા લોકો રાજાને ત્યાં જમવા આવ્યા. રાજાએ બધાને જમવા માટે સોનાની થાળીનો સેટ આપ્યો. આજે તો પિત્તળના થાળી વાટકાના પણ ઠેકાણા નથી ને કંઈક ઠેકાણે તો જમવા માટે પતરાળીઓ આવી ગઈ છે. જૈનનો દીકરો કયારે પણ પતરાળીમાં ન ખાય, કારણ કે તેમાં કેટલાય સુક્ષ્મ કંથવા ઉત્પન્ન થયેલા હોય છે. એમાં કેટલી જીવહિંસા થાય છે!

**મમતાનું તાંડવઃ**–રાજા બધાને પ્રેમથી જમાડી રહ્યા છે. બધા જમે છે ને મન નાચે છે. અહો! કેવા સરસ થાળી વાડકા! ત્યાં રાજાએ જાહેર કર્યું કે જેને થાળી વાડકા ઘેર લઈ જવા હોય તે ખુશીથી લઈ જઇ શકે છે. હવે કોઈ છોડે ખરા? બોલો, સુખ વધ્યું કે દુઃખ! દુઃખ વધ્યું. કેમ? જેણે પોતાના બાળકોને ભેગા જમવા બેસાડયા હોય તેમના મનમાં થયું કે મને આવી ખબર હોત તો બાળકોને જુદા જમવા બેસાડત. લોભ સર્વ પાપનો બાપ છે. સર્વ વિનાશનું વિશ્રામસ્થાન લોભ. જેટલા વિનાશકારી તત્ત્વો છે તે બધા લોભીના આશ્રય સ્થાનમાં આરામ મેળવે છે. બીજે કયાંય એ તત્ત્વોને આશ્રય મળતો નથી. લોભના આશ્રય સ્થાનમાં તમને ચોર જડી આવશે. ચોરોનું, પરસ્ત્રીલંપટોનું અને વૈરની ગાંઠો બાંધનારાઓનું આશ્રયસ્થાન લોભ છે. સર્વ દુર્ગુણોનો સરદાર લોભ છે.

અહીંયા રાજાએ બધા દરવાજા બંધ કરાવ્યા. એક દરવાજો ખુલ્લો રાખ્યો. એ દરવાજે રાજા પોતે બેઠા. જે જાય તે બધાને પાનનું બીડું આપે છે. રાજા કહે, આપ બધા થાળી વાડકા લઇને જાવ છો તો મને એક થાળી વાડકો આપો. જે મને એક થાળી વાડકો આપશે તેને મારું આખું રાજ્ય આપી દઈશ. બધા મનમાં શું વિચારે છે કે જે દઈ દીધેલું માંગે છે તે વળી રાજ્ય આપશે કે નહીં? શી ખાત્રી? બધા તો જવા માટે ભાગાભાગ–ધક્કામુક્કી કરી રહ્યા છે. અહીંથી ઝટ જતા રહીએ. કદાચ રાજા થાળી વાડકા લઈ લે તો! બધા માણસો ગયા પણ કોઇએ રાજાને થાળી આપી નહિ. છેલ્લે એક શાંત ગરીબ માણસ નીકળ્યો. રાજાએ કહ્યું–મને એક થાળી વાડકો આપીશ? આ ગરીબ માણસ કહે, મહારાજા! ખુશીથી આપીશ. આપનું છે ને આપને આપવાનું છે. રાજા કહે–જા, મારી શરત પ્રમાણે હું તને આખું રાજ્ય લખી આપું છું. ગરીબ માણસ કહે–મહારાજા! મારે રાજ્ય નથી જોઈતું, પણ રાજાએ પોતાની શરત પ્રમાણે રાજ્ય આપી દીધું.

આ ન્યાય આપીને ભગવાન આપણને એ સમજાવે છે કે રાજ્ય સમાન મોક્ષના અનંત અવ્યાબાધ સુખ છે. જયાં જન્મ નથી, મરણ નથી, રોગ, શોક કે કોઈ જાતની ઉપાધિ નથી. અને તમારા સુખો સોનાના એક થાળી વાડકા સમાન છે. રાજ્યના સુખ

આગળ સેનાના એક થાળી વાડકા શી વિસાતમાં! કંઈ ન કહેવાય. તેમ મોક્ષના સુખો આગળ સંસારના સુખો એક થાળી વાડકા જેવા છે. બોલો, હવે તમારે કેવા સુખ જોઈએ છે? રાજ્ય સમાન મોક્ષના સુખો જોઈએ છે ને? તો આ તમારા સુખ છોડીને સાધુ બની જાવ. છોડો...છોડો...આ સુખ. આ અલ્પ સુખ છોડશો તો તેના પરિણામે મોક્ષના મહાન સુખો મળશે. ગરીબ માણસે થાળી વાડકાનો મોહ છોડયો તો રાજ્ય મળ્યું. તેમ તમારા સુખોનો મોહ છોડો, એનો રાગ છોડો તો નશ્વરના ત્યાગે શાશ્વત સુખો મળશે, માટે છોડો...છોડો ને આવી જાવ અમારા ઘરમાં. વિચાર કરજો, મન થાય તો આવી જજો. તૈયાર છે રજોહરણ. (હસાહસ).

સંસાર એવો છે કે જેનું આજે સારું બોલશે તેનું બીજા દિવસે વાંકું બોલશે. ચંદ્રયશ તો નિર્ભય છે. તે તો કહે છે, હાથીને વશ કરી બાંધી લેવો એ કોઈ અપરાધ નથી. નમિરાજ આ વાત ભૂલી ગયો છે અને ભૂલ કરીને ચઢાઈ લઈને આવ્યો છે. જો તે વીર હોત તો મારી સીમા ઉપર રોકાઈને મને યુદ્ધ કરવાનો સંદેશો મોકલત, પણ તેણે મને અંધારામાં રાખીને રાતોરાત નગરને ઘેરી લીધું છે, માટે એ વીર નથી પણ કાયર છે.

**સામંતોની સલાહ લેતા રાજા :–** ચંદ્રયશે પોતાના સામંતોને બોલાવ્યા ને પૂછયું–શત્રુએ અચાનક રાતમાં નગર ઉપર હલ્લો કર્યો છે, હવે આપણે શું કરવું? તેનામાં લડવાની તાકાત નથી કે તેણે આપણને અંધારામાં રાખીને નગરને ઘેરો નાંખ્યો. જે શૂરવીર હોય તે સામી છાતીએ ઘા કરે પણ કાયર હોય તે પાછળ ઘા કરે, તેમ શત્રુએ અચાનક ઘેરો નાંખ્યો તે પાછળ ઘા કરવા સમાન છે. સામંતોએ કહ્યું, અમારી બુદ્ધિ પ્રમાણે તો જે રીતે શત્રુઓ ઉપાયથી કામ લઈ રહ્યા છે તેવી રીતે આપણે પણ ઉપાયથી કામ લેવું જોઈએ. શત્રુઓએ આપણને બહારની સહાય અટકાવી છે તો આપણે એવો કીમિયો કરવો કે જેથી તેમનું આ કાર્ય નિષ્ફળ થાય. આપણો કિલ્લો બંધ છે અને શત્રુસેના બહાર છે. માટે હવે કિલ્લાના દરવાજા ખોલવા નહિ. આપણે કિલ્લા ઉપરથી લડવું જોઈએ. આ રીતે કરવાથી આપણા થોડા માણસો ઘણું કામ કરશે. ચંદ્રયશને સામંતોની આ સલાહ યોગ્ય લાગી, અને કહ્યું, આ ઉપાય સારો છે. જો શત્રુએ દગો કર્યો છે તો આપણે પણ આ ઉપાયથી યુદ્ધ કરવું જોઈએ. આ પ્રમાણે વિચાર કરી ચંદ્રયશે પોતાની સેનાને તૈયાર કરી અને કિલ્લા ઉપરથી યુદ્ધ કરવાની આજ્ઞા આપી.

ચંદ્રયશની આ યુક્તિ જોઈને નમિરાજાના મનમાં થયું કે આ તો વિપરીત થયું. હું તો એમ વિચારતો હતો કે ચંદ્રયશ કિલ્લાનો દરવાજો ખોલી જેવો બહાર આવશે તેવો હું તેની સેના ઉપર હુમલો કરીશ, પણ આ તો કિલ્લા ઉપરથી યુદ્ધ કરવા તૈયાર થયો છે. નમિરાજે પોતાના લશ્કરમાં જોમ વધે તે માટે કહ્યું કે ચંદ્રયશ કેવો કાયર છે કે કિલ્લાની અંદરથી લડે છે. બહાર આવીને લડતો નથી. જો તે શૂરવીર હોત તો કિલ્લાના દરવાજા ખોલીને આપણી સામે લડવા આવત અને પોતાના પરાક્રમનો પરચો બતાવત.

પણ કયા મોઢે સામે લડવા આવે ? આપણો હાથી લઈ લીધો છે, માટે આપણી સામે આવે કેવી રીતે ? તેનું નગર શત્રુસેનાથી ઘેરાયેલું છે, છતાં બહાર નીકળતો નથી. ને રાણીવાસમાં સંતાઈને બેઠો છે. એ તો કાયર છે કાયર. જે વીર હોય તે શત્રુ સામે આવે ત્યારે છૂપાઈને બેસી ન જાય. આ સાંભળીને સૈનિકો પણ કહેવા લાગ્યા કે આવા કાયર રાજાને અમે અવશ્ય દંડ આપીશું ને કાલ સુધીમાં આ નગરનો કિલ્લો તોડી નાંખી સર કરી લઈશું. સેનાને વધુ જોશ ચઢાવવા નમિરાજા કહે છે, સૈનિકો ! શાબાશ ! હું તમારા બધાની મદદથી લડવા આવ્યો છું. મને તમારા બળ ઉપર વિશ્વાસ છે કે તમે જરૂર મને વિજય અપાવશો. હવે નમિરાજા પોતાના લશ્કરને શી શિખામણ આપશે, યુદ્ધ કરવા આવ્યા છે, છતાં તેમનામાં કેટલી અનુકંપા છે તેથી સૈનિકોને શું કહેશે તે વાત અવસરે.

**ચરિત્ર**–રાજાની આજ્ઞા થવાથી બે ઘોડેસ્વારો સાગરદત્ત શેઠને ઘેર આવ્યા ને કહ્યું, બંને બાલુડાને ફાંસીએ ચઢાવવાના છે, માટે અમને સોંપી દો. માતા પિતા ઘણું કરગર્યા પણ તેઓ એકના બે ન થયા. માબાપ તો કાળો કલ્પાંત કરે છે, બેભાન બની જાય છે, પણ આ નિષ્ઠુર હૃદયના માનવીને દયા નથી આવતી. બંને પુત્રો રૂમમાંથી બહાર આવ્યા. હજુ પૂછે છે, બાપુજી ! અમારું શું કામ છે ? ત્યાં એ માણસોએ તેમને પકડી લીધા. શેઠ–શેઠાણી કહે છે, ભાઈ ! અમારી મૂડી કહું, અમારું સર્વસ્વ કહું, અમારો શ્વાસ, પ્રાણ જે કહું તે માત્ર આ બે દીકરા છે, આપ ન લઈ જાઓ, પણ એમની વાત કોણ સાંભળે ? ઉપરથી કહે છે અમારા બે કુંવરોને લાડવામાં વિષ આપી મારી નાખવાના કાવત્રા કર્યા ! હવે પાછો શાહ થવા આવે છે. બંને પુત્રોને ઘોડેસ્વારોએ પકડી લીધા, તેથી સુખના શિખરો કકડભૂસ થઈ તૂટી પડતાં દેખાયા. જિંદગીનું સંગીત બેસુરું બન્યું. આંખે અંધારા આવવા લાગ્યા. જીવનની સુરીલી બંસરીના તારમાં ઝણઝણાટી ઉઠી. શરીરનું સત્ત્વ અને હામ હણાઈ ગયું. બોલવાની શક્તિ પણ ન રહી. હાથપગ ધ્રુજવા લાગ્યા. તેમના શરીર કંપવા લાગ્યા.

**માતા–પિતાનો કાળો કલ્પાંત** :—બંને બાલુડા જતાં જતાં એ રાજાના માણસોને કહે છે, અમને જતાં જતાં છેલ્લે છેલ્લે અમારા માબાપને પગે તો લાગવા દો. બંને બાળકો માતાપિતાના પગમાં પડે છે. માબાપ તો કાળા પાણીએ રડે છે. વગર વાંક ગૂને આવી રીતે પોતાના બાળકોને લઈ જાય તો કયા માબાપનું હૈયું હાથમાં રહે ? બાળકો તો હિંમતવાન અને શૂરવીર છે. તારામતી હૈયું કઠણ કરીને બોલી. દીકરાઓ ! ગભરાશો નહિ. રડશો નહિ. આ તો કર્મના ઝંઝાવાત છે. કર્મ આપણને નાચ નચાવે છે. **"કર્મ નચાવે નાચ, કોની પાસે કરવી વાત."** તમારા અણુ-અણુમાં, પરમાણુ–પરમાણુમાં અરિહંતનો સદા જાપ રાખજો. રટણ કરજો. હજુ સુધી આપણે કયારે પણ કોઈનું ખરાબ કરવાની ભાવના રાખી નથી. રાજા કદાચ તમને પૂછે તો તમે સત્ય હકીકત કહેજો. સત્યને આંચ આવવાની નથી.

**હિત ભાવનાસે મોદક ભેજે, પરિણામ બૂરા આયા,**
**ભૂલ કી શૂલ મેં બન ગઈ ઇસિકા ફલ મુજે ભોગના.**

રાજદરબારમાં તમારા પિતાજીની સાથે લાડવાનું ભેટણું મોકલ્યું હતું, તે પણ સારી ભાવનાથી, છતાં એનું પરિણામ આજે ઉલ્ટું આવ્યું. અરરર....વિદ્યાધરે કહ્યું હતું કે આ ખાવાથી રાજ્ય મળશે ને આંખના આંસુ મોતી બનશે. તો લાડવાની અસર કેમ ન થઈ? તમારૂં બલિદાન...હા...હું તેમાં નિમિત્તભૂત છું. શિક્ષા મને થવી જોઈએ, પણ મારું કોણ સાંભળે? મારા ફૂલ સમા ફૂલડાઓ! તમારા વિના અમે એક ક્ષણ પણ કેવી રીતે રહીશું? અમારો આનંદ, અમારું નૂર બધું આપ છો. તમારા વિના કેવી રીતે ગમશે? આનંદ કિલ્લોલ કરતું જીવન શુષ્ક બની જશે. અજાણ્યો દેશ....સાવ ગરીબાઈ...નથી ખેતર...નથી પાદર....નથી કોઇનો સહારો....એક વાર વચનમાં ભૂલ થઈ જાય પછી બીજી વાર કોણ વિશ્વાસ કરે? કોને કહેવું? હવે શું કરવું?

ઓ પ્રભુ!... ઓ પ્રભુ!... કોઈ તો બાલુડાને બચાવો, કોઈ તો સાંભળો મારી કરૂણ કથની! અરે કર્મરાજા! શું તારી વિચિત્રતા છે! તને કોઈની પણ દયા નથી આવતી? મારા કયા જન્મના અપરાધની મને સજા મળી? તારામતીનું આ કલ્પાંત તો ખૂબ કરૂણ હતું. તેનું રૂદન જોતાં પાષાણ જેવા હૈયા પણ પીગળી જાય. અરે....ઘડી-ભર તો આ નિષ્ઠુર હૃદય પણ કોમળ બની જાય, પણ થાય શું? દયા કરવા જાય તો આજીવિકા જાય, તેથી તારામતીનો પોકાર પણ ન સાંભળ્યો. ઘોડેસ્વારના હુકમથી બાળકો પગ ઉપાડવા જાય છે ત્યાં બાળકોના પગ પકડીને રડતી રડતી તારામતી કહે છે, મારા વહાલસોયા ફૂલડાં! વધું શું કહું તમને! તમે વીર છો. ધર્મિષ્ઠ માતાપિતાના સંતાન છો. મૃત્યુથી ડરશો નહિ. મૃત્યુથી ડરીને અંતિમ ઘડી બગાડશો નહિ. "**પ્રભુ રટન ભવનું અટન ટાળશે.**" તમારી નસેનસમાં જૈનત્વનું નૂર ચમકે છે. આત્માની અનંત શક્તિને જેણે નિહાળી છે, દેહની નશ્વરતા, કર્મની વિચિત્રતા જેણે પીછાણી તેઓ કદી મૃત્યુથી ડરે ખરા? જૈનધર્મના સંસ્કારોનું સિંચન તમને ગળથૂંથીમાંથી મળ્યું છે. બસ વધું શું કહું! નવકારમંત્રને હૃદયમાં રાખજો અને અરિહંત આદિ ચાર શરણાનો સ્વીકાર કરજો. હવે તમારે પંથે પધારો. માબાપ હૈયાફાટ રડતા હોય, દિલમાં આઘાત હોય આવી સ્થિતિમાં કોણ બાળકોને કહી શકે કે આપ અરિહંતનું શરણું લેજો. નવકારમંત્રનો જાપ કરજો. જેની રગેરગમાં, જેના શ્વાસોશ્વાસમાં ધર્મ હોય તે જ બોલી શકે છે. બીજા ન બોલી શકે. હવે શું બનશે તે વાત અવસરે.

---

## વ્યાખ્યાન નં.-૬૨

**ભાદરવા વદ ૮ રવીવાર** **તા. ૨૦-૯-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! ભગવાનના આગમો ભાવ અંધકારમાં જીવતા જીવોની સામે રત્નનો પ્રકાશ ધરે છે. પ્રમાદને પરવશ થયેલા, નિદ્રામાં નિમગ્ન

બનેલા તથા આત્મભાન ભૂલેલા માનવીની ઉપર પણ કૃપાળુ દેવાધિદેવ કૃપાનું પાણી છાંટીને તેને જગાડે છે અને કહે છે, હે માનવ! તું હજુ કેમ સૂતો છે? જાગ, પ્યારા ચેતન જાગ. જેમ માતા પોતાના સંતાનોને વહાલથી જગાડે છે. બેટા! હવે જાગ. તેમ જ્ઞાની ભગવંતો પણ મોહનિદ્રામાં સૂતેલા જીવોને જગાડે છે. જાગો...જાગો. સિદ્ધાંત રૂપ સહસ્રરશ્મિનો પ્રકાશ તારી સામે છે છતાં હજુ નિદ્રા કેમ ઉડતી નથી? પણ જીવનની નશ્વરતાને નહીં સમજનારો માનવ કહે છે મને સુખે સૂવા દો. શા માટે પરેશાન કરો છો? જ્ઞાનીને ફરીવાર તેના પ્રત્યે ભાવકરૂણા આવે છે. અરે...પણ તું જો તો ખરો. સૂર્યવંશી માનવો પણ સૂર્યોદય થતાં ઉઠી જાય છે. તું કયા વંશનો છે કે દિવસો ને કલાકો પસાર થઈ ગયા છતાં હજુ તારી આંખો ઉઘડતી નથી?

મહાપુરૂષો આવા બાહ્યભાવમાં ઝૂલતા માનવને તેની રીતે સમજાવવા પ્રયત્ન કરે છે. જો ભાઈ! તારે આરામથી સુખ શય્યામાં સૂવું છે ને? તો હું તને માત્ર ત્રણ પ્રશ્નો પૂછું તેમાંથી એકનો જવાબ પણ હકારમાં આવી જાય તો તને ફાવે તે રીતે જીવન જીવવાની છૂટ ને મન ફાવે ત્યાં સુધી સૂવાની છૂટ. તે ત્રણ પ્રશ્નો કયા?

**जस्सत्थि मच्चुणा सक्खं, जस्स अत्थि पलायणं ।**
**जो जाणे न मरिस्सामि, सो हु कंखे सुए सिया ॥** ઉત્ત. અ. ૧૪. ગા. ૨૭

તારે મૃત્યુની સાથે મિત્રતા છે? મૃત્યુ આવે ત્યારે ભાગી જવાની તારામાં શક્તિ છે? શું તું કદીયે મરવાનો નથી? અમર રહેવાનો છે? આ ત્રણમાંથી એક પણ પ્રશ્નનો જવાબ 'હ'કારમાં આપી શકો તો "सो हु कंखे सुएसिया" તું ભલે નિરાંતે ઊંઘી શકે છે.

આ જગતમાં કોણ દેહધારી, કર્મધારી જીવ છે કે જેણે મૃત્યુની સાથે મિત્રતા બાંધી હોય અથવા મૃત્યુ આવે પલાયન થઈ જવાની શક્તિ હોય અથવા કદી મરે જ નહિ? સંસારી સર્વ જીવોને માટે મૃત્યુ તો નિર્માણ છે. સૂયગડાંગ સૂત્રમાં ભગવાન બોલ્યા છે.

**ठाणी विविह ठाणाणि, चइ स्संति ण संसओ ।**
**अणियए अयं वासे, णायए हि सुहीहिय ॥** અ. ૮. ગા. ૧૨

જે જે ઉચ્ચ પદ પર આજ અધિષ્ઠિત છે તેને સ્થાની કહે છે. દેવલોકના ઇન્દ્રો તથા સામાનિક દેવો આદિ ઉંચ સ્થાનવાળા દેવો તથા મનુષ્યોમાં ઉચ્ચપદ પર રહેલા ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ તથા માંડલીક રાજા આદિ તથા ભોગભૂમિમાં રહેલા યુગલિયાઓ તથા સાધારણ મનુષ્યો, તિર્યંચો વગેરે દરેકને પોતપોતાના સ્થાન એક દિવસ છોડવા પડે છે એટલે મૃત્યુ પામી પરલોકમાં જવું પડે છે. તેમાં જરા પણ સંશય નથી, માટે મૃત્યુ દરેકને માટે અવશ્ય છે. માટે મેધાવી પંડિત સાધક કોઈ વસ્તુની મમતા ન રાખે. કાળ ક્યારે આવશે તેની અગાઉથી ચેતવણી મળતી નથી. મળવાની નથી તો જે સમય છે તેને સાધીને આત્મ તત્ત્વની સંભાળ રાખીને આત્મરક્ષા કરી લે, આત્મ સ્વરૂપને ઓળખી લે.

કષાયની કાલીમાથી આત્મા પોતાના સ્વરૂપને વીસરી જાય છે. જો આત્મા પોતાના સ્વભાવમાં સ્થિર થાય તો સ્વપ્નમાં પણ કષાય કરવા ન ઇચ્છે, પણ આત્મસ્વરૂપને ભૂલેલા જીવો તો હજુ ઉંઘે છે તેને વીતરાગ વાણી પોકારી પોકારીને જગાડે છે. જાગ! જાગ! આ વિષય કષાય તને કયાં લઈ જશે? તારી કેવી દુર્દશા કરશે? તારા કેવા બેહાલ થશે? તને કેવા ઉલટ સુલટ નાચ નચાવશે? તેનાથી તું સાવધાન થા. આ વીતરાગ વાણી તને પથ પર ચાલતા પહેલા દીપક ધરે છે કે તું સ્પર્શાદિ વિષયોમાં ભૂલથી પણ ન જતો તથા કષાયનો ત્યાગ કરજે. આ વિષયકષાયથી વિરક્ત બનીને તારા સ્વભાવમાં સ્થિર થવાનું તું શીખી લે. એક વખત તું વહેપારી બનીને નફા નુકશાનનું ખાતું ખોલીને હિસાબ કરી લે. વિષયકષાયનો વેપાર કરવાથી તને કેટલું નુકશાન જાય છે અને ક્ષણિક સુખોમાં તને આનંદ કેટલો મળે છે? તેના પરિણામનો વિચાર કરીશ તો તું જરૂર એનાથી અટકીશ, માટે જ્ઞાની કહે છે હે સાધક! અખંડ આત્મતત્ત્વની સાધના કરવાને ઇચ્છુક બનેલાને આ વિષયાદિ વિકારો તથા કષાયોના પ્રજ્વલિત અંગારા સ્પર્શી શકતા નથી. આ વિષયકષાય દુર્ગતિના દ્વારને ખોલાવનાર છે. હે આત્મા! આ સર્વસામગ્રી સંપન્ન સમજણવાળા ભવમાં આવીને હવે ભટકવાનું તને ન શોભે, માટે હવે ચેતી જા. તારા આત્માની સલામતી શોધી લે. સંયમભાવમાં સ્થિર બનીશ તો વિષયકષાયોથી વિરક્ત બનાશે. સંયમનો આદર તથા સ્વીકાર કર્યો નથી ત્યાં સુધી વિષયોના પાશમાં જકડાઈને દુઃખ ભોગવવા સિવાય બીજું કંઈ મળવાનું નથી. જ્યાં સુધી જીવનમાં સંયમની કિંમત અંકાઈ નથી અને સંયમનો મધુર આસ્વાદ માણ્યો નથી ત્યાં સુધી વિષયનો કીડો વિષયમાં ડૂબેલો રહે. તે સંયમની સુગંધ કયાંથી માણી શકે? જેને માનવ જીવનની કિંમત સમજાણી હોય તે વિષય કષાયથી દૂર રહી શકે ને સંયમી જીવનનો આનંદ માણી શકે.

જ્ઞાની કહે છે માનવીને ૭૨ કલા આવડે પણ જીવન જીવવાની કલા આવડતી નથી, તો તેની ૭૨ કલા સુગંધ વિનાના પુષ્પ જેવી છે. આ પૃથ્વીના વિશાળ પટ પર જન્મ લઇ જીવન ધારણ કરનારા જીવોમાંથી જીવન જીવી જનારા તો ઘણા હોય છે, પણ જીવન જીવી જાણનારા બહુ અલ્પ હોય છે. જીવન જીવી જવું એ જુદી વાત છે ને જીવન જીવી જાણવું એ વાત પણ જુદી છે. જીવન જીવી જવું એમાં કોઈ પ્રયત્ન કે મહેનતની જરૂર નથી. જેમ પર્વતની ટોચ પરથી પથ્થરનો ગોળો નીચે ગબડાવવો હોય તો એમાં કોઈ પ્રયત્નની જરૂર નથી. એ તો ટોચ પર મૂકયો કે સ્વયં ગબડતો ગબડતો નીચે ઉતરી જવાનો છે. પાણીને નીચે લઈ જવું હોય તો એમાં મહેનત પડતી નથી તેમ જીવન જીવી જવું એમાં કોઈ પ્રયત્નની, સાહસની, કે મહાન ઉત્સાહની જરૂર રહેતી નથી. એ તો જીવન મળ્યું એટલે આપમેળે જીવાઈ જવાનું છે. જીવન તો કીડી, મંકોડાને મળ્યું, અને માનવને પણ મળ્યું છે. જેમ કીડી, કીડા, મકોડા, મળેલું જીવન જીવીને જગતમાંથી વિદાય લે છે એમ માનવ પણ ગમે તે રીતે જીવન જીવીને ચાલ્યો જાય, જીવનમાં કાંઈ

સાધના કે આરાધના ન કરે તો કીડાના જીવનમાં ને માનવના જીવનમાં બહુ તફાવત ન કહેવાય, છતાં જગતના તમામ જીવન કરતાં માનવના જીવનનું વધુ મૂલ્ય અંકાયું છે. શા માટે ? જ્ઞાની કહે છે કે બીજા બધા જીવોને માત્ર જીવન જીવવાનો હક્ક મળ્યો છે. જ્યારે માનવને માત્ર જીવન જીવવાનો નહિ પણ જીવન જીવી જાણવાનો મહાન હક્ક વારસામાં મળ્યો છે, તેથી એનું મૂલ્યાંકન જગતના સર્વ જીવો કરતાં વધારે અંકાયું છે.

જીવન જીવી જાણવું એટલે પર્વતની ટોચ પરથી ગોળો ગબડાવવાનો નહિ પણ તળેટીમાં પડેલા ખરબચડા પત્થરને કળશનો આકાર આપી પર્વતની ટોચ ઉપર ચઢાવી ત્યાં ને ત્યાં સ્થિર રાખવાનો. જીવન જીવી જાણવું એ કંઈ રહેલ વાત નથી. જીવન તે જીવી જાણે કે જેનામાં સાહસ હોય, ઉત્સાહ હોય, પુરૂષાર્થ ને પરાક્રમ હોય. દુનિયામાં જન્મ લેતા મોટા ભાગના માનવોનું જીવન ખરબચડા પત્થરના ગોળા જેવું હોય છે. એમાં પ્રયત્ન અને પુરૂષાર્થના ટાંકણા મારી સદ્‌ગુણોને આકાર આપવામાં જે સફળ બને છે તે જીવન જીવી જાણે છે. તે માનવ માનવ હોવા છતાં મહામાનવ બની વિશ્વ માટે આદર્શરૂપ બની શકે છે. એવા બનવાનું સૌભાગ્ય એક માનવના ફાળે જાય છે. એથી જ માનવના જીવનની સરખામણીમાં બીજું કોઈ જીવન આવી શકતું નથી, છતાં આશ્ચર્ય એ છે કે જેને મહામૂલું ને મોંઘેરું આ માનવ જીવન મળી ગયું છે એવો આજનો માનવ જીવન જીવી જાણવાને બદલે જીવન જીવી નાંખતો દેખાય છે. નથી એની પાસે કોઈ જીવન જીવી જાણવાની દૃષ્ટિ, નથી કોઈ ચોક્કસ ગણિત કે નથી ગણિતમાં ઉભી થયેલી ગૂંચને ગમે ત્યારે ગમે તે રીતે ઉકેલી આપે એવા જીવનગુરૂ. અફસોસની વાત છે કે આમ ને આમ એક દિવસ જીવન પૂરું થઈ જશે ને રડતો રડતો જગતમાં આવેલો એ રડતો રડતો જગતમાંથી વિદાય થશે. માત્ર જીવન જીવી જનારા આવે ત્યારે રડતા આવે છે ને જાય ત્યારે રડતા જાય છે. જીવન જીવી જાણનારા જગતમાં આવે ત્યારે ભલે રડતા આવે, પણ જાય ત્યારે હસતા હસતા જાય છે, માટે જીવન કેવું જીવવું જોઇએ.

**જિંદગી જીવતા તું વિચારજે, એને સદ્‌ગુણથી શણગારજે**
**માનવ જીવનના મૂલ્ય ન થાય...કે જિંદગી...**
**ધર્મ આરાધના, જીવનની સાધના, માનવ જીવનમાં ન કર વિરાધના,**
**હો આત્મા....હો(૨) શ્રદ્ધાથી કરણી સકામ,**
**મેળવજે મુક્તિનું ધામ....કે જિંદગી**

આ માનવ દેહને ગમે તેટલા દાગીનાથી શણગારો પણ એ સાચા શણગાર નથી. પણ સદ્‌ગુણના શણગાર સજવામાં આવશે તો તારો આત્મા શોભી ઉઠશે. આ જીવનમાં ધર્મ આરાધના કરીને તું મુક્તિનું ધામ મેળવી લે, તો જ જીવન જીવી જાણ્યું કહેવાય. તેને જીવન જીવવાની કલા આવડી છે.

આપણા ચાલુ અધિકારમાં નમિરાજે યુદ્ધની બરાબર તૈયારીઓ કરી ને સુદર્શન

નગરને ઘેરો નાંખ્યો ને ચંદ્રયશ સાથે લડાઈ કરવા તૈયાર થયો. આ લડાઈ કોણે કરાવી? પરિગ્રહે. પરિગ્રહ બે પ્રકારનો. સચેત અને અચેત. માતા, પિતા, નોકર, ચાકર, દાસ, દાસી, હાથી, ઘોડા વિગેરે જેમાં જીવ છે તે સચેત પરિગ્રહ અને સોનું, રૂપુ હીરા, માણેક આદિ અચેત પરિગ્રહ. લડાઈ થવાનું કારણ એક હાથી છે ને! એક હાથીને માટે બંને રાજા સામસામા લડવા તૈયાર થયા. પરિગ્રહની મમતા અથવા લોભવૃત્તિ માનવીને વિકટ સ્થિતિમાં મૂકી દે છે. વધુ ને વધુ મેળવવાની લાલસાને સંતોષવા માટે માનવી જીવનપર્યંત દોડતો રહે છે. જે સામગ્રી મેળવવા આરંભાયેલી એની દોટનો આજ સુધી અંત આવ્યો નથી. દોડતો માનવી એક સેકંડ પણ ઉભો રહી જાય તો એને કહી શકાય કે ભલા, સુખની સામગ્રીમાં સુખ નથી. સુખ તો સંતોષમાં છે. પરિગ્રહની મમતા માનવને મળેલું સુખ પણ ભોગવવા દેતી નથી. પરિગ્રહની મમતા માનવને દુઃખી બનાવે છે. ઈચ્છાઓને વધારે છે. પોતે ઝુંપડીમાં રહેતો હોવા છતાં ફલેટના વિચાર કરે છે અને અસંતોષી રહે છે. અસંતોષી આત્મા હંમેશા દુઃખી હોય છે. તેને ગમે તેટલું મળે છતાં તે અતૃપ્ત રહે છે.

એક વખતના પ્રસંગમાં એક રાજા જંગલમાં શિકાર કરવા ગયા. આ રાજાને શિકારનો ખૂબ શોખ પણ તેમને ભાન નથી કે મારા શોખને ખાતર કેટલા નિર્દોષ જીવોની ઘાત થાય છે! આ પાપ બાંધીને હું કયાં જઈશ? રાજા શિકાર માટે ઘણે દૂર સુધી ગયા પણ શિકાર મળ્યો નહિ. શિકાર ન મળવાથી નિરાશ થઈ ગયા. ઉનાળાનો સમય હતો. ગરમી ખૂબ પડતી હતી, તેથી રાજા ભૂખ તરસથી આમતેમ ભટકી રહ્યા હતા, પણ પાણી મળતું ન હતું. ફરતાં ફરતાં થોડે દૂર એક આશ્રમ પર રાજાની દૃષ્ટિ પડી. આશ્રમ જોઈને રાજાના મનમાં થયું કે આ આશ્રમ છે, માટે કોઈ સાધુ તેમાં રહેતા હશે. હું ત્યાં જાઉં તો મને પાણી પીવા મળશે. એમ વિચાર કરી રાજા આશ્રમે ગયા.

આશ્રમમાં એક સંન્યાસી રહેતા હતા. રાજાએ તેમને વંદન કરીને કહ્યું, મહાત્મા! હું સવારથી ભૂખ્યો તરસ્યો છું. ગરમીના કારણે તરસથી મારો કંઠ સુકાઈ ગયો છે. આપ મારા પર કૃપા કરો, અને ખાવા માટે કંઈક થોડું આપો ને પીવા માટે પાણી આપો. આ જૈનના સંત ન હતા. જૈનના સંતો પોતે લાવેલા ગૌચરી પાણી કોઈ અવ્રતીને કે સંસારીને ન આપે. આ તો સંન્યાસી હતા એટલે એમણે કહ્યું, રાજન્! અતિથીની સેવા કરવી એને હું માનવ સેવા માનું છું. આજે તમે મારા અતિથિ બન્યા છો માટે મારે તમને કંઈક ખાવા પીવા આપવું જોઈએ. આ સાંભળીને રાજાને ખૂબ આનંદ થયો. આ સંન્યાસી પાસે હાલમાં બીજું કંઇ હતું નહિ પણ આશ્રમના બગીચામાં ફળફૂલો હતાં તે લઇ આવ્યા ને રાજાને જમવા આપ્યા. પીવા માટે ઠંડું પાણી આપ્યું. રાજાએ ફળાહાર કરીને પોતાની ક્ષુધા શાંત કરી અને ઠંડું પાણી પીને તૃષા શાંત કરી.

સંન્યાસીના આ ઉપકારનો બદલો વાળવા માટે રાજાએ પોતાની પાસે સોનામહોરો

હતી તે મહાત્માના ચરણે ધરી. સંન્યાસી કહે, આ સોનામહોરો શા માટે ? રાજા કહે, તમે આજે મારા પર ઘણો ઉપકાર કર્યો છે, તે ઉપકારનો બદલો વાળી રહ્યો છું. મારા ઉપર કૃપા કરીને આપ સોનામહોરનો સ્વીકાર કરો. મહાત્મા કહે, મને સોનામહોરનો જરાયે ખપ નથી. રાજાએ સોનામહોરો લેવા માટે ખૂબ આગ્રહ કર્યો, પણ સંન્યાસીએ સ્વીકાર ન કર્યો, ત્યારે રાજાએ કહ્યું. મારી એક વિનંતીનો સ્વીકાર કરશો ? સંન્યાસી કહે, બોલો, રાજા કહે ખરેખર તમે મહાન ઉચ્ચ કોટિના સંત છો. શી તમારી નિર્લોભતા છે ! કેટલી નિસ્પૃહ દશા છે ! આપના દર્શનથી મારું જીવન ધન્ય બની ગયું છે. આપ મારા નગરમાં પધારો તો નગરની જનતા પણ આપના પવિત્ર દર્શન કરે ને જીવન ધન્ય બનાવે. સંન્યાસી કહે, હું નગરમાં આવું તો ખરો પણ શિકારના શોખથી તારું જીવન દુર્ગંધમય બની ગયું છે, તે જીવનને સુગંધમય બનાવવા તું શિકારને છોડી દે. અલ્પ શોખ ખાતર કેટલા નિર્દોષ જીવોની હિંસા ! તને મરવું ગમતું નથી તો તે જીવોને મરવું ગમતું હશે ? દરેક જીવોને જીવવું ગમે છે. સંન્યાસીની ટકોરથી રાજાએ શિકારનો સદા માટે ત્યાગ કર્યો. થોડા દિવસ પછી સંન્યાસી તે નગરમાં ગયા.

**પ્રભુ પ્રાર્થના પૈસા માટે :** રાજાએ તેમનું પ્રેમથી સ્વાગત કર્યું. હૈયાના ઉમળકાથી ને પ્રેમના પુષ્પોથી તેમના વધામણા કર્યા. રાજાએ પોતાના મહેલમાં સંન્યાસીને ઉતારો આપ્યો. આ રાજા રોજ સવારમાં વહેલા ઉઠીને પ્રભુને પ્રાર્થના કરતા. આ મહાત્માએ રાજાને રોજ પ્રાર્થના કરતા જોયા. રાજા પ્રભુ પાસે શું પ્રાર્થના કરે છે, શેની માંગણી કરે છે, તે જાણવાની આ મહાત્માને તીવ્ર ઇચ્છા થઈ. એક દિવસ એક ખૂણામાં સંતાઈ ગયા, ને રાજાની પ્રાર્થના સાંભળવા લાગ્યા. રાજા હાથ જોડી પ્રભુ પાસે શી પ્રાર્થના કરતા હતા ? તમારે જાણવું છે ? રાજા હાથ જોડીને બોલે છે, હે પ્રભુ ! મારી સંપત્તિમાં વધારો કર. મારા ભંડાર ભરપૂર છલકતા કરો. તમે તો આવી પ્રાર્થના નથી કરતા ને ?

સંન્યાસીએ પોતાના સ્થાન પર જઈને તેમનું કમંડળ, દંડ વગેરે લેવા માંડયું. આ જોઈ ને રાજાને ખૂબ આશ્ચર્ય થયું. અહો ! આ મહાત્મા તો મારે ત્યાં વધુ દિવસ રોકાવાના હતા તેના બદલે અત્યારે એકાએક જવાની તૈયારી કેમ કરતા હશે ? રાજાને કાંઈ સમજ પડી નહિ. છેવટે રાજાથી ન રહેવાયું એટલે તે મહાત્મા પાસે જઈ ને તેમના પગમાં પડીને કહે છે, મહાત્મા ! આપ આ શું કરો છો ? આપ તો મારે ત્યાં રોકાવાના હતા ને આ બધી જવાની તૈયારી કેમ ? રાજન્ ! આપની વાત સત્ય છે. હું વધુ દિવસ રોકાવાનો હતો પણ હવે અહીં મારાથી વધુ રહી શકાશે નહી. મહાત્મા ! નહીં રોકાવાનું કારણ શું ? ક્યા કારણથી આપ જવા તૈયાર થયા છો ? શું મારાથી આપની સેવા–ભક્તિમાં કાંઈ ખામી આવી છે ?

**મારી ભક્તિમાં શી ખામી :** મહાત્મા કહે–રાજન્ ! ના...ના....તેં મારી ભક્તિ તો બરાબર કરી છે. સેવામાં જરા પણ ખામી આવવા દીધી નથી. તો મહાત્મા ! શું

વાંક ગુનો ? રાજન્ ! કંઈ વાંક ગુનો નહિ, પણ મારાથી ભિખારીને ત્યાં રહી શકાય નહિ કે જમી શકાય નહિ. મહાત્માની ગૂઢ વાત રાજા સમજી શકયા નહિ. તેમણે પૂછ્યું-કોણ ભિખારી ? રાજા ! તમે પોતે ભિખારી છો. મહાત્મા ! મારે ત્યાં તો આટલી બધી સંપત્તિ છે, છતાં આપ મને ભિખારી કેમ કહો છો ? કેવી વિચિત્ર વાત કરો છો ! મહાત્માએ કહ્યું-રાજા ! તમારી પાસે અઢળક સંપત્તિ છે, ભંડારો ભરપૂર ભર્યા છે, છતાં દરરોજ સવારે પ્રભુ પાસે સંપત્તિની ભીખ માંગો છો ? તમારી તૃષ્ણાનો કોઈ અંત નથી. આટલી સંપત્તિથી સંતોષ ન થયો તે પ્રભુ પાસે ધનની ભીખ માંગો છે ? એક ગરીબ ભિખારી જેમ રોટલાની ભીખ માંગે તેમ તું પ્રભુ પાસે પૈસાની ભીખ માંગે છે તો તું ભિખારી નહિ તો શું ? મારાથી કોઈ ભિખારીને ત્યાં રહેવાય નહિ. એટલું કહીને સંન્યાસી તો મહેલ છોડીને જંગલમાં ચાલ્યા ગયા, પણ જતી વખતે એક નાનો ટૂંકો ઉપદેશ આપતા ગયા કે, હે રાજા ! આ સંસારમાં તૃષ્ણાવંત માનવી દરિદ્ર ગણાય છે. લોભથી તૃષ્ણા દિનપ્રતિદિન વધતી જાય છે, માટે તૃષ્ણાના ત્યાગમાં શ્રેય રહેલું છે. સંન્યાસીના ઉપદેશથી રાજાની આંખ ઉઘડી ગઈ. પોતાની ભૂલનું ભાન થઈ ગયું ને લક્ષ્મીનો સદ્ વ્યય કરવા લાગ્યા. કહેવાનો આશય એ છે કે આટલી સંપત્તિ હોવા છતાં પરિગ્રહના કારણે વધુ ધન મેળવવાની અશાંતિની આગમાં રાજા જલતો હતો. પરિગ્રહ એ મોટું પાપ છે. નમિરાજા અને ચંદ્રયશ વચ્ચે સંગ્રામ થવાનું કોઈ કારણ હોય તો તે પરિગ્રહ છે. પરિગ્રહ શું નથી કરાવતો ? એક હાથી માટે બંને રાજાઓ લડવા તૈયાર થયા. નમિરાજાએ પોતાના લશ્કરને કહ્યું-ચંદ્રયશ કાયર છે. જો તે બળવાન હોય તો સામી છાતીએ લડવા ન આવે કે કિલ્લા પરથી લડવા તૈયાર થાય ? તમે બધા શૂર, વીર, ધીર છો, માટે તેમનો સામનો કરજો પણ મારી એક વાત યાદ રાખજો.

**યુદ્ધ કરવું તો ન્યાયથી જ**:-આપણો અપરાધ આ નગરના રાજાએ કર્યો છે, પ્રજાએ નથી કર્યો, તેથી આપણે વૈર રાજા સાથે છે, પ્રજા સાથે નહિ. તેમની પ્રજા એ આપણી પ્રજા છે. પ્રજાનો અપરાધ નથી માટે દંડ પ્રજાને નહિ પણ રાજાને આપવાનો છે. પ્રજાને માટે જેમ તે રાજા છે તેમ હું પણ રાજા છું, માટે એમની પ્રજા એ આપણી પ્રજા છે એમ માનીને તેને કોઈ પ્રકારનું દુઃખ આપવું નહિ, રાજા જે યુદ્ધ કરે છે તે પ્રજાની રક્ષા માટે કરે છે, પ્રજા કંઈ યુદ્ધ કરવા માટે કહેતી નથી, છતાં રાજા યુદ્ધ કરવાનું જરૂરી માની યુદ્ધ કરે છે. આ સ્થિતિમાં પ્રજાના પ્રાણની કે ધનની હાનિ કરવી એ યોગ્ય નથી, માટે આપ પ્રજાના પ્રાણ કે ધનને કંઇ નુકશાન ન થાય તે ખાસ ધ્યાન રાખજો. તે પ્રજાનું ધન તમારે મન પથ્થર સમાન હોવું જોઈએ, તેમની સુંદરીઓ તમારે મન માતા અને બહેન સમાન ગણવી જોઇએ, માણસાઈથી વિરૂદ્ધ જશો નહિ. તમારો વ્યવહાર જોઈને તે લોકો એમ કહે કે નમિરાજાના સૈનિકો કેવા વીર છે ! સૈનિકોના હૃદયમાં પણ દયા અને નીતિનો વાસ હોઇ શકે છે. આ વાતને તમે આ યુદ્ધમાં સિદ્ધ કરી બતાવજો. તમારી વીરતા અને દયાનો પરિચય આપી મારા સૈનિક તરીકે નામના

કાઢજો. જ્યારે હું તમારી આવી વીરતાના સમાચાર સાંભળીશ ત્યારે મને આનંદ થશે. લડાઈનું મેદાન હોય, ખૂનખાર જંગ મચાવાના હોય તે સ્થિતિમાં આવી ભાવના થવી એ જેવી તેવી વાત નથી. નમિરાજ સંસારમાં હોવા છતાં નમિરાજર્ષિ કેમ કહેવાયા તે તેમની ભાવનાના પડઘા અત્યારથી પડી રહ્યા છે.

**જ્ઞાનબળથી અંતરનો પોકારઃ**–સુવ્રતા સાધ્વીજીને પોતાના જ્ઞાન અને ધ્યાનના બળે યુદ્ધની જાણ થઈ. સુવ્રતા સાધ્વી એટલે સતી મયણરેહા ચારિત્ર લઈને સુંદર રીતે પાળી રહ્યા છે, સાથે છે બાહ્ય, આભ્યંતર તપની જોરદાર આરાધના. આ સુવ્રતા સાધ્વીજીએ યુદ્ધની બધી માહિતીઓ મેળવી લીધી. તેમના મુખમાંથી એક નિસાસો પડી ગયો. હાય ! શું ભાઈ ભાઈ લડી મરશે ? શું મારી ફરજ નથી કે યુદ્ધભૂમિમાં જઈને "યુદ્ધવિરામ" નો સાદ પાડું. આ સુવ્રતા સાધ્વીજી તો જાણતા હતા કે બંને સગા ભાઈ છે. પોતાના સંતાનો આમ સામસામા સંગ્રામ ખેલવા મેદાનમાં ઉતરે એ એક માતૃહૃદય કેમ સાંખી શકે ? એમની આંખમાં આંસુ આવ્યા. એમના હૈયામાં એક કરૂણ સંવેદન જાગી ઉઠયું. એ હૈયું જાણે પોતાને કહેતું હતું "મા તરીકેની તારી ફરજ તારે ન ભૂલવી જોઈએ." તને તારા માતૃપદ ઉપર વિશ્વાસ હોય તો યુદ્ધભૂમિમાં જઈને "યુદ્ધવિરામ"ની હાકલ કરતા અચકાવું ન જોઈએ.

અંતે મનમાં નિર્ણય કરી તે પોતાના ગુરૂણી પાસે ગયા. જઈને વંદન નમસ્કાર કરીને કહ્યું, અહો, હે મારા ઉપકારી ગુરૂણીદેવ ! હું આપની પાસે કંઈક લેવા આવી છું. કેટલી નમ્રતા ! કેટલો વિનય ! વિનમ્રતામાંથી વિનયનું સૌંદર્ય પ્રગટે છે. સુવિનીત બનેલો આત્મા ગુરૂદેવની કૃપાનું પાત્ર બને છે. વિનયનો ભાવ સ્વયંભૂ પ્રગટે છે. વિનય એ અવનવો જાદુ છે. દુનિયાના કોઈ મોટા જાદુગર આવો ચમત્કાર સર્જી શકતા નથી, કે જે શત્રુને પણ મિત્ર બનાવે, વૈરીને વહાલા બનાવે. ઉજ્જડ–વેરાન બની ગયેલી જિંદગીને નવપલ્લવિત કરનાર વિનય છે. તૂટી ગયેલા સંબંધોને સાંધનાર વિનય છે, માટે જીવનમાં વિનયની ખૂબ જરૂર છે. પાણી વિનાની સરિતા શોભતી નથી, સરિતામાં પાણી ન હોય તો હંસો ત્યાં ક્રીડા કરવા આવે નહિ તો એવી ઉજ્જડ વેરાન નદીની શોભા શી ? તેમ જીવન સરિતામાં વિનયના શાંત શીતળ પાણી ખળખળ વહેતા હોય, એમાં બાલ, તરૂણ, યુવાન, વૃદ્ધ બધા નિર્ભય બનીને હસતા ખીલતા હોય, થાકેલા પથિકો એ સરિતાના કાંઠે વિસામો લઈ ખોબે ખોબે એનું શીતળ જળ પીતા હોય, તમારી જીવન સરિતાની કીર્તિ પ્રશંસા સાંભળીને હજારો લોકો એના ઘાટે આવતા હોય અને હર્ષિત થઈને પાછા વળતા હોય તો સમજવું કે જીવન સરિતા શોભા અને સૌંદર્યથી અલંકૃત છે.

ગમે તેટલા સિદ્ધાંતોનું જ્ઞાન મેળવ્યું હોય પણ જો જીવનમાં વિનય નથી તો તે જ્ઞાની નથી. ભણેલા હોવા છતાં અભણ છે. શાસ્ત્રજ્ઞાન મેળવવા માટે વિનીત બનવું પડશે. જ્યારે આત્મામાં વિનય ગુણ આવશે ત્યારે પોતે ગુરૂની સેવામાં પ્રવૃત્ત થશે.

તેઓ શું ઇચ્છા રાખે છે એ એમની મુખાકૃતિ જોઈને સમજી જશે. આવા આત્મા પોતાનું જલ્દી કલ્યાણ કરી શકે છે.

**યુદ્ધવિરામ માટે આજ્ઞા**–સુવ્રતા સાધ્વીજીએ વિનયપૂર્વક પોતાના ગુરૂણીને પૂછ્યું, અહો હે પૂજ્ય ! હું આપની પાસે કંઈક લેવા આવી છું. ગુરૂણી કહે, કહો, જે હોય તે ખુશીથી કહો. આ રાજ્યમાં લડાઈ થવાનો સંભવ છે. જો આપ આજ્ઞા આપો તો સુદર્શનની યુદ્ધભૂમિમાં હું જાઉં ! યુદ્ધવિરામની હાકલ કરું, ભાઈ ભાઈની ઓળખાણ આપું ને લોહીની વહેનારી નદીઓને અટકાવું. આ સાંભળતા ગુરૂણી ગંભીર બની ગયા. શું યુદ્ધમેદાનમાં ! આપણાથી ન જવાય. સાધકને ભગવાનની મનાઈ છે કે જ્યાં યુદ્ધભૂમિ હોય ત્યાં સાધુથી ન જવાય.

ગુરૂણી કહે, વળી ભૂખ્યા સિંહના મોંમાં રહેલું સસલું હજુ કદાચ છોડાવી શકાય, પણ રણશૂરા રાજવીઓના હાથમાંથી શસ્ત્રો છોડાવવા મુશ્કેલ છે. સુવ્રતા સાધ્વીજીએ કહ્યું–ગુરૂણીદેવ ! આપની વાત સાચી છે. આ બંનેને ખબર નથી કે અમે સગા ભાઈ છીએ, તેથી શત્રુ માનીને લડવા તૈયાર થશે. જો આ લડાઈ થશે તો ભાઈ ભાઈ લડી મરશે; અને લોહીની નદીઓ વહેશે, માટે આપની આજ્ઞા હોય તો ભાઈ ભાઈની ઓળખાણ કરાવું ને યુદ્ધ અટકાવું. ગુરૂણીએ કહ્યું–તમારામાં તાકાત હોય, શક્તિ હોય અને માતૃપદ પર વિશ્વાસ હોય કે હું લડાઈ બંધ કરાવીશ. બંને વચ્ચે સંપ કરાવીશ, તો તમે સુખેથી જાવ. સુવ્રતા સાધ્વીને અટલ વિશ્વાસ હતો કે પોતે યુદ્ધવિરામ કરાવી શકશે.

સુવ્રતા સાધ્વીજી મનનાં વિચારે છે. શું બંને ભાઈ લડાઈમાં અનેક માણસોનો કચ્ચરઘાણ કાઢી નરકમાં જાય ? ના....ના....એમ નહિ બનવા દઉં. ઉત્તમ કુળમાં જન્મવા છતાં બિચારા અજ્ઞાનના કારણે આમ કરી રહ્યા છે. ભૌતિક સામ્રાજ્ય એવું છે કે એની હકૂમતમાં રહેલાને અજ્ઞાન અને મોહમાં ડૂબાડી રાખે ! ઘોર પાપ કરાવે ! માનવ જીવનને ધૂળધાણી કરાવે ને અંતે હાથ ઘસતા નરકમાં ધકેલી દે. તે મારાથી કેમ જોઈ રહેવાય ? જાઉં. બંનેને ઓળખાણ કરાવી શાંત પડવા સમજાવું. કોઈના કલ્યાણમિત્ર બનવું એ જાણે એમનો જીવનમંત્ર હતો. પહેલા પોતાના જેઠ મણિરથને કલ્યાણમિત્ર તરીકે સલાહ આપી, પછી પોતાના પતિ યુગબાહુની મહાન કલ્યાણમિત્ર બની નરકને બદલે સ્વર્ગમાં ચઢાવનારી બની, પછી સ્વઆત્માની કલ્યાણમિત્ર બની ચારિત્ર લીધું. હવે પુત્રો પ્રત્યે કલ્યાણમિત્ર બનવા તૈયાર થાય છે. કેવું ધન્ય જીવન ! દિલ સરળ અને પવિત્ર હોય, મૈત્રી, કરૂણા, પ્રમોદ અને માધ્યસ્થ ભાવથી ઓતપ્રોત હોય, દિલમાંથી સ્વાર્થ અને લાલસા બળીને ખાખ થઈ ગઈ હોય અને પરમાર્થના વ્યસન લાગ્યા હોય તો ધન્ય જીવન જીવી શકાય. પૂર્વે એવા જીવન જીવતા હતા તેથી દેશ આબાદ હતો. પ્રજા આબાદ હતી. આજે તો દુઃખની પોકો પડે છે. ધન્ય જીવન હૃદયને અપૂર્વ શાંતિ અને અપૂર્વ જોમ આપે.

**નમિરાજ અને મયણરેહાનું સુદર્શનપુરમાં આગમનઃ**–મિથિલાપતિ નમિરાજે

જે દિવસે સુદર્શનપુરમાં પગ મૂક્યા બરાબર એ જ દિવસે સાધ્વી સુવ્રતા પણ સુદર્શન-નગરમાં આવ્યા હતા. યુદ્ધની ખબર પડતાં તેમણે પોતાના વડીલ ગુરૂણીને આ વાત જણાવી અને સમજાવવા જવા આજ્ઞા માંગી. ગુરૂણીએ અવસર જોઇને આજ્ઞા આપી, તેથી બે સાધ્વીજી યુદ્ધભૂમિમાં જવા તૈયાર થયા. યુદ્ધભૂમિમાં નમિરાજાની છાવણી હતી તે તરફ આ બે સતી સાધ્વીઓને નમિરાજે આવતા જોયા. સાધ્વીઓને રણસંગ્રામમાં આવતા જોઈ નમિરાજા વિચારવા લાગ્યા કે આ સંયમી સાધ્વીજીઓ છે. તેઓ શા માટે યુદ્ધભૂમિમાં આવી રહ્યા હશે? ભગવાને તો સંતોને યુદ્ધના સ્થાને જવાનો, રાજાઓના વિગ્રહમાં પડવાનો નિષેધ કર્યો છે. તો પછી આ સાધ્વીજીઓ અહીં શા માટે આવી રહ્યા હશે? શું તેઓ માર્ગ ભૂલ્યા હશે? અહીં આવવાનું તેમને કારણ પૂછવું જોઇએ, તેથી સાધ્વીજીઓ નજીક આવતા રાજા વિનયથી ઉભા થઇ ગયા અને તેમના સામે જઈ વંદણા કરી 'પધારો...પધારો સતીજી!' એમ કહીને સ્વાગત કર્યું. બંને સાધ્વીજીઓને નમિરાજા હવે કેવા પ્રશ્નો કરશે ને સાધ્વીજીઓ તેના કેવા જવાબ આપશે તે અવસરે.

**ચરિત્ર:-માતાએ આપેલી શિખામણ:**-રાજાના માણસો શેઠના બંને બાળકોને લઈને ચાલવા જાય છે. બાળકો જતાં જતાં ઢીલા થઈ ગયા ત્યારે તારામતી કહે બેટા! **મૈં ઐસા દૂધ તેરેકો પિલાયા.** મેં તને એવું દૂધ પીવડાવ્યું છે કે તમે આમ ઢીલા ન બનો. મેં મારી જિંદગીમાં ક્યારે પણ પરપુરૂષ તરફ દૃષ્ટિ કરી નથી. મારું જીવન પવિત્ર છે, માટે દીકરાઓ! ગભરાશો નહિ. તમારે માટે શૂળી એ શૂળી નહિ રહે. શિક્ષા ગુનાની હોય, બીન ગુનાની નહીં, જે બીન ગુનેગારને શિક્ષા કરશે તે પસ્તાશે. ચાર શરણા હૃદયમાં રાખજો. રાજાને લાડવા દેવામાં મારાથી કાંઇ ફેરફાર કે ભૂલ થઈ ગઈ લાગે છે, અથવા તારા બાપુજીને લઈ જવામાં ભૂલ થઇ હશે. ગમે તે કંઇક બન્યું છે. મારી નાનકડી ભૂલે રજનો મેરૂ બનાવી દીધો ને મારા દીકરાના વિનાશને નોતર્યો.

બંને ગભરૂ બાળકો ચોકીદારની સાથે જવા તૈયાર થયા. માતા-પિતા ધ્રુસકે ને ધ્રુસકે રડે છે. આ બંને બાળકો કહે છે, હે માતા પિતા! તમે રડશો નહિ. આ તો સત્ય માટે આંદોલન છે. આપે અમને સંસ્કારો આપ્યા છે. કદાચ ફાંસી મળશે તો આ દેહ મરવાનો છે, અમારો આત્મા તો અજરઅમર છે. **"દેહ મરે છે અમે નથી મરતા, અજર અમર પદ અમારૂં."** તમે અમારી પાછળ આર્તધ્યાન ન કરશો. અમે પુણ્યયોગે જીવીશું તો આપની સેવામાં હાજર થઈશું, ને જઈશું તો ભગવાનના દરબારમાં જઇશું. આપ નાહકની અમારી ચિંતા કરશો નહિ.

**બચાવો બચાવોના પોકાર કરતા પિતા:**-બંને બાળકો ફરી ફરીને માતા-પિતાને વંદન કરી હસતા મુખે વિદાય લે છે, પણ અત્યાર સુધી મહાપ્રયત્ને જાળવી રાખેલ સમતોલપણું તારામતી ગુમાવી બેઠી. એકદમ એ ભૂમિ પર પડી ગઇ. આંખોમાંથી શ્રાવણ ભાદરવો વહેતો હતો. સાગરદત્ત શેઠે તો જ્યારથી સાંભળ્યું કે બાળકોને ફાંસી,

ત્યારથી બેભાન દશામાં પડ્યો હતો. ક્યારેક ભાન આવતું ત્યારે મુખમાંથી એક જ શબ્દો નીકળતા. અરે રાજન્ ! આ તે કેવો ન્યાય ! મારા ગભરૂ બાળકોને છોડી દો. બચાવો, બચાવો... કોઇ તો બચાવો. મારો કોઇ દોષ નથી. હે પ્રભુ ! આ નિરપરાધી ફૂલડા ઉપર દયા કરો. હે શાસનદેવ ! તમે અમારી વહારે આવો ને બાળકોની રક્ષા કરો. રાજા રૂઠ્યા, ભલે રૂઠ્યા પણ હે મારા નાથ ! તું ન રૂઠીશ. કદાચ ફાંસી મળે તો એમને આર્તધ્યાન, રૌદ્રધ્યાન ન આવે અને એમની મૃત્યુની અંતિમ ઘડી સુધરી જાય એવી એમને મતિ આપજો, જેથી એમનો પરલોક તો સુધરે. એમના કરૂણ રૂદનથી પાડોશી બધા ભેગા થઇ ગયા. બધાને દયા આવે છે, પણ રાજાને સત્ય વાત સમજાવવા કોણ જાય ? ચોકીયાતો બંને બાળકોને લઈ ને જાય છે, ત્યાં શું નવાજુની બનશે ? તે વાત અવસરે.

આપણે ત્યાં ઉગ્ર તપસ્વી બા. બ્ર. ભાવનાબાઈ મહાસતીજીને તેમની માસખમણની તપસાધનાનો છેલ્લો દિવસ છે. શાસનદેવની સહાયથી અને ગુરૂદેવની કૃપાએ તેમની ભાવના પરિપૂર્ણ થઇ. શાતા સારી છે. આપ બધા તપ સાધનામાં જોડાજો. વિશેષ અવસરે.

---

## વ્યાખ્યાન નં-૯૩

**ભાદરવા વદ ૯ સોમવાર** **તા. ૨૧-૯-૮૧**

### બા. બ્ર. પૂ. ભાવનાબાઈ મહાસતીજીના ૩૦ ઉપવાસના પારણાનો મંગલ પ્રસંગ

અત્રે પધારેલ પૂ. મહાસતીજીઓ, સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! આજે આપણે આંગણે મંગલ તપ-મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. આ સંસારની મહેલાત આહાર આદિ ચાર સંજ્ઞાઓના સ્થંભ ઉપર ખડી થયેલી છે. તેના કારણે જીવો હેરાન પરેશાન થઈ ભયંકર યાતનાઓના ભોગ બને છે, તેથી તે સંજ્ઞાઓ ભયંકર હોવાથી-તેને હઠાવવા માટે ભગવાને દાન, શીલ, તપ, ભાવ રૂપ ધર્મ ઉપદેશ્યો છે. આ ધર્મ દ્વારા સંસારની અનાદિ કાળની ઉભી રહેલી મહેલાતને આપણે જમીનદોસ્ત કરી શકીએ છીએ. પણ જરૂર છે પુરૂષાર્થની. ભગવાન મહાવીર પ્રભુએ આત્મકલ્યાણ માટે કેવો અનુપમ પુરૂષાર્થ ખેડ્યો હતો. કર્મ શત્રુઓની સામે અવિરત ઝઝૂમ્યા હતા. પ્રભુના જીવનના પ્રસંગો આપણા નિષ્પ્રાણ જીવનમાં પ્રાણ પૂરી જાય છે. તેઓ પ્રજાને હાકલ કરે છે, હે ભાગ્યવાનો ! જાગો-જાગો, મોહનિદ્રાને ત્યાગો ને આત્મસિદ્ધિના પવિત્ર પંથે પગલા માંડો. આ માટે સતત પુરૂષાર્થ કરો. પ્રભુના આત્મામાં જે બળ, શક્તિ અને સામર્થ્ય હતા તે આપણા આત્મામાં પણ છે.

પ્રભુએ કર્મરૂપ કચરાને અહિંસા, સંયમ અને તપરૂપ અગ્નિ દ્વારા દૂર કરીને આત્માને સુવર્ણથી પણ અધિક તેજસ્વી બનાવ્યો. આપણે પણ અહિંસા, સંયમ અને તપ રૂપ અગ્નિ દ્વારા એ ચીકણાં કર્મોને વિખેરી નાંખી શુદ્ધ અને નિર્મળ બનાવી શકીએ

છીએ. જરૂર છે માત્ર પુરૂષાર્થની, વીર્ય ફોરવવાની. એ માટે તુચ્છ ભોગ વિલાસને તિલાંજલી આપવી પડશે. સુખ શય્યાનો ત્યાગ કરવો પડશે. એ પવિત્ર માર્ગે પ્રયાણ કરતાં કંટકો, વિઘ્નો અને ઉપદ્રવો આવશે. તો એની સામે કટિબદ્ધ થઈ સામી છાતીએ લડવું પડશે. જુઓ, પછી સિદ્ધિ કાંઈ દૂર નથી. એ માટે સમતા અને ક્ષમાના ભવ્ય આદર્શોને સન્મુખ રાખવા પડશે. ધ્યેયને વળગી રહી અવિરત સાધના કરીશું તો જરૂર શિવરમણીને વરી શકીશું. હંમેશને માટે આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુક્ત બની શાશ્વત સુખના ભોક્તા બનીશું.

આત્મામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્યનો ખજાનો ભરેલો છે. આત્મા પર કર્મના આવરણો આવેલા છે. તેના લીધે એ બધી શક્તિઓ, એ બધું જ્ઞાન ઢંકાઈ ગયું છે. જેમ સૂર્યના પ્રકાશ આડા કાળા વાદળા આવતા એ પ્રકાશ ઢંકાઈ જાય છે અને જોરદાર પવન આવતા વાદળા વિખરાતા સૂર્યનો પ્રકાશ ચારે બાજુ પથરાઈ જાય છે તેમ કર્મરૂપ વાદળાઓ અહિંસા, સંયમ અને તપ રૂપ પવન દ્વારા જો વિખેરી નાંખવામાં આવે તો આપણો આત્મા પણ પોતાના સ્વરૂપને પ્રગટાવી શકે છે. ત્રણે લોકના ત્રણે કાળના સમગ્ર ભાવોને ક્ષણ ક્ષણમાં પલટાતી દુનિયાને જાણવાની અને જોવાની તાકાત આપણા આત્મામાં છે. આવું અપૂર્વ તત્ત્વજ્ઞાન આપી ભગવાન મહાવીર સ્વામીએ જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે. જેમને આત્મ ઉદ્ધારની તમન્ના છે, કલ્યાણની કામના છે, એવા આત્માને ઝંખના છે માત્ર મોક્ષની.

સાધનાથી સત્ત્વશીલ બનેલા, ભાવનાથી ભીંજાયેલા અંતરમાં એક જ પ્રશ્ન ઉઠે છે ગુરૂદેવ ! મોક્ષ જલ્દી કેમ મળે ? મોક્ષ મેળવવાનો ટૂંકો માર્ગ કયો ? મોક્ષાભિલાષી દરેક સાધકનો આ પ્રશ્ન છે. સાઈન્ટીફીક યુગની અંદર બધું કામ ઝડપી, ઘડિયાળના કાંટે જીવન ! જાણે કે માનવ મટીને તે યંત્ર ન બની ગયો હોય ! તેના જીવનની દરેક કાર્યવાહી જોતાં તો એમ જ લાગે કે ભગવાનનું જે સૂત્ર છે. "**समयं गोयम मा पमायए**" તે બરાબર–યથાર્થ થાય છે, પણ આ બધું છે ભૌતિક જીવનમાં. આધ્યાત્મિક જીવન માટે હજુ આ સૂત્ર હૃદયંગમ થયું નથી. અહીં મુક્તિને અનુલક્ષીને થતો પ્રશ્ન આધ્યાત્મિક ક્ષેત્રનો છે. અસીમ કરૂણાસાગર ચરમ તીર્થંકર શાસનપતિ ભગવાન મહાવીરસ્વામી આ પ્રશ્નનું સમાધાન કરતા બોલ્યા છે "**छन्दं निरोहेण उवेइ मोक्खं**"। સંયમાકાશમાં ઉડ્ડયન કરતા સાધકને શિક્ષાના સેંકડો શબ્દોની જરૂર નથી હોતી. તેને તો એકાદ વાક્ય પણ બસ...ભગવાનની વાણી અલ્પાક્ષરી તથા અતિ નિગૂઢતમ ભાવોથી ભરેલી છે. મુક્તિનો માર્ગ માત્ર બે શબ્દોમાં બતાવ્યો છે. "મોક્ષ"ના અક્ષરો બે અને તેની પ્રાપ્તિના ઉપાયના પદો પણ બે. ભગવાન કહે છે જો તારે તારા આત્માની સ્વતંત્રતાનો આસ્વાદ લેવો હોય તો તારી ઈચ્છાનો નિરોધ કર.

ઈચ્છાનો નિરોધ એટલે ઈચ્છાને અટકાવવી ઈચ્છાને કેમ અટકાવી શકાય ? જ્યાં-સુધી છદ્મસ્થ દશા છે ત્યાં સુધી કર્મનો સંયોગ અને કર્મના કારણે કષાયો છે, તેથી ઈચ્છા

થવાની. ઇચ્છા ન થાય માત્ર વીતરાગને. આ તપસ્વી મહાસતીજીઓ જે તપ કરી રહ્યા છે તેમણે ઇચ્છાઓને રોકી તો તપ કરી શક્યા. જે ઇચ્છાઓનો નિરોધ કરે છે તે મોક્ષને પ્રાપ્ત કરે છે. જે જે ભગવંત બની ગયા તેમણે પોતાની ઇચ્છાઓનો ત્યાગ કરી જિનાજ્ઞામાં જીવન જોડયું હતું. **જિનાજ્ઞામાં જાતને જોડયા વિના કદી જિન બની શકાતું નથી.** જિન બનવા માટે બે તત્ત્વથી જીવન ભરી દેવું પડશે. એક છે જિનેશ્વરની આજ્ઞાનો સ્વીકાર અને બીજું તત્ત્વ છે તેને અનુસાર જાગૃતિમય જીવન, પછી પુરૂષાર્થની પગદંડીએ ચઢેલો સાધક જિનાજ્ઞાના જોરથી તથા જાગૃતિના જોશથી હોંશથી કર્મ સામે હરીફાઇ કરી આત્મવિજય મેળવે છે. બાકી ઇચ્છાથી જીવન જીવી જવાથી કદી અરિહંત બનાતું નથી. સર્વ ઇચ્છાનો જ્યારે નાશ થાય છે ત્યારે તેનો સ્વભાવમાં વાસ થાય છે. જેમ સુશિક્ષિત ઘોડો કવચ ધારણ કરીને માલિકની આજ્ઞાને જાણીને તેને અનુસાર જીવે તો સંગ્રામમાં વિજય અપાવે, તેમ સુશિક્ષિત આત્મા ઇચ્છા તથા પ્રમાદનો ત્યાગ કરી જિનાજ્ઞાની આરાધના કરે તો આરાધક બની એક વખત આરાધ્યપદ પામી શકે.

જેમણે ઇચ્છાઓનો નિરોધ કર્યો, એવા આત્માઓ આવી મહાન ઉગ્ર સાધના કરી શકે છે. બા. બ્ર. ભાવનાબાઈ મહાસતીજીની માસખમણની ભાવના શાસનદેવ અને ગુરૂદેવની અસીમ કૃપાએ પરિપૂર્ણ થઈને આજે પારણાનો દિન આવી ગયો. બા. બ્ર. ચંદનબાઈ મહાસતીજીને આજે ૧૬ મો ઉપવાસ છે. આ તપસ્વીઓ તપ ક્યારે કરી શકે? માસખમણના તપ કરવા એ સહેલ વાત નથી. દેહ પ્રત્યેનો રાગ, મોહ અને મૂર્છા છોડે તે આવી આરાધના કરી શકે. જો કર્મોની નિર્જરા કરવી છે તો તપોબળ જોઈશે. નિર્જરાનું અસાધારણ કારણ તપશ્ચર્યા છે. બાહ્ય અને આભ્યંતર તપથી કર્મોનો નાશ થાય છે. વિરાટ પર્વત જેવા કર્મોને અત્યંત તીક્ષ્ણ વજ્રની જેમ તપ ભેદી નાંખે છે, તોડી નાંખે છે. કોઈ આશંસા, કામના, તૃષ્ણા વિના કરેલો તપ આત્મામાં અપૂર્વ પરિવર્તન લાવે છે. એક શ્લોકમાં કહ્યું છે કે—

**शमयति तापं गमयति पापम् रमयति मानसहंसम् ।**
**हरति विमोहं दूरारोहम्, तप इति विगताशंसम् ॥**

તપથી કર્મોની નિર્જરા થાય છે એટલે વિષય કષાયના આકરા તાપ શમી જાય છે, જીવન નિષ્પાપ બનતું જાય છે, મનોહંસ આત્મભાવમાં રમણતા કરે છે, અને મિથ્યા વ્યામોહ દૂર થઈ જાય છે. ભલે આકાશમાં ઘનઘોર વાદળા ચઢયા હોય અને જોરશોરથી ગર્જતા હોય પણ જ્યાં વાયુના પ્રચંડ સૂસવાટા શરૂ થાય છે, ત્યાં ઘનઘોર વાદળાં વિખરાઈ જાય છે, તેમ અનંત અનંત કર્મો ભલેને આત્મા ઉપર છવાઈ ગયા હોય પણ જ્યાં તમે ઘોર તપશ્ચર્યા આદરી કે કર્મોના વાદળા વિખરાઈ જવાના. બસ આનું નામ નિર્જરા. તપના બાર પ્રકાર છે. આ બાર પ્રકારના તપને ટીમ પાવરથી કામે લગાડી દો. તે કર્મોને આત્મભૂમિમાંથી ઉખાડીને ફેંકી દેશે.

આત્માની નિરંજન, નિરાકાર, અજરઅમર અને અડોલ દશા પ્રાપ્ત કરવાની

જેને લગની લાગી છે તેવા આત્માઓ આવા ઉચ્ચ પ્રકારના સાત્વિક તપનું શરણુ વારંવાર શોધે છે. તપ એ કર્મરૂપ કાદવને સૂકવનાર સૂર્ય છે. પુરાણા કર્મોને બાળવા માટે તપ એ જડીબુટ્ટી છે, પણ તપ કરનાર સાધકે એ ખાસ ધ્યાન રાખવાનું કે તપ એ તાપ ન થઈ જાય. તપ કરીને જો ક્રોધ રૂપી ગરમીનો પારો ચઢી જાય તો એ તપ નથી રહેતો, પણ તાપ થઈ જાય છે, માટે તપની સાથે જો જીવનમાં ક્ષમા રહે તો એ જીવન ઉજ્જવળ બને છે. જૈન શાસ્ત્રમાં દશ પ્રકારના જે સાધુ ધર્મનું વર્ણન છે તેમાં ક્ષમાને પ્રથમ સ્થાને મૂકવામાં આવેલ છે. તે ક્ષમાનું સર્વોચ્ચપણું સાબિત કરવા માટે છે. પોતાના અપરાધીને ગુન્હાનો બદલો નહિ દેતાં તેના ઉપર રહેમ રાખવી તેનું નામ ક્ષમા છે. ક્ષમાનો ગુણ સર્વથી શ્રેષ્ઠ છે. ક્ષમા એ વીરપુરૂષોનું ભૂષણ છે. સિદ્ધાંતમાં એવા કંઈક વીર રત્નો થઈ ગયા છે કે ઝેર પચાવવાનો સમય આવ્યો તો હસતા મુખે ઝેર પચાવ્યા પણ ક્ષમાને છોડી નથી.

ધર્મઘોષ મુનિના શિષ્ય ધર્મરૂચી અણુગાર થઈ ગયા. તેમનો કેવો તપ ! માસખમણુને પારણે માસખમણ ! કેવો અઘોર તપ ! કેવી સાધના ! કેવી ક્ષમા ! આપણે તો એટલા પામર છીએ કે એક માસખમણ કરીએ ને કેટલા સમય સુધી ગાજ્યા કરીએ. આત્માએ તો એ વિચાર કરવાની જરૂર છે કે મારા કર્મો પર્વત જેટલા ને સાધના રાઈ જેટલી તો કર્મો રૂપી પર્વતને કેવી રીતે તોડી શકાશે ? તે માટે અઘોર સાધનાની જરૂર છે. આત્માનો મૂળ સ્વભાવ અણુાહારક છે. ખાવાનો નથી. ખાવું એ તો ગુનો છે, માટે તપ દ્વારા મૂળ સ્વભાવને પ્રગટ કરવાનો છે. ધર્મરૂચી અણુગાર માસખમણુને પારણે માસખમણ કરે છે. પારણાને દિવસે પહેલા પ્રહરે સ્વાધ્યાય, બીજા પ્રહરે ધ્યાન કરી ત્રીજા પ્રહરે ગૌચરી માટે નીકળ્યા.

જેને તપમાં આનંદ છે ને ખાવામાં નિરસતા છે, એવા અધ્યાત્મયોગી ત્રીજા પ્રહરે એટલે બરાબર બપોરના સમયે તાપથી ધરતી ધણધણી ઉઠી છે, સૂર્ય બરાબર માથા પર આવ્યો છે, એવા સમયે ગૌચરી નીકળ્યા. ફરતા ફરતા નાગેશ્રીના મહોલ્લામાં જઈ ચઢયા. નાગેશ્રીએ જોયું કે મુનિ પધાર્યા છે. તે દોડતી દોડતી આવી. પધારો....પધારો.... ગુરૂદેવ ! મને પાવન કરો. એટલા ભક્તિભાવથી બોલાવે છે કે જોનારા વિચારમાં પડી જાય કે આ બહેનની ભક્તિ કેટલી છે ! પ્રેમ કેટલો છે ! સંતોને ઉત્કૃષ્ટભાવે નિર્દોષ સૂઝતા આહાર પાણી વહોરાવવાથી જીવ તીર્થંકર નામ કર્મ બાંધી શકે છે, પણ આ નાગેશ્રી તો દંભી છે, કપટી છે, માયાવી છે, તેની ભક્તિ માયાવી છે. અંદર તો હલાહલ વિષ ભર્યું છે. તેણે મુનિને ઉકરડો માન્યો. ઉકરડો જેમ સારાને પચાવે ને ખોટાને પચાવે તેમ આ મુનિ કોઈને કહેવા નહિ જાય, એમ માનીને કડવી તુંબીનું શાક વહોરાવ્યું. મુનિ કહે છે બસ કરો બેન !...બસ કરો....પણ કોણ સાંભળે ? એણે તો બધું વહોરાવી દીધું. જો થોડું ઘણું રહી જાય તો ઉકરડે નાંખવા જવું પડે ને ! લોકો જાણી જાય એના કરતાં આ હાલીચાલીને ઉકરડો મારે ઘેર આવ્યો છે, તો એમને

વહોરાવી દઉં તો શું ખોટું! મુનિએ ઘણી વાર બસ....બસ....કર્યું, પણ તે રોકી રોકાતી નથી. આવી જ વાત–પણ ભાવ શુદ્ધ સહિત શાલીભદ્રના જીવે ભરવાડના ભવમાં મુનિને ઉત્કૃષ્ટ ભાવે ખીર વહોરાવી. સંત કહે બાબા–બસ કર, બસ કર, પણ તે રોકયો રોકાતો નથી. નાગેશ્રીની ને આ છોકરાની બંનેની ક્રિયા સરખી છે, પણ બંનેના પરિણામમાં આસમાન જમીન જેટલું અંતર છે. એકની ક્રિયા નરક અપાવનારી બની ને બીજાની ક્રિયા દેવલોક અપાવનારી બની, માટે દાનનો મહિમા સમજો. જૈનદર્શન પરિણામે બંધ માને છે.

મુનિને માસખમણનું પારણું છે. ગૌચરી લઈને ગુરૂ પાસે આવ્યા. જે શિષ્ય ગુરૂઆજ્ઞામાં સમાઈ જાય છે, જેને મન "आणाए धम्मो, आणाए तवो" ગુરૂઆજ્ઞા એ જ ધર્મ અને એ જ તપ છે. જે ગુરૂઆજ્ઞામાં ઓતપ્રોત છે, એ આત્મા તર્યા વગર રહેતો નથી. કદાચ અંતરાય કર્મના ઉદયથી તપ ન કરી શકે પણ ગુરૂઆજ્ઞામાં ઓતપ્રોત છે. જે ગુરૂના ગુણનો ગ્રાહક છે. જેની રગેરગમાં, નસેનસમાં, ગુરૂઆજ્ઞાનું ગુંજન છે, ગુરૂઆજ્ઞા એ જ શ્વાસ અને પ્રાણ છે એવો શિષ્ય જલ્દી તરી શકે છે. ધર્મરૂચી મુનિએ ગૌચરીનું પાત્ર બતાવ્યું. આહારની વાસ ઉપરથી ગુરૂ સમજી ગયા કે આ આહાર વિષમય છે. ખાવા જેવો નથી. આવા માસખમણના તપસ્વી સાધકને આવો આહાર વહોરનાર કોણ નીકળ્યું? તેણે આ તપસ્વી સાધકની આ દશા કરી? આહાર જોઈને ગુરૂજીએ કહ્યું–હે મારા સુપાત્ર શિષ્ય! આત્માર્થી મોક્ષગામી વિનીત શિષ્ય! આ આહાર ખાવા જેવો નથી. આ આહાર જીવ અને કાયા જુદા કરનાર છે, માટે આપ કોઈ જીવની હિંસા ન થાય, કોઈ જીવ મરે નહિ એવી નિર્દોષ જગ્યાએ આ આહાર પરઠવજો. ગુરૂની ભાષામાં પણ કેટલો ઉપયોગ છે. શું બોલ્યા? કોઈ જીવની હિંસા ન થાય ત્યાં પરઠવજો.

ગુરૂદેવની આ આજ્ઞા શિષ્યે સાંભળી. માસખમણનું પારણું છે. હજુ ગૌચરી લઈને આવ્યા છે એટલે બરાબર બપોરનો સમય છે, છતાં ગુરૂ સામે ન દલીલ, ન અપીલ, ગુરૂઆજ્ઞાને હસતે મુખડે વધાવી શિષ્ય આહાર પરઠવવા ચાલ્યા.

**ગુરૂજીના શબ્દો સુણીને મુનિ ચાલ્યા તુંબી પરઠવવા,**
**એક જ બિંદુ પાડયું જોવા ત્યાં, કીડીઓની થઈ હારમાળા,**
**તાલકૂટ વિષના પ્રતાપે, કીડીઓ ત્યાં પ્રાણ ગુમાવે રે...**

તપસ્વી સંત આહાર પરઠવવા જાય છે. જ્યાં કુંભારના નીંભાડા હોય ત્યાં જગ્યા ગરમ હોય એટલે જીવોની ઉત્પત્તિ ન હોય એવી જગ્યા જોઈને પહેલાં એક ટીપુ નાંખ્યું. એક ટીપુ પડતાની સાથે ત્યાં સેંકડો કીડીઓ આવી ગઈ અને વિષના કારણે ત્યાં બધી કીડીઓએ પ્રાણ ગુમાવ્યા. ગુરૂઆજ્ઞામાં સમાયેલા આ શિષ્ય શું વિચાર કરે છે? મારા ગુરૂની આજ્ઞા છે કે કોઈ જીવની હિંસા થાય ત્યાં ન પરઠવજો. તો આ તો એક ટીપામાં કેટલી બધી કીડીઓ મરી ગઈ! હવે જો આ આહાર પરઠવું તો, એક તો ગુરૂની આજ્ઞાનો

લોપ થાય ને જીવોની હિંસા થાય! કેટલું પાપ થાય! કેટલો પાપનો ભય છે! કેટલી જીવો પ્રત્યે કરૂણા! કેટલી અનુકંપા! આ કરૂણાસાગર મુનિ એ આહારને હલાવીને હોંશે હોંશે ઘટક ઘટક પી ગયા. નાગેશ્રી પર જરા પણ ક્રોધ કે રોષ ન કર્યો. અરે, નાગેશ્રી! તને કોઈ ન મળ્યું કે તેં મને બધો આહાર વહોરાવી દીધો. ના...ના...હોં...મનમાં વિચાર પણ નથી આવતો. કેટલી ક્ષમા! જેટલો તપ મહાન ઉગ્ર છે તેટલી ક્ષમા પણ મહાન છે. તપની સાથે ક્ષમા હોય તો એ તપના તેજ કોઈ અલૌકિક પ્રકાશ પાથરે છે.

આ વિષયુક્ત આહાર મુનિના શરીરમાં પરિણમવાથી તેમની નસે નસો તૂટવા લાગી. માથાની નસો ખેંચાવા લાગી. શરીર ભાંગવા લાગ્યું, ત્યારે સમતાના સાગરમુનિ આત્માને શું કહે છે? તારી નસો નથી તૂટતી પણ તારા કર્મો તૂટી રહ્યા છે. નસો નથી ખેંચાતી પણ આત્મપ્રદેશ પરથી કર્મો ખેંચાઈ રહ્યા છે. તારું શરીર નથી ભાંગતું, પણ કર્મની ગાંઠો ભાંગે છે. તેમને કોઈ ઉપદેશ દેનાર નથી. પોતે સ્વયં ગુરૂ બની ગયા. હે આત્મા! તને કાંઈ થતું નથી. જે થાય છે તે દેહને થાય છે. આત્મા દેહથી ભિન્ન છે, માટે તું પાડોશી બનીને નિરીક્ષણ કર. રખે ને તું વિભાવમાં જતો મા. કેવી એ ક્ષમાવીર મુનિની ભાવના! કેવી અજોડ સાધના! મુનિએ જાણ્યું કે હવે આ મારો દેહ ટકવાનો નથી, એટલે સર્વે જીવોને ખમાવી, પોતાના ઉપકારી ગુરૂદેવને યાદ કર્યા, પછી આલોવી, નિંદી, નિશલ્લ થઈને ભૂમિનું, કપડાનું તથા પાતરાનું પ્રતિલેખન કરી જાવજીવનો સંથારો કરી લીધો. શુદ્ધ ભાવનાના અપૂર્વબળે અનુત્તર વિમાનમાં ગયા. એકાવતારી બની ગયા.

**તપસ્વીની શોધમાં મુનિઓ :** ધર્મરૂચી અણગારને ગયા ઘણો સમય થયો, છતાં મુનિ ન આવ્યા એટલે બીજા શિષ્યો કહે, ગુરૂદેવ! હજુ આપણા મહા તપસ્વી મુનિ કેમ ન આવ્યા? અમે તપાસ કરવા જઈએ. ગુરૂની આજ્ઞા લઈ શિષ્યો ધર્મરૂચી મુનિને શોધવા ગયા. શોધતા શોધતા જ્યાં ધર્મરૂચી અણગારનું શબ પડયું હતું ત્યાં આવ્યા, તો મુનિનું શબ જોયું. પાતરૂં બાજુ પર પડ્યું હતું. આ જોઈને મુનિઓ છૂટી પોકે રડયા. અહાહા...અમારા મહાતપસ્વી ક્ષમાવંત મુનિ ચાલ્યા ગયા. દિલમાં ખૂબ આઘાત લાગ્યો. આવા તપસ્વી ચારિત્રસંપન્ન મુનિના સહકારથી બીજામાં ચારિત્રબળ વધે છે. સ્વાધ્યાય-ધ્યાન આદિના સહકારથી તેમની પ્રેરણાથી બીજા જીવો એમાં જોડાય છે, તેથી એમનો સહકાર ચાલ્યો જતાં આંખમાં આંસુ આવે છે. શિષ્યો રડતા દિલે ગુરૂ પાસે આવ્યા ને ગુરૂદેવને બધી વાત કરી. ગુરૂદેવ! આપણા મહાન તપસ્વી શિષ્ય તો કાળધર્મ પામી ગયા. આટલું સાંભળતા ગુરૂના દિલમાં એકદમ આઘાત લાગ્યો ને મુખમાંથી કારમી ચીસ પડી ગઈ. શિષ્યના વિયોગથી ગુરૂના મુખમાંથી ચીસ કેમ પડી? શિષ્યે ગુરૂ ભક્તિથી અને વિનયથી ગુરૂના હૃદય સિંહાસન પર સ્થાન જમાવ્યું હતું. તેથી આવા શિષ્ય ચાલ્યા જાય ત્યારે તેના ગુરૂદેવની આંખમાં આંસુ આવી જાય છે. ગુરૂદેવ ધર્મઘોષ મુનિને કેવળજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન કે અવધિજ્ઞાન ન હતું, પણ તેમનું મતિજ્ઞાન અને

શ્રુતજ્ઞાન એટલું નિર્મળ હતું કે જ્ઞાનના બળે જાણી લીધું કે આ આહાર કોણે વહોરાવ્યો ને મુનિ કાળ કરીને કયાં ગયા? કહેવાનો આશય એ છે કે ધર્મરૂચિ મુનિના જીવનમાં તપ તો હતો પણ સાથે ક્ષમા કેટલી હતી કે માસખમણના પારણે આવો વિષમય આહાર મળ્યો છતાં ક્રોધ ન કર્યો ને ક્ષમા રાખી.

**તપ એક સંજીવની :** તપ જીવનમાં અતિ આવશ્યક છે. તપ દ્વારા શરીરના રોગો પણ મટી જાય છે. તપ એ મહાન ઔષધિ છે. તપ એ અમૂલ્ય સંજીવની છે. મગધ દેશના સમ્રાટ રાજા એક મહાન ધર્મગુરૂના ભક્ત હતા. આ ગુરૂદેવ ૫૦૦ શિષ્યો સાથે વિચરતા હતા. તેઓ જયારે પોતાના શહેરમાંથી વિહાર કરવાના હતા ત્યારે રાજાના મનમાં થયું કે હું ગુરૂભક્તિ માટે શું કરું? છેવટે રાજાને એક રસ્તો જડયો, અને તે પોતાના નાડી પરીક્ષક વૈદરાજને ગુરૂદેવની સાથે સેવા કરવા મોકલવાનું નક્કી કર્યું. આ વૈદ જેવો તેવો ન હતો. ગમે તેવા હઠીલા રોગને સહેજમાં મટાડી દેતો. તે ધન્વંતરીના નામથી પ્રસિદ્ધ હતો. જંગલની દરેક ઔષધિના એ જાણકાર હતા. ગુરૂદેવની સાથે મોકલતા પહેલા રાજાએ વૈદને ભલામણ કરી. જુઓ, વૈદરાજ! ગુરૂદેવની સેવા બરાબર કરજો. ગમે તેવી કિંમતી ઔષધિઓ વાપરવી પડે તો વાપરજો પણ જરાય સંકોચ ન રાખશો. બધાને છૂટથી દવાઓ આપજો. વૈદ કહે-ભલે, તે વૈદ તો ગુરૂદેવની સાથે પગપાળા વિહાર કરીને ફરે છે. સાથે કિંમતી દવાઓની પેટી પણ ફરે છે.

સમય પસાર થતાં મહિનાના મહિનાઓ ગયા, વર્ષો વીત્યા છતાં કોઈ સાધુ આ વૈદ પાસે દવાનું એક પડીકું લેવા આવતા નથી. વૈદની ધીરજ ખૂટવા લાગી, એ મૂંઝાવા લાગ્યો. તેના મનમાં થયું કે રાજા મને પૂછશે કે તમે શું શું ઉપચાર કર્યા? કેટલી દવાઓ આપી? તો હું શું જવાબ આપીશ? છતાં વૈદે ધીરજ રાખી. ઘણો સમય ગયો છતાં કોઈ સાધુ દવા લેવા ન આવ્યા ત્યારે છેવટે વૈદે ગુરૂદેવને કહ્યું-ગુરૂદેવ! કંઈક તો દવા કરો. દવાનો ઉપયોગ નહિ થાય તો મારી નોકરી છૂટી પડશે. મારું કુટુંબ રઝળી પડશે. ગુરૂદેવ કહે-જરૂર તમારી દવા લઈએ, પણ પહેલા એ દવાઓ કેવી છે તે મને બતાવો. ગુરૂદેવ! ગુરૂપરંપરાથી મળેલી અણમોલ જડીબુટ્ટીઓ મારી પાસે છે. એક એક રોગ ઉપર હજાર હજાર દવાઓ જાણું છું.

**હજારો રોગોની એક દવા:**-ગુરૂદેવ કહે બસ! એટલી જ! વૈદરાજ હું પણ વૈદ છું. મારી પાસે કેવી દવાઓ છે તે જાણો છો? મારી પાસે હજાર હજાર રોગોની એક જ દવા છે. તમારી પાસે રોગ થયા પછી રોગને મટાડનારી દવાઓ છે પણ મારી પાસે તો ભવિષ્યમાં પણ રોગ ન થાય એવી દવા છે. ગુરૂદેવ! એવી કઈ દવા છે? તે કૃપા કરીને મને કહો. ગુરૂદેવ કહે, મેં મારા શિષ્યોને બાર પ્રકારના તપ કરવાનો હુકમ કર્યો છે. તેઓ રોજ એક વાર ભોજન કરે છે. સાદો અને મર્યાદિત ખોરાક લે છે. દરેક તિથિએ ઉપવાસ કરે છે, તેથી મારો કોઈ શિષ્ય માંદો પડતો નથી. વૈદરાજ! મારી આ દવા છે. મારા એ શિષ્યો પોતે પોતાના વૈદ બની ગયા છે. આ સાંભળીને વૈદ ગુરૂદેવના

ચરણમાં નમી પડચો. તપ રૂપી ઔષધનું રહસ્ય જ્ઞાન જાણવાથી તેને ખૂબ હર્ષ થયો. ગુરૂદેવની મંગલ વાણી જીવનના છેલ્લા શ્વાસ સુધી વૈદના કાનમાં ગુંજતી રહી. કહેવાનો આશય એ છે કે તપ દ્વારા શરીરના રોગો હોય તો પણ ચાલ્યા જાય છે. આ તપ-સંજીવનીથી અનંત અનંત આત્માઓ મુક્તિને પામ્યા છે. વર્તમાનકાળમાં મહાવિદેહની અપેક્ષાએ પામે છે ને ભવિષ્યકાળમાં પામશે.

**યુદ્ધભૂમિમાં પણ વિવેકઃ**–જેમણે તપ સાધનામાં પોતાનું જીવન ઝુકાવ્યું છે એવા સુવ્રતા સાધ્વીજી યુદ્ધવિરામ કરાવવા માટે પોતાના પૂ. ગુરૂણીની આજ્ઞા લઈને યુદ્ધભૂમિમાં આવ્યા. નમિરાજાએ તેમની સામે જઇ વંદન કર્યા અને કહ્યું–પધારો... પધારો! પહેલાના રાજા મહારાજા અને ચક્રવર્તી જેવા પણ સંત સાધુનો ભારે વિનય કરતા, આદરમાન આપતા અને સ્વાગત કરતા. તેઓ સમજતા હતા કે અમે ભોગી ભોગના ગુલામ અને આ ત્યાગી, ભોગના વિજેતા! હજાર લડાઈ જીતવી સહેલી પણ ભોગ લંપટતા જીતવી દુષ્કર! માટે એ મહાવીર! એમને તો ચરણે જ પડાય. એમના તો સેવક બની રહેવું જોઇએ. કયાં છે આજે આ? મોટા પ્રધાનોમાં નહિ પણ સામાન્ય પાંચ કુકાની પુણ્યાઈ મળી ત્યાંય પણ નથી. કેવો વિષમ અને વિનાશક કાળ! તેમજ એ રાજાઓ સમજતા હતા કે અમારા કાયદા, કોર્ટ અને પોલિસોથી જનતામાં જે ચોરી, લૂંટફાટ અસત્ય કે અનીતિ નથી અટકી શકતા એ સાધુ સંતોના પવિત્ર જીવન અને ધર્મોપદેશથી અટકે છે. દુરાચાર કે જે દેશનું સત્યાનાશ કાઢે છે, એ અમારાથી નથી અટકતો, એ આ વિભૂતિઓથી અટકે છે. ચોરને શાહુકાર બનાવનાર, ગુંડાને સદ્‌ગૃહસ્થ બનાવનાર, ખૂનીને મુનિ બનાવનાર, પાપીને ધર્માત્મા બનાવનાર, આ સંતો છે, અમે નહિ. આવા સંતો તો અમારા રાજ્યના ને સમસ્ત વિશ્વના અલંકાર છે. તેમજ અમે તો પ્રજાનું ચોર–ડાકુથી રક્ષણ કરીએ અને બાહ્ય થોડી સગવડ કરી આપીએ એટલું જ, ત્યારે સંતો તો પ્રજાને મહાકલ્યાણકારી ધર્મ આપે છે. જગત્પિતા પ્રભુના ભક્ત બનાવે છે. દયા દાનના ઉપાસક બનાવે છે. પરોપકારના સુકૃત કરાવે છે. જગતને ત્યાગ, વૈરાગ્ય, સંતોષ સદાચાર સંપ, સહાનુભૂતિ શીખવાડે છે. જગતમાંથી અજ્ઞાનના અંધારા દૂર કરે છે. કેવા એમના ભવ્ય ઉપકાર! અને કયાં અમારી કૂપમંડૂક સ્થિતિ! આ રીતે રાજાઓ સાધુ સંતોના આવા સાચા ઉચ્ચ મૂલ્યાંકન કરતા, એમનું ગૌરવ વધારતા ને મહાન સ્વાગત સત્કાર કરતા. નમિરાજાએ સુવ્રતા સાધ્વીજીની બીજી કોઈ ઓળખાણ વગર એક માત્ર સંત છે એમ માની એમનો સત્કાર કર્યો, પછી ઉંચા આસને બેસાડયા પછી વિનય સહિત પૂછે છે.

**અજ્ઞાનના અંધારાનું ઓપરેશનઃ**–અહો હે સાધ્વીજી! આપને કયા કારણસર અહીં પધારવાનું બન્યું છે? જ્યાં એક બીજાના લોહી ઉછળી રહ્યા હોય ને ખૂનખાર જંગ મચાવાના હોય એવી સમરાંગણ ભૂમિમાં આપને આવવું કલ્પે નહિ છતાં આપ પધાર્યા છો, તો કયા કારણસર પધાર્યા છો? સતીજીએ કહ્યું, તને મોહનો નશો ચઢયો છે. અજ્ઞાનનો અંધાપો આવ્યો છે, તેનું ઓપરેશન કરવા આવી છું. યુદ્ધના

મેદાનમાં આવા શબ્દો કહેવા એ શું સહેલી વાત છે! હે મહાસતીજી! શું હું અજ્ઞાન-અંધારામાં છું? જે હોય તે જલ્દી કહો. અત્યારે મને વધુ સાંભળવાનો સમય નથી. આ તો લડાઈનું મેદાન છે. મહાસતી કહે હે નમિરાજ! અમે અત્યારે તમને વિશેષ ઉપદેશ આપવા આવ્યા નથી પણ માત્ર તમને જ્ઞાનનો પ્રકાશ આપવા આવ્યા છીએ. તમારામાં અજ્ઞાનતા છે માટે તમે યુદ્ધ કરવા તૈયાર થયા છો. જો તમારામાં જ્ઞાન હોત, તો યુદ્ધનું નામ પણ લીધું ન હોત! હું તને પૂછું છું કે તું આ લડાઈ શા માટે કરે છે? રાજાના મનમાં થયું કે જો હું એમ કહીશ કે હાથી માટે લડાઈ કરું છું તો મને ધિક્કારશે કે એક હાથી માટે આટલી મોટી લડાઇ! કેટલા જીવોનો સંહાર થશે? એક હાથીને માટે આટલા બધા મનુષ્યોને યુદ્ધમાં મરાવી નાંખો છો એ શું ક્ષત્રિય ધર્મને શોભે છે? આમ વિચારી નમિરાજાએ સાધ્વીજીને કહ્યું, મહાસતીજી! આ તો સંસારના ઝઘડા છે. સંસારમાં તો આવા ઝઘડા ચાલ્યા કરતા હોય છે. તમારો માર્ગ ને અમારો માર્ગ જુદો છે. માટે આ ખટપટમાં પડવા જેવું નથી. આપ સુખપૂર્વક આપના સ્થાને પધારો. નમિરાજાની આ વાત સાંભળી સાધ્વીજીએ કહ્યું-તને યુદ્ધનું કારણ પ્રગટ કરવામાં શરમ આવે છે? શા માટે અસત્ય બોલે છે? તું સત્ય વાત કહી દે ને કે હું હાથી માટે લડાઈ લડવા આવ્યો છું. નમિરાજાના મનમાં થયું કે આ તો બડી જબ્બર સાધ્વી લાગે છે.

આગળ સાધ્વીજી પૂછે છે કે તું કોની સાથે લડે છે? સાધ્વીજી સીધી વાત કરે તો બરાબર ન સમજાય તેથી વાતને લાંબી ચોડી કરે છે. નમિરાજા કહે છે, દીવા જેવી ચોખ્ખી વાત છે. આખું જગત જાણે છે કે મિથિલા અને સુદર્શનની વચ્ચે પેઢી જુના વેર ચાલ્યા આવે છે. જેથી ચંદ્રયશ મારો શત્રુ છે. શું ચંદ્રયશ તારો શત્રુ છે? છે જ તો વળી! એક વાર નહિ હજાર વાર શત્રુ છે. એક તો તેણે મારો શ્વેત હસ્તિ લઈ લીધો છે ને ઉપરથી ચોરી પર શિરજોરી કરવી છે. આ મિથિલાનો નરેશ નહિ સાંખી લે. સાધ્વીજીએ કહ્યું, સમજ; ચંદ્રયશ તારો શત્રુ નથી, કોઇ કોઈનો શત્રુ નથી, ચાર ગતિમાં ફરતા ફરતા દરેક જીવોની સાથે પ્રત્યેક જીવે આ સ્નેહ સંબંધ અનેક વાર બાંધ્યા છે. માટે બધા તારા સ્વજનો છે, માટે તમારી પાસે એમ કહેવા આવ્યા છીએ કે યુદ્ધ કર્યા પછી પસ્તાવું ન પડે.

**ગુપ્ત વાતનો પડદો ખોલતા સુવ્રતા સાધ્વીજી**:-મહાસતીજીની વાત સાંભળી નમિરાજે કહ્યું કે આપ કહો છો કે તું અજ્ઞાનમાં પડેલો છે, તો હું કેવી રીતે અજ્ઞાનમાં પડેલો છું અને આપ કેવી રીતે મને બહાર કાઢવા ચાહો છો? હે રાજા! તમે કેવા અજ્ઞાનમાં પડેલા છો એ વાત સાંભળો. તમે અને ચંદ્રયશ બંને સગા ભાઇઓ છો, છતાં તુચ્છ વાતને માટે પરસ્પર એક બીજાને મારી નાંખવા તૈયાર થયા છો, પણ યુદ્ધમાં હજારો નિરપરાધી સૈનિકો માર્યા જશે. કેટલા નિરાધાર બાળકો અને વિધવાઓ ટળવળશે. લોહીની નદીઓ વહેશે. આ બધું તને શોભે છે? હાથી એ કાંઈ મોટી વાત નથી જો મોટાભાઈ એક હાથી લઈ લે, તો કેવલ હાથીને માટે મોટાભાઇ

સાથે યુદ્ધ કરવું એ યોગ્ય નથી. નમિરાજાએ કહ્યું. આપની વાત બરાબર છે કે હાથીને માટે મોટાભાઈ સાથે યુદ્ધ કરવું ન જોઈએ. અને જરૂર પડે ને પ્રાણ દેવા પડે તો પ્રાણ દઈ દેવા જોઈએ, પણ ચંદ્રયશ મારો મોટો ભાઈ છે જ ક્યાં? જો મારો મોટો ભાઈ હોત તો યુદ્ધ કરવાનું કારણ ન રહેત. ભાઈને માટે તો સર્વસ્વનો ત્યાગ કરી શકાય છે. અહીં મારે ચંદ્રયશની સાથે કાંઈ ભાઈ જેવો સંબંધ નથી કે જેથી તેની સાથે ભાઈ જેવો વ્યવહાર કરવામાં આવે. સતીએ કહ્યું, બસ. આ જ તમારું અજ્ઞાન છે. હું હમણાં તમારું અજ્ઞાન દૂર કરું છું. હવે સતી ઓળખાણ આપશે કે ભાઈ-ભાઈનો સંબંધ કેવી રીતે છે, અને ત્યાં યુદ્ધ વિરામ કેવી રીતે કરાવશે તે અવસરે.

આજે મહા તપસ્વી બા. બ્ર. ભાવનાબાઈ મહાસતીજીના પારણાનો મંગલ પ્રસંગ છે. તેમણે ઉગ્ર તપ કરીને આત્માને ઉજ્જવલ બનાવ્યો છે. આપણે તેમને અંતરના એ જ અભિનંદન આપીએ કે આપ તપશ્ચર્યામાં દિનપ્રતિદિન વિશેષ આગળ વધો. અનંત ભવરાશીનો ક્ષય કરી અનંતા શાશ્વતા સુખને પામો. ધન્ય છે, ભાવનાબાઈ મહાસતીજીને કે આવી માસખમણની ઉગ્ર સાધના કરી અનંત કર્મોને ચકચૂર કર્યા. આપ બધા ૩૦-૩૦ દિવસના બ્રહ્મચર્યવ્રત, ઉપવાસ, આયંબીલ, એકાસણા, રાત્રીભોજન-ત્યાગ આદિ પચ્ચખ્ખાણ લેશો. ટાઇમ થઇ ગયો છે. વધુ ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૬૪

**ભાદરવા વદ ૧૦ મંગળવાર** **તા. ૨૨-૯-૮૧**

અનંત જ્ઞાની મહાપુરૂષો ફરમાવે છે કે સંસાર એક ભયાનક સાગર છે. "संसारो अण्णवो वुत्तो"। સંસારને એક વિશાળ સાગર કહ્યો છે. સાગર ભલે હોય પણ એને ક્યાંક કિનારો તો છે. કિનારો છે તો કિનારે ક્યારેક પહોંચવાની શક્યતા છે. સાગર ગમે તેટલો ભીષણ હોય પણ એમાં ન કોઇને સ્વતંત્ર તારવાની તાકાત છે કે ન તો સ્વતંત્ર ડૂબાડવાની તાકાત છે, એ સ્વતંત્ર તાકાત જો કોઈની પાસે હોય તો તે માનવની પોતાની પાસે છે. કદાચ માની લો કે જો સાગરને તારવાની કે ડૂબાડવાની તાકાત મળી હોત તો શું થાત? કાં તો એ સહુને તારી દેત, કાં તો સહુને ડૂબાડી દેત, પણ એવું બનતું નથી. સાગરમાં પડનારા કંઈક જીવો પોતાની શક્તિથી તરવાની કળાથી સાગરને પેલે પાર પહોંચી ગયા છે ને કંઈક બિચારા અધવચ્ચે ગોથા ખાઈ મધદરિયે ડૂબી ગયા છે. "जं तरंति महेसिणो।" મહર્ષિઓ, મહાન સાધકો આ સાગરને તરી ગયા છે.

તમારે તરવું છે કે ડૂબવું છે? એ માનવના પોતાના હાથની વાત છે. માનવ પોતે જો તરવા માંગતો હોય, એનામાં આ સંસાર સાગરને તરવાની તીવ્ર તમન્ના જાગી હોય તો સાગરના ખળભળાટ એને કંઈ નહિ કરી શકે. સાગરના ઉછળતા મોજાંઓ સામે બાથ ભીડી એ મોજાઓને ચીરીને પણ હાથ હલાવતો હલાવતો એ કોઈ નૌકાનો અથવા પાટીયાનો સહારો લઈ જલ્દી કિનારે પહોંચી જવાનો ને મુક્તિની મહેલાતોના

દર્શન એને થઈ જવાના. ભીષણ ભવસાગરને પેલે પાર પહોંચી મુક્તિની મહેલાતોમાં સદાને માટે જેઓએ નિવાસ કર્યો છે એવા મહાન સાધકોના જીવન આપણને સમજાવે છે કે સંસાર એવી કોઈ ચીજ નથી કે જેને સામે કિનારે ન પહોંચી શકાય, માટે તું ગભરાઈશ નહિ, મૂંઝાઈશ નહિ. ભવસાગર ભલે ભીષણ હોય, પણ એની ભીષણતાને પણ ભસ્મીભૂત કરવાની તાકાત તારામાં રહેલી છે. એ સાગરને પાર કરવા સંયમ ધર્મની સ્ટીમરને તું પકડી લે. એ સ્ટીમરના કપ્તાન વીતરાગી ગુરૂ ભગવંતો છે. તું સ્વચ્છંદતાને અને આ સંસારને છોડી દે, અને સ્ટીમરમાં ચઢીને ગુરૂની શરણાગતિને સ્વીકારી લે, તો સાગરની પેલે પાર પહોંચીશ ને મુક્તિની મહેલાતમાં તને તારું સ્થાન મળી જશે. જ્યાં રાગ, દ્વેષ, જન્મ, મરણ, કલેશ, કંકાસ કે કોઈ ઉપાધિ નથી. તે નિજાનંદમય દુનિયા એટલે મુક્તિની દુનિયા.

પણ જેને વાતે વાતે વિચારનો વાયુ લાગુ પડચો છે એવો વિચારશીલ માનવ હજુ વિચાર કરી રહ્યો છે. તેના મનમાં શંકાકુશંકાઓ થયા કરે છે. હું એ સ્ટીમરમાં બેસું કે ન બેસું ? ત્યાં શું હશે ? સુખ કે દુઃખ, સ્વતંત્રતા કે પરતંત્રતા ? અને આ વિચાર એના પ્રગતિના પંથ પર પથ્થર રૂપ બની જ્યાં ને ત્યાં આડો આવે છે. જેણે આ વિચાર ન કર્યો ને જીવન સોંપી દીધું ગુરૂદેવને ચરણે. એની જીવન નૈયા સહીસલામત સામે કિનારે પહોંચી ગઈ. શાલિભદ્ર જેવો મહાન સુખી એ ક્યાં વિચાર કરવા રહ્યો હતો સુખ દુઃખનો ? સંસાર સાગર જેવો ભયાનક લાગી ગયો, તરવાની તમન્ના હૈયામાં જાગી ગઈ. ખલાસ, એ જ પળે હસતે મુખડે સુખને લાત મારી દુઃખને સામી છાતીએ વધાવીને આવકારવા લાગ્યા. સંસાર એમને માટે ખાબોચિયું બની ગયું.

**જેને પ્રગટે સાચું જ્ઞાન, તેને ન સતાવે શેતાન,**
**જે નિજગુણમાં ગુલતાન, તે દેહ છતાં ભગવાન.**

જેના જીવનમાં સત્યજ્ઞાનનો પ્રકાશ થઈ જાય છે તેના જીવનને સંસારના ભૌતિક પદાર્થો પ્રત્યેની મમતા સતાવી શકતી નથી. જે પોતાના આત્મગુણોમાં ગુલતાન બને છે તે સંસારમાં હોવા છતાં ભગવાન સમાન પૂજાય છે, જેમને ભવસાગર તરવાની તમન્ના જાગે એ સંયમરૂપી સ્ટીમરમાં બેસવાને માટે તૈયાર થઈ જાય છે, પણ પ્રમાદની નિદ્રામાં પડેલા જીવો હજુ નિર્ણય કરી શકચા નથી કે મારે સંસાર સાગર તરવો છે ને મોક્ષ મેળવવો છે. જ્યાં સુધી આટલો નિર્ણય ન થાય ત્યાં સુધી સંસાર સાગરને કેવી રીતે પાર કરી શકાય ? માર્ગ બે છે, કાં તરવું કાં ડુબી જવું, તરવાનો નિર્ણય ન કર્યો કે તરવાનો પ્લાન ન ઘડચો તો પછી ડૂબવાનો કંઈ નિર્ણય કરવાની જરૂર રહેતી નથી. તરવાનો નિર્ણય નથી કર્યો તો ડૂબવાનું તો લલાટે લખાયેલું છે.

અનાદિ અનંતકાળથી આ સંસાર સાગરમાં ડૂબકીઓ લગાવતાં આવ્યા છીએ અને આ ભવમાં પણ હજુ જો નિર્ણય નહિ કરીએ તો અનંતકાળ સુધી ડૂબકીઓ મારવાનું ચાલુ રહેવાનું છે. જીવને જેટલું સંસારનું આકર્ષણ છે તેથી વધારે મોક્ષનું થવું

જોઈએ, મોક્ષમાં દુઃખનો સંપૂર્ણ નાશ છે, એટલે જગતનું કોઇ પણ દુઃખ મોક્ષમાં બિરાજેલા આત્માને પીડા પહોંચાડી શકતું નથી. સિદ્ધના જીવોને બીજા કોઇ પણ પદાર્થની આવશ્યકતા ન હોવાથી સર્વાંશે તૃપ્તિ છે, તેથી ત્યાં સંપૂર્ણ સુખ અને કયારેય ન તૂટે, ન ખૂટે એવી પરમ શાંતિ છે. જો કે આગમ તો મોક્ષમાં અનંત સુખ કહે છે, પણ જગતમાં તેની ઉપમા અપાય એવું કોઈ દૃષ્ટાંત મળતું નથી, તેથી જીવને ખ્યાલ આવવો મુશ્કેલ છે, પણ શ્રદ્ધા તો જરૂર રાખવી જોઈએ. આપણે પ્રભુ પાસે એટલી જ પ્રાર્થના કરીએ કે હે ભગવાન! હવે તો હદ થઈ ગઇ. આ સંસારમાં બહુ રખડયો, બહુ ભટકયો, હવે સંસાર ઝેર જેવો કડવો લાગે અને મોક્ષ સાકર જેવો મીઠો લાગે, એવું કંઈક કર, તો મારી ગાડી સાધનાના પાટે ચઢી જાય ને મોક્ષમંઝિલ સર થઇ જાય.

જેના જીવનમાં મોક્ષ એ સાકર જેવો મીઠો લાગ્યો છે એવા સુવ્રતા સાધ્વીજી સંયમની સ્ટીમરમાં બેસી ભવસાગરને પાર થવાના પ્રયત્ન કરી રહ્યા છે એવા સાધ્વીજી–બીજા એક સાધ્વીજીને સાથે લઇને યુદ્ધ વિરામ કરાવવા સમરાંગણ ભૂમિમાં આવ્યા છે. તેમણે નમિરાજને જન્મ આપ્યા પછી આ પહેલીવાર જોયો છે. બાળપણ તો તેનું જોયું ન હતું. જન્મ આપીને માત્ર મુખ જોયું હતું. ત્યાર પછી આજે તેને યુવાનીમાં જોયો. જોતાં લાગ્યું કે આ પુત્ર જાણે બીજો યુગબાહુ જ જોઇ લો. નમિરાજાને કહ્યું હે રાજા! જેની સાથે યુદ્ધ કરવા તૈયાર થયો છું, જેને તું શત્રુ માની રહ્યો છે એ બીજો કોઇ નહિ પણ તારો સગો ભાઇ છે, અને હું તમારી બંનેની માતા છું. સતીજી! હું પદ્મરથ રાજા અને પુષ્પમાલાનો એકનો એક દીકરો છું. એ મારા માતા પિતા છે. મારે બીજો ભાઇ છે જ નહિ, તો હું કેવી રીતે માનું કે આ મારો મોટો ભાઈ છે. રાજન્! એ તારા પાલક માતા પિતા છે. સાંભળ, ચંદ્રયશ એ તારો ભાઇ કેવી રીતે છે?

**હું માતા છું તેની સાબિતી**:–તારા પિતાજીના મૃત્યુ પછી મારું શીલ સાચવવા હું જંગલમાં ચાલી નીકળી. ત્યાં જંગલમાં તારો જન્મ થયો. ત્યાંથી તને તારા પાલક માતા પિતા લઈ આવ્યા છે. તમે મને મૂકીને કયાં જતા રહ્યા હતા? પુત્રને છોડી જનાર માતા દયાહીન અને કૃતઘ્ન ન કહેવાય? આમાં તમારો ધર્મ કયાં રહ્યો? રાજન્, હું દયાહીન નથી. તને જન્મ આપીને મારો સાડલો ફાડી તેની ઝોળી બનાવી ઝાડની ડાળે બાંધી તને સૂવાડયો ને પછી શરીર શુદ્ધિ માટે હું સરોવરમાં ગઈ. સ્નાન કરીને બહાર નીકળતી હતી ત્યાં એક મોટો હાથી મારી પાછળ પડયો. તેણે મને સુંઢમાં પકડી, ઉંચે ઉછાળી ને એક વિદ્યાધરે મને ઝીલી લીધી. વિદ્યાધરના પંજામાંથી છૂટવું કેવી રીતે? પૂછતાં ખબર પડી કે તે નંદીશ્વર દ્વીપે મનઃપર્યવજ્ઞાની મુનિના દર્શન કરવા જાય છે, તેથી મારા મનમાં થયું કે જો હું ત્યાં સાથે જાઉં તો મુનિના દર્શન થાય. અને તેમના ઉપદેશથી વિદ્યાધરની મતિ સુધરી જશે ને મારું શીલ સચવાઈ જશે, એ ઉદ્દેશથી ત્યાં ગઇ. ત્યાં મુનિનો ઉપદેશ સાંભળતા વૈરાગ્ય આવ્યો, પણ એક વાર તારું મુખ જોવાની બહુ ઇચ્છા હતી, પણ પછી મનમાં થયું કે હું જો ત્યાં જઈશ તે તેના

માબાપને ખબર પડી જશે તો તેના પાલન–પોષણમાં વાંધો આવશે, માટે આવી નહિ. પોતે દેવ વિમાનમાં કેવી રીતે આવી ને મહાસતીજી પાસે કેવી રીતે દીક્ષા લીધી તે બધી વાત કહી સંભળાવી. અહીં નગરમાં આવ્યા ત્યારે ખબર પડી કે એક હાથી માટે નમિરાજા અને ચંદ્રયશ વચ્ચે ખૂનખાર લડાઈ થવાની છે, તેથી મનમાં થયું કે અરરર... ભાઈ ભાઈ લડી મરશે, તેથી મેં પૂ. ગુરૂણીની આજ્ઞા માંગી. તેમણે કહ્યું, તે યુદ્ધ સ્થળ છે, માટે ત્યાં જવું ન જોઈએ. પણ તમારા ગયા વિના તે અજ્ઞાન મટે તેમ નથી. તેઓ બંને સગા ભાઈ છે. એ વાત તો તમે જાણો છો, જો કે શાસ્ત્રમાં સંતોને યુદ્ધના સ્થાનમાં જવાનો નિષેધ છે, પણ અપવાદ રૂપે આજ્ઞા આપું છું. તમે ત્યાં જાવ અને તે પ્રજ્વલિત થતી અગ્નિને શાંત કરો. માટે હું પૂ. ગુરૂણીદેવની આજ્ઞા લઈને યુદ્ધ અટકાવવા અને શાંતિ સ્થાપવાના ઉદ્દેશથી આવી છું.

**વિચારના વિમર્શમાં નમિરાજા અને માતાની વિશેષ ખાત્રી :**

સુવ્રતા સાધ્વીજી પાસેથી આ બધી વાત સાંભળતા નમિરાજા વિચારવા લાગ્યા કે સાધ્વીજી કદી અસત્ય ન બોલે, માટે હું તેમની વાત માનું કે તે મારી માતા છે. ને હું તેમનો પુત્ર છું. સતીએ નિર્દયતા પૂર્વક મારો ત્યાગ કર્યો નથી, છતાં એકદમ હું કેવી રીતે માની શકું ? રાજન્, મેં તને ઉછેર્યો નથી. એટલે તું મને ન ઓળખે, પણ વિશેષ ખાત્રી કરવા કહું છું કે, તારા જન્મ વખતે તારી આંગળીએ યુગબાહુના નામની વીંટી પહેરાવી હતી. તું પુષ્પમાળાને પૂછીને ખાત્રી કરજે. નમિરાજાને સાધ્વીજીની વાત પર વિશ્વાસ બેઠો, પણ યુદ્ધ વિરામની વાત નહિ. અભિમાન આડું આવ્યું. તેથી કહેવા લાગ્યા કે હે માતા! ચંદ્રયશ મારા મોટાભાઈ એ બધી વાત સાચી. પણ આજે એ મિથિલાના ગુનેગાર છે; માટે યુદ્ધવિરામ તો નહિ કરી શકું. હું નાનો ભાઈ છું, પણ ગુનેગાર તો એ છે. જો હું અહીંથી પાછો જાઉં તો જગત કહે કે કાયર છે.

જોયું ને ? અભિમાન જીવને કેટલો દબાવે છે ? આવા પવિત્ર સાધ્વીજીના નિઃસ્વાર્થ વચન સાંભળ્યા પછી પણ અનુચિત કાર્ય કરવા પ્રેરાય છે. માણસ હજુ પોતાનો ગુનો હોય તો પાછો ફરે. અભિમાન છોડી દે પણ સામાનો ગુનો દેખાય અને પોતાનામાં બળ દેખાય ત્યારે અભિમાન છોડવું મુશ્કેલ થઇ પડે છે. માન માનવીને પ્રગતિના શિખરેથી નીચે પછાડે છે. જ્યાં સુધી માન છે ત્યાં સુધી એની સાધના સફળ બનતી નથી.

વૈષ્ણવ દર્શનની એક વાત યાદ આવે છે. એક વખત નારદજી ફરવા નીકળ્યા. ફરતા ફરતા એક ખેતરમાં જઈ ચઢયા. ખેતરમાં ખેડૂત ખેતર ખેડતો હતો. તેણે નારદજીને જોયા. પ્રેમથી આદર સત્કાર કરી બેસવા આસન આપ્યું ને પીવા માટે ઠંડુ પાણી આપ્યું. પછી નારદજી જવા તૈયાર થયા ત્યારે ખેડૂત વિનયપૂર્વક કહે છે, આપ વૈકુંઠમાં જાવ ત્યારે મારો આટલો પ્રશ્ન પૂછશો કે ખેડૂતનો મોક્ષ કયારે થશે ? નારદજીના મનમાં થયું કે આ ખેડૂતે હજુ ઘરબાર છોડયા નથી ને કહે છે કે આટલો પ્રશ્ન પૂછશો કે ખેડૂતનો મોક્ષ કયારે થશે ? નારદજી ત્યાંથી આગળ ગયા તો એક ધ્યાનસ્થ મુનિને જોયા.

ધોમધખતી ગરમીમાં ધ્યાન ધરીને ઊભા છે. તપથી કાયાને સૂકવી નાંખી છે. કેવા અવધૂત યોગી છે? તેમનો તો આ ભવમાં મોક્ષ થઈ જશે, ત્યાં મુનિએ ધ્યાન પાળ્યું. નારદજીને જોયા, મુનિ નારદજીને કહે છે, આપ ભગવાનને પૂછજો કે મારાથી મોક્ષ કેટલો દૂર છે?

નારદજી તો પહોંચ્યા ભગવાનના દરબારમાં જઈને કહે છે, ભગવાન! આજે હું મૃત્યુલોકમાં ગયો હતો ત્યાં મેં બે આત્માઓને જોયા. એક તો અવધૂત યોગી હતા. શું તેમનું ધ્યાન! શું તેમનો તપ! શું તેમની સાધના! તો આપ કહો કે તે મહાત્માનો મોક્ષ ક્યારે થશે? બીજા એક ખેડૂતને જોયો. તે હજુ સંસારમાં છે તો તેનો મોક્ષ ક્યારે થશે? ભગવાને પાના ઉથલાવવા માંડ્યા. પછી કહ્યું, ખેડૂતનો મોક્ષ વહેલો થશે. તે ભલે સંસારમાં રહ્યો છે પણ તેના જીવનમાં સંતોષ છે. સરળતા અને પ્રમાણિકતા છે. એટલે એનો ત્રીજા ભવે સ્વર્ગમાં વાસ થશે. યોગીનો મોક્ષ ક્યારે થશે તે જોવા માટે ભગવાને પાના ઉથલાવવા માંડ્યા. ચોપડા જોઈ લીધા પણ તેમનું ક્યાંય નામ ઠામ દેખાતું નથી. નારદજી કહે, તમારા દરબારમાં ન્યાય નથી. નારદજી! મેં બધા ચોપડા જોઈ લીધા. એ યોગી ધ્યાન કરે છે, તપ કરે છે, પણ તેમનામાં અભિમાન છે. અન્ય દર્શનીઓ પણ બતાવે છે કે ગમે તેટલી સાધના હોય પણ જો આત્મામાં માનનો અંકુરો પ્રગટ્યો છે તો તેને ભગવાનના દરબારમાં સ્થાન મળતું નથી.

આજના શાળા અને કોલેજના શિક્ષણે આપણી યુવાન પેઢીને અભિમાનની ભવ્ય ભેટ આપી છે, એમ કહીએ તો કહી શકાય. ભાગ્યે જ કોઈ એવા હશે કે જેને આ ભેટ ન મળી હોય! આજની શિક્ષણ પદ્ધતિમાં નમ્રતાને સ્થાન નથી. વિનયને દેશવટો અપાયો છે, સરળતાનું નામનિશાન રહ્યું નથી. શીલ સદાચારની ભાવનાનું તો દેવાળું નીકળ્યું છે. અભિમાની માણસ ત્યાગી, વૈરાગી અને જ્ઞાનીજનોની અવગણના કરે છે. ભેંસને ભાગવત સંભળાવવું ને અભિમાનીને ઉપદેશ આપવો એ બરાબર છે. આજના યુગમાં નાના મોટા ગરીબ-શ્રીમંતમાં થોડું ઘણું અભિમાન તો જોવા મળશે.

એક કુટુંબમાં માતા-પિતાને આઠ નવ વર્ષનો દીકરો હતો. ખૂબ લાડકોડમાં ઉછેર્યો હતો. અતિ લાડ સારા નહિ. એ છોકરાની મા છોકરો પજવે તો ક્યારેક તમાચો મારતી. એ છોકરો જ્યાં સુધી માને સામો તમાચો ન મારે ત્યાં સુધી તેને ચેન પડતું નહિ. એ છોકરાના મનમાં શું હતું? માએ મને માર્યું કેમ? આ અભિમાન નહિ તો બીજું શું? અભિમાનીને સાચી વાત કહે તો ગમતી નથી. તેને તો સ્વપ્રશંસા ગમે છે. ખુશામત ગમે છે. તેની વાતમાં હાજી હા કરે તે જ તેને ગમે છે.

**ક્ષત્રિયપણાનું અભિમાન** : નમિરાજાને સાચી વાત સમજાણી કે ચંદ્રયશ મારો મોટોભાઈ છે, પણ અભિમાન આડું આવ્યું. તેમણે કહી દીધું કે જે થવાનું હોય તે થાય, ભલે ભીષણ યુદ્ધ થાય પણ હું મારો હાથી લઈને જંપીશ. હું અહીંથી પાછો તો નહિ જ જાઉં. જો એ સામે આવીને હાથી મને આપી દે, તો મારે યુદ્ધ કરવું નથી. નહિ તો યુદ્ધ સિવાય બીજો માર્ગ નથી. અભિમાન જીવને સાચી વાત સમજવા

દેતું નથી. નમિરાજાએ સુવ્રતા સાધ્વીની વાત ન માની, છતાં તેના પ્રત્યે ગુસ્સો ન કર્યો. મારો પુત્ર થઈને તું તારી સગી માતા તે પણ સંયમી હોવા છતાં-તેનું કહ્યું માનતો નથી ? આવા કોઈ કડવા કે આકરા વેણ ન કહ્યા. તેની કરૂણા ચિંતવી કે બિચારો કષાયને પરવશ બની ગયો છે, છતાં વિશેષ સમજાવતાં કહે છે, હે નમિ ! તું પૂર્વે સુંદર ચારિત્ર પાળીને આવ્યો છે. તારું પેટ તો સાગર જેવું હોય, ગાગર જેવું નહિ. મન મોટા રાખવાના કે છીછરા ? મોટા મનની ફરિયાદ શું એવી હોય કે આણે મારી વસ્તુ લઈ લીધી ? ના....ના...એની તો ફરિયાદ એવી હોય કે આણે મારી સમાધિ લૂંટી લીધી ! ધન જાય તો ભલે જાય, પણ આત્માનું ધન ન જવું જોઈએ. ત્યારે તું આ ફરિયાદ કરે છે ?

છેવટે સાધ્વીજીએ કહ્યું કે તું કહે છે કે હું સામા પગલે તો નહિ જાઉં, પણ જો તે સામે આવીને હાથી આપી જાય તો યુદ્ધ કરીશ નહિ ને ? તો તું મને અત્યારે વચન આપ કે હમણાં બે કલાક યુદ્ધવિરામ કરીશ. હથિયાર ઉપાડીશ નહિ. હું તેને સમજાવવા જાઉં છું. જો ચંદ્રયશ તને મળવા આવે તો તમે તેના પ્રત્યે વૈર નહિ રાખો ને? નમિરાજે કહ્યું–મહાસતીજી ! આપની આ વાત સાંભળીને મને એવો આનંદ થયો છે કે જાણે અંધ માણસને ચક્ષુ મળી ! જો ચંદ્રયશ મને મળવા આવે તો હું તેમના પ્રત્યે વૈરભાવ શા માટે રાખું ? તે મારા મોટાભાઈ છે. તેમને માટે મેં ઘણા કઠોર શબ્દો કહ્યા છે. જેમ ફાવે તેમ બોલ્યો છું. જો એ આવે ને એ સ્થિતિમાં તમે કહો તો હું તેમના પગે પડવા તૈયાર છું, ને ક્ષમા માંગવા પણ તૈયાર છું. પછી તો યુદ્ધવિરામ આપોઆપ થઈ જવાનો છે. મને તમારા વચનો ઉપર પૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા છે. તો પછી આપ કહો તે પ્રમાણે કરવામાં મને શો વાંધો છે ?

**સાધ્વીજી સુદર્શનપુરમાં :** નમિરાજે યુદ્ધવિરામ ભલે ન સ્વીકાર્યો; પણ એણે ચંદ્રયશનો વડીલબંધુ તરીકે સ્વીકાર કર્યો હતો, તેથી સુવ્રતા સાધ્વી નિરાશ બન્યા ન હતા. માતૃત્વનો પરાજય નહિ પણ અડધો વિજય નમિરાજની આગળ થયો એમ એમણે માન્યું, અને સંપૂર્ણ વિજયની આશામાં તેઓ સુદર્શન નગરના દ્વાર ભણી આગળ વધ્યા. એક સ્ત્રી જાતિ છે પણ કેટલી શક્તિ ફોરવી રહી છે. આત્માની શક્તિ તો અનંત છે. સ્ત્રીઓ મોક્ષમાં જવાની અધિકારી છે. સમય આવ્યે પુરૂષો જે કામ ન કરી શકે તે કામ સ્ત્રીઓ કરી શકે છે. સતીજી સુદર્શનપુર નગર તરફ ગયા. નગરના દરવાજા બંધ હતા. સૈન્ય દરવાજામાં ઉભું હતું. આ સાધ્વીજીને જોયા પણ મનમાં થયું કે બનાવટી રૂપ લઈને તો કોઈ નહિ આવ્યું હોય ને ! તેથી પહેલા જતાં રોકયા, પણ પછી ખબર પડી કે આ સાચા સાધ્વીજીઓ છે, એટલે દ્વારપાળે કહ્યું, આપને માટે અંદર જવામાં વાંધો ન હોય પણ અત્યારે યુદ્ધનો સમય હોવાથી દ્વાર ખોલી શકાશે નહિ, માટે આપ અત્યારે પાછા જાવ.

સતીએ કહ્યું, તમે સ્વામીભક્ત છો એ હું જાણું છું. દ્વારપાળે કહ્યું, શું આપ મને

ઓળખો છો? હા, હું ઓળખું છું. આપ મને કેવી રીતે ઓળખો છો? ત્યાં સતીએ પોતાની ઓળખાણ આપીને કહ્યું:-ભાઈ હું બીજી કોઈ નથી, પણ આપના યુવરાજ યુગબાહુની ધર્મપત્ની અને ચંદ્રયશની માતા છું. અહો! તો તો આપ રાજમાતા! જાવ, જઈને ચંદ્રયશને સમાચાર આપો કે આપની રાજમાતા મયણરેહા જે સાધ્વીજી બની ગયા છે તે રાજદરબારમાં આવવા માંગે છે. હું રાજાને સમાચાર આપું છું, પણ આપ આવા યુદ્ધના સમયે અત્યારે અહીં ક્યાંથી આવ્યા? ભાઈ! સંતોનું કામ જ્યાં અશાંતિ હોય ત્યાં શાંતિ સ્થાપિત કરવાનું છે. જેથી હું અત્યારે આ યુદ્ધના સમયે આવી છું. દ્વારપાળને આ વાત સાંભળીને ખૂબ આનંદ થયો ને કહ્યું કે જો તેમ હોય તો આપ અહીં રોકાઈ જાવ. અને હું મહારાજાને ખબર આપું છું. જો કે મુખ્ય દ્વાર બંધ છે પણ એવા અનેક ગુપ્ત દરવાજા છે, તે દ્વારા આપને અંદર લઈ જઈ શકાશે.

**મંગલ વધામણી**: સતીજીને દરવાજે ઉભા રાખીને દ્વારપાળ ચંદ્રયશ પાસે ગયો અને કહ્યું–મહારાજા! હું એક મંગલ સમાચાર લઈને આવ્યો છું. ચંદ્રયશે કહ્યું કે આવા યુદ્ધના સમયે તું એવા કયા મંગલમય સમાચાર લાવ્યો છે? દ્વારપાળે કહ્યું કે જેમ ખેતર સૂકાઈ રહ્યું હોય ને વરસાદ થાય, જેમ છીપનું મુખ ખુલે અને સ્વાતિ નક્ષત્રનું પાણી પડે તે પ્રમાણે હું મંગલમય સમાચાર લઈને આવ્યો છું. ચંદ્રયશે પૂછ્યું કે શું મંગલમય સમાચાર છે તે તો કહે, નમિરાજ નમી પડ્યા કે શું? અત્યારે તો તે નમી પડે એ સમાચાર મંગલમય ગણાય પણ મને વિશ્વાસ નથી કે તે નમી પડે. સમુદ્ર કદાચ માઝા મૂકે, સૂર્ય કદાચ પશ્ચિમમાં ઉગે, પણ શત્રુની સામે ક્ષત્રિયપુત્ર નમ્રતા રાખી શકે એ અસંભવ છે. નમિરાજા પોતે ચઢાઈ કરીને આવ્યા છે તો પછી તે નમે શા માટે? દ્વારપાળે કહ્યું, એ કાંઈ સમાચાર નથી, પણ આપ આપના માતુશ્રી માટે તપાસ કરાવી રહ્યા હતા. જેને માટે આપે ખૂબ શોધખોળ કરાવી પણ પત્તો ન પડ્યો તેથી આપ ચિંતાતુર રહેતા હતા તે આપના માતુશ્રી આવ્યા છે. યુદ્ધના કારણે દરવાજા બંધ હોવાથી બહાર ઉભા રહ્યા છે. આ સમાચાર સાંભળતા ચંદ્રયશનું હૈયું થનગનવા લાગ્યું. તેના દિલમાં અપૂર્વ આનંદ થયો. એક લોહીની સગાઈ છે, તેથી લોહી ઉછળી આવ્યું અને કહેવા લાગ્યો કે આજનો દિવસ કેવો આનંદમય છે! કેટલા સમયે મને માતાનો મેળાપ થશે, પણ તેમને બહાર કેમ ઉભા રાખ્યા? તેમને માટે દ્વાર બંધ ન હોય. તમે જલ્દી જાવ અને હું પણ આવું છું. હવે ચંદ્રયશ અને માતાનું મધુરું મિલન કેવી રીતે થશે, ચંદ્રયશ અને નમિરાજ વચ્ચે પડેલા પડદા કેવી રીતે દૂર થશે તે વાત અવસરે.

આજે મહાન તપસ્વી આત્માર્થી પૂજ્ય આચાર્ય શ્રી ગુલાબચંદ્રજી મહારાજ સાહેબની પુણ્યતીથિ છે અને પૂજ્ય તપસ્વી ભાણુબાઈ મહાસતીજીની પુણ્યતીથિ છે. પૂ. મહાસતીજીએ આ બંને પવિત્ર આત્માઓના દિવ્ય જીવનનું દર્શન કરાવ્યું હતું.

## વ્યાખ્યાન નં-૬૫

**ભાદરવા વદ ૧૧ બુધવાર** **તા.૨૩-૯-૮૧**

જ્ઞાનીઓ ફરમાવે છે કે સંસારના પ્રવાહમાં વહેતા અગણિત જીવોએ ભૂતકાળમાં ભૂલો કરીને જે કર્મો બાંધ્યા છે. તે કર્મો ઉદયમાં આવતા તેમાં હાયવોય કરીને નવા કર્મોનો બંધ કરે છે. કર્મો ઉદયમાં આવે ત્યારે જીવ પોતાના સ્વભાવને ભૂલી ઉદયમાં ઓતપ્રોત બની ફરી નવા સંસારનું સર્જન કરે છે. આ વિષચક્ર છે કર્મનું ! તેનાથી કોણ બકાત રહી શકે ! એક સર્વજ્ઞ....વીતરાગ ભગવાન સિવાય કોઈ બકાત નથી. આ કર્મના ફરતાં ચક્રમાંથી છટકવાનો અને આત્માને પોતાના સ્વભાવનું સુખ આપવાનો .ઉપાય વીતરાગનું દર્શન બતાવે છે. જૈનદર્શનનું ગણિત સરળ છે. જેમાં કોઈ આંટીઘુંટી નથી, અને સર્વને સર્વમાન્ય બને તેવી વાત સ્પષ્ટ બતાવે છે. જે વ્યક્તિ કર્મ બાંધે તે ઉદયમાં આવે ત્યારે તેને ભોગવવા પડે. વેદના તેને સહન કરવી પડે. તે વેદનામાં જીવ પોતાના સ્વભાવને ભૂલીને આર્તધ્યાન, રૌદ્ર-ધ્યાન કરે તો ફરી નવાં કર્મ બાંધે અને ફરી કર્મચક્રમાં ફસાય, પણ જો તે ઉદય વખતે ઉદાસીન બની પોતાના જ્ઞાતા દષ્ટા ભાવને ટકાવે એટલે કે સાક્ષીભાવને વેદે તો નવા કર્મબંધથી અટકી જાય.

આવું અમૂલ્ય તત્ત્વજ્ઞાન આપણને મળી ગયું છે અને અમૃત રસના ઘુંટડા પીને તાકાતવાન થવાની કલા હસ્તગત થઈ છે. જેનું સંપૂર્ણ પાન કરીએ તો સર્વજ્ઞ બની શકાય. જેનું અંશતઃ ( થોડું ) પાન કરીએ તો ય અમર બનાય. અને જેના એક બિંદુનું આસ્વાદન કરીએ તો ય બિહામણા એવા સંસારમાંથી સરકવાનું સહેજે મન થાય, પણ જીવને જેટલું સમજાય છે, જેટલું જાણે છે તેટલું જીવનમાં આચરી શકતો નથી. મહાપુરૂષો આપણને એ સમજાવે છે કે હે આત્મા ! તું આ સંસારમાં વસ્યો છે. ૨૪ કલાક સંસારના, વેપાર ધંધાના આદિ વિચારો આવે છે, પણ એવા વિચાર આવે છે કે આવી અમૂલ્ય માનવ જિંદગી મેળવીને હું કેવા અનુષ્ઠાન કરું ? કેવી આરાધના કરું તો મારા ભવનો અંત આવે !

वचनाद्यदनुष्ठानमविरु द्धाद्यथोदितम् ।
मैत्र्यादिभाव, संयुक्त, तद्धर्म इति कीर्त्यते ॥

હું આટલા વર્ષોથી પૌષધ, ઉપવાસ, આયંબીલ, સામાયિક આદિ ધર્માનુષ્ઠાનો કરું છું, છતાં હજુ સુધી નથી વિચાર શુદ્ધિ થઈ કે નથી આચાર શુદ્ધિ થઈ. તો હવે હું શું કરું ? શું હું અવિધિથી અનુષ્ઠાન કરું છું ? ધર્માનુષ્ઠાન જે પ્રકારે કરવા જોઈએ તે પ્રમાણે શું નથી કરતો ? આત્મામાં પ્રશમભાવ હજી કેમ પ્રગટતો નથી ? હું ક્યાં અટવાઈ ગયો છું ? મારી જિંદગી અલ્પ છે. ખબર નથી કે આ જીવનદીપક ક્યારે બૂઝાઈ જશે ? ખબર નથી કે મારો આત્મા પરલોકમાં ક્યાં જશે ? ફરીને પાછા ૮૪ લાખ જીવયોનિના ચક્કરમાં તો ચકરાવું નહિ પડે ને ?

આવી આત્મચિંતા ક્યારે પણ થાય છે ખરી ? સંસારના કાર્યોમાં પ્રતિકૂળતા આવે તો ચિંતા, પણ આત્મા માટે કોઈ ચિંતા નહિ. હું તમને એક ન્યાય આપું.

તમે તમારા મકાનમાં લાઈટ ફીટીંગ કરાવ્યું. મીટર પણ મૂકાવ્યું. તે માટે જે જે જરૂર હોય તે બધું કરાવ્યું, સ્વીચ પણ મૂકાવી. રાત પડી, સ્વીચ દબાવી છતાં લાઈટ ન થઈ તો ચિંતા થશે કે ફીટીંગ તો બધું કરાવ્યું છે, મીટર લગાડયું છે, છતાં લાઈટ કેમ થતી નથી ? ક્યાં વચ્ચે ગરબડ છે. તમે તરત ઈલેકટ્રીશયનને બોલાવશો. બધું તેને બતાવો ને પછી પૂછો કે લાઈટ કેમ થતી નથી ? આપ લાઈટ થાય તેવું કરી દો. ઈલેકટ્રીશયન ફીટીંગ બધું બરાબર જોઈને કહેશે કે ભાઈ ! બધું બરાબર છે, પણ હજી પાવર હાઉસ સાથે કનેકશન ક્યાં જોડયું છે ? પછી લાઈટ કેવી રીતે થાય ? કદાચ કનેકશન લીધું છે પણ જો લાઈટ ફીટીંગ બરાબર નહિ હોય તો લાઈટનો પ્રકાશ નહિ થાય. ક્યાં ગરબડ છે તે શોધો. બસ આ વાત આત્મા પર વિચારો. વર્ષોથી ધર્મારાધના કરીએ છીએ, છતાં હજુ આત્મામાં લાઈટ–પ્રકાશ કેમ નથી થતો ? આ તમારા બાહ્ય પ્રકાશની વાત નથી, પણ જ્ઞાન પ્રકાશની વાત છે. આપણા જીવન રૂપી મહેલમાં હજુ અંધારું છે, ત્યારે જીવને ચિંતા થાય છે કે હજુ મારા આત્મઘરમાં અંધારું કેમ છે ?

**અજ્ઞાનની ઉગી અંધેરી નિશા, તેમાં ક્યાં તને પ્રકાશ મળે !**
**સત્ય સમજણની જો પામે દિશા, તો સમ્યક્ત્વ રત્ન આવી મળે.**
**અજ્ઞાન અંધેરા દૂર હટે તો જ્ઞાન પ્રકાશ બહાર ખીલે....**

આત્મઘરમાં હજુ અજ્ઞાનનો અંધકાર પથરાયેલો છે. તેમાં પ્રકાશ ક્યાંથી મળે ? આ અંધકાર દૂર હટે ને સત્ય સમજણ આવી જાય તો જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પુરજોશમાં ખીલી ઉઠે ને સમ્યક્ત્વ રત્ન પ્રાપ્ત થઈ જાય.

**આત્મચિંતા કરી છે ખરી ?** આત્મઘરમાં અંધારું હોય તો આત્માને ચિંતા થવી જોઈએ. ક્યારે પણ એવી ચિંતા થાય છે ખરી ? આત્મા તરફ ક્યારેય દૃષ્ટિ કરો છો ખરા ? આ આત્મા આખી દુનિયાને જુએ છે પણ ખુદ પોતાને નથી જોતો. આવા આત્માને બુદ્ધિશાળી કહેવા કે બુધ્ધુ ! અરે વીસ રૂપિયાની નોટ ફાટી જાય તો ચિંતા થાય પણ મૂલ્યવાન આત્માની ચિંતા થતી નથી. કેટલી બધી લાપરવાહી ! બેદરકારી ! આટલી વાત યાદ રાખજો કે જ્યાં સુધી આત્માને પોતાની ચિંતા નહિ થાય ત્યાં સુધી દુનિયાની કોઈપણ વ્યક્તિ ખુદ તીર્થંકર પણ ઉદ્ધાર નહિ કરી શકે. ખૂબ ઉંડાણથી મનનપૂર્વક વિચારો કે આટલી બધી ધર્મક્રિયા કરવા છતાં જીવન–વ્યવહારમાં અને મનના વિચારોમાં પ્રકાશ ફેલાયો છે ? ના....ના....ત્યાં તો બધે અંધારું....અંધારું છે. તપાસ કરો કે પરમાત્મા પ્રભુના પાવર હાઉસ સાથે કનેકશન તો સલામત છે ને ? (શ્રોતામાંથી અવાજ–અરે, કનેકશન જ લીધું નથી તો સલામતીનો પ્રશ્ન ક્યાં ?) જ્યાં સુધી પ્રભુની સાથે ભક્તિનું, શ્રદ્ધાનું કનેકશન નથી જોડયું ત્યાં સુધી અંધારું રહેશે, માટે ફીટીંગ અને કનેકશન બંને બરાબર જોઈએ. જો બંનેમાંથી એક પણ ન

હોય તો પ્રકાશ ન આવે. બંને આવશ્યક છે. હું તો તમને કહું છું કે પહેલું કનેકશન જોડી દો, પછી ફીટીંગમાં તો જરાય વાર નહિ લાગે. કનેકશન અને ફીટીંગ બરાબર થશે પછી જ્ઞાનનો પ્રકાશ પથરાઈ જશે.

જેમના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પથરાઈ ગયો છે એવા સુવ્રતા સાધ્વીજી ચંદ્રયશ પાસે આવે છે. ચંદ્રયશને સમાચાર મળતાં તેના સાડાત્રણ ક્રોડ રોમરાય ખડા થઈ ગયા. તેમણે કહ્યું તેમને અંદર આવવા દો, હું પણ તેમના સામે આવું છું. બંને રસ્તામાં ભેટી ગયા ને ચંદ્રયશ પોતાના સ્થાને લઈ ગયો. માતાને સાધ્વીના રૂપમાં જોતા સેકન્ડ વાર તો આંખમાં આંસુ આવી ગયા. પછી લળીને વંદન કર્યા. તેમનો સ્વાગત–સત્કાર કર્યો. પધારો....પધારો....માતા મળવાના આનંદથી હર્ષ–અશ્રુથી તેની બંને આંખોમાં રેલ આવી. માતાજી! આપના દર્શનથી મને જે આનંદ થયો છે તે આખી દુનિયાનું પ્રમુખપદ મળી જાય તો પણ ન થાય. પણ મનમાં એ ખેદ થાય કે હું મોટો થતાં તારી સેવા કરી તારા હુકમો ઉઠાવી તારી આજ્ઞામાં રહી તને દરેક રીતે પ્રસન્ન કરું એ પ્રસંગ આવતા પહેલા તો આપે માતા તરીકેનો સંબંધ તોડી નાંખ્યો. માતાજી! આપ લડાઈના મેદાનમાં એકાએક ક્યાંથી? રાજન્! લડાઇ બંધ કરાવવા. હે માતા! આજે આપને મળવાથી મને બહુ આનંદ થયો છે. જેમ દાવાનળ સળગી ઉઠ્યો હોય એવા સમયે વરસાદ વરસે તો જેવો આનંદ થાય તેવો આનંદ આ યુદ્ધના વખતે આપનો મેળાપ થવાથી મને થયો છે. આપે આ યુદ્ધ રૂપી આગથી બળી રહેલાને દર્શન આપી શાંતિ આપી છે. અત્યારના આનંદનું હું શું વર્ણન કરું! જેના દર્શનની કોઇ કલ્પના ન હતી એ પોતાની મા એકાએક સામે ખડી થઇ હતી તેથી ચંદ્રયશના આનંદનું તો પૂછવું જ શું?

ચંદ્રયશ કહે છે હે માતા! મારા પિતાના અવસાન પછી તારી અમે ઘણી શોધ કરી. વન વન ફર્યા, જંગલ જંગલ ફર્યા, પર્વતોમાં ને ખીણોમાં ફર્યા પણ ક્યાંય તમારો પત્તો ન પડ્યો. હવે હું આપને એ પૂછવા માંગું છું કે આપે દીક્ષા શા માટે લીધી? શું આપને મારા રાજ્યમાં સ્થાન નહોતું? હું શું એવો નાલાયક હતો કે આપને મારા રાજ્યમાં સ્થાન ન આપત! આપે આટલો વખત ક્યાં ને કેવી રીતે પસાર કર્યો? ચંદ્રયશના પ્રશ્નો સાંભળી સતીએ કહ્યું રાજા! શાંત થાવ. મેં સંયમ શા માટે લીધો એ બધી વાત આપને કહું છું. રાજમાતા મયણરેહા આવ્યા છે એ વાત સાંભળી સારો રાજ્ય–પરિવાર તેમજ નગરના લોકો પણ તે જગ્યાએ આવી ગયા સતીને જોઇને બધાને ખૂબ આનંદ થયો. સતીએ પોતાની આત્મકથા શરૂ કરી.

**આત્મકથા કહેતાં સાધ્વીજીઃ**–હે રાજન્! તારા મોટાકાકાએ તારા પિતા યુગબાહુનું ખૂન કર્યું પછી મને થયું કે હવે મારું શું થશે? જો હું અહીં રહીશ તો મારા માટે કદાચ ચંદ્રયશનું પણ ખૂન કરશે એમ વિચારી હું શીલની રક્ષા માટે અને ગર્ભના રક્ષણ માટે કોઈને કહ્યા વિના ત્યાંથી ભાગી છૂટી અને જંગલમાં ગઈ. હે માતા!

તું ભાગી ગઈ ત્યારે ગર્ભવતી હતી, તો ગર્ભમાં રહેલો દીકરો કે દીકરી ક્યાં ગયા ? જુઓ, કેવો બરાબર મોકો મળી ગયો ! સમય બરાબર પરિપકવ થઈ ગયો. એટલે સ્હેજે સંયોગ આવીને ઉભા રહે. રાજન્ ! જંગલમાં મને પુત્રનો જન્મ થયો. મા ! એ મારો નાનો ભાઈ ક્યાં છે ? મને જલ્દી કહે, હું તેને ભેટું. હે ચંદ્રયશ ! તું માનીશ ? જેની સાથે તું યુદ્ધ કરવા સજ્જ થયો છે ને જેણે તારા નગરને ઘેરી લીધું છે એ નમિરાજ જ તારો ભાઈ ! એ તારો શત્રુ નથી, વૈરી નથી, તારો સગો ભાઈ છે. સતીજી ! આ વાત મારાથી કેવી રીતે મનાય ? ત્યારે સતીએ પુત્રને ઝાડની ડાળીએ બાંધ્યો. સરોવરમાં પોતે અશુચિ સાફ કરવા ગઈ, હાથીએ સૂંઢમાં ઉછાળી, વિદ્યાધરે વિમાનમાં ઝીલી, વિદ્યાધરની દુષ્ટ ભાવનાની માંગણી છતાં પ્રાણાંતે પણ શીલમાં મક્કમતા, વિદ્યાધરની સાથે નંદીશ્વર દ્વીપમાં ગમન, જ્ઞાની મુનિની સુંદર દેશનાનું શ્રવણ, વિદ્યાધરનો હૃદયપલ્ટો અને એની ક્ષમાપના, છેવટે યુગબાહુ મરીને દેવ થયા, તેમનું સતી પાસે આગમન, અંતિમ સાધના કરાવી નરકગતિમાં જતાં અટકાવી દેવગતિના દ્વારે લઈ જનાર સતીના ઉપકારોને યાદ કરતા દેવ, દેવતાઈ સેવા મળવા છતાં જ્વલંત વૈરાગ્ય, દેવ મિથિલામાં લઈ આવ્યો ને પછી દીક્ષા, કઠોર ચારિત્ર સાધના ! આ બધી વાત કહી સંભળાવી.

આટલું સાંભળ્યા પછી ચંદ્રયશ પૂછે છે હે સતીજી ! આપે જંગલમાં વડની ડાળે ઝોળીમાં બાળકને સૂવાડ્યો હતો એનું શું થયું ? હું સ્નાન કરવા ગઈ. પછી શું બન્યું તે વાત તો સાંભળી, પણ પાછળથી ભાગ્યોદયે મિથિલા નગરીના પદ્મરથ રાજા આવી પહોંચ્યા. તે નિઃસંતાન હતા. તેઓ આ બાળકને રાજ્યમાં લઈ ગયા અને પોતાની રાણી પુષ્પમાળાને સોંપ્યો. તે રાજારાણીએ તે બાળકને પુત્રથી અધિક ગણીને ઉછેર્યો, તે જ આ નમિરાજા ! રે ! આ તો ગજબના કર્મ ખેલ ખેલાઈ ગયા ! આ અજાણ્યું જાણ્યું ન હોત તો હું કેવી થાપ ખાઈ જાત. તું પૂછે કે દીક્ષા શા માટે લીધી ? જો મેં દીક્ષા ન લીધી હોત તો શું આજે આ યુદ્ધ બંધ રખાવવા માટે અહીં આવી શકત ? હવે સતીજીને કહેવું પડે કે તું યુદ્ધ ન કરીશ ? ચંદ્રયશે કહ્યું કે ખરી રીતે યુદ્ધનું કારણ અજ્ઞાનતા છે. નમિરાજા મારા ભાઈ છે એ ખબર ન હતી તેથી એક હાથી માટે યુદ્ધ કરવા તૈયાર થયો. હવે તો હાથી શું પણ મારું આખું રાજ્ય પણ આપી દેવા તૈયાર છું. અરે ! મારું સર્વસ્વ આપવું પડે તો પણ આપવા તૈયાર છું. બંને ભાઈ વચ્ચેનો પડદો દૂર થયો.

**યુદ્ધવિરામ અને માતૃત્વનો વિજય**:–બધી વાત સાંભળતા ચંદ્રયશ રડી પડ્યો. ભ્રાતૃસ્નેહ એકદમ ઉછાળા મારવા લાગ્યો. ભાઈને ભેટી પડવાની અને છાતી સરસો ચાંપવાની ઝંખના તીવ્ર બની ને મનોમન બોલી ઉઠ્યો : હવે શું નાનાભાઈ સાથે યુદ્ધ હોય ? ના...ના...સંગ્રામ નહિ. હવે તો સ્નેહ. યુદ્ધ નહિ હવે તો યુદ્ધવિરામ. ચંદ્રયશ કહે, મંત્રીશ્વર ! કોટને કાંગરે કાંગરે યુદ્ધવિરામની સફેદ ઝંડીઓ લહેરાતી કરી દો, અને નમિરાજને ઉત્સાહપૂર્વક મહોત્સવ સહિત નગરમાં લાવવાની શાનદાર તૈયારીઓ શરૂ કરો. આ અણધારી હૈયાપલટ પર આખું સુદર્શન વિચારે ચઢયું, ત્યાં તો ઠેરઠેર સફેદ ઝંડીઓ

લહેરાતીદેખાઈ ને આનંદ મંગલના શંખનાદ ફુંકાતા સંભળાયા. યુદ્ધવિરામ જાહેર થયો ને માતૃત્વનો વિજય થયો.

ચંદ્રયશે નગરના દરવાજા ખોલાવી નાંખ્યા. અને સવારી સાથે એ બહાર નીકળ્યો. સવારીની મોખરે યુદ્ધવિરામ સુચક સફેદ ધ્વજાઓ લહેરાઈ રહી હતી. નમિરાજે સામેથી ચંદ્રયશને આવતા જોયા એટલે એણે મોટાભાઈને ભેટી પડવા દોટ મૂકી. નાનાભાઇની દોટ જોતા ચંદ્રયશે પણ નાનાભાઈને મળવા દોટ મૂકી. તે વખતનો આનંદ તો અનુભવે એ જ જાણે. બંને ભાઈ હાથેહાથ મિલાવી એક બીજાને ભેટી પડયા. એ આલિંગનમાં સર્વ ક્રોધ, કલેશ અને શત્રુત્વ ચગદાઈ ગયા. બંને રાજાને આ રીતે ભેટતા મિથિલાની અને સુદર્શનની પ્રજા જોતી રહી. બધાના મુખ પર જાણે ગુલાબના ફૂલ ન ઉગ્યા હોય તેવા ખીલી રહ્યા હતા. એક બીજાએ પરસ્પર પોતાની ભૂલની માફી માંગી. જે એકબીજાના દોષ જોતા હતા તે હવે ગુણગ્રાહક થઇ ગયા. જે ગુણી આત્મા છે તે તો પોતાના શત્રુને પણ સત્ય વાત કહે. જે સત્ય વાતથી કદાચ પોતાનો નાશ થાય એવો પ્રસંગ હોય છતાં સત્ય વાત કહેતા અચકાતા નથી.

મહાભારતનો એક પ્રસંગ છે. કુરુક્ષેત્રના મેદાનમાં કૌરવો અને પાંડવો વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું હતું. મહાપરાક્રમી ભીષ્મ પિતામહ સેનાધિપતિ તરીકે કૌરવોના પક્ષમાં રહીને લડતા હતા, પણ હથિયાર ઉપાડતા એમના હાથ ઢીલા પડતા હતા. મન મૂકીને લડતા ન હતા. આ જોઇને કૌરવોના મનમાં વિચાર થયો કે ભીષ્મપિતામહ અમારી તરફેણમાં છે, છતાં પાંડવો ઉપર જોરથી એમના હાથ ઉપડતા નથી. પાંડવોનો નાશ કરી શકતા નથી, પણ દુર્યોધન કહી શકે કેવી રીતે? આ પ્રશ્ન પૂછવો કોને? છેવટે વિચાર આવ્યો કે હું ધર્મરાજા પાસે જાઉં. તે મારા પ્રશ્નનો સત્ય જવાબ આપશે. ધર્મરાજા અને દુર્યોધન સામસામા શત્રુ છે. છતાં દુર્યોધન બીજા કોઈને ન પૂછવા જતા ધર્મરાજાને પૂછવા ગયો. આપ વિચાર કરજો કે દુર્યોધનને ધર્મરાજા ઉપર કેટલો વિશ્વાસ હશે! શત્રુ પૂછવા જશે તો પણ સત્ય બોલશે એ તેને સો ટકા ખાત્રી હતી. આજે તમારા ઘરમાં એક બીજા પ્રત્યે આટલો વિશ્વાસ છે? આ સંસાર ચારે બાજુથી સળગી રહ્યો છે.

**ધર્મરાજાની અપૂર્વ સત્ય નિષ્ઠા :** દુર્યોધને પૂછયું ધર્મરાજા! ભીષ્મપિતામહ અમારા પક્ષમાં છે છતાં મન મૂકીને લડતા કેમ નથી? તમારી સેનાનો કચ્ચરઘાણ કેમ કરી શકતા નથી? દુર્યોધન! સત્યવાદી પુરૂષ કચ્ચરઘાણ નહિ કરી શકે? કેમ? દુર્યોધન! તેનું કારણ છે કે તેમના પેટમાં જતો આહાર બિલકુલ પવિત્ર છે, અને એટલા માટે તેઓ અસત્યના પક્ષમાં રહેવા છતાં સત્યના પક્ષમાં રહેલી અમારી સેનાનો કચ્ચરઘાણ કાઢતા નથી. દુર્યોધન કહે, પણ એ તો ચાલે કેમ? તમારો કચ્ચરઘાણ કાઢી નાંખવાનું તેમને મન થાય તેવો કોઈ ઉપાય ખરો? ધર્મરાજા કહે–હા, ભીષ્મપિતામહના ભોજનમાં જો કોઈ પાપીનું થોડું પણ ભોજન તેમના પેટમાં જાય તો તેમની બુદ્ધિ બગડે, પછી તેઓ અમારી ખબર લીધા વિના નહિ રહે. ધર્મરાજાની કેટલી સત્ય નિષ્ઠા! એ જાણે

છે કે આ રીતે કહેવાથી પોતાના પક્ષનો નાશ થવાનો છે, છતાં સત્ય એટલે સત્ય. આજે તો ડગલે પગલે માનવ અસત્ય બોલતો થઈ ગયો છે.

**દુર્યોધનની દુષ્ટતા :** દુર્યોધન કહે ધર્મરાજા ! કયા પાપીનું અન્ન લઈ આવું ? એવો પાપી કોણ છે કે જેના ભોજનથી ભીષ્મપિતામહની પણ બુદ્ધિ બગડે. દુર્યોધન ! તારે કયો પાપી શોધવા જવો છે ? તારા જેવો અધમમાં અધમ પાપી, દુષ્ટમાં દુષ્ટ બીજો શોધ્યો જડે તેમ નથી. ભીષ્મ પિતામહ જે દાદા સમાન ગણાય તે, ગુરૂ દ્રોણાચાર્ય, વિદુરજી, ધૃતરાષ્ટ્ર આદિ સેંકડો માણસો બેઠા હતા ને તેં કહ્યું, દ્રૌપદી ! આવ, મારી જાંઘ પર બેસ. તારા જેવો કોણ દુષ્ટ હોય ! એટલેથી પત્યું નહિ, પણ તેં સતી દ્રૌપદીને નગ્ન બનાવવા ચીર ખેંચ્યા. એ તો સતીના સતના પ્રભાવે તેની આબરૂ રહી અને શીલરક્ષક દેવોએ તેના ચીર પૂર્યા. પણ તું તો નગ્ન કરવા ઉઠ્યો હતો ને ? તારા આ નિર્લજ્જ કૃત્ય પાસે બાકીના બધા કૃત્યો પાણી ભરે છે. તારા જેવો અધમ પાપી બીજો કોણ હોય ? આ જગતમાં મોટામાં મોટો પાપી તું છે. તારા ભોજનનો એક કોળિયો પણ ભીષ્મપિતામહની બુદ્ધિ ભ્રષ્ટ કરવામાં બસ છે.

દુર્યોધન તો ત્યાંથી ગયો. ખરેખર બીજા દિવસે દુર્યોધને તેને માટે બનાવેલી થોડી રસોઇ ચોરી છૂપીથી ભીષ્મપિતામહની રસોઈમાં મિક્સ કરી દીધી. ભીષ્મપિતામહે તે આહાર ખાધો. જ્યાં પેટમાં ઉતર્યો ત્યાં તેમની વૃત્તિ બદલાઈ ગઈ. તે દિવસના યુદ્ધમાં ભીષ્મે પાંડવ સેનાનો અભૂતપૂર્વ કચ્ચરઘાણ કાઢી નાંખ્યો. ભોજનની કેટલી જબરજસ્ત અસર ! આપણે તો આ ન્યાયથી એ સમજવું છે કે ગુણવાન યુધિષ્ઠિર કેટલા સત્યનિષ્ઠ ! પોતાની સેનાનો નાશ થશે તે જાણવા છતાં દુર્યોધનને સત્ય વાત કહેતાં અચકાયા નહિ.

ચંદ્રયશ અને નમિરાજા બંને પરસ્પર ભેટી પડ્યા. જ્યાં સંગ્રામ ખેલાવાના હતા, તલવારો ઉડવાની હતી ત્યાં પ્રેમના સરોવર ભરાઇ ગયા. સ્નેહની સરવાણી વહેવા લાગી. જે એકબીજાને શત્રુ માનતા હતા તે હવે ભાઈ બની ગયા. બંને ભાઈઓએ આનંદથી એકબીજાના ગળામાં હાથ નાંખી દીધા. લોકો મહારાજા ચંદ્રયશનો જય હો, નમિરાજનો જય હો, એમ જયજયકાર બોલાવવા લાગ્યા. ત્યારે ચંદ્રયશ કહે–અમારો જયજયકાર બોલાવતા પહેલા સુવ્રતા મહાસતીજીનો જયજયકાર બોલાવો કે જેના પ્રતાપથી આજે અપૂર્વ આનંદનો પ્રસંગ ઉભો થયો છે. આજનો દિવસ યુદ્ધના કારણે ભયંકર હાહાકારનો હતો. જો આ સતીજી ન આવ્યા હોત તો લોહીની નદીઓ વહી હોત, પણ સતીજીના પ્રતાપે આજે શાંતિ થઈ ગઈ છે. બંને ભાઈની જોડી થઈ ગઈ. બંને રાજાના લશ્કરો અને સુદર્શનની પ્રજા તો જોઈ રહી. શું બંને ભાઈઓના પ્રેમ છે ! સ્નેહ છે ! બે ભાઈની જોડી કોઇ ના શકે તોડી ”

બંને ભાઈ આગળ ચાલે છે. ભેરી નાદ વાગી રહ્યા છે. બધાના ઉરમાં ઊર્મિ ઉછળી રહી છે. બંનેના દિલમાં આનંદ છે કે કેટલા વર્ષે માતાનું મુખ જોયું અને

નમિરાજે તો પોતાની જન્મદાત્રી માતાને અને મોટાભાઈને આજે જ જોયા, તેથી ખૂબ આનંદ છે. ભલે, માતા સાધ્વીવેશમાં છે પણ માતા તો મળી ને! હવે સુવ્રતા સાધ્વી છે ત્યાં બધા જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર**:–રક્ષકો બંને બાળકોને લઈને જ્યાં સભા ઠઠ ભરાણી છે ત્યાં આવે છે. બંને બાલુડા રાજાના ચરણમાં પડ્યા. રાજાને તો ગુસ્સાનો પાર નથી, પણ બાળકના હૈયામાં તો શીતળ ઠંડી હીમની વર્ષા વરસી રહી છે. આ બંને બાલુડાને નથી મૃત્યુની યાતના કે નથી જીવવાની ઝંખના, નથી સુખની તૃષ્ણા કે નથી દુઃખની મુંઝવણ. તેમના મુખ પર નીડરતા અને વીરતાની ચમક ઉઠતી હતી. તેમની નિર્દોષ મુખાકૃતિ જોઈને કંઈક લોકો કહેવા લાગ્યા કે આ બાળકો તદ્દન નિર્દોષ લાગે છે. કોઈ એમ કહે છે કે એના બાપને રાજ્ય લેવું હતું ને તેથી રાજકુંવરોને મારવા આવ્યો હતો, પણ સારું થયું કે આપણા કુંવરને કંઈ ન થયું. પણ એને એના કર્મો ભોગવવા પડ્યા.

રાજાનો હુકમ થયો કે આ ગુનેગાર બાળકોને ચંડાળને સોંપી દો અને કહો કે ફાંસીએ લટકાવી દો. ગુનેગારને સજા થવી જ જોઈએ. રાજાની આ આજ્ઞા સાંભળતા કેટલાય સભાજનો ખળભળી ઉઠયા. આ તો કેવા પ્રકારનો ન્યાય! બાળહત્યા! રાજાની બુદ્ધિ બગડી છે. ખરેખર રાજ્યમાં કોઈ અનિષ્ટ થવાનું હશે. નહિ તો રાજા આ પ્રમાણે ન કરે. કરૂણાસાગર, અનાથના નાથ, દયાસાગર, રાજપતિ માર્ગ તો નથી ભૂલ્યા ને? મશરૂ જેવા ગભરુ બાળકોનો એવો શો અપરાધ હશે કે જેથી ફાંસીએ ચઢવું પડશે! શું આ બાળકાની ધૈર્યતા છે! પ્રતિભા છે. આમ વિચાર કરતા કેટલાક સજ્જનોના, કરૂણાસાગરના નયનો કરૂણાથી છલકાઈ ગયા. દિલમાં દયાનો સાગર ઉમટયો, તો કોઈ વિચિત્ર સ્વભાવવાળા રાજાને દોષ દેવા લાગ્યા. કોઈ સાગરદત્ત શેઠને, તો કોઈ બાળકોને દોષ દેવા લાગ્યા. જેમ જેની બુદ્ધિ દોડી તેમ તર્ક ચલાવી બોલવા લાગ્યા, પણ કોઈ એવો હિંમતવાન ન નીકળ્યો કે જે રાજાને સાચું સમજાવી શકે. સત્ય વાત કહેતા બધા ડરતા હતા. બધા સમજતા હતા કે સત્તાના અને સિંહના માર્ગમાં આડા આવવું એ યમરાજાના આગમનના ઢોલ-નિશાન છે.

**મૃત્યુને ભેટવા જતાં બાળકો**: રાજા કહે છે, આપ જલ્દી કરો. તેમને ગળામાં કણેરની માળા અને નવા કપડાં પહેરાવો. કપાળમાં મેશનું તિલક કરો. બાળકોએ ના પાડી. છતાં તેમને સ્નાન કરાવી કપડાં પહેરાવ્યા. કણેરની માળા પહેરાવી, મેશનું તિલક કર્યું. આગળ શરણાઈ ને ઢોલ વાગે છે ને બંને બાળકો મૃત્યુને ભેટવા હસતા મુખડે જઈ રહ્યા છે. આ બાળકોને જોઈને લોકોની આંખમાં આંસુ આવી ગયા. અરેરે...રક્ષક જ ભક્ષક બને ત્યાં પોકાર કયાં જઈને કરવાનો? આ બંને બાળકોને તો મૃત્યુનો ભય નથી. તેમનો એક રોમાંચ પણ ફરકતો નથી. પગલામાં પામરતા કે મુખ પર દીનતાની છાયા પણ નથી, એવા બાળકોની આંખમાં આંસુ તો દેખાય જ કયાંથી? શૌર્યતાથી મૃત્યુને ભેટવા જતાં બાળકોના પ્રતાપી મુખડાને જોઈને લોકો તો મુખમાં આંગળી નાંખી ગયા,

અહો ! આ કોઈ ભાગ્યવાન, હળુકર્મી, પ્રતાપી આત્માઓ લાગે છે. તેઓ હસતા મુખડે જઈ રહ્યા છે. અહો ! બિચારા આનંદ કિલ્લોલ કરતા પંખીઓ શું મૃત્યુના પિંજરામાં ! જ્યાં વધસ્થાન આવ્યું ત્યાં કોઈ ઉભું ન રહ્યું. આપણાથી તો આ નહિ જોવાય. બધા ધ્રુસકે રડે છે. કંઈક દયાળુ જીવો તો બેભાન બની ગયા. લોકો બોલવા લાગ્યા કે લાડવામાં કંઈ ભૂલ થઈ હશે તો માબાપની થઈ હશે છતાં રાજાના કુંવરો મરી ગયા નથી. ફાંસી દેવી હોય તો માબાપને દેવી હતી. આ ફૂલ જેવા નિર્દોષ બાળકોને શા માટે ફાંસી ! આ પ્રજાની વાત પણ કોણ સાંભળે ?

અહીંયા ગુણદત્ત અને ગુણચંદ્રનો કોણ સહારો છે ? ગુણદત્ત ગુણચંદ્રને કહે છે ભાઈ ! અહીંયા આપણું કોઈ નથી. એક ભગવાન આપણા છે. મા-બાપ તો બિચારા કાળા પાણીએ ઝૂરતા હશે. આપણે મૃત્યુનો ભય રાખીશું ને હાયવોય કરીશું તો આપણો પરલોક બગડી જશે, માટે આપણે મૃત્યુને મહોત્સવ રૂપ બનાવવાનું છે. જન્મ છે તેનું મરણ તો અવશ્ય છે. અજ્ઞાનપણે તો ઘણીવાર મૃત્યુને ભેટ્યા ને બાલમરણે મર્યા, પણ હવે તો આપણે પંડિત મરણે મરવું છે. ભગવાન ! અમે કોઈ પાપ કર્યા નથી. તો તારા દરબારમાં અમને જરૂર સ્થાન આપજે. હે અશરણના શરણ ! તું અમારું રક્ષણ કરજે. અમારી મતિ શુદ્ધ રખાવજે. અમને સમાધિ મરણ અપાવજે.

**ચકમકતી કટાર હાથમેં લેકર ચાંડાલ આયે,**
**અભી તુમ્હારી જીવનલીલા પલમેં પૂરણ હો જાયે.**

અંધકારમાં પણ ચમકારા મારે એવી ચકચકતી તલવાર લઈને ચંડાળ બાળકો પાસે આવીને ઉભો. હવે તમારી જીવનલીલા બે પળમાં જ ખતમ ! પ્રભુને ભજી લો. બાલકો કહે અમે તો પ્રભુને ભજી રહ્યા છીએ. ચંડાળ કહે, ટટ્ટાર થાવ, તૈયાર થાવ, હવે ફાંસીને માંચડે ચઢવા, મારા હાથ આ કટાર ચલાવવા માટે અધીરા બન્યા છે. બાળકો કહે-અરે ભૈયા ! તમે સમય શા માટે ગુમાવો છો ? તમારી તલવાર તરસી રહી છે, શા માટે વિલંબ કરો છો ? અમે તો તૈયાર છીએ. ચલાવ તારી કટાર. ગુણદત્તના શબ્દો સાંભળી ચંડાળ પણ થંભી ગયો. શું આ છોકરો બોલે છે ? આ કોઈ દૈવી છોકરા લાગે છે. ચંડાળ પણ વિચાર કરતો થઈ ગયો. તે તલવાર સામે ધરીને ઉભો છે. હવે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૬૬

**ભાદરવા વદ ૧૩ શુક્રવાર** **તા. ૨૫-૯-૮૧**

સર્વજ્ઞ પ્રભુની વાણીમાં એક એવો વિલક્ષણ પ્રભાવ છે કે જે વડે મનુષ્ય ધારે તો અવશ્ય પોતાનો પંથ આગળ કાપી શકે. મુંબઈ જનાર માનવીનું ધ્યેય અમદાવાદ ન હોય. વિલાયત જનારનું ધ્યેય મુંબઈ ન હોય, તેમ આપણું ધ્યેય નાના નાના સુખો

મેળવવાનું કે દેવગતિમાં જવાનું ન હોય પણ આપણું ધ્યેય તો પરમ ઉચ્ચપદ એટલે કે મોક્ષ પ્રાપ્ત કરવાનું હોવું જોઈએ. જો મોક્ષ મેળવવો છે તો દેવોના સુખ પણ છોડવા પડશે, કારણ કે એ આપણું ધ્યેય નથી. આપણું ધ્યેય સ્થાન મોક્ષ તો હજુ દૂર છે, છતાં તે મેળવવો છે તો કંટાળ્યે કે થાક્યે આરો આવવાનો નથી. વચ્ચે વિસામા જરૂર લઈ શકાય. આપણે જે ભવો કરીએ છીએ તે વિસામા નથી તો શું છે? ત્યાં જરા થાક ખાઈ લો, પછી તાજામાજા થઈ વીતરાગની વાણી રૂપી ભાતું સાથે લઈને પંથે પડો. નિર્ણય મક્કમ છે તો ધ્યેયને આંખ સામે રાખી પ્રભુની વાણીની રોશનીથી અજવાળાયેલા રાજમાર્ગ ઉપર વણથંભી આગેકૂચ કરો. સંસારના નાના મોટા કામ કરતા પ્રભુની વાણી યાદ રાખો, અને એને તમારા અંતરના ઊંડાણમાં સંઘરી રાખો. તમારી મહામૂલી મૂડી હોય તેમ જતનાથી એને જાળવી રાખો.

**સમરાંગણ બન્યું સ્નેહાંગણ:**–જેમનું ધ્યેય પરમપદને પામવાનું છે એવા સુવ્રતા સાધ્વીજીના પ્રતાપે બંને ભાઈનું મિલન થયું, ને જયજયકાર થઈ ગયો. પછી કહે, ચાલો, હવે આપણે તે મહાસતીજી પાસે જઈએ ને તેમનો ઉપકાર માનીએ, આગળ બંને રાજા અને પાછળ પ્રજા. બંનેની સેના એકબીજાને દુશ્મન માનતી હતી તે પણ એકબીજાને મિત્ર રૂપ માની આનંદથી સાથે ચાલતી હતી. આ રીતે બધા, સતીજીનો અને બંને રાજાઓનો જયજયકાર બોલાવતા સતીજી પાસે પહોંચ્યા. જઈને બધાએ વંદન નમસ્કાર કર્યા ને કહ્યું, હે સતીજી! ધન્ય છે, ધન્ય છે, આપના સાધુપણાને! આજનો દિવસ ઘણો અનર્થકારી હતો પણ આપે એકબીજાની અજ્ઞાનતા દૂર કરી. વિષમય વાતાવરણને અમૃતમય બનાવી દીધું. સંગ્રામને સ્થાને સ્નેહની સરવાણી વહાવી દુશ્મનને દોસ્ત બનાવ્યા. શત્રુને મિત્ર બનાવ્યા. વૈરીને વહાલા બનાવ્યા. જ્યાં લોહીની નદીઓ વહેવાની હતી ત્યાં પ્રેમના સરોવર છલકાઈ ગયા. એમ કહી બધા લળી લળીને પગે લાગે છે.

આ સુવ્રતા સાધ્વીજી પોતાના યશોગાન સાંભળીને ફૂલાઈ જાય તેવા ન હતા. તે ખૂબ ગંભીર, ગુણીયલ સાધ્વી છે. આ સતીજી તો આટલા મહાન છે, પણ ક્યારેક શિષ્યા ગુરૂ કરતાં ચઢી જાય એવા આગળ વધે તો પણ એ શું કહે? આ બધો પ્રતાપ મારા ગુરૂણીદેવનો છે. જ્યાં ત્યાં પોતાના ગુરૂને આગળ કરે. અહીં આ સતીજી કહે છે, આપ મારું બહુમાન ન કરશો. આપ મારા ગુણલા ન ગાશો કે મારી વાહ વાહ ન બોલશો. તમે બંને શત્રુતાનો ત્યાગ કરી એકબીજાને મળી ગયા એમાં મારો પ્રતાપ માનો છો, પણ એ પ્રતાપ મારો નથી પણ મારા ગુરૂણીનો છે. ગુરૂણી તો ઉપાશ્રયમાં બેઠા છે, છતાં પ્રતાપ ગુરૂણીનો માને છે. તેમણે કહ્યું મારા પૂ. ગુરૂણીએ મને જ્ઞાન આપ્યું. જ્ઞાન મેળવ્યા પછી હું ધ્યાનમાં રહેતી તેથી હું જાણી શકી કે મારા બંને પુત્રો એકબીજાને શત્રુ માની મારી નાંખવા ઈચ્છે છે, તેથી હું પૂજ્ય ગુરૂણીની આજ્ઞા લઈને અહીં આવી છું, અને લડાઈ બંધ કરાવી, માટે પહેલો ઉપકાર મારા ગુરૂણીદેવનો છે. બીજો ઉપકાર સર્વજ્ઞ ભગવાન મહાવીર પ્રભુના જ્ઞાનનો છે. જ્ઞાનના અભાવે યુદ્ધ થઈ રહ્યું હતું. જો જ્ઞાન ન હોત, તો આ લડાઈ કેવી રીતે બંધ થઈ શકત? જ્ઞાન આવે ત્યારે દિવ્યચક્ષુ મળે છે.

સુવ્રતા સાધ્વીજી કહી રહ્યા છે કે હે રાજા! અજ્ઞાનના કારણે તમે એકબીજાને ઓળખતા ન હતા, અને મારી નાંખવા ઇચ્છતા હતા. એક હાથી માટે આટલું મોટું યુદ્ધ ખેલવા તૈયાર થયા હતા. તમારા રાજદરબારમાં કયાં હાથીનો તૂટો છે? એક હાથીથી ચંદ્રયશ શ્રીમંત બની જવાનો નહોતો અને નમિરાજ ગરીબ બની જવાનો નહોતો. એકબીજાને તેથી કાંઈ વધુ ઓછું થઈ જવાનું ન હતું, પણ અજ્ઞાનતાને કારણે નમિરાજ એમ વિચારતા હતા કે ચંદ્રયશે મારો હાથી બાંધી દીધો અને મંગાવ્યા છતાં પાછો ન આપ્યો, તો હવે હું એને બતાવી દઉં. ચંદ્રયશ એમ માનતો કે મેં મારી શક્તિથી હાથી પ્રાપ્ત કર્યો છે તો પાછો કેમ આપું? આ રીતે અજ્ઞાનતાને કારણે અભિમાનને વશ થઈ બંને વચ્ચે લડાઈ થઇ રહી હતી. હવે એકબીજાનું અજ્ઞાન જતાં તેઓ કેવી દૃષ્ટિથી જોઇ રહ્યા છે? આથી ખરો ઉપકાર જ્ઞાનનો છે. જ્ઞાનથી અજ્ઞાન ગયું ને આનંદ આનંદ છવાઇ ગયો. વળી જો હાથીનું ભાગી છૂટવાનું ન બન્યું હોત તો આ પરિણામ ન આવત! હે ચંદ્રયશ! માત્ર હાથીને વશ કરવાથી મોટા બનાતું નથી, પણ એમ વિચારો કે મેં આ હાથીને વશ કર્યો પણ જો મારા મનરૂપી હાથીને વશ નહિ કરું તો વધારે વૈર બંધાશે, માટે મનરૂપી હાથીને વશ કરો. મન રૂપી હાથીને વશ ન કરવાના કારણે જીવ દુઃખ ભોગવી રહ્યો છે. મનને વશ કરવું કઠીન છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૨૩ મા અધ્યયનમાં કેશીસ્વામીએ ગૌતમસ્વામીને પ્રશ્ન કર્યો કે

अयं साहसीओ भीमो, दुट्ठस्सो परिधावइ ।
जंसि गोयम आरुढो, कहं तेण न हीरसि ॥५५॥

હે ગૌતમ! આ મહાસાહસિક, ભયંકર અને દુષ્ટ ( માલિકને ખાડામાં નાંખી દે તેવો ) ઘોડો ખૂબ દોડી રહ્યો છે. તે ઘોડા પર બેઠેલા તમે સીધે માર્ગે શી રીતે જઈ શકો છો? તેનાથી ઉન્માર્ગે કેમ ચાલ્યા જતા નથી? આ પ્રશ્નના જવાબમાં ગૌતમ સ્વામીએ કહ્યું, તે વેગભર દોડતા ઘોડાને શાસ્ત્રરૂપ લગામથી બાંધી રાખું છું. જ્ઞાનરૂપ લગામથી વશ કરેલો તે ઉન્માર્ગે ન જતાં સન્માર્ગે મને દોરી જાય છે. કેશીસ્વામીએ કહ્યું તે ઘોડો કયો? ગૌતમસ્વામીએ કહ્યું—

मणो साहसीओ भीमो, दुट्ठस्सो परिधावई ।
तं सम्मं तु निगिण्हामि, धम्म सिक्खाइ कन्थगं ॥५८॥

મન એ સાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડો છે. તે સંસારના વિવિધ વિષયો તરફ આમતેમ દોડી રહ્યો છે. ધર્મશિક્ષા રૂપી લગામથી જાતિવંત ઘોડાની જેમ તેનો બરાબર નિગ્રહ કરું છું.

અહીંયા સુવ્રતા સતીજી ચંદ્રયશને તથા પ્રજાજનોને એ કહી રહ્યા છે કે આપ મન રૂપી હાથીને વશ કરો. આ સંસાર દુઃખનો દરિયો છે, સ્વાર્થનું સમરાંગણ છે. જ્યાં લોભનો લાવારસ ઉછળી રહ્યો છે, એમાં રાચવા જેવું નથી. બે ભાઈ વચ્ચે લડાઈ

કરાવનાર કોણ? હાથી પ્રત્યેનો લોભ, માટે આ સંસાર છોડવા જેવો છે ને લેવા જેવી દીક્ષા છે. સતીનો વૈરાગ્યમય સચોટ ઉપદેશ સાંભળી બંને રાજા પરસ્પર એકબીજાની ક્ષમા માંગવા લાગ્યા. ચંદ્રયશ કહે ભાઈ! તારી નમ્રતા મારા હૃદયને ઉલસીત કરે છે. ક્યાં પહેલાની ક્રૂરતા અને ક્યાં અત્યારની નમ્રતા! સતીજીના ઉપદેશથી કંઈક જીવો ધર્મ પામ્યા. કંઈકના આત્મપરિણામ બદલાઈ ગયા. બધા કરતાં બેસ્ટમાં બેસ્ટ ચંદ્રયશ ઉભો થઈ ને કહે છે હે ગુરૂમાતા! હવે મારે આ સંસાર ન જોઈએ. હવે હું સંયમ લેવા ઈચ્છું છું. હું તારા ગુણ કેટલા ગાઉં? મને સંસારનું સ્વરૂપ સમજાઈ ગયું છે. હવે મારે સંસારમાં રહેવું નથી. તમને કોઈને થાય છે ભાવના! ઈચ્છા હોય તો કહેજો. (હસાહસ).

**ન જોઈએ સુદર્શનનું સિંહાસન :—** ચંદ્રયશ કહે છે, મારા લઘુ બંધવા! મારા વ્હાલા વીરા! આ સુદર્શનનું સિંહાસન હવે તને સોંપી દઉં છું. મને કલ્યાણની કેડીનો સાદ સંભળાયો છે. વીરા! કેટલું સરસ થયું. જેનો પત્તો પડતો ન હતો, સમાચાર ન હતા, એવી માતાના દર્શન થયા. લડાઈ બંધ થઈ. હવે તું રાજપાટ સંભાળ. હું ભગવાનની ભાગવતી દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છું છું. અરે મોટાભાઈ! આ શું બોલ્યા? હું તો મિથિલાનો મુગટ પણ તમારા શિરે પહેરાવીને તમારા સેવકની જેમ રહેવા માંગું છું. ભલા, હું એકને છોડવા માંગું છું, ત્યાં તું ઉપરથી મને બીજું વળગાડે છે? ત્યાં વળી આપ આવી વાત કયાં કરો છો? ચંદ્રયશની દીક્ષાની વાત સાંભળી નમિરાજ તો ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો. ભાઈ વીરા! મેં તો જન્મ ધરીને માતાને કે તમને જોયા નથી. જન્મદાત્રી માતાને જોઈ, પણ એ તો સંયમી વેશમાં છે, એટલે તેમને તો હું શું કહી શકું? પિતા તો દેવ થઈ ગયા છે. અત્યારે પિતા કહું કે ભાઈ કહું તે આપ જ છો. ભલે આપ અહીં હતા પણ આજ સુધી ઓળખાણ ન હતી. આજે ભાઈની ઓળખાણ થઈ અને તરત જ મને છોડીને ચાલ્યા જશો? ના....ના...ભાઈ! હું તમને નહિ જવા દઉં. પિતાના સ્થાને તમે મને મળી ગયા, પછી મારે શા માટે વડીલોની શીતળ છાયા ન ભોગવવી? એવી ગુલાબી છાયામાં જે આનંદ છે તે સ્વતંત્ર રહેવામાં નથી.

ભાઈ! મેં સંસારનો ઘણો અનુભવ લીધો. પિતાનું કરપીણ મૃત્યુ થયું. માતા ચાલી ગઈ ત્યારથી મને સંસારનો આનંદ ઉડી ગયો હતો, પણ રાજ્યનો ભાર કોને સોંપવો? એ વિચારમાં હતો તેમાં ભાઈ! તું મળી ગયો અને સતીજીના ઉપદેશે મારા અંતરમાં વૈરાગ્ય ગંગાનો પ્રવાહ વહાવ્યો, માટે હવે આ રાજ્ય-લક્ષ્મીનો સ્વામી તું થા, ને હું સંયમ પંથે પ્રયાણ કરું! હું હવે ભૌતિક સામ્રાજ્યની લીલા સમા સંસારથી ખૂબ થાકયો છું. ભાઈ વીરા! મેં તો સંસાર બહુ જોયો. હવે તો આધ્યાત્મિક સામ્રાજ્યવાળો પ્રભુનો માર્ગ જોવો છે. આવો ઉચ્ચ મનુષ્યભવ આ જિનશાસન, અને અનંત કલ્યાણપ્રદ સંયમની સાધના! કેટલો અદ્દભૂત યોગ! કેવી સુવર્ણ તક! ફરી ફરી આ તક ક્યાં મળે? વીરા! હવે તું કલ્યાણમિત્ર બન. તું રાજ્ય સંભાળી લે. હવે મને આત્મારૂપી હીરાની ઓળખાણ થઈ ગઈ છે, તેથી સંસારને છોડવા તૈયાર થયો છું.

**પ્રજાનો વિલાપ :–** ચંદ્રયશની દીક્ષાની વાતથી નમિરાજા રડે છે ને સુદર્શનપુરની પ્રજા પણ ધ્રુસકે રડે છે, અને કહે છે અમે આજનો દિવસ ઘણો આનંદનો માનતા હતા, આ શું થઈ ગયું ? અમારા રાજા અમને છોડીને જાય છે ! અમને તો એમ થયું કે અમારે હવે એકને બદલે બે રાજા થયા. બાળકની રક્ષા એકલી માતા પણ કરે ને ક્યારેક એકલા પિતા પણ કરે પણ જેના રક્ષક માબાપ બંને હોય તેની રક્ષા વિશેષ થાય તેમ આજ સુધી અમારા એક રાજા હતા, પણ હવે બે રાજા થયા, એટલે વિશેષ કલ્યાણ થશે, પણ આપ તો હવે જઇ રહ્યા છો. આપ અમને હવે નમિરાજાના હાથમાં સોંપો છો પણ અમે નમિરાજાને ઓળખતા નથી. તેઓ અહીં જન્મ્યા નથી. અહીં રહ્યા નથી. તે અમારા હૃદય શું જાણે ? આ સમયે નમિરાજાના સ્થાને બીજા કોઇ હોત તો એમ કહી દેત કે પ્રજા મને ઇચ્છતી નથી તો મારે રાજ્ય શું કરવું છે ? પણ આ તો ગંભીર છે. પ્રજા કહે, જો તમારે જવું છે તો થોડા દિવસ રહી નમિરાજાને સર્વ બાબતોથી પરિચિત કરી પછી જજો. આ પ્રમાણે સુદર્શનની પ્રજાએ ચંદ્રયશને સંયમ ન લેવા માટે ઘણું કહ્યું, પણ સાચો વૈરાગી કોઈનો રોક્યો રોકાતો નથી. આ તો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે. પતંગીયો રંગ નથી કે તડકે મૂકીએને ઉડી જાય, પણ મજીઠીયો રંગ છે.

**પ્રજાને ભલામણ કરતા ચંદ્રયશ :–** ચંદ્રયશ પ્રજાને કહે છે હે પ્રજાજનો ! જો મેં રાજ્ય સારી રીતે ન કર્યું હોત તો આપ બધા એમ કહેત કે ઠીક થયું કે આ રાજા ગયા. તમે મારા માટે રડતા નથી પણ તમારા સ્વાર્થ માટે રડો છો. કદાચ યુદ્ધ થયું હોત ને તેમાં હું ખપી ગયો હોત તો તમારી રક્ષા કોણ કરત ? તમે લોકો પ્રમાણિકતા રાખો તો તમને કોઇ માણસ દુઃખ દેનાર નથી. તમારી ઉન્નતિ તમારી પ્રમાણિકતામાં રહેલી છે. તમને મારી પ્રવર્જ્યા માટે દુઃખ થાય એ કેટલા ખેદની વાત છે ! તમે એ તો વિચારો કે હું નમિરાજ સાથે એક હાથી માટે યુદ્ધ કરી રહ્યો હતો પણ સતીની કૃપાથી હવે આખું રાજ્ય ત્યાગી રહ્યો છું. મારા આ ત્યાગથી ભાવિ પ્રજાને માટે એ આદર્શ અને વિચાર રહેશે કે અમારા રાજા તો એવા હતા કે જેમણે સારાયે રાજ્યનો ત્યાગ કર્યો હતો, તો પછી અમે નાની વસ્તુને માટે શા માટે લડીએ ? ભલે હું જાઉં છું પણ ત્યાગના આદર્શરૂપે તો હું તમારી પાસે છું, માટે આપ દુઃખ ન લગાડશો. ચંદ્રયશની વાત સાંભળી પ્રજાના મનમાં થયું કે મહારાજાની વાત સત્ય છે. અમે અમારા સ્વાર્થને રડીએ છીએ. નમિરાજ ચંદ્રયશના ભાઇ જ છે ને ! હે પ્રજાજનો ! તમારા રાજા તરફ પૂર્ણ પ્રેમની દૃષ્ટિથી જોજો. જેમ તમે મારી આજ્ઞા પાળો છો તેમ નમિરાજની આજ્ઞાને માન આપજો. નમિરાજ મારા કરતાં સવાયો છે. મને ખાત્રી છે કે નમિરાજ તમને એવી રીતે સાચવશે કે મારી યાદ પણ નહિ આવે. આ રીતે ચંદ્રયશે પ્રજાજનોને સમજાવ્યા. હવે નમિરાજને સમજાવશે ને તેમને કેવી ભલામણ કરશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર : મૃત્યુની અણી પર આત્મ આનંદ :** ગુણદત્ત અને ગુણચંદ્રને ફાંસીના માંચડે ચઢાવવા લઈ ગયા છે, પણ તેમની નિર્ભયતા, નીડરતા, મૃત્યુને હસતે મુખડે

ભેટવાની ભાવના, પ્રભુ પર અડગ શ્રદ્ધા, ઉંમર નાની ને હિંમત ઘણી આ બધું જોઈને ચંડાળોના મનમાં થયું કે આ કોઈ દૈવી છોકરા લાગે છે. હું તો આટલા વર્ષોથી આ ધંધો કરું છું. મારી તલવારે કેટલાયે જીવોના પ્રાણ લીધા, પણ આ બાળકો જેવા મેં આજ સુધી કોઈ જોયા નથી. કેટલાક તો આ ભૂમિ પર આવતા જ બેભાન થઈને ઢળી પડતા. કેટલાક તો તલવાર ઉપાડતા ખત્મ થઈ જતા અને કંઈક તો ગુનેગાર હોવા છતાં આ ભૂમિ પર આવતા કેટલી રોકકળ મચાવી મૂકતા, તોફાન કરતા. તેમને અહીં સુધી લાવતા પાણી ઉતરી જતા, જ્યારે આ બાળકો તો નાના હોવા છતાં કેવા નીડર બનીને ઉભા છે. તે તલવારથી ડરતા તો નથી પણ ઉપરથી કહે છે તમારી તલવાર તરસી રહી છે માટે વિલંબ ન કરો. આવો શૂરવીર અને ધૈર્યતાવાળો માનવ મેં કદી જોયો નથી. તે વિચારના વમળે ચઢી ગયો. પાપી પેટને ભરવા માટે આવા નિર્દોષના ખૂન કરવાના! રાજાની આજ્ઞા છે. છેવટે તેણે ચકમકતી તલવાર ઉંચી કરીને કહ્યું–આપ હવે બંને તૈયાર થાઓ. હમણાં તલવાર મસ્તક અને ધડ જુદા કરી દેશે.

**દુઃખના સાગરમાં પણ સાગારી સંથારો** : ગુણદત્ત ગુણચંદ્રને કહે છે ભાઈ! તલવાર આવી રહી છે. અરિહંતના શરણા લે. ભઈલા! અહીં આપણા મા–બાપ નથી. ભગવાન એ આપણા માબાપ છે. ચંડાળે તલવાર હવામાં વીંઝી. આ જોતાં ગુણચંદ્ર ડરી ગયો. તેની હિંમત તૂટી ને તેનું શરીર ધ્રુજવા લાગ્યું. તેના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઈ. ઓ ભૈયા....બ....ચો... ગમે તેમ તો ય ખીલતું ફૂલને! ગુણદત્ત ન ડર્યો પણ ગુણચંદ્ર ડરી ગયો. તેની આંખમાંથી આંસુ પડી ગયા. ગુણદત્ત કહે ભાઈ! રડ મા, આર્તધ્યાન કર નહિ. આપણો દેહ મરે છે, આત્મા તો અજર અમર છે. નારકીની વેદના આગળ આ પીડા કાંઈ નથી. આપણે સર્વજ્ઞ ભગવાનના સંતાનો છીએ. રોમેરોમમાં જૈનત્વના આદર્શો સીંચાયા છે. તીર્થંકર જેવા મહાન આત્માઓએ પણ આવી કપરી ઘડીઓને નીડરતાથી હસતે મુખડે વધાવી છે, તો તારી વાત કયાં! તું આંખો બંધ કરી દે. જેથી તારે તલવાર જોવી મટી જાય. ગુણદત્તના કહેવાથી ગુણચંદ્રે આંખો બંધ કરી ધર્મના શરણાં લઈ સર્વ જીવોને ખમાવી સાગારી સંથારો કર્યો. ગુણચંદ્રમાં થોડી હિંમત આવી.

ચંડાળ જ્યાં ફરીવાર તલવાર ઉગામવા જાય છે ત્યાં ગુણચંદ્ર મોટાભાઈને ચોંટી પડ્યો ને રડવા લાગ્યો. ગુણદત્ત કહે ભાઈ! રડીશ નહિ. તારી આંખમાં આંસુ કેમ? આત્મહિત કરનારને મરણનો ડર હોતો નથી. એ દુઃખમાં દયામણો નથી થતો ને સુખમાં હુલામણો બનતો નથી, આત્મા અનંત શક્તિનો સ્વામી છે. શું તું એ બધું ભૂલી ગયો? જો ભાગ્યમાં મરવાનું હશે તો કોઈ પાંચમની છઠ્ઠ કરી શકવાનું નથી. જો નસીબમાં મૃત્યુ નથી તો કોઈ આંગળી પણ નમાવી શકનાર નથી. આપણા પુણ્ય હશે તો કોઈ વાળ વાંકો કરનાર નથી. માટે તું હિંમત રાખ. ધીરજ ધર. મૃત્યુનો ડર ન રાખીશ. ત્યાં ચંડાળો આવીને કહે છે, હવે વાતો ન કરો. અમારે મોડું થાય છે. આપ એક કપડું રાખીને બધા

વસ્ત્રો ઉતારી નાંખો. જલ્દી તૈયાર થઈ જાવ. હું તમારું કાટલું કાઢી નાંખું. બંને ભાઈ એ વસ્ત્રો ઉતારીને તૈયાર થયા, પછી કહે છે ભાઈ! તમે કહો તો બેસીએ, ઉભા રહીએ, સૂઈ જઈએ, આપને કેવી રીતે અનુકૂળ પડશે, તે રીતે અમે કરીએ. આ પ્રમાણે કહે છે ત્યાં શું બન્યું!

**ગુણદત્ત હો બડો ગુણગ્રાહી, ગુણચંદ્ર હો છોટો ભાઇ,**
**ગુણચંદ્ર કે આંસુ આયા, મોત્યાં રા ઢેર લગાયા.**

ગુણચંદ્ર રડયો, તેનાં અશ્રુઓ મોતી બની ગયા ને ભોંય પર પડયા. ગુણદત્તે જોયું કે ગુણચંદ્રની આંખના આંસુના મોતી બન્યા હતા, તેણે ભેગા કરીને કપડામાં બાંધી લીધા. તેમણે મા બાપે કરેલી વાત સાંભળી હતી તેથી એકબીજાને કહેવા લાગ્યા કે જે લાડવા કુંવરને ખાવાના હતા તે આપણે ખાઈ ગયા ને આપણે ખાવાના લાડવા હતા તે તેમની પાસે ગયા. કેવી રીતે લાડવા અવારનવાર થઇ ગયા હશે! પિતાજી એ જડીબુટ્ટી ન રાખતાં રાજાજીને દેવા ગયા. કરવા ગયા સારું ને થઇ ગયું ખરાબ. જો તારી આંખના અશ્રુ મોતી બન્યા તો બીજો લાડવો મેં ખાધો હતો. મને આજથી સાતમે દિવસે રાજ્ય મળવું જોઈએ. હવે શું થાય છે તે જોઈએ.

ગુણદત્ત ચાંડાળને કહે છે ભાઈ! અમે તૈયાર છીએ. ચલાવ તારી તલવાર. ચાંડાળ કહે છે ભાઇ! તલવાર ચલાવતા અમારા અંગ ધ્રુજે છે, પગ ધ્રુજે છે, આવું ગોઝારું કાર્ય કરવાનું દિલ અમને ના પાડે છે. તમને જોઈને મારા હૈયામાં કરૂણાનો સ્રોત વહી રહ્યા છે. અમારો વંશપરંપરાથી આ ધંધો ચાલ્યો આવ્યો છે. ચીભડા કાપીએ એમ માણસોને અમે કાપી નાંખીએ છીએ. અરે! કોઈ કોઈ વાર ઝાડે પંખી ધ્રુજી જાય, છતાં અમારા દિલમાં કયારે ય પણ કરૂણા આવી નથી. આજે આપને જોઇને કરૂણા આવી છે. અમારું મન આપનું ખૂન કરવાની ના પાડે છે.

ગુણદત્ત સમજ્યો કે આ ચાંડાળ પીછે હઠ કરી રહ્યો છે. તેમાં શુભ ઘડીના નિશાન છે. તેણે કહ્યું ભેયા! તારી ભાવના સારી છે પણ તારા ભવિષ્યનો વિચાર કર. અમારા ફક્ત બેના જાન જશે પણ તું અમને બચાવીશ તો અમારે ખાતર તારા સારાયે કુટુંબની જીવનરોટી (આજીવિકા) ટળી જશે, તો તું શું કરીશ? હવે હૈયું કઠણ કર. અમને જીવતા ન રાખશો. અરે ચાંડાળો! જલ્દી તમારું કાર્ય કરી લો. વિચાર કરવા ન રહેશો. અમારા કારણે કુટુંબનો નાશ થાય ને આપની રોટી ટળે એવું ન કરશો. ચાંડાળ કહે– આજીવિકાને કારણે બાપદાદાનો ધંધો કરવો પડે છે. ભાઈ! તારે આજીવિકા માટે જ સાધનની જરૂર છે ને? જો તમે અમને જીવતદાન આપો તો આ મોતી થોડા તને દઈ દઉં. આ એકેક મોતી ખૂબ કિંમતી છે. આ તો દૈવી મોતી લાગે છે. મોતી જોઈને ચાંડાળ આભો બની ગયો. આવા મોટા બોરબોર જેટલા મોતી જોઈને તેના મનમાં થયું કે આ મોતીથી મારું જીવનભરનું દારિદ્ર ટળી જશે. હવે ત્યાં શું થશે તેના ભાવ અવસરે.

## વ્યાખ્યાન નં. ૬૭

**ભાદરવા વદ ૧૪ ને શનિવાર** **તા. ૨૬-૯-૮૧**

વાત્સલ્યના વહેણ વહાવનાર, ભવ્યજીવોને અમૃતરસના ઘુંટડા પીવડાવનાર, સર્વથા ભયરહિત બનેલા શ્રી વીરવિભુ ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯મા અધ્યયનમાં ફરમાવે છે કે જગતના જીવો ભયથી ત્રસ્ત બનેલા છે. ચારે બાજુ ભય, ભય અને ભય છે. જ્ઞાનીઓએ સાત પ્રકારના ભય બતાવ્યા છે. સાત ભય કયા ? બોલો, તમને આવડે છે? પ્રતિક્રમણમાં રોજ બોલો છો. આલોક ભય, પરલોક ભય ઈત્યાદિ સાત પ્રકારના ભય છે. એ સાત ભય કરતા મહાભયનું સ્થાન છે. "ममत्त बन्धं" મમત્વનું બંધન. મમત્ત્વનું બંધન મહાભયકારી છે. આજના તર્કવાદી યુગમાં જ્યાં સુધી દૃષ્ટાંત-દલીલો કે નક્કર સત્ય પ્રગટ કરીને ન બતાવીએ ત્યાં સુધી જીવો સ્વીકારવા તૈયાર ન થાય, પણ આ તો છે સર્વજ્ઞ જિનેશ્વર ભગવાનના વચનો, જેમાં શંકા કરાય નહિ. પરમ સત્યને વરેલા પ્રભુની વાણીમાં પોતાનો વિચાર ભેળવાય નહિ.

હું તમને પૂછું કે આ સંસારમાં તમે ભય વિના જીવો છો ? (શ્રોતામાંથી અવાજ- અરે બધે ભય ભય ને ભય છે.) સવારે પથારીમાંથી ઉઠયા ત્યારથી ભયની દુનિયામાં જીવો છો. રાત્રે સુવાના સમયે પણ ભયમુક્ત દશામાં ન જીવાય. કેવી છે આજના જીવોની કરૂણ દશા ! તેનું વર્ણન કલમ કરે તો ય કેટલું કરે ? આ તો અનુભવની ચીજ છે. જીવતા ભયથી જીવે, મરે તો ય ભય અને ફફડાટમાં મરે. એક વહેપારીનું ચિત્ર નજર સમક્ષ રાખો. પૈસો ભેગો કરવા માટે કેટલા ભયમાંથી પસાર થાય ! ટેક્સ બચાવવા તથા સરકારની નજરમાંથી બચવા કેટલા કાળા ધોળા ? અને કદાચ પકડાય તો કેટલો ભય ! હાથકડી અને જેલના સળીયા પાછળ સબડવાનું ! રેડ પડવાની ઓચિંતી ખબર પડે કે ભરેલું ભાણું મૂકીને દોડે, ફોન ઉપર ફોન કરે. કેટલો ભય ! અને કંઈક વાર તો ઉંબરામાં ઉભેલા પોતાના માણસોમાં પણ ઈન્સપેકટરો, ઓફીસરોની કલ્પના કરીને ભયભીત બની જાય. શિયાળાની કડકડતી ઠંડીમાં પણ પરસેવો છૂટે. આ બધું બને છે કેમ ? ધનની કારમી આસક્તિ અને પરિગ્રહ પરનો મમત્વભાવ.

આચારંગ સૂત્ર પણ તે જ બતાવે છે કે, "से हु दिट्ठपहे मुणी जस्स नत्थि ममाइयं"। જેને મમત્વ નથી તે મોક્ષમાર્ગને જાણવાવાળા મુનિ છે. જેમ કરોળીયો પોતાના મુખમાંથી લાળ કાઢીને તેની જાળ બીછાવી તેમાં ફસાઈને અંતે પોતાના હાથે પોતાનું મોત નોતરે છે, પણ તેને કદાચ કોઈ સમજાવવા જાય તો તે ન સમજે, કારણ કે તે અજ્ઞાન છે, પણ હે બુદ્ધિશાળી માનવ ! તું તો બુદ્ધિનો ભંડાર છે. તારી વિકસિત બુદ્ધિમાં તને એટલી વાત તો સમજી શકાય તેમ છે કે હું આ મમત્ત્વની જાળમાં ફસાયો, આ પરિગ્રહની પાતળી લાળ પણ જો ન છૂટી તો તે મારા માટે "महाभयावहं" ઘણું ભયાવહ છે. શેનો ભય ? આ મમત્ત્વના બંધન પાછળ ભય છે દુર્ગતિનો. જન્મ મરણના દુઃખનો. આ ભયમાંથી મુક્ત બનવું હોય તો મહાપુરૂષો કહે છે કે મમત્ત્વના બંધન તોડો.

મમત્વના બંધનને તોડી દીક્ષા લેવા તૈયાર થયા છે એવા ચંદ્રયશકુમારને સુદર્શનની

જનતા કહે, અમે આપને નહિ જવા દઈએ, ત્યારે ચંદ્રયશે પ્રજાને સારી રીતે સમજાવી. પછી નમિરાજને કહ્યું–ભાઈ! અહીંની પ્રજાનું અને મારા ધર્મનું પૂર્ણ રીતે પાલન કરજે. આ સંસાર અનિત્ય છે. તેનો જે રીતે હું ત્યાગ કરીને જાઉં છું તે પ્રમાણે તમારે પણ પછી ત્યાગવું પડશે. તમારા દરેક સુખના ભોગે પણ પ્રજાની પારમાર્થિક આબાદી સાધજો. પ્રજાનું પુત્રવત્ પાલન કરજો, તો તેનો બદલો તેવો મળશે. મારા વિયોગથી તેમને થતું દુઃખ ભૂલાવી દેજો. પ્રેમનો બદલો પ્રેમથી દેજો. આ ઉત્તમ આર્યભૂમિની કીર્તિ તથા તે સાથે તમારી કીર્તિ ઐતિહાસિક કરજો, ઉજ્જવળ બનાવજો. પ્રભુ તમને સદ્બુદ્ધિ આપે.

ચંદ્રયશના આ વચનો સાંભળી નમિરાજે કહ્યું–ભાઈ! જેમ રામે ભરતને સમજાવ્યા હતા તેમ આપે મને સમજાવ્યો છે. રાજ્યનો ભાર મારા પર લેવાથી હું ગભરાઉં છું. જે રાજ્યનો ત્યાગ કરી ભાઈએ દીક્ષા લીધી તે રાજ્ય જો હું લઈ લઉં તો લોકો પર સારી અસર નહી થાય. લોકો એમ કહેશે કે ચંદ્રયશે ત્યાગેલ રાજ્ય નમિરાજે લઈ લીધું, અને પોતે રાજા બની ગયા. વીરા! તારું કહેવું ઠીક છે, પણ તું એમ માનજે કે મને ભાઈએ એક કાર્ય સોંપ્યું છે. રામના કહેવાથી ભરતે રાજ્ય લીધું ત્યારે તેમણે એમ માન્યું હતું કે હું રાજ્ય ચલાવતો નથી, હું આ રાજગાદીનો હક્કદાર નથી, પણ રામે મને જે કાર્ય સોંપ્યું છે તે કામ ચલાવવાને માટે રાજ્ય શાસન ચલાવીશ. રામ વનનું કામ કરશે ને હું આ રાજ્યનું કામ કરીશ. જેમ ભરતે માન્યું હતું, તેમ તું પણ માનજે કે હું ચંદ્રયશની જેમ અત્યારે દીક્ષા લઈ શકતો નથી, પણ તેમની આજ્ઞા પાળવા તેમનું સોંપેલું કામ કરું છું. વીરા! આપની આ શિખામણ મારા હૃદયમાં વસી ગઈ છે, અને મારા રોમેરોમમાં ઉતરી ગઈ છે. હું તે કદી ભૂલીશ નહિ. આપ થોડીવારમાં રાજપાટ ત્યાગી દેશો આવો મને ખ્યાલ ન હતો. આપનો આ આદર્શ મહાન છે. આથી હું આપને નમસ્કાર કરું છું.

**નમિરાજાએ કરેલો રાજ્યનો સ્વીકાર** : બીજી બાજુ પ્રજા નમિરાજને કહે છે, આપે ચંદ્રયશ રાજાનું કહેવું માની રાજગાદી સ્વીકારવા સંમતિ આપી એ અમારું મહાન સદ્ભાગ્ય છે. ચંદ્રયશ રાજા તો દીક્ષા લેશે પણ અમને આપ જેવા રક્ષક મળી ગયા એટલે આનંદ છે. હવે આપ અહીંનું રાજ્ય સંભાળો. અમને છોડીને જશો નહિ. આપ પોતે અહીંના છો એમ માનજો, પણ એમ ન માનશો કે હું મિથિલાનો રાજા છું, અને અહીં તો માત્ર રાજ્ય ચલાવું છું. હવે તમે અમારા રાજા થયા. અમારા માટે જેમ ચંદ્રયશ હતા તેમ આપ છો. આપ પણ એમ જ માનજો કે મારે મન જેવી મિથિલાની પ્રજા છે તેવી અહીંની પ્રજા છે. અમને મિથિલાની પ્રજાની માફક માનજો. પ્રજાની વાત સાંભળી નમિરાજે કહ્યું–હે મારા વહાલા પ્રજાજનો! મને રાજ્યનો મોહ નથી. હું વડીલ ભાઈની આજ્ઞાથી રાજસિંહાસને બેસું છું, પણ આપ મારી ભૂલ થાય તો કહેજો. હું રાજસિંહાસને તો બેસું છું, પણ જ્યારે આપના હૃદય સિંહાસને મારું સ્થાન જમાવીશ ત્યારે મને શાંતિ થશે. રાજા થવાથી મારું એ કર્તવ્ય છે કે હું પ્રજાની રક્ષા કરું અને પ્રજાને

પ્રાણ સમાન પ્રિય માનું. આ પ્રમાણે નમિરાજ અને પ્રજા વચ્ચે વાતચીત થયા પછી નમિરાજે રાજ્ય સ્વીકાર્યું. ચંદ્રયશે કહ્યું, હું મારા લઘુબંધુ નમિરાજને મારો તાજ પહેરાવું છું, એમ કહીને આશિષ આપીને નમિરાજનો રાજ્યાભિષેક કર્યો. પ્રજાજનોએ ચંદ્રયશ મહારાજાની જય અને સાથે નમિરાજ મહારાજાનો જયજયકાર બોલાવ્યો.

નમિરાજાનો રાજ્યાભિષેક કરી ચંદ્રયશ દીક્ષા લેવા તૈયાર થયા. ચંદ્રયશને પાંચ પત્નીઓ હતી, તેથી ચંદ્રયશ તેમની પત્નીઓ પાસે ગયા ને કહ્યું–જો તમે પાંચે મારી પ્રિય પત્નીઓ હો તો મને આજ્ઞા આપો. હું સંયમ માર્ગે જઈને મારા આત્માનું કલ્યાણ કરું. પત્નીઓએ પતિ સાથે ઘણી ચર્ચા કરી, પછી છેવટે તેમણે કહ્યું–મહારાજા! આપના વિચાર ઘણાં ઉત્તમ છે, પણ આપ અમને એક વચન આપો. ચંદ્રયશના મનમાં થયું કે શું વચન માંગશે? તમે કહો તો ખરા. પત્નીઓએ કહ્યું, હવે અમને રાજસુખનો મોહ નથી. અમારા હૈયામાં સત્તા કે સંપત્તિની કોઈ ભૂખ નથી. આપ જ્યારે સંસાર ત્યાગીને દીક્ષા લો તે દિવસે અમે પાંચે બહેનો પણ સંસાર ત્યાગ કરીએ એવી ભાવના છે. અમારી આ ભાવનાને સાકાર બનાવો તો આપને અમારી આજ્ઞા છે. પતિની પાછળ પાંચે પત્નીઓ દીક્ષા લેવા તૈયાર થઈ. જેને આત્માના આનંદનો, આત્માની સમજણનો સાચો પારસમણી મળી જાય તે કાચના ટુકડા સમાન સંસારના સુખોમાં રાચે ખરા? ના.

એક વખત એક અવધૂત યોગી ગામ બહાર નદી કાંઠે પધાર્યા. તે નાની ઝૂંપડી બાંધીને રહેવા લાગ્યા. તે ગામમાં એક ગરીબ બ્રાહ્મણ રહેતો હતો. તે કથાઓ કહીને પોતાના કુટુંબનો નિર્વાહ કરતો હતો. આ બ્રાહ્મણ ખૂબ પવિત્ર હતો. સમય પસાર થતાં એક દિવસ એવો આવ્યો કે કુટુંબ નિર્વાહ કેવી રીતે કરવો? તેના માથે કેટલુંક દેવું થઈ ગયું હતું. હવે શું કરવું? તે ખૂબ મૂંઝાવા લાગ્યો. છેવટે તેને યાદ આવ્યું કે ગામ બહાર એક અવધૂત યોગી પધાર્યા છે. હું તેમની પાસે જાઉં. બ્રાહ્મણે તે યોગી પાસે જઈને વાત કરી. યોગીએ આંખ ખોલીને તેના સામું જોયું ને કહ્યું, ભાઈ! તારી આવી કરૂણ કથની સાંભળીને મને દુઃખ થાય છે, પણ મારી પાસે અત્યારે તરપણી સિવાય કાંઈ નથી. રોજ ૧૨ વાગે ગામમાં ભિક્ષા લેવા જઉં છું. આવીને જમું, પછી બીજે દિવસે જમું છું. અત્યારે તમને કાંઈ મદદ કરી શકું તેમ નથી. નથી મારી પાસે દ્રવ્ય કે નથી મારી પાસે ધન. હું તો સંસારનો ત્યાગ કરીને નીકળી ગયો છું. ગરીબ બ્રાહ્મણ નિરાશ થઈને ચાલ્યો ગયો.

**નિસ્પૃહી મહાત્મા :** યોગીના મનમાં થયું કે બિચારો ત્રણ ત્રણ દિવસનો ભૂખ્યો હતો. તે કંઈક આશાથી મારી પાસે આવ્યો હતો, પણ મારી પાસે કંઈ હતું નહિ, તેથી નિરાશ થઈને તે પાછો ગયો. યોગીની આંખમાં આંસુ આવી ગયા. સામે ખેતરમાં ખેતર ખેડતો ખેડૂત આ બધું દૃશ્ય જોતો હતો. બ્રાહ્મણ થોડે દૂર ગયો. ત્યાં યોગીને કંઈક યાદ આવતા તેને બૂમ પાડીને પાછો બોલાવ્યો. શું છે બાપુ? મારી ભૂલ થઈ ગઈ કે મેં તને કહ્યું કે મારી પાસે કંઈ નથી, પણ તારા ગયા પછી મને યાદ આવ્યું.

મને થોડા દિવસ પહેલા નદીએ સ્નાન કરવાં જતાં પારસમણિ જડયો હતો. મારે તો તેની કોઇ જરૂર ન હતી પણ કોઇક ગરીબ માણસને કોઇક દિવસ કામ લાગશે, એમ વિચારી મેં તેને સામેના ઝાડની બખોલમાં મૂકી રાખ્યો છે, ચાલ હું તને બતાવું. પારસમણિ શબ્દ સાંભળતા બ્રાહ્મણ તો ચમકયો, અહો ! પારસમણિ તો લોઢાને સોનું બનાવે. પારસમણિ મળતાં દરિદ્રતાનું દુઃખ લુપ્ત થઈ જશે. બ્રાહ્મણ અને સંત ત્યાં ગયા. સંતે ઝાડની બખોલમાંથી પારસ કાઢયો, અને પેલા બ્રાહ્મણને આપતા કહ્યું–લો, આ પારસ લઇ જાઓ. આ પારસથી ગરીબાઇ કાયમને માટે ટળી જશે. ખેતરમાં રહેલા ખેડૂતે આ બધું જોયું ને તેમની વાતચીત પણ સાંભળી. બ્રાહ્મણના મનમાં થયું કે આ યોગીએ અત્યારે મને પારસ આપ્યો છે, પણ કાલે કદાચ તેની બુદ્ધિ બગડે ને પાછો માંગે તો ? માટે ઝટ રવાના થવા દે. તેથી બ્રાહ્મણ તો ત્યાથી વિદાય થયો.

ખેડૂત યોગી પાસે આવ્યો ને કહ્યું–બાપજી ! આપના શરીર પર કપડાં પણ સારા નથી. ફાટલા છે. તો આપે પેલા બ્રાહ્મણને પારસમણિ કેમ આપી દીધો ? તે તો અત્યંત કિંમતી વસ્તુ છે. આપની પાસે એવો કયો પારસમણિ છે કે જેની પાસે આપને આ પારસ તુચ્છ લાગે છે અને જેને આટલો સમય બેપરવાઈથી વૃક્ષની બખોલમાં રાખ્યો હતો ! સંતે કહ્યું, તે તો મામૂલી છે. મારી પાસે એથીયે વધુ કિંમતી પારસ છે, એ પારસને તો ચોર–ડાકૂ લૂંટી જાય, રાજા પણ લઈ લે, પણ મારી પાસે જે પારસ છે તે તો મહા મૂલ્યવાન છે. તે પારસ ( ના રસ ) હતો પણ મારી પાસે આખો રસ છે, તેથી તે પારસની કિંમત મને કંઇ જણાતી ન હતી. આખો રસ એ આત્માનો આનંદ છે, તે અજોડ છે, તેની સરખામણીમાં જગતનું દરેક સુખ નિરસ અને તુચ્છ લાગે છે. જેને આત્માની ઓળખ થઈ ગઈ છે એને મન પારસની કંઈ કિંમત નથી.

**યુદ્ધમંડપ બન્યો દીક્ષામંડપ :–** ચંદ્રયશને સાચો પારસમણિ મળી ગયો. તે દીક્ષા લેવા તૈયાર થયા. નમિરાજે તેમનો દીક્ષા મહોત્સવ ઉજવ્યો. જ્યાં યુદ્ધમંડપ હતો ત્યાં દીક્ષામંડપ બની ગયો. ચંદ્રયશે પંચમુષ્ટિ લોચ કરી સંયમ માર્ગ સ્વીકાર્યો. લોકો કહેવા લાગ્યા કે આ સંસારમાં આવા પુરૂષો પણ છે, અને મયણરેહા જેવી રત્નકુક્ષી માતા પણ છે, કે જેણે વાણી દ્વારા યુદ્ધ મટાડી પુત્રનું આ પ્રમાણે કલ્યાણ કર્યું. સુવ્રતા સાધ્વીજી તેમના ચરણમાં પડ્યા, અને કહ્યું, હવે તમે અમારા વંદનીય બન્યા. જો કે તમે મારા પુત્ર છો, પણ શાસ્ત્રમાં સાધ્વી કરતાં સાધુનું પ્રધાન પદ છે. તમે અમારા પૂજનીય છો. ચંદ્રયશ મુનિએ કહ્યું, આપ ભલે મોટા માનો પણ વાસ્તવમાં તો આપ મારા ગુરૂણી છો. મારા પર આપનો અનંત ઉપકાર છે. ચંદ્રયશની પત્નીઓએ પણ સુવ્રતા સાધ્વીજી પાસે દીક્ષા ગ્રહણ કરી. ચંદ્રયશ મુનિ તો ત્યાંથી વિહાર કરી ગયા. સુદર્શનની પ્રજા પોકે પોકે રડી. રાજવી ચંદ્રયશ, રાજર્ષિ ચંદ્રયશ બનીને વગડાની વાટે ચાલી નીકળ્યા.

સુવ્રતા સાધ્વીજી (મયણુરેહા) પણ બધાને સંતોષ આપી ત્યાંથી વિહાર કરીને પોતાના ગુરૂણીની પાસે ચાલ્યા ગયા. બંને ભાઈઓ વચ્ચે કલેશ મટાડી, યુદ્ધવિરામ કરાવી, વૈરને સ્થાને વાત્સલ્ય વહાવી, સંગ્રામને સ્થાને સ્નેહ વરસાવી સતી સુવ્રતા સાધ્વીજી જ્યારે ગુરૂણી પાસે ગયા હશે ત્યારે સાધ્વી સુવ્રતાના મુખેથી આ બધી વાત સાંભળી ગુરૂણીને કેટલો બધો આનંદ થયો હશે! મયણુરેહાએ તો પોતાના ગુરૂણીને એટલું જ કહ્યું કે આપની કૃપાથી લડાઈ બંધ થઈ ગઈ અને શાંતિ થઈ ગઇ છે. ગંભીર ગુણીયલ જીવો ક્યારેય પણ પોતાની મહત્તા ન બતાવે. મયણુરેહાની સાથે જે બીજા સતીજી હતા તેમણે કહ્યું કે આ સતી કેટલા ભાગ્યશાળી છે! તેમના પુત્ર રાજા છે, છતાં તેઓ કેટલી નમ્રતાથી રહે છે ને સેવા કરે છે! તેમને એ વિચાર પણ નથી આવતો કે હું રાજપતિ રાજાની માતા છું. તેમણે માત્ર વાણી દ્વારા લડાઈ બંધ કરાવી.

**પ્રજાના હૃદય સિંહાસન પર આસન જમાવ્યું નમિરાજે:–** નમિરાજ હવે મિથિલા અને સુદર્શનના રાજા થયા. પ્રજાને ખૂબ પ્રેમથી રાખે છે. થોડા સમયમાં તો તેમણે પ્રજાના હૃદય સિંહાસને સ્થાન મેળવી લીધું. પ્રજા બોલવા લાગી–ખરેખર નમિરાજ બીજા ચંદ્રયશ છે. નમિરાજ રાજ્ય ચલાવે છે પણ તેમના અંતરમાં એ ખટકારો છે કે સંસારથી ક્યારે મારો છૂટકારો થાય? તમને થાય છે આવો ખટકારો? જો ઘડિયાળનો ખટકારો બંધ થઈ જાય તો તમે તેને રીપેરીંગમાં લઈ જાવ અને એને ચાલુ કરાવો. તમારો ખટકારો બંધ થઈ ગયો છે તેને ચાલુ કરાવવા મોટા મોટા ગુરૂવર્યો પાસે તમને લઈ જઈએ તો પણ તમારો ખટકારો ચાલુ થતો નથી. નમિરાજને રાજ્યમાં વસવા છતાં આ ખટકારો છે. પ્રજાની રક્ષા પણ બરાબર કરે છે. જે રાજા સત્યવાદી છે, પ્રજાનું ધન લૂંટતા નથી, તેવા રાજાને પ્રજા ચાહે એમાં કોઈ નવાઈ નથી. રામે લક્ષ્મણને અને સીતાજીને કહ્યું હતું કે તમે મને ગમે તેટલા વહાલા હો પણ જો તમારા કારણે પ્રજાનું અકલ્યાણ થતું હોય તો તમારો બંનેનો ત્યાગ કરું, એટલું જ નહિ પણ પ્રજાના હિત માટે મારા પ્રાણ દેવા પડે તો તૈયાર છું. જે રાજાની આવી ભાવના અને પ્રજા પ્રત્યે લાગણી હોય તેવા રાજાને કોણ ન ચાહે? નમિરાજ પણ આવી ભાવનાથી રાજ્ય ચલાવે છે. જેમ સૂર્યમંડળ સર્વ જગાએ ફરે છે, સવારમાં પૂર્વ દિશામાં હોય, બપોરે માથા પર હોય ને સાંજે પશ્ચિમ દિશામાં હોય, તેમ નમિરાજા મિથિલા અને સુદર્શનપુરમાં ફરીને રાજ્ય કરવા લાગ્યા, અને પ્રજાજનોને આનંદ અને સંતોષ આપવા લાગ્યા.

**હવે ન જોઈએ આ સંસાર:–** નમિરાજા આનંદથી રાજ્ય ચલાવે છે. સમય જતાં તેમને એક દીકરો થયો. ધીમે ધીમે કુમાર મોટો થવા લાગ્યો. ભણીગણીને તૈયાર થયો અને બરાબર રાજ્ય સંભાળે તેવો થયો ત્યારે નમિરાજ વિચાર કરવા લાગ્યા. અમારા કુળમાં પરંપરાથી પ્રથા ચાલતી આવી છે કે દીકરો રાજ્ય સંભાળે તેવો થાય ત્યારે પિતા રાજ્યનો ત્યાગ કરી સંયમ માર્ગે જાય. હું મોટો થયો અને મિથિલાની

રાજગાદી મને મળી ત્યારે મારા પાલક પિતા પણ સંસાર છોડી ત્યાગના પંથે ગયા. મારા વડીલ ભાઈ ચંદ્રયશ પણ સંયમ માર્ગે ગયા. તો હવે મારો પુત્ર પણ રાજ્ય સંભાળે તેવો તૈયાર થયો છે. માટે મારે પણ આ સંસાર છોડી આત્મકલ્યાણ કરવું જોઈએ. તમને આવો વિચાર આવે છે ખરો? દીકરાને ઘેર દીકરા થયા તો પણ છોડવાનું મન થતું નથી. છોડો...છોડો...છોડવા જેવો છે સંસાર. પુત્ર ઉંમર લાયક થતાં નમિરાજે તેને પરણાવી રાજગાદીએ બેસાડ્યો. હવે આ કાંટાળી વાડમાંથી બહાર નીકળવું છે. તેમને સંસાર કાંટાળી વાડ જેવો લાગ્યો તો છોડવા માટે તૈયાર થયા, પણ તમને તો સંસાર કાંટાળી વાડ નહિ પણ મીઠો સાકર જેવો લાગ્યો છે. નમિરાજ સમજે છે. આ રાજમુગટની શોભા બધી નકામી છે.

**રાજમુગટ છે શોભા નકામી, માથે છે ભવનો ભાર.**

રાજાને માથે તો ભવના ભાર વધે છે. રાજ્યમાં રહીએ એટલે સારી-ખોટી આજ્ઞાઓ કરવી પડે, ને પાપના ભાતા બાંધવાના, માટે હવે ન જોઈએ આ રાજ્ય, ન જોઈએ આ સંસાર, જોઈએ માત્ર સંયમ. છ છ ખંડના અધિપતિ એવા ચક્રવર્તીઓ પણ રાજસુખ છોડીને નીકળી ગયા છે, માટે મારે પણ તે માર્ગ અપનાવવો જોઈએ. મારે માટે તે દિવસ ધન્ય ગણાશે કે જ્યારે હું પુત્રને રાજ્ય સોંપી સંયમ લઈ આત્માનું કલ્યાણ કરીશ. નમિરાજ આ પ્રમાણે વિચાર કરી રહ્યા છે, ત્યાં કેવું નિમિત્ત આવીને મળશે તે ભાવ અવસરે.

**ચરિત્ર :** ગુણદત્ત અને ગુણચંદ્ર બંને મૃત્યુના મુખમાં ઉભા છે, છતાં તેમની નીડરતા જોઈને ચંડાળના હાથ મારવા માટે ના પાડે છે. હે જાનમલ! તું શું વિચાર કરે છે? લઈ લે આ મોતી અને તારા જીવનની દરિદ્રતા દૂર કર ને પાપનો ધંધો છોડી દે. અમે બંને નિર્દોષ છીએ. ભાઈ! જે લાડવા અમારા માતા-પિતાએ રાજકુમારો માટે બનાવ્યા હતા તે અમારાથી ખવાઈ ગયા ને અમારા લાડવા એમની પાસે ગયા. કેવી રીતે અદલ બદલ થઈ ગયા તે ખબર ન પડી, ને પરિણામે આ શિક્ષા આવી પડી. અમારો કોઈ દોષ નથી. તું અમારા પર દયા લાવીને, કરૂણા કરીને અમને જીવતદાન આપ. અમને આ બંધનમાંથી મુક્ત કર તો તારો ઉપકાર જીવનમાં ક્યારે પણ નહિ ભૂલીએ.

**ચાંડાલકે દિલમેં કરૂણા આઈ, નિર્દોષ હૈ દોનોં ભાઈ,**
**બંધન સૂ મુક્તિ કીની, એક બાત સાફ કહ દીની.**

કહેવાય છે કે આખરે સત્યનો વિજય થાય તેમ ચાંડાળોના ક્રૂર હૃદય કોમળ બની ગયા. હૃદયમાં ભારોભાર ક્રૂરતા ભરી હતી તેના બદલે કરૂણાના ઝરણાં વહેવા લાગ્યાં. મોતી જોઈને તેને મોતી લેવાનું મન થઈ ગયું. મોતી લઈ લીધા ને બંને કુમારોને અભયદાન આપ્યું. તેમના હાથપગમાં બેડીઓ નાંખી હતી તે બંધનો તોડી નાંખ્યા. બંને નિર્દોષ પંખીડાઓને બંધન છોડી ઉડાડી દીધા. પછી ચાંડાળ કહે છે, ભાઈઓ! મેં તમને આ પિંજરમાંથી ઉડાડ્યા છે પણ હે પંખીડાઓ! આપ એટલું ધ્યાન રાખજો કે

તમે ક્યારે પણ આ નગર તરફ ન જોશો. તેમના માતાપિતા આ નગરમાં છે, પણ કોણ તેમને સમાચાર આપે કે તમારા ફૂલ જેવા નિર્દોષ બાળકો મૃત્યુના પંજામાંથી છૂટી ગયા છે. માબાપને તો ખબર નથી એટલે એ બિચારા તો કાળો કલ્પાંત કરે છે.

**જંગલમાં મંગલ :–** બંને પંખીડા ઉડી ગયા અને ત્યાંથી ભાગવા લાગ્યા. ત્રણ દિવસ સુધી ચાલ્યા કર્યું. ચાલતા ચાલતા એક અઘોર અટવીમાં પહોંચ્યા. જ્યાં વાઘ–સિંહની ભયંકર ત્રાડો સંભળાતી હતી. બંને બાલુડા દિવસે ચાલે ને રાત્રે ઝાડ પર ચઢી જાય. ભૂખ–તરસ ખૂબ લાગી છે. ખાવા માટે સાથે ભાતું પણ નથી. બંને બાળકો પાણીની શોધમાં ફરે છે. ત્યાં જંગલમાં મંગલ સમાન એક વૃક્ષની નજીક મહાન વિભૂતિના દર્શન થયા. મુનિને દૂરથી જોતાં તેમનું મસ્તક નમી પડ્યું. આંખો હસી રહી. હૈયું ઉછળી રહ્યું, દેહતાપ શમી ગયો. પગમાં જોમ આવ્યું. મુનિ નિજાનંદમાં મસ્ત હતા. તે એકલા અટૂલા ચાલ્યા જતા હતા, નથી મસ્તકે છત્ર કે નથી પગે પગરખા. થોડી વારે આ ભાઈની જોડી ત્યાં પહોંચી ગઈ. મુનિને જોઈને 'મત્થએણ વંદામિ' કહીને વંદન નમસ્કાર કરી સુખશાતા પૂછી. મહાત્માએ તે બંનેના અંતરના ભાવ જાણી શ્રુતવાણીની સુંદર કડીઓને હૃદયસ્પર્શી બનાવી પીરસવા માંડી. સંસારમાં સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ એ ક્રમ ચાલ્યા જ કરે છે. આપ હિંમત ન હારશો, ગભરાશો નહિ. આપ દુઃખના માર્યા ભાગ્યા લાગો છો, આપ ધર્મને છોડશો નહિ, અરિહંતાદિ ચાર શરણાં સાથે રાખજો. દુઃખ પછી સુખ આવશે. અંતરના કોડિયે ધર્મને અપનાવો. જરૂર તમારા જીવનમાં પ્રકાશ થશે. જીવનમાં સુંદર ઓપ લાવનાર અણગાર ધર્મ તરફ પ્રયત્નવંત બનો. ગુરૂદેવ! સર્વ ત્યાગ માટે હજુ અમે અસમર્થ છીએ. એમ કહીને બાળકો ત્યાંથી ચાલ્યા, અને મહામુનિ પણ વિહાર કરી ગયા.

**મંગલમાં અમંગલ :–** બાળકો પાણી માટે ફરતા હતા, ત્યાં દૂરથી એક કૂવો જોયો. કૂવામાંથી પાણી કાઢવું કેવી રીતે? આજુબાજુ તપાસ કરતા નાનું દોરડું શોધી કાઢ્યું. ગુણદત્ત કહે–ભાઈ! તું બેસ. હું આ દોરડાથી પાણી ખેંચું છું, એમ કહીને પાણી ખેંચવા જાય છે, ત્યાં દોરડું તૂટી ગયું. દોરડાની સાથે ગુણદત્ત પણ કૂવામાં પડી ગયો. આ જોઈને ગુણચંદ્ર તો ખૂબ રડવા લાગ્યો, અરે વિધાતા! હવે હું એકલો શું કરીશ? તને આ બંને ભાઈની જોડી પણ ન ગમી કે તેં તોડી નાખી! ક્રૂર વિધાતા! તને દયા ન આવી કે આ નાનો ભાઈ એકલો શું કરશે? ગુણચંદ્ર ભાઈ–ભાઈના પોકારો કરે છે પણ આ જંગલમાં તેના પોકાર કોણ સાંભળે? ભાઈ! હવે હું શું કરીશ? ખૂબ રડે છે. અરે! કોઈ તો વહારે આવો ને મારા ભાઈને બચાવો. છેવટે પોતે હિંમતવાન બન્યો ને તેણે એક યુક્તિ શોધી કાઢી.

**ધોતી ઔર સાફા રો ફિર જોડ, કુવાકો કાંઠો છોર બાંધ્યો**
**ગાંઠો દેઈને ઉતાર્યો નીચે, ભાઈને ઝટ ખીંચે.**

પોતાની પાસે જે ધોતીયું હતું તેને ગાંઠો વાળીને દોરડું બનાવ્યું અને તે દોરડું

કૂવામાં નાંખ્યું, પછી કહે ભાઇ! તું આ દોરડાનો છેડો મજબૂત પકડજે ને પકડીને ઉપર આવ. હું તને ખેંચી લઉં છું. મહા મુશ્કેલીએ ભાઈને બહાર કાઢયો. કૂવામાં પાણી ઘણું હતું, તેથી પાણીમાં ડૂબવાથી તે ગૂંગળાઈ ગયો હતો, એટલે કંઈ બોલી ન શકયો. કૂવામાં તો પડયો પણ ભાગ્યયોગે બચી ગયો. ભાઇને બહાર કાઢયો ત્યાં બેભાન થઈ ગયો. ઘણો પવન નાંખ્યો, પાણી છાંટયું પણ ભાનમાં આવતો નથી. કૂવામાં પડયો તેથી પાણી ઘણું પીવાઈ ગયું છે. ગુણચંદ્ર ભાઇને સૂવાડી પંખીઓને ભલામણ કરી, આપ મારા ભાઇને સાચવજો, હું જંગલમાં લાકડા શોધવા જાઉં છું. થોડા લાકડા મળ્યા, અને ચકમકના પથ્થર મળ્યા તે લઇ આવ્યો. ભાઇ પાસે લાકડા મૂકી ચકમકના પથ્થર વડે અગ્નિથી લાકડા સળગાવ્યા ને ભાઈને તાપણી કરાવવા માંડી. થોડી વાર થઇ ત્યાં તેને ભાન આવ્યું, ત્યારે ગુણચંદ્રનો જીવમાં જીવ આવ્યો. બસ, હવે સારું થઈ જશે. તેને ખૂબ આનંદ થયો. ગુણદત્ત કહે વીરા! તેં તારી બુદ્ધિથી યુક્તિ શોધીને ધોતીયાનું દોરડું બનાવ્યું, તો હું ઉપર આવ્યો. નહિ તો હું આજે મરી જાત. ધન્ય છે તારી બુદ્ધિને!

પછી કહે ભાઈ! આપણુને ભૂખ બહુ લાગી છે. અહીંથી આપણે એક નગરમાં જઈએ. ત્યાં મહેનત મજુરી કરીશું ને આપણી ક્ષુધા મટાડશું. એમ વિચાર કરીને બન્ને ભાઈઓએ ચાલવા માંડયું. જંગલથી હજુ શહેર ઘણું દૂર હતું. પહોંચતા લગભગ અડધી રાત થઈ જાય. સાથે કોઈ સથવારો નથી કે શહેરના જાણીતા નથી, એટલે અજાણ્યા પ્રદેશમાં અડધી રાત્રે કયાં જાય? એટલે નક્કી કર્યું કે આજની રાત આ જંગલમાં પસાર કરીએ. બંને ભાઈઓ એક મોટા વડની નીચે બેઠા. જંગલ ભયંકર છે. સિંહના ઘડુકા સંભળાય છે. બીજા જંગલી પ્રાણીઓની રાડો સંભળાય છે, એટલે ગુણદત્ત કહે ભાઈ! આવા વિષમ સ્થાનમાં બંનેએ સાથે સૂઈ જવું તે બરાબર નથી. આપણે વારાફરતી એકેક જાગીએ. ગુણદત્ત કહે ભાઈ! તું પહેલા સૂઈ જા. હું ચોકી કરું છું. હું બે વાગ્યા સુધી જાગીશ, પછી હું સૂઈ જઇશ ને તું ચોકી કરજે. કર્મની કઠીનાઈ, કર્મની વિચિત્રતા હવે સાંભળજો. લલાટે લખ્યા લેખ કોણ ભૂંસી શકે? બાળકોના પાપનો ઘોર ઉદય છે. ફાંસીમાંથી છૂટ્યા ત્યાં કૂવામાં પડયા. કૂવામાંથી બચ્યા. હવે શું થાય છે તે સાંભળજો.

અડધી રાત થઈ ગઈ. નાનો ભાઈ તો ઘસઘસાટ ઉંઘે છે. ગુણદત્તને ઉંઘ આવે છે, પણ તેના મનમાં થયું કે મીઠી નિંદરમાં પોઢતા ભાઈને કયાં જગાડું! ભાવિના ભાવ કોણ મિથ્યા કરી શકે! હવે ભાઈને જગાડું કે નહિ? તેનું શરીર પણ ખૂબ થાકી ગયું હતું, એટલે તેને પણ ઉંઘ આવતી હતી. બીજી તરફ નાના ભાઇની નિંદરમાં સ્ખલના કરવા મન માનતું ન હતું. હવે શું કરવું? વન એટલે સેંકડો ભયોની ગુફા! છેવટે ઇચ્છા નહિ હોવા છતાં ગુણચંદ્રને જગાડયો ને પોતે સૂઈ ગયો. ગુણદત્ત સૂતો છે ને ગુણચંદ્ર ચોકી કરે છે. થોડો સમય તો જાગ્યો, પણ પછી તો તેને પણ ઉંઘ આવી

ગઈ. હવે બંને સૂતા છે, એમાં મોટાભાઈને માથે કઈ આપત્તિ આવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૬૮

**ભાદરવા વદ અમાસ રવીવાર** **તા. ૨૭-૯-૮૧**

જ્ઞાની પુરૂષો કહે છે કે આ જન્મમાં મેળવવા જેવું કાંઈ પણ હોય તો ભાવસાધુપણા રૂપ સંયમ છે, અને આવો સંયમ ખૂબ સારી રીતે પાળી છઠ્ઠા ગુણસ્થાનકની પ્રાપ્તિ કરવી અને સાતમા ગુણસ્થાનકનો સ્વાદ મેળવવો. આ સિવાય આ સંસારમાં સુખ માટેની કોઈ પણ સામગ્રી મેળવવા જેવી નથી. તેની ઇચ્છા પણ કરવા જેવી નથી. તો પછી ભોગવવાની તો વાત જ કયાં રહી?

આ સંસાર આત્મા સાથે જોડાયેલા કર્મોથી ચાલે છે. તમામ સંસારી જીવો કર્મસત્તાએ ત્રણે ભુવનમાં બિછાવેલી જાળમાં કારમી રીતે ફસાયેલા છે, અને તમામનો વાસ વિષયો રૂપી કુટીરમાં છે. તેમાં રાગ, દ્વેષ રૂપી બે મલ્લો છે. અજ્ઞાન જીવો ક્રોધ, માન, માયા, લોભ રૂપી કષાયોને અને પાંચે ઇન્દ્રિયોના વિષયોને પરવશ છે. તેમના ઉપર મોહનો એટલે વિષયોનો પાશ પડેલો છે. વળી આત્મા સ્નેહ રાગમાં ફસાયેલો છે. આ જાળ તોડી નાંખવી જોઇએ, અને વિષયો રૂપી કુટિરમાંથી બહાર નીકળી જવું જોઇએ. સમ્યગ્જ્ઞાન મેળવવું જોઇએ. પાંચે ઇન્દ્રિયો અને મનના માલિક બનવું જોઇએ. જેથી ઇન્દ્રિયો તથા મનનો સારો ઉપયોગ કરી ચારે કષાયોને દબાવી તેનો પણ આત્મકલ્યાણમાં સારો ઉપયોગ કરી શકાય. સંસારમાં જીવને અનુકૂળ સંયોગો ઉપર ખૂબ રાગ થાય છે, અને પ્રતિકૂળ સંયોગો ઉપર ખૂબ દ્વેષ થાય છે. તેવા રાગ દ્વેષના પરિણામો છોડી દઈ સમભાવ કેળવવા જેવો છે. રાગ-દ્વેષ રૂપી મલ્લોને બોચીએથી પકડી દૂર ફેંકી દેવા જેવા છે. રાગ દ્વેષ હલાહલ ઝેરથી પણ અતિ ખતરનાક ઝેર છે. એ જે જીવોને ચઢયા તેઓ ભવોભવ માટે મર્યા સમજી લો. રાગ દ્વેષના મૂળ આત્મભૂમિના પેટાળમાં પથરાયેલા છે. એવા સુદૃઢ થયેલા આ મૂળ છે કે એને ઉખેડી નાંખવા તે સરળ કામ નથી, જલ્દી પતે તેવું કામ નથી.

સંસાર, જીવને વળગેલા કર્મોથી ચાલે છે, તેથી ભૂતકાળના કરેલાં કર્મોના ઉદયકાળમાં જે કાંઇ દુઃખો આવે તે તમામ આનંદથી હસતા મુખે વેઠી લેવા જેવા છે, કારણ કે તે દુઃખો આત્માએ કરેલા પાપના ઉદયથી આવે છે, તેથી આનંદથી વેઠી શકાય અને નિર્જરા કરી શકાય. શક્તિ હોય તો એવા દુઃખો તથા આવેલા પરિષહો દૂર કરવા જરા યે પ્રયત્ન ન કરતા ખૂબ આનંદથી સહન કરી લેવા અને શક્તિ ન હોય તો દુઃખો દૂર કરવા અનીતિનો ઉપયોગ ન કરવો. સંસારના સુખો પૂર્વસંચિત પુણ્યથી મળે છે, તે પણ ભોગવવા જેવા નથી, પણ છોડવા જેવાં છે. સંસારના તમામ સુખો જેમાં ઘર જમીન-વાહનો-કુટુંબ-પત્ની ઉપરાંત પોતાનું કહેવાતું શરીર તેનો પણ

સમાવેશ થાય છે. તે બધું છોડી દઈ ભાવસાધુપણાનું જીવન જીવવા માટે સંયમ લેવો ખૂબ જરૂરી છે. જ્યાં સુધી આવું સાધુ જીવન સ્વીકારી ન શકાય ત્યાં સુધી આત્માએ સંસારમાં એવી રીતે જીવવું જોઈએ કે સંસારમાં આવનાર તમામ દુઃખો ખૂબ આનંદપૂર્વક સહન કરી ભોગવી લેવા અને જે સુખોનો ભોગવટો કર્યા વિના ચાલે તેમ ન હોય તો પણ તે અનાસક્તપણે ભોગવવા.

આત્માને અજન્મ બનાવી મોક્ષ પ્રાપ્ત કરવા માટે દરેક આત્માએ સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર સંપૂર્ણપણે પ્રગટ કરવું જોઈએ. એ મોક્ષનો મહાન માર્ગ છે. તે માટે સંસારમાં મળતી તમામ સુખની સામગ્રીને લાત મારી, છોડી દઈ વહેલી તકે ભાવસાધુપણું મેળવવું જોઈએ. અંતે ગુણશ્રેણીએ ચઢી તમામ કર્મોનો નાશ કરી વીતરાગ બની કેવળજ્ઞાન પામી મોક્ષપદ મેળવવું જોઈએ.

**દાહ જ્વરનો પ્રકોપ** :–આપણા અધિકારના નાયક નમિરાજ સંસારમાં રહેવા છતાં અને રાજ્ય ચલાવવા છતાં અનાસક્ત ભાવે રહેતા હતા. પુત્ર મોટો થયો એટલે તેને રાજ્ય સોંપી સંયમ લેવાની ભાવના ભાવી રહ્યા છે. ત્યાં શું બન્યું! પૂનમની અજવાળી રાત્રી હતી. નમિરાજ મહેલના સાતમા માળે પોતાની સુખ શય્યામાં સૂતા હતા. ગ્રંથકાર લખે છે કે નમિરાજને ૧૦૦૮ રાણીઓ હતી. બધી રાણીઓ પણ ત્યાં સૂતી હતી. નમિરાજનું શરીર પણ સ્વસ્થ હતું. પણ કોણ જાણે રાતના અચાનક નમિરાજના મુખમાંથી ચીસ પડી ગઈ. બધી રાણીઓ જાગી ગઈ. રાજાને પૂછે છે, આપને શું થયું? કેમ ચીસ નીકળી ગઈ? મારા શરીરમાં કાળી બળતરા થાય છે, ને અસહ્ય વેદના થાય છે. આખા દેહમાં જાણે ઠેરઠેર લાવારસ વહેવા માંડયો, ને રોમેરોમમાં દાહજ્વર ભભૂકી ઉઠ્યો. અરે! શું કહું! તે વેદનાનું વર્ણન કરી શકું તેમ નથી. એવી ભયંકર વેદના થાય છે. નમિરાજ વિચારવા લાગ્યા કે અચાનક આ શું થયું? શરીરમાં દાહનો આટલો પ્રકોપ કેમ થયો? શું મારા ખોરાકના કારણે? ના...ના...આહારમાં તો કોઈ જાતની ખામી નથી. અને હું પથ્યથી રહું છું તો પછી અચાનક દાહ ક્યાંથી? આ દાહજ્વર અચાનક થયો છે, તેથી મારા પૂર્વકૃત કર્મોનું ફળ હશે.

**પીડાના શમન માટે ઉપચારો** :–પટ્ટરાણી આદિ બધાને ખૂબ ચિંતા થવા લાગી. મોટા મોટા વૈદો મહારાજાનો રોગ મટાડવા આવ્યા. નમિરાજનો ખંડ હવે વૈદોથી ભર્યોભાદર્યો રહેવા લાગ્યો. એક વૈદ આવ્યો ન આવ્યો ત્યાં બીજો હાજર જ હોય! એમના રોગની દવા શોધવા કેટકેટલા આયુર્વેદીય ગ્રંથોના પાના પલટાયા, પણ દાહ તો રોજ વધુ ને વધુ ભભૂકવા માંડયો. નમિરાજના દેહની રક્ષા કાજે આસપાસ સેંકડો વૈદોની ખડી ફોજ ઘૂમવા માંડી, પણ વેદનાનો વેગ ઓછો ન થયો તે ન થયો. રાજાની હજાર હજાર પત્નીઓ પથારી પાસે વીંટળાઈને ખડે પગે ઉભી રહીને પડતો બોલ ઝીલ્યા કરતી. નમિરાજની વેદનાની કરૂણતા જોતાં એમના દિલ દ્રવી ઉઠતા ને આંખમાંથી આંસુઓ પડતા. મિથિલાના રાજ્ય સિંહાસને બેસનારા નમિરાજને પથારીમાં પડયા પડયા આંસુ

સારવાનો કરૂણ અવસર આવી ગયો. એક દિવસ, બે દિવસ, એક સપ્તાહ, બે સપ્તાહ... ૧ માસ, બે માસ પાપના ઉદયનું કામ જોરદાર ચાલ્યું. અપાર પીડા છે. દિવસ-રાત બળું બળું થઈ રહ્યા છે. મખમલની શૈય્યામાં રાજા આળોટે છે, પણ તેથી દાહ ઓછો થતો નથી. એક વખત જે સારું લાગતું હતું તે બધું હવે એકાએક અકારું થઈ પડ્યું.

છ છ મહિના વીતવા આવ્યા છતાં હજુ રાજાનો રોગ કોઈ મટાડી શકતા નથી. વિચાર કરીએ તો લાગે છે કે એમના પૂર્વભવો તો સારા હતા. એ આપ સાંભળી ગયા, તો કયાંથી આવા પાપ બહાર ફૂટી નીકળ્યા? જ્ઞાની કહે છે કે પાપ કર્મ તો અસંખ્ય ભવો પહેલાના ય ઉદયમાં આવે છે. ભગવાન સૂયગડાંગ સૂત્રમાં બોલ્યા છે—

**अस्सिं च लोए अदुवा परत्था, सयग्गसो वा तह अन्नहा वा ।**
**संसारमावन्न परं परं ते, बन्धन्ति वेयन्ति य दुन्नियाणि ॥** અ. ૭. ગા. ૪.

જીવોએ ભૂતકાળમાં બાંધેલા કર્મો કે વર્તમાન ભવમાં બાંધેલા કર્મો પૈકી કોઈ કર્મ ચાલુ ભવમાં કર્તાને વિપાક-ફળ આપે છે. કોઈ કર્મ પાસેના બીજા ભવમાં ફળ આપે છે, અને કોઈ કર્મ સેંકડો ભવમાં ફળ આપે છે અને સેંકડો ભવે પણ ભોગવવા પડે છે. કોઈ કર્મ ચાલુ ભવમાં, કોઈ કર્મ બીજા કે ત્રીજા ભવમાં કે સેંકડો ભવે ઉદય આવતાં ભોગવવા પડે છે. જે પ્રમાણે કર્મ બાંધ્યા હોય તે પ્રમાણે ભોગવવા પડે છે, તો કોઈ કર્મ અન્યથા પ્રકારે ભોગવવા પડે છે. કોઈ કર્મના ફળ એક વાર ભોગવવા પડે છે. તો કોઈ કર્મના ફળ વિશેષ વાર ભોગવવા પડે છે. કર્મનો બંધ જીવના પરિણામ પ્રમાણે તીવ્ર કે મંદ, દીર્ઘ સ્થિતિ કે અલ્પ સ્થિતિનો પડે છે. કુશીલ મનુષ્યો હિંસા કરીને લાંબા કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરતા રહે છે. એક કર્મના ફળ ભોગવતા રાગ દ્વેષ કરીને, આર્તધ્યાન કરીને નવા નવા કર્મના બંધ બાંધે છે. આવી રીતે પોતાના કરેલા કર્મોનાં ફળ સૌ કોઇ ભોગવે છે.

નમિરાજાને કેટલાય ભવો પહેલાના કર્મો ઉદયમાં આવ્યા છે. ભગવાન મહાવીર પ્રભુને ઠેઠ ઋષભદેવ પ્રભુના વારામાં પોતે મરિચિના ભવમાં બાંધેલું નીચગોત્રનું કર્મ કેટલા લાંબા સમયે ભગવાન મહાવીર સ્વામીના ભવમાં ઉદયમાં આવ્યું. સમરાદિત્ય મહર્ષિને ઠેઠ પહેલા ભવથી માંડીને નવે ભવ સુધી ઘોર દુઃખ દેનારા પાપ ઉછળી આવ્યા ને? એવું નમિરાજાને બન્યું, માટે પુણ્યનો વિશ્વાસ કરવા જેવો નથી કે એનું અભિમાન કરવા જેવું નથી. કયા ભવના પાપ કયારે ઉદયમાં આવે એની ખબર નથી. આ પણ સંસારની અસારતા છે. કર્મો ઉદયમાં આવે ત્યારે ચમરબંધીની પણ શરમ ધરતા નથી. સનત્કુમાર ચક્રવર્તીની મનોહર, રમણીય કાયામાં એકી સાથે સોળ ભયંકર રોગો આવ્યા ને? પણ એ મહાન આત્માઓ તો આવું નિમિત્ત મળતાં જાગી ગયા ને સંસાર છોડીને સંયમી બની ગયા. મહાપુરૂષોને રોગ આવે તે પણ સારા માટે. દાહજ્વરનો રોગ છ છ માસથી મોટા રાજા જેવાને નાના બાળકની જેમ વ્યાકૂળ કરી રહ્યો છે.

નમિરાજાની પત્નીઓ બિચારી આવા ગુણસંપન્ન પતિ ઉપર અત્યંત સ્નેહ અને સમર્પણ ધરનારી એમને સંતાપનો પાર નથી. એક વાર રાણીએ નમિરાજને પૂછયું કે આપ પોતે બુદ્ધિમાન છો અને પોતાને માટે પોતે જાણી પણ શકો છો કે આપના શરીરમાં આ કયો રોગ છે! નમિરાજે કહ્યું–મારા શરીરમાં દાહજવર તો થયો છે, પણ મને લાગે છે કે આ દાહ મને સાવધાન કરવા માટે આવ્યો છે કે આ સંસાર અસાર છે. આ રોગ આવવાથી મને સંસાર અસાર દેખાય છે. તમને ક્યારેક રોગ આવે ત્યારે સંસાર અસાર લાગે છે ખરો? એ વખતે કદાચ લાગતો હશે. રોગ આવવાથી કોઈ સાવધાન થાય અથવા ન થાય પણ રોગ આવે છે તો સાવધાન કરવાને માટે.

**ચંદન ઘસતી રાણીઓના કંકણનો કેકારવ લાગે અકારો** :–છેવટે વૈદોએ કહ્યું–મહારાજાના શરીરમાં દાહજવર છે, માટે રાજાના શરીર પર બાવના ચંદનનો લેપ કરવો જોઈએ. તેનાથી તેમના શરીરે ઠંડક વળશે. રાજાને સારું થાય તે માટે કામ કરવા કોણ તૈયાર ન હોય! નમિરાજાની રાણીઓ જાતે ચંદન ઘસવા બેસી ગઈ. રાજ્યમાં તો અનેક દાસ દાસીઓ હોય પણ કોઈને હુકમ ન કરતાં જાતે ઘસવા બેસી ગઈ. એમને પતિ ઉપર ભારે સ્નેહ અને સમર્પણ છે, તેથી જાતે ઘસી ઘસીને લેપ કરે છે. ચોવીસે કલાક પાસે ને પાસે સેવામાં ખડે પગે રહે છે.

બધી રાણીઓ પોતાના પતિ માટે ચંદન ઘસવા બેઠી છે. એમના હાથમાં રહેલા સુવર્ણ કંકણો પરસ્પર અથડાતા ને એમાંથી મર્મર ધ્વનિ ને સ્વર્ગીય સૂરો ઉઠતા, પણ નમિરાજ આજે એ ધ્વનિને ખમવા પણ અશક્ત હતા. કંકણોના અવાજથી રાજાની નિંદ્રા ઉડી ગઈ. પટરાણી કહે મહારાજા! શું થયું? આપની નિદ્રા કેમ ઉડી ગઈ! રાજાએ કહ્યું, કોઈ ખ્યાલ પણ કેમ રાખતા નથી કે મિથિલાપતિ આજે માંદગીના બિછાને સૂતા છે? આટલો કર્ણભેદી અવાજ અહીં રાજમહેલમાં કેમ થઈ રહ્યો છે? મારી વેદના આ અવાજ પણ સહન કરી શકતી નથી. રાજાના શરીરમાં આ દાહજવરની વેદના એટલી હદે પહોંચી હતી કે તેઓ કંકણના કેકારવને (સંગીતને) પણ સાંભળી શકતા ન હતા. આ સૂરોમાં એમને તોપના ગડગડાટ સંભળાતા હતા. એક વાર પ્રિયતમાના જે કંકણનો રણકાર મધુરો લાગતો હતો, જીવનને આનંદ પમાડતો હતો, એ અત્યારે દુઃખદાયક બન્યો છે. નમિરાજની વ્યાકુળતાનો આરો રહ્યો ન હતો. વેદના વધતાં એમણે કહ્યું–આ રાજભવન છે, રણભૂમિ નથી હોં, કે અહીં આટલા બધા ધડાકા થાય છે.

પટરાણીએ કહ્યું–આપના ખંડમાં તો સંપૂર્ણ શાંતિ જળવાઈ રહે એ માટે કડક પહેરો રાખ્યો છે. આ અવાજ તો સુવર્ણ કંકણોનો છે. આપના શરીર પર લેપ કરવાને માટે રાજરાણીઓ ચંદન ઘસી રહી છે. એમના હાથમાં રહેલા કંકણો અરસપરસ અથડાય છે. એમાંથી આ સંગીત ઊભું થાય છે. શું આપની વેદનાએ આટલો બધો વેગ પકડયો છે કે આ ધ્વનિ પણ આપના કાનમાં શૂલની જેમ ભોંકાય છે! હું હમણાં જ આ અવાજ બંધ કરાવું છું. અમે આપના આનંદને માટે કંકણો પહેરીએ છીએ, પણ જ્યારે એનાથી આપને દુઃખ થાય છે તો હું હમણાં જ કઢાવી નાંખુ છું.

દરેક રાણીઓ આજે છેલ્લા કેટલાક દિવસોથી લોહી રેડીને ચંદન ઘસી રહી હતી. એ એકલું ચંદન નહોતું લસોટાતું પણ એમાં દિલની લાગણી, પતિનો પ્રેમ અને સમર્પણ પણ લસોટાઈ રહ્યું હતું. પટરાણીએ રાણીઓની પાસે આવીને કહ્યું–આપણે જે કંકણ પહેર્યા છે તે પતિને આનંદ દેવા માટે પહેર્યા છે, પણ પતિને તેના અવાજથી દુઃખ થાય છે, માટે તમે બધા સૌભાગ્યસૂચક એકેક કંકણ હાથમાં રહેવા દઈ બીજા કંકણ હાથમાંથી કાઢી નાંખો. આપણે ચંદન ઘસવું છે, પણ પતિને દુઃખ થવા દેવું નથી, માટે એકેક કંકણ રાખવાથી અવાજ થશે નહિ, ને પતિને શાંતિ થશે. પટરાણીના કહેવાથી બધી રાણીઓએ સૌભાગ્યસૂચક એકેક કંકણ રાખી બીજા કંકણ કાઢી નાંખ્યા, તેથી અવાજ બંધ થઈ ગયો. નિરવ શાંતિ પથરાઈ ગઈ.

નમિરાજા વિચારવા લાગ્યા કે હમણાં તો ભારે ઘોંઘાટ થઈ રહ્યો હતો, ને એકદમ કેમ બંધ થઈ ગયો ? શું રાણીઓને ખોટું લાગ્યું કે ચંદન ઘસવાનું કામ બંધ કર્યું ? એમણે પટરાણીને પૂછ્યું, ચંદન ઘસવાનું શું બંધ કરાવ્યું ? એના આધારે તો હું જીવું છું. વેદનાના વહેણને કંઈક પણ ઓછા કરે એવા ચંદન લેપ પણ શું બંધ કરાવી દેવા છે ? ના....ના ...મહારાજા ! આપને જેમ શાંતિ થાય તેમ કરવું એ અમારું કર્તવ્ય છે. જો કે સંસારમાં સ્વાર્થી સ્ત્રીઓ હોય છે, પણ અહીં એવી કોઈ સ્વાર્થી સ્ત્રી નથી. ચંદન ઘસવાથી આપને શાંતિ મળે છે, તો ચંદન ઘસવાનું અમે કેમ બંધ કરી શકીએ ? અમે અવાજ બંધ કર્યો છે પણ કામ બંધ કર્યું નથી. રાજાએ પૂછ્યું, અવાજ બંધ અને કામ ચાલુ કેવી રીતે ? મહારાજા, જો આપ કહો તો બધી રાણીઓને આપની સમક્ષ બોલાવીને એ બતાવું કે અવાજ કેવી રીતે બંધ થયો છે ? કંકણ એકથી વધારે હોય ત્યારે અવાજ થાય છે, પણ એક હોય છે ત્યાં અવાજ થતો નથી. રાણીઓએ સૌભાગ્યચિન્હ રૂપી એકેક કંકણ રાખી બધા કંકણો ઉતારી નાંખ્યા છે, જેથી અવાજ બંધ થઈ ગયો છે, પણ ચંદનના કચોળા તો ભરાઈ રહ્યા છે, ને ચંદન ઘસવાનું પણ ચાલુ છે.

નમિરાજા રાણીઓના આ વચન પર ગંભીર વિચાર કરવા લાગ્યા. એક શબ્દ પર તો વિચારોનું વૃક્ષ ઉગે છે. આત્મા આધ્યાત્મિકતાની સન્મુખ હોય તો શુભ વિચારોનું વૃક્ષ અને ભૌતિકતાની સન્મુખ હોય તો અશુભ વિચારોનું વૃક્ષ. આત્મભૂમિમાં જેવા વિચાર-બીજ વાવીશું તેવું જીવનવૃક્ષ એ વિચાર બીજમાંથી વિકસિત થશે. દૃષ્ટિ કઈ બાજુ છે એના પર આધાર છે. નમિરાજાની દૃષ્ટિ પુદ્દગલના રમકડા તરફ હોત તો રાણીઓના આ મીઠા બોલ પર એમનું આકર્ષણ વધત. અવાજ બંધ કર્યો, એનો ધન્યવાદ આપત. એમના મીઠા બોલ પર મોહઘેલી અશુભ વિચારણાઓનું વૃક્ષ ઉગાડત, પણ...ના નમિરાજાએ તો આત્મા તરફ દૃષ્ટિ કરી. એ આધ્યાત્મિક તત્ત્વ સન્મુખ દૃષ્ટિવાળા બન્યા.

**નમિરાજનું આત્મમંથનઃ**–નમિરાજ વિચારવા લાગ્યા. એક ત્યાં શાંતિ. એક ત્યાં મંગળ ! અનેક ત્યાં કોલાહલ ! અનેક ત્યાં સંઘર્ષ ! વેદનામાં તરફડતું નમિરાજનું મન હવે આંતર જગત ભણી મીટ માંડી રહ્યું હતું, તે વિરાગ ભણી ચાલતું થયું.

તેઓ કોઈ ઉંડા વિચારમાં સરક્તા જતા હોય એવો ભાવ એમના મુખ પર દેખાયો. અહો ! અનેક કંકણોમાં સંઘર્ષ થતો હતો અને એકમાં સંઘર્ષ મટી ગયો ! તો દુઃખ પણ ગયું. એક કંકણ જરા પણ શોરબકોર કરતું નથી. મારા શરીરને ત્રાસ ઉપજાવનાર કંકણ નહિ પણ કંકણોનો સમૂહ હતો, તેમ મારા આત્માને કલેશ ઉપજાવનાર આત્મા સાથેની ઉપાધિ છે. આત્મન્ ! અનેકત્વનો ત્યાગ કર અને એકત્વના આનંદનો ભોક્તા બન. આંતર જગતમાં પણ "એક ત્યાં આનંદ" આ સત્યનું સામ્રાજ્ય નથી શું ? આ કંકણ પણ એકાકી થતાં શાંત, પ્રશાંત બની ગયા તો આ મારો આતમદેવ પણ જો એકલો બને, નિઃસંગતાથી નેહ કરે, સંગના સ્નેહને છેહ દે, તો કેવી આધ્યાત્મિક શાંતિ પથરાય ! એક કંકણ રહેવાથી મંગળ થયું છે તે પ્રમાણે આત્માને માટે એકલા હોવાથી મંગળ થઈ શકે છે, માટે હે આત્મા ! તું સાવધાન થઈ જા. સંભવ છે કે આ દાહજ્વર મને આ જાતની સૂચના આપવા માટે આવેલ હોય ! ધન્ય છે ભાઈને કે જે સંસારનો ત્યાગ કરી ચાલ્યા ગયા, પણ ભાઈનો આદર્શ સામે હોવા છતાં હું હજુ સુધી સંસારમાં ફસાઈ રહ્યો છું, જો આ દાહજ્વર ન આવ્યો હોત તો હું હજુસુધી પણ સંસારમાં ફસાઈ રહેત, પણ તેણે મને સાવધાન કરેલ છે, માટે હવે મારે આ સંસારમાંથી નીકળી જવું જોઈએ. જ્યાં સુધી સ્નેહીમંડળથી વીંટળાયેલો રહીશ ત્યાં સુધી ભવ રૂપી ખળભળાટ ચાલ્યા કરશે, અને ત્યાં સુધી ઘડીપણ વિશ્રાંતિ નહિ મળે.

**બગડે બે :** આજ સુધી હું ભ્રમણામાં ભૂલ્યો. "બગડે બે" એ તો હું નાનપણથી શીખ્યો હતો, પણ તેનો ખરો અર્થ આજે કંકણે મને શીખવાડયો. તમે સમજ્યા ? "બગડે બે" એટલે શું ? એક મટી બે થયા કે બગડવાનું કામ શરૂ થયું. બે ના ચાર અને અનેક થતાં તેટલે દરજજે રાગદ્વેષ વધવા લાગ્યા, અને પુણ્ય પાપની આવક કરીને ચોર્યાશીની ઘટમાળમાં ભમવાનું થયું. નમિરાજની વેદના તો એટલી જ હતી, છતાં ય નમિરાજને વેદનામાંથી વિરાગની વાટ જડી ગઈ. તેઓ એ વાટે આગળ વધી રહ્યા હતા. ખરેખર એક ત્યાં આનંદ, ચિદાનંદ અને અનેક ત્યાં આંસુ ! આક્રન્દ ! આક્રમણ ! જ્યાં બે છે ત્યાં અવાજ છે. આ જીવ અનાદિથી એકલો છે, છતાં કોઈ સ્નેહીના મરણથી અથવા ધનાદિ ચાલ્યા જવાથી આત્માને દુઃખ થાય છે. પણ જ્ઞાની કહે છે કે જે ચીજો જવાની હતી એ ચાલી ગઈ, પછી તેમાં દુઃખી થવાની શી જરૂર છે ? જીવ જેમ જેમ અસંતોષ અને તૃષ્ણા વધારી પરિગ્રહ ભેગો કરતો જાય છે, તેમ તેમ એને દુઃખ અને ચિંતા વધે છે. જીવ જ્યારે જન્મે છે ત્યારે તો એકલો જ આવ્યો છે. અહીં આવીને તેણે બધી ઉપાધિ એકઠી કરી છે. તેમાં મારાપણું માનીને બેસી ગયો છે, પણ જીવ જાય છે ત્યારે એકલો જાય છે. આ રીતે નમિરાજા એકત્વ ભાવનાનું ચિંતન કરી રહ્યા છે. એ ભાવના ભાવતા તેમના જીવનમાં શો ચમત્કાર થશે તે અવસરે.

**ચરિત્રઃ**–ગુણદત્ત અને ગુણચંદ્ર બંને જંગલમાં આવ્યા છે. નાનો ભાઈ ચોકી કરે છે અને મોટો ભાઈ સૂતો છે. પવનની શીતળતામાં નાનાભાઈને પણ ઉંઘ આવી ગઈ. પ્રભાત થતા ગુણચંદ્ર જાગ્યો. તેના મનમાં પસ્તાવો થવા લાગ્યો. હે પ્રભુ ! હું કેમ સૂઇ ગયો !

અરે! આ મારો ભાઈ ગુણદત્ત કેમ જાગ્યો નહિ? મોટાભાઈને જગાડવા પ્રયત્ન કર્યા પણ ભાઈ જાગતો નથી. એટલે કહે છે મોટાભાઈ! મોટાભાઈ! ઉઠો...ઉઠો...હવે તો દિવસ ઉગી ગયો. ભૈયા! ઓ મારા ભૈયા! પણ કોણ બોલે?

ગુણચંદ્ર સમજી ગયો કે નક્કી કંઈક બન્યું લાગે છે. મારાભાઈની ઉંઘ તો કૂકડા જેવી છે. સ્હેજ પગનો સંચાર થાય કે તરત જાગી જાય ને આજે કેમ આમ! ખૂબ ઢંઢોળ્યો છતાં જાગતો નથી, ત્યારે કહે છે ભાઈ! એક વાર તો બોલ, તને શું થયું છે? ત્યાં તો સૂર્યના પ્રકાશનાં કિરણો પડતાં તેણે જોયું કે આખું શરીર લીલું કાચ જેવું થઈ ગયું છે. અરરર....મારા ભાઈને તો ઝેર ચઢી ગયું છે. તેના હૈયે હાથ પડી ગયો. નાગે ડંસ દીધો લાગે છે. હું સૂઈ ગયો ત્યારે મારા ભાઈની આ દશા થઈ ને! ખૂબ રડવા લાગ્યો મેં દુષ્ટે આ શું કર્યું? ઓ મારા બંધુ! વનમાં હું એકલો શું કરીશ? હું તમારી રક્ષા ન કરી શક્યો! ક્યાં માતા! ક્યાં પિતા! ક્યાં ગામ! ક્યાં તમે! ક્યાં હું! ક્યાં જાઉં! શું કરું? જ્યાં ભાગ્યદશા રૂઠી ત્યાં ઓલંભો કોને દેવો? અરે! મારો ભાઈ શું મરી ગયો?

**ગુણદત્તકો બેહોશ દેખકર, ગુણચંદ્ર કલ્પાંત કરે,**
**કૌન ઈસિકી બાત સુને, કૌન ઈસિકા નાથ!**

ત્યાં કરૂણ સ્વરે રડે છે. કાળો કલ્પાંત કરે છે, ઝાડ સાથે માથા પછાડે છે. અહીં ગમે તેટલું રડે પણ કોણ તેને છાનો રાખે? કોણ તેને આશ્વાસન આપે? વનવગડામાં ઉંચે આકાશ ને નીચે ધરતી સિવાય તેનું કોઈ નથી. જેમ જેમ રડતો જાય છે તેમ તેમ આંસુના મોતી બનતા જાય છે. ગુણચંદ્રે બધા મોતી ભેગા કરી એક કપડામાં બાંધી લીધા.

મોટાભાઈને ઝેર ચઢયું છે, પણ તે હજુ મરી ગયો નથી, પણ ગુણચંદ્ર બિચારો નાનો તેને શી ખબર પડે? તેણે માન્યું કે મારો ભાઈ બોલતો ચાલતો નથી માટે મરી ગયો છે. એમ માની પોતાની પાસે કપડું હતું તેમાં શબને બાંધી વૃક્ષ સાથે બાંધી દીધું કે જેથી કાગડા, કૂતરા આદિ કોઈ કોચી ન જાય. તેને બાંધીને અગ્નિસંસ્કાર કરવા માટે જંગલમાં લાકડા શોધવા ગયો, પણ જંગલમાં કયાંય ચંદનના લાકડા ન મળ્યા, ત્યારે બાજુમાં ભીમપુર નામનું મોટું શહેર છે તે બાજુ રવાના થયો. પગમાં જોમ નથી. ચાલતા ચાલતા નગરના દરવાજે પહોંચ્યો. જ્યાં મોટી મોટી મહેલાતો છે. ક્રોડાધિપતિ શેઠીયાઓ વસે છે. ત્યાં જઈને તે ઉભો રહ્યો. ત્યાં એક લક્ષ્મીદત્ત નામના શેઠ વસતા હતા. શેઠની વૃત્તિ નામ પ્રમાણે હતી. ધનના ભંડારને દેખી આનંદ પામતા. ધન હોવા છતાં કંજૂસીયા પૂરા. પરોપકાર કે ધર્મકાર્યમાં કોઈ દિવસ રાતી પાઈ પણ વાપરતા નહિ. માનના ગુમાનમાં એમ માને કે હું ગામનો અગ્રગણ્ય શ્રેષ્ઠિ છું. આવા લક્ષ્મીદત્ત શેઠ ધનસંચય કરવામાં બહાદુર હતા. લાભ વિના ક્યાંએ કોડી ખરચતા નહિ.

**આંસુના મોતી જોતાં લલચાયેલ શેઠ :** લક્ષ્મીચંદ શેઠ મહેલની બારીએ ઉભા ઉભા દાતણ કરતા હતા. આ કુમાર મહેલની સામે ઉભો છે, ત્યારે શેઠ કહે છે, અહીં

શા માટે ઉભો છે ? મારી સામે અને મહેલ તરફ ટગર ટગર શું જોઈ રહ્યો છે ! અહીંથી ચાલતો થા. હાથ ઉગામીને કહે છે, આંગણામાંથી ખસે છે કે નહિ ? નહિતર આ હાથ તૈયાર છે. ધનના નશામાં ચકચૂર બનેલા ધનવાનોને સાચા કાન અને સાચી આંખ હોતી નથી. તિરસ્કાર ભર્યા વચનો કહે છે. શેઠજીના આ શબ્દો ગુણચંદ્રને ખૂબ લાગી આવ્યા. હૈયું તો રડી રહ્યું હતું ને આવા વેણુ કવેણુ સાંભળવાના થયા, તેથી તેની આંખમાંથી ટપટપ આંસુઓ પડતા તે મોતી બન્યા. આ શેઠે જોયું. આ તો કોઈ ચમત્કારિક છોકરો લાગે છે અને તે રડે છે તો મોતી થાય છે. તિરસ્કાર કરનાર શેઠનું મન મોતીમાં લલચાયું. આ તો બહુ સારું, કમાવાની ચિંતા નહિ. હવે તેને પ્રેમથી બોલાવ્યો–દીકરા ! ઘરમાં આવ. તું શા માટે રડે છે ? તારે શું દુઃખ છે ?

બંધુઓ ! કર્મ રૂઠે ત્યારે માણુસ ભાન ભૂલી જાય છે. ગુણચંદ્ર પાસે મોતી તો હતા જ. એને ચંદનના લાકડા જોઈતા હતા, તો સીધો લાતીમાં ગયો હોત તો લાકડા મળી જાત, પણુ દુઃખ ભોગવવાનું હોય ત્યારે બુદ્ધિ બુઠી બની જાય છે. ગુણચંદ્રે શેઠને બધી વાત કરી. મારો ભાઈ જંગલમાં પડયો છે. સર્પદંશથી મૃત્યુ થયું છે, તેથી અગ્નિસંસ્કાર કરવા ચંદનના લાકડા લેવા આવ્યો છું. તું રડ મા, હું મારાથી બનતું બધું કરીશ, તું હજુ બાળક છે, આમ હિંમત હારી જશે તો રંગીલી દુનિયાના રંગ કેમ માણી શકીશ ? સંસારમાં સુખ દુઃખ આવ્યા કરે છે. ગભરાઈશ નહિ. માનવ માનવને સાથ નહિ આપે તો કોણુ આપશે ? એમ કહી વહાલથી મીઠો હાથ ફેરવ્યો. દુઃખી હૈયાને હુંફની જરૂર હોય છે. ગુણચંદ્ર બે હાથ જોડીને શેઠને કંઈક કહેવા જાય છે, ત્યાં તેનો કંઠ રૂંધાઈ ગયો. શેઠે કહ્યું દીકરા ! હું તારા બાપ સમાન છું. તું ખુલ્લા હૃદયે વાત કર, જેથી હૈયું હળવું બને.

શેઠના મીઠા શબ્દો પર ગુણચંદ્ર અંજાઈ ગયો. તે શેઠને પોતાની કરૂણુ કથની કહેવા તૈયાર થયો. બધી વાત કરે છે ને આંખમાંથી બોર બોર જેવડા આંસુ પડે છે તે આંસુ મોતી બન્યા. ગુણચંદ્ર શેઠના મીઠા વચનો પર અંજાઈ ગયો. એને કયાં ખબર હતી કે આ શેઠજી તો આંખના આંસુથી બનતા મોતીથી લોભાયા છે. છેવટે ગુણચંદ્રે કહ્યું, આપ કૃપાળુ છો. આપની પાસે એક વિનંતી કરું છું કે મારા વડીલ ભાઈના અગ્નિ સંસ્કાર માટે ચંદનના લાકડા આદિ આપોને. શેઠના મનમાં થયું કે જો હું એને લાકડા આદિ આપીશ તો આ મૌક્તિક સારતું પંખી ઉડી જશે. રત્નને ફેંકી દીધા પછી શોધ કયાં કરવી ? વગર મહેનતે મોતીની હેલી કયાંથી હોય ? હવે શેઠને મોતીનો લોભ લાગ્યો છે, તેથી ગુણચંદ્રને જવા દેશે નહિ, ને મોતી મેળવવા માટે તેને રડાવવા કેવા કષ્ટો આપશે ને શું બનશે તે અવસરે.

## વ્યાખ્યાન નં.-૬૯

આસો સુદ ૨ ને મંગળવાર તા. ૨૯-૯-૮૧

સર્વજ્ઞ સર્વદર્શી ભગવાને સંસારનું સ્વરૂપ સમજાવ્યું કે આ સંસાર કેવો છે? "अधुवे असासयम्मि, संसारम्मि दुक्ख पउराए"। અધ્રુવ છે. એમાં કોઇ પણ વસ્તુ સદા સ્થિર રહેવાવાળી નથી, માટે અધ્રુવ છે. અશાશ્વત છે. પર્યાય રૂપથી દરેક વસ્તુ સમયે-સમયે ઉત્પન્ન થાય છે અને નાશ થાય છે, માટે તે અશાશ્વત છે. એમાં શારીરિક તથા માનસિક અનેક પ્રકારના દુઃખો ભરેલા છે, તેથી એ દુઃખથી પ્રચુર પણ છે. આવા અધ્રુવ, અશાશ્વત, દુઃખથી ભરપુર, કે જેમાં સુખનું નામ નિશાન નથી એવો વિચિત્ર સંસાર! જ્યાં જન્મ, જરા, મૃત્યુના કારમા દુઃખો ભોગવવાના! શારીરિક, માનસિક, વ્યાધિઓની જ્યાં પરિસીમા નહિ. કેવી છે સંસારી જીવોની અસહ્ય યાતના! કેવું છે સંસારનું કરૂણ ચિત્ર! જ્યાં જ્યાં નજર નાંખો ત્યાં આહ, આંસુ, આક્રન્દ અને વિલાપ! આવા ચતુર્ગતિ રૂપ સંસારમાં કોણ ભમે છે? ભગવાને તેનો સુંદર જવાબ આપ્યો છે. ભગવાન બોલ્યા છે કે—

"भोगी भमइ संसारे, अभोगी विप्पमुच्चइ"।

ભોગી સંસારમાં ભમે છે પણ અભોગી એટલે યોગી સંસારમાં ભમતો નથી. તે તેનાથી મુક્ત થઈ જાય છે. હવે ભોગી કોને કહેવો અને યોગી કોને કહેવો? જે પાંચ ઇન્દ્રિયોના વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં સુખ માનીને તેમાં ચોંટી જાય છે, અને કર્મોનો ઉપચય કરે છે તે ભોગી. ભોગી જીવો પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત બનીને તેને ભોગવવામાં મહામૂલી જિંદગી વેડફી નાંખે છે. એવો ભોગી આત્મા સંસારચક્રમાં ભ્રમણ કરે છે. જ્યારે યોગીનો આત્મા એ બધાથી નિરાળો છે. પુણ્યોદયે પ્રચુર ભોગ-સામગ્રી મળી હોય, છતાં ભોગોને લાત મારીને આત્મસુખ મેળવવા માટે સાધનામાં લીન બને તે યોગી. આવો યોગી સંસારથી મુક્ત થાય છે. સંસારના દુઃખો ભોગવવાનું માત્ર ભોગીના લલાટે લખાયેલું છે, કારણ કે તેના તનમનનો તરફડાટ, અરે, ધનની પાછળ પાગલ બનીને ધન ભેગું કરવાની તીવ્ર લોલુપતા તો કેટલી! પણ તેના ભાગ્યમાં હોય તેટલું મળે છે અને અંતે તો બધું મેળવેલું મૂકીને પાપ ભોગવવા દુર્ગતિમાં ઉતારા કરવા પડે છે.

જ્ઞાનીપુરૂષોએ તો ભોગોને કિંપાગવૃક્ષના ફળની ઉપમા આપી છે. સિદ્ધાંતમાં ભગવાને શું નથી બતાવ્યું? પણ જોવા માટે દૃષ્ટિ તો કરવી પડે ને! કિંપાગવૃક્ષનું ફળ દેખાવમાં મનોહર, સ્વાદમાં મીઠું પણ પરિણામે જીવ અને કાયા જુદા કરી દે. કિંપાગવૃક્ષના ફળ ખાવાથી એક ભવની સમાપ્તિ થાય છે, જ્યારે ભોગને ભોગવનાર રસ રેડી રેડીને ભોગમાં આનંદ લૂંટનારની કઈ દશા થાય? કેટલા નવા ભવોનું સર્જન! માટે જ્ઞાનીપુરૂષોએ भमइ શબ્દ મૂકીને એ બતાવ્યું છે કે ભોગી જીવ સંસારમાં ભમે છે. તેનો સંસાર સુકાતો નથી, તો સમાપ્તિ તો થાય ક્યાંથી? જેના દિલમાં ભગવાન થવાની સાચી ભાવના થશે

તેની દૃષ્ટિમાં ભોગને ભોરીંગ સમજીને હેય બુદ્ધિ પ્રગટ થશે. સર્પનો ભય કોને ન હોય? તે પ્રશ્ન અસ્થાને છે, પણ આજના યુગમાં એ પ્રશ્ન પૂછવાની ભાગ્યે જ જરૂર રહે છે કે પાપનો ભય કોને છે? સંસારને હેય દૃષ્ટિથી જોવાની કળા જેને મળી તે આત્મા ભોગી મટી યોગી બને. જેને સર્વજ્ઞના વચન પર "विषफलोवमा" સંસાર "વિષફળના સમાન છે" તેવો અંતરનો વિશ્વાસ, શ્રદ્ધા પ્રગટે તો પણ આત્મા કમળની જેમ સંસારના કાદવથી ઉપર રહે. મહાપુરૂષો કહે છે કે આ સંસારમાં ભમવું ન હોય, ઘંટીના પડ વચ્ચે દાણા પીસાઈ જાય તેમ જન્મ, જરા, મૃત્યુના દુઃખમાં પીસાવું ન હોય તો ભોગી મટીને યોગી બનો.

**કંકણના કેકારવથી શોધેલી કલ્યાણની કેડી** :–જેમનો આત્મા યોગી બનવા તૈયાર થયો છે એવા નમિરાજર્ષિના શરીરમાં ભયંકર દાહજ્વર જેવી બળતરા થઈ. જાણે અગ્નિના ભઠ્ઠામાં બેઠા ન હોય એવી અસહ્ય બળતરા થઈ. તેને શાંત કરવા રાણીઓ ચંદન ઘસે છે, પણ તે અવાજ સહન થઈ ન શકવાથી બધી રાણીઓએ એકેક કંકણ રાખી બીજા બધા કાઢી નાંખ્યા. અવાજ બંધ થવાથી પૂછતા ખબર પડી કે રાણીઓએ એકેક કંકણ રાખીને બીજા ઉતારી નાંખ્યા છે. બસ, આ શબ્દોથી મહારાજા વિચાર-સાગરમાં ડૂબી ગયા. અહો! જ્યાં એક છે ત્યાં શાંતિ છે, આનંદ છે, અને બે છે ત્યાં ઝઘડો છે, સંઘર્ષ છે. જીવ આવ્યો ત્યારે તો એકલો આવ્યો હતો પણ અસંતોષ અને તૃષ્ણા વધારી પરિગ્રહ ભેગો કરતો ગયો તેમ એને ચિંતા ને દુઃખ વધતા ગયા. કંકણ એનો પ્રત્યક્ષ પૂરાવો છે. તંત્ર જેમ મોટું તેમ મનને કલેશ વધારે. બહુમાં સંઘર્ષ વધે તેથી કલેશ વધે. ભ્રમણાથી ભલે પહેલા સુખ દેખાય પણ અંતે તો દુઃખને લાવનાર છે. આ મારી પત્નીના કંકણોનો રણકાર મીઠો છે એવું હું આજ સુધી માનતો હતો પણ તે મારી ખોટી ભ્રમણા છે. જો રણકાર મીઠો હોત તો આજે કડવો કેમ લાગે? જ્યારે કંકણો અનેક હતા ત્યારે પરસ્પર અથડાતા અને મને પણ અથડામણીમાં ઘસડતા અને જ્યારે એક એક થઈ ગયા ત્યારે અથડાતા નથી ને મને પણ દુઃખ રૂપ બનતા નથી, તેમ આ માનવ જ્યારે જન્મ લે છે ત્યારે એક દૃષ્ટિએ એ એકલો હોય છે તેથી બાલપણના જીવનમાં કેવી શાંતિ હોય છે! પણ યૌવનનું પૂર આવતા પોતાનું એકત્વ એ ફગાવી દે છે ને અશાંતિના પડછાયા શરૂ થઈ જાય છે. પછી એ અનેક બનતો જાય છે અને એનું જીવન અશાંતિના કાળા ભ્રમર અંધારા નીચે આવતું જાય છે, માટે "**આનંદ છે એકત્વમાં, મસ્તી છે આનંદ-ઘનની એકાકી જીવનમાં.**"

એક હાથે તાળી ન પડાય. એક વાસણ કોની સાથે અથડાય? એકલાને કંઈ નહિ. એકાકી જીવને ઘર્ષણના દુઃખો ભાગ્યે જ જોવા મળે. સિદ્ધ ભગવાન એકલા છે તો એમને કંઈ દુઃખ નથી. તેમજ એ બીજાને દુઃખરૂપ બનતા નથી. કંકણ એકલા થઈ ગયા તો હવે દુઃખદાયક નથી, તેમ જીવનો શરીર સાથે સંયોગ થાય તેથી બેકલો થાય છે, તો જાતે દુઃખ વહોરે છે ને બીજાને દુઃખી કરે છે. માત્ર શરીર સાથે સંયોગ

થવાથી સંઘર્ષ વધે છે, દુઃખ વધે છે, તો જગતના બીજા સગા કે બીજી વસ્તુઓનો સંબંધ થવાથી સંઘર્ષ વધે એ તો સહજ છે.

નમિરાજાનો આત્મા કંકણનું નિમિત્ત મળતાં જાગૃત બન્યો. મહાપુરૂષોને જાગૃત થવા માટે આવું કંઇક નિમિત્ત મળી જાય છે. એ નિમિત્ત મળતાં એમનો આત્મા જાગી જાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૦ મા અધ્યયનમાં અનાથી મુનિની વાત આવે છે. તેમની આંખોમાં અસહ્ય પીડા થવા લાગી. તે વેદના કેવી હતી? જેવી રીતે ક્રોધના આવેશમાં આવેલો શત્રુ પોતાના શત્રુને એકાંત સ્થાનમાં લઈ જઈને તીક્ષ્ણશસ્ત્રો શરીરના મર્મસ્થાનો પર મારે ને જે અતુલ વેદના થાય તેવી વેદના અનાથી મુનિની આંખમાં થઇ. હૃદયમાં, માથામાં, કમ્મરમાં તો જેમ કોઇ ઇન્દ્રના વજ્રના પ્રહાર પડયા હોય તેવી દાહજવરથી અસહ્ય વેદના થતી હતી. તેમને સારું કરવા માતાપિતાએ વૈદો, હકીમો, ડોકટરો બધાને બોલાવ્યા ને માંગ્યા તેટલા મૂલ્ય આપ્યા, છતાં તેમની વેદના શાંત ન થઈ. છેવટે રાત્રે નિર્ણય કર્યો કે જો હું આ વેદનામાંથી મુક્ત થાઉં તો "खन्तो दन्तो निरारंभो, पव्वइए अणगारियं"। ક્ષમાવાન, પાંચ ઈન્દ્રિયોના દમણહાર અને સર્વ પ્રકારના આરંભથી રહિત થઈને હું અણગારપણાને ધારણ કરીશ. ખરેખર જયારે આવો નિર્ણય કર્યો તો બીજે દિવસે તેમની બધી વેદના શાંત થઈ ગઇ અને તેમણે બધાની આજ્ઞા લઇને દીક્ષા લીધી.

આ રીતે નમિરાજ પણ કંકણનું નિમિત્ત મળતાં આત્મભાવમાં ઝુકી ગયા, સંસાર ભાવ છૂટી ગયો ને આત્મભાવમાં રમણતા કરવા લાગ્યા. માનવનું મન જો વેદનામાં આંતર જગત તરફ વળે છે તો એ વિરાગ મેળવી શકે છે, અને જો એ બાહ્ય સંસાર તરફ ઝૂકે તો એને આગ મળે છે. નમિરાજ તો એકત્વ ભાવનામાં ઝુલી રહ્યા હતા. એમની મુખમુદ્રા પર પ્રસન્નતા હતી. વેદના હજુ શાંત થઇ નથી પણ હવે તેમનો ઉપયોગ દેહ પરથી છૂટી ગયો ને આત્મામાં આવી ગયો, તેથી બધાને એમ થયું કે તેમની વેદના શાંત થઈ લાગે છે. છ છ મહિનાથી વેદનાની વરાળમાં નમિરાજ શેકાઈ રહ્યા હતા પણ આ શુભ ભાવનાએ તેમની વેદનામાં શીતળતા આપી.

**વેદનામાંથી વિરાગ**:–પુનમનો ચંદ્ર પોતાની કળાઓ સાથે સંપૂર્ણ ખીલ્યો હતો. એનો શીતળ પ્રકાશ પૃથ્વીપર વસતા જીવોને શીતળતા આપતો હતો. નમિરાજના આંતર આકાશમાં આધ્યાત્મિકતાનો ચંદ્ર ખીલ્યો હતો. નમિરાજ વેદનામાંથી વિરાગ શીખી ગયા હતા. એ રાત્રે તેમણે એક દૃઢ નિશ્ચય કરી લીધો. "આ વેદનામાંથી જો હું સંપૂર્ણ મુક્તિ મેળવું તો કાલે સવારે આ વેદનામાંથી જડેલી વિરાગની વાટે ચાલ્યો જાઉં" ને એકત્વની અનુપમ મસ્તી માણું. નમિરાજાએ શું કર્યું? ભૌતિક સામ્રાજ્યને છોડી આધ્યાત્મિક સામ્રાજ્યના વર્ચસ્વને સ્વીકારવાનો નિર્ણય કર્યો. બાહ્યાભ્યંતર બીજી બધી વસ્તુના વર્ચસ્વ મૂકી દેવા સજાગ બન્યા ને માત્ર આત્માના વર્ચસ્વને રાખવાનો નિર્ણય કર્યો, આત્માનું દમન કરવા તૈયાર થયા. આત્માનું દમન એટલે શું? આત્મા ભૌતિક સામ્રાજ્યના આદેશો પાછળ રાંકડો થઈ મજુરી ઉપાડે છે, તેને કબજામાં લેવો

અને આધ્યાત્મિક સામ્રાજ્યના કર્તવ્યમાં ઓતપ્રોત કરી દેવો, આધ્યાત્મિક ગુણો રૂપી સંપત્તિ મેળવવામાં આત્માને ઉદ્યમશીલ બનાવવો. કષાયો, સંજ્ઞાઓ, શલ્યો વગેરે અશુભ ભાવોમાં પરોવાતા આત્મા પર કડક અંકુશ મૂકી ક્ષમાદિ ભાવો, દાનાદિ ગુણો, નિઃશલ્યતા, શુભ ધ્યાન વગેરે ભાવોમાં લયલીન બનવું એ આત્મદમનનો માર્ગ છે. નમિરાજાએ દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. સાચો સંકલ્પ સિદ્ધ થયા વિના રહેતો નથી. પૃથ્વીમાં વાવેલા બીજને પાણી, પ્રકાશ અને પવન મળે છતાં અંકુરા ન ફૂટે એવું બને ખરું ? ના, ફુટે જ. નમિરાજના આ વિરાગની પાછળ વેદના કારણભૂત ન હતી, પણ મનનો વળાંક ધર્મ તરફ વળ્યો હતો ને વિરાગ જાગૃત થયો હતો. આ સંકલ્પની પાછળ ભોગ નહિ પણ ત્યાગ હતો. એકત્વના સંકલ્પ સાથે નમિરાજ સૂતા ને ખરેખર આશ્ચર્ય થયું.

મહિનાઓથી, દિવસોથી આંખની પાંપણ જે ઢળી ન હતી તે ઢળી ગઈ. નમિરાજ એ રાત્રે મીઠી નિંદરમાં પોઢી ગયા. શરીરમાં શાંતિ હોય તો ઉંઘ આવે છે. જ્યારે વેદના થાય છે ત્યારે નિદ્રા પણ આવતી નથી. નારકીના જીવો હંમેશા કેમ જાગતા રહે છે, તેનું એક જ કારણ કે તેને જરા પણ શાંતિ નથી અને શાંતિ નહિ હોવાથી ઊંઘ પણ આવતી નથી. નમિરાજને એ રાત્રે ઊંઘ આવી ગઈ. બધાના મનમાં થયું કે વૈદ્યોના ઓસડિયા આખરે ફળ્યા ખરા, પણ એ બધાનો ભ્રમ હતો. એક દૃઢ સંકલ્પે આરોગ્યને પાછું લાવવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. નમિરાજાને ઊંઘ આવવાથી તેમની રાણીઓને તથા કુટુંબમાં બધાને આનંદ થયો. નમિરાજા સૂતા છે ત્યારે તેમની આંખોમાં એક સ્વપ્ન રમી રહ્યું હતું. એ સ્વપ્ન મિથિલાનું ન હતું.

**"નમિરાજાને આવેલું મહાન સ્વપ્ન"**—નમિરાજે સ્વપ્નમાં પોતાને મેરૂ પર્વતના શિખર ઉપર પંડગવનમાં અષ્ટદંતા શ્વેત હાથી પર બેઠેલો જોયો. કેવું સુંદર સ્વપ્ન ! જે મેરૂ પર્વતના પંડગવનમાં અનંતા તીર્થંકર ભગવંતોના કલ્યાણકો સુરસુરેન્દ્રોએ ઉજવ્યા. નમિરાજ આ સ્વપ્ન જોતાં વિચાર કરવા લાગ્યા કે હું પણ ભગવંતોના કલ્યાણકો ઉજવવા આ મેરૂ પર્વત પર ક્યારેક ગયો હોઈશ. એ વિચારતાં વિચારતાં તેમણે સાતમું દેવલોક જોયું. દેવલોકમાંથી હું દેવપણે મેરૂ પર્વત પર ભગવાનના કલ્યાણકો ઉજવવા ગયો હતો. દેવલોકમાં ઉત્પન્ન થયા પછી ભગવાનના જન્મ સમયે તથા સમોસરણમાં આવીને મહાન લાભ લીધો હતો. તે અને પોતે આગલા જન્મમાં સંયમ પાળવાથી દેવ બન્યો હતો વગેરે બધી પૂર્વભવ સંબંધી હકીકત સ્વપ્નમાં જોઈ. આવું સુંદર સ્વપ્ન પુણ્યશાળીને આવે. નમિરાજાનો હવે મહાન ભાગ્યોદય જાગવાનો છે. શેનો ભાગ્યોદય ! ચક્રવર્તી રાજા બનવાનો નહિ, અબજોનું માટીનું ધન મેળવવાનો નહિ પણ અનંતા ભવોનો નાશ કરનાર ચારિત્ર-રત્ન મળવાનો ભાગ્યોદય ! અજ્ઞાન માણસ દુન્યવી સુખ સંપત્તિ મળે એને ભાગ્યોદય માને છે પણ એ ભૂલવા જેવું નથી કે એ બધા ભવવર્ધક છે. **"ભાગ્યોદય તે ગણાય કે જે મળવાથી ભવ કપાય, મોક્ષ નિકટ બને, કર્મ કચરો ટળે ને ક્ષમાદિ ગુણરત્નો મળે."**

નમિરાજાએ સ્વપ્નમાં જે જોયું તેના પર વિચારે ચઢ્યા. અહો ! આજે મેં સ્વપ્નામાં

જે કાંઈ જોયું તે બધું મારું પરિચિત દેખાય છે. તેઓ વિચારના ઉંડા જળ-વમળમાં ખૂંપતા ચાલ્યા. થોડી પળો પસાર થઈ. વિચારતા વિચારતા નમિરાજને જાતિસ્મરણ જ્ઞાન થયું. જાતિસ્મરણ જ્ઞાન થવાથી અને પૂર્વભવ જાણવાથી નમિરાજે એ નિશ્ચય કર્યો કે હવે દીક્ષા લઈને આત્માની શુદ્ધ અવસ્થાને મારે પ્રાપ્ત કરવી. નમિરાજા સવારે જાગ્રત થયા. તેમનો તો નિર્ણય એટલે નિર્ણય ફરે નહિ. હવે તમને પૂછું કે તમને કોઈ એવો ભયંકર રોગ આવ્યો ને નમિરાજ, અનાથી મુનિ જેવી ભાવના કરી અને કુદરતે રોગ મટી ગયો તો તમે બીજા દિવસે દીક્ષા લો કે શું કરો? તમે એમ વિચાર કરો કે દીક્ષા તો લેવી છે, છોકરો મોટો થયો છે તો તેના લગ્ન કરી લઉં ને પછી ધંધો બધું બરાબર સોંપીને પછી દીક્ષા લઈશ. કેમ, આવો જ વિચાર કરો ને? તમારો નિર્ણય ક્યાં રહ્યો! જ્ઞાની કહે છે તું બીજાનું જોવા જાય છે, એના કરતાં તારા આત્માનું જોને!

નમિરાજે જાતિસ્મરણ જ્ઞાનમાં સાતમું દેવલોક, ત્યાંની રિદ્ધિ સિદ્ધિ બધું જોયું. અહો! હું તો દેવલોકમાંથી અહીં આવ્યો છું. દેવલોકની રિદ્ધિ શાશ્વત છે પણ હું તો શાશ્વત ન રહી શક્યો ને? મારે એ સ્થાન તો છોડવું પડયું ને? એ રિદ્ધિ બધું પણ મૂકીને આવવું પડયું ને! ત્યાંની રિદ્ધિ શાશ્વત હતી તો પણ મારે એને છોડીને આવવું પડયું ને? અહીંની રિદ્ધિ તો શાશ્વત નથી. નાશવંત છે, ક્ષણભંગુર છે, છતાં હું તેમાં લપટાઈ ગયો! બસ, હવે ના જોઈએ...ના જોઈએ...આ સંસાર ના જોઈએ. જાતિસ્મરણજ્ઞાને નમિરાજના વિરાગમાં વેગ વધાર્યો. કંકણના એ કેકારવમાંથી જન્મેલો વિરાગ હવે ખૂબ વૃદ્ધિ પામી ગયો. નમિરાજા સવારે જાગીને જુએ છે તો દાહજ્વરની પીડા બધી શાંત થઈ ગઈ. છ છ માસથી જે પીડાનું માપ નહોતું, અપરંપાર પીડા હતી તે હવે લેશ માત્ર રહી નથી. ભાવનાનો કેવો ભવ્ય ચમત્કાર!" શુદ્ધ ભાવની જેમ જેમ વૃદ્ધિ તેમ તેમ થાય ભવકટ્ટી."

સૂર્યની ગરમીથી જેમ ભરેલા તળાવના પાણી સૂકાઈ જાય છે તેમ ભાવરૂપ સૂર્યની ઉષ્ણતાથી જન્મ-મરણના તળાવો શુષ્ક થઈ જાય છે. ભવના અંધારા ઓસરવા માંડે છે. ભાવથી આત્મપરિણામમાં નિર્મળતા આવે છે. નિર્વેદ, નિર્લેપ અને નિરાગ સ્થિતિને પ્રાપ્ત કરી શકાય છે. ભાવથી શક્તિ પ્રગાઢ થઈ જાય છે, ત્યારે ભવની શૃંખલા પણ ક્ષીણ થઈ જાય છે. શુદ્ધ ભાવનાના પ્રતાપે જીવનમાં જાગૃતિનું મંગલ પ્રભાત જોઈ શકાય છે. જાગૃતિના દિનમણીનો પ્રકાશ રેલાતા આધિ, વ્યાધિ અને ઉપાધિથી પલાયન થઈ જવામાં જીવ પોતાનું શ્રેય સમજે છે, અને પછી પરમ અર્થની અનુભૂતિ થાય છે. નમિરાજના જીવનમાં જાગૃતિનો સૂર્ય ઉદયમાન થયો છે, તેથી સંસારથી પલાયન થઈ જવા તૈયાર થયા છે. વૈરાગ્યના ઝુલે ઝુલી રહ્યા છે. પણ રાણીઓના મનમાં થયું કે અમારા સ્વામીને આજે મીઠી ઉંઘ આવી ગઈ છે, માટે આપ કોઈ અવાજ કરશો નહિ, શાંતિથી સૂવા દો, હવે શું બનશે તે અવસરે.

**ચરિત્ર:**–કર્મની વિચિત્રતા તો જુઓ! એકના પંજામાંથી છૂટે ત્યાં બીજાના પંજામાં

ફસાય છે અને મહાન કષ્ટ ભોગવે છે. ગુણચંદ્ર લક્ષ્મીદત્તના પંજામાં ફસાઈ ગયો છે. ગુણચંદ્રે કહ્યું–શેઠજી! આપ મારા પર કૃપા કરો, ને મને લાકડા આપો, તેથી મારા ભાઈનો અગ્નિસંસ્કાર કરું, પણ આ શેઠ હવે જવા દે ખરા? તેમાં તેમનો સ્વાર્થ છે. મોતીનો લોભ લાગ્યો છે. સ્વતંત્ર ચારો ચરવા જતું આ બિચારું ભોળું પંખી પારધીના પંજામાં ફસાઈ ગયું. શેઠ કહે છોકરા! તારે સુખડના લાકડા જોઈએ છે ને? ચાલ, મારા ભોંયરામાં તને બતાવું, એમ કહીને શેઠ તેને ગુપ્ત ભોંયરામાં લઈ ગયા અને તેને ભોંયરામાં પૂરી દીધો. ગુણચંદ્ર વિચાર કરે છે અહો! સહાયતાને બહાને સ્વાર્થની લાલસાના આવા વર્તન! પોતાનો સ્વાર્થ સરતો હોય તો માનવ માનવતાને ઓળખી શકતો નથી. સામાના હૈયાની આહ પણ સુણતો નથી. એના દિલમાંથી દયાએ તો દેશવટો લીધો છે! ભોંયરામાં પૂરીને ખાવાપીવા પણ આપતો નથી, અને હન્ટરના માર મારે છે. કોમળ ફૂલ જેવું બાળક કેટલું વેઠી શકે? માર તો એટલો બધો મારે છે કે સોળ ઉઠી જાય. બિચારો ગુણચંદ્ર ત્યાં રડે છે. અહો! મારા ભગવાન! જો હું રડયો ન હોત તો મોતી પડત નહિ ને મોતી પડત નહિ તો શેઠ લોભી–લાલચુ બનત નહિ. મારું સુખનું સાધન મને દુઃખરૂપ બન્યું. મારા માટે તો જીવનમાં રડવું એ પણ પાપ છે. હું આવ્યો કાષ્ટ લેવા માટે ને પૂરાયો કાષ્ટના પિંજરામાં! એક પ્રમાદના કારણે મૃત્યુ જેવી ભયંકરતામાં મારા વહાલા ભાઈને ધકેલનાર આ પાપી એના અગ્નિસંસ્કાર માટે પણ અસમર્થ બન્યો. આ પાપથી હું કયારે છૂટીશ?

**ગુણચંદ્ર સોચમેં પડીયા, મેરા દુઃખકા ભોગ મેં બનીયા**
**અભી તો મુજને રોના નહિં, રોઉં તો ન પાઉં છૂટકારા.**

ગુણચંદ્રને ભોંયરામાં પૂરી માર મારે છે ને પછી બારણે તાળું વાસી દે છે, જેથી કયાંય ભાગી ન જાય. ગુણચંદ્ર વિચાર કરે છે કે હવે મને ગમે તેટલું મારે તો પણ રડવું નથી. રડીશ તો આંસુના મોતી બનશે ને શેઠ મને વધુ મારશે, માટે હવે રડવું નથી. મારા કરેલાં કર્મો મારે ભોગવવાના છે તેમાં દીનતા શા માટે બતાવવી? હે આત્મા! દીન બનીશ તો પણ કર્મો તો ભોગવવાના છે. આવેલું દુઃખ એમ ચાલ્યું જવાનું નથી. આવા સમયે પંચ પરમેષ્ઠી ભગવાનનું શરણું સાચું છે. હે આત્મા! તને એકાંત સ્થાન મળ્યું છે તો પરમેષ્ઠીનું ધ્યાન ધર. આ શેઠનો પરમ ઉપકાર માન કે તને ધર્મ કરવા માટે નિવૃત્તિનો સમય આપ્યો. ગમે તેવા વિઘ્નો હોય તો તે પરમેષ્ઠીના ધ્યાનથી ક્ષણમાં પલાયન થઈ જાય છે. વિઘ્નોની પરંપરા કસોટી કરવા આવે છે. જો મારા ભાગ્યનો ભાનું ચમકતો હશે તો વિપત્તિના વાદળા ક્ષણમાં વીખરાઈ જશે. થા...થા...ચેતન, નિર્ભય થા. એમ વિચારી પરમેષ્ઠીના ધ્યાનમાં લીન બન્યો.

ધ્યાનમાં લીન બનેલા ગુણચંદ્રને થોડી ઉંઘ આવી ગઈ. ભૂખ, શ્રમ અને દુઃખના એક સામટા હુમલા થવાથી તેને નિદ્રા આવી ગઈ. ઉંઘમાં તેને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે શું જોયું? લક્ષ્મીદત્ત શેઠને મારા પર ખૂબ કરૂણા આવી. ખૂબ સ્નેહભાવથી

બોલાવ્યો, તેથી તેની આંખોના આંસુ સૂકાઈ ગયા. શેઠે પોતાની કરૂણ કથની પૂછી. પોતે કઈ રીતે વડીલ બંધુની સાથે જંગલમાં આવ્યો અને આજ સુધીના દિવસો કેવી રીતે પસાર થયા તે બધી વાત કરી, અને અંતે શેઠ પાસેથી ચંદનના લાકડા આદિની સામગ્રી લઈને પોતે જંગલમાં જ્યાં ભાઈને સૂવાડીને આવ્યો છે ત્યાં પોતે જાય છે. જઈને તપાસ કરે છે. જે ઝાડની ડાળીએ બાંધ્યો હતો ત્યાં જુએ છે, તો પોતાના ભાઈનો દેહ દેખાતો નથી. ત્યાં એના પગ ઢીલા થઈ ગયા. ભાઈને ન જોતાં એના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઈ. એટલામાં સ્વપ્ન પૂરું થયું. આંખ ખોલીને જુએ છે તો ત્યાં નથી વન કે નથી મૃત કલેવર! પણ હતું અંધારપટનું ભવન. જ્યાં સૂર્યના એક કિરણનો પ્રકાશ પણ ન જઈ શકે, એવો ઘોર અંધકાર હતો. સ્વપ્નમાંથી જાગૃત થયો. પછી વિચારે છે કે હું ક્યાં છું? બરાબર આ સમયે શેઠે બૂમ પાડી. આ શેઠ તેને રોજ ખાવા માટે આપતા નહિ, પણ બે ચાર દિવસે લૂખું સૂકું ખાવાનું આપતા, તે આપવામાં પણ તેમનો સ્વાર્થ હતો. તે સમજતા હતા કે જો હું તેને ખાવા પીવા નહિ આપું તો ભૂખ્યો તરસ્યો તે મરી જશે. જો તે મરી જશે તો મને મોતી મળશે નહિ. શેઠનો આ સ્વાર્થ હતો! આ સ્વાર્થના કારણે તેને રડાવવા માટે માર મારીને અધમૂઆ જેવો કરી નાંખ્યો હતો. શેઠે તાળું ખોલી બારણું ઉઘાડ્યું. તું ગમે તેટલી બૂમો પાડીશ કે રડીશ પણ કોઈ સાંભળવાનું નથી, માટે બધા ધમપછાડા મૂકી દે. સ્વપ્નામાં મારાથી ચીસ પડાઈ ગઈ હતી. એ અવાજથી શેઠ ધમધમી રહ્યા છે. હે ગુણચંદ્ર! તું સાંભળ, તું મારા બંધનમાં છે. મારા મહેલના ભોંયરામાં છે. અહીંથી તું છૂટવા માટે ગમે તેટલા પ્રયત્નો કરીશ તો પણ છૂટી શકવાનો નથી. આટલું કહીને તે તો બહાર બારણે તાળું વાસીને ચાલ્યા ગયા. બીજે દિવસે સવારમાં જમવા માટે થોડું ખાવાનું અને બીજા હાથમાં હંટર લઈ ભોંયરામાં ગયા. ગુણચંદ્ર વિનયથી ઉભો થઈ ગયો. શેઠ આટલા વચનોના ને મારના પ્રહાર કરે છે છતાં એવા સમયમાં પણ વિનય ચૂકતો નથી, પણ એ વિનયની કદર ક્યાં થાય? જેનામાં માનવતાની મહેંક હોય તે કરે. આ શેઠને તો પોતાના સંકલ્પો સિદ્ધ કરવા હતા. એ સિદ્ધ કરવાના પ્રયાસથી પોતે હસે છે પણ બીજા રડે છે. એમને બીજાના દુઃખની ક્યાં પડી છે! દુઃખી જોઈને એમનું અંતર ભીંજાતું નથી. બસ તેમની આંખો તો માત્ર મોતીને ઝંખી રહી હતી. આવા દૈવી મોતી હું જલ્દી મેળવું. એના મનમાં તો ક્રોધનો લાવારસ ઉછળી રહ્યો છે, પણ મોતી મેળવવા છે એટલે એ લાલસાએ ક્રોધને દબાવી દીધો, અને કહ્યું–લે ભાઈ! આ નાસ્તો કરી લે. ગુણચંદ્ર વિચાર કરે છે, આ શેઠની પ્રકૃતિ–સ્વભાવ કઈ જાતનો છે તે હું સમજી શકતો નથી. શું તેને મારા પ્રત્યે અત્યારે લાગણી ને સ્નેહ ઉભરાયો છે કે પછી મીઠું મીઠું બોલીને પાછળ અંતે માર સર્જાયેલો છે? શેઠના આ મીઠા વચન પાછળ તેનો કરૂણ અંજામ કેવો આવશે તેના ભાવ અવસરે.

## વ્યાખ્યાન નં-૭૦

**આસો સુદ ૩ બુધવાર** તા. ૩૦-૯-૮૧

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતકાળથી આપણો આત્મા વિભાવદશામાં આળોટતો હોવાથી તેમજ મિથ્યાત્વમાં રાચતો હોવાથી અને સંસારના મોહમાં અટવાયેલો હોવાથી પૂર્ણતાએ પહોંચી શક્યો નથી. આ મનુષ્ય ભવમાં આવ્યા પછી પણ આપણે પહેલા કરેલી ભૂલો સુધારવાને બદલે ભૂલોનું પુનરાવર્તન કરી રહ્યા છીએ, તેથી આપણો સંસાર ઉભો ને ઉભો રહે છે.

જીવને મહાન પુણ્યોદયે મળેલ ઉત્કૃષ્ટ એવો મનુષ્ય જન્મ, આર્યભૂમિ, ઉત્તમ કુળ, સુદેવ, સુગુરૂ, સુધર્મ એવા અમૂલ્ય સાધનોની કિંમત સમજાણી નથી, તેથી જીવો પૈસા પાછળ પાગલ બની કાગડાને ઉડાવવા માટે પારસમણિ ફેંકી દેવામાં આવે તેમ માનવજિંદગી વેડફી નાંખે છે પણ એ જાણતા નથી કે માનવભવનું અંતિમ ધ્યેય મોક્ષનો આવિષ્કાર કરવો તે છે, અને મોક્ષનો આવિર્ભાવ કરવા માટે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું પ્રગટીકરણ કરવું અત્યંત જરૂરી છે. જ્યાં સુધી આ રત્નત્રય પ્રાદુર્ભાવ ન પામે ત્યાં સુધી પૂર્ણતાએ પહોંચી શકાતું નથી, પણ જીવની વર્તમાન સમયની પરિસ્થિતિ એવી છે કે જે પ્રાપ્ત કરવાનું છે તે માટે પુરૂષાર્થ કરતો નથી. અને જે નથી કરવા જેવું તેની પાછળ પાગલ બનીને ઘૂમી રહ્યો છે. અને અનંતા કર્મો ઉપાર્જન કરે છે, કે જે અનંતા ભવો સુધી જીવને નારકી નિગોદમાં ભટકાવે અને દુઃખોનો ભોગ બનાવે.

મોક્ષના પ્રાદુર્ભાવ માટે ત્રણ સાધનો ઉપયોગી છે. માનવ એ સાધક છે. મોક્ષ એ આપણું સાધ્ય છે અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણ સાધનો છે. મોક્ષ રૂપી સાધ્યને સાધવા માટે આ ત્રણ સાધનો અત્યંત આવશ્યક છે. આ ત્રણમાંથી એકને પણ છોડી દેવામાં આવે તો મોક્ષ મળવો અતિ દુર્લભ છે. વીતરાગ પ્રભુના વિરાટ શાસનમાં જન્મીને જો આપણે કર્મો ઉપાર્જન કરીએ તો આવું ઉત્કૃષ્ટ શાસન પામ્યાનો અર્થ શું ? પ્રથમ તો આપણે કર્મબંધ શેનાથી અને ક્યાં સુધી થાય છે તે જાણવું જરૂરી છે. શાસ્ત્રમાં બતાવવામાં આવ્યું છે કે આ સંસારમાં દરેક આત્મા જે સમયે આયુષ્ય કર્મ બાંધે ત્યારે આઠ કર્મ બાંધે અને આયુષ્ય કર્મ ન બાંધે તો આયુષ્ય વર્જીને જીવ સાત કર્મ બાંધે.

નવા કર્મો કોણ ન બાંધે ? ચૌદમા અયોગી ગુણસ્થાનકવાળા. તે સિવાય બંધ વગરનો કોઈ આત્મા અલિપ્ત રહેતો નથી. કેવળીને પણ એક શાતાવેદનીય કર્મનો બંધ હોય છે. મોક્ષમાં જતી વખતે જે ચૌદમું ગુણસ્થાનક આવે છે ત્યાં કર્મનો બંધ હોતો નથી. એ ગુણસ્થાનકની સ્થિતિ પાંચ હ્રસ્વ અક્ષર અ, ઈ, ઉ, ઋ, લૃ, બોલીએ તેટલી છે. ત્યાંથી આત્મા સીધો મોક્ષમાં જાય છે. ચૌદમા ગુણસ્થાનકે આત્મા આવે ત્યારે બંધ રોકાય છે, કારણ કે ત્યાં અકંપન દશા છે. ત્યાં મન, વચન, કાયાની કોઈ પ્રવૃત્તિ

નથી. એકથી દશ ગુણસ્થાનક સુધી કષાય અને યોગથી કર્મનો બંધ થાય છે, અને અગ્યારથી તેર ગુણસ્થાનક સુધી યોગથી કર્મનો બંધ થાય છે. વધુ કર્મો ભોગવે અને થોડા બાંધે ત્યારે આત્મા ઉંચે ચડે છે. અનાદિથી આત્મા કર્મબંધન કરતો આવ્યો છે. જે આત્મા શારીરિક, માનસિક અને વાચિક દુઃખોનો ડર ન રાખતા માત્ર આત્મચિંતનમાં રહે તે કર્મોને ઓછા કરી શકે છે ને નાશ કરી શકે છે. દરેક સમયે જે જે કર્મો ઉપાર્જન કર્યા છે તેમાં શરીર એ મુખ્ય કારણ છે, માટે શરીરને પહેલા લેવામાં આવ્યું છે. મનના પુદ્ગલો ગ્રહણ કરનાર શરીર છે, અને વચનના પુદ્ગલો ગ્રહણ કરનાર પણ શરીર છે. તે તે વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કર્યા પછી ભાષા અને મન રૂપે પરિણમે છે.

આત્મા વિભાવ દશા તથા મિથ્યાત્વમાં અહોનિશ આળોટતો હોવાથી તેનું લક્ષ ચોવીસે કલાક શરીર પર રહ્યા કરે છે, અને તે શરીરને હું (આત્મા) માનવા લાગી જાય છે. અજ્ઞાની બહિરાત્મા જીવ હું રૂપાળો છું, હું બળવાન છું, શક્તિશાળી છું. ઇત્યાદિ શરીરાદિમાં આત્માની અભેદ કલ્પના કરી સુખદુઃખ માને છે. જ્ઞાનીને શરીર અને આત્માનું ભેદ જ્ઞાન હોવાથી તે શરીરની ક્રિયાને આત્માની ક્રિયા માનતો નથી. ભેદ જ્ઞાનના બળે જેમ જેમ વીતરાગતા વધતી જાય છે તેમ તેમ જુના કર્મો પણ ઉદયમાં આવીને નિર્જરી જાય છે. અંતે કર્મોનો સંપૂર્ણપણે અભાવ થતાં પરમ વીતરાગ-પદની પ્રાપ્તિ થાય છે.

કંકણનું નિમિત્ત મળતાં જેને આત્મા અને શરીરનું ભેદજ્ઞાન થયું છે એવા નમિરાજાએ સ્વપ્નામાં મેરૂપર્વત પર પોતાને હાથી પર બેઠેલા જોયા ને એ સ્વપ્નાનો વિચાર કરતાં સાતમું દેવલોક જોયું અને પછી વિચારધારાએ ચઢતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. જાતિસ્મરણ જ્ઞાન થવાથી પોતાના પૂર્વભવો બધા હસ્તામલકવત્ દેખાવા લાગ્યા. તેનું વર્ણન હવે સૂત્રકાર પહેલી ગાથામાં કરે છે.

चइउण देवलोगाओ, उववन्नो माणुसम्मि लोगम्मि ।
ऊवसन्त मोहणिज्जो, सरई पोराणियं जाइं ।। १ ।।

દશ સાગરની સ્થિતિવાળા સાતમા મહાશુક્ર નામના દેવલોકથી ચ્યવીને મનુષ્ય-લોકમાં ઉત્પન્ન થયેલા અને મોહનીય કર્મનો ઉપશાંત થવાથી તેમને પૂર્વભવોનું સ્મરણ થયું અથવા તે પૂર્વજન્મનું સ્મરણ કરવા લાગ્યા.

આ ગાથામાં એક તો એ વાત બતાવી છે કે સિદ્ધગતિ સિવાયના સર્વ સ્થાનો જીવને છોડવા પડે છે. ચાહે અનુત્તર વિમાનના દેવ હોય તો પણ આયુષ્ય પૂર્ણ થતાં તેને તે સ્થાન છોડવું પડે છે. બીજી વાત એ છે કે જ્યારે જીવનું દર્શનમોહનીય-કર્મ ઉપશાંત થઈ જાય છે ત્યારે તે આત્મા પોતાના પાછલા જન્મોને જ્ઞાન દ્વારા જોઈ શકે છે એટલે કે જાતિસ્મરણ જ્ઞાન થાય છે. આઠ કર્મોમાં મોહનીય કર્મ પ્રધાન છે. તેના બે ભેદ છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. દર્શન મોહનીયના ત્રણ ભેદ.

સમ્યકૃત્વ મોહનીય, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને ચારિત્ર મોહનીયના ૨૫ ભેદ તે ૧૬ કષાય અને નવ નોકષાય. જગતમાં મોટામાં મોટો શત્રુ મોહ છે. મોહ છે ત્યાં રાગ દ્વેષ છે. ભલભલા તપસ્વીઓને અને સાધુઓને મોહે પછાડ્યા છે. અહીં એ બતાવ્યું કે દર્શન મોહનીયનો ઉપશાંત થવાથી નમિરાજાને જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત થયું. જાતિસ્મરણ જ્ઞાન એ મતિજ્ઞાનનો ભેદ છે. જાતિસ્મરણજ્ઞાનવાળો પોતાના પૂર્વભવોમાં વચ્ચે અસંજ્ઞીનો ભવ ન આવે તો લગાતાર ૯૦૦ ભવ સુધી જોઈ શકે. જે જીવને દર્શન મોહનીયનો ઉદય હોય છે તેમને પાછલા જન્મોનું તો શું પણ આ જન્મમાં કરેલા કાર્યો પણ ભૂલી જાય છે. આ ગાથામાં એ પણ બતાવ્યું છે કે ઉચ્ચકોટીના દેવો પોતાના દેવલોકના સ્થાનથી ચ્યવીને મનુષ્ય યોનિમાં જ આવે છે. સૂત્રમાં ભગવાનને પ્રશ્ન કર્યો કે દેવો ચ્યવીને કઇ ગતિમાં જાય? ભગવાને કહ્યું, દેવ મરીને દેવ ન થાય અને દેવ મરીને નારકી પણ ન થાય. હવે રહી બે ગતિ. મનુષ્ય અને તિર્યંચ, તેમાં ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, પહેલું—બીજું દેવલોક અને પહેલો કિલ્વીષી એ પાંચ દંડકમાં જાય. પૃથ્વી, પાણી, વનસ્પતિ, મનુષ્ય અને તિર્યંચમાં. ત્રીજા દેવલોકથી આઠમા દેવલોક સુધીના દેવ–મનુષ્ય અને તિર્યંચમાં જાય. નવમા દેવલોકથી અનુત્તર વિમાન સુધીના દેવો એક મનુષ્યના દંડકમાં જાય. ઉચ્ચ કોટીના દેવો તો મનુષ્ય યોનિમાં આવે છે. "પોરાણિયં જાઇ" એ શબ્દથી શાસ્ત્રકાર એ બતાવે છે કે જે નાસ્તિક લોકો પુણ્ય પાપ અને પરલોકને માનતા નથી તેવા મતવાળાને સમજાવવા કે પરલોક છે, તેથી પોરાણિયં જાઈ એટલે પૂર્વજન્મોનું. જો પરલોક ન હોય તો પૂર્વના ભવોનું સ્મરણ કેવી રીતે થાય એ બતાવવા માટે આ શબ્દનો પ્રયોગ કર્યો છે. આ રીતે આ ગાથામાં એ નિર્દેશ કર્યો છે કે સાતમા મહાશુક્ર દેવલોકના પુષ્પોત્તર વિમાનથી ચ્યવીને આ મનુષ્યલોકમાં ઉત્પન્ન થયા પછી દર્શન મોહનીય કર્મનો ઉપશાંત થવાથી તેમને પોતાના પાછળના ભવોનું સ્મરણ થવા લાગ્યું. એ ભવોનું સ્મરણ થતાં પૂર્વભવોના દેવલોક જોયા. અને પોતે એના આગલા ભવમાં સુંદર સાધુપણું પાળ્યું છે એ બધું જોયું. હવે એ આત્માને સંસાર ગમે ખરો? અરે, એમને મન તો સંસાર હવે ડાંગરના ફોતરા જેવો લાગ્યો. નમિરાજાને નિમિત્ત મળતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. તેમ સંસારમાં ઘણા જીવો નિમિત્ત મળતાં જાગી જાય છે.

એક વખત એક શેઠ માંદા પડયા, જેની પાસે કરોડોની મિલકત હતી. શેઠને સારું કેમ થાય તે માટે કેટલાય વૈદો, હકીમો, ડોકટરો બોલાવ્યા, પણ કોઈની દવા કામ લાગતી નથી. બધા ડોકટરોએ હાથ ખંખેરી નાખ્યા કે હવે અમારો એમાં કાંઈ ઉપાય નથી. શેઠ આંસુ સારે છે. મહેતાજી, પત્ની બધા પૂછે છે, આપ રડો છો શા માટે? આપની કંઈ ઈચ્છા છે? હા. એક આપણા જુના વૈદ છે એનાથી મારું દર્દ મટશે. તો તેમને બોલાવીએ. શેઠ કહે, પણ તે આવે તેમ નથી, કેમ ન આવે? એ જેટલી ફી માગશે તેટલી આપીશું. આપણે ત્યાં કયાં ધનનો તૂટો છે? એમ નથી તો શું છે? એ વૈદ અને હું બંને નાનપણમાં

સાથે ભણતા હતા. અમે બંને મિત્રો હતા. એ વૈદ બન્યો ને હું વેપારી બન્યો, પણ છેલ્લા દશ વર્ષથી અમે બોલતા નથી. શેઠાણી કહે, ભલે ન બોલે, આપણે તેમને બોલાવવા જઈશું. નમે તે સૌને ગમે. ગુજરાતીમાં કહેવત છે ને કે "ગરજે ગધેડાને પણ બાપ કહેવો પડે." અત્યારે આપણે રોગ મટાડવો છે માટે એમને બોલાવવા જોઈએ.

મહેતાજી વૈદને બોલાવવા ગયા. જઈને કહે છે કે વૈદરાજ! અમારા શેઠ બિમાર પડ્યા છે માટે આપ પધારોને. વૈદે જરા પણ આનાકાની ન કરી કે આવવાની નાખુશી ના બતાવી, પણ તરત આવ્યા. વૈદે પગ મૂકતા શેઠને જોયા ને સમજી ગયા કે માંદગી ભયંકર છે. શેઠને ત્યાં પૈસો ઘણો છે, એટલે શેઠની સેવા માટે દવાખાનામાંથી નર્સ લાવ્યા છે. વૈદે શેઠના પલંગ પાસે નર્સ જોઈ પણ શેઠાણીને ન જોયા, એટલે પૂછે છે, શેઠાણી ક્યાં ગયા છે? બોલાવો શેઠાણીને. પાસે ઉભેલી નર્સ કહે છે શેઠાણી થાકી ગયા છે એટલે અંદર સૂઇ ગયા છે. શેઠાણીને બોલાવ્યા. વૈદ કહે છે શેઠાણી! કેમ શેઠને આ સ્થિતિમાં નર્સને સોંપી દીધા! પત્ની જીવતી જાગતી હોય ને પતિની સેવા નર્સ કરે! આ તમારૂં પતિવ્રતાપણું! બસ, શેઠ સાજા તો અમારા ને માંદા તો નોકરના, એમ ને? શરમ નથી આવતી આ સ્થિતિમાં શેઠાણીપણું કરતા? અત્યારે તો ચોવીસે કલાક પાસે રહી જાતે સેવા કરવી જોઇએ, એના બદલે આરામ! પત્ની પતિની સેવા નહિ કરે તો કોણ કરશે? નજીકના સ્નેહી દરદીની પાસે બેઠા હોય તો દરદીના મનને કેટલો બધો આરામ લાગે? આ પૈસા, બંગલા, મોટરો શું કામની? એના કરતાં ગરીબની પત્નીઓ સારી કે પતિના દર્દમાં ખડે પગે સેવા કરી શાંતિ આપે.

વૈદે શેઠની નાડી તપાસીને કહ્યું, ફિકર-ચિંતા કરવા જેવું નથી. દવા આપું છું. સાંજના અડધી રાહત થઈ જશે, પણ એક પડીકીના ૧૫૦૦ રૂપિયા થશે. આપ કહો તો મોકલાવું. બીજી પડીકીના ૧૫૦ રૂપિયા છે, શેઠાણીએ દવા મંગાવી લીધી. સાંજે દર્દમાં અડધી રાહત થઈ ને બીજી પડીકી ખાતા રોગ તદ્દન મટી ગયો, પણ આ રોગના નિમિત્તથી શેઠના આત્મામાં એક ચિનગારી પ્રગટી. આ રોગમાંથી હું બચી શકું તેમ ન હતું. ગમે તેટલી લક્ષ્મી હોય પણ રોગમાં તે શાંતિ આપી શકતી નથી. અશાતાવેદનીયનો ઉદય મંદ થયો હશે તો રોગ મટ્યો, પણ હવે આ કાયાનો ભરોસો રાખવા જેવો નથી. ક્યારે આ કાયા રૂપી ઘડો ફૂટી જશે તે ખબર નથી, માટે આ રોગ આવ્યો તે મને સાવધાન બનાવવા આવ્યો છે. રોગના નિમિત્તથી શેઠનો આત્મા જાગી ગયો ને આત્મસાધનામાં જોડાઇ ગયો.

નમિરાજાને જાતિસ્મરણ જ્ઞાન થવાથી વિષયો વિષ જેવા લાગ્યા ને વૈરાગ્ય અમૃત જેવો લાગ્યો. તેમના અંતરમાં વૈરાગ્યના ઝરણાં વહેવા માંડયા. શાંતિ દાતા, આધિ, વ્યાધિ ઉપાધિ વિનાશક એવો સંયમ તેમની આંખ આગળ રમવા લાગ્યો. આખું જગત કર્મરૂપી નટથી નાચતા પૂતળાના સમૂહ જેવું દેખાવા લાગ્યું. અતિ ખૂબસૂરત, મનહારિણી, રૂપવાન, શીલવાન, પતિવ્રતા એવી (૧૦૦૮ ગ્રંથકાર અનુસાર) પત્નીઓ કે જેમના હાવભાવમાં તે સર્વ ચિંતાઓ ભૂલી જતા એવી એ આદર્શ પત્નીઓ કોણ જાણે હમણાં તેમના હૃદય પટ પરથી અંતર્ધાન થઈ ગઈ. કોઈ વખત પણ તેમનો સહવાસ થયો હોય એવું ભાન ન રહ્યું. કેટલો આત્મ મસ્તીમય વૈરાગ્ય!

**આ તે કેવી જાતના ચશ્મા :**—નમિરાજને માટે હવે આ મિથિલા, આ રાજમહેલો, આ પ્રિયતમાઓ બધું અકારૂં થઈ પડયું. રાજમહેલો સ્મશાન જેવા લાગ્યા. બધા સગાસંબંધી હાડકાના માળા દેખાયા. નમિરાજમાં થયેલી ક્રાન્તિ એટલેથી બસ ન થઈ. તેમની આંખોએ કોઈ ઓર તરેહના ચશ્મા પહેરી લીધા. ખજાનામાં રહેલી સુવર્ણમહોરો તો બાળકોના રમવાના કૂકા જેવી લાગી. જો નાણા કૂકા ન હોત ને સારા હોત તો મને દર્દમાં રાહત કે શાંતિ ન આપત! આભૂષણો બેડીઓ જેવા સમજવા લાગ્યા. મૂલ્યવાન કિંમતી પોશાક ચીંથરા જેવા લાગ્યા. સારા સારા સુગંધીદાર પદાર્થોની સુગંધ ગટરના પાણી જેવી લાગી. જે પ્રકાશમાન રાજસિંહાસને બેસીને તે ન્યાય આપતા હતા તે રાજસિંહાસન તેમને ધૂળના ઢગલા જેવું દેખાયું. વધારે તો શું, પણ જબરી દિવાલો, કિલ્લાઓ, પ્રાસાદો અને વાટિકાઓ કાંટાની વાડો સમાન જોવા લાગ્યા. અહાહા....આ તે કેવી જાતના ચશ્મા! હાથી ઘોડા બધા રમવાના રમકડા જેવા લાગ્યા. રાજશાહી ઠાઠમાઠ–અંગારા જેવો લાગ્યો. કેટલી તેમની આધ્યાત્મિક ભાવનાની ખીલવણી! કેવું અપૂર્વ તત્ત્વમંથન! એમની આંખ આગળ તો કોઈ નવી દુનિયા રમતી થઈ હતી. "યુદ્ધ વિરામ" નો સાદ દેનારી એ પ્રવર્જિતા માતા, વિરાગના રાગી બનેલા ચંદ્રયશ અને સંયમના વેશમાં સજ્જ બનેલા પોતાના એ પાલક પિતા પદ્મરથ! નમિરાજની આંતરચક્ષુ આગળ તો આ વિરાગી વિશ્વ ખડું થઇ ગયું હતું. એમના અંતરમાં એક વાત કોતરાઈ ગઈ કે—

**આનંદ છે આત્મમસ્તીમાં, મળે જાગૃતિની ક્ષણમાં,**
**સાધના છે સાવધાનીમાં, પતન પ્રમાદની પળમાં.**

આત્મમસ્તી જેવો કોઈ આનંદ નથી. આત્મ મસ્તી છે જીવન જાગૃતિમાં, સાધના છે પાપથી સાવધાન રહેવામાં, જ્યારે પતન છે પ્રમાદમાં. તેમના મુખ ઉપર દેખાય છે વૈરાગ્યનો તરવરાટ! વૈરાગ્યની શીતળતા! વૈરાગ્યનું અમૃતપાન! તેમણે વિનાશીની કિંમત ન આંકતા અવિનાશી એવા ક્ષમા, સમભાવ, નમ્રતા, ઋજુતા અને વૈરાગ્યથી મઘમઘતા આત્માની કિંમત આંકી. હવે કોઈ જડ પદાર્થો એમને આકર્ષી શકતા નથી. તેમનો વૈરાગ્ય આંતરિક વૈરાગ્ય છે. ગમે તેવા સોહામણા અને મધુર શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એમના વૈરાગ્યને હચમચાવી શકે તેમ નથી. નમિરાજા કંકણના કેકારવથી કલ્યાણની કેડીએ કદમ ઉઠાવવા તૈયાર થયા. તેમના જન્મથી શત્રુ રાજાઓ તેમના પિતાને ચરણે નમ્યા હતા પણ હવે તો તે નમિરાજ પાંચ ઇન્દ્રિયોને નમાવવા તૈયાર થયા. તેમને હવે કોઈ પ્રત્યે રાગ નથી. રાગ છે માત્ર મોક્ષ પર અને ઉદ્વેગ છે સંસાર પર. આવા વૈરાગ્યના ઝુલણે ઝુલતા નમિરાજા કેવી રીતે દીક્ષા લેશે ને શું બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :**–શેઠ નાસ્તો લઇને આવ્યા ને કહે છે ચાલ ભાઈ ચાલ, ખાઈ લે. શેઠના કહેવાથી મોં ધોઇ ખાવા બેઠો પણ કોળિયો મુખમાં મૂકી શકતો નથી. એની

આંખો સામે શેઠ જે માર મારે છે તે બધા પ્રસંગો ખડા થયા. અરે, આ શેઠના શબ્દોમાં શું સમજવું? હૃદય કે રૂદન? કિસ્મત કે કરામત? આ તે કરૂણાસાગર કે બાજીગર? ગુણચંદ્ર આ વિચારધારામાં સ્થિર થયો. શેઠને તો આટલો વિલંબ હવે ગમતો નથી, પણ ગાય-ભેંસને ચારો આપ્યા વિના દૂધની આશા કેવી રીતે રખાય? એ રીતે જમવાનું ન આપું તો મોતીની આશા કેવી? તેમના મનમાં તો મોતી મેળવવાની આશા થનગની રહી હતી, તેથી કહે છે બેટા! જલ્દી કર. જમી લે. થાળીમાં કોઈ જીવજંતુ કે કચરો પડે તો શરીરને નુકશાન કરે. શરીરને ભાડું આપ્યા વિના ચાલે? હવે બધી વાત ભૂલી જઈને ખાઈ લે. આ સંસારના રંગો કેવા છે તે તું જાણતો નથી? ક્યારેક સંસાર સોહામણો તો ક્યારેક બિહામણો! કુમાર વિચાર કરે છે કે જો શેઠ મને આટલો બધો આગ્રહ કરે છે તો આવેલા અવસરને વધાવી લેવો જોઈએ. મને ભૂખ પણ બહુ લાગી છે, માટે ખાઈ તો લઉં. સામેથી ભોજન મળ્યા છે તો ખાઈ લેવા દે. એમ વિચારીને ગુણચંદ્રે જમી લીધું. ભોજનથી તો ભૂખની શાંતિ થઈ પણ હજી અંતરની આગ બૂઝાતી નથી. મનમાંથી મોટાભાઈની મીઠી યાદ હજુ જતી નથી. તેમનું શું થયું હશે? પોતે તો જેલના કેદીની માફક બંધનમાં જકડાઈ ગયો છે પણ હવે થાય શું?

**આંસુએ કરેલો અંજામ**–ગુણચંદ્રે જમી લીધું, પછી તો સનનન કરતાં હંટરો તેના શરીરે પડવા લાગ્યા, આથી ગુણચંદ્રને આશ્ચર્ય થયું. આ શું? ખરેખર મીઠું મીઠું બોલીને ફસાવાની આ તેમની માયાજાળ છે. આમ વિચારે છે ત્યાં તો એની પીઠ પર હન્ટરો પડવા માંડયા. ગુણચંદ્રથી ચીસ પડાઈ ગઈ. ઓ મારા નાથ! ઓ મારા પ્રભુ! એક પછી એક હન્ટર મારવા માંડયા. જેમ ધોબી કપડાને ધોકાથી ધોવે તેમ શેઠ બિચારા ગુણચંદ્રને મારી રહ્યો છે. ગુણચંદ્ર વિચારે છે કે અરે, આ તો માનવ છે કે દાનવ? આવું પિશાચી કર્તવ્ય! આવી નરાધમતા! હવે તો હદ આવી ગઈ. માર ખાઈ ખાઈને શરીર પર તો લોહી ઉપસી આવ્યા છે. અહીં બિચારાનો પોકાર કોણ સાંભળે? સહન કરવાની શક્તિ ઘટી ગઈ. માર સહન કરવા તેનું શરીર અસમર્થ બન્યું. ઢોર માર માર્યો, તેના હાડકે હાડકા ઢીલા થઈ ગયા. શરીર તો તપેલા લોઢા જેવું લાલ થઈ ગયું ને આંખો પણ લાલ બની ગઈ. તેને રડવું ન હતું, પણ છેવટે અસહાય બનવાથી તેની આંખમાંથી ટપટપ આંસુ પડવા લાગ્યા. જાણે મેઘની ધારા ન વરસતી હોય! એ આંસુ મોતી બની ગયા. જેમ જેમ ગુણચંદ્રની આંખમાંથી આંસુ પડે છે તેમ તેમ શેઠનું અંતર હર્ષથી ઉભરાઈ રહ્યું છે. હજુ વધુ મોતી મેળવવાની તમન્ના જાગી. દયાદેવી તો નિદ્રામાં પોઢી ગયા હતા. કરૂણાનું સ્થાન ક્રૂરતાએ લીધું છે. શેઠ તો આટલા મારથી અટક્યા નહિ. જ્યાં જરા છાનો રહે ત્યાં માર પડે.

**ગુણચંદ્રની કરૂણ કથાઃ**-ગુણચંદ્રને માર મારીને શેઠના હાથ થાક્યા, પણ મન થાક્યું ન હતું. શેઠને મન તો બસ મોતી મેળવવાનું એક જ લક્ષ હતું. ગુણચંદ્રનું અં

કરૂણુ રૂદન હજારોને રડાવી દે એટલું કરૂણામય હતું, છતાં શેઠના હૃદયમાં દયાના ઝરણાં ન વહ્યા. રડી રડીને ગુણુચંદ્રની આંખના પાણી ખૂટ્યા પણ શેઠની આંખમાં આંસુ ન આવ્યાં. ગુણુચંદ્ર વિચાર કરે છે અરે! મારા પર આટલો બધો કોપ! કયા ભવના કર્મો ઉદયમાં આવ્યા હશે! અહા! કયાં મારો ભાઈ! કયાં મારા માતાપિતા! કયાં હું! ગુણુચંદ્રના માથે તો દુઃખના ડુંગરો ઉતરી પડયા છે. તે શેઠને ઘણું કરગરે છે. શેઠ! આ નાના બાળનું કંઈક તો વિચારો! પણ દયા કોને? ગુણુચંદ્ર બિચારો ખૂબ ત્રાસ ભોગવી રહ્યો છે. એક દિવસ, બે દિવસ, મહિના અને વર્ષો પછી પણ આ કેદખાનામાંથી છૂટવું મુશ્કેલ છે. હવે શું થશે? તે તો ત્યાં દુઃખ ભોગવે છે. હવે આ બાજુ ગુણુદત્તનું શું થયું તે વિચારીએ.

ગુણુદત્તને જે વડની ડાળીએ બાંધ્યો હતો ત્યાં વિષહર વલ્લીના રસબિંદુઓ ગુણુદત્તના મુખમાં પડતા તેના શરીરમાં વ્યાપેલું વિષ ઓછું થવા લાગ્યું. વિષ ઓછું થતાં તે ભાનમાં આવ્યો. આંખો ખોલી ચારે બાજુ દૃષ્ટિ કરી. અહો! અહીં મને કોણે બાંધ્યો હશે? મારો લઘુબંધુ ગુણુચંદ્ર કયાં ગયો હશે? આવા ઘોર જંગલમાં મારો ભાઈ મને મૂકીને કયાંય જાય નહિ ને આ બધું શું બની ગયું? હું તો ગાઢ બંધનમાં બંધાયેલો છું, અહીંથી કેવી રીતે છૂટી શકું? મારા બંધન કોણ છોડાવશે? આ સ્થિતિમાં હું શું કરું? વળી મનમાં હિંમત લાવ્યો ને કહેવા લાગ્યો કે હે આત્મા! તું શા માટે ગભરાય છે? મહાનમંત્ર નવકારમંત્ર એ જીવનનો સાચો બેલી છે, સહાયક છે. ગુણુદત્ત નવકારના ધ્યાનમાં લીન બની ગયો. નવકારના સ્મરણથી એનો ગભરાટ દૂર થયો, મૂંઝવણ દૂર થઈ. નવકારમંત્રના પ્રભાવે ભલભલાના સર્પોના વિષ ઉતર્યા છે. ગુણુદત્તના નવકારના શુદ્ધ સ્મરણના પ્રભાવે ત્યાં શું બન્યું?

**લે બૈલગાડી એક મુસાફીર, ચલકર આયે આજ,**
**વૃક્ષની છાંયમેં વિશ્રામ લિયા,રાહદારીકો દીયા આવાજ.**

ભીમપુર નગર તરફ જતો એક પ્રવાસી ત્યાંથી નીકળ્યો. ચાલતાં ચાલતાં ખૂબ થાકી ગયેલો હોવાથી ગુણુદત્તને જે ઝાડે બાંધ્યો છે, તે ઝાડની નીચે આરામ કરવા બેઠો. ગુણુદત્તની આંખો તો ખુલ્લી છે. તેણે વટેમાર્ગુને આવતો જોયો એટલે એણે બૂમ પાડી, ઓ વટેમાર્ગુ! ઓ ભૈયા! આ અવાજ તે વટેમાર્ગુના કાને અથડાયો. તેના કાન ચમકયા. અરે! આવા ઘોર જંગલમાં માનવ જેવો અવાજ કયાંથી આવ્યો? અહીં કોણ માનવ હશે? ત્યાં ફરી અવાજ આવ્યો. ઓ ભાઈ! મારા પર કૃપા કરો. આપ ડાબી બાજુએ વડની ઘટા તરફ પધારો અને મને બંધનમાંથી છોડાવો. ગુણુદત્તની વાણીમાં વિનય વિવેકની ગૂંથણી થઈ રહેલી છે. વટેમાર્ગુના મનમાં થયું કે તેના બોલ કેવા મીઠા મધુરા છે! લાવ, હું ત્યાં જાઉં ને તેને દુઃખમાંથી મુક્ત કરું!

વટેમાર્ગુને એવો વિચાર આવ્યો પણ પાછું મનમાં થયું કે મીઠી વાણી અને મીઠા ભોજન કયારેક આપણને દગો દઈ દે છે. મારે કરવું શું? આ કોઈ ભૂત, પિશાચ તો

નહિ હોય ને! માનવના મનમાં શંકા પેઠી એટલે ખલાસ. શંકા ભૂત અને મંછા ડાકણ છે. વટેમાર્ગુને ગુણદત્ત પાસે જવાનું મન થયું પણ મનમાં શંકા ભરાઈ ગઈ, તેથી તેનું શરીર ધ્રુજવા લાગ્યું અને મનમાં થયું કે હવે આ વડને છોડીને ભાગી જાઉં. મનને મજબૂત કરી તે દોડવા પ્રયત્ન કરે છે, પણ પગમાં જોમ ક્યાં છે! થોડું દોડયો ત્યાં ગુણદત્તે ફરીને બૂમ મારી. અરે, ભાઈ! અહીં આવો. આપ મને બંધનમાંથી છોડાવો ભાઈ...ભાઈ! હું કોઈ ભૂત, ડાકણ નથી પણ મૃત્યુલોકનો માનવી છું. આપ મારો પોકાર સાંભળો અને મારી વ્હારે આવો. હું આપનો જીવનભર ઉપકાર નહિ ભૂલું. ગુણદત્તનો કરૂણ પોકાર સાંભળી વટેમાર્ગુના પગ થંભી ગયા. તેનું હૃદય પીગળી ગયું. તેનામાં માનવતાની જ્યોત ચમકી ઉઠી. દુઃખમાં પડેલા કોઈ આત્માને શું હું સહાય ન કરી શકું? આવા કરૂણામય શબ્દોથી જેમના હૈયા પીગળતા નથી, દયાના તેજ ચમકતા નથી, આંખોમાં આંસુ રેલાતા નથી, તે પાષાણ હૃદય જ કહેવાય ને? તે માનવ નથી પણ દાનવ છે. એવા જીવનની દુનિયામાં કિંમત કેટલી?

માનવજીવનમાં પરોપકાર એ જ સાચું જીવનતત્ત્વ છે. પરોપકાર કરતાં પ્રાણ જાય તોય શું! વટેમાર્ગુ આમ વિચાર કરે છે ત્યાં ગુણદત્તે ફરી બૂમ પાડી. હે કૃપાળુ! હે દયાળુ! એકવાર તમે મને બંધનમાંથી મુક્ત કરો. હું આપનો ઉપકાર ક્યારે પણ નહિ ભૂલું. વટેમાર્ગુ ગુણદત્તની પાસે ગયો. જઈને પૂછે છે ભાઈ, તમે કોણ છો? ભાઈ, હું મૃત્યુલોકનો માનવી છું. ભૂતપ્રેત નથી. આપ મારાથી ભયભીત થશો નહિ. હવે વટેમાર્ગુ ગુણદત્તને બંધનમાંથી કેવી રીતે છોડાવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં.-૭૧

**આસો સુદ ૪ ગુરૂવાર** **તા. ૧-૧૦-૮૧**

અનંતજ્ઞાની મહાપુરૂષો ફરમાવે છે કે હે જીવો! આ જીવન કેવું છે? સૂયગડાંગ સૂત્રમાં ભગવાન બોલ્યા છે.

**न य संखयमाहु जीवीयं, तहविय बाल जणो तपगब्भइ।**
**पच्चुपन्ने न कारियं, को दट्ठुं परलोगमागते ॥** સુ. અ. ૨ ઉ. ૩ ગા. ૧૦

આ જીવન સંસ્કાર યોગ્ય, તૂટેલા દોરાના સમાન, ફરીથી જોડાવાને યોગ્ય નથી, છતાં પણ મૂર્ખ અજ્ઞાની જીવ અઢળક પાપો કરવાની ધૃષ્ટતા કરે છે. તેઓ કહે છે કે અમારે વર્તમાનકાલીન સુખથી પ્રયોજન છે. પરલોકને જોઈને કોણ આવ્યો છે?

આ જીવન કીડીની કતારની જેમ, એંજીન અને ડબ્બાની જેમ વહી રહ્યું છે. ચારે બાજુ એક જ અવાજ આવે છે, સુખ...સુખ...સુખ. કોઈપણ ભોગે ઇચ્છાની તૃપ્તિ કરવી છે. આજે અંધ અનુકરણ, આંધળી દોટ અને આંધળી પ્રવૃત્તિથી જીવન અનેક આંધીથી સભર બન્યું છે. ઉપાધિઓથી યુક્ત અને વ્યાધિઓથી વ્યાપ્ત બન્યું છે. વિનય વિવેક અને કરૂણાને ભૂલી જીવ તૃષ્ણાની પાછળ દોટ મૂકે છે. જીવનનું સાચું ઉડ્ડયન જીવ ભૂલી

ગયો છે. ઉર્ધ્વગામી રાહ ચૂકી ગયો છે, આત્માની પિછાણુ વીસરાઈ ગઇ છે, ને પોતે પરમ હોવા છતાં પામર બની ગયો છે. તેમાં પણ આજના યુગમાં અનેક આકર્ષણોમાં માનવી ભાન ભૂલ્યો છે. પૈસાની ઘેલછામાં ઘેલો બન્યો છે અને વૈભવ વિલાસના સાધનોમાં પાગલ બન્યો છે. આ છે કળિયુગનો કરૂણ અંજામ! ખરેખર માનવી માનવ મટી દાનવ બન્યો છે. રક્ષક મટી ભક્ષક બન્યો છે. વિષય વાસનાની ઉંડી ખીણમાં સુખની તૃપ્તિ માણી રહ્યો છે. કાદવથી ખરડાયેલ પગ હોવા છતાં મેંદીના રંગની અનુભૂતિ કરે છે. બંધન અને પિંજરમાં પૂરાયેલ હોવા છતાં આ આત્મારૂપી પોપટ કિલકિલાટ કરે છે.

એક પંખી પાંખના સહારે નીલગગનના સ્વૈર ઉડ્ડયનની મોજ માણે છે. એ જ પાંખ એને કયારેક લોઢાના પિંજર તરફ પણ લઈ જાય છે તેમ મન રૂપી પંખીને ઈજારો તો મુક્ત વિહારનો મળ્યો છે, પણ સંસાર રૂપી સોનાનું પિંજર એને પકડી રાખે છે. પિંજર તો કોઈને ગમતું નથી. પણ મોટી મોટી આશાઓ આ પંખીને પિંજરમાં પૂરી રાખે છે. પોપટને સોનાનું પિંજર મળે, માલિકનો પ્રેમ મળે અને લીલા મરચાદિ ખાવા મળે તેથી તે પિંજરની પરાધીનતામાં સુખ માણે છે, તેમ આત્મા પણ ભૌતિક સુખના આકર્ષણથી તેની માયાજાળમાં ફસાય છે. પોતે શાશ્વત સુખનો માલિક છે એ વાત ભૂલી જાય છે, અને ક્ષણિક સુખના આસ્વાદ માટે તે પિંજરમાં પૂરાય છે અને અનંત સુખના મુક્તિ મહેલને તે ઠોકરે મારે છે. સંસારના આકર્ષણોથી, વિષય-વાસનાની લોલુપતાથી અને લોભતૃષ્ણાથી એ બંધનોને મજબૂત બનાવે છે. એને ખબર નથી કે વિષયો વિષ કરતાં ભૂંડા છે. વિષ તો એક જીવનનો નાશ કરે છે પણ વિષયો તો પ્રાણીઓને અંધ બનાવી અનેક ભવોની કતાર સુધી દુઃખ આપે છે.

જંગલમાં જતાં શાહુકારને જેમ અનેક ચોરો ઘેરી વળે છે તેમ આત્મગુણને લૂંટવા માટે લૂંટારા પાછળ પડયા છે. આ ચોરો લૂંટી લે તે પહેલાં સાવધાન બનવાની જરૂર છે. જેમ તાળું એક છે તેને ખોલવા અને બંધ કરવા માટે ચાવી એક છે. એક બાજુ ફેરવવાથી તાળું ખુલી જાય અને બીજી બાજુ ફેરવવાથી બંધ થઇ જાય, તે રીતે સંસારમાં રહેલા જીવોને બંધન અને મુક્તિ માટે ચાવી એક છે. તેને ફેરવવાની રીતમાં બંધન-મુક્તિ સમાયેલા છે. સંસારના પિંજરમાં આત્મરૂપ પંખી પૂરાયું છે. તેના પર અજ્ઞાન અને આસક્તિનું તાળું લટકી રહ્યું છે. જો મનને મમત્વ-આસક્તિ તરફ વાળીએ તો સંસાર મજબૂત બને અને અનાસક્તિ તરફ વળાંક આપીએ તો આત્મા પરથી સંસાર ફેંકાઈ જાય. જેમ દરદી ડોકટરની દવા કરે અને પથ્ય બરાબર પાળે તો તે સાજા થઈ જાય છે તેમ જીવ જ્ઞાનીએ બતાવેલા ત્રણ ઔષધોનું સેવન કરે તો ભવરોગથી મુક્ત બને. એ ત્રણ ઔષધો કયા? સમ્યક્જ્ઞાન, તત્ત્વપ્રીતિ અને તત્ત્વ પર શ્રદ્ધા કરવાથી સમ્યક્દર્શન નિર્મળ બને, સુસાધના એટલે સમ્યક્ ચારિત્ર. આ ત્રણ દ્વારા આત્મા સર્વાંગી વિકાસ સાધી શકે છે. મુક્તિ માર્ગનો પથગામી બને છે. મોંઘેરા માનવભવને પામીને જો આત્મા ભૂલ્યો તો સંસાર રૂપી પિંજરમાંથી મુક્ત થઈ શકશે નહિ. એમાંથી મુક્ત થવાની સાધના માનવ-ભવમાં સાધ્ય છે. આ સાધના તે સમ્યક્ ચારિત્ર.

સંસારના પિંજરમાંથી ઉડ્ડયન કરવા માટે જેમનો આત્મા તૈયાર થયો છે એવા નમિરાજાનો આત્મા જાતિસ્મરણજ્ઞાન થતાં વીતરાગના વૈરાગ્યભુવનમાં સંયમની મોજ માણવા તૈયાર થયો. તે હવે શાસ્ત્રકાર ભગવાન ગાથામાં બતાવે છે.

**जाइं सरित्तु भयवं, सयंसंबुद्धो अणुत्तरे धम्मे ।**
**पुत्तं ठवेत्तु रज्जे, अभिणिक्खमइ नमीराया ॥२॥**

જાતિસ્મરણ જ્ઞાન થવાથી સ્વયં બોધને પ્રાપ્ત કરીને પ્રધાન ધર્મમાં બુદ્ધિમાન તે નમિરાજા પુત્રને રાજ્યમાં સ્થાપન કરીને દીક્ષાને માટે નીકળે છે. (તૈયાર થાય છે.)

જાતિસ્મરણ જ્ઞાન થવાથી તે પોતે પોતાની જાતે જ બોધ પામ્યા. જે સ્વયં પોતાની જાતે કંઈક નિમિત્ત મળતાં પ્રતિબોધ પામીને દીક્ષા લે તે પ્રત્યેક બુદ્ધ કહેવાય છે. જેમ નમિરાજા પ્રત્યેકબુદ્ધ થયા છે તેમ બીજા ત્રણ પ્રત્યેક બુદ્ધ થયા છે.

**करकण्डु कलिंगेसु, पंचालेसु य दुम्मुहो ।**
**नमीराया विदेहसु, गन्धारेसु य नग्गई ॥** ઉત્ત. અ. ૧૮. ગા. ૪૬.

કલિંગ દેશમાં કરકંડુ, પાંચાલ દેશમાં દ્વિમુખ, વિદેહદેશમાં નમિરાજા અને ગંધાર દેશમાં નગ્ગતિ નામના રાજા થયા. એ બધા રાજપાટ છોડીને દીક્ષા લઈને સંયમ પાળીને મોક્ષમાં ગયા.

કરકંડુ કલિંગ દેશમાં થયા. કરકંડુ એક વાર વર્ષાઋતુ પૂર્ણ થતાં કોઈ એક ગોકુળમાં ગયા. ત્યાં ગાયો, બળદો અને વાછરડા જોયા. તેમાં તેમણે એક ઉજ્જવળ કાંતિવાળો નાનો વાછરડો જોયો. તે જાણે હિમાલય પર્વતના શિખર પરથી પડતી ગંગા નદીના પાણીથી નવરાવ્યો હોય તેવો અત્યંત શ્વેત વર્ણવાળો હતો. તેના પર રાજાને ખૂબ પ્રેમ આવવાથી રાજાએ ગોવાળને કહ્યું કે આ વાછરડાને એની માતાનું બધું દૂધ પીવડાવી દેવું. જ્યારે તે મોટો થાય ત્યારે બીજી ગાયોનું દૂધ તેને પીવડાવવું, પણ બીજું કાંઈ ખવડાવવું નહિ. ગોવાળે રાજાની આજ્ઞા પ્રમાણે કર્યું. સમય જતાં તે વાછરડો યુવાન થયો. તેનું પરાક્રમ અતુલ હતું. તે ખૂબ હૃષ્ટપુષ્ટ હતો. તેને જોઈ રાજાને ખૂબ આનંદ થતો. રાજા તે બળદને બીજા બળદો સાથે યુદ્ધ કરાવતો, પણ કોઈ પણ બળદ તેને જીતી શકતો ન હતો.

થોડો સમય જતાં રાજા તે જ ગોકુળમાં ગયા, ત્યાં એક વૃદ્ધ બળદ તેમના જોવામાં આવ્યો, ત્યારે રાજાએ ગોવાળને પૂછ્યું કે પેલો મહાબળવાન બળદ ક્યાં છે? ગોવાળે કહ્યું, મહારાજા! આ તે જ બળદ છે પણ વૃદ્ધ થવાથી તે આવો થઈ ગયો છે. તે સાંભળી રાજા વિચાર કરવા લાગ્યા કે અહો! સર્વ પદાર્થોનું અનિત્યપણું કેવું છે? જેના અવાજથી બીજા ગર્વિષ્ઠ અને બળવાન બળદો નાસી જતા હતા તે બળદની આજે આ સ્થિતિ થઈ ગઈ! વૃદ્ધાવસ્થાને કારણે તેનું પરાક્રમ નાશ પામ્યું છે, અને નાના વાછરડાઓના ત્રાસને પણ સહન કરે છે. જેનું રૂપ જોતાં આનંદ થતો હતો, તેનું દર્શન

આજે ગમતું નથી, માટે આ સંસારમાં વય, રૂપ, લક્ષ્મી, સત્તા, વૈભવ બધું અનિત્ય છે. એમાં રાચવા જેવું નથી. આ પ્રમાણે વિચાર કરીને રાજપાટ છોડી દીક્ષા લીધી ને આત્મકલ્યાણ કર્યું.

દ્વિમુખ રાજા પાંચાલ દેશમાં થયા. એક વખત રાજા ઈન્દ્ર મહોત્સવ ઉજવતા હતા. તે મહોત્સવમાં રાજાએ નગરજનોને ઇન્દ્રધ્વજ સ્થાપન કરવાનું કહ્યું, તેથી નગરજનોએ એક મનોહર સ્થંભ ઉપર શ્રેષ્ઠ વસ્ત્ર વીંટાળ્યું. તેને છેડે સુંદર વસ્ત્રનો ધ્વજ બાંધ્યો. તે સ્તંભને ચારે બાજુ નાની નાની ધ્વજાઓ બાંધી અને ઘુઘરીઓની માળાથી શણગાર્યો. પુષ્પોની માળાઓથી તથા રત્નોથી ને મોતીઓની માળાઓથી તેને સુશોભિત કર્યો અને વાજિંત્રોના નાદપૂર્વક વાજતે ગાજતે શુભ મુહુર્તે તે ધ્વજસ્તંભ શહેરના મંડપમાં ઉભો કર્યો, પછી બધા લોકો પુષ્પો આદિથી તેની પૂજા કરવા લાગ્યા. કેટલાક નૃત્ય કરવા લાગ્યા, કેટલાક વાજીંત્રો વગાડવા લાગ્યા. આ રીતે દરરોજ મહોત્સવ કરતાં સાતમે દિવસે પૂર્ણિમાનો દિવસ આવ્યો. તે દિવસે દ્વિમુખ રાજાએ પણ તે સ્તંભની પૂજા કરી, પછી, ઉત્સવ પૂર્ણ થયો એટલે તરત બધા નગરજનોએ તે સ્તંભ ઉપરથી પોતપોતાના વસ્ત્રો, આભૂષણો બધું લઈ લીધું અને પછી તે સ્તંભ માત્ર એક લાકડા રૂપે રહ્યો. તેને નીચે પાડી દીધો. બીજે દિવસે બાળકોએ તેના પર મળ મૂત્ર કરી તેને ગંધાતો કરી નાંખ્યો. તે દિવસે દ્વિમુખ રાજા બહાર ફરવા નીકળેલા.તેમણે તે સ્તંભ જોયો, સ્તંભની એવી અવસ્થા જોઈ રાજા વિચાર કરવા લાગ્યા કે જેની ગઈકાલે લોકો પૂજા કરતા હતા તે મહાસ્તંભની આજે આ દશા! સંસારમાં સર્વ પદાર્થોનો વૈભવ ક્ષણિક દેખાય છે, આ વિચાર–સાગરમાં ઝુલતા રાજા વૈરાગ્ય ભાવનામાં ઝુલતા થઈ ગયા અને દીક્ષા લઇ મોક્ષમાં ગયા.

નગ્ગતિ રાજા ગાંધાર દેશમાં થયા. એક વખત નગ્ગતિ રાજા સૈન્ય સહિત ફરવા નીકળ્યા. ત્યાં નગર બહાર રસ્તામાં એક મનોરમ્ય આમ્રવૃક્ષ જોયું. તેના પર કેરીઓ આવેલી હતી. તે કેરીઓ પાકી ગયેલી હોવાથી તે પીળી દેખાતી હતી. રાજાએ તેમાંથી એક કેરી મંગાવી. તે જોઈને પાછળ આવતા સૈન્યના લોકોએ પણ તે કેરીઓ લઈ લીધી, તેથી તે વૃક્ષ સાવ ઠુંઠું બની ગયું. પછી રાજા ફરીને પાછા આવ્યા ત્યારે તે વૃક્ષ નહિ જોવાથી રાજાએ મંત્રીને પૂછયું કે પેલો આંબો કયાં ગયો? ત્યારે મંત્રીએ તે ઠુંઠું વૃક્ષ બતાવીને કહ્યું કે હે રાજન્! આ તે જ આંબાનું ઝાડ છે. રાજાએ કહ્યું, તે આટલી વારમાં આવું કેમ બની ગયું? મંત્રીએ કહ્યું. મહારાજા, આપે પહેલા તેની એક કેરી લીધી, તે જોઇને બધા લોકોએ કેરી વિગેરે લઇ લીધું તેથી તે આંબો આવો થઈ ગયો છે. આ સાંભળતા રાજાને વિચાર થયો કે અહો! આ મનોરમ્ય વૃક્ષ પણ થોડી વારમાં શોભારહિત બની ગયું! પાણીના પરપોટા તથા આકાશમાં થતાં સંધ્યાના રંગ સ્થિર નથી તેમ સર્વ સંપત્તિઓ અસ્થિર છે, તો આવી અસ્થિર અને ભવિષ્યમાં દુઃખ આપનારી રાજ્ય સંપત્તિનો રાગ શા માટે? આ પ્રમાણે વિચાર કરી પ્રતિબોધ

પામી રાજાએ દીક્ષા લીધી. બધા પ્રત્યેક બુદ્ધને દેવોએ સાધુવેશ આપ્યો. સંયમ પાળી મોક્ષમાં ગયા.

ચોથા પ્રત્યેક બુદ્ધ આપણા અધિકારના નાયક નમિરાજા, જેમને કંકણનું નિમિત્ત મળતાં અને જાતિસ્મરણ જ્ઞાન થતાં વૈરાગ્ય આવ્યો. તેમની રાણીઓને ખબર પડી કે અમારા પતિ હવે દીક્ષા લેવાના છે એટલે પટરાણી પૂછે છે, શું આપને આ સંસાર ઉપરથી વૈરાગ્ય આવ્યો છે? શું આપનું ચિત્ત સંસારથી અલગ થયું છે? નમિરાજે કહ્યું હા, પણ તેમાં તમને શું નુકશાન છે? રાણીઓએ કહ્યું–અમે તો ઈચ્છતા હતા, કે આપને રોગ મટી જાય, સંપૂર્ણ સ્વસ્થ થઈ જાવ, પછી લાંબા સમય સુધી આનંદ કરીશું. હજુ આપની ઉંમર નાની છે. આપ વાનપ્રસ્થાશ્રમમાં જાવ ત્યારે દીક્ષા લેજો. નમિરાજા કહે–તમે એ ચાહો છો, પણ મને જે વેદના હતી તે મટાડવાને માટે તમે શી સહાયતા કરી? મહારાજા! આપના દર્દને ચંદનના વિલેપને મટાડી તો દીધું. રાણી! એવું સમજવું એ તમારી ભૂલ છે. પુદ્‌ગલોમાં એ શક્તિ નથી કે તે કર્મ દ્વારા થતું દુઃખ મટાડી શકે. આ દર્દ મટાડનારા બીજા છે. મારું દર્દ ચંદને મટાડયું નથી પણ મારી શુદ્ધ ભાવનાએ મટાડયું છે. મને જે ભાવનાથી શાંતિ મળી છે, મારો રોગ શાંત થયો છે, તે ભાવનાનું હું શરણ લઈશ. હવે મારું મન આ સંસારમાં નથી. નમિરાજાની આ વાત સાંભળી પટરાણી તથા બીજી રાણીઓને ખૂબ દુઃખ થયું. તે રડવા–ઝુરવા લાગી, કલ્પાંત કરવા લાગી. જ્યાં સુધી જીવ ધર્મ પામ્યો ન હોય ત્યાં સુધી ત્યાગ–વૈરાગ્યની વાતો તેને દુઃખરૂપ લાગે છે. જેટલો અધિક મોહ તેટલું દુઃખ વધારે થાય. જેમ એક માણસે સોનાના કડા પહેર્યા છે, બીજાએ લોખંડના કડા પહેર્યા છે અને ત્રીજાએ હીરાના કડા પહેર્યા છે. આ ત્રણે રસ્તામાં ચાલ્યા જાય છે. સામે ચોર ભેટી જાય છે ને ત્રણેના કડા ઉતારી લીધા તો ત્રણમાંથી દુઃખ વધારે કોને થશે? (શ્રોતામાંથી અવાજ–હીરાના કડાવાળાને) કારણ કે તે ઘણાં કિંમતી છે તેથી તેના પર મમત્વ વધારે છે. એથી ઓછું સોનાના કડાવાળાને અને એથી ઓછું લોખંડના કડાવાળાને, કારણ કે તેની કિંમત બહુ અલ્પ છે. આ રીતે જેટલો મોહ વધારે તેટલું દુઃખ વધારે.

નમિરાજાની દીક્ષાની તૈયારીઓ જોઈને બધી રાણીઓ રડવા લાગી, પણ જેને અંતરંગ વૈરાગ્ય છે તે તો પાછું વાળીને જોતો નથી. તે સમજે છે કે આ બધા મોહના કારણે રડે છે. માબાપ રડે, પત્ની રડે કે ભાઈ બેન રડે પણ દૃઢ વૈરાગી કોઈના સામું જોવા ન રહે. તમે મારી સામે અત્યારે રંગીલા દેખાવ છો, પણ તમારો વૈરાગ્ય નથી પણ ધૂતારાવેડા છે. (હસાહસ) તેથી બધા બહાના કાઢો છો પણ આ નમિરાજાનો વૈરાગ્ય તો સો ટચના સોના જેવો છે. નેમકુમાર પરણવા ગયા. રાજુલ તો રાહ જોઈને બેઠી છે. તેમનું મુખ જોવા અધીરી બની છે. બારણાની ઓથે ઊભી રહીને તેમને જોઈ રહી છે. કેટલો નેમકુમાર પ્રત્યે મોહ હશે. નેમકુમારનું મુખ જોતાં મનમાં થયું કે અહાહા... શું મારા નેમ છે, ભલે, રંગે કાળા છે, પણ તેમનું લલાટ કેટલું તેજસ્વી છે. બહારથી

કાળા પણ અંદરથી રૂપાળા છે. રાજુલને નેમકુમાર પ્રત્યે આટલો મોહ હતો એ જ નેમકુમાર પશુડાઓનો પોકાર સુણીને તોરણેથી પાછા વળ્યા ત્યારે રાજુલ બેભાન થઈને ધરતી પર ઢળી પડી. શાથી બેભાન થઈ? એક તો નેમકુમાર પ્રત્યે મોહ હતો અને બીજું તેમની પ્રીતડી આ ભવની ન હતી પણ આઠ આઠ ભવની પ્રીતડી ચાલી આવે છે. સખીઓ બધી ઉપચાર કરીને તેને ભાનમાં લાવી ત્યારે રાજુલ શું બોલે છે?

**સ્વામી રે... નવ નવ ભવની પ્રીતડીનું મૂલ્ય નહિ અંકાય**
**માંડવેથી રથને પાછો ના વળાય (૨)**
**રાજુલ નાર....કરે પોકાર, માંડવેથી રથને પાછો ના વળાય (૨)**
**અંગે અંગે ઉમંગ ભર્યો છે, અંતર પુલકિત થાતું (૨)**
**મન મંદિરમાં તસ્વીર જોતાં, મનડું ના ધરાતું (૨)**
**સ્વામી રે... મધદરિયે રડતી મૂકીને, ચાલ્યા ના જવાય... માંડવેથી....**

હે મારા સ્વામી! આપણી નવ નવ ભવની પ્રીતડી છે. આજે મારા અંગેઅંગમાં આનંદ છે. આપનું મુખડું જોતાં મારું મનડું તૃપ્ત થતું નથી. આવી રાજુલને આમ રડતી મૂકીને ચાલ્યા ન જવાય ને માંડવેથી રથ પાછો ના વળાય, માટે આપ પાછા પધારો....પણ શું નેમ પાછા આવ્યા? રાજુલનો પોકાર સાંભળ્યો? ના...ના...તે તો એક સંદેશો દેતા ગયા કે જો તને મારા પ્રત્યે પ્રેમ હોય, લાગણી હોય તો હું જે માર્ગે જાઉં છું તે માર્ગે તું આવ. લગ્નના ક્ષણિક સુખ ખાતર આટલા બધા નિર્દોષ પશુઓની હિંસા થાય એવા લગ્ન મારે ન જોઈએ. હવે તો હું શિવરમણીને વરવા જાઉં છું. તું પણ એ માર્ગે આવજે.

રાજુલ બેભાન થઈને ઢળી પડી. ખૂબ કલ્પાંત કર્યો, છતાં ઉત્કૃષ્ટ વૈરાગી નેમ પાછા ન વળ્યા તે ન જ વળ્યા. તેમ અહીં નમિરાજની દીક્ષાની વાત સાંભળી રાણીઓ રડવા લાગી. રાણીઓને રડતી જોઈને નમિરાજે કહ્યું કે હું સંયમ માર્ગે જાઉં છું. તે સાંભળી તમે કેમ ગભરાયા? આટલું બધું રડો છો શા માટે? હું સંયમ લઉં છું, તેથી તમને શું દુઃખ થયું! ખરેખર મને ભયંકર રોગમાં શાંતિ આપનાર કોઈ હોય તો સંયમલક્ષ્મી છે. ભંડારમાં કરોડોની લક્ષ્મી ભરપૂર ભરી છે પણ તે લક્ષ્મી મને દર્દમાં શાંતિ આપી શકી નહિ. સંયમ સર્વ દુઃખોને દૂર કરી અનાથમાંથી સનાથ બનાવે છે. તમને મારા પ્રત્યે લાગણી ને પ્રેમ છે તેથી દર્દ મટાડવા આપે મારા શરીરે ચંદનના લેપ કર્યા. એ ચંદન મને ઉપરથી શાંતિ આપતા હતા પણ પૂર્ણ શાંતિ અને શીતળતા તો સંયમની ભાવનાથી થઈ છે. તે ભાવનાએ મારો રોગ મટાડ્યો છે. જો કોઈ વૈદે મારો રોગ મટાડ્યો હોત તો શું હું તેને કાંઈ ઈનામ ન આપત? અરે, તેની જિંદગીનું દરિદ્ર ટળી જાય એવું ઇનામ આપત. તો પછી જે સંયમની ભાવનાએ મારું દર્દ મટાડ્યું છે તેને હું મારું શરીર આપી દઉં એ શું ખોટું છે? આજે આપ મને જે નિરોગી અવસ્થામાં જુઓ છો તે બધો પ્રભાવ સંયમની ભાવનાનો છે.

ત્રીજા ભવમાં હું રાજપુત્ર હતો. તે વખતે પદ્મરથ રાજા અને હું બંને સગા ભાઈ હતા. ત્યાં મુનિનો સમાગમ થતાં બંને ભાઈઓએ સંસાર છોડી દીક્ષા લીધી હતી. શુદ્ધ

ભાવે સંયમનું પાલન કરતાં બંને જણા દેવલોકમાં ગયા. દેવલોકની સુખ સમૃદ્ધિ કેટલી? કહે છે કે મૃત્યુ લોકની બધી સંપત્તિ ભેગી કરવામાં આવે તો દેવીઓના કપાળમાં રહેલા ચાંલ્લાની તોલે ન આવે. દેવલોકમાં કેટલાય સાગર સુધી એ સુખ ભોગવ્યું., છેવટે એ સુખો પણ છોડવા પડયા, અને અહીં મારે જન્મ લેવો પડયો. દેવલોકમાં તો મારી સેવામાં કેટલી બધી દેવીઓ હતી, છતાં જે શાંતિ સંયમથી મળે છે તે શાંતિ મને ત્યાં નહોતી મળી. દેવલોકમાં અતિ સુખ અને નરકમાં અતિ દુઃખ અતિ સુખ પણ સારું નહિ અને અતિ દુઃખ પણ સારું નહિ. તમે કેરી ખાવ છો તે કેરી અતિ પાકી ગઈ હોય, તો ન ગમે ને અતિ ખાટી હોય તો પણ ન ગમે, પણ અતિ ખાટી નહિ ને અતિ પાકી નહિ એવી કેરી ભાવે, તેમ દેવલોકના સુખ અતિ પાકી કેરી જેવા છે. ત્યાં સુખ ઘણું છે પણ વ્રત પચ્ચખાણ કરી શકતા નથી. નરકના દુઃખો અતિ ખાટી કેરી જેવા છે. ત્યાં દુઃખ દુઃખ ને દુઃખ. અતિ દુઃખમાં એ કાંઈ કરી શકતા નથી. મનુષ્યભવ એ મીઠી કેરી જેવો છે. તેમાં અતિ સુખ નહિ ને અતિ દુઃખ નહિ, પણ બંને સમાન, તેથી આ ભવમાં ધર્મારાધના થઈ શકે છે, માટે માનવ ભવની દુર્લભતા બતાવી છે.

નમિરાજ પત્નીઓને સમજાવી રહ્યા છે. તે કહે છે તમને વધુ શું કહું! તમે મને મળ્યા એ પણ સંયમ-લક્ષ્મીની કૃપાથી. જો મેં સંયમ લીધો ન હોત ને રાજકુળમાં મારો જન્મ થયો ન હોત તો શું તમે મારી સાથે લગ્ન કરત? માટે સંયમની કૃપાથી આ બધું બન્યું છે તે હું કેમ ભૂલી શકું? હવે તમે મારા કાર્યમાં વિઘ્ન શા માટે કરો છો? તમે સદ્‌ગુણી થઈને દુર્જનની માફક કામ કરવા કેમ તૈયાર થયા છો? હું ચંદ્રયશની સામે લડાઈ કરવા ગયો. તે સમયે લડાઈ થઈ હોત ને લડાઈમાં હું મરાયો હોત, તો તમે શું કરત અને હું સંયમ કેવી રીતે લઈ શકત? એ તો સારું થયું કે આપણી માતા, સાચી માતા કલ્યાણ મિત્ર બનીને રણસંગ્રામમાં આવી અને ભાઈ ભાઈની ઓળખાણ કરાવી યુદ્ધવિરામ કરાવ્યું, તો બધા જીવતા રહી શકયા. વળી જ્યારે હું યુદ્ધ કરવા જતો હતો ત્યારે તો તમારામાંથી કોઈએ મને રોકયો નહિ ને અત્યારે કેમ નારાજ થાવ છો? તે વખતે તો તમે વીરતા બતાવી હતી. એ તો દ્રવ્ય-સંગ્રામ હતો. એ સંગ્રામ તો આત્માના ગુણોનો સંહાર કરાવે, હિંસાના તાંડવ સર્જાવે ને વૈરની વણઝાર ઉભી કરે, છતાં તે યુદ્ધમાં જતાં મને ન રોકયો. ત્યારે તમે મને એમ કહેતા હતા કે તમે ક્ષત્રિયપુત્ર છો, માટે શત્રુની સામે બરાબર ઝઝૂમજો. શત્રુને પીઠ નહિ બતાવતા સામી છાતીએ ઘા ઝીલજો. આપ છાતી પર ઘા ઝીલશો તો અમે આપનું સ્વાગત કરીશું પણ પીઠ પર ઘા ઝીલશો તો અમે આપને કાયર માનીશું.

આ પ્રમાણે દ્રવ્ય સંગ્રામ વખતે કે જ્યાં પાપના પલ્લા ભરાવાના હતા ત્યાં તમે મારો ઉત્સાહ વધે તેમ કહેતા હતા, ત્યારે શૂરવીરતા બતાવતા હતા, અને અત્યારે હું કર્મોની સામે યુદ્ધ કરવા માટે જઈ રહ્યો છું ત્યારે આપ કાયરતા કેમ બતાવો છો? જો

સંગ્રામમાં પાપનું નિકંદન છે, એવા યુદ્ધમાં જતી વખતે આપ એવા આશીર્વાદ આપો અને મારો ઉત્સાહ વધારો કે આપ કર્મ સંગ્રામમાં શૂરવીર થઈને કર્મ શત્રુઓ સામે ઝઝૂમજો, ક્ષમાના બખ્તર પહેરી, સંયમની ઢાલ લઈ, અહિંસા રૂપી ખડ્ગ દ્વારા કર્મ–શત્રુઓ ઉપર વિજય મેળવી આત્માનું શાશ્વત રાજ્ય મેળવજો. અમે પણ આપના પગલે પગલે ચાલી આત્માનું રાજ્ય મેળવીએ. આ રીતે આપ મારો ઉત્સાહ વધારી હસતા મુખડે જવાની આજ્ઞા આપો. નમિરાજે આ પ્રમાણે પટરાણીઓને સમજાવી. હવે નમિરાજા કેવી રીતે રાજ્યનો ત્યાગ કરશે ને શું બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર**–ગુણદત્તે વટેમાર્ગુને બંધનમાંથી છોડાવવા બૂમો મારી તેથી વટેમાર્ગુને દયા આવી. તેના હૃદયમાં કરૂણાના ઝરણા વહેવા લાગ્યા. તે ગુણદત્ત પાસે ગયો. ગુણદત્તે કહ્યું ! ભાઈ, હું ભૂત, પ્રેત, ડાકણ કોઈ નથી, માનવ છું. તે વટેમાર્ગુએ ગુણદત્તના હાથે પગે જે બંધન હતાં તે કાપી નાંખ્યાં. તેને ઝાડેથી નીચે ઉતાર્યો. ગુણદત્ત કહે છે ભાઈ ! મને ખૂબ તરસ લાગી છે. મને પાણી લાવી આપોને ! વટેમાર્ગુ ગુણદત્તને ઓળખતો પીછાણતો નથી પણ તેના દિલમાં દયા છે એટલે તેણે ત્યાં પાણીની તપાસ કરી. ત્યાં પાણી ન મળ્યું તો ઘણે દૂર જઈ પાણી લઈ આવ્યો. આનું નામ માનવતાની મ્હેંક. ગુણદત્તને પાણી પીવડાવી તેની તૃષા શાંત કરી અને પોતાની પાસે ખાવાનું ભાતુ હતું તે તેને આપ્યું. બંને ય જાણે કેટલાય પરિચિત હોય તેમ વાતો કરી. ગુણદત્ત એના ચરણમાં નમીને કહે છે ભાઈ ! તમે મારા પર મહાન ઉપકાર કર્યો છે. હું તમારો ઉપકાર ક્યારે પણ નહિ ભૂલું. એમ કહીને બંને છૂટા પડયા.

**"સહોદરની શોધમાં"**–હવે ગુણદત્ત પોતાના ભાઈ ગુણચંદ્રની શોધ કરે છે. ભાઈની શોધ કરવા જંગલના ખૂણે ખૂણે અને રસ્તે રસ્તે ફરી વળ્યો, પણ ક્યાંય ભાઈ દેખાતો નથી. અરરર...મારા ભાઈનું શું થયું હશે ? ભાઈ....ભાઈના પોકારો કરતો રડતો ને ઝૂરતો ફરે છે પણ ભાઈ ક્યાંથી દેખાય ? બંને ભાઈનો પ્રેમ અજોડ છે. જાણે રામ લક્ષ્મણની જોડી ! ભાઈને ઘણું શોધ્યો પણ ભાઈ જડતો નથી. છેવટે ત્યાંથી આગળ ચાલે છે. થોડું ચાલ્યો ત્યાં વચ્ચે બે રસ્તા આવ્યા. તેના મનમાં મૂંઝવણ થઈ કે કયા માર્ગે જવું ? તે રસ્તાનો સાવ અજાણ હતો. તેને ખબર નથી કે આ બે રસ્તા ક્યાં જાય છે. હવે તેનો પુણ્યોદય જાગવાનો છે. દુઃખના વાદળો દૂર થવાના છે. તેણે જંગલમાં મંગલ સમાન દૂરથી મુનિઓને જોયા. મુનિઓને જોતાં તેનું હૈયું હર્ષથી નાચી ઉઠયું. અહો ! જંગલમાં આવા પરમપવિત્ર ગુરૂદેવના દર્શન થયા. ગુણદત્તે ગુરૂદેવને લળી લળીને વંદન કર્યા ને તેમની સ્તુતિ કરી. ગુરૂદેવ પૂછે છે હે દેવાનુપ્રિય ! આપ આવા અઘોર જંગલમાં ક્યાંથી ? તમારું ગામ કયું ? તમારું કુળ કયું ? આપનું મુખ જોતાં લાગે છે કે આપ ઉત્તમ કુળના છો. આપ ક્યાંથી આવ્યા છો ને ક્યાં જઈ રહ્યા છો ? સંતને જોઈને ગુણદત્તમાં થોડી હિંમત આવી. તે ભાઈના વિયોગથી રડી રહ્યો હતો. સંતને જોતાં તેના આંસુ ક્યાંય સૂકાઈ ગયા. તેણે પોતાની બધી કથની કહી સંભળાવી. ગુરૂદેવ ! મને

મારા ભાઇ વિના ચેન પડતું નથી. હું અત્યારે મારા ભાઇની શોધમાં જઇ રહ્યો છું. હે ગુરૂ ભગવંત! હે કૃપાનિધાન! આપ તો જ્ઞાનના સાગર છો. આપ મારા પર કૃપા કરો ને મને કહો કે મારો ભાઇ અત્યારે ક્યાં છે? આ મુનિને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું હતું. ઉગ્ર-તપ-જપ, ધ્યાન આદિથી મહાન લબ્ધિઓ પ્રાપ્ત કરેલી છે, એટલે બધી વાત જાણી લીધી ને પછી કહ્યું, ભાઈ! જગતમાં કર્મસત્તા મહા બળવાન છે. રંકને રાજા બનાવે ને રાજાને રંક બનાવે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવે છે. તું ગભરાઈશ નહિ. તારો ભાઇ ક્યારે મળશે ને હવે તારું શું થશે તે વાત મારા જ્ઞાનથી જાણીને કહું છું તે સાંભળો.

**બારહ વર્ષ તક મિલે ન ભાઈ, જતન કરયા નહિ પાવે,**
**પાવે રે પાવે અબ રાજ્ય તું, યહાંસે જહાં જાવે.**

તારો ભાઈ તને બાર વર્ષ પછી મળશે. તું એને શોધવા માટે ગમે તેટલા પ્રયત્નો કરીશ તો પણ તે તને નહિ મળે. આ શબ્દો સાંભળતા ગુણદત્તને એકદમ આઘાત લાગ્યો. શું ૧૨ વર્ષ સુધી મારો ભાઈ મને નહિ મળે! સંતે કહ્યું-હવે તું અહીંથી જ્યાં જઈશ તે નગરનું રાજ્ય તને મળશે અને આનંદમંગલ થઇ જશે. તારા માતા પિતા પણ તને ૧૨ વર્ષે મળશે. તું આ રસ્તે સીધે-સીધો ચાલ્યો જઈશ તો ભીમપુર નગર આવશે. તારા ભાગ્યમાં રાજા બનવાનો યોગ છે. આવતી કાલે સાતમો દિવસ છે. તું ભીમપુરનો રાજા બનશે પણ હું તને એટલું કહું છું કે તને રાજ્ય મળી જાય ને તું રાજા બને તો પણ દયા ધર્મને છોડીશ નહિ. જગતમાં જૈન ધર્મ જેવો બીજો સત્ય, સનાતન ધર્મ કોઇ નથી, માટે જૈન ધર્મની શ્રદ્ધા ચૂકીશ નહિ. જિનેશ્વરના માર્ગ પર દૃઢ શ્રદ્ધા રાખજે. દર પાખીના આયંબીલ કરજે તો તારા બધા સંકટ દૂર થઈ જશે. જેમ સૂર્ય મધ્યાહ્નને તપે છે તેમ તું રાજ્યમાં ખૂબ પ્રભાવશાળી બનીશ. જ્યારે તને કષ્ટ કે કસોટી આવે ત્યારે તું અઠમ કરજે. આ રીતે ન્યાય-નીતિથી તું રાજ્ય ચલાવજે, ધર્મને ભૂલીશ નહિ તો તું પ્રજાનો પ્રેમપાત્ર બનીશ. આ રીતે ગુરૂદેવે ગુણદત્તને બધી ભલામણ કરી. ગુણદત્ત કહે-ગુરૂદેવ! આપે મારા પર મહાન ઉપકાર કર્યો છે. આપે મારા આત્મહિતની વાતો કહીને મારા પર ખૂબ કૃપા કરી છે. એટલું કહીને ગુરૂદેવને વંદન કરીને ગુણદત્તે પોતાના માર્ગ તરફ પ્રયાણ કર્યું.

કુમાર ચાલતો જાય છે. થાકી જવાથી રાતના ગામ બહાર સૂઈ ગયો. સવારે લોકોના ટોળા આવી રહ્યા છે. વાજા, ઢોલ, નગારા વગેરે વાગી રહ્યા છે. ઘણો ઉત્સાહ છે. કુમાર વિચારે છે કે શું હશે? તેથી એક ભાઈને પૂછયું કે આજે શું છે? શું તમને સમજણ પડતી નથી? આ સમાચાર તો હવાની માફક ચારેબાજુ ફેલાઈ ગયા છે. દેશોદેશમાં સમાચાર પહોંચી ગયા છે. નાના બાળકથી લઈને વૃદ્ધ સુધીના દરેકના મન આજનો ઉત્સવ જોવા તલસી રહ્યા છે. આવતી કાલે કેવી ઉષા પ્રગટશે એ વાત સૌના અંતરમાં ગૂંજી રહી છે.

હે ભાઈ! અમારા રાજ્યમાં અમારા મહારાજા અચાનક સ્વર્ગવાસ થયા છે. તેમને કોઈ સંતાન નથી, તેથી રાજ્યગાદીએ કોણ બેસશે? એ વાતથી બધા ચિંતાતુર બની ગયા છે. મહારાજાના મરણ બાદ અનેક દેશના રાજાઓ રાજગાદી લેવા માટે આવ્યા, તેથી અંદરોઅંદર એકબીજા ગાદી લેવા માટે ઝઘડવા લાગ્યા. પરિણામે રાજ્યમાં કલેશ વધતો ગયો. રાજ્યગાદીનો વારસદાર નહિ હોવાથી શત્રુઓનો ભય માથે ઝઝૂમી રહ્યો છે. દેશની સ્થિતિ કફોડી બની ગઈ છે. સંપત્તિ વૈભવનો પાર નથી પણ અઢળક સંપત્તિનો ભોગવનાર કોઈ વારસદાર નથી. રાજકુળમાં અનેક સંઘર્ષો ચાલી રહ્યા છે. મંત્રીઓએ સંઘર્ષો અટકાવવા ઘણી યુક્તિઓ કરી પણ બધી નિષ્ફળ ગઈ. બધાના અંતરમાં ઐક્ય સાધવા અને પ્રજાના ભાવિ ઉત્થાન માટે ઘણી ભાવના હતી. છેવટે બધાએ એક પંચ નીમ્યું ને નક્કી કર્યું કે પંચ જે ઠરાવ પાસ કરે તે બધાને માન્ય કરવાનો. બધા તેમાં એકમત થયા. હવે શું બનશે તે અવસરે.

---

## વ્યાખ્યાન નં-૭૨

**આસો સુદ ૫ શુક્રવાર** **તા. ૨-૧૦-૮૧**

અનંતજ્ઞાની ભગવંતે જગતના જીવોના ઉદ્ધાર માટે, શ્રેય માટે સિદ્ધાંત રૂપ વાણીનું પ્રકાશન કર્યું છે. વિષમકાળમાં માર્ગથી ભૂલા પડેલા, જ્યાં ત્યાં અથડાતા-કૂટાતા જીવોને માર્ગદર્શક, દીવાદાંડી રૂપ હોય તો તે આગમ છે. ખરેખર, જો અત્યારે આગમ ન હોત તો દૂષમકાળના દોષથી દુષિત થયેલા આપણા જેવા જીવોને આધાર કોનો? દુષમકાળના ઘોર અંધકારપટમાં ભગવાનનું આગમ જ્ઞાન ભવ્ય જીવોને કલ્યાણકારી છે. હાલમાં નથી કોઈ દેવાધિદેવની પધરામણી, નથી કોઈ ગણધર-લબ્ધિધરોની વિદ્યમાનતા કે જેમના જ્ઞાન તેજ દ્વારા અજ્ઞાની જીવો તરે, પણ વિદ્યમાન છે તેઓએ ઉપદેશેલો જ્ઞાનમાર્ગ. કહ્યું છે કે–

पापरयौषधं शास्त्रं शास्त्रं पुन्य निबंधनं ।
चक्षु सर्वगतं शास्त्रं, शास्त्र सर्वार्थ साधनम् ॥

આવા કળિયુગમાં ભગવાનનું આગમજ્ઞાન એ પાપનું નિરવદ્ય ઔષધ છે. જીવને સદ્ગતિમાં સ્થાપન કરનાર પુણ્યનું અજોડ કારણ છે. જીવને ચારે બાજુથી આત્મ કલ્યાણનો માર્ગ બતાવવામાં ચક્ષુભૂત છે, તેટલું જ નહિ પણ જગતભરના તમામ પદાર્થોને મેળવવામાં યાવત્ મોક્ષ સુખ પ્રાપ્ત કરાવવામાં શ્રેષ્ઠ સાધનભૂત હોય તો માત્ર આગમ છે.

આગમમાં ભગવાને બતાવ્યું કે સારી યે સચરાચર અનંત જીવોથી ભરેલી સૃષ્ટિ તરફ જ્ઞાન દૃષ્ટિથી જોવામાં આવે તો માત્ર બે તત્ત્વો જણાય છે. એક છે ચૈતન્યની અનંત શક્તિનો પુંજ તેવું આત્મદ્રવ્ય અને બીજું છે પુદ્ગલ-જડ દ્રવ્ય. જે કાંઈ દુનિયા દેખાય છે તે મુખ્યત્વે આ બે તત્ત્વોની બનેલી છે, પણ એ સમજવું જરૂરી છે કે બેમાંથી

કોની શક્તિ વધારે ? જડની કે જીવની ? આ પ્રશ્ન આજકાલનો નથી પણ યુગોના યુગો આ બે શક્તિના ઘર્ષણ વચ્ચે પસાર થઈ ગયા. આ બે શક્તિ વચ્ચે ઘર્ષણ ચાલ્યા કરે છે. ઘણીવાર સ્થૂલ દૃષ્ટિએ વિચારતા એવું લાગે કે પરમાણુની તાકાત કેટલી છે. આજનું વિજ્ઞાન તથા તેના સંશોધકો અણુની અવનવી શોધ જગત સમક્ષ ધરીને ઘડીભર તો જીવને આશ્ચર્ય મુગ્ધ કરી દે છે. વર્ષો પહેલા કોઈએ વાત કરી હોત કે આકાશમાં ઉડી શકાય તો તે વાત હંબગ ગણાત, પણ આજે પૃથ્વીના પેટાળમાં સમુદ્રના તળિયે કે વાદળની સપાટીની પેલે પાર ઉડવું તે સહજ બની ગયું છે. એ જ બતાવે છે કે વિજ્ઞાનની– અણુશક્તિની પ્રચંડ તાકાત

આ વિજ્ઞાનનું મહત્વ બતાવતા વૈજ્ઞાનિકોની ઘણી ઘણી શોધની પ્રશંસા કરતા બુદ્ધિમાન માનવને પૂછું છું કે વૈજ્ઞાનિકોએ શોધેલા અણુ તથા જડની તાકાત બતાવતા વર્તમાનના સાધનો ભલે અત્યારે ઘરઘરમાં વસેલા હોય પણ તેની શોધ કરી કોણે ? ત્યાં બુદ્ધિ વપરાઈ એક માનવની કે બીજાની ? તે વિચારની સ્ફૂરણા થઇ એક માનવ-હૃદયમાંથી કે પત્થરમાંથી ? ત્યાં શક્તિ વપરાણી ચેતનની કે જડની ? આ બધાનો જવાબ તમે આપશો કે એ શક્તિ ચેતનની છે, જડની નહિ. તો હવે શક્તિ કોની વધારે ? ચેતનની. જો ચેતન તત્ત્વ આ વિશ્વમાં ન હોય તો પાછળ શું રહે ? કદાચ ન કલ્પી શકાય, ન વિચારી શકાય, અરે, બુદ્ધિમાં પણ વાત ન બેસી શકે તેવા અગમ્ય સાધનો બનાવીને આજનું વિજ્ઞાન લોકોને ખુશ ખુશ કરી દેશે. સોનાની લગડીમાંથી મનગમતો હાર કે રત્નજડિત વીંટી ભલે સોની બનાવી આપે પણ આખરે શક્તિ કોની વપરાણી ? સોનાને ખબર નથી કે હું સોનું છું, હીરાને ખબર નથી કે મારા મૂલ્ય આટલા બધા છે. તેની કિંમત આંકનાર આખરે તો ચૈતન્ય જ છે ને ?

જડની દુનિયામાં અજબગજબનું પરિવર્તન લાવનાર આજે મહાન બુદ્ધિશાળી પ્રજ્ઞાશીલ માનવો મળી રહેશે પણ હૃદયની દુનિયામાં ધરખમ ફેરફાર કરી હૃદયપલ્ટો કરાવનાર જો કોઈ શક્તિ હોય તો તે છે આગમ વચનની. સૂતેલાને જાગતા કરી તેમાં પ્રાણનો સંચાર કરનાર, જાગતાને બેઠા કરી તેને ટેકો આપી ઉભા કરનાર, સુસ્તી ટાળીને સ્ફુર્તિ લાવનાર, પરને મેળવવા દોડતાને લાલબત્તી ધરીને થોભાવનાર તથા પડતાને પકડીને ટેકો આપીને સ્વભાવમાં સ્થિર કરવાની પ્રચંડ તાકાત ધરાવનાર છે આગમની અદ્‌ભૂતશક્તિ. થોડો સમય મેળવીને આગમના પાના ખોલી અવલોકન કરશો તો તમને જીવન જીવવાની જડીબુટ્ટીનું દાન કરનારા અમૂલ્ય મોતી પ્રાપ્ત થશે. જડમાં પરિવર્તન કરવાની તાકાત ભલે આજના એટમ યુગમાં વિજ્ઞાનની હોય, પણ હૃદયના ભાવોમાં પરિવર્તન કરી પોતાનું ભાન કરાવીને સ્વમાં સ્થિર કરાવવાની ચાવી આગમમાં છે. એવા આગમમાં મૂળ સૂત્ર ઉત્તરાધ્યયન સૂત્રના અમૃતરસના મીઠા મધુરા પીણા આપ રોજ પી રહ્યા છો. આપણે નમિરાજની વાત ચાલે છે. જેમની નસેનસમાં વૈરાગ્ય રસના ફુવારા ઉડી રહ્યા છે, જે સુવર્ણાભૂષણોના શણગાર છોડી રત્નત્રયીના શણગાર સજવા તત્પર બન્યા છે.

ષટ્રસ ભોજન છોડીને સંતોષના ભોજન આરોગવા ઉત્સુક બન્યા છે. વિષય વાંસળીના નાદને છોડી વૈરાગ્ય રૂપ વીણાના તાર જેણે જીવનમાં જોડયા છે એવા નમિરાજા પ્રવ્રજ્યાના પંથે પ્રયાણ કરવા તૈયાર થયા છે. તે વાત સાંભળીને બધી રાણીઓને ખૂબ દુઃખ થયું. પટરાણી તેમની પાસે આવી ત્યારે નમિરાજાએ કહ્યું, પટરાણીજી ! હવે તમે મારાથી દૂર રહો. મને અડશો નહિ. ત્યારે પટરાણી કહે, તમે આ શું બોલો છો ? હું તમારી પત્ની છું, અર્ધાંગના છું. તમે સ્વપ્નામાં તો નથી બોલતા ને ? ના, રાણીજી ! હવે તમારો ને મારો સંસારનો સંબંધ પૂરો થયો. હવે આ સંસારનો ત્યાગ કરી દીક્ષાના પંથે જાઉં છું. રાણીઓ ગમે તેટલી રડે કે રોકવાના પ્રયત્નો કરે પણ નમિરાજાનો અડગ નિશ્ચય તે નિશ્ચય. તે હવે તેમાંથી જરા પણ ચલિત થાય તેવા નથી. આ કંઈ કાયર નથી પણ શૂરવીર છે. ભગવાન સૂયગડાંગ સૂત્રમાં બોલ્યા છે.

**विरया वीरा समुट्ठिया, कोह कायरियाइपीसणा।**

**पाणे न हणंति सव्वसो, पावाओ विरयाऽभिनिव्वुडा ॥** અ. ૨. ઉ. ૧ ગા. ૧૨

જે હિંસા આદિ પાપોથી દૂર છે, ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયોનું વિદારણ કરવાના કારણે વીર છે તથા સમસ્ત આરંભોને છોડીને મોક્ષમાર્ગમાં ચાલવાને માટે સમુત્થિત થયેલા છે, જે બેઇન્દ્રિયાદિ જીવોને મન-વચન-કાયાથી સર્વથા મારતા નથી, એવા સમસ્ત પાપ કર્મોથી રહિત પુરૂષ મુક્ત જીવોના સમાન શાંત હોય છે. તેવા આત્માને સાચો વીર કહેવાય છે.

**"વીર કોને કહેવાય"** ? :-જે યુદ્ધમાં લાખો જીવોનો સંહાર કરે છે, જે એક આંખ ફેંકે ને હજારો માણુસો ધ્રુજવા લાગે છે, જે પોતાના મોજશોખને માટે લાખો નિર્દોષ પ્રાણીઓને મારી નાંખે છે અથવા જે પોતાના આનંદ-પ્રમોદને માટે પંચેન્દ્રિય જીવોનો શિકાર કરે છે, તે ભલે ભૌતિક ક્ષેત્રમાં વીર કહેવાતો હોય, પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં તે વીર કહેવાતો નથી, પણ પાપી કહેવાય છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં વીર તેને કહેવાય કે જે હિંસા આદિ પાપોથી વિરક્ત છે, કર્મોના વિદારણ કરવાના કારણે તે સાહસી વીર છે, ક્રોધાદિ કષાયોથી દૂર રહે છે, સર્વથા આરંભને છોડીને સંયમી જીવનના ચીર પહેર્યા છે, જે મન-વચન-કાયાથી કોઈ પણ પ્રાણીનો વધ કરતા નથી, પાપોથી સર્વથા નિવૃત્ત થયા છે એવા વીર સાધક વીતરાગી આત્માના સમાન પ્રશાંત છે.

કર્મ સંગ્રામમાં યુદ્ધ ખેલવા તૈયાર થયેલા મહાન વીર નમિરાજાએ પટરાણીઓને સમજાવી, પછી તેના દીકરાને કહ્યું હે પુત્ર ! હવે હું આ રાજ્ય તને સોંપું છું. બાપુજી ! મારે રાજ્ય નથી જોઈતું. આપની ઉંમર હજુ નાની છે. આપ હમણાં રાજગાદી ભોગવો, સંસારમાં રહો ને પુખ્ત ઉંમરે આપ દીક્ષા ગ્રહણ કરજો. હું હજુ નાનો છું. આપ મારા માથે અત્યારથી આ બોજો ન નાંખો. નમિરાજાની દીક્ષાની વાત સાંભળી રાજકુમાર રડવા લાગ્યો. પુત્રને રડતો જોઈને નમિરાજાએ કહ્યું હે પુત્ર ! તું રડે છે શા માટે ? દુઃખી કેમ થાય છે ? આ તો આપણા કુળની પરંપરા છે. પુત્રનું તો એ કર્તવ્ય છે કે તે પોતાના

પિતાને આત્મકલ્યાણ માટે અવસર મેળવી આપે. જે પિતાને પવિત્ર કરે તે સાચો પુત્ર છે, માટે તું રાજપાટની જવાબદારી સંભાળી જેમ મેં મારા ભાઈને સહાય કરી હતી તેમ તું મને આત્મકલ્યાણ કરવામાં સહાય કર. પુત્ર કહે–પિતાજી! આપની વાત સાચી છે, પણ આપ તો હજુ યુવાન છો, પાછલી ઉંમરે આપ દીક્ષા લેજો. બેટા! સમય કદી કોઈની રાહ જોતો નથી. ખીલેલું ફૂલ કરમાવાનું, ઉગેલો ભાનુ અસ્ત થવાનો, પણ તે કયારે થશે તેની ખબર નથી. રાત્રી અને દિવસ રૂપી બે મહાચોર આયુષ્ય રૂપી ધનને સતત લૂંટી રહ્યા છે. આવા મહામૂલા માનવજીવનનો સમય શું નાશવંત, અહીં રહેનારી, પરલોકમાં સાથ નહિ દેનારી વસ્તુને ભેગી કરવામાં વ્યતીત કરવાનો? તો પછી શાશ્વત એવા આત્મા માટે પુરૂષાર્થ કયારે કરવાનો? આ રાજ્ય ભોગવવામાં, સંસારમાં રહેવામાં પાપમય કર્મની ભરચક આવક સિવાય છે શું? રાજ્ય ભોગવવામાં તો માથે ભવના ભાર વધે છે. મેં અત્યાર સુધી રાજ્ય ભોગવ્યું. હવે મારે આત્માનું શાશ્વત રાજ્ય મેળવવું છે. હવે તું બરાબર તૈયાર થઈ ગયો છે તો પછી મારે મારી આત્મસાધનામાં "कहं पमाओ" શા માટે પ્રમાદ કરવો?

પુત્રે પિતાજીને રોકવા માટે ઘણું કહ્યું પણ ઉછળ્યું ધાન્ય કયારે પણ ન ટકે, તેમ જેનો ઉત્કૃષ્ટ વૈરાગ્ય છે તે હવે કદી કોઈના રોકયા રોકાય ખરા? છેવટે પુત્રે એમ કહ્યું કે, મારો ધર્મ આપના કાર્યમાં સહાયતા દેવાનો છે, માટે આપને જેમ સુખ ઉપજે તેમ કરો. નમિરાજાના પુત્રે એ વિચાર કર્યો કે પિતાના ઋણથી મુક્ત થવાને માટે તેમના પર જે બોજો છે તે મારે ઉપાડી લેવો જોઈએ અને તેમને સંયમ માર્ગે જવા માટે મુક્ત કરવા જોઈએ, તેથી તેણે રાજ્યગાદી સંભાળી લીધી અને પિતાને આજ્ઞા આપી. નમિરાજને ત્યાં કેટલા સુખો હતાં, છતાં તે સુખોને છોડીને "अणुत्तरे धम्मे" પ્રધાન ધર્મ એટલે ચારિત્ર ધર્મને અંગીકાર કરવા તૈયાર થયા. ભગવાને બે પ્રકારનો ધર્મ બતાવ્યો છે. આગાર ધર્મ એટલે શ્રાવક ધર્મ, અને બીજો અણગાર ધર્મ. શ્રાવક ધર્મમાં મર્યાદા છે. શ્રાવકો પાંચમા ગુણસ્થાન છે, જ્યારે દેશવિરતિ ધર્મ છોડીને સર્વવિરતિ ધર્મ અંગીકાર કરે ત્યારે છઠ્ઠા ગુણસ્થાને આવે છે. છઠ્ઠા ગુણસ્થાને પાપનો સર્વથા ત્યાગ છે. અણુત્તર ધર્મ જીવને અણુત્તર એવી મોક્ષ ગતિ અપાવે છે. એવા અણુત્તર ચારિત્ર ધર્મને અંગીકાર કરવા માટે "अभिनिक्खमई नमिराया" નમિરાજા અભિનિષ્ક્રમણ એટલે દીક્ષાને માટે નીકળે છે. હવે શાસ્ત્રકાર બતાવે છે.

**से देवलोगसरिसे, अन्तेउरवरगओ वरे भोए ।**
**भुंजित्तु नमीराया, बुद्धो भोगे परिच्चयई ॥३॥**

પોતાની રાણીઓની સાથે દેવસમાન ભોગોને ભોગવતા થકા તે નમિરાજા પ્રતિબોધ પામીને તે ભોગોને છોડી દે છે.

નમિરાજાને ત્યાં કેવા સુખો હતા? તે બતાવતા જ્ઞાની બોલ્યા છે કે **देवलोग सरिसे** દેવલોકના સમાન મહાન સુખો હતા. આ નમિરાજા જેવું તેવું સુખ છોડવા તૈયાર નથી,

થયા. જેમના અંતેઉરમાં ૧૦૦૮ રાણીઓ હતી. તે બધી રાણીઓ આજ્ઞાંકિત હતી. રાજાની નજર પડે ને એમના પગ ફરે. ક્યારે પણ તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારી ન હતી. રૂપમાં તો દેવાંગના સમાન હતી. માત્ર રૂપ ન હતું પણ રૂપની સાથે ગુણનો ભંડાર હતી. આવી રાણીઓની સાથે નમિરાજા સ્વર્ગીય સુખો ભોગવતા હતા. નમિરાજ પાસે વૈભવ, સંપત્તિ અઢળક હતા. વળી તે સુદર્શન અને મિથિલા બે રાજ્યના ધણી હતા. એક રાજ્ય એટલે એક ગામ નહિ પણ આ એક રાજ્યના તાબામાં બીજા કેટલાય નાના ગામો હતા.

વિશાળ રાજ્ય હતું. શરીર પણ હવે નિરોગી બની ગયું હતું. પાંચ ઇન્દ્રિયો પણ બરાબર હતી. યુવાન અવસ્થા હતી. માથે એકે ધોળો વાળ પણ આવ્યો નથી, છતાં સંસાર છોડવા તૈયાર થયા અને તમારા માથે તો વાળ જાણે રૂ નું ખેતર જોઈ લો. (હસાહસ) કાને સાંભળવાનું ઓછું થયું તેથી રેડીયા મૂકયા, દાંત પડી ગયા તો બત્રીસી કરાવી, આંખે ચશ્મા આવી ગયા છતાં ઉભા થવાનું મન થતું નથી.

નમિરાજાનો આત્મા ઉત્તમ છે. તે સમયને ઓળખીને સાવધાન બની ગયા. ગુજરાતી કહેવત છે કે **"સમય વર્તે સાવધાન"** અને જ્ઞાનીપુરૂષોના શબ્દોમાં કહીએ તો **"खणं जाणाहि पंडिए"**। ક્ષણને, તકને જે જાણી લે છે અને જે કરવાનું છે તે કરી લે છે તે જ પંડિત છે, તે જ ડાહ્યો છે. મનુષ્ય જન્મ અને સર્વ દુઃખથી મુક્ત કરાવનાર સર્વજ્ઞકથિત ધર્મ–આ સોનેરી અવસર આપણા મહાન ભાગ્યોદયે મળ્યો છે. આ તક નિરર્થક ન ચાલી જાય તે ખાસ લક્ષ રાખવાનું છે. આત્માને સંપૂર્ણ સુખી બનાવી દે એવી આ પળ છે. એનો સદુપયોગ કરી લેવો એ આપણા હાથની વાત છે. આ અણમોલ તકને કેવી રીતે સફળ બનાવવી? એકવાર આત્મામાં દૃઢ પ્રતીતિ થવી જોઈએ કે આપણે પ્રાપ્ત કરવા જેવો એક માત્ર મોક્ષ છે. બીજું કંઈ પ્રાપ્ત કરવા જેવું નથી. મોક્ષ સિવાય બીજું કોઈ પણ લક્ષ્ય સ્વપ્નામાં પણ ન હોવું જોઈએ. જેમણે મોક્ષને પોતાનું લક્ષ્ય બનાવ્યું છે તેમની લક્ષ્યશુદ્ધિ થઈ ગઈ છે. લક્ષ્યશુદ્ધિ વિના જીવ અનંતો કાળ રખડપટ્ટી કરે છે. સર્વ તીર્થંકરો, સર્વ કેવળી ભગવંતો, સર્વ આચાર્યો, ઉપાધ્યાયો, સંત સતીજીઓ અને શ્રાવક શ્રાવિકાઓનું લક્ષ મોક્ષપ્રાપ્તિનું હોય છે, અને તેઓ મોક્ષને પ્રાપ્ત કરીને સિદ્ધ ભગવંત બનીને કૃતકૃત્ય થાય છે.

જેને મોક્ષ મેળવવાની લગની લાગી છે એવા નમિરાજા સંસારની અસારતા જાણી અને કામભોગના ફળ કટુ છે તેથી તેઓ સંસારનો ત્યાગ કરવા તૈયાર થયા છે. તેમને સમજાઈ ગયું કે આ વિષયો તો એંઠવાડ છે. મારા આત્માએ પૂર્વભવોમાં ઘણા કામભોગો ભોગવ્યા છે પણ અજ્ઞાન દશામાં એ ભાન ન હતું કે એનું પરિણામ કેવું ભયંકર છે. દેખાવમાં મનોહર દેખાતો કામભોગો ભોગવતાં પરિણામે દુર્ગતિના દ્વારે લઈ જાય છે, માટે હવે આ કામભોગો ન જોઈએ. જ્યાં સુધી મનુષ્ય કોઈ પણ પદાર્થના સ્વરૂપને યથાર્થ રૂપથી જાણતો નથી ત્યાં સુધી તેને ગ્રહણ કરવાની કે ત્યાગ કરવાની દૃષ્ટિ આવતી નથી. આ

ગાથા દ્વારા એ બતાવ્યું છે કે દેવલોકના સમાન કામભોગો પણ સર્વથા દુઃખરૂપ છે, એટલે નમિરાજા સુખો મળવા છતાં પણ તેનો ત્યાગ કરવા તૈયાર થયા છે.

**સંસાર ત્યાગી સંયમ સ્વીકારે, જગના બંધન છોડીને,**
**પત્ની પરિવારની મમતા ત્યાગી, વૈભવથી મુખ મોડીને......**

નમિરાજા જગના બંધનો છોડીને સંયમ સ્વીકારવા તૈયાર થયા. માયા, મમતા એ માનવીને સંસારમાં જકડી રાખનારા બંધનો છે. એ બંધનો તોડવાની જ્યાં સુધી માનવીમાં તાકાત નથી ત્યાં સુધી તે પરવશપણે મોહની ગુલામી કર્યા કરે છે. જે માનવીના હૃદયમાં ભૌતિક સંપત્તિ અને સંસારના સુખો પર માયા છે તેની દશા કાદવમાં ખદબદતા કીડા જેવી છે. ઝાકળના બિંદુઓ પાણીદાર મોતીની માફક ભલે ચમકતા હોય પણ તેની માળા બનાવી ગળામાં પહેરી શકાતી નથી. ગમે તેટલા બિંદુઓ ભેગા કરવામાં આવે છતાં તેનાથી તૃષા છીપતી નથી. તે પ્રમાણે સાંસારિક ચીજોથી મળતાં સુખો ગમે તેટલા લોભાવનારા હોય પણ તેનાથી શાશ્વત આનંદ મળતો નથી, અને અશાશ્વત ચીજના ઉપભોગથી મળતું સુખ અલ્પજીવી છે. સાંસારિક ચીજો અનિત્ય છે. અશાશ્વત ચીજ પ્રત્યેનો મોહ રાખવો એ માનવીની મોટામાં મોટી અજ્ઞાનતા છે. અપ્રાપ્યને પ્રાપ્ય કરવાની ઝંખનામાં જીવનને વ્યર્થ ગુમાવી દેવું એ ગાંડપણ છે.

નમિરાજાને જીવનમાં સત્ય સમજાઈ ગયું કે કામભોગો એ અનર્થની ખાણ છે. જે આત્માઓએ કામભોગને છોડયા ને સંયમનો આનંદ મેળવ્યો તે કલ્યાણ કરી ગયા, અને જેણે કામભોગને છોડયા નહિ ને તેમાં મસ્ત રહ્યા તે દુર્ગતિના મહેમાન બની ગયા. આ સત્ય સમજાતાં તે કામભોગોને છોડી દે છે. નમિરાજા પ્રત્યેક બુદ્ધ છે એટલે પોતાની જાતે સ્વયં દીક્ષા લઈ શકે. નમિરાજ દીક્ષા લેવા તૈયાર થયા છે. કેવી રીતે દીક્ષા લેશે તે વાત અવસરે.

**ચરિત્ર :**–ભીમપુર નગરમાં રાજ્ય મેળવવા માટે પડાપડી થતી હતી, તેથી બધાએ એક પંચ નીમ્યું. પંચે નિર્ણય કર્યો કે એક હાથણી શણગારવી અને હાથણી જેના પર કળશ ઢોળે તેને આપણે રાજા બનાવવા. પછી તે રાજપુત્ર હોય, વણિકપુત્ર હોય, ગમે તે હોય પણ તેને રાજા બનાવવો. પંચની આ વાતમાં બધા સંમત થયા, તેથી રાજકુળમાં અને પ્રજામાં આનંદ આનંદ વર્તાઈ ગયો.

પછી એક હાથણી શણગારી. એની સૂંઢમાં જળકળશ અને માળા આપી છે. તે હાથણી બધે ફરે છે, બધાને સૂંઘીને જાય છે પણ કોઈના પર કળશ ઢોળતી નથી. બધાના મનમાં એક ઇચ્છા કે અમને રાજ્ય મળે. હાથણી કોના પર કળશ ઢોળશે ને કોણ ભાગ્યશાળી આ રાજસિંહાસને બેસશે એ જોવા માટે ચારે બાજુથી માનવ મહેરામણ ઉમટી રહ્યો છે. ઘણા જ દિવસો થયા છતાં હાથણી કોઈના પર કળશ ઢોળતી નથી. તેથી બધા ચિંતામાં પડ્યા છે કે આ રાજ્યના માલિક કોણ થશે? હાથણી મારા ઉપર

કળશ ઢોળશે એમ માની કેટલાક માણસો તેની પાસે જતા પણ તેમને સુંઘીને હાથણી બધાની વચ્ચેથી પોતાનો માર્ગ કરી આગળ ચાલી જતી. હાથણી આગળ ચાલે છે, પાછળ વિરાટ માણસોનું ટોળું છે. સૌના મનમાં છે રાજગાદી અમને મળે તો સારું, પણ ભાગ્ય વિના ભાગ્યશાળી ન થવાય. એ તો જેના પુણ્યનો ઉદય હોય તેને રાજગાદી મળે. ગુણદત્તના પુણ્યનો ઉદય જાગ્યો છે. જડીબુટ્ટી ખાધા પછી આજે સાતમો દિવસ છે. જડીબુટ્ટીનો એ પ્રભાવ છે કે જે એને ખાય તેને સાતમે દિવસે રાજ્ય મળે. આજે બરાબર સાતમો દિવસ છે, તેમજ રસ્તામાં જ્ઞાની ગુરૂદેવ મળ્યા હતા, તેમણે પણ કહ્યું છે કે તને કાલે રાજ્ય મળશે. જોઈએ, હવે શું થાય છે?

**ચમકેલો ભાગ્ય સિતારો** :–હાથણી નગરના ચૌટે ને ચૌટે–ગલીએ ગલીએ ફરતી ફરતી જ્યાં ગુણદત્ત બેઠો છે ત્યાં આવી. આવીને ગુણદત્ત પર કળશ ઢોળ્યો, અને તેના ગળામાં પુષ્પમાળા પહેરાવી, પછી હાથણીએ તેને સૂંઢથી ઉપાડીને સાચવીને અંબાડી પર બેસાડી દીધો. ગુણદત્ત વણિકપુત્ર છે, પણ તેનું શૂરાતન ક્ષત્રિયપુત્ર જેટલું છે. હાથણીએ તેને સૂંઢમાં ઉપાડયો છતાં જરા પણ ડર્યો નહિ, નીડર છે. તેનું મુખ પણ કહી આપે છે કે આ પુણ્યવાન અને પ્રભાવશાળી આત્મા લાગે છે. ગુણદત્ત પર છત્ર ધર્યું ત્યાં બધા રાજમંત્રીઓએ ગુણદત્તનો જયજયકાર બોલાવ્યો. કોઈ એમ કહે કે આવા નાના છોકરાને ગાદીએ બેસાડવાનો? આ રીતે જે કોઈ વાંકું બોલે એના પર હાથણી કોપાયમાન થતી. ગુણદત્તને હાથણીએ પુષ્પમાળા પહેરાવી તેથી ઢોલ, નિશાન અને શરણાઈના સૂરો વાગવા લાગ્યા. બધાના અંતરની તમન્ના–આતુરતા શમી ગઈ. સૌના દિલ નિર્મળ અને શાંત બન્યા. ગુણદત્તના દેહ પર નથી સારા વસ્ત્ર કે નથી અલંકાર પણ એનું તેજસ્વી મુખડું અગારા મારતું હતું. તેનામાં માનવતાની મ્હેંક મ્હેંકી રહી છે. એક મિનિટમાં તો તેને જોઈને બધાનું મન ઠરી ગયું. પ્રજાને રંજન કરનાર, દેશને આબાદ કરનાર, શત્રુઓ સામે પડકાર કરનાર, બધાને ગમે તેવો, અન્યાયને ન પોષે એવો, શિરછત્ર રાજરક્ષક મળી ગયો. એના શરીરની પ્રતિભા રાજ્યની યોગ્યતાને દૃઢ કરતી હતી. સૌના મન એને જોઈ ડોલી ઉઠવા લાગ્યા, અને બધાના મસ્તક ઝૂકી ગયા. ગુણદત્ત સર્વના દિલને હસાવી પોતે હસી પડતો. ક્ષણવારમાં પ્રજાજનોને ગમી ગયો. એમના દિલમાં વસી ગયો. પુણ્યવાન આત્માના તેજ કદી છાના ન રહે. ગુણદત્ત રાજાનો જય હો... વિજય હો! એમ જયનાદના પોકારો સાથે અનેરા ઠાઠથી બધા રાજદરબારમાં આવ્યા.

**ગુણદત્ત રાજસિંહાસને** :–ગુણદત્તને સ્નાન કરાવી સારા વસ્ત્રાભૂષણો પહેરાવ્યા. જે સામાન્ય વેશમાં પણ શોભી ઉઠતો હતો તેને હવે રાજપોષાક અને આભૂષણો પહેરાવે પછી તો શોભવામાં શું બાકી રહે? જાણે રાજકુમાર જોઈ લો. શુભ મુહુર્તે, શુભ દિને અને શુભ ચોઘડિયે તેનો રાજ્યાભિષેક કર્યો. પ્રજાજનોને આનંદનો પાર નથી. રાજસિંહાસને બેઠા કે તરત તેમના મુખમાંથી મીઠા ઉદ્‌ગારો સરી પડયા. હે મારા માનનીય વડીલ બંધુઓ તથા પ્રિય પ્રજાજનો! અહીં મારો રાજા તરીકેનો હક્ક નથી,

આપ બધા મને રાજા તરીકે સ્વીકારશો એવી તો કલ્પના કયાંથી હોય ! હું તો રસ્તાનો એક મુસાફર છું, છતાં બધાના એક સરખા દિલથી અને સૌના ભાવથી મેં રાજ્યનો સ્વીકાર કર્યો છે. તો હું આપ બધાને એટલી વિનંતી કરું છું કે આપ બધા જેવા ઉત્સાહી, લાગણીશીલ અને મારા પ્રત્યે શુભ ભાવનાવાળા છો તેવા સદાય રહેજો. હું જ્યારે કંઈ ભૂલ કરું ત્યારે આપ મને વિના સંકોચે મારી ભૂલ કહેજો. જ્યારે મારામાં પદની અયોગ્યતા અને અવગુણ દેખો ત્યારે પાટુ ન મારતા પદભ્રષ્ટ કરતાં પણ અચકાશો નહિ. રાજાના આ શબ્દો સાંભળતા પ્રજાજનોના દિલમાં ખૂબ સંતોષ થયો ને સાથે આનંદ થયો. બસ, આ રાજાના રાજ્યમાં આપણે સુખી થઈશું.

ગુણદત્તના કપાળમાં રાજકુળની એક ગુણીયલ છોકરીએ રાજતિલક કર્યું. મસ્તકે મુગટ પહેરાવ્યો. ગુણદત્તના મસ્તકે મુગટ કોઈ અપૂર્વ શોભા પામી રહ્યો હતો. બધાએ ગુણદત્ત રાજાનો જય હો, વિજય હો એમ જયનાદ પોકાર્યો. ગુણદત્તના હવે પુણ્યનો ઉદય થયો તેથી તેને રાજ્ય મળ્યું. ગુણચંદ્ર બિચારો તો હજુ દુઃખમાં પડ્યો છે. ભોંયરામાં પૂર્યો છે. કોણ તેની વહારે જાય ? કયાં કોઈને ખબર છે કે એની વહારે આવે ! તેના હજુ પાપનો ઉદય છે ને ગુણદત્તના પુણ્યનો ઉદય થયો છે. ગુણદત્ત રાજા બન્યા. બધાએ નવા રાજાને અંતરના ઉમળકાથી વધાવ્યા. ભાટ ચારણોએ બિરૂદાવલી ગાઈ. રાજાએ બંદીવાનોને મુક્ત કર્યા. અનાથ, અપંગ, ગરીબોને દાન આપીને સંતોષ્યા, યાચકોને ખુલ્લા હાથે દાન આપ્યું. પશુપંખીઓને ચારો નાંખ્યો. બધા સુભટો, કર્મચારીઓ, દાસદાસીઓના પગાર વધાર્યા. બધાના કરવેરા–ટેકસવેરા માફ કર્યા. આ રીતે રાજાની ઉદારતાની ખૂબ ખૂબ પ્રશંસા થવા લાગી. નગરની ગલીએ ગલીએ ને ખૂણે ખૂણે રાજાના યશોગાન ગવાવા લાગ્યા. આ રીતે ગુણદત્ત રાજા ન્યાય નીતિથી રાજ્ય ચલાવે છે.

રાજ્યના મહાન સુખમાં પણ ગુણદત્ત ધર્મને ભૂલતો નથી. એના રોમરોમમાં ધર્મની શ્રદ્ધા હતી. એ માનતા હતા કે ધર્મના પ્રભાવે હું આજે રાજસિંહાસને ઝૂલી રહ્યો છું. રાજ્ય મળવા છતાં પંચ પરમેષ્ઠિનું સ્થાપન દિલમાંથી ગયું નથી. રાજગાદીએ બેસતા પહેલાં નવકારમંત્રનું સ્મરણ કર્યું. ઉપકારી માતાપિતાને યાદ કર્યા. પોતાનો લઘુબંધવો ગુણચંદ્ર કયાં હશે ! ગુણદત્તને તો હવે સુખમાં કંઈ કમીના નથી, પણ માતાપિતા અને ભાઈની યાદ આવતા તેમની પ્રસન્નતા ચાલી ગઈ. તેમનો આનંદ ઓસરી ગયો. હવે તો તેમની આંખો સામે ઝળહળતા ઝવેરાતના ઢગલા ઝળકી રહ્યા છે. મનને રંજન કરવા અનેક મનોરંજન સાધનો છે. પડતો બોલ ઝીલનાર અનેક દાસદાસીઓ હતા. રાજકુળના માણસોનો સહવાસ, લાગણી, સ્વજનોને પણ ભૂલાવી દે તેવા હતા. આવા મહાન સુખ મળવા છતાં ગુણદત્ત પોતાના માતાપિતા અને ગુણચંદ્રને ભૂલ્યો ન હતો. અહો ! એ કયાં હશે ? અમારા વિયોગે માબાપ કેવા ઝૂરતા હશે ! સુખના સિંહાસને બેસવા છતાં પોતાના સ્વજનો વિનાનું સુખ અંતરમાં ખટકે છે. માતાપિતા અને ભાઈ વિનાનું જીવન તેને શૂનકાર લાગે છે. મખમલની સુંવાળી શય્યામાં પોઢવા છતાં ઉંઘ આવતી નથી.

સુંવાળી શય્યા પણ કંટક સમાન લાગે છે. દાસદાસીઓ, પ્રધાનો બધા રાજાને આશ્વાસન આપે છે. રાજાએ પોતાના સેવકોને કહ્યું, આપ જાવ અને મારા ભાઈનો અને માતાપિતાનો પત્તો મેળવી લાવો. બધા રાજસેવકો ગુણચંદ્રની અને માતાપિતાની શોધ માટે નીકળી ગયા. હવે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે.

## વ્યાખ્યાન નં. ૭૩

**આસો સુદ ૬ શનિવાર** **તા. ૩–૧૦–૮૧**

શાસનપતિ ત્રિલોકીનાથ, વિરલ વિભૂતિ ભગવાને જગતના જીવોને બંધનનું સ્વરૂપ સમજાવ્યું. બંધન શબ્દ સાંભળતા મનમાં ખેદ–નાખુશી થાય છે, કારણ કે જગતના જીવોને બંધન ગમતું નથી. આ દુનિયામાં બંધન કોને ગમે છે? પશુઓને? પક્ષીઓને? મનુષ્યોને? ના...ના...કોઈ બંધનને પસંદ કરતું નથી. વનમાં સ્વતંત્ર વિચરતા પશુઓને જ્યારે બંધનમાં નાંખવાનો પ્રયાસ કરે છે ત્યારે તેઓ કેટલા બળથી તેમનો સામનો કરે છે? નીલગગનમાં સ્વતંત્ર ઉડ્ડયન કરતા પક્ષીઓને જ્યારે જાળમાં સપડાવવામાં આવે છે ત્યારે તેઓ કેવો પ્રતિકાર કરે છે? જો તેમાં સફળ ન થાય તો તેઓ કરૂણ આક્રંદ કરે છે. માનવીમાં પણ તેને કોઈ દોરડાથી કે સાંકળથી બાંધવાનો પ્રયત્ન કરે તો તે તેને સહન કરી શકશે નહિ. તે સ્વતંત્ર રહેવા માટે બરાબર ઝઝૂમશે. જો તેનું કાંઈ નહિ ચાલે તો તે બંધનને સાંખી લેશે. સ્વતંત્રતામાં જીવોને જે આનંદ આવે છે તે પરતંત્રતામાં આવતો નથી.

મહાન તીર્થંકરો પણ આપણને એ જ સમજાવે છે કે આત્માને જે સુખ, મુક્ત-અવસ્થામાં મળે છે તે બીજી કોઈ અવસ્થામાં મળી શકતું નથી, માટે તેઓ મોક્ષ-પ્રાપ્તિનો ઉપદેશ આપે છે. આઠ કર્મના બંધનમાંથી છૂટા થવું તેને મુક્તિ કે મોક્ષ કહેવામાં આવે છે. આત્મા સ્વભાવથી અનંતજ્ઞાન અને અનંત શક્તિનો ધણી છે, પણ એક પ્રકારના બંધનના કારણે તે મર્યાદિત શક્તિવાળો દેખાય છે. બંધનથી મુક્તિ મેળવવા માટે પહેલા બંધન કોને કહેવાય? તેનાથી કેવી રીતે છૂટાય એ બધું જાણવું જરૂરી છે. બંધનના સ્વરૂપને જાણ્યા સિવાય બંધનથી મુક્તિ મેળવવા પ્રયત્ન કરવો એ તદ્દન નિરર્થક છે. બંધનના સ્વરૂપથી અજાણ એવા સંસારી આત્માઓ અનેક વિશિષ્ટ ગાઢ બંધનોથી બંધાવા છતાં પોતાને બંધનરહિત સમજે છે. આ તેમનું મોટું અજ્ઞાન છે. કંઈક જીવો બંધનથી મુક્ત થવા માટે અનેકવિધ પ્રયત્નો કરે છે. વિવિધ કષ્ટો સહન કરે છે, છતાંય એવા આત્માઓ બંધનથી મુક્ત ન થતાં ઉલ્ટા વધુ ને વધુ દઢ બંધનથી બંધાય છે, માટે બંધનનું સ્વરૂપ જાણવું જરૂરી છે.

બંધનના અનેક પ્રકારો છે. જેમ કે પ્રશસ્ત અને અપ્રશસ્ત, સુક્ષ્મ અને સ્થૂલ વગેરે. બંધન એટલે શું? "बध्यते अनेन अनया अस्मिन्नवा". જે વડે અથવા જેમાં બંધાય તેનું નામ બંધન. વ્યવહારમાં એવા અનેક બંધનો આવશ્યક છે. જેને આપણે વ્યવહારમાં

પ્રશસ્ત કોટિમાં મૂકી શકીએ. જેમકે ખેતરને જો વાડનું બંધન ન હોય તો તેમાં ગાય, બળદ વગેરે જનાવરો પેસી જઈને પાકને નુકશાન કરે, ખેતરને ઉજ્જડ બનાવી દે, પરિણામે ખેડૂતને રડવાનો પ્રસંગ આવે, માટે વાડનું બંધન જરૂરી છે. ઘોડાને લગામની જરૂર છે. વાઘ-વરૂ-સિંહ જેવા અનેક ક્રૂર પ્રાણીઓને જોતાં માનવના હૃદયમાં ગભરાટ પેદા થાય છે. આ પ્રાણીઓ માણસોને રંજાડે છે અને તેમને યમધામમાં પહોંચાડી દે છે. આવા જંગલી ક્રૂર પ્રાણીઓ માટે મોટા મોટા લોખંડી પાંજરાના બંધનની આવશ્યકતા છે. એ જ્યારે પાંજરામાં પૂરાય છે ત્યારે માનવ જેવા નિર્બળ પ્રાણીઓ તેની સામે ક્રૂર રીતે હસી શકે છે. એ પ્રતાપ પાંજરાના બંધનનો છે. હાથી જેવા વિશાળકાય પ્રાણીને જો અંકુશમાં રાખવામાં ન આવે તો એ નિરંકુશ બની ધોળા દિવસે કંઈક જીવોને કચરી નાંખે તેથી હાથીને સાંકળે બાંધે છે. સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માટે શિક્ષકના બંધનની જરૂર છે. નદી, તળાવ અથવા સરોવરના કિનારાઓ બંધનનું કામ કરે છે, જેથી મર્યાદાનું ઉલ્લંઘન થતું નથી. ગાય-ભેંસ આદિ જાનવરોને દોરડા કે સાંકળનું બંધન ન હોય તો ઉત્પાત મચાવે છે માટે તેને ખીલડે બાંધે છે.

સ્નેહ એ પણ જબરજસ્ત બંધન છે. જ્ઞાનીઓએ સ્નેહ (રાગ) ને વજ્રની સાંકળની ઉપમા આપી છે. લોખંડની સાંકળને તોડનાર માનવ કાચા સુતરના તાંતણાને તોડી ન શકે એ કેવી વિચિત્ર વાત! સ્નેહરૂપ વજ્રની સાંકળે બંધાયેલો માણસ સ્નેહના કારણે પ્રાણ દેવા તૈયાર થાય છે, પણ સ્નેહ છોડી શકતો નથી. લાકડાને કોતરનાર ભ્રમર ફૂલની પાંખડીને વીંધી શકતો નથી, કારણકે ભ્રમરને તેના પ્રત્યે રાગ છે. આ અપ્રશસ્ત બંધન છે. વ્યવહારમાં બીજા પણ અનેક બંધનો છે. જેમ કે નોકરીનું બંધન, લગ્નનું બંધન, દુકાનનું બંધન, પતિ-પત્નીનું બંધન, મિત્રોનું બંધન, ખાવાપીવાનું બંધન, આમ ગણ્યા ગણાય નહિ તેટલા બંધનોથી વ્યવહારમાં બંધાયેલા છો. જગત એ બંધન છે. સંસાર એ પણ બંધન છે. આ બધા બંધનોને તોડવા માટે ધર્મના બંધનો એ શ્રેષ્ઠ બંધન છે. જેવા કે વ્રતનિયમ, પચ્ચખ્ખાણ કે પ્રતિજ્ઞા છે. કર્મોના બંધનને તોડવા માટે આ બંધન અત્યંત જરૂરી છે. હાથ ઉપર કપડાનો પાટો બાંધ્યો હોય તો તેને છોડવા માટે ઉલ્ટી ક્રિયા કરવી પડે છે, તેમ આ આત્માએ મિથ્યાત્વ એટલે ખોટી શ્રદ્ધા દ્વારા, અજ્ઞાન દ્વારા, વિષયો દ્વારા, મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિઓ દ્વારા અને કષાયો દ્વારા કર્મોને બાંધ્યા છે, તો તે કર્મોને તોડવા માટે સાચી શ્રદ્ધા એટલે સમ્યગ્ દર્શન, તથા સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું પાલન કરવામાં આવે તો તે કર્મો આત્માથી અલગ થઇ શકે છે. ધર્મના બંધનો દ્વારા આત્મા મુક્ત અવસ્થા મેળવી શકે છે.

મુક્ત અવસ્થામાં આત્મા તદ્દન સ્વતંત્ર છે. ત્યાં કોઇ જાતનું બંધન નથી. જન્મ નથી, મરણ નથી, રાગ દ્વેષ નથી, શરીર રૂપ કેદ નથી કે કાલ્પનિક સુખ દુઃખ નથી. ત્યાં આત્મા અજર-અમર બની શાશ્વત સુખને માણતો સચ્ચિદાનંદ સ્વરૂપમાં રમણતા કરે છે. જેમને સંસાર એ બંધનરૂપ લાગ્યો છે અને એ બંધનને તોડવા જેઓ

સંયમ લેવાને તત્પર બન્યા છે એવા નમિરાજાએ દેવલોકના સમાન દિવ્ય કામભોગોને છોડયા. કામભોગોને છોડવા એ ઘણું કઠીન કામ છે.

दुपरिच्चया इमेकामा, नो सुजहा अधीरपुरिसेहिं ।
अह सन्ति सुव्वया साहु, जे तरन्ति अन्तरं वणिया वा ॥ ઉત્ત.અ. ૮ ગા.૬

આ કામભોગ દુસ્ત્યજ્ય છે. અધીરપુરૂષો એ કામભોગોને સુખપૂર્વક ત્યાગી શકતા નથી. જે સુવ્રતી સાધુ છે તે વણિકની જેમ આ વિષયરૂપ સમુદ્રને તરી જાય છે. જે રીતે વહેપારી વહાણદ્વારા સમુદ્રને તરી શકે છે તે રીતે વિષયભોગ રૂપી દુસ્તર સંસાર-સમુદ્રને પાર કરવા માટે સંયમ એ જહાજ સમાન છે. જે કાયર પુરૂષ છે, અલ્પ સત્ત્વવાળા છે તેમને માટે કામભોગોનો ત્યાગ કરવો કઠીન છે, અને જે મહાસત્ત્વવાળા તથા ધૈર્યાદિ ગુણોથી યુક્ત છે તેમને માટે કામભોગોનો ત્યાગ કરવો કઠીન નથી. નમિરાજાએ કામભોગોનો ત્યાગ કર્યો. નમિરાજાએ શું શું છોડીને દીક્ષા લીધી તે હવે બતાવે છે.

मिहिलं सपुरजणवयं, बलमोरोहं च परियणं सव्वं ।
चिच्चा अभिनिक्खन्तो, एगन्तमहिट्ठिओ भयवं ॥४॥

મિથિલા નગરી, નગર, દેશ, સેના, અન્તઃપુર, અને પરિજન આદિ બધાને છોડીને ધૈર્યાદિ ગુણસંપન્ન ભગવાન નમિરાજા ઘરથી નીકળીને દીક્ષા લઈને મોક્ષમાર્ગમાં અધિષ્ઠિત થયા.

નમિરાજાએ સારી મિથિલા નગરી અને તેના બધા ગામો સહિત નગરીનો ત્યાગ કર્યો. આ નમિરાજાએ સારા રાજ્યનો, ચાર પ્રકારની સેનાનો ત્યાગ કર્યો અને આખા અંતેઉરની ૧૦૦૮ રાણીઓ તથા બીજા સ્વજનો બધાને છોડીને દીક્ષા ગ્રહણ કરી. નમિરાજા પ્રત્યેક બુદ્ધ હતા. પ્રત્યેકબુદ્ધ કોને કહેવાય? જગતની નજરે સાધારણ દેખાતા કોઇ દ્રશ્યો જોતાં જેનો આત્મા એકાએક જાગી ઉઠે અને એ પોતાની વતન-વાટ (મોક્ષ) શોધવા નીકળી જાય. ઇન્દ્ર ધનુષ્યના પલટાતા રંગો, વિખરાતા વાદળ કે બીજા કોઇ ક્ષણિક્તાના દ્રશ્યો જોતાં જે સંયમ સ્વીકારવા સજ્જ બની જાય એમનું નામ પ્રત્યેકબુદ્ધ. નમિરાજે કંકણના કેકારવથી પ્રેરણાઓ મેળવી લીધી અને પ્રેરણાના એ પ્રકાશ પંથે પગલીઓ ભરવા તૈયાર થઇ ગયા. ૧૦૦૮ રાજરમણીઓ, દેશદેશનું આધિપત્ય, આ બધા પ્રલોભનો નમિરાજને મન સાવ અકારા થઇ પડયા ને મહાભિનિષ્ક્રમણના માર્ગે નીકળી ગયા. દેહ પર પડેલી કામનાની કાંચળીઓ નમિરાજે એક પછી એક ઉતારવા માંડી. મસ્તક પરથી મુગટ ઉતારી દીધો. બંને ભૂજા પરના બાજુબંધ ઉતાર્યા અને કમ્મરેથી સુવર્ણ કંદોરો કાઢી નાંખ્યો ત્યારે એમના મનમાં થયું કે હાશ, હવે હું હળવો બની ગયો.

નમિરાજા પ્રત્યેકબુદ્ધ હતા તેથી સ્વયં દીક્ષા લીધી. દેવોએ આવીને તેમને ઓઘો-રજોહરણ ને સાધુવેશ આપ્યો. નમિરાજ હવે નમિરાજર્ષિ બન્યા. પોતાના પતિને સાધુવેશમાં સજ્જ થયેલા જોતાં જ રાણીઓની આંખમાંથી આંસુધારા છૂટી. તેઓ કરૂણસ્વરે રૂદન કરવા લાગી. પગમાં પડીને કહે છે.

**અમને છોડીને ન જાઓ સ્વામી, અમને છોડીને ન જાઓ,**
**સંસાર છોડી ચાલ્યા ત્યાગ પંથે, અમને છોડીને ન જાઓ.**

સ્વામી ! અમને છોડીને ન જાઓ....ન જાઓ...સારો પરિવાર રડે છે, પણ મહાન દૃઢ વૈરાગી પાછું વાળીને ન જુએ.

**तयसं व जहाइ से रयं इति संखाय मुणी न मज्जइ । સૂય. અ. ૨. ઉ.૨ ગા.૧**

જેમ સર્પ કાંચળીને છોડીને જાય પછી પાછું વાળીને જોતો નથી તેમ મોક્ષાભિલાષી સાધક સંસાર છોડીને જાય, પછી પાછું વાળીને જોતા નથી અને અષ્ટવિધ કર્મોનો ત્યાગ કરવામાં જેનું તન-મન હોય છે, તેવો સાધક આત્મા પોતાનું શ્રેય કરી શકે છે. જે છોડયું તે છોડી જાણે છે.

નમિરાજાની પત્નીઓ કરૂણ સ્વરે વિલાપ કરે છે ને કહે છે, આપ અમને છોડીને ન જાઓ, પણ સાચો વૈરાગી રોકાય નહિ. આચારાંગ સૂત્રમાં ભગવાન બોલ્યા છે. तं परिक्कमंतं परिदेवमाणा मा चयाहि इति ते वदन्ति, छंदोवणोया अज्झोववन्ना अक्कंदकारी जणगा रुवंति, अतारिसे मुणी ण य ओहं तरए जणगा जेण विप्पजढा । सरणं तत्थ नो समेइ कहं नु नाम से तत्थ रमइ ? અ. ૬ ઉ. ૧

જ્યારે વીર પરાક્રમી પુરૂષ ત્યાગ માર્ગે જવાને માટે તૈયાર થાય છે ત્યારે તેની કસોટી થાય છે. તેના માતાપિતા, પત્નીઓ આદિ સ્વજનો શોક કરતા થકા આક્રંદ કરતા કહે છે, "અમે તારા પર આટલો સ્નેહ રાખીએ છીએ, અમે તારી ઇચ્છાનુસાર ચાલવાવાળા છીએ, માટે તું અમને છોડીશ નહિ. જે માતાપિતાને છોડી દે છે તે આદર્શ મુનિ બની શકતા નથી અને એવા મુનિ સંસારથી પાર થઈ શકતા નથી." આવા મોહયુક્ત વચનોને સાંભળવા છતાં પરિપકવ વૈરાગી સાધક તેની વાતનો સ્વીકાર કરતા નથી. તે સમજે છે કે આ વચનો મોહ અને સ્વાર્થજન્ય છે. જેવી રીતે ઝાડના પડી જવાથી પક્ષીઓ રડે છે. તેમનું તે રડવું સ્વાર્થમય છે, એ રીતે સ્વજનોના આ વચન પણ સ્વાર્થપ્રેરિત છે. સ્વજનોનો આ મોહ છે, વાસ્તવિક પ્રેમ નથી. મોહમાં વિવેક નથી હોતો. પ્રેમમાં વિવેક હોય છે, જાગૃતિ હોય છે. કર્તવ્ય-અકર્તવ્યનું ભાન હોય છે. જો સ્વજનોના હૃદયમાં મારા પ્રત્યે પ્રેમ છે તો તેઓ મને કલ્યાણના માર્ગે જતા રોકે નહિ પણ તેઓ રોકે છે, તેથી તેમનો મોહ છે. માતાપિતા, પતિ-પત્ની આ સંબંધ કર્તવ્ય સંબંધ હોવો જોઇએ, પણ મોહ સંબંધ ન હોવો જોઈએ. મોહ-સંબંધ પતનનું કારણ છે એમ વિચારીને તે વિરકત આત્મા તેમના વચનોમાં આકર્ષાતો નથી. તે આત્માને ચૈતન્યની ઝાંખી થઈ ગઈ હોય છે, પછી તે જડ ચીજોમાં કેવી રીતે મુગ્ધ થઈ શકે ! જેને ચિંતામણી રત્ન પ્રાપ્ત થઇ ગયું હોય તે કાચના ટુકડામાં કેવી રીતે લોભાય ? તે તો આત્મસ્વરૂપમાં રમણતા કરતા, ત્યાગ માર્ગની સમ્યક્ આરાધના કરે છે, તેવો સાધક મોહનો વિજેતા બનીને મુક્તિ પ્રાપ્ત કરી લે છે.

અહીં નમિરાજાએ સાધુવેશ પહેર્યો. ત્યાં બધી રાણીઓ તમરી ખાઈને ભોંય પડી.

ધીમે ધીમે વૈરાગ્ય આવ્યો હોય તો ખબર પણ હોય કે હવે આ દીક્ષા લેશે, પણ આ નમિરાજાને તો એકાએક વૈરાગ્ય આવ્યો ને વૈરાગ્ય આવ્યો કે તરત દીક્ષા લીધી. નમિરાજાએ દીક્ષા લીધી ત્યારનું દશ્ય તો એવું કરૂણ હતું કે ભલભલા પાષાણ હૃદયી પણ પીગળી જાય. વળી આ કોઈ સામાન્ય વ્યક્તિ નથી પણ દેશના માલિક રાજા છે, અને તે જ્યારે દીક્ષા લે પછી શું બાકી રહે? તે સમયનું દશ્ય કેવું હતું ને બધાનું કરૂણ રૂદન કેવું હતું તેનું વર્ણન શાસ્ત્રકાર કરે છે.

**कोलाहलगसंभूयं, आसी मिहिलाए पव्वयन्तम्मि।**
**तइया रायरिसिम्मि, नमिम्मि अभिनिक्खमन्तम्मि ॥५॥**

નમિરાજર્ષિના ઘરથી બહાર નીકળવાથી–દીક્ષિત થવાથી મિથિલા નગરીમાં સઘળે ઠેકાણે વિલાપ, આક્રંદ તેમજ કોલાહલ મચી ગયો.

**મિથિલામાં ભારે કોલાહલ ને કરૂણ વિલાપ:**—નમિરાજર્ષિ દીક્ષા લઈને ઘરની બહાર નીકળ્યા. સારીયે મિથિલા નગરીમાં કોલાહલ મચી ગયો. તેમને સાધુવેશમાં જોતાં બધાની આંખો આંસુભીની બની ગઈ. આજે પણ કોઈ છોકરી કે છોકરો દીક્ષા લે ત્યારે બધા શણગાર ઉતારીને સાધુવેશમાં તમારી સામે આવીને ઉભા રહે ત્યારે એક મિનિટ તો બધાની આંખો આંસુભીની બની જાય છે. નમિરાજનું મસ્તક હવે લુંચિત હતું. પગ અડવાણા હતા, આભૂષણોથી ભર્યો ભર્યો ભાસતો દેહ હવે એકાદ બે વસ્ત્રોથી આવેષ્ટિત હતો. મુગટના સ્થાને મુંડન હતું. આ સાધુવેશમાં જોતાં આખી મિથિલા કોલાહલમય અને ગમગીન બની ગઈ. આંખે આંખે આંસુઓ ને કંઠે કંઠે ડૂસકાઓ ઘેરાવા માંડ્યા. દરેક રાજરાણી પોતાના પતિની આ અણધારી વિદાયને સાંભળતા કંપી ઉઠી હતી, કરૂણસ્વરે રડી રહી હતી, વિલાપ કરી રહી હતી. એક હજાર ને આઠ રાણીઓ રડતી હોય તે દ્રશ્ય કેવું કરૂણ લાગે! નમિરાજાએ આટલી બધી રાણીઓનો મોહ છોડયો ને તમે તો એકનો પણ મોહ છોડી શકતા નથી. રાણીઓ વિલાપ કરતી બોલે છે નાથ! અમને છોડીને કયાં જાવ છો? નમિરાજાનો પરિવાર રડે છે, લશ્કર રડે છે, સેના રડે છે. સૈન્યના હૃદય તો કેવા ક્રૂર હોય કે એને માનવીને સુટ કરતાં વાર નહિ, છતાં એવા કઠોર હૃદયવાળા પણ રડે છે ને કહે છે ધન્ય છે ધન્ય છે નમિરાજ તમને! અમારે તો જીવન નભાવવા સર્વીસ કરવી પડે છે ત્યારે તમે તો મળેલા સુખને લાત મારીને ચાલી નીકળ્યા. તમે ખુદ રાજ્યના માલિક હતા. તમારા પર કરવેરા, ટેકસવેરા કંઈ ન હતું. રાજ્યના સર્વસ્વ માલિક હતા, છતાં એવા રાજસુખોને પણ છોડયા. બંધુઓ! તમારૂં સુખ કેવું છે? "એક સાંધો ત્યાં તેર તૂટે" તમારે કેટલા લફરા છે? ઇન્કમટેક્ષ, સેલટેક્ષ, ચારે બાજુથી વીંધાઈ જાવ, છતાં છોડવાનું મન થતું નથી. નમિરાજાના સુખમાં કોઇ રોકનાર, ટોકનાર કે અટકાવનાર ન હતું છતાં, છોડીને નીકળી ગયા.

**નમિરાજનું મહાભિનિષ્ક્રમણ:**—પ્રજાજનો પોકાર કરે છે ને કહે છે કે, અમારા પિતા સમાન મહારાજા! આપ અમને છોડીને કયાં જઈ રહ્યા છો! હવે આપના જેવા રાજા

અમને કયાં મળશે. ? હે અનાથના નાથ! દુઃખીઓના બેલી! આપના વિના સૂનું સૂનું લાગશે. અમારો પોકાર ક્યાં જઈને કરીશું ? આ રીતે રડતા રડતા પાછળ જઈ રહ્યા છે. જેને જેના તરફથી કંઈ સહારો મળતો હોય છે તે તેનો વિયોગ થવા પર અવશ્ય શોકાતુર બને છે, કારણ કે તેમના તરફથી તેમને જે સુખ મળતું હતું તે હવે બંધ થઈ ગયું. એટલા માટે નમિરાજા પ્રવર્જિત થવાથી પ્રજા પણ રડી રહી છે. રાણીઓ રડે, બધા રડે એટલે ખૂબ કોલાહલ મચી ગયો, પણ નમિરાજર્ષિ વિરાગી બન્યા હતા. પ્રિયતમાઓનો પ્રેમ, મિથિલાની મનોવેદના ને લોકોની લાગણી એમના પગને થંભાવી ન શકી. બધાને રડતા–કકળતા મૂકીને ભગવાન નમિરાજર્ષિ ચાલી નીકળ્યા. હવે તેમની પરીક્ષા કરવા કોણ આવશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર**:—ગુણદત્તના કહેવાથી બધા રાજસેવકો ગુણચંદ્રની તથા તેમના માતા–પિતાની શોધ માટે નીકળ્યા છે. હવે બીજી બાજુ શું બનાવ બને છે.

ધનપુર નગરમાં ધનદ નામે મોટા શ્રેષ્ઠી વસે છે. તેમને ત્યાં ધનકુબેર જેવી સંપત્તિ અને સમૃદ્ધિ હતી. તેમના ભંડારમાં અનેક સ્ફટિક રત્નો અને વજ્રરત્ન જેવા રત્નો હતા. જેમને ત્યાં સોના રૂપાના ગઢ અને કાંગરા હતા. જેના ભંડારની રક્ષા કરવા માટે તો કેટલાય સેવકો રાખ્યા હતા. તેમનો વહેપાર ઘણા મોટા પાયા પર ચાલતો હતો. દેશાવરમાં તેમની પેઢીઓ ચાલતી હતી. આવા મહાન સમૃદ્ધ સુખી શેઠ ધનપુર નગરમાં રહે છે. તેમને પતિવ્રતા શ્રીમતી નામની પત્ની હતી. જેના ગુણ ગુલાબની સૌરભ સારા નગરમાં મ્હેંકી રહી હતી. તે શીલવતી, ગુણવતી અને ધર્મવતી હતી. શેઠ–શેઠાણી બંને સાથે ધર્મક્રિયાઓ કરતા. આટલી લક્ષ્મી હોવા છતાં જીવનમાં ધર્મનું સ્થાન મોખરે હતું. શેઠાણીનું સૌંદર્ય, રૂપ તો જાણે સ્વર્ગની અપ્સરા જોઈ લો! એવા રૂપ–સૌંદર્યથી યુક્ત હતા. તેમને શુભમતિ નામની એક દીકરી હતી. જેની મતિ સદાય શુભ જ હતી. એવી શુભમતિ રૂપ રૂપનો અંબાર, બુદ્ધિમાં ચતુર અને ગુણવાન હતી. તે શુભમતિ સ્ત્રીઓની ૬૪ કળાઓમાં પારંગત હતી. તે યુવાનીના આંગણીયે આવીને ઉભી છે. પહેલા દીકરીઓ વગર કારણે બહાર જતી ન હતી. અરે! પિતાની આડે પણ ઉતરતી ન હતી. શુભમતિ સંગીતકળામાં ખૂબ હોંશિયાર છે. એક વખત દાસ–દાસીઓ કહે શેઠજી! આપની દીકરી સંગીતકળામાં તો એટલી હોંશિયાર છે કે એનું સંગીત સાંભળતા ભલભલા થંભી જાય. આપ એનું એક વાર તો સંગીત સાંભળો. શેઠ કહે ભલે, આપ એને બોલાવો. શુભમતિએ તો પોતાના સંગીતના જે સૂરો રેલાવ્યા તે સાંભળતા શેઠ સ્થંભી ગયા. શું મારી દીકરી છે! તેના સ્તવનમાં શબ્દે શબ્દે વૈરાગ્યના ઝરણાં વહી રહ્યા છે. શી તેની સંગીતકળા છે! શુભમતિનું સંગીત સાંભળતા માબાપના હૈયા હર્ષથી ખીલી ઉઠયા. તેમના મનમાં થયું કે અહો! રાત-દિવસ સુખની શય્યામાં રહેનારી, કોમળ ફૂલ જેવી મારી દીકરી સાસરાના ભારને કેવી રીતે ઉપાડી શકશે? વળી સમજતા હતા કે દીકરી પિતૃગૃહના દ્વાર કરતાં શ્વસુર ગૃહના આંગણે શોભશે. રંગમાં જે મિલનસાર

રંગનું મિશ્રણ થાય તો જ રંગોળીની મઝા, તેમ દીકરીને યોગ્ય વર મળે તો આનંદ. મારી દીકરીમાં તો સર્વ ગુણો છે, પણ તેને યોગ્ય રૂપ, ગુણ, કુળ, વિદ્યા, સમૃદ્ધિ, વય અને કળામાં સમાન પતિ મળી જાય તો વરકન્યાની સંસારયાત્રા સફળ અને આદર્શ બને.

ધનદ શ્રેષ્ઠીએ શુભમતિ માટે લક્ષાધિપતિ, સંપત્તિવાનના અનેક કુમારોને જોયા, પણ પિતાનું મન માન્યું નહિ. કોઈમાં કળા દેખાતી તો રૂપ, કુળ વિગેરેની ખામી દેખાતી, રૂપ–કુળમાં ચમકતા હોય તો શીલવિદ્યાની અધૂરાશ લાગતી. આમ બધામાં કાંઈ ને કાંઈ ખામી દેખાતી. શુભમતિને યોગ્ય કોઈ કુમાર ન મળતાં ધનદ શ્રેષ્ઠિને પોતાનું કન્યારત્ન કયા પાત્રમાં મૂકવું એની ખૂબ ચિંતા થવા લાગી.

**ધનદ શ્રેષ્ઠી કે કુળ કે સાથ મેં, બહુત પુરાની મૈત્રી;**
**આનંદ શ્રેષ્ઠી વહાઁ પધારે, કિયા પ્રેમસે સત્કાર.**

ધનદ શ્રેષ્ઠીના બાળપણથી ગોઠીયામિત્ર આનંદશેઠ ત્યાં પધાર્યા. ધનદ શેઠે તેમનો ખૂબ અતિથિ સત્કાર કર્યો. આનંદ શેઠ કહે–મિત્ર! ઘણાં સમયે આપનું મિલન થયું, પણ આપના મુખ ઉપર ખૂબ ચિંતા હોય એવું દેખાય છે. તમારે શું ચિંતા છે? મિત્ર! ના....ના...એવી કોઈ ચિંતા નથી. ધનદ શેઠે કહ્યું, બેટા શુભમતિ! મહેમાન આવ્યા છે તો એમને માટે નાસ્તો લઈ આવ. શેઠના ઘરમાં નોકર ચાકરો ઘણા હતા, પણ દીકરીને બતાવવી હતી, એટલે એ બહાને તેને બોલાવી. પિતાની આજ્ઞા થતાં રૂમઝુમ રૂમઝુમ કરતી શુભમતિ નાસ્તો લઈને આવી. વિનય વિવેકપૂર્વક કહ્યું–કાકા! આપ નાસ્તો લો ને મને પાવન કરો. શુભમતિનો વિનય–વિવેક, બોલે તો જાણે મુખમાંથી અમી ઝરે. આ બધું જોઈને શેઠના મનમાં થયું કે, આ શું છોકરી છે! તેમણે શેઠને પૂછ્યું–રૂપમાં રંભા સમાન અને દેવાંગના સમાન આ છોકરી કોણ છે? ધનદશેઠે કહ્યું, આપને ખબર નથી? આ તો મારી દીકરી છે. શું આ તમારી દીકરી છે! જાણે દેવી જ જોઈ લો. આનંદ શેઠ કહે, મેં તો તેને સાવ નાની ગોદમાં રમતી જોયેલી, એટલે અત્યારે ઓળખી ન શક્યો. ઘણી મોટી થઈ ગઈ શુભા તો! તમે એનો સંબંધ જોડચો કે નહિ? મિત્ર! એના વિવાહ કરું તો આપને સમાચાર આપ્યા વિના રહું? મને એની ચિંતા રાત-દિવસ સતાવી રહી છે. શુભમતિને માટે કોણ યોગ્ય છે? એને આપવી કોને? માળવા, ગુજરાત, મહારાષ્ટ્ર બધા દેશોમાં શ્રેષ્ઠીપુત્રની તપાસ કરાવી પણ મારું મન ક્યાંય ઠરતું નથી. કોઈ યોગ્ય છોકરો આપની નજરમાં હોય તો આપ મને બતાવો.

આનંદ શેઠ કહે–હા....મારા ખ્યાલમાં એક છે. ભીમપુર નગરમાં લક્ષ્મીદત્તશેઠ છે, તેમના વૈભવની તો શી વાત કરું! લક્ષ્મીથી છલકતા તેના ભંડારો છે. તેમને એકનો એક પુત્ર છે, હજુ સુધી તેના વિવાહ થયા નથી એવું મેં સાંભળ્યું છે. મને એમ લાગે છે કે ખરેખર તમારી દીકરીને માટે યોગ્ય છે. આ લક્ષ્મીદત્ત શેઠ કયા, ખબર છે ને? જેને ત્યાં અઢળક લક્ષ્મી હોવા છતાં લોભના કારણે મોતી મેળવવા માટે ગુણચંદ્રને ભોંયરામાં પૂરીને તેને ઢોર માર મારે છે. તેના દિલમાં જરા પણ દયા નથી. તેમના નગરનું નામ

ભીમપુર છે. જે નગરમાં ગુણદત્ત રાજા રાજ્ય કરે છે. એક ભાઈ મહાન સુખમાં છે અને એક ભાઈ મહાન દુઃખમાં પીડાય છે.

આનંદ શેઠે કહ્યું–મિત્ર! શુભકામ કરવામાં વિલંબ ન કરવો. જલ્દીથી તું ભીમપુર નગરમાં તપાસ કરાવ. મને શ્રદ્ધા છે કે જરૂર તારું કાર્ય સફળ થશે ને તું ચિંતા મુક્ત થઇશ. મિત્રની વાત શેઠના ગળે ઉતરી ગઈ. જાણે તેના માથેથી અડધો ભાર ઓછો થયો હોય તેમ લાગ્યું. શેઠે શેઠાણીને વાત કરી. શેઠાણીને પણ આનંદ થયો. જો દીકરીને સારું, સુખી, સંસ્કારી ઘર મળતું હોય તો માબાપને આનંદ કેમ ન થાય! તરત જ ધનદ શ્રેષ્ઠી પોતાની દીકરી શુભમતિ માટે મૂરતીયો જોવા ભીમપુર નગરમાં લક્ષ્મીદત્ત શેઠના ઘેર પોતાના પુત્ર જેવા વ્હાલા નોકર કુશળને મોકલવાનો નિર્ણય કરે છે, અને કુશળને બોલાવીને કહે છે હે કુશળ! તું અહીંથી ભીમપુર નગરમાં જા, ત્યાં લક્ષ્મીદત્ત નામના શેઠ વસે છે. તેમને એક દીકરો છે. તેની સાથે આપણી શુભાની સગાઇ કરવાની છે. તો તું ત્યાં જલ્દી જા અને સત્વર સારી વધામણી લઈને આવ.

શેઠે કહ્યું, કુશળ! ભાઇ તું ખૂબ ધ્યાન રાખજે. છોકરો બતાવે તો જ વાગ્દાન કરજે. છોકરામાં કાંઈ પણ ખામી જણાય તો તું તરત પાછો વળજે. કોઈ બહાના કાઢીને છોકરો ન બતાવે ને મીઠી મીઠી વાતો કરે તો એમની મીઠી વાતોમાં લોભાઇશ નહિ. શેઠ મીઠું મીઠું બોલે કે વર્તન પણ સારું કરે, છતાં તું એમાં કે એમની સમૃદ્ધિમાં અંજાઈશ નહિ. છોકરો તને બતાવે તો જ વાગ્દાન કરજે. કાર્યની શ્રેષ્ઠતા પરનું લક્ષ્યબિંદુ ચૂકીશ નહિ. માર્ગમાં નિર્ભય બની સજાગ રહેજે. આનંદશેઠે કહ્યું–તું જલ્દી જા અને સમાચાર લઈ જલ્દી પાછો આવ અને અમે મોઢું મીઠું કરીએ. શેઠની બધી વાતો સાંભળીને કુશળે રવાના થવાની તૈયારી કરી. હવે કુશળ લક્ષ્મીદત્ત શેઠને ત્યાં કેવી રીતે જશે ને ત્યાં શું બનશે તે ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં–૭૪

**આસો સુદ ૭ ને રવીવાર** **તા. ૪–૧૦–૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! કરૂણાના કિમિયાગર, જ્ઞાન દિવાકર, આગમરત્નાકર એવા ત્રિલોકીનાથ વીતરાગ પ્રભુ ભવ્ય જીવોને દિવ્ય સંદેશો આપતા ફરમાવે છે કે તમને જે આ મનુષ્યભવ મળ્યો છે તે કેવો છે? મેળામાં જેમ એક દિવસ માટે દુકાન મંડાય છે તેવી રીતે આ ભવ એ મંડાયેલી દુકાન છે. જ્યારે મેળો ભરાવાનો હોય ત્યારે ત્યાંની ખુલ્લી જમીનની કિંમત વધી જાય છે, પણ એવો કયો દુકાનદાર હોય કે એક દિવસ માટે ભાડે લીધેલી દુકાનને શણગારવાની પાછળ પચ્ચીસ ત્રીસ હજાર રૂપિયાનો ધૂમાડો કરી નાંખે? કોઈ નહિ, કારણ કે એ સમજે છે કે આ તો એક દિવસ પૂરતી ભાડે લીધેલી છે. મેળાનો આ દિવસ ચાલ્યો જશે, પછી આ જગ્યાની કિંમત ઉપજવાની નથી. બસ, આ ન્યાય આપણે સમજવાનો છે.

આ જીવ અનાદિનો છે. આ ભવમાં તેણે પત્ની, પુત્ર, ગાડી, વાડી, બંગલા, નોકર, ચાકર વગેરે મેળવ્યું છે. તે બધી તેણે આ ભવમાં માંડેલી દુકાનો છે. કોઈ પણ ડાહ્યા માણસ મેળામાં માંડેલી દુકાન પાછળ પોતે વેચાઈને ખુવાર થઈ જતો નથી. દુર્ભાગી જીવ પોતાના આત્મતત્ત્વની દરકાર કર્યા વિના આ મેળામાં માંડેલી દુકાનો રૂપ પત્ની, પુત્ર અને ઘરબારને શણગારવાની પાછળ ખુવાર થઈ જાય છે એવા જીવ જ્ઞાનીઓની દૃષ્ટિએ મૂર્ખ છે. મેળાની જમીનનું ભાડું માત્ર મેળાના દિવસ પૂરતું મળે છે. મેળાનો દિવસ ચાલ્યા ગયા પછી એ જગ્યાની ફૂટી બદામ પણ ઉપજતી નથી અરે, ઉપજવાની વાત તો ઠીક છે, પણ કોઈને મફત બોલાવીને એ જગ્યાએ દુકાન માંડીને બેસવાનું કહે, અરે, એક–બે રૂપિયા આપો તો પણ કોઈ સારો વહેપારી ત્યાં બેસવા આવતો નથી. મેળાની જમીન અલ્પ કિંમતની હોવા છતાં કોઈ મૂર્ખ વહેપારી ઘરની દુકાન વેચીને એ મેળાની દુકાનને શણગારવામાં લાગી જાય તો તમે એને મૂર્ખો કહેશો કે બીજું કાંઈ? જરૂર તે માણસ મૂર્ખ છે, પણ આત્મા રૂપ દુકાનદાર પણ લાંબા ટૂંકાનો વિચાર ન કરતાં આ એક ભવ રૂપ મેળાની દુકાનને શણગારવામાં તત્પર થાય તો એ પણ મૂર્ખ નહિ તો બીજું શું? આ ભવ પણ એક મેળો છે. તેમાં પહેલાની પલ્યોપમની જિંદગીની અપેક્ષાએ અત્યારે માનવની જિંદગીના સો સવાસો વર્ષ એ શા હિસાબમાં! કાંઈ નહિ, છતાં મૂર્ખ જીવ એ ક્ષણભંગુર મેળા માટે પોતાની ગાંઠની મુડી ગુમાવી નાંખે છે.

કોઈ સ્થળે મેળો એક દિવસનો હોય છે, કોઈ સ્થળે પાંચ દિવસનો તો કોઈ સ્થળે પંદર દિવસનો મેળો હોય છે. આ જિંદગી કેટલા દિવસનો મેળો છે તે ખબર છે? અત્યારે માણસની જિંદગી સો વર્ષની ગણીએ તો એક વર્ષના માસ બાર, એ હિસાબે માનવની જિંદગી ૧૨૦૦ માસની થઈ અને મહિનાના દિવસ ૩૦ એ હિસાબે ૧૨૦૦ માસ × ૩૦ = ૩૬૦૦૦ દિવસ થયા. મનુષ્યની જિંદગી એટલે ૩૬૦૦૦ દિવસનો મેળો. હવે એની પાછળ આત્મા રૂપી આ દુકાનદાર કેટલો ભોગ આપે છે તેની ગણત્રી કરી જુઓ. આ ગણત્રી કરશો તો ખ્યાલ આવશે કે દુકાનદાર ગાંડો છે કે ડાહ્યો? મેળામાં વહેપારી દુકાન ભાડે રાખે છે, પણ એ રાખતા પહેલા તેમાં આવક કેટલી થશે તેનો અડસટ્ટો બાંધે છે, અને આટલી આવકે આટલું ભાડું આપવું પોસાશે એ હિસાબે તે ભાડુ આપે છે. હવે આ આત્મા રૂપી વહેપારીએ છત્રીસ હજાર દિવસના મેળામાં દુકાનના ભાડા આપીને શું બચાવ્યું તેનો વિચાર કરો. કર્મરાજાએ મનુષ્યગતિ, ઔદારિક શરીર, અંગોપાંગ, આયુષ્ય એ બધું ભાડે આપ્યું છે, તો એ ભાડે મળેલી ચીજનું ભાડું ચૂકવી શકાય એટલી કમાણી તો કરવી જોઈએ ને? માણસ મેળામાં દુકાન ભાડે રાખે, કમાવા માટેના મોટા મોટા મનોરથો ઘડે અને પછી જમીન ભાડે રાખીને ભાઈસાહેબ ધંધો કરવાને બદલે રખડતા ફરે તો તેને કેવો સમજવો?

આપણે પણ છત્રીસ હજાર દિવસવાળા આ મેળાની દુકાન ભાડે રાખી છે. કમાવા માટે માનવ મોટા મોટા મનસૂબા ઘડે છે. આ મેળો જેટલો લાંબો અને જબરો છે,

તેવી તેની શરતો પણ જબરી છે. બીજે તો તમે વહેપાર ધંધો કરો, કમાઓ, પછી ભાડું ભરો એવો રિવાજ છે, પણ આ મેળો તો એવો જબરો છે કે તેનું ૩૬ હજાર દિવસોનું ભાડું આગળથી લઈ લેવામાં આવ્યું છે. આ ભવનું આયુષ્ય, જાતિ, સ્થિતિ, અવગાહના, અનુભાગ એ બધું જીવ આગલા ભવમાંથી નક્કી કરીને આવે છે. જમીન ભાડે રાખો તો દર મહિને ભાડું ભરવાનું હોય છે. આ છત્રીસ હજારીયો મેળો એવો છે કે તેમાં છત્રીસ હજાર દિવસોનું ભાડું એકી સાથે લઈ લેવામાં આવ્યું છે. આટલું મોટું ભાડું આપીને દુકાન રાખ્યા પછી જો જીવ રખડતો ફરે તો શી દશા થાય? છત્રીસ હજાર દિવસનું ભાડું ભરીને આપણે દુકાન ભાડે રાખી છે. એ ભાડે રાખેલી દુકાનમાં કમાણી કેટલી થઈ તેનો વિચાર કરવાનો છે. તમે મેળામાં દુકાન માંડો, દુકાનમાં ચારે બાજુ રમકડા ગોઠવો, દુકાનને ખૂબ શણગારો, આખી દુકાનમાં ઈલેકટ્રીક લાઈટ મૂકો, લોકો તમારી દુકાન જોઈને બોલે કે શું ફલાણા શેઠની દુકાનની શોભા! યાદ રહી જાય તેવી. કોઈ તમારી દુકાનની આટલી પ્રશંસા કરે. અરે, તમારો માલ જોઈને લોકો તમારા માલને ખૂબ વખાણે પણ એથી કંઈ તમારા કલેજે ઠંડક વળે ખરી? ના....ના....દુનિયાની પ્રશંસા સાંભળીને તમે રાજી થતા નથી. જો તમારો માલ ખપે અને થોડો ઘણો પણ નફો થાય તો તમે રાજી થવાના.

આ જ સ્થિતિ આત્માને લાગુ પડે છે. દુનિયા પૈસાવાળાને ત્યાં જન્મેલા જુએ, રંગરાગમાં મ્હાલતા જુએ એને ભાગ્યશાળી ગણી લે એથી આત્માને શો લાભ? મેળો ભરાયો છે એ વાત સાચી, દુકાન સરસ છે એ સાચું, તમારો શો બધાને પસંદ છે એ કબુલ, પણ જો તમે કમાણી કરી હોય તો તમારી શોભા અને કમાણી ન કરી હોય તો તમારી શોભા નથી. તે પ્રમાણે આ ભવમાં પણ તમે સાચી કમાણી કરી હોય તો તમારી શોભા છે. નહિ તો તમારી શોભા નથી. જો આ ભવમાં કાંઈ કમાણી ન કરી તો મેળામાંથી હાથ ઘસતા વહેપારી જેવી દશા થશે. જે ભવ્ય આત્માને આવો વિચાર આવે છે તે આત્માને આ ભવનું મહાભયંકરપણું સમજાય છે. કર્મ દરેક ભવ રૂપી દુકાન મંડાવે છે, પણ તે કાંઈ પણ કમાણી કરાવ્યા વિના એમ ને એમ પાછા કાઢે છે. એ આપણી કરૂણાજનક સ્થિતિ છે. જે આત્મા આ મેળા ઉપર મોહ પામતો નથી અથવા તો મેળાની દુકાનને શણગારવાની પાછળ પોતાનો આત્મ તત્ત્વ રૂપી મહામૂલ્યવાન ખજાનો ગુમાવી દેતો નથી તે આત્મા કમાણી કરીને જાય છે.

જેને આત્માની કમાણી કરવાની લગની લાગી છે એવા નમિરાજર્ષિને આ સંસાર દુઃખનો દરિયો લાગ્યો, તેથી રમણીઓના રાગને, પરિવારના પ્રેમને અને સ્વજનોના સ્નેહને છોડીને સંયમ માર્ગે પ્રયાણ કર્યું, ત્યારે રાણીઓના રૂદનથી, પ્રજાજનોના કરુણ વિલાપથી સારી મિથિલા નગરીમાં કોલાહલ મચી ગયો, પણ સાચો સાધક પોતાના માર્ગથી જરાપણ ચલિત ન થાય. ભગવાન સૂયગડાંગ સૂત્રમાં બોલ્યા છે કે,

जइ कालूणियाणि कासिया, जइ रोयन्ति य पुत्तकारणा।
दवियं भिक्खूं समुट्ठियं, नो लभन्ति ण संठवित्तए॥ અ. ૨ ઉ. ૧ ગા. ૧૭

સાધુના માતા-પિતા આદિ સ્વજનો તેની પાસે આવીને કરૂણ વચન બોલે અથવા કોઈ કરૂણાજનક કાર્ય કરે અથવા તો તેઓ પોતાના પુત્રને માટે રડે, વિલાપ કરે તો પણ સાધુ ધર્મનું પાલન કરવામાં તત્પર, મુક્તિગમનને યોગ્ય તે પરિપકવ સાધુને સંયમથી ભ્રષ્ટ કરી શકે નહિ તેમજ ફરીથી ગૃહસ્થ વેશમાં સ્થાપિત કરી શકે નહિ. આવા અનુકૂળ ઉપસર્ગના સમયમાં સંયમી સાધુની દૃઢતા અને પરિપકવતાની પરીક્ષા થાય છે. જે પરિપકવ સુદૃઢ શ્રમણ હોય છે તેમની સામે પત્નીઓ આવીને ગમે તેટલું રડે, કરૂણ વિલાપ કરે, તો પણ વીતરાગની આજ્ઞામાં વિચરનાર સાધક પોતાની સાધનાથી એક ઈંચ પણ ચલિત થાય નહિ. તે સમજે છે કે જેના પ્રત્યે મમત્વ છે એવા સાંસારિક સજીવ સ્વજનવર્ગ રૂપ અને નિર્જીવ ધન, સોનું, ચાંદી આદિ પરિગ્રહ આ લોકમાં દુઃખપ્રદ છે અને પરલોકમાં પણ અત્યંત દુઃખપ્રદ છે. માતા, પિતા, ભાઈ, બેન, પત્ની, પુત્ર આદિ જેટલા પણ સ્વજન સંબંધી છે તેમના પ્રત્યેનું મમત્વ ભયંકર દુઃખદાયક બને છે. મનુષ્ય પોતાના સ્વજનો પાસેથી એ આશા રાખતા હોય છે કે મને રોગ આવશે, દુઃખ આવશે, આપત્તિ આવશે તો આ બધા મને સહાય કરશે, મારી સેવા કરશે, મને મૃત્યુમાંથી બચાવી લેશે, આફતમાંથી ઉગારી લેશે, પણ સમય આવે એ સ્વજનો પણ આંખ ફેરવી લે છે. જ્યાં સુધી ધન હશે ત્યાં સુધી સ્વજનો મીઠું મીઠું બોલશે પણ જ્યાં ધન ખલાસ થઈ ગયું, સ્વાર્થ સરતો બંધ થઈ ગયો, પછી એ સ્વજનો તેને છોડીને ચાલ્યા જાય છે, માટે સ્વજન વર્ગ પ્રત્યેનું મમત્વ લોકમાં દુઃખદાયક હોય છે. એમના પ્રત્યે મમત્વ રાખવાથી કર્મબંધ થાય છે અને કર્મના ફળ પરલોકમાં ભોગવવા પડે છે. તે દુઃખોને ભોગવતી વખતે ફરી નવીન કર્મબંધ કરે છે. આ રીતે દુઃખની પરંપરા વધતી જાય છે. આ રીતે ક્ષણભંગુર પરિગ્રહને દુઃખાવહ સમજીને, જાણી બુઝીને કોણ તેમાં ફસાય ? આ ગૃહવાસ નથી પણ ગૃહપાશ છે.

ગૃહવાસ જેને ગૃહપાશ લાગ્યો હોય એ જ આત્મા સંસાર છોડી શકે. એવા નમિરાજર્ષિ સજીવ અને નિર્જીવ પરિગ્રહ છોડીને ત્યાગી બની ગયા. આત્માની સંપત્તિ આગળ આ બાહ્ય સંપત્તિ તેમને તણખલા સમાન લાગી. અન્યદર્શનમાં પણ કંઈક એવા દાખલા આવે છે કે જે સંસારમાં રહેવા છતાં પણ સામેથી લક્ષ્મી દેનાર આવે તો પણ તેને લાત મારે છે.

એક વખત એક રાજાનો જન્મ મહોત્સવ ઉજવવાનો હતો. રાજાનો જન્મ મહોત્સવ ઉજવાય એમાં શી ખામી હોય ! સારું શહેર શણગાર્યું છે. પ્રજાજનોને ખૂબ ઉત્સાહ ને આનંદ છે. એ નગરમાં ત્યાગરાજ નામના એક કવિ હતા, જેવું નામ તેવા ગુણ હતા. તેમના જીવનમાં ત્યાગ ઘણો હતો. પ્રભુભક્તિમાં ઓતપ્રોત હતા. પ્રભુભક્તિના ભાવવાહી સુંદર સ્તવનો રચતા અને પોતે મધુર કંઠે લલકારતા. એ ગીતો બોલતા પ્રભુ ભક્તિમાં એકતાર થઈ જતા. તેમની સ્થિતિ ગરીબ હતી પણ જીવનમાં સંતોષ અને નિષ્પરિગ્રહ ભાવના ખૂબ હતી. નાનીશી ઝુંપડીમાં રહેતા હતા. ત્યાગરાજની

ઝુંપડીમાં એક પણ વાસણ સાજું સારું ન હતું. વિચાર કરો કે કેટલી ગરીબાઈ હશે!

**જન્મમહોત્સવે આમંત્રણ** :–રાજાનો જન્મમહોત્સવ હોવાથી રાજાએ પોતાના એક અનુચરને બોલાવીને કહ્યું, તમે આ સોનામહોરો લઈને કવિવર ત્યાગરાજ પાસે જાવ. તે સંસારી હોવા છતાં સાધુ જેવું જીવન જીવે છે. સાધુ જેવા ભગવા વસ્ત્ર પહેરે છે. એવા કવિને તું જઈને કહેજે કે આજે રાજાનો જન્મમહોત્સવ ઉજવાઈ રહ્યો છે, માટે તેઓ રાજસભામાં આવે, અને આ પ્રસંગને અનુરૂપ કોઈ સુંદર ગીત તૈયાર કરી લાવે. તેમની કવિત્વ શક્તિ અજોડ છે. આ જન્મ મહોત્સવમાં રાજાએ ઘણા રાજાઓને આમંત્રણ આપ્યું છે, તેથી ઘણા દેશના રાજા મહારાજાઓ આ પ્રસંગે પધારવાના છે, માટે તેમણે મારું એવું કોઈ સુંદર પ્રશસ્તિ ગીત બનાવવું જોઈએ કે જે સાંભળતાં સભા ઘડી ભર સ્થંભી જાય. જો તે કવિ મારા આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરે અને સુંદર ગીત બનાવી લાવે તો આ સોનામહોરો ઉપરાંત રાજા બીજી સોનામહોરો પણ ભેટ આપશે. રાજાની આજ્ઞા થવાથી અનુચર કવિની ઝુંપડીએ ગયો. ઝુંપડીમાં જઈને અનુચરે ત્યાગરાજને નમસ્કાર કર્યા અને તેમની પાસે સો સોનામહોરો મૂકીને કહ્યું, મહારાજાનો આજે જન્મ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે, માટે આ નાનીશી ભેટ મોકલી છે. આપ એનો સહર્ષ સ્વીકાર કરો.

**ગરીબીમાં નિસ્પૃહી ભાવના** :—ત્યાગરાજે પૂછયું–શા માટે આ સોનામહોરો? અનુચરે બધી વાત કહી, પછી તેણે કહ્યું–કવિરાજ! આ તો પાશેરામાં પહેલી પુણી છે. આજે રાજાનો જન્મ મહોત્સવ ઉજવવાનો છે. તો આપ રાજાનું એવું સરસ ભાવવાહી ગીત બનાવો કે જે સાંભળતા રાજા પ્રસન્ન થાય, અને આપ ઝુંપડીના બદલે બંગલામાં આવી જાવ, રાજા ન્યાલ કરશે. ભાઈ! ધનના ઢગલામાં મને શાંતિ નથી. મને પ્રભુના નામ-સ્મરણમાં જે શાંતિ અને સુખ દેખાય છે તે ધનના ઢગલામાં દેખાતું નથી. તમારી આ લક્ષ્મી હું જો ગ્રહણ કરું તો એને સાચવવાની કેટલી ઉપાધિ! આ ઉપાધિમાં, ચિંતામાં પ્રભુનામ શુદ્ધ ભાવથી લઈ શકાય નહિ, માટે મારે આ સોનામહોરોની જરૂર નથી. અનુચર તો કવિરાજની વાત સાંભળીને ચકિત થઈ ગયો. અહા! શું તેમની ભાવના! આટલી ગરીબાઈ હોવા છતાં સામેથી આવતી લક્ષ્મીનો પણ ત્યાગ! અનુચર તો ત્યાંથી પાછો ગયો. જઈને રાજાને બધી વાત કરી. રાજાના મનમાં થયું કે ગમે તેમ તોય બ્રાહ્મણનો અવતાર ને! બ્રાહ્મણો લોભીયા બહુ હોય. તેને સો સોનામહોરો ઓછી પડી હશે તેથી લીધી નહિ હોય. તેને વધુ સોનામહોરો જોઈતી હશે.

રાજાએ ફરી વાર પ્રધાનને બોલાવ્યો. તેને દશ હજાર સોનામહોરો આપીને ત્યાગરાજની ઝુંપડીએ મોકલ્યો. પ્રધાનજી પહોંચ્યા ત્યાગરાજની ઝુંપડીએ. ત્યાગરાજે પ્રધાનજીને આદર સત્કાર કરી બેસાડયા, પછી પ્રધાનજીએ કહ્યું–કવિરાજ! આજે દુનિયામાં જ્યાં જુઓ ત્યાં પૈસાના માન છે. દુનિયામાં દોલત વિના પૂર્ણ સુખથી જીવી શકાતું નથી. સંસારના સર્વ સુખો પૈસાથી આવે છે. આપની પાસે દોલત નથી, માટે આપ આવી ઝુંપડીમાં રહો છો ને કેટલી ગરીબ અવસ્થા ભોગવો છો! દોલત અને

ઐશ્વર્ય માણસની દરિદ્રતાને દૂર કરે છે અને તેના સુખને અધિકતર બહેલાવે છે. આપને માટે રાજાએ આ દશહજાર સોનામહોરો મોકલાવી છે. આપ એનો સ્વીકાર કરો ને તમારી દરિદ્રતા દૂર કરો. ત્યાગરાજે કહ્યું. પ્રધાનજી ! પ્રભુના નામસ્મરણની પાછળ જતી મારી એકેક પળ સોનામહોરો જેવી છે, માટે આપ આવી વાતો કરીને તેમાં નાહકનો વિક્ષેપ પાડો નહિ.

જેને મન પૈસા કરતાં પ્રભુ નામની કિંમત વધારે છે, ધન કરતાં ધર્મની કિંમત વધારે છે એવા ત્યાગરાજે સોનામહોરો લેવાની ના પાડી તેથી પ્રધાનના મનમાં થયું કે આ ત્યાગરાજ નિઃસ્પૃહી કે નિર્લોભી નથી પણ ઘમંડી છે. તેમને તેમની વિદ્યાનું અને કવિત્વ શક્તિનું અભિમાન છે. નથી ખાવાના ઠેકાણા, નથી રહેવાના ઠેકાણા, છતાં અભિમાન કેટલું છે ! પ્રધાન તો ત્યાંથી રવાના થઈ ગયા. તેમણે રાજા પાસે આવીને કહ્યું–મહારાજા ! કંઈક મોટા શ્રીમંતોને પોતાની લક્ષ્મીનું અભિમાન હોય છે. આ કવિરાજ પાસે ધન નથી પણ તેમનામાં વિદ્યા અને ભક્તિનું અભિમાન છે. આ અભિમાનના કારણે તેમણે આપે મોકલાવેલી સોનામહોરોનો સ્વીકાર કર્યો નથી. આ વાત સાંભળીને રાજા તો કંઈ બોલ્યા નહિ ત્યારે પ્રધાને કહ્યું–મહારાજા ! ત્યાગરાજના મનમાં એવું અભિમાન હશે કે હું આવો સુવિખ્યાત કવિ, મારી કવિત્વ શક્તિની પ્રશંસા ઠેર ઠેર થઈ રહી છે, એવો કવિ અને પ્રભુનો પરમ ભક્ત મને રાજા શા માટે રથ લઈને તેડવા ન આવે ? મને શા માટે વાજતેગાજતે રાજસભામાં ન લઈ જાય ? તેમના મનમાં આવા અરમાન હશે અને તેથી તેમણે સોનામહોરો લીધી નહિ હોય ! ત્યાગરાજના મનમાં તો આવો સંકલ્પ પણ નથી, છતાં પ્રધાને તેમના માટે આવી ઉંધી વાત ખતવી દીધી.

પ્રધાનની આ વાત રાજાને સાચી લાગી કે કદાચ આમ હોઈ શકે. તેમના મનમાં આવી આશા હોય ને તેથી તેઓ સોનામહોરો ન લેતા હોય ! તો હું હવે જાતે જ રથ લઈને તેમને તેડવા જાઉં. તેમણે સાત ઘોડાવાળો એક રથ તૈયાર કરાવ્યો અને તે રથમાં બેસીને રાજા ત્યાગરાજને બોલાવવા માટે તેમના ઘેર ગયા. ખુદ રાજાને ત્યાગરાજના ઘેર જતાં જોઈને લોકોને તો ખૂબ આશ્ચર્ય થયું. કંઈક લોકો તો કહેવા લાગ્યા કે ધન્ય છે ત્યાગરાજની કાવ્ય પ્રતિભાને કે ખુદ રાજા તેમને રથ લઈને તેડવા જાય છે. રાજા ત્યાગરાજની ઝુંપડીએ પહોંચી ગયા. રથમાંથી રાજા નીચે ઉતર્યા. ઝુંપડીના બારણે ત્યાગરાજની પત્ની ઉભી હતી. રાજા પોતે રથ લઈને પોતાને ઘેર આવ્યા તેથી તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેના મનમાં થયું કે હું જલ્દી અંદર જઈને મારા પતિને સમાચાર આપું કે આપણા મહાન ભાગ્યોદયે આજે આપણા રક્ષક મહારાજા પધાર્યા છે. તે અંદર જવા જાય છે, ત્યાં રાજાએ તેને ના પાડી, તેથી કવિપત્ની બારણે ઉભી રહી ગઈ. રાજા ધીમા ધીમા પગલે ઝુંપડીમાં દાખલ થયા અને ત્યાગરાજ જ્યાં બેઠા હતા ત્યાં પહોંચી ગયા. ત્યાગરાજ તો પ્રભુભક્તિમાં એકાકાર હતા. તેમની આંખો બંધ

હતી. હાથ જોડેલા હતા અને કંઠમાંથી પ્રભુભક્તિના અમૂલ્ય ભાવવાહી ભક્તિગીતોનો સ્રોત વહી રહ્યો હતો.

ત્યાગરાજની પ્રભુભક્તિમાં કેટલી એકાકારતા ! કેટલી લીનતા ! જ્યારે આપણામાં પણ આવી લીનતા અને એકાગ્રતા આવે ત્યારે સમજવું કે હવે કલ્યાણની કેડી મારા માટે નજીક છે, પણ આપણી દશા તો કેવી છે? ચાર લોગસ્સના કાઉસગ્ગમાં પણ સ્થિરતા રહેતી નથી. આંખો ચારે બાજુ ફરતી હોય છે, પછી ચિત્તની સ્થિરતા ક્યાંથી થાય? જ્યારે આધ્યાત્મિક કાર્યોમાં સ્થિરતા આવે છે ત્યારે આત્મા સ્વભાવમાં સ્થિર થઈ શકે છે. રાજા કવિરાજની પાસે જઈને ઉભા રહ્યા છતાં તેમને ખબર પડી નહિ. થોડી વાર થઈ અને તેઓ પ્રભુભક્તિમાંથી નિવૃત્ત થયા, ત્યારે પાછળ નજર કરી તો મહારાજા સોનામહોરોનો થાળ લઈને ઉભા હતા. રાજાએ ત્યાગરાજને કહ્યું–કવિરાજ ! લો, આપ આ સોનામહોરોના થાળનો સ્વીકાર કરો. સોનામહોરોનો થાળ જોઈને ત્યાગરાજની આંખમાં આંસુ આવ્યા. તમારી સામે કોઈ સોનામહોરોનો થાળ લઈને આવે તો આંસુ આવે કે આનંદ આવે? (શ્રોતામાંથી અવાજ–અમને તો આનંદ થાય.)

"**મોહ છે માત્ર મારા પ્રભુ નામનો** :—ત્યાગરાજ રાજાને શું કહે છે? હે રાજન્! તમે મને શું કંચનમાં કેદ પૂરવા આવ્યા છો? મને નથી ધનનો મોહ! નથી સોના–ચાંદીનો મોહ! નથી કોઈ નાશવંત પદાર્થોનો મોહ! મને મોહ છે માત્ર મારા પ્રભુના નામનો! ખરેખર એ જ સત્ય છે. તમારી લક્ષ્મી જીવનમાં જે શાંતિ નથી આપી શકતી એ શાંતિ મને પ્રભુના નામસ્મરણથી મળે છે. જો મારે વિદ્યારત્ન થવું હોત તો ક્યારનો કોઈ રાજદરબારમાં આશ્રય લીધો હોત! જો મને યશકીર્તિની કામના હોત તો વીર રાજાની વીરતાને કાવ્યમાં ગૂંથી લીધી હોત! પણ મને એનો મોહ નથી. કવિરાજ! આ સોનામહોરો હું પ્રભુને નૈવેદ્ય ધરાવવા આપું છું. માટે આપ તેનો સ્વીકાર કરો. ત્યાગરાજ કહે–સોનામહોરો કરતાં દિલની ભક્તિ વધુ મૂલ્યવાન નૈવેદ્ય છે. જો હું ભક્તિ વેચીને સોનામહોરો ખરીદું તો હું ભક્ત શાનો? જો હું મારી ભક્તિ વેચું તો મારી દરિદ્રતાનો કોઈ પાર રહે નહિ. ત્યાગી પાસે ગમે તેટલા પ્રલોભનો આવે, છતાં જેના જીવનમાં ત્યાગ છે, રગેરગમાં પ્રભુની ભક્તિ ભરી છે તેવા ત્યાગીને જોઈને ભોગીઓના ભોગ પણ શાંત થઈ જાય. ત્યાગરાજની વાત સાંભળતા રાજાનો સુષુપ્ત ભક્તિભાવ જાગૃત થયો. તેમના મનમાં થયું કે આ ત્યાગરાજ પાસે કાંઈ પરિગ્રહ દેખાતો નથી. ઘરમાં ધન નથી. અરે! રસોઈ કરવા આખું વાસણ પણ નથી, છતાં જીવનમાં કેટલી નિર્લોભતા!

રાજાએ કહ્યું–કવિરાજ! મને માફ કરો. સોનામહોરોથી હું તમારા દિલને લૂંટવા આવ્યો હતો, પણ મારી એ ચાલબાજી નિષ્ફળ ગઈ છે. મારો પરાજય થયો છે ને તમારો વિજય થયો છે. ધન્ય છે ધન્ય છે, તમારા ત્યાગી જીવનને! સંતોષી જીવનને! રાજા કવિરાજને ધન્યવાદ આપતા ત્યાંથી ચાલ્યા ગયા. પ્રધાને પૂછ્યું–રાજા! શું થયું? તેણે સોનામહોરોના થાળનો સ્વીકાર કર્યો? ના. તો શું સોનામહોરોનો આખો થાળ એ

લોભી બ્રાહ્મણને ઓછો પડયો ! રાજાએ કહ્યું–પ્રધાનજી ! તેમની તો શી વાત કરું ! ગરીબાઈમાં પણ કેટલી અકિંચન દશા ! અરે ! સોનામહોરોનો થાળ જ નહિ, પણ એક વખત તેની સામે મારો આખો રાજભંડાર ઠાલવી દઉં તો પણ તેના દિલની દોલત આગળ તે કાંઈ વિસાતમાં નથી. સાચી સમૃદ્ધિ તો એ જ ભોગવે છે. તેના આ માની સંપત્તિ પાસે મારી આ સર્વ સંપત્તિઓ તેના માટે તૃણ સમાન છે. તો હવે તમારું પ્રશસ્તિ ગીત તે નહિ બનાવે ! અરે પ્રધાનજી ! રાજરાજેશ્વરનું, શ્રીકૃષ્ણનું, શ્રીરામનું, કાવ્ય રચવાનું છોડીને મારું કાવ્ય શા માટે રચે ? એમને કયાં પૈસાની પડી છે ?

આ દૃષ્ટાંતથી એ સમજવાનું છે કે કવિરાજ સંસારમાં રહેવા છતાં કેટલા અનાસક્ત-ભાવે રહે છે ! તો આપણા અધિકારના નાયક નમિરાજાએ તો સારો સંસાર છોડયો. તેમનો ત્યાગ કેવો અનુપમ હશે ! આ સારા સંસારને છોડીને પાંચ મહાવ્રત ધારણ કરવા એ કંઈ કાયરનું કામ નથી. જે શૂરવીર અને ધીર હોય છે તે જ આ મહાવ્રત રૂપી રત્નોને ગ્રહણ કરી શકે છે. ભગવાન સૂયગડાંગ સૂત્રમાં બોલ્યા છે કે.

**अग्गं वणिएहिं आहियं, धारन्ति राईणिया इहं ।**

**एवं परमामहव्वया, अक्खाया उ सराईभोयणा ॥** અ. ૨. ઉ. ૩ ગા. ૩

આ લોકમાં જેવી રીતે વહેપારીઓ દ્વારા સુંદર પરદેશમાંથી લાવેલા ઉત્તમોત્તમ વસ્ત્રો, રત્નો, આભૂષણો, આદિ કિંમતી માલ, રાજા–મહારાજા આદિ મોટા મોટા સત્તાધીશ અથવા ઐશ્વર્યસંપન્ન ધનવાન લોકો ખરીદી લે છે, તેવી રીતે આચાર્યો દ્વારા પ્રતિપાદિત પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રી ભોજન ત્યાગ એ કિંમતી રત્નો જે ભૌતિક રત્નોથી પણ મહામૂલ્યવાન છે, એવા મહાવ્રતરૂપી રત્નોને ઉચ્ચ સાધક આત્મા ધારણ કરે છે. આવા મહાવ્રત રૂપી રત્નોને નમિરાજર્ષિએ ગ્રહણ કર્યા. તમારા રત્નો તો નાશવંત છે, ક્ષણિક છે. જેના ઘરમાં આ રત્નો હોય તેને ચોરની ચિંતા કેટલી ? જ્યારે મહાવ્રત રૂપી રત્નો તો એવા શાશ્વત કિંમતી રત્નો છે કે તે રત્નોના પ્રકાશથી જીવનમાં અજ્ઞાનનો અંધકાર દૂર થાય છે ને જ્ઞાનનો પ્રકાશ પથરાઈ જાય છે. તમારા રત્નો તો ક્ષણિક સુખ આપે છે પણ આ અમૂલ્ય રત્નો તો મોક્ષના શાશ્વત સુખના અધિકારી બનાવે છે. જેને આ રત્નોની ઓળખાણ થઈ હોય તે જ નાશવંત રત્નોને છોડી શકે છે. ભગવંતે સંયમના સ્થાનને સર્વમાં પ્રધાન કહ્યું છે. કાશ્યપગોત્રી ભગવાન મહાવીર સ્વામીએ જેનું શાસ્ત્રમાં સુંદર વર્ણન કર્યું છે, જેનું પાલન કરવાથી કષાયાગ્નિ શાંત થઇ જાય છે અને કેટલાક પંડિત સાધકો સંસારનો અંત પણ કરી લે છે, આવા નમિરાજર્ષિ દીક્ષા લઈને ઘરની બહાર નીકળ્યા.

નમિરાજા અત્યારસુધી નમિરાજા હતા, છતાં શાસ્ત્રકારે તેમને નમિરાજર્ષિ કહ્યા છે. તે ભાવિ નૈગમનયની અપેક્ષાથી કહ્યું છે, તેમજ તે રાજ્ય ચલાવતા હતા અને રાજ્ય-સિંહાસન પર આરૂઢ હતા તે અવસ્થામાં પણ તે કામ ક્રોધાદિ કષાયોનો નિગ્રહ કરવામાં મોટા ભાગે તે ઋષિઓની જેમ જીવન જીવ્યા હતા, અને રાજ્યમાં રહેવા છતાં નિરાળા રહેતા

હતા, તેથી તેમને નમિરાજર્ષિ કહેવામાં આવ્યા છે. જે કામ, ક્રોધ, માન, લોભ, હર્ષ અને મદ આ બધા અંતરંગ શત્રુઓના સંઘર્ષનો જે ત્યાગ કરે છે તે હંમેશા સુખી રહે છે. નમિરાજર્ષિએ દીક્ષા લીધી ને પાછળ તેમના વિયોગથી ભારે કોલાહલ મચી ગયો. જાણે યુવાન દીકરાનું મૃત્યુ ન થયું હોય ! તેવું કરૂણ રૂદન મચી ગયું છે. તે સમયે શક્રેન્દ્રે અવધિજ્ઞાન દ્વારા ઉપયોગ મૂકીને જોયું તો ખબર પડી કે નમિરાજાએ દીક્ષા લીધી, તેથી ભારે કોલાહલ મચી ગયો છે. આથી પ્રજા તેમના વિયોગથી રડી રહી છે, ઝૂરી રહી છે. ખરેખર આશ્ચર્ય છે કે નમિરાજાએ મિથિલા અને સુદર્શન બંને વિશાળ રાજ્ય સમૃદ્ધિને છોડીને દીક્ષા લીધી છે.

શક્રેન્દ્રને નમિરાજર્ષિના વૈરાગ્યની પરીક્ષા કરવાનું મન થયું. દેવ તો મૃત્યુલોકમાં આવે નહિ. તેને મૃત્યુલોકમાં ૫૦૦ યોજન સુધી મનુષ્યોની દુર્ગંધ આવે છે, પણ નમિરાજાની પરીક્ષા કરવી છે, તેથી તેમને મૃત્યુલોકમાં આવવાનું મન થયું. હવે શક્રેન્દ્ર કયા રૂપે આવશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર:**–ધનદ શેઠે પોતાની દીકરી શુભમતિનું સગપણ કરવા પોતાના નોકર કુશલને લક્ષ્મીદત્ત શેઠને ત્યાં જવા માટે રથ તૈયાર કરાવી આપ્યો. શેઠે તેને રસ્તાની બધી સગવડ આપી. જતાં જતાં કહે કુશળ ! તું ખૂબ ધ્યાન રાખજે. મારી દીકરી ભર્યા-ભાણે ભૂખી આવે એવી રાંક જેવી છે, માટે તું બરાબર બધી તપાસ કરજે, ભૂલ નહિ કરતો. છોકરાને બરાબર જોઈને શુભમતિનું વાગ્દાન કરજે. કુશળ કહે શેઠ ! આપ ચિંતા ન કરો. આપ નિશ્ચિંત રહો. એમાં કોઈ ખામી આવવા નહી દઉં. કુશળ રથમાં બેસીને જવા રવાના થયો, પછી આનંદ શેઠ કહે મિત્ર ! હવે મને જવાની રજા આપો. ધનદ શેઠે કહ્યું–આપ શુભાના શુભ સમાચાર સાંભળીને પછી જજો. ઘણાં સમયે મળ્યા છો, માટે આપ થોડા દિન વધુ રોકાઈ જાવ. આજે તમારા કહેવાથી જાણે મારી અડધી ચિંતા ઓછી થઈ ગઈ છે.

આનંદ શેઠ કહે–ધનદ ! શુભા જેવી તારી દીકરી છે તેવી મેં મારી માની છે. આ ઘરનો ખ્યાલ હતો તેથી તમને વાત કરી. જમાઈ માટેની વાત કરીને મેં કાંઈ ઉપકાર કર્યો નથી. મારે જ અત્યારે ભીમપુર જવું જોઈએ, પણ હવે ઘડપણ રહ્યું તેથી નામરજીથી પરાધીનતા વેઠવી પડે છે. મને ઘેરથી નીકળ્યા ઘણા દિવસો થયા. હવે હું રોકાઈ શકું તેમ નથી. મને બહુ આગ્રહ કરશો નહિ. છેવટે આનંદ શેઠ ધનદની રજા લઈને પોતાના ઘર તરફ ગયા. ધનદ શેઠ અને શ્રીમતી શેઠાણી જાણે ચિંતાના ભારથી કંઈક હળવા બન્યા હોય તેમ લાગ્યું. રાત્રે ઉંઘ પણ આવી ગઈ. ચાર પાંચ દિવસ થયા છતાં હજુ કુશળ આવ્યો નહિ, તેથી શેઠ કહે શેઠાણી ! કુશળને આવતા ચાર દિવસ વધુ થાય તેની ચિંતા નથી પણ આનંદ શ્રેષ્ઠીના કહેવા પ્રમાણે જો વર અને ઘર સારા હશે તો શુભાનું જીવન સફળ બનશે. આપણી મહેનત સફળ થશે ને ચિંતાનો ભાર ઓછો થશે. બધા શુભમતિના સમાચાર લઈને જલ્દી આવે તેની ઉત્સુકતાથી રાહ જોતા હતા.

આ બાજુ કુશળ ભીમપુર પહોંચ્યો. ભીમપુર નગરનું બહારનું દૃશ્ય અદ્દભુત હતું. તે નગરના મહેલોની તેમજ દરવાજાની કોતરણી રમણીય હતી. એકને જુઓ ને બીજાને ભૂલો એવા સુંદર મહેલો હતા. એ નગરમાં બધી સાત માળની હવેલીઓ દેખાતી હતી. કુશળ લક્ષ્મીદત્ત શેઠ ક્યાં રહે છે, તેમનો મહેલ કયો તે બધી વાતથી અજાણ છે, તેથી રસ્તામાં જતા એક કામદાર પાસેથી થોડી માહિતી મેળવી લીધી. આ નગર ખૂબ સમૃદ્ધ છે અને પ્રજા પણ સમૃદ્ધ છે. બધાને પૂછે છે ભાઈ! લક્ષ્મીદત્ત શેઠનો બંગલો કયો? તો બધા કહે, આપ આગળ જાવ. તે તો અમારા નગરશેઠ છે, હવે કુશળ કેવી રીતે લક્ષ્મીદત્ત શેઠને ઘેર પહોંચશે તે વાત અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૭૫

**આસો સુદ ૮ સોમવાર** **તા. ૫-૧૦-૮૧**

જ્ઞાની ભગવંત ફરમાવે છે કે,

**इणमेव खणं वियाणिया, नो सुलभं बोहि च आहियं ।**
**एवं सहिएहि पासए, आह जिणो इणमेव सेसगा ॥** સૂય.અ. ૨ ઉ. ૩ ગાથા ૧૯

જ્ઞાનાદિથી સંપન્ન અથવા સ્વહિતચિંતક મુનિ આ પ્રમાણે વિચારે કે મોક્ષ સાધનાનો આ ઉત્તમ અવસર છે. સર્વજ્ઞોએ કહ્યું છે કે, બોધ પ્રાપ્ત કરવો સુલભ નથી. આ વાતને સાધક આત્મા વિશેષ રૂપથી સમજી લે. આદિ તીર્થંકર ઋષભદેવે તેમના પુત્રોને આ ઉપદેશ આપ્યો હતો, અને બાકીના ૨૩ તીર્થંકરોએ પણ આ પ્રમાણે કહ્યું છે.

અહીં ક્ષણ શબ્દનો અર્થ અવસર કર્યો છે. સાધક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી મોક્ષ સાધનાને યોગ્ય અવસર સમજે.

**દ્રવ્ય ક્ષણ એટલે શું?** :–અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં જીવને મહાન પુણ્યોદયે મનુષ્યભવ મળવો મુશ્કેલ છે તે મળી ગયો. મનુષ્યભવ મળી જાય તેમાં પણ પાંચે ઈન્દ્રિયોની પરિપૂર્ણતા મળે, એક ઈન્દ્રિયની પણ જો ખોટ હોય તો ધારેલું કાર્ય ન કરી શકાય. મનુષ્યભવ, પાંચ ઈન્દ્રિયોની પરિપૂર્ણતા, શ્રેષ્ઠ કુળ, રૂપ, સૌંદર્ય મળે, જૈન ધર્મ, વીતરાગનું અનુપમ વિરાટ શાસન, દીર્ઘાયુષ્ય, અને સુંદર આરોગ્ય વિગેરેની પ્રાપ્તિ થાય તેને દ્રવ્ય ક્ષણ કહેવામાં આવે છે. મનુષ્યભવ તો મળી જાય પણ ઉપરની બધી સામગ્રી સહિત મનુષ્યભવ મળવો અતિ દુર્લભ છે. જેમ રોટલી બનાવનાર બહેન ઘણી કુશળ હોય પણ તેને લોટ, પાણી, ઓરસીયો, વેલણ, અગ્નિ આદિ બધા સાધનોની જરૂર પડે છે. જો તે સાધનો ન હોય તો બહેન ગમે તેટલી હોંશિયાર હોય તો પણ રોટલી ન બનાવી શકે, તેમ તમને મનુષ્યભવ મળી ગયો. સાથે બધા સાધનોની અનુકૂળતા પણ મળી ગઈ. હવે જો જીવ ધારે તો પુરૂષાર્થના બળે સર્વવિરતી ચારિત્રની ભૂમિકા સુધી પહોંચી શકે. સર્વવિરતી પામવા માટે એક માનવ તેનો અધિકારી છે. **દેવ અને નારકી સમ્યક્ત્વ** પામી શકે. એથી આગળ વધીને તિર્યંચોમાંથી કોઇક

દેશવિરતીપણાને પામી શકે છે, પણ સર્વવિરતી ચારિત્ર તો મનુષ્યો જ અંગીકાર કરી શકે છે, તેથી જ મનુષ્યભવની આટલી દુર્લભતા કહી છે. જો માનવ સંસારના પૌદ્‌ગલિક સુખો પાછળ રાચેલો રહેશે તો આ મળેલી મોંઘેરી મહાકિંમતી દ્રવ્ય ક્ષણ નકામી જશે.

**બીજી ક્ષેત્ર ક્ષણ** :—જો ક્ષેત્ર ક્ષણ ન મળી હોત તો જીવન કયાંય વેડફાઈ જાત. જે ક્ષેત્રમાં ચારિત્ર ઉદયમાં આવે, સંયમ લઈ શકાય તેવા આર્યદેશમાં મનુષ્યભવની પ્રાપ્તિ થાય તેને ક્ષેત્ર ક્ષણ કહેવાય છે. ભગવાન ઉત્તરાધ્યયન સૂત્રના ૧૦મા અધ્યયનમાં બોલ્યા છે.

**लद्धूण वि माणुसत्तणं, आरिअत्तं पुणरवि दुल्लहं ।**
**बहवे दसुया मिलक्खुया, समयं गोयम मा पमायए ॥१६॥**

મનુષ્ય જન્મ મળ્યા પછી પણ આર્યદેશ મળવો એ ઘણું કઠિન છે, કારણ કે ઘણા ચોર અને મ્લેચ્છ જાતિના લોકો વસે છે, માટે હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ ન કર.

ભરતક્ષેત્રમાં ૩૨૦૦૦ દેશ કહેવાય છે. તેમાં આર્યદેશ ફક્ત સાડા પચ્ચીસ કહેવાય છે. તે સેતુબંધ રામેશ્વરથી લઇને વિંધ્યાચળ પર્વતની અંદરના દેશ આર્યદેશ કહેવાય છે. તેની બહારના દેશ અનાર્યદેશ કહેવાય છે. ૩૨૦૦૦ દેશોની અપેક્ષાએ સાડા પચ્ચીસ તો બિન્દુ જેટલા કહેવાય, તેવા આર્યદેશમાં મનુષ્યભવ મળવો અતિ દુર્લભ છે. આર્યદેશમાં જન્મેલા હોવા છતાં કંઇક માનવી અનાર્ય જેવા છે. જ્યાં જીવદયા, અહિંસાના સંસ્કાર ન હોય, ધર્મ શબ્દ પણ જ્યાં સાંભળવા ન મળતો હોય, જ્યાં ધર્મ, અધર્મનું, ભક્ષ્યાભક્ષ્યનું જ્ઞાન ન હોય, તે દેશને અનાર્યદેશ કહેવાય છે, અથવા તો જે દેશમાં જન્મેલા લોકો ધર્મ ભાવનાથી ઘણા દૂર હોય. ધર્મ કોને કહેવાય, ધર્મ શું ચીજ છે, તેની ખબર ન હોય તેને પણ અનાર્યદેશ કહેવાય. આજે તો આર્યદેશમાં જન્મ મળવા છતાં કેટલાય જીવોને ધર્મ ગમતો નથી અને ધર્મભાવનાથી દૂર થતા જાય છે. તો તે પણ આર્યદેશમાં જન્મેલા હોવા છતાં અનાર્ય જેવા છે.

આર્યદેશનો માનવી તો મહાન છે, પણ આર્યદેશ મહાન શા માટે? આર્યદેશ પવિત્ર આર્ય સંસ્કૃતિથી મ્હેંકતો છે. મહાન તીર્થંકરો, ચક્રવર્તીઓ, બળદેવો આદિ મહાપુરૂષો આર્યદેશમાં થયા છે. જ્યાં ભગવાન મહાવીર સ્વામી આદિ તીર્થંકર ભગવંતોની ચરણ રજ પડી હોય, જ્યાં યોજનગામી ભગવાનની વાણીની વર્ષા થઇ હોય તેવો આર્યદેશ મહાન હોય એમાં શી નવાઈ? આર્યદેશ અને અનાર્યદેશની પ્રજામાં કેટલો ફરક છે તે આપની સામે સરખામણી રૂપે સમજાવું. બ્રિટનમાં મેરેલીન એકટ્રેસ થઈ ગઈ. તેનું સૌંદર્ય અથાગ હતું. રૂપ પણ ખૂબ હતું. તેને તેના સૌંદર્યનું એટલું બધું અભિમાન હતું કે તે કહેતી હતી કે મારું સૌંદર્ય કોઇ દિવસ કરમાવાનું નથી. ગુલાબનું ફૂલ કરમાય નહિ, તેમ મારું સૌંદર્ય પણ કરમાશે નહિ. આ તેમનું ઘોર અજ્ઞાન હતું. અનાર્યદેશમાં જન્મેલા આ આત્માઓને ત્યાં કોઈ સત્ય સમજાવનાર નથી કે જે ગુલાબ ખીલે છે તે એક દિવસે કરમાય છે. આ સૌંદર્ય પણ એક દિવસે કરમાઈ જવાનું. મેરેલીનને આ

જ્ઞાન ન હતું. તેણે પોતાના શરીરની સુખાકારી માટે ને સૌંદર્ય જાળવવા માટે તેના જીવનમાં ૧ લાખ અને ૯૦ હજાર ડોલરનો ખર્ચો કર્યો. એક ડોલરના આપણા ૯ા રૂપિયા. ક્ષણિક સૌંદર્ય માટે કેટલા પૈસાનો ધૂમાડો કર્યો?

એક દિવસ આ મેરેલીન મેઈક અપ કરવા ગઈ. તેણે દર્પણ સામે દૃષ્ટિ કરી તો મુખ પર કરચલી પડેલી જોઈ. આ જોતાં તેનું મુખ નિસ્તેજ બની ગયું. તેના મનમાં થયું કે શું મારું સૌન્દર્ય હવે કરમાઈ જશે? તેનો તેને એવો આઘાત લાગ્યો કે તે આઘાતમાં રાત્રે પોતે આપઘાત કરીને મરી ગઈ. આર્યદેશનો માનવી સરળતાથી સમજી શકે છે કે ગુલાબ ખીલ્યું છે તે કરમાવાનું છે. ધન-દોલત, બંગલા બધું અહીં રહી જશે. જીવ એકલો જવાનો છે. તેની સાથે શુભાશુભ કર્મો સિવાય બીજું કાંઈ જવાનું નથી. તે અનાર્ય દેશની પ્રજા સમજી શકતી નથી તેથી મેરેલીન એકટ્રેસે સૌંદર્ય ખાતર આપઘાત કર્યો ને મરી ગઇ. હવે આર્યદેશની નારીની વાત તો તમે સાંભળી ગયા કે મયણરેહાએ પોતાના પતિનું જીવન સુધાર્યું અને પોતાનું જીવન પણ સુધાર્યું.

બીજી વાત કરું અનાર્ય દેશના માનવીની. શેક્સપિયર એક મોટો નાટ્યકાર થઇ ગયો, પણ તેને આર્યદેશ અને જિનશાસન નહોતું મળ્યું, તો તેની શી સ્થિતિ થઈ? જેને જિન-શાસન નથી મળ્યું તેને સુખ દુઃખમાં જીવન જીવવાની કળા આવડતી નથી. બાળક રોટલી પાણીમાં નાંખશે તો તરત માતા કહેશે કે રોટલી આમ ન ખવાય, રોટલી દાળમાં બોળીને ખવાય. આજે કેવા કપડાં કોની સાથે મેચીંગ થાય, ફર્નીચરમાં કયા પડદા મેચીંગ થાય તેના કલાસ ચાલે છે. આ બધી કળા શીખ્યા પણ તે બધી કળામાં સુખને પચાવવું અને દુઃખને જીરવવું તે કળા ખાસ શીખી લેવા જેવી છે. શેક્સપિયરની પત્ની એક વાર ઉંબરામાં બેઠી બેઠી દાણા વીણતી હતી. તેને જોતાં શેક્સપિયરના મુખમાંથી શબ્દો સરી પડયા, હે સ્ત્રી! તારા વડે મેં સંસારમાં સ્વર્ગ ઉભું કર્યું છે. તારા કારણે હું મહાસુખી છું. તું મરી જઈશ તો મારું શું? તારા વિના હું નહિ જીવી શકું. એ વિચાર આવતા તે ચિંતાથી ધ્રુજી રહ્યો છે. તેને એ ખબર નથી કે હું પહેલા જઈશ કે એ પહેલાં જશે? છતાં પત્ની પહેલી જશે એવી કલ્પના કરીને તેના માટે આંસુ સારી રહ્યો છે, ઝૂરી રહ્યો છે, આ છે અનાર્ય દેશનો માનવી.

હવે આર્ય દેશના માનવીની વાત કરું. નરસિંહ મહેતા જે જૈન ધર્મ પામેલા ન હતા તેમને જૈનશાસન મળ્યું ન હતું પણ માર્ગાનુસારીના ગુણ તેમના જીવનમાં હતા. જે આત્મા માર્ગાનુસારીના પગથીયે ચઢે છે તે દુઃખમાં દુઃખી થતો નથી. નરસિંહ મહેતા ચોરે બેસીને ભજન કરતા હતા. મંજીરા બજાવતા ને ભક્તિ કરતા. ત્યાં તેમને સમાચાર મળ્યા કે તેમના પત્ની સ્વર્ગવાસ થયા. આ સમાચાર સાંભળતા તે રડવા ન બેઠા પણ મંજીરા વગાડતા તે શું બોલ્યા? **"ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી ગોપાળ"** આ શબ્દો બોલ્યા, તેથી આપ એમ ન માનશો કે તેમની પત્ની તેમને ગમતી ન હતી કે તેમને તેના તરફથી શાંતિ ન હતી. તેમની પત્ની તો આજ્ઞાંકિત,

વિનયવિવેકી, તેમના સુખે સુખી અને તેમના દુઃખે દુઃખી હતી, છતાં નરસિંહ મહેતા શું બોલ્યા ? "ભલું થયું ભાંગી જંજાળ" જે માર્ગાનુસારીના ગુણોની સીડીએ ચઢયા છે તેવા આત્માઓ દુઃખમાં ગભરાતા નથી. તેમનામાં જીવન જીવવાની કળા હતી. પ્રભુભક્તિની મસ્તી અનોખી હતી, તેથી આ શબ્દો બોલ્યા. આ કળા અનાર્ય દેશમાં નથી પણ આર્ય દેશના માનવીમાં છે.

આપણે વાત એ ચાલતી હતી કે મનુષ્ય જન્મ મળ્યા પછી આર્યદેશ મળવો એ ઘણું કઠીન છે. કેટલાક અનાર્ય દેશમાં જન્મવા છતાં આર્યતા તરફ વળી રહ્યા છે. ધર્મ શું છે? ઈશ્વર શી વસ્તુ છે ? કર્મ શું છે? આવી તત્ત્વજ્ઞાનની કેટલીક ઊંડી વસ્તુઓ જાણવા માટે ઉત્કંઠા ધરાવે છે. અનાર્ય દેશમાં જન્મેલા કંઈક જીવો સત્સંગના પ્રભાવે અથવા પોતાના હળુકર્મીપણાના પ્રભાવે આર્ય બની શકે છે, ધર્મ પામી શકે છે. સિદ્ધાંતમાં આર્દ્રકુમારનું દૃષ્ટાંત મોજુદ છે. તેમનો જન્મ અનાર્ય દેશમાં થવા છતાં અભયકુમાર જેવા મિત્રના સત્સંગના પ્રભાવે આર્દ્રકુમાર આર્ય તો એવા બન્યા કે દીક્ષા લઈ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. તમે તો ભાગ્યશાળી છો કે તમને અવારનવાર સંતોનો સમાગમ મળતો રહે છે. એ છે આર્યભૂમિનો પ્રભાવ. આનું નામ ક્ષેત્ર ક્ષણ.

**ત્રીજી કાળ ક્ષણઃ**–ધર્મ કરવાનો સમય તે કાળ ક્ષણ. એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણી એ બે કાળ ભેગા મળીને એક કાળચક્ર થાય. દશ ક્રોડાક્રોડી સાગરોપમનો અવસર્પિણી કાળ અને દશ ક્રોડાક્રોડી સાગરોપમનો ઉત્સર્પિણી કાળ, બંને મળીને ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ થાય ત્યારે એક કાળચક્ર થાય. એક કાળચક્રમાં ધર્મ કરવાનો કાળ કેટલો ? અવસર્પિણી કાળમાં એક ક્રોડાક્રોડી સાગરોપમથી કંઈક અધિક કાળ ધર્મનો હોય છે. કયાં દશ ક્રોડાક્રોડી સાગરોપમ અને કયાં એક ક્રોડાક્રોડી ! અવસર્પિણી કાળમાં પહેલો બીજો આરો અને ત્રીજા આરાનો આગલો કાળ જુગલીયાનો છે. ત્રીજા આરાના છેલ્લા ભાગથી ધર્મ શાસનની શરૂઆત થાય છે. ચોથો આરો આખો તેમાં ધર્મશાસન જયવંતુ હોય છે, અને પાંચમા આરામાં પણ ધર્મશાસન હોય છે, તે રીતે ઉત્સર્પિણીકાળમાં પણ ત્રીજા ચોથા આરામાં ધર્મશાસન હોય છે. વીસ ક્રોડાક્રોડી સાગરોપમમાં માત્ર બે ક્રોડાક્રોડી સાગરોપમનો કાળ ધર્મ માટે કહેવાય. બાકીનો ઘણો ખરો કાળ યુગલિક કાળ હોય છે. અવસર્પિણી કાળની અપેક્ષાએ છઠ્ઠા આરાનો કાળ અને ઉત્સર્પિણી કાળની અપેક્ષાએ પહેલા બીજા આરાનો કાળ ધર્મ માટે હોતો નથી, માટે વીસ ક્રોડાક્રોડી સાગરોપમના કાળમાં બે ક્રોડાક્રોડી સાગરોપમનો કાળ ધર્મ માટે અનુકૂળ કહેવાય. તેને કાળક્ષણ કહી શકાય. મહાવિદેહ ક્ષેત્રમાં તો સદા ચોથા આરાનો કાળ છે એટલે ત્યાં તો ધર્મ માટે કાળ ક્ષણની ઘણી અનુકૂળતા સમજવી.

**(૪) ભાવક્ષણઃ**–જે કર્મોના ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય રૂપ હોય છે. જેમ જેમ કર્મોનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થાય છે તેમ તેમ આત્મિક ગુણો પ્રગટે છે. આયુષ્ય વર્જીને મોહનીયાદિ સાત કર્મોની સ્થિતિ જ્યારે ઘણીખરી એની મેળે જીવના તથા-

પ્રકારના પુરૂષાર્થ વિના પણ જ્યારે તૂટી જાય છે અને એક કોડાકોડી સાગરોપમ સ્થિતિમાંથી પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિ જ્યારે ન્યૂન થઈ ગઇ હોય ત્યારે જીવ ગ્રંથીદેશે આવે છે. ગ્રંથીદેશે આવેલા જીવોમાંથી પણ કોઈ જીવ અપૂર્વકરણના પરિણામથી રાગ-દ્વેષની નિબિડ ગાંઠને ભેદીને સમ્યકૃત્વના પરિણામને પ્રાપ્ત કરે છે. સમ્યકૃત્વ પામ્યા પછી જીવનો ખરેખરો વિકાસ ક્રમ શરૂ થાય છે, પછી જીવનો પુરૂષાર્થ વધતા કર્મોને ખપાવતો (૨) જીવ અંતે પોતાના ક્ષાયિકભાવ સુધી પહોંચી જાય છે. આ છે ભાવક્ષણ. જેણે ક્ષણને ઓળખી લીધી છે એવા નમિરાજ દીક્ષા લઇને ઘરની બહાર નીકળી ગયા. તેઓ ઘરની બહાર નીકળીને ઉદ્યાન તરફ જઈ રહ્યા છે. ત્યાં શું બન્યું ?

**अब्भुट्ठियं रायरिसिं, पव्वज्जाठाणमुत्तमं ।**
**सक्को माहण रूवेणं, इमं वयणं मब्बवी ॥ ६ ॥**

ઉત્તમ પ્રવ્રજ્યા, દીક્ષા સ્થાનને માટે ઉદ્યત થયેલા રાજર્ષિને ઈન્દ્રે બ્રાહ્મણના વેશમાં આવીને આ પ્રમાણે (આગળ ગાથામાં આવશે, તે) વચનો કહેવા લાગ્યા.

જ્યારે નમિરાજર્ષિ ઉત્તમ પ્રવજ્યા સ્થાન (એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ સ્થાન)ને માટે પ્રયત્નશીલ થયેલા અને દીક્ષા લઇને નીકળેલા ત્યારે પહેલા દેવલોકના સ્વામી ઈન્દ્ર બ્રાહ્મણનું રૂપ બનાવીને તેની પાસે આવ્યા અને આ પ્રમાણે વચન કહેવા લાગ્યા. ઈન્દ્રે નમિરાજર્ષિને જે કંઈ કહ્યું તેનું વર્ણન હવે આવશે. ઈન્દ્ર જેવા ઇન્દ્ર એક મનુષ્યનું (બ્રાહ્મણનું) રૂપ લઈ ને આવ્યા તેમાં એક મોટું વિલક્ષણ કારણ છે. ઇન્દ્ર નમિરાજની પરીક્ષા કરવા ઈચ્છે છે કે નમિરાજાને જે વૈરાગ્ય આવ્યો છે, જે કારણથી દીક્ષા ગ્રહણ કરી છે તે અંતરથી લીધી છે કે બાહ્ય દેખાવથી લીધી છે ? તેમનો વૈરાગ્ય અંતરનો છે. જો કે આ કામ તો તે બીજા કોઇ દેવ દ્વારા પણ કરાવી શકતા હતા, પણ સ્વયં પોતાને જે વાતનો અનુભવ થાય તેનું મહત્વ વધુ દેખાય છે. વસ્તુજ્ઞાનની જે સ્પષ્ટતા અનુભવથી થાય છે તે બીજા પાસેથી સાંભળવાથી થતી નથી. એટલા માટે કોઇ અનુચરને ન મોકલતા ખુદ ઇન્દ્ર દેવલોકથી નીચે મૃત્યુ લોકમાં આવ્યા. અહીં પ્રવજ્યા સ્થાનને ઉત્તમ બતાવ્યું છે. તે એટલા માટે કે વાસ્તવમાં ગુણોની ઉત્કૃષ્ટતા દીક્ષામાં રહેલી છે, માટે તેને ઉત્તમ સ્થાન કહ્યું છે.

નમિરાજર્ષિ નગરની બહાર જઈ રહ્યા છે, એ વખતે ઇન્દ્ર અવધિજ્ઞાનથી એમના આ અદ્દભૂત પરાક્રમને જોઇને હર્ષિત થાય છે. છ છ માસની દાહજ્વર જેવી બળતરા શાંત પડયા પછી હવે નિરાંતે આરામી ભોગવિલાસ કરવાના કે કઠોર કષ્ટમય ચારિત્ર લેવાનું ! તે પણ સુદર્શન અને મિથિલા બે મોટા રાજ્ય છોડીને ! તે પણ એકેક કંકણ કોની સાથે અથડાય ! માત્ર એટલા વચન પર ! ઇન્દ્ર નમિરાજના ત્યાગ પ્રત્યે આકર્ષાઈ જાય છે, છતાં જાણે સ્વયં એમના વધુ પરાક્રમ જોવા પરીક્ષા કરવા આવે છે. અહીં પરીક્ષા કોઈ ઉપદ્રવ આપવાની નથી, પણ મોહના પરિણામ જગાડે એવા એક પછી એક

અનુક્રમે મુદ્દા રજુ કરવાની છે. આ પ્રશ્નો એવા છે કે જે કાચાપોચાને લલચાવી સંયમથી પતિત કરી નાંખે, પણ અહીં તો નમિરાજર્ષિ એના મહાન યુક્તિ અને તત્ત્વથી છલકતા જવાબ આપે છે. ઇન્દ્ર અને નમિરાજર્ષિ બંનેનો સંવાદ સાંભળવા જેવો છે, અને વારંવાર મંથન કરવા જેવો છે. ઇન્દ્રે નમિરાજર્ષિને પહેલો પ્રશ્ન શું પૂછચો તે હવે બતાવે છે.

**किण्णु भो अज्ज मिहिलाए, कोलाहलगसंकुला ।**
**सुव्वन्ति दारुणा सद्दा, पासाएसु गिहेसु य ।।७।।**

હે નમિરાજર્ષિ ! આજે મિથિલામાં આટલો બધો કોલાહલ કેમ મચી ગયો છે ! રાજમહેલો તથા સામાન્ય ઘરોમાં આટલા દારૂણ (કરૂણ) શબ્દો કેમ સંભળાય છે ?

ઇન્દ્ર પૂછે છે હે નમિરાજર્ષિ ! આજે મિથિલામાં શું છે ? આટલી બધી ધમાલ શાની છે ? આખી મિથિલામાં રોકકળ કેમ મચી રહી છે ? નમિરાજર્ષિએ દીક્ષા લીધી ત્યારે માત્ર રાણીઓ જ નથી રડતી, પણ પરિવાર રડે છે, સૈન્ય રડે છે, પુત્રો રડે છે અને પ્રજા રડે છે. જાણે પોતાના ઘરના દીકરાએ દીક્ષા લીધી ન હોય તેમ નગરમાં રોકકળ મચી રહી છે. બધા રડે કયારે ? જેમણે આખી પ્રજાના દિલ જીતી લીધા હોય ત્યારે ને ? પ્રજાને પુત્રની માફક પાળી હોય અને પ્રજાના હૃદય સિંહાસને સ્થાન જમાવ્યું હોય ત્યારે સૌ એવા રાજાના વિયોગથી રડે. આજે જગત યાદ કોને કરે ? પોતાના બલિદાને પણ જેણે બીજાનું ભલું કર્યું હોય તેને યાદ કરે પણ જેણે સ્વાર્થના કુંડાળામાં રહીને કોઈ દિવસ પરમાર્થ કર્યો નથી તેને યાદ કોણ કરે ? અળસીયું માટીમાં જન્મે, માટી ખાય ને માટીમાં મરે તેની કંઈ કિંમત ખરી ? તેમ માનવ જન્મે છે, ખાય છે ને આયુષ્ય પૂરું થતાં મરે છે તેવા માનવની કોઈ કિંમત નથી, તેને કોઈ યાદ કરતું નથી.

નમિરાજાએ ન્યાય, નીતિ, પ્રમાણિકતા આદિ ગુણોથી પ્રજાના હૃદયમાં સ્થાન મેળવ્યું હતું, તેથી બાળકો, વડીલો, રાણીઓ બધા રડી રહ્યા છે. તેમનો એક જ પોકાર છે. તમે ન જાશો...ન જાશો. ઇન્દ્ર પૂછે છે હે નમિરાજર્ષિ ! આજે રાજમહેલમાં, બંગલામાં, મહેલમાં તથા સામાન્ય ઘરોમાં આટલી બધી રોકકળ કેમ મચી રહી છે ? શું છે મિથિલામાં ? ઇન્દ્ર તો જાણે છે કે શા માટે મિથિલામાં આક્રંદ, કરૂણ વિલાપ થઈ રહ્યો છે, પણ એ તો સાવ અજાણ્યા થઇને પૂછે છે કે આજે મિથિલામાં શું છે ? એ તો પરીક્ષા કરવા આવ્યા છે, પણ નમિરાજાનો વૈરાગ્ય સો ટચના સોના જેવો છે. સો ટચના સોનાને ગમે ત્યાં લઈ જાવ તો પણ તેના મૂલ્ય થવાના, તેમ નમિરાજ પણ દઢ વૈરાગી છે. કસોટી સોનાની થાય છે, પિત્તળની નહિ. નમિરાજાની પરીક્ષા કરવા ઇન્દ્ર કેવા કેવા પ્રશ્નો કરશે ને નમિરાજા તેના કેવા જવાબો આપશે તે ભાવ અવસરે.

**ચરિત્ર** :–ધનદ શેઠે મોકલેલો કુશળ નોકર ચાલતા ચાલતા લક્ષ્મીદત્ત શેઠના મહેલ આગળ આવી પહોંચ્યો. આ શેઠનું ગગનચુંબી ભવન બધા ભવનોથી જુદું તરી આવતું હતું. શેઠના મહેલને જોતાં ઘડીભર તો કુશળ આભો બની ગયો. શું આ શેઠનો મહેલ છે ! જાણે સ્વર્ગના ભુવન ! અમારા શેઠની એકની એક દીકરી જો આ શેઠના ઘરે આવે

તો એના ભાગ્ય ઉઘડી જાય. તો તો એ સોનાની ટેકરીએ બેઠી છે. કુશળે લક્ષ્મીદત્તના ચૌટામાં રથ ઉભો રાખ્યો. ત્યાં શેઠ બહાર આવ્યા. કુશળે શેઠને પૂછ્યું-આ ભવન લક્ષ્મીદત્ત શેઠનું છે? કુશળનું વર્તન અને બોલવાની છટા જોઇને શ્રેષ્ઠીને લાગ્યું કે આ માણુસ કોઈ ને કોઈ હેતુથી મારું ઘર પૂછતો આવ્યો લાગે છે. તે કોઈ અગત્યના કારણે આવ્યો હશે. પોતાના આંગણે આવેલાનો આદર સત્કાર કરવો એ તો સજ્જન માણુસનું કર્તવ્ય છે. લક્ષ્મીદત્ત શેઠ નીચે ઉતર્યા અને મહેમાનને કહ્યું-પધારો...પધારો.

લક્ષ્મીદત્ત શેઠ કુશળનો ખૂબ આદર સત્કાર કરી પોતાના મહેલમાં લઈ ગયા. આ શેઠ કેવા છે એ આપ જાણો છો ને? મહાલોભી, કપટી અને માયાવી છે. હાથીના દાંત બતાવવાના જુદા અને ચાવવાના જુદા. કુશળે લક્ષ્મીદત્ત શેઠના મહેલમાં પગ મૂકચો, ત્યાં તો તે આભો બની ગયો. અહાહા...આ શું સ્વપ્ન છે કે સત્ય? શ્રેણિક રાજા શાલીભદ્રના મહેલે ગયા. ત્યાં પહેલે માળે પગ મૂકતાં તે સ્થંભી ગયા. પૂછતાં ખબર પડી કે આ તો નોકરચાકરના બંગલા છે. અહો! આવા નોકરચાકરના બંગલા! બીજે માળે દાસદાસીના બંગલા જોયા. એમ કરતાં છઠ્ઠા માળે ભદ્રામાતા અને સાતમે માળે શાલીભદ્રના બંગલા હતા. આ મહેલના બધા રૂમોની આકર્ષણતા, મનોરમ્યતા, સુંદર સજાવટ આ બધું જોઇને શ્રેણિક રાજા સ્થંભી ગયા, તેમ આ કુશળ પણ લક્ષ્મીદત્તનું ભવન જોતાં સ્થંભી ગયો. આ શેઠને ત્યાં અઢળક લક્ષ્મી હતી. ૯૯ ક્રોડની મૂડી હતી, છતાં લોભ ઘણો હતો. લોભના કારણે ગુણચંદ્રને ભોંયરામાં પૂરીને માર મારે ને ગુણચંદ્રની આંખમાંથી આંસુ પડે તેમાંથી મોતી મેળવે. મોતી મેળવવાની લાલચે શેઠ ત્રણ-ચાર દિવસે માર મારતા. હવે તો રડી રડીને ગુણચંદ્રના આંસુ સૂકાઈ ગયા છે. લક્ષ્મીદત્ત શેઠ કુશળનું ખૂબ સત્કાર સન્માન કરી પોતાના મહેલમાં લાવ્યા. તેમને સ્નાન કરવા ગરમ પાણી આપ્યું, પછી નાસ્તા-પાણી કરાવ્યા અને પૂછ્યું-આપ કયાંથી આવો છો? આપનું નામ શું છે? આપને શા કારણે અહીં આવવાનું બન્યું છે?

**ધનપુર નગરમેં અગ્રગણ્ય, ધનદ શ્રેષ્ઠી ધર્માનુરાગી;**
**વિપુલ સંપત્તિ હોને પર ભી, રહતે ધર્મમેં સદા મગ્ન.**

શેઠ! હું ધનપુર નગરથી આવું છું, મારું નામ કુશળદત્ત છે. ધનપુર નગરમાં અગ્રગણ્ય ધનદ નામના શ્રેષ્ઠી છે. તેમને ત્યાં અઢળક સંપત્તિ છે. અબજોપતિ કહીએ તો ચાલે, એવા શ્રીમંત છે. આટલી બધી સંપત્તિના માલિક હોવા છતાં તેમને મન ધર્મ એ જ સાચી સંપત્તિ છે. તેમને ધર્મ પ્રત્યે ખૂબ પ્રેમ છે. ધનની સાથે ધર્મ પણ તેમના જીવનમાં વસેલો છે. જેને ત્યાં પુણ્યાનુબંધી પુણ્યની લક્ષ્મી આવી હોય ત્યાં જેમ જેમ ધન વધતું જાય તેમ તેમ ધર્મ પણ વધતો જાય છે. કંઈક ઠેકાણે તો જોવા મળે છે કે જેમ ધન વધે તેમ ધર્મ ઘટે, પણ આ શેઠ તો ધનથી અને ધર્મથી બંનેથી સંપત્તિવાન છે. તે શેઠને ધર્મશીલ, સદ્ગુણી શ્રીમતી નામના શેઠાણી છે. તેમને એક શુભમતિ નામે દીકરી છે. શેઠ! તમને શી વાત કરું! તમે દુનિયામાં ફરો પણ અમારા શેઠ જેવા

સંપત્તિશાળી, ધર્મિષ્ઠ, ખાનદાન શેઠ શેઠાણી જેવા નહિ મળે. શેઠ શેઠાણી અમારા નગરની શોભા છે અને તેમની દીકરી શુભમતિ એ શોભાના કળશ સમાન છે. તે એટલી ગુણીયલ અને ડાહી છે કે તેના ગુણના કેટલા વખાણ કરું ! રૂપમાં તો જાણે સ્વર્ગની અપ્સરા જોઈ લો. વિનય-વિવેકાદિ ગુણોની પમરાટભરી બીજી કુસુમલત્તા જોઇ લો ! વિદ્યાનું લાલિત્યપણું પણ એવું છે. માતા પિતાના અરમાનની એ નિર્મળ પ્રતિભા છે, એવી શુભમતિનું તમારા દીકરા સાથે વાગ્દાન કરવા માટે મને અહીં મોકલ્યો છે. હું તેમનો માનનીય કુશળદત્ત નામનો સેવક છું.

લક્ષ્મીદત્ત શેઠની મીઠી મીઠી વાતોથી કુશળદત્ત અંજાઇ ગયો, તેથી તેણે સીધી આવી વાત કરી, નહિ તો પહેલા સીધી આવી વાત ન કરે. પહેલા છોકરાને જુએ. દીકરો ગમે તો પછી વાત કરે પણ આ તો શેઠની મીઠી વાતોમાં અંજાઈ ગયો ને વાત કરી દીધી. શેઠ તો આ વાત સાંભળતા રાજી રાજી થઈ ગયા. તેમની આંખો હર્ષાશ્રુથી છલકાઇ ગઈ, પણ કહે છે કે કયાં તારા શેઠ અને કયાં હું ! કયાં રાજા ભોજ અને કયાં ગાંગો તેલી ! તારા શેઠની સંપત્તિ આગળ તો હું સાવ રંક જેવો છું. શેઠના મનમાં તો આનંદ છે, પણ સાથે અનેક વિચારોની હારમાળા ગૂંથાવા લાગી. સંસારની શોભા કયારે ? સંપત્તિ, સંતાન, સત્તા, કીર્તિ, શરીરની સ્વસ્થતા અને ગુણીયલ પત્ની હોય ત્યારે શોભે છે, પણ એમાં જો કમીના હોય તો એ રંગ કાચા રંગની જેમ ઉડી જાય છે. રંગના સ્થાને સંસારમાં દુઃખની આગ જલે છે. એ જવાળા જીવનને શોષી નાંખે છે. શેઠના મનમાં આવા વિચારો કેમ આવ્યા ? તેમને શું દુઃખ છે ?

પુષ્પદંત એક લડકા જિસકે જન્મત કોઢી જાયા ।
નનિહાલમેં રકખા શુરુ સે, ભેદ ન કોઈ પાયા ॥

શેઠને ત્યાં બધું સુખ છે. સંસારમાં આનંદ આપનાર એક સંતાન છે, પણ તે પુત્ર, જન્મથી રક્તકોઢીયો છે. જેના શરીરમાંથી લોહી પરૂના ઢગલા થાય છે, જેને જોવા માત્રથી દુગંછા થાય છે. જેના શરીરમાંથી દુર્ગંધ નીકળે છે. આ છોકરાને જન્મ થતાં જ ભોંયરામાં ગુપ્ત રાખ્યો છે. કોઇને તેની જાણ થવા દીધી નથી, તેથી કોઇને ખબર નથી કે શેઠને આવો પુત્ર છે. તેની ઉંમર ૨૦ વર્ષની થઈ છે પણ આવા છોકરાને કોણ પુત્રી આપે ? આ કારણથી શેઠ વિચારમાં પડી ગયા. તેમના મનમાં થયું કે આ બિચારો અજાણે ભીંત ભૂલ્યો લાગે છે. હવે મારે શું કરવું ? આવા છોકરા સાથે દીકરી કેમ પરણાવાય ? એક વિચાર એ થાય છે કે આ સેવક બિચારો દૂર દૂરથી મારું નામ પૂછતો આવ્યો છે તો તેને ના કેવી રીતે પડાય ? ( ના ન પડાય તો સામાની દીકરીનો ભવ બળાય ? ) ( હસાહસ ). જો ના પાડું તો હાથમાં આવેલું આવું કન્યારત્ન મને ફરીને કયાં મળશે ? જો હા પાડું તો બિચારી આવનારી છોકરીની જિંદગીનું શું ? એક બાજુ ભાવિ વિચારણાથી સુખની છાલકો છલકાતી તો બીજી બાજુ એ જ છાલકો દુઃખની નિર્માતા બની જતી. શેઠ મૂંઝવણમાં પડયા. હાલીચાલીને સામેથી કન્યા દેવા

આવ્યા છે તો જવા દેવી નથી. વળી એ વિચાર આવે છે કે સગાઇ તો કરી દઉં પણ છોકરાને પરણવા લઇ જવો કેવી રીતે? એ છોકરો તો ભોંયરામાં રોગથી રીબાય છે. નોકર એને ખાવા પીવાનું આપવા જાય છે. અમે પણ એનું મુખ જોવા જતા નથી. આ રીતે શેઠ મૂંઝવણમાં પડચા છે કે દીકરાની સગાઈ કરવી કે ન કરવી. આ દંભી શેઠ હવે કેવી માયા રચશે ને તેનું પરિણામ શું આવશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૭૬

**આસો સુદ ૯ ને મંગળવાર તા. ૬-૧૦-૮૧**

**બા. બ્ર. પૂ. ચંદનબાઈ મહાસતીજીના ૩૦ ઉપવાસના પારણાનો મંગલ પ્રસંગ**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! મહાન પુણ્યોદયે આપણને જૈનશાસનની શીતળ છાયા મળી છે. જૈનશાસનને પામ્યાનું ગૌરવ જેના હૈયામાં હોય તે સંસારથી અલિપ્ત રહે. તેને પાપનો ભય હોય. પરભવને સુધારવાની ભાવના એના ચિત્તમાં ક્ષણે ક્ષણે રમતી હોય. એ આત્મા જે કાંઈ પ્રવૃત્તિ કરે તેમાં મારો આત્મા શું પામ્યો? કેટલી કમાણી થઈ? એવી વિચારધારા તેની સતત ચાલુ રહે. એવા આત્માઓના કર્મના બંધન શિથિલ થયા વિના ન રહે. તેને નવા કર્મ બંધાય તો પ્રાયઃ શુભ બંધાય, અશુભ તો ક્યારેક બંધાય અને તે પણ અલ્પ પ્રમાણમાં બંધાય અને પૂર્વે બાંધેલા કર્મો વેરવિખેર થઈ જતાં વાર ન લાગે.

જૈનશાસન જગતમાં અજોડ છે. તેની દૃષ્ટિ અત્યંત વિશાળ છે. તેમાં જીવોનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે, કારણ કે એ શાસનના પ્રરૂપકો શ્રી સર્વજ્ઞ ભગવંતો હતા, તેથી તેઓએ ચરાચર વિશ્વનું, પળે પળે પલટાતી દુનિયાનું તેમજ ભૂત-ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણે કાળનું યથાર્થ સ્વરૂપ બતાવી જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે. જો આ શાસન આપણને મળ્યું ન હોત તો આપણે અનાથ બનીને વિષય કષાયના અંધકારમાં જ્યાં ત્યાં અથડાતા હોત ને દુર્ગતિઓના આંટા મારતા હોત. કલ્યાણકારી, મંગલકારી, જિનશાસનનો ઉપકાર કયાં કયાં નથી પહોંચ્યો! હરિબળ જેવા માછીમારને ય પહેલી પકડાયેલી માછલી છોડી મૂકવાની પ્રતિજ્ઞા અપાવીને એનું કલ્યાણ કરાવ્યું. રોહણીયા ચોરને એણે બચાવ્યો. ડાકુ દૃઢપ્રહારીને એ ભવે એણે મોક્ષ અપાવ્યો. નર્તકીના મોહપાશમાં ફસાયેલા શ્રેષ્ઠિપુત્ર ઈલાચીકુમારને બચાવી લઇને વાંસ ઉપર કેવળજ્ઞાનની ભેટ આપી. સુષમાના ખૂની ચિલાતી પુત્રને ઘોર પશ્ચાતાપ કરાવીને મુક્તિનો પંથ બતાવ્યો. ગર્વથી ધમધમી ઉઠેલા બાહુબલીની મુઠ્ઠી ભરત ઉપરથી ફેરવાવી લઈ પોતાના માથે મૂકાવનાર એ જ શાસન હતું. સમરાંગણને સમતાંગણ બનાવનાર અને આગારમાંથી અણગાર બનાવી દેનાર પણ એ જ શાસન.

પુણ્યપનોતા શાસનબળે મહાઘાતકી અને અતિ ક્રૂર પરિણામવાળા દૃઢ પ્રહારી, અર્જુનમાળી, શૂલપાણી જેવા આત્માઓ પણ મહાત્મા બની પોતાના જીવનને ધન્ય બનાવી

ગયા. વર્તમાનમાં ક્રૂર એવા માણસો મહાપુરૂષોનો સત્સંગ થતાં અનેક ભયંકર પાપોથી નિવૃત્ત બનીને પોતાના જીવનને કૃતાર્થ બનાવે છે. ભવિષ્યમાં પણ આ શાસનના બળે તથા સત્સંગના બળથી શાશ્વત સુખના ભાગી બનશે. ભૂતકાળમાં અનેક જીવો શાશ્વત સુખના ભાગી બન્યા છે. કદાચ સીધા મોક્ષે ન ગયા તો પણ મોક્ષમાં જવાનું તો નક્કી કરી આપ્યું છે. ગોશાલક જેવા મહાપાપીને પણ મુક્તિની મંગળમાળા નક્કી કરી આપનાર એ ધર્મશાસન છે. મયણાસુંદરીને એના પિતાએ કોઢીયા પતિ સાથે પરણાવી તો ય હસતા મુખે એનો હાથ પકડી લેવા સજ્જ બની ગયેલી મયણાની ખુમારી આ જ શાસનની ભેટ છે. કામાંધ જેઠ દ્વારા તલવારના ઘાથી મરણતોલ રીતે ઘાયલ થયેલા પતિ પાસે રડવાને બદલે કઠણ હૈયું કરીને અંતિમ સમયે ધર્મ પમાડી દુર્ગતિમાં જતા અટકાવી સદ્દગતિમાં મોકલતી મહાસતી મયણરેહા આ જિનશાસનની સંતાન હતી. ઇન્દ્રભૂતિના અરમાનને ઉતારી ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય બનાવનાર આ જૈનશાસન સિવાય બીજું કોણ? રામચંદ્રજીએ ગર્ભવતી સીતાજીને એકલી વનમાં મોકલી છતાં ધર્મનું શરણું સ્વીકારીને માત્ર પોતાના દુષ્કર્મોને દોષ દેવાની અનોખી, અદ્દભૂત કળા આ શાસને શીખવાડી હતી. પવનજીએ અંજનાને ૧૨-૧૨ વર્ષો સુધી તજી દીધી છતાં એ સ્થિતિમાં અંજનાને આર્તધ્યાનની ભયંકર આંધીમાંથી ઉગારી લઇને કલ્યાણપંથે ચઢાવનાર આ જ શાસન છે. અબળાને સબળા બનાવી એ તો ઠીક પણ પશુઓને પણ આ શાસને કલ્યાણ-કેડીનો માર્ગ બતાવ્યો. ચંડકૌશિક નાગને તિર્યંચમાંથી દેવ બનાવનાર અને શ્રેણિકના પગ નીચે કચરાઈ જતાં દેડકાને દેવલોક અપાવનાર આ જ જિનશાસન છે.

એવા અનુપમ વીતરાગ દેવના શાસનની છાયાની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. તેના જેટલા ગુણ ગાઇએ તેટલા ઓછા છે, માટે જૈનશાસન પ્રત્યે અંતરમાં પ્રેમ વધારીએ તો આત્માને નુકશાન કરનાર જે અંતરંગ શત્રુઓ છે તેનો નાશ કરી આપણે નિરાવરણ બની શુદ્ધ દશાને પામી શકીએ. તીર્થંકર દેવોનું અદ્દભૂત જૈન શાસન સૌથી જુદું અને સાવ અનોખું છે. આ જૈનશાસન માત્ર માનવ માનવને ચાહનારી સ્વાર્થભરી વાતો ન કરે પણ એ તો જીવ માત્રના હિતની વાતો કરે. ભોગપંથે કદમ ભરતી કેટલીય યુવતીઓને સંસારનો ભોગરસ ઓકાવી દઇને વિરતિ ધર્મની યોગિની બનાવી દીધી. જૈનશાસને ગરીબોને અને અમીરોને તાર્યા, કામીઓને અને ક્રોધીઓને તાર્યા રાજા અને રંકને તાર્યા. અરે, પાપીઓને ને ઘાતકીઓને પણ તાર્યા.

જૈન દર્શન એ કોઇ સંપ્રદાય કે વાડાનું દર્શન નથી પણ વિશ્વદર્શન છે. જૈન (જિન) એટલે રાગ-દ્વેષને જીતે તે જૈન, એટલે વીતરાગ દશાને પામેલા મહાન આત્માથી સર્વજ્ઞોએ પ્રરૂપેલા સિદ્ધાંતો તે જૈનદર્શન, જૈનદર્શનમાં કોઇ વ્યક્તિ પૂજાને સ્થાન નથી પણ ગુણની પૂજા છે. જૈનદર્શનનો સ્યાદ્વાદ અગર તો અનેકાંતવાદ એ એક એવો વૈજ્ઞાનિકવાદ છે કે તે કોઈ પણ મતનું એકાંત ખંડન નથી કરતો પણ જે સ્થિતિ હોય તેનો એક અપેક્ષાએ સ્વીકાર કરી તેના ઉત્થાન તરફ નિર્દેશ કરે છે. એક જ વસ્તુનું જુદા જુદા દષ્ટિકોણથી

દરેક પાસાઓનું સંપૂર્ણ ચિત્ર મેળવવાની કળા ફક્ત સ્યાદ્‌વાદના સિદ્ધાંતોથી થઈ શકે છે. જૈનદર્શનમાં પાપી, દુર્ભાગી, ચોર, ડાકુ કે કોઇ પણ અધમ માનવી ઉપર તિરસ્કારને સ્થાન નથી પણ તેની અજ્ઞાનતા પ્રત્યે અનુકંપા લાવી તેનું ઉત્થાન કરવાની પ્રેરણા છે. રોહણીયો ચોર, પરદેશી રાજા, કોશા વેશ્યા, અર્જુનમાળી વિગેરે દષ્ટાંતો તે માટે મોજૂદ છે.

જૈનદર્શનમાં જીવન જીવવાની કળા તો અજોડ બતાવી છે, પણ તેની સાથે મરણની ક્રિયા પણ અજોડ બતાવી છે. સાધક આત્મા આત્મસાધના કરતા કરતા જ્યારે તેમનું શરીર જીર્ણ અને ક્ષીણ થઈ જાય છે, ત્યારે કાયાનો મોહ છોડી સંથારો કરી મૃત્યુનો મહોત્સવ ઉજવે છે. જે આત્માએ મૃત્યુને મહોત્સવ બનાવ્યું છે તેવો આત્મા કાં તો સર્વ બંધનથી મુક્ત બની સિદ્ધ દશાને પામે છે અને કર્મો બાકી રહ્યા હોય તો ફરીને મનુષ્ય દેહ પામી પોતાની અધૂરી રહેલી સાધનાને પૂરી કરી સર્વ કર્મોને ખપાવી મુક્ત દશાને પામે છે. આ રીતે જૈનદર્શન સાધકને નીડરપણે જીવતાં પણ શીખવે છે અને નીડરપણે મરતા પણ શીખવે છે. જૈનદર્શનની અહિંસા એ કાયર કે નિર્બળની અહિંસા નથી પણ ધીર, વીર અને શૂરવીરની અહિંસા છે. જરૂર વખતે અહિંસા ખાતર પોતાના પ્રાણની આહુતિ આપતા અચકાવું નહિ. જેમકે મેઘરથ રાજા, જૈનદર્શનમાં સાધુ કેવા હોય, શ્રાવક કેવા હોય, સમાજ કેવો હોય, ધર્મ કેવો હોય, જીવન કેવી રીતે જીવવું, વિગેરે વર્ણન અને સચોટ માર્ગદર્શન આપ્યું છે. જૈનદર્શને જગતને ફક્ત આધ્યાત્મિક ક્ષેત્રે સચોટ માર્ગદર્શન આપ્યું છે, એટલું જ નહિ પણ સામાજિક અને બીજા ક્ષેત્રે પણ અનુપમ સમજણ આપી છે. વનસ્પતિમાં, પ્રાણીમાં જીવ છે તે વૈજ્ઞાનિક રીતે અત્યારે સિદ્ધ થયું છે, પણ સેંકડો વર્ષો અગાઉ જૈનદર્શન પોકારી પોકારીને કહેતું આવે છે કે વનસ્પતિમાં, પાણીમાં તો ઠીક પણ પૃથ્વી, અગ્નિ અને વાઉ એ બધામાં જીવ છે. જૈનશાસન ભગવાન મહાવીરની જગતને આપેલ અણમોલ ભેટ છે. હિંસા અને અહિંસાનું સંપૂર્ણ સ્વરૂપ જૈનશાસનમાં જેવું મળી આવશે તેવું દુનિયામાં બીજે કયાંય નહિ મળે.

આ તો સર્વજ્ઞ પરમાત્માનું શાસન છે. તેની વિશાળતા એટલી બધી છે કે કોઈ આત્મા આપણું ભૂરું કરે, આપણને સતાવે તો પણ તેનું રક્ષણ કરો, પછી ચાહે તો મનુષ્ય હોય કે પશુ હોય. જે શાસનમાં આટલી બધી ઉચ્ચતા અને આવી લોકકલ્યાણની ભાવના, સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રાણીની પણ રક્ષાનો ઉપદેશ અપાયો છે, ખરાબ કરનારની અને ખરાબ ચિંતવનારની પણ રક્ષા કરવી, તેનું ભલું થાઓ એ જ એક ઉચ્ચ ભાવના સમાયેલી છે એવા જૈનશાસનને અજોડ અને અદ્વિતીય કહેવામાં શી નવાઈ છે! આવું અનુપમ જૈનશાસન આજે આપણા મહાન પુણ્યોદયે મળ્યું છે. તેની શીતળ છાયામાં બેસવાથી આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપ શમી જાય છે. જૈનશાસનના શરણે જનાર આત્મા શીવલક્ષ્મી પદને મેળવે છે. શીવલક્ષ્મી પદને મેળવવા માટે જૈનશાસનમાં ચાર માર્ગો બતાવ્યા છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને દાન, શીયળ, તપ, ભાવ. ભગવાન ઉત્તરાધ્યયન સૂત્રમાં બોલ્યા છે કે,

नाणेण जाणइ भावे, दंसणे णय सद्दहे ।
चरित्तेण निगिण्हाइ, तवेण परिसुज्झइ ॥ ઉ. સૂત્ર અ. ૨૮. ગા. ૩૫

જ્ઞાનથી ભાવોને જાણે છે, દર્શનથી શ્રદ્ધા કરે છે, ચારિત્રથી આવતા કર્મોને રોકે છે અને તપથી પુરાણા કર્મોનો ક્ષય થાય છે, માટે તપની પણ વધુ આવશ્યકતા છે. જ્ઞાન, દર્શન, ચારિત્રની સાથે તપની પણ જરૂર છે. તપના તેજથી તો જૈનશાસનની તવારીખો તેજસ્વી છે! દાન, શીલ, તપ અને ભાવના ભેદથી ભવ્ય જણાતો શ્રી જિનશાસનનો ધર્મ તપથી તો ધન્યાતિધન્ય જણાય છે. જગતના સર્વોત્કૃષ્ટ ગણાતા નવપદમાં પણ તપનું એક વિશિષ્ઠ સ્થાન છે. તપે પોતાના પ્રભાવથી કેટલાય વિક્રમ સર્જક કાર્યો કર્યા છે. ખૂની તરીકે ખત્તા ખાતા દૃઢપ્રહારીને મુનિ તરીકેના માન-સન્માન અપાવનારો આ તપ હતો. હિંસાના પ્રખર હિમાયતી અકબર બાદશાહને અહિંસાના આરાધક બનાવનાર ચંપાશ્રાવિકાનો તપ હતો. સોળ સોળ મહારોગથી ઘેરાઈ ગયેલી કાયાને કંચનવર્ણી બનાવી શકાય એવી શક્તિ મહામુનિ સનતકુમારની થૂંક જેવી તુચ્છ ચીજમાં આવી હોય તો તે પ્રભાવ તપનો છે. દ્વિપાયનઋષિના કોપથી દ્વારકા નગરીની જનતાનો બાર બાર વર્ષ સુધી એક વાળ પણ વાંકો ન થયો, એવું રક્ષણ કરનારો તપ જ હતો ને!

તપના તાપ વિના આત્માની તેજસ્વીતા પ્રાપ્ત થવી અશક્ય છે. સોનું અગ્નિનો તાપ સહે છે ત્યારે વધુ તેજસ્વી બને છે. મેલા કપડા ગરમ ગરમ પાણીમાં બોળાય છે ત્યારે શુદ્ધ બને છે. માટીના કાચા ઘડા નીભાડાની અગ્નિ-પરીક્ષામાં પાસ થાય છે અને પાકા બનીને અંતે પનિહારીના માથે શોભે છે. અરે, માનવ જેવો માનવ પણ જ્યારે દુઃખના તાપ વેઠે છે, ત્યારે તે ખડતલ બને છે. સૂર્ય પણ જો તપતો ન હોત તો શી પરિસ્થિતિ સર્જાત એની કલ્પના કરવી મુશ્કેલ છે. આ બધી વાત તો થઈ બાહ્ય સૃષ્ટિની, પણ આંતર સૃષ્ટિમાં તપનું મહત્વ જરાય ઓછું નથી. ખાણમાંથી નીકળેલું સોનું મેલ-મિશ્રિત હોય છે. કેટલાય વર્ષોથી એ સુવર્ણ સાથે એકમેક થઈ ગયેલા મેલને ભેદવાની તાકાત એક માત્ર અગ્નિમાં છે, તેમ આપણો આત્મા પણ અનંત અનંત કાળથી કર્મના કચરાથી મેલો બની ગયેલો છે. આ મેલને દૂર કરવાની તાકાત તપમાં છે. તપની ધૂણી ધખાવીએ એટલે ધીમે ધીમે આત્મા નિર્મળ બનતો જાય. તપ એ કર્મના કાળા ડિબાંગ વાદળોને વિખેરી નાંખનાર વા-વંટોળ છે.

આપણા દેહમાં આત્મા છે. આત્માના પ્રદેશો અસંખ્યાત છે. એકેક પ્રદેશ પર અનંતાનંત કાર્મણ વર્ગણાના પુદ્ગલો ચોંટેલા છે. કર્મોને ખપાવ્યા વગર મોક્ષ નથી. તો આટલા બધા કર્મોને એક ભવમાં શી રીતે ખપાવી શકાય? અનંતાનંત કર્મ પુદ્ગલોને એક માનવભવમાં ખપાવી શકાય એ માટે શ્રી વીતરાગ ભગવંતોએ તપનું વિધાન કર્યું છે. ભગવાન મહાવીર સ્વામીએ પૂર્વભવોમાં મોહાદિને વશ થઈને જે કર્મો ઉપાર્જિત કરેલા એની સંખ્યા ૨૩ તીર્થંકરોના કર્મોથી વધી જાય અને સાથે એમનું આયુષ્ય ૨૩ તીર્થંકરોના આયુષ્ય કરતાં ઓછું હતું. એમનું આયુષ્ય હતું માત્ર ૭૨ વર્ષનું. આટલા

બધા કર્મોને શ્રી મહાવીર પ્રભુએ માત્ર ૧૨॥ વર્ષ અને એક પખવાડીયાના ટૂંકા ગાળામાં ખપાવી દીધા. એનું કારણ એક એ જ હતું કે એ તારક પ્રભુએ દીક્ષા લીધા પછી અઘોર સમ્યક્ તપનું સેવન કર્યું હતું. આપણા આત્મા ઉપર અનંતાનંત કર્મવર્ગણાઓ ચોંટેલી છે, પણ એથી ગભરાવાની જરૂર નથી. એને દૂર કરવા માટે પ્રભુએ આપણને રામબાણ ઔષધ બતાવ્યું છે, તે છે તપ. લાખો મણ લાકડાનો ગંજ ખડકાયો હોય પણ એને ભસ્મીભૂત બનાવવા માટે અગ્નિનો એક કણ સમર્થ બની જાય છે, એ રીતે સમ્યગ્ દર્શનાદિ રત્નત્રયીપૂર્વક જો સમ્યક્ તપનું સેવન કરવામાં આવે તો કર્મોના ગંજાવર ઢગને બાળીને આત્મા પરમ પદને પામવા અવશ્ય સમર્થ બની શકે છે. ભગવાન સૂયગડાંગ સૂત્રમાં બોલ્યા છે.

**सउणी जह पंसुगुंडिया, विहुणिय धंसयइ सियं रयं।**
**एवं दवि ओ वहाणवं, कम्मं खवइ तवस्सि माहणे॥** અ. ૨. ઉ. ૧. ગા. ૧૫

જેવી રીતે પક્ષિણી પોતાના શરીર પર લાગેલી ધૂળને, પોતાના અંગને અથવા પાંખને ફફડાવીને ખંખેરી નાંખે છે, તેવી રીતે અણસણ આદિ તપ કરવાવાળા અહિંસા પ્રધાન ભવ્ય પુરૂષ કર્મને નષ્ટ કરી દે છે.

અહિંસા ધર્મના પાલન માટે સાધકે અહિંસા ભગવતીની બે પાંખો સંયમ અને તપની આરાધના કરવી પડે છે. જેવી રીતે પક્ષિણી પોતાના શરીર પર લાગેલી ધૂળને બંને પાંખ ફફડાવીને દૂર કરે છે, તેવી રીતે જ્યારે અહિંસાનો સાધક સંયમ અને તપ રૂપી પાંખો ફફડાવશે તો તેના આત્મા પર લાગેલી કર્મરૂપી ધૂળ તે રીતે નાશ થઈ જશે. તપશ્ચર્યા આત્મશુદ્ધિ માટે આવશ્યક છે. તપ દ્વારા આંતરિક મેલ દૂર થાય છે, અને આત્મા પવિત્ર બને છે. ચિત્તવૃત્તિઓની મલીનતા આત્મદર્શન માટે ગાઢ આવરણ રૂપ છે. આ આવરણ દૂર કરવાની શક્તિ તપમાં છે. આધ્યાત્મિક રોગોની શાંતિને માટે તપ એક અમોઘ રસાયણ છે. તપમાં થોડું કષ્ટ તો લાગે, પણ અલ્પ કષ્ટ વેઠતા આત્મા મહાન સુખોને મેળવે છે.

એક વાણિયો રત્નોનો વહેપાર કરવા એક વખત દૂર દૂરના દેશોમાં ગયો. ત્યાં એનું ભાગ્ય પુરબહારમાં ખીલી ઉઠ્યું. જ્યારે પુણ્યનો સિતારો પ્રગટે છે ત્યારે લક્ષ્મી પાણીની માફક આવે છે. આ વણિકે ખૂબ રત્નોની સંપત્તિ પ્રાપ્ત કરી, પણ હવે તેના મનમાં એ મૂંઝવણ થઈ કે હવે આ રત્નોને દેશમાં લઈ જવા કેવી રીતે? આ રત્નો ઘણાં કિંમતી હતા. તેની પાસે એક ડબ્બી હતી. તેમાં રત્નો મૂક્યા, પણ આ મહામૂલ્યવાન રત્નોની ડબ્બી લઈને દેશમાં જવું કેવી રીતે? કારણ કે દેશમાં જતાં વચ્ચે રસ્તામાં એક મોટું વન આવતું હતું. તે વનમાં ચોર લૂંટારાનો ભય ઘણો હતો, પણ આ તો હતો વાણીયો. એની બુદ્ધિ ઘણી હતી. એણે પોતાની બુદ્ધિથી એક કિમિયો શોધી કાઢ્યો.

વાણિયાએ ચમકતા પથ્થરો લાવીને તેની એક પોટલી બનાવી. પોતાના સાચા રત્નોનો ડબ્બો ત્યાં જમીનમાં ખાડો ખોદીને સુરક્ષિત રીતે દાટી દીધો, પછી તો એ

વટબંધ ચાલવા લાગ્યો. ચાલતા ચાલતા એક મોટું ગાઢ ભયંકર વન આવ્યું. વનમાં દાખલ થઈને મોટેથી બોલવા લાગ્યો કે હું છું રત્નનો વહેપારી વાણિયો. મારી પાસે અમૂલ્ય રત્નો છે. આ વણિકે તો મોટેથી બોલવા માંડયું તેથી ત્યાં રહેલા ચોર, લૂંટારા, ધાડપાડુઓએ આ અવાજ સાંભળ્યો ને બધા વણિક પાસે આવ્યા ને કહેવા લાગ્યા. લાવ, કાઢ તારા રત્નો. આ વણિકે તો પેલા ચકમકતા પથ્થરની પોટલી બતાવી. બધા સમજી ગયા કે આ સાચા રત્નો નથી, પણ ખોટા ચકમકતા પથ્થરો છે. ત્યાં ધાડપાડુઓની બીજી ટોળીએ આવીને કહ્યું–તારી પાસે જે હોય તે બતાવી દે, નહિ તો આ તલવાર જોઈ છે! તેણે ચકમકતા પથ્થરો બતાવ્યા. બધા કહેવા લાગ્યા કે આ તો મૂર્ખ જ નહિ પણ મૂર્ખનો શિરોમણી લાગે છે કે રત્નદ્વીપમાં જઇને પણ સાચા રત્નોને બદલે આવા ખોટા પથ્થરા ભેગા કરીને લાવ્યો છે. આ પ્રમાણે કહીને ધાડપાડુઓની કેટલીક ટોળી આવીને જતી રહી.

આ વાણિયા ભાઈએ એક વાર જંગલ પસાર કર્યું. એમ કરતાં કરતાં તેણે સાત સાતવાર આ જંગલ પસાર કર્યું. વણિકે દરેક વાર આવું નાટક ભજવ્યું, પછી તો તેને બધાએ મૂર્ખ માન્યો એટલે પછી તેને કોઈ પજવે નહિ ને આરામથી વન પસાર કરતો. છેવટે વણિકના મનમાં થયું કે મને હવે ધાડપાડુઓ કાંઈ પૂછતા નથી કે કાંઈ જોતા નથી, માટે હવે સાચા રત્નોનો ડબ્બો લઈને મારા વતનમાં પહોંચી જવું. ધાડપાડુઓની ટોળકીએ વાણિયાને ખરેખરો ગધેડો માની લીધો એટલે આઠમી વખત રત્નોનો દાબડો લઈને વન પસાર કરવાની તૈયારી કરી લીધી, જમીનમાં રત્નોનો દાબડો હતો તે બહાર કાઢયો. એની પોટલી બનાવીને માથે મૂકી, પેલો વેપારી જલ્દી જલ્દી વનને પસાર કરવા માટે એકદમ ઉતાવળો ઉતાવળો અદ્ધર શ્વાસે ચાલવા લાગ્યો. આ વખતે કોઇએ એને પકડયો નહિ કે ઉભો રાખ્યો નહિ, કારણ કે સહુને એની મૂર્ખતાની પાકી ખાત્રી થઈ ગઈ હતી. વન ઓળંગી ગયો, ઉમંગમાં એકદમ હસી પડયો. રત્નોની પોટલી માથે મૂકીને નાચવા લાગ્યો. સખ્ત ગરમીના કારણે ગરમ ગરમ લૂ વાતી હતી. વાણિયો તરસથી આકૂળ વ્યાકૂળ થઈ ગયો હતો. પાણી વિના પ્રાણ નીકળી જાય તેમ લાગતું હતું. પાણી પીવા માટે આજુબાજુ ખૂબ તપાસ કરી. થોડે દૂર ગયો ત્યાં એક તળાવ મળી ગયું. તળાવનું પાણી કાદવથી ખૂબ ડહોળાયેલું હતું, તો પણ પાણી પીધું અને ઘેર પહોંચ્યો.

વાણીયાએ કુટુંબીજનોને બધી વાત કરી કે મેં કેવી રીતે વન પસાર કર્યું ને કેવી રીતે રત્નોને સુરક્ષિત રાખીને અહીં આવ્યો. ત્યારે કોઇએ પૂછયું કે તમે સાત સાત વાર એ વિકટ વન પસાર કર્યું, પણ એ વન પસાર કરવાનું કષ્ટ કેવું લાગ્યું? અને ગંદુ પાણી પીવાની સજા કેવી થઈ? ત્યારે વાણિયાએ હસતા હસતા કહ્યું, એમાં કષ્ટ કેવું? કદાચ થોડું દુઃખ માની લઇએ તો પણ રત્નની પોટલી સુરક્ષિત રીતે ઘેર પહોંચાડી શકયા એના અખૂટ આનંદમાં પેલા દુઃખ શી વિસાતમાં છે? અરે, એને

દુઃખ કહેવાય જ નહિ. એ દુઃખ તો મારા માટે આશીર્વાદ રૂપ બન્યું કહેવાય. અલ્પ દુઃખ વેઠવા પાછળ મહાન કિંમતી રત્નોનું સુખ તો મળ્યું ને!

બસ, આ જ વાત આપણા માટે સમજવાની છે. મહાન ઉગ્ર તપ-સાધના સાધતા સાધક આત્માઓ તપ કરતા મુક્તિના અનંત સુખ નજર સામે રમતા જોતા હોય, પછી એમને તપનું થોડું કષ્ટ કષ્ટ સ્વરૂપે શી રીતે લાગે? એટલે તપથી શક્ય થોડી પણ શરીરની પીડા, પીડા રૂપ લાગતી નથી, માટે તપ કરતાં મોક્ષના અનંત સુખોને સામે રાખો, તો તપ એ કષ્ટ રૂપ લાગશે નહિ, પણ આત્માને મહાન સુખકારી લાગશે. ભવોભવના પૂરાણા કર્મોને બાળવા અને મુક્તિસુખની મોજ માણવા માટે તપ અવશ્ય જરૂરી છે. તપ એટલે ઇચ્છાનો નિરોધ. અનાદિકાળથી જીવને ખાવાની લત લાગેલી છે. તપ દ્વારા એ ખાવાની લતનો નિરોધ કરવાનો છે. જો તપ કરવાથી ખાવાની લાલસાઓ ઘટતી જતી હોય અને વધારે તપ કરવાનું મન થતું હોય તો તપનું સાચું ફળ પામ્યા છો એમ કહી શકાય. અરિહંત પ્રભુએ બતાવેલા સમ્યક્ તપના ફળ રૂપે તો અવશ્ય ખાવાની લાલસાઓ ઘટે. તપ કરવા છતાં પણ ખાવાની લાલસાઓ વધતી હોય અને પારણાની ચિંતા રહેતી હોય તો સમજવું કે એ સાચો તપ નથી. એ પ્રભુએ બતાવેલી તપની વિધિને સમજી શક્યા નથી. જો વિધિપૂર્વક યથાશક્તિ તપનું આચરણ કરવામાં આવે તો આહારની ઇચ્છા કે લાલસાઓ ઉપર અવશ્ય કંટ્રોલ આવે.

જે આત્માને કર્મબંધનથી મુક્ત થવાની લગની લાગી છે અને સંયમ અને તપના માર્ગે વિચરવા તૈયાર થયા છે એવા નમિરાજર્ષિ દીક્ષા લઈને ઘરની બહાર નીકળી ગયા ત્યારે પ્રજાજનોના ઘરઘરમાં, મહેલ મહેલમાં કરૂણ આક્રંદન અને રૂદનથી ભારે કોલાહલ મચી ગયો, પણ દૃઢ વૈરાગી રાણીઓના રૂદન અને પ્રજાના વિલાપ સામું ન જુએ. શું એ દયાહીન બની ગયા છે? ના...ના...એમ નથી હોં. દિલમાં તો દયા અને કરૂણાના ઝરણાં વહી રહ્યા છે. એ સમજે છે કે આ બધા મેં દીક્ષા લીધી છે તેથી રડતા નથી પણ મારા પ્રત્યે મોહ છે માટે રડે છે.

જ્ઞાની આપણને સમજાવે છે કે દીક્ષા એ કાંઇ ખાવાના ખેલ નથી. જીવન સાટાના ખેલ છે. માનવ જીવનને મુક્તિનું મંગલ દ્વાર બતાવનાર અનેક તત્ત્વોમાં દીક્ષા એ એક અતિ મહત્વનું તત્ત્વ છે. જીવનું સત્વ માપી લેવાનો આ એક મહાન માપદંડ છે. સંસાર અને સિદ્ધશીલા વચ્ચે ઘૂઘવી રહેલા મોહના મહાસાગરનું વિરાટ અંતર કાપવા માટે દીક્ષા એક અતૂટ નાવડી છે. જળ, મળ અને વમળભર્યા સંસારમાં કમળની જેમ નિર્મળ રહેવાની કળા એટલે દીક્ષા. તિતિક્ષામય જીવન જીવવાની તાલીમ એટલે દીક્ષા. મુક્તિની ભિક્ષા અને આત્માની અગન પરીક્ષા એટલે દીક્ષા.

મહાન રાજસુખોમાં ઉછરેલા નમિરાજા મિથિલાની મમતા છોડી મહાવીરના માર્ગે ચાલી નીકળ્યા. સંયમ એ કાંઈ ખાવાના ખેલ નથી. દીક્ષા લીધી ને વેશ પહેરી લીધો, એટલા માત્રથી કલ્યાણ થવાનું નથી, પણ વેશ બદલતાની સાથે વૃત્તિઓને બદલવી

પડશે. પ્રકૃતિનું પરિવર્તન કરવું પડશે. જેમ માછલીને જળમાં રહેવા છતાં જો એ પાણી પીવું હોય તો એની પ્રકૃતિને બદલવી પડે. જો છતી ને છતી પાણી પીવે તો મરી જાય, તેમ દીક્ષા લીધા પછી પ્રકૃતિને બદલવાની જરૂર છે. નમિરાજાએ દીક્ષા લીધી તેથી બધા રડી રહ્યા છે. વિચાર કરજો કે નમિરાજાએ સ્વભાવની કેટલી મીઠાશ કેળવી હશે! મીઠી વાણી ને વર્તનથી પ્રજાના દિલ કેટલા જીત્યા હશે કે સારી મિથિલા તેમની પાછળ આંસુ સારે છે. આપણે કેટલી ખાંડ ખાઈ ગયા, છતાં જીભમાં મીઠાશ આવી ખરી? અરે બ્લડમાં ને યુરીનમાં સાકર આવી પણ જીભમાં મીઠાશ ન આવી. એક કવિ બોલ્યા છે કે,

**જીભલડી તારો ઝપાટો ભારી ઠોકર ખાય ખાય ખાય.**

નમિરાજા પ્રવજ્યાના પંથે નીકળ્યા ત્યારે ઇન્દ્ર પરીક્ષા કરવા આવ્યા. તેમને કહે છે હે મહાત્મન્! તમે તમારું મહંતપણું કયાં વેચી નાંખ્યું? હે દયાવંત! સમગ્ર પ્રજાનો પ્રેમ જીતી તેમને પાળી પોષી દગો દઈને ચાલી નીકળતી વખતે તમારી દયા કયાં ગઈ? હે પરદુઃખભંજન! હજારોં જીવોને દુઃખમાં ડૂબાડવાની મતિ તમને કયાંથી સૂઝી? પોતાના સ્વાર્થ માટે આટલા બધા પ્રાણીઓના સ્વાર્થને ડૂબાડનાર હે રાજન્! તમે કયા મોટા દેવામાં સપડાયા છો કે જેથી રાજનીતિ ગીરે મૂકવી પડી અને આ દુઃખદ દીક્ષા લેવી પડી? નમિરાજાનું આ મહાભિનિષ્ક્રમણ કસોટીની એરણે ચડવાનું હતું. ખુદ ઇન્દ્ર મહારાજા જેમની પરીક્ષા કરવા આવ્યા. આપ એટલું સમજજો કે કસોટી સોનાની થાય છે. પિત્તળની નહી, તેમ વૈરાગીની ઇન્દ્રમહારાજા કસોટી કરવા આવ્યા છે. કહ્યું છે કે "કસોટી વિના કલ્યાણ નથી." ઇન્દ્ર મહારાજાએ જે પ્રશ્ન કર્યો તેનો હવે નમિરાજર્ષિ શો જવાબ આપે છે તે સાંભળો.

**एयमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमी रायरिसी, देविन्दं इणमब्बवी ॥ ८ ॥**

ઇન્દ્રના કહેલા પ્રશ્નને સાંભળીને તેના દ્વારા હેતુ અને કારણથી પ્રેરિત કરાયેલા નમિરાજર્ષિ ઇન્દ્ર પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. હવે શું બનશે તે વાત અવસરે.

આજે મહાન તપસ્વી બા. બ્ર. ચંદનબાઈ મહાસતીજીને માસખમણની ઉગ્ર તપસ્યાના પારણાનો મંગલ દિવસ છે. તેમણે ઉગ્ર તપ કરીને આત્માને ઉજ્જવલ બનાવ્યો છે. આપણે તેમને અંતરના એ જ અભિનંદન આપીએ કે આપ તપશ્ચર્યામાં દિનપ્રતિદિન વિશેષ આગળ વધો. અનંત ભવરાશીનો ક્ષય કરી અનંતા શાશ્વતા સુખને પામો. ધન્ય છે ચંદનબાઈ મહાસતીજીને કે આવી માસખમણની ઉગ્ર સાધના કરી અનંત કર્મોને ચકચૂર કર્યા. આપ બધા ૩૦–૩૦ દિવસના બ્રહ્મચર્યવ્રત, ઉપવાસ, આયંબીલ, એકાસણા, રાત્રીભોજન ત્યાગ આદિ પચ્ચખ્ખાણ લેશો. ટાઈમ થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં-૭૭

**આસો સુદ ૧૦ ને મંગળવાર** **તા. ૭-૧૦-૮૧**

અવનીના અણુગાર, શાસનના શણગાર વીતરાગ ભગવંત ફરમાવે છે કે શાશ્વત સુખોની પ્રાપ્તિનો આધાર ધર્મ છે. સાંસારિક અશાશ્વત સુખ તો પુણ્યથી પ્રાપ્ત થઈ શકે છે. પુણ્ય અલગ ચીજ છે અને ધર્મ અલગ ચીજ છે. નવ તત્ત્વોમાં પુણ્યનું સ્થાન ત્રીજું છે. પહેલો જીવ, બીજો અજીવ, ત્રીજું પુણ્ય અને ચોથું પાપ તત્ત્વ છે. જીવ, અજીવ પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ, આ નવ પ્રકારના તત્ત્વોમાં ધર્મ તત્ત્વનું નામ નથી પણ સંવર નામના તત્ત્વમાં ધર્મનો સમાવેશ થઈ જાય છે. સંવર તત્ત્વના ૨૦ ભેદ છે. તે ૨૦ ભેદમાં એક ભેદ વ્રત-પચ્ચખાણ પણ છે. વ્રત કહેવાથી પણ સંવરનો બોધ થઇ જાય છે. વ્રતનો અભાવ તે આશ્રવ કહેવાય છે. આશ્રવ અને સંવર બંને વિરોધી તત્ત્વ છે. જેવી રીતે દિવસની વિરોધી રાત, અંધારાનો વિરોધી પ્રકાશ, ચોરનો વિરોધી શાહુકાર છે અને રોગનો વિરોધી ઔષધ છે, એ રીતે આશ્રવ તત્ત્વનું વિરોધી સંવર તત્ત્વ છે.

આશ્રવ કોને કહેવાય? ચારે બાજુથી કર્મ પ્રવાહનું આવવું તેનું નામ આશ્રવ છે. પનડુબ્બી નામના વહાણનું નામ તો આપે સાંભળ્યું હશે. પનડુબ્બી ચારે બાજુથી બંધ હોય છે. તેનો આકાર માછલી જેવો છે. તે સમુદ્રની અંદર પાણીમાં ચાલે છે. અને સમુદ્રના તળિયામાં પણ ચાલે છે. મોટા ભાગે તેનો ઉપયોગ યુદ્ધના સમયે કરવામાં આવે છે. તેમાં અનેક માણસો બેઠા હોય છે. તેમની પાસે શ્વાસ લેવાને માટે ઓકસીજન પણ હોય છે. તે પનડુબ્બી વહાણનું કામ સમુદ્રના ઉપરના ભાગ પર ચાલવાવાળા શત્રુઓના વહાણનો નાશ કરવાનું હોય છે. તે પનડુબ્બી જહાજમાં જો છિદ્ર પડી જાય તો ચાળણીની જેમ છિદ્રો દ્વારા તેમાં પાણી અંદર આવવાથી તે ડૂબી જાય છે. આપણો આત્મા પનડુબ્બી જહાજના સમાન છે. આ સંસાર સમુદ્ર સમાન છે. આ સંસાર રૂપી સમુદ્રમાં જન્મ-જરા-મરણ-રોગ આદિનું પાણી ભરેલું છે. કર્મ વર્ગના સમૂહને કર્મવર્ગણા કહેવામાં આવે છે. એકેક કર્મ વર્ગણામાં અનંતાનંત પરમાણું છે. કર્મ વર્ગણાઓ આત્માની સાથે ચોંટી જાય છે. કોઈ એક સ્થાન પર વધુ કર્મવર્ગણાઓ બંધાય છે અને બીજું સ્થાન ખાલી રહી જાય છે એવી વાત નથી.

આ સંસાર સમુદ્ર ઘણો વિશાળ છે. એનો હિસાબ અથવા તેનું વિવરણ સાંભળતા ચક્કર આવી જાય છે. ૩ કરોડ ૮૧ લાખ ૧૨ હજાર ૯૭૦ મણ વજનના એક લોખંડના ગોળાને ઊંચેથી ફેંકવામાં આવે અને તે ૬ માસ, ૬ દિન, ૬ પ્રહર, ૬ ઘડી અને ૬ પળમાં જેટલું ક્ષેત્ર સ્પર્શે તેને એક રાજુ કહેવાય. આ લોક ઉપરથી નીચે સુધી ચૌદ રાજુ પ્રમાણ છે. લોકની પહોળાઈ બધી તરફથી એક સરખી નથી. આ લોકનો નીચો ભાગ એટલે અધોલોક ૭ રાજુ ઝાઝેરા જાડપણે છે. તેમાં એકેક રાજુની જાડી એવી ૭ નરક છે. તે જેમ જેમ ઉપર જાય છે તેમ તેમ સંકુચિત થઈ જાય છે.

નીચેના ભાગથી એકેક આકાશ પ્રદેશ ઓછો થતો જાય છે. આ રીતે અસંખ્ય આકાશ-પ્રદેશોનો ઉપરનો ગોળાકાર ભાગ સાત રાજુથી ન્યૂન અસંખ્ય પ્રદેશવાળો થઈ જાય છે. આકાશ પ્રદેશ જૈન દર્શનનો પારિભાષિક શબ્દ છે. એ ક્ષેત્રનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ માપ બતાવે છે. આ રીતે એકેક આકાશ પ્રદેશ ઓછા થતા જ્યાં આપણે બેઠા છીએ ત્યાં અર્થાત્ મધ્યલોકમાં એક રાજુ પ્રમાણુ ગોળાકાર રહે છે. સાત રાજુથી કંઈક અધિકભાગ આપણાથી નીચે છે. લોકનો આકાર એક પુરૂષના સમાન બતાવ્યો છે. કમર પર હાથ રાખીને પગ પહોળા કરીને ઉભેલા મનુષ્યના સમાન આ લોકનો આકાર છે. નાભીની જગ્યાએ મધ્યલોક છે. ૪૫ લાખ યોજનના ક્ષેત્રમાં મનુષ્ય રહે છે. એમાં અઢીદ્વીપ છે. તે જંબુદ્વીપ, ઘાતકીખંડદ્વીપ અને અર્ધપુષ્કરદ્વીપ. એક રાજુના આ ક્ષેત્રમાં અસંખ્યાત દ્વીપ અને અસંખ્યાત સમુદ્ર છે. સાત રાજુથી કંઈક ઓછો ઉપરનો ભાગ છે. જેમાં સર્વ પ્રથમ જ્યોતિષ ચક્ર છે. જે સૂર્ય, ચન્દ્ર અને તારાના રૂપમાં વિદ્યમાન છે. ત્યાર પછી ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર વિમાન છે. પછી સિદ્ધશીલા છે. જ્યાં મુક્ત આત્માઓ વસે છે. મનુષ્ય લોકનો ઉપરનો ભાગ ધીમે ધીમે વિસ્તૃત થતો જાય છે. પાંચમા દેવલોકથી ઉપરનો ભાગ ફરી સંકુચિત થતો જાય છે. લોકના સર્વોપરિ ભાગનો ગોળાકાર એક રાજુ પ્રમાણુ માનવામાં આવે છે. એ લોકાગ્ર ભાગમાં સિદ્ધશીલા છે.

આ લાંબા પહોળા સંસાર સમુદ્રમાં અનંતાનંત કાર્મણુ વર્ગણાઓ છે. કોઈ પણ આત્મા સારા અથવા ખરાબ કામ કરે છે ત્યારે તે પ્રમાણે કાર્મણુ વર્ગણાઓ તેની સાથે ચોંટી જાય છે. એ કાર્મણુ વર્ગણાઓ પાણી સમાન છે. આત્મા પનડુબ્બી જહાજના સમાન છે. આ પનડુબ્બીમાં એક બે છિદ્ર નહિ પણ ચાળણીની જેમ અનેક છિદ્રો પડેલા છે. આ છિદ્રોથી કર્મ વર્ગણાઓ પાણીની જેમ આવતી રહે છે. તેનું નામ આશ્રવ છે. અથવા કર્મોના પ્રવેશનો માર્ગ તે આશ્રવ. આ આશ્રવના સ્થૂલ રૂપથી ૨૦ ભેદ બતાવ્યા છે. એમાં અવ્રત નામનો પણ એક આશ્રવ છે. જો આપણા જીવનમાં કોઈ વ્રત-પચ્ચખાણુ નથી તો અવ્રતથી આત્મામાં અનેક કર્મવર્ગણાઓનો સંચય થાય છે. વ્રત-પચ્ચખાણુના અભાવમાં આશ્રવના દ્વાર ખુલ્લા રહેવાના કારણે કર્મો કર્યા વિના આપણને ક્રિયા લાગી જાય છે. તેનું ફળ જીવને ભોગવવું પડે છે. સર્વજ્ઞોએ આ વિષય પર ઘણું ચિંતન કર્યા પછી એ નિર્ણય કર્યો કે પાપના દુષ્પરિણામથી બચવાને માટે મનુષ્યે વ્રત-પચ્ચખાણુ આદિનો આશ્રય અવશ્ય લેવો જોઈએ. આત્માને કર્મથી ભારે બનાવનાર આવતા કર્મોને રોકવા માટે સર્વજ્ઞ ભગવંતોએ વ્રત પ્રત્યાખ્યાન આદિના રૂપમાં વજ્રમયી દિવાલોથી યુક્ત એવો દુર્ગ-કિલ્લો બનાવ્યો છે કે જેના સંરક્ષણમાં આત્મા કર્મ-વર્ગણાઓથી બચી શકે છે.

જેમણે અવ્રતની દિવાલો તોડી સંયમ રૂપ કિલ્લામાં પ્રવેશ કર્યો છે એવા નમિરાજર્ષિની પરીક્ષા લેવા ખુદ ઈન્દ્રને મૃત્યુલોકમાં આવવું પડ્યું. તેમણે આવીને એ પ્રશ્ન કર્યો કે હે નમિરાજર્ષિ! તારી મિથિલા નગરીમાં આટલો બધો કોલાહલ કેમ

મચી રહ્યો છે? ઘરઘરમાં અને મહેલ મહેલમાં આવા ભયંકર કરૂણ રૂદન કેમ સંભળાય છે? ઇન્દ્રના આ પ્રશ્નને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા નમિ રાજર્ષિએ તેમને આ પ્રમાણે કહ્યું, આ ગાથામાં હેતુ અને કારણથી પ્રેરિત થયેલા એમ જે કહ્યું છે તેનું તાત્પર્ય એ છે કે જે પ્રશ્ન હેતુ અને કારણગર્ભિત હોય છે તે વિચારણીય છે અને તેનો જવાબ આપવામાં યોગ્ય ગણાય છે. અહીં ઈન્દ્રનો જે પ્રશ્ન છે તે હેતુ અને કારણગર્ભિત છે. એટલા માટે તેનો જવાબ આપવો એ નમિરાજર્ષિ માટે પરમ આવશ્યક હતું. એનાથી વિપરીત ઇન્દ્રે જો હેતુ અને કારણથી શૂન્ય મૂર્ખતાભર્યો પ્રશ્ન કર્યો હોત તો નમિ રાજર્ષિ તેનો ઉત્તર ન આપત, કારણ કે ન્યાયશાસ્ત્રમાં હેતુ અને કારણને પ્રધાન સ્થાન આપવામાં આવ્યું છે. પરાર્થાનુમાનના પાંચે અવયવોમાં હેતુનું સ્થાન બીજું છે. તે પાંચ અવયવો આ પ્રમાણે છે. (૧) પ્રતિજ્ઞા (૨) હેતુ (૩) દૃષ્ટાંત (૪) ઉપનય (૫) નિગમન.

**પ્રતિજ્ઞા** :- તું ધર્માત્મા છે એટલા માટે નગરી અને કુટુંબ આદિ પરિવારનો ત્યાગ કરીને દીક્ષા લેવી યોગ્ય નથી.

**હેતુ** :- કારણ કે સારા પરિજન તથા પ્રજાજન મર્મભેદી આક્રંદ કરી રહ્યા છે, કોલાહલ મચાવી રહ્યા છે.

**દૃષ્ટાંત** :- જ્યાં આ પ્રકારનું આક્રંદ અથવા કોલાહલ થાય છે ત્યાં ધર્માત્મા પુરૂષ નિમિત્ત ભૂત હોતા નથી. જેમ કે હિંસાદિ કર્મમાં તેમની પ્રવૃત્તિ હોતી નથી.

**ઉપનય** :- તેથી પૂર્વોક્ત કારણોથી તમારું ઘરથી નીકળવું યોગ્ય નથી.

**નિગમન** :- તમે દીક્ષા લઇને ઘરની બહાર નીકળ્યા તેથી કોલાહલ મચી ગયો, માટે તમારું ઘરથી નીકળવું યોગ્ય નથી. મતલબ કે તમે દીક્ષા લીધી એ યોગ્ય કર્યું નથી. જો તમે દીક્ષા લીધી ન હોત તો આ ભયાનક શબ્દો ન સંભળાત.

ઇન્દ્રના હેતુ અને કારણ ગર્ભિત પ્રશ્નને સાંભળીને તેને અનુરૂપ ઉત્તર આપતા થકા નમિરાજર્ષિએ ઈન્દ્ર પ્રત્યે જે કહ્યું તેનું વર્ણન હવે સૂત્રકાર કરે છે.

**मिहिलाए चेइए वच्छे, सीयच्छाए मणोरमे ।**
**पत्तपुप्फ फलोवेए, बहूणं बहु गुणे सया ॥ ९ ॥**

મિથિલા નગરીના ચૈત્ય-ઉદ્યાનમાં મનોરમ નામનું એક ઘટાદાર વૃક્ષ છે. જે પાંદડા, પુષ્પ અને ફળોથી લચોલચ છે. તે અનેક જાતના પક્ષીઓને હંમેશા આશ્રય આપનાર છે.

મિથિલા નગરીના ઉદ્યાનમાં મનને અતિ આનંદ આપનાર મનોરમ નામનું એક ઘટાદાર વૃક્ષ છે. વૃક્ષની શોભા ફળફૂલથી છે, જો તેના પર ફળફૂલ ન હોય તો તેની નીચે આવીને કોઈ બેસતું નથી. આ વૃક્ષ તો કેવું છે? જેના પર અનેક પક્ષીઓ આવીને આશ્રય મેળવે છે તેમજ થાકેલા મુસાફર તડકામાંથી આવતા હોય તો તેને શીતળ છાયા આપે છે. જે મોટું-વિશાળ વૃક્ષ ફળ-ફૂલ-પાનથી યુક્ત હોય તે બીજાને

વિસામો આપી શકે છે, પણ જે નાના છોડવા છે તેની નીચે જઇને કોઇ બેસે તો શીતળતા મળતી નથી. વૃક્ષ, સૂર્ય, નદી બધા કોઈ પણ જાતના મૂલ્ય લીધા વિના લોકોને ઉપકારી બને છે. વૃક્ષ પોતે તડકો વેઠીને બીજાને શીતળ છાયા આપે છે. અરે, પત્થરના ઘા કરનારને પણ મીઠા ફળ આપે છે. નદી પોતે ગંદા પદાર્થોને પચાવીને બીજાને મીઠું જળ આપે છે. સૂર્ય કોઇ જાતનું મૂલ્ય લીધા વિના દુનિયાના જીવોને પ્રકાશ આપે છે. નમિરાજર્ષિએ જ્યારે વૃક્ષની વાત કરી ત્યારે બ્રાહ્મણના રૂપમાં આવેલા ઈન્દ્ર કહે છે હે નમિરાજ! હું તમને બગીચાની વાત પૂછવા માંગતો નથી. તે બગીચા અને વૃક્ષ સાથે મારા પ્રશ્નને શો સંબંધ છે? શું આપના જેવા પુરૂષો પણ આ રીતે પ્રશ્નને ઉડાવી દેવાની રીત ગ્રહણ કરશે? હું તો તમને એમ પૂછું છું કે તમારી આ મિથિલાનગરીની આખી પ્રજા, અંતેઉર, લશ્કર, સૈન્ય બધું રડે છે શા માટે? નમિરાજર્ષિ કહે છે હે વિપ્ર! હું તમારા પ્રશ્નનો સીધો જવાબ આપું છું. આપ મારા પ્રશ્નનો આખો જવાબ સાંભળો. તે મનોરમ નામનું સુંદર ઘટાદાર વૃક્ષ છે તેનું શું બન્યું?

वाएण हीरमाणम्मि, चेइयम्मि मणोरमे ।
दुहिया असरणा अत्ता, एए कन्दन्ति भो! खगा ॥ १० ॥

એક દિવસ તે મનોરમ વૃક્ષ પવનના ઝપાટાથી ભોંય પડી ગયું. હે વિપ્ર! તે ઝાડ પડી જવાથી અસહાય, દુઃખી અને આર્તનાદ કરતા એ પક્ષીઓ આ પ્રકારનું આક્રંદન કરે છે.

નમિરાજર્ષિ કહે છે, હે વિપ્ર! મિથિલા નગરીની નજીકમાં એક રમણીય ઉદ્યાનમાં મનોહર એક મોટું અને સુંદર વિશાળ વૃક્ષ હતું. એની શીતળ છાયા નીચે હજારો જીવોને વિશ્રામ મળતો હતો. અનેકવિધ પક્ષીઓ પણ ત્યાં રહેતા હતા. એના સુગંધિત પુષ્પો અને સ્વાદિષ્ટ ફળોથી અનેક જીવોને પોષણ મળતું હતું. અરે, વધુ શું કહું! એ વૃક્ષ દ્વારા અનેક અસહાય જીવોનો નિર્વાહ થતો હતો. તેના ફળ ફૂલ વેચીને ગરીબ માણસો આજીવિકા ચલાવતા હતા, પણ દૈવયોગે તે વૃક્ષની તે સ્થિતિ ન રહી. એક વાર એવો પ્રચંડ પવન આવ્યો, જોરદાર વંટોળ ચઢયો, તેથી તે વૃક્ષ મૂળમાંથી ભોંય પડી ગયું. હવે તે વૃક્ષ ફળ આપવામાં સમર્થ ન રહ્યું કે કોઇને શીતળ છાયા આપવામાં પણ અસમર્થ બન્યું. આ રીતે વૃક્ષના પડી જવાથી તેના આશ્રયમાં રહેવાવાળા એ પક્ષીઓ નિરાશ્રિત થઈ ગયા. જ્યારે ઝાડને લાંબુ થઇને સૂતેલું જોયું ત્યારે માણસો નિસાસા નાંખવા લાગ્યા અને પક્ષીઓ આક્રંદ કરવા લાગ્યા. હવે કયાં જવું? કયાં આશ્રય લેવો? એમ વિલાપ કરવા લાગ્યા ને પેલા વૃક્ષને ગાળો દેવા લાગ્યા કે હે મૂર્ખ! અમને નિરાધાર કરીને તું શું સુખે સૂવે છે? કારણ કે આધાર પર આધેયની સ્થિતિ છે.

નમિરાજના આ શબ્દો સાંભળીને ઈન્દ્ર હસી પડચો. અરે, એ વટેમાર્ગુઓ અને પક્ષીઓ ખરેખર મૂર્ખ કહેવાય. એમાં તે વૃક્ષનો શો દોષ કે તેને તેઓ ઉપાલંભ આપે છે! પોતાના દુઃખને માટે જો તે વૃક્ષને ઉપાલંભ આપે તો એ એની ભૂલ છે. કારણ કે

એમાં વૃક્ષનો કોઈ દોષ નથી. તો હે વિપ્ર! તે પક્ષીઓ કોને રડે છે? શું ઝાડને રડે છે? ના...ના...જો ઝાડ માટે રડતા હોય તો ઝાડ તો પડેલું છે. જ્યાં સુધી તે વૃક્ષ હર્યું ભર્યું રહ્યું ત્યાં સુધી તેણે તે બધા પક્ષીઓને ઉદારતાપૂર્વક આશ્રય આપ્યો, પણ હવે તેમનો આધાર તૂટી ગયો. તેમનું બેસવાનું ટળી ગયું તેથી પોતાના સ્વાર્થને રડે છે. ઝાડ બિચારાનું શું થશે એની ચિંતા કોઈને થતી નથી. સૌ પોતાના સ્વાર્થને રડે છે. પોતાની સ્વાર્થ ભાવનાથી દુઃખિત થાય છે. પોતાનું સુખ ચાલ્યું ગયું તેથી રડે છે. એમાં વૃક્ષનો કોઈ દોષ નથી.

નમિરાજર્ષિ આ વૃક્ષનો ને પંખીનો ન્યાય આપીને એ સમજાવે છે કે હે વિપ્ર! આ સંસાર સ્વાર્થની બાજી છે. જ્યાં સ્વાર્થનું સમરાંગણ સર્જાયેલું છે. તમે કહો છો કે તમે દીક્ષા લીધી માટે પરિવાર રડે છે, રાણીઓ રડે છે, સૈન્ય રડે છે ને સારા નગરની પ્રજા રડે છે, પણ આ બધા મને કોઈ રડતા નથી. પોતાના સ્વાર્થને રડે છે. (અહીંયા પૂ. મહાસતીજીએ સંસાર કેવો સ્વાર્થી છે. એ વિષે સુંદર દૃષ્ટાંત આપ્યું હતું.) વૈરાગ્યના જોરદાર પવન આવતા મારું સંસાર રૂપી વૃક્ષ મૂળમાંથી ઉખડી ગયું. આજ સુધી એ બધાને હું સુખ આપતો હતો. મારા તરફથી મળતું તે સુખ બંધ થઈ ગયું. હવે હું તેનું ભરણપોષણ કરનાર ન રહ્યો, એટલા માટે નિરાશ્રિત થયેલા પક્ષીઓ રૂપી સંબંધીજનો પોતાના પૂર્વના સુખોને યાદ કરીને રડી રહ્યા છે. એ બધા પોતાના સ્વાર્થને રડે છે. એમાં મારો કોઈ દોષ નથી. વિરાટ વડલો જેમ ધરાશાયી બની જાય ને પંખીઓ પોતાના સ્વાર્થને રડે, પોતાનો આધાર ચાલ્યો ગયો એ પર આંસુઓ સારે, એમ મિથિલા પોતાનો સ્વાર્થ સરી જતા રોકકળ કરી રહી છે, નહિ કે મારી પ્રવ્રજ્યાથી. નમિરાજર્ષિના આત્મજ્ઞાનથી ભરપૂર, વૈરાગ્યરસથી છલકતા જવાબ સાંભળવા જેવા છે. મોહનીય કર્મનો ઉપશાંત થતા જાતિસ્મરણજ્ઞાન થતા આત્માનો ઉઘાડ થયો છે, તે આત્મા ઇન્દ્ર સામે આવા જડબાતોડ જવાબ આપી શકે. હજુ નમિરાજ શું કહેશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર** :– લક્ષ્મીદત્ત શેઠે વિચાર કર્યો કે હાલીચાલીને આવા શ્રીમંત ઘરની કન્યા દેવા આવ્યા છે તો મારે શા માટે ના પાડવી? કહ્યું છે કે "अपुत्रस्य गति र्नास्ति।" પુત્ર ન હોય તેની સદ્ગતિ થતી નથી, તે રીતે સંતાનના સંતાનો જોયા વિના મરનાર પિતાની સદ્ગતિ કઇ રીતે થાય? વળી જો હું મારા પુત્રને ન પરણાવું તો ભવિષ્યમાં મારા ધનનો વારસો કોણ સાચવે? માટે રોગથી પીડાતો ભલે હોય પણ એ પુત્રનું કોઈ પણ હિસાબે એ કન્યા સાથે વાગ્દાન કરવું. જ્યારે લગ્ન લઈશું ને પરણાવવા લઈ જવાનો થશે ત્યારે જોયું જશે, પણ અત્યારે તો સગાઈ નક્કી કરી લેવી. વણમાંગ્યા વણશોધ્યા રત્ન સામેથી આવ્યા છે એ એ જ બતાવે છે કે અમારા ભાગ્યોદયે એમને અહીં દોર્યા લાગે છે. વેવાઈ સુખી, શ્રીમંત છે. કન્યાનો ફોટો જોતા લાગે છે કે કન્યા ખૂબ સુંદર છે, માટે સંબંધ જતો કરવો યોગ્ય નથી. જો આવેલા સુંદર અવસરને જતો કરું તો મારા જેવો મૂર્ખ કોણ? માનવી પોતાના સ્વાર્થનો વિચાર કરે છે પણ

આવનારી બિચારી કન્યાનું શું થશે? તેની જિંદગી આવા કોઢીયા પુત્રની સાથે કેવી રીતે જશે? તેનો વિચાર કરતા નથી.

**માયા કપટ અંતરમેં રખકર, મધુર વચન બોલને લગા ।**
**શ્રેષ્ઠી વિચારતંત્રામેં જાગૃત, હોનેકા શબ્દ સુનાયા ॥**

લક્ષ્મીદત્ત શેઠ પુત્રને બતાવી શકે તેમ નથી ને સગાઈ કરવી છે તેથી માયાકપટ કરવા લાગ્યા. મીઠી મીઠી વાણીથી કહેવા લાગ્યા કે ભાઇ! આપ જે સામેથી આપની દીકરીને દેવા આવ્યા છો તો મારાથી ના કેવી રીતે પડાય? પણ મારો દીકરો તમારી કન્યા પાસ કરશે કે નહિ? તેથી સગાઈ કેવી રીતે કરવી? આમ મીઠું મીઠું બોલ્યા, પછી શેઠ જાણે ઉંડા વિચાર સાગરમાં ડૂબી ગયા હોય તેમ દેખાયું, તેથી કુશળદત્ત પૂછે છે શેઠ! એકાએક શા વિચારમાં પડયા? શું કાંઈ ચિંતા છે? કુશળ! ના.... ના... હું એ વિચારું છું કે તમે આટલે દૂરથી આવ્યા. તમારા શેઠની ભાવના જાણી પણ હું તમારી ભાવનાને વધાવી શકીશ કે કેમ?

કુશળદત્ત પૂછે છે, આપ એમ કેમ કહો છો? શેઠ કહે, મારો દીકરો હમણાં અભ્યાસ કરે છે. શેઠજી! અભ્યાસ સાથે વાગ્દાનનો શું સંબંધ? કુશળ! મારો દીકરો ભણવામાં ખૂબ હોંશિયાર છે. કાયમ એ ફર્સ્ટ કલાસ ફર્સ્ટ નંબરે આવે છે. (હસાહસ) જો અત્યારે ભણવાના સમયે હું એના વિવાહ કરું તો એનો અભ્યાસ બગડે છે. નારી સંસારનું સૌંદર્ય છે. નારી કોઈ વાર ભલભલા યોગીઓને પણ પછાડી દે છે. સંયમી જીવનની સાધના અને સ્થિરતાને પણ ક્ષણમાં પલટાવી દે છે, તો પછી એ સ્રીનું સૌંદર્ય, યૌવન, મારા અભ્યાસ કરતા કિશોરના દિલને હચમચાવી નાંખે એમાં કાંઈ નવાઇ નથી. તેમાં પણ યુવાનીના પમરાટનો પવન, એનો રંગ લાગ્યા વિના રહે ખરો? એ રંગ લાગ્યો એટલે અભ્યાસનો રંગ ચૂકયા વિના ન રહે. તેના ભણતરની બધી મહેનત પાણીમાં જાય અને તેનો અભ્યાસ અધૂરો રહે. આ કારણથી હાલમાં હું મારા દીકરાની સગાઇ કરવા ઇચ્છતો નથી. કુશળદત્ત કહે, શેઠજી! આવો અવસર ફરી ફરીને નહિ મળે. આવી સુંદર રૂપકન્યા હાથથી જતી રહેશે માટે વધાવી લો આ શ્રીફળ અને રૂપિયો! હવે સાંભળજો શેઠનું માયા-કપટ! દંભી અને કપટીની ભાષા તો જુઓ. શેઠે કુશળદત્તને શું કહ્યું તે સાંભળો.

હે કુશળ! મેનકા અને રતિ જેવી સુંદર કન્યાઓ માટે કેટકેટલા શ્રેષ્ઠીના કહેણુ આવી ગયા. મારા દીકરા માટે લગભગ હજાર છોકરીઓના કહેણુ આવ્યા હશે. (હસાહસ) છતાં તેને મેં વધાવ્યા નથી. હું મારા નિર્ણયમાં અડગ રહ્યો છું. આ સંસારમાં રંગરાગની છાયા આકર્ષક છે. તેમાં રૂપ અને યૌવન મુખ્ય ભાગ ભજવે છે મારો કિશોર પણ ભરયૌવનના પગથારે ઉભો છે. તમારી વાત સત્ય છે, પણ.... કુશળ કહે શેઠ! આપ બોલતા શા માટે અટકી ગયા? આપણે એવો કોઈ રસ્તો શોધી કાઢીએ કે જેથી મારી અને તમારી બંનેની ઇચ્છા ફળીભૂત થાય. લક્ષ્મીદત્ત શેઠને તો

આ જોઇતું જ હતું. એની વાતો બધી બનાવટી છે. અંદરથી તો એ જ ભાવ છે કે અમારા ભાગ્ય યોગે આ ભૂલો પડયો છે, તો હાથમાં આવેલ આ કન્યાનો અસ્વીકાર શા માટે કરવો ? તેમની તો એવી જ ઇચ્છા હતી કે મારું વચન રહે, માન સચવાય અને કાર્ય જલ્દીથી થઇ જાય એટલે બોલતા બોલતા અટકી ગયા.

કુશળ કહે, શેઠ ! આપના દીકરાનો અભ્યાસ પૂરો ન થાય ત્યાં સુધી અમે અમારી દીકરીને અમારે ઘેર રાખીશું. આપ આ વાત તો સ્વીકારશોને ! ભાઇ ! તારી વાત સાચી છે, પણ મારા દીકરાની અને મારી ઇચ્છા એવી છે કે હમણાં પાંચ વર્ષ ખેંચી કાઢવા. અભ્યાસ પૂરો થાય પછી સગાઇ કરવી. શેઠ ! આપ પાંચ વર્ષ પછી પણ આપના દીકરાને પરણાવવાના તો છો ને ! તો આપ આજને આવતીકાલ માની લો ને અમારી માંગણીનો સહર્ષ સ્વીકાર કરો. કુશળ ! એમ કેવી રીતે સ્વીકારાય ! શેઠના દિલમાં ભાવના કેવી છે ને ઉપરથી દેખાવ કેવો કરે છે ! કુશળ કહે શેઠ ! સારા કાર્યમાં વિલંબ કરવો એ ઠીક નથી. મને તો આશા હતી કે મારી આશા જરૂર સફળ થશે, પણ હવે એ આશા શું મારી નિરાશામાં ફેરવાઈ જશે ? આપના કિશોર અભ્યાસ કરે છે એ વાત સિવાય બીજો કોઈ વાંધો છે ? શું અમારી છોકરીમાં કંઈ ખામી દેખાય છે ?

**શેઠે પાથરેલી માયાજાળ** :– કુશળ ! તું એ શું બોલે છે ? શું છોકરીમાં વાંધો ? ના.... ના... રૂપ સૌંદર્યમાં તો જાણે સાક્ષાત્ દેવાંગના લાગે છે. આપ આપના કિશોરને બોલાવો. હું એમને સમજાવું. સમજાવવાનું કામ મારું છે. જો એ કિશોર મારી વાત સ્વીકારે તો તમે માન્ય કરશો ને ? પણ અત્યારે કિશોર અહીં નથી. તો મારી ઇચ્છા પૂર્ણ નહિ થાય ? આપ નિરાશ ન થાવ. આશા અમર રાખો. ઉત્સાહ એ જીવનનું મંગલ છે. કુશળ ! તમારો આગ્રહ ખૂબ છે માટે તમારી ઇચ્છાને સાકાર બનાવવા પ્રયત્ન કરીશ પણ એક શરતે. હવે કઈ શરત મૂકશે તે વાત અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૭૮

**આસો સુદ ૧૧ ને ગુરૂવાર** **તા. ૮–૧૦–૮૧**

અનંતજ્ઞાની કહે છે કે જગતમાં જીવને માટે કોઈ શરણભૂત કહો કે સાચો સખાયો કહો તો તે ધર્મ છે. સમસ્ત સંસારમાં સુખ અને શાંતિની ગંગોત્રી માત્ર ધર્મ છે, છતાં જીવોએ ધર્મ પ્રત્યે લાપરવાહી બતાવી છે. જેટલા ધનના સત્કાર સન્માન થાય છે તેટલા ધર્મના થતા નથી. સંસારમાં હંમેશા પાપના વાજા વાગતા રહે છે. સંસારમાં જે દુઃખ, ત્રાસ, સંતાપ, પરિતાપ, વેદનાઓ અને વિટંબણાઓ જોવા મળે છે તે પાપોનું ઉત્પાદન નહિ તો બીજું શું ? હું તો તમને એ જ કહું છું કે **તમે સર્વ પ્રથમ ધર્મ તત્ત્વના સાચા સ્વરૂપને સમજો.** ધર્મનું આચરણ કેટલું કરવું એ **તમારા મન ઉપર આધાર છે**, પણ એટલું નક્કી સમજજો કે ધર્મતત્ત્વની વાતો સાંભળશો., એનું વાંચન કરશો તો જરૂર તમારા હૈયામાં ધર્મપ્રત્યે પ્રેમ જાગશે, જો ધર્મ ગમશે તો એક દિવસ એ ધર્મતત્ત્વ તમારા જીવનમાં જીવંત બની જશે. તમારા જીવન

રૂપી શરીર પર ધર્મના અલંકારો ઝગમગી ઉઠશે. તમારા મન-વચન અને કાયા પર ધર્મની શોભા પથરાઈ જશે. તમારા વિચારમાં ધર્મની સુગંધ હશે, તમારી વાણીમાં ધર્મતત્ત્વનો મંજુલ નાદ હશે, તમારા દરેક આચારમાં, જીવનના તમામ વ્યવહારમાં ધર્મ રૂપી પુષ્પનું સૌંદર્ય છલકશે. તેનાથી તમને અપૂર્વ શાંતિ અને અનુપમ આનંદનો અનુભવ થશે.

પૂર્વ જન્મના પુણ્યોદય ઓછા હોય તો બાહ્ય ભૌતિક સુખ સગવડો ઓછી મળશે, પણ જો જીવનમાં ધર્મતત્ત્વને સ્થાન આપશો તો હૈયામાં શાંતિનો સૂર્ય ઉગશે. અનોખા આનંદનો સાગર ઘૂઘવશે. જેટલી શાંતિ મહત્ત્વપૂર્ણ છે એટલું સુખ મહત્વપૂર્ણ નથી. જેના હૈયાના હિંડોળે શાંતિ અને આનંદ છે, તેની આગળ અખિલ બ્રહ્માંડના સુખ પણ તેને સલામ ભરે છે. ભૌતિક સુખની પાછળ પાગલ બની ભટકનારાઓ આત્માનંદનું મૂલ્યાંકન કેવી રીતે કરી શકે? આત્માનંદ અને શાંતિ મેળવવા માટે જીવનમાં ધર્મને સ્થાન આપવું જરૂરી છે.

જેમના જીવનમાં આત્માનંદની અલૌકિક મસ્તી ખીલી રહી છે એવા આપણા નમિરાજર્ષિ કે જેમને ત્યાં અઢળક ભૌતિક સુખ સગવડો હોવા છતાં એનો ત્યાગ કરી સર્વવિરતિ ધર્મને જીવનમાં સ્થાન આપ્યું. એમનું જીવન ક્ષમા-સમતા-સરળતા રૂપી અલંકારોથી ઝગમગી ઉઠયું. ઇન્દ્ર તેમની પરીક્ષા કરવા આવ્યા. પ્રજાજનોનું કરૂણ આક્રંદન જોઈને કહે છે હે નમિરાજર્ષિ! આ બધાને જોઈને તમને અનુકંપા નથી આવતી? દયા નથી આવતી? તમારો અનુકંપા ધર્મ ક્યાં ગયો? દયા વગરનો શું ધર્મ કહેવાય ખરો? તમે અનુકંપા ધર્મ છોડીને દીક્ષા લીધી છે? "**દયા ધર્મ કા મૂલ હૈ**" તમારી દયા ક્યાં ગઈ? શું તમે દયાને દેશવટો દીધો છે? તમારી પત્નીઓ રડે છે, પુત્ર પરિવાર રડે છે. જે પ્રજા તમારા માટે પ્રાણ દેવા તૈયાર હતી, આપ પણ પ્રજાને પોતાના સંતાન સમાન ગણતા હતા, તે પ્રજા પોકાર કરે છે. કરૂણ સ્વરે વિલાપ કરી રહી છે, છતાં તમે તેમના સામું જોતા નથી! ત્યારે નમિરાજર્ષિએ કહ્યું—હે વિપ્ર! જેમ ઝાડ પડી જવાથી પંખીઓ રડે છે, તે ઝાડને નથી રડતા પણ પોતાને બેસવાનું ટળી ગયું, આશ્રય મળતો બંધ થયો તેથી પોતાના સ્વાર્થને રડે છે, તેમ એ બધાને પણ મારા તરફથી મળતું સુખ બંધ થઈ ગયું તેથી રડે છે. મારો અનુકંપા ધર્મ ચાલ્યો ગયો નથી. હું દયાહીન નથી. આ બધા મને રડતા નથી પણ તેમના સ્વાર્થને રડે છે.

જ્ઞાની પુરૂષોએ બે વાત બતાવી છે. એક સ્વાર્થ અને બીજો પરમાર્થ. સ્વાર્થ અંધકાર છે ને પરમાર્થ પ્રકાશ છે. જીવનમાં પ્રકાશ આપવાની તાકાત સ્વાર્થમાં નહિ પણ પરમાર્થમાં છે. માનવ જ્યાં સુધી પરમાર્થ તરફ પગલું માંડતો નથી ત્યાં સુધી સ્વાર્થની બદબૂ એના જીવનની આસપાસ ઝેરી હવામાન ફેલાવે છે. સ્વાર્થ માણસને ઝેરી બનાવે છે. સ્વાર્થ ખાતર માનવી સગાભાઈનું, સગા બાપનું કે પત્ની પોતાના પતિનું ખૂન

કરતાં પણ અચકાતી નથી. પરદેશી રાજા તરફ દૃષ્ટિ કરો. પરદેશી રાજા સૂરિકંતા રાણી પાછળ પાગલ હતા. તે રાણીના મન માંગ્યા સુખ પૂરા પાડતા હતા ત્યાં સુધી તો વાંધો ન હતો, પણ જ્યારે પરદેશી રાજાને કેશી સ્વામીનો ભેટો થયો ત્યારે તેમના આત્મામાં જાગૃતિ આવી, અને જીવનમાં રત્નત્રયીની શ્રદ્ધાનો રણકાર થયો. તેથી અનાસકત જીવન જીવવા લાગ્યા. પરિણામે સૂરિકંતા રાણીને સંસારના સુખ મળતાં બંધ થઈ ગયા, ત્યારે દીકરાને કહે છે, તારો બાપ હવે કંઈ કામનો નથી. એ તો જોગીડો બનીને બેસી ગયો છે, માટે એનું કાસળ કાઢી નાંખું ને તને રાજગાદીએ બેસાડું. છેવટે સૂરિકંતાએ ઝેર આપીને પરદેશી રાજાને મારી નાંખ્યા. આ સ્વાર્થ નહિ તો બીજું શું ? આનું નામ સંસાર.

સ્વાર્થી માણસનું જીવન-લક્ષ્ય એક જ હોય છે કે બીજાનું ગમે તે થાય, પણ મારે સુખી થવું છે. કેટલી હલકી મનોવૃત્તિ કહેવાય! સ્વાર્થ માનવને અંધ બનાવે છે. બીજાના સુખ-દુઃખ જોવાની દૃષ્ટિ ખૂંચવી લે છે. પરમાર્થ માનવને પ્રફુલ્લિત બનાવે છે. પરમાર્થથી માનવની આંખો ખુલી જાય છે. પોતાના સુખ-દુઃખ કરતાં પણ બીજાના દુઃખ પ્રત્યે વધુ સહાનુભૂતિવાળું વલણ એ દાખવી શકે છે. જગતના જીવોની મનોવૃત્તિનું વિશ્લેષણ કરવું હોય તો ત્રણ રીતે કરી શકાય. "હું સુખી થાઉં" એ મનોવૃત્તિ સ્વાર્થના ઘરની છે. "મારી જેમ બીજા પણ સુખી થાય" એ મનોવૃત્તિ પરમાર્થના ઘરની છે. "હું ભલે દુઃખી થાઉં પણ બીજા તો સુખી થાવ" આ મનોવૃત્તિ ઉત્કૃષ્ટ પરમાર્થના ઘરની છે.

પોતાના દુન્યવી સુખની ચિંતા એ સ્વાર્થ છે. સ્વાર્થવૃત્તિ જેવું આ વિશ્વમાં બીજું કોઈ પાપ નથી. એ વાત જો જીવનમાં સમજાઈ જાય તો માનવના જીવનમાં પલટો આવ્યા વિના રહે નહિ. એક કવિએ કહ્યું છે કે, **"સ્વાર્થના સહુ સગા."** આ પંક્તિમાં મોટો ભેદ છૂપાયેલો છે. સ્વાર્થના સહુ સગા છે, પણ સ્વાર્થીનું કોઈ સગું નથી. કેવી આ અજબની અજાયબી છે! જો સ્વાર્થ આપણને ગમતો હોય તો સ્વાર્થી, પણ આપણને ગમવા જોઈએ પણ ગમતા નથી. સ્વાર્થી માણસથી તો આપણે દૂર ભાગીએ છીએ. એનો પડછાયો લેવાની પણ ભૂલ કરતા નથી. આ અજાયબી જ છે ને! આ અજાયબી બતાવે છે કે સ્વાર્થ આપણને ગમે ભલે, પણ સ્વાર્થ એ સારી ચીજ નથી. તમારો સ્વાર્થ કોઈ વાર તમને દગો દેશે ને તમને જોખમમાં મૂકશે. ઈતિહાસ પણ એ બતાવે છે કે સ્વાર્થની મેલી રમતો દ્વારા બીજાની ગરદન કપાવી નાંખનારા રાજાઓની ગરદન કપાઈ હોય તો એ સ્વાર્થની મેલી રમતો દ્વારા કપાઈ છે. આવા સ્વાર્થની પાછળ આંધળા બની જઈ જીવન જીવવા કરતાં પરમાર્થ ખાતર પ્રાણ દેનાર મહાન વિભૂતિઓને આંખ સામે આદર્શ રૂપે રાખી જીવનનો સાચો આનંદ લૂંટવા પ્રયત્ન કરવો જોઈએ.

પરમાર્થ ખાતર જેણે પોતાનું જીવન સંયમ માર્ગમાં ઝંપલાવ્યું છે, જેમના દિલમાં સ્વ-પર કલ્યાણની ભાવના છે, એવા નમિરાજર્ષિએ ઈન્દ્રને કહ્યું કે, આ બધા રડે છે. એ સૌ સ્વાર્થને રડે છે. આ જગત આખું સ્વાર્થનું ભરેલું છે. બધાને મારા મારા માનો છો, પણ સમય આવ્યે ખબર પડે કે કોણ કોનું છે? એક દૃષ્ટાંત આપું. એક વખત

એક નગરમાં મહાન અવધૂત યોગી–સંન્યાસી મહાત્મા પધાર્યા. તેમનો આત્મા ખૂબ પવિત્ર હતો. રાજાને આ વાતની ખબર પડી. આ રાજાને કોઈ વાતનું દુઃખ ન હતું. તેની રાણીઓ, સંતાનો બધા આજ્ઞાંકિત ને ગુણીયલ હતા. તેમની સુવાસ ગુલાબના ફૂલની માફક ચારે બાજુ પ્રસરી ગઈ છે. રાજા ન્યાય નીતિથી રાજ્ય ચલાવે છે. રાજા સાધુ સંતોના ખાસ ભક્ત હતા. રાજાને ખબર પડી કે ગામ બહાર મહાત્મા પધાર્યા છે એટલે તરત ત્યાં ગયા. ત્યાં જઈને તેમને વંદન નમસ્કાર કરીને કહ્યું, ગુરુદેવ! આપ મહેલમાં પગલા કરો. આ જૈનના સંત ન હતા પણ સંન્યાસી સંત હતા. રાજાએ ખૂબ આજીજી કરી. સંત રાજાના મહેલમાં ગયા.

મહાન પુરુષો ખૂબ દીર્ઘદૃષ્ટિવાળા હોય છે. એ વિચાર કરે કે રાજમહેલમાં મારા જવાથી કંઈક લાભ થશે તો જાય. ભગવાને કહ્યું છે કે મારો સાધક પૂર્વે છોડીને આવેલા સુખોને, એ સ્થિતિને કોઈ દિવસ યાદ ન કરે કે હું રાજાનો દીકરો હતો કે શેઠનો દીકરો હતો. મારે ત્યાં આવા વૈભવ હતા, આવું સુખ હતું, એ કદી યાદ ન કરે પણ અનાથી મુનિએ પોતાની પૂર્વાવસ્થા શ્રેણીક રાજાને કહી. તેમાં અનાથી મુનિને લાગ્યું કે શ્રેણીક રાજાનું શ્રેય થવાનું છે તેથી તેમણે પૂર્વાવસ્થાનું વર્ણન કર્યું, તેમ અહીં સંન્યાસીને થયું કે હું રાજમહેલમાં જઈશ તો કંઈક લાભ થવાનો છે, તેથી તેઓ રાજમહેલમાં ગયા. રાજાએ ખૂબ માન સન્માનથી સંતને મહેલમાં રાખ્યા. ખૂબ સેવા–ભક્તિ કરી. ત્રણ ચાર દિવસ રહ્યા પછી સંત કહે રાજન્! હવે હું જાઉં છું. મહાત્મા! આપ રહોને, શું મારી સેવા ભક્તિમાં ખામી છે? ના, રાજન્! એવું નથી. જ્યાં મોહનું સામ્રાજ્ય હોય, મોહના દૃશ્ય હોય, એવા સ્થાનમાં રહેવા કરતાં ગુફામાં રહેવું સારું, માટે હું હવે જાઉં છું. જતાં જતાં સંત કહે છે રાજન્! તેં મારી ખૂબ સેવા ભક્તિ કરી છે, તારી નિઃસ્વાર્થ સેવાથી હું તારા પર પ્રસન્ન થયો છું, માટે કંઈક માંગ. જે માંગશે તે મળશે. રાજા કહે મારે કંઇ નથી જોઈતું. આપ જેવા સંતોની કૃપાથી મને બધું જ મળ્યું છે, મારે કોઇ ઊણપ નથી. મારે ત્યાં સુંદર ગુણીયલ સ્ત્રીઓ છે, સેંકડો સૈનિકો છે, મને સંતોષ થાય એવા મારા સંતાનો છે, સંપત્તિ છે, સામ્રાજ્ય છે, સરસ અને સુદૃઢ શરીર છે. અરે, શું નથી મારી પાસે કે હું તમારી પાસે માગું? રાજાની આ વાત સાંભળી સંતને હસવું આવી ગયું, આથી રાજાને આશ્ચર્ય થયું કે કેમ સંત હસ્યા? રાજાએ કહ્યું, ગુરુદેવ! આપ કેમ હસ્યા? શું મારી કંઈ ભૂલ થઈ છે?

**રાજાની દૃષ્ટિ ખોલાવતાં સંત**:–સંતે કહ્યું, રાજા, એ વાત જવા દે. વધુ જાણવા–સમજવામાં કંઈ મઝા નથી. જો હું તને બધું કહીશ તો તારું અત્યારનું બધું સુખ લુપ્ત થઈ જશે. એ કરતાં ન પૂછ એ વધુ કલ્યાણકારી છે. સંતે આમ કહ્યું એટલે રાજાની જિજ્ઞાસા વધતી ગઇ, પછી તો પૂછવું જ શું? સ્ત્રીહઠ, બાળહઠ અને રાજહઠ. રાજાએ હઠ મૂકી નહિ. સંતે કહ્યું શા માટે હાથે કરીને દુઃખ વહોરી લે છે? અંતે રાજા ન માન્યા ત્યારે સંતે તેને એક દર્પણ આપ્યું. રાજા કહે મારે ત્યાં દર્પણનો પાર

નથી. રાજન્ ! આ દર્પણ સામાન્ય દર્પણ જેવું નથી. આ દર્પણમાં તને નગ્ન સત્ય દૃષ્ટિગોચર થશે. આ દર્પણ તને સૌના દિલ બતાવશે. તારી પત્ની, તારા સંતાનો, તારા સૈનિકો, સગાવહાલા એ બધાનો તારા પ્રત્યે કેવો પ્રેમ છે તે તને સત્ય સમજાશે. આ દર્પણ હાથમાં લઇ બે મિનિટ પ્રભુનું ધ્યાન ધરીને પૂછવું કે, મારી રાણીઓનો મારા પ્રત્યે સાચો પ્રેમ છે કે મોહ છે ? જો રાણીઓનો અંતરનો સાચો પ્રેમ હશે તો દર્પણ આકાશ જેવું સ્વચ્છ દેખાશે અને જો ખોટો પ્રેમ હશે તો દર્પણ પર ઘનઘોર કાળા વાદળા જેવા ધાબા દેખાશે, અને દર્પણ પર યોગ્ય લખાણ પણ આપોઆપ લખાઇ જશે. અહો ! આ તો અદ્‌ભુત કહેવાય. આવી વસ્તુ મળે એટલે જોવાનું મન જલ્દી થઈ જાય. તમને પણ આવી વસ્તુ મળે તો તરત જ ઉપયોગ કરવાનું મન થાય ને ?

રાજાએ દર્પણ સામે ઉભા રહી બે મિનિટ પ્રભુનું ધ્યાન કરીને પૂછયું કે મારી રાણીઓનો મારા પ્રત્યે પ્રેમ કેવો છે ? ત્યાં તો દર્પણ કાળું ધબ થઈ ગયું. રાજા તો આ દૃશ્ય જોઈ રહ્યા. આમાં મારે શું સમજવું ? તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેમણે દર્પણને કહ્યું—શું મારી રાણીઓ મારા પર સાચો સ્નેહ નથી રાખતી ? શું તે પ્રેમના નાટક કરે છે ? જે હોય તે સ્પષ્ટ લખાઈને આવે. તરત દર્પણ પર લખાઈ ગયું કે તારી રાણીઓ જ્યાં સુધી તારી પાસે ધનના ભંડાર છે, તારા તરફથી મનમાન્યા સુખો મળે છે ત્યાં સુધી તારી છે. તારી રાણીઓ તને નથી પરણી પણ સંપત્તિને પરણી છે. રાજાને કલ્પના પણ ન હતી કે મારી રાણીઓ આટલી સ્વાર્થી હશે ! પછી બીજો પ્રશ્ન પૂછયો—હે દિલ દેખાડનાર દર્પણ ! મારો પુત્ર પરિવાર મને કેવો ચાહે છે ? તેમનો પ્રેમ તો સાચો છે ને ? તેઓ તો મને જરૂર શુદ્ધ નિષ્ઠાથી ચાહતા હશે. દર્પણ તો અષાડ માસના કાળા વાદળાઓથી ઘેરાયેલા આકાશ જેવું થઇ ગયું. આ જોઇને રાજાના હૈયે ડૂમો ભરાઈ ગયો ને રડવા લાગ્યા. શું મારા સંતાનો પણ મને નથી ચાહતા ? શું તેઓ હાથીના દાંત જેવા છે ? ત્યાં તો દર્પણમાં લખાઈને આવ્યું કે તારા સંતાનો તો તારા મૃત્યુને ઝંખે છે. રાત–દિવસ તેઓ એ જ પ્રાર્થના કરે છે કે કયારે આ બુઢ્ઢા બાપા મરે ને કયારે આ રાજગાદી અમને મળે ? આ વાંચતા રાજાના દુઃખનો તો પાર ન રહ્યો. અરરર... જે બાળકોનો પડયો બોલ ઝીલું છું, પાણી માંગતા દૂધ હાજર કરું છું, એ સંતાનો મારું આવું ઇચ્છે છે ! હું જેમને માટે દીર્ઘાયુ બને એવી પ્રભુ પાસે પ્રાર્થના કરું છું, તેઓ જ મારા મૃત્યુની ઇચ્છા રાખે છે ? આથી વધુ દુઃખની વાત કઈ હોઈ શકે ? રાજાને તો ચિંતાનો પાર ન રહ્યો. કયા પિતાને આવી વાતથી દુઃખ ન થાય ?

રાજાએ ત્રીજી વાર દર્પણને પૂછયું—મારા સૈનિકો, મારું લશ્કર-જેઓ મારું લૂણ ખાય છે તેઓ તો મને જરૂર ચાહતા હશે ? દર્પણ તો કાળું ધબ થઈ ગયું. રાજાએ પૂછયું, આમ કેમ ? ત્યાં તો દર્પણમાં લખાઈ ગયું. રાજા ! વિચાર તો કર, ખુદ તારા સંતાનો તને નથી ચાહતા ત્યાં તારા લશ્કરની વાત કયાં કરવી ? જ્યાં સુધી

એમને પગાર મળે છે ત્યાં સુધી તારા. જ્યારે પગાર મળતો બંધ થઈ જશે ત્યારે તને છૂટ કરતા પણ અચકાશે નહિ. આ વાંચી રાજાને બહુ દુઃખ થયું. અરેરે...કોઈને મારા પ્રત્યે સાચો સ્નેહ નથી! શું બધા સંપત્તિના સગા છે? રાજા આ પ્રમાણે વિચાર કરતા હતા ત્યાં રાજાનો ખાસ અંગરક્ષક જેવો કૂતરો ત્યાં આવ્યો ને રાજા સાથે ગેલ કરવા લાગ્યો. રાજાના મનમાં થયું કે લાવ, જોઉં તો ખરો કે આ કૂતરાનો મારા પ્રત્યે પ્રેમ કેવો છે? રાજાએ દર્પણ સામે ધરીને પૂછ્યું હે દર્પણ! તું મને એ બતાવ કે આ કૂતરાને મારા પ્રત્યે પ્રેમ કેવો છે? દર્પણ પાણી જેવું સ્વચ્છ બની ગયું. પહેલા તો રાજાના મનમાં થયું કે શું આ સત્ય હશે? શું એક કૂતરા જેવું પ્રાણી મને દિલથી ચાહે છે? મારી રાણીઓ, સંતાનો મને નથી ચાહતા, ત્યાં એક મૂંગું જાનવર મને ચાહે છે? ત્યાં દર્પણમાં શબ્દો પડ્યા, હે રાજા! આ કૂતરો તને પ્રાણથી અધિક પ્રેમ કરે છે, તારા પર કોઈ શત્રુએ આક્રમણ તો નથી કર્યું ને? તને કોઇ દુઃખ કે હાનિ તો પહોંચી નથી ને? તે રાત-દિવસ એ ચિંતા કરે છે કે જેનો રોટલો મારા પેટમાં પડ્યો છે એનો બદલો પ્રાણના ભોગે પણ વાળી આપવો જોઈએ. મારા પ્રાણના ભોગે પણ તેનું રક્ષણ કરીશ. આ મારો માલિક છે, પાલણહાર છે.

આ વાંચી રાજાની આંખમાં હર્ષના આંસુ આવી ગયા. પોતાની રાણીઓ, સ્વજનો બધા ભલે મને ન ચાહે પણ આ પ્રાણી તો ચાહે છે ને? રાજાને એટલો સંતોષ થયો. તેણે વહાલથી કૂતરાને માથે હાથ ફેરવતા કહ્યું—મારા વહાલા અને વફાદાર સાથીદાર! મારો ખરો ચાહક તું જ છે. તું માનવ કરતાં આજે શ્રેષ્ઠ પૂરવાર થયો. મારી રાણી, પુત્રો કોઇનો સાચો પ્રેમ નથી. જ્યારે તું જે એક પશુ હોવા છતાં મને ચાહે છે. માત્ર એટલું જ નહિ, પણ વખત આવ્યે પ્રાણનું બલિદાન દેવા તૈયાર છે. ધન્ય છે તારી વફાદારીને! અને ધિક્કાર છે એ સ્વાર્થી આપ્તજનોને કે જેઓ મારા મૃત્યુની રાહ જુવે છે, તેઓ એકાંત સ્વાર્થીલા છે. આ બનાવ બન્યા પછી હવે રાજા આ સંસારમાં રહે ખરા? તેમને સંસાર પરથી મોહ ઉઠી ગયો અને રાજ્યનો બધો કારભાર પુત્રોને સોંપી સંન્યાસી બની ગયા.

નમિરાજર્ષિએ પણ વિપ્રને એ જ વાત કરી કે આ બધા રડે છે તે સૌ પોતાના સ્વાર્થને રડે છે. આ પ્રમાણે વાતચીત કરતા હતા, ત્યાં શું બન્યું?

**एस अग्गी य वाऊ य, एयं डज्झइ मंदिरं ।**
**भयवं अन्तेउरं तेणं, कीस णं नावपेक्खह ॥१२॥**

હે ભગવાન! આ અગ્નિ અને વાયુ (પવન) દ્વારા રાજમંદિર (રાજમહેલ) બળી રહ્યા છે, તથા આપનું અંતઃપુર પણ બળી રહ્યું છે, છતાં આપ તેની સામે દૃષ્ટિ પણ કરતા નથી, તો એનું શું કારણ છે? આ પ્રમાણે ઇન્દ્રે નમિરાજર્ષિને પ્રશ્ન પૂછ્યો, હવે નમિરાજા તેનો શું જવાબ આપશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર-કિશોરને જોવાની કુશળાની તમન્ના :** કુશળદત્તના ખૂબ આગ્રહથી શેઠે કહ્યું, હું તમારી આશા પૂર્ણ કરીશ, પણ એક શરતે. કઈ શરત? આપ કહો છો તે

પ્રમાણે કિશોરનો અભ્યાસ પૂરો ન થાય ત્યાં સુધી લગ્ન નહિ કરવાના. બોલો હવે તો આપની આશા સફળ બનશે ને? શેઠે એકદમ સીધી આ રીતે વાત કરી, તેથી કુશળ ચમક્યો. કુશળ ખૂબ બુદ્ધિશાળી હતો. તેણે ગંભીરભાવે કહ્યું–તમારી વાતથી તો આનંદ જ હોય ને! પણ આપ એકવાર આપના કિશોરને બોલાવો તો તેની સાથે બધી વાતચીત કરવાથી આપણું કાર્ય સુંદર બને. માત્ર વિચારના સુમેળથી કાર્ય કરવાથી ક્યારેક ભવિષ્યમાં વિપત્તિ ઉભી થાય છે. શેઠ સમજી ગયા કે કુશળદત્તની ઇચ્છા કિશોરને જોવાની છે અને જોયા પછી એ સગાઈ કરવા ઇચ્છે છે. સાથે એ વાત પણ સત્ય છે કે જો એ મારા કિશોરને જોશે તો વાગ્દાન કરશે નહિ, તેથી માયાવી વાત ઉભી કરીને કહ્યું, મારો દીકરો તો અહીંથી હજારો માઈલ દૂર તેના મોસાળમાં રહે છે ને અભ્યાસ કરે છે. કુશળની કુશળતા પણ ઓછી નથી. તેણે કહ્યું–હું બે ચાર દિવસ રોકાઈ જઈશ. આપ આપના માણસને તેડવા મોકલો. શેઠના મનમાં થયું કે હવે બાજી પલટાઈ ગઈ. તેમણે કહ્યું–મારો દીકરો હજારો માઈલથી આવે ને જાય તેમાં તેનો કેટલો સમય બગડે? અભ્યાસ કેટલો બગડે? આપણે અરસપરસ વિચાર કરીને નક્કી કરીએ. મને શ્રદ્ધા છે કે મારો કિશોર ક્યારે પણ મારું વચન નહિ ઉથાપે. શેઠજી! આ તો આખી જિંદગીનો પ્રશ્ન છે. બાહ્ય આડંબર જોઇને ઉતાવળ કરી પગલું ભરવાથી પછી તેના જીવનમાં હોળી પ્રગટે તો શું થાય? માટે મારી ભાવના એવી ખરી કે એનું મુખડું કેવું છે એ તો જોવું જ જોઇએ. સાથે તેની ચતુરાઈ, બુદ્ધિ, હોંશિયારી, ચાલ, બોલવું વગેરે પણ જોવું જોઇએ. વળી મારા શેઠે પણ સાત વાર ભલામણ કરી છે કે તું છોકરો બરાબર જોજે, એ બહેરો–બોબડો તો નથી ને? એને પાસે બોલાવીને જોજે, ચલાવી જોજે. જેથી ખ્યાલ આવે કે પગમાં કાંઈ ખોડ તો નથી ને! બુદ્ધિમાં બરાબર પાવરધો તેજસ્વી છે ને! બધી રીતે બરાબર તપાસ કરીને પછી છોકરીનું વાગ્દાન કરજે. જોયા વગર કરીશ નહિ. છોકરાને જોયા વગર કરવાથી ક્યારેક પસ્તાવાનો વખત આવે છે ને છોકરી દુઃખી થાય છે. જો હું છોકરો જોયા વગર કરું તો મેં મારા શેઠનો વિશ્વાસઘાત કર્યો કહેવાય, માટે આપ આપના કિશોરને તેડાવો. તેને જોયા પછી અમારી શુભમતિનું વાગ્દાન કરીશ.

**ઈસ કાર્ય મેં ચિંતા મત કીજીયે, ગુણ, બુદ્ધિ, ચાતુર્ય કા સાગર,**
**રૂપ લાવણ્યકા સીફારત, હમસે કહા ન જાવે.**

શેઠ કહે–આ કાર્યમાં તમે ચિંતા ન કરો. તેના રૂપ, લાવણ્ય અને બુદ્ધિનું તો પૂછવું જ શું? રૂપમાં તો મને જુઓ અને કિશોરને જુઓ. ભલે મારે એક જ પુત્ર છે, પણ મારા કરતાં ચઢિયાતો છે, જાણે દેવસ્વરૂપ જોઈ લો. (હસાહસ). મારા કરતાં પણ સવાયો છે. હું પણ એમ માનું છું કે આવા કાર્ય કરતા પહેલાં પાત્ર, કૂળ, સ્થળ વગેરે જોવું તો જોઇએ જ, પણ શું થાય? કિશોરનું મોસાળ ઘણું દૂર છે. આપ મારા પર શ્રદ્ધા રાખો, વિશ્વાસ રાખો. શેઠજી! અવિશ્વાસ જેવી કોઈ વાત નથી. આપના પર મને શ્રદ્ધા છે, પણ મારું અને મારા શેઠનું વચન રહે એ માટે કિશોરને બોલાવો. છોકરો

જોવા માટે કુશળનો આગ્રહ વધતો જાય છે, પણ છોકરો છે જ નહિ, તો બતાવવો કયાંથી? છોકરો તો ભોંયરામાં રક્તકોઢના રોગથી ભારે પીડા ભોગવે છે. એની ભારે દુર્ગંધ આવે છે. ખુદ મા–બાપ પણ પંદર દિવસ સુધી જતા નથી, પછી બીજાની તો વાત જ કયાં કરવી!

**શેઠની માયાની મરામત :** ચતુર શેઠે હવે છેલ્લો પાસો ફેંકયો અને ધીમેથી બોલ્યા, કુશળદત્ત! મેં મારો આગ્રહ અને કિશોરના વચનને બાજુએ મૂકી તમારી ભાવના વધાવવાની વાત કરી ત્યારે તમે છોકરાને જોવા માટેનો આગ્રહ કરો છો. આપની ઈચ્છા હોય તો ખુશીથી કરો વાગ્દાન! નહિતર મારે ઉતાવળ નથી. મારો કિશોર તો હજુ ભણે છે. કુશળદત્ત કહે–શેઠજી! તમારે ઉતાવળ ન હોય, પણ દીકરીના મા–બાપને તો ઉતાવળ હોય ને! હું આટલે દૂરથી આવ્યો તો શું ખાલી હાથે પાછો જાઉં? નહીં. આપ મારું આટલું વચન રાખો ને કિશોરને બોલાવો, અને તેની સાથે અમારી શુભમતિનું સગપણ કરીને અમને આનંદિત કરો. કુશળ! ભલે, જોઈશું. શેઠે જોઇશ કહ્યું, એટલે કુશળને આશા બંધાણી કે હવે કામ સફળ થશે. આશાની પાછળ ઘોર કાલિમા છે. એને કયાં ખબર છે? શ્રેષ્ઠીની વાતો સ્વાર્થ સાધક છે. એની ગંધ પણ કયાંથી આવે? કુશળને આશા બંધાણી તેથી તે ત્યાં રોકાયો.

આ માયાવી શેઠ તો પોતાને છોકરો બતાવવો પડે નહિ તે માટે ઉપરથી કેવી બાજી રમે છે કે જેથી કુશળ તેમાં અંજાઈ જાય. કુશળનો ખૂબ સત્કાર સન્માન કરે છે, પણ આ સત્કારની પાછળ શ્રેષ્ઠીનું ષડયંત્ર ચાલું હતું. ચાંદીના બાજોઠ પર સોનાની થાળીમાં કુશળને જમવા બેસાડયો. જમી રહ્યા પછી સારા સારા સુગંધી પદાર્થોના વિલેપન કરાવ્યા. સ્નાન કરાવ્યું. સૂવા માટે રત્નજડિત પલંગમાં મખમલની સુંવાળી શય્યામાં કુશળને સૂવાડયો. કુશળ એક સેવક હોવા છતાં તેની સરભરા કરવા શેઠ પોતે જાતે ઉભા રહ્યા. જાણે શું બોલ્યા ને શું બોલશે! એક શેઠની જે સરભરા ન થાય તે એક સેવકની થઈ રહી છે. આ રીતે સત્કાર–સન્માનમાં ત્રણ દિવસ પૂરા થયા. કુશળનું મન વ્યગ્ર બની ગયું. તેણે શેઠને પૂછયું, તમારો કિશોર કયારે આવશે? શેઠ કહે–કુશળ! હું લાચાર છું. મારો કિશોર આવી શકશે નહિ. શું નહિ આવે? ના. આ માણસ સમાચાર લાવ્યો છે કે હમણાં તેની પરીક્ષાનો સમય છે, માટે નહિ આવે. આપ થોડા દિવસ વધુ રોકાઈ જાવ. કેટલા દિવસ રાહ જોવાય? ઘેર મારા શેઠ રાહ જોતા હશે. આટલા દિવસ રહીને જો હું કાર્ય અધૂરું રાખીને જાઉં તો સારું ન કહેવાય. હવે શું થશે તે અવસરે.

## વ્યાખ્યાન નં.-૭૯

**આસો સુદ ૧૨ શુક્રવાર** તા. ૯-૧૦-૮૧

જે તીર્થંકર પરમાત્માએ પરમ શાશ્વત સુખ પામવાનો પંથ બતાવ્યો, મોક્ષ-માર્ગનો પ્રેરક ઉપદેશ આપ્યો એ તીર્થંકર પ્રભુ પ્રત્યે આપણા અંતરમાં અમાપ મમતા અને અપાર સ્નેહ હોવો જોઈએ. તીર્થંકર પ્રભુના ગુણ ગાવાથી, તેમના જીવન અને ઉપદેશનું ચિંતન, મનન, સ્મરણ કરવાથી તેમના પ્રત્યે પ્રેમ જાગૃત થશે. તેમના જ્ઞાનગુણ, દર્શનગુણ, વીતરાગતા અને અનંતવીર્ય આ ચાર અક્ષય ગુણોનો વિચાર કરવામાં આવે તો પણ તેમના માટે હૈયામાં પ્રેમ ઉછળશે. જેમને કોઈના પ્રત્યે રાગ નથી, કોઈના પ્રત્યે દ્વેષ નથી, જેમને કોઈ ચીજનો મોહ નથી, અને જે અનંત જ્ઞાની છે તેમના સુખની તો વાત જ શી કરવી ? તેમનું સુખ અક્ષય, અખંડ અને શાશ્વત છે. તેમનું સુખ શબ્દાતીત અને અવર્ણનીય હોય છે. દુનિયાએ રાગમાં સુખ માન્યું છે. આથી વીતરાગતાથી મળતા સુખની તેને કલ્પના નથી. રાગીના સુખ કરતાં વીતરાગીનું સુખ અનંતગણું વધારે હોય છે. કહ્યું છે કે

**यत्सर्व विषयकाक्षोद्भवं, सुखं प्राप्यते सरागिणा ।**
**तदन्तकोटिगुणितं, मुधैव लभते विगतरागः ।**

રાગીના સુખથી વીતરાગીનું સુખ અનંતગણું વધુ હોય છે. વીતરાગી સદેહ પણ હોય છે અને વિદેહ પણ હોય છે. તીર્થંકર અને બીજા કેવળજ્ઞાની સદેહ વીતરાગી હોય છે અને મોક્ષમાં ગયેલા વિદેહ વીતરાગી હોય છે. સદેહ વીતરાગી અને વિદેહ વીતરાગી બંનેનું સુખ સમાન હોય છે. આવા પરમ સુખી સદાને માટે શાશ્વત સુખી વીતરાગી પ્રભુ પ્રત્યે આપણા હૈયામાં છલોછલ અને ભારોભાર પ્રેમ હોવો જોઈએ. ગુણોની દૃષ્ટિથી પણ તેમના પ્રત્યે અપરંપાર પ્રમોદભાવ હૈયે ઉભરાવો જોઈએ. તેમના શ્રેષ્ઠ પુણ્ય પ્રકર્ષથી દુનિયાના કરોડો લોકો તેમના પ્રત્યે આકર્ષાય છે. તેમના ગુણવૈભવથી પ્રભાવિત થાય છે. આવા પ્રભુ પ્રત્યે પ્રેમ જગાડવાનો છે. જેમ જેમ પ્રભુ સાથે પ્રેમ ગાઢ અને ઘનિષ્ઠ બનતો જશે તેમ તેમ સંસારના તુચ્છ, અસાર અને ક્ષણિક સુખો પરથી મન ઉઠતું જશે. રાગી, દ્વેષી જીવો સાથેના પ્રેમબંધન છૂટતા જશે. મન પ્રસન્નતાથી ભરાઈ જશે. પ્રભુના ગુણોની વિચારણાથી જીવનમાં ગુણસમૃદ્ધિ વધતી જશે. બીજાના ગુણો જોઈને જેમને હર્ષ થાય છે તેમની મતિ હંમેશા સમતા સાગરમાં નિમગ્ન રહે છે. તેમનો મનઃપ્રાસાદ શોભાયમાન થાય છે. આવા સર્વગુણસંપન્ન વીતરાગ ભગવાનની વાણી તેનું નામ સિદ્ધાંત. આપણા અધિકારમાં નમિરાજર્ષિ અને ઈન્દ્ર વચ્ચે ચર્ચા ચાલે છે. ઈન્દ્રે પહેલો પ્રશ્ન એ કર્યો કે તમારી નગરીમાં આટલો બધો કોલાહલ કેમ મચી રહ્યો છે ? ત્યારે નમિરાજર્ષિએ જે જવાબ આપ્યો તે સાંભળીને ઈન્દ્ર તો છક્ક થઈ ગયા. એમને તો ગમે તે રીતે આ વૈરાગીની પરીક્ષા કરવી હતી, તેથી એમનો જવાબ સાંભળીને બેસી રહ્યા નહિ પણ ત્યાં એમણે બીજું દૃશ્ય ઉભું કર્યું ! એમણે ખૂબ આશ્ચર્ય અને દુઃખ સાથે કહ્યું. રાજર્ષિ ! રે ! રે ! આ શું ? મિથિલા ભડકે બળી રહી છે. પવનના

સૂસવાટા આગના ભડકાને વધારી રહ્યા છે ને આપ અહીં ઉભા છો ? રે ! રે ! જુઓ, જુઓ–આગની આ જીવલેણ ઝાળો છેક આપના રાજભવન સુધી પહોંચી. અરે ! હમણાં અંતેઉરને પણ આ આગ ઝડપી લેશે. વકરેલો અગ્નિ મોટા મોટા પ્રાસાદો, રાજમહેલો અને દિવાલોના કોળીયા કરી જતો દેખાય છે. હમણાં જ આ આખી મિથિલા રાખ બની કે બનશે એવી જીવલેણ આગ છે. આ જીવલેણ આગમાં આખી પ્રજા હોમાઈ છે. ચારે બાજુથી 'બળીએ છીએ' 'બળીએ છીએ' અને 'બચાવો બચાવો'ના હૃદયભેદક પોકારો થઈ રહ્યા છે. પ્રજાની કાળી ચીચીયારીઓ સંભળાય છે. આપના અંતેઉરમાં રાણીઓ પણ રોકકળ મચાવી રહી છે ને બચાવો, બચાવોની બૂમો પાડે છે. પ્રજાની ચીસો ને એના ચિત્કારો શું આપના દિલને પીગળાવતા નથી ! શું વાત્સલ્યનું એ વહેણ આજે સૂકાઈ ગયું છે ? શું તમને તમારી રાણીઓ, અંતેઉર બધું અગ્નિમાં બળતું જોઈને દયા નથી આવતી ? તમારી ભાગવતી દીક્ષામાં શું દયાને સ્થાન નથી ? આ તમારી પ્રજા બળી રહી છે. ઘણી મહેનતે બનાવેલા પ્રાસાદો ભસ્મીભૂત થાય છે. આ બિચારા નિર્દોષ પ્રાણીઓ આગમાં તરફડે છે. અરે રાજર્ષિ ! તમારી ૧૦૦૮ રાણીઓ તમારી મદદ ઈચ્છે છે. બચાવો...બચાવો...ની બૂમો પાડે છે. બિચારી તમારા જેવા શૂરવીરને પરણવા છતાં અનાથ છે. મિથિલા ભડકે બળી રહી હોય ત્યારે તેનો રાજવી જંગલમાં ઉભો રહે એ કેમ પાલવે ? આપ જરા એ બાજુ દૃષ્ટિ કરીને જુઓ તો ખરા ?

ઈન્દ્રના આ પ્રશ્નનો આશય એ છે કે જેવી રીતે તમે તમારા જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયની રક્ષામાં પ્રવૃત્ત થયા છો તેવી રીતે તમારે તમારી દરેક વસ્તુની રક્ષા કરવી જોઈએ. જો આપ દયાળુ અને પહેલા દરજ્જાના નીતિજ્ઞ છો તો આપનું એ કર્તવ્ય છે કે આપની બળી રહેલી રાજધાની મિથિલાને બચાવવાનો પ્રયત્ન કરવો જોઈએ, પણ એ વાત તરફ તો બિલકુલ ધ્યાન આપતા નથી કે તેના સામે દૃષ્ટિ પણ કરતા નથી. આખી મિથિલાને, એના મહેલે મહેલને એક ભયંકર આગ ઘેરી વળી હોય, આવું ભયંકર દૃશ્ય ઈન્દ્રે રાજર્ષિની પરીક્ષા માટે ઉભું કર્યું હતું, પણ આ દૃઢ વૈરાગી એમ ડગે એવા ન હતા ! ઈન્દ્રે આ બે પ્રશ્નો જે કર્યા તે માત્ર સ્નેહ દૃષ્ટિને લઈને કર્યા છે. અર્થાત્ નમિરાજર્ષિને પોતાની નગરી પ્રત્યે, રાણીઓ પ્રત્યે, પરિવાર પ્રત્યે મોહ છે કે નહિ, તેની પરીક્ષા કરવા આવા દૃશ્યો ખડા કર્યા હતા, પણ આ રાજર્ષિ એવા મોહના પ્રલોભનોમાં ફસાય તેવા નથી. જેને એક વાર સત્ય સમજાઈ ગયું, જેને સ્વાનુભૂતિ થઈ ગઈ હોય, તે પરપુદ્ગલની માયામાં ન ફસાય, તે તો આત્માનંદની અલૌકિક મસ્તી માણતા હોય. કહ્યું છે કે

**यः पश्येत् नित्यमात्मानमनित्यं परसंगमम् ।**
**छलं लब्धुं न शक्नोति, तस्य मोहमलिम्लुचः ॥**

જે આત્માને સદા અવિનાશી જુએ છે અને પર વસ્તુના સંબંધને વિનશ્વર જુએ છે તે મુનિના આત્મપ્રદેશમાં પ્રવેશ કરવા માટે મોહ રૂપી ચોરને કોઈ છિદ્ર મળતું નથી.

આત્માનું અવિનાશી સ્વરૂપે દર્શન કરવાનું છે. તે માત્ર એક બે કલાક માટે નહિ, પણ જ્યારે આત્મા તરફ દૃષ્ટિ જાય ત્યારે એમ વિચારવું જોઈએ કે મારો આત્મા અવિનાશી છે. જ્યારે સમજાય કે મારો આત્મા અવિનાશી છે, શાશ્વત છે, ત્યારે વિનાશી શરીર, પરપુદ્ગલો અને ભૌતિક સંપત્તિના દર્શનમાં નિરસતા આવે. અવિનાશી આત્માની પ્રીતિ થઈ ગયા પછી પરપુદ્ગલના સંયોગો અનિત્ય લાગે. જે અનિત્ય છે તેના સંયોગથી શું? એ સંયોગ વિયોગ રૂપ બની જાય છે. દરેક પરપુદ્ગલમાં અનિત્યતાનો ભાસ થાય ત્યારે પર સંયોગમાં કે પર સંયોગના વિયોગમાં નથી થતો આનંદ કે પ્રમોદ કે નથી થતો વિષાદ! જીવ પર–પુદ્ગલના સંયોગમાં ફસાયો એટલે મોહરાજાને આત્મભૂમિમાં પ્રવેશ કરવાનો માર્ગ મળી જાય છે. જ્યાં જીવે પરવસ્તુમાં સુખની કલ્પના કરી કે મોહ આત્મભૂમિમાં પ્રવેશી ગયો. આ મોહને દૂર કરવા માટે પરસંયોગ અનિત્ય છે એવી દૃષ્ટિ ખોલવાની જરૂર છે.

અનાદિકાળથી જીવે પરમાં સુખ માન્યું છે, પણ આત્મામાં સુખનું દર્શન કર્યું નથી. આત્મામાં સુખનું દર્શન થાય માટે આત્મા નિત્ય છે, અવિનાશી છે, શાશ્વત છે એવી તત્ત્વદૃષ્ટિ આપવામાં આવી છે. જ્યાં સુધી આ દૃષ્ટિ ખુલતી નથી ત્યાં સુધી મોહ આત્મભૂમિમાં પ્રવેશી જાય છે અને ભયંકર બરબાદી કરી જાય છે. નમિરાજર્ષિની તત્ત્વ-દૃષ્ટિ ખુલી ગઈ છે. જેને એક વાર સ્વાનુભૂતિ થઈ જાય તેવો આત્મા પરપુદ્ગલની માયામાં લપટાય નહિ. પુણિયા શ્રાવકનું નામ તો આપે ઘણીવાર સાંભળ્યું હશે.

આ પુણિયા શ્રાવક રોજ સામાયિક કરતા. ૧૨ વ્રતમાં સામાયિકના વ્રતનો નંબર કેટલામો છે? નવમો. સામાયિક એ કાંઈ સામાન્ય ચીજ નથી. સામાયિક ક્યારે લઈ શકાય? આગળના પ્રાણાતિપાત, મૃષાવાદ આદિ આઠ વ્રતોનું પાલન કર્યા પછી નવમા સામાયિક વ્રતમાં આવી શકે છે. સામાયિક એટલે આત્મ સ્વભાવમાં સ્થિર થવાની ચાવી. સમતાભાવમાં રમણતા એનું નામ સામાયિક. એનો રસ એક વાર ચાખ્યો હોય તો તે રસ દાઢમાં રહી જાય. જેમ ભીલના બે છોકરાઓએ ક્યારે પણ કેરી જોઈ ન હતી, ચાખી પણ ન હતી. એ રસ્તેથી કોઈ દયાળુ માણસ નીકળ્યો. તેણે આ ભીલના છોકરાઓને કેરી આપી. તે છોકરાઓએ કેરી ખાધી. કેરી ખૂબ મીઠી લાગી. તે છોકરાઓ ઘેર જઈને તેમના માબાપને કહે છે, કે બાપુજી! બાપુજી! આજે અમે કંઈક ખાધું છે. બેટા! શું ખાધું? અમને નામ નથી આવડતું. તે છોકરાઓએ કેરી ખાધી તેનો સ્વાદ તેમની દાઢમાં રહી ગયો. તમે કોઈ વાર જમવા જાવ ત્યાં રસોઈ બહુ ટેસ્ટફુલ હોય, બબ્બે ફરસાણ હોય ને મસાલાથી ભરપુર હોય ત્યારે તમે કહો છો કે આજનું જમણ દાઢમાં રહી ગયું છે, પણ કોઈ દિવસ કહો છો ખરા કે આજે મેં ભગવાનની વાણી સાંભળી તેનો સ્વાદ મારા અંતરમાં રહી ગયો?

પુણિયા શ્રાવકની સામાયિક એટલે સામાયિક. જેના રોમરોમમાં સમતારસ ભરેલો છે. જેમની સામાયિક એ માત્ર દેહની સામાયિક નથી પણ આત્માના ગુણોની સામાયિક છે. એનું મૂલ્ય જગતમાં કોઈ પણ વસ્તુથી આંકી શકાય એમ નથી. આવા પુણિયા શ્રાવક એક દિવસ સામાયિક લઈને બેઠા છે, પણ તેમનું ચિત્ત સ્થિર રહેતું નથી. ચિત્તને એકાગ્ર કરવા ઘણી મહેનત કરી પણ તેમનું ચિત્ત સ્થિર થયું નહિ. સામાયિક પૂર્ણ થયા બાદ તેમણે પોતાની ધર્મપત્નીને પૂછયું, શું આજે આપણાથી કંઈ ભૂલ થઈ ગઇ છે? આજે આપણા ઘરમાં અનીતિનું, અણહક્કનું કાંઈ પણ આવ્યું છે ખરું? પત્નીએ કહ્યું, ના. પુણિયા શ્રાવકે કહ્યું, આજે સામાયિકમાં મારું ચિત્ત એકાગ્ર રહી શકયું નથી, માટે મને આવી શંકા પડે છે. એવું કાંઇ બન્યા વિના મારા ચિત્તની પ્રસન્નતા નંદવાય નહિ, માટે તું શાંતિથી વિચારીને મને જવાબ આપ.

થોડીવાર વિચાર કરતાં તેને કંઈક યાદ આવ્યું હોય તેમ પતિને કહ્યું, આજે સાંજે હું આવી ત્યારે ખૂબ ઉતાવળ હતી તેથી પાડોશીને ઘેરથી આપણા છાણા લાવતા કદાચ એકાદ છાણું પાડોશીનું આવી ગયું હોય તેમ લાગે છે. બસ...હવે સમજાઈ ગયું. એ તારી ભૂલ છે. તેં ધણીની આજ્ઞા વગર લીધું, માટે જા, જઇને પાછું આપી આવ. આ એનો ગૂનો કે ભૂલ કહેવાય? છતાં એટલી ભૂલને ભૂલ ગણી. આપણે તો કેટલી ભૂલો કરતા હોઈશું. ડગલે ને પગલે ભૂલો કરીએ છીએ, છતાં આપણને એ ભૂલો ભૂલ રૂપે દેખાતી નથી. પુણિયા શ્રાવકે સામાયિકનો કેટલો મીઠો મધુરો રસ પીધો હશે! પત્નીની આટલી સામાન્ય ભૂલે સામાયિકમાં મનની સ્થિરતા ન રહી! કયાં એમની સામાયિક ને કયાં આપણી સામાયિક! એવી એક સામાયિકના મૂલ્ય કેટલા? ખુદ ભગવાને શ્રેણીક રાજાને કહ્યું, જો પુણિયા શ્રાવકની એક સામાયિકનું ફળ મળે તો તારી નરક અટકી જાય. વિચાર કરો કે સામાયિકનું મૂલ્ય કેટલું? પુણિયા શ્રાવકે પત્નીને કહ્યું, જા, પાછું આપી આવ. નીતિના દુઃખ સારા પણ અનીતિના પાપ ભૂંડા. એ તો ઘર બગાડે ને આપણા ભવોભવ બરબાદ કરી નાંખે. પોતાના પતિની આટલી સજાગ દશા જોઈ ધર્મપત્નીનું જીવન પતિના પવિત્ર ચરણોમાં ઝૂકી ગયું.

સંસારમાં વસવા છતાં સંસાર જેને સ્પર્શી શકતો નથી એવા પુણિયાના જીવનમાં સંતોષનો સાગર કેટલો છલકાઈ રહ્યો છે? માત્ર એક ટંક ખાવાનું મળે એટલી કમાણી કરવાની, બીજા દિવસની ચિંતા નહિ અને તમે? ધનના ઢેર નીચે ખડકાઈ જાવ એટલું ધન મળે તો પણ જીવનમાં સંતોષ નહિ. આ પુણિયો શ્રાવક પહેલેથી ગરીબ ન હતો. ખૂબ ધનાઢય હતો. તેનું નામ પૂનમચંદ શેઠ હતું, પણ એકવાર ભગવાનની વાણી સાંભળી. ભગવાનની વાણીની મૂશળધારાએ તેમના હૃદયના પરિગ્રહવૃત્તિના પડદા ભેદી નાંખ્યા ને પરિગ્રહની મર્યાદા કરી અને સંતોષથી જીવન ચલાવવા લાગ્યા ને આત્મસાધના કરવા લાગ્યા.

ભાઈ, ભગિની, પત્ની, પુત્ર, નોકરચાકર આદિ સચેત પરિગ્રહ અને સોનું, ચાંદી

આદિ અચેત પરિગ્રહનો ત્યાગ કર્યો, એવા નમિરાજર્ષિને ઇન્દ્રે કહ્યું–કે તારી મિથિલા ભડકે બળી રહી છે, તારી રાણીઓ બચાવો–બચાવોની બૂમો પાડે છે. પ્રજાજનો બધાની કાળી ચીચીયારીઓ સંભળાય છે, છતાં તમે તેના સામું પણ જોતા કેમ નથી? આ પ્રમાણે ઇન્દ્રે પ્રશ્ન કર્યો.

**एयमट्ठं निसामित्ता, हेऊकारण चोइओ।**
**तओ नमिरायरिसि, देविन्दं इणमब्बवी ॥१३॥**

દેવેન્દ્રના આ પ્રશ્નને સાંભળીને તેના દ્વારા હેતુ અને કારણથી પ્રેરિત કરાયેલા નમિરાજર્ષિએ ઇન્દ્રને આ પ્રમાણે કહ્યું.

હવે નમિરાજર્ષિ ઇન્દ્રને કહેશે કે હું કેવી રીતે જીવું છું, કેવી રીતે વસું છું વગેરે તેના પ્રશ્નોનો કેવો સુંદર જવાબ આપશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર** :–લક્ષ્મીદત્ત શેઠે બનાવટી વાતો ઉભી કરી છે. કુશળ તેમના ઘરમાં ત્રણ–ચાર દિવસ રહ્યો છતાં તેને એટલી ગંધ સરખી પણ ન આવી કે શેઠનો દીકરો કોઢીયો છે ને ભોંયરામાં પૂરેલો છે. શેઠે કહ્યું–કુશળ! મારો દીકરો તો હમણાં આવી શકે એમ નથી. જો તમારી ઇચ્છા કુમારને જોઇને સગપણ કરવાની હોય તો આ ગામમાં અબજોપતિ અને કુબેરપતિના સારા સારા પુત્રો છે. બ્રહ્મદત્ત, નાગદત્ત વગેરે બધી રીતે રૂપમાં, ગુણમાં, જ્ઞાનમાં સુંદર છે. જો આપ કહો તો બતાવું. શેઠના આ વાકચો સાંભળીને કુશળના મનમાં થયું કે આ શેઠને વાગ્દાન માટે કાંઇ પડી નથી. તેમને તો એક નહિ ને બીજી અનેક કન્યા આવશે માટે છોકરો તો સારો હશે. શ્રેષ્ઠીની માતબર સંપત્તિ પર કોણ ન ઝૂકે? એક નહિ તો બીજો. જો હું કદાગ્રહ રાખીશ તો આવી મબલખ ઋદ્ધિવાળું એકેય ઘર કે વર નહિ મળે. કદાગ્રહથી કામ બગડે છે ને પાછળથી પસ્તાવાનો વખત આવે છે. શી શ્રેષ્ઠીની આતિથ્ય કરવાની કળા! આવી ઠકુરાઇ ભાગ્યશાળીને મળે છે. સંપત્તિ અને સૌંદર્યનો સમાગમ હોવા છતાં કેટલી નમ્રતા! કેટલો વિનય! જેનામાં આવા ઉત્તમ સદ્ગુણો હોય તો તેના સંતાનોમાં ગુણો કેમ ન હોય! દીપકમાંથી જ્યોત પ્રગટે છે તેમ સદ્ગુણી પિતાના સંતાનો સદ્ગુણી જ હોય ને!

હવે તેના હાર્દ અને લોહીનો એક ધબકારો હતો, એક જ અવાજ હતો કે બાપ કરતા બેટા સવાયા! સંબંધ કરી લે! તન, મન અને નયનના એકરારે તેને ભૂલાવ્યો. વિચાર પલ્ટાયા. ઘરની અને શેઠની મહત્તા જોઇને છોકરાનું અનુમાન બાંધી લીધું. છોકરો જોયા વિના કન્યાનું વાગ્દાન કરવું નહિ એ વાત મનમાંથી કાઢી નાંખી ને કહ્યું, શેઠજી! તમારી ઉદારતા જોઇને મારે તો શુભમતિનું વાગ્દાન તમારા કિશોરદત્ત સાથે કરવાનું છે. આપ સ્વીકારો એટલીવાર. પોતાનું કાર્ય હવે પાર પડશે એમ જાણી શેઠ મૌન રહ્યા. કુશળે કહ્યું, શેઠજી! આપની ખુશીમાં અમારી ખુશી. મારા શેઠની કન્યા તમારા પુત્રને આપું છું. લો આ શ્રીફળ અને રૂપિયો. શુભમતિનું સગપણ થઈ ગયું. કુશળને શેઠની કેટલી ભલામણ હતી કે તું છોકરો જોયા વગર શુભમતિનું

સગપણ કરીશ નહિ, છતાં શેઠના મીઠા વચનોમાં અંજાઈ ગયો. છોકરાને જોયો નહિ ને સગપણ કરી લીધું. શેઠ પર વિશ્વાસઘાત કરી છોકરીનું વાગ્દાન કર્યું. શેઠના તો રોમરોમમાં આનંદ છે. શેઠે પોતાના સ્વજનોને ઘેર બોલાવી જમાડયા. કોઢીયા પુત્રનું નસીબ ગણો કે પિતાનું કિસ્મત ગણો, પણ શેઠ આજે અહોભાગ્ય માનતા હતા. બધી વિધી પતાવીને કુશળદત્તે જવાની રજા માંગી. શેઠે કુશળને સારા ઉત્તમ વસ્ત્રાભૂષણો આપીને વિદાય આપી.

**આઠ દિન બીત ગયે તભી, શેઠ શેઠાનીકો ચિંતા હોવે,**
**અભી કયોં ન આયા, અભી કયોં ન આયા, હમારા પ્યારા કુશલ.**

કુશળદત્તના હૈયામાં આનંદનો પાર નથી. કયારે મારા શેઠ પાસે જાઉં ને શુભ વધામણી આપું. બીજી બાજુ કુશળના ગયા પછી ગામમાં બે ત્રણ છોકરાની સગાઈ શુભમતિ સાથે કરવા કહેણ આવ્યા. માબાપના મનમાં થયું કે છોકરો સારો છે. આપણો જાણીતો ને જોયેલો, પણ કુશળ સમાચાર લઈને ન આવે ત્યાં સુધી શું થાય? જો ન કરીએ તો વાત હાથથી જાય એવી છે, પણ શું થાય? જો કિશોરદત્ત સાથે શુભમતિનું સગપણ ન થયું હોય તો અહીં થઈ જાય! દીકરીના માબાપ સંતાનના સુખ માટે કેટલી ચિંતા કરતા હોય છે! ધનદ શેઠ અને શ્રીમતી શેઠાણી ખૂબ ચિંતા કરે છે. કુશળને ગયા આઠ આઠ દિવસ થયા છતાં હજુ આવ્યો નથી, શું થયું હશે? હજી કેમ નથી આવ્યો? શેઠ શેઠાણી રાહ જોતા હતા ત્યાં રણઝણ કરતો રથ આવ્યો. શેઠ શેઠાણી બહાર નીકળ્યા. કુશળની આંખોમાં સંતોષની છાયા, હસતું મુખડું અને કાર્ય સમાપ્તિનો આનંદ જોતાં શેઠ શેઠાણીના મનમાં ઉછળતા તરંગો શાંત થઇ ગયા. કુશળે શેઠ શેઠાણીને પ્રણામ કર્યા, પછી બધા સાથે અંદર ગયા. શેઠાણી કહે કુશળ! કેટલો વિલંબ! કુશળ! તારી કુશળતા! તેં તો અમને ચિંતામાં મૂકી દીધા. શેઠાણી! વિલંબ તો ઘણો થયો. મહામુશીબતે વેવાઇની પરોણાગતેથી છૂટી શકયો છું. શું તેમનો આતિથ્ય સત્કાર! શું તેમની મહેમાનગતિ! તેનો બહુમૂલ્ય વસ્ત્રાભૂષણોથી કરેલો સત્કાર! એ બધી વાત કરી.

પછી કહે છે, શું તેમના મહેલ છે! જાણે સ્વર્ગ નીચે ઉતર્યું ન હોય! શું તેમનો વૈભવ! તેમના નોકર ચાકરના બંગલા છે એવા આપણા બંગલા પણ નથી. કુશળે તો ખૂબ વખાણ કર્યા. શેઠાણી કહે કુશળ! જો તારે આટલા દિવસ રોકાવાનું થયું તો સંદેશો મોકલાવ્યો હોત તો? શેઠાણી! સાચી વાત છે. શેઠ કહે શેઠાણી! કુશળ બિચારો લાંબી મુસાફરી કરીને આવ્યો છે તો એના સુખ સમાચાર પૂછવાને બદલે પ્રશ્નોની ઝડી વરસાવો છો? તેને જમવાની સગવડ કરો. તે જમી લે પછી આપણે તેને બધી હકીકત પૂછીએ. બધાનું મન શુભ સમાચાર જાણવા ઉત્સુક બન્યું હતું. કુશળે લક્ષ્મીદત્ત શેઠના મહેલનું, તેના આતિથ્ય સત્કારનું જે વર્ણન કર્યું તે સમાચાર સાંભળતા ધનદ શ્રેષ્ઠીના મુખ પર જરા પણ આનંદ દેખાતો નથી. કુશળના મુખ પર અનોખું હાસ્ય હતું.

જમીને કુશળ અને શેઠ–શેઠાણી બધા બેઠા, પછી કુશળ કહે સ્વામી! આપણી

શુભમતિના પુણ્યનો સિતારો ચમકયો છે. શું કહું તેના શ્વસુરગૃહની ઋદ્ધિ, સંપત્તિ! તેમનો સ્વભાવ સવાલાખ રૂપિયાનો છે. શી એમની મમતા! તેમની કારકીર્દિ અને ધાર્મિક ભાવના પણ સારી છે. જેવા શેઠ છે તેવો જ તેમનો પરિવાર છે. શેઠના એક વચન પર પાંચને બદલે પચ્ચીસ દાસ-દાસીઓ હાજર થાય છે. ભીમપુર નગરમાં વસતા સર્વ ધનપતિઓમાં લક્ષ્મીદત્ત શેઠનું સ્થાન મોખરે છે. શ્રેષ્ઠીનો વૈભવ અજોડ છે. રાજદરબારી ઠાઠથી રહે છે. શેઠે શુભમતિબેનનું સગપણ કર્યું ત્યારે પાણીની માફક લક્ષ્મી વેરી હતી. આપણી દીકરી બધી રીતે સુખી થશે. કુશળની બધી વાતો શેઠે સાંભળી, પણ તેમના મુખ પર આનંદ નથી. તેમણે કહ્યું, કુશળ! મસ્તક વિનાના શરીરનું વર્ણન શું કામનું? તેં અત્યાર સુધી બધી વાતો કરી. તેનો શ્વસુરપક્ષ બધા રીતે સુંદર અને સુખી છે, પણ એ તો કહે કે જમાઈરાજ કેવા છે? બંગલા બધું જોયું પણ જમાઈ જોયો છે કે નહિ? વરમાંથી ઘર થાય પણ ઘરમાંથી વર ન થાય, માટે જમાઈરાજ કેવા છે એ વાત કર. હવે કુશળ શું કહેશે તે વાત અવસરે.

---

## વ્યાખ્યાન નં.-૮૦

**આસો સુદ ૧૩ ને શનિવાર** **તા. ૧૦-૧૦-૮૧**

અનંતજ્ઞાની મહાપુરુષોએ ચાર પુરૂષાર્થ બતાવ્યા છે. અર્થ, કામ, ધર્મ અને મોક્ષ. એ ચારમાં અર્થ અને કામ એ બે હેય છે, સંસારને વધારનાર અને દુર્ગતિમાં લઈ જનાર છે. ધર્મ અને મોક્ષ એ બે ઉપાદેય છે. એ સંસારને ઘટાડનાર અને મોક્ષના સુખને આપનાર છે. જેના હૈયામાં મોક્ષનું લક્ષ હોય તેના હૈયામાં ધર્મનો વાસ હોય છે. મોક્ષાર્થી જીવ ધર્મને પ્રધાન માને, અર્થ-કામને ગૌણ માને. સંસારી સમ્યગ્દૃષ્ટિ જીવો અર્થ અને કામના સુખ ભોગવતા હોય છે, છતાં તેઓ તે ભોગસુખને એકદમ હેય માનતા હોય છે. ભોગસુખને ઉપાદેય માનવાથી જોખમનો ને દુઃખનો પાર નથી. જો ગૃહસ્થ જીવનમાં અર્થ અને કામની જરૂર જણાતી હોય તો તેનું સુખ મેળવવા શું કરવું? સંસારના વૈભવ-વિલાસો મેળવવા માટે ધનની જરૂર ગણાય પણ તેમાંથી સુખ મેળવવા માટે તો નીતિની જરૂર છે. ધનથી વૈભવ મળે અને નીતિથી સુખ મળે એટલે ન્યાયનીતિસંપન્ન વૈભવથી ભોગસુખ મળે. આ જગતમાં એવો કોઈ માનવ નહિ હોય કે જે માત્ર વૈભવને ઇચ્છતો હોય અને તેનાથી મળતાં સુખ-શાંતિને ન ઇચ્છતો હોય. હું તમને પૂછું કે તમને માત્ર અખુટ વૈભવ મળી જાય, પણ જીવનમાં, કુટુંબમાં શાંતિ ન મળે તો ચાલે ખરું? શરીરની નિરોગીતા-સ્વસ્થતા ન મળે તો ચાલે ખરું? ના. વૈભવ ગમે તેટલો હોય, પણ શરીર નિરોગી ન હોય તો એ વૈભવ શા કામના! માટે અપેક્ષાથી વિચાર કરીએ તો લાગશે કે વૈભવ કરતા પણ સુખ શાંતિનું મહત્ત્વ વધારે છે. જેને આ સુખ-શાંતિ મેળવવા હોય તેણે ન્યાયનીતિથી ધન ઉપાર્જન કરવું જોઇએ. એવા નીતિસંપન્ન ધનથી જે વૈભવો મળે તેમાં સુખ-શાંતિ પણ સાથે મળે.

મારી આ વાતથી આપ રખેને એવું ન સમજતા કે મહાસતીજી ગૃહસ્થોને વૈભવ મેળવવાની વાત કરે છે. અમે તો ગૃહસ્થોને વૈભવનો ત્યાગ કરવાનો ઉપદેશ આપીએ. તમારા વૈભવના, સુખશાંતિના વિચાર અમે ન કરીએ. અમારી દૃષ્ટિની તો આખી વાત જુદી છે. અમારી તો શાસ્ત્રદૃષ્ટિ છે. જે શાસ્ત્રકાર ભગવંતો કહે છે તે અમે કહીએ છીએ. તેમાં એક કાનો માત્ર આઘોપાછો થઈ જાય તો અમારા દિલ બળી જાય, કારણ કે કાનો, માત્ર આઘોપાછો થવાથી અર્થનો અનર્થ થઈ જાય છે. જ્ઞાનીમહર્ષિઓ તો કહે છે કે નીતિની પણ ધનકમાણી એ પરિગ્રહ છે. તે પણ છોડવા જેવો છે. ભગવાન સૂયગડાંગ સૂત્રમાં બોલ્યા છે.

**चित्तमंतमचित्तं वा, परिगिज्झ किसामवि ।**
**अन्नं वा अणुजाणाइ, एवं दुक्खा ण मुच्चइ ॥ અ. ૧. ઉ. ૧. ગા. ૨**

જે માણસ દ્વિપદ એટલે બે પગા મનુષ્ય અને ચતુષ્પદ એટલે ચાર પગવાળા પશુઓ આદિ સચેત પરિગ્રહ અથવા સોનું, ચાંદી, ધન-ધાન્ય આદિ અચેત પરિગ્રહ અથવા તૃણાદિ તુચ્છ પદાર્થોને અલ્પમાત્રામાં પણ પરિગ્રહના રૂપમાં સ્વયં રાખે છે અને બીજાને પરિગ્રહ રાખવાની અનુમતિ આપે છે તે દુઃખથી મુક્ત થતા નથી.

પરિગ્રહનો નંબર પાંચમા પાપમાં છે. પરિગ્રહના કારણે જીવ, હિંસાદિ અનેક પાપો કરે છે. સંસારના બધા સમારંભ રૂપ કાર્યમાં હું અને મારું આ પ્રકારનો સ્વાર્થ, મોહ, આસક્તિ, મમત્વ અને તૃષ્ણાની બુદ્ધિ હોય છે. કોઈ વસ્તુને દ્રવ્ય અને ભાવ રૂપથી બધી રીતે ગ્રહણ કરવી ને તેમાં મમત્વબુદ્ધિ રાખવી એ પરિગ્રહ છે. જેની રગરગમાં મૂર્છા ભરી છે તેને માટે તુચ્છમાં તુચ્છ વસ્તુ પણ પરિગ્રહ છે, અને જેની બુદ્ધિમાં બાહ્ય વસ્તુઓ તો શું પોતાના શરીર પ્રત્યે પણ મૂર્છા નથી તેને માટે સાત માળનું ભવન અને અબજોની સંપત્તિ એ પણ પરિગ્રહ નથી. સોના ચાંદી આદિ બહુમૂલ્ય વસ્તુઓ પણ તેના માટે ધૂળ સમાન છે. ગમે તેટલી લલચાવનારી વસ્તુઓ હોવા છતાં પણ તેના પ્રત્યે મમત્વભાવ નહિ હોવાથી તે પરિગ્રહ નથી. મહાપુરૂષો બોલ્યા છે—

**ન પરિગ્રહ તે કીધો, જ્ઞાતપુત્ર મહર્ષિએ,**
**તે પરિગ્રહ મૂર્ચ્છામાં, માને છે લોકના પ્રભુ.**

જેની પાસે ધન, માલ, મિલકત, અપાર સંપત્તિ હોવા છતાં તેના પ્રત્યે મૂર્ચ્છા નથી તો તે પરિગ્રહવાન નથી, પણ તેના પ્રત્યે જો મૂર્છા છે તો તેને મહાપુરૂષોએ પરિગ્રહ કહ્યો છે. મૂર્છાથી જેની બુદ્ધિ ગ્રસ્ત થઈ ચૂકી છે, તેને માટે સારું જગત પરિગ્રહ રૂપ છે. જેને મૂર્ચ્છા નથી તેને માટે સારું જગત અપરિગ્રહ રૂપ છે. માનવી ગમે તેટલો પરિગ્રહ ભેગો કરે, પણ ઘણીવાર એવું બને છે કે અબજોપતિ હોવા છતાં, મૃત્યુ સમયે એની કાળજી રાખનાર કે ખબર લેનાર કોઈ હોતું નથી.

પરદેશમાં એક અબજોપતિ હતો. સંપત્તિ અને સુખનો સાગર તેના આંગણે છલકતો હતો. તે રોજના વીસહજાર ડોલરના ભાડાની હોટલમાં એકવીસમા માળે એકલો રહેતો

હતો. આટલી મોટી શ્રીમંત પાર્ટી તેથી તેના દુશ્મનો પણ ઘણા હતા. તેને કોઈ મળવા આવે તો તે પહેલા બધી બરાબર તપાસ કરાવતો ને પછી પોતાના મહેલમાં આવવા દેતો. એવા મોટા માણસોને પળે પળે શત્રુઓનો ભય કંપાવતો હોય છે, એટલે એને પળે પળે સજાગ રહેવું પડે. તેણે જીવનમાં પાંચ પત્નીઓ સાથે લગ્ન કર્યા હતા, પણ આ અબજોપતિ અબજોની મિલ્કત હોવા છતાં સુખે ખાય નહિ ને કોઇને ખાવા દે પણ નહિ. એના જીવનનું ધ્યેય એક જ હતું, માત્ર પૈસા કમાવાનું! તેના આવા મખ્ખીચુસ સ્વભાવથી તેની પત્નીઓ કંટાળી ગઈ. અહો! આપણે ત્યાં આટલી સંપત્તિ છતાં સુખે રોટલો પણ ખાવા મળતો નથી, તેથી એક પછી એક પાંચે પત્નીઓ તેને છોડીને ચાલી ગઈ. પાંચ પત્નીઓમાંથી એકે પત્નીને સંતાન તો થયા ન હતા, તેથી પત્નીઓ ચાલી જતાં પોતે સાવ એકલો બની ગયો.

આ અબજોપતિ માનવ આટલો સુખી હોવા છતાં ન મળે ઘરમાં કોઈ નોકર ચાકર કે ન મળે દાસ–દાસી, તેથી હવે તો સાવ એકલો રહ્યો. માનવીના પાસે કરોડોની કે અબજોની સંપત્તિ હોય છતાં એકવાર મૃત્યુ આવવાનું એ તો નક્કી છે, અને મૃત્યુ આવશે ત્યારે આ અબજોની સંપત્તિ તેને મૃત્યુના મુખમાંથી બચાવી શકતી નથી. એક રાત્રે તે સૂતો હતો. અચાનક હાર્ટના હુમલાથી તેનું એકાએક અવસાન થયું. સવાર થતાં આજુ-બાજુમાં ખબર પડતાં ડોકટરને બોલાવ્યા. ડોકટરે તેને તપાસીને કહ્યું કે આ માણસની જો થોડી પણ સારવાર થઈ હોત તો તે બચી જાત. હાય! વીસ અબજના માલિકની કાળજી પણ રાખનાર કોઈ ન હોય એવું બને ખરું? અબજોની સંપત્તિ શી કામની? ન કોઈ દિવસ દાન પુણ્ય કર્યા કે ન તો પોતાના માટે કાળજી રાખી! પરિણામે અબજોની સંપત્તિ અહીં રહી ગઈ ને એકલા આ દુનિયામાંથી વિદાય લેવી પડી. એના મૃત્યુના સમાચાર મળતાં પાંચ પત્નીઓ ત્યાં આવી. શા માટે આવી? ખબર છે ને! મિલ્કતનો ભાગ લેવા. જુઓ આ તમારો સ્વાર્થી સંસાર! એ પાંચે પત્નીઓએ અબજોની સંપત્તિના હક્કની માંગણી કરવા કોર્ટના બારણા ખખડાવ્યા, પણ એ બિચારો વીલ પણ કરી ગયો નથી. કયાંથી મળે? ધન પાછળ જેણે પોતાનું જીવન ધૂળ કરી નાંખ્યું ને અંતે મરીને દુર્ગતિના બારણા ખખડાવવા ચાલ્યો ગયો, માટે ધન પ્રત્યેની મૂર્છા–મમત્વ જીવને દુઃખના ઊંડા સાગરમાં ધકેલી દે છે, માટે ભગવાને પરિગ્રહને પાપ કહ્યું છે.

ધનની મૂર્છાવાળા સંસારી જીવો જ્યારે વૈભવો મેળવવા માંગે છે અને તે માટે ધનની કમાણી કરવા ઇચ્છે છે, ત્યારે અમારે એટલું તો કહેવું પડે છે કે ભાઈ! ધન કમાવું ને પરિગ્રહ ભેગો કરવો તે પાપ છે, છતાં તું ધન મેળવવા ઇચ્છે છે તો તું જે ધન કમાય તે નીતિથી કમાજે. અનીતિથી તો કદાપિ ધન કમાઇશ નહિ. એક તો ધન-કમાણીનું પાપ કરે છે તો હવે બીજું અનીતિનું પાપ તો ન જ કરીશ. જૈન દર્શનનો ટૂંકો સાર " अप्पाकत्ता विकत्ता य " કર્મોનો કર્તા આત્મા છે ને ભોગવનાર પણ આત્મા છે, માટે ભગવાન કહે છે કે **" જીવો ને જીવવા દો "** તમે જીવો અને બીજાને

જીવવા દો. તમને જે ગમે છે તે બીજાને આપો. તમને ન ગમતું હોય તે બીજાને ન આપો. જો ધન મેળવવામાં અન્યાય, અનીતિ કરવામાં આવે તો તે અનીતિ ગમે તે રીતે બીજાને દુઃખ આપનારી બને. ધનકમાણીમાં જે છેતરપીંડી, વિશ્વાસઘાત, ભેળસેળ, દગા–પ્રપંચ વગેરે અનીતિ કરાય તેના કારણે બીજાને પણ દુઃખ આપવાનું બને છે. જે બીજાને દુઃખ આપે તે માણસ કદાચ પૂર્વકર્મના જોરદાર પાપાનુબંધી પુણ્યોદયથી અનીતિ કરવામાં ફાવી જાય તો પણ તે વૈભવથી મળતા સુખમાં સુખી ન થાય. અનીતિની ધનકમાણીના ફળ અતિ કડવા હોય છે.

એક માતાના બે દીકરા. બંને ભાઈઓ મોટા થયા ત્યારે ભેગા મળીને ધંધો શરૂ કર્યો. ધંધામાં કમાણી સારી થઈ. તેમાં નાનાભાઈની દૃષ્ટિ બગડી મારો મોટોભાઈ તો અડધા ભાગે મિલ્કત આપે છે, પણ વધુ તો મને ન જ મળે ને ? તેની દાનત બગડવાથી ધંધામાં વિશ્વાસઘાત કરીને રોજ ગલ્લામાંથી મોટાભાઈથી છૂપી રીતે થોડા થોડા પૈસા લેવા માંડયા. રોજ રોજ થોડા થોડા પૈસા લેતા લેતા રૂપિયા આઠ હજારની રકમ ભેગી થઈ. મોટાભાઈને તો નાનાભાઈ પર પૂરો વિશ્વાસ એટલે આવી કલ્પના પણ કયાંથી આવે ? નાનાભાઈએ આ આઠ હજાર રૂપિયા દુકાનની જમીનમાં ખાડો ખોદીને દાટી દીધા. એક વખત નાનાભાઈને કારણસર બહારગામ જવાનું થયું અને આ બાજુ દેશમાં હિન્દુ–મુસ્લિમનું હુલ્લડ ફાટી નીકળ્યું. આ ભાઈઓની દુકાન મુસ્લીમ વિભાગમાં હોવાથી જાનની સલામતી સાચવવી પણ મુશ્કેલ થઈ પડી, તેથી મોટોભાઈ માલસામાન સાથે તાત્કાલિક દુકાન વેચીને પોતાના વતન ભેગો થઈ ગયો.

મોટાભાઈને ખબર નથી કે નાનાભાઈએ દુકાનની જમીનમાં રૂા. આઠ હજાર દાટયા છે, તેથી તેણે દુકાન વેચી નાંખી. આ બાજુ નાનાભાઈને ખબર પડી કે અમારી દુકાન વેચાઈ ગઈ છે તેથી તેને તો ભયંકર આઘાત લાગ્યો. શાથી ? આઠ હજાર રૂપિયા દાટ્યા હતા તેથી. તે તો પાગલ જેવો બની ગયો. તેણે તો એક જ લવારો શરૂ કર્યો. હાય, મારા આઠ હજાર ! હાય, મારા આઠ હજાર ! જુઓ, વિશ્વાસઘાત કરીને ધન ભેગું કર્યું તેનું પરિણામ કેવું આવ્યું ? રૂપિયા તો ગયા પણ વિશ્વાસઘાતથી કરેલા પાપનો બોજો તો વધ્યો ને ? બિચારાની જિંદગી પાયમાલ થઈ ગઈ. આવા છે અનીતિની ધનકમાણીના કડવા ફળ. નીતિશાસ્ત્રમાં લખ્યું છે કે અનીતિનું ધન ઘરમાં આવ્યું હોય તો દશ વર્ષથી વધુ ટકે નહિ, અને જો ટકી જાય તો નીતિનું ધન પણ ખેંચી જાય અને જીવનો સુખી સંસાર સળગાવી નાંખે. જેમ અનીતિનું ધન હોય છે તેમ અનીતિના ધનનું ભોજન પણ હોય છે. અનીતિના ધનનું ભોજન કરવાથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે.

મહાભારતમાં વાત આવે છે. જ્યારે દુષ્ટ દુર્યોધને ભરી સભામાં દ્રૌપદીના ચીર ખેંચ્યા ત્યારે સામે ભીષ્મપિતા બેઠા હતા, છતાં દુર્યોધનને કંઈ કહી શકયા નહિ, અને મૌન રહ્યા. એમ શાથી બન્યું ? આ પ્રશ્ન જ્યારે ભીષ્મપિતા શર શય્યા ઉપર સૂતા હતા, ત્યારે દ્રૌપદીએ પ્રશ્ન પૂછ્યો. તેમણે જવાબ આપતા કહ્યું કે હે દ્રૌપદી ! તે દિવસે મેં

દુષ્ટ એવા દુર્યોધનનું ભોજન કર્યું હતું, તેથી મારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ હતી, માટે અનીતિનું ભોજન પણ નુકશાનકારી છે. જો જીવનની જરૂરિયાતો ઘટાડી નાંખો તો વધુ ધન કમાવાની જરૂર ન રહે, અને અનીતિ કરવી ન પડે. કોઈ માણસ ન છૂટકે સંજોગવશાત્ અનીતિથી ધન કમાય છે પણ તેને તે ખૂબ ડંખે છે. ઘણીવાર તેનો આત્મા રડી પડે છે. અહો હે ભગવાન! ધન કમાવું એ પાપ છે. એમાં વળી હું બીજું અનીતિનું પાપ કરું છું. હું કેવો નાલાયક છું! કેવો પાપી છું! સંસારમાં રહું છું તો આ પાપ કરવા પડે છે ને? એમ રાત-દિવસ તેને એ પાપ ડંખ્યા કરે છે. બીજો માણસ નીતિથી ખૂબ ધન કમાય છે અને તે ધનની કમાણીને ઉપાદેય માને છે. તો આ બેમાં શ્રેષ્ઠ કોને ગણવો? જેના જીવનમાં અનીતિ નથી પણ આસક્તિ છે, તેના કરતા જેના જીવનમાં અનીતિ છે પણ આસકિત નથી તે શ્રેષ્ઠ કહી શકાય, કારણ કે અનીતિ કરતા આસકિતનું પાપ મોટું છે. ન છૂટકે કરવા પડતા અનીતિના પાપને અનાસકિત નામનો મોટો ધર્મ ધોઈ નાંખે છે, પણ આસકિતના પાપને નીતિ નામનો નાનો શો ધર્મ ધોઈ શકતો નથી. મમ્મણ શેઠ નીતિથી જાતમહેનતની કમાણી કરીને કરોડોપતિ બન્યો હતો, પણ ધન ઉપરની અત્યંત આસક્તિના કારણે સાતમી નરકે ચાલ્યા ગયા, માટે અનાસક્ત ભાવ કેળવવાની જરૂર છે.

જેમના જીવનમાંથી સંસારના તમામ પદાર્થો તથા પોતાના સ્વજનો, પ્રજાજનો પ્રત્યેથી આસક્તિ ઉઠી ગઈ છે, એવા નમિરાજર્ષિની પરીક્ષા કરવા ઇન્દ્ર આવ્યા. સાચાની કસોટી થાય છે, ખોટાની થતી નથી. (અહીંયા પૂ. મહાસતીજીએ વસુદેવના આગલા ભવની વાત ખૂબ સુંદર રીતે રજુ કરી હતી પણ અહીં તેનો ટૂંકો સાર લખ્યો છે.) વસુદેવના આગલા ભવમાં તેમનું રૂપ કુરૂપ હોવાથી તેમને કોઈ સ્ત્રી ઇચ્છતી ન હતી, તેથી કંટાળીને આપઘાત કરવા ગયા, ત્યાં સાધુનો ભેટો થયો. સંતની પાસે દીક્ષા લીધી. માસખમણના પારણે માસખમણની જબ્બર ઉગ્ર સાધના કરવા લાગ્યા. તપની સાથે વૈયાવચ્ચ પણ તેટલી. તેમની દેવસભામાં પ્રશંસા થતાં દેવ તેમની પરીક્ષા કરવા આવ્યા, પણ મુનિ ડગ્યા નહિ. છેવટે દેવની હાર થઈ અને મુનિની જીત થઈ, પણ મુનિના મનમાંથી ડંખ ન ગયો કે મને કોઈ સ્ત્રીએ ન ઇચ્છયો! તેથી ત્યાં નિયાણું કર્યું કે મારા તપ સંયમનું ફળ હોય તો હું સ્ત્રીવલ્લભ બનું. જબ્બર સાધના ક્ષણિક સુખો માટે વેચી નાંખી ને બીજા ભવમાં વસુદેવ બન્યા. અહીં ઇન્દ્ર પણ નમિરાજની પરીક્ષા કરવા આવ્યા છે અને પ્રશ્ન કર્યો છે કે આ આખી મિથિલા, રાજમહેલ, ઘર બધું બળી રહ્યું છે છતાં આપ શા માટે સામું જોતા નથી? હવે નમિરાજર્ષિ શું જવાબ આપશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર** :–કુશળે ધનદશેઠને બધી વાત કરી કે લક્ષ્મીદત્ત શેઠ આવા છે. તેમનો વૈભવ આવો છે. તેની બધી વાતો સાંભળ્યા પછી શેઠે કહ્યું, કુશળ! બંગલા, રિદ્ધિ, વૈભવ, બધું તો આપણે ત્યાં છે, પણ તું એ તો કહે કે જમાઈરાજ કેવા છે? બોલવામાં ભાષા મીઠી છે ને? બુદ્ધિશાળી ભણેલા ગણેલા છે ને? રૂપમાં–સૌંદર્યમાં, ગુણમાં કેવા

છે ? ગામમાં તેમની પ્રતિષ્ઠા કેવી છે? આ બધું કહે ને ? શેઠની વાત સાંભળીને કુશળ તો ચમકયો. બિચારો શું કહે? તેણે ધીમેથી કહ્યું-શેઠજી! હું ત્રણ દિવસ ભીમપુર રહ્યો, પણ મેં જમાઈરાજને કયાંય જોયા નથી. તેં જમાઈરાજને જોયા વિના શુભમતિનું વાગ્દાન કર્યું ? મેં તને કેટલી વાર ભલામણ કરી હતી કે છોકરો જોયા વિના તું સગપણ કરીશ નહિ.

શેઠજી! મેં જમાઈને જોવા માટે ખૂબ આગ્રહ કર્યો, પણ શેઠ કહે કે ચાર પાંચ સંતાનો ગુજરી ગયા પછી આ એક ઉછર્યો છે. તેને મોસાળમાં રાખ્યો છે. ગામની પ્રજાએ પણ તેને જોયો નથી. તે મોસાળમાં ભણે છે. મેં કહ્યું–આપ માણસને તેડવા મોકલો. શેઠે માણસને મોકલ્યો ખરો પણ તે પાછો આવ્યો કે તેની પરીક્ષા છે, એટલે આવી શકશે નહિ. તેને ભણવાની એટલી બધી લગની છે. તેમણે મને કહ્યું કે જો તમારે છોકરાને જોયા વિના સગપણ ન કરવું હોય તો ગામમાં બીજા બે ત્રણ મારા જેવા શ્રીમંત શેઠીયાના ઘર છે, તેથી મને થયું કે શેઠને તો છોકરાની સગાઈ કરવાની ઉતાવળ નથી. જો હવે વધુ વિલંબ કરીશ તો કદાચ હાથ ઘસતા રહી જઈએ એવો સમય હતો. લક્ષ્મીદત્ત શેઠ સ્વભાવમાં, વ્યવહારમાં બધી રીતે યોગ્ય જણાતા હતા.

**રાજકુંવર સા હૈ વો બાલક, શેઠ બહુત સમજાવે,**
**રૂપ, લાવણ્ય ઔર બુદ્ધિ, હમસે કહી ન જાવે.**

શેઠે કહ્યું–મારો દીકરો રાજકુંવર જેવો છે. તેના રૂપ, લાવણ્ય અને બુદ્ધિની તો વાત જ શી કરવી? તે તો મારા કરતાં સવાયો છે. આપ એમાં નિઃશંક રહો. ઘણી વાર બાપ કરતાં બેટા સવાયા હોય છે. મારા મનમાં થયું કે જેના પિતા આવા સમર્થ છે તેના સંતાનમાં શી ખામી હશે! એમ માનીને સગપણ કર્યું. શેઠજી! આપ વિશ્વાસ રાખો. જેવા શ્રેષ્ઠી તેવા જ કુમાર હશે એમાં કોઈ સંશય નથી. કુશળની વાત સાંભળતા માતા-પિતાના હૈયામાં ફાળ પડી. ખરેખર કુશળ આજે ભીંત ભૂલ્યો છે. તે જમાનો આજના જમાના જેવો ન હતો. તે જમાનામાં તો સગાઈ તોડવી એટલે ઘણું કઠીન કામ ગણાતું હતું. આજે તો સગાઈ તોડવી કઠીન નથી. પશ્ચિમની સંસ્કૃતિએ તો સત્યાનાશ વાળી દીધું છે. ધનદશેઠના દિલમાં તો ભારે ધ્રાસ્કો પડયો. તે રડવા લાગ્યા. શેઠાણી કહે, રડશો નહિ. કુશળ તો ખૂબ ડાહ્યો છે, માટે બધું સારું કર્યું હશે. શેઠ કહે-કુશળે જેવું કહ્યું કે મેં જમાઈને જોયા નથી, ત્યાં મને ધ્રાસ્કો પડયો છે, તેથી લાગે છે કે મારી દીકરી સુખી થવાની નથી, એ દુઃખી થશે. જીવનમાં જે કાંઈ બને છે એની પાછળ ભાગ્યનું મહાન નિર્માણ છે. આવી પડેલા શુભાશુભ પૂર્વકૃત્યના કર્મને નિરર્થક કોણ કરી શકયું છે? કદાચ શુભમતિના ભાવિએ કુશળની બુદ્ધિને કુંઠિત કરી દીધી ન હોય!

ધર્મ અને કર્મને માનનારા શ્રેષ્ઠીએ કુશળને ઠપકો આપ્યો નહિ કે એના પર ગરમ પણ થયા નહિ. કહેવા જેવા શિખામણના બે શબ્દો કહ્યા. શિખામણ જિંદગીના દુર્બળ પાસાને હઠાવી દે છે, અને કોઈક વાર અવસરે ઉત્કર્ષ તરફ પણ પ્રેરે છે. માર્ગ

ભૂલનારને માર્ગ ચીંધવો એ ખરી માનવતા છે. શેઠે કહ્યું-ભાઈ કુશળ! માલિકની આજ્ઞા શિરે ચઢાવવી એ ઉત્તમ સેવકનું કર્તવ્ય છે. જ્યારે ઉત્તમતાનું બિરૂદ લઈને સેવક સ્વયં બુદ્ધિના રાહે આગળ વધી સ્વચ્છંદી બની કાર્ય કરે તો વર્ષોની સાધનાથી મેળવેલા અમૂલ્ય શ્રદ્ધા, વિશ્વાસ, કીર્તિ, સ્નેહ અને સમર્પણને ક્ષણમાં ગુમાવી દે છે. જો શુભાનું ભાગ્ય સારું હશે તો આપત્તિની વર્ષા પણ સુંદર પાક રેલાવશે. તને મારી પહેલેથી ભલામણ હતી કે કુશળ! ઘર કરતા વર જોઈને સંબંધ કરજે, છતાં તેં ભૂલ કરી અને શુભાનું સગપણ કરી દીધું. તેં ઝાકળના બિંદુને મોતી માની લીધા. સંધ્યાના લાલી ભર્યા પ્રકાશને તેં ઉષાના અજવાળા માની લીધા.

હે કુશળ! એટલું તો ચોક્કસ કહું છું કે તેં આ જે કર્યું છે તે બરાબર નથી કર્યું. થઈ ગયા પછી શોક કરવાથી શું? છતાં જવાબદાર કોણ? અણઉકેલ્યા રહસ્યમય પડદા સંસારના પ્રવાહમાં આવે છે ને જાય છે. કેટલાક પડદા પ્રવાહને સ્ખલિત કરે છે, અને કેટલાક પ્રવાહને એકધારો રાખે છે. કુશળને પોતાની ભૂલ સમજાઈ. ખરેખર મેં મોટી ભૂલ કરી છે. શેઠે મને જતા જતા કેટલી વાર ભલામણ કરી હતી, છતાં હું ભાન ભૂલ્યો. કુશળે શેઠના ચરણમાં પડી પોતાની ભૂલનો એકરાર કર્યો ને રડતા હૈયે શેઠ પાસે ક્ષમા માંગી. શેઠજી! સેવક ભાન ભૂલ્યો પણ હવેથી ધ્યાન રાખશે. મને માફ કરો. શેઠે કુશળને માફી આપી પણ મા-બાપના દિલમાં શાંતિ નથી, કારણ કે ઘણીવાર છોકરો જોયા વિના સગાઈ કરવાથી છોકરી દુઃખના સાગરમાં ડૂબી જાય છે. મા-બાપ તો હંમેશા એ જ ઈચ્છતા હોય છે કે મારા સંતાનો કેમ સુખી થાય! સંતાનો તેમના અરમાનોની વેલડી છે, ભાવિ જીવનની લાકડી છે, કુળની ઝળહળતી જ્યોતિ છે. સંતાનોની ઉન્નતિ, પ્રગતિ, એ માતાપિતાની જ ઉન્નતિ છે. સંતાનોના સુખ માટે મા-બાપને ચિંતા કેમ ન હોય? તેમ શુભમતિનું સગપણ છોકરાને જોયા વગર થયું તેથી માબાપને ખૂબ ચિંતા થવા લાગી, પણ હવે શું થાય? ભાગ્યના ભરોસે રહેવાનું એમ વિચારી શેઠે લગ્નનું મુહુર્ત પૂછાવવા જોષીને બોલાવ્યા. જોષીને મુહુર્ત જોતાં લાગ્યું કે આ દીકરી દુઃખી થશે, પણ કહેવાય શી રીતે? તેણે વૈશાખ સુદ ૧૧ નો દિવસ કાઢી આપ્યો. સૌએ વધાવી લીધો. તે જમાનામાં એવો રિવાજ હતો કે મુહુર્તનો કાગળ લઈ ને જોષી વેવાઈને ઘેર જાય. જોષા તો મુહુર્તનો કાગળ લઈ ને લક્ષ્મીદત્ત શેઠને ઘેર ગયો. શેઠે તેની ખૂબ આગતા-સ્વાગતા કરી, પછી જોષીએ મુહુર્તપત્ર તેમના હાથમાં આપ્યો. પત્ર વાંચતા શેઠનું દિલ નાચી ઉઠ્યું. તેમના નયનો પ્રફુલ્લિત બન્યા. પત્ર વાંચ્યા પછી જોષીએ કહ્યું-શેઠજી! અમારી દીકરી શુભમતિનું સગપણ આપના દીકરા સાથે કર્યું છે. તેના લગ્નનો શુભ દિવસ વૈશાખ સુદ ૧૧ નો આવ્યો છે. આપને આ મુહુર્ત માન્ય છે એવો પત્ર મને લખી આપો. મારે જલ્દી પાછા જવું છે. શેઠના મનમાં તો એ ભાવ છે કે જલ્દીથી લગ્ન થઈ જાય તો સારું, પણ ઉપરથી કહે છે મેં તો વાગ્દાન વખતે શરત કરી હતી કે પાંચ વર્ષ સુધી લગ્ન નહિ કરવાના ને આટલી બધી ઉતાવળ શા માટે કરી? શેઠજી! દીકરી પિયરમાં રહે ત્યાં-

સુધી માબાપને ચિંતા.! એક વાર લગ્ન થઈ જાય ને છોકરી સાસરે જાય, પછી માતા–પિતા ચિંતામાંથી મુક્ત થાય. દીકરીના માબાપને ચિંતા અને દીકરાના મા બાપને શું ચિંતા નહિ ? શેઠને ચિંતા તો થાય ને ! દીકરાને તો ભોંયરામાં પૂરેલો છે. જાન જોડીને જવું કેવી રીતે ? (હસાહસ)

શેઠ કહે ઠીક. તમારી વાત સાચી પણ કિશોરના વર્ષોના અભ્યાસની મહેનત ધૂળમાં જાય તો ? એક ચિંતા દૂર કરવા જતાં બીજી ચિંતાનું વાદળ ઉપજે છે તેનું શું ? અરે, શેઠજી ! તમને એમ નથી થતું કે આવેલા પ્રસંગને વધાવી લેવો. જો એમ હોય તો લગ્ન પછી કન્યાને પિયર રાખવી એટલે આપ ચિંતાથી મુક્ત. મેલા દિલના માનવી પોતાની મેલાશ રાખીને મીઠા બનવાનો પ્રયાસ કરતા હોય છે. શેઠે ઉપરથી આનંદ બતાવતા કહ્યું, ભલે આપની વાત માન્ય. એ તો જાણે છે કે કયાં છોકરો ભણવા ગયો છે, એ તો ભોંયરામાં પડયો છે. જોષીએ કહ્યું, આપે અમારી વાત માન્ય કરી તેથી મને ખૂબ આનંદ થયો છે. અરે ! આપ તો ઘણા ભાગ્યવાન છો કે આવું કન્યારત્ન તમારા હાથમાં આવ્યું છે. હવે એ રત્નને પ્રાપ્ત કરવા સ્વજન–પરિવારના ઠાઠથી જાન સજ્જ કરી આપ જલ્દી ધનપુર પધારજો. વ્યવસ્થા માટે આપ કાંઈ ચિંતા કરશો નહિ. અમારા શેઠ સર્વ પ્રકારની સગવડ તૈયાર રાખશે. અમારા શેઠ કયારે પણ ધનની ચિંતા કરતા નથી, ધન કરતાં તેમને ધર્મ, સ્વજનો, પરોપકાર અને સ્નેહ વધારે વહાલા છે. આપના સત્કાર માટે તેઓ ખૂબ ઉત્સુક છે. આપ જલ્દી પધારજો.

લક્ષ્મીદત્ત શ્રેષ્ઠીએ સંમતિદર્શક પત્ર લખી આપ્યો. જોષીનો આદર સત્કાર કરી સારી ભેટ આપીને વિદાય કર્યો. જોષીએ આવીને ધનદ શેઠને બધા સમાચાર કહ્યા અને સંમતિદર્શક પત્ર આપ્યો. ધનદ શેઠે વેવાઇના સત્કાર સન્માન માટે ગામમાં ઠેર ઠેર સર્વોચ્ચ પ્રકારની સાનુકૂળતા કરી દીધી. જે જોતાં બધાના દિલ ઠરી જાય. ધનદ શેઠે આખું ગામ શણગાર્યું છે. શેઠને એક જ દીકરી છે, ધન ઘણું છે, પછી શી ખામી રાખે ? શુભમતિને પણ આનંદનો પાર નથી. ધનદ શ્રેષ્ઠીને ત્યાં તો લગ્નની પૂરજોશ તૈયારીઓ થઈ રહી છે. આ બાજુ લક્ષ્મીદત્ત શેઠે લગ્ન માટે હા તો પાડી દીધી પણ હવે ચિંતાનું વાદળ ઘેરાઈ ગયું. સગાઇ તો કરી પણ જાન સજાવી કુષ્ઠીપુત્ર સાથે વેવાઇને ઘેર જવું કેવી રીતે ? હવે તો ઈજ્જત અને વચન બેનો પ્રશ્ન ઉભો થયો.

**લક્ષ્મીદત્ત સોચમેં પડા, કિસ તરહ જાન લે જાય,**
**પુત્ર કે બિના જાન કૈસી, બડી ચિંતા મેં ગભરાય.**

લક્ષ્મીદત્ત તો વિચારમાં પડી ગયા. પુત્ર વિના જાન લઈને જવું કેવી રીતે ? પુત્રને લઈ જવાય એમ નથી અને કદાચ જો લઇ જાય તો એવા કોઢીને છોકરી કોણ પરણાવે ? અને પુત્રને ન લઈ જઈએ તો કન્યા કોણ આપે ? માયા પ્રપંચ કરીને વાગ્દાન કર્યું પણ હવે મૂંઝવણનો પાર નથી. ગભરામણ થવા લાગી. શું કરું ? માનવીને એક જૂઠાણા પાછળ અનેક જુઠાણાં ઉભા કરવા પડે છે. શેઠના મનમાં એક જાતની બળતરા

ચાલુ હતી. જ્યાં સુધી પુત્રને પરણાવીને પોતાના મહેલમાં ન લાવે ત્યાં સુધી માથે એક મોટો ભાર છે. આવેલા પ્રસંગને જતો કરે એ તો મૂર્ખ જ ગણાયને? પુત્રવધૂને ઘેર લાવવા માટે શેઠે તો ખૂબ લક્ષ્મી વેરવા માંડી અને જવા માટેની બધી તૈયારીઓ કરવા લાગ્યા. બહારથી તૈયારીઓ થઈ રહી છે, પણ અંદર તો ચિંતા કોરી ખાય છે.

આ શેઠને ત્યાં એક બે દિવસ નહિ, મહિનાઓ નહિ, પણ વર્ષોથી બિચારા ગુણચંદ્રને ભોંયરામાં પૂરી રાખ્યો છે. ગુણચંદ્રે માત્ર શેઠ સિવાય કોઈનું મુખ જોયું નથી. આ શેઠ ગમે ત્યારે આવતા અને તેને હન્ટરના માર મારતા. માનવની સહનશક્તિની પણ હદ હોય છે. આ ગુણચંદ્ર તો બિચારો હજુ ક્યાં મોટી ઉંમરનો છે! તે કેટલું સહન કરે, હવે તો તેની કાયા પણ માર સહન કરવા અસમર્થ બની ગઈ છે. માર પડતા તેના મુખમાંથી ચીસ પડી જાય છે, અને આંખમાંથી તો શ્રાવણ ભાદરવો વહે છે. ગુણચંદ્રની આંખમાંથી આંસુ પડતા ત્યારે શેઠના દિલમાં આનંદની અને ભંડારમાં મુક્તાફળની ભરતી થતી હતી. દરરોજ માર ખાવો અને રડવું એ એનો નિત્યક્રમ બની ગયો હતો. એ બિચારો ભોંયરામાં દુઃખના સાગરમાં ઝોલાં ખાઈ રહ્યો છે. આ બાજુ શેઠને માથે મોટી ચિંતા આવી પડી છે કે શું કરું? હવે શેઠ તે માટે કયો ઉપાય શોધશે ને કેવી રીતે શેઠ જાન લઈને જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં-૮૧

**આસો સુદ ૧૪ રવીવાર** **તા. ૧૧-૧૦-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! જગતના દરેક જીવો સુખના ઇચ્છુક છે, અને સુખ મેળવવા માટે રાત દિવસ તેના પ્રયત્નો હોય છે, પણ જ્ઞાની પુરૂષો કહે છે કે પૌદ્ગલિક સુખ ગમે તેટલું હોય તો પણ તે કેવળ કલ્પનાનું સુખ છે. વાસ્તવિક સુખ નથી. એવા સુખો તો આત્માએ અનંતીવાર પ્રાપ્ત કર્યા, પણ એથી આત્મામાં કંઈ પ્રકાશ થયો નથી. અને કર્મરાજાની ગુલામીએ સર્જેલો અંધકાર ગયો નથી. માનવીએ એવા સુખને ચાહવું જોઈએ કે જે અચળ હોય. જે કોઈથી ઝૂંટવી કે લૂંટી શકાય નહિ. જેનો કદાપિ નાશ થાય નહિ, આવું શાશ્વત સુખ બીજાને આધીન નથી પણ આપણા પોતાને સ્વાધીન છે. વળી તે સુખની પ્રાપ્તિ કોઇ પણ જાતનો પૈસાનો ય ખર્ચ કર્યા વિના મફત મેળવી શકાય છે. આત્મિક સુખના અનુભવી સંતપુરૂષો ફરમાવે છે કે સંસારી જીવોની સુખ-દુઃખની કલ્પના તદ્દન ખોટી છે. વાસ્તવમાં તે સુખ નથી. ફક્ત મનમાન્યા સુખનો તે પડછાયો છે. તેનું પરિણામ આખરે દુઃખરૂપ છે, પણ કમળાના રોગીને જેમ ધોળી વસ્તુ પીળી લાગે તેમ અજ્ઞાનદશાથી ટળવળતા ઘેલછાભર્યા જીવોને સત્ય સુખનું સ્વરૂપ મિથ્યાત્વરૂપ કમળાવાળી અવસ્થામાં ન સમજાય એ સ્વાભાવિક છે.

જડ વસ્તુઓથી સુખ મેળવવું, એ મળે તો એમાં આનંદ માનવો, અને ન મળે તો લાચાર, ઓશિયાળા થવું. શરીર, ઇન્દ્રિય અને મનને જે પ્યારું હોય તે યેનકેન

પ્રકારે મેળવવું અને જે અણગમતું હોય તેને તુચ્છકારી ધુત્કારી કાઢવું એ અજ્ઞાન દશા છે. અનાદિકાળથી જીવના સ્વરૂપ સાથે વણાઈ ગયેલ: મિથ્યાત્વદશામાં ચકચૂર બનેલ આત્માએ દુઃખની ખાણુને સુખનો ઈલાજ સમજી સુખશાંતિ મેળવવા વલખાં મારે છે અને એ રીતે આશામાં ને આશામાં મરી ફીટે છે, તો પણ તેઓનું દરિદ્ર જરા પણ ટળતું નથી.

જેમ બિચારું ભોળું હરણીયું પોતાની નાભીમાં ખુશ્બોદાર સુગંધી કસ્તુરી હોવા છતાં તેથી અજાણ હોઈ તે કસ્તુરી મેળવવા ચારે બાજુ રઝળી રખડીને દુઃખ પામે છે, તેવી રીતે મિથ્યાત્વ અંધકારમાં અટવાયેલ મનુષ્યને સાચું સુખ પોતાના આત્મામાં રહેલું હોવાનો ખ્યાલ નહિ હોવાથી તે બહાર દોડધામ કરે છે, પણ તેથી તો તે સુખ મળવાને બદલે દુઃખની ગર્તામાં ગબડે છે. ઈન્દ્રિયોના વિષયોમાં મોહિત બનેલ માનવી સમ્યગ્જ્ઞાનરૂપી અક્ષય ખજાનાને સમજી શકતો નથી. તેવો અજ્ઞાન માનવી જ્ઞાનામૃતનો ત્યાગ કરીને ઈન્દ્રિયોના સુખમાં રાગાતુર બને છે. ઈન્દ્રિયોના વિષયોની આસક્તિ તેના વિવેકનો નાશ કરે છે. ભૌતિક દૃષ્ટિના કારણે તેઓ આત્મિક સુખના અજાણ અને અશ્રદ્ધાવાન હોય છે, જ્યારે આધ્યાત્મિક દૃષ્ટિ ખુલે ત્યારે માનવ આત્મિક સુખને સત્ય અને શાશ્વત રૂપે સમજી શકે છે. ભૌતિક દૃષ્ટિવાળો આત્મા ઈન્દ્રિયો માટે સ્વતંત્રતા માગે છે ત્યારે અધ્યાત્મ દૃષ્ટિવાળો આત્મા વિષયોમાંથી સ્વતંત્ર થવા ઇચ્છે છે. એકનો પ્રયત્ન સ્થૂલ અને ક્ષણિક માટેનો છે, જ્યારે બીજાનો ઝૂકાવ સૂક્ષ્મ અને શાશ્વત માટે છે.

જગતના સર્વ જીવોનો આત્મા સુખ, સમૃદ્ધિ, સામર્થ્ય અને જ્ઞાનનો નિરંતર વહેતો નિર્મળ ઝરો છે. આ આત્માને ગમે તે નામથી સંબોધન કરો. તેને આત્મા કહો કે ઇશ્વર કહો, પણ તેના અનંત ચતુષ્ક એટલે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્યની પ્રાપ્તિ એ નિઃશ્રેયસની સિદ્ધિ છે. આપણા વીતરાગ ભગવંતોએ એ સિદ્ધિને માટે અનેક માર્ગો બતાવ્યા છે. જીવ આ માર્ગને અનુસાર જેમ જેમ આગળ વધે છે તેમ તેમ તેનામાં કોઈ અલૌકિક આનંદની કળા જાગૃત થતી જાય છે. આજે વિજ્ઞાનના પ્રભાવથી લોકો સર્વ શક્તિમાન આત્મસત્તાની ઉપેક્ષા કરી રહ્યા છે, પણ એના સિવાય બીજે કયાંયથી પ્રકાશ મળી શકે તેમ નથી. તે માટે આત્મનિરીક્ષણ કરવું જોઇએ. જો આત્માને પોતાની આત્મશક્તિનું ભાન થાય તો તે જીવો આ લોકમાં સુખી બને છે અને ક્રમે ક્રમે શાશ્વત સુખને મેળવે છે. આજે જગતમાં બાહ્ય પૌદ્‌ગલિક સુખ માટે દોડધામ મચી રહી છે, અને તે માટે કંઈક વાર દેશ, જાતિ તથા કુળને નહિ છાજતા વર્તનો થઈ રહ્યા છે. આધ્યાત્મિક દૃષ્ટિ ચૂકી જઈને બાહ્ય પદાર્થો દ્વારા થતાં કાલ્પનિક સુખમાં ફસાઈ ગયા છે. આજે એવા સુખની પ્રાપ્તિ માટે દરેક દેશોમાં હોડ લાગી છે પણ એ સુખને સાચું માનવાની ભ્રમણા ભાંગી જાય અને બધાને એમ થાય કે મારે તો મારા આત્મામાં રહેલું સુખ પ્રગટ કરવું છે, તો જર, જમીન અને જોરૂ માટે થતી કેટકેટલી તકરારોનો અંત આવી જાય.

આત્મિક સુખ મેળવવા માટે જો પોતાની શક્તિ હોય તો સંસારના સુખના સાધનોનો ત્યાગ કરી સર્વવિરતિપણું અંગીકાર કરે. જેનામાં એટલી શક્તિ ન હોય તેઓ પૌદ્ગલિક સુખના સાધનોમાં રાગી ન બની જવાય એની કાળજી રાખે અને ઉદાસીન ભાવે સંસારમાં રહીને પણ આત્મિક વિકાસ માટે પ્રયત્ન કરે, પણ આત્મિકસુખથી અજાણ અને વિજ્ઞાનની સિદ્ધિઓમાં અંજાઈ જતા માનવીના જીવનમાંથી સંતોષ, શાંતિ અને સદાચારે તો વિદાય લીધી છે. સુખ અને શાંતિ તેના જીવનમાંથી કેટલાય દૂર દૂર વસ્યા છે, કારણ કે આધુનિક વૈજ્ઞાનિક સાધન સગવડોને ગુલામ બનાવવાના બદલે પોતે એનો ગુલામ બની ગયો છે. શાંતિ અને સુખની પ્રાપ્તિ માટે વીતરાગી સંતોના શરણ છોડી દઈ આધુનિક વિજ્ઞાનની વિચારધારાને શરણે ગયો છે, પણ એને ખબર નથી કે તેની એ આશા ઝાંઝવાના જળ જેવી અને પાણી વલોવી માખણ પ્રાપ્ત કરવા જેવી છે. સાચી શાંતિ અને સુખ તો સંયમના ઘરમાં છે. કદાચ આપ બધા સંયમ ન લઈ શકો ને સંસારમાં રહો તો પણ નૈતિક જીવન જીવો. જીવનમાંથી ન્યાય, નીતિ અને પ્રમાણિકતાની સુગંધ તો ન જવી જોઈએ. મેં ગઈ કાલે આપને કહ્યું હતું કે નીતિથી અને પ્રમાણિકતાથી મેળવેલું ધન જીવનમાં બીજા ગુણોને ખેંચી લાવે છે, અને અનીતિથી મેળવેલું ધન જે હોય તેને પણ ખેંચી જાય છે. નીતિથી મેળવેલો એક રૂપિયો સારો, પણ અનીતિથી મેળવેલા હજારો રૂપિયા સારા નહિ. ભગવાનના શ્રાવકો કેવા હોય! ન્યાયનીતિ સંપન્ન હોય. આપ બધા દીક્ષા ન લઈ શકો તો ખેર, પણ આપનું જીવન ન્યાયનીતિ યુક્ત હોવું જોઈએ. નીતિથી મેળવેલું ધન અને અનીતિથી મેળવેલું ધન જીવનમાં શું કામ કરે છે. આપને એક ન્યાય આપું.

એક રાજાને ત્યાં બે નોકરો હતા. એક નોકર સેવાભાવી, કાર્યદક્ષ અને પ્રમાણિક હતો. બીજો નોકર ખટપટી, સ્વાર્થી, લાંચીયો અને મહાદંભી હતો.રાજા બંનેને બરાબર ઓળખતા હતા. પણ કાંઈ બોલે નહિ. તે આંખ આડા કાન કરે. એક વખત બંને નોકરોને ત્યાં દીકરીના લગ્ન હતા. તેમણે રાજાને કહ્યું, સાહેબ! અમારે ત્યાં દીકરીના લગ્ન છે, માટે અમને ૧૫-૨૦ દિવસની રજા આપો. રાજા કહે-ભલે, પહેલો નોકર જે સ્વાર્થી, મીઠાબોલો અને દંભી હતો તેને રાજાએ ખૂબ ધન આપ્યું અને સાથે એક ઘોડો આપ્યો, આ રીતે રાજાએ તેની સેવાની ખૂબ કદર કરી. બીજે દિવસે પેલો પ્રમાણિક નોકર જવા માટે રજા લેવા આવ્યો ત્યારે રાજાએ એને માત્ર સવા રૂપિયો આપ્યો. આ નોકર ખૂબ સજ્જન હતો, તેના મનમાં થોડી વાર તો દુઃખ થયું. અહો! આજે જગતમાં સત્યની પૂજા થતી નથી, પણ અસત્યની પૂજા થાય છે. રાજાએ મારી સેવાની કદર પણ ન કરી! જગતમાં પ્રમાણિકતાની કિંમત નથી. રાજાએ પેલા ધૂર્ત ખટપટીને પુષ્કળ ધન આપ્યું અને મને માત્ર સવા રૂપિયો! પાછો મનમાં વિચાર કરવા લાગ્યો કે રાજાનો શો દોષ! મારું ભાગ્ય મંદ હોય ત્યાં કોઈનો શું દોષ!

**નીતિનું ધન શું કરે છે?**:-પ્રમાણિક નોકર રસ્તામાં ચાલ્યો જાય છે. તેના

મનમાં થયું કે હું ઘેર જઈશ એટલે બધા મને પૂછશે કે શું લાવ્યા ? તમે પણ બહાર-ગામ જઈને આવો ત્યારે તમારી પત્ની અને બાળકો પૂછેને કે અમારા માટે શું લાવ્યા ? આ નોકરને થયું કે, મને બધા કહેશે કે શું લાવ્યા ! પણ સવા રૂપિયામાં હું શું લઈ જાઉં ? તે નિરાશ થઈ ગયો. ત્યાં રસ્તામાં એક દાડમ વેચનાર મળ્યો. તેણે કહ્યું–ભાઈ ! દાડમ લેશો ? આખો ટોપલો માત્ર એક રૂપિયામાં આપીશ. નોકરના મનમાં થયું કે સવા રૂપિયામાં બીજું કંઈ આવવાનું નથી તો લાવ ને રૂપિયાના દાડમ લેતો જાઉં. છોકરાઓ ખાઈને ખુશી થશે. તેણે રૂપિયો આપીને દાડમનો ટોપલો ખરીદી લીધો. ટોપલો માથે મૂકીને ચાલ્યો જાય છે, ત્યાં રસ્તામાં બે ઘોડેસ્વારો મળ્યા. તેઓ બૂમ પાડીને બોલતા હતા કે દાડમ છે દાડમ કોઈની પાસે !

આ નોકરે પૂછ્યું–ભાઈ ! દાડમનું શું કામ પડ્યું છે ? આપ કેમ દાડમ શોધવા નીકળ્યા છો ? આ રીતે મારતે ઘોડે અને ખરા બપોરે ? ઘોડેસ્વારોએ કહ્યું–ભાઈ ! અમારા રાજાને એકનો એક પુત્ર છે. ભવિષ્યમાં રાજગાદી સંભાળે એવો હોંશિયાર અને વિચક્ષણ છે. તે ભયંકર માંદગીના બિછાને પડયો છે. કેસ જોખમમાં છે. વૈદે દવા આપી છે, પણ એ દવા જો દાડમના રસમાં પીવડાવવામાં આવે તો ફાયદો થાય એવું છે, તેથી અમે દાડમ શોધવા નીકળ્યા છીએ. જો ૨૪ કલાક સુધીમાં દાડમ ન મળે તો કુમારની જિંદગી જોખમમાં છે. પેલા પ્રમાણિક નોકરે કહ્યું–ભાઈ ! મારી પાસે દાડમનો આખો ટોપલો ભરેલો છે. ચાલો, હું આપની સાથે આવું છું. એ ટોપલો આખો રાજાને ભેટ ધરીશ. નોકર તો ત્યાં પહોંચી ગયો ને રાજાને દાડમ ભેટ ધર્યા. રાજાને ખૂબ આનંદ થયો. બસ, હવે મારા દીકરાને સારું થઈ જશે. રાજાએ તેનો ખૂબ આદરસત્કાર કર્યો ને પોતાના મહેલમાં રાખ્યો. દાડમના રસમાં ત્રણ પડીકા કુંવરને ખવડાવ્યા ને તેને સારું થતું ગયું. ચાર દિવસે તો સાવ નિરોગી બની ગયો.

**દાડમના દાણા જેટલા કિંમતી રત્નોની ભેટ** :–રાજાએ પ્રમાણિક નોકરને કહ્યું–ભાઈ ! તેં મારા કુમારને જીવતદાન આપ્યું છે. તું દાડમની શી કિંમત લેવા માંગે છે ? મહારાજા ! આપના કુમારને જીવતદાન મળ્યું, એ બચી ગયો એ જ મારો બદલો ! મેં તો તે દાડમ આપને ભેટ આપ્યા છે. ભેટના તે કાંઈ મૂલ્ય લેવાના હોય ! રાજા નોકરની નિર્લોભતા, પ્રમાણિકતા જોઈને તેના પર પ્રસન્ન થયા. તેમણે મંત્રીજીને બોલાવીને કહ્યું–એક દાડમ ભાંગો અને તેના દાણા ગણો. જેટલા દાણા હોય એટલા કિંમતી રત્નો આ માણસને ભેટ આપો. નોકર કહે–મહારાજા ! એટલું બધું ન હોય. ભાઈ ! તેં તો આજે મારા દીકરાને જીવાડયો છે. તને જેટલું આપું તેટલું ઓછું છે. રાજા કહે–આ નોકરને દાડમના દાણા જેટલા રત્નો ભેટ આપો, પછી એને ઘોડે બેસાડી સહીસલામત એના ગામમાં પહોંચાડી આવો, કારણ કે, રસ્તામાં ચોર લૂંટારાનો ભય ઘણો છે. ત્રણ ચાર દિવસે રાજાના માણસો નોકરને સહીસલામત તેના ગામમાં પહોંચાડી આવ્યા.

આ નોકરને તો હવે ઘણાં રત્નો મળી ગયા. તેને થોડાક રત્નો વેચ્યા અને દીકરીના લગ્ન ખૂબ ધામધૂમથી ઉજવ્યા. દીકરીને કરિયાવર પણ ઘણો કર્યો. લગ્નના દિવસે તેણે આખું

ગામ જમાડયું. ગામમાં એની અને રાજાની વાહવાહ બોલાવા લાગી. નોકરના તો હવે માનપાન ખૂબ વધ્યા. શું લક્ષ્મી તારી તો બલિહારી છે! પૈસા ન હોય તો કોઈ સામું ન જુએ અને જો લક્ષ્મી વધે તો બધા એને બોલાવે, માનપાન આપે. ગામના લોકોએ તો નોકરને નગરશેઠની પદવી આપી. પુણ્યનો ઉદય થાય ત્યારે રંક રાજા બને છે ને નોકર નગરશેઠ બને છે. નોકર હવે નગરશેઠ બની ગયા. તેણે પોતાનું નાનું મકાન તોડીને મોટો બંગલો બંધાવ્યો. પૈસા પાસે હોય તો માણસ સ્વર્ગ ખડું કરી શકે છે. આ નોકરે ગામમાં ધર્મશાળા, કૂવા વગેરે બંધાવ્યું. આ બધું કાર્ય પૂર્ણ કરતાં છ મહિના ગયા. બધું કામ પતાવીને એ નોકર પાછો રાજસભામાં હાજર થઈ ગયો. પેલો અપ્રમાણિક નોકર પણ પાછો આવી ગયો હતો.

રાજાએ બંને નોકરોને પાસે બોલાવ્યા અને પહેલા અપ્રમાણિક નોકરને પૂછયું–કેમ ભાઈ! મેં તો તને પુષ્કળ ધન આપ્યું હતું. તારા પ્રસંગો ખૂબ ધામધૂમથી ઉજવાઈ ગયા ને? મહારાજા! શું કહું! બાકી આપે તો મારા પર કૃપા કરીને મને ઘણું ધન આપ્યું, પણ મારા ભાગ્યમાં નહિ હોય એટલે રસ્તામાં લૂંટારાઓ મળ્યા. તેમણે મારું બધું ધન લૂંટી લીધું. તો તારો પ્રસંગ અધૂરો રહ્યો કે પૂરો કર્યો? મહારાજા! ઘરબાર બધું વેચીને માંડમાંડ બધું પતાવ્યું. પછી રાજાએ પેલા પ્રમાણિક માણસને પૂછયું–ભાઈ! તને તો બહુ કષ્ટ પડયું હશે! કોણ જાણે તારા નસીબ વાંકા હશે કે મને પણ કોઈ વિચાર ન આવ્યો અને તારે ત્યાં પ્રસંગ હતો, છતાં ફક્ત સવા રૂપિયો આપ્યો. મહારાજા! આપે મને સવા રૂપિયો આપ્યો ત્યારે મનમાં ગુસ્સો આવ્યો હતો. આપને મેં કંજુસ કહ્યા ને મનમાં બે ચાર ગાળો પણ દીધી, પણ ભાવિના લેખ તો આપ વાંચી શકો છો. એની તો મને એ વખતે કલ્પના ન આવી. રાજાએ પૂછયું, એવું તે શું થયું? નોકરે રાજ્યમાંથી નીકળ્યા પછી જે જે હકીકત રસ્તામાં બની અને છેવટે દાડમ તેટલા રત્નો મળ્યા. તે બધી વાત કરી.

**રહસ્યનો પડદો ખોલતા રાજા** :–ત્યારે રાજાએ કહ્યું–ભાઈ! એ સવા રૂપિયો મારી જાતમહેનતનો, મારી પ્રમાણિક કમાણીનો હતો. મેં એક સરસ રૂમાલ ગૂંથ્યો. એને બનાવવામાં જે ખર્ચ થયો એટલી કિંમતે મેં તે રૂમાલ વેચ્યો. એ રૂમાલ પાછળ મારી કેટલીય શુભ ભાવનાઓ ગુંથાઈ હતી. એ હું બરાબર સમજતો હતો. તારા ગયા પછી મેં પ્રભુને પ્રાર્થના કરી હતી કે આ સવા રૂપિયો એને સવા લાખ રૂપિયાનું ફળ આપજો. પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી ને સવા રૂપિયાના સવા લાખ કરી આપ્યા. આ નોકરને મેં ઘણું ધન આપ્યું. એ ચોર છે, ધૂર્ત છે, કપટી છે, એ બધું હું જાણતો હતો. એ ઘણીવાર ભંડારમાંથી ચોરીઓ કરતો. ચોરી કરીને જે ધન ભેગું કર્યું હતું, તે ધન મારી પાસે જમા કરાવી જતો. એ રીતે એનું ભેગું કરેલું ધન જ મેં એને આપ્યું હતું. ચોરી કરીને મેળવેલું ધન ચોરો લૂંટી ગયા. હું સારી રીતે સમજતો હતો કે પાપની લક્ષ્મી મેળવતાં ઘણી મીઠી લાગે છે, પણ ધૂળ લીંપણ થઈ જાય એમ જ્યારે જવા

બેસે છે ત્યારે એ કોઈની શરમ નથી રાખતી. પાપીઓ જાણે કે હું પાપ કરું છું, તે કોઈ જોતું નથી, પણ એને કયાં ખબર છે કે કદાચ માનવ મને જોતો ન હોય પણ અનંતા સિદ્ધો અને કેવળીભગવંતો તો મને દેખે છે ને !

નોકરને મેં એનું ભેગું કરેલું ધન આપ્યું. એ ધન લેતાં એ હરખાયો ને તું નિરાશ થયો, પણ એને વધુ ધન આપતા હું હરખાયો નહોતો અને તને ઓછું આપતા હું જરા પણ દિલગીર થયો ન હતો. મને શ્રદ્ધા હતી કે એને સવામાંથી સવા લાખ મળશે જ. પ્રમાણિક નોકરની પ્રમાણિકતા અને પ્રમાણિકતાનું ફળ સાંભળી અપ્રમાણિક નોકર પોતાના પાપનો ખૂબ પશ્ચાતાપ કરવા લાગ્યો અને હવે જીવનમાં કયારે પણ અપ્રમાણિકતા કરવી નહિ ને પ્રમાણિકતાથી જીવન જીવવું એવી પ્રતિજ્ઞા કરી. નગરશેઠ થઈ ને આવેલ પ્રમાણિક માણસને રાજખજાનાનો ઉપરી બનાવ્યો. આ દૃષ્ટાંતથી એ સમજવાનું છે કે પ્રમાણિકતાથી, નીતિથી મેળવેલું ધન અનેક ગણો લાભ આપે છે અને અનીતિથી મેળવેલું ધન અનેક ગણું લઈ ને ચાલ્યું જાય છે, માટે સંસારમાં રહેવું પડે અને રહો તો ન્યાય નીતિથી જીવન જીવતાં શીખો.

આપણા અધિકારમાં નમિરાજર્ષિના વૈરાગ્યની કસોટી કરવા ઈન્દ્ર વિપ્રનું રૂપ લઈ ને આવ્યા છે. તેમણે નમિરાજર્ષિને કહ્યું, હે રાજેશ્રી ! આપ તો રાજ્ય છોડીને સાધુ બનીને ચાલી નીકળ્યા, પણ પાછું વાળીને જુઓ તો ખરા કે નગરમાં કેવી ભયંકર આગ લાગી છે ! આખી મિથિલા, રાજમહેલ, ઘરબાર બધું બળી રહ્યું છે, છતાં આપ તેના સામું કેમ જોતા નથી ? ઇન્દ્રે રાજર્ષિની પરીક્ષા માટે આવું ભયંકર દૃશ્ય ખડું કર્યું હતું, પણ ભયંકર અગ્નિએ નમિરાજના મનમાં જરા પણ ઉદ્વેગ પેદા કર્યો નહિ. જીવોના પોકાર, ચીચીયારીઓએ તેમના હૃદયમાં જરાપણ ઉલ્કાપાત મચાવ્યો નહિ. રાણીઓની બૂમરાડે તેના તરફ તેમને જરાપણ ઉશ્કેર્યા નહિ. એવા તે આત્મસંતુષ્ટ મહાત્માએ શાંત વદને કહ્યું--કદાચ તમે કહો છો તેવો અગ્નિ સર્વને ભસ્મીભૂત કરતો અત્રે દોડયો આવતો હોય તો પણ તેથી મારે તેમાં બહાવરા બનવા જેવું છે શું ? મારી પાસે કોઈ ચીજ બળે તેવી નથી. હે વિપ્ર ! તું મારી વાત સાંભળ.

**सुहं वसामो जीवामो, जेसिं मो नत्थि किंचणं**
**मिहिलाए डज्झमाणीए न मे डज्झइ किंचणं ॥१४॥**

હું સુખપૂર્વક વસું છું, સુખપૂર્વક જીવું છું. આ નગરીમાં મારૂં કાંઈ પણ નથી. મિથિલા બળવા છતાં મારૂં કાંઈપણ બળતું નથી.

અગ્નિના પ્રકોપથી જલતા મિથિલાના રાજમહેલોના સંબંધમાં કરાયેલા ઈન્દ્રના પ્રશ્નનો ઉત્તર આપતા નમિ રાજર્ષિ કહે છે કે હે વિપ્ર ! હું તો જ્ઞાન--દર્શન અને ચારિત્રમાં સુખપૂર્વક વસું છું અને જીવું છું. આ મિથિલાનગરીમાં વસ્તુતઃ મારૂં કાંઈ નથી, એટલા માટે મિથિલા બળવા છતાં મારી કોઈ પણ વસ્તુ બળતી નથી. મારી પાસે કોઈ ચીજ બળે તેવી નથી. જે મારી વસ્તુ અર્થાત્ જ્ઞાન--દર્શન--ચારિત્ર રૂપ આત્માના

સ્વાભાવિક ધર્મ છે, તેમને કોઈ બાળી શકતું નથી. જે કાંઈ જલી રહ્યું છે. એ બધી પર વસ્તુ છે, અર્થાત્ મારી નથી. પોતાની વસ્તુના રક્ષણમાં સાવધાન રહેવાનું મારું કર્તવ્ય છે. પર વસ્તુ સાથે મારો કોઈ સંબંધ નથી. માટે મિથિલા બળવા છતાં એની સાથે મારે કોઈ સંબંધ નથી, જો એ વસ્તુઓ પર મારું કોઈ પણ પ્રકારનું મમત્વ કે સ્નેહ હોય તો તે તરફ મારું લક્ષ્ય જાય પણ હવે મને કોઇ પ્રત્યે મમત્વ નથી. દુઃખ કોને થાય ? જેના પ્રત્યે મારાપણું હોય ત્યાં દુઃખ થાય છે. જ્યાં મારાપણું નથી ત્યાં દુઃખ થતું નથી.

જ્ઞાની કહે છે કે હું અને મારું, અહંકાર અને મમકારના ભાવ માત્ર આ વર્તમાન જીવનના નથી. અનંતા જન્મોથી તે આત્મા સાથે ચાલતા આવ્યા છે. કેવળજ્ઞાની ભગવંતોએ તેને મહામોહ કહ્યો છે અને આ મહામોહને સંસાર પરિભ્રમણનું કારણ કહ્યું છે. મહામોહને દૂર કરવા પ્રચંડ પુરુષાર્થ કરવો પડશે. મહામોહથી જીવનમાં કોઈ આનંદ નથી પણ રાગ- ષથી પેદા થતી ઘોર ભયંકર વેદના છે. અહંકાર અને મમકાર સાથે તિરસ્કારની દોસ્તી થઈ જાય છે. પછી આ ત્રિપુટી માનવનું પતન કરાવે છે. જમાલિ મુનિ ભગવાન મહાવીરસ્વામીના સંસાર પક્ષે જમાઈ હતા. તેમણે મહાવીર પ્રભુ પાસે દીક્ષા લીધી હતી. દીક્ષા લઈને સારું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેમનું એ જ્ઞાન માત્ર શ્રુતજ્ઞાન હતું પણ એ શ્રુતજ્ઞાન તેમને આત્મસાત્ બન્યું ન હતું. જ્યાં સુધી શાસ્ત્રજ્ઞાન આત્મસાત્ ન બને ત્યાં સુધી અહંકાર, મમકાર અને તિરસ્કાર એ ત્રિપુટીનો ભય ઉભો છે. જમાલિના હૃદયમાં આ ત્રિપુટીએ અડ્ડો જમાવ્યો હતો. નિમિત્ત મળી ગયું અને ત્રિપુટીએ મુનિ પર હલ્લો કર્યો.

જમાલિ મુનિ એક વાર બિમાર પડ્યા. શિષ્યો તેમની પથારી કરતા હતા. જમાલિ મુનિએ પૂછયું, શિષ્યો ! પથારી પાથરી દીધી ? શિષ્યોએ કહ્યું, હા ગુરૂદેવ ! પથારી થઈ ગઈ છે. તે સાંભળી જમાલિ અણગાર ઉભા થયા. ત્યારે પથારીની ચાદરનો છેડો ખોસવાનો બાકી હતો. જમાલિએ જોયું તો હજુ પથારી પથરાતી હતી. જમાલિ બિમાર હતા. તેમને ઉભુ રહેવું પડયું તેથી ગુસ્સો આવ્યો ને કહ્યું, તમે અસત્ય બોલો છો. અસત્ય બોલીને બીજા મહાવ્રતમાં દોષ લગાડયો છે. શિષ્યે શાંતિથી બધું સહન કર્યું. પછી કહ્યું, અમે અસત્ય નથી બોલ્યા. આપણા ત્રિલોકીનાથ મહાવીર સ્વામીએ કહ્યું છે કે "**કડેમાણે કડેતિ**" જે કાર્ય થઇ રહ્યું હોય તે થઇ ગયું એમ વ્યવહારમાં બોલી શકાય છે. શિષ્યની આ વાત સાંભળી જમાલિ મુનિનો અહંકાર ઉછળી પડયો ને કહેવા લાગ્યા કે ભગવાન મહાવીરનો સિદ્ધાંત ખોટો છે. જે કામ હજુ પૂરૂં થયું ન હોય છતાં તેને પૂરું થઈ ગયું એમ કહેવું એ શું સત્ય છે? કામ પૂરું થઇ જાય પછી કાર્ય થઈ ગયું એમ કહી શકાય.

બંધુઓ ! માનકષાય એ પણ મોટો શત્રુ છે. જીવમાં અભિમાન આવે ત્યારે પોતાનું ખોટું હોવા છતાં સાચું માને છે. હું કહું તે સાચું. તે પકડેલું મૂકતો નથી. જમાલિ માનમાં તણાઈ ગયા. ભગવાનની વાત સાચી હોવા છતાં ખોટી માની. એમણે કહ્યું,

" કડેમાણે કડે " નહિ પણ " કડેમાણે અકડે " એમ બોલવું જોઈએ. શિષ્યોએ જઈને ભગવાનને વાત કરી. ભગવાને જમાલિ મુનિને પોતાની પાસે બોલાવીને " કડેમાણે કડે " નો સિદ્ધાંત સમજાવવા ઘણા પ્રયત્નો કર્યા, પણ જમાલિ તો અહંકાર અને મમકારના દોરડે બંધાઈ ગયા હતા. તેમના મનમાં હું કહું છું તે સાચું એ વાતનું મમત્વ બંધાઇ ગયું હતું. બધા સાધુ સાધ્વીઓને આ વાતની જાણ થઈ ગઈ કે જમાલિ મુનિના મનમાં ' કડેમાણે કડે ' ને બદલે 'કડેમાણે અકડે' એવું સિદ્ધાંત પ્રત્યે મમત્વ બંધાઇ ગયું છે. તે કહે છે કે ભગવાનનો સિદ્ધાંત ખોટો છે ને મારો સિદ્ધાંત સાચો છે.

ભગવાન મહાવીરપ્રભુએ જમાલિ મુનિને સમજાવવાના અનેક પ્રયત્નો કર્યા, પણ તે ન સમજ્યા તે ન જ સમજ્યા. પોતાનો હઠાગ્રહ ન છોડયો. જમાલિના મનમાં અહંકાર અને મમકાર તો હતો, હવે પ્રભુ પ્રત્યે તિરસ્કારનો ભાવ પણ આવ્યો. અહંકાર, મમકાર અને તિરસ્કાર એ ત્રિપુટીએ જમાલિ મુનિનું ઘોર પતન કર્યું અને કિલ્વિષીમાં ફેંકાઈ ગયા. આવો ઉચ્ચ વૈરાગી સાધક શું કિલ્વિષીમાં જાય ? ન જાય, પણ કેવળજ્ઞાની તીર્થંકર ભગવાનના વચનનું ઉલ્લંઘન કર્યું ને અહંકારમાં તણાઇને ખોટી પ્રરૂપણા કરી. મમકારથી એ સાચું માની લીધું ને પ્રભુ પ્રત્યે તિરસ્કાર થયો. આ કારણથી કિલ્વિષીમાં ગયા, માટે ભગવાન કહે છે કે હે આત્મન્ ! તું અહંકાર અને મમકારને છોડ. આ જીવ રાત દિવસ "इमं च अत्थि इमं च नत्थि" આ ધનધાન્ય, સ્વજનો મારા છે ને આ મારા નથી. મારા–તારાના તોફાનમાં આ જીવ અટવાઈ ગયો છે. અહંકાર છે ત્યાં અથડાવાપણું છે. મમત્વ છે ત્યાં મોત છે. અહંકાર જાય તો અરિહંત બનાય ને મમત્વ જાય તો મોક્ષ મળે. નમિરાજને સર્વ સ્વજનો, સર્વ વસ્તુઓ પરથી મમત્વ ઉઠી ગયું છે, તેથી કહી રહ્યા છે કે મિથિલા બળવા છતાં મારુ કાંઈ બળતું નથી. હજુ નમિરાજ વિપ્રને શું કહેશે તેના ભાવ અવસરે.

**ચરિત્રઃ**–લક્ષ્મીદત્ત શેઠે દીકરાના લગ્ન લીધા છે, પણ મૂંઝવણનો પાર નથી. આવા કોઢીયા છોકરાને પરણાવવા લઇ જવો કેવી રીતે ? ગમે તેમ તો ય વીસો વાણિયો હતો ને ! (હસાહસ) વણિકને બુદ્ધિ તો વરી ચૂકી છે. વળી શેઠ છે પણ બુદ્ધિશાળી, એમણે એક ઉપાય શોધી કાઢયો. સવારમાં ફાનસ લઈને શેઠ ભોંયરામાં ગયા ને બોલ્યા, બેટા ગુણચંદ્ર ! બેટા શબ્દ સાંભળતા ગુણચંદ્ર ચમકયો. કેટલાય મહિને આજે બેટા શબ્દ સાંભળવા મળ્યો. તેના મનમાં થયું કે રોજ માર મારનારા શેઠ આજે કેમ આટલો બધો પ્રેમ બતાવે છે ! કેટલાય સમયથી અંધકારમાં રહેલો ગુણચંદ્ર પ્રકાશ જોતાં આનંદમાં આવ્યો, તેની આંખો ચંચળ બની ગઈ. શેઠ બે ત્રણ વાર આવ્યા ને ગયા, એટલે ગુણચંદ્ર ચમકયો. આજે શેઠ ત્રણ ત્રણ વાર કેમ આવ્યા ને ગયા.

**જાલ રચાવે આજ દેખો, લક્ષ્મીદત્ત શેઠજી,**
**ગુણચંદ્રકે પાસ જાકર, બુદ્ધિબલસે સમજાવે.**

શેઠ પોતાની માયાજાળ રચીને બે ત્રણ વાર ગુણચંદ્ર પાસે આવ્યા ને ગયા, તેથી

ગુણચંદ્રનું શરીર ધ્રુજવા લાગ્યું. શેઠ કહે બેટા! તું મને જોઈને ધ્રુજીશ નહિ. મારાથી ભય પામીશ નહિ. આજે તને એક વાત કરવા આવ્યો છું. મારા માથે એક ભય છે. આવા પ્રસંગમાં મારી સામે એક સિતારો ચમકે છે. મને આશા છે, મને શ્રદ્ધા છે કે હું જરૂર એના સહારાથી ભયથી મુક્ત થઇ શકીશ. શેઠના આવા શબ્દો સાંભળતા ગુણચંદ્રના મનમાં થયું કે આજે શેઠના બોલવામાં કંઈક જુદું રહસ્ય દેખાય છે. આ દુનિયામાં સ્વાર્થી પરમાર્થીના રાહ જુદા છે. પરમાર્થી પરકલ્યાણ માટે સર્વસ્વને હોમી દે છે. જ્યારે સ્વાર્થી આત્માઓ પોતાનું કામ કોઈ પણ ભોગે કરવા માંગે છે. સ્વાર્થના અંજનથી અંજાયેલી આંખમાં કરૂણાના ભાવ નથી દેખાતા. પોતાના સ્વાર્થમાં અંધ બની બીજાનો અધિકાર છીનવી લેતાં સ્હેજ પણ અચકાતા નથી. દયાને તો દેશવટો દઈ દીધો હોય છે. સ્વાર્થી માણસ મીઠા બોલા હોય છે. શેઠે કહ્યું, ગુણચંદ્ર! આજે મારા વર્તનથી ને આગમનથી તું ચમકી ઉઠયો! એ આગમનમાં કદાચ તારા ભાગ્યનો સિતારો ચમકવાનો હોય એમ મને લાગે છે. જીવનમાં એક સરખી સુખની ઘડીઓ રહેતી નથી કે એક સરખી દુઃખની ઘડીઓ રહેતી નથી.

શેઠની મર્મભરી વાત ગુણચંદ્ર સમજી ન શકયો. તેણે કહ્યું, શેઠ! આપ શું કહો છો? એ હું સમજી શકતો નથી. એક બાજુ તમે ભયની વાત કરો છો ને બીજી બાજુ મારા ભાગ્યની વાત કરો છો. આ શી ગડમથલ છે! આપ મને બધી વાત સ્પષ્ટ સમજાવો. બેટા ગુણચંદ્ર! સાંભળ, મારા પુણ્યોદયે મારી પાસે સંપત્તિ અઢળક છે, પત્ની સ્વજનો સારા છે. સંપત્તિનો વારસદાર પુત્ર પણ છે. દુઃખ માત્ર એટલું છે કે તે શરીરે રોગી છે. કોઢના રોગથી પીડિત છે. તેને માટે અનેક પ્રયાસો, ઉપચારો કર્યા પણ તેનો રોગ શાંત થતો નથી. મારી બધી આશાઓ ધૂળમાં મળી ગઈ છે. કોઇ સત્કાર્યના પ્રકાશથી, મારા કુળની ખ્યાતિથી કે ભાગ્યોદયથી કિશોરનું સગપણ થયું. તેની યુવાની ખીલી ઉઠી. કન્યાના લગ્ન માટે કિશોરના સાસરા પક્ષવાળા ઉતાવળ કરી રહ્યા છે. વૈશાખ સુદ ૧૧ નો દિવસ લગ્ન મહોત્સવ માટે નક્કી કરાયો છે. મહોત્સવની ધામધૂમ માટે બંને પક્ષ તરફથી તૈયારીઓ થઈ રહી છે. શેઠની બધી વાત સાંભળ્યા પછી ગુણચંદ્ર એકદમ બોલી ઉઠયો, શેઠજી! તો લગ્ન કરી લો ને! ભાઈ! આ લગ્ન કરવામાં કુળની આબરૂનો સવાલ છે. એ બધાનો આધાર તારા પર છે. માટે તારી પાસેથી આશા સેવી રહ્યો, છું. માનવનો જીવન રાહ આશાના તંતુના સહારે ચાલી રહ્યો હોય છે. સંસારમાં જીવન તો બધા જીવે છે, પણ જીવનમાં જો ઈમાનદારીનું દેવાળું કાઢયું હોય તો તેવા જીવનની શી કિંમત? મારે માથે આ લગ્નનો મોટો ભાર છે. કિશોરને પરણાવવા લઈ જવાય કેવી રીતે? તેના શરીરમાં તો એટલી બધી દુર્ગંધ છે કે તેને જો બહાર કાઢીએ તો તેની ગંધ આખા ગામમાં પ્રસરી જાય. માટે તેને બહાર કઢાય તેમ નથી. તો જાન જોડીને જવું કેવી રીતે? તો શેઠ શું કરશે?

**ભાડેકા બનકે વ્યાહ કરોગે, જાહીર ન હોવે બાત,**
**ફિર તુમકો છોડ દેગા, એસી લાલચ દે જાય.**

કિશોરને બદલે ભાડૂતી વરરાજા તરીકે તારે આવવાનું. આ વાતને તું બહાર ન પાડીશ. પછી હું તને બંધનમાંથી મુક્ત કરીશ. તું આવીશ તો જ મારી ઈજ્જત જળવાય એવી છે. જો કિશોર આવો રોગી છે એ ખબર પડી જાય તો છોકરી લગ્ન કેવી રીતે કરે? એ લગ્ન ન કરે તો મારી આબરૂ ધૂળમાં મળી જાય. અત્યારે મારી આશાનો દોર તું દેખાય છે. મને તારા પર શ્રદ્ધા છે કે તું મારું વચન જરૂર સ્વીકારીશ અને મને દુઃખમાંથી બચાવી લઈશ. શેઠની વાત સાંભળતા ગુણચંદ્ર તો ધ્રુજી ઉઠયો. અરે! આવો અન્યાય! આ તો માનવ કે દાનવ? આના કરતાં ઘોર પાપી સારો. પોતાનો સ્વાર્થ સાધવા બધાને અંધારામાં રાખી સગપણ કર્યું પણ પેલી કન્યાનું શું? માનવ જ્યારે દાનવીવૃત્તિને આદરીને વિજયી બનવા માંગે ત્યારે એમાં માનવતાના દર્શન ક્યાંથી થાય? છતાં આજે શેઠમાં જે નમ્રતા દેખાઈ રહી છે તે સ્વાર્થના કારણે છે. દુર્જનની નમ્રતા કેવી હોય? ગુણચંદ્ર આ પ્રમાણે વિચાર કરે છે ત્યાં શેઠ કહે છે બેટા! તું મારી સાથે જાનમાં ચાલ. શુભમતિ સાથે લગ્ન કરીને એકવાર તેને મારા ઘરમાં લાવી દે, પછી હું અને કિશોર બધું સંભાળી લઈશું. તારે ફક્ત મંડપમાં જઈ ને આ પ્રસંગ શોભાવવાનો. કિશોર તરીકે સ્વાંગ સજવાનો ને કન્યાને પરણીને ઘેર લઈ આવવાની. આ પ્રસંગ પૂરો થયા પછી તેં જે મારી આબરૂ જાળવી તે બદલ હું તને સારી ભેટ આપીશ.

ગુણચંદ્ર વિચારે છે કે સંસારમાં સ્વાર્થી લંપટ જેવા બીજા કોઈ દરિદ્રી નથી. સ્વાર્થી માણસ બીજાના દુઃખ જોવામાં આંધળા અને બહેરા બની જાય છે. પોતાના સ્વાર્થ ખાતર શું સામી છોકરીનો ભવ બાળવાનો! ના...ના...એવું કામ મારે કરવું નથી. આ રીતે વિચારની ધારાએ ચઢયો છે. હવે શું બનશે તે ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં-૮૨

**આસો સુદ ૧૫ સોમવાર** **તા. ૧૨-૧૦-૮૧**

પરમ પંથના પથદર્શક, ભવોભવના ભેદક, અનંત અનંત ગુણોના ધારક એવા વીતરાગ ભગવાન ફરમાવે છે કે ભવ અને ભોગ પરનો ભાવ ભગવાન જિનેશ્વર દેવ અને તેમના વચન પર ભાવ આવવા દેતો નથી. જો ભવ અને ભોગ પરથી આત્માનો ભાવ ઉતરી જાય તો ભગવાન અને ભગવાનના વચન પર ભાવ વધે. જ્યારે જીવને ભવની અને ભોગોની ભયંકરતાનો ખ્યાલ આવે ત્યારે ભવ અને ભોગો પરનો ભાવ ઉતરી જાય અને ભગવાન અને ભગવાનના વચનની ભદ્રંકરતાનો સાચો ખ્યાલ આવે. તેમના પ્રત્યે બહુમાન વધે. ભવ ભયંકર છે અને ભગવાન ભદ્રંકર છે એવો ખ્યાલ બહુ ઓછા જીવોને હોય છે, તેથી મહાપુરૂષો જીવોને ભવોની ભયંકરતાનું ભાન કરાવવા પ્રયત્ન કરે છે. ભગવાન પર ભાવ લાવવા મહેનત કરવી પડે છે, જ્યારે ભવ અને ભોગો પર ભાવ પરાણે લાવવા પડતા નથી. એ તો અનાદિકાળથી હૈયામાં બેઠેલા છે. જે ભગવાને આપણને ભવ અને

ભોગ છોડવાનો ઉપદેશ આપ્યો છે તેવા ભગવાનનો ભક્ત ભવનો અને ભોગોનો ભક્ત ન હોય, પણ દુશ્મન હોય. જિનેશ્વર ભગવાનનો ભક્ત ભોગોનો ભિખારી ન હોય. તે તો ત્યાગનો પૂજારી હોય. જિનેશ્વર દેવનો માર્ગ ત્યાગનો છે. જેટલો વિષય કષાયનો ત્યાગ વધારે તેટલો ભગવાન પ્રત્યે ભાવ વધારે. **"ભવ અને ભોગો પરનો ભાવ ઘટયા વિના તો ભવના ભાગાકાર થવા મુશ્કેલ છે."** ભવની મંજિલ કપાવી કઠીન છે. અશુભ ભાવોથી સંસાર અને શુભ ભાવોથી મોક્ષ. ભાવને ભલો કર્યા વિના આત્માનું ભલું કેવી રીતે થાય ? સાચી બહાદુરી તે છે કે ભાવને બગડવા ન દે. **"ભાવ જેનો ભલો તેનું જલ્દી ભલું થાય."**, માટે ભાવનો ઉત્કર્ષ સાધવા પ્રયત્નશીલ બનવું. દેવગુરુ-ધર્મ પર જેટલા ભાવ વધારે તેટલી કર્મનિર્જરા વધારે. **જ્યાં ભાવની પરાકાષ્ઠા ત્યાં પરમાત્મપદની પ્રાપ્તિ."** ભાવ વિના ભવની ભાવઠ ભાંગે નહિ, માટે ભવ અને ભોગો પરનો ભાવ દૂર કરી ભગવાન અને ભગવાનના વચન પર ભાવ લાવો.

જેણે ભવ અને ભોગો પરનો ભાવ દૂર કર્યો છે એવા નમિરાજર્ષિએ ઈન્દ્રના પ્રશ્નના જવાબમાં કહ્યું કે હે વિપ્ર ! આ બધું જે બળી રહ્યું છે તેમાં મારું કાંઈ નથી.

**एको ऽ हं न च मे कश्चित्, स्वः परोवा ऽ पि विद्यते ।**
**यदेको जाय ते जन्तुः, म्रियते चैक एव हि ॥**

હું એકલો છું. મારું અહીં કોઈ નથી. આ મારું છે ને આ બીજાનું છે એટલે કે મારું નથી. આ બધી મોહાધીન જીવની કલ્પના છે. જીવ અહીં એકલો જન્મે છે ને એકલો મરે છે. જ્યારે એ સ્થિતિ છે તો હે વિપ્ર ! તમે બતાવો કે અહીં મારું કોણ ? હા, જે ચીજ મારી છે તે તો મારી પાસે છે અને તે જ્ઞાન-દર્શન છે. એના સિવાય સોયની અણી જેટલી પણ પૌદ્‌ગલિક વસ્તુ મારી નથી. જે પોતાનું હોય છે તેનું અગ્નિ, જળ વગેરેના ઉપદ્રવથી રક્ષણ કરવામાં આવે છે, પણ જે મારું નથી તેને માટે કયો જીવ દુઃખી થાય ? આ જગતમાં "एगो ऽहं नत्थि मे कोइ नाह मन्नस्स कस्सइ ।" મારું કોઈ નથી. હું કોઈનો નથી. સર્વ પદાર્થો નાશવંત છે. ખુદ મારું શરીર પણ મારું નથી. જગતના સર્વ સંબંધો અનિત્ય છે. શાશ્વત કોઈ હોય તો માત્ર મારો આત્મા છે.

**एगो मे सासओ अप्पा, नाण दंसण संजुओ ।**
**सेसा मे बाहिराभाव, सव्व संजोगलक्खणा ॥**

જ્ઞાન દર્શનથી યુક્ત એવો એક મારો આત્મા શાશ્વત છે, બાકી તો બધા બાહ્ય ભાવો છે. એ સર્વ સંયોગના લક્ષણો છે.

નમિરાજર્ષિ ઈન્દ્રને કહે છે હે વિપ્ર ! શાશ્વત એક મારો આત્મા છે. તે અગ્નિથી બળતો નથી, શસ્ત્રોથી ભેદાતો નથી, પાણીમાં ડૂબતો નથી. તે અજર અમર રહેવાવાળો છે. તમે મારા સંબંધી અને આશ્રિતજનોના દુઃખની વાતો કરો છો, પણ મારો સંબંધી હું છું અને આશ્રિત પણ હું છું, અને તે તો દુઃખ વગરનો છે. તમારી વાત મારે કેવી રીતે માનવી તે સમજાતું નથી. આગાર રહિત સાધુને એટલે અંતરાત્મા મુનિને

ઘર કે કુટુંબ જે કહો તે તેની પાસે છે. તેને કોઈ ઈજા કરી શકતું નથી. ભૌતિક સામ્રાજ્ય અને દુઃખદ એવા જગતના પદાર્થો ઉપર સ્થિરપણાની, સ્વકીયપણાની અને સુખાકારીપણાની દૃષ્ટિ ઘણી કરી અને એની પાછળ સરવાળે નિષ્ફળ એવી દોડધામ પણ બહુ કરી, પણ એમાંથી કંઈ સુધર્યું નહિ, કંઈ કલ્યાણ થયું નહિ, તો હવે એવી ભ્રમ ભરેલી પોતાપણાની દૃષ્ટિ અને દોડધામ શા માટે? ભ્રમણાના માર્ગે કલ્યાણ ક્યાંથી થાય? તેથી નમિરાજ કહે છે કે મિથિલા બળે એમાં મારું કાંઈ બળતું નથી, પછી શા માટે એની ચિંતા કરું?

ચિંતા કોને થાય? દુઃખ કોને થાય? જ્યાં મારાપણું માન્યું છે ત્યાં દુઃખ છે અને મારાપણું છૂટી જાય ત્યાં દુઃખ રહેતું નથી. ભગવાન આચારાંગ સૂત્રમાં બોલ્યા છે કે "जे ममाइयमइं जहाइ से चयइ ममाइयं से हु दिट्ठपहे मुणी जस्स नत्थि ममाइयं।" જે મમત્વબુદ્ધિનો ત્યાગ કરી શકે છે તે મમત્વને છોડી શકે છે. જેને મમત્વ નથી તે મોક્ષ માર્ગને જાણવાવાળા મુનિ છે. આ સૂત્રમાં ભગવાને મમતાનો ત્યાગ કરવાનું કહ્યું છે. મમતાનો જન્મ મમત્વ બુદ્ધિથી થાય છે. તેથી જ્યાં સુધી મમત્વ બુદ્ધિ રહે છે ત્યાં સુધી પદાર્થોનો ત્યાગ અંતરના ભાવથી થઈ શકતો નથી. વસ્તુઓનો સંયોગ ન હોય છતાં, પણ જો મનમાં તે પદાર્થો પ્રત્યે મમત્વબુદ્ધિ છે, તો પદાર્થોના અભાવમાં પણ મમતાનો દોષ લાગે છે. એનાથી વિપરીત બાહ્યદૃષ્ટિથી કોઈ માણસ પરિગ્રહવાન દેખાતો હોય પણ તે પદાર્થો પ્રત્યે મમત્વ બુદ્ધિ ન હોય તો તે પરિગ્રહ ત્યાગી કહી શકાય છે.

એક વખત ભગવાન ચરમ તીર્થંકર પ્રભુ શ્રી મહાવીર સ્વામી સમવસરણમાં અમૃત વાણીનો ધોધ વહાવી રહ્યા હતા. ત્યાં અખૂટ સંપત્તિના માલિક એક મહાન સમ્રાટ ભગવાનના સમવસરણમાં દાખલ થયા. એ જ સમયે એક ગરીબ ભિખારી પણ સમવસરણમાં દાખલ થયો. બરાબર એ બંને બનાવોને અનુલક્ષીને ઈન્દ્રભૂતિ ગણધરે ભગવાનને પૂછ્યું, હે પ્રભુ! આ બંનેમાંથી કોને પરિગ્રહનો વળગાડ વધારે હશે? ભગવાને કહ્યું, હે ગૌતમ! ભિખારીને. આ વાત સાંભળીને ગૌતમસ્વામીને તો ખૂબ આશ્ચર્ય થયું. તેમણે ફરી પોતાના મનનું સમાધાન કરવા પૂછ્યું, હે ભગવાન! પરિગ્રહની અખૂટ સામગ્રી જેની પાસે છે તેને નિષ્પરિગ્રહી કહો છો અને જેની પાસે ભીખ માંગવા એક રામપાત્ર નથી તેને પરિગ્રહવાન કહેવો (?) એ કેવી રીતે? પ્રભુએ શંકાનું સમાધાન કરતાં કહ્યું, હે ગૌતમ! પરિગ્રહ અંતર સાથે સંકળાયેલો છે, એને બાહ્ય સ્થિતિ સાથે સંબંધ નથી. આ રાજા પાસે આટલી સંપત્તિ હોવા છતાં એમને એ પ્રત્યે મોહ-મમતા કે આસક્તિ નથી. એટલું જ નહિ પણ તે તેમાંથી છૂટવા માટે હંમેશા પ્રયત્ન કરે છે. જ્યારે આ ભિખારીની પાસે કાંઈ નથી, છતાં એટલી બધી તીવ્ર મમતા છે કે કદાચિત્ એની સામે સોનાના ઢેરના ઢેર ખડકવામાં આવે તો પણ એને સંતોષ થવાનો નથી. તેની ચિત્તવૃત્તિ પરથી હજુ મમતા ઘટી નથી. પદાર્થોના અભાવમાં પણ તેના મનમાં એ લાલસા છે કે જો મને પદાર્થો મળી જાય તો તેનો ઉપભોગ કરું. આ મમત્વ-

ભાવનાના કારણથી તેને ત્યાગી માની શકાતો નથી. જ્યારે ભરત ચક્રવતીને વૈભવનો પાર ન હતો, તો પણ મમત્વના અભાવને કારણે તેમને ત્યાગી માનવામાં આવ્યા. દ્રવ્ય ચારિત્રના અભાવમાં પણ ભાવ ચારિત્રના કારણથી અરિસાભવનમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. દશવૈકાલિક સૂત્રમાં ત્યાગીની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે–

जे य कंते पिए भोए, लद्धे विपिट्ठी कुव्वइ ।
साहीणे चयइ भोए, से हु चाइत्ति वुच्चइ ॥

જે આત્મા વસ્ત્ર, ગંધ, આભૂષણ, સ્ત્રીઓ, શયનાસન આદિ બાહ્ય પદાર્થો પરાધીન હોવાથી ભોગવતા નથી તે ત્યાગી કહેવાતો નથી, પણ જે ઇષ્ટ, કાંત, પ્રિય અને મનોજ્ઞ ભોગોને પ્રાપ્ત કરીને પણ જે તેનાથી વિમુખ બની જાય છે, એટલે સ્વેચ્છાપૂર્વક તેનો ત્યાગ કરે છે તેને ત્યાગી માનવામાં આવે છે. આ કહેવાનું તાત્પર્ય એ છે કે જેની મમત્વબુદ્ધિ ચાલી ગઈ છે તે ત્યાગી છે. મમત્વબુદ્ધિનો ત્યાગ કરવાથી મમતાનો ત્યાગ થઈ શકે છે. અહીં સૂત્રકારે મમત્વબુદ્ધિના ત્યાગથી ભાવપરિગ્રહ અને મમતાના ત્યાગથી દ્રવ્યપરિગ્રહના ત્યાગની વાત કરી છે, તેથી જે મમત્વ ભાવનાનો ત્યાગ કરે છે તે મમતાનો ત્યાગ કરે છે અને જેને મમત્વ નથી તે મુનિ મોક્ષમાર્ગના સ્વરૂપને જાણવાવાળા છે. નમિરાજર્ષિને બધા પરથી મમત્વ ઉઠી ગયું છે, એટલે કહ્યું કે આ મિથિલામાં મારું કંઈ છે નહિ. મિથિલા બળવા છતાં મારું કંઈ બળતું નથી. સમ્યક્જ્ઞાનદર્શન ચારિત્ર મારા છે તે બળતા નથી. હજુ આગળ નમિરાજ શું કહે છે,

चत्तपुत्त कलत्तस्स, निव्वावारस्स भिक्खुणो ।
पियं ण विज्जइ किंचि, अप्पियंपि ण विज्जइ ॥१५॥

જે સાધુએ પોતાના પુત્ર તથા કલત્રાદિનો સંબંધ છોડી દીધો છે તથા જેમણે સાવદ્ય વ્યાપારનો સર્વથા પરિત્યાગ કર્યો છે એવા ભિક્ષુને સંસારના કોઈ પણ પદાર્થો પ્રિય અથવા અપ્રિય નથી.

જે સાધુએ પોતાના પુત્ર, પત્નીઓ, પરિવાર આદિનો સંબંધ છોડી દીધો છે અથવા તેમની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ રાખતા નથી તથા જેમણે અસિ, મસિ અને કૃષિ, વાણિજ્ય આદિ સાવદ્ય વ્યાપારનો ત્યાગ કર્યો છે, તેનાથી વિરક્ત બની ગયા છે એવા સાધુને સંસારના કોઈ પણ પદાર્થો પ્રત્યે પ્રીતિ અથવા અપ્રીતિ નથી. કહેવાનો આશય એ છે કે તેમને ન તો કોઈ વસ્તુમાં રાગ હોય છે, ન તો કોઈ પદાર્થો પ્રત્યે દ્વેષ હોય છે. સંસારની અંદર સુખ અથવા દુઃખની ઉત્પત્તિનું કારણ મમત્વ છે. સંસાર સુખ–દુઃખનો ભરેલો છે. દુનિયામાં કોઈની એક સ્થિતિ કાયમ રહેતી નથી. ઘડીકમાં ચડતી તો ઘડીકમાં પડતી. બીજનું ઝાડ થાય છે, ઝાડને પાન આવે છે, પછી તેને ફૂલ–ફળ થાય છે અને પાછું તે નાશ પામે છે, તેમ માનવ જન્મે છે, મોટો થાય છે, તેને છોકરાઓ થાય છે, પછી તે વૃદ્ધ થાય છે ને અંતે મરણ પામે છે. ચંદ્રની કળામાં પણ વધઘટ થાય છે. સમુદ્રમાં ભરતી–ઓટ આવ્યા કરે છે. દરેક વસ્તુની ચડતી પડતી થયા કરે છે,

પણ તે સ્થિતિમાં જે માણસ સમતા રાખી શકે છે, ધીરજ ધરી શકે છે તે પોતાના જીવનને સફળ બનાવી શકે છે. શાસ્ત્રવાણી સાંભળવાનું અને સત્સંગ કરવાનું ફળ તે વખતે કામ આવે છે. સુખમાં ફુલાઈ ન જવું અને દુઃખમાં ગભરાઈ ન જવું એ જીવનની સાર્થકતા છે.

એક વખત ધર્મરાજાની જન્મજયંતિનો દિવસ હતો. તે દિવસ બધાએ ખૂબ ધામધૂમથી ઉજવવાનું નક્કી કર્યું. તમને બધાને પણ જન્મજયંતિ વહાલી છે ને ? તે દિવસે તમને એમ થાય કે ગામમાં સંત-સતીજી બિરાજે છે તો માંગલિક સાંભળવા જઈએ. ધર્મરાજાની જન્મજયંતિ નિમિત્તે દેશદેશના રાજાઓ તેમને ભેટ ધરવાને માટે આવેલા હતા. કોઈ દશ હજાર, તો કોઈ પચ્ચીસ હજાર, કોઈ સવા લાખ, તો કોઈ પાંચ લાખની કિંમતી રત્નજડિત ભેટો લઈને આવ્યા હતા. તે વખતે રાજાઓની એટલી બધી ભીડ હતી અને ભેટ આપવાની રકમો પણ એટલી બધી મોટી હતી કે ધર્મરાજાને એવો ઠરાવ કરવો પડયો કે જેણે ધર્મરાજાને સવા લાખ રૂપિયા કરતાં વધારે ભેટ આપવી હોય તે ધર્મરાજાને હાથોહાથ આપી શકશે. બાકીના બીજા માણસોએ પોતાની ભેટ મોટા અમલદારોને આપવી. બિચારા ગરીબ માણસો સામાન્ય ભેટ લઈને આવ્યા હતા. આવી મોટી મોટી ભેટો જોઈને તેમના મનમાં થયું કે લાખ બે લાખ પાંચ લાખની ભેટો આગળ આપણી કિંમત કયાં ?

સવા લાખથી નીચેની રકમની ભેટો લાવેલાઓ અમલદારોને પોતાની ભેટો આપવા લાગ્યા. સભામાં જુદી જુદી જાતની અને એક કરતા એક ચડે એવી ભેટો આવવા લાગી. કૃષ્ણજી પણ ધર્મરાજાને ભેટ આપવા આવ્યા હતા. બધાની ભેટો આવી રહી ત્યારે કૃષ્ણજીએ ઉભા થઈને એક નાની વીંટી ધર્મરાજાને ભેટ આપી. આ જોઈને બધા રાજાઓ આશ્ચર્ય પામી ગયા કે નાના નાના રાજાઓએ મોટી ભેટ આપી અને ત્રણ ખંડના અધિપતિ કૃષ્ણ વાસુદેવે આટલી નાની વીંટી ભેટ આપી ! સભામાં ખળભળાટ મચી ગયો. ધર્મરાજા રાજ્યાસન ઉપરથી ઉભા થઈ ગયા ને કહ્યું, હે રાજાઓ ! શાંત થાવ. કૃષ્ણજીએ મને વીંટી આપી તે જોઈને આપ બધા અજાયબ થયા છો ને તમારા મનમાં એવો વિચાર આવ્યો હોય એમ મને લાગે છે કે નાના રાજાઓ મોટી મોટી ભેટ લાવ્યા, અને શ્રી કૃષ્ણજીએ આટલી નાની વીંટી જ કેમ આપી ? પણ હે રાજાઓ ! તમે બધાએ મને જે ભેટો આપી છે તેના કરતાં આ વીંટીની કિંમત કરોડો ગણી છે. ખરું કહું તો તેની કિંમત અમૂલ્ય છે.

ધર્મરાજાની વાત સાંભળતા બધાના મનમાં થયું કે આ વીંટીમાં એવું કંઈ દેખાતું નથી, ને ધર્મરાજા કહે છે કે તેની કિંમત કરોડોથી પણ ચૂકવાય એવી નથી, તો વીંટીમાં એવું શું હશે ? શું તે જાદુઈ વીંટી હશે ? ધર્મરાજા કહે હે રાજાઓ ! આ વીંટી નાની છે પણ તે વીંટી ઉપરના જે અક્ષરો છે તે ઘણા કિંમતી છે. એકેક અક્ષરની કિંમત કરોડો રૂપિયાની છે. જુઓ, તે વીંટી ઉપર લખેલું છે કે **"એ દિન ભી જાયગા."** અહા જુઓ, તે વાકયમાં કેવો સરસ બોધ છે ! કેવી સરસ સોનેરી શિખામણ છે ! આવો સરસ ખુશાલીનો મંગલ

દિવસ છે તે પણ ચાલ્યો જશે. તો તે માટે શા સારુ અભિમાન કરવું જોઈ એ ? તેમજ આથી ઉલ્ટો એટલે કે પડતીનો દિવસ આવે તો પણ શા માટે શોક કરવો જોઈ એ ? આ સંસારમાં સુખ–દુઃખ, સંપત્તિ–આપત્તિ, સંયોગ વિયોગ ચાલ્યા કરે છે. સુખ–સંયોગના દિવસો પણ એક દિન જશે ને દુઃખના દિવસો પણ એક દિન જવાના છે, માટે સુખમાં મલકાવું નહિ ને દુઃખમાં ગભરાવું નહિ.

હું તમને પણ કહું છું કે આ સૂત્ર તમે ગોખી રાખો તો સારા પ્રસંગોમાં અભિમાન નહિ આવે ને દુઃખમાં ગભરાટ નહિ થાય. અરે, અશાતા વેદનીયના ઉદયથી રોગ આવે ત્યારે પણ જો આ સૂત્ર મનમાં રમતું હશે તો એમ થશે કે આ રોગનો પણ એક દિવસ અંત આવવાનો છે, તો પછી મારે શા માટે હાયવોય કરવી જોઈ એ ? ધર્મરાજા ખરેખર તે વીંટીની શિખામણથી બહુ ધીરજ રાખી શકયા હતા. તેમને વનવાસ મળ્યો, તેમના કાકાના દીકરાઓ કૌરવો તેમને પજવ્યા ત્યારે તેમણે પોતાની ધીરજ ગુમાવી નહિ. બાર બાર વર્ષ વનવાસના ભયંકર દુઃખો વેઠ્યાં છતાં પણ સમતા, ધૈર્યતા છોડી નહિ. આપણે પણ **"એ દિન ભી જાયેગા"** એ નાનકડું સૂત્ર ગોખી રાખીએ તો ચડતી પડતીમાં અને સુખ–દુઃખમાં ધીરજ રાખી શકીએ.

નમિરાજર્ષિ ઈન્દ્રને એ કહી રહ્યા છે કે હે વિપ્ર ! આ સંસારમાં સુખ અથવા દુઃખની ઉત્પત્તિનું કારણ મમત્વ છે. મમત્વથી સંસારમાં સુખ–દુઃખની ભાવના ઉત્પન્ન થાય છે અને મમત્વ દૂર થાય છે ત્યારે સંસારની સુખ દુઃખમયી સારી કે ખરાબ ભાવનાઓ સમતાના સમુદ્રમાં નાશ થઈ જાય છે. એટલા માટે સાંસારિક પદાર્થો પરથી મમત્વ હટાવી લેનારા જીવોની દૃષ્ટિમાં કોઈ પણ પદાર્થ પ્રિય અથવા અપ્રિય રહેતા નથી. તેથી ઈષ્ટ–મનગમતી વસ્તુની પ્રાપ્તિથી હર્ષ અને અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિથી શોક થતો નથી. તથા અપ્રિય વસ્તુના સંયોગથી અને પ્રિય વસ્તુના વિયોગથી કોઈ પ્રકારનો ખેદ થતો નથી. આ કુટુંબનું સગપણ, રાણીઓ તેમજ પુત્રોનો સંબંધ આ ભવ પૂરતો છે. જીવ જે ગતિમાં જાય ત્યાં આવા અનેક સંબંધો બાંધે છે ને છોડીને આવે છે. આ સંસાર એક પંખીના મેળા જેવો છે. વૃક્ષની ડાળે સાંજે પંખીઓ આવે, ભેગા થાય ને સવાર થતાં ઉડી જાય છે તેમ આ સંસાર–વૃક્ષની ડાળે કોઈ માતાપણે, પિતા, પુત્રપણે, પરિવાર રૂપે બધા ભેગા થાય છે. આયુષ્ય પૂર્ણ થતાં એ માળો વિખરાઈ જાય છે અને આ જીવરૂપ પંખી ઉડી જાય છે, માટે સંબંધોને અનિત્ય જાણીને મેં છોડયા છે. હવે મને કોઈ પ્રિય નથી કે અપ્રિય નથી. નમિરાજર્ષિએ ઈન્દ્રને આ પ્રમાણે સુંદર, સચોટ જવાબ આપ્યો. હજુ આગળ નમિરાજ શું કહેશે તેના ભાવ અવસરે.

આજે આયંબીલની ઓળીનો છેલ્લો દિવસ છે. આયંબીલ તપ એ મહાન તપ છે. તેમાં ખાવા છતાં રસનો ત્યાગ કરવાનો છે. સરસ રસનો ત્યાગ કર્યા વિના ધર્મમાં જોઈએ તેવો રસ નહિ આવે. આપણા જૈનદર્શનમાં રસ–ત્યાગ નામનો તપ બતાવ્યો છે. આ રસત્યાગ નામનો તપ વિષય–રસના નાશ કરી શકશે. આ તપમાં બધા વિગયનો

ત્યાગ કરવાનો છે. વિગયો ખાવાથી ઇન્દ્રિયો અને મન નિર્વિકાર બની શકતા નથી. ઉત્તમ ભાવનાઓ આવતી નથી, માટે આત્મકલ્યાણના ઇચ્છુક આત્માઓએ તેનાથી દૂર રહેવું જોઈએ. બધા વ્રતોની આધારશીલા બ્રહ્મચર્ય વ્રત છે. આ વ્રતને સુરક્ષિત રાખવાની ઈચ્છાવાળાએ વિગય વિનાનો લુખ્ખો નિરસ આહાર પસંદ કરવો. ઘી દૂધથી લચપચતો આહાર જીવનમાં વાસના-વિકારોનું મહાન તોફાન મચાવે છે. આયંબીલનું ભોજન એ પવિત્ર જીવન જીવવા માટે સરસ ઉપાય છે. તેનાથી જીવન ટકે, સાધના થાય, ઉત્તમ વિચારો આવે, ઇન્દ્રિયો નિર્વિકાર રહે. વાસના–વિકારોનો નાશ કરવા માટે વિગય-ત્યાગ એ સારામાં સારું સાધન છે. વિષયવૃત્તિનો નાશ કરવા રસત્યાગના શરણે જવાની ખાસ જરૂર છે. સ્વાદવૃત્તિને છોડયા સિવાય સંયમનો કે ધર્મનો સાચો સ્વાદ નહિ આવે. આપણે ત્યાં ઘણાં ભાઇ બહેનોએ આયંબીલ તપની આરાધના કરી છે. આયંબીલ તપથી તો ભલભલાના રોગ મટી જાય છે. (અહિંયા પૂ. મહાસતીજીએ શ્રીપાળ રાજા અને મયણાસુંદરીનું દૃષ્ટાંત સુંદર રીતે સમજાવ્યું હતું. શ્રીપાળ રાજાને આયંબીલ તપથી કોઢનો રોગ કેવી રીતે મટ્યો તે વાત વિસ્તારથી રજુ કરી હતી.)

**ચરિત્ર :** ગુણચંદ્રને માથે સંકટ આવ્યું છે. આ શેઠ કેવું અઘટિત કાર્ય કરવા તૈયાર થયા છે. ગુણચંદ્ર તો ન્યાય, નીતિ, સદાચાર, પ્રમાણિકતા અને સજ્જનતાના, સદ્‌ગુણોથી સભર છે. તેણે પ્રભુને પ્રાર્થના કરી કે હે પ્રભુ ! હું ભોંયરામાં રહેવાનું પસંદ કરીશ, હેન્ડલના માર સહન કરીશ, પણ પ્રભુ ! તું મને આ પાપમાં ન નાંખીશ. આવા પાપમય કાર્ય કરીને મારે છોકરીને દુઃખી નથી કરવી. હે પ્રભુ ! તું મારી મતિ શુદ્ધ રખાવજે, પછી શેઠને કહે શેઠજી ! તમારી આશાને મૂર્તિમંત બનાવવા માટે હું સમર્થ નથી. શેઠ કહે ગુણચંદ્ર ! તને ખબર છે ને કે તું મારો બંદીવાન છે. તું મારા હાથ નીચે છે. તને ભોંયરામાં પૂર્યો છે. તેં કેટલા સમયથી સૂર્ય પણ જોયો નથી, ને મારા સિવાય કોઈનું મુખ વર્ષોથી જોયું નથી. તને પેટ ભરીને ખાવા દીધું નથી. છતાં હું ઉદાર દિલનો છું, તારા પર દયા કરું છું અને તને પરણવાનો લ્હાવો લેવરાવું છું. તું મારું કહ્યું માનીશ તો તને સારું સારું ખાવાનું આપીશ. સારા સારા કપડા પહેરવા આપીશ. તને ભોંયરામાંથી બહાર કાઢી પુત્રની જેમ પાલન કરીશ. શેઠની વાત સાંભળતા ગુણચંદ્ર દિગ્મૂઢ બની ગયો. અરે ! આશાભરી, કોડભરી કન્યાના મનોરથના ચૂરેચૂરા કરવામાં મારા ભાગ્યનો સિતાર ! એના સોનેરી સોણલાને વિષમતાની ખાઈમાં કેમ હોમાય ? દગાપ્રપંચ કરી મોજમઝા લૂંટવામાં શો આનંદ ! ના...ના...એ નહિ બને. આવા નિર્લજ વર્તાવ માટે મારી પાસે માંગણી કરતાં શેઠને શરમ નથી આવતી ! કુમળી કળીના બલિદાન માટે તેમનું હૈયું કેટલું અધીરું બન્યું છે ! હેન્ડલના પ્રહાર શ્રેષ્ઠ, પણ આવું પિશાચી કર્તવ્ય મારાથી બનશે નહિ. શેઠજી, તમારી ઉદારતા તમારી પાસે. મારે નથી જોઈતી.

**પ્રલોભનોની પ્રાપ્તિમાં પણ પાપમાં નહિ પડવાની મક્કમતા:–લક્ષ્મીદત્ત**

શેઠને પોતાની આબરૂનો મોટો પ્રશ્ન ઉભો થયો છે, તેથી ગુણચંદ્ર પાસે જઈ તેને ભાડૂતી વરરાજા તરીકે લઈ જવા માટે સમજાવે છે ને અનેક પ્રલોભનો આપે છે, પણ ગુણચંદ્ર આવું અઘટિત કાર્ય કરવા તૈયાર થતો નથી. તેણે શેઠને સ્પષ્ટ કહી દીધું શેઠ! તમારી સહાનુભૂતિ તમારી પાસે, મારે ન જોઈએ. મારું જીવન ભોંયરામાં રહીને તમારા માર ખાઈને દુઃખમાં જાય છે, તેવું ભલે જાય. તમારા સારા સારા વસ્ત્રો અને આભૂષણો મારે નથી જોઈતા, અને નથી જોઈતા તમારા સ્વાદિષ્ટ ભોજનો. આપ મને મન-ઇચ્છિત સુખ આપવાની વાતો કરો છો, એ બધું કંઈ મારે નથી જોઈતું. મારે તો એક જોઈએ છે સતીની જીવનરક્ષા. તેનું જીવન દુઃખના ઉંડા સાગરમાં ધકેલાઈ ન જાય. મને એવા ખોટા દંભ, માયા, પ્રપંચ ગમતા નથી. પાપના ફંદામાં પડી અધમ કાર્ય કરવાની મારામાં હિંમત નથી. હું એવા વિશ્વાસઘાતના ઘોર પાપમાં નહિ પડું. એ કાર્ય મારાથી નહિ બને.

ગુણદત્તની વાતો સાંભળતા શેઠના મનમાં તો ગુસ્સો આવ્યો. ક્રોધના આવેશમાં આવીને કહે છે અરે મૂર્ખ! આટલી લાગણીથી કહું છું છતાં મારી માંગણીનો અસ્વીકાર કરે છે? મારી અવગણના કરે છે? તું ધર્મ-અધર્મની મોટી મોટી વાતો કરે છે. મને પણ ધર્મ-અધર્મનો બરાબર ખ્યાલ છે. તારે સમજાવવાની જરૂર નથી. કોઈ પ્રકારની મુશ્કેલીમાંથી ઉગરવા પ્રયત્ન કરવો એ ધર્મ નથી? પોતાની ઈચ્છાને કોઈપણ પ્રકારે પૂરી કરવી એ ધર્મ છે. આશાને નિરાશામાં ફેરવવી એ અધર્મ છે. જુઓ શેઠે-ધર્મ અધર્મની વ્યાખ્યા કેવી કરી? પોતાનો સ્વાર્થ સાધવા માનવી કેટલું અસત્ય બોલે છે! શેઠ કહે ગુણચંદ્ર! તું એ વાત ન ભૂલતો કે હું શેઠના કબજામાં છું. હજુ હું તને ટાઈમ આપું છું. તું થોડો વિચાર કર.

શેઠજી! વિચાર શેનો કરવાનો? અરમાનોની માળા ગૂંથતી કોડભરી કન્યાની સાથે કપટબાજી કરવાનો? એક નિર્દોષ બાળા પર ઠંડો સીતમ ગુજારવાનો? વિશ્વાસઘાત કરી તમારી આશા પૂરી કરવી એ શું ધર્મ છે? જ્ઞાનીઓએ પોકારી પોકારીને કહ્યું છે કે વિશ્વાસઘાત એ મહાપાપ છે. જ્ઞાનીએ આઠ મહાપાપી કહ્યા છે. તેમાં વિશ્વાસઘાતીને મહાપાપી કહ્યો છે. આ પાપ દુર્ગતિનો બાપ છે. એ પાપ મારાથી નહિ બને, નહિ જ બને. આ વાતથી તો ગુણચંદ્રનું લોહી ઉકળી ગયું છે. શેઠને લાગ્યું કે હવે બાજી હાથમાંથી જવા બેઠી છે. ગુણચંદ્ર તો વધુ ને વધુ મક્કમ બનતો જાય છે. જો ગુણચંદ્ર મારી વાત સ્વીકારે તો સારું, નહિ તો દુનિયામાં મુખ બતાવવું ભારે પડશે. ગુણચંદ્રે તો મક્કમતાથી કહ્યું કે મારાથી ભાડૂતી વરરાજા બનાશે નહિ. હવે તો શેઠનો મિજાજ ગયો, આંખો લાલઘૂમ બની ગઈ અને ગુસ્સાથી તાડૂકતા કહેવા લાગ્યા. અક્કલ વિનાના, હજુ તું સાંભળતો નથી? તો જોઈ લે હવે.

**લક્ષ્મીદત્ત ગુસ્સામેં આ કર, ચમકતી કટાર નિકાલી,**
**મેરા વચનકો કર સ્વીકાર, તો મિલે જીવતદાન.**

શેઠે ગુસ્સામાં આવીને મ્યાનમાંથી ચમકતી તલવાર કાઢી અને બોલ્યા, જોઈ લે આ

મારી તલવાર, તું મારા વચનનો સ્વીકાર કર, નહિતર આ તલવારને જીવનદાન કરવા તૈયાર થા. એટલે મૃત્યુને ભેટવા તૈયાર થા. તલવાર જોઈ ને ગુણચંદ્ર ધ્રુજવા લાગ્યો. માનવીના અંતરમાં જ્યારે ભયની લાગણી પેદા થાય છે ત્યારે ભીરૂ માનવી તેની જાળમાં ફસાય છે. ગુણચંદ્ર ભયથી કાંઈ પણ બોલી શકયો નહિ. શેઠ તો રાડ પાડીને કહે છે કે તું પુણ્ય-પાપની વાતો કરે છે તો જો આ પુણ્ય-પાપનો પરચો! તને પુણ્ય બચાવશેને? કર...કર...પુણ્યની આરાધના. આવા કટાક્ષ વચનો કહીને તલવાર મારવા તૈયાર થયો. ગુણચંદ્ર વિચારે છે કે કોઇ છોકરીને દુઃખમાં નાંખવી, એની જિંદગી બગાડવી એના કરતાં મરી જવું સારું, પણ આ શેઠ કંઇ મારે એમ ન હતા, કારણ કે પોતાની આબરૂ સાચવવા માટે અત્યારે તેના સિવાય કોઇ ન હતું.

**ભાવિનો ભાણ જોવા કરેલ નિર્ણયઃ**–ગુણચંદ્રના મનમાં અનેક વિચારો આવવા લાગ્યા. હું શું કરું? કયાં જાઉં? કેવી રીતે પ્રાણ બચાવું! સત્ય માટે પ્રાણનું બલિદાન દેનારા મહાપુરૂષોને ધન્યવાદ છે. ધન્ય છે એમની વીરતા ને! દઢતાને! શ્રદ્ધાને! હું તો તલવાર દેખીને ધ્રુજું છું. જો મારે જીવવું છે તો શેઠનું વચન સ્વીકાર્યા વગર છુટકો નથી. આજે હું પરાધીન છું, પરવશ છું. મારી પાસે કોઈ શસ્ત્ર નથી, મને કોઈ સહાયક નથી, ચારે બાજુથી અસહાય છું. એટલે શેઠ આટલું બધું જોર કરે છે. શું સંસારની લીલા આવી વિચિત્ર છે! બીજી ક્ષણે ગુણચંદ્રના વિચારે પલ્ટો લીધો. અરે, મારો આત્મા અનંત શક્તિનો પુંજ છે. શા માટે મારે કાયરપણાના વિચાર કરવા? સત્ય માટે પ્રાણ પાથરવા એ મરણ નથી પણ એ જીવનની સફળતા છે. તેની દુર્બળતાએ સામનો કર્યો. આ પૃથ્વી પર જન્મ લઇને મેં હજુ શું કર્યું છે? કાંઇ પણ સુકૃત્યો કર્યા વિના મરું, તો એ જીવનની કોઈ કિંમત નથી. આકાશમાં તારા ઉગે ને આથમે, એની શી ગણના? મારાથી આ રીતે મૃત્યુને ભેટાશે નહિ. આવી રીતે મારે મરવું નથી, મરાશે નહિ ને આવા ઘોર પાપનો સ્વીકાર પણ થશે નહિ. અત્યારે તો શેઠનું વચન માન્ય કરી એક-વાર આ ભોંયરામાંથી બહાર નીકળવા દે, પછી આગળ બધું જોઈ લેવાશે. મૃત્યુના મુખમાંથી બચવા એક વાર શેઠનું વચન માની, આ ભોંયરામાંથી બહાર નીકળી જાઉં. અત્યારે તો તેમનું વચન સ્વીકારવું એ જ એક હથિયાર છે. હથિયાર હાથમાં આવ્યા પછી તેનો ઉપયોગ કેવી રીતે કરવો એ મારા હાથની વાત છે. અત્યારે તો એક વાર ભોંયરામાંથી બહાર નીકળી જવું એમાં ડહાપણ રહેલું છે. એમ વિચાર કરી તેણે કહ્યું શેઠજી! મારા પર કૃપા કરો, મને બચાવો. હું આપના વચનો માન્ય કરું છું. મને ભોંયરામાંથી એક વાર બહાર કાઢો. હું તમારું કાર્ય કરીશ. આ શબ્દો સાંભળતા શેઠનો ગુસ્સો શાંત થઈ ગયો અને ગુણચંદ્રને ભોંયરામાંથી બહાર કાઢયો. હવે કિશોર બહારગામથી કેવી રીતે ભણીને આવ્યો છે તે માટે કેવી બનાવટ કરશે તેના ભાવ અવસરે.

આજે અમારા જીવન-નૈયાના નાવિક, સંયમ રથના સારથી, પરમ ઉપકારી પૂ. ગુરૂણીદેવ પાર્વતીબાઈ મહાસતીજીની પુણ્યતીથિનો પવિત્ર દિવસ છે. શિષ્યના જીવનમાં

ગુરૂ-ગુરૂણીનો મહાન ઉપકાર છે. તેમના ઉપકારનો બદલો વાળવા માટે શિષ્યો ગમે તેટલું કરે તો પણ તેના ઋણમાંથી મુક્ત થઈ શકતા નથી. તેઓ ખૂબ ભદ્રિક અને સરળ સ્વભાવી હતા. કેન્સર જેવું દર્દ થવા છતાં તેમની સમતા અજબની હતી. એવા શુદ્ધ ચારિત્રના બળે જેમણે પોતાનો અંતિમ સમય જાણી લીધો હતો, અને સંથારો કરી પંડિત મરણે કાળધર્મ પામ્યા છે. તેમની પુણ્યતીથિના દિવસે બને તેટલી વધુ આરાધના કરશો તો જ સાચી શ્રદ્ધાંજલી અર્પણ કરી કહેવાય.

( પૂ. મહાસતીજીએ પૂ. પાર્વતીબાઈ મહાસતીજીના જ્ઞાન, દર્શન, ચારિત્રની સુવાસથી ઝગમગતા જીવન પર સુંદર પ્રકાશ પાડયો હતો. જે સાંભળતા શ્રોતાઓની આંખો અશ્રુભીની બની હતી. )

---

## વ્યાખ્યાન નં-૮૩

**આસો વદ એકમ ને મંગળવાર** **તા. ૧૩-૧૦-૮૧**

શાસનપતિ ત્રિલોકીનાથ ભગવાન મહાવીર સ્વામીએ જગતના જીવોને આત્માનું સ્વરૂપ સમજાવ્યું. મહાન ભાગ્યોદયે જૈન સિદ્ધાંતો, જૈન ધર્મ આપણને મળ્યો છે કે જે આત્માનું સ્વરૂપ સમજાવે. જૈન ધર્મ એ આત્માનો ધર્મ છે. અહિંસા સાથે એની પરિપાટી છે. આત્માને જાણવો, એને ઓળખવો ને એના માટે પ્રયત્ન કરવો એ જૈન-સિદ્ધાંતનું મૂળ છે. દેહ અને દેહી એટલા બધા એકમેક થઈને રહેલા છે કે ઘણીવાર દેહને મહત્ત્વ આપવામાં આવે છે. દેહના સુખ માટે માનવી રાત-દિવસ પ્રયત્ન કરે છે. જૈન દર્શન કહે છે કે દેહ અને આત્મા એક નથી. દેહ જુદો છે ને આત્મા પણ જુદો છે. આ શરીર તો આત્મ સાધના માટે એક સાધન છે. સાગર તરવા માટે જેમ હોડી સાધન છે તેમ સંસાર સાગર તરવા માટે દેહ એ હોડી છે. "सरीर माहु नावत्ति" આ શરીરને નૌકાની ઉપમા આપી છે. આ નૌકા દ્વારા જીવ સંસાર સાગરને તરી શકે છે. સાગર પાર કર્યા પછી જેમ કોઈ હોડીને ગળે વળગાડી રાખતું નથી, એમ સંસાર તરવા માટે દેહ સાધન છે, એટલા માટે એનું મહત્ત્વ છે. દેહના રખોપામાં દેહીને ભૂલી ન જવો જોઈએ. આ દેહ આત્મ સાધનામાં સહાયક બને માટે એને સાચવવો, પણ એની ખૂબ આળપંપાળ ન કરવી. આત્માને ઓળખવા માટે માણસે જીવનમાં અભય, અહિંસા ને પ્રેમ કેળવવાના છે. મહાન ગુરૂદેવોના મુખેથી વહેતી વીતરાગ વાણી સાંભળી, પણ શ્રદ્ધાથી જીવનમાં કેટલી ઉતારી ! એનો રંગ જીવનના પોત પર કાચો લાગ્યો કે પાકો તે વિચારવાની જરૂર છે.

જૈન ધર્મ એ કોઈ કોમ કે નાતનો ધર્મ નથી. એ વિશ્વ ધર્મ છે. અંતરની શક્તિ કેળવવા પર ભાર આપનારો અને આત્માને ઓળખવા સતત પ્રયત્ન કરતો ધર્મ છે. સાચો જૈન કદી પરાજય અનુભવે નહિ. હારમાં પણ તે જીત જુએ, કારણ કે દરેક હાર એને માટે પ્રગતિનું પગથીયું છે. સાચો જૈન કદી હારે નહિ, કારણ કે

વિનય, વિવેક અને વીરતાના ત્રણ અમોઘ શસ્ત્રો એના ભાથામાં હોય છે. વિવેકથી એ સાર–અસારને જાણે છે, વિનયથી એ સહુ સાથે તાદાત્મ્ય સાધે છે અને વીરતાથી અધર્મને હટાવીને ધર્મનો મહિમા વધારે છે.

વિનય, વિવેક અને વીરતાના શસ્ત્રો લઈને જે કર્મશત્રુઓને જીતવા માટે કર્મ-સંગ્રામમાં ઉતર્યા છે એવા નમિ રાજર્ષિ સંસાર છોડીને સંયમી બની ગયા. તેમને સંસાર ખટકયો, તો તેમાંથી છૂટકારો મેળવ્યો. જ્ઞાનીપુરૂષો સંસારનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે આ સંસારનું ચિત્ર એક ભયંકર આગનું ચિત્ર છે. કયાંક યુદ્ધની આગ છે, કયાંક ભૂખની આગ છે, કયાંક મોટાઈની ને સત્તાની આગ છે. આજે કોઈ દેશ કે માનવી ગમે તેટલો આગળ વધ્યો હોય તો પણ શીતળતાનો અનુભવ કરતો નથી. દરેક સ્થળે ત્રાહિમામ ત્રાહિમામ સંભળાય છે. એ તમામ હાયકારમાંથી છૂટવાનો ઉપાય છે સંયમ માર્ગ. આ સંસાર આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી સળગી રહ્યો છે. કયાંય સુખનું નામ નિશાન છે નહિ. જો સંસારમાં સુખ હોત તો નિશ્ચયથી મોક્ષમાં જનારા તીર્થંકર ભગવંતો પણ સંસાર ન છોડત.

નમિ રાજર્ષિ કહે છે, આ સંસારના સુખો તો જીવે અનંતી વાર ભોગવ્યા, છતાં હજુ તૃપ્તિ થઇ નથી. ભૂતકાળના અનંતકાળમાં આ જીવે શું નથી ખાધું ? શું નથી ભોગવ્યું ? શું નથી જોયું ? શું નથી સાંભળ્યું ? શાસ્ત્રકારો તો ત્યાં સુધી કહે છે કે આ જીવે અત્યાર સુધીમાં પીધેલા માતાના દૂધનું જો માપ કાઢવામાં આવે તો સ્વયંભૂ-રમણ સમુદ્રના પાણી પણ તેની આગળ કાંઇ વિસાતમાં ન આવે અને ખાધેલા અનાજના દાણાઓનો જો ઢગલો કરવામાં આવે તો લાખ યોજનનો મેરૂ પર્વત પણ શરમાઈ જાય. ઓહ ! આટઆટલું ખાધું–પીધું, તોય હજી એ ખાવાપીવાની લત ! તેમાં ય પાછી કોઈ મર્યાદા નહિ. અનંતાનંત તીર્થંકરોએ જે ચીજોને અભક્ષ્ય કહી, જેને અનંતાનંત જીવોના સમુહ રૂપ હોવાથી અનંતકાય કહી, તેને જીભના સ્વાદ ખાતર પેટમાં પધરાવી દેવાની ! અનંતકાયના જીવોના ભક્ષણ દ્વારા પોતાના પેટને કબ્રસ્તાન બનાવવાનું ! માટે સમજો અને છોડો. નમિરાજ કહે છે, આ જીવે ઘણું ભોગવ્યું, ઘણાં સંબંધો બાંધ્યા ને છોડયા. હવે મને કોઈ પ્રત્યે મમતા કે મોહ નથી, તેથી હું પાછું વાળીને જોતો નથી. હવે આગળ નમિરાજર્ષિ શું કહે છે.

बहुं खु मुणिणो भद्दं, अणगारस्स भिक्खुणो ।
सव्वओ विप्पमुक्कस्स, एगंतमणुपस्सओ ॥१६॥

આત્માને જોવાવાળા, એકત્વ ભાવના ભાવતા રહે છે એવા મુનિને નિશ્ચયથી સુખ છે. જે અણુગાર–ભિક્ષુ બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી સર્વથા વિશેષ પ્રકારે મૂકાયેલા છે તેમને હંમેશા સુખ રહે છે.

નમિરાજર્ષિ ઇન્દ્રને કહે છે, હે વિપ્ર ! જે મુનિ બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી વિશેષ પ્રકારે મૂકાયેલા છે. બાહ્ય અને આભ્યંતર પરિગ્રહ કયો તે આપને ખબર છે ?

બાહ્ય પરિગ્રહ નવ પ્રકારનો છે. ક્ષેત્ર, વસ્તુ, સોનું, ચાંદી, ધન–ધાન્ય, દ્વિપદ અને ચતુષ્પદ પ્રાણીઓ અને કુવિય એટલે ઘરવખરી–એ નવ પ્રકારનો પરિગ્રહ બાહ્ય કહેવાય છે. આભ્યંતર પરિગ્રહ ૧૪ પ્રકારનો છે. તે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ અને મિથ્યાત્વ મોહનીય એ ૧૪ પ્રકારનો આભ્યંતર પરિગ્રહ છે. આ બંને પ્રકારના પરિગ્રહથી જે મુક્ત થઈ ગયા છે એવા મુનિને નિશ્ચયથી સુખ છે. તે હંમેશા એકત્વભાવનામાં રમણતા કરે છે. હું એકલો આવ્યો છું ને એકલો જવાનો છું. આવ્યો ત્યારે શું લઈને આવ્યો છું ને શું લઈને જવાનો છું ? શુભ પુણ્ય હોય તો સારું કુળ, સારું ઘર મળે ને પાપનો ઉદય હોય ત્યારે તદ્દન હલકું ઘર મળે. જીવે એકાંતમાં બેસીને સતત વિચાર કરવાની જરૂર છે કે હું કયાંથી આવ્યો છું ? હું કોણ છું ? અહીંથી કયાં જવાનો છું ? તમારા જીવનની ઘડિયાળ હંમેશા ચાલુ રાખો ને ધ્યેય તરફ લક્ષ્ય કરો.

એક યુવાન ભાઈએ સંતને પૂછયું–ગુરૂદેવ ! જીવ પાપથી પાછો કેવી રીતે વળે ? ગુરુ કોને માનવા ? સંતે કહ્યું–જે આપણને સાચો રાહ બતાવે, પાપથી પાછા વાળે અને ભવસમુદ્રમાં ડૂબતા રોકે તેનું નામ ગુરૂ. એ ભાઈએ કહ્યું–ગુરૂદેવ ! મારા હૈયાની એક વાત કરું. ધર્મ કરવામાં કયારે કોણ નિમિત્ત બની જાય છે તેની ખબર પડતી નથી. ગુરૂદેવે પૂછયું–કેમ, આમ કહે છે ? જુઓ, ગુરૂદેવ ! મારા માતા–પિતાના સુંદર સંસ્કારોના કારણે હું રોજ નવકારશી કરું છું, રાત્રીભોજનનો ત્યાગ કરું છું. આ રીતે અનેક પ્રકારની ધર્મક્રિયાઓ કરવા છતાં કોલેજમાં ભણતી વખતે કુસંગના કારણે કંદમૂળ ખાતો થઈ ગયો. હું રોજ ઉપાશ્રયે જતો. ગુરૂદેવ કંદમૂળ છોડવાનો સતત ઉપદેશ આપે કે અનંતકાય જીવોનું ભોજન કરી પેટમાં કબ્રસ્તાન શા માટે કરો છો ? ગુરૂદેવનો સતત ઉપદેશ છતાં હું કંદમૂળ છોડી શકયો નહિ.

એકવાર નોકરી માટે ઇન્ટરવ્યૂ આપવા એક કંપનીમાં ગયો. ઇન્ટરવ્યૂ લેનાર મોટી મીલનો મેનેજર મુસ્લીમ હતો. તેણે મારો આદર સત્કાર કર્યો, પછી પૂછયું–ભાઈ ! તમે જૈન છો ? મેં કહ્યું–હા, પછી બીજો પ્રશ્ન પૂછયો–તમે બટેટા, કાંદા, ડુંગળી, લસણ આદિ કંદમૂળ ખાવ છો ? આ કોણ પૂછે છે ? તમને ખબર છે ને ? (શ્રોતામાંથી અવાજ–મુસલમાન મેનેજર) યુવક ગુરૂદેવને વાત કરી રહ્યો છે. ગુરૂદેવ ! મુસલમાન મેનેજરનો આ પ્રશ્ન સાંભળી હું તો લજ્જા પામી ગયો. મનમાં થયું કે કદાચ હું કહું કે નથી ખાતો ને નોકરી ન આપે તો ? કંઈ નહિ. સત્ય વાત કહેવા દો. હું સાચું બોલી ગયો. સાહેબ! હું કંદમૂળ ખાઉં છું. આ સાંભળી મેનેજર કહે, જે માણસ પોતાના ધર્મને વફાદાર ન હોય તે માણસ કંપનીને વફાદાર રહે તે વાતમાં માલ નથી. તમારા ધર્મગુરૂઓ પોકારી–પોકારીને કહે છે કે જૈનધર્મના અનુયાયીઓએ કંદમૂળ ખવાય નહિ, છતાં તમે મઝાથી કંદમૂળ ખાઓ છો. એ બતાવે છે કે તમને તમારા ધર્મ તરફ શ્રદ્ધા નથી. હું મુસ્લિમ છું છતાં અમારા ધર્મગ્રંથ કુરાનને નજર સામે રાખીને મારું જીવન જીવું છું, એટલે આ

કંપનીમાં કામ કરતા તમામ માણસો માટે મારો સતત એવો આગ્રહ રહે છે કે સહુ પોતપોતાના ધર્મને વફાદાર તો હોવા જોઈએ, એટલે તમે મને માફ કરજો. તમે ગુરૂનો, ધર્મનો, સંસ્કૃતિનો સદાચાર પાળી શકતા નથી. ધર્મગુરૂની, તમારો ઉદ્ધાર કરનાર ગુરૂની આજ્ઞા માનતા નથી, એમની આજ્ઞા પાળી શકતા નથી, તો ઓફીસમાં મારી આજ્ઞા શું માનવાના છો ? ગમે તેટલા સારા માર્કે પાસ થવા છતાં તમે આ કંપનીમાં નોકરી કરવા માટે લાયક નથી તેમ હું માનું છું. હું તો મેનેજરનો જવાબ સાંભળીને સજ્જડ થઈ ગયો. વર્ષોથી વ્યાખ્યાન સાંભળવા છતાં મારી નાલાયકાતીના કારણે જે કંદમૂળ ખાવાનું નહોતો છોડી શક્યો તે મેનેજરના વચનથી ચોટ લાગવાથી કંદમૂળ ખાવાનું કાયમ માટે મેં છોડી દીધું.

યુવાનની વાત સાંભળી ગુરૂદેવે કહ્યું–તને હવે લાગે છે કે હું સુધર્યો, પણ તું તો આર્થિક રીતથી સુધર્યો કે હું કંદમૂળ ખાવાનું છોડી દઉં તો મને નોકરી મળે. તને લાગે છે કે મેં ખોટું કર્યું ? તો હવે ધર્મની દૃષ્ટિએ કંદમૂળમાં પાપ સમજીને જો છોડી દઈશ તો આ લોકમાં સુખી ને પરલોકમાં પણ સુખી થઈશ. ગુરૂના ઉપદેશથી તે યુવાનની શ્રદ્ધા ખૂબ વધી ગઈ. અનંતાનંતકાળે પ્રબળ પુણ્યોદયે ૧૪ રાજલોકમાં રહેલા સમસ્ત જીવોની વાસ્તવિક ઓળખાણ કરાવનાર પરમ કલ્યાણકારી જિનશાસનની આવા વિષમકાળમાં આપણને પ્રાપ્તિ થઈ છે, એ જીવોની રક્ષાના સંપૂર્ણ ઉપાયો પણ શાસ્ત્રકાર ભગવંતોએ આપણને બતાવ્યા છે. આ બધું નજર સામે મોજુદ હોવા છતાં જો માત્ર ઇન્દ્રિયોની તૃપ્તિ ખાતર, મનને મસ્ત રાખવા માટે જિનેશ્વર ભગવંતોએ નિષેધ કરેલા અભક્ષ્ય, અનંતકાયને જો નિઃસંકોચપણે ખાતા હો, તો અનંતકાળે પણ આ જિનશાસનની પ્રાપ્તિ થશે કે કેમ એ પ્રશ્ન છે. કર્મરાજાનો કાયદો છે કે જે ચીજનો સદુપયોગ કરતા ન આવડે તે ચીજની પ્રાપ્તિ માટે જીવને તે નાલાયક બનાવી દે.

જેમ કે પિતાએ પુત્રને વહેપાર કરવા માટે એક લાખ રૂપિયા આપ્યા. દીકરાએ લાખ રૂપિયામાંથી પાંચ લાખ બનાવવાને બદલે લાખ રૂપિયા પણ ગુમાવી દીધા. હવે ફરી વાર દીકરો રૂપિયા માંગવા જાય તો બાપ આપે ? ન જ આપે. એ રીતે જિનશાસનની આજ્ઞા છે અનંતાનંત જીવોને અભયદાન આપવાની. હવે આપણી શક્તિ, સામર્થ્ય હોવા છતાં જો જિનશાસનની આજ્ઞા ન માનીએ ને તેની ઉપેક્ષા કરીએ તો બીજા ભવમાં કઈ મુડી પર જિનશાસન મળે ? આ વાતને સતત આપણા ધ્યાન સામે રાખી અનંતકાયનો ત્યાગ કરવો એ સર્વ શ્રેષ્ઠ છે.

જિનશાસનની આજ્ઞામાં ઝૂલનારા એવા નમિરાજર્ષિ ઇન્દ્રને કહે છે કે હે વિપ્ર ! જે મુનિ આત્મામાં રમણતા કરે છે, તેને નિશ્ચયથી સુખ હોય છે, કારણ કે પુત્ર, કલત્રાદિ સાંસારિક પદાર્થોને બંધન રૂપ જાણીને બંધનને તોડીને આત્મદર્શનમાં મસ્ત રહેનાર અણગારને જે સુખ પ્રાપ્ત થાય છે તે સુખનો આનંદ અવર્ણનીય છે. મને જે સુખ મારી રાણીઓમાં, મારા અંતેઉરમાં, મારા સુદર્શન અને મિથિલાનગરીના રાજ્યમાં હતું,

તેના કરતાં અનંતગણું સુખ ત્યાગમાર્ગમાં, સંયમી જીવનમાં દેખાય છે. ભગવાનના સંતો જે સુખનો અનુભવ કરે છે તેવું સુખ બીજે કયાંય નથી. નમિરાજર્ષિનો આ જવાબ સાંભળીને ઇન્દ્રના મનમાં થયું કે શું એમનો વૈરાગ્ય છે! પણ હજુ તેમની પરીક્ષા કરવી છે, એટલે આંખ બંધ કરો ને ખોલો એટલી વારમાં તો અગ્નિ શાંત થઈ ગઇ. હવે ઇન્દ્ર રાજર્ષિ સામે બીજો પ્રશ્ન કરે છે.

**पागारं कारइत्ताणं, गोपुरट्टालगाणिय ।**
**उस्सूलग सयग्घीओ, तओ गच्छसि खत्तिया ॥१८॥**

હે ક્ષત્રિય! પ્રથમ કિલ્લો બનાવીને ગોપુર, અટ્ટાલિકા, કિલ્લાની ખાઈ તથા બંદુકો અને તોપો આદિ બનાવીને પછી તમે જજો.

અહીં ઇન્દ્ર નમિરાજર્ષિને ત્રીજો પ્રશ્ન કરે છે કે હે નમિરાજ! તમે તમારા દીકરાને રાજગાદી આપીને દીક્ષા લઇને ચાલી નીકળ્યા, પણ હજુ આપનો દીકરો નાનો છે. તમે તમારા નાના દીકરાને રાજ્ય આપીને શત્રુઓને-દુશ્મનોને જગાડયા છે. શું તમને એટલી ખબર નથી કે આવા ઋદ્ધિવંત નગરને એક બાળકના હાથમાં આવેલું જોઈને શત્રુઓ તેના ઉપર હલ્લો કરવા તૈયાર નહિ થાય? અરે, તું ક્ષત્રિય નામ ધરાવે છે અને આવા સુંદર મહેલો અને અદેખાઈ ઉત્પન્ન કરે એવું સમૃદ્ધિવાળું નગર નાના પુત્રના હાથમાં સોંપીને નીકળતા તને કાંઇ શરમ નથી આવતી? માટે તું રાજ્ય તરફ ધ્યાન આપ. જયારે તારો પુત્ર યોગ્ય ઉંમરનો થાય ને રાજ્યને બરાબર યોગ્ય થાય ત્યારે તું દીક્ષા લેજે. નાના દીકરાને રાજ સિંહાસને બેઠેલો જોઇને દુશ્મન રાજા જલ્દી લડાઈ લઈને આવશે અને તેને સહેલાઈથી જીતી શકશે. બકરીને પકડવી એ તો સહજ છે પણ સિંહને પકડવો એ ઘણું કઠીન કામ છે, તેમ સિંહ સમાન તું રાજગાદી છોડીને નીકળી ગયો. તારો દીકરો હજુ બકરી જેવો કોમળ છે, એટલે એ શત્રુરાજાના પંજામાં જલ્દી સપડાઇ જશે. તારો પુત્ર તારા જેવો બળવાન થાય પછી દીક્ષા લેજે, જેથી કાંઈ વાંધો ન આવે.

"શું તમારા જૈન ધર્મમાં અનુકંપા-દયા ધર્મ નથી? તેં જે સંયમ લીધો છે તે તારા દીકરાનું અહિત કર્યું છે, પણ દીકરાનું હિત કર્યું નથી." ખરેખર દેશની ખુવારી થવાની હોય ત્યારે પહેલા રાજાઓ અકર્તવ્યપરાયણ થવા લાગે અને ધર્મની ખુવારી થવાની હોય ત્યારે ઉપદેશકો પ્રથમ કાયર અને અભ્યાસના શત્રુ બને છે. ખરી વાત છે કે "**વિનાશ કાળે વિપરીત બુદ્ધિ**" નમિરાજ કહે છે, હું ધારતો નથી કે મારી બુદ્ધિ વિપરીત હોય. ઇન્દ્ર કહે, બુદ્ધિ વિપરીત નથી તેથી રાજ્ય રક્ષણનો બંદોબસ્ત કરવાને બદલે નાસતો ફરે છે? કોના રાજ્યનું રક્ષણ? પોતાના કયા સાધનોથી? ઇન્દ્ર કહે છે નમિરાજ! મારી સલાહ પૂછવાની સદ્‌બુદ્ધિ તને ઉત્પન્ન થઈ એટલું પણ હું રાજ્યનું સદ્‌ભાગ્ય માનું છું. જરા સંતોષ પામેલા વિપ્રે શાંત અવાજે કહ્યું, જો હું બ્રાહ્મણ છું, ક્ષત્રિયોનો ધર્મગુરૂ છું. મારી સલાહ સ્વસ્થ ચિત્તે તું સાંભળ.

હે રાજર્ષિ ! જો તમારો દીક્ષા માટેનો દૃઢ આગ્રહ છે તો આટલું કામ કરીને પછી દીક્ષા લો. આપની મિથિલા નગરીના આ કોટ કિલ્લા કેટલા જીર્ણશીર્ણ બની ગયા છે ! જાણે કાગળના કોટ–કિલ્લા ન હોય ! મિથિલાની રક્ષા માટે મજબૂત કિલ્લો બનાવીને પછી દીક્ષા લેવાની શું આપની ફરજ નથી ? શું આપ આપની ફરજ પણ ભૂલી ગયા ? આપ આપના પુત્રનું હિત સમજીને આટલું કરતા જાવ. આ તો ઈન્દ્ર પરીક્ષા કરી રહ્યા છે, બાકી સંસારમાં માતા પિતા પોતાના સંતાનોનું સદા હિત ઇચ્છતા હોય છે. કદાચ પુત્રો મા–બાપને ભૂલે, પણ માતા પિતા સંતાનોને ભૂલતા નથી. કંઈક વાર સંતાનો ભૂલે પણ સદ્‌ગુરૂનો સમાગમ થતાં એ સુધરી જાય છે.

**સત્સંગથી અજબ પરિવર્તન** :– એક વખત મિત્રોએ પાર્ટી ગોઠવી. આજે મિત્રો શેની પાર્ટી ગોઠવે છે ? સિનેમા જોવા જવાની, માથેરાન, મહાબળેશ્વર, કાશ્મીર વગેરે સ્થળે ફરવા જવાની, પણ કોઈ દિવસ અમારી પાસે આવવાની પાર્ટી ગોઠવી છે ? આ મિત્રોએ વિચાર કર્યો કે આપણે માથેરાન, મહાબળેશ્વર તો ઘણીવાર ગયા, પણ આ વખતે સત્સંગ કરવા જઇએ. સંતો પાસે આઠ દિવસ રહીએ તો આપણને કંઇક નવું જાણવા–સાંભળવા મળે. બધા મિત્રોએ આ વાતને સહર્ષ વધાવી લીધી. બધા સંત સમાગમ કરવા સંતોની પાસે ગયા. ત્યાં આઠ દિવસ રહી સંતોનો સુંદર લાભ લીધો, પછી કહે છે ગુરૂદેવ ! આપ અમને કંઈક નિયમ આપો. સંતે કહ્યું કે તમારે રોજ સવારે માતા–પિતાને વંદન કરવા. આ નિયમ લઇને મિત્રો ઘેર ગયા.

**વંદનનો ચમત્કાર**:–બીજે દિવસે એક છોકરાએ સવારમાં ઉઠીને માતા પિતાને વંદન કર્યા. પિતા તો વિચારમાં પડી ગયા કે આજ મારો દીકરો મને વંદન કરે છે. જે દીકરો કોઈ દિવસ પિતાની આજ્ઞા માનતો ન હતો, તે કહે તેનાથી ઉલ્ટું વર્તન કરતો હતો તેવો દીકરો પિતાના ચરણમાં પડે એટલે એમને આશ્ચર્ય થાય એમાં નવાઈ નથી. પિતા પૂછે છે કેમ, આજે તારી વર્ષગાંઠ છે કે શું ? ના, પિતાજી ! એવું કંઇ નથી. હું ઉપાશ્રયે ગયો ત્યારે ગુરૂદેવ પાસેથી નિયમ લીધો છે કે માતાપિતાને રોજ વંદન કરવા. ગુરૂદેવના સમાગમથી રાક્ષસ જેવો પુત્ર માનવ બન્યો છે, દાનવમાંથી આજે માનવ બન્યો છું. મારામાં નવા પ્રાણ પૂરીને મને જીવતો રાખ્યો છે. હવે તમને ક્યારે પણ દુઃખ નહિ પડે.

પુત્રની આ વાત સાંભળતા પિતા સજ્જડ થઈ ગયા. અહાહા ! કેટલું પરિવર્તન ! પુત્ર પિતાને વંદન કરે છે ત્યારે બાપે કહ્યું કે હું તમારા વંદન લેવાને લાયક નથી. મારામાં એટલી બધી લાયકાત નથી, હું એટલી લાયકાત કેળવું પછી તમારા વંદનને માટે યોગ્ય ગણાઉં. આટલું કહીને પિતા ભોંયરામાં ગયા. આ બાપે પોતાના પિતાને છેલ્લા કેટલાય વર્ષોથી ભોંયરામાં પૂરી રાખ્યા હતા. નોકર એમની બધી સંભાળ રાખતો, તેમની સ્થિતિ તો એવી કફોડી થઈ ગઇ હતી કે વાત પૂછો મા. આ દીકરાને તો ખબર નથી કે મારા દાદાને ભોંયરામાં પૂર્યા છે. બાપ એના બાપને ઉંચકીને બહાર લઇ આવ્યા.

દીકરો પૂછે છે બાપુજી ! આ કોણ ? દીકરા ! તું એ વાત પૂછીશ નહિ. હું દુષ્ટ છું, અધમ છું. દીકરો બનીને ન છાજે એવા મેં કાર્ય કર્યા છે. આ ઉપકારી બાપને મેં ભોંયરામાં પૂર્યા છે, કોઈ દિવસ ખબર લીધી નથી. મારા જેવો પાપી બીજો કોણ હશે ! આજે તું મને વંદન કરવા આવ્યો ત્યારે મારા હૃદયે પલટો લીધો. અહો ! મારો દીકરો મને વંદન કરે ને હું દીકરો બનીને બાપને કેવા દુઃખ આપું છું ! આજે મારી આંખ ઉઘડી ગઈ છે. તે પિતા તેમના ચરણમાં પડયા પછી બાપે પોતાના પુત્રને વંદન કરવા દીધા.

ઈન્દ્રે કહ્યું–નમિરાજ ! તમે તમારા પુત્રનું હિત તો જુઓ. જે પુત્રોનું હિત ઇચ્છે છે તે સાચા મા–બાપ છે. પુત્રના રાજ્યના રક્ષણ માટે, શત્રુઓથી બચવા માટે જીર્ણ બની ગયેલા કિલ્લાઓને મજબૂત બનાવીને પછી દીક્ષા લો. હજુ ઈન્દ્ર નમિરાજને શું કહેશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :–કપટબાજી કરવામાં શેઠની કુશળતા** :–મૃત્યુના ભયના કારણે ગુણચંદ્રે શેઠની વાત સ્વીકારી અને કહ્યું–આપ મને બચાવો....હું આપની આજ્ઞા માનીશ, તેથી શેઠે તેને ભોંયરામાંથી બહાર કાઢયો. બિચારા ગુણચંદ્રે તો કેટલાય સમયથી પ્રકાશ જોયો નથી, તેને તો જાણે એમ લાગ્યું કે હું કોઈ નવી દુનિયામાં આવ્યો છું. ગુણચંદ્રનું શરીર માર ખાઈ ખાઈને, અને ભૂખ-તરસથી કૃશ થઈ ગયું છે. શેઠે જ તેને માર માર્યો છે, પણ અત્યારે પોતાને ગરજ હોવાથી ગુણચંદ્રના શરીરે સારા સારા તેલ ચોળીને સ્નાન કરાવ્યું. સુગંધી પદાર્થોના વિલેપન કર્યા, ભારે ભારે દાગીના, કપડાં પહેરાવ્યા. આ રીતે તૈયાર કરીને પાછલી રાત્રે ગાડી લઈને શેઠ ઘરની બહાર નીકળ્યા. ઘણા ઘણા દૂર ગયા, પછી એક વૃક્ષ નીચે બેઠા. આ બધું શા માટે કર્યું ? સમજાયું ? શેઠની કપટબાજી છે. તેમણે બધાને કહ્યું છે કે મારો દીકરો તેના મોસાળમાં ભણે છે તો પુત્ર મોસાળથી આવ્યો તેવો દેખાવ કરવો જોઈએ ને ? ગામના લોકોએ કોઈએ પુત્રને જોયો નથી અને આ પુત્ર ભણીને આવ્યો એવી કપટબાજી છે તેથી આ પ્રમાણે કર્યું. ગુણચંદ્રને કિશોરનો પોશાક પહેરાવ્યો. શેઠ રાત્રે ગયા તો નોકરને પણ સાથે લઈ ગયા નથી, કારણ કે બધી વાત ખુલ્લી થઈ જાય. થોડી વાર થઈ પછી શેઠ ગુણચંદ્રને કહે, તું અહીં બેસજે. હું સવારમાં ગામમાં બધે સમાચાર આપી દઈશ કે મારો કિશોર ભણીને આવ્યો છે માટે વાજતે ગાજતે સામૈયું કરવાનું છે, તને કોઈ પૂછે કે, તું કિશોર છે ? તો કહેજે હા, હું મોસાળથી આવ્યો છું. આ રીતે બધું શીખવાડીને શેઠ ઘેર ગયા.

**ચિંતાનો ચિરાગ ને સામૈયાનો સ્વાંગ**:–ગુણચંદ્ર એકલો બેઠો બેઠો મનમાં વિચાર કરે છે કે અહો હે પ્રભુ ! મારે ઘોર પાપમાં પડવાનું ? શેઠ મને તલવાર મારવા આવ્યા હતા ત્યારે હું મરી ગયો હોત તો આ પાપ તો મારે ન કરવું પડતને ! બંધુઓ ! ભાવિમાં જે લેખ લખ્યા હોય તે મિથ્યા ન થાય. ગુણચંદ્ર ઝાડ નીચે એકલો બેઠો છે, તે સમયે જો ભાગી ગયો હોત તો કોણ એને રોકનાર હતું ! પણ કર્મો ઉદયમાં આવે ત્યારે

બુદ્ધિ પણ બુઠ્ઠી બની જાય છે. ગુણચંદ્રના મનમાં પાપનો ડંખ છે કે અરે ! એક નિર્દોષ બાળાને વિશ્વાસઘાત કરી પરણીને ભવિષ્યમાં તેની જિંદગી બગાડવાની ! હું શું કરું ? તે તો વિચાર કરતો બેઠો છે. શેઠે ઘેર આવીને સવારમાં બધે સમાચાર મોકલાવી દીધા કે મારો દીકરો કિશોર જે મોસાળમાં ભણતો હતો અને જેના લગ્ન લીધા છે તે આવ્યો છે. તેનું ઠાઠમાઠથી સામૈયું કરવાનું છે, માટે બધા આવજો. ધનવાનનું આમંત્રણ હોય ત્યાં બધા દોડે. ઘણાં કહે શેઠ ! અમને તો ખબર ન હતી કે આપને દીકરો છે. ભાઈ ! મારા બે ત્રણ દીકરા મરી ગયા એટલે આ દશ દિવસનો હતો ને મોસાળમાં મોકલી દીધો છે. તે મોસાળમાં મોટો થયો. ભણ્યો–ગણ્યો ને હવે તેના લગ્ન લીધા છે, માટે બોલાવ્યો છે. શેઠને ત્યાં તો માનવ મહેરામણ ઉમટી પડ્યો છે, શેઠે સામૈયામાં હાથી–ઘોડા ઢોલ, નગારા, શરણાઈ એ બધું રાખ્યું છે. માણસોની તો ભીડાભીડ થઈ ગઈ. શેઠ તો ઠાઠમાઠથી માનવમેદની સાથે સામૈયું કરવા ચાલ્યા. ચાલતાં ચાલતાં જે ઝાડ નીચે ગુણચંદ્રને બેસાડ્યો છે ત્યાં નજીકમાં પહોંચી ગયા. ગુણચંદ્રે દૂરથી માનવમેદનીને આવતી જોઈ.

માનવોના સમૂહમાં સૌથી આગળ લક્ષ્મીદત્ત શેઠ ચાલતા હતા. ગુણચંદ્રે તેમને ઓળખી લીધા. વાજીંત્રોના ઠાઠ સાથે બધા ગુણચંદ્રની નજીક પહોંચી ગયા. ગુણચંદ્રને જોતાં બધા અંદરોઅંદર બોલવા લાગ્યા, શું આ શેઠનો પુત્ર છે ! જાણે સાક્ષાત્ કામદેવ ! શું તેનું રૂપ છે ! શેઠ પહેલા ભલામણ કરીને ગયા હતા તે પ્રમાણે તેમણે ગુણચંદ્રને ઈશારો કર્યો. શેઠના ઈશારાથી ગુણચંદ્ર સમજી ગયો ને આવીને લક્ષ્મીદત્ત શેઠના ચરણમાં પડ્યો. શેઠે તેને ઉભો કર્યો ને ભેટી પડ્યા, પછી પૂછ્યું–બેટા ! તું કુશળ છે ને ? શેઠને પોતાનો સ્વાર્થ સાધવા કેવી કપટબાજી રમવી પડી ! કેટલું અસત્ય બોલવું પડ્યું ? એક પાપ અઢાર પાપને લાવે. માણસ સ્વાર્થમાં અંધ બને છે ત્યારે આગળ પાછળનો વિચાર કરતો નથી.

ગુણચંદ્રના મનમાં તો એ વિચારો આવ્યા કરે છે કે અરે ! આ શેઠ પોતાનો સ્વાર્થ સાધવા મને આવા ઘોર પાપમાં નાંખવા તૈયાર થયા ! આટલા સમયથી ભોંયરામાં પૂરીને હન્ટરના માર માર્યા, ત્યારે જરા પણ દયા નથી આવી. તે સમયે તો જાણે એક પિશાચ જોઈ લો, છતાં એ માર વેઠવા સારા પણ આ ઘોર પાપમાં પડવું નહિ સારું ! કોડભરી કન્યા મનમાં કેવા મનોરથો ઘડી રહી હશે ! એ બધા તેના અરમાનો ભાંગીને ભુક્કો થઈ જવાના ને ? એ બિચારી નિર્દોષ બાળાની જિંદગીનું શું ? આવા વિચાર આવતા તેના શરીરે એકદમ પરસેવો વળી ગયો. લક્ષ્મીદત્ત શેઠના કુલગોરે ગુણચંદ્રને કપાળમાં તિલક કર્યું. હાથમાં શ્રીફળ અને તાંબુલ આપ્યું ને આશીર્વાદ આપ્યા "સુખી ભવ, લક્ષ્મીવાન ભવ." શેઠે પણ આશીર્વાદ આપ્યા. "દીકરા સુખી થા." જુઓ શેઠની કપટમાયા ! હૃદયમાં વિષ ને હોઠે સાકર. ખરેખર શેઠને જીભનો ડાયાબીટીશ થયો છે ! (હસાહસ) ઉપરથી આશીર્વાદ આપે છે દેખાવ કરવા, પણ અંદર શું ભર્યું છે તે તો

બિચારો ગુણચંદ્ર જાણે છે. લક્ષ્મીદત્ત શેઠે આશીર્વાદ આપ્યા, ને પછી કહ્યું, કિશોર! હવે તું આગળ આવ. એમ કહી તેનો હાથ પકડી આગળ કર્યો. હવે બધાની ઓળખાણ કરાવવી હોય ને! શેઠે માયાજાળ રચી છે. માયાજાળમાં બિચારી અબળા કેવી રીતે ફસાશે ને કેવા દુઃખ પડશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૮૪

**આસો વદ ત્રીજ ને ગુરૂવાર** **તા. ૧૫-૧૦-૮૧**

સુજ્ઞ બંધુઓ! મહાપુરૂષોએ જીવનની સાધનાના એવા અપૂર્વ માર્ગો બતાવ્યા છે કે જેને જીવનમાં અપનાવીને કોઈ પણ આત્મા લઘુમાંથી મહાન અને ક્ષુદ્રમાંથી વિરાટ બની શકે છે. તે સાધનાના સૂત્રો એટલા વ્યાપક છે કે સ્ત્રી હોય કે પુરૂષ હોય, જૈન હોય કે અજૈન હોય, માનવ માત્ર તે માર્ગનું આચરણ કરી શકે છે. આ ધર્મ એવો સરળ છે કે એનું આચરણ કરતાં માનવ માનવમાંથી મહામાનવ બની શકે છે, પણ એ વાત જાણવી જોઈએ કે ધર્મના અધિકારી કોણ છે? કોઈ પણ વસ્તુને પ્રાપ્ત કરતાં પહેલા તે વસ્તુને યોગ્ય બનવું અતિ આવશ્યક છે. વસ્તુને ધારણ કરવાની યોગ્યતા ન હોય અને પરાણે તેને ધારણ કરવા જાય તો પરિણામે બંનેનું અનિષ્ટ થાય છે. જેમ કે કાચા ઘડામાં જો અમૃત ભરવામાં આવે તો ઘડો નાશ થાય ને અમૃત પણ નાશ થાય. સિંહણનું દૂધ ભરવું હોય તો સોનાનું પાત્ર જોઈએ. કહેવાનો આશય એ છે કે વસ્તુ અને પાત્ર બંને શ્રેષ્ઠ હોવા જોઈએ.

કોઈ હોંશિયાર ચિત્રકારને કોઈ કહે કે ભાઈ! આ ગારાની દિવાલ ઉપર તમારી કળાનો ચમત્કાર બતાવો. તો શું ગારાની દિવાલ ઉપર ચિત્ર દોરી શકાય ખરું? ચિત્રકાર શું કહેશે? ભાઈ! પહેલા તમારી દિવાલને સુંદર, સ્વચ્છ અને સુંવાળી બનાવો. સ્વચ્છ અને સુંવાળી દિવાલ ઉપર સુંદર ચિત્ર આલેખી શકાય છે. ખેડૂત ખેતી કરે ત્યારે સારામાં સારું, ઊંચામાં ઊંચું બીજ હોય તો તે સીધું ખેતરમાં નથી નાંખતો. હોંશિયાર ખેડૂત સૌ પહેલા જમીનને ખેડીને તૈયાર કરે છે, અને જ્યારે એ જમીન બીજ વાવવા યોગ્ય બને ત્યારે તેમાં બીજ નાંખે છે. અહીં મહાપુરૂષો આપણને એ સમજાવે છે કે સુંદર યોગ્ય ખેડેલી ભૂમિમાં બી નાંખવાથી હજારો મણ પાક ઉત્પન્ન થાય છે. તો હવે એ વિચારો કે ધર્મને ધારણ કરવા માટે કેવી યોગ્યતા મેળવવી જોઈએ? માનવી ધર્મનો અધિકારી ક્યારે અને કેવી રીતે બને છે? ભગવાન મહાવીર સ્વામીએ આ પ્રશ્નનો જવાબ સુંદર આપ્યો છે.

**" सोही उज्जूयभूयस्स, धम्मो सुद्धस्स चिट्ठइ । "**

ધર્મ શુદ્ધ અને સરળ હૃદયમાં રહે છે. પદ નાનકડું છે પણ તેનો વિસ્તાર કરીએ તો હજારો પદોમાં થઈ શકે છે. જિન પ્રવચનનો સાર આ એક પદમાં સમાઈ જાય છે. જ્યાં સુધી હૃદય પવિત્ર ન થાય ત્યાં સુધી જીવનમાં પવિત્રતા કેવી રીતે આવી શકે?

જ્યાં સુધી જીવનમાં પવિત્રતા ન આવે ત્યાં સુધી ધર્મનું આચરણ કેવી રીતે થઈ શકે? મલિન અને અપવિત્ર હૃદયથી કરાયેલી આરાધના રાખમાં ઘી નાંખવા જેવી છે. માનો કે કોઇ ઘરમાં એક ખૂણામાં ગંદકીનો ઢગલો પડ્યો હોય ને તેમાંથી દુર્ગંધ નીકળતી હોય ત્યાં કદાચ અગરબત્તી સળગાવો તો પણ સુગંધ આવતી નથી અને દુર્ગન્ધ છાની રહેતી નથી. જો મનમાં તથા જીવનમાં મલિનતા અને અપવિત્રતા છે તો જીવનમાં ધર્મનો સ્પર્શ થઈ શકતો નથી. જીવનની ભૂમિને ધર્મને યોગ્ય બનાવનાર સદ્‌ગુણો છે. સદ્‌ગુણોના આચરણથી મન અને જીવન પવિત્ર તથા વિશુદ્ધ બને છે. ગુણોના અભાવમાં ધર્મનું અસ્તિત્વ ટકી શકતું નથી, જીવનમાં ગુણોનો વિકાસ થયા વિના ધર્મનો વિકાસ થઇ શકતો નથી. ગુણો જીવનની ભૂમિને ખેડીને ફળદ્રુપ બનાવે છે. જો ભૂમિ ખેડીને તૈયાર થઈ જાય તો ધર્મની ફૂલવાડી સહેલાઇથી ખીલી ઉઠશે ને જીવન સદ્‌ગુણની સૌરભથી મ્હેંકી ઉઠશે.

જેમનું જીવન સદ્‌ગુણોની સૌરભથી મ્હેંકી રહ્યું છે એવા નમિરાજર્ષિને ઇન્દ્ર કહે છે કે નમિરાજ! તારે દીક્ષા લેવી હોય તો લેજે, પણ હજુ તારો પુત્ર નાનો છે. તેની સામે દુશ્મન રાજા આવે તો તેના રક્ષણ માટે તો તું કંઇક કર. તારી નગરીના કિલ્લા સાવ જીર્ણ બની ગયા છે. તો તું કિલ્લાને મજબૂત બનાવ. ઓહ! આ કિલ્લાઓ! આ કાંગરાઓ! આ દરવાજાઓ! અને કિલ્લા પરની આ નજીવી યુદ્ધ સામગ્રી! આવી અસહાયતા વચ્ચે રહેલી મિથિલા શું શત્રુઓથી રક્ષણ પામી શકશે ખરી? ખંડિયેરમાં પલ્ટાઇ ગયેલી મિથિલા દેવરાજે પરીક્ષા માટે બતાવી છે, જેની ઇંટે ઇંટ પડી રહી છે, જેમાંથી ધૂળના ઢગલાઓ મેઘની ધારાની જેમ ખરી રહ્યા હતા. આવી નગરીને તું શું કર? તે માટે ઇન્દ્ર કહે છે કે નમિરાજ! તમારો દીક્ષા માટે દૃઢ નિર્ણય છે તો ભલે દીક્ષા લેજો પણ આટલું કામ કરીને પછી દીક્ષા ગ્રહણ કરો. પહેલા તો મિથિલાના રક્ષણ માટે એક મજબૂત કિલ્લો બનાવો. એ કિલ્લાને લોખંડી દરવાજા મૂકો, જે ખૂબ મજબૂત અને સાંકળોથી સજ્જ હોય. કોટની ઉપર અટ્ટાલિકાઓને તૈયાર કરાવો, એટલે અસ્ત્રશસ્ત્રો ગોઠવવાની સગવડ કર. જે યુદ્ધના સમયે કામ આવે તથા શત્રુઓને રોકવા માટે કિલ્લાની ચારે બાજુ એક ઊંડી ખાઈ ખોદાવો. ખાઇને ફરતી કંટક વૃક્ષની ઝાડી રોપાવો અને શત્રુઓને હરાવવા માટે બંદુક, તોપ આદિ શસ્ત્રોને તૈયાર કરાવો. એ તોપ એવી બનાવો કે જે એકવાર ચલાવવાથી સેંકડો મનુષ્યોનો નાશ કરે. આટલું તો શત્રુઓને નગર પ્રવેશ કરતા અટકાવવા માટે કરવું જરૂરનું છે. આ બધી સામગ્રી તૈયાર થઈ જાય પછી આપ ખુશીથી સંયમ માર્ગે જઇ શકો છો.

ઇન્દ્ર કહે છે કે આ વાત હું આપને એટલા માટે કહું છું કે તમે ક્ષત્રિય છો. ક્ષત્રિયોનો મુખ્ય ધર્મ પ્રજાનું પાલન કરવું અને ભયથી તેની રક્ષા કરવી. જે ભયથી રક્ષા કરે તે ક્ષત્રિય કહેવાય છે, માટે આ નગરીને સુરક્ષિત અને ભયથી રહિત કરીને આપે જવું જોઈએ. તો તમારી દીક્ષા લાભદાયી છે. ઇન્દ્રે નમિરાજર્ષિને તેમના વૈરાગ્યની

કસોટી કરવા આ પ્રમાણે કહ્યું, પણ નમિરાજાનો વૈરાગ્ય મોહગર્ભિત કે દુઃખગર્ભિત નથી પણ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે. જેના અણુ અણુમાં વૈરાગ્ય રસના ફુવારા ઉડી રહ્યા છે એવો સાધક આત્મા શું એક કદમ પણ ડગે ખરો? ના...ઈન્દ્રના આ પ્રશ્નને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલા નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું.

सद्धं नगरं किच्चा, तव संवरमग्गलं ।
खन्ति निउणपागारं, तिगुत्तं दुप्पधंसयं ॥२०॥

હે વિપ્ર! કર્મરૂપ શત્રુઓથી મારા આત્માને સુરક્ષિત રાખવા માટે શ્રદ્ધારૂપ નગર, તપ સંવરરૂપ અર્ગલા, ક્ષમારૂપ પ્રાકાર-કોટ, મનગુપ્તિરૂપી ખાઈ, વચનગુપ્તિરૂપ અટ્ટાલક અને કાયગુપ્તિરૂપ શતઘ્ની ઈત્યાદિ બધું મેં પહેલેથી તૈયાર કર્યું છે.

નમિરાજ કહે છે હે વિપ્ર! મેં તો અગાઉથી બધું કરી લીધું છે. મારું નગર કયું છે? અર્ગલા, કોટ, ખાઈ, દરવાજા એ કયા છે તે તમે જાણતા નથી. હું તો એ બધું મજબૂત કરીને નીકળ્યો છું. નમિરાજને ભેદજ્ઞાન થઈ ગયું છે. તેમની વિભાવવૃત્તિ છૂટી ગઈ છે અને હવે સ્વભાવના સરોવરમાં ઝૂલી રહ્યા છે. તેમની બાહ્યદૃષ્ટિ છૂટી ગઈ છે ને આત્મદૃષ્ટિ ખુલી છે. તેમની મિથિલા હવે કંઈ ઈંટ ચૂનાની ન હતી, પણ અલૌકિક હતી. એ મિથિલા બળે એવી ન હતી અને ખંડિયેરમાં પલટાય એવી ન હતી, તેથી રાજર્ષિ કહે છે કે મારી મિથિલા તો અજર અમર છે. ન જળ એને ખેંચી શકે, ન જવાળા એને બાળી શકે. એના કિલ્લા અભેદ્ય છે ને એના દરવાજા અડોલ છે. મારી મિથિલા આવી અજેય હોય પછી મારે ચિંતા શા માટે કરવી?

મેં તત્ત્વની રૂચિ-શ્રદ્ધારૂપ નગર બનાવ્યું છે. ગમે તેવા પ્રસંગો આવે તો પણ હું શ્રદ્ધાથી ફરવાનો નથી. "तत्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्" તત્ત્વ પર યથાર્થ શ્રદ્ધા થવી તેનું નામ સમ્યગ્દર્શન. શ્રદ્ધા એ સમસ્ત ગુણોનો આધાર છે. અહીં શ્રદ્ધાને નગરની ઉપમા આપી છે. એનો અર્થ એ છે કે સૌથી પહેલું શ્રદ્ધામાં વસવું જોઈએ. શ્રદ્ધામાં વસીને પછી બધી સાધના-આરાધના કરવામાં આવે તો તે સફળ થાય છે. શ્રદ્ધાની બહાર નીકળી જઈને બીજી ગમે તેટલી સાધના કરે તો એની કોઈ કિંમત નથી. શ્રદ્ધા વિના કોઈ પણ કાર્યમાં સફળતા મળતી નથી. આત્મશ્રદ્ધાપૂર્વક જે પુરૂષાર્થ કરે છે તેને અવશ્ય સફળતા મળે છે. શ્રદ્ધા એ પ્રત્યેક કાર્યનો પ્રાણ છે. શ્રદ્ધા એ આત્માનો ભવરોગ નાબૂદ કરવા માટેની અમૂલ્ય સંજીવની છે. આત્મ શ્રદ્ધા ઉપર મને એક વાત યાદ આવે છે.

યૂરોપમાં સ્ટિવન નામનો એક સત્યવાદી, ધર્મિષ્ઠ અને આત્મ શક્તિ ઉપર દૃઢ શ્રદ્ધા રાખનાર એક સજ્જન માણસ વસતો હતો. જ્યાં સજ્જન હોય ત્યાં દુર્જન હોય છે, અને ધર્મીની સામે અધર્મી પણ હોય છે. તે રીતે સ્ટિવનની ધર્મ શ્રદ્ધા જોઈને તેના પર ઈર્ષ્યા કરનારા ઘણા હતા. એ બધા સ્ટિવનના દુશ્મન બની ગયા હતા. એક વખત સ્ટિવનના મિત્રોએ કહ્યું-તું ધર્મના રંગે ખૂબ રંગાઈ ગયો છે, તારી ધર્મ-

શ્રદ્ધા ઘણી છે તેથી અનેક ધર્મદ્રોહી મનુષ્યો તારા પર ઇર્ષ્યા કરે છે અને તે તારા શત્રુ બની ગયા છે. કદાચ તે શત્રુઓ ક્યારેક તારા પર હુમલો કરશે ને તને મારી નાંખશે, માટે તું ધર્મને છોડી દે. ત્યારે સ્ટિવને ગભરાયા વિના, ભય રાખ્યા વિના શાંતિથી તેને કહ્યું—હે મિત્રો! 'મારા માટે તમારે ચિંતા કરવાની જરૂર નથી, તેઓ મારા પર હુમલો કરવા આવશે તો મેં એક લોખંડી કિલ્લો તૈયાર કરી રાખ્યો છે તેમાં પેસી જઈશ. ત્યાં મને કોઇ મારી શકે તેમ નથી. સ્ટિવનનો આ જવાબ સાંભળી તેના મિત્રોના મનમાં થયું કે આપણે તેના હિત માટે કહેવા આવ્યા ત્યારે તેને તો અભિમાનનો પાર નથી. મિત્રો પણ એના દ્વેષી બની ગયા. તેમણે સ્ટિવનનું અભિમાન ઉતારવાનો નિશ્ચય કર્યો. જે ધર્મમાં દઢ બને છે તેને કસોટી આવે છે પણ તે કસોટીમાં જે દઢ રહે છે, ડગતા નથી તે તેમાંથી પાર ઉતરી જાય છે.

**આત્મશ્રદ્ધારૂપ કિલ્લો:—** એક વખત સ્ટિવન કોઈ કામે એકલો બહાર જઈ રહ્યો હતો. રસ્તામાં ધર્મદ્વેષી દુશ્મનો તેને મળ્યા ને સ્ટિવનને ચારે બાજુથી ઘેરી લીધો ને તેને મારવા તૈયાર થયા, પણ સ્ટિવન ડર્યો નહિ. તેના દિલમાં જરાપણ ગભરાટ થયો નહિ. તેને નીડર ઉભેલો જોઈને દ્વેષીઓ કહે છે સ્ટિવન! હવે તું શું કરીશ? ક્યાં જઈશ? કેવી રીતે છૂટીશ? તું કહે છે ને કે મેં કિલ્લો તૈયાર કર્યો છે તો તે તારો મજબૂત લોખંડી કિલ્લો ક્યાં છે? સ્ટિવને નીડરતાપૂર્વક હિંમતથી કહ્યું કે ભાઈઓ, મારો કિલ્લો મારા હૃદયમાં છે. બહાર નથી. તેનું નામ છે ધર્મ પ્રત્યે અતૂટ શ્રદ્ધા. જ્યાં સુધી હું આત્મશ્રદ્ધા રૂપી કિલ્લામાં રહેલો છું ત્યાં સુધી તમે મારું સ્હેજ પણ અનિષ્ટ કરવા શક્તિમાન નથી. કદાચ તમે મને મારી નાંખશો તો આ દેહને મારી શકશો પણ મારા આત્માને મારી શકવાના નથી. મરણ શરીરનું છે, આત્માનું નહિ. આ શરીર તો વહેલું કે મોડું એક દિવસે છૂટવાનું છે, તો આજે છૂટી જશે તો શો વાંધો? એમ કહીને હસતા મુખે ઉભા રહ્યા. સ્ટિવનની ધર્મશ્રદ્ધાનો પ્રભાવ શત્રુઓ ઉપર અજબ પડયો. સ્ટિવનનો જવાબ સાંભળી ધર્મદ્રોહીઓ ઠંડાગાર બની ગયા ને તેમના ચરણમાં પડી ગયા અને બધા ધર્મમાં દઢ શ્રદ્ધાવાન બન્યા. આ છે ધર્મશ્રદ્ધાનો અદ્દભૂત પ્રભાવ.

નમિરાજર્ષિ વિપ્રના રૂપમાં રહેલા ઇન્દ્રને એ જ કહે છે કે મેં શ્રદ્ધારૂપી નગર વસાવ્યું છે. એ નગરને વિશેષ રૂપથી સુરક્ષિત રાખવાને માટે તેની ચારે બાજુ ક્ષમાનો મજબૂત કોટ બનાવ્યો છે. કોઇ પણ શત્રુ એને તોડી શકવા સમર્થ નથી. મોક્ષ માર્ગની સાધનાનું સંરક્ષણ ક્ષમાના કિલ્લાથી થાય છે. જો એ કિલ્લો સલામત નહિ હોય તો ક્રોધ, વૈર વિરોધ, અસમાધિ વગેરે લૂંટારાઓને પેસતા વાર નહિ લાગે અને એમની હાજરીમાં બીજી લાખ રુપિયાની સાધના લૂંટાઇ જાય છે. કહ્યું છે કે **"ક્રોધે ક્રોડપૂર્વ તણું સંયમ ફળ જાય"** માણસ સમતા, ક્ષમા ગુમાવીને ક્રોધના કારણે હિંસા કરી બેસે છે, અસત્ય બોલે છે, કલેશ કરે છે, ઉપકારી પ્રત્યે કૃતઘ્ન બનવા પ્રેરાય છે.

ગુણીની નિંદા કરે છે. આ રીતે કેટલાય પાપ ઉભા કરે છે, માટે ક્ષમાનો કિલ્લો મજબૂત રાખવો જોઇએ. "ક્ષમા વીરસ્ય ભૂષણમ્" ક્ષમા એ વીર પુરૂષોનું ભૂષણ છે. નમિરાજર્ષિ કહે છે, ક્ષમાની સાથે નિર્લોભતા, ઋજુતા, મૃદુતા, લઘુત્વ, સત્ય, સંયમ, તપ, જ્ઞાનાભ્યાસ અને બ્રહ્મચર્ય રૂપી બીજા ગઢ બનાવ્યા છે. તેમાં પાંચ સુંદર દરવાજા પણ કર્યા છે. જેના સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા એવા નામ પાડયા છે.

એ દરવાજાને બાહ્ય તપ અને આભ્યંતર તપ રૂપ અને પંચવિધ આશ્રવનો નિરોધ કરવાવાળા સંવર રૂપ મજબૂત કમાડ-અર્ગલાઓ પણ છે, જેથી શ્રદ્ધાના નગરમાં મિથ્યાત્વ આદિ દુષ્ટો પ્રવેશ કરી શકે નહિ. એ માટે તપ સંવરની જરૂર છે. શ્રદ્ધા એટલે દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યે રૂચી. જો બાહ્ય-આભ્યંતર તપ, વિનય, જ્ઞાન, ધ્યાન, શુદ્ધિ વગેરે જીવનમાં ઝગમગતા રહે, તો એ રૂચી ખરેખરી ટકે અને વધે. શ્રદ્ધા હૃદયની વસ્તુ છે. શ્રદ્ધા રૂપ નગરને મનોગુપ્તિ રૂપ અટ્ટાલક છે. ગઢને ફરતી શુભ વચનયોગ રૂપી ઊંડી ખાઇ ખોદેલી છે કે જેમાં જ્ઞાન રૂપી જળ ભર્યું છે. કાયગુપ્તિ રૂપી શતઘ્ની તથા બીજા શસ્ત્રો આદિ છે. નગરનું રક્ષણ કરવા કોટવાળ જોઇએ, મન-વચન કાયગુપ્તિ રૂપ કોટવાળ છે. જે બરાબર ચોકી કરે છે. કોઇ કર્મશત્રુને છાનામાના પણ પેસવા ન દે. ગુપ્તિ એટલે અશુભનો નિરોધ, અને શુભમાં પ્રવૃત્તિ.

હે ઇન્દ્ર! આ ગોઠવણને લીધે હવે આ નગરીમાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભયોગ રૂપી શત્રુઓના હુમલાનો કોઇ ભય નથી. જો કોઈ દુશ્મન આક્રમણ કરશે તો હું મારા શસ્ત્રોદ્વારા અવશ્ય તેનું રક્ષણ કરીશ. કર્મો રૂપી શત્રુઓનો નાશ કરવા કયા અને કેવા શસ્ત્રો જોઇએ તે બતાવતાં કહ્યું છે કે

**संयमास्त्रं विवेकेन शाणेनोत्तेजितं मुनेः ।**
**धृति धारोल्बणं, कर्मशत्रुच्छेदक्षमं भवेत् ॥**

વિવેક રૂપ સરાણ વડે અત્યંત તીક્ષ્ણ કરેલું સંતોષ રૂપ ધાર વડે ઉગ્ર, મુનિનું સંયમ રૂપ શસ્ત્ર, કર્મ રૂપ શત્રુઓનો નાશ કરવામાં સમર્થ થાય.

કર્મ શત્રુઓનો નાશ કરવા માટે શસ્ત્ર તો જોઇએ ને ? તે શસ્ત્ર બુઠ્ઠી ધારવાળું ન ચાલે. તેની ધાર તીક્ષ્ણ જોઈએ. શસ્ત્રની ધાર તીક્ષ્ણ કરવા માટે સરાણ પણ જોઇએ. આ શ્લોકમાં શસ્ત્ર અને સરાણ કયા છે તે બતાવ્યું છે. સંયમના શસ્ત્રની સંતોષ રૂપ ધારને વિવેક રૂપી સરાણ દ્વારા તીક્ષ્ણ બનાવો. તીક્ષ્ણ ધારવાળા એ શસ્ત્રને લઈ શત્રુ પર તૂટી પડશું તો કર્મો રૂપી શત્રુઓનો નાશ કરી વિજય મેળવી શકીશું. કર્મના નાશ માટે ત્રણ વાતો અહીં બતાવી છે. સંયમ, સંતોષ અને વિવેક. સંયમના શસ્ત્રને ભેદજ્ઞાનથી તીક્ષ્ણ કરવામાં આવે તો કર્મ શત્રુઓનો વિનાશ કરવામાં તે શસ્ત્ર સમર્થ બને.

સંયમી મહાત્મા ખંધક મુનિના શરીરની ચામડી ઉતારવાનો પ્રસંગ આવ્યો. ખંધક મુનિએ સંયમ શસ્ત્રની ધાર વિવેક રૂપ સરાણ પર ચઢાવી સૂક્ષ્મ તીક્ષ્ણ બનાવી દીધી. રાજાના સેવકો મુનિની ચામડી ઉતારવા લાગ્યા ત્યારે ક્ષમાસાગર મુનિ સંયમના શસ્ત્રથી

કર્મોની ખાલ ઉતારવા લાગ્યા, શરીર અને આત્માના ભેદજ્ઞાનની દૃઢ પરિણતિએ મરણાંત ઉપસર્ગમાં ધૈર્યતાને ટકાવી રાખી સંયમને અભંગ રાખ્યું. સંયમના તીક્ષ્ણ શસ્ત્રો વડે અને ક્ષમાની ઢાલ વડે કર્મો રૂપી શત્રુઓના ચૂરેચૂરા કરી નાંખ્યા. શરીરની ચામડી ચડચડ ઉતરતી હોય, લોહીના ફુવારા ઉડતા હોય, એ વખતે જરાય ખેદ કે દુઃખ ન થાય, અસંયમનો વિચાર પણ ન આવે, તે કેવી રીતે બનતું હશે! એની પાછળ કયું રહસ્ય છૂપાયેલું હશે! એ પ્રશ્નનો જવાબ છે ભેદજ્ઞાન. શરીર અને આત્માની ભિન્નતા સમજાઈ જવી જોઈએ. એ ભેદજ્ઞાન એવું જોઈએ કે શરીરની વેદના, પીડા, રોગ આપણી ધૈર્યતાને હચમચાવી ન શકે. આપણા સંયમને જરા પણ ડગમગાવી ન શકે. કોઈ શરીર પર ખંજરનો પ્રહાર કરે, ચાહે કોઈ અગ્નિથી બાળે, કોઈ રાઈફલની ગોળીથી શરીરને વીંધી નાખે તો પણ જેને ભેદ જ્ઞાન થઈ ગયું છે તે જરા પણ ખેદ અનુભવશે નહિ.

ખંધક મુનિના પાંચસો શિષ્યો ઘાણીમાં પીલાયા, ગજસુકુમાલ મુનિના માથે ખેરના અંગારા ભરવામાં આવ્યા, અવંતી સુકુમાલ મુનિના શરીરને શીયાળણીએ ફાડી ખાધું, એ સમયે એ બધા મહાન આત્માઓએ સંયમ રૂપી શસ્ત્રથી કર્મોને ભગાડયા, ધર્મધ્યાન, શુકલધ્યાન ધ્યાયા મહાન ધૈર્ય, ક્ષમા, અપ્રમત્તતા ટકાવી મોક્ષમાં અને દેવલોકમાં પહોંચી ગયા. એ બધી ઘટનાની પાછળ સફળતાની કોઈ ચાવી હોય તો ભેદજ્ઞાન. જીવનમાં હંમેશા ભેદજ્ઞાનનો અભ્યાસ, ચિંતન અને નાના નાના પ્રસંગોમાં તેનો અનુભવ ચાલુ હોય તો મરણાંત કષ્ટના પ્રસંગે ભેદજ્ઞાન આપણી રક્ષા કરે, ભેદજ્ઞાન માત્ર વાણીમાં રાખવાનું નથી, પણ ચિંતન અને ધ્યાનદ્વારા તેને આત્મસાત્ કરવાનું છે.

નમિરાજર્ષિને ભેદજ્ઞાન થઈ ગયું છે, તેથી ઇન્દ્ર દ્રવ્ય નગરની વાત કરે છે ત્યારે નમિરાજર્ષિએ આભ્યંતર નગરની વાત કરી. જે મુનિ બને છે, સંસારને સર્વથા છોડીને સંયમ લે છે તેવા મુનિ શ્રદ્ધારૂપી નગરને સજે છે. બાહ્ય આભ્યંતર તપ અને મહાવ્રતાદિ સંવરના દરવાજા તથા ભૂંગળો બનાવે છે. ક્ષમાનો મજબૂત કિલ્લો બનાવે છે કે જેથી કોઈ દુશ્મનનું આક્રમણ ચાલી શકે નહિ. સત્યની ઢાલ, તપનો ભાલો અને સંયમના બખ્તર સજે છે, પછી એવા મુનિને બાહ્ય સંગ્રામ ખેલવાનો રહેતો નથી. એ તો આંતર–સંગ્રામ ખેલી પરમ વિજયવંતા બની સંસારના બંધનમાંથી સદાને માટે છૂટી જાય છે. નમિરાજર્ષિનો આ જવાબ સંયમી સાધક માટે ખૂબ માર્ગદર્શક છે. સંયમશીલ મુનિએ આત્મસંરક્ષણ માટે કેવા પ્રકારનો આધ્યાત્મિક કિલ્લો કરવો અને રાગ–દ્વેષ–કષાય રૂપી શત્રુઓના આક્રમણથી પોતાને બચાવવા કેવી રીતે પ્રયત્ન કરવો જોઈએ તે સમજવા મળે છે. હજુ આગળ નમિરાજર્ષિ ઇન્દ્રને શું કહેશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :—કિશોરનું પાત્ર ભજવતો ગુણચંદ્ર :—**લક્ષ્મીદત્ત શેઠ પોતાનો સ્વાર્થ સાધવા કેવું નાટક ભજવી રહ્યા છે! ગુણચંદ્રનું સામૈયું કરવા વાજતે ગાજતે ગયા છે. શેઠે ગુણચંદ્રને કહ્યું, કિશોર! તું આગળ આવ. તને જોવા માટે બધા તલસી

રહ્યા છે. શેઠે કિશોરને હાથ પકડી આગળ કર્યો. ગુણચંદ્રને જોતાં બધા આશ્ચર્ય પામી ગયા. શું શેઠનો દિકરો છે! લક્ષ્મીદત્ત શેઠના વર્તન પરથી નગરજનોએ ગુણચંદ્રને શ્રેષ્ઠીપુત્ર કિશોર માની લીધો. કોઈને જરા પણ ખ્યાલ ન આવ્યો કે આ શેઠનો પુત્ર નથી. બધાને આનંદ છે, હર્ષ છે, પણ નથી આનંદ ગુણચંદ્રને. તેના મનમાં તો એ વાત ખટકયા કરે છે હે ભગવાન! હું આવા પાપ કરીને કયાં જઈશ? કોડ ભરી કન્યાની શી દશા થશે? ઘડીકમાં તેના મનમાં થાય કે હું કયાં કિશોર છું? શા માટે મારે આવા પાપ કરવા જોઈએ? હું કહી દઉં કે હું કિશોર નથી.

**છુપી બાત પ્રગટ હો તો, જીવ જોખમમેં આયે,**
**શેઠકી કીર્તિકો કલંક લગે, મૌન હોકર કાર્ય કરના.**

જો હું રહસ્યનો પડદો ખુલ્લો કરું તો તેઓ કદાચ આપઘાત કરી બેસે તો? બીજી તરફ શેઠની કીર્તિને કલંક લાગે. દરેક જીવોને બે મન હોય છે. દ્રવ્ય મન અને ભાવમન એક મન કહે છે કે મારે બધી વાત સ્પષ્ટ કહી દેવી જોઈએ. આવી માયાજાળમાં મારે શા માટે સપડાવું જોઈએ! બીજું મન ના પાડે છે. એમ કરવાથી શેઠ કદાચ કંઈક કરી બેસે તો! છેવટે નિર્ણય કર્યો કે અત્યારે તો મૌન રહીને કાર્ય કરવું પડશે. તે મનમાં જ બોલવા લાગ્યો કે અરે! ભાગ્ય તારી કરામત! શી તારી વિચિત્રતા! શેઠની કેવી માયાજાળ! ગુણચંદ્ર બધાના મનથી તો કિશોર બની ચૂકયો હતો પણ હવે પોતે કિશોર છે એવો સ્વાંગ સજવો પડયો. બેન્ડવાજા અને વાજિંત્રોના ઠાઠમાઠથી ગુણચંદ્રને આગળ કરી બધા ચાલી રહ્યા છે.

**ગુણચંદ્રની પ્રશંસા:—** ગામમાં બધાને ખબર પડી ગઈ હતી કે લક્ષ્મીદત્ત શેઠનો પુત્ર કિશોર તેના મોસાળમાં રહેતો હતો ને ભણતો હતો તે ઘણાં વર્ષ અભ્યાસ કરી લગ્ન માટે આવ્યો છે, એટલે બધાનું મન એને જોવા તલસી રહ્યું હતું. ચોરે ને ચૌટે, શેરીએ ને અટારીએ, બારણે ને પ્રાંગણે, કોઈ ધાબે તો કોઈ ઓટલે, તો કોઈ રસ્તામાં બધા ટોળેટોળા વળીને ઉભા હતા. બધાના મનમાં એક જ પ્રશ્ન ઉઠતો હતો કે શેઠનો દીકરો આટલો મોટો થયો છતાં આપણે તેને કયારે પણ જોયો જ નહિ? શું એનું રૂપ છે! શું એની મુખાકૃતિ છે! રૂપ અને કળામાં સુધાંશુની ચમક જાણે જોઈ લો. રૂપ તો ઘણાંને મળે છે પણ જો વર્ણ ન હોય તો તે રૂપ શોભતું નથી. વિધાતા નવરી હશે ત્યારે આનું રૂપ ઘડયું હશે! ગુણચંદ્રને જોઈ કોઈ શેઠના તો કોઈ પુત્રના ભાગ્યની પ્રશંસા કરી રહ્યા હતા. કેટલાક લોકો એની ક્ષેમકુશળતાના સમાચાર પૂછતા, તો ગુણચંદ્ર બધાની સાથે વિનય-વિવેક સાચવીને જવાબ આપતો. એની ભાષામાં મીઠાશ હતી. તે એવું મીઠું બોલે છે કે જાણે તેના મુખમાંથી અમી ન ઝરતી હોય! ગુણચંદ્ર બધાને હાથજોડી વંદન કરતો. તેનામાં જરાપણ અભિમાન નથી. ચાલતાં ચાલતાં શેઠ ગુણચંદ્રને બધાનો પરિચય કરાવતા હતા. આ પ્રેમચંદ શેઠ, તે ગામમાં બહુ પ્રખ્યાત છે. આ ઝવેરી, આ તારા કાકા, આ તારા ફૂઆ-ફઈબા વગેરે બધાની

ઓળખાણુ કરાવે છે. બધાની સાથે ગુણચંદ્ર પ્રેમથી બોલે છે. તે બધા સગાસંબંધી અને સ્વજનોની સાથે દૂધ સાકરની જેમ ભળી ગયો. તેના સગાવહાલા અને પરિમંડળ બધા કિશોરની નમ્રતા, બોલવાની મીઠાશ, તેનો વિનય જોઈ ને ખૂબ આનંદિત થયા. શું આપણો કિશોર છે!

**શેઠને શાંતિનો શ્વાસ:**— ખૂબ ઠાઠમાઠથી ગુણચંદ્રને નગરમાં પ્રવેશ કરાવ્યો. હવે ગુણચંદ્ર બરાબર કિશોરના રૂપમાં આવી ગયો છે. હવે તેને આપણે કિશોરના નામથી ઓળખવાનો છે. લક્ષ્મીદત્ત શેઠના મનમાં બળતરા હતી કે મેં કપટથી દીકરાની સગાઈ તો કરી, પણ એવા રક્તકોઢિયા પુત્રને લગ્નમાં લઈ જવો કેવી રીતે? તેમની મોટી ઈજ્જતનો પ્રશ્ન હતો, પણ ગુણચંદ્રે તેમનું વચન માન્ય રાખ્યું ને ભાડે પરણવા તૈયાર થયો, તેથી તેમની બળતરા થોડી શાંત થઈ. ચિંતા ઓછી થઈ ને તેમાં કિશોર બધાની સાથે એકદમ ભળી ગયો. તેની બોલવાની મધુરતા વગેરે જોઈને શેઠના મનમાં શ્રદ્ધા થઈ કે હવે આ ગુણચંદ્ર કિશોરનું પાત્ર બરાબર ભજવશે અને પોતાની ગુપ્ત વાત કોઈને કરશે નહિ, આથી તેમના શરીરમાં જોમ પ્રગટ્યું. તેમના મુખ પર આનંદની ઊર્મિઓ ઉછળવા લાગી, અને વિચારોની તો હારમાળા ચાલી રહી હતી. જે દીકરાનું સામૈયું આટલું ઠાઠમાઠથી કર્યું તેના લગ્નમાં હવે શેઠ શી કમીના રાખે! હવે શેઠ દીકરાના લગ્ન કેવા ઠાઠમાઠથી ઉજવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૮૫

**આસો વદ ૫ ને શનિવાર** **તા. ૧૭-૧૦-૮૧**

અનંતજ્ઞાની મહાપુરૂષો ભવ્ય જીવોના ઉદ્ધાર માટે પ્રતિબોધ આપતાં કહે છે કે આ સંસારમાં આ જીવ અનાદિકાળથી સુખની આશાએ રખડી રહ્યો છે. કોઈ પણ ભવમાં એને દુ:ખની ઇચ્છા થઇ નથી. જે કાંઇ પ્રયત્નો કર્યા છે તે પોતાના સુખને માટે કર્યા છે, છતાં હજુ સફળતા મળી નથી. રશિયાની લડાઈમાં હાર થઇ છતાં તેનું કારણ શોધવા કરોડો રૂપિયા ખર્ચ્યા ને હારનું શું કારણ છે એ જાણીને દૂર કર્યું, તો જાપાન સાથે ત્રણ વર્ષ સુધી ટકી શકાયું. આ જીવ જન્મોજન્મમાં ભવોભવમાં સુખ મેળવવાની મહેનત કરે છતાં એ સુખ મેળવી શકતો નથી. એનું કારણ શોધવાનું મન થાય છે? પોતાની મહેનત બધી નકામી શાથી જાય છે? જન્મથી મરણ સુધી શરીર, માલ મિલ્કત, કુટુંબ, પ્રતિષ્ઠા આ બધું જીવ સુખ માટે વધારે છે, છતાં એને પલકારામાં મૂકીને ચાલતો થઈ જાય છે. વળી બીજા જન્મમાં ફરી એકઠું કરે છે ને ઘડીના પલકારામાં છોડી દે છે. આ રીતે જીવે બે પાંચ હજાર વાર નહિ પણ અનંતી વખત આવી સામગ્રી એકઠી કરી અને મૂકીને આવ્યો, છતાં જીવને આ સંબંધી કેમ કાંઈ વિચાર આવતો નથી?

ભવોભવમાં મહેનત કરવી, મેળવવું અને મૂકી દેવું, એનો છેડો ક્યારે આવશે?

આ વિચાર હજુ જીવને આવતો નથી. એનું કારણ શું? ઘણીવાર રાતમાં ઉંદર માણસને કરડી જાય છતાં તે જાગતો નથી. ઉંદર માંસમાં કરડે છે, છતાં માણસ જાગતો નથી, તેનું કારણ એકજ છે કે ઉંદર ફૂંકી-ફૂંકીને કરડે છે, તેથી માનવીને જાગવાનો વખત આવતો નથી, તેવી રીતે આ જીવે અનાદિથી મહેનત કરી, સામગ્રી મેળવી અને બધી છોડી દીધી. બધા ભવના પ્રયત્નો નિષ્ફળ ગયા. આરંભ-પરિગ્રહ અને વિષય કષાયથી પાપ બાંધી, પરિણામે દુર્ગતિમાં રખડયો પણ એને મોહરૂપી ઉંદરે મમત્વની એવી ફૂંક મારી કે એને જાગૃતિ આવવા દીધી નથી, પરિણામે જીવ ચતુર્ગતિમાં રખડી રહ્યો છે.

જ્ઞાનીઓ આપણને પોકાર કરીને સમજાવે છે કે હે આત્માઓ! તમારે ભવભીરૂ બનવું છે તો પહેલા પાપભીરૂ બનો. ડગલે ને પગલે પાપનો ભય રાખો. એક નાનકડો કાંટો વાગ્યો હોય તો કાંટો કઢાવવા માટે સ્થિરતા લાવવી પડે છે, તો ૧૮ પાપના અનંતા કાંટા આપણા આત્મામાં ખૂંચી રહ્યા છે ને અસહ્ય ત્રાસ-વેદના આપી રહ્યા છે, તેને દૂર કરવા આત્માએ આત્મભાવમાં સ્થિર થવું જોઈએ. જડ જો જડના ભાવમાં સ્થિર છે તો ચૈતન્ય પોતાના ભાવમાં સ્થિર ન રહે! આ માટે સહન કરવાની ટેવ આવકારદાયક છે. આત્મા રૂ જેવો છે. જ્યારે રૂ દબાઈ વણાઈને વાટ બને છે ત્યારે તે વાટ પ્રકાશ આપી શકે છે. રૂને સળગાવવાથી પ્રકાશ કદાપિ ન મળી શકે. આ રીતે આત્મા જો સહન કરશે તો પ્રકાશ પાથરી શકશે. દૂધમાં પાણી ભળે તો પાણીનો રંગ બદલાઈ જાય છે તેમ દેહ સાથે આત્મા રહેવાથી આત્મા દેહમય બની ગયો છે. "જેવો સંગ તેવો રંગ" એવું આત્માનું બન્યું છે. આત્માને સારા નિમિત્ત મળે તો આત્મા ગુણની શ્રેણીમાં આગળ વધે છે અને ખરાબ નિમિત્ત મળે તો આત્મા પતનના પંથે જાય છે, માટે આત્માએ સારા નિમિત્તો મેળવવા જોઈએ.

તેલ રીફાઈનરીથી સારું થાય છે તેમ આત્મા પણ સહન કરવાથી રીફાઈન થાય છે. રીફાઈન થયેલ આત્મામાં અમૃત ભરેલ છે. તે અમૃત વિષય-કષાયના કૂપમાં નહિ મળે. સંસારી જીવો કામ-ક્રોધ વગેરે કષાયો રૂપી લાળથી કરોળિયાની માફક જાળ બનાવી પોતાનો વિનાશ નોતરી રહ્યા છે. ચીમની કાળી થઈ ગઈ હોય તો તેને ઘસવાથી સાફ થાય અને અંદરનો પ્રકાશ ઝળહળી ઉઠે, તેમ દેહ રૂપી ચીમની ઉપર અનંત કાળથી વિષય-કષાયની કાળાશ લાગેલી છે. તે કાળાશ દૂર થાય તો આત્માનો પ્રકાશ ઝળહળી ઉઠે.

જેમના જીવનમાંથી વિષય કષાયની કાળાશ દૂર થઇ ગઈ છે ને આત્માનો પ્રકાશ ઝળહળી ઉઠયો છે એવા નમિરાજર્ષિ ઈન્દ્રના પ્રશ્નના કેવા બેધડક સુંદર જવાબ આપી રહ્યા છે. તેમણે કહ્યું કે શ્રદ્ધા એ મારું નગર છે. તપ-સંયમરૂપી દરવાજા છે, ક્ષમાનો મજબૂત કોટ છે, સત્ય-શીલના શસ્ત્રો છે. જેણે આવું મજબૂત નગર વસાવી દીધું છે તેને શત્રુઓનો ભય કયાંથી હોય! કદાચ ક્રોધાદિ શત્રુઓ આક્રમણ કરે તો પણ તેને ભગાડવાની પૂરી તૈયારી છે. આપણે બાહ્ય નગરની વાત કરીએ પણ આ રાજર્ષિ તો આભ્યંતર નગરની વાત કરી રહ્યા છે. જેના લોહીના અણુઅણુમાં, નસેનસમાં ચારિત્રનો

ચમકાર હોય, ત્યાગનો તરવરાટ હોય, વીર આજ્ઞાનો ગુંજારવ હોય, તે આવા વૈરાગ્ય-ભર્યા જવાબ આપી શકે. તેમના જવાબથી ઈન્દ્ર પણ સ્થંભી ગયા. શું એમનો વૈરાગ્ય છે! તેમનો સંયમ સુવર્ણ જેવો ઉજ્જવળ છે.

વીતરાગની આજ્ઞામાં વિચરતા સાચા સાધુ ગમે તેવા અનુકૂળ, પ્રતિકૂળ ઉપસર્ગો આવે તો હસતા મુખે તેને વધાવી લે, પણ સંયમ માર્ગથી વિચલિત ન થાય. સાધુ એટલે પવિત્રતાનું પુનિત સરોવર. તેમને જોતાં શાંતિના ઝરણાં ઝરે. તેમના સમાગમથી જીવનજ્યોતમાં પ્રાણ સંચરે. તેમને પગલે પ્રમોદનું વાતાવરણ જામે અને જેમના પરિચયથી અંતરની આગ બૂઝાય તેનું નામ સાધુ. નમિરાજના સામે ઇન્દ્ર કસોટી કરવા આવ્યા, છતાં નમિરાજ તો ડગ્યા નહિ. તેમણે આભ્યંતર નગરની વાત કરી. હવે કર્મશત્રુઓને ભેદવા કયા કયા હથિયારો લીધા છે તે બતાવે છે.

**धणुं परक्कमं किच्चा, जीवं च इरियं सया ।**
**धिइं च केयणं किच्चा, सच्चेण पलिमन्थए ॥२१॥**

પરાક્રમરૂપી ધનુષ્યમાં ઈર્યાસમિતિ રૂપ જીવા–દોરીને સ્થાપન કરીને હંમેશા ધૈર્યનું કેતન કરીને પછી તે ધનુષ્યને સત્યથી બાંધ્યું.

આ ગાથામાં ધનુષ્યની દ્રવ્યથી અને ભાવથી ઉપપત્તિ કરી છે. દ્રવ્ય ધનુષ્ય તો લડાઈના મેદાનમાં જાય ત્યારે લઈ જાય છે પણ અહીં તો ભાવ ધનુષ્યની વાત બતાવી છે. દ્રવ્ય ધનુષ્ય તો સંયમશીલ સાધકને બાંધવાને યોગ્ય નથી. એ ધનુષ્યથી જીવોની હિંસા થાય છે. મુનિઓ તેવું ધનુષ્ય રાખતા નથી. તે તો ભાવ ધનુષ્યને પોતાની પાસે રાખે છે. તે ધનુષ્ય કયું! પરાક્રમ રૂપી ધનુષ્ય છે. તેમાં ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આયાણભંડમત્તનિખેવણાસમિતિ, ઉચ્ચારપાસવણખેલજલસંઘાણ પારિઠાવણીયાસમિતિ આદિ પાંચ સમિતિ રૂપ જીવા–દોરી છે. તથા ધર્મમાં નિરંતર થવા વાળી ધૈર્યતાનું કેતન બનાવે. (ધનુષ્યના મધ્ય ભાગમાં તેને પકડવા માટે જે લાકડાની મુષ્ટિ લાગેલી હોય છે તેને કેતન કહે છે.) તથા તે ધનુષ્યને સત્ય દ્વારા બાંધવું જોઈએ. સાધક આત્માનું આ ભાવ–ધનુષ્ય છે. જેનાથી તે પોતાના આત્માની રક્ષા કરતા થકા રાગ-દ્વેષાદિ રૂપ શત્રુઓ સાથે યુદ્ધ કરવામાં સફળતા પ્રાપ્ત કરે છે. શ્રદ્ધા–સમતા–તપ–સંવર અને ગુપ્તિ સુસ્થિત રાખ્યા પછી પરાક્રમ, સદ્વીર્ય વગેરે શસ્ત્રોથી કર્મોની સામે જંગ ખેલે છે. એ જંગમાં કર્મોને ભાગે જ છુટકો. શ્રદ્ધાદિ બધું હોવા છતાં પરાક્રમ, પુરુષાર્થનો વેગ અને ધૈર્યતા વગેરે જો ન હોય તો કર્મોને હટાવવા મુશ્કેલ છે. આ ભાવ ધનુષ્યથી સંયમી આત્મા શું કરે છે તે હવે બતાવ્યું છે.

**तव नाराय जुत्तेण, भित्तूण कम्म कंचुयं ।**
**मुणी विगय संगामो, भवाओ परिमुच्चए ॥२२॥**

તપરૂપી બાણુથી યુક્ત થઈને તે ધનુષ્યના દ્વારા કર્મ કંચુકનું ભેદન કરીને પછી તે મુનિ સંગ્રામથી રહિત થઈને આ સંસારથી સર્વથા છૂટી જાય છે.

નમિરાજ કહે છે હે વિપ્ર! પરાક્રમ રૂપી મારું ધનુષ્ય છે. તેને ઈર્યાસમિતિ આદિ સમિતિ રૂપ જીવા બાંધી છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, રાત્રી–ભોજનના ત્યાગ રૂપ મહાવ્રતોથી તે ધનુષ્યને બાંધ્યું છે. તપ રૂપ બાણુથી યુકત થયેલું તે ધનુષ્ય કર્મ કંચુકને ભેદવામાં સમર્થ બને છે. તપ બે પ્રકારના બતાવ્યા છે. બાહ્ય અને આભ્યંતર. ઉપવાસ આદિ બાહ્ય તપ છે. પ્રાયશ્ચિત, વિનય આદિ આભ્યંતર તપ છે. પૂર્વ ભવોના સંચિત કર્મોનો નાશ કરવા માટે તપ એ અમોઘ હથિયાર છે. નમિરાજ ઈન્દ્રને કહી રહ્યા છે કે મેં મારું નગર, કોટ બધું મજબૂત બનાવ્યું છે, અને કર્મરૂપી શત્રુઓ સામે ઝઝૂમવા માટે મેં બધા હથિયાર તૈયાર રાખ્યા છે. મારે હવે બાહ્ય સંગ્રામ ખેલવાનો રહેતો નથી. નમિરાજે કેવા સુંદર આધ્યાત્મિક સામ્રાજ્યની વાત કરી! તેમના જવાબથી ઈન્દ્ર પણ સ્થંભી ગયા. શું એમનો વૈરાગ્ય છે! શું એમના જવાબ છે! શું તેમની ચારિત્રની લગની છે! કેટલી નિર્મોહી દશા છે! ખરેખર ત્યાગમાં જેવું સુખ છે એવું સુખ બીજા કોઈને નથી.

**नैवास्ति राजराजस्य, तत्सुखं नैव देवराजस्य ।**
**यत्सुख मिहैव साधो, लोक व्यापार रहितस्य ॥**

જેણે આ જગતને તૃણની જેમ છોડી દીધું છે, એને જે સુખ અને આનંદ છે એવું સુખ અને આનંદ ચક્રવર્તિને પણ નથી, માટે કહ્યું છે કે **"ત્યાગમાં જેવો આનંદ છે એવો કયાંય નથી."** ચક્રવર્તિ છ છ ખંડનો વહીવટ કરે છે પણ જ્યારે વૈરાગ્ય આવે છે ત્યારે ક્ષણવારમાં બધું છોડીને ચાલ્યા જાય છે. એ જ્યારે બધું છોડીને દીક્ષા લે ત્યારે શું કહેશે? अहं भिक्षुः હું ભિક્ષુ છું એમ કહેશે પણ अहं चक्रवर्तीः હું ચક્રવાત રાજા છું એમ નહિ કહે. એ શું બતાવે છે? ત્યાગમાં જે આનંદ છે એવો ભોગમાં નથી. એમને ભિક્ષુ કહેવડાવવામાં જે આનંદ આવે છે એવો આનંદ ચક્રવર્તિ કહેવડાવવામાં નથી. એ ત્યાગી પણ કેવા હોવા જોઈએ? લોકોના વ્યવહારથી રહિત હોય, કુટુંબ અને સંસારના વ્યવહારમાં એનું મન ન રહેવું જોઈએ. આવા જે ત્યાગી સંત છે, એમને જે સુખ છે એવું બીજા કોઈને નથી.

એક મુનિ વિચરતા વિચરતા કોઈ ગામમાં ગયા. સાંજ પડી ગઈ છે એટલે મુનિ વિચારે છે કે મારાથી રાત્રે તો ચલાય નહિ, માટે રાતે કયાંક રોકાઈ જવું પડશે, પણ આ ગામ અજાણ્યું છે. કોને ત્યાં રહેવું? એ વિચાર કરતા તેઓ ગામમાં આગળ જતા હતા. ત્યાં રસ્તામાં કંદોઈની દુકાન આવી. કંદોઈ દુકાન બંધ કરતો હતો. એ જોઈને મુનિએ પૂછયું–ભાઈ! જો તારે ત્યાં થોડી જગ્યા હોય ને તું રાજીખુશીથી હા પાડે તો મારે આજની એક રાત અહીં સૂઈ રહેવું છે. સંતની વાત સાંભળી કંદોઈના મનમાં થયું કે મારી દુકાનમાં ચોવીસે કલાક અઢાર પાપસ્થાનક સેવનારા લોકો આવે છે. એમાં મહાત્માના પગલાં કયાંથી હોય? ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય કે મારે ત્યાં સંતના પવિત્ર પગલાં થશે. કંદોઈએ તરત કહ્યું–ગુરૂદેવ! પધારો, ગુરૂદેવ પધારો! મારી આજ્ઞા છે. આપ ખુશીથી મારે ત્યાં રહો. મહાત્મા તો કંદોઈને ત્યાં રહ્યા.

આ કંદોઇની દુકાનની બરાબર સામે રાજાનો મહેલ હતો. કંદોઇની દુકાનમાં એક તરફ ચુલો છે, એક તરફ કોલસા છે, રાખ પડી છે. આંખને જોવી ન ગમે એવી ચીકણી, ગંધાતી કંદોઈની દુકાન છે. કંદોઈની દુકાનમાં બીજું શું હોય ? એ દુકાનની સામે મહેલ છે. તેમાં બારીએ રાજા બેઠા છે. તેમનું ધ્યાન મુનિ તરફ છે. સંતનું તો ક્યાંય ધ્યાન નથી. ધ્યાન માત્ર આત્મ રમણતામાં છે. મુનિ તો સમય થતાં પ્રતિક્રમણ કરવા બેસી ગયા. રાત્રે બાર વાગ્યા સુધી પોતાની આવશ્યક ક્રિયા, સ્વાધ્યાય, ધ્યાન વગેરે કરી થોડી વાર સૂઈ ગયા. થોડીવારમાં જાગીને પાછા ધ્યાનમાં બેસી ગયા. સામે મહેલમાં રાજા બેઠા છે એ આ બધું જુએ છે. એમના મનમાં થયું કે દુનિયામાં આવા કેટલાય લોકો હશે કે જેમને રહેવાની ને સૂવાની પણ જગ્યા નથી. એ લોકો કઈ રીતે જીવન ચલાવતા હશે ? હું સવારમાં મહાત્માને બોલાવીને પૂછીશ. રાજા સવારમાં ઉઠયા. તેમણે પોતાના એક સૈનિકને મુનિ પાસે મોકલ્યો. સૈનિકે આવીને કહ્યું–મહાત્માજી ! આપને અમારા મહારાજા બોલાવે છે. આપ અમારા મહેલમાં પધારો. સંત કહે– હું તો ત્યાગી છું. રાજાને વળી મારું શું કામ હોય ? રાજાનો સૈનિક કહે–અમારા મહારાજાની આજ્ઞા છે માટે આપને આવવું પડશે. મુનિ કહે–ભલે, ચાલ ભાઇ ! હું આવું છું. મુનિને જવામાં શું વાંધો હતો ? એ તો એમ વિચાર કરવા લાગ્યા કે મારા જવાથી જો કોઈકનું હિત થતું હોય તો મને જવામાં વાંધો નથી. મને કોઇ દુઃખ તો પડવાનું નથી. આપણે તો ત્યાગી છીએ.

મુનિ તો રાજા પાસે ગયા. રાજાએ સત્કાર સન્માન કરીને બેસાડયા ને પછી એક પ્રશ્ન કર્યો. હે મહાત્મન્ ! **"કહો, રાત કૈસી બીતી ?"** રાજાનાં મનમાં એમ હતું કે એમને આખી રાત ઉંઘ આવી નથી ને રાત દુઃખમાં પસાર થઈ છે. એ સંત કહેશે કે હું તો હેરાન હેરાન થઈ ગયો પણ એમને ક્યાં ખબર છે કે આ તો જૈનના મહાન અવધૂત યોગી છે. એમને વળી દુઃખ કેવું હોય ? વીતરાગી સંતો જેવા તો કોઇ સુખી નથી. રાજાનો પ્રશ્ન સાંભળીને મુનિને લાગ્યું કે આ રાજાને અભિમાન છે. એ એમ સમજે છે કે જગતમાં હું સુખી છું. બીજા બધા દુઃખી છે. મારા જેવું સુખ કોઇને નથી, માટે મારે એના ઉપકાર માટે પણ યથાર્થ જવાબ તો આપવો જોઇએ, એટલે એ કહે છે કે રાજન્ ! **"આધી તેરે જૈસી ઔર આધી તેરે સે ભી અચ્છી".** મારી અર્ધી રાત તારા જેવી વીતી છે ને અર્ધી રાત તારા કરતા પણ સારી વીતી છે.

મુનિનો જવાબ સાંભળીને રાજાને ગુસ્સો આવ્યો. એમને થયું કે આ સંતનું સૂવાનું ઠેકાણું નથી, રહેવાનું ઠેકાણું નથી ને ઉપરથી કહે છે કે તમારા કરતા સારું. રાજાનો તો પાવર ગયો ને ક્રોધના આવેશમાં કહે છે મહાત્મા ! કંઇ ભાન છે કે નહિ ? તમારું મગજ ઠેકાણે છે કે નહિ ? આપ આ શું કહો છો ? રાજા ગુસ્સામાં બોલી રહ્યા છે. એમને ગુસ્સો આવવાનું કારણ એમની પાસે ચાર વસ્તુ છે. એ ચારમાંથી એક હોય તો પણ અનર્થ કરાવે છે, તો રાજા પાસે તો એ ચારે ય છે એટલે એ ગુસ્સો કરે એમાં નવાઈ શી ? એ ચાર વસ્તુ કઈ ?

यौवन धनसंपत्तिः, प्रभुत्वमविवेकता ।
एकैकमप्यनर्थाय, किमु यत्र चतुष्टयम् ॥

એક યૌવન, બીજી ધનસંપત્તિ, ત્રીજો અધિકાર અને ચોથો અવિવેક. યુવાની દિવાની છે. યૌવન મહા અનર્થ કરાવનાર છે. ધનની સાથે ધર્મ મળ્યો ન હોય તો ધન મહા અનર્થ કરાવે છે. ત્રીજો અધિકાર (સત્તા)–સત્તાના નિશામાં માનવી ભાન ભૂલે તોપણ મોટો અનર્થ થાય છે. સો રૂપિયાનો પગારદાર પોલીસ હોય તો પણ એ એમ કહે કે અહીં કેમ બેઠો છે? તે બીજાને તતડાવી જાય. ચોથો અવિવેક, સો ગુણ હોય પણ વિવેક ન હોય તો સો ગુણો એકડા વિનાના મીંડા જેવા છે. વિવેકને તો દશમો નિધિ કહ્યો છે. રાજામાં આ ચારે ય વાના હતા. અવિવેક મુનિની સામે જેમ તેમ બોલાવે છે. ગુસ્સો કરાવે છે પણ મુનિ તો સમતાના સાગર હતા. એમણે રાજાની સામે ક્રોધ ન કર્યો. એમને તો રાજાને કંઈક સત્ય સમજાવવું હતું, બોધ આપવો હતો. એ સમજતા હતા કે આપણે કોઇની ઉપર ઉપકાર કરવો હોય તો સહિષ્ણુતા કેળવવી પડે. એમણે રાજાને કહ્યું–તમારે મારી વાત સમજવી હોય તો સાંભળો. ગુસ્સો કરવાની જરૂર નથી. ન સમજવું હોય તો મારે સમજાવવાની જરૂર નથી. રાજા કહે, આપ મને સમજાવો.

મુનિએ રાજાને પૂછ્યું, તમે રાત્રે કેટલા વાગે સૂતા? રાજા કહે બાર વાગે. હું પણ બાર વાગે સૂતો હતો. સૂતા પછી પલંગ હોય કે પથારી હોય કે ધૂળ હોય, બધું મારે સરખું છે. સૂતા પછી કાંઈ ખબર પડતી નથી. તમને તો રાતના બાર વાગ્યા સુધી શાંતિ ન હતી. રાજ્યની, રાણીની, પ્રજાની બધી ચિંતામાં બાર વાગી ગયા ને પછી સૂઇ ગયા. તો ઊંઘમાં સ્વપ્ના પણ આવ્યા હશે! મારે તો કોઇ ચિંતા નથી. હું તો બાર વાગ્યા સુધી પ્રભુના ધ્યાનમાં રહ્યો ને પછી સૂઇ ગયો. હું તો પડચો એવો તરત ઊંઘી ગયો. મને તો કોઇ સ્વપ્ના પણ નથી આવ્યા. તમને તો ઉઠયા પછી એ જ હાયવોય ને એ જ ચિંતા, નોકરને બોલાવો. આ કામ કરો ને તે કામ કરો. મારે તો એ કાંઇ જ નથી, માટે કહું છું કે "આધી તેરે જૈસી ઔર આધી તેરે સે ભી અચ્છી" તમે સૂતા ને હું સૂતો એટલી રાત સમાન ગઈ પણ અડધી રાતમાં તમારે તો ચિંતા ઘણી હોય છે. એટલે મનને શાંતિ નહિ. જ્યારે મારી અડધી રાત તો પ્રભુના ધ્યાનમાં પસાર થઈ, માટે હે રાજન્! ત્યાગ માર્ગમાં જે સુખ છે તેવું તમારા રાજશાહી વૈભવમાં કે ઠાઠમાઠમાં નથી. રાજાને સત્ય વાત સમજાઈ ગઇ કે સાચા સુખી તો વીતરાગી સંતો છે, તેથી કહ્યુ છે કે સાચી શાંતિ કોને મળે? જે સર્વ કામ–તૃષ્ણાને છોડી દે છે અને નિશ્ચલ થઈને જગતમાં વિચરે છે. આ જગતમાં મારું કોઈ નથી, એવો નિર્મમત્વભાવ જેને હોય એવા આત્માને સાચી શાંતિ અને સાચો આનંદ છે.

નમિરાજે વિપ્રને કહ્યું, મેં મારું નગર, દરવાજા બધું બરાબર તૈયાર કરી લીધું છે, તેથી મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભયોગ આદિ શત્રુઓનો મને ડર નથી. છતાં કદાચ કોઈ શત્રુ હુમલો કરવાનું સાહસ ખેડે તો પરાક્રમ રૂપી ધનુષ્યથી તેમને હું

ભગાડી શકું છું. શુદ્ધ કાયયોગ નામે શતઘ્ની શસ્ત્ર હંમેશા સજ્જ રાખું છું. વળી મારું તપ નામે લોખંડી બાણ તો ભલભલા શત્રુઓનો પણ નાશ કરે એવું છે. આગળ શું કહે છે? હે વિપ્રરાજ! તમે એમ ન માનતા કે મારા મહામૂલી રાજ્યના રક્ષણની બાબતમાં જરા પણ બેપરવાહ રહું, મારો ક્ષત્રિય ધર્મ હું બરાબર જાણું છું. માત્ર જાણું છુ એટલું કહેવા કરતા કાર્યોથી સાબિત કરવા સદા ઉત્સાહી રહું છું. વિપ્રના રૂપમાં આવેલ ઈન્દ્ર તો નમિરાજના જવાબથી સજ્જડ થઈ ગયા. એમની આગળ મારું પણ ચાલે તેમ નથી. જેમણે બાહ્ય શત્રુઓને બદલે તેથી વિશેષ બળવાન આંતર શત્રુને ભાવ–સંગ્રામમાં હણવા માટે બધી સામગ્રીઓ તૈયાર કરી છે તેવા મુનિને મેં કાયર કહ્યા! એ તો કાયર નથી પણ મહા વીર છે.

ઈન્દ્રને હવે ભાન થયું કે ક્ષત્રિયનું કર્તવ્ય અને જૈનનું કર્તવ્ય એક છે. ફરક માત્ર એટલો છે કે ક્ષત્રિય દ્રવ્ય સંગ્રામમાં વીર્ય ફોરવે છે અને જૈન ભાવ સંગ્રામમાં વીર્ય ફોરવે છે. જે બહારના શત્રુઓને હણી બહારનું રક્ષણ કરે છે તે ક્ષત્રી અને અંતરના શત્રુઓનો હણી આત્મરક્ષણ કરે છે તે જૈની કહેવાય છે. ક્ષત્રી બહારનો વિજય કરે છે, અને જૈની આંતરિક વિજય કરે છે. દાન–શીયળ–તપ અને ભાવ, જ્ઞાન–દર્શન–ચારિત્ર અને તપ એ ચારે બાબતમાં જેમનું શૂરાતન ઝળહળી ઉઠે અને અંતરના દુશ્મનોને જીતે તે સાચા જૈન છે. નમિરાજની અડોલતા, દઢતા જોઈને દેવરાજ ઈન્દ્ર રાજર્ષિ પર પ્રસન્ન થયા, પણ હજુ એક રંગ લાગ્યો છે પરીક્ષા કરવાનો, તેથી તેમણે હજુ જીતવાની આશાનો ત્યાગ કર્યો ન હતો. હજુ ઈન્દ્ર કેવા પ્રશ્નો કરશે ને નમિરાજ શું જવાબ આપશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર : ચિંતાની ઘેરી છાયાથી વિમાસણમાં પડેલા લોકો**:–લક્ષ્મીદત્ત શેઠે ગુણચંદ્રને ઠાઠમાઠથી, ભારે સામૈયું કરીને નગર–પ્રવેશ કરાવ્યો. એમાં શેઠની સ્વાર્થ બુદ્ધિ છે. મનમાં પરમાર્થ બુદ્ધિ નથી. શેઠે હવે ઠાઠમાઠથી લગ્ન–મહોત્સવ ઉજવવાનો શરૂ કર્યો. શેઠના મનમાં એમ છે કે નગરજનોના વર્ષોના વર્ષો જાય તો પણ યાદ રહી જાય ને લોકો તેની પ્રશંસા કરે એવો લગ્ન મહોત્સવ ઉજવું. શેઠને આંગણે તો લગ્નની તડામાર તૈયારીઓ ચાલી રહી. શેઠના સગાસંબંધી બધા આવી ગયા. શેઠના મહેલમાં તો આનંદની છોળો ઉછળી રહી. સૌ કોઈને આનંદ છે. એક ગુણચંદ્રને આનંદ નથી. એનું હૈયું હરખાતું નથી. પ્રભુ! હું આવા ઘોર પાપમાં કયાં પડયો? કંઈક ચાલાક અને બુદ્ધિશાળી માણસો કહે છે કે છોકરો બધી રીતે સરસ છે, તે હરખાય છે પણ પાછો ઝંખો પડી જાય છે. ઉંડે ઉંડે કોઈ ચિંતા હોય એવું લાગે છે. જાણે બનાવટી ન હોય એવું લાગે છે. બીજા એમ કહે, ના....ના...હોં, એમ નથી. આ શેઠનો દીકરો છે. તે મોસાળમાં રહેતો હતો. અત્યારે લગ્ન કરવા માટે આવ્યો છે. કોઈક કિશોરને પૂછે, તને મોસાળમાં બહુ ગમતું હતું? ત્યારે કિશોર કહેતો કે ત્યાં મને મા–બાપ પણ યાદ આવતા નહિ. આ તો લગ્ન લીધા છે એટલે ભણવાનું છોડીને અહીં આવ્યો છું. કંઈક લોકો એમ કહે છે

કે આ છોકરો હસે છે, બોલે છે, પણ તેનું મોઢું ઝાંખું પડી જાય છે, માટે દાળમાં કંઈક કાળું લાગે છે, તો એના જવાબમાં કોઈક એમ કહે કે શેઠે સગાઈ કરી છે તે કન્યાને હજુ છોકરાએ જોઈ નથી તેથી તેને ગમતી હોય કે ન ગમતી હોય એવું કંઈક હશે. કંઈક બોલે છે આ પુત્ર તો તેમને કેટલી બાધા આખડીઓ રાખ્યા પછી થયો છે ને તેથી મોસાળમાં મોકલી દીધો હતો. ખરેખર પુત્ર કુળદીપક છે. શેઠને ત્યાં લગ્નની તૈયારીઓ પુરજોશથી ચાલી રહી છે.

**મંગલગીત ગાના શુરૂ હો ગયા, તોરણ ઝુમ્મર રોશની ચમકે,**
**હર્ષ કે મોજે ઉછલ રહે હૈ, ઇતનેમેં બ્યાહકા દિન આયા.**

દિવસો જતાં લગ્નનો દિવસ નજીક આવી ગયો. શેઠને ત્યાં આનંદની છોળો ઉછળવા લાગી, મંગલ ચોઘડીયા શરૂ થઈ ગયા. શેઠનો આખો મહેલ રોશનીથી ઝળહળી ઉઠ્યો, મહેલના આંગણે તોરણો લટકાવ્યા. અત્યારે તો ગુણચંદ્ર જાણે પોતાનો જ દીકરો ન હોય એવો સ્નેહ રાખતા હતા. શેઠે ધનના ભંડાર ખુલ્લા મૂકી દીધા. અત્યારે શેઠને લોભ નથી. નિત્ય નવા ભોજન અને વસ્ત્રાલંકારોનો ઢગલો થતો, ગુણચંદ્ર એકવાર તો પોતાને પણ ભૂલી જાય કે હું ગુણચંદ્ર છું કે કિશોર છું. બધા સ્વજનોને તેના પ્રત્યે ખૂબ પ્રેમ હતો. બધા તેને ખમ્મા ખમ્મા કરતા હતા. શેઠ બધાની આગતા-સ્વાગતા પણ સારી રીતે કરતા હતા. લોકો બોલવા લાગ્યા કે શું શેઠની આગતા-સ્વાગતા છે! શું તેમણે પકવાન બનાવ્યા છે? લગ્ન તો ઘણા જોયા, પણ આ શેઠના જેવા નહિ. બધા તેમની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા.

**દિલ બન્યું દાવાનળઃ—** કિશોરને આટલી ખમ્મા ખમ્મા કરે છે, પણ આ બધું તેના જીવનને દઝાડનારું હતું. તેનું દિલ તો અગ્નિની જ્વાળાની જેમ બળી રહ્યું હતું. દિલની દિવાલમાં મોટો દાવાનળ પ્રગટયો હતો. કંઈક વાર તો છાનુંછાનું રડી લેતો. જો કોઈ વાર શેઠ જોઈ જાય તો તેની સામે આંખ કાઢતા કે જોજે, મારું બધું ખુલ્લું ન કરતો, એટલે ભયનો માર્યો પાછો સ્વસ્થ બની જતો. બધાને આનંદ છે પણ તેનું દિલ બળી રહ્યું છે. ધિક્કાર છે મને! મેં આ શું કર્યું? ઓ હતભાગી! તું જીવતો શા માટે રહ્યો? હે પ્રભુ... હે પ્રભુ... તું મારા દેહમાંથી આત્માને લઈ લે. અરરર જીવડા! શેઠ તને તલવારથી મારવા આવ્યા ત્યારે તારે ડોક ધરવી હતી ને! ત્યારે શા માટે જીવન વહાલું કર્યું? અરે! શેઠ મને ઝાડ નીચે એકલો મૂકીને ગયા ત્યારે હું ભાગી ગયો હોત તો? સત્યને વળગી રહ્યો નહિ એ મેં ભૂલ કરી!

મારા માતા પિતા કોણ? જે માતા પિતાએ ધર્મને માટે પોતાનું સર્વસ્વ જતું કર્યું ને મજુરીના કામ કર્યા. એવા ખાનદાન મા-બાપનો દીકરો શું મને આવું કરવું છાજે? ફાંસીને માંચડે લઈ ગયા તો પણ સત્ય છોડયું નથી. અરે! ભોંયરામાં આટલા વર્ષોથી દુઃખ વેઠયા, રોજ હન્ટરના માર ખાધા, એ બધું દુઃખ સહન કર્યું, છતાં ધર્મને, સત્યને છોડયું નથી ને અત્યારે હું કયાં આ પાપ કરવા તૈયાર થયો? હે મારા પ્રાણદેવ,

તમે ચાલ્યા જાવ. મારે આ પાપકૃત્ય કરવું નથી. બિચારી કોડભરી કન્યા પહેલા મને જોઈને કેવી હરખાશે! ને જ્યારે લગ્ન કરીને આવીશ ને આ કોઢીયાને સોંપવાની થશે ત્યારે તેની કેવી સ્થિતિ થશે તે હું કલ્પી શકતો નથી, તેને કેવા દુઃખ પડશે? આટલા વર્ષે જે ભોંયરામાંથી બહાર નીકળ્યો હોય તેને કેટલો આનંદ હોય, પણ ગુણચંદ્રને આનંદ નથી. ન છૂટકે પરણવા જવાનું છે.

**ભાડે પરણવા જતો ગુણચંદ્રઃ—** કિશોરને ખૂબ સારી રીતે તૈયાર કર્યો અને હવે પરણવા માટે જાય છે. જાન વિદાય થઈ. શેઠના પગમાં જોમ છે ને દિલમાં આનંદ છે, કારણ કે એમનો સ્વાર્થ બરાબર સધાઈ ગયો. ગુણચંદ્ર કિશોરનું રૂપ લઈ કિશોરના નામે ભાડે પરણવા જઈ રહ્યો છે. જાન ધનપુરના સીમાડે પહોંચી ગઈ. જાનૈયા અને જાનડીઓના અંતર હર્ષથી લ્હેરે ચઢયા છે. મધુર ગીતોની રમઝટ વાગતી હતી. આ બાજુ ધનદ શેઠના મનમાં ચિંતા હતી કે કુશળ જમાઈને જોયા વગર સગાઈ કરીને આવ્યો છે તો જમાઈ કેવા હશે? ટાઈમસર જાન આવી ગઈ તેથી ધનદ શેઠને હર્ષનો પાર નથી. ગામમાં અવાજ સંભળાયા, આવી જાન...આવી...રે સૂતા જાગો...નિંદ ત્યાગો. શેઠે સામૈયા માટે અપૂર્વ તૈયારીઓ કરેલી હતી. સ્વજનો, પરિજનો, સ્નેહીઓ બધા શેઠની સાથે જાનના સામૈયામાં જોડાયા. લક્ષ્મીદત્ત શેઠના અંગેઅંગમાં આનંદ હતો. પુત્ર પરણાવવાની હોંશમાં પગમાં જોર ને જોમ હતું. શરીર પર શ્રમ કે થાક દેખાતો નહોતો. સામૈયું સજ્જ બની નગર તરફ આવી રહ્યું. નગરજનો બધાને જમાઈ જોવાના કોડ હતા. અમારા શેઠની દીકરી શુભમતિ તો દેવાંગના જેવી છે, પણ જમાઈ કેવા હશે? કિશોરને જોઈને બધાને આનંદ થયો.

**અદ્‌ભૂત રૂપ કિશોરકા દેખી, સબ લોક મુખસે બોલે,**
**વર કન્યાકી સુંદર જોડી, કોઈ ન શકે કભી તોડી.**

કિશોરનું અદ્‌ભૂત રૂપલાવણ્ય જોઈને બધાના મુખમાંથી એક જ શબ્દો સરી પડયા કે શું કિશોરનું રૂપ છે! જેવી આપણી શુભમતિ છે તેવા જ જમાઈ છે. બંનેનો કેવો સુંદર સુમેળ છે! વર કન્યાની સુંદર જોડી કોઈ ન શકે તોડી! વિધાતાએ કેવો સુંદર સુયોગ કરી આપ્યો! કિશોરનું રૂપ છે, ગુણ છે, ચતુરાઈ છે, કપાળ પર બુદ્ધિ તરવરે છે, કિશોરકુમારના સુંદર રૂપની વાત વાયુ વેગે ફેલાઈ ગઈ. આ વાત શુભમતિએ સાંભળી. તેને ખૂબ જ આનંદ થયો. તેની આંખો દર્શન માટે અધીરી બની. વાતો ગમે તેટલી સાંભળું પણ નયનોથી નિહાળું નહિ ત્યાં સુધી મને સંતોષ ન થાય. હવે તેને જોવા માટે શું કિમિયો કરશે તે અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૮૬

**આસો વદ ૬ રવિવાર** તા. ૧૮-૧૦-૮૧

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! સર્વજ્ઞ પ્રભુના મુખમાંથી ઝરેલી વાણી તેનું નામ સિદ્ધાંત. અનેક વિચિત્રતાઓ અને વિષમતાઓથી ભરેલા આ સંસારનું

વાસ્તવિક સ્વરૂપ સમજાવી, મૃગજળ સમાન સંસારના સુખો તથા બિહામણા ડુંગરા સમાન સંસારના દુઃખોના ભયમાંથી સદાકાળ મુક્ત બનાવી, શાશ્વત સુખના ધામરૂપ મોક્ષની પ્રાપ્તિ માટે યથાર્થ માર્ગદર્શન અને સચોટ ઉપાય બતાવનાર આ જગતમાં કલ્યાણમિત્ર સમાન એક માત્ર જિનવાણી છે. અહો ભગવાન! શું તારી દુઃખહરણી, સુખકરણી, હિતાનુસારિણી વાણી! તે ભાવોને વાંચતા, વિચારતા નિત નિત નવલું નવનીત નીતર્યા વિના રહે નહિ. પ્રભુ! તારી વાણીને કોની સાથે સરખાવું? તેને ઉપમા અપાય એવી કોઈ વસ્તુ આ પૃથ્વીના પટ પર નથી. વીતરાગની વાણીમાં ભરેલો પ્રશમ રસ જેનો આસ્વાદ માણવા જેવો છે. ચૈતન્યતાથી ભરેલા ભીતરને ભીંજાવી દે તેવા અસીમ, અગાધ ભાવો તેમાં ભરેલા છે. વીતરાગી પદને પામવાનો તેમાં અદ્‌ભૂત અને ગુપ્ત વીલપાવર પડેલો છે.

વીતરાગ ભગવંતની વાણી આપણને શું સમજાવે છે? આવું મહાન કિંમતી માનવ જીવન મેળવીને ધન મેળવવાની પાછળ ગુમાવીશ નહિ. હું તમને પૂછું કે પૈસા ખાતર જીવન કે જીવન ખાતર પૈસા? પૈસાથી શું મળે? તો એનો ટૂંકો જવાબ એટલો છે કે રોટી, કપડા અને મકાન, પણ એથી આગળ વધીને વિચારીએ તો પૈસાની શક્તિ એટલી કે પુણ્ય હોય તો પૈસો માનવને ખાવા રોટી આપી શકે. પહેરવા સારા કપડા આપી શકે, રહેવા આલિશાન ઈમારત આપી શકે. હરવા ફરવા "મર્સીડીઝ" કાર આપી શકે. ફરવા લીલોછમ બગીચો આપી શકે. સાંસારિક સુખ ભોગવવા કોઈ સર્વાંગ સુંદર સુંદરી આપી શકે. ઘરનું આંગણું હસતું રાખવા દેવકુમાર જેવા દીકરા આપી શકે પણ એથી શું? પૈસાની તાકાત નથી કે એ પ્રભુ અપાવી શકે, ધર્મ અપાવી શકે. જીવનમાં જેની ખૂબ જરૂરીયાત છે એવી મનની શાંતિ અને ચિત્તની સમાધિ આપી શકે? ના...ના....

જો પૈસો પ્રભુનો ભેટો ન કરાવી શકે, ધર્મની પ્રાપ્તિ ન કરાવી શકે, મનની અશાંતિ ન ટાળી શકે તો એ પૈસાને જીવનનું લક્ષ્ય શી રીતે બનાવી શકાય? આજના માનવ સામે દૃષ્ટિ કરશું તો દેખાય છે કે માનવ સવારથી સાંજ સુધી પ્રવૃત્તિ કરે છે. એના જીવનનું ચરમ ને પરમ લક્ષ્ય એક જ છે પૈસો. શું પૈસા જેવી ચીજ પહેલા હતી નહિ કે જેથી પૈસા પાછળ આજનો માનવ પોતાના જીવનની તમામ પળોને ખર્ચી નાંખે છે. પહેલાનો માનવ જીવનની તમામ પળો ખર્ચી ન દેતાં, જીવનનું તમામ સત્ત્વ નિચોવી ન દેતાં આત્મા માટે પણ ઘડી બે ઘડીનો સમય કાઢી એના સહવાસમાં રહેવાનું પસંદ કરતો ને એને પોતાના જીવનની ઉજ્જવળ ઘડી માનતો. પૈસા તો પૂર્વકાળમાં હતા ને આજે પણ છે. માનવ પણ પૂર્વકાળમાં હતો ને આજે પણ છે. બંને ચીજ આજની નહિ–પૂરાણી છે. બે વચ્ચે કોઈ તફાવત નથી પડયો. તફાવત પડયો છે એ બે વચ્ચેના દૃષ્ટિબિંદુમાં. પહેલાનો માનવ "**જીવન ખાતર પૈસા**" એ સૂત્ર સ્વીકારતો હતો, જ્યારે આજનો માનવ "**પૈસા ખાતર જીવન**" એ સૂત્ર સ્વીકારે છે.

પરિસ્થિતિ આખી પલ્ટાઈ ગઈ છે, અને એથી જ રોજના બે દોકડા કમાનારો રાજગૃહીનો પૂર્વકાળનો પુણિયો જેટલો સુખી હતો એટલો સુખી આજનો પાંચ મીલોનો માલિક ગણાતો કોઈ કરોડપતિ હશે કે કેમ એ શંકા છે. મૃત્યુ સમયે પ્રાણ છોડતી વખતે એ પુણિયાને જેટલી શાંતિ ને સમાધિ હશે એટલી શાંતિ અમેરિકાના રાષ્ટ્રપતિને કે ભારતના વડાપ્રધાનને હશે કે કેમ? એ પ્રશ્ન છે. કારણ કે પુણિયાનું જીવનસૂત્ર "જીવન ખાતર પૈસા" હતું અને આજના લખપતિ કે કરોડપતિ વહેપારીનું જીવન–સૂત્ર "પૈસા ખાતર જીવન" બની ગયું છે. દરેક માનવ પોતે પોતાના જીવન પૂરતો તો જરૂર વિચાર કરી શકે કે મારે માટે કયું સૂત્ર ઉપયોગી છે. જીવન ખાતર પૈસા કે પૈસા ખાતર જીવન? પૈસાથી જીવનને તોલવું એ તો માત્ર મૂર્ખાઈનું કામ છે. પૈસો તો એક દિવસ અહીં મૂકીને ચાલ્યા જવાનું છે. સાથે એક પાઈ પણ આવવાની નથી. ભગવાન પણ બોલ્યા છે કે

**चिच्चा दुपयं च चउप्पयं च, खेत्तं गिहं धणधन्नं च सव्वं ।**

**सकम्मबीओ अवसोपयाइ, परं भवं सुंदर पावगं वा ॥** ઉ. અ. ૧૩ ગા.૨૪

આ જીવ દ્વિપદ, ચતુષ્પદ, ક્ષેત્ર, ઘર, ધન અને ધાન્ય તથા અન્ય સર્વ વસ્તુને છોડીને કર્માનુસાર પરલોકમાં સ્વર્ગ અથવા નરકગતિને પ્રાપ્ત કરે છે.

માનવી ગમે તેટલું ધન મેળવે પણ પૈસા તો એક દિવસ અહીં મૂકીને ચાલ્યા જવાનું છે, એનાથી નવું જીવન ખરીદી શકાય એમ નથી, ત્યારે જીવન એક એવી ચીજ છે કે એનાથી નવું જીવન ખરીદી શકાય. મહાન પુણ્યોદયે મળેલું અમૂલ્ય જીવન જો પૈસાને શરણે સોંપવાને બદલે માનવ ધર્મના શરણે સોંપી દે તો આ જીવન દ્વારા આગામી ભવનું આથી પણ વધુ સારું જીવન એ ખરીદી શકે અને તેથી મહાપુરૂષોએ જીવનનું લક્ષ્ય બતાવતા પૈસા તરફ નહિ પણ ધર્મ તરફ આંગળી ચીંધી છે. પૈસા છે તો બધું છે, એ ભ્રમણાને બદલે 'ધર્મ છે તો બધું છે' એ વાત જ્યાં સુધી દિલની દિવાલમાં નહિ લખાય ત્યાં સુધી સુખી બનવાનો રાજમાર્ગ હાથમાં આવવાનો નથી અને મુક્તિના માર્ગ તરફ ગતિ થવાની નથી.

બાગ બગીચા કે બંગલા આ બધી સુખની સામગ્રી છે. સુખની સામગ્રી મળવા છતાં સુખ મળવું કે ન મળવું એ તો પુણ્યને આધીન છે. પુણ્ય હોય તો સુખની સામગ્રી વિના માનવ સુખી હોઈ શકે. પુણ્ય ન હોય તો મળેલા બાગ, બગીચા, કે બંગલા એના જીવનની સુખશાંતિ હરી લેનારા બની શકે, માટે સુખ એ પુણ્યાધીન છે, ને પુણ્ય એ ધર્મને આધીન છે. જગતના દરેક જીવો સુખની ઝંખના કરે છે. રસ્તે ચાલતા એક ભિખારીને પૂછો કે પાર્લામેન્ટની, પ્રાઈમ મીનીસ્ટરની ખુરશી પર બેઠેલાને પૂછો કે તારે શું જોઈએ છે? તો એક જ જવાબ મળશે કે સુખ. હવે સુખ જ જ્યારે આ જગતની એકની એક માંગ છે ત્યારે સુખ મેળવવા મથતા માનવીની એ વાત કેમ ભૂલી જવાય કે સુખ એ પુણ્યને આધીન છે ને પુણ્ય એ ધર્મને આધીન છે, માટે જીવનનું લક્ષ્ય એક ધર્મ સિવાય બીજું કોઈ હોઈ ન શકે.

જેમણે જીવનનું લક્ષ્ય એક ધર્મ બનાવ્યું છે એવા નમિરાજર્ષિના વૈરાગ્યની પરીક્ષા કરવા ઇન્દ્ર વિપ્રનું રૂપ લઇને આ પૃથ્વી પર આવ્યા છે. તેમનો વૈરાગ્ય કેવો છે તે માટે તેમણે ત્રણ ચાર પ્રશ્નો કર્યા, પણ નમિરાજર્ષિએ જરાપણ ગભરાયા વગર શાંતિથી તેના સુંદર જવાબ આપ્યા, પણ નમિરાજના વચનામૃતોથી તે તૃપ્ત થયા નહિ અને વધારે ને વધારે વચનામૃતો પીવા આતુર થઇ નવા નવા પ્રશ્નો કરવા લાગ્યા. નમિરાજ ક્ષત્રિયોનું કર્તવ્ય તો સારી રીતે જાણે છે એવી ખાત્રી થવાથી તેમણે હવે વિચાર્યું કે નમિરાજ ક્ષત્રિય છે. ક્ષત્રિય તરીકે તેમને ભવ્ય મહેલો અને ગ્રીષ્મગૃહો તથા ઉદ્યાનોનો સારો શોખ હોવો જોઇએ અને કદાચ તે સંબંધી સૂચના તે સ્વીકારશે. આ વિચાર આવવાથી જાણે કે કોઇ મહાભારત ન જીત્યું હોય તેમ ઈન્દ્રના મુખ ઉપર શેરડો પડી ગયો અને કહેવા લાગ્યા કે હે રાજર્ષિ! તમારે દીક્ષા લઇને જવું હોય તો ખુશીથી જાવ, પણ મારી એક વાત સાંભળતા જાવ. મારી આટલી રજુઆત જીવનમાં અપનાવતા જાવ, પછી ભલે આપ ખુશીથી જાવ. નમિરાજર્ષિ કહે– બોલો, આપની શી ઇચ્છા છે? ત્યારે ઈન્દ્ર કહે છે.

**पासाए कारइत्ताणं, वद्धमाणगिहाणि य।**
**वालग्ग पोइयाओ य, तओ गच्छसि खत्तिया ॥२४॥**

હે ક્ષત્રિય! પ્રાસાદો–મહેલો બનાવીને તથા વર્ધમાન, સામાન્ય અને વલ્લભીઘર બનાવીને પછી તમે જજો.

હે ક્ષત્રિય! હું માનું છું કે તમારા જેવા બુદ્ધિમાન અને શોખીન ક્ષત્રિય રમણીય આવાસોનો શોખ ધરાવતા હોવા જોઈએ મનોહર ઉદ્યાનો અને ભવ્યમહેલો એ તો રાજ્યનું નાક છે. બંધાવનારની ચાલાકી, શોખ તથા ઉદારવૃત્તિનું પ્રમાણપત્ર છે. પ્રજાને રાજા તરફથી અપાયેલો વંશપરંપરાનો વારસો છે. વધારે શું કહું! તે ભવિષ્યની પ્રજા માટે ભૂતકાળનો દશ્યમાન ઇતિહાસ છે. ઈન્દ્રની વાત સાંભળી નમિરાજે કહ્યું–મહેલો માટે તમે મને જે કહ્યું તે વિરૂદ્ધ મારે કાંઈ કહેવાનું નથી તેમજ રાજાઓને તે શોખ હોય એ વાત પણ સત્ય છે અને હું પણ તેમાંનો જ એક છું.

આ સાંભળી ઈન્દ્રે કહ્યું–મિથિલા નગરીમાં એવો એક પણ મહેલ મારી નજરે પડતો નથી કે જે જોતાં મારું મન ઠરે. ન મળે સરોવરની લહરીઓથી શીતળ બની રહેલા એક-દંડીયા મહેલ કે ન મળે બગીચાથી ઘેરાયેલા વિશાળ રાજગઢ, નથી પુષ્પોની સૌરભ કે નથી વૃક્ષોની ઘટા, નથી ફુવારા કે નથી સુખદાયક બેઠકો, માટે આપ જતાં પહેલાં આ નગરમાં તમારું સ્મરણ રહે, કાયમની યાદી રહે, એવા મહેલ બનાવો અને પછી વસ્તુ શાસ્ત્રના અનુસાર અનેક પ્રકારના સામાન્ય અને વર્ધમાન ઘરોનું નિર્માણ કરાવો તથા વલ્લભીઘર બનાવો કે જે મહેલમાં રહેવાથી છ એ ઋતુઓનું ઋતુ પ્રમાણે સુખ મળે. ઠંડીમાં ગરમી મળે અને ગરમીમાં ઠંડક મળે એવું વલ્લભીઘર તૈયાર કરાવો તથા પાણીમાં પણ એક એવું સ્થાન બનાવવું જોઈએ કે તે જોનારાને ખૂબ આનંદપ્રદ લાગે.

બહારના રાજાઓ કે બીજા કોઈ પણ મિથિલા નગરીમાં આવે તો એ પ્રાસાદો, વલ્લભીઘરને જોતાં બોલે કે શું મિથિલાના મહેલો છે! આજ સુધી કોઈએ બાંધ્યા ન હોય એવા સુંદર આલિશાન ભવનો બનાવો, ઘરો બનાવો. જેને જોતાં લોકો પ્રસન્ન થઈ જાય ને આપની પ્રશંસા કરે કે, શી મહેલોની શોભા છે! આવા સુંદર મહેલો ને રાજભવનો છોડીને નમિરાજાએ દીક્ષા લીધી! નગરીનું સૌંદર્ય વધારવું એ આપના હાથની વાત છે. આપ જેવું ઈચ્છો તેવું કરી શકો છો. આ કામ આપને માટે અવશ્ય કરવા યોગ્ય છે. એમ વાત કરતાં રાજર્ષિ અને ઈન્દ્રની બંનેની આંખ એકમેક થઈ ગઈ, પછી નમિરાજે કહ્યું, હે વિપ્ર! આ પ્રાસાદો, વલ્લભીઘરો બધું અનિત્ય છે. ક્યારેક જોરદાર પવન ફૂંકાય, ભયંકર વાવાઝોડું થાય તો પડી જવાનો સંભવ છે. ક્યારેક અગ્નિમાં બળી જાય ને ક્યારેક નદીના પાણીના વેગમાં ધરાશાયી થઈ જાય. આપે હમણાં મને કહ્યું હતું કે આપ જુઓ તો ખરા કે મિથિલા ભડકે બળી રહી છે, આપનું અંતેઉર, રાજભવન, અને સારી નગરી બળી રહી છે, માટે આપ આ ઓલવતા જાવ. આવું થવા છતાં આપ મને હજુ કહો છો કે પ્રાસાદો-ઘર બાંધતા જાવ!

એવા અનિત્ય પ્રાસાદો બાંધવાની હવે શી જરૂર? નગરીમાં સુંદર, દર્શનીય, આનંદદાયક મહેલો કદાચ નહિ હોય તેથી શું? હે નમિરાજ! તો ભવિષ્યની પ્રજા એમ જાણશે, કે અમારા પહેલાના રાજા ખૂબ લોભી હતા, તેથી નગરીમાં જોવાલાયક બગીચા, ક્રીડાંગણો કે મહેલો બંધાવ્યા નથી. પૈસા ખરચ્યા સિવાય એવા કામ થાય ખરા? સંસારમાં માનવીને ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે. જો પૈસા હોય તો સ્વર્ગીય સુખોનો આનંદ માણી શકે, પણ તેમાં પૈસાનો વ્યય તો કરવો પડે ને? કાંકરાની જેમ પૈસા વાપર્યા વગર શું નામના કે ખ્યાતિ થાય ખરા? અરે, આજે તો દુનિયામાં પૈસા માટે જેટલા પાપ ન થાય એટલા ઓછા છે. પૈસા માટે પરમેશ્વરને ભૂલી જાય છે. જ્ઞાની કહે છે કે હજુ જીવને પાપ ખટક્યું નથી, પાપ ખટકે તો એ આત્મા ન્યાય–નીતિથી જેટલા પૈસા મળશે એટલામાં સંતોષ માનશે. માનવ માત્ર ભૂલને પાત્ર છે. એ પાપ કરી બેસે પણ કોઈ ડાહ્યો માણસ એની ભૂલ સુધારનાર મળી જાય, તો એ પોતાની ભૂલને સુધારી લે છે.

**પવિત્રતાની પાળને તોડતા મહારાજાઃ**–ઉદયપુરના મહારાજાના અંતેઉરમાં રૂપ રૂપના અંબાર સમી અનેક રાજરાણીઓ હતી, પણ એક વખત રાજા ભાન ભૂલ્યા ને એક હલકી જાતની તુચ્છ, રખાત કહેવાય એવી સ્ત્રીને રાખીને બેઠા. ખુદ રાજા બગડે તો પ્રજાનું શું? વાડ ચીભડા ગળે તો ફરિયાદ કોને કરવી? સંતાનો પિતા પાસે ફરિયાદ કરે, પિતા નગરશેઠને ફરિયાદ કરે અને નગરશેઠ રાજાને ફરિયાદ કરે, પણ ખુદ રાજા બગડયા તો ફરિયાદ ક્યાં જઈને કરવી? એક વખત આસો માસનું અજવાળીયું પખવાડિયું હતું અને દશેરાનો દિવસ હતો. આ વિજયાદશમીના દિવસે રાજાની સવારી નીકળી. રાજા હાથીના હોદ્દે બેઠા. પોતાના અંતેઉરમાં આટલી રાણીઓ હોવા છતાં પોતાની રખાત

સ્ત્રીને બાજુમાં બેસાડી. જેણે લાજ મર્યાદા છોડી એને શું ? ગુજરાતી કહેવત છે, કે **જેણે મૂકી લાજ તેને નાનું સરખું રાજ"** સવારી ફરતી ફરતી નગરશેઠની દુકાન પાસે આવી. નગરશેઠને ખબર પડી કે અમારા નરેશે આજે લાજ મર્યાદા નેવે મૂકી છે. પોતાની રખાત સ્ત્રીને બાજુમાં બેસાડીને એ હાથીના હોદ્દે બેઠા છે. આ ખબર મળતાં શેઠના દિલમાં દુઃખ થયું. રાજા જેવા રાજા રખાત રાખે એ જેટલું ખરાબ હતું એથી વધુ ખરાબ એ હતું કે રાજા આ રીતે ઉઘાડે છોગે એ રખાતની સાથે સવારીમાં બેસે. આજે સવારીમાં સાથે બેસતી રખાત કાલે સિંહાસનની પટરાણીપદે પણ શું ન બેસે ? પહેલાના માણસો ખોટામાં હાજી હા નહોતા કરતા, પણ સામાને સત્ય વાત કહેતા પાછા પડતા નહિ. આ નગર શેઠે રાજાનો કોપ વહોરવો પડે તો કોપ વહોરીને પણ કર્તવ્ય અદા કરવાનું નક્કી કર્યું.

**"તૂટેલી સદાચારની સાંધને સાંધવા શેઠનો કિમિયો":–** રાજાની સવારી ફરતી ફરતી નગર શેઠની દુકાન પાસે આવી. રાજાના મનમાં એમ છે કે નગરશેઠ મારું બહુમાન કરશે એટલે સવારી ત્યાં ઉભી રખાવી, પણ આ શેઠ તો નીચું જોઈને નામું લખતા હતા. તેમણે તો રાજા સામે ઉંચી દૃષ્ટિ પણ ન કરી કે તેમના સત્કાર–સન્માન પણ ન કર્યા. છેવટે સવારી આગળ વધી. રાજાને પોતાનું આ અપમાન ડંખ્યા વિના ન રહ્યું. અહો ! નગરશેઠને એટલી બધી ખુમારી આવી ગઈ છે કે તેમણે મારું બહુમાન તો ન કર્યું, પણ મારા સામે દૃષ્ટિ પણ ન કરી ! આ રાજા સવારીમાં ફરે છે. પણ તેમના મનમાં નગરશેઠના અસભ્ય વર્તન માટેની વિચારધારા આગળ વધતી ગઈ. હજારોના સન્માન મળ્યાં છતાં નગરશેઠ તરફથી ન મળેલા સત્કારે આખી સવારીનો સ્વાદ મારી નાંખ્યો. રાજાના દિલમાં આજનો આ પ્રસંગ પડઘા પાડી રહ્યો હતો, સવારી રાજમહેલમાં પહોંચી ગઇ.

**શેઠની નીડરતા :–** રાજાએ વટહુકમ છોડયો કે જાવ નગરશેઠને બોલાવી આવો. શેઠને રાજાના તેડા આવ્યા. શેઠ સમજી ગયા કે રાજા મને શા કારણે બોલાવે છે, નીડરતા અને નિર્ભયતાની મૂર્તિ સમા નગરશેઠ રાજા પાસે પહોંચી ગયા. રાજાને વંદન કરીને કહ્યું–આપે આ સેવકને યાદ કર્યો તે બદલ મને આનંદ છે. ફરમાવો શી ફરજ અદા કરવાની છે ? આપનો શો હુકમ છે ? શેઠ ! ગઈકાલે મારી સવારી નીકળી હતી તે ખબર છે ? હા, મહારાજા. તમારી દુકાન આગળ ઉભી રાખી હતી તે ખબર છે ? હા, તો પછી ચોપડામાં નામું લખતાં ઉંચું કેમ ન જોયું ? સત્કાર કેમ ન કર્યો ? સામાન્ય શિષ્ટાચાર જાળવવાનું ય તમે ભૂલી ગયા ? શેઠે નીડરતાપૂર્વક કહ્યું–મહારાજા ! હું ભૂલી ગયો નહોતો. મેં જાણી જોઈને ચોપડામાં નામું લખવાનો દેખાવ કર્યો હતો. રાજા કહે એટલે ? સત્તાની જરા પણ શરમ ધર્યા વિના શેઠે કહ્યું–મહારાજા ! ત્યારે આપનામાં એવા ગુણ કે લાયકાત દેખાઈ નહિ. અરે, આપ ત્યારે જોવા લાયક પણ ન હતા. બંધુઓ ! આટલું નગ્ન સત્ય કોણ કહી શકે ? જેને મરણ વહાલું છે પણ અસત્ય વહાલું નથી તે

કહી શકે. રાજા કહે, શું હું જોવા લાયક પણ ન હતો? શેઠ સમજીને બોલો છો કે બસ, પછી જે મુખમાં આવ્યું તે ભસી નાંખો છો? આપ સાબિત કરી આપો કે હું દર્શનીય કેમ ન હતો?

**રાજાની શાન ઠેકાણે લાવતા શેઠ:**– શેઠે જુસ્સાથી કહ્યું–એક રખડતી રખાતને રાખી અને એને જ હાથીના હોદ્દે બેસાડી છતાં આપ મને પૂછો છો કે હું જોવા લાયક કેમ નહિ? આપ તો પ્રજાના પાલક છો. આપ પવિત્રતાની પાળ તોડી રહ્યા છો, ત્યારે મહાજનના એક આગેવાન તરીકે મારી ફરજ છે કે એ પાળના પ્રહરી બનવું. સત્તા અને સિંહાસનની શરમમાં આવી જઈને આપને પવિત્રતાની પાળના પ્રહરી બનવાની ટકોર ન કરું તો હું પણ પાપનો ભાગીદાર બનું. મહારાજા તો નીચું જોઇને સાંભળી રહ્યા છે. શેઠ આગળ કહે છે હે મહારાજા! પ્રજાની પવિત્રતાના પુણ્યના આપ ભાગીદાર છો. આપે તો પવિત્રતાની પાળને મજબૂત બનાવવા ખડા પગે એના પ્રહરી બનવાનું છે. મહારાજા! અવિનય થતો હોય તો આપની માફી ચાહું છું. બાકી હું આપનું સત્કાર સન્માન કર્યા વગર રહું? હું શિષ્ટાચારને નેવે મૂકું ખરો?

રાજાને પોતાની ભૂલ સમજાઈ ગઈ. જે દોષને દોષ ન ગણે, ભૂલને ભૂલ ન ગણે એનું જીવન કદી નિર્દોષ ન બની શકે. જે દોષને દોષ માને, ભૂલને ભૂલ ગણે, એનું જીવન નિર્દોષ બન્યા વિના રહે નહિ. માનવ માત્રનો સ્વભાવ છે કે એ બીજાના નાના દોષને મોટા ગણે ને પોતાના મોટા દોષને નાનો ગણે. જગતમાં મહાપુરૂષ તે બની શકે છે જે પોતાના નાનામાં નાના દોષને પણ પોતાનો મોટામાં મોટો અપરાધ માને છે. રાજાને પોતાની ભૂલનું ભાન થઈ ગયું. જેમ અંકુશથી હાથી વશ થાય છે તેમ શેઠના વચનરૂપી અંકુશથી રાજાની શાન ઠેકાણે આવી. પોતાની ભૂલનો પશ્ચાતાપ થવા લાગ્યો. રાજામાં ઉંડે ઉંડે પણ સાત્વિકતાનો ગુણ હતો, તો પોતાની ભૂલ સુધારી દીધી. જે ભૂલ કરે તે માનવ. ભૂલને કબૂલ કરે તે સજ્જન અને ફરીથી તે પોતાના જીવનમાં ક્યારે પણ ભૂલ થવા ન દે તે મહામાનવ. રાજાએ કહ્યું–શેઠ! મને કાલિદાસનો પેલો હિતબોધ યાદ આવે છે. એ કુમંત્રી છે કે જે રાજાને સાચી વાત કહેતો નથી અને એ કુરાજા છે કે જે સાચી વાતનો સ્વીકાર કરતા નથી. તમારા જેવા સુમંત્રી મને મળ્યા તે હું મારો ભાગ્યોદય સમજું છું.

ઇન્દ્ર કહે છે નમિરાજ! આપના નગરમાં કોઈ જોવાલાયક બગીચો, પ્રાસાદ નહિ હોય તો આપની ખતવણી લોભીમાં થશે, માટે આપ કાંકરાની જેમ પૈસા વાપરીને પ્રાસાદો, મહેલો, બગીચાઓ, છએ ઋતુમાં અનુકૂળ રહે એવું વલ્લભીઘર બનાવો કે જેને જોઇને લોકો તમને યાદ કરે. વર્ષોના વર્ષો વીતે પણ તમારી સ્મૃતિ કાયમ રહે ને લોકોના મુખે તમારું નામ બોલાય. આપને દીક્ષા લેવી હોય તો ખુશીથી લો, પણ આપ આટલું કરીને પછી દીક્ષા લો. નમિરાજ હવે તેમના પ્રશ્નનો શો જવાબ આપશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર** :– શુભમતી પોતાને પરણુવા આવેલ પ્રિયતમને જોવા ઝંખી રહી છે. બધાના મુખેથી તેની પ્રશંસા સાંભળી તેના દિલનો તલસાટ વિશેષ વધ્યો. રોમરાય પ્રફુલ્લિત બન્યા. શુભમતિ પતિને જોવા માટે ગેલેરીમાં ગઇ. તેણે દૂર સુધી નજર કરી પણ માણસોનો સમૂહ ઘણો હોવાથી જેને જોવો છે તે બરાબર જોઈ ન શકી. તે માટે તેણે ગેલેરીમાં એક મોટો અરિસો રાખ્યો. જો વચ્ચે કંઈ અટકાયત ન આવે તો ઘણે દૂર સુધીનું પ્રતિબિંબ તેમાં પડે. તેણે અરિસામાં જોયું. આટલી મોટી માનવમેદનીમાં કિશોરકુમાર જુદો તરી આવતો હતો. તેના મનમાં થયું, કેવો અલૌકિક છોકરો છે.! પણ તેના નયનો નીચા ઢળેલા છે. આથી એક ક્ષણ તેના દિલમાં કમકમાટી આવી ગઈ. તે સમજી ગઈ કે કુમાર બધી રીતે ડાહ્યા છે, ગુણીયલ છે, પણ તેમના મનમાં કોઈ ચિંતા લાગે છે. તેના દિલમાં આનંદ નથી. તે ઉમળકો બતાવવા પુરતો બતાવે છે, પણ તેના મનમાં ચિંતા છે. ચતુર છોકરી અરિસામાં મુખ જોઇને સમજી ગઈ કે એમનામાં બીજી કોઇ ખોટ નથી, પણ જે કહો તે મનમાં ચિંતા છે. કિશોરકુમારના સ્વરૂપનું દર્શન કરતાં શુભમતિનું હૈયું ધરાતું ન હતું. અહા ! શું તેમનું રૂપ છે ! શું તેમનું સૌંદર્ય છે ! અહાહા...કેવો સુયોગ !

સામૈયું જાનીવાસ પાસે આવી ગયું. શેઠના ઠાઠમાઠ, વૈભવ, સંપત્તિ તથા સુંદર સજાવટ બધું જોઈને કુમાર મનમાં વિચાર કરવા લાગ્યો કે જેને ત્યાં આટલા ઠાઠમાઠ છે, એમની કન્યા કેવી હશે ! શું હું એનું ભવિષ્ય બગાડવા આવ્યો છું ! એક ક્ષણવાર મનમાં થઇ જાય કે હું વાતને પ્રગટ કરી દઉં કે હું સાચો મુરતીયો નથી પણ ભાડે પરણવા આવ્યો છું. બીજી ક્ષણે વિચાર થાય છે કે ના....ના....જો હું કહી દઉં તો શેઠનું મોત થઇ જાય. પંચેન્દ્રિય હત્યાનું મને પાપ લાગે અને મેં વિશ્વાસઘાત કર્યો કહેવાય. જો શેઠ પોતે સત્ય વાત કહી દે કે મારો દીકરો કોઢીયો છે, પણ આ છોકરાને મેં દીકરો ગણીને રાખ્યો છે તો બધી વાત પતી જાય ને તેમની ઇજ્જત રહી જાય ને સામાની દીકરી સુખી થાય પણ એવું તો બને તેમ નથી. ભાવિમાં જેમ લખ્યું હશે તેમ થશે.

**અશ્વ પર સે ઉતરે નીચે, કિશોરકુમાર વરરાજા,**
**શુભમતીકા દાહિણ ફરકને લગા, મન અસ્થિર બન જાય.**

વિચારમાં ને વિચારમાં કિશોરકુમાર ઘોડેથી નીચે ઉતર્યો, પણ એવા વિચારોમાં અટવાઈ ગયો છે કે સાસુજી પોંખવા આવ્યા તેનું પણ ધ્યાન ન રહ્યું. સાસુજી સમજી ગયા કે ગમે તે હોય પણ જમાઇના દિલમાં આનંદ નથી. તેઓ બધી રીતે સરસ છે. મન ઠરે છે પણ મુખ પર હર્ષ કે ઉમંગ નથી. શી ચિંતા હશે ! રંગમાં કેમ ભંગ હશે ! તે પરણવા આવ્યા છે પણ ચિંતા તેને કોરી રહી છે. શું તેમને મારી દીકરી નહિ ગમતી હોય ! શુભમતિએ ઉપરથી આ બધું જોયું. તેનું દિલ વિહ્વલ બની ગયું. અંતરપટમાં આતાપના જલી રહી. હું આ શું દેખું છું ! આનંદના પ્રકાશમાં ઉદાસીનતાનું વિરાટ દર્શન ! અરે, સંસાર ! તારા ચિત્રો જ્યારે તું ખડા કરી રંગમાં ભંગ પાડે છે. તને શું કરૂણા નથી આવતી ?

આ બાજુ વરરાજાના પોંખણા થઈ ગયા. ધનદ શેઠના મહેલ સામેના મહેલમાં જાનીવાસ હતો. મહેલના સાતમા માળે વરરાજાનો ઉતારો હતો. શુભમતિ બરાબર સાતમે માળેથી કિશોરકુમારને જોઈ શકે તે રીતે ઉતારો હતો. શુભમતિના દિલમાં તલસાટ જાગ્યો છે કે હું ત્યાં જાઉં ને તેમની ઉદાસીનતાનું કારણ પૂછું, પણ પહેલાના સમયમાં કુળમર્યાદા ખૂબ હતી, પણ તેણે વિચાર કર્યો કે કુળમર્યાદા તૂટે તો ભલે તૂટે, પણ જો હું સમજુ છોકરી છું તો મારે ત્યાં જઇને તેમની ઉદાસીનતાનું કારણ પૂછવું જોઇએ. મારાથી કદાચ અધિક સુંદર છોકરી તેમણે જોઈ હોય ને તેમનું મન ત્યાં ઠર્યું હોય ને વચન આપી ચૂક્યા હોય અને હું તેમને ન ગમતી હોઉં તો મારે તેમનું ભવિષ્ય શા માટે બગાડવું જોઈએ? શુભમતિ બિચારીને ક્યાં ખબર છે કે એ મારા માટે ચિંતા કરે છે. શુભા વિચારે છે કે ગમે તેમ કરીને ચોરીમાં બેસતા પહેલાં મારે ત્યાં જવું જોઇએ.

લગ્નની વાર હોવાથી સહુ કોઇ વિખરાઇ ગયા. કોઈ સગાને ત્યાં, તો કોઈ સંબંધીને ત્યાં, કોઈ આરામમાં, જેને જ્યાં જવું હતું ત્યાં બધા પહોંચી ગયા. લક્ષ્મીદત્ત શેઠ અને શેઠાણી બધા લગ્નની સામગ્રી એકઠી કરવામાં ગૂંથાયા હતા. શુભમતિએ નજર કરી તો જોયું કે અત્યારે કિશોરકુમાર સિવાય કોઇ ન હતું. શાંત વાતાવરણ અને એકાંત સ્થળ તેણીના હૈયામાં જાગેલા તોફાનને શમાવવા માટે અનુકૂળ હતાં, છતાં પોતે વિચાર વમળમાં થોડી અટવાતી હતી. કિશોરનું મુખ જોતાં તો તેના રોમેરોમ વિકસિત થયા હતા, પણ મુખ પર ઉદાસીનતાનું કલંક જોતાં તે કંપી ઉઠી. ખીલેલી યુવાનીના મનોરથમાં જ્યારે મનગમતા હૈયાના સમર્પણ ભળે છે ત્યારે બરાબર રંગ જામે છે. એક બીજાના દિલમાં ઉર્મિઓ ઉઠે છે, પણ અહીં તો કિશોરકુમારના મુખ પર અને સારી રોમરાજી પર ઘેરી ચિંતાના થર જણાય છે.

**વાતનો ખુલાસો કરવા માટે વિચાર કરતી શુભમતિઃ**–આટલી બધી સુખ-સંપત્તિ, મનોહર રૂપ, ગુણ, કલા અને પોતાના સ્વજનોનો આટલો સહકાર, છતાં આવી શ્યામતા! તેમના મુખ પર દેખાઇ આવે છે કે જાણે તે કોઈ દર્દથી પીડાતા ન હોય! આવા વિષાદભર્યા હૈયે લગ્નવેદિકા પર પગ મૂકવો એ અશુભ છે. જેમ જેમ તે વિચાર કરે છે તેમ તેમ તેણીનું મન કુમારના દિલને જાણવા વધુ અધીરું બન્યું. તે વિચાર કરે છે કે જ્યારથી મારું સગપણ થયું ત્યારથી તે મારા પતિ કહેવાઈ ગયા. સ્ત્રીઓના દિલમાં પતિનું સ્થાન પરમેશ્વર જેટલું હોય છે. કિશોરનું દુઃખ તે મારું દુઃખ છે. હું તેમના જીવનની છાયા છું. પતિ સુખી તો હું સુખી ને પતિ દુઃખી તો હું દુઃખી છું, માટે એનું નિરાકરણ કરવું જોઈએ. એ એક અગત્યનું કામ છે. મારા ભાવિમાં જે નિર્માણ થયું હશે તે બનવાનું છે, પણ છોકરો જ્યારે હોંશભેર પરણવા આવે ત્યારે તો તેના દિલમાં કંઇક અરમાનો ભર્યા હોય, તેમના મુખ ઉપર આનંદ આનંદ હોય, પણ ત્યારે તેમનું મુખ ઉદાસ ન હોય, ગમગીન કે ચિંતાતુર ન હોય, પણ આજે તો તેમના મુખ

ઉપર નથી આનંદ કે નથી ઉર્મિઓ; માટે તેની અંદર કોઈ ભેદી રહસ્ય હોવું જોઈએ, માટે એક વાર તે મહેલમાં સાતમે માળે મારે જવું જોઈએ. એ નિશ્ચય પર આવતા વિચારમાળાને તોડી તેણી સાતમે માળેથી સડસડાટ સીડી ઉતરી ગઈ. હિંમત કરીને તે કન્યા હવે કિશોર પાસે કેવી રીતે જશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં-૮૭

**આસો વદ ૭ ને સોમવાર** **તા. ૧૯-૧૦-૮૧**

અનંતજ્ઞાની મહાપુરૂષો ફરમાવે છે કે શાશ્વત સુખોનું મૂળ ધર્મ છે. ધર્મની આરાધના બે પ્રકારથી થઇ શકે છે. એક તો સાધુ ધર્મ દ્વારા અને બીજી શ્રાવક ધર્મ-દ્વારા. સાધુનો ધર્મ સર્વવિરતિ રૂપ છે અને શ્રાવકનો ધર્મ દેશવિરતિ રૂપ છે. સર્વ એટલે સંપૂર્ણ અને દેશ એટલે થોડું, સંપૂર્ણ રૂપથી વિરક્ત થઈ જવું અથવા વિરમણ કરવું એ સર્વવિરતિ છે. વિરમણ એટલે વિ+રમણ. વિરમણ શબ્દનું નિર્માણ વિ ઉપસર્ગ અને રમણ શબ્દથી થયું છે. રમણનો અર્થ તો સ્પષ્ટ 'રમવું' છે. જેવી રીતે સમાન સ્વભાવ અને સમાન વિચારવાળા બે બાળકો એટલા હળીમળીને રમે છે કે તેમની ક્રિયામાં કાંઈ અંતર દેખાતું નથી. તેમનું ખાવું-પીવું-બેસવું-ઉઠવું બધું એક સાથે કરે છે. એને ગુજરાતી ભાષામાં રમવું કહેવાય છે. બે વ્યક્તિઓ વચ્ચે એકદમ ગાઢ મિત્રતા જોઈને લોકો કહે છે કે આ બે મિત્રોનો સંબંધ તો એવો છે કે જેમ દૂધમાં પાણી. દૂધ અને પાણી છૂટા થઈ શકતા નથી, એવી રીતે આ મિત્રોનો સ્નેહ કયારે અલગ થઇ શકે એમ નથી. સજ્જન મિત્રો માટે આવી ઉપમા અપાય છે અને દુર્જન મિત્રો માટે કહેવાય છે કે જેમ જુત્તામાં તેલ, તેવી રીતે 'રમણ'ના બે ભેદ છે. ઉચિત રમણ અને અનુચિત રમણ. આત્મા પાપમાં રમણતા કરે છે અને પાપની સાથે એકમેક થઈ જાય છે. આ રીતે રમવું એ આત્મા માટે સારું નથી. આ આત્મા થોડા સમયથી નહિ પણ અનંત કાળથી પાપમાં રમતો આવ્યો છે, અને પાપમાં રમવું તેને પ્રિય લાગે છે. કહ્યું છે કે

**પાપ બાંધતા સોહિલો, ઔર ભોગવતા દોહિલો,**
**પુણ્ય બાંધતા દોહિલો, ઔર ભોગવતા સોહિલો,**

પાપ સહેલાઈથી બંધાઇ જાય છે, પણ એના કટુ ફળ ભોગવતા જીવને દુઃખ થાય છે. પુણ્ય બાંધવું મુશ્કેલ છે પણ ભોગવતા સુખરૂપ છે. જીવ કુમતિ સાથે ખેલ ખેલે છે અને પાપમાં રમણતા કરે છે. પાપ કેટલા પ્રકારના છે? અઢાર પ્રકારના, તેમાં મુખ્ય પાંચ છે. પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ. એ પાંચ મુખ્ય પાપ છે. તે સિવાયના બીજા પાપો પણ છે. પ્રાણાતિપાત આદિ પાંચ પાપોથી સર્વથા વિરમણ થવું એટલે મુક્ત થવું તેને મહાવ્રત કહેવાય છે અને અંશતઃ મુક્ત થવું એ અણુવ્રતો કહેવાય છે. આ પાંચ પ્રકારના પાપો સાથે જો રમવું છોડી દઈએ તો તેનાથી

મુક્ત બની શકીએ. પાપોની સાથે એકમેકપણું અને હળીમળીને રહેવું એ વ્યવહાર જ્યારે મટી જાય છે ત્યારે પાપનો ત્યાગ થઈ શકે છે. પાપોની સાથે રમણતા કરવી એ ખરાબ છે પણ પાપોથી વિરમણ સારું છે. તત્ત્વાર્થ, સૂત્રમાં પણ કહ્યું છે કે–

**हिंसानृतस्तेयाब्रह्म परिग्रहेभ्यो विरतिव्रतम्**

હિંસા, જુઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ એનાથી વિરક્ત થવું એને વ્રત કહેવાય છે. જેવી રીતે જુત્તામાં તેલ એકમેક થઈને રહે છે તેવી રીતે આપણો આત્મા અનંત કાળથી પાપોની સાથે એકમેક થઈને રહ્યો છે. દૂધ અને પાણીની સાથે આત્માની ઉપમા બરાબર ઘટી શકતી નથી, કારણ કે દૂધ અને પાણી બંનેનું જીવનમાં મહત્ત્વ છે. જો આત્માને દૂધ માનીશું તો પાપને પાણી નહિ માની શકાય, કારણ કે પાણી એ તો પ્રાણીઓનું જીવન છે, તેથી આ ઉપમા બરાબર નથી. જુત્તા ( ચામડા ) અને તેલની ઉપમા બરાબર ઘટી શકે છે.

જેમનો આત્મા પ્રાણાતિપાત આદિ પાપોથી સર્વથા મુક્ત થઇ ગયો છે, એવા નમિરાજર્ષિને ઈન્દ્ર કહી રહ્યા છે કે હે ક્ષત્રિય ! આપ એવા પ્રાસાદો, બગીચા બધું બનાવો કે દુનિયાના લોકો જોવા માટે આવે ને કહે કે શું નમિરાજે મહેલ બાંધ્યા છે ! લોકો આપના બે મોઢે વખાણ કરે. નમિરાજ કહે હે વિપ્ર ! થોડા સમય પહેલા તમારી સામે અગ્નિમાં બળતા મહેલો મેં જ બંધાવ્યા હતા. તમે નજરે જોયું કે તે ક્ષણવારમાં કેવા બળી ગયા ! અરે, વર્ષોની કારીગરી કેટલી થોડી પળમાં નાશ પામી ! રાજર્ષિ ! તેથી શું થઇ ગયું ! તમને નવા નવા અને મજબૂત તથા સુંદર મહેલો બનાવવાનું કારણ મળ્યું. ઇન્દ્રની વાત સાંભળીને રાજર્ષિનું મુખ મલકી ગયું. તેઓ બોલ્યા, તારી સલાહ તદ્દન સાચી છે ! હું તે ઉપકાર સહિત સ્વીકારું છું અને તેમ કરવા નિર્ણય કરું છું. તમે મારી વાત સાંભળીને આશ્ચર્ય પામશો અને વર્ણન પણ નહિ કરી શકશો એવા ભવ્ય મહેલ બાંધવાની તજવીજમાં છું કે જે મહેલને અગ્નિ બાળી શકે નહિ, પાણી ખેંચી શકે નહિ કે ગમે તેવા જબ્બર વંટોળ આવે તો પડે તો નહિ પણ એની એક કાંકરી પણ ખરે નહિ.

રાજર્ષિની વાત સાંભળીને વિપ્રના રૂપમાં રહેલા ઇન્દ્ર કહે છે–મહારાજ ! માફ કરો, મારી મશ્કરી કરો નહિ. ઈન્દ્રને નમિરાજની વાત માનવામાં ન આવી, તેથી કહ્યું, કાં તો તમારા બોલવાનો અર્થ હું સમજતો નથી અગર તો એ મહેલને તમે કોઇ જુદો બનાવવા ઇચ્છતા હશો ? આપ કૃપા કરીને સમજાવો કે આપ શું કહેવા માંગો છો ? હે વિપ્ર ! આપ વિચાર કરો કે જે મહેલ એક વાર બળી ગયા તેવા મહેલો ફરીથી બાંધું તે માત્ર નાશ થવા માટે કે બીજું કંઈ ? અગ્નિ કે જળનો કોપ ન થાય તો પણ કાળ પ્રત્યેક ક્ષણે મજબૂત દિવાલોને કીડા રૂપે કોતર્યા કરે છે. કાં તો એ મહેલ છોડીને આપણે જવું પડશે, કાં તો એ મહેલનો નાશ થતાં આપણને છોડી દેશે. એવા નાશવંત મહેલ પાછળ એટલી બધી શક્તિ, સમય અને બુદ્ધિનો વ્યય કરવો, એ કયા સુજ્ઞ

માણુસને પસંદ હોય? કોઇ મુસાફર રસ્તામાં ચાલતા થાક લાગે તો તે સ્થળે શું તે સુંદર મકાન બાંધવા રોકાશે ખરો? રસ્તામાં ઘર કોણ બાંધે?

**संसयं खलु सो कुणई, जो मग्गे कुणइ घरं ।**

**जत्थेव गन्तुमिच्छेज्जा, तत्थ कुव्वेज्ज सासयं ॥ २६ ॥**

જે પુરૂષ સંશયયુક્ત હોય છે તે માર્ગમાં ઘર બનાવે છે, તેથી જ્યાં જવાની ઇચ્છા હોય ત્યાં પોતાના આશ્રય માટે ઘર બનાવે.

નમિરાજ કહે છે કે માર્ગમાં ઘર કોણ કરે? જેને શંકા છે, સંશય છે કે મારે અહીંથી જવાનું છે કે નથી જવાનું? તે પુરૂષ માર્ગમાં ઘર બનાવે, પણ હું તો જાણું છું કે એક દિવસ મારે અવશ્ય જવાનું છે, તો પછી મારે આ માર્ગમાં ઘર બનાવવાની શી જરૂર છે? એવી મહેનત તો માથે પડે, કેમ કે ગમે તેમ તો ય માર્ગ એટલે ઉઠીને આગળ ચાલવું પડે, પછી બાંધેલું ઘર થોડું સાથે આવે? આ સ્થળ મારી મુસાફરીનો થોડા સમયનો વિસામો છે. મારે જે સ્થાન પર જવું છે ત્યાં હું મારું ઘર બનાવીશ કે જે ઘર શાશ્વત હોય, ત્યાંથી કોઈ મને કાઢી ન શકે કે જાકારો ન આપી શકે. આત્માને જ્યાં સુધી મોક્ષ મળતો નથી ત્યાં સુધી બધો માર્ગ સંસાર છે. એમાં પ્રવાસ કર્યે જ જવો પડે છે. મોક્ષ સિવાય બધા સ્થાન જીવને છોડવા પડે છે. જીવ અનુત્તર વિમાનમાં જાય ત્યાં દેવની મહાન સાહ્યબી ભોગવે, છતાં એક દિવસ તો તેને છોડવું પડે છે. મનુષ્યને પણ ગમે તેવા વૈભવ અને રાજભુવન હોય છતાં છોડવાં પડે છે. તિર્યંચો-પંખીઓ પોતાને રહેવા માળા બાંધે છે તે માળા પણ છોડવા પડે છે અને નારકી જીવોને પણ નરકના સ્થાન છોડવાના છે. કહ્યું છે કે,

**अशाश्वतानि स्थानानि, सर्वाणि दिवि चेह च ।**

**देवासुर मनुष्याणमृद्धयश्च सुखानि च ॥**

આ લોકમાં જેટલા સ્થાનો છે તે બધા અશાશ્વત છે. માનવ આદિની ઋદ્ધિઓ પણ અનિત્ય છે, માટે એના પર ગર્વ કે મમત્વ ન કરવો જોઇએ. એ સિવાય જ્ઞાતિજન, બંધુજન, મિત્ર તથા પરિચિત બધાની સાથેનો નિવાસ પણ અનિત્ય છે. ક્યારે એની સાથે સંબંધ તૂટી જશે એ નિશ્ચિત નથી.

નમિરાજ કહે છે કે મારે તો મોક્ષમાં જવું છે એટલે ત્યાં નવીન ઘર બનાવવાની ભાવના છે. તમારે બધાને કયાં ઘર બાંધવું છે? ત્યાં પ્લોટ લખાવવો છે? (હસાહસ) નમિરાજાના જવાબ કેટલા સચોટ છે. તેમનો વૈરાગ્ય કેટલો દૃઢ છે. આવા દૃઢ વૈરાગીની ગમે તેવી કસોટી થાય પણ જેની દિલની દિવાલ દૃઢ હોય છે તે પોતાના માર્ગથી ચ્યુત થતા નથી.

એક રાજાને ત્યાં એક દીકરાનો જન્મ થયો. પૂર્વના કોઇ જબ્બર અશાતા વેદનીય કર્મના કારણે તે જન્મતાંની સાથે રોગ લઈને આવ્યો. આજે પણ સાંભળવા મળે છે કે કંઈક જીવોને કર્મોના ઉદયથી જન્મતાની સાથે જ મોતિયો હોય છે, ડાયાબીટીશ

હોય છે, ગ્લુકોઝના બાટલા ચઢાવવા પડે છે. આ છોકરો પણ રોગને સાથે લઈ ને જન્મ્યો છે. રાજાએ ઘણાં ઘણાં વૈદોને, હકીમોને તેડાવ્યા. ઘણી જાતની ઔષધિઓ આપી. રાજા છે તેથી શી ખામી હોય? ઘણાં વૈદો, હકીમો, ડોકટરો આવીને ગયા પણ અશાતા વેદનીનો જબ્બર ઉદય છે તેથી કોઈ દવાથી બાળકનો રોગ ન મટયો. જીવ અશાતા વેદનીય કર્મ ૧૨ પ્રકારે બાંધે છે. (૧) પર દુઃખણિયાએ (બીજાને દુઃખ આપવું) (૨) પર સોયણિયાએ (પરને શોક કરાવવો) (૩) પર ઝુરણિયાએ (પરને ઝુરણા કરાવવાથી) (૪) પર ટીપ્પણિયાએ (બીજાને આંસુ પડાવવા (૫) પર પીટ્ટણિયાએ (પરને પીટાવવું) (૬) પર પરિતાવણિયાએ–બીજાને પરિતાપના આપવી. (૭) બહુણં, પાણાણં, ભૂયાણં, જીવાણં, સત્તાણં, દુઃખણિયાએ–બહુ પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વોને દુઃખ આપવું. (૮) સોયણિયાએ–શોક કરાવવો (૯) ઝુરણિયાએ–ઝુરણા કરાવવી (૧૦) ટીપ્પણિયાએ–ટપક ટપક આંસુ પડાવવા. (૧૧) પીટ્ટણિયાએ–પીટવું. (૧૨) પરિતાવણિયાએ–પરિતાપના કરવી. આ બાર પ્રકારે જીવ અશાતા વેદનીય કર્મ બાંધે છે.

આ છોકરાનો રોગ કોઈ મટાડી ન શકયું તેથી બધાએ તેનું નામ રોગીકુમાર પાડયું. રાજા રાણીને દીકરાની ખૂબ ચિંતા થવા લાગી, તેની ચિંતામાં તેમની ભૂખ અને ઉંઘ ઉડી ગઈ. રાત્રે સૂતી વખતે આકાશના એકેક તારા ગણવાની અગમ્ય ઉત્કંઠા જાણે ન હોય એમ ખુલ્લી આંખો રાખીને આકાશ સામે જોઈને પડી રહેતા. આમ કરતાં કરતાં છોકરો ૧૫ વર્ષનો થયો, ત્યાં ગામમાં એક સંત પધાર્યા. રાજાને ખબર પડતાં રાજા પોતાના રોગી દીકરાને સાથે લઈને સંતની પાસે ગયા. રાજા મનમાં માને છે કે જૈનસાધુ મહાન પ્રભાવશાળી ને શક્તિધારી હોય છે. તેમના આશીર્વાદથી મારા પુત્રનો રોગ મટી જશે. કારણ કે ઘણીવાર એવું બને છે કે વૈદો અને હકીમોની દવા જે કામ ન કરે તે કામ સંતના દિલની દુઆ કરતી હોય છે. રાજાએ સંતના ચરણમાં પડીને કહ્યું–ગુરૂદેવ! મારો કુમાર રોગી છે. ઘણી ઘણી દવાઓ કરી છતાં સારું થતું નથી. આપ એવો કોઈ ઉપાય બતાવો કે જેથી મારા દીકરાને સારું થાય. સંત કહે–ભાઈ! સાચા સંત જંતર–મંતર કરે નહિ, તે જે કરે તે સાધુ નહિ.

સંત કહે–રાજન! પાપથી દુઃખ થાય છે અને દુઃખને દૂર કરવા માટે ધર્મ કરવો જોઈએ. કારણ કે ધર્મથી પાપ દૂર થાય છે અને પાપ ન હોય તો દુઃખ કયાંથી આવે? માટે તું ધર્મ કર. આ ભવ અને પરભવને સુધારવા માટે તારે ધર્મ કરવો જોઈએ. આ રીતે ઉપદેશ આપીને તેમને ધર્મમાં સ્થિર કર્યા, પછી કહ્યું કે હું કહું તેટલી પ્રતિજ્ઞા કર. (૧) દારૂ પીવો નહિ. (૨) પરમાટી ખાવી નહિ. (૩) જલચર જીવોનું માંસ ભક્ષણ કરવું નહિ, અને મધ ખાવું નહિ. (૪) રાત્રીભોજન કરવું નહિ. (૫) દશ તીથિના ઉપવાસ કરવા. ગમે તેવી પીડા થાય તો પણ દશ તીથિના ઉપવાસ છોડવા નહિ. તપ કરવાથી પૂર્વસંચિત કર્મો બળી જાય છે. કર્મો દૂર થશે એમ રોગ શાંત થશે. રાજકુમારે આટલી પ્રતિજ્ઞાઓ લીધી ને પછી ઘેર ગયા. તે દશ તીથિના ઉપવાસ કરે છે. ભયંકર

વેદના થતી હોવા છતાં દઢતાપૂર્વક સમભાવે સહન કરે છે, પણ અશુદ્ધ ઉપચાર કરતો નથી ને ઉપવાસ છોડતો નથી. આ રીતે કરતાં ધર્મના પ્રભાવે એક વર્ષમાં તેનો અડધો રોગ શાંત થઈ ગયો તેથી તેની શ્રદ્ધા ખૂબ વધી. બે વર્ષમાં તો તેનો ૧૪ આની રોગ મટી ગયો. તેની કાયા કંચન જેવી બની ગઈ. સામાન્ય રોગ રહ્યો. શ્રદ્ધાપૂર્વક જે કાર્ય કરવામાં આવે છે તેમાં જરૂર સફળતા મળે છે.

**કુમારની પરીક્ષા કરતા દેવ :—** રાજકુમારની ધર્મ પ્રત્યેની શ્રદ્ધાની પ્રશંસા દેવસભામાં થઈ. આ બાળકની શ્રદ્ધા એટલી બધી છે કે દેવ ડગાવવા જાય તો પણ ડગે નહિ. એક દેવથી આ પ્રશંસા સહન ન થઈ એટલે એ વૈદનું રૂપ લઈને મૃત્યુલોકમાં આવ્યો. કુમારના શરીરમાં કાળી બળતરા મૂકી, પછી તે કુમાર પાસે ગયો. જઈને તેને કહ્યું કે તારો રોગ શાંત થયો છે પણ હજુ જે થોડો રોગ રહ્યો છે તે ફરીને હુમલો કરવાની શક્યતા છે, માટે તું અમારું કહેવું માન. હું બહુ કુશળ જાણકાર વૈદ છું. તારી નાડી જોઈને બધું કહી દઈશ. તું જન્મથી રોગ લઈને આવ્યો છે. તેં આવા આવા ઉપચારો કર્યા છે. આવી વાત કરે એટલે બધાને વિશ્વાસ બેસી જાય કે આ સાચો છે. આ તો દેવ છે એટલે બધું જાણે છે તેથી કહી શકે એમાં નવાઈ નથી. આ વૈદ કહે, તું અમારા કહ્યા પ્રમાણે ઉપચાર કર તો અમે તારા રોગને મટાડી શકીએ. રાજા કહે—ભલે, શું કરવાનું છે?

વૈદ કહે, પહેલા પ્રહરે મધ ચાટવાનું, બીજા પ્રહરે થોડો દારૂ પીવાનો અને રાત્રે માખણ તથા જલચર જીવોનું માંસ ભક્ષણ કરવું; આ છે મારા ઔષધ. આટલું જો આ બાળક કરશે તો સાત દિવસમાં તેનો રોગ સંપૂર્ણ મટી જશે. આ સિવાય તેનો રોગ મટે તેમ નથી. આ સાંભળીને કુમારે કહ્યું, આમાંથી એકપણ ઉપચાર મારાથી થઈ શકે તેમ નથી. પ્રાણ જાય તો ભલે જાય, પણ હું મારી પ્રતિજ્ઞા તોડીશ નહિ. રાજા કહે, મેં વચન આપ્યું છે. પિતાજી! તમારું વચન તમારી પાસે, મારે કંઈ સંબંધ નથી. સ્વજનો બધાએ ઘણો સમજાવ્યો, ભાઈ! તું હમણાં ઉપચાર કરી લે, પછી સાજો થઈને તું પ્રાયશ્ચિત લઈ લેજે, પણ કોઈ રીતે કુમાર ન સમજ્યો. નિયમના ભોગે તેને નિરોગી થવાનું મન ન હતું. એ તો સહુને એક જ વાત કહેતો કે પ્રતિજ્ઞા ભંગ કરીને જીવાય તો એવું જીવન મને પસંદ નથી.

**કુમારના ચરણમાં દેવ :—** જ્યારે કુમાર પોતાની પ્રતિજ્ઞામાં દઢ રહ્યો અને એકે અશુદ્ધ ઉપચાર ન કર્યો ત્યારે દેવે પોતાનું મૂળરૂપ ધારણ કર્યું અને તેની ખૂબ પ્રશંસા કરી અને તેનો રોગ હતો તે બધો દૂર કર્યો. આથી રાજા-રાણી-સ્વજનો બધાને ખૂબ આનંદ થયો, પછી એ રાજકુમાર ગુરૂને શોધતો શોધતો ગુરૂ પાસે પહોંચી ગયો. ચરણમાં પડીને કહે છે ગુરૂદેવ! આપે બતાવેલા માર્ગે ચાલ્યો, કસોટી આવી છતાં પ્રતિજ્ઞામાં દઢ રહ્યા તો મારો રોગ બધો નાબૂદ થઈ ગયો. હવે હું શું કરું? ગુરૂદેવે કહ્યું, તું પૂર્વના પાપની આલોચના કર, જેથી દર્દ ફરીને આવે નહિ. પૂર્વ જન્મોના કર્મોને બાળવા તપ

કર અને નવા કર્મોને રોકવા દીક્ષા લે. જેથી દ્રવ્ય રોગની સાથે જન્મ મરણના ભાવ–રોગ પણ દૂર થઈ જાય. રાજકુમારે તો ગુરૂની પાસે દીક્ષા લઈ લીધી. તમારે આવો પ્રસંગ બને ને રોગ મટી જાય તો શું કરો ? દીક્ષા લો કે લગ્નની વાત કરો ? (હસાહસ)

બંધુઓ ! જે પોતાની પ્રતિજ્ઞામાં દઢ રહે છે તેના ચરણમાં દેવો પણ નમન કરે છે. આપે સાંભળ્યુંને કે રાજકુમાર દઢ રહ્યો તો આખરે દેવોને નમવું પડ્યું. દિલની દઢતા એ દિવ્ય માર્ગની ચાવી છે. દિલની દિવાલ દઢ હોય તો ગમે તેવા પ્રલોભનો આવે કે ઉપસર્ગો આવે તો પણ એ દિલને ભેદી શકે નહિ. નમિરાજર્ષિએ દિલની દિવાલ કેટલી દઢ બનાવી છે ! ઈન્દ્ર મહારાજાએ કેવા કેવા દશ્યો ખડા કર્યા કે સામાન્ય માનવી તો એ જોઈને પીગળી જાય, પણ આ તો દઢ વૈરાગી છે. તેમણે ઈન્દ્રની સામે જરા પણ ભય રાખ્યા વિના નીડરતાથી બેધડક જવાબ આપી દીધા. એના જવાબો સાંભળીને ઘડીભર તો ઈન્દ્રના મનમાં થયું કે એ તો સંયમ માર્ગનો ભડવીર યોદ્ધો છે, તે હાર પામશે નહિ. છતાં રંગમાં આવીને નવા નવા પ્રશ્નો કરે છે. ઈન્દ્રના પ્રશ્નના જવાબમાં નમિરાજે કહ્યું કે હે વિપ્ર ! હું તો એવું ઘર બાંધવા ઈચ્છું છું કે જે ઘર શાશ્વત હોય અને તેમાં નિવાસ પણ શાશ્વત હોય. તમે કહો છો તે ઘર તો અશાશ્વત છે, વળી તે બનાવવામાં છકાય જીવોની હિંસા થાય છે, માટે એવા ઘર મારે બાંધવા નથી. લોકો પ્રશંસા કરે કે ન કરે એમાં મને કંઈ નથી. ઘર તો જ્યાં સ્થિર મુકામ કરવો છે ત્યાં બનાવવું જોઈએ અને તે માટેનો મારો પ્રયત્ન ચાલુ છે. હજુ નમિરાજર્ષિ ઈન્દ્રને શું કહેશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :–શી હશે ચિંતા ? રૂપમાં આભો બનેલો કિશોર :**—કિશોરકુમારનું મુખ ઉદાસ, ચિંતાતુર જોઈને શુભમતિ હિંમત કરીને પોતાના મહેલથી નીચે ઉતરી ગુપ્ત રીતે જલ્દીથી ત્યાં પહોંચી ગઈ. શુભમતિએ જોયું તો પતિ તો ખૂબ ચિંતાતુર બેઠા છે. એ તો લજ્જાથી નતમસ્તકે કર જોડીને ઉભી રહી. કિશોરનું રૂપ જોતાં તેના મનમાં થયું કે શું તેમનું દિવ્ય રૂપ છે ! શું અલૌકિક તેમની આકૃતિ છે ! શું સૌમ્ય પ્રતિમા છે ! એ તો રૂપ જોતાં ધરાતી નથી. અહો ! આવા બધી રીતે ગુણાલંકૃત–તેમને શી ચિંતા હશે ! આવા દીકરા માતા પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન ક્યારે પણ કરે નહિ. તેમનું મુખ જોતાં લાગે છે કે તે ચારિત્રહીન નથી. આવા ચારિત્રસંપન્ન કુમાર ક્યારે પણ બીજાના પ્રેમમાં હોય કે બીજાને વચન આપ્યું હોય એમ લાગતું નથી. શુભમતિ થોડીવાર ઉભી રહી છતાં કિશોરનું ધ્યાન નથી એટલે તેણે કહ્યું–નાથ ! ઊંચું તો જુઓ, જરા ઊંચી દૃષ્ટિ તો કરો ! પણ કિશોર તો એટલી ચિંતામાં છે કે તેને આ શબ્દો સંભળાતા નથી. બે ત્રણ વાર શુભમતિ બોલી, ત્યારે ઊંચું જોયું, પણ તેણે નાથ શબ્દ સાંભળ્યો નથી એટલે તેને જોતા કહે છે કે અરે આ કોઈ દેવકન્યા છે કે નાગકન્યા ! શું તેનું અનુપમ સૌંદર્ય ! કેવી તેજલ પ્રતિભા ! કેવું તેનું ઝળહળતું લાવણ્ય ! કિશોરને ખબર નથી કે હું જેને પરણવા આવ્યો છું તે જ આ કન્યા છે, તેથી તેણે આશ્ચર્યથી પૂછયું–અરે, રૂપસુંદરી !

આપ કોણુ છો ? આકાશની પરી છો કે ઈન્દ્રાણી છો ? કોઈ દેવાંગના છો કે કિન્નરી ? અરે, વનસુંદરી કે વસંતરાણી ! કિશોરના પ્રશ્નનો જવાબ આપતા શુભમતિએ કહ્યું – નહીં...નહીં...હું કોઈ પરી નથી કે કિન્નરી નથી, દેવાંગના નથી કે પાતાળ સુંદરી નથી, નથી વનસુંદરી કે નથી વસંતરાણી, પણ હું કોણ છું તે સાંભળો.

**સુનો સ્વામી મેરી બાતકો, મૈં હું મનુષ્યાણી**
**આપકી હોનેવાલી સહચારિણી, મેરા ભાગ્ય સવાયા.**

હે સ્વામી ! મારી વાત સાંભળો. હું તો એક મનુષ્યાણી છું, આપના ચરણની રજ છું. હું છું આપની થનારી જીવન સહચારિણી શુભમતિ. આ શબ્દો સાંભળતા કિશોરના હૈયામાં ભારે આઘાત લાગ્યો. જાણે આભ તૂટી પડયો ન હોય ! અરરર...મેં આ શું કર્યું ? આવી સુંદર કન્યાનો ભવ બાળવા ઉઠયો. મારા નિમિત્તથી આ અબળાનું શું થશે ? મારા કારણે નિરાશાની ભઠ્ઠીમાં ઝંપલાવશે ? આપત્તિના પહાડ તેના પર તૂટી પડશે ? શું કોઢીની નાગચુડમાં એ સપડાશે ? હે ભગવાન ! મને આ શું સૂઝયું ? આ કન્યા કુળમર્યાદા છોડી મને એકલો જોઈ મળવા આવી. આવી કોડ ભરી કન્યાની આશાઓ કેટલી હોય ? પણ જ્યારે પરણીને જઈશ ને હું બદલાઈ જઈશ અને તે કોઢીના હાથમાં જશે ત્યારે તેના જીવનની શી સ્થિતિ થશે તે હું કલ્પી શકતો નથી. હે પ્રભુ ! હે પ્રભુ ! હું રાહ ભૂલ્યો, માર્ગ ચૂક્યો, કયાં જાઉં ? કોને કહું દિલની વરાળ ! અરરર...આવા પાપ કરીને હું કયાં જઈશ ? સત્ય વાત કોને કહું ?

આ બધી ભવિષ્યની વિચારણાથી તેનું હૈયું ગદ્ગદ્ બની ગયું. અત્યંત દુઃખના ભારથી તેની ધીરજ ખૂટી ગઈ અને તેની આંખોમાંથી આંસુનો સાગર છલકવા માંડયો. કિશોરકુમારને રડતા જોઈ શુભમતિના પગ પાણી પાણી થઈ ગયા. મારા પતિ કેમ રડતા હશે ? તેમને એવી શી ચિંતા હશે ? તેમને માતાપિતા છે એટલે રડવાનું કોઈ કારણ દેખાતું નથી. લગ્નનો દિવસ એ તો આનંદનો દિવસ કહેવાય, છતાં એમને આનંદ કેમ નથી ? કિશોરકુમારની આંખમાંથી જે આંસુ પડયા તે આંસુઓ મોતી બની ગયા. મોતી જોઈને કન્યાના દિલમાં આશ્ચર્ય થયું. આ શું ? આ આત્મા પુણ્યવાન અને ભાગ્યશાળી લાગે છે. આ કોઈ હળુકર્મી જીવ હશે ! મારા મહાન ભાગ્યોદયે આવા હળુકર્મી પતિ મને મળ્યા. મારું કલ્યાણ થશે. તેમનામાં આ મહાન વિશેષતા છે કે તેમની આંખમાંથી આંસુ પડ્યા તે મોતી બન્યા. દુનિયામાં સેંકડો માણસ જન્મે છે ને મરે છે પણ હજુ સુધી કયારે પણ જોયું નથી કે સાંભળ્યું નથી કે, કોઈની આંખના આંસુ મોતી બને. તેને ખૂબ આનંદ થયો. ભૂતકાળના સીંચાયેલ સદાચારરૂપી બીજના મહાન પુણ્યના ઉદયે આજે ફળ મળતાં હોય તેમ લાગે છે. મારા જીવનની સુભાગી પળ જાગી લાગે છે.

**કુમારના કલ્પાંતથી હર્ષ ઓસર્યો** :–કિશોરકુમારને જોતાં શુભમતિનું દિલ નાચવા લાગ્યું, પણ એ આનંદ ક્ષણજીવી નીવડ્યો. તેનો પતિ હૈયાફાટ રડતો હતો. તેના કલ્પાંતથી કન્યાનું હૈયું હાથથી સરકવા લાગ્યું. શુભમતિ પણ હૈયાફાટ રડવા લાગી.

છોકરીની સગાઇ થઇ પછી તેના માટે પતિ એ જ સર્વસ્વ છે. પતિ સુખી તો હું સુખી ને તે દુઃખી તો હું દુઃખી. પતિને રડતા જોઈ ને તેનું હૈયું તૂટી ગયું. તે પતિને પૂછવા જાય છે કે આપને શી ચિંતા છે? પણ બોલી શકતી નથી. તેના મનમાં થાય છે કે હું તેમને કહું કે આપને જે દુઃખ હોય તે કહો. હું આપની સુખદુઃખની ભાગીદાર છું, પણ બોલી શકાતું નથી. છેવટે ઘણી હિંમત કરીને મહાપ્રયત્ને બોલી–હે સ્વામી! આપના માતા–પિતાને આનંદ છે. તમે માબાપને એક દીકરા છો ને હું માબાપની એક દીકરી છું. કોઈ જાતનું દુઃખ નથી. જેવા તમે છો તેવી હું છું. મારામાં કાંઈ ખોડખાંપણ નથી છતાં આનંદના સમયે આજે તમારા નયનોમાંથી આંસુની સરિતા કેમ વહી રહી છે? તમારા મુખ પર આનંદ કેમ દેખાતો નથી? આપના મુખ પર દીનતા! હૈયામાં ઉદ્દ્વિગ્નતા! દેહ પર શ્રમની રેખાઓ! હું આ શું જોઈ રહી છું? હું આપની અર્ધાંગના છું. આપ જે હોય તે મને વિના સંકોચે કહો. શુભમતિ પોતાના પતિને આ રીતે પૂછી રહી છે. હવે કિશોરકુમાર કેવી રીતે વાત કરશે ને શું બનશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં.–૮૮

**આસો વદ ૮ મંગળવાર** **તા. ૨૦–૧૦–૮૧**

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયનનો અધિકાર ચાલી રહ્યો છે. નમિરાજર્ષિ સંસારના બંધનમાંથી છૂટી સંયમના માર્ગે કદમ ઉઠાવી રહ્યા છે. તેમના આત્માને લાગ્યું કે હું સંસારની સોનેરી જાળમાં ફસાઈ ગયો છું. તો એ જાળ તોડીને મુક્ત જીવન જીવવા તૈયાર થયા. જેમ ગહન જાળમાં ફસાયેલો હંસલો અને મજબૂત લોખંડી પિંજરામાં પૂરાયેલા કેસરીસિંહને એવું જ્ઞાન નથી થતું કે હું નિર્બંધન છું. અનંત નીલાકાશમાં ઉડવા સમર્થ છું. એ જ મારું જીવન છે, એમાં સાચો આનંદ છે. હું જંગલનો રાજા છું. જંગલો, પહાડો અને ગુફાઓમાં મારું સ્થાન છે. મારો આનંદ, મારી મસ્તી બધું ત્યાં છે. અહીં આ પિંજરામાં નહિ. તે જ્ઞાન નથી ત્યાં સુધી એને જાળમાં ગમે છે, એને પિંજરામાં ફાવે છે.

આપણે પણ એક ભયંકર જાળમાં છીએ. આપણે એટલે હું અને તમે જ નહિ પણ આપણે એટલે સંસારના અનંત અનંત જીવો છે. મુક્ત જીવન જીવનારા પણ અનંત (૨) જીવો છે. તેમણે જાળમાંથી છૂટકારો મેળવ્યો. જાળ છેદીને નીકળી ગયા. એમને કોઇ કાળનું, કોઈ ક્ષેત્રનું, કોઈ દ્રવ્યનું કે કોઇ ભાવનું બંધન નથી. એમનું જીવન છે સંપૂર્ણ મુક્ત જીવન. એ મુક્ત જીવન મેળવવા તમને મન થાય છે? આ ગહન અને વિકટ કર્મોની જાળમાં મન અકળાય છે ખરું? અરે, એટલું સમજાયું છે કે હું રાગદ્વેષ આદિ અનંત દોષોમાં અને એ દોષોમાંથી જન્મેલા અનંત અનંત કર્મોની જાળમાં ફસાયો છું? જો આટલી સમજણ આવ્યા પછી પણ જો આત્મા નિરાશ થઈ જાય કે આ તો કેવી મજબૂત અને ગહન જાળ છે. આપણાથી આ જાળ ન તૂટે. જાળમાં

તો જાળમાં જીવીશું. અહીં ખાવાનું, પીવાનું, ફરવાનું, રહેવાનું આ બધું તો મળે છે. આ રીતે જો આત્મા જાળમાં પણ જીવવાનું પસંદ કરે તો એ જાળને ભેદવાના ઉપાયો નહિ શોધી શકે. જાળને કયાંથી કાપું, જાળમાંથી છૂટવા શું પ્રયત્ન કરું, એવી યોજનાઓ પણ એ વિચારશે નહિ, પછી પુરૂષાર્થની તો વાત કયાં રહી?

હું અનંત કર્મોની જાળમાં જકડાયેલો છું. આ વિચાર કોને આવે? જે આત્મા પ્રશમ ભાવમાં ઠરેલો હોય, એના અંતરંગ દોષો ક્રોધ, માન, માયા, લોભ શાંત બેઠા હોય, ઇન્દ્રિયોની વિષયો તરફની દોડધામ મટી ગઇ હોય, નિદ્રા, આળસ, વિષયભોગ અને અર્થહીન વાતોથી મન, વચન, કાયાના યોગો થોડા સમય માટે પણ નિવૃત્ત થયા હોય તેને વિચાર આવે કે હું જાળમાં ફસાયો છું, પછી તે જાળને તોડવાની અને તેમાંથી મુક્ત બનવાની યોજનાઓ ઘડી કાઢે. યોજના ઘડીને એ પોતાનો પુરૂષાર્થ શરૂ કરી દે. જાળને તોડવા પહેલા જાળને ઓળખવી પડે કે એ જાળ શાની બનેલી છે? કેવી રીતે ગૂંથાયેલી છે? કઈ જગ્યાએથી એને છેદી શકાય છે? જો આત્મા જાળને બરાબર ન ઓળખી શકે તો જાળને ઓળખનારા ગુરૂવર્યોનો, ઉત્તમ પુરૂષોનો સહકાર લે, એનું માર્ગદર્શન લે. જેમ ઘર બાંધવું છે પણ કેવું બાંધવું, કયાં બાંધવું, કેટલું બાંધવું વગેરેની જેમને ખબર નથી હોતી તેઓ એંજીનિયર પાસે જાય છે, આર્કિટેકટ પાસે જાય છે. એમને પૈસા આપીને ઘરનો પ્લાન મેળવે છે તેમ કર્મોની જાળને, એની રચનાને વગેરે સમજાવનારા જ્ઞાની અને બુદ્ધિમાન પુરુષો આપણી પાસે છે. તો તેમની પાસેથી જાળને તોડવાનું માર્ગદર્શન મેળવી લેવાનું.

જાળને એ મનુષ્ય તોડી શકે છે, ભેદી શકે છે કે જે મનુષ્ય મનમાં કે તનમાં પ્રમાદને સ્થાન આપતો નથી. મહાજાળને વિચ્છેદ કરવાના ધર્મ–પુરુષાર્થમાં આવનારા વિઘ્નોથી ડરી જતો નથી, ઉત્સાહથી થનગનતો એ મહામાનવ કોઈ પ્રમાદી કે આળસુ માણસોની વાતો કાને ધરતો નથી. ભગવાન મહાવીર છદ્મસ્થ અવસ્થામાં વિચરી રહ્યા હતા ત્યારે ગામ લોકોએ તેમને નહોતું કહ્યું કે મહાત્મા! આ રસ્તે ન જશો. આ રસ્તે ગયેલું કોઈ પાછું આવ્યું નથી. આ રસ્તે એક ભયંકર સાપ છે. જેની સામે એ દૃષ્ટિ ફેંકે છે તેના પ્રાણ ચાલ્યા જાય છે. શું મહાવીરે એમની વાત કાને ધરી હતી? ના. પ્રભુ તો એ જ રસ્તે ગયા. સાપ મળ્યો અને ડંખ પણ દીધા, છતાં એ મહાવીરના પ્રાણ ન લઇ શકયો. મહાવીરે એના રોષની રાખ કરી નાખી. કહેવાનો આશય એ છે કે કર્મોની જાળને તોડવા તૈયાર થયેલો આત્મા પ્રમાદી કે એવા કોઇ પણ માણસોના વચનથી પીછે હઠ કરે નહિ. એ તો એની સાધનામાં આગળ ધપે જાય.

જેણે સંસારની જાળને તોડી નાંખી છે એવા નમિરાજર્ષિ ઇન્દ્રને કહે છે કે ઘર કયાં કરાય? શું પ્રવાસમાં અધવચ ઘર બંધાય? એમ ઘર કરવા જાય તો એ ભૂલો પડે. સંસારના પ્રવાસમાં કયાંય સ્થિર ટકવાનું નથી, પછી વચમાં કરેલું ઘર શા કામનું? ઘર તો ત્યાં કરાય કે જ્યાં જઇને શાશ્વત રહેવાનું હોય. મોક્ષ એ મારું વતન છે. ત્યાં

હું જે કરું તે પાલવે. સુંદર મહેલ હું ત્યાં બાંધીશ. જાદુઈ રમણીય બગીચાઓ હું ત્યાં બનાવીશ. ત્યાં કાળની ગતિ નથી. ત્યાં જન્મ, જરા અને મૃત્યુ પ્રવેશ પામી શકતા નથી. મારા બાંધવા શરૂ કરેલા ભવ્ય મહેલો ત્યાં અમર રહેશે. તેના ઉપર કોઈ શત્રુનું જોર ચાલી શકવાનું નથી. ત્યાં અગ્નિનો કે જળનો ભય નથી. મુસાફરીના અંતે હું ત્યાં તે જ ભવ્ય મહેલમાં રહીશ કે જ્યાંથી પાછો આ ચીંથરેહાલ ઝુંપડા જોવા નહિ આવું.

કેવી ચોક્કસ અને સજ્ઞાનતા ભરી દિવ્ય દૃષ્ટિ! કેવું સુંદર માર્ગદર્શન! ખરેખર વાત સાચી છે કે વચગાળા માટેની જીવનભર મહેનત કરે છતાં પરિણામમાં મીંડુ! છતાં અજ્ઞાની જીવો માર્ગમાં ઘર બાંધવાની મહેનત કરે છે, અને શાશ્વત સ્થાન માટે કોઈ વિચારણા કે મહેનત નહિ! જીવની કેટલી બધી મૂર્ખાઈ છે! મીરાંબાઈ બોલ્યા હતા ને કે પરણવું તો એને પરણવું કે રંડાવું ન પડે, તેમ નમિરાજે ઈન્દ્રને પણ એમ જ કહ્યું કે "**વસવું તો પેલા મોક્ષના મહેલમાં જ વસવું કે જે ઘર ક્યારે ખાલી ન કરવું પડે.**" જ્યાંથી પાછા કાઢવા માટે કોઈ અકસ્માત કે કોઈ રાજા સમર્થ નથી. બહેતર છે કે તે મહેલ ન બંધાય ત્યાં સુધી વનમાં પડયા રહેવું અર્થાત્ અકિંચન સાધુ થઈ તે મહેલ બાંધવા માટે જોઈતી મૂડીની કમાણી કરી લેવી કે જેથી ત્યાં સહેલાઈથી ઘર બાંધી શકાય.

નમિરાજના જવાબથી ઈન્દ્ર મહારાજાના મનમાં થયું કે શું એમની આત્મજાગૃતિ છે! શું તેમના ચૈતન્યનો ચળકાટ! શું એમના આત્માના ઓજસ! તેમના જવાબથી ઈન્દ્રને આનંદ આવે છે, મઝા આવે છે. પ્રશ્ન પૂછનારને મઝા ક્યારે આવે? સામે જવાબ દેનારા એટલા તૈયાર હોય ત્યારે. ઈન્દ્ર નમિરાજની જવાબ દેવાની અદ્દભૂત શક્તિ જોઈને દિગ્મૂઢ થયો. તેમને હવે ખાત્રી થઈ કે નમિરાજને જે જે કામો કરવાની પોતે સૂચના કરી તેની તેમને કાંઈ જરૂર નહોતી, પણ હવે તેમને બીજી નવીન સૂચનાઓ મનમાં સ્ફુરી આવી અને તે સૂચનાઓ નમિરાજ અવશ્ય સ્વીકાર કરશે એમ તેમનું અંતર તેમને ખાત્રી આપતું હોય એવું તેમના હર્ષિત ચહેરા પરથી દેખાયું. નમિરાજનો સુંદર જવાબ સાંભળ્યા પછી ઇન્દ્રે નમિરાજર્ષિને શું કહ્યું?

**आमोसे लोमहारे य, गंठिभेए य तक्करे ।**
**नगरस्स खेमं काऊणं, तओ गच्छसि खत्तिया ॥ २८ ॥**

હે ક્ષત્રિય! ચોરી કરવાવાળા, પ્રાણનો નાશ કરવાવાળા, ખિસ્સાકાતરુ અને પ્રત્યક્ષ ચોરી કરવાવાળા આવા દુષ્ટ માણસોથી નગરને સુરક્ષિત કરીને આપ પછી જજો.

આ ગાથામાં ઈન્દ્રે નમિરાજર્ષિને ક્ષત્રિયોચિત કર્તવ્યનું પાલન કરવા માટે આદેશ કર્યો છે. ઈન્દ્રે કહ્યું–હે નમિરાજ! મિથિલા નગરીમાં ચોર ડાકુનો ભય ઘણો છે. આ નગરીમાં લૂંટારાઓ પ્રજાને લૂંટી રહ્યા છે ને હેરાન પરેશાન કરે છે. ડાકૂઓ ને ગૂંડાઓ તો કંઈક જીવોને મારી નાંખે છે, ખૂન કરે છે અને ખિસ્સાકાતરુ લોકો પ્રજાના ખિસ્સા કાપી નાંખે છે. આ રીતે નગરીમાં ચોર, ડાકૂ, ગૂંડાઓ, ખિસ્સાકાતરુઓના ત્રાસથી

પ્રજાને શાંતિ નથી. પ્રજા સદા ભયભીત રહે છે માટે આપ ચોર ડાકૂઓ બધાને કાબૂમાં લઈને તેમને સજા કરી નગરીને દરેક રીતે સુરક્ષિત કરીને પછી દીક્ષા લો. આપ દીક્ષા લો એમાં અમારો વિરોધ નથી. આપનો વૈરાગ્ય આત્મસ્પર્શી ઉચ્ચકોટીનો છે. અમને ખાત્રી છે કે આપ કોઈના વાર્યા વળવાના નથી પણ આપ પ્રજાને આ દુષ્ટ લોકોના ત્રાસથી નિર્ભય બનાવીને પછી જાવ. જેથી લોકો શાંતિથી રહી શકે, પછી તેઓ ઘરના દરવાજા ખુલ્લા મૂકીને સૂવે તો પણ ભય રહે નહિ, શાંતિથી જીવી શકે. તમારે દીક્ષા લેવી હોય તો ભલે લો, પણ આટલું કરીને પછી તમે જજો.

બંધુઓ! ચોર ડાકૂઓ તમારું ધન લૂંટી જશે તો તે ધન નાશવંત છે. ક્યારેક ચોર પકડાઈ જાય તો એ ધન તો પાછું પણ આવે છે. આ નાશવંત ધન મેળવવા માટે જીવ કેટલું કષ્ટ સહન કરે છે? જેના દિલમાં લોભરૂપી રાક્ષસ પેઠો એ માણસ ન કરવાના કામ કરે છે. એક વખત શેઠે કાળાધોળા કરીને ઘણું ધન ભેગું કર્યું. તે સમયે રાજ્યમાં ચોરીની બૂમો ઘણી સંભળાતી એટલે શેઠને ચિંતા થવા લાગી કે ધન તો ઘણું ભેગું કર્યું છે પણ હવે મૂકવા ક્યાં જવું? તે સમયે બેંક ન હતી, કે બેંકમાં જઈને મૂકી આવે. જેને ત્યાં અતિ ધન છે તેને કેટલો ભય રહે? આચારંગસૂત્ર બોલે છે.

**एगया दायाया वा विभयन्ति, अदत्तहारो वा से अवहरति, रायाणो वा से विलुंपति, णस्सति वा से विणस्सति वा से अगारदाहेण वासे डज्झइ।** અ. ૨. ઉ. ૩.

કોઈ સમયે તેના સ્વજનો ભાગ પડાવે છે અથવા ચોર ચોરી જાય છે અથવા રાજા લૂંટી લે છે અથવા વહેપાર આદિમાં ખોટ જવાથી નાશ થઈ જાય છે અથવા ઘરમાં આગ લાગવાથી બળી જાય છે. આ રીતે અનેક માર્ગોથી તે સંપત્તિ ચાલી જાય છે. શેઠને ચિંતા થઈ કે ધન મૂકવું ક્યાં? વિચાર કરતાં એક ઉપાય સૂઝ્યો. શેઠે દીકરાને બોલાવીને કહ્યું–દીકરા! હમણાં ચોરનો ઘણો ભય છે. દરરોજ ચોરી થયાના સમાચાર સાંભળવા મળે છે. આપણી પાસે ઘણું ધન છે તો આપણે ગામ બહાર દૂર જઈને એક જગ્યાએ દાટી આવીએ. આપણે રાત્રે જઈશું તેથી કોઈ જાણશે નહિ. દીકરો કહે–ભલે પિતાજી! શેઠે તો કિંમતી દાગીનાની એક પેટી ભરી. તે લઈને બાપ–દીકરો રાત્રે ૧૨ વાગે ઘેરથી નીકળ્યા. તે જમાનામાં લાઈટો ન હતી. કેવી ઘનઘોર રાત દેખાય! બીક લાગે પણ માણસને પોતાનો સ્વાર્થ સાધવો હોય ત્યારે બીક, ભય બધું ચાલ્યું જાય છે.

આ બાપ દીકરાની વાત ભીંતના ઓથે ઉભેલા એક ચોરે સાંભળી. તેને થયું કે ઠીક, આજે સારો લાગ મળી જશે. તે પણ શેઠની પાછળ ગયો. શેઠ ખાડો ખોદવા જાય છે ત્યારે આ ચોર ઝાડની ઓથે છૂપાઈને બેસી ગયો. ઘનઘોર અંધારામાં કોઈ કોઈને જોઈ શકતું નથી. શેઠ બુદ્ધિશાળી છે. તેમણે ખાડો ખોદ્યો પછી પેટી દાટવા જાય છે ત્યારે છોકરાને કહે છે દીકરા! તું આટલામાં તપાસ કર કે કોઈ ચોર, લૂંટારો, ગૂંડો ક્યાંય છૂપાયો તો નથી ને? પિતાજી! ધોળા દિવસે પણ આવતા બીક લાગે એવું ભયંકર જંગલ છે. અત્યારે અડધી રાત્રે અહીં કોણ આવવા નવરું હોય? દીકરા!

આડી અવળી વાતો કર્યા વિના ઉભો થા ને તપાસ કર. આખી જિંદગી કાળી મજુરી કરી કાળા ધોળા કરીને ભેગું કર્યું છે. એમ વિશ્વાસે ન રહેવાય.

**નશ્વરન નેહ માટે દેહે સહન કરેલું કષ્ટ** :–ચોરે શેઠની વાત સાંભળી. તેના મનમાં થયું કે મને જોઈ જશે તો હાથમાં આવેલો દાવ ચાલ્યો જશે. પેટી નહિ મળે તેથી તે મડદાની જેમ લાંબો થઈને સૂઈ ગયો. શેઠનો દીકરો તપાસ કરે છે. તપાસ કરતા કરતા ચોરને સૂતેલો જોયો. તેને ઢંઢોળ્યો તો પણ હાલ્યો નહિ કે જાગ્યો નહિ. તેણે શેઠને કહ્યું–પિતાજી! અહીં કોઈ માણસ સૂતો છે પણ તે ઉંઘી ગયો લાગે છે. દીકરા! તું જો તો ખરો કે તે જીવતો છે કે મરેલો? દીકરો તો તેના પેટ પર ખૂંદ્યો તો પણ હાલ્યો નહિ. પિતાજી! હું તેના પેટ પર ખૂંદ્યો તો પણ હાલતો ચાલતો નથી તેથી મરી ગયેલો લાગે છે. દીકરા! મડદું નહિ, કોઈ હરામખોર હશે. દલ્લો લેવા માટે મડદાનો ઢોંગ કરીને પડયો હશે. લે, આ છરી લઈ જા ને તેનો એક કાન કાપી આવ. એટલે જીવતો છે કે મરેલો એ નક્કી થઈ જાય. દીકરો તો છરી લઇને ગયો ને તેનો એક કાન કાપી નાંખ્યો, છતાં એક ઉંકારો સરખો પણ તે માણસે ન કર્યો. ધન માટે જીવ કેટલું દુઃખ વેઠે છે! કાન કાપ્યો તો કેટલી પીડા થઈ હશે, છતાં સહન કર્યું ને શ્વાસ રોકીને મક્કમ મનથી ત્યાં પડયો રહ્યો. દીકરાએ કાપેલો કાન બતાવીને કહ્યું જુઓ બાપુજી! કાન કાપ્યો તો પણ અવાજ નથી કર્યો. દીકરા કાન કાપ્યો ને લોહી નીકળ્યું તેથી મરેલો નથી પણ જીવતો છે!

દીકરા! ફરીથી જા અને તેનું નાક કાપી આવ. દીકરો નાક કાપવા ગયો. ચોર પણ નિશ્ચય કરીને બેઠો છે કે કાન નાક કપાય તો ભલે કપાય પણ દલ્લો મેળવવો એ સાચો. આ દીકરાએ તો ચોરનું નાક કાપ્યું, છતાં જરાપણ ન હાલ્યો. દીકરાએ પિતાજીને વાત કરી, પિતા! હવે શંકા ન રાખો. એ હમણા મરી ગયો હશે એટલે લોહી નીકળે. બાકી જો જીવતો હોય તો નાક, કાન કાપું તો જરા પણ હાલે નહિ? છતાં શેઠને વિશ્વાસ ન બેઠો ને કહ્યું જા, તેની એક આંખ કાઢી લાવ. છોકરાએ જઈને તેમ કર્યું છતાં જરા ન હાલ્યો. અહાહાહા! ધન માટે કેટલું વેઠયું! છોકરો કહે–પિતાજી! હવે શંકા ન રાખો. તે જીવતો છે જ નહિ. જીવતો હોય તો કાન, નાક, આંખ કાઢવા દે?

શેઠે ખાડો ખોદીને પેટી દાટી દીધી, પછી જમીન સરખી કરી નિશાની કરીને બાપ દીકરો ઘેર ગયા. શેઠને ગયા અડધો કલાક થયો ત્યાં આ ચોર ઉઠ્યો ને પેલી દાગીનાની પેટી ખાડામાંથી બહાર કાઢી. કાન, નાક, આંખ ગયા છતાં ધન મળ્યાનો આનંદ છે. તે તો પેટી ઉપાડીને ઘેર પહોંચી ગયો. આ બાજુ શેઠ ઘેર ગયા પણ ઉંઘ આવતી ન હતી. તેમના મનમાં એમ થાય છે કે પેલો માણસ જીવતો તો નહિ હોય ને! જીવતો હશે તો મારી બધી મિલ્કત લઇ જશે. શેઠે દીકરાને પરોઢિયે ઉઠાડયો. દીકરા! ધન દાટયું છે પણ મન માનતું નથી. ચાલ, આપણે જોઈ આવીએ કે ધન છે કે નહિ? બાપ–દીકરો તો ત્યાં પહોંચી ગયા. જઈને ખાડો ખોદીને જોયું તો પેટી ગુમ. તેમના મનમાં

થયું કે નક્કી પેલો માણસ લઈ ગયો. શેઠ તો લમણે હાથ દઈને રડવા લાગ્યા, પણ હવે શું થાય? દીકરા! હું કહેતો હતો કે એ મડદું નથી પણ દલ્લો લેવા માટે ઢોંગ કરીને સૂતો છે.

**શેઠની ફરિયાદ:—** શેઠે બીજે દિવસે રાજાને ફરિયાદ કરી. રાજા પૂછે છે કે, એ ચોરના કંઇ નિશાન છે? હા. તેના નાક, કાન કપાયેલા લાગતા હતા. રાજાએ ચોરની તપાસ કરાવી. ચોર પકડાઇ ગયો. રાજા પૂછે છે તેં ચોરી કરી છે ને શેઠની માલ મિલ્કત લીધી છે? હા, મહારાજા. તો એમની મિલ્કત એમને સોંપી દે. રાજાસાહેબ! મેં એ મિલ્કત એમ ને એમ નથી લીધી. આ શેઠ તો મહાપાપી છે. તેમણે મારા કાન, નાક કાપી લીધા છે ને એક આંખ કાઢી લીધી છે, તે બધું મને પાછું આપે, મને હતું તેવું કરી આપે તો હું તેમનું ધન પાછું આપું. હવે શેઠ ચોરના કાન, નાક, આંખ ક્યાંથી પાછા લાવી આપે! શેઠની મિલ્કત ગઈ ને રડતા રહી ગયા. અતિ લોભી મનુષ્યનું ધન ધૂતારા લઇ જાય, ડોકટર લઈ જાય, સરકાર લઇ જાય. કોઈ ને કોઈ રીતે જતું રહે. શેઠે ધનની રક્ષા માટે ચોરના કાન–નાક કાપ્યા અને આંખ કાઢી લીધી, ત્યારે શેઠને દયા ન આવી અને ચોરે ધન મેળવવાં કેટલું કષ્ટ વેઠયું! લોભ બહુ ભયંકર છે.

નાશવંત લક્ષ્મી લૂંટાઇ જવાના અનેક ભય છે. ઈન્દ્ર નમિરાજને કહે છે હે રાજર્ષિ! તમે તમારી પ્રજાને નિર્ભય બનાવીને પછી જાવ. હવે નમિરાજ શું કહેશે તેના ભાવ અવસરે.

**ચારિત્ર: અંતરની આહને શાંત કરવા મથતી શુભમતિઃ-** શુભમતિએ પૂછયું નાથ! આપ શા માટે રડો છો? ઘણું કહ્યું ત્યારે કુમાર કહે છે, તું ગભરાઇશ નહિ, મૂંઝાઈશ નહિ. મને કાંઇ નથી. તો આપ આટલું બધું રડો છો શા માટે? હે દેવી! કર્મની કુટિલતા! હે દુર્ભાગી આત્મા! તને આ કેમ ગમ્યું? આ દોષ, આ ભૂલ મારી છે. શુભમતિ કહે છે આપ સ્પષ્ટ વાત કહો કે આપના અંતરમાં શું દુઃખ છે? શી ચિંતા છે? હૃદયની આહ બહાર કાઢ્યા વિના અંતરનો દાહ શમતો નથી. દુઃખના ઝંઝાવાતમાં ધૈર્યનું આલંબન હુંફ રેલે છે. સંઘર્ષણ, અશાંતિ અને આપત્તિ એ દુઃખદાયી સંસારનું વિષમ વિષ છે. એ વિષ જો પચાવી શકાય તો સંસારના સોનેરી સ્વપ્નાની સુંદરતા મેળવી શકાય. આપના શબ્દો પરથી જણાઈ આવે છે કે આપ પરણવા આવ્યા છો એમાં કંઇ ભેદ છે. આપ સુજ્ઞ ને ડાહ્યા છો. આમ ધીરજને શા માટે ગૂમાવો છો? આપ એકલા એકલા શા માટે મૂંઝાવ છો? આપ જે હોય તે મને જલ્દી કહો. દેહમાં પ્રાણ હોય તો દેહની કિંમત છે, તેમ આપ મારા પ્રાણ સમાન સર્વસ્વ છો. આ બિચારી કન્યાનું દિલ પણ રડી રહ્યું છે. શું હશે? એને એવો વિચાર તો આવે જ ક્યાંથી કે ભાડે પરણવા આવ્યા છે ને મારા માટે જ રડી રહ્યા છે. આટલું આટલું શુભમતિએ કહ્યું છતાં કુમાર કાંઇ બોલતા નથી. કન્યા થોડી વાર મૌન રહી પછી ફરી તે કહેવા લાગી.

**તુમ્હારા દર્દ વહ મેરા દર્દ, તુમ્હે દેખ દિલ જલ રહા મેરા,**
**મેં હું આપકી અર્ધાંગિની, દિલકા દર્દ મુજે સુનાઓ.**

સ્વામી! આપ વણિક પુત્ર હોવા છતાં આપનું ભાલ ક્ષત્રિયના તેજથી ઝળકી રહ્યું છે. આપ શા માટે હિંમત ગુમાવો છો? આપનું દર્દ તે મારું દર્દ છે. આપ દુઃખી તો હું દુઃખી છું. આપનો કલ્પાંત જોઇને મારું દિલ બળી રહ્યું છે. હું આપની અર્ધાંગના છું. આપના હૃદયનો ભાર મને નહિ કહો તો કોને કહેશો? હમણા સમય થઈ જશે માટે મને જલ્દી કહો. સ્ત્રી અને પુરૂષ એ સંસાર રથના બે ચક્રો છે. તે બંનેમાં દિલોજાન ઐકયતા હોય. એક ચાલે તો બીજાને ચાલવું પડે એવી સમર્પિત ભાવના હોવી આવશ્યક છે. હજુ લગ્ન થયા નથી એટલે આપ મને શું પારકી માનો છો? મારી સગાઈ આપની સાથે થઇ ત્યારથી મારું સર્વસ્વ આપને દઇ ચૂકી છું. હું આપની છું ને આપની રહેવાની છું. હે પ્રાણનાથ! આપના દિલની દિવાલમાં કયું દર્દ છૂપાયું છે? કયું દુઃખ આપના દિલની દિવાલને ભેદી રહ્યું છે તે આપ મને જલ્દી કહો. શુભમતિના એકેક વચનો કિશોરકુમારના હૈયામાં ઝણઝણાટી પેદા કરતા હતા. તેના આટલા શબ્દો સાંભળતા ફરીથી આંખોમાંથી અશ્રુની ધારા વરસી; જાણે અષાઢ માસની હેલી ન હોય! કુમાર એટલું રડયો અને જે આંસુ પડયા તે મોતી બની ગયા. પોતાના પતિનો આટલો કલ્પાંત જોઈને તે પણ ઢીલી થઈ ગઈ. એને કલ્પનામાં પણ નથી આવતું કે મારા પતિને શું દુઃખ હશે!

**શુભમતિની વિનવણી** :–શુભમતિ ફરી ફરીને વિનંતી કરવા લાગી, હે નાથ! મારું જીવન આપના ચરણે છે. આપની આ દાસી પાલવ પાથરીને એક અરજ કરે છે. આપના હૃદયના દ્વાર ખોલો. આપના અંતરના મને દર્શન કરવા દો. શું આપને મારા પ્રત્યે વિશ્વાસ નથી? શ્રદ્ધા નથી? શુભમતિ આટલું આટલું કરગરે છે છતાં કિશોર કાંઈ બોલતો નથી. તેને કહેવાનું મન થાય છે પણ તે કહી શકતો નથી. તેના મનમાં એ મૂંઝવણ થાય છે કે જો હું સત્ય વાત કહી દઉં ને કન્યાને આઘાત લાગી જાય ને કંઇક થાય તો હું શું કરું! આ વિચારથી તે બોલી શકતો નથી. શુભમતિ કહે છે, શું આપના હૃદયમાં મારા માટે સ્થાન નથી? અરે હે પ્રિયા! તું આ શું બોલે છે? બસ, કિશોર આટલા શબ્દો બોલીને પાછો મૌન રહ્યો. હે નાથ! આપ મારા ને તમારા વચ્ચે અંતરના અંતર શા માટે રાખો છો? સાચા સ્નેહીઓ વચ્ચે અંતર ન હોય. આપ મારા પર શ્રદ્ધા રાખો. સ્નેહ, શ્રદ્ધા અને સ્વાર્પણના જળથી સીંચાયેલ સંસાર સ્વર્ગ બને છે, નંદનવન બને છે. ખરેખર તમારા હૈયામાં કોઈ દહેશત વંચાય છે. તમારા વચનોને આ હૃદય સાગર મોજાંઓની માફક ફેંકી દેશે નહિ, પણ દિલની દિવાલમાં સાચવી રાખશે.

**પાપ પ્રગટ કરવાની ભાવના** :–શુભમતિની સરળતા, અર્પણતા જોઇને કિશોરના મનમાં વધુ દુઃખ થવા લાગ્યું. શું આ છોકરી છે! તેનામાં ગુણોનો ખજાનો ભર્યો છે.

આવી છોકરીને હું શું સમજાવું ? જો એને સત્ય વાત કહું તો ખૂબ આઘાત લાગે અને જો નહિ કહું તો એનું જીવન-પુષ્પ કરમાઈ જશે, માટે મારે કઠણ બનીને પણ બધી વાત કહેવી પડશે. મેં મરણ વહાલું ન કર્યું અને જીવનને પ્યારું ગણ્યું. શેઠ મને મારવા આવ્યા ત્યારે મરી ગયો હોત તો આમ ન કરવું પડત, પણ એક જીવનની તુચ્છ ભાવના ખાતર મેં આ પાપ કર્યું છે. એ મેં મોટો અપરાધ કર્યો છે, મારી મોટી ભૂલ થઇ છે. હવે એ પાપને છૂપાવી, આવી કોડભરી કુમળી કન્યાને એ પાપ લીલાને છૂપાવી અંધકારમાં રાખવી એ એક ભયંકર અપરાધ છે. હે ભગવાન ! હું તો ખરેખર શિક્ષાને પાત્ર છું. આ પાપ કરીને હું કયા ભવમાં છૂટીશ ? ખરેખર પાપ તો મોટું કર્યું છે, પણ હવે તેની પાસે પાપનો એકરાર કરવો એ મારા પાપનું પ્રાયશ્ચિત છે. જો હું તેની સામે મારું પાપ પ્રગટ કરી દઇશ તો મારા દિલનું દર્દ ઓછું થશે. મારું હૈયું હળવું ફૂલ અને પવિત્ર બની જશે. જો હું તેને આ વાત નહિ કરું તો હું પાપથી અને ચિંતાથી વધુ ભારે થતો જઈશ. આ રીતે કિશોરના હૃદયમાં મંથન ચાલી રહ્યું છે. કિશોરકુમારનું આવું ચિંતાતુર અને વિષાદથી છવાયેલ મુખ જોતાં શુભમતિ હવે પોતાની સમતુલા ગુમાવી બેઠી. તેનું હૈયું તૂટી પડયું અને આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી.

**શુભમતિના રૂદનથી ગુણચંદ્રે ખુલ્લો કરેલો પડદો** :-કિશોરકુમારે જરા ઉંચી દૃષ્ટિ કરીને શુભમતિ સામે જોયું. તેની આંખમાં આંસુ જોતાં હૈયામાં દુઃખ થયું. શુભમતિ અત્યાર સુધી કેટલી કરગરી, કેટલી વિનંતી કરી, છતાં કિશોરકુમાર મૌન રહ્યો, પણ તેની આંખમાં આંસુ જોઈ તેનું હૃદય પીગળી ગયું. અરે....શુભમતિની આંખમાં આંસુ ! શુભમતિ કયારની પૂછતી હતી છતાં કિશોર બોલી શકતો ન હતો. તે આ આંસુ જોતાં સ્થંભી ગયો. આંસુના બે ટીપા કેટલું કામ કરે છે ! તે રડતો બંધ થઈ ગયો. તેના આંસુ સૂકાઈ ગયા. અત્યાર સુધી મૌન રહેલા કિશોરનું મન પીગળ્યું નહોતું, પણ હવે શુભમતિની આંખમાં આંસુ જોઈને તેનું મન પીગળી ગયું. તેનું મૌન છૂટી ગયું. તે બોલ્યો, હે શુભમતિ ! શુભમતિ શબ્દ સાંભળતા તેણી સ્વસ્થ થઇ ગઈ અને પોતાના પતિ શું બોલે છે તે સાંભળવા અધીરી બની. કિશોરકુમાર કહે છે દેવી ! હું તારું રૂદન જોઈ શકતો નથી. હું તને શું કહું ! મારાથી બોલાય તેમ નથી. હું ગુલાબના ફુલને ખત્મ કરવા, એને ચગદી નાંખવા આવ્યો છું. સ્નેહ અને સ્વાર્પણના પાઠો મારા જીવનમાં ઉતારવા ઘણા મુશ્કેલ છે. તું જે શબ્દો કહી રહી છું તે મારા માટે યોગ્ય નથી. તારી નવરંગી આશાઓને પૂર્ણ કરવા હું શક્તિમાન નથી. તારી આશાની બેનમૂન ઈમારતને જમીનદોસ્ત કરવા માટે હું પ્રચંડ સમીર બન્યો છું. હું તો સાવ અભાગી છું, પાપી છું. તારી ખીલતી જીવનવાડીને વીખેરવા આવ્યો છું. તું મને પુનિત માને છે પણ હું પુનિત નથી, મહા પાપી છું. શુભમતિ કહે-નાથ ! આપની આંખડી અને મુખ જોતાં એમ લાગે છે કે આપ પાપી નથી પણ કોઈ પુણ્યાત્મા છો. આપ ભલે તમને પોતાને પાપી માનતા હો, પણ હું આપને પાપી માનવા તૈયાર નથી. માણસ પાપી હોય તો તેની આંખ પરથી દેખાઈ આવે પણ આપનામાં તો કાંઈ દેખાતું નથી.

કિશોરકુમાર કહે–સતી! મને માફ કર. મારા આ પાપ કયા ભવમાં જઈને ભોગવીશ. કુમાર બધી ગોળ ગોળ વાત કરે છે. બિચારી સતી શું સમજે! કુમાર કહે છે, મેં ઘોર પાપ કર્યા છે તેમાં આ ત્રીજું પાપ છે. તે ત્રણ પાપ કોને માને છે? એક પાપ પોતાના ભાઈને ઝાડની ડાળે બાંધીને આવ્યો છે, પછી તેનું શું થયું તે ખબર લેવા પણ જઈ શકયો નથી. બીજું પાપ શેઠના કહેવાથી મૃત્યુના ભયથી તને પરણવા આવ્યો તેથી વિશ્વાસઘાત કર્યો અને આ ત્રીજું પાપ તારી જિંદગી બગાડવા ઉઠયો છું. સતી કહે–આપ આવું ન બોલો. આપ કદાચ મારી પરીક્ષા કરતા હો તો ભલે કરો, પણ હું ડગનાર નથી. મારો નિર્ણય તો અફર અને અચલ રહેનાર છે. હું તો મારા મનથી મારી સામે બેઠેલા કિશોરને વરી ચૂકી છું. તે જ મારા પતિ છે ને રહેવાના છે, તેમાં હવે જરા પણ ફેરફાર થવાનો નથી.

**મેરી દૃષ્ટિમેં ઔર જીવનસૃષ્ટિમેં, તુમ્હી એક મેરે નાથ,**
**આપ મેરે પ્રાણ પ્યારે હો, મેરા તન મન માલિક આપ.**

મારી દૃષ્ટિમાં અને જીવન સૃષ્ટિમાં આપ એક જ મારા નાથ છો. મારું સર્વસ્વ આપ છો. આપ મારા જીવનના માલિક છો. શુભમતિ, હું તને એ જ વાત કહેવા માગું છું. તું જેને કિશોર માની તારા પતિ તરીકે સ્વીકારી જીવન અર્પણ કરવા તૈયાર થઈ છું, તે કિશોર હું નથી. હું તારો પતિ નથી. હું લક્ષ્મીદત્ત શેઠનો પુત્ર નથી. મારા પિતા તો બીજા છે. આ શબ્દો સાંભળતા શુભમતિ સ્તબ્ધ બની ગઈ. તેણીએ આશ્ચર્યથી પૂછયું--આપ કોણ છો? હું તો ભાડે પરણવા આવ્યો છું. પરણવાનું તો કોઈ દિવસ ભાડે સાંભળ્યું નથી. વાસણ–ગાદલા બધું ભાડે હોય પણ પરણવા કોઈ ભાડે આવ્યું હોય એવું હજુ સુધી સાંભળ્યું નથી. હું તો વસંતપુર નગરના સાગરદત્ત શેઠનો પુત્ર છું, પણ મારી આંખમાંથી આંસુ પડતાં, આંસુના મોતી બનતાં લક્ષ્મીદત્ત શેઠે જોયા. આ આંસુના મોતીએ જ મને ભયંકર દુઃખમાં નાંખ્યો છે. હે સતી! જીવનમાં રડવું એ મારા માટે દુઃખનું કારણ છે. એ જ મને આપત્તિમાં નાંખનાર બન્યું છે. માતા, પિતા, ભાઈ તથા જન્મભૂમિનો વિયોગ વેઠયો. ભાઈના માટે ચંદનના લાકડા લેવા આવ્યો હતો, હું રડતો હતો, અને શેઠે આંસુમાંથી મોતી બનતા જોયા. શેઠ લોભમાં પડયા. મોતી માટે મને બંદીવાન બનાવ્યો.

તારી જેની સાથે સગાઈ કરી છે એ તો રકતકોઢીયો છે. એને બહાર કાઢે તો કયાંય સુધી એની દુર્ગંધ ઉડે છે. તેનું નામ કિશોર છે ને મારું નામ ગુણચંદ્ર છે. આ શેઠ ભોંયરામાં પૂરીને મને રોજ ચાબૂકના માર મારે. આ માર મારવાનું કારણ મને રડાવીને આંસુમાંથી મોતી મેળવવાનું હતું. એ ભોંયરું એટલે અંધારી કોટડી. સૂર્યનું કિરણ પણ જોવા ન મળે. રોજ માર ખાવાના પણ પુરું ખાવાનું પણ મળે નહિ. આ રીતે કેટલાય વર્ષોથી હું મહાન દુઃખો ભોગવી રહ્યો છું. સમય જતાં તારી સગાઈનું કહેણ આવ્યું. શેઠનો દીકરો રકતકોઢિયો છે, એ વાત જાહેર કરી નહિ ને બધી માયાવી

બનાવટ ઉભી કરીને કહ્યું-મારો દીકરો તો મોસાળમાં ભણે છે, તેથી આવશે નહિ. છોકરાને બતાવ્યો નહિ. હવે સગાઇ તો કરી, પણ લગ્ન કેવી રીતે કરવા? તે માટે તેણે એક યુકિત કરી. આ રીતે બધી વાત શુભમતિને કહે છે. હવે આગળ શી વાત કરશે તે ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૮૯

**આસો વદ ૯ બુધવાર** **તા. ૨૧-૧૦-૮૧**

અનંતજ્ઞાની મહાપુરૂષો ફરમાવે છે કે માનવભવની મહત્તા વિવેકમાં છે. હેત વિનાનું હૈયું નકામું છે તેમ વિવેક વિનાનું માનવજીવન નકામું છે. પશુમાં તથા માનવીમાં ચાર સંજ્ઞા છે, પણ પશુ કરતાં માનવજીવનની મહત્તા વધારે છે, કારણ કે ત્યાં વિવેક છે. વિવેકની સાથે ચિંતન છે, છતાં માનવ ઊંડાણથી વિચાર કરી શકતો નથી, કે ચિંતન કરી શકતો નથી. કારણ કે તે અશાંત છે, અસ્વસ્થ છે. માનવ અણુબોંબ, હાઇડ્રોજન બોંબ બનાવી રહ્યો છે, ચંદ્રલોક પર જવાનું વિચારી રહ્યો છે. તેણે તમારા ભૌતિક સુખ, વૈભવ-વિલાસના અનેક સાધનો બનાવ્યાં છે. આ બધું સુખ મેળવવા છતાં શાંતિ નથી, તો માનવને સુખ-શાંતિ મળે તે માટે હવે શું જોઇએ છે? આજે માનવે જ્યાં ને ત્યાં વિક્રમ સર્જવા માંડ્યા છે. તે વિક્રમ વિનાશ માટે છે કે સર્જન માટે? તે વિચારવાની જરૂર છે. તેના અંગે ચિંતન કરવાનું માનવ ભૂલી ગયો છે અને તેથી તે સારાસારનો વિવેક વિસરી ગયો છે.

આજે નજર કરીશું તો દેખાય છે કે ધાર્મિક અનુષ્ઠાનો વધ્યા છે. માસખમણ, અઠ્ઠાઇ વગેરેની તપશ્ચર્યાઓ ખૂબ થાય છે. આ ખૂબ આનંદની વાત છે, પણ આ બધામાં હૈયું જે રીતે ઓતપ્રોત થવું જોઇએ તે નથી થતું, તેથી ધાર્યું પરિણામ આવી શકતું નથી. આ દ્રવ્ય ક્રિયાઓ જરૂર ભાવને લાવનારી છે પણ આપણું ધ્યેય ફક્ત દ્રવ્ય ક્રિયા પર રહેશે તો ભાવ આવશે નહિ. માસખમણ જેવી મહાન તપશ્ચર્યા કરનારે જિંદગીભર રાત્રિ-ભોજનનો અને અભક્ષ્યનો ત્યાગ કરવો જોઇએ. વીતરાગને સમર્પણ ભાવવાળી થોડી ક્રિયા પણ ફળ આપશે અને સમર્પણ ભાવ વિનાની તાડ જેટલી મોટી ક્રિયા ફળ નહિ આપી શકે. સમુદ્રની અને નદીની સપાટી બહારથી સરખી દેખાય છતાં ઊંડાણમાં ફરક છે, તે પ્રમાણે કોઇ પણ ક્રિયા કે અનુષ્ઠાનમાં બાહ્ય સપાટી ન જોતાં તેનું ઊંડાણ જુઓ, અને તેનાથી કેટલું પરિવર્તન આવ્યું છે તે વિચારો. કર્મનિર્જરા માટે કઈ શુભ પ્રવૃત્તિ કરી છે તે જોવાની જરૂર છે. આ બધા માટે વિવેક ને ચિંતનની જરૂર છે.

જેમના જીવનમાં વિવેક પ્રાપ્ત થયો છે એવા નમિરાજને ઇન્દ્રે કહ્યું-હે ઋષિશ્વર! મિથિલા નગરીને નિર્ભય બનાવીને પછી આપ જજો, ત્યારે નમિરાજ શું કહે છે. હે વિપ્ર! મને ન્યાય ઘણો પ્રિય છે. આ બધા દુષ્ટોને સજા કરી, એમને દૂર કરી હું નિષ્કંટક કરવા ઉત્સુક છું. એ કામ માટે મેં જુદી જુદી અદાલતો સ્થાપી હતી, અને એક સર્વોપરી અદાલત સ્થાપીને મોટા પગારવાળા ન્યાયાધીશની પણ નિમણુંક કરી હતી, પણ મને

લાગ્યું કે ત્રણ ત્રણ નીચી અદાલતો અને મોટી અદાલતમાં રજુ કરાયેલા મુકદ્દમા ઘણી વખત સત્યને સતાવવામાં પરિણમ્યા હતા. ગુના ગુપ્ત રીતે થાય તેને માટે સાક્ષી ક્યાંથી લાવવા ? અને સાક્ષી હોય તો ગુના થાય કેવી રીતે ? વળી સાક્ષી વિના ગુન્હાની સાબિતી પણ શી રીતે થાય ? ત્યારે મને એમ લાગ્યું કે આપણા સર્વ પ્રયત્નો પાણી વલોવવા જેવા છે. ન્યાયની કલા મન–વચન અને કાયાની શુદ્ધિ વિના સંપાદન થઈ શકતી નથી. એમ વિચારીને મેં ત્રિકરણ શુદ્ધિનો આ સંયમમાર્ગ અંગીકાર કર્યો છે. એ માર્ગે જતા હવે મારા વિચાર ફરી ગયા છે. તમે મને કહો છો કે ચોર, લૂંટારાઓ આદિને કબજે કરીને જજો, પણ હે વિપ્ર! મારી વાત સાંભળો.

**असइं तु मणुस्सेहिं, मिच्छादंडो पजुञ्जई ।**
**अकारिणोऽत्थ वज्झन्ति, मुच्चई कारओ जणो ॥ ३० ॥**

મનુષ્યો દ્વારા અનેકવાર મિથ્યાદંડનો પ્રયોગ થાય છે. જેવી રીતે ચોરી ન કરવાવાળા પકડાઈ જાય છે અને ચોરી કરવાવાળા છૂટી જાય છે.

નમિરાજ વિપ્રને કહે છે કે લોકમાં દંડના સંબંધમાં ઘણું વિપરીત થતું જોવામાં આવે છે. અજ્ઞાની જીવોદ્વારા મિથ્યાદંડનો પ્રયોગ વધુ થાય છે. મોટા ભાગે એવું જોવામાં આવે છે કે જે લોકો નિરપરાધી છે, ચોરી કરી નથી તેમને કડક શિક્ષા આપવામાં આવે છે અને જેમણે અપરાધ કર્યો છે તેઓ છૂટી જાય છે. જ્ઞાતાજી સૂત્રમાં એક ન્યાય આપ્યો છે.

એક મહાન સુખી શ્રીમંત શેઠ હતા. ધનનો તો પાર ન હતો, પણ તેમને એકે સંતાન ન હતું. શેઠે દશ વર્ષની ઉંમરના એક છોકરાને નાનપણથી પોતાને ઘેર નોકર તરીકે રાખ્યો હતો. આજે પણ મોટા ઘરોમાં કંઈકવાર જોવા મળે છે કે નાના છોકરાને નોકર તરીકે રાખે છે. એ શેઠને ઘેર રહે ને કામકાજ કરે, પછી મોટો થતાં શેઠનો એટલો વિશ્વાસપાત્ર બની જાય છે કે શેઠ એને દીકરા સમાન ગણે છે. આ શેઠે છોકરાને નોકર તરીકે રાખ્યો. સમય જતાં તે મોટો થતાં શેઠે તેના લગ્ન કરી આપ્યા ને ઘરબાર બધું વસાવી આપ્યું. શેઠ પોતાનું ભર્યુંભાદર્યું ઘર તે નોકરના વિશ્વાસે મૂકીને જાય. નોકર ખૂબ પ્રમાણિક હતો. ક્યારેક શેઠની પથારી નીચે નોટોના બંડલ પડ્યા રહે તો પણ તે આપી દેતો.

આ નોકર ૩૦ વર્ષનો થયો ત્યારે શેઠને ત્યાં એક દીકરો થયો. ઘણાં વર્ષે શેઠ–શેઠાણીએ દીકરાનું મુખ જોયું એટલે દીકરો બધાને ખૂબ વહાલો હતો. શેઠ પોતાનો દીકરો બીજા કોઈ નોકરના હાથમાં ન આપે. એક આ નોકરના હાથમાં આપે. શેઠે તે નોકરને કહ્યું. હવે તારું કામકાજ બીજા નોકરો કરશે. તું આ બાબાને ખૂબ સાચવજે. સમય જતાં બાબો રા। વર્ષનો થયો. માબાપને ઘણીવાર બહુ હોંશ હોય છે કે મારે એકનો એક દીકરો છે, માટે સારા સારા દાગીના પહેરાવું, તેમ અહીં શેઠાણીએ પોતાના પુત્રને રત્નજડિત હીરાની પોંચી, ચેઈન વગેરે પહેરાવ્યું, પછી નોકરને કહ્યું કે તું આ બાબાને

રમવા લઈ જા. નોકર તો છોકરાને લઇને બગીચામાં ગયો. છોકરાના હાથ પર હીરાની પોંચી અને ગળામાં ચેઈન જોઇને તેની દૃષ્ટિ બગડી. જો હું આ પોંચી અને ચેઈન લઈ લઉં તો ન્યાલ થઈ જવાય, પણ માત્ર દાગીના લઈ લઉં તો શેઠ જાણી જાય, માટે છોકરાને મારી નાંખું ને પછી દાગીના લઈ લઉં. નોકરના મનમાં ધન લેવાની ભાવના થઈ. તેને એટલો વિચાર ન આવ્યો કે શેઠના એકના એક દીકરાને મારી નાંખીશ તો શેઠ શેઠાણીનું શું થશે? ધનનો લોભ જેટલા પાપ ન કરાવે એટલા ઓછા. પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં ભગવાન બોલ્યા છે કે—

"नत्थि एरिसो पासो पडिबंध नत्थि"

જગતમાં આ પરિગ્રહ જેવી જાળ અને પ્રતિબંધ બીજું કોઈ નથી.

**अणाइयं अणवदग्गंदीहमद्धं चाउरंतं संसारकंतारं अणुपरिवट्टंति ।**

**जीवा लोहवस संनिविट्ठ एसा सो परिग्गहस्स फलविवागो ।**

પ્રશ્નવ્યાકરણ સૂત્ર! લોભને વશ થઇને પરિગ્રહ સંચયમાં આસક્ત જીવ આ અનાદિ અનંત ચતુર્ગતિ રૂપ સંસાર–જંગલમાં ઘણા લાંબા સમય સુધી પરિભ્રમણ કરે છે. આ પરિગ્રહના ફળ–વિપાક છે. માયાદિ શલ્ય, દંડ, ગારવ, કષાય, સંજ્ઞા શબ્દાદિ ગુણરૂપ આશ્રવ, અસંવૃત્ત ઇન્દ્રિયો, અને અપ્રશસ્ત લેશ્યાઓ–આ બધું પરિગ્રહ હોવા પર અવશ્ય હોય છે.

**પરિગ્રહે કરાવેલું પાપઃ**—આ નોકર પરિગ્રહની લાલસાથી અઢી વર્ષના ફૂલ જેવા બાળકને મારી નાંખવા તૈયાર થયો. જ્યારે માણસમાં લોભવૃત્તિ જાગે છે ત્યારે પંચેન્દ્રિયની હત્યા કરતા પણ તે પાછો પડતો નથી. પરિગ્રહ ભાઇ-ભાઈના પ્રેમમાં તડ પડાવે છે. આજે વકીલો, કોર્ટ બધું શા કારણે થાય છે? પરિગ્રહના કારણે જ ને? નોકરે નાના બાળકને ગળે ટૂંપો દઇને મારી નાંખ્યો ને પછી કૂવામાં ફેંકી દીધો. શેઠાણીને લગ્ન પછી ૩૦ વર્ષે બાબો આવ્યો હતો, છતાં નોકરે મારી નાંખતા વિચાર ન કર્યો. શેઠના વિશ્વાસુ નોકરે વિશ્વાસઘાતી બનીને આ પાપ કર્યું ને પોતે દાગીના લઇને રવાના થઈ ગયો. બે ત્રણ કલાક થયા છતાં નોકર બાબાને લઇને ન આવ્યો, એટલે શેઠે પોતાના માણસોને બગીચામાં તપાસ કરવા મોકલ્યા. ત્યાં નથી નોકર કે નથી બાબો. શેઠે બધે તપાસ કરાવી પણ ક્યાંય પત્તો ન પડ્યો, એટલે શેઠે માન્યું કે કોઈએ નોકર અને બાળક બંનેને મારી નાંખ્યા હશે.

પછી શેઠને ખબર પડી કે નોકરે જ બાળકનું ખૂન કર્યું છે. આ સાંભળતા તો શેઠ શેઠાણીના આઘાતનું પૂછવું શું? જેમણે લગ્ન પછી ૩૦ વર્ષે દીકરાનું મુખ જોયું હોય તે મા–બાપને કેવો આઘાત લાગે? શેઠ શેઠાણી તો બેભાન થઇ ગયા. છેવટે નોકર પકડાઇ ગયો અને જેલમાં પૂરાયો. આપણે વાત ચાલતી હતી કે ઘણીવાર એવું બને છે કે ગુનેગાર ઘણીવાર છૂટી જાય ને બિનગુનેગાર પકડાઇ જાય. અહીં નોકર તો પકડાઈ ગયો શેઠ તો સાવ નિર્દોષ હતા, પણ ઈર્ષ્યાળુ માણસોએ રાજાને ખોટી ભંભેરણી કરી, તેથી શેઠને જેલમાં પૂર્યા. જેલ તો મળી પણ જેણે પોતાના દીકરાનું ખૂન કર્યું છે

એ નોકરને જ્યાં પૂર્યો છે ત્યાં શેઠ પૂરાયા ને બેડીમાં એક પગ શેઠનો ને એક પગ નોકરનો. શેઠ નોકરને દેખે ને પોતાનો દીકરો યાદ આવે.

**પરાધીનતાના પડછાયા :—** શેઠને જમવા માટે ટીફીન આવ્યું. શેઠ જમવા બેઠા. નોકર કહે મને થોડું ખાવાનું આપો. શેઠ કહે, મેં તને ૨૦–૨૦ વર્ષ દીકરાની જેમ રાખ્યો છતાં તને મારા એકના એક વહાલસોયા દીકરાનું ખૂન કરતાં વિચાર ન આવ્યો ! જા હું તને ખાવાનું નહિ આપું. નોકર કહે ભલે ન આપશો. તેનો બદલો બરાબર લઇશ. શેઠ જમ્યા એટલે પછી સંડાસ જવાનું થાય. આહાર છે ત્યાં નિહાર છે, પણ બંનેના પગ એક બેડીમાં છે. જવાય કેવી રીતે ? નોકરને કહે–ભાઈ ! ચાલને મારી સાથે, હવે ગયા વિના છૂટકો નથી. નોકર કહે ના, હું નહિ આવું. શેઠ ઘણું કરગર્યા પણ નોકર માનતો નથી. છેવટે શેઠે કહ્યું–કાલે મારૂં ટીફીન આવશે તેમાંથી અડધું ખાવાનું તને આપીશ. શેઠે ખાવાનું આપવાનું નક્કી કર્યું ત્યારે નોકર સાથે ગયો.

બીજે દિવસે ટીફીન આવ્યું, તેમાંથી શેઠે નોકરને અડધું જમવાનું આપ્યું. ટીફીન આપવા નોકર આવ્યો હતો. તેણે જઈ ને શેઠાણીને વાત કરી કે આપણા શેઠે આપના દીકરાનું ખૂન કરનાર નોકરને અડધું જમવાનું આપ્યું. આ સાંભળી શેઠાણીને ખૂબ ગુસ્સો આવ્યો. શેઠે આપણા દુશ્મનને ખાવાનું આપ્યું ! શેઠાણી શેઠ પાસે આવ્યા. શેઠે વાત કરી કે મેં નોકરને કયા સંયોગોમાં, કેવી મુશ્કેલીમાં ખાવાનું આપ્યું છે તે તું જો. હું જમું એટલે સંડાસ તો જવું પડે. અમારા બંનેના પગ એક બેડીમાં છે. એ ન આવે તો હું કેવી રીતે જાઉં ? મેં એને હોંશથી જમવાનું નથી આપ્યું. શેઠાણી સમજી ગયા. છેવટે સત્યનો જય થાય તેમ શેઠ નિર્દોષ છૂટી ગયા. શેઠ બીનગુનેગાર હતા, છતાં પકડાઈ ગયા. આ ન્યાય આપીને જ્ઞાની પુરૂષો આપણને શું સમજાવે છે ? આત્મા શેઠ છે અને શરીર એ નોકર છે. જેમ શેઠને નોકરને ખાવાનું આપવું ન હતું પણ એની સહાયની જરૂર હતી તેથી ન છૂટકે આપવું પડયું, પણ તેમાં રાજી ન હતા, તેમ શરીરને સાચવવું પડે છે પણ તે કઈ દૃષ્ટિથી ? એ શરીર આત્મ–સાધનામાં સહાયક બને તે માટે સાચવવાનું, પણ તેના પર રાગ નહિ રાખવાનો. મોક્ષમાં લઈ જવા માટે આ શરીર ઉપયોગી છે, માટે સાચવવું, પણ તેના પ્રત્યે મમત્વ નહિ રાખવાનું.

આપણા અધિકારમાં નમિરાજાએ શરીરને મોક્ષ સાધનામાં સાધન માન્યું. તેમને હવે શરીર પ્રત્યે રાગ નથી કે મોહ નથી. અનંત અનંત દોષોનો ઉચ્છેદ (નાશ) કરવા કટિબદ્ધ બનેલા, જ્ઞાન–દર્શન–ચારિત્રમાં અજબ પુરૂષાર્થ કરનારા, હિંસાદિ પાપોથી વિરક્ત થયેલા, જિન વચન ઉપર અખંડ શ્રદ્ધાને સ્થાપિત કરનારા, ચૌદ રાજલોકના સ્વરૂપને સમજેલા, અઢાર હજાર શીલાંગ રથમાં આરૂઢ થનારા અને શુદ્ધ અધ્યવસાયોથી પવિત્ર મનવાળા એવા નમિરાજર્ષિની વિચારધારા કેવી ઉદાત્ત છે ! એ વિચારધારા એમના મહાવ્રત પાલનની દૃઢતા કરનારી અને વૈરાગ્યને પરિપુષ્ટ કરનારી છે. તેમના એકેક જવાબોનું જો આત્મા મંથન કરે તો વૈરાગ્ય આવ્યા વિના રહે નહિ. તેમના

જીવનમાં નથી રાગનો કોઈ વલવલાટ, નથી રાગની કોઈ અગનઝાળ કે નથી રાગનો કોઈ આલાપ કે વિલાપ, માત્ર છે વૈરાગ્યનો તરવરાટ. વૈરાગ્યની શીતળતા, વૈરાગ્યનું અમૃતપાન. મુનિ જીવનનો પ્રાણ એટલે વૈરાગ્ય. મુનિ એ પ્રાણના જતન કમર કસીને કરે.

ગમે તેવા રાગના કે મોહના પ્રબળ નિમિત્તો એમની સામે આવે પણ વૈરાગી મુનિને એ નિમિત્તોની કોઈ અસર ન થાય. કમળના પાંદડા ઉપર ઝાકળનું બિન્દુ જેમ ન ટકે તેમ મુનિ ઉપર રાગ ન ટકે. કોઈ જડ પદાર્થો એને આકર્ષી ન શકે. સોહામણા અને મધુર શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એના વૈરાગ્યને હચમચાવી ન શકે. વૈરાગ્યના માર્ગ ઉપરથી નીચે ઉતરવાનું નહિ. ઉતરે પણ શા માટે? વૈરાગ્ય માર્ગ ઉપર એ સાધક આત્માને એવી તૃપ્તિ હોય છે, ઈચ્છાઓનો એવો અભાવ હોય છે કે રાગના આગ જેવા માર્ગ ઉપર એ જાય નહિ. એવા નમિ રાજર્ષિની સામે ઈન્દ્ર મહારાજાએ કેવા કેવા દશ્યો ખડા કર્યા! મિથિલા બળતી દેખાડી, રાણીઓનું, પરિવારનું કરૂણ રૂદનનું દશ્ય બતાવ્યું, છતાં આ દઢ વૈરાગી રાજર્ષિ એમાં જરા પણ લોભાયા નહિ પણ તેના જવાબ કેવા આત્મસ્પર્શી આપ્યા કે જે સાંભળતા ઈન્દ્ર પણ આશ્ચર્ય પામી ગયો. નમિરાજે કહ્યું, હું રાજ્યનું, તથા પ્રજાનું સુખ ઈચ્છું છું તેથી ચોર ડાકૂઓનો નાશ કરવા ઈચ્છું છું કે જે ફરીને ઊભા થાય નહિ. તે ચોર ડાકૂ કયા છે તે નમિરાજ ઈન્દ્રને સમજાવશે ને શું કહેશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર–કરૂણ કથની કહેતો કિશોરઃ**– કિશોર પોતાની બધી વાત શુભમતિને કરી રહ્યો છે. હું કિશોર નથી પણ ગુણચંદ્ર છું. કિશોરનું નામ ધરાવી ભાડે પરણવા આવ્યો છું. એક દિવસ રાત્રીએ શેઠ મારી પાસે આવ્યા ને મને બધી વાત કરી. "ભાડૂતી વર" બની લગ્ન પ્રસંગની શોભા રાખી પોતાની આબરૂ–ઈજ્જત જાળવવાનો આદેશ કર્યો. મેં ચોકખી ના પાડી. હું આવા પાપના કામ નહિ કરું. આવા વિશ્વાસ-ઘાતના પાપ કરી હું કયા ભવે છૂટીશ? મને ઘણું કહ્યું છતાં હું માન્યો નહિ, ત્યારે ધોબી કપડા ધોવે એટલો માર માર્યો. અત્યારે એ મોટી મોટી વાતો કરે છે. મોટા દાનવીર દેખાય છે, ધર્મિષ્ઠ દેખાય છે, પણ એ ધર્મી નથી, એ તો મહાપાપી છે. અત્યારે તેમનો સ્વાર્થ સાધવો છે એટલે છૂટા હાથે પૈસા વાપરે છે. બાકી પૂરો મખ્ખી-ચૂસ છે. સાવ દયાહીન છે. એની દૃષ્ટિમાં બીજો કોઈ નહિ ને હું જ આવ્યો. આટલો માર માર્યો છતાં મેં કહ્યું, હું સામી છોકરીનો ભવ નહિ બાળું, એવું કામ હું નહિ કરૂં., ત્યારે છેવટે તેણે જાણ્યું કે આ માનશે નહિ તેથી શું કર્યું?

**મેરે જીવનકો અંત કરને, પાપી શેઠ તૈયાર હુઆ,**
**જીવન જીનેકી તૃષ્ણાસે, ફલકા વિચાર ન કિયા.**

શેઠે છેલ્લો ઉપાય અજમાવ્યો. મારી જીવનલીલાનો અંત કરવા માટે નગ્ન તલ-વાર લઈને મારી પાસે આવ્યો. તલવાર જોઈને મરણના ભયથી હું ધ્રુજી ગયો. હાય! હવે મને મારી નાંખશે! તેથી હું ગભરાઈ ગયો. મારો અડગ નિર્ણય હચમચી ગયો,

કારમા દુઃખોથી હું અકળાઈ ગયો. મને જીવન વહાલું લાગ્યું, તેથી મેં હા પાડી દીધી. શુભમતિ! હું મહાપાપી છું. મારે મરણ વહાલુ કરવું જોઈએ, પણ કોઈની જિંદગી બગાડવી ન જોઈએ. છેવટે શેઠનું વચન માન્યું. ભાડૂતી વરરાજા તરીકે લગ્ન પ્રસંગ દીપાવવો. લગ્ન થયા બાદ ઘેર આવ્યા પછી નવવધૂ પર મારો કોઈ પણ પ્રકારનો હક્ક રહેશે નહિ. એવા કરાર કરાવી મને ભોંયરામાંથી બહાર કાઢયો, છતાં મનમાં પાપ ડંખ્યા કરતું હતું. પરણવા આવવાની મારી જરા પણ ઇચ્છા ન હતી. ભોંયરામાંથી બહાર કાઢ્યા પછી હન્ટરના માર વિનાના મારા બે મહિના ગયા છે.

ભોંયરામાંથી બહાર કાઢ્યા પછી તેમને પોતાનું કાર્ય પાર પાડવું હતું, એટલે બે મહિનાથી મને સારું ખાવાપીવાનું આપે છે. પહેરવા સારા કપડાં આપે છે, નહિ તો મારા માટે અંધારી કોટડી ને હેન્ડલના માર સિવાય બીજું કાંઈ નહોતું. શેઠ મને રોજ માર એટલા માટે મારતા કે હું રડું ને આંસુ પડે તો તેને મોતી મળે ને! આ શેઠે તો એટલા મોતી ભેગા કર્યા છે કે અબજો રૂપિયા તો મોતીના જ મળે. એટલા આ મોતી કિંમતી ને મૂલ્યવાન છે, પણ આ તો એવા કંજુસ છે કે 'ચમડી તૂટે પણ દમડી ન છૂટે' આ તો એમની વાહ વાહ બોલાય માટે પૈસા વાપરે છે. ઉંઘમાં પણ મારાથી આ વાત હજુ ભૂલાતી નથી કે મેં આ શું કર્યું? મને આશા હતી કે લગ્ન આવશે ત્યાં સુધીમાં હું કોઈ ઉપાય શોધી કાઢીશ પણ આપણા કર્મની કઠીનતાથી એ યોગ હજુ સુધી મળ્યો નથી. આજે હું તારી સામે વરરાજા તરીકે આવીને ઉભો છું. હજુ મને મનમાં થાય છે કે હું બહાર કહી દઉં, પણ મનમાં થયું, જો એમ કહી દઉં તો શેઠનો વિશ્વાસઘાત કર્યો કહેવાય.

**હંટરનાં માર કરતાં આ પાપ ભયંકરઃ**– મારા મનમાં એ જ દુઃખ છે કે લક્ષ્મીદત્ત શેઠની કપટલીલાને સાથ આપી તારા જેવી ઉગતી કુસુમની કળીને દુઃખમાં નાંખવા હું નિમિત્ત બન્યો. ઘોર અંધકારવાળા ભોંયરામાં હંટરના મારનું જે દુઃખ થતું હતું, તેનાથી વધુ દુઃખ તારા જીવનને ધૂળધાણી કરવા ઉઠયો છું તેનું થાય છે. એથી જ હું રડું છું. આવા પ્રકારનો અગ્નિ દિલમાં જલતો હોય ત્યાં હાસ્ય કયાંથી હોય? લગ્નનો ઉમંગ કયાંથી હોય? તારા ભાવિ જીવનનો વિચાર આવતાં મારા દિલમાં ધ્રુજારી ઉઠે છે. અહીંથી પરણીને ગયા પછી તો પાછું મારા નસીબમાં ભોંયરું અને માર સર્જાયેલા છે. મારું હતભાગી હૈયું આ અકૃત્ય કરવા તૈયાર થયું છે. તને છેતરવા સાહસિક બન્યું. સુખની આશાના તંતુઓ પર કાતર ફેરવવા ઉત્સુક થયું. શું કહું મારા અધમ કૃત્યોની કહાણી! શુભમતિ! તને શું કહું! આ લગ્ન પ્રસંગમાં પંચની સાક્ષીએ હું તને પરણીશ ત્યાં સુધી તારો, પછી તારો પતિ લક્ષ્મીદત્ત શેઠનો દીકરો થશે. આ કેવી રીતે? પંચની સાક્ષીએ લગ્ન કર્યા તે મારો પતિ નહિ ને બીજો! આ વાત તો સતીઓ માટે કલંક રૂપ કહેવાય. સતીઓના સતીત્વનું મૂલ્યાંકન અગ્નિની એરણ પર મૃત્યુના મુખમાં થાય છે. તે હસતા મુખે મૃત્યુને ભેટે, પણ બીજાને પોતાના દેહ અને દિલ કદી

અર્પણ કરતી નથી. દિલના દાન એકને હોય. સર્વને નહિ. આપ આવી અસંગત વાત કેમ બોલો છો? આ વાત સાંભળતા મારા દિલમાં આઘાત લાગે છે, આવી વાત કહીને મને શા માટે દુઃખી કરો છો!

સતી! દુનિયાના પ્રાંગણમાં જ્યારે અસંગત વાત પણ સાચી હકીકત રૂપે હોય છે ત્યારે આવો કોયડો ઉભો થાય છે. હું તને સત્ય કહું છું. આ વાત ખૂબ ગંભીર છે. મારી નબળાઈને કારણે, ભૂલના કારણે આ બધું બની રહ્યું છે. આ ભૂલ મારી છે. કિશોરે તો આ બધી વાત કરી દીધી. હવે કન્યાને વિચાર કરવાનો રહ્યો કે મારે શું કરવું? શુભમતિ તો કિશોરના મુખેથી બધી વાત સાંભળીને આશ્ચર્ય પામી ગઈ. દુનિયામાં સ્વાર્થી માણસો કયાં જઈને અટકે છે? પૃથ્વીના પટ પર માનવી માનવતાને અપનાવે તો કલ્યાણનું સર્જન કરી શકે છે અને દાનવતાને અપનાવે તો અનેકોના હૈયાની આહ વહોરીને ભયંકર સંહારક બની શકે છે. શુભમતિ ખૂબ ડાહી, ગંભીર અને ચતુર છોકરી છે. તેણે વિચાર કર્યો છે કે છોકરો કેટલો દુઃખી છે ને તે મારા માટે જ. તેણે તો મારી પાસે બધી વાત રજુ કરી દીધી. હવે મારે શક્તિ કેળવવાની રહી. અંતે નિર્ણય કર્યો કે મારા ભાગ્યમાં લખ્યું હશે તે થશે, પણ તોરણે આવેલા વરને વધાવી લેવો. એટલામાં તેણે દૂરથી જાનૈયાઓને આવતા જોયા. જો તેઓ જોઈ જાય તો સારું ન લાગે, માટે હવે અહીંથી મારે જલ્દી જવું જોઈએ. એમ વિચાર કરીને કહે છે.

**અબ મનકી ચિંતા દૂર કરકે, શુભ અવસરકો વધાઓ,**
**સુયોગ મિલતે સભી શુભ હોગા, મેરે વચન પર શ્રદ્ધા રક્ખો**

હે પ્રાણેશ! હે મારા જીવન સાથી! અત્યારે આ મળેલા શુભ અવસરને વધાવી લો. આપ લગ્નમંડપમાં ચોરીમાં પધારજો ને મને પરણજો. આપ હવે મનની મૂંઝવણ દૂર કરો. બધી ચિંતા છોડી દો. સુયોગ મળતાં બધું સારું થશે. આપ મારા પર શ્રદ્ધા રાખો. આપ જ મારા પતિ રહેવાના છો. તમે તમારા દિલની દિવાલમાં કોતરી રાખજો કે, શુભમતિનો પતિ કિશોર નહિ પણ ગુણચંદ્ર છે. લક્ષ્મીદત્ત શેઠનો દીકરો નહિ, પણ સાગરદત્ત શેઠનો દીકરો એ મારો પતિ છે. એમાં બે મત નહિ થાય. સત્તાધારીઓ કોઈના જીવનધન પર સત્તા અજમાવી શકે છે પણ કોઈના પ્રારબ્ધ પર સત્તા અજમાવી શકતા નથી. આપ નિશ્ચિંત રહેજો. મારે મન તો તમે પ્રાણ છો, સર્વસ્વ છો, તમે મારા છો અને જીવનના અંત સુધી મારા રહેશો. હું તમારી છું. મારા પર લક્ષ્મીદત્ત શેઠના દીકરાનો કે કોઈનો અધિકાર નથી. મારા દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી મને કોઇ આંગળી અડાડી શકશે નહિ. જો કુદરત વિપરીત હશે તો મારો દેહ હસતા મુખે મૃત્યુને ભેટશે પણ બીજાના હાથમાં તો નહિ જ જાય, માટે આપ બધી ચિંતા છોડી દો. પરણીને ગયા પછી બધું જોયું જશે. આપ હસતા મુખે લગ્ન કરી લો. હવે જાનૈયાઓનું આગમન જલ્દી થઈ રહ્યું છે. આપની બધી પરિસ્થિતિ મને સમજાઇ ગઈ છે.

**મોતીથી ભાવિની મહેલાત ચણાશે** :–આપ ભાવિની વિચારણા મારા પર છોડી દો. હું હવે જાઉં છું. એમ કહેતી શુભમતિ તો ત્યાંથી ચાલતી થઇ. જતાં જતાં ગુણચંદ્રના આંસુના મોતી બન્યા હતા તે પોટલી બાંધીને લેતી ગઈ. એને ત્યાં કાંઈ સંપત્તિનો તૂટો નથી, એને મોતીનો મોહ ન હતો, પણ આ મોતી ભવિષ્યમાં કામ આવશે, તે જુબાની રૂપ બનશે એમ માનીને લેતી ગઇ. શુભમતિ અને ગુણચંદ્ર વચ્ચે તો કોઇ દિવાલ હતી નહિ. દિવાલ રૂપ બીજા હતા. ગુણચંદ્ર તેને જતી જોઈ રહ્યો અને શુભમતિ પણ તેને જોતી જોતી ચાલી ગઈ. ગુણચંદ્રના મનમાં થયું કે આ બાળા ખૂબ ડાહી, ચકોર અને ગુણીયલ છે. ધન્ય છે એની વિચક્ષણ વૃત્તિને !

**દિલની દિવાલ ખુલતા હળવું બનેલ હૈયું** :–કિશોરે શુભમતિને બધી વાત કહી દીધી તેથી તેનું દિલ હવે નિર્મળ અને હલકું બની ગયું. તેને એમ લાગ્યું કે હવે મારા માથેથી બોજો ઉતરી ગયો. આજ દિન સુધી હૈયામાં ઘૂંટાતા વિષને દૂર કરનાર એણે નાગમણિનું કામ કર્યું. તેના મુખ પર હવે લગ્નનો આનંદ દેખાવા લાગ્યો. હવે બંને પક્ષ તરફથી લગ્નની ધામધૂમ થઈ રહી છે. હવે કન્યાના માથે ચિંતાનો બોજો વધ્યો. ધનદ શેઠના આંગણે તો જાણે ભવ્ય મહોત્સવ મંડાણો છે. તેમણે મંડપની શોભા એટલી મનોહર, આકર્ષક કરી છે કે જેને જોતાં માણસો આશ્ચર્ય પામી જાય. શેઠ શેઠાણીના રોમરોમમાં આનંદ અને ઉલ્લાસ હતા. બધા જે અણમોલી ઘડીની રાહ જોતા હતા તે વૈશાખ સુદ ૧૧ નો દિવસ આવી ગયો. ખૂબ ધામધૂમ મંડાણી છે. શુભમતિને અને તેની સખીઓને પણ આનંદનો પાર નથી. હવે કેવી રીતે લગ્ન થશે ને લગ્ન પછી કેવા વિપત્તિના વાદળા ઉતરી પડશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં.-૯૦

**આસો વદ ૧૧ ને શુક્રવાર** **તા. ૨૩-૧૦-૮૧**

અનંત ઉપકારી સર્વજ્ઞ ભગવાન ફરમાવે છે કે હે આત્માઓ ! મોહ–નિદ્રામાંથી જાગૃત બનો. દ્રવ્ય નિદ્રામાંથી માતા–પિતા, વડીલો જગાડે છે પણ મોહની ઘોર નિદ્રામાંથી ગુરૂદેવો જગાડે છે. તેઓ જાગૃત બન્યા છે ને બીજાને જગાડી રહ્યા છે. આચારંગ સૂત્ર બોલે છે " सुत्ता अमुणी सया मुणिणो जागरंति । " અજ્ઞાની માણસ દ્રવ્ય નિદ્રાથી રહિત હોવા છતાં સૂતેલા છે અને જ્ઞાની આત્મા દ્રવ્યથી સૂતેલા હોવા છતાં જાગૃત છે. ગીતામાં પણ કહ્યું છે કે–

**या निशाया सर्वभूतानां, तस्यां जागर्ति संयमी ।**
**यस्यां जाग्रति भूतानि, सा निशा पश्यतो मुनेः ॥**

સર્વ લોકોને માટે જે રાત છે તેમાં સંયમી–સાધક આત્મા જાગે છે અને જ્યારે બધા પ્રાણી જાગતા રહે છે ત્યારે જ્ઞાનવાન પુરૂષને રાત દેખાય છે, એટલે કે સર્વ પ્રાણીઓની રાત છે તે સંયમીનું પ્રભાત છે. સંસારી જીવો જ્યારે ઉંઘતા હોય છે

ત્યારે સંયમી જાગતા હોય છે. આ અર્થ બાહ્ય દૃષ્ટિથી વિચારશું તો બુદ્ધિમાં બેસતો નથી, કારણ કે અનુભવ એવો છે કે સંસારી જ્યારે સૂતા હોય છે ત્યારે સંયમી પણ સૂતા હોય છે. સંસારીની રાત યોગીનું પ્રભાત હોય અને યોગીનું પ્રભાત સંસારીની રાત હોય, તો તો આ વિશ્વમાં સૂર્યની ગેરહાજરી જોવા ન મળે. હંમેશા પ્રકાશનું સામ્રાજ્ય તપતું રહે ને રાત-દિવસના ભેદ ભૂંસાઈ જાય, પણ આમ બનતું નથી. ઉષા સમયે આવતો અને સંધ્યા સમયે વિદાય લેતો સૂર્ય આપણે રોજ જોઈએ છીએ. સહુ કોઈ રાત્રે આરામથી સૂઈ જાય છે. એમાંથી સંયમીની બાદબાકી કરવાની નથી હોતી. સંયમીનો પણ સૂવાનો સમય આ જ હોય છે. આ સૂત્ર અને સુભાષિત આપણને રાત-પ્રભાતની કોઈ નવી સૃષ્ટિમાં લઈ જાય છે, તેથી એમ લાગે છે કે ચર્મચક્ષુથી નહિ પણ આંતરચક્ષુથી જોઈ શકાય એવી રાત-પ્રભાતની વાત હશે. સૂર્યના ઉદયાસ્તથી સર્જાતા પ્રકાશ-અંધારાને સહુ કોઈ માને છે, પણ આ રાત-દિવસ જુદા છે. **"જાગૃતિ એ દિવસ"** ભલે તે વખતે અમાસનો અંધકાર છવાઈ ગયો હોય અને **"સુષુપ્તિ એ રાત"** ભલે તે વખતે મધ્યાહ્નનો સૂર્ય બરાબર તપતો હોય. સંયમીનો દિવસ એ સંસારીની રાત કઈ રીતે ? એ સમજવું હવે સહેલું થઈ જશે. સંયમી અને સંસારીની વૃત્તિ અને પ્રવૃત્તિઓ તરફ નજર કરીશું તો દીવા જેવી સ્પષ્ટ વાત જણાશે કે જ્યાં જોગી જાગ્રત છે ત્યાં સંસારી સુષુપ્ત છે અને જ્યાં સંસારી જાગૃત છે ત્યાં જોગી સુષુપ્ત છે.

કંચન, કામિની, કાયા, કુટુંબ અને કીર્તિ આ પાંચ કક્કાની કૃપા મેળવવા માટે સંસારી દિવસે તો જાગે છે પણ રાત્રે ય સુખે સૂતા નથી. જ્યારે સંયમી જાણે આ પાંચ કક્કા સાથે આંખની ઓળખાણ ન હોય એ રીતે બેફિકર બનીને ઉંઘતો હોય છે. સંસારની જાગૃતિ એ સુષુપ્તિનું સોહામણું નામ છે. અક્રોધી, અમાની, અમાયી અને અલોભીના અનંત ઐશ્વર્યને પામવા સંયમી દિવસ-રાત જાગૃત હોય છે. સંયમીની જાગૃતિની જોડ જગતભરમાં જડવી મુશ્કેલ છે. સંસારી પાપ અને સ્વાર્થમાં ખૂબ જાગૃત છે, પરમાર્થને એ રાત ગણે છે. સંયમી આત્મા પરમાર્થ અને પુણ્યમાં જાગૃત રહે છે. સંયમીની જાગૃતિ એવી અદ્‌ભૂત છે કે એ અજવાળામાંથી વધુ ને વધુ અજવાળા તરફ આગળ વધતા રહે છે. સંસારીની સુષુપ્તિ તો એવી ગોઝારી છે કે અંધારામાંથી વધુ ને વધુ અંધારામાં અથડાવા લઈ જાય છે.

જાગૃત બનેલા એવા આપણા અધિકારના નાયક નમિ રાજર્ષિને ઇન્દ્રે કહ્યું કે તમે ચોર-ડાકૂઓ, ગુંડાઓ બધાને વશમાં કરીને જાવ, ત્યારે નમિરાજે કહ્યું હે વિપ્ર! તે ચોર-ડાકૂઓ કયા છે તે સાંભળો, **"મિથ્યાત્વાદિ એ ખરા ચોર ડાકૂઓ છે."** મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભયોગ એ ખરા ચોર ડાકૂઓ છે. બહારના ચોર ડાકૂઓ બિચારા આત્માનું કંઈ લૂંટી શકતા નથી. આત્માના ગુણોને લૂંટનારા તો મિથ્યાત્વ આદિ છે, મન-વચન-કાયાના દંડ છે, એટલે કે માનસિક કુવિચારો, અસત્ય વાણી અને કાયિક પાપ પ્રવૃત્તિ છે. એ ગુણ સંપત્તિને લૂંટે છે, ધર્મ-વૈભવને લૂંટે છે.

**રાત્રિ સમયમેં નિર્જન વનમેં, નિઃસહાય જનકો હી ધન,**
**હર લેતે હૈ અહો ચોર ગણ, રહતે હૈ ભયપૂરિત મન.**
**પર યહ દુરિત કષાય ચોર ગણ, હા નિર્ભય હોકર નિશદિન,**
**અશુભ કર્મ શસ્રો કે બલસે, હરતે જ્ઞાન-ચરણ શુભ ધન.**

કોઈ મુસાફર જંગલમાં ચાલ્યો જતો હોય, તેની પાસે મુડી ઘણી હોય, પણ સાથે કોઈ સથવારો ન હોય તો રાત્રીમાં ચોરનો ભય રહે છે ને ઘણી વાર લૂંટાઇ જાય છે, તેવી રીતે મિથ્યાત્વ, કષાય આદિ ચોરો આત્માના જ્ઞાન-દર્શન રૂપી ધનને લૂંટી લે છે. એમાં તો બિચારો આત્મા દરિદ્ર બની જઈ ઘોર દુર્ગતિઓમાં જકડાય છે ને અનંતા દુઃખ પામે છે, માટે હું તો એવા ચોર ડાકૂઓને વશ કરવા ઇચ્છું છું. બહારના ચોર ડાકૂઓની શી કિંમત છે? જે જીવો સમ્યગ્દર્શનાદિ મોક્ષ માર્ગની સાધના કરતા નથી, તે બંધાય છે અને જે સાધના કરે છે તે દ્રવ્ય અને ભાવ, બાહ્ય અને આભ્યંતર સર્વ પ્રકારના ચોર ડાકૂના ભયથી સર્વથા છૂટે છે. આધ્યાત્મિક સામ્રાજ્યની આ દૃષ્ટિ ખૂબ વિચારપૂર્ણ છે. માનવી બહારના લૂંટારાને જુએ છે પણ અંદરના લૂંટારાને જોતો નથી, એટલે એને હાથે કરીને પગભર કરે છે, પોષે છે પછી એ આત્માનું નિકંદન કાઢે એમાં શી નવાઈ!

નમિરાજના જવાબ સાંભળી ઈન્દ્રના મનમાં થઇ ગયું કે આ રાજર્ષિની સામે મોહક, કરૂણ દશ્યો ખડા કર્યા, છતાં તે તો જરાપણ ડગતા નથી. એમની સામે મારી જીત મુશ્કેલ છે, છતાં હવે તેમને ભયની વાત સમજાવું કે જેથી તે પાછા પડે. ઇન્દ્રને તો કસોટી કરવી છે, એટલે એક પછી એક પ્રશ્નો પૂછે છે. તે પ્રશ્ન પૂછવાનું છોડતા નથી, કારણ કે એમને તો નમિરાજને હરાવવા છે, પણ ઘણી વાર સંસારમાં એવું જોવા મળે છે કે અજ્ઞાનના કારણે માનવી લીધેલી વાતને છોડતો નથી.

એક શેઠને એક દીકરો હતો. શેઠને કરિયાણાની દુકાન છે. ધંધો ધમધોકાર ચાલે છે. શેઠ બધું રોકડેથી વેચે. એક વાર શેઠને ઘેર બહારગામથી મહેમાનો આવેલા એટલે શેઠને બપોરે ઘેર જવાનું થયું. શેઠ લોભી ઘણા હતા એટલે તેમણે પોતાના દીકરાને બોલાવીને કહ્યું-બેટા! મહેમાન આવ્યા છે તો હું ઘેર જાઉં છું. જો દુકાન બંધ કરીએ તો ઘરાક પાછા ચાલ્યા જાય, માટે તું દુકાને બેસ. હું મહેમાનોને જમાડીને આવું છું. ત્યાં સુધી તું દુકાને બેસજે. જો ઘરાક આવે તો પહેલા કોઈ વસ્તુના ભાવ કહીશ નહિ. પહેલા તેમને જેટલું લેવું હોય તેટલું લેવા દેજે, પછી તેનો હિસાબ કરી બીલ બનાવી પૈસા માંગજે. શેઠ તો ભલામણ કરીને ઘેર ગયા. છોકરામાં થોડું મીઠું ઓછું હતું. છોકરો દુકાને બેઠો છે. તેના મનમાં થાય છે કે કોઇ ઘરાક આવે તો સારું, તો હું બાપુજીના કહ્યા પ્રમાણે કરું. થોડી વારે એક ગધેડો આવ્યો. દુકાનના ઓટલા પર દશ શેર જારનું ભરેલુ છાબડું ( તબડકુ ) હતું. ગધેડાએ આવીને તેમાં મોઢું નાંખ્યું. છોકરો વિચાર કરે છે કે મારા બાપાએ કહ્યું છે કે ઘરાક આવે

તો પહેલા જેટલું જોઇએ તેટલું લેવા દેજે. ગધેડું તો જાર ખાવા લાગ્યું, પણ મૂર્ખાને ખબર નથી કે ગધેડું તે કંઇ ઘરાક કહેવાય? (હસાહસ) તેણે તો નિરાંતે ગધેડાને જાર ખાવા દીધી. ગધેડાને તો મઝા પડી. તેને થયું કે કોઇ દિવસ નિરાંતે આવું ખાવા મળ્યું નથી. લાકડીના ડંડા પડતા નથી ને ટેસ્ટથી ખાવા મળ્યું છે. તે તો પાંચ શેર જાર ખાઇ ગયો. તેનું પેટ ભરાઈ ગયું, એટલે બાકીની જાર પડી રહી ને એ તો ચાલતું થયું.

પેલો છોકરો કહે, એય ઉભો રહે. જો તારો હિસાબ આ છે. તારું બીલ લેતો જા ને પૈસા આપતો જા. છાબડામાં પાંચ કિલો જાર હતી. તેના રૂ. ૧૫ થાય, તો ૧૫ રૂપિયા આપતો જા. છોકરો તો બૂમો માર્યા કરે. એય! મારી જારના પૈસા આપતો જા. (હસાહસ) આ તે કંઇ માણસ હતો કે બૂમો સાંભળીને ઉભો રહે. છોકરો તો ગધેડાની પાછળ દોડવા લાગ્યો. આગળ ગધેડો ને પાછળ છોકરો. દોડતા દોડતા ગધેડાને પકડયું. તેને કહે છે હું આટલી બૂમો પાડું છું તો સાંભળતો નથી? તેં જાર ખાધી છે તેનું બીલ આટલું છે તો પૈસા આપતો જા. ગધેડો બીલ લેવાનો હતો ને પૈસા આપવાનો હતો? તેણે તો ગધેડાનું પૂંછડું પકડયું. ઠીક, હવે હાથમાં આવ્યો છે. પૈસા આપ તો છોડીશ. ગધેડાએ તો છોકરાને લાતો મારી. છોકરાને પેટમાં વાગ્યું, છતાં પૂંછડું છોડતો નથી. રસ્તે જનારા લોકો હસવા લાગ્યા કે આ શું કરે છે? ત્યાં તો રસ્તામાં જમીને આવતા પિતા સામે મળ્યા. અરે, દીકરા! આ તું શું કરે છે! પૂંછડું છોડી દે, નહિ તો તને મારશે. પિતાજી! છ સાત લાતો તો ખાધી પણ આ બીલ લેતો નથી ને પૈસા આપતો નથી! બીલ શું ને પૈસા શું! તે આપણી દુકાનેથી પાંચ શેર જાર ખાઈ ગયો છે તેના પૈસા આપતો નથી. તેને કેવી રીતે છોડું! અરે મૂર્ખા! આ ગધેડો કાંઈ તને પૈસા આપવાનો છે? તું છોડી દે. બાપે પૂંછડું છોડાવ્યું. આ વાતનો સાર એ છે કે આ છોકરાની જેમ ઘણાં માણસો જે વાત પકડી તે મૂકે નહિ.

અહીં ઇન્દ્ર તો પરીક્ષા કરવા આવ્યા છે, તેથી પ્રશ્ન પૂછતા થાકતા નથી. ઇન્દ્ર પ્રશ્ન કરે ને તેની સામે રાજર્ષિ એવા સુંદર જવાબ આપે છે, છતાં મનમાં થાય છે કે હજુ બીજા પ્રશ્નો પૂછું ને તે કદાચ વૈરાગ્યથી ચલિત થાય, પણ નમિરાજની તો જ્ઞાન-દૃષ્ટિ ખુલી ગઇ છે. ઇન્દ્ર એક પછી એકેક પ્રશ્ન કરતાં શું પ્રશ્ન કરે છે?

**जे केइ पत्थिवा तुज्झं, नानमन्ति नराहिवा ।**
**वसे ते ठावइत्ताणं, तओ गच्छसि खत्तिया ॥३२॥**

હે ક્ષત્રિય! જે કોઇ રાજાઓ આપને નમતા નથી તેમને વશમાં કરીને આપ દીક્ષા લેજો.

ઇન્દ્ર શું કહે છે, હે ક્ષત્રિય! હે મિથિલાનરેશ! આ મિથિલા અને સુદર્શનનગર પર આપનું સામ્રાજ્ય ચાલે છે. કેટલાક ખંડિયા રાજાઓ આપની ધૂંસરીમાંથી છૂટવા

તૈયાર થઈને રહ્યા છે. આપની ચુપકી જો વધારે લંબાશે તો તેઓ બધા ભેગા થઈને આપના રાજ્યને ગબડાવી પાડવામાં ફાવી જશે. એ વાત આપના લક્ષ બહાર જણાય છે. જે રાજાઓ આપની આજ્ઞામાં નથી રહેતા, જે તમારા તાબામાં નથી એવા રાજાઓને તમારી શક્તિથી, શૌર્યથી, બળ-પરાક્રમથી જો વશ નહિ કરો તો તમને પોતાને ભય રહેશે. તમારી કીર્તિ નહિ વધે, માટે એમની સાથે સંગ્રામ ખેલી એમના પર વિજય મેળવીને જાઓ કે જેથી એ રાજાઓ માથું ઊંચું ન કરી શકે અને તમારા દીકરાને સતાવે નહિ કે રાજ્ય પડાવી લે નહિ. આ રીતે કરવાથી તમારી કીર્તિ વધશે અને કોઈ એમ નહિ કહે કે જીતવાની શક્તિ નહોતી એટલે સાધુ થયા.

નમિરાજે કહ્યું, હે વિપ્ર ! આપ જે કહો છો તે બધી વાત મારા ધ્યાનમાં છે પણ આપને ખ્યાલ નથી કે રાજેશ્રી એ નરકેશ્રી. રાજાઓ જર, જમીન અને જોરૂ પ્રત્યેની પોતાની તૃષ્ણા છીપાવવા માટે હજારો, લાખો મનુષ્યોનો સંહાર કરે, કરાવે તે શું વીર કહેવાય ? વળી યુદ્ધમાં રાજા પોતે તો એક નાટકના પ્રેક્ષકની માફક દૂર રહીને જોયા કરે છે. એને પોતાને શૂરાતન ઓછું બતાવવાનું હોય છે. ખરો વીર, ખરો યોદ્ધો તો તે છે કે જે પોતાના આત્માને જીતે છે. આત્માને જીતનારે પોતાનું બળ ફોરવવું પડે છે. તેમાં મિત્રો, વડીલો, સૈનિકો કે નોકરો કોઇ મદદગાર થઈ શકતા નથી. તું કહે છે તેમ હું યુદ્ધ કરવા તો ઈચ્છું છું. શત્રુઓને જીતવા માટે તો નીકળ્યો છું. તે શત્રુઓ કયા છે ?

આ પ્રશ્નથી ઈન્દ્રે નમિરાજર્ષિના આત્માની પરીક્ષા કરવાનો પ્રયત્ન કર્યો છે, અર્થાત્ તેમનામાં દ્વેષ અને માનની માત્રા છે કે નહિ ? અથવા છે તો કેટલા પ્રમાણમાં છે, એની પરીક્ષા કરવા માટે તેમણે આ પ્રશ્ન કર્યો છે, કારણ કે જે માનવીના દિલમાં દ્વેષની અગ્નિ સળગી રહી હોય તેની સામે કોઈ શત્રુની પ્રશંસા કરવામાં આવે તો તેની દ્વેષની જ્વાળા એકદમ ભભૂકી ઉઠે છે, અને તેની અંદર રહેલું માન તે જ્વાળાને વધુ પ્રદિપ્ત કરવાને માટે પવનનું કામ કરે છે. એટલા માટે ઈન્દ્ર નમિરાજને કહે છે કે હે મિથિલાનરેશ ! જે રાજાઓ આપને નમતા નથી, આપની આજ્ઞામાં રહેતા નથી તેમને તમારા શૌર્યથી, પરાક્રમથી, વીર્યથી તમારા વશમાં કરો, તમારી આજ્ઞા નીચે લાવો, પછી આપ દીક્ષા લેજો. જેથી આપના ગયા બાદ કોઈ આપના રાજ્યને છિન્નભિન્ન કરીને તમારા પુત્રનું રાજ્ય લઈ શકે નહિ. તે રાજાઓને પરાજિત કરી તમારી આણ વર્તાવી દો, પછી કોઈ પ્રકારનો ભય ન રહે. પરીક્ષા કરનાર વીર છે, જવાબ દેનાર વીર છે. નમિરાજર્ષિ ઈન્દ્રના આ પ્રશ્નના જવાબમાં શું કહે છે ?

**जो सहस्सं सहस्साणं, संगामे दुज्जए जिए ।**
**एगं जिणेज्ज अप्पाणं, एस से परमो जओ ॥३४॥**

દુર્જય સંગ્રામમાં દશ લાખ સુભટોને જીતવાવાળાની અપેક્ષાએ એક આત્માને જીતનાર વધુ બળવાન છે તથા તેમનો આ વિજય સર્વોત્કૃષ્ટ વિજય છે.

નમિરાજ કહે છે ભલા માણુસ! તને ખરા પરાક્રમની ખબર નથી એટલે આમ બોલે છે. જે માણુસ બહારના યુદ્ધમાં પોતાની એક ભુજાથી દશ લાખ સુભટોને જીતે, જેને બીજી ભુજાનો સહારો પણ લેવો ન પડે એવો શૂરવીર હોય પણ જેણે વિભાવમાં ગયેલા એવા દુષ્ટ આત્માને જીત્યો નથી તે જીતેલો નથી પણ જીતાયેલો છે. સુભટોને જીતવાની અપેક્ષાએ આત્મા પર વિજય પ્રાપ્ત કરવાવાળો અધિક પરાક્રમી અને બળવાન છે, કારણ કે લાખો સુભટોની સાથે યુદ્ધ કરવાવાળા અને તેને પરાજિત કરવાવાળા શૂરવીર પણ આત્મનિગ્રહમાં કષાયો પર વિજય પ્રાપ્ત કરવામાં અસફળ રહે છે. તેનું શારીરિક બળ આત્મનિગ્રહ કરવામાં અસમર્થ બને છે, એટલે કષાયો પર વિજય પ્રાપ્ત કરવાને બદલે તે તેનાથી પરાજિત થઈ જાય છે, માટે વિષય કષાયને જીતવામાં સાચો વિજય છે. એને જીતનાર સાચો સુભટ અને સાચો વિજેતા છે. જો પોતાના આત્માને જીત્યો નથી તો બહારના હજારો, લાખોને જીતવામાં શું વળ્યું? અનાદિ અનંતકાળથી આત્મા પરમાં લોભાઈને, લંપટ બનીને ઉચ્છૃંખલ થઈ ગયો છે અને અનેક પ્રકારના ઈંદ્રિયોના ઉધમાત, વિષય-તૃષ્ણા અને ક્રોધાદિ કષાયો વગેરેના ઉધમાત કરી રહ્યો છે. વિજય તો એનો કરવાનો છે. એની સામે જંગ ખેલીને એને વશ કરી એના એ ઉધમાત મટાડવાના છે અને આત્મા પર વિજય મેળવવાનો છે.

આચારાંગ સૂત્રમાં ભગવાન બોલ્યા છે કે "जे एगं नामे से बहुं नामे, जे बहुं नामे से एगं नामे।" જે એકને નમાવે છે તે અનેકને નમાવે છે, અને જે અનેકને નમાવે છે તે એકને નમાવે છે. આ સૂત્રમાં ભગવાને આત્મ વિજય તથા કષાય વિજયનો ઉપદેશ આપ્યો છે. જેણે એકને જીતી લીધો તેણે સારા સંસારને જીતી લીધો. એનું તાત્પર્ય એ છે કે જેણે આત્મા પર વિજય પ્રાપ્ત કર્યો છે તેણે સારા સંસાર પર વિજયપતાકા ફરકાવી છે. જેણે જેટલો બાહ્ય સંસારને જીત્યો છે તેટલા અંશમાં તેણે આત્મા પર વિજય પ્રાપ્ત કર્યો છે. બાહ્ય સંસારને જીતવો એટલે મમતામય સંયોગોનો ત્યાગ કરવો. આ ત્યાગ આત્મ વિજયનું મહાન સાધન છે.

**આત્મિક અને ભૌતિક સંગ્રામની સરખામણીઃ—** જેવી રીતે સંસારમાં રાજા-મહારાજાઓ વચ્ચે ભૌતિક સંગ્રામ થાય છે તે રીતે આત્માની વૈભાવિક અને સ્વાભાવિક શક્તિઓ વચ્ચે હંમેશા યુદ્ધ થયા કરે છે. ભૌતિક સંગ્રામ હંમેશા થતો નથી. તે તો ક્યારેક થાય છે પણ આ આધ્યાત્મિક સંગ્રામ તો પળે પળે ચાલુ રહે છે. ભૌતિક સંગ્રામ થાય ત્યારે બે પક્ષમાંથી કોઈ એક પક્ષ પરાજય પામે ત્યારે તે યુદ્ધનો અંત આવે છે, તે રીતે આધ્યાત્મિક યુદ્ધમાંપણ જ્યારે સ્વાભાવિક કે વૈભાવિક શક્તિમાંથી કોઇ એકનો પરાજય થાય ત્યારે યુદ્ધની પૂર્ણાહૂતિ થાય છે. જો સ્વાભાવિક શક્તિની હાર થાય અને વૈભવિક શક્તિનો વિજય થાય તો આત્માને નરક નિગોદમાં જવું પડે

છે ને મહાન દુઃખો વેઠવા પડે છે. જો સ્વાભાવિક શક્તિનો વિજય થાય તો મોક્ષનું અનંત અવ્યાબાધ સુખવાળું અખંડ, અવિનાશી રાજ્ય પ્રાપ્ત થાય છે. ભૌતિક સંગ્રામમાં બંને પક્ષ તરફ યોદ્ધાઓ હોય છે, તેમ આત્માના સંગ્રામમાં પણ યોદ્ધાઓ હોય છે. તે યોદ્ધાઓ કયા ? ખબર છે ? આ યુદ્ધમાં એક તરફ ચૈતન્ય રાજા છે. તેમને સમ્યકૃત્વ, દશવિધ યતિ ધર્મ, પંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, રત્નત્રય આદિ સુભટો છે. બીજી બાજુ કામરાજા છે. તેના મિથ્યાત્વ, મોહ, પ્રમાદ, કષાય આદિ સુભટો છે. આ યુદ્ધ આપણી ચર્મચક્ષુથી જોઈ શકાતું નથી. એને જોવા માટે અંતરદૃષ્ટિની જરૂર છે. આત્માર્થી–મોક્ષાર્થી સાધકો આ યુદ્ધને જોઈ શકે છે, અને તેમાં ભાગ લે છે તો તેઓ પોતાના શત્રુઓનો મૂળમાંથી નાશ કરી દે છે.

ભૌતિક સંગ્રામ તો સ્થૂલ છે. સ્થૂલ સંગ્રામમાં જીત મેળવવા સ્થૂલ સાધનો–તલવાર, બાણ, ભાલા વિગેરે સાધનોની સહાયતા લેવી પડે છે. જ્યારે આધ્યાત્મિક સંગ્રામ તો અતિ સૂક્ષ્મ છે. સૂક્ષ્મ સંગ્રામને જીતવા સૂક્ષ્મ સાધનની આવશ્યકતા રહે છે. તે યુદ્ધમાં ક્ષમા–દયા–ત્યાગ–વૈરાગ્ય–સરળતા, નિર્લોભતા આદિ સાધનોની સહાય લેવી પડે છે. આંતરિક શત્રુઓ સૂક્ષ્મ છે, તેથી તેમને જીતવા માટે સૂક્ષ્મ સાધન અને આત્મબળની અપેક્ષા રહે છે, માટે શાસ્ત્રકાર ભગવાન કહે છે કે આત્મ વિજય કરો. ભૌતિક યુદ્ધમાં રાજા વિજય મેળવે તો અમુક રાજ્યનો, ધનનો લાભ થાય છે, પણ જેણે આધ્યાત્મિક વિજય મેળવ્યો તે તો ત્રણે લોકનું રાજ્ય મેળવે છે. એ વિજેતા ત્રણ લોક પર પોતાનું શાસન કરે છે. તેમને રાજા–મહારાજાઓ તો શું, દેવોના અધિપતિ ઈન્દ્ર પણ તેમની સેવા કરવામાં સૌભાગ્ય માને છે. ભૌતિક વિજય તો ક્યારેક પરાજયમાં પરિણત થઈ જાય છે. ઘણીવાર મોટા મોટા સમ્રાટોને પણ હાર ખાવી પડે છે, પણ જેણે એક વાર આધ્યાત્મિક યુદ્ધમાં વિજય મેળવ્યો તેને તો ક્યારે પણ હાર ખાવી પડતી નથી. એ શાશ્વત વિજય છે. ભૌતિક વિજેતા સત્તાના નશામાં ભાન ભૂલી દુનિયાના જીવો પર ત્રાસ વર્તાવે છે જ્યારે આત્મિક વિજેતા તો આધિ–વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી સંતપ્ત બનેલી દુનિયા પર કલ્યાણનું પાણી સીંચે છે. આધ્યાત્મિક વિજય એ પરમ અને ચરમ વિજય છે.

નમિરાજ કહે છે, હે વિપ્ર ! તમે કહો છો કે તમે યુદ્ધ કરીને શત્રુઓને નમાવીને જાવ, પણ હે વિપ્ર ! તમે જે યુદ્ધની વાત કરો છો એ બાહ્ય યુદ્ધ–શાસ્ત્ર શીખવું કાંઈ મુશ્કેલ નથી. જો તમને વિસ્મરણ ન થયું હોય તો એક પુરૂષ માતાના ગર્ભમાં રહ્યો રહ્યો છ કોઠાનું યુદ્ધ શીખ્યો હતો. એ કોણ ? અભિમન્યુ. એ કાંઈ મોટી કે અઘરી વાત નથી, પણ આ આત્મિક યુદ્ધનું શાસ્ત્ર શીખવું ઘણું મુશ્કેલ છે. યોદ્ધાઓ તેમાં પ્રવેશ કરી શકતા નથી. વિદ્વાનો તેમાં ચાંચ ડૂબાવી શકતા નથી, પણ માત્ર આત્મકલ્યાણના જીજ્ઞાસુઓ–પછી તે ગમે તેવા મેલાઘેલા હોય, ડોશકોશ વગરના હોય, ભલેને વ્યાકરણ અને ભાષાના અલંકારોથી અજાણ હોય, પણ તે જિજ્ઞાસુઓ માત્ર શીખી શકે છે.

**રાજર્ષિની** વાત ઇન્દ્રે એક ચિત્તે સાંભળી લીધી, પછી એ આધ્યાત્મિક શાસ્ત્ર શીખવા ઉત્સુક બન્યો પણ ખુલ્લી રીતે માંગણી કરતાં તેમની હિંમત ચાલી નહિ, તેથી એમણે પ્રશ્નો પૂછીને અનુભવ મેળવવાનું નક્કી કર્યું. હવે ઇન્દ્ર પૂછશે કે એવા યુદ્ધ કયા ક્ષેત્રમાં થાય? કોની કોની વચ્ચે થાય? તેના નમિરાજ જવાબ આપશે ને શું બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્રઃ—લગ્નની ધામધૂમઃ**— લગ્નનો દિવસ આવી ગયો. બંને પક્ષમાં ધામધૂમ થઈ રહી છે. વાજીંત્રો ને શરણાઈઓના સૂર સંભળાઈ રહ્યા છે. સૌ લગ્નની ધમાલમાં પડી ગયા છે. શુભમતિની સખીઓ તેની મજાક ઉડાવે છે. સખી! તને કિશોરકુમાર જેવા પતિ મળ્યા છે. નામ તેવા તેમનામાં ગુણ છે. પિયરમાં પણ લક્ષ્મીનો પાર નથી અને સાસરીયે તો અમારા સાંભળવા પ્રમાણે સોનાના હિંડોળા છે. આવા સુખ–વૈભવમાં તું અમને યાદ પણ નહિ કરે. સખી! તું આ શું બોલે છે? વર્ષોની પ્રીત શું હું ક્ષણમાં ભૂલી જઇશ? આપણી પ્રીતમાં કયારે પડદો નથી. જે પડદો રાખીને પ્રીત કરે તે વેરીની રીત છે. તું ગાંડી થઇ છે કે શું? મારા હૈયાના સિંહાસન પર સ્થાન પામેલ સખીપ્રેમને કોઈ પણ ભૂલાવનાર નથી. સમજી? આ રીતે સખીઓ મજાક કરી રહી છે. ચોરીમાં જવાની તૈયારીઓ થવા લાગી. લગ્નજીવનના પ્રયાણમાં કેટલી વિષમતા છે! આજ દિન સુધી માતા પિતાએ પ્રેમ અને સ્નેહનું સિંચન કરી ઉછેરીને મોટી કરી તેને બીજા ઘેર મોકલવાની. એક બાજુ માતાપિતાનો વિયોગ ને બીજી બાજુ પતિનો સંયોગ. એક તરફ હર્ષ ને બીજી તરફ શોક. જનક, જનની અને જન્મભૂમિનો પ્રેમ વિસારી સ્વજન, સ્નેહીઓ અને સખીઓની વિદાય લઈ ને પરાયા ઘરને પોતાનું બનાવવું પડે છે. સાસુને માતા, સસરાને પિતા, દિયરને ભાઇ અને નણંદને બેન માનવાના હોય છે અને સાસુ પણ વહુને દીકરી સમાન માને તો તેમનો સંસાર સ્વર્ગ સમાન બને છે. છોકરીને એક અજાણી વ્યક્તિના હાથમાં પરમ શ્રદ્ધાથી જીવન અર્પણ કરવું પડે છે. આવી દુષ્કરતા હોવા છતાં લગ્ન સમયે છોકરીના દિલમાં કેટલો થનગનાટ હોયછે!

જે લગ્નજીવનમાં માત્ર સંસારની વૃદ્ધિ છે, રાગના બંધન છે, મોહના ઘેન છે, માયાના પાશ છે, વિષયોના પાન છે, આત્માનું પતન છે, તે લગ્નજીવન પોતાને સુખી કઇ રીતે કરી શકે? આ શુભમતિ તો આદર્શ નારી છે. માનવ જીવનને દીપાવવા ઉચ્ચ જીવન જીવનારી છે. પોતે પોતાના ભવિષ્યની વાત જાણતી હતી પણ અત્યારે તે માંડ માંડ બધું ભૂલીને ઉપરથી આનંદ મનાવે છે. તે તો અરમાનોના પ્રવાહમાં તણાતી હતી. લગ્ન જીવન એટલે એકબીજાના સુખદુઃખમાં ઓતપ્રોત બનવાની સાચી દૃષ્ટિ. ધર્મ-આરાધના કે કર્તવ્ય પંથમાં એકબીજાની હુંફ છે, માર્ગદર્શન છે. એ દાંપત્ય જીવન જો વિલાસની ભાવનાથી પોષાય તો જીવન શુષ્ક બને પણ અન્યોન્યના ઉદ્ધારની ચિંતા જાગૃત રહે તો નંદનવન પણ બની જાય.

**પોતાના પોકળને પ્રગટ ન કરવાની ચિંતામાં શેઠ**:—લગ્ન મહોત્સવ ઉજવાઈ

રહ્યો છે. લક્ષ્મીદત્ત શેઠને આનંદનો પાર નથી. કારણ કે તેમના પાસા સવળા પડી રહ્યા છે. બસ, હવે ચાર ફેરા ફરી લે ને જાન ઘેર પહોંચી જાય એટલે બસ. ત્યાં સુધી હજુ જોખમ છે. જાનૈયા આનંદ કિલ્લોલ કરી રહ્યા છે. અમારા શેઠને કુળવધૂ કેવી સરસ મળી! શેઠનું કુળ દીપાવશે. કિશોરકુમાર ચોરીમાં આવ્યા ને શુભ મુહુર્તે શુભમતિ અને કિશોરકુમારના લગ્ન થયા. જમાઈને જોતા ધનદ શેઠ અને શ્રીમતી શેઠાણીના હૈયામાં ઠંડક વળી. કેવી સરસ જોડી છે! કોઈ કહે કે શુભમતિ ભાગ્યશાળી કે તેને આવો પતિ મળ્યો. તો કોઈ કહે કે છોકરો ભાગ્યશાળી કે તેને આવી સુંદર કન્યા મળી. શેઠે દીકરીને કરિયાવર તો એટલો કર્યો છે કે પાછું વાળીને જોયું નથી. એકની એક દીકરી છે. એક જુઓ ને એક ભૂલો એવો સુંદર કરિયાવર કર્યો છે.

ધનદ શેઠે વેવાઈઓને સારી એવી પહેરામણી આપી. શુભમતિને સારી સારી હિત-શિખામણો આપી શ્વસુર ગૃહે વળાવી અને બધાએ નવદંપતિને 'સુખી થાઓ.'ના અંતરથી આશીર્વાદ આપ્યા. લક્ષ્મીદત્ત શેઠના મનમાં તો કોઈ જુદું મંથન ચાલતું હતું. લગ્ન તો થઈ ગયા, પણ હવે જલ્દી ઘેર પહોંચવું છે. હાથમાં આવેલો અવસર તો ઠાઠમાઠથી પૂર્ણ થઈ ગયો પણ હવે? તેથી લક્ષ્મીદત્ત શેઠ ધનદ શેઠને કહે છે શેઠજી! હવે અમને જલ્દી વિદાય આપો. ધનદ શેઠ કહે છે શેઠજી! આપને શી ઉતાવળ છે? મારે તો જાનને બે ત્રણ દિવસ રોકવી છે. જાન બે ત્રણ દિવસ રહે ને લહેર કરે. શેઠજી! અમારે ઉતાવળ કાંઈ નથી, પણ આ મારો એકનો એક દીકરો છે. તેને જોઈને બધા એમ બોલે છે કે વિધાતા નવરી હશે ત્યારે આ છોકરો ઘડયો હશે! લોકો બધા ચૂંટી ખાય છે. ન કરે નારાયણ ને કંઈ બને તો! માટે જલ્દી જવાની ઉતાવળ છે. પેટમાં કપટ છે એટલે બનાવટી વાતો ઉભી કરે છે.

**રડતી આંખે વિદાય :**–શેઠના કહેવાથી ધનદ શેઠે જાનને વિદાય આપી. શેઠને દીકરી એક જ છે. તેને સાસરે વળાવવાનો સમય થયો. તેની માતા તો ચોધારા આંસુએ રડે છે, પિતા રડે છે, સ્વજનો, સખીઓ બધા રડે છે. શુભમતિ પણ માતાને વળગી પડીને ખૂબ રડી. એકદમ કરૂણ વાતાવરણ બની ગયું, પણ અંતે તો વિદાય આપવી પડે ને! દીકરી તો પારકા ઘરની વસ્તી! સખીઓ પણ વિદાય આપતા કહે છે સખી! કિશોરકુમાર મળતાં અમને ભૂલી ન જતી. અમને ક્યારેક ક્યારેક યાદ કરજે. અંતે બધાએ રડતી આંખે વિદાય આપી. જાન ત્યાંથી વિદાય થઈ, અને ભીમપુર પહોંચી.

**માયાજાળ કેવી રીતે રચવી તેનો વિચાર કરતા શેઠ :**–લક્ષ્મીદત્ત શેઠના મનમાં આનંદ છે કે લગ્ન મહોત્સવ કેવો સુંદર ઉજવાઈ ગયો! મેં કેવા લગ્ન કર્યા ને સુંદર કન્યાને મારે ઘેર લાવ્યો. બધાએ ઉત્સાહપૂર્વક ધામધૂમથી જાનને વધાવી અને નવદંપતિને ઘરમાં મંગલ પ્રવેશ કરાવ્યો. તેમને જોવા તો આખું ગામ હિલોળે ચઢયું. આવા પ્રસંગમાં તો બધાને ભેગા થતાં વાર નહિ. અહીં બોલાવવા હોય તો અમારે તમને કહેવું પડે. બધા નવદંપતીને જોઈને પ્રશંસાના પુષ્પો વેરતા, અને ખૂબ વખાણ

કરતા. લગ્ન પત્યા ત્યારથી શેઠને ચિંતા થવા લાગી કે નવવધૂને પરણીને લઈ ગયા પછી શું કરવું ? કિશોર રક્ત કોઢીયો છે. એને સોંપવી કેવી રીતે ? એમ અનેક વિચારો મનમાં ઘેળાયા કરે છે. દિવસ તો પૂરો થઈ ગયો. રાત્રી પડી. ઘરના બધા માણસો લગ્નના કામકાજથી થાકી ગયેલા, તેથી મીઠી નિદ્રામાં પોઢી ગયા. લક્ષ્મીદત્ત શેઠ સૂતા પણ નિદ્રા આવતી નથી. મનમાં એક પ્રશ્ન ગૂંથાયા કરે છે કે કિશોરનું અને શુભમતિનું મિલન કેવી રીતે થાય ? તે ચિંતામાં નિદ્રા દેવીના દર્શન ક્યાંથી થાય ? હવે શું બનશે તે ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૯૧

**આસો વદ ૧૨ ને શનિવાર** **તા. ૨૪-૧૦-૮૧**

સર્વજ્ઞ, સર્વદર્શી ભગવાન ફરમાવે છે કે જગતના દરેક જીવો સુખની આશા રાખે છે. સુખ મેળવવા માટે દોડધામ કરે છે, પણ સાચું અને શાશ્વત સુખ કોને કહેવાય તેનું તેને જ્ઞાન નથી. મુક્તિ એ શાશ્વત સુખોની જનની છે. જ્યાં સુધી આત્મા બંધનમાં છે ત્યાં સુધી સુખની આશા તેને માટે વ્યર્થ છે. સુખ પ્રાપ્તિ માટે બંધનથી મુક્ત થવું પરમ આવશ્યક છે, અને બંધનથી મુક્તિ માટે ધર્મની આરાધના જરૂરી છે. ધર્મની આરાધના માટે સર્વ પ્રથમ આવશ્યકતા સમ્યક્ત્વની છે. સમ્યક્ત્વમાં શુદ્ધ શ્રદ્ધાની ઝલક હોય છે. જે માણસ કોઈ પ્રલોભનોમાં પ્રભાવિત થઈને અથવા ગમે તેવા કપરા પ્રસંગોમાં પણ શ્રદ્ધાનો ત્યાગ કરતો નથી તે માણુસની શ્રદ્ધા અને વિશ્વાસ પ્રશંસનીય છે. ક્રિયાત્મક રૂપમાં તે માણસે ભલે કોઈ વસ્તુનો ત્યાગ ન કર્યો હોય, છોડવા લાયક વસ્તુઓને થોડા પ્રમાણમાં પણ છોડી ન હોય અને આદરવા યોગ્ય વસ્તુઓનો આંશિક માત્ર આદર ન કર્યો હોય પણ તેમની શ્રદ્ધા જો દૃઢ છે તો દેવ અથવા સંસારની કોઈ પણ શક્તિ તેને શ્રદ્ધાથી વિચલિત નથી કરી શકતી, એને સમ્યક્ત્વ કહેવાય છે. એનું બીજું નામ છે સાચી શ્રદ્ધા. જે અવિરતિ સમ્યક્દૃષ્ટિ છે તે વ્રત પચ્ચખાણ કરી શકતા નથી પણ તેમના મનમાં તો સતત એ જ ભાવના હોય છે કે ત્યાગવા યોગ્ય વસ્તુનો ત્યાગ કર્યા વિના અને આદરવા યોગ્યને આદર્યા વિના સુખની પ્રાપ્તિ થવાની નથી. તે દિવસ મારા માટે પરમ કલ્યાણકારી હશે કે જે દિવસે ત્યાગવા લાયકનો ત્યાગ કરીશ અને આદરવા યોગ્યને આદરીશ. શ્રદ્ધાની દૃઢતા અને દૃષ્ટિની નિર્મળતા (સમ્યક્ત્વ) એ પ્રથમ પ્રકારના ધર્મની આરાધના છે.

બીજા પ્રકારમાં સામાન્ય રૂપમાં (થોડા પ્રમાણમાં) છોડવા લાયકને છોડે છે અને આદરવા યોગ્યને ગ્રહણ કરે છે. શ્રાવકે ત્યાગવા યોગ્ય સમુદ્રમાંથી કેવલ બિંદુ જેટલો ત્યાગ કર્યો અને ગ્રહણ કરવા યોગ્યમાંથી તેણે બિન્દુ જેટલું ગ્રહણ કર્યું. આ અલ્પ ગ્રહણ અને અલ્પ ત્યાગના કારણે શ્રાવકને દેશવિરતિ કહે છે. આ ધર્મની આરાધનાનો બીજો પ્રકાર છે. ધર્મની આરાધનાનો ત્રીજો પ્રકાર છે સર્વવિરતિ. આ ધર્મમાં ત્યાગવા

યોગ્ય બધાનો ત્યાગ કરે છે ને આદરવા યોગ્ય બધાને આદરે છે. એટલું કર્યા પછી પણ સાધકને પ્રમાદના કારણથી, અસાવધાનીના કારણથી, અને મન-વચન અને કાયાના યોગોની ચંચળતાને કારણે થોડો ઘણો દોષ લાગી જાય છે. અપ્રમત્ત અવસ્થા તો થોડા સમયને માટે આવે છે. તેની સ્થિતિ અંતર્મુહુર્તની હોય છે. જ્યારે પ્રમાદ અવસ્થા લાંબા કાળ સુધી રહે છે. ધર્મની આરાધનાનો આ ત્રીજો પ્રકાર છે.

જેમણે સર્વવિરતિ ધર્મની આરાધના કરી છે એવા આપણા નમિ રાજર્ષિ તેમની શ્રદ્ધા કેટલી દૃઢ છે! તેમની પરીક્ષા કરવા દેવલોકના સિંહાસન છોડી ખુદ ઈન્દ્ર પોતે વિપ્રના રૂપમાં આવ્યા છે ને કેવા કેવા પ્રશ્નો કરે છે, છતાં નમિરાજ તેમની સામે નીડરતાપૂર્વક જવાબ આપે છે. તેમના એકેક જવાબો પરથી જણાઇ આવે છે કે તેમની શ્રદ્ધા કેટલી દૃઢ છે! ઇન્દ્રે કહ્યું કે આપ આપના દુશ્મન રાજાઓને વશ કરીને પછી દીક્ષા લેજો, ત્યારે નમિરાજે કહ્યું કે શૂરવીર, મહાપરાક્રમી ક્ષત્રિય પુરૂષ પોતાની એક ભુજાથી દશ લાખ યોદ્ધાઓને જીતતો હોય પણ જો તેણે આત્માને જીત્યો નથી તો તે જીતેલો નથી પણ જીતાયેલો છે. આ સાંભળીને ઇન્દ્રના મનમાં થયું કે આ તો કોઈ જુદા યુદ્ધની વાત કરતા લાગે છે, એટલે તેણે પૂછયું-વીર! એવા યુદ્ધ કયા ક્ષેત્રમાં થતા હશે? ત્યારે નમિરાજ કહે છે,

**अप्पाण मेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ।**
**अप्पाणमेवमप्पाणं, जइत्ता सुहमेहए ॥ ३५ ॥**

તું આત્મા સાથે યુદ્ધ કર. તારે બહારના યુદ્ધનું શું કામ છે? કારણ કે આત્માને આત્માથી જીતીને સુખ મેળવી શકાય છે.

નમિરાજ કહે છે હે વિપ્ર! તું આત્મા સાથે યુદ્ધ કર. બહારના યુદ્ધથી તારું કોઈ પણ પ્રયોજન સિદ્ધ થવાનું નથી. અર્થાત્ બહારના શત્રુઓ સાથે લડીને શું મળવાનું છે? એમાં તો ક્ષણિક કીર્તિ અને ક્ષણિક સંપત્તિ મળ્યા, પણ ફરીથી દુશ્મન ઉભા નહિ થાય એની શી ખાત્રી? એ ભોગવવા શરીર સારું રહેશે કે કેમ? એનો શો ભરોસો? શરીર સારું રહેશે તો છેવટે મૃત્યુ તો નિશ્ચિત છે. મોટા સંગ્રામ જીતનારને પણ મૃત્યુ વખતે કર્મરાજ બકરીની જેમ ઉપાડીને ચાલતો થઇ જાય છે, અને કયાંય નરક તિર્યંચગતિમાં ક્રૂરપણે રીબાતો કરી મૂકે છે. એમાં બાહ્ય સંગ્રામ જીત્યાના શા અરમાન રહ્યા! માટે જ્ઞાનીની આ સોનેરી સલાહ છે કે-

**લડો સૌ આત્મસંગ્રામે, બીજા સંગ્રામ શા કરો,**
**શુદ્ધાત્માથી દુરાત્માને, જીતીને સુખ મેળવો.**

નમિરાજની વાત સાંભળીને ઇન્દ્ર પૂછે છે હે વીર! એવા યુદ્ધ કયા ક્ષેત્રમાં થતા હશે? નમિરાજે કહ્યુંઃ આત્મક્ષેત્રમાં. તે યુદ્ધ કોની કોની વચ્ચે થતા હશે? શુદ્ધાત્મા અને દુરાત્મા વચ્ચે. તેમાં કોણ જીતતું હશે? શુદ્ધાત્મા. તેમાં જીતનારને શું મળતું હશે? આત્મભાવ. દરેક જવાબમાં આત્મા-આત્મા અને આત્માનું નામ સાંભળવાથી

ઇન્દ્ર ગભરાયો. તે કાંઈ સમજી શકયો નહિ, પણ આત્મજ્ઞાનના પારગામી નમિરાજે તેને મૂંઝવણમાંથી મુક્ત કર્યો. નમિરાજ કહે છે કે હે વિપ્ર! એ આત્મિક યુદ્ધશાસ્ત્રમાં ત્રણ પ્રકારના આત્મા કહ્યા છે. બહિરાત્મા, અંતરાત્મા અને શુદ્ધાત્મા અથવા પરમાત્મા. **બહિરાત્મા એટલે મોહ રાગ, સ્નેહ રાગ અને દૃષ્ટિરાગ. એ ત્રણ પ્રકારના રાગ અને દ્વેષથી પર પુદ્‌ગલોને મારા તારા માનવાનો સ્વભાવ. અંતરાત્મા એટલે રાગ-દ્વેષની પરિણતિ અટકાવી એકત્વ ભાવમાં પ્રવર્તનારો સ્વભાવ અને શુદ્ધાત્મા એટલે શરીર અને કર્માદિની ગેરહાજરીના કારણે દ્રવ્ય અને ભાવ કર્મથી રહિત પરમ શુદ્ધ, નિર્વિકલ્પ, આનંદમય અને અનંત જ્ઞાન-દર્શન સુખ તથા વીર્યરૂપ લક્ષ્મી સહિત જે સ્થિતિ તે શુદ્ધાત્મા.**

બહિરાત્માનું હથિયાર મન છે. તેને ક્રોધ-માન-માયા-લોભ એ ચાર ધારો છે, શુદ્ધાત્માની પ્રાપ્તિમાં અંતરાત્મા એ ચાર ધારવાળા હથિયાર સહિત આડા આવતા બહિરાત્માને હરાવવા યુદ્ધ કરે છે. એ યુદ્ધ ઘણું જોખમભર્યું છે. ઇન્દ્ર કહે-કેવી રીતે જોખમભર્યું છે? ઘણી વખતે હાથમાં આવેલો વિજય હારમાં પલટાઈ જાય છે. ઘણીવાર શત્રુનો છૂપો હુમલો સહન કરવો પડે છે, ઘણીવાર દુશ્મનની છાવણીની ચર્યા ગુપચુપ જોઈને તેને હઠાવવાના ઇલાજ શોધવા પડે છે. ઇન્દ્ર કહે નમિરાજ! આ રૂપકમાં હું કાંઈ સમજી શકતો નથી. નમિરાજ કહે, તમને ન સમજાતું હોય તો હું સમજાવવા તૈયાર છું, હે વિપ્ર! આપે જોયુંને આ શાસ્ત્ર કેવું મુશ્કેલ છે? જે શાસ્ત્ર શીખવું મુશ્કેલ છે તે અમલમાં મૂકવું કેટલું મુશ્કેલ હોવું જોઈએ! ખરેખર આ યુદ્ધ દૈવી હોવું જોઈએ. હવે આપ મારી વાત સાંભળો. મેં આપને કહ્યું કે ઘણી વખત હાથમાં આવેલી જીત ખોવાઈ જાય છે. તેનો અર્થ એ છે કે આત્મા કર્મશત્રુ સામે લડવાને સજ્જ થાય અર્થાત્ મુનિપણું અંગીકાર કરે તે અડધી જીત મળ્યા બરાબર ગણાય, કારણ કે એક કહેવત છે કે "**પહેલો ઘા તે અડધી જીત.**" સંસારના સમસ્ત સુખો અને સંબંધોને તજવા એ કાંઈ નાની સૂની વાત નથી, માટે એ એક અડધી જીત કહેવાય, પણ જો સંયમ લીધા પછી પોતાના મૂળ ધ્યેયને ભૂલી જાય, સંસારી સંબંધમાં ફસાય, ગુપ્ત રીતે નાણાં રાખે, સ્ત્રીઓનો પરિચય કરે, જ્ઞાન ન હોય છતાં જ્ઞાનીનો ડોળ કરે, વૈરાગ્ય ન હોય છતાં મહાવૈરાગીનો ફાંકો રાખે, સ્વાધ્યાય ભૂલીને ચાર કથામાં સમય વીતાવે તો એવા સાધક માટે એમ કહેવાય કે તેમણે હાથમાં આવેલી જીત ખોઈ, એટલું જ નહિ પણ જેમ વહેપારી નફા માટે વહેપાર કરે, પણ જો ડહાપણથી ન વર્તે તો ઉલટી ખોટ જાય છે, તેમ આ સાધક પણ ઉલ્ટા ખોટમાં પડે છે. ઘણા બિચારા આવા યોદ્ધાઓએ ઘણી વાર સંયમ લીધો પણ આખરે ઘાંચીના બળદની માફક ત્યાં ને ત્યાં રહ્યા.

નમિરાજની વાતો સાંભળીને વિપ્રને વધુ જાણવાની ઇંતેજારી લાગી. તે કહે છે, હે પ્રભો! એવા લોકો માટે શું સુધરવું અશકય છે? શું તેઓ પોતાની ભૂલ ન સુધારી શકે? હે વિપ્ર! એવું નથી. જ્યારે તે સુધરવાનો દૃઢ નિર્ણય કરે ત્યારે સુધરવું શકય

બને છે. એવા ઘણા દાખલા છે. નંદીષેણ મુનિ ગણિકાના ઘેર રહ્યા અને પછી ઠેકાણે આવ્યા છે. આ યુદ્ધની વિશેષતા એ છે કે હારને જીતમાં બદલાઈ જતાં વાર લાગતી નથી. જે પક્ષ હારમાં દેખાય તે ઘડીકમાં જીતી પણ જાય અને દેખાવમાં જીત દેખાતી હોય તે ઘડીમાં હાર પણ પામે. અરે, કંઈક વાર કોઈ મોટા યોદ્ધા માટે આપણને દેખાતું પણ ન હોય કે એ મહાત્માના લલાટમાં નરક લખાયેલી હશે અને નરકમાં જનાર આત્મા દેવલોકના મહાન સુખો ભોગવવા ચાલ્યો જાય. જેમ કે યુગબાહુ. ઈન્દ્ર કહે– આપે ઘણી સુંદર રીતે સમજાવ્યું. હવે આપ એ સમજાવો કે ઘણી વખતે દુશ્મનની છાવણીની ચર્યા ગુપચુપ જોઈને તેમને હઠાવવાના ઈલાજ શોધવા પડે છે એ કેવી રીતે? હે વિપ્ર! સાંભળો, રાગ કયા કારણથી ઉત્પન્ન થાય છે? કેવા સંયોગોમાં વૃદ્ધિ પામે છે? કઈ ભૂમિમાં તેનું બી બળી જાય છે? કયા ક્ષાર નાંખવાથી બી ઉગી શકતું નથી? દ્વેષ શાથી ઉત્પન્ન થાય છે? તે કયા કયા રૂપ ધારણ કરે છે? કયા સમયે તે શાંત થઈ જાય છે? કયા વખતે તે ભભૂકી ઉઠે છે? તેને કેવું ખાતર અનુકૂળ છે? એ સર્વ છૂપી રીતે તપાસવું, એ કામ શું શત્રુની ચર્યા જોવા જેવું નથી? આ વાત સાંભળી ઈન્દ્ર હસી પડયો. મને માફ કરો મહારાજ. તમારી વાત તો દરિયાપારની લાગે છે. મેં તો આવા વિચાર કરનારા સાધુ ઓછા જોયા છે.

નમિરાજના જવાબથી ઈન્દ્રને ખૂબ સંતોષ ને આનંદ થયો. શી તમારી અધ્યાત્મ-ભાવભરી વાતો! શી તમારી સંયમનિષ્ઠા! ખરેખર આપની દલીલો, આપના જવાબો એવા જડબાતોડ છે કે તે વિરુદ્ધ હું કાંઈ બોલી શકતો નથી. હવે તો હું આપના અધ્યાત્મ સંગ્રામની વાત બરાબર સમજ્યો. નમિરાજના વૈરાગ્યભર્યા જવાબો સાંભળીને વૈરાગ્ય આવ્યા વિના રહે નહિ. એવા એમના આત્મસ્પર્શી જવાબ છે. નમિરાજ તો સારો સંસાર છોડીને નીકળી ગયા. સારા રાજવૈભવનો ત્યાગ કર્યો. તમે એટલું ન કરી શકો તો શ્રાવકના બાર વ્રત તો ગ્રહણ કરો. બારે વ્રત અંગીકાર ન કરી શકો તો એક વ્રત તો ગ્રહણ કરો, તો પણ કલ્યાણ થશે. બાર વ્રતમાં નવમું વ્રત સામાયિકનું છે. તમે એક સામાયિક કરો એટલે ચૌદ રાજલોકના જીવોને અભયદાન મળ્યું. સામાયિક વ્રત જીવનમાં સમતાને લાવે ને મમતાને કાપે. ભગવંતોએ આ સામાયિકનો અપાર મહિમા ડગલે ને પગલે ગાયો છે. બે ઘડી માટે દુનિયાના સર્વ જીવોને અભયદાન આપવાની તાકાત ધરાવતા આ સામાયિકના આનંદનું અને લાભનું પૂછવું શું! પન્નવણા સૂત્રના પંદરમા પદમાં ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરસ્વામીને વંદન કરીને પૂછ્યું, હે પ્રભુ! એક મુહૂર્ત શુદ્ધ સમકિત સહિત સામાયિક કરે તો તેને શું લાભ થાય? ત્યારે પ્રભુએ કહ્યું–હે ગૌતમ! ૯૨ ક્રોડ, ૫૯ લાખ, ૨૫ હજાર ૯૨૫ પલ્યોપમ અને એક પલ્યોપમના સાત ભાગ કરીએ તેમાંથી ત્રણ ભાગ ઝાઝેરા શુભ દેવતાનું આયુષ્ય બાંધે. સામાયિકનો કેટલો મહાન લાભ!

મહારાજા શ્રેણિક ભગવાન મહાવીર સ્વામીના પરમ ભક્ત હતા. તેમણે એક વાર

ભગવાનને પૂછ્યું-હે મારા તારણહાર પ્રભુ! હું અહીંથી મરીને ક્યાં જઈશ? ભગવાન કોઈની શરમ ન ધરે. એ તો જે હોય તે સત્ય વાત કહી દે. ભગવાને કહ્યું-શ્રેણિક! તું મરીને નરકમાં જઈશ. પ્રભુ! હું આપનો પરમભક્ત, શું હું મરીને નરકમાં જઈશ? એ સાંભળી હું ધ્રુજી ઉઠયો છું. મારાથી શી રીતે સહન થશે એ નરક ગતિના ત્રાસો! દુઃખો! ભગવાન કૃપા કરીને મને એવો કોઈ ઉપાય બતાવો કે જેથી નરકમાં જવાનું અટકી જાય. જેમ બાળક માતા પાસે રડે તેમ શ્રેણિક રાજા ભગવાન પાસે રડયા. ભગવાન કહે શ્રેણિક! આ કાયદો મારા ઘરનો નથી, પણ કર્મરાજાનો કાયદો છે. જેવા કર્મો કર્યા હોય તે પ્રમાણે ગતિ મળે. ભગવાન જાણે છે કે એના આયુષ્યનો બંધ પડી ગયો છે તે હવે ફરવાનો નથી, છતાં સંતોષ આપવા કહ્યું, હે શ્રેણિક! આ જ રાજગૃહી નગરીમાં રહેતો પુણિયો શ્રાવક જો તને પોતાની એક સામાયિકનું પણ ફળ આપે તો તારે નરકમાં જવાનું અટકી જાય. આ સાંભળી મગધ સમ્રાટ શ્રેણિક રાજા પુણિયાને ત્યાં ગયા. પુણિયા શ્રાવકે પોતાની સ્થિતિ અનુસાર રાજાનો આદર સત્કાર કર્યો, પછી પૂછ્યું-મહારાજા! આપનું આગમન આ ગરીબની ઝુંપડીએ કયા કારણસર થયું? પુણિયા! ભગવાન મહાવીર પ્રભુ કહે છે કે જો પુણિયો એક સામાયિકનું ફળ તને આપે તો તારી નરકગતિ અટકી જાય. તું કહે તેટલી સંપત્તિ આપવા તૈયાર છું. અરે, તું માગે તો આ મગધનું રાજ્ય તને આપી દઉં પણ તારી એક સામાયિકનું ફળ મને આપ. જોજો, હવે પુણિયો શું જવાબ આપે છે?

**શુદ્ધ સામાયિકનું મૂલ્ય** :-હે મહારાજા! આપ મને ખરીદી શકો છો પણ મારી સામાયિકને ખરીદવાની આપની કોઈ તાકાત નથી. હું આપનો પ્રજાજન છું. આપની આજ્ઞા નીચે રહું છું. આપ મારા દેહના માલિક છો, તેથી આપ આજ્ઞા કરીને રાજમહેલમાં લઈ જઈ શકો છો, જેલમાં પૂરી શકો છો અને ફાંસીએ પણ ચઢાવી શકો છો. આપની ઇચ્છા પ્રમાણેના કામ મારી પાસે બળજબરીથી કરાવી શકો છો. તમે દેહના માલિક છો પણ મારા આત્માના માલિક નથી. સામાયિક એ આત્માનો ગુણ છે. એ વેચાતી આપી શકાતી નથી. મારા અંતરમાં ઉછળતા શુભ ભાવોને ખરીદવાની આપની શી શક્તિ છે! હું જ્યારે સામાયિકમાં બેઠો હોઉં છું ત્યારે તમારું રાજ્ય તો શું, ત્રણે જગતની ઋદ્ધિ મને ઘાસના તણખલા જેવી લાગે છે. એ વખતની મારા ચિત્તની પ્રસન્નતાનું, આનંદનું વર્ણન થઈ શકે તેમ નથી. હે મહારાજા! મને તો એમ લાગે છે કે પ્રભુએ નરકગતિ તોડવા માટે તમને 'સામાયિકનું ફળ ખરીદી આવ,' એવું કહીને ખરેખર તો આખા મગધના રાજ્યને ભોગવવાના આનંદ કરતા માત્ર બે ઘડીની સામાયિકનો આનંદ કેટલો બધો હોય છે તે આપને સમજાવવા માટે અહીં મોકલ્યા લાગે છે અને સામાયિક એ કાંઈ સામ્રાજ્યથી ખરીદી શકાય તેવી મામૂલી ચીજ નથી. એ સત્યની પ્રતીતિ કરાવવા માટે પ્રભુએ આપને મોકલ્યા લાગે છે. આપ સામાયિકનું ફળ લેવા આવ્યા છો પણ હું તે આપી શકું તેમ નથી.

પુણિયાની વાત સાંભળી શ્રેણિક રાજા શું બોલે? મગધના સમ્રાટ જેવા સમ્રાટ

શ્રેણિક રાજાને પણ ગરીબ એવા પુણિયા શ્રાવક પાસે જે સામાયિકના ફળની ભીખ માંગવી પડી તે સામાયિકની કિંમત કેટલી હશે? તે સામાયિક આજે આપણી પાસે પણ વિદ્યમાન છે, પણ એની કિંમત સમજાઇ નથી. સાચી સમજપૂર્વકની, સમતા રસથી ભરપૂર સામાયિક કરવામાં આવે તો બેડો પાર થઇ જાય, પછી શા માટે આડાઅવળા ફાંફાં મારવા? રોજ ઓછામાં ઓછી એક સામાયિક તો કરો. સામાયિક એ બે ઘડીનું ચારિત્ર છે, માટે સંપૂર્ણ ચારિત્ર ન લઇ શકો તો આટલું તો કરો.

નમિરાજ તો જાવજીવનું ચારિત્ર લઇને ઘરની બહાર નીકળી ગયા. ચારિત્ર માર્ગથી ડગાવવા ખુદ ઈન્દ્ર આવ્યા પણ કર્મસંગ્રામમાં ઝઝુમવા નીકળેલો સાધક કોઈથી પાછો પડે નહિ. જેણે આત્માની શક્તિ કેળવી છે એવો સાધક તો કર્મસંગ્રામમાં વિજય મેળવીને જંપે. કહેવાય છે કે સવા બે તોલા જેટલું પોલીવોટર નામનું દ્રાવણ સારાય વિશ્વને સમુદ્રમાં ડૂબાડી દેવાની તાકાત ધરાવે છે. જો જડ પરમાણુની આટલી અગાધ શક્તિ હોય તો પછી આત્મામાં તો અનંત બળ છે. ચેતનની પ્રચંડ શક્તિ છે. અનંત બળવાળા તે આત્મામાં અંતર્મુહુર્તમાં અનંત અનંત કર્મોના ભૂક્કા બોલાવી દે તેવી અકલ્પ્ય તાકાત છે. ક્ષપકશ્રેણીના આત્માના ધ્યાન બળની અનુપમ તાકાત છે. આ પરિગ્રહ, પરિવાર વગેરે એક જાતની મોહ રાજાની ભેટ છે. એમ આત્મા સમજે તો આત્માનો કર્મ પર વિજય હાથવેંતમાં છે. મોહ રાજાએ કાયાના અણુએ અણુમાં આત્માના અસંખ્યાત પ્રદેશ પર અને ચૌદ રાજલોકના અણુએ અણુમાં કાતિલ યંત્રો એવા ગોઠવેલા છે તે ત્યારે ભૂક્કો થઇ શકે કે જ્યારે સંસારના ભેજને અંદર પ્રવેશવા ન દે અને પ્રત્યેક સમયે આત્મા જાગૃત બને તો મોહ રાજાપર વિજય મેળવી શકાય છે. આપણે પણ મોહ રાજા પર વિજય મેળવી મોક્ષના સુખ પામીએ એ આશા સહિત વિરમું છું.

**ચરિત્ર : પતિની પતિક્ષા કરતી શુભાઃ—** દંભી, માયાવી અને કપટી લક્ષ્મીદત્ત શેઠે માયા કરીને ગુણચંદ્રને પરણાવ્યો. ગામમાં ઢોલ, નગારા વગાડી જાહેરાત કરી એટલે ગામના લોકો ઝાઝા જોવા આવે. શેઠને શું બતાવવું છે? છોકરો કેવો સારો, શૌર્યવાન અને રૂપાળો છે, પછી જુબાની રહે ને! શેઠે નવદંપતિનો શયનરૂમ ખૂબ શણગાર્યો છે. ઝાકમઝોળ બનાવ્યો છે. સુગંધિત તેલો છાંટીને મ્હેંકતો બનાવ્યો છે. શેઠ તો અબજોપતિ છે એટલે શી ખામી રાખે! શુભમતિએ શયનરૂમમાં પગ મૂકયો. રૂમ જોઈને શુભમતિ વિચારવા લાગી કે શું આ રૂમ છે! કેટલી રિદ્ધિના સ્વામી હશે! શુભમતિ પોતાના શયનરૂમમાં જઈને પોતાના પતિની રાહ જોતી પલંગ પર બેઠી. પોતાનો પતિ ન આવ્યો એટલે મહેલની ચારે બાજુ તપાસ કરી. મનમાં વિચાર કરવા લાગી કે શું તેઓ સંતાઈ ગયા હશે? શું તેઓ મારી પરીક્ષા કરતા હશે? ના ના... તો હજુ સુધી કેમ આવ્યા નહિ હોય! તે આખો મહેલ ફરી વળી. પણ કયાંય પતિની છાયા દેખાઈ નહિ. માતાપિતાના, સગાસ્નેહીઓના સ્નેહ અને પ્રેમને છોડીને છોકરીએ જેને પોતાનું આખું જીવન અર્પણ કર્યું તે પતિ પરણ્યાની પ્રથમ રાત્રે હજૂ સુધી આવ્યા નહિ, તેથી તેનું હૈયું હવે અધીરું બની ગયું.

**અભી તક કયોં ન આયે સ્વામી, અંતર બહુત ગભરાયા,**
**અભી આયેગા, અભી આયેગા, ઈસી તરહ સમય બીતાયા.**

તેનું અંતર અકળાવા લાગ્યું, ગભરાવા લાગ્યું. તેની આતુરતા વધવા લાગી. અંતે પલંગ પર સૂતી. તેના મનમાં વિચાર આવવા લાગ્યા. શું હું પતિને નહિ ગમતી હોઉં ? શું તે બીજાના પ્રેમમાં હશે ! ઘણીવાર વૈરી ન ચિંતવે એવું વહાલા ચિંતવે. પાછો વિચાર આવ્યો. એ તો કદી બને નહિ. મેં આ શા વિચાર કર્યા ? મારા પતિ કોઈ કામમાં હશે. હમણાં આવશે. કાર્ય પૂર્ણ થતાં આ અબળાને (પત્નીને) સંતોષવા ઉરના ઉમળકા સાથે પધારશે. હું અંતરના ઉમળકા સાથે અંતરના વધામણે તેમને વધાવીશ, મારી આતુરતા શમશે, દિલની વિહ્વળતા ઓસરી જશે ને સ્વર્ગીય આનંદનો અનુભવ કરીશ. આશાના સહારે ધૈર્ય મેળવ્યું. છતાં દિલનું એકલપણું એને બાગતું હતું. મનમાં હજારો કલ્પનાઓ ઘડી હતી પણ કલ્પનાનું સ્વપ્ન સાકાર ન બન્યું.

**પતિના બદલે દાસીનું ભેટવું:**—શુભમતિ ખૂબ બુદ્ધિમાન, ડાહી ને ગુણીયલ છોકરી હતી. તે પતિની રાહ જોતી બારણા સામું જોઈ રહી. મનમાં ખૂબ ચિંતા થાય છે, છતાં મનમાં શ્રદ્ધા રાખીને બેઠી છે, એટલામાં બારણું ખખડયું. તેના મનમાં હર્ષ થયો કે નક્કી મારા પતિ આવ્યા હશે. એટલે જલ્દી જલ્દી બારણું ખોલવા ગઈ. જોયું તો સુવ્રતા દાસી હતી. દાસીને જોતાં તે શરમિંદી બની ગઈ. શુભમતિને બેઠેલી જોઈને દાસીએ પૂછયું, સ્વામિની ! હજુ સુધી તમે સૂઈ ગયા નથી ! અડધી રાત થઈ ગઈ છે. હવે આપ નિરાંતે પોઢી જાઓ. દાસી સુવ્રતા ! શું સૂવું ! શું ઉંઘું ! પહેલી રાત્રે ઉપાધિ આવી પડી. શી ઉપાધિ ! શુભમતિના મુખમાંથી તો અંતે વેદના પૂર્ણ શબ્દો સરી પડયા, પણ... એટલા શબ્દોમાં સુવ્રતા સમજી ગઈ કે શેઠજી હજુ સુધી આવ્યા નથી. તે કારણે તે વ્યથિત બની ગઇ છે, અને નિદ્રાદેવીએ રીસામણા લીધા છે.

**પૂર્વે સાંભળેલી વાત પ્રત્યક્ષ સત્ય બનતી ઘટના:**—સમય પસાર કરવા માટે સુવ્રતાએ શુભમતિ સાથે થોડી અલકમલકની વાતો કરી, પછી થયું કે હમણાં શેઠ આવશે એ જોઈ જાય તો શરમ આવે તેથી તે બારણા બંધ કરી ચાલી ગઈ. સતી તો ઉદાસ થઇ ગઈ છે. ત્યાં બરાબર બારના ટકોરા પડયા. ત્યાં તેને યાદ આવી ગયું કે અહો ! મારા પતિએ મને પરણ્યા પહેલા કહ્યું હતું કે સતી ! હું તારો સાચો વર નથી. હું તો ભાડે પરણવા આવ્યો છું. તને પરણીને ઘેર જઈશ એટલે શેઠ મને બંધનમાં જકડી દેશે અને તારી સામે કોઢીયો પતિ હાજર કરી દેશે. ખરેખર એમ જ બન્યું લાગે છે. ગુણચંદ્રે કરેલો વાતનો ખુલાસો તેની નજર સામે તરવા લાગ્યો, તેનો પરણ્યાનો આનંદ-પ્રસન્નતા બધું ઓસરી જવા લાગ્યું. શું હવે મારા પતિ નહિ આવે ? ખરેખર તેમણે કહ્યું હતું તે પ્રમાણે બન્યું લાગે છે, નહિ તો પરણ્યાની પ્રથમ રાત્રે અત્યાર સુધી આવ્યા વિના રહે ? તેના તો પગ ભાંગી ગયા. તેની આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી. પતિની પ્રતિક્ષા ભરેલી મધુર રાત્રિમાં તેને હવે ભય દેખાવા લાગ્યો.

તે રડવા ને ઝૂરવા લાગી. પલંગમાં બેઠી બેઠી રડે છે. તેમણે મને કહ્યું હતું કે તને દુઃખ પડશે માટે સમજીને લગ્ન કર. છતાં હું માની નહિ.

**શુભમતિ ભાવિ જીવનની દુઃખદ આગાહીમાંઃ**—શુભા પોતાના પતિની પ્રતિક્ષા કરી રહી છે. તેમાં તેને ભયના વાદળાં ઉતરી પડયા હોય તેવું લાગ્યું. તેમાં પોતાના જીવનની સલામતી ન દેખાઈ. હવે જીવનની સલામતી માટે શું કરવું તે વિચારવા લાગી. ભય અને બીજા સલામતીના ઝૂલતા ઝૂલા વચ્ચે તે આવી ઉભી હતી. થોડી રાત્રિ જતાં પવનના ઝપાટાથી દીપક બુઝાવાની તૈયારીમાં હતો. તેના શયનરૂમમાં અંધકાર છવાઇ ગયો. ક્ષણવાર શુભમતિના મનમાં થયું કે મારા જીવનમાં પણ આજે અંધકાર વ્યાપી ગયો છે. ગમે તેમ તોય સતી સ્ત્રી છે. બીજી ક્ષણે મનની નબળાઈને દૂર કરી. આ અંધકાર મારા શીલ પર આક્રમણ ન કરે એ માટે તે સજાગ બની ગઈ. આ પ્રમાણે વિચારો આવવાથી તેના શરીરની શક્તિ જાણે હણાઇ ગઇ. તેના મુખ ઉપરનું નૂર ઉડી ગયું છતાં મુખ પર સતીત્વના તેજ ચમકી રહ્યા હતા. તેનામાં નારીત્વનું ખમીર હતું, શીલનું ગૌરવ હતું કે દેહ છૂટે તો ભલે છૂટે, પ્રાણ જાય તો ભલે જાય, પણ મારું આ શરીર બીજા કોઈને તાબે નહિ થાય તે નહિ જ થાય. શુભમતિ આ પ્રમાણે વિચાર કરે છે ત્યાં કોઇએ બારણું ખોલ્યું. બારણું ખોલવાના અવાજથી તે પલંગ પરથી એકદમ ઉભી થઇ ગઇ. શું મારા પતિ આવ્યા હશે? દીપકના આછા પ્રકાશમાં આવનાર વ્યક્તિનું મુખ બરાબર દેખાતું ન હતું, પણ તેની વિચિત્ર ચાલ દેખાઇ આવી. તેણે જોયું કે તે માણસ ધીમે ધીમે પોતાના તરફ આવી રહ્યો છે. જેમ જેમ એ નજીક આવતો ગયો તેમ તેનું મુખ સ્પષ્ટ દેખાવા લાગ્યું. શુભમતિ સમજી ગઈ કે ભલે પોશાક ગુણચંદ્રનો છે પણ પોશાકમાં રહેલો આત્મા ગુણચંદ્રનો નથી. હવે સતી તેને શું કહેશે તે અવસરે.

---

## વ્યાખ્યાન નં-૯૨

**આસો વદ ૧૩ ને રવીવાર** **તા. ૨૫-૧૦-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! વિશ્વવિજેતા, ત્રૈલોકય પ્રકાશક, અનંત જ્ઞાની મહાપુરૂષો ફરમાવે છે કે, માનવ જીવનમાં જ્યારે ધર્મ, સદ્‌ગુણ અને સદાચાર રોમેરોમમાં વ્યાપી જાય છે, ધર્મનું ખમીર એના લોહીમાં ધબકતું થાય છે, હૈયું એના વિચારોમાં ખોવાઈ જાય છે ત્યારે એ ધર્મ, સદ્‌ગુણોની સાચવણી અને સદાચારની જાળવણીમાં સહાયક બને છે. આત્મવિકાસમાં એને અપૂર્વ ઉલ્લાસ થાય છે. સદ્‌ગુણોના નાશની આગાહીમાં એ આત્માને જેટલી ચિંતા થાય છે એટલી ભૌતિક સંપત્તિની રક્ષામાં કે નાશની આગાહીમાં થતી નથી. જ્યાં અજ્ઞાન છે, ત્યાં ધર્મનું શરણ નથી. ધર્મ વિનાનો માનવ વૃદ્ધ થઈ જાય છતાં તેનું મન તો એવું ને એવું ચંચળ રહે છે. સંસાર સુખના રસીયા લોકો પોતાનું યૌવન વિદાય લઈ રહ્યું હોય છતાંય ખોવાયેલી યુવાનીને શોધવા પાછળ સમય અને શક્તિનો દુરુપયોગ કરતા હોય છે. સુખ અને

સમૃદ્ધિ હોય છતાં ય ધર્મપ્રેમ ન હોય તો એ સુખ–સંપત્તિ તુચ્છ ગણાય છે. બધા સુખો હોય છતાં સંસાર એવો છે કે જ્યાં દુઃખ, વેદના, ચિંતા અને વ્યથા હોય છે. જ્ઞાનીઓએ સંસાર ત્યાગમાં સાચું સુખ કહ્યું છે. સંસારની દોડ સાથે ચાલનારાઓ ખરી રીતે તો પોતાની આશાના શ્વાન બનીને દોડતા હોય છે અને સંસારનો ત્યાગ કરનારા સંતો દોડતા સંસારની સામે છાતી કાઢીને ચાલતા હોય છે. સંસારનું કોઈ પણ આક્રમણ એને સ્પર્શી શકતું નથી. અજ્ઞાની માણુસ અસાર એવા વિષય કષાયમાં લુબ્ધ બને છે ત્યારે જીવન-ધનનો જુગાર ખેલતો હોય છે. ક્ષણિક સુખમાં દીર્ઘકાળના જંગી દુઃખોને નોતરવા માટે પ્રયત્ન કરે છે. ધર્મ ઉપર રૂચિ ન હોય ત્યાં વિશ્વાસ અને ત્યાગ રૂપી બળ સ્થિર થઈ શકતા નથી. ત્યાં ભાવના, આદર્શ અને પ્રેમના કોઇ વાર દર્શન થઇ શકે પણ જીવનમાં પંચશીલની મઝા માણી શકાતી નથી.

ભાવના, આદર્શ અને પ્રેમ એ માનવ જીવનના સૌરભવંતા તત્વો છે. એ તત્ત્વવિહોણું જીવન લોકોની દૃષ્ટિએ સમૃદ્ધ હોય તેમ લાગે, લોકોની દૃષ્ટિએ આકર્ષક બની શકે પણ જીવનની મઝા કલ્પિત સુખોની ગુલાબી મસ્તીમાં કદી નથી મળી શકતી. ધર્મપ્રાણ જ્યારે હૃદયમાં ધબકતો થશે ત્યારે માનવ સાચા અનંત સુખના માર્ગે આગળ વધી શકશે. ધર્મ વિનાની ભૌતિક સામગ્રી આનંદના બદલે શોકના મહાસાગરમાં ડૂબાડી દેશે. જેટલો સમય ધર્મની આરાધનામાં ગયો તે સફળ, બાકીનો બધો સમય નિષ્ફળ જાણવો. ભૌતિક સામગ્રીના ઢગ ખડકાઈ જાય છતાં માનવ પગ વાળીને બેસતો નથી. ભૌતિક સામગ્રીના બોજા નીચે દબાયેલો માનવ પોતાના જીવનને પણ બરબાદ કરી દે છે. ધર્મ જીવને સંસાર સાગરથી તારનાર છે. જે અર્થ અને કામને અનર્થભૂત માને તે ધર્મ અને મોક્ષની આરાધના કરી શકે. ધર્મને મિત્ર બનાવવા માટે અર્થ–કામની મૈત્રી તજવી જોઈએ. મુક્તિ એ જો આરોગ્ય છે તો ધર્મ એનું ઔષધ છે, અને અર્થ-કામ કુપથ્ય છે. જો અર્થ અને કામ કુપથ્ય લાગે તો પછી ખાવું પડે તોય એના પ્રત્યે રાગ ન થાય. મુક્તિ રૂપી રાજધાનીને પમાડનાર ધર્મ છે અને ત્યાં જતા રોકનાર અર્થ અને કામ છે.

આજના દિવસનું નામ છે ધનતેરસ. આજે તમે બધા ધનની પૂજા કરશો, ધનને ધોશો પણ ધનને ધોવાથી ધન નહિ મળે. તમારા દિલના દ્વાર ખુલ્લા કરીને કંઈક ગરીબોના આંસુ લૂછો. ધન વાપરવાથી ધન મળે છે. આ દિવસોમાં સુખી શ્રીમંતોના ઘેર મીઠાઈઓ, દહીંથરા આદિ બનશે, જ્યારે કંઈક ગરીબોના ઘરમાં ઘી તો શું તેલના પણ સાંસા હોય છે. તો આવા દિવસોમાં આવા ગરીબોના આંસુ લૂછી તમારા ધનની સાર્થકતા કરો. આંગણામાં રંગોળી પૂર્યા કરતાં આત્મામાં દાન–શીયળ–તપ–ભાવની રંગોળી પૂરો, તો દિવાળી ઉજવી સાર્થક ગણાશે. આજના દિવસનું ખરું નામ છે ધણુતેરસ. આ નામ પડવા પાછળ કંઈક રહસ્ય સમાયેલું છે, તેથી તેનો મહિમા છે.

**ધનતેરસનો દિવસ શા માટે** :–આજે ધનતેરસનો દિવસ શા માટે મનાવવામાં આવે છે? જ્યારે ભગવાન મહાવીર સ્વામી ઉપર ગોશાલકે તેજુલેશ્યા છોડી ત્યારે

ભગવાનના મુખમાંથી શબ્દો સરી પડ્યા કે હે ગોશાલક ! તારી તેજુલેશ્યા મને બાળી શકશે નહિ. હું આ પૃથ્વી ઉપર હજુ સોળ વર્ષ સુધી ગંધ હસ્તિની જેમ વિચરવાનો છું, પણ આજથી સાતમા દિવસે તારું મૃત્યુ છે. આ શબ્દો ત્યાં જે હાજર હતા તે બધાએ યાદ રાખી લીધા, કારણ કે ભગવાન તો કેવળજ્ઞાની હતા. એમના વચન ક્યારે પણ અસત્ય હોય નહિ. જ્યારે પાવાપુરીમાં ભગવાનનું છેલ્લું ચાતુર્માસ થયું ત્યારે નવ મલ્લી અને નવલચ્છી એ અઢાર દેશના રાજાઓ રાજવૈભવ છોડીને પોતાના પરિવાર સહિત ચૌદશ, અમાસના પૌષધ કરવા પાવાપુરીમાં આવ્યા. આ બધા રાજાઓ કંઈ એકબીજાના સગા કે સ્નેહીઓ ન હતા પણ ભગવાનના ભક્તો હતા. તેમણે એકબીજાને સમાચાર આપીને એ રીતે નક્કી કર્યું કે આપણે બધાએ પાવાપુરીના દરવાજે જઈને ઉભા રહેવું પણ પ્રવેશ તો બધાએ સાથે કરવો. તેમનામાં કેટલું સંગઠન ને ઐક્ય હશે ! પ્રસંગ આવે એક બીજા પ્રાણ દેવા પડે તો દેવા તૈયાર હતા. આજે તો સ્વધર્મીની સેવા ઘટી ગઇ છે ને ધનની સેવા વધી ગઇ છે.

આ અઢારદેશના રાજાઓ એમના પરિવાર સાથે હાથી, ઘોડા બધું લઈને આવે એટલે માણસો તો ઘણાં હોય, અને અવાજ પણ ઘણો થાય. અઢાર દેશના રાજાઓ, પાવાપુરીમાં આવ્યા તે વખતે ગાયોના ધણ (ટોળાં) વગડામાં ચરવા ગયા હતા તે ચરીને તે સમયે પાછા જઈ રહ્યા હતા. ગામમાં આટલા બધા માણસોને આવતા જોઈને ગાયો ડરી ગઈ અને ભાગાભાગ કરવા લાગી, તેથી આ દિવસનું નામ ધણતેરસ પડ્યું છે. પણ તમને બધાને તો ધન બહુ વહાલું છે એટલે ધણ તેરસના દિવસને ધનતેરસ બનાવી દીધો.

આજની તેરસને ધનતેરસ કહેવાય છે. જ્ઞાનીઓ કહે છે કે ખરું ધન તો સંસારનો છેદ કરનાર ધર્મ છે. પૂજા ધર્મની કરો. વીતરાગનો શ્રાવક કોનો પૂજક હોય ? ધર્મનો કે ધનનો ! ધનની સેવા શ્રાવકના ઘરમાં શોભે ? શ્રાવક ધનનો પૂજારી હોય ? ધનની સેવા સમ્યક્ દૃષ્ટિને ન શોભે. ધનથી ગરીબ શ્રાવક તો એમ કહેશે કે મારું ખરું ધન તો ધર્મ છે. અર્થ, કામ એ મારા નથી. એ હું છોડી ન શકું તે મારી પામરતા છે. ધનના પૂજક ન બનતા ધર્મના પૂજક બનો. ધનને માટે ધર્મની સેવા કરનારા ન બનો પણ મોક્ષના માટે ધર્મના સેવક બનો. ભગવાન કહે છે કે માર્ગે ચઢેલો પાંગળો માણસ પણ જેમ ક્રમે ક્રમે કરીને દૂર રહેલા સ્થાનને પામે છે તેમ ઘન કર્મવાળો આત્મા પણ જો ધર્મમાં સ્થિર બની જાય તો ક્રમે ક્રમે મોક્ષને પામે છે. જો આત્મા એક વાર ધર્મમાં સ્થિર થઈ જાય તો નિયમા મોક્ષને મેળવે છે, માટે ધર્મને પામો અને ધર્મમાં સ્થિર બનો, તો ધનતેરસની સાચી ઉજવણી કરી કહેવાય.

ધર્મમાં સ્થિર બનેલા નમિરાજર્ષિને ઈન્દ્ર કહી રહ્યા છે કે હે રાજર્ષિ ! તમારે જવું હોય તો સુખેથી સંયમ માર્ગે જઈ શકો છો પણ એક વાર મિથિલાના આ સીમ-રાજ્યોને જીતી લો, અને એ બધાને મિથિલાની આણ નીચે લાવી દો, પછી તમે ભલા ને તમારો ત્યાગ ભલો. એક સામાન્ય રાજા હોય તો પણ શત્રુઓને વશ કરીને રાજ્યને નિર્ભય

બનાવે છે, તો આપ તો મહાન સમર્થ શક્તિધારી વીર પુરુષ છે. આપ પણ શત્રુ-રાજાઓને નમાવીને પછી ખુશીથી દીક્ષા લેજો., ત્યારે રાજર્ષિએ કહ્યું કે હે વિપ્ર! આ જગતમાં શત્રુ કોણ છે? પોતાનો આત્મા શત્રુ અને આત્મા મિત્ર છે. દુષ્ટ આત્માને જીત્યો તો આખું જગત જિતાઈ ગયું અને આત્માથી હાર્યો તો બધેથી હાર્યો. આચારાંગ સૂત્રમાં કહ્યું છે. "पुरिसा अत्ताणमेव अभिणिगिज्झ एवं दुक्खायमुच्चसि ।" હે આત્મા! પોતાના આત્માનો નિગ્રહ કરો. એવું કરવાથી તું દુઃખથી મુક્ત થઈશ. શુદ્ધાત્માથી એટલે જ્ઞાન આત્માથી દુરાત્મા પર વિજય મેળવો. કોના કોના પર વિજય મેળવવાનો છે તે હવે બતાવે છે.

**पंचिन्दियाणि कोहं, माणं मायं तहेव लोहं च ।**
**दुज्जयं चेव अप्पाणं, सव्वं अप्पे जिए जियं ॥ ३६ ॥**

પાંચ ઇન્દ્રિય, ક્રોધ–માન–માયા–લોભ આદિને જીત તથા દુર્જય આત્મા તથા મનને જીત, કારણ કે એક આત્માને અને મનને જીતી લેવાથી બીજા બધા જીતાઈ જાય છે. તાત્પર્ય એ છે કે આત્માને જીતવો સૌથી વધારે કઠીન છે.

ઇન્દ્રે નમિરાજને સાંસારિક ક્ષાત્ર ધર્મ સંબંધી પ્રશ્ન કર્યો છે, પણ નમિરાજર્ષિએ તેમના પ્રશ્નનો જવાબ આપતા ત્યાગ પ્રધાન ક્ષાત્ર ધર્મના જે રહસ્યમય સ્વરૂપનું વર્ણન કર્યું છે તે ખરેખર તેમની બુદ્ધિનો ચમત્કાર છે. ત્યાગ માર્ગમાં દાખલ થયેલા એક સાચા ક્ષત્રિયે (સાધકે) કયા પ્રકારનું યુદ્ધ કરવું જોઈએ, કયા પ્રકારના રણસંગ્રામમાં ઉતરવું જોઈએ, અને કેવી રીતે વિજય પ્રાપ્ત થાય એ બધી વાતોનું સુંદર વર્ણન આ ગાથાઓમાં કર્યું છે અને ઈન્દ્રના પ્રશ્નનો ઉત્તર પણ યથાર્થ રૂપથી આપ્યો છે.

નમિરાજ ઈન્દ્રને કહે છે હે વિપ્ર! આત્મા દુર્જય છે. "अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।" વિપરીત માર્ગમાં જવાવાળા આત્માનું દમન કરવું જોઈએ, કારણ કે આત્મદમન ઘણું કઠીન છે. આત્માનું દમન કરવાવાળા આ લોક તથા પરલોકમાં સુખી થાય છે. આત્મા દુર્જય છે અર્થાત્ મનનો નિગ્રહ કરવો અતિ કઠીન છે. જેણે દુર્જય આત્માને જીત્યો છે તેણે બધું જીત્યું છે. માનવીને કદાચ રાજસત્તા મળી જાય, વડાપ્રધાનની પદવી મળી જાય, પણ જેણે મન જીત્યું નથી તે બધાથી જીતાયેલો છે. પાંચ ઇન્દ્રિયોના ઘોડા બેફામ રીતે દોડી રહ્યા છે તેને વશમાં લાવવા અને કષાયો પર વિજય મેળવવો એ સાચો વિજય છે. આત્મા અને ઇન્દ્રિયો વચ્ચે મનનો મહારથી કેટલા કાળથી સંગ્રામ ખેલતો આવ્યો છે. આ યુદ્ધથી વિરામ મેળવવો ને આત્માનો યુદ્ધ–વિરામ જાહેર કરવો એ સાચું યુદ્ધ છે.

આત્મા અનંત શક્તિનો સ્વામી છે. મોટા ચક્રવર્તી કે ઈન્દ્ર કરતા પણ મહર્દ્ધિક છે. પાંચ ઇન્દ્રિયો એના નોકર છે ને મન એ મહેતાજી છે. આત્મા જે હુકમ છોડે તે એમને ઉઠાવવા પડે પણ આત્માની દશા એવી થઈ છે કે પોતે પોતાના સ્વરૂપનું ભાન ભૂલીને પુદ્‌ગલની પૂજામાં ને પરની પંચાતમાં પડી ગયો છે. પોતાની શક્તિનું ભાન ભૂલીને

પ્રમાદમાં પડી ગયો એટલે પાંચ ઈન્દ્રિયો રૂપી નોકર અને મન મહેતાજી એકમેક થઇ ગયા ને એમણે સત્તાની લગામ હાથમાં લઈ લીધી. દુકાનમાં નોકરો અને મહેતાજી એક થઈ જાય ને શેઠ જો પ્રમાદી હોય તો શેઠને ભવિષ્યમાં રડવાનો પ્રસંગ આવે ને ? તેમ ઈન્દ્રિયો અને મને એકમેક થઇને બધી સત્તા હાથમાં લઇ લીધી છે એટલે આત્મા પોતે સત્તાધીશ, ચક્રવર્તિનો ચક્રવર્તિ, ઇન્દ્રનો ઈન્દ્ર હોવા છતાં ઇન્દ્રિયોની આજ્ઞા પ્રમાણે ચાલે છે. એમની મહેરબાની હોય તો ચેતન રાજા પોતાની ઈચ્છા મુજબ કરી શકે છે.

આત્માને વિચાર થયો કે મારે ચૌદશ પાખીનો છઠ્ઠ કરવો છે, પણ રસેન્દ્રિય કહે–ના, ...ના. છઠ્ઠ નથી કરવો. આ ઘુઘરા, ઘારી, મગજ, દહીંથરા બધું દિવાળીમાં ખાવાની મઝા આવે છે. દિવાળી કયાં વારે વારે આવે છે ? માટે છઠ્ઠ નથી કરવો. રસેન્દ્રિયનો હુકમ થતાં ચેતન રાજા છઠ્ઠ, અઠ્ઠમ કરતા અટકી ગયા. ચેતન દેવને થયું કે આજે મારે વ્યાખ્યાન સાંભળવા જવું છે, પણ કાનની કૃપા ન હોય તો ન જવાય. રેડિયા પર સારા સારા ગીતો આવ્યા છે તે સાંભળવા છે. ઉપાશ્રયે નથી જવું. આત્મા કહે, ગામમાં મહાસતીજી બિરાજે છે તો તેમના દર્શન કરી મારી આંખો પવિત્ર બનાવું, પણ આંખો કહેશે ના .. દર્શન કરવા નથી જવું. આજે તો ટી. વી. પર સરસ પિકચર આવવાનું છે તે જોવું છે. આ રીતે દરેક ઇન્દ્રિયો આત્મા ઉપર હકુમત ચલાવે છે. આત્માની અનંત શક્તિ હોવા છતાં સત્તા ખરી ? ના....કારણ કે એણે માલીકીપણું ગુમાવી દીધું છે. પોતાની શક્તિનો પોતે સારા કાર્યમાં સદુપયોગ ન કરી શકે. કેટલી બધી પરાધીનતા ! આત્મા પોતે તો સ્વતંત્ર છે પણ કર્મના બંધનમાં પડીને પોતાની સ્વતંત્રતા ગુમાવી દીધી છે. તે ઇન્દ્રિયો અને મનનો ગુલામ બની ગયો છે. ઇન્દ્રિયો અને મન આત્માને પોતાના વિષયો તરફ ખેંચે છે, તેથી આત્મા પોતાની સ્વતંત્રતા ગુમાવી બેઠો છે. ઇન્દ્રિય સુખની અનુકૂળતાઓ આત્માને ભોગલંપટ બનાવી શરીરની ખાનાખરાબી કરી મૂકે છે. અરે, તાંબા જેવી ખડતલ, સશક્ત કાયાવાળાની પણ કેવી બેહાલ દશા કરી નાંખે છે !

એક રાજા વારંવાર બિમાર પડતા. એમને રોજ શરીરની કોઇ ને કોઈ ફરિયાદ તો હોય. રાજા છે એટલે વૈદો, ડોકટરોની તો ખામી ન હોય. નાડી પરીક્ષક વૈદો તો રોજ રાજા પાસે હાજર રહેતા. રાજાને ઉંચામાં ઉંચી ને શ્રેષ્ઠ દવાઓ આપતા. જમવાનું પણ સારું સારું આપતા, છતાં રાજાનું શરીર નિરોગી બનતું નથી. એક વાર રાજા કહે– પ્રધાનજી ! હું ઋતુને અનુકૂળ કપડાં પહેરૂં છું. સારા પૌષ્ટિક ભોજનો જમું છું, ટાઢ તડકો કાંઈ વેઠતો નથી છતાં મને વારંવાર કંઇ ને કંઈ કેમ થતું હશે ? એક દિવસ શરદી થાય, બીજે દિવસે તાવ આવે, એમ કંઈ ને કંઈ થયા કરે છે. પ્રધાનજી કહે–મહારાજા ! હું સત્ય વાત કહું, પણ આપ ગુસ્સે તો નહિ થાવને ? અગર કોઈ કડક શિક્ષા તો નહિ કરો ને ? આપ મને અભય આપો તો સત્ય વાત કહું. રાજા કહે પ્રધાનજી ! તમને અભય છે. આપ નીડરપણે જે હોય તે કહો. પ્રધાને કહ્યું. મનગમતું સારું સારું ખાવું, મનગમતા વસ્ત્રો પહેરવા, સૂવા–બેસવાની, ઔષધની, સેવા શુશ્રુસાની વધુ પડતી સગવડો આપના

રોગનું મૂળ કારણ છે. આપ તબિયતની બહુ કાળજી રાખો છો તેથી તબિયત સારી રહેતી નથી. હું સમય આવ્યે આપને બરાબર બતાવી આપીશ કે સાદું ખાવા છતાં, ટાઢ-તડકો વેઠવા છતાં, તપ-ત્યાગ કરવા છતાં શરીર કેવું નિરોગી અને અલમસ્ત રહે છે.

**ભોગથી રોગનો ભયઃ**-એક વાર રાજા અને પ્રધાન નગરની બહાર ઉદ્યાનમાં વનક્રીડા કરવા માટે નીકળ્યા. ચાલતા ચાલતા રસ્તામાં ખેતરમાં ઉભેલા એક રબારીને જોયો. તે રબારી (ભરવાડ) ઢોરો ચરાવતો હતો. તેના હાથમાં મોટી ડાંગ હતી. તે નીડરતાથી ફરતો હતો. પ્રધાને કહ્યું-રાજાજી જુઓ, આ રબારીનું શરીર કેવું તંદુરસ્ત અને ખડતલ દેખાય છે. રાજા કહે-તાંબા જેવું લાલ ચોળ અલમસ્ત છે. પ્રધાને કહ્યું-મહારાજા ! એ શું ખાય છે તે જાણો છો ? ના, એ રોજ તમારા જેવા પકવાનો અને સ્વાદિષ્ટ ભોજનો નથી ખાતો, પણ બાજરાનો જાડો રોટલો, છાશ ને મરચું ખાય છે, જંગલમાં ટાઢ તડકો વેઠે છે, ને નાનાશા ઝુંપડામાં પડયો રહે છે. પોતાના શરીરનો વિચાર કરવાનો એને ટાઈમ નથી, તેથી એ તંદુરસ્ત અને નિરોગી છે. રાજા કહે-પ્રધાનજી ! મને આ વાત સાચી લાગતી નથી. એનું શરીર કુદરતી રીતે મજબૂત છે એટલે તે તંદુરસ્ત હોય એમાં શી નવાઈ ! તો ચાલો, આપણે તેને મહેલમાં લઈ જઈએ ને ખાત્રી કરીએ. તેને ખાવાપીવાની, પહેરવા ઓઢવાની બધી સગવડો આપીએ ને તેના આરોગ્યને કસીએ, તથા આપના રોગનું મૂળ પણ શોધીએ. રાજા તો રબારીને રાજમહેલમાં લઇ ગયા. સારાસારા માલમલીદા, પૌષ્ટિક જમણ તેને જમવા આપ્યા. પહેરવા માટે સારા સારા ઋતુ ઋતુને અનુકૂળ કિંમતી વસ્ત્રો આપ્યા અને તેને જે રૂમ સૂવા માટે આપ્યો તેમાં ચારે બાજુ ગુલાબ જળ તથા સુગંધી તેલનો છંટકાવ કરી રૂમને સુવાસથી મ્હેંકતો કરી દીધો. સૂવા માટે મખમલની સુંવાળી શય્યા આપી. તેની સેવામાં દાસ-દાસીઓ આપ્યા. આ રીતે તે રબારી સુખ શય્યામાં રહે છે.

સમય જતાં એક મહિનો થયો ત્યારે રાજાને વિચાર આવ્યો કે પેલા રબારીને સારું સારું ખાવાપીવાનું, પહેરવાનું તથા બધી સગવડ આપી છે એટલે એનું શરીર વધુ સારું થયું હશે. રાજાએ પ્રધાનને બોલાવીને કહ્યું. પ્રધાનજી ! પેલા રબારીને એક મહિનાથી આપણે ખાવાપીવા વગેરેની. ખૂબ સગવડ આપી છે, તો હવે જોઈએ તો ખરા કે તેનું શરીર કેવું થયું છે ? રાજાના કહેવાથી પ્રધાને રબારીને બોલાવ્યો. સારા સારા પૌષ્ટિક પદાર્થો ખાવાથી તેના શરીરમાં ચરબી વધી ગઈ હતી, તેથી તે હૃષ્ટપુષ્ટ દેખાયો. રાજા તો જોઇને હરખાયા ને પ્રધાનને કહે છે, જુઓ પ્રધાનજી, સુકો રોટલો સારો કે ઘેબર સારા ? પ્રધાન સમજે છે કે, એના શરીરમાં ચરબી વધી ગઈ છે તેથી કંઇ બોલ્યા નહિ. રાજા કહે કેમ પ્રધાનજી ! કંઈ બોલતા નથી ? પ્રધાન કહે, થોડા દિવસ પછી આપને જવાબ આપીશ.

રાજાને તો ચટપટી લાગી છે. થોડા દિવસ થયા એટલે પ્રધાનને ફરીને બોલાવવા મોકલ્યો. રબારીને તો ભારે ખોરાક પચ્યો નહિ તેથી ઝાડા ઉલ્ટી થઈ ગયા હતા અને ઠંડકમાં રહેવાથી શરદી, તાવ વગેરે રહેતું હતું. પ્રધાને કહ્યું, મહારાજા ! એને તો ઝાડા, ઉલ્ટી, શરદી-તાવ વગેરે થઈ ગયું છે, તેથી અહીં આવી શકે તેમ નથી, આ સાંભળતા

રાજાને સત્ય સમજાઇ ગયું કે, રબારીનું સાદું જીવન આરોગ્ય માટે બરાબર હતું. મહા-પુરૂષોએ જીવનચર્યામાં જે તપ-ત્યાગ, ઇન્દ્રિયદમન આદિ નિયમો ગોઠવ્યા છે એ ખરેખર આત્મકલ્યાણ તો કરાવે પણ સાથે સાથે શરીરનું આરોગ્ય પણ જાળવી રાખે. તે દિવસથી રાજા સાદું જીવન જીવતા શીખી ગયા. ભોગ અને ઇન્દ્રિયોના વિષયોથી રાજા પાછા વળ્યા અને તપ ત્યાગમાં પોતાનું જીવન ઝુકાવી દીધું મોક્ષ રૂપ સાચા આરોગ્યને પ્રાપ્ત કરવા સારા સંસારને છોડી સંયમ લીધો અને ઇન્દ્રિય વિજેતા બની આત્મવિજેતા બની ગયા. આ ન્યાય પરથી આપણને એ સમજવા મળે છે કે આત્મા જેટલો ઇન્દ્રિયોના સુખને આધીન બને છે તેટલો આત્મવિજય કરી શકતો નથી.

આ ગાથામાં આપણને એ જ સમજાવે છે કે પાંચ ઇન્દ્રિયો અને મન પર વિજય મેળવ, અને ક્રોધ-માન-માયા-લોભ આદિ ચાર કષાયોને તું દૂર કર. દશવૈકાલિક સૂત્રમાં ભગવાન બોલ્યા છે કે "वमे चत्तारि दोसे उ इच्छन्तो हियमप्पणो।" જો તું તારા આત્માનું હિત-શ્રેય ઇચ્છતો હોય તો આ ચાર દોષોને વમી દે. કષાય તો જીવને કેટલું નુકશાન કરે છે! અગિયારમા ગુણસ્થાનક સુધી પહોંચેલો આત્મા પણ સૂક્ષ્મ લોભનો ઉદય થાય તો દશમે જઇ ગબડતો ગબડતો મિથ્યાત્વના ઘર સુધી પહોંચી જાય છે, માટે કષાયો બહુ ખરાબ છે. દુર્ગતિના માર્ગનું પ્રવર્તન કરનાર અને દુર્ગતિના દ્વારે પહોંચાડનાર પણ કષાય છે. ક્રોધે સાધુને શું તિર્યંચગતિમાં નથી પહોંચાડયા? માન કષાયે રાવણને યુદ્ધના મેદાનમાં ઉતાર્યો ને સીધો નરક ગતિમાં પહોંચાડયો. માયાએ લક્ષ્મણા સાધ્વીને કેટલી ચોવીસી સુધી રખડાવી? લોભે મમ્મણ શેઠને કૃપણતાના પાઠ નહોતા ભણાવ્યા? તેને રૌદ્રધ્યાન શીખવાડી સાતમી નરકમાં નથી વળાવ્યો? ક્રોધના આદેશો, અભિમાનની પ્રેરણાઓ, માયાની શિખામણો અને લોભની લાલચમાં ફસાયેલા જીવો હિંસા, જુઠ, ચોરી આદિ દુષ્ટ આચરણના ભયાનક માર્ગ પર ચાલે છે અને નરક, તિર્યંચગતિના ભીષણ સંસારમાં ફેંકાઈ જાય છે. અનંત દુઃખો સહન કરતા જીવો પ્રત્યે એ ક્રોધાદિ ચાર ગુંડાઓને જરા પણ દયા નથી આવતી, માટે કષાય વિજેતા બનવાની જરૂર છે. જેણે પાંચ ઇન્દ્રિયો અને તેના વિષયો પર, ક્રોધાદિ કષાયો પર અથવા મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ ઈત્યાદિ પર આત્મનિગ્રહ દ્વારા વિજય પ્રાપ્ત કરી લીધો તેણે બધું જીતી લીધું. તેણે પછી ભલે કોઈ રાષ્ટ્રો પર કે દેશ પર વિજય મેળવ્યો ન હોય, છતાં એનો વિજય એ સર્વશ્રેષ્ઠ વિજય છે.

સિકંદર લડાઈ કરવા જતો હતો, ત્યારે તેના ગુરૂ એરિસ્ટોટલે કહ્યું કે તું લડાઇમાંથી પાછો વળ ત્યારે તું એક જૈન મુનિને લેતો આવજે. સિકંદર લડાઈમાંથી પાછા વળતા સેવકો પાસે જૈન મુનિની તપાસ કરાવે છે. તપાસ કરતા જૈન મુનિ મળી ગયા. સેવકોએ મુનિને કહ્યું, અમારા બાદશાહ તમને બોલાવે છે. મુનિએ કહ્યું-હું નહિ આવું. જરૂર હોય તો બોલાવ તારા બાદશાહને. સિકંદર ત્યાં આવ્યો. મુનિએ તેમને સમજાવ્યું કે તેં ભલે ગમે તેટલા દેશો પર વિજય મેળવ્યો પણ જો પાંચ ઇન્દ્રિયો અને મન પર વિજય નથી મેળવ્યો તો તું જીતેલો નથી પણ જીતાયેલો છે.

સુખ-દુઃખની કલ્પના, સારા-ખોટાના વિચાર, ઉર્ધ્વગતિ કે અધોગતિ, ઉચ્ચતા કે નીચતા વગેરે મનની પરિસ્થિતિ પર અવલંબે છે. માનવીનો આનંદ પદાર્થ સાથે સંબંધ નથી રાખતો પણ મન સાથે સંબંધ રાખે છે. એક ખેડૂત એક વર્ષમાં ત્રણ ફજલ પાક મેળવતો હોય પણ તેના મનની લાલસા ઘણી વધેલી છે તો તે ખેડૂત દુઃખી છે અને જેના મનમાં સંતોષ છે એવો ખેડૂત એક ફજલ પાક મેળવતો હોય તો પણ તે સુખી છે. માણુસ પ્રસન્ન હોય તો તેને બધું પ્રસન્નતામય લાગે. ગામડાનો માણુસ શહેરમાં જાય ત્યાં જે સગવડતા જુએ તેનો અભાવ પોતાના ગામડામાં જુએ તો તેને દુઃખ થશે. આ રીતે સુખ-દુઃખ, પ્રસન્નતા વગેરે મનના કારણો છે. એક ગાય લીલું ઘાસ ખાતી ને સારું દૂધ આપતી પણ ઉનાળો આવતાં લીલું ઘાસ ખાવા ટેવાયેલી સૂકું ઘાસ ખાતી નથી. ભરવાડે ગાયને લીલા રંગના ચશ્મા ચઢાવ્યા તેથી ગાય સૂકા ઘાસને લીલું ઘાસ સમજી ખાવા લાગી ને પહેલાની માફક દૂધ આપવા લાગી. આ સંસારનો આનંદ ઉદ્વેગ બધું મનને આધીન છે. જેણે મન જીત્યું તેણે બધું જીત્યું છે. ઈન્દ્રિયો અને મનનો વિજેતા અહીં મહાસુખી ને પરલોકમાં મહાસુખી. કષાયનો વિજેતા અહીં મહાસ્વસ્થ અને પરલોકમાં પણ મહાસ્વસ્થ. માનવ જીવનમાં ખરી મહેનત આ કરવા જેવી છે. નમિરાજ ઈન્દ્રને કહી રહ્યા છે કે પાંચ ઈન્દ્રિયો, કષાયો, મન અને દુર્જય આત્માને જીતવા હું જઈ રહ્યો છું. હજુ તે બાબતમાં આગળ શું કહેશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :-ગુણચંદ્રના પોશાકમાં કિશોર** :-શુભમતિ પોતાના શયનરૂમમાં અનેક વિચારોના તરંગોમાં ગૂંથાઈ હતી. ત્યાં એક માણસને આવતો જોયો. તેના પતિએ લગ્ન વખતે જે પોશાક પહેર્યો હતો તે પોશાક તેણે પહેર્યો હતો. ચતુર શુભમતી સમજી ગઈ કે પોશાક પહેરનાર ગુણચંદ્ર નથી પણ બીજો કોઈ છે. ખરેખર જો મારા પતિ ગુણચંદ્ર હોય તો મારા રોમરોમમાં આનંદ ઉછળ્યા વિના રહે નહિ, પણ આ વ્યક્તિના આવવાથી મારા હૈયામાં કોઈ અકલ્પ્ય થડકાર થાય છે. આ માનવી મારા પતિ નથી. તે માણુસ જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ તેના શરીરની દુર્ગંધ એકદમ ઉછળવા લાગી. શરીરને સુંદર વસ્ત્રાભૂષણોથી શણગાર્યું, પણ દુર્ગંધ કંઈ છાની રહે? સતીએ હિંમતથી કહ્યું-આપ મારાથી દૂર રહેજો, છતાં એ માણુસ વધુ નજીક આવતો ગયો તેમ આખો શયનરૂમ દુર્ગંધથી ભરાઈ ગયો. સહન ન થઈ શકે એવી દુર્ગંધ આવવા લાગી શુભમતિએ સાડલાનો છેડો નાક પર ઢાંકી દીધો.

માનવી ઘમંડથી ભલે પોતાને કોઈ ન ઓળખી જાય તે માટે અનેક પ્રયાસો કરે, બીજાનો વેશ ધારણ કરી સર્વને ભ્રમમાં મૂકવા માંગે પણ દોષ ઢંકાયેલા રહેતા નથી. અસહ્ય દુર્ગંધથી નજીક આવેલા માણુસને તે બરાબર ઓળખી ગઈ ને સ્વસ્થ બની ભયના આક્રમણથી છૂટવાનો માર્ગ શોધવા લાગી. આ બાજુ આવનાર માનવ શુભમતિનું ઝગારા મારતું રૂપ જોઈને તેના રૂપમાં ઘેલો બન્યો અને એ રૂપસુંદરી તરફ જલ્દીથી જવા લાગ્યો.

**હરનીકી તરહ વ્યાકુલ વહ બન ગઈ, જોર જોરસે ચિલ્લાઈ,**
**મેરે પાસ મત આઓ તુમ, વહાં હી ઠહર જાઓ.**

ત્યાં સતીએ હરણીની માફક ચંચળ બનીને જોરથી કહ્યું–ખબરદાર! જો અહીં આવ્યા તો! ત્યાં જ ઉભા રહો. કિશોર તેનો અવાજ સાંભળીને ધ્રુજી ગયો. એક પળ તો તે સ્તબ્ધ બની ગયો, પછી કહ્યું–સાંભળ, હું કોણ છું? હું તારો પતિ કિશોર છું. મર્યાદા છોડીને ભાષા બોલવા લાગ્યો. શુભમતિએ કાનમાં આંગળી નાંખી દીધી અને બોલી, તારા શબ્દો મારે સાંભળવા નથી. તારા શબ્દો મારા કાનને ગમતા નથી. હું તમને બરાબર ઓળખું છું. તમે તમારી જાતને ભૂલ્યા છો. શુભમતિ! તું મને ધિક્કાર આપે છે, પણ તારા પર મારો હક્ક છે. તું મારો સ્વીકાર નહિ કરે તો પણ પરાણે કરવો પડશે. તું મને શા માટે સતાવે છે?

કિશોરને એના બાપે બધું શીખવાડયું હતું તે પ્રમાણે બોલે છે. તે આગળ કરૂણ સ્વરે કહે છે, તું મારા હૈયાને શું જાણે? શું તારા દિલમાં દયા નથી? તું શા માટે મારાથી દૂર ભાગે છે? પત્નીને મન પતિ તો દેવ સમાન ગણાય. પતિની આજ્ઞા તે પત્નીને દેવવચન સમાન છે. તારા જેવી કુળવધૂ શું પતિની આજ્ઞા ઉલ્લંઘે? એમ કહીને તે શુભમતિ તરફ આગળ વધ્યો. શુભમતિ બે ત્રણ કદમ દૂર ખસી ગઈ ને મનમાં નવકારમંત્રનું સ્મરણ કરવા લાગી.

**અરર....હવે મારું શું થશે?** :– કિશોર શુભમતિની ચુંદડીનો પાલવ પકડવા ગયો, ત્યારે શુભમતિના મુખમાંથી સહજ આફતની ચીસ નીકળી ગઈ. શુભમતિની ચીસથી કિશોર ત્યાં સ્થંભી ગયો. શુભમતિ મનમાં નવકારમંત્રનું સ્મરણ કરતી તે રૂમમાંથી બહાર નીકળી ગઇ ને ઓટલા પર જઈને બેઠી. શુભમતિનું હૈયું ભરાઈ આવ્યું. તે રડવા લાગી. મેં ધાર્યું ન હતું કે આવું થશે! લગ્ન પહેલાં મને પતિએ બધી વાત કરી હતી પણ મારા મનમાં એમ હતું કે ભલે મને કહે પણ આવો હોશિયાર છોકરો શેઠના પંજામાં નહિ સપડાય. કોઈ પણ માર્ગ કરી તે રસ્તો શોધી કાઢશે પણ આ તો કહ્યું હતું તેમ બન્યું. અરર...હવે મારું શું થશે? મારા શીલને કેવી રીતે સાચવીશ?

શુભમતિની ચીસથી આજુબાજુના બધા માણસો જાગી ગયા. બધા ત્યાં પહોંચી ગયા. શું થયું? શું થયું? એકબીજાને પૂછવા લાગ્યા પણ કોઇ શુભમતિને પૂછવાની હિંમત કરતું નથી. છેવટે એક દાસીએ હિંમત કરીને શુભમતિને પૂછયું–બેન! આપ અંધારીરાતે શયનરૂમમાંથી કેમ બહાર નીકળી ગયા? આપે ચીસ કેમ પાડી? શુભમતિ કાંઇ બોલી નહિ ત્યારે ફરીવાર પૂછયું, શું તમારા શેઠ નથી આવ્યા? તમને એકલવાયું લાગ્યું? શું તમને બીક લાગી? શું ખરાબ સ્વપ્ન આવ્યું? શું થયું? હજુ સુધી શેઠ ન આવે એવું ન બને. દાસીએ આટલું કહ્યું છતાં શુભમતિએ ઉંચું ન જોયું ને કંઈ બોલી નહિ, ત્યારે દાસી કહે છે, આપને આપના રૂપનું અભિમાન આવી ગયું લાગે છે. આ તો શેઠની દાસી છે. એટલે જેવા શેઠ એવા એમના માણસો હોય ને? દાસીએ કહ્યું–હું

આટલા પ્રશ્નો કરું છું, છતાં મારા સામું જોતાં નથી કે જવાબ આપતા નથી. તમને રૂપનું અભિમાન છે, તમે શું રૂપાળા છો ? તમારા કરતાં અમારા શેઠ દશ ગણા રૂપાળા છે. આટલું બોલવા છતાં શુભમતિ એક અક્ષર બોલતી નથી. શું બોલવા જેવું છે ?

**તે મારો પતિ નથી** :–દાસી પૂછે છે શું શેઠ આવ્યા નથી ? તે બહુ બોલવા લાગી ત્યારે શુભમતિ કહે છે તને તારા શેઠના રૂપનું અભિમાન છે તો તું તારા શેઠનું રૂપ જોવા જા, મારે નથી જવું. તું જા, તને ખબર પડે. શુભમતિ કહે, શેઠની મોજડી પડી છે માટે તે આવી ગયા લાગે છે સુવ્રતા ! નહીં .. નહીં ... કોઈ કુષ્ટિ મારા શયન-રૂમમાં દાખલ થઈ ગયો છે. કુષ્ટિની દુર્ગંધથી તો આખો રૂમ દુર્ગંધમય બની ગયો છે. અસહ્ય દુર્ગંધ મારાથી સહન ન થઈ એટલે હું બહાર નીકળી ગઈ છું, ખરેખર જેની સાથે લગ્ન થયા છે તે મારા પતિ નથી આવ્યા પણ બીજું કોઇ અંદર આવ્યું છે.

આર્યનારી પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ સિવાય બીજા પુરૂષનો પડછાયો પણ ઈચ્છે નહિ. મારા રૂમમાં મારા પતિ નથી આવ્યા ને કુષ્ટિ કોઈ આવ્યો છે તેથી હું બહાર નીકળી ગઈ છું. દાસી કહે આપ સત્ય કહો છો ? બેન ! જીવનમાં અસત્ય બોલવા કરતાં હું મૃત્યુને વધારે શ્રેષ્ઠ માનું છું. તું જાતે જઈને જોઈ આવ. એટલે તને વિશ્વાસ બેસે. દાસી શયનરૂમ પાસે ગઇ. જોયું તો ત્યાં અત્યંત દુર્ગંધ ઉછળી રહી છે. રૂમમાં નજર કરતાં કુષ્ટિને જોતાં તેનાથી પણ ચીસ પડાઇ ગઇ. દાગીના પોશાક બધું કિશોરનું હતું પણ મુખ તેનું ન હતું. અરે...આ હું શું જોઉં છું ? મારા શેઠનું રૂપ કયાં ગયું ? આ બાજુ શેઠ તો જાગતા હતા. ઉંઘ કોને આવે ? જેના પેટમાં પાપ હોય તેને કયાંથી ઉંઘ આવે ? તેને તો મનમાં ફફડાટ હતો.

**શેઠ શેઠાણીએ ભજવેલું નાટકઃ**–શુભમતિની ચીસથી શેઠ–શેઠાણી પણ એકદમ દોડી આવ્યા. પોતાને ખોટી બનાવટ કરવી છે તેથી શુભમતિને કહે છે વહુ બેટા ! તમને રાત્રે ચીસ પાડતા શરમ નથી આવતી ? શા માટે ચીસ પાડી ? શુભમતિ તો કાંઈ બોલી નહિ. તે તો નીચું જોઈને બેઠી બેઠી રડે છે. શેઠ તો રૂમમાં ગયા. કિશોરનું મુખ જોઈને મોટે મોટે અવાજે બોલવા લાગ્યા ને પોક મૂકીને રડવા લાગ્યા. દોડો...દોડો... આ મારા કિશોરને શું થઈ ગયું ? શેઠાણીએ પણ પોક મૂકી. તેમણે તો બરાબર નાટક ભજવ્યું. બેટા કિશોર ! તને આ શું થઇ ગયું ? તારી કંચન જેવી કાયાની આવી દશા કેવી રીતે થઈ ? આ તારું મુખ તો કેવું કદરૂપું બની ગયું છે ? આ તારા હાથ...પગ ...અરર કેવા કુરૂપ બની ગયા ! અરે ! તારા શરીરમાંથી તો કેટલી દુર્ગંધ વહી રહી છે ! તને એકાએક આ શું થઈ ગયું ? હાય, હવે શું કરીએ ? દુઃખની વાત કોને કરીએ ?

**દુર્બુદ્ધિથી શેઠનું ભારે રૂદનઃ**–આ રીતે બોલતા બોલતા શેઠ શેઠાણી ખૂબ રડવા લાગ્યા. કરૂણસ્વરે રૂદન કરતાં કરતાં છાતી–માથું કુટવા લાગ્યા. તેમના રડવાનો અવાજ સાંભળી તેમની આજુબાજુના બધા માણસો દોડી આવ્યા. બધાને જોઇને શેઠ તો વધુ મોટા અવાજે રડવા લાગ્યા. બધાને થયું કે શેઠ આટલું બધું કેમ રડતા હશે ? કોઇ

પૂછવાની હિંમત કરતું નથી. છેવટે શેઠના એક મિત્રે કહ્યું શેઠજી ! જરા શાંત થાવ. શાંતિથી વાત કરો. એકાએક શું થયું તે મને કહો. બધા જેમ પૂછે છે તેમ શેઠ શેઠાણી વધુ હૈયાફાટ રડે છે. દુર્બુદ્ધિથી ઘેરાયેલો આત્મા પોતાના દુર્ભાગ્યનો ટોપલો બીજાને માથે મૂકતા અચકાતો નથી. મારા કર્મનો દોષ છે એ વાત તો સાવ ભૂલી જાય છે. શેઠે પોતાની કમનસીબીને ઢાંકી શુભમતિ પર કલંક ચઢાવવાનો પ્રયત્ન કર્યો. શેઠનું રૂદન જોઇને ઘણા અંદરોઅંદર કહેવા લાગ્યા કે શેઠે કેટલા ઉત્સાહથી કિશોરકુમારના લગ્ન કર્યા. કેટલા ઠાઠમાઠથી નવદંપતિનો મંગલ પ્રવેશ કરાવ્યો, અને આજે આ શું ? શેઠને માથે કોઇ મોટું દુઃખ આવી પડયું લાગે છે. તેમની આંખમાં આજે પહેલી વાર અશ્રુની ધાર જોઈ છે. કોઇ મોટી આફત આવી હશે, નહિતર શેઠ આટલું બધું રડે નહિ. બધાએ ખૂબ પૂછ્યું ત્યારે શેઠે કહ્યું.

**ખોટો આરોપ મૂકવાની બનાવટ:**–ભાઈ ! તમને હું શી વાત કહું ! મારા જીવનનું નૂર હણાઇ ગયું. મારી આશાઓ ભાંગીને ભૂક્કો થઈ ગઈ. એમ બોલતા બોલતા શેઠ રડવા લાગ્યા. શેઠના આ શબ્દો સાંભળતા બધાના મનમાં થયું કે શેઠના જીવનમાં મોટું દુઃખ આવી પડયું લાગે છે. અણકલ્પી ઘટના બની લાગે છે, પણ ગોળ ગોળ વાત કરવાથી બધાને શી ખબર પડે ? શેઠના મિત્ર કહે–શેઠ ! આપ મનની વાત કરો તો તમારું દુઃખ ઓછું થશે. આપ ખુલ્લા દિલે જે હોય તે કહો, તો કંઇક ઉપાય થાય. શેઠ કહે મિત્ર ! મારા મનમાં તો એટલી હોંશ હતી કે દીકરો પરણીને આવશે, પછી સ્વામીવાત્સલ્ય કરીશ, પણ મારી આશા મારા મનમાં રહી ગઇ. પુત્રવધૂને જોતાં મને એમ થતું હતું કે આ મારી કુળદીપિકા છે. મારા કુળને ઉજ્જવળ કરનાર છે, પણ મારી ધારણા ધૂળમાં મળી ગઈ. મારા દીકરાનું ભાગ્ય તેજસ્વી છે. એમ માનતો હતો પણ આજે એ પુત્રને જોતાં મારા દિલમાં દાવાનલ ભભૂકી ઉઠયો છે. બિચારો કિશોર જેનું જીવન દર્દની પીડામાં ધકેલાઇ ગયું છે.

**દેખો દેખો ગજબ હો ગયા, સબકો કહે બુલાઈ,**
**લડકી દેખતે હી કિશોરચંદ્ર, કોઢી હો ગયો ભાઈ.**

શેઠ કહે, આપ બધા જુઓ. ગજબ થઈ ગયો ગજબ. આપે બધાએ કાલે મારા કિશોરને જોયો હતો ને કેવો રૂપાળો ને રંગીલો હતો, પણ કોણ જાણે આ કન્યાને જોતાં શું થઈ ગયું કે તેની કાયા કોઢના રોગમાં સપડાઇ ગઈ. તેમના રૂમમાં તો બે સિવાય ત્રીજું કોઈ હતું નહિ. આપ જુઓ તો ખરા, તેનું રૂપ અને સૌંદર્ય કેવું થઇ ગયું છે ! તેની કાયામાંથી તો લોહી–પરૂ વહી રહ્યા છે, અને અસહ્ય દુર્ગંધ ઉછળી રહી છે. એની આ સ્થિતિ મારા હૈયાને રડાવી રહી છે. હું અકળાઇ ગયો. હવે મારે શું કરવું ? એમ કહીને શેઠે બધાને કિશોર બતાવ્યો. લોકોને કયાં ખબર છે કે પરણીને આવનાર જુદો છે ને આ જુદો છે, તેથી કિશોરને જોતાં બધાને અરેરાટી થઈ ગઇ. અરરર... કેવું સુંદર રૂપ હતું, તેની આવી દશા ! શેઠે પોતાના પાપ ઢાંકવા કેવો પ્રપંચ

ઉભો કર્યો ! એક નિર્દોષ સતી જેવી બાળા પર કલંક ચઢાવવા તૈયાર થયા. બધા પાસે એક વાત કરી કે તે કન્યાએ ગમે તેમ કર્યું, પણ મારા દીકરાને આવું થયું, એ તો સાચું. હવે શું બનશે તે ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૯૩

**આસો વદ ૧૪ ને સોમવાર  કાળીચૌદશ  તા. ૨૬-૧૦-૮૧**

તીર્થંકર ભગવંતો આત્માનું સ્વરૂપ સમજાવતા કહે છે કે આત્મા મૂળ સ્વભાવે સર્વ દોષોથી રહિત, સ્ફટિક જેવો સ્વચ્છ, અને સચ્ચિદાનંદમય છે. એના આ મૂળભૂત સ્વભાવને પ્રગટ કરવાનો પુરૂષાર્થ માનવદેહ દ્વારા થઈ શકે છે. એટલા માટે માનવ-જીવનને શ્રેષ્ઠતાની મહોર મારવામાં આવી છે. આત્માના સ્વરૂપને પ્રગટ કરવાની ભવ્ય પ્રક્રિયા જે જે આત્મસાધક વીરોએ પોતાના અનુભવના બળે શોધી તેને તેઓએ ધર્મ નામ આપ્યું. ધર્મ-પુરૂષાર્થનો અર્થ પણ એ છે કે જ્યારે આ પુરૂષાર્થ આત્મભાવને પ્રગટ કરવાની દિશામાં આગળ વધે છે ત્યારે એ મોક્ષ પુરૂષાર્થ તરીકેનું વિશેષ ગૌરવ પામે છે. આત્માના પોતાના સ્વભાવને પ્રગટ કરવામાં જે સહાય કરે એનું નામ ધર્મ. તપ-ત્યાગ-વૈરાગ્ય-સંયમ એ એનો પ્રાણ છે. માનવી આવા ત્યાગમય ધર્મનો મહિમા સમજીને એના મંગલકારી માર્ગનું પોતાની શક્તિ અનુસાર પાલન કરી શકે એટલા માટે આપણા મહાપુરૂષોએ અનેક ઉપાયો બતાવ્યા છે. આત્મા જેટલા પ્રમાણમાં એ ઉપાયોનો અમલ કરવાનો પ્રયત્ન કરે છે તેને એટલો અવશ્ય લાભ થાય છે.

આત્મા ભૂલો ક્યાં પડયો છે તે મૂળ શોધવાની જરૂર છે. જ્ઞાનીપુરૂષો કહે છે, આત્મા પરદ્રવ્યમાં અર્થાત્ જડ પુદ્ગલના રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દાદિ ગુણોમાં, વિષયોમાં વિકારી બનેલો, સ્વના સ્વરૂપને ભૂલી ગયો છે. જડના સંયોગોમાં અને એની મોહ-માયામાં વધુ મૂઢ બની પરિણામે તે શારીરિક અને માનસિક હિસાબ વિનાની પીડાઓ અનુભવે છે. રાગી-દ્વેષી, વિષયાસક્ત, કષાયી બનેલો આત્મા શુદ્ધ ચૈતન્યના ગુણોને વધુ ને વધુ કર્મના આવરણથી આવરિત કરે છે, જેથી કર્મની કેદમાં જકડાયેલો આત્મા જાણે કાયર ન બની ગયો હોય ! જો આત્માને પોતાનામાં છૂપાયેલી અનંત શક્તિનું ભાન થાય અને આત્મશક્તિ વડે કર્મની સામે વિજય મેળવવા સાધનાની ભૂખ લાગે તો આત્મા પોતાના સ્વરૂપને પામી શકે. આપણે આંતરગુણ સમૃદ્ધિનો, અનંત શક્તિનો વારસો ભૂલી ગયા છીએ. આપણી આંતરિક ભવ્યતાનું આપણને સ્મરણ રહ્યું નથી, તેથી બકરાના ટોળામાં ભળેલા સિંહના બચ્ચાની માફક વર્તી રહ્યા છીએ. જ્ઞાનીપુરૂષો આત્માની શક્તિનો સાચો પરિચય કરાવે છે. ચેતન દ્રવ્ય એ છ દ્રવ્યમાંથી સ્વતંત્ર અને સૌથી જુદા ગુણધર્મવાળું દ્રવ્ય છે. અસંખ્ય પ્રદેશી અને જ્ઞાનાદિ ચેતના સંવેદનવાળું, સુખ-દુઃખના અનુભવને જાણનાર આત્મદ્રવ્ય છે. તે શરીર નથી, ઇન્દ્રિય નથી, મન નથી, પણ એ બધાને નિયંત્રણમાં રાખનાર અને એ જંજાળથી મુક્ત બનનાર જ્ઞાનાદિસંપન્ન આત્મા છે.

આત્માર્થીને અંતરની શુદ્ધિ માટે દૃઢ સંકલ્પની જરૂર છે ને ગુરૂકૃપાની આવશ્યકતા છે. આત્મપ્રદેશે વ્યાપી ગયેલી કર્મની અશુદ્ધિને દૂર કરવા આત્મશક્તિનો ઉપયોગ કરવાની કળા આવડી જાય તો ઘોરપાપી અર્જુનમાળીની જેમ આત્મદ્રવ્યને શુદ્ધ થતાં શી વાર લાગે ? ક્રોધાવેશમાં રોજના સાત સાત જીવોની ઘાત કરનારા અર્જુનમાળીનો કોપ. સુદર્શન શેઠની સાત્વિકતા અને ધર્મના પ્રભાવે શાંત થયો. ભગવાન મહાવીરસ્વામીની તત્ત્વ વાણી સાંભળવા મળી. આત્માની શક્તિઓને હિંસાદિ અઢાર પાપોની પાછળ જરા પણ ખર્ચવા જેવી નથી, કારણ કે પાપમાં ખર્ચેલી શક્તિઓ આત્માને દુઃખ આપનાર બને છે, અને નીચી કક્ષામાં દીર્ઘકાળ સુધી એકેન્દ્રિયમાં મૂકી દે છે. જ્યાં આત્માનો વિકાસ તદ્દન અટકી જાય છે. આત્માની શક્તિને અહિંસા, સંયમ અને તપના માર્ગે જોડવામાં આવે તો આત્માની પૂર્ણતયા શુદ્ધિ થાય છે ને આત્મા અજર અમર બની જાય છે. ભગવાનની આ વાણી સાંભળી અર્જુનમાળીએ પાપનું પ્રાયશ્ચિત કર્યું અને પ્રભુના બતાવેલા માર્ગનો અનુગામી બન્યો. ધીર, વીર પરાક્રમી બની કર્મની સામે સમતા અને તપ વડે આત્માનો વિજેતા બની હારેલી જિંદગીને જીતી ગયો.

આત્મવિજય પ્રાપ્ત કરવા નીકળેલા નમિરાજર્ષિ ઈન્દ્રને કહે છે. પાંચ ઇન્દ્રિય, મન અને ચાર કષાય પર જે વિજય મેળવે છે તે આત્મવિજયી બની શકે છે. મન શરીરની અપેક્ષાએ શેઠ છે અને આત્માની અપેક્ષાએ નોકર છે. જેમ કોઈ રાજા મરણ પામ્યા હોય અને તેમના દીકરા નાના હોય, તેમને રાજકારભાર ચલાવતા ન આવડતો હોય ત્યારે જેમ પ્રધાન બધી સત્તા પોતાના હાથમાં લે છે તેમ આત્માની અજ્ઞાનદશામાં મન રૂપી પ્રધાને આખા શરીરરૂપી રાજ્યતંત્રની લગામ પોતાના હાથમાં લઈ લીધી છે. સત્તાના મદમાં મહાલતું મન આત્મા ઉપર કેવી કેવી સત્તા ચલાવે છે તે આત્મનિરીક્ષણથી, સરળપણે તપાસ કરવાથી દેખાઈ આવશે. સરમુખત્યાર રાજા તો કાંઈ હિસાબમાં ન હોય તેવી સાર્વભૌમ સત્તા મન ચલાવી રહ્યું છે, પણ જેમ રાજકુમાર મોટો થતાં પ્રધાન પાસેથી રાજસત્તા માંગી લે છે અને તે વખતે પ્રધાન તે આપવા માટે આનાકાની કરે છે, તે પ્રમાણે આ મનરૂપી પ્રધાને શરીરની લગામ હાથમાં લીધી હતી. જ્યારે આત્મારૂપી રાજા પોતાના હાથમાં સત્તા લેવા માગે છે ત્યારે તે પણ એટલી આનાકાની કરે છે, પણ તેથી ગભરાવાની જરૂર નથી, કારણ કે આત્મારૂપી રાજાને પોતાના સામર્થ્યનું ભાન થયું છે. મનરૂપી પ્રધાને ભલે ગમે તેટલા લાંબા સમય સુધી સત્તા ભોગવી હોય છતાં આખરે તો તે આત્માનો નોકર છે. આત્માને ભાન થયું, જ્ઞાન થયું. હે આત્મન્ ! તું હવે જાગૃત થા. તેં ઘણીવાર સૂઈ રહીને સમય ગુમાવ્યો પણ હવે પ્રમાદ ન કર. આ મનરૂપી પ્રધાન પાસેથી તારી સત્તા લઈ લે. તારો દિવ્ય હક્ક છે. તે જરૂર તને વશ થશે. તારી આજ્ઞા પ્રમાણે ચાલશે. થોડો સમય કદાચ તે બબડે તો ભલે પણ ફિકર નહિ. તારી આત્મજ્ઞાનની શક્તિથી મનને વશ કર. મનના મુકાબલામાં તું જરૂર વિજયી બનીશ અને પરમ સુખ પામીશ. કોઈ કામ વારંવાર કરવાથી અને કરવાનો મહાવરો

પાડવાથી આપણને તે કામ કરવાની ટેવ પડે છે. તે રીતે જો મનને કાબૂમાં રાખવાનો અભ્યાસ પાડીશું તો તે કામ પણ આપણે કરી શકીશું. મનને વશ કેવી રીતે કરાય ? તે બતાવતા ભગવાન બોલ્યા છે કે,

**मणो साहस्सिओ भीमो, दुट्ठस्सो परिधावई ।**

**तं सम्मं तु निगिण्हामि, धम्म सिक्खाइ कन्थगं ॥** ઉત્ત. અ. ૨૩. ગાથા ૫૮

આ મન સાહસિક અને દુષ્ટ અશ્વ છે. જે ચારે તરફ ભાગાભાગ અને દોડાદોડ કરે છે. હું તેને જાતિવંત અશ્વની માફક ધર્મશિક્ષારૂપ લગામથી વશ કરું છું.

ફાનસની આસપાસની ચીમની મેલી હોય, ડાઘાવાળી હોય કે કાળી હોય તો દીવાનો પ્રકાશ ચીમની દ્વારા સ્પષ્ટ બહાર આવી શકતો નથી. સૂર્ય ગમે તેવો ગોળ હોય, છતાં ડહોળાયેલા પાણીવાળા સરોવરમાં તેનું પ્રતિબિંબ ગોળ પડી શકતું નથી, પણ સૂર્યના અનેક કકડા પડ્યા હોય તેવું પ્રતિબિંબ પડે છે. આ સૂર્યના પ્રકાશ અથવા દીપકની જ્યોત જેવી આત્માની સ્થિતિ છે. સરોવર શાંત, સ્વચ્છ અને તરંગો રહિત હોય તો સૂર્યનું તેજ બરાબર તેના પર પડે છે, તેમ મન શાંત અને વિવિધ વિકારોથી રહિત થાય ત્યારે આત્મજ્યોતિ તેના પર પ્રગટે છે, માટે આ ઉપરથી સિદ્ધ થાય છે કે આત્મબળ પ્રગટ કરવા માટે મનનો સંયમ તથા મનની પવિત્રતા ઘણી અગત્યની વાત છે. પાંચ ઇન્દ્રિયો તથા મન પર વિજય મેળવવો જરૂરી છે. આ પાંચ ઇન્દ્રિયો રૂપી પાંચ ટ્રસ્ટીઓ છે.

ઘણી વખત માણસ પોતાની મિલકતનું ટ્રસ્ટ બનાવે છે. માની લો કે કોઈ માણસ પાસે ૨૫–૩૦ લાખ રૂપિયા છે. તેનું ટ્રસ્ટ બનાવ્યું. પાંચ ટ્રસ્ટી નીમ્યા. પોતે જીવે ત્યાં સુધી પોતાની અને મરી જાય તો પત્નીની. આ રીતે મિલકત ટ્રસ્ટીને સોંપી. મિલકત પોતાની હોવા છતાં પૈસા લેવા હોય ત્યારે ટ્રસ્ટીની સહી જોઇએ. એ મિલકતનો માલિક ગયો, પછી મિલકતની માલિકી પત્નિની ખરી કે નહિ ? હા. માલિક ગયા પછી ટ્રસ્ટીઓની દાનત બગડી એટલે પોતે માલિક બનીને બેસી ગયા. હવે પેલી સ્ત્રીને પૈસાની જરૂર હોય ત્યારે ટ્રસ્ટીઓ પાસે જઇને પૈસાની માંગણી કરે છે, પણ પૈસા મળતા નથી. એવું પણ બની જાય ને ? ટ્રસ્ટીઓ સારા હોય તો વાંધો નહિ, પણ ખાઉધરા નીકળ્યા તો તે પત્નીની કેવી ખરાબ દશા થાય છે ? છતાં પૈસે ભીખ માંગવાનો વખત આવે છે. પતિની કમાણી છે, માલિકી પોતાની છે, છતાં પોતે ભીખ માંગે છે ને ટ્રસ્ટીઓ મોજમઝા કરે છે, તેમ પાંચ ઇન્દ્રિયો રૂપી પાંચ ટ્રસ્ટીઓ આત્માની અનંત શક્તિના માલિક બનીને મોજમઝા કરે છે, માલમલીદા ઉડાવી રહ્યા છે અને અનંતશક્તિનો સ્વામી, શહેનશાહનો શહેનશાહ એવો આત્મા ભૌતિક સુખના ટુકડાની ભીખ માંગી રહ્યો છે. અનંતકાળથી ઇન્દ્રિયોના ગુલામ બની ગયેલા ચેતનદેવને હવે જાગૃત કરો ને ગુલામીમાંથી મુક્ત કરો. ચેતનદેવને ગુલામીમાંથી મુક્ત કરવા કટિબદ્ધ બનો. આત્માને જાગૃત કરવાનો આ સોનેરી સમય છે. જો આત્મા સજાગ નહિ બને તો કર્મરૂપી લશ્કર એને ઘેરી લેશે, માટે આત્માએ સજાગ બનવાની જરૂર છે, અને તેના પર વિજય મેળવવાની જરૂર છે.

નહિ જીતાયેલો આત્મા શત્રુરૂપ છે, કારણ કે સર્વ પ્રકારના અનર્થ એનાથી ઉત્પન્ન થાય છે, માટે અવશીભૂત આત્મા અર્થાત્ મન સૌથી મોટો શત્રુ છે. જ્યારે આત્મા વશીભૂત થયો ન હોય ત્યારે ક્રોધ-માન-માયા-લોભ એ ચાર શત્રુઓ પણ યુદ્ધને માટે ઉપસ્થિત થઈ જાય છે. જ્યારે એ પાંચ શત્રુ બની ગયા ત્યારે ઈન્દ્રિયો પણ શત્રુરૂપ બની ગઈ. આ રીતે જ્યારે દશ શત્રુ ઉત્પન્ન થઈ ગયા ત્યારે નોકષાય આદિ ઉત્તરોત્તર બીજા ઘણાં શત્રુઓ તૈયાર થઈ ગયા. આ પ્રમાણે શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરવા માટે સૌથી પ્રથમ મનને તથા દુષ્ટ આત્માને જીતવાની જરૂર છે. મન વશ થઈ ગયું પછી ચારે કષાયો પણ જીતાઈ જાય છે અને કષાયો જીતી લીધી એટલે પાંચે ઈન્દ્રિયો વશ થઈ ગઈ. એ બધા વશ થઈ જાય એટલે બીજા નોકષાય આદિ શત્રુઓ પણ જીતાઈ જાય છે. આ રીતે, "एगे जिए, जिया पंच, पंच जिए, जिया दस" એકને જીતવાથી ચાર જીતાઈ જાય. એ પાંચેને જીતી લીધા એટલે દશ જીતાઈ ગયા અને દશના જીતવાથી બાકીના શત્રુઓ પણ પરાજય પામી ગયા. ગીતામાં પણ કહ્યું છે કે,

बंधुरात्मनात्मनस्तस्य, येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे, वर्तेतात्मैव शत्रुवत् ॥

જેણે આત્માને અર્થાત્ મન તથા ઈન્દ્રિયોને આત્મસંયમ દ્વારા જીતીને વશ કર્યો છે તે આત્માને માટે પોતાનો આત્મા ભાઈ છે. જેણે મન તથા ઈન્દ્રિયોને વશ નથી કર્યા તેને માટે તેનો આત્મા શત્રુ છે. નમિરાજર્ષિ ઈન્દ્રને એ જ કહી રહ્યા છે કે હું પણ યુદ્ધ કરવા નીકળ્યો છું. મારા શત્રુઓ પાંચ ઈન્દ્રિયો, ચાર કષાય અને મન છે. તેમને જીતવા માટે જઈ રહ્યો છું. નમિરાજના વૈરાગ્યભર્યા જવાબથી ઈન્દ્રને ખૂબ સંતોષ થયો. ઈન્દ્ર બધી બાહ્ય વાત કરે છે ને બાહ્ય સુખ માટેના પ્રશ્ન કરે છે ત્યારે નમિરાજ એ પ્રશ્નોને આત્મા સાથે ઘટાવી આત્મિક જવાબ આપે છે, એટલે ઈન્દ્રને ખૂબ આનંદ થયો. હજુ ઈન્દ્ર તેમના મુખારવિંદથી થોડો ગ્રહણીય ઉપદેશ શ્રવણ કરવાનું ઈચ્છે છે. તેમને વધુ જાણવાની લગની લાગી છે, તેથી પ્રશ્નોની પરંપરા બંધ ન કરી, તેમણે નવા પ્રશ્નો કરવાનું ચાલું રાખ્યું. તે કહે છે રાજર્ષિ! તમારે ચારિત્ર લેવું હોય તો ભલે ખુશીથી લો, પણ અધૂરા કામ પૂરા કરીને પછી જાવ. હવે કયું કામ કરવાનું કહે છે તે આ ગાથામાં બતાવે છે.

जइत्ता विउले जन्ने, भोइत्ता समणमाहणे ।
दत्ता भोच्चा य जिट्ठा य, तओ गच्छसि खत्तिया ॥३८॥

મોટા મોટા યજ્ઞો કરીને, શ્રમણો અને બ્રાહ્મણોને જમાડીને, તેમને સોનામહોરોનું દાન કરીને, શબ્દાદિ વિષયો ભોગવીને તથા સ્વયં યજ્ઞ કરીને હે ક્ષત્રિય! પછી તમે જાઓ.

નમિરાજમાં રાગ-દ્વેષની માત્રા ક્યાં સુધી છે એની પરીક્ષા કર્યા પછી ઈન્દ્રે હવે તેમની તત્ત્વની શ્રદ્ધા, વીતરાગ માર્ગની શ્રદ્ધા કેવી છે તેની કસોટી કરવા માટે આ પ્રશ્ન કર્યો. નમિરાજએ પહેલા કહ્યું હતું કે 'રાજેશ્રી એ નરકેશ્રી: એવું જે વાક્ય કહ્યું હતું

તે ઈન્દ્રે પકડી રાખ્યું અને એ વાકય ઉપર હવે પ્રશ્ન પૂછવા તૈયાર થયા. ઈન્દ્રે કહ્યું રાજેશ્રી તે નરકેશ્રી થાય છે એવો આપનો સિદ્ધાંત મને માન્ય છે. અમારા ગુરૂઓએ તે સિદ્ધાંત માન્ય રાખ્યો છે, એટલું જ નહિ પણ તે ઉપરથી એક અગત્યના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે. નમિરાજે કહ્યું–તમારી વાત સત્ય છે. મહાપુરૂષો, ધર્મગુરૂઓ કદી નિરુપયોગી વચન બોલતા નથી. તેમના વચનોમાં કાંઈ ને કાંઈ ઊંડું રહસ્ય હોય છે.

ઈન્દ્રના મનમાં થયું કે હવે નમિરાજની સામે મારી જીત થશે. મારી વાતમાં તે સંમત થયા, તેથી તેમના મુખ પર આનંદની રેખા પ્રગટી ઉઠી અને પ્રફુલ્લિત વદને કહ્યું–મહાપુરૂષોના વચનો તરફ આપને આટલો બધો ભક્તિભાવ છે, તો આપ એ મહાપુરૂષોનો સિદ્ધાંત પણ માન્ય રાખશો કે "**રાજાઓને નરકમાં જતા કર્મોને નિષ્ફળ કરવા માટે દાન અને યજ્ઞ આવશ્યક છે.**" નમિરાજે કહ્યું. સોળ આનાને રૂપિયો કહેવો, સો પૈસાને રૂપિયો કહેવો અને તમારી વાતનો સ્વીકાર કરવો એ બે એકસરખા કામ છે. નમિરાજ તો આત્મિક દૃષ્ટિએ તેમની આ વાતનો સ્વીકાર કરે છે પણ ઈન્દ્રના મનમાં થયું કે રાજર્ષિએ મારી વાતનો સ્વીકાર કર્યો.

ઉત્તરાધ્યયન સૂત્રના ૨૫મા અધ્યયનમાં જયઘોષ અને વિજયઘોષ મુનિની વાત આવે છે. તે અધ્યયનનું નામ છે. "जन्नइज्जं" એટલે યજ્ઞીય. તેમાં જયઘોષ મુનિ તો એક નિમિત્ત મળતાં વૈરાગ્ય પામીને સર્વવિરતિ અણગાર બની ગયા, પણ વિજયઘોષ તેમનો સગો ભાઈ છે. તે બંને બ્રાહ્મણના પુત્ર છે. વિજયઘોષ ચાર વેદના જાણકાર છે. તેમણે મોટો યજ્ઞ શરૂ કર્યો છે. વિજયઘોષને ખબર નથી કે મારા ભાઈએ દીક્ષા લીધી છે, કારણ કે તેમાં બન્યું હતું એવું કે બંને ભાઈઓ ગંગા નદીના કિનારે સ્નાન કરવા ગયા. તેમાં જયઘોષે એક ઘટના જોઈ કે સાપે દેડકાને પકડયો. વનના મોટા બિલાડાએ સર્પને પકડયો. આ દૃશ્ય જોતાં સંસારની વિચિત્રતાનું ભાન થતાં જંગલમાં જઈ એક મુનિ પાસે દીક્ષા લીધી, તે વિજયઘોષને ખબર ન પડી, પણ જ્યારે ભાઈ ગંગા નદીએથી પાછો ન આવ્યો ને આજુબાજુ શોધવા છતાં ન મળ્યો ત્યારે તેણે માન્યું કે મારો ભાઈ ગંગા નદીના પ્રવાહમાં તણાઈ ગયો ને મૃત્યુ પામી ગયો, તેથી તેની બધી ક્રિયા કરી. તે વાતને ચાર વર્ષ થઈ ગયા ત્યારે વિજયઘોષે પોતાના ભાઈનું ચાતુર્વાર્ષિક શ્રાદ્ધ કરવા માટે મોટો યજ્ઞ આરંભ્યો હતો. એવી વાત પરંપરાથી સાંભળતા આવ્યા છીએ.

જે નગરમાં વિજયઘોષે મોટો યજ્ઞ શરૂ કર્યો છે તે જ નગરની બહાર ઉદ્યાનમાં જયઘોષમુનિ પધાર્યા છે. તેમને માસખમણનું પારણું હોવાથી તે ફરતા ફરતા વિજયઘોષના યજ્ઞમાં આવી ચઢયા, ત્યારે વિજયઘોષે તેમને કહ્યું કે હે ભિક્ષુ! હું તમને ભિક્ષા નહિ આપું. તમે બીજે કયાંય જઈને ભિક્ષા લો. એક તો જયઘોષ મુનિનો સંયમી વેશ અને ઉગ્ર તપશ્ચર્યાના કારણે દૂબળું થઈ ગયેલું શરીર એટલે તે પોતાના ભાઈને ઓળખી શકયા નહિ અને કહ્યું–જે વેદના, જ્યોતિષના પારગામી છે, સ્વ પર કલ્યાણ કરવામાં સમર્થ છે, જે યજ્ઞ કરે છે એવા ભિક્ષુકોને માટે આ રસોઈ તૈયાર છે, તમારા

માટે નહિ. મુનિ તો સમતાના સાધક હતા. ગૌચરી ન વહોરાવી તો પણ તેમના ઉપર રોષ ન કર્યો. તેમને તો પોતાના ભાઈને સત્ય વાત સમજાવવી હતી એટલે ઉભા રહીને કહેવા લાગ્યા કે વિપ્ર! તમે વેદને, નક્ષત્રને કે યજ્ઞના મુખને જાણતા નથી, તમને ધર્મનું જ્ઞાન નથી. જે સ્વ પર ઉદ્ધારક છે તેને પણ તમે નથી જાણતા. જો જાણતા હો તો કહો. વિજયઘોષ જયઘોષ મુનિના પ્રશ્નનો જવાબ ન આપી શકયા ને મુનિને કહ્યું, આપ અમને તે વાત સમજાવો, ત્યારે મુનિએ કહ્યું,

अग्गिहुत्तमुहा वेया, जन्नट्ठी वेयसा मुहं ।

नक्खत्ताणं मुहं चन्दो, धम्माणं कासवो मुहं ॥१६॥ ઉત્ત. અ. ૨૫

વેદોનું મુખ અગ્નિહોત્ર છે. યજ્ઞ દ્વારા કર્મોનો ક્ષય કરવો એ યજ્ઞનું મુખ છે. ચંદ્રમાં નક્ષત્રોનું મુખ છે, અને ધર્મનું મુખ ભગવાન ઋષભદેવ પ્રભુ છે. જે ઈન્દ્રાદિક દેવોથી પૂજનીય છે. જેમ અગ્નિ દ્વારા શુદ્ધ કરાયેલ સોનું તેજસ્વી અને નિર્મળ થઈ જાય છે, તેમ રાગ-દ્વેષ અને ભયથી જે રહિત છે તેમને અમે બ્રાહ્મણ કહીએ છીએ. આ યજ્ઞ પાપકર્મના હેતુ છે, અને એ પાપકર્મોના કારણે તે દુર્ગતિમાં જાય છે. માત્ર માથું મુંડાવવાથી શ્રમણ બની શકાતું નથી પણ સમતાથી શ્રમણ થવાય છે. માત્ર ઓંકાર બોલવાથી બ્રાહ્મણ નથી બની શકાતું પણ જે શુદ્ધ બ્રહ્મચર્ય પાળે છે તે સાચો બ્રાહ્મણ છે. જ્ઞાનથી મુનિ અને તપથી તપસ્વી થવાય છે. ઉત્તમ પ્રકારના ગુણોથી યુક્ત આત્મા બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ છે. તે સ્વ-પર કલ્યાણ કરવામાં સમર્થ બની શકે છે.

આ રીતે જયઘોષ મુનિએ વિજયઘોષને બધી સત્ય વાત સમજાવી. યજ્ઞમાં કેટલી હિંસા છે, કેટલું પાપ છે ને તે માટે કયો યજ્ઞ કરવો જોઈએ તે બધું સુંદર રીતે સમજાવ્યું, તેથી ત્યાં વિજયઘોષ મુનિએ દીક્ષા લઈ લીધી. અને બંને ભાઈઓ તપ-સંયમ દ્વારા કર્મો ખપાવી મોક્ષમાં ગયા. આ રીતે નમિરાજર્ષિએ મનથી ભાવયજ્ઞ કરવાની હા પાડી, પણ હજુ ઈન્દ્ર તેમને શું કહેશે તેના ભાવ અવસરે.

આજે કાળી ચૌદશનો દિવસ છે. ભગવાન મહાવીરસ્વામી મોક્ષ પહોંચવાના બે દિવસ બાકી રહ્યા એટલે ૧૮ દેશના રાજાઓ પાવાપુરીમાં આવીને છઠ્ઠ પૌષધ કરીને બેસી ગયા. બધાને ખબર હતી કે ભગવાન મોક્ષે પધારવાના છે, એટલે હવે આપણને ભરતક્ષેત્રમાં અરિહંત ભગવાનનો વિયોગ પડવાનો છે. બધાના વિયોગ કરતાં તીર્થંકર ભગવાનનો વિયોગ ઘણો અસહ્ય છે. બધાના મનમાં દુઃખ છે, આઘાત છે. હવે આ ભગવાનની વાણી સાંભળવા કયાં મળશે? તેથી ખાવાપીવાનું છોડી છઠ્ઠ પૌષધ કરીને બેસી ગયા. જ્યાં ખાવાનું છે ત્યાં ખટપટ છે. ભગવાનની એકધારી દેશના સાંભળવા મળે તેથી છઠ્ઠ કરીને બેસી ગયા. ભગવાને ૧૬ પ્રહર સુધી દેશનાનો અખંડ ધોધ વહાવ્યો. ૧૮ દેશના રાજાઓ પ્રભુની દેશના ચાતક પક્ષીની માફક ઝીલી રહ્યા છે. બધાના દિલમાં આઘાત છે કે શું આપણા પ્રભુ ચાલ્યા જશે! હવે આવા મીઠા અમૃત ઘુંટડા કોણ પાશે? આપણા સંશયનું સમાધાન કોણ કરશે? આપણો ઉદ્ધાર કોણ કરશે?

બધાના દિલ રડી રહ્યા છે. ભગવાન મહાવીરપ્રભુ ૧૬ પ્રહર સુધી દેશના વહાવી છઠ્ઠની તપશ્ચર્યા સહિત આસો વદ અમાસની પાછલી રાત્રે નિર્વાણ પદને પામ્યા ને ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન થયું. આપ બધા પણ જ્ઞાનના દીવડા પ્રગટાવજો, તો તમારો આત્મા ઉજ્જવળ બનશે. ગમે તેટલા પવનના ઝંઝાવાતો આવશે પણ તે દીવડા બૂઝાશે નહિ. તેલ ખૂટશે નહિ ને અંતર રૂપી આધ્યાત્મિક કોડિયું ફૂટશે નહિ. આધ્યાત્મિક દીપક પ્રગટાવવા માટે વિનય-વિવેકની વાટ, તપ-ત્યાગના તેલ અને જ્ઞાનની જ્યોતિ પ્રગટાવો. આવો દીપક તમને પ્રકાશ આપશે ને બીજાને પણ પ્રકાશ આપશે.

દીવાળીના દિવસે તમે બધા ચોપડા ચોખ્ખા કરી નફા તોટાનું સરવૈયું કાઢશો, પણ સાથે એ વિચારજો કે મેં મારા આત્માનું સરવૈયું કાઢ્યું છે? એક વર્ષ દરમ્યાન જીવનમાં મેં કેટલા સત્કાર્યો કર્યા અને દુર્ગુણને દફનાવી સદ્ગુણો કેટલા અપનાવ્યા? મારો આત્મા કેટલો પવિત્ર બન્યો? આત્માને પવિત્ર બનાવવા માટે આ કાળમાં અત્યારે ભગવાનની વાણી આધારભૂત છે. ભગવાનની અંતિમ વાણીના અમૃત ઘૂંટડાનું પાન કરી ભગવાનની જેમ આપણા આત્માને પવિત્ર અને શુદ્ધ બનાવીએ. વધુ ભાવ અવસરે.

**ચરિત્ર :-પોતાના પાપ ઢાંકવા કરેલા પ્રપંચના કારણે લોકોમાં ચર્ચાનો વિષય :-** શેઠની વાત સાંભળીને લોકો જાતજાતની વાતો કરવા લાગ્યા. કોઈ એમ કહે કે, દેવકોપ કે ઋષિશાપ વિના આવી વજ્ર જેવી નિરોગી કાયા રોગથી ભરાઈ જાય નહિ. મને તો મેલી વિદ્યાનો પ્રયોગ લાગે છે. કોઈ કહે, આવા તેજસ્વી, પુણ્યશાળી અને પ્રભાવશાળી પર આવો પ્રયોગ કોણ કરે? કોઈ ન કરે, છતાં તેના અશુભ કર્મના ઉદયથી કોઈએ દ્વેષબુદ્ધિથી આ કાર્ય કર્યું હોય. કોઈ કહે, કંઈ કામણટુમણ કર્યા હશે. બધા શેઠના પક્ષમાં બેસે છે. આજે દુનિયામાં ધનના માન સન્માન થાય છે. શેઠ પાસે લક્ષ્મી લખલૂટ છે, એટલે સૌ એના પક્ષનું બોલે. બિચારી શુભમતિનું અહીં કોણ? આટલા બધામાં કોઈ સમજુ, ડાહ્યા માણસો એમ કહે કે શુભમતિમાં તો નામ એવા ગુણ દેખાય છે. એના લલાટે સતીત્વનું તેજ ઝળકે છે. એની આંખમાંથી અમી વરસે છે. આવી સતી શું આવું અઘટિત કાર્ય કરે? કદી ન કરે. ગમે તેવા વિપત્તિના વાદળો આવે, સંકટ આવે તો પણ પત્ની પોતાના પતિને દોષ ન આપે. અરે, તેના મનમાં પણ તે પતિનું અનિષ્ટ કે અહિત ન ઈચ્છે, તો પછી તેનું અનિષ્ટ કરે ખરી? પતિને વશ કરવા શું પરણ્યાની પ્રથમ રાત્રે મંત્ર, જંતર-મંતર કે કામણ-ટુમણ કરે? તે કયા સ્વાર્થથી પોતાના પતિ પર આવા રાક્ષસી કાર્યની અજમાયશ કરે? કયા હેતુથી આવો અત્યાચાર કરે? પણ આવો સત્યનો પક્ષ લેનારા કેટલા?

શેઠ શેઠાણી તો બેફાટ બોલે છે. હું માનતો હતો કે કુળદેવી આવી પણ આ તો દેવી નથી પણ રાક્ષસણી છે, પિશાચણી છે, કુળખંપણ છે. નહિ તો મારા છોકરાને આવું થાય જ ક્યાંથી? શેઠ તો આ રીતે કહીને શુભમતિના માથે આક્ષેપોની ઝડી વરસાવે છે, કલંક ચઢાવે છે. સાસુ સસરા બોલે, લોકો પણ તેમના પક્ષમાં ભળી

જઈને બોલે, પણ શુભમતિ એક અક્ષર પણ બોલતી નથી. તે તો નીચું જોઈને રડે છે. જો તે અત્યારે કહે કે મને જે પરણવા આવ્યા હતા તે આ નથી, તે તો બીજા છે, તો તેની વાત કોણ સાચી માને? કારણ કે કાલે બધાએ સગી આંખે છોકરાને જોયો હતો, એટલે કોણ તેની વાત સાંભળે? જ્યારે કર્મો રૂઠે ત્યારે સાચી વાત પણ કોઈ સાંભળે નહિ. અંજના સતીને કર્મો ઉદયમાં આવ્યા ત્યારે સગા માબાપ કે સો સો ભાઈઓ ભાભીઓ કોઈ તેનું સગું થયું?

**શુભમતિના માથે આક્ષેપોની ઝડીઃ**—શુભમતિના માથે તો આક્ષેપોની ઝડી વરસી રહી છે. લક્ષ્મીદત્ત શેઠના મિત્રે કહ્યું-નવવધૂ આજ ને આજ આવું કાર્ય શા માટે કરે? ત્યારે શેઠે કહ્યું. તને એ ન સમજાય. કોઈ ક્ષુદ્ર નારી જ્યારે પોતાની આશાઓને સાકાર ન બનાવી શકે ત્યારે જેની પાસે મોટા અરમાનોની આશા રાખી હતી તેના પ્રત્યે રોષ કરે છે ને ઝેરીલી નાગણની જેમ ડંસે છે અને તેના જીવનને ફના કરી નાંખતા અચકાતી નથી. જો જીવનનો નાશ ન કરે તો મંત્રતંત્રથી પુરૂષને પરાધીન બનાવી દે. અગર કોઈ પ્રયોગથી આવા ભયંકર રોગ મૂકી તેને દર્દનો ભોગ બનાવે. આ વાતની નગરમાં ચારે બાજુ જાણ થઈ ગઈ, તેથી તેમના આંગણે તો લોકોની ઠઠ જામી છે. મોટા મોટા શેઠ-શાહુકાર બધા આવ્યા છે. જે સગાઈ કરવા આવ્યા હતા તે નગરશેઠ પણ આવ્યા છે, તેમણે શેઠને કહ્યું-શેઠજી! આપના કિશોરની કાયા આવી કુરૂપ અને રોગી બની ગઈ તેમાં જરૂર કોઈ કારણ હશે! લક્ષ્મીદત્ત શેઠ કહે-મને પણ સમજાતું નથી કે એકાએક આમ કેમ બની ગયું? અરે! કલાક પહેલા કિશોર મને મળીને તેના શયનરૂમમાં ગયો ત્યાં સુધી તો તેની કાયા કેવી સૌંદર્યવાન હતી! અત્યારે તેનું રૂપ જોતા મારૂં દિલ બળે છે. મને તો લાગે છે કે આ નવવધૂના સ્પર્શથી તેની કાયા આવી બની ગઈ છે.

શુભમતિનું નામ સાંભળતા, આવેલા શેઠના મુખમાંથી જાણે ચીસ પડી ગઈ. હૃદયમાં આંચકો લાગ્યો. શેઠજી! આપ આ શું બોલો છો? શુભમતિ તો શુભમતિ જ છે, એ કદી આવું પાપ કરે નહિ. આપ ગમે તે કહેતા હો પણ આ છોકરી ખૂબ ખાનદાન કુળની છે. તેના જીવનમાં કેટલા સંસ્કાર, લજ્જા, સ્વભાવની મધુરતા છે! ખરેખર આ તો ઉભયકુળને દીપાવે એવી છે. મેં તો નાનપણથી જોઈ છે. કેવી સદ્‌ગુણી, ડાહી ને ગુણીયલ છોકરી છે. તેના માતાપિતા તો મારા બાળપણના ગોઠીયા છે. તેમની છોકરી કદી આવી હોય નહિ. આ શેઠે ઘણી ટક્કર ઝીલી, પણ તેનો કોઈ વાતનો પૂરાવો નથી. અત્યારે તો બધા કોઢી છોકરાને જુએ છે, એટલે વાત સાચી માનવી પડે છે. લક્ષ્મીદત્ત શેઠ કહે છે, આપ કહો છો તે વાત સત્ય હશે પણ આપ નજરે જુઓ છો ને કે કાલે મારો છોકરો કેવો હતો ને આજે કેવો બની ગયો! હું પણ માનતો હતો કે સંસ્કારી, લજ્જાળુ કુળવધૂ મારા કુળની છાયા બની જશે, પણ એ તો મહા માયાવી નીકળી. શુભમતિને જોતાં કોઈને એના પર શંકા નહિ થાય કે આવી રૂપાળી છોકરીનું

શું આવું ભયંકર કૃત્ય હોઈ શકે? પણ કિશોર પાસે તેના સિવાય કોઈ હતું જ નહિ. જો તે સાચી હોય તો શું એક શબ્દ પણ ન બોલે? તે તો મૌન બેઠી છે.

લક્ષ્મીદત્ત શેઠે કહ્યું, આપને શ્રદ્ધા ન હોય તો નજરે જોઈ લો. હું તો સૂઈ ગયો હતો. હજુ ઉંઘ્યો ન હોતો. ત્યાં થોડીવારમાં નવવધૂની ચીસ સંભળાઈ. અમે બધા દોડીને ગયા ત્યારે કિશોરની આ સ્થિતિ જોઇ. કિશોરની આ દશા જોઇને નવવધૂ બહાર નીકળી ગઈ. શું કહું! અમારા ને એના ભાગ્યના દોષ! આવું આપત્તિનું વાદળું આવી પડે પછી શું દુઃખ ન થાય? કિશોરનો કરૂણ પોકાર પણ જોઇ આવો. શેઠે બતાવ્યા પ્રમાણે કિશોર નાટક કર્યા કરે છે. મોટા ભાગના માણસોને વાત સાચી લાગે છે, તો કોઇને વાત ખોટી લાગે છે.

આ બાજુ શુભમતિ તો મનમાં નવકારમંત્રનું સ્મરણ કરે છે. દિલમાં આઘાત છે. અપરંપાર દુઃખ છે. તેને થયું કે મારા પિયર સમાચાર મોકલાવું? આ વાત મારા બાપુજી જાણતા નથી, પણ મારી બા તો જાણે છે. જ્યારે હું જાનીવાસે ગઇ ત્યારે મારી બા મને જોઇ ગઇ હતી. હું આવી ત્યારે તે મને વઢી હતી કે કુંવારી છોકરીએ આવી રીતે જાનીવાસે જવાય નહિ. તેં આપણી કુળ મર્યાદા તોડી છે. આવી રીતે જવાથી સારું ન દેખાય. મારી બા મને એમ વઢી હતી પણ ત્યારે ચોરીમાં જવાનો ટાઈમ હતો એટલે મેં વાત ન કરી પણ લગ્ન પછી મેં મારી બાને બધી વાત કરી હતી.

**બાત જો હોવે સો કહ બાઈ, વાર્તા સારી સાફ સુનાઈ,**
**બિન્દ પરણાયો ભાડે લાઈ, શેઠ કો સુતકો કોઢયો માનજી.**

હે બા! મારી વાત સાંભળ. અત્યારે તારી દૃષ્ટિમાં જે જમાઈ દેખાય છે તે ભાડે પરણવા આવ્યો છે. એ શેઠે બધી માયા-કપટ રચી છે. તેમનો દિકરો તો કોઢીયો છે. પણ માયાજાળથી છોકરો બતાવ્યા વિના સગાઈ કરી. તેને તો કેવી રીતે પરણાવવા લાવે? તેથી કિશોર નામ ધરાવીને ભાડે પરણવા લાવ્યા છે. અહીંથી લગ્ન કરીને ગયા પછી તે જ રાત્રે એ દૂર થશે ને કોઢીયો મારી પાસે આવશે. આ વાત સાંભળતા માતા તો બેભાન થઇ ગઈ હતી. તેણે કહ્યું-દીકરી! તું શી વાત કરે છે! તેં લગ્ન પહેલાં વાત કરી હોત તો લગ્ન કરત જ નહિ. હવે શું થાય? તેં મનમાં વાત રાખી. બા! નસીબમાં લખ્યું હોય તેમ થાય. મારા ભાગ્ય સારા હશે તો છોકરો નહિ બદલાય, પણ કદાચ તેમણે કહ્યું છે તેમ બને તો મારી વ્હારે આવજો, પણ શુભમતિ અત્યારે તો વિચાર કરે છે કે મારા કર્મ ઉદયમાં આવ્યા છે તો મારે ભોગવી લેવા છે. પિયર સમાચાર મોકલીને માબાપને શા માટે દુઃખી કરવા? મારા જબ્બર પાપનો ઉદય હોય તો મારા માબાપ પણ મારી સત્ય વાત માનવા તૈયાર ન થાય. ગમે તેમ થશે પણ હું મારા શરીરને પરપુરૂષની આંગળી તો નહિ જ અડવા દઉં. શીલ ખાતર મરી ફીટીશ પણ શીલ તો પ્રાણના ભોગે પણ સાચવીશ. આ રીતે મક્કમ મન કરીને બેઠી છે. હવે શું બનશે તે અવસરે.

**નોંધઃ**–દિવાળીના દિવસે પૂ. મહાસતીજીએ ભગવાનના નિર્વાણ ઉપર સુંદર પ્રવચન ફરમાવ્યું હતું, પણ તે વાત અગાઉના પુસ્તકોમાં આવી ગઇ હોવાથી તે વ્યાખ્યાન ચાલુ વર્ષે લેવામાં આવ્યું નથી.

---

## વ્યાખ્યાન નં–૯૪

**કારતક સુદ ૨ ને ગુરૂવાર** **તા. ૨૯–૧૦–૮૧**

અનંતજ્ઞાની પુરૂષોએ આ સંસારને મહા ભયંકર અટવીની ઉપમા આપી છે. અટવીમાં જીવને ચારે બાજુ વાઘ, સિંહ આદિનો ભય હોય છે, તેમ સંસારમાં આત્માને ચારે બાજુ ભય રહેલો છે. ક્રોધાદિ કષાયો અને કામાદિ વિકારો આત્માને નુકશાન કરવા માટે સદાય તૈયાર છે. જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી ભય રહેલો છે. સંપૂર્ણપણે નિર્ભયતા તો મોક્ષમાં પ્રાપ્ત થઈ શકે છે, કારણ કે ત્યાં ભયને ઉત્પન્ન કરનાર કર્મ નથી, કર્મ નથી ત્યાં દેહ નથી. દેહ નથી ત્યાં રોગ નથી, શોક નથી કે કોઈ પ્રકારની પીડા પણ નથી. મોક્ષમાં આત્મા સંપૂર્ણપણે નિર્ભય હોય છે.

એક બાજુ સંસારની ભયંકરતા અને બીજી બાજુ આત્માની ઘોર અજ્ઞાનતા! એક બાજુ સિંહ અને બીજી બાજુ ભયંકર નદી. આ સંસારમાં પણ જીવોની દશા એવી છે. એમાંથી ઉગરવા માટે કોઇ સમર્થ શક્તિશાળીનો આશ્રય જોઈએ કે જેના બળે સંકટમાંથી પાર થઈ જવાય. આવી પરિસ્થિતિમાંથી ઉગરવા માટે પરમેષ્ઠિ ભગવંતો આપણો હાથ ઝાલે છે. તેમની આપણા પર અસીમ કૃપા રહેલી છે. તેઓ સદા આપણને શરણ આપવા તૈયાર છે. જે કાંઈ કમનસીબી હોય તે આપણી છે કે શરણ આપનાર તૈયાર હોવા છતાં હજુ શરણ લેવા માટે આપણે તૈયાર થયા નથી. તેમનું શરણ પ્રાપ્ત કરવા માટે આપણા હૈયામાં એ પરમેષ્ઠિ ભગવંતો પ્રત્યે ભક્તિભાવ પ્રગટ કરવો જોઇએ. જેટલો પ્રેમ આ દેહ પ્રત્યે છે તેટલો પરમેષ્ઠિ પ્રત્યે પેદા કરવાનો છે. જીવને બધા કરતા વધુ પ્રેમ શરીર પર છે.

ધનથી વધારે પ્રેમ માનવને પોતાના કુટુંબ પ્રત્યે હોય છે. પુત્ર કે પત્નીના રક્ષણ માટે એ બધું કરશે, દુઃખ સહન કરશે અને ધનને પાણીની જેમ વાપરશે, છતાંય આ કુટુંબ કરતા માણસને વધુ રાગ અને પ્રેમ પોતાની કાયા ઉપર હોય છે. પોતાની કાયા માટે એ બધું છોડવા તૈયાર થઈ જાય છે. માંદગીના બિછાને સૂતેલો માણસ જ્યારે ડોક્ટર આવે છે ત્યારે રાજી રાજી થઈ જાય છે, કારણ કે ત્યાં કાયાની મમતા છે કે ડોકટર આવ્યા, હવે મને સારું થઇ જશે. જ્ઞાનીઓ કહે છે કે ધનનો મોહ છોડવો સહેલો છે, કુટુંબ પરિવારને છોડવા સહેલ છે, પણ કાયાનો રાગ છોડવો સૌથી વધારે મુશ્કેલ છે. શા માટે?

આ પ્રશ્નનો જવાબ એ છે કે આ અનંત સંસારમાં આત્માએ અનંતા શરીરો ધારણ કર્યા છે, અને અજ્ઞાન તેમજ મિથ્યાત્વના કારણે આત્મા પોતાના દેહને જ આત્મા

માનીને બેસી ગયો છે. બહિરાત્મદશાના કારણે દેહના નાશમાં પોતાના સર્વસ્વનો નાશ માને છે. દેહ એ જ મારું સર્વસ્વ, આ જાતના અનાદિના સંસ્કારોના કારણે દેહ ઉપરથી મમત્વ ઉતરવુ બહું મુશ્કેલ છે. જે ભવમાં જે કાયા મળતી રહી છે, મળી છે, એ ભવમાં એ કાયા ઉપર ગાઢ પ્રેમ રહેલો હોય છે. કીડીના ભવમાં નાની અને હાથીના ભવમાં મોટી કાયા મળી તો પણ દેહનું મમત્વ એનું એ રહ્યું. આ રીતે જીવ દેહ પર સ્નેહ કરતો આવ્યો છે. જે પ્રેમ શરીર ઉપર છે એ પ્રેમ આત્મા ઉપર પ્રગટાવવાનો છે. આત્મા ઉપર પ્રેમ પ્રગટાવવા માટે પરમેષ્ઠિ પ્રત્યે હૈયામાં પ્રેમ પેદા કરવાનો. ભય રૂપ આ સંસારમાં નિર્ભય બનવા માટે પરમેષ્ઠિ ભગવંતોનું શરણુ અનિવાર્ય છે. એ શરણુ પ્રાપ્ત કરવા માટે પરમેષ્ઠિ પ્રત્યે ભક્તિ જરૂરી છે. એ ભક્તિ પ્રગટાવવા માટે ધન, કુટુંબ અને કાયા કરતાં પણ પરમેષ્ઠિ પ્રત્યે વધારે પ્રેમ જગાડવો જરૂરી છે, કારણ કે એ વધુ મૂલ્યવાન છે. એમની આજ્ઞાનું શરણુ જેમણે સ્વીકાર્યું એ અભય બની ગયા, પછી એમને મરણનો ભય રહેતો નથી.

જેઓ પરમેષ્ઠિ ભગવંતોનું શરણુ સ્વીકારી આજ્ઞામાં ઓતપ્રોત બન્યા છે એવા નમિરાજને ઇન્દ્રે કહ્યું કે રાજાઓને નરકે લઇ જતાં કર્મોને દૂર કરવા માટે યજ્ઞ અને દાનની જરૂર છે. નમિરાજે કહ્યુ, તારી વાત સોળેસોળ આની સત્ય છે. હું પણ યજ્ઞ કરવા શીખ્યો છું. આ સાંભળી ઇન્દ્રને આનંદ થયો. તે બોલ્યો. આપ ખરેખર સત્યમૂર્તિ દેખાવ છો. દાન અને યજ્ઞ એ રાજાનું મુખ્ય કર્તવ્ય છે. એ વાત આપે સ્વીકારી છે તો હવે શા માટે આપે વખત ગુમાવવો જોઇએ ? શા માટે દાનશાળાઓ શરૂ કરતા વિલંબ કરવો જોઈએ ? અને અશ્વમેધ આદિ યજ્ઞોનો હુકમ આપતા શા માટે વિચાર કરવો જોઇએ. ? આ સાંભળીને નમિરાજે કહ્યું. તે સંબંધમાં હું તમારી સલાહ પૂછું છું કે દાન કેવી રીતે આપું ? ઇન્દ્ર કહે -બ્રાહ્મણોને જમાડો, અનાથ, અપંગ લોકોને અન્ન-વસ્ત્ર આપીને સંતોષ પમાડો. ઇન્દ્ર ! આપ મને કહો તો ખરા કે શ્રમણ, બ્રાહ્મણોને જમાડવાથી અને દક્ષિણા આપવાથી શો લાભ ? રાજર્ષિ ! તેઓ તમને આશીર્વાદ આપશે, તેથી તમારું કલ્યાણ થશે. અહીંયા શ્રમણ શબ્દથી બૌદ્ધ ભિક્ષુ અથવા અન્ય સંન્યાસીઓ સમજવા. જૈન સાધુઓ નહિં સમજતા, કારણ કે જૈન સાધુ આ રીતે નિમંત્રણ દ્વારા કોઈના ઘરમાં બેસીને ભિક્ષા ન કરે.

નમિરાજ કહે છે, જો વચનથી કલ્યાણ થઇ શકતું હોય તો વચનથી પૈસો પણ મળી શકે. કલ્યાણમાં સર્વ સુખનો સમાવેશ થાય છે. નમિરાજ ! એમ નથી. બ્રાહ્મણો શાસ્ત્રના અભ્યાસી તથા શાસ્ત્રોના ઉપદેશક, તેમજ સ્વદેશ દાઝ, વીરત્વ શીખવનારા છે. એવા ઉપકારી મનુષ્યોને દાન દેવું એ શું રાજા-પ્રજા બંનેની ફરજ નથી ? જે આવી ફરજો બજાવે તેને સંસારી જનોનો ઉપકારી ગણવામાં કોઈ વાંધો નથી, પણ જે પોતાની ફરજો બજાવતાં નથી એવાને દાન આપવાથી શું કલ્યાણ થવાનું છે ? તો પછી જેઓ પોતાના કર્તવ્યો બજાવે છે, તેમને તો દાન દેવાનું સ્વીકારશોને ? નમિરાજે કહ્યું-જ્યારે એવા કર્તવ્ય પરાયણ બ્રાહ્મણોથી મને લાભ

થતો હતો ત્યારે તેમને દાન દેતો હતો અથવા જ્યારે હું સંસાર સુખનો રાગી હતો ત્યારે સંસારને ચલાવવા બ્રાહ્મણોની મદદ ઇચ્છતો અને તેમની મહેનતનો બદલો આપતો. હવે મને એ સુખની ઇચ્છા નથી, તો પછી એ સુખના સાધનો સાથે મારે શું પ્રયોજન છે? ઇન્દ્ર કહે—રાજર્ષિ! તમે ભૂલો છો. બ્રાહ્મણો પાસે યજ્ઞ કરાવવાથી તે તમને અક્ષય સુખ અપાવી શકશે. હે વિપ્ર! આપ સત્ય કહો છો. હવે આપ કહો કે યજ્ઞ કેવી રીતે કરાવું?

**યજ્ઞનો આદેશ કરતાં ઇન્દ્ર :**—રાજર્ષિ! સાંભળો. એક સારો લક્ષણવંત, તેજીવંત, શ્વેત ઘોડો મંગાવો. તેને શણગારો ને પછી છૂટો મૂકો. જે બળવાન રાજા તેને કબજે કરી પોતાની અશ્વશાળામાં બાંધે તે રાજા સાથે યુદ્ધ કરો, અને લડાઈ કરીને ઘોડો પાછો મેળવો. પછી એક વર્ષ ચાલે એવો મોટો યજ્ઞ કરાવો અને યજ્ઞ પૂરો થાય તે દિવસે વિધિપૂર્વક તે ઘોડાને યજ્ઞકુંડમાં હોમો એટલે તમારું કલ્યાણ થશે. ઇન્દ્રની આ વાત સાંભળી નમિરાજને ખૂબ હસવું આવ્યું. અરે, બુઢ્ઢાબાપા (ઇન્દ્ર વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યા છે તેથી) ક...લ્યા...ણ...તમે બ્રાહ્મણો જેમાં તેમાં કલ્યાણ આપવા ઉભા થાઓ છો તો તમારા ઘરમાં કલ્યાણના ભંડાર ભર્યા લાગે છે. તમારી તો બુદ્ધિ બગડી ગઈ લાગે છે. તમે તો કેવી વાત કરો છો? ઘોડાને લાવી છૂટો મૂકવાનો. જે રાજા એને વશ કરે તેની સાથે યુદ્ધ કરીને અશ્વને પાછો મેળવવાનો ને પાછો યજ્ઞમાં હોમવાનો. તેમાં પાછું કલ્યાણ માનો. આ તે કેવી ઘોર અજ્ઞાનતા! યજ્ઞમાં તો કલ્યાણ હોય? કોઇ બહેન વિધવા થાય, તેને પતિની ચેહમાં બાળી મૂકવાની ને કહેવાય કે સતી! તેમાં કલ્યાણ, બ્રાહ્મણોને જમાડવામાં ને દાન દેવામાં કલ્યાણ! અરે, છેવટે બ્રાહ્મણોને ચપટી લોટ આપે તો પણ કલ્યાણ, કેવું સસ્તું કલ્યાણ! ભવિષ્યમાં જે પ્રજા થશે તેમના ધર્માધ્યક્ષો રાજાઓને લાખ, દશ લાખ રૂપિયે અને સામાન્ય મનુષ્યોને સેંકડે કલ્યાણ વેચશે, પણ તમે તો બદામ સાટે કલ્યાણ આપવા ઉભા થયા છો.

આ સાંભળીને ઇન્દ્ર કહે, રાજર્ષિ! તમે તો નાસ્તિક છો. નમિરાજે કહ્યું, હું તો ચુસ્ત આસ્તિક છું. તમે ઇશ્વરને માનતા નથી તો તેમના ભક્ત બ્રાહ્મણોને કેમ માનો છો? હે વિપ્ર! હું તો આસ્તિક છું. હું ઈશ્વરને તથા પરલોકને માનું છું. પુણ્ય, પાપ બંધ, મોક્ષને માનું છું, હવે આપ કહો કે હું નાસ્તિક કેવી રીતે? હું ઇશ્વરને માનું છું પણ ઈશ્વર મને કાંઇ આપવા શક્તિમાન નથી. તેમની હયાતિ અને ગુણોને હું માનું છું. મારા ઉપર તેમનો કોઈ ઉપકાર હોય તો તે એટલો છે કે તેમના ગુણોનું સ્મરણ મને અવલંબન રૂપ થઇ પડે છે. એ દોરડું પકડીને હું મોક્ષ મંઝીલે પહોંચવાની હિંમત કરી શકું છું.

હાથમાં આવેલી બાજી બગડી જતી જોઈ ઇન્દ્ર ખેદ પામ્યો. તેણે ઊંડા નિઃશ્વાસ સાથે કહ્યું કે, તો શું અમારા કરેલા યજ્ઞો પણ નિષ્ફળ? વિપ્ર! મારાથી નિષ્ફળ કેમ કહેવાય? નિષ્ફળ કાંઇ નથી. કોઇ કાર્યનું સારું ફળ મળે છે ને કોઈનું ખરાબ ફળ મળે છે. તમારા યજ્ઞથી પ્રત્યક્ષ લાભ એ, કે બાર માસ સુધી સેંકડો ભિખારીઓને અન્ન મળે. હવા સ્વચ્છ અને જંતુઓના ઉપદ્રવ વિનાની થાય, પણ એ યજ્ઞથી જે અનંત જીવોનો

નાશ થાય એ પરોક્ષ ગેરલાભ તમને દેખાતો નથી ? લાભ અને ગેરલાભને ત્રાજવાના બે પલ્લામાં મૂકીને જોખી જુઓ. કહો, કયું પલ્લું નીચે નમે છે. ? બ્રાહ્મણે કલ્પનાના આકાશમાં ત્રાજવા માંડયા. લાભાલાભને બે જુદા જુદા પલ્લામાં મૂકયા, પણ ત્રાજવામાં ગેરલાભનું પલ્લું નીચું નમ્યું, પણ તે કહેવાની તેમની હિંમત ચાલી નહિ, ત્યારે નમિરાજે કહ્યું, તમારા યજ્ઞમાં તો મહાપાપ છે. એમાં જવ આદિ હોમો એટલે એકેન્દ્રિય જીવોની હિંસા થાય. બેઇન્દ્રિય., તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવો પણ ઘણાં મરે અને ઘોડા આદિને હોમો તેથી પંચેન્દ્રિય જીવોની હિંસા થાય, માટે એવા યજ્ઞથી કયારે પણ કલ્યાણ થાય નહિ. જયાં હિંસા છે ત્યાં ધર્મ નથી. જ્યાં અહિંસા છે ત્યાં ધર્મ છે, મારે હિંસક યજ્ઞ કરવા નથી. તું સાંભળ, આ સંયમ માર્ગ કેટલો ઊંચો ને મહાન છે.

**जो सहस्सं सहस्साणं, मासे मासे गवं दए ।**
**तस्सवि संजमो सेओ, अदिन्तस्सऽवि किंचणं ॥४०॥**

જે પુરૂષ એક એક મહિને દશ દશ લાખ ગાયોનું દાન કરે છે તેના કરતા જે કંઈ પણ નથી આપતા તેવા સંયમી સાધકનો સંયમ શ્રેષ્ઠ છે.

જેની રગરગમાં વૈરાગ્યનો રણકાર છે, જે ચારિત્ર માર્ગમાં તરબોળ છે, જેના જીવનમાં સંયમની લગની છે એવા નમિરાજના જવાબ કેવા જડબાતોડ છે ! ઇન્દ્રે તેમની સામે ચારિત્ર વિરૂદ્ધ વાત કરી પણ નમિરાજે તેનો કેવો સુંદર જવાબ આપ્યો ! તેમણે કહ્યું–હે વિપ્ર ! કોઇ માણસ મહિને મહિને દશ લાખ ગાયોનું દાન કરે એના કરતાં પણ સંયમ વધુ શ્રેષ્ઠ છે. પછી ભલે તેમાં રાતી પાઈનું દાન આપવામાં આવતું ન હોય. તે ગમે તેટલું દાન કરે પણ સંયમની તોલે કોઈ ન આવે. જેણે દેશ વિરતિનો ત્યાગ કર્યો છે ને સંયમ માર્ગ સ્વીકાર્યો છે તેમને કોઈ પાપ કરવાનું નથી હોતું. સાધક આત્મા જ્યારે દીક્ષા લે છે ત્યારે સર્વથા સાવદ્યયોગના પચ્ચખાણ થઈ જાય છે, એટલે છકાયના જીવોને અભયદાન મળે છે. સંયમમાં પહેલું મહાવ્રત અહિંસાનું. તેમાં અનંતાનંત જીવોને પોતાના તરફથી અભયદાન મળે. એની સામે ગાયના દાન શી વિસાતમાં ! "**दाणाणं सेट्ठं अभयप्पयाणं ।**" દાનમાં શ્રેષ્ઠ દાન અભયદાન છે. વીરના સંતો કેવા હોય ?

**છકાય રક્ષણહારા, એવા ગુરૂજી અમારા.**

ભગવાનના સંતો છકાય જીવની દયા પાળનાર હોય છે. એવા સાધુ ભલે કોઇને કંઈ આપતા ન હોય છતાં તેમનો સંયમ શ્રેષ્ઠ છે. તમે તડકેથી આવ્યા હોય, તરસથી આકુળવ્યાકુળ થયા હોય છતાં સંતો તમને ટીપું પાણી પણ ન આપી શકે. તે અવ્રતીની સેવા કરે નહિ ને સેવા લે નહિ. તે સર્વથા અહિંસાના પાળનાર હોય. છકાયના જીવો પ્રત્યે તેમને કરૂણા હોય છે. તે છકાય જીવોની હિંસા કરે નહિ, કરાવે નહિ ને કરતાને અનુમોદન આપે નહિ. ચાહે તે "गामे वा, नगरे वा, रण्णे वा" ગામમાં હોય, નગરમાં હોય કે રણમાં હોય, તે એમ ન વિચારે કે હું પાપ કરીશ તો અહીં મને કોણ જોવાવાળું છે ? કોઇ ન જોવાવાળું હોય તો પોતાનો આત્મા તો જુએ છે ને ? સિદ્ધ ભગવંતો તથા કેવળી ભગવંતો તો જુએ છે ને ?

એક ગુરૂને બે શિષ્યો હતા. ગુરૂને એકવાર સ્વપ્ન આવ્યું કે તારા બે શિષ્યોમાં એક ભવી છે ને એક અભવી છે. ગુરૂના મનમાં થયું કે કોણ ભવી હશે? કોણ તરવાનો હશે? લાવ, પરીક્ષા કરું, તેથી તેમણે માટીના બે પક્ષીઓ બનાવ્યા ને તે બંને શિષ્યોને આપ્યા ને કહ્યું-આપ, આ પક્ષીને લઈ જાવ અને કોઈ દેખે નહિ તેવી જગ્યાએ જઈને તેમનો શીરચ્છેદ કરજો. બંને શિષ્યો જુદી જુદી દિશામાં ઘણે દૂર દૂર સુધી ગયા. એક શિષ્યને એવું સ્થાન મળી ગયું. તેને થયું કે અહીં મને કોઈ જોતું નથી, તેથી તેણે પંખીનો શીરચ્છેદ કરી નાંખ્યો, પછી તે ગુરૂ પાસે આવ્યો. બીજો શિષ્ય તે પંખી લઈને પાછો આવ્યો. ગુરૂએ પૂછયું ત્યારે પહેલા શિષ્યે કહ્યું–મેં આપની આજ્ઞા પ્રમાણે કોઈ દેખે નહિ ત્યાં જઈ પંખીનો શીરચ્છેદ કર્યો છે. બીજો શિષ્ય કહે–ગુરૂદેવ! હું તો પાછું લઈને આવ્યો છું. કેમ? હું ઘણે દૂર દૂર સુધી ગયો. ઘણું ઘણું ફર્યો. વન–વન, પર્વત–પર્વત, જંગલ–જંગલ ફર્યો પણ મને કોઈ સ્થાન એવું ન મળ્યું કે જ્યાં મને કોઈ જોતું ન હોય. ગુરૂ કહે–તને કોણ જોતું હતું? ગુરૂદેવ! જઘન્ય ૨૦ તીર્થંકર, ઉ. ૧૭૦ તીર્થંકર, જ. બે ક્રોડ કેવળી અને ઉ. નવ ક્રોડ કેવળી અને વનસ્પતિનો દંડક વર્જીને ૨૩ દંડક કરતા અનંતા સિદ્ધો છે, તે બધા મને દેખે છે. તેઓ તો મન મનની અને ઘટઘટની વાતો જાણે છે. પાતાળમાં કે ભોંયરામાં જઈ પાપ કરીએ તો પણ એ તો જોવાના છે. તે સિવાય હું પોતે તો જોતો હતો ને? એનું શું? આપે કહ્યું હતું કે કોઈ ન દેખે ત્યાં શીરચ્છેદ કરજે, પણ આ બધા મને જોવાવાળા હતા. ગુરૂ સમજી ગયા કે આ ભવી છે.

આત્મા કોઈ પણ ખરાબ કાર્ય કરવા તૈયાર થાય ત્યારે એણે આત્માને પૂછવું કે તું તને તો દેખે છે ને? બીજા દેખે કે ન દેખે, પણ પોતાનો આત્મા તથા કેવળી ભગવંતો, સિદ્ધ ભગવંતો બધા તો દેખે છે ને? તો તે આત્મા પાપ કરતાં પાછો પડશે. વીતરાગી સંતો ક્યારે પણ પાપ કરે નહિ. તેમને મન તો સર્વ જીવો સમાન છે. એવા સંતો ભલે કાંઇ ન આપતા હોય છતાં તેમનો સંયમ શ્રેષ્ઠ છે. તેમના અભયદાનની તોલે બીજું કોઈ દાન આવતું નથી. હજુ નમિરાજ આગળ શું સમજાવશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર** :– શુભમતિના માથે તો આભ તૂટી પડે એવા દુઃખ આવ્યા છે. નિર્દોષ સતીને માથે કલંકો ચઢી રહ્યા છે. વચનોના પ્રહાર થઈ રહ્યા છે. કેટલાક માણસો શુભમતિનું રૂપ જોઇને કહે છે કે બ્રહ્માએ શું આ કન્યા ઘડી છે! અનુપમ સૌંદર્ય સાથે એક મોટો દોષ મૂકી સૌંદર્યને કલંકિત બનાવ્યું. શુભમતિને જોતાં કોઈ એના રૂપને તો કોઈ એના કાર્યને, તો કોઇ એના જીવનને ધિક્કારવા લાગ્યા. કોઇ નાગણી, પિશાચી, શાપિની, કુકર્માં અને દુષ્ટા એવા અનેક અપમાનજનક શબ્દોથી એનો તિરસ્કાર કરવા લાગ્યા. કેટલાક કિશોરને કમભાગી માનવા લાગ્યા. કોઇ કહે કિશોર બિચારો આવી સ્રીના પંજામાં ફસાયો. બિચારા કિશોરનું જીવન પાંખ વિનાના પંખી જેવું નિરસ બની ગયું.

**સાસુ સસરા નગરજનો સબ, ધિક્કાર ધિક્કાર કરને લગે**
**તિરસ્કારકી દષ્ટિસે, દેખતે શુભા ભયસે દૂર ભાગે.**

સાસુ-સસરા તથા તમામ માણુસો બધા એને તિરસ્કારથી જોવા લાગ્યા. બધાના મનમાં થયું કે એ મંત્રજંત્ર કામણટુમણુ કરે છે. તેની નજર જો આપણા પર પડશે તો આપણને પણ કંઈક થઈ જશે. બધાના દિલમાં તેના તરફ દ્વેષભાવ જાગ્યો. શુભમતિને રડતી છાની રાખનાર કોઇ નથી. બધા વહેતી વાતમાં સાક્ષી પુરવા લાગ્યા. સત્ય વાત શું છે એ કોણ વિચારે ?

**દુઃખના ડુંગરે પણ શુદ્ધ ભાવના :** શુભમતિ તો એ જ વિચારે છે કે અત્યારે નવકારમંત્ર સિવાય બીજો કોઇ મારો બેલી નથી. તે પ્રભુને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ ! દુનિયા ભલે બગડી પણ મારા પ્રભુ તું મારા પર ન રૂઠીશ. તું મારી લાજ રાખજે ને સત્યનો જય કરજે. મેં પૂર્વ જન્મમાં કોઈના પર કલંક ચઢાવ્યા હશે તો આ ભવમાં મારા પર કલંક ચઢયા છે. તો આવેલા દુઃખમાં હિંમત ન હારતા નવકારમંત્રનું સ્મરણ એ જ મારા માટે રક્ષણકર્તા છે. શુભમતિ કર્મના સિદ્ધાંતને બરાબર સમજે છે. કરેલા કર્મો ભોગવ્યા સિવાય છૂટકો નથી, તેથી નવકારમંત્રનું સ્મરણ કરતી કર્મના સ્વરૂપને વિચારી રહી છે. મારા સસરાએ ખોટા પ્રપંચ રચી મને કલંકિત કરી, બધા વચ્ચે અપમાનિત કરી, તેનું મને જરા પણ દુઃખ નથી. મને એટલો આનંદ છે કે નવકાર-મંત્રના પ્રભાવે હું આપત્તિમાં પણ હિંમત રાખી શકી છું ને મારા શીલને બરાબર સાચવી શકી છું. નવકારમંત્રના પ્રભાવે ગમે ત્યારે સત્ય પ્રગટ થયા વિના રહેવાનું નથી. ૫-૧૦ વર્ષે મારું કલંક ઉતરશે ને સત્યનો જય થશે પણ આ બધા મારા નિમિત્તે જેમ તેમ બોલીને કેટલા કર્મો બાંધી રહ્યા છે ! એ બધાનું શું થશે ? શેઠ શેઠાણી જાણે છે કે પોતાનો છોકરો કોઢીયો છે. તેને ભોંયરામાં પૂરી રાખ્યો હતો, છતાં જાણી જોઈને છાતી-માથા કૂટે છે ને રોકકળ કરી દુઃખ ભોગવે છે ને કર્મો બાંધે છે. એમનું શું થશે ? હું તો એ જ ઇચ્છું છું કે મારા પર આળ ચઢાવનારનું પણ ભલું થાઓ. એમના હૈયામાં સદ્‌ભાવના જાગે. સતી સ્ત્રીઓ પોતાને દુઃખ આપનારનું પણ ભલું ચાહે છે.

**કષ્ટના કલંકમાં પણ સાચી સમજઃ-** મહાન સતીઓના માથે કેવા કલંકો ચઢયા છે ને કેવા મહાન દુઃખો ભોગવ્યા છે ! તેમના દુઃખ આગળ મારું દુઃખ શા વિસાતમાં છે ! માનવીના ધૈર્યની, ક્ષમા, સમતાની પરીક્ષા આપત્તિમાં થાય છે. હંમેશા કસોટી સત્યની થાય છે, અસત્યની નથી થતી. આખરે તો સત્યનો જય થાય છે. સત્યના સોનેરી પ્રકાશ આગળ અસત્યનો અંધકાર ટકી શકતો નથી. સમયે સત્ય પ્રગટ થશે. આજે બધા શેઠના પક્ષ તરફ જે ઝુકી રહ્યા છે તે શેઠ કરતાં તેમની સંપત્તિના કારણે બધા એક તરફેણમાં છે. ત્યાં મારા જેવી અબળાનો પોકાર કોણ સાંભળે ? એમાં એ બધાનો પણ શો દોષ ! દુનિયા જે આંખે દેખે તેને સાચું માને. સાચી વાત તો જ્ઞાની વિના કોણ જાણી શકે ? જે દુઃખ આવ્યું છે તે સમતાથી સહન કરી લેવામાં સાર છે. મારે કોઈના દોષ જોવાની જરૂર નથી. મારા જીવનમાં એક સોનેરી દિવસ આવશે. દુઃખ જશે ને સુખ આવશે. અત્યારે જેટલું દુઃખ વધારે વેઠીશ તેટલું વધારે સુખ

મળવાનું છે. હીરો સરાણે ચઢે ત્યારે તેની કિંમત થાય છે, તેમ અત્યારે મારી કસોટી છે. કસોટી વિના કલ્યાણ નથી. થોડા દિવસમાં દુઃખ જશે ને સુખ આવશે. એ સુખ પછી એવું આવશે કે કયારેય દુઃખ નહિ પડે. ન જાણે આ કલંકની વિષમતામાં મારા ભાવિ જીવનનું સુંદર નિર્માણ કેમ છૂપાયેલું ન હોય! આ દુઃખદ પ્રસંગ મારા સુખની ખાતર ધીરજ ધરી હસતા મુખે વધાવી લેવામાં શાણપણ છે. અત્યારે બધાએ આળ ચઢાવ્યું છે પણ મને શ્રદ્ધા છે કે એક દિવસ બધાની દૃષ્ટિ ખુલશે ને સૌને સત્ય વાત સમજાશે. હમણા તો વચનોના પ્રહારો સહન કરીને રહેવાનું છે. એમ વિચારી સમભાવે કર્મોને ભોગવે છે.

**લડકીકો બદનામ કિયા, ઔર અપની બાત છિપાઈ,**
**કુંવરીને પરવાહ નહી કીની, રહે મહલ કે માંઈ**

શેઠે તો પોતાની વાત બરાબર છૂપાવી દીધી અને નિર્દોષ શુભમતિને સારા ગામમાં બદનામ કરી, છતાં શુભમતિ એ બધાને ગણકાર્યા વિના નવકારમંત્રનું સ્મરણ કરતી, ત્યાં દિવસો વીતાવે છે ને મહેલમાં રહે છે. શુભમતિએ કિશોરકુમાર ભાડે પરણવા આવ્યા છે એ બધી વાત માતાને કરી હતી પણ માતા પોતાના પતિને વાત કહેવી ભૂલી ગઈ અને લગ્ન થયા. બે ત્રણ મહિના થયા પણ શુભમતિના કોઈ સમાચાર એવા મળ્યા નથી તેથી માબાપ સમજ્યા કે દીકરી સુખમાં છે. હવે આ બાજુ શું બન્યું?

ભીમપુર ગામના નધણિયાતા રાજ્યને અનુપમ શ્રેષ્ઠ રાજા મળી ગયા, તેથી પ્રજાને ખૂબ સંતોષ હતો. ગુણદત્ત મહારાજા પ્રજાને પોતાના પુત્રની જેમ પાળે છે. રાજ્ય જેવું રાજ્ય મળ્યું છતાં જરા પણ અભિમાન નથી. ગુણદત્ત પણ સમજે છે કે પ્રજાનો પ્રેમ પ્રાપ્ત કરવા પ્રજાનું કલ્યાણ લક્ષમાં રાખીને મારે કર્તવ્ય બજાવવું જોઈએ. રાજાની અમી ભરી આંખડીથી ન્યાય, નીતિ અને પ્રમાણિકતાથી પ્રજાના હૃદય સિંહાસને રાજાએ સ્થાન મેળવી લીધું. દેશ ધન, ધાન્ય, સંપત્તિથી સમૃદ્ધ બન્યો. દશે દિશામાં રાજાના યશોગાન ગવાવા લાગ્યા. રાજ્યમાં સુખશાંતિનો સમીર વહેવા લાગ્યો. આ રીતે રાજા અને પ્રજા સુખમાં દિવસો વીતાવે છે.

**નૃત્યમંડળીનું ગામમાં આગમનઃ**–એકવાર પ્રજાએ નવા રાજાના સન્માનમાં કૌમુદી મહોત્સવ ઉજવવાનું નક્કી કર્યું. બધા કૌમુદી મહોત્સવની તૈયારી કરવા લાગ્યા. પહેલા કયારે પણ ઉજવાયો ન હોય એવો મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. આ મહોત્સવને વધુ દેદીપ્યમાન, તેજસ્વી બનાવવા દેશ–વિદેશથી ઘણી પ્રસિદ્ધિ પામેલા નાટયકારો, કલાકારો, સંગીતકારો, બધાને આમંત્રણ આપીને બોલાવ્યા છે. નગરના દરવાજાઓ, રસ્તાઓ બધું ખૂબ શણગાર્યું છે. જોતાં પણ લોકો સ્થંભી જાય. આ પ્રસંગમાં ભાગ લેવા એક મશહૂર નૃત્યમંડળી રાજાના યશોગાન સાંભળીને ત્યાં આવી છે. તે નૃત્યમંડળી પોતાના દેશ તરફની છે એ વાત જાણતાં રાજાના મનમાં કોઈ અવનવા આશાના તેજ ચમકવા લાગ્યા. રાજાની પ્રશંસાના પુષ્પોની સુગંધ ચારે બાજુ મ્હેંકી રહી હતી, તેથી સૌ મોટી મોટી

આશાઓથી ત્યાં આવ્યા છે. આવીને મહારાજાને ભેટણું ધર્યું. મહારાજા! આપ અમારી નાનીશી ભેટ સ્વીકારો. ગુણદત્ત રાજાએ પ્રેમથી તેમની ભેટનો સ્વીકાર કર્યો, પછી પૂછ્યું, આપને પ્રવાસમાં તો કુશળતા છે ને? આપ આપની ઓળખાણ આપો. આપ કયા ગામથી આવ્યા છો? કયા કયા ગામે આપે નાટયકળા બતાવી છે? આ સાંભળીને નાટયકારોએ કહ્યું, અમે ઘણા ગામમાં નાટકો ભજવ્યા છે. તેમાં પોતાની નગરીનું નામ સાંભળતા ગુણદત્તને પોતાના સ્વજનો યાદ આવ્યા. તેમની આંખ જરા અશ્રુભીની બની ગઈ. વિનીત પુત્ર મા-બાપને કેમ વીસરે? ભાઈને કેમ ભૂલે? ગુણદત્ત રાજસિંહાસને બેઠો છે, પણ માતાપિતા અને ભાઈને ભૂલ્યો નથી. કોઈક એવો દુર્ભાગી પુત્ર નીકળે કે ઉપકારી મા-બાપને ભૂલી જાય! અને જે ભૂલે તેના જેવો દુર્ભાગી કોઈ નથી. નાટયકારોએ સુંદર નાટક ભજવ્યું. નાટક જોતાં લોકો છક થઈ ગયા. તેમણે નાટકથી સૌના દિલ અને મન રંજન કરી દીધા, પછી રાજાએ કહ્યું કે આપની મંડળી માટેની બધી વ્યવસ્થા થઈ છે. આપ ખાવ, પીવો, થાક ઉતારો ને આનંદ કરો.

મહારાજા! અમે આટલું બધું ફર્યા પણ આપના જેવા પ્રેમાળ રાજવી બીજે કયાંય જોયા નથી. અમારા ભાગ્યોદયે આપ જેવા પવિત્ર રાજાના દર્શન થયા. આપના દર્શન થતાં અમારી ભૂખ-તરસ પણ ભૂલાઈ ગઈ છે( પછી પ્રધાને પૂછ્યું. અમારૂં આમંત્રણ આપને કયારે મળ્યું હતું? મહામંત્રીજી! અમને આપનું આમંત્રણ મળ્યું નથી, આપનું આમંત્રણ આવતાં પહેલાં અમે આપના મહારાજાનીય શોગાથા ખૂબ સાંભળી તેથી અમે આ બાજુ આવવા માટે પ્રયાણ કર્યું, ભદ્રપુરીનો સીમાડો છોડી માલવ દેશની વિખ્યાત, જગમશહૂર ઉજ્જૈનીમાં નાટક બતાવી, આ બાજુ આવતા હતા ત્યાં રસ્તામાં આપના ભાવભર્યા આમંત્રણના સમાચાર મળ્યા. આપે આમંત્રણ ન આપ્યું હોત તો પણ અમે તો આપની સેવામાં હાજર થવાના હતા. આમંત્રણ મળતાં વહેલા આવી ગયા. ઉજ્જૈની નામ સાંભળતા ગુણદત્તના કાન ચમકયાં. ત્યાંની બધી વાત યાદ આવી ગઈ. માબાપ યાદ આવ્યા. ગુણદત્ત પૂછે છે મહાનુભાવો! આપ મુસાફરી કરતા કરતા આવ્યા છો તો રસ્તામાં તમારા કોઈ અનુભવો, કોઈ કૌતુક કે આશ્ચર્ય જોયું હોય તો કહો. આપ ઉજ્જૈનીથી આવો છો તો ઉજ્જૈનીમાં કોઈ કરુણ બનાવ બન્યો છે? કોઈ નવાજુની બની છે? હવે નાટયકારો શી વાત કરશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૯૫

**કારતક સુદ ૩ ને શુક્રવાર** **તા. ૩૦-૧૦-૮૧**

વીતરાગશાસનને પામેલા ભાગ્યવાન જીવોને અનંત ઉપકારી શાસ્ત્રકાર ભગવંતો પડકાર કરીને જાગૃત કરતા કહે છે હે જીવો! ઘણો માર્ગ વીતાવીને, બહાર બહુ ભટકીને પોતાના ઘરની લગભગ નજીક આવવાની તૈયારીમાં છો. હવે ઘરને બરાબર ઓળખો તો

ઘરમાં પ્રવેશ થાય. સાચા કુટુંબીનો મેળાપ થાય, સાચી ઋદ્ધિનું દર્શન થાય, અને સાચો આનંદ અનુભવાય. સંસારની વસ્તુઓ કૃત્રિમ છે, ખોટા સુખનો દેખાવ કરનારી છે. એનાથી કોઈ પણ જીવ કોઈ કાળમાં સુખી થયો નથી, થતો નથી અને થશે નહિ, માટે સંસારના કોઈ પણ સાધનમાં સુખ આપવાની શક્તિ નથી. એ માન્યતા જેટલી બને તેટલી દૃઢ બનાવીને આત્મિક સુખ તરફ લક્ષ્ય વધારવા માટે પ્રયત્ન કરવા જેવો છે.

જ્યારે આત્મા પ્રભુભક્તિમાં એકતાર બને છે, ત્યારે સંસારી સુખો એને દુઃખદાયક લાગે છે. તેનામાં વૈરાગ્યભાવ જાગૃત થાય છે. વૈરાગ્ય જીવને ઈન્દ્રિયોના સુખમાં ડૂબવા ન દે. વિષયોની ધમાલથી બચાવે અને જીતેન્દ્રિય બનાવે. પ્રભુભક્તિમાં લીન બનતા તેમના ગુણો ધીરે ધીરે ઓળખાતા જાય તેથી અંતરમાં ખૂબ પ્રકાશ થાય, પછી પોતાના આત્મગુણો વિચારવાનો અવકાશ મળે. પ્રભુનો આત્મા અને મારો આત્મા સરખો છે એવી સમજણ આવે. જેવો શુદ્ધ નિરંજન પ્રભુનો આત્મા છે તેવો મારો છે, પણ એમના ગુણો પ્રગટ થયા છે ને મારા ગુણો કર્મોથી ઢંકાયેલા છે. પ્રભુના આત્માએ વીતરાગશાસનની છાયા મેળવીને આત્માને લાગેલા કર્મો દૂર કર્યા અને ગુણઠાણાની શ્રેણીમાં આગળ વધી અંતરાત્મપણાની ટોચે ચઢી પરમાત્મા બન્યા. પ્રભુના જેવો વિકાસ મારે કરવો છે. આવી ભાવના ભાવતા આત્મસ્વરૂપમાં લીન થતા, બાહ્ય આભ્યંતર સર્વ પરિગ્રહની જંજાળ છોડી, પંચ મહાવ્રતધારી શુદ્ધ સંયમી મુનિ બને. તે પછી અપ્રમત્ત ભાવમાં આવે. આગળ વધતા ક્ષપક શ્રેણી, શુકલધ્યાન, અવેદીપણું અને ક્રમે ક્રમે પરમાત્મ ભાવને પ્રગટ કરે છે અને આયુષ્ય પૂરું થતાં સિદ્ધ ગતિને પામે છે. ત્યાં સાદિ અનંતકાળ સુધી પૂર્ણ આનંદમાં રહે છે.

**સાચો યજ્ઞ કયો** :–એવા મોક્ષના સુખને મેળવવાની જેને લગની લાગી છે એવા નમિરાજર્ષિએ ઇન્દ્રને કહ્યું–હે વિપ્ર! કોઈ માણસ મહિને દશ લાખ ગાયોનું દાન કરે અને સંયમી સાધક ભલે કાંઈ ન આપે, છતાં તેમનો સંયમ શ્રેષ્ઠ છે. તમે મને યજ્ઞ કરવાનું અને દાન આપવાનું કહો છો પણ તમારા ધર્મમાં પણ કહ્યું છે કે :

सर्वे वेदास्तु तैर्ज्ञातः सर्वे यज्ञाश्च भारत ।
सर्वे तीर्थाभिषेकाश्च, कृता यै प्राणिनां दया ॥

સઘળા વેદ તેણે જાણ્યા, સઘળા યજ્ઞો તેણે કર્યા, સઘળા તીર્થસ્નાન તેણે કર્યા કે જેણે પ્રાણીઓની દયા પાળી. વળી દાન દેવા સંબંધી તમારા શાસ્ત્રોમાં કહ્યું છે કે એક તરફ મેરૂ પર્વત જેટલું સોનું કોઈને દાનમાં આપવામાં આવે અને બીજી તરફ એક જીવને અભયદાન આપવામાં આવે તો એ બંનેમાં અભયદાન ચઢી જાય છે. એ વાત પર તમે ખાસ લક્ષ આપતા નથી. હું પોતે અશ્વમેઘ, ગજમેઘ અને નરમેઘ યજ્ઞો કરું છું, છતાં અભયદાનને ભૂલીને કરતો નથી. જુઓ, મનરૂપી ચંચળ ઘોડો જે ઘડીભર સ્થિર રહેતો નથી, તે ચારે બાજુ ભટકયા કરે છે, તેને જ્ઞાનરૂપી અગ્નિમાં હોમી હું અશ્વમેઘ યજ્ઞ કરું છું. અભિમાનરૂપી મદોન્મત્ત હાથી કે જેણે ભલભલાને ઊંચે ચઢાવી નીચે

પટકાવ્યા છે તેને તપરૂપી અગ્નિમાં હોમીને ગજમેધ યજ્ઞ કરું છું, અને કર્મસંચય કરનાર ધ્યાનની અગ્નિમાં હોમી નરમેઘ યજ્ઞ પણ કરું છું. મારા આત્માને જ્ઞાન ધ્યાનનું ભોજન પણ કરાવું છું. સંયમ એક એવો માર્ગ છે કે જેમાં સર્વ જીવોને અભયદાન મળે છે. સંયમની શક્તિ અજબગજબની છે.

**સંયમની શક્તિ** :–સંયમ શબ્દ તદ્દન નાનો છે, નાજુક છે, છતાં વિરાટ તાકાત, સામર્થ્ય, શક્તિ અને બળ ધરાવે છે. હીરાકણી નાની હોવા છતાં કરોડોનું મૂલ્ય ધરાવે છે. જેને તે મળી જાય તેનું દારિદ્ર દૂર થઈ જાય છે, તેમ સંયમની નાનકડી હીરાકણી જન્મોજન્મની ભોગવૃત્તિની દરિદ્રતાને દૂર કરી સનાતન સંપત્તિના સ્વામી બનાવે છે. વડનું બીજ નાનું હોવા છતાં વિરાટ વડલો વિકસાવી શકે છે. વિશ્રાંતિનું વટવૃક્ષ બની જઈ લાખો પથિકોને શીતળતા આપી શકે છે. રવિ રાહુનો નાનકડો રશ્મિ ( સૂર્ય ) રાત્રીના ગાઢ અંધકારને ભેદી ચારે બાજુ પ્રકાશની પ્રભા વેરી શકે છે. એ રીતે સંયમનું બીજ, સંયમનો રશ્મિ અને સંયમની હીરાકણી અદ્‌ભૂત શક્તિસંપન્ન છે. જે સાધકના હૃદયમાં સંયમનો રશ્મિ પ્રગટે છે તેના આત્મામાં પથરાયેલા યુગયુગના અજ્ઞાનના અંધકારને ટાળી સદ્જ્ઞાન, સત્ સમજણ અને સદાચારનો પ્રકાશ પથરાય છે. નાનકડું સંયમનું બીજ જેની આત્મભૂમિમાં વવાયું હોય તે ભાવિમાં અનંત શાશ્વતસુખનો વિશાળ વડલો પેદા કરે છે. અજોડ ને સૂક્ષ્મ પ્રચંડ બળ સંયમમાં છે. તે વાસનાના વિષમ વાવાઝોડાને ઘડીવારમાં વેરવિખેર કરે છે. વૃત્તિઓના તોફાનોને, તરંગોને શાંત કરે છે. યુગયુગથી અંધારી અટવીમાં અથડાયેલી આલમને સંયમ એ પ્રદીપ બની પ્રકાશ વેરે છે, પથદર્શક બને છે.

સંયમ એ મોહ ભરી ચક્કીમાં મૂંઝાયેલા માનવીને મશાલ બની મુક્તિના માર્ગે વાળે છે. ઇચ્છાની ઇન્દ્રજાળમાં ઘેરાયેલાને એ આહ્‌લાદપણે મુક્ત કરે છે. આ અજોડ પરિબળ સંયમમાં છે. જન્મ–જન્મની વાસનાની જાળમાં જકડાયેલાને સંયમ મુક્તિની ભેટ આપે છે. આધ્યાત્મિક દુનિયામાં સાધનાની સરહદે ભટકતા ક્રોધ–માન–માયા–લોભ–ઇર્ષ્યા આદિ જાસૂસોથી પળે પળે લૂંટાતી અધ્યાત્મ સંપત્તિની સુરક્ષામાં સંયમ એ વીર સૈનિકનું કામ કરે છે અને ઇચ્છાના બંધનમાં પડેલા જીવોને સરળતાથી મુક્તિ અપાવે છે. ઇચ્છા અને આસક્તિના પૂરજોશમાં વહેતા ઘોડાપુરમાં તણાતા નિશ્ચેતન જેવા બનતા માનવ–હૃદયને બચાવવામાં સંયમ એ કુશળ તરવૈયાનું કામ કરે છે. ભોગવિલાસ, ઇચ્છા અને ઈર્ષ્યાની પાછળ હતાશ બનેલા જીવોને સંયમ નવું કૌતક, નવી કલા અને નવી તાજગી આપે છે. જે દેશમાં, સમાજમાં, રાષ્ટ્રમાં, કે કુટુંબમાં સંયમને મુખ્ય સ્થાન આપવામાં આવે છે તે દેશ, વ્યક્તિ, રાષ્ટ્ર, સમાજ હંમેશા આબાદ, ઉજ્જવળ ને આશિષરૂપ છે. ત્યાં પ્રગતિ ને ઉન્નતિ છે. જયાં સંયમનો પ્રાણ નથી, સંયમનો શ્વાસ નથી ત્યાં અંધકાર, રૂદન, અંધાધૂંધી ને અથડામણ છે.

નદીના રક્ષણ માટે કિનારાનું બંધન જરૂરી છે. વૃક્ષની સલામતી માટે મૂળીયાનું બંધન જરૂરી છે. નગરના રક્ષણ માટે કિલ્લાનું બંધન જરૂરી છે, કણની કુશળતા માટે

વાડની જરૂર છે તેમ જીવનની સંપત્તિની અને સંસ્કૃતિની સલામતી માટે સંયમની જરૂર છે. આપણા શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ સંયમને વિશ્વશાંતિનું રચનાત્મક આયોજન કરી સંયમ, અહિંસા અને તપને મોખરે સ્થાન આપ્યું છે. સમગ્ર વિશ્વના હૃદયમાં સંયમ, તપ અને અહિંસાનું બળ જ્યારે પ્રબળ વેગ પકડશે ત્યારે માનવ અંતર-જગતમાં સુખનું સ્વર્ગ ઉતારી શકશે, માટે ભગવાને કહ્યું છે કે જ્યાં અહિંસા, સંયમ અને તપનો ત્રિવેણી સંગમ છે ત્યાં દેવો પણ તેના ચરણમાં ઝૂકે છે. માનવ એક સમસ્યાનો ઉકેલ શોધે છે ત્યાં બીજી નવી નવી સમસ્યાઓ એની સામે ખડી થાય છે. સંયમીજીવન એ સંસારની તમામ સમસ્યાઓનો સાચો ઉકેલ છે. સમસ્યાઓનો નાશ કરી સદાને માટે સમસ્યા રહિત નિશ્ચિંત જીવન જીવવું એનું નામ સંયમ. સંયમની મહત્તા બતાવતા ભગવાન બોલ્યા છે કે.

**अणुत्तरे य ठाणे से, कासवेण पवेइए ।**
**जं किच्चा निव्वुडा एगे, निट्ठं पावंति पंडिया ॥ સૂય. અ. ૧૫ ગાથા ૨૧**

કાશ્યપગોત્રી શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ પ્રતિપાદન કરેલ છે કે સર્વ કર્મોનો ક્ષય કરી સિદ્ધસ્થાન પ્રાપ્ત કરવાનું સર્વોત્તમ પ્રધાનસ્થાન સંયમ છે. પંડિત પુરૂષો સંયમનું પાલન કરી નિર્વાણને પ્રાપ્ત કરે છે. સંસારના જન્મ મરણ રૂપી ચક્રનો અંત કરે છે. સમ્યક્દર્શન હોય, સમ્યક્જ્ઞાન હોય પણ સમ્યક્ચારિત્ર ન હોય તો મોક્ષના શિખરે પહોંચી શકાતું નથી.

એક વખત એક શ્રાવક બે ઊંચા વાંસ લઈને ઉપાશ્રયના ઉપલા માળે ચઢવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. તેને ઉપર ચઢતો જોઈને એક સંતે પૂછ્યું-દેવાનુપ્રિય! તમે આ શું કરી રહ્યા છો? શ્રાવકે કહ્યું, ગુરૂદેવ! મારી પાસે સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શનના બે ઊંચા વાંસ છે. તેની મદદથી હું ઉપર ચઢવાનો પ્રયત્ન કરી રહ્યો છું. સંત સમજી ગયા કે આ શ્રાવકનો પુરૂષાર્થ આધ્યાત્મિકતાના શિખરને સર કરવાનો છે. તેમણે કહ્યું-મહાનુભાવ! સમ્યક્ જ્ઞાન અને સમ્યક્દર્શનના બે વાંસથી તમારે જ્યાં પહોંચવું છે ત્યાં નહિ પહોંચી શકો. આ બંને વાંસ તમને ઊંચે લઈ જશે પણ તમારું જે લક્ષ્ય છે ત્યાં નહિ પહોંચાડે. શ્રાવક કહે અહો, મારા પરમ ઉપકારી ગુરૂદેવ! મેં કેટલી સાધના, પુરૂષાર્થ કરીને આ બંને મેળવ્યા છે તો શું મારી સાધના નિષ્ફળ જશે?

સંત કહે શ્રાવકજી! તમારી સાધના નિષ્ફળ નથી. તમે પુરૂષાર્થ કરીને આ બે મેળવ્યા છે તે તમને સાચા માર્ગે લઈ જશે, પણ હવે માત્ર એટલું કરવાનું બાકી છે. ગુરૂદેવ! શું કરું? સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શનના જે બે વાંસ ઉભા કર્યા છે તે બે વાંસની વચ્ચે સમ્યક્ચારિત્રના સંયમના આડા પગથિયા બાંધી દો, પછી સમ્યક્ચારિત્રના એક પછી એક પગથિયા ચઢતા જાવ તો તમે જરૂર તેના સહારાથી મુક્તિની સર્વોચ્ચ ઊંચાઈએ ચઢી જશો. જેઓ સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્રની સીડીપર ચઢે છે તેઓ અવશ્ય મુક્તિના મેરૂ શિખરે પહોંચી શકે છે. કહેવાનો આશય એ છે કે સંયમ એ

સર્વશ્રેષ્ઠ છે. સંયમ વિના સિદ્ધિ નથી. સંયમમાં તો કુટુંબ, પરિગ્રહ વગેરે બધા ઉપરના રાગનો ત્યાગ, એની પાછળના અનેક દ્વેષાદિ દોષોનો ત્યાગ, એની આગળ રાગ-દ્વેષાદિથી ભરેલા ગૃહસ્થ જીવનની કિંમત કેટલી! ભલે મહિને દશ દશ લાખ ગાયોના દાન કરાતા હોય તેથી શું?

નમિરાજના આ જવાબમાં દેખાઈ આવે છે કે તેમની તત્ત્વ ઉપર, સંયમ પ્રત્યે શ્રદ્ધા કેટલી છે? ઇન્દ્રે ચારિત્રના વિરોધનો પ્રશ્ન કર્યો પણ રાજર્ષિએ કેવો સુંદર જવાબ આપ્યો! જેના અણુઅણુમાં વૈરાગ્ય રસના ઝરણા વહી રહ્યા હોય તે આવા જવાબ આપી શકે. નમિરાજને જીતવા માટે ફેંકેલા સર્વ વાગ્બાણો નિરર્થક જતાં જોઈ ઈન્દ્ર વિચારમાં પડી ગયો. હું તેમને જીતવા આવ્યો છું પણ ખરેખર હાર ખાઈ રહ્યો છું, પણ હજુ તેની પાસે વાગ્બાણ બાકી રહ્યા હતા તે અજમાવવાનો નિશ્ચય કર્યો. ઈન્દ્રે કહ્યું-હે ઋષીશ્વર! તમારી દલીલો આગળ, જવાબ આપવાની સચોટ શકિત આગળ હું લાચાર છું, પણ મારી આટલી એક વાત સાંભળતા જાવ. તે હવે કઈ વાત કહે છે!

**घोरासमं चइत्ताणं, अन्नं पत्थेसि आसमं ।**
**इहेव पोसहरओ, भवाहि मणुयाहिवा ॥४२॥**

હે મનુજાધિપ! આપ ઘોરાશ્રમ-ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને બીજા આશ્રમની પ્રાર્થના કરી રહ્યા છો એ ઠીક નથી. આપ અહીં રહીને પૌષધવ્રતનું આચરણ કરો.

શાસ્ત્રોમાં ચાર પ્રકારના આશ્રમોનો ઉલ્લેખ આવે છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ. આ ચાર આશ્રમમાં ગૃહસ્થાશ્રમ સૌથી વધારે ભારવાહી હોવાથી તે ઘોર કહેવાય છે, કારણ કે બીજા ત્રણ આશ્રમોના ભરણપોષણનો ભાર આ ગૃહસ્થાશ્રમ પર છે, તથા આ ગૃહસ્થાશ્રમનું યથાવિધિ પાલન કરવું એ ધીર-વીર, ગંભીર અને સત્ત્વશાળી પુરૂષોનું કામ છે. આ અભિપ્રાયથી દેવેન્દ્ર નમિરાજર્ષિને કહી રહ્યા છે કે હે રાજર્ષિ! સંયમ કોણ લે? જે ગૃહસ્થાશ્રમ ચલાવવામાં કાયર હોય તે આ સંસારની ધૂંસરી કોણ ખેંચી શકે? જે બળવાન, પરાક્રમી અને વીર હોય તે સંસારને નભાવી શકે. આપ તેનો ત્યાગ કરીને બીજા આશ્રમમાં જાવ છો તો શું આપ ઘોર સંસાર ચલાવવામાં સમર્થ નથી? આપ તો ક્ષત્રિય છો. ગૃહસ્થાશ્રમ પણ શૂરવીરોને ધારણ કરવા યોગ્ય છે. તથા તે આશ્રમ બધાથી શ્રેષ્ઠ છે. એમાં પરાક્રમી પુરૂષ દાખલ થઈ શકે છે. કાયરોને તેમાં રહેવું મુશ્કેલ લાગે છે. શું તમે કાયર છો? તમારામાં સત્ત્વ, તાકાત, બળ કે બુદ્ધિ નથી? આપ અહીં રહીને સંસાર ચલાવો ને દશ તિથિના પૌષધ તથા બીજા વ્રત-નિયમોનું પાલન કરો, તેથી ત્યાગ પ્રધાન સાધુ કર્તવ્યની આંશિક પૂર્તિ થશે ને ગૃહસ્થાશ્રમનું પાલન થશે.

આપ શૂરવીર પ્રજ્ઞા સંપન્ન છો, માટે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને સંયમનો વિચાર હમણાં છોડી દો. વળી સંસારમાં રચ્યાપચ્યા રહેનારાઓ જેમ એક તરફથી ભૂલ કરે છે તેમ સંસારને છોડનારા પણ બીજી તરફની ભૂલ કરે છે, તેથી બંને દોષિત છે.

સદ્‌ગુણને હદ ઉપરાંત લઈ જવાથી તે દુર્ગુણનું રૂપ પકડે છે. આ સાંભળીને નમિરાજે કહ્યું-તમે કહો છો કે સદ્‌ગુણને હદ ઉપરાંત લઈ જવાથી તે દુર્ગુણનું રૂપ પકડે છે પણ તમે જાણતા નથી કે 'અમૃતનો ધરો હોય નહિ' અર્થાત્ અમૃત ગમે તેટલું પીએ તો પણ ધરાઈએ નહિ, સંસાર કે જેમાં કોઈ સાર નથી એવા સંસારનું સ્વરૂપ એક વાર પ્રત્યક્ષ જાણ્યા પછી તેનાથી વિરક્ત થવું એ કોઈ રીતે સદ્‌ગુણની હદ ઓળંગી ન કહેવાય, પણ દુર્ગુણથી દૂર ભાગ્યા કહેવાય. દુર્ગુણથી જેટલા દૂર ભગાય તેટલા વધારે સહીસલામત થવાય. જે શક્તિનો ઉપયોગ આત્મ સાધનામાં કરી શકાય તે શક્તિ જો રળવામાં, ખર્ચવામાં, સંસાર વ્યવહાર જાળવવામાં તથા અનેક ફરજો અદા કરવામાં વપરાય તો તે શક્તિનો સદુપયોગ કર્યો ન કહેવાય. આત્મ સાધના માટે થોડી શક્તિ તો બચાવી શકાય ને? માટે સંસારી કરતાં ત્યાગીપણું વધારે શ્રેષ્ઠ છે. વળી આપ કહો છો કે જે કાયર હોય તે દીક્ષા લે, પણ હે વિપ્ર! આ સંયમ માર્ગ કાયરનો નથી. કાયરનું આ માર્ગમાં કામ નથી. આ તો શૂરાના સંગ્રામ છે. માથા સાટે માલ મેળવવાનો છે. સંસારની ધુંસરીએ તો સારી દુનિયા જોડાઇ છે પણ ત્યાગ માર્ગમાં વિરલ આત્મા જોડાઈ શકે છે. વિપ્રના મનમાં થયું કે આ રાજર્ષિને હું આ પ્રમાણે કહીશ તો કદાચ તે મારી વાતનો સ્વીકાર કરશે પણ નમિરાજના મુખ પર તો કોઇ અસર દેખાઇ નહિ. તે તો શાંત જ હતા, તેથી તેમને ઉશ્કેરવા માટે વિપ્રે ફરીથી કહ્યું.

**सुदुर्वहं परिज्ञाय घोरं, गार्हस्थ्यमाश्रयं ।**
**मुंड नग्न जटावेषाः, कल्पीताः कुक्षीपूर्तये ।**

ગૃહસ્થાશ્રમ મુશ્કેલ અને ઉપાડવો દુષ્કર જાણીને પેટનો ખાડો પૂરવાની આશાથી મુંડ તથા નગ્નપણું અને જટાધારીપણું લોકો સ્વીકારે છે. આ સાંભળીને નમિરાજનું લોહી ઉછળી આવ્યું. સંયમ પ્રત્યે ઝનૂન છે, ખમીર છે, તેથી તેની વિરુદ્ધ બોલે એટલે સ્વાભાવિક લોહી ઉછળે. નમિરાજ કહે છે હે વિપ્ર! ત્યાગી આત્મા તો અન્નને માત્ર પેટનું ભાડું માને છે. ગમે તેવો નિરસ આહાર થોડા પ્રમાણમાં ભ્રમરની જેમ લે, એટલે ગૃહસ્થને ભારે ન પડે. એ ખાવા માટે જીવતો નથી પણ જીવવા માટે ખાય છે. તેમનો જીવવાનો ધ્યેય એક છે કે આ દેહથી થતાં શુભ કાર્યો કરી લેવા. સંયમ માર્ગમાં અનેક પરિષહો, ઉપસર્ગો આવે છતાં હસતા મુખે સહન કરે છે, પણ રણસંગ્રામમાં ગયેલા શૂરવીર સૈનિકની જેમ તે કદી પાછી પાની કરતો નથી. સંયમમાં અને ગૃહસ્થધર્મમાં કેટલું અંતર છે તે હવે નમિરાજ કહેશે તે વાત અવસરે.

**ચરિત્રઃ-દિલની દિવાલ કોતરતો કરૂણ પ્રસંગઃ-** ગુણદત્તને લગની લાગી છે કે, આ મારા ગામના નાટયકારો છે તો મને બધી વાત જાણવા મળે, તેથી પૂછયું કે કોઈ કરૂણ બનાવ બન્યો છે? નાટયકારે કહ્યું, મહારાજા! હમણાં કોઈ બનાવ બન્યો નથી પણ થોડા વર્ષો પહેલા એક પ્રસંગ બન્યો હતો. જેનું વર્ણન કહી શકાય તેમ નથી. એ પ્રસંગ તો મારા દિલની દિવાલમાં કોતરાઈ ગયો છે. હું એને યાદ કરું તો

મારું હૈયું ભરાઈ જાય છે. એટલું બોલતાં તેની આંખમાંથી ટપક ટપક આંસુ પડવા લાગ્યા. જે દયાળુ માણસો હોય છે તે કોઈનું દુઃખ જોઈ શકતા નથી. તેણે કહ્યું, મહારાજા ! સાંભળ્યો સંભળાય નહિ ને કહ્યો ન જાય એવો કરૂણ પ્રસંગ બન્યો છે. બે માસુમ નિર્દોષ બાળકોપર ઘોર અન્યાય થયો છે. તેમને કડક શિક્ષા મળી છે. આટલી વાત સાંભળતા બધાની અધીરાઈ વધી કે એવું શું બન્યું હશે ! ગુણદત્તના મનમાં થયું, આ વાત જાણે અમારી હોય તેવી લાગે છે, તેથી તેના મનમાં એ જાણવાની ઉત્સુકતા વધી કે મારા મા-બાપ અને ભાઈનું શું થયું હશે ? તે જાણવાનો તલસાટ વધ્યો. હવે તેમના સમાચાર મળશે એવી આશા બંધાઈ. રાજાએ પૂછયું, તે બાળકોને શિક્ષા શા માટે કરી ?

નગરીમાં સાગરદત્ત નામે મહાસુખી શ્રીમંત શેઠ હતા. તે શેઠ ખૂબ ધીર-વીર અને સાગર જેવા ગંભીર હતા. અમારા સાંભળવા પ્રમાણે તો તેમને ત્યાં સોનાના થાળી-વાટકા હતા. અરે, તેમને સ્નાન કરવાનો બાજોઠ પણ સોનાનો હતો. તે ધર્મમાં ખૂબ દૃઢ શ્રદ્ધાવાન હતા, પણ પાપના ઉદયે લક્ષ્મી બધી જવા લાગી ને શેઠ ફના ફના થઈ ગયા. તેમણે ગામ છોડી દીધું. ફરતા ફરતાં તેઓ ઉજ્જૈની નગરીમાં આવ્યા. ઉજ્જૈનીમાં લાકડાના ભારા વેચીને પોતાનું જીવન નભાવતા. આટલી ગરીબ સ્થિતિ થઈ ગઈ, છતાં કોઈ તેમને આપે તો કંઇ લેતા નહિ. જે મળે તેમાં સંતોષથી, આનંદથી રહેતા હતા. એક દિવસ તે સાગરદત્ત શેઠ રાજાને લાડવાની ભેટ ધરવા આવ્યા. અમે તે સમયે આજની જેમ સભામાં હાજર હતા. શું સુંદર તે લાડવા હતા ! દૈવી દ્રવ્યોથી જાણે બનાવ્યા ન હોય ! એવા સૌરભથી મહેંકતા હતા. તેમના કપડા જુના ફાટલા તૂટલા હતા, એટલે રાજા તથા સભા બધા તેમની મશકરી કરવા લાગ્યા. શેઠે કહ્યું-આ લાડવાનો પ્રભાવ અજબ છે. જે મોટો લાડવો ખાશે તેને સાત દિવસમાં રાજ્ય મળે ને નાનો લાડવો ખાય તેની આંખના આંસુ મોતી બને. આવા અદ્ભૂત લાડવાથી રાજાને ખૂબ આનંદ થયો. રાજાએ પોતાના બંને બાળકોને તે લાડવા ખવડાવ્યા, પણ શેઠના પાપના ઉદયથી ગમે તે ભૂલ થઇ ગઇ હોય કે લાડવા લાવવામાં અદલાબદલી થઇ હોય પણ એ લાડુથી રાજાને ચમત્કાર દેખાયો નહિ. રાજ્ય તો સાત દિવસે મળે પણ આંસુના મોતી બને છે કે નહિ તે માટે રાજાએ પોતાના પુત્રને રડાવવાના પ્રયત્નો કર્યા ને રડયો પણ ખરો, પણ તે આંસુના મોતી બન્યા નહિ, તેથી રાજા કોપાયમાન થયા ને શેઠના બંને ફૂલ જેવા બાળકોને ફાંસીની શિક્ષા ફરમાવી.

આ બધી વાત તો ઠીક. એ બંને બાળકોને ફાંસી દેવા માટે તેમને વિચિત્ર, પોશાક અને કરણની માળા પહેરાવી, મૃત્યુના મુખમાં જઇ રહ્યા હતા છતાં હસતા ચહેરે તેઓ મા-બાપને કહે છે હે માતા પિતા ! આપ રડશો નહિ. આ દેહ મરે છે, આત્મા તો અજર અમર છે. અમને ફાંસી શું કરી શકવાની છે ! મરણનું નામ પડતાં આપણે ધ્રુજી જઇએ છીએ, પણ તે બાળકોના મુખ પર જરા ભય કે વ્યગ્રતા દેખાતી ન હતી. તેમના

મુખ પર ગંભીરતા, ધીરતા, શૌર્યતા અને નીડરતાના તેજ ચમકી રહ્યા હતા. એ બાળકોની સ્મૃતિ હજુ પણ અમારી આંખ આગળથી ખસતી નથી. ધન્ય છે તેમના માતા-પિતાને કે જેણે જીવનમાં આવા શૂરવીર રત્નને જન્મ આપીને મૃત્યુની સામે અચલ રહેવાના સંસ્કાર આપ્યા. શું તેમનું ધૈર્ય ! શું તેમની શૂરવીરતા ! તેમની આંખમાંથી આંસુનું ટીપું પણ પડયું નહિ, એ જ અજબ આશ્ચર્ય છે. ઢોલ નગારા વગાડતા ઠેઠ ફાંસીના સ્થાને આવ્યા છતાં રડયા નહિ. તેના મા બાપ તો પછાડ ખાઇને પડયા. તે કાળા પાણીએ રડતા હતા. અમે બધા પણ ફાંસી સુધી ગયા હતા પણ પછી અમે તે દૃશ્ય જોઈ શકયા નહિ એટલે પાછા વળ્યા. એ બાલરત્નો જો આજે પૃથ્વી પર હયાત હોત તો ભવિષ્યના નરરત્ન બને તેવા હતા. એમાં જરાય શંકા નથી. અમને તો રાજાની ભૂલ દેખાતી હતી. સત્તાનો મદ કયારેક આવી ભૂલ કરાવી બેસે છે. બિચારા કોમળ પુષ્પો સત્તાની કાંટાળી ભૂમિ પર કરમાઈ ગયા. આ સાંભળતા બધાની આંખમાં આંસુ આવી ગયા.

ગુણદત્ત કહે, તે બાળકોના માબાપનું શું થયું ? મહારાજા ! બગીચાને લીલોછમ રાખનાર માળીનો નાશ થાય તો શું પરિણામ આવે ? સાગરદત્ત શેઠ અને તેમની પત્ની બંને બાળકોના આઘાતથી આપઘાત કરે એવી સ્થિતિ હતી, પણ તેઓ ધર્મ-કર્મને સમજનારા હતા. છતાં માબાપનું દિલ છે ને ! એક નહિ ને બબ્બે પુત્રોની સાથે ખુવારી ! એમ વિચાર કરતા ખૂબ કલ્પાંત કરતા હતા. તેમને એ વાત ખટકતી હતી કે મારા બાળકોની હત્યામાં અમે નિમિત્તરૂપ છીએ. રાજા કહે, એ શેઠશેઠાણી કયાં છે ? હવે શું જવાબ આપશે તે વાત અવસરે.

---

## વ્યાખ્યાન નં-૯૬

**કારતક સુદ ૫ ને રવીવાર** **તા. ૧-૧૧-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! આ વિશ્વમાં અનંતાનંત જીવો છે, પણ સર્વ જીવોમાં માનવની વિશિષ્ટતા છે. એનું કારણ એ છે કે એની પાસે મન-વચન અને કાયાની પ્રબળ શક્તિઓ રહેલી છે. માત્ર કાયબળ તો સિંહ અને હાથી વગેરે પ્રાણીઓમાં કયાં ઓછું છે ! જંગલી પ્રાણીઓના કાયિક બળની આગળ તો આપણું કાયબળ કેટલું ઓછું છે ! વસંત ઋતુમાં કોયલના જે ટહુકાર સંભળાયછે એની આગળ માનવીના કંઠની મધુરતા કેટલી બધી ફિક્કી લાગે છે ! કાયાની વિશાળતા, શક્તિ અને વાણીની મધુરતા માનવ કરતાં અમુક પ્રાણીઓમાં સારાપ્રમાણમાં છે, છતાં સમસ્ત જીવોમાં માનવની જે મહત્તા છે એ એની માનસિક-શક્તિ મનોબળને આભારી છે.

મોટા વિશાળ વડલાને પણ મૂળમાંથી ઉખેડીને ફેંકી દેનાર હાથીને પણ જ્યારે આપણે એક જંગલી માણસની ગુલામી કરતો જોઇએ છીએ અથવા વનરાજના બિરૂદને ધારણ કરનાર સિંહને પણ જ્યારે પિંજરાના કોઈ પંખીની જેમ પિંજરમાં પૂરાયેલો જોઇએ છીએ ત્યારે આપણને ખ્યાલ આવે છે કે વિશાળકાય હાથી અને સિંહને પણ

ગુલામ બનાવવાની કરામત માનવીના મનોબળમાં રહેલી છે. કહેવાનો આશય એ છે કે માનવી પોતાના મન-વચન-કાયાના બળથી બધું કરવા સમર્થ છે, માટે મહર્ષિઓએ પણ કહ્યું છે કે "मन एव मनुष्याणां कारणं बन्ध मोक्षयो: ।" માનવીનું મન મુખ્યત્વે એના બંધ અને મોક્ષનું કારણ છે. માનવી જ્યારે પોતાના મનને પ્રભુના ધ્યાનમાં તદાકાર બનાવી દે છે ત્યારે માનવ શુક્લધ્યાનને ધ્યાતો આત્મામાંથી પરમાત્મા પદને પામી ત્રણ ભુવનનું રાજ્ય પ્રાપ્ત કરી શકે છે, એ જ મન જ્યારે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને વશ થયેલું હોય છે ત્યારે એ મન માનવને વનમાં ( માનવ શબ્દને ઉલ્ટાવવાથી વનમાં શબ્દ થાય છે. ) મોકલી દે છે. અર્થાત્ તિર્યંચ અને નરક ગતિમાં ધકેલી દે છે. સદ્‌ગતિ અને દુર્ગતિનું કારણ માનવીનું મન છે. મનની શક્તિ જેમ વધારે છે તેમ એની જવાબદારી પણ ઘણી વધારે છે. મન-વચન અને કાયા ઉપર પણ શાસન કરી શકે એવી એક વસ્તુ છે અને તે છે આત્મા, જ્યારે માનવીના મન, વચન અને કાયાની ત્રિપુટી આત્માને વશ હોય છે એટલે પરમાત્માની આજ્ઞાને વશ હોય છે ત્યારે એ માનવીના ઉત્થાનનું કારણ બને છે અને પ્રભુની આજ્ઞાને વશ ન હોય ત્યારે એ ત્રિપુટી આત્માના પતનનું કારણ બને છે.

વિચાર મનમાં પેદા થાય છે, વાણી વચનમાં પેદા થાય છે અને વર્તન કાયાથી થાય છે. વિચાર, વાણી અને વર્તન એ કાર્ય રૂપ છે, અને મન-વચન તથા કાયા એના કારણ રૂપ છે. મન-વચન અને કાયાને વીતરાગની આજ્ઞાને આધીન બનાવવા માટે તીર્થંકર ભગવંતોએ સર્વોત્તમ માર્ગ બતાવ્યો છે. તે માર્ગ કયો ! **"સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગ:"** સમ્યગ્ દર્શન એટલે જિનેશ્વર પ્રરૂપિત વચન ઉપર અખૂટ શ્રદ્ધા. શ્રદ્ધાનું ઉત્પત્તિસ્થાન મન છે. બીજું છે સમ્યક્‌જ્ઞાન. સમ્યક્‌જ્ઞાન વાણી અર્થાત્ વચનમાં પેદા થાય છે અને ત્રીજું છે સમ્યક્‌ચારિત્ર. ચારિત્રનું પાલન કાયાથી થાય છે. તીર્થંકર ભગવંતોએ આ મોક્ષનો માર્ગ બતાવ્યો છે. આ સૂત્ર પર ખૂબ ઊંડાણથી વિચાર કરીશું તો જોવા મળશે કે એ સૂત્રમાં બે પદ છે. (૧) સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ (૨) મોક્ષમાર્ગ:

પહેલા પદમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ હોવાથી પદને અંતે બહુવચનનો પ્રયોગ થયો છે, અને બીજા પદમાં એક વચન મૂકવામાં આવ્યું છે. મોક્ષમાર્ગ : આનું કારણ શું ? સમજાય છે આપને ! આનું કારણ એ જ છે કે સમ્યગ્ દર્શન, જ્ઞાન ચારિત્ર આ ત્રણે ય ભેગા મળીને મોક્ષમાર્ગ બને છે પણ ત્રણેય સ્વતંત્ર રીતે મોક્ષમાર્ગ નથી, અર્થાત્ મોક્ષની સાધના માટે ત્રણેય જરૂરી છે. આ ત્રણમાં એકેયની ઉપેક્ષા ન કરાય. મોક્ષની સાધના માટે ત્રણેની એકતા જોઈએ. સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રની સાધના એટલે જાણે મન, વચન-કાયાની એકતા, આવી એકતા માટે મનમાં સદ્‌વિચાર, વચનમાં સત્યપ્રિયતા અને હિતકારી વાણી અને કાયામાં સદ્‌વર્તન જોઈએ. કોઈ એમ કહે કે અમારું મન શુદ્ધ છે, પછી જેમ ખાઈએ, પીઈએ, તો પણ શું નુકશાન છે ! જ્ઞાની કહે છે એ વાત બરાબર નથી. માત્ર મનશુદ્ધિની વાતો કરનારા અને કાયાથી જેમ તેમ વર્તનારા મોક્ષની

સાધના ક્યારે પણ કરી શકતા નથી. એવી રીતે કાયાથી બધી ક્રિયાઓ કરવા છતાં ઈર્ષા કે રાગ–દ્વેષથી કલુષિત મનવાળા પણ મોક્ષની સાધના કરી શકે નહિ. મોક્ષની સાધના માટે આ ત્રણે ય જોઈએ, કારણ કે ત્રણે પરસ્પર સાપેક્ષ છે. જો મોક્ષમાર્ગ મેળવવો હોય તો સર્વ પ્રથમ પોતાના જીવન ઉપર અંકુશ લાવવો પડશે, પછી સત્સંગ સહિત મન, વચન, કાયાને સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રની સાધનામાં એકતાર બનાવશું તો મોક્ષના સુખને મેળવી શકીશું.

સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્રની સાધનામાં એક તાર બનેલા નમિરાજર્ષિને ઇન્દ્રે કહ્યું કે તમે સંયમ માર્ગે જાવ છો, તે માર્ગ કોણ લે ? જે ગૃહસ્થાવાસ ચલાવવામાં કાયર હોય તે દીક્ષા લે. તમે તો શૂરવીર ને ધીર છો, માટે આપ ગૃહસ્થ ધર્મનું પાલન કરો. દીક્ષા લેવાનો વિચાર હમણાં છોડી દો, ત્યારે નમિરાજ કહે છે કે ગૃહસ્થ ગમે તેવા પવિત્ર હોય, અમુક અંશે વ્રત–નિયમ કરતા હોય પણ તેઓ સર્વથા પાપથી મુક્ત થયા નથી, તેથી અનેક દિશાનું પાપ રૂપી પાણી તેનામાં પ્રવેશ કર્યા કરે છે. ગૃહસ્થ ધર્મ કરતાં સંયમધર્મ અનેકગણો શ્રેષ્ઠ છે. આપ સાંભળો.

**मासे मासे तु जो बालो, कुसग्गेण तु भुंजए ।**
**न सो सुयक्खाय धम्मस्स, कलं अग्घइ सोलसीं ॥४४॥**

કોઈ બાલ અજ્ઞાની જીવ માસખમણને પારણે માસખમણ કરે અને પારણામાં કુશના અગ્રભાગ પર રહે એટલો આહાર કરે તો પણ તે તીર્થંકર દેવના કહેલા સર્વ વિરતિરૂપ ચારિત્ર ધર્મની સોળમી કળાને પણ પ્રાપ્ત કરી શકતા નથી. અર્થાત્ સંસારમાં રહેલા બાલજીવોની આટલી મોટી ઉગ્ર તપશ્ચર્યા પણ સર્વ વિરતિ રૂપ ધર્મ આગળ કાંઈ કિંમતમાં નથી.

આ ગાથામાં ચારિત્ર ધર્મની શ્રેષ્ઠતા બતાવી છે. ચારિત્ર માર્ગ એ કેટલો શ્રેષ્ઠ માર્ગ છે. ગૃહસ્થાશ્રમમાં રહેલા અજ્ઞાની મિથ્યાત્વી જીવ બાર મહિને એક બે નહિ પણ માસખમણને પારણે માસખમણ કરે અને પારણામાં ડાભની અણી ઉપર રહે એટલું ભોજન કરે, એવી આકરી તપશ્ચર્યાઓ જીવનપર્યંત કરે છતાં જિનપ્રણીત સૂત્ર તથા સમકિતપૂર્વક શુદ્ધ નિર્મળ ચારિત્ર ધર્મની સોળમી કળાના તોલે પણ ન આવે . કારણ કે બાલ જીવોની તપશ્ચર્યા કર્મનિર્જરાના હેતુરૂપ નથી. તેની તપશ્ચર્યા તો દેવલોકના ભૌતિક સુખો મળે એવા આશયથી થતી હોય છે, તેથી અજ્ઞાન દશામાં કરેલી તપશ્ચર્યા સર્વવિરતિ ધર્મની અપેક્ષાએ કાંઈ કિંમતની નથી. સર્વવિરતિ ધર્મ તો કર્મ નિર્જરા દ્વારા મોક્ષનો હેતુ છે. બાલ તપનું વધુમાં વધુ ફળ દેવગતિની પ્રાપ્તિ છે, તેથી ગૃહસ્થાશ્રમમાં સાવદ્ય પ્રવૃત્તિઓ વધુ હોવાથી તે મુમુક્ષુઓ માટે આદરણીય નથી, અને સંયમ માર્ગમાં સાવદ્ય વ્યાપારનો સર્વથા અભાવ હોવાથી તે બધાને માટે ઉપાદેય છે, તેથી હું ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને ચારિત્ર માર્ગે જવા કટિબદ્ધ થયો છું.

ગૃહસ્થાશ્રમમાં દેશવિરતિ ધર્મનું પાલન થઈ શકે છે પણ તે સર્વથા નિર્દોષ નથી, કારણ કે તેમાં કેટલીક રીતે અમુક છુટ રાખવામાં આવેછે, માટે સંયમ માર્ગ એ શ્રેષ્ઠ

માર્ગ છે. આગમમાં કહેલા પાંચ મહાવ્રતવાળા ચારિત્ર ધર્મરૂપ ચંદ્રની સોળ કળાની એક કળા જેટલી કિંમત પણ બાલ તપ નથી ધરાવતો. કપરા છે એ મહાવ્રતો. કપરો તો સંસાર–ત્યાગ છે. મન-વચન–કાયાથી સંસારથી અલિપ્ત થઈને આત્મામાં સ્થિર રહેવું તે કપરું છે. મહાકિંમતી છે. ચારિત્રની ઉત્તમતા જાણનારા વીરલા છે. ચારિત્ર એક એવો હીરો છે કે જે બીજા બધા પાષાણ ખંડોને કાપી નાંખે છે. સંયમની વિશેષતા બતાવતા કહ્યું છે

अपवित्रः पवित्रः स्याद् दासो विश्वेशतां भजेत् ।
मूर्खो लभते ज्ञानानि, मङ्क्षु दीक्षा प्रसादतः ॥

દીક્ષાના ( સંયમના ) પ્રભાવથી અપવિત્ર વ્યકિત પવિત્ર બની જાય છે. દાસ વિશ્વ–વંદનીય બને છે અને મૂર્ખ જલ્દીથી જ્ઞાન પ્રાપ્ત કરી લે છે, ચારિત્રનો આટલો મહાન મહિમા છે. તેની તોલે કોઈ આવી શકે નહિ. ચારિત્ર કેટલું ઊંચું છે! લેવાનું મન થાય છે? જિંદગી તો પાણીના પૂરની જેમ ચાલી જાય છે જેટલી જિંદગી બાકી છે તેમાં સાધના કરી લો. આત્માની ઓળખાણ કરી લો. જેણે આત્માને જાણ્યો નથી તેણે કંઈ જાણ્યું નથી.

આરબ દેશનો એક સોદાગર સુંદર ઘોડો લઈને રજવાડામાં વેચવા માટે આવ્યો. રાજાને ઘોડો ખૂબ ગમી ગયો. રાજાએ કહ્યું તેની કિંમત કેટલી! દશ હજાર રૂપિયા. ભાઈ! તારા ઘોડામાં એવું તે શું છે કે તું આટલી બધી કિંમત માંગે છે? સોદાગરે કહ્યુ, આ ઘોડાને એક વાર લગામ ફેરવી દિશા બતાવી દો, પછી એ દોડયા કરે, અટકે જ નહિ. રાજા કહે ભાઈ! એવું હોય તો મારું તો આવી જ બને, કારણ કે મારું રાજ્ય પાંચસો માઈલના વિસ્તારનું છે, પછી જો ઘોડો પાછો ન વળે, ને આગળ દોડે જાય તો પછી હું કયાં જાઉં? બીજા રાજ્યના રાજાને ખબર પડે તો મને મારી નાંખે, માટે મારે ઘોડો જોઇતો નથી. સોદાગર ત્યાંથી બીજા રાજા પાસે ગયો. તેમને ઘોડો ખૂબ ગમી ગયો. કિંમત પૂછી તો દશ હજાર રૂપિયા કહી. સોદાગરે ઘોડાની ખાસિયત કહી બતાવી. તે રાજાએ કહ્યું, મારા રાજ્યની હદ ૧૦૦૦ માઈલ સુધી છે. હું એવો ઘોડો રાખું તો મારું આખું રાજ્ય ચાલ્યા જવાનો પ્રસંગ આવે, માટે મારે ઘોડો નથી જોઇતો.

છેવટે તે સોદાગર ચક્રવર્તિ રાજા પાસે ગયો. જઈને ઘોડાની બધી વાત કરી. ચક્રવર્તિએ તે ઘોડો રાખી લીધો, કારણ કે તે તો છ ખંડનું અધિપતિપણું ભોગવે છે, એટલે ઘોડો દોડી દોડીને દોડે તો પણ કેટલું દોડવાનો? તેથી ચક્રવર્તિએ તે ઘોડો ખરીદી લીધો. આ ન્યાય આપીને મહાપુરૂષો આપણને એ સમજાવે છે કે મન એ ઘોડો છે. એને જે તરફ વાળો તે તરફ વળે. રાજા જેવા સામાન્ય આત્માઓ તેને કાબૂમાં રાખી શકતા નથી પણ આત્મ–સ્વરૂપને પામેલા ચક્રવર્તી સમાન આત્માઓ તેને કાબુમાં રાખી શકે છે, કારણ કે ચક્રવર્તિ રાજાની જેમ તે જાણે છે કે જ્યાં જ્યાં મન જશે ત્યાં મારું સામ્રાજ્ય છે, એટલે મન એના કાબૂમાં રહે છે, માટે જ્ઞાનીપુરૂષો કહે છે કે આત્માની પીછાણ કરી લો અને સાધના કરી લો.

આજે જ્ઞાનપંચમીનો પવિત્ર દિવસ છે. આજે જ્ઞાનની આરાધના કરવાની છે. જ્ઞાન એ

પ્રકાશ છે અને અજ્ઞાન એ અંધકાર છે. જ્ઞાન એ દિવસ છે અને અજ્ઞાન એ રાત છે. જ્ઞાન દિવ્ય પ્રકાશ રૂપ છે. શબ્દોના અર્થ અને ભાવાર્થથી ખૂબ આગળ ખૂબ ઊંડાણમાં જઈને એના પરમાર્થને જ્યારે આત્મા પામે છે ત્યારે એ અપૂર્વ જ્ઞાનાનંદ અનુભવે છે. સ્વદર્શન એટલે જૈન દર્શન અને પર દર્શનના સિદ્ધાંતોની તારતમ્યતા અને ગુણવત્તા એને સ્પષ્ટ સમજાય છે. અનુભવીઓએ જ્ઞાનના ત્રણ ભેદ બતાવ્યા. શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન, અને ભાવનાજ્ઞાન. આગમ-સૂત્રો અને તેના અર્થ ગ્રહણ કરવા અને તેને અંતરમાં સ્મૃતિના ભંડારમાં ભરવા તેનું નામ શ્રુતજ્ઞાન. સ્મૃતિના ભંડારમાં ભરેલા સિદ્ધાંતોના જ્ઞાનને નય–પ્રમાણથી કસીને બુદ્ધિગમ્ય કરવા તે ચિન્તાજ્ઞાન અને બુદ્ધિગમ્ય કરેલા સિદ્ધાંતોને આત્મસાત્ કરી એના પરમાર્થનો પ્રકાશ પામવો તે ભાવનાજ્ઞાન. જ્ઞાનની સાચી મસ્તી ભાવના જ્ઞાની માણી શકે છે.

**સાચું જ્ઞાન કયું ?** :—જેમ વિજ્ઞાનમાં બતાવવામાં આવ્યું છે કે અમુક જાતના ખોરાકમાંથી અમુક વિટામીન મળે છે. એ. બી. સી. ડી. ઇ. આદિ વિટામીનના ભેદ છે. તેમ આધ્યાત્મિક દૃષ્ટિએ વિટામીન E એટલે Education એજ્યુકેશન એટલે જ્ઞાન. જ્ઞાનના બે પ્રકાર છે. એક ભૌતિક જ્ઞાન અને બીજું આત્મિક જ્ઞાન. આજે ભૌતિક જ્ઞાન ખૂબ વધ્યું પણ ભણતર સાથે ગણતર જોઈએ ને ચગુતર જોઈએ. એ નથી આવ્યું. વિદ્યાર્થી જ્ઞાન મેળવશે ને માત્ર ડીગ્રીનો બોજો મગજમાં વધારશે, પણ તેની વર્તણુંક નહિ સુધારે તો એ સાચું જ્ઞાન નથી. જ્ઞાન સાચું ત્યારે કહેવાય કે જ્યારે જીવનની અંદર ઉતરે. એ જ્ઞાન આત્માની અનુભૂતિ કરાવે. એક વાર સાચું જ્ઞાન પ્રાપ્ત થઈ જાય, તો જડ–ચેતનનું ભેદ વિજ્ઞાન થઈ જાય.

જ્ઞાન એ અમૃત છે. સમુદ્રનું મંથન કરવાથી અમૃત નીકળ્યું પણ જ્ઞાન તો સમુદ્ર વગર ઉત્પન્ન થયેલ અમૃત છે. આ જ્ઞાન મૃત્યુંજય બનાવવાની શક્તિ ધરાવે છે. આત્માની સ્વસ્થતા ઉભી કરે છે. આ અમૃતનું પાન કરનાર અમર બની જાય છે. જ્ઞાન એ અમૂલ્ય રસાયણ છે. અનેક ઔષધોનું મિશ્રણ કરીએ ત્યારે રસાયણ બને છે, પણ જ્ઞાન રસાયણ ઔષધિ વિનાનું રસાયણ છે. પેલું રસાયણ કોઈ રોગનો નાશ કરે કે ન કરે પણ આ રસાયણને જીવનમાં ઉતારશો તો ભવરોગનો નાશ થશે. જ્ઞાનનું રસાયણ પીવાથી કાયરમાંથી વીર અને વીરમાંથી મહાવીર બનશો. જ્ઞાનનું એવું ઐશ્વર્ય છે કે જેને કોઈ અપેક્ષા નથી. જ્ઞાનીઓને કોઈનો ભય રહેતો નથી. જ્ઞાનને ચોર લૂંટારા લૂંટી શકતા નથી. જ્ઞાન તો જેમ વાપરો તેમ વધતું જાય છે. જ્ઞાન જીવનમાં પ્રકાશ આપનાર છે.

**જ્ઞાન અને ધનની સરખામણી** :—ધન વારસામાં મળે છે પણ જ્ઞાન વારસામાં નથી મળતું. એની તો પોતાને સાધના કરવી પડે છે. ધનને સાચવવું પડે છે. ત્યારે જ્ઞાન જ્ઞાનીને સાચવે છે. તેની રક્ષા કરે છે. ધન પાપનો ઉદય થતાં કયારેક ખલાસ થઈ જાય છે ત્યારે જ્ઞાન કદી ખૂટતું નથી. ધન દુશ્મનો ઉભા કરે છે, જ્યારે જ્ઞાન મિત્રો ઉભા કરે છે. ધન મર્યાદિત છે, જ્ઞાન અમર્યાદિત છે. ધનમાં ઘેન છે, જ્ઞાનમાં સતત જાગૃતિ છે. ધનમાં પ્રમાદ છે, જ્ઞાનમાં અપ્રમાદ છે. આત્મિક જ્ઞાન પાસે ભૌતિક જ્ઞાનની કોઈ કિંમત નથી. આત્મજ્ઞાન

એટલે આત્માના અનંત માધુર્યનું જ્ઞાન, અનંત સામર્થ્યનું જ્ઞાન. આ જ્ઞાન રૂપ વિટામીન જે અપનાવે છે તેના જીવનનો વિકાસ થાય છે. જ્ઞાનની જે અશાતના કરે છે તે જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે. પરિણામે જીવને બહેરાપણું, મૂંગાપણું, બોબડાપણું, અંધાપો આદિ દુઃખો ભોગવવા પડે છે. માટે બને તો જ્ઞાન ભણનારને સહાય કરજો, મદદ આપજો, તે ન બને તો ખેર, પણ જ્ઞાનની અશાતના ક્યારે પણ કરશો નહિ. (અહીં પૂ. મહાસતીજીએ જ્ઞાનની અશાતના કરવાથી જીવને કેવા કર્મો ભોગવવા પડે છે તે તેમજ જ્ઞાનપંચમીની શરૂઆત ક્યારથી થઈ તે વાત વિસ્તારપૂર્વક દૃષ્ટાંત આપીને સમજાવી હતી.)

નમિરાજની જ્ઞાનદૃષ્ટિ ખુલી ગઈ છે, સ્વ–પરનું ભેદજ્ઞાન થઈ ગયું છે, તેથી ઇન્દ્રની સામે વૈરાગ્યરસથી સભર જવાબો આપી રહ્યા છે. તેમને ઇન્દ્ર મહારાજે કહ્યું કે આપ દીક્ષા શા માટે લો છો ? આપ ગૃહસ્થાવાસમાં રહીને દશ તિથિના પૌષધ આદિ કરજો. પહેલાના શ્રાવકો પૌષધ કરતા હતા. તેમના પૌષધ કેવા ? અમારી બહેનો પણ પૌષધ કરે છે પણ હજુ પૌષધના રહસ્યને સમજ્યા નથી. પૌષધ એટલે આત્માને પોષવો. પાષધમાં આત્માના ગુણોની ખીલવણી થાય. આ પૌષધમાં સર્વથા આહારનો ત્યાગ તથા શરીર સત્કારનો સર્વથા ત્યાગ, બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન અને સંસાર વ્યાપારનો ત્યાગ કરવાનો હોય છે. સંયમી જીવનનો કંઈક આસ્વાદ કરાવનાર આ પૌષધ શ્રાવક જીવનનું સુંદર આભૂષણ છે. આરંભ સમારંભથી સર્વથા નિવૃત્તિ લેવાની અને અનંતા જીવોને અભયદાન આપનાર પૌષધની આરાધના કરવાની જ્યારે તક મળે ત્યારે ઝડપી લેવી.

માનવજીવન એટલે સમતાનું ધામ, જ્યાં અશાંતિ હશે, કકળાટ હશે ત્યાં શાંતિ કે સમતા સંભવિત નથી. જેને સમતા અને શાંતિની ચાહના છે તેણે સાંસારિક કકળાટથી દૂર રહેવું જોઈએ. આશ્ચર્યની વાત તો એ છે કે આજનો મનુષ્ય ઇચ્છે છે તો શાંતિ, પણ એનું વર્તન અશાંત છે. મનુષ્યે અશાંતિની માયાજાળ એટલી તો વધારી છે કે એમાંથી છૂટવું ઘણું મુશ્કેલ બની ગયું છે. એને ઘણીવાર મનમાં થાય છે કે પોતે જે કાંઈ કરે છે એ ખોટું છે. એમાંથી ગમે તે રીતે છૂટવું જોઈએ, પણ એ છોડી શકતો નથી. પોતે સર્જેલી માયાજાળમાંથી શી રીતે છૂટવું એ સમસ્યા એને મૂંઝવે છે. આવા મૂંઝાયેલા મનુષ્યો માટે આચાર્યોએ એક સરસ માર્ગ બતાવ્યો છે. એ માર્ગ છે પૌષધ. પૌષધ એટલે શું ? ધર્મને પુષ્ટ કરે તે પૌષધ. જ્ઞાન ધ્યાનથી આત્માને પોષે તે પૌષધ. માયાજાળમાં ડૂબેલા, મૂંઝાતા મનુષ્યને એની મૂંઝવણમાં પૌષધ રાહત કરી આપે છે. એનું ચિત્ત શાંતિ અનુભવે છે. સંસારની માયાજાળમાંથી મુક્ત થવું તેનું નામ પૌષધ. જે પૌષધ કરે છે તેના જીવનની અંદર સુખનો રસાસ્વાદ ઘૂંટાય છે.

**પૌષધનું મહાત્મ્ય** :–મહારાજા ઉદાયન એક મોટા રાજવી હતા, છતાં ધર્મિષ્ઠ ઘણા હતા. ભગવાન મહાવીરના શબ્દોનું તેમની રગેરગમાં ગુંજન હતું. તેઓ એક આદર્શ

જીવન જીવતા હતા. એક વખત તેમની સુંદર દાસીને ચંડપ્રદ્યોત રાજા ઉઠાવી ગયા, તેથી ઉદાયન તેમના પર ક્રોધથી ધમધમી ઉઠયા. યુદ્ધમાં હારેલા અને કેદ પકડાયેલા ચંડપ્રદ્યોતના કપાળ પર અગ્નિમાં તપાવેલા સળિયા દ્વારા ઉદાયને લખાવ્યું કે "આ મારી દાસીનો પતિ" છે. ઉદાયન રાજા સૈન્ય સાથે પોતાના નગરમાં પાછા ફરતા હતા. રસ્તામાં ચાતુર્માસ બેસી ગયું. શ્રાવક ચાતુર્માસમાં જવા આવવાની પ્રવૃત્તિ ન કરે. દયા ધર્મ પાળે. એમાં રસ્તામાં પર્યુષણ પર્વ આવ્યા, ઉદાયન રાજા રસ્તામાં રોકાઈ ગયા. સંવત્સરીના દિવસે ઉપવાસ કરી પૌષધ લઈને બેસી ગયા. ચંડપ્રદ્યોત સાથે હતા. તે કેદી હોવા છતાં ઉદાયન રાજા તેમને સન્માન આપતા. ઉદાયન રાજાનો રસોઇયો ચંડપ્રદ્યોતને પૂછવા ગયો. રાજન્! આજે આપના માટે શું રસોઈ બનાવું?

ચંડપ્રદ્યોતના મનમાં આશ્ચર્ય થયું કે રોજ નહિ ને રસોઇયો આજે કેમ પૂછવા આવ્યો હશે? ચંડપ્રદ્યોતે કહ્યું-તું આજે મને શા માટે પૂછવા આવ્યો છે? રસોઇયો કહે-આજે મહાન સંવત્સરી પર્વ છે. અમારા રાજાને આજે પૌષધ વ્રત છે, એટલે આપના પૂરતી રસોઈ બનાવવાની છે. ચંડપ્રદ્યોત કહે-આજે મહાન પર્વ છે તો હું પણ નહિ જમું. સારું થયું કે તેં મને યાદ કરાવી દીધું. આજે તો હું પણ ઉપવાસ કરીશ. રાજા ઉદાયનને આ વાતની ખબર પડી ત્યારે તેમને થયું કે જો ચંડપ્રદ્યોતે ઉપવાસ કર્યો તો તે મારો સ્વધર્મી ભાઈ થયો. હવે જો હું તેને કેદમાં પૂરી રાખું તો આ મહાન પર્વની સાધના કેવી રીતે થાય? ભાવની સાથે વચનની વિશુદ્ધિ હોય તો પર્યુષણની સાચી આરાધના થઈ શકે. આ વિચાર આવતા પર્વના મહત્વને સમજેલા ઉદાયને મનમાં જરાપણ ડંખ રાખ્યા વિના ચંડપ્રદ્યોતને છૂટો કરી દીધો ને સાચી ક્ષમાપના કરી.

ચાતુર્માસ પૂર્ણ થયા પછી એકવાર ઉદાયન રાજા પૌષધ લઈને બેઠા છે, ત્યારે તેમના મનમાં એવા ભાવ થયા કે જેમણે જગત ઉદ્ધારક ભગવાન મહાવીરસ્વામીની દેશના સાંભળી વ્રત અંગીકાર કર્યા છે તેમને ધન્ય છે! તે પ્રભુ મને દીક્ષા આપવા ન આવે? તે પ્રભુ જો અહીં પધારે તો હું સંસાર છોડી દીક્ષા લઉં. કેવળજ્ઞાની પ્રભુ મહાવીરસ્વામી ઉદાયન રાજાના ભાવ જાણીને તેમની નગરીમાં પધાર્યા, ત્યારે ઉદાયનરાજાએ પ્રભુ પાસે દીક્ષા લઈ લીધી. દીક્ષા લઈને પોતાના જીવનને ધન્ય માનવા લાગ્યા. ધન્ય જીવનને સહુ ચાહે છે પણ મનની વિશુદ્ધ ભાવના અને વિશુદ્ધ કરણી વિના એ અશકય છે. આજનો માનવી કરે છે ખરો પણ એની સાધના એને શાંતિ કે શાતા આપતા નથી. આજના માનવીના વર્તનમાં અને વિચારમાં વિરાટ અંતર છે. એ અંતર ઘટાડ્યા સિવાય શાંતિની અપેક્ષા રાખવી વ્યર્થ છે. એ વ્યર્થ આશાને સાર્થક બનાવવી હોય અને વર્તન અને વિચાર વચ્ચેના અંતરને ઘટાડવું હોય તો તે માટેનો સચોટ ઉપાય છે પૌષધ.

પૌષધ એ એક વિશિષ્ટ સાધના છે. પૌષધ મનના ભાવોને પુષ્ટ કરે છે. જ્ઞાન-ધ્યાનથી આત્માને પોષે છે. પૌષધને પરબની ઉપમા આપી છે. તૃષાતુર બનેલા માણસને

પરબ પાણી પાય છે તેમ પૌષધ વ્યાકુળ મનના માનવીને શાંતિના અમૃત પીવડાવે છે. સંસારની માયા જાળમાંથી મુકત થવાય છે. એવો માનવી પરમાનંદને પ્રાપ્ત કરે છે. પૌષધ જીવનમાં કેટલું કામ કરી જાય છે એક પૌષધનો લાભ કેટલો? તે ખબર છે? પન્નવણા સૂત્રમાં શિષ્યે ભગવાનને પ્રશ્ન કર્યો કે હે પ્રભુ! એક દિવસ શુદ્ધ સમકિત સહિત, રાગ-દ્વેષ રહિત, ક્ષમા-દયા સહિત પૌષધ કરે તો શું લાભ થાય? પ્રભુએ કહ્યું-સત્તાવીસે સિત્તોતેરક્રોડ, સિત્તેર લાખ, સિત્તોત્તેર હજાર, ૭૭૦ પલ્યોપમ અને એક પલ્યોપમના નવ ભાગ કરીએ તેમાંથી આઠ ભાગ ઝાઝેરા શુભદેવનું આયુષ્ય બાંધે. કેટલો મહાન લાભ પૌષધમાં રહેલો છે!

**પૌષધનો પ્રભાવ** :—એક વખત એક શેઠ પાખીનો પૌષધ લઈને બેઠા હતા. શેઠ પૌષધમાં રાત્રે ધર્મ ચિંતન કરતા હતા. જેમનો પૌષધ એકાંત કર્મ નિર્જરા માટે છે એવા શેઠ રાત્રે ધર્મ જાગ્રિકા કરતા હતા. બરાબર તે રાત્રે ચોરો તેમના ઘેર ચોરી કરવા માટે આવ્યા. શેઠ તો આત્મચિંતનમાં મસ્ત હતા. તેમને કંઈ ખબર નથી પણ ધર્મનો-પૌષધનો પ્રભાવ તો જુઓ! ચોરો મોટી આશાએ ચોરી કરવા આવ્યા હતા પણ શેઠના પૌષધના પ્રભાવે ચોરી કરી શકયા નહિ ને ત્યાં સ્થંભી ગયા. છેવટે ચોરો પકડાઈ ગયા ને તેમને રાજાની સામે ઉભા કર્યા. રાજાએ તો ચોરોને ફાંસીનો હુકમ આપી દીધો. સવારમાં શેઠે પૌષધ પાળ્યો ત્યારે તેમને સમાચાર મળ્યા કે તેમને ઘેર ચોરો આવ્યા હતા પણ તે પકડાઈ ગયા અને રાજાએ તેમને ફાંસીની શિક્ષા કરી છે. શેઠના મનમાં થયું કે મારે તેમને બચાવી લેવા જોઈએ.

એમ વિચારી શેઠ હીરા, માણેક, મોતી આદિથી ભરેલા થાળ લઈને રાજા પાસે ગયા. તે થાળ રાજાના ચરણે ધરી તેમના પગમાં પડીને વિનંતી કરી કે મહારાજા! આપ આટલી મારી નાની ભેટ સ્વીકારો ને મારી વિનંતી સાંભળો. શું છે વિનંતી? ગઈ કાલે રાત્રે મારા ઘરમાં ચોરી કરવા આવેલા ચોરો પકડાઈ ગયા છે ને તેમને આપે ફાંસીની શિક્ષા ફરમાવી છે, તો આપ તેમને છોડી મૂકો ને અભયદાન આપો, પછી હું ઉપવાસનું પારણું કરીશ. રાજા તો આ સાંભળી સ્તબ્ધ થઈ ગયા. અહો! શું આ શેઠ છે! બીજા કોઈ માણસ તો પોતાને ઘેર ચોર આવ્યા હોય તો તેને પકડાવવા ઇચ્છતા હોય, જ્યારે આ શેઠ પકડાયેલાને છૂટા કરાવવા ઇચ્છે છે! કેટલી અહિંસક કરુણ-ભાવના! રાજાને ચોરોને છોડવાની ઈચ્છા ન હતી, પણ શેઠની ખૂબ વિનવણીથી રાજાએ ચોરોને છોડી મૂકયા. ફાંસીની શિક્ષામાંથી બચાવી જે અભયદાન આપે તેના જેવો આનંદ ચોરોને બીજો કયો હોઈ શકે? સર્વ જીવોને જીવવું ગમે છે. મરણ કોઇને ગમતું નથી. સૌ કોઇ સુખ ચાહે છે, દુઃખ કોઈને ગમતું નથી. શેઠે ચોરોને અભયદાન આપ્યું એટલે ચોરો તરત વિશાળ દિલના ઉદાર શેઠના ચરણમાં આળોટી પડયા. શેઠજી! માફ કરો. આપે અમને મૃત્યુના મુખમાંથી બચાવ્યા છે. હવે જિંદગીમાં આવા ધંધા નહિ કરીએ. શેઠે તેમને ધંધો કરવા પૈસા આપ્યા ને ઉપરથી કહ્યું કે ભવિષ્યમાં કયારે પણ જરૂર પડે

તો મારી પાસે આવજો, પણ ચોરીના ધંધા ન કરશો. ચોરોએ શેઠની વાત માની ને કાયમ માટે ચોરીનો ધંધો છોડી દીધો. સાંભળ્યું ને પૌષધનો પ્રભાવ કેવો હોય છે. આવી ઉદાત્ત મનોવૃત્તિ પેદા કરવામાં ભારે ઉપકારી બનતા પૌષધ વ્રતને જીવનમાં આચરતા થઈ જાઓ.

ઈન્દ્રે નમિરાજને કહ્યું કે તમે ગૃહસ્થાશ્રમમાં રહીને દશ તિથિના પૌષધ આદિ કરજો પણ સંયમ ન લો. જે ગૃહસ્થાશ્રમ ચલાવવામાં કાયર હોય તે સંયમ લે. ત્યારે નમિરાજે કહ્યું કે હે વિપ્ર! કોઈ ગૃહસ્થ માસખમણને પારણે માસખમણ કરતો હોય ને પારણામાં કુશના અગ્ર ભાગ પર રહે એટલું ભોજન કરતો હોય તો પણ તેવો તપસ્વી ચારિત્ર માર્ગની સોળમી કળાની તોલે પણ આવતો નથી, માટે ગૃહસ્થ ધર્મ કરતાં ચારિત્ર ધર્મ અનેક ગણો શ્રેષ્ઠ છે.

ઇન્દ્ર આવ્યો છે નમિરાજને હરાવવા પણ પોતાની હાર થઈ રહી છે. તેના મનમાં થયું કે હું દેવ છું ને આ તો મનુષ્ય છે, છતાં શું હું એની પાસે હારી જઈશ? તેથી તેના મુખ ઉપર ખિન્નતા દેખાઈ, છતાં હજુ મનમાં થયું કે બે બાણ મારી પાસે છે. એમ યાદ આવવાથી મુખ પર આનંદ દેખાયો. આશા અમર છે. કહેવત છે કે "હાર્યો જુગારી બમણું રમે." લાખ રૂપિયા ગુમાવ્યા પછી વધેલા છેલ્લા રૂપિયાનો દાવ રમતી વખતે જુગારી એકના એક ક્રોડ કરવાની મીઠી આશાથી તે રમતો જાય છે. ધર્મરાજા જુગાર રમવા બેસતા ન હતા. બેઠા પછી શરૂઆતમાં જીત થતી ગઈ તેથી વધુ ચસકો લાગ્યો. પછી તો ઉપરાઉપરી હાર થવા લાગી. રાજ્ય, લક્ષ્મીના ભંડારો બધું હોડમાં મૂકી દીધું. છેલ્લો એક દાવ બાકી છે. ધર્મરાજા માને છે કે છેલ્લા દાવમાં હું બધું જીતી લઈશ પણ જીતી શક્યા નહિ ને પરિણામે દ્રૌપદીને હોડમાં મૂકવાનો સમય આવ્યો. કહેવાનો આશય એ છે કે, હાર્યો જુગારી આશામાં બમણું રમે.

ખરેખર આશા અમર છે. આશા જીવનનો ખોરાક છે. બીજી બાજુથી જોઈએ તો આશા જીવોને દુઃખનું કારણ પણ છે. દિવસ છે ત્યાં રાત છે. તેમ જ્યાં આશા છે ત્યાં નિરાશા છે, અને નિરાશાનું દુઃખ કડવું છે. આશાના એક કિરણે વિપ્રને સતેજ બનાવ્યો. ખોવાયેલી બાજીને હજુ હું બીજા દાવથી જીતી શકીશ એવા ભાવથી મનના ઉમંગ સાથે કહેવા લાગ્યો. હે મહારાજા! આપની વાત સત્ય છે. મારે કબૂલ કરવું પડશે કે આપ ચારિત્ર માર્ગની શ્રેષ્ઠતા બતાવવામાં સફળ બન્યા છો. એક ઉત્તમ સંસ્કારી, મહાતપસ્વી, મહાદાનેશ્વરી કરતાં એક ત્યાગી ઘણા દરજ્જે શ્રેષ્ઠ છે એમ હું માનું છું, પણ હજુ મારી વાત સાંભળતા જાવ. હવે ઈન્દ્ર કયો પ્રશ્ન પૂછશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :** ગુણદત્ત રાજા ઈન્તેજારીથી નાટ્યકારોને પૂછે છે કે સાગરદત્ત શેઠ અને શેઠાણી અત્યારે ઉજ્જૈનીમાં છે? ત્યારે નાટ્યકારો કહે છે—મહારાજા! અમે તેમને જોયા નથી. કોઈ કહેતું હતું કે આ નગરીમાં પુત્રવધની યાદી ખૂબ આવે તેથી તેઓ આ નગરી છોડીને ચાલ્યા ગયા છે. પોતાના માતા પિતા જીવતા છે એ વાતથી તેમને સંતોષ થયો. હવે

માતાપિતાનો તથા ભાઈનો પત્તો કેવી રીતે મળશે? તેના વિચારમાં રાજાના પગ ધ્રુજવા લાગ્યા. મુખ પર ઉદાસીનતા આવી ગઇ પણ તેમણે કોઇને વાત જણાવી નથી તેથી પરાણે મુખડું હસતું કર્યું, ત્યાં માતા પિતા ભાઇને શોધવા ગયેલા સુભટો પાછા આવ્યા. બધે શોધ કરાવી પણ ન માતા પિતા મળ્યા કે ન ભાઇ મળ્યો. તેના મનની આશા ભાંગીને ભૂક્કો થઇ ગઇ. મહારાજા ગુણદત્તે નાટ્યકારો સર્વેનો યોગ્ય સત્કાર કરી, અનેક જાતના ઈનામ આપી ઉત્સાહિત બનાવ્યા, તેમજ પ્રજાજનોએ પણ સારી ભેટ આપી. દરેક કલાકારોનાં મનમાં ગુણદત્ત રાજા વસી ગયા. તેઓ જ્યાં જ્યાં જાય ત્યાં ગુણદત્ત રાજાની ભૂરિભૂરિ પ્રશંસા કરવા લાગ્યા.

**રમાને રમત રમવાનો આદેશ આપતા શેઠ**:–આ બાજુ શુભમતિને માથે તો કલંક ચઢયું છે તેથી તે દુઃખી બની ગઈ છે. કોઈ તેને આશ્વાસન દેનાર નથી. દિવસ તો ઘરના કામકાજમાં પસાર થઈ જાય, પણ રાત્રે એકલી પડે ત્યારે ખૂબ રડે છે. અરરર.... મેં કેવાં પાપકર્મો કર્યા હશે કે મારા માથે ખોટા આળ ચઢયા. આ રીતે પોતાના કર્મોને દોષ દેતી મનને મનાવે છે. હવે લક્ષ્મીદત્ત શેઠે ઘરની મુખ્ય દાસી રમાને બોલાવીને કહ્યું–રમા! તું શુભમતિની પાસે જઈને તેને સમજાવ. જે થવાનું હતું તે થઈ ગયું. હવે તું સમજી જા. બગડેલી બાજી સુધારવી એ તો તારા હાથની વાત છે. જો તું આટલું કામ કરીશ તો હું તને સારું ઈનામ આપીશ. તું ગમે તે રીતે સમજાવ, પણ કિશોરને બોલાવે ને એની સાથે પ્રેમ કરે એમ તું કર. આ તો દાસી હતી. એ બધા તો પૈસાના લાલચુ હોય તેથી પૈસાની લાલચથી તેણે આ કામ માથે લીધું. તે શુભમતિ પાસે અવારનવાર આવવા લાગી. તેણે શુભમતિ સાથે બહેનપણા કરી લીધા. શુભમતિ દિવસે કામ કરે, બધું કરે, પણ મનનું દુઃખ કંઈ ભૂલાય ખરું? બિચારી દુઃખીયારી શુભમતિ રાત્રે રડે ને નીસાસા નાંખે. હું આ બંધનમાંથી મુક્ત કયારે થઈશ? મારા પૂર્વના કર્મો ઉદયમાં આવ્યા છે. દુનિયામાં કયારે પણ સાંભળ્યું નથી કે કોઈ છોકરો ભાડે પરણવા ગયો હોય ને મને ભાડે પરણવા આવ્યા એ મારા કર્મો નહિ તો બીજું શું? કોઇને નથી બન્યું એવું મારે બન્યું છે.

**અમૃતકો સભી પી લેવે, વિષ હૈ બહુત કઠીન,**
**શુભમતિને અપની શુભમતિસે, વિષકો અમૃત બનાયા.**

જગતમાં અમૃત તો બધા પચાવે પણ વિષ પચાવવું કઠીન છે. શુભમતિએ તત્ત્વજ્ઞાનથી વિષના ઘૂંટડા ગળી જવાની શક્તિ મેળવી લીધી. એટલામાં રમાદાસી ત્યાં આવી પહોંચી. શુભમતિની આંખમાં આંસુ જોઈ રમા પૂછે છે ભાભી! જરા ઊંચું તો જુઓ. કેમ રડો છો? રમાને તો પોતાનું કામ કઢાવવું છે એટલે શુભાની સાથે આડી-અવળી વાતો કરવા લાગી. પછી કહ્યું–ભાભી! તમે કેમ કંઈ બોલતા નથી? અમારા શેઠને ત્યાં તો અઢળક સંપત્તિ–ધનવૈભવ છે. તમને શું દુઃખ છે તે બોલતા નથી ને મૌન રહો છો? સંસારના આંગણે કદમ ભર્યા પછી મૌન ન શોભે. મૌન તો મુનિ મહાત્માઓ, સંતોને શોભે. તમે મૌન છોડો. બધાની સાથે હળીમળી વાતો કરો, હસો તો બધાને

ગમશો, ને બધાના દિલ જીતી શકશો. જો ચઢેલું મોઢું રાખશો ને બોલશો નહિ, તો કોઇને ગમશો નહિ, ને એક ખુણામાં બેસી રહેવું પડશે. હું તમારા હિતની વાત કરું છું. મને લાગે છે કે આપ ખૂબ વિચારમાં છો, તેથી કંઈ બોલતા નથી. શું અમે બધા તમને નથી ગમતા ?

રમા આટલું બધું બોલી ત્યારે શુભમતિ કહે છે રમા ! તું આ શું બોલે છે ? તારા આવવાથી તો મને આનંદ છે. પણ આ ગામ, ઘર, સ્વજનો, સેવકો બધા અપરિચિત અને નવીન તેથી સ્વાભાવિક રીતે થોડી શરમ અને સંકોચ આવે. ધીમે ધીમે બધું પરિચિત બની જશે. હું નાનપણમાં શીખી હતી કે "ન બોલવામાં નવ ગુણ" જો તમે નહિ બોલો તો બધાનો પરિચય ક્યાંથી થશે ? શુભમતિના મીઠા–મધુરા વચનથી રમાને ખૂબ આનંદ થયો. આ નારીના વચનોમાં કેટલી કોમળતા અને મધુરતા છે. તેના મુખ પર કેટલી ગંભીરતા દેખાય છે ! કેવી ધીરતા છે ! શુભા કહે રમા ! તારી વાત સાચી છે. મારે થોડું બોલવું જોઈએ, પણ શું બોલું ? મને બોલવું ગમતું નથી. પરણીને શ્વસુર ગૃહે પગ મૂકયો ત્યાં મારા માથે કલંકનો ફૂટકો લાગ્યો છે તેથી મને બોલવાનું મન થતું નથી. સમય થતાં તો રમા ચાલી ગઈ.

આ બાજુ શુભમતિ સવારમાં સામાયિક, પ્રતિક્રમણ આદિ કર્યા પછી ઘરકામમાં જોડાઈ ગઈ. થોડા દિવસમાં તો ઘરનો બધો કારભાર તેણે સંભાળી લીધો. પ્રેમથી અને સ્નેહથી નોકર ચાકર બધાના મન જીતી લીધા. રસોઇ પણ તે જ બનાવવા લાગી. તે સિવાયના બીજા સમયમાં સારા સાહિત્યનું વાંચન કરતી, સામાયિક કરતી. થોડા દિવસમાં તો લક્ષ્મીદત્ત શેઠના ઘરની રોનક ફરી ગઈ. ઘરના બધા શુભમતિ તરફ બહુમાનની નજરે જોવા લાગ્યા. સાસુ–સસરાને માતા–પિતા ગણી તેમની સેવા કરતી. આ રીતે શુભમતિના દિવસો તો પસાર થઇ જતા પણ રાત્રીઓ ખૂબ વિષમ અને લાંબી લાગતી. રાત્રે વિચારમાં ને વિચારમાં તે સાવ શૂન્ય બની જતી. કયારેક પોતાના કર્મ વિપાકના ફળને વિચારતી, તો કયારેક ગુણચંદ્રની દુઃખદ સ્થિતિ પર વિચાર કરતી, ત્યારે આંસુ સરી પડતા. તેમને બંધન મુક્ત કયારે કરીશ ! આવી અનેક ચિંતાઓથી તેની ઉંઘ ઉડી જતી. પાણી વિના માછલી તરફડે તેમ પતિ વિના તે તરફડતી હતી. તે સમજતી હતી કે સંસારના પગથારે પગ મૂકયો છે પણ ત્યાં કાંટા ભરપૂર છે. એમ સમજી તે ડગલે પગલે સાવધ રહેતી. પોતાનું દરેક કાર્ય સંભાળીને કરતી, પણ કોઇ કાર્યમાં તેને રસ ન હતો. કયારેક અંતરના છૂપા ભાવો મુખ પર દેખાઈ આવતા ને મુખમાંથી નિસાસો નીકળી જતો. પતિ વિના બધી પ્રવૃત્તિ નિરસ લાગતી હતી.

રમાએ હવે શુભમતિ સાથે બરાબર બેનપણી કરી લીધી. જ્યારે તે કામ કરીને નિવૃત્ત થતી ત્યારે શુભમતિ પાસે આવીને બેસતી. એક દિવસ રમા આવી ત્યારે એણે શુભાનો નિસાસો સાંભળ્યો. તેનું મુખ જોઇને સમજી ગઈ કે શુભા દુઃખી છે. રમા ! અત્યારે તું કયાંથી ? તમારા દુઃખની વરાળને શાંત કરવા આવી છું. મેં તમને છાના છાના રડતા ઘણીવાર જોયા છે. આજે મારે એ જાણવું છે કે આપ સંપત્તિના ઢગલે બેઠા છો.

દાસદાસીઓ તમારી સેવામાં ખડે પગે હાજર છે. મીઠા મનગમતા ભોજનો, કપડાં, દાગીના બધું હાજર છે, છતાં તમારા દિલમાં શું દુઃખ છે! રમા! હું તો સંપૂર્ણ સુખી છું. રમા કહે–ભલે તમે મને જુદી સમજી વાત છૂપાવતા હોય પણ તમારી આંખો કહી આપે છે. તમારું મુખ કોઇ પણ દુઃખના કારણે ઉદાસ રહેલું છે.

**પતિ તુમ્હારા કુષ્ઠિ હો ગયા, ઇસસે બને ચિંતાતુર,**
**આર્યનારીકા ભૂષણ હૈ, પતિ કે દુઃખ સે દુઃખી હો.**

મને લાગે છે તમારા પતિ કુષ્ઠિ બની ગયા માટે આપ ખૂબ ચિંતાતુર અને દુઃખિત છો. ખરેખર પતિવ્રતા નારીઓ પતિના દુઃખે દુઃખી અને સુખે સુખી હોય છે. તમે તો કર્મના સિદ્ધાંતને સારી રીતે સમજેલા છો. કર્મો કોઈને છોડતા નથી. આજનો કરોડપતિ, કાલે રોડપતિ, આજનો ચમરબંધી કાલે ચીંથરેહાલ બની જાય છે. દુઃખમાં પીડાતો નિર્ધન માણસ અખુટ સંપત્તિનો માલિક બની જાય છે.

સૌંદર્યવાન માનવી ક્ષણમાં આંખને ન ગમે એવો કુરૂપ બની જાય છે. તમારા માથે આવી પડેલું દુઃખ રડવાથી દૂર થશે નહિ. એથી તમારું કે નાના શેઠનું દુઃખ જરા પણ ઓછું નહિ થાય, તમારા સોનેરી સ્વપ્ના સાકાર નહિ બને. જ્યાં સુધી તમે ચિંતા છોડીને તમારા પતિના શરીરની સુંદરતા ન લાવી શકો ત્યાં સુધી તમારું જીવન આવું અંધકારમય રહેશે. આ શબ્દો સાંભળતા શુભા ચમકી. અરરર! આ શું બોલે છે! હજુ રમા તેનું કેવું ડહાપણ ડહોળશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં.–૯૭

**કારતક સુદ ૬ને સોમવાર** **તા. ૨-૧૧-૮૧**

અનંતજ્ઞાની કરૂણાસાગર ભગવંતો ફરમાવે છે કે આ વિશ્વમાં સુખનું આકર્ષણ એવું છે કે એનાથી આકર્ષાયેલો માનવી નાના મોટા અનેક દુઃખોને સહર્ષ વેઠતો હોય છે. જો કણભર સુખ મળવાની આશા હોય તો મણ જેટલા દુઃખો વેઠવા માનવી તૈયાર થઈ જાય છે. એની નજરમાં સુખ તરફ સ્નેહ હોય છે. એથી ગમે ત્યાંથી સુખ મેળવવા માટે એ ધમપછાડા કરતો હોય છે, અને એનું મનગમતું સુખ મળતા રાજીના રેડ થઇ જાય છે, પણ એનો એ રાજીપો ખૂબ ક્ષણજીવી નીવડતો હોય છે. સંસારી જીવો જેને સુખ કહીને વળગી પડે છે એ ચીજ માત્ર દુઃખનો અભાવ છે, અને એ અભાવ બહુ થોડા સમય સુધી ટકે છે. જેમ એક મજુરને માથે મણનો બોજો છે. આ બોજો ઉપાડીને ચાર માઇલનો રસ્તો કાપવાનો છે. જો આટલો બોજો ઉપાડીને ત્રણ ચાર માઈલ ચાલે તો થાકી જાય, લોથપોથ થઇ જાય પણ થોડી વાર ચાલ્યા પછી કોઈ વૃક્ષની છાયામાં એ બોજો ઉતારીને આરામ લેવા બેસે ત્યારે એ 'હાશ' કહીને સુખનો અનુભવ કરે છે. આ આરામની પળોમાં મજુર પાસે સુખ નામની કોઇ નવી વસ્તુ આવી નથી. માત્ર બોજો ઉપાડવાનું જે દુઃખ હતું એનો અભાવ થયો. આ અભાવને મજુર 'સુખ'

તરીકે માને છે. આ સુખ ઝાઝા સમયનું નથી. કારણ કે થોડીવાર પછી એ બોજો પાછો મજુરના માથે પડવાનો છે. ખાવાપીવાની વાત કરીએ. જો ખાવાપીવાથી સુખ મળતું હોત તો ફરી આપણને ભૂખ-તરસનું દુઃખ અનુભવવું ન પડત, પણ એવું બનતું નથી. થોડો સમય સુખ પછી પેલા મજુરની જેમ આ ભૂખ-તરસ આપણને પીડવાના છે. એ સુખની ક્ષણો વીતી જતાં ફરી દુઃખનો અનુભવ થાય છે અને ફરી પાછા સુખ માટે વલખા મારે છે. માટે જ્ઞાનીઓ કહે છે કે સંસારનું સુખ એટલે દુઃખનો અભાવ.

જેમણે સંસારનું સુખ છોડીને દીક્ષા લીધી છે એવા નમિરાજર્ષિને ઇન્દ્ર કહે છે, આપે ચારિત્ર માટે જે વાત કરી તે મને હવે સત્ય સમજાઇ છે. ઉત્તમ સંસારી કરતાં ત્યાગી હજાર દરજ્જે શ્રેષ્ઠ છે, એમ હું માનું છું, પણ હવે આપ આટલું કરીને પછી દીક્ષાના પંથે જાવ. હવે ઈન્દ્ર શું કરવાનું કહે છે?

**हिरण्णं सुवण्णं मणिमुत्तं, कंसं दूसं च वाहणं**
**कोसं च वड्ढावइत्ताणं, तओ गच्छसि खत्तिया ॥४६॥**

હે ક્ષત્રિય! હિરણ્ય, સુવર્ણ, મણિ, માણેક, મુક્તાફળ (મોતી) તથા કાંસુ, વસ્ત્ર અને વાહનાદિથી ભંડારને ભરપૂર ભરીને પછી આપ જાવ.

ઈન્દ્ર કહે છે કે હે ક્ષત્રિય! આપને ચારિત્ર માર્ગે જવું હોય તો ખુશીથી જાવ, પણ તે પહેલા આટલું કરતા જાવ. સોનું, ચાંદી, હીરા, માણેક, મણિ, મોતી આદિ જેના મૂલ્ય ઘણાં અને વજન ઓછું એવા સોના, ચાંદી, હીરા આદિથી ભંડાર છલકાવી નાંખો. કાંસાના વાસણ ખૂબ વસાવો. પહેલાના જમાનામાં કાંસાની મહત્તા ખૂબ હતી. લોકો કાંસાની થાળીઓમાં જમતા હતા, તેથી કહે છે કે કાંસાના વાસણો ખૂબ વસાવો. સારા સારા કિંમતી વસ્ત્રાભૂષણો વસાવો તેમજ રથ, ઘોડા આદિથી રાજભંડાર ભરપૂર ભરો, પછી આપ દીક્ષા લેજો, જેથી આપનો પરિવાર સુખશાંતિથી રહી શકે. ભાવિની પ્રજા એમ કહે કે શું નમિરાજના ભંડાર હતા! આવા છલકતા ભંડાર હોવા છતાં એમણે તેનો ત્યાગ કર્યો. ઈન્દ્ર આ પ્રશ્નથી એ કહેવા માંગે છે કે રાજાએ ભંડાર વધારવાનું ખૂબ ધ્યાન રાખવું જોઇએ. કારણ કે પંડિતો અને રાજાઓનો કોશ (ખજાનો) એ સર્વસ્વ છે. જેમ પંડિત હોય તેને શબ્દકોશ આવડવો જોઈએ. શબ્દકોશના જ્ઞાનથી રહિત પંડિત શબ્દબોધના જ્ઞાનથી અપરિચિત હોય છે તે રીતે કોશ (ખજાના) રહિત રાજા પણ લાંબા સમય સુધી સ્થિર રહી શકતા નથી. જેમ પંડિતોને શબ્દકોશના જ્ઞાનની આવશ્યકતા છે તે રીતે રાજ્યને સ્થિર અને તેજસ્વી રાખવાને માટે રાજાને સુવ્યવસ્થિત ધનકોશની આવશ્યકતા છે, માટે હે મહારાજા! આપ પહેલા આપના ભંડાર ભરપૂર કરો, પછી આપ દીક્ષા લેજો.

ઈન્દ્રની વાત સાંભળીને નમિરાજ કહે છે હે વિપ્ર! તું જે ખજાનાની વાત કરે છે તેવા ખજાના તો જીવે ઘણીવાર મેળવ્યા ને ભોગવ્યા, પણ હજુ તેને તૃપ્તિ થઈ નથી. હું તો એવો શાશ્વત ખજાનો ભરવા માંગું છું કે જે કયારે પણ કોઇ લૂંટી ન જાય,

ચોર ચોરી ન જાય. ઈંગ્લેન્ડમાં એક પ્રસિદ્ધ સાહિત્યકાર થઈ ગયા. જેમનું નામ જેરેમી હતું. એક દિવસ રાત્રે તેમના ઘરમાં ચોરોએ ચોરી કરી, તેમની બધી માલ મિલ્કત લૂંટી લીધી. તેમનું બધું લૂંટાઈ ગયું છતાં જેરેમીના મુખ પર જરા પણ ખેદ કે ઉદાસીનતા નહિ. તેમના જીવનમાં પહેલા જે આનંદ હતો એ જ આનંદ, એ જ પ્રસન્નતા તથા એટલી ધૈર્યતા તેના મુખ પર ચમકી રહ્યા હતા. લોકોને ખબર પડતા બધા તેમને આશ્વાસન આપવા ગયા. બધા તેમને પૂછતા કે આપે જીવનમાં અત્યાર સુધી અથાગ પરિશ્રમ કરી, મહેનત કરી, રાત દિવસ જોયા વગર પુરૂષાર્થ કરી જે મૂડી ભેગી કરી તે બધી આમ અચાનક લૂંટાઈ જાય છતાં તમને મનમાં કંઈ થતું નથી?

જેરેમીએ ખૂબ ધૈર્યતાથી પ્રસન્નચિત્તે જવાબ આપ્યો કે ચોરોએ મારું કાંઈ ચોર્યું નથી. મારી સ્વસ્થતા, મારી પ્રસન્નતા, ધૈર્ય તથા સમતા જે મારી મોંઘી મૂડી છે તે તો મારી પાસે હજુ પડી છે. એમાંથી ચોરોએ મારું કાંઈ ચોર્યું નથી. જે મારૂં હતું નહિ અને ગમે ત્યારે જવાનું હતું, જે મારી પાસે રહેવાનું ન હતું તે મારા જીવનમાં આકસ્મિક રીતે આવ્યું ને આમ આકસ્મિક રીતે ચાલ્યું ગયું, તેમાં મારે ખેદ, ઉદ્વેગ કે દુઃખ લગાડવાની જરૂર શી? બાકી જીવન જીવવા માટે પાણી, પ્રકાશ અને પવન એ તો હજુ યે મને મળ્યા કરે છે, માટે મારે ખેદ શા માટે કરવો? મારો શાશ્વત ખજાનો જે મારી પોતાની માલિકીનો છે તે મારા હૃદયમાં ભર્યો છે. એનો મને સંતોષ છે. જેરેમીના ઘરમાં ચોરી થઇ છે ને તેનું બધું લૂંટાઇ ગયું છે. તે સાંભળી તેને આશ્વાસન આપવા આવનારા લોકો તેની આ પ્રસન્નતા, સ્વસ્થતા અને તેના ધૈર્યને જોઈને અને તેના મુખેથી બધી વાતો સાંભળીને બધા આશ્ચર્યચકિત બની ગયા ને તેને ધન્યવાદ આપવા લાગ્યા.

આ ન્યાય ઉપરથી એ સમજવાનું છે કે બહારથી દેખાતા માલ મિલ્કત એ આત્માની સાચી મૂડી નથી. એનામાં આત્માને શાંતિ, સ્વસ્થતા કે ગમે તેવી આપત્તિમાં પ્રસન્નતા આપવાની તાકાત નથી. આત્માની સાચી મૂડી તો આ પ્રકારની સમજણ અને આ બધાયથી સર્વથા નિરપેક્ષ રહેવાની આધ્યાત્મિક ખુમારી છે. નમિરાજ પણ ઈન્દ્રને એ કહી રહ્યા છે, કે તું મને જે ભંડાર ભરવાની વાત કરે છે તે ભંડારોને તો લૂંટાવાનો, ચોરાવાનો ભય છે, પણ હું તો આત્મગુણનો એવો ખજાનો મેળવવા નીકળ્યો છું કે જેને ચોર ચોરી ન શકે, લૂંટારા લૂંટી ન શકે, અગ્નિ બાળી ન શકે. વળી તું કહે છે તે પ્રમાણે ભંડાર ભરપૂર ભરી દઉં, પણ જીવની તૃષ્ણા તો શાંત થતી નથી. તેની તૃષ્ણાનો અંત આવતો નથી. હું તમને પૂછું કે તમે દેશમાંથી અમદાવાદ આવ્યા ત્યારે તમારી ઈચ્છા કેટલી હતી? અને આજે કેટલી વધી ગઈ છે? તૃષ્ણાવંત મનુષ્ય માટે ભગવાન બોલ્યા છે કે—

**सुवण्ण रुप्पस्स उ पव्वया भवे, सिया हु केलास समा असंखया ।**
**नरस्स लुद्धस्स न तेहिं किंचि, इच्छा हु आगाससमा अणन्तिया ॥ ४८ ॥**

કૈલાસ–સુમેરૂ પર્વતના સમાન સોના ચાંદીના કદાચિત્ અસંખ્ય પર્વત હોય તો પણ તે લોભી મનુષ્યની આગળ કાંઈ નથી. અર્થાત્ એનાથી પણ લોભી માણસની ઈચ્છા પૂર્ણ થઈ શકતી નથી, કારણ કે તૃષ્ણા આકાશની જેમ અનંત છે, એની પૂર્તિ થઇ શકતી નથી.

ઈન્દ્રે નમિરાજને ખજાના ભરવાની વાત કરી ત્યારે નમિરાજ કહે છે કે સોના–ચાંદીનો સંગ્રહ એ તો નિષ્પ્રયોજન છે, કારણ કે એનાથી આત્મશાંતિ મળતી નથી. ધનનો સંગ્રહ તો કંઈ ને કંઈ વિઘ્નો ઉભા કરે છે. ધનના સંગ્રહથી શાંતિ મળવી મુશ્કેલ છે. લોભી મનુષ્યની આગળ કૈલાસ પર્વત જેવડા એક બે નહિ પણ અસંખ્યાત સોના ચાંદીના ઢગલા કરવામાં આવે તો પણ એને તૃપ્તિ થતી નથી. પણ તેની ઈચ્છા અધિક ને અધિક વધતી જાય છે. તૃષ્ણા આકાશ જેટલી અનંત છે. વિજ્ઞાને દરિયાની લંબાઇ, પહોળાઈ ને ઊંડાઈનું માપ કાઢયું પણ કોઈ આકાશની લંબાઈ, પહોળાઈનું માપ કાઢી શકયા નહિ, તેમ તૃષ્ણાનું માપ નીકળી શકે તેમ નથી. આનંદઘનજી મહારાજ બોલ્યા છે કે ધરતી જેટલી કરું ખાટલી અને આકાશ જેટલી કરું ચાદર, એમાં જે સંપત્તિ સમાય તેટલી લોભી મનુષ્યને આપવામાં આવે તો પણ એની તૃષ્ણા શાંત થતી નથી. જગતના પદાર્થને એક વાર કિંમતી માન્યા, જરૂરી માન્યા અને એના પર રાગ થયો, પછી એની ઇચ્છાની પાતાળ સેરો ફૂટે છે. એ ઇચ્છાના વહેણ સતત ચાલુ ને ચાલુ રહે છે. ઇચ્છાના મૂળમાં જડની આસક્તિ, આકર્ષણ પેદા થયા તે વધુ ને વધુ મેળવવાની ઈચ્છાને પગભર રાખે છે. એ ઈચ્છા તો ત્યારે મટે કે પદાર્થ પ્રત્યેની આસક્તિનો નાશ કરવામાં આવે. આસક્તિ જાય પછી ઈચ્છા રહે કયાંથી? એવા ઇચ્છાના અનંત સાગરમાં તણાઇ ન જવા માટે બાહ્ય તણખલાની પણ કિંમત અને ઈચ્છા નહિ કરવાની.

જ્ઞાની પુરૂષો તો કહે છે કે "સ તુ भवति दरिद्रो यस्य तृष्णा विशाला." દરિદ્ર એ છે કે જેની તૃષ્ણા વિરાટ છે. કોઇ પ્રશ્ન કરે કે આ દુનિયામાં મોટામાં મોટો દરિદ્ર કોણ? તો તમે તરત કહેશો કે જેની પાસે ઓછામાં ઓછું ધન છે એ સૌથી મોટો દરિદ્ર. તમે બધા પણ લગભગ એ જ જવાબ આપશો. આ જવાબ તમારી દૃષ્ટિએ કદાચ સાચો હશે પણ મહાપુરૂષોની દૃષ્ટિએ એ જવાબ તદ્દન વિપરીત છે. તેઓ તો દરિદ્રની ઓળખાણ આપતા કહે છે કે જેની તૃષ્ણા મોટામાં મોટી છે એ મોટામાં મોટો દરિદ્ર. ક્રોડપતિને જો અબજોપતિ થવાની તૃષ્ણા હોય તો એ ક્રોડપતિ મોટામાં મોટો દરિદ્રી ગણાય. કેવું ગહન ગણિત! આ વાત તમને જરા વિચિત્ર લાગશે. તમારી દૃષ્ટિએ દરિદ્રતા ધનના ઓછા વધતા પ્રમાણમાં છે પણ જ્ઞાનીની દૃષ્ટિએ દરિદ્રતાની પારાશીશી તૃષ્ણા છે. જેની તૃષ્ણા રૂપિયાથી સંતોષાઇ જાય એવી હોય એ નાનામાં નાનો દરિદ્રી અને જેની તૃષ્ણાને વિશ્વનો ય વૈભવ સંતોષી ન શકે એ અબજોપતિ હોય તો ય મોટામાં મોટો દરિદ્રી. તૃષ્ણાના સરવાળે વધતી જતી દરિદ્રતાનું આ ગણિત ગહન હોવા છતાં સમજવા જેવું છે.

દરિદ્ર ી એ છે કે જે તૃષ્ણાથી ઘેરાયેલો છે અને એથી જેને કંઈ ને કંઈ મેળવવાની ઝંખના છે. તૃષ્ણાથી પ્રેરાઈને જે કંઈ પણ મેળવવા મથે છે એ દરિદ્રી છે. જેનામાં વધુ ને વધુ મેળવવાની તૃષ્ણા હોય એ મોટો દરિદ્રી ગણાય.

એક ગરીબ દુઃખી માણસ ચાલ્યો જતો હતો, ત્યાં દેવનું વિમાન નીકળ્યું. આ ગરીબ માણસને જોઈ ને દેવીને દયા આવી. દયાળુ દેવી દેવને કહે છે, આ માણસ બિચારો બહુ દુઃખી છે. તમે એના પર કૃપા કરો ને એને સુખી કરો. તમારી દૃષ્ટિ એના પર પડે તો ય કામ થઈ જાય. દેવ કહે હું એને ગમે તેટલું આપીશ તો પણ એની તૃષ્ણા પૂરી થવાની નથી. દેવી કહે તમે આપો તો ખરા! દેવ કહે ભલે. દેવ માણસના રૂપમાં તેની પાસે આવ્યો ને કહ્યું, તું દુઃખી છે, હું તને સુખી કરવા આવ્યો છું. તું તારી ઝોળી ધર. તેમાં હું સોનામહોરો નાંખું છું. તારી ઝોળી તેનાથી ભરી આપીશ પણ જો તેમાંથી ભોંય પર પડશે તો તે બધી ધૂળ થઈ જશે.

દેવે તો ગરીબ માણસની ઝોળીમાં સોનામહોરો નાંખવા માંડી. તેની ઝોળી તો સાવ જીર્ણ કપડાની છે. દેવ તેમાં નાંખે જાય છે. ઝોળી ભરાવા આવી તો પણ બસ કહેતો નથી. તેના મનમાં થાય છે કે હજુ થોડી વધુ મળે તો સારું, તેથી દેવને નાંખવા દે છે, તેની ઝોળી જુની હતી, સોનામહોરોનું વજન પડતાં ઝોળી ફાટી ગઈ. ને સોનામહોરો નીચે પડતાં તે બધી ધૂળ થઈ ગઈ, પછી તેના મનમાં પસ્તાવો થવા લાગ્યો કે મેં બસ કહ્યું હોત તો સારું હતું. મારા લોભનું પરિણામ છે. પછી તો ખૂબ પસ્તાવો થયો, પણ પાછળનો પસ્તાવો શા કામનો? માનવીને જેમ જેમ લાભ મળતો જાય તેમ તેમ લોભ વધતો જાય છે. "जहा लाहो तहा लोहो लाहो लोहो पवड्ढइ।" જેમ મળતું જાય તેમ તેની તૃષ્ણા વધતી જાય છે, માટે જ્ઞાની કહે છે કે જેની તૃષ્ણા નાની હોય એ નાનો દરિદ્રી અને મોટી તૃષ્ણા હોય એ મોટો દરિદ્રી.

જેની પાસે પૈસા ઓછા હોય એને દરિદ્રીમાં ન ગણી શકાય, અને જે સંપત્તિના સાગર પર તરતો હોય એને ધનવાન ન માની શકાય. જેને તૃષ્ણાનો છેડો ફાડી નાંખ્યો છે તે ધનવાનનું બિરૂદ પામવાને યોગ્ય ગણાય. અને જેનામાં તૃષ્ણાની માત્રા વધુ ને વધુ હોય એને મોટામાં મોટા દરિદ્રી તરીકે કલ્પી શકાય. તૃષ્ણાની વિરાટતા દરિદ્રતાને ય વિરાટ બનાવી જાય છે. દરિદ્રતાની માપક લક્ષ્મી નહિ પણ લાલસા છે. માનવ જીવન અનેકવિધ દરિદ્રતાઓના દરિયાઈ વમળો વચ્ચે ઘેરાયેલું છે. તૃષ્ણાને સંતોષી સંતોષીને તે એવો સંતોષ લઈ રહ્યો છે કે મારી દરિદ્રતા ઓછી થઈ રહી છે પણ સંતોષાતી તૃષ્ણા વધુ ને વધુ વિરાટ બનીને માનવને વધુ ને વધુ દરિદ્ર બનાવી રહી છે. આ દરિદ્રતાને દૂર કરવાનો એક ઉપાય છે તે તૃપ્તિ, સંતોષ!

જાતજાતની ને તરહ તરહની દરિદ્રતાના દરિયાની અધવચ્ચે અટવાયેલા આપણા જીવન રૂપી જહાજને ઉગારવું હોય તો એનું સુકાન સંતોષના હાથમાં સોંપી દઈને જહાજને તૃપ્તિના કિનારા તરફ વાળવું જોઈએ. જેની પાસે એકાદ ફૂટી કોડી પણ ન હોય પણ જો એ સંતોષી છે તો એ ધનવાન હોઈ શકે છે, અને જેની પાસે દુનિયાની બધી દોલત આવીને ઠલવાઈ ગઈ હોય પણ જો એની તૃષ્ણાના તરવરાટ શમ્યા ન હોય તો એ દરિદ્રમાં દરિદ્ર હોઈ શકે છે. તૃષ્ણાની એક અવળચંડાઈ એવી છે કે એને સંતોષવા

મળીએ એમ એનું સ્વરૂપ પ્રચંડ બનતું જાય છે અને પ્રચંડ બનતી તૃષ્ણાનો સરવાળો એ મોટી દરિદ્રતા છે. સંસાર સુખના અર્થી જીવોને ધનની ઓછાશમાં દરિદ્રતા અને વૃદ્ધિમાં શ્રીમંતાઈ દેખાય છે. આ ભૂલને સુધારવા માટે જ્ઞાનીનો સંદેશો છે કે જેની તૃષ્ણા વિશાળ અને વિરાટ છે એ જ મોટો દરિદ્ર છે. નીતિકારોએ કહ્યું છે કે—

न सहस्राद् भवे तुष्टि न लक्षान्न च कोटिभिः।
न राज्यान्ने च देवत्वान्नेन्द्र त्वादपि देहिनाम्॥

આ તૃષ્ણા હજારો, લાખો, કરોડો અને અબજોની સંપત્તિથી તો શું! પણ તેને સારીયે પૃથ્વીનું રાજ્ય મળી જાય, અરે દેવલોકના દિવ્ય અપાર વૈભવો મળી જાય અને ઈન્દ્રનું પદ મળી જાય તો પણ સંતુષ્ટ નથી થતા. તૃષ્ણાની પૂર્તિ થવી અત્યંત કઠીન છે. નમિરાજ ઈન્દ્રને કહે છે, તમે કહો છો કે સોના, ચાંદી, હીરા, માણેક, મોતી, વસ્ત્રો આદિથી ભંડાર ભરપૂર કરતા જાવ, પણ તૃષ્ણા આકાશ જેટલી અનંત છે. જેમ મેળવતા જઈએ તેમ વધુ ને વધુ ઈચ્છા થતી જાય છે. આવા ભંડાર ભરવાનો શો અર્થ ? હજુ આ બાબતમાં નમિરાજ ઈન્દ્રને શું કહેશે ને શું બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર** :—શુભમતિને સમજાવવા રમા દાસી અવારનવાર આવે છે ને બધી વાતો કરે છે. વાતો કરતાં તેણે કહ્યું, તમે આ બધી ચિંતા છોડીને જ્યાં સુધી તમારા પતિના દેહની સુંદરતા ન લાવી શકો ત્યાં સુધી તમારું જીવન દુઃખના અંધકારમાં ઘેરાયેલું રહેશે. આ શબ્દો સાંભળતા શુભા ચમકી ગઈ. તે એકદમ ગંભીર બની ગઈ, તેના મનમાં વિચારોના તરંગો ઉઠવા લાગ્યા. બિચારી રમા મારી વાત શું જાણે ? ખરેખર મારી દર્દભરી વાત હું કોની પાસે જઈને કરું ? બિચારા ગુણચંદ્ર પણ કેવી રીતે દિવસો પસાર કરતા હશે ! માયા કપટથી સર્જાયેલા આ કિમિયાનો ઉપાય જલ્દીથી થાય તો પતિ બંધનમાંથી છૂટે. રમા તો શુભમતિને આશ્વાસન આપીને વિદાય થઈ ગઈ પણ શુભમતિના મનમાં તો અનેક વિચારો આવવા લાગ્યા.

**શુભમતિ અનેક વિચારના મંથનમાં** :—લક્ષ્મીદત્ત શેઠનું મન જુદા વિચારોમાં રમતું હતું. તેમને કોઢી છોકરાને પરણાવવાના કોડ પૂરા થયા. શીલ અને સૌંદર્યની પ્રતિમા સમી પુત્રવધૂ ઘર આંગણે આવી ગઈ. છતાં અંતરમાં શાંતિ થઈ નહિ. શેઠની દશા તો સહેવાય નહિ ને કહેવાય નહિ એવી બની ગઈ છે, તેથી રમા દાસીને બોલાવીને કહ્યું, રમા ! હજુ સુધી તેં મારું કાર્ય સફળ કર્યું નથી. બબ્બે મહિના થયા છતાં તારા જેવી ચતુર કાંઈ ન કરી શકે ? તારી બુદ્ધિ અને મધુર ભાષા શું તેને ન સમજાવી શકી ! તે ઘરનું બધું કામકાજ કરે છે, બધાની સાથે હળીમળીને રહે છે; તે માત્ર કિશોર સામું જોતી નથી. રમા કહે શેઠજી ! મેં તેને ઘણી સમજાવી પણ તેણે આ વાતની મચક આપી નથી. ફેંકેલા પાસા બધા અવળા પડ્યા છે ! તો શું તું કામ નહિ કરી શકે !

**જિસકા મૈં નિમક ખાતી હું, નિમકહલાલ બનકર કાર્ય કરૂંગી,**
**જલ્દીસે કાર્ય સિધ્ધ ન હોગા, અબ હૃદય મેં ધૈર્ય ધરના.**

**શેઠજી! જે કામ માટે મેં બાંહેધરી લીધી છે તે હું પૂર્ણ કરીશ એવી મને દૃઢ શ્રદ્ધા છે.** જેનું લુણ હું ખાઉં છું તેને હું ક્યારે પણ બેવફા નહિ બનું. આપ ગભરાશો નહિ. ભલે આજે શુભમતિ કિશોરભાઈને ન સ્વીકારે પણ સમય જતાં જરૂર સ્વીકારશે. માતાપિતાની મમતાને છોડી સાસરે આવનારી સ્ત્રી પતિ વિના કેટલા દિવસ સુધી રહી શકશે? શેઠ કહે–રમા! એના દિલમાં નથી દેખાતી પતિભક્તિ કે નથી દેખાતી વ્યવહારુ બુદ્ધિ. આટલી ચતુર, ગુણજ્ઞ અને સંસ્કારી હોવા છતાં એ આર્યનારી આવું વર્તન કેમ કરતી હશે? દર્દથી પીડાતા પોતાના પતિની સેવા કરવી કે આશ્વાસનના બે શબ્દો તો કહેવાના દૂર રહ્યા, પણ તેને જોતાં તે દૂર ભાગે છે. ઘરડે ઘડપણમાં દીકરાનું આ દુઃખ મારાથી જોયું જતું નથી. અરેરે....પ્રભુ! આ દુઃખ ક્યાં સુધી સહન કરવાનું છે. એના કરતાં મૃત્યુ જલ્દી આવે તો સારું. શેઠજી! આપ આવું ન બોલો. જીવનમાં સુખ–દુઃખ મળવા એ તો શુભાશુભ કર્મોને આધીન છે.

રમા! તું કહેશે તો તને એક બે સોનામહોરો કરતાં હું તને વધારે આપીશ, પણ શુભમતિ કોઈ પણ ઉપાયે કિશોરને પ્રેમ આપે એમ કર. લે હમણા બે સોનામહોર આપું છું. જો કાર્ય સફળ થશે તો તને વધુ ઇનામ આપીશ. "દેખે પીળું ને મન થાય શીળું" દાસી તો ધનના લોભમાં લલચાઈ ગઈ. તે કહે ભલે શેઠ! આપ ચિંતા ન કરો. જુઓ હમણાં શુભમતિનું વર્તન બધાની સાથે કેવું સુંદર છે! મહેલના બધા માણસો એનું વચન પાળવા તૈયાર છે. એણે પ્રેમથી બધાના મન જીતી લીધા છે. આખા ઘરનો ભાર તેણે ઉપાડી લીધો છે, તેથી આપના ઘરની રોનક કેટલી વધી ગઈ છે! અરે! રસોઈનું કામ પણ તે કરે છે. ધીમે ધીમે એ કિશોર સાથે હળીમળી જશે. શેઠ કહે–શુભમતિમાં ચતુરાઈ, બુદ્ધિ, કાર્યદક્ષતા, મિલનસાર સ્વભાવ બધું છે, પણ તેથી કિશોરને શું લાભ? લાભ જરૂર છે. થોડો સમય ધૈર્ય રાખવાની જરૂર છે. રમા! ધીરજની પણ હદ હોય છે. શુભમતિ કિશોરને સ્વીકારતી નથી એ વાત જો બહાર પડી જશે તો મારી આબરૂના કાંકરા થઈ જશે. શેઠજી! મેં એટલે તો તેને ઘરનો બધો ભાર સોંપ્યો, છતાં તેણી એક શબ્દ પણ બોલતી નથી. તેના મનના ભાવ જાણવા ખૂબ મુશ્કેલ છે. ઘણીવાર સ્ત્રીઓને સત્તા, સંપત્તિ, સારા વસ્ત્રાભૂષણો મળતાં તેનું મન પીગળી જાય છે, પણ આનું મન તો કોઈ રીતે પલળ્યું નથી. કિશોર પ્રત્યેનું વર્તન જરા પણ સુધર્યું નથી. આ એક મોટું આશ્ચર્ય છે.

શેઠ કહે રમા! અત્યારસુધી મેં તેને દુઃખ લાગે એવા ભયથી કંઈ કહ્યું નથી પણ હવે તેને એકવાર સ્પષ્ટ વાત કરી દઉં શુભમતિ! તું અમારા ઘરની કુળ દેવી છે. મેં તને પુત્રી સમાન ગણી ઘરનો બધો કારભાર સોંપ્યો છે. તું અમને પણ માતા–પિતા જેવા ગણે છે, તેથી અમને સંતોષ છે, તું તો અમારા ઘરની સાક્ષાત્ લક્ષ્મી છે, ઘરની સૌરભ છે. જ્યાં સૌરભ હોય છે ત્યાં દુર્ગંધ હોતી નથી. બસ હવે તું કિશોરના જીવનની છાયા બની તેનું દુઃખ દૂર કર ને એના જીવનને રમણીય બનાવ. પત્ની જ્યારે

પોતાના પતિના દુઃખને પોતાનું દુઃખ ગણી તેને અર્પણ થઈ જાય છે ત્યારે નારી નારાયણી બની જાય છે. શેઠજી! આપનો આ પ્રયાસ જરૂર કારગત નીવડશે. રમા! તું એમ કહીને છૂટી જવા માંગે છે પણ છૂટી શકીશ નહિ ના....એમ નહિ. હું મારાથી બનતા પ્રયત્નો જરૂર કરીશ.

**શુભમતિ મનમેં ઐસા સોચે, મેરે સ્વામી બંદીવાન;**
**લક્ષ્મીદત્ત દુષ્ટ લોભી હૈ, ઉસ પર કૈસા જુલ્મ ગુજારે.**

શુભમતિનો દિવસ તો કામમાં પસાર થઈ જાય છે પણ રાત્રી ખૂબ વિકરાળ લાગે છે. તેના મનમાં થાય કે મારા પતિને તો આ દુષ્ટ શેઠે ભોંયરામાં પૂરી દીધો હશે. તે મને કહેતા હતા કે એ શેઠ મોતીની લાલચે મને એટલો જુલ્મ માર મારે છે કે લોહી નીતરે છે. તો આ શેઠ શું તેમને હેન્ડલના માર તો નહિ મારતા હોય ને! હવે એમનો સ્વાર્થ સધાઈ ગયો તેથી શું તેમને મારી તો નહિ નાંખે ને! મારું હૃદય બળ્યા કરે છે. શુભમતિ તો આ વિચારમાં હતી ત્યાં રમા આવી પહોંચી. શુભમતિને ચિંતામાં ડૂબેલી જોઈને કહે છે. ભાભી! હમણાં તો તમે ખૂબ ચિંતાતુર દેખાવ છો. હાસ્યનું નૂર તો જાણે મુખ ઉપરથી ઉડી ગયું લાગે છે. મુખ કેવું કરમાઈ ગયું છે! બેન રમા! જીવનમાં વિષાદ અને હાસ્ય રહેલાં છે. રમા કહે છે. કિશોરભાઈને દુઃખી જોઈ તમારા દિલમાં કરૂણા નથી આવતી? શું તમારું હૃદય દયાહીન છે! લગ્ન કર્યા બાદ પછી તે પુરૂષ રોગી હોય કે નિરોગી હોય, નિર્ધન હોય કે ધનવાન હોય, ગમે તે સ્થિતિમાં હોય પણ તેની જીવનભર સેવા કરવી એ પતિવ્રતા સતી સ્ત્રીની ફરજ છે.

**રમાની વાક્ ચાતુરીની જાળઃ**–શુભમતિ! હું સમજું છું કે તમે દુઃખના સાગરમાં ડૂબી રહ્યા છો પણ ભાગ્યમાં જે લેખ લખાયા હોય તે મિથ્યા થતા નથી, પણ આપ યાદ રાખો કે સ્ત્રીનું સુખ, સ્ત્રીનું સૌંદર્ય અને ગૌરવ તેના પતિની હાજરીમાં છે. પણ તમે કિશોરભાઈ સામે દૃષ્ટિ કરતા નથી કે તેમની સેવા કરતા નથી, તેમાં કોઈ રહસ્ય જરૂર લાગે છે. આપ આપના મનમાં જે વાત હોય તે સ્પષ્ટ કહો. આપને કહેતાં મારું જીગર હામ ધરતું નથી. મને ભય છે કે હું આપને કહીશ તો દુઃખ નહિ લાગે ને! રમા! દુઃખ શા માટે? ગઈકાલે તેં મને જે શબ્દો કહ્યા હતા તે મને સો સો વીંછી ડંખ મારે એવા દિલમાં લાગ્યા હતા, છતાં હું ખોટું લગાડતી નથી. બરાબર તે સમયે કિશોર સતીના રૂમ પાસેથી નીકળ્યો. એ તો શુભમતિને જોવા તાકી રહ્યો હતો, પણ શુભમતિએ તો નજર પડતા તરત દૃષ્ટિ ત્યાંથી ઉઠાવી લીધી. આ દૃશ્ય રમાએ જોયું.

રમાએ કહ્યું દેવી! તમારા પતિની આ સ્થિતિ તમે સહન કરી શકો છો? આ જવાબદારી તમારી છે. તમારા પતિ પ્રત્યે આટલી ઉપેક્ષા કરવામાં તમારી શોભા નથી. ઉત્તમ નારી તો પોતાના પરિણિત પતિને છાયાની જેમ વળગી રહે. તમે કિશોરભાઈને સ્વીકારતા નથી એ વાત જો બહાર પડી જશે તો શું તમને કલંક નહીં લાગે? તમને કલંકનો ભય પણ નથી લાગતો? શુભમતિની સહનશક્તિની હદ આવી ગઈ. તેની ધૈર્યતા

ખૂટવા લાગી. તેના મનમાં થયું કે હવે સત્ય વાત કહી દઉં. ઘણું સહન કર્યું. તે એકદમ આવેશમાં આવી ગઈ ને બોલી–રમા! તું મને શું કહેવા માંગે છે? તારા શેઠ દંભી છે. માયાવી છે, લુચ્ચા છે, અરે મહાકપટી છે. રમા! મારા નામને કલંક લાગે તો ભલે લાગે પણ મારા ચારિત્રને તો હું કલંક નહિ લાગવા દઉં. મારા જીવન કરતા મને શીલની કિંમત વધુ છે. હું પરણીને આવી તે દિવસથી મારા માથે કલંક લાગ્યું છે. સમાજ મને કલંકિની સમજે છે પણ આજ સુધી મારો શીલધર્મ અખંડિત સાચવ્યો છે. રમાએ કહ્યું–તો શું એ કલંકમાં તમે નિમિત્ત કારણ નથી? મને તો એ દિવસ બરાબર યાદ છે. તમારા એકવારના સ્પર્શથી અમારા દેવરૂપ જેવા કિશોરકુમારની સોનલવર્ણી કાયા રોગીષ્ટ બની ગઈ. લગ્નના આનંદ સાથે એમનું જીવન ઝેર બની ગયું. કેટલી મોટી આશાઓથી લગ્ન કર્યા પણ હવે એ આશાઓ ભાંગીને ભૂક્કો બની ગઈ, છતાં તમને એમ નથી થતું કે મારા કારણે મારા પતિ ભયંકર રોગમાં ઝડપાઈ ગયા, તો હવે તેમને સુખી કરવા મારું સર્વસ્વ અર્પણ કરી તેમને સુખી બનાવું. જો તમે કિશોરભાઈને બોલાવશો તો ઘરમાં બધાને આનંદ થશે. કિશોરભાઈને કેટલી શાંતિ થશે? તમે ભૂતકાળની વાતોને ભૂલી જાઓ, ને કિશોરભાઈને શુદ્ધભાવે અપનાવો. આ બધી વાતો સાંભળીને શુભમતિના મનમાં વધારે ગુસ્સો આવ્યો. હવે તે રમાને શું જવાબ આપશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં–૯૮

**કારતક સુદ ૮ બુધવાર** **તા. ૪–૧૧–૮૧**

આગમના આખ્યાતા, વિશ્વમાં વિખ્યાતા, મોક્ષમાર્ગના પ્રણેતા ભગવાન ફરમાવે છે કે હે જીવો! જો તમને પાપનો ખટકારો થયો હોય ને એમાંથી છૂટકારો મેળવવો હોય તો વિરતિના ઘરમાં આવો. અવિરતિ એ કર્મબંધનનું કારણ છે, વિરતિ એ કર્મબંધનને તોડનાર છે. વિજ્ઞાનની રાઉન્ડ–ટેબલ કોન્ફરન્સ કહે છે કે અણુમાં ખૂબ શક્તિ છે ત્યારે જૈનદર્શન કહે છે કે વિરતિમાં અજબ–ગજબની તાકાત છે. જ્યાં સુધી એક વિરતિ ધર આત્મા પૃથ્વી પર વિદ્યમાન રહેશે ત્યાં સુધી પાંચમા આરામાં અગ્નિનો વરસાદ નહિ થાય. આ તાકાત વિરતિની છે. હજારો રોગોની દવા જેમ પેટશુદ્ધિ છે તેમ હજારો અશાંતિ સામે એક દવા વિરતિની છે. વિરતિ એટલે પાપોથી વિરામ પામવું. જ્યાં પાપ છે ત્યાં ભય છે, કલુષિતતા છે ને ઉકળાટ છે.

સમુદ્રમાં એક નાનો કાંકરો નાખશું તો તેની અસર સમુદ્રમાં થાય છે, તેવી રીતે નાનામાં નાની વિરતિ, એક નવકારશી જેટલું પચ્ચખાણ નરકના સો વર્ષોના દુઃખોને કાપી શકે છે. અરે, અસંખ્યાતા, ક્રોડાક્રોડ જોજન દૂર રહેલા ઈન્દ્ર મહારાજા પણ વિરતિધરને વંદન કરે છે. ત્રણે જગતની સમસ્ત સમૃદ્ધિ વિરતિના વૈભવની તોલે આવતી નથી. ત્રણે જગતના ધૂળ અને ઢેફાં ભેગા કરો તો એકાદ રત્નની તુલનામાં આવી શકે

ખરા ? ના...ના...અરે, એનાથી શેર અનાજ પણ નહિ મળે, પાશેર શાક કે પાશેર દૂધ પણ નહિ મળે તેમ વિરતિ ધર્મવાળો કહે છે કે, એક સમયની વિરતિ પણ વેચાતી ન અપાય, કારણ કે એકેક સમયની વિરતિની કિંમત અમૂલ્ય છે. એક સમય પણ અવિરતિમાં ન ગુમાવાય, માટે ભગવાને કહ્યું છે કે સમય માત્રનો પ્રમાદ કરશો નહિ. અમૂલ્ય વસ્તુ મૂલ્યમાં વેચવી એ નાદાની છે. મહારાજા શ્રેણિકે સમસ્ત સંપત્તિ પુણિયા શ્રાવકના ચરણમાં મૂકી આખું રાજ્ય આપવાનું કહ્યું છતાં પુણિયાએ સામાયિક વેચાતી ન આપી, કારણ કે સામાયિકના મૂલ્ય અમૂલ્ય છે. ઓરડામાં ખોવાયેલો હીરો બહાર દીવો લઈને શોધવા જાય તો મળે નહિ, તેમ સમતા આત્મામાં છે, સમતા એ સામાયિકનો ગુણ છે. એ બહાર વેચાતો મળતો નથી. જેમ સમસ્ત સંપત્તિ આપો તો પણ મા-બાપ વેચાતા મળતા નથી તેમ સમસ્ત સંપત્તિ આપો તો પણ સામાયિક વેચાતી મળતી નથી. સામાયિક વેચવી એ આત્માનું ઘોર અપમાન છે. સામાયિક ભગવાનની આજ્ઞા સ્વરૂપ હોવાથી એ વેચવામાં પ્રભુનું પણ અપમાન છે.

જેમ દેશનો રાષ્ટ્રધ્વજ કોઈ ફાડી નાખે તો સમસ્ત જગતમાં હાહાકાર મચી જાય છે, ત્યાં રાષ્ટ્રધ્વજની કિંમત બજારના રૂપિયા આના પાઈમાં મપાતી નથી. રાષ્ટ્રધ્વજનું અપમાન થયું તો બે રૂપિયાનો રાષ્ટ્ર ધ્વજ નવો લઈ આવજો તેમ કહેવાતું નથી, એવી રીતે સામાયિક વેચી વેચાતી નથી. વિરતિધર મનુષ્યને પાપ પ્રત્યે તિરસ્કાર હોય છે. એના હાથમાં આવેલી પુણ્યની સામગ્રી અહિતકર નથી બનતી. અણુવિસ્ફોટ કરતાં જૈનશાસને બતાવેલી વિરતિની તાકાત પ્રચંડ છે. વિજ્ઞાનના અણુસ્ફોટમાં અનેક જીવોનો કચ્ચરઘાણ છે. જ્યારે જૈનશાસનના વિસ્ફોટમાં અનેક જીવોને શાંતિ મળે છે. અવિરતિની આંધી અને અંધાધૂંધીથી અટવાયેલા આ વિશ્વમાં વિરતિધર જીવો ધન્યતાને પાત્ર છે.

સર્વવિરતિપણાને અંગીકાર કરેલા નમિરાજર્ષિ ઈન્દ્રની સામે વૈરાગ્યભર્યા કેવા સચોટ જવાબ આપે છે! તેમણે કહ્યું કે હે રાજર્ષિ ! તમે મને ભંડાર ભરપૂર ભરવાના કહો છો પણ માનવીની ઈચ્છા અનંતી છે. માનવી ગમે તેટલું ભેગું કરે તો પણ તેની તૃષ્ણા તો વધતી રહે છે. ઈતિહાસકારો લખે છે કે શાહજહાંની પાસે ૭૦૦ મણ સોનું, ૧૪૦૦ મણ ચાંદી, ૮૦ રતલ હીરા, ૧૦૦ રતલ માણેક અને ૬૦૦ રતલ મોતી હતા. એક ક્રોડ રૂપિયાના કપડા અને ૨૫ લાખથી વધારે માટીના વાસણ હતા. તેની પાસે ૭ ફૂટ લાંબું અને ૫ ફૂટ પહોળું તેને સ્નાન કરવા માટે રત્નજડિત ટબ હતું. જેની કિંમત આજે ૧૦ અબજ રૂપિયા થાય. હૈદ્રાબાદના રાજાની સંપત્તિ એક અબજ ડોલર હતી. આગાખાં એક અબજ ૧૭ ક્રોડના સ્વામી હતા. હેનરી ફોર્ડ ૪૮ ક્રોડ પૌંડના માલિક છે. આ બધાએ આટલી આટલી સંપત્તિ મેળવી છતાં શું તેમની તૃષ્ણાનો અંત આવ્યો ? અરે...તૃષ્ણાનો અંત તો ન આવ્યો પણ જીવનનો અંત આવી ગયો ને એક દિવસ બધું છોડીને જવું પડયું. નમિરાજ તૃષ્ણાની બાબતમાં સમજાવતા કહે છે કે–

पुढवी साली जवा चेव, हिरण्णं पसुभिस्सह ।
पडिपुण्णं नालमेगस्स, इइ विज्जा तवं चरे ॥४९॥

ભૂમિ, શાલી, યવ, હિરણ્ય અને પશુ આદિ પદાર્થોથી પરિપૂર્ણ આ સારી પૃથ્વી પણ એક જીવની ઈચ્છા પૂર્ણ કરવામાં સમર્થ થઇ શકતી નથી. એમ જાણીને વિદ્વાન પુરૂષ તપનું આચરણ કરે.

નમિરાજ કહે છે હે વિપ્ર ! આ સંસારના પદાર્થોમાં તૃષ્ણાની પૂર્તિ કરવાનું સામર્થ્ય નથી. જેવી રીતે અગ્નિની જ્વાળામાં ઘી નાંખવાથી અગ્નિ શાંત થવાને બદલે વધતી જાય છે, તે રીતે સંસારના પદાર્થોથી પણ તૃષ્ણા ઘટવાને બદલે વધતી રહે છે, તેથી કોઈ લોભી માણસને ધન–ધાન્ય, સોના, ચાંદી, હાથી, ઘોડા, આદિથી પરિપૂર્ણ ભરેલ આ પૃથ્વી કોઈ તૃષ્ણાવંત મનુષ્યને આપવામાં આવે તો પણ એની તૃષ્ણા શાંત થતી નથી, કારણ કે લોભ બહુ બૂરી ચીજ છે. " પાપનો બાપ લોભ " લોભી મનુષ્ય જેટલા પાપ ન કરે એટલા ઓછા. લોભી મનુષ્ય ધન મેળવવા કેટલું કષ્ટ વેઠે છે. તે કાળ અકાળનો વિચાર નથી કરતો.

મમ્મણ શેઠની પાસે કરોડોનું ધન હતું. સમુદ્રથી બહારના દેશોમાં તેનો વહેપાર ચાલતો હતો. તેની યુવાની પણ પસાર થઈ ગઈ હતી, પણ લોભની માત્રા ખૂબ હતી, તેથી ઘનઘોર રાત્રીમાં મૂશળધાર વરસાદમાં પણ એકવાર દરિયામાં ચંદનના લાકડા તણાઈને આવતા હતા તે લેવા ગયો. ચેલણારાણીનો મહેલ દરિયા કિનારે હતો. તેણે રાત્રે આ માણસને આવી રીતે કામ કરતો જોયો. તેના મનમાં થયું કે કોણ એટલો બધો દુઃખી હશે કે આવા મૂશળધાર વરસાદમાં પણ આવી મજુરી કરે છે ! શું રાજાએ તેના પર દયા નહીં કરી હોય ! બીજે દિવસે ચેલણાએ શ્રેણિક રાજાને ફરિયાદ કરી. મહારાજા ! હું દુઃખી છું. કેમ દુઃખી છો ? મારી પ્રજા દુઃખી તો હું દુઃખી અને પ્રજા સુખી તો હું સુખી. પણ છે શું ! આપ ગરીબ માણસ પર દયા નહિ કરતા હો તેથી આવા તોફાનમાં વરસાદમાં બિચારો લાકડા લેવા આવે છે ! તેને ઠંડી નહિ લાગતી હોય ! આપ તેના પર દયા કરો. રાજા કહે મને ખબર નથી. હું તપાસ કરાવીશ.

બીજે દિવસે શ્રેણિકરાજાએ નોકરોને તે માણસને બોલાવવા મોકલ્યો. માણસો તેને રાજા પાસે લઈ આવ્યા. શ્રેણિક રાજા કહે–શું તું બહુ દુઃખી છે ? ભીષણ ઠંડીમાં, વરસાદમાં મરી જવાય એવા સમયે તું લાકડા ખેંચે છે ? તારે શું જોઈએ છે ? માંગ... માંગ તે આપું. મહારાજા ! મારા બળદને એક શીંગડું છે. બીજું શીંગડું જોઇએ છે. મમ્મણની વાત સાંભળીને રાજા હસી પડયા. શું તારે એક શીંગડું જોઈએ છે ? તું કહે એટલા તને બળદ આપું. ચાલ મારી બળદશાળામાં. ખેતી કરવામાં હોંશિયાર ને અલમસ્ત બળદો છે. તારે જે જોઈએ તે લઇ જા. મહારાજા ! મારે આવા બળદ નથી જોઈતા. તો કેવા જોઇએ છે ? આપ મારા બળદ જુઓ. તે તો રાજાને પોતાને ઘેર લઇ ગયાં. મમ્મણના બળદ બળદશાળામાં રહે તેવા ન હતા. એ તો શ્રેણિક રાજાને પોતાના મકાનમાં લઈ ગયા. જે રૂમમાં બળદ રાખ્યા હતા ત્યાં ગયા. તે રૂમને ચાંદીનું તાળું વાસેલું હતું. રાજાના મનમાં થયું કે જેને ત્યાં ચાંદીના તાળા હોય એ શું ગરીબ

હોય! ચાંદીનું તાળું ખોલીને રૂમમાં બળદ બતાવ્યા. રાજા તો એના બળદ જોઈને આશ્ચર્ય પામી ગયા. અહો! મારું સમસ્ત રાજપાટ દઈ દઉં તો પણ હું આ બળદ ખરીદી શકું તેમ નથી. રાજા કહે છે તારી પાસે આટલી બધી લક્ષ્મી છે છતાં આટલી મહેનત શા માટે કરે છે ને આવા દુઃખો શા માટે વેઠે છે? તું ખાય છે શું? તેલ ને ચોળા. શ્રેણિક રાજા સમજી ગયા કે મમ્મણ શેઠમાં લોભરૂપી પિશાચે અડ્ડો જમાવ્યો છે, તેથી વધુ મેળવવાની તૃષ્ણામાં આવી મહેનત કરે છે; પણ લોભી માણસની તૃષ્ણા ક્યારે પણ પૂરી થતી નથી. ભગવાન બોલ્યા છે કે

कसिणं पि जो इमं लोयं, पडिपुण्णं दलेज्ज इक्कस्स ।
तेणावि से न संतुस्से, इइ दुप्पूरए इमे आया ॥ ઉત્ત. અ. ૮ ગા. ૧૬

ધન ધાન્યથી ભરેલો સંપૂર્ણ લોક પણ જો કોઇ, કોઈને આપી દે તો એનાથી પણ લોભી જીવને સંતોષ પ્રાપ્ત થતો નથી. એટલા માટે આ આત્મા દુષ્પુર છે અર્થાત એની તૃપ્તિ થવી અત્યંત કઠિન છે.

આ ગાથામાં પણ ભગવાને એ બતાવ્યું છે કે જો કોઈ મહાસમૃદ્ધશાળી દેવ કોઇ પુરૂષને પ્રસન્ન કરવા માટે સારા વિશ્વની વિભૂતી આપી દે તો પણ લોભી આત્માને સંતોષ થતો નથી. આત્માને લાગેલો આ તૃષ્ણાનો રોગ આ પદાર્થો રૂપ ઔષધો દ્વારા ક્યારે પણ શાંત થતો નથી. એનું ઔષધ તો એક માત્ર સંતોષ છે. સાચું સુખ સંતોષમાં છે. "संतोष तो हि प्रबलं च सौख्यं" સંતોષ એ જ પરમ સુખ છે. જો હૃદયમાં સંતોષ ન હોય તો આખો દિવસ હાયવોય ને અસંતોષ હોય. એક મહાત્માએ ત્રણ વાર પ્રશ્ન કર્યો કે कः सुखी? कः सुखी? कः सुखी? આ જગતમાં કોણ સુખી છે? કોણ સુખી છે? કોણ સુખી છે? ત્યારે તેના જવાબમાં કહ્યું કે "संतोषवान सुखी" જેના હૃદયમાં સંતોષ છે, કોઈ જાતની હાયવોય કે સ્પૃહા નથી તે સાચો સુખી છે. સંસારના સુખોમાં જીવને સંતોષ નથી. એ જેમ મળતાં જાય તેમ તૃષ્ણા વધતી જાય પણ મોક્ષનું સુખ એવું છે કે જે મળ્યા પછી જતું રહેતું નથી અને મળ્યા પછી કોઈ જાતની આશા, તૃષ્ણા કે સ્પૃહા થતી નથી. અભિલાષા ક્યારે થાય? અસંતોષ હોય તો, અને અસંતોષથી જીવને દુઃખ પ્રાપ્ત થાય છે. ગીતામાં પણ કહ્યું છે કે જીવને શું કરવાથી શાંતિ મળે?

विहाय कामान् यः सर्वान् पुमाँश्चरति निःस्पृहः ।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥

રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ આ બધાને જ્યારે જીવ તિલાંજલી આપી દેશે. મારે કોઈની આશા નથી, મારે કોઇ સ્વાર્થ નથી, કોઈની સ્પૃહા નથી, આ બધું મારે કોને માટે જોઈએ? ધન, દોલત, કુટુંબ એ કોઈ મારા માટે નથી ને મારી સાથે આવવાના નથી. જીવને જ્યારે નિસ્પૃહ ભાવ, નિર્મમત્વભાવ અને નિરહંકાર આવી જાય ત્યારે એ શાંતિ મેળવી શકે છે. તૃષ્ણા છે ત્યાં દુઃખ છે ને તૃપ્તિ છે ત્યાં સુખ અને શાંતિ છે.

નમિરાજે ઈન્દ્રને કહ્યું કે હું ગમે તેવા ભંડારો ભરીને જઈશ પણ માણસની તૃષ્ણાનો કોઈ છેડો નથી. નંદ રાજાને ત્યાં સોનાની નવ ટેકરીઓ હતી. અત્યારે એકે દેખાય છે? ના. જીવ કૈલાસ પર્વત જેટલા ધનના મોટા ટેકરા કરે, પણ જેના હૃદયમાં તૃષ્ણા આકાશ જેવી વિશાળ છે તેને સુખ હોય નહિ.

નમિરાજર્ષિના સચોટ વૈરાગ્યરસથી ભરપૂર જવાબો સાંભળીને ઘડી ભર તો ઈન્દ્રના મનમાં થઈ ગયું કે હું શું કરીશ? હું તો જેમ પ્રશ્ન પૂછતો ગયો તેમ રાજર્ષિ તો જીત મેળવતા ગયા ને હું હારતો જાઉં છું. ઈન્દ્ર જેવા ઇન્દ્ર એક મનુષ્ય આગળ હારીને જાય એ એને શરમજનક લાગ્યું. મારે હારીને તો જવું નથી, તેથી બુદ્ધિને કસવા તૈયાર થયા ને હવે છેલ્લો દાવ ફેંકવા તૈયાર થયો. છેલ્લો પ્રશ્ન શું કરે છે?

**अच्छेरगमब्भुदए, भोए चयसि पत्थिवा ।**
**असन्ते कामे पत्थेसि, संकप्पेण विहम्मसि ॥५१॥**

હે પાર્થિવ! હે રાજન્! આશ્ચર્ય છે કે આપ અદ્ભુત પ્રાપ્ત થયેલા ભોગોનો ત્યાગ કરો છો અને અસત્–અવિદ્યમાન, અપ્રાપ્ત કામભોગોની પ્રાર્થના કરો છો તથા સંકલ્પ દ્વારા પીડિત થઈ રહ્યા છો.

ઈન્દ્રે હવે છેલ્લો દાવ ફેંકયો. તેનો આ પ્રશ્ન જોરદાર છે. ઈન્દ્રે અત્યાર સુધી જે પ્રશ્નો કર્યા તે બધા પ્રશ્નોમાં આ છેલ્લો પ્રશ્ન સામાન્ય માનવીને તો ડગાવી નાખે એવો છે, જે ત્યાગને માર્ગે જઈ રહ્યા છે તેની સામે ભોગની વાત કરવી એ તદ્દન અનુચિત છે. ભોગી અને ત્યાગીને કયારે ય ન બને. ઉંદર–બિલાડીને બને નહિ, છતાં કદાચ બને, પણ ભોગી અને ત્યાગીને તો બને જ નહિ. ત્યાગી જેને વિષ માને તેને ભોગી અમૃત માને. ત્યાગી જેમાં દુઃખ માને તેમાં ભોગી આનંદ માને. ભોગી અને ત્યાગીનો મેળ કયારે ય ન બેસે.

એક મહારાજાને ખબર પડી કે ગામ બહાર જંગલમાં સંત પધાર્યા છે. મહારાજા સંતના દર્શને ગયા ને પોતાને ઘેર આવવા માટે આમંત્રણ આપ્યું. આ જૈનના સંત ન હતાં. સંન્યાસી સંત હતા. સંતે ગામમાં આવવાની ના પાડી તેથી રાજાએ નોકર સાથે દક્ષિણા મોકલી. નોકરે લાવેલી વસ્તુ બતાવી. સંન્યાસી કહે–ભાઈ! આ તું અહીંથી દૂર લઈ જા, મને એની ગંધ આવે છે. નોકર પાછો આવ્યો ને બધી વાત કરી. પ્રધાન બધા કહે છે એ લોભીયા હશે. તેમને આટલું ધન ઓછું પડયું હશે તેથી કહ્યું હશે કે મારે નથી જોઈતું. આપ વધારે મોકલો. રાજાએ થાળી ભરીને નોકર સાથે ધન મોકલાવ્યું. ત્યારે પણ એમ જ કહ્યું કે મને ગંધ આવે છે. પાછું લઈ જા. નોકર પાછો આવ્યો. રાજાના મનમાં થયું કે મેં નોકરો મારફત મોકલ્યું તે સંન્યાસીને ગમ્યું નહિ હોય. માટે મંત્રીજી આપ પોતે જાવ. મંત્રીજી થાળી ભરીને ભેટ લઈને ગયા. સંત કહે મંત્રીજી! મેં બબ્બે જણાને ના પાડી છતાં આપે આવવાની તસ્દી શા માટે લીધી? મારે સંસારની માયા નથી જોઈતી. મંત્રીજી પાછા ગયા. તેમને થયું કે અમે બધા નાના

લાગ્યા હોઈશું તેથી સંત દક્ષિણા લેતા નહિ હોય. તેમને અભિમાન આવી ગયું લાગે છે! હવે મહારાજા આપ પોતે જ જાવ.

મહારાજા તો કિંમતી કિંમતી વસ્તુઓનો થાળ ભરીને સંત પાસે ગયા, જઈને સંતને નમસ્કાર કરી તેમના ચરણમાં દક્ષિણાની થાળી મૂકી દીધી. સંત કહે હે રાજન્! અમે તો કંચન, કામિની, કાયા અને કુટુંબનો ત્યાગ કર્યો છે. એને એંઠ સમજીને છોડી નીકળ્યા છીએ, તેથી મને તેની ગંધ આવે છે. જે આ ચાર કક્કાનો ત્યાગ કરે એ જ ત્યાગના ઝુલણે ઝુલી શકે. કાયાનો ત્યાગ એટલે દેહ પ્રત્યેની મમતાનો ત્યાગ. રાજન્! હું રસ્તે રખડતો ઢોર નથી કે એંઠવાડમાં હું મોઢું નાંખું! તમને કુકાનો મોહ છૂટતો નથી એટલે મને આમંત્રણ દેવા આવ્યા છો! વૈરાગીને મન તો તમારા પૈસા કુકા સમાન દેખાય છે. સ્ત્રીઓ બધી હાડકાના માળા દેખાય છે અને ઘર તો ઈંટ-ચૂનાનું ખોખું લાગે છે. જયાં સુધી દેહ દૃષ્ટિ છે ત્યાં સુધી મોક્ષ મળવાનો નથી. દેહ અને આત્મા ભિન્ન છે એ વાતો તો આપણે બધા ઘણી કરીએ છીએ, પણ હજુ આચરણમાં કેટલું આવ્યું તે જોવાનું બાકી છે.

રાજાએ આવીને મંત્રીને કહ્યું-એ સંત તો રત્ન છે રત્ન, પણ એ રત્નને તમે ઓળખ્યું નથી. તેમને ધન, સત્તા કે કુટુંબ કોઈની પડી નથી. એવા એ અદ્ભૂત યોગી છે. સંતની ટકોરથી રાજાની દૃષ્ટિ ખુલી ગઈ, તેમ અહીં હવે નમિરાજના જવાબથી ઈન્દ્રની દૃષ્ટિ ખુલી ગઈ, છતાં છેલ્લે છેલ્લે એક પ્રશ્ન પૂછતા કહે છે હે ઋષીશ્વર! મને તો એક મોટું આશ્ચર્ય દેખાય છે કે આપ જેવા બુદ્ધિમાન રાજાને અદ્ભૂત ભોગો પ્રાપ્ત થયા છે. આપ સુદર્શન અને મિથિલા બંને રાજ્યોના રાજા છો. લશ્કર ઘણું મોટું છે. વૈભવો વિશાળ છે. ૧૦૦૮ રાણીઓ છે. પાંચે ઈન્દ્રિયોના સંપૂર્ણ સુખો તમને મળ્યા છે, છતાં આવા સુખોને લાત મારીને આપ સાધુપણું લેવા જાવ છો, અને જે અવિદ્યમાન છે, બીજા ભવમાં મળશે કે નહિ એવા સુખોની ઈચ્છા કરો છો તો તમારા જેવો બીજો મૂર્ખ કોણ? જે સુખો મળ્યા છે એને ભોગવી લો. લહેર કરી લો, પછી દીક્ષા લેજો. હજુ ઈન્દ્ર નમિરાજને શું કહેશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર:**—રમાએ કહ્યું, શુભમતિ! નાના શેઠના દિવસ રાત તો આ દર્દની ભયંકર પીડામાં ને તમારા વિરહમાં કેવા કારમા બની જતાં હશે? આવી ભયંકર પીડામાં જો આપનો સ્નેહ અને સાંત્વન મળે તો દુઃખીનું અડધું દુઃખ દૂર થઈ જાય. હું તો એટલું જ કહું છું કે ભૂતકાળને ભૂલીને કિશોરભાઈના હૈયાની વેરાન ભૂમિને સ્નેહ અને સુશ્રુષાના જળથી શીતળ બનાવો અને તેમને શુદ્ધ ભાવે અપનાવો. બિચારા કિશોરભાઈએ પરણીને શું સુખ જોયું છે?

**પતિ જ નથી તો કોને અપનાવું?**:—દાસીની વાત સાંભળતા શુભાને ગુસ્સો આવી ગયો. રમા! તું મને કોને અપનાવવાનું કહે છે! મારો પતિ હોય તેને અપનાવું ને? પતિ જ નથી તો કોને અપનાવું? બધાને જે કહેવું હોય તે ભલે કહે. છાપરપગી,

રાક્ષસણી, ડાકણી જે કહેવું હોય તે કહેજો, પણ હું મારા શીલને નહિ છોડું. જે મારો પતિ ન હોય તેની સાથે સંસાર સંબંધ કેવી રીતે જોડું! આ સાંભળતા રમાને ખૂબ આશ્ચર્ય થયું. તેણે કહ્યું—દેવી! આજે આપના શરીરનું નિદાન કરાવીએ. રમા! હું તો સ્વસ્થ છું. મારી તબિયત તો સારી છે. મારા શરીરનું શું નિદાન કરાવવું છે? મને મારા દેહ પર સંપૂર્ણ વિશ્વાસ છે. મારા સંસર્ગથી કોઈને કાંઈ થયું હોય એ વાત તદ્દન ખોટી છે. મારા શરીરની ચિકિત્સા કરાવવા કરતાં તારા કિશોરભાઈનું નિદાન કરાવ કે આ રોગ જુનો છે કે હમણાં થયેલો છે? દેવી! બધાને ખબર છે કે તમારા લગ્ન પછી તમારા સ્પર્શથી થયો છે. જો રોગ જુનો હોય તો તમે કિશોરભાઈને સ્વીકારો ખરા? દેવોને પણ ઝાંખા પાડે એવા કિશોરભાઈની સોનલવર્ણી કાયા તમારા સ્પર્શથી રોગી બની ગઈ એ તો સૌ કોઈ જાણે છે. તેનો ઉર્મિભર્યો સંસાર ઝેર જેવો બની ગયો છે. રમાની વાતો સાંભળ્યા પછી શુભમતિ કહે છે રમા! મારે તને સત્ય વાત કરવી ન હતી, પણ તું મને આટલું બધું કહે છે તેથી મારે હવે સત્ય વાત તને કહેવી પડે છે.

**કિશોર નહીં હૈ મેરે સ્વામી, બ્યાહ હુઆ મેરા ગુણચંદ્ર સંગ,**
**શેઠને માયાજાળ રચી કારમી, કહતે આગ લગી અંગેઅંગ.**

રમા! તને શું કહું? તારા શેઠે તો એવા કામ કર્યા છે કે મને ફાંસામાં નાંખી કલંકિત કરી છે, પણ હું તને સત્ય સ્પષ્ટ કહું છું કે મેં કિશોર સાથે લગ્ન કર્યા નથી. કિશોર મારો પતિ નથી. મારા પતિ તો ગુણચંદ્ર છે. મેં લગ્ન ગુણચંદ્ર સાથે કર્યા છે. તારા શેઠની માયાજાળને તું શું સમજે? આ શબ્દો સાંભળતા રમા તો આશ્ચર્ય પામી ગઈ. તેણે કહ્યું દેવી! આપ આ શું બોલો છો? પંચની સાક્ષીએ તમારા લગ્ન થયા છે ને તમે કહો છો કે કિશોર મારો પતિ નથી એ હું કેવી રીતે માની શકું? આ વાત તો દુનિયા પણ ન માને. રમા! આજે નહિ તો કાલે પણ એક દિવસ તારે માનવું પડશે. સત્ય વાત પછી તને સમજાશે. તારા શેઠની કરામત તને અત્યારે નહિ સમજાય. તું શેઠના કહેવાથી ધનની લાલચથી મને સમજાવવા પ્રયાસ કરી રહી છે, પણ હવે તારા પ્રયત્નો મારી આગળ નકામા છે. આજે તને ચોખ્ખા શબ્દોમાં કહું છું કે મારી પાસે પરપુરૂષ કિશોરભાઈની વાત કયારે પણ ઉચ્ચારીશ નહિ. હું નગ્ન સત્ય કહું છું કે હું કિશોરની પત્ની નથી. મને હવે કદી ભાભી કહીશ નહિ. સમજીને રમા? મારામાં માનવતા છે, દયા છે, કરૂણા છે, હું એક માનવી તરીકે કિશોરભાઈની સેવા કરી શકું છું, પણ તેને પતિ માનીને હું કયારે પણ તેની સેવા નહિ કરું. મારા પ્રાણ જાય તો કુરબાન, પણ હું તેને પતિ તરીકે સ્વીકારવાની નથી...નથી....ને નથી જ. તારી મીઠી મધુરી ભાષામાં હું આકર્ષાવાની નથી.

તારા શેઠને જઈને કહી દેજે કે તમારો પુત્ર એ મારો પતિ નથી જ. હું જીવનમાં કયારે પણ આપના પુત્રને પતિ તરીકે નહિ સ્વીકારૂં. રમા તો શુભમતિના આવેશ ભર્યા,

શૌર્ય ભર્યાં વચનો સાંભળીને છક્ થઇ ગઈ. રમાંના મનમાં થયું કે હું મારા કાર્યમાં સફળતા નહિ મેળવી શકું. આ છોકરી ઘણી જબરી અને બુદ્ધિશાળી લાગે છે. તેના બોલવામાં કેટલી નીડરતા છે! ખરેખર જો સત્ય વાત હોય તો જ તે આટલી નીડરતાથી બોલી શકે. નક્કી આમાં કંઈક ભેદ લાગે છે. રમા તો ત્યાંથી ચાલી ગઈ. પછી કુમુદ પાણી લઈને આવી. પાણી આપતા કહે છે દેવી! આજે તમને ઠીક નથી લાગતું ? માથું દુઃખે છે? હા. શરદી થઈ છે તેથી માથું દુઃખે છે. લાવો બામ લગાવી દઉં ? કુમુદ! આ બામ લગાવીને શું કરું ? મારા દુઃખનો અંત આવે એવો બામ લગાવી દે તો સારું. કુમુદ આ શબ્દો સાંભળતા ચમકી. શુભાના કહેવાથી માથે ઠંડા પાણીનું કપડું મૂકયું. હાથ અડતાં તેનું શરીર ગરમ ગરમ લાગ્યું. એટલે કહ્યું–આપને ઘણો તાવ આવ્યો છે. શેઠને કહીને દવા મંગાવી આપું. મારે દવાની જરૂર નથી. જા તું તારું કામ કર. કુમુદ ત્યાંથી ચાલી ગઈ.

**વિચારના વમળમાં શુભા** :–શુભાનું મન તો વિચારના ચગડોળે ચઢયું. હે પ્રભુ! હે ભગવાન! હું શરીરનું દુઃખ સહન કરી શકીશ, પણ હવે મનનું દુઃખ સહન થતું નથી. આ બંધનમાંથી કયારે મુક્તિ મળશે ? મારા પતિને દુઃખમાંથી કયારે છોડાવીશ? હું બંધનમાંથી છૂટવા માટે પ્રયત્ન કરું છું તો બીજા તે બંધનને મજબૂત કરવા પ્રયાસ કરે છે. પતિ વિનાનું જીવન કેવી રીતે જીવાય ? પાણી વિનાની માછલીના જેવી સ્થિતિ મારી છે. શું કરું ? દિલની વાત કોને કહું! દાસી ગમે તેવી તો ય છીછરા પેટની હોય, તેને બધી વાત શી રીતે કરાય? છતાં આજે રમાની વાતથી શેઠ સમજી જશે કે શુભમતિ અંધારામાં નથી. એ જેવી તેવી સ્ત્રી નથી, પણ એક સબળા છે. એ કોઈની વાણીથી કે પ્રલોભનોથી આકર્ષાય તેવી નથી. એક વાર તો મારો પરચો બતાવી દઉં પણ અનુકૂળતા વિના એ પ્રયત્નો નિષ્ફળ બને છે. હું જોઉં તો ખરી કે શેઠ હજુ કેવા પ્રપંચો રચે છે! કેવી માયાજાળ બિછાવે છે!

શુભમતિ અબજોપતિની દીકરી છે. પિયરમાં એકની એક લાડકી દીકરી હતી. કોઈ દિવસ કંઈ કામ કર્યું નથી છતાં અહીં બધું જ કામકાજ કરે છે, પણ આજે શુભા રસોડામાં આવી નહિ એટલે રમાએ કહ્યું–કુમુદ! આપણા શુભમતિબેન હજુ કેમ દેખાતા નથી. શું તેઓ ઘરમાં નથી? રમા! કાલે તો તેમને ખૂબ તાવ આવ્યો હતો, પણ દવા લેવાની ના પાડે છે. જા! તું ખબર લઈ આવ. આટલા દિવસોમાં કયારે પણ તેમને આ રીતે સૂતેલા જોયા નથી. રમા કહે–હું ત્યાં નહિ જાઉં. ત્યાં જતાં મને બીક લાગે છે. હૈયામાં થડકારો થાય છે. શુભમતિએ સાચી વાત કરી ત્યારથી રમા સાવ નિર્બળ બની ગઈ છે. શુભાની વાત તેને સત્ય લાગી હતી. તેના માથે કલંક ચઢયા છે, છતાં કયારે એક શબ્દ પણ બોલી નથી. તેના જીવનમાં દુઃખનો સાગર છલકાઈ રહ્યો છે, છતાં કયારે પણ મુખ પર શોકની છાયા પણ આવવા દેતી નથી.

**હવે હું આ કામ નહિ કરી શકું** :–સાંજ પડતાં શેઠ ઘેર જમવા આવ્યા.

તે સમયે કુમુદ ત્યાં હાજર હતી. શેઠે કુમુદને પૂછ્યું–આજે રમા કેમ દેખાતી નથી? જા–તું જલ્દી રમાને બોલાવી આવ. રમાએ શુભમતિ પાસે જઈને શું કર્યું તે સમાચાર જાણવા શેઠનું મન અધીરું બની ગયું હતું. શેઠ જમ્યા નહિ ને રમાને જલ્દી બોલાવી. શેઠની આજ્ઞા થતાં રમા આવી. શેઠ કહે રમા! તારું કાર્ય ક્યાં સુધી આવ્યું? સફળતા મળશે કે નહિ? મને જલ્દી સમાચાર આપ. હવે તો મારી ધીરજ ખૂટી ગઈ છે. રમાને બોલતા હિંમત ચાલતી નથી. તેણે ધીમે ધીમે કહ્યું–શેઠજી! મને માફ કરજો. મારી બધી મહેનત ધૂળધાણી. હવે હું આ કામ નહિ કરી શકું. રમા! તું જેનું ખાય છે એનું ખોદવા તૈયાર થઈ છે! કંઈક તો વિચાર કર. ત્રણ–ચાર દિવસ પહેલાં તો તું કહેતી હતી કે નાવડી કિનારે આવી છે ને આજે આમ બોલે છે. મારે સાચું શું સમજવું! શેઠજી! એ તો એટલી મક્કમતાથી બોલે છે કે આપણે ત્યાં ઉભા રહી શકીએ નહિ. તે એવી સચોટ વાત કરે છે કે સાંભળતા મારું હૃદય હચમચી ગયું છે. શેઠજી! હું આપને કહી શકતી નથી. હું કહું ને કદાચ આપ ક્રોધના આવેશમાં આવી મને છૂટી કરો તો? એટલામાં કુમુદ ત્યાં આવી. શેઠે પૂછ્યું–શી વાત છે? મને તો વાતની કંઈ ખબર નથી. એ બધી ખટપટ રમા કરે છે. રમા કહે શેઠજી! એ સમાચાર સાંભળતા જાણે વીજળી પડી હોય એવું થશે, એવા ભયાનક સમાચાર છે. શેઠ કહે શુભમતિએ જે કહ્યું હોય તે તું જલ્દી કહે. હવે શું કહેશે તે અવસરે.

---

## વ્યાખ્યાન નં–૯૯

**કારતક સુદ ૯ ને ગુરૂવાર** **તા. ૫–૧૧–૮૧**

અનંતજ્ઞાની મહાપુરૂષો કહે છે કે આ દુનિયામાં દરેક જીવો સુખને ઝંખે છે, સુખની પાછળ દોડાદોડ કરે છે, પણ સુખ મળતું નથી. જ્યાં સુખ ન મળતું હોય ત્યાં માનવીએ દિશા બદલવી જોઈએ, પણ માણસ દિશા બદલતો નથી, અને ઝાંઝવાના નીર પાછળ દોડે છે. કોઈ માણસે ધંધો શરૂ કર્યો. તે ધંધામાં તેને આવક ન થાય અને ઉપરથી મજુરી માથે પડે તો માણસ ધંધો બદલી નાંખે છે. સંસારના વિષયો, ભોગવિલાસથી કોઈ ફાયદો થતો નથી, છતાં તે બાજુ જીવની આંધળી દોટ ચાલુ છે. માનવીએ જેમાં સુખ માન્યું તેમાં સુખ નથી પણ સુખ તો બીજે છે.

માનવીનો અહંભાવ જીવને ઊંધી દિશાએ લઈ જાય છે, તેથી સુખ અનુભવવા મળતું નથી, માટે અહંભાવને છોડીને સોહંમાં જવું જોઈએ. સુખ મેળવવા પ્રયત્ન કરે છે પણ સુખ મળતું નથી, છતાં તેને માટે કોઈ સંશોધન નથી, ખોજ નથી, તેનું કારણ શોધવા લક્ષ નથી. સુખ મેળવવાનો સાચો ઉપાય બીજાના ગુણ જોવા અને પોતાના દોષ જોવા. બીજાના ગુણો જોઈશું તો પોતાના દુર્ગુણો દેખાશે. સ્વના દર્શનથી સાચું આત્માના સ્વરૂપનું દર્શન થાય છે. સ્વરૂપ–દર્શન થતાં વિશ્વ દર્શન થાય છે. આંખ બધાને જોઈ શકે છે, પણ પોતાને જોઈ શકતી નથી, તેમ જીવ બીજાના દોષો જુએ છે, પણ પોતાના દોષો જોઈ શકતો

નથી. માનવમાં કંઈ ને કંઈ ગુણ તો ભરેલા છે. ગુણ વગર માનવભવ મળી શકતો નથી. જો ગુણ વગર માનવભવ મળતો હોત તો કોઇ તિર્યંચ ન હોત. શરીરમાં આંખ. કાન, નાક, જીભ વગેરે ભલે જુદા જુદા દેખાય પણ આખા શરીરમાં હૃદય તો એક છે, તેવી રીતે સુખ–પ્રાપ્તિના અનુષ્ઠાનો અનેક છે. તે બધાનું હાર્દ બીજાના ગુણો જોવા અને સ્વદોષોનું દર્શન કરવું તે છે. જો આટલું જીવનમાં આવી જાય તો બેડો પાર થઈ જાય. સરોવરમાં એક નાનકડું પાણીનું ટીપું પડે તો આખા સરોવરમાં વર્તુળાકાર રૂપે મોજું પેદા કરે છે તેમ બીજાના ગુણો ગ્રહણ કરવાથી જીવનમાં ગુણો છવાઇ જાય છે, નાનકડો ઝેરી સર્પ કરડે તો મોટો માણસ પણ મરણને શરણ થઈ જાય છે તેમ દોષ રૂપી નાનકડો સર્પ આત્માના બધા ગુણોને ખલાસ કરે છે. જેવી જેની દૃષ્ટિ હોય તેવું દેખાય છે. ગુણગ્રાહકને અગ્નિમાં જ્યોત દેખાય છે તો દોષગ્રાહકને અગ્નિમાં ધુમાડો દેખાય છે.

ગુણગ્રાહક એવા નમિરાજને ઇન્દ્ર કહે છે, અહો હે રાજર્ષિ ! મને તો આશ્ચર્ય લાગે છે, નવાઈ લાગે છે, કૌતક લાગે છે કે તમને આટલા વૈભવો, સુખો, અઢળક સંપત્તિ, સત્તા બધું મળ્યું છે, છતાં તેનો ત્યાગ કરીને અવિદ્યમાન–જે અત્યારે નથી પણ પરભવમાં સુખ મળશે એવી આકાંક્ષાથી આપ દીક્ષા લો છો તો તમારા જેવો અજ્ઞાન બીજો કોણ ? ઇન્દ્રે કેવો પ્રશ્ન કર્યો ? જે ત્યાગીને નીકળ્યા તેની સામે ભોગની વાત કરવી તે ત્યાગીને ગમે ખરી ? કારણ કે ભોગ અને ત્યાગને કદી બને નહિ. ઇન્દ્ર કહે છે કે આપને જે સુખો મળ્યા છે તે ભોગવીને પછી ત્યાગી બનો તો વધુ સારું કે જેથી આપના મનમાં કોઈ ઓરતો ન રહી જાય કે મારે આટલું સુખ ભોગવવાનું બાકી રહી ગયું. સંપૂર્ણ સુખ ભોગવ્યા સિવાય સુખને તજનારનું મન તેમાં ભટકયા કરે છે. પરિણામે તે કાંઈ પરમાર્થ સાધી શકતો નથી. એવા મનુષ્યો પછી ઘરના કે ઘાટના રહેતા નથી, માટે મહારાજા ! આપ જેવા રાજનીતિ નિપુણ પુરૂષને પાછળથી પસ્તાવું પડે તે સારું કહેવાય નહિ.

**મોતીનો ચારો કોણ ચરે ?** :–નમિરાજ યોગની દુનિયામાં વિચરી રહ્યા છે ત્યારે ઇન્દ્ર ભોગની દુનિયામાં વિચરવાનું કહી રહ્યા છે. ભોગ અને યોગ કેવા છે. તે એક ન્યાય આપીને સમજાવું. નદી કાંઠે એક બગલો રહેતો હતો. એકવાર એક હંસ ત્યાં આવી ચઢયો. બગલાએ હંસને જોયો તો તે પોતાના જેવો રૂડો રૂપાળો દેખાયો. બગલાને થયું કે આ કોણ હશે ? એને બોલાવીને પૂછયું—ભાઈ ! તારું શરીર અને મારું શરીર રંગમાં તો એક સરખું મળતું આવે છે, પણ તારી ચાંચ અને પગ લાલ છે. અત્યાર સુધી મેં તારા જેવું પ્રાણી જોયું નથી. તું કોણ છે ? તારો દેશ કયો છે ? હંસે કહ્યું - હું હંસ છું. માનસરોવરના કાંઠે રહું છું. ત્યાંથી અહીં આવું છું. બગલાએ તો કદી માનસરોવરનું નામ સાંભળેલું નહિ. તેણે પૂછયું–ત્યાં શું ચીજ મળે છે ? ત્યાં ખાવાનું શું હોય છે ? હંસે કહ્યું–ત્યાં તો બધું અદ્‌ભૂત છે. ત્યાંની કોઈ વાત થાય એમ નથી, છતાં થોડું તને કહું. ત્યાંનો પવન ચંદનના ઝાડોની સુગંધીને ખેંચી લાવી

શરીરને દિવસ-રાત ખુશમય બનાવતો હોય છે. ચારે બાજુ પાણીથી છલોછલ ભરેલાં સરોવરો, એમાં ઉગેલા કમળો ને હરિયાળો લીલોછમ ત્યાંનો પ્રદેશ તું જુએ તો ખુશ ખુશ થઈ જાય. ત્યાં કોઈ વસ્તુ એવી નથી કે જે સુંદર ન હોય અને ખાવાનું તો પૂછવાનું શું ? અમે એકલો મોતીનો ચારો ચરીએ છીએ. મોતી તો માનસરોવરના કાંઠે જ્યાં જુઓ ત્યાં પથરાયેલા પડ્યા હોય.

બગલાએ તો કોઈ દિવસ મોતીનું નામ સાંભળ્યું ન હતું કે મોતીનો સ્વાદ ચાખ્યો ન હતો. બગલાએ પૂછ્યું-ત્યાં માછલા મળે કે નહિ ? હંસે કહ્યું-ના...ના... 'ના' શબ્દ સાંભળતા બગલાનું મુખ બગડી ગયું. તેણે કહ્યું-જ્યાં માછલા ન મળે ત્યાં સ્વર્ગ હોય તો ય નકામું. એવા સ્વર્ગની શી કિંમત ? માછલાનો સ્વાદ કેવો હોય છે એની તને ક્યાં ખબર છે ? જા ભાઈ ! તારું માનસરોવર તને મુબારક ! મારે નથી આવવું. માછલા ખાવા ટેવાયેલો બિચારો બગલો હંસના મોતીના ચારાને માછલાના સ્વાદ સાથે સરખામણી કરવા જાય છે. એને કોણ સમજાવે ? ક્યાં માછલા અને ક્યાં મોતી ! ક્યાં કથીર અને ક્યાં કંચન !

**સાચા સુખની મોજ કોણ માણી શકે ?** :-આ દુનિયામાં ઘણાં માનવહંસો અને ઘણાં માનવબગલાઓ વસે છે. સંયમને શોભાવનારા મહામુનિઓ એ આ જગતના હંસ છે, અને સ્વપ્નમાં પણ સંસારને ન છોડનારા, તેમાં રચ્યાપચ્યા રહેનારા સંસારીઓ આ જગતના બગલા સમાન છે. ઘણી વાર એ બંનેનો ભેટો થઈ જાય છે. મહામુનિઓને ઇચ્છા પણ થાય કે સંસારના તુચ્છ વિષયસુખમાં મહાન સુખ માણનારા આ બિચારા સંસારી જીવોને સંયમની સોનેરી દુનિયાના દર્શન કરાવું. આ પૃથ્વી પર સંતો હંમેશા વિચરતા રહે છે. માનવને સત્યના રાહે ચઢાવવા માટે દિવસ રાત એમનો પ્રયત્ન હોય છે, છતાં હજુ માનવનો અસત્‌નો અંધકાર દૂર થતો નથી ને હસતા મુખે અંધારા કૂવામાં ઊંડો ને ઊંડો ઉતરતો જાય છે. માનવી ભોગના સુખ માણવામાં એટલો પાગલ બની ગયો છે કે યોગના સુખ એને સ્વપ્નમાં પણ નથી આવતા. એની કલ્પના ય એને માટે દુઃખદ બની જાય છે. ભૂલેચૂકે એની આગળ કોઈ યોગની વાત કરવા જાય તો કાં એ વાત કરનારને ભગાડી મૂકે છે, કાં તો પોતે ભાગી છૂટવા મથે છે.

જે શરીર યોગ સાધનાનું સાધન છે એને માનવે ભોગાયતન બનાવી દીધું છે. શરીરથી આત્માની ભિન્નતાનું ભાન માનવને ભોગની દોડમાંથી ઠરીને ઠામ બેસાડે છે. મહાપુરૂષો એને ટકોર કરે છે કે સંસારમાં વસતા ઓ માનવ ! કોઈક વાર તો સંયમની સોહાગી દુનિયામાં સહેલવાના સ્વપ્નને જો. ત્યાં તો તને સુખ-સુખ ને સુખ મળશે. નમિરાજ સંયમની સોહાગી દુનિયામાં સહેલ કરી રહ્યા છે. તેમાંથી પીછેહઠ કરાવવા ઈન્દ્ર પરીક્ષા કરવા માટે તેમને કહી રહ્યા છે કે આ મળેલા કામભોગોને શા માટે છોડો છો ?

"हत्थागया इमे कामा, कालिया जे अणागया" ।

પ્રત્યક્ષ કામભોગો અત્યારે તમારે સ્વાધીન છે, પણ ભવિષ્યમાં જે આગામી જન્મમાં

મળનારા છે તે સંશયવાળા છે. મળે અથવા ન મળે. પ્રાપ્ત થયેલાને છોડીને અપ્રાપ્તની આશા કરવી એ બુદ્ધિમાન માણસોનું કર્તવ્ય નથી. અહીં ઈન્દ્ર કહી રહ્યા છે કે તમે અવિદ્યમાન એટલે પરલોકના સુખ માટે સંયમ લો છો, તો આપણે એવું નહિ સમજવાનું કે નમિરાજે બીજા ભવમાં સુખ મળે એ માટે દીક્ષા લીધી છે. એવા ભાવથી કોઈ પણ ક્રિયા કરે તો ભગવાને તેને બાલ તપસ્વી કહ્યો છે. એવા ભાવથી પાળેલા ચારિત્રથી કર્મની નિર્જરા થતી નથી પણ પુણ્ય બંધાય છે.

ભગવતી સૂત્રમાં તામલી તાપસની વાત આવે છે. તામલી ગાથાપતિને ત્યાં અઢળક સમૃદ્ધિ હતી. તેમને ત્યાં સોનું કાટલે તોળાતું હતું. વિપુલ વૈભવ હતા. એક દિવસ રાત્રે સૂતા સૂતા તેમને વિચાર થયો કે અહો! મેં પૂર્વ જન્મમાં કંઈક સુકૃત કર્યા હશે તો આ ભવમાં મને ઘણી સંપત્તિ, સુખ મળ્યા છે, પણ આ ભવમાં જો હું તે ભોગવવામાં રહી જઈશ ને છોડીશ નહિ, તો પછી બીજા ભવમાં શું? માટે હું મળેલા સુખોને છોડીને સાધુપણું લઉં તો આવતા ભવમાં મને સુખ મળે. તામલી ગાથાપતિએ બીજા ભવમાં સુખ મળે એ માટે છતાં સુખને લાત મારી સંન્યાસી બન્યા. સંન્યાસી બન્યા પછી રોજ જમવાનું નહિ પણ છઠ્ઠ છઠ્ઠના પારણા કરવાના. પારણાના દિવસે પણ કોઈ સ્વાદ નહિ. માત્ર રાંધેલા ચોખા લાવવાના, અને તેને ૨૧ વાર ધોઈને પી જવાના. રાંધેલા ચોખા લાવી ૨૧ વાર ધોવે પછી તેમાં કાંઈ સ્વાદ રહે ખરો? પારણાને દિવસે ગામમાં ગૌચરી જવાનું અને રાંધેલા ચોખા લાવી ૨૧ વાર ધોઈને પારણું કરવાનું. કેટલી કઠીન તપશ્ચર્યા! તપની સાથે સૂર્ય જેમ ફરે તેમ ફરવાનું ને આતાપના લેવાની. આટલી અઘોર સાધના કરે, છતાં ઊંડે ઊંડે ભાવના શું છે? 'મને બીજા ભવમાં સુખ મળે.' આ તપ અકામ તપ કહેવાય. આવા તપથી કર્મની નિર્જરા ન થાય, પુણ્ય બંધાય. જો તામલી તાપસનો તપ સમજણપૂર્વકનો એકાંત કર્મની નિર્જરાના હેતુથી થયો હોત તો એ ભવમાં કદાચ કલ્યાણ થઈ જાત, પણ બાલતપ હોવાથી મોક્ષ મળ્યો નહિ. તામલીતાપસે ૬૦ હજાર વર્ષો સુધી આવો ઉગ્ર તપ કર્યો, પરિણામે દેવલોકના સુખો મળ્યા.

નમિરાજ કેટલા ધીર છે! ગંભીર છે! ઈન્દ્રની વાત સાંભળ્યા પછી તેમણે કહ્યું કે તું મને કહે છે કે પરલોકના સુખ માટે તમે દીક્ષા લેવા નીકળ્યા છો, પણ એ ભોગસુખો હું કેવા માનું છું? એ ઇન્દ્રિયજનિત સુખો કેવા છે તે તમે સાંભળો:

**सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा।**
**कामे भोए पत्थमाणा, अकामा जन्ति दोग्गइं ॥५३॥**

આ કામભોગ શલ્ય રૂપ છે, વિષરૂપ છે તથા આસીવિષ સર્પના સમાન છે. આ કામભોગનું સેવન કરવું તો દૂર રહ્યું, પણ એની પ્રાર્થના કરવાથી પણ જીવ દુર્ગતિમાં જાય છે.

પ્રશ્ન પૂછનાર હોંશિયાર છે. એવા જવાબ દેનારા પણ હોંશિયાર છે. તે પાછા પડે તેમ નથી. વનમાં સિંહનું તરત જન્મેલું બચ્ચું હોય, તેની સામે હજારો હાથીઓ ગર્જના

કરતા આવે, છતાં એ પાછી પાની ન કરે, તેમ નમિરાજ સિંહ જેવા શૂરવીર ને ધીર છે. ખુદ ઇન્દ્ર પરીક્ષા કરવા આવ્યા છતાં તેનાથી જરાપણ પીછેહઠ કરતા નથી, પણ બેધડક જવાબ આપે છે. તેમણે કહ્યું-તમે મારા હિતેચ્છુ થઈ હું સુખી થાઉં એ હેતુથી જે સલાહ આપો છો તે માટે મારે તમારો આભાર માનવો જોઈએ, પણ મારે એ જોવાનું છે કે જે સલાહ તમે મને સુખકર માનીને આપો છો તે પરિણામે સુખકર નીવડશે કે દુઃખકર નીવડશે? તમને જે આનંદ આપતું હોય તે મને દુઃખ પણ આપતું હોય એવું બને છે. આ સાંભળીને ઇન્દ્ર કહે છે કે તમારા જેવા તત્ત્વજ્ઞાનીઓની આવી ભાષા અમને તો ફારસી જેવી લાગે છે.

ત્યારે નમિરાજે હસતા હસતા કહ્યું: સાંભળો, હું તમને સમજાવું. કામિની અને કંચન વિષ સમાન છે. મદિરા મીઠી લાગવા છતાં પીનારને પાછળથી શું મૂર્ખ, બેઆબરૂ બનાવતી નથી? કંચન અને કામિની તો વધારે તેજવાળી મદિરા છે. હે વિપ્ર! ઇન્દ્રિયોના મનગમતા વિષયોના ભોગો શલ્ય સમાન છે. જેવી રીતે શરીરના કોઈ અંગમાં પ્રવેશેલું શલ્ય (બાણની આગળનો તીક્ષ્ણ અંશ ભાગ) માંસની સાથે ભળી જઈને શરીરમાં તીવ્ર વેદના ઉત્પન્ન કરે છે, તેવી રીતે કામ ભોગ માણસને શલ્યની જેમ રાત દિવસ પીડિત કરે છે. ભોગોની આસક્તિ હૃદયમાં પ્રવેશી ગઈ, પછી તો એ એવી વધે છે કે ભોગના સાધન ખૂટે, આયુષ્ય ખૂટે પણ ભોગની આસક્તિ ઓછી થતી નથી. ભોગની ભૂખ કારમી વધે છે, પછી એને આત્માનો વિચાર પણ નથી આવતો, તેમજ આસક્તિ હોવા છતાં કાયમ ભોગ મળ્યા કરે એવું નથી એટલે મળવાનું કંઈ નહિ ને ભૂખ ભયંકર. આવી સ્થિતિમાં આત્માની દશા કેવી દુઃખભરી બને!

આગળ રાજર્ષિ કહે છે કે આ કામભોગો વિષ સમાન છે. મધમિશ્રિત વિષ ખાવામાં મધુર અને પરિણામમાં અતિ દારૂણ દુઃખ આપનાર છે, તે રીતે કામભોગો પણ શરૂઆતમાં પ્રિય લાગે છે પણ તેનું પરિણામ વિષથી પણ ભયંકર છે. દુનિયામાં ઝેર સારું કે એનાથી એક વાર મૃત્યુ થાય પણ ભોગરૂપી ઝેર તો મૃત્યુ એક વાર નહિ પણ અનેકવાર આપે. દુર્ગતિના જન્મ મરણનો પ્રવાહ ચલાવે છે એટલે કે જન્મ મરણની પરંપરા વધારે છે. ભોગો આસીવિષ સર્પ જેવા અત્યંત ભયંકર છે. જેવી રીતે તે સર્પ ફેણ ઊંચી કરીને નાચતો હોય તો પ્રિય લાગે છે પણ તેનો સ્પર્શ થતાં પ્રાણોના નાશ કરનાર બને છે, તેવી રીતે કામભોગ દેખાવમાં અત્યંત રમણીય લાગે છે પણ એનો સ્પર્શ આત્માને નુકશાનકારક છે. ઝેરી સર્પના ડંશથી માણસને પીડાનો પાર રહેતો નથી અને મૃત્યુના પંજામાં સપડાય છે. ઇન્દ્રિયોના વિષય સુખોમાં લુબ્ધ થનારની પણ એવી દશા થાય છે. અરે, એથીયે મહા ભયંકર દશા થાય છે. ઝેરી સર્પ સારા કે માત્ર એક જ જીવન બગાડે પણ ભોગરૂપ ઝેર તો ભવોભવ બગાડે. ભોગો ભોગવવાથી તો દુર્ગતિ થાય છે, પણ જે જીવ આ કામભોગોનું માત્ર સ્મરણ કરે અથવા ભોગોની પ્રાર્થના કરે તેઓ પણ દુર્ગતિમાં જાય છે. આ છે કરૂણ કથની ભોગોની.

ઈન્દ્ર વર્તમાન ભોગોને આશ્ચર્યકારી અર્થાત્ ખૂબ ઊંચી કોટિના અને મહાસુખદાયી કહે છે તે આવા ઝેરના લાડુ જેવા છે. શલ્યરૂપ છે. ઝેરી કાંટાનું શલ્ય જો શરીરમાં રહી જાય તો તે કોહવાઈ જાય છે, પાકે છે ને મહાન દુઃખ ઉભું કરે છે, એમ ભોગો પણ ચિત્તમાં એવા ખૂંચી જાય છે કે એની કુવાસના ઊંડી જામી જાય છે, અને તેના કારણે જીવને જન્મોજન્મ દુઃખો ભોગવવા પડે છે. આવા શલ્ય જેવા અને ઝેર જેવા કામભોગમાં શું સારાપણું જોવું ? માટે મુમુક્ષુ મોક્ષાર્થી જીવે આ કામભોગનું સેવન તો શું, તેનું સ્મરણ પણ ન કરવું જોઈએ, માટે ઐહિક અને પારલૌકિક બંને પ્રકારના કામભોગો સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. વળી તું કહે છે કે તમે અસત્ ભોગોની વાંચ્છા કરો છો પણ મને તો કોઈ એવી ઈચ્છા નથી, પછી સંકલ્પ વિકલ્પથી દુઃખી થવાની વાત જ કયાં રહી ? આ પ્રમાણે ઈન્દ્ર રાજર્ષિને કહી રહ્યા છે. હજુ આગળ શું કહેશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર** : શેઠ આતુરતાથી રમા પાસે શુભમતિની વાત સાંભળવા રાહ જોઈ રહ્યા છે. રમા કહે શેઠ ! શુભમતિ કોઈ પણ સંજોગમાં કિશોરભાઈને અપનાવી શકશે નહિ. આજ સુધી આશામાં ને આશામાં મેં મારી શક્તિ અને સમયનો વ્યય કર્યો પણ મારી બધી આશાઓ ધૂળમાં મળી ગઈ. આ સાંભળતા શેઠને ગુસ્સો આવ્યો. રમા ! તું તારા વચનને યાદ કર. શેઠજી ! બેવફા નહિ બનું, પણ આજે મારી બધી સફળતા નિષ્ફળતામાં ફેરવાઈ ગઈ. મને તો એવી ફીટકારી નાંખી કે તે સમયે મને એમ થઈ ગયું કે જાણે ધરતી જગ્યા આપે તો સમાઈ જાઉં. આપણા હૈયાને હચમચાવી નાખે એવા શબ્દો સાંભળવા પડ્યા. તેણે શું કહ્યું, મને જલ્દી કહે.

**કિશોરકુમાર તો હૈ કુષ્ટ રોગી, ગુણચંદ્ર દેવકુમાર,**
**મીઠા બોલા મોર જૈસા માયાવી, ધુલમેં પડા અવતાર.**

શેઠજી ! નાના શેઠાણી કહે છે તારા શેઠને કહી દેજે કે કિશોરકુમાર મારા પતિ નથી. ગુણચંદ્ર મારા પતિ છે ને હું તેમની પત્ની છું. કિશોર તો કુષ્ટ રોગી છે ને ગુણચંદ્ર તો જાણે દેવનો અવતાર જોઈ લો. રમા ! એ તદ્દન અસત્ય બોલે છે. એની વાત કેવી રીતે મનાય ? તેણે આગળ મને કહ્યું કે પ્રલોભનોની, પૈસાની લાલચમાં ફસાઈને તું તારા શેઠના કર્તવ્યને બજાવવા આવી છું પણ શેઠનું કર્તવ્ય ઉપરથી સુંદર લાગે છે પણ રાંકના જીવન પર કાતીલ શમશેરનું કામ કરે છે. તેમના દિલમાંથી કરૂણાએ તો દેશવટો લીધો લાગે છે. તારા શેઠ મીઠું મીઠું બોલી મારા શીલ–સૌંદર્યનો નાશ કરવાની બાજી રમી રહ્યા છે, પણ એ કદી બનવાનું નથી. તું તારા શેઠને કહી દેજે કે, મારો દેહ કુરબાન કરીશ પણ ગુણચંદ્ર સિવાય બીજા કોઈને શુભમતિના દિલમાં સ્થાન મળવાનું નથી. તારા શેઠે માયાજાળ રચી જાળમાં માછલું ફસાય તેમ મને ફસાવી છે, પણ હું એ ષડ્યંત્રમાં જોડાવાની નથી.

**શુભાએ કહેલી સત્ય વાતને પ્રગટ કરતી રમા** : તમે ગુણચંદ્રને ભાડે પરણવા લઈને આવ્યા હતા એ બધું હું જાણું છું. તમારા ષડ્યંત્રની ગંધ તો મને આવી

ગઈ હતી, છતાં શું થાય છે એ જોવા માટે હું શાંત બેસી રહી હતી. મેં સમતા રાખી છે. તમે બધા એમ માનતા હશો કે સમય જશે એમ શુભા સંપત્તિના મોહમાં એના પતિને ભૂલી જશે ને અમારા કિશોરને પ્રેમથી સ્વીકારશે, પણ એ વાત ત્રણ કાળમાં બનવાની નથી. આપ મારી એ આશા રાખતા હો તો ભૂલી જજો. હવે કયારે પણ મારું નામ દેવા કે આવી વાત કરવા આવશો નહિ. શેઠને પણ કહેજે કે આટલેથી અટકી જાય. નહિ તો તેનું પરિણામ સારું નહિ આવે. શુભમતિએ આવા જડબાતોડ જવાબ દઈ દીધા. રમા! શું કહે છે! શુભમતિ તો ગંભીર, ઓછું બોલનારી, સુશીલ, કુલીન બાળા છે, છતાં આટલું બધું બોલી? જે પોતાના પતિનો સ્વીકાર કરવાની ના પાડે છે અને ગુણચંદ્ર જેને કોઈ પીછાણતું-ઓળખતું નથી કે જેને કોઇ દિવસ જોયો નથી તેને પતિ માને છે! આ કેમ બની શકે? એક તો મારા પુત્રનું જીવન બગાડયું ને ઉપરથી અમારા પર કલંક ચઢાવે છે!

શેઠજી! એ તો એમ કહેતા હતા કે લગ્નની પ્રથમ રાત્રીએ શેઠે મારા માથે કલંક મૂકયું કે હું વિષકન્યા છું. મેલી વિદ્યાવાળી છું. મંત્રતંત્રની જાણકાર છું, એટલે તેના સ્પર્શથી મારો પુત્ર કોઢી બની ગયો, પણ તે વાત હડહડતી જુઠી છે. હું સાચું કહું તો કોણ માને? મારી વાત કોણ સાંભળે? મારા લગ્ન થયા ત્યારથી હું અખંડ બ્રહ્મચારી છું. મેં તમારા કિશોરભાઇનો સ્પર્શ પણ કર્યો નથી. મારી સત્ય વાત કોણ સાંભળે? એક તો નવા જીવનની શરૂઆત એટલે બધું નવું નવું, તેથી મારે બીતા બીતા રહેવું પડે. કયાંય ભૂલ થાય તો માતાપિતાએ આપેલા સંસ્કારમાં ડાઘ લાગે અને લજ્જા તો હોય જ. અહીં મારા કોણ સ્વજનો કે મારી સાચી વાત સાંભળે. હું નિઃસહાય હતી. એકલી હતી. મારે મારું શીલ તો સાચવવાનું હતું એટલે સમયને આધીન બનવામાં મેં શ્રેય માન્યું.

**દુનિયા ભલે દોષિત ઠહરાવે, છૂપાયા કભી ભી પાપ ન છીપે,**
**સમય પર સત્ય પ્રગટ હોગા, જય જયકાર જગતમેં થાયે.**

ભલે આજે દુનિયા મને દોષિત માને, કલંકિત માને, પણ આત્માના ગુણ દોષ તો આત્મા પોતે જાણે છે. શેઠ ભલે અત્યારે પ્રપંચો રચે, માયા રચે ને ખોટા કલંક ચઢાવે પણ તેમનું પાપ કદી છાનું રહેવાનું નથી. આખરે તો સત્યનો વિજય થવાનો છે. શેઠ ભલે અત્યારે ગમે તેમ બોલે પણ એક દિવસ પસ્તાવું પડશે. શેઠજી! હું કઇ રીતે એમને સમજાવી શકું? આજ સુધી એણે મારી બધી વાત સાંભળી હતી પણ આજે તો મારી ધારણા ધૂળમાં મળી ગઈ. શેઠાણીની વાતો પરથી તો મને એમ લાગે છે કે એમાં કોઈ ગુપ્ત ભેદ હશે. શેઠજી! શું આ બધી વાત સત્ય છે? મને સમજણ પડતી નથી.

**"હૃદયમાં લાગેલો આઘાત"**:–આ બધી વાત સાંભળતા શેઠના મનમાં ધ્રાસ્કો પડયો. હૃદયમાં તો કારમો ઘા વાગ્યો. શું આ બધી વાત જાણતી હશે? એને વાતની જાણ થઈ ગઈ લાગે છે. ગુણચંદ્ર પરણવા ગયો ત્યાં કદાચ વાત કરી હશે! મનમાં તો

થયું કે વાત બધી સત્ય છે પણ પાપને ઢાંકવું છે એટલે મન પર જરા પણ એવા ભાવ આવવા દીધા નહિ. મનમાં તો ભય છે કે રહસ્યનો પડદો ખુલ્લો થઇ જાય તો? હૃદય ધડકી રહ્યું છે પણ દીપક બૂઝાવાનો હોય ત્યારે વધુ પ્રકાશ કરે તેમ પાપ છૂપાવવા શેઠ ડબલ જોરથી બોલવા લાગ્યા કે રમા! તું તો સાવ નમાલી રહી. શેઠાણીએ કહ્યું તે તેં સત્ય માની લીધું, પણ એ બધું સત્ય નથી પણ અસત્ય છે. સત્ય માટે તો વિશ્વમાં યુદ્ધો ખેલાય છે. જો શુભમતિ નિર્દોષ હોય તો આ રીતે આપણા ઘરમાં રહે નહિ, તે ક્યારની ય પિયર ચાલી ગઈ હોત. તેના સ્પર્શથી કિશોર કુષ્ટ રોગી બન્યો છે એ વાત તો સૌ જાણે છે. જો મારો કિશોર પહેલેથી કોઢીયો હોત તો એ એની સાથે લગ્ન કરે જ નહિ પણ આ તો પોતાને માથે કલંક ચઢ્યું છે તે ઢાંકવા ફાંફા મારે છે. આવી વાતો તારે હવે કાને સાંભળવી નહિ. આજે જ હું એ વાતનો ફેંસલો લાવું છું. રમા! આવી પાયા વગરની વાતો કદી કોઇને કહીશ નહિ. કહીશ તો તું મૂર્ખ ગણાઈશ. અરે, આ વાતનો તો વિચાર પણ કરીશ નહિ.

**"ગુપ્ત વાતને ગુપ્ત રાખવા શેઠે આપેલી લાલચ"** :-શેઠનું કાર્ય સફળ ન થયું. તેમના મનમાં થયું કે શુભાની વાતોથી રમાના મનમાં હવે શંકા થઈ કે શું સત્ય હશે! નોકરો તો વસવાયાની જાત કહેવાય. તેમના પેટમાં વાત રહે નહિ. શુભમતિએ જે બધી વાત કરી તે કદાચ પાંચ માણસોમાં કહી દે તો તેનું પરિણામ શું આવે? માટે એને બોલતી બંધ કરી દેવી જોઈએ. અંતે વિચાર કર્યો કે તેને કોઈ સારી કિંમતી વસ્તુની ભેટ આપું ને તેની પાસેથી વચન માંગી લઉં. શેઠે તેને લાલચો આપવા માંડી. રમા દબાઈ જાય ને બોલતી બંધ થઈ જાય તેથી શેઠે પોતાના કંઠની કિંમતી સોનાની કંઠી રમાને આપી. રમા કહે છે, શેઠજી! આપ મને ભેટ આપો છો એ હું નહિ લઉં. મારે જોઈતી નથી. તેના મનમાં થયું કે હવે આ કંઠી લેવા જેવી નથી. એ કંઠી તો મારો કાટ કાઢી નાંખશે. શુભા બેધડક બોલે છે, એની વાત સત્ય લાગે છે. જો વાત ખોટી હોય તો આટલું બેધડક બોલી શકે નહિ. તે પ્રાણ દેવા તૈયાર છે, પણ કિશોરને અપનાવવા તૈયાર નથી. આટલી હદે માણસ ક્યારે બોલે? વાત સો ટકા સાચી હોય ત્યારે ને? રમાએ કહ્યું-શેઠ! હું આપનું કાર્ય સફળ કરી શકી નથી તેથી મારે કંઠી નથી જોઈતી. કાર્યની સફળતા થઈ હોય ત્યારે ભેટ હોય. વગર હક્કનું લેવાય નહિ, સફળતા મળે પણ કેવી રીતે? ગોરસીમાં દહીં હોય તો માખણ મળે, પણ પાણી ભર્યું હોય ત્યાં માખણ કેવી રીતે મળે? આ બધી વાત ગોરસીમાં પાણી ભરી માખણ મેળવવા જેવી છે.

શેઠ કહે-રમા! ભલે તને સફળતા ન મળી, પણ મહેનત તો ઘણી કરી છે, તેથી નિરાશ થવાની જરૂર નથી. એમ કહીને તેના પર કંઠી ફેંકી. શેઠજી! થશે તો હું મહેનત કરીશ પણ કંઠી તો નહિ લઉં. મને બદલાની આશા નથી. કંઠી આપીને મારા માથે ભાર વધારો છો. આપનું કાર્ય કરવું એ તો મારી ફરજ છે. તેમાં બદલો ન હોય. વાત

બહાર ન જાય એ માટે એક પાપને ઢાંકવા બીજા કેટલા પાપ કરવા પડે છે! શેઠે ખોટા દંભ કરી માયા કરી બનાવટ ઉભી કરી છે, તેથી બધા પ્રપંચો રચવા પડે છે. શેઠ કહે તું આ કંઠી લઈ લે. તને બદલામાં નથી આપતો, પણ ભેટ આપું છું. શેઠ સમજે છે કે જો હું હાથ મોટો રાખીશ ને કંઈક આપીશ તો વાત બહાર નહિ જાય, છેવટે રમાને કંઠી લઈ લેવી પડી. તે તો કંઠી લઇને પોતાના રૂમમાં ચાલી ગઈ.

આ બાજુ શુભમતિ જમવા માટે શેઠની રાહ જોઇને બેઠી હતી. રોજ કરતાં શેઠ આજે ઘણા મોડા આવ્યા. તેમના મનમાં બધી વાત ગૂંથાયા કરતી હતી. મન પર ખૂબ ચિંતા હોય એવું લાગતું હતું. શુભા તો લજ્જાથી ઘૂંઘટ તાણી એક બાજુ ઉભી હતી. દૂરથી શેઠનું મુખ જોતા તે સમજી ગઈ કે રમાએ બધી વાત કરી હશે. શેઠ જમવા બેઠા. કુમુદને પીરસતી જોઇને શેઠ કહે કે આજે રસોડામાં તું કેમ છે? શેઠ! શુભમતી બેનને આજે તાવ આવ્યો છે એટલે રસોઈની તૈયારી મેં કરી. ત્યાં તો તે આવી પહોંચ્યા. મેં કહ્યું–આજે આપને ઠીક નથી માટે આપ સૂઈ જાવ પણ તે તો બેઠા બેઠા મદદ કરાવી રહ્યા છે. આજ સુધી શેઠ કોઈ દિવસ શુભા સાથે બોલ્યા નથી. તે બોલવા માટે તક શોધી રહ્યા હતા. તે તક અત્યારે મળી ગઈ. હવે તક જોઇને શેઠ શુભાને શું કહેશે તે વાત અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૧૦૦

**કારતક સુદ ૧૦ ને શુક્રવાર** **તા. ૬-૧૧-૮૧**

અનંત કરૂણાસાગર, ત્રિલોકીનાથ ભગવાને જગતનાં જીવોના શ્રેય માટે, આત્મકલ્યાણ માટે સિદ્ધાંતની પ્રરૂપણા કરી. સાગરને પાર કરવા માટે સ્ટીમર કે હોડીના સહારાની જરૂર છે. તેના દ્વારા તે સાગરના સામા કિનારે પહોંચી શકે છે. કોઇક વાર એવો અકસ્માત બને કે હોડી ડૂબી જાય, પણ જે ભગવાનની વાણીનો સહારો લે છે તે તો ક્યારે પણ ડૂબતો નથી. તે તો અવશ્ય ભવસાગરને તરી શકે છે. ભગવાન સૂયગડાંગ સૂત્રમાં બોલ્યા છે કે—

**अणुपुव्वेण महाघोरं, कासवेण पवेइयं ।**
**जमायाय इओ पुव्वं, समुद्दं ववहारिणो ॥ અ. ૧૧ ગાથા ૫**

સુધર્મા સ્વામી પોતાના પ્યારા શિષ્ય જંબુસ્વામી આદિ શિષ્યોને કહે છે કે કાશ્યપ-ગોત્રી ભગવાન મહાવીર સ્વામીએ કહેલા મોક્ષમાર્ગને હું તમોને અનુક્રમથી બતાવું છું તે તમે સાંભળો. જેમ વેપાર કરનાર વહેપારીઓ વહાણ અથવા હોડી દ્વારા સમુદ્રને તરીને પોતાના ધારેલા સ્થળે પહોંચી શકે છે તે રીતે તીર્થંકર ભગવંતોએ બતાવેલ મોક્ષમાર્ગનો સહારો લઈને ભૂતકાળમાં ઘણા જીવોએ સંસાર સાગરને પાર કરેલ છે અને મોક્ષ ગતિને પામ્યાં છે. "अतरिंसु तरंतेगे, तरिस्संति अणागया वर्तमान કાળે મહાવિદેહ ક્ષેત્રમાં સંસાર સમુદ્રને તરી મોક્ષ ગતિને પ્રાપ્ત કરે છે અને ભવિષ્ય-

કાળમાં પણ અનંતા જીવો આ માર્ગનો સહારો-લઈ મોક્ષગતિને પ્રાપ્ત કરશે. એ માર્ગ કયો ? સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ.

મોક્ષમાર્ગની આરાધના કરી રહ્યા છે એવા નમિરાજર્ષિ જેમને મોક્ષમાર્ગ વહાલો લાગ્યો અને સંસારનો માર્ગ કાંટાળો લાગ્યો તો સંસારનો મોહ છોડીને સંયમ પંથે ચાલી નીકળ્યા. તેમને સંસારના કામભોગો શલ્ય જેવા અને વિષ જેવા લાગ્યા. કામભોગો કિંપાક વૃક્ષના ફળની જેમ દેખાવમાં, રૂપમાં, સ્વાદમાં સુંદર લાગે છે, પણ તે ખાવાથી પરિણામે જીવ અને કાયા જુદા થાય છે, તેમ ભોગો ભોગવવામાં ભલે સારા દેખાતા હોય પણ તેનું પરિણામ સારું નથી આવતું. સંસ્કૃત સુભાષિતકાર કહે છે કે—

**वृद्धर-तृष्णा जलापूर्णशलचालैः क्लिलेन्द्रियैः ।**
**मुच्छीमतुच्छा यच्छन्ति, विकार विषशादपाः ॥**

તૃષ્ણા (લાલસા) રૂપ જળ વડે ભરેલા, ઈન્દ્રિયો રૂપ કયારાઓ વડે વૃદ્ધિ પામેલા વિકાર રૂપ વિષવૃક્ષો ખરેખર તીવ્ર મોહ-મૂર્ચ્છા આપે છે.

ઇન્દ્રિયો એ કયારા છે. તેમાં વિષય સ્પૃહાનું પાણી ભરવામાં આવે છે. કયારામાં બીજ રૂપે પડેલા વિકારો વિકાસ પામે છે. તે મોટા વૃક્ષ રૂપ બની જાય છે. વિકારોના એ વિષવૃક્ષની છાયામાં જે કોઈ જીવ જાય છે તે મોહથી મૂર્છિત થઈ જાય છે. કયારામાં બીજ પડેલું હોય પણ જો તેને પાણી સીંચવામાં ન આવે તો તે બીજમાંથી વૃક્ષ બની શકતું નથી. જેમ જેમ મનુષ્ય મોટો થતો જાય છે તેમ તેમ ઇન્દ્રિયોના કયારામાં વિકારોના છોડ મોટા મોટા થતા જાય છે અને યૌવન આવતા આવતા તો મોટા ઘટાદાર વૃક્ષો બની જાય છે. મનુષ્ય એ વિકારોના વિષવૃક્ષ નીચે પડયો પાથર્યો રહે છે. મોહની ગાઢ મૂર્છા તેના પર સવાર થઈ જાય છે. તેનું મન બેહોશ બનતું જાય છે.

જીવ જેમ જેમ ઇન્દ્રિયોને મનગમતા વિષયો આપીને પોષે છે તેમ તેમ આત્મામાં દુષ્ટ વિકારો પુષ્ટ થતા જાય છે. જેમ વિકારો પુષ્ટ થતા જાય તેમ જીવ પર મોહની પકડ દૃઢ થતી જાય છે, તેના મન-વચન અને કાયા વિવેકભ્રષ્ટ બનતા જાય છે. પરિણામે તે અનેક પ્રકારના દુઃખ અને અશાંતિનો ભોગ બની જાય છે. એ દુઃખ દૂર કરવા ફરીથી ઇન્દ્રિયોને વિષયો પૂરા પાડવાની ચેષ્ટા કરે છે તેથી દુઃખ, અશાંતિ ઘટવાને બદલે વધી જાય છે, અને નરકાદિ દુર્ગતિઓમાં ભટકતો થઈ જાય છે. વિકારોના વિષવૃક્ષથી બચવું હોય તો વિષય લાલસાનું પાણી સિંચવાનું બંધ કરી દેવું જોઈએ અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું પાણી સિંચવું જોઈએ.

નમિરાજ ઈન્દ્રને કહે છે હે વિપ્ર! કામભોગો જીવને દુર્ગતિના મહેમાન બનાવે છે. જ્યાં કામભોગનું સેવન અથવા ચિંતન છે ત્યાં ઓછા વધતા પ્રમાણમાં કષાયો તો હોય છે. સંસાર ચાર કષાયોથી ભરપૂર ભરેલ છે. કષાય = કષ + આય = જેનાથી સંસારનો લાભ થાય, સંસાર વધે તેનું નામ કષાય. કષાયો જીવને કેટલું નુકશાન કરે છે તે બતાવતા કહે છે કે,

अहे वयन्ति कोहेणं, माणेणं अहमागइ ।
माया गई पडिग्घाओ, लोभाओ दुहओ भयं ॥ ५४ ॥

ક્રોધથી જીવ નરક ગતિમાં જાય છે. માનથી અધમ ગતિ થાય છે, માયાથી સારી ગતિનો નાશ થાય છે અને લોભથી બંને લોકમાં ભય થાય છે, માટે કામભોગનું સેવન અને સંકલ્પ બંને મહાન અનિષ્ટ કરનારા છે.

કષાયોનું મહાતાંડવ તો અનાદિકાળથી ચાલતું રહ્યું છે. કષાયોએ કાળજાને કાળું બનાવ્યું છે અને આત્માના ઓજસને ખતમ કર્યું છે. કષાયોએ માણસને જેટલા હેરાન કર્યા છે એટલી હદે જગતમાં બીજા કોઈએ હેરાન નહિ કર્યા હોય. શાસ્ત્રકારોએ કષાયોને અનેક ઉપમાઓ આપી છે, કષાયોને ઝેરની ઉપમા આપી છે. મીઠા અને શાંત પાણીમાં કોઈ ઝેર નાંખી દે તો એ પાણી ઝેરમય બની જાય છે. જે માણસ એ પાણી પીવે છે તે મૃત્યુને શરણ થઈ જાય છે, તેમ શાંત અને સ્થિર જીવન રૂપી જળને કલુષિત બનાવી દેનાર કષાયો છે. કષાયો જીવન રૂપી જળને ઝેરમય બનાવી દે છે. ઝેર તો એક ભવ બગાડે પણ કષાયો તો જીવના ભવોભવ બગાડે છે. અનેક વર્ષોની સાધનાને ક્રોધ રૂપી અગ્નિ બાળી નાંખે છે. ચારે કષાય ભેગી હોય ત્યારે તો જીવના ગુણોનો સત્યાનાશ વાળે છે, પણ એક માત્ર ક્રોધ આવે તો પણ આત્માના ગુણોનો નાશ કરે છે. ક્રોધ આવે એટલે ક્ષમાનો નાશ થાય. જ્યારે જીવને ક્રોધ આવે છે ત્યારે તેની સામે મા-બાપ, ગુરૂ કે બીજા કોઈ વડીલો કોણ ઉભા છે, તેનું તેને ભાન રહેતું નથી. તે ઉપકારીઓના ઉપકારને પણ ભૂલી જાય છે. મહાન ચારિત્રની સાધના કરનાર સાધકને પણ ક્રોધે પછાડી દીધા ને તિર્યંચ ગતિમાં ફેંકી દીધા.

ક્રોધ એ દારૂણ દાવાનળ છે. તે દાવાનળ પર પાણીનો ધોધ વરસાવો તો પણ બૂઝાય નહિ. બીજા દાવાનળ કરતા આ દાવાનળ જુદી જાતનો છે. એની નજીકમાં જેનો પગ પડયો તેના વિવેકચક્ષુ ડૂલ થઈ જાય છે. એ દાવાનળનો સ્પર્શ થતાં ચારિત્ર પણ ભસ્મીભૂત થઈ જાય છે. એ દાવાનળમાંથી જે પ્રચંડ ધુમાડો નીકળે છે તેનો સ્પર્શ થતાં ઉજ્જવળ અને પવિત્ર યશ પણ ખતમ થઈ જાય છે. ક્યારેક માનવી પોતાના પ્રાણ ગુમાવી બેસે છે. એટલું જ નહિ પણ એવા વૈર બાંધે છે કે જે ભવોભવ સુધી એને પીડે.

કષાયો કાળા નાગ જેવા છે. સર્પની પૂંછડી સ્હેજ દબાતાની સાથે કાળો ભોરીંગ નાગ ફૂંફાડા મારી ગમે તેવા ભડવીરને પણ ભરખી જાય છે, તેમ માનવીના માનની પૂંછડી સ્હેજ દબાઈ કે એવો ભયંકર ક્રોધ ફૂંફાડા મારે કે ન પૂછો વાત, આ સમયે કોઈ એની સામે જવાની હિંમત કરે નહિ. જો કોઈ જાય તો એને પણ ઝપાટામાં લઈ લે. અગ્નિ તો લાકડાની અંદર નાંખો તો આગળ વધે પણ કષાયોને તો લાકડાની જરૂર પડતી નથી. અણગમતા શબ્દનું થોડું ઘાસલેટ હોમાઈ ગયું કે ખેલ ખતમ. કષાયો તો અગ્નિ કરતા પણ ભયંકર છે. કષાયોને રાક્ષસની ઉપમા પણ આપી છે. જેમ રાક્ષસ બધાને ભરખી જાય છે તેમ કષાય રૂપી રાક્ષસ આત્માના ગુણોને ભરખી જાય છે. ક્રોધનો

કાળોતરો નાગ તો જોવામાં અને સ્પર્શવામાં બંને રીતે ભયંકર છે. કાળજાના કરંડિયામાં જો એને પ્રવેશ સ્થાન મળે તો પહેલા કુંફાડામાં ક્ષમા રૂપી પ્રાણ લેતા એને શરમ આવતી નથી. સામાને તો એ કરડે ત્યારે કરડે પણ એના પહેલા ડંખનું જીવલેણ નિશાન તો આપણે પોતે થવાના, માટે આવા નાગને આશ્રય આપતા પહેલાં ખૂબ વિચાર કરવાની જરૂર છે.

એક ખૂબ સુખી શ્રીમંત શેઠ હતા. લક્ષ્મીનો તો પાર ન હતો. શેઠની પાસે ધન ઘણું હતું પણ જીવનમાં ધર્મ ન હતો, તેમજ લોભી ઘણા હતા. કરોડોની મિલ્કત હોવા છતાં કોઈ દિવસ સંસ્થામાં બે પૈસા પણ આપવા ગમતા નહિ. શેઠાણી ખૂબ ગુણીયલ, સંસ્કારી, ડાહ્યા અને ધર્મશ્રદ્ધાવાન હતા. કુટુંબમાં એક માણસ જો સમજુ અને ડાહ્યો હોય તો બીજાના જીવન સુધારે ને કુટુંબને ઉજ્જવળ કરે. શેઠાણીને મનમાં ખૂબ ચિંતા થતી કે સંસારી બધું સુખ હોવા છતાં મારા પુણ્યમાં ખામી છે કે મારા પતિને ધર્મ ગમતો નથી. ધન ગમે તેટલું હોય પણ જો જીવનમાં ધર્મ ન હોય તો તે જીવનની કોઈ કિંમત નથી. શેઠાણી એક દિવસ કહે–શેઠ! આપના તરફથી બધું સુખ છે પણ એક વાતનું મને દુઃખ છે. શેઠાણી! શું દુઃખ છે? શેઠજી! આપ કોઈ દિવસ ઉપાશ્રયે આવતા નથી, વીરવાણી સાંભળતા નથી, સત્સંગ કરતા નથી, ધર્મ જેવી કોઈ ચીજને માનતા નથી. આપ એક દિવસ તો ઉપાશ્રયે આવો! આપની પાસે મારી આ એક ઈચ્છા છે. આજે આવી પત્નીઓ બહુ ઓછી હોય. આજે પતિ પરદેશ જતો હોય તો શું કહે? મારા માટે સાડી લાવજો, આ લાવજો, તે લાવજો, પણ આ શેઠાણી તેવા ન હતા. તે તો એમ સમજતા હતા કે હું જેને પરણીને આવી છું તે પતિ નરકમાં તો ન જ જવા જોઈએ.

શેઠાણીએ ખૂબ કહ્યું ત્યારે શેઠે કહ્યું–તારા વચન ખાતર હું ઉપાશ્રયે આવીશ પણ તારા ગુરૂને કહી દેજે કે મને કોઈ બાધા લેવાની કંઈ ટકોર ન કરે. શેઠાણી કહે–મારા ગુરૂ ક્યાં નવરા બેઠા છે? તે તમને કંઈ નહિ કહે, પણ એક વાર ઉપાશ્રયે તો આવો. બંને જણા ઉપાશ્રયે ગયા. તે દિવસે ગુરૂદેવે સહજ રીતે ક્રોધ ઉપર વ્યાખ્યાન આપ્યું. હે મુમુક્ષુ જીવો! તમારાથી તપ ન બને તો તપ ન કરશો પણ ક્રોધ ઉપર વિજય મેળવો. ક્રોધના કટુફળ જીવને કેવા ભોગવવા પડે છે! સંયમી જીવનમાં સાધકની સાધના ગમે તેટલી હોય પણ જો ક્રોધ ઉપર વિજય મેળવ્યો નથી તો ક્રોધની ચિનગારી બધી સાધનાને બાળી નાંખે છે. વશિષ્ઠ ઋષિએ ૬૦ હજાર વર્ષો સુધી તપ કર્યો પણ ક્રોધને જીતી શક્યા નહિ તો કલ્યાણ થયું નહિ. ક્રોધથી જીવ નરક ગતિમાં જાય છે. ક્રોધાદિ કષાયો કાળી ડિબાંગ (ઘનઘોર) રાત્રી જેવા છે. પૃથ્વી પર અમાસના અંધારા છવાઈ ગયા હોય ત્યારે છતી આંખે સારું જગત અંધકારમય દેખાય છે, તેવી રીતે ક્રોધીને માટે કાયમ કાળી અંધારી રાત હોય છે. કષાયોની પરવશતાથી ભાન ગુમાવી બેઠેલો એ માનવી અજ્ઞાનના અંધારામાં અથડાયા કરે છે. કર્તવ્યાકર્તવ્યનો વિવેક પણ લુપ્ત થઈ જાય છે.

જેમ પાગલ માણસને બોલવા ચાલવાનું, ખાવાપીવાનું કે બેસવા ઉઠવાનું ભાન રહેતું નથી, તેમ કષાયો પણ માનવીને પાગલ જેવા બનાવી દે છે. તે પાગલની જેમ બધી ચેષ્ટાઓ કરતો રહે છે. પાગલ તો હજુ કદાચ સુધરી શકે, પણ કષાયોની પાગલતા જેના ઉપર સવાર થઈને બેસે છે એને માટે તો જીવનનું નવપ્રભાત ઉગવાનો સમય આવતો નથી. કષાયો સાગરના ભયંકર આવર્ત જેવા છે. સમુદ્રના આવર્તમાં ફસાઈ ગયેલ નૌકા, નાવિકો કે અંદર બેસનાર ભાવિકો આ બધા મરણને શરણ થાય છે. તેમાંથી કોઈ બચી શકતું નથી, તેમ સંસારરૂપ સમુદ્રમાં કષાયના આવર્તમાં ફસાયેલ સંસારી કે સાધુ, ધર્મી કે અધર્મી, જ્ઞાની કે ધ્યાની કોઈ સહીસલામત બહાર નીકળી શકતું નથી. એક વખત એમાં ફસાયો એટલે સદ્ગુણોની બાદબાકી એમના માટે બાકી રહે છે.

સંતે ક્રોધ ઉપર એવો સચોટ ઉપદેશ આપ્યો કે શેઠના હૃદયનું પરિવર્તન થયું. જ્યારે જીવની ભવ્યતા જાગે અને હળુકર્મી બનવાનો હોય ત્યારે સંતોનો ઉપદેશ ગમે. સંતનો ઉપદેશ સાંભળીને શેઠ વિચાર કરવા લાગ્યા કે મારું જીવન તો ક્રોધના તરંગોમાં તણાઈ રહ્યું છે. અરરર...શું મારી અધોગતિ થશે? ના...ના...હવે શા માટે અધોગતિ? શેઠે તરત ત્યાં ઉભા થઈને ગુરૂદેવને કહ્યું–ગુરૂદેવ! આહાર વિના શરીર નભી શકે, પણ ક્રોધ વિના નભતું નથી, પણ આપના આત્મસ્પર્શી સચોટ ઉપદેશે મારા જીવનમાં અજબ પલટો આવ્યો છે. આપ મને પ્રતિજ્ઞા કરાવો કે સાત દિવસ સુધી મારે ક્રોધ ન કરવો. શેઠે પ્રતિજ્ઞા લીધી. બધાના મનમાં થયું કે આ શેઠ બાધા અહીં મૂકીને જશે, કારણ કે બધા સમજતા હતા કે તીખા મરચા સારા પણ શેઠનું નામ દેવું એ સારું નહિ. શેઠ એટલા બધા ક્રોધી હતા. શેઠ તો બાધા લઈને ઘેર આવ્યા. શેઠાણીના મનમાં થયું કે શેઠ ઉપાશ્રયે આવ્યા તો કેટલો લાભ થયો? તેમને કહેવું પણ ન પડયું કે તમે બાધા લો. રોજ તો શેઠ જમવા બેસે ત્યારે એમનો ટાઈફો એટલો બધો હોય કે તે જમવા આવે ત્યારે ઘરના બધા ધ્રુજી જાય, પણ આજે તો શેઠ કાંઈ બોલતા નથી. શેઠ જમીને ઓફીસે ગયા. તેમના ભત્રીજાને ખબર પડી કે મારા કાકાએ ક્રોધની બાધા કરી છે, એટલે તેમની પરીક્ષા કરવાનું ભત્રીજાને મન થયું.

**પાંચ પાંચ પરીક્ષાએ પણ શેઠની સમતા** :–શેઠે ભત્રીજાને કહ્યું કે તું ઉઘરાણી જઈ આવ, ત્યારે ભત્રીજાએ કાકાનું અપમાન કર્યું. તેમને કહ્યું–ડોસા! આપની બુદ્ધિ બુઠ્ઠી બની ગઈ લાગે છે. આટલી મોટી ઉંમર થઈ છતાં મતિ સુધરી નહિ. મરોને હવે, કયારે જશો અહીંથી? ભત્રીજાએ આવા શબ્દો કહ્યા, અપમાન કર્યું, છતાં શેઠ કાંઈ બોલ્યા નહિ કે આંખ પણ લાલ થઈ નહિ. એકવાર શેઠના વહેપારીઓ આવેલા. એ બધાની વચ્ચે ભત્રીજાએ શેઠનું હડહડતું અપમાન કર્યું, અને કહ્યું–ઘરડા થયા છે, મરવા જેવા થયા છે છતાં હજુ મોહ છૂટતો નથી. ગાદીએથી ઉઠતા નથી. શેઠ કહે છે બેટા! તારી વાત સાચી છે. અત્યારે ભગવાનનું નામ લેવાનો સમય છે, છતાં નામ

દઈ શકતો નથી. ખરેખર, મારા જેવો મૂર્ખ કોણ હશે? ભત્રીજો તો શેઠની ક્ષમા જોઈને સ્થંભી ગયો. આવી રીતે શેઠની પાંચ પાંચ વાર પરીક્ષાઓ કરી છતાં શેઠને કષાય તો ન આવી, પણ આંખનો ખૂણો પણ લાલ ન થયો. જીવનમાં સત્સંગ કેવું કામ કરે છે! ઉપાશ્રયના પગથીયે નહિ ચઢનાર શેઠ એક દિવસના સંતના સંગથી કેટલા સુધરી ગયા! માટે જ્ઞાની ભગવંતો કહે છે કે કષાયને જીતો. કષાય વિજેતા બનો. ભગવાન સૂયગડાંગ સૂત્રમાં બોલ્યા છે કે—

पलिउंचणं च भयणं च, थंडिल्लुस्सयणाणि य ।
धूणादाणाइं लोगंसि, तं विज्जं परिजाणिया ॥ અ. ૯ ગાથા ૧૧

માયા, કપટ, લોભ, ક્રોધ, માન એ સર્વ કષાયો લોકમાં કર્મબંધનના કારણ જાણી વિદ્વાન મુનિ તેનો ત્યાગ કરે. ક્રોધથી જ્ઞાનની હાની થાય છે, માન આત્માને અધમ ગતિમાં લઈ જાય છે, સર્વ ધાર્મિક ક્રિયાઓને માયા કપટ નિષ્ફળ બનાવે છે અને લોભ આત્માને વિવેકશૂન્ય બનાવે છે. એમ જાણી કષાયોને દૂર કરવા. કષાયોથી સંસારની વૃદ્ધિ થાય છે.

નમિરાજ ઈન્દ્રને કહે છે કે હે વિપ્ર! તું મને એમ કહેવા માંગે છે કે તમે બીજા ભવમાં સુખ મળે એ માટે છતાં સુખોને લાત મારીને દીક્ષા લો છો, પણ હું બીજા ભવનાં સુખ માટે દીક્ષા લેતો નથી. એ સુખો મેળવવા માટે જીવ કષાયને આધીન બને છે. કષાય તો જીવને ભવોભવમાં ભમાવે છે. કષાયો એ સંસારરૂપી વૃક્ષનું મૂળીયું છે. એ મૂળીયું સચેતન છે ત્યાં સુધી સંસાર નવપલ્લવિત રહેવાનો છે, માટે કષાયનો ત્યાગ કરો. "वमे चत्तारि दोसो उ इच्छन्तो हियमप्पणो ।" જે આત્માનું હિત, શ્રેય, કલ્યાણ ઈચ્છતા હોય તેણે આ ચાર દોષોનું વમન કરી દેવું જોઈએ. આ રીતે નમિરાજે વિપ્રને કહ્યું. વિપ્રે નમિરાજને હરાવવા માટે અનેક વાગ્બાણોના પ્રહાર કર્યા પણ હવે તેમનો ખજાનો ખૂટી ગયો. હવે તે હારી ગયા. કહેવાય છે ને કે ચાલનારો થાકે, ઉભો રહેનારો થાકે પણ બેસનારો કોઈ દિવસ ન થાકે, તેમ ઈન્દ્રે નમિરાજને હરાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ તે પ્રશ્નોના જવાબ તો સુંદર મળી ગયા. હવે ઈન્દ્ર શું કરશે તે વાત અવસરે.

**ચરિત્ર** :—શેઠ શુભાને બોલાવવાની તક શોધી રહ્યા હતા. તે તક મળી ગઈ. શેઠે કહ્યું—બેટા શુભમતિ! જેમ બાપ દીકરીને બોલાવે તેમ શેઠ શુભાને બોલાવે છે ને કહે છે, તમને ઠીક નથી? કુમુદ અને રમા કહેતા હતા કે ભાભીને ખૂબ તાવ આવ્યો છે. તમને ઠીક નથી છતાં કેટલી જહેમત ઉઠાવી રહ્યા છો? ઘરકામ તો હંમેશ માટે છે પણ પહેલા શરીરનું ધ્યાન તો રાખવું પડે ને? કોઈ દવા લેવી હતીને? તમે દુઃખી છો, મારો દીકરો દુઃખી છે. તમે કામકાજ ઘણું સારું કરો છો, પણ તબિયત સામું તો જુઓ. શેઠ આટલું બોલે છે છતાં શુભા ઊંચું જોતી નથી. એક કાને સાંભળે ને બીજા કાને કાઢી નાંખે છે. કાંઈ જવાબ આપતી નથી. શેઠે કુમુદને કહ્યું—શુભમતિને તાવ આવે છે, માટે જલ્દી તું વૈદને બોલાવી લાવ. વૈદને બોલાવી ચિકિત્સા કરાવી દવા કરીએ. અત્યાર સુધી

મૌન રહેલી શુભમતિએ મીઠી ભાષામાં કહ્યું–પિતાજી! મારે વૈદની જરૂર નથી. આ તો શરદી થઈ ગઈ છે તેથી તાવ આવી ગયો. થોડી વાર આરામ કરીશ એટલે સારું થઈ જશે. આપ મારી ચિંતા કરશો નહિ, છતાં શેઠે કુમુદને દવા લેવા મોકલી. હવે રસોડામાં શુભમતિ સિવાય બીજું કોઈ ન હતું.

**શુભાને પોતાની બનાવવા તરકીબ ઘડતા શેઠ** :–શુભાને એકલી જોઈને શેઠ કહે છે શુભા! આપણા ઘરમાં ધનના ભંડાર ભરપૂર ભર્યા છે. નોકરચાકરો બધા ખડાપગે રહે છે, છતાં તમારું શરીર દિવસે દિવસે કેમ દુર્બળ બનતું જાય છે? તમને શી ચિંતા છે? આપણે ત્યાં ખાનપાનમાં કંઈ ન્યૂનતા નથી. તમને તમારા માતા પિતા યાદ આવ્યા હોય તો થોડા દિવસ પિયર જઈ આવો, તેથી મન પ્રફુલ્લિત બને. ચિંતા બહુ ખરાબ છે. તે જીવનના ઉપવનને વેરાન બનાવી દે છે. ચિંતાયુક્ત માનવી જીવતો છતાં મરણ તુલ્ય છે. મને તો લાગે છે કે કિશોર તારા સ્પર્શથી રોગી બની ગયો, તેથી તારા પર કલંક ચઢયું છે. એ વાતની ચિંતા તને સતાવી રહી હશે? શેઠ આટલું બોલે છે છતાં શુભા એક શબ્દ ઉચ્ચારતી નથી કે ઉંચું જોતી નથી. શેઠ કહે–હું આટલું કહું છું છતાં તું જવાબ આપતી નથી ને મૌન બેસી રહી છે. તું તો મારી દીકરી સમાન છે. તું તારા મનની વાતો કહીને તારા મનનો ભાર ઓછો કર. પુત્રી જો પિતાને વાત નહિ કહે તો બીજા કોને કહેશે? તું કયાં સુધી સંકોચ રાખીશ? તને અમારા તરફથી કોઈ દુઃખ કે અગવડ તો નથી ને? શેઠના આ શબ્દો સાંભળી શુભાના મનમાં થયું કે અરે, વાહ શેઠ વાહ! સ્વાર્થની ખાતર તો અમારા જીવન દુઃખમાં નાંખ્યા છે. મારા જીવન પર કેટલો સીતમ ગુજારી રહ્યા છો. મારા અંતરને દુઃખની અગ્નિમાં જલાવી રહ્યા છો. છતાં પૂછો છો કે તને શું દુઃખ છે! "આ તે કેવા પ્રકારની કપટબાજી!" મનમાં થયું કે હું સત્ય વાત કહી દઉં પણ થયું...ના...ના, હમણા બોલવામાં સાર નથી. શુભા! કેટલી ગંભીર છે! શેઠ ગમે તેટલું બોલે છે પણ શુભા બોલવામાં ઉતાવળી થતી નથી. કહ્યું છે કે "**ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર**" કોઈ પણ કાર્યમાં ઉતાવળું પગલું ભરવાથી પરિણામ સારૂં આવતું નથી. પાછળથી પસ્તાવાનો સમય આવે છે. એમ માનીને તે તો મૌન રહીને બધું સાંભળે છે.

શુભમતિના મૌનથી શેઠનું હૃદય વધુ દુઃખી બન્યું. શેઠ કહે છે દીકરી! માતા–પિતા સંતાનોના સુખે સુખી અને દુઃખે દુઃખી હોય છે. માતા પિતા સંતાનો માટે જે કાંઇ કરે છે તેમાં તેમની શુભ હિતની લાગણી હોય છે, છતાં જો કાંઇ દુઃખ આવે તો પછી પોતાના કર્મનો દોષ, અમને ખબર હોત કે લગ્ન પછી તારા અને કિશોરના જીવનમાં આવી દુઃખદ ઘટના બનશે તો તારી સાથે કિશોરને પરણાવત નહિ. હવે મને ઘણો પસ્તાવો થાય છે. પણ હવે શું થાય? લગ્ન પછી તમે બંને દુઃખી છો. તું કિશોરથી ભાગતી ફરે છે, પણ કિશોરને તો તું જ ગમે છે.

**તેરે સ્પર્શસે કિશોરકુમારકા, ગાયબ હો ગયા રૂપ,**
**અસહ્ય પીડા હોને પર ભી, તુજે ભૂલે નહિ ક્ષણ વાર.**

મારો રાજકુમાર જેવો દેવને પણ ઝાંખો પાડે એવો દીકરો તારા સ્પર્શથી કોઢીયો બની ગયો. મારો દીકરો તને કેટલો ચાહે છે; તારા સિવાય કોઈની પાસે સેવા કરાવવાની પણ ના પાડે છે. અરે શું કહું! એ તો એટલે સુધી કહે છે કે મારા પ્રાણ જાય તો ભલે જાય પણ શુભા સિવાય કોઈની પાસે સેવા નહિ કરાવું. તારી યાદમાં એનું અંતર બળી રહ્યું છે, છતાં તમે એના સામું પણ જોતા નથી. તમે તમારી દીકરીને પ્રેમથી ટૂંકા નામથી બોલાવો છો તેમ શેઠ પણ પ્રેમ બતાવવા શુભમતિને શુભા કહીને બોલાવે છે. શુભા! અમને તો અમારા જીવનમાં નવદંપતીને આનંદ કિલ્લોલ કરતા જોવાની આશા હતી, પણ અમારી આશા ઠગારી નીવડી. ચિંતાથી તમારું શરીર સૂકાય છે. હું પણ ચિંતામાં ખાતોપીતો નથી, છતાં તમને ચિંતાથી મુક્ત થવા મન થતું નથી?

તું તારા પતિ કિશોરના સામું જો અને તેને બોલાવ તો બધાની ચિંતા દૂર થાય. હું તો રાત દિવસ પ્રભુને એ જ પ્રાર્થના કરું છું કે આપ બંનેના મન એક થઈ જાય. તું એનો પ્રેમથી સ્વીકાર કર. કિશોરની બાબતમાં આટલી બધી બેદરકાર રહેવાનું શું કારણ? તે તું મને કહે. કિશોર ભયંકર દર્દથી પીડાય છે, છતાં તારા દિલમાં જરાપણ અનુકંપા કે કરૂણા નથી! સ્રીનું હૃદય તો પુષ્પ જેવું કોમળ હોય છે. કિશોરની પીડાથી તારૂં હૈયું કોમળ કેમ બનતું નથી! સંસારને સુખી કરવા માટે વ્યવહારને શુદ્ધ રાખવો જોઈએ. કદાચ તને કિશોરની સેવા કરતાં દુર્ગંધ આવતી હોય કે દુર્ભાવ થતો હોય પણ આ ભાવ તારા દિલમાં ન આવવો જોઈએ. કિશોરનો તું સ્વીકાર કરતી નથી, એની સેવા કરતી નથી, આ વાત જ્યારે ગામમાં ફેલાઈ જશે ત્યારે દુનિયા તને શું કહેશે? બધાને ખબર છે કે તારા સ્પર્શથી મારો દીકરો કોઢિયો બન્યો છે એ વાત બરાબર મજબૂત થશે અને લોકો તારા તરફ વધુ શંકાશીલ બનશે. તારા માથે જે કલંક ચઢયું છે તે ઉતરશે નહિ પણ વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરશે. શુભા! હજુ હું તને કહું છું કે તું ભૂતકાળને ભૂલી જા અને વર્તમાનકાળને ઉજ્જવળ કરવા બધી શુભ પ્રવૃત્તિઓ કર.

**દુઃખના વિષમ ઘૂંટડાને પી જઈને કિશોરને અપનાવ:**–કિશોર એના કર્મોથી રોગી બન્યો છે. તું તો નિમિત્ત માત્ર છે. અશુભ કર્મનો ઉદય શુભમાં ફેરવાઈ જશે ત્યારે કિશોરની કાયા કંચનવર્ણી બની જશે. તારી કિશોર પ્રત્યે અડગ નિષ્ઠા અને સેવા હશે તો રોગી કાયા પણ નિરોગી બની જશે અને તારૂં કલંક દૂર થઈ જશે. મહાન સતીઓના માથે કલંક ચઢયા પણ પોતાના પતિ પ્રત્યેનો સમર્પણ ભાવ જરા ઓછો થયો નથી. ત્યારે તેમના નામ ઈતિહાસના પાને અમર થયા છે. અરે પતિના વિયોગમાં પણ શીલના સૌંદર્યને ઝાંખું પડવા દીધું નથી. તેના રોમેરોમમાં પતિનું રટણ હોય છે. સતીનું જીવન પતિના વિયોગમાં શુષ્ક બની જાય છે. તેનું જીવન ઝેર બની જાય છે, છતાં તે સ્વપ્નમાં પણ પરપુરૂષને ઈચ્છતી નથી. આપત્તિઓના અગ્નિકુંડમાં પડવા છતાં કયારે પણ શીલથી ડગી નથી. એ શીલના પ્રભાવે દેવો પણ તેમની વહારે આવ્યા છે, ને

સતીઓના કલંક ઉતરી ગયા છે, અને તેમના જીવન, રત્નોની માફક વધુ પ્રકાશિત બન્યા છે. શુભા, તારા મા-બાપના કુળ સામું તો જો. ઉત્તમ કુળની કન્યા અને ઉત્તમ કુળની પુત્રવધૂ છે. તું ધર્મ કર્મ બધું જાણે છે. આદર્શ માતા પિતાના આદર્શ સંસ્કારો તારામાં છે. તને વધુ શું કહું ! મને આજ સુધી આશા હતી કે તું અમારી વાતને માનીશ. તું સીધા રાહે આવી જઈશ. શરૂઆતમાં તો બધું નવું નવું લાગે એટલે તને લજ્જા આવે, પણ તમારા લગ્ન થયાને મહિનાઓ થયા, છતાં તારા અને કિશોર વચ્ચે જે અડીખમ દિવાલ પડી છે તેને તોડવા માટે તેં જરાપણ મહેનત કરી નથી. તને કાંઈ થતું નહિ હોય, પણ આ પિતાનું હૃદય તો રાત-દિવસ બળી રહ્યું છે. હવે મારાથી આ દુઃખ સહન થતું નથી, તેથી મેં મારા હૈયાની વરાળ તારી પાસે કાઢી છે. હવે તારે સમજવું જોઈએ. દુઃખના વિષમ ઘૂંટડાને પી જઈને તું કિશોરને અપનાવી લે. મારો દીકરો જો ખાનદાન કુળનો ન હોત તો તારો કયારનો ત્યાગ કરી દીધો હોત, તારું નામ પણ સાંભળત નહિ. તું કિશોરનો પ્રેમથી સ્વીકાર કરીશ, તેની પાસે જતી રહીશ તો તેનો અડધો રોગ મટી જશે. હજુ શેઠ શુભાને કેવી રીતે સમજાવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં.-૧૦૧

**કારતક સુદ ૧૧ ને શનિવાર** **તા. ૭-૧૧-૮૧**

અનંતજ્ઞાની શાસ્ત્રકાર ભગવંતોએ ભવ્ય જીવોને તરવા માટે સિદ્ધાંત રૂપ વાણીની પ્રરૂપણા કરી. આપણે ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયનનો અધિકાર ચાલે છે. નમિરાજર્ષિ અને વિપ્રના રૂપમાં આવેલા ઇન્દ્ર વચ્ચે પ્રશ્નોની છણાવટ થઈ રહી છે. ઈન્દ્રે પ્રશ્નો પૂછયા અને વૈરાગ્ય રંગમાં રમતા રાજર્ષિએ જવાબ પણ વૈરાગ્યમય આપ્યા. છેલ્લે નમિરાજે કહ્યું કે હે વિપ્ર! જ્યાં સંસાર છે ત્યાં કષાય છે. કષાયોના શમન બિના, અને ઇન્દ્રિયોના દમન વિના આત્માની શાંતિ, ચિત્તની પ્રસન્નતા અને આત્માની પવિત્રતા પ્રાપ્ત થતી નથી. ધર્મારાધનામાં સ્થિરતા આવતી નથી. કષાયોમાં ક્રોધ એ તો આત્માનો ભયંકર શત્રુ છે. ક્રોધ એ કાતિલ કરવત છે. તે દ્વારા પોતે જ મરે છે ને બીજાને મારે છે. આત્માને દુર્ગતિના દ્વારે ધકેલી દે છે, જીવનને દુઃખી કરે છે, મનને કલુષિત કરે છે ને શરીરની બરબાદી કરે છે. વર્ષોની તપશ્ચર્યા અને સંયમને પણ ક્રોધ નાશ કરે છે. એક ચિત્રકારે બાર બાર વર્ષની મહેનત પછી આબેહૂબ સાક્ષાત્ જીવંત હોય તેવું ચિત્ર બનાવ્યું. તે ચિત્ર પર કોઈ શાહીનો ભરેલો ખડિયો ઢોળી નાંખે તો તે ચિત્ર ક્ષણવારમાં નાશ પામે છે તેવી રીતે થોડા સમયનો ક્રોધ ક્રોડ વર્ષના સંયમનો નાશ કરે છે.

ક્રોધ પછી બીજો નંબર માનનો આવે છે. ગુજરાતી બારાખડીમાં 'હું' જેવો કોઈ વાંકો શબ્દ નથી. હું જ્યાં ને ત્યાં વંકાય છે. જે ઝાડ તાડ કે નાળિયેરી જેવાં ઊંચા હોય છે તેની કોઇને છાયા મળતી નથી. નાના અને નમેલા વૃક્ષોની શીતળ છાયા મળે છે.

તે પ્રમાણે આપણે પણ માન છોડીને નમ્રતાનો ગુણ લાવવાની જરૂર છે. સિગ્નલ નીચું નમે તો આગગાડી પસાર થાય છે. કૂવામાં ઘડો નમે ત્યારે તેમાં પાણી ભરાય છે, તેમ જીવને મોક્ષમાં જવું હોય તો નમ્રતાની જરૂર છે. નમનથી માનનું શમન થાય છે. આત્મા નમે તો ઘડાની માફક જ્ઞાન રૂપી પાણી મેળવી શકે. જેનામાં નમનનો ગુણ છે તે કર્મોનું શમન કરી શકે છે. બાહુબલીજીમાંથી અહંભાવ ગયો અને જેવા પોતાના નાના ભાઈઓને નમવા દોડયા કે ત્યાં કેવળજ્ઞાનનો પ્રકાશ મળ્યો, માટે માન પર વિજય મેળવવાની જરૂર છે.

માન પછી માયાનો નંબર છે. ભગવાન સૂયગડાંગ સૂત્રમાં બોલ્યા છે કે

**जे यावि बहुस्सुए सिया, धम्मिय माहण भिक्खुए सिया**
**अभिणूम कडेहिं मुच्छिए, तिव्वं ते कम्मेहिं किच्चइ ॥** અ. ૨ ગાથા-૭

માયામય અનુષ્ઠાનોમાં આસક્ત પુરૂષ ચાહે બહુશ્રુત હોય, ધાર્મિક હોય, બ્રાહ્મણ હોય કે ચાહે ભિક્ષુક હોય પણ માયાકૃત અનુષ્ઠાનોથી અશુભ કર્મોનું બંધન થાય છે, અને તે અશુભ કર્મોના વિપાકોદ્વારા ઘણા દુઃખોને પામે છે. અરે, કોઈ સાધક ચાહે નગ્ન રહે, શરીરને કૃશ કરીને વિચરે અથવા માસખમણના પારણે માસખમણ કરે પણ જો તે માયા કરે છે તો તેને અનંતકાળ સુધી ગર્ભમાં આવવું પડે છે, માટે માયાથી સર્વથા દૂર રહેવું જોઈએ.

ચાર કષાયમાં છેલ્લો નંબર છે લોભ. લોભને સરદારની ઉપમા આપી છે. માનવી પાસે ધન વધુ હોય કે ઓછું હોય તેની કિંમત નથી પણ જેણે લોભ ઉપર, તૃષ્ણા ઉપર વિજય મેળવ્યો છે તે સાચો ધનાઢય છે, તે સાચો શ્રીમંત છે. કંઇક માણસો ધનવાન હોવા છતાં તેના જીવનમાં સંતોષ નથી હોતો અને કંઈક વાર જોવા મળે છે કે સાવ ગરીબ હોવા છતાં તેના જીવનમાં સંતોષ હોય છે. તેને આજીવિકા પૂરતું મળી જાય પછી કોઈ વધુ આપે તો પણ લેતા નથી. પવિત્ર ભારત ભૂમિનો ઇતિહાસ એમ કહે છે કે આ દેશનો ભિખારી પણ કંગાળ કે લૂંટારું ન હોય, તો પછી શ્રીમંત માણસોની વાત જ કયાં કરવી!

એક ગરીબ ભિખારી હતો. પોતાની આજીવિકા નભાવવા લાચારી વશ ભીખ માંગવાનો ધંધો શરૂ કર્યો. કુદરતે એને ભલે બીજું કંઈ નહોતું આપ્યું પણ કંઠ મધુર આપ્યો હતો. ગરીબ માણસમાં કંઠકળા મીઠી-મધુર હોય છે. આ ભિખારી રેલ્વે સ્ટેશને જ્યાં ટ્રેઈનો દોડાદોડ કરતી હોય છે, ત્યાં જાય, ટ્રેઈનોની અંદર આ ભિખારી ડબ્બે ડબ્બે ફરે ને ત્યાં જઈને ભીખ માંગે. એક વખતે એ શ્રીમંત યુવાનોનો એક ડબ્બો હતો ત્યાં ગયો. ત્યાં જઇને તેણે મધુર કંઠે ખૂબ સુંદર ભાવવાહી ગીત લલકાર્યું. સાંભળતા ક્ષણ વાર તો વૈરાગ્ય આવી જાય, પછી ભકત સુરદાસનું એક ગીત લલકાર્યું પણ યુવાનોને આ ગીત ગમ્યું નહિ. તેમણે કહ્યું, અમે તારા કંઠની મધુરતાને મોહ્યા પણ ગીતને મોહ્યા નથી. એ ડબ્બામાં યુવાનોનું ટોળું હતું. તે પિક્ચરના ગીતોના રસીયા અને

હલકા ગીતોના સાંભળનાર હતા. આજે પણ એ જ દશા છે. પિકચરના ગીતો આવે તો તેમનું માથું ધુણવા માંડે અને વૈરાગ્યરસમય ગીતો આવે તો ઝોકા ખાવા લાગે.

પિક્ચરના ગીતના રસીયા યુવાનોએ એ ભિખારીને કહ્યું, ભાઈ! અહીં આવાં ભજન નહિ ચાલે. તને પિક્ચરના ગીત આવડે છે કે નહિ? તું એવા મસ્ત ગીત ગા કે બધા ખુશ ખુશ થઈ જાય. પેટની પરાધીનતાએ તેને ફિલ્મી ગીતો શીખવાની પણ ફરજ પડી હતી, તેથી એણે ફિલ્મી ગીતો ગાયા. એ ગીતો સાંભળતા બધાના મસ્તક ડોલવા લાગ્યા. બધા તેના ગીતમાં તન્મય બની ગયા, પછી બધાએ ભિખારીને કંઇક આપવા માટે રૂમાલની ઝોળી બનાવીને બધા વચ્ચે ફેરવવા માંડી. કોઈએ પાંચ રૂપિયા, કોઇએ બે રૂપિયા, કોઇએ એક રૂપિયો એમ આપીને રૂમાલની ઝોળી છલકાવી દીધી. બધાએ એ ભિખારીને કહ્યું કે તું આ ઝોળીના પૈસા લઇ લે. બધાએ તને પ્રેમથી આપ્યા છે.

ભિખારી કહે, મારે આટલા બધા પૈસા નથી જોઈતા. હું આટલા બધા પૈસા નહિ લઉં. ભાઈ! તારા માટે તો આ પૈસા ભેગા કર્યા છે. એમાંથી તારે જેટલા જોઇએ તેટલા પૈસા લે. બધાએ ખૂબ કહ્યું. ત્યારે તે ભિખારીએ તેમાંથી શોધીને માત્ર એક પાવલી લીધી. માત્ર પચ્ચીસ પૈસા લીધા. જેની સ્થિતિ સાવ ગરીબ છે, જે ભીખ માંગીને પોતાની આજીવિકા ચલાવે છે તેની સામે આટલા બધા પૈસા આવ્યા છતાં, તેમાં લલચાયો નહિ ને માત્ર એક પાવલી લીધી. ગરીબીમાં પણ કેટલી નિર્લોભ દશા! જ્યારે ભિખારીએ પાવલી લીધી ત્યારે પેલા યુવાનો કહે છે કે અલ્યા ગાંડા! અમે તને આટલું બધું આપવા તૈયાર છીએ, છતાં તું એક પાવલી જ કેમ લે છે? તે સમયે પેલા ભિખારીએ શો જવાબ આપ્યો? તેનો જવાબ સાંભળવા જેવો ને યાદ રાખવા જેવો છે. ભિખારીએ કહ્યું–ભાઇઓ! "मैं भारतका भिखारी हुं लूटेरा नहि।" હું ભિખારી છું, લૂંટારું નથી. મેં આપને ત્રણ ગીતો સંભળાવ્યા છે. આખો દિવસ રાત સંભળાવ્યું નથી. ત્રણ ગીતો ગાતા મને વીસથી પચ્ચીસ મિનિટ થઇ છે, તેથી મને પાવલી બરાબર છે. એ મહેનતના બદલામાં હું ૨૫ પૈસાથી વધુ લઉં તો મેં લૂંટ ચલાવી કહેવાય. વગર હકનું ને વગર મહેનતનું ને વગર જરૂરિયાતનું લઈ ને હું કદાચ ભેગું કરતો હોઉં તો હું મારા આત્માને છેતરી રહ્યો છું. એક વાત જરૂર છે કે પાપના ઉદયે હું ભિખારી જરૂર છું પણ લૂંટારું નથી. આટલી ગરીબીમાં પણ કેટલી સંતોષવૃત્તિ! મહેનતની કમાણીનું લેવાની જ ભાવના પણ તેથી વધુ મળવા છતાં નહિ લેવાની કેટલી શુદ્ધ ભાવના! અત્યારે કોઈ આવું કહેનાર છે ખરું? ભિખારીએ કેટલો લોભ જીત્યો કહેવાય! બોલો, આ ભિખારીને ગરીબ કહેવો કે ધનવાન કહેવો?

નમિરાજાએ ઈન્દ્રની સામે ચાર કષાયનું સ્વરૂપ સમજાવ્યું. તેમના જવાબ સાંભળીને ઇન્દ્ર તો છક થઈ ગયા. નમિરાજર્ષિએ આપેલા ઈન્દ્રના અનેક પ્રશ્નોના ઉત્તર તત્ત્વરસથી ખૂબ ભરપૂર અને હૃદયમાં કોતરી રાખવા લાયક છે. મહર્ષિની ઊંચી જ્ઞાન–

દૃષ્ટિ અને નમિરાજનો આત્મભાવ ઉપર ઈન્દ્ર આશ્ચર્યચકિત થઈ ગયા. નમિરાજર્ષિએ ચારિત્રમાં કેટલી અડીખમતા બતાવી ! હવે ઈન્દ્રરાજ થાકયા. અરે, આટલો બધો વિરાગ ! વિરાગની એ ચિરાગના અજવાળા કેટલા બધા સ્થિર કે એ બૂઝવવા મેં ભયંકર વા–વંટોળ વિકુર્વ્યા, તો ય એ વધુ પ્રકાશિત બનતા ગયા. વાવંટોળ ઝડીઓને ઓલવી શકે, દાવાનળને નહિ. વાવંટોળ જેમ વધતો જાય તેમ દાવાનળ વધતો જાય અને તેનો વિસ્તાર પણ વિશાળ બનતો જાય.

ઈન્દ્રના મનમાં થયું કે સુવર્ણમાં જે સોનું નહિ પણ માત્ર પીળો રંગ જુએ. હીરા–માણેકમાં ફકત એનું ચિત્ર નિહાળે, સૌંદર્ય નીતરતી નારમાં જેને બેડોળ વૃક્ષના દર્શન થાય, સ્વર્ગીય મહેલોમાં જેને ઈંટ, માટી અને ચુનાનું મિશ્રણ દેખાય એવા રાજર્ષિના વિરાગની પરીક્ષા કરનાર હું વળી કોણ ? ખરેખર એમની જીત થઈ ને મારી હાર થઈ. તેમના મનમાં આટલું વિચાર્યું, પછી શું કર્યું તે હવે બતાવે છે.

**अवउज्झिऊण माहणरूवं विउव्विऊण इन्दत्तं ।**
**वंदइ अभित्थुणन्तो, इमाहि महुराहि वग्गूहिं ॥५५॥**

ત્યાર પછી ઈન્દ્રે બ્રાહ્મણના રૂપનો ત્યાગ કરીને ઉત્તર વૈક્રિય રૂપની લબ્ધિ દ્વારા પોતાનું યથાર્થ ઇન્દ્ર સ્વરૂપ બનાવીને આ મધુર વચનોથી સ્તુતિ કરતા થકા નમિરાજર્ષિને વંદન કરે છે.

આ ગાથામાં શાસ્ત્રકાર એ ભાવ બતાવે છે કે જે ધર્મમાં દૃઢ શ્રદ્ધાવાળા છે તેવા આત્માઓને દેવો પણ વંદન કરે છે. " देवा वि तं नमंसन्ति जस्स धम्मे सया मणो ।" જેનું મન હંમેશા ધર્મમાં લીન છે, જે સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્રમાં ઓતપ્રોત છે, અહિંસા, સંયમ, તપ રૂપ ધર્મમાં જેની સતત રમણતા છે તેના ચરણોમાં દેવો પણ નમસ્કાર કરે છે. નમસ્કાર શાથી કરે છે. જે સમ્યક્દૃષ્ટિ દેવો છે તેમને અવિરતીનું બંધન ખટકે છે. ગમે તેટલા વૈભવ હોય, શક્તિ હોય, બુદ્ધિ હોય પણ તેઓ એક નવકારશી પ્રત્યાખ્યાન પણ કરી શકતા નથી. તે તાકાત, શક્તિ મનુષ્યમાં છે તેથી દેવો તેમના ચરણોમાં વંદન નમસ્કાર કરે છે. અનુત્તર વિમાનથી મોક્ષ કેટલું નજીક છે છતાં દેવો ત્યાંથી સીધા મોક્ષમાં જઈ શકતા નથી. વિચાર કરીએ તો દેવોની એટલી શક્તિ છે કે એક ચપટી વગાડીએ એટલા સમયમાં દેવ જંબુદ્વિપને ફરતા સાત આંટા મારી આવે, છતાં તે સીધા જઈ શકતા નથી. મોક્ષમાં જવા માટે તો તેમને મનુષ્યલોકમાં માતાના ગર્ભમાં આવવું પડે, ને દુઃખો વેઠવા પડે, પછી ચારિત્ર લેવું પડે ત્યારે જીવ મોક્ષમાં જઈ શકે. વિરતી વિના વીતરાગ દશા પ્રાપ્ત થાય નહિ, તેથી સમકિતી દેવોને અવિરતી ખટકતી હોય છે, એટલે તે વિરતીધરને દેખે છે ત્યાં તેમનું માથું ઝૂકી જાય છે.

જ્યારે ઈન્દ્ર કોઈ પણ પ્રકારથી નમિરાજર્ષિને તેમના વિશુદ્ધ ભાવોથી, ચારિત્ર–માર્ગથી રતિભાર પણ ચળાવી ન શકયા ત્યારે તેમણે ઉત્તર વૈક્રિયરૂપ લબ્ધિ દ્વારા પોતાના નકલી બ્રાહ્મણ રૂપનો ત્યાગ કરીને મૂળ રૂપ ઈન્દ્રનું ધારણ કર્યું અને તેમના ચરણોમાં

ભળી ભળીને વંદન કરવા લાગ્યા અને મધુર વચનોથી સ્તુતિ કરતા કહે છે, અહો મહાત્મા! હે દયાસિંધુ! હે ક્ષમાસાગર! ધન્ય છે ધન્ય છે તમને! ધન્ય છે તમારી માતાને! સંતાનો સારા નીકળે તો માતા-પિતાને પણ ધન્યવાદ અપાય. ઈન્દ્ર કહે છે કે હે સંયમી-સાધક! હે કૃપાસિંધુ! આપે તો સંસાર છોડયો તો બરાબર છોડી જાણ્યો. આપને શ્રદ્ધાથી ડગાવવા મેં ઘણા પ્રયત્નો કર્યા પણ આપ શ્રદ્ધાથી જરાપણ ચલિત ન થયા. આપ મારો અપરાધ ખમજો. નમિરાજર્ષિના પવિત્ર દર્શનથી જાણે અમૃતની ધારા પડતી હોય તેમ એકી નજરે તેમના તરફ જોઈ રહ્યા, અને ફરી વાગ્ધારા છૂટી. અત્યાર સુધી જે વાગ્ધારા છૂટી હતી તે રાજર્ષિને ચલિત કરવા અને તેમને હરાવવા માટે હતી, પણ હવે તો મુનિને ધન્યવાદ આપી ક્ષમા માંગતી વાગ્ધારા છૂટી. હે પ્રભો! હવે મારી સઘળી દલીલો ખૂટી ગઈ. મારો અવિનય-અપરાધ થયો હોય તો મને ક્ષમા આપજો. હે અદ્ભૂત શક્તિના ધણી! મારો અપરાધ ખમજો. આપ તો બધું જાણો છો એટલે હવે મારે વધુ કહેવાની જરૂર નથી. હું આપના સંયમની કસોટી માટે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યો હતો. બીજા લોકો કરતાં બ્રાહ્મણ અને તે પણ વૃદ્ધ અને શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણની દલીલો સાંભળવાથી કદાચ મારી વાત મંજુર કરાવી શકીશ, એમ સમજીને હું આવ્યો હતો. વિદ્વાનો વિદ્વતાવાળી દલીલોથી ઠગાય છે.

આપ લક્ષ્મીની લાલસાથી કે સ્ત્રીઓના હાવભાવથી અને પત્નીઓના તથા પરિવારના કરૂણ રૂદનથી ભીંજાયા નહિ પણ વિદ્વાનની વાક્ચાતુરીથી ઠગી જશો એમ સમજીને મેં ઘણી ચાલાકી ચલાવી. રાજર્ષિ! મેં મિથિલા બળતી બતાવી એ કાલ્પનિક હતી. મેં જેને બળતી બતાવી, ખરતી બતાવી, જેના કોટ-કિલ્લા ખંડેર થતાં બતાવ્યા અને અંતેઉર કરૂણ સ્વરે ના જાશો....ના જાશો-ના પોકાર કરતું રડતું સંભળાવ્યું. આપના વૈરાગ્યની પરીક્ષા કરવા માટે મેં આ બધા ધમપછાડા કર્યા પણ કયાં આપનું વિશાળ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને કયાં મારી શુષ્ક, અજ્ઞાન દલીલો! કયાં આપનું સંપૂર્ણ આત્મિક વીર્ય અને કયાં મારી તુચ્છ દૈવી શક્તિ! ખરેખર આત્મિક શક્તિ આગળ બધી શક્તિઓ તુચ્છ ને શુષ્ક છે! હું હાર્યો ને આપનો વિરાગ વિજેતા બન્યો. ભગવાન નમિ! મને ક્ષમા કરો! મને માફ કરો! આ પ્રમાણે ઇન્દ્રે રાજર્ષિની સ્તુતિ કરી. હજુ સ્તુતિ કરતા આગળ શું કહેશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર:** લક્ષ્મીદત્ત શેઠ શુભાને કહે છે શુભા! તું કિશોરનો સ્વીકાર કર, મીઠા શબ્દોથી તેની સાથે વાત કર, તો તેનો અડધો રોગ મટી જશે. સાચું કહું તો તેને દવા કરતા પ્રેમની વધુ જરૂર છે. તું એને બોલાવીશ તો એ દવા પણ કરશે. તારા સતીત્વના પ્રભાવે એને જરૂર સારું થઈ જશે. તને આ વાતનો કાંઈ ખ્યાલ નથી. તું દીર્ઘદૃષ્ટિથી વિચાર નથી કરતી પણ એકાંતમાં બેસીને વિચાર કરજે કે તું કિશોરની પાસે જતી નથી, એને બોલાવતી નથી તેથી કેટલો અનર્થ થાય છે! તું વિચાર કરીશ તો તને તારા કર્તવ્યનું ને તારી ફરજનું ભાન થશે. તું ઉત્તમ કુળની, સંસ્કારી મા-બાપની

દીકરી છે. આર્યનારી એક પતિને છોડીને બીજા પતિનો કયારે પણ સ્વીકાર કરતી નથી. પોતાના પ્રાણનું બલિદાન દઈ દે પણ સ્વપ્નમાંય પરપુરૂષની ઈચ્છા ન કરે. પંચની સાક્ષીએ તેં લગ્ન કર્યા છે એટલે કિશોરની પત્ની તો કહેવાઈ ગઈ. હવે કિશોર તારો જીવનસાથી છે અને તું કિશોરની અર્ધાંગના છે. શેઠ આટલું બધું બોલ્યા છતાં શુભમતિ મૌન રહી છે. તે ઉતાવળી થતી નથી.

**"શુભમતિની ધૈર્યતા"**:–આ બધી વાત સાંભળતા તમારા મનમાં પણ થઈ જાય કે શેઠ આટલું બધું બોલે છે તો શુભાએ એકવાર ધડાકો કર્યો હોત તો શું ખોટું? પણ શુભા તો વિચાર કરે છે કે મારા પતિ તો બંધનમાં પડયા છે. ઉતાવળ કરવા જતાં શેઠ જો પોતાના (મારા) ભાવ જાણી જાય તો આજ સુધી કરેલા પ્રયત્નો અને મારી બધી આશાઓ વ્યર્થ જાય. ઉતાવળું પગલું ભરવા જતાં કદાચ ગુણચંદ્રને મારી નાંખે તો પછી પોતાની જિંદગીનું શું? જ્યારે મારા કર્મના ઉદય પૂરા થશે ત્યારે સત્ય વાત આપોઆપ પ્રગટ થવાની છે. શ્રેણીક રાજાને કોણિકે જેલમાં પૂર્યા છતાં ચેલણા કહી ન શકી. એ સમજતી હતી કે સમય આવે સોગઠી મારીએ તો કામ થાય. પ્રસંગ આવતાં કહ્યું કે તને તારો દીકરો જેટલો વહાલો છે એથી અધિક તું તારા પિતાને વહાલો હતો. તેમ આ સતી એજ વિચારે છે કે અત્યારે ઉતાવળ કરવાની જરૂર નથી, છતાં શેઠે આટલું બધું કહ્યું ત્યારે તેણે વિનયથી એટલું કહ્યું–બાપુજી! આપની શિખામણ બધી સાચી અને હિતકારી છે. તે શિખામણનો હું જરૂર વિચાર કરીશ પણ જે પોતાના પતિ હોય તેને માટે, નહિ કે બીજાને માટે. આટલા શબ્દો બોલીને શુભા અટકી ગઈ પણ શેઠ કંઈ સમજી શકયા નહિ, પણ એમના મનમાં આશા બંધાઈ કે હવે શુભા માનશે, છતાં કહે છે કે તમે આ જે વર્તન કરી રહ્યા છો તે અમારા કુળને કલંક લગાડો છો. હું તો સારો છું કે વાત બહાર પાડતો નથી, નહિ તો આ ધરતી પર ઉભા રહેવું ભારે પડી જાય ને ઝેર પીવાનો પ્રસંગ આવે. શેઠ મનમાં તો સમજે છે કે મેં ખોટી બનાવટ ઉભી કરી છે તેથી મારો વિજય થવાનો નથી, છતાં એમ સમજતા હતા કે સંપત્તિ, સત્તા અને વૈભવોમાં તેને ફસાવીશ તો ફસાઈ જશે પણ શુભા તો સંપત્તિમાં કે સત્તામાં કોઈમાં ફસાય તેમ નથી.

**શુભાના શરીરની ચિકિત્સા કરાવતા શેઠ**: ત્યાં વૈદરાજ આવ્યા એટલે શેઠે શુભમતિને બૂમ મારી. શુભા! તું જલ્દી આવ, વૈદરાજ આવ્યા છે, તારી નાડી બતાવી દઈએ કે તને કયો રોગ લાગુ પડયો છે? તેના મનમાં થયું કે કપાળ...મને તો કોઈ રોગ નથી. તમારો દીકરો એવો છે ને કે મારો ભવ બગાડયો. (હસાહસ) શેઠ કહે–જલ્દી આવ. પિતાજી! આવું છું. એમ કહીને બહાર ગઈ. વૈદરાજને શુભમતિની ઓળખાણ આપતા શેઠે કહ્યું, આ શુભમતિ, એ આપણા કિશોરની પત્ની. 'કિશોરની પત્ની'' આ શબ્દ સાંભળતા તો તેના મનમાં ધ્રાસકો પડયો. એક ક્ષણ માટે તેને થયું કે હું અહીંથી ચાલી જાઉં. આ રીતની ઓળખાણ મારા માટે કલંક રૂપ છે.

આ વિચારથી આંખમાં ઝળઝળિયાં આવી ગયાં પણ તે સમજતી હતી કે કાર્ય સફળ ન થાય ત્યાં સુધી ધૈર્ય ગુમાવ્યા વિના આવેલા સંયોગોને વધાવી લેવા. વૈદરાજે શુભાની નાડી તપાસીને કહ્યું. શેઠ ! એના શરીરમાં બીજો કોઈ રોગ દેખાતો નથી. શરદી થઈ ગઈ છે. થોડો તાવ છે, તેની દવા આપું છું. સારું થઈ જશે. શુભમતિ તો દવા લઈને ચાલી ગઈ, પછી વૈદે શેઠને કહ્યું. તમારી વહુને કોઈ રોગ નથી પણ એને ઊંડી ચિંતા હોય એવું લાગે છે. તે કોઈને કહી શકતી નથી ને સહી શકતી નથી. ચિંતાનો કીડો એને કોરી ખાય છે, તેથી એના શરીર પર ફિકાશ આવી ગઈ છે. મુખ કરમાઈ ગયું છે ને શરીર ગળતું જાય છે. શેઠ કહે વૈદરાજ ! અમારે ત્યાં બધું સુખ છે. તેને શી ચિંતા હોય ? તે અમને કંઈ કહે તો ખબર પડે. તેના મનની વાત અમે કેવી રીતે જાણી શકીએ ? મારા કિશોરને દેહનો રોગ છે ને એને મનનો રોગ છે. હું શું કરી શકું ? આ શબ્દો સાંભળતા વૈદને જરા આશ્ચર્ય થયું કે શેઠ આવા હતાશા ભર્યા શબ્દો કેમ બોલે છે ? શેઠ કહે, શું કહું ! કહેતા જીભ ઉપડતી નથી. એક મોટી ગૂંચવણ ઉભી થઈ છે. તે ઉકેલવા ઘણાં પ્રયત્નો કર્યા પણ તે બધા નિષ્ફળ ગયા. છેવટે કહ્યું કે કિશોરના લગ્ન પછી પહેલી રાત્રે શુભાના સંસર્ગથી કિશોરનો દેહ કોઢી બની ગયો. તેનું સૌંદર્ય બળીને ખાખ થઈ ગયું. બંને વચ્ચે પ્રેમની આડી દિવાલ ચણાઈ ગઈ. શુભા તેને બોલાવતી નથી કે તેના સામું દૃષ્ટિ પણ કરતી નથી. આટલું કહેતા શેઠ રડવા લાગ્યા. શેઠ ! ધૈર્ય રાખો, આપણે શુભમતિના શરીરની તપાસ કરીએ કે કયા કારણથી કિશોરનો દેહ ખરાબ બની ગયો હશે ? શું તે વિષકન્યા હશે ?

શેઠ તો જાણે છે કે શુભાને તો કોઈ રોગ છે જ નહિ. જો તપાસ કરાવીએ ને કહે કે તેના સ્પર્શથી રોગ થયો નથી, તો અત્યાર સુધી ઢંકાયેલ અસત્ય બહાર આવ્યા વિના રહે નહિ ને મારે જીવવું ભારે થઈ પડે, એટલે કહ્યું કે શું શુભાનું નિદાન કરાવવું છે ? બધા જાણે છે કે તેના સ્પર્શથી રોગ થયો છે. શેઠે તો એવી વાતો કરી કે વૈદરાજે બધું સાચું માની લીધું, અને શુભાને બોલાવીને કહ્યું—મારે વડીલ તરીકે તમને બે શબ્દો કહેવા પડે છે. આપ ખરાબ લગાડશો નહિ. કાકા ! વડીલોની સૂચના હું જીવનનું અમૃત માનું છું. શુભા ! તમારા સ્પર્શથી કિશોર કોઢી બન્યો છે, છતાં તમે તેને બોલાવતા નથી, સેવા કરતાં નથી એ કેવી વિચિત્ર ઘટના ! આપ તેનો સ્વીકાર કરો.

**સત્ય બાત મૈં કહ રહી હું, અદ્ભૂત ઘટના બની મેરે જીવનમેં,**
**ઇસિલિયે આપકો આશ્ચર્ય હોતા, સમયે રહસ્ય સમજાયેગા.**

કાકા ! એ વાતનો સ્વીકાર કરવો મુશ્કેલ છે. શુભા ! તમે આ શું બોલો છો ? કાકા ! સત્ય કહું છું, ન બનવું જોઈએ તે બન્યું છે એટલે તમને આશ્ચર્ય થાય. તો તેનું શું કારણ ! એ બધા પ્રશ્નો અણઉકેલ્યા સારા છે. સમયે ખુલાસો કરીશ. ત્યાં કોઈ વૈદને બોલવવા આવ્યા તેથી તે ચાલ્યા ગયા. શેઠને તો ચેન પડતું નથી. તે વારંવાર શુભા પાસે જાય છે ને સમજાવવા પ્રયત્ન કરે છે, છતાં તેમાં સફળતા મળતી નથી. ઘણું

કહે છે ત્યારે શુભાએ એકવાર કહ્યું પિતાજી! હું આપને કહું છું કે કિશોર મારો પતિ નથી. મને પરણનાર કોણ છે એ બધું હું જાણું છું, સમય આવ્યે સત્ય પ્રગટ થશે. સતી આ પ્રમાણે કહે છે, છતાં શેઠ તો માને છે કે આ વાત હું, શેઠાણી અને ગુણચંદ્ર સિવાય કોઈ જાણતું નથી, તેથી છોકરી સત્ય વાત કહી શકવાની નથી. શેઠ તો ગયા. થોડી વાર થઈ ત્યાં શેઠ પાછા આવ્યા ને કહે છે શુભા! માતા–પિતા સંતાનના દુઃખને જોઈ શકતા નથી. મારા બળતા અંતરને ઠારવું એ તારું કામ છે. તું જો એ કાર્ય નહિ કરે તો કદાચ હું પ્રાણ ગુમાવી દઈશ એમ મને થાય છે.

**"શુભમતિએ આપેલો સ્પષ્ટ જવાબ"** :–શુભમતિને થયું કે સત્ય વાત કહી દઉં. તેનું અંતરમન કહે છે કે જોજે, શેઠની લાગણીમાં તણાઈશ તો બાજી બગડી જશે, તેથી શુભાએ કહ્યું–તમે અમારા માટે દુઃખી થાઓ છો એ અમારા માટે કલંકરૂપ છે, પણ અશુભ કર્મના ઉદયથી આ બધું બન્યા કરે છે. શુભા! અશુભ કર્મનો ઉદય ટાળવો કે ન ટાળવો એ તારા હાથની વાત છે. હું તને એ પૂછું છું કે તું કિશોરને પતિ તરીકે અપનાવીશ કે નહિ? તારા હૃદયમાં કોતરી રાખજે કે પતિના ચરણે જીવન અર્પણ કર્યા વિના પત્ની પોતાના જીવનને ધન્ય બનાવી શકતી નથી. શુભમતિ કહે, પિતાજી! વડીલો વારંવાર એકની એક વાત કરે તો તેની કિંમત રહેતી નથી. હું કુળ મર્યાદામાં રહીને મારું કર્તવ્ય બજાવી રહી છું. આપના ઘરમાં મેં ક્યાંય જુદાઈ રાખી નથી. હંમેશા આપનો વિનય વિવેક જાળવ્યો છે, છતાં દુઃખ થયું હોય તો ક્ષમા યાચું છું. હવે હું તમને તમારા પ્રશ્નનો જવાબ સ્પષ્ટ આપી દઉં છું, જેથી તમારી કાયમની ચિંતા દૂર થાય. શેઠના મનમાં થયું કે હવે મારું તાકેલું તીર સફળ થશે. શુભમતિએ મક્કમતાથી કહ્યું. તમને વાત કરતાં મારું મન અચકાય છે, પણ લાચાર છું કે હવે સત્ય વાત કરવી પડે છે. હું કોઈ પણ સંયોગોમાં તમારા પુત્રને મારા જીવનમાં પતિ તરીકે સ્વીકારવાની નથી. શેઠના મનમાં તો મોટી આશાઓ હતી કે ગમે તે રીતે કિશોરની પત્ની તો લાવ્યો. હવે જો એને સંતાન થાય તો મારા વારસદાર રહે પણ બધી આશાઓ નિષ્ફળ ગઈ. શેઠ કહે, શુભા! શું કિશોર પરાયો પુરૂષ છે? તારો પતિ નથી? તમને રૂપનું અભિમાન આવી ગયું છે, તો અભિમાન ઓછું કરો. શુભા કહે, પિતાજી! જે સત્ય છે તે કહું છું. સત્ય કદી છાનું રહેવાનું નથી. મને પરણવા આવનાર કિશોર નથી પણ બીજો છે. શુભાના આ શબ્દો સાંભળતા શેઠનું હૈયું તૂટી પડયું. શું મારા દાવ નિષ્ફળ જશે? તેમની આંખમાંથી અનરાધાર આંસુની વર્ષા વરસી. જાણે મોતીની માળા તૂટી ન હોય! શુભાના મનમાં થયું કે દગાખોર કેટલું રડે છે! અહીં રડવું આવે છે ત્યારે ભોંયરામાં જેને પૂર્યો છે તેને કેટલો માર મારે છે ત્યાં રડવું આવતું નથી?

શેઠના મનમાં થયું કે આજ દિન સુધી શુભા કોઈ દિવસ મારા સામું બોલી નથી અને બોલી તો એવું બોલી કે છાતીમાં ઘા વાગે. હું તમારા પુત્રને કોઈ પણ સંયોગોમાં સ્વીકારવાની નથી એવું બોલતાં બીક પણ ન લાગી. શેઠે કહ્યું કે તું કહે છે કે કિશોર

મારો પતિ નથી એ વાત શું દુનિયા માનશે ખરી? આ શબ્દો તું કયા હૈયામાંથી બોલી રહી છે. તેં કાંઇ લાંબો વિચાર કર્યા વિના આ વચનો કાઢયા છે. સુસંસ્કારી સ્ત્રીના મુખમાં શું આવા વચનો શોભે ખરા? તેં બોલવામાં બહુ ઉતાવળ કરી છે. હવે શુભા તેની મક્કમતા બતાવતા કેવા વચનો કહેશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં-૧૦૨

**કારતક સુદ ૧૨ ને રવીવાર** **તા. ૮-૧૧-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની ભગવંતો ફરમાવે છે કે આત્માને જન્મમરણના દુઃખથી મુક્ત કરાવનાર કોઇ હોય તો ધર્મ છે. ધર્મના બે પ્રકાર છે. દેશવિરતિ અને સર્વવિરતિ. સર્વવિરતિ એટલે ચારિત્ર માર્ગ. ચારિત્ર માર્ગ ઘણો દુષ્કર છે. તલવારની ધાર ઉપર ચાલવું એ બહુ મોટી વાત નથી, કહેવું સહેલું છે પણ ચારિત્રધર્મનું પાલન કરવું ઘણું દુષ્કર છે. અનંત પુદ્ગલપરાવર્ત કાળથી સંસારમાં ભમતા જીવોને આજે દેવોને દુર્લભ એવું આ ચારિત્ર આપણને મળી ગયું છે. માનવની સાચી અને શ્રેષ્ઠ મુડી ચારિત્ર છે. ભૌતિક મુડી વિનાનો માનવી પણ જો તેનામાં ચારિત્ર હોય તો દેવોને વંદનીય બને છે. ચારિત્ર વિના આત્માનું ઉર્ધ્વીકરણ થતું નથી, અને આત્મા દુઃખમય ભવસાગરને તરી શકતો નથી. ચારિત્રનું કામ અનાદિકાળથી મલીન બનેલા આત્માને ચોખ્ખો ને શુદ્ધ કરવાનું છે. **"ચારિત્ર વિણ નહિ મુક્તિ."** ચારિત્ર વિના મુક્તિ નથી. મોક્ષ મેળવવા માટે સંસારની મોહમાયાનો ત્યાગ કરી ચારિત્ર લઇને વીતરાગની આજ્ઞા અનુસાર નિર્મળ ચારિત્રનું પાલન કરવું પડે. ચારિત્ર એટલે કર્મરોગની સ્પેશ્યલ રામબાણ દવા. આ દવા જે લે તેના કર્મ રોગો જરૂર નાશ થાય. ચારિત્ર એટલે મોહરાજાની રાજધાની સમા આ પાપમય સંસારને તારાજ કરનારો અણુબોંબ. ચારિત્ર એટલે એક અંતર્મુહુર્તમાં મોક્ષના એરોડ્રામ ઉપર આત્માને સીધો ઉતારનારું જેટ વિમાન.

ચારિત્ર એટલે ઇન્દ્રિયોના તોફાનને બંધ કરનારી તોપ. અનંત ગુણકારી ચારિત્રની પ્રાપ્તિ આ માનવભવમાં થાય છે. માનવ જન્મ સિવાય બીજા કોઈ પણ જન્મમાં ચારિત્ર ન મળે, તેથી સમ્યગ્દૃષ્ટિ દેવો અને ઈન્દ્રો પણ આ ઉત્તમ ચારિત્ર મેળવવા માનવજન્મની ઝંખના કરે છે. ચારિત્ર વિનાનું ઈન્દ્ર પદ પણ ઈન્દ્રને પોકળ લાગે છે. ચારિત્ર વિના વિષયકષાયના ઉકળાટ શમે નહિ, સમતા, સમાધિ અને શાંતિની પ્રાપ્તિ થાય નહિ. ચારિત્રથી જીવનમાં તત્ત્વરમણુતા, આત્મરમણુતા કરવા મળે, ગુરૂની શીતળ છત્રછાયા મળે, ઉત્તમ આધ્યાત્મિક તત્ત્વનું જ્ઞાન મળે. **"ચારિત્ર વિના ચેતન ચોખ્ખો ન થાય, ચારિત્ર વિના ચેતના ન ચમકે."**

જેમના ચારિત્રની પરીક્ષા કરવા ખુદ ઇન્દ્ર આવ્યા એવા નમિરાજ પોતાના ચારિત્રમાં કેટલા દૃઢ રહ્યા! તેમના વૈરાગ્ય રસ ભરેલા સચોટ જવાબથી છેવટે ઇન્દ્ર તેમના ચરણુમાં ઝૂકી પડ્યા. વારંવાર વંદન કરી પોતાના અપરાધની ક્ષમા માંગી અને તેમની સ્તુતિ કરવા લાગ્યા. સ્તુતિ કરતાં તે શું બોલે છે?

**अहो ते निज्जिओ कोहो, अहो माणो पराजिओ ।**
**अहो निरक्किया माया, अहो लोभो वसीकओ ॥ ५६ ॥**

હે ઋષીશ્વર! આપે ક્રોધને જીતી લીધો, માનને પરાજિત કર્યું, માયા–કપટને દૂર કર્યા અને લોભને વશ કરી લીધો એ મોટું આશ્ચર્ય છે. ઈન્દ્ર સ્તુતિ કરતાં કહે છે અહો મહાત્મન્! આપે કેવો સરસ ક્રોધને જીત્યો! માન ઉપર કેવો સુંદર વિજય મેળવ્યો! માયાને કેવી દૂર ભગાડી મૂકી! લોભને કેટલો સરસ વશ કર્યો! જેમ શ્રેણિક રાજાએ અનાથી મુનિને કહ્યું હતું કે હે મુનિ! શું તમારો વર્ણ છે! શું તમારું રૂપ છે! શું તમારી સૌમ્યતા છે! શું તમારી ક્ષમા–નિર્લોભતા છે! શું તમારી ભોગોથી અસંગત દશા છે! શું તમારો વૈરાગ્ય છે! શું તમારા ચારિત્રના તેજ છે! આ રીતે અહીં ઈન્દ્ર નમિરાજર્ષિની સ્તુતિ કરી રહ્યા છે. ધન્ય ધન્ય છે નમિરાજ, તમને ધન્ય છે! તમે ક્રોધ–માન–માયા–લોભને જીતી લીધા છે. આત્માના સૌથી વધારે બળવાન શત્રુ ક્રોધાદિ કષાય છે. તે પ્રતિક્ષણ આત્માને ઉન્માર્ગ તરફ લઈ જવાનો પ્રયત્ન કરે છે. એને વશીભૂત થયેલો આત્મા સન્માર્ગમાં પ્રવૃત્ત થતો નથી. કષાયો જેટલી ખરાબ છે તેટલી બળવાન છે. એને જીતવી એ સહજ કામ નથી. મહાબળવાન અને બુદ્ધિમાન પુરૂષો પણ એની સામે ટકી શકતા નથી. કોઈ વિરલ વીર આત્માઓ એને પરાજિત કરી શકે છે, એટલા માટે આ દુર્જય કષાયો પર જેણે વિજય પ્રાપ્ત કરી લીધો તે સાચો વિજેતા અને વીર આત્મા છે. તેવા આત્માઓ મનુષ્યો અને દેવો બધાને માટે પૂજનીય ને વંદનીય છે.

નમિરાજર્ષિ તેવા વીર આત્મા છે. જેમણે કષાયો પર વિજય પ્રાપ્ત કર્યો છે. અહીં ઈન્દ્રે નમિરાજર્ષિને જેટલા પ્રશ્નો કર્યા છે તે બધામાં કષાયોની ભાવના ઓતપ્રોત છે. તેમણે પહેલા તો અંતેઉર અને સારો પરિવાર રોકકળ કરી રહ્યો છે તે અને પછી મિથિલા બળતી બતાવીને કહ્યું છે કે તમે દીક્ષા લો છો પણ તમારામાં દયા ધર્મ છે કે નહિ? આ રીતે કહેવાથી ક્રોધ આવી જાય પણ તેમણે ક્રોધ કર્યો નહિ, પછી કહ્યું– તારી નગરીના કોટ, ગઢ, કાંગરા બધું તૂટી પડયું છે તો તમે શત્રુથી રક્ષણ માટે એ બધું બાંધીને જાવ જેથી તમારા કોઈ દુશ્મનો ન રહે, અને ભવિષ્યની પ્રજા તમને યાદ કરે. આ વાતથી માન આવી જાય પણ રાજર્ષિને માન આવ્યું નહિ. એ રીતે માયા અને લોભને જીત્યા છે. ઈન્દ્રે મહર્ષિ નમિરાજના આત્માને ડગાવવાના પ્રયત્નો કર્યા પણ તે બધા પ્રયાસો નિષ્ફળ ગયા. મહાત્મા નમિરાજના આત્મામાં કોઈ પ્રકારની ખામી નજરમાં ન આવી. તેમણે રાજર્ષિના આત્માને અગ્નિમાં નાંખેલા શુદ્ધ સુવર્ણની જેમ સર્વથા નિર્મળ અને દેદિપ્યમાન જોયો, તેથી ઈન્દ્રની દરેક પ્રકારની કસોટીમાંથી તેઓ સર્વથા પાર ઉતરી ગયા, એટલે ઈન્દ્ર તેમના ચરણમાં ઝુકી ગયા.

જે કષાયના વિજેતા બને છે એના ચરણમાં દેવો ઝુકી જાય છે, પણ કષાય–વિજેતા બનવું બહુ મુશ્કેલ છે. ચાર કષાયમાં લોભ જીવને અતિ નુકશાનકારક છે. તેમાં જો દૈવી લક્ષ્મી ઘરમાં આવી હશે તો સંપ, સદાચાર, ધર્મ, પરદુઃખભંજનની ભાવના

વધશે પણ જો આસુરી લક્ષ્મી આવી હશે તો ઘરમાંથી ઐકયતા, મિત્રતા, સંપ, સદાચાર બધું ચાલ્યું જશે. ભારતીય આર્યસંસ્કૃતિમાં શ્રીમંતો જરૂર હતા પણ શ્રીમંતો કયારે પણ લોકોની આંખે ચઢતા ન હતા, કારણ કે દેશમાં જ્યારે જ્યારે કુદરતી આફતો આવે, દુષ્કાળ આવે ત્યારે એ શ્રીમંતો ગરીબોની વહારે જતા ને એમના આંસુ લૂછતા, તેથી એ સમયે ગરીબો શ્રીમંતોને અમી ભરી આંખે જોતાં હતા. આજે તો પૈસા વધતા ફેશન અને વ્યસનો વધે છે. એ ફેશનોમાં સંસ્કાર અને સદાચાર લૂંટાતા જાય છે. જીવનમાં જેટલી સાદાઈ, સદાચાર અને સંસ્કાર છે તે આત્મા સુખનો અનુભવ કરે છે. પહેલા ભારતીય પ્રજાનું જીવન ઉંચું ગણાતું, પરદેશમાં તેના ગુણ ગવાતા. રવિન્દ્રનાથ ટાગોર અમેરિકા ગયા ત્યારે ત્યાંની જનતાએ તેમના ખૂબ સત્કાર સન્માન કર્યા. તે લોકો ત્યારે ભારતના માનવને ભગવાન સમાન ગણતા. આજે તો એ ભારતમાં ગુણોનું નિકંદન થઇ રહ્યું છે. શ્રીમંતો જ્યારથી શ્રીમંતાઈના અભિમાનમાં અને સ્વાર્થની રમતોમાં અટવાયા, કર્તવ્યપરાયણતા અને સમર્પણનો ધર્મ ભૂલ્યા ત્યારથી એમની શ્રીમંતાઈ અનેકની આંખોમાં ખૂંચનારી બની.

ભારતનો ઇતિહાસ એમ કહે છે કે જ્યારે બાર વર્ષનો ભયંકર દુષ્કાળ પડયો ત્યારે જગડુશાહે આ દેશને જીવતો રાખ્યો હતો. બન્યું એવું કે ભયંકર દુષ્કાળ પડયો, ચારે બાજુ હાહાકાર થઇ ગયો. બીજે વર્ષે ને ત્રીજે વર્ષે પણ એ દુષ્કાળ લંબાયો. અન્ન પાણી વિના જીવવું શી રીતે? લોકો ભારે મુશ્કેલીમાં મૂકાઈ ગયા. ક્યાંયથી અનાજનો દાણો ન મળે. લોકો ભૂખથી ટળવળવા લાગ્યા. જગડુશાહે પોતાના ધન–ધાન્યના ભંડારો ખુલ્લા મૂકી દીધા. ગાડાના ગાડા ભરીને અનાજ ચારે દિશામાં મોકલી દીધું. ગુજરાતના રાજા વીશળદેવને જ્યારે જરૂર પડી ત્યારે તેમણે જગડુશાહને કહ્યું–અમારે થોડું અનાજ જોઈએ છે તો આપો ને! જગડુશાહે કહ્યું–રાજન્! એ અનાજ મારું નથી. એ ધાન્યના ભંડારો મારા નથી. એ તો સમાજના છે. રાજાએ પૂછ્યું–અનાજ તો તમારી માલિકીનું છે. એને સમાજનું શી રીતે કહી શકાય? રાજન્! અનાજના ભંડારો મારી પાસે છે એ વાત ખરી, પણ તે મારા નથી. એના પર માલિકી સમાજની છે. બંધુઓ! આપણા પૂર્વજો પણ સંગ્રહ તો કરતા હતા, પણ એમનો સંગ્રહ લોકોને લૂંટવા માટે નહિ પણ પોતાની જાતને લૂંટાવી દેવા માટેનો હતો. આજનો વહેપારી–સમાજ પણ સંગ્રહ તો કરે છે પણ તે પોતાની જાતને લૂંટાવી દેવા નહિ પણ અવસર આવ્યે બીજાને વધુ ને વધુ લૂંટી શકાય તે માટે કરે છે. જગડુશાહે રાજાને કહ્યું કે અનાજના ભંડારો મારા નથી. એની માલિકી તો સમાજની છે. આપને ખાત્રી ન હોય તો એ ધાન્ય ભંડારોની અંદર જઈને આપ ખાત્રી કરી શકો છો.

રાજાએ ધાન્ય ભંડારોમાં જઇને જોયું તો અનાજની એકેક કોઠીઓ ઉપર અને ધાન્યના મોટા મોટા ભંડારોમાં તાડપત્ર–લેખ મૂકેલા હતા. તેમાં લખ્યું હતું કે આ અનાજ સમાજમાં વાપરવા માટે છે. રાજા આ વાંચીને આશ્ચર્યચકિત થઇ ગયા. રાજા

વીશળદેવ જગડુશાહના આ સમર્પણને ભાવથી વંદી રહ્યા. જગડુશાહે નમ્રતાથી કહ્યું, રાજન્ ! ગુજરાતની જનતા માટે આપ જોઈએ તેટલું અનાજ ખુશીથી લઈ જાવ. આ આપનું છે, પ્રજાનું છે. મારું કાંઈ નથી. જગડુશાહે હજાર મૂડા એટલે એક મૂડો=૧૦૦ મણ, ૮ હજાર મૂડા એટલે ૮ લાખ મણ અનાજ વીશળદેવને સોંપતા કહ્યું–મહારાજા ! આ દુકાળમાં ભૂખથી કોઈના પણ પ્રાણ જશે તો એનું પાપ મને લાગશે.

ગુજરાતનો ઈતિહાસ એમ કહે છે કે આ દુકાળમાં જગડુશાહે સિંધ દેશના હમીર રાજાને બાર હજાર મૂડા, મોઈઝુદ્દિનને ૨૧ હજાર મૂડા, કાશીના પ્રતાપસિંહને ૩૨ હજાર મૂડા, રાજા સ્કંદિલને બાર હજાર મૂડા અનાજ આપ્યું હતું. એ સિવાય ૧૧૨ દાનશાળાઓ એમણે ખુલ્લી મૂકી હતી. કોઈની પાસે હાથ લાંબો ન કરી શકે એવી કુલીન કુટુંબની કરોડો વ્યક્તિઓને ગુપ્તદાન આપ્યું હતું. આ દુષ્કાળમાં જગડુશાહે ૯ લાખ ૯૯ હજાર મૂડા અન્ન અને ૧૮ ક્રોડ દ્રમ્મ ( ચાર આનાની કિંમતના ચાંદીના સિક્કા ) વહેંચ્યા હતા. જગડુશાહે સારી જિંદગી ધન દાન અને પરોપકારના કાર્યો કર્યા. ઘડપણમાં જ્યારે તેઓ મૃત્યુ પામ્યા ત્યારે એમના મૃત્યુના સમાચાર સાંભળીને દિલ્હીના સુલતાનને એટલો બધો આઘાત લાગ્યો હતો કે એમણે પોતાનો તાજ ઉતારીને ફેંકી દીધો. ગુજરાતના રાજા અર્જુનદેવ ચોધાર આંસુએ રડયા, અને સિંધ દેશના રાજાએ બે વર્ષ સુધી અન્નનો દાણો ખાધો ન હતો.

વિક્રમની ચૌદમી શતાબ્દીમાં દુષ્કાળના એ વર્ષોમાં હજારો, લાખો ને કરોડો માણસોને જીવતા રાખવાનું મહાન પુણ્યકાર્ય એક જગડુશાહે કર્યું છે. એ સમજતા હતા કે મારી પાસે જે શ્રીમંતાઈ છે, જે પૈસો છે એ સમાજને આધારે છે. સમાજ પાસેથી હું અઢળક કમાયો છું તો પછી જ્યારે સમાજની સેવામાં વાપરવાનો સમય આવે ત્યારે સમાજ પાસેથી મેળવેલો પૈસો વાપરવામાં જો હું કરકસર કરું તો મારો અર્પણ ધર્મ ચૂકયો ગણાઉં. આ અર્પણ ધર્મને જગડુશાએ, ખેમડશાએ, ખેમાદેદરાણી અને ભામાશાએ દીપાવ્યો ને ગુજરાતની ગાદી પર થઈ ગયેલા સિદ્ધરાજના વારસદાર કુમારપાળે પણ દીપાવ્યો. મહારાજા કુમારપાળે પણ આ દેશને માટે, સમાજને માટે લોકોના દુઃખ દૂર કરવા માટે ઘણુંબધું કર્યું છે. એ સમજતા હતા કે હું રાજા છું તો પ્રજાના માટે છું. હું સત્તાની અંદર રાચવા માટે રાજા નથી થયો, સંપત્તિ અને વિલાસની અંદર ડૂબવા માટે રાજા થયો નથી પણ પ્રજાની સેવા માટે રાજા થયો છું.

અયોધ્યાના રાજા રામચંદ્ર રાવણને હરાવી લંકા પર વિજય મેળવીને સીતાજીને સાથે લઈ પરિવાર સહિત અયોધ્યામાં પહોંચ્યા ને એમનો રાજ્યાભિષેક થયો ત્યારે પોતાના વનવાસ દરમ્યાન જેમણે જેમણે પોતાની ચિંતા કરી હતી, સહકાર આપ્યો હતો એ બધાને એક પછી એક યાદ કરીને એમણે ભેટો આપી હતી ને ઇનામો આપ્યા હતા ને બધાના ઉપકારોને યાદ કર્યા હતા. આ રીતે રામચંદ્રજીએ પણ આપણને અર્પણતાનો સંદેશો આપ્યો છે. અર્પણ ભાવના આવે કયારે ? લોભ કષાય પર વિજય

મેળવે ત્યારે. જો જગડુશામાં, રામચંદ્રજીમાં લોભ કષાય પડી હોત તો તેઓ શું આટલું બધું દાન દઈ શકત? ના. તેમણે લોભ પર વિજય મેળવ્યો હતો ને જીવનમાં સંતોષ આવ્યો હતો. હિન્દી ભાષામાં એક સુભાષિત છે. જેનો અર્થ આ પ્રમાણે થાય છે. ગાય, હાથી, ઘોડા, સોનુંચાંદી અને રત્નોની સંપત્તિ પણ સંતોષની સંપત્તિ આગળ ધૂળ સમાન છે. જેના જીવનમાં સંતોષ છે તે સદા સુખી છે, અને જેના જીવનમાં સંતોષ નથી તે ઘણું મળવા છતાં દુઃખી છે. અહીં મને એક વાત યાદ આવે છે.

ચીન દેશમાં કેટલાક સૈનિકો પર્યટન માટે નીકળ્યા હતા. ચાલતા ચાલતા રાત પડી ગઈ. રાત પસાર કરવા માટે તેઓ પાણી વગરના એક નાળા પાસે પહોંચ્યા. રાત્રે સૂતા હતા ત્યાં અર્ધનિંદ્રામાં કોઈનો અવાજ તેમને સંભળાયો. "નાળા પાસે જે પથ્થરો પડયા છે તેમાંથી દરેક સૈનિક એક મુઠ્ઠી ભરીને ઉપાડી લે." અવાજ પ્રમાણે સૈનિકોએ એક મુઠ્ઠી પથ્થર લઈ લીધા. સવાર પડતા તેઓ આગળ ચાલવા લાગ્યા. બપોરે જમવા માટે તેઓ એક જગ્યાએ રોકાયા. પ્રકાશમાં બધાએ જોયું તો એમની પાસેના બધા પથ્થરો મૂલ્યવાન હીરા બની ગયા હતા. આ જોઈને સૈનિકોને ખૂબ આનંદ થયો, પણ બીજી ક્ષણે તેમના મનમાં ખૂબ દુઃખ થયું." તેઓ બોલવા લાગ્યા કે અમે કેટલા બધા કમનસીબ! તેમના મનમાં કેમ દુઃખ થયું. આપ સમજ્યા? તેમને એમ થયું કે અરે! અમે માત્ર એક મુઠ્ઠી જ પથ્થર લીધા! જેમને સંતોષ નથી હોતો તેમને ગમે તેટલું ભૌતિક સુખ મળે છે છતાં તેઓ સુખી થતા નથી. પોતાની પાસે અમુક વસ્તુ નથી અથવા ઓછી છે એના વિચારે તેઓ દુઃખી થાય છે. પરિણામે જે છે તેમાંથી આનંદ પામવાને બદલે જે નથી એની ચિંતામાં દુઃખી થાય છે, માટે જે છે એમાં સંતોષ માનશો તો સુખી થશો.

નમિરાજના જીવનમાં સંતોષ આવ્યો હતો. તેમણે ક્રોધ-માન-માયા-લોભ એ ચારે કષાય પર વિજય મેળવ્યો, તેથી ઇન્દ્રની પરીક્ષામાં પાસ થયા ત્યારે ઇન્દ્રે તેમના પ્રત્યે તેમનું જે કર્તવ્ય હતું તેનું પાલન કરતા થકા તેમના ચરણોમાં વંદન કર્યા ને સ્તુતિ કરતા આગળ શું બોલે છે?

**अहो ते अज्जवं साहु, अहो ते साहु मद्दवं ।**
**अहो ते उत्तमा खन्ती, अहो ते मुत्ति उत्तमा ॥ ५७ ॥**

હે ઋષિ! આપની સરળતા, કોમળતા, ક્ષમા અને નિર્લોભતા સૌથી શ્રેષ્ઠ, સુંદર અને ઉત્તમ છે. આ ઘણા આશ્ચર્ય અને હર્ષની વાત છે.

ઇન્દ્ર કહે છે હે નમિરાજ! શું આપની સરળતા છે! શું આપની ક્ષમા છે! શું આપની નિર્લોભતા છે! જેવી રીતે ક્રોધાદિ ચાર દુર્ગુણો આત્માના નજીકના બળવાન શત્રુ છે તે રીતે આર્જવાદિ સદ્ગુણો આ આત્માના હિતકારી મિત્ર છે. ક્રોધને જીતવાથી ક્ષમા આવે છે, માનને જીતવાથી સરળતા પ્રાપ્ત થાય છે, માયાને જીતવાથી કોમળતા અને લોભને જીતવાથી નિર્લોભતા પ્રાપ્ત થાય છે. ચાર કષાયો પર વિજય મેળવીને આપે આ મહાન ગુણોની પ્રાપ્તિ કરી છે. ધન્ય ધન્ય છે આપને! ક્ષમા, સરળતા, કોમળતા,

નિર્લોભતા એ ચારે આત્માના હિતકારી, નિઃસ્વાર્થી મિત્ર છે. આવા મિત્ર ભાગ્યશાળી, લઘુકર્મી જીવને મળે છે, માટે આપ વંદનીય અને પૂજનીય છો. પ્રતિવાદી પ્રશ્નો કરે ત્યારે તેના પ્રશ્નોમાં કયારેક કઠોરતા અને ધૃષ્ઠતા આવી જાય છે તે અહીં ઇન્દ્રના કોઈ કોઇ પ્રશ્નમાં જોવા મળે છે, પણ ઇન્દ્રે જેટલા પ્રશ્નો કર્યા તે બધાના ઉત્તર આપતા નમિરાજે પોતાની સરળતા, કોમળતા, ક્ષમા અને નિર્લોભતા આદિ ગુણોનો વિશિષ્ઠ પરિચય કરાવ્યો છે. આ કારણથી ઇન્દ્ર તેના પર મુગ્ધ બની ગયા ને કહેવા લાગ્યા. હે મુનિ ! આપની સરળતા, કોમળતા, ક્ષમા અને નિર્લોભતા સર્વશ્રેષ્ઠ, સર્વસુંદર અને સર્વોત્તમ છે, કારણ કે મારા પ્રશ્નોના ઉત્તર આપતી વખતે આપનામાં જરા પણ કષાય આવી નથી. કષાય આવે તેવા બધા દશ્યો ખડા કર્યા, છતાં હે કષાય વિજેતા ! આપે આપના સદ્દગુણોને સાચવી રાખ્યા છે. આપે ક્રોધ-માન-માયા-લોભને જીત્યા છે. જે કષાયો પર વિજય મેળવે છે તેને શું લાભ થાય છે, તેનું ફળ શું મળે છે તે નમિરાજ હવે બતાવશે ને શું કહેશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર** : શુભાની વાતો સાંભળીને શેઠ કહે છે શુભા ! તું જે શબ્દો બોલી રહી છે તે તારા મુખમાં શોભે છે ખરા ? શુભા કહે, પિતાજી ! હું જે બોલું છું તે બધું વિચારીને સત્ય બોલું છું અને સત્ય રહેવાનું છે. આપે મને જે શિખામણ આપવી હોય તે આપો, પણ આપના પુત્રને સ્વીકારવાની વાત ભૂલી જાવ. એ વાત ત્રણ કાળમાં બનવાની નથી. શેઠ તો ત્યાંથી ગયા. થોડીવારમાં પાછા આવ્યા ને કહે છે, શુભા ! તું ગમે તેમ બોલે છે. 'સ્ત્રીની બુદ્ધિ તો પગની પાનીએ' હું મૂર્ખ નથી કે તું કહે કે હું તમારા દીકરાની વહુ નથી એ વાત સાચી માની લઉં. જ્યાં કિશોરની વહુ 'શબ્દ' બોલે ત્યાં શુભા બે કાનમાં આંગળી નાંખી દે. શુભાને એ શબ્દ સાંભળવો પણ ગમતો નથી. શેઠ કહે શુભમતિ ! તેં તારા માતા પિતાનો વિચાર કર્યો છે ? તારા મા-બાપ કોણ ? તારું કુળ કોણ ? હું સારો છું કે તારા માબાપને કહેવડાવતો નથી. તેઓ જાણે તો તેમને પણ એમ થાય કે શું મારી દીકરી આવી કુળખંપણ, કુળકલંકિની નીકળી ! હજુ તને કહું છું કે તું સમજી જા, તો તારા પિયરની ને સાસરાની આબરૂ, ઇજ્જત જળવાઇ રહે. તારું વચન આર્ય સંસ્કૃતિનું ખૂન કરનાર છે. યાદ રાખજે, દુનિયા એટલી બધી ઉદાર નથી કે તારી વાતને માની લે.

**મેરી બાતકો સચ્ચ ન માને, કિસીકી પરવાહ નહિ,**
**મુઝે કિંમત હૈ મેરે વચનકી, વચન અણમોલ રત્ન.**

શુભા કહે છે દુનિયા મારી વાતને માને કે ન માને તેની મને પરવા નથી, મને મારા વચનની કિંમત છે. હું મારા વચનને સતીના વચનની જેમ પાળીશ. શેઠ સમજે છે કે આકાશ-પાતાળ એક થશે તો પણ શુભા ફરવાની નથી, છતાં કહે છે શુભા ! મેં તને મારી પુત્રી સમાન માની છે. હજુ તું કાંઈક વિચાર કર. કિશોરનું જીવન તારા હાથમાં છે. વારંવાર એકની એક વાત સાંભળતા શુભાનું દિલ રડી ઉઠયું. અહા ભગવાન!

હું કેવી કમભાગી છું ! જ્યાં જાઉં ત્યાં દુઃખનો ડુંગરો તૂટી પડે છે. મેં કેવાં પાપ કર્યા હશે ! શુભા એમ વિચારી રહી છે ત્યાં જમવાનો સમય થયો એટલે શુભા કહે, પિતાજી ! આપ જમવા માટે પધારો. શુભા તો કોઈના પર રોષ રાખતી નથી. શેઠ કહે તું કિશોરને પતિ તરીકે સ્વીકાર તો હું જમીશ, નહિ તો મારે જમવું નથી. ન જમવું હોય તો સંથારો કરો, (હસાહસ) પણ હું કિશોરને પતિ તરીકે સ્વીકારવાની નથી. જે મારા પતિ છે જ નહિ તેને પતિ કહું જ કેવી રીતે ? તમે કહો કે કિશોર તારો ભાઈ છે તો હું ભાઈ ગણીને બધી સેવા કરવા તૈયાર છું. તેની બધી સેવા કરીશ પણ પતિ તરીકે તો નહિ જ. શેઠના મનમાં થયું કે હવે એને તો ધમકી આપવા જેવી છે. કોઈ પણ હિસાબે શુભાનો કિશોરને પતિ મનાવીને છૂટકો કરીશ.

**શુભમતિએ શોધેલો સુંદર ઉપાય** :-શેઠ જમવા બેઠા. એક કોળિયો મોંમાં મૂકયો ત્યાં તેઓ રડવા લાગ્યા. શુભા તો આ શેઠનું કૃત્રિમ નાટક જોયા કરે છે. શુભા કહે, પિતાજી ! આપ શોક કરવો છોડી દો. ભાગ્યની રમત પૂરી થતાં દુઃખ પણ સુખમાં ફેરવાઈ જશે. શુભા ! તું એવો કોઈ ઉપાય બતાવ કે જેથી ઘરમાં સારું વાતાવરણ આનંદમય બની જાય. જ્યાં સુધી એ ન બને ત્યાં સુધી મારું હૈયું ઠરીને બેસી શકશે નહિ. શુભા કહે, બધાને દુઃખથી મુક્ત કરવા માટે મને એક ઉપાય સૂઝયો છે. કયો ઉપાય ? શેઠને ઉપાય જાણવાની આતુરતા વધી. શુભમતિએ કહ્યું, ઉપાય છે પણ ભારે નહિ પડે ને ? તેની સાથે એક શરત છે. શુભા ! જો બધાના દુઃખ દૂર થતા હોય અને સુખનો સાગર લહેરાતો હોય તો એક શરત નહિ પણ તું જે કહેશે તે કરવા તૈયાર છું. તું હવે મને ઉપાય જલ્દી કહે. હવે મને અધીરો ન બનાવ. પિતાજી ! મારી શરત સ્વીકારશો તો ખરાને ? જો તું કિશોરને સ્વીકારવા તૈયાર હોય તો મારે એક નહિ, અનેક શરતો માન્ય છે. પિતાજી ! તમે આપણા મહારાજાને બોલાવો. તેઓ જે નક્કી કરશે તેમ કરવા હું તૈયાર છું, એ શરત તમને માન્ય છે ને ? શુભમતિ ! તેં સારો ઉપાય શોધ્યો. હું કાલે રાજાને આમંત્રણ આપવા જઈશ. શેઠના મનમાં એક વાત ગૂંથાયા કરે છે કે આ શરતમાં કોણ જીતશે ? છતાં મનમાં સંતોષ થયો.

**રાજાને થયેલું અદ્‌ભૂત આશ્ચર્ય** :-બીજે દિવસે લક્ષ્મીદત્ત શેઠ રાજ્યમાં જવા તૈયાર થયા. કચેરી ઠઠ ભરાણી છે, ત્યારે તે રૂમાલથી ઢાંકેલો થાળ લઈને ગયા. શેઠને જોતાં બધાને આશ્ચર્ય થયું કે આ કોણ હશે ? જે કોઈ દિવસ સભામાં આવતા નથી, તેથી બધાને નવાઈ લાગી. અરે...આ તો લક્ષ્મીદત્ત શેઠ છે. એ તો ખૂબ લોભીયા ને કંજુસ છે. એવા શેઠ આજે ચાંદીના થાળમાં રાજાને શું આપવા આવ્યા હશે ? શું તેમની મતિ સુધરી ગઈ ? ગુણદત્ત રાજાએ રૂમાલ ખોલીને થાળ જોયો, તો થાળમાં ઉત્તમ પ્રકારના મોતી છે. મોતી જોતાં રાજા નવાઈ પામ્યા. અહો ! આ તો કેવા ઉત્તમ અને સુંદર મોતી !આ મોતી કોઈ રજવાડાનાકે શેઠના ઘરના નથી. મારા ખજાનામાં પણ આવા મોતી નથી. આ તો કોઈ દૈવી મોતી લાગે છે.આવા મોતી મેં કયાંયજોયા છે ખરા.

**મોતી હૈ ગુણચંદ્રકા જૈસા, એસા ગુણદત્ત સોચે,**
**જરૂર મિલેગા મેરા ભાઈ, મનમેં હર્ષ અપાર.**

વિચાર કરતાં યાદ આવ્યું કે અમને ફાંસીના માંચડે લઈ ગયા ત્યારે મારો નાનો ભાઈ રડયો હતો અને તેના આંસુના જે મોતી બન્યા હતા તેવા જ આ મોતી લાગે છે. મારા ભાઈને શોધવા મેં આકાશ પાતાળ એક કર્યા, છતાં ગુણચંદ્ર જડયો નહિ, તેનું નામનિશાન પણ મળ્યું નહિ, પણ આ મોતી મારા દિલમાં એક આશ્વાસન આપે છે કે મારો ભાઈ જીવતો છે. મોતી મળ્યા છે તો મારો ભાઈ પણ મળશે ખરો. ગુણદત્તને રાજ્ય મળ્યું છતાં રાજસુખમાં ભાઈને કે માતા પિતાને ભૂલ્યો નથી. હજુ લગ્ન પણ કર્યા નથી. મારા ભાઈનું મુખ જોઈશ પછી લગ્ન કરીશ. રાજસભામાં એ સિંહાસનમાં મોટા સિંહાસને પણ બેસતો નથી. મારો ભાઈ મળશે પછી સિંહાસને બેસીશ. કેટલો ભાઈ પ્રત્યેનો પ્રેમ! આજે આવા ભાઇ જોવા મળે ખરા? અરે એક ભાઈ સુખી હોય તો બીજા ભાઈને ધંધાની લાઈન પણ ન બતાવે. મોતી જોઈને રાજાને ચમક લાગી છે. મનમાં આશા બંધાણી છે કે મારો ભાઇ હવે મને મળશે, પણ અત્યારે બોલવામાં મઝા નથી, જો હું અત્યારે કંઇ કહીશ તો વાત બગડી જશે તેથી રાજા કંઈ બોલ્યા નહિ. રાજા શેઠને પૂછે છે અત્યારે આપને આ ભેટ લાવવાનું શું પ્રયોજન? પ્રયોજન વિના કોઈ કરોડોની મિલ્કત ભેટ ધરવા આવે નહિ. આપ શા કારણે અહીં આવ્યા છો? શેઠ તો પાકા વાણીયા હતા. વીસા નહિ પણ વીસમાં દશ ઉમેરે તો તીસા વાણીયા હતા. શેઠે કહ્યું મારે કંઈ કામ નથી. હું મારો સ્વાર્થ સાધવા કે કોઇ આશાથી નથી આવ્યો પણ મારા દીકરાના લગ્ન થયા. એની ખુશાલીમાં ભેટ ધરવા આવ્યો છું. આપની મારા પર અમીદૃષ્ટિ છે એટલે પૈસો તો ઘણો છે. મેં મારા દીકરાના લગ્નમાં રૂપિયા ૧૦ લાખ ખર્ચ્યા છે તો મહારાજાને કેમ ભૂલાય?

**"શેઠનું મહારાજાને આમંત્રણ":**– આ રાજા કંઈ બુધ્ધુ ન હતા, તે પણ વીસા વાણીયા હતા. તે સમજી ગયા કે આ શેઠ ખોટી વાત કરતા લાગે છે. શેઠના દીકરાના લગ્ન કાલે થયા નથી તેથી રાજાએ કહ્યું-શેઠ, લગ્ન થયા તો ઘણો સમય થયો છે. ભેટ લગ્ન સમયે હોય અથવા જાન લઈને જાય કે છોકરો પરણીને આવે ત્યારે હોય, પણ આટલો બધો સમય વીતી ગયા પછી હોય? માટે આપ કોઇ પણ કારણ છૂપાવ્યા વિના વિના સંકોચે જે વાત હોય તે કહો. મહારાજા! મારી એક નમ્ર અરજી છે કે આપ મારા મહેલમાં જલ્દી પધારો ને આપની પવિત્ર ચરણરજથી મારા મહેલને પવિત્ર બનાવો. આપના પુનિત પગલાં મારા આંગણે થાય તો હું ભાગ્યશાળી ગણાઉં. રાજા કહે–શેઠજી! તમારે ઘેર લગ્ન મહોત્સવ તો કેટલાય મહિનાથી ઉજવાઈ ગયો છે. હવે વગર કારણે તમારા મહેલે આવવાનું શું પ્રયોજન છે! મહારાજા! આપ મારા ઉપર કૃપા કરી જરૂર પધારો. હું બહુ દુઃખી છું. મારો દીકરો દુઃખી છે, ને પુત્રવધૂ પણ દુઃખી છે. શેઠજી! આપ તો મહાસુખી છો, છતાં આપ કેમ કહો છો કે હું બહુ દુઃખી

છું ? હે નરાધિપ ! આપની કૃપાથી મારા પુત્રના લગ્નનું કાર્ય તો ખૂબ આનંદથી પતી ગયું છે. પણ હવે મોટી મુશ્કેલી ઉભી થઇ છે. હવે શેઠ કેવી રીતે રાજા પાસે પોતાની વાત રજુ કરશે ને રાજા કેવી રીતે તે દુઃખ દૂર કરશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં–૧૦૩

**કારતક સુદ ૧૩ ને સોમવાર** તા. ૮–૧૧–૮૧

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! આ સંસારમાં દરેક જીવો પ્રગતિ ઇચ્છે છે. માનવ માત્ર ઉન્નતિ, પ્રગતિ, ક્રાંતિ અને વિકાસને માટે પ્રયત્ન કરે છે. આજે બધા બોલે છે કે અમે પ્રગતિની દિશામાં આગળ વધી રહ્યા છીએ. વિજ્ઞાને ભૌતિક ક્ષેત્રમાં ઘણી પ્રગતિ કરી છે. રોકેટ, પ્લેનો આદિ વાહનોથી માનવ આકાશમાં ઉડવાનો પ્રયત્ન કરે છે પણ છેવટે શું ? એ સુખ આપનારા સાધનો ઘણીવાર ભયંકર વિનાશ સર્જી દે છે.

જ્ઞાની ભગવંતો કહે છે કે સુખના બે પ્રકાર છે. એક અંતરાત્માનું સુખ અને બીજું પુણ્યથી મળતું સુખ. અંતરાત્માનું સુખ એવા પ્રકારનું છે કે જેને મેળવવા આત્માને ભગીરથ પુરૂષાર્થ કરવો પડે છે. તે સુખ મળ્યા પછી કયારેય જતું નથી. પુણ્યથી મળતું સુખ એવા પ્રકારનું છે કે જે થોડી મહેનતે મળે છે. એને મેળવવા માટે વધુ પુરૂષાર્થની જરૂર પડતી નથી. એ સુખ ભોગવવામાં સારા લાગતા હોય પણ અંતે દગો દેનાર છે. એ સુખ કયારે ચાલ્યું જશે તેનો ભરોસો નથી. એક વાત તો નક્કી છે કે સુખ તો શાશ્વત હોવું જોઇએ. એક વખત મલ્યા પછી જેનો અંત નહિ. આત્માનું અખંડ અને નિત્યસુખ મેળવવા માટે જ્ઞાની ભગવંતોએ શાસ્ત્રમાં ઉપાય બતાવ્યા છે. સમ્યક્જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ. આ ઉપાયોને જો માનવી હાથ ધરે તો જરૂર અખંડ શાશ્વત આત્માનું સુખ મેળવી શકે.

જેમને આત્માનું સુખ મેળવવાની લગની લાગી છે એવા નમિરાજર્ષિ ઇન્દ્રની પરીક્ષામાં પાસ થયા તેથી ઇન્દ્ર તેમના ચરણમાં ઝૂકી પડયો. સોનું અગ્નિમાં પડે ત્યારે તેનું મૂલ્ય થાય છે, હીરો સરાણે ચઢે ત્યારે તેના મૂલ્ય અંકાય છે. નમિરાજ ઇન્દ્રની પરીક્ષાની સરાણે ચઢયા ત્યારે તેમના મૂલ્ય થયા, અને ઇન્દ્ર તેના ચરણમાં નમી પડયો. આજે માનવીને મૂલ્ય કરાવવું, બહુમાન કરાવવું ગમે છે પણ કસોટીની સરાણે ચઢવું ગમતું નથી. માટીનો ઘડો બનતા પહેલા ઘડાએ કેટલા કષ્ટો વેઠયા, ઘડો બની ગયો પણ જયાં સુધી તે અગ્નિમાં પરિપકવ થતો નથી ત્યાં સુધી ઘડાના મૂલ્ય અંકાતા નથી, જયારે અગ્નિ પરીક્ષામાંથી બહાર આવે ત્યારે તેના મૂલ્ય અંકાય છે. આ માનવજન્મ આર્યભૂમિ, આર્યકુળ, જૈનધર્મ અને જિનશાસન બધું મળ્યા પછી જીવન જો રંગરાગમાં, પાપની પ્રવૃત્તિમાં ગુમાવો તો તે જીવનના મૂલ્ય નહિ થાય. આ જીવન દ્વારા કર્મો ખપાવી મોક્ષ મેળવવા પુરૂષાર્થ કરીએ અને તે માટે જે કષ્ટ સહન કરવું પડે તે કરીએ,

તો જીવનનું સાચું મૂલ્ય સમજ્યા કહેવાય. જ્યારે ભારત દેશ આઝાદ થયો ત્યારે વીર સૈનિકોનું કેટલું શૂરાતન હતું કે ભલે અમે ખપી જઈએ પણ અમારો દેશ તો સ્વતંત્ર થવો જોઈએ. માથું મૂકયા વિના માલ ન મળે.

નમિરાજે કર્મ સંગ્રામમાં માથું મૂકી દીધું, છેવટે ઈન્દ્રનો પરાજય થયો તેથી રાજર્ષિના ચરણમાં પડી તેમની સ્તુતિ કરે છે. ધન્ય છે ધન્ય છે તમને! તમારો વિજય થયો. સત્યને સત્ય કહેવું પડે. માનવી કદાચ માન–માયાને વશ થઈને અસત્ય બોલે પણ છેવટે નમ્યા વિના છૂટકો થતો નથી; તેમ ઇન્દ્ર નમી પડયા ને આશીર્વાદ આપતા બોલ્યા.

**इहं सि उत्तमो भन्ते, पच्छा हाहिसि उत्तमो ।**
**लोगुत्तमुत्तमं ठाणं, सिद्धिं गच्छसि नीरओ ॥५८॥**

હે ભગવાન! આપ આ લોકમાં ઉત્તમ છો ને પરલોકમાં પણ ઉત્તમ થશો તથા કર્મ રૂપી રજથી રહિત થઈને લોકમાં પરમ ઉત્તમ જે મોક્ષ સ્થાન છે તેને તમે પ્રાપ્ત કરશો.

ઈન્દ્ર કહે છે હે ભન્તે! આપ આ લોકમાં તો ઉત્તમ ગુણોવાળા છો ને પરલોકમાં પણ ઉત્તમ બનવાના છો. આ જ ઈન્દ્ર પહેલા નમિરાજને શું કહેતા હતા? હે નમિરાજ! તમે તો કાયર છો. દીક્ષા કોણ લે? જે સંસાર ચલાવવામાં કાયર હોય તે દીક્ષા લે. હવે ઈન્દ્ર શું કહે છે? હે ભગવાન! મને ખાત્રી છે, વિશ્વાસ છે કે આપ મોક્ષમાં જવાના છો. રાજર્ષિની વિશુદ્ધ ઉત્કૃષ્ટ પરિણામધારાથી તે મોક્ષમાં જશે એમ નિશ્ચય થતાં તે રાજર્ષિને ભગવાન શબ્દથી સંબોધન કરે છે. તે કહે છે કે આપ આલોકમાં તો ઉત્તમ છો અને પરલોકમાં પણ ઉત્તમ થશો એટલે સિદ્ધ ગતિને પામશો. દેવલોકમાં જાય તો ત્યાંથી પાછું આવવું પડે પણ આપ એવા સ્થાનને પામશો કે જ્યાંથી પાછું આવવું ન પડે. આ ઉત્તમ સ્થાન કયાં આવ્યું? આપને ખબર છે?

ઉત્તમસ્થાન એટલે મોક્ષ. તે લોકને છેડે અને અલોકને માથે છે. જ્યાં છ દ્રવ્યોની અસ્તિ છે તેને લોક કહેવાય અને જ્યાં છ દ્રવ્યો નથી પણ માત્ર એક આકાશ છે તેને અલોક કહેવાય. લોકમાં ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યો છે. ધર્માસ્તિકાય આપણને ચાલવામાં સહાય કરે છે. અધર્માસ્તિકાય ઉભા રહેવામાં, આકાશાસ્તિકાય જગ્યા આપવામાં સહાય કરે છે. કાળ દ્રવ્ય સમયનું માપ બતાવે છે. તે અઢીદ્વીપમાં સૂર્ય–ચંદ્રના ફરવાના સમયથી લઈને પલ્યોપમ, સાગરોપમ આદિના પ્રમાણનો નિશ્ચય થાય છે, તેથી અઢી-દ્વીપને સમયક્ષેત્ર પણ કહે છે. જ્ઞાન–દર્શન ચારિત્ર–તપ–સુખ, વીર્ય અને ઉપયોગ એ જીવના લક્ષણ છે. શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સડન–પડન એ બધા પુદ્ગલના લક્ષણ છે. આ છ દ્રવ્યો લોકમાં છે. જીવ જ્યારે સર્વ કર્મોથી રહિત બને છે ત્યારે લોકના છેડે જઇને રોકાઇ જાય છે, કારણ કે જીવ ધર્મા-સ્તિકાયના આધારે ગતિ કરે છે અને ધર્માસ્તિકાયની સત્તા લોકથી આગળ નથી, તેથી મુક્ત જીવ લોકને છેડે જઇને અટકી જાય છે. એવા ઉત્તમ સ્થાન સિદ્ધ ગતિને તમે પામશો. જ્યાં અનંત અવ્યાબાધ શાશ્વત સુખ છે. આપને મારા કોટી કોટીવાર વંદન હો.

एवं अभित्थुणन्तो, रायरिसिं उत्तमाइ सद्धाए ।
पयाहिणं करेन्तो, पुणो पुणो वन्दइ सक्को ॥ ५९ ॥

આ પ્રકારે ઉત્તમ શ્રદ્ધાથી રાજર્ષિની સ્તુતિ અને પ્રદક્ષિણા કરતા થકા ઇન્દ્ર તેમને વારંવાર વંદન કરે છે.

નમિરાજની દૃઢ શ્રદ્ધા, તેમનું ઉત્તમ ચારિત્ર જોઈને ઇન્દ્ર વારંવાર વંદન કરવા લાગ્યા. જ્યાં ત્યાગ છે, સંયમ છે, વૈરાગ્યની ઝલક છે, ગુણોનું સૌંદર્ય છે ત્યાં કોઈને કહેવું પડતું નથી કે તમે એને નમો. એ તો પોતાની જાતે જ નમી પડવાના. એવા ચારિત્ર સંપન્ન સાધકને જોતાં તેના બધા અંગો નમી જશે. ગુણો દ્વારા મનુષ્ય સર્વત્ર બધાનો પૂજનીય, માનનીય બને છે. સદ્‌ગુણી ધર્મિષ્ઠ આત્માઓનો સાધારણ મનુષ્ય તો શું દેવો પણ આદર કરે છે, વંદન કરે છે. ગુણાનુરાગ બધા ગુણોમાં એક વિશિષ્ટ ગુણ છે. ગુણી તો ઘણા હોઈ શકે પણ ગુણાનુરાગી ઓછા જોવા મળે છે. નમિરાજના ગુણો જોઈને ઇન્દ્ર તેમના ચરણમાં ઝુકી ગયો. આ તો મહાન પુરૂષ હતા, મોક્ષાર્થી જીવ હતા તેથી તેમને બધા નમે પણ સંસારી આત્માઓમાં જો પવિત્રતા હોય તો તે પાપીને પુનિત બનાવી શકે છે.

એક સત્યવાદી, પ્રમાણિક, નીતિવાન ડોકટર હતા. તે કોઇનો અનીતિનો પૈસો લેતા નહિ. એક વાર તેમને કોઇને ત્યાં વિઝીટ જવાનું થયું. વિઝીટ જોખમી હતી. માણસોની હત્યા કરનારો એક ખૂની બહારવટીયો હતો. એના ઘેર વિઝીટ જવાનું થયું. તે બહારવટીયાનો દીકરો બિમાર પડયો હતો, તેથી તે અડધી રાત્રે ડોકટર પાસે આવ્યો ને કહ્યું, આપ અત્યારે ને અત્યારે મારે ત્યાં પધારો ને મારા દિકરાને બચાવો. તે બહારવટીયાનું નામ તો નરસિંહ હતું. નામ તો સરસ હતું પણ ગુણ તેવા ન હતા. નરસિંહ આત્માનો સિંહ ન બન્યો અને ભોગનો ને સંસારની માયાનો સિંહ બન્યો. ડોકટર ઓળખી ગયા કે આ તો મહા ગૂંડો છે. બહારવટીયો છે, પણ વિચાર કર્યો કે હું ડોકટરનું ભણ્યો છું તો મારું ભણતર જો રોગથી પીડાતા દરદીઓને સહાયક ન બને તો એ ભણતર શા કામનું ? મારી ફરજ છે કે આજે મારે જવું જોઇએ. તેની પત્નીએ ઘણી ના પાડી પણ ડોકટર તો ઉઠ્યા. પોતે ગાડીમાં બેઠા ને નરસિંહને પણ સાથે ગાડીમાં બેસાડયો.

**પાપનો પૈસો મારે ન જોઇએ :** ડોકટરે નરસિંહના ઘેર જઈ તેના દીકરાને બરાબર તપાસ્યો. ત્રણ ઈંજેકશન આપ્યા, દવા આપી, પછી કહ્યું કે આપ ચાર દિવસ બરાબર દવા લેવા આવજો. હું અહીં અત્યારે અડધો કલાક બેઠો છું. મને શ્રદ્ધા છે કે તમારા દીકરાને જરૂર સારું થઈ જશે. થોડીવાર થઈ એટલે ડોકટરે જવાની તૈયારી કરી ત્યારે નરસિંહ કહે છે ડોકટર સાહેબ ! આપ ફી લેતા જાવ. નરસિંહે દશ દશ રૂપિયાની પાંચ કડકડતી નવી નોટો ડોકટરના સામે ધરી. ડોકટરે કહ્યું, હું પૈસા નહિ લઉં. સાહેબ, પૈસા કેમ નહિ લો ? આપની ફી વધુ થતી હોય તો વધુ આપુ. ભાઈ ! ફી તું આપે છે તેના કરતાં વધુ છે, પણ મારે તારો પૈસો લેવો નથી. આ પૈસો નીતિનો નથી પણ પાપનો

પૈસો છે. કેટલાયના લોહી અને આંસુનો પૈસો છે, માટે એ પૈસા મારે ન જોઈએ. ખૂનીના ઘરમાં ઉભા રહીને તેને ખૂની કહેવો ને સ્પષ્ટ વાત કરવી એ સહેલ વાત નથી. છે તમારામાં આટલી તાકાત! નરસિંહ કહે–ડોકટર સાહેબ! મારા બાપદાદાથી આ ધંધો ચાલ્યો આવે છે. આપને આપવા માટે અમારી પાસે બીજી કોઈ કમાણી નથી. જે છે તે આ પાપની કમાણી છે. ડોકટરે કહ્યું. મારી પત્નીએ મને અહીં સુધી આવવાની ના પાડી છતાં હું ડોકટર તરીકેની મારી ફરજ બજાવવા આવ્યો. તારા છોકરાને દવા, ઈજેકશનો આપ્યા. અઠવાડીયામાં તેને સારું થઈ જશે, છતાં જરૂર પડે તો મારે ત્યાં આવજે. મને જરૂર લાગશે તો હું પણ આવી જઈશ, દવા પણ આપીશ, પણ આ પાપની કમાણી લેવાનો મને આગ્રહ ન કરશો. હું એવા અનીતિના, પાપના પૈસા નહિ લઉં. અધર્મની એક પાઈ પણ મારા ઘરમાં લેતો નથી. નરસિંહ તો આ સાંભળીને અવાક્ થઈ ગયો. એની નોટો એના હાથમાં રહી ગઈ તેના મનમાં એક વિચાર આવ્યો એટલે કહ્યું, ડોકટર સાહેબ! આ નોટો પર પાપની કમાણીનો સિક્કો કયાં માર્યો છે? દરેક નોટો ટંકશાળમાંથી આવે છે, ત્યાં નીતિ–અનીતિનો ભેદ કયાં રહ્યો? નરસિંહ! નોટો તો બધે એકની એક ફરે છે પણ એક નોટ જાતમહેનતથી, પ્રમાણિકતાથી મેળવી હોય એ એની નીતિની કમાણી છે, પણ એ જ નોટ એની પાસેથી કોઈ છીનવી લે છે ત્યારે તે પાપની કમાણી બને છે. પાપની કમાણી જયાં જાય ત્યાં અનર્થો ઉભા કરે છે. તમારે પાપના પૈસા આપીને શું મારા કુટુંબને હેરાન પરેશાન કરવું છે? મારો આત્મા મને કહે છે કે જે દિવસે પાપની, અનીતિની કમાણી લઈશ તે દિવસે તારો પુષ્પ જેવો પરિવાર તારા હાથે કચરાઈ જશે. પોતે ડાકૂના ઘરમાં ઉભો છે છતાં ભય રાખ્યા વગર કેટલું બેધડક કહે છે! સત્યને સત્ય કહેનારા માનવો દુનિયામાં બહુ ઓછા જોવા મળે છે.

નરસિંહ ડોકટરની આ વાત સમજી શકયો નહિ. જે ધન માટે માણસ અનેક પાપ કરે છે એના બદલે પૈસાને હાથ લગાડતા આ ડોકટરને આટલી બધી ઘૃણા–નફ્રત કેમ થાય છે? છેલ્લે કહે છે ડોકટર સાહેબ! દવાના તો પૈસા લો. ડોકટર કહે– અત્યારે નહિ. જે દિવસે જાત મહેનત કરી તું નીતિથી પૈસા લાવીશ ત્યારે જરૂર લઈશ. એટલું કહીને ડોકટર તો પોતાને ઘેર આવ્યા. અઠવાડિયામાં તો નરસિંહના દીકરાને સારું થઈ ગયું, પછી તે કેટલાય મહિનાઓ સુધી દેખાયો નહિ. ડોકટરના મનમાં થયું કે હવે છોકરાને સારું થઈ ગયું હશે એટલે આવતો નથી. આ બાજુ ડોકટરના ગયા પછી ડોકટરના શબ્દો નરસિંહના કાનમાં ગુંજવા લાગ્યા. "જાત મહેનત કરી નીતિનો પૈસો લાવીશ ત્યારે હું લઈશ." આ શબ્દોથી નરસિંહના દિલમાં ચોટ લાગી. ગમે તે રીતે મહેનત કરી પૈસા મેળવી ડોકટરના પૈસા તો ચૂકવવા જોઈએ. આ પ્રમાણે વિચાર કરી બાપ–દીકરો જંગલમાં ગયા. લાકડા કાપીને લાકડાનો ભારો બાંધ્યો. ભારો લઈને ડોકટરને ત્યાં આવ્યા. ડોકટરના મનમાં થયું કે મેં તો લાકડા મંગાવ્યા નથી ને આ કોણ ભારો આપવા આવ્યું હશે? ડોકટર બહાર આવ્યા. બે માણસોને જોતાં ઓળખી ગયા કે આ તો નરસિંહ ચોર અને એનો યુવાન પુત્ર છે.

ડોકટરને જોતાં નરસિંહે કહ્યું, ડોકટર સાહેબ! આ અમે જાતમહેનત કરીને, પરસેવો પાડીને નીતિથી મેળવેલી કમાણી છે. આપ લઈ લો ને મને ઋણમાંથી મુક્ત કરો. બોલો, કયાં મૂકું? આ જોતાં ડોકટરના રોમેરોમમાં આનંદ થયો. તેમનું હૈયું નાચી ઉઠયું. તેમણે બંનેના માથા પરથી લાકડાનો ભારો ઉતરાવ્યો. લાકડા સીસમના ને સારા હતા. ડોકટરે કહ્યું, નરસિંહ! આ ભારાની કિંમત મારી વિઝીટ ફી અને દવા કરતાં પણ થોડી વધારે છે. મારું મન તો કહે છે કે આપના દિકરાની જિંદગી જો બચી હોય તો માત્ર મારી દવાથી નહિ પણ મારા મનના દૃઢ સંકલ્પે બચાવી છે. નરસિંહ કહે, ડોકટર સાહેબ! મેં અત્યાર સુધી તમારા જેવા નીતિવાન, પ્રમાણિક ડોકટર કયાંય જોયા નથી. નરસિંહ! તેં તારો પાપમય ધંધો એક દિવસ માટે છોડયો છે કે કાયમ માટે? જો તું તારો પાપનો ધંધો છોડી દે તો તને મારા દવાખાનામાં પટાવાળા તરીકે રાખીશ અને તારા દીકરાને કેસ કાઢવા બેસાડીશ ને આગળ જતાં એને કંપાઉન્ડર બનાવીશ. પાપનો પૈસો ઘરમાં ન આવે એની આ ડોકટરની કેટલી તકેદારી! આજે આવા ડોકટર જોવા મળે છે ખરા? આ ડોકટરના દૃઢ નિશ્ચયે ઘોર પાપીનું પણ કેવું પરિવર્તન કર્યું! ચોરમાંથી શાહુકાર બનાવ્યો. કંઈક વાર સારો સંગ મળતાં ખૂની મુનિ બની જાય છે. જેવા કે અર્જુનમાળી, દૃઢપ્રહારી વગેરે. ડોકટરને ત્યાં જે દવા લેવા આવે તે બધા કહે છે કે આ તો ડાકુ હતો તે છે. નીતિના ધનમાં કેટલી શક્તિ છે! ડોકટરની નીતિનું ધન લેવાની દૃઢ ભાવનાએ પાપી પાવન બની ગયો. ચોર મટી માનવ બની ગયો. પરંપરાથી ચાલ્યો આવતો પાપનો ધંધો ચોરના ઘરમાં બંધ થઈ ગયો.

નમિરાજના સંયમના પ્રભાવથી, ચારિત્રના ચમકારથી ઈન્દ્રનો હૃદય પલ્ટો થઈ ગયો, તેથી રાજર્ષિની સ્તુતિ અને પ્રદક્ષિણા કરતા થકા લળીલળીને વારંવાર વંદન કરવા લાગ્યા. વંદન કરતાં તેમને તૃપ્તિ નથી. અરે, વંદન કરવામાં પણ મહાન લાભ છે. ઉત્કૃષ્ટ ભાવે વંદન કરતાં જીવ નીચ ગોત્ર કર્મને ખપાવે છે ને ઉંચ ગોત્ર કર્મ બાંધે છે. ઈન્દ્ર તો નમિરાજર્ષિને વારંવાર વંદન કરે છે. કોઈ પણ પક્ષપાત વિના ગુણવાનોની પ્રશંસા કરવી, તેમનો આદર-સત્કાર કરવો, યથાશક્તિ સેવા કરવી અને તેમના પ્રત્યે નિર્મળ શ્રદ્ધા-ભાવ પ્રદર્શિત કરવો એ ગુણાનુરાગીનું સૌથી પ્રથમ કર્તવ્ય છે. આ ભાવથી પ્રેરિત થઈને ઈન્દ્રે નમિરાજર્ષિને વારંવાર વંદન કર્યા. વંદન કરીને હવે જવાની તૈયારી કરશે ને શું બનશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર:- દુઃખ દૂર કરવા આમંત્રણનો સ્વીકાર:**-શુભમતિના કહેવાથી શેઠ રાજાને આમંત્રણ દેવા ગયા. મોટા માણસોને બોલાવવા હોય ત્યારે પહેલા તેમને રાજી તો કરવા પડે ને? તેથી કિંમતી અમૂલ્ય મોતી રાજાને ભેટ ધર્યા ને પછી પોતાને ઘેર પધારવાનું આમંત્રણ આપ્યું. રાજાએ કહ્યું, વગર કારણે અત્યારે આવવાનું શું પ્રયોજન? ત્યારે શેઠે કહ્યું, મહારાજા! હું શી વાત કરું! મારા દુઃખની કથની કોને કહું? મારે એકનો એક દીકરો છે. મારો દીકરો પરણીને આવ્યો ત્યારે આ સભામાં

બેઠેલા સૌ કોઈએ જોયો છે. કેવો દેવરૂપ જેવો દીકરો હતો, પણ પરણીને આવ્યા પછી પુત્રવધૂનો સ્પર્શ માત્ર થયો ત્યાં મારો વહાલ સોયો દીકરો રક્તકોઢીયો બની ગયો. તેના શરીરમાંથી લોહી પરૂના ઢગલા થાય છે. એની દુર્ગંધ એટલી મારે છે કે તમે એની પાસે ઉભા રહી ન શકો. મારી પુત્રવધૂ દેખાવમાં તો ઘણી સુંદર છે, પણ કોણ જાણે એના સ્પર્શ માત્રથી મારા દીકરાની આ સ્થિતિ થઈ છે, છતાં પુત્રવધૂ એને બોલાવતી નથી કે એના સામું દૃષ્ટિ પણ કરતી નથી. મારી આ સ્થિતિ થઈ છે. વહુને વગોવવા કરતા કર્મોને વગોવવા સારા. મારા દીકરાના કર્મો એવા હશે કે વહુ તેમાં નિમિત્ત બની. સાહેબ! વહુ કિશોરની છાયા પણ લેતી નથી. તેને સમજાવવા ઘણાં પ્રયત્નો કર્યા પણ તે કિશોરને સ્વીકારવા તૈયાર નથી. હવે આપ જલ્દી મારા ઘેર પધારો ને મારું દુઃખ દૂર કરો. આપ પરમ દિવસે જરૂર પધારજો. રાજા કહે, શેઠજી! મેં હજુ સુધી આવી વાત સાંભળી નથી કે કોઈના સ્પર્શથી કોઈને કોઢનો રોગ થાય. હા, જેને આવો રોગ થયો હોય એનો ચેપ કદાચ લાગી જાય પણ જેનું શરીર નિરોગી છે, કાયા સારી છે તેના સ્પર્શથી બીજાને રોગ થાય એ નવાઈની વાત છે, છતાં આપ કહો છો તો આપના દુઃખને દૂર કરવું તે મારી ફરજ છે, માટે આપના આમંત્રણને માન આપી હું જરૂર આપના મહેલે આવીશ ને આપનું દુઃખ દૂર કરીશ.

**સાથી શબ્દે સર્જેલી ભાઈની સ્મૃતિ**:–ગુણદત્ત રાજા ન્યાય નીતિથી સુંદર રીતે રાજ્ય ચલાવી રહ્યા છે. તેમનો યશ ચારે દિશામાં ફેલાયો છે. તેમના ગુણોની પ્રશંસાની પરિમલ દૂર દૂર સુધી ફેલાઈ રહી છે. તેમનું રાજ્ય એટલે જાણે રામરાજ્ય ન હોય! એક દિવસ મંત્રીજીએ રાજસભામાં કહ્યું, મહારાજા! આપના રાજ્યમાં પ્રજા સંપૂર્ણ સુખી છે. પ્રજા આપને માટે એક આશા રાખે છે. મંત્રીજી! શી આશા છે? મહારાજા! આપની બાજુનું સિંહાસન ખાલી છે. હવે આપની ઉંમર વધતી જાય છે, માટે હવે આપ જલ્દી લગ્ન કરો. સાથી વિના રાજમહેલ શૂનકાર દેખાય છે. સાથી શબ્દ સાંભળતા રાજાને પોતાનો ભાઈ યાદ આવી ગયો. અરે, કર્મરાજા! તેં અમને બંને ભાઈને કયાં વિખૂટા પડાવ્યા! હું તો રાજસુખમાં લહેર કરું છું, પણ મારો ભાઈ કેવા દુઃખમાં હશે, એમ વિચાર કરતા તેમનું હૃદય ભરાઈ આવ્યું. આંખમાંથી આંસુની ધારા થઈ. મંત્રીજી પૂછે છે મહારાજા! આપની આંખમાં આંસુ કેમ? મંત્રીજી! મારે એક સગો નાનો ભાઈ છે. આપની વાત સાંભળતા મને મારો ભાઈ યાદ આવ્યો. કયાં હશે એ મારો ભાઈ? સુખમાં હશે કે દુઃખમાં? તેના વગર બધા સુખ મને ફિક્કા લાગે છે. આપ ગમે ત્યાંથી એનો પત્તો મેળવો, પછી હું લગ્ન કરીશ. મંત્રીજી! મારા મનમાં એક યુક્તિ સૂઝી આવી છે. આપ દેશોદેશમાં ઢંઢેરો પીટાવો.

**સાગરદત્ત ચરિત્ર સુણાવે, ગુણચંદ્ર હાલ બતાયે ।**
**જો કથા યા સાંચી કહસી, રાજાજી આધો રાજય દેસી ॥**

જે કોઈ મને સાગરદત્ત શેઠનું ચરિત્ર સંભળાવશે અને ગુણચંદ્રનો પત્તો મેળવી આપશે તેને રાજા અડધું રાજ્ય દઈ દેશે. દેશોદેશમાં રાજાનો ઢંઢેરો પીટાઈ રહ્યો છે.

આ બાજુ લક્ષ્મીદત્ત શેઠે ગુણદત્ત મહારાજાના સ્વાગતની તૈયારીઓ કરવા માંડી. એમના મનમાં તો આનંદ સમાતો નથી. હવે મારું કાર્ય સિદ્ધ થશે. રાજા શુભાને દમદાટી દેશે, ધમકી આપશે અને નહિ માને તો જેલમાં પૂરશે, ત્યારે તો પગે લાગીને કિશોરનો સ્વીકાર કરશે ને ? શેઠે નોકરોને ઓર્ડર આપી દીધો. આપ મહેલને સુંદર શણગારો, રંગોળી પૂરો, મહેલમાં રોશની કરો ને મહેલ ઝાકઝમાળ બનાવી દો. શેઠનો ઓર્ડર થતાં મહેલ શણગારાઇ ગયો. રાજાને બેસવાના સ્થાને ગુણચંદ્રને માર મારીને રડાવીને મેળવેલા આંસુના મોતીના ઝુમ્મર બનાવીને લટકાવ્યા. શુભાને ખબર પડી કે મહારાજા પધારવાના છે તેથી તે પણ મહેલ શણગારવા લાગી. શેઠ સમજે છે કે રાજા આવશે એટલે શુભાનો પાવર ઉતરી જશે. શુભા સમજે છે કે હવે મારા જીવનમાં નવો પ્રકાશ આવશે. હું અને મારા પતિ ગુણચંદ્ર બંને શેઠના કારાવાસમાંથી મુક્ત બનીશું. એને એ આનંદ છે.

**"શુભાને સમજાવવા રાજાનું આગમન"**:-નક્કી કરેલા દિવસે મહારાજા પરિવાર સહિત શેઠને ત્યાં પધાર્યા. શેઠે તેમનું ખૂબ સત્કાર–સન્માન કર્યું. થોડી વાર પછી શેઠે રાજાને જમવા બેસાડયા. શેઠ શુભા પ્રત્યેનો પ્રેમ બતાવવા શુભા...શુભા...કરે છે. બેટા શુભા ! બહાર આવ. તેં રસોઇ બનાવી છે તો તું પીરસવા આવ. શુભા મર્યાદા સાચવીને ઘૂંઘટ કાઢી પીરસવા આવી. રાજા ખૂબ બુદ્ધિશાળી છે. શુભાને જોઈને તેમના મનમાં થયું કે શું એની ચાલ છે ! શું એની બોલવાની મીઠાશ છે ! એનું કામકાજ પણ કેવું ગુણભર્યું દેખાય છે ! આ છોકરી શું એવી હોય ! રાજા જમીને સિંહાસને બેઠા., પછી પૂછ્યું, શેઠ ! કહો, શું દુઃખ છે ? શી મૂંઝવણ છે ? ઓ દીનાનાથ ! નોંધારાના આધાર ! અનાથના નાથ ! આપને પગે પડીને કરજોડીને કહું છું કે આપ મારી શુભાને સમજાવો. શેઠજી ! પણ પહેલા આપનો પુત્ર તો બતાવો. મહારાજા ! એ બતાવાય એવો નથી. કેમ એમ ? તેના કાન, નાક ખરી ગયા છે, તેના લોહી પરૂની દુર્ગંધ ઉડે છે. આપ તે દુર્ગંધ સહી શકશો નહિ. રાજા કહે, હું બધું સહન કરીશ, પણ આપ દીકરાને અહીં તો લાવો. શેઠે કિશોરને બોલાવ્યો. રાજાને વિચાર થયો કે તેના સામું જોવાતું નથી, પછી આ શુભા એને કેવી રીતે ચાહે ? ના...ના...ગમે તેમ હોય પણ પતિની સેવા તો કરવી જોઈએ ને ? રાજા કહે છે શેઠજી ! આપ સત્ય વાત કહો છો કે પુત્રવધૂના સ્પર્શથી તેને આવો રોગ થયો છે ? હા, મહારાજા ! પરણ્યાની પ્રથમ રાત્રે તેનો સ્પર્શ થતાં મારો દેવરૂપ જેવો છોકરો આવો થઈ ગયો. રાજા કહે, આપ શુભાને બોલાવો. શુભમતિ આવીને રાજાના ચરણમાં નમીને ઉભી રહી.

શુભાને જોતાં રાજા કહે છે શેઠ ! તમારી પુત્રવધૂ તો કુળદેવી જેવી લાગે છે. છતાં શુભાને કહે છે કે તમારી લાજ મર્યાદા દૂર કરો. હું તમારો બાપ છું ને તું મારી દીકરી છે. હું કયારે પણ પરસ્ત્રીના સામું જોતો નથી, માટે તું મારો ભય ન રાખીશ.

દીકરી! સાંભળ, તું જૈન ધર્મને સમજેલી છે. ખાનદાન કુળની દીકરી છે. એ દીકરીનો ધર્મ છે કે તેનો પતિ રોગી હોય, કોઢી હોય, આંધળો હોય કે અપંગ હોય, તો પણ તેની સેવા કરવી જોઈએ. તું તારો પતિવ્રતા ધર્મ કેમ ચૂકી ગઈ છે? પરણેલી કન્યાનો અધિપતિ તેનો પરિણિત પતિ હોવો જોઈએ. આ વાત તમારા માટે કલંક રૂપ છે. તમારું આ વર્તન કુળને, જાતિને શોભે તેવું છે? રાજા કરડી આંખે કહે છે શુભમતિ! તમારું નામ તો શુભમતિ છે પણ તમારી મતિ શુભ નથી રહી. તમે બીજા કોઈના પ્રેમમાં હશો એટલે તમે પરિણિત પતિને અપનાવતા નથી.

**મારો પતિ દેવરૂપ છે ને રહેશે :—** શુભાએ રાજાની વાત બધી પહેલાં સાંભળી, પછી તે નીચું જોઈ ને નીડરતાથી બોલી, મહારાજા! આપની વાત સત્ય છે. પરણેલી કન્યાનો માલિક તેનો પરિણિત સ્વામી હોય, પણ જેને તમે મારા પતિ માનો છો તે મારા પતિ જ નથી. દીકરી, તારા લગ્નની પ્રથમ રાત્રે તારા સ્પર્શથી તેને રોગ થયો છે ને તું એની ના પાડે છે? એ જ તારો પતિ છે. મહારાજા! નહિ...નહિ... આ કુષ્ટ રોગી મારો પતિ નથી. મારા પતિ તો દેવરૂપ જેવા છે. તે જ મારા પતિ છે. ને રહેશે, માટે ત્રણ કાળમાં શુભા આ વાત સ્વીકારી શકવાની નથી. શુભા બોલી રહી છે. એના મુખપર ચારિત્રનું તેજ ઝળકી રહ્યું છે. તેના બોલવામાં નિશ્ચયતા, અડગતા, વિનય, વિવેક તરવરતા હતા. રાજા કહે દીકરી! આપ ધીરજ રાખો. જ્યારે રોગનું આક્રમણ થાય ત્યારે દેવ જેવું રૂપ પણ ચાલ્યું જાય માટે આ જ તમારો પતિ છે. જો આ કુષ્ટી તમારો પતિ નથી ને બીજો કોઇ પતિ છે તો આપ તેનો કોઈ પુરાવો બતાવશો ને? શુભમતિ કહે–રાજાજી! આ શેઠના પુત્રનો રોગ જુનામાં જુનો છે, તેથી એના શરીરમાંથી આટલા લોહી પરૂના ઢગલા થાય છે ને દુર્ગંધ મારે છે. આપ વૈદને બોલાવીને તેનું નિદાન કરાવો એટલે સત્ય વાતની ખબર પડશે. હું સોગંદપૂર્વક કહું છું કે આ શ્રેષ્ઠિપુત્ર મારા પતિ નથી. આ શેઠે પોતાના કુષ્ઠિપુત્રને પરણાવવા માટે બધા પ્રપંચ અને માયાજાળ રચી છે. એમનો વંશ ઉભો રાખવા આ કપટજાળ બિછાવી છે. તેમણે મને ઠગવામાં બાકી રાખી નથી. મહારાજા! હવે હું તમારા શરણે આવી છું. આપ મારું રક્ષણ કરો ને આ માયાજાળમાંથી મને મુક્ત કરો. આ શેઠના પંજામાંથી ઉગરવાનો મને કોઈ રસ્તો ન જડયો ત્યારે મેં આપનો સહારો લીધો છે. મેં જ શેઠને આપને બોલાવવા માટે કહ્યું છે. હવે હાર કે જીત તમારા હાથમાં છે. શુભાની વાત સાંભળતા શેઠના પેટમાં તેલ રેડાયું. પાપ કર્યું હોય તેને ભય લાગે પણ પાપ કર્યું નથી તેને કોનો ભય હોય! શેઠે પાપ કર્યું છે તે પાપ હવે પ્રગટ થઇ જશે તેમ તેમને દેખાયું, તેથી હવે પાપને ઢાંકવા હજુ રાજા પાસે શું કહેશે ને શું બનશે તેના ભાવ અવસરે.

## વ્યાખ્યાન નં-૧૦૪

**કારતક સુદ ૧૪ને મંગળવાર** **તા. ૯-૧૧-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! મહાપુરૂષો ફરમાવે છે કે અનાદિકાળથી આત્મા નિજઘરને છોડીને પરઘરમાં ભટકયો છે. આત્મા પર-વસ્તુઓ ઉપર મમત્વ કરી વિભાવ દશા વધારે જાય છે, પણ વસ્તુઓ પરનું મમત્વ અંતે આત્માને ભારે પડવાનું છે. બીજાના બંગલા જોઈ તેમાં ગમે તેટલું મમત્વ કરો પણ તેમાં મહાલવા ન મળે. તેને તમે પર માનો છો ને? તેમ જે બાગ બગીચા કે બંગલાને પોતાના માન્યા છે તેને પણ પર માનવા જેવા છે. બીજાના બંગલા જેમ તમારા નથી, તેમ જેને તમે તમારા માન્યા છે તે પણ તાત્ત્વિક દષ્ટિએ તમારા નથી. તાત્ત્વિક દૃષ્ટિએ જ્યાં શરીર પણ આપણી માલિકીનું નથી ત્યાં કંચન, કામિની, ઘર વગેરે તો આપણા હોય જ કયાંથી? પુષ્પોમાં જે સુગંધ છે તે તેના ઘરની છે ત્યારે તમે માથાના વાળમાં જે નાંખો છો એ પરઘરની છે. એ સુગંધ પરઘરની હોવાથી સ્નાન કરો કે તરત જતી રહે છે. સુગંધી તેલ, અત્તર નાંખવાથી વાળ સુવાસિત બને પણ એ સુવાસ વાળના ઘરની નથી. ઘરની હોય તે જાય નહિ. આખા શરીરે ભલે અત્તર ચોપડો તો તે બે ઘડી સુગંધ આપશે, પણ અંતે તો શરીરમાંથી દુર્ગંધ છૂટે છે, કારણ કે દુર્ગંધ એ શરીરના ઘરની વસ્તુ છે, ત્યારે સુગંધ એ પરઘરની ઉછીની વસ્તુ છે. આ શરીર તો એવું દુર્ગંધમય છે કે સુગંધમય વસ્તુઓને પણ દુર્ગંધમય બનાવી દે. એના ઉપર ગમે તેટલા વિલેપન કરો તો પણ એ પોતાનો સ્વભાવ ન છોડે. આ ન્યાય પરથી સમજાય છે કે ઘરનું હોય એ જાય નહિ ને પરઘરનું હોય તે રહે નહિ.

જેટલું પરઘરનું છે તેના ઉપરનું મમત્વ તદ્દન ખોટું છે. જે વસ્તુ માલિકીની હોય તેના પરનું મમત્વ હજુ ઠીક ગણાય, પણ ઉછીની વસ્તુઓ પરનું મમત્વ અંતે મારનારું છે. આત્માનો શુદ્ધ સ્વભાવ એ આત્માના ઘરનો છે. એક વાર જો પ્રગટી જાય તો એ પ્રગટયા પછી કોઈ કાળે પાછો ન દબાઈ જાય. આત્મામાં રાગ દ્વેષાદિ જે દેખાય છે તે બધા કર્મ સંયોગના નિમિત્તે આત્મામાં જન્મતા વિકારી ભાવો છે. કર્મ સંયોગો દૂર થતાં તે દૂર થઈ જાય છે. પાણી અને સાબુનો પ્રયોગ થતાં વસ્ત્રનો મેલ નીકળી જાય છે ને વસ્ત્ર વસ્ત્રના સ્વરૂપમાં આવી જાય છે. મેલ એ ઘરની વસ્તુ ન હતી તો નીકળી ગયો તેમ આત્મામાં જે રાગ-દ્વેષાદિ છે તે આત્માના ઘરના નથી પણ કર્મના ઘરના છે, તેથી નીકળી જાય છે અને આત્મા શુદ્ધ સ્વભાવને પ્રાપ્ત કરે છે.

જેમને આત્માની સ્વભાવ દશાનું ભાન થઈ ગયું છે એવા નમિરાજર્ષિએ બધી પર વસ્તુઓ ઉપરથી મમત્વ હઠાવી લીધું અને આત્માની અખંડ જ્યોત પ્રાપ્ત કરવા સંયમ માર્ગે પ્રયાણ કર્યું. જ્યાં મમત્વ છે ત્યાં દુઃખ છે અને સમત્વ છે ત્યાં સુખ છે. ઈન્દ્રે મિથિલા બળતી બતાવી, પોતાના પરિવારનું કરૂણ રૂદન વગેરે દશ્યો બતાવ્યાં કે જે જોતાં સાંભળતાં દુઃખ થાય, પણ નમિરાજને કોઈ વસ્તુ પ્રત્યે મમત્વ હતું નહિ, તેથી

દુઃખ ક્યાંથી થાય? તેથી તે ઇન્દ્રની સામે પણ દૃઢ રહી શક્યા. નમિરાજની દૃઢતા જોઈ ઈન્દ્રે છેવટે તેમના ચરણોમાં વંદન કર્યા. તેમના ગુણગ્રામ ગાયા. તેમની સ્તુતિ–ભક્તિ કરી. આજે તો ઘણી વાર જોવા મળે છે કે માનવીમાં કંઈ હોય નહિ ને બહારથી તેના ગુણ ગાતા હોય. આજે જ્યાં જુઓ ત્યાં ધનવાનોના માન સન્માન થાય છે, તેમની પૂજા થાય છે. જેટલા ધનવાનોના માન છે તેટલા ધર્મિષ્ઠના માન નથી. કોઈ માણસ ધર્મિષ્ઠ, સદાચારી, સાધુ જેવું આદર્શ જીવન જીવતો હોય પણ જો ગરીબ હોય તો તેની કાંઈ કિંમત નહિ અને ધનવાન માણસ વ્યસની હોય છતાં એ પૂજાય છે.

નમિરાજમાં તો જેવું આચરણ એવી વાત છે. તે કેવું ઉત્તમ જીવન જીવ્યા હશે કે ઈન્દ્રે તેમની સ્તુતિ કરી, ગુણગ્રામ ગાયા. તેમને સમજાઈ ગયું કે ચારિત્ર એ મહાન છે. ધન્ય છે ધન્ય છે નમિરાજ તમને કે આટલા ભૌતિક સુખો મળવા છતાં તમે તેને ઠોકર મારીને ચાલી નીકળ્યા. આપે ચારિત્રને શ્રેષ્ઠ ગણ્યું. આ રીતે ઈન્દ્રે રાજર્ષિની સ્તુતિ કરી, વંદન કર્યા, પછી શું કર્યું તે હવે બતાવે છે.

**तो वन्दिउण पाए, चक्कं कुसलक्खणे मुणिवरस्स ।**
**आगासेणुप्पइओ, ललियचवल कुंडल तिरीडी ॥६०॥**

ત્યાર પછી ચક્ર અને અંકુશના ચિહ્નોથી યુક્ત મુનિના બંને ચરણોમાં વંદન કરીને અતિચંચળ, સુંદર કુંડલ અને મુકુટને ધારણ કરેલા ઈન્દ્ર આકાશમાર્ગથી પોતાના દેવલોકમાં ચાલ્યા ગયા.

જે મહાપુરૂષો હોય છે તેમના પગના તળીયે ધ્વજ, અંકુશ, ચક્ર અને પદ્મ આદિના ઉત્તમ ચિહ્નો હોય છે, તથા આ ઉત્તમ લક્ષણોવાળા મહાપુરૂષોની સેવાભક્તિ પણ ઉચ્ચ કોટીના ભવ્ય જીવોને પ્રાપ્ત થાય છે. ઈન્દ્ર નમિરાજની અંતરના પ્રેમથી, ઉરના ઉમળકાથી ભક્તિ કરી રહ્યા છે. મહાપુરૂષોની ભક્તિ આપણા મહાન ભાગ્યોદયે મળે છે. મહારાજા કુમારપાળના ગુરૂ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ હતા. કુમારપાળ રાજાની ગુરૂભક્તિ અજોડ હતી. શુદ્ધભાવે સંયમ પાળતા આયુષ્ય પૂર્ણ થતા હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ કાળધર્મ પામ્યા. આવા મહાન શાસનસમ્રાટ, ધર્મધુરંધર ગુરૂદેવની ખોટ જૈન સમાજને બહુ વસમી લાગે છે. તેમના કાળધર્મના સમાચાર સાંભળતા સૌની આંખમાં આંસુ આવી ગયા. અરરર...શાસનના રત્ન, મહાનજ્ઞાની આચાર્ય ગુરૂદેવ શું ચાલ્યા ગયા? નાના મોટા સૌના દિલમાં આઘાત હતો. જે આદર્શ જીવન જીવી જાય છે ને જનતાને કલ્યાણની કેડીએ ચઢાવે છે, જેમણે માર્ગ ભૂલેલા જીવોને સાચો માર્ગ બતાવ્યો છે એવા આત્મા જ્યારે આ દુનિયામાંથી વિદાય લે છે ત્યારે તેમની પાછળ દુનિયા આંસુ સારે છે. તે આત્મા તો હસતો હસતો જાય છે પણ તેમના ગુણો બધાને રડાવે છે.

હેમચંદ્ર આચાર્યની જ્યારે પાલખી નીકળી ત્યારે તેમની શ્મશાનયાત્રામાં હજારોની માનવમેદની ઉમટી હતી. બધામાં મોખરે ગુરૂભક્ત મહારાજા કુમારપાળ હતા. કુમારપાળ રાજા અઢાર દેશના માલિક હતા. પહેલા તેઓ જૈનધર્મ પામ્યા ન હતા. હેમચંદ્ર આચાર્યના સમાગમથી, તેમના સદુપદેશથી તેમણે જૈનધર્મ સ્વીકાર્યો અને સાચા જૈનધર્મી

બન્યા. ધર્મ પ્રત્યેની તેમની શ્રદ્ધા એટલી દઢ હતી કે તેમની ધર્મશ્રદ્ધાની પરીક્ષા કરવા દેવી આવી અને કુમારપાળ રાજાના શરીરમાં અસહ્ય વેદના ને રોગ મૂક્યો, છતાં જરાપણ ડગ્યા નહિ કે ધર્મથી ચલિત ન થયા. હેમચંદ્રાચાર્ય ગુરૂદેવ પાસેથી તેઓ ધર્મના સ્વરૂપને સમજ્યા અને ધર્મ પામ્યા તેથી તેમનો તે મહાન ઉપકાર માનતા ને સેવાભક્તિ કરતા. હેમચંદ્રાચાર્યની પાલખી નીકળી ત્યારે તે સૌથી આગળ હતા. ચંદનના લાકડાથી આચાર્યશ્રીના દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

આચાર્યશ્રીના નશ્વર દેહને ભસ્મીભૂત થતો જોઈને કુમારપાળ રાજા નાના બાળકની જેમ પોક મૂકીને રડયા. હીબકા ભરીને રડવા લાગ્યા. તેમની પાસે ઉભેલા મંત્રીઓ, મહાજનો, નગરજનો આ જોઈને સ્તબ્ધ બની ગયા. બધાને આશ્ચર્ય થયું. અહો... આપણા મહારાજા આટલું બધું કેમ રડે છે? કયારે પણ તેમની આંખમાં આંસુ જોયા નથી ને આ શું? અઢાર દેશના માલિક કેમ આટલું બધું રડતા હશે? તેમણે તો ગુરૂદેવ પાસેથી નશ્વરતાની ઘણી વાતો સાંભળી છે, જન્મ છે તેનું મૃત્યુ તો નિર્માણ થયેલું છે. જે ખીલે છે તે કરમાવાનું છે. જગતના સર્વ પદાર્થો નશ્વર છે. શાશ્વત એક આત્મા છે. આવું જાણવા છતાં આટલું બધું કેમ રડતા હશે? મહારાજા બધાના મનના ભાવ સમજી ગયા. તેમણે બધાને શાંત પાડીને કહ્યું- મારા પરમ ઉપકારી ગુરૂદેવ કાળધર્મ પામ્યા તેથી મારા દિલમાં આઘાત છે, દુઃખ જરૂર છે પણ તેથી હું રડતો નથી. એ ગુરૂદેવ તો સંયમની મહાન સાધનાથી સદ્દગતિને પામ્યા છે. હું સમજું છું કે જન્મ છે તેનું મૃત્યુ તો અવશ્ય છે, પણ હું મારી જીવનભરની અક્ષમ્ય બેવકુફી ઉપર રડી રહ્યો છું.

મહારાજા! આપની એવી શું ભૂલ છે? રાજાએ કહ્યું-મને ખબર છે કે ગુરૂદેવને રાજપિંડ આહાર ખપતો નથી. ભગવાને દશવૈકાલિક સૂત્રમાં બાવન અનાચાર દોષ બતાવ્યા છે. જેનું સાધુ ક્યારે પણ આચરણ કરે નહિ ને કરે તો અનાચાર દોષ લાગે. તેમાં આ પણ એક બોલ છે. "रायपिंडे" (રાજપિંડ) વીતરાગી સંતો જો રાજપિંડ આહાર લે તો તેને અનાચાર દોષ લાગે. કુમારપાળ રાજા કહે છે કે હું જાણું છું કે મારા ગુરૂદેવને રાજપિંડ આહાર ન ખપે, છતાં હું રાજા તરીકે રહ્યો. મેં રાજાનું પદ ન છોડયું. મેં રાજસત્તા વહાલી કરી પણ ગુરૂભક્તિ વહાલી ન કરી. મને રાજ્યનો મોહ ન છૂટયો ત્યારે ને? મને ખબર ન હોત તો આટલું દુઃખ ન થાત, પણ હું જાણું છું છતાં મેં આવું કર્યું? અરે, રંક બનીને હું કોઈ ઝુંપડાનો રહેવાસી બન્યો હોત તો મારા અન્નપાણી તો એ ઉપકારી ગુરૂદેવને વહોરાવી શકત ને! મારા આંગણે એ પરમ ઉપકારી ગુરૂદેવના પુનિત પગલા થાત ને! મને દાન દેવાનો અમૂલ્ય લાભ મળત ને! મારા પર જેમનો અનંત ઉપકાર છે, માર્ગ ભૂલેલાને માર્ગે ચઢાવી જેમણે મારા પર અસીમ કૃપા કરી છે એવા ગુરૂદેવને આહાર-પાણી વહોરાવવાના લાભથી પણ વંચિત રહી ગયો ને! હું કેવો કમભાગી! કેવો કમનસીબ! કેવો અભાગી! રાજ્યના લોભે આ મહાન લાભ પણ ગુમાવી દીધો. હું એટલી પણ સેવા ન કરી શકયો? મારી આ

ભૂલ મારા દિલમાં મને ખટકે છે, તેથી પશ્ચાતાપના આંસુ આંખમાંથી વહી રહ્યા છે. કુમારપાળ રાજાની કેવી અજોડ ગુરૂભક્તિ !

અહીં ઈન્દ્રે નમિરાજની ખૂબ ભક્તિ કરી, પછી ઈન્દ્રે પોતાનું મૂળ દેવરૂપ ધારણ કર્યું. બ્રાહ્મણનું રૂપ બદલીને ઈન્દ્રનું દેવરૂપ લીધું, એટલે તેમના કાનમાં કુંડલ પહેરેલા છે, માથે મુગટ પહેરેલો છે, હાથે બાજુબંધ પહેરેલા છે, દેવના બધા શણગાર સજેલાં છે. તે દેવ રાજર્ષિને વંદન કરે છે ત્યારે તેમના કુંડલ ઝુલે છે. તેમના કુંડલમાં અને મુગટમાં જે રત્નો જડેલા છે તેનો પ્રકાશ એટલો બધો છે કે સૂર્ય-ચંદ્રનો પ્રકાશ પણ ઝાંખો લાગે. આવા ઈન્દ્ર મહારાજાએ ત્યાગી રાજર્ષિના ચરણમાં વંદન કર્યા. યાદ રાખજો, દેવો કોને નમે છે ? કરોડપતિ કે મહાન ધનાઢય હોય, અરે, ભારતના વડાપ્રધાન હોય તેને નમતા નથી પણ જેના જીવનમાં અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અચૌર્ય, સંયમ, તપ અપરિગ્રહ ભાવના અને માનવતાની મ્હેંક હોય તેના ચરણમાં દેવો નમે છે.

નમિરાજનો ત્યાગ બાહ્ય ન હતો પણ અંતરનો ત્યાગ હતો. બાહ્ય ત્યાગ તો જીવે ઘણી વાર કર્યો પણ અંતરના ત્યાગ વિના ભવ ભ્રમણ ટળ્યું નહિ. અંતરના ત્યાગ વગર બહારનો ત્યાગ એ સાચો ત્યાગ નથી. સર્પ ઉપરથી કાંચળી છોડી દે એટલાથી ત્યાગ નહિ કહેવાય, પણ અંદરની ઝેરની કોથળી ત્યાગે ત્યારે ત્યાગ કર્યો કહેવાય. ઉપરની કાંચળીમાં ઝેર હોતું નથી. ઝેર તો એની અંદરની કોથળીમાં હોય છે, એવી રીતે આત્મા બાહ્ય-આભ્યંતર બંને પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરે ત્યારે ત્યાગી કહેવાય. સોનું-રૂપું -ઘર આદિ બાહ્ય પરિગ્રહ છે, અને રાગ-દ્વેષ, કષાય, મૂર્છા વગેરે આભ્યંતર પરિગ્રહ છે. નમિરાજે બાહ્ય, આભ્યંતર બંને પ્રકારના પરિગ્રહનો ત્યાગ કર્યો, તેથી ઈન્દ્ર તેમના ચરણમાં નમ્યા. દેવો ત્યાગને નમે છે પણ ભોગને નથી નમતા, પણ આજે તો દુનિયામાં મોટા ભાગે બહુમાન ધનવાનોના થાય છે. આપ યાદ રાખજો કે પૈસો તો આજ છે ને કાલ નથી. એ તો પુણ્ય પાપના ખેલ છે. આજે ધન મેળવવા માટે જીવોની કેટલી દોડાદોડી છે ! કેટલો તલસાટ છે ! પણ આ સંસાર સ્વપ્નાની સુખડી જેવો છે. (અહીંયા પૂ. મહાસતીજીએ સ્વપ્નાની સુખડી પર સુંદર રસપ્રદ દૃષ્ટાંત રજુ કર્યું હતું.) સ્વપ્નાની સુખડી [illegible] ભૂખ મટાડી શકે નહિ તેમ સંસારના સુખોથી જીવને ક્યારે પણ શાંતિ મળે નહિ.

નમિરાજ પર પ્રસન્ન થયેલા ઈન્દ્ર શ્રદ્ધાપૂર્વક રાજર્ષિને વંદન, નમસ્કાર કરીને આનંદપૂર્વક આકાશમાર્ગેથી પોતાના સ્થાનમાં એટલે દેવલોકમાં ચાલ્યા ગયા અને અદૃશ્ય થતાં પહેલાં દિવ્ય ધ્વનિથી જયઘોષ કર્યો કે **"જય હો, વિજય હો ! મહાત્મા નમિરાજનો વિજય હો !"** ઈન્દ્ર દેવલોકમાં ગયા પછી નમિરાજર્ષિએ શું કર્યું તે આ ગાથામાં શાસ્ત્રકાર ભગવાન બતાવે છે.

**नमी नमेइ अप्पाणं, सक्खं सक्केण चोइओ ।**

**चइऊण गेहं च वेदेही, सामण्णे पज्जुवट्ठिओ ॥ ६१ ॥**

ઈન્દ્ર દેવલોકમાં ગયા પછી સાક્ષાત્ ઈન્દ્રના દ્વારા પ્રેરિત થયેલા અથવા નમસ્કાર

કરાયેલા નમિરાજર્ષિ પોતાના આત્માને નમાવતા થકા ઘર અને વિદેહ દેશનું રાજ્ય છોડીને સંયમમાં પ્રતિષ્ઠિત થાય છે અર્થાત્ સંયમમાં દીક્ષિત થાય છે.

ઈન્દ્ર જેવા ઈન્દ્ર પોતાને વંદન કરે છે છતાં મનમાં જરા પણ અભિમાન આવતું નથી. આજે તો માનવીને થોડું માન મળે ત્યાં 'શેરી સાંકડી ને હું પહોળો' એવી દશા થાય છે. તમને ખબર પડી કે આજે ઇન્દીરા ગાંધી આવવાના છે ને તેમની બાજુમાં તમારી ખુરશી પડવાની છે, તો હજારોની માનવમેદનીમાં ધક્કામુક્કા કરીને પણ આગળ જશો. કદાચ કોઈ કંઈક કહે તો ફાંકો રાખીને બોલશો કે મારે કાર્ડ આવ્યું છે ને ઈન્દીરા ગાંધીની બાજુમાં મારી ખુરશી પડવાની છે. ત્યાં માન આવી જાય કે હું કંઈક છું. જ્યારે અહીં તો રાજર્ષિને ઈન્દ્ર નમ્યા, તેમના ગુણગાન ગાયા, છતાં જરા પણ માન નથી આવતું. સાચા આત્માર્થી મહાન સાધકો કોઇ મોટા પુરૂષોની પ્રશંસાથી અભિમાનમાં તણાતા નથી પણ વધુ નમ્ર બનતા જાય છે. એ નમ્રતા તેમના ઉત્તરોત્તર વિકાસનો હેતુ છે.

નમિરાજર્ષિએ પોતાના આત્માને નમાવ્યો. પાંચ ઇન્દ્રિયો અને મન પર વિજય મેળવ્યો ને કષાયોને પણ ઉપશાંત કરી. હવે તેમના જીવનમાં માત્ર એક મોક્ષની અભિલાષા છે. એવા નમિરાજે પોતાના મહેલનો ત્યાગ કર્યો. વિદેહ દેશનો–મિથિલા અને સુદર્શન નગરનો ત્યાગ કર્યો અને સંયમ માર્ગમાં પ્રવૃત્ત થયા. નમિરાજર્ષિનું સંયમી જીવન સાધના પથમાં આગળ વધી રહ્યું. વિશુદ્ધ, નિર્મળ ચારિત્રનું પાલન કરતા થકા તે વિચરવા લાગ્યા. હવે છેલ્લી ગાથામાં શાસ્ત્રકારે બધાને શી શિખામણ આપી છે તે વાત અવસરે.

**ચરિત્ર** :—લક્ષ્મીદત્ત શેઠના મનમાં થયું કે શુભમતિ તો ધીરે ધીરે રાજાને બધું કહી રહી છે. જો સત્ય વાત કહી દેશે તો મારું પોકળ ખુલ્લું પડી જશે એટલે, રાજાને કહે છે, રાજાજી! વહુનું મગજ ચસ્કી ગયું લાગે છે. તે પાગલ જેવી બની ગઈ છે. પંચની સાક્ષીએ લગ્ન કર્યા એ વાત શું ખોટી હોય? એની વાતનો વિશ્વાસ કરશો નહિ. આપ બધી વાતને સંકેલી લો એટલે એનું મગજ શાંત થઇ જશે. શુભા કહે–પિતાજી! હું પાગલ નથી. મારું મગજ ઠેકાણે છે. શેઠને કહો કે તમે તમારું સંભાળો. હવે મારા મુખે વધુ ન બોલાવે. રાજા કહે–દીકરી! સત્ય હોય તે તું કહી દે.

**પ્રપંચનો પ્રગટ થયેલો પડદો** :—પિતાજી! સત્ય કહું છું કે પંચની સાક્ષીએ જેની સાથે મારા લગ્ન થયા છે તે મારા પતિ તો બંધનમાં પડ્યા છે. એ તો ખરેખર ઉત્તમ પુરૂષ છે. એમને તો દૈવી વરદાન છે. શુભા! તો તું તારા પતિને ઓળખવાના કોઇ પૂરાવા આપે છે? હા, મહારાજા! એ રડે છે ત્યારે એમના જે આંસુ પડે છે તેના મોતી બને છે. શુભા! તું કેવી રીતે જાણે છે? પિતાજી! તેઓ જ્યારે પરણવા આવ્યા ત્યારે ખૂબ ઉદાસ હતા. તેમને ઉદાસ જોઈને મારા મનમાં થયું કે પરણવા આવનારના દિલમાં તો અપૂર્વ આનંદ હોય છે, પણ આ કેમ આટલા બધા ગમગીન દેખાય છે? શું હું તેમને નહિ ગમતી હોઉં? તેમની ઉદાસીનતાનું કારણ જાણવા જાનીવાસે તેમને એકલા જોઈને હું તેમની પાસે ગઈ, અને ઉદાસીનતાનું કારણ પૂછ્યું, ઘણું પૂછ્યું ત્યારે

તેમણે કહ્યું કે, હું તારી જીવન લીલાને સમાપ્ત કરવા આવ્યો છું. સતી ! હું અધમ-પાપી છું. આ પાપના ફળ હું ક્યાં જઈને ભોગવીશ ? સતી ! મને માફ કર. ત્યારે મેં કહ્યું, આપ એમ શા માટે બોલો છો ? ઘણું પૂછયું ત્યારે કહ્યું કે દેવી ! હું કિશોર નથી. હું લક્ષ્મીદત્ત શેઠનો પુત્ર નથી પણ હું તો તેમનો બંદીવાન છું. તેઓ મને ભાડે પરણવા લાવ્યા છે. આ શેઠને એક પુત્ર છે તે કુષ્ઠ રોગી છે. માયાકપટ રચી તેની સગાઈ તો કરી પણ લગ્ન કરવા કેવી રીતે લઈ જવો ? એટલે મને ભાડે પરણવા લાવ્યા છે. અહીંથી લઈ જઈને શેઠ મને ભોંયરામાં પૂરશે ને તારી સામે તેમનો કુષ્ઠી પુત્ર હાજર કરશે.

**મોતીથી મટેલી મનની મૂંઝવણ** :-દેવી ! મારા જેવો વિશ્વાસઘાતી બીજો કોણ હોય ? હું તો આ પાપ કરવા તૈયાર ન હતો, પણ મૃત્યુના ભયથી હા પાડવી પડી. અરે ભગવાન ! મેં મૃત્યુને વહાલું કેમ ન કર્યું ? તો આ પાપ મારે કરવું ન પડત ને ? આટલું બોલતા તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. તે રડયા ત્યારે જે આંસુ પડયા તે મોતી બની ગયા, એ મોતીની મેં પોટલી બાંધી છે. આ મોતી મને ભવિષ્યમાં પૂરાવા રૂપ બનશે એમ માનીને તે મોતી હું સાથે લઈ આવી છું. શુભાએ તે પોટલી લાવીને રાજાને બતાવી. મોતી જોતાં રાજા ચમકયા. આ મોતી બીજા કોઈના નહિ પણ મારા લાડીલા લઘુ બાંધવ ગુણચંદ્રના છે. જેનો પત્તો મેળવવા દેશોદેશમાં મારો ઢંઢેરો ફરી રહ્યો છે. બોલ, બોલ શુભા ! તે ક્યાં છે ? તું મને જલ્દી કહે. આ પાપી શેઠે એને ક્યાં સંતાડયો છે ?

**ગુણચંદ્ર અબ કહાં બતાઓ, શેઠજી સે પૂછો યૂં બોલે ।**
**શેઠને હી ઉન કો કોઠે મેં ડાલા, શેઠને ખૂબ કમાયે મોતી ॥**

મહારાજા ! આ શેઠની તો શી વાત કરું ? આ શેઠે એમને ભોંયરામાં પૂર્યા છે. તેના આંસુના મોતી મેળવવા માટે તેમને શેઠ હન્ટરના માર મારીને રડાવે છે ને તેના આંસુના મોતી મેળવે છે. આ શેઠે તો ઘણાં મોતી મેળવ્યા છે, પણ કોઈ દિવસ પેટ ભરીને ખાવા આપ્યું નથી. રાજાજી ! જોઈ લો, આપના ઉપર બાંધેલા આ મોતીના ઝુમ્મર. આ સાંભળતા રાજાને એકદમ ગુસ્સો આવી ગયો ને કહ્યું-આ દુષ્ટ શેઠને પકડો. ભોંયરું ખોલાવો ને ગુણચંદ્રને બહાર કાઢો. ગુણચંદ્ર તો બિચારો કેટલાય સમયથી ભોંયરામાં પડયો છે. જ્યાં ઘનઘોર અંધારૂં છે. સૂર્યનો પ્રકાશ પણ જ્યાં જોવા ન મળે. રાજાની આજ્ઞા થતાં ભોંયરૂં ખોલ્યું ને ગુણચંદ્રને બહાર કાઢયો.

**"બે ભાઈનું મધુરું મિલન"** :-ગુણચંદ્રને જોતાં જ ગુણદત્ત રાજા જલ્દી જઈને હર્ષભેર ભેટી પડયા. રામચંદ્રજી બાર વર્ષ વનવાસ ભોગવીને આવ્યા ને તેમને જોતાં ભરત તેમને ભેટી પડયો ને જેવો આનંદ થયો તેવો આનંદ ગુણદત્ત અને ગુણચંદ્રને થયો. બંને ભાઈ બાર વર્ષે મળ્યા. બંનેની આંખમાંથી હર્ષના આંસુ પડયા. ગુણદત્તે જે ભાઈ માટે હજુ લગ્ન કર્યા નથી, તેની પાછળ કેટલાં ઝૂરતા હતા, તેમને પોતાનો ભાઈ મળે પછી શું બાકી રહે ? ગુણચંદ્ર તો મોટાભાઈને વળગી પડયો. તેનું શરીર તો ખૂબ

સૂકાઈ ગયું છે. તેને જોતાં ગુણદત્તની આંખમાં આંસુ આવી ગયા. વીરા! તેં કેટલા દુઃખો વેઠયા! હું આ જ ગામમાં રાજા હોવા છતાં તારે આટલા દુઃખો ભોગવવા પડયા! હું તને બંધનમાંથી મુક્ત ન કરાવી શક્યો ને! એક જ ગામમાં એક ભાઈ રાજસુખ ભોગવે ને બીજો ભાઈ મહાન દુઃખ ભોગવે. કર્મની કેવી વિચિત્રતા!

**શૂળીને બદલે નગરશેઠની પદવી** :–લક્ષ્મીદત્ત શેઠ તો બિચારા ધ્રુજવા લાગ્યા. ગભરાવા લાગ્યા. હવે મારું આવી બનશે. મને શી ખબર કે ગુણચંદ્ર આ રાજાનો ભાઈ હશે! ગુણદત્ત રાજા કહે–અરે દુશ્મન! હું તારા ગામનો રાજા છું. મારા ગામમાં મારા ભાઈને આટલું બધું દુઃખ પડયું! મારા ભાઈની દશા તો જો. અરે, દુષ્ટ શેઠ! જો આ મોતીની નિશાની ન હોત તો હું એને ઓળખી શકત પણ નહિ. રાજાને તો ખૂબ ગુસ્સો આવ્યો. તેમનો વટહુકમ છૂટયો કે અહીં કોણ હાજર છે? જાવ, જઈને શેઠને પરિવાર સહિત પકડીને ફાંસીએ લઈ જાવ. તેમના મહેલ, ભંડારો બધું જપ્ત કરો. રાજાની આજ્ઞા થતાં બધે સીલ મરાઈ ગયા. રાજાના માણસો શેઠને લઈને જવાની તૈયારી કરે છે. શેઠ બધા રડે છે. બચાવો...બચાવોના પોકાર કરે છે. આ જોઈને ગુણચંદ્ર ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. ગુણદત્ત પૂછે છે, ભાઈ! હવે તું શા માટે રડે છે? ગુણચંદ્ર કહે, ધિક્કાર છે મારા જીવનને! મારા જીવનમાં ધૂળ પડી. મારા એક માટે આટલા બધાને ફાંસી! મારે જીવવું નથી. અપરાધ તો માત્ર શેઠનો છે, પણ તેના સ્વજનોને ફાંસીની શિક્ષા શા માટે? એ બધા નિરપરાધી છે, એમને છોડી દો. ભાઈ! શેઠે તને આટલું દુઃખ આપ્યું છતાં કોઈ સમજાવવા કેમ ન આવ્યા? મોટાભાઈ! શેઠ સિવાય કોઈ આ વાત જાણતું નથી. શેઠ પણ મારા પરમ ઉપકારી છે. ભલે મને ભોંયરામાં પૂરી રાખ્યો. માર માર્યો છતાં મરાવી નાંખ્યો નથી. મને ખાવાપીવાનું આપી મારું રક્ષણ કર્યું છે. મને ભાડે પરણાવવા તો લઈ ગયા ને? મને પરણાવ્યો તો સારી કન્યા ઘરમાં આવી. એ ચારિત્રવાન કન્યાના પ્રતાપે આજે હું બંધનમાંથી છૂટયો, માટે એમનો મારા પર મહાન ઉપકાર છે. તેમજ બાર બાર વર્ષે બંને ભાઈનું મિલન થયું છે તેની ખુશાલીમાં બધાની શિક્ષા માફ કરી દો.

**અન્ન ખાયા ઈસકા મૈંને, આજ મિલનકી ખુશી અતિ**
**ઈસ ખુશીમેં ઈસકો છોડો, દયા ઉર લાવો હે પ્રજાપતિ**

ભ્રાતૃ–મિલનના આનંદમાં બધાને છોડી મૂકો. તેમને લૂંટવાનું છોડી દો. સીલ માર્યા છે તે તોડી નાંખો. હે મહારાજા! આપ બધા પર કરૂણા કરો અને શેઠને નગર-શેઠની પદવી આપો. રાજાના મનમાં થયું. કે શું મારા ભાઈની ભાવના છે! માર મરાવનારને પણ માફી આપી. શૂળીને બદલે નગરશેઠની પદવી અપાવી. ગુણદત્ત રાજાએ ગુણચંદ્રે કહ્યું તે પ્રમાણે બધાની શિક્ષા માફ કરી અને શેઠને નગર શેઠની પદવી આપી. લક્ષ્મીદત્ત શેઠ ગુણચંદ્રના ચરણમાં પડી ગયા ને પોતાના પાપની સાચા દિલે માફી માંગી. ભાઈ! મેં તને આટલું દુઃખ આપ્યું, છતાં તેં મને બચાવ્યો. તે ઉપરાંત નગરશેઠની

પદવી અપાવી, પછી શુભમતિને કહે છે શુભા ! મેં તને બહુ દુઃખ આપ્યું છે. તારા પર ખોટા કલંક ચઢાવ્યા છે. મારા અપરાધની મને ક્ષમા આપ. શુભા કહે, પિતાજી ! આપનો દોષ નથી. દોષ મારા કર્મનો છે. મારે આપને માફી આપવાની ન હોય.

**કેવો અજબ ભ્રાતૃપ્રેમઃ—** ગુણદત્ત રાજાને ભાઈ મળ્યો અને શુભાને પોતાનો પતિ મળ્યો તેથી બધાને આનંદ આનંદ છે. ગુણદત્ત ગુણચંદ્રને હાથીના હોદ્દે બેસાડીને વાજતે ગાજતે રાજદરબારમાં લઇ ગયા. રાજાએ ભાઈ મળ્યાની ખુશાલીમાં અઠ્ઠાઈ-મહોત્સવ ઉજવ્યો, તેથી ગામમાં બધાને ખબર પડી ગઈ કે આપણા મહારાજા તેમના ભાઈની શોધ કરતા હતા તે ભાઈ મળી ગયા. તેની આંખના આંસુ પડે તે મોતી બને છે. જેના માટે આપણા રાજાએ અત્યાર સુધી લગ્ન કર્યા ન હતા તે ભાઈ મળી ગયો. કેવો અજબ ભ્રાતૃપ્રેમ ! બંને ભાઈઓ ભેગા થયા પછી એકબીજાને તેમની કહાની પૂછે છે. ગુણચંદ્ર કહે-ભાઇ હું તને ઝાડની ડાળીએ બાંધીને ગયો હતો તે પછી શું થયું ને તમે રાજ્ય કેવી રીતે મેળવ્યું ? ગુણદત્તે જે વાત બની હતી તે બધી કહી સંભળાવી. ગુણદત્તે ગુણચંદ્રને પૂછ્યું, વીરા ! આપણે રાત્રે જંગલમાં સૂતા હતા પછી શું બન્યું તેની મને ખબર નથી. તું કેવી રીતે આ શેઠના પંજામાં સપડાઈ ગયો ? ગુણચંદ્રે પોતાની દુઃખદ કહાની કહી સંભળાવી. બંને ભાઈઓ સારી રીતે રાજ્ય ચલાવે છે. જાણે રામ-લક્ષ્મણની જોડી ! ભાઇ મળ્યા પછી ગુણદત્તે સારી સુશીલ સંસ્કારી કન્યા સાથે લગ્ન કર્યા. બંને ભાઈઓ અને તેમની પત્નીઓ બધા આનંદથી રહે છે. બંને ભાઈ તો મળી ગયા પણ માતા પિતાનું શું થયું ? હવે માતા-પિતાનો પત્તો કેવી રીતે મેળવશે તેના ભાવ અવસરે.

---

## વ્યાખ્યાન નં. ૧૦૫

**કારતક સુદ પુનમ ને બુધવાર** **તા. ૧૦-૧૧-૮૧**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંત કરૂણાસાગર ભગવંતે જગતના જીવોના શ્રેય માટે આગમની પ્રરૂપણા કરી. આગમનો સાર છે તપ અને જપ. જેના જીવનમાં તપ નથી, જપ નથી તેનું જીવન એ જીવન નથી. તપનો અર્થ છે આત્માને તપાવવો અને જપનો અર્થ છે આત્મસ્વરૂપની ઓળખાણ કરવી. પહેલા તપો અને પછી સ્વરૂપને પ્રાપ્ત કરો. ભગવાન મહાવીર પ્રભુએ પહેલા તપથી આત્માને તપાવ્યો ને પછી તેમણે પોતાના સ્વરૂપને પ્રાપ્ત કર્યું. ભક્તમાંથી ભગવાન એ રીતે બનાય છે. તપથી જીવન પવિત્ર થાય છે અને જપથી જીવન બળવાન બને છે. તનથી તપ કરો. અને મનથી જપ કરો. તપ અને જપ દ્વારા જીવન પૂર્ણ વિકાસને પામે છે. મેલા વસ્ત્રને સ્વચ્છ કરવા સાબુ-પાણી બંનેની જરૂર છે. એકલા પાણીથી કપડા સાફ નથી થતા કે એકલા સાબુથી પણ સાફ થતા નથી. બંનેના સંયોગથી વસ્ત્રની શુદ્ધિ થાય છે. આત્મા અનાદિકાળથી ક્રોધ, માન, માયા, લોભ અને કર્મના સંયોગથી મલીન બની ગયો છે, અપવિત્ર અને અશુદ્ધ બની ગયો છે. તેને

પવિત્ર અને શુદ્ધ કરવો એ મનુષ્યનું પરમ કર્તવ્ય છે. આત્માની વિશુદ્ધિનો આધાર તપ અને જપ છે. તપ એ પાણી છે ને જપ એ સાબુ છે. તપ અને જપના સંયોગથી આત્મા પવિત્ર અને નિર્મળ બને છે.

દુનિયાના સર્વ જીવોમાં મનુષ્ય મહાન છે, કારણ કે તે તનનો અને મનનો સ્વામી છે ને પોતાના આત્માનો રાજા છે. જે આત્મા ઇન્દ્રિયોનો દાસ અને મનનો ગુલામ બનીને રહે છે તે તપ-જપ શું કરી શકવાનો છે? અને આત્માની ઓળખાણ પણ કેવી રીતે કરી શકે? એવા માણસ પોતાના જીવનના રાજા નથી બનતા પણ ભિખારી બનીને રહે છે. એક ન્યાય આપીને સમજાવું.

એક ગરીબ ભિખારીને પોતાના મહાન ભાગ્યોદયે રાજા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. રાજા બન્યા પછી તો કયા સુખની કમીના હોય? તેણે તો પોતાના શરીરને સારા મૂલ્યવાન રાજપોશાક અને કિંમતી આભૂષણોથી સુંદર શણગાર્યું, અને સોનાના રાજસિંહાસને બેઠા. પહેલા જમવા માટે પાસે પિત્તળની થાળી વાડકો ન હતા. શકોરામાં ભીખ માગીને ખાતો હતો. પુણ્યોદય જાગતા આજે જમવા માટે સોનાના થાળી વાડકા ને ગ્લાસ મળ્યા. સારા સારા મિષ્ટાન્ન જમવા મળ્યા. જેની સેવામાં હજાર સેવકો હાજર હતા. તે ક્યાંય બહાર જાય તો છત્ર અને ચામર ઢોળાય છે. રહેવા માટે ઝુંપડીના સાંસા હતા તેને બદલે આલેશાન ભવન મળ્યું. સૂવા માટે મખમલની ગાદી મળી. તેના જીવનમાં હવે શું સુખની ખામી હતી? ના. ચારે બાજુ છડીદારો તેનો જયજયકાર બોલાવતા હતા, પણ આશ્ચર્યની વાત એ બની કે રાજ્યના મંત્રી, શેઠ, સેનાપતિ, શાહુકાર જે આવે છે તેમને બધાને જોઈને તે ધ્રુજે છે. જે શેઠ, શાહુકારોના બારણે તે ભિક્ષાપાત્ર હાથમાં લઈને ઘર ઘર ભટકતો હતો તે શેઠ, શાહુકાર બધા આજે તેની સામે હાથ જોડીને ઉભા છે, છતાં તે બધાથી ડરતો હતો. એનું કારણ શું? આપને સમજાય છે? તે તનનો રાજા જરૂર હતો પણ મનનો તો ભિખારી હતો. રાજસિંહાસને બેસવા છતાં તે પોતાને હજુ ભિખારી માનતો હતો. તનનો રાજા હોવા છતાં મનનો ભિખારી હતો.

આવા પ્રકારના ભિખારી રાજાઓ તો સમાજમાં ઘણા છે. હજારો મનુષ્યો તનના ગુલામ છે, મનના દાસ છે. સંપત્તિ, સત્તા અને કીર્તિના દાસ છે. જેના ઘરમાં ધનના ઢગલા તિજોરીમાં પડ્યા છે તે ધનના દાસ બન્યા છે પણ માલિક નથી બન્યા. ધન મળ્યું તેથી શું? જે ધન કોઈના દુઃખ મટાડવામાં ઉપયોગી ન બને તે ધન ધૂળ સમાન છે. ધૂળની કિંમત નથી તેમ તેના ધનની કિંમત નથી. શક્તિ, સત્તા મળી જાય પણ તેનાથી પોતે સુખી બનવાનો પ્રયત્ન કરે ને બીજાને કચડવાના, દુઃખી કરવાના પ્રયત્ન કરે તો તેવી શક્તિ અને સત્તાથી શું? તેવી રીતે જ્ઞાન મળ્યું પણ જ્ઞાનથી બીજાની સાથે વિવાદ કરે, જનતાનું અજ્ઞાન દૂર ન કરી શકે ને સન્માર્ગ પણ બતાવી શકે નહિ, તો

તેવું જ્ઞાન મળ્યાથી શું ? તે જ્ઞાનના ગુલામ છે. આ જીવન એક વિશાળ રાજ્ય છે. જો આપણી સત્તા, પ્રભુત્વ તન પર કે મન પર ચાલે તો રાજા કેવી રીતે કહેવાય ? જો માનવી તન અને મનનો ગુલામ બને તો તે જીવનનો રાજા નથી પણ ભિખારી છે.

જેમના જીવનમાં તપ અને જપનો સંયોગ છે એવા નમિરાજર્ષિના જીવનમાં ચારિત્રની ઝલક છે. એમની કસોટી કરવા દેવ આવ્યા, છતાં જરા પણ ચલિત ન થયા. જેમ મીણનો ગોળો, લાકડાનો ગોળો અને લોખંડનો ગોળો અગ્નિનો સંયોગ થતાં પીગળી જાય પણ માટીનો ગોળો અગ્નિમાં પડવાથી વધુ મજબૂત બને તેમ જેમ જેમ નમિરાજના વૈરાગ્યની પરીક્ષા થતી ગઈ તેમ તે વધુ ને વધુ દઢ બનતા ગયા. સોનાની જેમ વધુ તેજસ્વી બનતા ગયા. તમારી કોઈ પરીક્ષા કરે તો તમારો નંબર કયા ગોળામાં આવે ? (શ્રોતામાંથી અવાજ:–માટીના ગોળામાં) તો ઘરમાં ઉભા રહો ખરા ? તમારી કસોટી થાય તો મીણના ગોળાની જેમ દૂરથી ભાગવા માંડો. કદાચ એટલેથી ન ડગો તો લાકડાના ગોળાની માફક તો પીગળી જાવ. મારા મહાવીરના સુપુત્રો કેવા હોય ? નબળા ન હોય પણ શૂરવીર ને ધીર હોય. તમે વીર રત્ન છો, શ્રમણોપાસક છો. ગમે તેવી કસોટી આવે તો પણ ધર્મ ચૂકે નહિ, એવા શ્રદ્ધાવાન આત્માઓને દેવો નમે છે. જેના ઘરમાં નીતિ છે, ધર્મ છે, સદાચાર છે એવા જીવોને રોટલો ને છાશ ખાવાનો પ્રસંગ આવશે તો વધાવી લેશે પણ નીતિને છોડશે નહિ. નીતિ એ જીવન છે, નીતિ એ પ્રાણ છે. અભણ ગણાતાં માનવોમાં પણ નીતિ અને પ્રમાણિકતાના દર્શન થાય છે.

મેવાડમાં બનેલો પ્રસંગ છે. મોગલોનું રાજ્ય ચાલતું હતું, ત્યારની આ વાત છે. અકબરનો પુત્ર સલીમ એક વાર મેવાડની ધરતી પર યુદ્ધ કરવા ગયો. સલિમ સૈન્ય લઈને યુદ્ધ કરવા મેવાડ તરફ જઈ રહ્યો છે. બરાબર બપોરનો સમય થયો. ઉનાળાની ભીષણ ગરમી હતી. બધા ઝાડ નીચે આરામ લેવા બેઠા. સલીમે સૈન્યને કહ્યું, આપણા ઘોડાઓને ખાવા માટે લીલા ચણા લઈ આવો. સેનાપતિની આજ્ઞા થઈ એટલે જવું જ પડે. થોડા માણસો ધોમધખતા તાપમાં લીલા ચણા શોધવા ગયા. કંઈક ઠેકાણે હરિયાળા ખેતરો દેખાતા હતા, તો કંઈક જગ્યાએ વેરાન વન દેખાતું હતું, પણ લીલા ચણાનું ખેતર દેખાતું ન હતું. સૈનિકોના મનમાં થયું કે જો આટલામાં કોઈક માણસ મળી જાય તો એ અમને લીલા ચણાનું ખેતર બતાવે. તપાસ કરતાં તેમની નજર દૂર રહેલા ઝુંપડા પર પડી. સૈનિકોએ ત્યાં જઈને બારણું ખખડાવ્યું. અવાજ સાંભળતા ઝુંપડીમાં રહેલા વૃદ્ધ ખેડૂતે પૂછ્યું, ભાઈઓ ! આપને શું કામ પડ્યું ? બાપા ! અમે બાદશાહ સલીમના સૈનિકો છીએ. અમારા સૈન્યના ઘોડાઓને ખાવા માટે લીલા ચણા જોઈએ છે. અમે લીલા ચણાની ઘણી તપાસ કરી પણ અમને ચણા મળતા નથી. આપને ખબર હોય તો અમને લીલા ચણાના ખેતર બતાવશો ? ખેડૂત મનમાં વિચાર કરે છે કે આ તો તલવાર સાથે કામ કરવાનું છે. શું કરવું ? આ તો રાજાના માણસો એટલે બતાવ્યા વિના છૂટકો નહિ, તેથી ખેડૂત બતાવવા ગયો. ચાલતા ચાલતા રસ્તામાં ચણાના પાકથી

લચી પડેલું મોટું ખેતર આવ્યું. સૈનિકો કહે, આ ખેતર ઘણું મોટું છે. પાક ભરપૂર છે. હવે આગળ જવાની જરૂર નથી. અહીંથી જેટલા જોઈએ તેટલા ચણા લઈ લો.

**આ ખેતર આ ખેડૂતનું નહિ !** :–ખેડૂત કહે–ભાઈઓ ! આપ આ ખેતરમાં ન જશો. આ ખેતર કરતા વધુ સુંદર મોટું ખેતર બતાવું. જેમાં આ ખેતર કરતા દોઢ બે ગણો પાક વધુ થયો છે. સૈનિકો કહે–આવું સરસ મઝાનું ખેતર મૂકીને અમને આગળ શા માટે લઈ જાવ છો ? શું અમને હેરાન કરવા છે ? તમે તમારા રસ્તે ચાલ્યા જાવ. હવે અમારે તમારી જરૂર નથી. ખેડૂતે કહ્યું–ભાઈ ! આ ધરતી મેવાડની છે. રાણા પ્રતાપની પવિત્ર ભૂમિ છે. આ દેશનો કોઈ માનવી એવો નહિ હોય કે આંગણે આવેલો કદાચ દુશ્મન હોય તો પણ અતિથિનો સત્કાર કર્યા વિના રહે. તમે આગળ ચાલો, સરસ ખેતર બતાવીશ. થોડે દૂર ગયા ત્યાં બીજું ખેતર આવ્યું. ખેડૂત તો આગળ ને આગળ લઈ ગયો. ત્યાં લીલા ચણાના પાકથી લચી પડેલું મોટું ખેતર આવ્યું. ખેડૂત કહે–જુઓ, આ સરસ મઝાનું ખેતર છે. તમારે ઘોડાને ખવડાવવા જોઈએ તેટલું લઈ જાવ. તમારા માટે જોઇએ તો પણ લઈ જાવ. સૈનિકો તો પૂળા કાપવા મંડી પડયા. થોડીવારમાં તો લીલુંછમ ખેતર ઉજ્જડ વાટ જેવું બની ગયું. આ બધું જોતાં થોડીવાર તો ખેડૂત ગળગળો થઈ ગયો પણ કાંઈ બોલ્યો નહિ. સૈનિકોએ તો ખેતરમાં ચણાનો દાણો પણ રહેવા ન દીધો, છતાં ખેડૂતના મુખ ઉપર ગ્લાની કે ખેદ નથી. સૈનિકોના મનમાં થયું કે આ ખેતર આ ખેડૂતનું નહિ હોય.

**"સ્વાર્થ આ ભવનો નહિ પણ પરભવનો"** :–છેવટે સૈનિકોએ ખેડૂતને પૂછયું–બાપા ! આપણે આવ્યા ત્યારે આગળ સુંદર મઝાના બે ખેતર હતા. જ્યાં ચણાનો પાક લચોલચ હતો, છતાં અમને ત્યાંથી ચણા કેમ લેવા ન દીધા ને અહીં લાવ્યા ? એની પાછળ તમારો કોઈ સ્વાર્થ ખરો ? ખેડૂત કહે–હું આપને સત્ય વાત કહું. સ્વાર્થ તો ખરો પણ આ સ્વાર્થ આ ભવનો નહિ, પણ પરભવનો સ્વાર્થ છે. દેહનો નહિ પણ આત્માનો સ્વાર્થ છે. સ્વાર્થ વગર કોઈ માણસ પ્રવૃત્તિ કરતા નથી. પહેલા તમે જે ખેતર જોયાં તે મારા ન હતા પણ બીજાના હતા. તમે જે ખેતરનો બધો પાક લઇને ખેતરને ઉજ્જડ બનાવ્યું તે ખેતર મારું છે. જેના પર મારા જીવનની આજીવિકા છે, મારું જીવન છે. આજે મેવાડની ભૂમિમાં યુદ્ધ થવાનું છે. યુદ્ધમાં કેટલાય જીવોનો કચ્ચરઘાણ થશે, લોહીની નદીઓ વહેશે, સંપત્તિ લૂંટાઈ જશે. આવું યુદ્ધ કરવા તમે મેવાડની ભૂમિમાં આવ્યા છો, તો હું બીજાનું ખેતર શી રીતે લૂંટાવી શકું ? ભાઈ ! આ તો બાદશાહનો હુકમ હતો એટલે ગમે તેના ખેતરમાંથી ચણા લેત, તો પણ કોઈ બોલી શકવાના નથી, તો પછી તમે જાતે જ તમારું ખેતર શા માટે લૂંટાવા દીધું ?

**"મારી જાતને લૂંટાવી છે પણ નીતિને લૂંટાવી નથી"** :–ભાઇઓ ! હું પાસે ઉભો રહીને જો બીજાનું ખેતર લૂંટાવી દઉં તો મારો નીતિ ધર્મ કયાં રહ્યો ? ભારતની સંસ્કૃતિ છે કે, પોતાનું બધું જાય તો ભલે જાય પણ નીતિ તો ન જ જવી જોઇએ.

મેં જીવનમાં મારી જાતને લૂંટાવી છે પણ નીતિને લૂંટાવા દીધી નથી. નીતિમય જીવન જીવતાં મારું જીવન ધન્ય બનશે ને મારુ મૃત્યુ પણ મંગલમય બનશે. મારે બીજું કાંઈ જોઈતું ન હતું. મારો સ્વાર્થ આટલો હતો. લૂંટ, જુઠ અને અનીતિથી મળતું જીવન મઝાનું સરસ હોય તો પણ અમને મંજુર નથી. લોભ, લાલચ, લૂંટ અને લાચારી સાથે મળતું જીવન મોજશોખભર્યું અને સુખસગવડથી છલકતું હોય તો પણ અમને ખપતું નથી. ભારતની આર્ય સંસ્કૃતિ આવી હતી, અને આજે ? પરધન પથ્થર સમાન કે ઘર સમાન ? કયાં ભારતની પહેલાની સંસ્કૃતિ અને કયાં આજની વિકૃતિ ! આ ખેડૂત ઝુંપડીમાં રહે છે છતાં તેની નીતિ કેટલી ચોખ્ખી છે ! તે કહે છે, તમે જે ખેતરને લૂંટવાની માંગણી કરી એ ખેતર મારું ન હતું, પાડોશીનું હતું. હું પાસે રહીને પાડોશીના ખેતરને લૂંટાવવાનું કામ શી રીતે કરી શકું ? તેને આ વાતની ખબર પડે ને પોતાનું લીલુંછમ ખેતર સાવ ઉજ્જડ દેખે તો એને કેટલો આઘાત લાગે ? અરે, આઘાતમાં પ્રાણ ચાલ્યા જાય, માટે હું તમને અહીં લઈ આવ્યો છું.

**અનોખી અર્પણુતા :**–ખેડૂતની વાત સાંભળી સૈનિકોના મનમાં થયું કે શું ખેડૂતનું નૈતિક–પ્રમાણિક જીવન છે. જે ધરતીનો ખેડૂત આટલો બધો નીતિવાન, પ્રમાણિક અને અર્પણુતા યુક્ત હોય એ ધરતીને કેવી રીતે જીતી શકાય ? આ ધરતીનું સત્ શું એના રાજાને લૂંટાવા દેશે ? સૈનિકોએ આવીને બાદશાહને વાત કરી. અમે મનુષ્ય છીએ ને એ ખેડૂત પણ મનુષ્ય છે, પણ એ બધાથી સાવ જુદો છે. તેના ખેતરમાં તેની આજીવિકા પૂરતા ચણા હતા છતાં બધા ચણા અમને લઈ લેવા દીધા પણ બીજાનું ખેતર લૂંટવા ન દીધું. તેના બધા ચણા અમે લઈ લીધા છતાં તેના મુખ પર નામ માત્ર ખેદ નહિ આપ રાજપાટ ભોગવો છો, કેટલા રાજ્યના ધણી છો, કેટલા રાજ્ય પર તમારી સત્તા ચાલે છે, આપને ત્યાં સોનાના ગંજ પડયા છે, હીરા–માણેક આદિ ઝવેરાતથી ભંડાર ભરપૂર ભર્યા છે, તમારી સાત પેઢી ખાય, એટલી મિલકત આપને ત્યાં છે, છતાં બીજા રાજ્ય મેળવવા માટે લૂંટ ચલાવવા જાવ છો ? ખેડૂતનું ઘર તો નાનીશી ઝુંપડી છે, છતાં પ્રમાણિકતા, અર્પણુતા કેટલી છે ! આપણી આર્ય સંસ્કૃતિ લેવાની નથી પણ દેવાની છે.

નમિરાજાને ત્યાં કેટલો વૈભવ હતો. તમારા સંસારના જેટલા સુખો કહો તે બધા તેમની પાસે હતા, છતાં લાત મારીને નીકળી ગયા, અને તમને બધા ભમરા વળગી પડયા છે. કેમ ખરું ને ? (હસાહસ) છતાં બહાર નીકળવાનું કે છોડવાનું મન થતું નથી. નમિરાજની દેહદૃષ્ટિ છૂટી ગઈ છે ને આત્મદૃષ્ટિ ખુલી ગઈ છે. પરીક્ષામાં વિદ્યાર્થી પરીક્ષા આપતો હોય છે, તે પેપર લખતો હોય છે. સુપરવાઈઝર તો ત્યારે ઉભા ઉભા જોયા કરે છે, કોઈ ચોરી ન કરે તેનું ધ્યાન રાખે છે, તેમ આત્મા સુપરવાઈઝર છે અને શરીર એ વિદ્યાર્થી છે. આત્માએ તો સુપરવાઈઝરની માફક શરીર તરફ જોયા કરવાનું પણ એના પ્રત્યે રાગ કે મોહ રાખી તેમાં ફસાવાનું નહિ. ચણા લેવા ગયેલા સૈનિકોએ રાજાને આવીને વાત કરી કે શી ખેડૂતની પ્રમાણિકતા છે ! શી તેની દેવાની ભાવના છે ! પોતાનું

શું થશે તે વિચાર ન કર્યો, અને આખા ખેતરનો પાક દઈ દીધો. ભારતની સંસ્કૃતિ લેવાની નથી પણ દેવાની છે. ઉપનિષદમાં કહ્યું છે કે " तेन त्यक्तेन भुंजीथाः " હે માનવ! તું ત્યાગને ભોગવ. ભોગનો આનંદ તો આખી દુનિયા માણે છે, પણ તું ત્યાગનો (લૂંટાવાનો) આનંદ માણ. લૂંટવાનો આનંદ તો ઘણાં માણતા હોય છે જ્યારે લૂંટાવાનો આનંદ તો કોઈ બડભાગી માણી શકતા હોય છે. ભેગું કરવાનો આનંદ તો પશુ પણ માણી શકે છે, જ્યારે ત્યાગ કરવાનો આનંદ માણવાની બુદ્ધિ કોઇકને મળે છે.

ત્યાગની મસ્તી માણી રહેલા નમિરાજને વંદન કરી ઈન્દ્ર તો દેવલોકમાં ગયા અને રાજર્ષિ,પોતાના આત્માને નમાવતાથકા વિચરે છે. છેલ્લી ગાથામાં આપણને બધાને સંયમમાર્ગે જવા માટે પ્રેરણા આપે છે. આજે સિદ્ધાંત બોલવાની અસજ્ઝાય છે એટલે ગાથા બોલવાની નથી. છેલ્લી ગાથામાં એ બતાવ્યું છે કે નમિરાજની જેમ બીજા તત્ત્વવેત્તા, પંડિત અને વિચક્ષણ લોકો પણ ભોગથી નિવૃત્ત થઈને દીક્ષા ગ્રહણ કરતા થકા પરમ નિર્વાણ પદને મેળવે છે. જે રીતે નમિરાજર્ષિએ કર્યું છે તે પ્રમાણે બધા કરે. આ પ્રમાણે હું કહું છું. જેણે તત્ત્વોનું યથાર્થ રૂપથી જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેને તત્ત્વવેત્તા કહે છે. આત્મા અને અનાત્માનો યથાર્થ નિર્ણય કરવાવાળાને વિચક્ષણ કહે છે. સદ્‌–અસદ્‌ વસ્તુના જે વિવેકી છે તે પંડિત કહેવાય છે. જેણે મોક્ષમાર્ગ જલ્દી મેળવવો છે તેણે વિષય ભોગોનો ત્યાગ કરી ધાર્મિક ક્રિયાઓના યથાવિધિ અનુષ્ઠાનમાં દૃઢતાપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. જેની આવી દૃઢ પ્રવૃત્તિ હોય તેને સામાન્ય માનવી તો શું દેવો પણ ડોલાવી શકતા નથી. જેવી રીતે નમિરાજર્ષિને શ્રદ્ધાથી ડગાવવા માટે ઇન્દ્રે પ્રયત્નો કર્યા પણ તેમાં નિષ્ફળ ગયા અને રાજર્ષિ પોતાના નિશ્ચયમાં પૂર્ણ દૃઢ રહ્યા. આ રીતે જે પુરૂષ સંયમ ગ્રહણ કરીને આધ્યાત્મિક વિચારોથી તદનુસાર આચરણ કરે છે તે નિશ્ચયથી મોક્ષને મેળવે છે.

આપણું ચાતુર્માસ પૂર્ણ થયું ને અધિકાર પણ પૂર્ણ થયો. આ અધિકારમાંથી ઘણું ઘણું જાણવા અને સમજવા મળે છે. એક ઉત્તમ, આદર્શ ગૃહસ્થ અને પછીથી ઉત્તમ મહાત્માનું ચરિત્ર પૂરું થાય છે. આ ખરેખર બનેલા બનાવનું ચરિત્ર હોવાથી લોકોને વધારે અસરકારક નીવડે એમાં કાંઈ આશ્ચર્ય નથી. આ ચરિત્ર એક ગૃહસ્થને પોતાના કર્તવ્યનું ભાન કરાવવામાં જેટલું ઉપયોગી થઇ પડે તેવું છે તેટલું એક ત્યાગીને પણ તેના કર્તવ્યનું ભાન કરાવવામાં ઉપયોગી છે.

**અધિકારનો અમૂલ્ય અર્ક** :— (૧) વિષયાંધ બનેલો માનવી ક્યાં સુધી પાપ કરતાં અચકાતો નથી! મણિરથે પુત્રી તુલ્ય ભાઈની પત્ની મયણરેહા તરફ કુદૃષ્ટિ કરી અને તે દુષ્ટ કાર્ય પાર પાડવા કેવા પ્રયત્નો કર્યા, છતાં તેમાં સફળતા ન મળી ત્યારે પોતાના સગા ભાઇનું ખૂન કરતાં પણ અચકાયો નહિ. ધિક્કાર છે આ વિષયવાસનાને! એના સંગથી દૂર રહો.

(૨) પત્ની પોતાના પતિની સેવાભક્તિ કરે, તેમની આજ્ઞામાં રહે, એ તો પતિવ્રતા

પત્નીની પવિત્ર ફરજ છે, પણ મયણરેહાનો ઈતિહાસ એનાથી આગળ વધીને પત્નીનું વિશેષ કર્તવ્ય સમજાવે છે. તે કર્તવ્ય એ છે કે ધર્મપત્ની બની પતિનું કલ્યાણ કેમ થાય, ધર્મધ્યાનમાં વધુ જોડાય એવી શુભ ભાવના રાખી તેમને તે રીતે સહાય કરવી અને કદાચ પોતાની હયાતિમાં પતિનું મૃત્યુ થાય તો તેમનું મૃત્યુ, મહોત્સવ રૂપ બનાવવું, એ પતિવ્રતા સ્ત્રીની પવિત્ર ફરજ છે.

(૩) સત્સંગ જીવનમાં શું કામ કરે છે? મયણરેહાને જોતાં મણિપ્રભ વિદ્યાધરની કુદૃષ્ટિ થઈ પણ મહાત્મા મણિચુડના દર્શનથી અને તેમની હૃદયવેધક વાણીથી તેની દૃષ્ટિ સુધરી ગઈ અને મણિપ્રભ મયણરેહાને બહેન કહીને તેના ચરણમાં પડયો ને પોતાની ભૂલની માફી માંગી, તેમજ સતી મયણરેહા સાધ્વીજીના પ્રભાવે જે બે સગા ભાઈ હોવા છતાં એકબીજાને ઓળખતા ન હતા અને તેથી એક હાથીના કારણે લડાઈ કરવા તૈયાર થયા હતા તે પડદો ખુલી ગયો. બે ભાઈ એક બીજાને ભેટી પડયા. ખૂનખાર લડાઈ થતી અટકી ગઈ એટલું જ નહિ પણ ચન્દ્રયશે નમિકુમારને રાજ્ય સોંપી દીક્ષા લીધી. સત્સંગનો કેવો અજબ ગજબનો પ્રભાવ છે!

(૪) સતી મયણરેહાની શીલમાં કેટલી દૃઢતા! તે મણિરથના પંજામાં તો ફસાઈ નહિ. પોતાના પતિનું હજુ શબ ઉપડયું નથી, છતાં શીલ સાચવવા ત્યાંથી ભાગી છૂટી. અઘોર વનવગડામાં એકલી છતાં તેની ધૈર્યતા, ક્ષમા કેટલી! હાથીએ સૂંઢમાં પકડીને ઊંચે ઉછાળી છતાં મનમાં નવકાર મંત્રનું સ્મરણ ભૂલી નહિ, પછી મણિપ્રભ વિદ્યાધરના પંજામાં ફસાણી. તો સતીએ વિદ્યાધરને નંદીશ્વર દ્વીપે દર્શનના નિમિત્તે ગુરુદેવનો સત્સંગ કરાવી તેની વિષયવાસના દૂર કરાવી. શીલ સાચવવા માટે કેટલી મક્કમતા! અરે, તેની નિર્વિકાર ભાવના તો કેટલી બધી કે પોતાના પતિ દેવ થયા છે તે પોતાની પાસે આવીને તેના ચરણમાં વંદન કરી પ્રશંસા કરે છે, અને છેવટે સતીના કહેવાથી દેવ પોતાના વિમાનમાં બેસાડી મિથિલા લઈ જાય છે, છતાં ઉંચી દૃષ્ટિ પણ કરતી નથી કે વિમાન સામું પણ જોતી નથી. ધન્ય છે ધન્ય છે એ સતીને!

(૫) માણસનું પુણ્ય હોય તો પથરો ફેંકે તો ફૂલ થઈ જાય. નમિરાજનો જન્મ જંગલમાં થયો, તેને ઝાડની ડાળીએ બાંધીને મયણરેહા સ્નાન કરવા ગઈ, ત્યાં હાથીએ સૂંઢમાં પકડીને ઉછાળી પણ પાછળથી પદ્મરથ રાજા આવ્યા ને નમિને લઈ ગયા અને પોતાના પુત્ર સમાન ગણીને લાડકોડથી પાલન પોષણ કર્યું.

(૬) સારા અથવા ખરાબ કામનો બદલો મળ્યા સિવાય રહેતો નથી. જેનો અપરાધ કર્યો હોય તે કદાચ દયાળુ હોય તો કંઈ ન કરે, પણ કર્મ તો તેનો બદલો અપાવ્યા વિના રહેતું નથી. મણિરથ યુગબાહુને મારીને છાની-છૂપી રીતે ભાગવા જાય છે પણ રસ્તામાં તે પકડાઈ ગયો અને સર્પદંશ થવાથી તેનું મૃત્યુ થયું.

(૭) ઘણાં લોકોને એક દિવસ, એક કલાક, એક મિનિટની કિંમત હોતી નથી પણ ભયંકર યુદ્ધમાં ઉતરવા તૈયાર થયેલા નમિરાજ અને ચંદ્રયશ વચ્ચે પ્રેમનું આલિંગન

માત્ર એક મિનિટમાં થયું. વિચારમાં ચઢેલા નમિરાજને એક મિનિટમાં જાતિસ્મરણ જ્ઞાન થયું, માટે સમય ઘણો કિંમતી ખજાનો છે.

(૮) પરિગ્રહ કેટલો અનર્થકારી છે! માનના કારણે એક હાથી મેળવવા બંને રાજા ખૂનખાર જંગ મચાવવા તૈયાર થયા.

(૯) કંકણનો પ્રસંગ તો આપણને એકત્વ ભાવનાનો સારો ઉપદેશ આપે છે. એકલા આત્માને બીજી વળગણા વળગી એટલે બાજી બગડે. જ્યાં એક છે ત્યાં આનંદ છે. અને અનેક છે ત્યાં સંઘર્ષ છે. જેમ માણસને વળગણા વધે તેમ આત્મક્લેશ વધે. એ નમિરાજના પ્રસંગથી સ્પષ્ટ દેખાઈ આવે છે. કંકણના નિમિત્તે એકત્વ ભાવના ભાવતા જાતિસ્મરણ જ્ઞાન થતાં દીક્ષા લીધી. જેના વૈરાગ્યની કસોટી કરવા ખુદ ઈન્દ્ર વિપ્રનું રૂપ લઈને આવ્યા. કેટલા પ્રલોભનો આપ્યા, કેવા કરૂણ દશ્યો બતાવ્યા, શ્રદ્ધાથી ચલિત કરવાની વાતો કરી, ભંડારો ભરપૂર ભરવાની વાતો કરી, છતાં નમિરાજ ડગ્યા નહિ, પણ તેમના વૈરાગ્ય રસથી ભરપૂર જવાબો સાંભળીને છેવટે ઇન્દ્રને હાર કબૂલ કરવી પડી ને તેમને નમવું પડયું. નમિરાજનું પાત્ર સંયમી સાધકને સંયમમાં મજબૂત બનાવે છે. તેમના આપેલા જવાબો માર્ગ ભૂલેલાને ઠેકાણે લાવે છે. કથાનો આખો ઉત્તરાર્ધ તત્વ-જ્ઞાનનો ભંડાર છે. ત્યાગીઓએ કેવી નિઃસ્પૃહી જિંદગી ગુજારવી, લાલચોથી કેમ દૂર રહેવું, જેનો ત્યાગ કર્યો તેને ફરીને ઇચ્છવું નહિ, એ બધું એમાંથી જાણવા મળે છે. આ અધિકાર સાંભળીને આપ બધા નમિરાજના કર્તવ્યપરાયણ ગૃહસ્થાશ્રમનું અનુકરણ કરતા શીખો અને સર્વત્યાગી સંયમી સાધકો મહામુનિ નમિરાજ જેવા બનો એ જ ભાવના.

**ચરિત્ર :** ચાતુર્માસ પૂર્ણ થયું પણ હજુ આપણું ચરિત્ર ઘણું બાકી છે. તે આપને હવે ટૂંકમાં કહીશ. ગુણદત્ત રાજા, ગુણચંદ્ર અને બંને ભાઈની પત્નીઓ બધા આનંદથી રહે છે. ત્યાં શું બન્યું ?

**મહલમેં ગુણદત્ત જબ સો રહા, સ્વપ્ન દેખા પિતાકા દર્શન હો રહા,**
**કરતા મજદુરી વો દુઃખ પા રહા, ભીમપુરકે મારગ આ રહા.**

એક વખત ગુણદત્ત રાજા સુખશય્યામાં સૂતા હતા, ત્યારે રાત્રે તેમને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં શું જોયું ? સ્વપ્નમાં પિતાના દર્શન થયા. પિતાનું શરીર તો ઘણું સૂકાઈ ગયું છે. પિતા ખૂબ મહેનત મજુરી કરે છે ને દુઃખ ભોગવે છે. પિતાની આ સ્થિતિ જોતાં તેનું હૈયું ભરાઈ આવ્યું ને આંખમાંથી શ્રાવણ ભાદરવો વહેવા લાગ્યો. પિતા પોતાના નગર ભીમપુર તરફ આવી રહ્યા છે એ જોતાં પોતે મહેલમાંથી ઉઠીને પિતાના સામું દોડયો ત્યાં તેની આંખ ઉઘડી ગઈ ને જોયું તો પોતે રાજભવનમાં સૂતો છે. આ સ્વપ્નથી પણ રાજાને ખૂબ આનંદ થયો કે હવે જરૂર મને મારા પિતા મળશે. પુણ્યવાન જીવોના સ્વપ્ન સાકાર બને છે. ગુણદત્તના મનમાં થયું કે પિતા મળશે જરૂર પણ તેમનો પત્તો મેળવવો કેવી રીતે ? તેમના મનમાં ખૂબ વિચાર આવવા લાગ્યા કે

માતા પિતાનો પત્તો કેવી રીતે મેળવું ! વિચાર કરતાં કરતાં તેને એક ઉપાય જડચો. રાજાએ મંત્રીને બોલાવીને કહ્યું, મંત્રીજી ! આપ એક તળાવ ખોદાવવાનું શરૂ કરો. એમાં ગામના કે બહારના જે કોઈ કામ માટે આવે તે બધાને કામ માટે રાખશો, કોઈને ના પાડશો નહિ અને જે આવે તે બધાના નામોનું લીસ્ટ બનાવજો ને રોજ સાંજે તે લીસ્ટ મને બતાવી જજો. આ કાર્ય કરાવવા પાછળ રાજાનો મુખ્ય હેતુ પિતાનો પત્તો મેળવવો છે. હવે સાગરદત્ત શેઠનું શું થયું તે આપણે વિચારીએ.

સાગરદત્ત શેઠે રાજાને લાડવા આપ્યા. તે લાડવા રાજાએ પોતાના બંને બાળકોને બોલાવીને ખવડાવ્યા. એક પુત્રને રડાવ્યો ખરો પણ તેના આંસુના મોતી બન્યા નહિ, તેથી રાજા તેમના પર કોપિત થઈ ગયા. શેઠને ધક્કો મારીને કાઢી મૂકચા ને પછી શેઠના બંને પુત્રોને ફાંસીની શિક્ષા ફરમાવી. જ્યારે પુત્રોને ફાંસીના સ્થાને લઈ જાય છે ત્યારે શેઠ તેમની પાછળ જાય છે પણ તે ફાંસીનું સ્થાન પોતે જોઈ શકશે નહિ એમ માની પાછા વળ્યા. શેઠ ઘર તરફ આવતા હતા ત્યાં રસ્તામાં દેવ શેઠની પરીક્ષા કરવા આવ્યો. તે શેઠને કહે છે જુઓ, તમારા કેવા હાલ થઈ ગયા ! તમારા દીકરાને તો હમણાં ફાંસીની શિક્ષા થશે ને મરી જશે, માટે હજુ તને કહું છું કે તું કહી દે કે જૈન ધર્મ ખોટો છે. શેઠ કહે છે તમને બોલતા શરમ નથી આવતી ? મૂર્ખ હું છું કે તું ? અરે, ખુદ ઈન્દ્રના ઈન્દ્ર આવે તો પણ મને ડગાવી શકશે નહિ. ધર્મશ્રદ્ધા કેટલી અડગ ! શેઠની વાત સાંભળી દેવને ગુસ્સો આવ્યો ને પોતાની શક્તિથી દેવે શેઠને ઉપાડીને જંગલમાં મૂકી દીધા. કચાં પત્ની ! કચાં બાળકો અને કચાં શેઠ ! બધા અલગ અલગ થઈ ગયા. શેઠ તો જંગલમાં સાવ એકલા છે. ત્યાં કોણ તેમનું છે ? શેઠ તો એ જ વિચારે છે કે દુઃખમાં નવકારમંત્રનું શરણું એ જ સાચું સુખદાયી છે. નવકારમંત્રના પ્રભાવે ગમે તેવા દુઃખ પણ ચાલ્યા જાય છે એમ વિચારી તેમણે નવકારનું સ્મરણ કર્યું.

**પુત્રોને પિતા મળતાં થયેલો આનંદ** :–નવકારમંત્રના પ્રભાવે શેઠને એક મહાન તપસ્વી સંત મહાત્મા મળી ગયા. શેઠ તેમની પાસે રહીને ધર્મધ્યાન કરવા લાગ્યા. જંગલમાં જે વનફળ મળે તે ખાઈને પોતાનું જીવન નભાવતા. આવા જંગલમાં પણ શેઠ તો એ વિચાર કરે છે કે મારા પાપના ઉદયમાં પણ થોડું પુણ્ય હશે એટલે જંગલમાં પણ મને સંત મળ્યા. તે તો ત્યાં પ્રસન્ન ચિત્તે આનંદથી દિવસો વીતાવવા લાગ્યા. આ રીતે શેઠે જંગલમાં બાર વર્ષ વીતાવ્યા. ત્યાં અચાનક સંત કાળધર્મ પામી ગયા, તેથી શેઠને આઘાત લાગ્યો, એટલે શેઠે તે જંગલ છોડી દીધું ને પછી પોતાની આજીવિકા માટે કામ શોધવા ફરવા લાગ્યા. ફરતા ફરતા શેઠ તે ભીમપુર નગરમાં આવ્યા. કહેવાય છે કે શુદ્ધ હૃદયથી, શુદ્ધ ભાવથી જેને યાદ કરીએ તે કદાચ હજારો માઈલ દૂર હોય તો પણ ત્યાં આવી જાય છે, તેમ અહીંયા પણ ગુણદત્ત રાજાને સ્વપ્ન આવ્યું. પિતાને મળવાની લગની લાગી ને પિતા ત્યાં આવી ચઢચા. આ સાગરદત્ત શેઠ અહીંયા કામ માટે શોધ કરે છે ત્યાં કોઈએ કહ્યું, અમારા મહારાજા એક તળાવ ખોદાવે છે, તેમાં

ગામના ને બહારગામના જે માણસો આવે તે બધાને કામ આપે છે. આ સાંભળીને શેઠ ત્યાં આવ્યા ને નોકરી કરવા લાગ્યા. રાજાના કાયદા પ્રમાણે રાજાના માણસોએ તેમનું લીસ્ટમાં નામ લખી દીધું. સાંજે તે લીસ્ટ રાજાને બતાવ્યું. લીસ્ટમાં સાગરદત્ત નામ વાંચતા રાજાને આશ્ચર્ય થયું. નક્કી આ મારા પિતા હશે! સવાર પડતા રાજા અને ગુણચંદ્ર બંને ભાઈઓ ત્યાં પહોંચી ગયા. પિતાને જોતાં બંને ભાઈ પિતાના ચરણમાં પડયા. પિતા પુત્રનું મિલન થતાં આનંદની ઉર્મિઓ ઉછળવા લાગી. ખૂબ ઠાઠમાઠથી પિતાને રાજમહેલમાં લઈ આવ્યા. બંને ભાઈને પિતા તો મળી ગયા, પણ માતાનું શું બન્યું તે આપ સાંભળો.

**બચ્ચોંકો રાજાને મરાયા, શેઠ ગયા વાપિસ નહીં આયા।**
**શેઠાણી ફિર રૂદન મચાવે, દૌડ પડોસી સબ ઝટ આયે ॥**

ગુણદત્ત અને ગુણચંદ્રને તો રાજાએ ફાંસીની શિક્ષા ફરમાવી. ત્યાંથી પાછા આવતા શેઠને રસ્તામાંથી દેવ ઉપાડી ગયો તેથી શેઠ ઘેર આવ્યા નહિ. રાત પડી છતાં શેઠ આવ્યા નહિ એટલે શેઠાણીને ખૂબ ચિંતા થવા લાગી. બે-ત્રણ દિવસ થયા છતાં શેઠ ઘેર આવ્યા નહિ એટલે શેઠાણી તો કાળા પાણીએ રડે છે. તેના રૂદનનો અવાજ સાંભળીને પાડોશીઓ ભેગા થઈ ગયા. બધા તેને આશ્વાસન દેવા લાગ્યા. બેન! આપ રડશો નહિ, ગભરાશો નહિ. અમે બધા આપના છીએ. જો પુણ્યનો ઉદય હશે તો કોઈનો વાળ વાંકો થવાનો નથી. બધા ક્ષેમકુશળ તમને મળી જશે. આપ ધર્મધ્યાનમાં સમય વીતાવો. શેઠાણી કહે-બહેનો! આ નગરીમાં રાજાનો કોપ છે, માટે મારે આ નગરીમાં રહેવું નથી.

તારામતી શેઠાણી આમ વાત કરે છે ત્યાં એક ભાઈ આવ્યો. તેણે કહ્યું-હું તેજપુર નગરમાં જવાનો છું. જો આપને મારી સાથે આવવું હોય તો ચાલો. હું ત્યાં તમને કોઈ કામ અપાવીશ, જેથી તમારી આજીવિકા ચાલી રહેશે. શેઠાણીએ વિચાર કર્યો કે આ મોકો સરસ છે. અહીંથી હું આ ભાઈની સાથે જાઉં. શેઠાણી તો તે ભાઈની સાથે તેજપુર નગરમાં આવ્યા. તેજપુર નગરમાં એક શેઠને ત્યાં મોટો લગ્ન મહોત્સવ ઉજવાઈ રહ્યો હતો. ત્યાં શેઠાણીને કામ અપાવ્યું. આ તારામતી બધાની સાથે હળીમળીને કામ કરવા લાગી, રસોઈ પણ સરસ બનાવતી હતી. કામકાજથી, મિલનસાર સ્વભાવથી તેણે બધાના દિલ જીતી લીધા ને તેમણે કાયમ માટે રસોઈયણ તરીકે રાખી લીધી. કર્મના ખેલ તો જુઓ! કયાં શેઠાણી અને કયાં કર્મે બનાવી રસોઈયાણી! જેમને ત્યાં રસોઈ કરવા ઘરમાં રસોઈયા હતા તે જ શેઠાણીને આજે રસોઈયાણી બનવાનો પ્રસંગ આવ્યો. શેઠાણીની રસોઈ બધાને ખૂબ અનુકૂળ આવી ગઈ. તેણે બુદ્ધિ, ચતુરાઈ અને મહેનતથી સૌનો પ્રેમ સંપાદન કર્યો. શેઠ શેઠાણી તેને મનગમતા વસ્ત્રો બધું આપતા. તારામતી અને આ શેઠાણી બંનેને તો સગી બેન જેવો સ્નેહ થઈ ગયો, તેથી શેઠાણી જ્યાં જાય ત્યાં તારામતીને સાથે લઈને જાય.

**શીલ પર સંકટ:**—એક વાર તારામતીને શેઠાણીની સાથે કયાંક બહાર જવાનું

હતું, તેથી સ્નાન કરીને તૈયાર થઈને બહાર નીકળી. ત્યાં શેઠ ઘેર આવ્યા. તારામતીનું રૂપ-લાવણ્ય જોઈને શેઠની મતિ બગડી. તારામતીને જોતાં શેઠ બધું ભૂલી ગયા. હવે તેમની દૃષ્ટિમાં તારામતી સિવાય કોઈ દેખાતું ન હતું. પોતાની મેલી મુરાદ પાર પાડવા શેઠ અડધી રાત્રે ઉઠયા ને તારામતી પાસે આવ્યા. તારામતી સમજી ગઈ કે શેઠની દાનત બગડી લાગે છે. નહિ તો અડધી રાત્રે તે શા માટે આવે? તેના મનમાં થયું કે અરે ભગવાન! આ તો મોટું દુઃખ આવી પડયું. હવે હું શું કરીશ? શેઠ પોતાની દુષ્ટ ભાવના પ્રદર્શિત કરતા કહે છે હે પ્રિયા! હું મારું સર્વસ્વ તારા ચરણોમાં ધરું છું. તું મારી વાતનો સ્વીકાર કર, તો તારે આ મજુરી પણ નહિ કરવી પડે. તું મને આધીન થઈશ તો તને મનગમતા સર્વ સુખો મળશે. શેઠની આ અધમ વાત સાંભળતા તારામતી એકદમ ગભરાઈ ગઈ. તેના મનમાં થયું કે અત્યારે જો હું બૂમાબૂમ કરીશ કે કોઈને બોલાવીશ તો કોઈ મારી વાત માનશે નહિ, કારણ કે અહીં મારું કોઇ નથી, તેથી તેણે મનમાં એક યુક્તિ વિચારી.

**શીલ સાચવવા કરેલી યુક્તિ**:—તારામતીએ કહ્યું, શેઠ, મારા મહાન ભાગ્યોદયે મને આપ જેવા શેઠનું સુખી ઘર મળ્યું છે. આપ મારા પર કૃપા કરો ને અહીં પધારી મારા નીરસ જીવનને હર્યુંભર્યું બનાવો. મેં અત્યાર સુધી ઘણું દુઃખ સહન કર્યું છે. આપ મને વચન આપો કે હું તને જિંદગીભર નભાવીશ તો તમારી વાતનો સ્વીકાર કરું. શેઠ કહે-અરે, તને રાજરાણી જેવા સુખો આપીશ. શેઠનાં આ વચનો સાંભળીને તારામતી કહે છે કે આપ હમણાં અહીં બેસો. એ બધું હું સંભાળી લઇશ. એમ કહીને તે રાત્રે ત્યાંથી ભાગી છૂટી. તે ગામ છોડીને ઘણે દૂર નીકળી ગઈ. ચાલતા ચાલતા એક શહેરની બહાર મંદિર હતું ત્યાં જઇને રહી. આ બાજુ તારામતીને ગયા ઘણીવાર થઇ છતાં તે ન આવી એટલે શેઠ રાહ જોવા લાગ્યા. હમણાં આવશે (૨) પણ તારામતી તો ન આવી. તારામતી મનમાં વિચાર કરે છે કે હું એક અબળા જાતિ છું. મારે શીલ સાચવવું છે. કોઈ પણ સ્થિતિમાં હું શીલને છોડવાની નથી, પણ આ પાપી પેટને ભરવા માટે કંઈક મહેનત તો કરવી પડશે.

**સંકટમાં સતીજીઓનો સથવારોઃ**—શેઠાણી તારામતી આ રીતે વિચાર કરતી મંદિરમાં બેઠી છે. પુણ્યનો ઉદય જાગે ત્યારે માણસને કોઈને કોઇ સથવારો મળી જાય છે. તારામતી મંદિરમાં બેઠા બેઠા નવકાર મંત્રનું સ્મરણ કરે છે. એટલામાં સાધ્વીજીઓનો એક સમુદાય નીકળ્યો. સાધ્વીજીઓને જોતાં શેઠાણીને ખૂબ આનંદ થયો. તે તો લળી-લળીને વંદન કરવા લાગ્યા. તારામતીને એકલી જોતાં સાધ્વીજી પૂછે છે-બહેન! આપ જંગલમાં એકલા કેમ છો? તમારું નામ શું છે? આપ કયાંથી આવો છો! તારામતીએ કહ્યું-સતીજી! હું આપની શ્રાવિકા છું, મારું નામ તારામતી છે. હું મારા પતિથી વિખૂટી પડી ગઇ છું અને આજીવિકા ચલાવવા કોઈ કામની શોધમાં ફરું છું. સાધ્વીજીએ વિચાર કરીને કહ્યું કે આપ અમારી સાથે ચાલો. શેઠાણી તો સાધ્વીજીઓની સાથે

ઉપાશ્રયમાં ગઈ. સતીજીએ તે ગામના શ્રાવકોને તારામતીની બધી વાત કહી, તેથી શ્રાવકોએ તેને ઉપાશ્રયના કામ માટે રાખી લીધી. તારામતીએ પોતાના સારા સ્વભાવ, સરળતા અને કામથી બધાનો પ્રેમ સંપાદન કર્યો. આ રીતે તેણે ૧૨ વર્ષો ત્યાં વીતાવ્યા.

આજે સમય ઘણો થઈ ગયો છે. હવે ગુણદત્ત અને ગુણચંદ્રને તેમની માતાનું મિલન કેવી રીતે થશે તેમજ સાગરદત્ત શેઠની ગયેલી લક્ષ્મી કેવી રીતે પાછી આવશે તે સાંભળવાની આપ બધાની તીવ્ર ઝંખના હોવાથી આવતી કાલે ટૂંકમાં ચરિત્ર પૂરું કરીશ.

આજે લોંકાશાહ જયંતિનો દિવસ છે. લોંકાશાહે જૈન સમાજમાં મહાન કાર્યો કર્યા છે. સમાજમાં સાધુઓમાં શિથિલાચાર વધી ગયો હતો તેને તેમણે દૂર કર્યો. તેમણે કેટલા જૈનોને સાધુ બનાવ્યા. તેમણે જૈન સમાજમાં અદ્‌ભૂત ક્રાંતિ કરી છે. જૈન સમાજ પર તેમનો મહાન ઉપકાર છે. ( પૂ. મહાસતીજીએ લોંકાશાહના જીવન ઉપર સુંદર પ્રકાશ પાડયો હતો. )

સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘના ઉપાશ્રયે ૧૪ મહાસતીજી ચાતુર્માસ કરવા પધાર્યા છે. શ્રી સંઘની લાગણી, ભક્તિભાવના, ધર્મારાધનાથી અમને ખૂબ સંતોષ થયો છે. આપને સમજાવવાની બુદ્ધિથી વ્યાખ્યાનમાં કયારેક કઠોર ભાષા બોલાઈ હોય અગર કોઈ પણ કારણસર શ્રી સંઘના કાર્યકર્તાઓનું તથા ભાઈ–બહેનોનું મન દુભાણું હોય તો ચૌદે મહાસતીજી વતી અંતઃકરણપૂર્વક સૌની ક્ષમા યાચું છું. ( પૂ. મહાસતીજીએ ક્ષમાપના કરી ત્યારે શ્રી સંઘની આંખો આંસુથી છલકાઈ ગઈ હતી. ) અંતમાં આપ બધા જીવનમાં બને તેટલી વધુ ધર્મારાધના કરી દાન, શીયળ, તપ, ભાવ, ક્ષમા, સરળતા, પ્રમાણિકતા, આદિ સદ્‌ગુણના સુમનો ખીલવીને જીવનબાગને વધુ હરિયાળો બનાવો અને માનવજીવનને ઉજ્જવળ બનાવો એ જ આશા સહિત વિરમું છું. ચાતુર્માસ પૂર્ણાહૂતિનો છેલ્લો દિવસ છે, તેથી સંઘના કાર્યકર્તાભાઈઓને થોડું બોલવું છે, માટે હવે તેમને સમય આપું છું.

## ચાતુર્માસની પૂર્ણાહૂતિના દિવસે પ્રમુખ શ્રી હસમુખભાઈ શાહે રજુ કરેલ વક્તવ્ય.

ખંભાત સંપ્રદાયના ગચ્છાધિપતિ, સિદ્ધાંત મહોદધિ, જૈનશાસનના તેજસ્વી સિતારા સ્વ. બા. બ્ર. પૂ. ગુરૂદેવ **શ્રી રત્નચંદ્રજી** મહારાજ સાહેબના સુશિષ્યા શાસનરત્ના, પ્રખર વ્યાખ્યાતા, મહાવિદુષી બા. બ્ર. પૂ. **શ્રી શારદાબાઈ** મહાસતીજી આદિ શરદ મંડળ, ભાઈઓ અને બહેનો !

આપણા શ્રી સંઘના મહાન પુણ્યોદયે આપણી આગ્રહભરી વિનંતીને માન આપી આપણા શ્રી સંઘ ઉપર મહાન ઉપકાર કરી પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. વિદુષી પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજી આદિ ઠાણા ૧૪ ચાતુર્માસ પધાર્યા, તે માટે આપણે તેમના ખૂબ ઋણી છીએ. પૂ. મહાસતીજીના ચાતુર્માસ મંગલ પ્રવેશથી જ સંઘના સૌ ભાઈ–બહેનોના આત્મ મંદિરમાં અનેરો આનંદ, ઉત્સાહ જોવા મળ્યો છે. પૂ. મહાસતીજીમાં ઘણી વિદ્વતા અને સરળતા છે. સાથે સાથે સવી જીવ શાસનરસીક કરવાની તેમની ઉત્તમ ભાવના આપણે

સૌએ પ્રત્યક્ષ નિહાળી છે. તેઓ જ્યારે વીરવાણી ફરમાવે છે ત્યારે શ્રોતાજનો ઉપર જાદુઈ અસર થાય છે. તેમણે સિદ્ધાંતોના તથા વ્યાવહારિક અનેક હૃદયસ્પર્શી દૃષ્ટાંતો આપી આપણા શ્રી સંઘના ભાઈ–બહેનો તેમજ જૈનેતરો ઉપર સુંદર પ્રભાવ પાડ્યો છે. કંઈક ભાઈ બહેનો કદી ઉપાશ્રયે આવતા ન હતા તેવા યુવાન યુવકોને ધર્મનો મર્મ સમજાવી જૈન ધર્મમાં દૃઢ શ્રદ્ધાળુ બનાવી ઉપાશ્રયે આવતા કર્યા છે.

પૂ. મહાસતીજીએ ચાતુર્માસમાં ફરમાવેલ વ્યાખ્યાનોનું પુસ્તક બહાર પડે તો અનેક જૈન જૈનેતરોને લાભ મળે તેમજ અનેક દેરાવાસી ભાઈ–બહેનોની પણ મૂક માંગણી હતી, તેથી શ્રી સંઘને વ્યાખ્યાન સંગ્રહ બહાર પાડવાની ભાવના જાગૃત બની, પરંતુ પૂ. મહાસતીજી સાહેબે પ્રત્યુત્તર આપ્યો કે પ્રભુની વાણી–વીરવાણીના અનેક પુસ્તકો છપાઈ ચૂક્યા છે. હવે મારી જરાપણ ઈચ્છા નથી, પણ આપણા સંઘની નમ્ર વિનંતી ચાલુ રહી અને એમની સરળતા, ઊંડી સમજણના કારણે મૂક સંમતિ મળી.

પૂ. મહાસતીજીના સાનિધ્યમાં ચાર ચાર મહિના ક્યાં વ્યતીત થયા તેની ખબર પડી નહિ. તેમણે ચાતુર્માસ દરમ્યાન નમિરાજર્ષિ અધિકાર અને સાગરદત્ત ચરિત્ર તેમજ માનવ જીવનની સાર્થકતા શેમાં છે? શું શ્રેયકારી છે? શું પ્રેયકારી છે? તેવી મીઠી શિખામણના મધુરતા ભરેલા, લાગણી ભરેલા શબ્દો કાનમાં ગુંજ્યા કરે છે. ચાતુર્માસ દરમ્યાન ધાર્મિક અનુષ્ઠાનો, અપૂર્વ તપશ્ચર્યા વગેરેના સ્મરણો ભૂલ્યા ભૂલાય તેમ નથી. ચાતુર્માસ પૂર્ણ થતાં પૂ. મહાસતીજી શ્રી સૌરાષ્ટ્ર સંઘ (નગરશેઠનો વંડો) છોડી પ્રભુની આજ્ઞા મુજબ વિહાર કરશે. તેમને વિદાય આપતા હૈયું કામ કરતું નથી. ભક્તિભાવથી ભાઈ–બહેનોએ પણ પૂ. મહાસતીજીના ઉપદેશને જીવનમાં વધાવી અનેરો ઉત્સાહ વધાર્યો છે. પૂ. મહાસતીજીએ શ્રી સંઘની સમક્ષ ક્ષમાપના કરી તે તેમની ઉદારતા, સરળતાના પ્રત્યક્ષ દર્શન કરાવે છે. હું પણ આપણા શ્રી સંઘ વતી પૂ. મહાસતીજીની તેમજ સતીવૃંદની ક્ષમા માંગું છું. અમારી સેવામાં, ભાવભક્તિમાં ખામી હોય અને રહે એ સ્વાભાવિક છે, પણ આપ ઉદાર ભાવનાવાળા અને સરળ સ્વભાવના છો તો અમારી ક્ષતિઓને ક્ષમ્ય કરશો. ઘણાં ભાઈ–બહેનોની આંખમાં આજે અશ્રુ જોવા મળે છે તે અશ્રુ રાગના નહિ પણ તેમના ગુણના છે. તેમણે ચાતુર્માસમાં સૌની સાથે સરળતાથી, પ્રેમથી ધર્મના મર્મને સરળ ભાષામાં સમજાવી પરમ ઉપકાર કર્યો છે તે માટે મુમુક્ષુની આંખો અશ્રુભીની બને તે સ્વાભાવિક છે. અંતમાં પૂ. મહાસતીજી સાહેબનો ખૂબ ખૂબ આભાર અને ફરી ફરી અમારા ક્ષેત્રને લાભ આપવા નમ્ર વિનંતી. આપનો વિહાર નિર્વિઘ્નપણે થાય અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપમાં વૃદ્ધિ કરો, કરાવો એ જ શુભ ભાવના સહિત વિરમું છું.

**જાદવજીભાઈ શાહ** :–જેમના વેણમાં અને નેણમાં અમી છે, જેમની વાણીમાં અપૂર્વ તેજસ્વીતા જોવા મળે છે, એવા વીતરાગ શાસનની ઝળહળતી જ્યોત જગાવનાર પ્રખર વ્યાખ્યાતા, મહાન વિદુષી બા. બ્ર. પૂ. **શારદાબાઈ** મહાસતીજી તેમજ સતીવૃંદ અને શ્રી સંઘના ભાઈ–બહેનો!

પૂ. મહાસતીજી સાહેબે આપણે ત્યાં ચાતુર્માસ પધારી આપણા શ્રી સંઘ ઉપર મહાન ઉપકાર કર્યો છે. પૂ. મહાસતીજીના વિદ્વતા ભરેલા વ્યાખ્યાનોથી ચાતુર્માસમાં તપશ્ચર્યાના પૂર આવ્યા. આખું ચાતુર્માસ ધર્મારાધનાથી ગાજતું ને ગુંજતું રહ્યું. પૂ. મહાસતીજી સાહેબે સાણંદ, ગીરધરનગર, જીવરાજપાર્ક ચાતુર્માસ આપ્યા અને કૃષ્ણનગર ( સૈજપુર બોઘા ) ને પણ લાભ આપ્યો તે તેમની ઉદારતા અને સરળતા છે, અને તે બધા મહાસતીજીઓના દર્શનનો અવારનવાર આપણા શ્રી સંઘને લાભ મળ્યો છે. પૂ. મહાસતીજી સાહેબે આપણી પાસે ક્ષમાપના માંગી એ તેમની સરળતા છે. તેમણે આપણી ક્ષમાપના માંગવાની હોય જ નહિ. આપણે તેમનો અવિનય અશાતના કરી હશે તે માટે આપણે તેમની નમ્રતાપૂર્વક ક્ષમાપના માંગીએ છીએ. આ ચાતુર્માસમાં દાન, શિયળ, તપ ઉપર વ્યાખ્યાનોની સચોટ અસર જોવા મળી છે. ભાગ્યવાનોએ દાનનો પ્રવાહ પણ ખૂબ વહાવ્યો છે. તે માટે પૂ. મહાસતીજીનો તથા શ્રી સંઘના ભાઈ બહેનોનો ખૂબ ખૂબ આભાર માનું છું.

પૂ. મહાસતીજીની એક જ ભાવના છે કે ચતુર્વિધ સંઘની કેમ ઉન્નતિ થાય, જૈન શાસનનો જય થાય ને વિશેષ ઉન્નત બને. અંતમાં પૂ. મહાસતીજી ચતુર્વિધ સંઘની વિશેષ ઉન્નતિ કરે અને તેમનું સ્વાસ્થ્ય સારું રહે એ જ શુભ ભાવના. આપે નાની ઉંમરમાં સંસારને છોડી, વીરના પરમ પવિત્ર માર્ગને અપનાવી ગુરૂવર્ય રત્ન ગુરૂદેવના નામને અમર બનાવ્યું છે. તે માટે આપણે સૌ ગૌરવ અનુભવીએ છીએ. પૂ. મહાસતીજી સાહેબ વિહારમાં ખૂબ ખૂબ શાતા પામે અને નાના મોટા દરેક ક્ષેત્રોમાં પુનિત પગલા કરતા કરતા ફરી વહેલા વહેલા આપણા શ્રી સંઘના આંગણે પધારે એ જ શુભ ભાવના સહિત વિરમું છું.

**અમૃતલાલ ટી. અજમેરા** :–પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. વિદુષી પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજી, અન્ય સતીવૃંદ તથા ભાઈઓ ને બહેનો !

આપણા શ્રી સંઘના મહાન પુણ્યોદયે બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજી ઠાણા ૧૪ ચાતુર્માસ પધાર્યા. તે ચાતુર્માસ હવે પૂર્ણ થયું. પૂ. મહાસતીજી શુક્રવારે આપણને સૌને એકલા અટૂલા મૂકીને વિહાર કરશે. ચાતુર્માસમાં ધમધમતો વંડો હવે સૂનકાર બની જશે. પૂ. શારદાબાઈ મહાસતીજીએ વ્યાખ્યાનમાં ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયનનો નમિરાજર્ષિનો અધિકાર અને સાગરદત્ત ચરિત્ર તેમની લાક્ષણિક શૈલીમાં આત્મસ્પર્શી ભાવોથી ખૂબ સુંદર રીતે ફરમાવ્યા છે કે જેનો રસ જનતામાં એટલો જાગ્યો કે તે સાંભળવા દૂર દૂરથી દોડીને બધા સમયસર હાજર થઈ જતા. પૂ. મહાસતીજીની વાણીમાં એવો જાદુ છે કે જે શ્રોતાઓ તેમને એક વાર સાંભળે તેને બીજે દિવસે જરૂર હાજરી આપવી પડે. વ્યાખ્યાનમાં દરરોજ મોટી સંખ્યામાં માનવ-મેદની ઉભરાણી છે. પૂ. મહાસતીજીના દાન, શીલ, તપ, ભાવ પરના સચોટ વ્યાખ્યાનોએ લોકોમાં એવું આકર્ષણ પેદા કર્યું કે પર્યુષણ પર્વમાં તપની જોરદાર ભરતી આવી. ઉત્સાહી ભાઈ બહેનોએ ૪૫–૪૨ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યાઓ કરી. જે સૌરાષ્ટ્ર સંઘમાં

પ્રથમવાર થઈ છે. તેમજ બીજી તપશ્ચર્યાઓ પણ અભૂતપૂર્વ થઈ છે, તે આપ બધા પર્યુષણમાં જોઈ શક્યા છો. તેમાં ચાતુર્માસના પ્રારંભથી મહાસતીજીઓએ મંગલ તપની આરાધના કરી બધાની ભાવનામાં ઉત્સાહની ભરતી લાવ્યા. ચાતુર્માસની શરૂઆતથી પૂર્ણાહૂતિ સુધી અમારો વંડો તપ–ત્યાગ અને ધર્મકરણીથી ગાજતો રહ્યો છે. આ બધો પ્રભાવ પૂ. શારદાબાઈ મહાસતીજીનો છે.

પુસ્તકના પ્રકાશનમાં પૂ. મહાસતીજીનો વિરોધ હતો. તેમની ઈચ્છા પુસ્તક છપાવવાની જરાપણ ન હતી, પણ સંઘના અતિ આગ્રહથી તે કાર્ય કરવાનું શ્રી સંઘે નક્કી કર્યું, અને શ્રોતાઓએ પર્યુષણ આવતા પહેલાં તો દાનનો પ્રવાહ વહાવી અમારી ઝોળી છલકાવી દીધી. પૂ. મહાસતીજી ચાર ચાર મહિનાના સંપર્ક બાદ વિહાર કરશે ત્યારે ભાઈ બેનોને કેટલું દુઃખ થશે તે અમે કલ્પી શકતા નથી. ધર્મકરણી કરવાનું, કડક નિયમોનું પાલન કરવાનું સૂચન અમને કોણ કરશે ? ચાતુર્માસ તો જોતજોતામાં પૂર્ણ થઈ ગયું. પૂ. મહાસતીજીના અમારા શ્રી સંઘ પર મહાન ઉપકારો છે. આ ચાતુર્માસ સુંદર રીતે જાહોજલાલીપૂર્વક પૂર્ણ થયું, તેથી બધા આનંદ સાથે ગૌરવ અનુભવીએ છીએ. ચાતુર્માસમાં અમારા થી સંઘના કાર્યકર્તાઓ તરફથી પૂ. મહાસતીજીની સેવા બજાવવામાં ઉણપ રહી ગઈ હોય તો સર્વ કાર્યકર્તા ભાઈઓ તરફથી તથા શ્રી સંઘના ભાઈ બહેનો તરફથી અવિનય અશાતના થઈ હોય, કોઈ મહાસતીજીનું મન દુભાયું હોય તો અંતઃકરણપૂર્વક ખમાવીએ છીએ. અંતમાં આપને ફરી ફરીને વિનંતિ કરું છું કે જ્યારે જ્યારે સંઘના ભાઈ બહેનો ચાતુર્માસ લેવા આવે ત્યારે આપ અમારું લક્ષ જરૂર રાખશો. એ આશા સહિત વિરમું છું.

## શારદા રત્ન ભાગ ૧–૨–૩ સમાપ્ત

તા. ક.—પૂ. મહાસતીજીએ વ્યાખ્યાન ચારે મહિના દરરોજ ફરમાવ્યા છે, પણ પુસ્તક ઘણું મોટું થઈ જવાથી ક્યાંક બબ્બે વ્યાખ્યાનનો સાર ભેગો કરી એકેક વ્યાખ્યાનમાં લખ્યો છે. શારદા રત્ન પુસ્તકમાં કોઈ પણ પ્રકારની ભૂલ રહી હોય તો વ્યાખ્યાનકારકની કે લખનારની નથી પણ મુદ્રણ દોષ છે, તો આ માટે વાચકોને વિનંતિ કરવામાં આવે છે કે આપને વ્યાખ્યાન છાપવામાં પ્રેસની કોઈ ભૂલ દેખાય તો શુદ્ધિપત્રકમાં જોશો, છતાં કોઈ ભૂલ દેખાય તો સુધારીને વાંચવા વાચકોને નમ્ર વિનંતિ છે.

કારતક વદ ૧ ને ગુરુવાર તા. ૧૧-૧૧-૮૧

## અધુરું રહેલું ચરિત્ર

શેઠાણી તારામતીના કેવાં કર્મનો ઉદય થયો કે જેની સેવામાં અનેક નોકરચાકરો હાજર હતા તેને આજે ઉપાશ્રયમાં નોકરી કરવાનો પ્રસંગ આવ્યો, છતાં ધર્મને સમજેલા શેઠાણી દુઃખમાં પણ સુખ માનીને રહેવા લાગ્યા. એ રીતે ૧૨ વર્ષો ત્યાં વીતાવ્યા. ૧૨ વર્ષોમાં તો ત્યાં બધાની સાથે ખૂબ હળીમળી ગઈ. હવે ત્યાં શું બન્યું ? એકવાર તે ગામમાં જે સાધ્વીજીઓનું ચાતુર્માસ હતું તે સતીજીઓના ગુરૂદેવ મહામુનિ ધર્મવીર અણગારનું ચાતુર્માસ ભીમપુરમાં હતું. તેથી પર્યુષણ પછી શ્રી સંઘ ગુરૂદેવના દર્શન માટે ભીમપુર જવા નીકળ્યો. તારામતી પર બધા ભાઈ બહેનોને સ્નેહ, લાગણી ખૂબ હતી તેથી તેને પણ સંઘમાં સાથે લઈ ગયા.

આ બાજુ સાગરદત્ત શેઠ, ગુણદત્ત અને ગુણચંદ્ર બધા રાજ્યના મહાન સુખો ભોગવે છે પણ ધર્મને ભૂલ્યા નથી. રોજ એક સામાયિક કર્યા વિના રાજદરબારમાં જતાં નથી. રોજ સવારમાં ઉઠીને સંતોના દર્શન કરવા જાય, તેમના મુખેથી વીતરાગ વાણી સાંભળે અને જીવનને પવિત્ર બનાવે. એક દિવસ જ્ઞાનપંચમીનો મોટો ઉત્સવ હતો. સાગરદત્ત શેઠ, ગુણદત્ત અને ગુણચંદ્ર તથા તેમની પત્નીઓ બધા વ્યાખ્યાનમાં ગયા. આ બાજુ શેઠાણી પણ શ્રી સંઘની સાથે વ્યાખ્યાનમાં આવ્યા. તારામતીને ખબર નથી કે મારો દીકરો આ ગામનો રાજા છે. મારા પતિ અહીંયા છે. તે તો પોતાના સંઘની સાથે વ્યાખ્યાનમાં બેઠી છે. ગુરૂદેવે પોતાની પ્રવચન ધારા શરૂ કરી. વ્યાખ્યાન પૂરું થયા બાદ શ્રોતાઓ વિખરાઈ ગયા. ગુણદત્ત રાજાને ખબર પડી કે ગુરૂદેવ ચાર જ્ઞાનના ધારક છે તો હું તેમને પ્રશ્ન પૂછું. ગુરૂદેવને વંદન કરીને રાજાએ પૂછયું, ગુરૂદેવ ! આપ કૃપા કરીને મને કહો કે મારી માતા અત્યારે કયાં છે ? તે સુખમાં છે કે દુઃખમાં ? તેણે કેવા દુઃખો વેઠયા ? તે હવે મને કયારે મળશે ?

**ગુરૂદેવ કહે રાજન્, કર્મોકી માર હૈ**
**માતા તેરી બૈઠી, ઇસ સભાકે મંજાર હૈ**

ગુરૂદેવે કહ્યું–રાજન્ ! તારી માતાએ ઘણા દુઃખો વેઠયા છે. તેણે કર્મોના માર ઘણા સહ્યા છે. એ તારી માતા તને હવે બહુ અલ્પ સમયમાં મળશે. ગુરૂદેવ ! માતાને મળવા હવે મારું મન અધીરું બન્યું છે. મને એ માતાની યાદ ખૂબ સતાવી રહી છે. આપ જલ્દી કહો કે એ કયારે અને કયા સ્થાને મને મળશે ? ગુરુદેવે કહ્યું–તું અધીરો ન બન. એ તારી માતા તને આજે ને અત્યારે મળશે. શું કહો છો ગુરૂદેવ ! મને અત્યારે જ મળશે ? હા, તો તે અત્યારે કયાં છે ? રાજન્ ! તારે કયાંય શોધવા જવાની જરૂર નથી. તે આ સભામાં જ બેઠી છે. ગુરુદેવ ! શું આપ સત્ય કહો છો ! હા. મહારાજા. આજે જે સંઘ દર્શન કરવા આવ્યો છે તે સંઘમાં તે ઉપાશ્રયમાં કામ કરે છે, તેથી સંઘની સાથે દર્શન કરવા આવી છે. આ વાત સાંભળતા પુત્રોના રોમેરોમમાં

આનંદ થયો. રાજાએ સભામાં દૃષ્ટિ કરી. દુઃખના કારણે તારામતીનું શરીર સાવ નિર્બળ બની ગયું છે. તેના મુખના તેજ ફીક્કા પડી ગયા છે, તેથી તે ઓળખાય તેવી ન હતી પણ ધારી ધારીને જોતાં તેઓ માતાને ઓળખી ગયા. માતાને જોતાં બંને ભાઈઓ માતાના ચરણમાં પડી ગયા. તેને ભેટી પડયા. બધાની આંખોમાં પ્રેમના–હર્ષના આંસુ આવ્યા. બાર બાર વર્ષે દીકરાઓને માતા મળી અને માતાને દીકરા મળ્યા. એ સમયનો આનંદ તો અનુભવે તેને ખ્યાલ આવે. તેમાં પણ તારામતીને તો ખબર ન હતી કે મારા દીકરા જીવતા છે. તે તો માનતી હતી કે તેમને ફાંસી મળી છે ને તેઓ મૃત્યુ પામ્યા છે. જે દીકરાઓની આશા જ ન હતી તે દીકરાઓ મળે ત્યારે માતાને કેવો આનંદ થાય!

**દુઃખનો અંત ને મધુર મિલન** :—શેઠને શેઠાણી મળ્યા, શેઠાણીને પતિ મળ્યા ને પુત્રો મળ્યા. બધાના દિલમાં આનંદ આનંદ થઈ ગયો. બધા સાથે રાજમહેલમાં ગયા. બધાએ એકબીજાને ક્ષેમકુશળના સમાચાર પૂછયા. બધાએ એકબીજાને પોતાની દુઃખદ કહાની કહી સંભળાવી. માતાની વાત સાંભળતા ગુણદત્ત કહેવા લાગ્યો, હે માતા! તારો દીકરો રાજા બન્યો છતાં તારે રસોઈયાણી ને નોકરાણીના કામ કરવા પડયા! દીકરા! આ બધા કર્મના ખેલ છે. કર્મોએ આપણને વિખૂટા પડાવ્યા ને ભેગાં પણ કરાવ્યા. બધા આનંદથી રહે છે. બધા ભેગા થઈને સવાર સાંજ પ્રભુની પ્રાર્થના કરે છે. રાજસુખો મળવા છતાં કોઈ ધર્મને ભૂલ્યા નથી. ગુણદત્ત રાજ્ય કરે છે, પણ દેવ–ગુરૂ–ધર્મની શ્રદ્ધા જેવી હતી તેનાથી વધુ ને વધુ દૃઢ બનતી હતી. રાજ્યમાં રહેવા છતાં તે રાજ્યમાં લેપાતા નથી. રાજસંપત્તિને તે કાચું સોમલ માનતા હતા. તે પોતાની સંપત્તિનો ધર્મકાર્ય અને પરમાર્થના કાર્યોમાં ઉપયોગ કરતા. તેમનો યશ ચારે દિશામાં પ્રસર્યો હતો.

**દૈવી પરીક્ષાથી દૃઢ બનેલો શ્રદ્ધાનો શઢ** :—ગુણદત્તની શ્રદ્ધાની પ્રશંસા દેવલોકમાં થઈ. મિથ્યાત્વી દેવથી આ પ્રશંસા સહન ન થઈ, તેથી દેવ તેની પરીક્ષા કરવા આવ્યો. આનંદના સાગરમાં ઝુલતા રાજાને કોઈએ સમાચાર આપ્યા કે ગુણચંદ્રને સર્પદંશ થયો છે, તેથી તે મૂર્છિત બની ધરતી પર ઢળી પડયો છે. ગુણદત્તને આ સમાચાર સાંભળતા દુઃખ થયું. ગુણદત્તે ભાઈની પાસે જઈને નવકારમંત્ર સંભળાવ્યા. ભાઈનું વિષ ઉતારવા ઘણા ઉપચારો કરે છે ત્યાં સમાચાર મળ્યા કે માતાપિતા એકાએક કાળના પંજામાં જકડાઈ ગયા. ગુણદત્તને ખૂબ આઘાત લાગ્યો કે આ શું? હજુ ભાઈ તો શુદ્ધિમાં આવ્યો નથી ત્યાં માતા–પિતાનો સ્વર્ગવાસ! તે ભાઈને છોડી માતા પિતા પાસે ગયો. તે હજુ તેમની ચરણરજ લેવા જાય છે ત્યાં બીજા દુઃખદ સમાચાર આવ્યા કે પટરાણીઓને સર્પદંશ થયો છે. એક સાથે આવા દુઃખદ સમાચાર સાંભળવા મળે તો કોનું હૈયું હાથ રહે! અરે....માથા પછાડે, છાતીફાટ રડે, પણ ગુણદત્ત તો જેમ સમાચાર સાંભળતો ગયો તેમ તેને જીવનની નશ્વરતાના પડછાયા સામે દેખાયા. જેમજેમ સ્નેહીઓના દુઃખદ સમાચાર સાંભળતો ગયો તેમ તેમ તેની શ્રદ્ધા વધુ દૃઢ બનતી ગઈ.

ગુણદત્તે રાજવૈદ્યો, હકીમો આદિ ઘણાને બોલાવ્યા, પણ કોઈનો ઉપાય કામયાબ ન નીવડયો. છેવટે એક ગારૂડિક આવ્યો. તેણે કહ્યું મહારાજા! આ જે કંઇ બન્યું છે તે એક દૈવી પ્રકોપ લાગે છે, અથવા કોઈ અભિશાપ ઉતર્યો લાગે છે. તમારું રાજભવન તો નિર્જન વન જેવું બની ગયું છે. તમારા મુખ પર તો વેદનાના સિંધુ ભર્યા દેખાય છે. મારાથી આ જોવાતું નથી. મારી પાસે એક ઉપાય છે. ગુણદત્ત કહે, તારા ઉપાયથી જો મારૂં કુટુંબ મૃત્યુના મુખમાંથી બચી જશે તો હું તને સારી ભેટ આપીશ. ગારૂડિકે મંત્રતંત્રાદિ પ્રયોગો ઘણા કર્યા, પણ તે બધા નિષ્ફળ ગયા. છેવટે કરંડિયામાંથી સર્પને બહાર કાઢી મંત્રોથી તથા સારા રાગરાગિણીઓના સૂરથી સર્પને ખુશ કર્યો ને પછી કહ્યું–હે નાગદેવ! આ યુવરાજ અને રાજમાતા વગેરેના વિષનું પાન કરી તેમને વિષમુક્ત કરો. નાગદેવે ના કહી. તેમને વાચા પ્રગટી અને કહ્યું કે રાજાને કહો કે તમારા કુટુંબને સજીવન કરવું હોય તો નાગપંચમીના દિવસે વ્રત કરી મારી પૂજા કરે, તો હું બધાને વિષમુક્ત બનાવીશ. ગારૂડિકે રાજાને વાત કહી.

**ગુણદત્તની શ્રદ્ધાથી ચરણમાં નમેલો દેવ** :–રાજા કહે–નિર્દોષ પ્રયત્નથી મારો પરિવાર મૃત્યુમાંથી બચતો હોય તો ઠીક, બાકી કોઈ પ્રયત્ન મારાથી થશે નહિ. મને મારા જિનેશ્વર દેવ પર અને તેમના ધર્મ પર અતૂટ શ્રદ્ધા છે. તેમણે મને દુઃખમાંથી બચાવ્યો છે. હવે એમને મૂકીને હું બીજાની પૂજા કરું એ કયારેય પણ બનશે નહિ. ગારૂડિકે તેને ઘણું સમજાવ્યો પણ ગુણદત્ત સમજ્યો નહિ. છેવટે નાગદેવ તેને કરડવા ગયો તો પણ તે ગભરાયો નહિ કે શ્રદ્ધાથી ચલિત ન થયો, ત્યારે ગારૂડિકના વેશમાં રહેલ દેવ સાક્ષાત્ પ્રગટ થયો, અને ગુણદત્તના ચરણમાં પડ્યો. ત્યાં પંચવર્ણી પુષ્પોની વૃષ્ટિ કરી, અને ગુણદત્તના કંઠમાં દૈવી હાર અને કાનમાં કુંડલ પહેરાવ્યા. પોતાના અપરાધની ક્ષમા માંગી અને બધાને સજીવન કર્યા ને પોતાના સ્થાને ચાલ્યો ગયો.

**દુઃખની ઝડી વરસાવનાર દેવની હાર** :–સાગરદત્ત શેઠ, શેઠાણી, બંને પુત્રો તથા પુત્રવધૂઓ બધા ભેગા મળી એક ચિત્તે પ્રભુને પ્રાર્થના કરે છે. તેમની ધર્મની શ્રદ્ધાથી દેવનું સિંહાસન ડોલ્યું. ઉપયોગ મૂકીને જોતાં ખબર પડી કે આ ધર્મિષ્ઠ જીવોની દૃઢ શ્રદ્ધાને કારણે સિંહાસન ડોલ્યું છે. દેવ તરત ત્યાંથી ઉઠયો અને આવીને શેઠના ચરણમાં પડી માફી માંગી. શેઠ! મેં આપને ખૂબ કષ્ટ આપ્યું છે. આપની બેહાલ દશા કરનાર હું છું. આપને ધર્મશ્રદ્ધાથી ડગાવવા આટલા દુઃખો આપ્યા, છતાં આપે ધર્મ છોડયો નથી. કરોડોનું ધન જતું કર્યું પણ ધર્મ જતો કર્યો નથી, તેથી તમારો વિજય થયો છે ને મારી હાર થઈ છે. તમને કોટી કોટી ધન્યવાદ! લાખ લાખ વંદન! હવે આપ આપના ગામમાં પાછા જાઓ. આપની જે સંપત્તિ ગઈ છે તે બધી પાછી મળી જશે.

**ગઈ સંપદા સભી મિલેગી, અધિક ભરૂં ભંડાર,**
**ઔર જો ચાહિયે તો તુમ માંગો, મૈં હરદમ તૈયાર.**

દેવ શેઠને કહે છે આપ વસંતપુર નગરમાં સુખેથી પધારો. આપની જેટલી લક્ષ્મી ગઈ

છે તેથી અધિક આપના ભંડારમાં ભરી દઈશ. હું આપના પર પ્રસન્ન થયો છું, આપ કંઈક માંગો. જે જોઈએ તે માંગો. દેવે ઘણી વાર માંગવાનું કહ્યું છતાં શેઠ કહે છે, મારે કાંઈ નથી જોઈતું. આજે કોઈના પર દેવ પ્રસન્ન થાય ને માંગવાનું કહે તો? (શ્રોતામાંથી અવાજ : અરે, કાંઈ બાકી ન રાખીએ.) અહીં શેઠ કહે છે મારે કાંઈ નથી જોઈતું. મારે તો જોઈએ છે માત્ર ભવોભવ ધર્મનું શરણ. દેવ તો ત્યાંથી ચાલ્યો ગયો. પછી શેઠે પુત્રોને કહ્યું-હવે આપણે આપણી જન્મભૂમિમાં જઈએ. મને જન્મભૂમિની યાદ ખૂબ આવે છે. પુત્રો કહે-ભલે પિતાજી! ગુણદત્તે તો મંત્રીને રાજ્ય સોંપ્યું ને પછી મોટા રસાલા સાથે હાથી, ઘોડા, સૈન્ય બધું લઈને ભીમપુરથી પ્રયાણ કર્યું.

સાગરદત્ત શેઠ પરિવાર સાથે જઈ રહ્યા છે. ચાલતા ચાલતા રસ્તામાં જ્યાં રાજાએ બંને ભાઈને ફાંસીની શિક્ષા ફરમાવી હતી તે ગામમાં આવ્યા. જેમણે ફાંસીની શિક્ષામાંથી બચાવ્યા હતા તે ચાંડાલોના ઉપકારને યાદ કરી પહેલા તેમને બોલાવ્યા. તેમનો સત્કાર, સન્માન કરી તેમને સારી રકમ ભેટ આપી. પછી પોતાના દૂતને મોકલીને રાજાને સમાચાર મોકલાવ્યા કે લાડવાના કારણે જે બંને બાળકોને ફાંસીની શિક્ષા કરી હતી તે આપના નગરમાં આવ્યા છે ને આ ભેટણું મોકલ્યું છે. આ સાંભળતા રાજાને ખૂબ આશ્ચર્ય થયું. તેઓ ફાંસીમાંથી કેવી રીતે બચી ગયા હશે? રાજા તેમને મળવા માટે આવ્યા. ગુણદત્ત રાજાનો રાજશાહી ઠાઠમાઠ જોઈને રાજા તો શરમાઈ ગયા. તેમણે પોતાની ભૂલની માફી માંગી. ગુણદત્તની ચતુરાઈ, શુભ ભાવના, ઉદારતા આદિ ગુણોથી આકર્ષાઈને રાજાએ પોતાની દીકરીને ઠાઠમાઠથી ગુણદત્ત સાથે પરણાવી, પછી ત્યાંથી ચાલતા ચાલતા ઉદયચંદ શેઠના ગામમાં આવ્યા. જે શેઠે સાગરદત્ત શેઠને લાડવામાં સોનામહોરો નાંખીને લાડવા આપ્યા હતા, તેમને બોલાવીને શેઠે તથા ગુણદત્ત રાજાએ તેમનો ખૂબ ઉપકાર માન્યો. તેમની ખૂબ મહેમાનગતિ કરીને પછી વિદાય આપી.

**શેઠનું રાજા અને પ્રજાએ કરેલ ભવ્ય સ્વાગત** :-ત્યાંથી ચાલતા ચાલતા પોતાના વસંતપુર ગામમાં આવીને નગર બહાર બગીચામાં પડાવ નાખ્યો ને દૂત દ્વારા રાજાને સમાચાર મોકલાવ્યા. આખા ગામમાં ખબર પડી ગઈ કે આપણા દીનદુઃખીના બેલી નગરશેઠ આવ્યા છે, તેથી ઘરઘરમાં આનંદ આનંદ છવાઈ ગયો. આ શેઠ ગરીબોના બેલી, નિરાધારના આધારભૂત હતા. નગરની સારી જનતાને પુત્ર સમાન ગણતા હતા. તે શેઠ પધાર્યાની વધામણી મળતાં ગામના લોકો દોડી આવ્યા. ચાલો, આપણે તેમને વધાવવા જઈએ. ગામમાં પણ શેઠના સ્વાગત માટે ઘેર ઘેર તોરણો બંધાયા, ધ્વજા-પતાકાઓ બંધાઈ અને આખું ગામ શણગાર્યું. જેણે દશ હજાર રૂપિયા માટે શેઠની હવેલી લઈ લીધી હતી તેને રોશનીથી ઝગમગ કરી દીધી. પછી શેઠને કહ્યું, આપ આપની હવેલીમાં (મહેલમાં) ખુશીથી પધારો. ખુદ રાજા પણ શેઠનું સ્વાગત કરવા હાથી, ઘોડા, ઢોલ નગારા, બેન્ડ વાજા લઈને બગીચામાં ગયા. રાજા કહે, પધારો શેઠજી પધારો! તમે તો અમારા ગામના રત્ન છો. રાજાએ શેઠને હાથીની અંબાડીએ બેસાડયા. શુભ મુહુર્તે વાજતે ગાજતે જયજયકારના બુલંદ નાદ સાથે બજારના મધ્ય ભાગમાં

થઈને શેઠને ગામમાં પ્રવેશ કરાવ્યો. જ્યાં શેઠનો મહેલ આવ્યો ત્યાં હાથી પરથી શેઠ ઉતરી ગયા ને પોતાના મહેલમાં ગયા. શેઠ મહેલમાં જઈને જુએ છે તો અનાજના અને ધનના ભંડાર ભરપૂર ભરેલા પડયા છે.

**સ્વર્ણ થાલિયાં પડી પાંચસૌ, જયોં કી ત્યોં ઈસિ વાર,**
**નહાનેકી સિલ્લા સોનેકી, ઔર સોનેકા પાટ.**

ઓરડામાં સોનાની પાંચસો થાળીઓ તેમજ સ્નાન કરવા માટે સોનાનો બાજોઠ, તેમજ સોનાની શિલ્લા પડી છે. શેઠને ત્યાં પહેલા જે લક્ષ્મી હતી તેથી અધિક લક્ષ્મી શેઠને ત્યાં વધી ગઈ હતી. પહેલા દેવે શેઠની ધર્મ માટે પરીક્ષા કરી ને ઘણા દુઃખો વેઠવા પડયા, પણ શેઠ-શેઠાણી દુઃખમાં પણ ધર્મને ભૂલ્યા નહિ, તો એ દેવ તેના પર પ્રસન્ન થયા ને શેઠની બધી લક્ષ્મી પાછી આપી દીધી. ધર્મશ્રદ્ધાનો કેટલો અજબ પ્રભાવ! ગુણદત્ત અને ગુણચંદ્રને જોઈને બધા ખૂબ હરખાય છે. શેઠના દીકરા કેવા ગુણવાન છે! બધા આનંદથી ધર્મધ્યાન કરતા રહે છે.

**ગુરૂ ભગવંત પાસે પૂર્વભવની પૃચ્છા**:-થોડા સમય બાદ એક મિત્રે આવીને શેઠને સમાચાર આપ્યા કે, આપણા ઉદ્યાનમાં ધર્મવીર નામના મહાન આચાર્ય પધાર્યા છે. તે સમાચાર મળતાં શેઠને તથા બધાને ખૂબ આનંદ થયો. શેઠ પોતાના પરિવાર સાથે ગુરૂદેવના વ્યાખ્યાનમાં ગયા. વ્યાખ્યાનમાં ગુરૂદેવે પુણ્ય પાપનું સુંદર સ્વરૂપ સમજાવ્યું. ગુરૂદેવ ચાર જ્ઞાનના ધારક હતા, એટલે શેઠના મનમાં થયું, કે જ્ઞાની ગુરૂદેવ પાસે મારો પૂર્વભવ જાણી લઉં. શેઠ ગુરૂદેવને વંદન કરીને પૂછે છે ગુરૂદેવ! પૂર્વભવમાં મેં એવા શું પાપ કર્યા કે મારે બાર વર્ષ દુઃખ ભોગવવું પડયું? લક્ષ્મીદેવીનો અમારા પર કોપ થયો ને ચારે જણાને જંગલમાં ભટકવું પડયું! ગુરૂદેવ કહે છે, કરેલાં કર્મો જીવને અવશ્ય ભોગવવાં પડે છે. સાગરદત્ત સાંભળો, આપનો પૂર્વભવ.

**તૂ થા વણિક પૂર્વભવ માંઈ, તેરે થા એક છોટા ભાઈ;**
**સારી સંપત્તિ ગયા તું ખાઈ, ઘર ગાંવ ભી દિયા છુડાઇ.**

પૂર્વભવમાં તું એક વણિક હતો. તમે બે ભાઇ હતા. તું મોટોભાઈ હતો, તેં નાનાભાઈની બધી સંપત્તિ લઈ લીધી. તેને ઘરબાર વિનાનો કરી નાખ્યો. અરે, એટલે સુધી જુલ્મ ગુજાર્યો કે તેને ગામમાં પણ રહેવા ન દીધો. તેના હાટ, હવેલી, ઝવેરાત, ધન બધું લૂંટી લીધું અને તેના બાળકોને પણ જંગલમાં મોકલી દીધા. જેઠાણી દેરાણી પર જુલ્મ ઘણો ગુજારતી હતી. તેના માથે ખોટા આળ ચઢાવતી હતી. નાનો ભાઈ તો ગામ છોડીને ચાલ્યો ગયો. ચાલતાં ચાલતાં તે એક નગરમાં આવ્યો. તેને જોઇને એક દયાળુ શેઠને કરૂણા આવી તેથી તેને પોતાને ત્યાં નોકરી રાખ્યો. શેઠ તેને દીકરાની જેમ રાખતા હતા. તેને ધર્મ-કર્મનું સ્વરૂપ સમજાવતા. શેઠના સત્સંગથી તારા ભાઈનો આત્મા જાગૃત બન્યો. તેણે શ્રાવકના ૧૨ વ્રત ધારણ કર્યા, આયુષ્ય પૂર્ણ થતાં તે મરીને દેવલોકમાં દેવ થયો.

એક દિવસ તું બપોરે જમવા માટે ઘેર આવ્યો. તે દિવસે કંઈક પ્રસંગ હોવાથી

તારે ઘેર રસવંતી રસોઇ બનાવી હતી. જમવા બેસતા પહેલાં તારા મનમાં થયું કે જો, કોઇ સંત પધારે તો તેમને વહોરાવીને પછી હું જમું. તારા શુદ્ધ દિલની ભાવના ફળી. ને તારા આંગણે માસખમણના તપસ્વી મુનિ પધાર્યા, તેં મુનિને ઉત્કૃષ્ટભાવે સુપાત્ર દાન દીધું. મુનિએ તને દાનનો મહિમા સમજાવ્યો. પછી તેં તારી લક્ષ્મીનો દાનમાં સદુપયોગ કર્યો. તેથી તેં ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું. ત્યાંથી મરીને તું સાગરદત્ત તરીકે જન્મ્યો. તેં પૂર્વભવમાં દાન ખૂબ દીધું હતું તેથી તને અઢળક લક્ષ્મી મળી. ધનની સાથે તમારી ધર્મભાવના પણ ઘણી હતી. ધર્મ પ્રત્યેની શ્રદ્ધા દઢ હતી.

એક વાર તમારી ધર્મભાવનાની દેવલોકમાં પ્રશંસા થઈ. તમારો ભાઇ જે દેવ બન્યો છે તેણે તારી પ્રશંસા સાંભળી. પૂર્વભવના વૈરના કારણે તેને તારા પર ઇર્ષ્યા આવી, તેથી તારૂં બધું ધન ફના કરી નાંખ્યું અને તારે ગામ ને ઘરબાર બધું છોડીને જવાનો પ્રસંગ આવ્યો તારી બધી લક્ષ્મી ઉદયચંદ શેઠને ત્યાં ગઈ. તારા ભાઈને જે શેઠે નોકરી રાખ્યો હતો અને ધનથી ને ધર્મથી બધી રીતે સુખી કર્યો તેથી તે મારા પરમ ઉપકારી છે એમ માનીને દેવ બનેલો તારો ભાઈ તારી બધી લક્ષ્મી તે શેઠને ઘેર આપી આવ્યો. તેં નાનાભાઇને તેના છોકરાઓનો વિયોગ પડાવ્યો હતો તેથી તને બાર વર્ષ સુધી તારા છોકરાઓના વિયોગ પડયો. પૂર્વજન્મના આ કર્મોના કારણે તારે આ દુઃખો ભોગવવા પડયા છે, પણ સુપાત્ર દાન દઇને ખૂબ પુણ્ય બાંધ્યું હતું તે પુણ્યના કારણે પુત્રો, પત્ની બધું મળી ગયું ને પહેલા કરતાં અધિક સુખ મળ્યું. આ તમારો પૂર્વભવનો બધો વૃત્તાંત કહ્યો.

**પૂર્વભવ સુણી વિરતીની વાટે** :—પોતાનો પૂર્વભવ સાંભળી શેઠ–શેઠાણીને વૈરાગ્ય આવ્યો. ગુણદત્ત અને ગુણચંદ્રે ખૂબ ઠાઠમાઠથી માતાપિતાનો દીક્ષા મહોત્સવ ઉજવ્યો. શેઠે ખૂબ દાન દીધું. આવા છલકતા વૈભવોને છોડીને નગરશેઠને સંયમ લેતા જોઈને બધાની આંખે આંસુથી છલકાઇ ગઈ. શેઠ શેઠાણીએ દીક્ષા લીધી અને બંને પુત્રોએ બાર વ્રત ધારણ કર્યા સાગરદત્ત અણગાર સંયમની સુંદર સાધના કરી, અંતિમ સમયે સંથારો કરી દેવલોકમાં ગયા. દેવલોકની ભવસ્થિતિ પૂર્ણ કરી ત્યાંથી ચવીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ પામી સંયમ લઇને કર્મો ખપાવીને મોક્ષમાં જશે. છેવટે ગુણદત્ત અને ગુણચંદ્ર પણ સંસાર છોડી દીક્ષા લેશે.

સાગરદત્ત ચરિત્ર હવે પૂર્ણ થયું. આ ચરિત્રમાંથી ઘણું સમજવાનું મળે છે. જો આત્મા-ધર્મ પર શ્રદ્ધા રાખે તો કદાચ કસોટી આવે, પણ તેમાં જો ડગે નહિ તો આખરે તેનો વિજય થાય છે. સાગરદત્ત શેઠને તથા બધાને આટલા કષ્ટ પડયાં પણ દુઃખમાં ધર્મને ભૂલ્યા નહિ, તો છેવટે તેમનો વિજય થયો ને જે સુખ હતું તેનાથી અધિક સુખ મેળવ્યું. ધર્મમાં દઢ રહેનારને દેવો પણ તેમના ચરણમાં નમે છે. બીજું, કરેલાં કર્મો જીવને અવશ્ય ભોગવવા પડે છે કર્મો જીવને હસાવે છે ને કર્મો રડાવે છે. માટે કર્મ બાંધતા પહેલા ખૂબ વિચાર કરજો. આ ચરિત્ર સાંભળીને આપ પણ ધર્મની શ્રદ્ધામાં દઢ બનજો ને દાન, શીયળ, તપ, ભાવના અને સંયમની આરાધનામાં જોડાશો. એ જ આશા સહિત વિરમું છું.

( પુસ્તકમાં પાના વધી જવાથી વ્યાખ્યાનની નોંધ લીધી નથી. )

# 'શારદારત્ન' પુસ્તકના અગાઉથી ગ્રાહકો થનારની નામાવલી

| પુસ્તકની સંખ્યા | નામ |
|---|---|
| | **અમદાવાદ** |
| ૨૫૧ | શ્રી નારણપુરા સ્થા. જૈન સંઘ |
| ૧૦૧ | ,, દોલતખાના છ કોટી સ્થા. જૈનસંઘ સારંગપુર |
| ૫૧ | ,, વિનયચંદ હેમચંદ વોરા |
| ૩૦ | ,, મણીનગર સ્થા. જૈન સંઘ |
| ૨૫ | ,, હસમુખલાલ જીવણલાલ શાહ |
| ૨૫ | ,, જાદવજીભાઈ મોહનલાલ શાહ |
| ૨૫ | ,, મહાસુખભાઈ શાંતિલાલ શેઠ |
| ૨૫ | ,, ખીમચંદ છગનલાલ દોશી |
| ૨૫ | ,, શાંતીલાલ ટી. અજમેરા |
| ૨૫ | ,, કિરીટકુમાર શાંતિલાલ અજમેરા |
| ૨૫ | ,, જયંતિલાલ ચંદુલાલ સંઘવી |
| ૨૫ | ,, જીવણલાલ ચુનીલાલ (ડેરીવાળા) સંઘવી |
| ૨૫ | ,, કાંતીલાલ કામદાર (જુના ઝવેરી) |
| ૨૫ | ,, હસમુખલાલ કસ્તુરચંદ |
| ૨૫ | ,, રજનીકાંત કસ્તુરચંદ |
| ૨૫ | ,, મંગુબેન ચંદુલાલ |
| ૨૫ | શ્રીમતી ઉષાબેન હસમુખલાલ |
| ૨૫ | શ્રી ખોડીદાસ કસ્તુરચંદ વસાણી |
| ૧૫ | ,, જયંતિલાલ જાદવજી શેઠ |
| ૧૫ | ,, પન્નાલાલ નગીનદાસ |
| ૧૧ | ,, પ્રવિણચંદ્ર કસ્તુરચંદ |
| ૧૧ | ,, શાંતિલાલ વર્ધમાન બેનાણી |
| ૧૧ | ,, નગીનભાઇ શીવલાલ તલસાણીયા |
| ૧૧ | ,, નટવરલાલ ગોકળદાસ |
| ૧૦ | ,, શાંતિલાલ અમૃતલાલ વોરા |
| ૧૦ | ,, મંગળદાસ વાઘજીભાઈ |
| ૧૦ | ,, જીવણલાલ છગનલાલ સંઘવી |
| ૮ | ,, મનસુખલાલ શીવલાલ શાહ |
| ૭ | ,, મનસુખલાલ નાગરદાસ |
| ૭ | ,, પન્નાલાલ જીવરાજ |
| ૭ | ,, પરસોતમભાઈ રઘુભાઈ શાહ |
| ૬ | ,, મુગટલાલ ભવાનજીભાઈ માથકીયા |
| ૫ | ,, નંદલાલ દેવચંદ અજમેરા |

| પુસ્તકની સંખ્યા | નામ |
|---|---|
| ૫ | શ્રી દલીચંદ રવિલાલ તલસાણીયા |
| ૫ | ,, પ્રીતમલાલ કાનજીભાઈ શાહ |
| ૫ | ,, પ્રેમચંદ ગુલાબચંદ શાહ |
| ૫ | શ્રી ઉમેદચંદ ઠાકરશી ગોપાણી |
| ૫ | ,, અમૃતલાલ જગજીવનદાસ દોશી |
| ૫ | ,, મણીલાલ ઓઘડભાઈ શાહ |
| ૫ | ,, દલપતભાઇ પાનાચંદ લાઠીયા |
| ૫ | ,, ત્રીકમલાલ છગનલાલ સંઘવી હસ્તે ગીરધરભાઈ |
| ૫ | ,, નગીનદાસ મણીલાલ દોશી |
| ૫ | ,, ચંદ્રકાંત વીરચંદ ઝોબાળીયા |
| ૫ | શ્રી કાંતીલાલ પોપટલાલ ચીવાળા |
| ૫ | ,, મનુભાઈ છોટાલાલ શાહ |
| ૫ | ,, કાંતીલાલ દયાળજી શાહ |
| ૫ | ,, ભાઈલાલભાઈ દેવશીભાઇ શાહ |
| ૫ | ,, ચીમનલાલ જેતશીભાઈ |
| ૫ | ,, રમણીકલાલ પાનાચંદ ડેલીવાળા |
| ૫ | શ્રી ન્યાલચંદ ચત્રભુજ |
| ૫ | શ્રીમતી સવિતાબેન જગજીવનદાસ સંઘવી |
| ૫ | શ્રી દિલીપકુમાર કે. શાહ |
| ૫ | ,, ચંદ્રકાંત નરોત્તમદાસ |
| ૫ | ,, નરોત્તમદાસ કેશવલાલ |
| ૫ | ,, શંકરલાલ તેજમલ જૈન |
| ૫ | ,, બુટાલાલ ઉજમશી |
| ૫ | ,, નગીનદાસ ઉજમશી |
| ૫ | ,, રમણલાલ શાંતિલાલ ગોસળીયા |
| ૫ | ,, નંદલાલ લક્ષ્મીચંદ વોરા |
| ૫ | ,, કિરીટકુમાર આર. શાહ |
| ૫ | ,, મનહરલાલ બીખાભાઈ |
| ૫ | ,, ઉત્તમલાલ મણીલાલ |

| પુસ્તકની સંખ્યા | નામ |
|---|---|
| | **મુંબઈ** |
| ૪૦૧ | શ્રી હિંમતલાલ ન્યાલચંદ દોશી વાંકાનેરવાળા |
| ૩૦૦ | ,, મણીલાલ શામજીભાઈ વીરાણી |
| ૨૦૧ | ,, વર્ધમાન સ્થા. જૈન સંઘ, કાંદીવલી |
| ૧૦૧ | ,, ગીરજાશંકર ખીમચંદ શેઠ |
| ૧૦૧ | ,, છગનલાલ શામજીભાઈ વીરાણી |
| ૧૦૧ | ,, ચુનીલાલ મુળજીભાઈ મોદાણી |
| ૧૦૧ | ,, નેમચંદ નાનચંદ શાહ નવસારીવાળા |
| ૧૦૧ | ,, રવિચંદ સુખલાલ શાહ |
| ૧૦૦ | ,, નટવરલાલ તલકચંદ શાહ મલાડ |
| ૧૦૦ | ,, વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ વાલકેશ્વર |
| ૫૧ | ,, રમેશભાઈ વાડીલાલ શાહ |
| ૫૧ | ,, વિનયચંદ્ર મોહનલાલ દેશાઈ ચીંચપોકલી |
| ૫૧ | ,, સુભદ્રાબેન રસીકલાલ ઝવેરી પાલનપુરવાળા |
| ૫૧ | ,, સુલદ્રાબેન દલપતભાઈ ઝવેરી ,, |
| ૫૧ | ,, કૃષ્ણકાંત મફતલાલ ઝવેરી ખંભાતવાળા |
| ૫૦ | ,, ધીરજલાલ તલકચંદ શાહ મલાડ |
| ૫૦ | શ્રી રસીકલાલ ચીમનલાલ ચૌધરી |
| ૨૫ | ,, પ્રેમચંદ ઉજમશીભાઈ |
| ૨૫ | ,, થાણા સ્થા. જૈન સંઘ |
| ૨૫ | ,, પાનાચંદ ડુંગરશી તુરખીયા |
| ૨૫ | ,, ધીરજલાલ વ્રજલાલ મહેતા |
| ૨૫ | ,, ઠાકોરલાલ અંબાલાલ શાહ ખંભાતવાળા |
| ૨૫ | ,, ચીમનલાલ છોટાલાલ શાહ ખંભાતવાળા |
| ૨૫ | ,, વાડીલાલ ફુલાભાઈ પટેલ ખંભાતવાળા |
| ૨૦ | ,, સુમનલાલ જેમલભાઈ શેઠ માટુંગા |
| ૨૦ | ,, કાંતીલાલ એલ મોદી |
| ૧૫ | માટુંગા પ્રાર્થનાવાળા ભાઈઓ હ. પ્રાણલાલ લાલચંદ વોરા |
| ૧૧ | શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ મુલુન્ડ |
| ૧૧ | ,, શાંતીલાલ ચુનીલાલ પટેલ ખંભાતવાળા |
| ૧૧ | ,, કલ્યાણજી કપુરચંદ શાહ |
| ૧૧ | ,, પુષ્પાબેન તારાચંદ અવલાણી માટુંગા |
| ૧૧ | ,, મંગળાબેન અમુલખભાઈ |
| ૧૧ | ,, કમળાબેન બાલચંદ શાહ સાણંદવાળા |
| ૧૧ | શ્રી નટવરલાલ હરખચંદ શાહ માટુંગા |
| ૧૧ | બાગુબેન કીર્તિભાઈ ભણશાળી–વાલકેશ્વર |
| ૭ | ,, નંદલાલ ચત્રભુજ શાહ માટુંગા |

| પુસ્તકની સંખ્યા | નામ |
|---|---|
| ૫ | શ્રી લલિતાબેન ભુપતભાઈ શાહ |
| ૫ | ,, શાન્તાબેન જેશીંગભાઈ દડિયા |
| ૫ | ,, જયંતિલાલ તારાચંદ |
| ૫ | ,, કીસનલાલ સી. મહેતા સાયન |
| ૫ | ,, રસીકલાલ માણેકલાલ |
| ૫ | ,, મનસુખલાલ અમૃતલાલ સંઘવી |
| ૫ | ,, ગાંગજીભાઈ વીરપાળ |
| ૫ | ,, લાલજીભાઈ પ્રેમજીભાઈ |
| ૫ | ,, અમૃતલાલ હંસરાજ |
| ૫ | ,, રંજનબેન ચંદુલાલ લક્ષ્મીચંદ માટુંગા |
| ૫ | ,, ચંચળબેન ધરમસીભાઈ ઝોબાળીયા ,, |
| | **સુરત** |
| ૧૦૦ | શ્રી શ્વે. સગરામપુરા સ્થા. જૈન છ કોટી સંઘ |
| ૫૧ | ,, બાબુભાઈ પુનમચંદ વલાણી |
| ૫૦ | ,, બાબુભાઈ પુનમચંદ ગાંધી |
| ૨૫ | ,, નાનચંદભાઈ રણછોડદાસ ચોકસી |
| ૧૫ | અ. સૌ. લીલાબેન સૌભાગ્યચંદ |
| ૧૧ | શ્રી ફુલચંદભાઈ જૈન ઉધના |
| ૧૧ | ,, મેસર્સ વજીરાજ ભેરૂમલ એન્ડ કું. |
| ૧૧ | ,, દેવચંદ ફોજાલાલ શાહ |
| ૧૧ | ,, કિશોરચંદ્ર ગીરધરલાલ શાહ |
| ૧૧ | ,, ચંદ્રકાંત અમૃતલાલ વલાણી |
| ૧૧ | ,, કાંતીલાલ રામભાઈ શાહ હ. ડાહ્યાભાઈ |
| ૧૧ | ,, બચુભાઈ વીરચંદ શાહ |
| ૭ | ,, આનંદલાલ ફોજાલાલ કોઠારી |
| ૭ | ,, કીરીટકુમાર જયંતિલાલ |
| ૫ | ,, વાડીલાલ ત્રિભોવનદાસ |
| ૫ | ,, મદનબેન મનહરલાલ |
| ૫ | ,, ચીમનલાલ ઘેળાભાઈ |
| ૫ | ,, કલ્યાણચંદ માણેકચંદ ઝવેરી |
| ૫ | ,, દલપતભાઈ મોકમચંદ મહેતા |
| ૫ | ,, ચંદ્રકાંત નગીનદાસ ભાવસાર |
| ૫ | ,, મફતલાલ ભીખાલાલ ગાંધી |
| ૫ | ,, મનહરલાલ જેઠાભાઈ શાહ |
| ૫ | ,, ભૂપેન્દ્ર નટવરલાલ ભામોવાળા |
| ૫ | ,, ધુડાલાલ એચ. મહેતા |
| ૫ | ,, કાંતીલાલ મુળજીભાઈ |

| પુસ્તકની સંખ્યા | નામ |
|---|---|
| ૫ | શ્રી શાંતિલાલ મગનલાલ ખાટડીયા |
| ૫ | ,, ધરમચંદ મગનલાલ ખાટડીયા |
| ૫ | ,, ચંપકલાલ ફુલચંદ રંગાટીયા |
| ૫ | ,, વ્રજલાલ મણીલાલ કામદાર |
| ૫ | શ્રીમતી ચંદ્રાવતી છબીલદાસ મહેતા |
| ૫ | શ્રી રોશનલાલ ચંપકલાલ શાહ |
| ૫ | શ્રી અનંતરાય ઉમેદચંદ શેઠ |
| ૫ | ,, તારાચંદ મગનલાલ દશાડીયા |
| ૫ | ,, મનોજકુમાર લાલચંદ શાહ |
| ૫ | ,, નરોતમદાસ હીમચંદ શાહ |
| ૫ | ,, જયંતિલાલ મણીલાલ કોઠારી |
| ૫ | ,, માણેકલાલ ભીખાલાલ ગાંધી |
| ૫ | ,, કમલકાન્ત સુખલાલ શાહ |
| ૫ | ,, બાબુલાલ પરસોતમદાસ શાહ |

### સાણંદ

| પુસ્તકની સંખ્યા | નામ |
|---|---|
| ૩૧ | શ્રી મફતલાલ જીવાભાઈ પટેલ |
| ૨૫ | ,, બાબુલાલ મફતલાલ પટેલ |
| ૨૫ | ,, વાડીભાઈ છગનલાલ શાહ |
| ૨૫ | ,, નટવરલાલ વાડીલાલ શાહ |
| ૨૫ | ,, પ્રાણલાલ વાડીલાલ શાહ |
| ૨૫ | ,, ચીમનલાલ હીરાચંદ શાહ |
| ૧૫ | શ્રીમતી તારાબેન ચીમનલાલ શાહ |
| ૧૧ | શ્રી સકરચંદ કાનજીભાઈ શાહ |
| ૫ | ,, લાલચંદ લક્ષ્મીચંદ શાહ |
| ૫ | ,, અંબાલાલ ત્રીકમલાલ સંઘવી |
| ૫ | ,, ભીખાલાલ નાગરદાસ શાહ |
| ૫ | ,, કાંતીલાલ શીવલાલ ગાંધી હૈદ્રાબાદવાળા |
| ૫ | ,, નારણદાસ ધરમશીભાઈ સંઘવી |
| ૫ | ,, રતીલાલ હરજીવનદાસ કોઠારી |
| ૫ | ,, જીવણલાલ માણેકચંદ ગાંધી |

| પુસ્તકની સંખ્યા | નામ |
|---|---|
| ૫ | શ્રી જેઠાલાલ ત્રીભોવનદાસ શાહ |
| ૫ | ,, ખીમચંદભાઈ નરસિંહદાસ શાહ |
| ૫ | ,, વસંતલાલ ભોગીલાલ શાહ |
| ૫ | ,, જયંતિલાલ પી. શેઠ |

### અન્ય છૂટક ગામો

| પુસ્તકની સંખ્યા | નામ |
|---|---|
| ૨૦૧ | શ્રી ખંભાત સ્થા. જૈન સંઘ |
| ૫૫ | ,, ખેડા સ્થા. જૈન સંઘ |
| ૫૧ | ,, કૃષ્ણનગર સ્થા. જૈન સોસાયટી, ભાવનગર |
| ૩૧ | ,, સ્થા. જૈન સંઘ, નાર |
| ૨૫ | ,, સ્થા. જૈન સંઘ, કઠોર |
| ૨૫ | ,, જોરાવરનગર સ્થા. જૈન સંઘ |
| ૨૫ | ,, સુશીલાબેન રમણલાલ પાલનપુર |
| ૨૫ | ,, ભાનુચંદ્ર કેશવલાલ પાલનપુર |
| ૨૫ | ,, સ્થા. જૈન સંઘ ભાવનગર મેતાશેરી |
| ૨૧ | શ્રી સવાઈલાલ મોહનલાલ પાણસીણા |
| ૨૦ | ,, જૈન શ્વે. સ્થા. સંઘ ઝરીયા |
| ૨૦ | ,, બાવળા સ્થા. જૈન સંઘ |
| ૧૬ | ,, બોટાદ સ્થા. જૈન સંઘ |
| ૧૫ | ,, દામનગર સ્થા. જૈન સંઘ |
| ૧૧ | ,, સંઘવી બ્રધર્સ, ઈન્દોર |
| ૧૧ | ,, વસંતલાલ કેશવલાલ પટેલ ખંભાત |
| ૧૧ | ,, વીરમગામ છ કોટી સ્થા જૈન સંઘ |
| ૧૧ | ,, સ્થા જૈન સંઘ નડિયાદ |
| ૫ | શ્રી રમણલાલ નાગરદાસ કલોલ |
| ૫ | ,, પાટડી સ્થા. જૈન સંઘ |
| ૫ | ,, કાંતીલાલ નાગરદાસ વઢવાણ |
| ૫ | ,, કાંતીલાલ ગીરધરલાલ સુરેન્દ્રનગર |
| ૫ | ,, સ્થા. જૈન સંઘ ગાંધીનગર |
| ૫ | ,, જગજીવનદાસ રતનશી બગડીયા દામનગર |
| ૫ | ,, મોહનલાલજી ડાગા પાલી રાજસ્થાન |
| ૫ | ,, ચોપરા હીરાલાલભાઈ જૈન પાલી (રાજસ્થાન) |

# શુદ્ધિપત્રક

| વ્યા. નં. | પૃષ્ઠ | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|---|
| ૨ | ૧૬ | ૩૩ | ને | ન |
| ૩ | ૬૦ | ૧૫ | મિથ્યાવ્વ | મિથ્યાત્વ |
| ૪ | ૩૪ | ૨૧ | ગય | ગયા |
| ૫ | ૪૯ | ૨૧ | ત્રસ | ત્રાસ |
| ૬ | ૬૩ | ૨૯ | નગ રીમાં | નગરીમાં |
| ૭ | ૬૭ | ૩૦ | આ માને | આત્માને |
| ૭ | ૭૩ | ૩ | એ લું | એટલું |
| ૮ | ૮૦ | ૧૭ | તે | ૦ |
| ૯ | ૮૯ | ૧૩ | એમ | એમાં |
| ૧૦ | ૯૬ | ૧૫ | અચરંગ | આચારાંગ |
| ૧૪ | ૧૪૨ | ૧૦ | છેડયા | છોડયા |
| ૧૫ | ૧૪૫ | ૪ | સોના | સોની |
| ૧૬ | ૧૬૦ | ૯ | વિચારે | વિચાર |
| ૧૯ | ૧૮૪ | ૫ | મિક્ષડો | મિકોડો |
| ૨૧ | ૨૦૩ | ૧૪ | તાશ્ચિત | પ્રાયશ્ચિત |
| ૨૨ | ૨૦૭ | ૨૦ | અભિમન | અભિમાન |
| ૨૩ | ૨૧૪ | ૨૫ | વર્તમાનકાળમ | વર્તમાનકાળમાં |
| ૨૩ | ૨૧૪ | ૨૯ | જેમન | જેમના |
| ૨૫ | ૨૩૬ | ૧૩ | કબ્રસ્તન | કબ્રસ્તાન |
| ૨૫ | ૨૪૧ | ૧૯ | આંખનીપાપણ | આંખનીપાંપણ |
| ૨૭ | ૨૫૬ | ૨૯ | નણદ | નણંદ |
| ૨૯ | ૨૭૪ | ૩૨ | કાલુદી | કાકલૂદી |
| ૩૦ | ૨૮૬ | ૨૦ | પાવતી | પદ્માવતી |
| ૩૧ | ૨૯૦ | ૨૪ | આમત્ત્વ | આત્મત્ત્વ |
| ૩૧ | ૨૯૫ | ૧૬ | દીકરીએ | દીકરી એ |
| ૩૧ | ૨૯૬ | ૨૯ | અથડાવ | અથડાવા |
| ૩૧ | ૩૦૧ | ૧૬ | તા કાલિક | તાત્કાલિક |
| ૩૧ | ૩૦૧ | ૨૦ | બ. લેટ | બદલો |
| ૩૧ | ૩૦૩ | ૧૨ | થડકા । | થડકારો |
| ૩૧ | ૩૦૫ | ૨૧ | અહા | અહીં |
| ૩૩ | ૩૦૬ | ૨૨ | બતાવવા | બતાવતા |
| ૩૪ | ૩૨૧ | ૧૪ | મરો | મારો |
| ૩૫ | ૩૨૨ | ૧ | રહ્યા | રહ્યો |
| ૩૬ | ૩૩૨ | ૨૪ | આરાધતા | આરાધના |
| ૩૬ | ૩૩૩ | ૨ | હાય | હોય |
| ૩૬ | ૩૩૬ | ૬ | અને | અનેક |
| ૩૬ | ૩૩૬ | ૧૨ | કઠો | કાંઠો |
| ૩૬ | ૩૩૯ | ૫ | કેવ | કેવી |
| ૩૮ | ૩૫૦ | ૮ | પા | પગ |
| ૩૮ | ૩૫૨ | ૨ | અથે | અર્થ |
| ૩૯ | ૩૬૧ | ૩૨ | હીય | હોય |
| ૩૯ | ૩૬૨ | ૧૦ | હાય | હોય |
| ૪૦ | ૩૭૨ | ૧ | કણને | કહીને |
| ૪૧ | ૩૭૬ | ૧ | મમજી | સમજી |
| ૪૧ | ૩૭૬ | ૩૧ | હાય | હોય |
| ૪૧ | ૩૭૯ | ૧૦ | ઘતકને | ઘાતકને |
| ૪૧ | ૩૮૦ | ૭ | રહ્યા | રહ્યો |
| ૪૨ | ૩૮૨ | ૨૮ | પડવા | પડવાથી |
| ૪૨ | ૩૮૩ | ૨૫ | અંવી | આવી |
| ૪૨ | ૩૮૪ | ૭ | યર્થ | વ્યર્થ |
| ૪૨ | ૩૮૪ | ૨૬ | ત્યા | ત્યાગ |
| ૪૨ | ૩૮૪ | ૩૪ | સુગબાહુનું | યુગબાહુનું |
| ૪૩ | ૩૯૨ | ૩૨ | કાક | કષ્ટ |
| ૪૩ | ૩૯૯ | ૧૯ | તોફાત | તોફાન |
| ૪૪ | ૪૦૩ | ૫ | રહ્યા | રહ્યો |
| ૪૪ | ૪૦૪ | ૯ | રામ્યનો | રાજ્યનો |
| ૪૪ | ૪૦૭ | ૨૪ | નિર્ગંથ | નિર્ગ્રંથ |
| ૪૪ | ૪૦૯ | ૩૨ | હય | હોય |
| ૪૫ | ૪૧૨ | ૨૧ | એ | એ |
| ૪૫ | ૪૧૬ | ૨૭ | બગડ્યા | બગડ્યો |
| ૪૬ | ૪૨૫ | ૩૩ | ભવભોગથી | ભવરોગથી |
| ૪૬ | ૪૨૭ | ૩૨ | ૦૫ | ૫૦ |
| ૪૬ | ૪૨૯ | ૧૯ | લજારમાં | બજારમાં |
| ૪૬ | ૪૩૩ | ૨ | રીત | રીતે |
| ૪૬ | ૪૩૪ | ૬ | શરૂઆતાંતો | શરૂઆતમાંતો |
| ૪૭ | ૪૪૫ | ૨૭ | સાંભળનાં | સાંભળતાં |
| ૪૮ | ૪૪૮ | ૨૮ | ધર્મસ,ધનનાની | ધર્મસાધનાની |
| ૪૮ | ૪૫૫ | ૨૬ | મત્રી | મૈત્રી |
| ૪૯ | ૪૬૪ | ૩૩ | ક્રોધ | ક્રોધે |
| ૫૦ | ૪૭૮ | ૧૩ | અમાગ | અમારા |
| ૫૧ | ૪૮૦ | ૯ | દ્વષ | દ્વેષ |
| ૫૨ | ૪૯૬ | ૩ | વિરાસ | વિકાસ |

| વ્યા. નં. | પૃષ્ઠ | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|---|
| ૫૪ | ૫૧૨ | ૩ | જાય | જાય |
| ૫૪ | ૫૧૨ | ૧૮ | સુ | સુખ |
| ૫૬ | ૫૨૫ | ૭ | ચદ્રયશ | ચંદ્રયશ |
| ૫૯ | ૫૫૯ | ૧૬ | લાવાની | લાડવાની |
| ૬૩ | ૫૯૨ | ૧ | આષધનું | ઔષધનું |
| ૬૪ | ૫૯૬ | ૬ | પ્રર્થના | પ્રાર્થના |
| ૬૪ | ૬૦૭ | ૨૫ | કરા | કરો |
| ૬૫ | ૬૧૦ | ૮ | ણુથા | ણુથી |
| ૬૮ | ૬૨૩ | ૩૨ | ।મિરાજની | નમિરાજની |
| ૬૮ | ૬૩૦ | ૫ | તેથા | તેથી |
| ૬૮ | ૬૩૦ | ૬ | શેઠ | શેઠે |
| ૭૦ | ૬૪૪ | ૩૦ | મથુરા | મધુરા |
| ૭૧ | ૬૪૫ | ૨૧ | અધ | અંધ |
| ૭૧ | ૬૪૭ | ૧૨ | **चिदेहसु** | **विदेहेसु** |
| ૭૧ | ૬૪૯ | ૩૨ | પ્રયે | પ્રત્યે |
| ૭૧ | ૬૫૧ | ૩૩ | કર્મોન | કર્મોની |
| ૭૧ | ૬૫૩ | ૨૨ | અઠમ | અઠ્ઠમ |
| ૭૪ | ૬૭૫ | ૩૦ | અવ્યો | આવ્યો |
| ૭૪ | ૬૭૬ | ૪ | આમાની | આત્માની |
| ૭૬ | ૬૮૭ | ૨૪ | ા તો | વાતો |
| ૭૬ | ૬૮૭ | ૨૬ | અન | અને |
| ૭૬ | ૬૮૮ | ૧ | **दंसणे जय** | **दंसणेण य** |
| ૭૬ | ૬૮૮ | ૨ | **परिसुफ्रार** | **परिसुज्झइ** |
| ૭૬ | ૬૯૦ | ૧૧ | **ओ वहणवं** | **ओवहाणवं** |
| ૭૬ | ૬૯૩ | ૨ | છતી મે છતી | ચત્તી ને ચત્તી |
| ૭૬ | ૬૯૩ | ૨૨ | **रायरिसा** | **रायरिसी** |
| ૭૮ | ૭૦૩ | ૩૦ | સંતેં | સંતે |
| ૭૮ | ૭૦૪ | ૨૫ | રહ્યા | રહ્યો |
| ૭૯ | ૭૦૯ | ૧૫/૨૩ | હાય | હોય |
| ૭૯ | ૭૧૨ | ૧૬ | વાકયા | વાકયો |
| ૮૦ | ૭૨૦ | ૨૫ | જોપા | જોષી |
| ૮૧ | ૭૨૧ | ૬ | વ ળ | વમળ |
| ૮૧ | ૭૨૮ | ૧૧ | રાગ-દ્વે ષથી | રાગ-દ્વેષથી |
| ૮૧ | ૭૨૮ | ૧૬ | અહીં | અહો |
| ૮૧ | ૭૩૦ | ૨૧ | ભાગ્યાદયથી | ભાગ્યોદયથી |
| ૮૨ | ૭૩૭ | ૨૧ | તન | તને |
| ૮૩ | ૭૪૪ | ૧૧ | દીકરાન | દીકરાને |
| ૮૬ | ૭૬૮ | ૨૮ | સાકાર | સત્કાર |
| ૮૭ | ૭૭૫ | ૪ | યવેદનીનો | વેદનીયનો |
| ૮૭ | ૭૭૬ | ૧૩ | આત | આવી |
| ૮૭ | ૭૭૬ | ૨૬ | હીવન | જીવન |
| ૮૭ | ૭૭૬ | ૩૨ | રહ્યા | રહ્યો |
| ૮૮ | ૭૮૫ | ૨ | મં | મેં |
| ૮૯ | ૭૮૮ | ૩૧ | દુષ્ટાને | દુષ્ટોને |
| ૮૯ | ૭૮૮ | ૩૧ | હરવા | કરવા |
| ૯૦ | ૭૯૫ | ૩૦ | **भूतानि** | **मूतानि** |
| ૯૨ | ૮૧૬ | ૨૯ | પ્રથનજી | પ્રધાનજી |
| ૯૨ | ૮૧૭ | ૨૩ | ક્રાધાદિ | ક્રોધાદિ |
| ૯૨ | ૮૧૯ | ૨૨ | હે શિયાર | હોંશિયાર |
| ૯૨ | ૮૨૧ | ૩ | હયાફાટ | હૈયાફાટ |
| ૯૩ | ૮૨૪ | ૪ | **साहस्सेओ** | **साहस्सिओ** |
| ૯૩ | ૮૩૦ | ૧૫ | જવાતો | જવાંનો |
| ૯૪ | ૮૩૨ | ૨૮ | શાસ્ત્રાન | શાસ્ત્રના |
| ૯૪ | ૮૩૨ | ૩૩ | એના | એવા |
| ૯૪ | ૮૩૩ | ૫ | વિપ | વિપ્ર |
| ૯૪ | ૮૩૫ | ૨૯ | કુકમાં | કુકર્મો |
| ૯૪ | ૮૩૫ | ૩૧ | ફખાયો | ફસાયો |
| ૯૪ | ૮૩૮ | ૧૭ | મ૧રાજાનીય | મહારાજાની |
| | | | શોગાથા | યશોગાથા |
| ૯૫ | ૮૪૨ | ૨૪ | તે નો | તે તો |
| ૯૫ | ૮૪૩ | ૨ | દુ ર્ગુણનું | દુર્ગુણનું |
| ૯૫ | ૮૪૪ | ૩૨ | આ મા | આત્મા |
| ૯૬ | ૮૪૭ | ૨૫ | ારણ | કારણ |
| ૯૬ | ૮૪૯ | ૨૨ | ગ્ના | જ્ઞાન |
| ૯૬ | ૮૫૦ | ૧૩ | પાષધમાં | પૌષધમાં |
| ૯૬ | ૮૫૧ | ૩૦ | હાય | હોય |
| ૯૬ | ૮૫૨ | ૨૮ | શિક્ષામાંપી | શિક્ષામાંથી |
| ૯૭ | ૮૬૧ | ૨૩ | મ-ા | મન |
| ૯૭ | ૮૬૪ | ૧૨ | સ ર્વસ્વ | સર્વસ્વ |
| ૯૮ | ૮૭૨ | ૧૪ | કર છે | કરેછે |
| ૯૯ | ૮૭૫ | ૨૭ | **काम** | **कामा** |
| ૧૦૧ | ૮૯૦ | ૨૬ | રહ્યા | રહ્યો |
| ૧૦૨ | ૮૯૯ | ૨૩ | સદ્ધરાજના | સિદ્ધરાજના |
| ૧૦૩ | ૯૦૫ | ૩૩ | પામશા | પામશો |
| ૧૦૩ | ૯૦૫ | ૩૩ | હા. | હો. |
| ૧૦૩ | ૯૦૭ | ૧૧ | હાશ્રમાં | હાથમાં |

## બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજીની
## દીક્ષાજયંતિ પ્રસંગે ગવાયેલ ગીત

( રાગ : કોઈ ન ઉંચું કોઈ ન નીચું )

શાસન રત્ના શરદ ગુરૂણીની, દીક્ષાજયંતિ આજરે
સૌ ઉજવે જૈન સમાજ રે (૨)

ઉજ્જવલ સતીના ચારિત્ર તેજનો, પ્રભાવ અપરંપાર...સૌ....

ગરવી ગુજરાતમાં સાણંદ શહેરે, ચમક્યો તેજ સિતારો,
વાડીભાઈના કુળનો મિનારો, રત્નકુક્ષી સકરીબહેન માત રે.......૧
રત્ન ગુરૂજી મહાપ્રતાપી, આત્મકલ્યાણનો પ્રયોગ બતાવે,
૧૬ વર્ષની કુમળી વયમાં, સજ્યા સંયમના સાજ રે.......૨
શાસન મળ્યાની આપને ખુમારી, ગુરૂ આજ્ઞામાં બન્યા મસ્તાની,
વીર શાસનનો નાદ ગજાવી, કરતા સૌને પડકાર રે......૩
જૈન શાસનના છો રખવાળા, કોહીનુરથી પણ તેજ સવાયા,
કર્મસૈન્યને હઠાવી દેવા, સજ્યા સૈનિકના સાજ રે......૪
ક્ષમા સૌમ્યતાની અજોડ મૂર્તિ, આપ છો ગુણ ભંડારી,
ગુરૂ આજ્ઞામાં અર્પણ થઈ, મેળવ્યા ગુરૂ આશીર્વાદ રે......૫
સિંહ ગર્જના સમ વાણી સુણવા, માનવ મહેરામણ ઉભરાય,
સુરીલી, જોશીલી વાણી સુણી, વૈરાગ્ય ભાવ આવી જાય રે.......૬
શારદા સુધા, સંજીવની, માધુરી, પરિમલ સૌરભ સરિતા જ્યોત,
સાગર, શિખરદર્શન સુવાસ, સિદ્ધિ રત્નના તેજ અપાર રે.......૭
પૂર્વ પુણ્યના શુભયોગથી, ઓજસ્વી ગુરૂણી મળ્યા,
શિષ્યાઓના ભાગ્ય સવાયા, સૌ સાથે મળી ગુણ ગાય રે......૮
મહાન વૈરાગી કાંતિઋષિજીને, દીક્ષાનો પાઠ ભણાવ્યો,
ખંભાત સંપ્રદાયને રોશન કર્યું, આપનો રૂડો પ્રતાપ રે.......૯
રત્ન ગુરૂના શુભ આશિષથી, શાસનની શોભા વધારી,
શરદ મંડળ ગુરૂ ચરણમાં, લળીલળી વંદન કરે આજ રે......૧૦

# સ્વ. આચાર્ય ગચ્છાધિપતિ બા. બ્ર. પૂ. ગુરૂદેવ શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબનો શ્લોકો

નવકારમંત્રનું સ્મરણ કરી, વર્ધમાન સ્વામીને ચરણે પડી,
સાર વિનાના સંસારથી તરવા, ગુરૂ ગુણ ગુંજને મુક્તિને વરવા (૧)
સરસ્વતી દેવી જીભ પર બેસજો, શુદ્ધ અમારી મતિ રે કરજો,
સ્વીકારું શરણું તમારું આજ, અકથ્ય ગુણોને કહેવાને કાજ. (૨)
દેજો અક્ષર જ્ઞાન અનંતુ, ગુરૂદેવનું ચારિત્ર હતું બળવંતુ.
દિવ્ય પ્રસાદી આપજો મુજને, વંદન કરું છું ભાવથી તુજને. (૩)
રત્ન ગુરૂજીનો કહું છું શ્લોકો, એક ચિત્તે તમે સાંભળજો લોકો,
બુદ્ધિવંત પાસે મારી શી બુદ્ધિ, ઈન્દુ પાસે જેવી તારાની રિદ્ધિ. (૪)
કોહીનુર પાસે શું કાચની શક્તિ, આપની હું શું કરું ભક્તિ,
ભક્તિની શક્તિ આપજો અતિ, મારામાં છે અલ્પ રે મતિ. (૫)
સાબરકાંઠે ગલિયાણા ગામે, ગુરૂજી જન્મ્યા એહ જ ગામે,
સંવત ૧૯૪૨ સાલે, કારતક સુદ ૧૧ દિને. (૬)
ક્ષત્રિયકુળમાં કોહીનુર પ્રગટયો, જેતાભાઇને ઘેર ચમકયો,
માતા જયાબેનનો હીરો, સંયમ લેવામાં બન્યો છે શૂરો. (૭)
સૂર્યના કિરણો ફેલાતા જાય, તેમ તેમ ગુરૂદેવ મોટા રે થાય,
પુત્રના શુભ લક્ષણો જોયા, તેથી રવાભાઈ નામ દેવાય. (૮)
રૂના કાલા વીણાવા કાજે, ગુરૂજી જાયે વટામણ ગામે,
સતીજીનું સ્તવન સુણી, અંતરમાં વૈરાગ્યની વીણા વાગી. (૯)
સ્વામીનારાયણ પંથના ગુરૂજી, ગઢડા શહેરમાં આવીને રહ્યા,
તે પંથના મહંતે એમ રે કહ્યું, તમારો ભાગ લઈને આવો. (૧૦)
લક્ષ્મી હોય ત્યાં સંયમ ન કહેવાય, ગુરૂજીના મનમાં વિચાર થાય,
સંસાર કાર્યમાં પાપ જ હોય, મારાથી પાપ નહિ જ થાય. (૧૧)
પરમ પ્રતાપી વિરલ વિભૂતિ, છગન ગુરૂજી ક્ષત્રિય જાતિ,
ગુરૂજી પાસે આવીને રહ્યા, વૈરાગ્યના તેજ સવાયા થયા. (૧૨)
કુટુંબીજનોની આજ્ઞા લઈને, ગુરૂજી આવે ખંભાત ગામે,
મહા સુદી પાંચમ દિને, ખંભાતમાં દીક્ષા ઓચ્છવ થાયે. (૧૩)
ગુરૂજીએ પાડયું ઉત્તમ નામ, રત્નચંદ્રજી છે શુભ નામ,
દયા, સરળતા ગુરૂજીને વર્યા, અભ્યાસ કરીને પંડિત બન્યા. (૧૪)
અર્પણતાનો અજબ નમૂનો, જેથી મેળવ્યો જ્ઞાન ખજાનો,
ક્ષમાની અજોડ મૂર્તિ ગુરૂજી, દેશોદેશમાં પામ્યા રે ખ્યાતિ. (૧૫)
શાસ્ત્રોનું અનુપમ જ્ઞાન મેળવી, લખ્યા સિદ્ધાંત આપે બહુ ભારી,
અજમેરમાં સાધુ સંમેલન થયું, જઈને ગુરૂજીએ પદ શોભાવ્યું. (૧૬)
શાસનમાં આવા કોહીનુર હીરા, જેના ન મળે જગમાં જોટા,
કરૂણા કિમિયાગર ગુરૂજી મારા, વીર આજ્ઞાના અણનમ યોદ્ધા. (૧૭)

સંવત ૧૯૯૫ સાલે, વૈશાખ વદ દશમ દિને,
છગન ગુરૂજી સ્વર્ગે સિધાવે, ગુરૂજીના દિલમાં આઘાત લાગે. (૧૮)

આચાર્ય પદવીએ ગુરૂજી આવે, સાણંદ શહેર ચોમાસુ પધારે,
અમીરસ વાણી ગુરૂજી વરસાવે, મને દીક્ષાના ભાવ જાગે. (૧૯)

રત્ન જેવા રત્નગુરૂજી મળ્યા, જીવન બાગના માળી બન્યા,
મને આપ્યું સંયમ રત્ન, હું કરું ગુરૂદેવને કોટી વંદન. (૨૦)

આપના શિષ્ય ખોડાજી સ્વામી, ફુલચંદ્રજી સ્વામી ને હર્ષદમુનિ,
પાર્વતીબાઈસ્વામીને પરસનબાઈસ્વામી,જશુબાઈસ્વામીની શોભતી જોડી, (૨૧)

ધ્યાન ગુરૂજી અનેરું ધરતા, ધરતીથી એ અદ્ધર થાતા,
ચારિત્રનું નૂર અનેરું હતું, મૃત્યુને આપે ભાંખી રે લીધું. (૨૨)

ગુરૂજી ચોમાસું આવના પહેલાં, આપને કોઈ પૂછવા આવતા,
છેલ્લું ચોમાસુ ખંભાત ગામે, ગુરૂજી પધાર્યા ખંભાત ગામે. (૨૩)

સકામ અકામ મરણના ભાવો, ગુરૂજી વ્યાખ્યાન માંહે ફરમાવે,
ભાદરવા સુદ પાંચમ દિને. શરદીનું ખૂબ જોર થાયે, (૨૪)

તપસ્વી ફુલચંદ્રજી સ્વામીને આપે, ભાદરવા સુદ દશમ દિને,
ખંભાત સંઘમાં લાભ આપીને, સુખરૂપ તેમનું પારણું કરાવે. (૨૫)

ભાદરવા સુદ દશમ દિને, મૃત્યુની આપે કરી તૈયારી,
બાર વાગે શરદીનું જોર વધ્યું, ચાર આંગળા બતાવી કહી દીધું. (૨૬)

અંતિમ સમાધિ અનેરી ઝળકે, પરમશાંતિના શબ્દો ઉચ્ચરે,
સ્વરૂપ દશાની મોજને લૂંટે, સમાધિ ભાવે દેહ જ છૂટે. (૨૭)

સંવત બે હજાર ચારની સાલે, ભાદરવા સુદ ૧૧ સોમવારે,
શૂન્ય દિશાઓ ખંભાતની દિશે, દિપક બૂઝાયો ચાર જ વાગે. (૨૮)

મૃત્યુને આપે મહોત્સવ માની, પંડિત મરણે ગયા છો પામી,
મુખની કાંતિ અનેરી ઝળકે, આશ્ચર્ય સાથે અશ્રુઓ વરસે. (૨૯)

૪૮ વર્ષ સંયમ પાળી, આચાર્ય પદવી નવ વર્ષ દીપાવી,
શાસનની સેવા બજાવી આપે, જૈન ધર્મના ગૌરવ કાજે. (૩૦)

ખંભાતમાં હાહાકાર છવાયો, આઘાત સૌના દિલમાં લાગ્યો,
ધર્મ મિનારો ધરતીએ ઢળ્યો, સંપ્રદાયનો મોભ તો પડયો. (૩૧)

સમાજનો જ્ઞાન સ્થંભ ડગમગ્યો, ખંભાતનો સૂર્ય આજે આથમ્યો,
ગુજરાતનો સાચો સિંહ જ સૂતો, શિષ્ય શિષ્યાઓને આભ તો તૂટયો. (૩૨)

શાસનનું ઉત્તમ જવાહીર જાતા, અંતિમ દર્શને લોકો ઉભરાતા,
જય જય નંદા જય જય ભદ્દા બોલાવે, પાલખીની શોભા અનેરી દીસે. (૩૩)

ઝગહળતું રત્ન આજે રોળાયું, ગુરૂદેવ જાતા તિમિર છવાયું,
ગુરૂદેવની ખોટ હૃદયમાં ખટકે, નાવિક વિનાની નૈયા અટકે. (૩૪)

જૈન શાસનનું સાચું કોહીનુર, પાપ ઉદયથી થયું છે દૂર
ગુરૂદેવ મારા ચાલ્યા રે ગયા, હવે કયાં શોધું રત્નગુરૂજી મારા. (૩૫)

સ્વર્ગમાં ગુરૂજી આપ બિરાજો, આશિષ અમને ઉરની દેજો,
મહેચ્છા મૈનની પૂરી કરજો, વહેલા વહેલા દર્શન દેજો. (૩૬)

સતી શારદા ગુરૂ ગુણ ગાવે, અશ્રુભીની આંખે અંજલિ અર્પે. (૨)

# ખંભાત સંપ્રદાયમાં વિદ્યમાન શાસન રત્નો–મહાન સંતોની નામાવલી

| નામ | દીક્ષા સંવત |
|---|---|
| ૧ મહાન વૈરાગી પૂજ્ય શ્રી કાંતી ઋષિજી મહારાજ સાહેબ | ૨૦૧૭ |
| ૨ બા. બ્ર. પૂજ્ય શ્રી સૂર્યમુનિ મહારાજ સાહેબ | ૨૦૧૭ |
| ૩ બા. બ્ર. પૂજ્ય શ્રી અરવિંદ મુનિ મહારાજ સાહેબ | ૨૦૧૭ |
| ૪ બા. બ્ર. પૂજ્ય શ્રી નવીન ઋષિજી મહારાજ સાહેબ | ૨૦૧૮ |
| ૫ બા. બ્ર. પૂજ્ય શ્રી કમલેશ મુનિ મહારાજ સાહેબ | ૨૦૨૨ |
| ૬ બા. બ્ર. પૂજ્ય શ્રી પ્રકાશ મુનિ મહારાજ સાહેબ | ૨૦૨૩ |
| ૭ બા. બ્ર. પૂજ્ય શ્રી ચેતન મુનિ મહારાજ સાહેબ | ૨૦૨૩ |
| ૮ બા. બ્ર. પૂજ્ય શ્રી મહેન્દ્ર મુનિ મહારાજ સાહેબ | ૨૦૨૬ |
| ૯ સેવાભાવી પૂજ્ય શ્રી દર્શન મુનિ મહારાજ સાહેબ | ૨૦૨૯ |
| ૧૦ બા. બ્ર. પૂજ્ય શ્રી ધર્મેન્દ્ર મુનિ મહારાજ સાહેબ | ૨૦૩૪ |
| ૧૧ બા. બ્ર. પૂજ્ય શ્રી મૃગેન્દ્ર મુનિ મહારાજ સાહેબ | ૨૦૩૪ |
| ૧૨ બા. બ્ર. પૂજ્ય શ્રી મનોહર મુનિ મહારાજ સાહેબ | ૨૦૩૬ |
| ૧૩ બા. બ્ર. પૂજ્ય શ્રી જ્યોતિન્દ્ર મુનિ મહારાજ સાહેબ | ૨૦૩૭ |

## ખંભાત સંપ્રદાયના સ્વ. પૂજ્ય ગચ્છાધિપતિ ૧૦૦૮ બા. બ્ર. પૂ.

# શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબના

## શિષ્યા મંડળની નામાવલી

| મહાસતીજીનું નામ | જન્મ સ્થળ અને દીક્ષા સ્થળ | દીક્ષા સંવત | માસ | તિથિ | વાર |
|---|---|---|---|---|---|
| ૧. બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજી | સાણંદ | ૧૯૯૬ | વૈશાખ સુદ | ૬ | સોમવાર |
| ૨. પૂ. સુભદ્રાબાઈ મહાસતીજી | ખંભાત | ૨૦૦૮ | ચૈત્ર સુદ | ૧૦ | શુક્રવાર |
| ૩. પૂ. ઈન્દુબાઈ મહાસતીજી | સુરત<br>દીક્ષાસ્થળ નાર | ૨૦૧૧ | અષાડ સુદ | ૫ | ગુરૂવાર |
| ૪. બા.બ્ર. વસુમતિબાઈ મહાસતીજી | વીરમગામ | ૨૦૧૩ | માગશર સુદ | ૫ | શુક્રવાર |
| ૫. બા.બ્ર. કાન્તાબાઈ મહાસતીજી | સાણંદ | ૨૦૧૩ | માગશર સુદ | ૧૦ | ગુરૂવાર |
| ૬. પૂ. સદ્‌ગુણાબાઈ મહાસતીજી | લખતર | ૨૦૧૩ | મહા સુદ | ૬ | બુધવાર |
| ૭. બા.બ્ર. ઈન્દીરાબાઈ મહાસતીજી | સુરત | ૨૦૧૪ | માગશર શુદ | ૬ | બુધવાર |
| ૮. પૂ. શાન્તાબાઈ મહાસતીજી | મોડાસર<br>દીક્ષાસ્થળ નાર | ૨૦૧૪ | મહા વદ | ૭ | સોમવાર |
| ૯. પૂ. કમળાબાઈ મહાસતીજી | ખંભાત | ૨૦૧૪ | વૈશાખ સુદ | ૬ | શુક્રવાર |
| ૧૦. સ્વ. પૂ. તારાબાઇ મહાસતીજી | અમદાવાદ<br>દીક્ષાસ્થળ સાબરમતી | ૨૦૧૪ | અષાડ સુદ | ૨ | ગુરૂવાર |
| ૧૧. બા.બ્ર. ચંદનબાઈ મહાસતીજી | લખતર | ૨૦૧૭ | માગશર સુદ | ૬ | ગુરૂવાર |
| ૧૨. બા.બ્ર. રંજનબાઈ મહાસતીજી | સાબરમતી<br>દીક્ષાસ્થળ–દાદર | ૨૦૨૧ | મહા સુદ | ૧૩ | રવિવાર |
| ૧૩. બા.બ્ર. નિર્મળાબાઈ મહાસતીજી | ખંભાત<br>દીક્ષાસ્થળ–દાદર | ૨૦૨૧ | મહા સુદ | ૧૩ | રવિવાર |
| ૧૪. બા.બ્ર. શોભનાબાઈ મહાસતીજી | લીંબડી<br>દીક્ષાસ્થળ–મલાડ | ૨૦૨૨ | વૈશાખ સુદ | ૧૧ | રવિવાર |
| ૧૫. પૂ. મંદાકિનીબાઈ મહાસતીજી | મુંબઈ માટુંગા | ૨૦૨૩ | મહા સુદ | ૮ | શનિવાર |
| ૧૬. બા.બ્ર. સંગીતાબાઈ મહાસતીજી | ખંભાત | ૨૦૨૩ | વૈશાખ સુદ | ૫ | રવિવાર |
| ૧૭. બા.બ્ર. હર્ષિદાબાઈ મહાસતીજી | ઘાટકોપર<br>દીક્ષાસ્થળ-ભાવનગર | ૨૦૨૬ | વૈશાખ વદ | ૧૧ | રવિવાર |
| ૧૮. બા.બ્ર. સાધનાબાઈ મહાસતીજી | ખંભાત | ૨૦૨૯ | માગશર સુદ | ૨ | ગુરૂવાર |
| ૧૯. બા.બ્ર. ભાવનાબાઈ મહાસતીજી | માટુંગા મુંબઈ | ૨૦૨૯ | વૈશાખ સુદ | ૫ | સોમવાર |
| ૨૦. બા.બ્ર. પ્રફુલાબાઈ મહાસતીજી | વીરમગામ<br>દીક્ષાસ્થળ–મલાડ | ૨૦૩૩ | માગશર સુદ | ૬ | શુક્રવાર |
| ૨૧ બા. બ્ર. સુજાતાબાઈ મહાસતીજી | દાદર–મુંબઈ | ૨૦૩૩ | વૈશાખ સુદ | ૧૩ | રવિવાર |
| ૨૨ બા. બ્ર. પૂર્વીશાબાઈ મહાસતીજી | માટુંગા<br>દીક્ષા સ્થળ–સાણંદ | ૨૦૩૭ | ફાગણ વદ | ૨ | રવિ[illegible] |
| ૨૩ બા. બ્ર. મનીષાબાઈ મહાસતીજી | ખંભાત | ૨૦૩૭ | વૈશાખ સુદ | ૫ | [illegible] |
| ૨૪ બા. બ્ર. ઉર્વશીબાઈ મહાસતીજી | ખંભાત | ૨૦૩૭ | વૈશાખ સુદ | [illegible] | [illegible] |

મહાવિદુષી, પ્રખર વ્યાખ્યાતા

બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજીના

# વ્યાખ્યાન સંગ્રહો

| | નામ | સ્થળ | સંવત | પ્રત |
|---|---|---|---|---|
| ૧ | "શારદા સુધા" ભાગ ૧-૨ | માટુંગા-મુંબઈ | ૨૦૧૯ | ૮૫૦૦ |
| ૨ | "શારદા સંજીવની" ભાગ ૧-૨-૩ | દાદર-મુંબઈ | ૨૦૨૦ | ૬૦૦૦ |
| ૩ | "શારદા માધુરી" ભાગ ૧-૨-૩ | ઘાટકોપર-મુંબઈ | ૨૦૯૨ | ૬૦૦૦ |
| ૪ | "શારદા પરિમલ" ભાગ ૧-૨-૩ સંયુક્ત | રાજકોટ | ૨૦૨૬ | ૨૦૦૦ |
| ૫ | "શારદા સૌરભ" ભાગ ૧-૨-૩ | અમદાવાદ | ૨૦૨૮ | ૬૦૦૦ |
| ૬ | "શારદા સરિતા" | કાંદાવાડી-મુંબઈ | ૨૦૨૯ | ૫૫૦૦ |
| ૭ | "શારદા જ્યોત" | માટુંગા-મુંબઈ | ૨૦૩૦ | ૩૦૦૦ |
| ૮ | "શારદા સાગર" | વાલકેશ્વર-મુંબઈ | ૨૦૩૧ | ૭૦૦૦ |
| ૯ | "શારદા શિખર" | ઘાટકોપર-મુંબઈ | ૨૦૩૨ | ૧૦૦૦૦ |
| ૧૦ | "શારદા દર્શન" | બોરીવલી-મુંબઈ | ૨૦૩૩ | ૮૦૦૦ |
| ૧૧ | "શારદા સુવાસ" | મલાડ-મુંબઈ | ૨૦૩૪ | ૮૦૦૦ |
| ૧૨ | "શારદા સિદ્ધિ" | સુરત | ૨૦૩૫ | ૮૦૦૦ |
| ૧૩ | "શારદા રત્ન" | અમદાવાદ | ૨૦૩૭ | ૬૦૦૦ |

# આ. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજીના
## ચાતુર્માસની યાદી

| સંવત | ગામ | સંવત | ગામ |
|---|---|---|---|
| ૧૯૯૬ | અમદાવાદ | ૨૦૧૭ | ખંભાત |
| ૧૯૯૭ | ખંભાત | ૨૦૧૮ | કાંદાવાડી–મુંબઈ |
| ૧૯૯૮ | ખેડા | ૨૦૧૯ | માટુંગા ,, |
| ૧૯૯૯ | સાણંદ | ૨૦૨૦ | દાદર ,, |
| ૨૦૦૦ | ખંભાત | ૨૦૨૧ | વિલેપાર્લા ,, |
| ૨૦૦૧ | સાણંદ | ૨૦૨૨ | ઘાટકોપર ,, |
| ૨૦૦૨ | અમદાવાદ | ૨૦૨૩ | ખંભાત |
| ૨૦૦૩ | સાણંદ | ૨૦૨૪ | અમદાવાદ |
| ૨૦૦૪ | અમદાવાદ | ૨૦૨૫ | ભાવનગર |
| ૨૦૦૫ | સાણંદ | ૨૦૨૬ | રાજકોટ |
| ૨૦૦૬ | ખંભાત | ૨૦૨૭ | ધ્રાંગધ્રા |
| ૨૦૦૭ | સુરત | ૨૦૨૮ | અમદાવાદ (નગરશેઠનો વંડો) |
| ૨૦૦૮ | અમદાવાદ | ૨૦૨૯ | કાંદાવાડી–મુંબઈ |
| ૨૦૦૯ | જોરાવરનગર | ૨૦૩૦ | માટુંગા ,, |
| ૨૦૧૦ | લખતર | ૨૦૩૧ | વાલકેશ્વર ,, |
| ૨૦૧૧ | ખંભાત | ૨૦૩૨ | ઘાટકોપર ,, |
| ૨૦૧૨ | સાણંદ | ૨૦૩૩ | બોરીવલી ,, |
| ૨૦૧૩ | સુરત | ૨૦૩૪ | મલાડ ,, |
| ૨૦૧૪ | અમદાવાદ | ૨૦૩૫ | સુરત |
| ૨૦૧૫ | વીરમગામ | ૨૦૩૬ | સાણંદ |
| ૨૦૧૬ | સાબરમતી | ૨૦૩૭ | અમદાવાદ (નગરશેઠનો વંડો) |

તા. ક. પૂ. મહાસતીજીની તબિયતના કારણે સાણંદમાં ચાતુર્માસ ઉપરાઉપરી થયા છે.

# * પ્રેરણાદાયી સ્તવનો *

કોઈ ન ઉંચું કોઈ ન નીચું, મહાવીરના શાસનમાં...પ્રભુ મહાવીરના....
એક જ સરખું સ્થાન સહુનું, ધર્મ તણાં આંગણમાં... પ્રભુ મહાવીરના...

પાળે એનો ધર્મ અહીં છે, નાત જાતના ભેદ નહીં રે,
દૃષ્ટિ ભેદ નથી જ્ઞાનીને, હરિજન કે બ્રાહ્મણમાં....પ્રભુ મહાવીરના...૧

ગૌતમ જન્મ્યા બ્રાહ્મણ કુળમાં, અભયકુમાર તો ક્ષત્રિય કુળમાં,
જંબુસ્વામી વૈશ્ય થયા તો, હરિકેશી હરિજનમાં...પ્રભુ મહાવીરના...૨

માણસ મોટો ધર્મ થકી છે, કુળ નહિ પણ કર્મ થકી છે,
મળ્યો છે અધિકાર જવાનો, સૌને મુક્તિનગરમાં...પ્રભુ મહાવીરના .. ૩

❖ ❖ ❖

અમે દાન પુણ્ય કાંઈ કર્યું નહીં ને, સાધી ના કોઈ સિદ્ધિ,
તો યે તારી પાસ માંગીએ, શાલીભદ્રની રિદ્ધિ. (૨)

શાલીભદ્ર હતો બડભાગી, રાત ને દિવસ રંગમાં રાગી,
પૂર્વ પુણ્યે જાહોજલાલી, મળી હતી વણમાંગી,
કિન્તુ એક દિન બધું તજીને, એણે દીક્ષા લીધી...તો યે તારી....૧

મોક્ષ મોક્ષની રટણા કરીએ, કિન્તુ અવળી દિશા પકડીએ,
ધન વૈભવ ને મોજશોખમાં, એના થઈ ને ભટકીએ,
રિદ્ધિ પામવા જેવી કોઈ અમે ન કરણી કીધી....તો યે તારી...૨

દેવ અમારા છે વીતરાગી, ગુરૂ અમારા છે પણ ત્યાગી,
ત્યાગનો મહીમા ગાનારા અમે, રંગરાગમાં રાગી,
એના ત્યાગી જીવનમાંથી નથી પ્રેરણા લીધી...તો યે તારી....૩

શારદા પૂજન કરતાં માંગીએ, શાલીભદ્રની રિદ્ધિ,
શાલીભદ્રનો ત્યાગ ખપે ના, વાત ન દિલમાં ઉતારી,
એના ત્યાગી જીવનમાંથી, નથી પ્રેરણા લીધી...તો યે તારી...૪

卐

॥ સ્વ. આચાર્ય રત્નચંદ્રજી ગુરૂદેવાય નમઃ ॥

ખંભાત સંપ્રદાયના સ્વ. આચાર્ય, ગચ્છાધિપતિ, ગુરૂદેવ બા. બ્ર. પૂ. શ્રી

# રત્નચંદ્રજી મહારાજ સાહેબનો જય હો

## * ગુરૂ વિરહ સ્તવન *

(રાગ : કોઈ ન ઉંચું કોઈ ન નીચું)

જૈન શાસનના દિવ્ય દિવાકર, રત્નગુરૂજી મારા, કરૂં વંદન વાર હજારા,
ગુણીયલ ગુરૂના ગુણલા ગાતા, નાચે હૈયા અમારા, કરૂં કોટી કોટી વંદના.
આ અવનીમાં જન્મ રે લીધો, ક્ષત્રિયકુળમાં ચમકયો સિતારો,
માતા જયાબેન પિતા જેતાભાઇ, જેનું પાડયું રવાભાઇ નામ રે. કરૂં વંદન...
છગન ગુરૂજી મહા પ્રતાપી, જ્ઞાનામૃતની લગની લાગી,
વિનય વિવેકી ક્ષમાની મૂર્તિ, અદ્દભૂત હતા ગુરૂરાજ રે, કરૂં વંદન...
મુખ પર વહેતી ત્યાગની આભા, ઝળકતી સૌમ્ય પ્રતિભા,
જિન આજ્ઞામાં મસ્ત રે રહેતા, શાસનમાં હતા વફાદાર રે. કરૂં વંદન...
જીવન નૈયાના ગુરૂજી તરવૈયા, સંપ્રદાયના સાચા ખવૈયા,
સિધ્ધાંત મહોદધિ શાસન સિતારા, હતા શિષ્યોના રખવાળ રે. કરૂં વંદન...
અજ્ઞાન દશામાં હું રમતી તી, ભવાટવીમાં હું ભમતી તી,
તપ ત્યાગની દિવ્ય જયોતિથી, કરાવ્યો જાગૃતિનો ઝણકાર રે. કરૂં વંદન...
હૃદયે કરૂણાનું ઝરણું વહેતું, વાત્સલ્ય ભાવ નયને ઝરતું,
મુજ જીવનમાં અમૃત પાયું, જગાડયા વિરતિના ભાવ રે. કરૂં વંદન...
બે હજારને ચારની સાલે, ભાદરવા સુદ એકાદશીએ,
દીપક બૂઝાયો ખંભાત શહેરે, હાહાકાર છવાય રે. કરૂં વંદન...
અંતર વીણાના તાર જ તૂટયા, છોડી ગયા શિરછત્ર અમારા,
અધુરા રહ્યા અરમાનો અમારા, વિરહના દુઃખ અપાર રે. કરૂં વંદન...
કળીકાલના કોહીનૂર હીરા, કાળ ગોઝારાએ ઝડપી લીધા,
શિષ્ય શિષ્યાઓ રડતા રહ્યા, મૂકી ગયા નિરાધાર રે. કરૂં વંદન...
કયાં ગયા એ તારણહારા, શાસનના લાડકવાયા,
"સતી શારદા" કરે પુકારા, મને દર્શન દેજો એકવાર રે. કરૂં વંદન...

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ